# બોધામૃત

ભાગ-૩

(પત્રસુધા)

શ્રી બ્રહ્મચારીજી

ૐ

શ્રી લઘુરાજ સ્મારક ગ્રંથમાળા—પુષ્પ દસમું

# બોધામૃત

( તૃતીય ભાગ )

## (પત્રસુધા)

શ્રી બ્રહ્મચારીજી

પ્રકાશક
શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ (અનુયાયી) મંડળ
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ

પ્રકાશક :
મનહરલાલ ગોરધનદાસ કડીવાલા,
પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ (અનુયાયી) મંડળ,
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સ્ટે. અગાસ
પો. બોરીઆ-૩૮૮૧૩૦, વાયા આણંદ (ગુજરાત)

તૃતીયાવૃત્તિ-પ્રત ૩૦૦૦

| વિક્રમ સંવત્ | ઈસ્વી સન્ | વીર સંવત્ |
|---|---|---|
| ૨૦૪૮ | ૧૯૯૨ | ૨૫૧૮ |

કિંમત - રૂપિયા આઠ

મૂળ મુદ્રક—
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય,
૧૯, અજય ઈંડસ્ટ્રિયલ એસ્ટેટ,
દૂધેશ્વર, અમદાવાદ-૧

# પૂ. શ્રી બ્રહ્મચારીજીના પત્રોમાંથી.....

- ☐ શારીરિક પતિવ્રતાપણું (બ્રહ્મચર્ય – શીલ) તે દેવગતિનું કારણ છે અને પરમગુરુને વિષે એકનિષ્ઠાએ જે નિઃશંકપણે પતિવ્રતાપણું છે તે પરમપદનું કારણ છે. (૩૩) *

- ☐ પરમકૃપાળુદેવના પત્રો એ જ આપણને નવજીવન અર્પનાર છે. આપણા ઉપર જ જાણે આજે જ અમુક પત્ર આવ્યો છે એમ જાણી જિજ્ઞાસા તીવ્ર રાખી વાંચીશું, વિચારીશું તો તેમાંથી અપૂર્વ બળ પ્રાપ્ત થશે. (૧૦૦)

- ☐ ઉપશમ જેવું કોઈ પણ ઔષધ છે જ નહીં અને તે સંસારના દરેક પ્રસંગો માટે સફળ અને અમોઘ શસ્ત્ર છે. (૧૦૩)

- ☐ શ્રદ્ધાની જેટલી ખામી છે તેટલો જ જીવ દુઃખી છે; નહીં તો તેનું મૂળ સ્વરૂપ પરમાનંદરૂપ છે તે કેમ ભૂલે? (૧૨૭)

- ☐ સદ્વર્તન, સદાચરણ એ મોટી પ્રભાવના છે. (૧૩૭)

- ☐ નિષ્કામ ભાવે ગુરુભક્તિ પરમસુખને આપનાર છે. (૧૮૯)

- ☐ અત્યારની ભૂમિકામાં ગહન વિષયમાં મન પ્રવેશ ન કરી શકે તો મુઝાવા જેવું નથી. અવસરે સર્વ વાતોનો નિકાલ થઈ રહેશે એ શ્રદ્ધા પણ જરૂરની છેજી. (૨૪૦)

- ☐ સત્સંગ એ આત્મહિત કરવા ઇચ્છે તેને અનિવાર્ય સાધન છે. (૩૩૯)

- ☐ આ ભયંકર, અસહ્ય સંસારનાં દુઃખથી બચવું હોય તો અનન્ય ભાવે એકનિષ્ઠાએ સર્વસ્વપણે પરમપ્રેમે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રને શરણે ચિત્ત રાખી, તેને ક્ષણવાર પણ વિસારવા નથી, એવું વ્રત લેવા યોગ્ય છે. એને મૂકીને બીજામાં ચિત્ત જાય છે ત્યાં બળતરા, બંધન અને ભવભ્રમણ ઊભું થાય છે. (૩૪૨)

- ☐ સદ્ગુરુશરણ સાચા અંતઃકરણે સ્વીકારાય તેટલી માર્ગનિકટતા છે. (૪૦૫)
- ☐ ચિત્તની નિર્મળતા, નિર્દોષતા એ પ્રસન્નતા છે; રાગદ્વેષ છે ત્યાં મલિનતા, આસક્તિ, ક્લેશ છે. (૪૩૭)

- ☐ જેમ જેમ સદ્ગુરુના અચિંત્ય માહાત્મ્યનો પ્રફુલ્લિત ભાવ સ્ફુરશે તેમ તેમ આપણી દશા પણ વધતી જશે. સદ્ગુરુની ભક્તિ એ સર્વોત્તમ ઉપાય છેજી. (૪૭૯)

- ☐ સમભાવ એ મોક્ષનો દ્વારપાળ છે. તેની રજા વગર કોઈ મોક્ષ પામ્યા નથી અને તે સહનશીલતાથી પ્રાપ્ત થાય છે. સહનશીલતાનો આધાર સમ્યક્ સમજણ – આત્મજ્ઞાન છે. (૪૮૧)

---

* આવા ( ) કૌંસમાં આપેલ અંક 'પત્રસુધા' પત્ર નંબર સૂચવે છે.

☐ સર્વ સુખનું મૂળ, સમાધિમરણનું કારણ અને મોક્ષનું કારણ સાચા શરણને મરણ સુધી ટકાવી રાખવું એ જ છે. (૫૫૪)

☐ એક પરમકૃપાળુદેવની શ્રદ્ધા જ સુખકારી છે. જેને તે શ્રદ્ધા આવી તે દુઃખી હોતો નથી, દુઃખ આવી પડે તો દુઃખ માનતો નથી. તેને એક પ્રકારનો આધાર મળ્યો છે. (૫૫૬)

☐ શ્રીમદ્‌ને જે કંઈ કહેવું છે તે 'મોક્ષમાળા' અને 'આત્મસિદ્ધિ'માં કહી દીધું છે, પણ તેટલો વૈરાગ્ય જીવમાં જાગે અને કષાયનું બળ મંદ પડે તો તેવી વિશુદ્ધિએ તેમાં દર્શાવેલી અચિંત્ય સમૃદ્ધિ સમજાય તેમ છેજી. (૬૧૯)

☐ વેદનીકર્મ અઘાતી છે. તે સમજણને ફેરવવા સમર્થ નથી. પરંતુ દેહાધ્યાસ કે દર્શનમોહ વેદનાને મદદ કરે છે અને તેથી જીવને શરીરમાં તન્મયતા થતાં અસહ્ય ભાસે છે. (૭૩૩)

☐ દેહાદિ પ્રત્યે જેટલો ઉદાસભાવ રહેશે અને વિષયોની ભીખ ટળી જેટલો સંતોષ અને સહનશીલતા વધશે તેટલી આત્મદશા પ્રગટ થશે. (૭૮૪)

☐ ઠામ ઠામ અસત્સંગના પ્રસંગો આ કાળમાં બને છે, તેથી ઝાઝું સમજવાની ઇચ્છાએ અસત્સંગ ન ઉપાસવો. કંઈ નહીં તો મંત્રની માળાઓ ફેરવાશે તો તે પણ પુસ્તકની ગરજ સારે તેમ છે. માત્ર જીવને સત્શ્રદ્ધાની જરૂર છે. (૮૧૨)

☐ પરમકૃપાળુદેવમાં પરમ પ્રેમ પ્રગટે અને તેમનાં વચનો અમૃતતુલ્ય લાગે તેમ સંસારપ્રેમ સંક્ષેપવા સત્સંગ સર્વનું મૂળ છે તેની ખામી તેટલી બધામાં ખામી. (૮૫૬)

☐ ભોગવીને કર્મથી છૂટવાની વૃત્તિ ભૂલભરેલી છે. ભોગવતાં સમભાવ રહેવો મહાદુર્ઘટ છે, તૃષ્ણા વધે છે અને કર્મ બળવાન થાય છે. માટે ભોગ પહેલાં, ભોગ વખતે અને પછીથી પશ્ચાત્તાપ ન ચુકાય એ જ ખરો પુરુષાર્થ કે વૈરાગ્ય છેજી. (૯૩૮)

☐ જ્ઞાનીપુરુષનાં વચન ઘણાં વર્ષો પહેલાં લખાયેલાં હોય તોપણ અબઘડી આપણને પ્રત્યક્ષપણે ઉપકારી છેજી. મને ગમે છે માટે તે વચનો સારાં છે એમ માનવા કરતાં, આત્મજ્ઞાન-પૂર્વક લખાયેલાં તે વચનો મારા જેવા અંધને લાકડીની ગરજ સારનારાં પરમ ઉપકારી છે એવી ભાવના, ઉપકારદૃષ્ટિ રાખવાથી તે વચનો મોક્ષમાર્ગદાતા બને છેજી. (૯૭૧)

☐ જેનું ફળ આત્મશાંતિપ્રત્યે ન હોય તેવો પુરુષાર્થ પ્રમાદરૂપ જ્ઞાનીપુરુષે ગણ્યો છેજી. (૯૮૨)

☐ પરમકૃપાળુદેવ આ કાળમાં અપવાદરૂપ છે. હજારો વર્ષે તેવા પુરુષો દેખાવ દે છે. ઘણા ખરા મહાત્માઓ ગણાતા પરમકૃપાળુદેવના જ્ઞાન અને વીતરાગપણાની સરખા-મણીમાં આવી શકે તેવા નથી. માટે "એક મત આપડી ને ઊભે માર્ગે તાપડી"ની વાત જેવું આંખો મીંચી તેને શરણે રહેવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી. (૯૯૨)

☐ જેની પાસે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથ છે તેને ઘેર સમજણનો ભંડાર છે, પણ જીવની યોગ્યતા પ્રમાણે તેમાંથી તે ગ્રહણ કરી શકે છેજી. (૧૦૦૨)



શ્રી બ્રહ્મચારીજી ગોવર્ધનદાસજી

જન્મ : બાંધણી
વિ. સં. ૧૯૪૫ જન્માષ્ટમી, રવિ

દેહવિલય : આશ્રમ, અગાસ
વિ. સં. ૨૦૧૦ કાર્તિક સુદ ૭

# પ્રકાશકનું નિવેદન

## (દ્વિતીયાવૃત્તિ)

★

લગભગ ૧૩ વર્ષ પછી 'બોધામૃત' ભાગ ૩ (પત્રસુધા)ની આ દ્વિતીય વિસ્તૃત આવૃત્તિ મુમુક્ષુઓના હસ્તકમળમાં મૂકતાં આનંદ થાય છે. પ્રથમાવૃત્તિ કરતાં આમાં લગભગ ૬૦૦ પત્રો નવા ઉમેરવામાં આવ્યા છે અને ગ્રંથના અંતમાં વિવિધ પરિશિષ્ટો પણ આપવામાં આવ્યા છે કે જેથી સત્‌જિજ્ઞાસુઓ આ ગ્રંથનો અભ્યાસ સુગમતાથી કરી શકે.

આ અત્યુપયોગી સંદર્ભ ગ્રંથ (Reference Volume) સૂક્ષ્મ સંશોધનપૂર્વક અને આટલા સુંદરાકારે થોડા વખતમાં પ્રકાશિત થઈ શક્યો તેનું શ્રેય લગભગ સર્વ રીતે અગાસ આશ્રમ સ્થિત બા. બ્ર. ભાઈ શ્રી અશોકકુમાર જૈન B. Com.(Hons)ને ઘટે છે. આ ગ્રંથને લગતી સર્વ સાહિત્ય-સામગ્રી એકત્રિત કરી તેનું કાળજીપૂર્વક સંશોધન કરી અને પ્રેસ-કૉપી તૈયાર કરવાથી માંડીને ઠેઠ ગ્રંથ-છપાઈનાં વિવિધ અંગોમાં તેમનું લગભગ એકલા હાથે નિષ્ઠાપૂર્વકનું કાર્ય જ આ ગ્રંથાવૃત્ત થવામાં કારણભૂત થયું છે. મહાપુરુષો પ્રત્યેની ભક્તિ અને તેમનાં વચનો પ્રત્યેના અહોભાવનું આ ફળ છે.

છેલ્લે, ગ્રંથ-પ્રકાશન માટે જે મુમુક્ષુ ભાઈબહેનો તરફથી આર્થિક મદદ મળી છે તેમની યાદી સાભાર અન્યત્ર આપવામાં આવી છે.

સત્પુરુષોનું વચનબળ સર્વેને આત્મશ્રેયનું કારણ બનો એ શુભેચ્છાસહ.

સૂરત,
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૩૮

લિ. સંતચરણસેવક
મનહરલાલ ગોરધનદાસ કડીવાળા

# પ્રસ્તાવના

(દ્વિતીયાવૃત્તિ)

★

"શ્રી રાજચંદ્ર પ્રભુ-ચરણકમળમાં મૂકું,
મુજ મસ્તક ભાવે, ભક્તિ નહીં હું ચૂકું;
આ કળિકાળમાં મોક્ષમાર્ગ ભુલાયો,
અવિરોધપણે કરી તમે પ્રગટ સમજાવ્યો."

'પ્રજ્ઞાવબોધ' પુષ્પ ૭૬ – 'મોક્ષમાર્ગની અવિરોધતા'

પ્રસ્તુત ગ્રંથના કર્તાપુરુષ પૂજ્ય શ્રી બ્રહ્મચારીજી (સ્વ. ગોવર્ધનદાસજી કાળિદાસ પટેલ) છે. તેઓશ્રી ૩૫ વર્ષની ઉંમરે સંવત ૧૯૮૦ થી કુટુંબાદિ સર્વ લૌકિક સંગનો ત્યાગ કરીને એકમાત્ર આત્મકલ્યાણ અર્થે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસમાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની સેવામાં –આજ્ઞામાં જીવનપર્યંત રહ્યા હતા. "આજ્ઞામાં જ એકતાન થયા વિના પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે. એકતાન થવું પણ બહુ જ અસુલભ છે." (૧૪૭) "જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય." (૨૦૦) પરમકૃપાળુદેવના આ વચનામૃતોને જાણે ચરિતાર્થ કરતા હોય તેમ પૂ. શ્રી બ્રહ્મચારીજીનું જીવન સત્પુરુષની આજ્ઞા અને ભક્તિના અવતાર સમું બન્યું હતું. પરમકૃપાળુદેવ જાણે તેમના રોમેરોમમાં વસ્યા હોય તેમ તેમનાં આચરણ, વચન અને લેખન ઉપરથી ફલિત થતું હતું. તેઓશ્રીનું આત્મનિષ્ઠ આધ્યાત્મિક જીવન અને સરળ સુરુચિકર સત્સાહિત્યસર્જન, મધ્યસ્થતાથી અવલોકન કરનારને પણ પ્રભાવ પાડ્યા વિના રહેશે નહીં:

"બીજું કંઈ શોધ મા, શાણા ! ખરા સત્પુરુષને શોધી,
ચરણકમળે બધા ભાવો સમર્પી, પામી લે બોધિ;
પછી જો મોક્ષ ના પામે, અમારે આપવો એવું,
ઉતાર્યો માનજે વીમો, કહ્યું છે જ્ઞાનીએ કેવું !"

'પ્રજ્ઞાવબોધ' પુષ્પ ૯૧ – દર્શનસ્તુતિ

પરમકૃપાળુદેવનાં વચનામૃતનો તેમણે કરેલો આ ભાવપદ્યાનુવાદ જાણે તેમના જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ગયો હતો. માત્ર એક સત્પુરુષ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને આશ્રયે તેમના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી વર્તવાથી આત્મદશા કેટલી ઉન્નત થઈ શકે છે તેના તેઓ જીવંત પ્રતીક અને મૂર્તિમંત આદર્શ હતા.

પરમકૃપાળુદેવનાં વચનામૃત વિશેષતઃ સૂત્રાત્મક શૈલીથી ગૂંથાયેલાં સિદ્ધાંતવાક્યો છે. તે સામાન્ય મુમુક્ષુથી પચાવવાં કઠિન છે. પૂ. શ્રી બ્રહ્મચારીજીએ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના પાદમૂળમાં ૧૨ વર્ષ અહોરાત્ર આજ્ઞાંકિતપણે રહી અવિરત અને ઉત્કટ સત્પુરુષાર્થ કરી તે લબ્ધિવચનોને પચાવવાની યોગ્યતા પ્રાપ્ત કરી તેને પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યાં. 'चारित्तं खलु धम्मो' ('प्रवचनसार' गाथा ७) ચારિત્ર જ ખરો ધર્મ છે. સાચું સાંભળી, જાણી અને સમજી, જેટલે અંશે જીવનમાં તેનું પરિણમન થાય તેટલે અંશે ધર્મનું પ્રગટપણું કહેવા યોગ્ય છે.

પ્રેરણાદાયી પ્રયોગવીર એવા પૂ. શ્રી બ્રહ્મચારીજીમાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ પોતાની જ્ઞાનદૃષ્ટિથી, ધર્મનું ઉત્તરદાયિત્વ સંભાળવાની તેમ જ માર્ગ પ્રવર્તાવવાની સર્વાંશે યોગ્યતા જોઈ તેમને સંવત ૧૯૯૨ માં 'ધર્મ'ની સોંપણી કરી — "મંત્ર આપવો, વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ, સાત વ્યસન, સાત અભક્ષ્ય જણાવવા. તને ધર્મ સોંપું છું." (શ્રી બ્રહ્મચારીજીની ડાયરી).

સંવત ૧૯૯૨ માં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો દેહોત્સર્ગ થયો. તે પછી તેઓશ્રીના વિરહમાં પૂ. શ્રી બ્રહ્મચારીજીનો આત્મ-પુરુષાર્થ ઉત્તરોત્તર વધતો ચાલ્યો અને તદનુસાર આત્મદશા વર્ધમાન થતી ગઈ. સંવત ૧૯૯૩ ના જ્યેષ્ઠ વદ છઠને દિને આત્માનુભવરૂપ જાગ્રત ભાવ જણાયાનું અને અજ્ઞાનરૂપ અંધકાર વિલય થયાનું તેઓ સ્વરચિત 'ધર્મરાત્રિ' કાવ્યમાં નોંધે છે —

"યાત્રાની અંતિમ રાત્રિએ, જાગ્રતભાવ જણાયો રે,
માંગલિક શુભ અધ્યવસાયે, અંધકાર ગમાયો રે."

પછી તો સંવત ૧૯૯૬ ના વૈશાખ વદ નવમીને દિને પરાભક્તિની છેવટની હદરૂપ પરમાત્મામાં અભેદતા થઈ તેનું તાદૃશ વર્ણન આ પંક્તિમાં મળે છે —

"આજ ઊગ્યો અનુપમ દિન મારો, તત્ત્વપ્રકાશ વિકાસે રે;
સદ્‌ગુરુ સ્વરૂપ અભેદ અંતરે, અતિ અતિ પ્રગટ પ્રભાસે રે."

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના વિદ્યમાનપણામાં તેઓશ્રીજી ઉપર મુમુક્ષુઓના સત્‌જિજ્ઞાસુવૃત્તિથી લખેલા પત્રોના ઉત્તર પૂ. શ્રી બ્રહ્મચારીજી તેઓશ્રીજીની આજ્ઞા અને સૂચના પ્રમાણે લખતા. મુમુક્ષુઓને પત્રોત્તર લખવાની એ સ્વપર-હિતકારી પ્રણાલી પૂ. શ્રી બ્રહ્મચારીજીએ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના દેહોત્સર્ગ પછી પણ ચાલુ રાખી. પૂ. શ્રી બ્રહ્મચારીજીના દેહાંત પછી શ્રીમદ્‌ રાજચંદ્ર મુમુક્ષુ (અનુયાયી) મંડળે, તેઓશ્રીના મુમુક્ષુઓ પર લખાયેલા એ પત્રોને એકત્રિત કરવાનું કામ આરંભ્યું. સંભવિત સર્વે મુમુક્ષુઓને ટપાલ દ્વારા કે અન્ય રીતે જણાવીને તેમના પર લખાયેલા પૂ. શ્રી બ્રહ્મચારીજીના મૂળ પત્રો, ઉતારો કરવા માટે મોકલવાની વિનંતી કરવામાં આવી. મુમુક્ષુઓનો પ્રતિભાવ પણ ઉલ્લાસજનક અને પ્રોત્સાહક હતો. લગભગ બારસો પત્રો આ રીતે ઉપલબ્ધ થઈ શક્યા, જેના મંડળ દ્વારા અને વ્યક્તિગત રીતે ત્રણ જુદા જુદા ઉતારા કરવામાં આવ્યા. ત્યાર બાદ, સંજોગવશાત્‌ ઠેઠ સંવત ૨૦૨૫ માં, એકત્રિત કરાયેલા પત્રોમાંથી ૪૩૨ પત્રોનું સંપાદન કરવામાં આવ્યું અને બોધામૃત ભાગ–૩ (પત્રસુધા) રૂપે ગ્રંથાકારે તેનું પ્રથમ પ્રકાશન થયું.

થોડાં વર્ષ પહેલાં પ્રથમાવૃત્તિની પ્રતો અલ્પ સંખ્યામાં શેષ રહી હોવાથી તેના પુનર્મુદ્રણની આવશ્યકતા ઉપસ્થિત થઈ. આ વખતે એમ લાગ્યું કે પ્રથમાવૃત્તિ ઉપરથી સીધું પુનર્મુદ્રણ નહીં કરતાં સર્વે સંકલિત પત્રોનું સૂક્ષ્મ અવલોકન કરી પુનઃ સંશોધન અને સંપાદન કરવું કે જેથી પ્રથમાવૃત્તિ વખતે નહીં છપાયેલ છતાં મુમુક્ષુઓને વિશેષ હિતકારી અને વિવિધ રીતે આત્મારાધનામાં માર્ગદર્શક પત્રો પણ સત્‌જિજ્ઞાસુઓને ઉપલબ્ધ થઈ શકે. તદનુસાર,

મુમુક્ષુઓએ મંડળને સુપરત કરેલાં મૂળ પત્રોની વ્યવસ્થિત ફાઈલો તૈયાર કરવામાં આવી. અગાઉ કરેલા પત્રોના જુદા જુદા ઉતારાઓ અરસપરસ મેળવી જોવામાં આવ્યા. તે ઉપરથી આ ગ્રંથને લગતી સર્વ ઉપલબ્ધ સાહિત્યસામગ્રીનું બને તેટલું સૂક્ષ્મ અવલોકન અને પુનઃ સંશોધન કરતાં ૧૦૨૫ પત્રો પ્રસિદ્ધિયોગ્ય જણાયા, જે આ દ્વિતીયાવૃત્તિમાં ગ્રંથારૂઢ થતાં એક અતિ ઉપયોગી અને સમૃદ્ધ માર્ગદર્શક ગ્રંથ પરમકૃપાળુદેવના આશ્રિત મુમુક્ષુઓને ઉપલબ્ધ થવા પામ્યો છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે શ્રદ્ધાવંત અને તેમના આશ્રયે આત્મકલ્યાણ-ઇચ્છક મુમુક્ષુઓ, ધર્મારાધન આડે આવતી એવી વ્યાવહારિક મુશ્કેલીઓ (Practical Difficulties) વિષે અને સાંસારિક પરિબળો જ્યારે વિશેષ અસર કરી જાય તેવા મૂંઝવણના પ્રસંગોએ કે સત્પુરુષાર્થની વૃદ્ધિને અર્થે પૂ. શ્રી બ્રહ્મચારીજી સાથે જિજ્ઞાસુવૃત્તિથી પત્રવ્યવહાર કરતા, તેના ઉત્તરરૂપે પૂ. શ્રી બ્રહ્મચારીજી તેમને એક પરમકૃપાળુદેવ ઉપર દૃષ્ટિ કરાવી યોગ્ય માર્ગ-દર્શન આપતા. આજે આપણા હીનપુણ્યવશાત્ એવા કોઈ માર્ગદર્શક પુરુષ વિદ્યમાન નહીં હોવાથી, તેમના અક્ષરદેહરૂપ વચનો જ એકમાત્ર આધારરૂપ છે. પરમકૃપાળુદેવે પ્રબોધેલ સત્ધર્મની આરાધના માટે યોગ્ય જીવન-ઘડતર કેવા પ્રકારે કરવું તેની પ્રેરણા, અને તે કઈ રીતે પ્રાપ્ત કરવું તેની રહસ્યભૂત કૂંચી આ અનુભવસિદ્ધ વચનોમાંથી સત્જિજ્ઞાસુઓને અવશ્ય પ્રાપ્ત થવા યોગ્ય છે.

આ આવૃત્તિ સંબંધી સામાન્ય વિગત :

(૧) આ આવૃત્તિનું સંપાદન પ્રથમાવૃત્તિથી સ્વતંત્ર રહીને નવેસરથી કરવામાં આવ્યું છે, તેથી પત્રોના આંક સ્વતંત્ર રીતે નવા આપવામાં આવ્યા છે.

(૨) આ ગ્રંથમાં પ્રથમ પત્ર, પૂ. શ્રી બ્રહ્મચારીજીએ તેમના વડીલ બંધુ સ્વ. શ્રી નરશીભાઈ ઉપર પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની સેવામાં આજીવન રહેવા માટેની અનુજ્ઞા મેળવવા લખ્યો છે તે લેવામાં આવ્યો છે. વૈરાગ્યપૂર્ણ અને પરમાર્થ સાધવાના નિશ્ચયબળની દૃઢતા પ્રગટ કરતો એ પત્ર પરમાર્થઅધિકારીપણાની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે કોઈ પણ સત્જિજ્ઞાસુને પ્રેરણારૂપ, મનનીય અને અનુકરણીય છે.

પત્ર ક્રમાંક બે અને ત્રણ, પૂ. શ્રી બ્રહ્મચારીજીએ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી ઉપર તેઓ-શ્રીની આજ્ઞા સંપૂર્ણપણે પાળવા તેઓશ્રીના સાન્નિધ્યમાં રહેવાની શુભભાવના દર્શાવતા લખ્યા છે, તે લેવામાં આવ્યા છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પ્રત્યે તેમની દૃઢ શ્રદ્ધા અને અનન્ય ભક્તિ તેમ જ આત્મકલ્યાણની તેમની તાલાવેલી અને ઉત્કટ તૈયારીનાં દર્શન એ પત્રોમાં થાય છે.

પત્ર ક્રમાંક ચારથી બાવીસ, પૂ. શ્રી બ્રહ્મચારીજીએ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને પ્રત્યક્ષ સદ્ગુરુદેવ તરીકે ચિંતવીને તેમનું અનન્ય શરણું સ્વીકારી ભાવનારૂપે લખ્યા છે તે લેવામાં આવ્યા છે.

પત્ર ક્રમાંક ૨૩ થી ૧૦૨૫, પૂ. શ્રી બ્રહ્મચારીજીએ મુમુક્ષુઓ ઉપર લખેલ પત્રો છે તે મિતિ-અનુક્રમે લેવામાં આવ્યા છે.

પ્રથમાવૃત્તિમાં ઉપર પ્રમાણેના પત્રો જુદા જુદા ત્રણ સંગ્રહોમાં વહેંચવામાં આવ્યા હતા, પણ આ આવૃત્તિમાં સળંગ અનુક્રમમાં જ લેવામાં આવ્યા છે.

(૩) ગ્રંથ-પ્રકાશનની સાહિત્ય-સામગ્રી માટે મુખ્યત્વે પૂ. શ્રી બ્રહ્મચારીજીના હસ્તાક્ષરના મૂળ-પત્રો અને તેના અભાવે શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ (અનુયાયી) મંડળ તરફથી કરાવવામાં આવેલ પત્રોનો ઉતારો તેમજ અન્ય બે વ્યક્તિગત ઉતારાઓનો આધાર લેવામાં આવ્યો છે.

(૪) આ આવૃત્તિમાં, ઉપલબ્ધ બધા જ પત્રો સર્વાંગે નીચેના અપવાદ રાખીને લેવામાં આવ્યા છે–

- ☐ અંગત અને વ્યાવહારિક પત્રો લેવામાં આવ્યા નથી તેમ જ એવા પ્રકારનું લખાણ પ્રકાશિત પત્રોમાંથી કમી કરવામાં આવ્યું છે.
- ☐ જે પત્રોમાં વિષયની પુનરુક્તિ જણાઈ છે એવા પત્રો ફરી વાર લેવામાં આવ્યા નથી, તેમ જ પત્રોને મથાળે લખેલ પદ્યોની જ્યાં પુનરુક્તિ જણાઈ છે તે પદ્યો પણ ઓછાં કરવામાં આવ્યાં છે.
- ☐ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનું 'ઉપદેશામૃત' તેમજ પૂ. શ્રી બ્રહ્મચારીજી રચિત 'પ્રજ્ઞાવબોધ' અને 'પ્રવેશિકા'માંનાં અવતરણો ઓછાં કરવામાં આવ્યાં છે, કારણ કે પ્રસ્તુત ત્રણે ગ્રંથો પ્રકાશિત થયેલા છે અને હાલ ઉપલબ્ધ છે. કોઈક સ્થળે પત્રોના પૂર્વાપર સંબંધમાં એવાં અવતરણો ઉપયોગી જણાતાં આખું અવતરણ નહીં આપતાં તે તે ગ્રંથનો સંદર્ભ (Reference) આપવામાં આવ્યો છે જેથી વાચક તે ગ્રંથમાંથી આખું લખાણ સહેલાઈથી શોધીને વાંચી શકે.
- ☐ પ્રથમાવૃત્તિમાંના કેટલાક પત્રો જેમાં માત્ર પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો બોધ (જે 'ઉપદેશામૃત'માં છપાઈ ગયેલ છે) જ આવતો હોય, તેવા પત્રો સમૂળગા લેવામાં આવ્યા નથી, તેમ જ પ્રથમાવૃત્તિમાં બેવડાઈ ગયેલ પત્રો કમી કરવામાં આવ્યા છે.
- ☐ પત્રોની શરૂઆતમાં સામાન્ય શાતાપૃચ્છના, વંદનાદિ વ્યાવહારિક શિષ્ટાચારને લગતું લખાણ લેવામાં આવ્યું નથી તેમ જ પરમકૃપાળુદેવ પ્રત્યે નમસ્કારનું લખાણ 'અનન્ય શરણના આપનાર....' નમૂના તરીકે અમુક પત્રોમાં લઈ, બાકી પત્રોમાંથી કમી કરવામાં આવ્યું છે.
- ☐ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ માટે વિવિધ વિશેષણો 'તીર્થક્ષેત્ર', 'તીર્થશિરોમણિ,' વગેરે – લગભગ બધા જ પત્રોમાં લખાયેલા છે. નમૂના તરીકે એવા વિશેષણો સાથે અમુક પત્રો લઈ બાકીના પત્રોમાંથી એવાં વિશેષણોવાળું લખાણ કમી કરવામાં આવ્યું છે.
- ☐ પર્યુષણપર્વ અને ચોમાસી પાખીની આસપાસ લખાયેલા લગભગ બધા જ પત્રોમાં ક્ષમાયાચનાનું લખાણ છે. એવા પત્રોમાંથી નમૂના તરીકે અમુક પત્રોમાં ક્ષમાયાચનાનો ભાગ કાયમ રાખી શેષ પત્રોમાંથી એ ભાગ કમી કરવામાં આવ્યો છે, તે જ રીતે માત્ર ક્ષમાપનાને લગતા પત્રો થોડા નમૂના તરીકે લઈ બાકીના લેવામાં આવ્યા નથી.
- ☐ પત્રોના મથાળે મિતિ કે તારીખ સાથે 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ'ના ઉલ્લેખ માટે કેવળ 'અગાસ' શબ્દ વાપરવામાં આવ્યો છે.

(૫) આ ગ્રંથમાં ( ) આવા કૌંસમાં મૂકેલ આંક 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથની આશ્રમ પ્રકાશિત આવૃત્તિના છે.

(૬) શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ, પ્રજ્ઞાવબોધ, ઉપદેશામૃત અને પ્રવેશિકામાંથી લીધેલ અવતરણો, બને ત્યાં સુધી મૂળ સાથે મેળવી સુધારવામાં આવ્યાં છે.

(૭) 'પત્રાંક' શબ્દ શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથના આંક સૂચવે છે અને 'પત્રસુધા પત્ર નં.' અમુક ઠેકાણે ફૂટનોટમાં પત્રસુધાની આ આવૃત્તિના આંક દર્શાવવા વાપરવામાં આવ્યો છે.

(૮) દરેક લખાણના મથાળે પ્રાપ્ત મિતિ અથવા તારીખ આપવામાં આવી છે. જે પત્રોમાં મિતિ અને તારીખ બન્ને આપવામાં આવી છે ત્યાં તે બન્નેનો મેળ મેળવી ચોક્કસ કરવામાં આવી છે. આવા પત્રોમાં કોઈ ઠેકાણે મૂળ હસ્તલિખિતમાં પણ તારીખ યા મિતિમાંથી એકમાં ફેર જણાયો છે તે પૂર્વાપર પત્રોના આધારે સુધારી લેવામાં આવ્યો છે. કેટલાક પત્રો મિતિ કે તારીખ વગરના છે તેનો લેખનકાળ અમુક પ્રસંગ કે હકીકતના આધારે અનુમાનથી નક્કી કરી તેના અનુક્રમમાં મૂકવામાં આવ્યા છે; પણ જે પત્રોનો લેખનકાળ કોઈ આધારથી નિર્ણીત થઈ શકે એમ નહોતો તેવા પત્રો યથામતિ જ્યાં યોગ્ય જણાયું તે સ્થાને મૂકવામાં આવ્યા છે.

(૯) જે પત્રો આ ગ્રંથમાં વ્યાવહારિકતા કે પુનરુક્તિના કારણે લેવામાં નથી આવ્યા, તેમાંથી ઉપયોગી લખાણ ગ્રંથના અંતે 'છૂટક વાક્યો'ના શીર્ષક હેઠળ જુદું આપવામાં આવ્યું છે; તેવી જ રીતે અપ્રકાશિત પત્રોમાંનાં અપ્રકાશિત કાવ્યો 'છૂટક કાવ્યો' એ શીર્ષક હેઠળ જુદા આપવામાં આવ્યા છે.

(૧૦) ગ્રંથના અંતમાં વિવિધ પરિશિષ્ટો આપી બને તેટલી ગ્રંથની ઉપયોગિતા વધારવાનો પ્રયત્ન કર્યો છે.

આ ગ્રંથના સંશોધનકાર્યમાં, તેમ જ પ્રૂફ-રીડિંગ વગેરે કાર્યોમાં અન્ય જે ભાઈબહેનોએ યથાશક્તિ સહકાર આપ્યો છે, તેમનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

ગ્રંથ-છપાઈમાં આદ્યંત નિયમિતતા જાળવવા બદલ અને સુઘડ છપાઈકામ માટે ભગવતી મુદ્રણાલયના માલિક શ્રી ભીખાભાઈનો પણ અત્ર આભાર માનવામાં આવે છે.

આ ગ્રંથના સંપાદન-કાર્યમાં મારી અલ્પમતિને લઈને તેમજ કાર્યાધિક્ય અને દૃષ્ટિદોષના કારણે જે કંઈ ક્ષતિઓ અથવા ભૂલો રહી ગઈ હોય તે માટે સુજ્ઞ વાંચકવર્ગની ક્ષમા ઇચ્છું છું.

સર્વે મુમુક્ષુઓને આ ગ્રંથનો વિનયપૂર્વક સદુપયોગ આત્માર્થ સાધવામાં પ્રબલ નિમિત્તરૂપ બનો એ જ શુભેચ્છા.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૩૮

લિ. સંતચરણસેવક
**અશોકકુમાર જૈન**

☆

# શ્રી ગ્રંથ પ્રકાશન ખાતામાં દાતાઓની યાદી

| રકમ | | નામ | ગામ |
|---|---|---|---|
| ૫૦૦૧ | શ્રી | સ્વ. નાથુભાઈ વિઠ્ઠલભાઈ તથા | |
| | | સ્વ. દયારામભાઈ તથા | |
| | | સ્વ. ડાહ્યાભાઈના સ્મરણાર્થે | ખરવાસા |
| ૫૦૦૧ | શ્રી | દિવાળીબેન માધવભાઈ ભકત | |
| | | હા. તેમના સુપુત્રો | નનસાડ |
| ૫૦૦૧ | શ્રી | ઈન્દુબેન મણીભાઈ પટેલ | આશ્રમ |
| ૫૦૦૦ | શ્રી | ગોરધનદાસ વિઠ્ઠલદાસ કડીવાલા | |
| | | હા. મનહરભાઈ | સુરત |
| ૪૨૫૦ | શ્રી | મણીબેન ભુલાભાઈ પટેલ | આસ્તા |
| ૪૨૫૦ | શ્રી | પ્રમોદભાઈ રમણભાઈ પટેલ | આસ્તા |
| ૪૨૫૦ | શ્રી | કેશવભાઈ વનમાળીભાઈ પટેલ | આસ્તા |
| ૪૨૫૦ | શ્રી | ભુલાભાઈ વનમાળીભાઈ પટેલ | આસ્તા |
| ૪૦૦૦ | શ્રી | રમણભાઈ ભુલાભાઈ પટેલ | આસ્તા |
| ૪૦૦૦ | શ્રી | મુકુંદભાઈ કેશવભાઈ પટેલ | આસ્તા |
| ૩૦૦૦ | શ્રી | લાભાનંદજી બ્રહ્મચારી | આશ્રમ |
| ૨૫૦૧ | શ્રી | રતનબેન પુનશીભાઈ | આશ્રમ |
| ૨૫૦૦ | શ્રી | મંજુલાબેન જગદીશભાઈ ખોખાણી | ઘાટકોપર |
| ૨૦૦૧ | શ્રી | ઢેલીબાઈ આસુલાલજી બડેરા | બાડમેર |
| ૨૦૦૧ | શ્રી | સ્વ.માતુશ્રી ફેફીબાઈ પુષાલાલજી | |
| | | હા. ભવરલાલજી | બેંગલોર |
| ૨૦૦૦ | શ્રી | સ્વ.શૈલેષકુમાર પરષોત્તમભાઈ પટેલ | બોરીયા |
| ૨૦૦૦ | શ્રી | મણીબેન રામજીભાઈ | દેવલાલી |
| ૨૦૦૦ | શ્રી | સ્વ.વલ્લવભાઈ ડાહ્યાભાઈ પટેલ | |
| | | હા. નાથુભાઈ ભગાભાઈ પટેલ | આસ્તા |
| ૧૫૦૧ | શ્રી | ડાહીબેન રતનજી | |
| | | હા. તેમના સુપુત્રો તરફથી | નીણત |
| ૧૫૦૦ | શ્રી | હુકમીચંદ એન. વીમાણી | આશ્રમ |
| ૧૦૦૧ | શ્રી | લીલાબેન કપૂરચંદ ગાંધી | સુરત |
| ૧૦૦૧ | શ્રી | રમેશભાઈ વસંતલાલ મણિયાર | મુંબઈ |
| ૧૦૦૧ | શ્રી | બ્ર મોહનભાઈ પ્રાગભાઈ પટેલ | બોરીયા |
| ૧૦૦૦ | શ્રી | કાંતિલાલ મોતીલાલ શાહ | મદ્રાસ |
| ૧૦૦૦ | શ્રી | હરકચંદજી કેશાજી તથા | |
| | | સમદાબાઈ હરકચંદજી શાહ | માંડવલા |
| ૧૦૦૦ | શ્રી | ઝવેરચંદ ભુરાભાઈ ઝવેરી | મુંબઈ |
| ૭૧૨ | શ્રી | સુંદરબાઈ કે. ગદૈયા | આહોર |
| ૬૦૧ | શ્રી | પારસમલ હંજારીમલજી તલાવત | આહોર |
| ૫૬૨ | શ્રી | કમુબેન શનાભાઈ માસ્તર | આશ્રમ |
| ૫૦૧ | શ્રી | જુગરાજજી હંજારીમલજી તલાવત | આહોર |
| ૫૦૧ | શ્રી | મકનભાઈ દુર્લભભાઈ પટેલ | લાખણપોર |
| ૫૦૧ | શ્રી | બાબુલાલજી હંજારીમલજી તલાવત | આહોર |

| રકમ | | નામ | ગામ |
|---|---|---|---|
| ૫૦૧ | શ્રી | મફતભાઈ ડી. પટેલ | અમેરિકા |
| ૫૦૧ | શ્રી | જગદીશભાઈ ખોખાણી | ઘાટકોપર (મુંબઈ) |
| ૫૦૧ | શ્રી | નારાયણભાઈ પટેલ | |
| | | હા. નિરંજનભાઈ શેઠ | આશ્રમ |
| ૫૦૧ | શ્રી | મદનચંદજી પ્રકાશમલજી | જોધપુર |
| ૫૦૧ | શ્રી | સરસ્વતીબેન ભીકચંદજી નાહટા | સિવાણા |
| ૫૦૦ | શ્રી | જગદીશભાઈ ખોખાણી | ઘાટકોપર(મુંબઈ) |
| ૫૦૦ | શ્રી | કેવનકુમાર હેમેન્દ્રભાઈ સંઘવી | મુંબઈ |
| ૫૦૦ | શ્રી | બાદરમલજી છગનલાલજી મુથા | સિવાણા |
| ૫૦૦ | શ્રી | કંકુબાઈ વીરજી હેમરાજ | મુંબઈ(માહિમ) |
| ૨૫૧ | શ્રી | વિમળાબેન હરગોવનદાસ મણિયાર | મુંબઈ |
| ૨૫૧ | શ્રી | ડાહ્યાભાઈ નાથુભાઈ પટેલ | ધામણ |
| ૨૦૧ | શ્રી | સ્વ.છોટાભાઈ ગોકળભાઈ પટેલ | રૂપિયાપુરા |
| ૨૦૧ | શ્રી | રણછોડભાઈ ગોવિંદભાઈ પટેલ | સરઈ |
| ૨૦૧ | શ્રી | કુંવરબેન ભીખાભાઈ પટેલ | કરજણ(ધલા) |
| ૨૦૧ | શ્રી | રૂક્ષ્મણીબેન વનમાળીભાઈ પટેલ | ખાપરિયા |
| ૨૦૧ | શ્રી | જયંતિભાઈ કાળીદાસ શાહ | મુંબઈ |
| ૧૦૧ | શ્રી | સોમાભાઈ ગોકળભાઈ પટેલ | રૂપિયાપુરા |
| ૧૦૧ | શ્રી | બચુભાઈ ગિરધરભાઈ પટેલ | નરોડા |
| ૧૦૧ | શ્રી | મંગીબેન છીતુભાઈ પટેલ | કરજણ (ધલા) |
| ૧૦૧ | શ્રી | હિંમતલાલ જી. શાહ | મૈસૂર |
| ૧૦૧ | શ્રી | ધાપુબાઈ હંજારીમલજી તલાવત | આહોર |
| ૧૦૦ | શ્રી | દયાલજી લલ્લુભાઈ પટેલ | સુરત |
| ૧૦૦ | શ્રી | સ્વ.વિમળાબેન કાંતિલાલ મહેતા | કુનુર |
| ૫૧ | શ્રી | વિનોદભાઈ રામભાઈ | ખરવાસા |
| ૫૧ | શ્રી | ચંદુભાઈ ચુનીલાલ | નરોડા |
| ૨૫ | શ્રી | કમળાબેન ભુલાભાઈ | ખરવાસા |
| ૨૫ | શ્રી | મુકુંદભાઈ રમણભાઈ | ખરવાસા |
| ૨૫ | શ્રી | અરવિંદભાઈ છોટુભાઈ પટેલ | કોળી ભરથાણા |
| ૨૫ | શ્રી | રણછોડભાઈ ગોવિંદભાઈ પટેલ | સરઈ |
| ૨૫ | શ્રી | સોમાભાઈ ગોવિંદભાઈ પટેલ | સરઈ |
| ૨૫ | શ્રી | નીરૂબેન રમણલાલ પટેલ | વઢવાણીયા |
| ૨૫ | શ્રી | મીનાબેન નરેન્દ્રભાઈ પટેલ | તીથરા |
| ૧૧ | શ્રી | ધનીબેન રતિલાલ | આશ્રમ |
| ૧૧ | શ્રી | જમનાબેન રણછોડભાઈ પટેલ | સરઈ |
| ૧૧ | શ્રી | ભીખીબેન સોમાભાઈ પટેલ | સરઈ |
| ૧૧ | શ્રી | મોહનભાઈ સોમાભાઈ પટેલ | સરઈ |
| ૧૧ | શ્રી | ભરતકુમાર સોમાભાઈ પટેલ | સરઈ |
| ૧૧ | શ્રી | શોભનાબેન મોહનભાઈ પટેલ | સરઈ |
| ૧૧ | શ્રી | શકુન્તલાબેન મોહનલાલ પટેલ | પુણા(કુંભારીયા) |

## શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ મંડળનાં પ્રકાશનો

### (શ્રી લઘુરાજ સ્મારક ગ્રંથમાળા)

| | | |
|---|---|---|
| પુષ્પ | ૧ | પ્રવેશિકા (મોક્ષમાળા-પુસ્તક પહેલું) |
| " | ૨ | સ્ત્રીનીતિબોધક ગરબાવળી (અપ્રાપ્ય)* |
| " | ૩ | નિત્યક્રમ (ગુજરાતી)† |
| " | ૪ | શ્રીમદ્ રાજચંદ્ર અર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ |
| " | ૫ | ગ્રંથ-યુગલ (લઘુયોગવાસિષ્ઠ-સાર અને સમાધિશતક-વિવેચન) |
| " | ૬ | નિત્યક્રમ (બાલબોધ લિપિ)† |
| " | ૭ | પ્રજ્ઞાવબોધ (મોક્ષમાળા-પુસ્તક ચોથું) |
| " | ૮ | બોધામૃત-પ્રથમ વિભાગ |
| " | ૯ | બોધામૃત-દ્વિતીય વિભાગ (વચનામૃત-વિવેચન) |
| " | ૧૦ | બોધામૃત-તૃતીય વિભાગ (પત્રસુધા) |
| " | ૧૧ | મોક્ષમાળા-વિવેચન |
| " | ૧૨ | તત્ત્વાર્થસાર |
| " | ૧૩ | પૂજ્ય શ્રી બ્રહ્મચારીજી જન્મ શતાબ્દી સ્મારક ગ્રંથ |

* શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ પ્રકાશિત 'સુબોધસંગ્રહ' માં આ છપાયેલ છે.

† આ પુસ્તકોનું પ્રકાશન હવે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ (અગાસ) તરફથી થાય છે.

# વિષય - સૂચિ


| પત્રસુધા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| પત્ર-ક્રમાંક ૧ | મુરબ્બી ભાઈશ્રી નરશીભાઈ ઉપર | ૧ |
| " ૨-૩ | પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી ઉપર | ૧૫ |
| " ૪-૨૨ | પરમકૃપાળુ દેવ ઉપર ભાવનારૂપે લખેલ પત્રો | ૧૮ |
| " ૨૩ થી ૧૦૨૫ | મુમુક્ષુઓ ઉપર લખેલ પત્રો | ૩૬ |
| છૂટક વચનો (અપ્રકાશિત પત્રોમાંથી) | | ૭૯૮ |
| છૂટક વાકયો (અપ્રકાશિત પત્રોમાંથી) | | ૮૦૧ |
| એક અપ્રગટ પત્ર --- ટ્રસ્ટીમંડળને માર્ગદર્શનરૂપ | | ૮૦૩ |
| પરિશિષ્ટ ૧--- વિષય-સૂચિ | | ૮૦૫ |
| પરિશિષ્ટ ૨--- વિશેષ નામ (ગ્રંથ, વ્યકિત, સ્થળ) | | ૮૧૭ |
| પરિશિષ્ટ ૩--- વચનામૃત-વિવેચન | | ૮૧૯ |
| પરિશિષ્ટ ૪--- અન્ય ભાવાર્થ | | ૮૨૨ |
| પરિશિષ્ટ ૫--- પ્રશ્નોત્તર-સૂચિ | | ૮૨૩ |

# બોધામૃત

(તૃતીય ભાગ)

•

# (પત્રસુધા)

•

શ્રી બ્રહ્મચારીજી

# પત્રસુધા

૧*

તત્ ૐ સત્

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને
અત્યંત ભક્તિથી નમસ્કાર હો!!!

મુરબ્બી ભાઈ નરશીભાઈ, મુ. બાંધણી

....બને તેટલું ટૂંકાણ કરીને હું વાત કહેવા માગું છું, પણ તે વાત ચોખ્ખી થાય માટે પહેલું થોડુંક એટલું કહી લઉં છું કે હું જે લખવા વિચાર રાખું છું તે ઘણા વખત સુધી તેનો વિચાર કરીને લખું છું અને તેમાં તમારું અને મારું બન્નેનું કલ્યાણ આખરે થાય તેવું લાગવાથી, તમને વાંચતાં કંટાળો આવે કે ખેદ થાય તોપણ ખુલ્લા દિલથી જેમ છે તેમ લખી જણાવવા વિચાર રાખ્યો છે. દરેક માણસ સુખની આશા રાખે છે અને સુખ શોધે છે. પોતે માનેલા સુખમાં દરેક મગ્ન હોય છે તેથી બીજાને માટે આપણે વિચાર કરીએ તે સામા માણસને પૂરો સંતોષ આપે એવો વિચાર વખતે ન પણ જણાય; પણ જો સારા ભાવથી જો કોઈ કામ કરવા ઇચ્છતો હોય તો તેનો ભાવ આપણને રુચે કે ન રુચે પણ તે સમજી શકાય તો ખરો. તેથી મારી વાત રુચે કે ન રુચે, પણ મારું દિલ સાફ રાખીને નિઃસ્વાર્થપણે મનમાં માયા કે કપટ રાખ્યા વગર વિચાર આપણા બન્ને માટે કર્યો છે. તે તમને પસંદ ન પડે તોપણ મારો હેતુ શુદ્ધ છે. સારા ભાવથી હું આ વાત કહેવા અને કરવા ઇચ્છું છું એટલું તો તમને પણ સમજાયા વગર નહીં રહે, એમ મને લાગે છે. મારી વાત તમને જણાવું છું તેટલી ધીરજથી તમારી વાત મારે સાંભળવી પણ છે અને બન્નેમાંથી જે સારી, ઉત્તમ વાત બન્નેના અંતરાત્મામાં બેસે તેનો વિચાર કરી આગળ પગલું લેવું છે. આ કાગળ લખતાં કંઈ બનાવટી કે જોડી કાઢીને કશી વાત નથી કરવા ઇચ્છતો, પણ જે જે વાતો મેં જાતે અનુભવી છે તે ઉપરથી મારા વિચાર છેવટના તમારા આગળ મૂકવા વિચાર છે. તેમ છતાં તમને એમ લાગે કે મને કોઈની શિખામણથી કે ભોળવણીથી એ વિચાર આવ્યા છે, તોપણ એટલું તો માનજો કે મેં આ પત્રમાં લખેલી બાબતો માટે ઘણો વિચાર કર્યો છે અને ટૂંકામાં કહું તો આજ સુધી અભ્યાસ કરીને, દુનિયાનો અનુભવ લઈને, ઘણા લેખકોએ પોતાનો અનુભવ પુસ્તકોમાં લખેલો તે સમજીને અને જીવતાજાગતા સંતપુરુષોની દશા ગજા પ્રમાણે સમજીને, દહીં વલોવીને માખણ નીકળે તે જેમ ઢોરને પાળવાની મહેનતના ફળનું ટૂંકું રૂપ છે તેવું મને જે કંઈ સંસારમાં સમજાયું છે તે ટૂંકામાં આ પત્રમાં મારા જાતઅનુભવના કંઈક સાર જેવું તમારા આગળ તમારી આશિષ માટે રજૂ કરું છું, ભેટ ધરું છું અને તે દ્વારા તમારું ચિત્ત–આત્મા–સાચી વસ્તુ સમજીને તમારું અને મારું કલ્યાણ જે રસ્તે થાય તેનો વિચાર કરે, અને મારી અંતરની ઇચ્છા સમજી તેમાં ખભો

* પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની સેવામાં કાયમ રહેવા માટે પૂ. શ્રી બ્રહ્મચારીજીએ પોતાના વડીલ બંધુને તેમની અનુજ્ઞા મેળવવા આ પત્ર લખેલ છે.

થાબડવા જેવો ઉત્સાહ આપી મને વિશેષ ઉન્નત કે ચઢતી દશામાં જોઈ રાજી થવાનું તમારો આત્મા ઇચ્છે અને તેમાં સમ્મતિ અને સહાય આપે એટલો જ હેતુ આ પત્ર લખવાનો છે. આ પત્રમાં કંઈ દોષ જેવું જણાય તો તે મારો જ છે, એમ માનવા વિનંતિ છે. અને કંઈ પણ સાચી વસ્તુ સમજવામાં તમારા આત્માને મદદ થાય તો તેનું કારણ જેનો મને રંગ લાગ્યો છે તે સંત પુરુષ જ છે, એમ માનશો. કારણ કે કડવી તુંબડીમાં દૂધ ભર્યું હોય. તે પણ કડવું થવા સંભવ છે, અથવા રંગેલું કપડું ધોવાથી રંગ નીકળી જાય તોપણ બીજા કપડાને તેનો પાસ બેસે છે; તેમ જ્યાં સુધી મને સંગનો રંગ પાકો લાગ્યો ન હોય ત્યાં સુધી મારું કહેલું હોય તેમાં ડહોળા પાણી જેવો દોષ દેખાવાનો સંભવ છે, પણ તેવું પાકા રંગવાળું કપડું ધોતાં થવાનો સંભવ નથી. તેમ સાચા પુરુષનો સમાગમ જેને થાય તેને દોષ લાગવાનો સંભવ નથી. ઊલટો ફાયદો થવાનો સંભવ છે. તેથી મારા દોષ તરફ જોવા કરતાં મારા હૃદયના ભાવ તરફ નજર રાખી આ લાંબો કાગળ કંટાળ્યા વગર થોડે થોડે કરીને પૂરો વાંચી જશો, વિચારશો અને બને ત્યારે ઉત્તર લખશો કે મળાય તેમ ગોઠવણ કરવા જણાવશો.

મોટા પુરુષોને મોક્ષ સિવાય બીજી કોઈ ઇચ્છા હોતી નથી અને આપણે પણ મોક્ષ મળતો હોય તો પાછા પડીએ એવા નથી, એટલે મોક્ષનો ખપ આપણે પણ છે. એટલે મારે તમારે બન્નેને મોક્ષની ઇચ્છા છે એટલું ધારી લઈને જ આજે જે કંઈ લખાય તે લખવા વિચાર છે. પણ તમારા મનમાં જો એમ થાય કે તમે અગાસમાં રહેનારા સાધુ મહારાજનો ધર્મ માનો છો તો અમારે એ ધર્મ સંબંધી તમારું કહેવું માનવું નથી, બીજું જે કહેવું હોય તે કહો. જો આવું મનમાં રહેતું હોય તો તે વિષે પણ વિશેષ વિચાર કરવો ઘટે છે. આ વાત કહેતાં જો મારા સંબંધી કે એ મહાત્માઓ સંબંધી કંઈ કહેવું પડે તો મારાં કે તેમનાં વખાણ કરવા કહેલું છે એમ ન માનશો; કારણ કે પોતાનાં વખાણ થાય એવી ઇચ્છા તો અમારે છોડવી છે; તો જાતે શા માટે તે કરીએ? પણ માત્ર સત્ય અને આત્મહિત તરફ જ નજર રાખીને કંઈક કહીશ. ગમે તે ધર્મના કહેવરાવવામાં કાંઈ કલ્યાણ નથી. ગામમાં મુખી ન હોય અને ગમે તેને લોકો મુખીના નામથી બોલાવે તેમાં એને અધિકાર કે પગાર કે કાંઈ ફાયદો મળતો નથી, અથવા ગધેડાની પીઠે સાકરની ગૂણ ભરી હોય પણ તેના પેટમાં કાંઈ આવતું નથી; તેમ ગમે તે ધર્મવાળા આપણને લોકો ગણે, પણ આપણને તે ધર્મથી સારી જિંદગી – મોક્ષનો માર્ગ – ન મળે ત્યાં સુધી લોકોના કહેવાથી આપણે ધર્માત્મા બની શકીએ નહીં. મોક્ષનો માર્ગ જે ધર્મથી મળે એમ આપણો આત્મા કબૂલ કરે તે જ આત્માનો ધર્મ. બાકી તો બીજાને બતાવવાના કે પોતાના આત્માને છેતરવાના ધર્મ ગણાય, એમ મને અત્યાર સુધી લાગ્યું છે. ધર્મ તો આત્માના ભાવમાં, ઉત્તમ વિચારમા, ઉત્તમ આચારમાં અને ઉત્તમ વસ્તુની માન્યતામાં રહેલો છે. તેને તો હૃદયમાં ગુપ્ત સાચવીને રાખી મૂકવા જેવો છે. જેમ કોઈ દશ હજારનો હીરો આપણે ખરીદ્યો હોય તો તેને સોનાની વીંટીમાં જડીને સુંદર દાબડીમાં ઘાલી તિજોરીમાં રાખી મૂકીએ છીએ અને જ્યાં ત્યાં તેને બતાવતા નથી ફરતા, પણ કોઈક ઉત્સવના પ્રસંગે કે આફતના પ્રસંગે તેનો ઉપયોગ થાય છે, તેમ ધર્મ પણ ઘણી જ કીમતી વસ્તુ છે અને તેની મનુષ્યભવમાં જ કમાણી થઈ શકે છે.

તેના પરીક્ષક પણ કોળી કે કાછિયા જેમ ઠેર ઠેર હોય છે તેમ નથી હોતા. કોઈક મોટા શહેરમાં જ સાચા હીરાના પારેખ તો હોય છે; તેમ સાચો ધર્મ પામેલા પણ વિરલા જ જડી આવે છે અને તેની પરીક્ષા થવી, ઓળખાણ થવી એ તો પૂર્વના સંસ્કારથી, સત્સંગના જોગથી, વૈરાગ્યવાળી આપણી સ્વાભાવિક વૃત્તિથી કે સંસારથી કંટાળેલા, થાકેલા દુઃખી જીવથી કોઈક ધન્ય પળે જ બની શકે તેમ છે. મોક્ષમાર્ગ કે ધર્મ આવો દુર્લભ અને કીમતી છે અને તે જેના હાથમાં આવે, જેને તે સમજાય છે તેને આ સંસારમાં ગમે તેટલી ભારે અને મોંઘી ગણાતી ચીજ પણ લલચાવી શકતી નથી. જેમ નાનું છોકરું ચોમાસામાં રેતીમાં બેસીને દેરાં કે ક્યારા પાળીઓની રમત કરે, ઘર કરે પણ મોટા માણસને તે બધી છોકરાંની રમત માટે ખોટી થવું ગમતું નથી. કાલે સવારે છોકરાંએ કરેલા બધા આકાર રસ્તામાં જતાં-આવતાં ઢોરથી વટાઈ જવાના છે તે મોટા માણસો જાણે છે, પણ છોકરાંને મન તો તે રોજ ત્યાં મોટા માણસના ઘરની પેઠે રહેશે એમ લાગે છે અને વખતે સાંજ પડે તો બધું ઢાંકીને ઊઠે અને કાલે સવારે આવીને રમીશું એમ પણ ધારે. જો કોઈ બીજો છોકરો તેનું બનાવેલું દેરું ભાંગી નાખે તો તે બનાવનારને મોત જેટલું ખોટું લાગે અને રોવા બેસે, પણ તેવા રોવાથી માબાપના મનને ખોટું નથી લાગતું. ઊલટું તે તો કહે કે એમાં શું રડે છે? એ તો સવાર સુધી રહેવાનું નથી, કાલ થતાં પહેલાં એ તો વટાઈને ક્યાંય ભાંગી જશે. પણ બાળક નાનું હોય તો તેની સમજમાં તે નથી આવતું અને સમજણું હોય તો વહેલું સમજીને રડતું બંધ થાય છે. જેને ખરો ધર્મ સમજાય છે તેને આમ સંસાર અસાર–ખોટો લાગે છે અને તેનામાં ખરો વૈરાગ્ય–ઉદાસીનતા–સમતા દેખાય છે. તેની આંખ, વચન અને ચેષ્ટા ઉપરથી પણ મુમુક્ષુને માલૂમ પડે કે આ પુરુષ ધર્માત્મા છે. એવા પુરુષને એક ઘડી પણ બીજાં કામ માટે ખોટી થવું તો માથું વાઢી નાખ્યા જેવું લાગે છે. નાગરની ન્યાતમાં હરવાફરવાનું ને જાન-જમણવાર તજીને નરસિંહ મહેતા સાધુની સંગતમાં ને ભજનમાં જ વખત ગાળતા, તેવી જ રીતે મીરાંબાઈ રાજમહેલનાં સુખ છોડી ભિખારીની પેઠે ભટકીને દહાડા કાઢતાં; પણ કોઈ દિવસ ભગવાનનું ભજન અને સાધુની સંગત છોડવાનું તેમને સ્વપ્ને પણ મન થયું નથી. ઊલટું તે સુખ રાજના સુખ કરતાં ઉત્તમ છે એવું અનુભવીને, લોકોને ભગવાન ઉપર પ્રેમ થાય અને સંસાર ઉપરથી ભાવ ઊઠી જાય તેવાં ભજન બનાવી ભક્તિનો માર્ગ બતાવતાં ગયાં છે. આ કાંઈ તેમણે વગર સમજ્યે કર્યું નથી, થોડા દહાડા માટે કર્યું નથી, પણ સાચી સમજણ આવ્યા પછી આખો જન્મારો તેમાં જ ગાળ્યો છે. પણ ખાખરની ખિસકોલીને સાકરનો સ્વાદ ન સમજાય તેમ સંસારી માણસોને તો તે વખતે મીરાં અને નરસિંહ મહેતાની નિંદા અને ટીખળી કરવાનું જ સૂઝતું. મીરાંને તો ઝેર આપીને મારી નાખવા કુંભારાણાએ ઉપાય લીધેલા તે આપણે સાંભળ્યું છે; પણ ધન્ય છે તેમને કે કોઈ દિવસ મારનારનું પણ તેમણે ભૂંડું ઇચ્છ્યું નથી; તો કોઈને ખોટો માર્ગ બતાવવા તેમની ઇચ્છા તો થાય જ કેમ? આપણને એમ થાય કે એવાં ભગતડાં થઈ જવામાં શો માલ છે? પણ જો જરા વિચાર કરીએ તો સમજાય કે જેને મોક્ષ જોઈએ છે તેને ખાઈપીને લહેર કર્યે મોક્ષ મળે નહીં. કોદરા ખરીદીએ તો કોદરાની કિંમત આપવી પડે અને કમોદની ડાંગર ખરીદીએ તો તેના પ્રમાણમાં વિશેષ કિંમત આપવી

પડે. અફીણ ઓગાળીને પીધા પછી અમર થવાની ઇચ્છા રાખીએ તો તે કાંઈ બને? સંસાર સેવવો હોય તો સંસારનું વૈતરું કરવું પડે, અને મોક્ષની દૃઢ ઇચ્છા હોય તો મોક્ષ માટે પુરુષાર્થ કરવો પડે. જગતના અને ભગતના કે સંસારના અને મોક્ષના માર્ગ જુદા જ– ઊલટા જ હોય છે તેથી કોઈ કાળે તેમને મેળ ખાતો નથી. જેમ એકને સંસાર વધારવો હોય અને બીજાને સંસાર ટૂંકો કરવો હોય તો તે બન્નેને ક્યાંથી મેળ ખાય? બન્નેનાં તડ જુદાં હોય છે, તેથી જ આપણને આ સાચા સાધુઓ ગમતા નથી. આપણને મોક્ષ જોઈતો નથી અને તેમને મોક્ષે લઈ જવા છે એટલે તે આપણા વિરોધી જણાય છે. આપણા જેવા જ ખાનદાન કુટુંબના તે ગૃહસ્થ હતા અને પૂર્વના સંસ્કારે વૈરાગ્ય ઊપજતાં તેમણે ઘર છોડી સાધુપણું લીધું, અને સાધુઓમાં પણ તે ખંભાતમાં ગાદીપતિ–આચાર્ય ગણાતા, તે છોડી દઈ ભિખારીની પેઠે પાછા ચાલી નીકળ્યા; છતાં પૂર્વના પ્રારબ્ધને લીધે લક્ષ્મી તેમની પાછળ ફરે છે, પુણ્યનો ભોગવટો તેમના નસીબમાં લખેલો તે આગળ ફરી વળે છે. આ વાત તો માત્ર તેમની દશા કંઈક બતાવવા જ કહી. તેમને કંઈ સ્વાર્થ નથી કે મારો ધર્મ ચલાવવો છે કે ચેલા કરવા છે, પણ એવી લાલસાઓથી તેઓ મુક્ત જ છે. એવું હોત તો ખંભાતમાં તેમના ઘણા વખતના ઓળખીતા શિષ્યો અને સાધુઓ સેવાભક્તિ કરનાર હતા, તેમને તજીને તે ચાલી નીકળત નહીં. પણ જે જે આપણને સુખરૂપ લાગે છે તે તેમને ઝેર જેવું લાગે છે; કારણ કે ભગવાનની કૃપાદૃષ્ટિનો તેમને સાક્ષાત્ અનુભવ થયો છે. તેમનો સમાગમ થોડા કાળ સુધી કરનારને પણ આ વાત તો સમજાય છે.

આવા પુરુષનો સમાગમ પૂર્વનાં કોઈ પુણ્ય જાગવાથી આ ભવમાં મને મળી આવ્યો અને તેમની કંઈક ઓળખાણ થવાથી મને પણ મોક્ષ મેળવવાની ઇચ્છા થઈ છે. કેવી રીતે તેમના કહ્યા પ્રમાણે રાતદિવસ રહેવાય તેના વિચાર વારંવાર આવ્યા કરે છે અને સંસારમાંની કોઈ પણ ચીજ મોક્ષને બદલે લેવાની ઇચ્છા રહી નથી. તેથી જ તમને બધાને પણ કંઈક એમ લાગ્યા કરે છે કે મેં પણ તડ બદલ્યું છે; સંસારનો રસ્તો ભૂલી બીજો રસ્તો હું શોધી રહ્યો છું.

ચાર-પાંચ વર્ષથી હું અગાસ જઉં છું. મધ્યસ્થ દૃષ્ટિથી ત્યાં જે કામ થયાં જાય છે તે જોઉં છું. તેમાં કોઈની સ્વાર્થદૃષ્ટિ મને જણાઈ નથી; ઊલટું જે આ ભવમાં સમજવા જોગ છે અને કરવા જોગ છે તેની જ વિચારણા અને ઉપદેશ થાય છે; તથા તે પ્રમાણે વર્તન થવામાં જે જે જરૂરનું કે યોગ્ય હોય તેવું વાતાવરણ ત્યાં ઉત્પન્ન થાય તેવા પ્રયત્નો ત્યાં થઈ રહ્યા છે, એમ મને લાગ્યા કર્યું છે. જે જે પુરુષો આત્મધર્મ પામ્યા છે, તેમણે જે જે કરેલું અને તે ઉપરથી આપણે જે કરવાનું છે તે ત્યાં સહજે થયા જાય છે, એ પણ અનુભવ ઉપરથી મને સમજાતું જાય છે. તે મહાપુરુષોની સોબતમાં સદાય રહેવાય તો મોક્ષના માર્ગમાં આગળ વધવાનો સંભવ છે, એવો નિર્ણય અંતરાત્મામાં દૃઢ થતો જાય છે. ઘણી વાર એમ જ થઈ આવે છે કે બધું પડી મૂકીને એ જ રસ્તે આવરદાનાં જેટલાં વર્ષ બાકી હોય તેટલાં તે જ રસ્તે ગાળવાં, પણ તેમ કરી શકાય તેવા સંજોગો નથી એમ મનમાં થઈ આવવાથી વિચાર પાછો પડી જાય છે, અને કોઈના આગળ હૃદયની આ વહાલી ઇચ્છાની વરાળ સરખી

કાઢવાની હિંમત ચાલતી નથી. જે બની શકે એમ નથી તે વાત કોઈના આગળ શું કામ કરવી? એવા વિચારમાં ચિત્ત ઘણી વાર મૂંઝાયા કરે છે.

હવે મોક્ષની તૈયારીના સંયોગોમાં મુખ્યત્વે તો માર્ગ દેખાડનાર સાચા પુરુષ મળે એ એક અને તેના દેખાડ્યા પ્રમાણે તેની આજ્ઞાએ વર્તનાર એ બેનો જોગ જોઈએ. તેમાં માર્ગ દેખાડનારની ખાતરી તો અંતરમાં થાય છે કે તે સાચા પુરુષની આજ્ઞા ઉઠાવી શકાય તો મોક્ષ બહુ દૂર નથી. માર્ગનો પાકો ભોમિયો મળ્યો છે. હવે રહી કચાશ તે માર્ગે ચાલનારની. તેમાં હવે ઢીલ કેમ થાય છે? એમ મારા મનમાં વારંવાર પ્રશ્ન થાય છે અને તમને કે આ વાત જાણનાર ગમે તેને એમ પૂછવાનું મન થાય કે તમે ઘરનું તો કંઈ કામ કરતા નથી અને સોસાયટીમાં કંઈ કમાવા રહ્યા નથી, તો તમારા મનનું ધારેલું કામ કરતાં તમારો હાથ કોણ ઝાલે છે? મને પણ તે જ પ્રશ્ન મૂંઝવે છે કે આ જિંદગીમાં જેને માટે હવે જીવવું ગમે, તેવી વસ્તુ જો ન બનતી હોય એટલે મારા આત્માનું હિત જો હું સાધી શકતો ન હોઉં અને બીજાને પણ જો હું ઉપયોગી ન થઈ શકું તો મારા જેવો મૂર્ખો બીજો કોઈ ગણાય નહીં. આ વિચાર જુદી જુદી રીતે કર્યા પછી મને સંસારમાં બાંધી રાખનાર બંધનો ચાર મુખ્ય ગણાવી શકાય તેવાં લાગ્યાં છે:

(૧) આ શરીર સંબંધી સંકલ્પ-વિકલ્પો – એટલે શરીર સાજું-માંદું હોય, કમાણી થઈ શકે તેમ ન હોય તેવે પ્રસંગે બીજાને બોજારૂપ થઈ પડ્યા વિના શરીરનું ટટ્ટુ નભાવવા જેટલું સાધન કે પૂંજી વિષે વિચાર.

(૨) સંસારમાં નિકટનો સંબંધ ગણાય છે તેવા સંબંધવાળો છોકરો બબુ. તેની સમજણયોગ્ય ઉંમર થતાં સુધી તેના શરીરની સંભાળ અને કેળવણી માટે મારે માથે ગણાતી ફરજ, તેના વિચારો.

(૩) જે કુટુંબમાં આ ભવમાં મારો સંબંધ જન્મથી જોડાયો છે તે કુટુંબ તરફની મારી ફરજ એટલે તમારે અને તમારા પરિવાર માટે જે કરવું જોઈએ, તેના વિચાર.

(૪) દશ વર્ષથી લોકસેવા તરીકે સ્વીકારેલું સોસાયટીનું આણંદનું કામ, તેના વિચારો.

આ ચાર પ્રકારના વિચારો – હોડીમાં ચાર કાણાં હોય અને તેમાંથી પાણી હોડીમાં ભરાતું હોય ત્યાં સુધી હોડીમાં બેસી સહેલ કરવા નીકળેલા માણસથી જેમ નીચે મને બેસી શકાય નહીં, કારણ કે તેમાંથી પાણી આવ્યા કરે ત્યાં સુધી બૂડીને મરી જવાનો ભય છે, તેવા આ ચાર પ્રકારના વિચારો મને મૂંઝવતા અને કેટલેક અંશે મૂંઝવે પણ છે. જ્યાં સુધી તે વિચારોનો આવરો પાણીની પેઠે ઊભરાતો હોય ત્યાં સુધી મોક્ષની તૈયારી કે સાચા સુખનો ખ્યાલ ન આવી શકે તે સ્વાભાવિક છે તથા સમજી શકાય તેવું છે. એ ચાર પ્રકારના વિચારો કે ચિંતાઓ ખરી રીતે હરકતકર્તા છે; પણ તે સંબંધી મેં શું શું કર્યું છે અને તેનું પરિણામ કંઈ આવ્યું છે કે નહીં તે થોડું હું જણાવી જવા ધારું છું. તેમાં છેલ્લી બે બાબતો પહેલી લઈને તે વિચારતાં બાકીની વાતો સમજાશે એમ લાગે છે.

તમને વખતે એમ લાગશે કે મેં આજ સુધી મારી જાતને માટે જ વિચાર અને કામ કર્યું છે, પણ ઘર સંબંધી મેં ચિંતા કરી હોય તેમ જણાતું નથી; પણ કામ જુદું છે, અને

ચિંતા જુદી છે. એટલે જોકે કામ બહુ થોડું કે નજીવું થયું હશે, પણ ચિંતાઓથી હું છૂટ્યો નથી એ બતાવવા થોડું લખું છું. જોકે ઘર સંબંધી મારે બદલે ચિંતા કરનાર બાબુની બા હતી ત્યાં સુધી તેના મનમાં અમુક રકમ ઘેર મોકલવી એમ રહેતું અને દર મહિને ભડકતાં ભડકતાં ખર્ચ કરતી, તે હું તે વખતે વધારે સમજી શકેલો નહીં. કારણ કે સોસાયટીનો પગાર એક કુટુંબનું ખર્ચ સારી રીતે નભે એ હેતુથી રાખવામાં આવેલો, તેથી વધે તેટલું બાંધણી મોકલવું એમ કહી મૂકેલું છતાં તેના મનમાં 'બાંધણીવાળા શું કહેશે? કંઈ નહીં મોકલાય તો શો વિચાર બાંધશે?' વગેરેની તેના મનમાં ગડભાંજ રહેતી, પણ એ ચિંતાથી કંઈ તે વિશેષ કરી શકી નથી. તે પહેલાં હું ભણતો હતો તે વખતની મારા મનની સ્થિતિ જરી જણાવી જઉં તો ચિંતાઓના ઢગલેઢગલા કરવા છતાં તેનું પરિણામ ઉદ્વેગ અને દુઃખ કરતાં વિશેષ કંઈ આવી શક્યું નથી તે જણાશે. હું ભણતો હતો તે વખતથી કોણ જાણે મને ભવિષ્યના જ વિચારો આવ્યા કરતા હતા. હું આ સંસારમાં મારો રસ્તો કેવી રીતે કાઢી શકીશ? એ વિચારો બહુ નાની ઉંમરથી એટલે ૧૪–૧૫ વર્ષની ઉંમરથી મને થયા કરતા. એક તો મારે જાતે કમાઈને ખાવું પડે તેવી ઘરની સ્થિતિ છે, એ ખ્યાલ મને નાનપણથી રહેલો. તેની સાથે તમે ન હો તો મારે માથે બધી જવાબદારી છે, તે વિચાર મને દુઃખી કરતો. એ આખા કુટુંબનો બોજો હું કેવી રીતે ઉપાડી શકીશ, એ મારા નાનપણના મગજને મૂંઝવી દેતો. અને જ્યારે જ્યારે કોઈ પચાસ-સાઠ વર્ષના માણસને હું જોતો ત્યારે મને એમ જ વિચાર આવતો કે આ માણસે ગમે તે રીતે આ સંસારની યાત્રા લગભગ પૂરી કરી, તેણે કાઢ્યાં તેટલાં વર્ષો હવે કાઢવાં નથી અને મારી ઉંમરની સરખામણી કરતાં મને એમ લાગતું કે મારા કરતાં એ કેટલો બધો સુખી છે. મારે હજી બધો ભવ તરવાનો છે અને મારું શું થશે? વગેરે વિચારોથી તો ઘણી વખત મને રોવું આવતું, અને ભીની આંખે ખડકીને ઓટલે બેઠો બેઠો હું જતા-આવતા ડોસાઓને જોઈ રહેતો, તે હજી હમણાં જ બન્યું હોય તેવું તાજું મારા મનમાં છે. પણ તે ચિંતાઓનું પરિણામ મને દુઃખ આપવા ઉપરાંત એ આવ્યું કે છોડી દીધેલો અભ્યાસ ફરી કરવા પ્રેરાયો. તે ઉપરાંત કોઈને મદદ કરનાર નીવડ્યું નથી. થોડાં વર્ષ પછી અભ્યાસ છોડીને કમાવાના વિચાર આવતા, ત્યારે પણ અભ્યાસ આગળ ચાલુ રાખવામાં એક કારણ એ પણ હતું કે વધારે અભ્યાસ થાય તો કંઈક ભવિષ્યની ચિંતાઓવાળું કામ મોડું કરવું પડે — સંસારની મુશ્કેલીઓ સાથે બાથ ભીડવામાં ઢીલ થાય છે તે ઠીક છે એમ લાગતું. આ ઉપરાંત તે ચિંતાઓ વિશેષ ફળ લાવી હોય તેમ સ્મૃતિમાં નથી.

આમ ધુમાડીમાં બાચકા ભર્યા જેવી ચિંતાઓ કરવામાં બાકી રાખ્યું નથી. અને શરમાળ સ્વભાવને લીધે કોઈને કંઈ કહ્યું પણ નથી. ત્યાર બાદ અભ્યાસ પૂરો કરી ધંધે વળગવાનું આવ્યું તે પહેલાં તો જાણે કોઈ કલેક્ટરને વિલાયતથી હિંદમાં મોકલે તેની પહેલાં જ તેને માટે કારકુન, ઑફિસ, બંગલા અને સિપાહીઓ વગેરેની તૈયારી સરકાર કરી રાખે છે તેમ બધી ગોઠવણ જાણે ભગવાને કરી મૂકી હોય તેવું જ બન્યું હતું. મારે માટે ઘણા માણસોએ ઉજાગરા કરીને વિચારો કરી મૂકેલા અને ક્યાં કામ કરવું ને કેવી જાતનું કરવું તે બધું જાણે

નક્કી થયેલું હોય તેમ મારે તો નથી કરવી પડી અરજી કે નથી જોવી પડી નોકરીની વાટ કે હુકમોની ટપાલ. પણ હાથનો અંગૂઠો કપાયેલો તે રુઝાયો તે પહેલાં મારે કરવાનું કામ ડોકિયાં કરી રહ્યું હતું. ક્યાં રહેવું કે કેમ ખાવા કરવું કે કેમ કુટુંબ ચલાવવું તેનું ભાન ન મળે, એવા મને અમીન લોકોની વચમાં પ્રભુએ લઈ જઈને મૂક્યો. ત્યાં માત્ર સારું કામ કરવાની ઇચ્છા વગર બીજું કંઈ સાધન મારી પાસે હતું નહીં, છતાં નથી કોઈએ ઠપકો આપ્યો કે નથી કોઈની સાથે તકરાર થઈ કે ગૌતમ બુદ્ધને જે વિચારોએ સંસારમાં સુખે બેસવા નથી દીધા; તેવા જીવનની પ્રગતિ વિષેની ચિંતા વિના ઊનો વા એવી અજાણી જગ્યામાં નથી વાયો — તે માત્ર પૂર્વોપાર્જિત પુણ્ય અને પુણ્યાત્માઓના સમાગમને લીધે જ બનવા પામ્યું છે એમ અત્યારે લાગે છે. નહીં તો તે વખતના દોષો તરફ જોતાં તો ભોંયમાં પેસી જવા જેટલી શરમ આવે છે અને હજીય દોષો નથી એમ નથી, પણ હવે દોષોને દુશ્મન જાણીને તેમની સાથે લડાઈ કરવી છે અને તે વખતે દોષરૂપી ઠગારાઓને મિત્ર માન્યા હતા એટલો ફેર છે.

સોસાયટીમાં હું જોડાયો તે મને તો હવા લઈએ છીએ એવું સ્વાભાવિક કામ લાગેલું, પણ તમે તો મારા વિષે આશા રાખીને બેઠા હશો કે હવે હું સરકારના અને ગરીબોના પૈસા લૂંટનારો કે ધોળે દહાડે ધાડ પાડનાર લૂંટારા જેવો અમલદાર થઈશ કે કોઈ વહી-વટદારની ખુરશી શોભાવીશ કે વકીલ થઈને વઢવાડો કરાવીને લોકોને જિતાડીને વખણા-ઈશ અને આપણા કુટુંબનું નામ કાઢીશ. પણ તેવા થવાનું આ શરીરે થઈ શકે એવું નિર્માણ નહીં થયું હોય, નહીં તો અભ્યાસ પૂરો કર્યા પહેલાંના ત્રણ-ચાર વર્ષ અગાઉ તો મારા પણ એ જાતના કંઈક વિચારો હતા, પણ તેવી નોકરી સાથે લોકોનું ભલું તેવા અમલદાર થઈને કરવાનું સાથે ધારેલું, પણ નોકરી શોધવી એ જ મારા શરમાળ સ્વભાવની વિરુદ્ધ હતું અને અભ્યાસનાં છેલ્લાં બે-ત્રણ વર્ષોમાં વિચાર પલટાયેલા. તેથી સરકારી નોકરીની ગુલામી તો નથી જ કરવી એમ નક્કી કરેલું હોવાથી ખાનગી નોકરી કરતાં સામાન્ય ગરીબાઈ ભોગવવી પડે તો તે વેઠી લેવાનો વિચાર પણ કરેલો. આ વર્ષોમાં કંઈક ધાર્મિક વાચન પણ ચાલતું અને તેને પરિણામે તથા ગ્રેજ્યુએટની યુનિવર્સિટીની ડિગ્રીના બળે એટલી આત્મશ્રદ્ધા આવેલી કે દુનિયાના ગમે તે છેડામાં રહેવાનું ભાગ્યમાં હોય, પણ કુટુંબ ચલા-વવા જેટલી આજીવિકા પ્રાપ્ત કરવામાં કદી દીનતા કરવી નહીં પડે, પણ મારી યોગ્યતા અને શ્રમથી ગમે તે કાળે પાછળનું બધું કર્યું-કરાવ્યું ધૂળ થઈ જાય તોપણ દુનિયાને લાત મારીને પણ મારા અને કુટુંબના નિર્વાહનાં સાધનો હું મેળવી શકીશ; તથા આ ભવમાં લાખ મળવાના નથી અને લખેસરી થવાના નથી તો પૈસા માટે નકામાં ફાંફાં મારવામાં શો માલ છે? એમ પણ કંઈક મનમાં રહેલું, તેથી સંતોષ રહેતો અને રહે છે.

આ શ્રદ્ધાના બળે તથા સુધારક વાતાવરણની અસરમાં મેં મનમાં નક્કી કરેલું કે મારે બાપોતી મિલકતમાંથી કાંઈ જોઈતું નથી. મિલકતની વહેંચણીમાં ઘણાં કુટુંબોમાં ભાઈઓ વચ્ચે તકરારો થાય છે તે મારે નથી કરવી તથા પોતે ન કમાયા હોઈએ તેના ઉપર આપણો હક્ક કરવો એ પણ મને અન્યાયપૂર્વક લાગેલું. બાપદાદાની મિલકત ઉપર કોઈનો અધિકાર હોય તો જે કમાઈ ન શકે તેવાં બૈરાંછોકરાંનો હક્ક હોવો જોઈએ અને પુરુષોએ

તો સિંહની પેઠે પોતાનો નિર્વાહ પોતાના પુરુષાર્થથી કરવો ઘટે છે. તેથી ઘરની મિલકત ઉપર મારો હક્ક મેં આ ભવનાં ઘણાં વર્ષો સુધી માન્યો નથી. આવા વિચારો હોવાથી મારી પાસેથી આથી વિશેષ આશા કોઈ રાખે તો તે પણ યોગ્ય નથી એમ મને લાગતું. કેળવણી માટે મારી પાછળ ખર્ચ થયો તે તો કુટુંબે કરવો જોઈએ એમ હું માનતો, કારણ કે કેળવણીના ખર્ચ ઉપરાંત મારે કુટુંબ પાસે કશું જોઈતું જ નથી, અને ભવિષ્યમાં છોકરાંને કેળવણી પાછળ ખર્ચ કરવા માટે સહિયારી મિલકત રહે તેટલા પૂરતું મારા જરૂરના ખર્ચ ઉપરાંત જે કંઈ બચે તે બાંધણી મોકલવા મેં વિચાર પણ રાખેલો, પણ તેમાંથી મારે પાછું કંઈ લેવું એવી આશા નહીં રાખેલી. તેની સાથે જુદું કંઈ બચાવી ખાનગી સિલક કરવાનો કે ઘરેણાં જેવું કરવાનો પ્રયત્ન પણ નથી કરેલો; કારણ કે સંઘરો કરવો હોય તો કુટુંબના ધનમાં થવો જોઈએ એમ હું માનતો. જરૂર પડયે તેમાંથી માંદા-સાજા પ્રસંગે કે છોકરાંના ખર્ચ માટે તે બેન્ક હોય તેવી મારી સમજ હતી અને હજી છે. પણ તે બેન્કમાં પૈસા જમે કરાવવા તાણટ વેઠવો, કંજૂસાઈ કરવી એમ પણ માનેલું નહીં. માત્ર ખેતીમાં પાકેલા અનાજની કોઠી ભરી હોય તેમાંથી વાપરતાં વાપરતાં વધે તેટલું તેમાં પડી રહે એવું માનેલું તથા તમે બધુંય ઉડાવી જાઓ એવા નથી એવી મારી ખાતરી પણ ખરી, એટલે જુદાપણાનો કે ખાનગી સિલક રાખવાનો મને વિચાર પણ નથી આવ્યો. મારે બોજારૂપ કોઈને ન થવું અને સારો રસ્તો લાગે તે રસ્તે જીવન ગાળવું કે મરતી વખતે પસ્તાવો ન થાય, કે કોઈને દોષ પણ દેવાનો વખત ન આવે કે આનું મેં કહ્યું કરીને ગોદા ખાધા. આ વાત પૂર્વકર્મના બળે મારામાં ઘર કરીને રહેલી, પણ કોઈને હું ખુલ્લા શબ્દોમાં કહી શકેલો નહીં. તેથી હું સોસાયટીમાં જોડાયો, તે ઘણાંને બાંધણીમાં અને સગાંઓમાં ગમેલું નહીં અને હું મારા પગ ઉપર કુહાડો મારવા તૈયાર થતો હોઉં તેમ બધા વડીલોને લાગેલું અને તમે મોટાભાઈ રહ્યા તેથી તથા કુટુંબની સહિયારી મિલકતમાંથી મોટી આશાઓ રાખી ખર્ચ કરેલું, તેમ જ હવે તમારે માથેથી કુટુંબ માટે કમાવાની ઝૂંસરી ઊતરશે એમ ધારેલું; તેથી તમારી બધી આશાઓ ઉપર પાણી ફરી વળેલું જણાતાં તમને વધારે માઠું લાગેલું. એટલે તમેય બાની પાસે કહેવરાવેલું કે આપણે આપણો ભાગ વહેંચી જુદા થઈએ. પણ તમને જે મોટી ધમકી તે વખતે લાગતી તે મારે મન તરણા જેવું હતું, એ ઉપર જણાવ્યું તે ઉપરથી હવે સમજાયું હશે; કારણ કે મને મિલકતમાંથી એક રાતી બદામ ન મળે તોપણ મને શોક થાય તેવું હતું નહીં. કારણ કે મિલકત મારી છે એવું મેં માન્યું જ નહોતું. તેથી મારો વિચાર ફેરવવાની ફરજ પાડે તેવું દુનિયામાં કોઈ નહોતું. માત્ર એક બળ હતું અને તે આપણાં માતુશ્રી. તેમને ખોટું ન લગાડવું એવું મારા અંતરમાં રહેતું; પણ તેમનો તો મારા તરફ એટલો બધો પ્રેમ હતો કે તેમની ઇચ્છા મારા ઉપર બળજોરીથી બેસાડી મને દુઃખી કરવા જેટલી કઠોરતા તેમનામાં ન હતી. તે તો એમ જ કહેતાં કે તું સુખી થાઉં એવું કર, માત્ર ભાઈના તરફ નજર રાખજે. તેના મનમાંય એમ ખરું કે હું મોટો માણસ થઈ જવાનો, અને તેનો મોટો દીકરો ભિખારી જેવો રહેવાનો. પણ મેં તો ધનવાન થવાનું મનમાંથી માંડી વાળ્યું હતું અને ઘરમાં પૈસા હોય તો પૈસા ફેરવવાનું કામ મોટાભાઈને જ સોંપી મૂક્યું હતું તે તેને ખબર ન

હતી, પણ તે ધર્માત્મા માતુશ્રી પૈસા વધારે કમાવા ખાતર મારો વિચાર બદલવાની હઠ કરે તેમ હતું જ નહીં. તેથી મારે કશાથી ડરવાનું નથી, એમ હું જાણતો હતો. મરતી વખતે પણ તે માતાએ પૈસાની અગત્ય નથી સ્વીકારી. મને આશીર્વાદ આપતાં, મને ભગવાન પૈસાદાર કરે એવું નથી કહ્યું, અને મારે આ જિંદગીમાં જે જોઈએ છે તેની જ આશિષ તે પણ આપી ગઈ છે કે 'ભગવાન તારું કલ્યાણ કરશે.' એ માતાની સેવાનું ફળ આપવાની ભગવાનની ઇચ્છા હોય તેમ મારા મનમાં તે આશિષ ફળે તેવા પ્રયત્ન કરવા જ વારંવાર વિચાર આવ્યા કરે છે. મનુષ્યભવ ફરી ફરી મળી શકે એમ નથી. પરમાર્થ સાધવાની બાજી ઢોરપશુનો અવતાર આવશે ત્યારે હાથમાં રહેવાની નથી. પૈસા ગમે તેટલા કમાયા હોઈએ છતાં તે પડી મૂકીને બધા જાય છે તેમ જવું પડશે, તો જે આત્માના કલ્યાણની બાબત હોય તે જ આ ભવમાં કમાઈ લેવી જોઈએ.

આમ આ જિંદગીનું આજ સુધીનું પરોપકાર તરીકે ગણાતું કામ, કંઈક વૈરાગ્ય અને ત્યાગના બળથી આ જીવ કરવા પ્રેરાયેલો; પણ પરોપકાર કે આત્મહિતનું કામ એ દાદરનાં પગથિયાં જેવું હોય છે તેની તે વખતે ખબર નહીં અને વીસ વરસ સુધી તે કામ (સોસાયટીનું કામ) કરવાની ગોઠવણ જેમણે કરેલી તે, તે કાળે બરાબર લાગેલી. પણ હવે દશ વર્ષના અનુભવ પછી તે ગોઠવણ મારે માટે ભૂલભરેલી મને જણાય છે. એટલે કોઈ માણસ ઘોડા ઉપર બેસીને સ્ટેશન આગળ પુલ સુધી આવે અને ઉપર દાદરે ચઢીને રેલવેનો પુલ ઓળંગી ગાડીએ બેસવા ધારતો હોય તેનાથી જેમ ઘોડા લઈને પુલ ઉપર ન ચઢાય તેથી ઘોડેથી ઊતરવું પડે છે એટલે ઘોડાનું કામ પૂરું થતાં ઘોડો છોડી દેવો પડે છે, તેમ કંઈક ત્યાગની જરૂર પડતાં ત્યાગ કરીને આગળ વધવાનું આજ સુધી બન્યું છે. આમાં ઘોડો એ તો કુટુંબના કામની ચિંતા છે, તે ચિંતા સોસાયટીની ચિંતા શરૂ થતાં છોડી દીધી હતી; જોકે પૂરેપૂરી છૂટેલી નહીં, પણ તે વધી તો શકી નથી. જો વધી હોય તો ઘરમાં કેટલું ઉત્પન્ન આવે છે, કેટલી સાંથ આવે છે, શું ખર્ચ થાય છે અને શું બચે છે વગેરે જોવાનો પણ કોઈક દિવસ વિચાર થાત; પણ તમારા વારંવાર કહેવા છતાં તેવી બાબતની તપાસ એક દિવસ પણ મેં કરી નથી અને હજી પણ પાડોશમાં રહેનાર ઘરની માલમિલકત કેટલી હશે તે જેટલું જાણતા હોય તેના કરતાં હું ઓછું જાણું છું અને તે જાણવાની દરકાર હજી પણ નથી રહેતી.

ત્રીજી અને ચોથી વાત થોડી કહી ગયો. હવે બીજી વાત થોડી કહી લઉં. આ બબુના જન્મ પહેલાં તેનો મોટો ભાઈ વિઠ્ઠલ મરી ગયો, તેની વાત ઉપરથી તે સમજાશે. તેના ત્રણ વર્ષ જેટલા ટૂંકા જીવન દરમિયાન મને ઉપર જણાવેલી વૈરાગ્યની ભાવનાઓએ સંસાર છોડી નાસી જવા જેવો પ્રયત્ન કરવા પ્રેરેલો. એક વખત તો રાત્રે ત્રણ વાગ્યે બાંધણીથી લોટો લઈને કોઈને કહ્યા વિના નીકળી પડેલો, તે એવા વિચારથી કે ચાલતાં ચાલતાં કોઈ જંગલ આવે તો તેમાં સંતાઈ રહેવું અને ઉત્તમ જીવન માટે તૈયાર થવું. પણ બે કલાક સીમમાં આડાઅવળી નડિયાદ ભણીના કાંસે ફરતાં ફરતાં સવાર થવા આવ્યું ત્યારે ઘુંટેલીની ભાગોળ આવી, એટલે લાગ્યું કે હજી તો હું બાંધણીની પાસે જ છું અને કોઈ મારે માટે

તપાસ કરવા આવે તો મને પકડી પાડવો સહેલું થઈ પડે તેમ છે. તેથી એક ગાઉને દીઠેલે રસ્તે અડધા કલાકમાં, મનની વૃત્તિઓને દબાવીને ઘેર પાછો આવતો રહ્યો. આવી ત્યાગવૃત્તિ તો ઘણી વાર ઊછળી આવતી, પણ સંસાર છોડીને કયે રસ્તે આગળ વધવું એની દિશાનું ભાન નહીં હોવાથી અંધારામાં ફૂદકો મારવા જેવી મૂર્ખાઈ લાગતાં કોઈ સારી તકની રાહ જોવામાં વખત ગાળતો. તેની સાથે તેટલા જ વેગથી કે તેથી વધારે વેગથી જીવ સંસાર ભોગવવાનું પણ કર્મ ખપાવતો તેમ કંઈક લાગે છે. એ દીકરો ત્રણ વર્ષ જ જીવેલો, પણ તમે એક છોકરો ઉછેરી ત્રીસ વર્ષનો મોટો કરો ત્યાં સુધી જે ચિંતાઓ કરો તેટલી ચિંતાઓ તેણે મને કરાવેલી અને તેની કેળવણી માટે શું શું કરવું, શી શી ગોઠવણ કરી મૂકવી, મારે કેવી રીતે પિતા તરીકે તૈયાર થવું વગેરે બન્યું તેટલું વિચાર્યું હતું અને દુનિયાની કોઈ વસ્તુ કરતાં તેના ઉપર વિશેષ મોહ રાખેલો; તેમ છતાં તેનું શરીર ક્ષણભંગુર છે એટલુંય સમજાયેલું નહીં; એ જ દીવા તળે અંધારું. આપણાં સંસારીનાં બધાં કામોમાં આ જ ધબડકો હોય છે. વાતો ડાહી ડાહી કરીએ પણ અંતરમાં અનુભવરૂપે કાંઈ મળે નહીં, માત્ર પોપટિયું બોલવું હોય છે. તેને વારસામાં શું આપી જવું તેનો વિચાર પણ મેં કરી મૂકયો હતો. ઉત્તમ જીવન પિતા ગાળે એ પુત્રને માટે જેટલું ઉત્તમ છે, તેના જેટલો ઉત્તમ વારસો કોઈ પણ પિતા પોતાનાં છોકરાં માટે મૂકી શકતો નથી, એ મારા મનમાં સ્વાભાવિક રીતે કોઈ પૂર્વકર્મના બળે સ્ફુરેલું અને જાગ્રત રહેલું. તેથી તેને પૈસાદાર થયેલો જોવાનાં કે પરણીને મોટા કુટુંબવાળો થઈ સુખી ગણાય એવાં પણ મેં સ્વપ્નો ઘડેલાં નહીં. કારણ કે મેં જેને સારું માનેલું તેવું ઉત્તમ જીવન જ તેને વારસામાં મળે એવી મારી ઇચ્છા હોય જ. મારું અધૂરું રહેલું કામ પૂરું કરે તેવો પુત્ર થાય એવી મેં ઇચ્છા રાખેલી; તેની સાથે મારે પણ આપણા પિતાએ અધૂરું મૂકેલું કામ પૂરું કરવું એમ પણ મનમાં હતું અને હજી છે. આપણા "કા" (પિતા), તેમને જે ધર્મ ઉપર શ્રદ્ધા હતી તેમાં બધો વખત ગાળવા પ્રભુ-ભક્તિમાં જિંદગીનો પાછળનો વખત જાય તે હેતુથી 'મર્જાદ' પાળી સંસારથી છૂટા થયા હતા અને તે 'મર્જાદામાં જ' તેમણે શરીરનો ત્યાગ કર્યો હતો. સંસારને તદ્દન ભૂલી પ્રભુમય જીવન ગાળવા જેટલી તૈયારી તેમની મેં દીઠેલી નહીં, પણ આયુષ્ય થોડું બાકી રહ્યું હતું ત્યારથી તે ચેતી ગયા હતા અને જેમ બળતા ઘરમાંથી બચાવાય તેટલું બચાવી લઈએ છીએ તેમ દક્ષતા રાખીને બાકીની જિંદગીના દિવસો બચાવવા 'મર્જાદા' પાળી કુટુંબથી દૂર જઈને બેઠા હતા. આ વાત પણ મારા મનમાંથી દૂર થઈ નથી અને થઈ શકે તેમ નથી. તમે આજ સુધી ઘરખટલો ચલાવ્યો છે, સાંસારિક બોજો ઉપાડ્યો છે અને હજી ઉપાડો છો. હું પહેલેથી સદ્ભાગ્યે તેથી દૂર રહ્યો છું, અને પરમાર્થની શોધમાં અને તેને પ્રાપ્ત કરવાના પ્રયત્નો માટે જીવું છું. તમે તમારાથી બનતું લોકલાજ વધારવા કે ટકાવવા પ્રયત્નો કરો છો અને ઇચ્છો છો, તેવી રીતે મેં જે વારસો માતા, પિતા અને ગુરુ તરફથી મેળવ્યો છે તેને વધારવા પ્રયત્ન કર્યા કરું છું અને તેને માટે સર્વસ્વ અર્પણ કરીને પણ સંપૂર્ણ ઉન્નતિ સાધી શકાય તે માટે તૈયાર થવા મારું ચિત્ત તલપાપડ થઈ રહ્યું છે. પણ તે રસ્તે જતાં જે મુશ્કેલીઓ મને જણાય છે તે તમને એટલા માટે જણાવવા ઇચ્છું છું કે મોટા ભાઈ તરીકે

તમારી મદદ અને આશિષ હોય તો મારું કામ પૂરું કરવાની મને આશા છે. કારણ કે તે કામમાં જરૂરનો માર્ગ બતાવનાર સદ્ગુરુની ખાતરી થઈ છે. મારી ઉંમર એટલી મોટી નથી કે સદ્ગુરુએ બતાવેલે રસ્તે ચાલતાં હું થાકી જઉં કે થોડો લાભ મળતાં સંતોષ પામી અટકી જઉં. પરમકૃપાળુ પ્રભુની કૃપાથી હજી સુધી શરીરને રોગ અને વૃદ્ધાવસ્થાએ ઘેરી નથી લીધું, તેથી ધાર્યું કામ પાર પાડી શકાય તેવા સંજોગો છે; તેમાં આગળ ગણાવેલાં ચાર બંધનનાં કારણોમાંથી કુટુંબચિંતામાંથી મને મુક્ત કરવામાં તમે આજ સુધી મદદ કરી છે, તેમ તમારી મદદ અને આશિષ હવે ખાસ કરીને જોઈએ એટલે બબુની સંભાળ તમે સ્વીકારો તો હું છૂટો થઈ શકું અને સોસાયટી સંબંધી તથા મારા દેહાદિ સંબંધી ચિંતાઓમાંથી મારા બળ વડે મારે છૂટા થવાનું છે. તેની મેં કેટલેક અંશે ખાતરી કરી લીધી છે કે જેવા ધર્મને અનુકૂળ સંજોગો અગાસ આશ્રમના વાતાવરણમાં છે તેવા સંજોગોમાં થોડાં વર્ષ રહેવાથી હું સોસાયટી, કુટુંબ, બબુ કે મારા દેહ સંબંધીની ચિંતાઓનો આવરો અટકાવી શકીશ. એટલે એક વાર તે સર્વની ચિંતા છોડવાનો નિશ્ચય થયા પછી કોઈ કાળે તે નહીં સાંભરે તેવી સ્થિતિ સદ્ગુરુકૃપાથી પ્રાપ્ત થવી સંભવે છે. મારી ઉપર ગમે તેટલી ભવિષ્યમાં આફતો આવી પડે તોપણ સાંસારિક સગવડો કે સુખની ઇચ્છા પણ નહીં જાગે એમ પણ અત્યારે લાગે છે; પણ એક મુશ્કેલ વાત છે કે હાલના કરતાં વધારે સાંસારિક સુખમાં ઘેરાઈ જવાનો ઉદય આવે તો શું? તોપણ સદ્ગુરુકૃપાથી અને સદ્ગુરુને શરણે રહેવાથી તથા આ સંત મહાપુરુષોને હાથે હજી તેવી તાલીમ લેવાની ઇચ્છા છે, તેથી તેવા સાંસારિક અનુકૂળ સંજોગોમાં પણ નહીં ચળી શકાય તેવી સ્થિતિ પ્રાપ્ત થવાનો સંભવ લાગે છે. હું ખાસ કરીને તેને માટે જ વહેલી દીક્ષા લેવા ઇચ્છા ધરાવું છું, કારણ કે અત્યારના અગાસના સંજોગોમાં હું સંપૂર્ણ વૈરાગ્યથી રહેવાનું શીખી લેવાની ઇચ્છા રાખું તો મોટા મહારાજશ્રીની દશા દ્વારા મારી વૃત્તિઓ સ્થિર થવાનો ઉત્તમ યોગ હાલ મને લાગે છે. તેની સાથે આજ સુધીના સાંસારિક જીવનમાં મને એટલું તો સમજાયું છે કે સંપત્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય છતાં તે પ્રાપ્ત થતાં ઘણી વાર વાર લાગે છે, પણ ત્યાગની ઇચ્છા દઢ થતાં ત્યાગ કરવામાં વિશેષ વખત નથી લાગતો, માત્ર શિથિલતા અને અણસમજ જ નડે છે અને અણસમજ દૂર કરવા તો હવેનું આયુષ્ય ગાળવું છે તથા શિથિલતાની પણ સામે પડવું છે તો ગમે તેવો ભારે પુણ્યનો ઉદય પણ યોગ લૂંટી લેવા સમર્થ નહીં નીવડે, તેટલી તાલીમ આ ભવમાં મળવાનો સંભવ દેખાવાથી તમને બધાને અઘરું લાગતું આ સાહસ હું ખેડું છું. એટલે ટૂંકામાં અત્યારે જે જાતની ઊણપ મારામાં મને લાગે છે તે પૂરી કરવામાં ઉત્તમ નિમિત્તભૂત એવા નિઃસ્પૃહી અને આત્માના પ્રગટ અનુભવવાળા સદ્ગુરુની જરૂર છે, તેવો જોગ પ્રાપ્ત થવાની તક દેખાવાથી તમને હાથ જોડીને વિનંતિ કરવાની કે તમે આશીર્વાદપૂર્વક રાજીખુશીથી એમ કહો કે તારે ભણવાની ઇચ્છા થઈ ત્યારે અમે વાંધો નથી લીધો અને ઊલટી બની તેટલી મદદ કરી છે, તો આવા સારા કામમાં અમે શા માટે વચમાં આવીએ? બબુની સંભાળ તો અમારાથી બનશે તેટલી લઈશું અને તે બન્ને છોકરાઓના ભાગ્યમાં હશે તેટલું ભણશે અને નસીબ પ્રમાણે ધંધે વળગશે.

દાણેદાણા ઉપર તેના ખાનારાનાં નામ હોય છે. જે જે અન્નપાણીના અને જગાના સંસ્કાર તેમના ભાગ્યમાં હશે તે તે તરફ તેઓ અને આપણે આપોઆપ ખેંચાયા જઈએ છીએ તે પ્રમાણે બધું થતું જશે. અમે અમારાથી બનતું કરી છૂટીશું અને લેણદેણ હશે તેટલું પૂરું કરીશું. આથી વધારે આપણે કરી શકીએ તેમ નથી, છતાં ગાડા તળે ચાલતું કૂતરું એમ ધારે કે ગાડું મારા લીધે ચાલે છે તે જેમ અજ્ઞાન છે તેમ સંસાર, કુટુંબ કે દેહને નભાવનારા સંજોગો કેટકેટલા માણસો સાથેના સંબંધ સંસ્કાર પૂરા કરવા ઘડાયા જાય છે, તેમાં હું કરું છું, મારાથી બધું થાય છે એમ માની બેસીએ તે માત્ર અણસમજ છે. એટલે તમારી ખીચડી ભેગી બણુની ખીચડી ચઢવામાં તમને વિશેષ મુશ્કેલી નહીં પડે એમ ધારું છું.

કોઈ જાત્રાએ કાશી, મથુરા ભણી જાય છે ત્યારે તેને ચાંલ્લો ને રૂપિયો આપી સાથે સુખેથી જાત્રા પૂરી થાય તેવો આશીર્વાદ આપવાનો રિવાજ છે; તેમ હું મોટી જાત્રાએ જ જવા ઇચ્છું છું. કુટુંબને સદાને માટે છોડીને, આખી દુનિયાને કુટુંબ ગણી મારા પ્રારબ્ધ ઉપર આધાર રાખીને આ ભવનાં બાકી રહેલાં વર્ષો પરમકૃપાળુદેવના ચરણકમળમાં અર્પણ કરવા તત્પર થયો છું. મેં હજી અગાસમાં આ વાત જાહેર નથી કરી, કારણ કે વખતે આટલી ભારે જવાબદારી ઉઠાવવા જેટલી મારી યોગ્યતા તેમની દૃષ્ટિમાં ન જણાય અને મને સંસાર છોડી આશ્રમમાં રહેવાની આજ્ઞા ન મળે તો મારે કાંઈ કહેવાતા સાધુ થઈ ફર્યા કરવું નથી, પણ તે યોગ્યતા પ્રાપ્ત કરવા જે જે ઉપાય દીર્ઘદૃષ્ટિથી બતાવે તે મારે માન્ય હોવાથી, પહેલાં હું બીજી જવાબદારીઓમાંથી મુક્ત થઈ–ચોખ્ખો થઈ તેમને વાત કરવા વિચાર રાખું છું. મેં ત્યાં વાત જાહેર કર્યા પછી મને ગમે તે કામ કે સલાહ કે આજ્ઞા કરે તે માટે હું કોઈ પણ પ્રકારના વિકલ્પ વગર તે કામ ઉઠાવવા સર્વ શક્તિ વાપરી તે સંપૂર્ણ કરવા પ્રવર્તી શકું, માટે અત્યારની મારી અલ્પમતિ પ્રમાણે મારે માથે જે જવાબદારીઓ જણાય છે તેથી મુક્ત થવા આ વીનવણી હું કરી રહ્યો છું. એ ચાર પ્રકારની જવાબદારીઓ દૂર થાય તો ભલે મને કાશી જઈ શાસ્ત્રઅભ્યાસ કરવાની આજ્ઞા મળે કે આશ્રમમાં પૂંજો વાળવા કે ઘંટ વગાડવા જેવું નજીવું કામ સોંપે તોપણ મને તો પૂરેપૂરો સંતોષ થવાનો એમ અત્યારે લાગે છે, કારણ કે મારું કલ્યાણ તે પુરુષની આજ્ઞા ઉઠાવવા માટે જ જીવવામાં છે એમ મને સમજાય છે. તેની સાથે મારું આત્મહિત સધાય તેવી આજ્ઞા કરવાને તે સમર્થ છે, એટલી મને શ્રદ્ધા અંતરમાં છે. માટે ચોખ્ખા થઈને જવા માટે તમને આ લાંબું લખાણ લખી કંટાળો આપ્યો છે અને તમારી આશિષ મેળવી સોસાયટીમાં બધાને જણાવી તેમની અનુકૂળતાએ–જરૂર પડે તો થોડા મહિના રાહ જોઈ, ઉતાવળ કર્યા વગર બધાને રાજી રાખીને તે કામ છોડી શકાશે એવો સંભવ છે. તેથી તે પ્રમાણે જરૂર કરવું એવો દૃઢ નિશ્ચય ઘણા વખતથી કર્યો છે અને સોસાયટી માટેનું રાજીનામું તો ત્રણ-ચાર વર્ષથી લખેલું પડી રહ્યું છે. તમે બધાં સમ્મત થાઓ તેમ અહીંની ચીજો અને બણુની વ્યવસ્થાનું બધું કામ થોડા વખતમાં પતવી પછી આ વાત અગાસ જાહેર કરવા વિચાર છે. આટલી તૈયારી હશે તો અગાસમાં મને સ્થાન મળવું મુશ્કેલ નહીં થાય, એવું ટૂંકી બુદ્ધિથી જણાય છે. તેમ છતાં જે થવાનું હશે તે હરીચ્છા પ્રમાણે થશે અને તેમાં જ સંતોષ માનવાનો રહે છે, પણ

પુરુષાર્થ કરવામાં તો પાછો નહીં પડું. તમારા તરફથી આશિષ અને અનુકૂળતા મળશે એમ મનમાં ખાતરી છે, પણ વખતે નાના ભાઈ ઉપરનો સાંસારિક મોહ આજ સુધી દબાઈ રહેલો તમને ઘેરી લે અને મને સંસારમાં બાંધી રાખવા આગ્રહ કરો; પણ મારા સ્વભાવ સંબંધી તમે જાણો છો કે એક વખત નિશ્ચય કરેલો ફેરવો મુશ્કેલ છે એમ તમે બે પ્રસંગે તો જાણ્યું છે: એક સોસાયટીમાં જોડાવા સંબંધીનો અને બીજો લગ્નપ્રસંગનો; એ બન્ને પ્રસંગોમાં તમને ખોટું લગાડવું પડેલું તેમ આ શુભ કામમાં કરવું ન પડે માટે લંબાણથી આ પત્ર લખી કાલાવાલા કર્યા છે. આ કામ શુભ છે એવું તો આજ સુધી તમે ધર્મના વાતાવરણમાં એટલે ભગત કુટુંબમાં રહ્યા છો એટલે અંતરમાં સમજ્યા જ હશો. પણ મોહને લઈને રડવું વખતે આવશે, છતાં કાલે સવારે હું મરી જાઉં તો આ બધું તમારે સાચવવાનું તો છે જ અને મારે વહેલું મરી લેવું છે એટલે જે ચિંતા મર્યા પછી થવાની તે પહેલેથી થવાની હોય તેટલી થઈ જાય અને એ વહેલું પતી જાય. પછી જે વર્ષ બચ્યાં તેટલાં મારા આત્માની કહો, આશ્રમની કહો કે જગતની કહો, પણ જેમાં સર્વની સાચી સેવા સમાય તેવી ફરજ બજાવવા માટે હું ઘરબાર છોડી અણગાર થવા ઇચ્છું છું. આ કાર્ય કરવામાં મારા મન સાથે કોઈ પણ પ્રકારની લાલસા મેં સંઘરી રાખી નથી. સંત, મહંત કે ગાદીપતિ થવાની ગંધ પણ મારી ઇચ્છામાં નથી, પણ સર્વનો સેવક અને આત્માર્થી થવાની ઇચ્છા ઘણા કાળથી બાંધી રાખી છે તેવા થવું છે. તેમ જ નથી હું સોસાયટીના કામની મુશ્કેલીથી કે કામના દબાણથી કંટાળ્યો કે નથી સોસાયટીવાળાઓએ મને કાઢી મૂકવાનો વિચાર કર્યો કે જેથી મારે બીજું કોઈ સ્થળ શોધવું પડે. જો તેમ હોય તો આજે બસો-પાંચસો રૂપિયા મહિને મળે તેવી નોકરી હું શોધી શકું એટલી મારામાં મને શ્રદ્ધા અને શક્તિ જણાય છે. પણ તે બધાં ગુલામ કે નોકર બનવાનાં અને બનાવવાનાં સાધન સમજાયાથી, સ્વતંત્ર જીવન સમજવું, સ્વતંત્ર થવું અને સ્વતંત્ર થવા ઇચ્છનારને દેખેલો માર્ગ યથાશક્તિ આંગળી ચીંધી બતાવવા તૈયાર થવું એટલું જ કામ કંઈક મારાથી બની શકે તો આટલા ટૂંકા જીવનમાં તે ઓછું નથી એમ અત્યારે લાગે છે. જે વસ્તુ માલ વગરની લાગે છે તેમાં ને તેમાં જ ગોચલા ગણવા ને તેના તે વિચારોમાં ગૂંચાયા કરવું તે હવે અસહ્ય લાગે છે. તેમાં જીવવું તે સાક્ષાત્ મરણ દેખાય છે. જેને માટે જીવવું છે તે જો ન બને તો હાલતાચાલતા મડદા જેવી સ્થિતિમાં જીવવા જેવું જ છે, ખરાબમાં ખરાબ કેદ જેવું છે, કોઈ કોથળામાં પાંચશેરી ઘાલી માર મારે તે મૂંગે મોઢે સહન કરવા જેવું છે. આજ સુધી તમને કંઈ નથી કહ્યું તેના બે કારણો હતાં: (૧) મારે મારી પોતાની ખાતરી કરવાની હતી કે હું કંટાળીને સંસારથી છૂટો થવા ઇચ્છું છું કે માત્ર શુભ જીવનને માટે છૂટો થઉં છું? (૨) બબુ નાનો હતો તે વખતે તેની સંભાળ માટે વધારે મહેનત લેવી પડે અને નાનપણમાં પડેલા સંસ્કારો આખી જિંદગી સુધી કામ કરે છે તેથી તે અઘરું કામ ગણીને કોઈને તે કામ સોંપતાં મન પાછું પડેલું. હવે તે પોતાની સંભાળ મોટે ભાગે પોતે લઈ શકે, છૂટો ગમે ત્યાં રમતો ફરે તેટલી ઉમ્મરનો હોવાથી સંભાળ રાખનારને ઘણી ચિંતાનું કારણ નથી; તેમ જ સારું વાંચન અને સાધારણ સારા કુટુંબમાં રહેવાનું તેને મળે તેમાંથી યથાપ્રારબ્ધ તેને આગળ વધવાનાં સાધનો મળી આવે એવો સંભવ છે. અહીં

પણ તેને મારી જરૂર નથી અને હું કંઈ તેને માટે કરી નાખતો નથી, તેમ જ જે કામ માટે હું તેને અને સર્વને છોડું છું તે સમજવા જેટલી ઉંમરે તેને તે પ્રસંગ પણ આગળ વધવામાં નિમિત્તભૂત થાય તેવો સંભવ છે. સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે સૌ આગળ વધવાનાં, ધંધે લાગવાનાં અને કમાવાનાં સાધનો મેળવી રહે છે અને કાળ કાઢે છે તેમ તેના સંબંધે પણ થઈ રહેશે. તેમાં કોઈ વધઘટ કરી શકે તેમ નથી. આપણે જન્મ્યા ત્યારે શું લઈને આવ્યા હતા? તેમ છતાં જે સુખદુઃખ આપણે દીઠાં તે સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે જુદાં જુદાં સગા ભાઈઓમાં પણ હોય છે અને જતી વખતે પણ અહીંના પૈસાટકા કમાયેલા સાથે લઈ જવાય તેમ નથી કે મોતનું દુઃખ મૂંઝવતું હશે ત્યારે કોઈ તલભાર પણ દુઃખ ઓછું કરવાને સમર્થ નથી. આવી સમજથી સર્વ છોડીને જવાની અણી વખતે પણ મારા મનમાં જરાય ખટકો નથી રહેતો. જેટલો મોહ અને અજ્ઞાન તેટલા પ્રમાણમાં સારું કરવા જતાં પણ બીજાને ખોટા દેખાય તેવો સંભવ છે. મારાં ભાભીને વખતે રડવું આવશે પણ તમને આમાંથી સમજાયું હોય તે ધીમે રહીને તેમને સમજાવશો. આ કાગળ વંચાવવો ઘટે તો વાંચી સંભળાવશો. પછી આજ સુધીમાં જે કંઈ બોલ્યુંચાલ્યું કે નાનપણમાં ધીંગામસ્તીમાં થયેલા દોષ અને પાપ બધાંની ગોરધનભાઈએ બે હાથ જોડીને ઉત્તમ માફી માગી છે એમ તેમને જણાવશો. તમારી પાસેથી પણ ખુલ્લા દિલથી આજ સુધી મારાથી મન, વચન અને કાયાએ થયેલા દોષ અને પાપની ઉત્તમ માફી વિનયપૂર્વક માગું છું. મને સુખી કરવો હોય તો મારું દિલ ન દુભાય તે રસ્તે જવા માટે તમે બન્ને વડીલો મને માથે હાથ મૂકીને, માબાપ છોકરાને કમાવા માટે આફ્રિકા મોકલે છે તેમ આ ભવ અને પરભવમાં પણ ઉત્તમ ગણાતી કમાણી માટે તૈયાર થતાં મને આશીર્વાદ આપવા તૈયાર થશો. આ કમાણી અત્યારે તો નહીં સમજાય પણ મોટામાં મોટી કમાણી આ ભવમાં બની શકે તેવી છે અને તેને માટે મારું દિલ તલસી રહ્યું છે. કશું નવું પ્રાપ્ત કરવાની વાત અત્યારે હું નથી કરતો, પણ નકામી હાનિકારક મૂંઝવણો દૂર કરી સત્યની પ્રાપ્તિની જ વાત છે. તેમાં જ સર્વ સુખ છે એમ થોડો કાળ જતાં સમજાવા સંભવ છે. પહેલાં મને વૈરાગ્યની વેળ આવતી, તે વખતે પાસેનાં મહી નદીનાં કોતરોમાં કે દૂરના હિમાલયમાં હું ચાલી નીકળ્યો હોત તો આજે તો તમે મને ભૂલી પણ ગયા હોત. આજે મોડો મોડો જવા તૈયાર થઉં છું તો બે-પાંચ વર્ષે ભૂલી જશો; અને જો મોત આવવાનું હોય તો તે કાંઈ તમને આવડો મોટો કાગળ લખીને કે સમજાવવા પ્રયત્ન કરીને મારી પાસે આવવાનું નથી. તો પહેલેથી જ સમજીને જે કામ વહેલુંમોડું કરવું છે તે પતાવી લઈએ તો ખોટું કર્યું એમ સમજુ માણસ તો ન કહે.

આ વાત બધે બાંધણીમાં કરવાની જરૂર નથી. તમને જરૂર જણાય તો થોડા દિવસ અહીં આવીને રહી જશો તો નિરાંતે આપણે કરવી ઘટે તે છેવટની વાતો કરી લઈશું. બૈરાંને આ વાત જણાવો તો તે પહેલાં તમારા મનમાં એવો નિશ્ચય થાય કે આ વાત સારી છે અને તે બૈરાંને સમજાવીને પણ રજા અપાવવા જેવી છે તો તેમને કહેશો, કારણ કે તેમના મનમાં આ વાત નહીં રહે અને વખતે અગાસના આશ્રમવાસી તરીકે મને સ્વીકારવાનું તે કૃપાળુ મુનિઓને

ઇષ્ટ ન લાગે કે તેમની સંમતિ ન મળે તો નકામી વાત થાય. તેથી તમારી રજા મળ્યે સોસાયટીમાં આ વાતની ખબર આપી ત્યાં જે નિર્ણય થાય તે હું જાણીને તમને જણાવું નહીં ત્યાં સુધી લોકો ન જાણે તો ઠીક. એ વ્યાવહારિક વાત તો તમે સમજી શકો તેમ છો. આ માત્ર સૂચના છે. નહીં તો મારે મન તો તે નિશ્ચય જેવું છે એટલે ખાસ વાંધો નથી. તમારાથી અવાય તેમ ન હોય તો હું એકાદ-બે દિવસ આવી જઈશ, પણ અહીં વાત કરવાનો પ્રસંગ બને તો વધારે નિરાંતે વાત થાય અને બહાર પણ ન પડે. એ જ.

લિ. આજ્ઞાંકિત ગોરધનભાઈના વિનયપૂર્વક જયસદ્ગુરુવંદન
સાથે પ્રણામ સ્વીકારશોજી.

---

૨* આણંદ, નવી ગુજરાતી શાળા,
તત્ ૐ સત્ અષાડ સુદ ૧૦, સં. ૧૯૮૦

અનન્ય શરણના આપનાર એવા સહજાત્મસ્વરૂપ પરમગુરુદેવને અત્યંત ભક્તિથી
ત્રિકાળ નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!

ભવોભવનાં દુઃખ દૂર કરનાર, પરમકૃપાળુ પ્રભુએ કરુણા કરી, આ દીન દાસની બે વર્ષ ઉપરની અરજી ધ્યાનમાં રાખી, નિશાળમાં પધરામણી કરી જે આનંદ અને શ્રેયનું દાન દીધું તેનો આભાર માનવા જેટલો પણ વિવેક તે વખતે રહ્યો ન હતો અને બાંધણીથી તેડવા આવેલા ગાડામાં જવું પડ્યું હતું તે બદલ ક્ષમા માગી લઉં છું. મારે સ્ટેશન ઉપર આવી જવું જોઈતું હતું તે ન અવાયું માટે હજી પણ ખેદ રહે છે.

વચનામૃતમાં પત્રાંક ૬૩માં જણાવ્યું છે કે ગુરુદેવને શિષ્યની દશા જ્ઞાત હોય છે, તેમ છતાં આત્માર્થી જીવે તે વિદિત કરવી એ હિતનું કારણ છે. એ વાંચ્યા પછી આપના અનુગ્રહની સ્મૃતિ ઘણી વખત રહેતી તે લખી જણાવવા વૃત્તિ થઈ. આણંદ કસરતશાળામાં ભક્તિ થયા પછી બે-ત્રણ દિવસ તો આપનું જ ચિંતન રહેલું; આંખ મિચાય કે આપ ખડા થતા. પણ રજાના દિવસોમાં ભાઈ ભગવાનજીનો સત્સંગ રહેતો, તે ઉપરાંત વચનામૃતનું વાંચન અને તત્ત્વજ્ઞાનમાંનાં કાવ્યો મુખપાઠ કરતો; છતાં આપના વિયોગમાં જાગૃતિ ઘણી વખત રહેતી નથી, પ્રમાદ ઘેરી લે છે, એ આ રજાઓમાં સ્પષ્ટ જણાયું. ગયા વર્ષ કરતાં આ વર્ષની ઉનાળાની રજાઓ સારી રીતે ગઈ લાગે છે.

બે વર્ષ ઉપર આપ અમદાવાદ સૅનેટોરિયમમાં પધાર્યા હતા તે વખતે એક વખત આણંદ પધારવા પત્ર લખી વિનંતિ કરી હતી તે ફળી અને ધાર્યા કરતાં વધારે આનંદ અને ફળદાયી નીવડી છે. તેથી બીજી અરજ ગુજારવા આ કિંકર રજા લે છે. જ્યારથી આપ પ્રભુશ્રીના સમાગમમાં હું આવ્યો ત્યારથી મનમાં મને પિતા ઉપર ઉલ્લાસ અને પ્રેમ આવે તેમ આપની પ્રત્યે થયા કરે છે. પણ મારાં દુર્ભાગ્યે આ દેહના સંસારી પિતાની સેવા ઉઠાવી શક્યો નથી, તેમ આપની સેવામાં રહેવાની ભાવના મૂળથી રહ્યા કરી છે, પણ સફળ હજી થઈ નથી.

*પત્ર ક્રમાંક ૨ અને ૩ પૂ. શ્રી બ્રહ્મચારીજીએ આશ્રમમાં કાયમ માટે રહ્યા પહેલાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીને લખેલ છે.

આપશ્રી અગાસ પધારો ત્યાર પછી માર્ચ માસમાં એટલે વૈશાખની શરૂઆતથી બાર માસ સુધી આપની આજ્ઞા સંપૂર્ણપણે પાળવા એકલો અગાસ આવવા વિચાર રાખું છું. તે અરસામાં જે સેવા બતાવો તે ઉઠાવવા ઇચ્છા છે. તેને માટે જે યોગ્યતાની જરૂર હોય તેની તૈયારી હું થોડે થોડે કરતો રહું એ હેતુથી આટલા બધા દિવસ પહેલાં હું અરજી કરી મૂકું છું. મારી રજા ફાગણથી ચઢતી થાય છે. પણ જો અહીંના માણસોના મનમાં એમ આવે કે બે માસ પછી જાય તો સારું, તો તેમનું મન રાખવા જ બે માસ ખેંચવા પડે. નહીં તો ફાગણની શરૂઆતથી કે હોળીથી હું આપની સેવામાં સહેજે આવી શકું તેમ છે. આ તો સરળતાની વાત કરી, પણ તે પહેલાં ગમે તે ક્ષણે જો આપના તરફથી એક સૂચના માત્ર મળે કે મારે સેવામાં આવી ખડા થવું, તો કોઈ પણ વસ્તુ કદી પણ મેં મારી ન ગણી હોય તેમ તેને છોડી આપની સેવામાં હાજર થવાનો ઘણા વખતનો મારો નિશ્ચય છે.

સંસાર તજવાની ભાવના ઘણી વખત ઉત્કટ થઈ આવવા છતાં તજી શકાતો નથી, અસાર જાણ્યા છતાં તેમાં જ રોકાઈ રહેવાય છે. જાણે કોઈને તરવાની ઇચ્છા હોય, તરતાં આવડશે એવી શ્રદ્ધા હોય, કિનારે ગયો હોય, પણ કોઈ ધક્કો મારે તો પાણીમાં પડું કે કોઈ પાણી છાંટે તો ટાઢની બીક જતી રહે એવી ઇચ્છાથી કોઈની રાહ જોઈને ઊભેલા માણસ જેવી મારી સ્થિતિ મને લાગે છે. કોઈ કોઈ વાર એમ થઈ આવે છે કે કાવિઠાના કલ્યાણજી ડોસા તથા મગનભાઈ તારમાસ્તરને આપ સ્પષ્ટ શબ્દોમાં જંજાળ છોડી સત્પુરુષને આશરે આવવાનું કહો છો તેમ મને પણ કહેશો જ, એવી આશા રાખીને હું પણ બેઠો છું; અને જ્યારે આજ્ઞા મળશે ત્યારે વિના વિલંબે આપની સેવામાં હાજર થઈ જવું, એવો નિશ્ચય કરી રાખ્યો છે, કારણ કે આપની આજ્ઞા થઈ એટલે તેમાં કોઈ પણ જાતનું વિચારવાનું જ રહેતું નથી એવું હું ભણ્યો છું. **"आज्ञा गुरुणामविचारणीया"** ગુરુની આજ્ઞા મળતાં તે યોગ્ય છે કે કેમ તેનો વિચાર જ ન આવવો જોઈએ, માત્ર તેને અમલમાં મૂકવી ઘટે. આપના વિરહના પાંચ-સાત માસમાં મારે યોગ્યતા મેળવવા શું શું કરવું, તેના પત્રની રાહ જોઉં છું.

લિ. આપનો દાસાનુદાસ દીન કિંકર ગોવર્ધનભાઈ કાળિદાસના
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારશોજી.

---

૩ આણંદ, તા. ૯-૧૦-૨૪

તત્ ૐ સત્ આસો સુદ ૧૨, ૧૯૮૦

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને
અત્યંત ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !

પરમ પૂજ્ય હૃદય વિશ્રામી, સાચા માર્ગને દીપાવનાર અને આ બાળક જેવા અનેક જીવોને સંસારસાગરમાંથી ઉદ્ધારી ધર્મના સત્સુખમાં સ્થાપનાર, પરમ કરુણાના સાગર, આંધળાની લાકડી સમા એકના એક આધાર, શાંતિના પરમ નિધાનરૂપ એવા શ્રી સ્વામીશ્રીશ્રીશ્રીની પવિત્ર સેવામાં દાસાનુદાસ સંતચરણકમળની સેવાનો ઇચ્છક ગોરધનભાઈના સવિનય સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર પ્રાપ્ત થાય.



શ્રીમદ્ લઘુરાજ સ્વામી

જન્મ : વટામણ
વિ. સં. ૧૯૧૦, આશ્વિન વદ ૧

પ્રવ્રજ્યા : ખંભાત
વિ. સં. ૧૯૪૦

દેહોત્સર્ગ : આશ્રમ, અગાસ
વિ. સં. ૧૯૯૨, વૈશાખ સુદ ૮

આપ પ્રભુના સમાચાર મુનિદેવ શ્રી મોહનલાલજીના ઉપર લખાયેલા પત્રો દ્વારા તથા ત્યાંથી અત્રે પધારતા મુમુક્ષુભાઈઓ દ્વારા મળતા રહે છે, એ આપ પ્રભુની પરમ કરુણા છે. આપના વિરહના કાળમાં મુનિદેવ શ્રી મોહનલાલજીનો સમાગમ આપની કૃપાથી પ્રાપ્ત થયો છે તેથી આપનાં પ્રત્યક્ષ દર્શન માટે વર્તતી અધીરાઈ કંઈક અંશે શમી છે. મુનિશ્રીની સાથે સવારમાં વહેલા ચાર-પાંચ વાગ્યે બેએક કલાક વાંચવાનું બને છે, બપોરે પત્રો કે અન્ય પ્રસંગમાં એકબે કલાક જાય છે, અને સાંજનો એકાદ કલાક મળે તો મળે, નહીં તો રાત્રે દોઢેક કલાક સદ્-વાર્તા કે વાંચનમાં ને ભજનમાં જાય છે. અર્ધું ચોમાસું લગભગ મુનિશ્રીએ આણંદમાં કર્યાં જેવું થયું છે. તે તેમનો અશાતાનો ઉદયકાળ અમારા જેવાને તો શુભ નિમિત્ત નીવડ્યો છેજી, પ્રભુ.

હવે અઠવાડિયા પછી પંદર દિવસની રજાઓ નિશાળમાં પડે છે. તે રજાઓ પણ આવા જ ક્રમમાં જાય એવી ઇચ્છા રહ્યા કરે છે. ધર્મના કોઈ ને કોઈ કામમાં કાળ જાય તો સારું એવી અંતરમાં ભાવના રહ્યા કરે છેજી; તો ભાઈ મગનલાલ તારમાસ્તર મારફતે કે પત્ર દ્વારા તે દિવસોમાં શું ખાસ લક્ષમાં રાખવું તે જણાવવા કૃપા કરશોજી, પ્રભુ. ભાઈ મગનલાલને મેં મોઢેથી વાત કરી છે કે પ્રભુશ્રીને મારી વતી એટલી વિજ્ઞપ્તિ કરશો કે આ જીવ અધીરો થઈ ગયો છે, તે પ્રભુશ્રીનો સમાગમ એક વર્ષ ઓછામાં ઓછો કરવા તીવ્ર ઇચ્છા રાખે છે. તેમ છતાં આજ્ઞા તો સદાય શિરસાવંદ્ય છે. છતાં આ ઇચ્છા તેમનાથી વખતે દર્શાવી શકાય કે નહીં એમ જાણી આજે કાગળ પર ચીતરવા પ્રયત્ન કરું છું.

એમ વિચાર રહ્યા કરે છે કે ઓછામાં ઓછું એક વર્ષ આપ જે જે સ્થળોએ વિહાર કરવાના હો તે તે સ્થળોમાં આપની સેવામાં લક્ષ્મણ રામની સાથે વનવાસમાં રામ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં સાથે સેવામાં રહ્યા હતા તેમ સંયમ સાથે રહું. જો આપની પવિત્ર સેવાનો લાભ લેવા જેટલું આ હીનભાગી બાળકનું પૂર્વ કર્મ ન હોય, અને તેવી આજ્ઞા મળવાની અનુકૂળતા ન હોય, તો આપને તથા પવિત્ર સેવામાં અહોનિશ રહેતાં ભાઈબહેનોને અલ્પ પણ બોજારૂપ ન નીવડું, તેમ મારી વ્યવસ્થા જુદી રાખી, હું માત્ર આપના સંગમાં ઘણોખરો કાળ ગાળું તેવી ગોઠવણ હું મારી જાતે કરી લઉં. તે તે તીર્થસ્થળોના શ્રાવકો જેમ આપના પરમ સત્સંગમાં રહી શકે તેમ એક વર્ષ રહી, સર્વ ક્રિયા આપની આજ્ઞાને અનુસરી કરવા ધારણા છે, અને આમ બાર માસ જો પરમ સત્સંગમાં જાય તો જેની ટેવ, અભ્યાસ પાડવો યોગ્ય છે તે પ્રમાણેનું જીવન ઘડાય અને એ લક્ષે બાકીનું જીવન જાય, એવી ભાવના રાખી છે. ઉપાધિ તો સર્જિત હશે તે ગમે ત્યાં બેઠાં વેદવી જ પડશે, પણ તે ન છૂટે ત્યાં સુધી કેમ કાળ ગાળવો તેના અભ્યાસની હાલ બહુ જરૂર જણાય છે. તે એકાદ માસથી કે પત્ર દ્વારા કામ થઈ શકે તેવું નહીં હોવાથી એક વર્ષની આપ પ્રભુની પાસે માગણી છે. મારું લક્ષ આપની આજ્ઞા ઉઠાવવાનું છે એટલે આપની વૃદ્ધાવસ્થાને લીધે કે મારી કોઈ સ્થિતિને લીધે મારી દૃષ્ટિ બાહ્ય પ્રવર્તે નહીં, તે તરફ હું ખાસ લક્ષ રાખવા દૃઢ પ્રતિજ્ઞા કરું છું. એક વાર અહીંની વ્યવસ્થા કરી નીકળી જાઉં ને એકબે વર્ષ સુધી પાછું વાળીને ન જ જોઉં, એમ અંતરમાં વારંવાર ઊગી આવે છે. પ્રશંસા માટે લખતો નથી, પણ આપની સેવામાં રહેવાની ઇચ્છા જણાવું છું ત્યારે અન્ય વાંચનારની નજરે પણ આ ઇચ્છા વધારે પડતી ન જણાય, માટે જણાવવાની

રજા લઉં છું કે મારાથી શારીરિક મહેનત પણ હજી થઈ શકે છે; કારણ કે નોકરીને અંગે મેં અમલદારી કરી નથી. અહીં મારું ઘણુંખરું કામ હું જાતે કરું છું. ખાવા કરતાં મને આવડે છે. થોડા મહાવરા પછી સારું કરી શકું એમ પણ મનમાં રહે છે; પણ બીજાને પ્રસન્ન કરવા માટે મેં હજી કર્યું નથી. પાણી ખેંચવાનું અને વહી લાવવાનું પણ ફાવે. કપડાં ધોતાં તો આવડે છે. આ બહારની સેવા ઉપરાંત આપ પ્રભુશ્રીની શારીરિક સેવામાં સાધારણ રીતે તો ઉપયોગમાં આવું એવું લાગે છે. મારે એકલાને તે સેવા કરવાનો પ્રસંગ કદી આવ્યો નથી, એટલે કંઈ કહી શકતો નથી. બાકી ઉમેદ તો છે કે હું થોડા દિવસમાં તૈયાર થઈ જાઉં.

બીજું, હવે ચિત્ત પણ વ્યવહાર, પરમાર્થમાં સ્થિર વર્તે છે, એટલે આપની સમક્ષ રહેવાથી આશાતના આદિ દોષ થાય એવો સંભવ નથીજી. મુનિશ્રી મોહનલાલજી દ્વારા પણ આપ પ્રભુને મારી વર્તણૂક સંબંધી સમાચાર મળશે અને આપનાથી અજાણ્યું હોય એવું એક પણ પરમાણુ મારામાં નથી એમ મારું માનવું છે. એથી વિશેષ લખવું નિરર્થક છે.

પવિત્ર સેવાનો કે તે ન બને તો પરમ સત્સંગનો, કે જે આજ્ઞા થાય તે ઉઠાવવાનો પ્રસંગ મેળવી પ્રયત્ન કરવા તત્પર આ દીનદાસના સવિનય સાષ્ટાંગ નમસ્કાર પવિત્ર સેવામાં પ્રાપ્ત થાય.

---

૪* મહા વદ ૮, મંગળ, ૧૯૮૪

ૐ

## સહજાત્મસ્વરૂપ પરમગુરુ

શુદ્ધ ચૈતન્યઘન, પરમજ્યોતિ, પ્રગટ પુરુષોત્તમ, કૃતકૃત્ય પ્રભુ, દિવ્યલોચનદાતા, ક્ષાયક સમ્યક્ત્વના સ્વામી, પરમપુરુષાર્થી પરમાત્મા પ્રભુ શ્રીમદ્ રાજચંદ્ર હૃદયેશ્વરને નમોનમઃ

હે પરમકૃપાળુ, પરમ આલંબનદાતા, વીતરાગ પ્રભુ! આપ તો સર્વજ્ઞ અને આ સેવકના અંતરના ભાવો અપ્રગટ પણ સંપૂર્ણપણે સર્વ પ્રકારે જાણનાર છો તો આ વૃત્તિ-નિવેદનપત્રની પ્રવૃત્તિનું શું પ્રયોજન? પણ પ્રભુ, પ્રાણનાથ! એમ પણ એક રીતે જુઓ કે હૃદયમાં શોક ઘણો છે તો પછી આંખો અશ્રુ દ્વારા શા માટે દર્શાવવાનો ડોળ કરે છે? આપ પ્રભુ તો આત્મસ્વરૂપમાં લીન છો અને સંપૂર્ણ વીતરાગી છો પણ આ અધમ દીન સેવકને આપની ભક્તિ સિવાય, આપના ઉત્તમ ગુણ દૃષ્ટિગોચર કેવી રીતે થાય? અને આપના તરફ પ્રેમ, અનન્ય વૃત્તિ, અપૂર્વ ભાવ સિવાય ભક્તિ શી રીતે સધાય? આપના સમક્ષ આ દીન દાસ હૈયું ખોલી, વૃત્તિની વર્તના જણાવી આપના શાશ્વત સ્વરૂપમાં લીન રહેવાના ભાવથી આજથી સાપ્તાહિક પત્ર આપ પ્રભુના ચરણમાં નિષ્કામભાવે નિવેદિત કરવા અભિલાષા રાખે છે તો હે કૃપાળુદેવ, આપના અલૌકિક પ્રભાવથી આ બાળકની મલિન અને અવગણવાયોગ્ય કચરા જેવી વાતોથી કંટાળવાને બદલે આપના અનંત વીર્ય અને અનંત જ્ઞાન-દર્શન-સુખની કંઈ માત્રા મેળવી આ રોગી, અશક્ત, અસહાય, મૂઢ બાળકને મોક્ષમાર્ગમાં આગળ વધવા પ્રેરણા આપતા રહેશોજી.

---

* પત્ર ક્રમાંક ૪થી ૨૨ પૂ. શ્રી બ્રહ્મચારીજીએ પરમકૃપાળુદેવને ઉદ્દેશીને ભાવનારૂપે લખેલા છે.



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ : વવાણિયા
વિ. સં. ૧૯૨૪, કાર્તિક પૂર્ણિમા, રવિવાર

દેહવિલય : રાજકોટ
વિ. સં. ૧૯૫૭ ચૈત્ર વદ ૫, મંગળવાર

હે પ્રભુ ! આ અજ્ઞાન બાળકની તરફ કૃપાદષ્ટિ રાખવા વિનંતિ છે, નહીં તો જે જે આપે અનુકૂળતાઓ આ ભવમાં આપી છે તે જોતાં આ જીવ તેનો ઘટતો ઉપયોગ નથી જ કરતો અને તે દૃષ્ટિએ તો મારા જેવો અધમમાં અધમ દુષ્ટ બીજો કોઈ જોતાં જડશે નહીં. અહો ! તારાં વચનામૃત ! અહો ! તારું નિરંતર સ્મરણ અને ધ્યાન પ્રેમપૂર્વક કરનારા પરમાર્થી સંતો ! અહો ! તારા માર્ગને દીપાવવા અને તે માર્ગમાં આવતાંને સહાયરૂપ થવા તત્પર થયેલા તારા ભક્તજનો ! અહો ! બ્રહ્મચર્યનો આદર્શ રાખી તારું અવલંબન ગ્રહણ કરી, તને સાચો સ્વામી જાણી સર્વ તરફથી વૃત્તિ ઉઠાવી તારા સત્યસ્વરૂપને ઝંખનારાં મુમુક્ષુભાઈબહેનો !

હે પ્રભુ ! તારી ચૈતન્યમયી મૂર્તિ, તારો પરમ પુરુષાર્થ આ અભાગિયા જીવને પંચમકાળમાં પરમ આધારરૂપ છે. મહા વદ ૫, ૧૯૮૪ ને શુક્રવારે ચંદ્રપ્રભસ્વામી આદિ પ્રતિમાજીનું પ્રવેશમુહૂર્ત હતું તે પ્રવેશ ભેળો અમારા અંતરઆત્માના 'સમકિત દ્વાર ગભારા'માં પ્રવેશ કરાવવા જાણે 'સદ્ગુરુસંત સ્વરૂપ' દ્વારા છેવટનાં વર્ષોમાં આ સૂચના થઈ હોય તેમ એ જિનપ્રતિમાનાં ભવ્ય દર્શન અને સત્સમાગમદાતા સ્વામીશ્રીજીની સાથે સ્તવન-ભક્તિ, વૃત્તિને આપ પ્રભુના તરફ વાળનાર જણાયાં હતાં.

હે દીનબંધુ દયાળુ પ્રભુ ! ધાર્યું કંઈ થતું નથી. અતિ ભારે કર્મથી દબાયેલા આ જીવની ભાવના તો ઊર્ધ્વસ્વભાવ હોવાથી ઉપર ઊંચી રહ્યા કરે છે, પણ ડોકું પકડીને કોઈ પાણીમાં પકડી રાખે, ગૂંગળાવી નાખે તેમ કર્મશત્રુ ઊંચું માથું કરવા દેતો નથી, તો આપનાં દર્શન અને સ્મરણનું નિરંતર વહન ચાલુ રહે તેવું ક્યાંથી બને ? એવો ભાગ્યશાળી હોત તો આટલો મોડો શા માટે જન્મે કે આપનાં સ્થૂલ દર્શનનો પણ લાભ ન મળ્યો ? પણ થઈ તે થઈ. જાગૃતિના કાળમાં તો આવા સારા વાતાવરણમાં આપની યાદી આપની કૃપાએ કોઈ ને કોઈ રૂપમાં અવારનવાર આવતી રહે પણ હે પ્રભુ ! સ્વપ્નદશાથી તો ત્રાહિ ત્રાહિ મામ્ ! 'સાતમી તમતમપ્રભા નરકની વેદના વખતે સંમત કરત પણ આ જગતની મોહિની સંમત થતી નથી.' એ આપનું વાક્ય અપૂર્વ લાગે છે. નિદ્રા તો જાણે પૂર્વની વેરણ હોય તેમ ગમે તે પ્રકારે દિવસના ૨૪ કલાકમાંથી પોતાનો હિસ્સો વહેલી-મોડી છોડતી જ નથી, અને તેના પાશમાં પડ્યા એટલે જાણે નવો ભવ જ આવ્યો હોય તેમ ન સાંભરે આર્ય દેશ કે ન સાંભરે મનુષ્ય-ભવનું અમૂલ્યપણું કે ન સાંભરે ઉત્તમ કુળ કે ન સાંભરે સત્પુરુષનો બોધ કે કાંઈ નહીં. જાણે જંગલનું રોઝ હોય તેવો જીવ કોરો ધાકોડ જેવો પશુવત્ બની જાય છે. ખરે ! સર્વઘાતી પ્રકૃતિ તે સર્વઘાતી જ છે. હે પ્રભુ ! અમર અજર અવિનાશીનોય ઘાત કરનારી પ્રકૃતિનો હું ક્યારે સંપૂર્ણ ક્ષય કરી સર્વ પ્રકારનાં દર્શનાવરણથી રહિત થઈ તારું જ નિરંતર દર્શન કરીશ ? આપની શુભ આશિષ ઇચ્છી આજનો આ લવારો પૂરો કરી તારા પરમ પવિત્ર સ્મરણમાં વૃત્તિ વાળું છું. એ જ

સહજાત્મસ્વરૂપની નિરંતર ભાવનાનો કામી આપનો દાસાનુદાસ બ્રહ્મચારી.

।। गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ।।

"કદી નાથ સામું ન જોશો અમારા, તથાપિ અમે છીએ સદાયે તમારા."

૫ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ

તત્ ૐ સત્ મહા વદ ૧૪, સોમ, ૧૯૮૪

अनुष्टुप- **राजचंद्रस्वरूपे मे भावना भवनाशिनी ।**
**असंग संगतिर्यंत्र परमात्म प्रकाशिनी ॥**

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને ત્રિકરણયોગે અત્યંત ભક્તિભાવે નમસ્કાર હો ! નમસ્કાર હો !**

ભાવદયાસાગર ભગવાન, પરમપુરુષાર્થપ્રેરક, સદા જાગૃતિમાં રાખનાર નિયંતા દેવ, પરમ પ્રગટ પુરુષોત્તમસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમાત્મા પ્રભુની પવિત્ર સેવામાં આ અનધિકારી અલ્પજ્ઞ, તારું આલંબન ગ્રહીને આ ભવ ગાળવા ઇચ્છનાર દીનદાસના દોષો સામું ન જોતાં દયા લાવી સર્વ પ્રકારે આજ સુધી કંઈ અશાતના, અભક્તિ, અવિનય કે કંઈ અનુચિત વર્તન થયું હોય તેની ક્ષમા આપશો અને નમ્રભાવે પ્રદર્શિત કરેલા નમસ્કાર સ્વીકારશોજી પ્રભુ!

અહો! મૌન મુનિવર! આટઆટલી સમૃદ્ધિ છતાં શી તારી ગંભીરતા! અહો! તારી સમતા! અહો! પરમકૃપાળુ તારી પરમોત્કૃષ્ટ કરુણા! એવો દિવસ પ્રભુ ક્યારે આવશે કે તારા શુદ્ધ સ્વરૂપનું નિરંતર ભાન અખંડ જાગ્રત રહે!

આજ દિન સુધીનો આ જીવનો વ્યાપાર જોઈ જઉં છું ત્યારે સરવાળે દેવાળું કાઢવા જેવો જોગ જણાય છે. અરેરે! ક્યાં આપની તેર વર્ષ સુધીની દર્શાવેલી સમુચ્ચય વચચર્યા અને ક્યાં આ બાળકની આજ સુધીની અજ્ઞાનતા! હે પ્રભુ! ઇન્દ્રિયોને આકર્ષક કોઈ વસ્તુ આવી કે પાધરી વૃત્તિ ત્યાં દોડે. પછી આંખ, મુખ ગમે ત્યાં રોકાયેલાં હોય પણ મન તો સરોવરમાં પથરો પડતાં ખળભળાટ થાય તેમ ઝણઝણી ઊઠે. આ જીવે કોઈ કાળે એવી અપૂર્વ નિરાવરણ શાંતિ અનુભવી નથી કે જેથી એકદમ વૃત્તિને ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં રાખી સર્વ અન્ય વાતનું વિસ્મરણ થાય. કોઈ પૂર્વના અનલ્પ પુણ્યના યોગે આપ પ્રભુનું નામ કાનમાં પડ્યું અને આપની મધુર હૃદયવેધક વાણી સાંભળવાનો ઉદય જોગ મળી આવ્યો, તે માત્ર વિશ્રાંતિનું સ્થાન છે. આપની મુખમુદ્રાનો ચિત્રપટ તેમ જ આપનું માહાત્મ્ય પરમોપકારી સ્વામીશ્રી દ્વારા સાંભળવામાં આવતાં આ જીવને આપના ચરણકમળની સેવાનો લાભ પ્રાપ્ત થશે એવી આશા રહે છે. આપનું જ શરણ ભવોભવ હો એમ હૃદય કબૂલ કરે છે. અભિમાનને હણનારી, વૈરાગ્યને પોષનારી, સર્વ પરભાવને શાંત કરનારી આપની દેશના સ્વમુખે સાંભળવા આ જીવ ક્યારે ભાગ્યશાળી થશે?

હે જીવ! શાંત થા! શાંત થા! આમ અંતરમાંથી સ્ફુરણા થાય છે તે તારો આશીર્વાદ કૃપાળુદેવ જયવંત હો! સંસારના ઉષ્ણ ઉનામણામાં ઊકળતો આ જીવને જોઈ હે પરમકૃપાળુદેવ, તમે સત્સમાગમમાં મૂક્યો છે તે મહદ્ ઉપકાર છે.

"આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન."

શ્લોકાર્થ— રાજચંદ્ર સ્વરૂપે હો ભાવના ભવનાશિની,
અસંગ સંગતિદાયી પરમાત્મ પ્રકાશિની.

૬ ફાગણ સુદ ૮, ૧૯૮૪

તત્ ૐ સત્

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!**

નિત્ય નિરંજન અંતરજામી, રહો નિરંતર અંતરમાં,
સમતામાં રમતા રાજેશ્વર, દીઠા નહિ દેશાંતરમાં;
સમય સમય તુજ ચરણશરણની છત્રછાંય ઉર છાયી રહો!
નિષ્કારણ કરુણાની કથની વચન વિષે ન સમાય, અહો!

અહો નિષ્કામી નાથ! શરણાગતને સદા હિતકારી, પરમોપકારી પરમકૃપાળુદેવ, પરમોત્કૃષ્ટ શુદ્ધસ્વરૂપના નિરંતર ભોગી! અમિતદાનદાતાર! તારા ચરણની શીતળ શાંતિમાં આ બાળ તદ્રૂપ અનન્ય ભાવનાથી, વારંવાર ધન્યવાદ આપી અતિ ઉલ્લસિત તન, મન અને આત્મભાવથી, વિનયભક્તિએ નમસ્કાર કરવા સમસ્ત અંગ નમાવે છે.

ગયા સપ્તાહમાં પ્રભુ આપની કરુણાની વૃષ્ટિ વરસ્યા કરી છે. પણ આ 'અપાત્ર અંતર જ્યોત' જાગી નહીં એમાં આપને શું કહું? ગયા ચોમાસામાં તળાવ નદી નાળાં છલકાઈ ચરોતર તરબોળ થઈ ગયું હતું પણ કોઈ ટેકરે ગાયનાં પગલાંથી થયેલા ખાડામાં પાણી ભરાઈ ભરાઈને સુકાઈ જાય ને હતું તેવું કોરું થઈ રહે તેમાં મેઘનો શો વાંક?

"રામનામકા નાવડા, માંહિ બેસાર્યા રાંક;
અર્ધે પસારે કૂદી પડે, તેમાં સદ્ગુરુનો શો વાંક?"

'અકર્મીના પડિયા કાણાં' એમ કહેવત છે, તેમ હે નાથ! આપના આશ્રિતોની અને તે દ્વારા આપની આ અપાત્ર બાળક ઉપર આટલી બધી કરુણા અને સમતા પ્રેરક મમતા છતાં આ અભાગિયા જીવનો પ્રમાદ, મોહનિદ્રા દૂર થતી નથી એ જ ખેદકારક છે!

પૂજ્યપાદ સ્વામી શ્રી મોટા મહારાજ(પ્રભુશ્રીજી)ના દર્શનાર્થે પ. પૂ. સ્વામીશ્રી રત્નરાજ ફાગણ સુદ ૪ ને શનિવારને દિવસે અત્રે પધારેલ છે. તેમના સમાગમમાં ઘણું સાંભળવાનું, સમજવાનું નિમિત્ત બને છે પણ સ્મૃતિદોષથી તે અવધારી શકાતું નથી. પણ હે કૃપાળુ ભગવાન! તારી અને તારા આશ્રિતોમાંના કોઈની અશાતના, અવિનય, અભક્તિ, અબહુમાનપણું આદિ દોષોમાં આ ભારેકર્મી આત્મા ન આવી જાઓ એ અવશ્ય ઇચ્છું છુંજી. આ અપાર અને અનાદિકાળના પરિભ્રમણનો હવે અંત આવો અને તારા અચળ વિમળ આનંદપૂર્ણ અનંતપદમાં પ્રવેશ કરવાની તક પ્રાપ્ત થાઓ! એ સિવાય સર્વ ઇચ્છાઓનો નાશ થાઓ!

સર્વ આગ્રહથી રહિત, અગમ્ય અકથ્ય શાંતસ્વરૂપ પરમ પ્રગટ થઈ તેમાં જ તન્મયતા રહો! એ જ હેતુથી એ જ સાધનામાં સહાય કરે તેવી ચર્યા અહોરાત્ર રહો! તારી કરુણા, તારા શુદ્ધ સ્વરૂપ અને આનંદપૂર્ણતાનું મારામાં સામર્થ્ય આવો અને બાવીસ પરિષહ માંહેના સ્ત્રીપરિષહને જીતવાનો મારો પ્રયત્ન સંપૂર્ણ સફળ થાઓ! માયાજાળ કહો, અનાદિ અધ્યાસ કહો કે સંસારનું મૂળ કહો પણ ચિત્તની વૃત્તિ જ્યાં રહેવી જોઈએ ત્યાંથી ડગાવનાર ખુલ્લા દીવાને પવનના ઝપાટા જેવી સ્ત્રીની મૂર્તિ છે. તેનું અવલોકન, શબ્દશ્રવણ, વાર્તાલાપ આદિથી

પણ હૃદય અડોલ અકંપ રહે, ફાનસના કાચથી દીવો સુરક્ષિત રહે તેમ તારું સ્મરણ નિરંતર મારી ચોફેર રક્ષણ કરતું રહો! સર્વ વસ્તુ ભુલાઈ જાઓ! જે કદી દૂર નથી તે સત્સ્વરૂપનો સદાય ઉપયોગ અખંડિત પ્રવાહરૂપે નિરંતર નિશદિન પ્રગટ પરમ જાગ્રત રહો!

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭ ફાગણ સુદ ૧૪, હુતાશની સોમ, ૧૯૮૪

તત્ ૐ સત્

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!**

શ્લોક– **अहो! अज्ञान क्षेत्रेभ्य उत्खाता प्रतिरोपिताः ।**
**भक्तिपूर्णजलक्षेत्रे शिष्यास्ते कलमा इव ।।**

ભાવાર્થ– અજ્ઞાનના ધરુવાડિયેથી ઉપાડી તુજ શિષ્યને,
તેં ભક્તિજલ ભરપૂર ક્યારીમાં ફરી રોપ્યા હવે;
ત્યાં પોષ પામી પ્રેમનો ગુણ કણસલાં ભારે નમે,
પરિપક્વતા પામી પ્રકાશે હેમમય કરી ક્ષેત્ર તે.

અજ્ઞાનથી અંધ થયેલા આ દીન શિષ્યને દોરનાર અને ધન્વંતરિ સમાન દિવ્યચક્ષુ-દૃષ્ટિ દઈ અમિત ઉપકાર કરનાર આ અસાર ભવસમુદ્રમાંથી ઉપાડી ક્ષીરસાગરના નીરને વિસારી દે તેવી મધુર અલૌકિક વાણી વર્ષાવનાર ગગનવિહારી દેવ! આ પામરની રમત તરફ પિતાતુલ્ય નજર કરી, તેની બાળક્રીડાભરી લાગણી અને તારા માર્ગ તરફ મોં ફેરવી આતુરતાથી જોનાર આ હૃદયની લાગણી સાથે ત્રિકરણયોગે આજ સુધી થયેલા અપરાધ, અશાતના, અવિનય, અભક્તિની ક્ષમા યાચી તુજ ચરણકમળમાં મસ્તક મૂકી સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર આ અજ્ઞ બાળ કરે છે તે સ્વીકારી કૃપાદૃષ્ટિ કરશોજી.

હે પ્રભુ! કેટલી વિપરીતતા! અનાદિથી આમ ને આમ જ ભૂલ ચાલી આવી છે. એક દેહ અને ઇન્દ્રિયોની રમતમાં જ આ જીવ પોતાને ભૂલી, નશ્વર વસ્તુમાં જ મોહ્યો! "તે બોધે સુવિચારણા ત્યાં પ્રગટે સુખદાય." "આવે જ્યાં એવી દશા," એ દશાય આવી નહીં, અને બોધેય પામ્યો નહીં તો વિચારણા ક્યાંથી આવે? અનંતકાળ ગયો છતાં આ જીવ જાગ્યો નહીં, તો કુંભકર્ણની નિદ્રાનો ક્યાં ધડો રહ્યો? આકાશમાં વાદળાં આવતાં હોય અને તેમાં જુદાં જુદાં પ્રાણીના આકાર બનતા હોય તે જોઈને છોકરાઓ વહેંચી લે કે પેલો ઘોડો મારો અને પેલું ઊંટ તારું, અને પવનથી અફળાતાં વાદળાં બદલાઈ બીજાં રૂપ કરે તેને અવલંબીને છોકરાં કાળ ગાળે, કંકાસ કરે, લડી મરે; તેમ આ ઇન્દ્રિયોના વિષયોમાં હે પ્રભુ! મારું, તારું, સારું, નરસું, ઘણું, ઓછું, આઘું, પાછું કરી, આ જીવ કર્મનાં પોટલાં બાંધી મિથ્યા ભ્રમણમાં મોહ કરી રહ્યો છે, દુઃખનાં કારણોથી હજી ત્રાસ પામતો નથી, ઝેરને ઝેર જોતો નથી તો તેને વૈરાગ્ય, ઉદાસીનતા, નિજાનંદ, સહજ દશાનો સ્વાદ ક્યાંથી આવે?

આ દેહને સુરક્ષિત રાખવાને અને ત્રાસથી મુક્ત થવાને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પ્રાપ્ત કરવા સુધીનો શ્રમ આ જીવે ઉઠાવ્યો. જો જીભ હોય તો જીવનને હાનિ કરતાં દ્રવ્ય

નપાસી દૂર થાય એ ઇચ્છાએ જીભ પ્રાપ્ત કરી ત્યાં પોતાની પરીક્ષકશક્તિ તો ક્યાંય એક બાજુ રહી અને ઇન્દ્રવરણા જેવા પરિણામે દુઃખદાયક એવા સ્વાદના વિલાસની ગુલામગીરી વળગી. ત્રસપણું પ્રાપ્ત થયું તે જીભની ગુલામી ઉઠાવવામાં જ ગયું, અને નાની નખલી જેમ વીણાને ધ્રુજાવ્યા કરે તેમ ભય અને લોભથી ભવોભવ જીભ જીવને ધ્રુજાવતી જ રહી.

ઇચ્છારૂપી અગ્નિ ઇન્દ્રિયોના વિષયરૂપી દારૂગોળા સાથે ભળતાં જીવના સહજ સુખનો નાશ થવામાં શી વાર લાગે? હે પ્રભુ! આ પ્રથમ સ્પર્શેન્દ્રિય તો સદાની વળગેલી છે અને તેને મદદગાર આહાર તેમાં અનિયમિતપણું કરાવનાર જિહ્વા છે. 'તે સર્વ ઇન્દ્રિયોમાં પ્રથમ વશ કરવા યોગ્ય છે' એ તારો ઉપદેશ કલ્યાણકારી છે અને તેને અનુસરવા ઇચ્છા થતાં શું કરવું? કેમ કરવું? તે વિચાર આપની આજ્ઞા માટે રજૂ કરું છું. આ ઝાડ જેવા શરીરમાં આ જીભ જ ઘણી વાર ઇચ્છાને અનિયમિત નિરંકુશપણે બહેકાવી દે છે. જિહ્વા જેમાં રસ લેવા લાગે તે પદાર્થો રોગનું કારણ છે તે રૂપે ચિંતવવું કે તેને તુચ્છ ગણવા કે આહાર અટકાવવો કે ચોર પકડાય ત્યારે તેને શિક્ષા કરવી કે સમજાવવો? પણ જીભ ઉપર જાગૃતિનો પહેરો તો જરૂર રાખવો કે તેની પ્રવૃત્તિ લક્ષ બહાર ન જાય તે ચિંતવવું; પણ ઊંઘમાંય આહારસંજ્ઞા, સ્વાદલોલુપતા તો કામ કર્યા કરે છે તેનું કેમ કરવું? પ્રથમ જાગૃતિમાં જોર કરવું. 'હિમ્મતે મરદા તો મદદે ખુદા.' તું ક્યાં દૂર છે? આવો પ્રત્યક્ષ પરચા પૂરતો હાજરાહજૂર દેવ છતાં હવે વિજયની શંકા શી? સમયે સમયે ચેતાવનાર ચતુરશિરોમણિ રાજરાજેન્દ્ર, આપના ચરણમાં નિરંતર પ્રવાહરૂપ મારી અખંડિત લક્ષની ધારા વહ્યા કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮ — તીર્થક્ષેત્ર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ

તત્ ૐ સત્ — ફાગણ વદ ૮, ૧૯૮૪

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!**

શ્લોક— ચલાવો મોક્ષને માર્ગે, ભેદો કર્મગિરિ મહા;
જણાવો વિશ્વનાં તત્ત્વો, વંદું એ ગુણ પામવા.

પરમ વીતરાગી, અસંગસંગી, સર્વગુણસંપન્ન, પરમોપકારી, પરમકૃપાળુદેવની પવિત્ર ચરણકમળની રજમાં આ અધમ નિગુણા નિર્લજ્જ બાળકનું શિર સદાય નમ્રીભૂત રહો! અનંત કરુણાઘન આ રંક હૃદયને ભાવદયાથી સદાય આર્દ્ર કર્યા કરો! આપની અમૃતમય વાણીના સિંચનની ધારા અખંડિત નિરંતર ઝરણારૂપે મુજ મનના માર્ગમાં વહ્યા કરો!

અહો પ્રભુ! આ બાળકે અનેક સંકલ્પો કર્યા અને અનેક તરંગોમાં તણાઈ ગયો, પણ આપના ચરણનું શરણ એક આધારરૂપ છે અને પતંગ ગમે તેટલે ઊડે પણ ઉડાવનારને ખેંચવો હોય ત્યારે ખેંચાઈ આવે તેમ હે પ્રભુ! તારા કરકમળમાં મારી વૃત્તિરૂપી પતંગનું ભક્તિરૂપ દોરથી દૃઢ બંધન હો!

સર્વ સંકલ્પવિકલ્પથી પર પરમાત્મા! નિસ્તરંગ સમુદ્રની ગંભીર શાંતિના સ્વામી! અનંત વીર્યવંતા છતાં એક નિશ્ચલ સ્વસ્વરૂપ પરિણામી નાથ! તારા અનંત ગુણના વારસાને

યોગ્ય આ ઇચ્છાવંત બાળક બને, જ્ઞાતપુત્ર નીરાગી, નિસ્પૃહ પરમાત્મા સિવાય કંઈ ઇચ્છે નહીં એમ કર.

## : સહજાત્મસ્વરૂપ પરમગુરુ :

અનંત કીર્તનનું કીર્તન, પરમ શુદ્ધ સ્વરૂપનું વર્ણન અને સર્વ સ્તોત્રોનો સાર હે પરમ કૃપાળુ! તેં આ મહામંત્રમાં પૂર્યો છે. અલ્પમતિ અને અનેક આવરણને લઈને તે ઊકલતો નથી પણ અવશ્ય તે જ સંસારથી તારી સર્વોત્તમ પદમાં સ્થિતિ કરાવશે એવી અતૂટ શ્રદ્ધા વૃદ્ધિગત થતી જાય છે, એ જ તારી સમીપ આવવાનું સાધન અને નૌકાનો શઢ દૂરથી દેખાય તેવું આશાકેન્દ્ર છે.

સર્વ હિંસા ટાળનાર એવું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જે અવિનાશી પરમપદ તેની સ્મૃતિ અમરતા અર્પણ કરનાર છે, તે સહજાત્મસ્વરૂપ પરમગુરુ પદ પ્રથમ અહિંસાવ્રતનો આધાર છે. "જડભાવે જડ પરિણમે, ચેતન ચેતનભાવ; કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ" આ વચનામૃતમાં મરણની ભીતિને ભાંગી નાખી હે પ્રભુ! આપે અભયપદ અર્પ્યું છે. એ ભાવ દૃઢ થયે મરણપ્રસંગે પણ ચિત્તમાં ક્ષોભ થવો ઘટતો નથી અને એ જ ખરેખરી અહિંસા છે. જો મરણપ્રસંગે પણ ક્ષોભ ન થાય તો તેથી ઓછાં દુ:ખકર અને રાત્રિના સ્વપ્ન જેવાં બીજાં દુ:ખ તો નજીવાં છે, આંખ ઊઘડતાં વિલય થાય તેવાં છે, તેમાં પરમ સહનશીલતા આપની પ્રસાદીથી પ્રાપ્ત થવા યોગ્ય છે.

બીજું, સત્ અસત્‌ને સમજાવી સત્યસ્વરૂપમાં સ્થિર કરવામાં સમર્થ એવો આ મહામંત્ર બીજું સત્ય મહાવ્રત તેનું મૂળ છે. જે જે શુદ્ધ સહજ આત્મસ્વરૂપ પરમગુરુની ભાવનાથી રહિત છે તે સર્વ વિભાવભાવવાળું અથવા અસત્ય અને મિથ્યા છે તો જેની નિરંતર વૃત્તિ આ મહામંત્રમાં રોકાઈ હોય તે સત્યમૂર્તિ કહેવાયોગ્ય છે. જેટલું આ સહજાત્મસ્વરૂપની સન્મુખ રહેવાતું નથી તેટલું અસત્ય પ્રવર્તન છે. જૂઠેજૂઠું જગત કુટાય છે અને ખરું મરણ કે ખરી હિંસા વા આત્મઘાત પણ એ જ છે. હે પ્રભુ! આ આત્મઘાત અને અસત્ય સ્થાનમાંથી તારે આશરે બેઠેલા આ બાળકનો ઉદ્ધાર કરી તારા સત્યસ્વરૂપમાં નિરંતર ટકી રહેવાય તેમ સ્થાપજે.

ત્રીજું મહાવ્રત અચૌર્યવ્રત કે અસ્તેયવ્રત, તે પણ આ મહામંત્રની સહાય હોય તો જ પળાય તેમ છે. કેમ કે આત્માથી અન્ય એવા જે જડ પદાર્થો તેને ગ્રહણ કરવા અને પોતાના માનવા એ ચોરી અને જૂઠ બન્નેના અપરાધ કરતાં પણ ઘણો ભારે અપરાધ છે. હે પ્રભુ! આ દેહ તે સર્વ દોષનું સ્થાન તથા કર્મનું કારખાનું છે તેને મારું મારું માની તેને પાળવા પોષવા જે જે કર્યું તે બધું ચોરીરૂપ જ છે. પારકી જ ચીજ પકડી પાસે રાખી છે, તે મરણ વખતે પાછી પારકી હોવાથી ઓકી કાઢવી જ પડશે, ચોરીનો માલ કોઈને પચે જ નહીં. લૂંટારા અને ચોરની જ્ઞાતિવાળામાંથી પણ કોઈને નોકરીમાં રાખીને તેને શાહુકાર પોતાનો પટો પહેરાવે છે એટલે તે શાહુકારનો નોકર પણ શાહુકારમાં જ ખપે છે, તેના ઉપર કોઈ ચોરીનો આરોપ મૂકે નહીં, કારણ કે તેની પાસે શાહુકારનો પટો છે; તેમ હે પ્રભુ! આપનો મહામંત્ર 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' તે અમારા મુખમાં જીભના ચામડા પર ચોંટચો રહે અને તેમાં જ વૃત્તિ રહે ત્યાં સુધી આ લૂંટારાપટ્ટન જેવા સંસારમાંથી આપને

શરણે આવતાં, એ નામના-મંત્રના માહાત્મ્યથી જ ચોર મટી ત્રીજું વ્રત પાળનાર, તારી આજ્ઞામાં ઉપયોગપૂર્વક વર્તનાર, સમિતિ આદિ પાળનાર જેવા ગણાવા યોગ્ય છે. તું જ સાચો શાહુકાર છે પણ 'શાહે વાણિયો રળી ખાય' તેમ તારા શરણથી આ જીવ પરભાવને ઓળખી પારકી ચીજ પારકે ખાતે રાખતાં શીખશે.

ચોથી પ્રતિજ્ઞા બ્રહ્મચર્યવ્રતની, તે પણ બ્રહ્મનું માહાત્મ્ય સમજાવનાર શુદ્ધ સહજાત્મસ્વરૂપ પરમગુરુના લક્ષથી સધાય છે. બ્રહ્મ તે મહત્–બૃહત્ ત્રૈલોક્યપ્રકાશક એવું આત્મસ્વરૂપ તેમાં ચર્યા-વર્તના નિરંતર જેની છે તે બ્રહ્મચર્યવ્રત શુદ્ધ સ્વરૂપના ઉપયોગ વિના કેમ સમજાય? વિભાવરૂપ પરનારી તજી સ્વભાવ–સ્વશક્તિ–આત્મરમણતામાં લીન પુરુષ જ મૈથુનત્યાગ કે બ્રહ્મચર્ય પાળી શકે. જ્યાં સુધી તારા સહજ સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી તે પ્રાપ્તિનું સાધન, પાત્રતા પ્રગટ કરાવનાર બાહ્ય બ્રહ્મચર્ય પરમ ઉપકારી છે અને સહજાત્મસ્વરૂપ પરમગુરુની પરમ પ્રતીતિ, રુચિ અને પરિણતિ પામે તે પછી આ બાહ્ય જગતના ક્ષણિક અને અંતે દુર્ગતિ દેનાર વિષયાનંદની રુચિ કેમ કરે? બ્રહ્મચર્યની આ વિશાળ ભાવનામાં સર્વ સદ્-ધર્મની સમાપ્તિ—સાર—પૂર્ણતા આવી જાય છે.

પાંચમું મહાવ્રત અપરિગ્રહ, તે પણ 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'નું પરમ માહાત્મ્ય પ્રગટ્યે પળાય તેમ છે. પરિગ્રહ એ કારાગૃહ જ છે. જ્યાં સુધી એ પરિગ્રહરૂપી ગ્રહ નડે છે ત્યાં સુધી શાંતિ નથી પણ જ્યાં 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' રૂપ સત્પુરુષની કૃપાદૃષ્ટિ થઈ કે અંતરમાંથી તે પરિગ્રહભૂત ભાગી જાય છે. તેની વાસનાનો ક્ષય થાય છે અને સર્વ સંસાર સિનેમાના ખેલ જેવો બની રહે છે. પોતાને માત્ર સાક્ષીપણું પ્રાપ્ત થાય છે. આ સ્વપ્ન જેવા સંસારમાં પરિગ્રહ, છાતી પર વજન મૂકી કોઈ ઊંઘમાં મૂંઝવતું હોય તેવો દુઃખકર છે, તે પરમ પ્રગટ એવા તારા સ્વરૂપની સ્મૃતિરૂપ જાગૃતિ પામતાં તે સ્વપ્ન અને નિદ્રાનો નાશ થાય છે.

પરમગુરુપદની પ્રતીતિ અને સ્વરૂપરમણતા એ જ ખરી નગ્નતા–અસંગતા છે, તે જ શુદ્ધ નિર્મળતા છે, જેથી સ્નાન કરવાની કોઈ કાળે જરૂર પડતી નથી અને એ જ અનશન-રૂપ પરમ તૃપ્તિનું કારણ છે. એ તારા સંપૂર્ણ સ્વરૂપ સિવાય વિશ્વમાં ક્યાંય સત્ય એકાંત-વાસ નથી. તુંહિ તુંહિ તુંહિ નિરંતર તુંહિ તુંહિ હૃદયમાં અચળ વાસ કરી રહો!

ૐ ૐ ૐ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯ તીર્થક્ષેત્ર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,

તત્ ૐ સત્ ફાગણ વદ ૧૪, સોમ, ૧૯૮૪

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!**

વિધિવશાત્ પ્રાપ્ત થયું મને જે, દેહાદિ સર્વે મમતા વધારે;
પ્રારબ્ધની ભેટ પ્રભુપદે હો, મે'માન છું બે દિનનો જ હું તો.

શુદ્ધ ચૈતન્યસ્વામી, સ્વરૂપવિલાસી, મહામોહહારી દેવાધિદેવ પરમકૃપાળુ પરમાત્માને ત્રિવિધે ત્રિવિધે ત્રિકાળ નમસ્કાર હો!

હે દયાસિંધુ! આપ તો પરમ ગંભીર, શાંતમૂર્તિ છો! આ દાસની અજ્ઞાન બાળચેષ્ટા તરફ અનુકંપાદૃષ્ટિ રાખશોજી. કોઈ થાંભલા ઉપર વેલ ચઢાવી હોય તો તે થાંભલાને આધારે ઊંચે ચઢે છે પણ પવનમાં તે હાલ્યા કરે છે, તેમ આ મન આપનો અચળ આશ્રય પ્રાપ્ત થયા છતાં ચંચળ ક્ષુભિત રહ્યા કરે છે તે આલંબનનો દોષ નથી પણ મનનો જ દોષ છે. પણ વિશેષ વૃદ્ધિ પામતાં વેલો જેમ મજબૂત ને જાડો થાય છે ત્યારે તે દોરડાની પેઠે સજ્જડ વીંટાયેલો રહે છે, જાણે પથ્થરના સ્તંભને આધાર આપવા બાંધી રાખેલું દોરડું હોય તેવો દેખાવ દે છે, તેમ આ મનોવૃત્તિ આપના પરિચયથી પોષ પામી આપની નિશ્ચળતાનું અનુકરણ કરતાં તદ્રૂપ બનશે, એવી શ્રદ્ધા રહે છેજી.

"આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ, હું દાસ છું, આપ પ્રભુનો દીન."

વઢકણી ડોસી કોઈને દાન દેતી નહીં, પણ એક વખતે 'સામે ઘેર જા' કહી કોઈ ભિખારીને ઘર દેખાડવા આંગળી ચીંધી તેના પુણ્યે તેને બે ઘડી ઇન્દ્રનું સિંહાસન મળ્યું, તે દુર્વાસા ત્યાં થઈ જતા હતા તેમને અર્પણ કર્યું અને છેવટે તેને વૈકુંઠ મળ્યું ત્યારે દુર્વાસાએ સિંહાસન તજ્યું એમ વાત કહેવાય છે; તેમ આ અનાદિનો સંક્લેશપરિચયી જીવ, હે પ્રભુ! આપના કોઈ પરમભક્ત સંતપુરુષોના યોગે અનાયાસે સહવાસમાં આવી જવાથી હવે તો આ હૃદયરૂપ સિંહાસન આપને અર્પણ થયું છે, તો આ અનાદિકાળનાં કર્મથી દબાયેલા રાંક ડોસી જેવા આ જીવે કંઈ કર્યું નથી, માત્ર પરમ પુનિત એવા 'સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ'ના ચરણમાં આવી પડવારૂપ પ્રારબ્ધ સેવાય છે. પણ આ આંગળી ચીંધવા જેવા નજીવા કાર્યનું ફળ પણ અર્પણબુદ્ધિના યોગે વૈકુંઠ—અકુંઠિત સ્થાન—સિદ્ધિ પ્રાપ્ત કરાવે એ લૌકિક કથાનો પરમાર્થ તું સત્ય કરજે.

"બહિરાતમ તજી અંતર આતમા-રૂપ થઈ થિર ભાવ સુજ્ઞાની,
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ-અર્પણ દાવ સુજ્ઞાની;
આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ સુજ્ઞાની,
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ સુજ્ઞાની.
સુમતિ ચરણકજ આતમ અરપણા."

હે પ્રભુ! આ દશા ક્યારે આવશે?

સદ્ગુરુ જ્ઞાની ગુણવંતા, વીનવે વિનેય રુચિવંતા,
ઉરમાં ધરી ઉમંગ અનંતા રે, સદ્ગુરુ હિતકારી.
સમ્યક્ દર્શન મોક્ષની બારી રે, સદ્ગુરુ હિતકારી.
ક્ષમા છે મોક્ષનો દરવાજો, ક્ષમા શ્રમણ સદ્ગુરુ સાચો;
મોક્ષ વિના કશું નહીં યાચો રે સદ્ગુરુ હિતકારી.
સંતકૃપા પરમ ઉપકારી રે, સદ્ગુરુ હિતકારી.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧૦ ચૈત્ર સુદ ૧૨, ૧૯૮૪

ૐ

('અપૂર્વ અવસર' અનુસાર)

એ દિન ક્યારે આવે નાથ કૃપા થકી,
રાત-દિવસ કરું શ્રવણ, બોધનું પાન જો;
બાળક માની ગોદ ગ્રહી નિઃશંક થઈ,
મુનિસમ બની એકાગ્ર કરે પયપાન જો. એ દિન૦ ૧

દર્શન, શ્રવણ, પ્રતીતિ, સ્થિરતા સીડીએ,
ક્રમે ક્રમે હું તજી જગત જંજાળ જો;
આવું અનુપમ સિદ્ધશિલાની મેડીએ,
બિરાજે જ્યાં નાથ અનંત દયાળ જો. એ દિન૦ ૨

પુદ્‌ગલપિંડ તણાં દર્શન પ્રભુ બહુ કર્યાં,
ચર્મચક્ષુને ચર્મરમણની ટેવ જો;
તજશે એ તુજ દર્શન-સ્પર્શનથી ઠર્યાં,
દિવ્ય નયન દેખે રૂપાતીત દેવ જો. એ દિન૦ ૩

શ્રવણ હરણ સમ મોહવશે બહુ મેં કર્યું,
તોય પુરાયા નહીં કાનના કૂપ જો;
અપૂર્વ વાણી જાણી ગુરુકુળ આદર્યું,
સત્સંગે શ્રુતિ પામી ચિત્ત થયું ચૂપ જો. એ દિન૦ ૪

મનમાન્યું મન રઝળ્યું વિષય-કષાયમાં,
રુચિ, પ્રીતિ, પ્રતીતિ કરી વિપરીત જો;
ગુરુરાજ છો હવે હમારી સહાયમાં,
તો સહજ થાય સુરુચિ, પ્રીતિ, પ્રતીત જો. એ દિન૦ ૫

મોક્ષ હેતુ જે મૂળતત્ત્વનું જ્ઞાન તે,
સમ્યક્ શ્રદ્ધાવંત ધરે ધરી ધીર જો;
'જ્ઞાની દ્વારા જ્ઞાન' સદાનો માર્ગ છે,
હંસ–ચંચુથી ભિન્ન થાય ક્ષીરનીર જો. એ દિન૦ ૬

મોહનીય–જ્ઞાનાવરણ ગયે ગુરુ–બોધથી,
સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ઉદય સમકાળ જો;
સ્વાદ, શીતળતા સાકરની સાથે થતી,
દીપ પ્રકાશના દૃષ્ટાંતે ત્રિકાળ જો. એ દિન૦ ૭

શ્રુતબીજ પર પાણી પુરુષાર્થતણું પડ્યે,
પંચ પ્રકારે સમ્યક્‌જ્ઞાન વિકાસ જો;

પારસ સાથે લોહ શલાકા જો અડે,
વર્ણ સુવર્ણ તણો પ્રગટે પ્રકાશ જો. એ દિન૦ ૮
'જ્ઞાનતણું ફળ વિરતિ' તો સ્થિરતા રૂપે,
આત્મપ્રદેશે ચંચળતા નહીં લેશ જો;
વીર્ય અનંતુ પૂર્ણરૂપે પ્રગટી દીપે,
સુખ અનંત પમાય વિના કંઈ ક્લેશ જો. એ દિન૦ ૯
પીંપળપાન સમી ચંચળતા પ્રતિપળે,
સંગ પ્રસંગે રાગદ્વેષથી થાય જો;
કલ્પવૃક્ષ સમ સદ્ગુરુશરણે તે ટળે,
ઇચ્છા છોડી વીતરાગ થવાય જો. એ દિન૦ ૧૦

---

## ૧૧

અગાસ, ચૈત્ર સુદ ૧૫, ૧૯૮૪

તત્ ૐ સત્

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો ! નમસ્કાર હો ! નમસ્કાર હો !**

"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન."
યોગીશ્વર ગુરુરાજના, યોગ બળે પલટાય;
વિલાસવિષ કળિકાળનું, અમૃતમય થઈ જાય.
ક્ષમાશ્રમણ આશ્રમ તણો આશ્રય જે ગ્રહનાર;
તપોવનને યોગ્ય તે, તપધનને ધરનાર.
દીપાવે રસત્યાગથી નવ દિન નવ પદ સાર;
સત્પુરુષને આશ્રયે, શ્રીપાલ શ્રવણ અનુસાર.

હે અનાથના નાથ ! કલ્પવૃક્ષથી પણ વિશેષ ઉદાર, શ્રમણ ભગવંત ! આપના અપાર ઉપકારનું આ અલ્પમતિ શું વર્ણન કરે ?

અહો ! તારું યોગબળ ! ધન્ય છે આ કળિકાળમાં જન્મનાર જીવાત્માઓને પણ કે તારું મોક્ષમાર્ગ દેનાર શરણ આવા કાળમાં પણ પ્રાપ્ત થયું. અહોભાગ્ય આ બાળકનાં પણ ઊઘડ્યાં ! સત્યપંથે દોરનાર શ્રી સદ્ગુરુદેવ ! તારું ભવોભવ શરણ હો !

હે પ્રભુ ! આ નવપદજી મહોત્સવરૂપ ઓળીનો છેલ્લો દિવસ ચૈત્રી પૂર્ણિમાનો છે, પણ 'પશ્ચાત્ બુદ્ધિ બ્રહ્મ' અને 'અગમબુદ્ધિ વાણિયા' કહેવાય છે તેવું આ તારા બ્રહ્મપદની ઇચ્છા રાખનાર બ્રહ્મચારીને પશ્ચાત્બુદ્ધિ ઊપજી કે આ નવપદનું માહાત્મ્ય પ્રથમથી અંતરમાં ઊતર્યું નહીં અને રૂઢ ઉપવાસને વળગી રહી એ ઉપવાસની આજુબાજુના દિવસો અંતરવારણું ને પારણાના મળી છ દિવસ ઓળીની તક ગુમાવી. માત્ર ત્રણ વચ્ચેની ઓળીને એકાશન દ્વારા

અજ્ઞાનવિધિએ ઉપાસી. પણ આ અવિચાર અને અહંકારના કંઈ પરિણામે અબહુમાનપણું પ્રદર્શિત થયું હોય તો તે સર્વ ગર્વ તજી ઘણી દીનતાથી 'મિથ્યા મે દુષ્કૃત' હો એમ ઇચ્છું છુંજી. અને ભવિષ્યમાં આ અવિચારનાં પરિણામ રસવૃત્તિના પોષણરૂપ જમણોમાં પશ્ચાત્તાપરૂપે ખડાં થઈ વિરસ–ઉદાસ ભાવને પોષે એમ આશા રાખું છું. આસો માસમાં ફરીથી આ વ્રતનું દર્શન થવા જેટલું આયુષ્ય લંબાય અને સર્વ સમાધિ વૃત્તિ પૂર્વક જોગવાઈ બની આવે તો તે રસના જયના સંગ્રામમાં અતિ ઉત્સાહથી ઘૂમવા વિચાર રહ્યા કરે છે.

હે નિઃસ્પૃહ, નિરીહ પરમાત્મા ! સર્વ ઇચ્છાનો ત્યાગ કરી તારા ચરણકમળની ઉપાસના વિશેષ વિશેષ વિશેષ વર્ધમાન થયા કરો અને અંતે આપના અયોગીપદનો યોગ થાઓ !

ધન્ય તે મુનિવરા રે જે ચાલે સમભાવે !

---

### ૧૨

ચૈત્ર વદ ૫, ૧૯૮૪

શુદ્ધ સ્વરૂપ, અજ્ઞાન પદ નભ-ભૂમિ સમ જેહ;<br>
અનંત ગાઉ અંતર છતાં, રહે અડોઅડ એહ.

☆

દર્શન દુર્લભ ભાઈ, પરમ ગુરુ દર્શન દુર્લભ ભાઈ,<br>
સાચી રાજ સગાઈ, જગત ગુરુ દર્શન દુર્લભ ભાઈ.<br>
દેવ, ગુરુ ને ધર્મ ત્રણેમાં ગુરુપદની જ વડાઈ,<br>
સાચા ગુરુ સમજાવે સાચા દેવ, ધર્મ સુખદાઈ. જગત૦ ૧<br>
મોક્ષમાર્ગને કર્યો મોકળો એ સદ્‌ગુરુ-ચતુરાઈ,<br>
દેખતભૂલી દૂર કરાવી સમ્યક્‌દૃષ્ટિ લગાઈ. જગત૦ ૨<br>
કલિમલમાંથી કરુણા કરીને કાઢ્યો એ જ ભલાઈ,<br>
પણ આલંબન સદા રહો એ, દૂર કરો નબળાઈ. જગત૦ ૩

---

### ૧૩

અગાસ, ચૈત્ર વદ ૫, ૧૯૮૪

તત્ ૐ સત્

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો ! નમસ્કાર હો ! નમસ્કાર હો !**

ધન્ય છે આપતણો અવતાર, રાજજી આપતણો અવતાર.<br>
સફળ કર્યો નરભવ ટૂંકો પણ જમાવી તત્ત્વવિચાર,<br>
આશ્રય આપી અમ સરખાને કરાવો ભવપાર. ધન્ય૦<br>
આર્ય દેશ દીપાવ્યો આપે અર્પી અનેક વિચાર,<br>
મૂર્તિમંત બનાવે વિરલા વર્તાવી આચાર. ધન્ય૦<br>
કુળ ઉત્તમ પામી ઉદ્ધાર્યું, ધર્મીના શિરદાર,<br>
આપ પ્રભુને પગલે પગલે, મળે મોક્ષ-ઘર-બાર. ધન્ય૦

ધર્મ સનાતન જિન ઉદ્ધરવા વીતરાગ બનનાર,
સદુપદેશ શ્રેણીથી ભાવે તાર્યાં નર ને નાર. ધન્ય૦
પંચમજ્ઞાનને સમજી સાચું પંચત્વ પામ્યા સાર,
કૃષ્ણપંચમી ચૈત્ર માસની સંવત્ સત્તાવન ધાર. ધન્ય૦

પરમકૃપાળુ દેવાધિદેવ પરમ શાંતિપદ ધારક કલ્યાણમૂર્તિ સનાતન સત્ય ઉદ્ધારક પ્રભુ શ્રી રાજચંદ્રદેવને ત્રિવિધ ત્રિવિધે ત્રિકાળ નમસ્કાર સમયે સમયે હો !

હે પ્રભુ ! આપનો પ્રબળ પુરુષાર્થ અને ઉત્કટ વૈરાગ્ય અમ જેવા મંદ ક્ષયોપશમી અલ્પવીર્યવાળા પુરુષોને ઉન્નતિને માર્ગે સદાય પ્રેર્યા કરો ! હે પ્રભુ ! આપે જ મનુષ્યભવ ધરી જાણ્યો, આપે જ દેહની સર્વ દશાને યથાયોગ્યપણે જાણવા, માણવા ને ત્યાગવાની વિધિ અનુભવી લીધી. સંવત ૧૯૨૪ની કાર્તિકી પૂર્ણિમા દેવદિવાળીના પર્વે અવતાર લઈ, ચમત્કારિક કારકિર્દીમાં અભ્યાસનો કાળ અપૂર્વપણે ગાળી, આખા ભારત પ્રદેશમાં અને દેશાંતરમાં સ્મૃતિની તીવ્રતાથી વખાણ પામ્યા, પણ ધર્મની ધ્વજા આપના અંતરમાં ભગવો વૈરાગ્ય વર્ધમાન કરતી હતી. વૈરાગ્ય અગ્નિ ભઠ્ઠીની અગ્નિની પેઠે છૂપી રીતે પ્રારબ્ધકર્મ પકવીને ખપાવતી હતી. તેની ઝલક કોઈ મુમુક્ષુ આદિ પ્રસંગીઓના પત્ર પરથી પ્રગટ પ્રદર્શન દે છે.

વિષમ કળિકાળમાં આપનું વિશેષ વિચરવું ન રહ્યું તે અમ જેવા અલ્પપુણ્યિયા પુરુષોનો મંદ ભાગ્યોદય. તોપણ નિષ્કારણ કરુણાસાગર ભવિષ્યમાં તેને શરણે આવનાર બાળકોને પયપાન કરાવવા આ આત્મસિદ્ધિ આદિ અમીકુંભ ભરી ગયા છે, તેનું મુખ સદ્ગુરુકૃપાથી ખોલી આ દુષ્કાળિયા કળિકાળના ભૂખમરાને દૂર ભગાવવા તેની વાણીસુધાધારાની શાંતિ અલ્પાંશે આરોગવા ઉદ્યમ કરીએ છીએ, તેમાં હે પ્રભુ ! તારા યોગબળની અમને સદાય સહાય મળતી રહો !

---

૧૪ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ
ૐ વૈશાખ વદ ૫, બુધવાર, ૧૯૮૪

પરમોપકારી શ્રીમદ્ સદ્ગુરુદેવની પ્રતિમાજીનાં સ્ટેશને પ્રથમ દર્શન કરીને ઉલ્લસેલી વૃત્તિ અનુસાર આલેખિત ભાવના—

આજ ગુરુરાજને ગાઈએ ગૌરવે, ચિત્ત ચોખ્ખું કરી ભક્તિભાવે,
જન્મ કોટિતણાં પાપના પુંજને પુણ્યરૂપે ગુરુ પરિણમાવે;
કોઈ કાળે નહીં જોગ આવો જડ્યો, કંઈક કાચું રહ્યું એ જ સાચું,
સાચને શોધતા શિષ્યનું દિલ તો સાચને કાજ જો નિત્ય રાચ્યું. ૧

સાચ પ્રગટાવનારા ગુરુ ના મળ્યા, શિષ્યનું ચિત્ત કાં કાંઈ થાક્યું,
સિંહસમ સદ્ગુરુ શૂરવીર વિરલા, ભેટતાં ભાગ્ય ભૂંડુંય ભાગ્યું;
પૂર્વના પુણ્યનું પ્રબળ બળ જામતાં, શ્રવણ સદ્ગુરુની વાણી સુણે,
સુર્ણો કુર્ણો લાગણી બોધથી થાય, ને મોક્ષ માટે સદોદિત ધૂણે. ૨

ઝેર સંસાર પર, ઝૂરણા સત્યની, જોગ સદ્ગુરુનો જો મળે તો,
દીપ સન્મુખ દિવેટ આવી અડે, દીપરૂપે થઈને બળે જો;

સદ્‌ગુરુ રાજ સાચા કળિકાળમાં, સત્યનો માર્ગ સીધો બતાવે,
દોષ નિજ દૂર કરી, પ્રેમથી ગુરુ વરી, એ જ માર્ગે જતાં મોક્ષ આવે. ૩

---

૧૫

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ
ૐ જેઠ વદ ૦)), રવિ, ૧૯૮૪

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુ પ્રગટ પુરુષોત્તમ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને ત્રિકાળ ત્રિકરણયોગે અત્યંત ભક્તિભાવે નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!**

જ્યેષ્ઠ સુદિ પંચમી, જ્ઞાનની પંચમી, મુજ મનમાં ગમી રહી રમી એ,
જ્ઞાનઅવતાર શ્રી ગુરુ–મૂર્તિતણી સ્થાપના ચંદ્રચૈત્યે બની છે;
ગુરુમંદિર પર ચંદ્રપ્રભુ–ચૈત્યમાં બિંબ બન્ને મતોનાં બિરાજે,
પંચ પરમેષ્ઠી સમ પંચ પ્રભુ – બિંબ એ સ્થાપિયાં ભવ્ય જીવ હિત કાજે.

હે પરમકૃપાળુ દીનબંધુ કૃપાસિંધુ તરણતારણ ભગવાન! આ રાંકને હાથ રત્નતુલ્ય પ્રભુ! આપનું શરણું સદાય ભવોભવ હો!

"કરી અભાવ ભવભાવ સબ, સહજ ભાવ નિજ પાય;
જય અપુનર્ભવ ભાવમય, ભયે પરમ શિવરાય."

આ સ્વચ્છંદી પ્રમાદી અધમ બાળક અનંત દોષથી ભરેલો આપના શરણનું માહાત્મ્ય સમજ્યા વિના આ અમૂલ્ય ભવને ભિખારીની પેઠે પુદ્‌ગલના એંઠાજૂઠા ઘૃણા કરવાયોગ્ય ટુકડાની ભ્રમણામાં ને ભ્રમણામાં આયુષ્ય ગુમાવે છે. એવા આ દીન રાંક ઉપર આપે કરુણા કરી છે. આંધળાને સીધી સડકે ચડાવી કોઈ ભલા માણસ આશિષ પામે તેમ આપનું આલંબન પામી આપને અંતરના ભાવથી આ હૃદય આજે નમે છે.

અહો! પરમ પુરુષાર્થની પ્રગટ મૂર્તિ, પરમ જાગ્રત, સદા અપ્રમત્ત સ્વરૂપમાં તલ્લીન તારી મૂર્તિ મારા હૃદયમાં ટંકોત્કીર્ણવત્ સદાસર્વદા સદોદિત જયવંત વર્તો, જયવંત વર્તો!

ચૈત્ર સુદ ૧૨ના પત્રમાં પ્રદર્શિત ભાવના અણધારેલી રીતે આપની કૃપાથી સ્નાત્રપૂજામાં સ્નાત્રક તરીકે અઠવાડિયું રહેવાનો યોગ બનતાં કંઈક બની આવી. પણ પ્રમાદ એ જ જીવનો મહા રિપુ છે અને પ્રમાદની પાછળ પશ્ચાત્તાપ ઊભેલો જ હોય છે. એ દિવસો મારા જેવા અજાણ્યા અણઘડ માણસને તો તદ્દન નવા જ હતા, અને તેને લીધે ઉપયોગશૂન્યતાથી ઘણી ભૂલો સેવાઈ ગઈ હશે. પણ હે પ્રભુ! આપ તો પરમ કૃપાળુ છો, ક્ષમાના સાગર છો. આપના પરમ યોગબળનું દર્શન એ શુભ દિને સર્વને પ્રત્યક્ષ થયેલું કે દશ હજાર જેટલાં માણસોની મેદની જેઠ સુદ પાંચમે ભરાયેલી ગણાય છે, તેમાંથી કોઈને કંઈ નુકસાન, ભૂખ, તરસ કે ક્લેશનું કારણ કોઈ પણ થયું નથી. માત્ર શુભભાવના આ કાળમાં આવવી ટકવી દુર્લભ છે તેનો પરિચય કરાવી આપે શાંતિ સર્વત્ર પ્રસરાવી હતી, તે સર્વનાં હૃદય સમજી શક્યાં છે.

ત્યાર પછી આ જીવને કોઈ એવા કર્મની પરંપરામાં તણાવું પડ્યું છે કે આ પુસ્તક અને આ લેખિનીનો સમાગમ આજે જ થાય છે. હે પ્રભુ! આ જીવ સત્પુરુષની અશાતનાથી જ રઝળ્યો છે. તેને તારી આરાધનાનું દાન દઈ, વિરાધકપણું ટાળી આરાધકપણાનું દાન દે અને ઉતાવળે ઉતાવળે મોક્ષમાર્ગમાં લઈ જા.

મને તો એક તારો જ આધાર છે. ક્યાંય નજર ઠરતી નથી. કશું ગમતું નથી. ગમે તેમ કાળ કાઢું છું. શરણું એક તારું છે તો તું તારું બિરુદ સાચવી આ પામર આત્માને નિજસ્વરૂપનું યથાર્થ ભાન કરાવી ભાગ્યશાળી બનાવજે. "પ્રભુ ! જાણને શું કહેવું ઘણું ?"

---

૧૬ અષાડ સુદ ૮, ૧૯૮૪

તત્ ૐ સત્

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો ! નમસ્કાર હો ! નમસ્કાર હો !**

શુભ અશુભ કર્મના બે કિનારા કને નાવ પેઠે ભમે ચિત્ત નિત્યે,
રાગદ્વેષાદિ કલ્લોલથી ડોલતું પવન તોફાન તૃષ્ણાતણું છે;
જિનમુદ્રા ગુરુરાજ જાતે વર્યા આ કળિકાળ વિકરાળ તોયે,
એ જ આશ્ચર્યકારી સુકાની તણું ચરણ શરણું રહો ચિત્તમાંયે.

હે પરમ પાવનકારી, પરમ ઉપકારી, અશરણના શરણ, અનાથના બેલી ! આ પામર રંક જીવ પ્રમાદ અને બેભાનમાં પોતાની સ્થિતિનો વિચાર કર્યા વગર કાળના મુખમાં પ્રવેશ કરી રહ્યો છે, તેની હે સમર્થ સ્વામી, પરમકૃપાળુ ! સંભાળ લેજે, સંભાળ લેજે.

મને નથી કંઈ કહેતાં આવડતું, નથી સમજાવતાં આવડતું, નથી પ્રાર્થના કરતાં આવડતું, નથી જોતાં આવડતું, નથી રોતાં આવડતું, નથી તરતાં આવડતું, નથી તારતાં આવડતું. માત્ર એક સમર્થ સ્વામીનું શરણું છે એ જ આ જીવને ઊગરવાનો આધાર છે, તો હે નાથ ! હરઘડી તારા પરમ પાવનકારી ચરણ ત્રણ લોકનાં પાપનો નાશ કરવા સમર્થ છે તે મારા હૃદયમાં નિરંતર સંસ્થાપિત રહો અને તારું સ્મરણરૂપી ઝરણ સદાય વહ્યા કરી મારાં અખૂટ પાપના પુંજને ધોઈ તારા શુદ્ધ સદોદિત ટંકોત્કીર્ણ સ્વરૂપનું દર્શન નિરાવરણે સદાય કરાવો એ જ પ્રાર્થના આ પામર પ્રાણીની છે તે સફળ થાઓ અને સર્વનું કલ્યાણ થાઓ.

---

૧૭ અષાડ સુદ ૧૫, ૧૯૮૪

પાપ અમાપ અમારાં સ્વામી, તમ કરુણાથી ટળશે,
ગુરુ શરણું મેં ગ્રહણ કર્યું છે તે મુજ દોષો હરશે;
ગુરુપૂર્ણિમા સ્મરણ કરાવે પૂર્ણ સ્વરૂપ ગુરુવરનું,
અમ ઉર ઊલસે આપ કૃપાથી ગ્રહી શરણું રાજશશીકરનું.

---

૧૮ અષાડ વદ ૧૪, સોમવાર, ૧૯૮૪

તત્ ૐ સત્

**અનન્ય શરણના આપનાર અંતરજામી પ્રગટ પુરુષોત્તમ પરમાત્મદેવને ત્રિવિધ ત્રિકાળ નમસ્કાર હો ! નમસ્કાર હો !**

રાજ હૃદયમાં રમજો નિરંતર રાજ હૃદયમાં રમજો.
પરમકૃપાળુ તુમે પરમેશ્વર, અવિનય મુજ દૂર કરજો રે ગુરુ–રાજ૦
આ દિલ દાસતણું દીન જાણી, પદપંકજ ત્યાં ધરજો રે ગુરુ–રાજ૦

આપ અમાપ અહો કરુણાકર, મુજ મનને વશ કરજો રે ગુરુ-રાજ૦
શરણાગત બાળકને તારી, સમતાપદમાં ધરજો રે ગુરુ-રાજ૦
કાળ અનાદિથી કાંઈ કર્યું નથી, પામરતા મુજ હરજો રે ગુરુ-રાજ૦
સંતકૃપાથી સન્મુખ આવી વાત નિરંતર કરજો રે ગુરુ-રાજ૦

હે અંતરજામી, પરમ પાવનકારી, પરમપદાર્થદાયક, શરણાગત પ્રતિપાળક, દીનાનાથ, પરમાત્મા ! તારું ભવોભવ શરણું હો !

આ અનાથ બાળકના સર્વ અપરાધ ક્ષમા કર, તારી અનંત કરુણાનું દર્શન-ભાન કરાવ, સર્વ પ્રમાદ તજાવી તારું જ સદા સ્મરણ રહે, તુંહિ, તુંહિ નિશદિન સમક્ષ સ્મૃતિપટ પર ટંકોત્કીર્ણવત્ સદોદિત રહે એવી કરુણા કર. હે કરુણાસિંધુ ! આ બાળક તારી કરુણાના જ શ્વાસોચ્છ્વાસ લે છે પણ મૂઢ તને આભારની પરમ ઉપકારની નજરે નિરંતર જોતો નથી એ જ તેની મૂઢતા તે તજતો નથી. સદાય સાથે વસનાર પ્રિયતમને વીસરી પરવસ્તુમાં રમતી આ જીવની વિભાવપરિણતિનો હે નાથ ! હવે તો સદાને માટે નાશ કર, અત્યંત ક્ષય કર અને તારું અક્ષય સ્વરૂપ તેની જગાએ સ્થાપન કર. ૐ તથાસ્તુ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૧૯

બી. શ્રાવણ સુદ ૯, ૧૯૮૪

ૐ

મહા પ્રભુ શ્રી રાજચંદ્રજી પ્રગટ પુરુષોત્તમરાય,
ક્ષમા યાચું હું મહા પર્વ પર મેં કર્યા દોષ ઘણાય;
આજ સુધીના બધા દોષની કરો કૃપા કરી માફ,
હવે પછી પણ કોઈ ન થાઓ સદા રહો દિલ સાફ.
દોષ સર્વના માફ કરી હું હળવો થાઉં આજ,
સર્વ પ્રાણી પાસે માગું છું માફી હું મહારાજ;
સહજ સ્વભાવ ભણી નજર રહો મુજ આપ હૃદયમાં આવો,
પર પ્રત્યે તજી રાગદ્વેષ લો સર્વ મોક્ષનો લ્હાવો.

હે નાથ ! આ દીન બાળકની વંદના, અંતરના ઉમળકાથી સર્વ દોષની ક્ષમાની યાચના અને સર્વ દોષથી મુક્ત થવાની ભાવના આપના ચરણકમળ પ્રત્યે પ્રાપ્ત થાઓ.

હું અબુધ અને અશક્ત છું. એક આપના આશ્રય સિવાય કંઈ સંસારમાં શોધવા જેવું નથી લાગતું. આપનું શરણ ભવોભવ હો ! હે નાથ ! સર્વ પ્રકારનું માન, સર્વ પ્રકારનું અયોગ્ય વર્તન અને અયોગ્ય ભાવના દૂર કર અને દીનતાથી આ હૃદયને ભર. ખરેખર જગતના કોઈ પણ પદાર્થમાં રાગદ્વેષ અને મોહ કરવા જેવું નથી તો આ અલ્પ સામગ્રીમાં અહંભાવ કરી, મમતાભાવ કરી આત્માનું હું અનિષ્ટ કરી રહ્યો છું તે હર પળ યાદ આવતું નથી, તે તારી કૃપાથી સર્વ સવળું કર ને ચિત્તને તારા ચરણકમળમાં રાખ. હે નાથ ! વિશેષ શું કહું ? સર્વ આપ જાણો છો અને તેથી જ મને મોક્ષને માર્ગે દોરો તે સિવાય કોઈ પણ ઇચ્છા દિલમાં ન રહો !

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૦ ભાદ્રપદ સુદ ૯, રવિવાર, ૧૯૮૪

**પરમ ઇષ્ટ દેવાધિદેવ શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ ભગવાનને ત્રિકરણ યોગે નિરંતર સમયે સમયે સમસ્ત સમર્પણભાવે નમસ્કાર હો !**

સોરઠો— સર્વ જ્ઞાનનું મૂળ, રાજચંદ્ર પ્રભુ આપ છો,
તુજ આજ્ઞા અનુકૂળ, આસ્થા વર્તન મુજ હો.
દોષ કરો સૌ દૂર, દોષથી દાસ ભરેલ છે,
ક્ષમાવંત મશહૂર, પરમ કૃપાળુ બિરુદ છે.
પ્રશ્ન એક લઈ આજ, આપ ચરણમાં આવિયો,
રાખી મારી લાજ, કહેનારો તો કહી ગયો.
અઠ્ઠાઈ મહોત્સવ પર્વ, ભાદ્રપદ પૂનમ લગી,
મારે મન તું સર્વ, આત્મભાવના રહો જગી.

પરમપ્રિય પરમાત્મસ્વરૂપમાં પરમોત્કૃષ્ટભાવે લીનતા કરનાર આપ પ્રતાપી પરમપુરુષના ચરણકમળમાં આ અવિનીત અજ્ઞાની અનંત દોષને ઉપાસતા, ક્ષુદ્ર, બહિરાત્મભાવને ભજતા આત્માને અનંતવાર ધિક્કારી, ખરા અંતઃકરણથી આપ પ્રભુનું સંમત કરેલું સર્વ સંમત કરવાની દૃઢ બુદ્ધિથી ને આપની આજ્ઞામાં નિરંતર વર્તવાની દૃઢ બુદ્ધિથી વર્તન કરવાની નિશ્ચલવૃત્તિએ, આજે અંતરાત્માની સાક્ષીએ, આપ પરમાત્મસ્વરૂપને અતિ વિનીતભાવે આજ સુધી થયેલી અનંત વિરાધનાઓની ક્ષમા ઇચ્છી, હવેથી આપની સમીપ જ રહેવાના ભાવે ચરણ અહી તન્મયભાવે નમસ્કાર કરું છું તે હે પરમકૃપાળુદેવ, કૃપાવંત થઈ સ્વીકારવા નમ્ર અરજ રજૂ કરું છુંજી સ્વામી.

એક પ્રશ્ન સહજે ગઈ કાલે એકાએક અણધાર્યો હૃદયમાં સ્ફુર્યો અને અનંતર તેનો ઉત્તર પણ થઈ ગયો તે વિશેષ સ્પષ્ટ થવાની ઇચ્છાએ આજ પ્રભાતે આપ પ્રભુના ચરણમાં સ્વચ્છંદરહિત વિચારી વિસ્તારપૂર્વક રજૂ કરવાની ઇચ્છા ઉદ્ભવવાથી દર્શાવું છું પ્રભુ.

પ્રશ્ન — મરણ સમયે સામાન્ય મનુષ્યોને ઘણી જ વેદના દેખવામાં આવે છે અને શાસ્ત્રોમાં પણ સ્વર્ગના દેવોને સુધ્ધાં નરકના કરતાં વધારે વેદના અંત સમયે અનુભવાય છે એમ (આદિપુરાણમાં) વર્ણન કરેલું છે, તેનું કારણ શું હશે ?

હજી ફરી તે જ પ્રશ્ન પૂછું છુંજી. હરેક ચીજ અમારી આજુબાજુ ઉત્પાદ, સ્થિતિ અને વ્યય થતી જોવામાં આવે છે. તેમાં ઉત્પન્ન થતી વખતે તે પોતાનું પૂર્ણ સ્વરૂપ પૂર્ણ સ્વરૂપમાં પ્રગટ કરતી જણાતી નથી. જેમ સૂર્ય ઉદય વખતે વિશેષ ગરમી આપતો જણાતો નથી તેમ વળી મધ્યમાં સ્થિત હોય છે ત્યારે તે સંપૂર્ણ પોતાનો સ્વભાવ જણાવે છે અને અંતે જોર નરમ પડેલું લાગે છે. બીજું દૃષ્ટાંત ઘટ પટનું લઈએ. ઉત્પન્ન થતાંમાં બન્નેમાં મજબૂતાઈ ટકાઉપણું બહુ જ ઓછું હોય છે — કાચી માટી અને સૂતરના તાંતણારૂપે, પણ જ્યારે તૈયાર થાય છે ત્યારે તેના ટકાવ ને મજબૂતીમાં બંને સબળ જણાય છે. પછી જ્યારે ઘસારો લાગતાં તેમની આખર અવસ્થા આવે છે ત્યારે તેમાં કાણાં, તરાડ કે ફાટફૂટ થઈ નાશ થવાની અણી પર આવે છે. તેમ જ આ દેહની સ્થિતિ જણાય છે.

છતાં આયુષ્યમાં એવું શું છે કે તે શરૂઆતમાં વધારે દુઃખ આપે છે, વધારેમાં વધારે અંતે દુઃખ આપે છે અને મધ્યકાળે જુવાનીમાં તે ઓછું દુઃખ આપે છે?

---

૨૧

**અનન્ય શરણના આપનાર એવા પરમોપકારી પરમ વલ્લભ શ્રી પ્રગટ પુરુષોત્તમ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના પદપંકજમાં સવિનય અત્યંત ભક્તિથી નમસ્કાર હો! નમસ્કાર હો!**

હરિગીત— શિરછત્ર છો પ્રભુ ભક્તના સંકટતણી વર્ષા સમે,
તુજ ચરણ શરણે જાય તેના તાપ ત્રિવિધિના શમે;
સંતોષ શાંતિ ને ક્ષમા વળી સહનશીલતા ત્યાં વસે,
સુખસિંધુમાં સૂતો પ્રભુ મન મગ્ન મુજ તુજ પદ વિષે.

શાંતિના સ્વામી જગદીશ્વર પરમાત્માના સર્વ સંશય સંકટ હારી પરમ પુનિત ચરણ-કમળમાં ત્રિવિધ પરમ વિનયભાવે સર્વાર્પણપણે નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!

હે નાથ! સંસારસાગરથી તારનાર તારા પવિત્ર નામનું નિરંતર સ્મરણ રહો! સહજાત્મ-સ્વરૂપ સંપૂર્ણતાના સ્વામી! તારી નિકટતાનો માર્ગ વિકટ છે. મરણ સર્વને માથે છે અને મરણને માથે સંકટનું પોટલું છે, તે જોઈને તેને ભેટનાર ત્રાસે છે, વિપત્તિ પામે છે, અસહ્ય વેદના દેખે છે, બેભાન બની જાય છે તોપણ ક્ષણે ક્ષણે આ જીવ તે મરણને શરણે થવા દોડી રહ્યો છે.

"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!"

આ ચિત્ર ચિત્તના ચિત્રપટ પર કાયમ રહે તો જીવ પોતાનો સ્વભાવ પરમાનંદ સ્વરૂપ જ્યાં સર્વ સંશય અને સર્વ દુઃખનો નાશ છે ત્યાં જ વાસ કરે અને ત્યાંથી તેને કોઈ કાઢી મૂકે તેમ નથી. છતાં અનાદિનો જે અધ્યાસ — દેહાધ્યાસ — પડી રહ્યો છે, જે ઋણરૂપે આવી ખડું થાય છે અને તેમાં રાચવા લાગે છે અને એ જ જીવની ભૂલ છે. સમાધિમરણમાં વિઘ્ન કરનાર તો તેની કલ્પના જ છે. તે જાય તો સહજ સ્વાભાવિક નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ બાકી રહે. કલ્પના અંતે પણ જવી જે મુશ્કેલ એવી કલ્પનાનો કલ્પના અનંતમા ભાગે જેણે નાશ કર્યો તેવા પરમ વીર્યવંતા પરમપદ ભોગી પરમાત્માને સર્વભાવે નમસ્કાર!

હરિગીત— કર્મ કરવા દૂર જેનું ચિત્ત ચિંતા ધારતું,
સંત તેવા ઉદીરણાથી કર્મ કાપે, ભાળ તું;
પણ કૃપણ જન સંસારના યે ઉદીરણા સુખની કરે,
સુખ જીવતાં પૂરું કરી દુખ મરણકાળે નીરખે.

---

૨૨ કાર્તિક શુક્લપક્ષ અષ્ટમી, ૧૯૮૫

**અનન્ય શરણના આપનાર પ્રગટ પુરુષોત્તમ પરમાત્માને અતિ શુદ્ધભાવે અત્યંત ભક્તિથી ત્રિવિધ ત્રિવિધ નિરંતર નમસ્કાર હો!**

દોહરા— શ્રી દેવદિવાળી પર્વનો, મહોત્સવ મંડાય;
અષ્ટાહ્નિક એ આજથી, આનંદ મંગળ થાય.

પરમકૃપાળુ દેવ શ્રી રાજચંદ્ર ગુરુ રાય;
કૃપા કરો કિંકર ઉપર, તો તુજ કીર્તન થાય.
નવીન વર્ષમાં પર્વ આ તુજ કૃપા દેનાર;
સફળ કરે નર જન્મને કરી કલ્યાણ અપાર.

હે પરમાત્મા ! આ અધમ બાહ્યવૃત્તિમાં પડેલા આ પામર જીવને રંક જાણી આપના અનુપમ અંતર્દ્વારમાં દાખલ કરી સદાય શરણમાં રાખો. તુંહિ તુંહિ સિવાય અન્ય કાંઈ અંતરમાં ઊગો નહીં. સર્વ ક્રિયામાં એ પરમાત્મપદ પર નિરંતર લક્ષ અખંડ રહ્યા કરો. મન વચન કાયાની પ્રવૃત્તિ સદાય પરમપદમાં અલક્ષ્ય લય (અલખલેહ)માં સમાવા તરફ વહ્યા કરો. અપૂર્વ જિનઆજ્ઞાનું પરમ માહાત્મ્ય સદાય પ્રગટ લક્ષમાં જાગ્રત રહો. સ્વરૂપ સ્થિરતામાં અનન્ય પ્રેમે નિરંતર સ્થિરતા, રમણતા, તન્મયતા સદાય અનંતકાળ સુધી રહ્યા કરે એ અવસ્થાને અહો ! આ જીવ ક્યારે અનુભવશે ? પરમકૃપાળુ એવા મુનિવરોની મહત્કૃપા સર્વ વિશ્વનું કલ્યાણ કરો !

---

*૨૩ અગાસ, માગશર સુદ ૯, શનિ, ૧૯૮૩

લીજે ખબર હમારી દયાનિધિ, લીજે ખબર હમારી.
તુમ તો દીનદયાળ જગતકે, સબ જીવન હિતકારી;
મેં મતિહીન દીન, તુમ સમરથ, ચૂક માફ કર મારી;
ભૂધરદાસ આશ ચરણકી, ભવ ભવ શરણ તિહારી — દયાનિધિ૦

તીર્થક્ષેત્ર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમલની સેવાનો ઇચ્છક દાસાનુદાસ ગોવર્ધનના જયસદ્‌ગુરુવંદન સાથે આત્મભાવે નમસ્કાર સ્વીકારશોજી.

વિ. આપનો પત્ર પ. પૂ. પ્રભુશ્રીજી ઉપર આવ્યો. તે વાંચી તેઓશ્રીજીએ આપને તેમ જ યાદ કરતાં ભાઈબહેનોને આશીર્વાદ સાથે જયસદ્‌ગુરુવંદનપૂર્વક સદ્ધર્મવૃદ્ધિનું કહેલાવ્યું છેજી. પ. પૂ. પ્રભુશ્રીજીની શરીરપ્રકૃતિ વૃદ્ધાવસ્થાદિ કારણે નરમ ગરમ રહ્યા કરે છે. આશ્રમવાસી ભાઈબહેનોએ આપ સર્વેને જયસદ્‌ગુરુવંદન જણાવ્યા છેજી.

પરમકૃપાળુદેવનો ચિત્રપટ છે તેનું બહુમાનપણું ભક્તિ જેટલી થાય તેટલી કર્તવ્ય છે. આપણી ઇચ્છાએ, કલ્પનાએ ધર્મ નથી થતો, પણ સત્પુરુષની આજ્ઞાએ ધર્મ છે. તેથી જે જે આજ્ઞા કરી હોય તેમાં જ આપણું કલ્યાણ સમજી, બીજી કંઈ કલ્પના થાય તે શમાવી, વૃત્તિ પરમકૃપાળુદેવનાં વચનામૃતમાં, સ્મરણમાં, ભજનભક્તિમાં રાખશોજી.

"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ."

આપણને સારું લાગે, ગમે, તેવું કરતાં કરતાં અનંતકાળ ગયો; પણ હજી કલ્યાણ થયું નહીં, તો હવે શું કરવું ? તેનો ઉત્તર ઉપરની આત્મસિદ્ધિની ગાથામાં છે તે બહુ મનન કરવા યોગ્ય છે, કારણ કે મુમુક્ષુએ મોક્ષનો જ વિચાર કરવો ઘટે છે અને તે તો સ્વચ્છંદ

* અહીંથી, પૂ. શ્રી બ્રહ્મચારીજીએ લખેલા મુમુક્ષુઓ ઉપરના પત્રો તિથિ અનુક્રમે આપેલ છે.

રોકાયા વગર મોક્ષ થતો નથી અથવા સ્વચ્છંદ રોકાય તો અવશ્ય મોક્ષ થાય એમ પરમ-કૃપાળુદેવ જણાવે છે. તે સ્વચ્છંદ રોકવા જીવ જપ, તપ, યમ, નિયમ આદિ સાધનો કરવા દોડે તોપણ તેથી મોક્ષની નજીક જવાતું નથી, કારણ કે "વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો." તેમ જ "સૌ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય; સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય?" એમ અનેક પ્રકારે ભુલવણી રહી છે તેમાંથી કેમ છૂટવું? તે સ્વચ્છંદ રોકવાનો ઉત્તમ ઉપાય બીજી જ પાસેની કડીમાં ત્યાં જણાવ્યો છે —

"પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય."

તેથી જેમ બને તેમ સત્સમાગમનો જોગ મેળવવા પુરુષાર્થ કર્તવ્ય છેજી, અને સત્સમાગમે શ્રવણ કરેલા બોધનું મનન, વારંવાર ભાવના કર્તવ્ય છેજી. મનુષ્યભવમાં કર્તવ્ય એક સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ છે અથવા આત્મસ્વરૂપના ઓળખાણની છે અને તે તો આત્મસ્વરૂપ જેને પ્રાપ્ત થયું છે તેવા આપ્તપુરુષના યોગ વિના બની શકે તેવું નથી. માટે એ પુરુષના યોગની ભાવના નિરંતર કર્તવ્ય છેજી. આ કાળનાં અલ્પ આયુષ્ય અને અચાનક મરણ નીપજતાં ભાળીને ચેતવા જેવું છેજી. આખો દિવસ પરકથા અને પરવૃત્તિમાં વહ્યો જાય છે તેમાંથી થોડો કાળ અવશ્ય કાઢી લઈ "હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું? કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?" એવા આત્મા સંબંધીના વિચારમાં વૃત્તિને રોકી આત્માનું ચિંતવન, ભાવના બને તેટલી કર્તવ્ય છેજી.

"उत्तमा स्वात्मचिंता स्यात् मोह चिन्ता च मध्यमा ।
अधमा कामचिन्ता स्यात् परचिन्ता अधमाधमा ॥"

**ભાવાર્થ** — આપણા આત્માના ઉદ્ધારની ચિંતા-વિચારણા કરવી તે ઉત્તમ ચિંતવન કહેવાય છે. મોહને વશ કે શુભ રાગને લઈને બીજા જીવોનું ભલું કરવાની વિચારણા તે મધ્યમ ચિંતવન છે. કામભોગની ચિંતવના કરવી તે અધમ છે અને બીજાનું ભૂંડું થાય, અકલ્યાણ થાય તેવા વિચાર કરવા તે અધમમાં અધમ ચિંતવના છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૪ અગાસ, જેઠ વદ ૫, સોમ, ૧૯૮૭

જળો જેવી ઇંદ્રિયો, વિકારરૂપ રુધિર;
મરણ સુધી પી પી કરે, વસતી તૃષ્ણાનીર. — પ્રવચનસાર

જોકે મનુષ્યભવમાં આવી જીવ સમ્યક્ ધર્મ આરાધે તો મનુષ્યદેહ પામ્યો સાર્થક છે, નહીં તો દેહ છતાં મરેલો જ છે; અને શરીર અપેક્ષાએ તો શ્રી કૃપાળુદેવ જણાવે છે કે "કોઈ પણ જીવને અવિનાશી દેહની પ્રાપ્તિ થઈ એમ દીઠું નથી, જાણ્યું નથી તથા સંભવતું નથી; અને મૃત્યુનું આવવું અવશ્ય છે, એવો પ્રત્યક્ષ નિઃસંશય અનુભવ છે, તેમ છતાં પણ આ જીવ તે વાત ફરી ફરી ભૂલી જાય છે એ મોટું આશ્ચર્ય છે." (૫૧૮) વિચારવાન જીવે

તો આ સંસારનું અનિત્યપણું, અશરણપણું વિચારી પ્રતિબંધ અને પ્રમાદ સર્વથા ત્યાગ કરવાનો વિચાર નિરંતર કરવો ઘટે છે. કારણ કે આ શરીર તો ક્ષણવારમાં પડી જાય, સડી જાય, વીણસી જાય તેવું છે, તેનો ભરુંસો શો ? માટે સર્વ દેહ ઉપરથી મમત્વનો ત્યાગ કરી, દેહમાં રહેલું ચૈતન્ય તેને સદ્ગુરુ–આત્મપ્રાપ્ત પુરુષ પાસેથી સમજી તેનો પરમ નિશ્ચય કરી, તે શુદ્ધ તત્ત્વના દૃઢ અભ્યાસમાં વર્તવું યોગ્ય છે. જેને આવા ભયંકર કળિકાળમાં તત્ત્વાર્થની પ્રતીતિરૂપ કે આપ્તપુરુષની ઓળખાણરૂપ મોક્ષમાર્ગને આપે તેવું સમ્યક્ત્વ થયું તો તેનું જીવિત સફળ છે, અને તેનો જ મનુષ્યભવ ગણાય. બાકી "आहार निद्रा भय मैथुनं च सामान्य एतत् पशुभिः नराणाम् ।"

આપણી સાથે નિરંતર સમીપમાં રહેનાર એવા કેટલાય જીવો દેહ છોડીને ચાલ્યા ગયા છતાં આપણને હજી યથાર્થ વૈરાગ્ય આવતો નથી અને દેહ પ્રત્યે મૂર્છા ઘટતી નથી. જાણે મારે કદી મરવું જ નથી એવા કઠોરપરિણામી આ જીવને ધિક્કાર હો કે હજુ કાંઈ અપૂર્વતા પામ્યો નહીં અને ધર્મ કરતાં માનાદિકની વિશેષ ઇચ્છાએ સર્વે પ્રવૃત્તિ કરી છે તે માન આને કઈ ગતિએ લઈ જશે ? વિચારવાન સ્ત્રીપુરુષે માનાદિકનો પરાજય કરી એક આત્મવિચારણામાં જ કાળ કાઢવો જરૂરનો છે. જે જીવોને અસંગતાના, નિજ સ્વભાવમાં મગ્ન રહેવાના વિચારો નિરંતર સ્ફુર્યા કરે છે તે મહાભાગ્યશાલી પુરુષોને ધન્ય છે ! તે પ્રતિબંધ તથા પ્રમાદને ઝેર, ઝેર ને ઝેર જાણીને ત્યાગે છે. દેહ, સ્ત્રી, પુત્ર, સગાંસંબંધી કે ધનાદિક અનંતવાર આ જીવને પ્રાપ્ત થયાં અને તેને એ મૂકતો આવ્યો છે, છતાં એને વિષે જે મારાપણું રાખતો આવ્યો છે તે મારાપણું જ્ઞાની મહાત્માનો બોધ વિચારી કદી છોડયું નથી. માટે આ દેહે જ તે મારાપણું છોડવું છે અને તેને માટે કોઈ એક સત્પુરુષને શોધી તેના ચરણકમલમાં તન મન ધન સર્વસ્વ અર્પણ કરી મોક્ષ સિવાય કશી કામના રાખવી નથી. માત્ર સાચા મારગ બતાવનારા એવા સદ્ગુરુ પરમકૃપાળુ દેવાધિદેવ શ્રીમદ્ રાજચંદ્ર દેવનું શરણું લઈ સમાધિપૂર્વક આ દેહ ટકે ત્યાં સુધી તેની તે જ ભાવના રાખીશું અને અંતે તે પરમપુરુષના શરણસહિત દેહત્યાગ કરીશું તો ખચીત સત્સમાધિને પામીશું. પુરુષાર્થ વર્ધમાન કરી અનર્થદંડ અને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યા જતા ચિત્તને "સહજાત્મ-સ્વરૂપ પરમગુરુ"ના સ્મરણમાં, તેના શરણના માહાત્મ્યમાં, કળિકાળમાં આટલો જોગ બની આવ્યો છે તે અહોભાગ્ય ગણી તેને અમૂલ્ય ચિંતવી, તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર નિરંતર સ્તવવામાં, પોતાના દોષ જોઈ દોષને ટાળવામાં ચિત્તવૃત્તિને રોકવી ઘટે છે. જેણે મોક્ષ મેળવવા કેડ બાંધી છે, તેણે જગત તરફ પૂંઠ ફેરવી છે. જગતને અને તેને કાંઈ લાગતુંવળગતું નથી. માત્ર તેને તો હવે જેટલાં પરપુદ્ગલ ગ્રહણ થયાં છે તે ઋણ પતાવી મુક્ત થવું છે, તો રાગદ્વેષ મોહમમતા કરી નવાં પુદ્ગલ ગ્રહણ કરવા કરતાં મરણને અંગીકાર કરવાનું તે વધારે પસંદ કરે છે. આવી મહાપુરુષની મનોવૃત્તિમાં આપણી વિચારણા નિરંતર રમણતા કરો એવી ઇચ્છા સહિત પત્ર પૂર્ણ કરું છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૨૫ અગાસ, ભાદરવા સુદ ૮, રવિ, ૧૯૮૩

આપનો પત્ર આવ્યો. તે વાંચી સર્વ હકીકત જાણી છે. આવી ક્ષમાપનાઓ જીવે અનેક વાર માગી છે અને બીજાને માફી આપી છે; છતાં આ જીવને હવે કોઈ પણ જીવ સાથે સ્નેહબંધન કે દ્વેષબંધન ન થાય, કેવળ એક સમરસ વીતરાગભાવ રહે એવો ભાવ હજુ કોઈ કાળે આવ્યો નથી; તેવા ભાવો પ્રાપ્ત કરવા તેવો પુરુષાર્થ પણ કરતો નથી; ઊલટી માયાની અને કષાયની વૃદ્ધિ કર્યા કરે છે. પ્રતિબંધ વધારતો હોય અને પોતાના ખ્યાલમાં ન આવતું હોય અને પોતે, ઊલટો હું ત્યાગી, વૈરાગી છું એમ માનતો હોય, આવા જીવને મુમુક્ષુ કહેવો કે મોહનીયકર્મે ઠગેલો કહેવો? તે વિચારવા યોગ્ય છે. જેમ બને તેમ વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ કરવી અને વીતરાગતા આત્મામાં પરિણામ પામે તેવા સમકિતના શમ-સંવેગાદિ ગુણો આત્મામાં પ્રાપ્ત થાય તેવો સત્સમાગમ કે સત્શાસ્ત્રનો લક્ષ રાખી આ ભયંકર સંસાર તરફથી પૂંઠ ફેરવી, સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર જે આત્મ-સ્વરૂપમય છે એવો અખંડ રત્નત્રયમય આત્મા પરમ શાંતરસમાં બિરાજમાન તે આત્મા તરફ દૃષ્ટિ કરવી એટલે બોધબીજની વૃદ્ધિ કરવી અથવા બોધબીજની પ્રાપ્તિ થાય એવો આત્મવિચાર કરી આત્માને મોહરહિત કરવો, એ જ ઉત્તમ કલ્યાણનો માર્ગ છે. વિશેષ શું લખવું? કારણ કે જ્ઞાનીપુરુષોએ કાંઈ કહેવામાં બાકી રાખી નથી, પણ આ જીવે તે પ્રમાણે કરવામાં બાકી રાખી છે. કારણ કે અનંતકાળથી આજ દિન સુધી કાંઈ આત્મામાં અપૂર્વતા આવી નથી, તેમ સત્પુરુષની આજ્ઞા પણ સાચા અંતઃકરણે ઉઠાવી નથી. ઊલટું આ જીવે સત્પુરુષને વંચવા જેવું કર્યું છે; જોકે સત્પુરુષ તો નિઃસ્પૃહ છે તેથી કંઈ ઠગાતા નથી, પણ પોતે પોતાને ઠગે છે અને પોતે પોતાનો વેરી બને છે એવી આ જીવની અધમ દશા છે. તે અધમ દશાથી પરમકૃપાળુ પરમાત્મા શ્રી ગુરુ આપણને બચાવે તેવી તેમની પાસે નમ્ર પ્રાર્થના કરી દીનપણું દર્શાવી અને હવે પછીના કાળમાં તેવા દોષો આત્મામાં ન આવે તેવી પ્રાર્થના નિરંતર અંતરજામી શ્રી ગુરુ પાસે કરી, સર્વ દોષનો અભાવ કરી, કેવળ વીતરાગતા પ્રગટ કરી સ્વરૂપમાં સમાઈ જવું એ જ કર્તવ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૬

દોહરા — કમાણી કરતાં કષ્ટ ને, સાચવતાં સુખનાશ;
વધતાં ઘટતાં દુઃખ દે, ધિક્ ધન કેરી આશ.
વિનય ધર્મનું મૂળ છે, વિનય મોક્ષ દાતાર;
વિનય નહીં તો ધર્મ શો? શો તપનો આચાર?
વિનય થકી વિજ્ઞાન છે, જ્ઞાને દર્શન જાણ;
દર્શનથી ચારિત્ર ને, તેથી મોક્ષ સુખખાણ.

આ ભવમાં જે દૃષ્ટિ પ્રાપ્ત કરવી છે અને મનુષ્યભવનું સફળપણું કરવું છે તે લક્ષ આ અસાર સંસારની મોહિનીથી ભૂલી ન જવાય તે માટે ઘણી કાળજી રાખવાની જરૂર છે. આ ભવમાં જ ઉપયોગી ગણાતી અને ખરી રીતે સર્વથા ત્યાગવા યોગ્ય એવી લક્ષ્મી પ્રાપ્ત—

કરવામાં કેટલાં બધાં વિઘ્નો અને ક્લેશ સહન કરવાં પડે છે? તો અમૂલ્ય અને કોઈ કાળે આ જીવ પામ્યો નથી એવી આત્માની ઓળખાણ કરવામાં અનેક પ્રકારે વિઘ્નોનો સંભવ ઘટે છે. તોપણ ધનપ્રાપ્તિનાં કષ્ટ કરતાં અનેકગણાં કષ્ટ વેઠીને પણ તે પ્રાપ્ત કરવા યોગ્ય છે, કારણ કે આખરે તો સાચી સમજણ જ કામની છે. સત્પુરુષને શોધીને તેને પગલે પગલે ચાલવાથી જ તે પ્રાપ્ત થઈ શકે તેમ છે. તેમ છતાં જીવ અનાદિકાળથી લોકોની માન્યતા ઉપર આધાર રાખતો આવ્યો છે. લોકોએ માન્યું તે સુખ, લોકો જેને ઇચ્છે તેને પોતે ઇચ્છે, લોકો જેથી રાજી થાય તેમાં જીવનકાળ ગુમાવતો આ જીવ આવ્યો છે, પણ તેથી આત્માનું રૂડું થયું નથી. આત્માનું કલ્યાણ જેણે સાધ્યું છે તેવા પુરુષ ઉપર દૃઢ શ્રદ્ધા, લક્ષ, પ્રતીતિ આવ્યા વિના આત્મહિતનો માર્ગ કોઈ કાળે પ્રાપ્ત થવા યોગ્ય નથી; માટે આ ભવમાં મોક્ષાર્થે વિશ્વાસ રાખવા લાયક કોઈ સદ્‌ગુરુ ઉપર દૃષ્ટિ થાય, તેવો સમાગમ, તેવો બોધ, તેવાં શાસ્ત્રોનો પરિચય કરવા યોગ્ય છે, અને તે દ્વારા યોગ્યતા પ્રાપ્ત થયે, સદ્‌-ગુરુની શ્રદ્ધા થયે સત્‌માર્ગ હાથ આવવા યોગ્ય છે. આ પ્રથમ પગથિયું પ્રાપ્ત થવામાં મુખ્ય વિઘ્ન કરનાર પાંચ ઇંદ્રિયના વિષયો — ખાવું, પીવું, મોજશોખ, વ્યસનો, મિત્રો, સગાં, કુટુંબી આદિ પ્રતિબંધ તથા ક્રોધ, માન, માયા, લોભ, અહંભાવ, મમત્વભાવ, અજ્ઞાન આદિ અંતર શત્રુઓ છે તે બધા ઉપરથી ભાવ ઉઠાડી, આ આત્માની શી ગતિ થશે? આ ભવનાં કાર્યોના પ્રમાણમાં આત્મહિતનાં પ્રથમ કરવા યોગ્ય કાર્યો કેટલાં થાય છે? અને આળસ, પ્રમાદ, વાતચીત, ગપ્પાં, નિંદા, હાંસી, ઠઠ્ઠા વગેરેમાં નકામો કાળ કેટલો જાય છે? વગેરે વિચારો વિચારવાન જીવે ભૂલવા યોગ્ય નથી. "કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું." (૨૫૪) "જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ."

---

૨૭ અગાસ

**સાક્ષાત્ સજીવનમૂર્તિ આનંદમૂર્તિ શ્રી પરમપુરુષને નમસ્કાર!**

આ ઉત્તમ મનુષ્યભવ જેમ તેમ જવા દેવા યોગ્ય નથી. તેમ કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવું યોગ્ય નથી. આ કાળનાં અલ્પ અને અનિયમિત આયુષ્ય તરફ નજર કરીએ તો આ સઘળું સ્વપ્ન સમાન લાગ્યા વિના નહીં રહે. તાડના ઝાડ ઉપરથી ફળ પડે તેને જમીન ઉપર આવતાં બહુ વાર લાગતી નથી તેમ ગર્ભમાં આવી જન્મ થયા પછી જીવને મરણરૂપી ભૂમિકા સ્પર્શતાં બહુ લાંબો કાળ લાગતો નથી. વચલા ગાળામાં જે કાળ જાય છે તે નહીં જેવો છે, તેમ જન્મમરણ વચ્ચેનો કાળ આપણે આરંભ-પરિગ્રહ, ધન કમાવામાં કે સગાસંબંધીની ચિંતામાં કે સુખની સામગ્રી એકઠી કરવામાં ગાળીએ છીએ તે અનાદિકાળના હિસાબમાં અલ્પ સમય છે, કંઈ ગણતરીમાં નથી છતાં તેમાં જીવ કેટલો ક્લેશ કરે છે? કેટલાં બધાં કર્મ બાંધે છે? જાણે અહીં ને અહીં અનંતકાળ રહેવું હોય તેમ બધી ગોઠવણ કરે છે, પણ સ્વપ્નમાં ઊંઘતા માણસને આંખ ઊઘડતાં જ બધું સ્વપ્ન મિથ્યા લાગે, તેમ સદ્‌ગુરુના બોધે સમ્યક્ સમજ આવતાં તેને આ બધી સંસારની ધમાલ સ્વપ્ન સમાન કે સિનેમાના ખેલ જેવી કે નજરબંધી કરી લોકોને આશ્ચર્ય પમાડનાર જાદુના ખેલ જેવી

આપણી બધી પ્રવૃત્તિ લાગે છે. માટે આ નકામી અને અંતે અનર્થકારી સંસારી પ્રવૃત્તિમાં ચિત્તની વૃત્તિ વહેતી હોય તે સદ્ગુરુને શરણે લાવી સંસારનો નાશ કરવા ચિત્તમાં લક્ષ રાખવો યોગ્ય છે. માટે આજ સુધી થઈ તે થઈ. પણ હવે કાળ નકામો ન જાય, અને જેમાં આપણે કંઈ લેવાદેવા ન હોય તેવાં કામમાં પડી નકામાં કર્મબંધન કરવામાં ખોટી થવું અને મરવું એ બરાબર છે એમ માની, આ આત્માની દયા લાવી, આઓ કાળ તેને સંસારમાં રઝળવું ન પડે તેવી શુભ પ્રવૃત્તિમાં સદ્ગુરુ આજ્ઞાએ વર્તવામાં કાળ ગાળવો યોગ્ય છેજી.

---

૨૮ અગાસ, ભાદરવા વદ ૩૦, શનિ, ૧૯૮૪

વિપત્તિ, વારુ, વિચારતાં, કાયા કસોટી દુઃખ;
સદ્ગુરુ બિન શા કામનાં, માયા સંપત્તિ સુખ.

આ સંસારમાં જીવ અનાદિકાળથી અજ્ઞાન દશામાં ભ્રાંતિપણે પરિભ્રમણ કર્યા કરે છે, પણ "હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?" એવા વિચાર પ્રેરનાર કોઈ સત્પુરુષનો તેને યોગ થયો નથી. સંસારની અનિત્ય અને અસાર ઇન્દ્રવારણા જેવી વસ્તુની વાસનામાં આટલાં વર્ષ ખોયાં તોપણ જીવને સત્ય વસ્તુ પ્રત્યે પ્રેમ ન આવ્યો. તેનું કારણ, કોઈ સત્પુરુષની શોધ કરી સર્વ સંશય ટાળી પરમશાંતિ પ્રાપ્ત કરવાની જીવને જિજ્ઞાસા જાગી નથી; અને સત્સંગ સત્પુરુષનો યોગ મેળવી તેના બોધનો વિચાર કરવા જીવ ઝૂરણા નહીં કરે ત્યાં સુધી સાચો માર્ગ મળવો મુશ્કેલ છે. પાંચ ઇંદ્રિયોના વિષયો જીવને પ્રિય લાગ્યા છે તેથી ઇંદ્રિયોની ઇચ્છાઓ પૂરી પાડવા દેશપરદેશ ભટકી અનેક સંકટો વેઠી અથાગ પરિશ્રમ જીવ ઉઠાવે છે. એટલી જ જરૂર જો આ આત્માને જન્મ, મરણ, રોગ, વ્યાધિ, નરક, તિર્યંચના દુઃખમાંથી છોડાવવા માટે જણાય તો જીવ તે માટે પણ પુરુષાર્થ કરવા લાગે. પણ ઉપલક દૃષ્ટિએ જીવને નાટક જેમ પ્રિય લાગે છે પણ ધનનો વ્યય, ઉજાગરો, કુસંગ અને કર્મબંધન તથા ટેવ પડી જાય તો મહા હાનિ થાય તે દેખાતાં નથી પણ વિચાર કરે તો જણાય, સમજાય તેમ છે; તેમ જ આ અસાર સંસારને સત્ય માની જીવ અનેક કષ્ટો માત્ર ધન મેળવવા ઉઠાવે છે અને ઘણાં હલકાં કામ કરે છે, તેનો વિચાર કોઈ સદ્ગુરુ-સમાગમે થાય તો દૃષ્ટિ ફરતાં સત્ય વસ્તુ આ મનુષ્યભવમાં સમજી શકાય તેમ છે. મનુષ્યભવની તો સ્વર્ગના દેવો પણ ઇચ્છા કરે છે તેવો અમૂલ્ય અવસર પામી જીવ જો સંસારી સ્વાર્થી લોકોની પાછળ દેખાદેખી ગાડરની પેઠે વહ્યો જાય તો તેનો ભવ પશુ સમાન ગણાય. પોતાને પાકો વિચાર કરવાની શક્તિ ન હોય અને તેવો જોગ ન હોય તોપણ જીવ જો સદ્ગુરુએ જે જાણ્યું છે તે મારે માન્ય છે અને તેની આજ્ઞાએ વર્તી મારે મારા આત્માનું કલ્યાણ કરવું છે એવો દૃઢ નિશ્ચય કરી, પાપનાં – અનીતિનાં કાર્યથી ડરતો રહે અને સત્પુરુષનો સમાગમ, બોધ અને સેવાની ભાવના રાખી આટલો આવરદા – જીવનકાળ એ સાચા પુરુષનો નિશ્ચય કરી તેનો આશ્રય ગ્રહણ કરે તો પરમસુખનાં કારણની તેને પ્રાપ્તિ થવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર દેવનાં વચનો અમૃત સમાન છે. તેનું અવલંબન લઈ તે જ પુરુષ ઉપર દૃઢ

પ્રતીતિ થઈ જાય કે તેની આજ્ઞામાં જ આટલું જીવન ગાળવું છે, તો તે ભાવના પણ પરમ કલ્યાણકારી છે. મરણની કોઈને ખબર નથી. મોટા થઈને કે ઘરડા થઈને મરી જાય એમ બનતું નથી અને આ લાગ ખોયો તો મનુષ્યભવ, આર્યદેશ, ઉત્તમ કુળ અને ધર્મ પામવાની આવી જોગવાઈ મળવી મહા મહા દુર્લભ છે. કળિકાળ છે અને અસત્સંગથી જીવ ઘેરાઈ રહ્યો છે. તેમાં માત્ર સત્પુરુષનાં વચનામૃતો, સત્સંગ અને ધર્મમાં વૃત્તિને વારંવાર જોડવાનો પુરુષાર્થ જીવ સવેળા ચેતીને કરે તો તરવાનો ઉપાય કંઈક હાથ લાગે, નહીં તો આ ભવ હારી ગયા પછી શું થશે? એ વિચારતાં ત્રાસ છૂટે એવાં આ કાળના જીવોનાં કર્મ જ્ઞાનીપુરુષે જાણ્યાં છે. એવાં કર્મ ન હોય તો આ કાળે આવા ક્ષેત્રે જન્મ ન હોય. ડાહ્યા પુરુષે પોતાનું હિત કરવા અર્થે સત્પુરુષની કોઈ આજ્ઞા — રાગદ્વેષ તજવાની, સ્મરણમાં રહેવાની કે જે કોઈ કરી હોય તેમાં ચિત્તને વારંવાર રોકવું યોગ્ય છે.

---

૨૯ અગાસ, માગસર વદ ૧૩, ૧૯૮૫

દેહભક્ત જગમેં ઘણા, દેશભક્ત છે સ્તોક;
દેવભક્ત જગમેં ઘણા, ગુરુભક્ત છે કોક.

ચક્રવર્તીની સમસ્ત સંપદા કરતાં પણ મનુષ્યભવની એક પળ પણ વિશેષ મૂલ્યવાન છે. એવા મનુષ્યભવના રત્નખચિત આભૂષણ જેવા દિવસોના દિવસો ઉપરાઉપરી ચાલ્યા જાય છે, પણ જીવને તેનો સદુપયોગ કરી લેવાનું સૂઝતું નથી એ વારંવાર વિચારવા જેવું છે. આવા ને આવા દિવસો સદાય રહેતા નથી એમ જાણ્યા છતાં, વૃદ્ધાવસ્થા, રોગ અને મરણનું અવશ્ય આવવું છે એમ જાણ્યા છતાં જીવને વિચાર સરખો નથી આવતો કે પૂર્વપુણ્યની કમાણીને લીધે અત્યારે આ મનુષ્યભવની પ્રાપ્તિ થઈ, ઉત્તમ કુળમાં જન્મ થયો, ધારે તો ઘણો પુરુષાર્થ કરી શકે તેવી શરીર, મન, વચન, ધન, ધર્મ આદિની શુભ જોગવાઈ મળી છે. નીરોગ અવસ્થા અને જુવાનીની સાથે લગી જોગવાઈ ફરી ફરી પ્રાપ્ત થતી નથી.

આ બધાં સાધનો જો શુભમાર્ગમાં વપરાય તો પરભવનું હિત સાધી મોક્ષમાર્ગે પમાડે તેવું સમકિત પ્રાપ્ત થાય અને અનંત ભવનું પરિભ્રમણ ટળી જાય ને વધારેમાં વધારે પંદર ભવે તો અવશ્ય મોક્ષ થાય; નહીં તો તે જ ભવે કે બેચાર ભવે મોક્ષ થાય. કેવી સરસ કમાણી? પણ હજી પરિભ્રમણથી જીવ થાક્યો નથી. ધર્મના માર્ગમાં વિઘ્ન કરનાર પાંચ ઇંદ્રિયોના વિષયોની સામગ્રીમાં આસક્તિ અને ક્રોધ, માન, માયા અને લોભનાં કારણોમાં હજી જીવને મીઠાશ લાગે છે. નાટક જોવું હોય તો આખી રાત્રિ જાગી ધન અને નેત્રનો દુરુપયોગ કરવામાં પાછો ન પડે; પણ ભક્તિ, ભજન, મુખપાઠ, વાચન, વિચાર, સ્મરણ આદિ ધર્મકાર્યો કરવામાં આળસ થાય, ઊંઘ આવે, કંટાળો આવે અને પડતું મૂકે, કાલ થશે એમ મન વાળે; પણ કાલે મોત આવશે, રોગ આવશે, શિથિલપણું, ગાંડપણ અને અનેક આધિ, વ્યાધિ, ઉપાધિની જાળ ક્યારની કેટલી વાટ જોઈ રહી હશે તેનો વિચાર આવતો નથી. બિલાડી વાસણમાં દૂધ ભરેલું દેખે છે પણ પાસે ડાંગ પડી છે તે દેખતી નથી, અને દેખે છે તો તેને ભાન નથી કે દૂધ પીવા જતાં કેડ ભાંગી જશે તો શી વલે

થશે? આ બધાં દૃષ્ટાંતોથી કહેવાનું એ કે પૂર્વની કેટલી કમાણી જીવ વાપરી નાખે અને ભવિષ્યના હિત માટે કંઈ પણ ન કરે તો કેવું ગણાય? જુવાનીમાં બાપનું રાખેલું ધન ખોઈ બેસનારને. વૃદ્ધાવસ્થામાં નવું કમાઈ શકે તેવું જોર નથી ને કંઈ સંઘરી રાખ્યું નથી તેને ભીખ, દુઃખ, તિરસ્કાર સહન કરવાં પડે છે. તેવી આપણી દશા ન થાય, મનુષ્યભવ હારી ન બેસાય, નરક પશુના ભવમાં રખડવું ન પડે તે માટે અત્યંત કાળજી રાખવી ઘટે છેજી અને એ બધાથી ઊગરવાનો ઉપાય, કોઈ સત્પુરુષે સંતસમાગમે બોધ દ્વારા જણાવેલું સાધન તથા પ્રતીત કરવા યોગ્ય આપ્તપુરુષ પર દૃષ્ટિ નખાવી હોય તેના ઉપર સાંસારિક સર્વ વસ્તુ કરતાં વિશેષ પ્રેમ, પ્રતીતિ અને ભક્તિ કરવી એ સર્વોત્તમ ઉપાય છે.

---

૩૦ અગાસ, તા. ૧૮-૫-૨૯

તત્ ૐ સત્ વૈશાખ સુદ ૧૦, ૧૯૮૫

દુહો— ભોજન દેહ ટકાવવા, દેહ જ્ઞાનને કાજ;
જ્ઞાન કર્મક્ષય કારણે, તેથી મોક્ષ સુખસાજ.
અનુષ્ટુપ— ધન્ય જ્ઞાની મહાત્માને કૃતકૃત્ય કહાવિયા;
વિનાશી દેહથી જેઓ, અવિનાશી પદે ગયા.
મરણ સર્વને માથે દેખો નહીં કો'નું રખવાળું;
દૃઢ વિશ્વાસ પ્રભુનો રાખો, પ્રભુ છે પરમ દયાળું.

આપનો પત્ર પ. ઉ. પ્રભુશ્રીજીને વંચાવ્યો છેજી. તેનો ઉત્તર તેઓશ્રીજીએ નીચે પ્રમાણે લખાવ્યો છેજી. બીજું પચખાણ સંબંધી આપ બન્ને ભાઈઓએ દર્શાવ્યું છે તેના ઉત્તરમાં પરમ દયાળુ ભાવદયા સાગર પ્રભુશ્રીજીએ જણાવ્યું છે કે પરમોત્કૃષ્ટ ઉપકારી દેવાધિદેવ પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના ચિત્રપટ સન્મુખ ઊભા રહીને જે પ્રમાણે પચખાણ લેવા ધાર્યું હોય તે મનમાં ચિંતવી ત્રણ વાર નમસ્કાર કરી આજ્ઞા લઈ લેશો એટલે ભાવપચખાણ તમારે થયું. જેટલા વખત સુધીનું અને જેટલી વસ્તુઓનું જેમ લેવું હોય તે કાગળ કે નોટમાં નોંધી રાખશો અને ઉપયોગપૂર્વક પાળશોજી.

અનાદિકાળથી આ જીવ સ્વચ્છંદે ચાલી અજ્ઞાનભાવમાં જ પરિણમ્યો છે તેને સત્પુરુષના સમાગમની અને અપૂર્વ બોધની જરૂર છે. સત્પુરુષના બોધમાં જીવ રંગાય અને સ્વચ્છંદ છોડી તેની આજ્ઞાએ પોતાની વૃત્તિઓને કંઈ નિયમમાં આણે અને તે આજ્ઞા ઉઠાવવામાં પોતાનું અહોભાગ્ય માની ઉલ્લાસ લાવી વીર્ય ફોરવી વિઘ્નોની સામે થઈ લીધેલા નિયમોમાં દૃઢ રહે તો કલ્યાણનો માર્ગ પામવા જીવની જોગ્યતા જાગે. નિજછંદે ચાલીને તો જીવે ઘણાં વ્રત, નિયમ, સંયમ પાળ્યાં, પણ સત્પુરુષની દૃષ્ટિએ તેની આજ્ઞાએ જીવ વર્ત્યો નથી, નહીં તો આજ સુધી તેને પરિભ્રમણ કરતાં કરતાં આવા કળિકાળમાં આવા ક્ષેત્રમાં અને આવા ભાવો અને વિકારોમાં પરિણમવાપણું ન હોય. સત્પુરુષના બોધે જીવમાં વીર્ય જાગે છે અને તેથી વીર્યના વેગમાં આવી જીવ વ્રત ગ્રહણ કરે છે. પણ તેવા જોગ વારંવાર મેળવી તે વેગને પોષણ મળતું ન રહે તો જીવ હીનવીર્યવાળો થઈ શિથિલપરિણામી થઈ જાય. માટે સત્સંગ,

સત્પુરુષનાં વચનોનું બહુમાનપણું અને તેનો અભ્યાસ, તેમાં જ ચિત્તની રુચિ, રમણતા અને તલ્લીનતા રહે તેમ કર્તવ્ય છે.

વારંવાર જેમ આહાર, વિહાર, વૈભવના વિચાર આવ્યા કરે તેથી વિશેષ વાર અને વિશેષ ભાવે સત્પુરુષનાં વચન, તેની મુદ્રા, તેની આજ્ઞાનું સ્મરણ રહ્યા કરે તેવો પુરુષાર્થ આ જીવે અવશ્ય કરવા જેવો છે. આ જીવે મહા મૂલ્યવાન નરભવ પામીને આજ સુધી કાંઈ આત્મકલ્યાણનું સાધન કર્યું નથી એ વારંવાર વિચારવા યોગ્ય છે અને આવાં ને આવાં શિથિલ પરિણામ અને સંસારભાવના વર્તતી હોય અને મૃત્યુ આવે તો કેવી દુર્ગતિમાં જીવને પરિભ્રમણ કરવું પડે તે પણ ભૂલવા જેવું નથી. આખા દિવસમાં આવતા વિચારોની એક નોંધ કરીએ તો આપણને જરૂર લાગશે કે આપણે પાંચ ઇંદ્રિયોના વિષયોમાં જ હજી ડૂબી રહ્યા છીએ અને જે ઇંદ્રિયોને જીતીને આત્માનો બોજો હલકો કરવો છે તે ઇંદ્રિયોના તો આપણે ગુલામ જેવા બની ગયા છીએ. ખરી રીતે એ પાંચ ઇંદ્રિયો તે જન્મમરણ કરાવનારાં કર્મબંધ પાડવામાં આગેવાન છે તેથી મહાપુરુષોએ તેમને વિષધર સાપની ઉપમા આપી છે. ઘરમાં સાપ હોય ત્યાં સુધી ઘરધણી નિશ્ચિંતે ઊંઘતો નથી, તેને મરણનો ડર રહ્યા કરે છે; તો આ તો પાંચે સાપને સોડમાં રાખી આપણે સુખી થવા ઇચ્છીએ છીએ તે કેમ બને? જ્યાં સુધી ઇંદ્રિયો વશ ન થાય ત્યાં સુધી સુખે સૂવા યોગ્ય નથી. તેમાં પ્રથમ જીભ જીતવા યોગ્ય છે. જે આહાર ભાણા વખતે આવે તે ઉપર તુચ્છ બુદ્ધિ રાખી, જેમ ગમે તેવો કચરો નાખી ખાડો પડેલો પૂરી દઈએ તેમ ભૂખ શમાવવા અને દેહ ટકાવવા પૂરતો આહાર લેવાની ટેવ પાડવી—એ પહેલી જરૂર છે. રસ માટે અને બળવીર્ય માટે કે જીભની લોલુપતા માટે આહાર નથી એમ જાણી નીરસ, સાદો, ભૂખ મટાડે તેટલો જ આહાર લેવાની ટેવ પાડવાથી તેની અસર બીજી ઇંદ્રિયો ઉપર પણ થશે, બ્રહ્મચર્ય પાળવામાં મદદ કરશે. 'જેવો આહાર તેવો ઓડકાર' અને 'જેવા ભાવ તેવા વિચાર.' આમ ઇંદ્રિયો જીતવા, આત્મહિત કરવા પચખાણ કરું છું એમ વિચારી હલકા, નજીવા, અશુભ વિચારોને મનમાં પ્રવેશ થવા દેવાની મનાઈ કરવી અને મન જે દુરિચ્છા કરે તેની સામે પડવું. તેને વશ થવું નહીં, પણ મનને વશ કરવા પ્રયત્ન કરવો, પુરુષાર્થ કરવો. એ જ.

---

૩૧ અગાસ

પરમ પુણ્ય પવિત્ર ક્ષેત્ર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમથી લિ. સત્પુરુષના ચરણકમલની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાલ ગોવર્ધનના જયસદ્ગુરુ વંદન સ્વીકારશોજી.

શ્રી આનંદઘનજીએ શ્રી ઋષભદેવ ભગવાનની સ્તવનામાં જણાવ્યું છે—

"ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ—
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે."

ચોવીશીની આ ગાથામાં જે 'ચિત્તપ્રસન્નતા' કહી છે તે, તેમ જ 'કપટરહિત થઈ આતમ અરપણા' કહી છે એ બન્ને પદ મુમુક્ષુ જીવાત્માને વારંવાર વિચારવા યોગ્ય છે. એ

આખા સ્તવનનો લગભગ સંપૂર્ણ ચિતાર પરમકૃપાળુદેવે પરમકૃપા કરી 'શ્રીમદ્ રાજચંદ્ર' પાન ૫૭૦થી ૫૭૪ સુધી વિસ્તારથી કર્યો છે તે અવકાશે વિચારશોજી.

અત્રે માત્ર 'ચિત્તપ્રસન્નતા' ઉપર થોડું કંઈક લખવા ભાવદયાસાગર પૂ. પ્રભુશ્રીજીએ સૂચવેલ છે તે અનુસાર જણાવવું થાય છેજી. ઈશ્વરપૂજાનું ફળ બધું ચિત્તની પ્રસન્નતામાં સમાય છે એમ શ્રી આનંદઘન મહારાજ જણાવે છે. તેનો ઘણો ગહન અર્થ છે અને પરમ-પુરુષોની કૃપાદૃષ્ટિ થયે તે ફળ પ્રાપ્ત થાય તો મોક્ષ પછી દૂર નથી. પણ આપણી અલ્પ-મતિમાં, સમજમાં સહેલાઈથી આવે તેવો ઉપર ઉપરથી વિચાર કરીએ તો જણાશે કે ચિત્તની ચંચળતા, અસ્થિરતા એ જ દુઃખનું કારણ જણાય છે. ચિત્ત ચોતરફ માંકડાની પેઠે ફરતું છે તેનો તો આપણ સર્વને અનુભવ છે. "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર" એમ પુષ્પમાળામાં કહ્યું છે તેનું કારણ પણ એ જ છે કે ચંચળ ચિત્ત રાતદિવસ કર્મ બાંધવાનું જ કારખાનું ચલાવ્યા કરે છે. રાત્રે ઊંઘમાં પણ તેનું જ કામ ચાલતું હોય છે. એ ચંચળતા શાથી થાય છે એ જણાય તો શાથી દૂર થાય તે પણ જણાય. અને તે ટાળવાનો ઉપાય કર્યે ચિત્તની પ્રસન્નતા થવી સંભવે છે.

'નવરો બેઠો નખોદ વાળે' એ કહેવત છે તે પ્રમાણે ચિત્તને કામ ન આપ્યું હોય તો નકામી કલ્પનાઓ કરી કર્મના ગાઢ ઢગલા બાંધી દે છે. ઘડીકમાં ગામ સાંભરે ને ઘડીકમાં ભાઈ સાંભરે, તો ઘડીકમાં સ્ત્રી સાંભરે તો ઘડીકમાં મિત્રો સાંભરે અને શેખચલ્લીના તરંગોની પેઠે બેઠું બેઠું ચિત્ત ઘાટ ઘડ્યા કરે અને સંસારપરિભ્રમણની સામગ્રી એકઠી કરે છે. કોઈ વિચારથી ચિત્તમાં રતિ હર્ષ થાય અને કોઈ વિચારથી ખેદ થાય એ બન્ને કર્મ-બંધનાં કારણો છે. આમ જો ચિત્તના ચોપડાનો હિસાબ ન રાખીએ તો શું કમાવા ગયા અને શુંય કમાવી આવીએ? માટે રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, માન, માયા આદિને આધીન થઈ નકામા વિચારોમાં ચિત્ત પરોવાઈ જતું હોય; નહીં લેવા કે નહીં દેવા, જેની આપણે કોઈ દિવસ જરૂર નથી એવી વસ્તુઓ દેખીને, સાંભળીને, ઇચ્છા કરીને કર્મ બાંધીએ તેમ ચિત્ત વર્તતું હોય તેથી ચેતતા રહેવું ઘટે છેજી. વેપારધંધા માટે ખોટી થવું પડે તે જુદી વાત, પણ નકામો વખત ઘણો વહી જાય છે તેનો હિસાબ અનાદિના અધ્યાસને લઈને રહેતો નથી અને કોઈને રાજી કરવામાં કે કોઈથી નજીવી બાબતોમાં રાજી થઈ જીવ સંસારપ્રવાહમાં તણાતો જાય છે. ત્યાંથી અટકી પૈસેપૈસાનો હિસાબ રાખીએ તેમ પળેપળ અને કલાકેકલાકનો હિસાબ રાખવો ઘટે છે. પણ તેથી કરીને ખેદ કરવો ઘટતો નથી કે મારાથી કંઈ થતું નથી, હું કુટુંબથી દૂર છું, એકલો છું, સારી સોબત નથી, મારાથી શું થાય? મારે બહુ કામ છે એમ વિચારી પુરુષાર્થ મંદ કરવો ઘટતો નથી, તેમ ખેદ કે શોક પણ કરવો ઘટતો નથી. પણ એમ વિચારવું ઘટે છે કે પૂર્વે બાંધેલું પ્રારબ્ધ મને આ સ્થળે લાવ્યું છે, અને આ લોક, આ ગામ, આ ઝાડ, આ ખોરાક અને આ પાણીનું પ્રારબ્ધ હશે તો તે આવી મળ્યું છે; તેમાં મારું ધાર્યું શું થાય છે? કર્મ આધીન સર્વ જગત છે. જે પ્રાણીને કર્મે શીંગડાં આપ્યાં તેમને શીંગડાંનો ભાર માથે લઈને ફરવું પડે છે. કોઈને સૂંઢ, કોઈને કેશવાળી

તો કોઈને કાંટા જેવાં મિસોળિયાં લઈને ફરવું પડે છે. તેમ આ ભવમાં જે પ્રારબ્ધ અનુસાર સગાં, સંબંધી, બુદ્ધિ, બળ, રૂપ, ધન, વૈભવ પ્રાપ્ત થયું હોય કે થાય તે વિષે હર્ષ કે ગર્વ વા શોક કે ખેદ કર્તવ્ય નથી. પણ જેમ રેતીમાંથી કાચ બનાવનારા કે ચીંથરાંમાંથી કાગળ બનાવનારા પ્રાપ્ત વસ્તુનો સારો ઉપયોગ કરે છે, તેમ આપણને જે સામગ્રી મળી તેથી આ ભવ અને પરભવ સુધરે તેવો પુરુષાર્થ કરવો; પણ આશા, તૃષ્ણા અને વાસનાની જાળમાં ગૂંચાઈ રહેવું નહીં. થવાનું હશે તે થશે. બનનાર તે ફરનાર નહીં ને ફરનાર તે બનનાર નહીં, એમ વિચારી નકામી ચિંતના અમૂંઝણ જીવે દૂર કરવાં, ને મરણ વખતે કંઈ કામ લાગવાનું નથી એમ વારંવાર સંભારવું. ગમે તેવાં સગાં હોય કે ગમે તેટલા પૈસા હોય, સુખવૈભવની સામગ્રી ગમે તેટલી હોય પણ તે મરણ આવતું અટકાવે તેમ નથી. મરણ આગળ સર્વ અશરણ છે. એ બધાંને છોડીને એક વાર જવાનું અવશ્ય છે; તો આ નાશવંત વસ્તુ માટે હાયવોય કરી નકામો જીવ બાળવો તેનાં કરતાં મનમાંથી માંડી જ વાળ્યું હોય કે જેમ થવું હોય તેમ થાઓ, હું તો અમુક કલાક કામ કરવાનું છે તે કરી છૂટ્યો. હવે શી પંચાત? પુણ્યનો ઉદય હશે તો વગર બોલાવ્યે જેમ રોગ આવે છે તેમ નફો સુખ-સામગ્રી પણ આવશે; અને પાપનો ઉદય હશે તો ચોમાસામાં વરસાદ અચાનક આવે તેમ ગમે ત્યાંથી દુ:ખ આવી પડશે. એ ક્યારે જાય? ક્યાંથી આ આવ્યું? આમ કર્યે કાંઈ તે જવાનું નથી અને કહીએ કે આવવું હોય તેથી વધારે ભલે આવે તો કંઈ વધારે આવનાર નથી; તો પછી સમતા રાખી જે આવી પડે તે સહન કરવું યોગ્ય છે. ધર્મ કરવો તો છે, પણ વચ્ચે કામધંધાથી વિઘ્ન આવતું હોય તો તે કામ પણ કરી લીધે છૂટકો. જે આડે આવે તે કોરે કરવું પડે, પણ લક્ષ ન ચૂકવો કે આ મનુષ્યભવ અમૂલ્ય છે અને અનંત પુણ્યસંચય થવાથી સત્પુરુષે પ્રરૂપેલો ધર્મ સમજવાનો, આદરવાનો લાગ આવ્યો છે તો જેમ મોસમમાં આપણે કમાઈ લઈએ છીએ તેમ મનુષ્યભવ અને યુવાવસ્થા તથા નવરાશનો વખત એ ધર્મસાધન કરવાની ઉત્તમ મોસમ છે. કંઈ ન આવડે તો મંત્રસ્મરણ, મોઢે કરવા આજ્ઞા મળી હોય તે ગોખવાનું કે વિચારવાનું કે વાંચવાનું કરવાથી બીજાં કર્મ બંધાતાં અટકશે અને નિર્જરાનું કારણ થશે. કોઈ મોસમમાં ધર્મને માટે ઓછો વખત મળે તોપણ કોઈ પ્રકારે ખેદ ન કરવો. ભાવ એવો રાખવો કે 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' અને બને તેટલું કરવું. પણ જ્યારે નવરાશનો જોગ બને ત્યારે પ્રમાદમાં વખત ન જાય તે સાચવવાનો લક્ષ રાખવો ઘટે છેજી. તળાવમાં પથરા પડવાથી જેમ ખળભળાટ થાય છે તેમ ચિત્તમાં રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કામ, મોહ, ભય આદિથી ચિત્તની શાંતિનો નાશ થાય છે. આ બધાં કારણો ચિત્ત-પ્રસન્નતાને વિઘ્ન કરનારાં છે અને ચાર ભાવના — મૈત્રીભાવના, પ્રમોદભાવના, કારુણ્યભાવના અને ઉપેક્ષાભાવના વગેરે રસ્તે એ દોષો દૂર થઈ ચિત્ત પ્રસન્ન કે નિર્મળ, ચંચળતારહિત થાય છે. એક વખત આ ચિંતા કરાવનારી વસ્તુઓ તજવાની છે તો તેનું સ્વરૂપ પહેલેથી જાણી તેની ચિંતા મનમાંથી કાઢી નાખવી. "કરના ફકીરી ક્યા દિલગીરી, સદા મગન મન રહેનાજી, અબધુ સદા મગન મન રહેના," એ ભાવ વારંવાર વિચારવાથી આત્મસ્વભાવમાં રહે. ચિંતાનો ભાર હલકો થઈ શાંતિસમાધિ પ્રાપ્ત થઈ શકે.

---

૩૨ અગાસ, તા. ૧૬-૯-૨૯

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૩, ૧૯૮૫

દુહો— સત્ય વચન સુસંતનાં, જાગ્રત કરે સચેત;
ગ્રહી શરણ ગુરુરાજનું, ચેત! ચેત! નર, ચેત!

અનુષ્ટુપ— રાગે દ્વેષે મમત્વે મેં, હા! જે જીવ વિરાધિયા;
ક્ષમા દ્યો મુજને તે સૌ, હુયે વૈર તજું સદા.

દુહો— કર્મ મોહનીય જાણી લે, સર્વ દુઃખનું મૂળ;
સદ્ગુરુ શ્રદ્ધા આવતાં, સર્વ થાય અનુકૂળ.

પરમ કારુણ્યમૂર્તિ પૂજ્યપાદ પ્રભુશ્રીજીની શરીરપ્રકૃતિ વૃદ્ધાવસ્થા તથા રોગવિશેષને લઈને નરમગરમ રહ્યા કરે છે તોપણ પરમાર્થમાર્ગમાં યુવાનોના અગ્રેસરને યોગ્ય પુરુષાર્થ ફેરવી સર્વ જીવો ઉપર બોધવૃષ્ટિ વરસાવી નિષ્કારણ કરુણા કરી રહ્યા છે.

મુમુક્ષુજીવને એટલે જેને આ સંસાર અસાર સમજાયો છે અને આયુષ્ય આદિ કર્મ પૂરાં કરવા પ્રત્યે જેનું લક્ષ છે પણ કોઈ પણ પર પદાર્થમાં ઇષ્ટબુદ્ધિ કે મમત્વબુદ્ધિ રહી નથી તેવા જીવને ક્યાંય ગોઠતું નથી. "છૂટું, છૂટું જ" એવું રટણ જેને રહ્યા કરે છે તેને નવાં કર્મ બાંધવાનું કંઈ પ્રયોજન રહ્યું નથી.

"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
પરમપુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ – ઋષભ૦"

આવી દશા ક્યારે પ્રાપ્ત થાય? એ મુમુક્ષુતા કેમ પ્રગટે? સંસાર ઉપરથી આસક્તિ ઊઠી છે? આ બધા પ્રશ્નો વિચારી મનુષ્યભવની સફળતાનો માર્ગ પામવા વિશેષ પુરુષાર્થ અને વૈરાગ્યની વૃદ્ધિ સત્પુરુષની દૃષ્ટિએ સાધવા યોગ્ય છે. સત્પુરુષનો સમાગમ અને સત્પુરુષનાં વચનામૃત જીવને અવશ્ય ઊંચો લાવે છે, વૈરાગ્યનું દાન દે છે, પરમ પુરુષાર્થ જગાડે છે. બીજા શબ્દોમાં કહીએ તો મડદાંને જીવતાં કરે છે. જ્યાં સુધી મોક્ષમાર્ગની પ્રાપ્તિ અને નિઃશંકતા નથી થઈ ત્યાં સુધી સર્વ પ્રાણી હાલતાં-ચાલતાં મડદાં જ છે; અને જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ છે તેના ગુણગ્રામ કોણ ગાઈ શકે? પરમકૃપાળુદેવે ગાયું છે–

"વ્રત નહીં, પચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો;
મહાપદ્મ તીર્થંકર થશે શ્રેણિક ઠાણંગ જોઈ લો."

પ્રમાદે આ જીવનું ભૂંડું કરવામાં બાકી રાખી નથી. તે પ્રમાદને દૂર કરવા સત્પુરુષનાં વચનો શૌર્ય પ્રેરે છે. જીવ નિમિત્તાધીન છે. ક્ષણે ક્ષણે વૃત્તિ નિમિત્તને લઈને ફરી જાય છે માટે અશુભ નિમિત્ત તજી શુભ નિમિત્તોનો જોગ જેમ બને તેમ કર્તવ્ય છેજી. "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે," એમ વિચારી અશુભ નિમિત્તોને દૂરથી તજી સત્સંગી – આત્માર્થી – સમસ્વભાવી ભાઈઓનો સમાગમ વિશેષ રાખી સત્પુરુષનાં ગુણ-ગ્રામ, તેની નિષ્કારણ કરુણાની ચિંતવના, તેનાં વચનોનો મુખપાઠ, ઉત્તમ અપૂર્વ અવસરની

ભાવના, સંસારની અસારતાની ચર્ચા, ભક્તિ, સ્મરણ, સ્વાધ્યાય આદિ શુભ નિમિત્તો એકલા કે સમૂહરૂપ એકાંતમાં સેવવા યોગ્ય છેજી. આત્મહિતનાં સર્વ સાધનો નિરભિમાનપણે, સત્પુરુષને મુખ્ય રાખીને તેના અનન્ય શરણે સેવવા યોગ્ય છે. "आणाए धम्मो, आणाए तवो" એ આજ્ઞારૂપ ધર્મ જેટલો બજાવાય તેટલો આ ભવમાં લહાવો લેવા યોગ્ય છેજી. પર્યુષણપર્વ અત્રે નિર્વિઘ્નપણે તપસ્યા, ભક્તિ, સ્મરણ, સદ્ગુરુકૃપાથી શાંતિભાવે થયાં છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૩ અગાસ, તા. ૧૫-૧૧-૨૯

ૐ કાર્તિક સુદ ૧૪, ૧૯૮૬

દોહરો— અવલંબન ગુરુરાજનું, એ અમ ઓથ સમર્થ;
રાજપ્રભુને આશરે, સરે મોક્ષનો અર્થ.

"દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી, તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો. એ જ દૃષ્ટિ કર્તવ્ય છે." (૮૪૩) આ પરમગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનું વચનામૃત હૃદયમાં અખંડ જાગ્રત રહો એ ભાવના કર્તવ્ય છે. દેહત્યાગ પહેલાં દેહભાવ ત્યાગવાનો છે. દેહાધ્યાસ છૂટી ગયા પછી સ્થૂલ દેહ ગમે ત્યારે છૂટે તેની ફિકર નથી. સર્વ દેહથી રહિત અસંગ, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, જન્મજરામરણરહિત, શુદ્ધ ઉપયોગસ્વરૂપ, તે સ્વરૂપની સ્મૃતિ, પ્રતીતિ અને સ્વરૂપનું પરિણામ જે પુરુષોને વર્તે છે તે કૃતાર્થ પુરુષોને ધન્યવાદ છે! તે જ પરમગુરુની આજ્ઞા છે. તે સહજ સ્વરૂપનું આરાધન થયું તેને જ સમાધિમરણ કહેવાય છે; અને તેણે જ સદ્ગુરુની આજ્ઞા આરાધી. અને જે સહજ સ્વરૂપથી વિમુખ છે અથવા જેને ભાન નથી તેણે આજ્ઞા આરાધી ન કહેવાય. આવો અમૂલ્ય મનુષ્યદેહ જે દેહ વડે એક સત્પુરુષની આજ્ઞા આરાધવી એ જ કર્તવ્ય છે, તે તેણે ન આરાધી તો તે દેહ નિષ્ફળ છે.

આ દેહની સ્થિતિ જેટલી છે તેમાં એક સમયમાત્ર વધવાનો નથી. જે સમયે આ દેહ છોડવો છે તે સમયને કોઈ દેવ કે દેવાધિદેવ પણ ઓળંગવા સમર્થ નથી. જેટલા શ્વાસોશ્વાસ બાંધ્યા છે તે પૂરા થયે આ દેહ તત્કાળ મૂકવો પડશે. પછી અજ્ઞાન દશાએ કરીને દેહાત્મબુદ્ધિ રાખે અને આખા જગતનો ભાર માથે રાખે તો તેનું તે જાણે. સર્વજ્ઞ ભગવાને તેમના જ્ઞાનમાં જોયું છે કે આ આત્મા ત્રણે કાળ એકલો જ છે, એકલો આવ્યો છે અને એકલો જશે. સર્વ દ્રવ્યથી ન્યારો, સર્વ ક્ષેત્રથી ન્યારો, સર્વ કાળથી ન્યારો અને સર્વ અન્ય ભાવથી ન્યારો એવો પરમ જ્ઞાન જ્યોતિસ્વરૂપ સ્વપર-પ્રકાશક આત્મા જ્ઞાનીઓએ અનુભવજ્ઞાનથી જોયો છે, તે વાત ત્રિકાળ સત્ય છે, સત્ય છે, સત્ય છે. આપણે બધાએ યાદ રાખવાનું એ છે કે શારીરિક પતિવ્રતાપણું (બ્રહ્મચર્ય — શીલ) તે દેવગતિનું કારણ છે અને પરમગુરુને વિષે એકનિષ્ઠાએ જે નિઃશંકપણે પતિવ્રતાપણું છે તે પરમપદનું કારણ છે. તે નિઃશંકતા આદિ સમ્યક્ત્વનાં આઠ અંગ વારંવાર વિચારી તે ભાવનાએ વર્તવા યોગ્ય છે. તે આઠ અંગ નીચે પ્રમાણે છે—

## સમ્યક્‌દર્શનનાં આઠ અંગ

૧. નિઃશંકિતપણું — હિંસામાં ધર્મ હશે કે અહિંસામાં ? ક્ષણિકવાદ સાચો હશે કે નિત્યવાદ ? ઇત્યાદિ શંકાઓ તજી સ્યાદ્‌વાદ અને સર્વજ્ઞ વીતરાગ વિષે નિઃશંકપણું તે પ્રથમ અંગ છે.

૨. નિષ્કાંક્ષિતપણું – આ લોક પરલોકમાં ઇંદ્રિયનાં સુખરૂપ ફલની ઇચ્છા વિના ધર્મનું આરાધન કરવું; નિયાણું, તૃષ્ણા, આશા, વાસના ન રાખવી તે બીજું નિષ્કાંક્ષિત અંગ છે. નિસ્પૃહા, નિર્મોહીપણું એ ટૂંકામાં બીજું અંગ છે.

૩. નિર્વિચિકિત્સા – રોગી વૃદ્ધ આદિ ધર્મમૂર્તિરૂપ સત્પુરુષની સેવા કરે પણ ગ્લાનિ, સૂગ, દુગંછા ન આણે; નગ્નપણું, મલિનપણું આદિ ધર્માત્માનાં અંગના ધર્મસૂચક લક્ષણોને દૂષણરૂપ ન ગણવાં, પણ પોતાના દોષ પ્રત્યે અણગમો રાખી તે દોષો દૂર કરે તે નિર્વિચિકિત્સા નામે ત્રીજો ગુણ છે.

૪. અમૂઢદૃષ્ટિ – રેવતી શ્રાવિકાની પેઠે કુદેવ, કુગુરુ આદિ ઇંદ્રજાલિયા ચમત્કાર કરનારથી ઠગાય નહીં, ભ્રાંતિમાં ન પડે, હિંસામાં ધર્મ ન માને, લૌકિકધર્મ–યાત્રા, ક્રિયા આદિ–માં ગાડરિયા પ્રવાહે ન જોડાય, શીતળા, પીંપળા, દરિયા આદિ ન પૂજે. લૌકિક પર્વ, ઉત્સવોમાં ધર્મ ન માને. રાગ-દ્વેષ-અજ્ઞાનથી રહિત તે દેવ, હિંસારહિત સર્વજ્ઞ ભગવાને બોધેલો તે ધર્મ અને નિર્ગ્રંથ જ્ઞાની ગુરુની માન્યતા રાખવી તે અમૂઢદૃષ્ટિ નામે ચોથું અંગ છે.

૫. ઉપગૂહન – પોતાના ગુણની પ્રશંસા ન કરે, પણ સદ્‌ગુણ પ્રાપ્ત કર્યા કરે, પરના દોષ ઢાંકે, પોતાને દોષ લાગ્યા હોય તેનું સદ્‌ગુરુ સમક્ષ આલોચનાસહિત પ્રાયશ્ચિત્ત લે, પોતાની નિંદા કરે અને પરની નિંદા તજે, સદ્‌ગુરુના ગુણ ગાય તે ઉપગૂહન નામનું પાંચમું અંગ છે.

૬. સ્થિતિકરણ – ધર્મમાંથી ચળી જતાં, ડગતાને ધર્મમાં સ્થિર કરવા ઉપદેશ, આહાર, ધન, સેવા, દવા વગેરેથી સંકટમાં સહાય કરે. ધર્મત્યાગ કરાવનારાં નિમિત્ત કારણો દૂર કરે. પોતે ધર્મથી ડગે નહીં. સ્થિરતા ગુણ, ધૈર્ય, સહનશીલતા, ખમી ખૂંદવું, વિકલ્પોમાં ન તણાવું એ સ્થિતિકરણ નામે છઠ્ઠું અંગ છે.

૭. વાત્સલ્યતા – ગાય જેમ નવા જણેલા વાછડા ઉપર પ્રેમ રાખે તેવો ભાવ જિનમાર્ગ અને સન્માર્ગે ચાલનાર સમકિતી, વ્રતી, મુનિ, આર્જિકા આદિ પ્રત્યે રાખે. તન, મન, ધન, ધર્મ અર્થે જાણે તે વાત્સલ્યતા નામે સાતમું અંગ છે.

૮. પ્રભાવના – સત્યમાર્ગનો ઉદ્યોત કરે. વિદ્વત્તાથી, તપથી, અભ્યાસથી, સદાચારથી તથા જિનમંદિર, પ્રતિષ્ઠા, તીર્થયાત્રા, લહાણીઓ વગેરે વડે ધર્મનો મહિમા વધારે તે પ્રભાવના નામે આઠમું અંગ છે. ઇત્યોમ્ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૪ અગાસ, માગશર સુદ ૮, ૧૯૮૬

દુહા— બડે ભાગ્યસે હોત હૈ, સાચે સંતકી સેવ;
તિન પર તુરત હી રીઝશે, પરમ કૃપાળુદેવ. ૧

સદ્‌ગુરુ સ્વરૂપ સદા સુખદ, શ્રવણ મનનને યોગ્ય;
અભ્યુદય સંપત્તિ સહિત, આપે આત્મ-આરોગ્ય. ૨

આ જીવે મનુષ્યભવનું જીવન શા અર્થે છે તે વારંવાર વિચારવા યોગ્ય છે. જ્ઞાની પુરુષોએ ગૃહસ્થાશ્રમમાં રહેલા ધર્માત્મા જીવોને ચાર પ્રકારે પુરુષાર્થ કરવાનું જણાવ્યું છે. તે પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ચાર પુરુષાર્થમાં ધર્મ પહેલો મૂક્યો છે તેનું કારણ એ છે કે અર્થ અને કામ એવા હોવા જોઈએ કે જેનું પરિણામ ધર્મ થઈને ઊભું રહે. આ સંબંધી વિશેષ વિચાર અને તેનું સ્વરૂપ સત્સમાગમથી સમજવા યોગ્ય છે. ટૂંકામાં ન્યાય, નીતિ અને પ્રામાણિકતાથી ધનની પ્રાપ્તિ કરવી, તે પણ ધર્મને અર્થે. આજીવિકા અર્થે ધનનું ઉપાર્જન કરવું થતું હોય તે પણ દેહ જેનો ધર્મને અર્થે છે તેને તે દેહનો નિર્વાહ થવાને અર્થે ધનનું ઉપાર્જન કરવું તે પણ ધર્મને અર્થે થયું. આત્માની અંતર્ વિકલવૃત્તિ દૂર કરી શાંત ભાવમાં પરિણામ પામવાને અર્થે કામાદિ પરિણામ થતાં હોય તે દૂર કરી શાંતિ-પરિણામ એટલે સર્વ વિભાવથી રહિત થવાને અર્થે અને સદ્‌ગુરુની આજ્ઞાએ પ્રવર્તવાને અર્થે, દુરાચાર એટલે સાત વ્યસન અને અભક્ષ્યાદિનો ત્યાગ કરી જે આત્માર્થી જીવોની કામાદિકમાં પ્રવૃત્તિ રહે છે તે ખેદ સહિત રહે છે. ખેદ સહિત વૃત્તિની વિકળતા દૂર કરવી તે પણ પરિણામે ધર્મ જ નીપજ્યો. એટલે ધર્મ જેનું મૂળ છે તેવા અર્થ અને કામ અમુક ભૂમિકા સુધી આત્માર્થી જીવને પણ રહે છે. તે સર્વનું પરિણામ ધર્મ હોય તો મનુષ્યભવનું સાર્થક થયું ગણાય. તે ધર્મની પ્રાપ્તિ ધર્માત્મા પાસેથી થાય છે, આટલું નિઃશંક માનવું. આત્માનુભવી, પ્રગટ આત્મ-અનુભવમાં, શુદ્ધ ઉપયોગમાં જે નિરંતર રહે છે એવા પુરુષની આજ્ઞાએ જીવન પૂર્ણ કરવું તે સાર્થક છે. આ દેહ વડે કરવા યોગ્ય એક જ કાર્ય છે કે પ્રગટ બોધમૂર્તિ, જ્ઞાનાવતાર સદ્‌ગુરુની આજ્ઞાએ પ્રવર્તવું અને તેના ચરણકમલમાં સર્વભાવની અર્પણતા કરી નિઃશંકતા ધારણ કરવી. સદ્‌ગુરુને વિષે અને તેના બોધને વિષે અપૂર્વ ભાવ અને ત્યાં જ પરમ ઉલ્લાસ રહે અને તેમાં નિરંતર આત્માની વૃત્તિ જોડવી તેને જ્ઞાની પુરુષોએ પરમ ધર્મ કહ્યો છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૫ અગાસ, તા. ૫-૪-૩૦

"ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો."

મનુષ્યભવ વ્યર્થ ન જાય તે માટે સત્પુરુષનો કોઈ મંત્ર કે બોધ પ્રાપ્ત થયો હોય તેનું વારંવાર કાળજીપૂર્વક સ્મરણ કર્તવ્ય છેજી. "ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો છતાં સિદ્ધિ થઈ નહીં," આમ પુષ્પમાળામાં પરમકૃપાળુદેવે આ મોહનિદ્રામાં ઊંઘતા જીવને જાગ્રત કરવા અર્થે જણાવ્યું છે, તે લક્ષમાં લઈ સત્પુરુષ મળ્યા પહેલાંનો કાળ અને પછીના કાળમાં કંઈ ભેદ પડે તેવો પુરુષાર્થ કર્તવ્ય છે. કુંદકુંદ સ્વામી 'અષ્ટ પાહુડ'માં જણાવે છે કે જીવે જ્યાં સુધી સમ્યક્‌ત્વની પ્રાપ્તિ કરી નથી ત્યાં સુધી તે જીવતું મડદું છે. તે જ પરમ અર્થને પરમકૃપાળુદેવે આપણા જેવા બાળ જીવોને સમજ પડે તેમ "ભાવમરણ" રૂપે કહ્યો છે. જેટલી ક્ષણો સત્પુરુષના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં લક્ષ આપ્યા વિનાની જાય છે, તે સર્વ ક્ષણો ભયંકર

સંસાર ઊભો કરાવનાર મરણ સમાન છે; તે જ ખરું મરણ છે. આયુષ્યને અંતે મરણ છે તે તો સમજુ જીવને મહોત્સવ સમાન છે. જીવતાં પુરુષ કે તેનો વિશ્વાસ કરનાર જીવતાં છે. સમયે સમયે મરણ સંભારી સંસાર પરથી આસક્તિ ઓછી કરી પરમાત્મભાવ માટે પરમપુરુષને શરણે પુરુષાર્થ કર્તવ્ય છેજી. "આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે."

---

૩૬ અગાસ, ચૈત્ર વદ ૭, ૧૯૮૬

દોહા — સંત-શિરોમણિ સદ્‌ગુરુ, કૃપાળુદેવ દયાળ;
વંદું વળી વળી આપને, કરી અંજલિ નિજભાલ,
ન્યાય-નીતિના તત્ત્વ શું, પ્રમાણિકતા સાર;
પ્રમાણિક પ્રવૃત્તિથી, પામો દુખનો પાર.

"પાઘડીને છેડે કસબ" એવી કહેવત છે તેમ અનાદિકાળના પરિભ્રમણમાં આ મનુષ્યભવ પ્રાપ્ત થયો છે તે મહા દુર્લભ વસ્તુ છે. તેની કિંમત જીવને સમજાઈ નથી તેથી ગમે તેમ આ જિંદગીની અમૂલ્ય પળો જીવ વેડફી ઉરાડી દે છે. તેમ ન બને માટે પરમકૃપાળુદેવે પ્રથમ જ પુષ્પમાળા–૬૫માં જણાવ્યું છે કે "વખત અમૂલ્ય છે, એ વાત વિચારી આજના દિવસની ૨,૧૬,૦૦૦ વિપળનો ઉપયોગ કરજે." વળી એક પત્રમાં પણ જણાવ્યું છે કે ચક્રવર્તીની સમસ્ત સંપદા કરતાં મનુષ્યભવનો એક સમય વિશેષ મૂલ્યવાન છે, પણ જો તે દેહાર્થે ગાળવામાં આવે તો ફૂટી બદામની કિંમતનો પણ નથી. આટલો બધો ભાર દઈને તે પરમકૃપાળુ પ્રભુએ આપણને ચેતાવ્યા છે કે પૈસા પાછળ ચિત્ત દોડાવી પશુ સમાન જીવન ગાળવું સમજુ માણસને પાલવે તેમ નથી. ઉપર જણાવ્યું છે તેમ રત્નચિંતામણિ જેવી ૨,૧૬,૦૦૦ વિપળનો વેપાર દરરોજ આ ભવમાં મનુષ્યને કરવાનો છે, તો તેની આગળ લક્ષાધિપતિનો પણ હિસાબ નથી. મોક્ષનું સાધન કરવા અર્થે આ મનુષ્યભવ છે એમ જેને સમજાયું હોય તેને નકામો વહી જતો કાળ કેટલો વસમો લાગે? લાખો રૂપિયા વેપારમાં જેને ખોટ આવી હોય અને જેમ ખાવું, પીવું, ગમ્મત કરવી તેને ન ગમે તેમ જેના દિલમાં વૈરાગ્યની જાગૃતિ હોય તેને આ મનુષ્યભવ કેવા પ્રકારે ગાળવો જોઈએ અને કેવી રીતે આજ સુધી કાળ વહ્યો ગયો અને હવે કેમ તેનો દુરુપયોગ ઘટાડવો તેની ચિંતવનામાં તેને તુચ્છ ઇંદ્રિયાધીન સુખોમાં કેમ ગોઠે? કેમ આ ઇંદ્રજાલ જેવા ઠગારા જગતમાં ગમ્મત લાગે?

વ્યસનને વશ થયેલો કોઈ નગરશેઠનો દીકરો જુગાર આદિ ગુનામાં પકડાયો હોય અને પોલીસના હાથમાંથી છૂટી શકે તેમ ન હોય તોપણ તેને બાંધીને કચેરીમાં લઈ જતાં જેવી શરમ આવે અને પોતાના બાપનું નામ વગોવાય છે એમ જેમ લાગે છે તથા વિચાર કરે છે કે અહો, મારે ત્યાં લાખો રૂપિયા છતાં આવી ભિખારી જેવી મારી દશા મને છાજતી નથી; તેમ વિચારણા જેને જાગી છે, પોતાનું ભાન જેને થયું છે તેવો સદ્‌ગુરુનો કૃપાપાત્ર શિષ્ય એ જ વિમાસણમાં રહે છે કે અહો, મારું શુદ્ધ સ્વરૂપ તો પરમકૃપાળુ પરમાત્માએ જણાવ્યું છે તેવું કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયક સમ્યક્ત્વ આદિ અક્ષય અનંત ગુણોવાળું છતાં મારી કેવી મૂર્ખાઈ કે ભિખારીની પેઠે પાંચ ઇંદ્રિયોને વશ થઈ અનેક જન્મમરણનાં

મૂળ સમાન મિથ્યાત્વની કચેરી તરફ તણાયો જાઉં છું? મારું કુળ કોણ? મારે કેમ વર્તવું યોગ્ય છે? હવે આ સ્થિતિમાંથી કેમ છુટાય? વગેરે વિચારો દ્વારા તે પોતાની સ્થિતિનું, પોતાના નિજઘરનું ઓળખાણ કરી પરવસ્તુથી અણગમો રાખી, નછૂટકે પરકથા અને પરવૃત્તિમાં ચિત્ત દે છે; નહીં તો તેનો ભાવ તો સદાય નિરંતર ઘેર જવાનો રહે છે, ઘરભેગો થવાનો રહે છે તેમ મુમુક્ષુ જીવનું ચિત્ત મોક્ષના સાધનમાં અને મોક્ષની પ્રાપ્તિની શોધમાં જ સદાય લાગ્યું રહે છે. તે માર્ગદર્શકને શોધી તેણે કહેલે માર્ગે ચાલવા સદાય તે તત્પર હોય છે. તેમ આપણે પણ સદ્ગુરુ, તેનાં વચન અને તે વચનના આશય ઉપર પૂર્ણ પ્રેમ રાખી જેટલો પુરુષાર્થ સત્પુરુષની આજ્ઞાએ આ મનુષ્યભવ સફળ કરવા માટે થાય તેટલો કર્તવ્ય છેજી.

તા. ક. – પૂ. . . . વગેરે ભાઈઓને આ પત્ર વંચાવશો અને મરણ માથે છે એમ જાણી સદ્ગુરુનાં આપેલાં સાધન-સ્મરણ ક્ષમાપનાદિ સત્સાધનમાં જેટલો વિશેષ કાળ જાય તેમ વર્તવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૭ અગાસ, તા. ૨૫-૭-૩૦, શુક્ર

જીવને નીચે ઢાળે ઢળવાનું બહુ ગમે છે. અનાદિકાળથી બાહ્ય પ્રવૃત્તિમાં જ — પાંચ ઇંદ્રિયોના વિષયોમાં જ — રસ લેતો આવ્યો છે તે પડી મૂકી, સત્પુરુષ ઇંદ્રિયોનો જય કરીને મનને સદ્ગુરુને શરણે રાખવા કહે છે તે કરવું મુશ્કેલ પડે છે. બળદને જેમ ચીલો કાપવો આકરો પડે છે તેમ સ્વચ્છંદે જીવ પ્રવર્તી રહ્યો છે તેને સદ્ગુરુની આજ્ઞારૂપ નાથ અઘરી પડે છે, પણ તે વિના જીવ અનાથ અને અશરણ છે; અને તે અનાથપણું ટાળવા અનાથી મુનિ સરખા આત્મજ્ઞાન પામેલા સદ્ગુરુનું શરણું અને બોધ શ્રેણિક મહારાજા જેવાને પણ ગ્રહણ કરવાં પડયાં હતાં અને તેવા પુરુષના યોગે જ જીવને પોતાની ભૂલ સમજાય છે. એ અનાદિ ભૂલ ટાળવા માટે પરમકૃપાળુદેવે દરરોજ સ્મરણ કરવા યોગ્ય ક્ષમાપનાના પાઠની આજ્ઞારૂપ ઉત્તમ સાધન આપ્યું છે. તેનો વિચારપૂર્વક રોજ પાઠ થાય તો જીવને પોતાના દોષો દેખી તે દોષો ટાળવાની ભાવના કરવાનું તે ઉત્તમ નિમિત્ત છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૮ અગાસ, ભાદરવા સુદ ૧૨, ૧૯૮૬

खमिअ-खमाविअ मई खमह, सव्वह जीव-निकाय।
सिद्धह साख आलोयण, मुज्झह वइर न भाव ।।
सव्वे जीवा कम्म-वस, चउदह राज भमंत ।
ते मे सव्व खमाविआ, मुज्झ वि तेह खमंत ।।

અત્રે પર્યુષણપર્વની રૂડી રીતે આરાધના સદ્ગુરુકૃપાએ નિર્વિઘ્નપણે પૂર્ણ થઈ છેજી. અત્રે સર્વે આશ્રમવાસી મુમુક્ષુ ભાઈ-બહેનોએ આપ સર્વેને સંવત્સરી ઉપર ખમી ખમાવી જયસદ્ગુરુવંદન જણાવ્યા છેજી. આવા લૌકિક વ્યવહારરૂપ મહાપર્વ કેટલાંય આવ્યાં અને ગયાં, પણ જીવ મોહનિદ્રામાંથી હજી જાગ્યો નહીં તેનું શું કારણ? અને કેવા પ્રકારે આ

સ્વપ્નદશા નિવૃત્ત થાય? તેનો વિચાર મુમુક્ષુજીવ કરે છે. કારણ કે આ પ્રશ્નનો ઉકેલ આવ્યા વિના જીવની અનાદિની ભૂલ મટવી મુશ્કેલ છે. પાંચ ઇંદ્રિયના વિષયોમાં લોલુપતા જીવને વર્તે છે, તેની પ્રિયતા ચિત્તમાં ઘર કરીને બેઠી છે. તે એવી જબરી છે કે કેટલોક કાળ અમુક ઇંદ્રિયના વિષયોનો ત્યાગ કરવામાં આવે તોપણ તેની રુચિનો ત્યાગ થતો નથી. એ સંસાર વાસનાનું મૂળ શાથી છેદાય? વ્રતનિયમોથી પણ તે નિર્મૂળ થતી નથી; તો તેને માટે કોઈ બીજો જ ઉપાય હોવો જોઈએ. મોટા પુરુષોએ વારંવાર વિચારીને તેનાં કારણ શોધ્યાં છે અને તેના ઉપાય જાણી આદરી તેથી મુક્ત થઈ મોક્ષે ગયા છે. આપણને પણ મુક્તિની ઇચ્છા હોય તો તે સિવાય બીજો માર્ગ નથી. મિથ્યાત્વ, અજ્ઞાન, વિપરીત માન્યતા – એ જ સર્વ દુઃખનું કારણ સત્પુરુષોએ કહ્યું છે અને વિચારવાનને તે કારણો સિવાય બીજા કશાનો ભય હોતો નથી. લોકલજ્જા, પરિશ્રમ, નિંદા, કીર્તિ આદિને નહીં ગણતાં, માત્ર અજ્ઞાનનો નાશ કરવા મુમુક્ષુ જીવ કેડ બાંધી તૈયાર થાય છે; અને તે કેમ દૂર થાય તેનો વિચાર કરતાં તેને જણાશે કે જેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ છે, સમ્યક્ત્વ જેને પ્રગટ થયું છે એવા સત્પુરુષના વચન વિના કોઈ કાળે મિથ્યાત્વ-અજ્ઞાનરૂપી અનાદિ ભૂલ મટવાની નથી.

"જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવપદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વ ભાવ,
જ્ઞાનીના વચન વડે દૂર થઈ જાય છે."

સત્પુરુષનો બોધ એ દર્શન મોહનીય કર્મરૂપ વિપરીતપણું ટાળી સમ્યક્ શ્રદ્ધા પ્રગટાવે છે, અને સમ્યક્દર્શન કે સત્શ્રદ્ધા પ્રગટવાથી મોક્ષનો માર્ગ મોકળો થાય છે. તેને મોક્ષ વિશેષ દૂર નથી, પણ સ્વસ્વભાવરૂપ મોક્ષને તે જીવ પામે છે. આવી ઉત્તમ કમાણી આ મનુષ્યભવમાં પ્રાપ્ત થઈ શકે છે. તેની તરફ દૃષ્ટિ નહીં રાખતાં જીવ સ્ત્રી, પુત્ર, કુટુંબ, ધન આદિમાં જ વૃત્તિ રોકી રાખે છે. તેથી આ ભવમાં કરવા યોગ્ય કાર્ય રહી જશે અને મરણ તો આવીને ઊભું રહે છે; અથવા આયુષ્ય ક્ષણે ક્ષણે ઓછું થાય છે તે મરણ જ છે. તેનો વિચાર કરી સમજવા યોગ્ય આત્મસ્વરૂપ માટે વિશેષ કાળજી રાખવી ઘટે છે. કાળ ગટકાં ખાઈ રહ્યો છે, લીધો કે લેશે થઈ રહ્યું છે, તો આ જીવ કયા કાળને લજે છે? મોક્ષની સરખામણીમાં મોટા ચક્રવર્તીનું સુખ પણ વિષ્ટાના કીડા જેટલું પણ નથી તો આ જીવ સંસારમાં શું સુખ દેખી રહ્યો છે કે જેને લઈને અનેક પ્રકારના પ્રતિબંધ કરી પરિભ્રમણનાં કારણો એકઠાં કર્યા કરે છે? "હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ. કંઈક વિચાર પ્રમાદ છોડી જાગ્રત થા, જાગ્રત થા. નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે. હે જીવ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચયે ઉપાસવા યોગ્ય છે." (૫૦૫) આમ પરમકૃપાળુદેવે પરમ ઉપકાર કરી જીવને જાગ્રત કરવા પોકાર કર્યો છે. સત્પુરુષોએ પરમાર્થે કહેવામાં કંઈ બાકી રાખી નથી; પણ જીવે તેમની આજ્ઞા ઉઠાવવામાં, તે પ્રમાણે કરવામાં ખામી રાખી છે. મનુષ્યભવ, યુવાન અવસ્થા, પાંચ ઇંદ્રિયોનું બળ, આરોગ્ય આદિ સામગ્રી છે ત્યાં સુધી ધર્મ આરાધી લેવા ભગવંતે કહ્યું છે. પછીથી વૃદ્ધા-

વસ્થા, વ્યાધિ, પીડા, ઇંદ્રિયોની હાનિ, મરણ આદિ અશુભ ઉદયના પ્રસંગે ધર્મ કરવો હશે તોપણ નહીં બને. માટે જ્યાં સુધી જોગવાઈ છે ત્યાં સુધી ફરજ બજાવી લેવી યોગ્ય છે. આપણું ધાર્યું કંઈ થતું નથી અને બનનાર બન્યે જાય છે ત્યાં આત્મહિતાર્થે પુરુષાર્થ કર્તવ્ય છે, એમ ગણી સંસાર-ચિંતાઓ ઓછી કરી ધર્મનો લહાવો લઈ લેવા યોગ્ય છે. સત્સંગ, સત્પુરુષનો બોધ, તેનાં વચન-આજ્ઞા ઉપાસવાની ભાવના નિરંતર કર્તવ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૯ અગાસ, આસો સુદ ૧૪, સોમ, ૧૯૮૬

આપે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ વાંચવાની ઇચ્છા જણાવી તેના ઉત્તરમાં જણાવવાનું કે એ ગ્રંથ સર્વ શાસ્ત્રના સારરૂપ છે. તેનો નિયમિત અભ્યાસ શ્રદ્ધાપૂર્વક યથાશક્તિ થાય તો લાભનું કારણ છે તથા સત્પુરુષના વિયોગમાં પરમ અવલંબન તથા માર્ગદર્શકરૂપ છે. તેનાથી પાંચ ઇંદ્રિયોના વિષયો પ્રત્યે રુચિ ઘટી પરમપદ પામવાની રુચિ જાગ્રત થાય તેવું ઉત્તમ નિમિત્ત છે, અને તે વાંચન મુમુક્ષુજને અવશ્ય કર્તવ્ય છે. તે સદ્બોધના શ્રવણ, મનન, નિદિધ્યાસનથી મોક્ષમાર્ગ પ્રાપ્ત થવા યોગ્ય છેજી. ઉત્તમ તો એ છે કે સત્સમાગમમાં તેનું શ્રવણ, મનન કરવા યોગ્ય છે, પણ સત્પુરુષનો યોગ ન હોય તો પોતાના જેવી યોગ્યતાવાળા સત્સંગીઓનો આત્માર્થે સત્સંગ કરવાયોગ્ય છેજી. તેવો પણ જોગ ન હોય તો પોતાનાથી બને તેટલા ઉત્સાહથી પવિત્રતાપૂર્વક તે સત્પુરુષના બહુમાનપણા સહિત સંયમપૂર્વક યથાયોગ્ય સદ્વાંચન, મનન કર્તવ્ય છેજી. સામાન્ય જાતનાં છાપાં, પુસ્તકો વાંચવાની હાલની ઢબ પ્રમાણે સૂતાં સૂતાં કે મુસાફરીમાં વખત ગાળવા ખાતર અવ્યવસ્થિતપણે કે નિરાદરપણે તે વાંચવા યોગ્ય નથી; પણ જેમ સદ્ગુરુ પાસે જઈએ ત્યારે વંદન સ્તુતિ વગેરે કરીએ છીએ તેમ જ્યારે અવકાશ હોય ત્યારે તે પુસ્તક વાંચતાં પહેલાં નમસ્કાર કરવા અને વિચારવું કે હે ભગવાન! આ કળિકાળમાં આ મનુષ્યભવને લૂંટી લેનાર અનેક સાધનો છે તેમાંથી મુક્ત થઈ, જાણે બે ઘડી મરી જ ગયો હતો એમ વિચારી, બે ઘડી આ આત્માના કલ્યાણને અર્થે આપનાં વચનોનું શ્રવણ કરવાનો, વાંચન-મનન કરવાનો મને જે અવકાશ મળ્યો છે તે મારું મહાભાગ્ય માનું છું અને બધા વિચારો તજી, આપનો જણાવેલો બોધ જ મને શ્રેયસ્કારી છે એમ વિચારી, આપના પ્રત્યક્ષ સમાગમતુલ્ય આપના પ્રત્યક્ષ વચનનાં શ્રવણ-મનનનો આનંદ મને પ્રાપ્ત થાઓ અને મારા દોષ દૂર થઈ મોક્ષનું કારણ જે સમ્યક્દર્શન તેનું નિમિત્ત આપનો બોધ નીવડો, એવી ભાવના વડે દરરોજ નાહીને કે જ્યારે બે ઘડી અવકાશ મળે અને બીજા વિચાર દૂર કરી એકાંતમાં બેસવાનો વખત મળે ત્યારે શ્રદ્ધાપૂર્વક 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ વાંચવાથી ઘણા લાભનું કારણ છે. પણ કોઈ પણ પ્રકારના આ લોકના સુખની અલ્પ પણ ઇચ્છા એમાં રાખવી ઘટતી નથી. મોક્ષ સિવાય બધી ઇચ્છાઓ તજી, માત્ર મોક્ષ માટે જે જે ઉપાય તેમાં દર્શાવ્યા છે તેને સમજવાની અને તે પ્રમાણે યથાશક્તિ વર્તવાની ભાવના રાખી ન્યાયનીતિપૂર્વક વર્તી નિરભિમાની અને વિનયી બનવાની જરૂર છે, કારણ કે ધર્મનું મૂળ વિનય છે. જ્યાં ડોળ, દેખાવ અને અભિમાન હોય ત્યાં ધર્મનાં વચન હૃદયમાં ઊતરવાને બદલે જીભ સુધી જ જઈને અટકી જાય છે, વાંચીને કોઈને કહેવામાં, ડાહ્યો ગણાવામાં આનંદ માની લે છે; પણ

તેમાં જણાવ્યા પ્રમાણે આચરણ નથી થતું ત્યાં સુધી આત્માનું કલ્યાણ થતું નથી. આટલી સૂચના લક્ષમાં રાખી કાળજીપૂર્વક અભ્યાસ કરશો તો અમૃત કરતાં પણ વિશેષ હિતકારી એ વચનોનો સંગ્રહ છે તે જીવને આત્મા ઓળખવા માટે યોગ્યતા અર્પી સદ્દગુરુનો યોગ થતાં આત્મહિત થાય તેવી દશા પ્રાપ્ત કરાવવા સમર્થ છેજી. 'પુસ્તક'માં વિષયો ગહન છે તેમાંથી સમજાય તેટલું વાંચજો. મોટા પંડિતોને પણ સમજવું મુશ્કેલ થાય તેવી વાતો પણ છે તે હાલ ન સમજાય તે પડી મૂકવી. 'આત્મસિદ્ધિ'નો વિચાર કરશો, વીશ દોહરા વગેરેથી ભક્તિભજનમાં રહેશો. સહનશીલતા, સંતોષ ધારણ કરશો. જિજ્ઞાસાની તથા વૈરાગ્યની વૃદ્ધિ કરી પ્રમાદ તજવાયોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૦ અગાસ, કાર્તિક સુદ ૧૧, રવિ, ૧૯૮૭

કહાં જાયે કહાં ઊપને, કહાં લડાયે લાડ;
ક્યા જાણું કિસ ખાડમેં, જાય પડેંગે હાડ !
સેવાથી સદ્દગુરુકૃપા, સદ્દગુરુકૃપાથી જ્ઞાન;
જ્ઞાન-હિમાલય સમ ગળે, શેષ સ્વરૂપ નિર્વાણ.

આપે પુસ્તકમાંથી વાંચવા સંબંધી પુછાવ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે થોડું વંચાય તેની હરકત નહીં, પણ વારંવાર વાંચી તેમાં કહેલો અર્થ વિચારવામાં વિશેષ કાળ જાય તેમ કર્તવ્ય છે. જો અવકાશ હોય તો યથાશક્તિ તેમાંથી નિયમિત રીતે વંચાય તો હિતકારી છે. "અમૃતની નાળિયેરી" જેવાં સત્પુરુષનાં વચનોમાં જેટલો કાળ જશે તેટલો લાભકારક છે. અપૂર્વ અવસર, છ પદનો પત્ર, ભક્તિના વીસ દુહા, ક્ષમાપનાનો પાઠ વગેરે જે મુખપાઠે કર્યું હોય તે રોજ બોલાય, વિચારાય તો સારું. જેમ જેમ સત્સંગ-સમાગમનો પ્રસંગ વિશેષ થાય, ઉપશમ-વૈરાગ્યની વૃદ્ધિ થાય તેમ તેમ જ્ઞાનને આવરણ કરનાર કર્મ ઘટવાથી સમજણ વિશેષ પડતી જાય. હાલ જેટલું સમજાય તેટલું સમજી; ન સમજાય તે આગળ ઉપર સત્સમાગમે સમજવાની ભાવના રાખવી કર્તવ્ય છેજી. પ્રથમ કાર્ય મનુષ્યભવમાં કરવાયોગ્ય એ છે કે 'સત્' વસ્તુની જિજ્ઞાસાની વૃદ્ધિ કરવી અને તે પ્રાપ્ત કરાવે તેવા સત્પુરુષને શોધી તેનાં વચનમાં વિશ્વાસ રાખવો યોગ્ય છે. ભગવાને શ્રદ્ધાને પરમ દુર્લભ કહી છે. જેને એ શ્રદ્ધા આવી તેને પછી મોક્ષ દૂર નથી. પણ તે પ્રાપ્ત થવા માટે સત્પુરુષના બોધની જરૂર છે, અને જીવને તે બોધ ગ્રહણ કરી તેને વિચારી પ્રતીત કરવા જેટલી યોગ્યતાની પણ જરૂર છે. તેથી હાલ યોગ્યતા વધે તેવા પુરુષાર્થમાં રહેવું ઘટે છે. (૧) સર્વ પ્રાણી પ્રત્યે નિર્વૈરબુદ્ધિ તે મૈત્રીભાવના, (૨) જેનામાં સદ્દગુણ હોય તે દેખીને પ્રમોદ-ઉલ્લાસ થવો તે પ્રમોદભાવના, (૩) દુઃખી પ્રાણીઓ પ્રત્યે દયાભાવ તે કરુણાભાવના અને (૪) અનિષ્ટ વર્તનવાળા પ્રત્યે પણ દ્વેષભાવ ન રાખતાં મધ્યસ્થ રહેવું તે મધ્યસ્થ કે ઉદાસીન ભાવના છે. તેને ઉપેક્ષાભાવના પણ કહે છે. આ ચાર ભાવનાઓ રોજ ભાવવાથી યોગ્યતા પ્રાપ્ત થાય છે, એમ પરમકૃપાળુદેવે જણાવેલું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૧ અગાસ, તા. ૧૧-૩-૩૧

નાણો નેહ તોડો કહ્યો, અનરથ કેરો મૂળ;
ધન્ય જ્ઞાનીજન જગતમેં, ધનકો જાણે ધૂળ.
સેવાબુદ્ધિએ સેવના, કરો સદા શુદ્ધ ભાવ;
સત્સેવા સંસારમાં, છે તરવાને નાવ.

જેમ બને તેમ બીજે ભટકતા મનને શુદ્ધ આત્મ-સ્મરણમાં, વાંચનમાં, વિચારમાં રોકવાનો અભ્યાસ કર્તવ્ય છેજી. જ્યાં જ્યાં જીવે પ્રતિબંધ કર્યો છે ત્યાં ત્યાં ચિત્તનું વારંવાર જવું થાય છે. તેથી મહાપુરુષો વારંવાર પરમાત્મસ્વરૂપ પ્રત્યે પ્રેમ વધારી બીજા પ્રતિબંધો તોડી નાખવાનો પુરુષાર્થ કર્યા કરે છે. જરૂરના પ્રસંગે બીજે ચિત્ત દેવું પડે તે તો છૂટકો નહીં, માટે તેમ કરવું પડે; પણ અનર્થદંડ તરીકે જરૂર વગર જીવ નકામો ખોટી થાય છે તેથી બચવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૨ અગાસ, તા. ૨૧-૬-૩૧

તત્ ૐ સત્ પ્ર. અષાઢ સુદ ૬, રવિ

અનન્ય શરણના આપનાર અધમઉદ્ધારણ, પતિતપાવન એવા શ્રી સદ્ગુરુદેવને
અત્યંત ભક્તિથી નમસ્કાર હો! નમસ્કાર હો! નમસ્કાર હો!

દુહા— પ્રભુદર્શન પામ્યો છતાં, ભ્રાંતમતિ મોહાંધ;
ચિંતવતો ચંચળ નયન, નારી અંગોપાંગ.
મૃગનયના નિહાળતાં, લાગ્યો લવ ઉર રાગ;
શાસ્ત્રસમુદ્રે મગ્ન મન, તોય તજે નહિ ડાઘ.
'ભોગ રોગનું બીજ' ના – જાણ્યું કરતાં મોજ;
ધનનું ધ્યાન ધરું સદા, મરણ ન સમરું રોજ.
**સ્ત્રી-ચિંતન ફળ નરક છે,** ચિત્ત ન ચેતે તોય;
અધમ કૃત્ય કરતાં નહીં, પાછું વાળી જોય.
પરનિંદા વિષ્ટા વડે, ખરડાયું મુખ પૂર્ણ;
પરનારી નીરખી નયન, અંજાયાં વિષ ચૂર્ણ.
પરનું બૂરું ચિંતવ્યે, મન મુજ થયું મલિન;
શીય વલે મારી થશે? દીનબંધુ, હું દીન. (સ્વદોષદર્શન)

તીર્થશિરોમણિ કલ્પવૃક્ષ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક પામર ગોવર્ધનના જયસદ્ગુરુવંદન પ્રાપ્ત થાય.

વિ. તમારો પત્ર આજે આવ્યો. તે ભાવદયાસાગર નિષ્કારણકરુણાસિંધુ પ. પૂ. પ્રભુશ્રીજીએ વાંચી આ પત્ર લખવા સૂચના કરી છેજી. તેઓશ્રીજીએ એ પત્ર વાંચી મારી ધૂળ કાઢી નાખી અને ઠપકો દીધો કે એ ધર્મનો ઢોંગ કરનાર દુષ્ટ આજથી અત્રે પત્ર ન લખે તે જણાવ. "પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યક્‌દર્શન છે" (૨૧-૧૧૦) એમ પરમકૃપાળુદેવે જણાવ્યું

છે. એ કૃપાદૃષ્ટિને પાત્ર થવા જીવે કેમ વર્તવું ઘટે? અનીતિને માર્ગે ચાલનાર કદી પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ નહીં પામે! સાત વ્યસન, જુગાર, માંસ, દારૂ, ચોરી, વેશ્યાનો સંગ, પરસ્ત્રીગમન, શિકાર મહાપાપમાં દોરનાર છે. તેમાં જ જેની વૃત્તિ રહેતી હોય તો તે ધર્મ શું આરાધી શકશે? પરદારાગમન કરનાર નરકે જાય છે અને અસહ્ય દુઃખ ત્યાં ભોગવે છે. અલ્પકાળના કલ્પિત સુખમાં ફસાઈ જીવ મહા અનર્થ કરી નાખે છે, પછી પસ્તાવો થાય છે, રોગ થાય છે, નિર્ધન થાય છે અને એ અસ્થિર ચિત્તવાળા જીવો જે માનસિક દુઃખ ભોગવે છે તે તો અસહ્ય હોય છે. તેની ધર્મક્રિયામાં ધૂળ પડે છે, અપકીર્તિ થાય છે. માયા, કપટ, જૂઠ, હિંસા એ બધાં પાપ તેની પૂઠ પકડે છે અને અનંતકાળ સુધી જન્મજરામરણનાં દુઃખો ભોગવતો જીવ ઘાંચીના બળદની પેઠે પરાધીનપણે પરિભ્રમણ કર્યા કરે છે. આ લોકમાં એવા લોકો ઘણું કરીને કમોતે મરે છે અને પરલોકમાં પીડાના પ્રહાર સહ્યા કરે છે. હે ભગવાન! દુશ્મનને પણ એવા પાપનો રસ્તો ન મળો એમ સારા પુરુષો તો ઇચ્છે છે.

સંદેશરના એક મુમુક્ષુ હતા. તેમને બેચાર દિવસ ઉપર કોઈ દુશ્મને આશ્રમ અને સંદેશરની વચમાં માર મારી મારી નાખ્યા. આમ અચાનક મૃત્યુ ક્યારે આપણને ઉપાડી જશે? તે કહેવાય નહીં. કરોડો રૂપિયા ખર્ચતાં પણ મનુષ્યભવ ન મળે. તે આમ જોતજોતામાં ચાલ્યો જાય છે અને ધર્મનાં કરવાનાં કાર્યમાં વિઘ્ન આવી પડે છે. પણ અભાગિયો જીવ વિચારતો નથી કે જ્યાં સુધી શરીર સારું છે, યુવાવસ્થા છે, ઇંદ્રિયો હાનિ પામી નથી ત્યાં સુધી ધર્મ આરાધી શકાશે. પછી વૃદ્ધાવસ્થામાં અનેક રોગ, અશક્તિ, પરાધીનતાને વશ પડશે ત્યારે શું બનવાનું છે? કે મરણ પામી કાગડા કૂતરાના કે નરકના હલકા અવતારમાં જીવ શું કરી શકવાનો છે? માથે મરણ છે, જોતાં ઝેર છે, પગ મૂકતાં પાપ છે એમ વિચારી આજના દિવસમાં પ્રવેશ કરવાની પરમકૃપાળુદેવની સ્મૃતિ ભૂલી જવા યોગ્ય નથી. જે જીવ પાપથી ડરતો નથી, જન્મજરામરણથી ત્રાસ પામતો નથી તે જે જે ક્રિયા ધર્મને નામે કરે છે તે બધા ઢોંગ જ છે. સત્પુરુષ પાસે કોઈ ધર્મ પામવાની માગણી કરે અથવા તેની પાસે રહી પગમાં પડીને સેવા કરતો હોય અને તે જો સત્પુરુષે આજ્ઞા કરી હોય તેથી ઊલટું ચાલતો હોય તો તે જીવ મહાપુરુષના વચનરૂપ જીભ ઉપર પગ દઈ ચાલ્યો જાય છે એમ કહીએ તો ખોટું નથી. 'આજ્ઞા એ ધર્મ અને આજ્ઞા એ તપ છે.' તેનું ઉલ્લંઘન કરે અને ગમે તેટલા મોંઢે કાલાવાલા કરે તે શા કામના? એવું વર્તનનું કાયરપણું પ્રગટ કરનારને પરમકૃપાળુદેવે કહ્યું છે કે—

"મરો બૂડીને નરો બાયલા ઢાંકણીમાં નાખીને નીર,
આર્યકીર્તિને ઝાંખપ દીધી, એનો બટ્ટો તમને શિર."

આવાં કઠણ વચનો મહાપુરુષો પથ્થર જેવા કઠણ હૈયાના જીવોને સન્માર્ગ ઉપર લાવવા કહે છે તેથી ખોટું નહીં લગાડતાં પોતાનાં પાપનો પશ્ચાત્તાપ કરી ભૂલ્યા ત્યાંથી ફરી ગણો, જાગ્યા ત્યાંથી સવાર. "અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઈને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે." (પુષ્પમાળા–૯) થયું તે ન થયું થનાર નથી. (અપૂર્ણ)

૪૩ અગાસ, તા. ૪-૭-૩૧
તત્ ૐ સત્ પ્ર. અષાઢ વદ ૪, ૧૯૮૭

અહો ! જીવ ચાહે પરમપદ, તો ધીરજ ગુણ ધાર;
રોગાદિક તો દેહાશ્રિત છે, કર્મ વિપાક વિચાર.

જેને મોક્ષની ઇચ્છા ઉત્પન્ન થઈ છે, સત્પુરુષનો સંગ થયો છે, મંત્ર આદિ સાધન પ્રાપ્ત થયાં છે તેને પણ આ કળિકાળમાં મોક્ષમાર્ગે પ્રવર્તતાં અનેક અંતરાય આડા ફરે છે. અનેક પ્રકારના રોગની પીડા, વૃદ્ધાવસ્થા, પ્રમાદ, વિષય, કષાય, કદાગ્રહ, અસત્સંગ અને મરણ આદિ ચોરો આ સંસારરૂપી ઝાડીમાં સંતાઈ રહ્યા છે. તે પોતાને અનુકૂળ નિમિત્તોની જ રાહ જોઈ રહ્યાં છે કે અમારી પાસે એ ક્યારે આવે કે એને અધોગતિમાં ગબડાવી દઈએ. આવો મહાભયંકર સંસાર છે તેથી વિચારવાન પુરુષો ત્રાસ પામ્યા છે. તેથી સત્પુરુષ-રૂપ વળાવો — નેતા અને તેની અમોઘ વાણીરૂપ શસ્ત્રનો આશ્રય લઈ શીઘ્ર તેનો પાર પામવા પુરુષાર્થ કર્યા કરે છેજી. આપ સમજુ છો. અનેક મહાપુરુષો જેના વચનબળે ભવસાગર તરી ગયા છે અને તરી જશે તેવા પરમપુરુષ આપ્ત ભગવાને બતાવેલા નિર્ગ્રંથ માર્ગનો અમને તમને સદાય આશ્રય રહો. "હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી-પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૯૯૨) આ વચનો પરમકૃપાળુદેવે આખર વખતે યાદ રાખવા એક મુમુક્ષુભાઈને પરમ કરુણા કરીને જણાવ્યાં છે તે આપણને પણ અત્યંત ઉપયોગી છે. સમયે સમયે જીવ મરી જ રહ્યો છે તો જીવની વૃત્તિ એ વચનોના આશયમાં જેટલી જાય તેટલી સમાધિમરણની જ તૈયારી છે. બાકી તો કંઈ ને કંઈ શાતા-અશાતા વેદતા જીવ આ લોકની અલ્પ પણ સુખેચ્છા રાખે છે ત્યાં સુધી આર્ત્તરૌદ્રધ્યાનરૂપી દુર્ધ્યાનની જ પરંપરા પોષે જાય છે. દેહને વેદનાની મૂર્તિ ગણી, વેદનાને દેહનો ધર્મ અને પૂર્વનાં કર્મનું ફળ જાણી સમતાભાવે ખમી ખૂંદવાનો જેટલો અભ્યાસ પડશે તેટલી સમાધિમરણની તૈયારી થાય છે. બાંધેલાં કર્મ ખપાવવાનો, નિર્જરા દ્વારા મોક્ષ પ્રાપ્ત કરવાનો અવસર જાણી વિશેષ પુરુષાર્થ ફોરવી વેદનાના વખતે જીવે કઠણાઈ કેળવવી ઘટે છે. ભાવનાબોધમાં અનાથીમુનિ, નમિરાજર્ષિ, મૃગાપુત્ર, સનત્કુમાર ચક્રવર્તી વગેરે મહાપુરુષોને અસહ્ય વેદના વેઠવી પડી છે. તે પણ આત્મા હતા પણ મોક્ષની ઇચ્છાવાળા હતા તો સમતા ધારણ કરી ગજસુકુમાર આદિ મોક્ષે ગયા. તો હે જીવ ! આ અલ્પ આયુષ્યમાં ગમે તે આવે તેથી વધારે વેદની આવે તોપણ સત્પુરુષને આશ્રયે સહન જ કરવી છે, પણ શારીરિક સુખ ઇચ્છવું નથી એવો દૃઢ નિશ્ચય કર. ઇચ્છા એ જ દુઃખ છે એમ જીવને સમજાવી સ્મરણમાં રહેવું, ધર્મધ્યાનમાં કાળ ગાળવો, આવો લહાવ ફરી મળનાર નથી તે ચૂકવું નહીં. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૪ અગાસ, ભાદરવા વદ ૧, ૧૯૮૭

આપના ભાવ સત્સંગ સમાગમ અર્થે વર્તે છે તે સારું છે. તે જ કર્તવ્ય છે. નંદન મણિયારનો જીવ દેડકો લશ્કરથી વટાઈ ગયો હતો પણ દર્શનની ભાવના રાખી હતી તો

તેની સદ્‌ગતિ થઈ હતી, તેમ જેવા ભાવ નેવા પ્રભુ ફળે તથા વેદનીય કર્મ તો જ્ઞાની કે અજ્ઞાની સર્વને ભોગવ્યા વિના છૂટકો નથી. વેદનીય સમભાવે સહન કરવાની જ્ઞાની પુરુષોની આજ્ઞા સંભારી, દેહના દંડ દેહે ભોગવી છૂટવાની ભાવના રાખવાથી અકળામણ-મૂંઝવણ મોહથી થાય છે તે મટવા સંભવ છેજી. દેહથી વિપરીત સ્વભાવવાળો નિત્ય, અછેદ્ય, અભેદ્ય, શાશ્વત આત્માનું ચિંતન જ્ઞાનીપુરુષો વેદના વખતે વિશેષ વીર્ય ફોરવી કરે છે તે ગજસુકુમાર આદિ દૃષ્ટાંતો સંભારી, તેમણે જે અખંડ નિશ્ચય રાખ્યો છે તે જ કર્યે છૂટકો છે એ જ વિનંતી. સદ્‌ગુરુ શરણે સર્વ સારું થશે, એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૫ અગાસ, ભાદરવા વદ ૫, ૧૯૮૭

આ મનુષ્યભવરૂપી મહાસમૃદ્ધિ આ જીવ પામ્યો છે તેનો સદુપયોગ થાય તો જીવ અપૂર્વતાને પામે, પણ તેની મહત્તા જોઈએ તેવી સમજાઈ નથી. મુખથી માત્ર કહીએ છીએ કે મનુષ્યપણું ભગવંતે દુર્લભ કહ્યું છે, પણ તે અંતરમાં ઊતરે તો તે રિદ્ધિ લૂંટાતી જાય છે તે જાણીને જીવને ઝંપ-નિરાંત ન વળે. જેટલી કાળજી જીવ નશ્વર, અસાર, માયિક ભોગને માટે રાખે છે તેનો અલ્પ અંશ પણ આ આત્માના હિતને માટે રાખતો નથી. બાહ્ય પદાર્થો, સગાં અને વૈભવ સાંભરે છે તેના સોમા ભાગ જેટલી પણ આત્માની સ્મૃતિ થતી નથી. તેની ભવાંતરમાં શી ગતિ થશે તેની ચિંતા હજી જીવને જાગી જ નથી. એક મહાપુરુષે કહ્યું છે કે આ મનુષ્યદેહ તે સળેલા સાંઠા જેવો છે. તેને ચૂસવાથી રસ કે સ્વાદ નથી મળવાનાં, પણ તેમાં જે ગાંઠો છે તે જો વાવે તો સારી શેલડી થાય અને જો ચૂસવાના મોહમાં તે સાંઠા ફાડીને ફેંકી દે તો બીજ પણ બગડે ને મોં પણ બગડે છે; તેમ આ કળિકાળનાં અલ્પ આયુષ્ય ને અલ્પ સાધનોથી સુખ કરતાં જીવ દુઃખ વધારે ભોગવે છે તે ભોગોની ઇચ્છા તજી જીવ સત્પુરુષને શરણે ધર્મ અને તેટલો આરાધવા પુરુષાર્થ કરે તો જીવ મોક્ષના બીજરૂપ સમ્યક્‌ત્વની સામગ્રી પામી આ ભવને સફળ કરે એવો લહાવ આ ભવમાં લઈ શકાય તેમ છે. માટે જેમ બને તેમ ધર્મભાવના વિશેષ જાગ્રત રાખી સત્સંગ સમાગમ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૬ * અગાસ, તા. ૧૭-૯-૩૧

(૧) સનાતન ઉપયોગ એવો મારો શાશ્વતો ધર્મ મૂકીને હવે જોગને વિષે એટલે દેહને વિષે આત્મબુદ્ધિ નહીં કરું, અર્થાત્ જોગને એટલે દેહને આત્મસ્વરૂપ નહીં માનું.

(૨) સદ્‌ગુરુએ આપેલો અનંત દયાએ કરીને "સહજાત્મસ્વરૂપ"ને મૂકીને ભ્રાંતિથી અછતી વસ્તુને એટલે પુદ્‌ગલ આદિકને સાક્ષાત્ જેવી વસ્તુ કલ્પીને એમાં હવે પછી ભરાઇશ[૧] નહીં અર્થાત્ તેવી ભ્રાંતિમાં પડીશ નહીં અને સહજાત્મસ્વરૂપમાં જ ત્રિકાળ વાસ કરીને રહીશ.

(૩) અનાદિ, અરૂપી અને અમૂર્તિક એવું જે મારું શાશ્વત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તેને મૂકીને રૂપી અને મૂર્તિક એવો જે દેહ તેને સ્વસ્વરૂપ નહીં માનું.

---

* પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ લખાવેલ પત્ર. ૧. પાઠાન્તર – ભરમાઇશ

(૪) શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમૂર્તિને મૂકીને બહાર દૃષ્ટિએ એટલે ચર્મચક્ષુ વડે ચામડાંને નહીં જોઉં. તે તો ચમારની દૃષ્ટિ ગણાય. જે ચમાર હોય તે જ ચામડાંને વિષે રંજન થાય. હું તો દિવ્ય નેત્રવાળો દેવ છું એટલે જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્યને જોઈશ, ગુરુગમે.

(૫) ત્રણે કાળે એક સ્વરૂપે રહેનાર એવી જે સમતારૂપી શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમૂર્તિને મૂકીને જડઅજીવમાં નહીં પરિણમું અર્થાત્ અજીવને સ્વસ્વરૂપ નહીં માનું. જીવરાશિ જ્ઞાનદર્શનમૂળ જીવનારો જીવ તે જ મારું સહજ સ્વરૂપ છે, એટલે એમાં જ ત્રિકાળ નિવાસ કરીને રહીશ.

---

૪૭ અગાસ, તા. ૩૦-૧૧-૩૧

આ જગતમાં બંધનનાં બે મુખ્ય કારણો[૧] પરમકૃપાળુદેવે જણાવ્યાં છે તે એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ છે. તે બન્નેને નિર્મૂલ કરવા મુમુક્ષુજીવો પુરુષાર્થ કરે છેજી. સ્વચ્છંદને નિર્મૂલ કરવા સદ્ગુરુનો યોગ જોઈએ.

"પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય."

એ લક્ષ સર્વ સાધનની પહેલાં રાખવા યોગ્ય છેજી. સદ્ગુરુકૃપાથી જેનો સ્વચ્છંદ હાનિ પામ્યો છે કે મંદ થયો છે તેનો પ્રતિબંધ ક્રમે કરીને ટળવાયોગ્ય છે. સર્વનો શ્રેષ્ઠ ઉપાય સત્સંગ છે, પણ તેમાં જે પ્રતિબંધ કરનાર અસત્સંગરૂપ દેહાદિ સંબંધી બંધન, સ્વજન-કુટુંબાદિ બંધન, સંકલ્પ-વિકલ્પરૂપ બંધન આદિ બંધન જીવના પુરુષાર્થબળે ઘટવા કે ટળવા યોગ્ય છેજી.

---

૪૮ અગાસ, તા. ૧-૧૨-૩૧

આપના પત્રની પાછળ જણાવેલું છે કે માખણ-ભક્ષણનો દોષ સેવાયો છે, તે સંબંધી જણાવવાનું કે તે ઠીક થયું નથી. નજીવું જણાતું હોય પણ વ્રત લીધા પછી વ્રતભંગ થાય તે મોટો દોષ ગણાય છે. "વ્યવહારમાં જેમ સારા માણસના વચનની કિંમત હોય છે, તેમ ધર્મમાર્ગમાં પણ વ્રત એ પ્રતિજ્ઞા છે." તેનું પાલન ચુસ્તપણે કરવા ચૂકવું નહીં. દોષ ફરીથી ન થાય તે લક્ષમાં રાખી અત્રે આપનું આવવું થાય ત્યારે તે થયેલો દોષ દૂર કરવા પ્રાયશ્ચિત્તની માગણી કરવાથી આપને ઉપાય રૂબરૂમાં જણાવવાનું પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવ્યું છેજી.

આ મનુષ્યભવને રત્નચિંતામણિ જેવો જ્ઞાનીપુરુષોએ કહ્યો છે, કારણ કે આ ભવમાં પોતાના દોષો દેખી તે દોષોને જીવ દૂર કરી શકે અને સર્વ દોષથી રહિત એવું મોક્ષપદ પ્રાપ્ત કરી શકાય છે. દેવો પણ સ્વર્ગમાં ઇંદ્રિયસુખો અત્યંત હોવા છતાં મોક્ષની પ્રાપ્તિ કરવાની યોગ્યતા નહીં હોવાથી મનુષ્યભવ ક્યારે મળે એવી ઇચ્છા રાખ્યા કરે છે. એવો દુર્લભ મનુષ્યભવ મળ્યા છતાં જીવ જો ધર્મસાધન કરવામાં પ્રમાદ કરશે, સત્ય ધર્મથી અજાણ્યો રહી જશે, તો ઢોર પશુના કે કીડી-મકોડીના ક્ષુદ્ર ભવમાં લખચોરાસીના ફેરા ફરતાં ધર્મ

---

૧. જુઓ પત્રાંક ૧૯૬.

સાધવાનું કે સમજવાનું કેવી રીતે બની શકશે? એ વિચાર જીવે કર્યો નથી. હડકાયું કૂતરું કે લૂંટારાનો ભય હોય તે રસ્તે આપણે જવાનું માંડી વાળીએ છીએ, પણ આખો મનુષ્ય-ભવ ગુમાવી બેસીએ તેવી પાણી વલોવવા જેવી મિથ્યા પ્રવૃત્તિમાં આ આયુષ્ય વહી જાય છે, તે વિચારી નકામી પ્રવૃત્તિ માંડી વાળતાં આપણને અઘરું પડે છે, તેનું શું કારણ હશે? તે વિચારો. સાચા સુખનું જીવને ભાન નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૯ અગાસ, તા. ૧૨-૧૨-૩૧

ન રમ, ન રમ બાહ્યાદિ પદાર્થે, રમ રમ મોક્ષપદે જ હિતાર્થે;
આત્મકાર્ય જો તૂર્ત કરે તું, તો વર કેવળજ્ઞાન વરે તું.
મૂક, મૂક વિષય-માંસના ભોગ, છોડ છોડ નિજ તૃષ્ણા રોગ;
કર કર વશ મન-ગજ જે ગાંડો, અંતરાત્મ પરમાત્મે જોડો.
(વૈરાગ્યમણિમાલા)

વ્યવહારપ્રસંગથી જીવ ઘેરાયેલો છે અને જ્યાં સુધી નિમિત્તાધીન છે ત્યાં સુધી વ્યવહારનાં નિમિત્તમાં જીવ બંધની સામગ્રી એકઠી કર્યા કરે છે અને પુણ્ય વા પાપના પાશમાં ફસાયો જાય છે. પરંતુ વિચારવાન જીવ સંસાર અને સંસારના ફળથી ત્રાસ પામે છે તેથી સંસારથી મુક્ત થવાય તેવી સમજણ પ્રાપ્ત થવાનું સાધન જે સત્સંગ તથા સત્સંગે થતો બોધ તેવાં ઉત્તમ નિમિત્ત તે પ્રાપ્ત કરતો રહે છે, તથા સત્સંગના વિયોગમાં તેની સ્મૃતિ, ઇચ્છા, ભાવના રાખ્યા કરે છે અને મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થતા આદિ ભાવનામાં પ્રવર્તી, ઇંદ્રિયના વિષયોને સંકોચી, કષાયની મંદતા કરવાના પુરુષાર્થમાં વર્તી યોગ્યતા વધારવાની સત્પુરુષની આજ્ઞાનો લક્ષ રાખ્યા કરે છેજી.

પૂ....ને પત્ર લખો તો નિત્યનિયમ તરીકે વીસ દુહા, ક્ષમાપનાનો પાઠ, મંત્રસ્મરણ આદિ જે સમાગમે જણાવ્યું હોય તે કાળજી રાખી આત્માની નોકરી ભરવા કર્યા કરે એમ જણાવશોજી. અત્યારે જે સુખરૂપ જણાય છે તે ધર્મનું ફળ છે. તે ભોગવતાં સદ્ધર્મ વૃદ્ધિ પામે અને ભુલાઈ જાય નહીં તે લક્ષ મુમુક્ષુજીવે અવશ્ય સ્મરણમાં રાખવા યોગ્ય છેજી.

---

૫૦ પેટલાદ, તા. ૭-૪-૩૨

જે મુખપાઠે કર્યું છે તે નિત્ય નિયમિતપણે બોલવાનો વિચારવાનો વખત રાખી આગળ મુખપાઠે કરતા રહેવું તથા તેનો અર્થ વિચારતા રહેવા ભલામણ છેજી. કહ્યું છે કે "વાંચે પણ નહીં કરે વિચાર, તે સમજે નહીં સઘળો સાર." સત્પુરુષના એક એક વાક્યમાં, એક એક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે. એવા ગંભીર ઊંડા મર્મ જે રહ્યા છે તે જીવે વૈરાગ્ય ઉપશમાદિ વધારી યોગ્યતા પ્રાપ્ત થયે સદ્ગુરુસમાગમે સમજવા યોગ્ય છેજી. મનુષ્ય-ભવ પામીને સૌથી પ્રથમ કામ સમજુ જીવાત્માને કરવા લાયક એ છે કે કોઈ એક સત્પુરુષને શોધી તેનાં ગમે તેવાં વચનોમાં શ્રદ્ધા રાખવી. પણ એ આપણે ધારીએ છીએ તેટલું સહેલું નથી. તોપણ જીવને એક આત્મકલ્યાણ સિવાય બીજી વાસના ન હોય તો તેવો જોગ બની

આવવા યોગ્ય છેજી. આ ભવમાં નહીં તો પરભવમાં પણ સત્‌ભાવના સફળ થયા વિના ન રહે. અશુભ ભાવનાઓ વગર કહ્યે ફળ આપે છે તો સત્‌ભાવનામાં તો સાચનું બળ રહ્યું છે તો તે કેમ અફળ હોય ? સત્પુરુષનો યોગ મળ્યા પછી તેનું ઓળખાણ થવું એ દુર્લભ છે. કારણ કે, પરમકૃપાળુદેવે ઉપદેશછાયામાં જણાવ્યું છે તેમ, મચ્છવેધ કરનારની નજર પાણીમાં હોય છે પણ તેને વીંધવું છે આકાશમાં ફરતું મચ્છ આકારનું લક્ષ્ય, તેની દૃષ્ટિ લોકોને પાણી તરફ લાગે છે પણ તેનું ધ્યાન ઊંચે આકાશમાં છે એ રીતે સત્પુરુષો આપણને દેહ-રૂપે આપણી આંખે દેખાય છે પણ તેમનું ધ્યાન, તેમની રમણતા સદ્‌ગુરુમાં, આત્મસ્વરૂપમાં જ હોય છે. પ્રારબ્ધ અનુસાર જે જે ક્રિયા કરવી પડે છે તેમાં તેને અનાસક્તિ હોય છે. પોતે સદ્‌ગુરુને સર્વસ્વ અર્પણ સાચા ભાવે કરેલું છે એટલે આપણી આંખે જે દેખાય છે તેને તે પોતાનું માનતા નથી અને તેના તરફ આપણો લક્ષ્ય રહે તેમ ઇચ્છતા પણ નથી. તેથી સત્પુરુષને ઓળખવા માટે તેમના બોધની જરૂર છે અને ઉપશમ, વૈરાગ્ય તથા ઇંદ્રિયના જયની પણ તેટલી જ જરૂર છે. આપણી કલ્પનાએ સત્પુરુષને પૂજીએ કે તેમના પર શ્રદ્ધા રાખીએ તે કરતાં તેમણે આપણને જેમના ઉપર શ્રદ્ધા રાખવાનું કહ્યું છે તે પ્રમાણે કરીએ તો તેમાં વિશેષ કલ્યાણ છેજી. એ નિર્ભય માર્ગ છે, નિઃશંક માર્ગ છે. પરમકૃપાળુદેવને બતાવનાર પુરુષ ઉપર વિશ્વાસ રાખ્યાનું ફળ પણ એ જ કહેવાય કે પરમકૃપાળુદેવ ઉપર પ્રેમ, ભક્તિ, આસ્થા, શ્રદ્ધા, એનું અનન્ય શરણ ગ્રહણ કરવું. એ પરમ પુરુષ શ્રીમદ્ રાજચંદ્રની ભક્તિથી સર્વ જ્ઞાનીની ભક્તિ થાય છે. તેને માન્યાથી કોઈ જ્ઞાની માનવાના બાકી રહી જતા નથી. તેમાં સર્વ સમાય છે. એ વારંવાર વિચારી હૃદયમાં દૃઢ કરવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૧ પેટલાદ, તા. ૧૫-૪-૩૨

સામાન્ય એક કહેવત છે કે 'સોનું લઈએ કસીને અને માણસ ઓળખીએ વસીને.' એટલે સત્સંગ-સમાગમથી મહાપુરુષો દ્વારા આપણને જે લાભ મળે છે તેવો લાભ શાસ્ત્રોથી, પ્રશ્નોના ઉત્તરો કે ચર્ચાઓથી મળવો મુશ્કેલ છે. તેમાં વળી જે વિષય આપણે માટે નવો જ છે, આપણે જેમાં પ્રવેશ કર્યો નથી તે વાત સાધારણ ઇજનેરી કામ વિષે ખગોળશાસ્ત્ર આદિની હોય તોપણ પત્ર દ્વારા સમજાવવી કે સમજવી મુશ્કેલ પડે છે, તો જે તત્ત્વજ્ઞાનની આપ ઇચ્છા રાખો છો તે એકાએક સમજાય કે તે વિષે આપને પ્રતીતિ કે શ્રદ્ધા આવે તે દુર્ઘટ છે. ઘણા કાળના બોધે સમજાય તેવી એ વાત છે. એક તો બોધ આપનાર આત્મજ્ઞાની જોઈએ અને બોધ ગ્રહણ કરનાર સરળ, મધ્યસ્થ, ભૂલભરેલી વિપરીત માન્યતાઓથી રહિત, માત્ર આત્મકલ્યાણની જ ઇચ્છાવાળો હોવો જોઈએ; તથા જન્મજરામરણ આદિ દુઃખોને લીધે જેને સંસાર ઉપરથી અણગમો અથવા વૈરાગ્યભાવ આવ્યો હોય અને ક્રોધ, માન, માયા, લોભ આદિ શત્રુઓને જેણે મંદ કર્યા હોય તથા તેમનો નાશ કરવા અને ઇંદ્રિયોનો અને મનનો જય કરવા જેણે દૃઢ નિશ્ચય કર્યો હોય તે પાત્ર ગણાય છે. આવી પાત્રતા, યોગ્યતા ધરાવનાર મુમુક્ષુઓ પ્રત્યે લખાયેલા પત્રો શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાં છપાયા છે તે તેવી યોગ્યતાવાળાને માર્ગદર્શકરૂપ છે. તેમાં પણ તેનો મર્મ સમજાવનાર જોઈશે. આ બધી મુશ્કેલીઓથી ગભરાવા કે મુઝાવા જેવું

નથી. તે દૂર થઈ શકે છે અને સર્વના ઉપાય હોય છે; પણ જે રત્નની ખરીદી કરવા નીકળે તેની પાસે રત્ન ખરીદી શકાય તેટલી રકમ હોય તો જ તેની પ્રાપ્તિ થાય છે તેમજ ઝવેરી-ની દુકાનેથી જ તે મળી શકે, બીજી શાક વેચનાર કે કાપડિયા પાસેથી ન મળે તે પણ ખરું છે. માટે પ્રથમ તો ઘણી માહિતી મેળવવાની જરૂર છે અને તે સંતસમાગમે મહા-પુરુષના યોગબળે ઓછી મહેનતે ઘણું કામ થઈ શકે છે, પણ તેવો જોગ આપને હાલ સંભવતો નથી. તેથી જેમ બને તેમ સંસારના બંધનથી છૂટવાનો ભાવ અને સદ્‌ગુરુની પ્રાપ્તિ માટે તીવ્ર ઇચ્છા સેવવા યોગ્ય છેજી. સંસારનાં બધાં કામ કરતાં મોક્ષનું કામ સર્વો-પરી છે એમ હૈયે જ્યાં સુધી નહીં બેસે ત્યાં સુધી આત્માસંબંધી ઓળખાણ કે સદ્‌ગુરુની ઓળખાણ કરવા જેટલી યોગ્યતા જીવમાં આવતી નથી અને યોગ્યતા વિના સાચી વાત કહેવામાં આવે તોપણ સમજાતી નથી. માટે યોગ્યતા લાવવા પુરુષાર્થ હાલ કર્તવ્ય છેજી.

---

૫૨ અગાસ, જેઠ સુદ ૫, શ્રુતપંચમી, ગુરુ, ૧૯૮૮

તીર્થક્ષેત્ર અખંડભૂમંડળમાં વિશ્રાંતિકારી શાંતિદાયક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્‌ગુરુવંદન સ્વીકારવા વિનંતી છે. આ જીવ અનાદિકાળથી મોહને વશ હોવાથી તેની વૃત્તિ બાહ્ય પદાર્થોમાં જ ભમ્યા કરે છે. તેથી પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર." (૨-૩૫) આ વાકયમાં ઘણી શિખામણ સમાયેલી છે. જીવને મોક્ષમાર્ગની શરૂઆતરૂપ સમકિત પ્રાપ્ત નથી થયું, ત્યાં સુધી પાપમાર્ગમાં જ તેની પ્રવૃત્તિ હોય છે. ગમે તે ક્રિયા ધર્મને નામે જીવ કરે તોપણ તેના ભાવ તો સમકિત વિના મિથ્યારૂપ છે એટલે પાપરૂપ જ ગણાય. તેથી પગ મૂકતાં પાપ છે એમ કહ્યું, તે એમ જણાય છે કે મિથ્યાત્વી જીવ પાપમાર્ગમાં જ પગલાં ભર્યા કરે છે; એ રસ્તો સદ્‌ગુરુની કૃપાથી બદલાશે ત્યારે મોક્ષમાર્ગ ઉપર દૃષ્ટિ પડશે અને પછી મોક્ષ-માર્ગમાં પગલાં ભરશે એટલે પાપ સદાયને માટે ટળી જશે અને પુણ્ય પાપથી જુદા ભાવ–આત્મભાવના ભાવવાથી નિર્જરા થશે. બીજું, જોતાં ઝેર છે કહ્યું, તે એમ સમજાવવા કહેલું લાગે છે કે જ્યાં જ્યાં નજર પડે છે ત્યાં ત્યાં અજ્ઞાની જીવ ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કર્યા વિના રહેતો નથી અને એ રાગદ્વેષવાળી કલ્પનાથી કર્મબંધન થયા કરે છે, તે કર્મબંધનથી જન્મમરણ થયા કરે છે; એટલે ઝેર તો એક ભવમાં મરણ પમાડે અથવા કોઈ દવાથી તે ઝેર ઊતરી પણ જાય, પણ આ કર્મબંધનરૂપ ઝેર અનંતકાળથી જન્મમરણ કરાવ્યા કરે છે, પણ એ ઝેર હજી ઊતર્યું નહીં એમ વિચારી એ બાહ્યદૃષ્ટિ ઉપર કટાક્ષભાવ રાખી સમતા સહનશીલતા શીખવાની જરૂર છે. અને માથે મરણ રહ્યું છે, એમાં ઘણો વૈરાગ્ય ભર્યો છે. ઘણા પુરુષો માથામાં ધોળો વાળ દેખાતાં વૈરાગ્યના વિચાર આવવાથી રાજપાટ છોડી આત્મકલ્યાણ કરવા તત્પર થઈ ગયા છે. તેમને એમ વિચાર આવ્યો કે મોતની ફોજના વાવટા દૂરથી ધોળા દેખાય છે તેવા ધોળા વાળ એમ સૂચવે છે કે મરણ હવે બહુ દૂર નથી તો ચેતવું હોય તો ચેતી લે. તેથી પ્રમાદ છોડી તેઓ અમર થવા તૈયાર થયા. આપણે

પણ મરણના મોઢામાં બેઠા છીએ, લીધો કે લેશે થઈ રહ્યું છે, તો આ જીવ કયા કાળને ભજે છે તે વિચારવા યોગ્ય છે. આજનો દિવસ આપણા હાથમાં છે ત્યાં સુધી જે સારું કામ— આત્માનું હિત થાય તેવું સત્પુરુષે જણાવેલું કામ કરી લેવું. કાળનો કોને ભરોસો છે? ગયો કાળ પાછો આવતો નથી. સમજુ પુરુષો તો અવળાનું સવળું કરી નાખે છે. મુંબઈમાં થતાં તોફાનથી અજ્ઞાની ભય પામે છે, તેમાં જ વૃત્તિ રોકી રાખે છે; ત્યારે સમજુ જીવો તેથી વૈરાગ્ય પામી મરણ સમીપ હોય તેવા પ્રસંગે પણ સત્પુરુષનાં વચનોમાં જ તલ્લીન રહે છે. આખો લોક ત્રિવિધ તાપે બળે છે એમ વિચારી સત્પુરુષ અને તેનાં વચનો તથા તેનું આપેલું સ્મરણ તથા આજ્ઞાનો નિરંતર વિચાર રાખી નિર્ભય બને છે અને કર્મનું નાટક જોતાં હર્ષ-શોક કરતા નથી.

"જગતજીવ હૈ કર્માધીના, અચરજ કછુ ન લીના,
આપ સ્વભાવમાં રે અબધુ, સદા મગન મન રહેના."

આત્મા અવિનાશી છે. તેનો નાશ માનવો એ જ ભ્રાંતિ છે. બાકીની બધી વસ્તુઓ તો બદલાતી છે, નાશ પામનારી છે; તો તે પર્યાયદૃષ્ટિ છોડી દઈ આત્મભાવનામાં વિશેષ કાળ જાય તેમ કર્તવ્ય છેજી.

---

૫૩ અગાસ, સં. ૧૯૮૮

क्यों भूलता शठ फूलता है, देख पर कर थोकको,
लाया कहां, ले जायगा क्या फौज भूषण रोकको ।
जन्मन मरण तुझ एकलेको, काल केता होयगा ?
संग अरु नाहीं लगे तेरे शीख मेरी सुन भगा ॥
इन्द्रिनसे जाना न जावे तू चिदानंद अलक्ष्य है,
स्वसंवेदन करत अनुभव हेत तब प्रत्यक्ष है ।
तन अन्य जन जानो सरूपी, तू अरूपी सत्य है,
कर भेदज्ञान सो ध्यान धर निज और बात असत्य है ॥

મહત્પુણ્યના યોગે આ મનુષ્યભવ પ્રાપ્ત થયો છે. તેની સાથે ઉત્તમ કુળ, વિશુદ્ધમતિ, સત્સંગનો યોગ, નીરોગી કાયા એ બધી સામગ્રી દુર્લભ મળી છે. તે વડે કરીને આ સંસારસાગર તરવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી. જેમ ઉત્તમ હિમાલય જેવા પર્વતમાંથી બરફ ઓગળવાથી પાણીનું પૂર પવિત્ર ગંગાનદીમાં આવે છે, તેનો ઉપયોગ કોઈ કોઈ સ્થળે સ્નાન, પાન આદિમાં કોઈ કરે છે, કોઈ ખેતરોમાં પાણી જોઈતું ઉલેચી લઈ પાક પકવે છે, કોઈ તેના વેગથી સંચા ચલાવે છે એમ જેટલો ઉપયોગ તેનો કરી લે તેટલું એ મીઠું પવિત્ર પાણી ઉપયોગમાં આવ્યું, પણ બાકીનો મોટો ભાગ દરિયામાં જઈ ખારા પાણી સાથે ભળી પીવા માટે પણ અયોગ્ય બને છે. તેમ આ મનુષ્યભવની અમૂલ્ય રિદ્ધિ અનેક પ્રાણીઓને પ્રાપ્ત થઈ છે તેને કોઈ ધન કમાવામાં, કોઈ પરોપકારમાં, કોઈ સત્સંગ આદિ સાધનમાં વાપરે છે, તો કોઈ અધોગતિનાં કારણો મેળવી પરિભ્રમણ વધારવામાં જ દુરુપયોગ કરે

છે, તો કોઈ ફરી મનુષ્યભવ મળવો મુશ્કેલ થઈ પડે તેમ વ્યર્થ ગુમાવી દે છે. પણ જેને સત્પુરુષનો યોગ થયો છે, જેને સમ્યક્બોધરૂપી રત્ન પ્રાપ્ત થયું છે, જેને વ્રત નિયમ આદિ અલભ્ય લાભ મળ્યો છે તેણે તે પૂંજી સાચવી તેની વૃદ્ધિ કરવી ઘટે છેજી. મરણ આવે તો ભલે, પણ વ્રતનો લક્ષ ન ચુકાય એવો દઢ નિશ્ચય કર્તવ્ય છેજી. "જડ ચલ જગની એંઠનો ન ઘટે તુજને ભોગ હો મિત્ત" એમ શ્રી દેવચંદ્રજીએ સ્તવનમાં ગાયું છે તેમ વૈરાગ્યરૂપી ખડ્ગને કટાઈ ન જવા દેતાં ઉજ્જ્વલ રાખી નિરંતર ઉત્તમ ભાવના ભાવવા યોગ્ય છેજી.

"ખબરદાર મનસૂબાજી ખાંડાની ધારે ચઢવું છે,
હિંમત હથિયાર બાંધી રે, સત્ય લડાઈએ લડવું છે,
શૂરા થઈ રણમાં ઝૂઝવું છે."

હાલ જે સત્યાગ્રહની લડાઈમાં હજારો લોકો દેશની નિર્ધનતા અને પરાધીનતા દૂર કરવા મથે છે તે જોઈને પણ આપણામાં પરમાર્થ અર્થે શૂરાતન ચઢવા યોગ્ય છે. એક ભવના અલ્પ લાભ અર્થે આટલું બધું સહન કરવા તે તૈયાર થાય છે તો જેને ભવોભવનાં દુઃખ દૂર કરી સદ્ગુરુની શીતળ કરુણા દૃષ્ટિને આશરે મોક્ષમાર્ગમાં આગળ વધવું છે તેને અટકાવી શકનાર કોણ છે? મૃત્યુના મુખમાં ઊભેલો પણ નિર્ભયપણે કહી શકે કે મને મારી માન્યતામાંથી ચળાવવા કે વ્રતમાંથી ડગાવવા કોઈ સમર્થ નથી. હવે આટલા ભવમાં તો કાયરતા નહીં જ કરું, મોહરૂપી જુલમી રાજાની સેવા કરીને ભવોભવથી હું અનંત દુઃખ વેઠતો આવ્યો છું; પણ કોઈ સાચા પુરુષના સમાગમે તેની અપૂર્વ વાણી સત્સંગે સાંભળી છે અને મોહની ઠગાઈ જાણી છે, ત્યારથી હવે મોહ ઉપરથી મોહ ઊઠી ગયો છે. તે હવે માથું જાય, પણ કોઈ પણ લાલચ કે મરણાંત ત્રાસને પ્રસંગે પણ દુઃખની ખાણને સુખરૂપ તો નહીં જ માનું. આવી દૃઢતા રગેરગ હૃદયમાં ઉતારી દેવા યોગ્ય છે. જેમ ક્ષત્રિયો સામે મોઢે છાતી પર ઘા ઝીલે પણ કોઈ કાળે પીઠ ફેરવી દોડી જતા નથી, તેવી રીતે સત્પુરુષના આશ્રિતો સંસારને શરણે કે મોહને શરણે કદી જતા નથી. તે મોહને મારી નાખવાનો જ લાગ શોધ્યા કરે છે. બાહુબળીજીએ મૂઠી ઉગામી તે ઉગામી તથા રામનું બાણ જે છૂટ્યું તે છૂટ્યું તે કદી નિષ્ફળ ન જાય એમ કહેવાય છે તેમ સત્પુરુષની સાક્ષીએ જે વ્રત આદરી મોહની સાથે લડાઈ માંડી છે તેમાંથી પાછું પગલું તો કાયર જ ભરે, સાચો ક્ષત્રિય તો આગળ જ વધ્યા કરે. હવે તો મોહને મર્યે જ છૂટકો છે. પણ મોહ તો મહા કપટી છે અને સદાય જીવને પાડી દેવાનો લાગ શોધ્યા જ કરે છે. વૃત્તિઓની છેતરામણીમાં ફસાઈ જવું પણ ન ઘટે કે સત્પુરુષની સાક્ષીએ વ્રત લીધું છે, હવે આપણે શો ડર છે? એમ જો બફમમાં રહે અને મોહનાં નિમિત્તોમાં જો જાગ્રત જીવ ન રહે તો મોટા મુનિઓને પણ તેણે ગબડાવી પાડ્યા છે, શ્રેણીએ ચઢેલાને પણ નરકમાં નાખ્યા છે. તેથી કુસંગ, કુકથા અને અનિયમિત આહારવિહાર તથા પ્રતિબંધોથી ચેતતા રહી "ભક્તિ શૂરવીરની સાચી, લીધા પછી કેમ મૂકે પાછી" એવી ટેક સહિત વર્તી આત્મવીર્ય સદોદિત ઉજ્જ્વળ રાખવું. પ્રમાદ એ મહા રિપુ છે. "અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાની પુરુષની

આજ્ઞાને વિચારવી એ જ જણાય છે.” (૪૬૦)

“દૂર રહ્યા જાણું નહીં રે જિનજી, પ્રભુ તુમારે પાસ, દિલડે વસી રહ્યો;
ચરણે તેહને વિલગીએ રે જિનજી, જેહથી સીઝે કામ, દિલડે વસી રહ્યો.”

તા. ક. – જોકે મોહનીય કર્મ બધું બગાડી દે એવું છે અને મરણ કોઈને મૂકે એમ નથી માટે ચેતતા રહેવાની જરૂર છે. તૃષ્ણા, વાસના કે પ્રીતિ ઠાર ઠાર થઈ જાય તે તોડી નાખવાની જરૂર છે. આ કળિકાળમાં વૈરાગ્યને વિઘ્ન ઘણાં હોય છે અને જીવને ધર્મ કરવા જતાં વિઘ્ન પાડે છે, પણ જેમ બને તેમ વધારે વખત વાંચવા-વિચારવામાં ગાળવાનો રાખી પર્યાયદૃષ્ટિમાં તણાઈ ન જવાય તે માટે કાળજી રાખવી. બધા પર્યાયો નાશવંત છે, ઠગારું પાટણ છે, ભુલવણીનું ઘર છે એમ માની હવે આત્મા ઉપર આવી જવું. આત્માની જ ચિંતવના, આત્માની જ ગવેષણા, આત્માની જ ઉપાસના માટે જીવવું છે એમ રાખી આટલો ભવ ઉત્તમ ભાવનામાં ગાળવામાં આવશે તો અનંત ભવનું સાટું વળી રહેવા જેવો જોગ પ્રાપ્ત થયો છે જાણી ધર્મમાં વૃત્તિ રાખી શાંતિથી જે બની આવે તે કર્યા જવું. પણ અહીં રહેવાય તો સારું અને આમ કરીએ તો ઠીક, એવી તૃષ્ણા-ઇચ્છાઓ ન કરવી. કોઈ ઠેકાણે મરણ છોડનાર નથી, અને અયાચક વૃત્તિએ સદ્ગુરુનું શરણું દૃઢ ભાવવું. એ જ

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૪ અમાસ, તા. ૧૬–૫–૩૨, સોમ

“પરમાત્માની ભક્તિ જ જેને પ્રિય છે, એવા પુરુષને એવી કઠણાઈ ન હોય તો પછી ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી એમ સમજવું. અથવા તો ચાહીને પરમાત્માની ઇચ્છારૂપ માયાએ તેવી કઠણાઈ મોકલવાનું કાર્ય વિસ્મરણ કર્યું છે.” (૨૨૩)

“જેનો દૃઢ વિશ્વાસ હોય છે, તે દુઃખી હોતો નથી, અથવા દુઃખી હોય તો દુઃખ વેદતો નથી. દુઃખ ઊલટું સુખરૂપ થઈ પડે છે. આત્મેચ્છા એવી જ વર્તે છે કે સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવાં શુભાશુભ ઉદય આવો, પરંતુ તેમાં પ્રીતિ-અપ્રીતિ કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.” (૧૩૩)

વિ. આપનું કાર્ડ મળ્યું. પવિત્ર પૂ.... ને આંખે વેદનીય થયાના સમાચાર જાણી ધર્માનુરાગે ખેદ થયો છેજી. હે પ્રભુ ! કર્મ કોઈને છોડતાં નથી, પણ તે કર્મના ગમે તેવા કઠણ ઉદયને પણ પરમાત્માની પ્રસાદી ગણીને પ્રસન્ન ચિત્તે આત્મવીર્ય વિશેષ ફેરવી જે ભોગવી લે છે તેમને તે કર્મ દૂર થતાં આત્મા વિશેષ ઉજ્જ્વલ થયેલો અનુભવાય છે. આ જગતમાં જે જે ભક્તો પ્રસિદ્ધ થયા છે તે સર્વેએ કષ્ટો સહન કર્યાં છે અને પરમાત્માને સંકટ વખતે વિશેષ પ્રેમથી સ્મરણ કરનાર તે શૂરવીર ભક્તો વડે પ્રભાવિત ભક્તિમાર્ગ આવા કળિકાળમાં આપણને પણ અવલંબનરૂપ નીવડ્યો છે અને આપણા ઉદ્ધારનું કારણ પણ તે જ ભક્તિમાર્ગ છે. આ જીવ અનાદિકાળથી દેહની કાળજી કરતો આવ્યો છે પણ તેથી કલ્યાણ થયું નથી, પણ જે જે પ્રસંગોએ એ દેહની પ્રિયતા ઘટે, તેનું મિથ્યામોહકપણું ઘટે, તેનું પરાધીનપણું, અશુચિપણું અને વંચકપણું, ક્ષણભંગુરપણું સમજાય, તે તે પ્રસંગો જીવને જાગ્રત કરનાર અને

પરમ હિતસ્વી છે. આત્માર્થી જીવો તો પાંચ ઇંદ્રિયરૂપ શત્રુનું બળ ઘટે તેવા પ્રસંગોને વધાવી લે છે અને તેવા પ્રસંગે દેહાધ્યાસ ઘટે અથવા છૂટે તેવા સત્પુરુષાર્થને જાગ્રત કરી આ અસાર સંસારમાંથી વૈરાગ્યરૂપ સાર પ્રાપ્ત કરવા સમર્થ થાય છે.

મહાપુરુષોની એવી માન્યતા છે કે મિથ્યાત્વસહિત સ્વર્ગનાં સુખ અને ભોગવિલાસ હોય તે ભૂંડાં છે પણ સમ્યક્ત્વસહિત નરકની અસહ્ય વેદનીય હોય તોપણ તે સારી છે, કારણ કે સમ્યક્ત્વરૂપી સમજણથી કર્મનું સ્વરૂપ સમજાય છે કે તે છૂટવા માટે આવ્યા છે તેને સમભાવે સહન કરવાથી ફરી ભોગવવાં નહીં પડે અને તેની મુદત પૂરી થયે તે ઊભાં રહેવાનાં પણ નથી. માત્ર જ્યાં સુધી એ પાપકર્મનો ઉદય છે ત્યાં સુધી તે આત્મવીર્ય વધારવાનું નિમિત્ત હોવાથી શિથિલ કરી નાખનાર પુણ્યકર્મ કરતાં પણ તે બહુ ઉપયોગી છે એવી સમજણથી શ્રી ગજસુકુમાર જેવા નાની ઉંમરમાં પણ મહાત્માપણું પામી મોક્ષે ગયા છે. મનુષ્યભવ દુર્લભ છે. ભલે રોગી હોય, ખોડખાંપણવાળો હોય, સ્ત્રી હોય, પુરુષ હોય, નિર્ધન હો કે શ્રીમંત હો, પણ મનુષ્યભવ છે તો સત્પુરુષનાં વચન કાનમાં પડશે, વિચારાશે, સારા ભાવ થશે; પણ તે છૂટી ગયા પછી કંઈ બનનાર નથી. માટે મનુષ્યભવ પામીને આર્તધ્યાન રૌદ્રધ્યાનમાં વખત ન જાય તે જ સાચવી લેવાનું છે. કાળનો ભરોસો નથી માટે ચેતી લેવાનું છેજી. મરણની વેદના આગળ આ વેદના કંઈ ગણતરીમાં નથી અને જેને સહન કરવાની ટેવ પડશે તે સમાધિમરણ માટે તૈયારી કરે છે એ ચોક્કસ છે, એમ વિચારી સમભાવ, સહનશીલતા, ચિત્તપ્રસન્નતા, નિરાકુળપણું, ધીરજ, શાંતિ આદિ ખમી ખૂંદવાના ગુણને વધારવા પુરુષાર્થ કર્તવ્ય છે. કોઈનું દુઃખ કોઈથી લઈ શકાતું નથી માટે 'આ કાળજી રાખતા નથી કે આ સેવા કરતા નથી' એવું લાવી ચીડિયો સ્વભાવ થવા દેવો ઘટતો નથી. જે થાય તે જોયા કરવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે. આત્માનો ધર્મ જાણવું અને દેખવું એ છે, તે સદાય સ્મરણમાં રાખવા યોગ્ય છે. જે જે વેદના થાય છે તે દેહનો ધર્મ છે અને પૂર્વે બાંધેલાં એવાં જડ કર્મનો વિપાક દેખાય છે તેમાં ચેતનના ભાવ તણાઈ ન જાય, "આમ થાય તો સારું, આમ ન થાય તો સારું" એવા વિકલ્પોમાં જીવ ચઢી ન જાય ને માત્ર સ્મરણમાં રહે અને ચૈતન્યસ્વરૂપ શુદ્ધ છે, નિર્વિકલ્પ દ્રષ્ટારૂપ છે તે વારંવાર ધ્યાનમાં રહે માટે પરમકૃપાળુ દેવાધિદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનું શરણું વારંવાર સ્મૃતિમાં લાવી તેમની સમજ, તેમની સહનશીલતા, તેમની નિષ્કારણ કરુણાને વારંવાર સ્તવવાથી પણ કલ્યાણ થાય છેજી. સાંસારિક સર્વ સંબંધો તરફથી વૃત્તિ દૂર કરી આત્મકલ્યાણની જ ઇચ્છા કર્તવ્ય છેજી. આત્મા એકલો છે, અને નિશ્ચયથી તે અસંગ છે, અજર છે, અમર છે, શાશ્વત છે, પરમાનંદસ્વરૂપ છે, તે રોગી નથી, દુઃખી નથી, રાગી નથી, દ્વેષી નથી. આવી આત્મભાવનાથી જ્ઞાની મૃત્યુને પણ મહોત્સવરૂપ માને છે, સંકટમાં સંતોષી રહે છે, ઉપાધિમાં પણ નિરુપાધિક રહે છે, શોકના પ્રસંગમાં પણ આનંદી રહે છે. આત્માનું સુખ જ્ઞાનીઓએ જોયું છે, અનુભવ્યું છે, ઉપદેશ્યું છે તેની જ ભાવના કર્તવ્ય છે. તેના સુખ આગળ ચક્રવર્તીનાં સુખ પણ તરણા તુલ્ય છે અને મરણાંતિક વેદના પણ તે સુખનું હરણ કરી શકતી નથી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૫ અગાસ, અષાડ વદ ૮, મંગળ, ૧૯૮૮

પરમકૃપાળુની કૃપા, સંતચરણની છાંય;
અપૂર્વ બોધ વિરાગતા, તારો ગ્રહી અમ બાંહ્ય.

હે પ્રભુ ! આ દુષમ કળિકાળમાં સર્વત્ર દુઃખ જ દૃષ્ટિગોચર થાય છે છતાં આ જીવને વૈરાગ્ય નિરંતર રહેતો નથી એ જ યોગ્યતાની ખામી છે. ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વહી ગયો છતાં કરવાયોગ્ય આ જીવે કંઈ કર્યું નથી. એક પરમકૃપાળુદેવનું સાચા અંતઃકરણથી શરણ ગ્રહણ કરવા યોગ્ય છેજી. પછી પ્રારબ્ધવશાત્ ગમે ત્યાં કાળ જાય પણ તેના શરણમાં બુદ્ધિ હોય તો વિયોગમાં પણ કોઈનું વિશેષ કલ્યાણ થાય છે. પરમકૃપાળુદેવે વિયોગ અને વિરહ દ્વારા પ. પૂ. પ્રભુશ્રીજીને પરિપક્વ દશા પ્રાપ્ત કરાવી છે. માટે ધીરજ રાખી વિશેષ પુરુષાર્થ ફોરવી ધર્મધ્યાનમાં વિશેષ કાળ જાય તેમ કરવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવે આ કળિકાળમાં અમૃત વરસાવે તેવાં વચનોનો વારસો આપણને આપ્યો છે. તેના ગહન અર્થ સમજવા જેટલા ઉપશમ વૈરાગ્યનું બળ આપણામાં નથી, છતાં અમૃત અમૃતનું કામ કર્યા વિના રહે નહીં. તેને સમજવા માટે, તેમાં જણાવેલી આજ્ઞાઓ ઉઠાવવાના ભાવ કરવા માટે જેટલો કાળ ગળાશે તે લેખાનો છે, તે કલ્યાણકારી છે.

---

૫૬ અગાસ, તા. ૫-૮-૩૨

પરમશાંતિપથપ્રદર્શક, અખિલભૂમંડળભૂષણ શ્રી સનાતન જૈન તીર્થસ્થળ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ ક્ષેત્રથી લિ. સત્પુરુષના ચરણકમલની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાલ ગોવર્ધનના જય સદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી.

પૂ. મુનિદેવ શ્રી મોહનલાલજી મહારાજની તબિયત બે માસથી નરમ રહેતી પણ હમણાં દશેક દિવસથી વધારે ગંભીર જોખમભરી થઈ ગઈ છે. ઘણા ઉપચાર કર્યા છતાં કોઈ દવાથી હાંફનું દરદ તથા પેટનું દરદ ઓછું થતું નથી. દિવસે દિવસે દરદમાં વધારો થતો જાય છે પણ શુદ્ધિ જાગૃતિ સારી છે. સમતા, સહનશીલતા અને ઉપશમમાં વર્તવું થાય છે. પરમકૃપાળુદેવનો પ્રત્યક્ષ સમાગમ જેને થયો છે, તે સજીવન મૂર્તિનો સાક્ષાત્ બોધ શ્રવણ કર્યો છે, મનન કર્યો છે અને તેની જ ભાવના-રુચિ રહ્યા કરે છે તેને બહાર ગમે તેટલો વેદના-પરિષહ સહન કરવો પડે, પણ જે પ્રજ્ઞા-સમજણ છે તે તે વખતે હાજર જ છે. જો પાપ વગેરે ખોટાં કામ થયાં હોય તેનું ફળ થાય, તો સત્પુરુષ અને તેનાં વચનની ઉપાસના કરી હોય તે કેમ નિષ્ફળ હોય ? જેનો અભ્યાસ પાડી મૂક્યો હોય તે વારંવાર યાદ આવે, તેમ આત્મકલ્યાણ અર્થે જેણે આયુષ્ય ગાળ્યું હોય તેને આત્મા ગમે તેટલી વેદનામાં પણ ભુલાય નહીં. પ્રત્યક્ષ પુરુષ ઉપરની શ્રદ્ધા અને તેનું યોગબળ અપૂર્વ કલ્યાણ કરે છે. પૂ. મુનિદેવ શ્રી મોહનલાલજીએ સર્વ સંઘને ખમાવેલ છેજી. હાલ તીવ્ર વેદનામાં પણ તેમના ભાવ બહુ સારા વર્તે છે એમ પ. પૂ. પ્રભુશ્રીજીના કહેવાથી જાણ્યું છેજી. તથા 'શુદ્ધ ઉપયોગ', 'નિઃશંકતા', 'પરમકૃપાળુદેવ તમારું શરણ છે' એવા શબ્દોના ઉચ્ચારથી પણ સારી જાગૃતિ અંતરમાં જણાય છેજી.

કળિકાલ કે દુષમકાલમાં નિમિત્તો તો જીવને ધર્મથી દૂર લઈ જાય તેવાં સહેજે મળે છે પણ જે જીવને કલ્યાણ કરવાની ભાવના જાગી છે તેણે તેવાં નિમિત્તોમાં નછૂટકે વર્તવું પડતું હોય છતાં સત્પુરુષનો સમાગમ, બોધ થયો હોય તેની સ્મૃતિ, તેનું બહુમાનપણું, તેની ભાવના, તેણે આપેલા સ્મરણનું હરતાં, ફરતાં, બેસતાં, ઊઠતાં વિસ્મરણ ન થાય તેમ વર્તવાની તત્પરતા, જિજ્ઞાસા, ભાવના રાખે તથા અમુક કાળ દિવસના જાગ્રત કાળમાંથી કાઢી લઈ તેમાં સત્પુરુષની વાણીનો વિચાર સ્મરણ ભાવના નિયમિતપણે કરે. જીવ જો પ્રમાદમાં આ મનુષ્યભવ ખોઈ બેસશે તો પછી પસ્તાવો થશે. ધન, કીર્તિ કે ધંધા અર્થે જીવે ઘણાં કષ્ટો વેઠ્યાં છે, હજી તેને માટે આથડે છે; પણ તેથી કંઈ આત્માનું કલ્યાણ થયું નથી. માથે મરણ ભમે છે, કાળ ગટકાં ખાઈ રહ્યો છે, લીધો કે લેશે થઈ રહ્યું છે, તો આ જીવ કયા કાળને ભજે છે? તે વિચારવા યોગ્ય છેજી. ધર્મ એક સાર વસ્તુ છે. આત્મસ્વભાવ તે ધર્મ છે અને તે જ્ઞાનીપુરુષે જાણ્યો છે. હું કંઈ જાણતો નથી પણ જેણે યથાર્થ આત્મા જાણ્યો છે, આત્મારૂપ જે હતા, તે પરમકૃપાળુદેવનું મને શરણું હો. તેની શ્રદ્ધાએ તેના કહેવાથી આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષના ઉપાય છે એ છપદની મને શ્રદ્ધા છે એ જ મારે ભાવવા યોગ્ય છે, એ લક્ષ કર્તવ્ય છેજી.

---

૫૭ અગાસ, તા. ૨૧-૮-૩૨

આપનો પત્ર આવ્યો. તે પરમ પૂજ્ય ભાવદયાસાગર પ્રભુશ્રીજીને વંચાવ્યો છેજી. તેઓશ્રીજીએ જણાવ્યું છે કે પર્વાધિરાજ પર્યુષણ ઉપર જે ધર્મધ્યાન ભક્તિભજન આદિ યથાશક્તિ કરવા વિચાર હોય તેમાં પ્રતિબંધ નથી.

પૂ. મુનિદેવ શ્રી મોહનલાલજીની શરીરપ્રકૃતિ બહુ ગંભીર જોખમભરી થઈ ગઈ છે. પરંતુ સદ્ગુરુ શરણે યથાશક્તિ સમભાવે વેદવાનું કરે છેજી. સ્મરણ, ભક્તિભજન વગેરે સારાં નિમિત્તોની વચમાં રહેવાનું હોવાથી તથા પરમકૃપાળુદેવની કૃપાથી આખી જિંદગી સદ્ધર્મની ઉપાસના કરેલી હોવાથી તેમનું કલ્યાણ જ છે. સમ્યક્દૃષ્ટિ જીવોને મૃત્યુ મહોત્સવરૂપ લાગે છેજી. ત્રણે લોક ત્રિવિધ તાપથી બળી રહ્યા છે તેમાં સમ્યક્દૃષ્ટિ જીવો જ પરમશીતલતામય આત્મિક શાંતિ અનુભવતા હોવાથી સુખી છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૮ અગાસ, ભાદરવા સુદ ૧૧, શનિ, ૧૯૮૮

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केणई ॥

અત્રે પર્યુષણ પર્વનું સદ્ગુરુકૃપાએ રૂડી રીતે પૂજા-પ્રભાવના, ભક્તિભાવ, તપ-વ્રતાદિથી નિર્વિઘ્ને આરાધન થયું છેજી. પાંચસો-સાતસો મુમુક્ષુ ભાઈબહેનોનો સમુદાય મળ્યો હતોજી.

ભાદરવા સુદ ૬ને દિવસે પૂ. મુનિદેવ શ્રી મોહનલાલજીની તબિયતમાં એકાએક ફેરફાર જણાયો અને બપોરે સાડા અગિયાર વાગ્યે તેઓ કાળધર્મ પામ્યા. પ. પૂ. પ્રભુશ્રીજીની શુભ શીતલતામય છાયામાં તેમણે દેહત્યાગ કર્યો એ મહાપુણ્યનું ફળ છે. જેમણે પરમ-

કૃપાળુદેવનાં સાક્ષાત્ દર્શન કરેલાં, પ્રત્યક્ષ પુરુષનો બોધ સાંભળેલો અને દૃઢ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ પામેલા એવા તે પૂ. મુનિદેવશ્રી આખી જિંદગી પ. પૂ. પ્રભુશ્રીજીના સહવાસમાં આજ્ઞાંકિતપણે ગાળી અપૂર્વ કમાણી ઉપાર્જન કરી દેવગતિ પામ્યા છેજી. તેમના વિયોગથી આશ્રમમાં બધે ખેદ અને શોકનું વાતાવરણ થઈ રહ્યું છેજી. તેમની ક્ષમા, સહનશીલતા, પરમ વિનય, આજ્ઞાંકિતપણું, પરમપુરુષની દૃઢ શ્રદ્ધા અને ભક્તિ વારંવાર યાદ આવી તેમના વિયોગનું સ્મરણ તાજું રાખે છેજી. સર્વ મુમુક્ષુજીવો પ્રત્યે તેમનો વાત્સલ્યભાવ અને બોધનું ઉપકારીપણું વીસરાય તેવું નથી. તેમની સર્વ સંઘને ન પુરાય તેવી ખોટ પડી છે.

આવા પ્રસંગો જીવ નજરે જુએ છે છતાં આ [1]અનિત્ય જીવનમાંથી મોહ ઘટતો નથી, પોતાની [2]અશરણ નિરાધાર સ્થિતિનો વિચાર પણ આવતો નથી, [3]જન્મજરામરણનો ત્રાસ આવતો નથી એ મોટું આશ્ચર્ય છે. [4]એકલો જીવ આવ્યો છે અને આ સ્વપ્ન જેવા સંસારની સર્વે વસ્તુઓ અહીં જ પડી મૂકી સર્વ કામધંધા અધૂરા મૂકી એકલો ખાલી હાથે પરભવમાં જનાર છે, તેનો વિચાર હજી હૃદયને જાગ્રત કરતો નથી. જે જે વસ્તુઓ ઉપર આધાર રાખીને જીવ જીવે છે તે સર્વ નાશવંત છે, પારકી ચોરી લીધેલી ચીજો છે તે મૂક્યા વિના છૂટકો નથી. જેને માટે જીવ અનેક પ્રકારનાં પાપ કરીને પણ આ દુર્લભ મનુષ્યભવનો કાળ વ્યર્થ વહી જવા દે છે એવો આ દેહ અને દેહના સંબંધીઓ તે પણ [5]આપણા થવાના નથી, કોઈ આપણા આત્માને હિતકારી નથી. [6]અશુચિમય અને મળમૂત્ર તથા રોગની મૂર્તિ જેવા આ દેહની ગર્ભથી અત્યાર સુધી સેવા કરી છતાં તે વિશ્વાસઘાતી મિત્રની પેઠે આખર દગો દેનાર છે. તેના ઉપરનો મોહ જીવને પોતાનો વિચાર કરવા દેતો નથી પણ [7]આસ્રવનાં કારણો મેળવી નવા કેદખાના રૂપી બીજા દેહ ઊભા થાય તેવાં કર્મ બંધાવે છે. તેનો વિચાર કરી સદ્‌ગુરુની કૃપાએ સમ્યક્ત્વ પામવાની હવે નિરંતર ભાવના કર્તવ્ય છેજી. કારણ કે સમ્યક્ત્વ સિવાય [8]સંવર સંભવે નહીં અને સંવર વિના [9]નિર્જરા સાચી રીતે થાય નહીં તથા [10]લોકત્યાગ બને નહીં; તેથી સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્રરૂપ [11]ધર્મની પ્રાપ્તિ માટે પરમકૃપાળુ સત્પુરુષ શ્રીમદ્ રાજચંદ્રદેવ પર અચળ શ્રદ્ધા, તેમની અપૂર્વ વાણી પ્રત્યે ઉલ્લાસભાવ અને પરમપ્રેમ તે દુર્લભ [12]સમ્યક્‌બોધિનું કારણ છેજી. આ સંક્ષેપમાં જણાવેલ બાર ભાવનાઓ ઊંડા વિચારથી વારંવાર આપણે સર્વેએ ભાવવા યોગ્ય છે. પરમકૃપાળુદેવે બાર ભાવનાઓનો બોધ પ્રથમ પોતાની હયાતીમાં ભાવનાબોધરૂપે પ્રસિદ્ધ કરેલો છે તે મોટા વચનામૃતમાં પણ છે. દૃષ્ટાંતો સહિત હોવાથી આપણા જેવા બાળ જીવોને બહુ હિતકારી છે. તે વારંવાર વિચારી સત્સંગ સત્‌બોધનું સેવન કરતા રહેવા વિનંતી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૯ નવસારી, વૈશાખ વદ ૪, શનિ, ૧૯૮૯

અનંત કૃપા કરી પરમકૃપાળુદેવે જણાવેલો મંત્ર આ કલિકાલમાં આપણને સંતની કૃપાથી મળ્યો છે તે આપણાં મહાભાગ્ય છે. જેમ કોઈ કૂવામાં પડી જાય અને તેના હાથમાં કોઈ સાંકળ કે દોરડું આવી જાય તો તે ડૂબી જતો નથી, તેમ મંત્રનું સ્મરણ ઠેઠ મરણ સુધી

અવલંબનરૂપ છે. સત્પુરુષનું એક પણ વચન જો હૃદયમાં પરમપ્રેમથી ધારણ થાય તો આ મનુષ્યજન્મ સફલ થઈ જાય અને તેની ગતિ સુધરી જાય એવું તેનું માહાત્મ્ય છે. લૌકિક બોલની પેઠે તેને સામાન્ય કરી નાખવા જેવું નથી. અલૌકિક દૃષ્ટિથી તેના ઉપર પ્રેમ કર્તવ્ય છે. એવાં આપણાં ક્યાંથી ભાગ્ય હોય કે મરણ વખતે તે મહામંત્રનો બોલ આપણા કાનમાં પડે! જ્યાં સુધી ભાન રહે ત્યાં સુધી સ્મરણમાં ને સ્મરણમાં જ ચિત્ત રાખવું. જગતનાં સગાંવહાલાં, ધન, વસ્ત્ર, ઘર, ખેતર બધાં અહીં પડી રહેવાનાં છે તેમાં ચિત્ત રાખવા યોગ્ય નથી. ઘરમાં ચિત્ત રહે તો ઉંદર કે ઘરોળું થઈ ત્યાં અવતાર લેવો પડે, ધનમાં ચિત્ત રહે તો સાપ થવું પડે, ઘરેણામાં ચિત્ત રહે તો ધાતુની ખાણમાં ઉત્પન્ન થવું પડે; એમ જ્યાં જ્યાં વાસના-તૃષ્ણા રહે ત્યાં ભવ કરવા પડે છે, માટે જેણે સંસારમાં જન્મમરણ થઈ રહ્યાં છે તેથી છૂટવું હોય તેણે પરમકૃપાળુદેવ ઉપર આસ્થા રાખી તેમણે જાણેલો આત્મા ચિંતવવા યોગ્ય છે. મને કંઈ ખબર નથી, પણ એ પરમકૃપાળુ જ્ઞાની પુરુષે જાણ્યું છે, જોયું છે, ઉપદેશ્યું છે તે સાચું છે તે મને માન્ય છે અને તેની મને પ્રાપ્તિ થાઓ એવી ભાવના વારંવાર કર્તવ્ય છે. પરમકૃપાળુદેવના ચિત્રપટનું દર્શન, તેમની આજ્ઞારૂપ વીસ દુહા, ક્ષમાપનાનો પાઠ, છપદનો પત્ર, મંત્રનું સ્મરણ અને સત્પુરુષનું શરણ, વિશ્વાસ અને તેનો આશ્રય કલ્યાણકારી છે એ ભાવના વિશેષ વિશેષ પ્રેમથી કર્તવ્ય છે. સત્પુરુષના યોગબલથી કંઈ કંઈ પાપી જીવોનાં પણ કલ્યાણ થઈ ગયાં છે. વિશ્વાસ અને ટેક જોઈએ. કોઈ પણ પ્રકારની ઇચ્છા રાખવા યોગ્ય નથી. સંસારને સાવ ભૂલી જઈ, એક સત્પુરુષનું શરણ એ જ મારો ઉદ્ધાર કરનાર છે એવો નિશ્ચય કર્તવ્ય છે. વેદના તો વેદના-કાળ પૂરો થયે અવશ્ય દૂર થનાર છે. મટી જાઓ એમ ઇચ્છીએ તોપણ તે મટી જવાની નથી, વધારે થાઓ એમ કહ્યે વધારે થવાની નથી. તેથી ધીરજથી, સહનશીલતાથી, સમભાવથી જે વેદની ઉદયમાં આવે તે ખમવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી. દેહ મારો નથી, તો દેહના ધર્મરૂપ જે વેદનીય દેખાય છે તે મારો ધર્મ નથી; પણ જાણવું, દેખવું એ મારો ધર્મ છે એમ સત્પુરુષોએ કહ્યું છે તે મારે માન્ય કરવું છે. દેહ તો અવશ્ય છૂટવાનો છે તેના ઉપર મોહ રાખીને તો ભવ કરવા પડ્યા છે, તો હવે એ દેહ ઉપર મોહ, મમતા મારે નથી કરવાં એવો ભાવ કરી સત્પુરુષ ઉપર, તેનાં વચનો ઉપર વિશ્વાસ રાખી તેને શરણે જે થાય તે જોયા કરવાનો દૃઢ નિશ્ચય કર્તવ્ય છેજી. ગમે તેટલું ઊંડું પાણી હોય તોપણ હોડીમાં બેસીને નદી જેમ ઊતરી જવાય છે તેમ સત્પુરુષ ઉપર વિશ્વાસ છે તે સંસારસમુદ્રમાંથી તારનાર છે, માટે નિર્ભય રહેવું. આત્મા મરતો નથી. એ તો અજર, અમર, અવિનાશી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. જ્ઞાનીએ અનુભવ્યો છે તેવા શુદ્ધ આત્માનું મને શરણું હો! એ જ દૃષ્ટિ કર્તવ્ય છે:

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૦ અગાસ, અષાડ સુદ ૧૩, ૧૯૮૯

"ક્ષમાશૂર અરિહંત પ્રભુ, ક્ષમાદિ અવધાર;
ક્ષમા ધર્મ આરાધવા, ક્ષમા કરો સુખકાર."

આપને દર્શન-સમાગમની ભાવના રહે છે તે સારી છે. કર્મના ઉદયે ક્ષેત્ર-ફરસના હોય ત્યાં રહેવું, જવું, આવવું થાય છે પરંતુ ભાવ પોતાના હાથમાં છે. જેમ ખોટા ખોટા વિચારો મનમાં આવે છે તેમ જો મનને સારા સારા ભાવમાં રાખવાનો અભ્યાસ કરીએ તો સારા ભાવમાં પણ તે રહે. તેથી જેને આત્માનું કલ્યાણ કરવું છે તેણે તો મનને સદ્ગુરુએ બતાવેલા સાધનમાં રોકવાનો અભ્યાસ કર્તવ્ય છે. આડાઅવળી મન ભટકતું હોય તેને મંત્રના સ્મરણમાં કે વીસ દોહરામાં, ક્ષમાપનાના પાઠમાં, આત્મસિદ્ધિમાં કે છપદના પત્રમાં રોકવું ધારીએ તો તેમાં તે રોકાય છે માટે મનને વીલું મૂકવા જેવું નથી. નવરું રહે તો નખોદ વાળી નાખે તેવો તેનો સ્વભાવ છે. સત્સંગ સમાગમનો જોગ હોય ત્યારે સહેજે સારાં નિમિત્તો મળતાં રહે છે, પણ તેવો જોગ ન હોય ત્યારે સત્પુરુષનાં કહેલાં વચનો સત્સંગતુલ્ય જાણી અત્યંત ભાવથી વિચારવા યોગ્ય છે, વારંવાર ફેરવવા યોગ્ય છે, તેમાં જણાવેલી ભાવનામાં મનને રાખવા યોગ્ય છે, તથા પાંચ ઇંદ્રિયોના વિષયો ઉપરની આસક્તિ ઘટાડવા યોગ્ય છે, કારણ કે ઇંદ્રિયો પુદ્ગલનો પરિચય કરાવી જીવને પુદ્ગલાનંદી બનાવી દે છે. અનાદિકાળથી જીવને પુદ્ગલનો પરિચય ઇંદ્રિયો દ્વારા થયા કર્યો છે અને પુદ્ગલની પ્રાપ્તિમાં હર્ષશોક જીવ કર્યા કરે છે તેથી પોતાના સ્વભાવને જીવ ભૂલ્યો છે. આ આંટી ઉકેલી જીવને આત્માનંદી બનાવવા માટે સદ્ગુરુના બોધની અને સમજણની જરૂર છે. સદ્ગુરુકૃપાએ જીવની રુચિ બદલાય અને આત્મા ઉપર પ્રેમ, પ્રતીતિ અને આનંદ આવે તો તેનો પુદ્ગલાનંદી સ્વભાવ બદલાઈ જાય અને સમ્યક્ત્વ પામે. આટલું થાય તો આ ભવ સફળ થયો ગણવાયોગ્ય છે, રત્નચિંતામણિ ગણવા યોગ્ય છે; અને તેમ ન બન્યું તો આ મનુષ્યભવ કોડીની કિંમતનો પણ ગણવા યોગ્ય નથી. કારણ કે આ દેહે ગમે તેટલી ધન-સંપત્તિ મેળવી હશે તોપણ બધી અહીં જ મૂકી પરભવમાં કરેલાં કર્મ ભોગવવા એકલા જવું પડશે. કશું સાથે જનાર નથી. માટે ચેતી લેવા જેવું છે. આ મનુષ્યભવની સામગ્રી જેવીતેવી નથી. દેવતા પણ ઇચ્છે છે કે મનુષ્યભવ ક્યારે મળે અને મોક્ષને માટે પુરુષાર્થ કરવાનો લાગ મળે. એવી દુર્લભ જોગવાઈ આ આપણને મળી છે તે થોથાં ખાંડવામાં, વિષયકષાયના નિમિત્તમાં નકામી વહી જાય છે તે નિરર્થક વહી જવા દેવા યોગ્ય નથી. કાળનો ભરોસો નથી, લીધો કે લેશે થઈ રહ્યું છે માટે ધર્મનું આરાધન જેટલું બને તેટલું કરી લેવા યોગ્ય છેજી. વિનય, ભક્તિ અને આજ્ઞાપૂર્વક સદાચરણમાં વર્તવું એ ઉત્તમ ઉપાય છે. આત્મકલ્યાણ સાધવાનો આ અવસર જો જીવ ચૂક્યો તો ફરી આવો અવસર પ્રાપ્ત થવો દુર્લભ છે. કાગડા-કૂતરાના જેવા ભવમાં પછી કંઈ નહીં બની શકે. માટે પ્રમાદ તજી જાગ્રત થવા યોગ્ય છે. વૃદ્ધાવસ્થામાં પછી કંઈ નહીં બની શકે. વ્યાધિની વેળાએ કે મરણની વેદનામાં ધારેલું કંઈ બનતું નથી. પણ જ્યાં સુધી શરીર-ઇંદ્રિયો સશક્ત છે ત્યાં સુધી જ ધર્મનું પણ કામ કરવું હોય તો થાય છે, માટે ધન આદિ કરતાં ધર્મની વિશેષ કાળજી રાખી આત્મકલ્યાણ માટે રોજ અમુક વખત ગાળવાનો નિત્યનિયમ રાખવો ઘટે છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૬૧ અગાસ, તા. ૨૯-૧૦-૩૩

જો જો પુદ્ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા-સમતા ભાવસેં, કર્મ બંધ-ક્ષય હોય,
વીતી તાહિ વિસાર કે, આગેકી શૂધ લે;
જો બની આવે સહજમેં, તાહિમેં ચિત્ત દે.

પ્રારબ્ધ પ્રમાણે કુળ, જ્ઞાતિ, ગામ આદિ જેમ પ્રાપ્ત થયાં છે તેમ ધન, સંપત્તિ, સુખ, દુઃખ આદિ પણ પ્રાપ્ત થાય છે. તેને અંગે ધંધા આદિ કારણે સંસ્કાર અનુસાર ચેતન-અચેતન પદાર્થોના પ્રસંગમાં જીવ આવે છે. પરંતુ નવીન કર્મનો બંધ પોતાના વર્તમાન ભાવ-પરિણામ ઉપર આધાર રાખે છે. જો શુભ ભાવ—સદાચરણના, ન્યાયનીતિના કે પરોપકારના—વર્તતા હોય તો જીવ પુણ્ય બાંધે છે; તેમ જ ઈર્ષા, અદેખાઈ, પરનું અહિત કરવાના, પાપ-આચરણના, સાંસારિક ભોગ ભોગવવાના ભાવ વર્તતા હોય તો તેથી પાપ બંધાય છે. આમ પુણ્ય-પાપ બાંધી તેનાં ફળ સુખદુઃખ ઉદયમાં આવે છે ત્યારે તે જીવ ભોગવે છે. વળી પાછો ભોગવતાં જેવા ભાવ કરે છે તેવાં કર્મ બાંધે છે. એમ અનાદિકાળથી સંસાર-પરિભ્રમણમાં જીવ ભમે છે. પરમકૃપાળુદેવે આત્મસિદ્ધિમાં જણાવ્યું છે—

"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષસ્વભાવ."

આટલી એક ગાથામાં આખું સંસારનું સ્વરૂપ અને તેથી મુક્ત થવાનું સ્વરૂપ પણ સાથે આવી જાય છે, પરંતુ યોગ્યતા પ્રમાણે સમજાવા યોગ્ય છે.

આસો વદ ૧ આત્મસિદ્ધિનો જન્મદિવસ છે. તે દિવસે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવ્યું હતું કે આત્મસિદ્ધિમાં ચૌદપૂર્વનો સાર છે, આખો આત્મા પ્રકાશ્યો છે પણ તેનું માહાત્મ્ય શી રીતે સમજાય ? પહેલી તો પરમકૃપાળુદેવ ઉપર શ્રદ્ધા જોઈએ. તે પરમપુરુષ ઉપર દૃઢ વિશ્વાસ આવી જાય તોપણ આ ભવમાં કામ થઈ જાય. તે પુરુષ-પ્રતીતિથી તેના વચનની પ્રતીતિ આવે અને ઉપશમ, ત્યાગ, વૈરાગ્યનું બળ વધે તેમ જીવની યોગ્યતા આવે એટલે આત્મસ્વરૂપનું ભાન પણ થાય. બોધ અને વૈરાગ્યની જીવને જરૂર છે; તેને માટે સત્સંગ, સત્પુરુષનો સમાગમ અને તેની આજ્ઞાનું આરાધન કર્તવ્ય છે. ભક્તિના વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, આત્મસિદ્ધિ, સામાયિક પાઠ વગેરે જે કંઈ મુખપાઠ કરવાનું કે સ્મરણ વગેરે નિત્યનિયમ તરીકે કરવા યોગ્ય કહ્યું છે તે અવશ્ય કરવું. પ્રમાદ જેવો કોઈ શત્રુ નથી માટે રાતદિવસના ચોવીસ કલાકમાંથી ધર્મકાર્ય માટે અમુક કાળ અવશ્ય કાઢવો અને આપણી સાથે હોય તેમને પણ ધર્મકાર્યમાં જોડવા એ સ્વપરહિતનું કારણ છે. કામધંધામાંથી જે વખત બચે તે નાટક, સિનેમા કે પત્તાં-ચોપાટ વગેરે રમતોમાં તથા નકામી વાતોમાં વહી જવા દેવો યોગ્ય નથી. મનુષ્યભવ બહુ દુર્લભ છે. મોક્ષ પામવા યોગ્ય એક મનુષ્યગતિ જ છે અને તે વારંવાર પ્રાપ્ત થતી નથી, એમ વિચારી પરમકૃપાળુદેવનાં વચનોનો પરિચય વિશેષ રાખવો. જેમ વાછડું ગાય પાછળ ધાવવા ફરે તેમ સત્પુરુષનાં વચનો પ્રત્યે પ્રેમ-પ્રતીતિ રાખી તેનું જેટલું વિશેષ સેવન થશે તેટલો આત્મા વિશેષ પોષાશે.

ધર્મકાર્યમાં કોઈનો ભાગ નથી, કોઈ લૂંટી લે તેમ નથી, બળી જાય કે નાશ થાય તેમ નથી. માટે કાળજી રાખીને જ્યાં સુધી રોગ આવ્યો નથી, વૃદ્ધાવસ્થાના દુઃખે દેખાવ દીધો નથી, અને સત્પુરુષાર્થ બની શકે એમ છે ત્યાં સુધી આત્માનું હિત થાય તેવી વિચારણા, આચરણા, ભાવના કરી લેવા યોગ્ય છે. પછીથી પસ્તાવો ન થાય તેવી રીતે જીવન ગાળવાની ટેવ પાડવા યોગ્ય છે.

"નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા." (૧૫)

---

૬૨ અગાસ, તા. ૧૯-૨-૩૪

"દ્રવ્યદૃષ્ટિસેં વસ્તુ સ્થિર, પર્યાય અસ્થિર નિહાર;
ઉપજત વિણસત દેખકે, હર્ષ વિષાદ નિવાર."

વેદની શાતારૂપ હો કે અશાતારૂપ હો પણ બન્ને શરીરનો ધર્મ છે અને બાંધેલાં કર્મોનું ફળ છે, પરંતુ નવાં તેવાં કર્મ ન બંધાય તે માટે હવે જીવે પુરુષાર્થ કરવો ઘટે છે કેમ કે ઉદય આવેલાં કર્મ તો ચક્રવર્તી, ઇન્દ્ર કે તીર્થંકર જેવાને પણ ભોગવવાં પડે છે. આપણે ભોગવ્યા વિના કેવી રીતે છૂટીએ? પણ જેણે સત્પુરુષ પાસે બોધ સાંભળ્યો છે, સત્પુરુષ ઉપર શ્રદ્ધા જેને થઈ છે અને સત્પુરુષની આજ્ઞામાં જ વર્તવાના જેને ભાવ છે તેણે આવા પ્રસંગે આર્તધ્યાન ન થાય અને બને તેટલાં સમતા, સહનશીલતા, ધીરજ અને શાંતિવાળાં પરિણામ રાખવા પુરુષાર્થ કર્તવ્ય છે. દેહનો સ્વભાવ સડવા, પડવા અને વિણસવાનો છે અને આખરે તે દગો દેનાર છે, એમ જાણી નાશવાન શરીરના કરતાં અવિનાશી આત્મા જે સત્પુરુષે જાણ્યો છે તેને વિશેષ સંભારી તેની કાળજી તેનો લક્ષ વારંવાર લેવા યોગ્ય છે. સત્સંગ સમાગમે જે બોધ થયો હોય, જે આજ્ઞા થઈ હોય, સ્મરણ, ભક્તિના વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ વગેરે મુખપાઠ કર્યું હોય તેમાં ચિત્ત વિશેષ રાખવાનો અભ્યાસ રાખીએ તો મનને દેહાદિની કલ્પનામાંથી છૂટી બીજું કામ કરવું પડે, તેથી ઘણો લાભ થાય. જીવે સામાન્ય કરી નાખ્યું છે, નહીં તો સત્પુરુષનું એક વચન પણ સાચા અંતઃકરણથી માન્ય થાય તો કલ્યાણ થઈ જાય તેવું છે, પણ અનિત્ય પદાર્થોના મોહ આડે રત્નચિંતામણિ જેવાં સત્પુરુષનાં વચનોનું માહાત્મ્ય લાગતું નથી. મરતી વખતે સ્મરણ કાનમાં પડતાં ઘણાની ગતિ સારી થઈ ગઈ છે એમ આપણે સાંભળ્યું છે, માનીએ છીએ; પણ "ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?" એમ પરમકૃપાળુદેવે પરમકૃપા કરી જણાવ્યું છે તે આપણને વારંવાર પળે પળે સાંભરતું નથી એ આપણી યોગ્યતાની ખામી છે. ક્ષણે ક્ષણે જીવ વિભાવમાં વર્તીને મરી રહ્યો છે, તે વખતે મહાપુરુષનાં વચન સ્મૃતિમાં આવે તો કેવો લાભ થાય? પણ કલ્યાણ કરવાનો સાચો ભાવ જાગ્રત થયો નથી. નહીં તો અમૂલ્ય તથા દેવને પણ દુર્લભ એવો આ મનુષ્યદેહ, ઉત્તમ કુળ, સત્સંગનો યોગ, સદ્‌બોધ વગેરે ઉત્તમ સામગ્રી મળેલી ક્ષણે ક્ષણે વહી જતી જોઈ જીવને ત્રાસ કેમ ન લાગે? આવો લાગ કરોડો ભવમાં પૂર્વે મળ્યો નથી, નહીં તો પરિભ્રમણ હોત નહીં. તેથી આ ઉત્તમ વેપાર કરવાનો વખત ચૂકવા યોગ્ય નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૩ અગાસ, તા. ૧૮-૩-૩૪
ફાગણ સુદ ૧૩, ૧૯૯૦

"પ્રભુ ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન,
ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિક ભાગ્ય;
તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ." (૧૦૭)

"પૂર્વપુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુ-યોગ;
વચન-સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ." (૧૫૪)

વિ. આપનો પત્ર મળ્યો છે. પ. પૂ. પ્રભુશ્રીની સૂચના પ્રમાણે આ પત્ર આપને લખ્યો છેજી. મનુષ્યભવ મળવો મહાદુર્લભ છે, તેમાં ધર્મ કરવાની ભાવના ઉત્પન્ન થવી પણ દુર્લભ છે. ધર્મને નામે ક્રિયા કરનારમાંથી જેમને સત્પુરુષનો યોગ થયો હોય અને તેની આજ્ઞા મળી હોય તે પ્રમાણે વર્તનાર બહુ થોડા જીવો છે. સત્પુરુષનો બોધ મળવો બહુ દુર્લભ છે. તેમણે જણાવ્યા પ્રમાણે વર્તવું કે તેમ વર્તવાની તીવ્ર ઇચ્છા રાખવી પણ બહુ મુશ્કેલ છે, ઘણા કાળના બોધે આત્માની ઓળખાણ થાય છે. પણ જેમણે સાચા પુરુષનું શરણું ગ્રહણ કર્યું છે તેને વહેલેમોડે આત્મજ્ઞાન થવા યોગ્ય છે. તેનું મુખ્ય સાધન ભક્તિ છે, સ્મરણ છે, બોધનું શ્રવણ છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રનો ચિત્રપટ તમારી પાસે હશે. તેમનાં દર્શન કરી વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, આત્મસિદ્ધિ, મંત્રનું સ્મરણ વગેરે નિત્ય, શરીર ઠીક હોય ત્યારે કર્તવ્ય છે. એક પરમકૃપાળુદેવ ઉપર અચળ વિશ્વાસ, શ્રદ્ધા રાખી તેણે જણાવેલા મંત્રનું સ્મરણ કરીશું તો અવશ્ય કલ્યાણ થશે. ઘરેણાં, ધન, ઘર, ખેતર, સગાંવહાલાં અને છેવટે દેહ કરતાં પણ વધારે પ્રેમ શ્રી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ ઉપર કર્તવ્ય છે. પરમપૂજ્ય મહારાજશ્રીએ આપણને આ ભક્તિમાર્ગે ચઢાવ્યા તો તેમનો પરમ ઉપકાર છે; પણ પ્રેમ, ભક્તિ, વિશ્વાસ, આશ્રય પરમકૃપાળુદેવનો સાચા હૃદયથી કરવા યોગ્ય છે. આ શિખામણ ભૂલવા યોગ્ય નથી. મંદવાડને વખતે કે મરણ પ્રસંગે જ્યાં સુધી ભાન હોય ત્યાં સુધી પરમકૃપાળુદેવના ચિત્રપટના દર્શન અને 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનું સ્મરણ મનમાં રાખી એક એ જ પરમપુરુષને શરણે અને તેને આશરે આ દેહ છોડવા યોગ્ય છે. તો અવશ્ય આત્મકલ્યાણ થશે. આટલી વાત હૃદયમાં કોતરી રાખી વારંવાર વિચારવા યોગ્ય છે. આ બાજુ આવવાનું થાય ત્યારે દર્શનાર્થે આવવાનું રાખશો. મનમાં કશો ઉચાટ રાખશો નહીં. જેવાં કર્મ બાંધ્યાં હોય તેવાં ભોગવવાં પડે છે. પણ મન અહીં રાખશો તો તમે અહીં જ છો. અને અહીં રહેનારનું મન બીજે હોય તો તે બીજે છે. માટે મનને સત્પુરુષનાં વચનોમાં રાખશો તો તે મહેનતનું ફળ અલેખે નહીં જાય. ન સમજાતું હોય તોપણ મનને આત્મસિદ્ધિ, છ પદનો પત્ર વગેરે વિચારમાં જોડવું. એમ પુરુષાર્થ કરશો તો સદ્‌ગુરુકૃપાથી બોધનો યોગ મળતાં સમજાય તેવી ભૂમિકા તૈયાર થશે. જેમ બને તેમ સંસારનો મોહ ઓછો કરી વૈરાગ્ય રાખી પ્રવર્તવાનું કરવા યોગ્ય છે. ભાવ, આત્માનું કલ્યાણ કરવાનો રાખ્યા કરશો તો બહુ લાભ થશે. "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૬૪ અગાસ, તા. ૫-૫-૩૪, શનિ

મનુષ્યભવ દુર્લભ છે. ફરી ફરી કલ્યાણ કરવાની આવી તક આવવી દુર્લભ છે. તો જે વ્રતનિયમ તથા નિત્યનિયમ વગેરે ધર્મકાર્ય સદ્ગુરુની આજ્ઞાએ કરવા યોગ્ય છે તેમાં શિથિલતા ન આવે તેમ વર્તવા યોગ્ય છે. ખોટા મિત્રો, ખોટાં પુસ્તકો, નાટક, સિનેમા વગેરે વિકારને પોષે તેવા પ્રસંગોથી દૂર રહેવું. સત્સંગની ભાવના રાખી સામાયિકપાઠ, સ્મરણ, આત્મસિદ્ધિ વગેરે યથાશક્તિ કરતા રહેવા ભલામણ છે. અવકાશનો વખત ગપ્પાંમાં કે ગંજીફાં વગેરે રમતમાં કે પ્રમાદમાં વહ્યો ન જાય તેની કાળજી રાખી ધર્મધ્યાન, સદ્વાંચન, સદ્વિચાર વગેરેમાં કાળ ગાળવા યોગ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫ અગાસ, તા. ૧૪-૫-૩૪

તત્ ૐ સત્ વૈશાખ સુદ ૧, સોમ, ૧૯૯૦

"પ્રભુપદ દૃઢ મન રાખીને, કરવો સૌ વ્યવહાર;
વિરતિ, વિવેક વધારીને, તરવો આ સંસાર."

લોહાનું સોનું બનાવે તેવા પારસમણિ કરતાં પણ વિશેષ મૂલ્યવાન એવો આ મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે તેને પશુની પેઠે આહાર, નિદ્રા, ભય, મૈથુન અને પરિગ્રહ એકઠો કરવા અર્થે ગાળવા યોગ્ય નથી. પૂર્વ પ્રારબ્ધ પ્રમાણે ગમે તે પ્રવૃત્તિ કરવી પડે, ગમે તે દૂર દેશમાં રહેવું પડે, સુખ-દુઃખ દેખવાં પડે, પણ ન્યાયનીતિ અને આત્મકલ્યાણનો લક્ષ ભૂલી જવા યોગ્ય નથી. સદ્ગુરુની આજ્ઞા એ જ કલ્યાણનું કારણ છે તેથી તેનો વિચાર, તેની ભાવના, સત્સંગયોગે જે શ્રવણ કરેલો બોધ તેમાં વૃત્તિ રાખી ધર્મભાવના પોષતા રહેવા યોગ્ય છે. વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, સ્મરણ, આત્મસિદ્ધિ, સામાયિકપાઠ વગેરે કલ્યાણનાં નિમિત્તો માટે વખત બચાવી સત્સંગના વિયોગમાં વિશેષ ઉત્સાહથી વર્તવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૬ અગાસ, તા. ૪-૭-૩૪

તત્ ૐ સત્ જેઠ વદ ૭, બુધ, ૧૯૯૦

આપને પત્રના ઉત્તરમાં તેઓશ્રીજીએ જણાવ્યું છે કે વ્રત બટાકા, શકરિયાં, સૂરણ, રતાળુ, મૂળા, ડુંગળી, ગાજર ન ખાવાનું જીવતાં સુધી તમે ધાર્યું છે તેમ પાળજો અને અહીં આવવાનું બને ત્યારે પ્રત્યાખ્યાન એટલે પચખાણ-નિયમ લઈ લેજો. ભૂલ ન થાય તે ખાસ સાચવવું. ત્યાગ કર્યા પછી તે તે વસ્તુઓની ઇચ્છા ન થાય અને શિથિલતા ન આવી જાય તે સાચવવાનું છે. જેટલું બને તેટલું, થોડું તો થોડું, પણ દૃઢતાથી પાળવું. ટેક પાળે તેને ઘણો લાભ થાય છે અને તોડે તેને ઘણી હાનિ થાય છે. એક આત્માર્થ સાધવાની ભાવના, જન્મજરામરણનો નાશ કરી મોક્ષની અભિલાષા કર્તવ્ય છે. સાંસારિક કોઈ ઇચ્છા રાખીને ધર્મ આરાધવાયોગ્ય નથી. પરમકૃપાળુદેવ ઉપર આસ્થા વધે અને સંસાર સેવવાના ભાવ મોળા પડે એ લક્ષ રાખી વૈરાગ્ય-ઉપશમ વધારવા યોગ્ય છેજી. ગમે ત્યાં બેઠાં રાગદ્વેષ મુકાશે ત્યાં મોક્ષ થશે એ પરમકૃપાળુદેવનું વચન છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૭ અગાસ, તા. ૧૨-૮-૩૪

સોરઠો - "ધિક્ ધિક્ પડો રે સંસાર, જીવિત થોડો ને દુઃખ ઘણો;
કરીએ ધર્મ વિચાર, પરભવ નિશ્ચય ચાલણો."

સામાન્ય એવી કહેવત છે કે "વૈરાગ્યમાં વિઘ્ન ઘણાં." પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર જણાવે છે તેમ 'આ જગત ધૂતારું પાટણ છે; જાગે તે જીવે, ઊંઘે તે મરે.' આખો લોક વિઘ્નો, ક્લેશો, દુઃખો અને ત્રિવિધ તાપથી ભરેલો છે. એવા ભયભરેલા સંસારમાં નિર્ભય રહેવા યોગ્ય નથી. કોઈ માતારૂપે, કોઈ પિતારૂપે, કોઈ પુત્રરૂપે, કોઈ ભાઈરૂપે, કોઈ ભત્રીજારૂપે, કોઈ ભત્રીજીરૂપે, કોઈ પત્નીરૂપે, કોઈ પતિરૂપે આ સંસારસમુદ્રમાં મગરની પેઠે આપણને ઊંડા જળમાં ખેંચી જવા મથે છે; અનેક પ્રકારની કલ્પનાઓરૂપી વમળમાં આ જીવ ગૂંચાયો છે. માથે મરણ ભમે છે. લીધો કે લેશે થઈ રહ્યું છે. આંગળી આપતાં પોંચો પકડી લે એવો સંસારનો વ્યવહાર છે, તેમાંથી બચવાનો ઉપાય એક સત્પુરુષની વાણી, સત્પુરુષ ઉપર શ્રદ્ધા, તેની આજ્ઞા ઉપાસવાની તત્પરતા એ છે. આટલું છતાં પણ પૂર્વકર્મ તો ઉદયમાં આવવાનાં જ. પરંતુ 'શરણ કરે બળિયાતણું' તો તે કર્મનો નાશ થવાનો છે, ફરી તે કર્મો આવવાનાં નથી. પ્રારબ્ધ અને પુરુષાર્થ એ બન્નેમાં બળવાન પુરુષાર્થ છે અને તે હાલ આપણા હાથમાં છે. પ્રારબ્ધનો તો ઉદય વેદવો પડશે તે હાથમાં નથી, પણ સત્પુરુષાર્થ થઈ શકે તેટલો કર્તવ્ય છે. જેમ પ્રારબ્ધ વિપરીત હોય તો વિઘ્નરૂપે નડે છે, તેમ અનુકૂળ પ્રારબ્ધથી મનુષ્યભવ, ઉત્તમ કુળ, સત્સંગનો યોગ, સદ્બોધની પ્રાપ્તિ આદિ પ્રાપ્ત થયાં છે. અને જો સત્પુરુષાર્થનો જોગ હવે સદ્ગુરુકૃપાએ બને તો આ ભવ સફળ થઈ જાય તેવી સામગ્રી પ્રાપ્ત થઈ છે. એમ કહેવાય છે કે 'કંઈક આપકા બળ અને કંઈક દેવકા બળ' એમ બે હાથે તાળી પડે છે. સત્પુરુષો આપણને મોહનિદ્રામાંથી જગાડવા પોકારી પોકારીને કહી ગયા છે અને કહે છે; પણ તે માનવું, તેવા ભાવ કરવા, તેમ વર્તવું તે આપણા હાથની વાત છે. પરમકૃપાળુદેવે ચૌદપૂર્વના દોહનરૂપ આત્મસિદ્ધિ રચી મહા-ઉપકાર કર્યો, તેના અધિકારી જીવાત્માઓને તે મોકલાવી, સદ્બોધરૂપી જળ સીંચી તે વડે આત્માની સિદ્ધિ કરાવી અને તેમના દ્વારા ઘણા ભવ્ય જીવોના આત્માનું કલ્યાણ થશે. આત્મ-સિદ્ધિના જન્મમહોત્સવને દિવસે આપણે ગાથાએ ગાથાએ નમસ્કાર કરી તેનું બહુમાનપણું કરીએ છીએ, પણ કોઈ નવા અપરિચિત માણસને તે આત્મસિદ્ધિનું માહાત્મ્ય ક્યાંથી સમજાય? અને આપણે પણ હજી ઘણું સમજવાનું છે. તેવાં નિમિત્તો સત્સંગાદિ મળે તો કલ્યાણ થાય છે. તે સર્વ નિમિત્તોમાં સર્વોત્તમ નિમિત્ત આ આશ્રમનું સ્થળ છે. પૂ. સ્વ. ત્રિકમભાઈ દંતાલી-વાળાનો આશ્રમમાં દેહ છૂટી ગયો તે પ્રસંગે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવ્યું હતું કે પરમકૃપાળુદેવનું અલૌકિક યોગબળ અહીં વર્તે છે. જેમનો દેહ આ આશ્રમમાં છૂટ્યો છે તે સર્વની દેવગતિ થઈ છે. પરમકૃપાળુદેવની શ્રદ્ધા વધે અને આત્મહિત થાય તેવું અલૌકિક આટલું સ્થળ બન્યું છે. મહાભાગ્યશાળી હશે તેનો દેહ અહીં છૂટશે. જો આજીવિકાની અડચણ ન હોય તો અહીં જ આયુષ્ય ગાળવા યોગ્ય છે. ધર્મ ધર્મ અને ધર્મના જ સંસ્કાર રાતદિવસ પડ્યા કરે એમ અહીં બધું વર્તન છે. નિમિત્તાધીન જીવની વૃત્તિ છે તેથી સારાં

નિમિત્ત મેળવવા પુરુષાર્થ કર્તવ્ય છે. ક્ષણ લાખેણી જાય છે. આવો જોગ ફરી મળવો દુર્લભ છે. સત્પુરુષના યોગે જેટલું બનશે તેટલું પછી જીવ ગમે તેટલું પોતાની મેળે કરવા મથશે તોપણ થવું મુશ્કેલ છે. કરોડો રૂપિયા મળતા હોય તોપણ તેની કિંમત સત્સંગ આગળ તુચ્છ છે. સત્સંગનું, સત્પુરુષના યોગનું માહાત્મ્ય બહુ બહુ વિચારી જીવમાં દૃઢ કરવા યોગ્ય છે. કહ્યું છે કે —

'क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका ।'

એક લવ સત્સંગ પણ કોટિ કર્મોનો નાશ કરવા સમર્થ છે. મરણ વખતે જીવ અશરણ છે, તે વખતે કરોડો રૂપિયા એકઠા કરેલા પડ્યા રહેવાના છે, સગાં-કુટુંબી કોઈ કામ આવતું નથી; એક સત્પુરુષનું વચન, તેની પ્રતીતિ કે શરણભાવ જે કામ આવે છે, શાંતિ આપે છે તેવું બીજું કંઈ કામ આવતું નથી. મરણ અવસર મહોત્સવ જેવો લાગે એ કેવી કમાણી છે તે વારંવાર વિચારવા યોગ્ય છે. એવા સંસ્કાર દૃઢ થવા માટે નિરંતર સત્સમાગમ અને બોધની જરૂર છે. તેથી તરવાના કામીએ તો બીજી જંજાળ તજી પોતાના આત્મહિતની વૃદ્ધિ થાય તેવાં નિમિત્ત માટે લોકલાજ તજી, સગાંવહાલાંનાં મહેણાં સહન કરવાં પડે તો તે પણ સહન કરીને, અનેક વિઘ્નો કે પ્રતિકૂળતાઓ વેઠવી પડે તે વેઠીને આ ભવમાં તો આ આત્માની જ સંભાળ લેવી છે એવો દૃઢ નિશ્ચય કરી જગતને પૂઠ દેવા યોગ્ય છે. "જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ" એમ પરમકૃપાળુદેવે લખ્યું છે તે પરમસત્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૮ અગાસ, આસો સુદ ૧૦, ૧૯૯૦

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય,
એ ભોગવે એક સ્વઆત્મ પોતે, એકત્વ એથી નય સુજ્ઞ ગોતે;
સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય, આરાધ્ય, પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

આપનાં માતુશ્રીને વિશેષ માંદગી રહે છે એમ જણાવ્યું તે જાણ્યું છેજી. તેમને સ્મરણ કરતા રહેવાનું પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવ્યું છેજી તથા વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, મંત્ર વગેરે તેમને સંભળાવતા રહેશોજી. વિશેષમાં તેમણે જણાવ્યું છે કે વેદનાથી મૂંઝાવું નહીં, ગભરાવું નહીં. પૂર્વે બાંધેલાં કર્મનો ઉદય છે, તે જાય છે, જવા આવ્યું છે. ગયા પછી તે આવવાનું નથી. જેટલું જાય છે તેટલું દુઃખ ઓછું થાય છે એમ જાણી ધીરજ રાખવી. સમભાવે સહન કરવું. ખમી ખૂંદવું. આર્તધ્યાન, રૌદ્રધ્યાન કરવાથી ઊલટું એવું બીજું ભવિષ્યમાં ભોગવવું પડે તેવું કર્મ બંધાય છે માટે ફિકર, ચિંતા, ખેદ, શોક કરવો નહીં. વગર બોલાવ્યે કર્મ આવ્યું છે તેમ તેની મેળે તે જતું રહેશે. ધીરજ, શાંતિ, સમતા, ક્ષમા રાખી ખમી ખૂંદવાથી ધર્મ નીપજે છે અને પૂર્વે બાંધેલું કર્મ ચાલ્યું જાય છે. હાયવોય કરીએ, ગમે તેટલો ઉચાટશોક કરીએ, માથું કૂટીએ તોપણ કર્મ કંઈ ઉદયમાં આવ્યા વગર રહેવાનું નથી. દુઃખ ભોગવ્યા વગર છૂટકો નથી. આપણે બાંધેલાં આપણે જ ભોગવવાં

પડશે. પણ તે વખતે સમજણ રાખીને ધીરજ રાખે તેને નવાં કર્મ ન બંધાય. રોગ અને વ્યાધિ વગેરે શરીરમાં થાય છે. દેહનો ધર્મ સડી જવાનો, પડી જવાનો છે, કોઈનો અજર, અમર દેહ રહ્યો નથી, તો પછી આપણે એ વેદનાની મૂર્તિ જેવા દેહમાંથી સુખ ઇચ્છીએ તોપણ મળે એવું નથી. આખરે દેહ દગો દેનાર છે. માટે એ દેહ ઉપરનો મોહ તજીને આત્માનો વિચાર કરવો યોગ્ય છે. આત્મા નિત્ય છે. કદી આત્મા મરતો નથી, સડતો નથી, રોગી થતો નથી, ઘરડો થતો નથી. તે અછેદ્ય, અભેદ્ય, જન્મમરણથી રહિત છે, અસંગસ્વરૂપ છે. જ્ઞાન આત્માનો સ્વભાવ હોવાથી દેહમાં જે જે વ્યાધિ થાય છે તેને જાણે છે; પરંતુ મને થાય છે, મારાથી નથી ખમાતું, મને આ નથી ગમતું, ક્યારે મટી જશે વગેરે થાય છે તે દેહ ઉપરના મોહને લઈને અને સહન કરવાનો અભ્યાસ નથી પડયો તેને લઈને લાગે છે. પણ હવે આ દેહનો વિશ્વાસ કરવા યોગ્ય નથી. દેહ, પુત્ર, કુટુંબ, ખેતર, ઘર એ કંઈ મારું નથી, એમ વિચારી બધા ઉપરથી મન ઉઠાવી એક પરમકૃપાળુદેવનું શરણું ગ્રહણ કરી જ્યાં સુધી ભાન રહે ત્યાં સુધી સત્પુરુષ દ્વારાએ મળેલો મહામંત્ર "સહજાત્મસ્વરૂપ પરમગુરુ"નું સ્મરણ કર્યા કરવું યોગ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૯ અગાસ, તા. ૨૫-૧૦-૩૪

એકમને દિવસે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનો જન્મમહોત્સવ ઘણા ભક્તિભાવ સહિત એકેક ગાથાએ નમસ્કાર કરી ધામધૂમસહિત ઊજવાયો હતો. હજારેક માણસો એકઠા થયા હતા. પ. ઉ. પૂ. પ્રભુશ્રીજીને પણ તે દિવસે એકાશીમું વર્ષ બેઠું એ રીતે એ દિવસ બેવડો હર્ષદાયક વીત્યો છે. અત્રે આવેલા ઘણા જીવોને લાભ થયો છે. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં ચૌદ-પૂર્વનો સાર છે, પણ જીવની જેટલી યોગ્યતા હોય તેટલું તેમાંથી ગ્રહણ કરી શકે. તેમાં આત્મસ્વરૂપ જે ગાયું છે તે સદ્‌ગુરુ-આજ્ઞાએ જીવ વિચારે તો આત્મા સંબંધી છયે પદમાં તે નિઃશંક થાય અને આત્મપ્રતીતિ દ્વારા મોક્ષમાર્ગ પામી આખરે નિર્વાણ પામે. વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ અને છપદના પત્રની સાથે આત્મસિદ્ધિ રોજ બોલવા યોગ્ય છે, વિચારવા યોગ્ય છે અને તેમાં જણાવેલું આત્મસ્વરૂપ પ્રતીત કરી નિઃશંક થવા યોગ્ય છે. આપણી યોગ્યતા ન હોવાથી ન સમજાય તોપણ એટલું તો અવશ્ય માનવા યોગ્ય છે કે જ્ઞાનીપુરુષોએ પ્રત્યક્ષ પ્રગટ અનુભવેલો આત્મા મારે માન્ય છે, તેની ઓળખાણ કરવાની ભાવના વર્ધમાન કરવા યોગ્ય છે, સત્પુરુષ દ્વારા સાંભળેલા બોધની સ્મૃતિ કરી વૈરાગ્ય ઉપશમની વૃદ્ધિ કર્તવ્ય છે; તો યોગ્યતા વધશે અને મુમુક્ષુતા વધતાં જ્ઞાનીપુરુષનું માહાત્મ્ય વિશેષ સમજાશે. જેટલો સંસાર પ્રત્યેનો ભાવ મોળો પડે અને સત્પુરુષ પ્રત્યે ભક્તિ જાગે, તેનાં વચનામૃત ઉપર પ્રેમ વધે અને વચનામૃતનું વિશેષ સેવન થાય તેમ તેમ વૈરાગ્ય પણ વધે અને કષાય ઘટે. માટે સત્સંગના વિયોગમાં સત્પુરુષનાં વચનો પણ સત્સંગતુલ્ય છે એમ ગણી બચતો કાળ સત્પુરુષની ભક્તિમાં, વાંચવા-વિચારવામાં ગાળવો હિતકારી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૦ અગાસ, તા. ૩-૧૧-૩૪

"વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જલના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ ?"

પવિત્રાત્મા પૂ. . .ના દેહાંતના સમાચાર તેમના ઓળખીતા સર્વેને ખેદ ઉપજાવે એ સ્વાભાવિક છે. પરંતુ તે ખેદને મુમુક્ષુજીવે વૈરાગ્યમાં પલટાવી જગતના કામભોગો પ્રત્યે તુચ્છભાવ અને અણુગમો ઉત્પન્ન થાય તેમ વિચારવા યોગ્ય છે. વૈરાગ્યની ખામી હોવાથી જીવને સગાંવહાલાં અને વિષયના ભોગો પ્રત્યે પ્રેમ વર્તે છે, અને તેના વિયોગમાં ખેદ થાય છે. ક્ષણિક વસ્તુઓ પરનો મોહ, રાગ, મીઠાશ જીવને ક્ષણવારમાં વિયોગમાં ખેદ, શોક, ઝૂરણા ઉત્પન્ન કરાવે છે. આ જીવનું હિત શામાં છે ? તે તેને સૂઝતું નથી. જગતમાં સાચા સગા તો સત્પુરુષ છે અને તેનો વિયોગ રહે છે તે જેટલો સાલવો જોઈએ તે નથી સાલતો, તે મોહનું માહાત્મ્ય છે. સગાંવહાલાં અનંતવાર મળ્યાં પણ અનંતકાળે જે પ્રાપ્ત નથી થયું તે પ્રાપ્ત થવાનું પ્રબળ નિમિત્ત સત્પુરુષનો યોગ અને ત્યાગવૈરાગ્યપૂર્વક જીવની યોગ્યતા છે તેમાં ખામી છે, ત્યાં સુધી ક્ષણે ક્ષણે આ જીવ ભયંકર મરણ કરે છે અને તેમાં રાચી રહ્યો છે. તે ખામી દૂર થવા જીવને વૈરાગ્યઉપશમ પામવાની જરૂર છે અને તે અર્થે સત્સંગ સદ્‌બોધની જરૂર છે. આપને વિચારવા એક પત્ર ઉતારી મોકલું છું તે સર્વ ભાઈઓ વિચારશોજી —

"ૐ આ જીવને યથાર્થ વૈરાગ્ય પ્રાપ્ત થવા યોગ્ય છે. જે આ આત્મા નજરે જુએ છે કે તેની સમીપમાં તેનાથી લઘુ અને વડીલ એવા ઘણા આત્માઓ કાળના ઝપાટામાં ચાલ્યા ગયા છતાં આ ક્લેશિત આત્મા કાળનો વિશ્વાસ કરી નિશ્ચિંત થઈને સૂતો છે તેને કેમ જરા પણ ખબર પડતી નથી ? પ્રત્યક્ષ જોઈ રહ્યો છે કે કાળ ગટકાં ખાઈ રહ્યો છે, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે, છતાં આ અજ્ઞાની એવો મૂઢ આત્મા જ્ઞાનીપુરુષની પેઠે નિશ્ચિંત થઈને સૂએ છે. કહ્યું છે કે 'જેને મૃત્યુની સાથે મિત્રતા હોય અથવા જે મૃત્યુથી ભાગી છૂટી શકે તેમ હોય અથવા હું નહીં જ મરું એમ જેને નિશ્ચય હોય તે ભલે સુખે સૂએ.' (૬૯૩) ખાવા, પીવા, પહેરવા, ઓઢવા, પાથરવાના પ્રસંગોમાં જે જે જીવને તાદાત્મ્યપણું વર્ત્યા કરતું હોય તે તે વખતે તે તે પદાર્થોનું તુચ્છપણું ભાવ્યા જ કરવું અને જેમ સર્પને વિષે દૃઢ થયેલું ઝેર નિદ્રામાં પણ જાગ્રત રહે છે તેમ પદાર્થ આદિક પ્રત્યેનું અનિત્યપણું, તુચ્છપણું દૃઢ કરી રાખ્યું હોય તો જીવને તે તે પદાર્થો પ્રાપ્ત થયે ઘણું કરીને તેને તાદાત્મ્યપણું થવા દેતા નથી અને તેટલા માટે મુખ્ય કરીને વૈરાગ્યને વિશેષ જાગ્રત રાખવો જોઈએ. વૈરાગ્ય એ જ આત્મધર્મ પામવાને એક સીડીરૂપ ઉત્તમ પ્રકારે સડકનો રસ્તો છે અને તે પણ સત્પુરુષના શરણસહિત હોય તો, નહીં તો જીવને તેમાં પણ ભુલાવો થવાનાં કારણો વિશેષ છે."

સત્પુરુષની ભક્તિ વિક્ષેપ મટાડવામાં ઉત્તમ નિમિત્ત છે તેથી વૈરાગ્ય, ભક્તિ આદિ મોક્ષના ઉપાયોમાં પ્રવર્તવાનો પુરુષાર્થ કર્તવ્ય છે. આપણે પણ એ જ મરણને માર્ગે જવાનું છે એમ વારંવાર વિચારી, સંસાર ઉપરની આસક્તિ ઓછી કરી સત્પુરુષ પ્રત્યે પ્રેમ વર્ધમાન કરવા યોગ્ય છે. એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૧ અગાસ, તા. ૬-૨-૩૫

"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ."
"અહો ! જીવ ચાહે પરમપદ, તો ધીરજ ગુણ ધાર;
શત્રુ-મિત્ર અરુ તૃણ-મણિ, એક હી દૃષ્ટિ નિહાર.
વૈરાગી વિરમ્યા થકા, ન રહે કોટિ પ્રકાર;
ગળિયો ગોધો ન સંચરે, દીધે ડાંગ-પ્રહાર.
એ ઉપદેશ સોહામણો, ધારી હૃદય મઝાર;
વર્તે સદ્વ્યવહારમાં, તે પામે ભવ પાર."

આપનો પત્ર આજે મળ્યો છેજી. આપને પરમપૂજ્ય પ્રભુશ્રીજીએ જણાવ્યું છે કે રોદણાં રડવાથી કંઈ બનતું નથી. જીવને પુરુષાર્થ કરવો પડશે. કર્યાં વિના કંઈ બનતું નથી. જેમ કંઈ ધંધો ન કરે તે કમાતો નથી; તેમ ધર્મઆરાધનમાં જીવ પ્રમાદ કરે તો કલ્યાણ ક્યાંથી થાય ? બજારમાં ઘણી વસ્તુઓ વેચાતી હોય પણ પાસે પૈસા હોય તેમાંથી જેટલા ખર્ચે તેટલો માલ ખરીદાય; તેમ જીવને મનુષ્યભવ, સશક્ત ઇંદ્રિયો, નીરોગી કાયા, સત્સંગ, સદ્બોધનો લાભ મળ્યો છે તો પ્રમાદ તજી જે જે આજ્ઞા થઈ હોય તે ઉઠાવવાનો પુરુષાર્થ જીવ કરે તો આ ભવમાં જેટલું બનશે તેટલું બીજી કોઈ ગતિમાં બનવા સંભવ નથી એમ વિચારી રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ સફળ કરવા સત્પુરુષાર્થ કર્તવ્ય છેજી. મહાપુણ્યના યોગે સંતની અનંતકૃપાથી જે સ્મરણમંત્ર મળ્યો છે તેનું વિશેષ માહાત્મ્ય રાખી હરતાંફરતાં, બેસતાંઊઠતાં, જાગતા હોઈએ ત્યાં સુધી જેટલું બને તેટલું રટણ કરવા યોગ્ય છે. સત્સંગના વિયોગમાં સત્પુરુષનાં વચન અને તેની આજ્ઞા એ પરમ અવલંબનરૂપ છે, તેનું પ્રમાદ તજી આરાધન થશે તો જીવનું હિત થશે. જગત બધું ધૂતારું પાટણ છે, દગો દેનાર છે, કર્મ બંધાવનાર છે; તેનાથી જ્ઞાની પુરુષો ત્રાસ પામી, તેનો ત્યાગ કરી, આત્મા પ્રત્યે અપૂર્વ પ્રેમ રાખી તેમાં જ લીન થયા. આપણે પણ એ રસ્તો લીધા વિના છૂટકો નથી. મોક્ષ જેવી ઉત્તમ અમૂલ્ય ચીજ ખરીદવી હશે તેણે તેટલી કિંમત પણ આપવી પડશે, નહીં તો ગોળ ઘાલે તેટલું ગળ્યું થાય. કોઈના માટે કરવાનું નથી. અનાદિકાળથી આ આત્મા જન્મ જરા મરણ રોગાદિ દુઃખો સહન કરતો આવ્યો છે. હવે તેની આ ભવમાં પણ આપણે પોતે દયા નહીં ખાઈએ તો પછી બીજું કોણ તેની દયા ખાશે? કોઈ ધર્મ આરાધે તેથી આપણું કલ્યાણ થવાનું નથી. એમ થતું હોત તો તીર્થંકરાદિએ કંઈ કચાશ રાખી નથી. પણ આ જીવ જાગશે નહીં ત્યાં સુધી કંઈ બની શકે તેમ નથી. અંતરથી જ્યારે ગરજ લાગશે, માહાત્મ્ય સમજાશે ત્યારે આત્મહિત સિવાય બીજું કંઈ નહીં ગમે, મરણિયો થશે. એક મરણિયો સૌને હઠાવે એમ કહેવાય છે તેમ શૂરવીરપણું જાગશે ત્યારે કર્મો ડરીને ભાગી જશે. તેવા થવા સત્સંગ અને સદ્બોધની જરૂર છે. વિશેષ શું લખવું?

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૭૨ આબુ, તા. ૧-૪-૩૫

'आणाए धम्मो आणाए तवो'

"આજ્ઞાનું આરાધન એ જ ધર્મ, આજ્ઞાનું આરાધન એ જ તપ."

આપે પ. પૂ. પ્રભુશ્રીજીનો ચિત્રપટ મગાવ્યો તે સંબંધમાં જણાવવાનું કે કોઈને હવે પોતાનો ચિત્રપટ આપતા નથી. કેટલાયની પાસેથી પાછા પણ લઈ લીધા છે. વારંવાર તેઓશ્રી ઉપદેશમાં જણાવે છે કે પરમકૃપાળુ દેવની ભક્તિ અમે કરીએ છીએ અને તમને પણ તે જ બતાવીએ છીએ. તેમાં સર્વ જ્ઞાની પુરુષો આવી જાય છે, કોઈ બહાર રહી જતા નથી. આપણી બુદ્ધિથી આ જ્ઞાની પુરુષ છે એમ માની લેવા કરતાં આપણે સંતના કહેવાથી તેમની આજ્ઞાએ તે બતાવે તે પ્રમાણે જ્ઞાની પુરુષની માન્યતા કરીએ તો તેમાં ઘણો લાભ છે. કારણ કે આપણે આપણી મતિકલ્પનાએ માનીએ તે સ્વચ્છંદ છે અને સંતના કહેવાથી માનીએ તો આજ્ઞા પ્રમાણે વર્તતાં સ્વચ્છંદ રોકાય અને કલ્યાણ થાય. તમે વારંવાર આ વાત ઉપદેશમાં સાંભળી પણ હશે, પણ વિસ્મૃત થઈ ગઈ હોય તો ફરી યાદ દેવરાવવા આ લખ્યું છે તે વિચાર કરી પરમકૃપાળુ દેવની ભક્તિમાં સાચા અંતઃકરણથી લીન થઈ તેના વચનમાં વિશ્વાસ રાખી વર્તવાથી સમકિતનું કારણ બને તેવો ઉત્તમ માર્ગ હાથ આવ્યો છે તે આપણાં મહાન ભાગ્ય છે. પ્રમાદમાં પડી રહેવા યોગ્ય નથી. જ્યાં સુધી શરીર નીરોગી છે, વૃદ્ધાવસ્થા આવી નથી, આ મનુષ્યભવ પૂર્વના પુણ્યથી ટકી રહ્યો છે ત્યાં સુધી પરમકૃપાળુ દેવની ભક્તિ નિષ્કામપણે સ્વચ્છંદ રોકીને કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૩ આબુ, તા. ૧-૫-૩૫

આપે સ્વપ્ન સંબંધી પુછાવ્યું તે વિષે સત્સમાગમે સમજવા યોગ્ય છેજી. પરમપુરુષોનો બોધ જીવનું કલ્યાણ કરનાર છે. તેઓશ્રીજીએ જણાવેલ વીસ દોહા, ક્ષમાપનાનો પાઠ, છ પદનો પત્ર, આત્મસિદ્ધિ વગેરેનું માહાત્મ્ય રાખી ભણવા યોગ્ય છે, તે જ કલ્યાણકારી છે. બાકી દેહ, સ્ત્રી, પુત્ર આદિ ઉપરનો મોહ જીવને દુઃખનું કારણ છે. તે ઘટાડવા સત્સંગ અને સદ્‌બોધની જરૂર છે. જીવે અનાદિકાળથી દુઃખ સહન કરવામાં બાકી રાખી નથી અને હજી મોહને લઈને દુઃખનાં કારણ ઉપાસે છે તે વિચારી, મોહ ઓછો થાય અને સમતા, ક્ષમા, ધીરજ રહે તેવો પુરુષાર્થ કર્તવ્ય છેજી. દેહનો સ્વભાવ અને આત્માનો સ્વભાવ ભિન્ન છે તે સત્પુરુષ દ્વારા સાંભળ્યું છે, તે વારંવાર પ્રસંગે પ્રસંગે યાદ રાખી વિચારવા યોગ્ય છેજી. થોડું લખ્યું ઘણું જાણી વિશેષ વિચારશો તથા સ્મરણમાં જેમ બને તેમ વિશેષ રહેવા પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવ્યું છે તે લક્ષમાં રાખશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૪ અગાસ, તા. ૧૪-૭-૩૫

આપે ચોથા વ્રત એટલે બ્રહ્મચર્ય સંબંધી આજ્ઞા મગાવી તે વિષે તેઓશ્રીજીએ (પ્રભુ-શ્રીજીએ) જણાવ્યું છે કે તે સામાન્ય વ્રત નથી. જિંદગી પર્યન્ત પાળવાની ઇચ્છા તમારી હોય

તો તે વિષે તમને અત્રે તમે બન્ને આવશો ત્યારે તેઓશ્રીજી વાત કરશે. તમારાં ધર્મપત્નીનો પણ કેવો ભાવ રહે છે તે તેઓશ્રી પૂછી નક્કી કરશે. પછી જેમ યોગ્ય હશે તેમ જણાવશે. હાલ તે વ્રતની ભાવના રાખશો.

પૂ.... તમને મળ્યા હશે, એટલે આબુજી સંબંધી તમે બધી વિગતવાર ભક્તિના પ્રસંગો તથા ત્યાં ધર્મપ્રભાવનાના પ્રસંગો બન્યા તે વિષે જાણ્યું હશે. પ્રત્યક્ષ સત્પુરુષના યોગમાં જ્યાં જ્યાં જવાનું કે રહેવાનું બને તે સર્વ સ્થળ તીર્થરૂપ છે, ધર્મરૂપ છે, કારણ મૂર્તિમંત ધર્મ સત્પુરુષ છે. આહોરમાં દશ દિવસ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનું પધારવું થયું હતું. ત્યાંના મુમુક્ષુઓમાં ધામણગામ કરતાં પણ ઘણો ઉત્સાહ પ્રગટ જણાતો હતો, કારણ કે તે લોકો કુળે જૈન ધર્મના હોવાથી સત્પુરુષના સન્માનની વિધિ વગેરેમાં માહિત હતા અને કૃપાળુ દેવના યોગબળથી છસો જૈનોનાં ઘરમાંથી સો ઘર પરમકૃપાળુ દેવની માન્યતાવાળાં થયાં છે. આબુજી ઉપર પણ સિરોહી રાજ્યનાં રાણી, જસદનનાં રાજા અને રાણી, અણાદરાના રાજા અને તેના કુંવર તથા સાણુંદના રાજા, ધ્રાંગધ્રાના રાજાના કાકા, પટણી સાહેબ ભાવનગરના વગેરે ઘણાં સજ્જન સ્ત્રીપુરુષો દર્શન-સમાગમનો લાભ લેતાં અને આ મનુષ્યભવનું સફળપણું કરવારૂપ સત્પુરુષની શ્રદ્ધાનાં બીજ ગ્રહણ કરતાં હતાં. ઘણાંખરાં આશ્રમમાં આવવાના અને સત્સમાગમ કરવાના હજી ભાવ રાખે છે. પૂ. હીરાલાલભાઈ અને પૂ. નહાટા સાહેબે પણ ઘણી ઉદારતા વાપરી ધર્મવત્સલતાનો લાભ લીધો છે. ધર્મ કરશે તે સુખી થશે. આવો અવસર ફરી પ્રાપ્ત થવો દુર્લભ છે. ૐ શાંતિઃ

---

૭૫ અગાસ, અષાડ વદ ૨, ૧૯૯૧

મુમુક્ષુ જીવે પોતાના દોષો જોઈ દોષો ટાળવા જોઈએ અને તો જ મુમુક્ષુતા ટકે, નહીં તો પરમકૃપાળુ દેવે લખ્યું છે તેમ "મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને લીધે બાહ્ય શાતાનાં કારણો પણ કેટલીક વાર પ્રિય લાગે છે અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે, જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે." "એ ત્રણે કારણો ટાળવાનું બીજ મહાત્માને વિષે પરમપ્રેમાર્પણ એ છે" એમ પરમકૃપાળુ દેવે બતાવ્યું છે. "સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે." "મહાત્મા ઉપર જીવને મોહ જ ન આવ્યો." "મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે."

"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં."

વગેરે દ્વારા તેઓશ્રીએ સંસાર ઉપરનો પ્રેમ પલટાવી આત્મારૂપ સત્પુરુષ પર પ્રેમ કરવાનો ભક્તિમાર્ગ પ્રકાશ્યો છે તે જ આપણે અવલંબનરૂપ છે. આ કાળમાં આ કાળથી નિર્લેપ રહી જે પુરુષે આપણા ઉપર અનંત ઉપકાર કર્યો છે તેના ઉપકારનું સ્મરણ પણ આપણને અત્યંત ઉપકારી છે, તો તેની સ્તવના ભક્તિ પરમહિતકારી હોય એમાં શું કહેવું ? વૈરાગ્ય ઉપશમની વૃદ્ધિ થયે તે પુરુષનાં વચનો અમૃત સમાન મધુર અને આત્મધર્મમાં પ્રેરક લાગ્યા વિના ન રહે. ભાવ એ તરવાનું ઉત્તમ નિમિત્ત છે, છતાં ભાવ પણ નિમિત્તાધીન પલટાઈ જાય છે એટલે ઉત્તમ નિમિત્તે આત્માનું કલ્યાણ થવા સંભવ છે. તેથી સત્સંગ સત્સમાગમને ઉત્તમ

સાધન પરમકૃપાળુ દેવે વારંવાર જણાવેલ છે. તેનો વિશેષ લાભ મળે તેવો પુરુષાર્થ અવશ્ય હિતકારી છે, કારણ કે જીવની સાથે ધનાદિ કંઈ પરભવ જનાર નથી. સારા ભાવ થવામાં તે નિમિત્તભૂત થાય તો હિતકારી છે, નહીં તો ધનસંપત્તિ બોજારૂપ છે. આવો અવસર વારંવાર મળે તેમ નથી, માટે ચેતી લેવા યોગ્ય છે. 'જાગશે તે જીવશે' એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહે છે. પાણી પહેલી પાળ બાંધવી એમ કહેવાય છે. 'ઘર લાગ્યા પહેલાં કૂવો ખોદાવ્યો હોય તો ઘર ઓલવાય, પછી ખોદે તો ન બને.' તેમ જેમ વહેલું ચેતાય તેટલું વિશેષ ઉપકારી છે. આ ભવની એક એક ક્ષણ રત્નચિંતામણિ કરતાં પણ વિશેષ મૂલ્યવાન છે એમ જ્ઞાનીઓ કહે છે તે હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છેજી. આ ભવમાં આત્માની ઓળખાણ કરી લેવા યોગ્ય છે તે વહી ગયા પછી નહીં બને; માટે સત્પુરુષાર્થ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬

શ્રી સદ્ગુરુદેવને નમોનમઃ

"સદ્ગુરુ બિન ભરે ન ડગ, સદ્ગુરુ આણે રહે અડગ,
સદ્ગુરુ સાથે સાચી સગાઈ, કર મનવચતન એક લગાઈ. ૧
પરમાંહિ શું લેવું ને દેવું, સારું નરસું માનવું કેવું?
આત્મા પરમાં તે પરતંત્ર, આવે સ્વમાં તો છે સ્વતંત્ર. ૨
સંસારના સૌ વહેવાર, દુરિત જાણી કર અપહાર,
બંધનના એ સૌ વ્યવસાય, નહિ ત્યાં મુક્તિનો લેશ ઉપાય. ૩
સદ્ગુરુ લક્ષે લક્ષિત થાય, સ્વતંત્રતાનો તે સદુપાય,
તે વિના સહુ તે છે પરતંત્ર, સ્વ-તંત્ર વિના નહીં સ્વતંત્ર. ૪
દીપકથી દીપક પ્રગટાય, રવિ શશી સમ તે કેમ ભુલાય?
ધાર સ્વતંત્ર સદ્ગુરુ દેવ, આરાધ્ય નિત્ય આણી સેવ. ૫

"આપે જે સલાહની અભિલાષા દર્શાવી તે બાબતમાં સલાહ આપવાની મારી શક્તિ નથી. છતાં જ્ઞાનીના વચનાનુસાર કિંચિત્ લખવાનો પ્રયત્ન કરું છું.

જ્ઞાનીઓએ, એક વીતરાગમાર્ગ મૂકી અન્ય કોઈ માર્ગ જીવને આ સંસારસમુદ્રમાંથી તારવા સમર્થ નથી, એમ અત્યંત સ્પષ્ટ કહ્યું છે. રાગ, દ્વેષ, અજ્ઞાન જે માર્ગમાં ન હોય, આત્મા નિજ શુદ્ધ સ્વરૂપને ભજે તે વીતરાગમાર્ગ છે. આ મનુષ્યદેહમાં આવી એક બોધબીજ, સમકિત મુક્તિ સિવાયની અન્ય પ્રવૃત્તિ જ્ઞાનીઓએ કાર્યકારી કહી નથી. મનુષ્યભવનું સફળપણું, ઉપયોગિતા ગણતાં તે માત્ર એક સમકિતની પ્રાપ્તિ છે અને તે સમકિત સિવાય કોઈ જીવ ભૂતકાલમાં, વર્તમાનમાં કે ભવિષ્યમાં સાચા અવિનશ્વર સુખને પ્રાપ્ત થયો નથી કે થશે નહીં. અન્ય કોઈ પણ પ્રવૃત્તિ જો તે સમકિતના હેતુભૂત થતી હોય તો તે એક ઉપચારથી કરવા કહી છે, પરંતુ તે કરતાં અંતરમાં નિરંતર મુક્તિ, સમકિતનો લક્ષ રહેવો જોઈએ. જે પ્રવૃત્તિ કરતાં જીવને મુક્તિનો લક્ષ ન રહે તે પ્રવૃત્તિ બંધનકારક અને ત્યાગવા યોગ્ય

છે. તે પ્રવૃત્તિ તે બાહ્ય પ્રવૃત્તિ છે. અંતર જ્યાં સમકિત અગર આત્માના શુદ્ધ ભાવને ન ભજે અગર તેવા પરિણામના હેતુભૂત ભાવને ન ભજે ત્યાં તે પ્રવૃત્તિ આત્માર્થીને કર્તવ્ય નથી. આત્માર્થીને તો એક માત્ર અંતરભાવને અર્થે જ સર્વ પ્રવૃત્તિ કર્તવ્ય છે, કે જે અંતર-પરિણામથી આત્મા સમકિતને પામે છે. સમકિત સાચામાં સમાય છે. સાચ સાચા પુરુષમાં વસે છે. અને તેથી જ સાચા પુરુષના સમાગમમાં, સેવામાં, આજ્ઞામાં જ તે મુક્તિમાર્ગ-સમકિતની પ્રાપ્તિ જ્ઞાની પુરુષોએ વર્ણવેલી છે. આ સંસારનો કોઈ પદાર્થ-ભાવ-વાસના-પ્રવૃત્તિ જીવને સંસારથી મુક્ત કરી શકે એ અસંભવિત છે. કાળાશ કાળાશ લગાડવાથી મટતી નથી, પણ સાબુ ને સ્વચ્છ નીરના ઉપયોગથી નષ્ટ થાય છે. માટે અનાદિથી લાગેલી ક્રોધ, માન, માયા, લોભ, મોહ, મારા-તારાપણું, અહંકાર, મમકાર એ આદિ કશ્મલતા – કાળાશ તે સદ્ગુરુના બોધરૂપ સાબુ, વૈરાગ્યરૂપ સ્વચ્છ નીર સિવાય ક્ષય થવાની નથી, એ સુનિશ્ચિત છે, માટે જ સદ્ગુરુના બોધના લક્ષે લક્ષિત થઈ પ્રવર્તતાં જીવ સંસાર નષ્ટ કરે છે. અમુક પ્રવૃત્તિ ન કરવી કે અમુક પ્રવૃત્તિ કરવી એમ કહેવું એ તો જ્ઞાનીની શક્તિની વાત છે. જ્ઞાની પણ ઘણી વાર એમાં મૌન રહે છે, કારણ કે જીવને અનાદિનો જે અધ્યાસ છે, જેમાં સહવાસ છે, ને પ્રેમ રુચિ છે, તેમાં જીવ પ્રવર્તવા ઉત્સુક થાય છે અને તેની એના અંતરમાં એટલી સચોટ અસર છે કે તેથી ઉખેડતાં ઘણી વાર જીવ પોતાની અયોગ્યતા, ઉપશમ-વૈરાગ્યની ન્યૂનતાના કારણે જ્ઞાનીથી વિમુખ થઈ જાય છે; તો જ્ઞાની તેમ પ્રવર્તે નહીં. જ્ઞાની સામા જીવની યોગ્યતા જોઈ બોધ કરે છે. એ તો મુમુક્ષુ જીવનું કર્તવ્ય છે કે જ્ઞાનીનો આશય સમજી સંસારનાં કાર્યોથી ઉદાસીન થઈ જ્ઞાનીના બોધાનુસાર પ્રવર્તે. એવાં ઘણાય દૃષ્ટાંતો છે કે જ્યાં જ્ઞાનીઓ મૌન રહ્યા છે. જ્ઞાનીઓ રાગદ્વેષથી વિરક્ત હોવાથી તેમના અંતરમાં સર્વ કોઈને આત્મપ્રાપ્તિ થાય એ બળવાન પ્રેમ છતાં જે સહેજે થાય છે તે જોયા કરે છે. જ્ઞાનીઓનો માર્ગ ઉપદેશનો છે, આદેશનો નથી. એટલે આમાં પરમકૃપાળુ આપણને શું કહે? ખરેખર એ આપણા જ હીનપુણ્ય, અયોગ્યતાની જ નિશાની છે, અશુભ માર્ગમાંથી જીવ શુભમાર્ગે વળે એ સારું છે, છતાં જ્ઞાનીઓનો માર્ગ તો શુદ્ધનો છે એટલે તેમાં શુભ કે અશુભ બન્નેનું હોવાપણું નથી; અને આપણો પ્રવૃત્તિમાર્ગ શુભાશુભ હોય છે ત્યાં શું કહેવું? જ્ઞાનીઓએ તો ઉપદેશમાં સ્પષ્ટ કહ્યું છે કે એક માત્ર જે માર્ગથી આ જીવ આ સંસારમળથી મુકાય તે માર્ગે હે ભવ્યો! તમે વિચરો. તે માર્ગ ઉપર કહ્યો તેમ સમકિત-સદ્ગુરુના બોધમાં બોધાનુસાર શ્રદ્ધા, જ્ઞાન રાખી વર્તવામાં છે. સંસારના સર્વે ભાવો, વર્તન છોડી એક અલૌકિક ભાવ, વર્તન કરો અને આત્માના શુદ્ધ સ્વરૂપને જાણો, શ્રદ્ધો ને તેમાં સ્થિર રહો! એ જ્ઞાનીનો બોધ છે. સંસારમાં આમ કરશો તો ધન મળશે, આમ કરશો તો પાંચ ઇંદ્રિયોના વિષયસુખો મળશે, આમ કરશો તો સંસારના વૈભવો પ્રાપ્ત થશે એ જ્ઞાનીઓ બોધતા નથી. પર એવા જડ પદાર્થોના સંયોગો જેને લઈને જેમાં મારાપણાથી જીવ સારું, નરસું, સુખ, દુઃખ, તારું, મારું, અધીનતા, સ્વાધીનતા આદિ કલ્પે છે, માને છે, તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા તો એ સર્વે સંયોગોથી રહિત શુદ્ધ પોતાના સ્વરૂપમાં વાસ કરનાર છે એમ જ્ઞાનીઓનાં બોધ-વચનો છે, અને આ બધા તો પરભાવ-વિભાવમાં વર્તીને સ્વભાવને કેમ પ્રાપ્ત થાય? શું તે અમર થવા માટે ઝેર પીવા સદૃશ નથી? આપણે

તો એક સદ્‍ગુરુના બોધે–સંતના સમાગમે–એમણે જે શુદ્ધ આત્મસ્વરૂપ જાણ્યું ને કહ્યું તેની દૃઢ શ્રદ્ધા રાખી તેને જ માની તેના માટે સર્વ પ્રવૃત્તિ કર્તવ્ય છે. હું કાંઈ જાણતો નથી, સમજતો નથી; અજ્ઞાન, અવિવેક આદિ અનેક અવગુણોથી અંધ છું અને ખોટી કલ્પના–માન્યતા–બુદ્ધિવિલાસે વ્યાપ્ત છું, અને સદ્‍ગુરુ તે એક સાચા અને સર્વ રીતે સાચા ને સર્વ જાણનારા છે; માટે એમણે જે કહ્યું છે તે જ મારું સ્વરૂપ છે, તે જ મારી ક્રિયા હો અને તે જ મારું હૃદય–મનની વૃત્તિ–વર્તના હો ! એ ભાવથી વર્તવું યોગ્ય છે અને સર્વ પ્રકારમાંથી મનને નિવૃત્ત કરવું એ માર્ગ છે. જો સદ્‍ગુરુનું એક પણ વચન આ જીવ સાચા હૃદયથી હૃદયમાં અવધારશે તો સત્ય પરિણામ પામશે, તે જ્ઞાનીઓનો ઉપદેશ છે; માટે સર્વ કરતાં પ્રથમ કરવા યોગ્ય, સર્વમાં શ્રેષ્ઠ અને સર્વ આત્મિક સૌખ્યનું મૂળ એવી સદ્‍ગુરુ પ્રત્યેની સાચી શ્રદ્ધા છે તે જીવે નિશ્ચય કરી સેવવા યોગ્ય છે. એમ મારી અલ્પમતિમાં જ્ઞાનીઓનાં વચનની સ્મૃતિથી જે છે તે જણાવ્યું છેજી. અને તેથી બીજું શું લખવાનું હોય ? સાચથી બીજું શું હોય ? અને જે બીજું છે તે સાચ કેમ કહેવાય ? સત્ય તો સદ્‍ગુરુની શ્રદ્ધા–સાચી શ્રદ્ધા–માં જ, તેના ચરણમાં જ, તેના સમાગમમાં રોમે રોમે તેનામાં જ અસ્તિત્વવત્ છે. અન્ય કોઈ સ્થળે સત્યની સંપ્રાપ્તિ થાય એ આકાશકુસુમવત્ છે. જેને જેવી ઇચ્છા હોય તે તે કરે. સાચ માટે સાચને, સાચ-પ્રાપ્તને સેવો અને બીજું જોઈતું હોય તો બીજું બધું પડ્યું છે, જે અનાદિથી જીવ કરતો આવ્યો છે. અનાદિથી કર્યાં છતાં સાચ પ્રાપ્ત ન થયું એવું બીજું શું છે ? મારી પોતાની પ્રવૃત્તિ ને ઇચ્છા તો બને કે ન બને, સમજાય કે ન સમજાય, વર્તાય કે ન વર્તાય અને થાય તે પણ મારાથી જેટલું બને તેટલું એક સદ્‍ગુરુદેવની ચરણરજમાં, સમાગમમાં, શ્રદ્ધામાં, આજ્ઞામાં, સેવામાં, દૃષ્ટિમાં, માન્યતામાં આ ભવ વિતાડવાની ઇચ્છા છે અને તે પરમકૃપાળુ સર્વ શક્તિમાન પરમ કૃપા કરી પાર પાડે અને એના અંકમાં અવકાશ આપી એમાં સ્થાપે એ પ્રયાચના છે. અન્ય કોઈ પ્રવૃત્તિ કરવા ઇચ્છા નથી. હોય કે થતી હોય તે કર્મનો દોષ છે અને તે ક્યારે છૂટે અને એકમાત્ર તેની જ, સત્પુરુષની જ લય ન જાય, અહર્નિશ હૃદયકમલમાં ક્યારે રહ્યા કરે, એ અભિલાષા છે. તે અભિલાષા જ્ઞાનીની દૃષ્ટિએ સાચી હોય કે જે હોય તે પણ મારી મતિ પહોંચે છે ત્યાં સુધી તો તે જ હો એ ઇચ્છા છે, અને તે પરમ પુરુષ પ્રત્યે પ્રાર્થના છેજી. પરમકૃપાળુ દેવ પણ જણાવે છે કે એક આ ભવ સત્પુરુષની આજ્ઞા ઉઠાવવામાં વ્યતીત કરીશ તો અનંત ભવનું સાટું વળી રહેશે. અંતર્યામી સિવાય કોઈ અંતરનાં પરિણામ–ભાવ જાણનાર નથી. ભૂલ વિનાનો જ ભૂલ જાણી શકે, ભાંગી શકે. ભૂલને ભૂલવા માટે, સાચું ભાન થવા માટે ભૂલ વિનાના સદા શુદ્ધ સર્વજ્ઞ જ્ઞાની ગુરુને સેવવા એ પ્રયાચના છે. આ જગતમાં કોઈ કોઈનો શત્રુ નથી, મિત્ર નથી, કોઈ સ્વામી નથી, કોઈ સેવક નથી, કોઈ શેઠ નથી, કોઈ ગુલામ નથી. આ બધી પૂર્વકર્મજનિત કર્મઅવસ્થાઓ છે. એક શત્રુ કહો તો અનાદિના પૂઠે પડેલા ક્રોધ, માન, માયા, લોભ, મોહ જે જીવને એક ક્ષણ પણ છોડતા નથી તે બળવાનમાં બળવાન શત્રુ છે. તેને મારવા જીવે એક ઘડીનાય વિલંબ વિના સદ્‍ગુરુની સાચી શ્રદ્ધારૂપી શસ્ત્રથી સજ્જિત થવા યોગ્ય છેજી. હું તો ધારું છું કે જીવે પોતાની પાસે જેટલી શક્તિ હોય તેનો કાંઈ પણ અન્ય પ્રકારે વ્યય નહીં કરતાં તે સર્વ શક્તિનો

સદા એક સત્પુરુષની આજ્ઞા સેવવામાં જ સંપૂર્ણ વ્યય કર્તવ્ય છે કે જેથી અનાદિનું રઝળવું મટે. જેથી સંસાર ન છૂટે તે મુમુક્ષુને માન્ય કેમ થાય ? અનાદિથી અનંત સંસારનો બંધ કરાવતા અનંતાનુબંધી કષાયો ક્રોધાદિ, તે જીવને કેમ મુકાય તે વિચારવા જેવું છે. સત્પુરુષ પ્રત્યે, તેમના માર્ગ પ્રત્યે, તેમના અનુયાયી પ્રત્યે સાચો પ્રેમ થવાથી અનંતાનુબંધી મોળો પડી ક્ષય થવાનું બને છે અને એ ક્ષય થતાં સંસાર પરિક્ષીણ થઈ જાય છે. સારાંશમાં, જે કોઈ પ્રવૃત્તિ આપણે કરીએ તે પહેલાં તે પ્રવૃત્તિમાંથી નીચેનાં પરિણામ આવે છે કે નહીં તે વિચારવું યોગ્ય છે —

૧. એનું પરિણામ પ્રત્યક્ષ કે પરંપરાએ મુક્તિ છે ?

૨. એ પ્રવૃત્તિ કરતાં અંતરભાવ ક્યાં રહી શકશે ? અંતરનાં પરિણામ ઉદાસીન વૈરાગ્યમય થઈ સત્પુરુષના માર્ગે જશે ?

૩. સત્પુરુષોના બોધને તે કેટલી અનુસરતી છે ?

૪. રાગ, દ્વેષ, અજ્ઞાન ને મોહ તેમાં કેટલો ક્ષય થાય છે ?

૫. સત્પુરુષની શ્રદ્ધા તેમાં કેટલી રહે એમ છે ?

૬. આત્મા કેટલો ઊંચો સાચી રીતે જ્ઞાનીની દૃષ્ટિએ આવે છે ?

૭. આત્માર્થી જીવોએ એ માર્ગ આચર્યો છે કે કેમ ?

૮. એ પ્રવૃત્તિ આત્માના સ્વભાવની કે સ્વભાવના હેતુભૂત થાય એમ છે ?

૯. જ્ઞાનીની આજ્ઞા એમાં લોપાતી તો નથી ને ?

૧૦. એમાં જીવનો આશય શું રહે છે ?

૧૧. એમાંથી જીવને આર્ત્ત કે રૌદ્ર ધ્યાન થવાનું કોઈ પણ અવસરે બને એમ છે કે કેમ ? (જ્યાં આર્ત્ત, રૌદ્ર હોય ત્યાં આત્મહાનિ છે.)

આ ઉપર લખેલ ઉપર થોડો વિચાર કરશો તો પ્રવૃત્તિ પ્રત્યે શમ થઈ જશે. આત્માના ભાવ જેમાં મુખ્ય લક્ષ ન હોય, આત્માના ભાવ જેમાં શુદ્ધ ન થાય એ પ્રવૃત્તિ કર્તવ્ય, કાર્યકારી નથી. આ સંસારના ભાવોની પ્રવૃત્તિથી અન્ય કોઈ પણ ભાવ કે પ્રવૃત્તિનો એટલે આત્મહિતકારી પ્રવૃત્તિનો આમાં કોઈ પ્રકારે નિષેધ નથી. આત્મહિતકારી પ્રવૃત્તિ કઈ, તે તુલના કરવામાં સહાયભૂત થાય એવાં જ્ઞાનીઓનાં બોધવચન આપને સહાયભૂત થાય એ આશયે લખ્યાં છે. બાકી તુલના તો જીવે પોતાને માટે પોતે કરી લેવી યોગ્ય છે. કારણ કે કોઈ પણ પ્રકારનો નિશ્ચયાત્મક વિચાર જણાવતાં જીવ નિમિત્ત લઈ તેમાં અન્ય ઉપર આરોપવામાં કુશળ હોય છે. દરેક જીવ પોતાની માન્યતાનુસાર વર્તે છે. તે માન્યતામાંથી કોઈ ખસેડવા સમર્થ નથી. તે પોતે ખસે તો જ ખસે. જ્ઞાનીનો માર્ગ અનેકાંતિક છે. તેમાં એક આત્મહિત થાય એમ વર્તવું જોઈએ. અનેકાંતિક માર્ગમાં કોઈ નિષેધ ન હોય, પણ જેમાં આત્મહિત નથી તે આત્માર્થી આચરે નહીં. જેથી સંસારમળ નષ્ટ થાય; રાગ-દ્વેષ મુકાય; મોહ, અવળી મતિ – માન્યતા મટે; અહંભાવ મમત્વભાવ છૂટે તેમ પ્રવર્તશો એ વિનંતી છે. પરમકૃપાળુ પરમાત્મા શ્રી સદ્ગુરુ સાચા આશયે તમારા અંતરમાં આ વચનો ઉતારે એ પ્રાર્થના છે. તે તમને સાચા રસ્તે દોરે એ પ્રાર્થના છે. તે માટે તમારા અંતરને કોઈ પણ પ્રકારના

નિર્ણય કે આગ્રહ વગરનું કરી સરલતા ને મધ્યસ્થતાથી એ વચનો વાંચશો, વિચારશો, એ જ ઇચ્છું છું. આમાં મારી સ્મરણશક્તિ અનુસાર જ્ઞાનીઓએ કહેલ તે લખવા પ્રયત્ન કર્યો છે. છતાં જ્ઞાનીના બોધથી, આશયથી વિપરીત કે વિરુદ્ધ હોય તો તેની હું ક્ષમા ઇચ્છું છું."

આપ સર્વ ભાઈબહેનો અવકાશ લઈ આ પત્ર વારંવાર વાંચવા, વિચારવાનું કરશો તથા તમે પણ એકાંતમાં તે વાંચી સન્માર્ગમાં દઢતા વધે તેમ પ્રવર્તવા ભલામણ છેજી. આપના સદ્ભાગ્યે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના વખતમાં એક ભાઈ પાસે તેઓશ્રીએ લખાવેલ પત્રની સ્મૃતિ થવાથી તે પત્ર નકલ કરાવી આપને વારંવાર વિચારવા બીડ્યો છે તો તેનો સદુપયોગ કરતા રહેશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૭ અગાસ

મનુષ્યભવ દુર્લભ છે. તેમાં મુખ્ય કર્તવ્ય તો એક આત્માની ઓળખાણ કરી લેવાની છે. તેનો પોતાની કલ્પનાથી નિર્ણય થાય એમ ન હોવાથી સ્વચ્છંદ રોકી સદ્ગુરુની ઉપાસના તથા બોધનું શ્રવણ થાય તો યોગ્યતા વધતાં યથાર્થ સમજાવા યોગ્ય છે. તેથી જીવને સત્પુરુષના સત્સંગ અને બોધની જોગવાઈ મળે તેમ પુરુષાર્થ કર્તવ્ય છે. જીવ બીજી બધી સામગ્રી અનંત વાર પામ્યો છે, પરંતુ એક સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થઈ તેથી આ પરિભ્રમણ ટળ્યું નહીં. જો આ ભવમાં એક સમકિત પ્રાપ્ત થાય તો જીવ નિર્ભય, નિઃશંક થાય.

આત્માનો સ્વભાવ જ ધર્મ છે. તે ક્યાંય બહાર નથી. નથી દેરાસરમાં, નથી શાસ્ત્રમાં. નથી કોઈ ગુરુ પાસેથી મળતો કે નથી કોઈ ક્રિયાકાંડમાં. ધર્મ તો પ્રત્યેક આત્મામાં જ છે. ભેદદૃષ્ટિથી જોઈએ તો સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કહેવાય, પરંતુ અભેદ-દૃષ્ટિથી તો માત્ર આત્માનુભવરૂપ કે જ્ઞાનચેતના માત્ર છે.

ચૈત્યાલયનો સંબંધ, ભક્તિ, શાસ્ત્રવાંચન, તીર્થયાત્રા કરવી, ગુરુની સંગતિ, શ્રાવક કે મુનિની ક્રિયારૂપ વ્યવહારધર્મ એ સર્વ માત્ર મનની પ્રપંચજાળથી બચવાનાં નિમિત્ત છે. તેથી તે સંયોગો હિતકારી છે. પરંતુ જે કોઈ મુમુક્ષુ એ બધાં સાધનોને મૂળ ધર્મ માની લે અને શુદ્ધ આત્મતત્ત્વને ન ઓળખે તો મોક્ષમાર્ગ તે મુમુક્ષુને હાથ લાગે નહીં, માટે જણાવવાની જરૂર છે કે મૂળ ધર્મ તો આત્માનો સ્વભાવ છે. જન્મ-જરા-મરણરૂપી રોગ ટાળવાની અને કર્મમળ ધોવાની આ એક અદ્ભુત ગુણકારી દવા છે. તેની પ્રાપ્તિ સદ્ગુરુ વૈદ્ય દ્વારા થાય અને તેની આજ્ઞા પ્રમાણે તેનું સેવન થાય તો જીવ સદા સુખી રહે. કહ્યું છે કે–"સમ્યક્દૃષ્ટિ સર્વત્ર સદા સુખી અને મિથ્યાદૃષ્ટિ સર્વત્ર સદા દુઃખી છે." આટલા કાળ સુધી જેની કાળજી નથી લેવાઈ તેની કાળજી હવે જાગ્રત થઈ લેવા યોગ્ય છે. આપ જેવા સુજ્ઞને વિશેષ શું લખવું? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૮ અગાસ, ભાદરવા સુદ ૮, ૧૯૯૧

આ સંસાર દુઃખથી ભરેલો છે. તેમાં સુખ શોધવું તે વ્યર્થ છે. કોઈ અસંસારી આત્મજ્ઞાની પુરુષની અપૂર્વ વાણીથી જીવ મોહનિદ્રાથી જાગે તો તે સત્પુરુષની આજ્ઞાએ

વર્તતાં આ સંસારને તરી જવાય છે એવો કોઈ અપૂર્વ યોગ આ મનુષ્યભવમાં બને છે એટલો આ અસાર સંસારમાં સાર છે. બાકી ખારા સમુદ્રનું ગમે તેટલું પાણી પી જાઓ તોપણ તૃષા મટે તેમ નથી કે શાંતિ વળે તેવું નથી.

"શાંતિ પમાડે તેને તો સંત કહીએ, તેના દાસના દાસ થઈ રહીએ." – શાંતિ૦

મીઠી વીરડીનું પાણી થોડું પિવાય તોપણ તરસ છીપે છે, તેમ સત્પુરુષનાં દર્શન-સમાગમ કે બોધ અલ્પ પ્રાપ્ત થાય તોપણ તે શાંતિનું કારણ છે. આપે તો એ સ્વાદ ચાખ્યો છે, તો પુરુષાર્થ કરીને તેનો વિશેષ લાભ કોઈ કોઈ દિવસે લેવાય તેવું કરતા રહેવા વિનંતી છેજી. દેહને અર્થે અનંત કાળ ગાળ્યો, પણ જે દેહે આત્માર્થ સધાય તે દેહને ધન્ય છે. તેવો જોગ પ્રાપ્ત થયો છે તો હવે અલ્પ આયુષ્યમાં જેટલો વિશેષ સત્સંગનો લાભ લેવાય તેમ ભાવના રાખવા યોગ્ય છે. પૂર્વનાં બાંધેલાં સુખદુઃખ સર્વ સ્થળે ભોગવવાં પડે છે, ભલે દવાખાનામાં રહો કે હવા ખાવાનાં સ્થળોમાં રહો. પણ જ્યાં સત્સંગ છે ત્યાં આ ભવ, પરભવ બન્નેનું હિત થાય તેવો જોગ છે. કોટિ કર્મનો નાશ સત્પુરુષના સમાગમે થાય છે તે કમાણી જેવીતેવી નથી. બસો-પાંચસો રૂપિયા માટે જીવ પરદેશ પણ ચાલ્યો જાય, અનેક જોખમ ખેડે અને મહેનત ઉઠાવે પણ પુણ્ય વિના તે પામી શકાતું નથી; અને સત્સંગ માટે જ્યારથી ડગલાં ભરે ત્યારથી જીવને પુણ્ય અઢળક બંધાતું જાય છે તેનું માત્ર જીવને ભાન નથી, શ્રદ્ધા નથી. પૂર્વભવનું કરેલું આ ભવે જીવ પામ્યો છે, પણ જો આ ભવમાં કમાણી નહીં કરે તો શી વલે થશે? માટે ચેતવા જેવું છે. બાળ કરશે તે બાળ ભોગવશે. બૈરી કરશે તે બૈરી ભોગવશે. પોતે એકલો જવાનો છે. માટે ધર્મ કરશે તે સુખી થશે. સંસારમાંથી જેટલો કાળ બચાવી સત્પુરુષની આજ્ઞામાં પ્રવર્તવાનું થશે તેટલું લેખાનું છે, કલ્યાણરૂપ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક. — સહનશીલતા, ધીરજ, સમભાવ, ક્ષમા આ ઉત્તમ દવા છે.

---

૭૯ અગાસ, ભાદરવા સુદ ૧૦, ૧૯૯૧

"ક્ષમા ધર્મ આદિ કહ્યો, ક્ષમા શૂર ભગવંત;
ક્ષમા ધર્મ આરાધતાં, પામો ભવનો અંત."

પર્યુષણ ઉપર હજારેક મુમુક્ષુઓ એકત્ર થયા હતા. અત્યંત ભક્તિભાવે સદ્ગુરુકૃપાથી પર્યુષણપર્વની રૂડી રીતે નિર્વિઘ્નપણે આરાધના થઈ છેજી. આત્માર્થે દાન, શીલ, તપાદિ વડે યથાશક્તિ સર્વેએ લાભ પ્રાપ્ત કર્યો છેજી. ઘણા જીવોને બ્રહ્મચર્ય આદિ વ્રતની પ્રાપ્તિ થવાથી સમ્યક્ત્વ-પ્રાપ્તિના કારણની સન્મુખ ઘણા જીવાત્માઓ થયા છેજી. આ ભવમાં કરવા યોગ્ય સતશ્રદ્ધા છે. સત્પુરુષના યોગે જીવની યોગ્યતા હોય તો તે પ્રાપ્ત થાય છે. સત્પુરુષ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ ઉપર, તેમનાં વચનામૃત ઉપર શ્રદ્ધા-આસ્થા રાખી સંતના યોગે જે સ્મરણ-ભક્તિનું સાધન પ્રાપ્ત થયેલ છે તેમાં વિશેષ વૃત્તિ–રુચિ–ભાવ રહ્યા કરે તેમ પ્રવર્તવા યોગ્ય છેજી. સત્પુરુષનું એક પણ વચન જો સાચા અંતઃકરણે ગ્રહણ થશે તો જીવનું અવશ્ય કલ્યાણ થશે. ભક્તિના વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, આલોચના, આત્મસિદ્ધિ, છ પદનો પત્ર આદિ

મુખપાઠે કરી તેનો વિચાર, તેની ચર્ચા, તેની ભાવના-પ્રતીતિ-રુચિ રાખી તે જ સત્ય માનવાથી જીવને ઘણો લાભ થાય એમ છે. સમજાય, ન સમજાય તોપણ તે વારંવાર પાંચ-પચાસ કે હજારો વાર બોલાશે તોપણ પુણ્ય બંધાશે અને કોટિ કર્મ ખપી જશે. માટે આ કાળમાં મુખ્ય આધાર ભક્તિનો છે તો તેમાં મંડી પડવું. નાનાંમોટાં સર્વને તે હિતકારી છે. મનુષ્યભવનો દુર્લભ જોગ મળ્યો છે. ફરી ફરી આવો યોગ મળી શકે એમ નથી અને કાળનો ભરોસો નથી. લીધો કે લેશે એમ થઈ રહ્યું છે, તેમાંથી જેટલો લીધો એટલો લહાવ એમ વિચારી સ્મરણ-ભક્તિ કર્યા કરવામાં હિત છે તે ચૂકવું નહીં. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૮૦

અગાસ, તા. ૭-૧૦-૩૫

"સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ."

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પરમાત્મા પ્રત્યે પરમ સંતના સમાગમે અચળ પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ કર્તવ્ય છેજી. એ પરમપુરુષનાં વચન આ કાળમાં અમૃત જેવાં છે. કળિકાળની જ્વાલાને શાંત કરી શીતળીભૂત બનાવે તેવાં છે. શ્રદ્ધાપૂર્વક સત્પુરુષોનાં વચનોની ઉપાસના અને તે લક્ષ્યે પ્રવર્તન થશે તેટલો મોક્ષમાર્ગ પ્રગટ થશે એમાં સંદેહ નથી. ખામી માત્ર સદ્‌બોધ અને સત્પુરુષાર્થની છે. એક એક શબ્દમાં અનંત આગમ સમાય તેવાં અમૂલ્ય વચનોનું સત્સંગમાં શ્રવણ થાય, તેમાં પ્રેમ આવે અને ભાવની વૃદ્ધિ થાય તો મોક્ષ દૂર નથી. તે પુરુષની અલૌકિક દશા અને તેના અમાપ ઉપકારનો સત્સંગમાં વિચાર કર્તવ્ય છે તેથી ભક્તિ પ્રગટે છે અને એક મૂળપુરુષની ભક્તિમાં સર્વે આવી જાય છે એ લક્ષ રાખી પરમકૃપાળુ દેવની ભક્તિમાં લીન રહેવા ભલામણ છેજી ભાઈ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૮૧

અગાસ, તા. ૨૧-૧૨-૩૫

ધર્મીને મૃત્યુ મિત્ર છે, ઉતારે દેહભાર;
વિસામો આપે વળી, યદિ હોય અવતાર.

આપનું કાર્ડ મળ્યું. પૂ૦....ના દેહોત્સર્ગના સમાચાર સાંભળી ખેદ થાય છે કે આમ મનુષ્યે આયુષ્ય અચાનક પૂરું થતાં સર્વ છોડી ચાલ્યા જવું પડે છે. પણ સત્પુરુષના આશ્રયે જેનો દેહ છૂટે છે તેને સત્પુરુષની કૃપાએ સ-માર્ગનાં નિમિત્તો મળી રહે છે. પરમકૃપાળુ દેવ જેવો ધણી માથે જેને હોય તેને કંઈ મૂંઝાવા જેવું નથી છતાં મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે એમ જ્ઞાનીઓએ કહ્યું છે. તે ધન જેની પાસે હોય તેણે તે લૂંટાઈ જતાં પહેલાં તેનો બહુ કાળજીથી સદુપયોગ કરતા રહેવા યોગ્ય છે. આપ તો સમજુ છો. આપના કુટુંબના સર્વ ભાવિક જીવાત્માને ચેતવા માટે જણાવતા રહેશો કે ફરીથી આવી સામગ્રી બીજા ભવમાં મળવી મુશ્કેલ છે. માટે શ્રદ્ધા પરમ દુર્લભ છે એમ પૂ. પ્રભુશ્રીજી કહેતા હતા તે યાદ રાખી જે જે પ્રકારે પરમકૃપાળુ દેવની શ્રદ્ધા દૃઢ થાય તેમ પ્રવર્તવા યોગ્ય છેજી. શ્રદ્ધાની ખામીને લઈને જીવ દુઃખ વેદે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૨ અગાસ, તા. ૫-૧-૩૬

આપે પોતાના દોષ દેખી તે દૂર કરવાનો નિશ્ચય કર્યો છે તે બહુ પ્રશંસવા યોગ્ય છે, તેમ જ કર્તવ્ય છે. પાપ છોડવાનો સુયોગ આ મનુષ્યભવમાં જ બને તેમ છે. કાગડા-કૂતરાના ભવમાં શું બની શકે તેમ છે? મુમુક્ષુનું વર્તન એવું હોવું જોઈએ કે શત્રુ પણ તેનો વિશ્વાસ કરે; કારણ કે તેના હૃદયમાં દયાનો વાસ હોય છે તેથી તેનું વર્તન સ્વ-પરને હિતકારી હોય તેવું હોય છે.

આપે સ્વચ્છતા માટે ફિનાઈલ વાપરવા વિષે પ્રશ્ન કર્યો છે, તે વિષે એટલું જ જણાવવું પૂરતું છે કે આપણે આપણા દેહની જ્યાં સુધી કાળજી રાખીએ છીએ ત્યાં સુધી બીજાના દેહ પ્રત્યે બેદરકાર રહેવું ઘટતું નથી. એટલે બનતી કાળજી રાખીને કપડાં, ખાટલા કે ઓરડીની દરરોજ સંભાળ રાખી માંકડ, ચાંચડ પકડાય તેટલા પકડી નાખી દેવા અને સ્વચ્છ જગા કરીને ફરી ઉત્પન્ન ન થાય તે માટે ફિનાઈલ છાંટો અને સ્વચ્છતા સાચવો તો યત્નાપૂર્વક ક્રિયા કરી કહેવાય. પણ નજરે માંકડ, ચાંચડ દેખી તેનો નાશ કરવા તેના ઉપર દવા છાંટવી એ તો અઘટિત લાગે છે. દયા અને સહનશીલતા, ખમી ખૂંદવું એ ગુણો આત્માર્થીને બહુ જરૂરના છે, મોક્ષમાર્ગમાં મદદ કરે છે. માટે જેટલો તેનો વિશેષ અભ્યાસ થાય તેટલું હિત થશે. મુખ્ય વાત કરવા યોગ્ય તો એ છે કે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે દૃઢ શ્રદ્ધા કરી તેની ભક્તિમાં ચિત્ત રાખવા યોગ્ય છે. બીજું સદાચરણથી આપણી શક્તિ પ્રમાણે પ્રવર્તવું. પણ શ્રદ્ધાનું બળ વિશેષ હશે તો બીજું બધું ચારિત્ર પાળવા યોગ્ય બળ કાળ પાક્યે મળી રહેશે. તેથી પ્રેમ, પ્રતીતિ, ભક્તિ પરમકૃપાળુ દેવ પ્રત્યે વધે અને તેનું માહાત્મ્ય તથા અલૌકિક સ્વરૂપ સમજાય તે અર્થે ત્યાગ, વૈરાગ્ય અને કષાયની મંદતા કર્તવ્ય છેજી. કહ્યું છે કે "જેવા ભાવ તેવા પ્રભુ ફળે, ભજ્યા ભજન થકી ભય ટળે." માટે જાણે મરી ગયા હતા એમ વિચારી, બધા ઉપરથી મોહ-મમતા અંતરમાંથી કાપી નાખી, આટલું બાકી રહેલું આયુષ્ય મફતિયું મળ્યું છે એમ માની ધર્મ કરવાના ભાવ અંતરમાં પોષતા રહેવા ભલામણ છે. બીજું બધું કર્માનુસાર બની રહ્યું છે, તેમાં મમતા-મોહ કરવા યોગ્ય નથી; પરવસ્તુની ચિંતા કરવા યોગ્ય નથી. તે તો બનનાર હશે તેમ બનશે; પણ આત્માનું હિત થાય તેવી સત્પુરુષની આજ્ઞામાં ચિત્ત વારંવાર વાળવાનો અભ્યાસ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૩ અગાસ, જેઠ સુદ ૪, ૧૯૯૨

પૂ. અખેચંદભાઈએ દેહ છોડ્યાના ખેદકારક સમાચાર આપના કાર્ડથી જાણ્યા. અત્રે તેઓ મુશ્કેલી વેઠી આવી ગયા તો પ.પૂ. પ્રભુશ્રીજીનાં દર્શનનો લાભ, સમાગમનો લાભ છેલ્લે છેલ્લે લઈ શક્યા અને છેવટના સંસ્કારો તેમની શુભ લેશ્યા તથા સદ્ગતિ થયાની સાબિતી છેજી. એ સદ્ગત વયોવૃદ્ધ મુમુક્ષુ તો પોતાની ધર્મભાવના વધારી આત્મકલ્યાણના લક્ષ સહિત પરલોકવાસી થયા છે, તેથી ખેદનું કારણ નથી. માત્ર આપણને તેમના સમાગમનો યોગ ન રહ્યો એ લાગી આવે તે સ્વાભાવિક છે. પણ જ્યાં નિરુપાયતા છે ત્યાં સહનશીલતા એ ઉત્તમ માર્ગ જ્ઞાની પુરુષોએ જણાવ્યો છે. એ થતાં ખેદને વૈરાગ્યમાં પરિણમાવવો ઘટે છે. એક ધર્મશાળામાં

જેમ અનેક ગામથી મુસાફરો આવીને રાત રહે છે અને સવાર થતાં પોતપોતાને રસ્તે ચાલ્યા જાય છે તેમ અનેક ગતિમાંથી જીવો આવી એક કુટુંબમાં થોડો કાળ સાથે રહે છે તેટલામાં તો એટલો બધો મોહ વધારી દે છે કે મરણકાળે તે પ્રતિબંધ આડા આવી જીવને અધોગતિએ લઈ જાય છે. એ વિચારી જેમ બને તેમ આજથી સગાં, મિત્ર, મળતિયા કે પાડોશીના પ્રતિબંધ ઓછા કરી જેમ બને તેમ વાસના, મોહ, મમતા કે દેહાધ્યાસ ઘટે તેવા વૈરાગ્યમાં વૃત્તિ રાખી, સત્પુરુષે જે આજ્ઞા કરી છે એવા વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ, આત્મસિદ્ધિશાસ્ત્ર, છ પદનો પત્ર, અપૂર્વ અવસર, મહામંત્ર, આલોચના, સામાયિક, આઠ દૃષ્ટિની સજ્ઝાય આદિ ઉત્તમ સાધનોમાં મનને જોડી રાખવા ઉદ્યમ કર્તવ્ય છેજી. દરરોજ મરણ સંભારી તેની વાટ જોઈને બેઠા હોઈએ તેમ પ્રતિબંધ ટાળી અસંગભાવની વૃદ્ધિ કરતા રહેવા વિનંતી છેજી. જે કરશે તેના લાભનું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૪ અગાસ, અષાડ વદ ૬, ૧૯૯૨

"નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા." (૧૫)

"आयरिय उवज्झाए सिसे साहम्मिए कुल गणेअ,
जे मे केई कसाया सव्वे तिविहेण खामेमि."

સદ્ગુરુયોગે જે સહજે લાભ થાય છે તે વિયોગમાં ઘણા પ્રયત્ને થવો પણ દુર્લભ છે એમ વિચારી વિશેષ પુરુષાર્થ કરી, વિશેષ સત્સંગનું અવલંબન લઈ જેટલું થઈ શકે તેટલું કરી લેવું ઘટે છે. જ્યાં સુધી મનુષ્યભવ છે ત્યાં સુધી તે આશ્રયે અને પરમકૃપાળુ દેવના અવલંબને બનશે તેટલું અન્ય કોઈ ભવમાં બનવા યોગ્ય નથી, એ વારંવાર આપણે સાંભળ્યું છે અને માન્યું છે; તો વિશેષ કાળજી રાખી તે ભાવના વધારી આત્મકલ્યાણનાં ઉત્તમ નિમિત્તોમાં વિશેષ કાળ જાય તેમ કર્તવ્ય છેજી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ એ પ્રારબ્ધને આધીન છે. જેવું બાંધ્યું હોય તેવું દ્રવ્ય દેખીએ છીએ, તેવા ક્ષેત્રે રહેવું થાય છે, તેવો શાતા-અશાતાનો કાળ સહન કરવો પડે છે; પણ ભાવ તો આપણા પુરુષાર્થ પ્રમાણે પ્રવર્તે એમ છે અને તેને પ્રધાનપણે અવલંબી મહાપુરુષો મોક્ષ પ્રાપ્ત કરે છે કે સમાધિમરણ સાધે છે. મરણ વખતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ મુખ્યપણે વિપરીત હોવાનો સંભવ છે. પણ ભાવ સર્વોપરી થઈ જાય તો તે ગૌણતામાં એક બાજુ પડ્યાં રહે છે અને ભયંકર લાગતું મરણ પણ પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા તેમ મૃત્યુ-મહોત્સવરૂપ પલટાઈ જાય છે. એ ભાવ નિમિત્તાધીન અત્યારની દશામાં આપણને પ્રવર્તે છે તેથી શુભ નિમિત્તોનું અવલંબન, સત્સંગ કે સત્સંગે થયેલી આજ્ઞા એ જ ઉત્તમ ઉપકારી છે. તે જાણવા છતાં વૃત્તિ પરમાં પ્રવર્તે છે તેને વશ કરવા પ્રબળ પુરુષાર્થ અને સત્યને માટે-સમકિતને માટે ઝૂરણાની જરૂર છે. તે સદ્બોધની સ્મૃતિથી થવા યોગ્ય છે. આ ડહાપણ તમને ઉપદેશ માટે નથી; મારે માટે મને પ્રવર્તતો વિચાર માત્ર દર્શાવ્યો છે.

પૂ. રત્નરાજ સ્વામીનો દેહ અષાડ સુદ ૧૧ને દિને છૂટી ગયો છે તે જાણ્યું હશે. પૂ. મણિલાલ વડવાવાળાને લકવો થયો હતો તેનો દેહ પણ છૂટી ગયો છે. આમ સત્સંગ દુર્લભ થતો જાય છેજી.

---

૮૫ અગાસ, અ. ભાદરવા સુદ ૨, ૧૯૯૨

"નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહિ;
આપતણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહિ."

વિ. આપે રાત્રિભોજન અને કંદમૂળના ત્યાગના વ્રતમાં અજાણતાં દોષ લાગ્યાનું જણાવ્યું તે માટે જણાવવાનું કે વ્રત લેવું તે કોઈને વચન આપીએ તે કરતાં વધારે જવાબદારીવાળું ગણી દૃઢતાપૂર્વક પાળવું ઘટે છે. બને તો દરરોજ સાંજે સૂઈ જતાં પહેલાં વિચાર કરી લેવો કે કંઈ વ્રતમાં દોષ લાગે તેવું આજે બન્યું છે કે નહીં; તથા ગામપરગામ જતાં પહેલાં પણ વ્રત સચવાશે કે નહીં કે દોષ લાગવાનો સંભવ છે કે કેમ તે પણ વિચારી જવું ઘટે છે અને તેની કાળજી રાખી તેવા પ્રસંગમાં વધારે સાવચેત રહેવું જોઈએ.

હવેથી તેવા પ્રસંગ ન બને તે માટે ઉપર જણાવેલી કાળજી અવશ્ય દૃઢતાથી રાખવાનો ટેક રાખશોજી. મંદવાડના પ્રસંગે દવા વૈદ્યની ચાલતી હોય ત્યારે ચરી પાળવામાં કાળજી રાખીએ છીએ તે તો દેહને માટે છે, પણ તેથી વિશેષ કાળજી વ્રત માટે રાખવી ઘટે છે; કારણ કે મનોબળ વધવા માટે વ્રત લીધાં છે. એ માટે વ્રતનું માહાત્મ્ય વિચારીને અને આપણાં અહોભાગ્ય કે સત્પુરુષની સાક્ષીએ આપણને વ્રત પ્રાપ્ત થયું છે માટે તેની આજ્ઞા મારે આ ભવમાં આટલી તો અવશ્ય ઉઠાવવી એમ દૃઢ નિશ્ચય રાખીને લીધેલાં વ્રતમાં ભૂલ ન આવવા દેવી એ સર્વ મુમુક્ષુ ભાઈબહેનોનું કર્તવ્ય છે. "યોગદૃષ્ટિની સજ્ઝાય" અહીં રોજ બોલાય છે. તેમાં ચોથી દૃષ્ટિમાં હજી સમકિત પ્રાપ્ત થયું નથી પણ સમકિતની સન્મુખ જીવ છે તેને કેટલી દૃઢતા ધર્મમાં હોય છે તે વિષે લખ્યું છે –

"ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, – છાંડે, પણ નહીં ધર્મ;
પ્રાણ અર્થે સંકટ પડ્યેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ –
મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ."

સર્વને સમજવા, વિચારવા અર્થે આ લખ્યું છે, કારણ કે એ તરફનાં ઘણાં ભાઈબહેનોએ વ્રત લીધાં છે અને સત્સંગનો જોગ રહેતો નથી. તેમણે વ્રતનું માહાત્મ્ય સત્સંગે સાંભળવા યોગ્ય છે. સત્પુરુષના વિયોગમાં, જો તેણે આપેલી આજ્ઞા કે વ્રત જીવ દૃઢતાથી પાળે તો અવશ્ય દેવગતિ પામે અને જાણીજોઈને વ્રતભંગ કરે તો નરકે જાય એમ શાસ્ત્રમાં છે તે વિચારશો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૬ અગાસ, બી. ભાદરવા સુદ ૬, ૧૯૯૨

"ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે." — શ્રીમદ્ રાજચંદ્ર

વિ. આપનો ક્ષમાપનાપત્ર તથા રૂ. ૫ સાધકસમાધિ ખાતે મોકલ્યા છે તેની પહોંચ આ પત્રથી સ્વીકારવા વિનંતી છેજી. આ વર્ષે ૪ જણે અઠ્ઠાઈ કરી હતી અને બીજા બધાએ યથાશક્તિ તપ, વ્રત આદિથી પર્યુષણપર્વની આરાધના કરી છેજી. પાંચમને દિવસે વરઘોડો વાજતેગાજતે કાઢ્યો હતો. પીઠામાં ભક્તિ કરી, ભક્તિ કરતાં સર્વે આશ્રમમાં આવ્યા હતા. સર્વમાં ઉત્સાહ ઘણો જણાતો હતો પણ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની ખામી

સર્વને સમજાતી હતી. તે હોય તો અલૌકિક ભક્તિ-આનંદનો લાભ સર્વને મળે. આપણાં અહોભાગ્ય કે આ ભવમાં થોડા વખત માટે પણ એવા આત્મજ્ઞાની પુરુષનાં દર્શન-સમાગમનો યોગ બન્યો. તેમણે વાવેલા બીજને ભાવ-ભક્તિથી વર્ધમાન કરી તેમની કૃપાને યોગ્ય આપણે બનીએ અને આ મનુષ્યભવ સફળ કરી લઈએ એ જ ભાવના હવે કર્તવ્ય છે. ગયો કાળ પાછો આવતો નથી પણ વર્તમાનકાળ તથા ભવિષ્યકાળ જે આ ભવમાં આપણા હાથમાં છે તેનો ઉત્તમ ઉપયોગ કરી ભક્તિમાં, આત્મભાવમાં ગાળી આત્મકલ્યાણ કરી લેવા યોગ્ય છેજી.

પ્રમાદ કર્તવ્ય નથી. કાળનો ભરોસો નથી. અસંગ, અપ્રતિબંધ, સમભાવ, વિનય, ભક્તિ, વૈરાગ્ય, ત્યાગ, ક્ષમા, સહનશીલતા આ બધા ઉત્તમ બોલો તેઓશ્રી વારંવાર જણાવતા, તે વારંવાર વિચારી આપણા વર્તનમાં કંઈ અંશે પણ આવે તેમ વર્તવા પુરુષાર્થ કર્તવ્ય છે, કારણ કે મોક્ષમાર્ગના પ્રવાસીને ભાથારૂપ તે ઉત્તમ બોલો છે. તેનું ગ્રહણ ભાવથી થશે તો મોક્ષ નિકટ આવતો જશે. બંધનોનો નાશ કરનાર તે બોલો સ્મરણ કરવા યોગ્ય, મનન કરવા યોગ્ય, ઇચ્છવા યોગ્ય, ભાવના કરવા યોગ્ય, તદ્રૂપ થવા યોગ્ય છેજી. આપણે સર્વ દુખિયા છીએ પણ સુખિયાનો આશ્રય લીધો છે તો તે જગાડશે. દુઃખ સમજાવી, દુઃખથી ભય પમાડી, દુઃખ દૂર કરવા બળ આપશે. પણ કરવું તો આપણે પડશે. તેના વચનનું બળ આપણને મદદ કરશે. પણ કંઈ કરવા નહીં મંડીએ તો વચનની શક્તિ નથી કે પરાણે આપણને મોક્ષે પહોંચાડે. માટે તે વચન માનીને વર્તવાનો નિશ્ચય કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૭ અગાસ, તા. ૨૮-૯-૩૬

આપે "જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ" એ ગાથાઓના અર્થ વિષે પુછાવ્યું છે, તેના ઉત્તરમાં જણાવવાનું કે જેના માટે આપ પૂછો છો તે ભાઈને જ્ઞાનપિપાસા વધારવાની જરૂર છે. તેની સાથે સત્પુરુષ પ્રત્યે શ્રદ્ધાભાવ વધતાં સત્સંગયોગે તે સમજાવા યોગ્ય છે. કારણ કે અત્રેથી લખેલા અર્થમાં પણ પ્રશ્નો ઉદ્ભવે તેનું પાછું સમાધાન ત્યાં તમારાથી દુર્લભ સમજાય છે. તેથી સત્સંગની ભાવના રાખી હાલ વીસ દોહરા જો શીખી રોજ નિત્યનિયમ તરીકે રાખે તો તેને એ પદના અર્થ સમજવાની યોગ્યતા આવવાનું કારણ બને એમ લાગે છે. અને એટલી પણ ભાવના તેને ન હોય અને માત્ર શબ્દાર્થમાં જ ક્યાંક મુશ્કેલી લાગવાથી તમારી પાસે પ્રશ્ન પુછાવ્યો હોય તો તો કંઈ તે વાત લંબાવવામાં શ્રેય નથી. તમે પણ વિચારીને સદ્ગુરુ શરણે કહી શકશો. માત્ર તમે તમારે પોતાને માટે એ ગાથાઓનો વિચાર કરશો અને કોઈ સ્થળે ન સમજાય તેવું હોય તો ખુશીથી પૂછશો. પરમકૃપાળુ દેવને શુદ્ધ સમકિતનો લાભ થયો તે અરસામાં તે લખાયેલાં પદોમાં આખા વિશ્વની વાતનો ઉકેલ તેમાં પોતાને સમજાયેલો સમાવ્યો છે. આપણી યોગ્યતા અનુસાર આપણી શંકાઓ દૂર કરવા, શ્રદ્ધા દૃઢ કરવા તે વિચારવા યોગ્ય છે. બીજાની સાથે તેવી વાતમાં ઊંડા ઊતરવાની જરૂર નથી. એમાં ભાષા કંઈ અઘરી નથી. વિચારણા તથા કડીઓના સંબંધ વિષે પ્રશ્ન ઉત્તર રૂપે હોવાથી નવીન જીવને સમજવું મુશ્કેલ પડે તેમ છે. જેને 'આ બધું શું છે?

હું કોણ છું? કેમ બંધાયો છું? શાથી છૂટી શકાય?' એવા પ્રશ્નો ઊગ્યા છે તેને એ પદમાંથી ઉત્તરો મળતાં વિચારણા જાગ્યે પરમ સંતોષ પ્રાપ્ત થવા યોગ્ય છે. છેલ્લી કડીમાં જણાવેલા ઉપકારનો ભાવ ક્યારે પ્રગટ થાય કે પહેલી કડીની ગેડ બરોબર બેસે તો –

"સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ."

શ્રી આત્મસિદ્ધિજીમાં આ જણાવ્યું છે તેમ સદ્ગુરુના ઉપદેશે જડ અને ચેતનનું સ્વરૂપ સમજવાનું છે. તેટલો નિર્ણય સદ્ગુરુ દ્વારા થતાં અનંત જીવો મોક્ષે ગયા છે, તે વાત શબ્દાર્થરૂપે લખાય અને એકદમ અજાણ્યા જીવને સમજાઈ જાય એવો સંભવ ઓછો જાણી તે પદના અર્થ વિષે લખતો નથી. સામાન્ય અર્થ તો તમે પણ કરી શકશો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૮૮

અગાસ, તા. ૨૫-૧૦-૩૬

"મુમુક્ષુતા તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂંઝાઈ એક મોક્ષને વિષે જ યત્ન કરવો." – શ્રીમદ્ રાજચંદ્ર અમૃતપત્ર નં. ૨૫૪

આપનો પત્ર પ્રાપ્ત થયો. સમાચાર જાણ્યા છેજી. યથાશક્તિ પરિગ્રહથી છૂટા થવા કે કંઈ મર્યાદા કરવા જે નિયમ તમે સર્વ મુમુક્ષુ ભાઈઓ સમક્ષ લીધો છે તે ઠીક કર્યું છે. હેવું કરીને ધનના લોભે ધીરધાર નહીં કરવી અને ધનના લોભે જમીન નવી ખરીદવી નહીં – આ બન્ને નિયમો તૃષ્ણાને અમુક હદમાં રાખવા પૂરતા સારા છે. જે વસ્તુ હાલ નથી મળી તે મેળવવાની ઇચ્છા કર્યા કરવી તે લોભ કહેવાય છે અને લોભ એ સર્વ પાપનું મૂળ છે એમ જાણી એ લોભ જેટલે અંશે છૂટશે તેટલી તૃષ્ણા ઘટશે અને તૃષ્ણા ઘટશે તો જન્મમરણ પણ તેટલાં ઓછાં થશે. માટે વિચારવાન જીવો વ્રત કેટલું નાનુંમોટું છે તે તરફ દૃષ્ટિ નથી કરતા પણ જન્મમરણથી છૂટવાની ભાવના કેટલી પ્રબળ છે તે તરફ દૃષ્ટિ રાખે છે. જે જન્મમરણથી છૂટવાની ભાવનાની વૃદ્ધિ કરી, તેને અમલમાં મૂકવા બને તેટલું અલ્પ પણ વ્રત આદરી તેને જીવના જોખમે પણ પાળવામાં મક્કમ રહે તેને તે મનોબળ મોક્ષની નજીક લઈ જાય છે. 'લોભને થોભ નથી' એમ કહેવાય છે, પણ જ્ઞાની પુરુષોનો બોધ તો તે લોભને માથે કુહાડો મારવાનો જ કહે છે.

ટૂંકામાં કહેવાનો ભાવાર્થ એ છે કે પરના સંગથી પરવૃત્તિમાં પ્રવૃત્તિ થાય છે. તે નિમિત્ત આત્માને અહિતકારી જાણી જો વ્રત અંગીકાર કર્યું હોય તો તેની અસર આત્મામાં ઊંડી થાય છે. લોકોને જણાવવા કે રૂડું દેખાડવા નહીં પણ આત્માને અકલ્યાણકારી બાબતની વૃદ્ધિ મારે અટકાવવી છે અને જેમ નવી જમીન વગેરે પર થતી મમતા ઘટાડવા વ્રત લીધું તેમ જ હાલ જે જમીન આદિ પરિગ્રહ છે તે પણ આત્માને હિતકારી નથી, પરંતુ કુટુંબકાજ નિભાવવા તેમાં પ્રવર્તવું પડે છે. પણ આત્માનું કલ્યાણ કરવાનો આ અમૂલ્ય ભવ તે તેમાં ને તેમાં વહ્યો ન જાય માટે વર્તમાનમાં પરિગ્રહરૂપે જે જે પરપદાર્થોનો સંગ છે તેની મારે મમતા તજવા જ યોગ્ય છે એમ વારંવાર ભાવના વર્ધમાન કરી મનુષ્યભવને સફળ કરવા સત્સંગ આદિ સાધનોનો યોગ વિશેષ બની આવે તેમ કાળજીપૂર્વક પ્રવર્તવા પુરુષાર્થ

કર્તવ્ય છે. આ આયુષ્યનો ભરોસો નથી, કાળ ગટકાં ખાઈ રહ્યો છે, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે એમ જાણી આ આત્માની દયા લાવી તેને પરિભ્રમણમાંથી છોડાવવા સત્પુરુષની આજ્ઞામાં મનને જોડી રાખવું ઘટે છે. આપ સર્વ સમજુ છો એટલે વિશેષ શું લખવું?

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૯ અગાસ, તા. ૪-૧૨-૩૬

"श्री सद्‌गुरुपद नखमणि–गण–ज्योति; सुमरत दिव्यदृष्टि हिय होती ।"

પ્રથમ પત્રમાં આપે પુછાવેલ કડી "આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે" તે વિષે એક વખત પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની હયાતીમાં તેનું વિવેચન થયું હતું. એક ભાઈને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે સત્પુરુષનું આલંબન જે ત્યાગે તે પરપરિણતિના ભાંગામાં આવે છે. બીજા ભાઈને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે જ્યાં સુધી પરદ્રવ્યનું અવલંબન છે ત્યાં સુધી હું અને પર એવી કલ્પના હોય છે તથા ધ્યાતા, ધ્યાન, ધ્યેય કે જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયની કલ્પના હોય છે અને કલ્પના હોય ત્યાં નિર્વિકલ્પદશા નથી હોતી, તેથી પરનું આલંબન લેવારૂપ સાધન જે તજી સ્વઆત્મપરિણામે પરિણમે છે તેને પરપરિણતિ હોતી નથી. તે પરપરિણતિનો નાશ કરે છે. આ પ્રકારે ચર્ચા થયેલી સ્મૃતિમાં છે તે જણાવ્યું છેજી. તે ઉપરથી વિચારતાં તેમ જ પાછલી કડીનો સંબંધ જોતાં "અક્ષય દર્શન જ્ઞાનવૈરાગે આનંદઘન પ્રભુ જાગે રે" પાછળનો અર્થ તે સ્તવનમાં વધારે બંધબેસતો લાગે છે. કારણ કે 'અક્ષયજ્ઞાન' = કેવળજ્ઞાનનું કારણ આત્મભાવના છે. "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે." નિજ શુદ્ધ આત્માની ભાવના, તલ્લીનતા તે બહુ ઊંચી ભૂમિકાને યોગ્ય વાત છે, પણ શરૂઆતમાં જીવને સત્પુરુષનું અવલંબન છે તે મોક્ષમાર્ગમાં દોરનાર છે.

એક સત્પુરુષ અને બીજા તેના આશ્રિતો એ બન્ને મોક્ષમાર્ગના આરાધક છે એમ પરમકૃપાળુ દેવે જણાવેલું છે. એટલે સત્પુરુષના આલંબનરૂપ સાધન જીવને મોક્ષમાર્ગમાં પ્રવર્તાવે છે, અને જેમ જેમ દશા વર્ધમાન થાય અને અપ્રમત્તદશા પ્રાપ્ત થાય, તેમ તેમ શુદ્ધસ્વરૂપમાં સ્થિરતા થતાં પરપરિણતિ સ્વાભાવિક રીતે છૂટી જાય છે. પણ જે શુદ્ધ આત્માનું નામ માત્ર લઈ તે વાતના મોહમાં મૂંઝાઈ, આલંબનસાધન દૃઢ થયા પહેલાં છોડી બેસે તો પરપરિણતિ છૂટવાને બદલે પરપરિણતિ(અશુભભાવ)માં જીવ વહ્યો જાય છે; એટલે શુદ્ધ ભાવની મુખમંગળિયા પેઠે માત્ર વાતો કરી શુભભાવને જે છોડી બેસે છે તે શુદ્ધભાવને તો જાણતો નથી અને શુભને છોડી દે છે તેથી અશુભ વગર બીજો કોઈ તેને આશરો રહ્યો નહીં. માટે આપણે માટે તો સત્પુરુષની ભક્તિ, તેનાં વચનોમાં પ્રીતિ-ભક્તિ અને તે વચનોના આરાધનમાં યથાશક્તિ પ્રીતિ-ભક્તિ તલ્લીનતા કર્તવ્ય છે. તે અવલંબન છોડવા જેટલી આપણી દશા નથી એમ હાલ મને તો સમજાય છે. શ્રી આનંદઘનજી જેવી દશા આવશે ત્યારે આલંબન-સાધન સહેજે છૂટી જશે. એને છોડવાનો પ્રયત્ન નહીં કરવો પડે.

अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः ।<br>
त्यजेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः ॥

શ્રી સમાધિશતકકારે આ ગાથામાં અવ્રતો (અશુભભાવનાં કારણ) તજી વ્રતોમાં દઢ થવા ભલામણ આપી છે અને પછી આત્માના પરમપદની પ્રાપ્તિ કરીને વ્રતોને (શુભભાવનાં કારણો – સાધનોરૂપ આલંબનોને) તજવાની છેલ્લી શિખામણ આપી છે. એટલે ગમે તે વાંચતાં-વિચારતાં આપણે અત્યારની ભૂમિકામાં કેમ પ્રવર્તવું એ લક્ષ ભૂલવા યોગ્ય નથી. ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ વિષે પરમકૃપાળુદેવે પત્ર લખ્યો છે તે બહુ વિચારવા યોગ્ય છે. તેમાં જણાવ્યા પ્રમાણે ઉપદેશબોધ વિના સિદ્ધાંતબોધ જીવ સાંભળી જાય તોપણ પરિણમી શકતો નથી. તેથી ઉપદેશબોધ વૈરાગ્યઉપશમ અર્થે વારંવાર ઇચ્છવા યોગ્ય છે, તેમ સાધ્યદશા પ્રાપ્ત થવા સાધકદશાની ઉપાસના આલંબનસાધનથી લાંબા વખત સુધી સામાન્ય પ્રકારે ઉપાસવા યોગ્ય છેજી. કોઈ અપવાદમાર્ગી જીવને (પૂર્વના આરાધકને) બાદ કરતાં આ કાળમાં ભક્તિમાર્ગ તે અર્થે જ સર્વોત્કૃષ્ટ પરમકૃપાળુદેવે જણાવ્યો છે.

આ પ્રશ્નના ઉત્તરમાં ધાર્યા કરતાં વિવેચન વધી જવાથી બીજા પ્રશ્નો આગળ ઉપર કે રૂબરૂમાં આપને યોગ પ્રાપ્ત થયે વિચારવા રહેવા દઉં છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૯૦

અગાસ, પૂર્ણિમા

અચાનક વ્યાધિ ઉત્પન્ન થયાનું આપના પત્રથી જાણી ઘણો વિચાર આવ્યો કે અહો! આ શરીર કેવો દગો દે તેવું છે? એક ઘડીવારનો તેનો વિશ્વાસ રખાય તેવું નથી. એક શ્વાસ ઊંચો લીધો હોય તે નીચો લેવાશે કે નહીં તેનો ભરોસો નથી. આવી અસ્થિર વસ્તુ-સ્થિતિ આ દેહની છે. શ્રી સનત્કુમાર ચક્રવર્તી જેવાએ ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જન કરી દેવોના ઇંદ્ર પણ વખાણે તેવી કાયાની સુંદરતા પ્રાપ્ત કરી હતી; તે પણ એક ક્ષણવારમાં સોળ મોટા રોગ ઉત્પન્ન કરી સાતસો વર્ષ સુધી તે મહાભાગ્યને ઉપસર્ગ કરવા તત્પર થઈ, પરંતુ તે સમ્યક્દૃષ્ટિવંત ભગવંતે તો તેની દરકાર રાખ્યા વિના છ ખંડનું રાજ્ય છોડી ભીખના ટુકડા ઉપર તેનો નિર્વાહ કરવાનું નક્કી કર્યું અને તે અનિત્ય અને અશુચિભરી કાયાને નિત્ય અને મહાપવિત્ર પરમપદ પ્રાપ્ત કરવાના કામમાં લગાડી દીધી. ધન્ય છે તે મહા ધીર શૂરવીર સંતપુરુષોને કે જે દેહની દરકાર છોડી આત્માને ઉન્નત કરવા જ જીવે છે, જીવતા હતા અને જીવશે. દેહ એ કર્મનો જ સંચો છે, કર્મવશ તેની અવસ્થા પલટાતી રહે છે. તેમાં પુરાયેલો આત્મા તેને પોતાનું ઘર માની, અરે પોતાનું રૂપ માની તેમાં માન કરે છે કે હું કેવો રૂપાળો છું, હું કેવો બળવાળો છું, હું કેવું બોલું છું, હું કેવું લખું છું, પણ તેની દશા પરવશ છે તેવી પ્રગટ દેખાય છે ત્યારે વળી ખેદ કરે છે કે હું નિર્બળ થઈ ગયો, મારાથી ઉઠાતું નથી, ચલાતું નથી, બોલાતું નથી, લખાતું નથી, હું ફીકો પડી ગયો, હું રોગી છું, હું સ્ત્રી છું, હું પુરુષ છું, હું અભણ છું, મને સરત રહેતી નથી, ભૂલી જવાય છે આમ રોદણાં રડવા લાગે છે અને પાછો સાજો થયો એટલે પાછો અહંકાર કરવા લાગે છે કે મારા જેવું કોઈ કમાતું નથી, મારો વેપાર બધા કરતાં સારો ચાલે છે, મારી બરોબરી કરે એવો કોણ છે, આ વર્ષમાં તો આટલું જરૂર કમાવાનો. આમ ને આમ આટલાં બધાં વર્ષો દેહને જ પોતાનો માની તેના દુઃખે દુઃખી અને તેના સુખે સુખી થવાની તેની અનાદિની

ટેવ જીવ ઉપાસતો આવ્યો છે. હવે કોઈ પરમકૃપાળુની કૃપાથી જો જાગે તો અવશ્ય તેનું કલ્યાણ થાય. પરમકૃપાળુદેવે મૂળમાર્ગમાં જ્ઞાનનું સ્વરૂપ જણાવ્યું છે તે જીવને જાગ્રત કરવા અર્થે જ કહ્યું છે–

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ – મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ – મૂળ૦"

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પાસેથી શ્રીમુખે ઘણી વખત આપણે સાંભળ્યું છે કે એક આત્માને મૂકીને તમે સભામાંથી બહાર જઈ આવો જોઈએ તેના વિના કશું બને છે? જેણે તેને જાણ્યો છે તેની ભક્તિ કરવા માટે પણ દેહાદિ પ્રત્યે ઉદાસીનતા આણવી જોઈશે, નહીં તો દેહની પંચાતમાં ગૂંથાઈ રહેવાથી નહીં ભક્તિ થાય કે નહીં વિચાર થાય તો પછી કલ્યાણ શી રીતે થઈ શકશે? માટે પળે પળે તે પરમપુરુષનો ઉપકાર સ્મૃતિમાં આણી તેણે આપેલું સ્મરણ, ભજન આદિ કરતા રહેવા વિનંતી છે. એ મહાપુરુષની કૃપા વિના મારાથી કંઈ બને તેવું નથી એમ વિચારી તેને ભૂલ્યા વિના, સર્વ કરવી પડે તે પ્રવૃત્તિ કરવા યોગ્ય છેજી. વિશેષ શું લખું? મારી યોગ્યતા નથી. માત્ર આપના નિમિત્તે મારે તે પુરુષે જણાવેલા શુભ વિચારમાં દૃષ્ટિ દેવાય એ અર્થે અલ્પમતિથી જે બે બોલ જણાવ્યા છે તે તેની જ કૃપાનું ફળ છે એમ વિચારી, આ ઉપરથી પરમકૃપાળુ પ્રભુશ્રીના બોધની જે સ્મૃતિ આવે તેમાં લક્ષ રાખવા ભલામણ છેજી. ભક્તિ એ જ સર્વોત્તમ માર્ગ પરમકૃપાળુદેવે કહ્યો છે, તેમાં જેટલો ભાવ પ્રેરાશે તેટલું કલ્યાણ છે. ત્યાં પણ સાથે રહેતા ભાઈઓ સંપ રાખીને ભક્તિનું નિમિત્ત રાખતા રહો તો હિતનું કારણ છે. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૧ અગાસ, માગશર પૂર્ણિમા, ૧૯૯૩

હરિગીત — ધર્મધારી કોઈનાં પરિણામ કદી ચળી જાય જો,
ઉપદેશ આદિ મદદ દેતાં સ્થિતિકરણ ગુણ થાય તો.
અવસર ફરી આવો નહીં આવે, અરિને જીતવો,
કર્મો અનાદિકાળનાં દુઃખ દઈ રહ્યાં, નિર્મૂળ કરો.
એ રીતનો ઉપદેશ દઈ, મન ધર્મમાં સુદૃઢ કરો,
અનિત્ય આદિ ભાવનાનું ગ્રહણ તુર્ત કરાવજો;
વ્રત, ત્યાગ ત્યાગ્યાં હોય તે, ફરી ગ્રહણ તુર્ત કરાવજો,
સેવાદિ ઉપચારો વડે, સ્થિતિકરણ ગુણ પ્રગટાવજો.

(સમાધિસોપાન, પૃ. ૧૪૪-૧૪૬)

"કોડિ કપટ જો કોઈ દિખાવે તોહિ પ્રભુ વિણ નવિ રાચુંજી." –શ્રી યશોવિજયજી

મથાળે જણાવેલા કાવ્ય પ્રમાણે સ્થિતિકરણ સમ્યક્દર્શનનું અંગ છે તે આપણું પોષાય તેવી બાબત નીચે જણાવું છું.

ગઈ કાલે સ્વાભાવિક રીતે એક પત્ર પૂ. શારદાબહેનને મેં લખ્યો છે. ત્યાર પછી બપોર પછીના સાંભળ્યું કે તે એક પાવાગઢના મહાત્મા પાસેથી મંત્ર લઈ આવ્યાં છે અને તે પ્રભુશ્રી

જ છે એમ માની ભોળવાઈ ગયાં છે. મેં પત્ર લખ્યો છે તેમાં સદ્‌ગુરુકૃપાથી અને તેના પુણ્યોદયે તે જ સમાચારના ઉત્તરરૂપ લખાયું છે એમ સ્મૃતિમાં છે. તમે તે પત્ર વાંચવાને બહાને તેમને મળી સુલસા કે રેવતીની કથા પ્રસંગ અનુસાર જણાવો ને તેના ધ્યાનમાં તે વાત ઠસે તો તે પરહિત સાથે આપણો સ્થિતિકરણ ગુણ સચવાય. પૂ. . . એ કાવિઠામાં દૃષ્ટાંત બહુ સુંદર રીતે અસરકારક વ્યાખ્યાનમાં કહ્યું હતું તેમ સુલસાની કથા તે બાઈને સાંભળવાની મળે તો તેના હિતની વાત સમજાય છે. પછી તો જેમ ભાવિ હશે તેમ બનશે. આપણી ફરજ આપણે બજાવવી એમ જો આપના દિલમાં વસે તો એક આંટો ખાઈ આવવા જેવું સમજાય છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીની આખર સુધી તેણે સેવા કરી છે અને સમાધિ-મરણનો પ્રસંગ જોવા તે ભાગ્યશાળી બની છે તો આપનાં દર્શનથી જ તેના ભાવ બદલાઈ જશે. વખતે બીજો કુસંગ તાત્કાલિક લાગ્યો હોય તેથી વિનયાદિ ન કરે; તોપણ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રી કહેતા કે અમે વીમો ઉતરાવે તેમ કહીએ છીએ કે પરમકૃપાળુદેવની ભક્તિ સમ્યક્ પ્રકારે કરશે તેનું કલ્યાણ અવશ્ય થશે, આ વાત તેના તથા પૂ. ડૉ. રતિલાલના કાને પડે તોપણ તેમને વિચારવાનું, પાછા ફરવાનું નિમિત્ત બને. આપ અમદાવાદમાં છો તો આ કામ આપના લક્ષ ઉપર આવે તેટલા માટે જણાવ્યું છે; અને કોઈ પ્રકારે તેમ કરવું અયોગ્ય જણાતું હોય તો ત્યાં ન જવું. જેવી પરમકૃપાળુદેવની પ્રેરણા આપને સમજાય તેમ વર્તવા વિનંતી છેજી.

---

૯૨ અગાસ, માગશર વદ ૨, ૧૯૯૩

"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખરહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય"

પૂ. ....નું શરીર નરમ રહ્યા કરે છે અને તેથી ભક્તિભાવમાં થતી પ્રતિકૂળતા વિષે લખ્યું તે સંબંધી જણાવવાનું કે જીવે જે પ્રકારે કર્મ બાંધ્યાં છે તે પ્રકારે વહેલા-મોડા ઉદયમાં આવે છે અને તે ભોગવ્યા વિના છૂટકો નથી. પરન્તુ જે પ્રમાણે જીવને બોધ અને વૈરાગ્ય વર્તતો હોય તે પ્રમાણે તે કર્મને વેદી શકે છે એમ જ્ઞાની પુરુષે કહ્યું છે. સમજણ સદ્‌ગુરુકૃપાએ પ્રાપ્ત થઈ હોય અને સહનશીલતા, ખમી ખૂંદવાની ટેવ પાડી મૂકી હોય તો વેદના આવી પડે ત્યારે ગભરાઈ ન જવાય. ઊલટું ભક્તિમાં ભાવ વધારે રહે. મરણ આવશે તો શું થશે? બહુ લાંબા વખત સુધી માંદગી લંબાશે તો કેમ ખમાશે? વગેરે વિચારો અણસમજણથી આવે છે અને તેને લીધે આર્ત્તધ્યાન થાય છે, એટલે વેદનામાં જ વૃત્તિ ચોંટેલી રહે છે. પણ સમજુ માણસને, કે સત્પુરુષના સમાગમે કંઈ બોધ સાંભળી દૃઢ વિચાર કર્યો હોય કે વેદના કરતાં આત્માનું વધારે બગાડનાર તો મોહનીય કર્મ છે તેને, વિચાર આવે કે કર્મ બાંધ્યાં હતાં તે હવે જાય છે, ગયેલાં ફરી પાછાં આવવાનાં નથી. દેવું પતાવી દેવું છે એમ જેણે વિચાર કર્યો હોય તેની પાસે ઉઘરાણી કરવાવાળા આવે ત્યારે તે ગભરાય નહીં; ગમે તેમ કરી તે દેવું પતાવી દે છે. તેમ મુમુક્ષુને તો કર્મથી છૂટા થવું છે અને કર્મ જવા માટે આવ્યાં છે, તો જેવો તેનો સુખદુઃખરૂપ સ્વભાવ હશે તે દેખાડી ચાલ્યાં જશે. આપણે તેમાં હર્ષખેદ ન કરવો, આટલું સાચવવાનું છે. જો સમભાવે ઉદય આવેલાં કર્મ વેદી લેવાય

તો તે તપ કરવા સમાન છે. તપ કરીને મુનિઓ જેમ કર્મ છોડે છે તેમ વેદના વખતે પણ સમભાવ રહે તો કર્મ છૂટે જ છે. મૂળ ધ્યાનમાં રાખવાની વાત આટલી છે, તે કહેવી અને સાંભળવી સહેલી છે પણ તેવા વખતે, કસોટીના પ્રસંગે તે ભાવમાં (સમભાવમાં) જે વિરલા પુરુષો ટકી રહે છે તેમને ધન્ય છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીને છેવટે એટલી બધી વેદનાનો ઉદય હતો કે ચરામાં (ચોકમાં) પણ તેમની બૂમ સંભળાય અને સાંભળનારને ત્રાસ થાય; પણ તેમની સહનશીલતા એટલી બધી કે મૃત્યુ તે મહોત્સવરૂપ છે એમ વારંવાર કહેતા, તે ભાવમાં રહેતા અને દેહ દેહની દુષ્ટતા દેખાડતો હતો. ખમી ખૂંદવાની ટેવ પુરુષો કરતાં પણ સ્ત્રીઓમાં વધારે હોય છે, કારણ કે પરાધીનપણું આખી જિંદગી તેમણે સેવ્યું હોય છે. એટલે તેમને સ્મરણ-મંત્ર, ભક્તિના વીસ દોહરા, આત્મસિદ્ધિ આદિ સંભળાવવાનું કરો તો તેમનું ચિત્ત ધર્મભાવમાં સહેજે ઢળી જાય અને આર્ત્તધ્યાન કરી કર્મ ન બાંધે. વાંચતાં આવડતું હોય તો તે પોતે પણ સૂતાં સૂતાં સત્પુરુષનાં વચનોમાં વૃત્તિ રાખે, મંત્રમાં ભાવ રાખે તો સુખના વખત કરતાં દુઃખનો વખત આત્માને વધારે હિતકારી નીવડે. સુખના વખતમાં તો બહારના પદાર્થોમાં જીવ ખોટી થાય છે, પણ દુઃખના પ્રસંગે પરમાત્મા સાંભરે, ભક્તિમાં સહેજે વૃત્તિ જાય. ડૉક્ટર વગેરે મારફતે દવા કરાવીને તેમની સેવા કરીએ છીએ એટલી જ સેવા નથી, પણ ધર્મમાં તેમનું મન વધારે વખત રહે તેવી ગોઠવણ થવાથી તેમની ખરી સેવા કરી ગણાય. જો ભક્તિમાં તેમની પાસે બેસી કાળ ગાળીશું તો તેટલો વખત તેમને લાભ થશે અને આપણને પણ તેમને નિમિત્તે લાભ થશે. આ વાત લક્ષમાં રાખી ભક્તિ ઓછી કરવાને બદલે વધારે કરવાનો ક્રમ રાખવા ભલામણ છે. ભક્તિ એ પરભવને માટે ઉત્તમ ભાથું છે; કરશે, કરાવશે તે બન્નેને હિતકારી છે. મનુષ્યભવમાં જ ભક્તિનો ખરો લહાવો લેવાય છે. કાગડા, કૂતરા શું કરી શકે? માટે જરૂરના કામથી પરવારીને ભક્તિનો ક્રમ માંદા માણસની સમક્ષ ચાલુ રાખવામાં આવે તો ઘર તે મંદિરરૂપ થોડા દિવસ તો થઈ જાય. તેથી ચિત્તની પ્રસન્નતા રહે છે અને પાપ દૂર થવાનું કારણ છે. આત્માને હિતકારી દવા તો ભક્તિ છે.

પૂ. . . . ને હિમ્મત આપશો કે ગભરાવું નહીં, શૂરવીરપણું રાખીને કઠણ હૈયું કરી ભોગવવાનાં કર્મ ભોગવી લેવાં. આથી અનંતગણાં દુઃખ નરકમાં જીવે સહન કર્યાં છે, તો પણ તે ઘસાઈ ગયો કે છેદાઈ ગયો નથી. આત્માને તેનાથી કંઈ હાનિ થવાની નથી. માત્ર ધીરજ, શાંતિ રાખી આવી પડેલી વેદના વેદી લેવી અને ભાવ ભગવાનમાં રાખવા પુરુષાર્થ કરવો. સ્મરણ-મંત્ર જીભના ટેરવે હરદમ હાજર રાખવો. એ મંદવાડમાં ટેવ પાડી મૂકી હશે તો પછી પણ બહુ લાભકારક થઈ પડશે. શાંતિ રાખી ભક્તિમાં ચિત્ત રાખશોજી. સત્પુરુષનાં દર્શન, સમાગમ, બોધ સાંભળેલો જે સ્મૃતિમાં આવે તેમાં ચિત્ત દેવું તે પાપને દૂર કરનાર છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૩

અગાસ, તા. ૬-૧-૩૭

તમે સર્વ ભાઈઓ મળીને ભક્તિભાવમાં રહેતા હશો. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીના દર્શન, સમાગમ અને બોધનો લાભ મળ્યો છે તેમને સહેજે ભક્તિભાવ પ્રત્યે પ્રેમ પ્રગટેલો

હોય છે. તે ગમે ત્યાં હોય તોપણ તેને માટે વખત કાઢી, આહારની પેઠે તેને આવશ્યક વસ્તુ સમજી તેમાં ચિત્તવૃત્તિ રાખે છે. પણ સત્સંગનો વિયોગ હોય, શરીરપ્રકૃતિ પ્રતિકૂળ હોય, સંસારપ્રસંગો પૂર્વકર્મને લઈને ઘેરી લેતા હોય ત્યારે વિશેષ પુરુષાર્થની જરૂર રહે છે. સત્સંગની ઇચ્છા છતાં તેવો યોગ અંતરાયકર્મથી બની આવતો નથી ત્યારે વિચાર અને તેના ફળ તરીકે વૈરાગ્યભાવ ટકાવવા સત્શાસ્ત્ર અને સત્સંગી જનો સાથેનો પત્રવ્યવહાર પણ બળ-પ્રેરક બને છે. વિચારણા સદ્ગુરુના બોધે યોગ્ય જીવાત્માને જાગે છે તો તેના બળે વૈરાગ્યવૃત્તિ સર્વ પ્રસંગોમાં રહ્યા કરે. કારણ કે અનિત્ય વસ્તુ-સમૂહની વચમાં આ જીવને રહેવાનું છે, તેનો અલ્પ પણ વિચાર કરે તો તેને મોહ ઘટવાનું કારણ બને છે. જે ઘરમાં આપણે જન્મ્યા હોઈએ, ખાતા હોઈએ, સૂતા હોઈએ, તે જ ઘર વિષે વિચારીએ તો તેમાં કેટલાંય સગાંવહાલાંનાં મરણ થયેલાં આપણને સ્મૃતિમાં આવે; કેટલાંયના મરણતુલ્ય વ્યાધિના પ્રસંગો સ્મૃતિમાં આવે; તથા દરરોજ આપણી આજુબાજુ જે જે ક્રિયાઓ આપણા વડે કે આપણાં સગાં વડે થાય છે તેમાં કેટલાય જીવોની ઘાત થતી હોય છે. તે તરફ દૃષ્ટિ જતાં આપણા જીવનની અનિત્યતા સહેજે સમજાય છે અને પરમકૃપાળુદેવે પુષ્પમાળામાં જે લખ્યું છે — "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર" — તે સહેજે નજરે તરી આવવા સંભવ છે. જેનું શરીર નીરોગી હોય છે અને જે પાંચ ઇંદ્રિયોના વિષયોમાં તણાતો હોય છે તેને આ વિચારો આવવા દુર્લભ છે. પણ શરીર નરમ રહેતું હોય, સત્સંગે કંઈ બોધ સાંભળી વૈરાગ્યમાં જેની વૃત્તિ વળી હોય તેને આવા વિચારોથી મોહ ઘટવાના પ્રસંગો પ્રાપ્ત થાય છે; અને કોને માટે, કેટલા કાળ માટે, કેવા પ્રકારે હું આ પ્રવૃત્તિમાં તણાઉં છું કે કાળ ગાળું છું તેના વિચારો તેને સહેજે આવે છે; અને જીવન કેવી રીતે વ્યતીત થાય તો ઉત્તમ કહેવાય, તેનો નિર્ણય તેવા કાળમાં સહેજે વિચારવાનને થાય છે. પૂર્વે બાંધેલા પ્રારબ્ધ પ્રમાણે સુખદુઃખ સર્વને આવે છે પરંતુ તેમાં જેને વૈરાગ્ય હોય તેને દુઃખના પ્રસંગો પણ લાભ દઈને જાય છે; અને અવિચારી જીવો તેવા પ્રસંગોમાં એવા વિચાર કરે છે કે દુઃખ મટશે કે નહીં મટે? શું શું ઉપાય કરવા? કેમ બીજા મારી સેવાચાકરી નથી કરતા? દેહ છૂટી જશે તો આ કોણ ભોગવશે? મારે આટલું બધું છોડવું પડશે? એવા આર્ત્તધ્યાનના વિચારોમાં કે કોઈ ઉપર દ્વેષ હોય તો તેનું બૂરું કરવાના વિચારો કરી રૌદ્રધ્યાન કરી એવાં કર્મ તે બાંધે છે કે હાલની વેદના કરતાં અત્યંત આકરી વેદના ભવિષ્યમાં લાંબા કાળ સુધી ભોગવવી પડે તેવાં કર્મ બાંધી અધોગતિ ઊભી કરે છે; અને વિચારવાન બાંધેલાં કર્મોથી છૂટે છે અને નવાં ન બંધાય તે માટે સદ્ગુરુએ આપેલા સાધનમાં વૃત્તિ રાખે છે.

બીજાં કુટુંબીઓ તથા મિત્રોએ પણ વિચારવાન સજ્જન સંબંધીમાં માંદગીના પ્રસંગે પોતાને તથા પરને હિતકારી નીવડે તેવું વર્તન રાખવું ઘટે. પત્નીએ પ્રેમપૂર્વક સર્વ પ્રકારની સેવા ઉપરાંત હિંમત રાખી હિંમત આપવાની ફરજ છે. તેણે કહેવું જોઈએ કે તમે તમારા આત્માનું હિત થાય તેવા ભાવ રાખશો તેમાં આપણું બધાનું કલ્યાણ છે. અત્યારે જે સુખ દેખાય છે તે ધર્મનું જ ફળ છે અને ધર્મના આરાધનથી લૌકિક સુખ અને આત્માનું

સુખ પ્રાપ્ત થાય છે. ધર્મ પૂર્વે આરાધેલો તેથી સુખી કુટુંબ, સજ્જન મિત્રો, સત્પુરુષનો યોગ અને સત્ય ધર્મની પ્રાપ્તિ થઈ છે, અને ધર્મવૃક્ષને પોષીશું તો મોક્ષ સુધીની સર્વ સામગ્રી મળી રહેશે. મારી ચિંતા તજી આત્મકલ્યાણનો માર્ગ જ્ઞાનીપુરુષ પાસેથી સાંભળ્યો હોય તે આરાધો, અમને સમજાવો અને તેમાં અમારી મદદ જે ઇચ્છો તે આપવા અમે તૈયાર છીએ. આ વાત સર્વ મિત્રવર્ગે કે કુટુંબવર્ગે વિચારી ધર્મધ્યાનમાં દિવસ અને રાતનો વિશેષ વખત જાય તેમ વ્યવસ્થા કરવી તે સર્વને હિતકારી છે. માંદગીમાં પોતાનાથી ભક્તિમાં પ્રવર્તવા જેટલું બળ ન દેખાય તો બીજા ભક્તિ કરે તે સંભળાય, સ્મરણ કોઈ ઉતાવળે બોલે તેમાં ચિત્ત દેવાય અને ચિત્રપટ વગેરે પાસે રાખી તે પ્રત્યે પ્રેમભાવ, શરણભાવ વર્ધમાન થાય તેમ કરવા ભાવના કર્યા કરવી એ હિતકારી છે. પ્રવૃત્તિ ન બને તો ભાવના તો ધર્મકાર્યમાં રાખવી. "ભાવ તિહાં ભગવંત છે" એ વચન સત્ય છે. વેદનાથી મૂંઝાવું નહીં. દેહમાં જે દુઃખ દેખાવ દે છે તે દેહનો ધર્મ છે તેને જાણનાર આત્માનો વાંકો વાળ પણ તે કરી શકે તેવી તેનામાં શક્તિ નથી. આત્માને હાનિ કરનાર મોહ છે. તેને વશ કરવા માટે સદ્‌વિચાર, સદ્‌ગુરુનું શરણ અને સમભાવે સહન કરવું એ ઉત્તમ ઉપાય છે, તે વારંવાર સ્મૃતિમાં લાવવા માટે જાગ્રત રહેવું. એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૪ અગાસ, તા. ૧૫-૧-૩૭

કહેવા યોગ્ય અને આપણે વારંવાર વિચારવા યોગ્ય જ્ઞાની પુરુષોએ ઘણું કહ્યું છે, પણ આ જીવ નફટ થઈને ફરે છે. જાણે મરવું જ ન હોય એમ બેફિકરો થઈ સંસારમાં રાચી રહે છે, સાંસારિક સુખો માટે ઝૂર્યા કરે છે, તે સુખોને મેળવવા મન કલ્પનાઓ કર કર કરે છે. એટલે આત્મા શું હશે? તેને માટે શું કરવું? તે કેમ સુખી થાય? તેનો વિચાર કરવાની નવરાશ જીવને મળતી નથી, અને તે વિષે જ્ઞાની પુરુષોએ શું જણાવ્યું છે, શું શું આજ્ઞા મને કરી છે તેનો વિચાર કરવાનું જીવને કેમ ગમતું નહીં હોય? એમ જણાય છે કે જીવને બોધની ખામી છે. સત્સંગની જરૂર છે. તે ન હોય તો તેની ભાવના રાખી આત્મહિત મારે આ ભવમાં જરૂર કરી લેવું છે એટલું તો મનમાં દૃઢ કરી રાખી તે નિશ્ચય વારંવાર દિવસમાં યાદ લાવવા યોગ્ય છે. સંસારનાં સુખ આખરે દુઃખ આપે છે, જન્મમરણ ઊભાં કરાવે છે, પણ તેનું સ્વરૂપ જ્ઞાની પુરુષના યોગે જીવે લક્ષ દઈને સાંભળ્યું નથી તેથી તેની વાસના હૃદયમાં રહ્યા કરે છે અને એ જ દુઃખનું મૂળ છે. તે નિર્મૂળ કરવા આત્મવિચારની જરૂર છે. તે આત્મવિચાર થવા માટે સત્સંગ, સત્શાસ્ત્રની જરૂર છે. તેનો યોગ પણ ન હોય ત્યાં સુધી યોગ્યતા વધારવા માટે કષાય (ક્રોધ, માન, માયા, લોભ) ઓછાં કરવાનો લક્ષ રાખવો, મોક્ષની ઇચ્છા વધારવી, સંસાર દુઃખરૂપ છે એમ ચિંતવવું અને દયાભાવ, મૈત્રીભાવ, કોઈના ગુણ દેખીને રાજી થવાની ટેવ અને મધ્યસ્થભાવ કે ઉદાસીનતા વધારતા રહેવાથી સત્સંગમાં વિશેષ લાભ થવા જેવી યોગ્યતા આવે છે. આમ જ્ઞાની પુરુષોએ આત્માનું હિત થાય તેવો ઉપાય દવા જેવો બતાવ્યો છે. પણ દવા વાપરે નહીં, તો દવા જોવાથી કંઈ રોગ મટી જાય નહીં; માટે જન્મમરણના દુઃખથી છૂટવા માટે

અને મોક્ષ થવા માટે જ્ઞાની પુરુષે જે જે આજ્ઞા કરી છે તે, દેહના રોગ માટે દવા લઈએ તે કરતાં, ઘણા ઘણા પ્રેમથી તે આજ્ઞાઓ ઉઠાવવા ભાવના કર્તવ્ય છે. એક તો સ્મરણમંત્ર છે તેની ઉપાસના ઉલ્લાસભાવે, દુઃખના વખતમાં અને પછી પણ વારંવાર કરતા રહેવાનું ન ચૂકવું. હરતાં, ફરતાં, બેસતાં, ઊઠતાં મંત્રમાં વૃત્તિ રહે તેવી ટેવ પાડી મૂકવા યોગ્ય છે. તે મરણ વખતે જીવને મિત્રની ગરજ સારશે. એટલું જ નહીં, પણ સદ્‌ગુરુનું આપેલું એ અમૂલ્ય વચન સદ્‌ગુરુ સમાન જ છે, જાણે સદ્‌ગુરુ સમીપ જ છે એમ ગણી એવા પ્રસંગમાં મંત્રનું સ્મરણ બહુ પ્રેમથી કરવું અને ચિત્રપટ પરમકૃપાળુદેવનો હોય તો તેનાં દર્શન વારંવાર પ્રેમપૂર્વક કરવાં. એ ભાવના જીવને સારી ગતિમાં લઈ જનાર છે અને સત્પુરુષનો ભવોભવમાં યોગ કરાવે તેવું બળ ભક્તિમાં રહેલું છે. માટે ભક્તિભાવમાં ચિત્ત રાખવું. રોગમાં ચિત્ત રોકવું નહીં, કારણ કે રોગ તો કર્મ છે, તે જાય છે. પણ ત્યાં નવાં કર્મ ન બંધાય કે પાપકર્મ ન બંધાય, માટે આત્મભાવના અર્થે નીચે જણાવેલી શિખામણ મોઢે કરી રોજ બોલવાનો નિયમ રાખશો તો કલ્યાણ થશે.

"શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રન્થ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) શ્રીમદ્ રાજચંદ્ર.

આટલા વચનો મુખપાઠે કરી રોજ બોલી જવાં, તેનો વિચાર કરવો અને સદ્‌ગુરુએ જાણ્યો છે તેવો આત્મા મારો છે, તેની હું ભાવના કરું છું. મને આત્માની ઓળખાણ નથી પણ જે પુરુષે આત્મા જાણ્યો છે તે પુરુષની આજ્ઞાએ, તેને આશરે હું તેણે જાણેલા આત્માની ભાવના કરું છું. તે સદ્‌ગુરુ પરમકૃપાળુદેવ સાચા પુરુષ છે, તેમણે આત્મા ઓળખ્યો છે, શુદ્ધ આત્મરૂપ જ છે, તેથી તેનું અવલંબન, તેનું શરણ હું ગ્રહું છું. એ સત્પુરુષ સિવાય, તેણે જાણેલા આત્મા સિવાય કોઈ વસ્તુ ઉપર મને પ્રેમભાવ, આશા કે વાસના હૃદયમાં ન રહો. તે જ એક પ્રાપ્ત કરવા યોગ્ય આ ભવમાં છે. તેથી બીજું કંઈ મારે ઇચ્છવું નથી. ભલે રોગ હો કે મોત આવો પણ બીજું કંઈ મારે જોઈતું નથી, માગવું નથી. આત્મા, શુદ્ધ આત્મા, સહજ આત્મસ્વરૂપ જ જોઈએ, થઈએ એ જ પ્રાર્થના. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૫ અગાસ, પોષ વદ ૬, સોમ, ૧૯૯૩

"તબ લગ જોગી જગગુરુ, જબ લગ ન ધરે આશ;
જબ જોગી આશા કરે, તબ જગ ગુરુ, જોગી દાસ."

આપનો પત્ર પ્રાપ્ત થયો હતો. પૂ. . . . મહારાજ વિહાર કરીને આપના પ્રત્યે પધારે છે. આપ મુનિવરોના સમાગમથી તેમને વિશેષ લાભ થવા સંભવ છેજી. સત્પુરુષની આજ્ઞામાં આપણે પ્રવર્તવું છે અને કોઈ પણ તેવી જ ભાવનાવાળો જીવ હોય તેમાં તેનું પણ હિત છે એમ આપણી માન્યતા છે તો પછી જેટલી જેની રુચિ અને યોગ્યતા તે પ્રમાણમાં તે સન્માર્ગે વળશે અને કલ્યાણ સાધવા કેડ બાંધી પુરુષાર્થ કરશે. જેટલી આપણી નિઃસ્પૃહતા તેટલી પરમપુરુષની આપણા પર પ્રસન્નતા એમ સમજાય છે. પરમપુરુષ પ્રત્યે પ્રેમ બાંધ્યા

પછી કંઈ પણ વસ્તુની ઇચ્છા કે મલિન વાસના રાખ્યા વિના તેનું જ ધ્યાન, તેની આજ્ઞાનું અનુસરવું અને તેની પ્રસન્નતામાં આપણી પ્રસન્નતા અથવા તેનું સમ્મત કરેલું સર્વ સંમત થાય તો પછી કંઈ કરવાનું બાકી રહેતું હોય તેમ સમજાતું નથી. દોષોમાં કદાચ શરૂઆતમાં પ્રવર્તન હોય તો તેટલા પ્રેમની ન્યૂનતા હોવાથી, દોષનાં કારણો પ્રત્યે કંઈક પ્રેમ હોવાથી તે પ્રત્યે વૃત્તિનું વલણ હોય છે. પરંતુ પરમપુરુષ પ્રત્યેનો પ્રેમ વર્ધમાન થતો જાય તેમ તેમ તે પ્રેમમાં વિઘ્નકર્તા વૃત્તિઓ તેને ગમે નહીં, તેને દૂર કરવા, તરછોડી નાખવા કે નિર્મૂળ કરવા તત્પર થઈ જાય છે અને તે ક્રિયામાં અંતર્શોધન અને વિશોધન બંને ક્રિયાઓ થતી જાય છે. ગણી ગણીને દોષો તે ભક્તિમાન દૂર નહીં કરે પણ પ્રેમરૂપ અગ્નિથી સામટા બાળી નાખશે. સાચો પ્રેમ – અગ્નિ પ્રગટ થવો જોઈએ. પરપદાર્થોમાં જેટલી પ્રસન્નતા છે તેટલી આત્મહિતમાં મંદતા છે અને તેટલે અંશે પરમપ્રેમમાં પણ શિથિલતા છે. પરમપુરુષના અચિંત્ય માહાત્મ્યનું જેમ જેમ વિશેષ ભાન થતું જાય, જેમ જેમ તેની ભાવના અખંડિત થતી જાય તેમ તેમ પ્રેમપાત્રતા વધતી જાય અને આત્મહિતમાં ઉન્નતિ થતી જાય. પ્રેમપ્રવાહને તૂટક કરનાર બીજી વૃત્તિઓ ઘટવી જોઈએ એ તો સ્પષ્ટ સમજાય તેવી વાત છે પણ તે માટે જેટલી અંતરની દાઝ હશે તેટલો પુરુષાર્થ જીવ વહેલે મોડે કરશે; માટે અંતરની રુચિને પ્રદીપ્ત રાખવા તેની જ વિચારણા, તેને પોષે તેવું વાચન, તેની ચર્ચા અને તેમાં લીનતા વધે તેવા સન્માર્ગમાં વૃત્તિ વાળતા રહેવાની જરૂર આપણે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૬ અગાસ, તા. ૫-૨-૩૭

તત્ ૐ સત્ પોષ વદ ૯, શુક્ર, ૧૯૯૩

मालिनी — "अभिमतफलसिद्धेरभ्युपायः सुबोधः
स च भवति सुशास्त्रात्तस्य चोत्पत्तिराप्तात् ।
इति भवति स पूज्यस्तत्प्रसादात्प्रबुद्धि —
र्न हि कृतमुपकारं साधवो विस्मरन्ति ॥"

—जयसेनाचार्य कृत पंचास्तिकाय टीका

**ભાવાર્થ :** ઇષ્ટફળ – મોક્ષ – નો ઉપાય સદ્બોધ (આત્મજ્ઞાન) છે. તે થવાનું કારણ સત્પુરુષની વાણીરૂપી શાસ્ત્ર છે; તેની ઉત્પત્તિ આપ્તપુરુષથી છે; તેથી આપ્તપુરુષ (ગુરુરાજ) પૂજ્ય છે. તેની કૃપાપ્રસાદીથી પ્રબુદ્ધિ (પ્રજ્ઞા – વિવેકજ્ઞાન) પ્રાપ્ત થાય છે. માટે સારા માણસો – સજ્જનો પોતાના ઉપર પરમપુરુષે કરેલા ઉપકારને કદી વીસરતા નથી, નિરંતર સ્મરણ કરે છે. (તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે એવા સર્વ સત્પુરુષો તેનાં ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!)

વિ. પૂ. પવિત્ર . . . બહેનનું લખેલું પત્તું મળ્યું છે. પરમકૃપાળુદેવ પ્રત્યે શરણભાવ પ્રગટ કરેલો પ્રાર્થનારૂપે વાંચી પ્રમોદ થયો છેજી. પત્રની ઇચ્છા રાખે છે પણ પરમકૃપાળુદેવના જે પત્રો પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીની આજ્ઞાથી મુખપાઠે કર્યા છે તેના સમાન બીજી કઈ કલમ કંઈ અંશે પણ લખી શકે તેમ છે? તેના વિચારમાં રહેવાય તો તેમાં સર્વ શાસ્ત્રો સમાઈ

જાય છે. પણ મનનો સ્વભાવ અસ્થિર હોવાથી નવું નવું ઇચ્છે એ સ્વાભાવિક છે; તો તેને પોષે, તેની વિચારણામાં મદદ થાય તેવો ખોરાક તેને આપતા રહેવું ઘટે છે.

અત્યારે જે જે સંજોગો જીવને પ્રાપ્ત થયા છે તે સર્વ પૂર્વે આ જીવે જ કરેલા ભાવનું ફલ છે. અને અત્યારે જો જીવ જાગ્રત ન રહે તો તેવા કે તેથી હલકા ભાવો થવા સંભવ છે. અને તેના ફળ તરીકે અત્યારે ભોગવે છે તેવું કે તેથી માઠું ફલ મળવા સંભવ છે. માટે જ્ઞાની પુરુષોએ વારંવાર કહ્યું છે કે "જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યાં છે, ત્યાં ત્યાં તથાપ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાનવિચારે કરી ભાવ ગાળ્યો નથી, અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે." (૫૨૨) આ બહુ વિચારી વર્તનમાં મૂકવા જેવી પરમકૃપાળુની શિખામણ છે. જે ગામમાં જન્મ થયો હોય ત્યાં પૂર્વના સંસ્કારને લઈને મારાપણું સહેજે થઈ જાય છે, જે કુટુંબમાં જીવ હોય તે મારું મનાઈ જાય છે અને જે દેહમાં વાસ થયો છે તેથી પોતે ભિન્ન છે એમ સ્મૃતિમાં રહેવું તો મહામુશ્કેલ છે. ગામ, ઘર, ખેતર, કુટુંબ, દેહ આદિ ક્ષેત્ર પ્રતિબંધ છે તેનો ત્યાગ કરવા છતાં મનમાં રહેલી મારાપણાની ભાવના, વાસના ફરી ત્યાં જ ભવ કરાવે તેવું બળ ધરાવે છે, તેને છૂટવા દે તેવી નથી. તેથી જ્ઞાની પુરુષો તેનો ઉપાય બતાવે છે કે વારંવાર સત્પુરુષના બોધનું સ્મરણ કરી અંતરમાં ભાવના એવી રાખવા યોગ્ય છે કે આ દેહ પણ છોડીને એકલા ચાલી જવાનું છે તો પછી ગામ, ઘર કે કુટુંબ ક્યાં સાથે આવવાનું છે? જે સાથે નથી આવવાનું, તેની મમતા કર્મબંધન કરાવવા સિવાય બીજું શું કરાવે તેમ છે? તો હવે એ દૃઢ નિશ્ચય કરું કે મારું આમાંનું કાંઈ નથી. જે કંઈ દેખાય છે, સંભળાય છે, સૂંઘાય છે, સ્પર્શ કરાય છે કે ચખાય છે કે કલ્પનામાં આવે છે તેમાંનું કંઈ મારું નથી. મારું સ્વરૂપ તો જ્ઞાનીએ જાણ્યું છે, અનુભવ્યું છે, ઉપદેશ્યું છે, અને વારંવાર નિષ્કારણ કરુણાશીલતાથી જણાવ્યું છે તેવું છે.

> "શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
> બીજું કહિયે કેટલું? કર વિચાર તો પામ."
> "ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
> અજર, અમર, અવિનાશી ને દેહાતીત સ્વરૂપ." —આત્મસિદ્ધિ

આ ભાવના રહેવા માટે પરમકૃપાળુદેવનું શરણ છે. જેના હૃદયમાં પરમકૃપાળુદેવ છે, પરમકૃપાળુની શ્રદ્ધા છે, તે સર્વ પ્રત્યે ધર્મભાવ ધારણ કરવા યોગ્ય છે. પરમકૃપાળુદેવને માને છે માટે હું પરમકૃપાળુદેવના કુટુંબમાં રહું છું, ભાઈ પણ તેટલા જ માટે પ્રેમ કરવા યોગ્ય છે, માતા પણ ધર્મભાવ હોવાથી પૂજ્ય છે, બહેન પણ ધર્માત્મા હોવાથી પૂજ્ય છે. ધર્મને અર્થે જેનો દેહ છે તે આપણને ધર્મમાં જ પ્રેરે એ ભાવ રાખી સત્સંગાદિ કે કુટુંબાદિ સંજોગોમાં પ્રવર્તવાની બુદ્ધિ રાખી હોય તો તે આપણને કામરાગ, સ્નેહરાગ કે દૃષ્ટિરાગથી બચાવી લે છે અને ધર્મરાગમાં વૃત્તિ વળે છે.

મારી બહેન મારે ઘેર આવી છે એવા ભાવ કરતાં એવો ભાવ થાય કે કોઈ ધર્મ અર્થે જીવન ગાળવાનો નિશ્ચય કરી ચૂકેલી મારી ધર્મબહેનને ધર્મમૂર્તિ જાણી તેની સેવાચાકરી કરવાનો મને લાભ મળ્યો છે તે મારાં અહોભાગ્ય છે એમ વિચારી, એ દૃષ્ટિએ જે ખર્ચ કરવું પડે કે અડચણ વેઠવી પડે તે વેઠાય તો ફળમાં આભ-જમીન જેટલો ભેદ પડી જાય. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રી વારંવાર કહેતા હતા કે ક્રિયા તો તેવી ને તેવી જ કરવાની છે પણ ભાવ બદલી નાખવાનો છે. જે કંઈ કરતા હોઈએ તેમાં 'હું આત્માર્થે કરું છું, આટલું કામ પતી જાય તો મારે ભક્તિ માટે વખત ગાળવો છે, આ કામ ન આવી પડ્યું હોત તો અત્યારે હું ભક્તિમાં કેવો તલ્લીન થઈ ગયો હોત?' એવા ભાવ જો રહે તો બીજું કામ કરતાં છતાં તે ભાવથી તો ભક્તિ જ કરે છે. જ્યાં ભાવ છે ત્યાં જ આત્મા છે અને ભાવથી જ બંધન થાય છે કે છુટાય છે, માટે ભાવ સુધરે તેમ પ્રવર્તવું અને તેવાં નિમિત્તો ઇચ્છવાં કે જેથી આપણા ભાવ પરમકૃપાળુદેવ પ્રત્યે ઉલ્લાસવાળા રહે. સગાંવહાલાં પ્રત્યે પણ સંસારભાવને બદલે આત્મભાવ ક્યારે થશે એવી ભાવના વારંવાર સેવવાથી ધર્મભાવના જાગ્રત રહે અને કાળે કરીને પરમ શાંતિપદ પ્રાપ્ત કરી શકાય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૭ અગાસ, તા. ૩૧-૩-૩૭

તત્ ૐ સત્ ફાગણ વદ ૪, બુધ, ૧૯૯૩

"जन्म दुःखं जरा दुःखं, नित्यं दुःखं पुनः पुनः ।
संसारसागरं दुःखं, तस्माद् जागृहि जागृहि ॥"

એક બે લીટીનો પરમકૃપાળુદેવનો પત્ર મોક્ષ થતાં સુધી પાથેય — ભાથારૂપ છે તે આપણે વારંવાર વિચારી હૃદયમાં સંગ્રહી રાખવા યોગ્ય છે — "અવિષમભાવ વિના અમને પણ અબંધપણા માટે બીજો કોઈ અધિકાર નથી. મૌનપણું ભજવા યોગ્ય માર્ગ છે." (૮૨૩) આટલું થાય તો બાકી શું રહે? અને તે ન થાય તો ગમે તેટલું બીજું બધું કર્યું હોય તે શા કામનું?

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૮ અગાસ, ચૈત્ર સુદ ૬, શુક્ર, ૧૯૯૩

જન્મ-મરણ વચ્ચે જીવન, લાંબું ટૂંકું જાણ;
સ્વસ્વરૂપ સ્થિતિ કરે, તે જીવ્યું પરમાણ.
સત્પુરુષનું સત્શરણ, મરણ સુધી દૃઢ ધાર;
દઈ સમાધિમરણ તે, લઈ જાશે ભવ પાર.

આપના બન્ને પત્રોમાં ભાઈ. . . ની જિજ્ઞાસા વર્ધમાન થતી જણાવી છે તથા ચોથા વ્રતનું પચખાણ લેવા તેની ભાવના આપ જણાવો છો. તે જોતાં કોઈ સંસ્કારી જીવ લાગે છે. પરમકૃપાળુદેવ પ્રત્યે તેને પરમ પૂજ્ય બુદ્ધિ ઊપજે તે અર્થે "આત્મજ્ઞાન પામવા તે પુરુષનું અવલંબન આ કાળમાં અવશ્યનું છે, તે અવલંબન હું તજું તો મેં આત્માર્થ ત્યાગ્યો" એ ભાવાર્થનો પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી ઉપરનો પત્ર નં ૭૧૯ વાંચી સંભળાવી, નરોડા ગામને પવિત્ર

કરનાર એ પુરુષની પ્રથમ પ્રતીતિ કરાવી, તેનું શરણ ગ્રહણ કરવા પ્રથમ યોગ્યતા પૂરતાં સાત વ્યસનનો ત્યાગ અને પાંચ ઉદુંબર ફળ અને બની શકે તો મધ, માખણનો ત્યાગ (દવામાં છૂટ રાખવા ઇચ્છે તો તેમ) કરાવી વીશ દોહરા અને ક્ષમાપનાનો પાઠ તથા યમ-નિયમ, વાંચવા કે રોજ ભણવા ભાર દઈને જણાવશો. અને તો મુખપાઠ પણ કરી લે. આટલું મુખપાઠ કરવું છે એમ મન ઉપર લીધું તો તે કરવામાં વૃત્તિ રહેશે અને વેદનામાં ચિત્ત ઓછું જશે. પરમકૃપાળુ દેવના ચિત્રપટનાં તે ભાઈને દર્શન કરાવશો તથા પરમકૃપાળુ દેવ રાળજ પધારેલા તે વખતે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુ પ્રત્યે જેવો દર્શનનો પ્રેમ હતો તે દર્શન ન થયાં પણ તેઓશ્રીની આજ્ઞા માથે ચડાવી રાળજના સીમાડાથી ખંભાત દર્શન કર્યા વિના આંખમાં આંસુ સહિત પાછા પધાર્યા તે પ્રેમની યાદી આપી બીજે દિવસે પૂ. સોભાગભાઈને ખંભાત મોકલ્યા હતા અને મંત્ર પ. પૂ. પ્રભુશ્રીને જણાવવા આજ્ઞા કરી હતી, તે જ મંત્ર આજે મને મળે છે તે મારાં મહાભાગ્ય છે, તે પરમકૃપાળુ દેવનાં દર્શન કરી, હે ભગવાન! આપની આજ્ઞાથી મંત્ર વગેરેની હું ઉપાસના કરીશ એમ તે ભાઈ જણાવે તેમ કરવા પ. પૂ. ગુણચંદ્રજી મહારાજને વિજ્ઞપ્તિ છેજી. મંત્ર જણાવતી વખતે બીજા માણસોનું ટોળું ન રહે અને પરમકૃપાળુ દેવ પ્રત્યે તેને ઉપકારબુદ્ધિ પ્રગટે તેમ યથાશક્તિ કરવા વિનંતી છેજી. બીજા કોઈને મંત્ર જણાવવો નહિ.

નીચેનું સર્વને અને ખાસ કરી ભાઈ. . .ને વારંવાર વિચારવા યોગ્ય છે.

સ્ત્રી, પુત્રાદિ મારાં છે એ પ્રકારનો વિચાર કરવાથી કર્મોનો બંધ થયા કરે છે અને એ મારાં નથી એવા વિચાર કરતા રહેવાથી કર્મ નાશ પામે છે. તેથી 'મારું' એ અક્ષરો તો કર્મ-બંધના કારણરૂપ છે અને 'મારાં નહીં' એવા ચિંતનથી કર્મથી છુટાય છે. કરમાળામાં પ. પૂ. પ્રભુશ્રીજીએ આ જ વાત દૃઢ કરાવી એક આરજાને સમાધિમરણ કરાવ્યું હતું. "દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં." પત્ર ૬૯૨ વારંવાર તેમને વંચાવશો–સંભળાવશોજી. છેલ્લા ભાગની વધારે સ્મૃતિ રહે તેમ કરશો અને ચોથું વ્રત હમણાં છ માસ રાખે તો ઠીક લાગે છે. તેમનાં પત્ની તથા તેમની અનુમતિથી બાર માસનો આગ્રહ દેખો તો તેમ કરવું, પણ વ્રત લઈ ભાંગે નહીં તે વિસ્તારથી સમજાવવાની જરૂર છે. લેતાં ઉતાવળ કરવાની જરૂર નથી અને કાળ આવે તો જાવજ્જીવ છે જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૯ અગાસ, તા. ૩૧–૫–૩૭

તત્ ૐ સત્ વૈશાખ વદ ૬, સોમ, ૧૯૯૩

"પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ." (૯૫૪)

*'આશુપ્રજ્ઞ' શબ્દનો અર્થ આપે પૂછ્યો છે તેનો અર્થ એમ સમજાય છે કે જે પૂર્વના આરાધક જીવને આ ભવમાં સામાન્ય જનો કરતાં વિશેષ પ્રજ્ઞા એટલે બુદ્ધિ પ્રાપ્ત થઈ છે અને મોક્ષમાર્ગ શું ? આત્મા શું ? શું ગ્રહણ કરવા યોગ્ય છે ? શું તજવા યોગ્ય છે ? તેવા

* જુઓ પત્રાંક ૧૯–૪૪૪ "આશુપ્રજ્ઞનો વિનય જાળવું."

પ્રશ્નોનો નિકાલ જેને સહજે થઈ જાય છે એવા મોક્ષમાર્ગે ચાલતા બુદ્ધિશાળી સ્વ-પરને ઉપકારી મહાપુરુષ પરમકૃપાળુદેવ જેવા 'આશુપ્રજ્ઞ' કહેવા યોગ્ય છેજી. જેને સહજમાત્રમાં ભેદવિજ્ઞાન પ્રગટ થાય તેવી બુદ્ધિ હોય, જેને પ્રશ્નોના ઉત્તર શાસ્ત્રોમાં ખોળવા, શોધવું પડતું નથી, પણ પ્રશ્ન પૂછતાં પહેલાં જેને ઉત્તર સૂઝી આવે એવી આચાર્યને યોગ્ય જેની બુદ્ધિ હોય તેને 'આશુપ્રજ્ઞ' કૃપાળુદેવે કહ્યા હોય તેવું સમજાય છેજી. એવા પ્રજ્ઞાવંત જીવોના સહવાસથી આપણને શંકા-સમાધાનનું નિમિત્ત બને છે, મોક્ષમાર્ગમાં મદદ મળે છે અને નિઃશંક થવાનું બને છે. તેથી તેમનો વિનય આપણને હિતકારી જાણી પરમકૃપાળુદેવે વિનય જાળવવાનું કહેલું જણાય છેજી. પૂર્વના ઘણા પુરુષાર્થના ફળરૂપે તે મહાપુરુષે જે શક્તિ પ્રગટ કરી છે તે આપણને માત્ર વિનય જેવા નજીવા સાધનથી ઉપકારનું કારણ બને છે. અનેક પ્રકારના ગૂંચવાડામાંથી આપણને બચાવી સીધા મોક્ષમાર્ગ ઉપર તે લાવી શકે તેવી શક્તિ તેમનામાં હોય છે. ઉત્તરાધ્યયન શાસ્ત્રમાં પહેલું અધ્યયન વિનય વિષે છે તેનું આરાધન કરનાર ક્રમે મોક્ષે જાય છે એમ પણ તે જ શાસ્ત્રમાં છે. 'વિનય ધર્મનું મૂળ છે.'

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૧૦૦

અગાસ, તા. ૭-૬-૩૭

દોહા — દુખ દીધે દુખ પામીએ, સુખ દીધે સુખ થાય;
સમ્યક્‌દૃષ્ટિ આવતાં, દેહદૃષ્ટિ દૂર થાય.

ત્રિવિધ તાપમાં મૂંઝાય, જીવ સૌ સંસારમાંય,
સંત કલ્પદ્રુમ છાંય, શરણ શીતળ માન એ —
મૈત્રીભાવ ભાવનાર માનવી મહાન છે.
વૈરભાવ ધારનાર મૈત્રીનો અજાણ છે. (પ્રજ્ઞાવબોધ – ૬)

પરમકૃપાળુદેવના પત્રો એ જ આપણને નવજીવન અર્પનાર છે. આપણા ઉપર જ જાણે આજે જ અમુક પત્ર આવ્યો છે એમ જાણી જિજ્ઞાસા તીવ્ર રાખી વાંચીશું, વિચારીશું તો તેમાંથી અપૂર્વ બળ પ્રાપ્ત થશે. "સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો" (૪૭) એવું પરમકૃપાળુદેવનું વચન છે અને તેના વચનયોગરૂપ ગ્રંથને આધારે આપણે કલ્યાણ સાધવાનો નિશ્ચય છે તો અવશ્ય આપણું કલ્યાણ થશે. શ્રદ્ધા દૃઢ કરીને તે પુરુષને શરણે રહેવાશે તો ભલે મરણ આવે તોપણ આપણો વાળ વાંકો થાય તેમ નથી. સદ્‌ગુરુના આશ્રિતને આખરે ધર્મસાધન ઉત્તમ મિત્રની ગરજ સારે છે, તે જ તેને સદ્‌ગતિને આપનાર ઉત્તમ ભોમિયો છે. આપણે તો વૈરાગ્યભક્તિમાં વિશેષ બળ મળે તેવી વિચારણા કરી આ મનુષ્યભવ સફળ કરી લેવો છે એવો દૃઢ નિશ્ચય કરી સદ્‌ગુરુની આજ્ઞામાં બને તેટલું પ્રવર્તન કરવા ચૂકવું નહીં. મનુષ્યભવનો યોગ દુર્લભ કહ્યો છે તે સત્ય છે. કલ્યાણ કરવાનો આવો લાગ ફરી મળવો મુશ્કેલ છે ગણી, ગમે તે અવસ્થામાં ભાવ સદ્‌ગુરુ પ્રત્યે, તેના વચન પ્રત્યે, તે વચનોના આશય (આત્મા) પ્રત્યે વિશેષ વિશેષ રુચિવાળા બને તેમ પુરુષાર્થ મારે તમારે બધાને કર્તવ્ય છેજી. વેદનીય કર્મ આપણે જ બાંધ્યું હતું તે મે'માનની પેઠે આવ્યું છે તે

સદા રહેવાનું નથી. મે'માનનો સત્કાર કરીએ તેમ તેને પણ હાથ જોડી વિનંતી કરવી કે ભલે પધાર્યાં. સદ્‌ગુરુશરણે અમે તો નિર્ભય છીએ. તમને નોતર્યાં હતા તે તમે આવ્યા, હવે જમી-કરીને ચાલ્યા જાઓ. ભૂલમાં તમને બોલાવ્યા હતા. હવે તમારું કામ નથી. અમારે તો હવે બીજું મોક્ષ સાધવાનું કામ કરવું છે, તે તમારે માટે ખોટી થવાય તેમ નથી, માટે માફ કરજો. એમ વિચારી સ્મરણ, ભક્તિ, વાંચન, વિચાર વગેરે સદ્‌ગુરુની આજ્ઞાનાં નિમિત્તોમાં જોડાઈ જવું. બહુ વેદના જણાય ને ચિત્ત ત્યાં ખેંચાય તો પાછું સ્મરણ વગેરેમાં ખેંચી લાવવું અને મનને સમજાવવું કે દેહમાં ને દેહમાં ભાવ રાખીને આવી વેદના ઊભી કરી છે. હવે જો આ વેદના જેવી ગમ્મત વધારે જોઈતી હોય તો હજી દેહની દરકાર કર્યા કર, નહીં તો દેહરહિત જેની દશા છે એવા જ્ઞાની પુરુષમાં, શુદ્ધ નિત્ય પરમાનંદરૂપ આત્મામાં દૃષ્ટિ દેવાશે તો ફરી દેહ ધરવો નહીં પડે અને સ્વપ્ને પણ દુઃખ નહીં આવે. તે હવે કર.

---

## ૧૦૧

અગાસ, તા. ૯-૭-૩૭

તત્ ૐ સત્

અષાડ સુદ ૨, ૧૯૯૩

"ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરુષનાં ચરણકમળ છે." (૩૭)

જે કંઈ વ્રત-નિયમ પાળીએ છીએ તે આત્માર્થે કરીએ છીએ એ ભાવ ભુલાવો ન જોઈએ. આ ભવમાં જ્ઞાની પુરુષની આજ્ઞા જે જે થઈ હોય તેને વારંવાર વિચારવી. તેમાં આદરભાવ વધે, તેની સ્મૃતિ, લક્ષ રહે અને તે દ્વારા આપણું જીવન સુધરતું જાય, સમજણ વધતી જાય, પ્રેમ-ભક્તિ પોષાય તેમ પુરુષાર્થ કર્તવ્ય છેજી. તે સર્વ થવા માટે સત્સંગ એ ઉત્તમ ઉપાય છે અને સત્સંગના વિયોગમાં સત્પુરુષનાં વચનો સત્પુરુષતુલ્ય જાણી તેની ઉપાસના યથાશક્તિ કરવી અને સત્સંગની ભાવના રાખવી. મંદતા ભાવમાં જણાય તો ખેદ રાખવો, પણ આત્મકલ્યાણ કરવાનો ભાવ વધતો રહે તેમ મુમુક્ષુ ભાઈ સાથે વાંચવા-વિચારવાનો કે ભક્તિ આદિનો યોગ મેળવતા રહેવું. તો સત્પુરુષના યોગમાં જે બીજ વવાયાં છે તેને પોષણ મળતું રહેશે અને ફળ આપે તેવી વૃદ્ધિ થશે. પ્રમાદ એ મહાશત્રુ છે, તે તજીને જાગ્રત રહેવું. સત્પુરુષનો શરણભાવ ટકાવી રાખવો. હજી મારે ઘણું કરવાનું છે અને આમ પ્રમાદ થાય છે તો માર્ગ કેમ કપાશે ? એમ વારંવાર વિચારવા યોગ્ય છેજી.

---

## ૧૦૨

અગાસ, તા. ૨૩-૭-૩૭

તત્ ૐ સત્

ગુરુપૂર્ણિમા, અષાઢ સુદ ૧૫, ૧૯૯૩

"સેવાથી સંકટ કટે, દર્શનથી દુખ જાય;
નામ થકી નિર્ભય થયો, અનુભવ વસ્તુ પાય."

મનુષ્યભવ દુર્લભ છે એ વારંવાર પ. પૂ. પ્રભુશ્રીજી પાસેથી સાંભળ્યું છે તે હૃદયમાં કોતરી રાખી સત્પુરુષની આજ્ઞાએ આટલો ભવ કે અમુક બચે તેટલો કાળ જાય તેવી કાળજી કર્તવ્ય છે. ધનની કાળજી કેવી રાખીએ છીએ ? કોઈ આવીને કહે કે તમારે ત્યાં અમુક મારા રૂપિયા જમા છે તે લાવો, તો તેનો વિશ્વાસ રાખી આપણે તરત ચૂકવી દેતા

નથી કે તે કહે છે તો લાવો આપી દઈએ; પણ ચોપડો કાઢે, તેનું ખાતું તપાસે, વ્યાજ વગેરે ગણે, એક પૈસો પણ આઘોપાછો નથી એમ ખાતરી થાય ત્યારે રકમ ચૂકવે છે; તેમ વ્રત જેણે પાળવું છે તેણે તો ચોકસાઈ કરવી, નહીં તો સહેલો રસ્તો સ્વાદ ઓછો કરવો એ છે. આ તો સામાન્ય વાત થઈ, કારણ કે કોઈને માટે ધર્મ કરવાનો નથી. તલ તલનાં લેખાં છે. જેવું કરશે તેવું પામશે. ખરી કમાણી કરવાનો અવસર આ મનુષ્યભવ છે. પણ વિચક્ષણનો માર્ગ છે. જે રસ્તે લૂંટાઈ ગયા તે રસ્તે ન જવું. લાભ થાય તેમ પ્રવર્તવું. સત્પુરુષની આજ્ઞામાં જેટલો લાભ સમાયો છે તેટલો જગતમાં ક્યાંય નથી એ દૃઢ શ્રદ્ધા રાખી, થયેલી આજ્ઞાનો વિચાર કરી તે ઉપાસવા પુરુષાર્થ કર્તવ્ય છે. બહારની બાબતોમાં જીવ બહુ હોશિયારી વાપરે છે પણ પોતાના દોષ જોઈ દોષને ટાળવામાં તેને ટાઢ ચઢે છે. અનિત્ય, અશુચિ અને પર વસ્તુને પવિત્ર, પોતાની અને સદા રહેવાની છે એવી માન્યતા અનાદિ કાળથી તે કરતો આવ્યો છે, તેથી બાહ્ય વસ્તુઓમાં ઇષ્ટ-અનિષ્ટપણું કરી તેના ગ્રહણ-ત્યાગમાં પ્રવર્તે છે. પણ પોતાને હિતકારી શું છે? બંધનકારી શું છે? એનો નિર્ણય જ્ઞાની પુરુષોએ કર્યો છે તેનો વિચાર કરવાનો તે અવકાશ લેતો નથી કે તે કાર્ય તેને મહત્ત્વનું લાગ્યું નથી, તેમાં રસ આવતો નથી; પણ જેને જ્ઞાનીઓએ નકામા, બંધકારી, ક્ષણિક ગણ્યા છે તેવા ઇંદ્રિયના વિષયોમાં જ ચિત્ત પરોવેલું રાખે છે, તેનો ત્રાસ કે ઉદ્વેગ, મૂંઝવણ તેને આવતી નથી; તો તે વિષયો દુઃખકારી સમજી તે માટે કષાય કરવા યોગ્ય નથી, તે તજવાનાં છે, તેને મૂક્યે મોક્ષ છે એ જીવને કેમ પ્રતીતિમાં આવે? આ વિચારશો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૩ અગાસ, તા. ૩૦-૭-૩૭

પરમકૃપાળુદેવનાં વચનામૃતોમાં ચિત્ત રહે છે એ જાણી આનંદ થયો છે. અને તે પ્રમાણે આપણા મનના પરિણામ પણ પરિણમે એ જ પુરુષાર્થ મુમુક્ષુએ કર્તવ્ય છે. તીવ્ર વેદની જેવા અશુભ પ્રસંગના ઉદયમાં સંસારનું સ્પષ્ટ અસારપણું — દુઃખમયપણું દૃષ્ટિગોચર થવાથી આત્માર્થીનું વીર્ય વિશેષ ઉલ્લસિત થાય છે અને જે લક્ષ સત્પુરુષ પાસેથી પ્રાપ્ત થયો હોય તેમાં ચિત્તવૃત્તિ જોડવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે અને દુઃખને પણ દુઃખરૂપ ન જાણતાં પરરૂપ પુદ્ગલપર્યાયરૂપ કર્મફળ જાણીને તેથી પોતાના ભિન્નપણા વિષે વિશેષ દૃઢપણું અંતરમાં પ્રકાશે છે. અને આપને અમારી એ જ વિનંતી છે કે જે માર્ગે મહાપુરુષો ચાલ્યા છે અને જે માર્ગ તેમણે ઉપદેશ્યો છે એવો આત્મસિદ્ધિનો તે માર્ગ વિશેષ વિચારી આત્મામાં દૃઢ થાય તેમ કરશોજી. કહ્યું છે કે ઉપશમ જેવું કોઈ પણ ઔષધ છે જ નહીં અને તે સંસારના દરેક પ્રસંગો માટે સફળ અને અમોઘ શસ્ત્ર છે. ૐ

---

૧૦૪ અગાસ, તા. ૧૨-૮-૩૭

તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૬, ૧૯૯૩

આપની તબિયત હજી નરમ છે જાણી ધર્માનુરાગથી ખેદ થાય છેજી. પરંતુ કર્મના આગળ કોઈનું ચાલતું નથી. ઇંદ્ર, નરેંદ્ર જેવા પુણ્યશાળીને પણ માંકડાની પેઠે નચાવે છે,

તો પછી આપણા જેવા હીનપુણ્ય જીવોને સતાવે તેમાં નવાઈ નથી. તેમ છતાં જેને જ્ઞાનીનો આશ્રય મળ્યો છે તે સિંહના સંતાન જેવા છે. મોટા ગિરિશિખરવત્ હાથીના શરીરને દેખીને પણ સિંહના બાળક ડરી ન જાય તેમ "જો જિન તું છે પાંશરો રે લોલ, કર્મ તણો શો આશરો રે લોલ" એમ ભક્તાત્માઓ બોલી ઊઠ્યા છે. કર્મ અને ધર્મની લડાઈમાં ધર્મનો જય થાય છે કારણ કે તે સત્ છે અને સત્‌નો જ જય સદાય થાય છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની દવામાં મોટા દાક્તરો સેવાભાવે તત્પર હતા. પૂ. રતિલાલ જતા-આવતા" અને પૂ. શારદાબહેન તો ત્યાં જ પડી રહેલાં, પણ કર્મ આગળ કોઈનું ચાલ્યું નહીં. પણ તેઓ-શ્રીજીએ એક દિવસે કહેલું કે અમને આ દવાઓ ગમે તેટલી ઉત્તમ હોય પણ તેની શ્રદ્ધા હોય ? શ્રદ્ધા તો એક જ્ઞાનીએ નિર્ણય કરેલો, અનુભવેલો, ઉપદેશેલો શુદ્ધ આત્મા તેની જ અટલ રહે છે. તે એક આંગળી ઊંચી કરી વારંવાર પ્રદર્શિત કરતા હતા. એક જ્ઞાનીએ જાણેલો શુદ્ધ આત્મા જ જાણવા યોગ્ય, માનવા યોગ્ય, ભાવના કરવા યોગ્ય છે, બીજું બધું કર્મ છે, કર્મના ચાળા છે તેથી ઠગાવા જેવું નથી, ભુલાવો ખાવા યોગ્ય નથી. આ મનુષ્યભવમાં અલ્પ આયુષ્યમાં અન્ય ચિંતાઓની બળતરામાં જીવ બળી રહ્યો છે તેમાંથી છોડાવી જ્ઞાનીપુરુષની અમૂલ્ય વાણીરૂપ કલ્પતરુની શીતળ છાયાનો આશ્રય કર્તવ્ય છે, એ જ ઉત્તમ હવા ખાવાનું સ્થાન આ ભવરોગથી પીડાતા જીવને માટે છેજી. માટે બળતા ઘરમાંથી જેમ કોઈ ઝટ બહાર નીકળી જાય તેમ સાંસારિક ચિંતાઓ દૂર કરી એક આત્મહિત કરી લેવામાં પુરુષાર્થ કરવા યોગ્ય છેજી. સુંદરદાસે કહ્યું છે —

"સુંદર ચિંતા મત કર, તું કર બ્રહ્મવિચાર;
શરીર સૌંપ પ્રારબ્ધકૂં, જ્યું લોહા કૂટે લુહાર."

એવો અભ્યાસ આ ભવમાં કરી લેવા યોગ્ય છે. તે જ સાચું પરભવ માટેનું ભાથું છે. સૌ સૌનાં પ્રારબ્ધ લઈને આવેલ છે તેની જેમ ચિંતા કરવી ઘટતી નથી તે જ પ્રકારે આ દેહ પણ પ્રારબ્ધની મૂર્તિ છે તેમાં યથાપ્રારબ્ધ ફેરફાર થયા કરે છે અને આખરે જડની જાતિ છે તેથી તે તેનું પોત પ્રકાશશે; એટલે સડવું પડવું એનો સ્વભાવ છે તે અન્યથા કોઈ કરી શકે તેમ નથી. પણ જ્યાં સુધી એ નાશવંત દેહનો સંબંધ છે ત્યાં સુધી અવિનાશી એવા આત્માની દૃઢ શ્રદ્ધા કરી તેમાં જ વૃત્તિ વળગી રહે તેવો પુરુષાર્થ થઈ શકવા યોગ્ય છે. તે મુખ્ય કાર્યને હવે ગૌણ કરવું ઘટતું નથી. શરીરના ઉપચાર કરવા, દવા કરવી, પણ શા અર્થે ? આત્મહિતનું તે સાધન છે એમ જાણી પુરુષાર્થ — પ્રયત્ન કરવો. બાકી બીજું કંઈ આપણા હાથમાં નથી. માન્યતામાં તો તે શરીર નાશવંત, સંયોગી અને પરપદાર્થ છે અને આત્મા અમર, મૂળ પદાર્થ, અરૂપી અને ચૈતન્યના અનંતચતુષ્ટયાદિ ધર્મયુક્ત છે, પરમાનંદ-રૂપ છે તે શ્રદ્ધા મરણ સુધી ટકાવી રાખવા યોગ્ય છે. સત્પુરુષનો થયેલો સમાગમ, બોધ, તેમનો ઉપકાર વારંવાર સ્મૃતિમાં લાવી આત્મહિત સાધવાની ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ·

૧૦૫ અગાસ, તા. ૨૪-૮-૩૭

તત્ ૐ સત્ શ્રાવણ વદ ૩, ૧૯૯૩

"વયગત વર્ષ વિચારિયે, વીતત લગી ન વાર;
વીતહિ ઐસે શેષ વય, નહિ તનકો નિરધાર.
કલિમેં આયુષ અલ્પ હૈ, વીતત લગે ન વાર;
ઇતનેમેં સુખદુઃખ હુકો હર્ષ-શોક ક્યા ધાર?"

જેવો અવસર દેખીએ તે પ્રમાણે વર્તવું. કર્મને પરવશ છીએ ત્યાં સુધી સંયોગોને આધીન વર્તવું પડે, પણ ભાવ ઉપર આખો માર્ગ છે. તે ભાવમાં ખોટ આવી તો દાન, પુણ્ય, વ્રત વગેરે પૂરી શકે તેમ નથી. ભાવને અર્થે સારાં નિમિત્તોની જરૂર છે. પણ તેવાં નિમિત્તો માટે બનતો પુરુષાર્થ કરવા છતાં કંઈ ન બને તો પછી તે સારાં નિમિત્ત નથી એ લક્ષ રાખી પુરુષાર્થમાં ખામી ન આવવા દેવી, ચેતતા રહેવું. સારા ભાવની ભાવના ન ભુલાય તે પ્રકારે પ્રવર્તવું.

પરમકૃપાળુદેવનાં વચનામૃતો સર્વ શાસ્ત્રના સારરૂપ છે. છેલ્લા પરમકૃપાળુદેવનાં વચન છે તે તો અમૃતતુલ્ય છે. પરિણતિ વિષે પરમકૃપાળુદેવે લખ્યું છે: "દ્રવ્યની અવસ્થાંતર પામવાની શક્તિ છે, તે અવસ્થાંતરની વિશેષ ધારા તે પરિણતિ." જડ ચેતન દ્રવ્યો સમયે સમયે બદલાતાં છે તે પરિણામની ધારા અથવા જીવ સંબંધે શુભ, અશુભ અને શુદ્ધ ત્રણ પરિણામ છે. શુદ્ધ તો સમ્યગ્દૃષ્ટિને હોય છે. બાકીના જીવોને શુભ કે અશુભ પરિણામોનો પ્રવાહ રાતદિવસ ચાલતો હોય છે. શુભ પરિણામનો પ્રવાહ વહે ત્યારે પુણ્યનું કારણ બને, અશુભ પરિણામનો પ્રવાહ વહેતો હોય ત્યારે પાપ બંધાય છે.

"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ."

આત્મસિદ્ધિમાં આ વાત છે, તે અનાદિની પરિણતિ બદલવા સત્પુરુષ પ્રત્યે, તેનાં વચનો પ્રત્યે, તે વચનોના આશય પ્રત્યે પ્રીતિ-ભક્તિ ઊપજે તેવો સમાગમ, સદ્ગુરુનો યોગ કે સત્સંગ કર્તવ્ય છેજી. સત્પુરુષ ને સત્પુરુષના આશ્રિત મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે એમ સત્પુરુષે કહેલું છે તો આપણે સત્પુરુષની આજ્ઞાએ પ્રવર્તવાનું કરીશું તેટલું સવળું થશે, છૂટવાના ભાવમાં પ્રવર્તાશે. "નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાહિં; આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહિં," એ વિચારી વિશ્વાસ, પરમ આદર અને આજ્ઞા હૃદયમાં અચળ કેમ થાય? તેમાં મારી શી ખામી છે? તે કેવી રીતે દૂર કરી શકાય? વગેરે વિચારણા, ઝૂરણા જાગશે ત્યારે જીવને માર્ગ મળે છે એમ પરમકૃપાળુદેવ કહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૬ અગાસ, તા. ૧૩-૯-૩૭

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૮, સોમ, ૧૯૯૩

"ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો, છતાં સિદ્ધિ થઈ નહીં." આ વાક્ય પુષ્પમાળામાં છે તે વિચારી હવે અનાદિકાળનું પરિભ્રમણ કેમ ટળે? એ વિચારી સત્પુરુષે આપેલ

સાધન સ્મરણમંત્રની વિશેષ ઉપાસના કર્તવ્ય છે. કારણ બદલ્યા સિવાય કાર્ય બદલાતું નથી. તેથી અનાદિકાળથી જે પ્રેમવડે સંસારપરિભ્રમણ થયા કર્યું છે તે પ્રેમ પલટાવી સંસારથી છૂટાય તેમ તે પ્રેમ વાપરવા હવે ચીવટ રાખવી ઘટે છેજી. વાછરડું ઘેર હોય તોપણ ગાયને ચરવા ખેતરોમાં જવું પડે છે, પણ મન-ભાવ-પ્રેમ વાછરડા પ્રત્યે હોય છે. તેથી તે વારંવાર ચરતાં ચરતાં તેને સાંભરી આવે છે ને ઊંચું ડોકું કરી બરાડે છે, તેમ કામ કરતાં જતાં પણ આપણો ભાવ–પ્રેમ પરમકૃપાળુદેવ તરફ, તેણે આપેલા સ્મરણમાં રહે અને તે વારંવાર સાંભરી આવે તેવી ટેવ પાડી મૂકવા યોગ્ય છે. કોઈ કહે કે વારંવાર મંત્ર બોલ બોલ કરે તો ખોટું દેખાય, કોઈને ગમે ન ગમે, માટે બોલ બોલ કરવું ઠીક નહીં, પણ તેવી વાત મનમાં આણી પ્રમાદ સેવવા યોગ્ય નથી. ભલેને કોઈ કહે એ તો ગાંડીઓ થઈ ગયો છે, ગાંડો ગણે તોપણ તે લત મૂકવા યોગ્ય નથી. મોઢાને તો મંત્રનું કામ સોંપી મૂક્યું હોય તો મન પણ જરા નવરું પડે ત્યારે મોઢાથી મંત્ર બોલાતો હોય તેમાં લક્ષ રાખે. ભલે મન બીજે હોય અને મોઢે મંત્ર બોલાતો હોય તોપણ કંઈ ન કરવા કરતાં તે પુરુષાર્થ સારો છે. મનને તેમાં પ્રવેશ થવાનો તે પુરુષાર્થમાં અવકાશ છે. પણ જો કંઈ નહીં કરતા રહીએ તો વચન પણ ક્યાંનું ક્યાં પ્રવર્તે અને મન તો ઠેકાણા–વનું ભટકતું જ હોય. માટે એક વખત તો ટેવ પડતા સુધી ગાંડાની પેઠે બેસતાં, ઊઠતાં, કામ કરતાં "સહજાત્મસ્વરૂપ પરમગુરુ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ" બોલ્યા કરવાની આદત પાડી દેવી ઘટે છે. કરવા ધાર્યું હોય તો બને તેવું છે. એથી ઘણો અલેખે જતો વખત લેખામાં આવી જાય.

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."

જ્યાં જ્યાં જે જે પ્રકાર આત્માને હિતકારી જણાય તે તે પ્રકાર ગ્રહણ કરવા અને હિત સાધી લેવું. કોઈના બોલ્યા સામું ન જોવું. ક્ષમા, ધીરજ ધારવી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૭ અગાસ, તા. ૧૩–૯–૩૭
તત્ ૐ સત્ ભાદરવા સુદ ૮, સોમ, ૧૯૯૩

પૂ. ........ ને હવે શાતા હશે. કાયાને કષ્ટ આપવાનું સાહસ કરે છે, તે હિતકારી છે; તેથી પણ વિશેષ હિતકારી કષાય કૃશ કર્યાનું ફળ છે. જોકે સત્પુરુષના આશ્રિતને કષાય કમી કરવાનો લક્ષ હોય છે, પણ જે પુરુષાર્થ કરી શકે તેને જ સર્વ કહેતા આવે છે અને ધારે તો તે દિશામાં પુરુષાર્થ કરી શકે. કેમ કે નિશ્ચય જેનો બળવાન હોય તે તે નિશ્ચયના આધારે સર્વત્ર વર્તી શકે. પરમકૃપાળુદેવે કહ્યું છે કે "મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે." (૮૨૯). જે વસ્તુનું માહાત્મ્ય દિલમાં લાગે, તેને માટે પુરુષાર્થ થાય છે. બાહ્ય તપમાં શરીર-સંપત્તિની જરૂર પડે છે પણ અભ્યંતર તપ–પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ–માં વિશેષ શરીર-સંપત્તિની જરૂર નથી પડતી. બધા ધારે તો કંઈ ને કંઈ કરી શકે, પણ ધારતા નથી તેનું શું કારણ? જોઈએ તેવું તેનું માહાત્મ્ય હૃદયમાં હજી ઠસ્યું નથી. મહત્તા લાગી હોય તો ન બની શકે તોપણ ભાવના રહે. 'ક્યારે

એવી જોગવાઈ બની આવે કે તે હું કરું?" વિનય, વૈયાવચ્ચ સંબંધી તો પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રી વારંવાર ઠોકી ઠોકીને ઉપદેશ કરતા કે જીવમાં યોગ્યતા લાવવા તેની પ્રથમ જરૂર પડશે. "નમ્યો તે પરમેશ્વરને ગમ્યો." એવી કહેવત પણ કહેતા. "વિનય વેરીને વશ કરે" એમ પણ કહેતા. શત્રુના વાસમાં વસવું પડતું હોય તોપણ વિનય તે તેની રક્ષા કરે, એટલું જ નહીં પણ તે ગુણને લીધે શત્રુ પણ મિત્ર બને અને લાભ પામીને જાય. સાચા દિલથી મૈત્રીભાવનાની ભાવના થાય તો વાઘ, સિંહ આદિ ક્રૂર પ્રાણીઓ પણ ક્રૂરતા ભૂલી પ્રેમ કરતાં ગેલ કરવા લાગે, તો મનુષ્યનાં દિલ ફરી જાય એમાં શું આશ્ચર્ય છે? આ બધો કષાય દૂર થયાનો પ્રભાવ છે. કષાય આત્માને મલિન કરે છે. તે કષાય – મેલ ઓછો થાય તેટલો આત્મા નિર્મળ અને શાંત રસમય સુખને અનુભવનારો થાય. આ બધું વગર પૈસા ખર્ચ્યે, વગર પરિશ્રમ વેઠ્યે, ભાવ પલટાવતાં બની શકે છે. તે ક્યારે કરીશું? કાળનો ભરોસો નથી, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે, તો આ જીવ કયા કાળને ભજે છે? તે વિચારી આત્મ-હિતને માટે આપણે બધાએ વિશેષ વિશેષ કાળજી લેતા રહેવાય તેમ કર્તવ્ય છેજી. વિશેષ શું લખવું? હવે તો કરવા માંડવાનું છે. ઘણું સાંભળ્યું છે તેમાંથી કંઈ ને કંઈ કરવા લાગીશું તો કંઈ ઠેકાણું પડશે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૧૦૮

અગાસ, તા. ૧૪-૯-૩૭
ભાદરવા સુદ ૯, મંગળ, ૧૯૯૩

તત્ ૐ સત્

"વીતરાગ શાસન વિષે, વીતરાગતા હોય." વીતરાગતા કહેતાં કષાયનો અભાવ. તે વિષયકષાયને ઝેર જાણી બાળી-ઝાળી દહાડો પવાડો કરી વહ્યા જવા જેવું છે, શત્રુવટ તે પ્રત્યે રાખીને વર્તવું વગેરે જે બોધ પરમકૃપાળુદેવે બેડામાં કર્યો હતો તે પ્રમાણે પ્રવર્તીને શ્રી પ્રભુશ્રીજીએ તો આત્મકલ્યાણ કર્યું અને આપણે પણ તે જ શત્રુઓ — વિષયકષાયો જીતીશું ત્યારે જ સન્માર્ગમાં સ્થિતિ પ્રાપ્ત કરી શકીશું એ લક્ષમાં રાખી અને તેટલા વિષય-કષાય ઓછા કરી આ ક્લેશિત આત્માને શાંતિનું ફળ દાન કરવા યોગ્ય છેજી. "ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર." એમ શ્રી યશોવિજયજીએ પણ સ્તવનમાં ગાયું છે તો હવે કષાયક્લેશ ઓછો થાય અને પરમકૃપાળુદેવે જે નિરાબાધ આત્મસમાધિ-સુખ પ્રાપ્ત કર્યું તે ક્યારે કેવા પ્રકારે પ્રાપ્ત કરી શકીશું? તેવી ભાવના કરી યથાશક્તિ કષાયક્લેશ ટાળવા પ્રયત્ન કરીશું તો સાચા કારણના અવલંબને સત્ય ફળની પ્રાપ્તિ થયા વિના નહીં રહે, એ ચોક્કસ છે. ખામી હોય તો આ જીવના દૃઢ નિશ્ચયની અને પુરુષાર્થની છે. સત્પુરુષોએ કહેવામાં કંઈ બાકી રાખ્યું નથી. આ જીવે તેવી રુચિ પ્રગટાવી તે પ્રમાણે પ્રવર્તવાનું કર્યું નથી એટલે તે ફળનો સ્વાદ ક્યાંથી આવે? પણ વહેલુંમોડું પણ જ્ઞાનીનું કહેલું માન્યે જ મોક્ષનું કારણ પ્રગટશે. એમ દૃઢ કરી તે ભાવના કરવાથી તે પ્રમાણે પ્રવર્તવાનું પણ બળ મળી રહેશે એમ ખાતરી છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે તારી વારે વાર, મેદાનમાં તલવાર પડી છે મારે તેના બાપની. એક મરણિયો સોને ભારે થઈ પડે છે. કરવું તો પડશે જ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૯

અગાસ, તા. ૧૫-૯-૩૭

તત્ ૐ સત્

ભાદરવા સુદ ૧૦, બુધ, ૧૯૯૩

પર્યુષણપર્વ બહુ રૂડી રીતે ઊજવાયું છેજી. પરમકૃપાળુદેવની કૃપાથી આશ્રમમાં તો રોજ પર્યુષણ જેવી જ ભક્તિ થયા કરે છે. જે જે મહાભાગ્યશાળી જીવોને પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનાં દર્શન થયાં છે, સમાગમ થયો છે, બોધનો લાભ મળ્યો છે, મંત્ર આદિ આજ્ઞા જેમને મળી છે તે સર્વ ભાગ્યશાળી જીવાત્માઓ જ્યાં હોય ત્યાં પણ તે આજ્ઞા ઉઠાવી ધર્મવૃત્તિ રાખી જીવે છે તે સર્વનું કલ્યાણ થવાનું છે એમાં સંશય નથી. અવાય ન અવાય તે પ્રારબ્ધ આધીન છે પરંતુ દરરોજ નિત્ય નિયમ ચૂકવા યોગ્ય નથી. વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ, છપદનો પત્ર, આત્મસિદ્ધિશાસ્ત્ર, સ્મરણમંત્રની માળાઓ એમાંથી જેટલું બને તેટલું કરી લઈ જતો દિવસ સફળ બનાવવો એ આપણી ભક્તજનોની ફરજ છે. જેમ ટીપે ટીપે વરસાદ વરસે છે તેનું પાણી એકઠું થઈ નદીમાં જાય છે, તેમાંથી નહેરો કાઢીને ખેતરોમાં પણ પાણી પાવાની ગોઠવણ કોઈ જગાએ હોય છે, ત્યાં તે પાણીથી વરસાદ ન આવતો હોય તેવી ઋતુમાં ખેતી થાય છે ને તેટલું પાણી કામમાં આવે છે. બાકી કાંઠા ઉપરનાં ગામોને નાહવા, ધોવા કે પીવાના કામમાં આવે છે. બાકીનું પાણી દરિયામાં જઈને ખારું થઈ જાય છે; તેમ ક્ષણે ક્ષણે આયુષ્યની પળો પાણીનાં ટીપાંની પેઠે વરસ્યા કરે છે અને વરસોનાં વરસો વહ્યાં જાય છે, પણ જેટલો કાળ ધર્મને માટે ગાળ્યો તેટલો કામનો છે. બાકીનો કાળ સંસારના કામમાં કે ઊંઘમાં જાય છે તે બધો કાળ દરિયામાં નદી ભળી ખારી થઈ જાય તેવો નકામો છે. થોથાં ખાંડવાથી દાણા ન મળે તેમ આયુષ્ય નકામા કામમાં ગાળવા યોગ્ય નથી. બને તેટલો કાળ ભક્તિભજનમાં ગાળીશું, સત્પુરુષને સંભારીશું તેટલો કાળ લેખાનો છે. એ જ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૧૦

અગાસ, તા. ૧૫-૯-૩૭

તત્ ૐ સત્

ભાદરવા સુદ ૧૦, બુધ, ૧૯૯૩

અનંત ગુણનાં બીજ સમ, સમ્યક્ દર્શન સાર;
વારંવાર વિચારીને, હૃદય વિષે દૃઢ ધાર.
ચિંતામણિ પથ્થર ગણી, તજજો તેનો ભાવ;
રાજગુરુ સાચો ગણી, ભજજો હ્યો આવ્યો દાવ.

આપનું કાર્ડ પ્રાપ્ત થયું છેજી. ભાવના સત્સંગની નિરંતર રાખવા યોગ્ય છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ છેલ્લી ભલામણ સત્સંગ કરતા રહેવાની કરી છે તે સર્વે નાનાં-મોટાં, સ્ત્રી-પુરુષ સર્વને અમૃત સમાન હિતકારી છે. નિમિત્તાધીન વૃત્તિ હોવાથી સારાં નિમિત્તોનો પરિચય બને તેટલો વધારે કર્તવ્ય છે. જે જે પૂર્વનાં બંધનોને લઈને જ્યાં જન્મ થયો છે, જેમની સાથે સંબંધ જોડાયા છે, મારાં મનાય છે તે તે સર્વ દેહાદિક પદાર્થો પ્રત્યે અહંભાવ – મમત્વ-ભાવ સહેજે સ્ફુર્યાં કરે છે, તે જ આત્માનો શત્રુ છે એમ માની તે પ્રત્યે કટાક્ષદૃષ્ટિ રાખી તેથી બને તેટલા દૂર રહી, અપરિચય રાખી, તે ભાવ મંદ પાડવાનો અભ્યાસ કર્યા સિવાય

તે વૃત્તિઓ વશ થાય તેમ નથી. વૃત્તિની છેતરામણી ન થાય તે તરફ મુમુક્ષુ જીવ ખાસ લક્ષ રાખે છેજી. છૂટવું, છૂટવું, છૂટવું જ જેના અંતરમાં થયું હોય તે કંઈક છૂટવાનો ક્રમ લે છે. ખરું છૂટવાનું ભાવથી છે, પણ નિમિત્તાધીન ભાવ હોવાથી નિમિત્તોમાં જે ઉત્તમ નિમિત્તો સમજાય તે ગ્રહવાની બુદ્ધિ, બુદ્ધિવાન સ્વીકારે છેજી. ઉદયને આગળ કરીને મુમુક્ષુ ન વર્તે, પણ પુરુષાર્થને પ્રથમ રાખે. પછી ન બને તો તે પ્રારબ્ધ કે ઉદયનો દોષ માને.

---

૧૧૧ અગાસ, તા. ૧૫-૯-૩૭

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૦, બુધ, ૧૯૯૩

આપનો પત્ર પ્રાપ્ત થયો છેજી. આપના પિતાશ્રીની તબિયત બહુ બીમાર રહે છે એમ આપના પત્રમાં છે. તેમને શરીરસેવા ઉપરાંત સ્મરણ સંભળાવવાની ભાવસેવામાં પણ તત્પર રહેવા વિનંતી છેજી. કોઈ પણ ધર્મેચ્છક વૃદ્ધ, ગ્લાન, તપસ્વી, રોગી હોય તેની સેવા, ભક્તિ, ધર્મસહાય આપવા ભગવાનની આજ્ઞા છે. તેવા પ્રસંગે પોતાથી બને તેટલી સેવા ન કરે, શક્તિ ગોપવે અથવા બીજા કામને અગત્યનાં ગણી સેવાના કામને જે તજી દે છે, તે ભગવાનની આજ્ઞાનો ભંગ કરે છે એમ શ્રી ભગવતી આરાધના આદિ ધર્મગ્રંથોમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. તેવા પ્રસંગો આપણા આત્માને પણ હિતકારી છે એમ જાણી તેમાં કાળજી રાખવી ઘટે છે. શ્રી રામચંદ્રે એક બળદને મરણપ્રસંગે કાનમાં મંત્ર સંભળાવ્યો હતો તેથી તેની દેવગતિ થઈ હતી.

માંદગીના પ્રસંગોમાં માંદા માણસની વૃત્તિ ઘર-કુટુંબ આદિમાં ન રહે તેવી વૈરાગ્યની વાત પોતાથી થાય તો તે, નહીં તો સમાધિસોપાન આદિમાંથી અનિત્યાદિ બાર ભાવના વાંચી સંભળાવવાથી દેહ, સંસાર અને ભોગ પ્રત્યે વૈરાગ્ય ઊપજે અને પરમકૃપાળુદેવનું શરણ દૃઢ થાય તેમ કર્તવ્ય છે. આપણને પણ તે પ્રસંગ વૈરાગ્યપ્રેરક બને છે. માટે બને તેટલા સારા સંસ્કારોમાં તેમનું ચિત્ત રહે તેમ કરવા ભલામણ છેજી. બીજું કંઈ ન બને તો મંત્ર વારંવાર કાનમાં પડશે તોપણ મહા હિતકારી છે. શિવભૂતિ મુનિએ માત્ર "મા રુષ, મા તુષ" મંત્રથી કેવળજ્ઞાન ઉત્પન્ન કર્યું હતું. સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે, તો વિશ્વાસ રાખી ભાવપૂર્વક સ્વપરનું હિત તેમાં છે એમ ગણી સેવાચાકરીમાં તત્પર રહેવાથી સર્વ સેવા કરનારાઓને લાભ થશે.

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."

તા. ક.—સ્યાદ્વાદમાર્ગ અલૌકિક છે. સત્સંગ તો સદૈવ કર્તવ્ય છે, પણ સેવા વગેરેના કોઈક વખત મળતા પ્રસંગો પ્રાપ્ત થાય તે વખતે તે ફરજ બજાવવામાં તત્પર થવું યોગ્ય છે અને સત્સંગની ભાવના વર્ધમાન થાય તેમ વર્તવા યોગ્ય છેજી. પોતાને તકલીફ પડે કે શરીરની વ્યાધિને લઈને મન પાછું પડતું હોય તો તેને સમજાવીને બળવાન બનાવવું અને દેહાધ્યાસ ઓછો કરવો છે તે આ પ્રસંગે બને તેમ છે એમ વિચારી પિતાશ્રીની સેવા કરશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૧૨

અગાસ, તા. ૧૬-૯-૩૭
તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૧, ગુરુ, ૧૯૯૩

ધર્મ તો વસ્તુ-સ્વભાવ એટલે આત્મસ્વભાવ છે, તે જ્ઞાનીએ જાણ્યો છે, તે આપણે જાણવો છે. આ કાળમાં જાણી શકાય તેમ છે માટે જેણે જાણ્યો છે તે પરમકૃપાળુદેવનાં વચનામૃત અનુસાર તે જાણવા આપણે એકત્ર થઈએ છીએ, ભક્તિ કરીએ છીએ, મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ આદિ ભાવના ભાવી બનતા સદ્આચાર, દાન, શીલ, તપ વડે આત્મભાવ અર્થે પુરુષાર્થ કરીએ છીએ. આટલો લક્ષ રાખી પરમકૃપાળુદેવને શરણે પ્રમાદ તજી પુરુષાર્થ કરીશું તો આપણને જરૂર સફળતા મળશે. આ મૂળ લક્ષમાં વિઘ્નકર્તા ભાવો દૂર કરવા પણ પ્રયત્ન કર્તવ્ય છે. લોકલાજ, દુરાચાર, સાત વ્યસન, નિંદા, કુસંપ, ઈર્ષા આદિ દોષો તજવા ઉપરાંત અમુકને જ્ઞાની માની લેવાની ઉતાવળિયા વૃત્તિ પણ જીવને અવળે માર્ગે ચઢાવી મૂળમાર્ગથી દૂર રાખે છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ અત્યંત દૃઢતાથી કહ્યું છે કે પરમકૃપાળુદેવની આજ્ઞા સંતના કહેવાથી જે માન્ય કરશે તેનું અવશ્ય કલ્યાણ થશે. આમ સાચો હીરો પરખીને તેમણે આપણને આપ્યો તો હવે બીજા સંબંધી કલ્પના કરવાની પંચાતમાં પડવાની આપણે શી જરૂર છે? પરમકૃપાળુદેવ જ્ઞાની છે અને જ્ઞાનીના આરાધનથી જ્ઞાન થાય છે એટલો લક્ષ રાખી 'એક મત આપડી ને ઊભે માર્ગે તાપડી' એ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા હતા તેમ હવે તો વૈરાગ્ય ઉપશમરૂપ યોગ્યતા મેળવવા મંડી પડવું યોગ્ય છે. પૂ.....એ લખેલા લાંબાં લાંબાં વિશેષણો વાંચી-વિચારી તેવા થવાની ભાવના મેં રાખી છે, પણ વર્તમાનમાં તેવી મારી દશા નથી. માટે પરમકૃપાળુની ભક્તિમાં તેટલું લખ્યું હોત તો કેવું સારું એવું લાગવાથી ઉપરની સૂચના આપણે સર્વેને સમજવા યોગ્ય ધારી લખ્યું છે, તે લક્ષમાં લેશો તો ઉપકાર માનીશ. આપણી મતિથી માની લેવા કરતાં જ્ઞાનીએ જાણ્યું હોય તે સત્ય છે એ ભાવ ઉપર રહેવા પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો ઘણો બોધ થતો તે લક્ષમાં રાખી ગમે ત્યાં બાઝી પડવાની ટેવ દૂર કરી પરમકૃપાળુને ઉપાસવા.

**તા. ક.** : આપની માન્યતાને કંઈ આઘાત જેવું લાગે તોપણ આ પત્રમાં લખ્યું છે તે વારંવાર વિચારી એક પરમકૃપાળુદેવ પ્રત્યે પરમ પ્રેમ કરવાની વિનંતી આત્મહિતકારી છે તે લક્ષમાં લેવાથી લાભ થશેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૧૩

અગાસ, તા. ૩૦-૯-૩૭
તત્ ૐ સત્ ભાદરવા વદ ૧૧, ગુરુ, ૧૯૯૩

'ઉપમિતિભવપ્રપંચ' વાંચવા વિચાર રહે તો તે પુસ્તક પરમકૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ મૂકી નમસ્કાર કરી વાંચવાની આજ્ઞા લઈ વાંચવાનું કરશોજી. દ્રમક ભિખારીનું દૃષ્ટાંત પ્રસ્તાવનારૂપ પહેલા ભાગમાં આવે છે તે બહુ વિચાર કરી સમજવા યોગ્ય છેજી. આપણને સત્પુરુષની કૃપાથી જે સામગ્રી મળી આવી છે તેનો સદુપયોગ કરી આત્મશ્રદ્ધા કરવામાં આપણને શું શું વિઘ્નો નડે છે તેનો યથાર્થ ખ્યાલ તે કથાનકની શરૂઆતમાં જણાવી તેનો ઉપનય – દૃષ્ટાંત શું સમજાવવા લખ્યું છે તેનું વિવેચન પણ ગ્રંથકારે આપ્યું છે. તેમાં

જણાવેલી સૂચનાઓ જો જીવનમાં ઉતારે તો ઘણો લાભ થાય તેવું રસિક પુસ્તક છે. ઉતાવળથી, મોટું પુસ્તક છે માટે વાંચી નાખવું છે એમ મનમાં ન આણતાં, બે ચાર જણ હાજર હોય તે પરસ્પર જેટલું સમજાય તેટલું કહી બતાવે કે બને તેટલી ચર્ચા કરતા રહે તો ઘણું વિચારવાનું તેમાંથી મળશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૧૪ અગાસ, તા ૨-૧૦-૩૭

તત્ ૐ સત્ ભાદરવા વદ ૧૩, ૧૯૯૩

"હું પામર શું કરી શકું, એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક." – શ્રીમદ્ રાજચંદ્ર

વિ. આપનો પત્ર ગઈ કાલે આવ્યો, વાંચી-વિચારી આપની માગણી તે પદ વાંચવા-વિચારવાની છે એમ જાણી તે વાંચવા, વિચારવા અને ભાવના કરવા ભલામણ છેજી. જોકે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર સર્વ શાસ્ત્રના સારરૂપ છે, તેમાં છ પદનો બહુ વિસ્તાર છે પણ તે સિદ્ધાંત-બોધ સમજવા સદ્ગુરુના ઉપદેશની, સદ્ગુરુ પ્રત્યેની પ્રેમભક્તિ જોઈએ એમ પરમકૃપાળુદેવે કહ્યું છે. તેમ જ સર્વ પ્રકારના સિદ્ધાંતબોધ સમજાવામાં બે પ્રકારની જોગવાઈ જોઈએ છીએ — (૧) જીવની યોગ્યતા એટલે વિષયકષાયને ઘટાડવાનો અભ્યાસ અને તેમાં અરુચિ — અનાસક્ત ભાવ. (૨) સત્પુરુષનો યોગ. આ બે–"જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી." (૫૦૫) એમ પરમકૃપાળુદેવનું વચન છે. તે બન્ને કારણો ટાળવાની કાળજી, ભાવના રાખી પુરુષાર્થ કરતો રહે તેને સિદ્ધાંતબોધ – ભેદજ્ઞાન થવા યોગ્ય છે, એમ મહાપુરુષોએ જણાવ્યું છે. હું તો તે સત્પુરુષોનો અધમાધમ દાસ છું. પ્રથમ પદ 'આત્મા છે.' "છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ મારગ સાંભળો જિનનો રે" એ પદનો વિસ્તાર 'મોક્ષમાર્ગપ્રકાશ' નામના હિંદી ગ્રંથમાં વાંચતાં તે વિશેષ વિચારવા અર્થે મારે માટે તે ગુજરાતી પદ્યમાં તે ભાવ જણાવવા પ્રયત્ન કર્યો છે તે તો પરબના પાણીની પેઠે જે પીએ તેની તરસ મટશે. જેમ પરબમાં પાણી ભરનાર પાણી ન પીએ તો ભરનારની પણ તરસ ન મટે. તેમ હું કે તમે જે એ દિશામાં યોગ્યતા લાવવા પુરુષાર્થ કરશે તે તેમાં સફળ થશે. કોઈનો આશીર્વાદ કે કૃપા ત્યાં કામ આવે તેમ નથી. જીવે પોતે જ જાગવું જોઈશે, અને પોતાની ઓળખાણ કરવાના કામે લાગવું પડશે. તેમ કર્યા વિના અનંત કાળ ગયો તોપણ પોતાનો પત્તો લાગ્યો નથી. તો હવે આ મનુષ્યભવ એમ ને એમ જતો ન રહે માટે તેની વિશેષ કાળજી, ઝૂરણા કરવા યોગ્ય છેજી.

પરવસ્તુને પોતાની માનવાની અને તે માન્યતાને આધારે પ્રવર્તવાની અનાદિની જીવની ટેવ છે એ જ ભૂલ છે, મિથ્યાત્વ છે. તે ટાળવા અનેક મહાપુરુષો પોકારી પોકારી તે ભૂલથી છૂટવા માટે અનેક રીતે ઉપદેશ આપવાની કૃપા કરી ગયા છે પણ આપણને તેવી ભૂલ લાગશે ત્યારે તે ભૂલ જોવા આંખ ઉઘાડીશું અને ભૂલ દેખાશે તો પછી ભૂલ નહીં રહે. પરમકૃપાળુદેવે ક્ષમાપનાના પ્રથમ વાક્યમાં લખ્યું છે "હે ભગવાન! હું બહુ ભૂલી ગયો." એટલું જ વાક્ય ભરત ચક્રવર્તી મહારાજને કેવળજ્ઞાન આપવા સમર્થ થયું હતું. આપણે

રોજ બોલી જઈએ છીએ પણ તે ભૂલ સમજ્યા વગર ભૂલ કર્યા જ જઈએ છીએ અને ભરતજી ભૂલ પકડી ફરી કોઈ કાળે ભૂલ ન થાય તેવી દશા પ્રગટ કરી મોક્ષે ચાલ્યા ગયા. માટે સાચા થવાની જરૂર છે. મોક્ષનો માર્ગ ખુલ્લો છે તેમ જ સંસારમાર્ગ તો પરિચિત જ છે. જે માર્ગે જઈશું તે તેનું ફળ આપશે જ.

પરમકૃપાળુદેવે લખ્યું છે "જે થાય તે ભલું માનવામાં આવે." આ વાક્યની શ્રદ્ધા રાખી, તે જે અવસ્થામાં રાખે તેમાં પ્રસન્નતાથી રહેવામાં તે પુરુષની ભક્તિ સમાય છે. માટે મૂંઝાવું નહીં. સ્મરણભક્તિમાં રહી બને તો છોકરાં વગેરેને પણ પરમકૃપાળુદેવ પર ભક્તિભાવ વધે તેમ વાર્તા આદિ દ્વારા જણાવશો. તે ભક્તિમાં જે જોડાશે તે સર્વનું કલ્યાણ થશે તેમ જણાવશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૧૫ અગાસ, તા. ૨૦-૧૦-૩૭
તત્ ૐ સત્ આસો વદ ૧, બુધ, ૧૯૯૩

આપને વિશેષ અશાતાનો ઉદય વર્તે છે તે સમાચાર જાણ્યા. તો હવે ચેતી લેવા ભલામણ છેજી. સત્પુરુષ સમાન કોઈ આપણા ઉપર પરમ ઉપકાર કરનાર નથી. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુએ 'નરોડા' પધારી તે તીર્થક્ષેત્ર બનાવ્યું છે. તેના ઉપકારનો કોઈ રીતે બદલો વળે તેમ નથી. તેથી માત્ર મન, વચન, કાયાની એકાગ્રતાથી તેના ચરણનું શરણ ગ્રહી તેમની અલૌકિક આત્મદશા, વીતરાગદશાનું વારંવાર સ્મરણ કરી તેમના ઉત્તમ ગુણો આપણને સાંભળવાના મળ્યા, તે પણ આપણું મહાભાગ્ય ગણવા યોગ્ય છે. જેમણે આત્મા પ્રગટ કરી નિરંતર આત્મામાં રહી કર્મનો ઘાણ કાઢી નાખ્યો તે મહાપુરુષનું અવલંબન, તેનો આશ્રય મરણની છેલ્લી પળ પર્યંત ટકાવી રાખવા યોગ્ય છે. પત્રાંક ૬૯૨ અને ૮૪૩ કોઈ પાસે વંચાવી સાંભળ્યા કરશોજી. દેહની ચિંતા રાખવા યોગ્ય નથી. દેહને તો પરમકૃપાળુદેવે વેદનાની મૂર્તિ કહી છે તે સત્ય છે. શાતા કે અશાતા બન્ને વેદના છે. તે સિવાય ત્રીજી વસ્તુ દેહ આપી શકે તેમ નથી. માટે દેહની દરકાર રાખીએ છીએ તેના કરતાં દેહમાં રહેનાર જે ચેતન જાણનાર તત્ત્વ છે તેની સંભાળ લેવી ઘટે છેજી. ઘર બહુ બળી જવા આવ્યું હોય ત્યારે જેમ ઘરમાંથી રત્ન, જણસો કે ચોપડા કાઢી લઈ પછી ઓલાય તેમ ન હોય ને બળવાનું હોય તે બળી જવા દે છે, તેમ સમ્યક્દર્શન એટલે જ્ઞાનીએ જોયો છે તેવા શુદ્ધ આત્માની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં રમણતારૂપ ચારિત્રની ભાવના રાખી બીજી બધી ચિંતાઓ તજી દેવા યોગ્ય છે. થોડા દિવસ પછી બળવાનું છે તેને બદલે જાણે અત્યારથી મરી ગયા છીએ એમ માની હવે જેટલી ક્ષણો મળી છે તે મફતિયા છે, માત્ર સત્પુરુષે આપેલા મંત્રમાં ચિત્ત રાખવા માટે છે, એમ ગણી મંત્રમાં બહુ ભાવ રાખશો. "ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ; વિમલજિન દીઠાં લોયણ આજ." પરમકૃપાળુદેવ જેવા ધણી જેને માથે છે, તેને કશો ભય નથી. ગભરાવું નહીં, આત્મા મરવાનો નથી.

**તા. ક.** : વૃદ્ધ, માંદા વગેરેની સેવાથી વૈરાગ્ય અને બ્રહ્મચર્યની વૃદ્ધિ થાય છે. આપણે પણ ચેતી લેવા જેવું છે. લીધો કે લેશે એમ થઈ રહ્યું છે તો પ્રમાદ કર્તવ્ય નથી. પ્રમાદમાં

તો અનંત કાળ ગયો પણ કાંઈ વળ્યું નહીં એમ ગણી ભાવ વધતા રાખવા ભલામણ છેજી. ભક્તિમાં ભાવ રહે તેમ પ્રવર્તવા યોગ્ય છેજી. ઇંદ્રિય જીતવા સ્વાદના ત્યાગ તરફ વૃત્તિ રાખવી. બહુ ભાવતું હોય તે અણભાવતું કરી લેવું. ૐ શાંતિ: શાંતિઃ શાંતિઃ

---

૧૧૬ અગાસ, તા. ૨-૧૧-૩૭

તત્ ૐ સત્ દીપોત્સવી પર્વ, મંગળ, ૧૯૯૩

દોહો – ક્ષયોપશમ સત્પુરુષને, શરણે હો સુખરૂપ;
સંતચરણ ચુકાય ત્યાં, સુખાભાસ દુઃખ-કૂપ.

"મારગદેશક મોક્ષનો રે, કેવળ જ્ઞાન નિધાન;
ભાવદયા સાગર પ્રભુ રે, પર ઉપકારી પ્રધાન રે;
વીર પ્રભુ સિદ્ધ થયા, સંઘ સકળ આધારો રે,
હવે ઇણ ભરતમાં, કોણ કરશે ઉપગારો રે? વીર પ્રભુ૦"

વિ. આપના પત્રો તથા બીજા પત્રોનાં બે બંડલ, 'સમાધિશતક' શ્રી યશોવિજયજીનું પ્રાપ્ત થયેલ છે. શાસ્ત્ર ઉત્તમ છે. ઉત્તમ મુમુક્ષુને યોગ્ય તેમાં ઉત્તમ ગહન વાતો છે.

આખું જગત પરકથા અને પરવૃત્તિમાં વહ્યું જાય છે એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે તે વિચારી આપણે મુમુક્ષુતા વર્ધમાન કરી આપણું કલ્યાણ તે પરમપુરુષની ભક્તિથી કરી લેવું ઘટે છે. બાહ્યદૃષ્ટિ સમાન કોઈ શત્રુ નથી. તે પલટાય નહીં ત્યાં સુધી જંપીને બેસવા જેવું પણ નથી.

"પર્યાયદૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે;
દર્શન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે,
નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે.
ધર્મ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે?" —શ્રી આનંદઘનજી

"એક ઉપર આવો, એક ઉપર આવો" એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રી વારંવાર ઉપદેશ દેતા. ત્યાં વાદવિવાદ સર્વ છૂટી જાય ને શાંતિ અનુભવાય. તે દૃષ્ટિ છૂટી જાય ત્યાં ક્લેશ, કુસંપ, મારું, તારું આખું જગત ઊભું થાય. માટે મુમુક્ષુએ તો હાથી પાછળ કૂતરાં ભસે ને હાથી તે તરફ જુએ પણ નહીં તેવી ગંભીરતા રાખી દીઠે રસ્તે દોડયા જવા જેવું છે. આડું-અવળું જોવામાં માલ નથી એમ સમજાય છે, તે નાના બાળકની પેઠે આપ જેવા વડીલની આગળ સરળતાથી જણાવું છું. "કાંઈ નથી, રાખનાં પડીકાં ફેંકી દેવા જેવાં હોય તેમાં શું ચિત્ત દેવું?" એમ પ. પૂ. પ્રભુશ્રીજી જણાવતા હતા. તે હૃદયમાં રાખી જો શાંતિપદની ઇચ્છાથી જે જે સાધનો હિતકારી લાગે તે ગ્રહતા જઈશું, તો તેનું બિરુદ તરણતારણનું છે તે આપણને તાર્યા વિના નહીં રહે એટલી શ્રદ્ધા જ કર્તવ્ય છે. ક્યાંય ફાંફાં મારવા હવે જવા જેવું નથી.

"શ્રી શીતળજિન ભેટીએ, કરી ભક્તે ચોખ્ખું ચિત્ત હો;
તેહથી કહો છાનું કિશ્યું? જેહને સોંપ્યાં તન મન વિત્ત હો.

દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો;
તે બહુ ખજવા તગતગે, તું દિનકર તેજસ્વરૂપ હો. શ્રી શીતળ૦"

ખામી આપણા પુરુષાર્થની છે, નહીં તો પ. પૂ. પ્રભુશ્રી તો કહેતા હતા કે સ્મરણ-મંત્ર આપ્યો છે તે આત્મા જ આપ્યો છે. વિશ્વાસ અને પુરુષાર્થ વધારવાની જરૂર છે. તે ખામી પૂરી થયે કોઈને પૂછવા નહીં જવું પડે. વૃત્તિ બાહ્ય ફરે છે તે વાળી કેવળ અંતર્મુખ થવાનો જ્ઞાનીનો માર્ગ હવે તો ઉપાસી સમાધિમરણની ભાવના વધતી રહે તેમ દરરોજ મરણને સંભારી વૈરાગ્ય ભક્તિની વૃદ્ધિ કરવાનું ચૂકવું નહીં. સુજ્ઞને વિશેષ શું જણાવવું?

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૧૭ અગાસ, કાર્તિક વદ ૦)), ગુરુ, ૧૯૯૪

"આતમસાખે ધર્મ જે, તિહાં જનનું શું કામ?
જનમનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ.
દૂર રહીજે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ;
સંગતિ કીજે સંતની, હુઈએ તેહના દાસ." —શ્રી યશોવિજયજી

પરમકૃપાળુદેવનાં વચનો હવે આપણ સર્વને પરમ ઉપકારી અને માર્ગદર્શક છે. તે પ્રત્યે જેટલી ચિત્તની વૃત્તિ વિશેષ તન્મય થશે, તેટલો આનંદ અને જાગૃતિ મળતાં રહેશે એ તો નિઃસંશય છે. ઉપકારી પુરુષના ઉપકારની વિશેષ સ્મૃતિ આપણને તેના આશયમાં પ્રવર્તાવે એ પ્રાર્થના છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૧૮ અગાસ, તા. ૧૮-૧૨-૩૭

"દોડ દવા કરવા કરું, ઢીલ ધર્મમાં થાય,
મહા મોહ મુઝવે મને, સ્વામી કરો સહાય." —સ્વદોષદર્શન

ભક્તિનાં નિમિત્તોનો બનતો વિશેષ લાભ લેવાથી ભાવ જાગ્રત થવાનું તે ઉત્તમ નિમિત્ત છે. બાકી તો જેટલી જીવમાં આત્મકલ્યાણ કરવાની ભાવના જાગી હશે તેટલો પુરુષાર્થ તે કલ્યાણ સાધવા જીવ વગર કહ્યે જ્યાં હશે ત્યાં ગમે તે પ્રકારની મુશ્કેલીઓ વેઠીને પણ કરતો રહેશે. સત્સંગના અભાવે કલ્યાણ કરવાની વૃત્તિ મોળી પડવા સંભવ છે કારણ કે અનાદિકાળનો બાહ્ય દેહાદિકના સુખદુઃખમાં ગૂંચાઈ રહેવાનો જીવને અભ્યાસ છે તે પાછો જીવને તેવાં નિમિત્તો મળતાં ઘેરી લે છે, માટે સત્પુરુષના વિયોગમાં સત્પુરુષે અનંત કૃપા કરી દર્શાવેલા આત્મકલ્યાણના સાધનરૂપ તેની આજ્ઞામાં કે તેનાં વચનોમાં વૃત્તિ રાખી તેને માટે પુરુષાર્થ કરવાનો નિયમ રાખે તો વિપરીત પ્રસંગોમાંથી બચી જવાય, ભાવના વર્ધમાન થાય અને ઉત્તમ નિમિત્તોમાં જોડાવાનું બળ મળે અને આત્મવીર્ય કંઈક ફોરવી જીવ આગળ આવે. 'કર્યા વગર કંઈ નહીં થાય, કરવું પડશે' એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહેતા હતા. તે સ્મૃતિમાં લાવી આત્મહિત માટે પુરુષાર્થ કરવાનું બળ વધારતા રહેશોજી. કંઈ ન બને તોપણ ભાવ તો તે જ કરવાનો રાખવાયોગ્ય છે અને તે સિવાય જે જે હું કરું છું તે

છૂટવાનું કારણ નથી, મને બંધનરૂપ છે એમ વિચારી તેમાંથી આસક્તિ, રુચિ ઘટાડી વૈરાગ્યવાળી વૃત્તિ રાખવાનો અભ્યાસ કરતાં જે કરવાયોગ્ય છે તે થતું જશે. બીજાના દોષ ન દેખતાં પોતાના દોષ દેખી તે દૂર કરવા તત્પર થવું ઘટે છે. સત્પુરુષનો યોગ આ ભવમાં મહાપુણ્યને યોગે થઈ ગયો તો તે વડે આ ભવ સફળ કરી લેવો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૧૯ અગાસ, તા. ૧૬-૨-૩૮

રાજ સમર તું રાજ સમર તું, રાજ હૃદયમાં રાખીને;
માથા ઉપર મરણ ભમે છે, કાળ રહ્યો છે તાકીને.

ધર્મધ્યાનમાં વિશેષ કાળ જાય તેમ કાળજી રાખવા ભલામણ છેજી. રાજકાજની વાતો, ગાનતાન અને મોજશોખમાં અમૂલ્ય મનુષ્યભવ વહ્યો ન જાય તે બહુ સંભાળવાની જરૂર છે. પરમકૃપાળુદેવે લખ્યું છે તેમ આખું જગત પરકથા અને પરવૃત્તિમાં વહ્યું જાય છે; તે મુંબઈમાં તાદૃશ જણાઈ આવે છે. એ હોળીમાં આપણે ઝંપલાઈ જઈએ નહીં તેની કાળજી વારંવાર પ્રસંગે પ્રસંગે અનેક વખતે યાદ રાખી સ્મરણ, ભક્તિ, વૈરાગ્યમાં વૃત્તિ વાળવા યોગ્ય છેજી.

---

૧૨૦ અગાસ, તા ૨૨-૨-૩૮

તત્ ૐ સત્ મહા વદ ૮, મંગળ, ૧૯૯૪

"રોના કહા વિચારકે, હસના કહા વિચાર;
ગયે સો આવનકે નહીં, રહે સો જાવનહાર."

વિ. આપનું કાર્ડ મળ્યું. આપના પિતાના દેહત્યાગના સમાચાર જાણ્યા. તમે બનતી સદ્ગુરુની સ્મૃતિ આપવા જે પ્રયત્ન કર્યો તેથી તમને અને તેમને બન્નેને લાભનું કારણ છે. મરણ અચાનક આવી ઉપાડી જાય છે એ જાણી ભય કે શોક કરવા યોગ્ય નથી, પણ ચેતવા જેવું છે. વૈરાગ્યનાં નિમિત્તો નજરે જોવા છતાં જીવ જાગતો નથી, એ મોહનું જોર છે. મનુષ્યભવ વિશેષ ટક્યો હોત તો વૃદ્ધાવસ્થા કે વેદના ભોગવતાં પણ સદ્ગુરુની આજ્ઞા ઉપાસી ધર્મમાં દૃઢ થવાનો યોગ બનત. તે યોગ તેમને છૂટી ગયો એ ખેદનું કારણ છે. આમ એક દિવસે આપણે સર્વેને ચાલી જવાનું છે એમ વિચારી દેહ ઉપરનો મોહ, ધન ઉપરનો મોહ તજી સગાંસંબંધી, કુટુંબ, ઘર, ખેતર, કપડાં, ઘરેણાં સર્વેનો સંબંધ અનિત્ય અને પર જાણી તેને અર્થે પાપ કરતાં અટકવું ઘટે છે. સદ્ગુરુનો યોગ થયો છે, બોધ સાંભળ્યો છે, તેમની આજ્ઞા, સ્મરણ વગેરે પ્રાપ્ત થયેલ છે એવા જીવે વિશેષ કાળ આત્મહિત થાય તેમ ગાળવા નિશ્ચય કરી તે પ્રમાણે પ્રવર્તવા પુરુષાર્થ કર્તવ્ય છે. નાશવંત વસ્તુ પ્રાપ્ત કરવામાં ખોટી થવું પડે છે તે વિષેનો ખેદ રાખી જતા દિવસમાંથી દરરોજ આત્મકલ્યાણ અર્થે અમુક કાળ ગાળવાનો દૃઢ નિશ્ચય મુમુક્ષુને કર્તવ્ય છે. ઉપાધિના પ્રસંગમાં પણ સદ્ગુરુની આજ્ઞાએ કલ્યાણ છે તે વાત જે ભૂલતો નથી તે મુમુક્ષુ નિવૃત્તિના વખતનો સદુપયોગ કરી શકે છે. માટે આત્મકલ્યાણ કરવાની જિજ્ઞાસા, વૃત્તિ વર્ધમાન કરતા રહેવા વિનંતી છેજી. પોતાનો અને પરનો વખત ધર્મધ્યાનમાં જાય તેવાં નિમિત્તો વિચારવાન મેળવે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૨૧ અગાસ, તા. ૮-૩-૩૮

"સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્ર રહે તદ્દધ્યાન મહીં,
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે." (૯૫૪)

આપનો પત્ર તથા 'સુધર્મધ્યાનપ્રદીપ' પુસ્તક મળેલ છેજી. પુસ્તક વાંચવું મેં શરૂ કર્યું છે. જરૂર હશે તો અહીં સંસ્કૃતનો અભ્યાસ કરનારા માટે ૪-૫ નકલો મંગાવી લઈશું. સત્પુરુષની પિછાન, પ્રતીતિ અને તેના પ્રત્યે જેને પ્રેમભાવ પ્રગટ્યો છે તેને પ્રાયે સર્વે પુસ્તકો સવળાં થઈ પડે છે. તે પુરુષે કહેલાં વચનો દૃઢ થવાનું તે નિમિત્ત બને છે. સર્વ શાસ્ત્રો સત્પુરુષના વચનની સાક્ષી પૂરે છે. પરમકૃપાળુદેવે લખ્યું છે કે "સત્પુરુષના એક એક વાક્યમાં, એક એક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે એ વાત કેમ હશે? નીચેનાં વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને મેં અસંખ્ય સત્પુરુષોની સમ્મતિથી મંગળરૂપ માન્યાં છે, મોક્ષનાં સર્વોત્તમ કારણરૂપ માન્યાં છે." (૧૬૬) એ પુરુષનો પરમ ઉપકાર સર્વોપરી રાખી તેનાં વચનો વિશેષ સમજવા અમે કંઈ વાંચીએ, વિચારીએ તે આત્માર્થે જ છે. આ આપના પત્રના ઉત્તર રૂપે ટૂંકામાં લખ્યું છે તે સર્વ મુમુક્ષુજનો વિચારશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૨૨ અગાસ, તા. ૧૫-૩-૩૮

તત્ ૐ સત્ ફાગણ સુદ ૧૪, ૧૯૯૪

આપનો પત્ર મળ્યો. ધામણ જવાનું બન્યું નથી એટલે આઠ-દસ દિવસ આહોર તરફ હવાફેર કરવા વિચાર થાય છે. પણ નીચેની બાબત તરફ આપનું લક્ષ ખેંચવાની જરૂર છે. જો તે પ્રમાણે વર્તાય તો મને અને આપ સર્વેને ચિત્ત પ્રસન્નતાનું કારણ છે; હિતનું કારણ છે. એક તો સામૈયું કે કશી ધમાલ ન કરતાં મુમુક્ષુ મુમુક્ષુને ઘેર જાય તે પ્રકારનું વર્તન મને પસંદ છે અને એ જ યોગ્ય છે. પ્રતિષ્ઠા કે પ્રભાવનાનો પ્રસંગ હોવાથી પહેલાં કશું તમને કહેલું નહીં. પણ હવે તો જેમ તમે અહીં આવો છો તેમ જ હું ત્યાં આવું છું, એ લક્ષ રાખી, હું તમને પ્રણામ ઊભો ઊભો કરું છું, સર્વ પરસ્પર મુમુક્ષુઓ અહીં વર્તીએ છીએ તેમ હાથ જોડી સામસામી વિનયની પદ્ધતિ રહે તો એ પ્રણાલિકા ઉચિત અને હિતકર ગણાય. એટલે અહીં આશ્રમમાં જેમ ચાલે છે તેમ ત્યાં વિનયવ્યવહાર રાખવા વિનંતી છે. તે સર્વ ભાઈઓને તેમ જ ખાસ કરીને મુમુક્ષુ બહેનોને પણ સમજાવી જણાવવા વિનંતી છેજી. બીજું કંઈ પણ આશ્રમ ખાતે કે સમાધિ ખાતે કોઈને આપવા ઇચ્છા હોય તો પૂ. . . ને આપે, તો તે અહીં મોકલાવી દેશે, પણ મારા આગળ કોઈ ન મૂકે એ સૂચના બધાને જણાવશો. તમે ઘણાખરા તો તે જાણો છો અને પ. પૂ. પ્રભુશ્રીજીએ તેમના આગળ જેમ પૈસા મુકાતા તેમ કોઈ મુનિ વગેરે આગળ નહીં મૂકવા સૂચના કરેલ છે. આટલી વાત લક્ષમાં રહેશે તો ફરી કદી એ બાજુ આવવા વિચાર થાય તો સંકોચ મનમાં ન રહે, તે માટે લખી જણાવ્યું છેજી. એક પરમકૃપાળુ દેવ પ્રત્યે જેટલી ભક્તિ થશે તેટલી આત્મહિતકારી છે અને તે જ કરવા પ. પૂ. પ્રભુશ્રીજીએ આપણને અનેક વાર પૂનાથી શરૂ કરીને કહેલ છે, તે લક્ષ રાખી એકને ભજ્યાથી સર્વ સિદ્ધ અને વર્તમાન અરિહંત આદિની પણ ભક્તિ થાય છે એમ આપણે સાંભળ્યું છે, તે વાત સર્વને સમજાવવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૨૩ અગાસ, તા. ૧૯-૩-૩૮

સંસારમાં જેની સાથે જીવને પ્રતિબંધ પૂર્વનો હોય છે તેની સાથે સંબંધ થાય છે અને જે સંયોગોમાં આપણે મુકાયા હોઈએ તે સંયોગોને વિચારીને કષાય કર્યા વિના વર્તીએ તો તે સંબંધ ભોગવાઈ રહ્યે છૂટો થઈ જવાનો છે. પરંતુ જો રાગ કે દ્વેષમાં તણાઈ જઈ, કંટાળી જઈ તે તોડી નાખવા જતાં વેર બંધાઈ જાય કે ગાઢ પ્રતિબંધ થઈ જાય તો ફરી તેવા જીવો સાથે ભવ કરવો પડે. એ બહુ વિચારવા જેવું છે. જગતમાં સર્વનો વિનય કરી છૂટવું તેમાં આપણને નુકસાન નથી. અંતરંગ ભાવ એવો રાખવો કે, હે ભગવાન! કોઈ કાળે ફરી આવા પ્રસંગો પ્રાપ્ત ન થાઓ, આ દેવું વહેલું પતી જાઓ, મારે કોઈ પ્રત્યે દ્વેષ કરવો નથી, થયો હોય તે છૂટી જાઓ, સર્વ જીવો મારા મિત્રો છે; અત્યારે મારા પાપના ઉદયથી મને તે અનુકૂળ જણાતા નથી તોપણ તે સર્વે જીવોનું કલ્યાણ થાઓ, તે સત્પુરુષના માર્ગને પામો અને મારા પહેલાં ભલે મોક્ષે જાય; મને વિઘ્નકર્તા કોઈ નથી, મારા ભાવ બગડે તો મને નુકસાન છે; ગમે તેવા કઠણ પ્રસંગોમાં હે ભગવાન! મારા ભાવ તમારા પ્રત્યેથી ખસીને બીજા જીવોને શત્રુમિત્ર માનવામાં ન વળો એવી ભાવના રોજ ભાવવા યોગ્ય છે. આપણને સારું લાગતું હોય તે પણ પૂર્વના આપણા પુણ્યનો ઉદય છે અને આપણને અણગમો થાય તેવું કોઈનું વર્તન હોય તો તે આપણા પાપનો ઉદય છે, પણ કોઈ જીવનો વાંક નથી. આટલો લક્ષ દૃઢ રાખી જેના જેના ઉપકાર નીચે આ ભવમાં આવ્યા હોઈએ તેમની સેવા, ભક્તિ થાય તેવી કરવી. ખાસ કરીને માબાપ પ્રત્યે તો કદી ક્રૂરદૃષ્ટિ ન રાખવી. વિનયથી તેમને રાજી રાખવાં; અને આપણા સંબંધી તેમનો હલકો અભિપ્રાય હોય, ગાંડિયો ગણતા હોય તોપણ તેમનું હિત આપણે ન ચૂકવું. લૌકિક બાબતોમાં તેમને નમ્યું આપવું, તેમનો અભિપ્રાય આપણને દુઃખદ લાગતો હોય તોપણ સહન કરી લેવું; પણ ભક્તિભાવ ન છોડવો. ઉછાંછળાં ન બની જવું એ જ ભલામણ છેજી.

"જ્ઞાન ગરીબી ગુરુ વચન, નરમ વચન નિર્દોષ;
ઇનકું કબી ન છાંડિયે, શ્રદ્ધા શીલ સંતોષ."

તા. ક. — ધામણના મંદિર માટે રૂ. ૫૮૦૦/- આશરે ભરાયા છે. ભક્તિભાવ કરવા માટે, કષાયનો નાશ કરવા માટે એ પ્રયત્નો છે. તે નિમિત્તે કષાયની વૃદ્ધિ ન થાય તેટલું દરેકે સાચવવું ઘટે છેજી. ધર્મભાવના વધે તે સારું, પણ ઝેર વધવાં ન જોઈએ. ૐ શાંતિઃ

---

૧૨૪ અમદાવાદ, તા ૨૯-૩-૩૮

તત્ ૐ સત્ ફાગણ વદ ૧૩, મંગળ, ૧૯૯૪

સ્વપ્નરૂપ સંસારમાં, રચી પચી મન મૂંઝાય;
જાગ્રત કરી નિર્મળ કરો, દૃષ્ટિ મુજ ગુરુરાય. (સ્વદોષદર્શન)

આ કાળમાં ભક્તિ, સત્સંગ આદિ આત્મહિતના પ્રસંગો મળવા દુર્લભ છે. શારીરિક અનુકૂળતાઓ અને મોહનાં કારણો મળવાં મુશ્કેલ નથી. પણ 'વૈરાગ્યના કામમાં વિઘ્ન ઘણાં' એમ કહેવત કહેવાય છે તે આ કાળમાં તો પ્રત્યક્ષ જણાય છે. તેમ છતાં તેને માટે જેને

રુચિ જાગી છે તેને વહેલે મોડે તે પ્રાપ્ત થઈ શકે છે. માટે તેવા યોગોની ભાવના વર્ધમાન કરતા રહેવા વિનંતી છેજી.

સંસારના પ્રસંગોનો ઘેરો પૂર્વ કર્મને લઈને વગર ઇચ્છાએ આવી પડે તોપણ સદ્‌ગુરુનો સમાગમ આ ભવમાં પૂર્વપુણ્યના બળે થઈ ગયો છે, તેની સ્મૃતિ તાજી રાખી, તેમણે આપેલા અમૂલ્ય સ્મરણની સહાયતાથી વૈરાગ્ય સહિત તેવા પ્રસંગોમાં વર્તવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી. પાણીમાં તરનારને મગરનો ભય રહે છે, વનમાં વિચરનારને વરુ, વાઘ, સિંહનો ભય રહે છે, આકાશમાં વિમાન દ્વારા ઊડનારને અકસ્માતનો ભય રહે છે તેમ સંસારના પ્રસંગોમાં પ્રવર્તતાં મોહ, માન, અહંભાવ, મમત્વભાવ આદિ અનાદિ શત્રુઓનો ભય સદા રહે છે. છતાં સદ્‌ગુરુનું શરણ અને ભવનો ત્રાસ તથા અનંત કાળનાં કર્મ કાપવાની સાચી જિજ્ઞાસા જેટલે અંશે જાગી હશે તેટલે અંશે તેને કર્મબંધનાં કારણોનો ભય અને સદ્‌ગુરુની સ્મૃતિ, શરણ ભાવ વડે બચવાની આશા રહ્યા કરશે. પરિષહ ઉપસર્ગોની વૃષ્ટિ જેમ ભગવાનને રાતદિવસ ભજતા મુનિઓ ઉપર આવેલી શાસ્ત્રમાં સાંભળી છે, તેમ જ સુશ્રાવકોની કસોટી પણ થઈ છે, તો આ કાળમાં તે વિકટ પંથે વિચરનાર આપણા જેવા હીનપુણ્યવાળાં પ્રાણીઓ ઉપર કઠણાઈ ન આવે તે કેમ બને? પરમકૃપાળુદેવે પૂ. સોભાગભાઈને એક પત્રમાં જણાવ્યું છે કે તમને કુટુંબ પ્રત્યે સ્નેહ વર્તે છે તે દૂર કરાવવા આવી કઠણાઈ અમે ચાહીને મોકલી છે. તેમ જેની સાચી ભક્તિ હશે તેની પરીક્ષા અર્થે સંકટોરૂપી કસોટી ભગવાન ખડી કરે છે. પ્રતિકૂળ પ્રસંગો તો ઘણા સહન કરે છે, ભગવાનના ઉપકારનું સ્મરણ તે પ્રસંગે રહેવાથી ઉદ્વેગ થતો નથી, આંખો મીંચી આવેલું દુઃખ સહન કરાય છે; પણ અનુકૂળ ઉપસર્ગોમાં ભગવાન ન ભુલાય તો ભક્તિ સાચી બળવાળી ગણાય. પૈસા વેપારમાં વધતા જતા હોય, કુટુંબમાં સર્વ સુખી હોય, આજ્ઞાકારી હોય, લોકોમાં કીર્તિ વધતી જતી હોય, કામધંધો કરી શકે તેવું શરીર મજબૂત રહેતું હોય તેવે પ્રસંગે – વિવાહ આદિના પ્રસંગોમાં પણ – સદ્‌ગુરુના ઉપદેશનો રણકાર કાનમાં રહ્યા કરે, બધું નાશવંત જણાય, માથે મરણ છે તેનો ડર ન ભુલાય અને ભક્તિભાવના વર્ધમાન રહ્યા કરે એવા કોઈક વિરલા હોય છે.

આપણે માથે બન્ને પ્રકારના પ્રસંગો આવી ગયા હશે અથવા આવવા સંભવ છે, પણ તે વખતે ધર્મભાવનામાં હાનિ ન આવે તે કાળજી કોને કેટલી રહે છે તે દરેકે જોવાનું છે. છૂટવાની ખરી જિજ્ઞાસા કે મુમુક્ષુતા જેટલી પ્રગટી હશે તેટલો પુરુષાર્થ ધર્મ અર્થે ત્યાં થતો રહેશે. સમાધિમરણની સર્વને ઇચ્છા છે પણ તેને અર્થે પુરુષાર્થ કરતા રહીએ અને જે જે અનુકૂળ-પ્રતિકૂળ વિઘ્નો વેઠવાનાં આવે તે તે પ્રસંગે મોહમાં ન તણાઈ જઈએ તેટલી સમાધિમરણની જ તૈયારી થાય છે. આપ તો બધા સમજુ છો. સદ્‌ગુરુનો સમાગમ, સદ્‌બોધ અને તેમની સેવાનો લાભ પણ પામ્યા છો, પણ એક અપ્રસિદ્ધ પરમકૃપાળુદેવનો લેખ અત્રે પૂ. શેઠજી દ્વારા વાંચવા મળ્યો તેમાં પરમકૃપાળુદેવે અનુકૂળ-પ્રતિકૂળ પરિષહોનું સુંદર વર્ણન કર્યું છે, તે ઉપરથી યત્કિંચિત્ વિચારમાં આવ્યાથી આપને લખી જણાવવાની વાચાળતા કરી છે. ઠીક લાગે તે ગ્રહણ કરી તેવા પ્રસંગોમાં ધીરજ રાખવા ભલામણ છેજી.

સર્વ ભાઈઓ એકઠા થાઓ ત્યારે યથાશક્તિ વાંચવું-વિચારવું કરવાનો મહાવરો રાખતા હશો. એમ કરતાં કરતાં જ રુચિ બળવાન થાય છે. પરમકૃપાળુદેવનાં વચનો આ કાળમાં તો અમૃતની વૃષ્ટિ સમાન છે. બીજાં પુસ્તકો જોઈએ છીએ ત્યારે તેની ગહનતા અને પરમ ઉપકાર વારંવાર તરી આવે છે. બીજું કંઈ વિવેચન ન થાય તોપણ તેના તે જ શબ્દો વારંવાર બોલાશે, સંભળાશે તોપણ જીભ મળી છે તે લેખે આવશે, કાન પાવન થશે. વિશેષ શું લખવું? આપણું જીવન એમના વચનના આશયે પ્રવર્તે એ જ ભાવના કર્તવ્ય છેજી. જેટલું સમજાય તેટલી તેની કૃપા છે અને નહીં સમજાતું હોય તે તેની કૃપા થયે સમજાશે એટલો વિશ્વાસ ટકાવી રાખવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૨૫ અગાસ, તા. ૨૦-૪-૩૮

"લાખ બાતકી બાત યહ, તોકું દેય બતાય,
પરમાતમ પદ જો ચહે, રાગ દ્વેષ તજ, ભાય." (શ્રી ચિદાનંદજી)

તમારો કાગળ મળ્યો. વાંચી આપના ભાવ આત્મહિત અર્થે વધતા જતા જણાયા. પરંતુ એક વાત સૂચનારૂપે આપને જણાવવા યોગ્ય લાગી છે તે જણાવું છું કે તમે જે શુભ ભાવનાઓ મારા પ્રત્યે પ્રાર્થનારૂપે જણાવી છે તે પરમકૃપાળુદેવ પ્રત્યે નિરંતર કરતા રહેવા યોગ્ય છે. એ પરમપુરુષનું યોગબળ આપનું અને અમારું સર્વનું કલ્યાણ કરવા સમર્થ છે. હું તો અલ્પ પામર જીવ છું. પાતળી સોટી ઉપર ભાર મૂકવાથી તે ભાંગી જાય અને ભાર મૂકનારને પણ નુકસાન થાય; તેમ આપણી શ્રદ્ધા, ભાવના, પ્રાર્થના પરમકૃપાળુદેવ પ્રત્યે રહે તે જ ઇચ્છવા યોગ્ય, કરવા યોગ્ય છે. તેને બદલે મને મોટો ભા બનાવો તેમાં મને અહંકારના ભારે ભાંગી જવાનો ભય છે અને તમને કંઈ હિત નહીં થતાં મિથ્યા ભ્રાંતિમાં રહેવારૂપ નુકસાન થવાનો સંભવ છે. માટે આપને ચેતવણીરૂપે આ સૂચના આપી છે તે લક્ષ્યમાં લઈ તે પત્રમાં જણાવેલી સુંદર ભાવના તે પરમપુરુષ ઇષ્ટદેવ, પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે કરતા રહેવા વિનંતી છે. તેમાં આપણા સર્વનું હિત છે.

દુઃખના પ્રસંગે જેમ દવા લઈએ, ચરી પાળીએ અને અપથ્ય આહાર તજી દઈએ છીએ, તેમ જો દુઃખ ગયા પછી વર્તાય તો માંદગીના ઓછા પ્રસંગ આવવાનો સંભવ છે; તેમ જો માંદગીમાં ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ અને દીનતા તથા પરમાર્થ સંબંધી જે વિચારો આવે છે તે માંદગી ગયા પછી ટકી રહે તો જીવનું હિત થવામાં વધારે કાળ ન લાગે; પણ શરીર સુધરતાં વિચારો પણ પલટાઈ જાય છે, મરણનો ડર રહેતો નથી, વર્ધમાન થયેલી ભાવનાઓ ઓસરી જાય છે. પણ જેને કલ્યાણ કરવું છે તે રોજ તે પ્રસંગ અને તેવી ભાવનાઓને યાદ કરે છે અને મરણને સમીપ જ સમજીને આત્મહિતને અર્થે વિશેષ પુરુષાર્થ કરતા રહે છે. જે જે દુઃખો સંસારમાં અનુભવાય છે તે મન, વચન, કાયાની મદદથી અનુભવાય છે; પણ મોક્ષમાં મનવચનકાયા નહીં હોવાથી તે દુઃખોમાંથી કોઈ દુઃખ ત્યાં (મોક્ષમાં) નથી. દુઃખરહિત દશા જ્ઞાનીપુરુષોએ જાણી, તેને માટે પુરુષાર્થ કરી, તે પ્રાપ્ત કરી ત્યાંથી પાછા ફર્યા નહીં, તે અનંત સુખ જ્ઞાનીની શ્રદ્ધાથી હાલ તો માન્ય કરવા યોગ્ય છે. જ્ઞાનીઓ કહે

છે કે તમને વિશેષ ખાતરી કરવી હોય તો રાગદ્વેષ મૂકી તેનો જાતે અનુભવ કરી જુઓ. જેટલે અંશે રાગદ્વેષ છૂટશે તેટલે અંશે શાંતિ અનુભવાશે, પર વસ્તુની તુચ્છતા ભાસશે અને આત્માની અપાર શક્તિનું ભાન થશે, પણ રાગદ્વેષ જાય તો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૨૬ અગાસ, તા. ૨૬-૪-૩૮

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે."

અહીંથી કંકોત્રીઓ મોકલી તે મળી હશે. તા. ૭-૮-૯ વૈશાખ સુદ ૮, ૯, ૧૦ એ ત્રણ દિવસ ઉત્સવના છે. તે દિવસોએ ભક્તિભાવના થશે. આવા દિવસો ફરી ફરી આવતા નથી. ક્ષણિક આયુષ્યમાં આવા પ્રસંગોનો લાભ લેવાનો અવસર આવે તો લઈ લેવો યોગ્ય છે. દેવો પણ તેવા ઉત્સવોની રાહ જોઈ દેવલોકનાં સુખ છોડી તીર્થંકર આદિના કલ્યાણકમાં ઉલ્લાસથી જાય છે. જેમનો દેહ છૂટી ગયો તેમનાથી હવે તેવો લાભ લેવાનું બને તેવું છે? માટે જેમ બને તેમ કામધંધા આઘાપાછા કરી તેવા પ્રસંગે ચૂકવું નહીં એમ મુમુક્ષુવર્ગને કાને વાત નાખવાથી સ્વ-પરને હિતનું કારણ છે. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૨૭ અગાસ, તા. ૨૭-૪-૩૮

"લાખ બાતકી બાત યહ, નિશ્ચય ઉર લાવો;
તોડી સકલ જગ દ્વંદ્વ ફંદ, નિજ આતમ ધ્યાવો."

—છ ઢાલા (દોલતરામજી)

આપે પત્રમાં જણાવ્યું તેમ સહનશીલતા જીવને શાંતિ આપનાર છે; એમાં સંશય નથી. પ્રતિકૂળ સંયોગો તેમ જ અનુકૂળ સંયોગોમાં તે ટકી રહે તો નકામી આત્મશક્તિનો વ્યય ન થવા દેતાં આત્મવીર્યને વધારનાર થાય છે. માંદગીમાં જેમ ખોરાક સંબંધી કાળજી રાખીએ છીએ તેમ સંયમ અર્થે સાજા થયા પછી પણ વર્તાય તો ધર્મમાં ઘણી અનુકૂળતા પ્રત્યક્ષ જણાય છે; તેવી રીતે પ્રતિકૂળ સંજોગોમાં જેમ આંખો મીંચીને બીજાનું બોલેલું કે તિરસ્કાર આદિ સહન કરીએ છીએ તેમ છતી શક્તિએ અનુકૂળ સંયોગોમાં વૈરાગ્ય સહિત વર્તાય, જગતના ભાવો પ્રત્યે ઉદાસીનતા રહે તો આત્મા પામવામાં ઘણી અનુકૂળતા થાય. "સુખકી સહેલી હે અકેલી ઉદાસીનતા, અધ્યાત્મની જનની તે ઉદાસીનતા" — એમ પરમકૃપાળુદેવે પણ લખ્યું છે, તે વિચારી ઉદાસીનતાનો અભ્યાસ કર્તવ્ય છેજી. રાગ કે દ્વેષમાં ન તણાવું અને સમભાવ કે ઉદાસીનતામાં રહેવું તેને જ્ઞાનીપુરુષોએ સાચો ધર્મ કહ્યો છે. 'આત્માનુશાસન'માં શ્રી ગુણભદ્રમુનિ જીવનની ક્ષણિકતા બતાવતાં જણાવે છે કે તાડ ઉપરથી ફળ તૂટે, પછી જમીનને અડતાં જેટલી વાર લાગે તેવો આ જન્મ અને મરણ વચ્ચેનો અલ્પ કાળ છે, તેમાં તો જીવો કેટલાં ઝેરવેર વધારી દે છે, પણ જાણતા નથી કે કેટલા કાળ માટે આ બધો ક્લેશ ઉઠાવવો? કાલે ઊઠીને તો મરી જવું છે એમ જ્ઞાની પુરુષો વિચારે છે, માટે પરમકૃપાળુદેવે કહ્યું છે કે "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી.

અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે.” (૪૬૦) આટલું યાદ રહે તો ગમે તેવા વિકટ પ્રસંગોમાં પણ સદ્‌ગુરુની આજ્ઞાનું બળ અનુભવ્યા વિના જીવ રહે નહીં. શ્રદ્ધાની જેટલી ખામી છે તેટલો જ જીવ દુઃખી છે; નહીં તો તેનું મૂળ સ્વરૂપ પરમાનંદરૂપ છે તે કેમ ભૂલે ? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૨૮ અગાસ, તા ૧૬-૫-૩૮

તત્ ૐ સત્ વૈશાખ વદ ૧, ૧૯૯૪

શુદ્ધ સ્વરૂપી નાથ નિરંતર, દૃષ્ટિ રહો તુમ ચરણ વિષે, પ્રભુ દૃષ્ટિ૦
વચન કાયનાં કામ થતાં પણ, વૃત્તિ વહો તુમ શરણ વિષે, પ્રભુ વૃત્તિ૦

આપના તરફથી ત્રણ પત્રો પ્રાપ્ત થયા છે. કંઈ ખાસ ઉત્તર લખવા જેવું નહોતું એટલે પહોંચરૂપ ઉત્તર લખવાની ઢીલ થઈ છેજી. તેમ જ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનાં પગલાંની સ્થાપના તેમની દેહક્રિયા કરેલા સ્થળે થઈને મહોત્સવ થઈ ગયે પત્ર લખવા વિચાર હતો તે પ્રમાણે આ લખ્યો છેજી. સં. ૧૯૯૪ વૈશાખ સુદ ૧૦ ને દિવસે ઘણા ઉલ્લાસભાવપૂર્વક ભક્તિથી તે શુભ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થયું છે. ધામણથી પણ ઘણાં ભાઈ-બહેનો આવ્યાં હતાં. યથાશક્તિ ભક્તિભાવ દાન પ્રભાવના થયાં હતાં. એવો પ્રસંગ ફરી પ્રાપ્ત થવો દુર્લભ છે. મનુષ્યભવમાં લહાવો લેવાના પ્રસંગો કોઈ કોઈ વખત આવે છે તે વખતે જેમને પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય તે તેવા વખતનો લાભ પામી શકે છે. તેવો જોગ ન બની આવે તેવાં કર્મ ઉદયમાં હોય તોપણ તેવી ભાવના ભાવવાથી અને તે પ્રસંગ નિમિત્તે પોતાથી બનતો ભક્તિભાવ દાન આદિ સત્કાર્ય સદાચરણમાં પ્રવર્તવાથી ભવિષ્યમાં તેવા પ્રસંગો કોઈ બનનાર હોય તે વખતે અત્યારે બાંધેલું પુણ્ય ઉદય થતાં તેવી જોગવાઈ બની આવે. આત્મામાં સત્સંગયોગે ઉલ્લાસ પરિણામ થતાં નિર્મળભાવ જાગ્રત થવાનો જોગ સંભવે. “यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी” જેવી જેની ભાવના હોય છે તે પ્રકારની કાર્યસિદ્ધિ થાય છે, એ આર્યવચન યથાર્થ છે. માટે મોક્ષપ્રાપ્તિનાં કારણોનો વિચાર કરી તે કારણો ઉપાસતાં રહેવાય તો કાર્યરૂપ મોક્ષ અવશ્ય થાય; પણ કારણનો નિર્ણય કર્યા વિના, તેનો અભ્યાસ કર્યા વિના મોક્ષ જેવું અત્યંત વિકટ કાર્ય ક્ષણિક નિર્બળ ઇચ્છાથી પાર પડે તેવું નથી. માટે વિકટ સંજોગોમાં તો વિકટ પુરુષાર્થ કર્તવ્ય છેજી. તેને બદલે આપણા વર્તન તરફ નજર કરીએ તો શિથિલતા સિવાય કંઈ જણાશે નહીં. તો એ મેળ મળે નહીં તેવી અત્યારની દશા પલટાવી મોક્ષમાર્ગમાં ઉપયોગી એવા સદ્‌ગુણો, સત્શ્રદ્ધા, આજ્ઞાનું આરાધન, વૈરાગ્ય, સત્ય, સદાચરણ, શાંતિ, સમતા, ત્યાગ આદિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ અત્યંત દૃઢતાથી કર્તવ્ય છેજી. થયેલાં પાપોનો પશ્ચાત્તાપ કરી ફરી તેવા દોષ જિંદગીભરમાં ન બને તેવો દૃઢ નિશ્ચય રાખી દોષો દૂર કરતા રહીશું તો અવ્યાબાધ અનંતસુખ યથાઅવસરે અનુભવીશું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૨૯ ભાદરણ, તા. ૧૯-૫-૩૮
તત્ ૐ સત્ વૈશાખ વદ ૫, ૧૯૯૪

સદ્ગત પૂ. મનસુખભાઈ દેવશીભાઈના દેહોત્સર્ગના સમાચાર જાણી આ કળિકાળ શુભ નિમિત્તોને સંકેલી લેવાનું કામ કરી રહ્યો છે એવી ચેતવણીની વિચારણા જાગી હતી. માથે મરણ છે, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે, કાળ ગટકાં ખાઈ રહ્યો છે, મરણના મુખમાં બાળ, યુવાન, વૃદ્ધ સર્વ ઓરાયેલા છે, માત્ર મોં બીડે તેટલી વાર છે તો આ જીવ કલ્યાણ કરવાના કયા કાળને ભજે છે એ વિચારવા જેવું છે એમ પ. ઉ. પ. પૂ. સદ્ગત સ્વામી પ્રભુશ્રીજી પાસેથી વારંવાર સાંભળ્યું છે, છતાં આ જીવ કુંભકર્ણના કરતાં પણ પ્રબળ અનાદિની ઘોર નિદ્રામાંથી જાગતો નથી એ કેટલું આશ્ચર્ય અને ખેદ ઉપજાવનાર છે? આ જીવ વાતો ડાહી ડાહી કરે અને વર્તનમાં પ્રમાદ કે પોલ, એ ક્યાં સુધી નભશે? મરણના વિચારથી, કળિકાળના વિચારથી, અનિત્યતાના વિચારથી કે મોહની છેતરામણીના વિચારથી અનેક જીવો ચેતી ગયા છે. પણ પ્રમાદ વિચારને જ ન ઊગવા દે તો પછી થાય શું? આ જીવને સારું સારું જોવું ગમે, સારું સારું ખાવું ગમે, ડાહી ડાહી વાતો કરવી ગમે, પણ પાછા વળીને પોતાના દોષો દેખી તેને કાંટા કાઢે તેમ કાઢી નાખવાની ઉતાવળ નથી. બેભાન દશામાં દિવસ, માસ, વર્ષ વિતાવે છે. નાખી નજર ન પહોંચે તેટલો કાળ વ્યર્થ વહી ગયો છતાં ક્ષણમાત્ર પણ આત્મસમાધિ જીવ સાધી શક્યો નહિ. કેવી કેવી ઉત્તમ સામગ્રીના યોગ મળ્યા, પ્રત્યક્ષ પુરુષ, તેમની સેવા-સમાગમ, બોધ, સ્મરણસાધન, ભક્તિ આદિની આજ્ઞા, તીવ્ર ઠપકા વગેરેથી પણ જીવ જાગ્યો નહીં, હજી તેનો પસ્તાવો કરીને 'જાગ્યા ત્યાંથી સવાર' ગણી મંડી પડવું ઘટે તેનું પણ ભાન નહીં. માત્ર કબીરજી કહે છે તેમ "સુખિયા સૌ સંસાર ખાવે ને સોવે, દુઃખિયા દાસ કબીર ગાવે ને રોવે." સુખિયા જેવો નફકરો થઈ આ જીવ ફરે છે. દુઃખ લાગે તો બૂમ પાડે, 'હે પ્રભુ, હે પ્રભુ,' પોકારે. જાણે કોઈ કાળે દુઃખ ભોગવ્યું નથી અને ભવિષ્યમાં દુઃખ આવવાનું જ ન હોય તેમ સિદ્ધ સમાન સુખી થઈને અત્યારે ફરે છે. પણ પાછું દુઃખ દેખાવ દે ત્યાં તો જીવ મૂંઝાઈ જાય છે કે જાણે કોઈ કાળે દુઃખ દૂર થનાર જ નથી, અને જાણે સુખ કદી જોયું જ ન હોય તેમ આરોગ્યની ઇચ્છા કરતો તેની રાહ વરસાદની પેઠે જોયા કરે છે. આવી અસ્થિર, ઠેકાણા વગરની દશા તરફ દુગંછા આવવી જોઈએ તેનો પણ જીવ વિચાર કરી કંઈ સ્વરૂપનું ઠેકાણું કરતો નથી. હવે કેમ કરવું? ક્યાં જવું? શો ઉપાય લેવો? તે વિચારવાયોગ્ય છે. ૐ શાંતિઃ

---

૧૩૦ ભાદરણ, તા. ૨૧-૫-૩૮
તત્ ૐ સત્ વૈશાખ વદ ૭, શનિ, ૧૯૯૪

"જેહનું મન સમકિતમાં નિશ્ચળ કોઈ નહીં તસ તોલે રે;
શ્રી નયવિજય વિબુધ પય સેવક વાચક યશ એમ બોલે રે."

"રાગ દ્વેષ મળ ગાળવા ઉપશમ જળ ઝીલો;
આતમ પરિણતિ આદરી, પરપરિણતિ પીલો.
આતમતત્ત્વ વિચારીએ." — શ્રી યશોવિજયજી

વિ. આપનો પત્ર મળ્યો. આપના નમ્ર ભાવ જાણી સંતોષ થયો છે. તેવી જ ભાવના અને પ્રાર્થના મને પરમકૃપાળુ દેવ પ્રત્યે પ્રગટે, પરિણમે એવી ઇચ્છા રહે છેજી. હે પ્રભુ! આપનાથી કંઈ અજાણ્યું નથી. જીવની અવિચાર મૂઢ દશાનો પાર નથી, તેમ છતાં તે દશાનો તેને કંટાળો આવતો નથી. તે કીચડમાંથી ઊઠી પરમ પવિત્ર, અનંત સુખરૂપ, પરમ પ્રેમપૂર્ણ આપની ગોદમાં સ્થાન લેવાનો આ જીવને ઉમળકો કેમ નહીં આવતો હોય? કેમ તેવા ભાવ ટકતા નહીં હોય? બીજાના આગળ ડાહ્યો થવામાં પહેલો, મનમાં પણ માની લે કે 'મારે પરમપુરુષ સિવાય કોઈનો આધાર નથી.' છતાં તે ને તે જ ગંદા વિષયોમાં મન કેમ ગૂંચાઈ રહેતું હશે? શ્રી દેવચંદ્રજી જેવા પોકારી ઊઠયા છે:

પૂછું પૂર્વ વિરાધના, શી કીધી ઈણ જીવ લાલ રે;
અવિરતિ મોહ ટળે નહીં, દીઠે આગમ દીવ લાલ રે.
દેવજશા દરિસણ કરો.
દીન દયાળ કૃપાળુઓ, નાથ ભવિક આધાર લાલ રે;
દેવચંદ્ર જિન સેવના, પરમામૃત સુખકાર લાલ રે.
રાજચંદ્ર પ્રભુ સેવના, પરમામૃત સુખકાર લાલ રે. દેવજશા૦

બાળકને ભય લાગે, ભૂખ લાગે, કોઈ કૂતરાં વગેરે પજવે ત્યારે તે તેની મા પાસે દોડી જાય છે, કારણ કે તેને વિશ્વાસ છે કે અવશ્ય એ મારું રક્ષણ કરનાર છે. એટલી શ્રદ્ધા આપણને જરૂર જોઈએ. પરમકૃપાળુ દેવે શ્રી જૂઠાભાઈના પત્રમાં લખ્યું છે – "તે પુરુષને પ્રત્યેક લઘુ કામના આરંભમાં પણ સંભારો, સમીપ જ છે." (૫૯) આપણે અજ્ઞાનને લઈને વર્તનમાં ભેદ પાડીએ છીએ. સત્પુરુષની સમીપમાં જુદું વર્તન અને તેના વિયોગમાં જુદું વર્તન. નહીં તો તેની જ્ઞાનશક્તિથી બહાર આપણું વર્તન નથી. માત્ર તેની દૃષ્ટિ આપણી ઉપર છે એમ આપણે માનતા નથી. ખાતાંપીતાં, હરતાંફરતાં તે આપણી સમીપ જ છે એમ ધારીને વર્તાય તો દોષો આપણી સામું પણ જોઈ ન શકે, અને સત્પુરુષોએ તો તે જ નિશ્ચયને પરમ કલ્યાણકારી કહ્યો છે તથા તેને અભિન્નભાવ કહ્યો છે. પોતે પત્રાંક ૪૭૦માં જણાવ્યું છે: "'જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય, એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે,' એવો સર્વ મહાત્મા પુરુષોનો અભિપ્રાય જણાય છે. તમે તથા તે અન્ય વેદે જેનો દેહ હાલ વર્તે છે, તે બેય જ્ઞાનીપુરુષ પ્રત્યે જેમ અભિન્નતા વિશેષ નિર્મળપણે આવે તે પ્રકારની વાત પ્રસંગોપાત્ત કરો, તે યોગ્ય છે; અને પરસ્પરમાં એટલે તેઓ અને તમ વચ્ચે નિર્મળ હેત વર્તે તેમ પ્રવર્તવામાં બાધ નથી, પણ તે હેત જાત્યંતર થવું યોગ્ય છે. જેવું સ્ત્રી-પુરુષને કામાદિ કારણે હેત હોય છે, તેવું હેત નહીં, પણ જ્ઞાની પુરુષ પ્રત્યે બન્નેનો ભક્તિરાગ છે એવું બેય એક ગુરુ પ્રત્યેનું શિષ્યપણું જોઈ, અને નિરંતરનો સત્સંગ રહ્યા કરે છે એમ જાણી, ભાઈ જેવી બુદ્ધિએ, તેવે હેતે વર્તાય તે વાત વિશેષ યોગ્ય છે. જ્ઞાની પુરુષ પ્રત્યેનો ભિન્નભાવ સાવ ટાળવા યોગ્ય છે."

જેને મુમુક્ષુતા વર્ધમાન કરવી છે અને વિષયકષાયમાં તણાવું નથી એવા દૃઢ નિશ્ચયવાળા આત્માર્થીને ઉપર લખી જણાવેલો પત્ર અમૃત સમાન છે. સ્ત્રી સાથે વસવું પડતું હોય તોપણ તે આપણો મુમુક્ષુભાઈ છે, સદ્ગુરુની શ્રદ્ધાવાળો છે, તેના હૃદયમાં પરમપુરુષ પ્રત્યે પ્રેમ છે

એટલી આપણને જો શ્રદ્ધા રહેતી હોય તો તેને વિષયના સાધન તરીકે વાપરવા કરતાં તેની સાથે સત્પુરુષના માહાત્મ્યની વાતચીત અને ભક્તિભજનમાં કાળ ગાળવા એક ભક્તિમાન આત્માનો સમાગમ પરમકૃપાળુની કૃપાથી થયો છે, તો તેનું પણ વૈરાગ્ય, ભક્તિ આદિ સાધનથી કલ્યાણ થાઓ અને હું પણ તેને જોઈને વૈરાગ્ય, ભક્તિનો બોધ પામું એવી ભાવના પરસ્પર રાખવાથી કુટુંબ પણ મંદિરરૂપ પલટાઈ જાય. તેની ભૂલ થાય તો આપણે ચેતવણી આપવાની જરૂર છે, આપણી ભૂલ જણાય તો તેણે આપણને ચેતવવાની ફરજ છે. આવી સમજૂતીથી આત્માર્થે બન્ને આત્માઓનું પ્રવર્તન થાય તો ધર્મ પ્રગટાવવામાં ઘણી અનુકૂળતા થઈ પડે. બન્નેની તેવી સમજણ મહાપુણ્યના ઉદયે થવી સંભવે છે, પણ બન્નેને એક સદ્ગુરુનો આશ્રય છે, એ આધારનો વિશેષ લક્ષ રહે અને હૃદય વૈરાગ્યવાળું એકનું પણ હોય તો બન્નેને લાભ થવા સંભવ છે. જેને જ્યારે કલ્યાણ કરવું હશે ત્યારે સંસારને ભૂલી ભક્તિને હૃદયમાં સ્થાન આપશે ત્યારે જ મોક્ષના ઉપાયમાં પ્રવર્તી શકાશે એ તો સમજી શકાય તેવી વાત છે, તો જ્યારથી તે શુભ કાર્યની વહેલી શરૂઆત થાય ત્યારથી કલ્યાણનો દિવસ વહેલો આવવાનો સંભવ છેજી. હૃદય વૈરાગ્યવાળું, સદ્ગુરુ પ્રત્યે ભક્તિભાવવાળું અને કોઈનું ભૂંડું ન ઇચ્છે તેવું બનાવવાથી ધર્મમાં અણધારી મદદ મળતી રહે છે. પરમકૃપાળુદેવ મોક્ષમાળા પાઠ ૩૩માં લખે છે– "સત્યશીલનો સદા જય છે" પરમકૃપાળુદેવનાં વચનોનો વિશેષ પરિચય, અભ્યાસ થવાથી વિષયવિકાર સુકાઈ જવાનું કારણ બને છે. "સત્સંગ એ કામ બાળવાનો બળવાન ઉપાય છે." (૫૧૧) તેની ભાવના અવશ્ય કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૩૧ અગાસ, તા. ૨૨-૬-૩૮

બ્રહ્મચર્ય, પ્રભુ-પૂજના, ક્રોધાદિક–અરિ ટાળ;
વીતરાગ આજ્ઞા પળે, તો તપ શુદ્ધ નિહાળ.
બાહ્યાભ્યંતર તપ તપે, મહામુનિ પણ એમ;
મૂળ–ઉત્તર ગુણ શ્રેણિરૂપ, સધે સામ્રાજ્ય જેમ.

બીજા પત્રમાં બ્રહ્મચર્ય બે માસ માટે પાળવા વ્રત લીધું છે એમ લખ્યું તે જાણ્યું. વ્રત લેવું સહેલું છે, પાળવું મુશ્કેલ છે. પરમકૃપાળુદેવ લખે છે: "જ્યાં સુધી આત્મા સુદૃઢ પ્રતિજ્ઞાથી વર્તે નહીં, ત્યાં સુધી આજ્ઞા કરવી ભયંકર છે....નિયમને વિષે સ્વેચ્છાચાર પ્રવર્તન કરતાં મરણ શ્રેય છે, એવી મહત્પુરુષોની આજ્ઞાનો કાંઈ વિચાર રાખ્યો નહીં; એવો પ્રમાદ આત્માને ભયંકર કેમ ન થાય ?" (૯૪૧) દરરોજ ક્ષમાપનાનો પાઠ બોલ્યા પછી ઉપરનાં વાક્યો, બે માસ બ્રહ્મચર્ય પાળો ત્યાં સુધી, બોલવાનો નિયમ સાથે રાખવાથી હિતનું કારણ છેજી.

'રાજ-સત્તા' સંબંધી તમે પુછાવ્યું છે તે પ્રશ્ન ઊંડા ઊતરી વિચારવા યોગ્ય છે.

"રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ;
જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ-છેદ." પ્રથમ નમું ગુરુરાજને૦

એટલે બાહ્યદૃષ્ટિથી 'રાજ' શબ્દનો પરમાર્થ સમજવો મુશ્કેલ છે. જેને તે સમજાય છે તેનો સંસાર ક્ષય થશે એમ ઉપરના કાવ્યમાં છે. ઉપશમ–વૈરાગ્યવંત મુમુક્ષુ જીવને શુદ્ધ આત્મ-

સ્વરૂપ એવા 'રાજ'ની શ્રદ્ધા, ઓળખાણ, પ્રેમભક્તિ પ્રગટે છે અને એવાં મોક્ષનાં કારણ પ્રાપ્ત કરી જે તેની સેવા-ઉપાસના કરે તે મોક્ષ પામે એ નિઃસંશય છે.

"દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી, પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ." — આત્મસિદ્ધિ

રાજસ્વરૂપ આત્માની સત્તા વડે દેહ, ઇન્દ્રિયો અને શ્વાસોચ્છ્વાસ પ્રવર્તે છે. તેની સત્તા વિના દેહ તે મડદું છે, ઇન્દ્રિયો તે બાકોરાં કે કાણાં માત્ર છે અને શ્વાસોચ્છ્વાસ તો ઠરી જાય, હોય જ નહીં. જેની સત્તા વડે આ બધી પ્રવૃત્તિ જીવ કરી રહ્યો છે તે પ્રગટ તત્ત્વને ભૂલીને માત્ર રૂપી પદાર્થોની લેવડદેવડ અને તેમાં હર્ષ-શોક કરી કર્મબંધનનો ધંધો રાતદિવસ કરી રહ્યો છે. એવા જીવને કેટલો ઠપકો દેવો ઘટે? આ જીવ નફ્ટ છે, નિર્લજ્જ છે, મૂઢ છે તેથી જન્મમરણનાં કારણો ઊભાં કરી રાજી થાય છે. તેને સૂઝતું નથી કે —

"અહંભાવથી રહિત નહીં, સ્વધર્મ-સંચય નાંહિ;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ."

હવે એ અહંભાવથી કેમ છુટાય? તેનો વિચાર મુમુક્ષુ જીવ કરે છે અને તે ઉપાય દૃઢ સમજી નિર્મળ થવા પુરુષાર્થ કરે છે. "श्रद्धा परम दुल्लहा" ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૩૨ અગાસ, જેઠ વદ ૮, મંગળ, ૧૯૯૪

દોહરો — બ્રહ્મચર્ય, પ્રભુ-ભક્તિ કર, ક્રોધાદિકને ટાળ;
વીતરાગ આજ્ઞા પળે, તો તપ શુદ્ધ નિહાળ.

આપના પત્રમાં એકાસણાં આ ચોમાસામાં કરવા વિચાર છે એમ આપે જણાવ્યું. તેના ઉત્તરમાં જણાવવાનું કે જેમ ખાધાનો નિયમ કરીએ છીએ તેમ કષાયનો પણ નિયમ શક્તિ વિચારીને કરવો કે આજે ક્રોધ કોઈના ઉપર ન થાય તેમ વર્તવું. પછી ગમે તેવો પ્રસંગ આવી પડે તોપણ પોતાના ભાવ બગાડવા નહીં. એમ કરતાં કરતાં ક્રોધ ઓછો સહેજે થાય છે, એમ જણાય ત્યારે ક્રોધ અને માન એ બન્નેનો નિયમ રખાય. ગમે તે વખાણે કે ગમે તેવું રૂપ હોય કે તપ થતું હોય કે સારી સમજણ હોય, ધર્મનું કામ થતું હોય તોપણ અભિમાન થઈ ન જાય તેવી વૃત્તિઓ ઉપર ચોકી રાખતાં શીખવાનું છે. પછી માયા, પછી લોભ એમ કષાયો ઓછા કરવા. પાંચ ઇંદ્રિયોના વિષયોમાં મોહ ઓછો કરવો. રાગ-દ્વેષ ઘટાડવાની જ્ઞાની પુરુષોની આજ્ઞા છે તે જેટલી પળે તેટલો ધર્મ થયો સમજવા યોગ્ય છે. જેટલું જે દિવસે બને એમ લાગે તેનો નિયમ રોજ ચિત્રપટ સમક્ષ વિનયપૂર્વક નમસ્કાર કરી લેવો અને કાળજીપૂર્વક તે નિયમ પાળવો. એકાસણું, ઉપવાસ, બે વખત જ આહાર લેવો કે ક્રોધ આદિ ન કરવા વિષે જે કરવું યોગ્ય લાગે અને પળે એમ જણાય તે આત્માર્થે આ ચોમાસામાં કરવામાં હરકત નથી. કરેલા નિયમમાં ભૂલ થાય તો પશ્ચાત્તાપ કરી ક્ષમાપનાનો પાઠ બોલી, ફરી તેવી ભૂલ ન થાય તેવી કાળજી રાખવી ઘટે છે.

---

૧૩૩ અગાસ, તા. ૧-૭-૩૮
તત્ ૐ સત્ અષાડ સુદ ૪, શુક્ર, ૧૯૯૪

અનુષ્ટુપ — દારિદ્ર, રોગ ને મૃત્યુ, વૃદ્ધાવસ્થા વિચારજો;
શાથી એ સર્વને પીડે? મોક્ષ-ભાવ વધારજો.

વિ. ગયા પત્રમાં બ્રહ્મચર્ય વિષે કંઈ લખેલું સ્મૃતિમાં નથી. વખતે આ પત્ર મળતાં પહેલાં તમારી બાધાનો વખત પૂરો થવા આવે તોપણ કેટલીક સૂચનાઓ લક્ષમાં રહેવા જણાવું છું, તે ભવિષ્યમાં ફરી વળી બ્રહ્મચર્યના કોઈ કોઈ દિવસો નક્કી કરો ત્યારે ઉપયોગી થશે.

પાંચ ઇન્દ્રિયોમાંથી સ્પર્શ ઇન્દ્રિયનો અભ્યાસ જીવને ઘણો છે, કારણ કે દરેક ભવમાં તે ઇન્દ્રિય હોય છે. તેને રોકવાથી સંસારવૃત્તિ મોળી પડી જાય છે.

"એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર." — શ્રીમદ્ રાજચંદ્ર

એ સ્પર્શ-ઇન્દ્રિયના સુખ માટે જીવ ધન કમાય છે, પરણે છે, કપડાં ઘરેણાં ઘર ખેતર-રૂપ પરિગ્રહને વધારે છે. તે પ્રત્યેથી જેની વૃત્તિ ઓછી થાય, તેને સંસાર પ્રત્યેનો મોહ ઓછો થવાથી આત્મા પ્રત્યે વૃત્તિ વળે છે, આત્માના વિચાર તેને ગમે છે, આત્માની કથા તેને રુચે છે, તે સાંભળવામાં આનંદ આવે છે અને એમ કરતાં કરતાં જ્ઞાની પુરુષે જાણેલા આત્માની શ્રદ્ધા, પકડ, પ્રતીતિ થાય છે. રુચિ સંસાર વધારવાની જેને વર્તતી હોય તેને આત્મવિચાર કે આત્મકથા કે તેવું વાચન, શ્રવણ છાર પર લીંપણા જેવું જુદું ને જુદું જ રહે છે, પરિણામ પામતું નથી. એ બધી વાત તમે ઘણી સાંભળી છે. હવે નીચે સામાન્ય નિયમો જણાવું છું:

૧. જેણે બ્રહ્મચર્ય પાળવા માટે એક દિવસ કે અનેક દિવસ માટેનો નિયમ લીધો હોય તેણે સ્ત્રી સાથે દિવસે કે રાત્રે એક પથારીમાં બેસવું કે સૂવું નહીં.

૨. કામને પોષે તેવી વાતો કરવી નહીં કે કોઈ હાંસી વગેરેમાં પણ કામચેષ્ટા કે હાવ-ભાવને પુષ્ટિ આપવી નહીં.

૩. આલિંગન, ચુંબન આદિ ભારે અતિચારો છે. તે રસ્તે વ્રત તૂટવાના પ્રસંગો આવે છે માટે તેવા પ્રસંગમાં દોરાવું નહીં કે સામાને તેવા ભાવ પ્રગટ થતા જણાય તો તેને ચેતાવી દઈ, તે દોષો ઝેર જેવા જાણી ધમકાવીને પણ દૂર કરવા.

૪. માંદગીને કારણે માથું દબાવવું કે તેવી કોઈ મદદ લેવી પડે તો અપવાદરૂપ ગણી તે સિવાય બીજા કોઈ કારણે બ્રહ્મચર્યના દિવસોમાં શરીરસેવા પણ સ્ત્રી પાસેથી સ્વીકારવી નહીં. શરીરસ્પર્શના પ્રસંગ ઓછા કરી નાખવા.

૫. ખોરાક પણ નિયમ-બાધાના દિવસોમાં સાદો રાખવો. કપડાં, ઘરેણાં પણ સાદાં પહેરવાં. ટૂંકામાં, ઇન્દ્રિયો ઉન્મત્ત ન બને તેવી કાળજી રાખવી.

૬. ભોગવેલા ભોગના પ્રસંગોની વાતો કે સ્મૃતિ કર્યા કરવી નહીં.

૭. સત્સંગ, ભક્તિ, સદ્વાંચન, સદ્વિચારમાં કાળ ગાળવા વિચાર રાખવો.

નિયમ બ્રહ્મચર્યનો ન લીધો હોય તેવા દિવસોમાં પણ દિવસે મૈથુનનો ત્યાગ રાખવા પૂરતા દૃઢ ભાવ રાખે તો બાર માસમાં છ માસ જેટલો કાળ બ્રહ્મચર્યવાળો ગયો એમ હિસાબ

કરતાં સમજાય તેમ છે. જેમ રાત્રિભોજનના ત્યાગવાળાને છ મહિનાના ઉપવાસનું ફળ છે તેમ દિવસે મૈથુન તજનારને પણ છ માસનું બ્રહ્મચર્ય વર્ષમાં પળે છે આટલું વિચારશો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૩૪ અગાસ, તા. ૧૨-૭-૩૮
તત્ ૐ સત્ ગુરુપૂર્ણિમા, મંગળ, ૧૯૯૪

ગીતિ — આર્ય મુનિવર, આર્યા, શ્રાવક શ્રાવિકા ચાર તણો સંઘ;
હોય વિરાધ્યો જે મેં, તે દુષ્કૃતનો તુર્ત ટળો બંધ.

આપનો પત્ર પ્રાપ્ત થયો છે. નિમિત્તને આધીન આપણા ભાવ પલટાઈ જાય એ હાલની અવસ્થામાં સ્વાભાવિક છે. તેથી જ જ્ઞાની પુરુષોએ આપણા જેવા માટે સત્સંગ કરતા રહેવા ભલામણ કરી છે. તેવો જોગ ન હોય ત્યારે તેની ભાવના રાખી, બીજી બાબતોમાં જીવન વ્યતીત થઈ જાય છે તેનો ખેદ કરતા રહેવા યોગ્ય છે કારણ કે આયુષ્ય અલ્પ અને અનિશ્ચિત અને ઘણો પુરુષાર્થ હજી આપણે કરવો ઘટે તેવાં કર્મ બળવાન છે, ત્યાં પ્રમાદ થાય તે આપણી અણસમજ છે. તે વાત ભુલાય નહીં તે અર્થે સ્મરણનું સાધન છે. મૂળ આપણું સ્વરૂપ તો સહજ શુદ્ધ છે તેનું રટણ જો મુખ દ્વારાએ કે મનમાં થતું રહેતું હોય તો બીજેથી વૃત્તિ પાછી વાળવાનું એ બળવાન સર્વોત્તમ સાધન છે, પણ તેમાં પણ મંદતા કે બેદરકારી જેવું થઈ જાય તો પછી શો ઉપાય? મુક્ત થવાની ભાવના, કાળજી જોઈએ. પરમપુરુષ અને પરમાર્થમાર્ગ પ્રત્યે હજી ઘણો પ્રેમ વધારવાની જરૂર છે, તો પછી છે તે પણ ટકી ન શકે તેવા સંજોગોમાં રહેવાનું પ્રારબ્ધ હોય તો શું કરવું? એ વિકટ પ્રશ્ન છે. જેવા ભાવ તેવા પ્રકારના શુભ-અશુભ કર્મોનો પ્રવાહ તો જીવને આવરણ નિરંતર કરી રહ્યો છે, તેમાંથી મુક્ત થવાનો માર્ગ પરમકૃપાળુ દેવની કૃપાથી પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીના મુખેથી આપણે સાંભળ્યો છે કે સત્પુરુષ કે સત્પુરુષે આપેલા સાધનની સ્મૃતિ થતાં જીવનાં પરિણામ સંસાર ભજવાનાં મંદ થાય અને મહાપુરુષના માર્ગની ભાવના જાગ્રત થાય, તો ત્યાં મંદ બંધ થાય અને જીવ બળવાન થાય તો કર્મોની નિર્જરા પણ ઘણી કરે. એમ કરતાં કરતાં નિમિત્તો પણ સારાં મળે અને સન્માર્ગમાં સ્થિતિ થાય. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે:

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."

આમ વિચારી જે વખતે જેટલું આત્મવીર્ય ફોરવાય તેટલું ભાવનાથી પણ કરી લેવા ચૂકવું નહીં. આપણાથી ન બનતું હોય તોપણ જે કોઈ ધર્મમાં પ્રવર્તતા સત્પુરુષનો યોગ થયો છે તેની સ્મૃતિ, તે ભાવ પ્રત્યે પ્રેમ, તેની અનુમોદના, તેવી દશા પ્રાપ્ત કરવાની ભાવના, અભિલાષા રાખ્યા કરવાથી પણ જે કરવા યોગ્ય છે તે થતું જાય છે. "એકલો ખેદ કરીને અટકી રહેતા નથી" (૮૧૯) એવું પરમકૃપાળુદેવે કહ્યું છે, તે બહુ વિચારવા યોગ્ય છે. તે પત્રમાં કહેલ પુરુષાર્થ વિષય-કષાયને હઠાવવાનો અવશ્ય કર્તવ્ય છેજી. તરણા જેવા એ આખા ડુંગર જેવા આત્માને ઘેરી રહ્યા છે. "તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૩૫ અગાસ, તા. ૪-૮-૩૮

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુની ભક્તિ પ. ઉ. પ્રભુશ્રીજીએ આપણને બતાવી આપણા ઉપર અપાર ઉપકાર કર્યો છે. તે પરમપુરુષ ભક્તિ કરવા યોગ્ય, સ્તવવા યોગ્ય, ઉપાસવા યોગ્ય, ગુણગ્રામ કરી પવિત્ર થવા યોગ્ય છે. તેમ જ તેઓશ્રીનાં વચનામૃત (શ્રીમદ્ રાજચંદ્ર) સત્શાસ્ત્ર દ્વારા વાંચી કે શ્રવણ કરી, મનન કરી, વારંવાર ભાવના કરી શ્રદ્ધા દૃઢ કરવા યોગ્ય છે. તે આ મનુષ્યભવમાં બની શકે તેવું છે. શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ, તેમનાં વચનામૃત, તેમની ભક્તિ અને તેમના અપૂર્વ ઉપકારો પ્રત્યે આપણા ભાવ વળશે, હૃદયમાં દૃઢ થશે અને તેનું શરણ ગ્રહણ થશે તો તે આપણા આત્માની સંપત્તિ પામવાનું અપૂર્વ કારણ થશે. છેવટ સુધી પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ એક એ જ પરમપુરુષની ભક્તિમાં કાળ ગાળવાનું, સત્સંગ કરવાનું અને સંપ રાખવાનું આપણને જણાવ્યા કર્યું છે તે લક્ષમાં લેવા સર્વ મુમુક્ષુવર્ગને વિનંતી કરું છુંજી.

બીજું, પૂ.....પાસે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના ચિત્રપટ છે, તેમાંથી જે કોઈ ભાઈને તે મહાપુરુષની સ્મૃતિ, ઉપકાર અને બહુમાનપણા અર્થે જડાવીને રાખવા વિચાર હોય તો પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ તે ચિત્રપટ મૂકી તે પરમકૃપાળુદેવની આજ્ઞા લઈ ત્રણ વાર વંદન કરી લેશો. તેમાં આજ્ઞાનો અતિક્રમ નથી. તે જતનાથી રાખશો. મફત મળે છે માટે લાવો બેચાર રાખી મૂકીએ એવો ભાવ કર્તવ્ય નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૩૬ અગાસ, તા. ૨૭-૮-૩૮

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૨, શુક્ર, ૧૯૯૪

પૂ.....ભાઈ રૂ. ૨૫-૪-૦ મૂકી ગયેલા તે સાધકસમાધિ ભંડારમાં નાખ્યા છે તેની પહોંચ આ પત્રથી સ્વીકારવા તે ભાઈને જણાવશોજી તથા તેમને બોલાવી વાત કરશો કે આ મનુષ્યભવ ધન કમાવા કે સંસાર ચલાવવા માટે મળ્યો નથી. દેવો પણ ઇચ્છે છે કે અમને મનુષ્યભવ મળે તો ધર્મનું આરાધન કરી મોક્ષ મેળવી લઈએ; તેમને તો તે ભવ મળવાની વાર છે, પણ આપણને તો હાથમાં તે લાગ આવ્યો છે. "નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા." માટે ધન, પુત્ર કે વિઘ્નો દૂર કરવાની માન્યતા માટે તેવા પૈસા મૂકતા હોય તો તેમને સમજાવશો કે મનુષ્યભવનું સાર્થક કરી લેવા જેવો જોગ છે તે ભૂલશો નહીં. કોઈ સત્પુરુષના અચિંત્ય માહાત્મ્યમાં વિશ્વાસ રાખી તેના આધારે આ ભવસમુદ્ર ઓળંગી મોક્ષે જવું છે, તે સિવાય બીજી સંસાર વધારવાની અભિલાષા સેવવા યોગ્ય નથી અને બને તો અત્રે આવી જાય તો તેને બે અક્ષર તેના યોગ્ય કહેવા ઘટે તે કહેવાય અને ભાવના જાગે તો સત્પુરુષના માર્ગનું સાધન તેને મળે, તો મહા ભયંકર સંસારના દુઃખમાંથી બચવાનો યોગ સાંપડે. બીજાં દેવદેવીની માન્યતામાં તે પ્રવર્ત્યા હોત તો ખારી જમીનમાં બીજ વાવવા જેવું નિષ્ફળ થાત; પણ સાંસારિક કામનાથી પણ સત્પુરુષ પ્રત્યે, તેના સત્સંગીઓ પ્રત્યે તેને સદ્ભાવ થયો છે તો તેનું ફળ બીજું આવવા સંભવ છે. દેવ પ્રસન્ન થાય તોપણ શું માગવું તેનું જીવને ભાન નથી, તેથી સત્સંગ કરવા તેને બે શબ્દ કહેશો અને 'મોક્ષમાળા'માંથી શિક્ષાપાઠ ૬૧થી તેની ધીરજ પ્રમાણે તે બ્રાહ્મણની કથા (સુખ વિષે વિચાર) વાંચી સંભળાવશો કે મોઢે કહેશોજી.

સંસાર અસાર છે, અનિત્ય છે, તેને માટે જે જે ઇચ્છીએ છીએ તે ધુમાડામાં બાચકા ભરવા જેવું છે. અસાર અને અનિત્ય પદાર્થમાં હિત શું હોય? છોડાં ખાંડવાનો શ્રમ વ્યર્થ છે તેમ સાંસારિક ફળની ઇચ્છા રાખી દાન કર્યાથી આત્માને તે દાન હિત કરતું નથી. આ દેહમાં રહેલો આત્મા અનંતકાળથી ભૂખ્યો ટળવળે છે, તેને શાંતિ-સમાધિનો માર્ગ અને તેને પોતાના હિતનું ભાન થાય તેટલા માટે સત્સંગ, સદ્બોધ, તીર્થયાત્રા વગેરે કર્તવ્ય છેજી. તે આપણાથી બને તેટલું સ્પષ્ટ તેમને સમજાય તેમ કહી બતાવવા વિનંતી છેજી. અત્રે સર્વ ગુરુકૃપાએ કુશળ છેજી, ભક્તિભાવમાં પ્રવર્તે છે. અહીં ન આવી શકાય તોપણ ભાવના તે જ કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૩૭ અગાસ, તા. ૨-૯-૩૮

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૮, શુક્ર, ૧૯૯૪

દોહરા — જીવ પ્રત્યક્ષ પરોક્ષ સૌ, ખમજો મુજ અપરાધ;
ત્રિવિધ ખમાવું અલ્પ પણ વૈર ન હો સિદ્ધ-સાખ.
અનિત્ય સંસાર જાણી જે, રહે નિરાંતે ત્યાંય;
બળતા ઘરમાં ઊંઘતા સમ નિશ્ચિંત ગણાય.

વિ. આપ ભાઈઓ તરફથી ક્ષમાપનાપત્ર આજે મળ્યો. આવા પર્વના દિવસોમાં જે ધર્મભાવ જાગ્રત રહે છે તે કેમ ટકી રહે તેની વિચારણા મુમુક્ષુ જીવોએ કર્તવ્ય છેજી. શ્રી આનંદઘનજી મહારાજે તો "પરબડી (પર્વ-ધર્મની) છાંયડી જે પડે, પરસમય તેહ નિવાસ રે" એમ કહી માત્ર પર્વ દિવસોમાં ધર્મ કરે તેને પરસમય કહ્યો છે, આત્માનો ધર્મ કહ્યો નથી. સ્વધર્મ તો સદા સાથે રહે. માટે એ નિમિત્તે આત્મામાં સદાય જાગ્રતિ રહે તેવી વિચારણા, નિર્ણય કે નિયમ કર્તવ્ય છે.

મંદવાડ આવે ત્યારે જીવ ગભરાઈ જાય છે કે કોણ જાણે હવે કેટલું જીવવાનું હશે? વખતે મરણ આવી પહોંચે તો એકાએક ચાલી નીકળવું પડશે. કંઈ ધર્મસાધન તો મેં કર્યું નથી, સત્શીલ આદિની પ્રાપ્તિ થઈ નથી, હવે શી ગતિ થશે? જો મંદવાડ મટી જાય તો હવે જરૂર કંઈક ધર્મઆરાધન કરી લેવું એવો નિશ્ચય કરી રાખે છે અને પ્રારબ્ધયોગે રોગ મટી જાય, પછી તદ્દન ભૂલી જાય છે. જાણે કદી મંદવાડ આવ્યો જ ન હોય તેમ મોહમાં ને મોહમાં પાછું આયુષ્ય વ્યતીત થયા કરે છે. આમ જીવના નિર્ણયો અનિર્ણયરૂપ હોય છે તેથી કોઈ કામ મક્કમતાથી તે કરી શકતો નથી. પરમકૃપાળુદેવે કહ્યું છે કે "મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે." (૮૨૬). ત્યારે હવે કેમ કરવું? પ્રથમ તો દુર્લભમાં દુર્લભ એવી શ્રદ્ધા, સત્પુરુષનો પરમ નિશ્ચય કે મોક્ષે જવું હશે તો જરૂર આ કાળમાં પરમકૃપાળુ પરમાત્મા શ્રીમદ્ રાજચંદ્રના શરણ સિવાય કંઈ બની શકે તેમ નથી, માટે તે પરમપુરુષનું શરણ અને આશ્રયરૂપ ભક્તિમાર્ગ મને આ ભવમાં અખંડપણે પ્રાપ્ત થાઓ એવી ભાવના કર્તવ્ય છે. તે શ્રદ્ધામાં જેટલી દૃઢતા થઈ તેટલી સૌ સાધનોમાં દૃઢતા વધશે; અને મૂળમાં જ જેની શ્રદ્ધા ડગમગ બની ગઈ તેનો પુરુષાર્થ પણ શંકાશીલ અને નજીવો થશે. માટે શ્રદ્ધારૂપ મકાનનો પાયો

મજબૂત કરવા સત્પુરુષના પરમોપકારી સત્સંગતુલ્ય વચનોમાં તલ્લીનતા પ્રાપ્ત કર્તવ્ય છે, તેનો વિશેષ વિશેષ અભ્યાસ, પરિચય અને સદ્‌વિચાર કર્તવ્ય છેજી. આપ સર્વે સમજુ છો તેથી કંઈ વિશેષ લખવાની જરૂર નથી. પણ સદ્‌વર્તન, સદાચરણ એ મોટી પ્રભાવના છે એમ સમજી જ્ઞાનીની આજ્ઞાએ વર્તવાના ભાવ નિરંતર કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૩૮

અગાસ, તા. ૨-૯-૩૮
ભાદરવા સુદ ૮, ૧૯૯૪

હરિગીત — નથી નાથ, જગમાં સાર કાંઈ, સાર સદ્‌ગુરુ પ્યાર છે,
પ્રભુ, પ્રેમના અવતાર, અતિ ઉપકાર આપ અપાર જે;
વાળ્યા વળે નહિ રંકથી, દીનનાથ, કિંકર શું કરે?
નિસ્પૃહતા આગ્રહ વિનાની, લઘુતા વસો રહી ઉરે.

અત્રે પર્યુષણપર્વની રૂડી રીતે સદ્‌ગુરુકૃપાથી આરાધના થઈ છેજી. ભક્તિભાવ, પ્રભાવના, તપ, દાન આદિ યથાશક્તિ થયેલ છેજી. આપનો પત્ર વાંચી સંતોષ થયેલ છે. સર્વ ભાઈઓ સંપ રાખી માન-કષાય નરમ પાડી અને સત્સંગમાં જોડાયેલા રહેશો એ ભલામણ છેજી. સર્વની પ્રકૃતિ સરખી હોતી નથી અને આપણું ધારેલું સંસારમાં પણ નથી થતું તો ધર્મની બાબતમાં આપણું ધાર્યું કરવાનો આગ્રહ એ ઊંધી સમજ જ છે; પરમાર્થની જેને જિજ્ઞાસા વર્તે છે તે જીવે તો 'હું કંઈ જ જાણતો નથી' એવો વિચાર દૃઢ કરી સદ્‌ગુરુશરણે રહેવા યોગ્ય છે. મારાથી સર્વ સારા છે.

"અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય?"

એ રોજ બોલીએ છીએ, તે આચરણમાં મૂકવાનો અવસર સમૂહમાં રાજમંદિરમાં વર્તતા હોઈએ ત્યારે છે. કોઈ પણ વાતની ખેંચાતાણ ન થાય, અને અત્રેથી આવેલા બધા મુમુક્ષુઓ તમારો સંપ જોઈને ચકિત થઈ ગયા હતા કે બધા એક જણ કહે તે ઉત્સાહથી કામ ઉપાડી લે છે – જાણે દેહનાં અનેક અંગોમાં એક જીવ હોય તેમ ત્યાં સર્વ મુમુક્ષુઓમાં એક આત્મા, સદ્‌ગુરુપ્રેમ જણાય છે. આ તમારી ખ્યાતિ ટકી રહે, એક જ ગુરુના શિષ્યોમાં જે પરસ્પર પ્રેમ હોવો ઘટે તેમાં વિક્ષેપ ન પડે તેમ વર્તવા સર્વને મારી નમ્ર અરજ છેજી. આખા વર્ષમાં કંઈ પણ આપણા મનવચનકાયાથી વિપરીત વર્તન થયું હોય તે ભૂલી જઈ, જાણે થયું જ નથી એમ ગણી, મૈત્રીભાવ વધારી વર્તવાને માટે પર્યુષણપર્વની યોજના સનાતન રીતિએ ચાલી આવે છે તેનો લાભ લઈ, મૈત્રીભાવમાં તૂટક પડવાનાં કારણો હોય તેમાં પોતાનો કેટલો દોષ છે તે તપાસી તે સુધારી લઈ આપણા નિમિત્તે કોઈને ક્રોધાદિમાં પ્રવર્તવું પડયું હોય તેની ઉત્તમ ક્ષમા યાચી લેવી ઘટે છે.

બીજું, ધર્મને નામે ધન ખર્ચવાની જૈનોમાં જૂની પ્રથા પડેલી છે, તે એક રીતે ઠીક છે. જે કોમમાં લોભ વધારે હોય તેને લોભ મંદ કરવા વિશેષ ઉપદેશ આપે તે વાજબી છે

અને ધનને સર્વસ્વ માનનાર ધનનો ત્યાગ કરવા તત્પર થાય તો બીજો ત્યાગ સહેલો પણ થઈ પડે, પરંતુ આત્માર્થી જીવ જે જે કરે તે આત્માને હિત થાય તેવું કરે. આત્માર્થે કરે તો ધર્મ થાય એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પણ કહેતા હતા. વળી એમ પણ તેઓશ્રી કહેતા હતા કે કંઈ ધનથી જ ધર્મ થતો નથી; કાયાથી વિશેષ થાય છે. સદાચરણથી પ્રવર્તે, કષાય મંદ કરે, વિનય આદિથી સર્વને પ્રસન્ન રાખે, કોઈ ક્રોધમાં આવીને કંઈ અયોગ્ય બોલી ગયો હોય તે ભૂલી જાય અને ક્ષમા ધારણ કરે તો છ માસના ઉપવાસનું ફળ પામે; આમ સત્ અને શીલની તથા સત્પુરુષ પ્રત્યે શ્રદ્ધાની બહુ ભાર દઈને તે વાત કરતા હતા. જો એક સત્પુરુષ પ્રત્યે સાચી શ્રદ્ધા હૃદયમાં વસી તો પછી જે જે તે પુરુષને ઉપાસતા હોય તે બધા પ્રત્યે તેને હૃદયનો સાચો પ્રેમ પ્રગટે. પોતાનો પુત્ર કંઈ અપશબ્દ બોલી જાય તો તેને જેમ શિખામણ દઈ સુધારે પણ તેના પ્રત્યે વેર ન રાખે, તેને સંભાર સંભાર ન કરે; તેમ કોઈ મુમુક્ષુ દ્વારા આપણા ધારવાથી વિરુદ્ધ વર્તન થઈ ગયું હોય તો તેને વાત્સલ્યભાવથી, હૃદયની ખરી ઊંડી લાગણીથી, ધર્મસ્નેહથી પોતાનાથી બને તેટલો સમજાવવા પુરુષાર્થ કરવો, તેમ છતાં ન માને તો તેના તે કર્મની તીવ્રતા. ઉદાસીનતા રાખવી, પણ દ્વેષ કોઈ પ્રત્યે કર્તવ્ય નથી. તેમ જ જે મુમુક્ષુના મનમાં એમ આવે કે મારાથી કંઈ ધર્મ થતો નથી, મારાં આચરણથી ઊલટા બીજા વગોવાય માટે મારે રાજમંદિરમાં જવામાં લાભ નથી; આવા ભાવ ઉપર ઉપરથી જોનારને કંઈક ઠીક લાગે, પણ તે પોતાને અને પરને બન્નેને નુકસાનકારક છે. તેવા કર્મના ઉદયે તેવા ભાવમાં તણાઈ ન જવાય, પણ મિત્રો એકઠા મળે ત્યારે તે વાતની ચર્ચા કરીને કે એકાદ મિત્રની સાથે દિલ ખોલીને ખુલાસો કરી લેવા યોગ્ય છે. અને વિચારણા કરે તો જણાય કે સત્સંગ સિવાય સુધરવાનો બીજો કોઈ ઉપાય જગતમાં જણાતો નથી, અને જે સત્સંગથી દૂર રહે છે તે દોષોને જ આમંત્રણ આપે છે. સારી સોબત છૂટી તો સંસારને વધારનારી વાસનાઓથી તે ઘેરાઈ જવાનો અને તેને સારા વિચારોનો ઓછો અવકાશ રહેવાનો. માટે કલ્યાણનાં કારણોમાં મુખ્ય એવો સત્સંગ નિરંતર સેવવા યોગ્ય છે, ભાવવા યોગ્ય છે. તે પ્રત્યે જેને જેને અભાવ થાય છે તે દુર્ગતિના ભાગી થાય છે. માટે જેને જન્મમરણના ત્રાસમાંથી છૂટવું હોય તેણે તો સત્પુરુષ, સત્પુરુષનાં વચનો, તેનો આશય અને તેના આશ્રિત મુમુક્ષુઓ પ્રત્યે પ્રેમ વર્ધમાન કરવા યોગ્ય છેજી. તેથી શ્રદ્ધા પોષાય છે. 'श्रद्धा परम दुल्लहा' એ શાસ્ત્રવચન પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહેતા. એક વખતે સંવત્સરી પ્રસંગે સર્વને છૂટા પડતા પહેલાં સંભારણા તરીકે એ વચન આપી કહ્યું કે "આવતા વર્ષે બધા ભેગા થઈએ ત્યાં સુધી આ વચનનો વિચાર કરશો." બાર મહિના સુધી એટલા વચન ઉપર વિચાર કરીએ તોપણ ઓછો છે. એવા દુર્લભ વચનના કહેનાર સત્પુરુષનો યોગ જેને થયો છે, તેણે "આત્માથી સૌ હીન" એમ જાણી આ જગતના પદાર્થોમાં નહીં તણાતાં, લૌકિક ધર્મના પૂરમાં ન પડતાં સત્પુરુષે કહ્યું છે તે તરવાનું સાધન છે. "સૌ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય", તેવાં સાધન હવે આજ્ઞા વિના નથી કરવાં એવી દૃઢ માન્યતા કરવા યોગ્ય છે. 'સત્સાધન'માં મંડયા રહેવું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧૩૯

અગાસ, તા. ૧૪-૯-૩૮

તત્ ૐ સત્

ભાદરવા વદ ૫, બુધ, ૧૯૯૪

આપના ઉપર ઘણા પત્રો પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના વખતમાં લખાયેલ છે, તે વિચારતા રહેશો તો ઘણો લાભ થવા સંભવ છેજી. તથા પરમકૃપાળુદેવના પુસ્તકમાંથી બને તો થોડા વહેલા ઊઠી એકાંતમાં વિચારવાનું રાખશો અને રોજ વાંચનનો ક્રમ રાખશો તથા પોતાના દોષ જોઈ તે દૂર કરવાના પુરુષાર્થમાં ચિત્ત રહેશે તો સમજણશક્તિ પણ વધશે. સત્સંગની જરૂર છે. ન હોય ત્યારે સત્સંગતુલ્ય સત્પુરુષનાં વચનોને પ્રત્યક્ષ સત્પુરુષની રૂબરૂમાં આપણે સાંભળીએ છીએ એવી ભાવના રાખવાથી, બહુમાન-ભક્તિભાવથી ઉપાસવાથી હિત થાય છેજી. માટે આળસ, પ્રમાદ ઓછો કરી વિષયકષાય મંદ કરી સદ્ગુરુનાં વચનોમાંથી 'ઉપદેશછાયા', 'મોક્ષમાળા', 'ભાવનાબોધ' આદિ સહેલા ભાગ વાંચવાનું રાખશો તો વિશેષ સમજાશેજી. આપણામાં જે શક્તિ છે તેનો દુરુપયોગ થતો અટકાવીએ તો સન્માર્ગની વિચારણા કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે, અને સન્માર્ગ વિચારાય તો તેમાં પ્રવૃત્તિ પણ થાય. માટે પ્રમાદ ઓછો કરવાનો ઉપયોગ રાખ્યા કરવો ઘટે છેજી. જીવને કલ્યાણનો સર્વોત્તમ ઉપાય તો સત્પુરુષના ચરણ સમીપનો વાસ છે, પણ તેવી જોગવાઈ ન હોય ત્યારે તેની ભાવના રાખવી અને તે વિયોગનો વિરહ ન ખમાય તેવી ભક્તિ રહ્યા કરે તોપણ કલ્યાણનું કારણ બને છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે અમને તો વિરહમાં રાખીને પરમકૃપાળુદેવે અમારું કલ્યાણ કર્યું છેજી. પણ તેમની તેવી યોગ્યતા હતી, ભક્તબીજ પ્રગટ્યું હતું. પણ તે દશા આવ્યા પ્રથમ તો સત્સંગનો વિયોગ તે કલ્યાણના વિયોગ સમાન છેજી. આપ સમજુ છો તેથી પરમકૃપાળુદેવની ભક્તિમાં ચિત્ત રાખવાનું ચૂકશો નહીં. કાળનો ભરોસો નથી. સ્ત્રી, ધન આદિ અનંત વાર મળ્યાં છે, પણ ધર્મ આરાધવાનો આવો યોગ મળ્યો નથી, મળ્યો હશે તો આરાધ્યો નથી; તો હવે તેવી ભૂલ રહી ન જાય તે માટે ચેતતા રહી વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ કરવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૪૦

અગાસ, તા. ૨૨-૯-૩૮

તત્ ૐ સત્

ભાદરવા વદ ૧૪, ગુરુ, ૧૯૯૪

હરિગીત — શીતળ શશીકર કાંતિસમ સદ્બોધ ઉર અજવાળતો,
જગ-કલ્પનાની જાળને છૂપો છૂપો જે બાળતો;
કલ્પતરુ સમ સદ્ગુરુ શ્રી રાજચંદ્ર, અહો ! અહો !
કળિકાળની દુઃખ-ઝાળ છોડી વૃત્તિ તુમ ચરણે વહો.
સ્મૃતિ આપની સદ્ભાવ પ્રેરે, આત્મરૂપ જ આપ છો,
ભક્તિ વિના ભાળી શકું શું ? અંધ બોધ વિના, પ્રભો ?
શ્રદ્ધા સખી સાક્ષી પૂરે, તુજ યોગ ભવહારક, અહો !
કૃતકૃત્યતાનો હેતુ તે, તો વૃત્તિ પ્રભુ-ભાવે વહો.

તમારા ઘરમાં બાઈને ભારે માંદગી આવી ગઈ, હવે કંઈક આરામ છે એમ આપના પત્રથી જાણ્યું. પરમકૃપાળુદેવનું શરણ અને તેનો આશ્રય મરણ વખતે પણ મદદરૂપ છે તો વ્યાધિ વગેરેના પ્રસંગે પણ તે અત્યંત ઉપકારી જાણી તે પરમ પુરુષે જણાવેલો મંત્ર, ભક્તિના વીસ દોહરા, યમનિયમ, છપદનો પત્ર, ક્ષમાપનાનો પત્ર અને આત્મસિદ્ધિ મુખપાઠે હોય તો તેમાં વૃત્તિ રાખવાથી ઘણો લાભ થવા સંભવ છે. જ્યારે ખાવું ભાવે નહીં, બોલવું ગમે નહીં, સંસારના ભોગ અપ્રિય લાગે એવા માંદગીના પ્રસંગમાં મોહનું બળ હોતું નથી, તે વખતે સત્પુરુષનો બોધ, તેની આજ્ઞાએ જે જે વચનામૃતો મુખપાઠ થયાં હોય તેનો વિચાર અને તે પુરુષ જેવો પરમ ઉપકાર કરનાર ત્રણ લોકમાં મને દેખાતો નથી, એવો વિશ્વાસ જીવને સમ્યક્ વિચારનું કારણ થાય છે. માટે સત્ધર્મનું અવલંબન, સત્પુરુષની વીતરાગ મુદ્રા, તેમનો સમાગમ, તેમની ભક્તિ, તેમનો ઉપદેશ, તેમની મનવચનકાયાની પ્રત્યેક ચેષ્ટાની સ્મૃતિ એવા વખતમાં જીવને અનેક કષ્ટો સહન કરવાનું બળ પ્રેરે છે. મને દુઃખ થાય છે કે રહેવાતું નથી, દવા સારી કરો કે મારી સેવા-સંભાળ રખાવો વગેરે કર્યા કરતાં તે વખતે, મને કોઈ ભક્તિનાં પદ સંભળાવો, ચિત્રપટનાં દર્શન કરાવો, પ્રભુશ્રીજીના સમાગમની યાદ દેવરાવો, તેના કોઈ ગુણગ્રામ ગાઓ, તેમણે પરમ નિષ્કારણ કરુણાથી આપેલો મહામંત્ર મને સંભળાવો, તેમના બોધમાંથી કંઈ યાદ રહ્યું હોય, લખાયું હોય, છપાયું હોય તે મને સંભળાવો, દેહભાવ ભુલાઈ સત્પુરુષની ભક્તિનો રંગ લાગે તેવી કોઈ વાત કહો, મરણનાં ભયંકર દુઃખ સહન કરનાર ગજસુકુમાર જેવા મહામુનિની ધીરજ કોઈ કહી બતાવો, દેહ છતાં જેની દશા દેહરહિત હતી તેવા પરમકૃપાળુદેવની વાતો કંઈ સંભળાવો — આવા ભાવ વારંવાર સેવવાથી શુભ લેશ્યા રહે છે અને ધર્મધ્યાન થાય છે; વેદનામાં ચિત્ત જવાથી આકુળવ્યાકુળ ચિત્તને લીધે આર્ત્તધ્યાન થતું હોય તે રોકાઈ ધર્મધ્યાન થવાથી પૂર્વનાં પાપથી થતું દુઃખ છૂટતું જાય છે અને નવાં તેવાં કર્મ બંધાતાં નથી. ટૂંકામાં આત્મા પામેલા પુરુષ જેવો ધીંગ ધણી જેને માથે છે તેણે કંઈ ગભરાવા જેવું નથી. ધીરજ રાખી બાંધેલાં કર્મ વેદી લેવાં, સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૪૧ અગાસ, સં. ૧૯૯૫

અનુષ્ટુપ — ખરે ! મૃત્યુ પૂંઠે લાગ્યો, કોઈને નહિ મૂકશે,
માયામાં જે ભમે ભૂલી, આત્મહિત જ ચૂકશે.
જન્મ મૃત્યુ જરા દુઃખો દીઠાં સંસારમાં મહા,
કોઈ સંપૂર્ણ સુખી ના, તો શું ત્યાં રાચવું, અહા ! (પ્રજ્ઞાવબોધ – ૫)

આપના પત્રથી સ્વ. ભાઈ....ના વિગતવાર સમાચાર જાણ્યા છેજી. રૂડા જીવો બહુ અલ્પ આયુષ્યવાળા હોય છે એમ સામાન્ય પ્રચલિત લોકવાયકા છે તે તે ભાઈએ ખરી પાડી. વિવેકી મુમુક્ષુનું કર્તવ્ય તો જ્ઞાનીના અભિપ્રાય પ્રમાણે વર્તવાનું છે. હર્ષશોકના પ્રસંગે તે જ્ઞાની આવા પ્રસંગે શું કરે ? કેવા ભાવને ધન્યવાદ આપે ? તે વિચારતાં જીવને ધીરજ

પણ આવવા સંભવ છેજી. ઘણા ભોળા જીવો પણ આવા પ્રસંગે એમ ગણી સંતોષ માને છે કે મારો દીકરો ક્યાં હતો ? ભગવાનનું ધન ભગવાને સંભાળી લીધું. મારે ત્યાં અનામત મૂકેલી થાપણ ઉપાડી લીધી. આમ માનીને પણ મન વાળે છે અને ખેદને દૂર કરે છે તે પણ એક અપેક્ષાએ આર્ત્તધ્યાનથી બચે છે. જે સદ્દગુરુનાં વચનો સાંભળી કંઈ મુમુક્ષુતાનો ગુણ ધારણ કરતો હોય તે જીવ સદ્દગુરુનાં વચન ઉપર વિશ્વાસ રાખી યથાર્થ સમજ કરે છે કે 'જે થાય તે ભલું માનવામાં આવે' એમ સદ્દગુરુએ કહ્યું છે તેનો મારે વિચાર કરવો. જે પુત્ર કહેવાતો તે આત્મા હતો, તેના તરફ મોહબુદ્ધિ કરી મને તે મદદ કરશે એવી આશા હું ધારતો હતો તે મારી ભૂલ હતી તે ભૂલ મરણ સ્વીકારીને તે બાળકે ગુરુરૂપે મને બતાવી કે કોઈ કોઈનું નથી, સર્વ કર્મ આધીન પરવશ છે, મરણ વખતે માતાપિતા કે ભાઈબહેન કોઈ બચાવી શકે તેમ નથી, માત્ર જેટલો બોધ અને વૈરાગ્ય જીવમાં પરિણામ પામ્યો હશે તેટલો જ ત્યાં બચાવ થાય તેમ છે. તે કર્મબંધથી મુકાવનાર છે. આવા દુઃખના, શોકના પ્રસંગે પણ બોધ અને વૈરાગ્ય સદ્દગુરુકૃપાએ જેટલો અંતરમાં ઉતાર્યો હશે તે આર્ત્તધ્યાન કરતાં અટકાવશે કે ખાતર પાછળ દિવેલનો ખર્ચ કરવા જેવું મરણ પાછળ દુઃખી થવું નકામું છે. નથી ગમતાં તેવાં કર્મો નવાં બાંધવાનું કારણ, મહાભયંકર તિર્યંચગતિના બંધનું કારણ આર્ત્તધ્યાન છે. સમજુ જીવો આવે વખતે ચેતી જઈ સદ્દગુરુનાં વચનોનું અવલંબન અને આશ્વાસન શોધી સત્સંગ શોધે છે કે મુમુક્ષુજનોનો સહવાસ ઇચ્છે છે, યાત્રા વગેરેને બહાને જે જે વસ્તુઓ જોઈને આર્ત્તધ્યાન થાય તે તે વસ્તુઓ કે તે તે સ્થળોથી દૂર વિચરે છે, કંઈક ચિત્તની સ્થિરતા થયે ઘેર આવે છે પરંતુ મારવાડમાં તો વિલાપ કરવાનો છ છ માસ સુધીનો રિવાજ છે તેથી તો તે વાત ભુલાઈ જતી હોય તો તાજી કરી આર્ત્તધ્યાન ભેલું કરવાનો ઊંધો રિવાજ છે ત્યાં મુમુક્ષુ જીવે કેવી રીતે આર્ત્તધ્યાનથી બચવું તે બધા મુમુક્ષુજનો મળી વિચાર કરશો અને કર્મબંધનાં કારણો ઓછાં થાય તે સન્માર્ગ કેમ વર્તમાન પ્રસંગે આદરવો તે યથાશક્તિ વિચાર કરી સર્વને સમ્મત કોઈ રસ્તો લેવા યોગ્ય લાગે તે લેવો ઘટે છેજી. ગમે તે રસ્તે પણ શોક ઘટાડવો. જ્યાં નિરુપાયતા ત્યાં સહનશીલતા એ જ ઉપાય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૪૨ અગાસ, તા. ૧૯-૧૧-૩૮

આપનો પત્ર ગઈ કાલે આવ્યો. વાંચી સમાચાર જાણ્યા છેજી. તે વિષે થોડી વાત લખવા જેવી છે તે ધ્યાનપૂર્વક લક્ષમાં લેવા વિનંતી છેજી. આપણે બધા પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના ઉપાસક છીએ. તે આપણું જીવન છે. તે આપણો ઉદ્ધાર કરનાર છે. તેમની ભક્તિ આપણને પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ બતાવી છે. તે વાત હૃદયમાં કોતરી રાખવા જેવી છે. તે વાત ગમે તે આપણને કહે તે સાંભળવી અને પરમકૃપાળુદેવ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ કરવી. તે વાત નિમિત્તવાસી જીવો આ કાળમાં ભૂલી જઈ જે વાત કરનાર હોય તેના પ્રત્યે પ્રેમ ઢોળી દે છે. તેવી ભૂલ સત્પુરુષનો આશ્રિત ન કરે. પતિવ્રતા સ્ત્રી જેમ દિયેર, જેઠ, પાડોશી

કે નોકર આદિ અનેક પુરુષોને મળે છે, વાતચીત કરે છે, પણ કોઈને પતિને ઠેકાણે કે તેથી અધિક કદી ગણતી નથી; તેમ મુમુક્ષુનો પરમપુરુષ પ્રત્યે પ્રેમ બંધાયો છે તે બીજે ઢળી ન જાય તેટલા માટે આ સૂચના આપી છે. આવો કોઈ દોષ તમારામાં છે એમ નથી કહેવું, પણ જીવતાં સુધી આ વાત સમજી મક્કમ રહેવા માટે લખી જણાવ્યું છેજી.

મારા પ્રત્યે કે પૂ. હીરાલાલ, પૂ. શિવજી, પૂ. જેસંગભાઈ, પૂ. ચુનીભાઈ, પૂ. ભગતજી વગેરે પ્રત્યે એક મુમુક્ષુભાઈ ધર્મના સગા તરીકે દૃષ્ટિ રાખો તેમાં હરકત નથી; પણ કોઈની વાણી, કોઈનું લખાણ કે કોઈની સમજણ, બુદ્ધિ કે પરોપકારવૃત્તિ જોઈ મૂળ પરમપુરુષ પ્રત્યેના પ્રેમમાં અંશે પણ ઘટાડો ન થાય, ઊલટું તેના આશ્રિતમાં સારા ગુણો જોઈ પરમકૃપાળુદેવના માર્ગની પ્રભાવના થાય તો સારું એ ભાવ રાખવો અને તે પરમપુરુષના યોગબળે સર્વે ઉત્તમ ગુણવાળા જણાય, તેમના જેવા ગુણો આપણામાં પ્રગટે તેવી ભાવના વધારવી. પણ અમુક મને બહુ ઉપકારી છે કે આ જ મને તારશે એ ભાવ સ્વપ્નમાં પણ ન આવે તેવી સાવચેતી ભવિષ્યમાં પણ રહેવા આ ભલામણ નમ્રભાવે કરું છું તે સ્મૃતિમાં રાખવા વિનંતી છેજી.

આપણે બધા જે વહાણમાં બેઠા છીએ તે મજબૂત, પાર પહોંચાડે તેવું છે. તેનો વીમો પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ ઉતરાવેલો છે. હવે તે સફરી જહાજ મૂકી કોઈ રંગેલું નાવડું જોઈ તેમાં કૂદી ન પડવું. પરમકૃપાળુદેવને પરમ પ્રેમે ભજે અને તેમાં તેને નુકસાન જાય તેની જવાબદારી પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ લીધી છે તેથી વિશેષ ખાતરી આપણે શી જોઈએ ? આપણાથી અધિક ગુણી હોય તેને અવલંબને આપણે વિશેષ ગુણ પ્રગટાવવા, સમાન ગુણી હોય તેના સંગે પણ જે ભૂમિકા છે તે ટકાવી રાખવી, પણ આપણાથી પણ ઊતરતા વૈરાગ્યભાવવાળો હોય તે દેખી આપણે મંદ ન બનવું; પણ તેને પણ આપણા ભક્તિભાવથી લાભ થાય તેમ આપણે પરમપુરુષને અવલંબને વર્તવું.

ધામણ બધા ભાઈઓ મળતા હો તો આ પત્ર સર્વેને વંચાવશોજી. સંપ રાખવાની પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ નાસિકથી આવીને કરેલા બોધમાં છેલ્લી શિખામણ છે તે માનશે તે સુખી થશે અને જ્ઞાનીની આજ્ઞા ઉઠાવનાર કહેવાશે. કુસંપ તે તરફ સાંભળીશ ત્યાં સુધી મંદિર થાય તોપણ મારી તે તરફ આવવા વૃત્તિ થતી નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૧૪૩

અગાસ, તા. ૩-૧૨-૩૮

તત્ ૐ સત્ માગશર સુદ ૧૧, શનિ, ૧૯૯૫

દોહરા — "ઉપકારી સત્પુરુષની, આશ્રય-ભક્તિ સાર;
આરાધે આદર કરી, તે પામે ભવપાર."

"દુનિયા મરનેસે ડરે, મેરે મન આનંદ;
કબ મરશું કબ ભેટશું, પૂરણ પરમાનંદ."

તમારા કાર્ડથી સ્વ. ધર્મજિજ્ઞાસુ ....ના અચાનક દેહત્યાગના સમાચાર સાંભળી ખેદ થયો છેજી. સર્વ મુમુક્ષુવર્ગને પણ નવાઈ અને ખેદ થયેલ છેજી. તેમના અલ્પ પરિચયવાળા જીવોને

પણ તેમના મળતાવડા અને ગંભીર સ્વભાવથી આ સમાચાર જાણી ખેદનું કારણ બને તો તેમના વિશેષ પરિચય અને સગાઈ-સંબંધવાળાને વિશેષ શોકનું નિમિત્ત બનવા સંભવ છે. છતાં વિચારવાન જીવે તે ખેદને વૈરાગ્યમાં પલટાવી આત્મહિતમાં વિશેષ જાગ્રત થવું ઘટે છેજી. પોતાના સ્વાર્થમાં ખામી પડી એમ ગણી ખેદ કરવા કરતાં તે જીવનું આયુષ્ય વિશેષ હોત તો વિશેષ ધર્મ આરાધન કરી વિશેષ કલ્યાણ સાધી શકત, એવા દુર્લભ મનુષ્યદેહની સામગ્રી તેમની લૂંટાઈ ગઈ તે ખરું ખેદનું કારણ તો જ્ઞાની ગણે છે. "જોકે ઉપાધિ તો કર્મ-વશાત્ સર્વ જીવાત્માને ઉદયમાં છે તે વેદવી જ પડે છે. એમાં કોઈ સુખદુઃખ લેવા અથવા દેવા સમર્થ નથી. પણ જો એક યથાતથ્ય સત્શ્રદ્ધા થાય તો આ મનુષ્યભવનું મૂલ્ય કોઈ રીતે થાય એવું નથી અને તે સર્વ કરી ચૂક્યો એમ સમજવું ઘટિત છે. એવો જોગ અત્રે આવ્યો છે અને આ ક્ષણભંગુર દેહ ત્યાગ થાય છે તેમ દેખાય છે અને વળી સ્વજન-પ્રિય-જનનું તેવું થતું પ્રત્યક્ષ ભળાયું છે એમ જાણી સમભાવ રાખી ધર્મમાં ચિત્ત જોડવું એ જ કર્તવ્ય છે. થવાનું થઈ રહ્યું છે, બનવાનું બની રહ્યું છે, કંઈ કોઈના હાથમાં નથી. આ કાળમાં દુર્લભમાં દુર્લભ સત્સંગ છે."

આપણે માટે પણ એક દિવસ નિર્ણીત થયેલો છે, તે દિવસે આપણે પણ સર્વ સંબંધ, સગાંકુટુંબ, ધન, ઘર, મિલકત, સર્વ ઓળખાણ મૂકી એકલા જવાનું છે. તે દિવસે સંસાર પ્રત્યેની વાસના આપણને દુઃખ, ખેદ ન ઉપજાવે તેવી તૈયારી કરવા જેટલું આયુષ્ય હજી આપણી પાસે છે, ત્યાં સુધીમાં સદ્ધર્મનું આરાધન વિશેષ ભાવથી કરી સમાધિમરણ થાય તેટલા માટે આજથી જ વૈરાગ્ય ત્યાગનો અભ્યાસ કરીએ તો છેવટે પસ્તાવો ન થાય અને નિશ્ચિંતપણે, નિર્ભયપણે, નિઃખેદપણે સત્પુરુષના આશ્રય સહિત હર્ષપૂર્વક દેહ છોડી શકીએ અને મોક્ષને નિકટ લાવી શકીએ એટલું આવા કળિકાળમાં પણ આપણાથી બને તેવું છે, તે મૂકી શોક અને ખેદમાં કાળ નહીં ગાળો એમ ઇચ્છું છુંજી. આત્મસ્વરૂપને આવરણ કરે તેવા આર્ત્તધ્યાનવાળું પ્રવર્તન સત્પુરુષોના શિષ્યોને પાલવે નહીં. એ જ. સમજુને વિશેષ શું લખવું?

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૧૪૪**

અગાસ, તા. ૮-૧૨-૩૮
માગસર વદ ૧, ૧૯૯૫

તત્ ૐ સત્

આપના પ્રશ્નોના ઉત્તર આપતાં પહેલાં જણાવવું જરૂરનું છે કે માત્ર પત્રથી મનને સંતોષ આપવા કરતાં અવકાશે કોઈ વખત અત્રે પધારવું થાય તો રૂબરૂમાં વિશેષ સંતોષ થવા સંભવ છેજી. તેમ છતાં તે પ્રારબ્ધાધીન હોવાથી ટૂંકામાં પ્રશ્નોત્તર જણાવું છું :

(૧) 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાંથી પાન ૭૩૮ આંક ૧૮થી ૨૨ તથા પત્રાંક ૪૫૯નો છેલ્લો ભાગ વિચારવા ભલામણ છે. તે વારંવાર વિચારતાં પ્રશ્ન પહેલો સમજાશે. ઘણા જીવોને કલ્યાણકારી એવા સાચા પુરુષ અને તેના માર્ગ પ્રત્યે જીવને ક્રોધ, નિંદા, વૈર આદિ ભાવોની તીવ્રતા ઉત્કૃષ્ટપણે વર્તે તો દર્શનમોહનો ઉત્કૃષ્ટ સ્થિતિનો સિત્તેર કોડાકોડી સાગરોપમનો બંધ સંભવે છે. તે ભાવ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુએ ઉત્તમ શબ્દોમાં ઉપર જણાવેલ

બન્ને સ્થળે વિસ્તારથી જણાવેલ છે તે વિચારશોજી. ક્રોધની પેઠે, સત્પુરુષને ઉપર ઉપરથી રાજી રાખી અંદર હૃદયમાં સંસારવાસના પોષે તેવી માયા કે મોટું પદ ધારણ કરી ધર્મને નામે સંસારભાવ સેવી સન્માર્ગને લજવે તેવું વર્તન વગેરે ઘણા જીવોને સન્માર્ગથી વિમુખ કરાવે તેવાં કૃત્યો જે ભાવથી થાય તે મહાભયંકર બંધનાં કારણો છે. ગોશાલાની પેઠે પોતાનાં માનપૂજામાં મહાપુરુષને વિઘ્નરૂપ ગણી તેમના વધ માટે તૈયાર થઈ જવા જેવા ભાવ તથા લોભના દૃષ્ટાંતમાં ઈસુ ખ્રિસ્તને તેના શિષ્યે જ લાંચની ખાતર પકડાવી ફાંસી (ક્રોસ) ઉપર ચઢાવ્યા હતો. આ બધાં ગમે તેવાં દૃષ્ટાંતો હો પણ આપણે આપણો વિચાર કરવો કે મને કલ્યાણ કરવામાં શું આડે આવે છે? કયો કષાય વધારે નડે છે? તેની મંદતા કેમ થાય? આદિ પ્રશ્નો એકાંતે વિચારી હિત સાધવું.

(૨) કરોડને કરોડે ગુણતાં જે સંખ્યા આવે તેને કોટાકોટિ કહે છે.

(૩) 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથમાં શ્રી હરિભદ્રાચાર્યે 'ભાવમલ' ૩૦મી ગાથામાં વાપરે છે, અને તેનો પોતે અર્થ એવો કરે છે કે "તે તે પુદ્ગલ આદિ સંબંધની યોગ્યતા" તે ભાવમલ છે એટલે કર્મ. "ચાર ગતિરૂપ સંસારમાં આ જીવ અકામ નિર્જરા વડે ઘણો ભાવ-મલ-કર્મનો ક્ષય કરે છે, પણ મનુષ્યગતિ સિવાય આ યોગનાં બીજ ક્યારે પણ મેળવી શકતો નથી." ભાવમલ, કર્મકલંક, કર્મરજ એ બધા એક જ અર્થ દર્શાવતા શબ્દો છેજી.

(૪) આ જ્ઞાની પુરુષ સાચા મોક્ષમાર્ગના ઉપદેશનાર છે, જેમ તે કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે, એવી પ્રતીતિ, એવી રુચિ અને એવા આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય તે જ્ઞાનીપુરુષનો નિશ્ચય છે; અને તે પુરુષ પ્રત્યે અર્પણભાવ થવો, તેનું કહેલું સર્વ સમ્મત કરવું, તેમાં કંઈ સંશય કે ભેદભાવ ન રહેવો, ગમે તે કસોટીના પ્રસંગે પણ વિષમભાવ ન ઉદ્ભવે તેનું નામ 'અંતર્ભેદ ન રહ્યો' * ગણાય; અને જ્ઞાનીના ઉદયાદિ કર્મ પ્રત્યે દૃષ્ટિ જતાં જો મનમાં એમ થાય કે ઉપદેશ તો સારો કરે છે પણ વર્તનમાં ઠેકાણું નથી, કંઈક સંસારી ભાવ તેમને પણ જણાય છે એવા ભાવ ઊગવા તે અંતર્ભેદ સમજાય છે. જ્ઞાનીના અંતરના ભાવ જે આત્મ-પરિણામરૂપ હોય છે તે લક્ષ ચુકાઈ બાહ્યવર્તનથી જીવને જે કંઈ અણુજુગતું દેખાય તે અંતર્ભેદ છે, એટલે યથાર્થ ઓળખાણ ન થવા દે કે થઈ હોય તેમાં સંશય પાડે તેવાં કારણો અંતર્ભેદ સમજવા યોગ્ય છેજી.

(૫) આ છેલ્લા પ્રશ્નનો ઉત્તર એક મુનિ મહારાજે લખેલો તે જ તમને ઉતારી મોકલું છું તે વિશેષ હિતનું કારણ છે એમ જાણી મેં કંઈ તેમાં ડહાપણ કર્યું નથીજી — "ચોથા ગુણસ્થાનકવાળા જીવોને ત્રણ પ્રકારના સમકિત હોવા યોગ્ય છે: ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. તેમાં જે જીવને જે સમકિત હોય તે તે પ્રકારે તેની દશા છે. તે દશા મુખ્ય તો સાત પ્રકૃતિ — અનંતાનુબંધી ચાર તથા દર્શનમોહનીયની ત્રણ — એ સાત પ્રકૃતિનો ઉપશમ હોય તો ઉપશમ સમકિત કહેવાય અને ક્ષયોપશમ હોય તો ક્ષયોપશમ સમકિત કહેવાય અને સાત પ્રકૃતિનો ક્ષય હોય તો ક્ષાયિક સમકિત કહેવાય. તે ક્ષાયિક સમકિતી નિરંતર આત્મ-

* જુઓ પત્રાંક ૬૪૨

વિચારમાં રહે છે અને તે આત્મવિચાર જ તે જીવને સંપૂર્ણ કર્મનો ક્ષય – અભાવ કરાવી મોક્ષે પહોંચાડે છે. આ સંબંધી આ લખાણ ઘણું સંક્ષેપમાં કર્યું છે અને તે ક્ષાયિક સમકિતી જીવને જે સાક્ષાત્ શ્રુતકેવળી ભગવાન કે સર્વજ્ઞ ભગવાનના ચરણમૂળમાં થયેલો જે અપૂર્વ બોધ — તે બોધને લઈને જે પોતાનું અનાદિ સનાતન ધર્મમાં રહેલું સહજાત્મસ્વરૂપ, શુદ્ધચૈતન્યસ્વરૂપ શુદ્ધ જ્ઞાન-દર્શનની મૂર્તિ, શુદ્ધ ઉપયોગ કે શુદ્ધ ચેતના જે પોતાનું મૂળ સ્વરૂપ છે તે જ પોતાનું માને છે. એ સિવાયની સર્વ ઉપાધિ કે સર્વ સંજોગોને અનિત્ય, અશરણ અને પોતાના ત્રણે કાળને વિષે નહોતા અને છે પણ નહીં એટલે દેહાદિક સર્વે અન્ય ભાવોના સાક્ષીભાવે રહે છે; અને શુદ્ધ જ્ઞાનદર્શનની મૂર્તિ, શુદ્ધ ચૈતન્ય કે શુદ્ધ ઉપયોગસ્વરૂપ બોધમૂર્તિ એ જ મારું સ્વરૂપ છે અને ત્રણે કાળ હું તે જ સ્વરૂપ છું તથા અનંત દર્શન-જ્ઞાનસ્વરૂપ, અવ્યાબાધ, અમૂર્ત સ્વરૂપ જે છે તે જ હું છું તથા તે જ મારું સ્વરૂપ છે એમ માને છે. શી દશા? એટલે દશા તો તેની પરમ ઉપશમ, ઉપર કહી ગયેલા કષાયોના અભાવરૂપ સમદશા છે, તેના આત્મામાં ગમે તેવાં સમ, વિષમ નિમિત્ત આવ્યા છતાં હર્ષશોક થતો નથી — અર્થાત્ સમકિતી જીવ હર્ષશોક કરતો નથી, એટલે તેની દશા સમ કહી. એ સમદશા એટલે સાત પ્રકૃતિના અભાવ-રૂપી જે દશા થઈ તે દશા સમ ગણવી. ચોથા ગુણઠાણાવાળાની દશા પરમ કરુણાસાગર કૃપાનાથે (શ્રીમદ્ રાજચંદ્રે) ગણધર જેવી મોક્ષમાર્ગની પ્રતીતિ હોય એમ કહ્યું છે એટલે દર્શન અપેક્ષાએ ગણધર જેવી દશા હોય. સમકિતીના હૃદયમાં સ્ત્રી, પુત્ર, ધન, ધામાદિ જે પાંચ ઇંદ્રિયોનાં સાધન છે તેને કાળકૂટ ઝેર સમાન માને છે અને નિરંતર તેને વિષે આત્મ-પરિણતિએ કરીને ત્યાગબુદ્ધિ વર્તે છે. અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી બાહ્ય ત્યાગ ન થઈ શક્યો હોય તોપણ સમ્યક્દૃષ્ટિ જીવ અંતર્ત્યાગી છે, સર્વસંગથી રહિત છે; કારણ કે અસંગ એવું આત્મસ્વરૂપ એ જ પોતાનું માન્યું છે એટલે એ સિવાયનું બાકીનું સર્વે એના જ્ઞાનમાં ત્યાગ છે. આ પ્રશ્ન ઘણું કરી પરમબોધદાતા કૃપાળુદેવે ડુંગરશી ગોશળિયાને પૂછ્યું છે.”

સદ્ગુરુના બોધને વિચારતાં, સદ્ગુરુએ દેહથી ભિન્ન આત્મસ્વરૂપ કહ્યું છે તે માનતાં અને જ્ઞાનવૈરાગ્યવંત દશા પામતાં ચોથું ગુણસ્થાનક સંભવે છેજી.

આટલાથી સંતોષ માની લેવા જેવું નથી. સાકરનો સ્વાદ કેવો હોય એમ તમને કોઈ પૂછે તો તેનું વર્ણન તમે સાકર ચખાડીને આપો તેના જેવું કદી અન્ય રીતે શબ્દથી થઈ શકે એમ નથી. માટે સર્વ ભાવો અનુભવગમ્ય છે. શબ્દો માત્ર નિશાનીરૂપ છે. જેમ બીજનો ચંદ્ર આકાશમાં ઊગ્યો હોય તે કોઈને આંખની ઝાંખપથી ન દેખાતો હોય તેને આંગળી કરી ચંદ્રની રેખાનું સ્થાન બતાવે તે દિશામાં જો તેની દૃષ્ટિ જાય અને આંખનું તેજ હોય તો દેખી શકે, તેમ આત્મદશાનાં વર્ણનો બધાં દિગ્દર્શનરૂપ છે. પોતાની યોગ્યતા વધ્યે તે દૃષ્ટિગોચર થવા યોગ્ય છેજી. દેખાડનારની આંગળીને જોયા કરે તો આકાશમાંનો ચંદ્ર ન દેખાય; પણ જ્યાં નજર પહોંચાડવી જોઈએ ત્યાં પહોંચાડે, આડુંઅવળું જોવાનું બંધ કરે તો સૂક્ષ્મદૃષ્ટિથી બીજનો ચંદ્ર જણાય છે તેમ સમ્યક્દૃષ્ટિ થતાં પહેલાં જીવને ઘણી તૈયારી, યોગ્યતાની જરૂર છે. તે માટે ઉપશમ, વૈરાગ્ય, સત્સંગ, સત્પુરુષનાં વચનોની પ્રતીતિ અને તેની આજ્ઞા

ઉઠાવવાની પરમ જિજ્ઞાસા કેળવાશે તો "મુખ આગલ હૈ કહ બાત કહે" એમ શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૪૫ અગાસ, તા. ૩૧-૧૨-૩૮

ધીરજ, ક્ષમા, સમભાવ. સહનશીલતા, અપ્રતિબંધ, અસંગ, અને સમાધિમરણ આ બોલો બહુ વિચારવા યોગ્ય છેજી. અનિત્યભાવના વૈરાગ્યપ્રેરક છે અને સત્પુરુષનાં વચનોમાં વિચાર કરાવી દૃઢતા કરાવનાર છે. તેની હાલ બહુ જરૂર છેજી.

---

૧૪૬ અગાસ, તા. ૬-૧-૩૯

તત્ ૐ સત્ પોષ વદ ૧, શુક્ર, ૧૯૯૫

દોહરા — ઝોકાં ખાતાં જગજનો, મોહ-નીંદનું જોર;
લૂંટતા સર્વસ્વ જ બધે અરે ! કર્મરૂપ ચોર.
સદ્ગુરુના ઉપદેશથી, મોહ-નીંદ ઊડી જાય;
તો ઉપાયો આદર્યે, કર્મચોર રોકાય.
જ્ઞાનન્દીપ તપ-તેલ ભર્યો, ઘર શોધું ભ્રમ ખોઈ;
પૂર્વ ચોર કાઢું બધા, છૂપો રહે ન કોઈ. (પ્રજ્ઞાવબોધ ૧૮)

વિ. આપનો પત્ર મળ્યો. આપને પ્રથમ પત્રમાં માત્ર સૂચના આર્ત્તધ્યાન ટાળવા અને ધર્મધ્યાનના નિમિત્ત ગોઠવવા કરી છે તે બને તો ઠીક, નહીં તો દરેકે પોતે પોતાને માટે પરિણામ તપાસી કર્મચોર લૂંટતાં અટકે તેવી જાગૃતિ રાખવાની છેજી. ગામના લોકોને એક તમાસો ઓછો થાય તે ન ગમે, પણ મુમુક્ષુને તેવા પ્રસંગમાં વધારે પુરુષાર્થ કરી ધર્મધ્યાનમાં ચિત્ત રાખવાની જરૂર છે. નહિ તો જરૂર મોહ આર્ત્તધ્યાન કરાવ્યા વિના ન રહે. બળવાન જીવ પુરુષ કે સ્ત્રી હોય તો પોતે બધાંને કંઈક સંભળાવી, વાત કરી કે માળા વગેરે આપી 'ધર્મ-ધ્યાનમાં આવ્યાં છો તો ઘડી બેસો' કહી ભાવનાબોધ, મોક્ષમાળા કે ઉપદેશછાયામાંથી તમારી ભાષામાં કહી બતાવે તો બધાંને – સારા ભાવવાળાને – કંઈક રુચિ થાય ને ભલે પછી વાતો કરવી હોય તે કરે પણ આપણા ભાવ તો તેટલી વખત જ્ઞાનીપુરુષનાં વચનમાં રહ્યા તેટલો લાભ અવશ્ય મળે.

જગતના ભાવોમાં મન ફરતું રહેશે, તો આર્ત્તધ્યાનથી નહીં બચાય એ સાવ સ્પષ્ટ સમજાય તેવી વાત છે. માટે બહારની મદદ મળે તો ઠીક, નહીં તો દરેક વિચારવાન જીવે પોતાના આત્માને માટે કંઈ નહીં તો મંત્રનું સ્મરણ તો જરૂર જીભને ટેરવે રાખી મૂકવું કે જેથી મન પણ તે વચન તરફ પ્રેરાય અને શોક ભૂલીને ધર્મને સંભારે. જ્ઞાનીપુરુષોએ પોકારી પોકારીને કહ્યું છે કે ધર્મથી વિમુખ રહ્યાનું ફળ અત્યારે દુઃખ, વિયોગ કે ગરીબાઈરૂપે જીવ ભોગવે છે અને તે ભોગવતાં જો કોઈ સત્પુરુષનો સમાગમ, તેનો બોધ કે મંત્ર સંભારી શુભ ભાવમાં મન આવશે તો આવાં દુઃખ ફરી નહીં ભોગવવાં પડે. નહીં તો અનાદિના સંસારભાવમાં ને ભાવમાં મન ભટકયા કરશેઃ શોકહર્ષ નહીં ભૂલે તો તો આવાં ને આવાં કર્મોને આમંત્રણ આપણે

આપીએ છીએ એમ અવશ્ય માનવું. નહીં ગમતાં એવાં દુઃખ ભવિષ્યમાં પણ ભોગવવાં પડશે, માટે ચેતીને ધર્મનો સુખકારક માર્ગ હૃદયમાં રાખીશું તો સદ્‌ગુરુશરણે સર્વ સારાં વાનાં થશે. એ જ વિજ્ઞપ્તિ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૪૭

અગાસ, તા. ૯-૧-૩૯
પોષ વદ ૪, સોમ. ૧૯૯૫

તત્ ૐ સત્

"પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.
સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.
છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ." — શ્રીમદ્ રાજચંદ્ર

તમે 'જીવનકળા' પૃષ્ઠ ૧૩૯ ઉપર "આત્મા જે પદાર્થને તીર્થંકરે કહ્યો છે, તે જ પદાર્થની તે જ સ્વરૂપે પ્રતીતિ થાય, તે જ પરિણામે આત્મા સાક્ષાત્ ભાસે ત્યારે તેને પરમાર્થ સમ્યક્ત્વ છે, એવો તીર્થંકરનો અભિપ્રાય છે. એવું સ્વરૂપ જેને ભાસ્યું છે તેવા પુરુષને વિષે નિષ્કામ શ્રદ્ધા છે જેને તે પુરુષને બીજરુચિ સમ્યક્ત્વ છે." (૪૩૧) એ વાંચી સમ્યક્‌દર્શન સંબંધી પુછાવ્યું. તે બાબત પરમકૃપાળુદેવે સ્પષ્ટ લખી છે, 'મોરના ઈંડાને કંઈ ચીતરવું પડે નહિ.' તેમ તેની યથાર્થતા વિષે કંઈ કહેવું પડે તેમ નથી. માત્ર આપણે વૈરાગ્ય-ઉપશમનું બળ વધારી તે સદ્‌ગુરુના શરણે તેની આજ્ઞા પ્રાપ્ત કરી આત્મ-ઓળખાણ કરવાનું છેજી. 'आणाए धम्मो आणाए तवो' એમ આચારાંગસૂત્રમાં પાઠ છે. જ્ઞાનીની આજ્ઞા જીવને પ્રાપ્ત થઈ નથી અથવા તેણે રૂડી રીતે આજ્ઞા ઉઠાવી નથી, નહીં તો જન્મ-મરણ કરવાનાં રહે નહીં. સત્પુરુષની શ્રદ્ધા એટલે આ જ્ઞાનીપુરુષ આત્મસ્વરૂપને પામ્યા છે, તે કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે, જો હું તેમના કહ્યા પ્રમાણે વર્તું તો અવશ્ય મોક્ષ થાય એવી આત્મજ્ઞાની ગુરુ પ્રત્યે પ્રતીતિ થાય તેને બીજરુચિ સમ્યક્ત્વ કહે છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનું તે બીજ છે. એવા પુરુષનો યોગ થયે, તેવી શ્રદ્ધા થયે, જીવ દેહાદિ પદાર્થો પ્રત્યેનું માહાત્મ્ય ભૂલી આત્મપ્રાપ્તિ માટે તેની આજ્ઞાએ પુરુષાર્થ કરે તો પરમાર્થ સમ્યક્ત્વ કે આત્મપ્રાપ્તિરૂપ શુદ્ધ સમ્યક્ત્વની તેને પ્રાપ્તિ થાય છે, કારણ કે જેના ચરણને તે ઉપાસે છે તેની દશાને તે ભક્તિના ફળરૂપે પામે છે.

જો સત્પુરુષ પર જીવને પ્રતીતિ આવે તો તેની આજ્ઞા શી છે? મને ક્યારે પ્રાપ્ત થાય? તે શું કરવાથી સફળ થાય? એમ મુમુક્ષુજીવ વિચારે છે, તેનો પુરુષાર્થ કરવામાં વીર્ય ફોરવે છે. બીજાં તેને વિઘ્ન કરનારાં કારણો પ્રત્યે ઉપેક્ષાભાવ રાખી, તેને ગૌણ કરી આ ભવમાં સત્પુરુષની આજ્ઞા માટે દેહ ગાળવો છે એવો દૃઢ નિશ્ચય કરે છે. સત્પુરુષ પ્રત્યે પ્રેમ વધે તેવાં નિમિત્તો સત્સંગ આદિની ઉપાસના કરે છે, અને એટલો બળવાન થાય છે કે 'कार्यं साधयामि वा देहं पातयामि' — કાર્ય સાધતાં દેહ પડી જાય તો ભલે, પણ આ ભવમાં સમ્યક્‌દર્શન

અવશ્ય પ્રગટ કરવું છે, એટલી તૈયારી તે મુમુક્ષુને હોય તો સત્પુરુષની આજ્ઞા ઉઠાવવામાં ઢીલ ન થાય, સફળતા મેળવે. અધિક અન્ય પ્રસંગે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૪૮

અગાસ, તા. ૧૬-૧-૩૯

તત્ ૐ સત્

પોષ વદ ૧૧, સોમ, ૧૯૯૫

"પર પ્રેમ-પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુ-ઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."

"કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે, એ હૃદયમાં જેણે અનુભવ કર્યો છે એવા જ્ઞાનીઓની ગુપ્ત શિક્ષા છે." (૨૦૧)

વિ. ગઈ કાલે પૂ........હારનો કરંડિયો આપના તરફથી લઈને આવેલા તે પરમકૃપાળુદેવના ચિત્રપટોને ચઢાવ્યા છેજી. તેથી સર્વેના ચિત્તની પ્રસન્નતા થાય અને સત્પુરુષ પ્રત્યે પ્રમોદભાવ વધે એ સ્વાભાવિક છે, તે જોઈ મને પ. પૂ. પ્રભુશ્રીજી અને તેમનો ઉપકારશીલ સ્વભાવ તથા પરમકૃપાળુદેવની અલ્પ પણ સેવા કરનારાઓ પ્રત્યે ઉલ્લાસભાવ ઊભરાઈ આવતો તે ચિત્ર સ્મૃતિપટ પર તાજું થયું અને વિચાર થયો કે આવો ભક્તિભાવનો પ્રસંગ તેઓની હયાતીમાં તમને આવ્યો હોત અને અત્રે આપની હાજરી હોત તો કેટલો લાભ થાત! તે તમને ખ્યાલમાં અત્યારે આવવું મુશ્કેલ છે. ઉનાળામાં વૈશાખમાં લૂ વાતી હોય અને એકાએક કરા સહિત વરસાદ થાય તો લોકોને જેમ અત્યંત આનંદનું કારણ થાય, તેથી અનંતગણો આનંદ સત્પુરુષની પ્રસન્નતામાં રહેલો છે. પણ કહેવત છે કે 'ધાના ત્યાં ખાના નહિ અને ખાના ત્યાં ધાના નહિ' એમ એવો યોગ મળવો બહુ મુશ્કેલ છે. તેમ છતાં જે કંઈ ભક્તિભાવ થાય છે તે નિરર્થક જતો નથી, તેવા યોગની પ્રાપ્તિનું કારણ બને છે.

બીજું પૂ. મણિભાઈ કલ્યાણજી મુંબઈવાળા ટ્રસ્ટીનાં માતુશ્રીનો દેહ સં. ૧૯૯૫ પોષ વદ ૩ ને રવિવારે શાંતિ સમાધિથી છૂટી ગયો. તેના સમાચાર સહિત પત્ર છે. તેમાં તેમના છેવટના ભાવ આપણે બહુ વિચારવા યોગ્ય છે, સમાધિમરણની ઇચ્છાવાળાને કામના છે તેથી તે પત્રમાંથી થોડું આપને વિચારવા લખું છું. પૂ. મણિભાઈ લખે છે: "પરમકૃપાળુ પ્રભુશ્રીજીએ જે 'સદ્‌ગુરુપ્રસાદ'નાં દર્શનની આજ્ઞા કરેલ છે તે યથાર્થ રીતે જો પાળવામાં આવે તો સમાધિમરણ અવશ્ય થાય તેમ પ્રત્યક્ષ જોયું. અમારાં માતુશ્રીનો ક્ષયોપશમ (બહુ વિચાર) નહોતો, પરંતુ જે આસ્થા હતી અને બીજા ધર્મ સંબંધમાં કોઈ લોચા નહોતા તેથી અંત સમયે એક જ દૃષ્ટિ રહી હતી, જે પ્રત્યક્ષ જોઈ આનંદ થયો છે. છેલ્લા એક મહિનાથી હંમેશાં સવારના 'સદ્‌ગુરુપ્રસાદ'નું પુસ્તક લઈ દર્શન કરતાં અને તેને સમક્ષ રાખી મંત્રસ્મરણ કરતાં. વ્યાધિ વખતે પોતે શાંતિમાં છે, આનંદભુવનમાં છે એમ કહેતાં. છેલ્લે પોતે મંત્રનો ઉચ્ચાર કરી ત્રણ ડચકાં ખાધાં અને ક્ષણભંગુર દેહનો ત્યાગ કર્યો. ઉપરની વિગત આપને જાણવા લખેલ છે. પરમકૃપાળુની કૃપા શું કામ કરે છે તે જોઈ અત્યંત આનંદ થયેલ."

આ ટૂંકામાં લખવાનું કારણ એ છે કે આપણે બધાને માથે મરણ છે, કયા દિવસે તે નક્કી નથી પણ 'જન્મે તે જરૂર મરે છે' એ તો નક્કી જ છે. માટે મરતા પહેલાં સમાધિમરણની

તૈયારી જે સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો ભાવ જેણે જાગ્રત રાખ્યો હોય છે તેને છેલ્લે તે કામ આવે છે, શાંતિ પમાડે છે અને ધર્મભાવ સાથે તે લઈ જાય છે. આપની પાસે 'સદ્ગુરુપ્રસાદ' પુસ્તક ઘણુંખરું નહીં હોય પણ અહીં આવવાનું બનશે ત્યારે તે સંબંધી સંભારશો તો વાત થશે. દરેક આત્માર્થીએ તે સદ્ગુરુની કૃપારૂપ પ્રસાદી પોતાની પાસે પોતાના હૃદયમાં રાખવા અર્થે સંઘરવા યોગ્ય છે. જેટલો પ્રેમ પરમકૃપાળુદેવ ઉપર થશે, તેટલું આત્મકલ્યાણ નજીક છે એમ દૃઢ શ્રદ્ધા રાખી સંસારપ્રેમ ઓછો કરી ધર્મપ્રેમ પોષવો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૪૯ અગાસ, સં. ૧૯૯૫

"મન મંદિર આવો રે, મહાપ્રભુ રાજધણી;
દિલ દર્શન તરસે રે, અપૂર્વ પ્રત્યક્ષ ગણી. મન૦
સર્વોત્કૃષ્ટ સિદ્ધિ રે, પ્રભુ તુજ ઉર રમી;
તુજ ભક્તિ-પ્રસાદે રે, મને પણ એહ ગમી. મન૦
પુરુષોત્તમ ઉત્તમ રે, પ્રગટ ઉપકાર કરે;
ઉપદેશ અનુપમ રે, સુણી બહુ જીવ તરે." મન૦ (પ્રજ્ઞાવબોધ – ૨૧)

તમે પ્રશ્ન કાઢ્યો છે તે પ. પૂ. પ્રભુશ્રીજીની હયાતીમાં ઘણી વખત ચર્ચાતો હતો. તમે સાંભળ્યું પણ હશે. પત્રાંક ૭૭૧ વાંચવા ભલામણ છેજી. સત્સંગ એ સર્વોપરી સાધન છે. તેના અભાવે પોતાનો સ્વચ્છંદ રોકી સત્શાસ્ત્ર કે સત્સંગે શ્રવણ થયેલો ઉપદેશ પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય સમજી ઉપાસવો યોગ્ય છે.

"મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત;
તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."

એ વિષે પરમકૃપાળુદેવે વિસ્તારથી લખ્યું છે. પત્રાંક ૩૯૦, ૩૯૪, ૩૯૫ અને ૩૯૬ અને તેમાં જણાવેલી તાલાવેલી લાગ્યા વિના યથાર્થ પ્રતીતિ (પુરુષપ્રતીતિ), તેના વચનની પ્રતીતિ ક્યાંથી થાય? અને ત્યાં સુધી આત્મવિચાર પણ ક્યાંથી ઊગે? માટે સત્સંગની આ જીવને ઘણી જરૂર છે એમ મનને મનાવી તેની જ ભાવના રાતદિવસ કર્તવ્ય છેજી. બળતા ઘરમાંથી જેમ નાસવાની બારી ખોળ્યા કરે છે તેમ આખો લોક ત્રિવિધ તાપે બળી રહ્યો છે, "રાગદ્વેષથી પ્રત્યક્ષ બળતો છે" એમ જ્ઞાનીપુરુષે કહેલું આપણને પ્રત્યક્ષ ક્યારે લાગશે? તે લાગશે ત્યારે જ ઉપાય શોધી શોધીને આરાધીશું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૫૦ અગાસ, તા. ૨૫-૧-૩૯

તત્ ૐ સત્ મહા સુદ ૫, બુધ, ૧૯૯૫

ઇંદ્રવજ્રા— દુર્દમ્ય દોષે જીવ દુખી થાય, ના વાંક તેમાં પરનો જરાય;
ક્યાંથી વિચારે ગુરુયોગ વિના કે વિષયાર્થી કદી કો સુખી ના?
સદ્બોધ વિના નહિ મોહ જાય, સંસારનાં સુખ નહીં તજાય;
શ્રદ્ધા વિના ના દુખ દૂર થાય, આત્મિક આનંદ નહીં ચખાય.

સદ્‌ગુરુનો યોગ સદા વિચારો, મોક્ષાભિલાષા ઉરમાં વધારો;
આજ્ઞા સુગુરુની ઉઠાવશો જો, ટાળી પ્રમાદો, સુખ પામશો તો. (પ્રજ્ઞાવબોધ - ૮)

આપની મુમુક્ષુતા-તરવાના ભાવ જાણી સંતોષ થાય છેજી. એમ વિચાર થઈ આવે છે કે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રી લઘુરાજસ્વામીના યોગે આપની આ ભાવના બહુ કાર્યકારી નીવડત. પુણ્ય-યોગમાં કચાશ તેટલી કચાશ, પણ હવે તેવો યોગ થતાં સુધી યોગ્યતા વધારવાનું આપણે બધાને કર્તવ્ય છેજી. આપે મારા પ્રત્યે જે સદ્‌ગુરુ શબ્દાદિ વડે વિનંતી કરી છે તે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ પ્રત્યે તેવા દીનભાવે કર્તવ્ય છેજી. હું તો તે મહાપ્રભુના ચરણની રજનો પણ અધિકારી નથીજી. કોઈ પ્રારબ્ધયોગે જાણે કે આપણા માટે જ દેહ ધર્યો હોય તેવા કરુણાસાગર પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીની અનંત કૃપાથી તે મહાપુરુષ આશ્રય કરવા યોગ્ય છે એમ સાંભળી તેના શરણે, તેના બહાના ઉપર વિશ્વાસ રાખી, તેનો બનવા ઇચ્છતો એક દીન સાધક છું. એટલે સર્વ પ્રેમ પરમકૃપાળુ જગદ્‌ગુરુ સમ શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે વાળવા આ દીનની વિનંતી છેજી. રૂબરૂમાં ઘણી વાતો થઈ શકે. કાગળના કટકા ઉપર શું દર્શાવી શકાય? માટે આપની અરજ તે પરમકૃપાળુદેવ સ્વીકારે એવી ભાવના સહ જણાવવા રજા લઉં છું કે સત્સંગની ભાવના વર્ધમાન કરતા રહેશોજી.

આપે કોઈ વચનો પરમકૃપાળુદેવનાં મુખપાઠ કરેલાં હોય તે ભલે, પણ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ અંત વખતે જણાવેલ કે કોઈ ધર્મનો ઇચ્છક હોય તો તેને આ ત્રણ પાઠ નિત્ય-નિયમરૂપે કરવા જણાવજે. "હે પ્રભુ, હે પ્રભુ, શું કહું? દીનાનાથ દયાળ" એ વીસ દોહરારૂપ ભક્તિરહસ્ય અને "યમ નિયમ સંયમ આપ કિયો" તથા "ક્ષમાપના"નો પાઠ પરમકૃપાળુદેવના ચિત્રપટ પ્રત્યે વિનય નમસ્કાર કરી 'હે ભગવાન, આપની આજ્ઞાથી સંતે કહેલી આ ત્રણ પાઠની નિત્યનિયમ વિષેની આજ્ઞા પ્રમાણે રોજ હું ભક્તિ કરીશ' એવી ભાવના કરશોજી. અને રોજ કોઈ સંતની આજ્ઞાએ આટલું હું કરું છું એ ભાવ રાખી દિવસમાં એક બે ત્રણ જેટલી વખત બને તેટલી વખત ભક્તિ કર્યા કરવા ભલામણ છેજી. વિશેષ સમાગમે જણાવવા યોગ્ય હોવાથી કંઈ લખી જણાવતો નથીજી. આમાં ઘણી વાત સમાય છે. અલ્પ પણ જ્ઞાનીની આજ્ઞા મોક્ષમાર્ગે ચઢાવે છેજી. જ્ઞાની અને જ્ઞાનીની આજ્ઞાએ વર્તતા જીવો મોક્ષમાર્ગમાં ગણાય છેજી.

નિર્ભયપણે વેદનીયનો ઉદય હોય તે ભોગવી તેથી છૂટવાનું થાય છે એમ માનશોજી. મરણ આદિ કંઈ વિકલ્પમાં ખોટી થવા યોગ્ય નથીજી. મૂંઝાવા યોગ્ય નથી. 'આત્મા છે', 'તે નિત્ય છે', 'કર્તા છે', 'ભોક્તા છે', 'મોક્ષ છે' અને 'મોક્ષના ઉપાય છે' આ છ પદનો વારંવાર વિચાર કર્તવ્ય છેજી. ભક્તિ મોક્ષના ઉપાયરૂપ છે, તેનું આરાધન કરવાનું સાધન સદ્‌ગુરુકૃપાએ તમને પ્રાપ્ત થયું તો તેમાં મંડી પડવું. બીજું બધું ભૂલી જવા જેવું છે. પૂ....એ જે મુખપાઠ કર્યું હોય કે કરતા હોય તેમાં ચિત્ત દેવાથી લાભ થવાનો સંભવ છેજી. તે ભક્તિ કરે તે ધ્યાનપૂર્વક માંદગીમાં પણ સાંભળવા યોગ્ય છે અને કોઈ જ્ઞાનીએ આત્મા અનુભવ્યો છે તેને અર્થે એ સર્વ છે એમ ભાવના કરી જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧૫૧

અગાસ, તા. ૬-૩-૩૯

તત્ ૐ સત્

ફાગણ વદ ૧, સોમ, ૧૯૯૫

હરિગીત — જ્ઞાની ગુરુ શ્રી રાજપ્રભુજી શરદ્-પૂર્ણશશી સમા,
લઘુરાજ રૂડી વાદળી રૂપ બોધ-જળ-ભારે નમ્યા;
સંસાર-સાગરમાં મુમુક્ષુ છીપ સમ મુખ ખોલતા,
ને મંત્ર-જળબિંદુ ગ્રહી રચતા જીવન-મુક્તા-લતા.
પુનિત એ ગુરુવર્યના પદપંકજે મુજ શિર નમે,
દુર્લભ, મનોહર સંત-સેવા-વિરહથી નહિ કંઈ ગમે;
એ જ્ઞાનમૂર્તિ હૃદય સ્ફુરતી, આંખ પૂરતી આંસુથી,
નિર્મળ, નિરંજન સ્વરૂપ-પ્રેરક વચન-વિશ્વાસે સુખી. (પ્રજ્ઞાવબોધ – ૨૫)

આ કળિકાળમાં ધર્મપ્રેમ વર્ધમાન થાય તેવા સંયોગો મળવા કે તેવા પુણ્યસંચયવાળા જીવો બહુ વિરલ દેખાય છે. માત્ર ધર્મને નામે બાહ્ય પ્રવૃત્તિ અને અંદરખાને કષાય-પોષણ પ્રવૃત્તિ ઠેકાણે ઠેકાણે દેખાય છે. તેમાંથી આપણે બચી નિરભિમાનપણે કંઈ પણ કષાય ઘટાડવાનું કરીશું તેટલું કલ્યાણ છે; એટલું હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છેજી. મોહરાજાને સત્ય પ્રત્યે દ્વેષ છે તેથી જે સત્યમાર્ગે પ્રવર્તવા ઊભો થયો તેને દબાવી દેવાની તેની કોશિશ હોય છે. તેથી જે જે જીવો સત્પુરુષને આશ્રયે કંઈ પણ વ્રત-નિયમ પાળતા હોય તેમણે બહુ ચેતીને આ કાળમાં ચાલવા જેવું છે. ક્યારે અચાનક તે મોહરાજા દબાવી દે ને તેનો સેવક બનાવી દે તે ચોક્કસ નથી, માટે સત્સંગરૂપી થાણાથી દૂર વિચરતા મુમુક્ષુએ બહુ સંભાળ રાખી પ્રવર્તવાનું છે. અને રાતદિવસ ધર્મધ્યાન અર્થે ભાવના કરતા રહેવાની જરૂર છે. માટે ઠગારા પાટણમાં વિચરતાં ઠગાઈ ન જવાય તે માટે બહુ સાવચેતીથી વર્તવા ભલામણ છેજી. ધિક્કાર છે આ કાળને કે તેના શત્રુરૂપ સત્પુરુષનો વિયોગ સાધી તે પોતાનું બળ પ્રવર્તાવ્યે જાય છે. જે કોઈ રડ્યોખડ્યો તેના પંજા પાસે પહોંચ્યો નથી તેણે સત્પુરુષનું શરણ સાચવી ગુપચુપ પોતાનું કામ કરી લેવા યોગ્ય છે. ઘંટીમાં ખીલાની પાસે પડી રહેલા દાણા દળાતા નથી, પણ દૂર જેટલા દળી જાય છે તે પિસાઈ જાય છે તેમ સત્પુરુષને વીસરીને કરણી થશે તે આત્માને પીસનારી સમજવા યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૫૨

અગાસ, તા. ૧૯-૩-૩૯

તત્ ૐ સત્

ફાગણ વદ ૧૪, રવિ, ૧૯૯૫

આપનો પત્ર મળ્યો. વડાલીવાળા પૂ. માધવજી શેઠનો ગઈ બીજને દિવસે શાંતિપૂર્વક દેહ છૂટી ગયો છે. છેવટ સુધી આશ્રમમાં આવવાની તેમની ભાવના વર્તતી હતી અને સ્મરણ બોલતાં બોલતાં દેહ છૂટી ગયો. તે જાણી પરમકૃપાળુદેવના યોગબળની દૃઢતા વિશેષ થાય છેજી. "જે આશ્રયના બળે જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે." (૬૯૨) એવું આશ્રયનું બળ પરમકૃપાળુદેવે જણાવ્યું છે અને "આશ્રયપૂર્વક દેહ

છૂટે એ જ સાર્થક છે" એમ કહ્યું છે તેને હૃદયમાં ઉતારી મરણ સુધી આશ્રયને ટકાવી રાખે છે તે મહાભાગ્યશાળી મહા નરરત્નોને નમસ્કાર છે.

"ચરણ શરણ ધીરજ નથી મરણ સુધીની છેક."
"સંતચરણ આશ્રય વિના સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક."

એ રોજ બોલીએ છીએ પણ જેણે મરણની વેદનામાં પણ સત્પુરુષનો આશ્રય છોડયો નહિ, તેને શરણે સદાય રહ્યો તેનું અવશ્ય કલ્યાણ થાય છેજી.

દરરોજ સાંજે કે અનુકૂળ વખતે એકાંતનો થોડો વખત પોતાની વિચારણા માટે રાખવા યોગ્ય છે. આજનો દિવસ કેમ ગયો ? તેમાં કોઈ અયોગ્ય બાબત થઈ હોય તો ફરી ન કરવાની કાળજી રાખવી. કોઈ આત્મહિતનું કામ અધૂરું રહ્યું હોય તે પૂર્ણ કરવા વિચાર કરવો. બને તો ૧૮ પાપસ્થાનક વિચારી જવાં. એ વાત તમને પહેલાં કરેલી છે તે કાળજી રાખી વિચારવાનું રોજ રાખશોજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૫૩ અગાસ, તા. ૨૬-૩-૩૯

"જેના ચિત્તમાં એવો (નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણ દશા ટળે છે) માર્ગ વિચારવો અવશ્યનો છે, તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે, તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી, એ પરમ શ્રેય છે; અને તે દાસાનુદાસ ભક્તિમાનની ભક્તિ પ્રાપ્ત થયે જેમાં કંઈ વિષમતા આવતી નથી, તે જ્ઞાનીને ધન્ય છે. તેટલી સર્વાંશદશા જ્યાં સુધી પ્રગટી ન હોય ત્યાં સુધી આત્માને કોઈ ગુરુપણે આરાધે ત્યાં પ્રથમ તે ગુરુપણું છોડી તે શિષ્ય વિષે પોતાનું દાસાનુદાસપણું કરવું ઘટે છે." (૫૩૯) શ્રીમદ્ રાજચંદ્ર.

તા. ૨૧-૩-૩૯નો પત્ર મળ્યો. તે વાંચી ઘણો વિચાર આવ્યો કે, પરમકૃપાળુદેવ પ્રત્યે જે સર્વભાવે અર્પણતા થવી જોઈએ તેને બદલે બીજે બીજે સદ્ગુરુપણું કલ્પવાનો અનાદિનો અધ્યાસ અને આગ્રહ આપના પત્રમાં ભરપૂર જાણી તે પત્રનો ઉત્તર આપવા કરતાં આ પ્રથમ આમળો ઉકેલી નાખવાની જરૂર જણાયાથી પરમકૃપાળુદેવના પત્રમાંથી મથાળે ટાંકેલાં વચન મારે-તમારે બહુ વિચારવા યોગ્ય છે અને એ જ માન્યતા પ. પૂ. પ્રભુશ્રીજીએ દૃઢ કરાવી ઊંડી ઉતારી દીધી છે તેથી તેને બાધ કરે તેવા ભાવો કોઈનામાં પણ સ્ફુરતા જાણી ઉદાસીનતા થઈ આવે છે. એ કોઈ પક્ષને કલ્યાણકારી નથી. માટે જ રૂબરૂમાં મળો ત્યારે આપને તે વિષે ઘણું કહેવાનો વિચાર હતો પણ પ્રારબ્ધયોગે કે કોઈ શિથિલતાના ભારે દબાઈ જવાથી તેમ બનતું નથી તો યથાવસરે કહેવા યોગ્ય કહેવાનું જાણી અહીં માત્ર આપને ઊંડા ઊતરી જરા વિચારવા અને આંધળી દોડ ન કરવા બે શબ્દો કહેવા પડયા છે તે સર્વ મહાપુરુષોના આશયને અનુસરીને કહેલા છેજી. નીચે થોડું હિંદીમાં તમને બન્નેને સમજાય તેવું આજના વાંચનમાંથી ઉતારી મોકલું છું તે વિચારશોજી—

"श्री गुरुदेव परम करुणामय हैं, उनकी कृपाकी सीमा नहीं । वे हमारे मंगल न चाहने पर भी हम लोगोंका मंगल करनेके लिए सर्वदा उद्विग्न रहते हैं। श्री गुरुदेवकी महिमा-कीर्तनमें हम

लोगोंकी रुचि न रहने पर भी आदरके साथ उनके गुणमहिमाका श्रवण करते ही उनके चरणमें हम लोगोंकी श्रद्धा या प्रतीति होगी। हम लोगोंके निष्कपट होनेसे गुरुसेवकगण निश्चय ही हम लोगोंको गुरुसेवाका सन्धान देंगे, कितने स्नेह कीर्तन और आदरके साथ हम लोगोंको गुरुपादपद्मकी सेवामें नियुक्त कर श्री गुरुकी प्रीतिका विधान करेंगे। भूलसे यदि कोई गुरुदास, भक्तको एकमात्र आश्रय समझकर श्री गुरुपादपद्मकी कथासे अलग रहना चाहे तो गुरुसेवक उसको यत्नके साथ श्री गुरुपादपद्ममें आकृष्ट करते हैं। गुरुसेवक कभी भी किसीको अपना सेवक नहीं समझते, उनकी सर्वत्र ही गुरुबुद्धि है। मैं सेवक हूँ — श्री गुरुका नित्य अयोग्य भृत्य। श्री गुरु ही एक मात्र हमारे सेव्य हैं एवं गुरुसेवकसूत्रसे गुरुसेवकगण हमारे पूज्य वा सेव्य हैं यही गुरुदासका भाव है। इसी गुरुदास्यमें उनके नित्यप्रतिष्ठित रहनेके कारण गुरुदासानुदासाभिमान ही उनका संबल (सर्वस्व) है।...पिता एक मात्र श्री आचार्यदेव हैं। हम लोग सभी उन्हींके पाल्यपुत्र-शिष्य-सेवाभिखारी हैं। इस गुरुपिताके प्रति प्रीति हमारी अपेक्षा जिसकी अधिक है, आचार्य-चरणमें जिसकी श्रद्धा अचल है, जिसका संग करनेसे गुरुपादपद्ममें विश्वास निष्ठा प्रीति बढे, उसके अनुसार अपनेसे श्रेष्ठ सज्जनोंका संग करना होगा।"

ॐ शांतिः शांतिः शांतिः

---

૧૫૪ અગાસ, તા. ૮-૪-૩૯

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૪, શનિ, ૧૯૯૫

પરમકૃપાળુદેવની અવસાનતિથિ ચૈત્ર વદ પંચમીના ઉત્સવ નિમિત્તે ઘણા ભક્તાત્માઓ અત્રે પધારેલા છે અને ઘણા અત્રે એકાદ માસ રહેવાની વૃત્તિવાળા જણાય છે. પૂ. શીતલપ્રસાદજી બ્રહ્મચારી (દિગંબરી) હાલ અત્રે નિવૃત્તિ અર્થે પધાર્યા છે તે એક માસ ઓછામાં ઓછું રહેવા ધારે છે. પંડિત લાલન પણ રોકાવાના છે. એમ અનેક વિદ્વાનોની મંડળીનો લાભ હાલ મળે તેવો અનુકૂળ યોગ છે, તો દેહાધ્યાસ જરા મંદ પાડી પુરુષાર્થધર્મ વધારવા હિંમત ચાલતી હોય તો જ્ઞાનગંગાની યાત્રા જેવો યોગ છે. આશ્રમમાં સવારે પાંચથી સાત ભક્તિ ચૈત્યવંદન વગેરે થાય છે. પછી દેવદર્શન પરવારી બધા છૂટા થાય છે. નાસ્તોપાણી કરી સાડા નવથી બધા મળે છે તે વખતે સાડા દસ સુધી પંચાસ્તિકાય પરમકૃપાળુદેવે લખેલ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાંથી વંચાય છે. બહુ સારી તત્ત્વદર્શક ચર્ચા ચાલે છે. પછી પંચકલ્યાણક અને આઠ દૃષ્ટિનો સ્વાધ્યાય ૧૧ાા સુધી થાય છે. પછી જમવા સર્વે વીખરાઈ જાય છે. અને પછી અનુકૂળતા પ્રમાણે એકાંત સ્વાધ્યાય જુદે જુદે સ્થળે થાય છે. સાંજના ૩ થી ૪ ભક્તિ થાય છે અને ૪ થી ૫ સુધી 'પ્રવચનસાર શ્રી કુંદકુંદાચાર્યનો ગ્રંથ શ્રી અમૃતચંદ્રાચાર્યની સંસ્કૃત ટીકા સહિત ગુજરાતી ભાષા દ્વારા ચર્ચાય છે. પછી પાંચે બધા દેહકાર્ય અર્થે કે અન્ય સ્વાધ્યાય અર્થે જુદા પડે છે અને સાંજે ૬ાા દેવવંદન થયા પછી પ્રતિક્રમણ ભક્તિ વગેરે આઠ વાગ્યા સુધી થાય છે અને ૮ થી ૯ સુધી 'ગોમ્મટસાર કર્મકાંડ'નો સ્વાધ્યાય થાય છે. એ કર્મગ્રંથ બહુ સૂક્ષ્મ અને ઉપયોગી છે. આમ આખો દિવસ ધર્મધ્યાનનો પ્રવાહ વહી રહ્યો છે. તેમાં સ્નાન કરવા જિજ્ઞાસા જાગે તો બળ કરીને પણ બને તેટલો લાભ લઈ લેવા જેવો અવસર આવ્યો છે. મનુષ્યભવ મહાદુર્લભ મળ્યો છે, તેમાં જો કંઈ સાર્થક ન થયું તો ઘડીમાં છૂટી જાય તેવા દેહની ને દેહની ચિંતા કરતા રહેવામાં શું વળવાનું છે? ઘણા પ્રકારની શિથિલતા દૂર થવા યોગ્ય અવસર આવ્યો છે તો ચેતી લેવા જેવું છે. અને તો 'આત્મસિદ્ધિશાસ્ત્ર' મુખપાઠ કરી તેનો એકાંતમાં વિચાર

કરતા રહેવા ભલામણ છેજી. એમાં જણાવેલ છ પદમાં જે નિઃશંક થાય છે તેને જરૂર સમ્યક્-દર્શન થાય છે તે સાચી પ્રતીતિ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક. — પૂ....ને અત્રે આવવા વિચાર હોય તો આ પત્ર વાંચી વહેલા આવવા ભલામણ છે, જેથી ઘણી વસ્તુની માહિતી નથી તે મળે તેવો આ માસનો યોગ છેજી. આત્મહિતની ગરજ જેને હોય તેને આ માત્ર સૂચના છે, આગ્રહ નથીજી.

---

૧૫૫ અમાસ, તા. ૧૩-૪-૩૯

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૯, ગુરુ, ૧૯૯૫

નથી રોગોથી ઘેરાયો, જરા પીડે ન જ્યાં સુધી;
નથી મૃત્યુ-મુખે પેઠો, સાધ કલ્યાણ ત્યાં સુધી.
"સંસારાનલમાં ભલે ભુલાવી, વિઘ્નો સદા આપજો,
દારા, સુત, તન, ધન હરી, સંતાપથી બહુ તાવજો;
પણ(પ્રભુ)ના ધૈર્ય મુકાય એમ કરજો, હૃદયે સદા આવજો,
અંતે આપ પદે શ્રી સદ્ગુરુ, સમતાએ દેહ મુકાવજો."
વહ જાને ઉન્મત્ત હૈ, વહ જાને જગ અંધ;
જ્ઞાની ઔર જગતકું, યું નહિ રહે સંબંધ.

વિ. આપનો પત્ર આવ્યો હતો. વાંચી આપની મૂંઝવણ અને પરમાર્થની જિજ્ઞાસા જાણી હતી. તે પહેલાં પવિત્રાત્મા સત્સાધક પૂ.....નો પત્ર પણ મળ્યો હતો. તમારી પેઠે તેને પણ મૂંઝવણ રહે છે. બન્ને પરમપુરુષનાં આશ્રિત જીવાત્માઓ છો તેથી કંઈક લખવું એમ વિચારી અવકાશ નહીં હોવા છતાં આજે રાત્રે અગિયાર વાગ્યા પછી આ લખવા બેઠો છું.

પૂ. શીતલપ્રસાદજી હાલ અત્રે પધાર્યા છે અને એકાદ માસ રહેવાના છે. સવારે મોટા પુસ્તકમાંથી પંચાસ્તિકાય પરમકૃપાળુદેવે લખેલ વંચાય છે. સાંજના ૪ થી ૫ પ્રવચનસાર કુંદકુંદાચાર્યકૃત વંચાય છે અને રાત્રે ૮ થી ૯ ગોમ્મટસારમાંથી કર્મકાંડ વંચાય છે. તે ઉપરાંત નિત્યનિયમનો ક્રમ ચાલુ છે એટલે વખત બિલકુલ હાલ તો બચતો નથી. ધર્મધ્યાનમાં દિવસ અને રાત્રિનો મોટો ભાગ જાય છે. તમે હાજર હોત તો ઘણો આનંદ આવત. પણ પ્રારબ્ધાધીન ક્ષેત્રફરસના હોય છે. બાંધેલાં કર્મ ઉદય આવ્યે હર્ષશોક કરવો વ્યર્થ છે; ઊલટું આર્તધ્યાન થવાનો પ્રસંગ આવે; તેવાં કર્મ અત્યારે ન ગમતાં હોય તો ફરી નવાં કર્મ તેવાં ન બંધાય તે માટે ભાવ ફેરવવાના છેજી. પૂર્વે અજ્ઞાનભાવે, સ્વચ્છંદે, નિજકલ્પનાએ, સંસારના પ્રસંગો સુખરૂપ માની તેની ભાવના કરેલી તેનું ફળ આ ભવમાં પ્રગટ દેખાય છે, નહીં ગમતું છતાં ભોગવવું પડે છે. પણ કંઈ સુકૃત્યો કર્યાં હશે તેના ફળરૂપે મનુષ્યભવ મળ્યો, તેમાં સદ્ગુરુનો યોગ, તેનાં દર્શન-સમાગમનો અલભ્ય લાભ મળ્યો, તેની યત્કિંચિત્ સેવાનો પ્રસંગ બન્યો અને તેની નિષ્કારણ અનંત કરુણાને લીધે આ અપાત્ર અભાગિયો જીવ હોવા છતાં તરવાના સાધનરૂપ મહામંત્ર, છપદનો પત્ર, આત્મસિદ્ધિ, વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ આદિ ઉત્તમ પુરુષનાં વચનામૃતો વગેરે રોજ વિચારવાની ભવદુઃખભંજનહારી આજ્ઞા મળી. તે અનેક પ્રકારે

જીવને ઊંચો લાવવા સમર્થ છે તો જીવે પ્રમાદ, આળસ અને વિષય-કષાય તજી ઉપાસવા યોગ્ય છે. સત્પુરુષ પ્રત્યે, તેના બતાવેલા માર્ગ પ્રત્યે, તેની આજ્ઞા આરાધનારા મુમુક્ષુઓ પ્રત્યે તથા તેનાં વચનોના આશય પ્રત્યે પ્રીતિ, ભક્તિભાવ, શ્રદ્ધા વધારી આ મનુષ્યભવનો લહાવો લેવાનો જોગ મળ્યો છે, તો પ. પૂ. ભાવદયાસાગર પ્રભુશ્રીજી ઘણી વખત કહેતા તેમ લૂંટમલૂંટ લહાવ લઈ લેવો. આવો અવસર વારે વારે આવતો નથી. મરણની ખબર નથી; માથે મરણ ભમે છે, તે ઉપાડી લે તે પહેલાં પુરુષાર્થ કરી શ્રદ્ધા દૃઢ આ ભવમાં કરી લઈએ તો આપણા જેવા ભાગ્યશાળી કોઈ ન કહેવાય. લીધો કે લેશે એમ થઈ રહ્યું છે, કાળ ગટકાં ખાઈ રહ્યો છે તો આ જીવ હવે કયા કાળને ભજે છે તે વિચારવા યોગ્ય છેજી. કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦
એમ જાણે સદ્ગુરુ-ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ–મૂળ૦"
"નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા."

આટલું યાદ ઘડીએ ઘડીએ રહે તેવો નિશ્ચય કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૫૬ અગાસ, તા. ૧૩-૪-૩૯

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૯, ગુરુ, ૧૯૯૫ (રાત્રે બાર વાગ્યે)

દોહા – દિવ્ય સ્મરણ દેવા કૂખે, વીરસુત રવજીનંદ;
ભવસાગર કચ્છે ઊગ્યો, રાજચંદ્ર સુખકંદ.
શક્તિ શિશુમાં પ્રેરજો, ગુણ ગાવા ગુરુરાય;
બાળક કેરી બાથમાં આભ સકળ શું માય?
પણ મુજ બાળમનોરથો, લોક વિષે નહિ માય;
સદ્ગુરુ જ્ઞાની સારથિ, હૃદયે રહો સદાય.

પહેલું સુખ તે સમકિત સાર, બીજું સુખ સત્શ્રુત વિચાર;
ત્રીજું સુખ સત્સંગ પ્રસંગ, ચોથું સુખ પરમાર્થ અસંગ.

પ્રારબ્ધ પ્રમાણે અન્નજળ જ્યાંનાં લખ્યાં હોય ત્યાંનાં લેવાય છે. "તારું તારી પાસ હૈ ત્યાં બીજાનું શું કામ, દાણે દાણા ઉપરે ખાનારાનું નામ." જવું-આવવું આપણી ઇચ્છા પ્રમાણે બનતું નથી. પુણ્યનો ઉદય હોય તો તીર્થયાત્રા, સત્સંગ, સત્બોધની પ્રાપ્તિ થાય છે. તેમાં ખામી હોય તો "ભાગ્ય વિના મળે નહિ, ભલી વસ્તુનો યોગ." પત્રમાં અંગ્રેજી અક્ષરો લખ્યા છે તે ઉપરથી અંગ્રેજી ભણો છો એમ અનુમાન થાય છે. પણ પરમકૃપાળુદેવનાં વચનોમાં વધારે કાળજી રાખી વિચાર કરવાની મહેનત કરશો તો અંગ્રેજી પાછળ મહેનત કર્યા કરતાં વધારે લાભ થશે તે સહજ જણાવું છું. હાલ પત્રાંક ૨૦૦ વારંવાર વાંચી મુખપાઠ કરશોજી તથા પત્રાંક ૨૬૨ પણ મુખપાઠ કરશો તો આત્માને હિત થાય તેવાં તે વચનો છે. તે હાલ નહીં સમજાય તોપણ યોગ્યતા આવ્યે આગળ ઉપર બહુ લાભકારી નીવડશે. જેમ શિયાળામાં

વસાણું મેથીપાક વગેરે ખાધેલો આખા વર્ષમાં બળ આપે છે, તેમ તે વચનો જીવતાં સુધી કામ આવે તેવાં છે તો કાળજી રાખી મોઢે કરી રોજ બોલતા રહેવા વિનંતિ છેજી.

---

૧૫૭ અગાસ, તા. ૧૯-૪-૩૯
ચૈત્ર વદ ૦)), બુધ, ૧૯૯૫

અલ્પ આરંભ આદરે રે અલ્પ પરિગ્રહવંત રે — ગુરુજીને વંદીએ રે,
ન્યાયયુક્ત આજીવિકા રે પ્રાપ્ત કરે વ્રતવંત રે ,, ,,
સુશીલ શ્રમણ ઉપાસતાં રે સુણે સંત-ઉપદેશ રે ,, ,,
જીવ-અજીવને ઓળખે રે ધરે ન શંકા લેશ રે ,, ,,
વળી નિર્જરા કારણે રે શુભક્રિયા સ્વાધ્યાય રે ,, ,,
સદ્ગુરુ-આજ્ઞાએ કરે રે ધ્યાનાદિક ઉપાય રે ,, ,,
પ્રવચન સૌ વીતરાગનાં રે માને તે નિઃશંક રે ,, ,,
સમકિત-ઔષધિ-વાસના રે ઊતરી હાડ પર્યંત રે ,, ,,
સ્વરૂપ સમજે મોક્ષનું રે નિઃસ્પૃહી ને અસહાય રે ,, ,,
દેવાદિકથી નહીં ચળે રે સત્ શ્રદ્ધાથી જરાય રે ,, ,,
(પ્રજ્ઞાવબોધ – ૨૬)

આપને ત્યાં પણ સત્સંગના અભાવે ગોઠતું નથી એમ પત્રથી જાણ્યું. ક્ષેત્ર–ફરસના પ્રમાણે જીવને જવું; રહેવું, વિચરવું થાય છે, પણ આર્ત્તધ્યાન કોઈ કારણે ન વર્તે તેની કાળજી મુમુક્ષુજીવ કરે છેજી. ઘણી વાર પ. પૂ. પ્રભુશ્રીજી સભામાં પ્રશ્ન પૂછતા: 'સમકિતી જીવ શું કરે?' બધાને પૂછી પછી ઉત્તર આપતા કે 'સમકિતી જીવ સવળું કરે છે.' ગમે તેવા સંજોગોમાં આવી પડે તોપણ તેને સવળું કરતાં તેને આવડે છે. તેની પાસે એવી કોઈ રમત છે કે કર્મ-બંધનાં કારણોમાં પણ તે છૂટે છે, કારણ કે તેની દૃષ્ટિ ફરી છે.

"હોત આસવા પરિસવા, નહિ ઇનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહ." શ્રીમદ્ રાજચંદ્ર

સ્ત્રીને જોઈને સંસારી વિષયલંપટી જીવને મોહ થાય, તે ગાઢ કર્મ બાંધે; ત્યાં જ્ઞાનીને તે જોઈને વૈરાગ્ય થાય છે. શિવાજી છત્રપતિ મહારાષ્ટ્રના ભક્તરાજા વિષે કહેવાય છે કે એક વખતે લૂંટમાં ધનમાલ, ઘોડા તથા સ્ત્રીઓ વગેરે જે પકડાયાં હતાં તે કચેરીમાં હાજર કર્યાં ત્યારે એક રૂપવંતી બાઈ પકડાઈ હતી. તેના સામું શિવાજી થોડી વાર જોઈ રહ્યા પછી બોલ્યા કે મારી મા જીજીબાઈ પણ આવી જ હતી. તે સાંભળી સર્વ સામંતો આશ્ચર્ય પામી બોલી ઊઠયા કે અહો! આપણાં ધન્યભાગ્ય છે કે આવા પવિત્ર નાયક આપણે માથે છે. મોગલ રાજાઓને હાથે આવું સ્ત્રીરત્ન ચઢયું હોય તો તે જનાનામાં મોકલી રાણી બનાવત અને ભોગમાં મગ્ન થાત. પણ શિવાજીએ તેને તેના પતિને ત્યાં ભેટ સાથે પાછી મોકલાવી, એમ કહેવાય છેજી. આ દૃષ્ટાંત ઉપરથી સત્પુરુષના શિષ્યને ઘણું વિચારવાનું છે કે બંધન કરાવે તેવાં જગતનાં કારણો તો ચારે બાજુ ઘેરીને રહ્યાં છે, તેમાંથી બચવાનું સાધન એક સત્પુરુષે કરેલી આજ્ઞા, સ્મરણ,

વૈરાગ્ય, બોધની સ્મૃતિ આદિ છે. તે સાધનને જીવ જો પ્રમાદને લઈને ન વાપરે તો કર્મબંધ થતાં વાર ન લાગે તેવા સંજોગો આ કાળમાં જીવની ચારે બાજુ ગોઠવાયેલા છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી બાળકનું દૃષ્ટાંત આપતા કે ભાણામાં ખાવાનું પીરસી બાળકની મા તેને લાકડી બતાવી પાણી ભરવા જાય ત્યારે કૂતરા ઘરમાં પેસી તેના ભાણામાંથી ખાઈ જાય અને બાળક રડયા કરે પણ આપેલી લાકડી સંભારે નહીં તો કૂતરા ખસે નહીં, ને જો લાકડી ઉગામે તો ઊભા રહે નહીં. તેમ મળેલાં સાધનનું માહાત્મ્ય રાખી જ્યાં હોઈએ ત્યાં જે નવરાશનો વખત મળે તે સત્પુરુષનાં વચન વાંચવા, ગોખવા, વિચારવામાં કે ભક્તિભજન સ્મરણમાં ગાળવાની ટેવ પાડીએ તો સત્પુરુષની પેઠે સત્પુરુષના આશ્રિતને પણ બધું સવળું થાય. પણ પ્રમાદ છોડીને કરવું જોઈએ.

ત્યાં વધારે વખત ભક્તિ વગેરે માટે મેળવવો હોય તો મળે એવો સંભવ ખરો. અને જેમ આબુ વગેરે એકાંત સ્થળો હોય તેવા અજાણ્યા સ્થળે લોકોને રાજી રાખવા બહુ ખોટી થવું ન પડે વગેરે કેટલાક લાભો પણ છે. તે યથાપ્રારબ્ધ ત્યાં રહેવાનું થાય ત્યાં સુધી જાણે નિવૃત્તિ અર્થે કોઈ પર્વત પર ગયા હોઈએ તેમ કામ પહોંચે ત્યાં સુધી કામ ને નવરાશે ધર્મ-પ્રવૃત્તિમાં ચિત્ત રોકવાનો કઠણ અભ્યાસ કરવા કમર કસી તૈયાર થાઓ તો જેટલું અઘરું લાગે છે તેટલું સવળું થવાનો સંભવ છે. પછી આપ અવસરના જાણ છો. જેમ આત્મહિત એકંદરે વધારે થતું જણાય તેમ સરવાયું કાઢી તપાસીને પગલું ભરવું યોગ્ય છેજી. ૐ શાંતિઃ

---

૧૫૮

અગાસ, તા. ૨૦-૪-૩૯
વૈશાખ સુદ ૧, ગુરુ, ૧૯૯૫

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુના યોગબળે પરમ શાંતિનું કારણ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દીન દાસ બાળ ગોવર્ધનના જય સદ્‌ગુરુવંદન સહ આત્મભાવે નમસ્કાર સ્વીકારવા વિનંતી છેજી. આપે પત્રમાં જણાવ્યું છે તેમ સંસાર દુઃખરૂપ છે, જન્મ-જરા-મરણ, આધિ (મનનાં દુઃખ), વ્યાધિ, ઉપાધિથી ભરેલો છે. ચોરાશી લાખ જીવયોનિમાં અનાદિકાળથી આ જીવ ભટકતો આવ્યો છે પણ હજી થાકયો નથી. કારણ કે દારૂડિયાની પેઠે દારૂથી નુકસાન થાય છે છતાં તે પીતી વખતે આનંદ માને છે, તેમ કર્મવશ જીવ પોતાનું ભાન ભૂલી બીજી તુચ્છ વસ્તુઓમાં રાજી થઈ જાય છે. અનાદિકાળથી જીવ ખા ખા કરતો આવ્યો છે પણ ખાવા બેસે ત્યારે જાણે કોઈ કાળે ખાધું ન હોય તેમ દુકાળિયાની પેઠે ખાવામાં તન્મય થઈ જાય છે અને સ્મરણ કે ભગવાનને ભૂલી જાય છે. માટે જેને ભગવાન્ પ્રત્યે સદ્‌ગુરુકૃપાથી પ્રીતિ થઈ છે અને ભગવાનનું શરણ ગ્રહણ કર્યું છે તે જીવે તો હવે વારંવાર મરણને સંભારી બીજી વાતોમાંથી મનને ખેંચી લઈ સ્મરણ, ભક્તિ, વાચન, વિચારમાં જોડી રાખવાનો અભ્યાસ કરવા લાયક છેજી.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા કે નાનું બાળક દિશાએ જઈ હાથ તેમાં ઘાલી રમે છે, તેની મા 'છી છી' કહે તો ત્યાંથી હાથ લઈ લે, વળી પાછું તેમાં રમવા જાય છે. એ તેની અણસમજ અને બાળકબુદ્ધિ છે. મોટું થયા પછી સામું જોવું પણ તેને

ગમતું નથી, કેમ કે તેની સમજણ ફરી ગઈ. તેમ સંસારનાં સુખોમાં જીવ અજ્ઞાનને લીધે રાજી થાય છે; સદ્ગુરુનો બોધ થતાં મન જરા પાછું પડે પણ જ્યાં સુધી ઘણા બોધે કરી દૃષ્ટિ ફરી નથી ત્યાં સુધી પાછા તે સુખોમાં મન લબદાઈ જાય છે. પણ સમ્યક્‌દર્શન કે આત્માનો અનુભવ જેને થાય છે તેને એ સુખો વિષ્ટામાં રમવા જેવા લાગે છે, તેથી તે તરફ જોવાનું પણ તેમને મન થતું નથી. માટે સત્પુરુષનાં વચનો, તેમણે કરેલો બોધ વારંવાર વિચારી આત્માને શિખામણ આપતા રહેવું કે "હે જીવ! જો આવો મનુષ્યભવ પામીને પણ હવે પ્રમાદ કરશે, સદ્ગુરુની આજ્ઞામાં, ભક્તિમાં, તેનાં વચનોમાં, પરમાત્મસ્વરૂપ એવા પરમ પુરુષમાં ભાવ નહીં રાખે અને સંસારમાં ને સંસારમાં વૃત્તિ રહી તો લખ ચોરાશીના ફેરામાં તારી શી વલે થશે? આ ભવમાં આટલાં દુઃખ આકરાં લાગે છે તો નરક આદિ ગતિમાં રઝળતાં આવો ધર્મ કરવાનો જોગ ક્યાં મળશે? માટે હે જીવ! પ્રમાદ છોડી, સદ્ગુરુએ અનંતકૃપા કરી આપેલા સાધનને રાતદિવસ ઉપાસવા પુરુષાર્થ કર, તો કંઈક નિવેડો આવે અને મોક્ષમાર્ગનાં સાધન સુલભ થઈ કલ્યાણ થાય." એમ પોતે પોતાને શિખામણ આપી ચેતતા રહેવાય તો વૈરાગ્ય, ભક્તિ આદિ વડે જીવ શાંતિ પામે.

મનને વીલું મૂકવા જેવું નથી. નવરો બેઠો નખોદ વાળે તેમ નવરું મન રહે તો ખોટા ખોટા વિચારોમાં તણાઈ જાય, માટે સ્મરણમંત્રનો તાર તૂટવા દેવો નથી એવું નક્કી કરી હવે તો મંડી પડવું અને મરણ સુધી તે અવલંબન છોડવું નહીં. તેથી સમાધિમરણ થાય છે એમ પ. પૂ. પ્રભુશ્રીજી પાસેથી સાંભળ્યું છેજી. મંત્ર છે તે આત્મા જ છે. તેથી આત્માર્થીએ તે ભૂલવા યોગ્ય નથીજી. વધારે શું લખું? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૫૯ અગાસ, તા. ૧૯-૫-૩૯
વૈશાખ વદ ૦)), શુક્ર, ૧૯૯૫

હરિગીત—લૌકિક દૃષ્ટિ દૂર કરી શ્રી રાજચંદ્ર ગુરુ સ્મરું;
તે પદ અલૌકિક ઓળખીને નમન નિત્ય કર્યા કરું. (પ્રજ્ઞાવબોધ-૨૮)

પ્રારબ્ધાધીન જ્યાં રહેવું થાય ત્યાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવેલ આજ્ઞા ઉપાસ્યા કરવી. પરમકૃપાળુદેવ હાજરાહજૂર છે એમ તેઓશ્રી વારંવાર બોધમાં કહેતા હતાજી. પરમકૃપાળુદેવ હું જે કરું છું, ભક્તિ આદિમાં પ્રવર્તું છું કે જે ભાવ કરું છું તે જાણે છે. તેમનાથી કંઈ અજાણ્યું નથી. મારે શ્રદ્ધા પ્રતીતિ વર્ધમાન કરવી છે એ ભાવ રાખી અવકાશનો કાળ નકામો વહ્યો ન જાય તેમ વર્તવા યોગ્ય છેજી. ભગવાને કહેલા ભાવમાં પ્રવર્તાય તેટલો આનંદ માનવા યોગ્ય છે. પારકી પંચાત ઓછી કરી સત્પુરુષનાં વચન સત્પુરુષતુલ્ય સમજી તેનું વાંચન, વિચાર, ભાવના, વિનય, ભક્તિ આદિ કરતાં જીવને સમ્યક્‌દર્શન થવાનું કારણ બને છેજી.

જેમ નામું રોજ લખવું પડે છે તેમ જતા દિવસનો ભાવસંબંધી હિસાબ (૧૮ પાપસ્થાનક આદિની દિવસનાં કાર્યો સંબંધી તપાસ) જરા ખોટી થઈને કરતા રહેવા ભલામણ છેજી. રોજ રોજ દોષ જોવાની વૃત્તિ રહેશે તો તે દોષો પ્રત્યે અભાવ થઈ તેનો ત્યાગ કરવા

જીવ ઉપાય લેશે. માટે આત્માને માટે ખોટી થવું પડે તો તેમાં કંટાળવું નહીં. નિર્દોષ થવા પ્રયત્ન ચાલુ રાખવો. એ જ વિનંતિ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૬૦

અગાસ, તા. ૨૭-૬-૩૯

તત્ ૐ સત્

અષાઢ સુદ ૧૧, મંગળ, ૧૯૯૫

"પરપ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાય દિયે." —શ્રીમદ્ રાજચંદ્ર

"અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી? અને તે શું કરવાથી થાય? આ વાકયમાં અનંત અર્થ સમાયેલો છે અને તેને માટે દૃઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ ભાન થતું નથી" (૧૯૫) એમ પરમકૃપાળુદેવ લખે છે તેનો વિચાર મુમુક્ષુજીવે એકાંતમાં પોતાના આત્માને અર્થે વારંવાર કર્તવ્ય છેજી. પરમ કરુણાવંત એવા જ્ઞાનીપુરુષોએ અનેક ભવના અનુભવનો સાર એક એક વાકયમાં, એક એક શબ્દમાં આપણા માટે ભર્યો છે, તેનો લાભ લેવા જિજ્ઞાસા અને વૈરાગ્યની વૃદ્ધિ કરીએ તો આનંદનો અખૂટ ખજાનો જ્ઞાનીપુરુષની કૃપાદૃષ્ટિએ પ્રાપ્ત થાય તેમ છે. બાગમાં જઈએ તો સહજ સુગંધ મળે છે, પણ તેટલું ચાલીને ત્યાં જવું જોઈએ અને તે જાતનો જેમ શોખ હોય તો આનંદ આવે છે; મજૂરને બાગમાં કામ કરવાનું હોય તો પણ તે જાતની રુચિ અને શોખ નથી તેથી આનંદ નથી માનતો, તેમ સત્પુરુષોની કૃપાને પાત્ર થવા વૈરાગ્ય, ઉપશમ, ભક્તિની જરૂર છે. પરમાર્થની જિજ્ઞાસા જેને ઉત્પન્ન થઈ છે; જન્મ, જરા, મરણ, રોગાદિનો જેને ભય લાગ્યો છે; ફરી નથી જન્મવું એવી જેની અભિલાષા છે; સત્પુરુષનાં દર્શન, સમાગમ, બોધ અને સ્મરણ આદિ અમૂલ્ય દુર્લભ સામગ્રી જેને પ્રાપ્ત થઈ છે તેવા જીવે હવે વિચારવું ઘટે છે કે મરણ વખતે આ બધું લૂંટાઈ જનાર છે, તો તે પહેલાં મળેલી સામગ્રીનો વધુમાં વધુ સારો ઉપયોગ કેવી રીતે કરવો કે જેથી શાશ્વત મોક્ષસુખ પામવા આપણે વહેલામોડા ભાગ્યશાળી થઈએ. કોઈક વખતે આવા વિચાર આવે તે બહુ કાર્યકારી થતા નથી; જેમ વરસાદ એક વખત થાય તેથી પાક થતો નથી. પણ વારંવાર જોઈએ ત્યારે વરસાદ આવતો રહે તો અનાજ સારું પાકે છે; તેમ વારંવાર આત્મવિચાર કરવાથી આત્મસિદ્ધિ થાય છે.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી 'તત્ત્વજ્ઞાન' આપતી વખતે પોતાને હાથે લાલ સીસાપેનથી પોતાના હસ્તાક્ષરોથી જીવને કરવા યોગ્ય, વિચારવા યોગ્ય આખા જીવનના ભાથારૂપ કંઈ કંઈ બોલો લખી આપતા, તે આપની પાસે તત્ત્વજ્ઞાન કે વચનામૃતમાં તેઓશ્રીએ કંઈ લખી આપેલ હોય તે વારંવાર વિચારી તે ભાવમાં આત્માને પ્રેરવા પુરુષાર્થ કરશો તો જીવન-સફળતાનો માર્ગ સરળતાથી મળે તેવા ચમત્કારી બોલો પોતે લખતા તે યાદ દેવરાવવા આ પત્ર લખેલ છેજી. દેહને માટે ઘણી કાળજી રાખી છે, રાખીએ છીએ, પણ આત્માને માટે તેથી અનંતગણી કાળજી રાખવા પરમકૃપાળુદેવની આજ્ઞા છે તે ન વીસરી જવાય તેટલી દાઝ રાખવી ઘટે છેજી. સર્વ મુમુક્ષુને એ જ કર્તવ્ય છે કે સત્પુરુષની આજ્ઞા પ્રેમપૂર્વક ઉપાસવી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક. – 'સદ્‌ગુરુપ્રસાદ' પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ સમાધિમરણનું કારણ જણાવ્યું છે તો તેમાંનાં ચિત્રપટ, પત્રો વગેરે પ્રત્યે ખાસ લક્ષ રાખશોજી અને મરણ પ્રસંગે તે ચિત્રપટનાં દર્શન ભાવિક મુમુક્ષુને કરાવવા ભલામણ છેજી.

---

૧૬૧ અગાસ, તા. ૨૮-૬-૩૯

તત્ ૐ સત્ અષાડ સુદ ૧૨, બુધ, ૧૯૯૫

"આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ.
ઊપજે મોહવિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર." (૯૫૪)

આપનો પત્ર તા. ૧૫મી જૂનનો લખેલો ગઈ કાલે હું દક્ષિણ હિંદની યાત્રાથી આવ્યો ત્યારે મળ્યો. વાંચી આપની ભાવના તથા મન શાંત થવા વિષે જાણવાની જિજ્ઞાસા જાણી છેજી. એ પ્રશ્ન મૂંઝવણવાળો છે. તેનો ઉકેલ મહાપુરુષોએ આણ્યો છે અને પરમ શાંતિ પદને પામ્યા છે. પરમકૃપાળુદેવે પોતાના છેલ્લા કાવ્યની ઉપર મથાળે ટાંકેલી કડીઓમાં માર્ગ જણાવ્યો છે. તેનો સાર એ છે કે દેહાદિ પદાર્થો પ્રત્યેનો મોહ મનની અસ્થિરતાનું અને સંસારની ઉત્પત્તિનું કારણ છે. તે મોહ દૂર કરવા આત્મદૃષ્ટિની જરૂર છે. તેનું કારણ સત્પુરુષના "ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય છે; અને જેને તે સમજાય છે તેને મન વશ વર્તે છે; વશ ન વર્તતું હોય તોપણ તે આત્મસ્વરૂપને વિષે જ વર્તે છે." (૩૭૩) એમ પરમકૃપાળુદેવે પોતે કહેલ છે. વળી લખે છે:

"देहाभिमाने गलिते विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ॥

ભાવાર્થ : હું કર્તા, હું મનષ્ય, હું સુખી, હું દુઃખી એ વગેરે પ્રકારથી રહેલું દેહાભિમાન, તે જેનું ગળી ગયું છે, અને સર્વોત્તમ પદરૂપ પરમાત્માને જેણે જાણ્યો છે, તેનું મન જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેને સમાધિ જ છે." (૨૨૩)

એ આદિ માર્ગ મહાપુરુષોએ દર્શાવ્યા છે તે દેહદૃષ્ટિ દૂર થયા વિના, આત્મસુખ માટે ઝૂરણા કર્યા વિના વાતો કરવાથી, લખવાથી કે વાંચી લીધાથી હાથ લાગતા નથીજી. સત્સંગ એ સર્વોપરી સાધન કહ્યું છે. તેથી ભક્તિ, વૈરાગ્ય, સમજણ, શાંતિ પ્રાપ્ત થાય છેજી. જ્યારે ત્યારે આ જીવે પોતે જ તૈયાર થઈ તે માર્ગ સર્વ પ્રકારના સંકટો સહન કરી શોધીને ઉપાસવો પડશે. દેહાદિ પ્રતિકૂળતાઓથી જીવ મૂંઝાય છે, તેથી અનંતગણી મૂંઝવણ અજ્ઞાનદશાની સાલવા લાગશે ત્યારે જીવમાં યથાર્થ વીર્ય જાગશે, અને માર્ગપ્રાપ્તિમાં મુશ્કેલીઓ જણાય તે દૂર કરી, कार्यं साधयामि वा देहं पातयामि (કાર્ય સાધું કે દેહ પાડી નાખું) એવો નિશ્ચય કરી મરણિયો બની માર્ગ પામી મોક્ષમાર્ગ આરાધશે. દેહના કટકેકટકા થઈ જાય તોપણ શ્રદ્ધા ન છૂટે, સત્પુરુષનું અવલંબન ન તજે અને મરણાંતે પણ તેણે અનંત કૃપા કરી આપેલું સ્મરણ આદિ સાધન આરાધ્યા કરે તેને અવશ્ય અજ્ઞાન દૂર થશે. લાંબા ટૂંકા કાળની ગણતરી

કર્યા વિના સહનશીલતા અને ધીરજ વડે સત્પુરુષનો માર્ગ આરાધ્યે તેની દશાને જીવ પામે છે. સાચું સાધન પામ્યા પછી પુરુષાર્થની વૃદ્ધિ કર્યા કરવી. ઘણા કાળે જે ફળ આવવા યોગ્ય છે, તેને તુરત લાવવા તેવા પુરુષાર્થની જરૂર છે. તેટલો પુરુષાર્થ બને તેમ હાલ ન લાગતું હોય તો યથાશક્તિ પુરુષાર્થ કરતા રહી ભાવના તેની જ રાખ્યા કરવી, પણ શ્રદ્ધા મંદ થવા ન દેવી એ ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક.—તમને સમાધિમરણની ભાવના છે તે જાણી હર્ષ થયો છે. સત્પુરુષે બતાવેલો માર્ગ, તેનું સ્મરણ તે સમાધિમરણનું કારણ છે અને તેનું આરાધન કરનારને અંત વખતે પણ તેવા શુભ સંયોગો મળી રહે છે. માટે નિર્ભય રહેતાં શીખવું એ જ વિનંતિ.

---

૧૬૨ અગાસ, તા. ૨૯-૬-૩૯

આપનો પત્ર મળ્યો. ભક્તિભાવ સ્વપરને હિતકારી છે. જેટલી પરમકૃપાળુદેવ ઉપર જેની શ્રદ્ધા છે તેટલો તે જીવ ભાગ્યશાળી છે. સમજણ તો પૂર્વે જ્ઞાનાવરણીય કર્મ દૂર કરવા કરેલા પુરુષાર્થને આધારે હોય છે, પણ દર્શનમોહ દૂર થઈ શ્રદ્ધા થવામાં ભાવની પ્રાધાન્યતા છે. તે ભાવ સર્વ કરી શકે તેમ છે. બાઈ, ભાઈ, ભણેલા, અભણ, ગરીબ, ધનવાન, બ્રાહ્મણ કે પતિત, ગમે તે શ્રી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનું શરણ ગ્રહણ કરી મરણ સુધી ધારે તો ટકાવી શકે તેમ છે. આવો અપૂર્વ યોગ આ મનુષ્યભવમાં મળી આવ્યો છે તે ચૂકવા જોગ નથી. ખરી કમાણી કરવાની મોસમ આ મનુષ્યભવ છે તેમાં પ્રમાદ કર્ત્તવ્ય નથી. પ્રમાદથી મળેલો લાભ પણ જીવ ખોઈ બેસે છે. માટે જેટલો વખત બની શકે તેટલો વખત ભક્તિ-ભાવનામાં ગાળવા યોગ્ય છેજી. કામ કરતાં છતાં ભાવના ભગવાન પ્રત્યે રાખવાની ટેવ રાખી હોય તો તે બની શકે તેમ છે. રુચિ, પ્રેમ, પ્રતીતિ જેટલી હશે તેટલા પ્રમાણમાં મન વારંવાર શ્રી સદ્ગુરુ પ્રત્યે જશે, અને તે મહાજ્ઞાની પુરુષના આશ્રિતે કેમ વર્તવું તેનું શિક્ષણ તે પામતું જશે. ૐ શાંતિઃ શાતિઃ શાંતિઃ

---

૧૬૩ અગાસ, તા. ૩-૭-૩૯, સોમ

અનુષ્ટુપ — કાયાની શુદ્ધિ પાણીથી, જળ-જીવો હણાય જ્યાં;
બ્રહ્મચર્ય સુતીર્થે જા, ધર્મસ્નાન ગણાય ત્યાં. (પ્રજ્ઞાવબોધ – ૫)

આશ્રમમાં જેમ ભક્તિ, શાંતિ અને સત્સંગનો યોગ છે તેવું બીજે બધે દૂર હજારેક માઈલ (દક્ષિણની યાત્રામાં) જઈ આવ્યા પણ જણાયું નથી. પરમકૃપાળુદેવની પરમ નિષ્કારણ કરુણાથી આપણને અપૂર્વ માર્ગ દર્શાવનાર પરમકૃપાળુ શ્રી પ્રભુશ્રીનો યોગ થયો છે તે સમાન બીજું કયાંય જગતમાં જણાતું નથી. આપણે યોગ્યતા વધારી તે સત્પુરુષે પ્રકાશેલા માર્ગનું આરાધન અહોરાત્ર કરતા રહેવાની જરૂર છેજી. તેમાં પ્રમાદને વશ થયા તો ભવ હારી જવા જેવું છેજી. કોઈ ભવમાં નહીં મળેલો તેવો યોગ સફળ કરવાનો લાગ આવ્યો છે તે વહી જવા દેવો ન જોઈએ. ઉપશમ વૈરાગ્ય વધારી આત્માની દયા લાવી તેનું પરિભ્રમણ ટાળવું જ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૬૪ અગાસ, અષાડ વદ ૩, મંગળ, ૧૯૯૫

"વીતરાગ શાસન વિષે, વીતરાગતા હોય;
જહાં કષાયકી પોષણા, કષાય-શાસન સોય."

"આત્માર્થે કરીએ ખામના, સબ દોષ પાપ હો જાય ફના – આત્માર્થે૦"–(રત્નરાજ)

"દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય." — શ્રીમદ્ રાજચંદ્ર

પરમકૃપાળુદેવને આપણે શા માટે ભજીએ છીએ? મોક્ષને માટે કે બીજા કોઈ હેતુએ? મોક્ષની ઇચ્છા જેને હોય તે મુમુક્ષુ અને સાચા મુમુક્ષુમાં શો ફેર હશે? સાચા મુમુક્ષુના હૃદયમાં કેવા ગુણો હોવા જોઈએ? એમાંનાં કયા ગુણો ખાસ કરીને આપણામાં નથી? અને તે પ્રાપ્ત કરવા શું કરીએ છીએ? પરમકૃપાળુદેવનું નામ જગતમાં આપણે દીપાવવું છે કે વગોવાય તેવું આચરણ કરવું છે? અત્યારની આપણી પરસ્પર એકબીજા મુમુક્ષુ પ્રત્યેની લાગણીઓ માનભરી છે કે કુસંપવાળી છે? તેનું ફળ આગળ જતાં કેવું આવશે? હવે આપણે કેમ વર્તવું? આ અને આવા જરૂરના જણાય તેવા પ્રશ્નો પરસ્પર મુમુક્ષુભાઈબહેનો એકઠા થાઓ ત્યારે વિચારી કંઈક આત્મહિત થાય તેવે રસ્તે અવાય તે સ્વપરને ઉપકારક છે એમ જાણી આ બોલો લખ્યા છે તેનો વિચાર કરી કોઈ નિકાલ આણવા સાચા દિલથી ભાવના રાખશો તો હિત થવા સંભવ છેજી. નહીં તો મમત અને તાણાખેંચમાં કોઈ રીતે ધર્મ નીપજે એવી કોઈ કાળે આશા રાખવી વ્યર્થ છે. આપનામાંથી કોઈનું દિલ દુભાય તેમ લખાયું હોય તેની ક્ષમા યાચી વિરમું છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૬૫ અગાસ, તા. ૨૨-૭-૩૯

હરિગીત — ભવ ભવ વિષે વિષયો વિષે આસક્ત બની હું બહુ ભમ્યો,
નર ભવ મળ્યો તો યે ન તેથી છૂટીને જીવ વિરમ્યો;
ભૂલ કેટલી મારી કહું? ઇન્દ્રાદિ પદ નહિ તૃપ્તિ દે,
તો અલ્પ આયુ, તુચ્છ સુખ માટે ન સમજું ચિત્ત દે.

આપના બન્ને પત્રો મળ્યા છેજી. આપને દૂર રહ્યાં પણ ભક્તિભાવનો રંગ લાગેલો છે તે પત્રમાં પણ જણાઈ આવે છેજી. જીવનની અમૂલ્ય ઘડી જે પ. ઉ. પ્રભુશ્રીજીનાં દર્શન-સમાગમમાં, બોધમાં ગઈ છે તે સોનેરી પળોને વારંવાર યાદ કરી તેમણે મુખપાઠ કરવા, ભક્તિ કરવા, સ્મરણ કરવા જે જે કહ્યું હોય તે રોજ ઉલ્લાસભાવે કરવાથી જીવનું કલ્યાણ જરૂર થશે. પ્રમાદ કર્તવ્ય નથી. છોકરાં, છૈયાં, ધન, ઘરેણાં, કપડાંલત્તાંમાં જીવ બહુ નહીં પરોવતાં, મારે તો આ ભવમાં ભગવાને આત્માર્થે જે માન્ય કરવા કહ્યું હોય તે ભૂલું નહીં. મંદવાડમાં, મેળામાં, ઘેર કે પરગામ, સૂતાં, બેસતાં, ઊઠતાં, હરતાં-ફરતાં મંત્રનું સ્મરણ વારંવાર જીભ ઉપર રાખી હૃદયને ભગવાનની ભક્તિમાં જોડી રાખવાથી સમાધિમરણનું કારણ બનશેજી. જીવનો સ્વભાવ જે નિમિત્ત મળ્યું તેમાં તન્મય થઈ જવાનો છે તે ટેવ બદલાવી, જ્ઞાનીએ કહ્યું છે તેવો આત્મા મારો છે, મેં જાણ્યો નથી પણ મારે જ્ઞાનીએ જાણેલો – અનુભવેલો આત્મા માન્ય છે, તે સિવાય

મને મરણ વખતે કંઈ ન સાંભરે, મારું નથી તે મારું મારું કરીશ તોપણ અહીં પડયું રહેશે અને ખોટી ગતિમાં ભટકવું પડશે માટે આજથી ટેવ એવી પાડી મૂકું કે જ્ઞાનીએ અનુભવ્યો છે તેવો મારો આત્મા છે. તેની કાળજી પળે પળે રાખું, તેને માટે સદાચરણ, સત્સંગ, ભક્તિ કરું, પણ સંસારનાં સુખ ન ઇચ્છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૬૬ અગાસ, તા. ૭-૮-૩૯

તત્ ૐ સત્ પ્ર. શ્રાવણ વદ ૮, મંગળ, ૧૯૯૫

"આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ." (૯૫૪)

આપના બન્ને પત્રો મળ્યા છેજી. પ્રથમ પત્રનો પ્રશ્ન સમજાયો નથી. માત્ર તમે ઉદાર વૃત્તિને લઈને યથાશક્તિ દાન કરો છો એટલું જણાવ્યું છે. તેમાં શંકા જેવું કે પ્રશ્ન જેવું શું છે તે સમજાતું નથી. શુભ ભાવ છે તે અશુભ ભાવ કરતાં કોઈ અપેક્ષાએ સારો છે. તડકા કરતાં છાયામાં ઊભા રહેવું ઠીક છે એમ સૌને સમજાય છે. પણ જ્ઞાનીનો માર્ગ કોઈ જુદો જ છે. તડકો અને છાંયો જેને સમ થઈ ગયા છે; એક પગને કોઈ વાંસલાથી કે કુહાડાથી કાપતો હોય અને બીજે પગે કોઈ ચંદનનો લેપ લગાવતો હોય તો તે બન્ને પ્રત્યે સમદૃષ્ટિ રાખવી એ જ્ઞાનીનો માર્ગ છે. આચારાંગમાં 'વિમોક્ષ' નામના આઠમા અધ્યયનમાં સમાધિમરણની વાતનો વિસ્તાર છે, તેમાં ટીકાકાર લખે છે કે મુનિ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી, ગામ, શહેર, બજાર, ખેતર, પરું, નગર, પાટણ વગેરે સ્થળે ફરીને સંથારાને યોગ્ય નિર્જીવ ઘાસ માગી લાવી, જંગલમાં નિર્જીવ કે અલ્પ જીવાકુલ જમીન જોઈ, સ્થંડિલ વગેરે તપાસી, સંસ્તર ઉપર બેસી, સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી, ફરી પંચમહાવ્રત વગેરે નિયમોનું ઉચ્ચારણ કરી ભક્તપ્રત્યાખ્યાન કરે. પછી શિયાળ, કીડીઓ, વીંછી, પક્ષી, ગીધ વગેરે ઉપસર્ગ કરે તેમને ખસેડે નહીં, માખી વગેરે ઉરાડે નહીં અને સર્વ દુઃખને સંતોષથી, સહનશીલતાથી ખમે. વિશેષમાં લખે છે કે અમૃતનો આહાર કરતાં આનંદ થાય તેવો આનંદ માને; મરણને ઇચ્છે નહીં, જીવવાની પણ વાંછા રાખે નહીં. કહો કેવી સમતા! તેને પરમાનંદ સ્વરૂપનું પ્રત્યક્ષ ભાન થયેલું હોવાથી આત્માનું નિરાકુળ સ્વરૂપ-સુખ તે અનુભવે છે.

સમભાવ જેના હૃદયમાં ખડો થાય તેને સુખદુઃખ, ઇષ્ટઅનિષ્ટ, શત્રુમિત્ર, માનઅપમાન, પારકું પોતાનું, લાગવગ, પ્રીતિ અપ્રીતિ સર્વ વિકલ્પો શમાઈ જાય છે. માથા ઉપર સૂર્ય સીધી લીટીએ ઊંચે તપતો હોય ત્યારે પૃથ્વી, માથું અને પગ એક સમદિશામાં, સમદેશમાં આવે છે ત્યારે છાયા (શરીરનો પડછાયો) પગમાં પેસી જાય છે, સમાઈ જાય છે; તેમ આત્મા, પરમાત્મા અને સદ્ગુરુકૃપાની એકતા કે સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતારૂપ સમભાવ કે સ્વભાવમાં પ્રવેશ થાય ત્યાં મનનું સ્વરૂપ જે સંકલ્પ-વિકલ્પ કરવાનું તે દૂર થઈ જાય છે, અથવા સંકલ્પ-વિકલ્પો શમાઈ જાય ને નિર્વિકલ્પ પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સહજસ્વરૂપે પ્રકાશે. આવી અનંત કૃપા કરી જ્ઞાનીપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર પરમકૃપાળુદેવે એક દોહામાં સાગરને ગાગરમાં સમાવે તેમ પરમ રહસ્ય, મોક્ષનું સાક્ષાત્ કારણ, ચૌદપૂર્વના સારરૂપ પોતાના છેલ્લા

કાવ્યમાં, દેરાસર ઉપર પૂર્ણ કળશ ચઢાવે તેમ પરમ મંગળરૂપ સર્વોપરી ઉપદેશ તેમાં સંક્ષેપે કહ્યો છે, તે આ પામર પૂરી રીતે સમજવા શક્તિમાન નથી તો નકામું થૂંક ઉરાડી બીજાને સમજાવવાનું અભિમાન કરું એ જ મારી ક્ષુલ્લકતા છે. પણ તે રહસ્ય આ આત્મામાં નિરંતર રહો, એ અભિલાષા છેજી.

"જહાં કલ્પના જલ્પના, તહાં માનું દુઃખ છાંઈ,
મિટે કલ્પના જલ્પના, તબ વસ્તુ તિન પાઈ." (હા. નોં. ૧-૧૨)

તા. ક. – તમારા પત્રથી એક ભાઈ દક્ષિણ નિજામ રાજ્યમાંથી આવ્યા છે. એક વખત મને મળેલા છે અને તેનામાં જે ભરેલી કલ્પનાઓ તેનો ધૂપ કરી ગયો હતો. કાણાને કાણો કહેવો ઠીક નથી. તેના પ્રારબ્ધમાં ભલું થવાનું હશે તો તેને તેનો દોષ ખૂંચશે અને કાઢવા પ્રયત્ન કરશે. માર્ગ શોધશે અને પામશે. પરમકૃપાળુદેવનું અનન્ય શરણ આ ભવમાં પામવું મહામુશ્કેલ છે. ઘણા પુણ્યનો ઉદય જોઈએ છીએ. જે સંસારમોહ અને કલ્પનાઓથી થતા જન્મમરણનો ત્રાસ પામ્યા છે અને સત્પુરુષના દાસાનુદાસના ચરણકમળની રજ જેવો નિર્માલ્ય થઈ પડી રહેવાનો જેનો નિશ્ચય થાય તે સત્‌ને પાત્ર થાય અને સત્સંગયોગે પરમાર્થ–ભાવનાનું પોષણ પામે, પણ આ કાળ કલ્પનાઓને પોષે અને અહંભાવમાં આંજી નાખે તેવો છે. તેના પંજામાંથી છૂટવું મહામુશ્કેલ કામ છે. ડાહ્યા થવા જેવું નથી. નીચી મૂંડી રાખી લઘુતા રાખી સત્શીલમાં વર્ત્યા જવા જેવું છેજી. એ જ વિનંતિ.

---

## ૧૬૭

અગાસ, તા. ૪-૯-૩૯

દોહો — જ્ઞાનીની આજ્ઞા વિષે, વર્તે તે સુખી થાય,
મોક્ષમાર્ગમાં તે ટકે, એ જ અચૂક ઉપાય.

આપે પત્રમાં વ્રત વિષે જણાવ્યું છે કે પરમકૃપાળુદેવ સમક્ષ છ માસનું વ્રત લીધું છે, તે દૃઢતાથી પાળવા ભલામણ છેજી. ભાવ પોષવા, દૃઢ કરવા અને પાત્રતા પામવા માટે વ્રત-નિયમ આત્માર્થે કર્તવ્ય છેજી. ત્યાગવૈરાગ્ય વધે તેવું વાચન, વચનામૃત, સમાધિસોપાન, ભાવનાબોધ આદિ વાંચતા રહેશોજી.

બીજું સહર્ષ જણાવવાનું કે ધામણમાં મંદિરની જગા સંબંધી બે પક્ષ પડી ગયા હતા તેનું સમાધાન થઈ ગયું છે. પૂ. કાળુભાઈ આદિએ પૂ. ગોકળભાઈ આદિને બધી વ્યવસ્થા કરવાનું સોંપી દીધું છે અને બધા એકમત થઈ ગયા છે. આ પર્યુષણપર્વ ઉપર તે આવી શકશે તો બેચાર ટ્રસ્ટી વગેરેની સલાહથી જગ્યા સંબંધી નક્કી થશે તે પ્રમાણે કામ શરૂ થશે. વટામણ મંદિર સંબંધી હજી કંઈ વ્યવસ્થિત કામ થયું નથી. તે લોકોએ તો જે રકમ એકઠી થયેલી તે ઇંટવાડામાં વાપરી દીધી છે અને જમીન રાખી છે પણ હજી રકમ બીજી ઊભી ન કરે ત્યાં સુધી મંદિર થાય તેમ જણાતું નથીજી. પરમકૃપાળુદેવનું યોગબળ જગતનું કલ્યાણ કરો. ધામણમાં ક્લેશનું બીજ રોપાયું હતું તે દૂર થયું તે સારું થયું. બીજું તો બધું બનનાર હશે તેમ બની રહેશે.

મનુષ્યભવ દુર્લભ છે. પ્રમાદ મોટો શત્રુ છે. ખરી કમાણી કરવાની મોસમ આ મનુષ્યભવમાં છે. જેમ વરસાદ વરસે ત્યારે ખેડૂત સો કામ પડી મૂકી વાવવા જાય તેમ આત્મહિતનું કામ જે જ્ઞાનીની આજ્ઞાએ થઈ શકે તેવું છે તેની કાળજી તેથી અનંતગણી રાખવી ઘટે છેજી. અનંતકાળ થયાં નથી બન્યો તેવો સત્પુરુષનો યોગ અને તેની આજ્ઞાની પ્રાપ્તિ થયા પછી જીવ તેની આરાધનામાં પ્રમાદ કરે તો શરમાવા જેવું છેજી. પશુ આદિ બીજા ભવોમાં સારી ભાવના કરી, આ મનુષ્યભવ મળે તેવી કમાણી કરી, સત્પુરુષનો યોગ થાય તેટલું પુણ્ય પ્રાપ્ત કરી શકયો; તો હવે આ ભવમાં તો તેથી ઘણું થઈ શકે તેવો યોગ છે. માટે હિંમત હાર્યા વિના પુરુષાર્થ કાળજી રાખીને કરતા રહેવાથી જીવનું કલ્યાણ થવા યોગ્ય છેજી. 'આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ' એમ ગણી શરીર આદિની સગવડ ઓછી કરીને આત્મહિતને આગળ કરવું ઘટે છે તથા રોજ મરણને સંભારી કરી લેવા યોગ્ય કામમાં પ્રમાદ ન થાય તે તપાસતા રહેવું ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૬૮ અગાસ, તા. ૫-૯-૩૯

"વીતરાગનો કહેલો પરમ શાંતરસમય ધર્મ પૂર્ણ સત્ય છે એવો નિશ્ચય રાખવો." (૫૦૫)

વિ. આપના ત્રણે પત્રો મળ્યા છેજી. વખતના અભાવે ઉત્તર લખી શકયો નથી. તમને પણ આગળ વાંચતાં તે પ્રશ્નોના ઉત્તર પરમકૃપાળુદેવના વચનોમાંથી મળી ગયા હશે એમ માનું છું. નહીં તો પત્રાંક ૪૪૯, ૪૨૨, ૩૭૧, ૩૮૦, ૩૮૧ અને ૩૮૨ વાંચવાથી-વિચારવાથી ઉત્તરો મળી રહેશેજી. શબ્દો નિમિત્ત માત્ર છે, ભક્તિભાવ ઉલ્લાસ પામે તે કર્તવ્ય છેજી.

ખાંનું, પત્રાંક ૩૮૮ સંબંધી ભગવદ્ગીતાનું વાકય–

"या निशा सर्व भूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥"

જગત જ્યાં સૂએ છે ત્યાં જ્ઞાની જાગે છે, જ્ઞાની જાગે છે ત્યાં જગત સૂએ છે. એ જ ભાવાર્થ પૂજ્યપાદસ્વામીએ બીજી રીતે લખ્યો છે.

"व्यवहारे सुषुप्तो यः स जागर्ति आत्मगोचरे ।
जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे ॥७८॥

બન્ને સ્થળે કહેવાનો પરમાર્થ એક જ છે કે જગતની લૌકિક દૃષ્ટિ છે અને જ્ઞાનીની અલૌકિક દૃષ્ટિ છે. બન્નેને પૂર્વપશ્ચિમ જેટલો તફાવત છે. જગતના જીવો ધન, સંસારસુખ, શરીર, પુત્રાદિની અનુકૂળતા અર્થે તનતોડ મહેનત કરી અમૂલ્ય મનુષ્યભવ ઘણા કાળે રત્ન સમાન પ્રાપ્ત થયો છે તે વ્યર્થ ગુમાવે છે. પરંતુ તે આંધળી દોડ સત્પુરુષના બોધે નહીં અટકે ત્યાં સુધી જીવ પરમાર્થમાર્ગ પ્રત્યે ઉદાસીન રહે છે એટલે ઊંઘે છે, કહો કે સૂએ છે. પણ જ્યાં જગતના જીવોની દૃષ્ટિ પણ પહોંચવી દુર્લભ છે અને જેનો સ્વપ્ને પણ તેઓ વિચાર કરતા નથી એવા શુદ્ધ આત્માની જાગૃતિ નિરંતર સત્પુરુષને વર્તે છે. "સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે." (૭૬) એક પત્રમાં પરમકૃપાળુદેવે નમસ્કાર આ પ્રમાણે કર્યો છે: "પરમ સુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે

પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર." (૮૩૩) આ દશા પ્રત્યે જગતના જીવોની દૃષ્ટિ ક્યાંથી જાય? જે ક્ષણિક વસ્તુઓમાં અંજાઈ ગયા છે તે જીવો ઘુવડ જેવા છે. તેમની સૂર્યનાં દર્શન કરવાની શક્તિ આવરણને પામી છે તેથી તે ઊંઘે છે. જ્ઞાનીને જગત સાવ સોનાનું થઈ જાય તોપણ તૃણ તુલ્ય ભાસે છે તેથી આત્મહિત ચૂકી તે પુદ્ગલનાં સુખ પ્રત્યે દૃષ્ટિ દેતા નથી. વચન અને કાયાની પ્રવૃત્તિ થતાં પણ તેનું માહાત્મ્ય તે સત્પુરુષને નથી, ચેતનપરિણતિ પ્રત્યે તે જાગ્રત છે. આત્મા માત્ર જાણવાની ક્રિયા કરે છે, દ્રષ્ટા જ્ઞાતા સાક્ષીરૂપ દશામાં જ્ઞાની જાગ્રત છે. તેનું અજ્ઞાનીને ભાન ન હોવાથી તે વિષે અજ્ઞાની આંધળો છે અથવા ઊંઘે છે. એટલે જ્યાં જ્ઞાનીનો પુરુષાર્થ પ્રવર્તે છે ત્યાં અજ્ઞાનીની દૃષ્ટિ મિચાયેલી છે, તે ઊંઘે છે, સ્વપ્નદશામાં છે, મારું તારું માની મગ્ન થઈ રહ્યો છે. "અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છપદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે એમ જો જીવ પરિણામ કરે તો સહજમાત્રમાં તે જાગ્રત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય. સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે." (૪૯૩) કેવી કૂંચી પરમકૃપાળુદેવે છપદના પત્રમાં દર્શાવી છે? ઊંડો વિચાર કરી સમજી શમાઈ જવા જેવું છેજી. શબ્દો, શબ્દો, શબ્દો મગજમાં ભરી રાખવા જેવા પણ નથી. "હે વચનવર્ગણા! તમે શા માટે અંતરાય કરો છો? પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ! અનુકૂળ થાઓ!" (હા. નો. ૨-૧૯)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૧૬૯

ૐ

અગાસ, તા. ૨૦-૯-૩૯
ભાદરવા સુદ ૭, બુધ, ૧૯૯૫

બ્રહ્મચર્ય પાળવું સહેલું નથી. જીવ નિમિત્તાધીન અત્યારે છે. અગ્નિની પાસે ઘીનો ઘડો મૂક્યો હોય તો ઘી ઓગળ્યા વિના રહે નહીં; તેમ જેને બ્રહ્મચર્યની ભાવના પોષવી છે તેણે તેવાં નિમિત્તોથી જરૂર દૂર રહેવું ઘટે છે. શ્રી ઉપદેશછાયામાં શરૂઆતમાં અને આગળ પણ ઘણું તે વિષે પરમકૃપાળુદેવે લખ્યું છે, તે વારંવાર વિચારી આ જીવની હલકી વૃત્તિઓ પ્રત્યે તિરસ્કાર નહીં છૂટે ત્યાં સુધી અનાદિનો મોહ જીવને ઢસડી ગયા વિના રહે નહીં. સમાધિ-સોપાનમાં પણ બ્રહ્મચર્ય વિષે લખાણ છે; પણ પરમકૃપાળુદેવે કહ્યું છે તેમ "સત્સંગ એ કામ બાળવાનો બળવાન ઉપાય છે." (૫૧૧). કારણ કે તેથી વિચારવૃત્તિ જાગે છે અને આ દેહનું સ્વરૂપ તથા જેના ઉપર મોહ થાય છે તેના દેહનું સ્વરૂપ ચામડિયાના કુંડ જેવું જણાયા વિના રહે નહીં. જેમ ચામડિયાના કુંડ આગળ ઉતરડેલી ચામડી, લોહી, માંસ, હાડકાં, આંતરડાં, વાળ, છાણ, મળ, મૂત્ર, પડ્યાં હોય છે તેમ આ દેહમાં પણ તે જ વસ્તુઓ ભરેલી છે અથવા જેના દેહમાં મોહ થાય છે તે દેહ પણ તેવો જ ગંદો છે. એ ભાવના વારંવાર ન થાય ત્યાં સુધી દેહ દૃષ્ટિએ ચઢે છે અને જીવ દેહ ઉપર જ મોહ કરે છે, દેહને માટે જીવે છે, દેહને દુઃખે દુઃખી અને દેહને સુખે સુખી પોતાને માની રહ્યો છે. તે માન્યતા સદ્ગુરુના બોધે ફરે અને દેહ મડદારૂપ લાગશે ત્યારે કંઈક મોહની મંદતા થશે. કોઈના કહેવાથી કે કોઈની મદદથી જીવની

વાસના પલટાતી નથી. પણ જીવ જ્યારે સદ્‌ગુરુકૃપાએ – સદ્‌ગુરુબોધે બળવાન બને છે અને મારો બધો ભવ આ દેહની વાસનાએ જ બગાડયો છે એમ ગણી, તેના પ્રત્યે અણગમો ન થાય ત્યાં સુધી કંઈ બની શકે તેમ નથી. માટે જન્મમરણથી છૂટવાની ભાવના વધાર્યા કરવી અને મરણને રોજ સંભારવું એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા હતા. આહાર સાદો, એકાંત શયન આસન, શરીરની સંભાળ બહુ ન કરવી વગેરે નવવાડ વિષે મોક્ષમાળામાં પાઠ છે તે બહુ વિચારી તે પ્રમાણે કંઈક કરવા માંડે તો અંશે અંશે બની શકે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૭૦ અગાસ, તા. ૨૦–૯–૩૯

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૭, ૧૯૯૫

આપનો ક્ષમાપનાપત્ર પ્રાપ્ત થયો છેજી. મંદિર તો જ્યાં થવાનું હતું ત્યાં જ થશે, પણ તે સંબંધી જે તકરાર કષાયનું કારણ હતું તે નીકળી ગયું તે ઘણું ઉત્તમ થયું છેજી. ત્યાંનાં બાઈ–ભાઈઓને ધીરજથી વાત કરી સમજાવશોજી અને હવે તેમનો પક્ષ કે આપણો પક્ષ એવા ભેદ રહ્યા નથી પણ ખુલ્લા દિલે બધા એક થઈ ગયા તે બળ ટકાવી રાખી પોતાની તન, મન, ધનથી યથાશક્તિ સહાય કરી મનુષ્યભવનો લહાવો લેવાનો જોગ આવ્યો છે તેમાં પાછી પાની કરવા જોગ નથીજી. ફરી ફરી આવાં ધામ બંધાતાં નથી અને આપણા આયુષ્યનો ભરોસો નથી તો જે "લીધો તે લહાવ" ગણી, જિંદગીમાં ફરી ફરી આવો પ્રસંગ બનવો મુશ્કેલ જાણી, એવો જોગ ઘર-આંગણે બની આવવાનો છે તો ઘેર બેઠા ગંગા ગણી, જેટલી શરીરથી, વચનથી, લાગવગથી કે ધનથી પોતાની બને તેટલી મદદ આપી અપાવી પોતે ભાગ્યશાળી થવું, અને બીજાને સમકિતના કારણરૂપ એવા પવિત્ર ધામમાં મદદ કરવાના ઉત્તમ કામમાં ભાગિયા બનાવવા બનતું કરી છૂટવું. તમારી કલ્પનામાં હશે તે કરતાં કામ મોટું આરંભવાનું છે અને આપણે (તે વખતમાં) આવા સુયોગમાં જ સાધનસંપન્ન અવસ્થામાં છીએ તો પરભવના ભાથારૂપ પ્રથમ મદદ કરી હોય તે ભૂલી જઈ, જાણે આજે નવા ઉત્સાહથી નવું કામ હાથ ધર્યું છે અને આપણા ઘરના કામ કરતાં તે ઘણું પવિત્ર છે માટે ઘરના કામ કરતાં તેની વધારે કાળજી રાખવા આપ સર્વે સમજુ ભાઈ–બહેનોને વિનંતી છેજી. પરમકૃપાળુદેવનું યોગબળ જગતનું કલ્યાણ કરો એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૭૧ અગાસ, તા. ૨૦–૯–૩૯

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૭, બુધ, ૧૯૯૫

આપે કાર્ડ લખ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે સુવાવડમાં બાઈ હોય તેણે ચિત્રપટ આગળ જવું યોગ્ય નથી. જેને આપણે અડતા નથી તેણે અમુક મર્યાદા સાચવવી ઘટે છે, ચિત્રપટ આગળ ન જવાય તોપણ ભાવના, મનમાં ભક્તિ ગમે ત્યારે ગમે તે અવસ્થામાં કરવા યોગ્ય છેજી.

બીજું, આપે "રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ, જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ છેદ" વિષે પુછાવ્યું અને ભેદ નહીં મળવાથી રખડવું થયું છે એમ જણાવ્યું તે યથાર્થ

છે. સત્પુરુષની ઓળખાણ દુર્લભ છે. સત્પુરુષ દેહથી ભિન્ન આત્મા છે. આત્માની ઓળખાણ વિના સત્પુરુષની યથાર્થ ઓળખાણ થતી નથી. તેને માટે જ ભક્તિ, સદ્ગુરુની ભક્તિ કહી છે. ભક્તિ કોઈ અપૂર્વ ચીજ છે, તે દ્વારા "સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!" (૪૯૩) વળી 'મૂળ મારગ સાંભળો જિનનો રે' એ પદમાં કહ્યું છે તે વિચારશોજી—

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ – મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ – મૂળ૦"

દેહથી આત્મા ભિન્ન છે એમ સદ્ગુરુના ઉપદેશથી જાણી તેની પકડ કરતાં ભેદજ્ઞાન થાય છે. જેને ભેદજ્ઞાન થાય છે તેનો જરૂર મોક્ષ થાય છે. જે જે જીવો મોક્ષે ગયા છે તે સર્વે એક ભેદજ્ઞાનના આરાધનથી ગયા છે, એટલે તે સર્વે ભેદજ્ઞાન પામ્યા હતા. સત્સંગ વિના આવી સમજ ઘણી દુર્લભ છે. ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય છે એમ પરમકૃપાળુદેવ કહે છેજી. સત્સંગની ભાવના વધારી સત્પુરુષે આપેલા સત્સાધનને સેવતા રહેવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૭૨

અગાસ, તા. ૨૦-૯-૩૯

તત્ ૐ સત્

ભાદરવા સુદ ૭, બુધ, ૧૯૯૫

આ કળિકાળમાં આપણા જેવા હીનપુણ્ય અને હીનવીર્ય જીવોને મનુષ્યભવની પ્રાપ્તિ થઈ છતાં પરમકૃપાળુદેવના પ્રતાપે સત્પુરુષનાં દર્શન, સમાગમ, બોધ અને સત્સાધનની આજ્ઞા મળી છે, તે મહાભાગ્યની વાત છે. શ્રી પાર્શ્વનાથ ભગવાને બળતા સર્પ-યુગલને બચાવીને સદ્ગતિ બક્ષી તેવો યોગ આપણને પણ બની આવ્યો છે. ત્રિવિધ તાપમાંથી ઊગરવાનો કોઈ આરો, સત્પુરુષનો યોગ થયો ન હોત તો નહોતો. અનંતકાળથી આ જીવ રઝળતો આવ્યો છે, જન્મજરામરણનાં દુઃખ વેઠતો આવ્યો છે, તેમ આ મનુષ્યભવ પણ થોથાં ખાંડવામાં ગાળી અધોગતિની કમાણી આ જીવ કરત, પણ પરમકૃપાળુદેવની કોઈ કૃપાએ આ જીવ હજી જાગે તો એવો ઉત્તમ જોગ બન્યો છે કે આ મનુષ્યભવની સફળતા તે સાધી શકે તેમ છે. તે સત્પુરુષે અનંત દયા કરીને જે આપણને પરમકૃપાળુદેવના પ્રેમ પ્રત્યે વાળ્યા છે તેનો ઉપકાર કોઈ રીતે વળી શકે એમ નથી. માત્ર તેની આજ્ઞાનું અલ્પ પણ આરાધન થશે, સંપૂર્ણ રીતે આજ્ઞા પાળવાની ભાવના પણ જાગ્રત રહેશે તો તે સત્પુરુષે આપણા માટે લીધેલી મહેનત કંઈક અંશે બર આવશે, સફળ થશે. આપ સર્વ સમજુ છો પણ પ્રમાદ જેવો કોઈ ભૂંડો શત્રુ નથી; તેની સામે થવા, ઊંડા ઊતરી વિચારી કંઈક સત્પુરુષની આજ્ઞા વિશેષ બળથી આરાધવામાં મદદરૂપ થાય તે હેતુથી નીચેની શિખામણનો ઉતારો લખી મોકલ્યો છે:

" આ જીવને તરણ-ઉપાય – મોક્ષમાર્ગ – પરબ્રહ્મધામની પ્રાપ્તિ – અચ્યુતધામમાં પ્રવેશની કૂંચી – સ્વરૂપને ઓળખી પરમાત્માના સ્વરૂપમાં વિલીનતા વિના અન્ય કોઈ પણ નથી. ધર્મ કર્મ-

વિમુખ જીવ અધોગતિને જ પામે છે. તેનાં જ્ઞાન, જપ, તપ, ધ્યાન, દાન, કંઈ પણ કામ આવતાં નથી. જગતમાં રહેલો જીવ ગમે તેવા જ્ઞાનને પામ્યો હોય, તથાપિ જ્યાં સુધી આ અનિત્ય દેહને અન્નની જરૂર છે ત્યાં સુધી મહાત્માઓએ ઠરાવેલા ધર્મ-કર્મના નિયમોનો કદી પણ ત્યાગ કરવો નહિ. ધર્મ જ પરમ બળ છે. ધર્મનું ખંતથી સેવન કરવું. ધર્મનું એક પણ કર્મ ચૂકવાથી ધીમે ધીમે અનેક કર્મ ચૂકીને જીવ કેવળ ભ્રષ્ટતાને પામે છે.''

આટલી શિખામણ ઘણી ઊંચી ભૂમિકા સુધી ઉપયોગી થઈ પડે તેવી છે. અને અત્યારે તો આપણા માટે ખાસ વિચારી તેમાંથી બને તેટલો લાભ લઈ જીવન સુધારી સફળ કરવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૭૩ અગાસ, તા. ૨૧-૯-૩૯

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૮, ગુરુ, ૧૯૯૫

આપે મુખપાઠ થઈ શકતું નથી એ સંબંધી પુછાવ્યું છે તેના ઉત્તરમાં જણાવવાનું કે આપણને ગમતું હોય કે લક્ષમાં આવી ગયું હોય તે ભુલાતું નથી. કેટલાંય સગાંવહાલાંનાં નામ યાદ રહે છે તે ગોખવાં પડતાં નથી. કોઈ ગાળ ભાંડી જાય તો મરણ સુધી ભુલાતી નથી, કારણ કે તેનો પરિચય વિશેષ થઈ જાય છે, વારંવાર યાદ આવતું રહે છે. તેમ જો પરમપુરુષનાં વચનો આત્માને અત્યંત હિતકારી અને પરભવના ભાથા જેવાં છે એમ લાગ્યાં હોય તો તે પણ વારંવાર યાદ આવતાં રહે અને ભૂલી ન જવાય; પણ સત્સંગે તેનું માહાત્મ્ય સંભળાય, તેની પકડ થાય, આત્મહિતની વાત રાત-દિવસ ખટકયા કરે કે અત્યારે પ્રમાદ કરી જેટલો કાળ ગુમાવ્યો તેમાંથી એક કલાક પાછો માગીએ તો ફરી મળે એમ છે? ગયાં એટલાં વર્ષો તો બધાં હંમેશને માટે ગયાં તેમાંથી કંઈ માગ્યું મળે તેમ નથી. માટે હવે જેટલું જીવવાનું હોય તેટલી ક્ષણો કંજૂસના ધનની જેમ વિચારી, વિચારીને વાપરવી. અહીં બેઠા, અહીં ગયા, અને જોતજોતામાં દિવસ જતો રહે છે તેમ કર્યા કરતાં, ધન કરતાં વહી જતા કલાકોની વિશેષ કાળજી રાખી, સત્પુરુષે આજ્ઞા કરી છે—સ્મરણ મંત્ર, વીસ દોહા, યમનિયમ, ક્ષમાપના, છ પદનો પત્ર, શ્રી આત્મસિદ્ધિ, અપૂર્વ અવસર વગેરે વિચારવામાં જ્ઞાનીએ જાણ્યો છે તેવો મારો આત્મા છે તે પ્રગટ કરવા મારે જ્ઞાનીએ કહ્યું છે તે રાત-દિવસ કર્યા કરવું છે એવો દૃઢ નિશ્ચય કરી તે નિશ્ચય આરાધતા રહેવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૭૪ અગાસ, તા. ૨૩-૯-૩૯

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૦, શનિ, ૧૯૯૫

''આ દેહ હાડ, માંસ, મળ, મૂત્ર, લોહી, પાચ આદિ મહા અપવિત્ર, દુર્ગંધવાળા પદાર્થોનો કોથળો છે. બહાર સર્વે બાજુથી ચામડાની પાતળી ચાદર લપેટયાથી તે રાગી જીવોને સારો લાગે છે. જો તે ચામડીરૂપી ચાદર લઈ લેવામાં આવે કે વૃદ્ધાવસ્થા આવી જાય તો તે તરફ જોવું પણ ન ગમે. આવા દુર્ગંછાભર્યા શરીરમાં ક્રીડા (ક્રીડા=લહેર, મજા) શી કરવી? વિષ્ટાના કીડાની પેઠે તેમાં પોતે પોતાને ફસાવી ચારગતિનાં દુઃખમાં પડવાનું શા માટે કરવું? આમ બ્રહ્મચર્યવંત વિચારે છે. તે કામનો દુર્જય કિલ્લો તોડી પોતાના અનંત સુખમય

આત્મામાં વિહાર કરે છે, જે ધારે તે કરી શકે છે.'' (પ્રવેશિકા–શિક્ષાપાઠ ૯૯) માત્ર જીવવા અને પ્રભુભક્તિને અર્થે ભોજન કરવું; જે ખાવાને માટે જીવે છે તે મૂર્ખ છે. ''નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.'' (૧૫) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૭૫ અગાસ, તા. ૩૦-૯-૩૯
તત્ ૐ સત્ ભાદરવા વદ ૨, શનિ, ૧૯૯૫

આ જગતનું સ્વરૂપ તમે જણાવો છો તેવું દુઃખરૂપ છે. ખારા સમુદ્રમાંથી ગમે ત્યારે પાણી ભરી લાવો તો તે ખારું ખારું દવ લાગવાનું જ, તેમ આધિ-વ્યાધિ-ઉપાધિથી ખદખદતા સંસારમાં શાંતિ ક્યાંય ખોળી જડે તેમ નથી. પણ તે સંસાર જેને સ્વપ્નસમાન સ્પષ્ટ નિરંતર લાગ્યા કરે છે અને સત્પુરુષે તરવાનું સાધન જે નિશ્ચયપણે જાણ્યું છે અને તે જ સાધન આ મોહાંધ જીવોને પરમ આધારરૂપ આ ભવરૂપી વનમાં છે એમ જાણી વારંવાર ઉપદેશ્યું છે, પકડ કરવા જણાવ્યું છે તે સત્સંગયોગે સાંભળી, વિચારી, હિતકારકરૂપ નિર્ણય કરી તેનો આધાર ગ્રહણ કરી દૃઢપણે શ્રદ્ધા અને બળપૂર્વક આરાધતાં આ કળિકાળના પ્રબળ પૂરમાં તણાતાં બચી જવાય તેમ છેજી.

તમારા ભાઈને તો તે અત્રે આવ્યા તે જ દિવસે સત્પુરુષે જણાવેલ સાધન મળી ચૂક્યું છે, પણ કહેતાકહેતી સાંભળી લઈ આરાધન કરવાથી યથાર્થ લાભ થતો નથી. જાતે જ એક વાર આવી જવા યોગ્ય છે. જેટલી તેમાં ઢીલ થાય છે તેટલી કલ્યાણ થવામાં પણ ઢીલ સમજવા યોગ્ય છેજી. રૂબરૂમાં જણાવવા જેવી વાત કાગળથી જણાવવા યોગ્ય નથી. પોતાની ઇચ્છાએ જપ, તપ, ઉપવાસ જીવે અનંત વાર કર્યા છે, પણ હજી દિશાનું પણ ભાન નથી કે કેવી રીતે કલ્યાણ થાય. ઉપવાસ કે નામનો જે જાપ કરતા હો તે વિષયભોગ કે ગાળો ભાંડવા કરતાં સારાં છે પણ મોક્ષનો રસ્તો તેથી જુદો છે. તે વિષે ત્યાંના મુમુક્ષુ ભાઈઓ મળે ત્યારે પૂછી માહિત થવા યોગ્ય છેજી. આપણે આપણા કાંટાએ તોળીએ કે મને સંસાર પ્રત્યે આટલો પ્રેમ છે અને આટલો પ્રેમ ઊઠ્યો છે તે બધી કલ્પના છે. ઊંઘતો માણસ પાસું ફેરવે, ઉત્તર ભણી મુખ હોય તે દક્ષિણ ભણી થાય પણ ઊંઘતો ને ઊંઘતો જ હોય છે, ભાન વિનાનો હોય છે.

વૈરાગ્ય વધે તેવું વાચનવિચાર પ્રથમ કર્તવ્ય છે, સાથે ભક્તિ કર્તવ્ય છે. પછીથી કંઈક સમજણ-માહિતી મેળવી ઉપવાસ આદિ ધર્મસાધનમાં જોડાવા યોગ્ય છેજી. સહેલામાં સહેલો સત્સંગ છે. પહેલામાં પહેલો પણ તે જ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૭૬ અગાસ, તા. ૧૨-૧૦-૩૯
તત્ ૐ સત્ ભાદરવા વદ ૦)), ગુરુ, ૧૯૯૫

"एगं जाणइ से सव्वं जाणइ।" —श्री आचारांगसूत्र

''જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું.'' નિર્ગ્રંથપ્રવચન.

''એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું'' (૬૪) શ્રીમદ્ રાજચંદ્ર.

બીજા વિકલ્પો દૂર કરી સત્પુરુષ પ્રત્યે અડગ શ્રદ્ધા કરવા ભલામણ છેજી. 'ઉપદેશછાયા'માં પરમકૃપાળુદેવ જણાવે છે : ''જીવે વિકલ્પ કરવા નહીં. વિચારવાન અવિચારણા અને અકાર્ય

કરતાં ક્ષોભ પામે..... સત્પુરુષો ઉપકાર અર્થે જે ઉપદેશ કરે છે તે શ્રવણ કરે ને વિચારે તો જીવના દોષો અવશ્ય ઘટે.'' 'વ્યાખ્યાનસાર'માં કર્તવ્યરૂપ જણાવે છે: "આત્માનો સનાતન ધર્મ શાંત થવું – વિરામ પામવું તે છે. આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે." તમારા બધા પ્રશ્નોનો સાર આ પરમકૃપાળુદેવનાં બે વચનોમાં સમાઈ જાય છે તે વિચારી બને તેટલો પુરુષાર્થ તે દિશામાં કરવા યોગ્ય છેજી, તોપણ ટૂંકામાં આપની વૃત્તિ સંતોષવા લખું છું.

બીજું, સહજાનંદ સ્વામી સંબંધી ટૂંકામાં જણાવવાનું કે તે ઉત્તર હિંદ તરફના યોગી હતા. પરસેવો તીર્થંકરને વળે નહીં એમ સાંભળેલું. તે સ્નાન વગેરે શરીરસંભાળ તજી કઠણ તપશ્ચર્યા વગેરેમાં પ્રવર્તતા. કોઈ પ્રકારની લબ્ધિ તેમને પ્રાપ્ત થયેલી. તેમના જીવનચરિત્રમાં જણાવે છે કે તેમના શરીરનાં છિદ્રો (રોમકૂપ) મેલથી ઢંકાઈ ગયાં હતાં. ફરતા ફરતા તે કાઠિયાવાડમાં આવ્યા ત્યાં એક મહાત્માના ગુણગાન તેમણે સાંભળ્યા તેથી તેમનાં દર્શનની આજ્ઞા માટે પત્ર લખ્યો. ઉત્તરમાં તેમણે ''હાલ થંભો'' એમ જણાવ્યું તે વાંચી થાંભલો પકડીને બેસી રહ્યા. જિજ્ઞાસા અને આજ્ઞા ઉપાસવાના ભાવની પરીક્ષા કરનાર તે કચ્છના મહાત્મા ઘણાં વર્ષથી, એક ધર્મસ્થાપક આવનાર છે એમ ભક્તમંડળને કહ્યા કરતા. પછી તેમને બોલાવી તેમના શરીરની પણ ઘણી કાળજીથી દવા કરી ઠેકાણે આણ્યા. તે મહાત્માના મરણ સુધી શ્રી સહજાનંદે સેવા કરી. તેથી પ્રસન્ન થઈ અંત વખતે જે માગવું હોય તે માગવા કહ્યું ત્યારે સહજાનંદે માગ્યું: ''કોઈ તમને ભજનારના ભાગ્યમાં રામપાત્ર (બટેરુ – માટીનું વાસણ–ગરીબાઈ) હોય તો મારા ભાગ્યમાં આવો અને તેની ભક્તિની સર્વ અનુકૂળતા પ્રાપ્ત થાઓ." શ્રી સહજાનંદને થઈ ગયાંને સોએક વર્ષ થવા આવ્યાં હશે. પ. પૂ. પ્રભુશ્રીજીએ નાની ઉંમરમાં તેમને ઘણું કરીને દીઠેલા એવી વાત સાંભળેલી સ્મૃતિમાં છે. અગાસ આશ્રમથી ત્રણ ચાર ગાઉ ઉપર વડતાલ કરીને ગામ છે તે શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયની મુખ્ય ગાદીનું ધામ છે.

''એક પળ વ્યર્થ ખોવાથી એક ભવ હારી જવા જેવું છે." (મોક્ષમાળા – ૪) 'જ્ઞાનીકી ગતિ જ્ઞાની હિ જાને.' આપણને ચેતાવ્યા છે. પ્રમાદમાં પડયા છીએ તે શત્રુના પંજામાં ફસાયા છીએ. અનંત ભવ પ્રમાદમાં ગયા અને તે ક્ષણે ક્ષણે જીવને લૂંટી રહ્યો છે. 'आत्मघाती महापापी' 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?' મનુષ્યભવની દરેક ક્ષણ અંશે મનુષ્યભવ છે અને આમ જીવ ભવ હારી જાય છે. અનંત ભવથી જે ન થયું તે એક પળમાં થઈ શકે એમ છે અને મનુષ્યભવને સફળ કરે તેમ છે. 'પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્ગુરુચરણ સુપ્રેમ બસેં.' સમ્યક્દર્શન થાય, કેવળજ્ઞાન થાય, મોક્ષ થાય તેવી પળો સમયે સમયે જીવ ખોઈ રહ્યો છે. તેના જેવો ઉડાઉ – ભવ હારી બેસનાર – બીજો કોણ જડશે? જે પળે કુગુરુને સદ્ગુરુ માન્યા તે પળ આખો ભવ લૂંટી લે કે નહીં? એક પળ પણ સત્સાધન કેમ ચૂકવું?

આધિ-વ્યાધિ–ઉપાધિરૂપ ત્રિવિધ તાપથી આખો સંસાર બળતો છે; તે બળતા સંસારને સંસારાનલ એટલે સંસારરૂપ અગ્નિ કહ્યો છે.

''જ્યાં જઈએ ત્યાં માટી પાણી ને ઠેકરાં'' (ઉપદેશામૃત પૃષ્ઠ ૯૧) જીવને મોહ મૂંઝવે છે તેથી હવાફેર કરવા કે દેશાટન કરવા, વનક્રીડા કરવા, લૌકિક જાત્રાઓની દોડ કરવાની વૃત્તિ ઊઠે છે તે દૃષ્ટિ ફેરવવા જ્ઞાની કહે છે કે જ્યાં જઈશ ત્યાં તારાં ચર્મચક્ષુથી શું જોઈશ? પુદ્ગલ,

પુદ્ગલ અને પુદ્ગલ. સુંદર મેદાન દેખે તે માટી કે બીજું કાંઈ? નદી-સમુદ્ર નીરખે ત્યાં પાણી કે બીજું કાંઈ? ખેતરો કે માર્ગમાં ઢેફાં – માટીના પિંડ પડ્યા છે કે બીજું ? મારું તે સારું ગણવાની પંચાત તજી, આત્મદૃષ્ટિ કરે તો 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ' બધે આત્મા જોવાશે.

"જેના જ્ઞાને ન્યૂનતા દેશે પણ નહીં હોય, રાજચંદ્ર ગુરુ તે નમું સંશય સર્વે ખોય" (પ્રજ્ઞાવબોધ – ૩૭) તેનો અર્થ વિચારવા ભાવ થાય તો પત્રાંક ૧૭૦ તથા ૧૮૭ વાંચવા-વિચારવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૭૭ અગાસ, તા. ૧૮-૧૦-૩૯
તત્ ૐ સત્ આસો સુદ ૬, બુધ, ૧૯૯૫

દોહા— ખા, પી દેહ ટકાવવા, દેહ જ્ઞાનને કાજ,
જ્ઞાન કર્મ-ક્ષય કારણે, તેથી શિવપુર રાજ.
સંયોગે આવી મળે વિયોગે વહીં જાય,
એવી વિનાશી વસ્તુની ચિંતા કરે બલાય.
"તાર ન તૂટે મનકા, માળા મનકી માંહિ,
સમરણ ઐસા કીજીએ જે કોઈ જાણત નાંહિ."

વિ. આપનો પત્ર પ્રાપ્ત થયો છેજી. "રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે," એમ શ્રી દેવચંદ્રજીએ સ્તવનમાં ગાયું છે. જ્યાં સુધી દેહાધ્યાસરૂપ રુચિ રહી છે ત્યાં સુધી તે અર્થે વારંવાર પ્રવૃત્તિ થયા કરે છે; દેહને પ્રિય કે અનુકૂળ હોય તે વારંવાર સાંભરે છે, મહેનત નહીં કરીએ તો શું ખાઈશું? એવી ચીવટ રહે છે, તેથી ખેતી આદિ કામોની કાળજી દરેક ઋતુમાં દિવસે રાત્રે રાખીએ છીએ; શરીરમાં રોગ થયો હોય તો દવા નિયમિત લેવાની કાળજી રહે છે. જે ચરી પાળવાની કહી હોય તે ગામ પરગામ, વિવાહ-વાજન વખતે પણ કાળજી રાખી પાળે છે, નહીં તો દવા ગુણ નહીં કરે તેનો ડર રહે છે, કે રોગ વધી જશે તો મરણનો ડર રહે છે. તેમ જેને સત્પુરુષના બોધે દેહાધ્યાસ મંદ પડયો છે કે મંદ પાડવાની ગરજ જાગી છે તેને એવો ડર રહ્યા કરે છે કે આ મનુષ્યભવમાં જો ધર્મ–આરાધન નહીં કરી શકાય તો કીડી, મકોડી કે કાગડા કૂતરા કે એવા ૮૪ લાખ યોનિના પરિભ્રમણમાં શું બનવાનું છે? માટે હરતાં-ફરતાં, બેસતાં-ઊઠતાં, ચાલતાં, જોતાં, ખાતાં, પીતાં કે સૂતાં, જાગતાં તે સત્પુરુષે આપેલા સાધનનું અવલંબન રાખે છે. સંસારની ફિકર ઓછી કરી પરમાર્થની ફિકર જેને જાગી છે, તેનું ચિત્ત બીજે તલ્લીન થઈ જતું નથી, અથવા જ્યાં જ્યાં તેવા પ્રસંગોમાં સત્સાધન ભૂલી જવાય છે તેવાં તેવાં નિમિત્તોથી દૂર રહે છે કે ચેતતો રહે છે. બિલાડી એક વખત દૂધ પી ગઈ હોય તો ફરી કાળજી રાખી બિલાડીનો લાગ ન ફાવે ત્યાં દૂધ રાખે છે તેમ આત્માના હિતની ઇચ્છાવાળા જીવે અહિતકર્તા પ્રસંગોમાં વિશેષ ચેતતા રહેવા યોગ્ય છે; અને નથી રહેવાતું તે પ્રમાદ છે. તે પ્રમાદ ઓછો કરવાનો ઉપયોગ રહે તો માર્ગનો વિચાર કરવાનો અવકાશ મળે છે, વિચાર થઈ શકે છે. જે માર્ગનો વિચાર કરે છે તે માર્ગમાં સ્થિર થઈ શકે છે, તેથી મુમુક્ષુતા વધારી પ્રમાદ દૂર કરવા અર્થે સત્શાસ્ત્ર અને સત્સંગનું વિશેષ સેવન

કરી નિશ્ચયની દૃઢતા વધારવાની આ જીવને અત્યંત જરૂર છે; નહીં તો આમ ને આમ વખત વહી જશે અને મરણ આવીને ઊભું રહેશે તે વખતે પ્રથમ પુરુષાર્થ કરવાનું નહીં બન્યું હોય તો અહિત થાય તેવા વિકલ્પોમાં જીવ ગૂંચાઈ જઈ દુર્ગતિમાં સંકળાયા કરશે. તેમ ન બનવા મરણ આવ્યા પહેલાં ચેતી લેવાની વારંવાર જ્ઞાની ગુરુએ ભલામણ કરી છે, તે અમલમાં મૂકવા દાઝ છે તેથી ઘણી વધારવાની છેજી. આત્માની દયા ખાધી નથી, તે કામ ત્વરાથી હાથ ધરવા તત્પર થઈ જવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૭૮ અગાસ, તા. ૨૫-૧૦-૩૯
તત્ ૐ સત્ આસો સુદ ૧૩, ગુરુ, ૧૯૯૫

દોહા— "પડયું જગત મુખ કાળને, કેડે મો'ર જનાર;
ઘંટીના ગાળે પડયા, દાણા લોટ થનાર.
ઘાણી કૂટે તાવડે, ઘાણી તલ પિલાય;
પ્રાણી એમ જ પળપળે, જાણી લ્યો મર્યો જાય."
"સુખ પીછે દુઃખ આત હૈ, દુઃખ પીછે સુખ આત;
આવત જાવત અનુક્રમે, જ્યું જગમેં દિન રાત."
મંગળ-મૂળ સદ્ગુરુ ચરણ, મુજ મનમાં હો સ્થિર,
વિઘ્ન હવે નહિ હું ગણું, વસે હૃદયમાં વીર."
"જીવતાં જિનવર જપું, મૂએ મુક્તિ પાઉં;
દોનું હાથે લાડવા, જો ભાવે સો ખાઉં."
છપ્પો — જીત્યો જેણે કામ, એક પરમાતમ-ભાવે,
જીત્યો જેણે ક્રોધ, ક્ષમા ધરી સદ્ભાવે;
જીત્યું જેણે માન, મૃદુતા મન આણી,
જીત્યું માયા – જોર, સરળતા સાચી જાણી.
લોભ જીત્યો સંતોષથી, મહા મોહ બોધે હણ્યો;
એવા સંત સુજાણને નમન હો, તારણ-તરણ આપણો."
દોહા — "સ્વર્ગ મૃત્યુ પાતાળમાં સપ્ત દ્વીપ નવ ખંડ,
કર્મયોગ ખમવા પડે દેહ ધર્યાના દંડ;
દેહ ધર્યાના દંડ તો રાય રંકને હોય,
જ્ઞાની વેદે ધૈર્યથી અજ્ઞાની વેદે રોય."

આજે કાગળ મળ્યો તેમાં શોકકારક સમાચાર પૂ. ....ના દેહત્યાગના જાણી ધર્મપ્રેમને લઈને સર્વને ખેદ અને વૈરાગ્યનું કારણ બન્યું છેજી. કોઈ અજાણ્યો માણસ પણ આવા સમાચાર સાંભળી ખેદ પામે તો નિકટનો સમાગમ અને જેને પોતાનો આધાર માનવાનો વ્યવહાર ઘણા વખત સુધી સેવ્યો હોય તેને કેટલું દુઃખ થાય તે તેનો અંતરાત્મા જાણી શકે કે પરમાત્મા જાણી શકે; તેમ છતાં જે જીવને આવા અસાર સંસારમાં અનંતકાળથી જન્મમરણનાં દુઃખ

ખમતાં ખમતાં મહાભાગ્યે મનુષ્યભવ મળ્યો અને તેમાં દેવને પણ દુર્લભ એવાં સત્પુરુષનાં સાક્ષાત્ દર્શન થયાં છે, તેમના પ્રત્યે પરમેશ્વરબુદ્ધિ હૃદયમાં દૃઢ થઈ છે, તે મહાપુરુષની અનંત કરુણાથી સુખદુઃખના સર્વ પ્રસંગોમાંથી બચાવી લેનાર મહામંત્રનું આત્મદાન થયું છે, અને જીવ તે શ્રદ્ધાને બળવાન બનાવી રાતદિવસ તે સ્મરણમાં ચિત્ત રાખવાની ટેવ પાડે તો મોક્ષ પણ સુલભ થાય, તેવા મહામંત્રનો લાભ જેને થયો છે તેવા જીવે હવે ગભરાવા જેવું જગતમાં કશું ચિત્તમાં ગણવું ઘટે નહીં. રોજ રાત પડે છે ત્યારે અંધારું થાય છે તેથી મોટા સમજુ માણસો ગભરાતા નથી, દીવા વગેરેથી કામ ચલાવી લે છે; અણસમજુ નાનાં છોકરાં જેવા હોય તે કંઈ ભયનું કારણ ન હોય છતાં અંધારું ભાળીને ડરે છે તેમ મુમુક્ષુએ દુઃખના પ્રસંગે ન જોઈતી ચિંતાઓ કરીને, નકામી રડકકળ કરીને આત્માને ક્લેશિત કરવો ઘટતો નથી પણ હવે સારી રીતે કેમ જીવી શકાય તેના વિચાર કરી ગઈ ગુજરી વાત ભૂલી જવાનો અભ્યાસ કર્તવ્ય છેજી. આપણે માથે પણ મરણની ડાંગ ઉગામીને યમરાજા ઊભા છે. તે આવી પડી નથી ત્યાં સુધી અનંત કાળથી રખડતા રઝળતા આ આત્માને જન્મમરણના અસહ્ય દુઃખમાંથી ઉગારી લેવાનો ઉપાય વેળાસર કરી લેવાની પેરવી કરતા રહેવું. લોકલાજને વશ થઈને વહેલા ઊઠીને મૂએલાને સંભારીને કકળાટ કરવાનો રિવાજ હોય તો તેમાં ભળવા કરતાં સત્પુરુષે આપેલાં સત્સાધન, વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ, છ પદનો પત્ર, આત્મસિદ્ધિ, મંત્ર આદિમાં ચિત્ત વારંવાર બળ કરીને રોકવાથી આર્તધ્યાન એટલે 'હું દુઃખી છું, દુઃખી છું' એવો ભાવ મટી જઈ ભક્તિમાં આનંદ આવશે.

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાન્ત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે."

શ્રી મીરાંબાઈએ જેને માટે રાજ્ય-રિદ્ધિ છોડી, ભિખારણની પેઠે ભટક્યાં, તે ભક્તિ આપણને સહજમાં 'ઘેર બેઠાં ગંગા આવે' તેમ સદ્ગુરુકૃપાથી મળી છે તો હવે રાતદિવસ સત્પુરુષે આપેલા સાધનમાં મારે રહેવું છે એવો દૃઢ નિશ્ચય કર્તવ્ય છે. કોઈ આવે જાય તેમાં ન ચાલે ચિત્ત દેવું પડે તો બોલવું ચાલવું, પણ મારું મુખ્ય કામ ભગવાનની ભક્તિ છે તેમાં વધારે વિઘ્ન ન આવે એવું મારે કરવું છે. એટલું મનમાં દૃઢ કરવા માટે સત્સંગની જરૂર છે. ત્યાં બને તો ત્યાં, દ્વારિકા અનુકૂળ હોય તો ત્યાં, અને સર્વોત્તમ તો થોડો વખત અત્રે આશ્રમમાં રહી જવા જેવું છે. પણ તે પ્રારબ્ધને આધીન છે છતાં ધાર્યું હોય તો વહેલું મોડું બને છે. બીજી જાત્રાઓ લોકો બતાવે તેમાં દોરવાઈ જવું નહીં, અને જ્યાં આપણને બોધનો જોગ હોય, ચિત્ત શાંત થાય તે તીર્થ છે. માટે લૌકિક ભાવ ઓછો કરી આત્માનું હિત શામાં છે તે લાભનો લક્ષ રાખે તે ખરા વાણિયા કહેવાય. આ પ્રસંગને અનુસરી વિચાર આવતાં સામાન્ય સૂચના કરી છે. આમ કરવું જ એવો આગ્રહ નથી. "જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ." હિતકારી કામ કળે કળે કરી લેવું. એકદમ ન બને તો વહેલે મોડે પણ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ પ્રત્યે દૃઢ શ્રદ્ધા છે તેથી વિશેષ મારે સત્સંગયોગે કરવાની છે, એ કામ કરી લેવા જેવું છે, તેમાં મારે હવે ઢીલ કરવી ઘટતી નથી. કાળનો ભરોસો શો? અચાનક કાળ આવીને ઊભો રહેશે અને મનના મનોરથ મનમાં

રહી જશે. માટે હજી જે જીવતા છે તેણે મરણ પહેલાં ચેતી લેવાનું છે. અણધારી અડચણો, આફતો આવી પડે તોપણ ગભરાયા વિના એક પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ પ્રત્યે દૃઢ વિશ્વાસ રાખી સહન કર્યા કરવું. પરમકૃપાળુદેવના વચનો પરમશાંતિને આપે તેવાં છે તેમાં ચિત્ત વિશેષ રાખવા ભલામણ છેજી.

"તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો, અને બાકીના પ્રાણીઓની અનુકંપા કર્યા કરો." (૧૪૩) "જે થાય તે ભલું માનવામાં આવે." "જીવ તું શીદને શોચના કરે ? કૃષ્ણને કરવું હોય તે કરે." "બનનાર તે ફરનાર નથી અને ફરનાર તે બનનાર નથી." "નહિ બનવાનું નહિ બને બનવું વ્યર્થ ન થાય, કાં એ ઔષધ ન પીજીએ, જેથી ચિંતા જાય." આમ વિચારી મનને શોકના વિકલ્પોમાંથી ફેરવી વૈરાગ્યમાં લાવવા પુરુષાર્થ કરવા ધારીએ તો બની શકે એમ છે. મનને વીલું ન મૂકવું. સ્મરણ કર્યા કરવું. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ તેમના સ્વ. પુત્ર પૂ. ભાઈ મોહનભાઈના પુત્ર પૂ. ગુલાબચંદભાઈ ઉપર કૌટુંબિક આફત આવી ત્યારે લખાવેલો પત્ર તમને આ વખતે બહુ ઉપયોગી થશે ગણી નીચે ઉતારી મોકલું છું તે વારંવાર વિચારી જગતની ફિકર ભૂલી જશોજી. તેમાં કહેલી શિખામણ હૃદયમાં ઉતારશોજી. (જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ ૯૫, પત્ર નં. ૧૫૦)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૭૯

અગાસ, તા. ૭-૧૧-૩૯
તત્ ૐ સત્ આસો વદ ૧૧, મંગળ, ૧૯૯૫

તીર્થશિરોમણિ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાલ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા તથા આ વિક્રમ સંવતનું વર્ષ પૂર્ણ થતું હોવાથી તે વર્ષ દરમિયાન આપ પ્રભુભક્તોનો કોઈ અપરાધ થયો હોય તેની ઉત્તમ ક્ષમા આપવા નમ્ર વિનંતિ આપ સર્વ યાદ કરતાં આત્માર્થી જનો પ્રત્યે છે તે સ્વીકારી ઉત્તમ ક્ષમા આપવા યોગ્ય છેજી.

આપે ચિઠ્ઠીમાં પુછાવ્યું છે કે 'મનુષ્યભવની દરેક ક્ષણ અંશે મનુષ્યભવ છે,' તેનો ભાવાર્થ તો સરળ છે. જેમ રૂપિયામાં જેટલા (૬૪) પૈસા છે તે અંશે રૂપિયારૂપ છે. બધા (૬૪) પૈસા મળી એક રૂપિયો થાય છે. ૩૨ પૈસા ગુમાવો તો રૂપિયાના બત્રીસ અંશ ગુમાવ્યા. જે વડે રૂપિયો થાત તે ગુમાવ્યો એમ હિસાબી રીતે બેસે છે.

શાસ્ત્રમાં (શ્રી ગુરુતત્ત્વનિર્ણયમાં) એક દૃષ્ટાંત છે. ત્યાં અતિચારોથી થતી હાનિનું મહત્ત્વ સૂચવવા દૃષ્ટાંત દીધું છે. એક માણસે એરંડા (દિવેલા)ના છોડના લાકડાંથી માંડવો બનાવ્યો તેના ઉપર કપડું પાથરી તેના ઉપર એક બે ત્રણ એમ એક એક રાઈના દાણા તે નાખ્યે જાય છે. આ રાઈના દાણાથી માંડવો પડે જ નહીં એમ માની તે નાખ્યે જાય છે; પણ મણ બે મણ વજન એરંડાના પોલાં લાકડાં સહન ન કરી શક્યાં અને તે એરંડાનો મંડપ ભાંગી ગયો. તેમ જેણે વ્રત લીધાં હોય તે એમ ધારે, 'આટલામાં શું હરકત થવાની છે ? મારે ક્યાં વ્રત તોડવું છે ?' એમ બેદરકારી વ્રતની રાખી અતિચારો ઉપરાઉપરી સેવ્યા જાય તેનાં સર્વ વ્રતને જોખમ લાગે છે અને આખરે અધોગતિનો રસ્તો પોતાને હાથે અજાણપણે રચે છે.

આમ જે જીવનની ક્ષણોનો હિસાબ રાખતો નથી તે અંતે પસ્તાય છે અને ફરી આવો અમૂલ્ય ભવ પામવા યોગ્ય સામગ્રી ઘણા કાળ સુધી પામી શકતો નથી.

"બીજું કાંઈ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે." (૭૬) આટલું વચન અત્યંત વિચારી અંતરમાં ઉતારી દેવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા.ક. — કોઈ અપેક્ષાએ કરવા માંડયું તે કર્યું એમ કહેવાય છે. જેમ જમાલીજીનો સિદ્ધાંત ખંડવા શ્રાવકે સતીની સાડીમાં અગ્નિ મૂકયો ને છેડો બળ્યો કે કહ્યું કે મારી સાડી બળી ગઈ; તેમ જેણે જીવનનો નાશ થાય કે બરબાદ થઈ જાય તેમ એક પળ પ્રમાદમાં ગાળી તેને, તેણે જીવન ગુમાવ્યું એમ કહી શકાય. તે પણ વિચારશોજી

---

૧૮૦ અગાસ, તા. ૧૬-૧૧-૩૯

સત્સંગ એ જ સર્વોત્તમ અને સુગમ માર્ગ આ કાળમાં છે અને પ. પૂ. પ્રભુશ્રીજીએ છેવટે એ જ ભલામણ પણ સર્વેને કરી છે કે સત્સંગ અને સંપ રાખજો.

આપે આત્મસિદ્ધિના પાઠ વિષે પુછાવ્યું તે વિષે જણાવવાનું કે જ્યારે સાંજે કે સવારે પાઠ ફેરવવાનો વખત હોય ત્યારે તેમાં ઉપયોગ રહે તેવી રીતે આત્મસિદ્ધિ પૂરી બોલી જવી; અને વિચારવાના વખતે આત્મસિદ્ધિ પૂરી નહીં થાય એવી ફિકર કર્યા વિના જેટલી ગાથાઓ વિચારાય તેટલી વિચારવી. એક જ ગાથામાં રાખેલો વખત પૂરો થાય તો પણ હરકત નહીં; ઊલટું સારું કે એટલી વિસ્તારવાળી વિચારણા થઈ. પરંતુ તેમાં એટલો લક્ષ રાખવો કે જે કડીનો વિચાર કરવો છે તેના પ્રત્યે વારંવાર વૃત્તિ આવે, નહીં તો એક વાત ઉપરથી બીજી વાત ઉપર સંબંધરહિત ચિત્ત પ્રવર્તે તો પાછા સંસારના વિચારો પણ સાથે આવી હેરાન કરશે, માટે હું તો આત્મસિદ્ધિ સમજવા આ પુરુષાર્થ કરું છું, નકામો વખત ગયો કે વિચારણામાં ગયો તે પણ વખત પૂરો થયે તપાસતા રહેવા યોગ્ય છેજી. મૂળ હેતુ તો છપદની શ્રદ્ધા કરવાનો છે તે દૃઢ થાય તો બધું વાંચ્યું વિચાર્યું લેખે આવે તેમ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૮૧ અગાસ, જ્ઞાનપંચમી, કાર્તિક સુદ ૫, ૧૯૯૬

"જગત ભગતને વેર અનાદિ, સૌનાં મ્હેણાં સહીએ;
જે કહે તેને કહેવા દઈએ, પ્રભુ ભજનમાં રહીએ."
"રાત ગમાયી સોય કર, દિવસ ગમાયા ખાય;
હીરા જન્મ અમોલ થા, કોડી બદલે જાય."
"પરમ કૃપાળુ દેવજી, મૈં તો ઇતનો ચાહું;
શ્રી સહજાત્મ સ્વરૂપકા, સહજે દર્શન પાઉં."
પ્રેમીજન પ્રેમથી પ્રભુ મળિયા રે, ફેરા લખચોરાશીના ટળિયા રે;
મેં તો જાણ્યું મળે કયાં મોરારી રે, જાઉં કાશી ગયાદિ ધારી રે;
દ્વારિકામાં હશે ગિરધારી—પ્રેમીજન પ્રેમથી પ્રભુ મળિયા રે.

બહુ જોયાં ફરી ફરી ધામ રે, થાક્યા ચરણ પામ્યો ન વિશ્રામ રે;
અંતે ભેટયા હૃદયમાં રામ–પ્રેમીજન પ્રેમથી પ્રભુ મળિયા રે.
વેદ વર્ણવે રૂપ અરૂપ રે, નેતિ નેતિ કહી થયા ભૂપ રે;
શ્રેષ્ઠ સાધુ તે બ્રહ્મ સ્વરૂપ–પ્રેમીજન પ્રેમથી પ્રભુ મળિયા રે.
કરી શ્રવણ, મનન, નિદિધ્યાસ રે, પૂરા પ્રેમથી રાખી વિશ્વાસ રે,
તેથી ટળશે ત્રિવિધ ત્રાસ–પ્રેમીજન પ્રેમથી પ્રભુ મળિયા રે.

આપનો પત્ર મળ્યો હતો પણ દિવાળીના દિવસોમાં અવકાશ નહીં હોવાથી ઉત્તર લખી શક્યો નથી. મહાપુરુષોનાં થોડાં વચનો વારંવાર વિચારવાથી શાંતિ થશે, ધારી મથાળે લખ્યાં છે તે વિચારી પરમગુરુ પર પ્રેમભાવ વધારી સંસારના વિચારો વિસારે પડે તેમ પુરુષાર્થ કરશોજી.

વળી વિચારશો : હે પ્રભુ ! આ દુષમ કળિકાળમાં અનેક ઉપાધિઓ આફતો આવી પડે તે નવાઈ જેવું નથી; પણ તે સર્વે વિઘ્નોને દૂર કરીને કોઈ સંતના કહેવાથી સત્પુરુષની આજ્ઞા, સ્મરણ, તેનું અવલંબન અને ભક્તિ પ્રાપ્ત થાય તથા સદ્ભાવ રહ્યા કરે એ જ નવાઈ જેવું છે. અનેક ભવના પરિભ્રમણમાં જે પ્રાપ્ત થયું નથી તે આ દુષમ કાળમાં અનાયાસે સાચા પુરુષનું શરણું પ્રાપ્ત થયું છે, તે આખર ઘડી સુધી, છેક છેલ્લા શ્વાસોશ્વાસ સુધી ટકાવી રાખવું જરૂરનું છે. સંસારમાં આસક્તિવાળા જીવો મરણ વખતની અતુલ્ય વેદનામાં પણ કાંઈ ધન દાટયું હોય તે બતાવવાનો કે સ્ત્રી-પુત્રને કંઈ કહેવાનો અવકાશ મેળવે છે; કારણ કે તે વસ્તુનું તેને માહાત્મ્ય લાગ્યું છે. તેમ જેને સત્પુરુષનું, તેના વચનનું અને તેના શરણનું માહાત્મ્ય લાગ્યું હોય તે પણ તેને માટે ગમે તેમ કરીને અવકાશ મેળવી શકે છે. જેનું બહુ સેવન થયું હોય તેનું સ્મરણ આખરે રહે છે. માટે જ મુમુક્ષુ ભક્તજનો ભગવાનનું સ્મરણ, સેવન, ધ્યાન, ભાવના, કેવળ અર્પણતા આદિ ભાવો નિરંતર આરાધતા રહે છેજી. મનુષ્યભવ ચારે ગતિમાં ઉત્તમ ભવ છે; તેનાં ઘણાં વર્ષો દેહને માટે, દેહનાં સંબંધીઓને અર્થે ગાળ્યાં; પણ આત્માનું હિત થાય તેમ હવે જેટલાં વર્ષ જીવવાનું હોય તેટલાં વર્ષ ગળાય તો આ ભવ અમૂલ્ય ગણાય છે તે લેખે આણ્યો ગણાયજી. પાણી વલોવવાથી જેમ ઘી ન નીકળે કે રેતી પીલવાથી જેમ તેલ ન નીકળે તેમ આ દેહ કે દેહના સગાંસંબંધીઓની ચિંતા કરવાથી આત્મકલ્યાણની ઉત્પત્તિ સંભવતી નથીજી, એમ વિચારી સંસાર ઉપરથી અને સાંસારિક પ્રવૃત્તિ ઉપરથી વૃત્તિ ઉઠાવી લઈ આત્મકલ્યાણને અર્થે સત્પુરુષનો સમાગમ, તેનો બોધ, તેની આજ્ઞાની પ્રાપ્તિ, વ્રત નિયમ આદિ પ્રાપ્ત થાય તેવી ભાવના વિશેષ કર્તવ્ય છેજી. બનવું ન બનવું પ્રારબ્ધ–આધીન છે, પરંતુ ભાવના કરવી અને તેને પોષતા રહેવું એ પોતાના હાથની વાત છેજી. ભાવથી જ જીવ બંધાય છે અને ભાવથી જ છૂટે છે. પરંતુ નિમિત્તાધીન ભાવ થતા હોવાથી સારાં નિમિત્તો મેળવવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. આપ તો સમજુ છો. માથે કાળ ભમે છે તેનું વિસ્મરણ કરવા યોગ્ય નથી. કાળનો ભરોસો રાખવા યોગ્ય નથી. લીધો કે લેશે થઈ રહ્યું છે. મોટા મોટા પુરુષો સનત્કુમાર ચક્રવર્તી જેવા પણ છ ખંડનું રાજ્ય તજી ચાલી નીકળ્યા અને આત્મકલ્યાણમાં તત્પર થઈ ગયા તો આત્મસિદ્ધિ સાધી

શક્યા અને બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તી પડયા રહ્યા સંસારમાં, તો અધોગતિએ ગયા. આપણને આપણી યોગ્યતા પ્રમાણે જે આત્મકલ્યાણનું સાધન સદ્ગુરુની અનંત દયાથી પ્રાપ્ત થયું છે તેમાં લોકલાજ કે પ્રમાદ આદિ કારણે ઢીલ કરવી નહીં; તેને લઈ મંડવું; અને જેમ ખોદતાં ખોદતાં પાતાળ પાણી નીકળે છે તેમ આત્માની શાંતિ તે વડે આ ભવમાં પ્રાપ્ત કરી લેવી છે એવો દૃઢ નિશ્ચય કરી તેને નિરંતર આરાધવો. જેમ ગયા ભવની અત્યારે કંઈ ખબર નથી, તેમ મરણ પછી અત્યારનું કંઈ સાંભરવાનું પણ નથી, બધું ભુલાઈ જવાનું છે; તો તેને માટે આટલી બધી ફિકર ચિંતા શાને માટે કરવી? મનુષ્યભવ, ઉત્તમકુળ, સત્પુરુષનાં દર્શન, શ્રદ્ધા, સત્સાધનની પ્રાપ્તિ અને નીરોગી શરીર ધારે તો પુરુષાર્થ કરી શકે તેવી વેળા પ્રાપ્ત થયા છતાં જીવ જો આત્મકલ્યાણ અત્યારે નહીં કરે તો જ્યારે શરીરમાં વ્યાધિ-પીડા હશે, આંખ-કાનમાં શક્તિ નહીં હોય, શ્વાસ પણ પૂરો લેવાતો નહીં હોય ત્યારે શું બનશે? અથવા એવું એવુંય નરભવનું ટાણું લૂંટાઈ જતાં, કીડી, મકોડી કે કાગડા-કૂતરાના ભવ મળ્યા પછી શું સાધન જીવ કરવાનો છે? એમ વિચારે. આ જોગ અચાનક લૂંટાઈ જતા પહેલાં 'ઝબકે મોતી પરોવી લે' વીજળીના ઝબકારે મોતીમાં દોરો પરોવી લે તેમ અત્યારની મળેલી સામગ્રી નકામી વહી જવા ન દેવી ઘટે. પોતાના આત્માનો વિચાર કરવાનું જરૂરનું કામ ચૂકીને જીવ પારકી પંચાતમાં ખોટી થાય છે તેમાંથી તેને પોતાના ભણી વાળી આત્માનું હિત થાય તેમ વર્તવા લક્ષ રાખવો ઘટે છેજી. 'પગ તળે રેલો તો પારકી વાત પડી મેલો' તેમ દરેકને માથે મરણ છે, સમાધિમરણ થાય તેવી તૈયારી કરવાનું કામ દરેકને માથે છે; તેને માટે જીવ રોજ શું કરે છે અને શું શું કરવા યોગ્ય છે તેનો હિસાબ રાખીને મનને નકામા હર્ષશોકમાં જતું રોકવું. આ કળિકાળ મહા ભયંકર છે, તેમાં કોઈ વિરલા જીવો સત્પુરુષનાં વચનોને વિચારીને ચેતી જશે, તે જ બચશે. સમજ્યા ત્યાંથી સવાર ગણીને એક લક્ષ આત્મકલ્યાણનો નજર આગળ રાખીને, પોતાના આત્માના ઉદ્ધારના કાર્યમાં કમર કસીને મંડી પડવા યોગ્ય છેજી. ઘર બળતું હોય તેમાંથી જેટલું કાઢી લઈએ તેટલું બચે, તેમ ક્ષણે ક્ષણે આયુષ્ય વહ્યું જાય છે તેમાંથી જેટલું ભક્તિ, ભજન, સ્મરણ, વાચન, વિચારમાં સદ્ગુરુઆજ્ઞાએ જશે તેટલું જ જીવન બચ્યું ગણવુંજી. બીજું બધું બળી રહ્યું છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૮૨ અગાસ, તા. ૭-૧૨-૩૯

તત્ ૐ સત્ કાર્તિક વદ ૧૧॥, ગુરુ, ૧૯૯૬

અબુધજનોના અંતરમાં જે સમ્યક્ ભાવ જગાડેજી,
અનંત આગમ મંત્રે મૂકી શિવ-સુખ-અંશ ચખાડેજી.
સેવો સદ્ગુરુ ચરણ-કમળને એ મારગ છે સીધોજી.
સાગર-સાર જુઓ બિન્દુમાં, આગમ-સાર સુમંત્રેજી,
આત્મજ્ઞાની ગુરુવરની આજ્ઞા ચાવી વિદ્યુત-યંત્રેજી. સેવો૦
પાત્ર થવા સદ્બોધ ઉપાસો, જે સત્પુરુષે દીધોજી,
સદાચારથી તે સમજાશે, આ જ માર્ગ મેં લીધોજી. સેવો૦ (પ્રજ્ઞાવ૦ ૩૩)

તીર્થશિરોમણિ પ્રત્યક્ષ પુરુષના યોગબળની વિભૂતિરૂપ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બ્રહ્મચારી બાળ ગોવર્ધનના જયસદ્‌ગુરુવંદન સ્વીકારી કાર્તિક ચોમાસી પાખી સંબંધી જાણતાં અજાણતાં આપ કોઈ પ્રભુભક્તો પ્રત્યે મન, વચન, કાયાએ દોષો થયા હોય તેની પરમકૃપાળુદેવની સાક્ષીએ ઉત્તમ ક્ષમા યાચું છું તે આપવા ઉદાર થશોજી.

સંસારને જ્ઞાનીપુરુષોએ સમુદ્ર સમાન વર્ણવ્યો છે; તેમાં જીવ અનાદિકાળથી ડૂબકાં ખાઈ રહ્યો છે; તેમાંથી તરવા માટે આત્મજ્ઞાની ગુરુ વહાણ સમાન છે, તેનો આશ્રય લેનાર તરી શકે છે અને સર્વ સુખ પામી શકે છે. પણ જેને સમુદ્રમાં તરવાની મજા કરવી હશે તેને પાસે થઈને જતું વહાણ પણ કંઈ કામનું નથી; તેમ જેને હજી સંસારનાં સુખની ઇચ્છા છે, તેમાં સુખની કલ્પના કર્યા કરે છે તે પાણીરૂપ સંસાર તજીને સદ્‌ગુરુના શરણરૂપ વહાણમાં બેસી શકતો નથી. એવા અભાગિયા જીવને ખારા પાણીમાં જ બૂડી મરવાનું રહ્યું. દરિયામા ગમે તેટલું પાણી હોય પણ તે પીવાના કામમાં આવતું નથી; તેમ સંસારના સર્વ પદાર્થો રાજવૈભવ સુખસાહ્યબી બધાં ખારા પાણી જેવાં છે, તેની સ્વપ્ને પણ ઇચ્છા કરવા યોગ્ય નથી એમ જ્ઞાનીપુરુષો પોકાર કરી કરીને કહે છે, તે જે માનશે તેને સાચું શરણ પ્રાપ્ત થશે. સંસારમાં મનાતાં સુખ જેનાં છૂટી ગયાં તેના ઉપર પરમકૃપાળુદેવની કૃપા થઈ એમ માનવા યોગ્ય છેજી. અત્યારે નહીં સમજાય પણ વિચાર કરતાં હૈયે બેસે તેવી એ વાત છે.

મીરાંબાઈને રાજ્યવૈભવ અને બીજાં જગતના જીવો ઇચ્છે તેવાં સુખ હતાં, છતાં તેણે તે રાણાનો, રાજ્યનો ને રાણીપદનો ત્યાગ કરી ભિખારણની પેઠે ટુકડા માગી ખાઈ ભગવાનની ભક્તિ કરી તો આજે આપણે તેને ધન્યવાદ દઈએ છીએ અને 'તે અમર વરને વરી' કે સદા તેનો ચૂડો-ચાંદલો કાયમ રહે તેવી દશા ગુરુકૃપાએ તે પામી. જાણી-જોઈને તેણે પતિને તથા સંપત્તિને લાત મારી અને આનંદપૂર્વક આખી જિંદગી તેણે ભક્તિમાં ગાળી. તો આપણે માથે તેવી દશા તો હજી ભીખ માગે તેવી આવી પડી નથી; પણ કર્મના યોગે વહેલોમોડો જેનો નાશ થવાનો હતો તેવું શિરછત્ર વહેલું ભાંગી ગયું અને સત્પુરુષનો યોગ થયો છે, તેણે સત્સાધન આપ્યું છે તેનું અવલંબન લઈ સદાચાર સહિત જિંદગી ભક્તિમાં ગાળવાની છે એ કંઈ મોટી અઘરી વાત નથી. કાળ કાળનું કામ કરે છે. ભક્તિભાવ વધારતા રહેશો તો કંઈ જ જાણે બન્યું નથી એમ પ્રારબ્ધ પ્રમાણે દિવસો વ્યતીત થશે. કશું ગભરાવા જેવું નથી; મૂંઝાવું ઘટતું નથી. હજી મનુષ્યભવરૂપી મૂડી હાથમાં છે ત્યાં સુધી સૌ સારાં વાનાં થઈ રહેશે, પણ જેમ સદ્‌ગત........નું સર્વસ્વ, આખો મનુષ્યભવ લૂંટાઈ ગયો તે હવે કંઈ કરી શકે તેમ નથી. ચોરાશી લાખના ફેરામાં એક મનુષ્યભવમાં કંઈ નિરાંત છે; બાકી કીડી, મકોડી, કાગડા, કૂતરા, માખી, મચ્છર એ જીવો શું ધર્મ સમજે ? શી રીતે આરાધી શકે ? આપણે જેટલા દિવસ આ મનુષ્યભવના જોવાના બાકી છે ત્યાં સુધી ધર્મનું આરાધન કરી લેવું કે ફરીથી ચોરાશી લાખના ફેરામાં ફર ફર કરવું ન પડે. ચેતવા માટે જણાવવું થાય છે કે મનુષ્યભવમાં અને તેમાં ય સ્ત્રીના અવતારમાં તો કશું ય સુખ બળ્યું નથી. ચક્રવર્તીની પુત્રી હોય તેને પણ પારકી ઓશિયાળી વેઠવી પડે છે. પતિને રાજી રાખવો પડે, જીવતાં સુધી

છોકરાંછૈયાંના ઢસરડા કરવા પડે છે. હે ભગવાન! કદી સ્ત્રીભવ કે કોઈ ભવ કરવો ન પડે તેવું આ ભવમાં ગમે તેમ કરીને મારાથી બનો, એવી ભાવના રોજ રોજ ભાવવાયોગ્ય છે. તે વિષે એક કથા છે તેમાંથી ટૂંકામાં અહીં લખ્યું છે તે વિચારશો. (જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૯૮-૯૯)

તા. ક.—મીરાંબાઈની તો જૂની વાત છે. હાલ આશ્રમમાં પણ બાઈઓ × છે કે જે પરણી જ નથી અને પરણવાની પણ નથી. જ્ઞાનીની આજ્ઞાએ વ્રત પાળીને રહે છે તેવું ઉત્તમ જીવન જીવવાની તક પરમકૃપાળુએ કૃપા કરીને આપી છે તે માટે તે મહાપ્રભુનો મહાઉપકાર માનવા યોગ્ય છેજી.

---

૧૮૩ અગાસ, તા. ૮-૨-૪૦

સુખમેં ન ધરો હર્ષ અતિ, દુઃખમેં નહિ દિલગીર;
સુખ દુઃખ સ્વપ્ન સમાન હૈ અથવા મૃગજળ નીર.
મનમોહન રાજ રમો હૃદયે, જીભ જાપ જપો સમયે સમયે,
તન આતમ સેવન કાજ ટકો, ધનનો ન ધરું મનમાં ચટકો,
ધરી ધૈર્ય હણું લલના લટકો, નિજ દોષ સદા મનમાં ખટકો,
નહિ લૌકિક લાજ વિષે અટકો, મન મોક્ષરુચિ નિશદિન ટકો.
ચરણકમળ તવ મમ હૃદયે, મમ હૃદય રહો તમ પાદદ્વયે,
શિવપદમાં લીન થતાંય લગી ભવભવની પ્રભુ મુજ આ અરજી.
"રે મન! આ સંસારમાં દુઃખથી તું ન ડરીશ,
સમ શમશેર વડે કરી ધાર્યું તે જ કરીશ."
પતિવ્રતા ભક્તિ વૃત્તિ, લહે ભગવત્ પદ સાર;
વેશ્યાવૃત્તિ ભક્તિ ભયે, ન લહે પ્રભુ-ભર્ત્તાર.

જ્ઞાનીપુરુષોએ આ સંસારમાં ગમે તેવાં અનુકૂળ સુખો હોય, કોઈ પણ પ્રકારની લૌકિક સુખની ખામી ન હોય તોપણ આ સંસારનું સ્વરૂપ વિષમ, ભયંકર અને ક્લેશરૂપ કહ્યું છે. એકાંત દુઃખરૂપ આ સંસારમાં ભ્રાન્તિપણે જે સુખ માન્યું હતું તે પણ દુઃખ જ હતું. જે સુખનો વિયોગ માનીએ છીએ તે પણ દુઃખનો જ વિયોગ છે. અનુકૂળતા-પ્રતિકૂળતા કર્મના સંયોગે પ્રાપ્ત થાય છે. અનુકૂળ સંયોગો અવિચારદશામાં સુખરૂપ લાગે છે અને પ્રતિકૂળ સંયોગો દુઃખરૂપ લાગે છે, પણ કોઈ કર્મના સંયોગ આત્માને સુખ આપવા સમર્થ નથી. માટે સાંસારિક અનુકૂળતાઓમાં ખામી આવવાથી જીવ તેવા સુખની ઝંખના કરે છે તે દુઃખને જ નોતરે છે. માટે વિચારવાન જીવે જ્ઞાનીએ જે સુખ માન્યું છે, ચાખ્યું છે, અને પ્રશંસ્યું છે એવા આત્મિક સુખની ઝૂરણા આ જીવે કરી નથી, તે અર્થે જ જીવને જાગ્રત કરવા સંસારમાં આપત્તિઓ આવે છે અને તે વખતે જો જીવ જાગ્રત થાય તો તે કલ્યાણરૂપ નીવડે છે. ભક્તાત્માઓને તો તે વિશેષ કલ્યાણકારક સમજાય છે. નરસિંહ મહેતા જેવાએ એવા પ્રસંગમાં ગાયું છે: "ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ." પરમકૃપાળુ શ્રીમદ્

× કાઠિયાવાડનાં બહેનને લખેલ છે. ત્યાં 'બાઈ' શબ્દ અધિક પ્રચલિત છે. મીરાંબાઈના સંદર્ભમાં પણ બાઈ સ્વાભાવિક લખાયેલ લાગે છે.

રાજચંદ્ર પ્રભુએ લખ્યું છે : "જે થાય તે ભલું માનવામાં આવે — તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે." (૩૦૧) વળી લખ્યું છે — "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી....સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ." (૪૯૦) "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષયકષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે. ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત પુરુષનાં ચરિત્ર અને વાકયનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે, ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે, અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે." (૮૧૯)

સગાંવહાલાં કર્મના સંયોગે મળી આવે છે, ઋણસંબંધ પૂરો થતાં ચાલ્યા જાય છે. સંયોગે હર્ષ, વિયોગે ખેદ એ બન્ને ક્લેશરૂપ છે. એકે ભાવ આત્માને હિતકારી નથી. તેમ જ ભવિષ્યની ચિંતા, છોકરાંછૈયાંના વિચાર એ સર્વ પ્રારબ્ધાનુસાર બને છે. તેમાં ન જોઈતી ચિંતા કરવી તે આત્મહિત ભૂલી નવાં કર્મ બાંધવાનું કારણ થાય છે. સૌ સૌનાં પ્રારબ્ધ લઈને આવે છે. ઇંદ્ર, ચંદ્ર, નાગેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ કોઈનાં કર્મ ફેરવવા સમર્થ નથી. કોઈ કોઈને સુખ આપી શકે એમ નથી, કોઈ કોઈને દુઃખ આપી શકે એમ નથી. પોતે પોતાનું હિત કે અહિત કરવા જીવ સમર્થ છે. તે મૂકી દઈને જેમાં પોતાનું કાંઈ ચાલે એમ નથી એવા પરજીવોને સુખીદુઃખી કરવાની ઇચ્છા કરવી તે નિરર્થક છે; માટે આ મનુષ્યભવ મળ્યો છે તો આત્મહિત વિશેષ કેમ સધાય તેની વિચારણા કરવાથી સદ્‌વિચારમાં વૃત્તિ પ્રેરાશે. પારકી પંચાતમાં જીવ બહુ ખોટી થયો છે. પોતાની સંભાળ લેતો કયારે થશે એ આપણે સર્વેએ વિચારવા યોગ્ય છે. આપને વિચારવા માટે નીચેનું આ લખ્યું છે :

"રાત્રિના પ્રથમ અને અંતિમ પ્રહરમાં હમેશાં પોતાની જાતનું નિરીક્ષણ કરવું કે, 'મેં શું કર્યું છે, મારે હજી શું કરવાનું બાકી છે, મારાથી થાય તેવું હું શું નથી કરતો, કયો દોષ બીજાઓ મારામાં જુએ છે, કયો દોષ મને પોતાને દેખાય છે; અને કયો દોષ હું જાણવા છતાં ત્યાગતો નથી?' આ જાતનું બરાબર નિરીક્ષણ કરનારો સાધુ આગામી દોષનું નિવારણ કરી શકે છે. જે બાબતમાં તેને મન-વાણી-કાયાથી કયાંક દુરાચરણ થયેલું લાગે, તે બાબતમાં તે પોતાને તરત ઠેકાણે લાવી દે : જાતવાન અશ્વ લગામની સૂચનાને ઝટ સ્વીકારી ઠેકાણે આવી જાય છે તેમ. જે જિતેન્દ્રિય અને ધૃતિમાન સાધુ આ પ્રમાણે આત્મ-નિરીક્ષણની પ્રવૃત્તિ કરે છે, તે જગતમાં જાગતો છે; અને તે જ સંયમ-જીવન જીવે છે, એમ કહેવાય. સર્વ ઇન્દ્રિયોને વિષયોમાંથી નિવૃત્ત કરી, આત્માનું નિરંતર રક્ષણ કર્યા કરવું જોઈએ; કારણ કે તેનું જો રક્ષણ ન કર્યું તો તે જન્મમરણને માર્ગે વળે છે, અને તેનું બરાબર રક્ષણ કર્યું હોય તો તે સર્વ દુઃખોમાંથી મુક્ત થાય છે, એમ હું કહું છું." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૮૪ અગાસ, તા. ૨-૩-૪૦

તત્ ૐ સત્ મહા વદ ૯, શનિ, ૧૯૯૬

"ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિલે ન ભેદ;
ગુરુ બિન સંશય ના મિટે, જય જય જય ગુરુદેવ."

પરમકૃપાળુદેવ જેમ રાખે તેમ રહેવું; જે થાય તે સમભાવે સહી લેવું, અને સંતોષ રાખવો. ભક્તિભાવ વર્ધમાન થાય તેમ વર્તવું. એ જ આપણા હાથમાં હાલ તો છેજી. "થવું હોય તે થાજો રૂડા રાજને ભજીએ." પ્રમાદને વશ થઈ ખેદ કર્તવ્ય નથીજી. સત્સંગની નિરંતર કામના રાખી પ્રમાદમાં જીવ ન તણાઈ જાય માટે વારંવાર સ્મરણ, વાંચન, ભક્તિ, કંઈ મુખપાઠે કરવું કે મુખપાઠે થયેલું બોલી જવું વગેરે પુરુષાર્થમાં ચિત્ત રાખી, સત્પુરુષે કહેલો બોધ જે સ્મરણમાં હોય તે વારંવાર વિચારવો; તેનો ઉપકાર ચિંતવવો કે તેનો યોગ ન થયો હોત તો આ પામર જીવની અત્યારે કેવી દશા થઈ હોત? કેવાં કર્મ બાંધતો હોત? તેની મુખાકૃતિ, તેનો પ્રેમ, તેની શિખામણ વીસરવા યોગ્ય નથીજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૮૫ અગાસ, તા. ૧૨-૩-૪૦

તત્ ૐ સત્ ફાગણ સુદ ૩, ૧૯૯૬

જ્ઞાનીપુરુષની આજ્ઞાનું માહાત્મ્ય જીવને લક્ષમાં આવવું બહુ દુર્લભ છેજી. તે ટકી રહેવું તે વિશેષ દુર્લભ છેજી. મનુષ્યભવ છે, અને પાંચ ઇન્દ્રિયો હજી કંઈ કામ આપી શકે એમ છે તથા તદ્દન પરાધીનતા કે મરણપ્રસંગ જેવી વિશેષ વેદનાનો ઉદય નથી ત્યાં સુધી જીવ ધારે તો સદ્ગુરુની આજ્ઞામાં ચિત્ત પરોવી એવો લાભ ઉઠાવી શકે કે તેને ફરી મનુષ્યભવ મળવો દુર્લભ ન થઈ પડે અથવા મોક્ષનું સાધન જ્યાં જાય, ત્યાં બને તેટલું કરતો રહે તેવો અભ્યાસ પરભવમાં પણ સાથે લેતો જાય તેવી જોગવાઈ આ ભવના પુરુષાર્થથી પ્રાપ્ત થઈ શકે છે. આ વાત આપણે સર્વેએ બહુ બહુ વિચારી લક્ષમાં લેવા યોગ્ય છેજી. દિવસ ઉપર દિવસ વહ્યા જાય છે અને મૃત્યુ આવીને ઊભું રહેશે ત્યારે કંઈ આત્મહિત નહીં કર્યું હોય તો શી વલે થશે, તેનો વિચાર અગાઉથી કર્યો હોય તો પુરુષાર્થ વિશેષ કરવાનું બની શકે એમ છે. જ્યાં સુધી સત્સાધન નહોતું મળ્યું ત્યાં સુધી તો કાળ વ્યર્થ ગયો પણ હવે ક્ષણેક્ષણ સ્મરણ કરવામાં ગાળવી છે એવો નિશ્ચય કરવો ઘટે છેજી. વિશેષ શું લખવું? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૮૬ અગાસ, તા. ૧૨-૩-૪૦

તત્ ૐ સત્ ફાગણ સુદ ૩, મંગળ, ૧૯૯૬

અનુષ્ટુપ — આહારે કાય પોષાય, કાયાથી જ્ઞાન પોષવું;
જ્ઞાનથી કર્મનો નાશ, તે નાશ્યે સુખ મોક્ષનું.

આપ સર્વ મુમુક્ષુવર્ગને જ્ઞાનવૈરાગ્યની વૃદ્ધિ કરવા ભલામણ છેજી. મારી તબિયત ઠીક થતી જાય છે. પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના યોગબળે તેની ભક્તિ નિરંતર યથાર્થ રહો એ ભાવના રહે છેજી, કારણ કે બીજી બધી જગતની વસ્તુઓ તો ક્ષણિક અને અસાર છે,

કોઈ વસ્તુ પ્રત્યે પ્રીતિભાવ કરવા યોગ્ય નથી. સવારમાં ફૂલ ખીલેલું દેખાય છે તે સાંજ થતાં પહેલાં કરમાઈ જાય છે તેવા આ સર્વે જગતના પદાર્થો જોતજોતામાં નાશ પામી જાય છે અને તેની ઇચ્છા કરનારને દુઃખી, ક્લેશિત કરતા જાય છે. તેવા પદાર્થોમાં વિચારવાનને આસક્તિ કેમ થાય? તડકામાં ચળકતા પાણીના ટીપાને હીરો માનનાર અજ્ઞાની કહેવાય, તેમ આ અસાર સંસારની વસ્તુમાં મોહ થાય તે મૂર્ખતા સિવાય બીજું શું છે? એમ વિચારી વારંવાર સદ્‌ગુરુની મુખાકૃતિ, તેનો બોધ, તેની આજ્ઞામાં ચિત્તને વારંવાર પ્રેરવાથી તે અખૂટ આનંદ આપનાર થઈ પડશે. નિષ્કામભાવે ગુરુભક્તિ પરમસુખને આપનાર છે. 'શ્રી સદ્‌ગુરુ-પ્રસાદ'માંના પત્રો વારંવાર વિચારી તેમાં જણાવ્યા પ્રમાણે વર્તવાની ભાવના પરમ કલ્યાણનું કારણ છેજી. એક પરમકૃપાળુદેવ પ્રત્યે અનન્ય ભક્તિભાવ વધારવા આ જીવની ભાવના છે તેવી સર્વને હો એવી પ્રાર્થના પરમકૃપાળુદેવ પ્રત્યે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૮૭ અગાસ, તા. ૨૬-૩-૪૦

તત્ ૐ સત્ ફાગણ વદ ૩, ૧૯૯૬

અર્હંત્ સિદ્ધ મુનીશ્વર સાખે, શીલ વ્રતાદિ જો તું રાખે;
જીવતા સુધી પાળી લે લ્હાવ, એ ભવસાગર તરવા નાવ.—(વૈરાગ્યમણિમાળા)

પૂ....ની અચાનક વેદની સંબંધી સમાચાર જાણી ખેદ થયો છેજી. મનુષ્યભવ અત્યંત દુર્લભ છે. તેમાં સત્પુરુષનો યોગ થયા પછીનો કાળ તો જીવે અત્યંત મૂલ્યવાન ગણવા યોગ્ય છે. ભલે સ્ત્રી હો, પુરુષ હો, અભણ હો, ભણેલો હો, ગરીબ રંક હો કે રાજા હો, સાજો હો કે માંદો હો; પણ મનુષ્યભવ હશે તો સત્પુરુષે આપેલું પરમ હિતકારી, પરમ અમૃતસ્વરૂપ સ્મરણમંત્રમાં ચિત્ત દેવાશે. તે મંત્રનું બને તેટલું રટણ કર્યા કરવા યોગ્ય છેજી. જાતે ન બોલાય તો કોઈ પાસે હોય ને મંત્ર બોલતું હોય તેમાં ચિત્ત રાખવું ઘટે છેજી. કોઈ કૂવામાં પડેલાને દોરડું હાથમાં આવી જાય તો તે ડૂબે નહીં, તેમ જેટલો કાળ સ્મરણમાં ચિત્ત દેવાશે તેટલો કાળ સત્પુરુષની આજ્ઞામાં જવાથી તરવાનું કારણ બને છેજી. માટે તે સ્મરણમંત્ર પૂ....ના કાનમાં પડતો રહે તેવી ગોઠવણ કરવાથી તેમને અને તેમને મદદ કરનાર બન્નેને લાભનું કારણ છેજી. ખરી ચાકરી એ છેજી. માટે જ્યાં સુધી જાગતાં હોઈએ ત્યાં સુધી સ્મરણ કરવાનું ભૂલવું નહીં. ભક્તિ વગેરે કરીએ તે પણ તેમની પાસે કરવાથી તેમના ભાવ ભગવાન તરફ વળવાનું નિમિત્ત છેજી. આપણને મરણ વખતે કોઈ ભગવાનનું નામ, તેની ભક્તિ, તેની આજ્ઞારૂપ મંત્ર સંભળાવે તો કેવું સારું એમ રહ્યા કરે છે, તો તેવો જોગ બીજાને પણ બનાવવામાં આપણું હિત છેજી. નીચેની વાત વિશેષ લક્ષ રાખી તેમને બને તો સંભળાવશો અથવા તેમાંથી તમને જે સમજાય તે કહી બતાવશોજી. પ. પૂ. પ્રભુશ્રીજીનાં તે વચનો છે તે અમૃત સમાન છેજી.

"સ્નેહપ્રીતિ કરવા જેવું નથી. એક આત્મા જ્ઞાન-દર્શનમય છે તે ભાવના વારંવાર ભાવવી. બીજે પરભાવમાં મન જાય કે તુરત પાછું વાળવું. વૃત્તિને રોકવી. અને ક્ષેત્રફરસના છે, અન્નજળપાણી છે એમ જાણી અરતિથી આર્ત્તધ્યાન થાય તેમ ન કરવું. 'જો જો પુદ્‌ગલ ફરસના,

નિશ્ચે ફરસે સોય; મમતા-સમતા ભાવસેં, કર્મબંધ-ક્ષય હોય.' આપણી ઇચ્છાએ, સ્વચ્છંદે જીવને જન્મમરણ થઈ રહ્યાં છે, તેથી મૂંઝાવું નહીં. મરણ અવસરે કોણ સહાય છે? તે વખતે પરવશે ભોગવવું પડે છે, તો અત્રે 'જા વિધ રાખે રામ તાવિધ રહિયે.' મૂંઝાવું નહીં, અકળાવું નહીં. સહનશીલતા એ તપ છે. જ્યાં જઈએ ત્યાં માટી, પાણી ને ઢેફાં. કોઈ જગ્યાએ સુખ નથી. સુખને જાણ્યું નથી. દુઃખ, દુઃખ ને દુઃખ છે. દુઃખમાં સુખ માની રહ્યો છે, ભુલવણી છે, ચેતવા જેવું છે. ભૂલ્યો ત્યાંથી ફેર ગણ; સમજ્યો ત્યાંથી સવાર. આખરે મૂકવું પડશે. આખરે સ્વચ્છંદ રોકવો થાય છે તો સમજીને, અત્યારે જેવો અવસર તે પ્રમાણે કાળ વ્યતીત કરે અને સમભાવ રાખે તો તપ જ છે. ઇચ્છાઓ, તૃષ્ણાઓ કરે તો બંધ છે. એકલો આવ્યો, એકલો જવાનો છે. ફરી આવો લાગ નહીં આવે. મનુષ્યભવ ફરી ફરી નહીં મળે. જીતી બાજી હારવી નહીં. કોઈ કોઈનું દુઃખ લેવા સમર્થ નથી, કોઈ કોઈને સુખ આપવા સમર્થ નથી. આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.'' (ઉપદેશામૃત પૃષ્ઠ ૯૧)

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી બોલતા હોય ને આપણે સાંભળતા હોઈએ તેમ સર્વેએ ધ્યાન દઈને આ શિખામણની વાત સાંભળવા યોગ્ય છે, તે ઘૂંટડો ગળે ઉતારવા યોગ્ય છે તો સર્વે સારાં વાનાં થઈ રહેશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૮૮ અમાસ, તા. ૨૪-૪-૪૦

આપનો પત્ર મળ્યો છેજી. આપની ભાવના સારી છે. સત્સંગે તે વર્ધમાન થાય છે. સત્સંગના વિયોગમાં પણ શિથિલતા ન આવે તે માટે સત્પુરુષનાં વચનામૃતને સત્સંગ તુલ્ય સમજી વિશેષ વિચાર સહિત વર્તવું જરૂરનું છેજી. પત્રાંક ૫૩૭ "મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં," એ વાકયથી શરૂ થાય છે તે પત્ર બહુ વાર વારંવાર વિચારી બને તો મુખપાઠ કરવા યોગ્ય છેજી. તેમાં મુમુક્ષુએ શું કર્તવ્ય છે? મૂળ ભૂલ શું છે અને તે કેમ કાઢવી? તથા કેવા પુરુષાર્થમાં રહેવું અને શું કરે તો તે બધું કરી ચૂકયો ગણાય તે વિષે સરળ શબ્દોમાં અનેક શાસ્ત્રોના સારરૂપ આપણા જેવા બાલ જીવોને મોક્ષમાર્ગની સમજ આપે તેવો પત્ર તે છે. તે પરમ પુરુષે કેટલી દયા કરી આ બાળકને ત્રિવિધ તાપથી બળતો બચાવવા ઠોકી ઠોકીને મૂળ વાત જણાવી છે, તે હૃદયમાં રહે તો વૈરાગ્ય સહજ સ્વભાવરૂપ થઈ જાય તેવો પત્ર છેજી.

મહાપુરુષે માર્ગ બતાવવાનું તેમનું કાર્ય કર્યું. આપણે તે માર્ગે ચાલવાનું કામ હવે કરવાનું છે. તે ખરા દિલથી કરવા માંડીશું તો મોક્ષનું કામ અત્યારે લાગે છે તેવું ભારે નહીં લાગે; કારણ કે સત્પુરુષનો યોગ ન થયો હોય ત્યાં સુધી જીવને બાહ્યદૃષ્ટિ હોવાથી જે જે પુરુષાર્થ કરે તે સંસારનું કારણ થવાનો સંભવ છે, પણ સત્પુરુષ જેવા ધીંગધણી કર્યા પછી તેમનાં વચનને હૃદયમાં જાગ્રત રાખી વિષયકષાય શત્રુઓની સામે સત્પુરુષે આપેલાં સાધનરૂપ શસ્ત્રથી લડવાનું છે. બળ તો આપણે જ કરવું પડશે, પણ તે કામ મારે જરૂર કરવું છે એવો જેનો નિશ્ચય છે તેને સત્પુરુષને શરણે તેની આજ્ઞાએ વર્તતાં તેનાં આપેલાં હથિયાર વાપરવાનું બળ મળી રહે છે એ નિઃશંક વાત છે. હવે કહેવાતા મુમુક્ષુ નથી રહેવું પણ પોતાનું નથી

તે મૂકનારા, મમતા તજનારા મુમુક્ષુ થવું છે એવો જો એક વાર દૃઢ નિશ્ચય કરી લીધો તો સર્વ સાધન સવળાં, સત્સાધન થશેજી. વિશેષ શું લખવું? વિચારવાનને પોતાનું હિત વિશેષ કેમ સધાય તે વિચારતા રહેવાની રોજ જરૂર છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૮૯ અગાસ, તા. ૨૪-૪-૪૦
તત્ ૐ સત્ ચૈત્ર વદ ૩, બુધ, ૧૯૯૬

મુક્તિપુરી લઈ ચાલે તેવું બોધિ-સમાધિ-સુભાતું ચહું,
તે દેવા વીતરાગ પ્રભુને વીનવી સત્શરણે જ રહું.
તનપિંજર મુજ જીર્ણ થયું છે કૃમિકુલ-જાલે ખદબદતું,
ભસ્મ થવાનું તેનો ભય શો? જ્ઞાનતનુ હું અભય રહું.
મૃત્યુ-મહોત્સવ પ્રાપ્ત થયે ભય કેમ ઘટે? પટ જેમ તજું,
દેહ-દેશ મૂકી દેશાંતરમાં જતાં સમાધિભાવ ભજું;
સત્કર્મોનું ફળ દે સ્વર્ગે લઈ જઈ મૃત્યુ મિત્ર ખરો,
તો ડર કોણ મરણનો રાખે? સર્વ મળી સત્કાર કરો.
તન-પિંજરમાં પૂરી પીડે છે ગર્ભકાળથી કર્મ-અરિ,
કોણ મને ત્યાંથી છોડાવે? મૃત્યુરાજની મદદ ખરી.
દેહ માત્ર ગણી બીજ સૌ દુઃખનું દેહ-વાસના દૂર કરે,
આતમજ્ઞાની મૃત્યુ-મિત્રની કૃપા વડે મુક્તિ ય વરે. (પ્રજ્ઞાવબોધ-૫૨)

આ પત્ર ઘણુંખરું ચૈત્ર વદ ૫ ઉપર તમને મળી જશે. પરમકૃપાળુદેવની દેહોત્સર્ગ તિથિ તે દિવસે છે. તે પરમ ઉપકારી, આપણા અનન્ય આશ્રય પરમપુરુષના વિયોગની સ્મૃતિરૂપ તે દિવસે બધા ઉપવાસ કરશે અને તે પુરુષના વિરહનાં "આલોચનાદિ પદ સંગ્રહ"માંનાં પદ વગેરેથી ભક્તિ કરશે. તેવી ભક્તિની ભાવના દૂર રહ્યાં પણ હૃદયમાં ભાવ આણી વારંવાર તે પરમપુરુષના આશ્રયનું બળ વર્ધમાન કરતા રહેવા યોગ્ય છે. પરમકૃપાળુદેવની ભક્તિ એકનિષ્ઠાથી થાય તો જરૂર આ જીવનું કલ્યાણ થાય, કારણ કે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રી કહેતા કે અમે વીમો ઉતારીએ છીએ. તેની (પરમકૃપાળુદેવની) ભક્તિ કરે અને તેનું કલ્યાણ ન થાય તો અમે જવાબદાર છીએ. આવી જોખમદારી લેવી એ ભારે કામ છે પણ સાચી વાત છે એટલે બેધડક કહીએ છીએ એમ ભરી સભામાં તેઓશ્રી કહેતા હતા. આપણે તો તેનો વિશ્વાસ રાખી પરમ-કૃપાળુદેવના ચરણમાં માથું મૂકી તેણે કહ્યા પ્રમાણે વૈરાગ્ય ઉપશમ વધારી તેને પગલે પગલે ચાલી, મોક્ષે જ જવું છે એવો દૃઢ નિશ્ચય કર્તવ્ય છેજી. પોતે પરમકૃપાળુદેવે જ લખ્યું છે કે "છૂટવાના કામીને પરમાત્મા પણ બાંધી શકતા નથી અને બંધાવાના કામીને પરમાત્મા પોતે પણ છોડી શકતા નથી." માટે આપણે તેવા અપૂર્વ પુરુષને શરણે છીએ એમ ભાવ રાખી, સત્સંગ સદાચરણના ભાવ રાખી વિશ્વાસથી તેની આજ્ઞા ઉઠાવવા પુરુષાર્થ કરીશું તો જરૂર જીવનું કલ્યાણ થશે. કંઈ ગભરાવા જેવું નથી. જેટલી પરમ પુરુષ ઉપર શ્રદ્ધાની ખામી છે તેટલો જ જીવ દુઃખી છે. નહીં તો મોક્ષ થવાના ઉપાયો બતાવવામાં તે મહાપુરુષે કચાશ-

રાખી નથી. આ જીવે કરવામાં ખામી રાખી છે, તે પૂરી કરવી પડશે. વચનામૃત વાંચવાનો અભ્યાસ રાખ્યા રહેશો, તેથી ભક્તિ જાગ્રત રહી તે મહાપુરુષના ઉપકારોની સ્મૃતિ થતાં થતાં સંસારભાવ મોળા પડી તેની દશા પ્રાપ્ત કરવાની વૃત્તિ પોષાયા કરશેજી. ધીરજ, સમતા, શાંતિ, ક્ષમા, ભક્તિ અને મુમુક્ષુતા સહજ સ્વભાવરૂપ થઈ રહે તેવો અભ્યાસ પાડી દેવાની જરૂર છેજી. તેથી રોજ તે બોલો વિચારી પોતાના વર્તનમાં જ્યાં જ્યાં સુધારવા જેવું લાગે તે રોજ સુધારવાની ભાવના કરશો તો તે ગુણોની પ્રાપ્તિ થઈ સમાધિમરણની તૈયારી થશેજી. એ જ. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૯૦ અગાસ, તા. ૨૫-૫-૪૦

તત્ ॐ સત્ વૈશાખ વદ ૪, શનિ, ૧૯૯૬

હરિગીત — અહંકાર ન આણુવો સુર્ણો આપણી સ્તુતિ લોકમાં,
અજ્ઞાની જન નિંદા કરે તો આવવું નહિ કોપમાં;
સેવા કરો ગુરુરાજની ઉપદેશ ઉરમાં માણજો,
વસ્તુ સ્વરૂપ વિચારવા ઇચ્છા નિરંતર આણજો.

શુચિ રાખજો વ્રત શુદ્ધિથી, ધીરજ વિપદમાં ધારજો,
માયા મૂકી નિર્દંભ થઈ, વૈરાગ્ય ધરી મન વારજો.
સંસાર દાવાનલ વિષે, સૌ દાઝતા જન ધારજો,
તન ધન જુવાની સ્ત્રી સગાં સૌ નાશવંત વિચારજો.

ભગવંતની ભક્તિ ધરો, ઉરમાં અતિ બહુમાનથી,
એકાંત એવા સ્થાનમાં શય્યા, સ્થિતિ કરવી કથી;
શુદ્ધ શ્રદ્ધારૂપ સમકિતમાં અચળ સ્થિતિ કરો;
પ્રમાદ-શત્રુનો નહીં વિશ્વાસ પળનો પણ ધરો.

તમારો પ્રથમનો પત્ર મળ્યો હતો, તેમાં તમે બે બાબતો પુછાવેલી છે. મરુદેવી માતા કોણ અને સાત તત્ત્વ શું? તમારા બન્ને પ્રશ્નોનો ટૂંકામાં ઉત્તર લખું છું —

અનંતકાળથી જીવ જન્મમરણ કર્યા કરે છે, પરંતુ શુભ સંયોગો પામીને સત્સંગ-યોગે જીવને પોતાના વિષે વિચાર કરવાની વૃત્તિ જાગે છે. 'હું હું હું કરું છું તેમાં હું કોને કહું છું?' તેનો વિચાર ઉદ્ભવતાં સત્પુરુષની શોધ કરી તેનો નિર્ણય તે જ્ઞાની દ્વારા કરી લે છે એટલે જ્ઞાનીએ કહેલું આત્માનું સ્વરૂપ તેને માન્ય થાય છે—

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ — મૂળ૦
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ — મૂળ૦"

મૂળમાર્ગમાં કહેલાં જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ આત્મા એ સાત તત્ત્વનું પહેલું તત્ત્વ છેજી. તે જીવને કર્મનો સંગ છે તેથી બંધ દશામાં છે; તે કર્મનું મૂળ કારણ જીવના અશુદ્ધ ભાવ અને તેથી પુદ્‌ગલ વર્ગણા (જડ સૂક્ષ્મ પરમાણુઓના જથ્થા) નું આવવું થાય છે તે તે જડ

પુદ્‌ગલ દ્રવ્ય અજીવ છે. તેવાં જ બીજાં આકાશ, કાળ, ધર્મ (ગતિમાં સહાયક), અધર્મ (સ્થિતિમાં સહાયક) અજીવ દ્રવ્યો છે. આમ [1]પુદ્‌ગલ (રૂપ, રસ, ગંધ, સ્પર્શ ને શબ્દવાળા પદાર્થો), [2]આકાશ, [3]કાળ, [4]ધર્મ અને [5]અધર્મ – આ પાંચ અજીવ છે તે બીજું તત્ત્વ છે. જીવના અશુદ્ધ ભાવ અને તે નિમિત્તે આવતા પરમાણુઓના સમૂહને આસ્રવ નામનું ત્રીજું તત્ત્વ કહે છે. તે અશુદ્ધભાવને લઈને આવેલાં પરમાણુ આત્માના પ્રદેશોની સાથે દૂધ ને પાણીની પેઠે એકમેક થઈને રહે છે, તેને ચોથું બંધ તત્ત્વ કહે છે. મૂળમાર્ગમાં કહેલા ખાસ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ સ્વભાવમાં જીવ રહે છે ત્યારે સંવર નામનું પાંચમું તત્ત્વ પ્રાપ્ત થયું એમ કહ્યું છે; તેથી નવાં કર્મ-પરમાણુ આવતાં નથી કે બંધાતાં નથી. સંવરના પ્રભાવે પૂર્વે બાંધેલાં કર્મો પણ આત્માની સાથેનો સંબંધ છોડીને અનુક્રમે ખરી જાય છે. દૂધપાણીને ઉકાળી પાણી બાળી મૂકીએ તેમ પૂર્વ કર્મ ધીમે ધીમે બળી જાય છે તેને નિર્જરા નામનું છઠ્ઠું તત્ત્વ કહે છે. બધાં કર્મ છૂટી જાય તેવા ભાવ થયે આઠે કર્મ આત્માથી છૂટાં પડી જાય અને શુદ્ધ આત્મદશા સદા કાળ રહે તે અવસ્થાને મોક્ષ નામનું સાતમું તત્ત્વ કહ્યું છે. આમ સાત તત્ત્વમાં પુણ્ય અને પાપ રૂપે બે તત્ત્વો ઉમેરીને કોઈ કોઈ આચાર્યો નવ પદાર્થની સંખ્યા પણ કરે છે. આત્માને જાણવો અને આત્મારૂપે વર્તવું એ સર્વ તત્ત્વોનો સાર છે; તેથી મોક્ષ–નિજશુદ્ધતા–પ્રાપ્ત થાય છે.

તે દશા આ કલ્પકાળમાં પ્રથમ પ્રાપ્ત કરનાર મરુદેવી માતા હતાં. ઋષભદેવ ભગવાનનાં તે માતા થાય. અનંતકાળ નિગોદ (એક ઇન્દ્રિયરૂપે જન્મી એક શ્વાસ લઈને મૂકીએ તેટલા વખતમાં સત્તર-અઢાર વાર જન્મમરણ કરવાની) અવસ્થામાં રહી તેમને કેળનો ભવ પ્રાપ્ત થયો તે વખતે પાસે કંથાર નામનો કાંટાનો છોડ ઊગેલો તેના કાંટા વડે કેળનાં પાન નિરંતર અથડાતાં, ફાટતાં, તૂટતાં એમ ઘણું દુઃખ તે ભવમાં સહન કરી, જુગલિયાનો જન્મ આ ભરતક્ષેત્રમાં તેમનો થયો. તેમને નાભિરાજા સાથે પરણાવ્યાં અને ઋષભદેવ પ્રથમ તીર્થંકર તેમના પુત્ર થયા. ઘણાં વર્ષ રાજ્ય કરી વૈરાગ્ય પ્રાપ્ત થતાં રાજ્ય ભરત ચક્રવર્તીને સોંપી પોતે મુનિપણે હજાર વર્ષ કષ્ટમાં ગાળ્યાં ત્યારે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. દેવોએ આવી સમવસરણ સભામંડપ આદિ રચના બહુ આકર્ષક કરી. તે જોઈ લોકોએ મરુદેવી માતાને ખબર કહી કે તમે તો મારો પુત્ર શું કરતો હશે? શું ખાતો હશે? એવા શોકમાં રડી રડીને આંખો ખોઈ, પણ તે તો દેવો પૂજે તેવો મહાદેવ બની ગયો છે. ચાલો તમને બતાવીએ કહી હાથી ઉપર બેસાડી તેમને સમવસરણમાં લઈ જતાં હતાં. રસ્તામાં દેવદુંદુભિના અવાજ ને દેવોનાં ગીત સાંભળી મરુદેવી બોલ્યાં, "મેં તો તારે માટે રડી રડીને આંખો ખોઈ ને તેં તો મને સંભારી પણ નહીં કે મારી મા શું કરતી હશે!" એમ વિચારતાં કોના પુત્ર ને કોની મા? એવી વૈરાગ્યશ્રેણીએ ચઢતાં તેમને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, આયુષ્ય પૂર્ણ કરી તે મોક્ષે પધાર્યાં. તેમના પુત્ર શ્રી ઋષભદેવ ભગવાન ઘણા જીવોને બોધ દઈ પોતે મોક્ષે ગયા અને ઘણા જીવો તરે તેવા ધર્મની સ્થાપના કરી તેને સનાતન જૈન ધર્મ કે સહજાત્મસ્વરૂપ ધર્મ કહે છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૯૧ અગાસ, તા. ૨૭-૫-૪૦

ત્યાગ તણી મર્યાદા કરજે, શુદ્ધ મને નિયમ અનુસર તે;
ઉદાસીનતા સમતા ભજજે, આશા-દાસી સંગત તજજે.
જેને સદ્ગુરુ ચરણશું રંગ, તેને ન ગમે અવરનો સંગ;
જેને સદ્ગુરુ ચરણશું રાગ, તેનાં જાણો મોટાં ભાગ્ય.

લીલોતરીમાં પાકાં ફળની ગણતરી ગણાતી નથીજી.

બીજું, આપે પૂછ્યું કે આ ભવ પૂર્ણ થયા પછી બીજા ભવે આ જ માર્ગની પ્રાપ્તિ તથા સદ્ગુરુનો યોગ મળે કે નહીં ? તે વિષે જણાવવાનું કે, મોક્ષમાર્ગે ચઢેલા જીવને કે તેવા સત્પુરુષના આશ્રિત જીવને જો આશ્રય ન છોડે તો મોક્ષ થતાં સુધી જે જે અનુકૂળતાની તેને જરૂર છે તેનો સંચય થતો જાય છે. ટૂંકામાં તે મુકાતો જ જાય છે. જેમ બજારમાં આપણે કોઈ ખાસ જરૂરની વસ્તુ જોઈ તે ખરીદવી છે એમ નિર્ણય કર્યો, પણ પાસે પૂરા પૈસા ન હોય તો તે વસ્તુ તેને તુરત મળે નહીં, પણ બાનું બે આના કે રૂપિયા જેટલું તેને આપ્યું તો તે ચીજ આપણી જ થઈ ગઈ, પછી કોઈને તે વેચે નહીં. પૂરી કીમત આપીએ ત્યારે આપણને મળી જાય. તેમ જેને સાચી શ્રદ્ધા થઈ છે તેનો મોક્ષ થઈ ચૂક્યો. જેટલાં કર્મ પૂર્વે બાંધેલાં છે તે પૂરાં થતા સુધી ભવ કરવા પડે તો કરે, પણ આખરે મોક્ષ થાય. રસ્તામાં ચાલતાં સાંજ પડે ને સૂઈ જઈએ પછી સવારે જેમ ચાલવા માંડીએ છીએ તેમ મોક્ષમાર્ગ જેને પ્રાપ્ત થયો છે તેને બીજો દેવાદિનો ભવ કરવો પડે ત્યાં પૂર્વે કરેલાં પુણ્ય ભોગવે છે, ધર્મ ઓછો થઈ શકે છે; પણ પાછો મનુષ્યભવ મળે ત્યારે તેને ધર્મની રુચિ પ્રબળપણે જાગે છે અને મોક્ષમાર્ગ બતાવનાર ગુરુનો યોગ પણ તેને મળી આવે છે તથા વિશેષપણે મોક્ષમાર્ગ આરાધે છે. આઠ દૃષ્ટિ આપણે બોલીએ છીએ તેમાં આવે છે—

"દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુક્તિ પ્રયાણ ન ભાંજે રે;
રયણી-શયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તેમ છાજે રે.
વીર જિનેસર દેશના."

સમ્યક્દૃષ્ટિ જીવ થયા પછી આયુષ્ય બાંધે તો તે દેવનું બાંધે, પછી મનુષ્ય થાય. વળી કર્મ અધૂરાં રહી ગયાં હોય તો દેવ થાય. એમ દેવ અને મનુષ્યના ભવ કરી વધારેમાં વધારે પંદર ભવે તે મોક્ષે જાય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૯૨ અગાસ, તા. ૨૮-૫-૪૦

તત્ ૐ સત્ વૈશાખ વદ ૭, મંગળ, ૧૯૯૬

હરિગીત— "સ્વદ્રવ્ય ને પરદ્રવ્યને વિજ્ઞાનબળથી પારખી,
ભિન્ન કરજો ભેદજ્ઞાને, લક્ષણોને નીરખી;
સદ્ગુરુના સદ્બોધથી કરીં શોધ શ્રદ્ધા ધારજો,
સત્સંગથી ઉલ્લાસ સત્પુરુષાર્થ માંહિ વધારજો."

આપે શરીરવ્યાધિના સમાચાર જણાવી "આ જીવને ઉત્તાપનો મૂળ હેતુ શું ? તથા તેની નિવૃત્તિ કેમ થતી નથી ? અને તે કેમ થાય ?"(૮૨૭) તે વિષે પુછાવ્યું છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે પરમકૃપાળુદેવે ઘણા પ્રશ્નો ઉપસ્થિત કરી વહેલામોડા આગળપાછળ ઉત્તર આપેલા છે તે તેઓશ્રીનાં વચનો વિચારપૂર્વક જોવાથી જડી આવે તેમ છેજી. એક કાવ્યમાં તેઓ લખે છે :

"જન્મ, જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ,
કારણ તેનાં બે કહ્યાં, રાગ–દ્વેષ અણહેતુ."

ઉત્તાપ, સંતાપ કે દુઃખનાં મૂળ કારણ જન્મ, જરા, મૃત્યુ કહ્યાં; અનંત કાળ ક્ષણ ક્ષણ કરતાં વ્યતીત થયો, છતાં તેની નિવૃત્તિ થઈ નથી તેનું કારણ વીસ દોહરા રોજ બોલીએ છીએ તેમાં પ્રગટ જણાવેલ છેજી.

"અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન."

આ દોષો દેખીને નહીં ટાળીએ ત્યાં સુધી તેની નિવૃત્તિ કેમ થાય ?

"પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય,
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ?
અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય,
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય ?
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ,
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ."

વીસ દોહરાનો યથાર્થ વિચાર થાય તો તમારા પ્રશ્નોનો ઉત્તર સહેજે મળી રહે તેમ છેજી. બધાનું કારણ પ્રથમ જણાવ્યું તેમ રાગ અને દ્વેષ છે. તે ટળવાનો, ક્ષય થવાનો ઉપાય પોતે બતાવ્યો છે : "શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨)

જ્ઞાનીપુરુષો પોકારી પોકારીને કહી ગયા છે; તેમણે કહેવામાં બાકી રાખી નથી; આ જીવે કરવામાં બાકી રાખી છે; તે બાકી પૂરી કર્યે છૂટકો છેજી. માર્ગ બતાવનાર મળ્યા, માર્ગ સાચો લાગ્યો, તે માર્ગ આરાધ્યા વિના કદી છુટાશે નહીં એમ પ્રતીતિ થઈ તો પ્રમાદ તજી હવે એકલક્ષ્યે તે માર્ગમાં આગળ વધવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી.

બીજું, આપે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના બોધ વિષે પુછાવ્યું તે વિષે જણાવવાનું કે આગળ ઉપર આ તીર્થક્ષેત્રે તેનું વાચન વિશેષ હિતકારી થશે એમ જણાય છેજી.

"કર વિચાર તો પામ." શ્રી આત્મસિદ્ધિ – શ્રીમદ્ રાજચંદ્ર

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧૯૩
અગાસ, તા. ૨૮-૫-૪૦
ૐ
વૈશાખ વદ ૭, મંગળ, ૧૯૯૬

હરિગીત— સાચી અચળ શ્રદ્ધા ધરે જે, જીવ સમકિતવંત છે;
આત્મ-અનુભવ આપ્ત આગમ ધર્મમાં નિ:શંક તે,
સમકિતી સુખ અહમિંદ્રનાં પણ વેદનારૂપ માનતાં;
વિનાશિક દુ:ખરૂપ દેખી, સ્વપ્નમાંહિ ન ઇચ્છતા.

આપ લખો છો તેમ સત્સંગ જ જીવને ઉપકારક વસ્તુ છે, પણ પૂર્વપુણ્યને આધીન તેવો જોગ બને છેજી. સત્સંગના વિરહમાં સત્પુરુષનાં વચનોને પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય સમજી તેનું આરાધન કરી જિજ્ઞાસા વર્ધમાન કરે તો વિરહ પણ કલ્યાણકારી નીવડે છે એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છેજી. વૈરાગ્યને પરમકૃપાળુદેવે ઉત્તમ ભોમિયો કહ્યો છે. આપણે જ્યાં જવું છે, જે કરવું છે, જેવા બનવું છે તેનો માર્ગ બતાવનાર વૈરાગ્ય છે. વૈરાગ્ય એ આસક્તિ અને મોહનો કાળ છે, વિવેકનો પિતા છે, સત્સંગને સફળ કરાવે તેવો ઉપકારક છે અને વિચારનો મિત્ર છે. માટે મુમુક્ષુએ ગમે તે ઉપાયે વૈરાગ્યની વૃદ્ધિ કરવા યોગ્ય છે અને વિચારની સાથે તે વસનાર હોવાથી વિચાર વારંવાર કરતા રહેવા યોગ્ય છે. શા માટે આ માનવદેહ મળ્યો છે? એટલે શું કરવા આ ભવમાં જીવ આવ્યો છે? અને શું કરી રહ્યો છે? એની તપાસ ઘણી વાર કરતા રહેવાની જરૂર છે, તેથી અગત્યનાં કામ કયાં છે અને બિનજરૂરી કામ કયાં છે તે સમજાય છે અને બિનજરૂરી પ્રત્યે બેદરકારી કે જોઈએ તેટલી જ કાળજી તેની રહે અથવા તે પ્રત્યે વૈરાગ્ય રહે; અને જે કર્યા વિના આત્માનું કલ્યાણ થવાનું નથી એવી સદ્ગુરુની આજ્ઞા, તેનો વિચાર, ભક્તિ, સ્મરણ, સમ્યક્ પરિણતિ પ્રત્યે અભિલાષા, પ્રેમ, લક્ષ વારંવાર રહ્યા કરે. અનાદિકાળથી મોહવશ જે જે પ્રવર્તન કર્યું છે તેનો પશ્ચાત્તાપ કરી સદ્ગુરુની આજ્ઞા સિવાય શ્વાસોચ્છ્વાસ સિવાય કંઈ ક્રિયા કરવી નથી એવી ભાવના કરવી. નિરંતર સદ્ગુરુકૃપાથી મળેલા સ્મરણમાં ચિત્ત વારંવાર આણવાનો, ટકાવવાનો પુરુષાર્થ કરી તેવો અભ્યાસ પાડી દેવાની જરૂર છેજી. કોઈક દિવસે આ વાતનો વિચાર કરવાથી કંઈ કલ્યાણ સાધી શકાય તેમ નથી એમ વિચારી કાર્યે કાર્યે, પ્રસંગે પ્રસંગે, ક્ષણે ક્ષણે એનો ઉપયોગ રાખવાના પુરુષાર્થમાં તત્પર રહેવાય તેવી દાઝ દિલમાં રાખવી ઘટે છેજી. ગોળ નાખીશું તેટલું ગળ્યું થશે. "ભાવ તિહાં ભગવંત" એમ કહ્યું છે તે સત્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૯૪
અગાસ, તા. ૪-૬-૪૦
તત્ ૐ સત્
અષાડ વદ ૧૪, ૧૯૯૬

દોહા— આખા ભવમાં મરણ તો આવે એક જ વાર;
તોપણ કાયર જીવને, ભડકાવે બહુ વાર.
શૂરવીર સામા જાય છે, બોલાવે બહુ વાર;
સંત ગુરુ-શરણું ગ્રહી, રહે સદા તૈયાર.

વિ. આપનો પત્ર મળ્યો. વાંચી વૈરાગ્યવૃદ્ધિનું કારણ બનેલ છેજી. જ્ઞાનીપુરુષો કેવળજ્ઞાન થતાં સુધી મરણને સમીપ સમજીને વર્તે છે એમ પરમકૃપાળુદેવે સ્પષ્ટ જણાવ્યા છતાં આ

જીવ પ્રમાદને વશ સમાધિ-મરણની તૈયારીમાં પ્રવર્તવા યોગ્ય વાત મુલતવી રાખ્યા કરે છે એ એક આશ્ચર્ય છે. વિચારવાનને જોકે મરણનો ભય કર્તવ્ય નથી; કારણ કે આત્માનું મરણ કદી થયું નથી, થતું નથી અને થશે પણ નહીં; તેમ છતાં સ્વરૂપનું અજ્ઞાન અને સ્વરૂપની વિસ્મૃતિને મરણ વિચારવાન જીવો માને છે. કહ્યું છે કે "ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો ! રાચી રહો ?" હવે પારકી પંચાત અને પર વસ્તુઓનું માહાત્મ્ય છોડી રાગદ્વેષ ઘટાડી શાંતિ હૃદયમાં સ્થાપવા સઘળો પુરુષાર્થ વાપરવા યોગ્ય છેજી. તે જ વાત હાલના વાચનમાં આવે છે તે વિચારવા લખું છું —

"प्राणोंके नाशको मरण कहते हैं । और ज्ञान आत्माका प्राण है । यह ज्ञान सत्स्वरूप स्वयं ही नित्य होनेके कारण कभी नष्ट नहीं होता है । अतः आत्माका कुछ भी मरण नहीं है । तो फिर ज्ञानीको मरणका भय कहाँसे हो सकता है ? वह ज्ञानी स्वयं निःशंक होकर निरंतर स्वाभाविक ज्ञानको सदा प्राप्त करता है ।...आत्मा ही कल्याणका मंदिर है । अतः परपदार्थोकी किंचित्मात्र भी अपेक्षा न करें ।...अब तो घोर परिश्रम कर स्वरूपके अर्थ मोक्षमार्गका अभ्यास करना है तथा ज्ञान-शस्त्रको रागद्वेष-शत्रुओंके ऊपर निपात करनेकी आवश्यकता है । यह कार्य न तो उपदेष्टाका है और न समाधिमरणमें सहायक पंडितोंका है । अब तो अन्य कथाओंके श्रवण करनेमें समयको न दे कर उस (रागद्वेष) शत्रुसेनाके पराजय करनेमें सावधान होकर यत्नपर हो जावो ।......अतः जब तक आपकी चेतना सावधान है, निरंतर स्वात्मस्वरूप चिंतवनमें लगा दो । मैं ज्ञाता हूँ, द्रष्टा हूँ, ज्ञेय भिन्न है, उसमें इष्ट-अनिष्ट विकल्प न हो, यही पुरुषार्थ करना और अंतरंगमें मूर्च्छाको दूर ही से त्यागना । मेरा उपयोग अब इन बाह्य वस्तुओंके संबंधसे भयभीत रहता है । मैं तो किसीके समागम की अभिलाषा नहीं करता हूँ । आपको भी सम्मति देता हूँ कि सबसे ममत्व हटानेकी चेष्टा करो, यही पार होनेकी नौका है । जब परमें ममत्वभाव घटेगा तब स्वयमेव निराश्रय अहंबुद्धि घट जावेगी । क्योंकि ममत्व और अहंकारका अविनाभावी संबंध है, एक बिना अन्य नहीं रहता । बाईजीके बाद मैंने देखा कि अब तो स्वतंत्र हूँ, दानमें सुख होता होगा इसे करके देखूँ । ६००० रुपया मेरे पास था, सर्व त्याग कर दिया परंतु कुछ भी शांतिका अंश न पाया । उपवासादि करके शांति न मिली । परकी निंदा और आत्मप्रशंसासे भी आनंदका अंकुर न हुआ । भोजनादिकी प्रक्रियासे भी लेश शांतिको न पाया । अतः यही निश्चय किया कि रागादिक गये बिना शांतिकी उद्भूति नहीं । अतः सर्व व्यापार उसीके निवारणमें लगा देना ही शांतिका उपाय है । वाक्जालके लिखनमें कुछ भी सार नहीं ।"

સદ્ગત બ્રહ્મચારી ગણેશપ્રસાદજી જેવા પંડિતે જે છ હજાર રૂપિયા ખર્ચી શિખામણ લીધી તે, આપણે જો આત્માર્થી હોઈએ, સમાધિમરણ અને શાંતિના ઇચ્છક હોઈએ તો મફત જે શિખામણ મળી તોપણ અમૂલ્ય જાણી તેનો સદુપયોગ કરવાથી આત્મા સુખી થશે. પરમકૃપાળુદેવે તો ટૂંકામાં કહ્યું છે કે "જ્યાં-ત્યાંથી રાગદ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે; અને તે તમને અત્યારે બોધી જઉં છું.....ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરુષનાં ચરણકમળ છે; તે પણ કહી જઉં છું." (૩૭)

જેમ યોગ્ય લાગે તેમ વિચારશોજી. વિચારવાનને વિશેષ શું લખવું ?

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧૯૫ અગાસ, તા. ૯-૬-૪૦
તત્ ૐ સત્ જેઠ સુદ ૪, રવિ, ૧૯૯૬

જ્ઞાનીના પાય સેવે તે, પામે છે તેની જ દશા;
બત્તી જેમ અડચે અન્ય, દીવે દીવો જ થાય છે.
બીજા દેહતણું બીજ, આ દેહમાં આત્મભાવના;
વિદેહ-પ્રાપ્તિનું બીજ, આત્મામાં આત્મભાવના.
સદ્ગુરુ ચરણ જહાં ધરે, જંગમ તીરથ તેહ,
તે રજ મમ મસ્તક ચઢો, બાલક માગે એહ.
"સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ."

આપે ઘણા પ્રશ્નો પૂછ્યા છે તે સર્વનો આશય એક સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય એ છે. કારણ કે તેથી મોક્ષમાર્ગ અવશ્ય પ્રાપ્ત થાય છે. તેનો ઉત્તર આત્મસિદ્ધિમાં અને અનેક પત્રોમાં પરમકૃપાળુદેવે આપેલો છે. આપે વાંચેલ પણ હશે, તેમ છતાં ટૂંકામાં તે પરમ પુરુષે કહેલું જ કહું છું.

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ.
તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ."

અથવા

"આવે જ્યાં એવી દશા, સદ્ગુરુ બોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.
જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."

"મહંત પુરુષોનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવન અને ગુણ-જિજ્ઞાસા દર્શનમોહનો અનુભાગ ઘટવાનો મુખ્ય હેતુ છે---તેથી સ્વરૂપદૃષ્ટિ સહજમાં પરિણમે છે."

"અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છપદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે તો સહજમાત્રમાં તે જાગ્રત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય, સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે." (૪૯૩)

"વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.

રોકયા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય.'' (૯૫૪)
''પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.''

પાત્રતા આપતી ચાર ભાવનાઓ : (૧) મૈત્રી (૨) પ્રમોદ (૩) કારુણ્ય (૪) મધ્યસ્થતા.

(૧) મૈત્રી : સર્વ જીવ સુખી થાઓ, કોઈ પાપ ન કરો, સર્વ જીવ મોક્ષમાર્ગ પામો.

(૨) પ્રમોદ : નિર્દોષ આત્મજ્ઞાની નિષ્કારણ કરુણાશીલ મહાપુરુષોના ગુણોનો વિચાર કરી ઉલ્લાસ પામવો, તે ગુણો પ્રાપ્ત કરવા પ્રીતિ વધારવી.

(૩) કારુણ્ય : દીન, દુઃખી, ભયભીત ને પ્રાણ બચાવવા પોકાર કરતાના દુઃખનો ઉપાય કરવાની બુદ્ધિ.

(૪) મધ્યસ્થતા : ક્રૂર જીવો, દેવગુરુની નિંદા કરનાર, પોતાને વખાણનાર પ્રત્યે દ્વેષ ન થવા દેવો, ઉદાસીનતા રાખી તેની દયા ખાવી, તેને સદ્‌બુદ્ધિ સૂઝે એવી ભાવના.

સવારમાં ઊઠી આ ચારે ભાવનાઓ દરરોજ વિચારી તેવા ભાવની વૃદ્ધિ કરવાથી જીવ પાત્રતા પામે છે, એમ પરમકૃપાળુદેવે કહેલું છેજી.

તીવ્રજ્ઞાનદશા જીવને અબંધક રાખી શકે છે. એટલે આત્મા આત્મભાવમાં નિરંતર રહે તો નવો બંધ ન પડે, તે તો મહામુનિઓ પણ અંતર્મુહૂર્તથી ઉપરાંત શુદ્ધ ઉપયોગમાં રહી શકતા નથી. કારણ કે કર્મનો ઉદય વિષમભાવમાં ગબડાવી પાડે છે, વળી પાછા પુરુષાર્થ કરીને સમભાવમાં એટલે શુદ્ધભાવમાં આવી જાય છે; આમ ધ્યાનમાં ન રહેવાય ત્યારે સ્વાધ્યાયમાં અને સ્વાધ્યાયમાંથી ધ્યાનમાં રહેવાના પુરુષાર્થમાં મુનીશ્વરો પ્રવર્તે છે. તે દશાનો ખ્યાલ આવવો પણ આપણને દુર્લભ છે. છતાં તે ધ્યેય રાખી, જ્ઞાનીએ સત્‌સાધન બતાવ્યું છે તેમાં વિશેષ વર્તવાથી યોગ્યતા વધતાં જીવને સર્વ સામગ્રી મળી આવવા યોગ્ય છેજી. મનુષ્યભવ છે ત્યાં સુધી બધું બની શકે તેમ છે. તો સત્સંગ, સત્શાસ્ત્રના આધારે બને તેટલી દશા વર્ધમાન કરતા રહેવા ભલામણ છેજી.

આપણે બધા પરમકૃપાળુદેવના વચનના અવલંબને પરમકૃપાળુ પ્રભુશ્રીએ જે શ્રદ્ધા દૃઢ કરાવી છે તે આધારે વર્તીએ છીએ. તેનો લક્ષ સમ્યક્‌દર્શન અથવા આત્મજ્ઞાન છે, અને આત્મજ્ઞાન સિવાય ચાર ગતિરૂપ સંસારપરિભ્રમણ ટળે તેમ નથી. તેથી જેમ કોઈ અંધ દેખતાને આશરે હોય ત્યાં ખાડામાં પડતો નથી, તેમ સત્પુરુષે જણાવેલ માર્ગે જે ચાલે છે તે કર્મનાશ કરવાને માર્ગે છે. બે પ્રકારના જીવો મોક્ષમાર્ગમાં પરમકૃપાળુદેવે કહ્યા છે : એક તો સમ્યક્‌જ્ઞાની જીવો અને બીજા સમ્યક્‌જ્ઞાનીની આજ્ઞામાં પ્રવર્તતા જીવો. આત્મજ્ઞાન ન થયું હોય તોપણ સત્પુરુષે કહ્યું છે, તે કર્યા વિના કદી મોક્ષ થવાનો નથી, અને બનતા પુરુષાર્થે મારે તે મહાપુરુષનું કહેલું જ કર્યા કરવું છે, આમ જેની દૃઢ માન્યતા થઈ છે તેને બીજા કામમાં પ્રવર્તવું પડતું હોય તોપણ મન ઊંચું રહે છે. તેથી આત્માનું કલ્યાણ થનાર નથી; જ્ઞાનીનું કહેલું કરવું છે પણ આમાં ખોટી થવું પડે છે, તેટલો અમૂલ્ય મનુષ્યભવ નિરર્થક વહ્યો જાય છે—એવો

ખટકો જેને રહેતો હોય તેને વૈરાગ્યભાવ કહ્યો છે. તેવા વૈરાગ્યની વૃદ્ધિ થતાં સત્સંગે તે જીવને સત્પુરુષનાં વચનોનો મર્મ સમજાવાયોગ્ય છે. મોહ ખસતાં સમ્યક્દર્શન પામવાયોગ્ય બને છે.

બીજું, આપે "શ્રી શ્રેણિક મહારાજે એવું કયું કર્મ બાંધ્યું હતું કે તેમને સત્પુરુષનો યોગ થયા છતાં, સમ્યક્દર્શન થયા છતાં નરકે જવું પડયું ?" એમ પૂછ્યું છે તેનો ઉત્તર : મોક્ષમાળામાં શ્રી અનાથીમુનિના ઉપદેશરૂપ ૫, ૬, ૭ ત્રણ પાઠ આપ્યા છે, તેમાં શ્રી શ્રેણિક સમ્યક્દર્શન કેમ પામ્યા તેની કથા છે તે વાંચી જશોજી. તેમાં જણાવેલા પ્રસંગ પહેલાં એક દિવસ શ્રેણિક શિકારે ગયેલા ત્યાં એક હરણને તાકીને જોરથી બાણ માર્યું. તે હરણના શિકારને વીંધીને પાસે ઝાડ હતું તેમાં ચોંટી ગયું. તે જોઈ શ્રેણિકને પોતાના બાહુબળનું અભિમાન સ્ફુરી આવ્યું અને ખૂબ કૂદ્યો અને અહંકારથી બોલ્યો, "દેખો મારું બળ, હરણના પેટની પાર થઈને ઝાડમાં પેસી ગયું છે. મારા જેવો બળવાન જગતમાં કોઈ હશે ?" આમ આનંદમાં આવી પાપની પ્રશંસા કરતાં જે તીવ્ર ભાવો થયા તે વખતે તેણે નરકનું આયુષ્ય બાંધી દીધું. નરકગતિ બાંધી દીધી તે ફરી નહીં, પણ સમ્યક્દર્શનના પ્રભાવે અને સર્વ સન્માર્ગી જીવોની સેવા તથા ધર્માત્માઓ પ્રત્યે ઉલ્લાસભાવ વધતાં સાતમી નરકનાં બધાં દુઃખ છૂટી જઈ પહેલી નરકમાં ઘણા થોડા આયુષ્યવાળા નારકી તે થયા છે. છતાં સમ્યક્દર્શન ત્યાં નિર્જરા સાધે છે, અને તે કર્મો પૂરાં થયે તીર્થંકર થઈ પોતે તરશે અને અનેક જીવોને તારશે. અજ્ઞાનદશામાં આયુષ્યગતિનો બંધ થાય તે જ્ઞાનદશામાં હલકો થઈ જાય, પણ તદ્દન છૂટી ન જાય. સમ્યક્દર્શન થયા પછી નરક કે તિર્યંચગતિ બંધાય જ નહીં. પહેલાં બાંધેલી હોય તો તે ગતિમાં જવું પડે. ગતિની પંચાતમાં પડવા જેવું નથી. એ તો જેવી બાંધી હશે તે આવશે, પણ આ મનુષ્યભવમાં જો સમ્યક્દર્શનની પ્રાપ્તિ થઈ તો પછી મોક્ષ બહુ દૂર નથી. માટે સમ્યક્દર્શન અર્થે સર્વ બનતો પુરુષાર્થ કર્તવ્ય છે. દર્શનમોહ ગયે સમ્યક્દર્શન થાય છે, અને સત્પુરુષના બોધ વિના દર્શનમોહ ટળે તેમ નથી.

"કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ."

માટે સત્સંગ, સત્પુરુષના બોધને અર્થે ગમે તેટલી મુશ્કેલીઓ વેઠવી પડે તે વેઠીને પણ આત્મહિત આ ભવમાં જરૂર કરી લેવું ઘટે છેજી. માથે મરણ છે તે વારંવાર વિચારવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૯૬ અગાસ, તા. ૧૮-૬-૪૦
તત્ ૐ સત્ જેઠ સુદ ૧૪, મંગળ, ૧૯૯૬

આપનો પત્ર મળ્યો છેજી. તમે પુછાવેલ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે મૂળ આગમના પાઠોનો સ્વાધ્યાય અમુક કાળે અને અમુક પ્રકારની શુદ્ધિથી કરવાનું વિધાન છે.* તેનો ભંગ થાય કે તે કાળ ન હોય તે પ્રમાણે વાંચન પઠન કરનારને શ્રુત-આશાતનારૂપ દોષ કહ્યો છે, પણ આચાર્યોકૃત ટીકા કે અન્ય ગ્રંથો માટે અસ્વાધ્યાય-દોષ ઘણું કરી નથી. આ બાહ્ય

* જુઓ પત્રાંક ૬૦૨ — "શ્રી જિને જે સ્વાધ્યાયકાળ કહ્યા છે તે યથાર્થ છે."

આચાર સંબંધી જણાવ્યું પરંતુ ગુણદોષનો આધાર મન છે. માટે ભાવની વૃદ્ધિ થાય તે તરફ લક્ષ રાખવા વિનંતી છેજી. જ્યાં અશક્તિનું કારણ હોય ત્યાં ભાવ હોવા છતાં વિધિ ન બને, પણ મનમાં 'કેમ વર્તવું?' તેનો ખ્યાલ રહેવો જોઈએ. શ્રી ગૌતમસ્વામીને આનંદ શ્રાવકે છેલ્લી માંદગીમાં કહેલું, "હે ગુરુ! મારાથી ચાલી શકાતું નથી, તેથી કૃપા કરીને મારી પથારી પાસે પધારો તો હું ચરણસ્પર્શ કરી કૃતાર્થ થાઉં." તેવી જ રીતે અશક્તિને કારણે સૂતાં સૂતાં ભક્તિ કરવી પડે કે સ્તવન બોલવાં પડે તોપણ ભાવ સૂતો ન રાખવો. 'મેં પુછાવી રજા મંગાવી છે' એમ ગણી પ્રમાદ સેવ્યા કરવા યોગ્ય નથી. પ્રમાદનાં નિમિત્તોમાં જીવને પ્રમાદ થઈ જાય છે. એવી આપણી મનોદશા હોવાથી, ન-છૂટકે સૂતાં સૂતાં ભક્તિ કરવાનું રાખવું. દિવસમાં કોઈ બપોરનો કે તેવો વખત અનુકૂળ હોય તો તે પ્રકારે ભક્તિ સ્તવનો માટે કાળ ફેરવવામાં પણ હરકત નથી. સવારે જ ભક્તિ થાય, પછી ન થાય એમ નથી. જેમ લાભ થાય તેમ ફેરફાર કરવો, પણ પ્રમાદ પોષાય તેમ પ્રવર્તવા યોગ્ય નથી એ ભલામણ છેજી. પરમકૃપાળુદેવ સંબંધી સાંભળ્યું છે કે તે દિશા-ટટ્ટીએ જતા ત્યારે ગજવામાં કૂંચીઓ હોય તો તે પણ કાઢી મૂકતા, કેમ કે અક્ષરમાત્ર જ્ઞાનની સ્થાપના છે તેની આશાતના ન થાય તે સાચવતા. જ્ઞાનનું બહુમાનપણું સાચવવું એ હિતકારી છે. વિધિઓ ભાવને અર્થે છે એમ ગણી ભાવમાં મંદતા ન આવે તેમ પ્રવર્તવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૯૭ અગાસ, તા. ૨૧-૬-૪૦

ૐ જેઠ વદ ૨, શુક્ર, ૧૯૯૬

અનુષ્ટુપ — નથી રોગોથી ઘેરાયો, જરા પીડે ન જ્યાં સુધી;
નથી મૃત્યુ-મુખે પેઠો, સાધ કલ્યાણ ત્યાં સુધી. (યોગપ્રદીપ)

તીર્થશિરોમણિ આત્મશાંતિપ્રેરક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્‌ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી.

બળતા ઘરમાં કોઈ ઊંઘતો હોય તેને કોઈ જગાડવા હાંકો મારે તેમ કોઈના મરણ પછી થતા અવાજો સમજવા યોગ્ય છે. ચેતવા જેવું છે; નહીં તો આખો લોક બળી રહ્યો છે; દુઃખે કરીને આર્ત્ત છે, તે હોળીમાં આપણો પણ નાશ થવાનો વખત આવી પહોંચશે. જેમનો દેહ છૂટ્યો તેમને મનુષ્યભવમાં વિશેષ વખત રહેવાનું બન્યું હોત તો ધર્મઆરાધન વિશેષ થઈ શકત, તે તક હવે તેમને મળવી દુર્લભ છે એમ વિચારી, આપણા દિવસો વિશેષ ધર્મ આરાધવામાં જાય તેમ કરી લેવા યોગ્ય છેજી. કારણ કે કાળનો ભરોંસો નથી, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે ત્યાં પ્રમાદ ઘટે નહીં. જે ગયા તે આપણને મૂંગો ઉપદેશ આપતા ગયા છે કે અમે કંઈ લઈ જતાં નથી, જેને મારું મારું કરી એની એ કડાકૂટમાં આખું આયુષ્ય ગાળ્યું તેમાંનું કશું કામ આવ્યું નહીં; કંઈક ધર્મ પ્રત્યે રુચિ થયેલી, સત્પુરુષ પ્રત્યે, તેનાં વચનો પ્રત્યે પ્રતીતિ થયેલ કે શ્રદ્ધા કરેલી તે દરેકની સાથે ગઈ. માટે આ સ્વપ્ન જેવા સંસારમાં હવે મોહ-મમતા ઓછી કરી જ્ઞાનીપુરુષના માર્ગે કંઈક આગળ વધાય અને આત્મશાંતિ થાય તેમ પ્રયત્ન કર્તવ્ય છેજી. વાંચવા-સાંભળવામાં આપણે કાળ ગાળીએ છીએ તે કરતાં

હવે વિચારવામાં વિશેષ વખત રોકી, દોષો જે જે જણાય તેના ઉપાય શોધી નિર્દોષ થવાની દાઝ દિલમાં રાખતા જઈશું તો જરૂર જ્ઞાનીના માર્ગને યોગ્ય થઈશું. વાતોએ વડાં નહીં થાય. શ્રવણ, મનન, નિદિધ્યાસન(વારંવાર ભાવના)ના ક્રમે આગળ વધાય તેમ છે. જે જે ભક્તિનાં પદ, આત્મસિદ્ધિ આદિ મુખપાઠે કરેલ છે તેનો વિશેષ વિચાર કરી કંઈક ઊંડા ઊતરાય તેવા વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ કરવી આપણ સર્વને જરૂરની છે. વૈરાગ્યના અભાવે મોહનું ગાંડપણ છૂટતું નથી અને "બાલધૂલિ-ઘરચેષ્ટા સરખી ભવચેષ્ટા"માં અમૂલ્ય માનવભવ વહ્યો જાય છે તે વહ્યો જવા દેવાયોગ્ય નથી. માટે દરરોજ માથે મરણ છે તેનો વિચાર કરી, બીજા વિકલ્પો ઓછા કરી "અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી? અને તે શું કરવાથી થાય?" (૧૯૫) તે વિકલ્પ માટે ઝૂરણા કરવાયોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૯૮ અગાસ, તા. ૨૯-૬-૪૦
ૐ જેઠ વદ ૯, શનિ, ૧૯૯૬

પરમગુરુ પર પ્રીત, તૂટે નહીં તેવી હોજો,
નિત્ય નિરંજન ભાવ, હૃદયમાં રમતા રહેજો;
નજરે નીરખું નાથ, નહીં સ્વપ્ને પણ બીજો,
તુજ ગુણ કીર્તન થાય, તે જ સ્વર શોભીતો;
શ્રવણે બોધ સુણાય, નિરંતર સત્સંગતિ હોજો,
સદ્ગુરુ સેવામાંહીં, નિરાલસતા ઉર વસજો.
"વહી જાત સંસારમેં, સદ્ગુરુ પકડે કેશ;
સુંદર, કાઢે ડૂબતો, દઈ અદ્ભુત ઉપદેશ."

તીર્થશિરોમણિ સન્માર્ગપ્રેરક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણ-કમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી. વિ. પૂ....નો પત્ર મળ્યો હતો અને આપનો પત્ર પણ મળ્યો. વાંચી બન્નેના સદ્ભાવો જાણી સંતોષ થયો છેજી. તેમણે શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત વાંચવું શરૂ કર્યું છે એમ લખે છે, તે વિષે સૂચના કરવાની કે આપણી અલ્પબુદ્ધિ હોવાથી, 'મોક્ષમાળા'માં શિક્ષણપદ્ધતિ નામથી શરૂઆતમાં સૂચનાઓ કરી છે તે લક્ષમાં રાખી વાંચવા, વિચારવાની ટેવ રાખી હશે તો કલ્યાણકારક છે એટલી તેમને ખબર કરવા વિનંતી છેજી અને હરકત ન હોય તો બધા પત્ર તેમને વાંચવા મોકલાય તોપણ ઠીક; તેમને જુદો પત્ર લખવા વિચાર હમણાં નથી. પહેલાં પ. પૂ. પ્રભુશ્રીજીની હયાતીમાં તેઓશ્રીની સમીપ પ્રથમ રહેવું થયું ત્યારે એટલો ઉત્સાહ મનમાં રહેતો કે પરગામ રહેતા બધા મુમુક્ષુઓ – આફ્રિકા આદિ દૂર દેશના – સમાગમનો લાભ ન લઈ શકે તેમને નિયમિત પત્રવ્યવહારથી સત્પુરુષનો બોધ પત્ર દ્વારા જણાવતા રહી એકતા સર્વમાં સાધવી. જેમ પત્ર દ્વારા અમુક વિષયોનું શિક્ષણ આપી પરીક્ષા પાસ કરાવનારી સંસ્થા પરદેશમાં હોય છે તેમ ધર્મસંસ્થાઓ તેવું કામ કરી શકે એવા ઘણા ખ્યાલ આવતા. પણ માથે સત્પુરુષ હોવાથી બધી કલ્પનાઓ આપોઆપ શમાઈ ગઈ અને પોતાના આત્માને તારવાનું કામ ઘણું અગત્યનું

અને અત્યંત વિકટ છે એમ લાગવાથી, હવે તો કોઈ પત્ર આવે તેનો ઉત્તર પણ મોડો અને બીજાં કામને આઘાંપાછાં કરી માંડ આપી શકાય છે. હજી વૈરાગ્યની જોઈએ તેવી ઉત્કટતા નહીં હોવાથી આવાં પાન ચીતરવાનો પ્રસંગ આવ્યે હડકાયા કૂતરાની પેઠે લખ લખ લખાઈ જાય છે.

"અચળરૂપ આસક્તિ નહીં." હજી વ્યસનીની પેઠે પરમાત્મામાં અચળ પ્રેમ થયો નથી ત્યાં સુધી રમતિયાળ મન ખેલતું ફરે છે. પરંતુ વિશેષ અંકુશની હજી જરૂર છે. આ બધું કહેવાનો આશય એ છે કે તમે પત્રમાં લખો છો કે 'જેવું કઠિન કામ હશે તે કરી લઈશ' એ અત્યારની મનોદશા સૂચવે છે. કોઈનું ભલું કરવા ગમે તેવાં સંકટ વેઠવા જીવ તૈયાર થઈ જાય છે, પણ પોતાના આત્માનો ઉદ્ધાર કરવાનું અને તેને દુર્ગતિમાંથી બચાવવાનું કામ કેટલું વિકટ છે અને કેટલું અગત્યનું છે તે તેને અત્યારે ખબર નથી. તમને ખબર મળ્યા કે તમારા પતિની સુગતિ થઈ નથી. સારા ભાવ હતા, ડાહ્યા કહેવાતા ધર્મી હતા એમ તમે પણ માનો છો, છેવટ સુધી તેમણે માનેલી વાત મુખથી વિસારી નહીં, તેમ છતાં દુર્ગતિ કે દુઃખ છૂટયાં નહીં, તો મોક્ષમાર્ગ તે માનતા હતા તેથી બીજો કોઈ હોવો જોઈએ એમ તો સાબિત થાય છે. ગમે તેવા ઉત્તમ પકવાન્નમાં ઝેર ભળેલું હોય તો તે ઉપરથી સારી રસોઈ જેવી લાગે પણ પ્રાણ હણનાર થઈ પડે છે; તેમ ગીતાદિ શાસ્ત્રો કે ભગવાનનાં નામ જે સ્વચ્છંદે બોલાય છે, ભણાય છે તે ધર્મને નામે અહંકાર સેવાય છે અને 'પાપમૂલ અભિમાન' કે અહંકાર છે, તેથી પાપ નિરંતર બંધાતું હોવાથી દુર્ગતિ સિવાય બીજું ફળ શું હોઈ શકે? માટે આત્મસિદ્ધિશાસ્ત્રની શરૂઆતમાં કહ્યું છે—

"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.
પ્રત્યક્ષ સદ્ગુરુયોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય."

સદ્ગુરુ એટલે આત્મજ્ઞાની ગુરુની આજ્ઞા વિના જે શાસ્ત્ર–ગીતાદિ વંચાય કે ગમે તેવા મંત્રનો જાપ થાય તેમાં આત્માને લાભ થાય તેવું કંઈ પણ હોતું નથી, આટલી વાત ખાસ કરીને ઊંડા ઊતરીને વિચારી દૃઢ કરી દેવા જેવી છેજી. તમે જાણવા માગો છો તે વાત વિષે રૂબરૂમાં ખુલાસો થવાથી તમારા ચિત્તને સંતોષ થવા યોગ્ય છે; કારણ કે કહેવું હોય કંઈ અને સમજાય કંઈ તથા જે જે વિચારો આવે છે તે બધા યથાર્થ લખી શકાતા નથી. તેથી ચિત્તસમાધાનની અગત્ય લાગતી હોય તો સમાગમનો યોગ બને તેમ પર્યુષણ ઉપર કે તે પહેલાં યથા–અવસર પુરુષાર્થ કરવો ઘટે છેજી. 'જેવું કઠિન કામ હશે તે કરી લઈશ' લખો છો પરંતુ અત્રે આવવું પણ તમને અઘરું પડે એમ લાગે છે. એટલે હમણાં તો ટૂંકામાં તે વાત પતાવવા વિચાર છેજી. અમુક સુખી છે કે અમુક દુઃખી છે એ વાત કોઈના કહેવાથી એકદમ માન્ય કરી તેની ફિકરમાં પડવું એ વિચારવાનનું કર્તવ્ય નથી. એક લાંબી વાત છે પણ ટૂંકામાં સારરૂપ લખું છું—

ભર્તૃહરિ અને તેમના મોટા ભાઈ શુભચંદ્રાચાર્ય બન્ને માળવાના રાજકુમાર હતા. નિમિત્ત પામીને વૈરાગ્ય પ્રાપ્ત થતાં બન્ને ત્યાગી થયા. ભર્તૃહરિ કોઈ તાપસ બાવાની સેવામાં

ઘણાં વર્ષ રહ્યા અને રસાયનવિદ્યા શીખી, એવો રસ એક તુંબડી ભરીને બનાવ્યો કે તે લોઢા ઉપર નાખે તો બધું લોઢું સોનું થઈ જાય. તાપસ મરી ગયા પછી તેમને પોતાના ભાઈ સાંભર્યા કે તેમને શોધીને હું સુખી બનાવું. નિશાની આપીને એક શિષ્યને પ્રથમ મોકલ્યો, સાથે અડધી તુંબડી રસ પણ આપ્યો અને કેમ સોનું બનાવવું તે સમજાવવા કહ્યું. ઘણી શોધ કરતાં એક જંગલમાં નગ્ન બેઠેલા તે દિગંબર મુનિને તેણે દીઠા અને ઓળખ્યા. ભર્તૃહરિના સમાચાર કહી પેલી રસવાળી તુંબડી તેમના ચરણમાં મૂકી. તેમણે તો પથરા ઉપર ઢોળી દીધી. પેલા શિષ્યને તો ઘણો ખેદ થયો અને તે મૂર્ખ જેવા જણાયા. પાછો તે ભર્તૃહરિ પાસે જઈ કહે, તમારા ભાઈ તો બહુ દુઃખી છે; પહેરવા કપડાં નથી; રહેવા ઝૂંપડી સરખી નથી. નથી કોઈ ચેલો કે સેવક; બિચારા ગાંડાની પેઠે નાગા ફરે છે. ભર્તૃહરિને બહુ દયા આવી, તેથી જાતે બાકી અડધી તુંબડી રસ હતો તે લઈને તેણે જણાવ્યું તે જંગલમાં ગયા, ને તેમને ઓળખી સમાચાર પૂછી તુંબડી પાસે મૂકી બધી હકીકત કહી કે બાર વર્ષ મહેનત કરીને બનાવેલો આ રસ ચમત્કારી છે. તે તુંબડી લઈ ફરી પણ તેમણે ઢોળી નાખી. તેથી ભર્તૃહરિ તો નિરાશ થઈ ગયો. ભાઈને સુખી કરવામાં પોતે ગરીબ થઈ ગયો. તે ખેદ તેના મુખ ઉપરથી પારખી શુભચંદ્રાચાર્ય મુનિ કહે, "ભાઈ, આવી ખટપટમાં પડ્યાથી આત્માનું શું હિત થનાર છે? જો સોનું જ જોઈતું હતું તો રાજ્યમાં ક્યાં ઓછું હતું? તે છોડીને પાછા માયામાં કેમ ફસાઓ છો? મોટા આશ્રમો કરવામાં, શિષ્યો વધારવામાં કે લોકોને ધન આપી મોટા ગણાવામાં કે લોકોની દવા કરી તેમનાં શરીરનાં સુખની ઇચ્છા કરવામાં હિત માનો તે કરતાં તમારા આત્માને માયામાંથી છોડાવવાનું ભૂલી જાઓ છો તે કેમ લક્ષમાં આવતું નથી? તમારી શી ગતિ થશે? આ વનસ્પતિના રસમાં બાર વર્ષ ગાળ્યાં તેટલાં વર્ષ આત્માને સ્થિર કરવામાં ગાળ્યાં હોત તો અત્યારે નજીવી તુચ્છ માયિક વસ્તુનો ખેદ થાય છે તે ન થાત; કોઈ માથું કાપી નાખે તોપણ રોમ ન ફરકે તેવા બન્યા હોત. તમે જે રસ લાવ્યા તેને તો લોઢું શોધીને તેના ઉપર નાંખે તો સોનું થાય, પણ જુઓ." એમ કહી પોતાના પગ તળેથી ધૂળ લઈ પાસેની શિલા ઉપર નાખતાં બધી શિલા સોનાની થઈ ગઈ. પછી કહ્યું, "આત્માના માહાત્મ્ય આગળ આ બધી તુચ્છ વસ્તુઓ છે. આત્માનું સુખ તે જ સાચું સુખ છે, તે સિવાયનું બધું દુઃખ છે. સંસાર બધો દુઃખથી ભરેલો છે. તેમાં સુખ શોધવા જશો તો નહીં જડે. ખારા સમુદ્રમાં ગમે ત્યાં જઈ પાણી ભરો તો ખારું જ મળશે. માટે સાચે માર્ગે વળો તો આત્મહિત થશે." તે બોધ લાગતાં ભર્તૃહરિ મોટા ભાઈ પાસે રહી આત્માને ઓળખી આત્મધ્યાનમાં લીન થયા. તેમને વૈરાગ્ય વધવા 'જ્ઞાનાર્ણવ' નામનું શાસ્ત્ર શુભચંદ્રાચાર્યે લખ્યું છે.

બીજું, મીરાંબાઈની નાનપણની કોઈ સખી તેમને દ્વારકામાં તંબૂરો વગાડી ભજન કરતાં દેખે તો તે 'મીરાંબાઈ બહુ દુઃખી છે' એમ માને કે બીજું કંઈ માને? રહેવા ઘર નથી, કામ કરનાર નોકર નથી, તેના ધણીનું માન નહીં, ભિખારીની પેઠે માંગી ખાય તે સુખી કે દુઃખી દેખાય? સુખ-દુઃખ અંતરમાં થાય છે અને અંતઃકરણને કોઈ જોઈ શકે છે? અંતરજામી સિવાય બીજા ભલે દેવ કે મનુષ્યો કહે કે આ દુઃખી છે કે આ સુખી છે તે માની માથું કૂટે

તે મૂર્ખ કહેવાય કે કેમ? આ વાત પત્રમાં વધારે ચર્ચવામાં માલ નથી, પણ ચિત્તને કંઈ સમાધિ તરફ વળવાને પ્રેરણા થવા અર્થે લખ્યું છે; પણ તેથી વિશેષ શાંતિનું કારણ સત્પુરુષનાં સજીવન વચનો છે તે તરફ લક્ષ રાખવા યોગ્ય છે. એક પણ સત્યવચનની મનમાં પકડ થઈ ગઈ તો મોક્ષનું કારણ થાય તેવાં છે, સર્વ દુઃખના ડુંગરને ક્ષણમાત્રમાં ક્ષય કરી નાખે તેવાં છે, મડદાને જીવતો ખડો કરે તેવાં છે. તેમાં તન્મય થઈ જગતનું વિસ્મરણ કરવા યોગ્ય છેજી, અને સત્પુરુષની આજ્ઞામાં મનને સ્થિર કરવા યોગ્ય છેજી. તે જ સ્વ અને પરનું કલ્યાણ સાધે તેવાં છે તેની વાનગી :– (જુઓ શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૬૮૯ અને પત્રાંક ૫૬૯)

ઘણું લખાયું છે, તે શાંતિથી વિચારીને આત્મહિત થાય તેમ પ્રવર્તવા ભલામણ છેજી. ચિત્તનું સમાધાન એકલા પત્રોથી થવું દુર્ઘટ છે. તેમ છતાં સંસાર-ચિંતા દૂર કરતા રહી સત્સંગની ભાવના વર્ધમાન કરી સત્પુરુષનાં વચનોમાં વૃત્તિ વારંવાર રોકવી હિતકારી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૯૯ અગાસ, તા. ૩-૭-૪૦

તત્ ૐ સત્ જેઠ વદ ૦)), ૧૯૯૬

શાર્દૂલ— "રાજાને તૃણતુલ્ય માત્ર ગણતા, ના ઇન્દ્ર સુખી ગણે;
પ્રાપ્તિ-રક્ષણ-નાશ રૂપ ધનના ક્લેશો ન જેને હણે.
સંસારે વસતાં છતાં સુખ લહે સિદ્ધો સમું માનવી;
દેવોને પણ પૂજ્ય નિર્ભયપદે છે સંત સંતોષથી."

દોહા— "ક્યા ઇચ્છત ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખમૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.
જહાં કલ્પના જલ્પના, તહાં માનું દુઃખ છાંઈ;
મિટે કલ્પના જલ્પના, તબ વસ્તુ તિન પાઈ."

આપ પરમકૃપાળુદેવનાં વચનામૃતના વાચન-વિચારમાં મુખ્યપણે કાળ ગાળો છો તે એક પ્રકારે સત્સંગ જ છેજી. તેમાં અગાધ જ્ઞાન-નિધાનનો નિચોડ (સત્ત્વ) છેજી. જેમ જેમ "કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ, ભવે ખેદ પ્રાણી દયા ત્યાં આત્માર્થ નિવાસ" આ ગાથામાં કહેલી યોગ્યતા આવશે તેમ તેમ સુવિચારણા પ્રગટ થશે.

"આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.
જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."

આમ ઠેઠ સુધીનો માર્ગ પરમકૃપાળુદેવે ટૂંકામાં મૂકી દીધો છેજી. તે દશા લાવવા આત્માર્થીનાં લક્ષણ કે મુમુક્ષુતા પ્રગટાવવી પડશે. મુમુક્ષુતાને જ સત્પુરુષને ઓળખવાની આંખતુલ્ય ગણી છે. અનાદિકાળથી જીવને મુમુક્ષુતા નથી આવી એ જ મોટામાં મોટો દોષ, અનંત દોષોમાંનો એક મુખ્ય દોષ ગણાવ્યો છે.

કિંચિત્‌માત્ર ગ્રહણ કરવું તે દુઃખનો માર્ગ અને મૂકી દેવું તે મોક્ષનો માર્ગ એવા ભાવાર્થનું સાપેક્ષ વચન પરમકૃપાળુદેવનું છે, તે વિચારવા યોગ્ય છે. આરંભ-પરિગ્રહને દુઃખોનું કારણ જણાવી વૈરાગ્ય-ઉપશમનો ઉપદેશ કર્યો છે તે વારંવાર વિચારી, જીવમાં જે લોભભાવ હોય તે ઘટાડવાથી યોગ્યતા આવે છે. આરંભ અને પરિગ્રહનાં અનિષ્ટ પરિણામ જણાવ્યાં છે તે પત્રાંક ૫૦૬ વારંવાર વિચારવાથી 'વિચારની નિર્મળતા' સિદ્ધાંતરૂપ કથનને સહેજે કે ઓછા પરિશ્રમે અંગીકાર કરી શકે છે, એ સુવિચારદશા વિષે ઉત્તર છે.

જેને તૃષ્ણા વધારે તેનાં જન્મ-મરણ વધારે અને જેણે તૃષ્ણા ઘટાડી તેણે જન્મ-મરણનાં કારણ ઘટાડયાં એવો ઉપદેશછાયામાં બોધ છે તે વિચારી સંતોષભાવનું જે કાવ્ય મથાળે લખ્યું છે તે વિચારતાં, ભાવતાં તમારા પ્રશ્નોના ઉત્તર મળી રહેવા યોગ્ય છેજી.

પરમકૃપાળુદેવે અનંત કૃપા કરી બહુ સ્પષ્ટ રીતે 'બે ને બે ચાર' હિસાબ બેસે તેવી પરમાર્થની વાતો કરી છે. આપણે તે વિચારી અમલમાં મૂકવાની ખામી છે. નીચેનો ટૂંકો પત્ર લક્ષમાં લેશોજી—

"ૐ ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત થયા છતાં જો જન્મ-મરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંત વાર ધિક્કાર હો! જેમણે પ્રમાદનો જય કર્યો, તેમણે પરમપદનો જય કર્યો." (૯૩૫)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૦૦

તત્ ૐ સત્

અગાસ, તા. ૧૮-૭-૪૦
અષાડ સુદ ૧૪, ગુરુ, ૧૯૯૬

દોહરો— નિર્બળ બાળક જાણીને, પરમ કૃપા કરનાર,
પરમ કૃપાળુને નમી વીનવું, 'ભવથી તાર.'

તમે વચનામૃત વાંચવાનું શરૂ કર્યું છે તો 'મોક્ષમાળા'ની શરૂઆતમાં પરમકૃપાળુદેવે મોક્ષમાળા કેવી રીતે વાંચવી તે વિષે સૂચના લખી છે તે સમજી તે પ્રકારે ધીમે ધીમે વિચારપૂર્વક યથાર્થ સમજાય તેમ વાંચન કરવા સૂચના છે. ઘણું વાંચવાની ઉતાવળ કરવા કરતાં જેટલું વંચાય તેટલું પોતાની શક્તિ પ્રમાણે વિચારાય, તેની તુલના ભલી રીતે થાય તથા તે વાંચ્યા પછી આપણને કયા પ્રકારે હિતમાં ઉપયોગી થાય તેમ તે વાંચન છે તેની શોધ કરી એકાદ વચન પણ જો ઊંડું હૃદયમાં ઊતરી જાય તો જેમ ચોમાસામાં ઊંડું ખેડીને બીજ વાવે છે તે સારી રીતે ઊગીને પાક આપે છે તેમ કાળે કરી તે વચન ઊગી નીકળે અને પોતાને તેમ જ પોતાના સમીપવર્તી જીવોને હિતમાં વૃદ્ધિ થાય, સર્વ સુખી થાય, તેવું ફળ તેનું આવે છે.

બીજું, સત્પુરુષનાં વચન વિચારતાં આપણી બુદ્ધિ પ્રમાણે સમજાય છે પણ તેટલો જ તેનો અર્થ છે અને મને બધું સમજાઈ ગયું એમ માનીને પણ સંતોષ વાળવા જેવું નથી. પરમકૃપાળુદેવે પોતે જ લખ્યું છે કે "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં (સમાયાં) છે, તે વાત કેમ હશે?" (૧૯૯) શ્રી મહાવીરસ્વામીએ આદિ-ગુરુ

શ્રી ગૌતમસ્વામીને “ઉત્પાદ, વ્યય અને ધ્રુવતા” આ ત્રણ શબ્દો ત્રિપદી કહેવાય છે તે આપ્યા. તે ઉપરથી તેમણે દ્વાદશાંગીની એટલે સકળ શાસ્ત્રોની રચના કરી. તેમ આપણને પરમકૃપાવંત પ. પૂ. પ્રભુશ્રીજીએ મંત્ર આદિની આજ્ઞા, પરમપુરુષ દ્વારા પ્રાપ્ત, જણાવી તે મંત્રનું એટલું બધું માહાત્મ્ય તેઓ કહેતા કે ‘આત્મા જ આપીએ છીએ.’ દવા વાપરીને જેમ રોગનો નાશ કરીએ છીએ તેમ તે મંત્રનું એકાગ્ર ચિત્તથી, સંસારને વીસરી જઈ તેમાં તન્મયતા રાખી તેનું આરાધન કરવાથી જન્મમરણનો નાશ થાય તેવું બળવાન સામર્થ્ય તેમાં છે; તો ભવરોગ નાશ કરવા, જેટલી આપણામાં શક્તિ છે તેટલી બધી તે આજ્ઞા ઉઠાવવામાં વાપરવી ઘટે છે. જે વાંચીએ તે આત્મા પ્રગટાવવા, જે જાપ જપીએ તે પણ તે અર્થે, જે ભક્તિ કરીએ, દર્શન કરીએ, સમાગમ કરીએ, ખાઈએ, પીએ, બેસીએ, ઊઠીએ, ઊંઘીએ, જોઈએ, કામ કરીએ, કોઈ પ્રત્યે સ્નેહ કરીએ, જઈએ, આવીએ તે સર્વ ક્રિયા એક આત્માર્થે કરવા યોગ્ય છેજી. આત્માને ભૂલીને, દેહને અર્થે, સગાંને અર્થે, રોગ મટાડવા, લોકોને સારું લગાડવા, સમજણાં ગણાવા, પૈસા અર્થે કે મનની મોજ કરવા હવે કંઈ કરવું નથી. “ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ (રાગદ્વેષ તજી આત્માર્થે જીવવું) ત્યાં સુધી હે જીવ! છૂટકો નથી. આમ નેપથ્યમાંથી (અંતરમાંથી) ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.” (૧૨૮) આમ પરમકૃપાળુદેવ પોતાને માટે લખે છે. તેમ આપણુ સર્વેને તે જ ગાંઠ મનમાં પાડી દેવા જેવી છે. જે રસ્તે એ પરમપુરુષ ચાલ્યા તે જ રસ્તે આ ભવમાં જવું છે, બીજું બધું ઝેર ખાવા જેવું છે, એવું અંતરમાં કરી મૂક્યા વિના આ કળિકાળમાં સન્માર્ગે પ્રવર્તી શકાય તેવું રહ્યું નથી. સંજોગો બધા વિપરીત મોહમાં તાણી જાય તેવા છે. “પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.” (પુષ્પમાળા – ૩૫) એમ કહ્યું છે તે ક્ષણે ક્ષણે સંભાર સંભાર કરવા જેવું છે. તમારો કંઈ વાંક દેખીને પત્ર નથી લખ્યો, એમ નથી; પણ પત્રો લખતાં મન પાછું પડે છે. આ જીવને જ હજી ઉપદેશ લેવાની જરૂર છે, ત્યાં શું લખવું? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૦૧ અગાસ, અષાડ વદ ૭, ૧૯૯૬

તમારે માથે આપત્તિ આવી છે તે પૂર્વકર્મનું ફળ છે એમ જાણી વર્તમાન પરિણતિ ક્લેશિત કરવા યોગ્ય નથી. જીવમાં કેટલી સમજણ યથાર્થ આવી છે તેની કસોટીનો આ પ્રસંગ છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી એક વખત આહાર કરી રાજમંદિરમાં થઈ જતા હતા. તે વખતે હું ઘડિયાળને ચાવી આપતો હતો. અચાનક કંઈ જોરથી ચાવી દેવામાં કમાન તૂટી ગઈ. મેં જઈને તેઓશ્રીને જાહેર કર્યું કે ઘડિયાળની ચાવી તૂટી ગઈ. તેઓશ્રીએ જણાવ્યું કે “અહીં જીવની પરીક્ષા થાય છે. નાશવંત વસ્તુ વહેલીમોડી નાશ પામે છે, તેમાં ખેદ ન થાય તેનું કારણ સમજણ છે.” તેનો અર્થ એવો નથી કે આપણે પુરુષાર્થ ન કરવો. બનેલા પ્રસંગમાંથી શિખામણ લેવી. બને તેટલા સમજૂતીના કે બીજા ઉપાય લેવા ઘટે તે લેવા, પણ

રાતદિવસ તેની ચિંતામાં ધર્મ ભૂલી જવાય તેમ ન કરવું. ધર્મના ફળરૂપ લક્ષ્મી છે, તે પાપના ઉદયે દૂર થતાં ક્લેશ કરાવે એવો પ્રસંગ છે, પણ સંસારનું અનિત્યપણું વિશેષપણે વિચારવાનો આ પ્રસંગ આવ્યો છે તેનો લાભ લઈ વૈરાગ્ય વધારવાની જરૂર છે. સ્વપ્ન જેવા સંસારમાં હર્ષખેદના પ્રસંગો દિવસ અને રાતની પેઠે વારંવાર આવવાના, પણ સત્સાધન જેને પ્રાપ્ત થયું છે તેણે તેમાંથી બચવા ભક્તિ, સ્મરણ કે મુખપાઠ કરવાનો ક્રમ વિશેષ રાખવાથી તે પ્રસંગમાં તણાઈ ન જવાય. કોઈ પણ કારણે આર્ત્તધ્યાન કરવું નથી એવો નિશ્ચય મુમુક્ષુ જીવને કરવો ઘટે છે અને થઈ જાય તો પશ્ચાત્તાપ કે ખેદ કરી ધર્મધ્યાનમાં જોડાઈ જવા ત્વરા કરવી ઘટે છે. વધારે લખવાની સમજુને જરૂર નથી, પણ પ્રસંગને વશ ન થતાં તેવા પ્રસંગથી વૈરાગ્ય અને જાગૃતિ વધે તેમ કર્તવ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૦૨ અગાસ, તા. ૨૮-૭-૪૦

તત્ ૐ સત્ અષાડ વદ ૯, રવિ, ૧૯૯૬

આપના પિતાશ્રીને ત્રિદોષ થયાના સમાચાર લખ્યા તે જાણ્યા છેજી. તેમને ભાનમાં હોય ત્યારે વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ આદિ ભક્તિનાં પદો તથા કોઈ કોઈ પત્રો સંભળાવતા રહેશોજી; તથા સ્મરણમાં રહેવાની તેમને ભલામણ કરી છે એમ જણાવશોજી. મનુષ્ય ભવ દુર્લભ છે. જ્યાં સુધી આયુષ્ય છે અને ભાન હોય ત્યાં સુધી જ્ઞાનીની આજ્ઞામાં વર્તવાનો દૃઢ નિશ્ચય કર્તવ્ય છેજી. સશક્ત-અશક્ત, સાજો-માંદો, ગરીબ કે ધનવંત, ગમે તે અવસ્થામાં મનુષ્ય ભવ હશે તો પથારીમાં પડ્યા પડ્યા પણ પ્રભુનું આપેલું સ્મરણ થઈ શકે તેમ છેજી. પછી આયુષ્ય છૂટી ગયા પછી આવો લાગ આત્મહિત કરવાનો મળવો મહાન દુર્લભ છેજી. માટે કંઠે પ્રાણ આવ્યા હોય, દેહ છૂટવાને વાર નહીં હોય તોપણ જ્ઞાનીએ આપેલા મંત્રનું રટણ ચૂકવું ઘટતું નથીજી. તે પરમપુરુષ પરમકૃપાળુદેવનું શરણું આ ભવમાં કોઈ પૂર્વના મહાપુણ્યને લીધે મળ્યું છે, તે ભવસાગર તરવાનું સફરી જહાજ સમજવા યોગ્ય છેજી. જ્ઞાનીપુરુષે કંઈ પણ સ્વાર્થ વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી જે આપણા જેવા પામર પ્રાણીઓ ઉપર અથાગ ઉપકાર કર્યો છે, સત્માર્ગ બતાવ્યો છે તેનો કોઈ રીતે બદલો વળી શકે તેમ નથી. માત્ર તેણે કરેલી આજ્ઞા, તેનું શરણ અને આશ્રયના અવલંબનને મરણપ્રસંગની ભારે વેદનામાં પણ ભુલાય નહીં તેટલી અંતરમાં દૃઢ શ્રદ્ધા અને કાળજી (દાઝ) ઊંડી રાખવા યોગ્ય છેજી. એ સત્પુરુષને આશરે આ દેહ છૂટે તો તેના જેવી બીજી કોઈ કમાણી ગણવા યોગ્ય નથી. જેણે છેવટની પળ સાચવી તેણે બધાં વ્રત કર્યાં, જાપ કર્યાં, તીર્થ કર્યાં, શાસ્ત્ર ભણ્યો, ભક્તિ કરી, બધું કરી છૂટ્યો સમજવા યોગ્ય છેજી. પણ પહેલેથી તે આજ્ઞાનું, તેના શરણાનું અને તેના આશ્રયનું માહાત્મ્ય સાંભળ્યું હશે, તેનો આધાર રાખ્યો હશે અને મરણ વખતે પણ તે ન છૂટે તેવી વારંવાર ભાવના કરી હશે તો જ આખર સુધી ટકી રહેશે. માટે જાગ્યા ત્યાંથી સવાર ગણી આ પત્ર મળે ત્યારથી તે ભાવનાનો અભ્યાસ કરવા મંડી પડશો તો તે આખરે ગુણ કરશે એમ આપના પિતાશ્રીના કાને પણ વાત નાખશો અને આપણે પણ એ જ કર્તવ્ય છેજી. સમાધિમરણ કરાવનારને પણ લાભ થાય છેજી. આવો સેવા કરવાનો અવસર વારંવાર મળતો

નથી; માટે કંટાળ્યા વિના, બીજાં કામ કરતાં પિતાની સેવા મહાલાભનું કારણ છે ગણી, તેમાં વિશેષ લક્ષ રાખવા વિનંતી છેજી. આપ સર્વ સમજુ છો. ધર્મમાં શ્રદ્ધા તેમની દૃઢ થાય તેવું વાચન, વાતચીત, ભક્તિ, સ્મરણ કરતા રહેવાથી સ્વપર બન્નેને લાભનું કારણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૦૩ અગાસ, તા. ૧-૮-૪૦

ૐ અષાઢ વદ ૧૩, ૧૯૯૬

કવ્વાલી— કૃપાળુની કૃપા ધારી, બનીશું પૂર્ણ બ્રહ્મચારી,
સહનશીલતા ક્ષમા ધારી, સજી સમતા નીતિ સારી.
કરીશું કાર્ય સુવિચારી, કષાયો સર્વ નિવારી,
ગણીશું માત પરનારી, પિતા સમ પરપુરુષ ધારી.
જીવીશું જીવન સુધારી, સ્વ-પરને આત્મહિતકારી,
બનીને અલ્પ સંસારી, ઉઘાડી મોક્ષની બારી.
ખણી કુબોધની ક્યારી, વિચરશું વાસના મારી,
સમર્પી સર્વ સ્વામીને, તરીશું સર્વને તારી.

આપ બન્ને ભાઈઓને બ્રહ્મચર્ય બે માસ સુધી પાળવાની ઇચ્છા છે તે જાણી સંતોષ થયો છેજી. પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ તમારે બે જણે એવી ભાવના કરવા યોગ્ય છે કે હે ભગવાન! બે કે અમુક માસ (દિવાળી કે દેવદિવાળી સુધી તમારી ઇચ્છા પ્રમાણે) સુધી આપની આજ્ઞાથી કાયાએ કરી બ્રહ્મચર્ય પાળવાનું વ્રત લઉં છું. એમ મનમાં ધારી ત્રણ નમસ્કાર કરવા ભલામણ છેજી. એ વિષે કાળજી રાખી તેટલી મુદત સુધી જુદી પથારી, ઓછો એકાંત સમાગમ, ઇન્દ્રિયો ઉન્મત્ત થાય તેવો આહાર ઓછો કરવા વગેરે મોક્ષમાળામાં નવવાડ બ્રહ્મચર્યની લખી છે તે વિચારી યથાશક્તિ પ્રવર્તવાનું કરવાથી આત્મહિત થશેજી. લીધેલું વ્રત પાળવાની દૃઢતા ઢીલી ન થાય, માટે સદ્‌ગુરુનાં વચનોનું વિશેષ પ્રકારે વાંચન-મનન કરતા રહેવાની જરૂર છેજી. હવે ટૂંકામાં તમારા પ્રશ્નોના ઉત્તર લખું છુંજી —

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ, મૂળ૦"

આ સમ્યક્‌જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. તેનો લક્ષ કરાવવા ઉપદેશછાયામાં વિસ્તારથી વિવેચન કર્યું છેજી. ઘણી વાર લોકો પણ કહે છે કે ખોળિયું પિંજરની પેઠે પડી રહે છે અને જીવ પોપટની પેઠે ઊડી જાય છે. તથા શાસ્ત્રોમાં પણ દેહ જુદો છે, આત્મા જુદો છે એવું લખેલું પંડિતો વાંચે છે, ઉપદેશ કરે છે છતાં દેહભાવ છૂટતો નથી અને આત્મશ્રદ્ધા થતી નથી તેનું શું કારણ? તો કહે છે કે "એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે" જેને આત્મજ્ઞાન પ્રગટ છે તેવા સદ્‌ગુરુથી જો જાણે તો આત્મશ્રદ્ધા થાય. કોઈ કહે જ્ઞાની પાસેથી પણ ઘણી વાર એમ સાંભળ્યું પણ કેમ ચોટતું નથી? કેમ ભેદજ્ઞાન થતું નથી? તેના ઉત્તરમાં "યમ નિયમ"માં કહ્યું છે —

"પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં,
તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન (આજ્ઞા) સ્વઆત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો..................................................
પરપ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં."

આટલી યોગ્યતા એટલે સદ્‌ગુરુ પ્રત્યે, સદ્‌ગુરુના વચન પ્રત્યે, તે વચનના આશય પ્રત્યે પ્રેમ પ્રતીતિ થાય તો તે હૃદયમાં ઊંડું ઊતરે, નહીં તો આ કાને સાંભળી પેલે કાને કાઢી નાખે તેવું થાય છેજી. સત્પુરુષ પ્રત્યે પ્રેમ થવામાં તેનાં મન વચન કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યોનું નિદિધ્યાસન થવાની જરૂર છે, એટલે સત્પુરુષના દેહ પ્રત્યે કરેલો પ્રેમ નિરર્થક નથી. પણ જેને તેવો પ્રેમ થયો છે અને તે વડે જે જ્ઞાન પ્રાપ્ત કરી લેવું છે તે કરવા પ્રત્યે તત્પર થતો નથી, તેને કહ્યું છે કે દેહથી આત્મા જુદો છે. હવે આગળને પગથિયે કેમ ચઢતો નથી? જે અર્થે સત્પુરુષના પૂજ્ય દેહાદિ પ્રત્યે પ્રેમ કરવા કહ્યું છે તે આત્માર્થ સાધવાનો લાગ કેમ જવા દે છે? છપદના પત્રમાં કહ્યું છે, "જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય. એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો." આમાં પ્રથમ 'જે ભક્તિને પ્રાપ્ત થવાથી' એમ કહ્યું છે તે દેહાદિ સર્વ સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરાવનારાં કારણો લીધાં. તે કારણો સેવ્યાથી તેના ફળરૂપે સત્પુરુષની દશા કે તેના 'આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ' રહે એમ જણાવ્યું અને તેનું ફળ છેવટે આત્મબોધ કે આત્મજ્ઞાન જણાવ્યું છે. તે ક્રમે ક્રમે પ્રાપ્ત કરાવવા જ્ઞાનીપુરુષો કહે છે પણ ક્રમ મૂકી એકલો આત્મા પકડવા જાય તો તે પ્રાપ્ત થવો દુર્લભ છેજી. જેને સત્પુરુષના દેહ, ચિત્રપટ, વચન, કથા તથા આજ્ઞા પ્રત્યે રુચિ નથી તેણે તે પ્રથમ કર્તવ્ય છે. સંસારમાં જેમ સ્ત્રીપુત્રના દેહ વચનાદિ પ્રત્યે પ્રેમ છે તેથી અનંતગણો સત્પુરુષ પ્રત્યે પ્રગટ થાય તેમ પ્રવર્તવાની જરૂર છે.

"મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજા કામ કરંત,
તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."

પત્રાંક ૩૯૪-૩૯૫ લક્ષપૂર્વક વાંચશોજી. વળી ભાવનાબોધમાં સંવરભાવના સમજાવવા વજ્રસ્વામીનું દૃષ્ટાંત આપ્યું છે તે વાંચશોજી. તેના પિતાએ વજ્રસ્વામી પાસે રુક્મિણીને આણીને, તેનો સ્વામીની ઉપર મોહ છે એમ કહ્યું. સ્વામીજી કહે છે — "શું એ માંસ, હાડકાં, રુધિર પ્રમુખથી પૂર્ણ એવા મારા દેહને વિષે પ્રીતિવાળી થઈ છે? તેનો પતિ તો એવો થશે કે જે દેવતાને પણ દુર્લભ છે! જેની પાસે સર્વ સદ્‌ગુણો કિંકર સમાન છે, રૂપ અને લક્ષ્મી પણ જેની દાસી છે, સર્વ ક્રિયાઓ પણ જેની પાસે તુચ્છ છે અને જેનામાં કંઈ પણ દૂષણ નથી, જેની અત્યંત ભક્તિથી મોક્ષ પણ સુલભ છે – પ્રાપ્ત થાય છે. આ પ્રકારે વર્ણવેલો સંયમ તે જ તારી પુત્રીને લાયક છે. માટે જો તારી ઇચ્છા હોય તો હું હસ્તમેળાપ કરાવું. વળી વાઘણની પેઠે તિરસ્કાર કરતું ઘડપણ પણ પાસે જ રહે છે, શત્રુની પેઠે રોગો સર્વદા દેહને પ્રહાર કરે

છે અને ફૂટેલા ઘડામાંથી ઝરી જતાં પાણીની પેઠે આયુષ્ય નષ્ટ થાય છે, તોપણ લોક વિરુદ્ધ કર્મ કરે છે, એ આશ્ચર્ય છે! વળી પુરુષ પણ ક્ષણમાં, જોતજોતામાં બાળ, ક્ષણમાં યુવાન અને ક્ષણમાં શિથિલ અવયવવાળો ઘડપણથી થાય છે. એવી રીતે યમની નગરીમાં અંતે પેસે છે." આમ સત્પુરુષ પ્રત્યે પ્રેમ થયો હોય તો તેના વચન પ્રત્યે થાય છે, તેણે કહ્યું કે કર્યું તે કરવા જીવ પ્રેરાય છે અને તેની આજ્ઞા ઉરમાં અચળ કરે તો જે આત્મસુખમાં તે લીન છે તેનું ઓળખાણ તેને થાય છે અને તે રૂપ થાય છે. માટે જે જે કારણો સત્પુરુષ પ્રત્યે પ્રેમ પ્રગટાવે, તેનાં વચનને મનાવે, તેની આજ્ઞામાં તત્પર કરાવે તે તે કારણો તે તે ભૂમિકાએ ઉપાસ્યા વિના આગળની ભૂમિકા પ્રાપ્ત થવી દુર્લભ છે. આ બાબતનું આટલું બધું વિવેચન કર્યા છતાં એકદમ પત્રથી સમાધાન થાય તેમ લાગતું નથી. સમાગમમાં જે જે શંકાઓ થાય તેનું નિવારણ થવાનું બને. જીવને અત્યારે જે કરવા યોગ્ય છે તે ન કરે તો માત્ર કલ્પનામાં તણાઈ જઈ, છેવટની વાત બહુ સહેલી છે, લાવ તે જ કરી લઉં એમ થઈ જવા સંભવ છે. પર્વત ઉપરના દેવળને દેખીને નીચે રહેલો માણસ ધારે કે એ વાંકાચૂકા માર્ગે કોણ જાય, સીધો ચાલી આ દેખાય છે ત્યાં ઝટ ચાલ્યો જાઉં એમ ધારી બધા જતા હોય તે માર્ગ મૂકી નવો માર્ગ લે, ત્યાં બિલકુલ ન ચઢી શકાય તેવી જગાથી પાછું ફરવું પડે છે ને વાંકાચૂકા નક્કી કરેલા માર્ગે જવું પડે છે; તેમ અત્યારે યથાર્થ સમજ નથી આવી ત્યાં સુધી ઉપદેશબોધ પડી મૂકી જીવ સિદ્ધાંતબોધ તરફ દોડવા પ્રયત્ન કરે છે, પણ તે પરિણામ પામવો દુર્ઘટ છે. પત્રાંક ૫૦૬ પણ વાંચવા-વિચારવા ભલામણ છેજી. પરમાર્થની જિજ્ઞાસા જેને જાગ્રત થઈ છે તેને ઉપશમ વૈરાગ્ય એ અત્યંત જરૂરનાં છે, તે પ્રાપ્ત થયે જીવને શું કરવું તે સમજાય છેજી. પત્ર બહુ લાંબો થઈ ગયો છે એટલે પુછાવેલા શબ્દોના શબ્દાર્થ માત્ર લખું છુંજી—

(૧) નય = કહેનારનો અભિપ્રાય; વસ્તુને અંશે જણાવવાની યુક્તિ. (૨) લબ્ધિ = પ્રાપ્તિ; કોઈ ગુણ સમ્યક્ત્વ આદિ પ્રાપ્ત થાય તે લબ્ધિ છે તથા રિદ્ધિ સિદ્ધિ ચમત્કાર આદિને પણ લોકો લબ્ધિ કહે છે. (૩) અપ્રમત્ત = જાગ્રત, આત્મભાવમાં જાગૃતિવાળી દશા, ગુણસ્થાનોમાં સાતમું ગુણસ્થાન, ધ્યાનઅવસ્થા. (૪) લેશ્યા = કષાયથી રંગાયેલાં મન-વચન-કાયાના યોગોની પ્રવૃત્તિ; આત્માનાં ભાસ્યમાન પરિણામ. (પત્ર ૭૫૨) (૫) અનુષ્ઠાન = ક્રિયા; પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એવા ચાર ભેદ, એક એકથી ચઢિયાતી ક્રિયા. (૬) પરિગ્રહ = મમતા; મારું મારું ગણી એકઠું કરેલું ધનધાન્ય, સ્ત્રીપુત્ર, દાસદાસી, ખેતરઘર, સોનુંરૂપું, વસ્ત્રવાસણ વગેરે તથા ક્રોધાદિ દુર્ગુણ. (૭) પરિહાસ = હસવું, મશ્કરી. (૮) ઉપાદાન = મૂળ કારણ; જેમાંથી વસ્તુ ઉત્પન્ન થાય તે. જેમ માટીમાંથી ઘડો થાય તો માટી ઘડાનું ઉપાદાન કારણ છે; આત્મામાંથી ભાવો પ્રગટે છે તો પોતાના ભાવોનું ઉપાદાન કારણ આત્મા છે. (૯) ચ્યવન = દેહ છોડી બીજા દેહમાં જવું; દેવ મરી માણસ થાય તેમ. (૧૦) સ્યાત્પદ = અનેક પ્રકારે વસ્તુને કહેવાની શૈલી. આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે અનિત્ય છે વગેરે. (૧૧) સમવસરણ = ભગવાનને કેવળજ્ઞાન થાય ત્યારે દેવ ભક્તિ નિમિત્તે મંડપ આદિની રત્ન વગેરેથી સુશોભિત રચના કરે છે તે; જ્યાં ઘણા માણસો વગેરેનો સમૂહ એકત્ર થયો હોય તેને પણ સમવસરણ કહે છે. (૧૨) ગારવ = ગર્વ; રસ, રિદ્ધિ અને શાતાના ભેદે ગર્વ ત્રણ કહેવાય છે. ગારમાં જેમ બાળક

પેસી જાય કે ગારા – કાદવમાં હાથી ખૂંચી જાય તે નીકળતો નથી, તેમ તેમાં જીવ બંધાય છે.
(૧૩) પ્રમાદ = આળસ, કષાય, ધર્મની અનાદરતા, ઉન્માદ. (જુઓ મોક્ષમાળા પાઠ–૫૦)

હાલ ન સમજાય તોપણ ધીરજ રાખી સત્પુરુષનાં વચન અને તેની આજ્ઞાનું આરાધન કરવાથી ધીમે ધીમે યોગ્યતા પ્રમાણે સમજાતું જશેજી. ગભરાવાનું નથી, મૂંઝાવું નહીં, હિંમત હારવી નહીં, પણ પુરુષાર્થ કર્યાથી માર્ગ કપાય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૦૪ અગાસ, તા. ૨–૮–૪૦
ૐ અષાઢ વદ ૧૪, ૧૯૯૬

પૂ. શેઠજી બચે તેમ લાગતું નથી. આપની ઇચ્છા થતી હોય અને અનુકૂળતા હોય તો જેવા આપના ભાવ. લોકો લૌકિક રીતે સંથારો કરેલા સાધુ વગેરેને વાંદવા દોડે છે તેના કરતાં આ તો સાચા પુરુષના આશ્રિતની અંતિમ અવસ્થા કેવી હોય તે જાણવાનો અને કંઈ આપણને આખર વખતે કામમાં આવે તેવું શીખવાનો પ્રસંગ છે. વૈરાગ્યનાં કારણોમાં ઉત્સાહ થવો આ કાળમાં બહુ દુષ્કર છે અને સાચા વૈરાગ્યનાં નિમિત્તોમાંથી વૈરાગ્યરૂપ ગુણ ગ્રહણ કરવા જેટલી જીવની તૈયારી પણ તેટલી આ કાળદોષને લીધે જણાતી નથીજી. સંસારનાં કામ પોતાનાં માન્યાં છે તેથી તેને માટે પરદેશ જવું પડે તો જીવ પાછો ન પડે, પરંતુ આત્માના હિતની વાતમાં પ્રવર્તતાં તેને ટાઢ ચઢે એવો અનાદિનો જીવનો શિથિલ સ્વભાવ છે તે સ્વાભાવિક જણાવ્યો છે. આપના ઉપર આ વાત લખી નથી. સાચું સગપણ સત્પુરુષનું અને તેના આશ્રિત જીવાત્માઓનું છે, તે આપણને મોહમાં ફસાવવા ઇચ્છતા નથી, ઊલટા ચેતાવી શકે તેવા છે. આટલો જો લક્ષ રહે તો જીવની વૃત્તિ બંધનમાં ન પ્રવર્તે તથા બંધનનાં કારણો ન ઇચ્છે.

વિશેષ વાચન કરતાં થોડું વાચન અને વિશેષ મનન તથા નિદિધ્યાસન કે વારંવાર ભાવના વડે તદ્રૂપ પરિણમન માટે હવે વિશેષ પુરુષાર્થ કર્તવ્ય છેજી. ખા ખા કરવા કરતાં ચાવીને તે પચે અને શરીરની પુષ્ટિમાં સહાય થાય તે પ્રકાર જેમ શારીરિક બાબતમાં ઇષ્ટ છે તેમ ઉપર જણાવેલ પ્રકાર આત્મહિતને સાધનાર છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૦૫ અગાસ, તા. ૨–૮–૪૦
તત્ ૐ સત્ અષાડ વદ ૧૪, શુક્ર, ૧૯૯૬

"ચિંતવ પદ પરમાતમ પ્યારે, યોગીજનો જે પદ ઉર ધારે;
જહાજ બની ભવજળથી તારે, કેવલ બોધ સુધારસ ધારે.
યૌવનની શી કરવી માયા? જળ–પરપોટા જેવી કાયા;
જાવું પડશે નરકે મરીને, આવી ધનની આશા કરીને.
ભવ તરવા ઇચ્છે જો ભાઈ, સંત શિખામણ સુણ સુખદાઈ;
કામ, ક્રોધ ને મોહ તજી દે, સમ્યક્જ્ઞાન સમાધિ સજી લે.
સંસારી શરણાં ગણ સૂનાં, 'અર્થ અનર્થક' વચન પ્રભુનાં;
નશ્વર કાયા પ્રબળ જણાતી વાંછા શાની એની થાતી?

વળી વેપારી દરિદ્રી એકલો, નીચ એકલો ભમે ભૂલેલો,
રોગી એકલો શોક ભરેલો, દુઃખરહિત દુઃખ માંહિ વસેલો.
શરીર ઝૂંપડી કુડો કૂથો, માંસ ચામડી મોહે ચૂંથો,
નવે દ્વાર ગંદાં મળ ઝરતાં, શું સુખ એ કચરામાં કળતાં ?
મૂક પરિગ્રહ–મમતા ભાઈ! પાળ સુચારિત્ર સત્સુખદાઈ;
કામ-ક્રોધને તજવા કાજે, જ્ઞાન, ધ્યાન વિચારો આજે.'' (વૈરાગ્યમણિમાળા)

એક પણ શબ્દ જ્ઞાનીના દ્વારા મળેલો જીવમાં પરિણામ પામે તો જીવને તે મોક્ષે લઈ જાય છે એ ભાવાર્થનું એક અધ્યયન (૭૩ ફળાફળી પરાક્રમ) ઉત્તરાધ્યયનમાં છે. તેમાં પ્રથમ સંવેગ વિષે કહે છે. ''મોક્ષાભિલાષા : સંવેગથી જીવમાં તીવ્ર ધર્મશ્રદ્ધા જન્મે છે. તીવ્ર ધર્મશ્રદ્ધાથી તેની મોક્ષાભિલાષા વળી વૃદ્ધિગત થાય છે. તેથી તે જીવ અનંતકાળ સંસારમાં રખડાવનાર ક્રોધ, માન, માયા અને લોભ (અનંતાનુબંધી)નો નાશ કરે છે તથા નવાં કર્મો બાંધતો નથી. ક્રોધાદિના નાશથી તત્ત્વાર્થમાં તેની અશ્રદ્ધા દૂર થાય છે અને વિશુદ્ધ શ્રદ્ધા જન્મે છે. તે દર્શનવિશુદ્ધિ(ક્ષાયકદર્શન)થી કેટલાક જીવો તે ભવે જ સિદ્ધિ પામે છે અથવા ત્રીજે ભવે તો અવશ્ય પામે છે જ. બીજો ગુણ નિર્વેદ છે. સંસારથી વિરક્તતા : તેનાથી જીવ દેવ, મનુષ્ય અને પશુપંખી (તિર્યંચ) સંબંધી કામભોગો પ્રત્યે વિરક્ત થાય છે; વિરક્ત થયા બાદ તે ભોગસાધનોની પ્રાપ્તિ માટે આરંભ તેમ જ પરિગ્રહ કરવો તજી દે છે અને એ રીતે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગરૂપ સંસારમાર્ગનો વિચ્છેદ કરી સિદ્ધિમાર્ગને પામે છે. ત્રીજો ગુણ 'ધર્મશ્રદ્ધા'— તેનાથી જીવ પોતાને ગમતા વિષયસુખોથી વિરક્ત થાય છે અને ગૃહસ્થધર્મ તજી સાધુપણું સ્વીકારે છે–સાધક બને છે. એ રીતે છેદન, ભેદન, સંયોગ, વિયોગ વગેરે શારીરિક અને માનસિક દુઃખોનો અંત લાવી અવ્યાબાધ મોક્ષસુખ પ્રાપ્ત કરે છે. ચોથો ગુણ તે ગુરુ તથા સાધર્મિકોની 'સેવા-શુશ્રૂષા'—તેનાથી મનુષ્યને વિનય પ્રાપ્ત થાય છે. વિનયવાળો જીવ ગુરુની નિંદા, અવહેલના વગેરે વિરાધના તજી (ભવિષ્યમાં પોતાની) નરકયોનિ, પશુયોનિ તથા દેવમનુષ્યયોનિમાં હલકી ગતિનો નિરોધ કરે છે; તેમ જ ગુરુની પ્રશંસા, સ્તુતિ, ભક્તિ અને બહુમાનથી દેવમનુષ્યયોનિમાં (પોતાને માટે) સુગતિ નિર્માણ કરે છે; સિદ્ધિ–મોક્ષગતિનાં કારણો જ્ઞાન દર્શન ચારિત્રાદિને વિશુદ્ધ કરે છે; પ્રશંસાપાત્ર તેમ જ વિનયમૂલક સર્વ ધર્મકાર્યો સાધે છે; તેમ જ બીજા પણ ઘણા જીવોને વિનય ગ્રહણ કરાવે છે.'' આ પ્રમાણે ૭૩ બોલ જણાવી એકેક બોલથી મોક્ષ સુધી જીવ કેવી રીતે જાય છે તે બતાવ્યું છે. પરમકૃપાળુદેવે પણ કહ્યું છે: સાચા અંતઃકરણે એક પણ સત્પુરુષનાં વચનને ગ્રહણ કરશે તે અવશ્ય શ્રેયને પામશે. આટલો બધો લાભ થાય છે તે જાણી ખરી કમાણી કરવા ઇચ્છનાર વણિક બચ્ચો કેમ ઝાલ્યો રહે? વાણિયા લાભનો ધંધો છોડે જ નહીં, તો ધર્મમાં કેમ ઢીલ થતી હશે? મુમુક્ષુતા કે સાચા વાણિયાપણું પ્રગટ્યું નથી. અવળી પાઘડી પહેરી છે તે સવળી કરવાની છે.

એક કેવળી પાસે કોઈ મોટો રાજા દર્શનાર્થે ગયો. નમસ્કાર કરી પૂછે છે: ''હે ભગવાન! ત્રણે લોકમાં ઉત્તમમાં ઉત્તમ વસ્તુ કઈ હશે?'' ભગવાને કહ્યું : ''ધર્મ જેવી કોઈ ઉત્તમ વસ્તુ આ જગતમાં નથી.'' ફરી રાજાએ પ્રશ્ન કર્યો, ''ઉત્તમ વસ્તુ મણિ આદિ રસ્તામાં મૂકીએ તો

ગમે તે જનાર ઉઠાવી લીધા વિના રહે નહીં, તો ધર્મ જેવી ઉત્તમ વસ્તુને અંગીકાર કરવા લોકો કેમ દોડાદોડ કરતા નથી?" ભગવાને કહ્યું, "પાંચ ઇંદ્રિયના વિષયો તેમને ખાળે છે. ધર્મ ઉપર તેમની દૃષ્ટિ પડી નથી, ધર્મ સુખકારક લાગ્યો નથી. ખાખરની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે? જો ધર્મનો સ્વાદ ચાખે તો તેને પછી મૂકે નહીં." "પુદ્ગલ અનુભવ ત્યાગથી કરવી જસુ પરતીત હો મિત્ત, ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન રસ રીતિ હો મિત્ત." પરમકૃપાળુદેવનાં વચનોમાં જે રસ ભર્યો છે તે ચાખવા વૈરાગ્ય ઉપશમની જરૂર છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૦૬ અગાસ, શ્રાવણ સુદ ૧૫, શનિ, ૧૯૯૧

જીવ્યા જીવન રાજચંદ્ર ભગવાન જો,
અશરીરી ભાવે દુષમ આ કળિકાળમાં રે લો;
રહે ન જેને દેહધારી રૂપ ભાન જો,
અવિષમ ઉપયોગી એ ગુરુ રહો ખ્યાલમાં રે લો. (પ્રજ્ઞાવબોધ-૩૯)

તીર્થક્ષેત્ર સત્શાંતિધામ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી. વિ. આપનો પત્ર મળ્યો. આપે દર્શાવેલા ભાવ માટે મારી યોગ્યતા નથી. પરમકૃપાળુદેવ પ્રત્યે તે ભાવ કર્તવ્ય છેજી. આપણે સર્વે પરમ પુરુષ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનાં બાળ છીએ. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ આપણને તેમના હાથમાં સોંપ્યા છે. તેમની અનહદ કૃપાથી આ કળિકાળમાં આપણાં મન ભક્તિ કરવા ભણી વળ્યાં છે. એવા પરમ પુરુષનો યોગ આપણને વધારે વખત ન રહ્યો એ આપણા મંદ ભાગ્ય ગણવા યોગ્ય છેજી. તેવા પરમ સત્સંગના અભાવે તેને માર્ગે ચાલનાર તે પરમ પુરુષને પોતાના પ્રાણ તુલ્ય ગણનારાં ભાઈબહેનો એ આપણાં સગાંસંબંધી ગણવાયોગ્ય છે; કારણ કે તેમની સોબત કે સત્સંગથી આપણામાં જે મહાપુરુષે મંત્ર આદિ આજ્ઞારૂપ બીજ વાવ્યું છે તેનું પોષણ કરવા સત્સંગની જરૂર છે. પણ પરમ પુરુષ શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ પ્રત્યે જે અનન્ય પ્રેમ કરવો ઘટે છે, તેમની પૂજા પ્રભાવના કે આશ્રય જેટલા પ્રેમથી કરવો ઘટે છે તેટલો પ્રેમ કોઈ પણ માણસ કે દેવાદિ પ્રત્યે અત્યારે કરવા યોગ્ય નથી. એટલું હૃદયમાં જીવતા સુધી સાંભરે તે પ્રકારે કોતરી રાખવા યોગ્ય છેજી. પ્રભુ, આ વાત આપે સાંભળી હશે તોપણ ફરી ફરી સ્મૃતિમાં રાખવા યોગ્ય હોવાથી લખી જણાવી છે. આ ઉપરથી તો સામાન્ય શિખામણ જેવી લાગશે પણ વાંચન, વ્રત, નિયમ, પૂજા, ભક્તિ આદિ બધી ધાર્મિક ક્રિયાનો આધાર પરમ પુરુષ શ્રીમદ્ રાજચંદ્ર દેવ પ્રત્યેનો પ્રેમ છે. તે જેનો વધારે હશે તે સર્વ સંતોને પ્રિય છે. તેમાં જેને જેટલી ખામી છે તે પૂરી કર્યે છૂટકો છે. કારણ કે જેને જન્મમરણથી છૂટવું છે તેણે તો પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રની અનન્ય ભક્તિથી ઉપાસના કરવી જ પડશે. તેઓશ્રીએ પોતે જ લખ્યું છે કે :- "ઇશ્વરેચ્છાથી જે કોઈ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ **અમથકી**, એમ પણ અત્ર માનીએ છીએ." (૩૯૮)

પૂ........ને જણાવશો કે જગત દુઃખથી ભરેલું છે, તેના તરફ જ્યાં સુધી દૃષ્ટિ, પ્રેમ, વાસના હજી વળગી રહેશે ત્યાં સુધી દુઃખથી કદી છુટાય એવું નથી. માટે દેહની ઓળખાણ અને દેહની સગાઈ છોડી હવે આ આત્માની શી વલે થશે? અને તેને કોનો આધાર છે? અને બિચારા પોતાના જીવને પારકી પંચાતમાં દુઃખી કરો છો તો તેની દયા ક્યારે ખાશો? તે આત્માને સુખી કરે તેવું કંઈ વાંચન, વિચાર, સત્સંગ સાધવાનો વિચાર રાખી લોકલાજનો ભાર ખસેડી આત્માને માટે કાળ ગાળવા કંઈક દાઝ રાખવાનું લખ્યું છે, એમ તેમને જણાવશો. અને આપણે બધાને પણ તે જ કર્યે છૂટકો છે તે ભૂલશો નહીં. એ જ વિનંતિ.

---

૨૦૭ અગાસ, તા. ૨૬-૮-૪૦

તત્ ૐ સત્ શ્રાવણ વદ ૮, સોમ, ૧૯૯૬

ઋણ સંબંધે આવી મળ્યાં સુત વિત્ત દારા ને દેહ;
લેવા દેવા જ્યાં મિટે, મારગ લાગશે તેહ.
નિશ્ચે જાણો રહેવું નથી, જૂઠો જગત વિશ્વાસ;
એથી રહેજે તું અળગો, આઠે પહોર ઉદાસ.
ફોગટ ફંદ સંસારનો, સ્વારથનો છે સ્નેહ;
અંતે કોઈ કોઈનું નથી, તું તો તેહનો તેહ.
ખોળ્યે ખોટું સર્વે પડે, ન જડે નામ ને રૂપ;
બાંધી રૂંધી ઊભું કર્યું, જેવું કાષ્ઠ સ્વરૂપ.
વીતરાગતા સૂચક, વીતરાગ મહાપર્વ;
વીતરાગતા કારણે, આરાધો નિઃગર્વ.

પૂ........નાં ધર્મપત્નીની માંદગી સંબંધી પત્ર આજે મળ્યો છેજી. તેમને જણાવશો કે પૂર્વે જીવે જે પાપ કરેલાં તેના ફળરૂપે આ દુઃખ દેખવું પડે છે. તે થાય છે દેહમાં અને અજ્ઞાનથી મને થાય છે એમ જીવ માની લે છે. સુખ અને દુઃખ બન્ને મનની કલ્પના છે અને તે કરવા યોગ્ય નથી એમ જ્ઞાનીપુરુષોએ જણાવ્યું છે તે ભૂલીને હું દુઃખી છું, મારાથી રહેવાતું નથી, હવે મરી જવાશે, છોકરાંનું હવે શું થશે? મારી ચાકરી કોઈ કરતું નથી, મારું ઘર, ધન, સગાં બધાં મૂકવાં પડશે, આદિ પ્રકારે ફિકરમાં જીવ પડે છે તે આર્ત્તધ્યાન કહેવાય છે, તે પાપરૂપ છે. તેવે વખતે જીવ આયુષ્ય બાંધે તો તિર્યંચગતિ એટલે ઢોર-પશુમાં જવું પડે તેવું આયુષ્ય બાંધે છે એટલે તેનું ફળ દુઃખ જ આવે છે. આમ જીવ દુઃખ કે અશાતા વખતે શરીરમાં વૃત્તિ રાખીને દુઃખી થવાનો વેપાર કરી દુઃખની કમાણી કરે છે તેને જ્ઞાનીપુરુષો વારે છે કે કોઈ પણ કારણે મુમુક્ષુજીવે આર્ત્તધ્યાન ન થવા દેવું અને તેમ થાય તો પશ્ચાત્તાપ કરી જ્ઞાનીએ આપેલું સાધન, મંત્ર, વીસદોહરા, ક્ષમાપના, આત્મસિદ્ધિ આદિ જે મુખપાઠે કરેલું હોય તેમાં ચિત્તને રોકવા પુરુષાર્થ કરવો તો બચી શકાય તેમ છે. કૂવામાં પડેલા માણસને તરતાં ન આવડતું હોય પણ ભાગ્યયોગે દોરડું લટકતું ઉપર ચઢાય તેવું હાથ લાગી જાય તો તે બચી શકે તેમ તેવે પ્રસંગે મંત્રનું સ્મરણ બહુ ઉપયોગી છેજી. ભક્તિમાં ભાવ રાખવો;

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનાં દર્શન સમાગમ કે બોધમાંથી જે યાદ આવે તેમાં વૃત્તિ રાખવાથી જીવનું કલ્યાણ થવા યોગ્ય છેજી. સંસારમાં કે દેહમાં મન ભટકતું રોકવાને સત્પુરુષ, તેનાં વચન અને તેનું આપેલું સાધન ઉત્તમ ઉપાય છેજી. કોઈ પણ પ્રકારે રોગ મટાડવા જેમ ઉપાય માંદા માણસના કરીએ છીએ તેના કરતાં વધારે અગત્યનું કામ તેના ભાવ ભક્તિ આદિમાં શુભભાવમાં વળે તેમ કરવાથી અત્યારે પણ તેને દુઃખ વિસારે પડે અને નવાં કર્મ બંધાતાં પલટાઈ જાય; નિર્જરાનું કારણ બન્નેને સાંભળનારને તથા સંભળાવનારને થાય. લૌકિક રીતે જોવા જવું અને ખબર પૂછવી તેના કરતાં તેને સત્પુરુષની, તેના ઉપદેશની સ્મૃતિ આવે તેમ મુમુક્ષુ સર્વેએ વર્તવા યોગ્ય છેજી. ખરી રીતે તો જેના પરમાર્થમાર્ગ પ્રત્યે ભાવ મંદ પડતા જાય છે, તે માંદો છે અને મંદવાડમાં પણ જો ભાવ ચડતા રહેતા હોય તો તેનો દેહ માંદો છે ને જીવ સાજો છે એમ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૦૮ અગાસ, તા. ૨૯-૮-૪૦

તત્ ૐ સત્ શ્રાવણ વદ ૧૧, ગુરુ, ૧૯૯૬

આત્મજ્ઞાન મુજમાં નથી, ભક્તિમાર્ગ ન લેશ;
ભવજળ કેમ તરાય તો, તારક રાજ વિશેષ.

વિ. આપનો પત્ર પ્રાપ્ત થયો છેજી. આપના સદ્ગત પિતાશ્રી સંબંધી સમાચાર લખ્યા તે વાંચી તેમના શુભભાવથી તેમની શુભગતિનું અનુમાન થાય છેજી. વૃદ્ધાવસ્થામાં પણ છેવટે પરમકૃપાળુદેવ પ્રત્યે તેમને આપના નિમિત્તે પ્રેમભાવ, ગુરુભાવ થયો હતો એ તેમની સાથે ગયો; સગાં, ઘર, ઘરેણાં, પુત્રાદિ બધાં પાછળ પડી રહ્યાં એ પ્રત્યક્ષ આપણે જોયું. તે ઉપરથી જે જીવની સાથે જાય છે એવો ધર્મ આરાધવાની બુદ્ધિ દરેકે વધારવા યોગ્ય છેજી. શા માટે આ મનુષ્યદેહ આપણે પામ્યા છીએ, અને રાતદિવસ કેવા કામમાં તેને ગાળીએ છીએ? આપણે બધાએ દરરોજ વિચારી જે ઉત્તમ કાર્ય માટે ઉત્તમભવ મળ્યો છે તેનું આરાધન ઉત્તમ રીતે કરી લેવા તત્પરતા વધારવી ઘટે છેજી. પર્યુષણ જેવા ઉત્તમ પર્વના દિવસોમાં લૌકિક ઉત્તર-ક્રિયાની રડવા-કૂટવાની કુરૂઢિઓ નહીં અનુસરતા હો એમ ધારું છુંજી. આપણા વડીલના નિમિત્તે કોઈને સદ્ધર્મ પ્રત્યે વૃત્તિ થાય તેવું વાચન, ભક્તિ, સ્મરણ આદિ લૌકિક રિવાજને બદલે રખાય તો સ્વ-પર બન્નેને હિતકારક છેજી. બોરસદના પૂ....નો હમણાં જ થોડા દિવસ ઉપર અચાનક દેહ છૂટી ગયો. તેમના કુટુંબના બધાં સંસ્કારી હોવાથી તેમણે રડવા-કૂટવાનું બંધ કરી વચનામૃત વાંચવાનો નિયમ રાખ્યો છે તે જે આવે તે સાંભળે અને સદ્ગતનો પરમકૃપાળુદેવ તથા પ. પૂ. પ્રભુશ્રીજી તરફ જે ભાવ હતો તેની વાત કરતા કે સાંભળતા જાય તેવું નિમિત્ત રાખ્યું છે, તે સર્વે મુમુક્ષુઓને દૃષ્ટાંતરૂપ છે તે જાણવા સહજ આપને જણાવ્યું છે. બાકી "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવાયોગ્ય નથી" (૪૬૦) એવું પરમકૃપાળુ-દેવનું વચન છે તે સ્મૃતિમાં રાખી આત્મકલ્યાણનો લક્ષ ન ચુકાય તેમ વ્યવહારમાં પ્રવર્તતા રહી નિવૃત્તિ, સત્સંગ, ભક્તિની ઇચ્છા રાખ્યા કરવી ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૦૯ અગાસ, તા. ૧-૯-૪૦

તત્ ૐ સત્ શ્રાવણ વદ ૧૪, રવિ, ૧૯૯૬

દોહા —"સદ્‌ગુરુની કરુણા થકી ઊપજે આતમજ્ઞાન;
સંશય શોક ટળે બધા, થાય પરમ કલ્યાણ.
સ્મરણ કરશો પ્રીતથી, તજી દેહ અભિમાન,
નિત્ય નવીન ઉત્સાહથી, ધરજો પ્રભુનું ધ્યાન.
રંગ લગાડી ઇષ્ટનો, ગણજો અન્ય અસાર,
ગુરુપદે મન રાખીને, તરજો આ સંસાર.
સત્ય વિનયયુક્ત બોલજો, નવ જોશો પરદોષ,
સ્વદોષ સર્વે ત્યાગજો, તેથી થશે સંતોષ."

પૂ. શેઠજીને વેદનીયકર્મ ભારે હોવા છતાં તેમનો પુરુષાર્થ તેને હઠાવે તેવો ભારે છે તેથી તેમને માંદગીને કારણે ભાવવ્યાપારમાં ખોટ જાય તેવું તેમણે રાખ્યું નથીજી. બહારની ઉપાધિ સગાં-ઓળખીતાં ઘણાં હોવા છતાં તે સર્વ તરફ પૂઠ ફેરવી પરમકૃપાળુદેવના માર્ગનું આરાધન એકનિષ્ઠાએ તેમણે કરવા માંડ્યું છે. સત્પુરુષના આશ્રિતને સદ્‌ગુરુદેવની કૃપાથી, બીજા જીવોને આર્ત્તધ્યાન થાય તેવા પ્રસંગે ધર્મધ્યાન થયા કરે છે, એ ચમત્કાર આ કળિકાળમાં પ્રત્યક્ષ નજરે જોવાય તેમ છેજી. લગભગ આશ્રમના ક્રમે યથાશક્તિ સેવામાં રહેલાઓની મદદથી તેઓ વર્ત્યા જાય છે અને શ્રદ્ધા જે દૃઢ થયેલી છે તે તો સદાય સાથે જ રહે. "ફિકરકા ફાકા ભર્યા તાકા નામ ફકીર" એવી દશા સહજ કરી મૂકવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવ તથા પ્રભુશ્રીજીના જણાવ્યા પ્રમાણે તેમનો વાચન વગેરેમાં લક્ષ છેજી.

બીજું, આપે છપદના પત્રનો છેલ્લો ભાગ સ્પષ્ટ સમજવા પત્રમાં જણાવ્યું હતું તે વિષે—

લાખો રૂપિયા ખરચીને ભક્તજનો દેરાસરની રચના કરે છે, તેના કરતાં કરોડગણી કીમતી છપદના પત્રની રચના છે. પરમકૃપાળુદેવે યોગ્યતા દેખીને પ. પૂ. પ્રભુશ્રીને જ્ઞાનદાનરૂપ એ પત્ર મોકલ્યો છે. જેમ દેરાસર ઉપર સોનેરી કળશ શોભે છે તેમ છપદના પત્રનો એ છેલ્લો ભાગ નમસ્કારરૂપે શોભે છે. સત્પુરુષને શા માટે નમસ્કાર કરીએ છીએ તે વાત તેમાં જણાવી છે. સત્પુરુષનાં વચનો ભવસાગર તરવા માટે સફરી જહાજ છે, તે જણાવતાં કહે છે: "જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી (સત્પુરુષની કૃપાથી સમ્યક્‌દૃષ્ટિ થયા પછી કેવી ભાવના આત્મા વિષે રહે છે તે કહે છે), પણ જેના વચનના વિચારયોગે (સત્પુરુષનાં વચનનો વિચાર યથાર્થ થાય તેનું ફળ કહે છે) શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે. (દીવાસળીની પેટી પાસે પડી હોય ને કોઈ કહે દીવા વિના અંધારું છે, તેને કોઈ કહે કે તારી પાસે દીવાસળીની પેટી છે તે સળગાવી દીવો કર, તે સાંભળી તેને જેમ સ્મૃતિમાં આવી જાય કે હા, હવે ગભરાવાની જરૂર નથી, જરૂર દીવાસળી ઘસી કે અંધારું જતું રહેશે.) (પરમકૃપાળુદેવે પત્રાંક ૧૫૨માં લખ્યું છે કે આજે પદ કર્યું "કેવળજ્ઞાન હવે પામશું; પામશું, પામશું રે") શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે (આત્માની જેને પ્રતીતિ થઈ તેને આત્માના કેવળજ્ઞાનાદિ ગુણોની પણ પ્રતીતિ થાય છે. "સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ" (૯૫) એમ પરમ-

કૃપાળુદેવે સમકિતની વ્યાખ્યા કરી છે તો સમ્યક્ત્વને કેવળજ્ઞાનનો અંશ પણ કહેવાય : "વહ કેવલકો બીજ જ્ઞાની કહે") વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે (પૂ. સોભાગભાઈ તથા પૂ. ડુંગરશીભાઈ ઉપરના પત્રોમાં કેવળજ્ઞાનની જે ચર્ચા કરેલી છે તે કેવળજ્ઞાન સંબંધી વિચારોનું ફળ છે. જેને જેવા થવું હોય તેનો તે વિચાર કરે છે, સમ્યક્દૃષ્ટિ પ્રાપ્ત કરવી છે તે તેના વિચાર કરે છે, મુનિ થવું હોય તે તેના વિચાર કરે છે ને જેને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું છે તે તેના વિચારમાં રહે છે. "કોઈ બ્રહ્મરસના ભોગી, કોઈ જાણે વિરલા યોગી" એમ જેની મુમુક્ષુદશા વર્ધમાન થઈ સમકિતદશા પ્રગટી ને સ્થિતપ્રજ્ઞદશા પહેલાં વિચારદશા હોય છે તે વિચારદશામાં જેને કેવળજ્ઞાનના જ વિચાર રહ્યા કરે છે), ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે (ભાવના જેના હૃદયની બીજી નથી, માત્ર કેવળદશાની જ ભાવના રહે છે), મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે (નિશ્ચયનય તે મુખ્ય નય છે, આત્માને નિર્વિકલ્પદશા તરફ દોરી જનાર અને દૃષ્ટિને સમ્યક્ કરનાર નિશ્ચયનય છે, તે મુખ્ય નયનો અભ્યાસ થઈ જતાં માત્ર આત્મા જ શુદ્ધ રીતે જેની દૃષ્ટિમાં રમ્યા કરે છે અને સર્વ અવ્યાબાધ સુખ-મોક્ષનું કારણ પણ તે જ છે એટલે કેવળ-જ્ઞાનની સડક જેવા નિશ્ચયનયથી કેવળજ્ઞાન વર્તે છે), તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર (સાચું આત્મજ્ઞાન, શુદ્ધ આત્મસ્વરૂપનું ભાન), જેના યોગે સહજમાત્રમાં જીવ પામવા યોગ્ય થયો (સત્પુરુષનો પ્રભાવ કેવો છે? કેવળજ્ઞાનની નજીક, કેવળજ્ઞાનને યોગ્ય બનાવી, સમીપમાં મૂકી દે), તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!!"

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૧૦

અગાસ, તા. ૮-૯-૪૦

તત્ ૐ સત્

ભાદરવા સુદ ૭, રવિ, ૧૯૯૬

અનંતકાળના પરિભ્રમણમાં આ જીવે પરવશપણે ઘણું વેઠયું છે તેનો થોડો ભાગ પણ જો સ્વવશ – જાણીજોઈને ખમીખૂંદે તો ચિત્ત સમભાવ ભણી આવે અને ઘણાં કર્મો ખપાવવાનું બને તેમ છે. નરકમાં જીવ જે જે દુઃખો લાંબા કાળ સુધી વેદે છે તેનો સોમો ભાગ પણ આ મનુષ્યદેહમાં દુઃખ દેખાવાનો સંભવ નથી. પૂર્વે કરેલાં પાપનાં ફળરૂપ જે વ્યાધિ વેદના જણાય છે તે તો પૂર્વનું દેવું ચૂકે છે એમ જાણી સમભાવ ધારણ કરી, સત્પુરુષના આશ્રયે ધીરજ રાખી જે જે દુઃખ આવી પડે તે ખમીખૂંદવાનો અભ્યાસ પાડી મૂકનારને મરણ વખતે ગભરામણ થતી નથી. આપણા જેવા ઘણા જીવો જગત ઉપર મનુષ્યનામધારી ફરે છે, પણ જેને સત્પુરુષનાં દર્શન થયાં છે અને જેને આત્મજ્ઞાની પુરુષે કોઈ આત્મહિતકારી સાધન આપ્યું છે અને તે સાધનને મરણ સુધી ટકાવી રાખી, તેને આશ્રયે દેહ છોડવાની જેની તૈયારી છે તેવા જીવો વિરલા છે; તેવો ભાવ જેના અંતરમાં નિશદિન વર્તે છે અને યથાશક્તિ તે ભાવને જે આરાધે છે તેને જાણ્યે-અજાણ્યે આ ભવમાં જે કરવું ઘટે તે થયા કરે છે, સ્વરૂપસ્થિતિને યોગ્ય તે જીવ થાય છેજી. મરણ વખતે કે વેદના વખતે કોઈ કોઈને બચાવી શકે એમ નથી, પરંતુ સત્પુરુષની શ્રદ્ધાથી ભાવ દેહમાંથી છૂટી આત્મહિતકારી સાધનમાં રખાય તો તે જીવને આગળ વધારનાર, સદ્ગતિ પ્રાપ્ત કરાવનાર છેજી.

"જ્ઞાની કે અજ્ઞાનીજન, સુખદુઃખરહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય." (૧૫)

આમ ધીરજ રાખી આવી પડેલાં દુઃખમાં સ્મરણમંત્ર એ ઉત્તમ દવા છે એવો નિશ્ચય રાખી તે પ્રમાણે રાતદિવસ જ્ઞાનીની આજ્ઞામાં વૃત્તિ જોડી રાખવાથી ચિત્તસમાધિ કે આનંદ ઊપજે છેજી. બીજા લોકોને સત્પુરુષનો આશ્રય નહીં હોવાથી જે માંદગી આર્ત્તધ્યાનનું કારણ બને છે તે સત્પુરુષોના આશ્રિત જીવને ધર્મધ્યાનનું કારણ બને છેજી તે વિચારે છે કે હવે થોડો કાળ આ મનુષ્યદેહમાં રહેવાનું છે તો નકામો વખત આળપંપાળમાં ગાળવા યોગ્ય નથી, પણ સત્પુરુષે દર્શાવેલા સાધનથી જરૂર મારા આત્માનું હિત જ થશે એવો વિશ્વાસ રાખી તેના બતાવેલે માર્ગે તે વધારે બળ કરી મન તેમાં જ જોડી રાખે છે. આ દેહ છૂટી ગયા પછી કીડી-મકોડી કે કાગડા-કૂતરાના ભવ લખચોરાશીમાં ભમતાં મળે તેમાં કંઈ આત્મહિત થવાનું નથી, માટે હવે પ્રમાદ કરવા યોગ્ય નથી, ચેતી લેવા જેવું આપણે સર્વને છેજી.

---

૨૧૧ અગાસ, તા. ૮-૯-૪૦
તત્ ૐ સત્ ભાદરવા સુદ ૭, રવિ, ૧૯૯૬

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ—મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ—મૂળ૦"

આપે પૂછેલા પ્રશ્નનો ઉત્તર નીચે લખ્યો છેજી. પુરુષાર્થ કરીએ અને કામ ન બને ત્યાં પ્રારબ્ધનો દોષ છે એ વાત ખરી, પણ પુરુષાર્થ નિષ્ફળ જતો નથી. એક વાર ખેતર ખેડીને વાવ્યું હોય પછી વરસાદ ન વરસે તો ઊગેલું સુકાઈ જાય, પણ ખેડાયેલું જતું રહેતું નથી; જમીન સુધરી છે તો ફરી વાવતાં વાર ન લાગે. આપણે જે ફળ લાવવું હતું તે અમુક વખત સુધી આવેલું ન દેખાય, તોપણ સદ્વિચારસહ પુરુષાર્થ કર્યા કરવાથી જરૂર આત્મા સંસ્કારી, સહનશીલ અને સદ્ભાવનાવાળો બને છેજી.

બીજું, છઠ્ઠા પદ સંબંધી પૂછ્યું તેનો ઉત્તર : જ્ઞાન, દર્શન, સમાધિ વિષે 'પંથ પરમપદ બોધ્યો' એ પદમાં પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે

(૧) દર્શન = સર્વજ્ઞ ભગવાને જડ ચેતન પદાર્થો જેમ દીઠા છે તેવી ખરેખરી ખાતરી થાય તેને ભગવાને સમ્યક્દર્શન કહ્યું છે. 'મૂળમાર્ગ'માં પણ તે જ વાત બીજારૂપે કહી છે કે સદ્ગુરુના ઉપદેશથી દેહ અને આત્મા ભિન્ન છે એમ જે જ્ઞાનથી જણાય છે વા જ્ઞાન-લક્ષણથી જેનું સ્વરૂપ જણાય છે તે આત્માની શુદ્ધ પ્રતીતિ થવી તે સમ્યક્દર્શન કે સમકિત છે એમ ભગવાને કહ્યું છે.

(૨) જ્ઞાન = જડ અને ચેતન પદાર્થોનું સ્વરૂપ સમ્યક્પ્રમાણ સહિત જેનાથી જણાય અને જેમાં સંશય (આવું સ્વરૂપ હશે કે આવું ?), વિભ્રમ (હોય તેથી ઊલટું માનવું, છીપના ચળકતા કકડાને ચાંદી માની લે તેમ), અને મોહ (બેદરકારી : છીપ હશે કે ચાંદી હશે તોય આપણે શું; પ્રમાદને લીધે નિર્ણય ન થવો કે નિર્ણય કરવાનો વિચાર પણ ન ઊગવો) એ ત્રણ દોષો ન હોય તેને સમ્યક્જ્ઞાન કહ્યું છે. બીજારૂપે 'મૂળમાર્ગ'માં કહ્યું કે દેહાદિથી આત્મા ભિન્ન

છે, જ્ઞાનલક્ષણવાળો અને અવિનાશી આત્મા છે એવું સદ્દગુરુના ઉપદેશથી જાણવું તે આત્મજ્ઞાન કે સમ્યક્જ્ઞાન છે.

(૩) સમાધિ = પાંચ ઇંદ્રિયોના વિષય તથા હિંસાનો ત્યાગ કરી રાગદ્વેષ તજે; તથા સમ્યક્દર્શન હોય તો તેને શુદ્ધ ચારિત્ર કે સમાધિનો સદુપાય કહ્યો છે. અથવા "આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર 'સમાધિ' કહે છે." (૫૬૮) 'મૂળમાર્ગ'માં આત્માની પ્રતીતિ આવી, સર્વથી ભિન્ન અસંગસ્વરૂપ જાણ્યું તેવો સ્થિર સ્વભાવ પ્રગટવો તે શુદ્ધ વેષવ્યવહારથી ભિન્ન (અલિંગ) ચારિત્ર જાણવું. તે જ સમાધિ છે.

(૪) વૈરાગ્ય = સત્પુરુષ પ્રત્યે અત્યંત પ્રેમ પ્રગટતાં જગતના જીવો કે અન્ય પદાર્થોનું અણગમવું; મંદવાડમાં જેમ સારી સારી રસોઈ પણ રુચતી નથી, તેમ આત્મસ્વરૂપ સમજાયા પછી કે તેનું કારણ સત્પુરુષનું ઓળખાણ થયે અન્ય પદાર્થોમાંથી રુચિ ઊઠી જીવ આત્મહિતની નિરંતર વિચારણા કરે, તેમાં બીજા પદાર્થો વિઘ્નરૂપ લાગવાથી ઉદાસીનતા રહે છે: "અધ્યાત્મકી જનની અકેલી ઉદાસીનતા." આત્મા માટે જીવ તલપાપડ થાય, બીજે ક્યાંય મનને ગોઠે નહીં તે વૈરાગ્ય.

(૫) ભક્તિ = વૈરાગ્ય અને ભક્તિમાં ઝાઝો ફેર નથી. સત્પુરુષની કે આત્માની ભક્તિ, તેમાં ને તેમાં વૃત્તિની રમણતા રહેતી હોય તો સ્વાભાવિક રીતે સંસારની વિસ્મૃતિ થાય છે. તે વિસ્મૃતિ, અલ્પ મહત્તા તે વૈરાગ્ય; અને પરમપુરુષમાં તન્મયતા તે ભક્તિ.

સાધન કે નિમિત્ત આશ્રયી મોક્ષના ઉપાયમાં ભેદો ગણાવ્યા છે પરંતુ પરિણામની અપેક્ષાએ તો આત્માની ઉપાસના કે આત્મ-પ્રાપ્ત પુરુષની શ્રદ્ધા, તેનું ઓળખાણ અને તેના પ્રેમમાં તન્મયતા તે મોક્ષમાર્ગ છે. આત્માનો ઉદ્ધાર કરનાર આત્મા છે. સત્પુરુષના વચનના અવલંબને જીવે જાગ્રત થવાનું છેજી. "જબ જાગેંગે આતમા તબ લાગેંગે રંગ."— શ્રીમદ્ રાજચંદ્ર.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૨૧૨** અગાસ, તા. ૧૩-૯-૪૦, શુક્ર

શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ જ્ઞાની – શરણે મુજ હિત સાધું રે,
ભવ ભમતાં અતિ કષ્ટે પામ્યો ચરણ શરણ આરાધું રે. શ્રીમદ્૦
એવા સદ્ગુરુ સમીપ વસતાં દિનદિન દશા વિચારું રે,
અપૂર્વ ગુણના આદરથી હું ગુરુ – શિક્ષા ઉર ધારું રે. શ્રીમદ્૦
વિષય – કષાય વિદેશ જતા રહે, સ્વપ્ને પણ નહિ દેખું રે,
ઉપશમ રસમાં નિત્યે ન્હાતાં દેહ કેદ નહિ લેખું રે. શ્રીમદ્૦ (પ્રજ્ઞાવબોધ – ૬૭)

બીજા જીવો પ્રત્યેનું વર્તન સારું રાખવું એ નીતિ છે અને તે ધર્મનો પાયો છે, તેમ જ પોતાના આત્મા પ્રત્યે પણ બેદરકારી ન રાખતાં તેની દયા ખાઈ તેને જ્ઞાનીની આજ્ઞામાં પ્રવર્તાવવાનો લક્ષ રહે, તે ધર્મસ્વરૂપ છે. અનેક ક્ષુદ્ર ભવોમાં ભટકતાં ભટકતાં આ જીવ દુઃખી દુઃખી થઈ રહ્યો હતો તે કોઈ કૃપાળુની કૃપાથી મનુષ્યભવ નહોતો તે વખતે એવા કોઈ સદાચરણમાં વર્તી પુણ્યસંચય કરી મનુષ્યભવ પામ્યો, ઉત્તમ કુળ પામ્યો, દીર્ઘ આયુષ્ય પામ્યો, શ્રવણ

આદિ ઇન્દ્રિયો ખામી વગરની પામ્યો, સત્પુરુષનો યોગ પામ્યો, તેનો બોધ પામ્યો, તેની અનંત કરુણાથી તેનો ઉદ્ધાર થાય તેવો અનુપમ મંત્ર પામ્યો, તેથી મારા આત્માનું હિત જરૂર થશે એવી સારી ભાવનારૂપ શ્રદ્ધા પણ પામ્યો; હવે તે સત્પુરુષને આશ્રયે તેના કહ્યા પ્રમાણે વર્તવાનો જો આ જીવ નિશ્ચય કરી તે નિશ્ચયને મરણપર્યંત તજે નહીં તો તેને કેટલો બધો લાભ થાય? બસો-પાંચસો રૂપિયાનો લાભ થતો હોય તો મુંબઈ સુધી દોડી જાય, પણ જે પરભવમાં પણ ભાથારૂપ થાય તેવા સત્સાધન માટે બે ઘડી નવરાશ લેવી પડે તો જીવને ટાઢ ચઢે છે. થોડી વાર મારે બીજા વિચાર કરવા નથી, માળા ગણતાં સુધી કે ભક્તિ કરતાં સુધી બધું ભૂલી જવું છે એમ વિચાર કર્યા છતાં કેમ મન ઠેકાણે નહીં રહેતું હોય? કેમ કે તેણે સુખની કલ્પના બીજી વસ્તુઓમાં કરી છે. જ્યાં જ્યાં મનને ગમે છે ત્યાં ત્યાં તે વારંવાર જાય છે. માટે સત્પુરુષનું કહેલું મનને ગમે, તેવું કરવા વિશેષ પુરુષાર્થની, વિશેષ સત્સંગની, સત્શાસ્ત્રના અભ્યાસની જરૂર છે. તેમાં વિઘ્ન કરનાર દોષો નહીં ટાળીએ તો સમાધિમરણ કેમ થશે? એવી જીવને હજી ફિકર પેઠી નથી. માટે વિશેષ વિશેષ વિચાર કરીને વિષય કષાય આદિની તુચ્છતા ઘડીએ ઘડીએ પ્રસંગે પ્રસંગે વિચારી મનને ચેતાવતા રહેવાથી તેને ધર્મધ્યાનમાં રહેવાની ટેવ પડશે. નહીં તો આર્ત્તધ્યાન કરી ઢોરપશુની ગતિમાં ખેંચી જાય તેવો મનનો નીચો ઢાળો છે. તેથી ચેતીને ચાલનારની સદ્ગતિ થશે અને કાળજી નહીં રાખે તો લક્ષ ચોરાશીના ફેરા પૂરા હજી થયા નથી ને અનંતકાળથી જન્મમરણ કરતો આવ્યો છે તેવાં હજી કરવાં પડશે. અત્યારે કોઈ ગધેડો કહે તો ચિડાય છે પણ ગધેડો થવું પડશે. તે ટાળવા હવે કેડ બાંધી મંત્રમાં મંડી પડવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૧૩ અમાસ, તા. ૧૩-૯-૪૦
તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૨, શુક્ર, ૧૯૯૬

આપનો પત્ર પ્રાપ્ત થયો છેજી. તેમાં જણાવેલા ભાવ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે કર્તવ્ય છેજી. આપણે સર્વ તે અત્યંત પરાક્રમી પરમપુરુષની ચરણરજના આરાધક છીએ. નાનાં બાળક જેમ માતાના સ્તનપાનથી પોષણ પામી ઊછરે છે તેમ તે મહાપુરુષનાં વચનરૂપ અમૃતનું પાન કરી આપણે આ ભવરોગથી થતી અસહ્ય પીડાને શમાવવાનો પુરુષાર્થ કરી રહ્યા છીએ. તે પુરુષના યોગબળે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો લાભ આપણને મળ્યો છે અને તેમના સમાગમ બોધની સ્મૃતિ કરી તેના આધારે આ આયુષ્યનાં જેટલાં વર્ષો ગાળવાનાં સર્જિત હશે તે આપણે તે આત્મજ્ઞાની ગુરુની ભક્તિની વૃદ્ધિ કરી ગાળવા પુરુષાર્થ કરવાનો છેજી. "એક મત આપડી અને ઊભે માર્ગે તાપડી" — એવી શિયાળની વાત પૂ. પ્રભુશ્રીજી કરતા, તેમ તેમણે પરમકૃપાળુદેવની ભક્તિ આપણને કરવા કહ્યું તે એકનિષ્ઠાએ કોઈ બીજાના તરફ દૃષ્ટિ કર્યા વગર કર્યે જઈશું તો અવશ્ય કલ્યાણ થશેજી. આપણો સ્વચ્છંદ રોકી તેની આજ્ઞાને માથે ચઢાવી બને તેટલો પુરુષાર્થ શક્તિ ગોપવ્યા સિવાય કર્યા જવાની આપણી ફરજ છે, અને તે કરીશું તો પરમકૃપાળુદેવ તો કૃપાના ભંડાર જ છે, તેમને ફળ આપવાની વિનંતી પણ કરવા જેવી નથી. વગર ચિંતવ્યે ફળ આપે એવા વીતરાગ ભગવાનનો ધર્મ

અચિંત્ય ચિંતામણિ કહેવાય છે; તે પામીને પ્રમાદ કરીએ એટલો આપણો વાંક છે. નહીં તો અવશ્ય સત્‌ના આરાધનથી સત્‌ની પ્રાપ્તિ થાય જ, તેમાં કંઈ સંશય નથી. તે વાત પ્રત્યક્ષ અનુભવ કરીને પ. પૂ. પ્રભુશ્રીજીએ આપણને કહ્યું છે. "વીમો ઉતરાવીએ છીએ" એમ પણ કહેતા. "પરમકૃપાળુદેવની ભક્તિ કરનારનો વાંકો વાળ થાય તેના અમે જોખમદાર છીએ, પણ પોતાનો સ્વચ્છંદ ઉમેરે તો અમે જવાબદાર નથી", એમ પણ કહેતા હતા તે લક્ષમાં રાખી પરમકૃપાળુદેવની ભક્તિમાં અરિહંત, સિદ્ધ, પ્રભુશ્રીજી આદિ સર્વ આવી જાય છે, આપણો આત્મા પણ તેમાં આવી જાય છે, આત્માની જ ભક્તિ ત્યાં થાય છે, કંઈ બાકી રહી જતું નથી એ લક્ષ ન ચૂકવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૧૪ અગાસ, તા. ૧૭-૯-૪૦

તત્ ૐ સત્ ભાદરવા વદ ૧, ૧૯૯૬

જન્મ-મરણરૂપ ગહન નદીમાં ઘણો તણાતો આવ્યો રે,
ગુરુ પરમકૃપાળુ શિખા ગ્રહી જો ખેંચી લે તો ફાવ્યો રે.
તટ નિકટ આ નરભવ દુર્લભ પૂર્વ પુણ્યથી પામ્યો રે,
સદ્‌ગુરુયોગ અચાનક મળતાં ખટપટથી વિરામ્યો રે.
અપૂર્વ બોધ-કર લંબાવી ગુરુ ભવ-જળથી ઉદ્ધારે રે,
પરાધીનતા પરી થાય સૌ, ગુરુકૃપાદૃષ્ટિ તારે રે.
નાના નયને વ્યોમ સમાયે તારા રવિ શશી સાથે રે,
તેમ સમાયે સદ્‌ગુરુપદમાં દેવ, ધર્મ, જિનનાથે રે.
શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ જ્ઞાની-શરણે મુજ હિત સાધું રે,
ભવ ભમતાં બહુ કષ્ટે પામ્યો ચરણ શરણ આરાધું રે. (પ્રજ્ઞાવબોધ ૬૭)

આપનો ક્ષમાપનાપત્ર મળ્યો. આ વર્ષે અહીં પણ પર્યુષણપર્વ પરમકૃપાળુદેવના યોગ-બળે બહુ સારી રીતે આરાધાયું છેજી. સભામંડપમાં માઈ શકે નહીં તેટલાં બધાં ભાઈબહેનો એકત્ર થયાં હતાં; પણ જેને જેને સત્પુરુષની શ્રદ્ધા જેટલા પ્રમાણમાં થઈ હશે તેટલું આત્માનું કલ્યાણ થશે. મહાભાગ્યશાળી હશે તેને આવા હડહડતા કળિકાળમાં સાચા પુરુષ પ્રત્યે, તેના વચન પ્રત્યે, તેના અનુયાયી વર્ગ પ્રત્યે પ્રેમપ્રતીતિ જાગશે. જપ તપ શાસ્ત્રજ્ઞાન આદિ સર્વ ધર્મકાર્યનો પાયો પરમપુરુષ પ્રત્યેની શ્રદ્ધા છેજી. જેની શ્રદ્ધા બળવાન છે તેનો પુરુષાર્થ પણ લૂલો ન રહે. લોકો ભલે જાણે કે ન જાણે પણ તેનો આત્મા પરમાર્થ માટે તલપાપડ થઈ રહે. છૂટું છૂટું અંતરમાં થઈ રહ્યું હોય તે છાનું ન રહે. ભરત ચક્રવર્તી લડાઈઓ લડતા હતા ત્યારે પુંડરિક ગણધરે શ્રી ઋષભદેવને પ્રશ્ન કર્યો કે "હે ભગવાન! અત્યારે ભરત ચક્રવર્તી છ ખંડ સાધે છે અને મોટી લડાઈઓમાં પડ્યા છે તે વખતે તેમના આત્માનાં પરિણામ કેવાં વર્તે છે?" ભગવાને ઉત્તર આપ્યો: "તારા જેવાં." ક્યાં ગણધરની પ્રવૃત્તિ અને ક્યાં રાજ્યો જીતવાની પ્રવૃત્તિ! પણ આત્મા જેનો જાગ્યો છે તેને સંસાર કેવો લાગે, તેનું એ આબાદ દૃષ્ટાંત છે. તે જ પરિણામ દૃઢ રાખીને અરીસાભુવનમાં તેમણે કેવળજ્ઞાન

પ્રગટાવ્યું. બહારથી કોઈ જાણે કે એ તો અકસ્માત્ કેવળજ્ઞાન થઈ ગયું હશે. પણ તેને માટે રાતદિવસ તેમનો કેટલો પુરુષાર્થ હતો? અને શ્રી ઋષભદેવ સ્વીકારે તેવાં આત્મપરિણામ ટકાવી રાખતા હતા. કર્યું થાય છેજી. માટે કર્મના સંયોગે ગમે ત્યાં રહેવું થાય પણ આત્મા વિના કોઈ કાર્ય થઈ શકતું નથી. માત્ર તેના તરફ લક્ષ રાખી મમતા મૂકતા રહેવાનો અભ્યાસ નિરંતર મારે તમારે કર્તવ્ય છેજી.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો પ્રથમ સમાગમ થયા પછી એટલો બધો તેમના પ્રત્યે પ્રેમ ઢળી ગયો કે તેમના વિના ક્યાંય ગોઠતું નહીં. અમદાવાદ તેઓશ્રી સેનેટોરિયમમાં રહેતા ત્યાં વારંવાર જતો ત્યારે તેઓશ્રીએ એક દુહો મને લખાવ્યો હતો અને પૂ. મગનલાલ તાર-માસ્તર આણંદ હતા તેમની સાથે વિચારવા સૂચના કરેલ. તેમાં બહુ મર્મ રહેલો છેજી. તે નીચે પ્રમાણે છે:

"જો જો પુદ્ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા – સમતા ભાવશું કર્મબંધ – ક્ષય હોય."

ઘણું આશ્વાસન, શાંતિ અને ધીરજ, બળ તેથી મળે તેમ હોવાથી આપને વિચારવાને લખ્યો છે, તો અવકાશે વિચારી જેટલો રસ લૂંટાય તેટલો લૂંટતા રહેશોજી. આખી જિંદગી ચાલે – ભવ ભમવાનું હશે ત્યાં સુધી ચાલે તેટલું બધું અને નિકટ લાવી મૂકે તેવું ભાથું તેમાં ભર્યું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૧૫ અગાસ, તા. ૨૧-૯-૪૦
તત્ ૐ સત્ ભાદરવા વદ ૫, શનિ, ૧૯૯૬

અનુષ્ટુપ — વિષયાસક્તિ મૂકીને, મન જો હૃદયે રહે,
આત્મામાં લીનતા પામી, પરમ પદ તે લહે.
સદ્વિદ્યા કહી સર્વજ્ઞે, ભવ ઉચ્છેદ કારિણી,
સંતો સેવો સદા તેને, મોક્ષમાર્ગ પ્રદાયિની. (યોગપ્રદીપ)

આપનો પત્ર મળ્યો છે. પવિત્રાત્મા બહેન...ને પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનાં દર્શન થયાં છે તે તેનાં મહાભાગ્ય ગણવા યોગ્ય છેજી. આપણા જેવા પામર જીવોને મોક્ષગામી મહાત્મા-ઓનાં દર્શનસમાગમ મહા દુર્લભ છે તેવા જોગમાંનો જોગ તેમને મળ્યો છે, તો તેની સ્મૃતિ વારંવાર કરી તેમણે જે કંઈ આપણા હિતનું કહ્યું હોય તે વારંવાર યાદ કરી તે મહા-પુરુષોનો ઉપકાર તાજો રાખી આત્માને સારા ભાવમાં રાખવો. બીજાં સગાંવહાલાં, ઘરખેતર કે ધનઘરેણાં, કપડાં-વાસણમાં મન ફરતું અટકાવી સત્પુરુષ અને તેની કરુણાથી મળેલું સત્-સાધન આ જીવને આખર વખતે કામ લાગે છે. તેમની ભાવના સત્સાધન માટે થઈ છે તો તેમને જણાવશો કે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવ્યું છે કે પરમકૃપાળુદેવની સાક્ષીએ સાત વ્યસનનો ત્યાગ કરવા યોગ્ય છે: ૧. જુગાર ૨. દારૂ ૩. માંસ ૪. મોટી ચોરી ૫. વ્યભિચારી પુરુષોનો સંગ ૬. શિકાર – જાણીજોઈને માંકડ, ચાંચડ, જૂ, સાપ, વીંછી મારી ન નાખવા – પકડાવીને દૂર કરી દેવા ૭. પરપુરુષનો સંગ. આ સાતે વ્યસન કે તેમાંથી જીવતાં

સુધી ત્યાગી શકાય તેટલાની પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ વિનયપૂર્વક પ્રતિજ્ઞા લેવા જણાવશોજી. સાત અભક્ષ્યમાંથી જેટલા સહેલાઈથી જીવતાં સુધી તજી શકાય તેની પણ સમજણ પાડીને પ્રતિજ્ઞા લેવા જણાવશોજી. તે સાત અભક્ષ્ય – ૧. વડના ટેટા ૨. પીપળના ટેટા ૩. પીપળાના ટેટા ૪. ઉમરડા ૫. અંજીર ૬. મધ ૭. માખણ. મધ, માખણની દવા માટે જરૂર પડે તેમ તેમને જણાય તો દવા સિવાય સ્વાદ કરવા ન વાપરવા નિયમ લેવો હોય તોપણ લેવાય. કોઈ દવા ખાઈએ તો ચરી પાળવી જોઈએ તેવો આ સહેલો અને પહેલો કરવા યોગ્ય ત્યાગ બને તે પ્રમાણે રાખી તેમને 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' તે મંત્ર થોડી વાર બોલાવશો અને મુખપાઠ ચોખ્ખી રીતે થઈ જાય એટલે તેનું સ્મરણ કરતા રહેવા જણાવશોજી. પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ હાથ જોડી 'હે ભગવાન! આપની આજ્ઞાથી અમુક ઉપર જણાવેલો ત્યાગ રાખી આપના સ્વરૂપને જણાવનારો મંત્ર હું આરાધીશ' એવું કહેવાનું કહી ચિત્રપટને ચરણસ્પર્શ કરાવશોજી.

ખરેખરું કામ તો આત્માને તારવો એ જ છે અને સત્પુરુષના શરણ વિના તે બને તેવું નથી. માટે આજથી મારા આત્માને પરમકૃપાળુદેવના શરણમાં સોંપું છું અને તેણે જણાવેલો મંત્ર એ જ મીંઢળ ને નાડું લગ્નને વખતે હાથે બાંધે છે તેમ મારા હૃદયમાં હવેથી રાખીશ અને તે પરમપુરુષમાં વિશ્વાસથી જ હવે હું સનાથ છું, એનું મારે શરણ છે, તો મરણથી પણ મારે ડરવાનું નથી. જે થવાનું હોય તે થાઓ. હું તો તે પરમકૃપાળુદેવની ભક્તિમાં જ ચિત્ત રાખીશ એવી ભાવના દૃઢ થાય તેમ તેમને જણાવશોજી અને ભક્તિમાં ભાવ વિશેષ રહે તેમ જીવતાં સુધી વર્તવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૨૧૬

અગાસ, તા. ૨૪-૯-૪૦

તત્ ૐ સત્ ભાદરવા વદ ૮, મંગળ, ૧૯૯૬

નિત્ય નિરંજન અંતરજામી, રહો નિરંતર અંતરમાં,
સમતામાં રમતા રાજેશ્વર દીઠા નહિ દેશાંતરમાં;
સમય સમય તુજ ચરણશરણની છત્રછાંય ઉર છાયી રહો,
નિષ્કારણ કરુણાની કથની, વચન વિષે ન સમાય અહો!

પૂજા સંબંધી તમે પૂછ્યું તે સંબંધી જણાવવાનું કે અહીં આવો ત્યારે પૂજાની વિધિ શીખી લેશોજી. પત્રથી લખ્યે આવડી જાય એમ નથી. મંદિરમાં ભક્તિ, નિત્યનિયમ થતો હોય તો ઘેર ન બની શકે તો ચાલે અને વધારે વખત થાય તો વિશેષ ફળનું કારણ છેજી. જેને માળા બોલાવવાની આજ્ઞા મળી નથી, તેણે સાચા અંતઃકરણથી ભાવના રાખવી કે મારાં ભાગ્ય એવાં ક્યારે ખીલશે કે તેની આજ્ઞા મને મળે? પણ બીજા હોય ત્યાં સુધી તેણે આગળ પડી બોલાવવા મંડવું એ તેને માટે અયોગ્ય છેજી. દેવ અપૂજ્ય રહે કે દેવની પૂજા થઈ એ બધા બાહ્ય પ્રશ્નો છે. હજી દેવને ઓળખ્યા નથી. તે ઓળખવા સત્સંગ, સત્સાધન, વિનય અને વિચારની જરૂર છેજી. દેવને માટે પૂજા કરવાની નથી. પોતાના આત્માને જ્ઞાની-પુરુષની દશા તરફ દોરવા માટે ભક્તિપૂજા કરવાની છે. તે ઘેર કે મંદિર ગમે ત્યાં કરવા

યોગ્ય છે. જ્યાં પોતાના ભાવ સત્પુરુષ પ્રત્યે વિશેષ ઉલ્લાસવાળા બને ત્યાં તે કરવા યોગ્ય છે. દેવ કદી અપૂજ્ય થતા નથી અને અપૂજ્ય રહેતા નથી. આપણા દેવ પ્રત્યે ભાવ કેવા છે, આપણે રોજ તપાસતા રહી દેવ પ્રત્યે ભક્તિભાવ વધારતા રહીશું તો કલ્યાણ થશેજી. કોઈના દોષો તરફ નહીં જોતાં પોતાના દોષો જોઈ પોતાના દોષો ટાળવા સૌ ભાઈબહેનો પ્રયત્ન કરતાં રહેશો અને પોતાને માટે "અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય" એમ જોતા રહેશોજી. મોટા હોય તેમને માન આપી તેમને મળતા રહી, તેમના ગુણો તરફ લક્ષ રાખશો તો ધર્મ પામવાનું કારણ બનશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૧૭ અગાસ, તા. ૧-૧૦-૪૦

તત્ ૐ સત્ ભાદરવા વદ ૦)), મંગળ, ૧૯૯૬

હરિણી છંદ— પ્રશમ-રસથી જેનો આત્મા સદા ભરપૂર છે,
સ્વપર હિતને સાધે જેની રસાલ સુવાણી એ;
અતિ કૃશ તનુ તોયે વર્ષે સુપુણ્યતણી પ્રભા,
પરમ ગુરુ એ શ્રીમદ્ રાજ-પ્રભુપદ વંદના.
સકળ જગને જેણે જીત્યું અપૂર્વ બળે કરી,
ગહન જબરી માયા જેને જતી નહિ છેતરી;
પરમ સુખી તે માયા-સુખો જૂનાં તરણાં ગણે,
સતત લડતા સાક્ષી-ભાવે ઉપાધિ-રણાંગણે. (પ્રજ્ઞાવબોધ - ૬૪)

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ પ્રત્યે આપનો ભક્તિભાવ તથા સત્સંગની ભાવના જાણી સંતોષ થયો છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે પરમકૃપાળુદેવે વિયોગમાં રાખીને અમારા ભાવની વૃદ્ધિ કરાવી ફળ પકવ્યું છે. અંતરંગમાં ભાવના એટલી બધી કે નિરંતર સત્સંગમાં રહીએ; તેમ ન બને તો પત્ર દ્વારા બોધથી દરરોજ ઉલ્લાસ વધારતા રહે તેવી ભાવના, પ્રબળ ખેંચાણ રહેતું; છતાં ઘણા કાગળો જાય ત્યારે કોઈક દિવસે ઉત્તર મળતો. પણ જે દિવસે પત્ર આવે તે દિવસે જાણે સોનાનો સૂર્ય ઊગ્યો તેમ લાગતું. પત્ર વાંચ્યા પહેલાં તો પત્રનાં દર્શનથી જાણે સાક્ષાત્ સત્પુરુષનાં દર્શન થયાં એમ લાગતું. સંઘાડામાં બીજા વિરોધી સાધુઓ હોવાથી કોઈ બીજાના સિરનામે પત્ર મંગાવવો પડતો. તે પત્ર મળે એટલે તુર્ત તો વંચાય નહીં. પાછો તેવો અનુકૂળ વખત મળે કે જંગલમાં સ્વાધ્યાય વગેરે અર્થે જાય ત્યારે નમસ્કાર આદિ વિનય કરી ઉલ્લાસભેર પત્ર ઉઘાડી મોતીના દાણા જેવા પરમકૃપાળુદેવના સ્વહસ્તાક્ષરો જોઈ રોમાંચ થઈ આવતો. ધીમે ધીમે અમૃતના ઘૂંટડા ભરે તેમ બધો પત્ર સહર્ષ વાંચી, ફરી વાંચતા, વળી ફરી ફરી વાંચી વિચારતા; સત્પુરુષના પરમ ઉપકારને, તેની નિષ્કારણ કરુણાને હૃદયમાં ખડી કરી અત્યંત ભક્તિભાવે તે પત્રના આશયને હૃદયમાં ઉતારતા. અમને સમજાય નહીં પણ કોઈ ગહન વાત લખી છે, આ પત્રથી આત્માનું અપૂર્વ હિત કરવા કરુણા કરી છે, તેને ગ્રહણ કરી આત્મહિત કરવાનો અપૂર્વ સુપ્રસંગ પ્રાપ્ત થાઓ એવી ભાવના કરતા. પછી પૂ. અંબાલાલભાઈ જેવા ક્ષયોપશમવાળા મુમુક્ષુ સત્શ્રદ્ધાવંત હોય તેમની પાસે એકાંતમાં

વાંચી, વિશેષ સમજી, જે સમજાય તે હૃદયમાં ધારણ કરી તેમણે કહ્યું છે તેમ કરવું છે એવી ભાવના પોષતા રહેતા. કંઈ ન સમજાય તે કેવી રીતે પૂછવું, કયા શબ્દોમાં ક્યારે તેવો રૂબરૂમાં જોગ મળે તો ખરેખરો ખુલાસો થાય એમ તેની તે ભાવનામાં મન પ્રેરાયેલું રહેતું. આપણે પણ તેવા ભાવો સાંભળી, વિચારી, ઉલ્લાસ લાવી આત્માને પરમકૃપાળુ સદ્ગુરુ પ્રત્યે સન્મુખ કરવાનો છેજી. પરમકૃપાળુદેવ પત્રાંક ૩૭૧માં લખે છે : "રૂડે પ્રકારે મન વર્તે એમ વર્તો. વિયોગ છે, તો તેમાં કલ્યાણનો પણ વિયોગ છે, એ વાર્તા સત્ય છે, તથાપિ જો જ્ઞાનીના વિયોગમાં પણ તેને જ વિષે ચિત્ત વર્તે છે, તો કલ્યાણ છે. ધીરજનો ત્યાગ કરવાને યોગ્ય નથી." જે સત્સાધન પરમકૃપાળુદેવની કૃપાથી પ્રાપ્ત થયું છે તેનો જેટલો વધારે લાભ લેવાય તેટલો લઈ લેવા કમર કસવી ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૧૮ અગાસ, આસો સુદ ૩, શુક્ર, ૧૯૯૬

શ્લોક— ગણે ના જો કશું મારું, તો ત્રૈલોક્ય ધણી જ તું;
યોગીને યોગ્ય જાણી લે, રહસ્ય પરમાત્મનું.

દોહા — આખા ભવમાં મરણ તો, આવે એક જ વાર,
તોપણ કાયર જીવને, ભડકાવે બહુ વાર.

આપનો પત્ર મળ્યો હતો. તેમાં પૂ. સત્સાધક........ને એક વર્ષના બ્રહ્મચર્યવ્રતની ભાવના છે એમ લખ્યું તે જાણ્યું છેજી. તેમને પરમકૃપાળુદેવના ચિત્રપટ સન્મુખ હાથ જોડી ભાવના કરવાનું કહેશો કે, 'હે ભગવાન ! બાર માસ પર્યંત એટલે આવતી દિવાળી સુધી મારા આત્માના હિતને માટે બ્રહ્મચર્ય હું પાળીશ – કાયાએ કરી નિયમ નહીં તોડું' – એમ ભાવવ્રત લેવા જણાવ્યું છે એમ જણાવશોજી. શરીર સુકાતું જાય, કે વેદના વધતી જાય તે તરફ બહુ લક્ષ દેવા જેવું નથીજી. દેહના દંડ દેહે ભોગવ્યા વિના છૂટકો નથી પણ ભાવ સદ્ગુરુની આજ્ઞામાં — સ્મરણમાં રાખવાથી આત્માને હિત થાય છેજી. જ્ઞાનીએ જાણ્યો છે તેવો આત્મા હું છું; દેહાદિ હું નથી. બીજામાં વૃત્તિ જાય તે પાછી વાળી આત્મભાવનો અભ્યાસ પાડવો ઘટે છેજી. જે આપણું છે નહિ, અને આપણું આપણું કર્યે આપણું થવાનું નથી, આખરે જેને છોડીને જવાનું છે, તેમાં ને તેમાં વૃત્તિ રાખવાથી જન્મ-મરણ વધે છે; અને જ્ઞાનીએ જાણ્યો છે તેવો શુદ્ધ આત્મા મારો છે, એવી ભાવના કરવાથી, 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રમાં ચિત્ત રોકાવાથી – રહેવાથી આત્મા દેહનો દાસ મટી દેહને નોકર ગણતો થશે અને દેહ પાસે આત્માનું કામ – ભક્તિસ્મરણ કરાવશે. કાયર થઈને કર્મને ગા ગા કર્યે કર્મ કંઈ ઓછાં થવાનાં નથી, દર્દને દયા આવવાની નથી અને શૂરવીર થઈને આત્માને બચાવવા જ્ઞાનીની આજ્ઞામાં ચિત્ત રાખવાથી કંઈ દર્દ વધી જવાનું નથી. માટે આત્માનું કામ શા માટે ન કરી લેવું ? આ મનુષ્યભવ છે ત્યાં સુધી જ્ઞાનીની આજ્ઞા ઉઠાવવા પુરુષાર્થ થઈ શકે એમ છે. પછી લખચોરાશીમાં ભમતાં કંઈ ધર્મ નહીં બને, માટે રાતદિવસ સત્પુરુષની આજ્ઞામાં જ રહેવું છે એમ દૃઢ કરવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૧૯ અગાસ, તા. ૧૦-૧૦-૪૦ (દશેરા)

"સદ્‌ગુરુને નહિ વીસરું, સ્મરું સદા ઉપદેશ;
પરમ પ્રતીતિ ઊપજો, અન્ય ન યાચું લેશ."

આ અસાર સંસારમાં જીવ સુખની કલ્પનાથી દોડાદોડ કરી દુઃખી થાય છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ શોધે છે, તો તે ક્યાંથી મળે? આપણી કોઈ વસ્તુ ઘરમાં ખોવાઈ ગઈ હોય તેને બજારમાં શોધવા જઈએ તો ક્યાંથી હાથ લાગે? તેમ આત્મભ્રાંતિ કે આત્માના ભુલાવાથી જીવ દુઃખી થયો છે તે કારણ નહીં જાણવાથી જીવ ધન, મિત્ર, પુત્ર, સ્ત્રી આદિ દ્વારા સુખ મળશે એમ માની તેની પ્રાપ્તિ અને પ્રીતિ માટે ઉત્તમ આયુષ્ય એળે ગુમાવે છે. પરમકૃપાળુદેવે કહ્યું છે કે —

"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."

આ રોગ મને થયો છે એવું પણ જીવને ભાન નથી. આત્મજ્ઞાન વિના હું દુઃખી છું એવું એને ખરેખરું લાગ્યું નથી. માત્ર પૈસા નથી, બૈરી નથી, પુત્ર નથી કે મિત્રો નથી તેથી હું દુઃખી છું એમ જીવે માની લીધું છે. પુણ્યયોગે એ બધું મળે તોપણ જીવ દુઃખી ને દુઃખી રહે છે, કારણ કે કલ્પનાનો અંત નથી. એક મળે તો બીજું ઇચ્છે અને બીજું મળે તો ત્રીજું ઇચ્છે. માટે ઇચ્છાનો નાશ થયા વિના જીવના દુઃખનો કદી અંત આવવાનો નથી.

"ક્યા ઇચ્છત ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખમૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ."

સદ્‌ગુરુના ઉપદેશ વિના, તેનો વિચાર કર્યા વિના, તેની આજ્ઞાનું આરાધન કર્યા વિના ઇચ્છાનું મૂળ ટળે તેવું નથી અને તે કર્યા વિના જીવને શાંતિ પ્રાપ્ત થાય તેમ નથી, તો લૌકિક વાતો ઉપરથી મન ખસેડી જ્ઞાનીપુરુષની અનંત કૃપાથી જે સત્સાધન મળ્યું છે તેનું એકાગ્રતાથી લોકલાજ મૂકી આરાધન કરશો તો સુખનો સંચય વગર કહ્યે થયા કરશેજી. 'હું દુઃખી છું, હું દુઃખી છું' એમ જીવ માન્યા કરે છે તેનું નામ આર્તધ્યાન છે, તેથી માઠી ગતિ જીવ કમાય છે અને સત્સાધનમાં ઉપયોગ જોડવાથી ધર્મધ્યાન થાય છે ને મોક્ષમાર્ગ મળે છે. જે ઠીક લાગે તે માર્ગે પ્રવર્તો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૨૦ અગાસ, તા. ૧૦-૧૦-૪૦
ૐ આસો સુદ ૧૦, ગુરુ, ૧૯૯૬

દોહા— ગતાનુગતિક થઈ ઊંઘ નહિ, નિરાંતે તું ભાઈ!
દેખી અંધ કૂવે પડે, પડે શું દેખતો, ધાઈ?
અનિત્ય સંસાર જાણી જે, રહે નિરાંતે ત્યાંય,
બળતા ઘરમાં ઊંઘતા, સમ નિશ્ચિંત ગણાય.
શરીર શકટ સમ જાણીને, બોધ ન પામે કેમ?
યંત્ર અનર્થોથી ભર્યું ક્ષણ ક્ષણ અટકે જેમ.

પૂર્ણચંદ્ર સમ પામીને પ્રભુ-વચન સાક્ષાત્
ચંદ્રકાન્ત સમ ઉર ઝરે સદ્ભાવ-સુધા વિખ્યાત.
'હું ડાહ્યો સમજું ઘણો' એ જ ઊંડો છે દોષ,
તે મૂકયા વિણ કોઈ જીવ પામ્યા નથી જ મોક્ષ.
'કંઈ જ નથી હું જાણતો' દૃઢ કરો એ જ વિચાર;
સદ્ગુરુને શરણે જશો તો તરશો ભવપાર.
રાત ગમાયી સોય કર, દિવસ ગમાયા ખાય,
હીરા જન્મ અમોલ થા, કોડી બદલે જાય.
જ્યાં માયા છૂપી છૂરી, ત્યાં મૈત્રીનો નાશ,
જ્યાં મનમાં ભીખ માનની ત્યાં ઊભો ભવવાસ.
કામ માન ઉતાવળે દોષિત આ જીવ થાય;
નિષ્કામી, દીન ને ધીરો ભવ્ય જીવ ગણાય.

ઘણા ઘણા વિચારો કરતાં શ્રી તીર્થંકર આદિ મહાત્માઓએ નિર્ણય કર્યો છે કે આ સંસાર એકાંત દુઃખમય છે. જેમણે સ્વપ્ને પણ સાંસારિક દુઃખ જોયું નહોતું, સર્વ પ્રકારની ભોગસામગ્રી પૂર્વના પુણ્યને લીધે જેમને મળેલી હતી, જેમનું શરીર પણ તે સર્વ ભોગોને લાંબા કાળ સુધી ભોગવી શકે તેવા વજ્રઋષભનારાચ સંઘયણના ધણી મોક્ષગામી તે ભગવંતોએ સર્વ ભોગોને અસાર અને સંસારમાં ભુલાવામાં નાંખનારા, મોક્ષમાર્ગમાં આગળા સમાન વિઘ્નકર્તા જાણી સર્વ સંપત્તિ ત્યાગી, ભિખારીની પેઠે ભટકીને, પરિષહો - દેવ, મનુષ્ય અને તિર્યંચના કરેલા વેઠીને, અનેક કષ્ટોથી પણ નહીં કંટાળતાં ધર્મ—આત્માની શુદ્ધતા—સાધી, તેવું ઉત્તમ કાર્ય કરવાનું આ અલ્પ જીવનમાં જીવ ચૂકી જૂનાં ચીંથરાં જેવા આ શરીર વડે ભોગ ભોગવવા લલચાય તો તેની કેટલી તુચ્છ વૃત્તિ છે અથવા સહજ કર્મના યોગે ધર્મ આરાધી શકાય તેવી તક હાલ નહીં તો બે-પાંચ વર્ષે પણ નિવૃત્તિસુખ પામી આ બળતા આત્માને સંસાર-તાપથી બળતો બચાવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયા છતાં જો જીવ આંખો મીચીને ઉદીરણા કરી ભોગાવળી કર્મ ઊભું કરશે તો તે ક્લેશ કદી સુખરૂપ નહીં નીવડે એમ વિચાર કરનાર મુમુક્ષુને લાગ્યા વિના નહીં રહે.

બે-પાંચ વર્ષ મુશ્કેલી વેઠી લઈ આત્મહિત તે દરમિયાન થાય તેટલું કરતા રહી પછી ઉપાધિ વિના નિર્વિઘ્નપણે ધર્મધ્યાન થઈ શકે તેવો યોગ આવેલો ગુમાવી સંસારકૂપમાં જાણી-જોઈ પડવાનું વિચારવાન જીવ ન કરે. મનુષ્યભવમાં હવે કેટલો કાળ કાઢવો છે? શા કામમાં મનુષ્યભવ ગાળવા યોગ્ય છે? અને કેવી રીતે હાલ કાળ જાય છે? તે વિચારવાન એકાંતે વિચારે તો તેને ચેતવા જેવો વખત જણાય. પરમ કૃપાળુ મહાત્માઓએ જે માર્ગ અનંત કૃપા કરી આપણને દર્શાવ્યો છે તેનું આરાધન કયા ભવમાં કરીશું? ચોરાશી લાખ જીવ-યોનિમાં બીજે કોઈ ઠેકાણે આ ભવમાં થશે તેટલું થવા સંભવ નથી તેનો વિચાર કરવા વિનંતી છેજી.

ૐ શાંતિઃ

---

૨૨૧
ॐ

અગાસ, તા. ૧૧-૧૦-૪૦
આસો સુદ ૧૧, શુક્ર, ૧૯૯૬

અનુષ્ટુપ — દેહાત્મ-બુદ્ધિથી મૂઢ, આત્માને દેહમાં પૂરે,
આત્મામાં આત્મબુદ્ધિવાન, આત્માની મુક્તિ આદરે.

દોહા — સુણવા યોગ્ય સુસંતની, વાણી ધરી નહિ કાન;
સ્મરવા યોગ્ય સુમંત્રનું, રહ્યું નહીં બહુ માન.
કરવા યોગ્ય સુકાર્યમાં, નહીં પાથર્યા પ્રાણ;
સુંદર ધરી નરદેહ તો, શું સાધ્યું કલ્યાણ?
સ્મરણ કરશો પ્રીતથી, તજી દેહ અભિમાન,
નિત્ય નવીન ઉત્સાહથી, ધરજો પ્રભુનું ધ્યાન.

પૂ. ...........ના દેહત્યાગના સમાચાર તથા ઠેઠ આખર સુધી તેમની રહેલી સદ્ભાવનાના સમાચાર જાણ્યા છેજી. પ્રથમથી ભક્તિ પ્રત્યે તેમની વૃત્તિ વળેલી અને પરમકૃપાળુદેવનો આશ્રય ઠેઠ સુધી રાખી તે ભાવના સહિત દેહ છોડચો છે તે સદ્ગતિનું સૂચક છેજી. ધર્મનો આવો પ્રગટ પ્રભાવ નજરે જોયા છતાં તેને માટે આપણા હૃદયમાં જો ઉલ્લાસ અને તેને આરાધવાનો પુરુષાર્થ ન જાગે તો આપણા સમાન અધમ કોણ કહેવાય? દરેકને માથે મરણ ભમે છે પણ મોહને લીધે જીવ તેનો વિચાર સરખો કરતો નથી. ખેતરના નજીવા કામની ચિંતામાં રાતે નિરાંતે ઊંઘતો નથી અને સમાધિમરણ જેવો ઉત્તમ લાભ પામી મનુષ્યભવ સફળ કરવાનો લાગ વહ્યો જાય છે, તેની આ પ્રમાદી નફટ જીવને ફિકર ચિંતા થતી નથી. સંસારના ક્ષણિક સુખમાં એવું શું આશ્ચર્યકારી ફળ મેળવવાનું જીવે ધાર્યું હશે કે તેને આત્માના સુખ માટે ઇચ્છા જાગતી નથી? ગમે તેટલી મહેનત-મજૂરી કરી ગમે તેટલું ધન એકઠું કર્યું હશે તેમાંથી કંઈ સાથે કોડી પણ લઈ જઈ શકાશે? પેટ ભરાય તેથી વધારે ખાઈ શકાશે? ત્યારે આ બધી ધમાલ શું કરવા કરું છું? એવો એકાંતમાં જીવ વિચાર કરે તો શો ઉત્તર મળે? "જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂળ સમાન." એનો વિચાર અને અનુભવ જીવ ક્યારે કરશે? આત્મ-કલ્યાણ કરી શકે તેવી દુર્લભ સામગ્રી જીવને જે મળી છે તે અચાનક મરણ આવીને લૂંટી લે તે પહેલાં તેનો કંઈ સદુપયોગ કરી લેવા હવે વિચાર, નિર્ણય કરીશું? કે સત્પુરુષનો યોગ નથી મળ્યો તેવા જીવોની પેઠે નાશવંત વસ્તુ મેળવવામાં મચ્યા રહી છેતરાયા કરીશું?

શ્રી આત્મસિદ્ધિજીની છઠ્ઠી ગાથાની ટીકામાં પરમકૃપાળુદેવ લખે છે: "સંસાર પ્રત્યે બહુ ઉદાસીનતા, દેહની મૂર્ચ્છાનું અલ્પત્વ, ભોગમાં અનાસક્તિ, તથા માનાદિનું પાતળાપણું એ આદિ ગુણો વિના તો આત્મજ્ઞાન પરિણામ પામતું નથી." (૭૧૮) આ ગુણો વિના યોગ્યતા અટકી છે તે ક્યારે પ્રાપ્ત કરીશું? આ કામ કોઈ કરી આપે તેવું નથી માટે વેળાસર ચેતી લઈ તેને માટે સત્સંગ, સદ્વિચાર અને સત્કાર્યમાં મંડી પડવા જેવું છેજી. આવો અવસર ફરી ફરી મળનાર નથી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે ક્ષણ લાખેણી જાય છે. લૂંટમલૂંટ લેવાય તેટલું સાચું ભાથું લઈ લેવું. પરભવમાં પછી કંઈ બની શકશે નહીં માટે અંતે પસ્તાવું ન પડે તેમ

વિચાર કરી ત્વરાથી આત્મહિત માટે યુવાની નવી પ્રાપ્ત થઈ હોય તેમ કમર કસીને પરમાર્થ સાધી લેવો.

એક પુરાણી દંતકથા સ્મૃતિમાં આવવાથી લખું છું તે વિષે સર્વ વિચાર કરીને પોતાનાથી બને તેટલું પોતાનું હિત કરવા ચૂકશો નહીં. એક રાજા હતો. તેણે પોતાની રાજધાનીમાં રહેતા અમીર ઉમરાવોને કોઈ ઉત્સવના પ્રસંગે જમવા આમંત્રણ આપ્યું. પરંતુ તેમને ડર લાગ્યો કે રાજાના આમંત્રણમાં જઈશું તો તે કોઈ કીમતી વસ્તુ માગશે તો આપવી પડશે એમ વિચારી દરેકે કંઈ ને કંઈ બહાનું કાઢી પરગામ જવાનું નક્કી કર્યું. રાજાએ રસોઈ તથા વરઘોડાની તૈયારી કરાવી છતાં કોઈ અમીર ઉમરાવ કે તેમના પરિવારમાંથી જણાયા નહીં તેથી નગરજનોને રાજાએ કહેવરાવ્યું કે બધા સામાન્ય માણસોને વરઘોડામાં આવવાનું તેમ જ રાજાને ત્યાં જમવાનું આમંત્રણ છે તેથી લોકો રાજી થઈ વરઘોડામાં જવા લાગ્યા. પરંતુ કેટલાક લોકો ફાટેલાં અને કાળાં કપડાં પહેરી આવ્યા હતા તેમને વરઘોડાની શોભા બગાડનારા છે એમ જાણી રાજાએ કેદમાં પૂર્યા. બીજા બધાને જમાડી વિદાય કર્યા.

આ સાદી દંતકથામાં જણાવ્યા પ્રમાણે ઉમરાવો ન આવ્યા તો બીજા બધાને ઉત્તમ જમણનો લાભ મળ્યો, તેમ પૂર્વના પુણ્યને લઈને જેમને વિશેષ લક્ષ્મી મળી છે તેવા મોટા શેઠિયા ઘામણ રાજમંદિરના કામમાં ભાગ ન લે તો સામાન્ય ત્યાંના રહેનારને ઉત્તમ જમણની પેઠે તેમને માટે કરેલી રસોઈ આરોગવાનો લાભ મળી ગયો છે એમ જાણી પોતાની પાસે જે સારાં કપડાંરૂપ યથાશક્તિ સામગ્રી હોય તે ધારણ કરીને વરઘોડામાં જવું અને એ મહા કલ્યાણકારી પુણ્યના કામમાં બને તેટલો ટેકો કરવો. તેથી મોટા માણસોને મળવાનો લાભ આપણને અનાયાસે મળી જશે. પણ મેલાં કપડાં પહેરીને જનારથી રાજા નાખુશ થયા ને તેમને કેદમાં પૂર્યા, તેમ તે કામ કરતાં મન મેલાં રાખનારને હાનિ થવાનો સંભવ છે એમ જાણી ઉજ્જવળ અંતઃકરણે જો કામ કરવા લાગશો તો શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના મંદિરનું ઉત્તમ પુણ્યદાયક કામ કરવાને સદ્ભાગી થશો. ફરી ફરી આવાં કામ થતાં નથી અને જ્યાં સુધી તેમાં ભક્તિ કરનારા લાભ લેશે ત્યાં સુધી તેમાં મદદ કરનારને પુણ્યનો હિસ્સો મળ્યા કરશે. આવા સત્કાર્યમાં પોતાના ઘરનાં કામ કરતાં વધારે કાળજી રાખવી ઘટે છેજી. કાવિઠામાં કાળજી રાખીને કામ કરનાર મુમુક્ષુઓએ કેવું પ્રભાવનાયોગ્ય દેરાસર કરાવ્યું તે દરેકની નજર આગળ ખડું છે. માત્ર સંપ અને સાચા દિલની લાગણીથી કામ કરનારને પોતાનું અને ઘણા જીવોનું હિત થાય તેવું કામ સદ્ભાગ્યે મળી આવ્યું છે તે આપણા જીવતાં કરી લેવું. એનો ઉત્સાહ દરેક મુમુક્ષુના મનમાં વસતાં એ કામ તો રમતમાં થઈ જવા જેવું છેજી. પરમાર્થના કામમાં મન પાછું પડે તે પોતાના હિતમાં હાનિ કરવા તુલ્ય છે એમ સમજી આવેલા અવસરનો પૂરેપૂરો લાભ લઈ લેવા આગળ થવું, તત્પર થવું. આમાં કોઈને કહેવું ન પડે તેમ પોતાનું હિત સમજી દરેકે પોતાના આત્માના ઉદ્ધાર માટે લોભ, સ્વાર્થ અને સુખશીળિયો સ્વભાવ તજવો ઘટે છેજી. બને તેટલું ઘસાઈ છૂટવું. જાતમહેનતથી થશે તેટલું બીજા કશાથી નહીં બને. 'પારકી આશ સદા નિરાશ.' ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૨૨૨ અગાસ, તા. ૧૨-૧૦-૪૦

ૐ આસો સુદ ૧૨, શનિ, ૧૯૯૬

દોહા — "દુર્લભ માનવ ભવ મહા ફરી મળવો મુશ્કેલ,
કર્મ તણાં ફળ આકરાં નહીં સૂઝે ઉકેલ.
સમકિતી રોગી ભલો જાકે દેહ ન ચામ,
વિના ભક્તિ ગુરુરાજકી, કંચન દેહ નકામ.
ઇચ્છે આશ્રય સંતનો, અવર ન મનમાં આશ,
પરમારથને પામવા, જેને થઈ જિજ્ઞાસ.
[1]સહનશીલતા ધારજો, ભાવો સમતા[2] ભાવ,
[3]વૃત્તિને વળી રોકજો, અલભ્ય આ ત્રણ લ્હાવ."

પ્રમાદ વિષે પ્રથમ આપને લખેલું "એક પળ ખોવી તે એક ભવ ગુમાવવા તુલ્ય છે" તે વિષે પાછળના પત્રોમાંથી જોવા વિનંતી છેજી. પરમાં વૃત્તિ રમે તે ખરી રીતે પ્રમાદ છે. તે અનાદિની કુટેવ ટાળવા દૃઢ નિશ્ચયની જરૂર છે. તે ઓછો કરવાનો જેણે નિશ્ચય કર્યો છે, તે મહાપુરુષો કાળના મુખમાં પેસતી અનેક પળોને ઝૂંટવી લઈ જેટલો અવકાશ મળે તેમાં મોક્ષમાર્ગે કે આત્માના વિચારમાં રહે છે. પ્રમાદ ઓછો કરવો જ છે એ લક્ષ ચુકાય નહીં તો જે કરવું છે તેનો વિચાર થાય; અને "કર વિચાર તો પામ" કહ્યું છે તેમ આત્મસ્વરૂપનો નિર્ણય થયે તેમાં પ્રમાદ ન થાય ત્યાં સુધી અપ્રમત્ત રહેવાય તે જ માર્ગમાં કે આત્મામાં સ્થિતિ છે.

હવે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાંથી ઉતારી મોકલું છું તે વિચારશોજી. અર્જુન પૂછે છે (અધ્યાય બીજો શ્લોક ૫૪ થી ૭૨) "હે કેશવ! સમાધિમાં રહેલા સ્થિતપ્રજ્ઞનું લક્ષણ શું? સ્થિતપ્રજ્ઞ કેવી રીતે બોલે? કેવી રીતે બેસે-ઇન્દ્રિયોનો નિગ્રહ કરે? અને કેવી રીતે વર્તે?" શ્રી ભગવાન બોલ્યા: હે પાર્થ! જ્યારે મનમાં રહેલી સર્વ કામનાઓને મનુષ્ય તજી દે છે, અને આત્માવડે જ આત્મામાં સંતોષ પામે છે ત્યારે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. દુઃખોમાં ઉદ્વેગરહિત મનવાળો, સુખોમાં સ્પૃહારહિત અને જેના રાગ, ભય તથા ક્રોધ દૂર થયા છે એવા મુનિ (વીતરાગ, વીતક્રોધ, વીતભય) સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. જે સર્વત્ર આસક્તિ વિનાનો હોઈ, તે તે શુભ કે અશુભ પામીને આનંદ પામતો નથી કે દ્વેષ કરતો નથી, તેની બુદ્ધિ સ્થિર થયેલી છે. જેમ કાચબો સર્વ તરફથી અંગોને સમેટી લે છે તેમ આ મનુષ્ય જ્યારે સર્વ ઇંદ્રિયોના વિષયો-માંથી ઇન્દ્રિયોને ખેંચી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થાય છે. નિરાહારી મનુષ્યના વિષયો (વાસના ગયા વિના રસ જતો નથી) નિવૃત્ત થાય છે; પરંતુ બ્રહ્મનો સાક્ષાત્કાર કરીને એની વાસના પણ નિવૃત્ત થાય છે. હે કૌંતેય (અર્જુન)! મથી નાખનારી ઇન્દ્રિયો પ્રયત્ન કરતા વિદ્વાન પુરુષના મનને પણ બળાત્કારે વિષયોમાં ખેંચી જાય છે. માટે તે સર્વ ઇન્દ્રિયોને વશ કરી સ્થિર-ચિત્ત અને મારા (પરમાત્મા) પરાયણ રહેવું. કેમકે જેની ઇન્દ્રિયો વશ હોય છે તે(જિતેન્દ્રિય)ની બુદ્ધિ સ્થિર થાય છે. વિષયોનું ચિંતન કરતા મનુષ્યને તેમાં આસક્તિ થાય છે, આસક્તિથી કામના

થાય છે, કામથી ક્રોધ ઊપજે છે, ક્રોધથી સંમોહ (વિવેકહીનતા) ઊપજે છે, સંમોહથી સ્મૃતિનો નાશ (ઉપયોગ ચૂકે છે), સ્મૃતિનાશથી બુદ્ધિ(પ્રજ્ઞા)નો નાશ થાય છે, તેથી સંપૂર્ણ નાશ થાય છે. વશ અંતઃકરણવાળો (દૃઢ નિશ્ચય, પકડવાળો) મનુષ્ય રાગદ્વેષરહિત અને સ્વાધીન થયેલી ઇન્દ્રિયો વડે વિષયોને ભોગવતાં છતાં ચિત્તની નિર્મળતાને પામે છે. ચિત્તની નિર્મળતા થતાં એનાં સર્વ દુઃખોનો નાશ થાય છે. કારણ કે નિર્મળ ચિત્તવાળાની બુદ્ધિ તત્કાળ સ્થિર થાય છે. અયુક્તને (અયોગી–ચિત્તને વશ ન કરનારને) બુદ્ધિ નથી અને તેને ભાવના પણ (બ્રહ્માકાર અંતઃકરણની વૃત્તિનો પ્રવાહ : "વૃત્તિ વહે નિજભાવમાં પરમાર્થે સમકિત") નથી; ભાવનારહિતને શાંતિ નથી અને શાંતિરહિતને સુખ ક્યાંથી હોય? કારણકે વિષયોમાં ભટકતી ઇન્દ્રિયોમાંની જે ઇન્દ્રિય સાથે મન જોડાય છે તે ઇન્દ્રિય આ પુરુષની બુદ્ધિને, જેમ વાયુ જળમાં નાવને ખેંચી જાય છે તેમ, ખેંચી જાય છે. માટે હે મહાબાહો (મુમુક્ષુ)! જેની ઇન્દ્રિયો સર્વ પ્રકારે ઇન્દ્રિયોના વિષયોથી રોકાયેલી છે તેની બુદ્ધિ સ્થિર થાય છે. જે સર્વ પ્રાણીઓની રાત્રિ છે (આત્મ–અજ્ઞાન) તેમાં સંયમી પુરુષ જાગે છે, (જ્યાં જગતજીવો પ્રમાદ કરે છે એવા પરમાર્થમાં જ્ઞાની જાગ્રત છે) અને જેમાં (અજ્ઞાનરૂપ રાત્રિ= વ્યવહારમાં) અજ્ઞાની પ્રાણીઓ જાગે છે તે (વ્યવહારરૂપ રાત્રિ) આત્મદર્શી મુનિની રાત્રિ છે. (जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे = જે વ્યવહારમાં જાગે છે— ઉપયોગવંત છે તે પરમાર્થમાં ઊંઘે છે—ઉપયોગરહિત છે.) જેમ સર્વ તરફથી ભરાતા અચળ મર્યાદાવાળા સમુદ્રમાં પાણી પ્રવેશ કરે છે, તેમ સર્વ વિષયો જે મનુષ્યમાં (જેના આત્મામાં) પ્રવેશ કરે છે (વિલીન થાય છે, સમાઈ જાય છે, મરી જાય છે, નિર્જરી જાય છે) તે શાંતિને પામે છે; પરંતુ વિષયોને ઇચ્છનારો શાંત થતો નથી. જે મનુષ્ય સર્વ કામનાઓને તજીને નિસ્પૃહ, મમતારહિત અને અહંકારરહિત થઈને વિચરે છે, તે શાંતિને પામે છે. હે પાર્થ (અર્જુન)! આ બ્રાહ્મી સ્થિતિ છે. આને પામીને (મનુષ્ય) મોહ પામતો નથી; અને અંતકાળે પણ આ સ્થિતિમાં રહીને તે (સ્થિતપ્રજ્ઞ) બ્રહ્મ–નિર્વાણને પામે છે."

"'દીક્ષા લે તો તારું કલ્યાણ થશે' એવાં વાક્ય તીર્થંકરદેવ કહેતા નહોતા. તેનો હેતુ એક એ પણ હતો કે એમ કહેવું એ પણ તેનો અભિપ્રાય ઉત્પન્ન થવા પહેલાં તેને દીક્ષા આપવી છે; તે કલ્યાણ નથી. જેમાં તીર્થંકરદેવ આવા વિચારથી વર્ત્યા છે, તેમાં આપણે છ છ માસ દીક્ષા લેવાનો ઉપદેશ જારી રાખી તેને શિષ્ય કરીએ છીએ, તે માત્ર શિષ્યાર્થ છે, આત્માર્થ નથી." (૪૩૦) —શ્રીમદ્ રાજચંદ્ર

બીજું, હિતકારી વાત કહી બતાવતાં પણ 'તું આમ જ કર' એમ ભગવાન કહેતા નહીં, તથા આત્મા સંબંધી ઉપદેશ પણ છદ્મસ્થ અવસ્થામાં તીર્થંકર કરતા નથી. કોઈનું અહિત થાય તેવી આજ્ઞા માગવા તીર્થંકર પાસે કોઈ જાય તો મૌન રહેતા. એક માણસે ભગવાનને ખોટા પાડવા પોપટનું બચ્ચું હાથમાં લઈ ભગવાન પાસે જઈ તેમને પૂછ્યું કે તેનું આયુષ્ય કેટલું છે? અમુક દિવસનું કહે તો તેને મારે ડોકું મરડી મારી નાખવું એવો નિર્ણય તેનો હતો અને હમણાં મરી જવાનું છે કહે તો તેને ઉરાડી મૂકવાનો વિચાર કરી રાખ્યો હતો. જેને જ્ઞાનનું અભિમાન નહોતું તે ભગવાને કહ્યું કે એનું આયુષ્ય તારા હાથમાં છે. એવી કથા

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રી પાસે સાંભળી હતી. આવા પ્રસંગોમાં વીતરાગ જે વચનો કહેતાં ડર્યા છે ત્યાં અજ્ઞાની જીવો તડફડ જવાબ દઈ પોતાની અલ્પજ્ઞતાનું પ્રદર્શન કરે છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૨૩ અગાસ, તા. ૨૯-૧૦-૪૦

ૐ આસો વદ ૧૪, મંગળ, ૧૯૯૬

હરિગીત — (ગુરુ) રાય વૈરાગ્યે વદે રે! આમ જ સૌને ચાલવું,
માથે મરણ નૃપ-રંકને નિરાંતથી નહિ મહાલવું;
બીજા ઉપચારો જૂઠા નહિ જન્મમરણો તે હરે,
આત્મધર્મ ઉપાસતાં જીવ શિવપદ સહજે વરે. (પ્રજ્ઞાવબોધ - ૨૮)

દોહા — સુખ વસે આત્મા વિષે તેનો નહિ નિર્ધાર;
શોધે સુખહીન વસ્તુમાં, જડમાં નહિ જડનાર.
મિથ્યા માર્ગ તજી ગ્રહે, મહત્પુરુષનો પંથ;
છૂટે પરિગ્રહ કલ્પના, પામે સુખ અનંત.
ભવનું મૂળ આરંભ જો, મમતા તેનું મૂળ;
મમતા અલ્પ કરાય તો, મુમુક્ષુને અનુકૂળ. (પ્રજ્ઞાવબોધ - ૨૭)

વિ. આપનો પત્ર આજે મળ્યો છેજી. પૂ. ....ની તબિયત ઘણી નરમ છે એમ જાણી આજે અવકાશ ઘણો ઓછો હોવા છતાં બે અક્ષર પરમકૃપાળુદેવ સુઝાડે તે લખવા પ્રેરાયો છુંજી.

હે પ્રભુ! શરીરના દુઃખને દુઃખ માની આ જીવ તેથી છૂટવા ઇચ્છે છે અને તેને માટે દવા, ઉપચાર બને તેટલા કરવામાં પ્રમાદ કરતો નથી. તે ન કરવા એમ કહેવું નથી, પણ એ દુઃખ જાય અને શરીર સારું કેમ થાય, ખાધેલું કેમ પચે? શક્તિ કેમ આવે? ઘરનાં કામકાજ કરતો ક્યારે થાઉં? આવી ઇચ્છાઓ ઊંડાણમાં અંતરમાં પડી હોય છે, તે ઇચ્છાથી એટલે દેહના સુખની ઇચ્છાથી આખું જગત પ્રવર્તી રહ્યું છે. તેવી ને તેવી ઇચ્છા જો મુમુક્ષુની રહ્યા કરતી હોય તો સત્પુરુષનો જીવને સમાગમ થયો ન કહેવાય, સત્પુરુષના માર્ગને પામેલો પુરુષ ન કહેવાય; કારણ કે સત્પુરુષનો જેને યોગ થયો હોય, બોધ થયો હોય અને સત્પુરુષની શિખામણ માન્ય થઈ હોય તો તે જ્ઞાનભાવનાવાળો હોય. દેહ જે આત્માથી જુદો છે એમ સત્પુરુષ પાસેથી સાંભળીને માન્યું હોય તો તેના સુખે સુખી અને તેના દુઃખે દુઃખી આત્મા થાય છે એમ ન માને. પરમકૃપાળુદેવે કહ્યું છે —

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ — મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ — મૂળ૦
જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત — મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત — મૂળ૦
જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ — મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ — મૂળ૦"

આમ પરમકૃપાળુદેવે દેહથી ભિન્ન, દેહના રોગોથી ભિન્ન, દેહનાં સુખથી ભિન્ન, દેહનાં દુઃખથી ભિન્ન, જેને કંઈ લાગેવળગે નહીં એવો અસંગ આત્મા કહ્યો છે. તેવું મારું સ્વરૂપ છે. અત્યારે જે દેહ, વેદના, સગાં, ઘર, ધન આદિમાં સુખદુઃખની કલ્પના થયા કરે છે તે કરવાની જ્ઞાનીપુરુષે ના કહી છે. બીજા વિચારો ભૂલી જઈ, મનમાં આવે તો તેના તરફ અનાદર રાખી, મારે તો જ્ઞાનીએ કહ્યું છે તે માનવું છે કે આત્મા અજર, અમર, અવિનાશી, નિત્ય, અછેદ્ય, અભેદ્ય, વ્યાધિપીડાથી રહિત પરમાનંદસ્વરૂપ છે, તે જ મને હિતકારી છે. પરમગુરુએ પ્રગટ કરેલું શુદ્ધ આત્મસ્વરૂપ જ મારે માનવું છે. બીજું બધું સ્વપ્ન જેવું અને એઠ જેવું છે, તે તરફ હવે મારી નજર કરવી નથી. મને તારનાર તો શ્રી પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર દેવ છે. "શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો (આત્મધર્મનો) મને સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારા નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું. એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) આ ભાવના વારંવાર કરતા રહેવા ભલામણ છે. મંત્રનું બને તેટલું આરાધન અંતકાળ સુધી ચાલતું રાખવું. કોઈ મંત્ર બોલે તો તે સદ્ગુરુએ કહેલો મંત્ર છે તેમાં ચિત્ત રાખવું. વેદનામાં જતા મનને રોકી સત્પુરુષના શરણે, આશરે રહેવું. એ જ.

તા. ક. આલોચનાદિ પદ સંગ્રહમાંથી "અમને અંત સમય ઉપકારી વહેલા આવજો રે" અને "કોણ ઉતારે પાર, પ્રભુ બિના કોણ ઉતારે પાર" એ બન્ને પદો કોઈને ગાતાં આવડતું હોય તો બોલાવી સાંભળી તેમાં વૃત્તિ રાખવા ભલામણ છેજી.

---

૨૨૪ અગાસ, તા. ૨-૧૧-૪૦

તત્ ૐ સત્

મંદાક્રાંતા — " 'હું ના કાયા, નથી મુજ કશું' આટલું માનશે જે,
ત્રૈલોક્યે તે વિજય વરશે, વિશ્વરાજા થશે તે;
નિઃસ્વાર્થી આ વચન ગણીને સત્ય વિશ્વાસ ધારો,
તો ના થાશે અસર તમને મોહની, કોલ મારો." (પ્રજ્ઞાવબોધ ૭૪)

પોતે જે પ્રમાણે વ્રત લીધું હોય તેમ પાળવું. જો રાત્રે બીડી ન પીવાનો નિયમ લીધો હોય તો તે પાળવાથી લાભ છે. શરીરના લાભ કરતાં આત્માના લાભ તરફ વિશેષ લક્ષ આપનાર મુમુક્ષુ કે આત્માર્થી કહેવાય છે. બાકી શરીરની જરૂરિયાતો પૂરી પાડનારા જગતમાં ઘણા છે, તે જગતમાં ભમે છે. તે પરિભ્રમણથી છૂટવું હોય તેને માટે મોક્ષમાર્ગ જ્ઞાનીપુરુષે પ્રરૂપ્યો છે. તે જ્ઞાનીની આજ્ઞા યથાશક્તિ ઉપાસશે તેનું કલ્યાણ થશેજી. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી" (૪૬૦) એવું કૃપાળુદેવનું વચન છે તેનો વિચાર આપ કરશો. આપણાં અહોભાગ્ય ગણવા યોગ્ય છે કે જગતનાં આટલાં બધાં પ્રાણીઓમાંથી જ્ઞાનીને શરણે જવાના ભાવ આપણને જાગ્યા. હવે તેની આજ્ઞા ઉઠાવવા પુરુષાર્થ કરતાં કાયર થવા યોગ્ય નથીજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૨૫ અગાસ, તા. ૬-૧૧-૪૦

તત્ ૐ સત્ કાર્તિક સુદ ૭, બુધ, ૧૯૯૭

સ્વરૂપ – સ્થિત સમતાપતિ રે, સર્વ અવસ્થામાંય,
રાજચંદ્ર પદ તે નમું રે, સ્થિર મન થાઓ ત્યાંય.
સમતા – સ્વામી તે રે, જે રમતા સમભાવે.
ઇંદ્રિયો વિષયો ચહે રે, એંચે અવિરત પંથ;
સંયમરૂપ લગામથી રે, વારે તે નિર્ગ્રંથ. સમતા૦
રાગાદિક કાંટાભર્યું રે, દુર્ગમ ભવવન દેખ;
સમતા-બૂટ બચાવતા રે, કોઈ નડે નહિ રેખ. સમતા૦
આત્મભાવના ભાવતાં રે, સમતાથી ભરપૂર;
સર્વ પદાર્થ નિહાળતાં રે, રાગાદિ રહે દૂર. સમતા૦
મોહ – પંક પરિહર્યે રે, તૂટે રાગાદિ પાશ;
વિશ્વવંદ્ય સમતા – સતી રે, કરે ઉરે ગૃહવાસ. સમતા૦
સામ્ય ભાવના જાગતાં રે, નાશ આશનો થાય;
અવિદ્યા ક્ષીણ તે કરે રે, ચિત્ત સર્પ મરી જાય. સમતા૦
ટાળે કર્મ નિમેષમાં[1] રે, સમભાવે મુનિ જેહ;
કોટી ભવનાં તપો વડે રે, અન્ય ન ટાળે એહ. સમતા૦
જે જ્ઞાની સમતા ધરે રે, સર્વ વસ્તુમાં નિત્ય;
કેવળી સમ સુખ તે લહે રે, માનું નિત્ય [2]ખચીત. સમતા૦
આત્મવિશુદ્ધિ જે ચહે રે, સમ્યક્ સ્વાભાવિક;
મહાભાગ્ય તે ધારશે રે, સમતામાં મન ઠીક. સમતા૦
સૌ પરદ્રવ્યોથી જુદો રે, પરપર્યાયથી ભિન્ન;
આત્માનો નિશ્ચય થયે રે, સમતાનો જો જન્મ. સમતા૦
અવિચળ સુખ તેને મળે રે, અવ્યય પદ લે તે જ;
બંધ-મુક્ત પણ તે બને રે, જે યોગી સમ રહે જ. સમતા૦
કમઠ જીવ દશ ભવ સુધી રે, દે પીડા મરણાંત (પ્રાણાંત);
તોપણ પાર્શ્વપ્રભુ ધરે રે, સમતા અહો! અનંત. સમતા૦
દેહ દશા તેવી કરી રે, વર્તે દેહાતીત;
રાજચંદ્ર આ કાળમાં રે, સમતા યોગ સહિત. સમતા૦

(પ્રજ્ઞાવબોધ – ૫૬)

વિ. આપનો પત્ર વાંચી બહુ સંતોષ થયો છેજી. મહાપુરુષોએ કહેલો એક પણ ઉત્તમ બોલ આ કાળમાં જીવ વિપરીત સંયોગોમાં પણ આરાધે તો કેવું ઉત્તમ ફળ પોતાને મળે છે અને ચંદનની સુગંધી આખા વનમાં પ્રસરી જાય તેમ સર્વ સગાંસંબંધી કે દુશ્મનને

૧. આંખનો પલકારો, આંખ મીંચતામાં ૨. જરૂર

પણ હિતકારી બને છે તેનું દૃષ્ટાંત તમે બનેલ છોજી. માહાત્મ્ય તો એ જ્ઞાનીપુરુષોનું છેજી. જેમ શ્રી પાર્શ્વનાથ ભગવાને કમઠ ધૂણી તપતો હતો તેમાંના લાકડામાંથી સાપ ને સાપણને બળતાં કાઢ્યાં અને મંત્રનું સ્મરણ દીધું તો તે તેટલા દુઃખમાં પણ ભગવાનનાં દર્શન અને તેમની આજ્ઞાથી ધરણેન્દ્ર પદ પામે તેવો ભાવપુરુષાર્થ કરીને મહાપુરુષના મંત્રનો પ્રભાવ પ્રગટ કરનાર બન્યાં તેવી જ સ્થિતિ તમારી અત્યારે સંભળાય છે પણ પરમપુરુષનાં દર્શન જેને થયાં છે, જેણે તેમના બોધનું પાન ઘણા દિવસ સુધી કર્યું છે, તથા તે મોક્ષમાર્ગને આપનાર સત્પુરુષ ઉપર દૃઢ વિશ્વાસ જેના હૃદયમાં દૃઢ થયો છે, ધર્મ આરાધવાની અને આ સંસારનાં સર્વ દુઃખોથી છૂટી જવાની જેને મનમાં અત્યંત અભિલાષા છે તેને જે જે દુઃખો આવે તે પણ આત્માને હિતકર્તા નીવડે છે. મોક્ષગામી શ્રી ગજસુકુમાર મુનિની આપના જેટલી જ ઉંમર હતી પણ દૃઢતા ધર્મમાં કેટલી બધી હતી કે માથા ઉપર કાદવની પાળ કરી ધગધગતા અંગારા ભર્યા પણ કાઉસગ્ગમાં જ રહ્યા, કોઈને પોતાનો શત્રુ ન ગણ્યો. પોતાનાં બાંધેલાં પોતાને ભોગવવાં પડે છે તેમાં કોઈનો વાંક નથી; ઊલટો ગુણ માન્યો કે મારા સસરાએ મને મોક્ષની પાઘડી પહેરાવી. આવાં દુઃખ તો આ ભવમાં આપણે માથે આવે એવો સંભવ ઓછો છે, પણ હિમ્મત તેટલી હોય તો જ મોક્ષરૂપ પરમ ફળ પ્રાપ્ત થાય. જે ગુણો પરમકૃપાળુદેવ આદિ મહાપુરુષોએ પ્રગટાવી ટકાવી રાખ્યા તે તે ગુણો આપણે બધાએ પ્રાપ્ત કર્યા વગર મોક્ષ થાય નહીં કે મુમુક્ષુતા પણ ટકે નહીં. માટે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે ખમી ખૂંદવું; સહનશીલતા રાખવી, ભૂંડું કરે તેનું પણ ભલું થજો એવી અંતરમાંથી આશિષ આપવી. કોઈની સાથે બોલી બગાડવું નહીં, તેમ પોતાની ટેક તજવી નહીં. "થાવું હોય તે થાજો રૂડા રાજને ભજીએ." એવા ભાવ હૃદયમાં રાખી સર્વને રાજી રાખી, તાળી તાળી દઈ આ સંસારથી છૂટી જવું છે. પથરા નીચે હાથ આવ્યો હોય તે કળે કળે કરીને કાઢી લેવો. ઉતાવળે ખેંચવા જાય તો આંગળીઓ તૂટી જાય. ધીરજનાં ફળ મીઠાં છે; કોઈ ગમે તેમ બોલે, આપણી વાતો કરે તે સાંભળી આપણા ભાવ બગડવા ન દેવા; મનમાં કંઈ ક્રોધ જેવું કે ઓછું આવે તો ભૂલી જવું, સંકલ્પોમાં તણાઈ ન જવું પણ મંત્રના સ્મરણમાં મનને જોડી દેવું. વ્યાધિ પીડા કર્મને લઈને ખાટલામાં પડ્યા પડ્યા ભોગવવી પડે છે; તેવા જ આ કર્મના યોગે સંયોગો આવી પડ્યા છે, તેમાં સમભાવ છે તેથી વધારે બળવાન બનાવી પરમકૃપાળુદેવને શરણે આ ભવ પૂરો કરવો છે એ ચૂકવા જેવું નથીજી. જ્યાં સુધી શરીરમાં ભાન હોય ત્યાં સુધી તે પરમપુરુષનું મને શરણું છે તો મારે ફિકર કરવા જેવું કશું નથી એ દૃઢ નિશ્ચય કર્તવ્ય છેજી. "ધીંગ ધણી માથે કિયા રે કુણ ગંજે નર ખેટ-વિમલજિન દીઠાં લોયણ આજ."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૨૬ અગાસ, તા. ૯-૧૧-૪૦

તત્ ૐ સત્ કાર્તિક સુદ ૧૦, ૧૯૯૭

હરિગીત — તૃષા વિના પાણી ન ખોળે, ભૂખ તો ભોજન ભલું,
તૃષ્ણારૂપી અગ્નિ બળે, તેનું શમન, સુખ – થીંગડું;

જે ક્ષણિક વિઘ્નોથી ભર્યું, આધાર પરનો માગતું,
સમતા હરે. ઇન્દ્રિય સુખ તે દુઃખ બુધને લાગતું.
ઇન્દ્રિય વૃત્તિ જીતતાં, ઉપશમ સમાધિ-સુખ જે,
તે મોક્ષ-સુખની વાનગી, અભ્યાસ પૂર્ણે મોક્ષ દે;
પરમાત્મપદમાં મગ્ન તેને સુખની ખામી નથી,
શૃંગાર શાને તે ચહે? શાંતિ ખરી સ્ત્રી તો કથી.
માયાવી સુખો દેહનાં, દુઃખો ગણો, ફળ કર્મનાં,
લાગે સુખો એ મોહથી ત્યાં સુધી જીવ અધર્મમાં,
દૃષ્ટિ યથાર્થ થયે જણાશે હેય જગ-સુખદુઃખ જો,
જીવ કર્મફળ સૌ ત્યાગી, લે પુરુષાર્થ કરી શિવસુખ તો. (પ્રજ્ઞાવબોધ-૭૫)

આપે જે ભાવ પત્રમાં દર્શાવ્યા છે તે પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ વારંવાર પ્રાર્થનાપૂર્વક પ્રદર્શિત કરવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવની શ્રદ્ધા સંતના યોગે જેને થઈ છે તેને તે પ્રભુ દૂર નથી, તે સૌ સાંભળે છે; માટે વિશ્વાસ રાખી પ્રાર્થના, સ્તવન, સ્મરણ, ભક્તિ નિયમિત કર્તવ્ય છેજી. દેહના કામની જેટલી કાળજી રાખીએ છીએ તેના કરતાં અનંતગણી કાળજી આત્માની રાખવાનું પરમકૃપાળુદેવે કહ્યું છે તે વારંવાર વિચારી ચેતવા જેવું છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પણ કહેતા કે રોજ મરણને સંભારવું. જેવી મરણ વખતે અસહાય દશા છે તેવી જ અત્યારે પણ એક રીતે છે, પણ તે તરફ લક્ષ નથી. પોતાનાં કરેલાં કર્મ જ ઉદય આવે છે અને તે કર્મને ફેરવવા કોઈ સમર્થ નથી. કોઈનું દુઃખ કોઈ લઈ શકતું નથી એ નજરે પ્રત્યક્ષ દેખાય છે. તેવી જ રીતે ક્ષણે ક્ષણે જે શુભ અશુભ ભાવ થયા કરે છે તેને અનુસરતાં કર્મોથી જીવ સમયે સમયે ઘેરાય છે. તેમાંથી કોણ બચાવે તેમ છે? તે ઉદય આવશે ત્યારે પરવશપણે ભોગવવાં જ પડશે. આ ક્રિયાઓ તરફ નજર જ જીવ કરતો નથી. માત્ર બહારની લેવડદેવડમાં આંખો મીંચીને વર્ત્યા કરે છે. હવે વિચારવું ઘટે છે કે સત્પુરુષનો યોગ થયા પછી પણ આ જ ક્રમ રહેતો હોય તો છુટાય શી રીતે?

"એ પરપરિણતિ રંગથી રે, મુજને નાથ બચાવ રે – દયાલરાય." એમ પૂ. દેવચંદ્રજી સ્તવનમાં ગાઈ ગયા છે. તે કડી દર્શાવે છે કે પરપરિણતિમાં જીવ પડ્યો છે, પણ સત્સંગ સત્પુરુષનો યોગ જેને થયો છે તેને ત્યાં આનંદ નથી આવતો; ઊલટો ત્રાસ પામે છે કે આ પૂર્વનાં કર્મ ઉદય આવ્યે જીવ ગભરાઈ જાય છે, તો નવાં કર્મ બંધાશે તે શું સુખ આપવાનાં હતાં? માટે હવે તો સત્સાધન સદ્ગુરુએ આપ્યું છે તે જ એક તરવાનો ઉપાય છે; તે ન છોડું. કારણ જ્ઞાનચક્ષુ વિના અનંતકાળથી ભટક્યો અને હજી તેની પ્રાપ્તિ નથી ત્યાં સુધી ભટકવાનું છે તો અંધારામાં પણ આંધળાને લાકડી સમાન આટલું સાધન છે, તેથી ધીમે ધીમે નિજ ઘર શોધીને ત્યાં જ સુખી થવું છે. આ રસ્તામાં ધક્કા, ઠપકા ખાતાં ચાલવું પડે છે તેમાં સુખ કદી ન માનું, આવી માન્યતા જેની થઈ છે તેને રાગદ્વેષરૂપ પરિણતિ થઈ જાય છે, પણ તેમાં રંગાઈ ન જવાય તેવી પ્રાર્થના પ્રભુને કરી છે કે રાગદ્વેષને શત્રુરૂપે જાણું તો જ તે છૂટે. જો તેમાં આનંદ, રંગ કે સુખ લાગે તો કદી ન છુટાય. માટે હે પ્રભુ! તેમાં જે

રંગાઈ જવાય છે તે ભાવથી મને બચાવો. તેવા વૈરાગ્ય માટે મરણ વારંવાર વિચારી સમાધિમરણ માટે આજે શું કર્યું? એવું રોજ સૂતી વખતે વિચાર કરવાની ટેક રાખવા યોગ્ય છેજી. પાણી પહેલાં પાળ બાંધી નહીં મૂકીએ તો આખરે પસ્તાવું પડશે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૨૭ અગાસ, કાર્તિક સુદ ૧૧, ૧૯૯૭

"વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ,
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ?"

સદ્‌ગત ભાઈ ............ના દેહત્યાગના સમાચાર જાણ્યા. તેમણે જે ધર્મભાવના કરી લીધી હતી તે તેમની સાથે ગઈ. દુઃખ આપણી નજરે દેખાય તે તેની તે વખતની અવસ્થા માની લેવા યોગ્ય નથી; કારણ કે તે તો પૂર્વે કરેલાં કર્મનું ફળ છે, પણ તે ભોગવતાં જેવા તેના વર્તમાનમાં ભાવ રહેતા હોય તે તેની દશા ગણવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવે લખ્યું છે: "વિશેષ રોગના ઉદયથી અથવા શારીરિક મંદ બળથી જ્ઞાનીનું શરીર કંપાય, નિર્બળ થાય, મ્લાન થાય, મંદ થાય, રૌદ્ર લાગે, તેને ભ્રમાદિનો ઉદય પણ વર્તે; તથાપિ જે પ્રમાણે જીવને વિષે બોધ અને વૈરાગ્યની વાસના થઈ હોય છે તે પ્રમાણે તે રોગને જીવ તે તે પ્રસંગમાં ઘણું કરી વેદે છે." (૫૬૮) અંત વખતે "બોધ અને વૈરાગ્યની વાસના" કામ આવે છે માટે આપણે તેવો પ્રસંગ આવવાનો છે તે પહેલાં બોધ અને વૈરાગ્યની વૃદ્ધિ થાય તે અર્થે સત્સંગ, સત્શાસ્ત્ર દ્વારા બનતો પુરુષાર્થ કરી લેવો. મનુષ્યભવમાં અત્યારે ખરો અવસર આત્માનું કલ્યાણ કરવાનો આવ્યો છે, તે વખતે પ્રમાદ કરી દેહ કે ધંધાનાં કાર્યો પાછળ ભવ ગાળી નાખીશું તો આખરે પસ્તાવું પડશે. માટે લૂંટમલૂંટ લેવાય તેટલો લહાવો લઈ લેવો. લખચોરાશીના ફેરામાં પછી શું બનવાનું છે? મોહરૂપી ઊંઘમાં જગત આખું પડ્યું છે તેમાંથી પૂર્વના પુણ્યે સદ્‌ગુરુનો યોગ અને સત્સાધન પ્રાપ્ત થઈ ગયાં, તો હવે લઈ મંડવું. ઘણાં વર્ષો ભાન વગરની દશામાં ગયાં. હવે સત્પુરુષનો યોગ થયા પછી તેવા ને તેવા રહી જઈશું તો આ યોગ મળ્યો તે ન મળ્યા જેવો અફળ ગણાશે. તેમ થઈ ન જાય માટે ચેતવાનું છે.

સદ્‌ગત ...... જે કામો કરતા અને પોતાનું માની જે ભાર બોજો વહેતા તે જોવા પણ હવે આવનાર છે? એમ કેટલાય ઠેકાણે આ જીવ જન્મ્યો, મોટો થયો, મારાં માની મરતાં સુધી કામ કર્યાં, ત્યાં ને ત્યાં અધૂરાં મૂકી ચાલી નીકળ્યો પણ જન્મમરણના ચક્કરમાંથી છુટાય તેવું કાંઈ કર્યું નહીં. તેથી આ ભવમાં હજી જીવ ભમે છે. હવે તેવું કંઈ કરી શકાય તેવો યોગ આવી મળ્યો છે તો બીજી બાબતોમાંથી મન ઉઠાવી લઈ આ આત્માની પરભવમાં શી વલે થશે? આત્મા માટે મહાપુરુષો કેટલું બધું રાતદિવસ મથે છે? અને હું ક્યારે આત્માની દયા લાવી તે મહાપુરુષોને પંથે વિચરીશ? એવી ભાવના રોજ કર્યા કરવી ઘટે છેજી. સાચા દિલથી કરેલી ભાવનાઓ સફળ થાય છેજી. અત્યારે જે ભોગવીએ છીએ, તે પૂર્વે કરેલી ભાવનાનું ફળ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૨૮
તત્ ૐ સત્

અમાસ, તા. ૧૬-૧૧-૪૦
કાર્તિક વદ ૧, શનિ, ૧૯૯૭

હરિગીત — બહુ કર્મરૂપી ઇંધનોને, કાળ બહુ બળતાં થતો,
ને અલ્પ સંચય હોય તો, તે અલ્પકાળે બળી જતો;
કારણ વિષે છે સત્યતા જો, તુર્ત પુરુષાર્થે વળો,
વર્ષા થતાં ખેડૂત વાવે ધાન્ય; નરભવ આ ફળો.
આ મોક્ષ તત્ત્વે જે ધરે શ્રદ્ધા સુધર્મે તે ટકે,
મુમુક્ષુતા તે યોગ મોટો, સત્ક્રિયા સાધી શકે;
પાંચે પદોને જે વિચારે, તે જ તૈયારી કરે,
પોતે કમર કસી મોક્ષ લેવા; પાછો પાની ના ધરે. (પ્રજ્ઞાવબોધ-૭૫)

દોહો— "સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું (મોક્ષ), એમાં નહિ સંદેહ." શ્રી આત્મસિદ્ધિજી

આપનો પત્ર મળ્યો. વાંચી તમારી મનોરથદશા જાણી છેજી. પ્રશસ્ત ભાવો પૂર્વ આરાધનના સંસ્કારરૂપ છે, તેને આ ભવના દૃઢ પુરુષાર્થે સફળ કરવાના છેજી. ખરો પુરુષાર્થ તત્ત્વવિચારણારૂપ છેજી. વૈરાગ્ય અને દૃઢ જિજ્ઞાસા તેનો આધાર છે. પ્રાપ્ત સંયોગોમાં બની શકે તેટલો કાળ સદ્વાંચન, સદ્વિચાર, સદ્ભાવનામાં ગાળવો ઘટે છેજી. જે જે મુખપાઠે કર્યું છે તે તે બધાં વચનો મનનનો વખત માગે છે. યથાશક્તિ દરરોજ પા–અડધો કલાક બીજા વિચારો, બીજી પ્રવૃત્તિ બંધ કરી સત્પુરુષના એકાદ વાક્ય, કડી કે વિચારને આધારે પોતાના બળ પ્રમાણે ખીલવવા, વિસ્તારવા અને ઊંડા ઊતરીને સમજવા તથા આત્મભાવ તે વચનના આશય તરફ વાળવા પુરુષાર્થ હવે કર્તવ્ય છેજી. પોતાને શંકા મનમાં રહેતી હોય, દુઃખ વેદાતું હોય કે કંઈ કહેવા જેવું લાગતું હોય તે મુમુક્ષુવર્ગને વડીલ સમજી તેના આગળ ખુલ્લા દિલથી ચર્ચા કરી તેનો નિકાલ લાવવામાં શરમાવું ઘટતું નથી. મોક્ષમાર્ગે વિચરતા સદ્ગુરુની આજ્ઞાને શિરોધાર્ય કરતા સર્વે મુમુક્ષુજનો આપણા સાચા સગા છે, કારણ કે તેમની દૃષ્ટિ સદ્ગુરુની દૃષ્ટિને અનુસરીને છૂટવાની દૃષ્ટિ થઈ છે, માટે ગભરાવાનું, મૂંઝાવાનું કંઈ કારણ નથી.

"ધીંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ, વિમલજિન
દીઠાં લોયણ આજ, મારાં સીધ્યાં વાંછિત કાજ, વિમલજિન૦"

જેણે યથાર્થ આત્મા જાણ્યો છે, એ સદ્ગુરુનું શરણું આ ભવમાં જે મહા ભાગ્યશાળી જીવને મળ્યું છે તેને હવે તો તેણે બતાવેલ માર્ગે સત્પુરુષાર્થ કરવાનો છે. મોટી મૂંઝવણ–કોનું કહ્યું માનવું? અને કોને પૂછવું? — તે જીવને હોય છે. તે તો તેને હવે ટળી ગઈ. જેટલો પુરુષાર્થ જીવ હવે કરશે તેટલું તેનું વીર્ય સફળ બની પ્રગટ જણાઈ આવશેજી. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી" (૪૬૦) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે તે ત્યાં સત્સંગમાં સર્વે મળી વિચારવા યોગ્ય છેજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૨૨૯ અગાસ, તા. ૨૮-૧૧-૪૦

પૂ........ને જણાવવાનું કે તેમણે લીલોતરીનો ત્યાગ કર્યો છે તેમાં અથાણાનો સમાવેશ થતો નથી. લીલોતરીમાં તો સચિત્ત ઉગેલી કે ઊગતી વનસ્પતિ સમાય છે, અને અથાણામાં અચિત્ત થઈ ગયેલી વસ્તુઓ મુખ્યપણે હોય છે. એટલે કોઈ જીવોને મારે મારા આહાર અર્થે હણવા નથી એવી ભાવના લીલોતરીના ત્યાગીને હોય છે; કારણ કે બીજા જીવોને હણવાથી મારા આત્માને સંસાર-પરિભ્રમણનું કારણ રાગદ્વેષ છે તેમાં પ્રવૃત્તિ થાય છે, તે રાગદ્વેષ ટાળવા આ લીલોતરીના જીવો પ્રત્યે દયા રાખું છું એટલે મારા જીવને જ બચાવું છું. રસમાં લુબ્ધ થવાથી ઘણી વખત આ જીવ છેદાયો છે, ભેદાયો છે, શેકાયો છે, તળાયો છે અને વારંવાર સંતાપ પામ્યો છે, તે ભાન નહોતું; પણ પરમકૃપાળુદેવની કૃપાથી આ જીવની હવે તેવી દશા ન થાય તે અર્થે બીજા જીવો પ્રત્યે તેવા દુ:ખની આ જીવને હવે ઇચ્છા નથી. બીજું, અથાણામાં ફૂગ આવે છે તે વનસ્પતિકાયના જીવો છે, અને તે ન સચવાય તો લીધેલા વ્રતમાં દોષ થવાનો સંભવ છેજી. જે વિચારવાન જીવો લીલોતરીનો ત્યાગ કરી શકતા નથી તેવા જીવો પણ અથાણાનો ત્યાગ એવી ભાવનાથી કરે છે કે એકેંદ્રિય જીવો બધા બચાવી શકાય તેમ હાલ લાગતું નથી, પણ બેઇંદ્રિય આદિ ત્રસ (હાલતાં-ચાલતાં) જીવો અથાણામાં પડે છે તે એક જાતનો કહોવારો છે તે ખાવો ઘટતો નથી; તથા રસના લોભી જીવ અથાણા કરી રાખી, શાક ન મળી શકે તેવી મોસમમાં અથાણાથી રસ પોષવાનું કરે છે તે રસ ઘટાડવાને અથાણાનો ત્યાગ કરે છેજી. જેમ જેમ દયાની લાગણી વધતી જાય તેમ તેમ જીવ પોતાના આત્માને પાપના કારણોથી બચાવી થોડી વસ્તુઓથી પેટ પૂરતો ખોરાક નિર્દોષપણે લેવાની યોજના કરીને જીવે છેજી.

ત્યાગ-વૈરાગ્યના નિયમ કોઈ લેવાની વૃત્તિ થાય તો પોતાથી સહેલાઈથી બની શકે અને તેનો ભંગ થવાનો સંભવ ન દેખાય તેવા નિયમો પરમકૃપાળુદેવની આજ્ઞાથી લેવામાં હરકત નથીજી. આત્માને બંધનથી મુક્ત કરવા હવે પુરુષાર્થ કરવો છે તે સદ્‌વિચારથી બને છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૩૦ અગાસ, તા. ૧-૧૨-૪૦

તમારા પત્રો બન્ને મળ્યા. રૂબરૂમાં વાત થાય તેવી પરભારી થવી અને સમજાવી મુશ્કેલ છે, છતાં ભાઈ....ને કહ્યું છે તે તમને જણાવે તે પ્રમાણે ત્રણ પાઠ 'તત્ત્વજ્ઞાન'માંથી મુખપાઠ કરી રોજ બોલવાનો નિયમ રાખશો. મુખપાઠ ન થાય ત્યાં સુધી એક વખત વાંચી જવાનું ચૂકવું નહીં. જ્ઞાનીપુરુષે, સન્માર્ગે ચઢવા માટે પ્રથમ કરવા યોગ્ય કહેલી આજ્ઞા આપને તે જણાવશે. તે ભાવપૂર્વક પ્રત્યક્ષ જ્ઞાની સમક્ષ પ્રાર્થના કરતા હોઈએ તેવા હૃદયના સાચા ભાવથી રોજ બતાવેલી પ્રાર્થના કરશો અને તેનો વિચાર કરશો તો સન્માર્ગપ્રાપ્તિ સુલભ થશેજી. જેમ કોઈ વૈદ્ય દવા આપે અને તેણે બતાવેલી ચરી હોય તે પાળે તો દવા ગુણ કરે છે તેમ સાત વ્યસન અને સાત અભક્ષ્ય વસ્તુઓમાંથી જીવતા સુધી જેટલાનો ત્યાગ થઈ શકે તેટલો ત્યાગ હૃદયમાં વિચારી તેની આજથી પ્રતિજ્ઞા લઉં છું એવો દૃઢ નિર્ણય કર્તવ્ય છેજી. કેમ કે પાપના પંથથી પાછા હઠયા સિવાય સન્માર્ગમાં સ્થિરતા થતી નથીજી.

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."

વડીલોને વિનય, સેવા અને સદ્‌વચન તથા સદ્‌વર્તનથી પોતાને અનુકૂળ કરવા બનતો પ્રયત્ન કર્તવ્ય છે. આપના તરફ તેમની સાચી લાગણી હોય તો તમારું દિલ દૂભવવા તે ઇચ્છે નહીં. તમારા હિત માટે તમે પ્રવર્તવા ઇચ્છો તેમાં સમજુ હોય તો, કે અંતરના પ્રેમવાળા હોય તો વિઘ્ન ન કરે. માત્ર મોહને લઈને ધર્મમાર્ગે જતાં તે વારે, પણ તમારે અને તેમને બન્નેને એ જ અંતે કામનું છે એમ પ્રસંગે પ્રસંગે તેમની સાથે વાત કરતા હો તો જેમ પૈસા કમાવા બહાર આફ્રિકા સુધી પુત્રોને મોકલે છે તેમ માબાપો પોતાનું અને બાળકનું હિત સત્ય ધર્મથી થાય છે એમ સમજે તો તે ધર્મ આરાધવામાં વિઘ્ન કરે નહીં. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૩૧ અગાસ, તા. ૧-૧૨-૪૦
તત્ ૐ સત્ માગશર સુદ ૨, રવિ, ૧૯૯૭

આજ ગુરુ રાજને પ્રણમીં અતિ ભાવથી, યાચના શુદ્ધતાની કરું છું;
આપ તો શુદ્ધભાવે સદાયે રમો, એ ઘડી શુદ્ધભાવે ઠરું હું. આજ૦
પામીં જાતિસ્મરણ જાણી લીધો તમે, જે સનાતન મહાધર્મ સાચો;
આત્મ-હિતકારી તે યાચતો બાળ આ, પરમકૃપાળુ કાઢે ન પાછો. આજ૦
(પ્રજ્ઞાવબોધ ૭૭)

વિ. આપના પત્રો બન્ને મળ્યા. પરમ પુરુષ પરમકૃપાળુદેવ પ્રત્યે આપની વધતી જતી શ્રદ્ધા જાણી સંતોષ થયો છેજી. આ દુષમ કળિકાળમાં આપણા જેવા હીનપુણ્ય જીવોને સાક્ષાત્ મહાવીર સ્વામીનાં વચનોનો પરિચય કરાવનાર એ મહાપુરુષ ઉપર શ્રદ્ધા કરાવનાર પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો અથાગ ઉપકાર જેમ જેમ સમજાતો જાય છે, તેમ તેમ તે પુરુષે બતાવેલા સન્માર્ગ પ્રત્યે વિશેષ વિશેષ પ્રેમ અને પુરુષાર્થવૃત્તિ જાગે છેજી. તેનો વિયોગ હજી વિશેષ સાલશે તેમ તેમ બીજેથી વૃત્તિ સંકોચાઈ તેની આજ્ઞામાં વારંવાર વળતી જશે અને તેનો જ રંગ રુચિકર જણાતાં આખું જગત એઠવાડા જેવું, નીરસ, અપ્રીતિકર અને શત્રુસમાન લાગ્યા કરશે. તે પુરુષના દર્શન, સમાગમ, બોધ, સર્વ આત્મહિતપ્રેરક ચેષ્ટા અત્યંત કરુણા-પૂર્ણ, પ્રીતિકર, સ્મૃતિ કરવા યોગ્ય, ઠરવા યોગ્ય, આનંદદાયી અને ઉલ્લાસપ્રેરક સમજાતાં જીવને બીજી ઇચ્છાઓ કરવાનું કંઈ કારણ નહીં રહે.

"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુ ઉર બસેં;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાઈ દિયે."

આપના દાદા પૂ........ભાઈ ઘણી વખત યાદ આવે છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી ઉપર તેમનો પ્રેમ બહુ સંસ્કારી હતો. પોતે કોઈ કોઈ વખત પ્રેમનાં કાવ્યો પણ લખતા. એ ભક્તોને પણ ધન્ય છે કે જેમનાં હૃદય જગતને ભૂલીને એક પરમપુરુષમાં લીન રહેતાં. તે કાળ, તે પ્રસંગો, તે વખતના ઊછળતા ભાવો વચનથી વર્ણવી શકાતા નથી, પણ સ્મૃતિપટ ઉપર બધા ચીતરાઈ રહ્યા છે. નાના નિર્દોષ છોકરાની પેઠે તે વખતે સારું સારું નવું નવું જોઈ આનંદસાગરમાં જીવ ઊછળ્યા કરતો, પણ તે પુરુષની ગંભીરતા, દીર્ઘદૃષ્ટિ અને અપૂર્વ યોગી-

પણું, ગુપ્ત ચમત્કાર સમાન કે વાદળમાં ઢંકાયેલા સૂર્યના તેજ સમાન છૂપી છૂપી અસર અદૃશ્યપણે કરતું તે કાંઈ સમજાતું નહીં. માત્ર તે પ્રત્યે જીવ અજાણ્યે આકર્ષાયા કરતો. એક પ્રકારની ઉન્મત્તતા જ રહ્યા કરતી. એ સત્પુરુષના પ્રત્યક્ષ યોગમાં જે સહજપણે હૃદયરંગો વૃદ્ધિ પામતા તે ઘણા પુરુષાર્થે પણ વિયોગમાં પામવા હવે દુષ્કર છે. પણ તે મહાપુરુષની આજ્ઞા, તેનાં વચનો, તેણે કહેલી શિખામણો હૃદયમાં રાખી જીવને બીજેથી છોડાવી તેમાં જ રાખ્યા વગર બીજો કોઈ ઉપાય હવે નથી. જેવા દહાડા આવી પડે તેવા સમભાવે જોયા કર્યા સિવાય અન્ય ઉપાય નથી. તળાવ કે ગોમતીમાં સ્નાન કરવા પેસવું પડે પણ મગરનો ડર હોય તો જેમ ઝટ પરવારી બહાર નીકળી જાય તેમ બીજાં કામોમાં ખોટી થવું પડે ત્યાં આત્મહિત નથી એમ જાણી ત્યાંથી છૂટી જે આત્મહિતકારી જ્ઞાનીનાં વચનામૃતો છે તેમાં ચિત્તની તલ્લીનતા કરવાથી જીવને શાંતિ વળે તેમ છેજી. વ્રતનિયમ વિષે કોઈ વખત સમાગમે વાત થશે. હાલ તો જે પુરુષનાં વચનામૃત વાંચો છો તે વિચારી તે પુરુષની સમ્યક્‌જ્ઞાનમય અસંગ અપ્રતિબંધ દશાની ભાવના કરતા રહેવા ભલામણ છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૨૩૨

અગાસ, તા. ૨-૧૨-૪૦
તત્ ૐ સત્ માગશર સુદ ૩, સોમ, ૧૯૯૭

"રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ."—આત્મસિદ્ધિ

"શુદ્ધતા પરિણામ-સ્વરૂપ, અપૂર્વકરણ નામે અનુપ;
દૃઢ તીક્ષ્ણ કઠિન કુઠાર[1], એક આપ્યો તેને ઉદાર,
કાનમાં વળી કહી એક વાત[2], તવ ઉલ્લસ્યું વીર્ય વિખ્યાત;
યુક્તિશું યથોક્ત પ્રકારે, પોળે જઈ તેહ કુઠારે,
નિબિડ [3]રાગ અને બીજો દ્વેષ[4], પરિણુતિરૂપ લહો સવિશેષ;
ગ્રંથિ નામ કમાડની જોડી, તત્ક્ષણુ તે નાખી ત્રોડી."

ભુવનભાનુ કેવલીનો રાસ — જૈનકથા રત્નકોષ ભાગ-૫ પૃષ્ઠ ૨૦૯

આપના પત્રમાં પરમકૃપાળુદેવના પ્રત્યે ભક્તિભાવ પ્રદર્શાવ્યો છે તે જાણી આનંદ થયો છેજી. આપના પ્રથમ પ્રશ્ન વિષે મથાળે જણાવેલા કાવ્યમાં આજે વિસ્તારથી કરેલું વર્ણન વાંચવામાં આવ્યું તેમાંથી થોડી કડીઓ આપને વિચારવા ટાંકી છેજી. આત્મપરિણામ છદ્મસ્થ જીવને સમજાવાં દુર્ઘટ છે તેથી રૂપક, ઉપમાઓ વગેરેની મદદથી કથા જોડેલી ઉપમિતિ-ભવપ્રપંચ જેવી કવિ ઉદયરત્નની છે. કેવળજ્ઞાની સ્પષ્ટરૂપે સૂક્ષ્મ પરિણામો જાણી શકે છે અને તે દિવ્યધ્વનિ દ્વારા કહેલું કરણાનુયોગ ગ્રંથોમાં કંઈક સંગ્રહાયું છે તે કેવળજ્ઞાનની મહત્તા દર્શાવે છેજી. જ્ઞાનીનું શાસ્ત્રમાં કહેલું કહી જવા જેવું જ આપણાથી હાલ બને તેમ છેજી. પરમકૃપાળુદેવ પત્રાંક ૫૭૦ માં લખે છે—

"અનિત્ય પદાર્થ (દેહાદિ) પ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું 'અસ્તિત્વ', 'નિત્યત્વ' અને 'અવ્યાબાધ સમાધિસુખ' ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી

૧. ફરસી, કુહાડી ૨. બોધ ૩, ૪. તીવ્ર અનંતાનુબંધી કષાય

'એવું એકાગ્રપણું' ચાલ્યું આવે છે, કે તેનો વિવેક કરતાં કરતાં જીવને મૂંઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથિ છેદવાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પૂર્વકાળે ઘણી વાર બન્યો છે, કેમ કે જેનો અનાદિકાળથી અભ્યાસ છે તે, અત્યંત પુરુષાર્થ વિના, અલ્પકાળમાં છોડી શકાય નહીં. માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામમાં 'નિત્ય', 'શાશ્વત', 'સુખસ્વરૂપ' એવું આત્મજ્ઞાન થઈ સ્વરૂપ આવિર્ભાવ (પ્રગટ) થાય છે. એમાં પ્રથમથી ઉત્પન્ન થતા સંશય ધીરજથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે, અને અનિત્ય પદાર્થનો રાગ (ક્ષોભ) રહેવાથી તેના કારણે ફરી ફરી સંસારપરિભ્રમણનો યોગ રહ્યા કરે છે."

આમ ગૂઢ શાસ્ત્રની વાત પરમકૃપાળુદેવે સમજાય તેવી સ્પષ્ટ શબ્દોમાં કરી છેજી. યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામના એક એક કરતાં વિશેષ નિર્મળ પરિણામ તે દર્શનમોહ અને ચારિત્રમોહનું બળ ઘટાડી સમ્યક્ત્વ કે શ્રેણીને યોગ્ય જીવને બનાવે છેજી. તેની અસર કર્મો ઉપર કેવી થાય છે તેનું બહુ સૂક્ષ્મ વર્ણન શાસ્ત્રોમાં છે તેના સારરૂપઃ પહેલા અંતર્મુહૂર્ત કાળ સુધી અધઃકરણ કે યથાપ્રવૃત્તિકરણ હોય ત્યારે ચાર આવશ્યક (જરૂરની ક્રિયા) બને છે. (૧) સમયે સમયે અનંતગુણી વિશુદ્ધતા હોય. (૨) એક એક સૂક્ષ્મ અંતર્મુહૂર્તે નવા બંધની સ્થિતિ ઘટતી જાય તે સ્થિતિબંધ-અપસરણ આવશ્યક થાય. (૩) સમયે સમયે પ્રશસ્ત પ્રકૃતિઓનો રસ અનંતગુણો વધે અને (૪) સમયે સમયે અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ (રસ) બંધ અનંતમા ભાગે થાય; એવાં ચાર આવશ્યક થાય. તે પછી અપૂર્વકરણ (કદી નહીં થયેલાં તેવાં મંદમોહવાળા પરિણામ) થાય છે. તેનો કાળ યથાપ્રવૃત્તિના કાળનો સંખ્યાતમો ભાગ છે. તેમાં એક વધારાનું આવશ્યક થાય છે : એક એક અંતર્મુહૂર્તે સત્તામાંનાં પૂર્વકર્મની સ્થિતિ ઘટાડે તે સ્થિતિકાંડક ઘાત છે તેથી નાના એક એક અંતર્મુહૂર્તે પૂર્વકર્મનો રસ (અનુભાગ) ઘટાડે તે અનુભાગકાંડક ઘાત છે; ગુણશ્રેણીના કાળમાં ક્રમે અસંખ્યાતગુણા પ્રમાણપૂર્વક કર્મ નિર્જરાને યોગ્ય બનાવે છે, તે ગુણશ્રેણી નિર્જરા છે. આ અપૂર્વકરણ પછી અનિવૃત્તિકરણ થાય છે, તેનો કાળ અપૂર્વકરણના કાળથી અસંખ્યાતમા ભાગે જાણવો. તેમાં ઉપર કહેલાં આવશ્યક સહિત થોડો કાળ ગયા પછી અનિવૃત્તિકરણ કરે છે. અનિવૃત્તિકરણના કાળ પછી એક મુહૂર્ત (બે ઘડી સુધી)માં ઉદય આવવા યોગ્ય મિથ્યાત્વકર્મનો અભાવ કરે છે એટલે તે કર્મની સ્થિતિને આઘીપાછી કરે છે એટલે બે ઘડી સુધી મિથ્યાત્વ ઉદયમાં ન આવે, આંતરો પડે તેવું કરે તેને અંતરકરણ ક્રિયા કહે છે. પછી ઉપશમકરણ કરે છે, ઇત્યાદિ ક્રિયાથી બે ઘડી સુધી મિથ્યાત્વ ઉદયમાં ન આવે તેવું બન્યું તે પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ કાળ છે. પરમકૃપાળુદેવે માત્ર જરૂરના ઉપાય જણાવ્યા છે તે કર્યાથી ઉપર જણાવેલી, ભગવાને દીઠેલી બધી ક્રિયાઓ આપોઆપ થયા કરે છે. સં. ૧૯૫૦, ભાદ્રપદ સુદ ૩નો પત્ર શરૂ કરે છે — "જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળા પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે........" (૫૨૨)

બીજો પ્રશ્ન દૃઢપ્રહારી વિષે છે તેની કથા પરમકૃપાળુદેવે ભાવનાબોધમાં ટાંકી છે, ત્યાં 'તપ એ નિર્જરાનું કારણ છે' તે મુદ્દો લક્ષમાં રાખીને લખી છેજી. જે અભિપ્રાયે કથા લખાઈ હોય તે લક્ષ કથાનુયોગમાં રાખવો ઘટે છે. કથાનુયોગમાં અને સિદ્ધાંતગ્રંથોમાં ઘણો ફેર છે, માટે કથાનુયોગમાં જે ઉદ્દેશે કથા લખાઈ હોય તે તરફ લક્ષ રાખવાથી વાચકનું હિત થાય છે. આજના વાચનમાં આવ્યું હતું કે "कथोपकथनकी शैलीको छोड़कर कर्तव्यपथमें लग जाना ही श्रेयस्कर है।" અન્ય રીતે તે જ કથા "અભિધાન રાજેંદ્રકોશ"માં આજે જોઈ. નગર લૂંટવા દૃઢપ્રહારી જાય છે ત્યાં સુધી સરખી કથા છે પછી ફેર છે. એક ચોર, ભિક્ષા માગી લાવી છોકરાં માટે ખીર રાંધીને પીરસી હતી, તે થાળી લઈને જતો રહ્યો. તેથી છોકરાઓએ તેના બાપને ફરિયાદ કરી. તે હથિયાર લઈ ચોરને મારવા લાગ્યો. તે દૃઢપ્રહારીને ખબર પડતાં તેને તેણે માર્યો. તેવામાં ગાય સામી થઈ તેને મારી અને તેની સ્ત્રી લડવા આવી તેને શસ્ત્ર-તરવારથી કાપી નાખી. તે સગર્ભા હતી, તેનો ગર્ભ પણ કપાઈને પડ્યો. તે જોઈ તેને પશ્ચાત્તાપ થયો અને બાળકોએ રડતાં રડતાં કહ્યું: 'અમને પણ મારી નાખ, મા-બાપ વગર ગરીબાઈમાં અમેય મરી જ જવાનાં છીએ.' તેથી તો તેને વિશેષ નિર્વેદ થયો કે હવે આ પાપથી કેમ છૂટીશ? એવામાં સાધુઓને દીઠા. પાપને ટાળે તેવો સદુપદેશ તેમણે દીધો તેથી તે બોધ પામી દીક્ષિત થયો અને ક્ષમા ધારણ કરવાનો દૃઢ નિર્ણય–નિયમ લીધો. વળી 'જ્યાં સુધી આ પાપની સ્મૃતિ રહે ત્યાં સુધી મારે આહાર ન કરવો' એવી પ્રતિજ્ઞા ગ્રહણ કરી ત્યાં જ તિરસ્કાર, માર વગેરેના ઉપસર્ગ સહન કરતો તે રહ્યો. પોતાનાં કરેલાં પાપ જ ભોગવાઈને છૂટે છે એમ ગણી સર્વ સહન કરવા લાગ્યો. કર્મશત્રુઓ પ્રતિ તપશસ્ત્ર ધારણ કરી ખરેખરો દૃઢપ્રહારી તે બન્યો. છ માસમાં સર્વ કર્મ નિર્મૂળ કરી કેવળજ્ઞાન ઉપજાવી તે તપસિદ્ધ થયો. મૂળ મુદ્દો સાચવી પ્રસંગાનુસાર કથાનકોમાં આચાર્યો વિસ્તાર, સંકોચ કે ફેરફાર કરે છેજી. એમાં કોઈ દોષ કે મૃષાવાદ નથી. ધર્મકથાથી ધર્મહેતુ સધાય છેજી તે લક્ષ રાખવો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૨૩૩

તમારો પત્ર મળ્યો. ભવિષ્યની ચિંતાઓ કરી મૂંઝાવા જેવું કશું નથી. જે થાય તે જોયા કરવું. જગતમાં આપણું કશું નથી. મે'માનની પેઠે થોડા દિવસ માટે આ મનુષ્યભવમાં આવવું થયું છે, તે કાળ પૂરો થયે અહીંથી ચાલી જવાનું નક્કી છે. પરમાર્થમાર્ગની જેને દૃઢ ઇચ્છા હશે તે જરૂર વહેલો-મોડો તે પામશે, પરંતુ પ્રમાદ કરી બીજાં કામોનું મહત્ત્વ રાખી વ્યર્થ કાળ ગુમાવવા જેવું નથી. પ્રાપ્ત સંયોગોમાં પોતાનાથી બને તેટલો પુરુષાર્થ આત્મા સમજવા માટે સદ્‌ઉપદેશ અને સત્સમાગમથી કરતા રહેવો ઘટે છે. રોજ મરણને સંભારવું ઘટે છે. પૂર્વે બાંધેલાં શુભાશુભ કર્મ ભોગવવા માટે જ આ દેહ પ્રાપ્ત થયો છે તે જેવાં બાંધ્યાં હશે તેવાં યથા-અવસરે દેખાશે. જેમ કોઠીમાં ઘઉં નાખ્યા હોય તો કાઢે ત્યારે ઘઉં નીકળે, ડાંગર નાખી હોય તો ડાંગર નીકળે અને કોદરા નાખ્યા હોય તો ઘઉં નીકળે નહીં, તેમ કર્મ જેવાં જેવાં ઉદયમાં આવે તે સમભાવે મૂંઝાયા સિવાય જોયા કરવાં; તેમાં આસક્તિ થાય તો નવાં

કર્મ જે અત્યારે નથી ગમતાં તેવાં બંધાવાનું કારણ છે. માટે બને તેટલી જાગૃતિ રાખી, સત્પુરુષનાં વચનોમાં ચિત્ત તલ્લીન કરવાનો અભ્યાસ કરશો તો સમભાવે રહેવા યોગ્ય જાગૃતિ આવતી જશે. શરૂઆતમાં તો સત્પુરુષે આપેલી શિખામણ ખરે વખતે યાદ નથી રહેતી, ભૂલી જવાય છે, બીજામાં તલ્લીન થઈ જવાય છે. પણ પછી યાદ આવે કે રાગદ્વેષ નહોતા કરવા અને થઈ ગયા પણ ફરી હવે નહીં થવા દઉં. આમ વારંવાર ભૂલો કરતાં કરતાં પણ, બાળક જેમ પડતાં-આખડતાં ચાલતાં શીખી જાય છે અને દોડી પણ શકે છે તેમ જે શિખામણ પ્રથમ નહોતી સાંભરતી અને પાછળ પશ્ચાત્તાપ કરાવતી તે અણીને વખતે સાંભરે તેવો વખત કાળજી રાખી ચેતતા રહેનારને બને છે. પછી તો તેવા પ્રસંગો આવતા પહેલાં ચેતતા રહેવાની ચેતવણી મળતી રહે છેજી. ગભરાયા વગર બને તેટલું અત્યારના સંજોગોમાં સદ્‌વાચન 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ વગેરેમાંથી કરતા રહેશો તો માર્ગ પ્રાપ્ત કરવાની યોગ્યતા આવતી જશેજી. પત્રાંક ૮૧૯ મુખપાઠ કરી રોજ વિચારવાનું કરશો તો શાંતિનું કારણ થશેજી.

અભ્યાસ મૂકી દેવાની ઉતાવળ કરવા યોગ્ય નથી. હાલ જે શીખો છો તેથી વિચારશક્તિ ખીલવાનું કારણ છે, અને વિચાર કર્યા વિના કોઈ રીતે ધર્મનું આરાધન થતું નથી. અને આજીવિકા જેટલું કમાઈ શકતો ન હોય તે અધૂરે અભ્યાસે ધર્મ આરાધવા દોડે તો નહીં ઘરનો નહીં ઘાટનો એવા ધોબીના કૂતરાની દશા તેને પ્રાપ્ત થાય. માટે આજીવિકાના સાધન પૂરતી યોગ્યતા પ્રથમ કરી લેવી અને સાથે સાથે ધર્મપ્રેમ પણ વધારતા રહેવું. ધર્મને મૂકીને કોઈ કાર્ય કરવા યોગ્ય નથીજી.

---

૨૩૪ — અગાસ, તા. ૫-૧૨-૪૦

તત્ ૐ સત્ — માગશર સુદ ૬, ગુરુ, ૧૯૯૭

"શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ન શકાય;
એ ભોગવે એક સ્વઆત્મ પોતે, એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.
નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા;
નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ.
જપ તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ.
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ.
ઉઘાડ ન્યાય-નેત્ર ને, નિહાળ રે! નિહાળ તું,
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું." –શ્રીમદ્ રાજચંદ્ર

વિ. આપનો પત્ર આજે મળ્યો. તમારી તબિયત નરમ રહે છે એમ જાણ્યું. કર્માધીન શરીરસ્થિતિ છેજી. આપણા હાથની વાત તો ભાવ સુધારવા તે છેજી. તેમાં સત્સંગ એ જ ઉત્તમ નિમિત્ત છે અને તે દ્વારા અનાદિથી ભૂલા પડેલા આ આત્માને પોતાના હિત માટે

તત્પર કરવાનો છેજી. તેવો યોગ પણ મહત્ પુણ્યના યોગે બની આવે છે. તેવો યોગ ન મળી આવે ત્યાં સુધી તેવા યોગની ભાવના રાખી સત્પુરુષનાં વચનામૃતને પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય સમજી કાળજીપૂર્વક ઉપાસવાથી અપૂર્વ ફળ થવાનો સંભવ છેજી. અનેક યુગમાં અનેક પ્રકારની કલ્પનાઓ અનેક જીવોને સંસારપ્રવાહમાં ફેરવ્યા કરે છે. તેમાં આ કળિકાળ કે દુષમકાળ તો મહાભયંકર છે. કલ્યાણનું સ્વરૂપ યથાર્થ સમજાયું નથી ત્યાં સુધી જીવ અકલ્યાણનાં કારણોને કોઈ ને કોઈ આકારમાં કલ્યાણરૂપ કલ્પી, પાણી વલોવી ઘી કાઢવા જેવો પુરુષાર્થ કર્યા કરે છે. આશાને આધારે જીવે છે. આજીવિકાનું સાધન ન હોય તે આજીવિકા અર્થે કલ્પનાઓ કર્યા કરે છે. આજીવિકાનું સાધન પૂર્વપુણ્યને લીધે જેમને છે તેમાંના ઘણા જીવો તેની વ્યવસ્થા અને વૃદ્ધિને માટે કલ્પના કર્યા ઉપરાંત દાન, ધર્મ આદિની કલ્પનાઓનો ઉમેરો કરે છે. કોઈ ને તેવી વૃત્તિ ન હોય તો વિષયભોગાદિની કલ્પનાઓ વધાર્યા કરે છે. કોઈ કીર્તિની કલ્પનાઓ ઘડતા રહે છે. કોઈને પુત્ર ન હોય તો પુત્રને માટે ઝૂર્યા કરે છે અને પુત્રસુખનાં સ્વપ્નોમાં વહ્યો જાય છે. કોઈને સ્ત્રી ઉપર આસક્તિ હોય તો તેના સંબંધી મનોરથો કર્યા કરે છે. આમ નાશવંત વસ્તુઓમાં સુખની કલ્પના કરી તે મેળવવા મથે છે, મળે તો તેનો વિયોગ ન થાય તેને માટે પુરુષાર્થ કર્યા કરે છે; પણ નાશવંત વસ્તુ કદી શાશ્વત થઈ શકતી નથી તેથી આખરે દુઃખ, પશ્ચાત્તાપ, શોક અને સંતાપમાં જીવ બળતો રહે છે. તે બધાં દુઃખોથી મુક્ત થવા આત્મજ્ઞાનની જરૂર છે, એમ પરમપુરુષો કહી ગયા છે; પણ પોતાની કલ્પના ઉપરનો વિશ્વાસ છૂટે તો સત્પુરુષનાં વચનો ઉપર વિશ્વાસ આવે અને સત્પુરુષે પ્રાપ્ત કરેલું, માન્ય કરેલું જો સમ્મત થાય તો આ જીવને બીજા પ્રકારે સુખી થવાની શોધ કરવા જેવું રહેતું નથીજી. પરમકૃપાળુદેવે લખ્યું છે: "બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે." (૭૬) આનો વિશ્વાસ આવે તો પછી તો તેનું જ કહેલું કરવા માટે કેડ બાંધી પુરુષાર્થ કરવો રહ્યો. બીજા બધાં વિકલ્પો મૂકી, મારું કલ્યાણ હવે ત્વરાથી મારે કરવું છે તે કેમ કરી શકું, એનો સૌથી પ્રથમ વિચાર કર્તવ્ય છેજી.

સત્પુરુષનાં વચનોની હૃદયમાં છાપ પાડવાની જરૂર છે તે જેણે જેણે કર્યું છે તે તે મોક્ષમાર્ગના ઉપાસક અને મોક્ષગામી થયા છેજી. સત્સંગ, બોધ અને સદ્વિચારની જીવને ખાસ જરૂર છે; તે ખોટ પૂરવા ખરેખરો પુરુષાર્થ આ ભવમાં કર્તવ્ય છેજી. રોજ મરણનો વિચાર કરી વૈરાગ્યમાં વૃદ્ધિ કરતા રહેવા ભલામણ છેજી ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૩૫ અગાસ, તા. ૫-૧૨-૪૦

આપે * પોપટની વાર્તા વિષે પુછાવ્યું છે તે સત્પુરુષ પાસેથી સાંભળેલી આપને વિચાર અર્થે કહેવરાવી હતી. તેનો યથાર્થ આશય તો જ્ઞાની જાણે છે, પરંતુ મુમુક્ષુએ પોતાની મુમુક્ષુતા વધે તેમ વિચાર કર્તવ્ય છેજી. આ જીવ આ સંસારમાં પોપટની પેઠે લાલનપાલન, સુખવૈભવમાં મગ્ન છે. તેને તે ડાહ્યા પોપટની પેઠે છૂટવાનો ભાવ જાગશે ત્યારે પાંજરા સમાન

* પોપટની વાર્તા માટે જુઓ — ગ્રંથ-યુગલમાં સમાધિશતકની ૧૭મી ગાથાનું વિવેચન.

આ સંસાર દુઃખરૂપ, પરાયો, સ્વાધીનતાનો શત્રુ અને તજવા જેવો લાગશેજી. પોતાનું ડહાપણ પોતાને પરાધીનકર્તા, દુઃખકર અને બંધનકારક છે એમ સમજાયું ત્યારે છૂટવાની શોધમાં તે રહેતો. પોતાને ઉકેલ ન આવ્યો, ત્યારે જેણે છૂટવાનો–ત્યાગનો વેષ ધારણ કર્યો હતો તેને જોઈને તે ભાવ જાગ્રત થતાં તેના ઉપર સેવાબુદ્ધિએ ઉપકાર થાય તેમ વચનપ્રવૃત્તિ, વિનય અને દાનની અનુમોદના કરી. પછી તેનામાં મુમુક્ષુતા હતી તેથી તેણે જાણ્યું કે આ તો મારા પ્રશ્નનો ઉત્તર આપે તેમ નથી, પણ તેને દીક્ષા આપનાર જ્ઞાની હશે તો મને ઉત્તર મળશે, એમ ધારી જ્ઞાનીને પ્રશ્ન પુછાવ્યો. જ્ઞાનીએ, પોપટ સમજી શકે તેવી સાનથી ઉપદેશરૂપ ચેષ્ટા કરી. તેનું વર્ણન જાણી પોપટની મુમુક્ષુતાએ માર્ગ સમજી લીધો અને અનુકૂલ અવસરે તેનો અમલ કરી (મોક્ષપ્રાપ્ત) મુક્ત થયો. પોતાની પરિસ્થિતિ વિચારી સાંસારિક ડહાપણ માત્ર બંધનકારક છે એમ જાણી સત્પુરુષના વચનનો, મુમુક્ષુતા વધારી વિચાર કરવાથી જે આશય અંતરમાં સમજાય તે પ્રમાણે વર્તન કરવાથી કર્મબંધ છૂટવાનો પ્રસંગ આ જીવને આવે એમ એ વાર્તાનો મુખ્ય પરમાર્થ સમજાય છેજી. વૈરાગ્ય-ઉપશમ યોગ્યતા વધારવાના ઉપાય છેજી. બીજે ચિત્ત જતું અટકાવી સત્પુરુષે જણાવેલા સત્સાધનમાં વારંવાર લક્ષ રાખવા યોગ્ય છેજી. આધિ, વ્યાધિ, ઉપાધિથી આખો લોક બળતો છે, તેમાં સત્પુરુષનાં વચનો એક શાંતિ આપે તેવાં છે. તેની ઉપાસના માટે, વિચાર માટે શરીર આદિનાં સુખ-દુઃખથી બળ કરીને મન ખસેડી વારંવાર સદ્ગુરુની શિખામણમાં મન રોકવા યોગ્ય છેજી.

"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?"

---

૨૩૬ — અગાસ, તા. ૭-૧૨-૪૦
તત્ ૐ સત્ — માગશર સુદ ૮, શનિ, ૧૯૯૭

સૂક્ષ્મ તત્ત્વ પ્રતીતિ પામ્યા, અચળ આ કળિકાળેજી,
એવા સદ્ગુરુ-ચરણે નમતાં, ભવ-ભાવઠ તે ટાળેજી. સૂક્ષ્મ૦

શ્રીમદ્ સદ્ગુરુ રાજચંદ્રપદ-સેવા નિત્યે ચાહુંજી,
પરમપ્રેમ-રસ દાન પ્રભુ દ્યો, તો તેમાં હું ન્હાઉંજી. સૂક્ષ્મ૦

જગ-સંકલ્પ-વિકલ્પો ભૂલો, થશો શુદ્ધ ઉપયોગીજી,
લક્ષ થવા નિર્વિકલ્પતાનો, થવું ઘટે સ્થિર-યોગીજી. સૂક્ષ્મ૦

જ્ઞાની પુરુષના દૃઢ આશ્રયથી, સુલભ મોક્ષપદ ભાખ્યુંજી,
આત્મ-સ્થિરતા, મોક્ષમાર્ગરૂપ કેમ સુલભ નહિ? દાખ્યુંજી. સૂક્ષ્મ૦

જ્ઞાની પુરુષના વચનતણો દૃઢ આશ્રય જે નર પામ્યોજી,
તેને સાધન થાય સુલભ સૌ, અખંડ નિશ્ચય માન્યોજી. સૂક્ષ્મ૦

તોપણ કાળ દુઃષમ તેથી રહો સૌ સત્સંગ સમીપેજી,
કે દૃઢ આશ્રય-નિશ્ચયપૂર્વક ટકતાં આત્મા દીપેજી. સૂક્ષ્મ૦

અત્યંત નિવૃત્તિ અસત્સંગથી, જરૂરની આ કાલેજી,
કઠણુ સાધનો પ્રથમ ઇચ્છતાં, સૌ સાધન ઝટ ફાલેજી. સૂક્ષ્મ૦
અનંત ભવનાં અનંત દુઃખો વધારવાં નહિ સારાંજી,
અવસર આવ્યો વહી જતો આ, કરતાં 'મારાં, મારાં'જી. સૂક્ષ્મ૦
સત્ય વિચારે ગ્રહો ઉપદેશો, સદાચાર સૌ સેવોજી,
રાગ-રોષને ઘટાડવાનો લક્ષ નિરંતર લેવોજી. સૂક્ષ્મ૦
અપક્ષપાતે દોષ દેખો નિજ, મુમુક્ષુતા જીવ ધારેજી,
તો સદ્ગુરુની ભક્તિ તેને ભવ-જળ-પાર ઉતારેજી. સૂક્ષ્મ૦ (પ્રજ્ઞા૦-૭૮)

આપના પત્રમાં મુમુક્ષુતાના અંશો જોઈ પ્રસન્નતા થાય છેજી. જીવે અનંતકાળથી દેહાધ્યાસ પોષ્યો છે તેથી સ્વપ્નમાં પણ તે આપણને છોડવા ઇચ્છતો નથી. પણ જેણે જ્ઞાની-પુરુષનાં દર્શન કર્યાં છે, તેનો સજીવન ચમત્કારી બોધ સાંભળ્યો છે, તેની આજ્ઞા ઉઠાવવાની અંશે પણ તત્પરતા રાખે છે તથા જન્મમરણથી થાક્યો છે તેવા જીવનું પ્રથમ કર્તવ્ય તે દેહાધ્યાસને ઘસી ઘસીને તેનો અંત આણવાનું છેજી. પરમપુરુષની દશાના સ્મરણથી, તેની અનંત કરુણાનો આભાર હૃદયમાં વારંવાર ચીતરી, તે પ્રસન્ન થાય તેવી વિચારણા અને આચારથી આ જીવને સમજાવી, મનાવી, ઠપકો આપી કે હઠ કરીને પણ તેને બીજા પ્રકારની અણછાજતી ઇચ્છાઓથી પાછો હઠાવ્યે જ છૂટકો છે.

"એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે;
થાયે સદ્ગુરુનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારીનો સંગ રે."

આ વચનો જેનાં દૃઢ અનાસક્ત પરિણામ થયાં હતાં તેવા મહાપુરુષના મુખથી ગવાતાં આપણે સાંભળ્યાં છે, તેના ગવરાવ્યાં ગાયાં છે, તેવા ભાવના ઉલ્લાસમાં જીવ ઊછળ્યો છે; તેને હવે આ અસાર, નીરસ, ભયંકર અને બળતા સંસારમાં કૂદાની પેઠે પડવાનું કેમ ગમતું હશે? તે બહુ ઊંડા ઊતરીને વિચારી તે મહાપુરુષના પંથે તેમની પાછળ પાછળ તેમના પગલે પગલે ચાલવા માટે જરૂર કમર કસવી ઘટે છેજી. "ભક્તિ શૂરવીરની સાચી, લીધા પછી કેમ મેલે પાછી?" "પરથમ પહેલું મસ્તક મૂકી વરતી લેવું નામ જોને." આ ભક્તિમાં ગવાતાં પદોનો રંગ ઊતરી ન જાય પણ ચોમાસામાં નદીમાં પૂર આવે તે ભલે ઊતરી જાય પણ બારે માસ પ્રવાહ વહેતો હોય તે તો સુકાવો ન જોઈએ તેમ સત્પુરુષના યોગે જે ઉત્સાહ પરમપુરુષના સંગના બળે હતો તેટલો હાલ ન જણાય તોપણ જે વલણ થયું છે તે ટકી રહે અને તેમાં વૃદ્ધિ અત્યારે ન બને તો ભલે પણ તેની સ્મૃતિ કરી તે ભાવના, તેની ઉત્તમતા વારંવાર સાંભરી આવે તેમ વાચન, સ્મરણ તથા વિચારથી આ નિર્માલ્ય જગતનાં ઝાંઝવા જેવાં સુખ કહેવાતાં દુઃખોની ઇચ્છા તો જરૂર થવા દેવી જોઈતી નથીજી. વખતે પૂર્વ અભ્યાસને લઈને તેવી વૃત્તિ ઊઠે તો તેને ધિક્કારીને કાઢી મૂકવી ઘટે છેજી. હવે દીન થયે પાલવે તેમ નથી. કર્મોની સામે આપણા જ બાહુબળથી ઝૂઝવાનો અવસર આવી પડ્યો છે, ત્યાં કચાશ રાખીશું તો જરૂર પાછા આપણને તે ભાવો સંસારની અધોગતિમાં ખેંચી જશે; માટે જેટલો બને તેટલો પુરુષાર્થ કરી, પોતાના દોષો દેખી, તેથી કાયર નહીં બનતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને

માર્ગે ચાલવાનો પુરુષાર્થ પ્રગટાવવાનો કટોકટીનો પ્રસંગ આવી લાગ્યો છેજી. સિંહનાં સંતાન સિંહ સમાન જ હોય. આખું જગત બકરાંના ટોળા જેવું છે; તેના સંગે તેવો રંગ સત્પુરુષના શિષ્યોને રખેને લાગી જાય એવો ભય રાખી, બીજા સંગ તજી, જ્ઞાનીપુરુષનાં પુરુષાર્થપ્રેરક વચનો જ સેવી, પ્રબળ બળ જગાવી, આ ભવમાં જરૂર આત્મજ્ઞાન કરી છૂટી જવું છે એવો દૃઢ નિશ્ચયવાળો વિચાર ટકાવી રાખવો ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૩૭ અગાસ, તા. ૮-૧૨-૪૦

તત્ ૐ સત્ માગશર સુદ ૧૦, સોમ, ૧૯૯૭

દોહા — જેના જ્ઞાને ન્યૂનતા, દેશે પણ નહિ હોય,
રાજચન્દ્ર ગુરુ તે નમું, સંશય સર્વે ખોય.
ગૃહજંજાળી જીવની, ધર્મ-ક્રિયા *ગજ-સ્નાન,
પ્રવૃત્તિ અતિ પાપની, સંત-કૃપા સુખ-સ્થાન.
કુટુંબ કાજળ–કોટડી, ક્યાંય જરી અડી જાય,
ડાઘ પડે તે ભૂસતાં, કાળે કાળું થાય.
ગણ સેવા સત્પુરુષની–સાબુ, બોધ–જલ જાણ,
સદાચાર પથ્થર ઉપર, આત્મા વસ્ત્ર વખાણ.
સદ્ગુરુના શિષ્યો ગણે, વિષમય આ સંસાર,
સદ્ગુરુ–આજ્ઞા જડીબૂટી, ગણે પરમ આધાર.
નિર્વિષ રહી ગભરાય નહિ, વિકટ કરે પુરુષાર્થ,
વિષમ ઉદયમાં ચેતતા રહી સાધે આત્માર્થ. (પ્રજ્ઞાવબોધ-૩૭)

ચારેક દિવસ ઉપર તમારો પત્ર આવ્યો હતો. સમાચાર જાણ્યા. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે તે ઘણા આશ્વાસનનું કારણ વિચારતાં થઈ પડે તેમ છેજી. સર્વે જીવ સુખને ઇચ્છે છે અને ક્લેશ તો સુખનો નાશ કરનાર છે, દુઃખનું બીજ છે. તેમાંથી બીજું કંઈ ફળ મળતું નથી. સત્પુરુષનો આશ્રય જે નરનારીએ ગ્રહણ કર્યો છે તેણે મોક્ષનો લક્ષ રાખ્યો હોવો જોઈએ. તે મોક્ષનાં કારણો પ્રત્યે કાળજી રાખે અને કર્મબંધનાં કારણો દૂર કરવા પુરુષાર્થ કરે; પૂર્વે બાંધેલાં કર્મો તો મે'માન સમાન છે; નોતર્યાં હતાં તે આવ્યાં છે. તે જમીને (સુખદુઃખ દેખાડીને, તેનો ભાવ ભજવીને, આપણને આપણા ધર્મકાર્યમાં ખોટી કરાવી) જતાં રહેશે. સમતાપૂર્વક ધીરજથી સદ્ગુરુના શરણા સહિત મંત્રમાં ચિત્ત રાખીને વેદી લેવાય તો એવાં બીજાં નહીં બંધાય. પણ જો ક્લેશ થાય કે સુખમાં મીઠાશ મનાય તો પાછાં બીજાં બંધાશે, તે ઉદયમાં આવશે ત્યારે વળી વધારે આકરાં લાગશે. માટે ટૂંકામાં જ અત્યારે માંડવાળ કરી હાથ જોડી તેને રજા આપવી. જવા જ આવે છે પણ નોતરું દઈએ એટલે તેમાં હર્ષશોક કરીએ તો ફરી તેવાં આવે. સમાધિસોપાનમાં પાછળ પરમકૃપાળુદેવના પત્રો છાપ્યા છે તેમાંથી પત્ર નં. ૮૨

---

* હાથી નાહ્યા પછી ડિલ ઉપર ધૂળ ફેંકે છે તેથી નાહ્યો તે ન નાહ્યા જેવો

અને ૮૩ મુખપાઠ ન કર્યા હોય તો મુખપાઠ કરી રોજ બોલવાનો અને વિચારવાનો નિયમ રાખવા યોગ્ય છેજી. ઘણી શાંતિનું કારણ થાય તેમ છે. આ અવસર આત્મકલ્યાણ કરવાનો વ્યર્થ વહ્યો જાય છે તેનો ખેદ કરવાનો પડી મૂકી, કંઈક બળતામાંથી કાઢી લે તો તેટલું બચે, તેમ દરરોજ અમુક વખત એકાંત વિચાર, ભક્તિ, આત્મસાધન માટે ગાળવાની જરૂર છે. ઘણા સત્સંગની જરૂર છે. મેલું કપડું જેમ વારંવાર ધોવાય તો ચોખ્ખું થાય તેમ આત્મા અનાદિકાળથી મલિન મલિન થતો આવ્યો છે તેને હવે સાફ કરવા સદ્ગુરુનાં અમૃત સમાન વચનોના પ્રવાહ ખમવાની અને દોષ દૂર કરવા પુરુષાર્થ કરવાની ખરી આવશ્યકતા છેજી. પરમ પુરુષ પરમકૃપાળુદેવનાં વચનોનો અલ્પબુદ્ધિથી જેટલો વિચાર થાય તેટલો કરતા રહેશો અને દેહદૃષ્ટિ ઘટાડી આત્મકાળજી વધે તેમ પ્રવર્તતા રહેવા ભલામણ છેજી. આત્માની સંભાળ અનંતકાળ વહી ગયો પણ લીધી નથી. જગતના કામનો તો પાર આવે તેમ નથી. બધા ગયા તે અધૂરાં મૂકીને ગયા અને આપણે તેમ હાયવોય કરતાં મરી જવું ન પડે માટે ચેતી લેવાની જરૂર છે. લીધો કે લેશે એમ થઈ રહ્યું છે ત્યાં પ્રમાદ કરવો ઘટતો નથીજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૩૮ અગાસ, તા. ૨૬-૧૨-૪૦

તત્ ૐ સત્ માગશર વદ ૧૩, ગુરુ, ૧૯૯૭

દેજો સેવા શ્રી ગુરુરાજ, જેથી નરભવ લાગે લેખે—ટેક
કામ વિના મન રહે ન નવરું, આપ પદે હવે રાખું,
પ્રપંચની આકુલતા ઓકી, સ્વરૂપ સુખ હું ચાખું. દેજો૦
ભવ-દવ પીડે ક્યાં સુધી આ? જ્યાં સુધી હું ના નાહ્યો,—
જ્ઞાનસુધાસાગરમાં પ્રીતે, મર્મ હવે સમજાયો. દેજો૦
યથાર્થ આત્મસ્વરૂપનો નિશ્ચય, આજ જ હું કરવાનો,
અનાદિ અવિદ્યા જાળ છેદીને, કર્મ વિજયી બનવાનો. દેજો૦
સર્વ પ્રકારે સુખ – શીલતાનો, ત્યાગ કરે મુમુક્ષુ,
સર્વ કામના શાંત કરી તે, અનાસક્ત રહે ભિક્ષુ. દેજો૦
વિષય કષાયે અતિ મૂઢ જે, સત્ય શાંતિ શું જાણે?
વીર પ્રભુ કહે મોહ નગરમાં ઠગાય તે શું માણે? દેજો૦
પાણી ભરેલી રહે ન ચાળણી, અનિત્ય તેવા ભોગો,
જન્મમરણની રેંટ-માળ તજી, સાધે વીર સુયોગો. દેજો૦ (પ્રજ્ઞા૦ ૬૬)

તીર્થશિરોમણિ સજ્જનમનવિશ્રામધામ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમથી લિ. સત્પુરુષના ચરણ-કમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા આપ સર્વ મુમુક્ષુ ભાઈબહેનો પ્રત્યે વિનંતી છેજી.

વિ. કોઈને પૂર્વના સંસ્કારે કંકાસક્લેશ અને અપશબ્દોનો વરસાદ વરસાવનારી મા મળી હોય તેનાં છોકરાં પણ ટેવાઈ જાય છે અને જાણે છે કે એ તો એવું જ બોલે છે, ખોટું

લગાડયે ક્યાં પાર આવે તેમ છે? તેમ પ્રતિકૂળ સંયોગોથી ભરપૂર આ સંસારરૂપ જનની સાથે પાનાં પડ્યાં છે તેને પણ તેણે વારંવાર ગણકારવા યોગ્ય નથી; તે તો તેનો સ્વભાવ ભજવે અને આપણે આપણું–સત્પુરુષે બતાવેલું–કામ કર્યા જવાનું છેજી. સંસારની ઉપાધિ પ્રત્યે પ્રીતિ–અપ્રીતિ કર્યે પાર આવે તેમ નથી. સંસાર સંબંધી જેમ થતું હોય તેમ થવા દઈ મેં'માનની પેઠે થોડા દિવસ હવે સંસારમાં રહેવાનું છે ત્યાં સુધી તે દુઃખદાયી સંસારમાં ફરી જન્મવું ન પડે તેવું કાર્ય – જ્ઞાનીની આજ્ઞાનું આરાધન – કરી લેવાની ચાનક હૃદયમાં નિરંતર રાખવી ઘટે છેજી.

રયણાદેવીની વાત પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા. તેવું સંસારનું સ્વરૂપ છે. તેના તરફ નજર પણ કરવા યોગ્ય નથી; નહીં તો સદ્ગુરુએ આપેલા સાધનરૂપ મગરમચ્છની પીઠ ઉપરથી ઉછાળી કટકેકટકા કરી સમુદ્રમાં પત્તો ન લાગે તેમ વેરી દે, અનંત પરિભ્રમણ કરાવે તેવો સંસાર છેજી. પ. પૂ. પ્રભુશ્રીજીના બોધની સ્મૃતિને આધારે આટલું નીચે લખ્યું છે તે સર્વેએ મુખપાઠ કરવા યોગ્ય, વારંવાર વિચારવા યોગ્ય છેજી :

“એક શ્રદ્ધા કરવા યોગ્ય છે કે આ સત્પુરુષે આત્મા જાણ્યો છે તે મારે માન્ય છે. બીજા ગમે તે વિકલ્પો આવે તે ખબર પડે છે, તો તે જાણનારો તે સર્વથી જુદો ઠરે છે. તે જાણનારને માનવો. સદ્ગુરુએ કહ્યું છે તેવું તેનું સ્વરૂપ છે; મને અત્યારે ભાન નથી તોપણ મારે બીજું કંઈ પણ માનવું નથી, એ તો મારા હાથની વાત છે, એમ દૃઢ નિશ્ચય થાય તો જે સંકલ્પવિકલ્પ, સુખદુઃખ આવે છે તે જવા માટે આવે છે. ભલે! બમણું આવે, પણ તેને માનવું નથી એટલી પકડ થવી જોઈએ. અરીસામાં સામેના પદાર્થ જણાય, પણ અરીસો અરીસારૂપ જ છે; તેમ ભલે ગમે તે મનમાં આવે તોપણ આત્મા આત્મારૂપ જ છે. બીજું બધું પહેલાંના કર્મના ઉદયરૂપ ભલે આવે, તે બધું જવાનું છે; પણ આત્માનો કદી નાશ થનાર નથી. તેમાં માથું મારવા જેવું, ઇષ્ટઅનિષ્ટપણું માની હર્ષ–શોક કરવા જેવું નથી. આટલી ઉમ્મર થતાં સુધીમાં અનેક સંકલ્પ–વિકલ્પ થઈ ગયા, પણ કોઈ રહ્યા નથી, બધા ગયા. તો નાશવંત વસ્તુની ફિકર શી કરવી? એની મેળે જ જે નાશ પામવાના છે તેથી મૂંઝાવું શું? ફિકરના ફાકા મારી જવા જેવું છે. સ્મરણનો અભ્યાસ વિશેષ રાખવો. સંકલ્પ-વિકલ્પ આવે કે સ્મરણનું હથિયાર વાપરવું અને માનવું કે ઠીક થયું કે મારે સ્મરણમાં જતું રહેવાનું નિમિત્ત બન્યું; નહીં તો પ્રમાદ થાત. સદ્ગુરુએ મંત્ર આપ્યો છે તે આત્મા જ આપ્યો છે, તે પ્રગટ થવા માટે પ્રેમની જરૂર છે. પ્રેમમાં બધું આવી ગયું. હરતાં–ફરતાં, બેસતાં–ઊઠતાં એક આત્મા જ જોવો, બેટ્ટો હોય તે બીજું જુએ. આવો દૃઢ અભ્યાસ થઈ જાય તેને પછી જે ઉદયમાં આવે તે કંઈ હાનિ કરતું નથી, મરવા આવે છે; પછી તેને કંઈ ફિકર નથી.”

(ઉપદેશામૃત : પૃષ્ઠ ૩૩૯)

આટલું વારંવાર વિચારી, સમજી જો જીવ આચરણમાં મૂકે તો પછી તેને સંસાર શું કરી શકે? કાયર થયા વિના બીજી ઇચ્છાઓ અને નિમિત્તોમાં તણાઈ ન જવાય તેવી જાગૃતિ રાખી જીવ અભ્યાસ આદરે તો અમૃત સમાન આટલો બોધ જીવને જન્મમરણનાં દુઃખોમાંથી બચાવી પરમપદ પમાડે તેવો છેજી. જ્ઞાનીપુરુષોએ અનંત દયા આણીને આપણા જેવા માર્ગના

અજાણ જીવોને આ કાળમાં સર્વ શાસ્ત્રના સારરૂપ ટૂંકી વાત જણાવી; તેની પકડ કરી લેવી તે આપણા હાથની વાત છેજી. એમાં બીજા કોઈનું બળ કામ આવે તેમ નથી. માટે મરણિયા થઈને આટલું તો જરૂર કરી લેવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૩૯ અગાસ, તા. ૨૮-૧૨-૪૦

તત્ ૐ સત્ માગશર વદ ૦)), શનિ, ૧૯૯૭

સદ્‌ગુરુ સેવીએ રે સજ્જન, નિઃશંકિત થાવા — ટેક
સદ્‌ગુરુ-વંદન, સદ્‌ગુરુ-પૂજન, સદ્‌ગુરુ-ભક્તિ સારી;
સદ્‌ગુરુ-બોધે તત્ત્વ વિશોધે, ઊઘડશે શિવ-બારી. સદ્‌ગુરુ૦

(પ્રજ્ઞાવબોધ - ૮૩)

આપનો શુભ ભાવનાવાળો પત્ર મળ્યો છેજી. એ બધા ભાવો પરમકૃપાળુદેવ પ્રત્યે કર્તવ્ય છેજી. હું તો પામર, તે મહાપુરુષની ચરણરજ તુલ્ય છુંજી. એ પરમપુરુષની ઉપાસનાથી આપણે બધા તેની દશા પામી શકીએ તેમ છેજી. તેમની એક પણ આજ્ઞા કે વચન સાચા અંતઃકરણથી ઉઠાવીશું તો જરૂર કલ્યાણ થશે. તેનો પ્રત્યક્ષ પુરાવો પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી છેજી. છાતી ઠોકીને તે કહેતા કે પરમકૃપાળુદેવની ભક્તિથી કલ્યાણ ન થાય તો અમે જવાબદાર છીએ; પણ કોઈ પોતાની બુદ્ધિથી 'આય જ્ઞાની છે' ને 'આય જ્ઞાની છે' એમ કરી સ્વચ્છંદ પોષશે તેનું જોખમ અમારે માથે નથી. બાઈઓ જેમ એક જ ધણી કરે છે તેમ પરમકૃપાળુદેવમાં સર્વ જ્ઞાની સમાય છે એમ માની એકની જ ઉપાસના કરશે તો બધાય જ્ઞાનીની ઉપાસના થશે.

"સદ્‌ગુરુપદમેં સમાત હૈ, અર્હંતાદિ પદ સર્વ;
તાતેં સદ્‌ગુરુ-ચરણ કૂં, ઉપાસો તજી ગર્વ."

એ રોજ આપણે બોલીએ છીએ, તે નિરંતર લક્ષમાં રાખવા યોગ્ય છેજી. હું સમજું છું કે આ સમજે છે એમ પોતાની મતિથી માનવાને બદલે, પ. પૂ. પ્રભુશ્રીજીએ આપણને બતાવ્યા તે સંતના કહેવાથી માનીએ તો કોઈ પ્રકારે તેમાં દોષ ન આવે. આપને તે શ્રદ્ધા છે, તે દૃઢ અને એકાંગી, અનન્ય શરણરૂપ થવા અને રહેવા આટલું જણાવવા યોગ્ય લાગવાથી જણાવ્યું છેજી. વળી પ. પૂ. પ્રભુશ્રીજીનું વચન સ્મૃતિમાં આવે છે — "નવી છિદ્ર વગરની સુંદર હોડીમાં તમને બેસાર્યા છે. હવે લાંબોટૂંકો હાથ કર્યા વિના તેમાં બેસી રહેશો તો તે પાર ઉતારશે." પણ હોડીમાંનો માણસ પાણીમાં રમત કરવા હાથ કે પગ લાંબો કરે તો મગર આવી પકડી ખેંચી પણ જાય, કે પોતે હોડીમાંથી પાણીમાં કૂદી પડે તો ડૂબી મરે; તેમ પોતાના સ્વચ્છંદે સંસારનું કારણ હજી પણ થવા યોગ્ય છે એવો ડર રાખી માત્ર તેને જ શરણે આટલો ભવ ગાળવાની જરૂર છેજી. બીજું, એંજિન સાથે ડબા જોડાય છે તેમ આંકડો ભરવી દેવાનું પણ ઘણી વખત તેઓશ્રી કહેતા. આ શ્રદ્ધા જેની પાકી અને નિર્મળ હશે તેનાથી બીજાં વ્રત, નિયમ, શાસ્ત્રાભ્યાસ કે જપ, જાત્રાદિ નહીં બને તોપણ તે વહેલે-મોડે મોક્ષે જશે, પણ જો શ્રદ્ધામાં ખામી હશે તેનો બધો પુરુષાર્થ ખામીવાળો થશે. તેથી તે જ દૃઢ કરાવવા ઘણી વખત ઉલ્લાસભેર બોધ દેતા તેમાંનાં થોડાં વચનો નીચે લખ્યાં છેજી—

"રોમેરોમ એ સાચો, સાચો, સાચો થઈ રહ્યું છે. અઢાર દૂષણથી રહિત કેવો એ દેવ! ક્રોધ નહીં, માન નહીં, માયા નહીં, રતિ-અરતિ નહીં, વગેરે દોષોથી રહિત! એ કદી તરસ્યો થયો છે? (આત્મા) ભૂખ્યો થયો છે? રોગી છે? બ્રાહ્મણ છે? સ્ત્રી છે? પુરુષ છે? એક સમજ ફરે તો ચમત્કાર જેવું છે. 'પણે હું ગયો' કહે ત્યાં મિથ્યાત્વ. 'હું' અને 'તું' જુદું થયું છે તેને થયું છે. બાકી બીજા કહે તેમાંનું કશું ગમતું નથી. મોટા કાશીના પંડિત હોય કે ગમે તે હોય, પણ એક સાચાની માન્યતા થઈ ગઈ છે તેથી બીજો કોઈ ગમતો નથી, અને એ જ કર્તવ્ય છે. 'વાત છે માન્યાની'. સત્પુરુષની યથાયોગ્ય પ્રતીતિ વિના જીવાજીવનું જ્ઞાન થતું નથી તે સત્ય છે....બાવળીએ બાથ ભીડીને કહે છે કે મને છોડાવો, મને કોઈ છોડાવો. છોડી દે એટલે છૂટો થઈશ. સત્પુરુષ તો કહી છૂટે. ગોર તો પરણાવી આપે. શું ઘર પણ માંડી આપે?"

તા. ૧૪-૬-૨૫; જેઠ વદ ૮ રવિ સં. ૧૯૮૧ (ઉપદેશામૃત : પૃષ્ઠ ૨૮૨)

પ્રમાદને જ્ઞાનીપુરુષોએ મોટો શત્રુ ગણ્યો છે, તેથી ડરતા રહી સ્મરણમાં નિરંતર ચિત્ત રાખવાનો અભ્યાસ પાડી મૂકવા યોગ્ય છેજી. લીધો કે લેશે એમ થઈ રહ્યું છે. કાળનો ભરોંસો રાખવા યોગ્ય નથી. કર્યું તે કામ એમ સમજી, ભવિષ્ય ઉપર આધાર રાખ્યા વિના બને તેટલો સત્પુરુષાર્થ કરી મળેલા માનવપણાને સાર્થક કરવામાં પાછી પાની કરવી ઘટતી નથીજી. જાગ્રત થા, જાગ્રત થા.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૪૦ અગાસ, તા. ૩૦-૧૨-૪૦

મોક્ષ મહા સુખદાયી નિરંતર કર્મ ઘટાડી, મટાડી વરે જે,
તે જીવ ધન્ય, ધરે નહિ જન્મ ફરી ભવમાં, જગને શિખરે તે;
મોક્ષ ઉપાય સુધર્મ ધરોઃ તપ, જ્ઞાન, સુદર્શન, ભક્તિ, વિરાગે,
કર્મ છૂટે સમભાવ ક્ષમાદિથી; મુક્તિ વરે સહુ કર્મ જ ત્યાગે. (પ્ર૦ ૧૬)

વિ. આપનો પત્ર પ્રાપ્ત થયો. બે માસ વધારે બ્રહ્મચર્યવ્રત પાળવા વિચાર રહેતો હોય તો આપના પિતાની સંમતિ લઈ પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ ભાવવ્રત લઈ લેવા ભલામણ છેજી. સર્વને અનુકૂળ રહી, તેમને રાજી રાખી ધર્મ આરાધવાથી સ્વપરહિતનું કારણ જાણી આપના પિતાને કાને વાત નાખવાનું જણાવ્યું છે, કારણ કે તે ધર્મ કરવામાં વિઘ્ન કરે તેવા નથી. પોતાને ધર્મનું આરાધન કરવું હોય તો કોઈ ખાળે તેમ જગતમાં નથી; પણ જે કાર્ય કરીએ તેમાં બીજાની સંમતિ હોય તો તે વિશેષ સારું બને છે. જેમ જેમ વૈરાગ્ય ઉપશમની વૃદ્ધિથી વિચારણા, સત્પુરુષનાં વચનોમાં તલ્લીનતા થતી જશે, સત્સંગનો વિશેષ લાભ મળતો જશે તેમ તેમ અત્યારે મુઝવતા પ્રશ્નોનો આપોઆપ ઉકેલ આવતો જશેજી. પરમકૃપાળુદેવે ઉપદેશછાયામાં જણાવ્યું છે તેમ કાંટે કપડું ભરાયું હોય તે બને તો ઉકેલી લેવું અને નહીં તો ત્યાં ખળી રહેવું નહીં. જંગલમાં જેમ રાત્રિ રહેવાય નહીં તેમ સંશયમાં ઘણો વખત રહેવા યોગ્ય નથી. યથાવસરે તેનો ખુલાસો થશે ધારી સત્પુરુષની આજ્ઞામાં ચિત્તને તત્પર કરી દેવું. અત્યારની ભૂમિકામાં ગહન વિષયમાં મન પ્રવેશ ન કરી શકે તો મુઝાવા જેવું નથી. અવસરે સર્વ વાતોનો નિકાલ થઈ રહેશે એ શ્રદ્ધા પણ જરૂરની છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૪૧ અગાસ, પોષ સુદ ૨, ૧૯૯૭

પૂર્વે જે જે જીવો સાથે જે જે પ્રકારે નિબંધન થયાં છે, તે તે પ્રકારે અત્યારે આંટા ઊકલે તેમ પ્રગટ જણાય છે. તેવે પ્રસંગે કોઈ પણ સત્પુરુષના આશ્રિત જીવે બીજા જીવનો વાંક કાઢી તે પ્રત્યે દ્વેષ ધારણ કરવો ઘટતો નથી. માત્ર મોહને વશ પડવાથી જીવ ક્લેશિત થઈને કેટલી બધી નીચ પ્રવૃત્તિ પ્રત્યે ઢળી પડે છે તે જોઈ કરુણા – દયા ખાવા જેવી સ્થિતિએ પડેલા પ્રત્યે નિંદા આદિ ભાવમાં પણ આપણાથી ન પડાય, તેથી દૂર રહેવાય કે તેવા પ્રસંગથી છૂટી ન શકાય ત્યાં સુધી સત્સાધન, સ્મરણ આદિ સાધન ચુકાય નહીં – તેટલી આપણા આત્મા પ્રત્યે પણ દયા ચિંતવવી ઘટે છેજી. ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધવાળા પત્ર ૫૦૬ માં વૈરાગ્ય-ઉપશમના અર્થે પરમકૃપાળુદેવે કર્યા છે તે વારંવાર સ્મૃતિમાં રાખી, વૈરાગ્ય-ઉપશમ કેટલો આ જીવમાં પરિણામ પામ્યો છે તેની પરીક્ષા કરવા જ જાણે પરમકૃપાળુદેવે આ પ્રસંગ ઉપસ્થિત કર્યો છે એમ સમજી, તેવા પ્રસંગે વિશેષ વીર્ય સ્ફુરે; અને હડકાયું કૂતરું કરડેલું ત્યારે જેમ જાગૃતિ રહેતી, તેથી વિશેષ જાગૃતિ રાખવા જેવો આ પ્રસંગ છે એમ ગણી મનને વીલું મૂકવું નહીં, પ્રાસંગિક વાતોમાં બહુ છૂટું મૂકવું નહીં; પણ ક્ષણે ક્ષણે તે શી ચિંતવના કરે છે તેની ચોકી રાખતા રહેવા ભલામણ છેજી. કૂતરાના પ્રસંગમાં કોઈ પ્રત્યે દ્વેષનો સંભવ નહોતો, માત્ર મરણભયથી બચવાનો પુરુષાર્થ કર્તવ્ય હતો. અહીં તો તેથી વિશેષ જાગૃતિની જરૂર છે; કારણ કે અત્યારે અનિષ્ટ ભાસે છે તેવા પ્રસંગમાં એક અંતર્મુહૂર્ત જો ચિત્ત સતત લાગ્યું રહ્યું તો આર્ત્તધ્યાન થયા વિના રહે નહીં, અને તે વખતે આયુષ્ય બંધાય તો તિર્યંચ આદિ અધોગતિનું બંધાય, તો તે તે ભવોમાં દ્વેષની વૃદ્ધિ કરતો જીવ ભટકે, ત્યાં પછીથી છૂટવાના પ્રસંગો કેટલા દૂર રહે તે સાવ સમજાય તેવું છે, માટે મુમુક્ષુજીવે કોઈ પણ કારણે ક્લેશિત થવા યોગ્ય નથી. ધર્મધ્યાનનાં કારણો વિશેષ બલ કરી, બીજા ભાઈઓને વિનંતી કરીને પણ જોડતા રહેવા યોગ્ય છેજી. કંઈ ન બને તો તેવાં સ્થળોનો અમુક કાળ સુધી ત્યાગ કરીને પણ દુર્ધ્યાનથી બચવાની જરૂર છેજી. અવિચારી અને ઉતાવળિયું કામ આપણે હાથે ન થઈ જાય તે લક્ષમાં લેશોજી. એ જ.

---

૨૪૨ અગાસ, તા. ૨૨-૧-૪૧

તત્ ૐ સત્ પોષ વદ ૧૦, બુધ, ૧૯૯૭

રાજચંદ્ર ભગવાન, નમું હું ભાવથી,
બાળબુદ્ધિ મુજ ટાળ, કરું એ વિનંતિ;
સદ્ગુરુ–ભક્તિ ન હોય, વચન ઉર ના વસે;
આશયમાં અનુરાગ વિના હિત શું થશે ? (પ્રજ્ઞાવબોધ – ૮૫)

ગમે તેવા સંયોગોમાં પણ સદ્ગુરુશરણ હૃદયમાં રહે તેવા અભ્યાસની આ ભવમાં કમાણી કરી લેવી ઘટે છેજી. સદ્ગુરુ કરતાં કોઈ પણ બાબત પ્રત્યે વિશેષ પ્રેમ ન થાય, એટલું થાય તો કશાની ફિકરચિંતા ન રહે. તેનો માર્ગ, અલ્પ પણ કાર્ય કરતાં તેના ઉપકારની કે આજ્ઞાની સ્મૃતિ કરી આત્મા પ્રત્યે વૃત્તિ વાળવી એ છે. મોહી જીવોને જેમ દીકરો ન હોય

ત્યારે મારે બધું છે પણ એક દીકરો નથી એમ રહ્યાથી બીજાં સુખ સુખરૂપ લાગતાં નથી, તેમ મુમુક્ષુને સમ્યગ્દર્શન માટે રહ્યા કરે તો તેને પ્રાપ્ત કરવાની તાલાવેલી લાગે. તેવા કોઈને દીકરો થાય તો અતિ હર્ષ થાય છે અને બીજાં દુઃખો આવી પડે, દીકરો પરદેશ ગયો હોય તોપણ મારે દીકરો છે એવી માન્યતાથી પોતાને સુખી ગણે છે તેમ સદ્ગુરુનો યોગ જેને થયો છે, તેણે સત્સાધન આપેલું જે આરાધે છે તેને અનેક પ્રકારની પ્રતિકૂળતાઓમાં પણ એમ રહ્યા કરે કે મને તરવાનું સાધન તો મળ્યું છે, ભલે અત્યારે મારાથી ઝાઝું બનતું નથી પણ અવસર આવ્યે રાતદિવસ તેની આજ્ઞામાં જ રહેવાય તેમ કરવું છે. એ સત્સાધન પ્રત્યે જેને અપૂર્વ ભાવ આવે છે તેને બીજાં દુઃખો કંઈ ગણતરીમાં હોતાં નથી. જે આવી આવીને નાશ જરૂર પામવાનાં છે તેની ફિકર કોણ કરે? સર્વ અવસ્થામાં રહેનાર આત્મા પ્રત્યે વળવાનો ઉપાય સદ્ગુરુની કૃપાથી મળેલું સ્મરણ છે તેમાં ચિત્તવૃત્તિ વિશેષ રાખવાથી શાંતિનું કારણ થશે, એ જ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૪૩

અગાસ, તા. ૨૨-૧-૪૧

તત્ ૐ સત્

પોષ વદ ૧૦, બુધ, ૧૯૯૭

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત." —શ્રીમદ્ રાજચંદ્ર

આપે બે વાક્યો ભાવાર્થ સમજવા અર્થે લખ્યાં હતાં. દર વખતે પુસ્તકના પાનસહિત વાકયો લખતા. આ વખતે વીસરી ગયા છો. ફરી પત્ર લખવાનો પ્રસંગ બને ત્યારે બીજા વાક્યનું પાન લખવા વિનંતી છેજી. પ્રથમ વાકય વિષે જ યથામતિ સદ્ગુરુ શરણે જે સમજાય છે તે જણાવવા પ્રયત્ન કરું છુંજી. બૃહદ્ આલોચનામાં આવે છેઃ—

"સમજ સાર સંસારમાં, સમજુ ટાળે દોષ;
સમજ સમજ કર જીવ હિ, ગયા અનંતા મોક્ષ."

"શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કર્યો છે, પણ જીવ દિશામૂઢ રહેવા ઇચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી....જીવનું સહજ જે સ્વરૂપ છે તે જ માત્ર સમજવું છે." (૫૩૭)

"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય."— શ્રી આત્મસિદ્ધિજી

"અમુક આચાર્ય એમ કહે છે કે દિગંબરના આચાર્યે એમ સ્વીકાર્યું છે કે 'જીવનો મોક્ષ થતો નથી, પરંતુ મોક્ષ સમજાય છે; તે એવી રીતે કે જીવ શુદ્ધ સ્વરૂપી છે; તેને બંધ થયો નથી તો પછી મોક્ષ થવાપણું કયાં રહે છે? પરંતુ તેણે માનેલું છે કે 'હું બંધાણો છું' તે માનવાપણું વિચારવડીએ કરી સમજાય છે કે મને બંધન નથી, માત્ર માન્યું હતું; તે માનવાપણું શુદ્ધ સ્વરૂપ સમજાયાથી રહેતું નથી; અર્થાત્ મોક્ષ સમજાય છે.' આ વાત 'શુદ્ધ-

નય'ની અથવા 'નિશ્ચયનય'ની છે. પર્યાયાર્થી નયવાળાઓ એ નયને વળગી આચરણ કરે તો તેને રખડી મરવાનું છે." (વ્યાખ્યાનસાર ૧-૮૦)

"જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગ દશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે." (૭૭૯)

અનાદિકાળથી મિથ્યાત્વના ઉદયે 'અપરમાર્થને વિષે જીવને પરમાર્થનો દૃઢ આગ્રહ થયો છે' તેથી 'તેની પરમાર્થદૃષ્ટિ ઉદય પ્રકાશતી નથી' એટલે જેમ છે તેમ જીવ સમજી શકતો નથી. સ્વપર-પ્રકાશક ગુણ જીવમાં છે તેથી પુદ્ગલ, દેહાદિ પદાર્થો દેખે છે અને પોતાને દેહાદિરૂપે ભ્રાંતિથી માને છે. નાવમાં બેઠેલાની દૃષ્ટિ એવી કોઈ ભ્રાંતિ પામે છે કે પોતાની નાવની ગતિ તેને લક્ષમાં આવતી નથી, પરંતુ કિનારા ઉપરનાં વૃક્ષાદિ દોડતાં દેખાય છે, તેમ ભ્રાંતિના પ્રભાવે જીવ પોતાના ઉપયોગ તરફ ઉપયોગ રાખી શકતો નથી, પોતાને ભૂલીને પરને પોતાના સ્વરૂપે ગણતો આવ્યો છે. તમે જેમાંથી લખ્યું છે તે પત્રમાં જ આગળ સ્વપ્નદશા વિષે સ્પષ્ટ સમજાવ્યું છે અને તેનો ઉપાય સત્સંગ, સત્પુરુષાદિ સાધન જણાવી તેમાં પુરુષાર્થને ગોપવ્યા સિવાય પ્રવર્તવાની ભલામણ કરી છે. તે લક્ષમાં રાખી વર્તવાથી સર્વ શાસ્ત્રને કહેવું છે તે સમજાય છેજી. વૈરાગ્ય અને ઉપશમની વૃદ્ધિ થવાથી વિપરીતપણું દૃષ્ટિમાં છે તે દૂર થાય છે એટલે જીવનું જે સહજ સ્વરૂપ છે તે સમજાય છે. એટલે હાલ તો સદ્ગુરુના વચનામૃતરૂપ બોધથી, સત્સંગથી, સદ્ગુરુએ દર્શાવેલ સત્સાધનમાં વિશેષ મનને જોડી રાખવાથી મિથ્યાત્વ મંદ થયે, ગયે, જીવને જીવનું સહજ સ્વરૂપ સમજાવા યોગ્ય છેજી. એ માર્ગ મૂકી અન્ય પ્રકારે પ્રવર્તવાથી અનંત ઉપાયે પણ મોક્ષ થાય કે સમજાય તેમ નથી. "યમ, નિયમ, સંયમ આપ કિયો" એમાં આજ સુધીના પ્રયત્નો નિષ્ફળ થયા તે કહ્યા પછી 'પર પ્રેમ પ્રભુસેં' કરવા કહ્યું છે તે કરવો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૪૪ અગાસ, તા. ૨૫-૧-૪૧

તત્ ૐ સત્ પોષ વદ ૧૩, શનિ, ૧૯૯૭

આપનો પત્ર પ્રાપ્ત થયો છેજી. સાચા દિલની ભાવના સદ્ગુરુકૃપાએ યથાવસરે સફળ થાય છેજી. 'भावना भवनाशिनी' કહેવાય છે. માટે પોતાનાથી બને તેટલો પુરુષાર્થ સદ્ગુરુઆજ્ઞા ઉઠાવવામાં કરી, ન બને તેનો મનમાં ખેદ રાખી તે અર્થે વિશેષ પુરુષાર્થ જાગ્રત થાય તેવી ભાવના, પ્રાર્થના, ઝૂરણા કરતા રહેવાની જરૂર છેજી. સત્સંગના જોગનો વિયોગ રહેતો હોય તેવા પ્રસંગમાં સત્પુરુષનાં વચન, તે પુરુષના ઉપકારની સ્મૃતિ તથા પોતાના વિચારનું બળ તથા વૈરાગ્ય ઉપશમ આદિ વડે થયેલી પોતાની દશા માત્ર બચાવનાર છેજી. તે આધાર પ્રત્યે વારંવાર ચિત્ત દેતા રહેવાની ભલામણ છેજી. તેમાં જેટલી ખામી, પ્રમાદ, વિષય, કષાય કે દેહાધ્યાસથી થાય છે, તેટલું કલ્યાણનું દૂર થવું થાય છેજી. થાળીમાં ઉત્તમ પકવાન પીરસ્યાં હોય છતાં "હાથ ન માંડે ઘેલોજી." તેમ આવી ઉત્તમ સામગ્રી કલ્યાણ કરવાની પરમકૃપાળુદેવની કૃપાથી પ્રાપ્ત થઈ છે, તેનો જો લાભ ન લેવાય તો આપણા જેવા મૂર્ખ કોઈ ન ગણાય. કાંકરે કાંકરે પાળ બંધાય છે, ટીપે ટીપે સરોવર ભરાય છે, તેમ યથાશક્તિ થોડે

થોડે જગતભાવો ભૂલી સત્પુરુષ પ્રત્યે, તેનાં અમૃતતુલ્ય વચનો પ્રત્યે, તેના આશય પ્રત્યે પ્રીતિભક્તિ વધતી જાય અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી આ ભવ સફળ કરી લેવાનું કાર્ય વારંવાર સાંભર્યા કરે તો જીવની પ્રગતિ જરૂર થયા વિના ન રહે. જેમ ધન-સંચય કરવા જે ધારે છે, તે પાઈ પાઈનો હિસાબ રાખે છે, અને થોડે થોડે તેમાં વૃદ્ધિ થયા કરે તેવો ઉદ્યમ જારી (ચાલુ) રાખે છે; તેમ ધર્મરૂપી ધન કમાવા માટે જ આ મનુષ્યભવ છે એમ જેનું હૃદય દૃઢ થયું છે તે પણ પળેપળનો હિસાબ રાખે છે અને બચતી બધી પળો ધર્મધ્યાન અર્થે ગાળે છે. તેને માટે જેમ જેમ વિશેષ અવકાશ અને સામર્થ્ય મળે તેવો ઉદ્યમ, ખોજ, વિચાર કર્યા કરે છે. આ વાત પરમકૃપાળુદેવની ચર્યામાં કેટલી પ્રગટ દીવા જેવી દેખાઈ આવે તેમ છે? આપણે બધાએ તેમને જ પગલે પગલે ચાલી તેમની દશા પ્રાપ્ત કર્યે છૂટકો છેજી.

"ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો, છતાં સિદ્ધિ થઈ નહીં." (૨-૪) એ પુષ્પમાળાનું વાક્ય વારંવાર વિચારી આત્મજાગૃતિ અર્થે પુરુષાર્થમાં પ્રેરાવા યોગ્ય છેજી.

"જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ." "જાગ્રત થા, જાગ્રત થા." "પ્રમાદ તજી સ્વરૂપને ભજ, આત્મા છેજી" આમ પ. પૂ. પ્રભુશ્રીજી 'તત્ત્વજ્ઞાન'માં લખી દેતા, તે વિચારી ભાનમાં આવવું ઘટે છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૪૫ અગાસ, તા. ૨૬-૧-૪૧

તત્ ૐ સત્ પોષ વદ ૧૪, રવિ, ૧૯૯૭

તમારો પત્ર વાંચ્યો. ભક્તિ, સ્વાધ્યાય અને સદ્વિચાર સહ સમતાપૂર્વક જ્યાં હોઈએ ત્યાં કાળ ગાળવો યોગ્ય છે. હાલ પ્રજ્ઞાવબોધ પુષ્પ ૧૮માંથી બાર ભાવનાઓ (દોહા ૩૧ થી ૪૩) મુખપાઠ કરી વારંવાર વિચારવા જોગ છે તથા તીર્થંકરપદ પ્રાપ્ત કરાવે તેવી સોળ ભાવનાઓ "સમાધિસોપાન"માં છે તે અવકાશે થોડે થોડે વાંચતા રહેવા ભલામણ છેજી. વેદનામાં ચિત્ત રહે અને "હું દુઃખી છું, હું દુઃખી છું, મને દુઃખ થાય છે, બળ્યું ક્યારે મટશે?" આવા વિચારે આર્ત્તધ્યાન થાય છે. તેવે વખતે આયુષ્ય બંધાય તો તિર્યંચગતિ એટલે ઢોર, પશુ, કાગડા, કૂતરાના ભવમાં ઉત્પન્ન થઈ દુઃખ ભોગવવાં પડે; માટે જ્ઞાનીપુરુષોએ ઉપર જણાવેલી બાર ભાવના કે સોળ ભાવનાઓમાં ચિત્ત રાખવાથી ધર્મધ્યાન થાય છે એમ કહ્યું છે તે આત્મહિતને પોષનાર છેજી. આપણને દુઃખમાંથી બચાવી ધર્મનાં ફળ જે આત્મકલ્યાણરૂપ છે તે માટે મહાપુરુષોએ જે ઉપદેશ કર્યો છે તે આવા વખતે અત્યંત ઉપયોગી છે. માટે પ્રમાદ છોડી સ્મરણ, ભક્તિ, સત્શાસ્ત્રનું વાંચન, સદ્વિચાર, ભણવા-ગોખવામાં ચિત્તને રોકવાથી દેહદુઃખ બહુ જણાશે નહીં, તેમ જ આત્મશાંતિ ભણી વૃત્તિ વળશે. કર્મ પૂર્વે બાંધ્યાં છે તે અત્યારે દેખાય છે; તે ન ગમતાં હોય તો તેવાં ફરી ન બંધાય તેવી કાળજી રાખી ધીરજ, સહનશીલતા અને સમભાવ રાખી ખમી લેવાં તે છૂટવાનો રસ્તો-મોક્ષમાર્ગ છેજી. હાયવોય આકુલવ્યાકુલ ચિત્ત કરીએ તોપણ ઉદયમાં આવેલાં કર્મો ફળ આપ્યા વિના જવાનાં નથી, તો શૂરવીર થઈ સામે મોઢે શત્રુ સાથે લડી તેનો નાશ કરે તેમ ગભરાયા વિના સહન કરવાનું બળ રાખવામાં લાભ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૪૬ અગાસ, તા. ૧-૨-૪૧
તત્ ૐ સત્ મહા સુદ ૫, શનિ, ૧૯૯૭

સત્પુરુષાર્થે મોક્ષ મળે છે, એનો જો નહિ લક્ષ અહો!
અસત્પુરુષાર્થો તો માનો, ભવ-ફળ દે પ્રત્યક્ષ અહો!
શ્રી રાજચંદ્ર ભગવંત-પદે, હું કરું વંદન અગણિત અહો!

બાળ, મૂર્ખ, ઉન્મત્ત કહ્યા જે, લહે નહીં વિવેક અહો!
કનક-થાળમાં ધૂળ ભર્યા સમ, વિષય-વાસના દેખ અહો! શ્રી૦

કાચ ચિંતામણિ બદલે લે, અમૃતથી ધોવે પાય અહો!
વહે ઈંધણાં ગજવર પીઠે, ધન કાજે ભવ જાય અહો! શ્રી૦

સાચાં મોટા મોતી વેરે, તોડી હાર લે સૂત્ર અહો!
કલ્પ-તરુ છેદી રે! વાવે, ધંતૂરા વિચિત્ર અહો! શ્રી૦

ભરદરિયે ખીલા કાજે હા! કાણી કરતો નાવ અહો!
ઉત્તમ ચંદન દહી ભસ્મ લે, તેવા બને બનાવ અહો! શ્રી૦

જો ધન, ભોગો કાજે નરભવ, ગાળો ધર્મરહિત અહો!
શા માટે આ જન્મ ધર્યો છે? કેવો કરો વ્યતીત અહો? શ્રી૦ (પ્રજ્ઞા૦ ૮૬)

"યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.
અબ ક્યોં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં?"

આપનો પત્ર ૮ પાનનો મળ્યો છેજી. સદ્‌વિચારો વાંચી સંતોષ થયો છેજી. લંબાણથી લખાણ કર્યા છતાં સત્સમાગમે જેવું મનનું સમાધાન થાય તેવું પત્રથી થાય તેવો સંભવ નથીજી. તેથી અવકાશે આવવાનો યોગ બને તો તે વાત અહીં બે સમજુ જનો સમક્ષ મૂકતાં સંતોષ-કારક ખુલાસો મળી રહે. જીવનના અગત્યના પ્રશ્નોનો ઉકેલ ટપાલ દ્વારા ઇચ્છવો એ તે પ્રશ્નોનું મહત્ત્વ આંકવામાં હજી કચાશ સમજાય છેજી.

બીજું, આપે પ્રશ્નરૂપે પૂછ્યું છે કે વિષયનાં નિમિત્તો વધારી કર્મ ખપે કે કેમ? એમ પૂછી નિશ્ચય કરેલાનાં મૂળ ખોતરવા જેવું કર્યું છે. એક વાર નિશ્ચય પ્રતિજ્ઞારૂપે કર્યો હોય તો તેને પુષ્ટિ મળે તેવી વિચારણા કરવી ઘટે છે. પ્રતિજ્ઞા લીધા પહેલાં સર્વ પ્રકારે વિચાર કરી, પૂછી, નિર્ણય કરી પ્રતિજ્ઞા લેવી ઘટે છે, નહીં તો "મનમાં પરણ્યા અને મનમાં રાંડ્યા" જેવો ઘાટ બને છે; અને પ્રતિજ્ઞાથી મનને દૃઢ કરવા જતાં નિર્બળ બનાવવાનો ઉપાય થાય છે. પચખાણનું સ્વરૂપ જાણ્યા વિના જીવે "યમનિયમ"માં જણાવ્યા પ્રમાણે અનંત સાધન કર્યાં તથાપિ જન્મમરણ ન ટળ્યાં તો હવે શું કરવું તે વિચારવા, પુરુષાર્થ વધારવા રોજ એ ત્રોટક છંદ બોલાય છેજી. પોતાની પાસે જે મૂડી હોય તેને જેમ બે જણને પૂછી સારો આસામી હોય તેને ધીરે છે, તેમ જીવનરૂપી મૂડી કેમ વાપરવી તેને માટે પણ મોટા પુરુષો ધર્મ આરાધતા હોય તેવાને પૂછી પોતાની શક્તિ, વય અને વિકારો તપાસી

પોતાથી ઉપાડી શકાય તેવો ધર્મભાર ઉપાડવો ઘટે છેજી. "ભાઈ, આટલું તારે અવશ્ય કરવા જેવું છે." પૃષ્ઠ ૮૫ તત્ત્વજ્ઞાનમાં છે તે વિચારી વર્તવા યોગ્ય છેજી. પોતાની કલ્પનાથી કોઈને જ્ઞાની માની લેવામાં માલ નથી. હું તો પરમકૃપાળુદેવનો દાસાનુદાસ છું. હું તેવું કોઈ જ્ઞાન ધરાવતો નથી કે આપને ભવિષ્યમાં આ કાર્યથી આ જ ફળ આવશે તેવું નિશ્ચયપૂર્વક કહી શકું. પરમકૃપાળુદેવની આજ્ઞા ઉઠાવવાની પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રી દ્વારા જાણી, ભાવના છેજી. આત્મજ્ઞાન પામવાનો પુરુષાર્થ તજી દીક્ષા લેવા દોડનારા ઘણા નિષ્ફળ નીવડતા આ કાળમાં જોયા છે. તેવે ભયંકર રસ્તે જવા મારી મારા દુશ્મનને પણ સલાહ ન હો! એ જ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૪૭ અગાસ, તા. ૩-૨-૪૧

તત્ ૐ સત્ મહા સુદ ૭, સોમ, ૧૯૯૭

આમ મુમુક્ષુ ચિંતવે, શરીર વિષ્ટા-વાડો રે,
જીવ વિચારે કેમ ના દુઃખતણો ભવખાડો રે?
પાપ-બીજ આ કાર્યમાં, જીવન જાય અલેખે રે;
મોહમદિરા છાકમાં સુખ દુઃખે જન દેખે રે.
જીવન અનિશ્ચિત જન્મથી, આત્મહિત કરી લેવું રે;
બંધુ બંધન માનવા, સઘળું સ્વપ્ના જેવું રે.
ભોગ ભયાનક હું ગણું જન્મ-કેદ સમ કાયા રે;
વિશ્વ-ઉપકારી પ્રભુ, મુકાવો મુજ માયા રે. (પ્રજ્ઞાવબોધ - ૮૮)

પૂ..... શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત વાંચે છે, તેની સાથે વખત મળતો હોય તો વાંચવા-વિચારવાનું રાખશો તો બીજેથી વૃત્તિ સંકેલી સત્પુરુષનાં વચનોમાં જોડવાનું થશે અને પરસ્પર વિચારની આપ-લે થવાથી જ્ઞાનીને શું કહેવું છે તેમાં ઊંડું ઊતરવાનું બનશે. વિશેષ વખત ન મળતો હોય તો તે શું વાંચી ગયા, તથા વાંચતાં શા શા વિચારો સ્ફુર્યા હતા વગેરે વિષે અવકાશે પૂછી તેમાં આવેલા વિષયની વાતો ચર્ચવાની ટેવ પાડશો તો સત્સંગની ગરજ જાગશે, વિશેષ વિચારવાનું જાણવાનું મળશે અને વાંચનારને પણ 'કહેવું પડશે' જાણીને વિશેષ કાળજીપૂર્વક વાંચવાનું બનશે. થોડું વંચાય પણ વિશેષ વિચારાય એવું કરવાની જરૂર છેજી. મનને નવરું ન રહેવા દેવું; વાંચવા-વિચારવામાં, નવું ગોખવામાં કે ગોખેલું ફેરવી જવામાં, ભક્તિમાં સ્મરણમાં વા વૈરાગ્યના વિચારો સ્ફુરે કે મૂંઝવતા પ્રશ્નો હોય તેના ઉકેલ લાવવા શબ્દોરૂપે લખી રાખવામાં વૃત્તિ રોકાશે તો વ્યર્થ ભટકતા મનને સત્પ્રવૃત્તિથી સન્માર્ગમાં વાળવાનું બનશેજી. આમ ટેવાઈ જવાશે તો તે બીજી બળતરામાં નહીં પ્રવર્તે. કંઈ ને કંઈ સત્પુરુષના જણાવેલા કામમાં તે ગૂંથાયેલું રહી આત્મવિચારમાં રસ લેતું થશે, જ્ઞાનીની અંતરૂચર્યા સમજતું થશે અને જે કરવા યોગ્ય છે તેમાં તત્પર થઈ સુવિચારણા જાગતાં મોહની મૂંઝવણને હણી આનંદસ્વરૂપ પોતાના આત્માની ઓળખાણ કરાવશે. સત્પુરુષોના અપાર ઉપકારનો, મોહાધીન મન રહેતું હોવાથી વિચાર જ આવતો નથી. નિગોદમાં અનંતકાળ સુધી પરિભ્રમણ

કરી કોઈ સત્પુરુષની નિષ્કારણ કરુણાના યોગે જીવ આ મનુષ્યભવ સુધી આવી પહોંચ્યો છે તો જેના યોગે આટલી ઊંચી સ્થિતિ પામ્યો છે, તેના આધારે હવે આત્મદશા પ્રગટાવવા અંતરમાં દાઝ રાખી પુરુષાર્થ આદરે તો જરૂર આ ભવમાં અપૂર્વ દશા પામી શકે એમ છેજી. આવો યોગ ફરી ફરી પામવો દુર્લભ છે એમ વિચારી ક્ષણવાર પણ સત્પુરુષને કે તેના સાધનને ન વીસરાય તેમ પ્રવર્તવું ઘટે છેજી. ધન, ધંધા કે સગંવહાલાં કરતાં આ મનુષ્ય-ભવરૂપી પૂંજી બહુ બહુ કીમતી છે; તે પ્રમાદ લૂંટી રહ્યો છે તેનું ભાન નથી, તેથી જીવને હજી પ્રમાદમાં જ રતિ, મીઠાશ વર્તે છે. હવેથી પ્રમાદ ઓછો કરવો છે એવો જરૂર જીવે નિશ્ચય કરવા યોગ્ય છે.

પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે "ઓછો પ્રમાદ થવાનો ઉપયોગ એ જીવને (મોક્ષ)-માર્ગના વિચારમાં સ્થિતિ કરાવે છે, અને વિચાર માર્ગ(મોક્ષમાર્ગે)માં સ્થિતિ કરાવે છે, એ વાત ફરી ફરી વિચારી, તે પ્રયત્ન (ઓછો પ્રમાદ થવાનો લક્ષ, માર્ગનો વિચાર અને માર્ગમાં સ્થિતિ) ત્યાં વિયોગે પણ કોઈ પ્રકારે કરવું ઘટે છે. એ વાત ભૂલવા જોગ્ય નથી." (૪૨૩) શિયાળામાં વસાણું ખાવાથી જેમ બારે માસ તેની શક્તિની અસર રહે છે તેમ આટલી ટૂંકી શિખામણ જો અંતરમાં ઊતરી જાય તો આખી જિંદગી સફળ થાય તેમ છેજી. સમજુ જીવ હિતકારી વાતને કડવી ઔષધિની પેઠે ગમે તેમ કરી ગળે ઉતારી દે છે, તેમ આ વખતે લખેલી આ વાત કાગળ ઉપર ન રહેતાં હૃદયમાં ખટકયા કરે તેમ વારંવાર વાંચી, વિચારી, મુખપાઠ કરી, પરસ્પર સ્મૃતિ આપી જાગ્રત થવા રહેવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૪૮ અગાસ, મહા સુદ ૧૧, શુક્ર, ૧૯૯૭

શ્રી રાજચંદ્ર ગુરુ ઉરે, આનંદ અનુપમ પૂરે રે, કરું વંદના બહુ ભાવે,
કળિકાળે અતિ ઉપકારી, મળી સત્ય સહાય તમારી રે. કરું૦
અંતર્મુહૂર્ત અમોને, પ્રભુ સમ્યગ્દર્શન ધોને રે. કરું૦
સત્સંગ વસિષ્ઠ ઋષિનો, અંતર્મુહૂર્ત સુધીનો રે. કરું૦
ધરણી અધ્ધર ધરી રાખે, અતિ આશ્ચર્યકારી ભાખે રે. કરું૦
રે ! સમ્યગ્દર્શન તેવું, ભવ-ભાર હરે, ગણી લેવું રે. કરું૦ (પ્રજ્ઞા૦ ૯૦)

આપનો પત્ર મળ્યો. "વચન, નયન યમ નાંહિ"નો ખુલાસો આમ અવધારશોજી :

સત્પુરુષનું જેને ઓળખાણ થયું છે, તેને પોતાનાં અહોભાગ્ય પ્રગટ થયાં એમ ગણવા યોગ્ય છે; તેના યોગે આ અપાર ભવસાગર જરૂર તરાશે એવી તેને દૃઢતા હૃદયમાં થાય છે. પણ કોઈ અંતરાય કર્મના યોગે તેનો વિયોગ રહેતો હોય તો તેના વિયોગમાં માત્ર તેની આજ્ઞામાં જ વૃત્તિ રાખીને જીવવું ઘટે છેજી, તેમ વર્તાય તો વિયોગ પણ કલ્યાણકારી નીવડે એમ છે. છતાં આ જીવની એવી અધમ દશા છે કે તે વિયોગ વારંવાર સાંભરી આવવો જોઈએ અને તે મહાપુરુષની સ્મૃતિની વિસ્મૃતિ કરાવનારી પ્રવૃત્તિ ઝેર જેવી લાગવી જોઈએ. તેને બદલે બોલ બોલ કરવામાં અને અનર્થકારી રૂપાદિને નિહાળી તેમાં તલ્લીન થવાથી, તે શા માટે જન્મ્યો છે અને શામાં કાળ ગાળે છે તેનું તેને ભાન રહેલું નથી. વચનની પ્રવૃત્તિ, બોલવા-

રૂપ અને પરનાં અહિતકારી વચન સાંભળવારૂપ, સંયમમાં ન રહે તો તે સત્પુરુષને અને તેના બોધને ભુલાવી સંસારવર્ધક કર્મમાં પ્રેરે છે; તેમ જ 'નયન યમ' એટલે રૂપાદિ નિહાળવાની પ્રવૃત્તિનો સંયમ ન કરાય તો તેનું ફળ પણ તેવું જ આવે છે.

જેમ કોઈ પતિવ્રતા સ્ત્રીને તેના પતિનો વિયોગ રહેતો હોય, તે કાળે તે સારા શણગાર પહેરતી નથી તથા બીજાનાં શણગારેલાં શરીર જોતી નથી, બીજા માણસો સાથે બકબકાટ કરતી નથી, વાતોમાં ગૂંથાતી નથી; પણ પતિના ગુણગ્રામ ચિંતવતી સાદો ખોરાક, સાદો વેષ અને એકાંત સ્થાન સેવી દહાડા કાઢે છે, બધા શોખ તજી દે છે; તેમ સદ્ગુરુના વિયોગે ભક્તાત્માઓ બીજેથી વૃત્તિઓ પાછી વાળી સદ્ગુરુના ગુણો, ઉપકારો, તેણે જણાવેલ બોધમાં વૃત્તિ રાખી જીવે છે.

પણ હે પ્રભુ ! હું તો વચન, નયન આદિનો સંયમ સાધી શકતો નથી તો મારી શી વલે થશે ? મારે એક સત્પુરુષને આધારે તરવું છે અને તેમાં વિઘ્ન કરનાર વૃત્તિઓનો ત્યાગ થતો નથી તે મૂંઝવણ મુમુક્ષુજનોને રહ્યા કરે છે તેનો પોકાર એ કડીમાં કર્યો છેજી. આંધળા માણસને કોઈ દેખતાનું અવલંબન હોય તો તેને ઘેર પહોંચી જાય, પણ તેનો હાથ મૂકી દઈ કોઈ તકરારો સાંભળવા ખોટી થાય તો શી વલે થાય ? તેમ અચિંત્ય જેનું માહાત્મ્ય છે તેવા પુરુષનું અવલંબન તજી સિનેમા, નાટક કે ક્લેશકારી વાતો જોવા સાંભળવામાં શી હાનિ છે તે વિચારી સત્પુરુષમાં અહોનિશ વૃત્તિ રાખવી ઘટે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૪૯ અગાસ, ૧૨-૨-૪૧

તત્ ૐ સત્ મહા વદ ૧, બુધ, ૧૯૯૭

ક્ષત્રિય કુળના સચ્ચા બચ્ચા, સામે મોઢે શસ્ત્ર સહે,
શત્રુને નહિ પૂઠ બતાવે, કેસરિયાં કરી મરણ ચહે;
તેમ વીર વીતરાગ શરણ લઈ, અશુભ કર્મ પ્રહાર સહે,
દેહત્યાગ કરે પણ, દીનતા કે કાયરતા કેમ ચહે ?
પરમ ધર્મનું શરણ ગ્રહીને, સર્વ વેદના હવે સહો,
કર્મ કસોટી કસે શરીરને, જ્ઞાતાદ્રષ્ટા તમે રહો.
નથી અનંત ભવોમાં આવ્યો, અવસર આવો હિતકારી,
જીતી જવા આવ્યા છો બાજી, હવે નહીં જાઓ હારી. (પ્રજ્ઞાવબોધ – ૫૩)

વિ. આપનો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. 'બનનાર છે તે ફરનાર નથી.' આયુષ્ય જે નિર્માણ થયું છે તેમાં કોઈ મીનમેખ કરી શકે તેમ નથી. તોપણ 'ચેતતા નરે સદાય સુખી' કહેવાય છે, તેમ સદ્ગુરુ શરણે નિર્ભય બની આખરની ઘડી માટે તૈયાર રહેવું એ હિતકારી છેજી. આજ સુધી આટલી જિંદગીમાં જે બાંધ્યું હતું તે ભોગવાયું. અનંતકાળથી કર્મની કડાકૂટમાં જીવ પડ્યો છે તે પ્રત્યેથી હવે ઉદાસ થઈ જ્ઞાનીઓએ આત્માને નિત્ય, અજર, અમર, અછેદ્ય, અભેદ્ય, પરમાનંદરૂપ જાણ્યો છે, માન્યો છે તે સમ્મત કરી તેણે અનંત કૃપા કરી જે મંત્ર આપ્યો છે તે જ છેલ્લો આધાર છે એમ માની છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી તેમાં

ચિત્ત રાખી પરમકૃપાળુદેવને શરણે તેનો આશ્રય હૃદયમાં રાખી આયુષ્ય પૂર્ણ કરવા યોગ્ય છેજી. પોતાથી બોલવાનું ન બને તો કોઈ કાનમાં મંત્રનું સ્મરણ આપનાર હોય તો તેમાં ચિત્ત રાખવું કે હૃદયમાં પરમકૃપાળુદેવની સ્મૃતિ રાખી, "હે ભગવાન, આપનું શરણ છે. મને કંઈ ખબર નથી. પણ તમને હો તે મને હો! મારે બીજે ક્યાંય ચિત્ત રાખવું નથી. આત્માનું પરમ હિત કરનાર આપ જ છો. આપના ચરણમાં સર્વભાવ અર્પણ થાઓ," એવી ભાવના કર્યા કરવી અને "થાવું હોય તે થાઓ, રૂડા રાજને ભજીએ." એ જ લક્ષ રાખી દેહની ચિંતામાં ચિત્ત ન રોકતાં પરમકૃપાળુદેવ પ્રત્યે વાળવામાં હિત છે. "સમાધિ સોપાન"માંથી 'મૃત્યુ મહોત્સવ' તેમને સંભળાવવા યોગ્ય છેજી. 'આલોચનાદિ પદ સંગ્રહ'માંથી ભક્તિ આદિનાં પદ, આલોચના, વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, છપદનો પત્ર, આત્મસિદ્ધિ આદિ આપણે ભક્તિમાં છંદ વગેરે બોલીએ છીએ તેમાંથી અવસર પ્રમાણે તેમના આગળ ભક્તિનો ક્રમ રાખ્યો હોય તો સ્વપરને હિતકારી છેજી. ક્ષણે ક્ષણે સર્વના આયુષ્યમાંથી કાળ જાય છે તે મરણ થયા જ કરે છે. આખર વખતે જેમ સ્મરણ આપવાની કાળજી રાખીએ છીએ, તેમ ક્ષણે ક્ષણે પોતાના આત્માને સદ્‌ભાવમાં લાવવા સ્મરણમાં ચિત્ત રાખવાની આપણે બધાએ ટેવ પાડી મૂકવા જેવું છેજી. કરી મૂક્યું હશે તે આખરે કામ આવશે. તેથી પાણી પહેલાં પાળ બાંધી રાખવી ઘટે છેજી. પાઘડીને છેડે જેમ કસબ આવે છે તેમાં બધી પાઘડીની કિંમત આવી જાય છે, તેમ છેવટનો ભાગ સુધારી જેણે સમાધિમરણ માટે કેડ બાંધી તેમાં અચળ ભાવ રાખી આશ્રયસહિત દેહ છોડ્યો તેનું બધું જીવન સફળ થયું એમ ગણવા યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૫૦ અગાસ, તા. ૧૮-૨-૪૧

તત્ ૐ સત્ મહા વદ ૭, મંગળ, ૧૯૯૭

ભુજંગ — વધુ મેળવીને થવા સુખી માગે, ભિખારી જ રાજાધિરાજાય લાગે;
અહો! જ્ઞાનીએ માર્ગ જુદો જ જોયો, 'અહો કાંઈ તો સુખનો માર્ગ ખોયો.'
સ્વઆત્મા અહો! દેહ આદિથી ભિન્ન, સદા જ્યોતિરૂપે પ્રકાશે સ્વઅન્ય,
સુગુરુથી જાણી સ્વરૂપે સુમગ્ન, રહો તો રસાસ્વાદ ચાખો સુવિજ્ઞ. (પ્રજ્ઞા૦ ૯૩)

આપનો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. અનાર્ય જેવા દેશમાં જવાનું હોવાથી વિશેષ કાળજી રાખીને સદ્‌વર્તન, સદ્‌વિચાર અને સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો પુરુષાર્થ કર્તવ્ય છે. પોતાના વિચારબળ વગર ત્યાં બીજું કોઈ અનાચાર આદિ માર્ગે જતાં અટકાવનાર નથી; માટે કુસંગથી બચતા રહેવા અને સત્શાસ્ત્ર વાચન-વિચારમાં બચતો વખત ગાળવા ભલામણ છેજી. આ કાળમાં અલ્પ આયુષ્ય આ ક્ષેત્રે જીવોને હોય છે; છતાં જાણે મરવું જ નથી એમ પ્રવર્તવાનો અભ્યાસ પડી ગયો છે તેથી આત્મહિતના કર્તવ્યમાં પ્રમાદ, ગૌણતા, સામાન્યપણું થઈ જાય છે; માટે રોજ મરણ સંબંધી વિચાર કરતા રહેવાની જરૂર છે. મરણ અચાનક આવી પડે તો હું કેમ પ્રવર્તું? મરણ સુધારવાનું કોઈ સાધન મને મળ્યું છે? તેમાં મારું ચિત્ત કેટલું પ્રવર્તે છે? બીજે મન ભટકતું ફરે છે તેનું કારણ શું? સંસારમાં એવું શું સુખ

છે કે જેને માટે આત્મહિત ભૂલી આમ પ્રવર્તવું થાય છે? હવે કેમ વર્તવું? વગેરે વિચારો અવકાશે વિસ્તારથી વિચારવા યોગ્ય છે.

સ્ટીમરમાં તમને બિલકુલ કામ ન હોય, માત્ર ખાવાપીવા કે હાજતો પૂરી કરવા પૂરતું જ ખોટી થવું પડે, બાકીનો બધો વખત નવરાશ હોય છે. કાળ ગાળવા અણુસમજુ જનો પત્તાં રમવામાં કે ઊંઘવામાં વા નકામા વિકલ્પોમાં કાળ ગુમાવે છે. તેવી ભૂલ તમે ન કરો અને ધંધામાં પછી વખત બચાવવો મુશ્કેલ પડશે ગણી તે વખતે સદ્વાચન, વિચાર અને આત્મહિતનું સાધન સદ્ગુરુકૃપાએ મળ્યું છે તેમાં વિશેષ ભાવ રાખી જરૂર જાણે ગુફામાં પેસી જાય તેમ આત્મસાધન કરવા જ દરિયાની મુસાફરી સ્વીકારી છે એમ દાઝ રાખી જાગૃતિનો બધો વખત સ્મરણ આદિ ધર્મકાર્યમાં જ કાઢવો છે એવો દૃઢ નિશ્ચય કર્તવ્ય છેજી. જેટલો વૈરાગ્ય અને ધર્મ પ્રત્યે ઉલ્લાસભાવ હશે તે પ્રમાણે આ તમારા કસોટીના વખતને તમે ગાળી શકશો.

ત્યાં આફ્રિકા પહોંચ્યા પછી પણ વખત મળે કે સત્સાધનમાં જોડાઈ જવું. મનને નવરું ન રાખવું, તે દુરિચ્છા કરે તે પોષવી નહીં; પણ તેની સામે પડી સન્માર્ગમાં હઠ કરીને પણ મનને રાખવું. આમ પુરુષાર્થ આદરશો તો કોઈ હાથ ઝાલવા આવનાર નથી. કળિકાળ કે અનાર્યક્ષેત્ર એ માત્ર બાહ્ય નિમિત્તો છે, પુરુષાર્થ આગળ બધાં નિર્બળ છે, એમ માની આ આત્માને જન્મમરણનાં મહા દુઃખોથી મુક્ત કરવો છે એ ભાવદયા ભૂલી જવા યોગ્ય નથીજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૫૧ અગાસ, તા. ૨૬-૨-૪૧

તત્ ૐ સત્ મહા વદ ૦)), ૧૯૯૭

દેવાનંદન હો, રાજચંદ્ર પ્રભુ પ્યારા, આ કળિકાળે હો અમને ઉદ્ધરનારા.
વંદન-વિધિ ના જાણું તોયે, ચરણે આવી વળગું,
અચળ ચરણનો આશ્રય આપો, મન રાખું ના અળગું. દેવા૦
અહો! શિખામણ આપે આપી, સદા સ્વરૂપ ભજવાની,
અલ્પ શિથિલપણું પણ ત્યાગી, ટંકોત્કીર્ણ થવાની. દેવા૦
લઘુશંકા સમ અલ્પ દોષથી ભવ નવસો અનુભવીને,
દુષ્ટ દોષ ઉઘાડો પાડ્યો, અનહદ દયા કરી એ. દેવા૦

(પ્રજ્ઞાવબોધ-૯૫)

વિ. આપના કરકમળથી લખાયેલ પત્ર આજે ત્યાંથી આવેલા ભાઈએ આપ્યો, વાંચી આપ સર્વને અશાતાનો ઉદય અચાનક ઉદ્ભવેલો જાણી ધર્મસ્નેહથી દિલગીરી થયેલી, પણ આપને આરામ થતો આવે છે જાણી સંતોષ થયો છેજી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિચારી જેમ આપને અનુકૂળ પડે તેમ વિચરવા વિનંતી છેજી. કર્મ તો બે ડગલાં આગળ ને આગળ જ ચાલ્યાં કરે છે પણ મહાપુરુષો તેનું સ્વરૂપ સમજી રહેલા હોવાથી એ ઉદયરૂપ કાંટાવાળા માર્ગે મુસાફરી કરી શિવપુર પહોંચ્યા છેજી. પ. પૂ. પ્રભુશ્રીજીએ સ્વ. મનસુખલાલ દેવશી મહેતા ઉપર પત્ર લખાવેલ તેમાંથી આપણ સર્વને વિચારવા યોગ્ય એક ફકરો લખી મોકલું છુંજી :—

"મનને લઈને બધું છે. બાંધ્યાં તે જાય છે, ત્યાં ગભરાવા જેવું છે જ નહીં. આવ્યાં તે જાય છે, તેમાં ક્ષમા–સહનશીલતાથી, આનંદ-અનુભવરૂપ આંખથી જુઓ. સત્પુરુષના બોધે, સદ્‌વિચાર–દ્વાર ઉઘાડી જ્ઞાનચક્ષુએ અંતર્યામી ભગવાનનાં દર્શન કરો. 'समयं गोयम मा पमाए' સમય માત્રનો પ્રમાદ કર્તવ્ય નથી, તે વિચારથી સમજવાની જરૂર છેજી. 'કર વિચાર તો પામ' એ જ્ઞાનીનું વચન છે તે સત્ય છેજી." (ઉપદેશામૃત : પૃષ્ઠ ૭૯)

"સત્પુરુષાર્થ, સત્ય, અહિંસા, પ્રામાણિકતા, સમભાવ, ગુણાનુરાગ, ઉદાસીનતા, ક્ષમા, નિરભિમાનતા, નિષ્કપટતા અને નિર્લોભતા: આ ગુણોનું પાલન કરીને વ્યાપારકાર્ય, ઘરકામ અને શરીરરક્ષા કરે છે તેથી સમદૃષ્ટિ જીવને કર્મબંધન લૂખું અને થોડું થાય છે."–મોક્ષની કૂંચી

"કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી" (૪૬૦) એવું પરમકૃપાળુદેવનું વચન સર્વ અવસ્થામાં શાંતિ પ્રેરી ઘણી ધીરજ આપે તેવું છે, તે વિચારવા વિનંતી સહ વિરમું છુંજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૫૨ અગાસ, તા. ૩-૩-૪૧

તત્ ૐ સત્ ફાગણ સુદ ૫, સોમ, ૧૯૯૭

ચારે ગતિ ભટકતાં બહુ થાક લાગ્યો, પામ્યો અચાનક સુયોગ વિચાર જાગ્યો;
હે જીવ! શાંતરસપૂર્ણ વિભુ ભજી લે, દુઃખો અનંત છૂટશે, હિત આ સજી લે. (પ્ર. ૯૮)

પત્ર બન્ને મળ્યા છે. આડીઅવળી કલ્પનામાં નહીં તણાતાં એક પરમકૃપાળુદેવનો પરમ ઉપકાર માની તેની કૃપાથી જ તેના યોગબળે આત્મહિત જરૂર થશે એવો વિશ્વાસ રાખી તેનાં વચનામૃતમાં તલ્લીન રહેવા ભલામણ છેજી. પોતાના દોષો જોવાનું કામ ઘણું મોટું છે, તે અપક્ષપાતપણે જોવાશે તો મુમુક્ષુતા વધશે, દોષો ટાળવાની તત્પરતા વધશે અને જીવ બળવાન થઈ દોષો ટાળશે. મારે માથે પણ તે જ કાર્ય છે. "હું તો દોષ અનંતનું ભાજન છું." સમજવા યોગ્ય તો સત્પુરુષનું સ્વરૂપ છે.

આપે "અષ્ટ મહાસિદ્ધિ" સંબંધી પુછાવ્યું. પત્રમાં તેના વર્ણનથી સ્વપરહિતનું કારણ નહીં જણાવાથી ઉત્તર લખ્યો નહોતો. હેય વસ્તુ કરતાં ઉપાદેય તરફ વધારે લક્ષ દેવા યોગ્ય છે. ઋદ્ધિસિદ્ધિ તરફ મહાપુરુષોએ પૂંઠ દીધી છે; તે નહીં સમજાય તોય હાનિ નથી, સમજાયે લાભ નથી એમ જાણીને જ પત્ર લખ્યો નથી.

ધર્મનું સ્વરૂપ વિચારવા અર્થે નીચે લખ્યું છેજી —

"હે ભવ્ય! પ્રાણીમાત્ર પર દયા કરવી, સત્ય બોલવું, ક્ષમા ધારણ કરવી, પવિત્રતા સમજવી, લોભનો ત્યાગ કરવો, તૃષ્ણા ઘટાડવી, અને સમ્યક્‌જ્ઞાન તથા વૈરાગ્યરૂપ સંપત્તિ ધારણ કરવી એ ધર્મ છે. અધર્મનું સ્વરૂપ તેથી ઊલટું છે. જેમ પ્રજ્વલિત અગ્નિથી અધિક સંતાપ થાય છે તેમ જીવોને વિષયોમાં આસક્તિ થવાથી સુખની તૃષ્ણા વધે છે, તૃષ્ણાનો તાપ દૂર કરવાની ઇચ્છા કરતો જીવ પાપમાં તલ્લીન થાય છે અને ધર્મનો દ્વેષ કરે છે. આમ ધર્મ તરફ દ્વેષ રાખીને અધર્મ-સેવન કરવાથી અધોગતિ પામે છે." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૨૫૩ અગાસ, તા. ૬-૩-૪૧

તત્ ૐ સત્ ફાગણ સુદ ૮, ગુરુ, ૧૯૯૭

સદ્ગુરુના ગુણ તો ઘણા, સ્મરું પારમાર્થિક સત્ય રે,
વંદન કરીં ફરીં ફરીં કહું, મારે તો એની અગત્ય રે. સદ્૦
વસ્તુ સ્વરૂપ યથાર્થ જે, જાણી, અનુભવી બોલે રે,
સત્ય ગણ્યું તે બોલવું, સત્ય બ્રહ્મરત્ન ખોલે રે. સદ્૦ (પ્રજ્ઞા. ૯૬)

વિભાવ તજી શ્રી રાજચંદ્ર ગુરુ, સ્વભાવમગ્ન થયા છે,
તે માટે પ્રણમું ચરણે હું, સૌને ગમી ગયા છે;
તે પદ-પ્રાપ્તિ જે જન ઇચ્છે, તે તો તેને ભજશે,
થઈ લયલીન પરાભક્તિમાં સર્વ વિભાવો તજશે.
મેલું પાણી, મેલ ન પાણી, જો વિચારી જોશો,
પાણી નિર્મળ તે જ દશામાં સમજી, સંશય ખોશો;
તેમ પ્રતીતિ શુદ્ધ જીવની, અત્યારે પણ આવે,
સ્વરૂપ વિચારો જીવ-પુદ્ગલનું, શુદ્ધિ કોણ છુપાવે?
ક્ષીર-નીરમાંથી ક્ષીર પીતા, રાજહંસ ઉર ધારો,
તેમ કર્મ-સંયોગે તોયે, આત્મા શુદ્ધ વિચારો;
સાધ્ય અર્થ અવિરોધ રીતથી બતાવતાં દૃષ્ટાંતો,
વિચારવાં હિતકારી સર્વે, ભૂલવી વિભાવ વાતો. (પ્રજ્ઞાવબોધ - ૯૨)

"સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે. બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે." (૫૩૯) આટલાં વચન વારંવાર વિચારી અંતરમાં ઊંડાં ઉતારી તરી જવા યોગ્ય છેજી. શબ્દો વડે જ્ઞાનીપુરુષો નિષ્કારણ કરુણાથી જે પરમ પદાર્થ તરફ આ દુષ્ટપરિણામી જીવની દૃષ્ટિ ખેંચી સ્થિર કરાવવા ઇચ્છે છે, તે પદાર્થ મને, તમને, સર્વને અનન્યપણે ભાસો, તે જ પ્રીતિકર નિરંતર સુખની ખાણ સમજાઓ; તેને માટે પ્રાણ જતાં પણ પુરુષાર્થ કરવાનું ન ચૂકું, ભાન હોય ત્યાં સુધી સત્પુરુષે કરેલી આજ્ઞાને સર્વોપરી માની જીવાદોરીની પેઠે તેમાં જ વૃત્તિ રાખીને જીવું, એને ભૂલીને જીવવું ઝેર જેવું જાણું; તે જ પ્રાણપતિ, તે જ આધાર, તે જ બચાવનાર, તે જ જ્ઞાની, તે જ સમાધિમરણનું દાન કરનાર પ્રભુની ભક્તિ ન ભૂલું એવી દૃઢતા અખંડ હૃદયમાં ઊભરાતી સદા સર્વને રહો; સર્વ એ સર્વોત્તમ પદના પ્રેમી થાઓ, તેને માટે મરણિયા થાઓ, તેને માટે જ જીવનારા થાઓ, તેમાં જ અભેદભાવે વસનારા થાઓ, તુંહિ તુંહિ તેનો જ જાપ નિશદિન જપાયા કરો. "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?" સત્પુરુષના સંગે જાગેલા ભાવો જાગતા રાખવા હવે કેડ બાંધીને મંડી પડવા જોગ અવસર આવ્યો છે. પાછલા પહોરના આથમતા સૂર્ય જેવાં બે ઘડીનાં જીવન માટે હવે ફિકર કરવી નથી. દેહનું જેમ થતું હોય તેમ થવા દઈ "થાવું હોય તે થાજો, રૂડા રાજને ભજીએ" એ ભાવ નિરંતર હૃદયમાં રાખી, તેના ચરણના શરણથી નિર્ભય રહેવું,

આનંદિત રહેવું અને સોનેરી ક્ષણો જે સત્પુરુષના યોગમાં ગાળી છે તેનું સ્મરણ વારંવાર સ્મૃતિમાં લાવી તે જ રંગમાં રંગાયેલા રહેવા ઉત્તમ નિમિત્તો ઇચ્છવાં. "અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં, દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો — અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?" "સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી" (૪૬૦) ઠેઠના ભાથારૂપ આ શિખામણ હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છેજી. વિશેષ શું લખવું ? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૫૪ અગાસ, તા. ૧૪-૩-૪૧

ૐ ફાગણ વદ ૧, શુક્ર, ૧૯૯૭

શરીરના ફેરફારો શરીરના ધર્મોરૂપે માનવા અને આત્માના ધર્મો ન વીસરાવા અર્થે, પરમકૃપાળુદેવની દૃઢ શ્રદ્ધા પરમ હિતકારી વિશેષ દૃઢ થવા અર્થે જાણે લખાયો હોય તેવો તથા સત્તામાં રહેલી અવ્યક્ત અશ્રદ્ધાને નિર્મૂળ કરે તેવો તેઓશ્રીની અનંત કરુણાથી પ્રેરાયેલો અપ્રગટ પત્ર આપ સર્વને પોતાને જ અર્થે વાંચી-વિચારી હૃદયના ભાવ ઉલ્લાસિત થવા નીચે ઉતારી મોકલું છું — (જુઓ શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૬૮૦) આપે આ પત્ર વખતે વાંચ્યો પણ હશે; પણ સ્મૃતિ તાજી થયે શ્રદ્ધાબળ વર્ધમાન થવા યોગ્ય, એક પ્રકારની નિશ્ચિંતતા – અંતઃસંતોષ વર્ધમાન થવા યોગ્ય જાણી નકલ કરી મોકલી છે. "પ્રથમ નમું ગુરુરાજને જેણે આપ્યું જ્ઞાન, જ્ઞાને વીરને ઓળખ્યા ટળ્યું દેહ અભિમાન"—રોજ બોલીએ છીએ તે પ્રબળપણે આ પત્રથી સમજાઈ સચોટ થાય તેવું છે. નિર્ભયતા વધે તેમ છેજી. "ધિંગધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ, વિમલ જિન દીઠાં લોયણ આજ." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૫૫ અગાસ, તા. ૧૬-૩-૪૧

તત્ ૐ સત્ ફાગણ વદ ૩, રવિ, ૧૯૯૭

દોહરા — વંદન ગુરુ-ચરણે થતાં, પ્રભુ પાર્શ્વ વંદાય;
અભેદ ધ્યાને પરિણમ્યા, તે રૂપ શ્રી ગુરુરાય.
પ્રણમી પ્રગટ સ્વરૂપને, સર્વ સિદ્ધ, જિનરાય,
સહજ સ્વરૂપે સ્થિરતા યાચું, કરો સહાય. (પ્રજ્ઞાવબોધ – ૧૭)

આપે પુછાવ્યું છે : "સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે." (૨૫૪) તેનો શો પરમાર્થ છે? અલ્પ મતિથી પરમ ગંભીર જ્ઞાનાવતાર મહાપુરુષના એ વાક્યનો સંક્ષેપાર્થ સમજાય તે પ્રકારે લખવા પ્રયાસ કરું છુંજી.

"સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે" (૭૬) તથા "હે પુરુષપુરાણ ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે; કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે, કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી; અને તારાથી પણ સરળ

છે, માટે હવે તું કહે તેમ કરીએ?'' (૨૧૩) આ અને આવાં અનેક વાક્યો, સદ્દગુરુ દ્વારા દેવ ઓળખાય છે એમ જણાવે છે.

''સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ.''
''સદ્‌ગુરુપદમેં સમાત હૈ, અરિહંતાદિ પદ સર્વ;
તાતૈં સદ્‌ગુરુ-ચરણકો, ઉપાસો તજી ગર્વ.''

એ સર્વ સાક્ષી પૂરે છે કે આત્મજ્ઞાનરૂપ પરમ ધર્મ સત્પુરુષ કે સદ્દગુરુની ભક્તિથી પ્રાપ્ત થાય છે. છપદના પત્રમાં અંતે જણાવે છે: ''જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !'' (૪૯૩)

પરાભક્તિ વિષે લખતાં પોતે લખે છે: ''પરમાત્મા અને આત્માનું એકરૂપ થઈ જવું (!) તે પરાભક્તિની છેવટની હદ છે. એક એ જ લય રહેવી તે પરાભક્તિ છે..... પરમાત્માને નિરંજન અને નિર્દેહરૂપે ચિંતવ્યે જીવને એ લય આવવી વિકટ છે, એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાનીપુરુષનાં સર્વ ચરિત્રમાં ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્માનો ઐક્યભાવ હોય છે; અને એ જ પરાભક્તિ છે. જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઈ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી; માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ – જ્ઞાનીરૂપ પરમાત્માની – ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે....પંચપરમેષ્ઠીમંત્રમાં પણ 'નમો અરિહંતાણં' પદ પછી સિદ્ધને નમસ્કાર કર્યો છે; એ જ ભક્તિ માટે એમ સૂચવે છે કે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ; અને એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન (કારણ) છે.''(૨૨૩)

આમ પરમકૃપાળુદેવના જ શબ્દોમાં મુખ્યપણે તે વાક્યનો પરમાર્થ સમજાય તેવું વિવિધ સ્થળે કહેલું આપને વિચારવા લખ્યું છે તે ઉપરથી પરમકૃપાળુદેવ પ્રત્યે પ્રેમની વૃદ્ધિ થાય તેમ છે એમ જાણી લખ્યું છે. તેનો પોતાની મતિ પ્રમાણે અર્થ કરી અન્ય વ્યક્તિ પ્રત્યે પ્રેમ ઢાળવો વિઘ્નકારી છે એ પણ ચેતવણીરૂપ જણાવવાની જરૂર લાગવાથી જણાવ્યું છેજી. તે પરસ્પર વિચાર કરી બીજા દૃષ્ટિરાગ તજી એક પરમકૃપાળુદેવ પ્રત્યે અનન્ય ભક્તિભાવ જગાડવો. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પણ વારંવાર કહેતા: ''અમે અમારો ચિત્રપટ પણ આપવો બંધ કર્યો અને બધાને કહી દીધું કે અમારા વચન ઉપર વિશ્વાસ હોય તો કૃપાળુદેવનો ચિત્રપટ

રાખવો અને એની આજ્ઞા અમારા થકી મળી (મંત્ર) તે ઉઠાવવી; તે ખોટો નીકળે તેનું જોખમ અમારે માથે છે." એક સત્પુરુષ કે જ્ઞાનીને ભજતાં સર્વ અનંત જ્ઞાનીઓ ભજાય છેજી, અને એકની આશાતના થતાં અનંત જ્ઞાનીઓની આશાતના થાય છે. માટે કોઈ પ્રકારની શંકા રાખ્યા વિના જ્ઞાનીપુરુષે જોખમ ખેડીને જે પુરુષ આપણને બતાવ્યા તેની ભક્તિમાં ચિત્ત રહેશે તો સર્વ પરમાત્માની ભક્તિ થઈ એમ ગણવા યોગ્ય છેજી. "ધર્મ કહે આત્મસ્વભાવકૂં, એ સત્‌મતકી ટેક." પરમધર્મ એ પરમાત્મપદપ્રાપ્તિ છે; તેનું કારણ સત્પુરુષમાં જ પરમેશ્વર-બુદ્ધિ–શ્રદ્ધા થવી તે છેજી; સર્વ દોષોનો નાશ કરવાનો તે જ ઉપાય છેજી.

મોહની મીઠાશ ઓળખી તેને તજવા બળ કરનાર મુમુક્ષુદશા પામે છે. તે મુમુક્ષુતારૂપ નેત્રો વિના સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ થવી કે દેખાવી વિકટ છેજી. માટે મોહને શત્રુ સમજી તેના પાશમાં નહીં ફસાતાં ચેતીને ચાલનાર તે દશા (મોહદશા) તજી મોક્ષમાર્ગ (મુક્તદશા) સદ્‌ગુરુકૃપાએ સમજી આરાધી શકે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૫૬ અગાસ, તા. ૨૧-૩-૪૧
તત્ ૐ સત્ ફાગણ વદ ૯, શુક્ર, ૧૯૯૭

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ તેમના પૌત્ર ઉપર એક પત્ર સ્વમુખે લખાવેલ છે તે આપ સર્વને આખી જિંદગી સુધી ઉપયોગી થાય તેવો લાગવાથી તેની નકલ માત્ર આ વખતે ઉતારી મોકલું છું. થાય તો મુખપાઠ કરી હૃદયમાં કોતરી રાખી પ્રસંગે પ્રસંગે યાદ રાખી વર્તન સર્વ જીવો પ્રત્યે તેમાં કહ્યું છે તેમ રાખવા ખાસ ભલામણ છેજી. જીવન સુખસંપ-ભર્યું બનાવે તેવું તેમાં અલૌકિક સામર્થ્ય છેજી.

[વટામણનો પત્ર – જુઓ ઉપદેશામૃત : પૃષ્ઠ ૯૫ (પત્રાવલિ ૧-૧૫૦)]

---

૨૫૭ અગાસ, તા. ૨૫-૩-૪૧
તત્ ૐ સત્ ફાગણ વદ ૧૩, ૧૯૯૭

પૂ. શેઠજી જેસંગભાઈને પ. પૂ. પ્રભુશ્રીજીએ લખાવી મોકલેલ પત્ર તેમને માંદગીમાં ઘણો ઉપયોગી નીવડ્યો છે તેની નકલ આપને વિચારવા આ સાથે મોકલી છે —

"મારા આત્મસ્વરૂપ, તમે મારી પ્રકૃતિના સંબંધમાં શા માટે પૂછો છો? શું તમને ખબર નથી કે મારો આત્મા તો આનંદની ખાણ અને સત્ય છે અને શરીર તો બિચારું હંમેશાં બદલાતું જ રહે છે, અને પ્રતિક્ષણ મૃત્યુની સમીપમાં જ જાય છે, તેમ જ કોઈ દિવસ સુખી પણ રહેતું નથી. આત્માના સંબંધમાં તો તમારું પૂછવું વ્યર્થ છે, કારણ કે એ તો નિત્ય આનંદઘન છે; અને એવી જ રીતે શરીરના સંબંધમાં પણ તમારું પૂછવું યોગ્ય નથી, કારણ કે એ તો સદાય મહા દુઃખી જ છે. તો પછી કોની પ્રકૃતિ કે દશા પૂછો છો? નથી સ્તુતિ અગત્યની કે નથી નિંદા, નથી મિત્ર કે નથી શત્રુઓ, નથી પ્રેમીઓ કે નથી ધિક્કારપાત્રો, નથી શરીર કે નથી શરીરના સંબંધીઓ, નથી ગૃહ કે નથી અપરિચિતભૂમિ. આ જગતનું કશુંયે અગત્યનું નથી. પરમાત્મા જ છે, પરમાત્મા સત્ય છે. બધુંયે ચાલ્યું જવા દો. અંતઃકરણ શાંતિથી ભરપૂર છે. સંસારનો કોઈ પણ પદાર્થ વિશ્વાસપાત્ર કે આશ્રય કરવા લાયક નથી.

પરમેશ્વરની અત્યંત કૃપા તો એ લોકો ઉપર છે કે જેઓ પોતાનો આશ્રય અને વિશ્વાસ કેવલ પરમાત્મામાં જ રાખે છે. હૃદયથી સાચા સાધુ એ જ છે. એવા મહાપુરુષોના ચરણોમાં સમસ્ત સૃષ્ટિ સેવા અર્પે છે. સત્સંગ, ઉત્તમ ગ્રંથ અને ભજનકીર્તનરૂપ ઉપાસના એ ત્રણ વસ્તુઓ ત્રિલોકના રાજા બનાવી દે છે." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૫૮ અગાસ, તા. ૨૬-૩-૪૧
ૐ ફાગણ વદ ૧૪, બુધ, ૧૯૯૭

"ગુરુ ગણુધર ગુણુધર અધિક, પ્રચુર પરંપર ઔર;
વ્રત, તપધર તનુ નગનધર, વંદૌ વૃષ-શિરમોર."—સ્વામી કાર્તિક

અર્થ —ગુણો ધારણ કરનાર ગણધર ગુરુ અને (પ્રચુર=છૂટક છૂટક) કોઈ કોઈ પરંપરાએ (ઘણા) થઈ ગયેલા વ્રત, તપ અને નગ્ન શરીરધારી ધર્મશિરોમણિ (શિરમોર=માથાના મુગટ) મહાત્માઓને હું નમસ્કાર કરું છું. (વૃષ=ધર્મ)

પરમકૃપાળુદેવનાં વચનો સત્સંગતુલ્ય જાણી ઉપાસતા રહેવાની જરૂર છેજી. કોઈ વખતે ન સમજાય અને વારંવાર વિચારવા છતાં ઉકેલ ન આવે તેનો ખુલાસો પૂછો તેમાં હરકત નથી; પણ માસમાં અમુક વખત પત્રની આશા રાખો તે તો પ્રતિબંધ ગણાય છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ કહેલું — "કોઈ પણ વસ્તુનો આગ્રહ કરવા યોગ્ય નથી. દૃષ્ટિરાગને લીધે અમેય કૃપાળુદેવને કહેલું કે ચિત્રપટ નહીં તો કાગળ ઉપર આમ હાથ-પગના જેવું કરીને આપશો તોપણ મારે ચાલશે. કંઈક ભક્તિનું સાધન અને આજ્ઞા મને મળે એટલે બસ. આગ્રહ કરવાથી પ્રતિબંધ થાય છે. આ વસ્તુ ગમે તેમ થાય તોપણ મને મળવી જોઈએ એવું કહે ત્યાં પ્રતિબંધ પડે છે, તેવી વસ્તુ અમને કૃપાળુદેવ ન આપતા." પ્રતિબંધથી બચવા અને વિચારવા આ લખી મોકલ્યું છે તે લક્ષમાં લેવા યોગ્ય છેજી.

બીજું આપે પુછાવેલા પદ્યનો અર્થ નીચે પ્રમાણે વિચારશોજી —

આશ્ચર્ય સર્વ ધરતા પ્રભુ ઉર આવો, સંપૂર્ણ આત્મગુણ દાસતણા જગાવો;
આત્માર્થી સર્વ હીન છે, નથી માગવું તે, શ્રી બોધરૂપ બનવા પ્રભુ જીવવું છે.

આ પદ્ય પ્રજ્ઞાવબોધ પાઠ ૯૮ 'જિનભાવના'માંથી છે, તેમાં પરમાત્માને પ્રાર્થનારૂપ આત્મવિકાસની ભાવના પ્રદર્શિત કરી છેજી. પરમાત્મસ્વરૂપ સર્વ ચમત્કારોથી ભરપૂર છે. "પૂર્ણ આત્મસ્વરૂપ જ્યાં વર્તે છે, ત્યાં જો સર્વ મહત્ પ્રભાવજોગ વર્તતા ન હોય તો પછી તે બીજે કયે સ્થળે વર્તે ? તે વિચારવા યોગ્ય છે....આત્મસ્વરૂપનું પૂર્ણ પ્રાપ્તપણું તો ઘટે છે, મહત્ પ્રભાવજોગનું પ્રાપ્તપણું ઘટતું નથી, તો તે કહેવું એક વિસંવાદ સિવાય બીજું કંઈ નથી; કારણ કે તે કહેનાર શુદ્ધ આત્મસ્વરૂપના મહત્પણાથી અત્યંત હીન એવા પ્રભાવજોગને મહત્ જાણે છે, અંગીકાર કરે છે; અને તે એમ સૂચવે છે કે તે વક્તા આત્મસ્વરૂપનો જાણનાર નથી. તે આત્મસ્વરૂપથી મહત્ એવું કંઈ નથી. એવો આ સૃષ્ટિને વિષે કોઈ પ્રભાવજોગ ઉત્પન્ન થયો નથી, છે નહીં, અને થવાનો નથી કે જે પ્રભાવજોગ પૂર્ણ આત્મસ્વરૂપને પણ પ્રાપ્ત ન હોય; તથાપિ તે પ્રભાવજોગને વિષે વર્તવામાં આત્મસ્વરૂપને કંઈ કર્તવ્ય નથી, એમ

તો છે; અને જો તેને તે પ્રભાવજોગને વિષે કંઈ કર્તવ્ય ભાસે છે તો તે પુરુષ આત્મસ્વરૂપના અત્યંત અજ્ઞાનને વિષે વર્તે છે, એમ જાણીએ છીએ. કહેવાનો હેતુ એમ છે કે સર્વ પ્રકારના પ્રભાવજોગ આત્મારૂપ મહાભાગ્ય એવા તીર્થંકરને વિષે ઘટે છે." (૪૧૧) ચિતચમત્કારથી પૂર્ણ પ્રભુ હૃદયમાં આવો, પ્રગટ થાઓ! તે પૂર્ણપદની ઉપાસનાથી ઉપાસકના ગુણો પ્રગટી પૂર્ણતાને પામે છે. ઉપર ઉતારામાં જણાવેલ પુદ્‌ગલ ચમત્કારો ગુપ્ત આત્મ-ચમત્કારથી હીન છે, તેની હે પ્રભુ! મારી માગણી નથી. મારે તો કેવળજ્ઞાનસ્વરૂપ બનવું છે, તે અર્થે જ જીવવું છે. એ અર્થની એ ભાવનાની કડી છેજી. "જે સર્વજ્ઞ વીતરાગને વિષે અનંત સિદ્ધિઓ પ્રગટી હતી તે વીતરાગે પણ આ દેહને અનિત્યભાવી દીઠો છે, તો પછી બીજા જીવો કયા પ્રયોગે દેહને નિત્ય કરી શકશે?" (૫૬૮) એ વિચારશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૫૯ અગાસ, તા. ૫-૪-૪૧

તત્ ૐ સત્ ચૈત્ર સુદ ૮, ૧૯૯૭

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."

"વર્તમાનકાળમાં ક્ષયરોગ વિશેષ વૃદ્ધિ પામ્યો છે, અને પામતો જાય છે. એનું મુખ્ય કારણ બ્રહ્મચર્યની ખામી, આળસ અને વિષયાદિની આસક્તિ છે. ક્ષયરોગનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્યસેવન, શુદ્ધ સાત્ત્વિક આહાર-પાન અને નિયમિત વર્તન છે." (૯૫૬-૨૧)

વિ. આપનો પત્ર પ્રાપ્ત થયો છે. આપના પિતાશ્રી પણ આવ્યા હતા. તેમણે જણાવેલું કે એની ઇચ્છા છે અને તેથી જ એણે અમને અહીં મોકલ્યા છે એટલે મારે તેમને કંઈ કહેવા જેવું રહ્યું નહીં. વળી તે કહેતા કે વ્રત લીધું હોય તો હું પણ ના કહું. મેં ધારેલું કે તમારા કોઈ વર્તન ઉપરથી તેમને તાત્કાલિક આમ વિચાર કરવાની ફરજ પડી હશે એટલે વિશેષ મેં પૂછ્યું નથી. સામાન્ય શિખામણના બે બોલ કહ્યા. તમારા પત્ર ઉપરથી જણાય છે કે તમને આ વાત પસંદ નથી પણ વખતે તેમની ઇચ્છાને માન આપવા તૈયાર થાઓ એવા ઢીલા ભાવ તો જણાય છે. આખી જિંદગી સુધી વ્રત પાળી શકશો કે નહીં તે તમારે પોતાને વિચાર કરવાનો છે. પરણીને સુખી થશો કે ઉપાધિ વધશે અને મોહ વધશે કે કેમ તે પણ વિચારવાનું જરૂરનું છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો આપને માટે કેવો અભિપ્રાય હતો અને તેમને શું પસંદ હતું તે પણ તમે જાણો છો. તમારી હાલ એટલી નાની ઉંમર નથી કે તમે વિચાર કર્યા વિના બીજાના અભિપ્રાયમાં તણાઓ. તમને ડોસા અફીણનું બંધારણ કરવા સલાહ આપે, આગ્રહ કરે તો અફીણનું વ્યસન ગળે પડવા દો? જો તે ન પડવા દો તો તેથી વિશેષ ભયંકર જન્મ-મરણની વૃદ્ધિનું કારણ તમારી પાસે પરાણે કરાવે તો તમારે કેમ કરવું તે તમારા અન્તરાત્માને પૂછશો. એમને તો તમને સુખી કરવા છે, એમની દૃષ્ટિ પ્રમાણે સુખમાં નાખવા છે; તમારી દૃષ્ટિ તેવા સુખને માન્ય રાખે છે કે દુઃખ દેખે છે તે વિવેકદૃષ્ટિએ વિચારશોજી.

સ્વ. મોતીભાઈ નરસિંહભાઈ વસોના અમીનનું અપ્રસિદ્ધ જીવનવૃત્તાંત હાલ વાંચું છું. તેમાં તેમને એક પત્ની છતાં પુત્ર નહીં હોવાથી તેમના કાકા જે પિતાની જગ્યાએ હતા તે કોઈની

મારફત કહેવડાવે છે કે તમારે કાકાની ઇચ્છાને માન આપી લગ્ન કરવું પડશે. તેમણે જવાબ દીધો કે તે (કાકા) જો લગ્ન કરે તો પોતે લગ્ન કરવા તૈયાર છે, પણ તે ના પાડે તો મારી ના ચોખ્ખી માની લેવી. તે સાંભળી તેમના હૃદયની મક્કમતા જાણી કાકાએ કહ્યું કે તેનું નામ હવે લેશો નહીં, એ તો માને એવો લાગતો નથી.

આમ સાચા દિલથી ખોટું લાગતું હોય તો ખખડાવીને એક વખત કહ્યું હોય તો ફરી કોઈ ન પૂછે, પણ બહાનાં કાઢે તેનું કોઈ ન માને. જાણે કે એને મરવું અને પરણવું સરખું લાગે છે તો કોઈ એને ફરી કહેવા ન આવે, પણ મનમાં મીઠાશ હોય તે સામો માણસ ડોસીના બચકાની પેઠે મનોમન સાક્ષી છે તે જાણી જાય છે. તમે સાથે આવ્યા હોત તો ડોસાને કંઈક કહી શકત કે એની મરજી ન હોય તો આગ્રહ કરવા યોગ્ય નથી. પણ તમે ત્યાં અને હું અહીં તેથી કંઈ સલાહ આપી શકાય નહીં. તમને અહીં મળી જવા પણ સંદેશો મોકલ્યો હતો પણ વખતે તમને મળ્યો ન હોય. સત્સંગનો લાંબા વખતનો અભાવ તે સત્સંગે થયેલા ભાવોને મંદ કરે છે કે મૂળથી ઉખેડી પણ નાખે છે. માટે તેવા સહવાસથી દૂર થઈ સત્સંગનું સેવન થાય તો જીવ કોઈ રીતે પુરુષાર્થયોગ્ય બને અને વિવેકદૃષ્ટિથી આવી પડેલા પ્રસંગનો યથાર્થ ઉકેલ લાવી શકે. કાગળથી કંઈ બને તેવું લાગતું નથી, એટલે સહજ ઉપર ઉપરથી કંઈક અનુમાન થાય તેવું પત્રમાં જણાવી આ પત્ર પૂરો કરું છુંજી. ઘણો વિચાર કરી સત્પુરુષના અભિપ્રાયે વર્તવાનો દૃઢ નિર્ણય કરી તેને વળગી રહેવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૬૦ અગાસ, તા. ૭-૪-૪૧
ૐ ચૈત્ર સુદ ૧૦, ૧૯૯૭

"વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય."

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર લખવું કેમ પડ્યું ? તે આ ગાથામાં જણાવ્યું છે. આ દુષમ કળિકાળનું સ્વરૂપ જ્ઞાની જ સમજે છે. તેમને પણ પરાણે તરવા દે તેવો આ કાળ છે. તેમાં મોક્ષમાર્ગ બહુ લોપ થઈ ગયો છે, અજ્ઞાની જીવોએ આવરી નાખ્યો છે, લોકોને અવળે માર્ગે ચઢાવી દીધા છે. કલ્યાણ કરવાની ઇચ્છાવાળા સંસ્કારી જીવોને પણ અનેક વિઘ્નો નાખી, માયામાં તાણી જવા માટે સર્વે સામગ્રી આ કળિકાલે એકઠી કરી રાખી છે. તેમાં નથી મૂંઝાયા એવા તો કોઈક સત્પુરુષ કે તેના આશ્રિતો જ છે. જેમ શ્રી નેમિનાથ ભગવાને પશુઓ મારવા માટે વાડામાં પૂરેલાં જોઈ દયા આવવાથી છોડી મુકાવ્યાં હતાં, તેથી વિશેષ કરુણા આ કાળનું સ્વરૂપ જોઈ પરમકૃપાળુદેવના હૃદયમાં સ્ફુરી છે.

"કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોય;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ."

આમ તેમનું હૃદય રડી ઊઠ્યું. તેના ફળરૂપ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં સ્પષ્ટ માર્ગ — જે લોપ થઈ ગયો હતો તે — પ્રગટ કર્યો છે. સત્પુરુષના પરમ ઉપકારનો વિચાર જીવે કર્યો નથી, કારણ કે તેટલા વૈરાગ્ય-ઉપશમ વગર તેનો ઉપકાર સમજાતો નથી. પાણીમાં એભાન

તણાતો માણસ હોય તેને પાણીના વેગનું જોખમ ખેડી કોઈ જીવના જોખમે બહાર ખેંચી લાવે અને સારવાર કરી તેને જાગ્રત થવાના, ભાનમાં આવવાના પ્રયત્ન કરે ત્યારે તે જાગે પણ જ્યાં સુધી તે તારનારને ઓળખે નહીં ત્યાં સુધી શું ઉપકાર માને?

"સદ્‌ગુરુના ઉપદેશવણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યાવણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ."

તેથી ભાનમાં આવે અને બીજા કહે કે તું નદીમાં તણાતો હતો અને તારનાર પણ તણાઈ જાય તેવા નદીના વેગમાંથી તને પરાણે આ પુરુષે બચાવ્યો છે, ત્યારે તેને સમજાય છે કે અહો! એ પુરુષની દયાથી હું તો બચ્યો, નહીં તો મારી શી વલે થાત? દરિયામાં તણાઈ જાત ત્યાં મારી ખબર લેનાર કોણ હતું? એમ સત્પુરુષના ઉપકારની સ્મૃતિ જેમ જેમ જીવને આવે છે તેમ તેમ તે મહાપુરુષના હૃદયમાં રહેલી આત્માની અલૌકિકતા, પોતાના સ્વરૂપનું માહાત્મ્ય પણ તે જાણતો થાય છે. "તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!" (૪૯૩) શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા વાંચી હોય તોપણ ફરી વાંચવા ભલામણ છેજી. તે મહાપુરુષે આ કળિકાળના મુખમાં પેઠેલા આપણા જેવા જીવોને બચાવવા જે અથાગ પુરુષાર્થ અલ્પવયમાં કરેલો છે તેનું દિગ્દર્શન તેમાં યથાશક્તિ થયેલું છેજી.

કંઈ ગભરાવા જેવું નથી. પથ્થર તળે હાથ આવ્યો છે, કળે કળે કરી કાઢી લેવા યોગ્ય છે. ઉતાવળ કરતાં આંગળીઓ તૂટી જાય તેવું કર્તવ્ય નથી અને ત્યાં ને ત્યાં હાથ દબાયેલો રહે તેમ પણ રાખી મૂકવા યોગ્ય નથી. સત્પુરુષાર્થ કર્તવ્ય છેજી.

---

૨૬૧ અગાસ, તા. ૧૨-૪-૪૧

આપનો પત્ર મળ્યો. તમારી વિચારણા તથા પ્રશ્ન ઉપરથી જિજ્ઞાસા તમે જાગ્રત રાખી છે એમ જણાય છે. એ ક્રમ સમજી આરાધના કરવા ઇચ્છનાર અને આરાધનાર તથા આરાધનારૂપ થયેલા સર્વ વંદનને યોગ્ય છેજી. તમને લખેલો પત્ર[*] ફરી ફરી વિચારશો તથા શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતમાંથી ભક્તિ વિષેના પત્રો વાંચતા રહેવા ભલામણ છેજી. પરાભક્તિ એ ગહન વિષય છે. અત્યારે આપણે સત્પુરુષે આપેલા સાધનને તે પરમ પુરુષ ઉપર પ્રેમ વધે તેમ વારંવાર આરાધી કષાય મંદ થાય અને પ્રમાદ ઘટે તેમ વર્તવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવ પ્રત્યે અખંડ ભક્તિ રહે તેમ પ્રવર્તવા પ. ઉ. પ પૂ. પ્રભુશ્રીનાં પ્રેરણાભર્યાં વચનો તમને પણ સ્મૃતિમાં હશે. એટલે આ જ્ઞાની કે આ જ્ઞાની એવો નિર્ણય આપણી મતિકલ્પનાએ કરવામાં કંઈ માલ નથી. પ. પૂ. પ્રભુશ્રીજીએ છાતી ઠોકીને આપણને કહ્યું છે કે પરમકૃપાળુદેવની ભક્તિથી કલ્યાણ ન થાય તો અમે જામીન બનીએ છીએ. આવી જવાબદારી લેનાર આપણને મળ્યા છે એ આપણાં મહાભાગ્ય છે. હવે તો એક ઉપર દૃષ્ટિ રાખી આપણા દોષો દૂર કરી તેની ભક્તિમાં લીન થવા પ્રયત્નવાન થવું.

---

* જુઓ પત્રસુધા પત્ર નં. ૨૫૫

"ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન."

અત્યારે તો આવી સ્થિતિ છે, તે પલટાવી 'પ્રભુ પ્રભુ લય' લગાડવાની છેજી. પરાભક્તિ કે આત્મા પરમાત્માની એકતા જેવા ગહન વિષયો તો યોગ્યતા આવ્યે તેમાં ચંચુપ્રવેશ થાય તેમ છે. શબ્દો તો માત્ર બુદ્ધિ સંતોષવા પૂરતા છે. કંઈક પ્રેમની જાગૃતિની જરૂર છે.

"પરાભક્તિના નિમિત્તે પરમાત્મા પ્રાપ્ત થાય છે કે પરમાત્મા પ્રાપ્ત થવાથી પરાભક્તિ ઊગે છે?" આમ આપનો પ્રશ્ન છે. તેનું સમાધાન આ પ્રમાણે વિચારશોજી:—

'પરાભક્તિ નિમિત્તે પરમાત્મા પ્રાપ્ત થાય છે,' એ એક અપેક્ષાએ યથાર્થ છે. ત્યાં પરાભક્તિ એટલે 'સત્પુરુષની અભેદભાવે ભક્તિ' 'તેથી અહંભાવ ભુલાઈ જતાં સત્પુરુષના સ્વરૂપમાં તન્મયતા, એકાગ્રતા, કૃતકૃત્યતા અનુભવાતાં પોતાના પરમાત્મસ્વરૂપનું ભાન અનન્યપણે થાય છેજી. ક્ષમાપનાના પાઠમાં રોજ બોલીએ છીએ — "જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંત જ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો." આ પ્રથમ વાક્યમાં પરાભક્તિના સાધનથી અહંભાવ ટળતાં અંતરાત્મા બની જીવ પોતાનું સંપૂર્ણ સ્વરૂપ જે પરમાત્મપદ તે પ્રાપ્ત કરે છે એમ સમજવા યોગ્ય છે.

હવે બીજું વાક્ય વિચારીએ: 'પરમાત્મા પ્રાપ્ત થવાથી પરાભક્તિ ઊગે છે' તે પણ યથાર્થ છે. અહીં પરમાત્મા એટલે પોતાનું સંપૂર્ણ સ્વરૂપ ઉપરના વાક્યમાં ફળરૂપે પ્રગટ થાય છે એમ કહ્યું હતું તેને બદલે જે સત્પુરુષે પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે, કૃતકૃત્ય થયા છે તેવા દેહધારી પરમાત્માનો યોગ પ્રાપ્ત થયે પરાભક્તિ ઊગે છે એમ સમજવું; એટલે બન્ને વાક્યોમાં વિરોધ નહીં પણ એક જ ભાવ છે એમ સમજાશે, એટલે પ્રશ્ન કરવા જેવું જ નહીં રહે. બન્ને વાક્યોના પરમાર્થ એ છે કે પ્રગટ પુરુષોત્તમ પરમાત્માની ભક્તિથી પોતાના આત્માનું પોષણ થવારૂપ ભક્તિ પ્રગટ થઈ તે પરાભક્તિરૂપ પરમપદ પ્રગટાવી શકે છેજી. સ્વ. શ્રી રત્નરાજસ્વામીએ 'દિલમાં કીજે દીવો' એ પદ મંગળદીવારૂપે લખ્યું છે તે ચોવીશી કે આલોચનામાંથી વાંચી તેમાં બતાવેલો ક્રમ વિચારવા યોગ્ય છેજી.

"કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ."

શ્રી આત્મસિદ્ધિજીની આ ગાથા પણ વિશેષ વિચારવા યોગ્ય છેજી. તેમાં આખું મોહનીય કર્મ ક્ષય કરી પરમાત્મપદ પ્રાપ્ત કરવાનો અચૂક ઉપાય બતાવ્યો છે તેનો વિચાર કરી વર્તન કરવાનું કામ હવે આપણું છેજી. "કર વિચાર તો પામ" એમ પણ છેવટે કહી દીધું છે તો હવે ક્યારે તે વિચાર કરીશું?

જેમ જેમ વૈરાગ્ય ઉપશમની વૃદ્ધિ થશે તેમ તેમ દૃષ્ટિદોષ દૂર થતાં જ્ઞાનીનાં અમૃતતુલ્ય વચનો યથાર્થ અંતર ખોલી પોતાનો પરમાર્થ દર્શાવશેજી.

"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાય દિયે."

આપને વિચારવા નીચે એક પદ લખ્યું છે તે સમજાય તેટલું વિચારી સવળો અર્થ લેવા ભલામણ છેજી. (જુઓ પ્રજ્ઞાવબોધ – પુષ્પ ૯૩ 'રસાસ્વાદ')

પરમકૃપાળુદેવ પ્રત્યે અનન્ય ભક્તિભાવ રાખવાનું અંતે ફરી સૂચવી તથા બને તો 'જીવન-કળા' વાંચી હોય તોપણ ફરી વાંચવા જણાવી પત્ર પૂરો કરું છુંજી. પૂ. શેઠજી જેસંગભાઈ ઉજમશીની તબિયત પણ ઘણી નરમ રહે છે પણ તેમનું મનોબળ મંદતા પામ્યું નથી તે આપણા જુવાનોને શિખામણ લેવારૂપ દૃષ્ટાંત વર્તમાનમાં છેજી. વૃદ્ધાવસ્થા, વેદના, અશક્તિ છતાં ધર્મકર્તવ્યમાં પરાયણ રહે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૬૨ અગાસ, તા. ૧૩-૪-૪૧
ૐ ચૈત્ર વદ ૨, રવિ, ૧૯૯૭

"કોણ ઉતારે પાર, પ્રભુ વિના કોણ ઉતારે પાર?
ભવોદધિ અગમ અપાર, પ્રભુ વિના કોણ ઉતારે પાર?"

વિ. આપના મોટા ભાઈએ આપની કલ્યાણ અર્થેની ભાવના દર્શાવેલી અને આપને તે ભક્તિ કરે છે તે માર્ગ સંમત છે એટલે ટૂંકામાં જણાવવાનું કે કલ્યાણ સત્પુરુષની આજ્ઞામાં રહેલું છે, ભાવપૂર્વક તે આજ્ઞા ઉઠાવનાર અવશ્ય મોક્ષગામી થાય છે. તમને તેવા ભાવ હોવાથી જે આજ્ઞાની ઊણપ છે તે સદ્ગુરુકૃપાએ પૂર્ણ થાય તે અર્થે આ પત્ર લખ્યો છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી ધામણ પધાર્યા ત્યારે તમને તેમનાં દર્શન થયેલાં એમ તમારા ભાઈ જણાવે છે. તે આત્મજ્ઞાની મહાત્માએ પોતાના અંતકાળ પ્રસંગે જણાવેલું કે કોઈ મુમુક્ષુ તરવાનો કામી મોક્ષનું સાધન પૂછે તો "તત્ત્વજ્ઞાન"માંથી ત્રણ પાઠ મુખપાઠ કરી રોજ તેનું વિચાર-પૂર્વક આરાધન કરવાનું જણાવવું એમ કહેલું. તે જ્ઞાનીપુરુષની આજ્ઞાથી હવે હું "હે પ્રભુ! હે પ્રભુ! શું કહું", "યમનિયમ સંયમ આપ કિયો" અને "હે ભગવાન! હું બહુ ભૂલી ગયો" આ ત્રણ પાઠ નિત્યનિયમ તરીકે જીવતા સુધી કરીશ એમ પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરી આજ્ઞા માગી તે સ્વીકારી નિત્ય ગમે ત્યાં ગમે તેવી અવસ્થામાં પણ એક વખત તો જરૂર ભણવા વિનંતી છેજી. તેની સાથે સાત વ્યસનના તેમ જ સાત અભક્ષ્યના ત્યાગની વાત કરવા પણ જણાવેલું છે તે નીચે પ્રમાણે છે તેમાંથી જેટલાનો જિંદગી સુધી ત્યાગ અચૂક પળે તેમ હોય તેટલાનો ત્યાગ કરવાનો નિયમ ચિત્રપટ આગળ નમસ્કાર કરી લઈ લેવા ભલામણ છેજી.

સાત વ્યસન—(૧) જુગાર (મેળામાં લોટરી, આંકફરક, રેસ વગેરેમાં શરત ન લગાવવી.) (૨) દારૂ (૩) માંસ (૪) ચોરી (૫) વેશ્યાગમન (૬) શિકાર (રાજાઓ રમે તેવો અથવા સાપ, વીંછી, જૂ, માંકણ, ચાંચડ, મચ્છર વગેરેને જાણી જોઈને મારવારૂપ) (૭) પરસ્ત્રીગમન.

સાત અભક્ષ્ય ચીજો — (૧) વડના ટેટા (૨) પીપળના ટેટા (૩) પીપળાના ટેટા (૪) ઉમરડાં (૫) અંજીર (૬) મધ અને (૭) માખણ. આટલી બાબતોનો વિચાર કરી કોઈ વખતે દવાને કારણે કોઈ વસ્તુ વાપરવાની જરૂર લાગતી હોય તો તેનો વિચાર કરી દવા સિવાય

સ્વાદ આદિ કારણે ન વાપરવાની ટેક રાખવી હોય તો તે પ્રકારે ભાવના કરી, નમસ્કાર કરી ચિત્રપટ સમક્ષ નિયમ લઈ લેવા વિનંતી છેજી. કેટલાનો કેવી રીતે ત્યાગ કર્યો છે તે પત્ર લખો ત્યારે જણાવશોજી.

આ ઉપરાંત આત્મસિદ્ધિશાસ્ત્ર આદિ મુખપાઠે કર્યું હોય તો તે પણ ભક્તિના વખતે બોલવાનું રાખશોજી. તમારે માટે 'તત્ત્વજ્ઞાન' તમારા મોટા ભાઈએ લીધું છે તે કોઈ સાથે મોકલાવશેજી. તેને કાળજીથી સાચવી તેમાં કહેલાં વચનોને હૃદયમાં ઉતારવા પુરુષાર્થ કરતા રહેશો તો કલ્યાણનું કારણ છેજી. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનું જીવનચરિત્ર 'જીવનકળા' વાંચવા ભલામણ છેજી. તે મહાપુરુષ મારા આત્માનો ઉદ્ધાર કરનાર છે એમ માની તેમની ભક્તિથી ભવસાગર તરી જવાય તેમ છેજી. વિશેષમાં જણાવવાનું કે 'તત્ત્વજ્ઞાન' વગેરે વાંચતાં કંઈ શંકા થાય તો પોતે તેનો નિર્ણય કરી લેવા કરતાં મધ્યસ્થ રહીને કોઈ વિશેષ જાણનાર મળે ત્યારે પૂછી નિઃશંક થવાનો નિર્ણય કરવો, પણ ઉતાવળ કરી 'આ તો બરાબર નથી; આમ કેમ લખ્યું હશે' એવા કુવિકલ્પમાં નહીં પડતાં, 'મારી મતિ અલ્પ છે, હજી મને સમજી શકવા જેટલી માહિતી મળી નથી, તેવો સત્સંગ થયો નથી તે મારો દોષ મને યથાર્થ સમજવા દેતો નથી; પણ મહાપુરુષનાં વચન હંમેશાં સત્ય જ હોય, કલ્યાણકારી હોય તે મારે જરૂર માનવાં જ છે' એમ વિચારવુંજી.

---

૨૬૩ અગાસ, તા. ૧૬-૪-૪૧

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૫, બુધ, ૧૯૯૭

આપના બન્ને પત્રો મળ્યા છે. પ્રથમ પત્રમાં આપે જોયેલ સંતબાલકૃત ટીકાવાળો અપૂર્વ અવસર છપાયેલો હજી દીઠો નથી, પણ લખાયેલો એક મિત્રે છપાયા પહેલાં જોઈ જવા મોકલ્યો હતો તે જોયેલ છે. સત્પુરુષના આશ્રિતને એમાં કંઈ નવું જાણી મોક્ષમાર્ગમાં કામ આવે તેવું જણાયું નથી. કોઈના દોષો તરફ વૃત્તિ જતી રોકવી હિતકારક છેજી. બીજા પત્રમાં આપની ભાવના શહેરના કલુષિત (મલિન) વાતાવરણથી દૂર રહેવાની તથા સ્મરણમાં રહેવાની જણાવી છે તે જાણી સંતોષ થયો છેજી. બીજું સમાધિમરણની ભાવના રાખો છો તે સંબંધમાં જણાવવાનું કે આપ અગમચેતી તરીકે અરજ કરો છો તે હિતકારક છે અને સ્વપરહિત થતું હોય તો તેમ વર્તવા તો ભાવના છે પણ તે બહુ અચોક્કસ ગણાય, કારણ કે અંતર (સ્થળનું) ઘણું રહ્યું. દૃષ્ટાંત બનેલું આપું છું—

સ્વ. પૂ. માણેકજી શેઠ (કચ્છના ઉમદા સત્સંગપ્રેમી બાહોશ ગૃહસ્થ હતા) ઈંદોર માંદા થયા, તેમણે એક મુમુક્ષુ તેમને મળવા આવ્યો તેને પોતાની આખર સ્થિતિ જાણી રોકી લીધો અને પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીને તાર કર્યો કે મારા છેલ્લા નમસ્કાર સ્વીકારવા કૃપા કરશોજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ બધા ટ્રસ્ટીઓ જે હાજર હતા તેમને બોલાવી સલાહ લીધી કે શું કરવું? મને મોકલવાનું નક્કી થયું. પછી તેઓશ્રીએ મને પૂછ્યું કે આઠમનો ઉપવાસ છે ને રસ્તામાં પારણા વગેરેની અડચણ પડશે. મેં કહ્યું કે મને હરકત કંઈ નથી. વળી કહ્યું કે ન જવાય તો ચાલશે. પણ મને તો તેવી ભાવના હતી કે ગમે તે ભોગે પણ

આજ્ઞા ઉઠાવવી, એટલે પોતે રજા આપી. અડધે રસ્તે ગોધરા જતાં તેમનાં બહેન મુંબઈથી આવતાં હતાં તેમના ઉપર તાર આવ્યો કે તેમનો દેહ છૂટી ગયો છે. તે વખતે હું તો સ્તવનમાં સવારે બેઠો હતો. તેમણે મને પૂછ્યું કે તાર મળ્યો? મેં કહ્યું કે હા (અગાસના તારનો મને ખ્યાલ હતો. તેમણે આ નવા તાર સંબંધી પૂછ્યું હતું). પછી તો તેમને બંગલે ગયા ત્યારે ખબર પડી. આમ કાળનો ભરોસો રાખવા લાયક નથી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ કહ્યું છે કે આશ્રમમાં જેનો દેહ છૂટશે તેનું સમાધિમરણ થશે. આ આપને લક્ષ રહેવા જણાવ્યું છે. ભાવના તો તે જ રાખવા યોગ્ય છે, પછી જેવો પ્રારબ્ધનો ઉદય; પણ પુરુષાર્થ-ધર્મને પ્રધાન રાખી વર્ત્યા જવા વિનંતી છેજી.

પુષ્પમાળાના પહેલા જ પુષ્પમાં 'ભાવનિદ્રા' ટાળવા પુરુષાર્થ કરવા ભલામણ કરી છે. દ્રવ્યનિદ્રા તો રોજ ઊંઘવું પડે છે તે અને ભાવનિદ્રા તે મોહ અથવા અજ્ઞાનદશા છે. "અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છપદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે, તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે એમ જો જીવ પરિણામ કરે તો તે સહજમાત્રમાં જાગ્રત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય." (૪૯૩) મિથ્યાત્વ, સ્વપ્નદશા, અજાગ્રતદશા, બેભાન અવસ્થા, ભાવનિદ્રા આ બધા શબ્દો એક જ ભાવ દર્શાવનારા છેજી.

શ્રી દેવચંદ્રજીકૃત ચોવીશીમાં શ્રી સંભવનાથના સ્તવનમાં આવે છે "અવિસંવાદી નિમિત્ત છો રે, જગતજંતુ સુખ કાજ." અવિસંવાદી = અચૂક લાભ આપે તેવું, અવિરોધી. બે પ્રકારનાં નિમિત્ત હોય છે: એક તો જરૂર કારણથી કાર્ય નિપજાવે તેને અવિસંવાદી કહેવાય છે અને બીજું વિસંવાદી એટલે કાર્ય થવામાં કારણરૂપ પણ હોય અને કાર્યનો નાશ કરવામાં પણ કારણરૂપ બને. જેમ કે ઘડો બનાવવા કુંભાર દંડ વડે ચાક ફેરવે છે ત્યાં દંડ એ ઘડો બનાવવામાં કારણરૂપ થાય છે પણ તૈયાર થયેલા ઘડાને ફોડી નાખવામાં પણ દંડ કારણરૂપ થાય છે, તેથી તે અચૂક કાર્ય કરે જ એવું કારણ ન કહેવાય, કાર્ય બગાડી પણ નાખે માટે વિસંવાદી કારણ કહ્યું છે. અને જિન ભગવાન જીવનું અવશ્ય હિત કરવામાં નિમિત્તભૂત છે, તે કદી જીવનું અહિત કરતા નથી માટે તેમને અવિસંવાદી નિમિત્ત કહ્યા છે તે સહજ સમજી શકાય તેવું છેજી. એ જ વિનંતી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૬૪ તા. ૧૮-૪-૪૧

વિચાર જીવને ઊગતો નથી, તેથી દુઃખને સુખ જાણી નોતરે છે; અને દુઃખ આવી પડે છે ત્યારે કોઈને ગમતું નથી. વિચાર કરીને કે સત્પુરુષે સમ્મત કર્યું છે તે સમ્મત કરીને જીવ આટલા ભવનાં થોડાં વર્ષ બાકી છે તે સત્પુરુષની આજ્ઞા ઉઠાવવામાં ગાળે કે તેવો પુરુષાર્થ કરવાની ભાવનામાં ગાળે, તોપણ જીતી બાજી હારી ન જાય. પણ જો કુસંગે અનાદિકાળની વાસનાઓને વધારીને જીવ દેહ છોડી પરાધીનપણે એકલો અન્ય દેહ ધારવા ચાલી નીકળશે ત્યારે તેની શી વલે થશે? એનો ખ્યાલ અત્યારથી કરી લઈ કંઈક આત્માને આધારભૂત આશરો મળે તેવું આ ભવમાં બની શકે એમ છે. તે કાળ વ્યર્થ થોથાં ખાંડવામાં વહ્યો ન જાય તેની કાળજી વિચારવાન જીવ

રાખે છેજી. અનંતકાળથી ઇંદ્રિયસુખની ઝૂરણા કરી, પણ જન્મમરણ ટળ્યાં નહીં. હવે સત્પુરુષના યોગે તો કંઈક આંટા ઊકલે એવો માર્ગ લેવો છે, એવો નિર્ણય વિચારવાન જીવે જરૂર કર્તવ્ય છેજી. મનને અઘરું પડે તોપણ આંખો મીંચીને પણ સત્પુરુષે જણાવેલા સત્સાધનમાં વિશેષ કાળજી રાખી કંઈક તેનો અભ્યાસ પડી જાય, સહેલાઈથી તેમાં જ વૃત્તિ રહ્યા કરે એવો ઉપાય કરી મૂક્યા વિના ભારે વેદની કે મરણ પ્રસંગે ટકી શકાય તેમ નથી. માટે સમાધિમરણની ભાવના રાખનાર દરેક મુમુક્ષુ જીવે સત્સાધનનું અવલંબન કર્મના ધક્કાથી છૂટી જાય કે ત્વરાથી તેનું અનુસંધાન કરી તેમાં જ ઘણો કાળ ગાળવા પ્રયત્ન કરતા રહેવાની જરૂર છેજી. વારંવાર મન ક્યાં ફરે છે તેની તપાસ રાખતા રહેવાની ટેવ પાડી મૂકવા યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૬૫ અગાસ, તા. ૧૮-૪-૪૧

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૭, શુક્ર, ૧૯૯૭

"મનની ચિંતા મટી પ્રભુ ધ્યાવત, મુખ દેખતાં તુમ જિનનીં,
ઇન્દ્રી-તૃષા ગઈ જિનેશ્વર સેવતાં, ગુણ ગાતાં વચનની–
હું તો પ્રભુ વારી છું તુમ મુખની."
(૨૦ ધર્મીશ્વર જિન)

સંસારે સુખ જરીય ન જાણો, દુઃખ ધરે સુખ વેશો રે,
અલંકાર તનભાર ખરેખર! ગાયન રુદન વિશેષો રે.
પરોપકાર કારક પરમાત્મા પ્રગટ્યા જગ ઉદ્ધરવા રે;
દેહ–ઘસારો કામ વિકારો, જન્મમરણના હેતુ રે,
ગર્ભાવાસ ટળે જે ભાવે, તે જ મોક્ષ સુખકેતુ* રે. પરોપકાર૦
(પ્રજ્ઞાવબોધ ૧૦૩)

વિ. આપનો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. મનમાં ઉદ્વેગ રાખવા યોગ્ય, મૂંઝાવા યોગ્ય નથી. પરમકૃપાળુદેવે કહ્યું છે: "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) એ ઉપદેશપૂર્ણ, સુખદાયક વાક્યનો વિશ્વાસ સહિત વિચાર થાય તો જગતમાં કોઈ વસ્તુ પ્રત્યે આસક્તિ ન રહે. ઉદ્વેગ એ દુઃખનું કારણ છે, હૃદયની નિર્બળતા છે, મોહ–મહેલમાં પેસવાનું દ્વાર છે. મનને પૂછવું કે તું શું ઇચ્છે છે? સુખ કે દુઃખ? જો સુખને ઇચ્છે તો સુખનો માર્ગ લેવો કે દુઃખનો? ફિકર, ચિંતા, ઉદ્વેગ, ક્લેશ એ તો સ્પષ્ટ દુઃખ દેનારાં દેખાય છે, તો તે કાંટાવાળી જગ્યાથી ખસીને, જ્યાં દુઃખ પેસી પણ ન શકે એવા સદ્ગુરુના સ્વરૂપનો વિચાર કરીએ, તેણે આપણને સુખી કરવા જે સત્સાધન ભક્તિ આદિ આજ્ઞા કરી છે તે આરાધીએ તો વર્તમાનમાં પણ ક્લેશનાં કારણ વિસારે પડે અને પુણ્યબંધ થાય તો ભવિષ્યમાં પણ સુખનાં સાધન સાંપડે. આવો લાભકારક સુખનો માર્ગ તજી કોણ દુઃખથી ભર્યા સંસારને સંભારે? અથવા સંસાર ઊભો થાય તેવાં કર્મ કમાવા કોણ ક્લેશ

---

* કેતુ = નિશાની, ધજા

કે ક્લેશનાં કારણોને સેવે ? બળતામાંથી બહાર નીકળી જવા માટે સદ્‌વિચાર અને સદ્‌વિચાર બતાવે તેવો સદાચાર છેજી.

જે કંઈ કરવું પડે તે આત્માર્થે, છૂટવા માટે કરવાની ધારણા રાખી કરવા યોગ્ય છેજી. 'ગઈ તિથિ તો જોષી પણ ન વાંચે' એ કહેવત પ્રમાણે બની ગયેલા બનાવને સંભારી શોક કરવાનું વિચારવાન ન કરે. જે થઈ ગયું તે થઈ ગયું, તે અન્યથા થાય એમ નથી. હવે જેટલું જીવવાનું છે તેટલું જીવન ઉત્તમ રીતે કેમ ગાળી શકાય તેની વિચારણા કરી લેવા યોગ્ય છે અને તેને માટે પણ બહુ ફિકર કરતા રહેવાની જરૂર નથી; કર્મના ઉદયને રોકવા કોઈ સમર્થ નથી, માત્ર તે વખતે સમભાવ રહે તો તે કર્મથી સદાને માટે છૂટી શકાય એટલો અવકાશ છે, લાગ છે; માટે તેવા સમભાવમાં રહેવાની ટેવ પાડવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી, અને એ સમજણ સત્પુરુષના બોધને આધારે થયા વિના સમતા રાખવી હોય તોપણ રહે તેમ નથી. તેથી સત્પુરુષનાં વચનનું બહુમાનપણું રાખી, હૈયાના હાર કરતાં વધારે કીમતી જાણી સત્પુરુષનાં વચન, તેની આજ્ઞાની ઉપાસના કરીશું તો તેની સમજણે આપણી સમજણ ઘડાશે અને તેનું માનેલું બધું મનાશે, તો રાગ-દ્વેષ, શોક, ઉદ્વેગનું જોર નહીં ચાલે અને કરવું છે તે સહેલાઈથી થશે. માટે પ્રથમ જ્ઞાનીએ સંમત કરેલું આપણું હૃદય સંમત કરે, ખરેખરા અંતરના ભાવથી નિષ્કપટપણે સ્વીકારે તેવી વિચારણા વારંવાર કરતા રહેવા ભલામણ છેજી. તરવાનું સાધન તે જ છે. અત્યારે સુખદુઃખની ગણતરી દેહને આધારે થાય છે; દેહને ઠીક પડે, લોકોમાં સારું કહેવાય, ઇંદ્રિયોને અનુકૂળ પડે તો ચિત્ત પ્રસન્ન રહે છે; પણ કોઈ જરા આપણું ઘસાતું બોલે, વ્યાધિ શરીરમાં ઊપજી પીડા ઉત્પન્ન કરે, કે ઇંદ્રિયોને ન ગમે તેવા વાતાવરણમાં રહેવાનું થાય તો મન ઊંચું થઈ જાય છે અને પહેલાં ગમતું હતું, સારું લાગતું હતું, બરાબર ખવાતું, પચતું તેવું ક્યારે થશે એમ મનમાં ઝંખના થયા કરે છે. આ બધા પ્રકારો રાગદ્વેષના છે. તે પલટાવી નાખી દેહનું ગમે તેમ થાઓ, કુટુંબનું ગમે તેમ થાઓ, મનને ગમો કે નહીં, લોકો નિંદો કે વખાણો પણ મારા આત્માને અહિત થાય, આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન થાય કે ભૂંડી ગતિમાં જવું પડે તેવા ભાવ થતા હોય તો મારે જરૂર અટકાવવા છે અને જ્ઞાનીએ કહેલે રસ્તે મારા ભાવ રાખી મારે આ ભવમાં તો મારા આત્માની દયા પાળી તેને ખરેખરો સુખી કરવો છે. જ્ઞાની જેવા અંતરમાં શાંત પરમસુખી છે તેવા સુખવાળો મારો આત્મા પરમ શાંત થાય તેવા ઉપાયો, ગમે તેટલી અડચણો, નિંદા કે કષ્ટો વેઠીને પણ કરવા છે. પછી લખચોરાશીમાં ભટકતાં કંઈ બને એવું નથી, માત્ર આટલા જ ભવમાં તે ઉપાયો લઈ શકાય એમ છે; તેમાં ય જેટલાં વર્ષો ગયાં તે તો વ્યર્થ વહી ગયાં, જેટલું મૂઠી ફાકો જીવવાનું બાકી હોય તેટલામાં કંઈ ને કંઈ સત્ય ધર્મનું આરાધન એવા બળથી આંખો મીંચીને કરી લઉં કે ધર્મ-આરાધન ન થાય તેવા હલકા ભવમાં જવું ન જ પડે. જો જ્ઞાનીપુરુષના દૃઢ નિશ્ચયે, તેને આશ્રયે આ દેહ છૂટે તો જરૂર વહેલોમોડો મોક્ષ થયા વિના ન રહે એવો સન્માર્ગ પૂર્વના પુણ્યને લઈને આપણને મળ્યો છે, તો જેટલી કચાશ રાખીશું તેટલું આખરે પસ્તાવું પડશે. માટે ધર્મના કામમાં ઢીલ ન કરવી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૨૬૬ અગાસ, તા. ૧૯-૪-૪૧

અહીં ધજા ફેરવે છે ત્યારે કંઈ વિશેષ વિધિ કરતા નથી. શ્રી આત્મસિદ્ધિ આદિ કોઈ પૂજા ભણાવવાનું નિમિત્ત તે દિવસે રાખ્યું હોય તથા પ્રભાવના પતાસાં વગેરેની હોય તો તે દિવસ ઉત્સવ જેવો ઉત્સાહનું નિમિત્ત બનશેજી.

બીજું, આપ અત્રે પધાર્યા ત્યારે બાળકોને ધર્મશિક્ષણ આપવા માટે નિશાળ ખોલવા તમે વિચાર જણાવ્યો હતો તે સંબંધી જણાવવાનું કે કોઈ મુમુક્ષુને બોલાવી તેના હાથે શાળાની અખા ત્રીજને દિવસે જ શરૂઆત કરી દો તો જુદો દિવસ શોધવો મટે અને માંગલિક કાર્યની શરૂઆતથી નવું વર્ષ પણ શરૂ થયું ગણાય. તે વિષે જેમ તમને ઠીક પડે તેમ વિચાર કરશો. શું ભણાવવું ? કેટલો ખર્ચ કરવો ઘટે ? વગેરે પૂછવું હોય તો પૂ.સોભાગભાઈ વગેરેની કમિટી આશ્રમ તરફથી નિશાળો માટે નીમેલી છે તે સલાહ આપશે અને જરૂર પડચે વર્ષ આખરે કંઈ મદદ પણ આપશે તે વિષે તમે પણ કંઈક માહિતગાર છો, એટલે રોજ એકાદ કલાક છોકરા-છોકરીઓને અભ્યાસ કરાવે એવા સારા વર્તનવાળા શિક્ષક મુમુક્ષુમાંથી કે સરકારી ગુજરાતી શાળા-શિક્ષક કોઈ મળી આવ્યે મંદિરમાં હાલ એક કલાક વર્ગ ભરવાનું દિવસે કે સાંજે રાખશો તો સહેલાઈથી તે કામ શરૂ થાય તેવું લાગે છેજી. સેવાભાવે કામ કરનાર મુમુક્ષુ મળી આવે ત્યાં સુધી સારું, નહીં તો કોઈને કંઈ નામનો બે-પાંચ રૂપિયાનો પગાર આપવો પડે તો તેમ કરીને ખર્ચ કરવાનો નિર્ણય ત્યાંના મુમુક્ષુવર્ગનો થતો હોય તો ઊગતી નવી પ્રજાને નિશાળે ભણતાં અને ભણીને ઊઠી ગયેલાને આશીર્વાદરૂપ તે શાળા થઈ પડશે, ઘણાં દુર્વ્યસનોમાંથી અટકશે, સભ્યતા, વિવેક, વિચાર, વિનય, ભક્તિ શીખશે અને જીવન સુખરૂપ ગાળવાનું કારણ તે નિશાળ થઈ પડશે. કામ હાથ લઈ તેને ખીલવનાર હોય તો પૈસાની અડચણ નહીં આવે, તે તો ગમે ત્યાંથી મળી રહેશે. માટે કોઈ એવા હોશિયાર કામ કરનાર માથે લઈ શકે તેમ હોય તો અખા ત્રીજ જેવો બીજો સારો દિવસ જડવાનો નથી એમ નક્કી કરી આ વર્ષે તે કામ શરૂ કરવા ભલામણ છેજી. પરમકૃપાળુદેવનાં વચનો ગમે તેના કાનમાં પડશે તોપણ તે હિતકારી જ થવા સંભવ છે. તમારા નાના ગામમાં તો એક કુટુંબ જેવો સંપ રાખી કામ લેવા ધારો તો ગમે તેવું કામ સહેલાઈથી થઈ શકે. પરગામ છોકરા પરણાવી જે વહુઓ આવે તે ઘણી ખરી અભણ પણ હોય, તેવાને અક્ષરજ્ઞાન અને વીશ દોહા આદિ શીખવવાનું કામ આ શાળા કરે તો થોડાં વર્ષમાં તમારા ગામમાં કોઈ અભણ ન રહે અને વીશ દોહરા આદિ ન જાણતું હોય તેવું પણ કોઈ ન રહે. નિશાળનું કામ સારું થાય ને લોકોને વિશ્વાસ બેસે કે ત્યાં જાય તે સુધરે છે તો કામ સફળ ગણાય.

---

૨૬૭ અગાસ, તા. ૧૯-૪-૪૧
ૐ ચૈત્ર વદ ૮, શનિ, ૧૯૯૭

"જીવ ! તું શીદ શોચના કરે, કૃષ્ણને કરવું હોય તે કરે;
તારું ધાર્યું થાતું હોત તો, સુખ સંચી દુઃખ હરે. કૃષ્ણને૦"

"મોહઘેલછા જગ આખામાં, વ્યાપી રહી અપાર અહો!
જન્મમરણનાં દુઃખ કેટલાં, તેનો નહીં વિચાર અહો!
મોહમદિરાના છાકે જીવ, જાણે ન ઠીક અઠીક અહો!
દિન ઉપર દિન ચાલ્યા જાતાં, આવે મરણ નજીક અહો!
નજરે મરતાં જન જગમાં બહુ, દેખે તોયે અંધ અહો!
વિપરીતતા કોઈ એવી ઊંડી, લાંબી કાળ અનંત અહો!
વાત કરે મરવાનું સૌને, લે નહિ નિજ સંભાળ અહો!
ખટકો ઉરમાં રહે ન કાંઈ, વદે બહુ વાચાળ અહો!
વેરઝેરમાં કાળ ગુમાવે, સ્વાર્થ વિષે મશગૂલ અહો!
દુર્લભ માનવભવની કિંમત, ગણી ન એ મહા ભૂલ અહો!
દેવ, ગુરુ, ધર્માદિ સાચા, સત્સંગે સમજાય અહો!
દયા, દાન, તપ, ભક્તિયોગે, નરભવ સફળો થાય અહો!" (પ્રજ્ઞાવબોધ–૮૬)

"બનનાર તે ફરનાર નહીં અને ફરનાર તે બનનાર નહીં." આયુષ્ય અલ્પ લઈને આવેલા મહેમાનને કોણ વધારે વાર રાખવા સમર્થ છે? તેની પાછળ ખેદ કરવામાં કંઈ સાર નથી. જે બની ગયું તે અન્યથા થવાનું નથી. ઊલટું આર્ત્તધ્યાન કરી કર્મ બાંધવાથી આપણું એટલું ભક્તિ કરવા યોગ્ય આયુષ્ય એળે જાય અને તેવા વખતમાં આયુષ્ય બંધાઈ જાય તો રોકકળ કરનારને ઢોરપશુની ગતિમાં જવું પડે. એવું કામ પોતે પણ ન કરવું અને બીજાને પણ સમજાવી રડવા-કૂટવાથી પાછા વાળી કંઈ વાંચી સંભળાવવું. 'સમાધિસોપાન'માંથી અનિત્ય, અશરણ, સંસાર આદિ ભાવનાઓ જે કોઈ રોવા કે સાંભળવા આવે તેમને તે દિવસોમાં સંભળાવવાથી તમારો તેમ જ સાંભળનારાઓનો વખત ધર્મકાર્યમાં જવાથી સ્વપરહિત થશેજી. 'સમ્યક્દૃષ્ટિ જીવ સવળું કરે' એવું પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા હતા. શોક થતો હોય તેને તપાસે કે દીકરા ઉપર બહુ મોહ કર્યો હતો તો હવે આ વિયોગ વધારે સાલે છે. જેમને વધારે મોહ તેના ઉપર નહીં હોય તેમને એટલું બધું લાગતું નથી. તો હવે એ શિખામણ લેવી કે નાશવંત વસ્તુઓ ઉપર મોહ કરવો, તેમાં આનંદ માનવો તે ક્લેશકારી આખરે નીવડે છે. માટે હવે વિષયભોગ, સગાંવહાલાં, ધન, ખેતર, કુટુંબ આદિનો વિચાર કરી, ઊંડાં મૂળ મોહે નાખ્યાં હોય તેને ખેંચી કાઢવાનો, તેને વિચારીને ક્ષય કરવાનો અવસર આવ્યો છે. તો હવે શાના વિના મારે ચાલે એવું નથી? મરતી વખતે મને શું આડું આવે એવું છે? શામાં મારું મન વારંવાર ભમ્યા કરે છે? એના વિચાર કરી મરણ આવ્યા પહેલાં, મરણ બગાડી અધોગતિ કરાવે એવી વૃત્તિઓને શોધી શોધીને હવે દૂર નહીં કરું તો અચાનક મરણ આવી પહોંચશે ત્યારે મારાથી એકાએક એટલો બધો પુરુષાર્થ નહીં થાય કે તેમાં મારું મન ન જ જવા દઉં. માટે પહેલેથી વિચારી વિચારી દોષોને ઓળખી તે દોષો દૂર કરવા સદ્ગુરુશરણથી આજે જ કેડ બાંધવી છે એવો નિર્ણય કરી જીવન સફળ થાય તે માટે પુરુષાર્થ કરવાનો ક્રમ આરંભશો તો પુત્ર-વિયોગની વાત વિસારે પડશે, અને આ જીવની શી વલે થશે? એ વાત મુખ્ય થશે, અને એ જ હવે તો કર્તવ્ય છેજી. બીજાનું ભલું કરવા આપણે સમર્થ નથી, પણ આપણા જીવને અધો-

ગતિના મહાદુઃખોમાંથી બચાવી લેવા સદ્વિચાર કરી સદાચારમાં આવી આપણું હિત કરવું તે તો આપણા જ હાથની વાત છે. સુપુત્રે તો પોતે મરીને શિખામણ આપી કે આમ સર્વને વહેલા-મોડા જવાનું છે, માટે જરૂર જરૂર જરૂર ચેતજો. જાતે જોયેલી વાત ભૂલી ન જતાં આપણે માથે મરણની ડાંગ ઉગામેલી જોતાં રહી સત્કાર્યોમાં વધારે ચિત્ત દઈ પાપથી બીતા રહેવા વિનંતી છેજી.

જગતમાં કોઈ કોઈનું નથી. કોઈ કોઈનું દુઃખ લઈ શકતું નથી. કોઈ કોઈને સુખ આપી શકતું નથી. જીવ એકલો જ આવે છે અને એકલો જ પોતાનાં કરેલાં કર્મ ભોગવવા પરલોક જાય છે. માટે આણે મારું બગાડ્યું કે આ મારો શત્રુ છે, આ મને હિતકારી છે કે આનું તો મેં મને આખરે અવગતિ કરાવશે એવા રાગદ્વેષના ભાવો જીવન અને મરણને બગાડનારા છે. માટે પૂર્વે કરેલાં કર્મથી સુખદુઃખ આવે છે તેમાં કોઈનો દોષ નથી; માત્ર અણસમજથી બીજાના નિમિત્તને લક્ષમાં રાખી જીવ આકુળવ્યાકુલ થાય છે. ભલે કોઈ ચાકરી કરનાર હોય કે ન હોય; કોઈ આપણાં કામ ચલાવનાર પાછળ હોય કે ન હોય; કોઈ નિંદા કરે કે કોઈ વખાણ કરે તે તરફ લક્ષ ન રાખતાં આ જીવે કરેલાં કર્મ તેને અવશ્ય ભોગવ્યા વગર છૂટકો નથી. તેમાં કોઈનો વાંક નથી. હાથનાં કર્યાં હૈયે વાગે છે; માટે સમતા રાખી, સદ્ગુરુનું શરણું મળ્યું છે તે મહાભાગ્ય માની, તેને આશરે હવે દેહ છોડવો છે એવો પાકો નિર્ણય કરી, રોજ તે નિર્ણય પ્રમાણે વર્તાય છે કે બીજો આશરો શોધવા જીવ મોહવશ ભટકે છે તે તપાસતા રહેવા વિનંતી છેજી. આ પુરુષાર્થ જરૂર જીવને ઊંચો આણે એવો છે. માટે હવે બાહ્ય વસ્તુઓનું, બીજા જીવોનું અવલંબન છોડી સ્મરણ નિરંતર રહે અને સમભાવ રાખી સર્વ પ્રત્યે મૈત્રીભાવના અને સદ્ગુરુપદમાં અભેદભાવના જેમ વિશેષ રહે તેમ કરતા રહેવા સર્વ આત્મહિતેચ્છુઓને વિનંતી છેજી. થોડું લખ્યું ઘણું માનજો; વિશેષ વિચાર કરજો; અને કંઈ પણ આચરણ થાય છે કે નહીં તેની તપાસ રાખશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૬૮ અગાસ, તા. ૨૫-૪-૪૧

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૧૪, શુક્ર, ૧૯૯૭

પૂર્વકર્મને લઈને જીવને જે કરવું છે તે થતું નથી એવો સામાન્ય અભિપ્રાય લોકમાં પ્રચલિત છે, પણ તે પુરુષાર્થને હાનિકારક છેજી. પૂર્વકર્મ ન હોય તો તો સંસાર જ ન હોય, પણ પૂર્વકર્મને દૂર કરવા યોગ્ય અવસર પ્રાપ્ત થયો છે, છતાં જીવ ચેતતો નથી એ જીવનો પ્રમાદ છે; અને માને છે કે મારે આત્મહિત કરવું છે છતાં થતું નથી. ત્યાં પણ હજી તે માન્યતા ઉપલક છે; જેમ ખોરાકની, ઊંઘની અને ધનની જરૂરિયાત જણાઈ છે અને તેના ઉપાય ગમે તેટલા પરિશ્રમે પણ કર્યા કરે છે, તેમ જ્યારે ખરેખરી આત્મહિત કરવાની દાઝ લાગશે ત્યારે તે કામ કોઈ કહે ત્યારે કરવું કે અનુકૂળતા મળ્યે કરાય તો કરવું એમ નહીં રહે, પણ આપોઆપ એ કામમાં મનને લગાવી દેશે; તેવી ભૂખ લાગે નહીં ત્યાં સુધી સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્વિચાર, ભક્તિ આદિ ઉત્તમ નિમિત્તોની જીવને જરૂર અત્યારે તો ઘણી જ છેજી. જે કામ પ્રસંગે-પ્રસંગે, ક્ષણે-ક્ષણે કરતા રહેવાની જરૂર છે, તે કામ 'થશે', 'થશે', 'વખત

મળશે તો કરીશું' એમ રહે છે તે જીવની શિથિલતા છે. તે દૂર કરવા અને તેટલી જાગૃતિ વધારતા રહેવાની જરૂર છે. બીજે બધેથી પ્રેમ ઉઠાડી સત્પુરુષ, તેનો બોધ, તેનો સમાગમ, તેની આજ્ઞા, તે પ્રત્યે વાળવા યોગ્ય છેજી. એ જ વિચાર હરતાં, ફરતાં, કામ કરતાં, જતાં, આવતાં, સૂતાં, બેસતાં કરતા રહેવાય તેવી ટેવ મારે પાડવી છે એવો નિશ્ચય કરી, તે તરફ દિવસમાં ઘણી વાર લક્ષ દેવાય છે કે નહીં તે જોતા રહેવાની જરૂર છેજી. વાતોએ વડાં નહીં થાય, પણ કરવું પડશે એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા હતા તે લક્ષમાં રાખી સર્વેએ શાશ્વત વસ્તુમાં પ્રેમ કરતાં શીખવાની જરૂર છેજી. સમજણ જ્યારથી આવી ત્યારથી ઉત્તમ વસ્તુ તરફ પ્રેમ વધતો જાય એમ કરવામાં આવે તો દિન દિન આત્મા ઊંચો આવતો જાય; અને બીજાં ક્લેશનાં કારણો તેને વિઘ્ન કરી શકે નહીં તેવો નિર્ભય બની જાય. પરમપુરુષનાં વચનોમાં મન વિશેષ વાર રોકાય તેવું કરવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૬૯ અગાસ, વૈશાખ સુદ ૩, ૧૯૯૭

આપનો પત્ર મળ્યો. આપની ભાવના તેમાં તીવ્રપણે પ્રગટ કરેલી છે તે જાણી. કોઈ માણસને ભૂખ લાગી હોય અને 'ખાવું છે, ખાવું છે; રહેવાતું નથી, બહુ ભૂખ લાગી છે' એમ બૂમો મારે તો ભૂખ મટે નહીં; તેમ જ તેનો અયોગ્ય ઉપાય લે તોપણ મટે નહીં; રસોઈ ચૂલે ચઢતી હોય, બરાબર ચૂલામાં લાગતું હોય પણ અમુક કાળ દાળ વગેરેને ચઢવામાં લાગે તેટલી ધીરજ ન રાખે અને ઉતાવળ કરીને પાણી પી પી કરીને પેટ ભરી દે તો ખાવાની રુચિ તેની મટી જાય, પણ ખોરાકથી શરીરમાં શક્તિ આવવી જોઈએ તે આવતી નથી. ઊલટું રોગનું કારણ થાય છે. તેવી જ રીતે ઇંદ્રિયોની તૃષ્ણા, બળતરાથી જીવ ગભરાઈ જાય છે; જ્ઞાનીપુરુષોનાં વચનો વિષયોનું વિરેચન કરાવનાર હોય છે, તૃષ્ણારૂપ બળતરા મટાડવાની ખરી ઔષધી એ જ છે પણ તે સમજીને અંતરમાં ઉતારે ત્યારે શાંતિ થાય; પણ તે સમજવામાં વાર લાગે, વિચાર પહોંચે નહીં, સત્સંગ હોય નહીં ત્યારે જીવ ગભરાઈ જાય છે અને સાચો ઉપાય કરવાનો પડી મૂકી, પાણી પીને પેટ ભરી ભૂખની રુચિ બગાડી દેવા સમાન ઇંદ્રિયોને પોષવાની સામગ્રીના વિચારોમાં, તેવી વાતો કરનારની વાતો સાંભળવામાં અને વિકાર પોષવામાં કાળ ગાળી સત્સંગની રુચિને મંદ કરી દે છે અને વિષયસામગ્રી જ સુખ આપશે એવી ભાવના સેવ્યા કરે છે, તે પાણી વલોવવાથી માખણની આશા રાખ્યા સમાન નિરર્થક અને માત્ર શ્રમ આપનાર જ છે. માટે ખારા ઝેર જેવા સંસારમાં ક્યાંય, કોઈ ભવમાં સુખ નથી એવો દૃઢ નિશ્ચય કરી, તે સંસારનાં મૂળ ઉખેડી નાખે તેવા સત્સંગમાં જ ચિત્ત વારંવાર આણવાની જરૂર છેજી.

દરેક મુમુક્ષુના સાક્ષાત્ અનુભવની વાત છે કે જ્યારે પ્રથમ સત્પુરુષનો યોગ થયો ત્યારે કેવી ભાવના વર્તતી હતી? કેવાં સુંદર પરિણામ આત્મહિત કરી લેવાનાં ઊભરાઈ રહેતાં હતાં? આપણને સ્મરણ મળ્યું અને તેનું આરાધન કરવા માંડ્યું ત્યારે કેટલું બળ આત્મામાં જણાતું હતું? જ્યારે એ પ્રત્યક્ષ પુરુષનો સમાગમ થતો ત્યારે વિષયવાસના ક્યાં સંતાઈ જતી હતી? એ સમાગમની ખુમારી દેશ ગયા પછી પણ કેવી રહેતી? આ બધી વાતો આપને સ્મૃતિમાં લેવા જણાવ્યું તેનું કારણ એ છે કે એ દવા સાચી છે, તેનો લાભ જેણે એક વખત પણ મેળવ્યો

છે તેણે તો તે દવા નિરંતર સેવ્યા જ કરવા યોગ્ય છેજી. તેને વિરોધી પ્રસંગોથી દૂર રહી, જેથી તે દવા ગુણ કરે તેવા પથ્ય સમાન અનુકૂળ સંજોગો મેળવી, સત્પુરુષનાં વચન છે તે જાણે પ્રત્યક્ષ પુરુષ આપણને એકાંતમાં બોલાવીને બોધ જ કરે છે એમ માની તેનું સેવન વિશેષ વિશેષ કર્યા કરવાથી જરૂર વૈરાગ્યની વૃદ્ધિ થશે અને આ સંસાર એવો ભયંકર લાગશે કે બળી મરવું સારું પણ સંસાર વધારે એવું તો મારે કંઈ કરવું જ નથી. સ્વપ્નમાં પણ વિષયો સારા છે, મીઠા છે એવું ન ભાસે તેવી દૃઢતા થતા સુધી સત્પુરુષનાં વચનોરૂપી ઔષધી રાતદિવસ સેવવા યોગ્ય છે.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા કે કોઈ એક બાઈ પોતાના નાના બાળકને ખીર પીરસી કામ હોવાથી પાણી ભરવા જતાં બાળકને લાકડી આપતી ગઈ ને કહ્યું કે કૂતરું આવે તો લાકડી મારજે. હા બાળકે કહી એટલે તે ગઈ. કૂતરું તાકી રહ્યું હતું તે એકલા બાળકને જોઈ ઘરમાં અંદર આવી બાળકની થાળીમાંથી ખીર ખાવા લાગ્યું. તે વખતે બાળક તો રડવા લાગ્યું : 'મારી ખીર ખાઈ જાય છે રે.' તેમ વિષયકષાય પજવે ત્યારે રડવું તે કંઈ ઉપાય નથી પણ જ્ઞાનીપુરુષની આજ્ઞારૂપ લાકડી સંભારી તેમાં હૃદયને જોડી દેવું એટલે વિષય-કૂતરાં તુર્ત નાસી જશે, ખેદ કરવારૂપ રડવાથી તે ખસે તેમ નથી, કર્મ પ્રાર્થના સાંભળે તેવાં નથી, તે તો શરમ વગરનાં છે. માટે જ્ઞાનીની આજ્ઞા મંત્ર-સ્મરણ, ભક્તિ વગેરેમાં ચિત્ત વધારે રાખવાથી વિષયોની બળતરામાં પેસવાનો તેને વખત નહીં મળે. કાં તો કામ, કે કાં તો સ્મરણ આદિ એમ મનને નવરું ન રાખવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૭૦ અગાસ, તા. ૨૯-૪-૪૧

તત્ ૐ સત્ વૈશાખ સુદ ૩ અક્ષયતૃતીયા, મંગળ, ૧૯૯૭

દોહરા– જે કલ્યાણક ઉત્સવો, ઊજવે દેવ વિનીત,
ગર્ભ, જન્મ, દીક્ષા અને, જ્ઞાન નિર્વાણ નિમિત્ત. ૧
તે ઉત્સવમાં ઉલ્લસે, ભક્તિ-ભાવ મહાન,
સમ્યક્દર્શન આદિનાં પ્રાપ્તિ-પોષણ-સ્થાન. ૨
તે તે ભાવો પામવા, અને પોષવા આજ,
યથાશક્તિ લે લાભ સૌ, કરતાં આતમ કાજ. ૩
ઉપકારી ગુરુદેવનો, વિરહ સહ્યો નવ જાય,
પણ બાંધી પૂરવભવે, ઉદય થઈ અંતરાય. ૪

વિ. પરમ ઉપકારી પરમ પૂજ્ય વિદેહદશાધારી પ્રભુશ્રીજીની જે તિથિ નિમિત્તે આપ સર્વે મુમુક્ષુજનો ભક્તિભાવ અર્થે એકત્ર થયા છો તે તિથિ વિષે સં. ૧૯૯૨ મહા વદ ૭, તારીખ ૧૪-૨-૧૯૩૬ને રાત્રે દશેક વાગ્યે પોતાને મુખે કહેલાં વચનોમાંથી થોડાં લખ્યાં છે:

"જેમ આત્મસિદ્ધિનો જન્મ આસો વદ ૧નો છે; પરમકૃપાળુદેવનો જન્મ કાર્તિકી પૂનમે છે એમ એક તિથિ આ દેહ પણ પડશે ત્યારે નક્કી થશે....તે દિવસ ઉઘાડો ફૂલ જેવો પછી તો જણાશે. તે દિવસે આત્મસિદ્ધિની ભક્તિ કરવી, ઉત્સવનો દિવસ ધર્મમાં ગાળવો,

અને જમણવાર થાય તે બધા જે આવે તે જમી જાય. પણ તે દિવસે મરણતિથિએ જમણ થાય ? એમ પોતે પ્રશ્ન ઉઠાવ્યો. પોતે જ જવાબ વાળ્યો કે તે જન્મતિથિ કે મરણતિથિ નહીં પણ આત્માની તિથિ ગણવી. એટલે જમણ કરવામાં કંઈ બાધ નથી. તે એક દિવસે આત્મસિદ્ધિની ભક્તિ જે કરશે તેને હજાર ઉપવાસનું ફળ થાય તેટલો લાભ થશે. તેમાં પોસહ, જપ, તપ, સંજમ બધું આવી જાય છે.''

આવાં વખાણ જે તિથિનાં પોતે કર્યાં છે, તે તિથિએ સર્વ ભાઈબહેનો મોક્ષની ઇચ્છાથી તકલીફ વેઠીને એકઠાં થયાં છો તો તે દિવસે ઉલ્લાસભાવે આત્મસિદ્ધિશાસ્ત્રની ભક્તિમાં આત્માને લીન કરવા ભલામણ છેજી. સંસારી વાસનાઓ એક દિવસ દૂર કરી, આત્મા અનાદિકાળથી અનાત્મ (જડ) વસ્તુઓમાં રાચી રહ્યો છે, તેને સદ્ગુરુની આજ્ઞારૂપ ભક્તિરંગમાં રંગાય અને ભક્તિની ભૂખ ઊઘડે તેવી રીતે તેની તે વાતોમાં રાતદિવસ ગળાય તેમ વર્તશો તો ઉપર જણાવેલું ફળ, હજારો ઉપવાસ કરતાં ચઢી જાય તેવો લાભ લેવાનો જોગ આવ્યો છે તે સફળ થશે. દેવો જેમ સ્વર્ગનાં સુખ છોડીને તીર્થંકર આદિ પાસે કે નંદીશ્વર દ્વીપ વગેરે પવિત્ર સ્થળોમાં ભક્તિ માટે એકઠા થઈ ઉત્સવ ઊજવે છે તેવો યોગ આજે આવ્યો છે. તે પરમ પાવનકારી ગંગામાં ડૂબકી મારી પવિત્ર થઈ જીવન પલટાવવા, સદાય તેની ખુમારી ટકાવવા, નવો જ જન્મ જાણે મળ્યો હોય તેમ નવજુવાન થઈ આત્માના કાર્યમાં મચ્યા રહેવા વિનંતી છેજી. ઘેર ઘેર સંપ, સત્સંગની જરૂર, મુમુક્ષુ ભાઈબહેનો પ્રત્યે ઉલ્લાસ, સેવા, વિનય, ભક્તિ, મૈત્રીભાવ ઊછળતાં રહે અને કોઈનો દોષ નજરે ન ચઢે પણ સંસારીભાવ, પહેલાંના અણબનાવ ભૂલી જવાય અને નવા રાજા ને નવી પ્રજા જેવું નવજીવન સઘળે ફેલાય, દોષો ઘટી ગુણો ખીલી નીકળે તેમ વર્તવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૭૧ અગાસ, તા. ૧-૫-૪૧

તત્ ૐ સત વૈશાખ સુદ ૫, ગુરુ, ૧૯૯૭

પૂ....ની ઉત્કંઠા મંત્રસ્મરણની છે તો પરમકૃપાળુદેવની સાક્ષીએ, નમસ્કાર ન થાય તો ચિત્રપટનાં હાથ જોડી દર્શન કરી ભાવના કરે કે હે પ્રભુ ! આપની આજ્ઞાથી 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનું મારા આત્માના ઉદ્ધારને અર્થે આરાધન કરીશ. ભક્તિ કરીને બીજી કશી સંસારી વાસના પોષવાની ભાવના ન રાખવી. લોકો દીકરા માટે, ધન માટે કે દેવલોકનાં સુખ માટે ધર્મ કરે છે કે મંત્ર જપે છે; તેમ ન કરતાં જન્મમરણ ટાળવા અને મોક્ષ થાય તેટલા માટે જ આ મંત્ર પરમકૃપાળુદેવની કૃપાથી મને મળ્યો છે, તે જેવો તેવો નથી. જ્ઞાનીપુરુષે આત્મા જેવો જાણ્યો છે, અનુભવ્યો છે, અને કહ્યો છે તેવો આત્મા મારે માનવો છે, તે આત્મા જણાવવા આ મંત્ર પરમપુરુષે યોજ્યો છે; તે આત્માર્થે જ હું તેને જપ્યા કરીશ. જે જ્ઞાનીપુરુષે માન્યું છે, તે બધુંય મારે માનવું છે; મારું માનેલું બધું ઊંધું છે, તે સવળું કરવા આ મંત્રમાં હું ભાવ રાખું છું. જેમ કોઈ કૂવામાં પડી ગયો હોય અને તેને તરતાં આવડતું ન હોય છતાં દોરડું હાથમાં આવી જાય તો પછી તે ડૂબે નહીં, દોરડે દોરડે બહાર નીકળી શકે; તેમ આ મંત્ર જ્ઞાનીની આજ્ઞાથી મળેલો મારો ઉદ્ધાર કરનાર છે એટલો વિશ્વાસ રાખી બને તેટલી વાર

રાતદિવસ જપ્યા કરવા યોગ્ય છે. બીજેથી ચિત્ત પાછું વાળી એ મંત્રમાં રાખવું. શરીરમાં દુઃખ, પીડા, વેદના થતી હોય ત્યારે મન ત્યાં જાય છે અને હું દુઃખી છું, દુઃખી છું એમ થાય છે તે આર્ત્તધ્યાન કહેવાય છે; તેથી કર્મ બંધાય છે અને ઢોર-પશુના ભવમાં જવું પડે. પણ આ મંત્રમાં ચિત્ત રાખે તો ધર્મધ્યાન થાય અને સારી ગતિ થાય છે. જ્ઞાનીએ જાણ્યો છે એવો આત્મા દેહથી, દેહના દુઃખથી અને દેહના સર્વ સંબંધોથી જુદો છે, પરમાનંદરૂપ છે, નિત્ય છે, તે મરતો નથી, તેને વૃદ્ધાવસ્થા નથી, તે કપાય નહીં, છેદાય નહીં, બળે નહીં; સર્વ વખતે ક્ષણે-ક્ષણે નિરંતર જાણ જાણ કરનાર છે તે આત્મા આ મંત્રમાં કહ્યો છે, તે મારે વારંવાર સંભારવો છે. ગમે ન ગમે તોપણ જેમ રોગ મટાડવા કડવી દવા આંખો મીંચીને પી જાય છે તેમ પરાણે પણ મનને મારે મંત્રમાં જ હવે તો રાખવું છે; એવો દૃઢ વિચાર કરી તે પ્રમાણે વર્તવા ભલામણ છેજી. શરીર ઠીક થયે પણ રોજ અમુક માળા બેત્રણ રોજ ફેરવવાની ટેક રાખવી અને હરતાં ફરતાં, કામ કરતાં પણ જીભથી મંત્ર બોલતા રહેવાની ટેવ પાડી મૂકી હશે તો તે સમાધિમરણનું કારણ છેજી. જ્ઞાનીએ જણાવેલી જન્મમરણ ટાળવાની આ અમૂલ્ય દવા છેજી. માટે તેને સામાન્ય થઈ જવા ન દેવી. સ્મરણ કરતાં મન જ્ઞાની પ્રત્યે રાખવું. જ્ઞાનીપુરુષ આત્મા જ છેજી. સમાધિસોપાનમાંથી સમાધિમરણ સંબંધી છેવટે પ્રકરણ છે તે તેમને બને તો સંભળાવવા વિનંતિ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૭૨ અગાસ, તા. ૨-૫-૪૧

તત્ ૐ સત્ વૈશાખ સુદ ૬, શુક્ર, ૧૯૯૭

ધનવાનને ધનનો લોભ હોય છે તેમ શક્તિશાળી વિદ્યાર્થીઓને પણ બીજાના કરતાં વિશેષતા મેળવી આગળ આવવાનો લોભ સહેજે હોય છે. ખરી સ્પર્ધા તો પોતાના વિકાસને વધારવાની છે. 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન' એ કહેવત મુજબ કેટલીક વખત બીજાના તરફ નજર રાખનારા ઠગાય છે; માટે પોતાના દોષ દેખી દોષો દૂર કરવા કમર કસવાની છેજી. અત્યારની કેળવણી એકતરફી છે; વધારે ગોખે, સ્મૃતિમાં રાખે, કહી કે લખી બતાવે તે આગળ આવે છે. એ ગુણો પણ જરૂરના છે, છતાં તમારા પત્રમાં જે દોષો (પ્રમાદ આદિ) તમે વર્ણવ્યા છે તે યથાર્થ રીતે ખૂંચતા હોય તો તે દૂર કરવા કેડ બાંધવી ઘટે છે.

નિદ્રા જીતવા સંબંધી તમે ભાવના પત્રમાં જણાવી છે તેના ઉપાયરૂપ સંક્ષેપમાં લક્ષમાં રાખવા યોગ્ય આ છે : (૧) જિતાશ(સ)ન = આહાર અથવા આસનનો જય. (૨) આરાધનામાં પ્રમોદ=માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં તલ્લીનતા (૩) સંવેગ = મુક્ત થવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઇચ્છા–અભિલાષા નહીં (૪) શોક : પશ્ચાત્તાપ = જ્યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું ત્યારથી હવે ઘણી થઈ; હે જીવ! હવે થોભ.

મુઝાવા યોગ્ય નથી. હિંમત હારવી નહીં. ભાવના વર્ધમાન કરવાથી સૌ સારાં વાનાં થઈ રહેશેજી. "यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी." જેવી જેની ભાવના તેને તેવું ફળ મળ્યા વિના રહેતું નથીજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૭૩ અગાસ, તા. ૧૦-૫-૪૧
તત્ ૐ સત્ વૈશાખ સુદ ૧૪, શનિ, ૧૯૯૭

દેવાનંદન હો! રાજચંદ્ર પ્રભુ પ્યારા, આ કળિકાળે હો! અમને ઉદ્ધરનારા.

એરંડા-ડાળે કર્યો મંડપ, તરણે તરણે ઢાંકે,
ક્ષણે ક્ષણે તરણું ઉમેરે, છેલ્લે તરણે ભાંગે. દેવા૦
અલ્પ અરે! અગ્નિ સંઘરતાં, કોઈ ન શાંતિ પામે,
સકલ વિશ્વને બાળી દે તે, શિથિલપણાને નામે. દેવા૦
'સમય માત્ર પ્રમાદ ન કરવો' કહ્યું, ન કાઢી નાખો,
રે! અત્યંત પ્રમાદ છતાંયે, કેમ ન કાળજી રાખો? દેવા૦ (પ્રજ્ઞા૦ ૯૫)

તીર્થશિરોમણિ ભવદવત્રાસિતને શાંતિ પ્રેરક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી. વિ. આપના બન્ને પત્રો મળ્યા. આપની સૂક્ષ્મપણે દોષ જોવાની વૃત્તિ સંતોષકારક છેજી. તે જ પ્રમાણે દોષ ટાળવાની તત્પરતા રોગ, શત્રુ અને દોષને ઊગતાં જ દાબવા અર્થે પ્રવર્તે એમ ઇચ્છું છુંજી.

બીજું, આત્મહિતને અર્થે નિવૃત્તિને લક્ષે કૉલેજના અભ્યાસની અભિલાષા રાખો છો તે પ્રથમ કારણ વિચારતાં પ્રશસ્ત જણાય છેજી. તમે ધારો છો તે ઉપરાંત તેમાં બીજાં કારણો પણ ગર્ભિત રહ્યાં છે. એક તો તમે કમાયા પહેલાં લગ્ન ન કરવાના વિચારવાળા હો, તે બાબત મક્કમ રહી શકો તેમ હો, તો બ્રહ્મચર્યપાલનનો કાળ લંબાય છે. બીજું, તમારા પ્રત્યે કુટુંબી આદિ જનોની વૃત્તિ માનભરી થવાનું કારણ પણ તેમાં છે; કારણ કે, એક તો વિદ્યામાં વૃદ્ધિ; બીજું, સારી કમાણી કરી શકો તેવી યોગ્યતાની આશા; ત્રીજું, તમારો તેમના પ્રત્યે સદ્ભાવ જાણવાનો પત્રાદિ દ્વારા તેમને પ્રસંગ પડે, વિદ્યા સાથે વિનય વધે તે છાપ પાડ્યા વિના ન રહે. વિશેષમાં હાલની વિદ્યાના ફળરૂપ કોઈ પણ કમાણીનું સાધન એવું મળવા સંભવ છે કે જેમાં થોડા વખતના (અમુક કલાકના) ભોગે આજીવિકા સરળપણે પ્રાપ્ત કરી શકાય અને બાકીનો બચતો વખત આત્મહિતમાં યોજી શકાય. જ્ઞાનનાં ક્ષેત્રો ઘણાય છે તેનું સિંહાવલોકન પણ થઈ જવાથી સંકુચિત દૃષ્ટિ ન રહે. બે-ચાર વર્ષ માનસિક તાલીમ લેવાય તેનો ઉપયોગ સદ્વિચારમાં પણ થવાનો સંભવ છે, એટલે સત્પુરુષનાં વચનો દીર્ઘદૃષ્ટિથી વિસ્તારથી સમજી સમજાવી શકાય તેવી યોગ્યતાનું કારણ બને. પકવ વય થતાં કમાણી આદિ સાધનો પણ પોતાની પસંદગી પ્રમાણે અને બીજાના દબાણ વિના વિચારીને ગ્રહણ કરવાનો પ્રસંગ બનવા સંભવ છે. આ આદિ અનેક કારણો વિચારતાં તમે અભ્યાસ અર્થે ટૂંકી દૃષ્ટિ ન રાખો તે હિતકર લાગે છે. બીજું, અભ્યાસને માટે સ્કૉલરશિપ વગેરે પ્રયત્ન કરવા ધારતા હો તો તે કંઈ ખોટું નથી; પણ તબિયત બગડે તેવા પ્રયત્ન કરવા જતાં, પૈડામાંથી ખીલો નીકળી જતાં ગાડું અટકી પડે તેમ બને, તો બધી ધારણા બંધ રહેવાનો પ્રસંગ આવે. માટે તેની ફિકર નહીં કરતાં બીજા ઉપાય લેવા. ધર્મલક્ષ્ય જેને આત્મહિત કરવું હશે તેણે સત્સંગ દ્વારા શોધવો વહેલેમોડે પડશે. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૨૭૪ અગાસ, તા. ૧૦-૫-૪૧
તત્ ૐ સત્ વૈશાખ સુદ ૧૪, શનિ, ૧૯૯૭

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ—મૂળ૦
એમ જાણે સદ્ગુરુ-ઉપદેશથી રે; કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ—મૂળ૦"

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ."

"ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય;
ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય."

"ફળદાતા ઈશ્વર તણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર."

હરિગીત— ઈશ્વર કરે છે સર્વ એવું માનતાં પુરુષાર્થનો—
અવકાશ કોઈ ના રહે, હિત સાધવા ન સમર્થ, જો.
ના બંધ-મોક્ષ ઘટે, પછી ઉપદેશ કરવો વ્યર્થ તો,
જીંવ યંત્ર સમ ગણવારૂપે સિદ્ધાંત માત્ર અનર્થનો.
સમ્યક્ ગુણો સાધી ગયા મોક્ષે ઘણા, તે આદરો;
વૈરાગ્ય, ભક્તિ આદિ સાધન સુગુરુ-આજ્ઞાથી કરો.
કુળાગ્રહો તજી સત્ય પામો, એ જ અંતે વિનતિ,
સંક્લેશથી જગ દુઃખી છે, તે ક્લેશ ટાળે સુમતિ.
સમ્યક્ત્વ પામી મોક્ષ પામે, લાભ એ મોટો ગણો,
મેલા વિનાશી અન્ય ભાવોમાં જતો ભવ આપણો.
ઉપકાર સદ્ગુરુ તણો વિવેકી ના વિસારતા,
તેની જ ભક્તિથી સુદર્શન આદિ સૌ લાભો થતા. (પ્રજ્ઞાવબોધ - ૭૫)

આપનો પત્ર મળ્યો. કંઈક વિચારપ્રમાદમાંથી જાગતાં પ્રશ્નમાળા લખી તે વાંચી. તે સર્વ પ્રશ્નોના ઉત્તર સમાગમે સાંભળવાથી સમાધાન થવા યોગ્ય જણાય છેજી. તોપણ ટૂંકામાં પ્રથમ પ્રશ્ન અને તેનો ઉત્તર યથાશક્તિ લખી મોકલું છું. તે દરરોજ એકાદ પ્રશ્ન વિશેષ વિચારી, ઉત્તરનો મનમાં વિસ્તાર બને તેટલો કરવા વિનંતી છેજી. ટૂંકામાં તો મથાળે લખેલાં પદ્યોમાં જ ઉત્તર આવી જાય છે; તે પણ ફરી ફરી વિચારશોજી.

(૧) પ્રશ્ન — દરરોજ માળા ફેરવવી, ભક્તિ કરવી, યમનિયમ, સામાયિક વગેરે બોલવાથી શું થાય છે?

ઉત્તર — જ્ઞાનીએ આત્મા જાણ્યો છે, તે જણાવવા પોતાને જેથી લાભ થયો છે એવાં સત્સાધન બતાવ્યાં છે; તેનો વિશ્વાસ રાખી અભ્યાસ કરવાથી જીવને પોતાને સ્વચ્છંદે વર્તવાની ટેવ છે તેને બદલે જ્ઞાનીની આજ્ઞા ઉપાસાય છે.

"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ."

આત્મા વિષે, મોક્ષ વિષે તેને વિચાર જાગે છે અને મોક્ષના ઉપાય ઉપર પ્રતીતિ આવે છે. ક્લેશનાં કારણો ક્લેશરૂપ લાગે છે અને સદ્ગુરુ પ્રત્યે, તેના સાધન પ્રત્યે તથા સત્સાધકો પ્રત્યે પ્રેમ, વિશ્વાસ, ભક્તિ વધતાં સંસારની દુષ્ટ વાસનાઓ ઓછી થઈ, "સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દ્દષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!" (૪૯૩)

(૨) પ્રશ્ન — જ્ઞાન કોને કહેવાય?

ઉત્તર — "જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય,
સુખદુઃખ આવ્યે જીવને, હર્ષશોક નવિ થાય."
"આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.
જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."

આત્મજ્ઞાન એટલે દેહથી આત્મા જુદો છે; સ્વ-પર પ્રકાશક છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. આ છપદનો યથાર્થ નિર્ણય થાય તેને 'મારું-તારું' મટી શુદ્ધ આત્માનો અનુભવ થાય. "જે છપદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે." (૪૯૩)

"જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો." એ પદ તત્ત્વજ્ઞાનમાંથી વિચારશોજી.

(૩) પ્રશ્ન — મોક્ષ કોને કહેવાય?

ઉત્તર — શુભ કે અશુભ ભાવ વડે પુણ્ય કે પાપ બંધાય છે, તેની નિવૃત્તિ થયે જીવ સમભાવમાં, આત્મભાવમાં માત્ર જ્ઞાતા દ્રષ્ટા નિર્વિકલ્પ રહે ત્યારે પૂર્વે બાંધેલાં કર્મ છૂટવા માંડે છે અને નવાં કર્મ બંધાતાં નથી. રાગદ્વેષમાં જીવ તણાયા કરે છે તે ટેવ પલટાવી મંત્ર આદિ જ્ઞાનીની આજ્ઞામાં સ્થિર થતાં શાંતિ – આત્મસુખ – અનુભવાય તો કશા બીજા વિકલ્પો ન રહે, ત્યાં માત્ર આત્મા આત્મારૂપે જ રહે, એવી દશાથી કર્મ જેટલાં બાંધેલાં છે તે બધાં ક્ષય થતાં નિરંતર શુદ્ધ આત્મસ્વરૂપે પરમ આનંદમય સદાય રહેવું તે મોક્ષ છે:

"દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખ ભોગ."

(૪) પ્રશ્ન — આ દુનિયા કોણે રચી છે? આ બધું એમ જ કેમ થયા કરે છે?

ઉત્તર — "કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ" આ વાંચી આપને પ્રશ્ન થયો કે આપણો શુદ્ધ સ્વભાવ તેને ઈશ્વર કહ્યો તો આ જગતનો કર્તા કોણ છે? મોક્ષમાળા, શિક્ષાપાઠ ૧૦૧માં પ્રથમ વાક્ય છે કે "એક ભેદે નિયમ એ જ આ જગતનો પ્રવર્તક છે."

તે વિચારીએ તો જડ પદાર્થો જડના નિયમે પ્રવર્તે છે અને ચેતન પદાર્થો ચેતનના ધર્મે (નિયમ) પ્રમાણે પ્રવર્તે છે. તમે ચૂલો ચેતાવી તપેલીમાં આધણ મૂકી ચોખાદાળ ચઢતા સુધી લગાડો છો તો ખીચડી થાય છે. તેવી રીતે દુનિયાનાં બધાં કાર્યો બધા સંસારી જીવો કરે છે. સંસારી જીવ કામ કરવાના ભાવ કરે છે અને તેને અનુસરીને તેનું વીર્ય કે શક્તિ પ્રવર્તે છે, તે પ્રમાણે જડ પદાર્થો પોતાના નિયમની મર્યાદા પ્રમાણે પ્રવર્તે છે. વધારે લાગે તો ખીચડી બળી જાય અને ન લાગે તો કાચી રહે. દુનિયામાં થતાં કાર્યોનો કંઈક ખુલાસો થવા આ દૃષ્ટાંત છે. પણ પ્રશ્ન થાય કે પૃથ્વી, અગ્નિ વગેરે કોણે રચ્યાં? તેનું સમાધાન કે પૃથ્વીના કણો જેની કાયા છે એવા જીવો એવાં કર્મ બાંધવાથી ત્યાં ઉત્પન્ન થાય છે, તે પૃથ્વીકાયરૂપ દેહ છોડી બીજે જન્મે છે ને વળી બીજા વનસ્પતિ આદિ જીવો જેમણે તેવાં જ કર્મ બાંધ્યાં હોય તે પાછા પૃથ્વીરૂપ શરીર ધારણ કરે છે. આમ અનંત જીવો પૃથ્વી, અગ્નિ, પાણી, વાયુ આદિ શરીરો ધારણ કરી રહ્યા છે, મરે છે, જન્મે છે છતાં પૃથ્વી તેની તે આપણને દેખાય છે. તેવી જ સ્થિતિ સૂર્ય, ચંદ્ર, તારા વગેરેની સમજવી. આ સંબંધી ઘણા પ્રશ્નો ઊઠે પણ સમાગમ વિના માત્ર પત્રથી તેનું સમાધાન થવા સંભવ નથી. છતાં વિચારાય તેટલા પ્રશ્નો વિચારવા, નોંધી રાખવા અને અવસરે તેનો ખુલાસો મેળવી નિઃશંક થવાની જરૂર છેજી.

આ પ્રશ્નનો બીજો ભાગ 'આ બધું એમ જ કેમ થયા કરે છે?' તેનો કંઈક ખુલાસો ઉપરના લખાણથી થશે; છતાં જુદો ખુલાસો લખું છું. રાત્રિ, દિવસ, ઋતુ, ચોમાસું આદિ વિજ્ઞાનના પ્રશ્નો વિદ્વાનોએ બહુ વિચાર્યા છે. નિશાળની વાચનમાળામાં પણ તેવા પાઠ મૂકેલા છે. પૃથ્વી, ચંદ્ર આદિની ગતિના નિયમોને અનુસરીને બધા ફેરફારો થયા કરે છે તથા પવનના પ્રવાહોને અનુસરીને વરાળનાં વાદળાં અને વરસાદ જંગલ આદિ અનુકૂળ સ્થળોએ વધારે અને ઉજ્જડ પ્રદેશોમાં ઓછો આમ થાય છે તેનું વર્ણન આ ટૂંકા પત્રમાં થઈ શકે તેમ નથી. પણ ઈશ્વરને નહીં માનનારા વિજ્ઞાનશાસ્ત્રીઓએ તેનાં કારણો બુદ્ધિને સંતોષ આપે તેવાં આપ્યાં છે. બધાનો સાર એ છે કે અમુક અમુક નિયમોને અનુસરીને દુનિયામાં બધું પ્રવર્તન થયા કરે છે. વળી એમ પણ પ્રશ્ન ઊઠે કે રાજા, રંક, રોગી, નીરોગી, પાપી, પુણ્યવંત વગેરેની વ્યવસ્થા કે હિસાબ કોણ રાખે છે? તેનો ઉત્તર પણ કર્મના નિયમો વિચારવાથી મળી આવે છે. જેવા ભાવો જીવ કરે છે તેવા પ્રકારના જડ પરમાણુઓનો યોગ જીવ સાથે સંબંધમાં આવે છે, તે કાળે કરીને બીજ જેમ વાવવાથી ફળ આપે છે તેમ પરભવમાં પોતાના નિયમને અનુસરીને ફળ આપે છે. જીવ દેહ છોડીને જાય છે ત્યારે કર્મનો બનેલો સૂક્ષ્મ દેહ રથની પેઠે તેને જ્યાં તે કર્મ ફળવાન થવાનાં હોય તેવી જગ્યાએ – ગર્ભ આદિમાં – લઈ જાય છે. ત્યાં સ્ત્રી, પુરુષ આદિ જેવાં કર્મ બાંધ્યાં હોય તેવો દેહ, બીજમાંથી છોડ થાય તેમ પ્રગટે છે, ક્રમે કરીને વધે છે અને જેટલું આયુષ્ય હોય તેટલા વખત સુધી ટકીને પાછો તે દેહસંબંધ છૂટી અન્ય સ્થળે તે જ રીતે જાય છે ને કર્મનાં ફળ ભોગવે છે. જેમ સાત દિવસ સુધીની ચાવીવાળું ઘડિયાળ હોય તે ચાવી દીધી એટલે સાત દિવસ સુધી ચાલ્યા કરે તેમ આયુષ્ય ચાલે ત્યાં સુધી આ ભવનાં કર્મો નિયમિત દેખાયા કરે છે અને ભોગવાઈ રહે તેમ છૂટતાં જાય છે અને રાગદ્વેષના ભાવો પ્રમાણે નવાં બંધાતાં જાય છે તે નવા દેહનું કારણ થાય છે.

(૫) પ્રશ્ન — માણસ મરી જાય છે તે કેવી રીતે અંદરથી આત્મા જતો રહે છે? કંઈ ખબર કેમ પડતી નથી?

ઉત્તર — ઉપરના પ્રશ્નમાં ઉત્તર ઘણોખરો આવી ગયો છે પણ ફરી સ્પષ્ટ થવા લખ્યું છે. આયુષ્યકર્મને આધારે આ દેહ ટકતો હતો તે જેમ દીવામાં દિવેલ કે ઘાસતેલ થઈ રહે એટલે દીવો બુઝાઈ જાય છે અને જ્યોતિ વગરનું ફાનસ કે કોડિયું પડ્યું રહે છે તેમ દેહમાંથી અરૂપી (આંખે ન દેખાય તેવો) આત્મા કર્મ જ્યાં લઈ જાય ત્યાં ચાલ્યો જાય છે એટલે તેના આધારે શ્વાસોચ્છ્‌વાસ, લોહીનું ફરવું, ગરમી વગેરે નિશાનીઓથી જીવ જણાતો હતો તે ન દેખાવાથી આત્મા ચાલ્યો ગયો એવું નક્કી થાય છે. પવન વાતો હોય ત્યારે જેમ ઝાડનાં પાન હાલતાં જણાય છે, પણ સ્થિર પાન જણાય તો પવન પડી ગયો છે એવું લાગે છે તેમ આત્મા આંખે દેખાય તેવો પદાર્થ નથી અને કર્મ જે સાથે જાય છે તે પણ પવનની પેઠે દેખાય તેવાં નથી. એટલે જતો કેમ કરીને ભળાય? પણ જેનો આત્મા નિર્મળ હોય છે તે તો મરતાં પહેલાં પણ જાણે છે કે છ મહિના પછી આનો દેહ છૂટી જશે. પરમકૃપાળુદેવ ઘણાને કહેતા કે અમુકનું આટલું આયુષ્ય છે. જ્ઞાન ઉપર આવરણ હોવાથી તે શક્તિ ઢંકાઈ ગઈ છે, તેને ખબર નથી પડતી. અરીસા ઉપર કચરો બહુ ઠર્યો હોય તો મુખ અંદર દેખી શકાતું નથી તેમ જ્ઞાનાવરણીય કર્મના થરથી બધું જાણી શકે તેવો આત્મા મૂઢ જેવો બની કંઈ જાણી શકતો નથી.

(૬) છેલ્લે ભાવના કરી છે કે 'થોડોક અનુભવ થવો જોઈએ.' એનું સમાધાન એ છે કે તે અર્થે જ જ્ઞાનીપુરુષોએ ધર્મ પ્રરૂપ્યો છે. માંદો માણસ ઇચ્છે કે 'હવે રોગ મટવો જોઈએ' તો વૈદ્ય શું કહે? દવા લેશો અને તે જેમ જેમ તેની અસર રોગ ઉપર કરશે તેમ તેમ આરોગ્યતા વધતી જશે, પણ પથ્ય દવા નિયમિત લીધા કરવી પડશે. આત્મસિદ્ધિશાસ્ત્રમાં છેલ્લે કહ્યું છે :

"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."

સદ્‌ગુરુ વૈદ્યે પોતે અનુભવેલી ખરેખરી ફાયદો કરે તેવી દવા "વિચાર કરવારૂપ ધ્યાન"ની બતાવી છે. "કર વિચાર તો પામ." સાથે પથ્ય પણ બતાવ્યું કે સદ્‌ગુરુએ કરેલા બોધને અનુસરીને વિચાર કરે, તેની કરેલી આજ્ઞા નિયમિતપણે સાચા દિલે વિશ્વાસ રાખી ઉઠાવે, તો આત્મભ્રાંતિરૂપી મહારોગ મટે અને સમ્યક્‌દર્શનરૂપ નેત્ર ઊઘડે, તો સર્વજ્ઞ ભગવાને કહેલું યથાર્થ સમજાય. છપદના પત્રમાં પણ અનુભવ થવા અર્થે લખ્યું છે : "અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ (હું સ્ત્રી છું, પુરુષ છું, બ્રાહ્મણ છું, વાણિયો છું, ગરીબ છું, ધનવાન છું આદિ), મમત્વભાવ (મારો દેહ છે, સગાં છે, ધન છે, ઘરેણાં છે, કપડાં છે, ઘર છે, વેપાર છે આદિ) તે નિવૃત્ત થવાને અર્થે આ છપદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજમાત્રમાં તે જાગ્રત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ ઉત્પન્ન ન

થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે એમ સ્પષ્ટ – પ્રત્યક્ષ – અત્યંત પ્રત્યક્ષ – અપરોક્ષ તેને અનુભવ થાય છે.'' (૪૯૩) આથી વધારે જ્ઞાનીપુરુષ શું કહે? જીવ પોતાની કલ્પનાઓ મૂકીને 'જ્ઞાનીએ કહ્યું છે તે સત્ય છે, જરૂર મારે તે જ માનવું છે, નથી મનાતું તે મારો દોષ છે' એમ માની વારંવાર જ્ઞાનીપુરુષનાં વચનો વિચારવાથી 'તે સાચાં છે' એમ ભાસ્યા વિના નહીં રહે. આત્મા આંખ આદિ ઇંદ્રિયોથી દેખાય તેમ નથી માટે તેવી જોવાની કલ્પના મૂકી દઈ, જ્ઞાનીએ જેવો જાણ્યો છે તેવો આત્મા મારે માનવો છે, એટલો દૃઢ નિર્ણય કરી પરમકૃપાળુદેવનાં વચનો વારંવાર વાંચશો, વિચારશો તો શ્રદ્ધા બળવાન થતાં સર્વ સંશય દૂર થઈ, નિઃશંક તે જ સત્ય છે એમ આત્મા સાક્ષી પૂરશે. પોતાની ખામી છે તે દૂર કરવી પડશે અને સત્સંગના આશ્રયની જરૂર છે. તે પણ પ્રાપ્ત થાય તેમ ભાવના રાખી પુરુષાર્થ વધાર્યા જવાથી સૌ સારાં વાનાં બની રહેશેજી. ઉતાવળ કરીને મૂંઝાવા જેવું નથી. ધીરજથી, સમતાથી સદ્ગુરુશરણે નિરંતર રહેવાય તેમ વર્તવા કમર કસવી ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૭૫ — અગાસ, તા. ૧૨-૫-૪૧

ૐ — વૈશાખ વદ ૨, સોમ, ૧૯૯૭

જગત્સુખાકર, અતિ ઉપકારી, સૂર્ય સમા હિતકારી;<br>
ચરાચર જગ-ઉન્નતિકર્તા, અમને લ્યો ઉદ્ધારી રે–<br>
પ્રભુજી, બોધબળે ભવ તરીએ. (પ્રજ્ઞા૦ ૧૦૫)

આપે મહામોહનીય સંબંધી પ્રશ્ન પુછાવ્યો છે તેના ઉત્તરમાં જણાવવાનું કે "ઉપમિતિ-ભવપ્રપંચ" નામના ગ્રંથમાં શ્રી સિદ્ધર્ષિ મુનિએ તે 'મહામોહ'ને રાજાની ઉપમા આપી છે. તે ઘણો ઘરડો (અનાદિકાળનો) રાજા છે. તેને બે પુત્રો છે. મોટાનું નામ રાગ-કેસરી અને નાનાનું નામ દ્વેષ-ગજેંદ્ર છે; તે રાજ્યમાં મિથ્યાદર્શન નામે સેનાપતિ છે અને વિષયાભિલાષ નામે મંત્રી છે. આમ સર્વ મોહનીયકર્મના પરિવારનું વર્ણન છે. ત્યાં તો આખા મોહનીયકર્મને મહામોહ નામ આપ્યું છે. (Great Britain એવું નામ ઇંગ્લેન્ડ, સ્કૉટલૅન્ડ અને આયર્લૅન્ડને આપેલું છે તેવું દર્શનમોહ, કષાય અને નોકષાયનું એકત્ર નામ મહામોહ પાડયું છે.) દર્શન-મોહને ઘણી વખત 'મોહ' એવું નામ અપાય છે પરંતુ દર્શનમોહનું બળ બતાવવા અથવા તેની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ હોવાથી મોહનીયકર્મનો ત્રાસ જીવને લાગે એ અર્થે દર્શનમોહને પણ મહામોહનીય નામ અપાય છે અને મહામોહનીયનાં ત્રીસ સ્થાનક સ્થાનકવાસી પ્રતિક્રમણ પુસ્તકમાં છે તે મુખ્યત્વે દર્શનમોહના વિસ્તારરૂપ છે. તે જ અર્થ મુખ્યપણે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં પરમકૃપાળુદેવે દર્શનમોહનીયકર્મનો ત્રાસ બતાવવા વાપર્યો લાગે છેજી :

"અસદ્ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;<br>
મહામોહનીય કર્મથી, બૂડે ભવજળમાંય."

એ વિચારતાં સહજ સમજાશે.

બીજો પ્રશ્ન દર્શનમોહનીયના ત્રણ ભેદ વિષે છે તે વિષે જણાવવાનું કે — દર્શનમોહનું કામ સમજણમાં વિપર્યાસ કરવાનું છે તેનો રસ ત્રણ પ્રકારે પ્રગટ થાય છે. શાસ્ત્રમાં તેનું દૃષ્ટાંત મદ ઉત્પન્ન કરે તેવા મેણા કોદરાનું દીધું છે. જો કોઈ માણસ મેણા કોદરાને દળીને રોટલા કરી ખાય તો તેને એટલો બધો મેણો ચઢે કે તે ઊભો પણ થઈ ન શકે, ભાન પણ ન રહે. તેને પાણીમાં થોડી વાર ધોઈ પાણી પર તરતા દાણા કાઢી નાખી, પ્રથમની પેઠે રોટલા કરીને ખાય તો તેને થોડો મેણો ચઢે, ચક્કર આવે, મેણો ચઢ્યો છે એમ જાણે પણ કામ કરી શકે નહીં. અને જે બહુ વાર ધોઈને તેની અસર બહુ જ થોડી રહે તે પ્રમાણે કરી તેને છડી-ખાંડીને પછી વાપરે તો તેને જરા અસર થાય ખરી પણ કામકાજ કરી શકે પણ કંઈક કેફ જેવું લાગ્યા કરે. અને જે તેને ભરડી, અંદરથી કોદરી કાઢી તેને સાફ કરી સારી રીતે રાંધીને વાપરે તેને બીજા દાણાની પેઠે કંઈ પણ નુકસાન થતું નથી, મેણો જણાતો નથી, કારણ કે છોડાં દૂર કર્યાં છે એટલે બીજા દાણા પેઠે તે ખોરાક શુદ્ધ બનેલો છે. તેમ મિથ્યાત્વમોહનીયકર્મ અનાદિ-કાળથી જીવ બાંધતો આવ્યો છે અને તે ઉદય આવ્યે ભોગવતો પણ આવ્યો છે; તેના પ્રભાવે દેહાદિ પદાર્થો જે નાશવંત છે તેને સદાય રહેનારા માને છે, અશુચિ મળમૂત્રથી ભરેલા બહુ સુંદર, ભોગવવા યોગ્ય માને છે, જડ સ્વભાવવાળા પર છતાં પોતાનાં, પોતારૂપે જ માને છે. આ કામ મિથ્યાત્વમોહનીયનું છે તેમાં મોક્ષ કે મોક્ષ-ઉપાય સમજાતો નથી. કોઈ સત્સમાગમ યોગે સાચી વાત સાંભળવામાં આવે ત્યારે જીવને રુચે છે, સત્પુરુષ કહે તેમ માને છે. વળી પાછો કુસંગ થાય કે પોતાની વિપર્યાસબુદ્ધિનું બળ વિશેષ હોય ત્યારે મોક્ષમાર્ગે રોકનાર ઊંધી સમજને પણ સારી માને છે. આમ સાચાને સાચું અને ખોટાને પણ સાચું માનવારૂપ સમજણ કરાવનાર મિશ્રમોહનીય છે; અને જેને વિશેષ બોધનો યોગ પ્રાપ્ત થયો હોય છે તેને જ્ઞાનીએ કહેલી વાત માન્ય થઈ હોય છે છતાં કંઈક વિપરીતપણું અલ્પ દર્શનમોહના ઉદયે રહ્યા કરે છે જે તેને પણ ખ્યાલમાં આવવું મુશ્કેલ છે પણ સમ્યક્ત્વનો નાશ થતો નથી, મોક્ષ-ઉપાયમાં પ્રવર્તવા દે છે તેને સમકિતમોહનીય કહી છે. તે વખતે પોતે દેરાસર કરાવ્યું હોય ત્યાં તેને બહુ શાંતિ જણાય, કે ચોવીશ તીર્થંકર સમાન શુદ્ધ સ્વભાવના છતાં શાંતિનાથ, પાર્શ્વનાથ આદિમાંથી કોઈના પ્રત્યે વિશેષ રાગ અને હિતકર્તા માની તેમાં કંઈક ભેદ સમજમાં રહ્યા કરે, આદિ દોષો શ્રદ્ધામાં મલિનતા કરે છે. પણ દર્શનમોહનો ઉદય ન હોય ત્યારે શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થવાથી જીવ નિઃશંક, નિઃસ્પૃહ, નિર્વિચિકિત્સાવાળો, અમૂઢ, ઉપગૂહન ગુણવાળો, સ્થિતિકરણવંત, વાત્સલ્ય અને પ્રભાવના કરનાર બને છે. આ આઠે અંગે શુદ્ધ હોય ત્યાં સમકિતમોહનો ઉદય હોતો નથી, ત્યારે તે કાં તો ઉપશમ સમકિત કે ક્ષાયિક સમકિતવાળો હોય છે; અને સમકિત મોહનીયનો ઉદય હોય તેને ક્ષયોપશમ સમકિત કહ્યું છે.

તમારો ત્રીજો પ્રશ્ન પણ આને લગતો જ છે. સત્પુરુષ કે સર્વજ્ઞનું ઓળખાણ મિથ્યાત્વ-મોહનીય થવા દે નહીં, તેથી જ્ઞાનીને સગાંવહાલાં, અમુક ધંધો કરનાર, ભાગીદાર કે સારા રાજા, સુધારક, ચમત્કારી શક્તિવાળા, જગતના મોટા માણસોમાંના એક તરીકે ઓળખે; પણ તે અનુકરણ કરવા યોગ્ય, ઇષ્ટ, આદર્શ કે પરમાત્મા તરીકે ન મનાય ત્યાં સુધી મોક્ષમાર્ગમાં પ્રવર્તવાનું જીવથી બની શકતું નથી, એટલે તેવા ઓળખાણથી સેવા વગેરે કરે તો પુણ્ય બાંધે;

પણ સાચી શ્રદ્ધા થયા વગર કર્મથી છુટાય, સંવર થાય તેવા ભાવ જાગ્રત થતા નથી. તેમાં દોષ મિથ્યાત્વનો જ છે. સર્વજ્ઞ નામ લેવાથી કલ્યાણ થતું નથી પણ તેનું યથાર્થ ઓળખાણ થાય, તેના સ્વરૂપનો ભાવ ભાસે તેવી યોગ્યતા સમ્યક્‌ત્વ વિના આવતી નથી. મોક્ષમાં સુખ બધા માને છે, પણ કેવા પ્રકારનું સુખ તે સર્વ સર્વની રુચિ પ્રમાણે કલ્પે છે. જેની સમ્યક્‌ત્વ દશા છે તેમને નિરાકુળ સુખનો ખ્યાલ આવે છે અને તેની ભાવના રહ્યા કરે છે; અને જેમ જેમ દશા વધે તેમ તેમ વિશેષ મોક્ષ નજીક થાય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક. — તમારા તરફથી આજે પૂજાપ્રભાવના થઈ હતી. શુદ્ધ ભાવના લક્ષે શુભભાવની પ્રવૃત્તિ શ્રેયસ્કર છે. શુદ્ધ ભાવ સિવાય બીજે ક્યાંય સંતોષ માની અટકી જવા જેવું નથી એમ વિચારવાનના ચિત્તમાં રહ્યા કરે છેજી.

---

૨૭૬ અગાસ, તા. ૧૪-૫-૪૧

તત્ ૐ સત્ વૈશાખ વદ ૪, બુધ, ૧૯૯૭

પરમ પ્રભુને પગલે ચાલો, શોક કર્યે શું વળશે ?
ઉત્તમ ગુણ અંગીકૃત કરતાં, દોષ આપણા ટળશે રે–
પ્રભુજી, બોધબળે ભવ તરીએ.

શોકાકુલ મન શાંત કરીને, ભક્તિમાં મન રાખો,
સહજાત્મસ્વરૂપ પરમગુરુ, જપતાં નિજ સુખ ચાખો રે. પ્રભુજી૦ (પ્ર. ૧૦૫)

આપે પરમકૃપાળુદેવના ચિત્રપટનું સ્મરણ ઝાંખું રહે છે એમ જણાવ્યું, તેના ઉત્તરમાં જણાવવાનું કે હૃદય-દર્શન આપણા ભટકતા મનને રોકવા માટે છે. "ध्यानमूलं गुरुमूर्ति" એમ બોલીએ છીએ તે લક્ષમાં રાખવા વિનંતી છેજી. સ્પષ્ટતા-અસ્પષ્ટતાની ફિકરચિંતા કરવા યોગ્ય નથી. પ્રેમપૂર્વક વારંવાર દર્શન કરતા રહેવાથી, તેમાં વૃત્તિ રાખી તેમણે પ્રાપ્ત કરેલી વીતરાગતા, દેહાધ્યાસનો અભાવ, સમ્યક્‌જ્ઞાનાદિ પ્રભાવોનું ચિંતન કરતા રહેવાથી તે પરમપુરુષમાં તન્મય થવાની આપણી ભાવના વધે છે અને વૃત્તિ ત્યાં રોકાય છે, એકાગ્રતા થતી જાય છે, તે તરફ વિશેષ લક્ષ રાખવા ભલામણ છેજી. જેમ બને તેમ કલ્પનાઓ શમાવી, સ્વરૂપ પ્રત્યે વળવાથી આત્મહિત થાય છેજી. જે મહાપુરુષે સર્વ વિકલ્પો તજી આત્મામાં સ્થિરતા કરી, જ્ઞાતા દ્રષ્ટા નિર્વિકલ્પ થયા, તે મહાપુરુષનાં દર્શન, વંદન, ભક્તિ, સ્મરણાદિ આજ્ઞા તે જ અર્થે હોય. તે ન ચુકાય તેવી ભાવના આપણે કરતા રહેવું એ હિતકારક છેજી. જ્ઞાનીએ આત્મા જાણ્યો છે તે મારે માન્ય છે; મને અત્યારે કંઈ ભાન નથી એટલે હું કલ્પના કરું તેમાં કંઈ માલ નથી. મારું કામ તો જ્ઞાનીએ કહેલા સત્સાધનની આરાધના કરવી એ જ છે. તેનું જે ફળ આવશે તે સત્ય જ હશે, કેમ કે આત્મા જાણીને જે પુરુષે આજ્ઞા કરી છે તે આજ્ઞાનું ફળ આત્મશુદ્ધિ જ આવે, એવી દૃઢ માન્યતા કરવી – રાખવી ઘટે છેજી. કોઈ વસ્તુ દેખાય, ન દેખાય તેને વિષે કંઈ વિકલ્પ નહીં કરતાં, બધું ભૂલી જવાનું છે. "અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ" તે સર્વ બાદ કરતાં બાકી રહે તેવો છે; તેની ભાવનાનો ક્રમ પરમકૃપાળુદેવે એક પત્રમાં જણાવ્યો છે—

"ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય (નિર્વિકલ્પતા) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્યપુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી. ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે, એ જ વિજ્ઞાપન."(૧૨૮)

---

૨૭૭ વૈશાખ વદ ૭, ૧૯૯૭

જેવું દુઃખ ભૂખનું, રોગનું કે સગાંવહાલાંના વિયોગનું લાગે છે તેવું અજ્ઞાનદશાનું દુઃખ લાગતું નથી અને પરમકૃપાળુદેવ તો, મુમુક્ષુજીવને એટલે વિચારવાન જીવને એક અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં એમ લખે છે. તો આપણે વિચારવું ઘટે છે કે કેટલો ભય સંસારનો કે તેના કારણરૂપ અજ્ઞાનનો આપણને લાગે છે? જે અનુકૂળતાઓ કે દેહનાં સુખો નથી તે દુઃખરૂપ લાગે છે અને તે મળી જાય તો સંસારને જ સુખરૂપ માને એવા આ જીવના હજી ભાવો વર્તે છે; ત્યાં બોધ હૃદયમાં રહેવો તથા છૂટવાની ઝૂરણા જાગવી ક્યાંથી બને? ઇંદ્રિય-વિષયોની વાસનાએ આ જીવનું જેટલું ભૂંડું કર્યું છે તેટલું કોઈએ કર્યું નથી. અનંતકાળ તેથી રઝળવું પડ્યું અને પોતે પોતાનો જ વેરી થયો, તે વિચારી હવે તે શત્રુ તરફની ગમે તેવી લલચાવતી ભેટો પણ ઝેર જાણી તે તરફ વૃત્તિ કરવાયોગ્ય નથીજી. સત્પુરુષોનાં વચનોમાં પ્રેમ, ભક્તિ, ઉલ્લાસ આવ્યા વિના તે મહાપુરુષોનો ઉપકાર ખરા હૃદયથી જીવ ગ્રહણ કરી શકતો નથી, તેનું કહેલું સમ્મત કરી શકતો નથી. તેમ કરવું હોય તેમાં વિષય અને પ્રમાદ આડે આવે છે. તે બન્નેને હઠાવીને આત્માને સત્પુરુષ, તેમનાં વચન, તેમની આજ્ઞામાં ઉલ્લાસ આવે તે અર્થે સત્સંગની ઘણી જ જરૂર છેજી. પોતાનામાં બળ ન હોય અને સત્સંગનો આશ્રય ન લે તો જીવને બચવાનું સાધન શું છે? તે એકાંતમાં વિચારી સત્સંગપ્રેમ વધારશોજી.

---

૨૭૮ અગાસ, વૈશાખ વદ ૧૦, ૧૯૯૭

પૂ....ત્યાં આહોર રાજમંદિરમાં કામ કરે છે, ભક્તિમાં આવે છે અને સત્સાધન લીધેલું છે તે જાણ્યું. પરમકૃપાળુદેવ પ્રત્યે શ્રદ્ધા દ્દઢ થાય તે બધાં સત્સાધનનો પ્રથમ પાયો ગણવા યોગ્ય છેજી. વખત મળતો હોય ને જિજ્ઞાસા હોય તો 'જીવનકળા'ના વાંચનથી કે સાંભળવાથી સત્પુરુષ પ્રત્યે પ્રેમની વૃદ્ધિ થાય તેવું છે. ગમે તેવો જગતમાં મોટો માણસ ગણાતો હોય પણ સત્ય વસ્તુ જે આત્મસ્વરૂપ છે તેથી વિમુખ હોય, તેનાં કારણ સત્પુરુષ, સત્પુરુષનાં વચન, તેમના ભક્તોનો સમાગમ — આ બધી બાબતો મળવી જેને મુશ્કેલ છે તે અત્યારે મોટો ગણાતો હોય તોપણ સમજુજનો તેને દુર્ભાગી કે અભાગિયો ગણે છે અને જેને તેવાં આત્મ-હિતનાં સાધનો સુલભ થયાં છે, તેને માટે બહુમાન, આદર, રુચિ, પ્રેમ જાગ્યાં છે તે ગમે

તેવો ગરીબ ગણાતો હલકો નોકર કે પશુ હોય તોપણ તે દેવ તુલ્ય છે એમ મહાપુરુષો કહે છે. આ વાત બહુ વિચારવા યોગ્ય છેજી. જગતમાં સારા ગણાવા માટે લોકલાજને માન આપીને પોતાનું કલ્યાણ થાય તેવાં નિમિત્ત હોય તેથી પણ ડરતા રહેવું, છુપાતા-નાસતા ફરવું એ મહા હાનિકારક જ્ઞાનીઓએ કહ્યું છે, અનંતાનુબંધીનું કારણ ગણ્યું છેજી. શ્રી મીરાંબાઈ જેવાં બાઈ માણસ પણ નિર્ભય ભક્તિ કરી શક્યાં છે તે સત્સંગનો પ્રતાપ છે.

"મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ;
સાધુસંગ બેઠ બેઠ લોકલાજ ખોઈ– મેરે તો૦"

જેનાં મહાભાગ્ય હશે તેને આવા આત્મકલ્યાણ કરવાના નિમિત્તરૂપ સત્સંગની ભાવના જાગશે; અને તેવી જિજ્ઞાસા પોષ્યા કરશે તો જરૂર જીવ ઊંચો આવશે; અધમ વાસનાઓને કાળાં મોં કરીને કાઢી મૂકશે, હૃદયને પવિત્ર બનાવશે. સાચું જાણ્યું નથી, સાચું સાંભળ્યું નથી અને સાચાની શ્રદ્ધા થઈ નથી ત્યાં સુધી જ તુચ્છ વિષયો, તુચ્છ મિત્રો અને તુચ્છ વાતાવરણમાં જીવને મીઠાશ, સંતોષ અને આસક્તિ રહ્યા કરે છે. નહીં તો કાચ અને હીરાની સરખામણીમાં હીરા પર જ દૃષ્ટિ સૌની પડે. કારણ કે તેનામાં તેટલી ઉત્તમતા હોવાથી આકર્ષણ કરી શકે છે; પણ તેની કિંમત વગરના બાળકને તો એક પતાસા જેટલી પણ તેની કિંમત લાગતી નથી. તેમ સત્પુરુષનાં અચિંત્ય માહાત્મ્યવાળાં વચનોનો પરિચય જેને રહે તેને ધન, સ્ત્રી, પુત્ર કે અલંકારો કરતાં વિશેષ શાંતિ, સુખ અને આનંદનું કારણ તે સમજાય છે. પણ અજાણ્યા માણસને તો છાપાંના સમાચાર જેટલી પણ તેની કિંમત સમજાતી નથી. છાપાં વાંચવામાં કલાક બે કલાક ગાળે પણ સત્પુરુષનાં વચનોમાં ઉલ્લાસ આવતો નથી એવો કોઈ મોહનીયકર્મનો પ્રભાવ છેજી. પણ વારંવાર તેવો પરિચય રાખતાં રુચિ પણ તેવી થવા યોગ્ય છેજી. માટે શરૂઆતમાં મુશ્કેલ જણાય તોપણ સત્પુરુષનાં વચનોમાં ચિત્ત વારંવાર રોકતાં, સત્પુરુષના ઉપકારની સ્મૃતિ આણી તેના ગુણગ્રામ સાંભળતાં નવીન અપૂર્વ પ્રેમ જીવમાં જાગવા સંભવ છેજી. માટે મહાપુરુષનાં વચનોની અપૂર્વતા સમજવા પ્રયત્ન કરતા રહેવા વિજ્ઞાપના છેજી. વિશેષ શું લખવું ? આપ સર્વ સુજ્ઞ છો. સત્સંગ સર્વ શ્રેયનું મૂળ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૭૯ અગાસ, તા. ૨૭-૫-૪૧
ૐ જેઠ સુદ ૧, મંગલ, ૧૯૯૭

નહીં ક્ષમા, નહીં સંયમ, નહીં વિનય, તપ, શીલ, ઉપવાસ,
નહિ સેવ્યાં, નહિ ભાવ્યાં, મિથ્યા દુષ્કૃત મુજ ધવા આશ.

વિ. આપનો ખુલ્લા દિલથી શુદ્ધ થવા વિષેનો ક્ષમાપનારૂપ પત્ર મળ્યો છેજી. આપની દૃષ્ટિ પોતાના દોષ જોઈ તે સર્વને વગોવીને કાઢી નાખવાની જે જાગી છે તે હિતકારી તથા મને પણ અનુકરણ કરવા યોગ્ય જણાઈ છેજી. પશ્ચાત્તાપરૂપ પવિત્ર નદીમાં સ્નાન કરીને ઘણા ભવ્ય જીવો સદ્ગુરુના શરણાથી આ ભવસાગર તરી ગયા છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહેતા હતા કે "ભૂલ્યો ત્યાંથી ફરી ગણ, જાગ્યા ત્યાંથી, સમજ્યો ત્યાંથી સવાર" ગણીને હવે જેટલું થોડું જીવવાનું બાકી રહ્યું છે તે એવું જીવવું કે જેથી સર્વને સંતોષ

થાય અને આપણું કલ્યાણ થાય. વળી કહેતા કે પાઘડીને છેડે કસબ આવે છે તેમાં બધી પાઘડીની કિંમત આવી જાય છે; તેમ જિંદગીનો છેલ્લો ભાગ જે સદ્ગુરુને શરણે સુધારી સમાધિમરણ કરવા કેડ બાંધી પુરુષાર્થ કરે અને સમાધિમરણ કરે તો જિંદગીના બધા દોષોનું અને અનંતકાળમાં થયેલા દોષોનું સાટું વળી રહે તેમ છેજી. આશ્રમમાં જેનો દેહ છૂટશે તેને સમાધિમરણ થશે એમ પણ તેમને બોલતા સાંભળેલ છેજી. અને આપને તો હવે સર્વ પ્રકારે તેવી અનુકૂળતા મળી છે કે કોઈની ચિંતા-ફિકર કરવાનું રહ્યું નથી. છોકરા છોકરાનું કરી લે છે. એક તમારે તો ફક્ત સત્સંગ અને સદ્ગુરુની આજ્ઞામાં હવે પાછલા દિવસો ધર્મધ્યાનમાં ગળાય તેવી ભાવના હોય તો સહેજે બને તેવું છે તે કરી લેવા વિનંતી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૮૦ અગાસ, તા. ૧-૬-૪૧

"પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ,
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ."

આપની જિજ્ઞાસાને કંઈક સંતોષ થવા પૂરતું ઉત્તરરૂપે લખું છું છતાં તમે પૂછેલા પ્રશ્નોના ખુલાસા સમાગમે યથાર્થ સમજાય તેમ છેજી.

"કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ.

અર્થ — જગતનો અથવા જીવોનાં કર્મનો ઈશ્વર કર્તા કોઈ છે નહીં; શુદ્ધ આત્મ-સ્વભાવ જેનો થયો છે તે ઈશ્વર છે, અને તેને જો પ્રેરક એટલે કર્મકર્તા ગણીએ તો તેને દોષનો પ્રભાવ થયો ગણાવો જોઈએ; માટે ઈશ્વરની પ્રેરણા જીવનાં કર્મ કરવામાં પણ કહેવાય નહીં.

જો કર્મનાં ફળને ઈશ્વર આપે છે એમ ગણીએ તો ત્યાં ઈશ્વરનું ઈશ્વરપણું જ રહેતું નથી, કેમ કે પરને ફળ દેવા આદિ પ્રપંચમાં પ્રવર્તતા ઈશ્વરને દેહાદિ અનેક પ્રકારનો સંગ થવો સંભવે છે, અને તેથી યથાર્થ શુદ્ધતાનો ભંગ થાય છે. મુક્ત જીવ જેમ નિષ્ક્રિય છે એટલે પરભાવાદિનો કર્તા નથી, જો પરભાવાદિનો કર્તા થાય તો તો સંસારની પ્રાપ્તિ થાય છે, તેમ જ ઈશ્વર પણ પરને ફળ દેવા આદિરૂપ ક્રિયામાં પ્રવર્તે તો તેને પણ પરભાવાદિના કર્તા-પણાનો પ્રસંગ આવે છે; અને મુક્ત જીવ કરતાં તેનું ન્યૂનત્વ ઠરે છે; તેથી તો તેનું ઈશ્વરપણું જ ઉચ્છેદવા જેવી સ્થિતિ થાય છે. વળી જીવ અને ઈશ્વરનો સ્વભાવભેદ માનતાં પણ અનેક દોષ સંભવે છે. બન્નેને જો ચૈતન્યસ્વભાવ માનીએ, તો બન્ને સમાન ધર્મના કર્તા થયા; તેમાં ઈશ્વર જગતાદિ રચે અથવા કર્મનું ફળ આપવારૂપ કાર્ય કરે અને મુક્ત ગણાય; અને જીવ એકમાત્ર દેહાદિ સૃષ્ટિ રચે, અને પોતાનાં કર્મોનું ફળ પામવા માટે ઈશ્વરા-શ્રય ગ્રહણ કરે, તેમ જ બંધમાં ગણાય એ યથાર્થ વાત દેખાતી નથી. એવી વિષમતા કેમ સંભવિત થાય? વળી જીવ કરતાં ઈશ્વરનું સામર્થ્ય વિશેષ માનીએ તોપણ વિરોધ આવે છે. ઈશ્વર શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ગણીએ તો શુદ્ધ ચૈતન્ય એવા મુક્ત જીવમાં અને તેમાં ભેદ પડવો ન જોઈએ, અને ઈશ્વરથી કર્મનાં ફળ આપવાદિ કાર્ય ન થવાં જોઈએ; અથવા મુક્ત જીવથી

પણ તે કાર્ય થવું જોઈએ; અને ઈશ્વરને જો અશુદ્ધ ચૈતન્યસ્વરૂપ ગણીએ તો તો સંસારી જીવો જેવી તેની સ્થિતિ ઠરે, ત્યાં પછી સર્વજ્ઞ આદિ ગુણનો સંભવ ક્યાંથી થાય ?....એ આદિ અનેક પ્રકારથી ઈશ્વરને તેવે સ્વરૂપે માનતાં તેનું ઈશ્વરપણું ઉત્થાપવા સમાન થાય છે.'' ટૂંકામાં આ વાત જણાવી છે તેથી વિશેષ વિચાર કે સત્સમાગમ વિના સમજાવી મુશ્કેલ છેજી. અંગ્રેજીમાં કહેવાય છે — "Perfection of humanity is Divinity." એટલે જીવનો શિવ થાય છે. આ વાત તમે પણ કોઈ અંશે માનતા હશો. પૂર્ણપદની પ્રાપ્તિ અર્થે જ સર્વ ધર્માત્માઓ પ્રયત્ન કરે છે. અત્યારે આપણામાં અપૂર્ણતાઓ પ્રગટ જણાય છે તે સર્વાંશે દૂર કરવાનો સર્વ ધર્મનો ધ્યેય છે. તેવું પદ પૂર્વે શ્રી રામ, શ્રી મહાવીર આદિ અનેક મહાત્માઓ પામ્યા છે અને સદ્‌ગુરુકૃપાથી આપણે પણ પામી શકીએ તેમ છે. જે જે તે પરમપદ પામ્યા છે તે સર્વ ઈશ્વરસ્વરૂપ છે એમ માનવાયોગ્ય છે; પણ જગતની રચના કરે તે ઈશ્વર એવી વ્યાખ્યા કરતાં ઉપર જણાવેલા અને તેવા અનેક દોષોનો સ્વીકાર કરવારૂપ વિરોધો જણાય છેજી. ઈશ્વર સંબંધી મહાત્મા ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રને પ્રશ્નો કરેલા છે તે પ્રશ્નો અને ઉત્તરો 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પત્રાંક ૫૩૭માં છપાયેલા છે તે વાંચવા ભલામણ છેજી.

બીજો પ્રશ્ન આપે લખ્યો છે તે પણ ઘણો વિચારવા યોગ્ય છે. અનાદિકાળથી જીવ મોહમાં મારું મારું કરતો જન્મમરણ કર્યા કરે છે. તેને સદ્‌ગુરુના બોધની ઘણી જરૂર છે. કેવી રીતે જીવ બંધાય છે અને કેવી રીતે તે બંધન તૂટે ? એનો ઘણો વિચાર કરી મુક્તિનો માર્ગ યથાર્થ જીવ સમજે ત્યારથી તે દેખતો થયો કહેવાય. તે સિવાય એટલે જ્ઞાનચક્ષુ વિના જીવ આંધળો ગણાય છે, તેવા જીવો જે જે ક્રિયાઓ ધર્મની કે અધર્મની કરે છે તે બધી બંધનરૂપ થાય છે. તો તમે જણાવી તેવી અજ્ઞાનત્યાગની – સ્ત્રીને તજીને ચાલ્યા જવાની – વાત સ્પષ્ટ બંધનરૂપ છે. વૈરાગ્યના પણ ઘણા ભેદ છે — દુઃખગર્ભિત વૈરાગ્ય, મોહગર્ભિત વૈરાગ્ય અને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય. તેમાં છેલ્લો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કલ્યાણકારી છેજી. દુઃખસુખની અને બીજાને દુભવવાની કલ્પનાઓનો નિર્ણય સત્સમાગમે કરી લેવો યોગ્ય છે. અત્યારે ન્યાયનીતિ પ્રમાણે પ્રવર્તન રાખવા ભલામણ છેજી. પ્રસિદ્ધ દૃષ્ટાંત રામાયણનું વિચારવા સૂચવું છું. રામે સીતાની સાથે લગ્ન કર્યું. પછી રામને વનવાસ જવું પડ્યું, તો સીતાજી સાથે પતિસેવા માટે ગયાં. રાવણે સીતાના રૂપની વાત સાંભળી અને રામને ઠગીને દૂર કર્યા. સીતાજીને હરી ગયો. સીતાજીનું શીલભંગ કરવા રાવણે માગણી કરી, પણ રાવણનું મન દુભાય છે એમ જાણવા છતાં અન્યાયમાર્ગ જાણી તેમણે તેની માગણી સ્વીકારી નહીં. રામે સીતાની શોધ કરી. હનુમાન આદિ દ્વારા સીતા પાછી મળે તો યુદ્ધ કરવું નથી એમ જણાવ્યું પણ રાવણે માન્યું નહીં, તેથી લડાઈ કરી. જગતમાં ન્યાયમાર્ગ પ્રવર્તાવવા રાવણના આખા વંશનું નિકંદન કરવાનું કામ શ્રી રામને કરવું પડ્યું. આ બધું બહુ વિચારવું ઘટે છેજી. "તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય, તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે." — એમ શ્રીમદ્ રાજચંદ્રની શિખામણ છે તે લક્ષમાં લેવા વિનંતી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૨૮૧ અગાસ, તા. ૧-૬-૪૧

તત્ ૐ સત્ જેઠ સુદ ૬, રવિ, ૧૯૯૭

"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.
રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.
જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."—શ્રી આત્મસિદ્ધિજી

આપની આત્મનિરીક્ષક સ્વદોષદર્શક દૃષ્ટિ જાણી સંતોષ થયો છે. કોઈક વખતે તે દૃષ્ટિ સ્વવર્તન પર દેવા કરતાં જેમ જેમ વારંવાર દેવાશે, તેમ તેમ થતી ભૂલો ઝટ પકડાશે અને તેના ઉપાય શોધી યોજવાથી દોષો દૂર થવાનો પ્રસંગ આવશે.

"આજે કોઈ કૃત્યનો આરંભ કરવા ધારતો હો તો વિવેકથી સમય, શક્તિ અને પરિણામને વિચારી આજના દિવસમાં પ્રવેશ કર." (૨-૩૪) આ પુષ્પમાં પરમકૃપાળુદેવે જણાવ્યું છે તે વિશેષ વિચારવા યોગ્ય છે. સમય, શક્તિ અને પરિણામ વિષે વિચાર કરી પછી જે કામ કરવા નિશ્ચય થાય તેની આજ્ઞા લઈ પ્રવર્તવાથી તમને જે મૂંઝવણ આવે છે તે આવવાનો સંભવ ઓછો છે. એક કામમાં આપણું ચિત્ત વિશેષ વખત સુધી ન રહેતું હોય તો પાંચ, દશ કે પંદર મિનિટ સુધી આ કામ કરવું છે એવી ચોક્કસ વખત સુધીની આજ્ઞા લઈ તે પ્રમાણે વિશેષ કાળજી રાખી વર્તવું. વખત ટૂંકો રાખવાથી ચિત્ત થોડા વખત સુધી તો લીધેલા કામમાં જોડાય. તેટલો વખત પૂરો થવા આવ્યે તે જ કામ માટે તેટલો કે તેથી ઓછોવધતો વખત નક્કી કરી આજ્ઞા લેવી. આમ પોતાની શક્તિ તપાસી સમયનું માપ રાખી વર્તવું અને વારંવાર આજ્ઞા લઈને વારંવાર તૂટે તો પછી આજ્ઞાનો કંઈ અર્થ નથી. માટે મનની શિથિલતા પોષવારૂપ પરિણામ ન આવે તે લક્ષમાં રાખી, થોડે થોડે પણ મનની કુટેવો તજાવવી છે અને નિયમમાં તેને લાવવું છે એ વારંવાર સ્મૃતિમાં લાવી નિશ્ચય કર્યા પ્રમાણે તો જરૂર વર્તવું જ, એવી દૃઢતા રાખવી. વખતે ભૂલ થાય તો શું કરવું, તે પણ પહેલેથી વિચારી લેવું. પ્રમાદ, નિદ્રા વિઘ્ન કરે તો તેનો ઉપાય પણ શોધવો – જેમ કે ઊભા થઈ જવું; ફરતાં ફરતાં વાંચવું, વિચારવું; આંખે પાણી છાંટવું; કે સુસ્તી વિશેષ જણાય તો ચિત્રપટ આગળ થોડા નમસ્કાર પાંચ-પચીસ કરવા. સાંજે વિશેષ ઊંઘ નડતી હોય તો રાત્રિ-ભોજન તજવું, કે દૂધ વગેરે ઓછાં કરવાં. સવારે વહેલા ઊઠવાની ટેવ પાડવી હોય તો એલાર્મ (ઘંટડીવાળું ઘડિયાળ) કે કોઈ મિત્ર જગાડનાર મળે તેવી કોઈ યુક્તિ કરવી. જૂનો રિવાજ પંડિતોના વખતનો એવો હતો કે ખીલા વગેરે સાથે ચોટલી બાંધી વાંચતા એટલે ઊંઘ આવે કે ડોલું આવે તો ચોટલી ખેંચાય કે જાગી જાય. આ બધા બાહ્ય ઉપાય છે. પણ ખરો ઉપાય તો ખરેખરી ગરજ અંતરમાં સમજાઈ હોય તો વિશેષ જાગૃતિ રહે છે. જેમ પરીક્ષા વખતે વગર કહ્યે વહેલું ઉઠાય અને ઊંઘ પણ બહુ ઓછી આવે, તેમ આ મનુષ્યભવમાં ધર્મકાર્ય કરી લેવાનો ઉત્તમ અવસર આવ્યો છે, તેનો વારંવાર ખ્યાલ રહે અને જો પ્રમાદ ને આળસમાં

આ અલ્પ આયુષ્ય વ્યતીત થશે તો પછી લખચોરાશીના ફેરા ફરતાં કોઈ વખતે આવો લાગ આવવાનો નથી. માટે ગમે તેમ કરીને પણ આ ભવમાં તો જરૂર આત્માનું ઓળખાણ કરી લેવાનું છે. અનંતકાળ આમ ને આમ પ્રમાદમાં ગયો. પણ હવે તે દોષ ટાળી, આત્માને શાંતિ પ્રાપ્ત થાય તેવો યોગ આવ્યો છે તો તે વખત ઊંઘ આદિ લૂંટારા બહુ લૂંટી ન જાય તો જિંદગી સુખે લાંબી લાગશે. દોષ થયા પછી પણ પશ્ચાત્તાપ જીવને થાય તો ફરી તેવો પ્રસંગ આવતાં પહેલેથી ચેતવાનું બને. માટે જીવને દોષ કરતો અટકાવવા ઠપકો પણ આપતા રહેવું કે આમ ને આમ વર્તીને તારે કઈ ગતિમાં જવું છે? ઝાડ થઈને ઊંઘ્યા જ કરવું છે? કે વાગોળોની પેઠે લટકી જ રહેવું છે? જો હલકી પ્રવૃત્તિમાં પડી રહીશ તો પછી ઢોર-પશુના ભવમાં પરોણાના માર ખાવા પડશે, આરો ઘોંચાશે કે આડાં બરડે પડશે ત્યારે શું કરીશ? માટે સમજીને અત્યારે ધર્મનું આરાધન કરી લે કે જેથી પછી અધોગતિમાં જવું જ ન પડે અને મોક્ષમાર્ગે આરાધી શકાય તેવા ભવ ફરી મળે. આમ વારંવાર જીવને જાગૃતિ આપતા રહેવું ઘટે છેજી. એ જ. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૮૨ અગાસ, તા. ૩-૬-૪૧

તત્ ॐ સત્ જેઠ સુદ ૮, મંગળ, ૧૯૯૭

દોહરા – સર્વ ધર્મનું બીજ જે, ધારે ઉર ગંભીર,
રાજચંદ્ર-પદ તે નમું, સત્ય અહિંસક વીર!
રાગાદિક દૂર થાય ત્યાં, ખરી અહિંસા ધાર,
રાગાદિ પ્રગટાવતાં, હિંસા સ્વરૂપ વિચાર. (પ્રજ્ઞાવબોધ – ૯૪)

તમારો પત્ર મળ્યો. કોઈ સંન્યાસી સાથે કંઈ અથડામણી થઈ તેનો ક્ષોભ પણ પત્રમાં ઉલ્લેખ પામ્યો છે. ધાર્મિક જીવનની શરૂઆતમાં બહુ સંભાળવાનું એ છે કે કુસંગ કે કુતર્કે ચઢી જવાથી જીવને વિક્ષેપનાં કારણો ઊભાં થાય છે. રાગદ્વેષમાં આપણો આત્મા તણાય કે આપણા નિમિત્તે કોઈને રાગદ્વેષમાં પ્રવર્તવાનું બને ત્યાં બન્ને પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે, તે આત્મઘાત છે; આમ પોતે પોતાનો વેરી આ જીવ થતો આવ્યો છે. રમત કરવા પણ વીંછીના દરમાં આંગળી ઘાલે તો ડંખ વાગવાનો સંભવ છે. બાકી જગતમાં આત્માની વાત તો દુર્લભ છે, ઠેકાણે ઠેકાણે પૂછવાથી પ્રાપ્ત થાય તેમ નથી. દરેક ગજના શિરમાં મોતી હોતાં નથી, વને વને સિંહ વસતા નથી, પર્વતે પર્વતે હીરાની ખાણ હોતી નથી; તેમ સંન્યાસ (ત્યાગીના) વેશવાળા દરેક આત્મજ્ઞાની હોતા નથી.

---

૨૮૩ અગાસ, તા. ૪-૬-૪૧

તત્ ॐ સત્ જેઠ સુદ ૯, બુધ, ૧૯૯૭

તમે સ્મરણમંત્રનો અર્થ સમજવા વિનંતી કરી, તેના ઉત્તરમાં જણાવવાનું કે પરમકૃપાળુદેવે લખ્યું છે: "સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે?" (૧૬૬) મંત્ર પણ પરમકૃપાળુદેવે જણાવેલો શબ્દ છે, તો તેમાં પણ અનંત

શાસ્ત્રોનો પરમાર્થ સમાયેલો હોવો જોઈએ. તે ઉકેલવા માટે, સમજવા માટે તેવાં પ્રબળ જ્ઞાન-ચક્ષુ પણ જોઈએ. પણ તેવી સામગ્રી ન હોય ત્યાં સુધી બેસી પણ રહેવું ઘટતું નથી. શ્રીમંતોને ત્યાં લગ્ન પ્રસંગે ઘણી સામગ્રી હોય તો બત્રીસ પ્રકારની રસોઈ કરી ઉત્તમ રીતે આવેલા મહેમાનોને સંતોષ પમાડે છે અને ગરીબને ત્યાં તેવો પ્રસંગ હોય તો જે મળી આવે તેવી સામગ્રીથી પણ પ્રસંગ ઊજવે છે. તેમ આપણી અલ્પ સમજણ પ્રમાણે સદ્‌ભાવનામાં ચિત્ત રાખવા તે મહાપુરુષના હૃદયમાં રહેલા અનંત ભાવોની શ્રદ્ધા હાલ તો રાખી તે પરમ પુરુષે કહેલાં વચનામૃતને આધારે સહજ આત્મસ્વરૂપનું તેમણે જે વર્ણન કર્યું છે તે લક્ષમાં રાખી થોડું નીચે લખું છું તે ઉપરથી જે ભાવ સ્ફુરે તે મંત્ર ભણતાં લક્ષમાં રાખવા વિનંતી છેજી :

"સહજ આત્મસ્વરૂપ છે એવું કેવળજ્ઞાન તે પણ પ્રથમ મોહિનીયકર્મના ક્ષયાંતરે પ્રગટે છે." (૫૦૬) "કેવળ નિજસ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન; કહિયે કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ" એ અને તેની નીચેની આત્મસિદ્ધિની ગાથાઓ "કર વિચાર તો પામ" સુધીની વિચારી આત્માનું નિશ્ચયનયે જે શુદ્ધ સ્વરૂપ છે તે સહજ આત્મસ્વરૂપ વિચારવા યોગ્ય છેજી. દરરોજ ક્ષમાપનાના પાઠમાં બોલીએ છીએ કે "જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે; તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો." તેમાં પણ એ જ વાત દર્શાવી છે. વળી પત્રાંક ૬૯૨ માં "શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." આ બધું લખાણ 'સહજાત્મસ્વરૂપ' અર્થે કર્યું. હવે 'પરમગુરુ' એટલે જેણે તે સ્વરૂપ પ્રગટ કર્યું છે અથવા હૃદયમાં, ભાવનામાં, સમજણમાં તે સ્વરૂપ યથાર્થ રાખી તે પ્રગટ કરવા પોતાનાથી બને તેટલો બધો સત્પુરુષાર્થ કરવા તત્પર થયા છે તે. અરિહંત ભગવંત અને સિદ્ધ ભગવંત બન્ને સહજાત્મસ્વરૂપ થયા છે; આચાર્ય ભગવંત તે પ્રગટ કરવાના પુરુષાર્થમાં છે, તેમ જ ઉપાધ્યાય અને સાધુ ભગવંત પણ તે અર્થે તત્પર થયા છે; તેથી પંચ પરમેષ્ઠી–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુવર્ગ – પરમગુરુ સ્વરૂપે છે. ટૂંકામાં પરમકૃપાળુદેવના ચિત્રપટ પરથી જે તેમની વીતરાગ, નિર્વિકાર, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ દશાની આપણા હૃદયમાં છાપ પડે તે ભાવનામાં આપણા આત્માને વારંવાર તન્મય કરવો યોગ્ય છે; તે મહાપુરુષની દશાનું યથાશક્તિ હૃદયથી અવલોકન કરી તેમાં આપણા આત્માને રંગવાનો છે, અભેદભાવે ભાવના સહજાત્મસ્વરૂપની કરવાની છે. તે યથાર્થ સમજાય તે અર્થે ઉપર જણાવેલ પત્ર ૫૦૬ માં ઉપશમ અને વૈરાગ્યનું વર્ણન છે તે વારંવાર વિચારી આચરણમાં મૂકવું ઘટે છેજી. વૈરાગ્ય – "ગૃહકુટુંબાદિ ભાવને વિષે અનાસક્તબુદ્ધિ થવી તે 'વૈરાગ્ય' છે; અને તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાયક્લેશ તેનું મંદ થવું તે 'ઉપશમ' છે. એટલે તે બે ગુણ વિપર્યાસબુદ્ધિને પર્યાયાન્તર કરી (પલટાવી) સદ્‌બુદ્ધિ કરે છે; અને તે સદ્‌બુદ્ધિ જીવાજીવાદિ પદાર્થની વ્યવસ્થા જેથી જણાય છે એવા સિદ્ધાંતની વિચારણા કરવા યોગ્ય થાય છે." બધાનું મૂળ–

"પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં,
પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુ ઉર બસેં."

"મૂળ મારગ સાંભળો જિનનો રે" એ પદ મુખપાઠ ન કર્યું હોય તો કરીને રોજ બોલવા યોગ્ય છે, વિચારવા યોગ્ય છે અને તેમાં સંક્ષેપે જણાવેલ મોક્ષમાર્ગમાં પ્રવર્તવા યોગ્ય છેજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૮૪ અગાસ, તા. ૭-૬-૪૧
તત્ ૐ સત્ જેઠ સુદ ૧૩, શનિ, ૧૯૯૭

આપનો પત્ર મળ્યો. અનેક પ્રકારની આફતોમાં પરમપુરુષનાં વચનો આપને ધીરજનું કારણ બન્યાં છે એમ જાણી સંતોષ થયો છેજી. આપણી સાથે એક જ કુટુંબમાં વસનાર મરણને શરણ થાય ત્યારે સ્વાભાવિક રીતે ખેદ અને શોકનું કારણ બને; તોપણ વિચારવાન જીવ તે ખેદ અને શોકને વૈરાગ્યભાવમાં પલટાવી દે છે અને વિચારે છે કે મોટા પુરુષો પંખીના મેળા જેવાં સગાંસંબંધીઓનું વર્ણન કરે છે તે પ્રત્યક્ષ સત્ય દેખાય છે. પૂર્વ, પશ્ચિમ આદિ દિશામાંથી આવી એક વૃક્ષ ઉપર રાત્રિ ગાળવા પક્ષીઓ એકઠાં થાય છે, પણ પ્રાતઃકાળ થતાં પાછાં જુદી જુદી દિશામાં ઊડી જાય છે; તેમ ચાર ગતિમાંની કોઈ કોઈ ગતિમાંથી કુટુંબીઓ એકઠાં કુટુંબમાં મળે છે અને આયુષ્ય પૂર્ણ થતાં કર્મ પ્રમાણે જુદી જુદી ગતિઓમાં વીખરાઈ જાય છે. આપણે પણ આયુષ્ય પૂર્ણ થયે અહીંથી અવશ્ય ચાલ્યા જવાનું છે, અને પરભવને વિષે કેવા હાલ થશે તેનો આધાર, આ ભવ જે પ્રકારે ગળાય છે તેના ઉપર છે. માટે બહુ વિચારપૂર્વક વર્તન આ ભવમાં રાખ્યું હશે તો પરભવમાં તેનું ફળ સારું આવશે. હજી આપણા હાથમાં આ મનુષ્યભવના આયુષ્યનાં જે વર્ષ બાકી છે તેનો ઉત્તમ ઉપયોગ થાય તેમ ગળાય તેવી વિચારણા મારે જરૂર કરી લેવી એવી પ્રેરણા આ પ્રસંગ કરી રહ્યો છે. પત્રાંક ૬૮૯ વારંવાર વિચારવા ભલામણ છેજી.

બીજું, આપે જનહિત થવા અર્થે ફિલ્મ અને બ્રોડકાસ્ટ વિષે લખ્યું તે તેવો કાળ આવ્યે બની રહેશે, પણ અત્યારે આપણે આપણા હિત અર્થે શું કરવું એ પ્રથમ વિચારણા હૃદયમાં રાખી, આપણું ચિત્ત પરમકૃપાળુદેવની આજ્ઞા-સત્સાધન સમજવામાં અને સમજાય તે પ્રમાણે વર્તવામાં રોકાય તેમ પુરુષાર્થ કરવો ઘટે છેજી. હાલ તો આપણે આપણી યોગ્યતા, આપણાં આચરણ ઉન્નત થતાં જાય તે તરફ વિશેષ લક્ષ દેવા ભલામણ છેજી. ઘણા તરંગના ઘોડા દોડાવ્યે જાય છે, પણ હોય ત્યાંથી એક ડગલું આગળ વધતા નથી તેમ આપણા સંબંધમાં સત્પુરુષનો આશ્રય ગ્રહણ કર્યા પછી તો ન જ થવું જોઈએ એમ દૃઢતાથી વિચારવું ઘટે છેજી. જેમ બને તેમ આખા જગત પ્રત્યે મૈત્રીભાવનાથી વર્તવું થાય, દયાપાત્ર જીવો પ્રત્યે તેમનાં દુઃખ કેમ દૂર થાય તથા પોતાનાથી બનતી મદદ તેમને કેવી રીતે થાય તે કરુણા-ભાવના વર્તે તેમ જ સર્વને ભવમુક્ત કરવાની ભાવના જાગે, કોઈના પણ ઉત્તમ ગુણો જોઈ હર્ષ થાય, તેવા ગુણો પ્રગટાવવાનું બળ જાગે અને સર્વ દુષ્ટ દેખાતા જીવો પ્રત્યે ઉદાસીનતા-મધ્યસ્થભાવના અકલુષિત ભાવે તેમના પ્રત્યે વર્તવું થાય એ લક્ષ રહે તો જીવમાં પાત્રતા

આવે છે. માટે આ ભાવનાઓમાં વિશેષ વિચારો રહે અને બને તેટલું આચરણ થયા કરે તેવો પુરુષાર્થ જગાવવા ભલામણ છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૮૫ અગાસ, તા. ૧૧-૬-૪૧
તત્ ॐ સત્ જેઠ વદ ૨, બુધ, ૧૯૯૭

શ્રીમદ્ સદ્‌ગુરુ રાજચંદ્ર-પદ ચંદ્ર-ચંદ્રિકા સમ ચળકે,
સૌ સંશય ટાળક બાળકના, વંદન કરું હું ઉમળકે;
ત્રિવિધ તાપ બાળે કળિકાળે, મહામોહ મૂંઝવી મારે,
સુરતરુ સમ સદ્‌ગુરુ જીવને ત્યાં, આશ્રય દઈને ઉગારે.
દેહ-જાળમાં સપડાયો જીવ, દૃશ્ય દેહ નિજ રૂપ માને,
દેહ ગણી ચિંતામણિ રક્ષે, રહે સદા તેના ધ્યાને;
રાખ્યોં રહે નહિ, જરૂર જવાની કાયા, તોપણ તે દૃષ્ટિ–
પરભવમાં લઈને જીવ જાતો; દેહ ગણે નિજ કુદૃષ્ટિ. (પ્રજ્ઞા૦ ૧૦૬)

પ્રથમ, પરમાવગાઢ દશા સંબંધી જણાવવાનું કે પ્રથમ તમને વિચારદશા અને સ્થિતપ્રજ્ઞદશા વિષે લખેલું સ્મૃતિમાં છે તે ફરીથી વાંચવા વિનંતી છેજી. સ્થિતપ્રજ્ઞ, તીવ્ર જ્ઞાન અને પરમાવગાઢ દશા લગભગ સરખી સમજાય છે. પરમકૃપાળુદેવના જ્ઞાનમાં જે હોય તે સાચું. એ ઉત્તમ પૂજ્ય દશા–"દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત" – અત્યારે આપણી કલ્પનામાં આવવી દુર્લભ છે છતાં શ્રી સદ્‌ગુરુએ પ્રાપ્ત કરી છે એ જ મને પ્રાપ્ત થાઓ. મૂળસ્વરૂપ મારું તેવું છતાં હું અત્યારે શામાં આનંદ માનું છું? એ વિચારી "અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગ્રત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે." (૮૩૩) આ વાતનો લક્ષ લેવો ઘટે છેજી. એ પત્ર આખો બહુ મનન કરવા યોગ્ય છેજી.

બીજું, આપે સ્મૃતિ કે મુખપાઠ થવામાં કઠણાઈ સંબંધી પ્રશ્ન કર્યો તેના સંબંધી જણાવવાનું કે ચિત્તમાં જેમ વિક્ષેપ ઓછો, દેહાધ્યાસ ઓછો અને જ્ઞાનીપુરુષોનાં વચનોમાં પ્રીતિ વિશેષ તથા તેના સંચયની ભાવનાની વૃદ્ધિ થાય તેમ તેમ તે વચનો કંઠસ્થ થવામાં સરળતા થાય. પોતાની મેળે કરવા કરતાં જ્ઞાનીની આજ્ઞા સમજાય તો વિશેષ ભાવથી મુખપાઠ કરવા વીર્ય સ્ફુરે છે; કારણ કે તેથી જ હિત છે એમ જીવને દૃઢ થયેલ હોવાથી તે પ્રત્યે વધારે પુરુષાર્થ કરે છે. દરરોજ કંઈ ને કંઈ મુખપાઠ કરવાનો જેને અભ્યાસ હોય તેને તે વાત સરળતાથી બને છે. પૂર્વે મુનિવર્ગ ચૌદ પૂર્વ મુખપાઠ કરી લેતા.

છેલ્લું પ્રશ્ન 'અંતર્મુખ' વિષે છે. તે સંબંધી જણાવવાનું કે બહિરાત્મપણું એટલે દેહાદિ પદાર્થોમાં મન મગ્ન રહે છે તેને સત્પુરુષના બોધે આત્મા તરફ વાળી સ્મરણ આદિ સત્સાધન વડે આજ્ઞામાં રોકવું. રાગદ્વેષ આદિ વિક્ષેપો ઓછા કરી જેમ જેમ ભક્તિમાં મન લીન થશે તેમ તેમ "સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય," તો વૃત્તિ અંતર્મુખ થશે, રહેશે.

"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર." (૯૫૪)

અહીં શુદ્ધ આત્મા તરફ વૃત્તિ વળતાં સંસારનું વિસ્મરણ થાય છે, એમ દર્શાવ્યું છેજી. સદ્ગુરુ શુદ્ધ આત્મસ્વરૂપ છે, તેની ઉપાસના તે પણ તે જ પદમાં લીન થવા અર્થે છેજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૮૬ અગાસ, તા. ૧૪-૬-૪૧
તત્ ૐ સત્ જેઠ વદ ૫, શનિ, ૧૯૯૭

"આ જીવ ને આ દેહ એવો ભેદ જો ભાસ્યો નહીં,
પચખાણ કીધાં ત્યાં સુધી મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો." – શ્રીમદ્ રાજચંદ્ર

આપનો પત્ર મળ્યો. બીડી તથા ચા એક વર્ષ માટે નહીં પીવાનો નિયમ લેવા તમારી ભાવના છે તો પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરી વ્રતની ભાવના કરી લેશોજી. વ્રત, નિયમ લેવાં સહેલાં છે, પાળવાં તેટલાં સહેલાં નથી એ તમારા જ ગામના એક ભાઈના દાખલા ઉપરથી સમજાય તેમ છે; તેથી જ તમને ઉતાવળ કરીને નિયમ લેવા કરતાં પ્રથમ પાળી જોઈ પછી નિયમ લેવા જણાવ્યું હતું. કદી વ્યાધિ આદિના પ્રસંગે દોષ લાગી જાય તોપણ કાયર થઈને વ્રત તજી દેવા યોગ્ય નથી. હવે તો મારાથી ન પળે, વ્રત તૂટી ગયું તો તૂટી ગયું, હવે શું બને? એમ કરીને હિંમત હારી જવા જેવું નથી. બાર માસનો નિયમ લીધો તો બાર માસ પૂરા અખંડિત પાળવાની કાળજી રાખવી ઘટે. જ્યારથી તૂટે ત્યારથી બાર માસ અખંડિત પાળી લેવા. એક વાર વચન આપ્યું હોય તે જેમ પ્રાણ જતાં પણ સત્યવાદી જન તોડતા નથી, તેમ ધર્માત્મા જીવોએ પણ નિયમ સદ્ગુરુની સાક્ષીએ લીધો તે લૌકિક જનોનાં વચન કરતાં પણ વધારે દુર્લભ છે જાણી તે નિષ્ફળ ન થાય તેવી કાળજી રાખી પાળવા માટે પુરુષાર્થપરાયણ થવાની જરૂર છેજી.

બીજી આપે ભાવના દર્શાવી છે તેના ઉત્તરમાં જણાવવાનું કે આપણને સદ્ગુરુની કૃપાથી મંત્ર મળ્યો છે તે વારંવાર સ્મૃતિમાં રહે તેવી ટેવ પાડવાથી મંત્રનો પરમાર્થ પ્રગટવાનું કારણ છેજી. માટે પુરુષાર્થ કરવામાં પાછી પાની ન કરવી. તમારી નોકરીના ગામે જતાં-આવતાં મંત્રસ્મરણ કે આત્મસિદ્ધિના વિચાર કરવાની ટેવ રાખો તો રોજ જવા-આવવામાં થતો શ્રમ જણાય નહીં અને સદ્વિચારનો અવકાશ એકાંત જંગલપ્રદેશમાં સારો મળે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૮૭ અગાસ, તા. ૨૪-૬-૪૧
તત્ ૐ સત્ જેઠ વદ ૦)), મંગળ, ૧૯૯૭

ઇંદ્રવજ્રા — સંસારમાં વૃત્તિ રહે લગાર, મુમુક્ષુતા તીવ્ર લહો ન સાર;
માટે મૂકીને પરભાવ સર્વ, ધારો સ્વભાવે મન મૂકી ગર્વ.

ઉન્માદ ને આળસ છોડી જોડો, આજ્ઞા વિષે ચિત્ત સમાન ઘોડો,
જો વ્યર્થ કાર્યે પળ એક ખોશો, હારી જશો હા ! ભવ સર્વે, રોશો. (પ્રજ્ઞાવબોધ ૮)

આપનો પત્ર મળ્યો, લખેલા સમાચાર જાણ્યા. અજ્ઞાનદશામાં તો પુદ્ગલનાં લાભહાનિથી હર્ષ-શોક કરવાનો જીવે અભ્યાસ કરી મૂક્યો છે એટલે તેવા પ્રસંગે વિષમતા વિશેષ દેખાય તેમાં નવાઈ નથી. પરંતુ જે મહા ભાગ્યશાળી જીવોને સંસારમાં પ્રવેશતા પહેલાં સત્પુરુષનાં દર્શન થયાં છે, તે મહાપુરુષોનો બોધ સાંભળ્યો છે, રુચ્યો છે અને તેની ઉપાસના કરવા અને મોક્ષ-મહેલ પર ચઢવા જેનું જુવાન લોહી ઊછળી રહ્યું છે, તેવા સત્પુરુષના આશ્રિતને તેવા પ્રસંગોમાં "આત્માથી સૌ હીન" એ લક્ષ ન ચુકાય. અમદાવાદ અને મુંબઈમાં હાલ એકાએક ખૂન થયાં જાય છે તેવા પ્રસંગમાં પૂર્વકર્મના યોગે સપડાઈ જતાં પણ તેને પરનો દોષ ન ભાસે; પણ પોતાનાં કરેલાં કર્મનો આવો ઉદય આવ્યો છે તે મારે ભોગવ્યે જ છૂટકો એમ વિચારી પ્રાણ લેનાર પ્રત્યે પણ વેર ન રાખે, પણ મારાં કર્મો છોડાવવા તે આવ્યો છે એવી દૃષ્ટિ રાખી, જેમ પોતાના આત્માનું હિત સત્પુરુષના શરણે દેહ છોડવામાં છે, તેમ તે મારનારને પણ તે મહાજ્ઞાની પુરુષનું શરણું મરણ વખતે હોજો અને તેના આત્માનું પણ કલ્યાણ થાઓ એવી ભાવના સત્પુરુષના સાચા આશ્રિતને ઘટે છેજી. કોઈ ચોર અન્યાયીનો પૂર્વકર્મના ઉદયે યોગ મળી આવ્યો અને જે વસ્તુની સાથેનો આપણો સંબંધ મરતા પહેલાં પૂરો થવાનો હતો તે વસ્તુ લઈ જવામાં તેના પુણ્ય-ઉદયે મદદ કરી અને તે તેમાં સફળ થયો, તો મને મોહમાં ઘેરી રાખનાર વસ્તુથી મુકાવનાર તે ભાઈનો ઉપકાર માની, તેવા પાપનાં કાર્યોમાં તેની બુદ્ધિ હવે ન પ્રવર્તો અને સત્પુરુષનું શરણ તેને મનુષ્યભવમાં મળો કે જેથી ચોરીના વ્યસનનો ત્યાગ કરવાનું અને આત્મહિત કરવાનું તેને સૂઝે એવી ભાવના મારે ભાવવી ઘટે છે. કોઈ પણ પ્રકારે આપણે આપણા ભાવ મલિન ન થાય તેમ વર્તવાની બળપૂર્વક કાળજી રાખવી યોગ્ય છે.

સહજ-સમાધિની ભાવના મુમુક્ષુ જીવો વારંવાર કરે છે, તે એવા પ્રકારની હોય છે કે હે ભગવાન ! એવો ક્યારે દિવસ આવશે કે જ્યારે મને આત્માનો આનંદ અનુભવાશે ? એ આત્માનો આનંદ, લાખો રૂપિયાની ખોટ વેપારમાં જાય તોપણ લૂંટાઈ જતો નથી અને લાખો રૂપિયાનો લાભ થાય તોપણ તે આનંદ બાહ્ય કારણોથી વધતો નથી. માત્ર આત્મભાવનાને આધારે પ્રાપ્ત થતો આનંદ આત્મપરિણામમાં ઉલ્લાસ વધતાં વધે છે અને આત્મભાવનામાં વિઘ્ન નડતાં હાનિ પામે છે. તે આત્મનિર્મળતા દિન દિન વધતી જાય અને આત્મિક આનંદ અખંડિતપણે અનુભવાતો જાય તેવી દશાની વારંવાર ભાવના કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૮૮ અગાસ, અષાઢ સુદ ૪, શનિ, ૧૯૯૭

ઇન્દ્રવજ્રા— ટીપું ટકે કેટલો વાર ઘાસે ? વાથી ખરી જાય, સુકાઈ જાશે;
તેવું જ વિઘ્નોથી જીવિત તૂટે, માટે મુમુક્ષુ ખૂબ લાભ લૂંટે.
ક્યાંથી મળે માનવજન્મ આવો ? માટે મળેલી તક ના ગુમાવો,
જુવાની ચાલી જતી આ જણાય, ઉતાવળે આવી રહી જરાય.

વ્યાધિ પીડા ફિકર ને ઉપાધિ, ઘેરી રહી ક્યાંથી મળે સમાધિ?
તાકી રહેલો વળી કાળ ભાળો, તેથી પ્રમાદે નહિ કાળ ગાળો.
ઉત્પત્તિ મૃત્યુ વળી શોક દુઃખ, ટાળી પમાડે પરમાત્મ-સુખ;
એવા સુધર્મે મન જોડી દેવું, શાને પ્રમાદે નરઆયુ ખોવું? (પ્રજ્ઞા૦ ૮)

કોઈને રોગ, ગરીબાઈ કે આફતથી ઘેરાયેલો દેખી દયા આવે છે અને આપણી બનતી મદદ કરવા મથીએ છીએ, તેમ જ આપણો આત્મા કર્મરોગ, પરવશતારૂપ ગરીબાઈ અને ક્ષણેક્ષણે મરણરૂપ આફતમાં આવી પડેલો છે, તેની દયા ક્યારે ખાઈશું? બનતી મહેનતે તેને બચાવવા કમર કસવી ઘટે છેજી. અમદાવાદ અને મુંબઈના બનાવો વાંચી કે સાંભળી, ત્યાંના લોકો બહુ સંકટમાં છે એમ લાગે છે, પણ આપણા તરફ આપણી દૃષ્ટિ કેમ જતી નહીં હોય? કાળ આપણા મનુષ્યભવની દુકાનો પ્રમાદરૂપ ઘાસલેટ છાંટી બાળી રહ્યો છે તેવા સમયમાં શું પગલાં લેવાં? આપણે આપણું રક્ષણ નહીં કરીએ તો બીજા એ બાબતમાં શું કરી શકે એમ છે? કોઈ માંદો હોય કે લૂંટાઈ ગયો હોય તેની મદદ તો સેવાથી કે ધન આદિ વડે કરી શકાય પણ આત્માને સુખી કરવા કોઈ બીજાનો પ્રયત્ન કામ આવે તેવો નથી. સત્પુરુષો પણ ઉપદેશ આપી છૂટે, તે સાંભળી આપણા આત્માને જન્મ-જરા-મરણના દુઃખમાંથી બચાવવાનું કામ તો આપણે જ કરવું પડશે. પોતે પોતાનો વેરી બની જીવ અનંતકાળથી ભમે છે તે હવે આવા સુયોગે જો તે અનાદિ માર્ગ બદલી પોતે પોતાનો મિત્ર બની જાય, તો આ મનુષ્યભવની કોઈ રીતે કિંમત આંકી શકાય નહીં તેવો અમૂલ્ય યોગ મળ્યો છે તે સફળ થાય. કાળનો ભરોસો નથી, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે ત્યાં ધર્મધ્યાનમાં બનતો વખત ગાળતા રહી જેટલું હવે જીવવાનું હોય તે ઉત્તમ રીતે ગાળવા નિશ્ચય કર્તવ્ય છેજી. પ્રમાદમાં જીવે ઘણું ખોયું છે માટે હવે તેનો સંગ છોડી અસંગ થવા સત્પુરુષની આજ્ઞાએ કાળજીપૂર્વક પ્રવર્તવું ઘટે છેજી. અત્યારે જે સંસારી કાર્યોમાં મન ભમે છે તેમાંનું કોઈ અંતે કામ આવવાનું નથી માટે સમાધિમરણને મદદ કરે તેવું જીવન જીવવા પુરુષાર્થ કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૮૯ અગાસ, અષાઢ સુદ ૪, શનિ, ૧૯૯૭

"નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાંહી." – શ્રીમદ્ રાજચંદ્ર

અનંતકાળથી આ જીવ અનેક નાના મોટા ભવો કરતાં અનેક પ્રકારના અકથ્ય દુઃખો સહન કરતો આવ્યો છે. તેનું કારણ શોધતાં જ્ઞાનીપુરુષે મથાળે જણાવેલી કડીમાં કહ્યું છે તેમ નિર્ણય છે કે સત્પુરુષની આજ્ઞા જીવે હૃદયમાં અચળ કરી નથી, સદ્ગુરુ પ્રત્યે દૃઢ વિશ્વાસ આવ્યો નથી કે જગતના સર્વ પદાર્થ કરતાં પરમપુરુષ પ્રત્યે વિશેષ ભક્તિભાવ રહેતો નથી. જો સદ્ગુરુની આજ્ઞા હૃદયમાં દૃઢ થઈ હોત તો જીવ મોક્ષે ગયો હોત; પણ જન્મવું પડ્યું છે તે જ જણાવે છે કે જીવે પૂર્વે જ્ઞાનીની આજ્ઞા ઉઠાવી નથી. પણ હજી મનુષ્યભવનો યોગ છે ત્યાં સુધી તે આજ્ઞા ઉપાસી આત્મકલ્યાણ સાધી લેવાનો અવસર છે. આખા દિવસની આપણી

પ્રવૃત્તિ તપાસીએ તો જણાશે કે જે અર્થે આ મનુષ્યભવ ગાળવો જોઈએ તે માટે બહુ જ થોડો કાળ ગાળીએ છીએ. એટલે જે જે કંઈ મોટે ભાગે કરવું પડે છે તે આપણને જન્મ-મરણના દુઃખમાંથી મુક્ત કરાવે એવું હોતું નથી. માત્ર પેટની વેઠ કે લોભ અને મોહને વશ મજૂરી કરવી પડે છે. અત્યારે બીજું કંઈ વિશેષ ન બની શકે તો દૃષ્ટિ તો યથાર્થ રાખવી ઘટે છે; સંસારના કારણોને બંધનરૂપ, અહિતકારી અને વહેલાં મોડાં તજવા યોગ્ય જાણી દરેક કાર્ય કરતાં, તેથી કાંઈ આત્મહિત થવાનું નથી એટલો તો લક્ષ જરૂર રાખવો ઘટે છેજી. માયિક સુખથી આત્મહિત કોઈ કાળે થનાર નથી એટલો તો દૃઢ નિશ્ચય રાખી, તેથી રાજી ન થતાં આત્મિક સુખની વાંછના – ભાવના વિશેષ વિશેષ રાખી, મોહમાં દોડતા મનને નિરર્થક ભાવોથી પાછું વાળી જ્ઞાનીપુરુષની આજ્ઞામાં જોડવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉપાસ્યા વિના કોઈ રીતે ક્યારેય મુક્તિ મળે તેમ નથી, એટલો દૃઢ નિશ્ચય હૃદયમાં રાખી જે જે પ્રવૃત્તિ કરવી તે ઉદાસીનતા-વૈરાગ્યસહ કરવી ઘટે. ગમે તેટલો ધન આદિનો લાભ થતો હોય તોપણ, મોક્ષને અર્થે જે ભવ છે તે વેચીને આ ક્ષણિક વસ્તુઓ ખરીદું છું એ ભાવ ભૂલવા યોગ્ય નથી. કોડી સાટે રતન આપી દે તેમ અમૂલ્ય મનુષ્યભવ નજીવા પદાર્થો લેવા જતો કરવા જેવી મૂર્ખાઈ હું કરું છું, તે ભૂલ જેમ બને તેમ વહેલામાં વહેલી તકે યથાશક્તિ ટાળવા ધારું છું એમ મનમાં રહેવું ઘટે છેજી. સત્પુરુષનાં વચનો વારંવાર વાંચી, વિચારી વૈરાગ્ય-ઉપશમ વધતો રહે તેમ વર્તવા વિનંતી છેજી. દરરોજ સાંજે એકાંતમાં વિચારવા યોગ્ય છે કે શું કરવા આ મનુષ્યભવમાં આવ્યો છું? અને આ દિવસ શામાં ગાળ્યો? હવે કાલનો દિવસ જીવવા મળે તો કેવી રીતે ગાળવો? આમ જેને વિચાર કરતા રહેવાની ટેવ હોય તે ન-છૂટકે કરવાના કામમાં પ્રવર્તે; પણ તેના ભાવ જે કરવા યોગ્ય કામ છે તેના પ્રત્યે વિશેષ વધતા જાય અને ધનાદિના લોભમાં મનુષ્યભવ બધો વહી ન જવા દે, પણ આજીવિકા જેટલો ધનસંચય થયે તે જરૂર આત્મહિત કરવા તત્પર થાય, તેમ જ દરરોજ જ્ઞાનીપુરુષની આજ્ઞાને ઉપાસતો રહે. આંખો મીંચીને જગત ધનની પાછળ પડ્યું છે તેમ તે વગર વિચાર્યે ધંધામાં મંડ્યો ન રહે, પરંતુ ધંધાની અને ધર્મની કિંમત આંકવામાં ભૂલ ન કરે અને શાશ્વત સુખને વિસારી તાત્કાલિક કમાણીમાં મશગૂલ ન થઈ જાય. સદ્વિચાર કરતા રહેવા અને સદાચરણ પાળતા રહેવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૨૯૦** અગાસ

આપને ચિંતાનું કારણ ઊભું થયું છે તે સાંભળી બે અક્ષર લખું છું કે મુમુક્ષુ જીવે સંસારના પ્રસંગોમાં કોઈ દિવસ તન્મય થઈ જવા યોગ્ય નથી. એક જ્ઞાનીપુરુષ અને બીજા તેના આશ્રિત મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે એમ પરમકૃપાળુદેવે કહ્યું છે; તેનો વિચાર કરશો કે જ્ઞાનીપુરુષના આશ્રિતનામાં કેવાં ગુણ હોવા જોઈએ કે જેથી તે મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે એમ કહેવાય? પરમકૃપાળુદેવે એક પત્રમાં જણાવ્યું છે કે "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) જગતના તુચ્છ પદાર્થો કરતાં આત્મા અનંતગણો મૂલ્યવાન છે એમ સમજી, તે તુચ્છ વસ્તુમાં તન્મય થઈ આર્ત્તધ્યાન ન થાય તેમ મુમુક્ષુને કર્તવ્ય છેજી.

ભક્તિ-નિયમમાં વિઘ્ન ન પહોંચે તેમ બનતો પ્રયત્ન કર્તવ્ય છેજી. 'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી પત્રાંક ૩૨૧ પૂરો વિચારી સદ્ગુરુનું આલંબન દૃઢ થાય તેમ પ્રવર્તવા વિનંતી છેજી. રોજ મરણનો વિચાર કરવાથી વૈરાગ્ય અને અનાસક્ત ભાવ વધે છે એમ પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી કહેતા હતા.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૯૧

અગાસ, તા. ૧-૭-૪૧

ૐ

આષાઢ સુદ ૭, મંગળ, ૧૯૯૭

"ઊપજે મોહ-વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર." (૯૫૪)

આપનો પત્ર પ્રાપ્ત થયો. સત્સંગના વિયોગે આપને મૂંઝવણ રહે છે તેમ જ વૃત્તિના ચંચળપણાને લઈને મધુબિંદુની લાલસાનું દૃષ્ટાંત છે તેમ થયા કરે છે તે વાત જાણી. હે ભાઈ! આપના જેવી જ આ કાળના મુમુક્ષુઓની દશા છે, તે કેમ પલટાય અને પરમાર્થજિજ્ઞાસા કેમ વધે તેના વિચારમાં જ જાણે ઉપર મથાળે લખેલો દોહરો પરમકૃપાળુદેવે છેવટના અંતિમ કાવ્યમાં જણાવ્યો છે. ત્રણ પ્રકારના – જઘન્ય, મધ્યમ ને ઉત્તમ – પાત્રોનું વર્ણન કરી સમભાવનું ઔષધ બતાવી સંસારની ઉત્પત્તિ અને નાશનાં કારણ બતાવ્યાં છે. "વિષયવિકાર સહિત જે રહ્યા મતિના યોગ, પરિણામની વિષમતા તેને યોગ અયોગ" ત્યાંથી શરૂ કરી જે વર્ણન કર્યું છે તેના સારરૂપ આ છેલ્લો દોહરો છે. મોહના વિકલ્પો મુમુક્ષુ જીવને ઝેર ખવરાવી મારી નાખનાર અપર માતા સમાન છે. અનંતકાળ તેની ગોદમાં આ જીવ ઊછર્યો છે, દુઃખપરંપરા ભોગવતો રહ્યો છે. એ મોહના વિકલ્પોનું દુઃખ જીવને યથાર્થ લાગશે ત્યારે આ બાહ્યદૃષ્ટિને છોડી જ્ઞાનીએ જે સત્સાધન કૃપા કરીને આપ્યું છે તે શ્રદ્ધા રાખીને માષતુષ મુનિની પેઠે ઉપાસ્યા કરશે તો મોહનિદ્રામાંથી જાગવાનો પ્રસંગ બનશેજી. તે સાધનને પરમ પ્રેમે ઉપાસવાનું મૂકી દઈ, બૂમો પાડયા કરીએ તોપણ કંઈ વળે તેમ નથી. માટે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ છેવટે સત્સંગ કરતા રહેવા ભલામણ આપી છે અને સત્સાધન આપી તે સમજાવવા ઘણો લાંબો કાળ ઉપદેશ દીધા કર્યો છે તેની સ્મૃતિ આણી આ જીવને માયિક સુખની વાંછાથી પાછો જરૂર વાળવા યોગ્ય છે. જ્યાં સુધી બીજે બીજે વૃત્તિ ફરતી રહે ત્યાં સુધી અંતર્મુખવૃત્તિ ક્યાંથી થાય? માટે

"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન."

એ ગાથા વિચારી, ઉપશમ વૈરાગ્યનું બળ વધે તેવું વાંચન, તેવું શ્રવણ, તેવો અભ્યાસ, તેવી સત્સંગે વાતચીતો કરતા રહેવા ભલામણ છેજી. કારણ મેળવ્યા વિના કાર્ય થાય નહીં; માટે જરૂર આ જીવે કંઈ છૂટવા માટે સાચા થવાની જરૂર છે, એ હૃદયમાં રાખી, છોકરાંછૈયાં, વિલાસ-વાસના આદિનો મોહ ઓછો કરવા વારંવાર વિચાર કરી જગતના પદાર્થોનું તુચ્છપણું એઠ સમાન લાગે તેવી વૃત્તિ કરવી ઘટે છેજી. રોજ બોલીએ તો છીએ કે "શું પ્રભુચરણ કને ધરું આત્માથી સૌ હીન" પણ આત્માથી જગતના સર્વે પદાર્થો હીન લાગે છે? કે આત્મા જગતના પદાર્થોથી હીન લાગે છે? શાને માટે આપણે આખો દિવસ ગાળીએ છીએ? એ વિચારી

સદ્‌વિચાર અને સદાચારની મુખ્યતા મુમુક્ષુ તો રાખે, કોઈ પણ કારણે આર્ત્તધ્યાન ન થવા દે એમ સાંભળ્યું છે, તે મારે, તમારે, સઘળાએ હવે ઉપાસવા યોગ્ય છેજી. મનુષ્યભવ છૂટી ગયા પછી કંઈ બને તેમ નથી. માટે ચેતી લેવાનો ખરો અવસર આવ્યો છે તે વહી જતા પહેલાં "જાગ્રત થા, જાગ્રત થા" કહ્યું છે, તો ચેતી લેવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૯૨ અગાસ, તા. ૧૨-૭-૪૧

તત્ ૐ સત્ અષાઢ વદ ૪, શનિ, ૧૯૯૭

દોહરા—બાહ્ય નિમિત્તો નહિ છતાં, મન ઘડતું બહુ ઘાટ,
પીંપળ-પાન સમાન મન, ઉપજાવે ઉચાટ. ૧
પરમ પ્રેમ પ્રભુ પર વધ્યે, મનબળ ભાંગી જાય;
આત્મ-રમણતારૂપ એ, સત્ય ધીરજ સમજાય. ૨
હે જીવ! ઇચ્છે પરમપદ, તો ધીરજ ગુણ ધાર;
શત્રુ-મિત્ર, મણિ-તૃણ ભણી, સમદૃષ્ટિ ધર સાર. ૩
[1]પર પોતાનું માનવું, [2]પરલાભે અભિલાષ,
[3]ભોગેચ્છા, [4]આકુળતા-દુઃખશય્યા ગણ ખાસ. ૪
વળી સિદ્ધાંતિક વાત પણ, કહે સુખશય્યા ચાર,
[1]સ્વાનુભવ, [2]સંતોષ ને [3]સંયમ [4]ધીરજ ધાર. ૫
ઉપશમ-ત્યાગ-વિરાગથી, સન્મુખ વૃત્તિ થાય,
ગુરુકૃપાથી જીવને, સ્વાનુભવ સમજાય. ૬
નિર્લોભી સદ્‌ગુરુતણા, પ્રેમે સેવો પાય,
તો સંતોષ ઉરે વસે, એ જ અચૂક ઉપાય. ૭
નદી જળ મીઠાં વહી વહી, દરિયે ખારાં થાય,
જીવન ભોગ વિષે વૃથા જાય, પાપ બંધાય. ૮
દુઃખ ભોગવવું ના ગમે, દેહ દુઃખની ખાણ,
પરમાનંદ સ્વરૂપ નિજ, કરી લે ઓળખાણ. ૯
ભાન નહીં નિજરૂપનું, તેથી જીવ મૂંઝાય.
ધીરજ દુખમાં ના ધરે, આકુળવ્યાકુળ થાય. ૧૦
જે સમ્યક્‌દૃષ્ટિપણે શ્રદ્ધે શુદ્ધ સ્વરૂપ,
ગુરુકૃપાથી તે તરે, ભવસાગર દુખરૂપ. ૧૧ (પ્રજ્ઞાવબોધ ૧૩)

વિ. આપનો પત્ર મળ્યો. આપ બન્ને ભાઈઓની ભાવના તથા વિચારણા વાંચી સંતોષ થયો છેજી. મહાત્મા પુરુષો મનને વશ કરી શકે છે તેવી આજથી તમને ભાવના રહે છે તે હિતકારી છે. એક મહાત્માએ તેમના ઉત્તમ શિષ્યને શિખામણ ચિત્તને (મનમર્કટને) વશ કરવા, સ્વસ્થ કરવા આપી છે તે સંબંધી વાર્તા ટૂંકામાં જણાવું છું તે અવકાશે વિચારી યથાશક્તિ પ્રયત્ન કરતા રહેવા ભલામણ છેજી.

"સંસારરૂપ બજારમાં લાંબી ભવરૂપ (જિંદગીરૂપ) દુકાનોની હારો છે. તે જિંદગીરૂપ દુકાનોમાં સુખદુઃખરૂપ માલ ભરપૂર ભરેલો છે. તેની લેવડદેવડમાં સર્વ મશગૂલ છે. પુણ્ય-પાપરૂપ મૂલ્ય (Price) આપીને યોગ્ય વસ્તુઓ ખરીદી શકાય છે. મહામોહ નામનો ત્યાં રખવાળ (સરસૂબો) છે; કામ ક્રોધ વગેરે તેના હાથ નીચેના અમલદારો છે. ત્યાં કર્મ નામના લેણદારો જીવરૂપ દેવાદારોને કેદખાનામાં નખાવે છે. કષાય નામનાં તોફાની છોકરાં બજારમાં બૂમો પાડી રહ્યાં છે. એ બજારમાં રહેલા સર્વે લોકો અંદરખાનેથી બહુ દુઃખી, વિચાર કરતાં, જણાતા હતા. તે વખતે મારા ગુરુએ મારી ઉપર કૃપા કરીને જ્ઞાનરૂપ અંજન (આંજણ) મારી આંખોમાં આંજ્યું, તેથી મારી દૃષ્ટિ નિર્મળ થઈ, દૂર સુધી દેખાવા લાગ્યું. દુકાનો પૂરી થાય ત્યાં એક શિવાલય – મોક્ષધામ મારા જોવામાં આવ્યું. ત્યાં મુક્ત નામના અનંત પુરુષો મારા જોવામાં આવ્યા. તેઓ નિરંતર આનંદથી સુંદર અને કોઈ પ્રકારની પીડા વિનાના મારી સદ્બુદ્ધિવાળી નજરે જણાયા. હું પણ પેલી દુકાનોમાં વેપાર કરતો હોઉં એમ મને જણાયું. પણ પેલા શિવાલયને જોયા પછી મને તે ધામ પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છાવાળો વૈરાગ્ય થઈ આવ્યો. પછી મારા ગુરુરાજને મેં કહ્યું કે 'હે નાથ! આપણે આ બજાર છોડીને ચાલો પેલા શિવાલયમાં રહેવા જઈએ. કારણ કે આ અત્યંત આકરા બજારમાં મને તો એક ક્ષણવાર પણ શાંતિ વળતી નથી. મારી તો આપ સાહેબની સાથે પેલા ધામમાં જવાની ઇચ્છા રોકી રોકાતી નથી.' મારી આવી ઇચ્છા સાંભળી (જાણી) ગુરુરાજે કહ્યું, 'ત્યાં જવાની ઇચ્છા હોય તો મારા જેવા થવું ઘટે છે.' જવાબમાં મેં કહ્યું, 'મહારાજ, એમ હોય તો જલદી દીક્ષા આપી તેવો બનાવો.' તે સાંભળીને કૃપા કરી તે કરુણાસિંધુ કૃપાળુદેવે મને આ પરમાત્માના મતની દીક્ષા આપી અને તે ધામ પ્રાપ્ત કરવાના કારણોરૂપ કર્તવ્યો મને બરાબર સમજાવ્યાં. મારા ગુરુરાજે મને તે વખતે કહ્યું કે, 'ભાઈ, તારી મિલકતમાં તારે રહેવાને એક સારો ઓરડો (શરીર) છે તેનું નામ કાયા છે; અને તેમાં પંચાક્ષ (પાંચ ઇન્દ્રિયો) નામના ગોખ છે; એ ઓરડાના ગોખને ક્ષયોપશમ (આત્મશક્તિનો ઉઘાડ) નામની બારી છે, તેની સામે કાર્મણ (કર્મનો સમૂહ) શરીર નામનો ચોક છે. એ ચોકમાં ચિત્ત નામનું અતિ ચપળ વાંદરાનું બચ્ચું છે. તારે આ વાંદરાના બચ્ચાનું સારી રીતે રક્ષણ કરવું. એ બરાબર જાળવવા યોગ્ય છે અને તેનું સારી રીતે જતન કરવાની જરૂર છે. ઘરના ઓરડામાં (મધ્ય ભાગ ચોકમાં) રહે છે ત્યાં કષાય નામના ઉંદરો એને પજવે છે, નોકષાય (હાસ્ય, ભય, શોક, વિકારો) નામના વીંછી તેને ડંખે છે અને ઉન્મત્ત બનાવી દે છે, મહામોહ નામનો રાની બિલાડો તેને વલૂરી નાખે છે, પરિષહ ઉપસર્ગ (વિઘ્નો) નામના ડાંસ તેને કરડે છે, દુષ્ટ ભાવના ને વિકલ્પરૂપ માંકડ તેનું લોહી ચૂસે છે, ખોટી ચિંતારૂપ ઘરોળીઓ તેને ત્રાસ આપે છે, પ્રમાદ નામના કાંચીડા તેનો તિરસ્કાર કરી માથું ડોલાવે છે, અવિરતિ (વ્રત વગરનું જીવન) રૂપ જૂઓ આખા શરીરે તેને ફોલી ખાય છે, મિથ્યાદર્શન નામનું અંધારું તેને અંધ બનાવે છે. આવી રીતે તે વાંદરાનું બચ્ચું હેરાન હેરાન થઈ રહ્યું છે. તેથી તે કંટાળીને રૌદ્રધ્યાન (પાપ કરીને આનંદ માનવારૂપ ટેવ) નામના ખેરના અંગારાથી ભરેલ કુંડમાં કૂદી પડે છે. કોઈ વાર પાસેની ભયંકર આર્ત્તધ્યાન (હું દુઃખી છું, દુઃખી છું એ ભાવ) નામની ઊંડી ગુફામાં

પેસે છે. આમ બિચારા દુઃખી વાનરના બચ્ચાને બહુ સંભાળ રાખી સાવચેતીથી એ બળતા કુંડમાં કે ઊંડી ગુફામાં જતું બચાવી લેવું.' મેં પૂછ્યું, 'મહારાજ, એને બચાવવાના ઉપાયો શા છે?' એટલે ગુરુમહારાજે કહ્યું, 'પેલા ઓરડાના ગોખનાં બારણાં પાસે પાંચ વિષય નામના ઝેરી ઝાડ છે; તે બહુ ભયંકર અને તેને વિહ્વળ કરી દે તેવાં છે, ગંધથી પણ તેને ઘેન લાવી મૂકે છે, જોવામાં આવે તો દર્શનમાત્રથી ચપળ બનાવી દે છે, એનું નામમાત્ર શ્રવણ થતાં મરણતુલ્ય વેદના દે છે; તો પછી એને અડવામાં આવે કે ચાખવામાં (સ્વાદ લેવામાં) આવે તો એ બચ્ચાનો વિનાશ કરી મૂકે એમાં શું આશ્ચર્ય છે! ઉપર જણાવેલા ઓરડાના ઉપદ્રવોથી ત્રાસીને તે પેલાં વિષવૃક્ષોને આંબા જેવાં જાણી અત્યંત રાજી થઈ તેમાં આસક્ત થાય છે, પાંચ બારીઓ દ્વારા તે બહાર નીકળી તે વૃક્ષો તરફ દોડે છે, તેનાં કેટલાંક ફળ સારાં માની લઈ તેના ઉપર ફિદા થઈ જાય છે અને કેટલાંક ફળ સારાં નથી એમ ગણી દ્વેષ કરે છે; વૃક્ષોની ડાળીઓમાં વારંવાર ભમે છે; ઝાડ નીચે કચરામાં આળોટે છે; ભોગસ્નેહ નામના વરસાદનાં ટીપાંથી તેનું શરીર ભીનું થયેલું હોવાથી કર્મપરમાણુ નામની પુષ્પપરાગ તેને શરીરે ચોંટી જાય છે. એ ઝેરી રજથી તેના શરીરે ગૂમડાં થાય છે, ઘારાં પડે છે; તેથી તે શરીરને બહુ વલૂરે છે; આખા શરીરે અને ખાસ કરીને મધ્ય ભાગમાં તેને બહુ બળતરા થયા કરે છે; પાછું ઓરડામાં તે આવે છે પણ ત્યાંના ઉપદ્રવોથી પાછું ઝેરી ઝાડો ઉપર જતું રહે છે. આવાં દુઃખોમાંથી તેને બચાવવા સ્વવીર્ય નામના હાથમાં અપ્રમાદ નામનો આ દંડ તને આપું છું તેથી તેને ડરાવીને ઓરડાની બહાર જતું અટકાવજે. એ ઓરડાની મધ્યમાં સારા ભાવોની શ્રેણીરૂપ દાદર છે, તેના ઉપર ચઢે તેમ કરજે. એ વાંદરાનું બચ્ચું ઘણા કાળથી ચક્રમાં પડી ગયું છે તે આ પ્રમાણે : ઉપદ્રવોથી કંટાળી તે ઝેરી ઝાડોને આંબા જાણી તેનાં ફળ ભોગવે છે ત્યારે અને આળોટે છે ત્યારે ભોગસ્નેહની ભીનાશથી તેના શરીરે કર્મરજ ચોટે છે તેથી ઘારાં પડે છે. તે પાછું ઓરડામાં આવે છે (કર્મના ફળરૂપે શરીરો ધારણ કરે છે) ત્યાં પાછા ઉપદ્રવો નડે છે, ઝેરી ઝાડોમાં ભમે છે, ફરી કર્મરજથી લેપાય છે અને ફરી પાછાં શરીરો ધારણ કરવારૂપ ઓરડામાં પેસે છે. આ ચક્રથી તેને બચાવવાની જરૂર છે. ચિત્તને શિખામણ આપવી કે હે ચિત્ત! તારે આવી રીતે બહાર નીકળવામાં શો લાભ છે? તું તારા પોતાના ખરા રૂપમાં (આત્મસ્વરૂપમાં) સ્થિર રહે, જેથી તું આનંદમાં લીન રહી શકે. આખો સંસાર બહાર નીકળવા જેવો છે, સંસાર જ દુઃખોથી ભરેલો છે અને મોક્ષ પોતાના સ્વરૂપમાં રહેવા જેવું છે, તે જ માત્ર અનેક સુખોથી ભરપૂર છે.

"सर्वं दुःखं परायत्तं सर्वं आत्मवशं सुखम् ।
बहिश्च ते पराधीनं स्वाधीनं सुखमात्मनि ॥"

વળી અજ્ઞાન અવસ્થામાં આત્માને દુઃખનાં કારણ, કર્મ બંધાવનાર બાબતો મનને પ્રિય લાગે છે અને જેથી શરીરને વસમું લાગે પણ આત્માને હિતકારી હોય તે મનને ગમે નહીં તેને વિપર્યાસ કે ઊંધી સમજણ કહે છે; તેને લઈને જીવ પાંચ ઇંદ્રિયોના વિષયો અને તેનાં સાધનો મેળવવામાં આ અમૂલ્ય માનવભવ ગાળે છે. તે વિષયો ભોગવતાં ભોગપ્રત્યે આસક્તિરૂપ ચીકાશથી કર્મો બાંધે છે, તે ભોગવવા દેહ ધારણ કરવો પડે છે ત્યાં ઇંદ્રિયો પ્રાપ્ત થાય છે, ઇંદ્રિયના વિષયો વિપર્યાસને લઈને પ્રિય લાગે છે તેમાં આસક્તિ રાખી પ્રવૃત્તિ કરે છે અને નવાં કર્મ બાંધે છે

તે ભોગવવા ફરી જન્મે છે. આમ ચક્રમાંથી છૂટવા માટે વિપર્યાસ છોડી દેવાની જરૂર છે. દેહાધ્યાસ કે વિપર્યાસ છોડે તેને મનોવિકારનું જાળું પોતાનાથી તદ્દન અલગ લાગે છે. એક વખત મનને એ જુદું જુએ તો આત્મા તેથી ભિન્ન ભાસે; આત્મા તેને નિરંતર આનંદમય લાગે. પછી એને દુઃખ ઉપર દ્વેષ થતો નથી, સુખ મેળવવા માટે ઇચ્છા થતી નથી. આવી રીતે મનથી તે અલગ થતાં, મન ઉપરથી તેની આસક્તિ દૂર થતાં ઇન્દ્રિયોનાં વિષયો ઉપર તેને સ્નેહ થતો નથી. અને એક વાર સ્નેહ ચીકાશ ગયો એટલે કર્મપરમાણુનો સંચય થતો એકદમ અટકી જાય છે. આમ નિઃસ્પૃહ થવાથી અને સંસારબીજનો નાશ થયેલો હોવાથી એ મુક્ત જીવોની માફક ભવાંતરનો આરંભ કરતો નથી અને તેથી ભવચક્ર ફરતું બંધ થાય છે. પરમ સુખરૂપ મોક્ષની પ્રાપ્તિના ઉપાય :

रक्षेदं चित्त सद्रत्नं तस्माद् अन्तर्धनं परम् ।
धर्माधर्मः सुखं दुखं यत्र सर्वं प्रतिष्ठितम् ॥
जीवाच्च भावचित्तात् च नास्ति भेदः परस्परम् ।
आत्मा अतः रक्षितः तेन चित्तं येन इह रक्षितम् ॥
अर्थार्थी भोगलौल्येन यावद् धावति सर्वतः ।
चित्तं कुतस्त्यः ते तावत् सुखगंधोऽपि विद्यते ?
यदा इदं निःस्पृहं भूत्वा परित्यज्य बहिर्भ्रमम् ।
स्थिरं संपत्स्यते चित्तं तदा ते परमं सुखम् ॥
भक्ते स्तोतरि कोपान्धे निन्दा कर्तरि चोत्थिते ।
यदा समं भवेत् चित्तं तदा ते परमं सुखम् ॥
स्वजने स्नेहसंबंधे रिपुवर्गेऽपकारिणि ।
स्यात् तुल्यं ते यदा चित्तं तदा ते परमं सुखम् ॥
गोशीर्षचंदनालेपि—वासीच्छेदकयोर्यदा ।
अभिन्न चित्तवृत्तिः स्यात् तदा ते परमं सुखम् ॥
शब्दादि—विषयग्रामे सुंदरेऽसुंदरेऽपि च ।
एकाकारं यदा चित्तं तदा ते परमं सुखम् ॥
सांसारिक पदार्थेषु जलकल्पेषु ते यदा ।
अश्लिष्टं चित्तपद्मं स्यात् तदा ते परमं सुखम् ॥
दृष्टेषूद्दामलावण्य बंधुराङ्गेषु योषिताम् ।
निर्विकारं यदा चित्तं तदा ते परमं सुखम् ॥
यदा सत्त्वैकसारत्वात् अर्थकाम — परांमुखम् ।
धर्मे रतं भवेत् चित्तं तदा ते परमं सुखम् ॥
रजः तमः विनिर्मुक्तं स्तिमितोदधि सन्निभम् ।
निष्कल्लोलं यदा चित्तं तदा ते परमं सुखम् ॥
मैत्रीकारुण्यमाध्यस्थ्य प्रमोदोद्दाम भावनाम् ।
यदा मोक्षैकतानं तत्तदा ते परमं सुखम् ॥

"એ ચિત્ત તારું ખરેખરું ધન છે. એના ઉપર ધર્મ અને અધર્મ બન્ને આધાર રાખે છે. એના ઉપર સુખદુઃખનો આધાર રહે છે, માટે ચિત્તરૂપ સુંદર રત્નનું સારી રીતે રક્ષણ કર.

જીવમાં અને ભાવચિત્તમાં પરસ્પર કંઈ તફાવત નથી. તેટલા માટે જે પ્રાણી ભાવચિત્તની રક્ષા કરે છે તે વાસ્તવિક રીતે પોતાના આત્માનું રક્ષણ કરે છે. જ્યાં સુધી એ ચિત્ત ભોગની લાલસાએ વસ્તુ કે ધન મેળવવા માટે દોડાદોડ કર્યા કરે છે ત્યાં સુધી તને (આત્મિક) સુખની ગંધ પણ ક્યાંથી આવી શકે? જ્યારે એ ચિત્ત બહારનો સર્વ પ્રકારનો ભ્રમ (રખડવું) છોડી દઈ તદ્દન સ્પૃહારહિત થાય, જ્યારે આત્મામાં સ્થિર થાય ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થાય. કોઈ ભક્તિ કરે કે સ્તુતિ કરે, કોપ કરે કે નિંદા કરે તે સર્વ પર જ્યારે એકસરખી વૃત્તિ રહે ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થાય. પોતાનાં સગાં કે સંબંધી હોય, દુશ્મન કે નુકસાન કરનાર હોય તે સર્વ પર રાગદ્વેષ ન થાય ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થાય. કોઈ ઉત્તમ ગોચંદનનો લેપ કરે કે કોઈ વાંસલે છોલે તે બન્ને પ્રત્યે સરખી વૃત્તિ રહે ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થાય. ઇંદ્રિયોના વિષયો સુંદર હો કે માઠા હો તે સર્વ પર એકસરખી વૃત્તિ રહે ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થાય. સાંસારિક પદાર્થો પાણી જેવા છે, તારું ચિત્તરૂપ કમળ ત્યાં ન લેપાય ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થાય. પ્રચંડ યુવાવસ્થાના જોરમાં ઝળઝળાયમાન થતું લાવણ્ય અને સુંદર અંગોવાળી લલનાઓ દેખી મનમાં વિકાર ન થાય ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થાય. અત્યંત આત્મબળ ધારણ કરીને ચિત્ત જ્યારે અર્થ (ધન) અને કામ-સેવનથી વિરક્ત થાય અને ધર્મમાં આસક્ત થાય ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થાય. જ્યારે રાજસી અને તામસી પ્રકૃતિથી મન મુક્ત થાય અને સ્થિર સમુદ્ર જેવું મોજાં વગરનું બને ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થાય. મૈત્રી, કારુણ્ય, માધ્યસ્થ અને પ્રમોદભાવના યુક્ત થઈ જ્યારે ચિત્તને મોક્ષ મેળવવા માટે એકતાન લાગે ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થાય." વારંવાર આ પત્ર વાંચી તેમાં કહેલી વાતો જીવન દરમ્યાન આચારમાં મૂકતાં જવાય તો જીવન-સાફલ્ય સધાય તેમ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૨૯૩** અગાસ, તા. ૨૮-૭-૪૧, સોમ

પૂર્વનાં સત્કાર્યોના ફળરૂપે આ મનુષ્યદેહ મળ્યો છે. વિદ્યા, સમજણ, સત્સંગ-પ્રીતિ અને સદ્ગુરુનો આશ્રય એ ઉત્તરોત્તર વિશેષ વિશેષ પુણ્યના ફળ છેજી. આવી અનુકૂળ જોગવાઈનો યથાર્થ લાભ ન લઈ શકાય તો આપણા જેવા દુર્ભાગી કે અધમ બીજા કોણ કહેવા? રોજ બોલીએ છીએ કે "અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય"; પણ તે વિચાર જો હૃદયમાં ઊંડો ઊતરે તો "કેવળ કરુણામૂર્તિ"ના ચરણ મરણ સુધી મૂકે નહીં, એવી દૃઢતા એ લઘુતાથી પ્રગટે. પણ વર્તમાન દશા આપણી કેટલી કફોડી છે તેનો યથાર્થ ખ્યાલ નથી તેથી જેટલી જોઈએ તેટલી શક્તિ ધર્મકાર્યમાં સ્ફુરતી નથી. ધન, કીર્તિ કે કામિની સુખનાં સાધન મનાયાં છે અને તેની જેટલે અંશે પ્રાપ્તિ થઈ છે તેટલે અંશે કૃતાર્થતા મનાય છે, ત્યાં સુધી અજ્ઞાનદશાનાં દુઃખ દેખી શકાતાં નથી, સાલતાં નથી, તો તેને દૂર કરવા "પ્રભુ પ્રભુ લય" ક્યાંથી લાગે? સદ્ગુરુ શું કરવા શોધે? અને નિજ દોષો દેખવાની બુદ્ધિ ક્યાંથી જાગે? અને કલ્યાણનાં કારણો ન શોધે તો કલ્યાણ પણ ક્યાંથી થાય? આમ તરવાનો કોઈ ઉપાય ન જડતો હોય અને ડૂબકાં ખાતો હોય અને બચવાની જેવી તીવ્ર અભિલાષા હોય છે તેવી ઉગ્ર ભાવના વગર ગળા-રાગે ગાઈ જવાથી શું વળે તેમ છે? માટે આપણે સર્વેએ છૂટવાની

ભાવના દિનપ્રતિદિન વધારતા જવાની છે, સત્સાધન મળ્યું તેટલાથી જ સંતોષ રાખીને બેસી રહેવાનું નથી. "સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ?" સમજણ સાચી અને ઊંડી પ્રગટે તે માટે સત્સંગ, ભક્તિ, વૈરાગ્ય આદિ સાધન ખરા દિલથી કરવાનાં છેજી.

કર્યે અન્ય વિચારો રે, નહીં નિજ સુખ મળે;
ગંગાજળ મીઠું રે, ઢળી જલધિમાં ભળે.
મનમંદિર આવો રે કહું એક વાતલડી.
સુસંગ, સુશાસ્ત્રો રે, ઉપાસવાં સિદ્ધિ ચહી;
મોક્ષમાર્ગે જ ચૂક્યા રે, આશા જો બીજી રહી. મન૦ (પ્રજ્ઞા-૨૧)

---

૨૯૪ અગાસ

મિથ્યાગ્રહ, કુસંગ ને ઈંદ્રિય-લોલુપતા;
પ્રમાદાદિ સૌ દોષ, દૂર થઈ, થાઓ સ્થિરતા.

"બંધાયેલાને છોડાવવો છેજી. જૂનું મૂક્યા વિના છૂટકો નથી. જે દી તે દી મૂકવું જ પડશે. જ્યારથી આ વચન શ્રવણ થયું ત્યારથી અંતરમાં ત્યાગ-વૈરાગ્ય લાવી, સુખદુઃખમાં સમભાવ રાખી, શાંતિ ચિત્તમાં વિચારી સમાધિભાવ થાય તેમ કર્તવ્ય છેજી. સર્વ ભૂલી જવું; એક આત્મઉપયોગમાં અહોરાત્ર આવવું એટલે આત્મા છે. જે દષ્ટિ દ્રષ્ટામાં પડે છે તે જવાની શરતે બંધાયેલો છૂટે છે, તેમાં હર્ષશોક કરવા જેવું છે જ નહીં." (ઉપદેશામૃત પૃષ્ઠ ૩૨)

નવરાશના વખતમાં કંઈ ગોખવું, ગોખેલું ફરી બોલી જવું, વિચારવું અથવા વૃત્તિઓ રોકવાનો અભ્યાસ પાડવો; મનની દુરિચ્છાઓને ઓળખી તે કેવી તુચ્છ છે, મનુષ્યભવ લૂંટી લે તેવી છે, પરભવમાં દુઃખ દે તેવી છે અને માત્ર હલકી વૃત્તિને પોષનારી છે; મહેચ્છાવાનની મહેચ્છાઓને ધૂળમાં ભેળવી દે તેવી છે એમ વિચારી કદી તેમાં મીઠાશ ન મનાઓ એવી વારંવાર ભાવના કરવી. સ્મરણ કરવાનો વિશેષ અભ્યાસ રાખવો; ધૂન લગાવે તેમ કોઈ કોઈ વખત તે સિવાય બધું જગત ભૂલી જવાય તેમ તેમાં ને તેમાં જ વૃત્તિ રહે તેમ પુરુષાર્થ અવકાશે કરતા રહેવાની જરૂર છે. વર્ગમાં હોઈએ ત્યારે જે શીખવાનું હોય તેમાં લક્ષ રાખવાથી પાછળથી વધારે વાંચવું કે ગોખવું ન પડે તે પણ વખત બચાવવાનો ઉપાય છે. નપાસ થવાય તેવું શા માટે વર્તવું કે તેનો ખેદ આગળ-પાછળ રહે ?

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."

આત્માર્થીએ આત્મા તરફ પ્રેમ રાખવો ઘટે છે, પણ તેથી કરવા યોગ્ય કામ બગાડવાં એવો અર્થ થતો નથી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૯૫ અગાસ, તા. ૨૯-૭-૪૧

તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૫, મંગળ, ૧૯૯૭

રાજચંદ્ર પ્રભુને નમું, ના ગણું લૌકિક કાજ પ્રભુજી;
નિર્મોહી નર આદર્યા, યાચકતા તજી આજ પ્રભુજી. રાજ૦

સદ્‌ગુરુ-બોધ વિચારતાં, ટળે દેહ-અહંકાર, પ્રભુજી;
દશા વિદેહી તે વર્યા, ભાવ-દયા ભંડાર, પ્રભુજી. રાજ૦
અસાર આ સંસારના ક્ષણિક ભોગ-વિલાસ, પ્રભુજી;
ઊંડો વિચાર કરી તજું, માયિક સર્વે મીઠાશ, પ્રભુજી. રાજ૦
તો સદ્‌ગુરુના સંગથી પ્રગટે બોધ-પ્રકાશ, પ્રભુજી;
નિર્મળ વિચાર-ધારથી ધોવાય મિથ્યાભાસ, પ્રભુજી. રાજ૦
લોક-સ્વજન-તન-કલ્પના બંધનરૂપ સંબંધ, પ્રભુજી;
સત્શ્રદ્ધા દૃઢ આદરી, ટાળું બધા પ્રતિબંધ, પ્રભુજી. રાજ૦
દુઃખદાવાનળથી બળે, જગમાં જીવ અનંત, પ્રભુજી;
જ્ઞાન-સમુદ્રતટે જતાં તેથી સઘળા સંત, પ્રભુજી. રાજ૦
ક્ષણ પણ સજ્જન-સંગતિ, જાણું ભવ-જળ-નાવ, પ્રભુજી;
પ્રમાદ તજી તે આશરે, પામું નિજ સ્વભાવ, પ્રભુજી. રાજ૦
વિભાવ મૂળ સંસારનું સુવિચારે બળી જાય, પ્રભુજી;
ઇન્દ્રિય-સુખની લાલસા ગયે આત્મસુખ થાય, પ્રભુજી. રાજ૦
દેહ તણી સંભાળ હું, કરીશ નહિ કદી અલ્પ, પ્રભુજી;
સદ્‌ગુરુ-શરણે હું તજું, દેહ વિષે વિકલ્પ, પ્રભુજી. રાજ૦
કાયા મળ-મૂત્રે ભરી, માત્ર રોગની ખાણ, પ્રભુજી;
કેમ અયોગ્ય પ્રયોજને, રાચે હજી મુજ પ્રાણ, પ્રભુજી. રાજ૦
આપદ્ ઉપરાઉપરી, પ્રેરે પાપ પ્રકાર, પ્રભુજી;
નરક ભયંકર નોતરે, ટકે ન હિત-વિચાર, પ્રભુજી. રાજ૦
સમ-ભાવે પગ ના ટકે, મમતા નહીં મુકાય, પ્રભુજી;
વેષ ધરું ભવનાટકે, સ્વભાવ નિત્ય ચુકાય, પ્રભુજી. રાજ૦
નરભવમાં હારું નહીં, હવે કરું કલ્યાણ, પ્રભુજી;
એવો નિર્ણય હું કરું સાક્ષી શ્રી ભગવાન, પ્રભુજી. રાજ૦

(પ્રજ્ઞાવબોધ – ૪૬)

દેહાદિ પદાર્થોને આધારે જે સુખ મળે છે તે માત્ર કલ્પનાવાળું, ક્ષણિક અને આખરે દુઃખનું કારણ થાય છે. પાંચ ઇન્દ્રિયો અને મન બાહ્ય પદાર્થોમાંથી સુખદુઃખરૂપ માલ ખરીદવા પુણ્ય–પાપરૂપ મૂલ્ય આપી જીવની પાસે વ્યર્થ વ્યાપાર કરાવે છે. મનુષ્યભવનો ઉત્તમ કાળ પરપદાર્થો અને તેની ઇચ્છાઓમાં તથા આશાઓ કે ફિકરચિંતામાં વહ્યો જાય છે અને જીવ આમ ને આમ ઠગાયા કરે છે તે સુખ-શાતાના વખતમાં જણાતું નથી. પણ દુઃખના પ્રસંગોમાં કંઈ ગમે નહીં, ચેન પડે નહીં, ક્યાંય સુખ ભળાય નહીં તે વખતે જો તે પરપદાર્થોની આશાનો મોહ ઓછો કરવાની ભાવના રહે તો આ સંસારનું સ્વરૂપ જ્ઞાનીપુરુષોએ ભયંકર વર્ણવ્યું છે તેવું જ દેખાતાં હૃદયમાં એવી છાપ પડી જાય કે પછી શરીર ઠીક થયા પછી પણ પોતાનું શરીર કે બીજાનાં શરીર માત્ર હાડકાં ચામડાવાળાં, પાયખાનાં જાજરાં જેવાં જણાય;

સત્પુરુષની વાણી કે ભક્તિના શબ્દો સિવાય બીજો બધો કલબલાટ લાગે; લોકોની વાતો સાંભળવી ન ગમે; કૂથલી કે નિંદા, અપમાન કે સ્તુતિ બધાં ગંદવાડ જેવાં તજવા યોગ્ય લાગે; નાતજાતમાં ઘરેણાં પહેરી જમનારાં કે વિષયોમાં આસક્ત માણસો પતંગિયાં જેવાં કે કાનશિયાળ જેવાં તુચ્છ લાગે, જોવાં ન ગમે; લગ્નના ગીતો કાણમોકાણ વખતે રડારોળ કરતાં હોય તેવાં જણાય; સુંદર પથારીઓ અને બિછાનાં કાદવ જેવાં જણાય તથા ઉત્તમ તેલકુલેલ પણ ગંધાતા પરુ સમાન ભાસે, પોતાની બડાઈઓ કે સમૃદ્ધિ દેખાડનારા ભવાઈ કરનાર જેવા જણાય; આવો વૈરાગ્ય પ્રગટ કરવાનું કારણ વેદનાનો વખત છે કારણ કે તે વખતે મોહની મંદતા હોય છે એટલે દુઃખ જે સુખનો વેશ લઈને આવતું હતું તે ઉઘાડું પડી જઈ દુઃખરૂપ જ લાગે છે. માટે દુઃખથી કંટાળવા જેવું નથી.

નાનાં છોકરાંને નિશાળે જવું ન પડે તો ઠીક એમ લાગે પણ 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે ઝમઝમ' એવી કહેવત છે તેમ શરીરનાં દુઃખને દુઃખ ગણવા યોગ્ય નથી; વહેલાં-મોડાં તે તો જવાનાં જ છે. પણ તે હોય ત્યાં સુધી જે જે વિષયાદિક પદાર્થોમાં મન ભમતું તે કેવા ચીતરી ચઢાવે તેવા છે! એની ખાતરી કરી લઈ કદી સ્વપ્ને પણ હવે આ સંસારના સુખની ઇચ્છા ન કરું એવું દૃઢ મનને કરી દેવાય તો પછી તે મન પરમકૃપાળુદેવની ભક્તિમાં અને તેનાં વચનોમાં બહુ આનંદ લેતું થઈ જશે. કારણ કે બહાર ભટકવાનું તેને નહીં ગમે તો પછી આત્મવિચાર, સત્સંગ, ભક્તિ, વૈરાગ્ય, શાંતિ એવાં ઉત્તમ સ્થળોમાં તેને રમવાનું બની આવશે. અનાથી મુનિને અસહ્ય વેદના એક દિવસ જ ભોગવવી પડી, પણ એક જ દિવસમાં તો તેમણે એવો દૃઢ નિશ્ચય કરી નાખ્યો કે તે નિશ્ચયને વળગી રહેવાથી તે આત્મા-પરાત્માના નાથ થયા અને ઉપાધિ આદિને યોગે અનાથપણું હતું તે ટાળી સ્વતંત્ર આત્માનંદના ભોક્તા થયા. બહારના સંયોગો આપણા હાથમાં નથી પણ ભાવ તો આપણા હાથની વાત છે. ખોટી વાતોમાંથી મન ઉઠાવી લેવું અને સત્પુરુષના ઉપકારમાં, તેના આશ્રયના માહાત્મ્યમાં, તેની દશાના વિચારમાં મન રાખી વાંચ્યું હોય, ભાવના કરી હોય તે ઉપરથી લક્ષ રાખવો. જીવ ધારે તો મુશ્કેલ નથી. દુઃખના પ્રસંગે પણ ઘણો કાળ ધર્મભાવનામાં જાય તેવો અભ્યાસ થઈ જાય તો મુમુક્ષુજીવને દુઃખ ગયે પણ ધર્મ-ભાવ વધતા જાય છે.

કડવી દવાની પેઠે આત્માનું હિત કરવા જ માંદગીના પ્રસંગ આવે છે તે ધીરજ રાખી સ્મરણ, શરણ, બોધ અને વૈરાગ્યના વિચારોના બળથી પરમકૃપાળુદેવની આજ્ઞામાં : "છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ–મૂળ મારગ સાંભળો જિનનો રે" વિચારતાં રહેશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૯૬ અગાસ, તા. ૧૦-૮-૪૧

બાહ્યયોગમાં મોંઘાશ માની વર્તે ત્યાં ન વિચાર વસે,
આકર્ષણ એ ઓછું કરતાં, સદ્ગુરુ-બોધ ઉરે સ્પર્શે.
વિષયાદિ તો તુચ્છ મનાશે, અંતર્યાગ પછી બનશે,
સદ્ગુરુ-ચરણે સ્થિર થશે મન, ભક્તિમાર્ગે ગમન થશે.

પરિષહ આદિ આવી પડતાં પણ નહિ મન ભક્તિ તજશે,
'પ્રભુ, પ્રભુ' લય લાગે ત્યારે, આત્મા સહજપણું ભજશે.
કોઈક વાર વિચારે આવી વાતો, તેથી ન કામ થશે,
અનાદિના અભ્યાસતણું બળ, પ્રયત્ન પોચે નહિ ઘટશે.
અપૂર્વ મોક્ષ-માહાત્મ્ય ટકે ના, લૌકિક ભાવે મન ભમતું,
જેની શ્રદ્ધા મનમાં બેઠી, તેમાં ચિત્ત રહે રમતું;
મોહ વિષે મન રોકાતું ત્યાં, ભક્તિભાવો મંદ થતા,
ઉત્તમતા જેની મન માને, તેના ભાવ સ્વયં સ્ફુરતા. (પ્રજ્ઞા. ૧૦૧-૭)

તમારા બન્નેના પત્રો મળ્યા. વાંચી સમાચાર જાણ્યા. "ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર" એ કહેવત મુજબ ધીરજથી સત્સાધન કરતા રહેવા ભલામણ છેજી. ગયો કાળ વિચારી જાગ્રત થવાનું છે, પ્રમાદ ન સેવાય તેવો પુરુષાર્થ કરવાનો છે; ગભરાવાનું નથી. પ્રાપ્ત સંયોગોમાં જેટલું બની શકે તેટલું કરવું અને વિશેષની ભાવના રાખવી. આત્મા અજર અમર છે. જો મોક્ષલક્ષ ચુકાય નહીં તો તે વહેલોમોડો પ્રાપ્ત થયા વિના રહે નહીં. વિઘ્નો આગળ અટકી જવું, કે અટકી રહેવું કાયમ ન બને તેની કાળજી રાખવાની છેજી.

પૂ...........પ્રથમ ભાવોની વાત જણાવે છે તે વિષે જણાવવાનું કે દૂધ ઉકાળે ચઢે ત્યારે થોડા દૂધથી તપેલી ભરાઈ ગઈ લાગે, પછી હલાવતાં ઊભરણ ઊતરી જાય તેથી કંઈ દૂધ ઓછું થઈ ગયું ગણવા યોગ્ય નથી, પણ સંઘટ્ટ દૂધ થયું ગણવા યોગ્ય છે. તેમ અવ્યવસ્થિત, મુઝવણ દશામાં થતો પુરુષાર્થ વિશેષ લાગે, પણ વ્યવસ્થિત દશામાં થતા પુરુષાર્થથી તે ચઢી જાય તેવો ગણવા યોગ્ય નથી. સારુંખોટું કાર્ય કે ભાવોની પરીક્ષા પોતાની વિચારદશા પ્રમાણે થઈ શકે છે. માટે તે દશા માટે યોગ્યતા પ્રાપ્ત કરવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. તેને અર્થે સત્સંગ, સત્શાસ્ત્રરૂપ સાધન છે.

પૂ....ને લખેલ વચનોમાંથી પુછાવ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે ધ્યેયરૂપે સત્પુરુષની દશા છે : "સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ (લક્ષ) છે." તે જણાવી છે. "એક આત્મ-ઉપયોગમાં અહોરાત્ર આવવું" (ઉપદેશામૃત પૃષ્ઠ ૩૨) તેનો અર્થ ત્યાં જ કર્યો છે — આત્મા નિરંતર છે; દ્રષ્ટા = આત્મામાં જ્યાં દૃષ્ટિ (ઉપયોગ-લક્ષ) પડે છે, દોરાય છે ત્યાં જીવ કર્મથી છૂટવાનું કાર્ય કરે છે. પૂર્વે બાંધેલાં કર્મ, આત્મા સ્વરૂપમાં રહે તો છૂટે છે, તે વખતે નવાં કર્મ બંધાતાં નથી કારણ કે આત્મભાવમાં તો હર્ષ-શોક ન થાય તે વખતે જ રહેવાય છે; માટે હર્ષશોકનાં નિમિત્તોમાં તણાઈ ન જતાં "સહજાત્મસ્વરૂપ" તરફ વિશેષ ભાવખેંચાણ રાખવાની જરૂર તે વાક્યમાં જણાવી છેજી. વાત ગહન છે પણ તે દશા પ્રાપ્ત કરવા યોગ્ય છે તે તરફ નજર થવા જણાવ્યું છે; કારણ કે રોજ વિચારવા યોગ્ય વાક્યની તમે માગણી કરી હતી તેવું તે વાક્ય છે.

બીજું "જ્ઞાનીની આજ્ઞાને વિચારવી" (૪૯૦) એ વિષે પૂછ્યું, તે વિષે જણાવવાનું કે "आणाए धम्मो" "આજ્ઞાનું આરાધન એ જ ધર્મ" એમ શાસ્ત્રો પોકારીને કહે છે, તો મને તેવી આજ્ઞા ક્યારે મળે? આજ્ઞા ઉઠાવવાથી અવશ્ય કલ્યાણ થાય તેમ છે એવું હૃદયમાં ક્યારે

નિરંતર રહ્યા કરે? આજ્ઞા ઉઠાવાતી નથી તેટલો વખત કલ્યાણ થતું નથી એવી સ્મૃતિ રહેવાથી પણ વૈરાગ્ય ઉદાસીનતા અન્ય કાર્યોમાં રહેવી ઘટે, તે થાય છે કે નહીં? શાને જ્ઞાનીપુરુષો આજ્ઞા કહે છે? શા અર્થે કરે છે? આજ્ઞા પ્રાપ્ત થતાં જીવને કેટલો સત્પુરુષનો ઉપકાર સમજાવો જોઈએ? "તેની નિષ્કારણ કરુણાને નિત્યપ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષ તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!" એમ છ પદના પત્રમાં છે. એ આદિ ભાવોનો વિચાર જીવને કલ્યાણનું કારણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૯૭ અગાસ, તા. ૧૫-૮-૪૧

દોહરો — સહનશીલતા ને ક્ષમા, ધીરજ સમતારૂપ;
સમ્યક્શ્રદ્ધા સહિત એ, આપે આત્મસ્વરૂપ.

માંદગીના વખતમાં આર્ત્તધ્યાન એટલે 'હું દુઃખી છું, હું દુઃખી છું' એવા ભાવનો પ્રવાહ થયા ન કરે તેવી કાળજી રાખવાની જરૂર છેજી; કારણ કે અશાતાવેદનીયનો પ્રસંગ એવા જ પ્રકારનો છે અને શરીરમાં જ વૃત્તિ રહ્યા કરે, વારંવાર વેદનામાં ધ્યાન ખેંચાયા કરે તે વખતે જો કાળજી રાખીને લક્ષપૂર્વક સત્સાધનમાં વૃત્તિ ન રાખી તો હમણાં જે પીડા ગમતી નથી તેવી કે તેથી આકરી વેદના ભોગવવી પડે તેવાં કર્મ બંધાવાનું નિમિત્ત વર્તમાન વેદના છેજી. પણ જો સાવધાની રાખી સત્સાધનમાં વારંવાર ચિત્ત જોડવાનો પ્રયત્ન કરી તેવી ટેવ પાડવાનો પુરુષાર્થ જીવ આદરે તો અત્યારે અશુભ કર્મ ન બંધાય અને વેદના ગયે પણ તે ટેવ કાયમ ટકી રહે તો આખી જિંદગી સુધી લાભ થાય તેવું કામ આ વેદનાના પ્રસંગે બની આવે તેમ છેજી. સત્પુરુષનાં વચનો, સત્પુરુષની દશા, તેમણે આપેલું સ્મરણ, ભક્તિ, વૈરાગ્ય, સદ્વિચાર તથા સદ્વાંચનનું શ્રવણ આદિ શુભ નિમિત્તોમાં ચિત્ત પરોવાય ને આર્ત્તધ્યાન ન થાય, તેવી ભાવનામાં રહેવા ભલામણ છેજી.

પર્યુષણ પર્વની શરૂઆત શ્રાવણ વદ ૧૩ ને બુધવારે થાય છે અને છેલ્લો દિવસ ભાદરવા સુદ ૫ ને બુધવારે સંવત્સરી પ્રતિક્રમણ કરી ખમાવવાનો છે. છેલ્લે દિવસે બને તો ઉપવાસ કરી ધર્મધ્યાન કરવા યોગ્ય છે. એ અઠવાડિયામાં પહેલો અને છેલ્લો દિવસ સામાન્યપણે ઉપવાસનો ગણાય છે. તેમાં છેલ્લો દિવસ તો ખાસ દરેકે ઉપવાસ કરવા યોગ્ય છે. કોઈ તો એક દિવસ ઉપવાસ, એક દિવસ પારણું, ત્રીજે દિવસે વળી ઉપવાસ એમ યથાશક્તિ તપ કરે છે. કોઈ ઉપવાસ ન બને તો એકાસણું જેટલા દિવસ બને તેટલા દિવસ કરે. લીલોતરીનો ત્યાગ બધા દિવસ રાખે. બ્રહ્મચર્ય તે અઠવાડિયું પાળે. દાન, પ્રભાવના, ભક્તિ વગેરે યથાશક્તિ કર્તવ્ય છે. વખત બચાવી દરરોજ બધા ભેગા મળી ભક્તિ, મોટી આલોચનામાંથી ક્ષમાપના વગેરે પદો બોલી કરવી, નિત્યનિયમ કરવો; કોઈ કોઈ દિવસ આત્મસિદ્ધિ સારા રાગથી બે કલાક ગાવી. કોઈ દિવસ કે રોજ 'સમાધિસોપાન'માંથી દશલક્ષણધર્મ કે બાર ભાવના કે આઠ અંગમાંથી કંઈ વાંચન કરવું. કોઈ કોઈ દિવસ કે રોજ વચનામૃતમાંથી આત્મસિદ્ધિના અર્થ કે ઉપદેશછાયામાંથી વાંચન કરવું. એમ ભક્તિભાવનામાં એક અઠવાડિયું ગાળી ધર્મ

ભાવના વર્ધમાન થાય તેમ વર્તવા ભલામણ છેજી. બની શકે તો કેટલાકે છેલ્લો દિવસ ધામણ – મંદિરમાં જે ભક્તિભાવના થતી હોય તેમાં ભળી જવા યોગ્ય છેજી. જે જે પ્રકારે આત્મામાં ધર્મનો ઉલ્લાસભાવ વધે તેમ તન-મન-ધનથી પુરુષાર્થમાં વર્તવા ભલામણ છેજી. ખાસ ધ્યાનમાં રાખવાની વાત એ છે કે એ અઠવાડિયામાં કષાય ઘટે, પહેલાં જેની સાથે મનમાં કંઈ ભેદભાવ રહેતો હોય તે દૂર કરી મૈત્રીભાવ સર્વ સાથે વધે તેવી રીતે વર્તાય તો પર્યુષણ આરાધના સાચી થઈ ગણાય. ટૂંકામાં આખા વર્ષમાં વેરવિરોધ થયા હોય તે દૂર કરી ચોખ્ખા થવાનું આ ઉત્તમ પર્વ નિમિત્ત છેજી. સદાચરણની વૃદ્ધિ કરવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૯૮ અગાસ, તા. ૨૦–૮–૪૧

તત્ ૐ સત્ શ્રાવણ વદ ૧૩, બુધ, ૧૯૯૭

બાંધેલાં કર્મો છે. ઉદયમાં આવે ત્યારે રાગ અને દ્વેષમાં ખેંચાઈ ન જવાય તેટલો પુરુષાર્થ જરૂર કર્તવ્ય છે. સમતા રહેવી મુશ્કેલ છે પણ તે વિના મોક્ષ થાય તેમ નથી એમ વિચારી બને તેટલો તે દિશામાં પુરુષાર્થ કર્તવ્ય છે. સદ્‌ગુરુની દયાથી જે સત્સાધન મળે છે તેનું વિસ્મરણ થવા ન દેવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૨૯૯ અગાસ, શ્રાવણ વદ ૦)), શુક્ર, ૧૯૯૭

રાગદ્વેષે મમત્વે મેં, જે જે જીવ વિરાધિયા;
ક્ષમા દ્યો મુજને તે સૌ, હું યે ક્ષમા દઉં સદા.

જો સર્વને અનુકૂળ આવે તો એક દિવસ વધારે ધર્મધ્યાન કરવામાં વિશેષ લાભ છે એમ જાણી છેલ્લો પરસ્પર ખમાવવાનો પ્રતિક્રમણદિન ભાદરવા સુદ પાંચમનો રાખવા ભલામણ છેજી. "કષાય જેટલા ઘટે તેટલું કલ્યાણ" એમ પરમકૃપાળુદેવનું જણાવવું છે તે લક્ષમાં રાખી, થોડા છાપરાનું ગામ છે તો સર્વ હળીમળી ધર્મભાવનામાં જોડાય અને છેલ્લે દિવસે કોઈના મનમાં અણબનાવ ન રહે તેવું વર્તન રાખવા વિનંતી છેજી. ક્ષમા માગવા જતાં ખોટું લાગે તેમ જેને હોય તેને પરાણે છંછેડવાની જરૂર નથી, પણ આપણું દિલ ચોખ્ખું રાખીશું તો જરૂર વહેલેમોડે જે અતડો રહેતો હશે તે ભળી જશે. આપણું ભૂંડું કરનારનું પણ ભલું થાઓ, એવી અંતરની ઇચ્છા દરેક મુમુક્ષુના હૃદયમાં પ્રગટ જાગ્રત રહેવી ઘટે છેજી. વિવાહ વગેરેના પ્રસંગે જેમ પાઘડી ઉતારીને પણ સામાને મનાવી લઈએ છીએ તેમ આ પર્યુષણ પર્વ નિર્વૈર, મૈત્રીભાવ અને ધર્મનો પ્રભાવ વધે તે અર્થે છેજી તે લક્ષમાં લેશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૦૦ અગાસ, તા. ૨૩–૮–૪૧

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧, શનિ, ૧૯૯૭

ભવિષ્યની ફિકરમાં પડવા જેવું નથી. વર્તમાનને જે સુધારે છે, તેનું ભવિષ્ય જરૂર સુધરવાનું જ અને ભૂતને તો ભૂલી જ જવું ઘટે છેજી. તેમ છતાં સંકલ્પ-વિકલ્પનો અભ્યાસ જૂના રોગની પેઠે ઊથલા મારીને જીવને સતાવે છે; તે વિષે એક ભક્તિમાન બાઈએ પ. ઉ.

૫. પૂ. પ્રભુશ્રીજીને પોતાના જીવનના અંતિમ વર્ષે પ્રશ્ન કરેલો તેના ઉત્તર સાથે અમૃતમય ઉપદેશ દીધેલો તેની ટૂંક નોંધ લખી છે તે હૃદયગત કરશો.

તે જ દિવસે 'ઉત્તરાધ્યયન સૂત્ર' સભામાં વંચાતું હતું તેમાં પ્રશ્ન આવેલો કે ભયંકર અશ્વ (મન) તમને ઉન્માર્ગે કેમ લઈ જતો નથી ? તે ઉપરથી સચોટ બોધ ઘણો થયો હતો. "એક શ્રદ્ધા કરવા યોગ્ય છે....પછી તેને કંઈ ફિકર નથી." (જુઓ પત્રસુધા : પત્ર નં. ૨૩૮) આવો અભ્યાસ થઈ ગયા પહેલાં માની બેસવું ઘટતું નથી કે મને હવે કર્મ નહીં બંધાય. આ અભ્યાસનો ક્રમ જણાવ્યો છે તેની સાથે સદાચાર, આત્માની ઝૂરણા, પ્રેમભક્તિ વગેરેની જરૂર છે અને તેટલી યોગ્યતા આવ્યે તે અભ્યાસ ફળીભૂત થાય છેજી. જ્યારે-ત્યારે આ જીવને જ કરવું પડશે. કહેનાર કહી છૂટે અને વહેનાર વહી છૂટે એમ તેઓશ્રી સ્પષ્ટ કહેતા તે સત્ય છેજી. આવો અવસર ફરી ફરી મળવો દુર્લભ છે, એમ વિચારી પ્રમાદ ઘટાડી જ્ઞાનીની આજ્ઞા ઉઠાવવા યથાશક્તિ તત્પર થઈ જવા જેવું છેજી. માથે સર્વને મરણ ભમે છે તો તેવા અવસરે કેમ વર્તવું ?

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૦૧ — અગાસ, તા. ૨૪-૮-૪૧
ૐ — ભાદરવા સુદ ૧, રવિ, ૧૯૯૭

આપે બહુ વિસ્તારથી આહોરની દુર્દશા વર્ણવી છે તથા અનુકંપાનું દર્શન કરાવ્યું છે. એ બધું શાનું ફળ ? એ વિચારી જીવે અશુભભાવથી પાછા ફરવા યોગ્ય છેજી. જે જે ફળ પ્રાપ્ત થાય છે તે પુણ્યપાપની રચના અત્યારે જણાય છે પણ ત્યાં અટકી નહીં રહેતાં દુર્ધ્યાનથી છૂટવા સદ્ગુરુનું શરણ, તેની આજ્ઞા, ભક્તિભાવ આદિ શુભભાવમાં જીવ પ્રવર્તે તો તેવા પ્રસંગો જોવાનો ફરી પ્રસંગ પ્રાપ્ત ન થાય અને જો સદ્ગુરુકૃપાથી ધર્મધ્યાનમાં પ્રવર્તે તો કોટી કર્મનો ક્ષય થઈ જાય. વાયુધારણા, જલધારણા આદિ ધર્મધ્યાનના ભેદો છે તે જો સાંભળ્યા હોય તો જીવને સંસાર પ્રત્યેથી વૃત્તિ દૂર થઈ આત્મકલ્યાણ તરફ વળી જાય તેવા છેજી. તાત્કાલિક પ્રસંગો કે આ જમાનાને લગતા પ્રસંગોમાં જીવને વિશેષ ગૂંચવી નાખવા યોગ્ય નથીજી. પણ જ્ઞાનીપુરુષે દીર્ઘ દૃષ્ટિથી શાશ્વત આત્મા તરફ દૃષ્ટિ દેવા જે બોધરૂપી ધોધ વરસાવ્યો છે તે તરફ લક્ષ દેવા ભલામણ છેજી. પોતાની ફરજ સમજાય અને ચિત્તની પ્રસન્નતાને અર્થે તે અંગે કંઈ કાર્ય કરવું પડે તેનો નિષેધ નથી; પણ લક્ષ તો આ આત્મા અનંતકાળના કર્મ-પ્રવાહમાં તણાઈ રહ્યો છે તેની શી વલે થશે ? આ કર્મનું પૂર ક્યારે ચાલ્યું જશે ? તેની ચિંતના ઝૂરણા વિશેષ કર્તવ્ય છેજી. 'હિંમતે મરદા તો મદદે ખુદા' એ કહેવત પ્રમાણે જે પ્રસંગ આવી પડે તેમાં ધીરજ, સહનશીલતા અને દીર્ઘદૃષ્ટિ(જ્ઞાનીના યોગે મળેલી દૃષ્ટિ)થી વર્તવા યોગ્ય છેજી.

ગુડીવાડા આદિ સ્થળે પત્ર લખો તો પત્ર વાંચનારને મોહમાં તણાવું થાય તેવું વિશેષ લખાણ ન થાય તેમ લક્ષ રાખવા વિનંતી છેજી. મુમુક્ષુનું લખાણ વૈરાગ્યવર્ધક અને સંસારની ક્ષણિકતા જણાવનાર હોવું ઘટે છે તે તમારા લક્ષમાં છે છતાં સાધારણ સૂચના કરી છે કે કોઈને માહિતી આપતાં પણ યથાર્થ વર્ણન કરતાં સામાના ઉપર કેવી અસર થશે ? તે લક્ષમાં રાખી લખાયું હોય તો હિતકારી છેજી. એ જ વિનંતી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૦૨ અગાસ, તા. ૨૫-૮-૪૧

તમારો ક્ષમાપનાનો પત્ર મળ્યો. પૂ.....સાથે ધંધામાં ચિત્ત ન દેવાનું મેં કહેવરાવેલું નહીં. તેમની સમજફેર થઈ હશે, તેથી તમે પત્રમાં લખો છો તેમ કર્તવ્ય નથી. જેનો પગાર ખાતા હોઈએ તેનું કામ સોંપ્યા પ્રમાણે કરવું તે નીતિનો માર્ગ છે, તેથી વિરુદ્ધ વર્તવાનું કોઈ જ્ઞાની જણાવે નહીં. જ્યાં સુધી પગાર લઈએ ત્યાં સુધી કામ કરવું ઘટે, પરંતુ ચિંતા-ફિકર કરવા માટે પણ પગાર મળતો નથી; તે સંબંધી હર્ષ-શોક કે માથે બોજો માની લેવાની જરૂર નથી એમ જણાવ્યું હોય તો તે ઘટિત છેજી. શરીર સંબંધી કે વેદના સંબંધી બહુ વિચાર ન કરતાં, જ્ઞાનીની આજ્ઞા વિચારી તેનું આરાધન બને તેટલું આ ભવમાં કરી લેવાનો ભાવ રાખવો. અહીં આવવા ન આવવાનું પણ પ્રારબ્ધ-આધીન છે; ન આવવું એવું કાંઈ તમને કહ્યું નથી. યથાવકાશે આવી શકાય તો લાભનું કારણ છે પણ મુંઝાવાનું કંઈ કારણ નથી. પરમકૃપાળુદેવની ભક્તિ ગમે ત્યાં રહીને સાચા દિલથી કરીશું તો તે સદાય આપણી સમીપ જ છે એવું એમણે પોતે જણાવેલું છેજી. માટે બનતી શરીર સંભાળ રાખી ભક્તિમાં ચિત્ત રાખવા આપ સર્વ મુમુક્ષુ ભાઈબહેનોને વિનંતી છેજી. બે ઘડી બધા ભેગા થઈ ભક્તિ કરવાનું બને તો રાખવું ઘટે છેજી. ન બને તો એકલા પણ કર્તવ્ય છે.

---

૩૦૩ અગાસ, ભાદરવા સુદ ૩, ૧૯૯૭

વિ. પર્યુષણ પર્વમાં અત્રે ઘણા મુમુક્ષુઓ ગંગામાં સ્નાન કરી પવિત્ર થાય તેમ તપ, જપ, ભક્તિભાવ, પ્રભાવના, ધર્મસ્નેહ, વિનય, પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત્ત આદિથી મંદ-કષાયી બની યથાશક્તિ મહાન પર્વને ઊજવે છે. એક મુમુક્ષુ ભાઈએ બધી ભરસભામાં ઊભા થઈ પોતે પ. પૂ. પ્રભુશ્રીજી પાસે સટ્ટા નહીં કરવાનો નિયમ લીધેલો છતાં સટ્ટા કરી સર્વ મિલકત ખોઈ ઘરભંગ થયા છે તેનો પશ્ચાત્તાપ કરી, ફરી કદી સટ્ટા નહીં કરવાનો નિયમ-નિશ્ચય કરી, લીધેલું વ્રત તેમણે તૂટેલું અનુસંધાન કરી જોડી દીધું છે. લક્ષ્મી ખોઈને પણ શિખામણ લઈ પાછા વળ્યા તો તેમને ધન્ય છે! શ્રી રથનેમિ અને શ્રીમતી રાજુલના પ્રસંગમાં શ્રી ઉત્તરાધ્યયનમાં શ્રી રથનેમિનાં ભગવાને વખાણ કર્યાં કે તેમણે ફરી ચારિત્ર લઈ મોક્ષ સાધ્યો. બધાને અસર થાય તેવો તે પ્રસંગ હતો તે સહજ જાણવા અને શિખામણ લેવા જણાવ્યો છેજી. હાર્યો જુગારી બમણું રમે એમ લોકોમાં કહેવાય છે તેમ આ જીવ અનાદિકાળથી જન્મમરણની બાજી રમતો આવ્યો છે. ઘણી ખોટ ગઈ, પામર થઈ ગયો છે, કર્મનો ગુલામ બની ગયો છે તોપણ તે બાજી ફેંકી દઈ, હવે નથી રમવી એમ આ અભાગિયો જીવ નિશ્ચય કરતો નથી. "ભવે ખેદ પ્રાણીદયા ત્યાં આત્માર્થનિવાસ." એમ આત્માર્થીનાં લક્ષણમાં કહ્યું છે છતાં હજી આ જીવને ભવનો ખેદ પ્રગટ્યો નથી.

પરમકૃપાળુદેવની કૃપાથી સ્નેહબંધનનું કારણ જે સ્ત્રી તેનો વિયોગ થાય તો મુમુક્ષુ જીવે હર્ષ પામવા યોગ્ય છે. વાઘની બોડમાં વસવું સારું છે પણ સ્નેહ કરનારી સ્ત્રી ઉપર રાગ કરી ચીકણાં કર્મ બાંધી ભવોભવમાં રઝળવું સારું નથી. મુમુક્ષુ વિષે પરમકૃપાળુદેવ લખે છે કે મોહા-સક્તિથી મૂંઝાઈ ક્ષણે ક્ષણે મોક્ષના માર્ગમાં પ્રવર્તવું તે મુમુક્ષુતા છે. તે ભાવ આપણા હૃદયમાં

કેટલી વાર રહે છે અને મોહની મીઠાશ કેટલી વખત રહે છે તે દરેક મુમુક્ષુએ પોતાના આત્માની દયા લાવીને વારંવાર દરરોજ વિચારતા રહેવાની જરૂર છેજી. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે 'ઊંધી ઇંટ છે' ત્યાં શું કહેવું! જેને માટે રોવું જોઈએ એવા આત્માને આર્ત્તધ્યાન આદિ કારણે કર્મ બાંધી આ આત્મઘાતી જીવ કચડી મારે છે અને જેમાં પોતાનું કંઈ ન વળી શકે એવા મરણ આદિ પ્રસંગોને સંભારી સંભારી પોતે પોતાનો વેરી થાય છે. આવા પ્રકારે એક સદ્‌ગુરુનું શરણ, તેના ચરણમાં આત્માર્પણ, તેની કૃપાથી જે થાય તે ભલું માનવાની ભાવના વારંવાર સેવવાથી જીવનું હિત થવાનો સંભવ છે. બીજો કોઈ બચવાનો આરો નથી. ખાટકીના કરતાં વધારે ઘાતકી વર્તન આપણે આપણા આત્મા પ્રત્યે ચલાવીએ છીએ તે ક્યારે અટકીશું? ક્યારે સદ્‌ગુરુના વારંવારના પોકારને કાનમાં પેસવા દઈશું? ક્યારે આ સંસારભાવનારૂપ વિષને ઓકીને સદ્‌ગુરુની પ્રસન્નતાએ આપણી પ્રસન્નતા સમજીશું?

આ વાત મારા આત્માને જ મેં કહી છે. કોઈએ ખોટું લગાડવા જેવું નથી. દુઃખીને દિલાસો આપવાને બદલે ડામ દે તેવું લખાયું છે તેને સવળું કરીને આત્મહિતની વિશેષ દાઝ જાગે તેવું મારે-તમારે વર્તવાયોગ્ય છે. જેણે સાચા દિલથી સદ્‌ગુરુનું શરણું ગ્રહણ કર્યું હતું અને મરણાંત-પ્રસંગે તે ટકાવી રાખ્યું તેની સદ્‌ગતિમાં કોઈ પણ પ્રકારે શંકાનું કારણ સમજાતું નથી. પણ આ દુષ્ટાત્માની શી ગતિ થશે? તેણે શું કરવા ધાર્યું છે? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

304 અગાસ, ભાદરવા સુદ ૭, ૧૯૯૭

(૧) સામાયિક (૨) છેદોપસ્થાપના (૩) પરિહારવિશુદ્ધિ (૪) સૂક્ષ્મ સાંપરાય અને (૫) યથાખ્યાત એમ ચારિત્રના મુખ્ય પાંચ ભેદ થાય છે; પણ પરિણામની ધારા સમયે સમયે ચઢતી, ઊતરતી કે સ્થિર રહેતી હોય છે તેની અપેક્ષાએ અસંખ્યાત ભેદ ચારિત્રના થાય છે. તે ચઢતા-ઊતરતા ક્રમને તારતમ્યતા કહે છે. તર+તમ = હોય તેથી ચઢિયાતું થવું, તેથી પણ ચઢિયાતું ઉત્કૃષ્ટ થતાં સુધી થયા કરવું તે તારતમ્ય.

"સંયમના હેતુથી યોગપ્રવર્તના, સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં, અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો."

એ કડી વિચારશો તો તે વાક્ય પૂછેલું સમજાશેજી.

સદ્‌ગુરુ એ જ્ઞાનનેત્ર આપનાર છે. તેમની કૃપાથી સમ્યક્‌દર્શન થાય છે, એટલે દેવ ગુરુ અને ધર્મનું ઓળખાણ આપનાર સદ્‌ગુરુ છે. આંખ વડે નગર કે આકાશ દીઠું તો તે આંખમાં બધું સમાય છે કે નહીં? તેમ જે સદ્‌ગુરુની ઉપાસનાથી સમ્યક્‌દર્શન થાય, કેવળી વગેરેનું સ્વરૂપ સમજાય, ઓળખાય તો સદ્‌ગુરુનું માહાત્મ્ય કેટલું? સદ્‌ગુરુની સમજ કે ગુરુગમ વિના કેવળી કે સર્વજ્ઞ કહે તે શબ્દમાત્ર છે, ભાવ સંતના હૃદયમાં રહ્યો છે, તે સમજાતાં સર્વ સમજાય છેજી. સમ્યક્‌દર્શનની માતા સદ્‌ગુરુ અને કેવળજ્ઞાનની માતા સમ્યક્‌દર્શન, હવે સમ્યક્‌દર્શનમાં કેવળજ્ઞાન સમાય (કારણ કે તે તેને ઉત્પન્ન કરે છે) તો સદ્‌ગુરુમાં કેમ ન સમાય?

"સદ્‌ગુરુ પદમેં સમાત હૈં અર્હંતાદિ પદ સર્વ,
તાતેં સદ્‌ગુરુ ચરણકો, ઉપાસો તજી ગર્વ."

---

૩૦૫ અગાસ, તા. ૨૯-૮-૪૧

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૭, શુક્ર, ૧૯૯૭

આપનો પત્ર મળ્યો હતો. જેની સાથે જેટલો સંસ્કાર લેવડદેવડ હોય છે તે પૂરી થતાં તે સંબંધ છૂટી જાય છે. તેનો ખેદ કરવાથી ઊલટો જીવ અપરાધી બને છે. આપણું જોર મરણ આગળ કાંઈ ચાલતું નથી. આપણે પણ એક દિવસે કોઈ ને કોઈ નિમિત્ત આવી પડયે આ દેહને એમની પેઠે નાખી દઈ ચાલી જવું પડશેજી. એવો દિવસ આવી પહોંચ્યા પહેલાં જે ભક્તિભાવના જ્ઞાનીની આજ્ઞાથી કરી લઈશું તેટલું સાથે આવશેજી. બાકી બીજું બધું આ દેખાય છે તેમાંનું કંઈ સાથે આવી શકે તેમ નથી. આખી જિંદગી દુઃખ વેઠીને ધન વગેરે એકઠું કર્યું હશે, મકાન બંધાવ્યું હશે કે ઢોર-ઢાંખર-ખેતર આદિ જે મેળવ્યું હશે તે ત્યાંના ત્યાં પડી રહેશે. ઊલટું ચિંતાનું કારણ થઈ પડે કે એને કોણ સંભાળશે, એને કોણ ભોગવશે? આમ વાસનાને લઈને અનંતકાળથી જીવ જન્મમરણ કરતો આવ્યો છે તે વાસનાને મૂળમાંથી ઉખેડી નાખે તેવી જ્ઞાનીની આજ્ઞા આ ભવમાં મળી છે તો બીજી બધી વસ્તુઓ કરતાં જ્ઞાનીની આજ્ઞામાં ચિત્ત વિશેષ રહે તેવો પુરુષાર્થ જરૂર આ ભવમાં કરી લેવા યોગ્ય છેજી.

"સગાંસંબંધી, પૈસાટકા, ઘરબાર, બૈરાંછોકરાં એ બધેથી પ્રીતિ ઉઠાવી અહંભાવ, મમત્વભાવ ઉઠાવી લઈ, દેહ આદિ સર્વ પ્રત્યેથી મોહમૂર્છાભાવ બાળી જાળી, ભસ્મ કરી, સ્નાનસૂતક કરી ચાલ્યા જવું છે. તો સ્ત્રી છું, પુરુષ છું, નાનો છું, મોટો છું – એ સર્વ પર્યાયદૃષ્ટિ છોડી શ્રી સદ્ગુરુએ જાણ્યો છે એવો એક શુદ્ધ આત્મા હું છું એવી આત્મભાવના રાખવી. જ્યાં સુધી ભાન રહે ત્યાં સુધી 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મહામંત્રનું સ્મરણ રાખવું. ઉપયોગ બધામાંથી ઉઠાવી તેમાં રાખવો. એના જેવું કોઈ બીજું શરણ નથી, તો જ કલ્યાણ થશે." (ઉપદેશામૃત પૃષ્ઠ ૩૯૨) આ શિખામણ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ આખર વખતે લક્ષમાં રાખવાની જણાવી છે તેની જેને પકડ થશે તેનું કલ્યાણ થાય તેમ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૦૬ અગાસ, તા. ૨૯-૮-૪૧

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૭, શુક્ર, ૧૯૯૭

તમારો પત્ર આજે આવ્યો. તમારી ભાવના જાણી. જેને એવા ભાવો રહ્યા કરે છે કે કરવા યોગ્ય મારાથી થતું નથી, તેને જે કરવું છે તેના કારણરૂપ કે કાર્યરૂપ અંતરંગ ચર્યા રહે છે એમ પરમકૃપાળુદેવે કહ્યું છે તે પત્રાંક ૨૬૨ વિચારવા વિનંતી છેજી, અને તે દશા યથાર્થ પ્રાપ્ત કરવાની ભાવના કર્તવ્ય છેજી. સત્સંગ એ અનુપમ નિમિત્ત છે. આપને તેવો યોગ હાલ છે. પ્રમાદ દૂર કરી, કરવા યોગ્ય ભાવ પ્રત્યે કાળજી રાખી, પ્રાપ્ત સંયોગોનો ઉત્તમ લાભ લઈ લેવા ભલામણ છેજી.

જ્ઞાનીપુરુષને આશ્રયે આ દેહ છૂટે એ ભાવના જેની છે તેને તેવો યોગ મળી આવે છેજી. સર્વ સ્થળે આપણી ભાવના જાગ્રત હોય તો તે પૂ. જૂઠાભાઈને કહ્યું હતું તેમ "સમીપ જ છું" એમ સમજવા યોગ્ય છેજી. આપણી ખામી આપણે પૂરી કરવા સત્પુરુષાર્થની જરૂર છેજી. પરમકૃપાળુદેવનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

---

૩૦૭

અગાસ, તા. ૨૯-૮-૪૧

તત્ ॐ સત્

ભાદરવા સુદ ૭, શુક્ર, ૧૯૯૭

"ખમી ખમાવી નિઃશલ્ય થઈ, મેલી મિથ્યા ગર્વ;
ધન્યપુણ્ય કૃતાર્થ તે, આરાધે સત્ પર્વ."

પૂ....ને આશ્રમમાં આવવાની ઘણી ભાવના રહે છે તે જાણી, પ્રારબ્ધ અને પુરુષાર્થની અનુકૂળતા મળી આવતાં ભાવના સફળ થાય છેજી. શરીર નરમ રહે તે વખતે મનમાં મંદવાડ પેસી ન જાય એવું બળ જીવ ધારે તો કરી શકે એવો મનુષ્યભવનો યોગ છે. શરીરના ધર્મને આત્માના ધર્મ સમજવાની ભૂલ અનાદિકાળથી ચાલી આવી છે પણ કૃપાળુદેવે કહ્યું છે —

"છે દેહાદિથી ભિન્ન આતમા રે ઉપયોગી સદા અવિનાશ — મૂળ૦"
"દેહ માત્ર સંયોગ છે વળી જડ રૂપી દશ્ય."

ચેતનના ઉત્પત્તિલય, દેહના ઉત્પત્તિલયને આધારે માની ઘણું જીવે વેઠ્યું છે. હવે તે ભાવ તજી, જ્ઞાનીએ જાણ્યો છે તેવો આત્મા હું છું અને દેહ તો પ્રત્યક્ષ બધાને મૂકીને ચાલ્યા જતા આપણે નજરે જોયા છે; તો દેહમાં ને દેહમાં આત્માને મૂંઝવી મારવો નથી, એવો દૃઢ વિચાર કરી વેદનીના વખતે સત્સાધન પરમકૃપાળુદેવની કૃપાથી મળ્યું છે તે પ્રાણ છૂટે તોપણ છોડવું નથી એવી દૃઢતા આ ભવમાં તો કરી લેવી છે; તે અર્થે આ વેદનીનો વખત ગાળવો છે; અભ્યાસ પાડી મૂકવા માટે જ આ અવસર આવ્યો છે; ભાન છે ત્યાં સુધી કંઈક સત્પુરુષે કહેલું સ્મરણ કરી લઉં; પછી તો બની શકે તેમ નથી. માટે આળસ, પ્રમાદ કરી આત્માનો વેરી શા માટે બનું?

---

૩૦૮

અગાસ, તા. ૩૦-૮-૪૧

તત્ ॐ સત્

ભાદરવા સુદ ૮, શનિ, ૧૯૯૭

ગીતિ – ક્રોધ, માન ને માયા, લોભ વગેરે રાગાદિ દોષો;
થયા અજ્ઞાનવશે તે, દુષ્કૃત મારાં પ્રભુ, બધાં ખોશો.

આપનો ક્ષમાપનાનો પત્ર મળ્યો. આપે પત્રમાં આત્મનિંદા જણાવી તે વાંચી. પણ તે સર્વ દોષો જેમ જણાવ્યા છે તેમ નજરે ચઢ્યા તો હવે તેને ઝાઝો વખત ટકવા દેવા જોઈતા નથી. દુકાનમાં ચોર પેઠો એમ જાણો તો પછી છાનામાના બેસી રહી એને અંદરનો માલ ચોરી જવા દો? પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના આબુ ઉપરના બોધમાં આ પર્યુષણમાં વંચાયું હતું કે "ભક્તિ, ધ્યાન, સ્વાધ્યાય, એકદૃષ્ટિ, ભાવ, આત્મભાવના એ પોતાનું ધન છે. વેદની આવે છે ત્યારે ધાડપાડુઓ, ચોર, લૂંટારાઓ તે ધન લૂંટી લે છે. તો તેવે વખતે પોતાનું ધન લૂંટાઈ ન જાય તે માટે શું કરવું? વેદની રોગ આવે છે ત્યારે શાતાનો ભિખારી જીવ ભીખના ટુકડા જેવી શાતાને ઇચ્છે છે. સામાયિક, કાઉસગ્ગ, ધ્યાન, ભક્તિ, ત્યાગ, વૈરાગ્ય, સ્વાધ્યાય કરવા દે નહીં એમ વેદની વિઘ્ન પાડે ત્યારે શું કરવું? લૂંટારા તો છે. ધન છૂટું મૂકે તો તો લૂંટારાને લઈ જતાં વાર લાગે નહીં, પણ કોઈ તિજોરીમાં મૂક્યું હોય તો લઈ જવાય નહીં. તેમ ઉપાય શું કરવો? તપ, જપ, ક્રિયા માત્ર કરી ચૂક્યો. ફક્ત એક આ

જીવને સમકિત આવ્યું હોય તો બધું આવ્યું. બધાનો ઉપાય એક સમકિત છે. સમકિત આવ્યું હોય તો કંઈ લૂંટાય નહીં. બેઠા બેઠા જોયા કરીએ. માટે જ્યાં સુધી વેદની નથી આવી ત્યાં સુધી સમકિત કરી લો." (ઉપદેશામૃત પૃષ્ઠ ૩૮૦) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૦૯ અગાસ, તા. ૧-૯-૪૧

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૧, સોમ, ૧૯૯૭

પૂ....નો સહવાસ હવે નથી તો વિશેષ નૈતિક અને આત્મિક બળ વધારીને વર્તવું ઘટે છે, કારણ કે બળવાન સંગ હોય તો દોષ કરતાં જીવ ડરે છે કે સુધરી શકે છે; પણ તેવો યોગ ન હોય તો સત્પુરુષનાં વચનના આધારે ગમે તેવા પ્રસંગોમાં નિર્દોષ રહેવા પુરુષાર્થ કરવો ઘટે. તેમ ન કરે તો બચવાનો કોઈ ઉપાય નથી. આપે પુછાવેલ પ્રશ્નનો ઉત્તર ટૂંકામાં ફરી લખું છું કે * પરમકૃપાળુદેવે મહાત્મા ગાંધીજી જેવાને પણ મુસલમાનોની મિજબાનીમાં (જ્યાં માંસાહારને લગતો વ્યવહાર હોય ત્યાં) જવાને કચવાતે મને રજા આપી છે; અને ફળાહાર વિના કોઈ રાંધેલો પદાર્થ ન લેવાય તો ખોટું પણ ન લગાડવાનું અને અને પોતાના આત્મામાં દયાની લાગણી ટકી રહે એવી શિખામણ આપી છે. તો આપણા જેવા નિર્બળ મનના માણસે તો તેવા પ્રસંગોથી દૂર રહેવાય તેમ કરવામાં હિત છે, એ જાણી, સમજી તેમ જ પ્રવર્તવું ઘટે છેજી.

---

૩૧૦ અગાસ, તા. ૧-૯-૪૧

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૧, સોમ, ૧૯૯૭

"જો જો પુદ્ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા – સમતા ભાવશું, કર્મબંધ – ક્ષય હોય." (બૃહદ્ આલોચના)

આપનો ક્ષમાપના પત્ર મળ્યો છેજી. સમાચાર જાણ્યા છે. અનિવાર્ય પ્રસંગે સમતા સિવાય બીજો કોઈ રસ્તો નથી. આપણું ધાર્યું કંઈ થતું નથી. એક વખત હું અમદાવાદ પ. ઉ. પ્રભુશ્રીજીનાં દર્શનાર્થે ગયેલો ત્યારે ઉપરનો આલોચનાનો દોહરો ઊભા ઊભા તેઓશ્રીએ લખાવ્યો અને આણંદ પૂ. મગનલાલ તારમાસ્તર હતા તેમની સાથે વિચારવા ફરમાવેલું. તેનો થોડો અર્થ નીચે લખેલો છે:

"જો જો પુદ્ગલ ફરસના"–માત્ર જ્ઞાતા દ્રષ્ટા તરીકે બાંધેલાં કર્મો જોજો; તેમાં માથું મારવા જેવું, ઇષ્ટ-અનિષ્ટપણું કરી આત્માને ક્લેશિત કરવા જેવું નથી. ચેતાવે છે કે જોજો હોં, ભૂલતા નહીં; "પુદ્ગલ રચના કારમીજી" તેમાં મનને લીન કરવા જેવું નથી. અથવા જે જે પુદ્ગલ ફરસના પ્રારબ્ધ અનુસાર બને છે, તેમ જ બનવાનું નિર્માયેલું હતું. "નિશ્ચે ફરસે સોય" પાંચ ઇન્દ્રિયોથી જણાતું જગત બધું પુદ્ગલમય છે અને સદાય ફરતું જ છે, ફરશે જ; એક આત્મા અવિચળ, નિત્ય, ટંકોત્કીર્ણવત્ ત્રણે કાળ રહેનાર છે; તે સિવાય જ્યાં જ્યાં જીવે વિશ્વાસ રાખ્યો હશે તે બધું પલટાઈ ફરી જવાનું છે. નહીં ધારેલું બનશે. મરણનો ખ્યાલ નહીં હોય ને અચાનક આવીને ડોળા કાઢી ડરાવશે. આવા ને આવા દહાડા સદાય રહેવાના

---

* જુઓ પત્રાંક ૭૧૭.

નથી. "પીંપળ પાન ખરંતાં, હસતી કૂંપળિયાં; મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં" તેમ કાળા વાળ ધોળા થઈ જશે; કાને સાંભળવું ધબ થઈ જશે; લાકડી વિના ડગ નહીં ભરી શકાય; ચામડી ઢીલી પડી જઈ ટટળશે; મુખમાંથી લાળો પડશે; આંખે સૂઝશે નહીં; નાનાં છોકરાં પણ તિરસ્કાર, મશ્કરી કરશે. આ બધો અધિકાર હતો ન હતો થઈ જશે. અથવા જે પુદ્ગલની ફરસના માંડી હશે તે જરૂર ભોગવવી પડશે. પોતાનાં કર્યાં પોતાને જ ભોગવવાં પડશે, પણ ભોગવવા-ભોગવવાની રીતમાં જ્ઞાની-અજ્ઞાનીમાં ભેદ પડે છે તે હવે જણાવે છે:

"મમતા-સમતા ભાવશું કર્મબંધ-ક્ષય હોય." મમતા કરનાર પ્રારબ્ધ ભોગવતાં બંધાય છે અને સમતા ધારણ કરનાર જ્ઞાનીજન તે જ પ્રકારના પ્રારબ્ધને ભોગવી લઈ મુક્ત થાય છે, છૂટે છે. ચમત્કારી વાત છે. સમતા રહેવી દુષ્કર છે.

આ પર્વમાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો બોધ વંચાતો હતો તેમાં આવ્યું હતું: "મોટા પુરુષો હોય તે સારા ઉત્તમ સ્થાનમાં રહે છે, પાયખાનામાં રહેતા નથી; તેમ આખું જગત પાયખાનામાં રહે છે. પણ જ્ઞાનીઓનું સ્થાન કયું છે? 'સમભાવ.' આ એમનું સ્થાન છે. આ જગાનું કેટલું સુખ, કેટલી સાહ્યબી છે? તે કથ્યું જાય તેમ નથી. આ જગાએ જવાથી દુઃખમાત્ર નાશ પામી જાય છે. ચંડાળ જેવા નીચ વેર, હલકા ભાવમાં જ્ઞાની રહેતા નથી, તેથી તેમનો ભય માત્ર નાશ પામી જાય છે. 'એક આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું.' તેની શ્રદ્ધા, વિશ્વાસ, પ્રતીતિ થયે પણ કામ થઈ જશે. છ પદનો પત્ર અમૂલ્ય છે. ઊંડા ઊતરવું જોઈએ, પકડ થવી જોઈએ. બધાંની વચમાં કહ્યું છે; પણ 'સમભાવ'ની પકડ કરી લેશે તેનું કામ થશે....અંતરપરિણમન વિચારથી કરવું જોઈએ; પલટાવી નાખવું જોઈએ. હવે તો આત્મા જોવાનું કરો. બીજું જોવાનું કર્યું છે, તેથી ફરીને એક આત્મા જોવાનું કરો. દૃષ્ટિમાં ઝેર છે, તે અમૃત થાય તેમ કરો. 'માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ'. જ્ઞાનીઓએ એ જ કર્યું છે, એ જ જોયું છે. 'કર વિચાર તો પામ.' વિચારવડે દૃષ્ટિ પલટાવી અંતર્દૃષ્ટિ કરવાની જરૂર છે.....સર્વ જ્ઞાનીપુરુષો એક જ વાટે મોક્ષે ગયા છે. તે વાટ 'સમતા' છે. બહુ અદ્ભુત છે! વિષમભાવ છે ત્યાં બંધન છે. સમભાવ છે ત્યાં અબંધતા છે." (ઉપદેશામૃત પૃષ્ઠ ૩૮૭-૮૮) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૩૧૧

અગાસ, તા. ૫-૯-૪૧
ભાદરવા સુદ ૧૫, શુક્ર, ૧૯૯૭

આપનો પત્ર મળ્યો. વાંચી કર્મની વિચિત્રતા જાણી, એવાં જ કામ એનાં છે એમ ખાતરી થવાથી જ્ઞાનીપુરુષો તે સર્વ કર્મોને નિર્મૂળ કર્યા વિના નિરાંતે, જંપતા નથી. જે સદ્ગુરુરૂપ તરવાની હોડી છે, તેમાંથી સંસારસાગરમાં કૂદી પડવા માટે દર્શનમોહ નામના કર્મની પ્રેરણા હોય છે; તેની શિખામણને અનુસરનાર અનેક જીવો વિનાશને વર્યા છે. સત્સાધન કે સત્-શિક્ષા જે ચૂકતા નથી તેનો વાંકો વાળ કરવા કોઈ જગમાં સમર્થ નથી. પણ તે મૂકીને જે દોઢડાહ્યા જીવો પોતાની ઢેડી જેવી તુચ્છ બુદ્ધિની સલાહ માને છે તેના કેવા હાલ થાય છે તે ઉપર એક કથા છે તેનો બધા મળી વિચાર કરશો એમ ભલામણ છે. (જુઓ ઉપદેશામૃત પૃષ્ઠ ૧૯૭-૧૯૮ની ફૂટનોટ – રયણાદેવીની કથા)

યક્ષ એ સદ્ગુરુ છે. જિનરક્ષિત એ ભગવદ્ભક્ત, ટેકવાળો, એક લક્ષથી સત્સાધના કરનાર મુમુક્ષુ છે. જિનપાલિત તે પોતાની બુદ્ધિએ ચાલનાર સંસાર-વાસનાવાળો છે, ને રયણાદેવી તે માયા છે, મોહ છે, કર્મ છે. પુણ્યકર્મરૂપ વહાણ ભાંગતાં મોહવશ થયેલા સ્વદેશ–મોક્ષને રસ્તેથી એક ચૂકયો. ૐ શાંતિઃ

"ત્રાસ ધરે ભવ ભય થકી, મનમોહન મેરે, ભવ માને દુઃખખાણ રે. મન૦" (બીજી યોગદૃષ્ટિ)

"संशयात्मा विनश्यति" — भगवद्गीता

તા. ક. — સંસાર તરવો હોય તેણે આ વાત વારંવાર વિચારી જિનરક્ષિત બનવા પુરુષાર્થ, સદ્ગુરુમાં શ્રદ્ધા વધારવી ઘટે છેજી. બીજા વિકલ્પોમાં ન પડવું, હું શું જાણું? ધર્મ સંબંધી મને કંઈ ભાન નથી. માત્ર મારે તો બતાવેલે રસ્તે આંખો મીંચીને ચાલ્યા કરવું છે એ નિશ્ચય હિતકારક છેજી.

---

૩૧૨ — અમાસ, તા. ૧૭–૯–૪૧

તત્ ૐ સત્ — ભાદરવા વદ ૧૧, બુધ, ૧૯૯૭

દોહરા — દીન-દયાળ દયા કરો, પરમ ધર્મ-આધાર;
તુમ સમ સમર્થ કોઈ નહિ, આત્મબોધ-દાતાર.
અબુધ અવિવેકી છતાં શરણે રાખો નાથ;
ઇચ્છું ઉત્સંગે રમું, સસલા સમ શશી સાથ.
ચંદ્ર-પ્રભા સમ તુજ ગુણે, સ્વરૂપ મુજ જણાય;
માગું તુજ ગુણ-રમણતા, દયા કરો ગુરુરાય. (પ્રજ્ઞાવબોધ–૪)

તમ બન્નેના પત્રો મળ્યા. જે જે ભાવો પ્રદર્શિત કર્યા છે તે પ્રશસ્ત છે; પણ તે ભાવપૂર્વક પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ પ્રત્યે કરવા યોગ્ય છે. એ તરણતારણ સદ્ગુરુની ભક્તિ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ કરવા જણાવી છે તે વિષે આપને કોઈ કોઈ પ્રસંગે જણાવવું થયું છે. હું તો માત્ર ચિઠ્ઠીનો ચાકર છું. મારા પ્રત્યે જે ભાવ દર્શાવ્યો છે, તે અસ્થાને છે. હું હજી સાધક છું; જે પરમ પાવન પરમાત્માનું પરમ ધામ છે તેનો પ્રવાસી છું. આપણે એક જ માર્ગે જવાનું છે. જે તમને બતાવ્યો તે રસ્તો સાચો છે. હવે પુરુષાર્થ જેનો જેટલો વિશેષ, તેની તેટલી વિશેષ પ્રગતિ. જે રસ્તામાં સૂઈ રહેશે તે આગળ વધી શકશે નહીં, પણ એ જ માર્ગે વહેલેમોડે ચાલ્યે મોક્ષનગરે જવાશે. પ. ઉ. પ. પૂ પ્રભુશ્રીજી કહેતા કે પરમકૃપાળુદેવની ભક્તિ કરવામાં તમારા આત્માને કંઈ હાનિ થાય તેવું હોય તેના અમે જોખમદાર છીએ, વીમો ઉતરાવીએ છીએ, જવાબદારી લઈએ છીએ. આટલું બધું કહેવાનું કારણ માત્ર આ કાળના આપણા જેવા અશ્રદ્ધાળુ જીવોને સન્માર્ગમાં દૃઢતા થાય તે અર્થે, નિષ્કારણ કરુણા જ હતું. તે મહાપુરુષના ઉપકારનું જેમ જેમ વિશેષ સ્મરણ થશે તેમ તેમ પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્રદેવ પ્રત્યે વિશેષ ભક્તિભાવ ઉલ્લાસ પામશે અને આપણી પામરતા સમજાતાં સ્વપ્નદશારૂપ અહંભાવ–મમત્વભાવ દૂર થવાનું બનશે. માર્ગ બતાવનાર સાચા સજ્જન મળ્યા છે; નવી, કદી ડૂબે નહીં તેવી સ્ટીમરમાં આપણને બેસાડ્યા છે. હવે છાનામાના, ડાહ્યા થયા વિના,

તેના વિશ્વાસે, યથાશક્તિ (શક્તિ ગોપવ્યા વિના) તેની આજ્ઞા આરાધવાનો પુરુષાર્થ કર્યા જવાનો છેજી. ધીરજ રાખી જ્ઞાનીને માર્ગે ચાલવાથી વગર ઇચ્છયે મોક્ષપાટણ પ્રાપ્ત થાય તેમ છેજી.

બાળક ગર્ભ-અવસ્થામાં શું કરે છે? તેને કંઈ ભાન છે? છતાં તેનું પોષણ આપોઆપ થયે જાય છે. તે ફિકર કરે, ઉતાવળ કરે કે ક્લેશિત રહ્યા કરે તોપણ તેને જેટલી મુદત તે દશામાં રહેવાનું છે તેમાં ફેરફાર થાય તેમ છે? જે ભૂમિકામાં જે કર્તવ્ય છે તેટલું કરતા રહી જેમ બને તેમ શાંતિનું સેવન કરતા રહેવાથી સરળ રીતે આગળ વધાય છે.

જેમ જેમ છોડવા મોટા થાય છે, તેમ તેમ તેમને પવનના સપાટા વિશેષ સહન કરવા પડે છે. તે વિશેષ નમી પણ જાય છે, છતાં તેથી મૂળ મજબૂત થતાં જાય છે; વિશેષ પોષણ આપે તેવાં ઊંડે જનાર પણ બને છે; તેમ મુશ્કેલીઓમાં તો જે કરવું છે તેના ભાવ વર્ધમાન થાય છે, લાગ મળે તો વિશેષ ભાવપૂર્વક સાધન થાય છે, નહીં તો તીવ્રતા વધતી જાય છે, તે વિશેષ આગળ વધવામાં પ્રબળ કારણ બને છે. મૂંઝવણનું કોઈ કારણ નથી. થાય તેટલો પુરુષાર્થ કરતા રહેવું અને ભાવના વધારતા રહેવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૧૩ અગાસ, તા. ૨૦-૯-૪૧
તત્ ૐ સત્ ભાદરવા વદ ૧૪, શનિ, ૧૯૯૭

લાગશે લાગશે લાગશે રે પરબ્રહ્મપદે લય લાગશે — ટેક
બ્રહ્મનિષ્ઠ ગુરુ રાજ-પ્રતાપે અનાદિનો ભ્રમ ભાગશે રે, પરબ્રહ્મ૰
ગુરુરાજ પ્રતાપે લય લાગશે રે.
આત્મજ્ઞાની લઘુરાજે જણાવ્યા રાજગુણે જીવ જાગશે રે, પરબ્રહ્મ૰
બ્રહ્મજ્ઞાનીની ભક્તિ કર્યાથી બ્રહ્મચર્ય-રુચિ વાધશે રે,
ગુરુરાજ પ્રતાપે૰ (પ્રજ્ઞાવબોધ – ૫૦)

આપને એક શંકા થઈ છે, રહે છે કે જડથી ચેતન ઊપજે નહીં છતાં શ્રી રામચંદ્રના ચરણકમળનો સ્પર્શ થતાં શિલાની અહલ્યા કેમ થઈ? તે વિષે જણાવવાનું કે કેટલીક બાબતો કથાનુયોગની એટલે પુરાણોની એવી હોય છે કે તેમાંથી માત્ર સાર ગ્રહણ કરવાનો હોય છે; અક્ષરેઅક્ષર બેસાડવા જઈએ તો ન બેસે. માત્ર પરમાર્થ ઉપર દૃષ્ટિ રાખી પુરાણો વાંચવા યોગ્ય છે. શ્રી રામચંદ્રનું માહાત્મ્ય અને પતિતપાવન સ્વરૂપ જણાવવા મુખ્ય તો તે કથા છે. સિદ્ધાંતગ્રંથોમાં બે ને બે ચાર થાય તેમ હિસાબ બેસી જાય તેવી વાતો હોય છે; કદી તેમાં લખ્યું હોય તે ફેરફારવાળું ન હોય. આત્મસિદ્ધિશાસ્ત્રમાં સિદ્ધાંતની વાત છે અને રામાયણ એ પુરાણ ગ્રંથ છે. આટલું જણાવી તે દૃષ્ટાંત સૈદ્ધાંતિક રીતે પણ ઘટે તેમ છે. માત્ર વચ્ચે કાળ જે ગયો તેની ગણતરી કથામાં ટૂંકાવી દીધી છે.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી સત્સંગના માહાત્મ્યની એક પ્રચલિત કથા કહેતા તે ઉપરથી આ પ્રસંગ બરાબર સમજાઈ જશે, ગણી સંક્ષેપમાં તે કથા લખી છે.

એક વખત નારદજીએ ભગવાનને 'સત્સંગનું માહાત્મ્ય શું?'—એમ પ્રશ્ન કર્યો. નારદજીને ભગવાને કહ્યું – અમુક વડ ઉપર એક કાચીંડાનું બચ્ચું હાલ જન્મ્યું છે તેને જઈને પૂછો. ભગવાનની આજ્ઞા થઈ, તેથી ત્યાં જઈ તેમણે પૂછ્યું કે તે તરફડીને મરી ગયું. એટલે ભગવાન પાસે આવી બધી હકીકત કહી સંભળાવી. ભગવાને ફરી બીજા ઝાડના એક માળામાં પોપટનું બચ્ચું છે તેને પૂછવા મોકલ્યા; તો ત્યાં પણ જઈ સત્સંગનું માહાત્મ્ય પૂછ્યું કે તેણે દેહનો ત્યાગ કર્યો. ફરી પશ્ચાત્તાપપૂર્વક ભગવાનને નિવેદન કર્યું કે હે ભગવાન! મને પાપ લાગે તેવી જગાએ કેમ મોકલો છો? ભગવાને સમજાવીને ફરી રાજાને ત્યાં કુંવર જન્મ્યો હતો તેને ત્યાં મોકલ્યા. ત્યાં તો જો બાળક મરી જશે તો જરૂર પકડીને તે લોકો શિક્ષા કરશે એવો ભય લાગ્યો, પણ ભગવાનની આજ્ઞા મુશ્કેલી ભરેલી પણ પાળવી એવો નિશ્ચય કરી ત્યાં જઈ તરત જન્મેલા બાળકને મગાવી નારદ ઋષિએ પૂછ્યું કે સત્સંગનું માહાત્મ્ય શું? બાળકે કહ્યું: "તમે હજી ન સમજ્યા? પહેલાં કાચીંડાના ભવમાં તમે મને દર્શન દીધાં તેથી હું પોપટ થયો અને ત્યાં ફરી તમારાં દર્શન થતાં અહીં હું રાજપુત્ર થયો. એ બધો સત્સંગનો પ્રતાપ છે." જન્મેલું બાળક ન બોલે એ વાર્તાકારને ખબર છે, છતાં વાર્તાનો રસ જમાવવા જેમ અહીં કહ્યું છે તેમ શિલામાંથી મનુષ્યની ઉત્પત્તિ જાદુ કે ચમત્કારની પેઠે ન થાય તે કથાકાર તેમ જ સમજુ શ્રોતાઓ પણ જાણે છે. પણ ભોળા સાંભળનારાઓ વિચાર ન કરી શકે તેવા તો શિલામાંથી અહલ્યા માની લે તેમાં નવાઈ નથી. ત્યાં શિલા એટલે માત્ર પથ્થર નથી જણાવ્યો. પણ પૃથ્વીકાયનો જીવ એટલે શિલા જેનું શરીર છે તે જીવને શ્રી રામચંદ્ર મહાત્માના સ્પર્શથી જે પુણ્ય બંધાયું તેથી તેણે મનુષ્યગતિનું – અહલ્યા થવાના ભવનું આયુષ્ય તે વખતે બાંધ્યું અને કાળે કરીને તે દેહ છોડી મનુષ્યભવમાં તે કન્યારૂપે જન્મ્યો ત્યારે તેનું અહલ્યા નામ પડ્યું. આવું સ્પષ્ટીકરણ કથામાં કરે તો તે પ્રસંગની જે છાપ પડવી જોઈએ તેવી સચોટ ન પડે, માટે ટૂંકામાં કથામાં જણાવ્યું છે તેમ જ શિલાની અહલ્યા કરનાર શ્રી રામચંદ્રજીના ગુણ ગાયા છે. તેને શાપ લાગ્યો હતો તે ભવ બીજો હતો; અને તે મનુષ્યભવનો દેહ છૂટ્યા પછી કરેલાં પાપના ફળરૂપે એકઇન્દ્રિયરૂપ પથ્થરના શરીરમાં ઘણાં વર્ષ અધોગતિનાં દુઃખ સહતાં રહેવું પડ્યું. પછી જ્યારે તે પાપ ભોગવાઈ રહ્યું ને પુણ્યનો ઉદય આવ્યો ત્યારે શ્રી રામચંદ્ર મહાત્માનો યોગ તે જીવને બનતાં પાછો મનુષ્યભવ મળવાનું કારણ બન્યું. આ બધા ભવોમાં તેનો તે જીવ હતો તેને અહલ્યા નામથી કથાકારે ઓળખાવ્યો છે આટલું લક્ષમાં રહેશે તો કોઈ જાતની શંકા તે કથામાં નહીં રહે એમ લાગે છે. પૃથ્વી, પાણી, વનસ્પતિ, પવન વગેરેમાં જીવ હોય છે. તે નીકળી જાય ત્યારે માત્ર પૃથ્વી, શિલા, ગરમ પાણી કે લાકડું પડી રહે છે; એ સિદ્ધાંતની વાત છે. એટલે જડમાંથી કદી ચેતનની ઉત્પત્તિ થતી નથી, પણ શિલામાં જે જીવ હતો, તે નીકળીને મનુષ્યગતિમાં ગયો; પથ્થરનું મનુષ્ય બની ગયું નથી, તે વિચારશો. વિચારપૂર્વક વાંચે તેને શંકા થાય તો તેનું સમાધાન પણ મળે. નિઃશંક તો જ્ઞાની મહાત્મા છે, તેને આધારે વર્તવું છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૩૧૪ અગાસ, તા. ૭-૧૦-૪૧

"ભોગ-પંક તજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા;
સિંહ પરે નિજ વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા–
ધન્ય તે મુનિવરા રે જે ચાલે સમ ભાવે."

આપે "નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો" એનો ભાવાર્થ પુછાવ્યો છે, તેના વિષે જણાવવાનું કે પરમકૃપાળુદેવે પોતાને ઉદ્દેશીને લખ્યું છે કે હે નૃપ (રાજ) ચંદ્ર! આ અનંત પ્રપંચ (સંસાર) હવે બાળી નાખો, ભગવંતની ભક્તિ કરીને ભવ તરી જાઓ. આ માત્ર શબ્દાર્થ છે. તમે પણ તેટલી વાત તો સમજ્યા હશો. પણ વિશેષ યોગ્યતાએ એની એ જ વાત વિશેષ પુરુષાર્થપ્રેરક નીવડવા યોગ્ય છે. માટે વારંવાર ધૂન લગાવે તેમ તેના જ વિચારમાં રહેવાથી તે મહાપુરુષે કેવા ઉપાયે ભવનો અંત આણ્યો તે સમજાયે તે કડી આપણા આત્માને ઉપકારી બનશેજી, ભક્તિ પણ જાગશે અને ભવનો અંત આણવા નિશ્ચય વધશેજી. 'પ્રપંચ' શબ્દ પાંચ ઇન્દ્રિયોના વિષયોના વિસ્તાર અર્થે વપરાય છે. સંસારનું મૂળ મોહના વિકલ્પો છે અને તે ઉત્પન્ન થવામાં પાંચ ઇન્દ્રિયોના વિષયો મુખ્ય નિમિત્તભૂત છે. ભક્તિ એ જ એક એવું ઉત્તમ સાધન છે કે જે જીવને ઇન્દ્રિયોની જાળમાંથી મુક્ત કરી પ્રશસ્ત ભાવ દ્વારા છૂટેલા પુરુષમાં વૃત્તિ રખાવી રક્ષા કરે છે.

"અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે, એવા જે 'શ્રી રાયચંદ્ર' તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી આ પત્ર અત્યારે પૂરું કરીએ છીએ." (૩૭૯) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૧૫ અગાસ, તા. ૧૪-૧૦-૪૧

તત્તા તારું આપ તપાસ, ક્યાંથી આવ્યો? ક્યાં તું જાશ?
ખેપ કરીને ખોળી કાઢ, હરીફ હોય તો લાગે હાથ;
મૂરખના મનમાં નહિ ત્રાસ, તત્તા તારું આપ તપાસ.
ફફ્ફા ફોગટ તે કોણ ફરે, સચેત થઈ હરિસ્મરણ કરે,
જન્મમરણમાં આવે નહીં, જેનું મન વસિયું હરિમહીં;
જઠરાવાસ નિશ્ચે તે હરે, ફફ્ફા ફોગટ તે કોણ ફરે!
બબ્બા બોલે તેને જાણ, મૂકી દે ને મનની તાણ,
'હું મારું' હૃદયેથી ટાળ, પરમારથમાં પિંડ જ ગાળ;
દયા દીનતા મનમાં આણ, બબ્બા બોલે તેને જાણ.

"અલ્પ આયુષ્ય આ કાળનાં નીરખી, 'જીવીશું કાલ' એનો ભરોસો નથી;
દેહને વેદનાની ગણી મૂરતિ, ધર્મના ભાવની, ભવ્ય, કર પૂરતિ."

આપનું કાર્ડ મળ્યું. ધર્મસ્નેહને લઈને ખેદની લાગણી તથા વૈરાગ્યની સ્ફુરણા થઈ. અણધારી રીતે તે શ્રદ્ધાળુ આત્માએ સર્વનો સંગ તજી પોતાના ભાવિ માર્ગ પ્રત્યે પ્રયાણ કર્યું. આ કાળને આવા જીવો વધારે વખત સુધી આ ક્ષેત્રે રહે તે પોષાય નહીં, એમ લાગવાથી તેને હરી લીધો હોય તેમ ધર્મયૌવનમાં એકાએક લૂંટ પડી. તેનાથી બને તેટલું તે કરી

છૂટયો. હવે આપણો કાળ આવી પહોંચે ત્યાં સુધીમાં આપણે કેમ જીવવું તે નક્કી કરવાનું આપણા હાથની વાત છે. એકાએક ચેતવણી આપીને ચાલ્યો જાય તેવું તેનું જીવન સર્વને ચેતવણીરૂપ છે. પ્રત્યક્ષ સમજાય તેવું છે કે બાપ કરે તે બાપની સાથે, પુત્ર કરે તે પુત્રની સાથે, મા કરે તે માની સાથે, સ્ત્રી કરે તે સ્ત્રીની સાથે અને પતિ કરે તે પતિની સાથે જાય છે. કોઈ કોઈને કંઈ પણ આપી શકે કે લઈ શકે તેમ નથી. માત્ર કલ્પનાથી 'મેં આને ઉછેર્યો' કે 'એણે મને આ લાભ કર્યો' એમ માનીએ છીએ. પોતે જ પોતાનો મિત્ર કે પોતે જ પોતાનો શત્રુ છે એમ વિચારી, હવેથી આ આત્માને જન્મજરામરણરૂપ કસાઈખાનામાંથી છોડાવવા જરૂર પ્રયત્ન કરી પોતે પોતાનો મિત્ર બનવું છે એવો દૃઢ નિશ્ચય કરી, સદ્ગુરુઆજ્ઞામાં પળે પળે વર્તાય તેમ કરવું, એ જ અત્યારે બની શકે તેમ છેજી. બીજાને સંભારી શોક કરવાથી નથી બીજાનું ભલું થવાનું કે નથી પોતાનું ભલું થવાનું, પણ ભક્તિમાં ચિત્ત વિશેષ બળ કરીને રાખીશું તો પોતાના આત્માને આશ્વાસન અને કલેશરહિતપણું પ્રાપ્ત થશે, અને અન્યને પણ શાંતિનું કારણ બનશે. તે વિચારી ત્યાંના સર્વે મુમુક્ષુવર્ગે મળી વધારે વખત ભક્તિમાં ગળાય તેમ કરશોજી. ૐ શાંતિઃ

---

૩૧૬ અગાસ, તા. ૨૧-૧૦-૪૧

તત્ ૐ સત્ કાર્તિક સુદ ૧, મંગળ, ૧૯૯૮

વિ. આપનો પત્ર મળ્યો. પરમકૃપાળુદેવની કૃપાએ જીવવું છે એ જ ભાવ કર્તવ્ય છેજી. કોઈને દુઃખરૂપ ન થવાય તે ભાવના ભૂલવા યોગ્ય નથી, પણ કષાયરહિત થયા વિના તેમ બનવું અસંભવિત જણાય છે. તેથી હાલ તો જેથી કલ્યાણની વૃદ્ધિ થાય તેમ વર્તવું યોગ્ય છેજી. સદ્ગુરુની ભક્તિ અને મુમુક્ષુપણું વધે તેમ વર્તવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૧૭ અગાસ, કાર્તિક સુદ ૩, ૧૯૯૮

સંસાર-આસક્તિ ઓછી થવાનો ક્રમ અંગીકાર કરશો. તે સમાધિમરણની તૈયારીરૂપ છેજી. પવિત્રાત્મા પૂ.... એક અસહાય પરાધીન બાળા છતાં સંસારથી છૂટવા કેટલો બધો પુરુષાર્થ અનેક મુશ્કેલીઓમાં કરે છે! છતાં આપણે સ્વતંત્રપણે બીજી ઉપાધિઓ સંકોચી શકીએ તેમ છીએ, છતાં વધાર્યા જઈએ છીએ; તો ઉપર ઉપરથી છૂટવું છે, છૂટવું છે એમ કહેવું છે કે ખરેખર છૂટવું જ છે એમ લાગ્યું છે? જો લાગ્યું હોય તો તે પવિત્ર બહેન....નું દૃષ્ટાંત લઈને પણ જેમ બને તેમ બીજા વિકલ્પો ઓછા થાય તેવો કોઈ ક્રમ શોધી તે પ્રકારે નિશ્ચિંત થઈ જવાનો યથાર્થ માર્ગ આરાધવો અને આ માયાજાળમાં આગળ ને આગળ વધતા ન જવું. એક ધ્યેય નિશ્ચય કરી તેને અનુસરવાનો નિશ્ચય કરી દેવો એટલે વહેલેમોડે તે અમલમાં મુકાય. એમ કર્યા વિના માત્ર ઘર બળતું દેખી કોઈ ગભરાઈ જાય ને છૂટવાનો માર્ગ ન લે તો તે બૂમો પાડતો પાડતો અંદર બળી મરે. માટે જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે આખો લોક ત્રિવિધ તાપથી બળતો છે, તે તાપ જો સમજાતો હોય તો મરણ આજે આવો કે લાખો વર્ષે આવો પણ મારે તો મોક્ષનો માર્ગ નક્કી કરી તે રસ્તે ગમે તેટલી મુશ્કેલીઓ આવે છતાં જરૂર જવું જ છે, એટલો નિશ્ચય એક વાર થઈ જાય તો પછી તેને તેના જ

વિચારો મુખ્યપણે આવે, છાપાં વાંચવાનો વખત પણ ન મળે. સત્પુરુષોનાં વચન સિવાય તેને કંઈ રુચે નહીં. જે પુરુષ અનંત કૃપા કરી મોક્ષમાર્ગમાં જ જીવ્યા છે, અને તેનો ઉપદેશ કર્યો છે એવા પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનાં વચનોનું પાન કરતાં તે થાકે નહીં. રાત-દિવસ તે જ લત લાગે અને તેમાં એને એટલો આનંદ આવે કે ધનના ઢગલા કમાવાના છોડી તે તેને સાથે જ જીવે. એ રસ લગાડવો આપણા હાથની વાત છે. ઘણો વખત શ્રીમદ્ પરમકૃપાળુદેવનાં વચન વાંચવામાં જો ગાળશો તો તે તપરૂપ નીવડશે, અને શું કરવું તે આપોઆપ સદ્ગુરુની કૃપાએ સૂઝી આવશેજી. શબ્દો લખવા કરતાં તે શબ્દોથી થતા ભાવો આપણામાં છે કે નહીં, તેના વિચાર ઊંડા ઊતરી કરતાં રહેવા ભલામણ છેજી. સાચા થવું જ છે એ ભૂલવા યોગ્ય નથી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૧૮

અગાસ, તા. ૨૯-૧૦-૪૧

તત્ ૐ સત્

કાર્તિક સુદ ૧૦, ૧૯૯૮

"ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાનીપુરુષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે, એમ સ્મૃતિ થઈ સ્થિરતા રહેતી આવી છે એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મુઝવણ સમાપ્ત થતી હતી." (૪૬૫)

વિ. મનમાં કોઈ પણ પ્રકારનો બોજો ન રહે તેવી સમજણ રાખી વર્તવા યોગ્ય છેજી. ઇચ્છાથી જ ચિત્ત વ્યાકુળ રહે છે. અનાદિ વાસનાને કારણે ઇચ્છાનું થાણું ચિત્તમાંથી ઊઠતું નથી.

"ક્યા ઇચ્છત? ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખમૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ."—શ્રીમદ્ રાજચંદ્ર

વધારે વિચાર આ વિષે કરીને આપ બન્નેને એ ઇચ્છા અને વાસનાથી છૂટા થવા અર્થે વિશેષ પ્રકારે સત્સાધનમાં ચિત્તને વારંવાર રોકવું ઘટે છેજી. નવરું ચિત્ત હોય તો તે અનાદિના ઢાળમાં વહ્યું જાય છે માટે સદ્ગુરુની આજ્ઞામાં પ્રવર્તાવવા વિશેષ જાગૃતિ રાખી ઘડીએ ઘડીએ તેના ઉપર તપાસવાનું કામ કરતા રહેવું જેથી બીજે ફરતું હોય તે પકડાઈ જાય કે સત્સાધનમાં તેને પાછું જોડી દેવું. આમ પુરુષાર્થ કર્યા વિના માત્ર માની લઈએ કે આપણે સમજ્યા છીએ તેથી કંઈ આત્મ-કલ્યાણ થતું નથી અને ચિત્ત વ્યાકુળ રહ્યા કરે છે. માટે સત્સાધન આ ભવમાં અપૂર્વ પુણ્યે મળ્યું છે તેનો જેટલો બને તેટલો વિશેષ લાભ લઈ લેવો એ અત્યારની આપણી ભૂમિકા યોગ્ય પુરુષાર્થ છે; તે કરીશું, તેમાં અપ્રમાદી રહીશું તો તેથી આગળ વધી, શું કરવા યોગ્ય છે તે સમજાઈ રહેશેજી. સમતા એ અપૂર્વ વસ્તુ છે, તે જ્ઞાનીના ઘરની વાત છે પણ આપણને તે સમર્થ પુરુષનું શરણું મળ્યું છે; તો ચક્રવર્તીની દાસી પણ તેની રસોઈનાં ખબડાં (વાસણે ચોંટી રહેલી ખીર વગેરે) ખાઈને એટલી પુષ્ટ થાય છે કે ચપટીમાં હીરો દબાવીને ચૂરો કરી નાખે છે, તેમ તેને (શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને) આશરે રહેવાથી, તેનાં વચનોનું સેવન કરતા રહેવાથી, તેણે કરેલી આત્મભાવનાની ભાવના કરતા રહેવાથી જરૂર આ જીવ પણ તે જ મોક્ષમાર્ગમાં પ્રગતિ કરશે. માટે ગભરાયા વિના

સત્સાધનમાં આપ સર્વ મુમુક્ષુ ભાઈબહેનો પ્રવર્તતા રહેવા પુરુષાર્થ કર્યા કરો એ જ ભલામણ છે. સર્વ અવસ્થામાં, શુચિ-અશુચિ ગણ્યા વિના, મંત્રનું સ્મરણ થઈ શકે છે એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ કહેલું છે, માટે આત્માને મંત્રરૂપી સ્નાનથી સદાય પવિત્ર કરતા રહેવાનું ચૂકવા યોગ્ય નથીજી. પોતાની કલ્પનાએ તો નથી જ વર્તવું એવો દૃઢ નિશ્ચય મુમુક્ષુએ કર્તવ્ય છેજી. સંશયનાં સ્થાનોમાં કોઈ મુમુક્ષુની સલાહ લઈ વર્તવાનો ભાવ રાખવો. કોઈ ન હોય તો પરમકૃપાળુદેવને હૃદયમાં રાખી 'તેને આશરે હું છું, તેણે કહેલું મને સંમત છે' એમ માની પ્રવર્તવું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૧૯ અગાસ, તા. ૧-૧૧-૪૧

વિ. આપનો પત્ર મળ્યો. આત્મહિતની જિજ્ઞાસા જાગી છે તે [1]રાણી પડી ન જાય તેમ વર્તવા ભલામણ છેજી. શોધે તેને મળી આવે છે. પૂર્વ પુણ્ય બળવાન હોય તો વગર શોધ્યે સહજ સુસંગે પણ જીવને જાગૃતિ આવે છે, પણ પ્રમાદ જેવો કોઈ શત્રુ નથી. મંદવાડ ભારે હોય તો વિચારવાનને એમ થાય કે જો જીવતાં રહેવાય તો જે આજ સુધી કરવાનું રહી ગયું છે તે હવે વધારે કાળજી રાખીને કરી લેવું; પણ સાજા થતાં તે વૃત્તિ ટકતી નથી. જાણે કદી મંદવાડ આવ્યો જ ન હોય કે શુભ વૃત્તિ ઊગી જ ન હોય તેમ પાછો અનાદિના કુસંગમાં આનંદ માનતો જીવ થઈ જાય છે. તે આત્મઘાતક વૃત્તિ ઉચ્છેદવા હવે તો પુરુષાર્થ ખરેખરો કરવાની જરૂર છેજી. પૂ.... સાથે અહીં આશ્રમમાં આવવાનું બનશે તો જેણે આત્મા પ્રગટ કરી આ જગતના જીવો પ્રત્યે અત્યંત કરુણા આવતાં તેમના ઉદ્ધાર અર્થે જીવન પૂર્ણ થવાના અવસરે કંઈ આજ્ઞા કરી છે તેમાંથી આપને યોગ્ય રૂબરૂમાં જણાવાશે. હાલ તો "હે પ્રભુ! હે પ્રભુ! શું કહું? દીનાનાથ દયાળ" એ લીટીથી શરૂ થતા વીસ દોહરા પ્રાર્થનાના છે તે મુખપાઠ કરી રોજ બોલવાનો નિત્યનિયમ રાખવા ભલામણ છે. તેમાં દરેક શબ્દ મંત્રતુલ્ય છે એમ ગણી અહીં આવતાં પહેલાં બને તેટલા શીખી લેવા ભલામણ છેજી. જે વાત અહીં આવ્યે કહેવી છે તેમાંની એ પણ છેજી. જેટલો ગોળ નાખે તેના પ્રમાણમાં ગળ્યું થાય છે, તેમ જેટલો હૃદયનો ભાવ આ દોહરામાં રેડાશે તેટલો આત્મા ઊંચો આવે તેવો એમાં ચમત્કાર છે; તે જેમ જેમ વિશેષ તેનું આરાધન થશે તેમ તેમ સમજાશેજી. હાલ તો મુખપાઠ કરી રોજ ફેરવતા રહેવાનો નિયમ રાખશોજી. આ અલ્પ પણ જ્ઞાનીની આજ્ઞા છે તે ઉઠાવતા રહી આનંદમાં રહેતાં શીખો એ ભલામણ સહ પત્ર પૂર્ણ કરું છુંજી.

---

૩૨૦ અગાસ, તા. ૧-૧૧-૪૧

તત્ ૐ સત્ કાર્તિક સુદ ૧૩, શનિ, ૧૯૯૮

'ધીરજનાં ફળ મીઠાં છે' એવી કહેવત છે. એ લક્ષ રાખી જે જે કર્મના ફળરૂપે ભોગવવાનું આવી પડે તે સમતાપૂર્વક સદ્‌ગુરુમાં લક્ષ રાખી ભોગવી લેવાની શૂરવીરતા શીખી રાખેલી મરણ વખતે કામ લાગે છેજી. સમાધિમરણ કરવું હોય તેણે કેટલી બધી તૈયારી કરી રાખી હોય તો તે પ્રસંગને પહોંચી વળાય તેનો કંઈક ખ્યાલ, વેદના સહન કરવાના

---

૧. રાણી પડી જવું=ઓલવાઈ જવું.

અવારનવાર પ્રસંગ આવી પડે છે ત્યારે સમજાય છે, અને જે જે ખામીઓ તેવા પ્રસંગે લાગે તે વેદનાનો કાળ પૂરો થયે કે તે દરમ્યાન તે તે ખામીઓ દૂર કરવાના ઉપાય શોધીને આદરતા રહેવાની જરૂર જણાય છે. આત્માનો ઉદ્ધાર કરવાની ઊંડી દાઝ જેના હૃદયમાં જાગી છે તેણે તેવા પ્રસંગે મળેલી શિખામણ વીસરવાયોગ્ય નથી. કચાશ જેટલી છે તે દૂર કર્યે જ છૂટકો છે. માટે વિશેષ પુરુષાર્થ સ્ફુરાવવાની જરૂર છે. પ્રમાદમાં ને પ્રમાદમાં અનંતકાળ વહી ગયો.

આવતી પૂર્ણિમાએ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની જયંતી છે, તે મહાપુરુષે આપણા જેવા અબુધ જીવોને માટે લોપ થઈ જવા આવેલો મોક્ષમાર્ગ પ્રગટ કરી સુગમ ઉપાય આ કાળમાં બની શકે તેવા દર્શાવ્યા છે. જીવને આ જંજાળરૂપ સંસારમાં જ સુખ ભાસે છે, ત્યાંથી ઉઠાડી રાજ્યરિદ્ધિ કે દેવોના વિલાસને પણ બળતા ઘી જેવા બતાવી (દાઝ્યા ઉપર ઘી ચોપડાય છે પણ તે જ ઘી ઊનું કરી શરીરે છાંટે તો ફોલ્લા પાડે તેવા દેવોનાં સુખ પણ દુઃખ છે), તેમાં જે લાલસા રહે છે તેને ત્યાગવાની સદ્બુદ્ધિ પ્રગટે તેવા વૈરાગ્યવાળું જીવન જીવી, પોતે આ કાળમાં તે પંથે ચાલી આપણને ભોમિયારૂપ બન્યા છે; તેમનાં પ્રગટ આત્મસ્વરૂપને દર્શાવતાં બળવાન વચનો શ્રી આત્મસિદ્ધિ, વીસ દોહરા, અપૂર્વ અવસર આદિમાં તે જયંતીનો દિવસ ગાળવા યોગ્ય છેજી. કોઈ સાથ મળી આવે તો તેમની સાથે, નહીં તો એકલા પણ તે દિવસે ભક્તિમાં ચિત્ત રહે અને તે પરમ પુરુષનો અમાપ ઉપકાર વારંવાર હૃદયમાં સ્ફુર્યા કરે તેવી ભાવનામાં તે દિવસ ગાળવા ભલામણ છેજી. સન્માર્ગ દર્શાવનાર મહાપુરુષના ઉપકારનો બદલો કોઈ રીતે વળી શકે તેમ નથી.

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં છેવટે શિષ્ય સદ્ગુરુનો ઉપકાર માનતાં જણાવે છે —

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;<br>
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.<br>
અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;<br>
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.<br>
શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;<br>
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.<br>
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;<br>
દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન." — શ્રીમદ્ રાજચંદ્ર

તા. ક. : ઉપદેશછાયામાં લખ્યું છે કે (છૂટવાનો કામી) તરવાનો કામી હોય તે માથું કાપીને આપતાં પાછો હઠે નહીં. શિથિલ હોય તે સહજ કુલક્ષણ હોય તે મૂકી શકે નહીં. આ વાત પોતાને અર્થે વિચારશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૨૧ અગાસ, તા. ૧-૧૧-૪૧

તત્ ૐ સત્ કાર્તિક સુદ ૧૩, શનિ, ૧૯૯૮

આ જયંતી ઉપર આપ આવી નહીં જ શકો એમ લાગવાથી પત્ર લખ્યો છેજી. શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાં પત્રાંક ૮૮૩ વિચારવા વિનંતી છેજી. 'બિના નયન' આદિ વાક્યોનો સ્વકલ્પનાએ

વિચાર કરવાની ના પાડી છે તે શિરસાવંદ્ય ગણી યોગ્યતા થયે સર્વનો ઉકેલ સ્વયં આવી રહેશે ગણી હાલ તો સત્સાધનમાં વૃત્તિ વિશેષ જોડાયેલી રહે તથા પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ પ્રત્યે પ્રેમ વર્ધમાન થતો રહે તેમ કર્તવ્ય છેજી. "પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ-ભેદ સુઉર બસેં." આવું સ્પષ્ટ લખ્યું છે તે પ્રત્યે વૃત્તિ વાળી, આત્મામાંથી કંઈક મોહ મટે તે અર્થે 'મૈત્રીભાવ'ની વૃદ્ધિ કરતા રહેવા ભલામણ છે. જીવને યોગ્ય થવા અર્થે ચારે ભાવનાઓ કહી છે તેમાં પ્રથમ ભાવના એટલી બધી દૃઢ કરવા યોગ્ય છે કે જગતમાં કોઈ પ્રત્યે વૈરભાવ, અણબનાવ કે ઊંચું મન ન રહે. સર્વ જીવોના આત્મકલ્યાણમાં આપણાથી બનતો ફાળો આપવાની તત્પરતા, કોઈનું દિલ આપણા નિમિત્તે ન દુભાય તેવું બનતા પ્રયત્ને કરતા રહેવાની ફરજ ગણવી ઘટે છેજી. વૈરભાવ દ્વેષભાવના અંશ રહે ત્યાં સુધી મૈત્રીભાવ ટકે નહીં અને મૈત્રીભાવ વિના સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉલ્લસે નહીં. સર્વ પ્રાણી પ્રત્યે પોતાનું દાસત્વ સમજાયે સત્પુરુષ પ્રત્યે પરમેશ્વરબુદ્ધિ પ્રગટે છેજી. પછી આપોઆપ ભક્તિકર્તવ્યમાં જીવ પ્રેરાય છે, અને ધર્મકર્તવ્ય એ તો ગહન વાત છેજી. તમે પૂછેલા પુષ્પમાળાના વાક્ય વિષે પ્રશ્ન પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની સમક્ષ ચર્ચાયો હતો તે સંબંધી રૂબરૂમાં વાત થશે. પરમકૃપાળુદેવની હયાતીમાં પોતે કેમ ભક્તિનો ક્રમ રાખેલો તે વર્ણવી ધર્મ સંબંધી કહેલું : "ધર્મનું સ્વરૂપ તો અનુભવ થશે ત્યારે સમજાશે. વિષય, કષાય, પ્રમાદ અને સ્વચ્છંદ ટાળવા; અને એ ટળશે." (ઉપદેશામૃત પૃષ્ઠ ૨૬૨) જેમ બને તેમ નિવૃત્તિક્ષેત્ર, નિવૃત્તિકાળ, નિવૃત્તિદ્રવ્ય અને નિવૃત્તિભાવને ભજતાં રહેવાની પરમકૃપાળુદેવની આજ્ઞા છે તેમાં સર્વ જીવોની રુચિ થાઓ એ જ તે પરમપુરુષ પ્રત્યે વિજ્ઞાપના છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૨૨ અગાસ, તા. ૭-૧૧-૪૧, શુક્ર

નિત્યનિયમ પ્રાણની પેઠે સાચવવા યોગ્ય છેજી. સત્પુરુષની રૂબરૂમાં જે વચન કે ટેક અંગીકાર કરી હોય તે ન ચુકાય એટલું માહાત્મ્ય મુમુક્ષુના હૃદયમાં રહેવું જોઈએ. હાથીના દાંત બહાર નીકળ્યા તે નીકળ્યા, પાછા પેસે નહીં તેમ સજ્જનનું વચન ફરે નહીં. દુર્જનનું વચન, કાચબાની ડોક ઘડીમાં બહાર ને ઘડીમાં પાછી ખેંચે તેના જેવું, 'અબી બોલ્યા અબી ફોક' થઈ જાય તેવું હોય છે, માટે હવે કદી નિત્યનિયમ ન ચુકાય તેવી કાળજી રાખવા ભલામણ છેજી.

પૂ....ની ભાવના સત્સંગ અર્થે આવવા ઘણી રહે છે તે જાણ્યું. પરમકૃપાળુદેવની કૃપાથી જે થાય તે ભલું માનવામાં આવે તેવી વૃત્તિ ટકે તો મોટું આશ્વાસન મળી રહેશે. વળી સદ્ગુરુકૃપાએ થોડા દિવસમાં અહીંથી ધામણ ભણી આવવાનું બનશે ત્યારે તેમને આશ્રમમાં આવવા તુલ્ય યોગ બની આવવા સંભવ છેજી. પરમકૃપાળુદેવે ભાર દઈને જણાવ્યું છે કે કંઠે પ્રાણ આવ્યા હોય અથવા વેદના હોય, નિમિત્તો સારા ન હોય તોપણ સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને અને નિઃખેદપણાને ભજવાની શિક્ષા આપી છે. કોઈ પણ કારણે સંસારમાં ક્લેશિત થવાયોગ્ય નથી. અમુક અનુકૂળ પ્રસંગને સુખ કલ્પી અને અમુક પ્રતિકૂળ પ્રસંગને દુઃખ કલ્પી હર્ષશોક કરવા યોગ્ય નથી. કર્મ માત્ર દુઃખદાયક છે માટે

ધીરજ રાખી આર્ત્તધ્યાન એટલે હું દુઃખી છું, મને દુઃખ આવી પડયું એવી વિચારણા ન થાય તેટલા માટે બને તેટલા બળે સત્સાધનમાં મન વારંવાર રોકાયેલું રાખવા ભલામણ છેજી. આપણે સર્વેએ એ જ પ્રવૃત્તિમાં મનને દોરવા પુરુષાર્થ કર્તવ્ય છે. "વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો." (૫૦૫) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૨૩ અગાસ, તા. ૧૭-૧૧-૪૧
તત્ ૐ સત્ કાર્તિક વદ ૧૪, સોમ, ૧૯૯૮

"શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું, પરમ સ્વરૂપ!" – શ્રીમદ્ રાજચંદ્ર

વિ. પત્ર મળ્યો. નિત્યનિયમ ઓછામાં ઓછો તો પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવેલ છે તે દરરોજ કર્તવ્ય છેજી — અખંડિતપણે રોજ ઉપાસવા યોગ્ય છે. વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ અને યમનિયમ અને મંત્રની અમુક ત્રણ કે પાંચ માળા તથા આલોચના, આત્મસિદ્ધિ, છપ્પનનો પત્ર, અપૂર્વ અવસર, આઠ દૃષ્ટિની સજ્ઝાય, "વીતરાગનો કહેલો પરમશાંત રસમય ધર્મ.....," "હે પરમકૃપાળુદેવ! જન્મ જરા મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળધર્મ....." આદિ જે મુખપાઠે પત્રો કર્યા હોય તેમાંથી અમુક અમુક રોજ બોલવાનો ક્રમ રાખવા યોગ્ય છે. આશ્રમમાં આખો દિવસ જે ક્રમ પ્રવર્તે છે તે અહીં રહીને જાણી લેવા યોગ્ય છે. તેમ ખરી રીતે તો બને તેટલું કરતા રહેવાની જરૂર છે, પણ એટલું બધું ન બને તો જેટલું બને તેટલું અવકાશના વખતમાં ભક્તિ, વાચન, સ્મરણની માળા કે હરતાંફરતાં પણ મંત્રમાં લક્ષ રહે તેવી ટેવ પાડવી અને જે મુખપાઠ કર્યું હોય વા વાંચ્યું હોય તેને વિચારવાનો દરરોજ ઓછામાં ઓછો પા કે અડધો કલાક રાખવો ઘટે છે.

બીજું વર્તન સંબંધમાં (૧) જુગટું, (૨) માંસ, (૩) મદિરા, (૪) ખરાબ પુરુષોનો સંગ, (૫) શિકાર (જાણી-જોઈને કોઈ જીવ મારવારૂપ), (૬) ચોરી (પારકી ઠપકો મળે તેવી વસ્તુ છાનીમાની લેવી), અને (૭) પરપુરુષનો સંગ, આ સાત વ્યસન; અને (૧) વડના ટેટા, (૨) પીપળના ટેટા, (૩) પીપળાના ટેટા, (૪) ઉમરડાં, (૫) અંજીર, (૬) મધ, (૭) માખણ– આ સાત અભક્ષ્ય – આ સત્પુરુષની – પરમકૃપાળુદેવની સાક્ષીએ જિંદગીપર્યંત તજવા યોગ્ય પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીએ દરેક મુમુક્ષુ જીવને જણાવેલ છે. બને તો રાત્રિભોજનના ત્યાગનો પણ અભ્યાસ પાડતા રહેવાની જરૂર છે એટલે દિવસ છતાં જમી લેવું તથા રાત્રે પાણી પીવાની જરૂર પડતી હોય તો અમુક વખત જ પીવાનો નિયમ રાખી પ્રવર્તાય તે હિતકારી છે. બને ત્યાં સુધી રાત્રે કંઈ જરૂર ન પડે તેવા ક્રમ ઉપર આવી જવાય તેમ થાય તો રાત્રે ઊંઘ સિવાય ધર્મધ્યાનમાં વિઘ્ન કરનાર કોઈ ન રહે. જે કરવું તે આત્માર્થે કરવું એ ચૂકવા યોગ્ય નથી. કોઈ પણ કારણે આર્ત્તધ્યાન(હું દુઃખી છું, હું દુઃખી છું એવી વૃત્તિ ચાલુ રહે તે)માં તણાઈ ન જવાય તેની ખાસ કાળજી મુમુક્ષુ જીવે રાખતા રહેવાની જરૂર છેજી.

૩૨૪ અગાસ, તા. ૧૭-૧૧-૪૧

આપનો ક્ષમાપનાપત્ર પ્રાપ્ત થયો છેજી. પ. પૂ. પ્રભુશ્રીજી પાસે એક દિગંબર બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજી આવતા. તેમણે એક વખતે પૂ. પ્રભુશ્રીજીને પ્રશ્ન કરેલ કે વિષય-કષાય, રાગદ્વેષ દૂર કેમ થાય? તેના ઉત્તરમાં તેઓશ્રીજીએ જણાવેલું કે જેનામાં તે દોષો નથી, ત્યાં વૃત્તિ જવાથી, ટકવાથી તે દોષો દૂર થાય છે. આ ઉત્તરને વારંવાર વિચારવા વિનંતી છે.

---

૩૨૫ અગાસ, તા. ૧૮-૧૧-૪૧, મંગળ

જે સદ્ગુરુ-સ્વરૂપના રાગી, તેને કહિયે ખરા વૈરાગી,
જે સદ્ગુરુ-સ્વરૂપના ભોગી, તેને જાણો સાચા યોગી.

"જેટલી ઉતાવળ તેટલી કચાશ અને કચાશ તેટલી ખટાશ" એમ કોઈ અપેક્ષાએ વિચારવા કૃપાળુદેવે કહેલું છે. સત્સાધનમાં પ્રવર્તવાનું આપણું કામ છે, તેનું ફળ જે થવા યોગ્ય હશે તે જરૂર થશે, એવી શ્રદ્ધા રાખી મૂંઝાયા વિના પ્રવર્તવું. કામના કે પરીક્ષાના ન જોઈતા વિચારમાં મૂંઝાવું નહીં. સાંજે સૂતી વખતે એમ થાય કે આપણે આપણાથી બને તેટલું વ્યવહાર-પરમાર્થ સંબંધી કરી છૂટયા છીએ એવો સંતોષ રહે તેમ પ્રવર્તવા ભલામણ છે. ધીરજ એ મોટો ગુણ છે. 'ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભીર' ઉપર સસલા અને કાચબાની વાત વાંચી હશે. ધીરે ધીરે પણ મક્કમપણે જે કરવા યોગ્ય છે અને જે કામ હાથમાં લીધું છે, તેમાં બનતી કાળજી રાખવી ઘટે છે. ફળ કેમ નથી દેખાતું? એમ જેને ઉતાવળ થાય છે તેનામાં સંશય, નાહિંમત, ગભરામણ આદિ અનેક દોષો જન્મે છે. માટે દોષો જણાય તે લક્ષમાં રાખવા. એકદમ ઉતાવળ કર્યે તે આપણી ઉતાવળે જવાના નથી. તે દૂર થાય તેટલું બળ જમા કરી તેની સામે થયે તે તુર્ત દૂર થાય છે. માટે પુરુષાર્થી બન્યા રહેવું. લાગ જોતા રહેવું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૨૬ અગાસ, તા. ૧૯-૧૧-૪૧

તત્ ૐ સત્ માગશર સુદ ૧, ૧૯૯૮

ઈષત્ પ્રાગ્ભારા = સિદ્ધશિલા. ઊર્ધ્વલોક સાત રજ્જુપ્રમાણથી કંઈક ન્યૂન છે અને અધોલોક સાત રજ્જુપ્રમાણથી કંઈક અધિક છે. આખા લોકનું મધ્યબિંદુ, મેરુપર્વત હજાર યોજન જમીનમાં છે ત્યાં છે. તેથી આ પૃથ્વીની સપાટીથી લોકાંત સુધીનું માપ કાઢે તો પૂરા સાત રજ્જુનું માપ થતું નથી. આટલો ખુલાસો હાલ આપના પ્રશ્નનો પૂરતો છે. વિચાર કરવાથી સમજાય તેમ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૨૭ તા. ૧૨-૧૨-૪૧

તત્ ૐ સત્ માગશર વદ ૯, ૧૯૯૮

"જેટલી ઉતાવળ તેટલી કચાશ અને કચાશ તેટલી ખટાશ" આ અપેક્ષિત વાક્ય બહુ વિચારવાયોગ્ય છે. આંધળી દોડ સ્વચ્છંદે કર્યે ધર્મ પ્રગટે નહીં, પરંતુ 'आणाए धम्मो, आणाए तवो' આવો શ્રી આચારાંગમાં પાઠ છે. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે ધર્મ અને આજ્ઞાનું આરાધન

તે તપ છે. પૈસામાં જ ચિત્ત બાંધી રાખવાથી જેમ ધર્મ પ્રગટતો નથી તેમ પૈસા વગર વિચાર્યે વેરવાથી પણ ધર્મ પ્રગટે તેમ નથી. પણ જ્ઞાનીની આજ્ઞા ઉઠાવતાં ધર્મ પ્રગટે છે એવો તે વાક્યનો પરમાર્થ વારંવાર વિચારી, જ્ઞાનીની આજ્ઞાની મુખ્યતા હૃદયમાં વસે તેમ વર્તવા આખી જિંદગી સુધી સંભારી રાખવા જેવી શિખામણ આ *પ્રસંગ ઉપરથી શીખી લેવી ઘટે છેજી. યથાશક્તિ દાન અને તપ કરે તેથી લાભ થાય છે, પણ શક્તિ વિચાર્યા વિના આંખો મીંચીને દીધે જાય તો તે લાંબો વખત બની શકે નહીં; તેમ જ પોતાને આર્ત્તધ્યાનનું કારણ ન થાય અને દાન લેનારને અહિત પ્રમાદ આદિ દોષનું કારણ ન થાય તે સાત્ત્વિક દાન ગણાય છે. એવા ઘણા ભેદો સમજવાની જરૂર છે. માહિતી ન હોય તો ઉતાવળા ન થવું, કોઈ જાણકારને પૂછવું; પણ "ઐસાને મળ્યા તૈસા ને તૈસાને મળ્યા તાઈ, ત્રણે મળીને તતૂડી બજાઈ" એવું કરવા જોગ નથી. વિવેક એ ધર્મનો પાયો છે તે ભૂલવા જેવું નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૨૮ અગાસ, માગશર વદ ૧૩, ૧૯૯૮

આપનો પત્ર મળ્યો. તેમાં ચિત્ત વ્યાપારમાં બહુ ખેંચાય છે, બીજાને કમાતા દેખીને મન ત્યાં દોડે છે વગેરે સમાચાર જાણ્યા. નિમિત્તાધીન જીવ હોવાથી જેવાં નિમિત્ત મળે તેવો થઈ જાય તેવી દશા હોય ત્યાં સુધી સારાં નિમિત્તો મેળવતા રહેવાની જ્ઞાનીપુરુષોની આજ્ઞા છે, તે લક્ષમાં રાખીને દિવસના ૨૪ કલાકમાંથી અમુક એકાદ કલાક સત્સંગની ઇચ્છાવાળા ભાઈઓએ એકઠા મળી કંઈ વાંચવા વિચારવાનો ક્રમ રાખવો ઘટે છે. અમુક મુમુક્ષુને ત્યાં કે દેરાસર, બાગ આદિ કોઈ નિવૃત્તિનું સ્થળ હોય ત્યાં એકત્ર થઈ ભાવસહિત ભક્તિ, વાચન, વિચાર થાય તેમ કરવાથી વૃત્તિમાં ફેર થયા વિના નહીં રહે. સમાધિસોપાનમાં બારભાવના, સમાધિમરણ વગેરે અધિકારો વારંવાર વિચારી તે વચનો જે અર્થે લખાયાં છે, તેનો વારંવાર વિચાર થાય તો લાગે કે કરવા યોગ્ય કાર્ય આ ભવમાં હજી કાંઈ થયું નથી અને મરણ આવે તો આપણી શી ગતિ થાય? માટે "સ્વધર્મસંચય નાંહિ" એમ વીસ દોહરામાં બોલીએ છીએ તે વચનો હૃદયમાં કોતરાઈ જાય અને હવેથી કંઈ ને કંઈ એવું કરવું કે જેથી ધનસંચય કરવા કરતાં સ્વધર્મસંચય થયા કરે. સત્પુરુષોનાં વચનો પ્રત્યક્ષ સત્પુરુષતુલ્ય ગણી બહુમાનપણે એકનિષ્ઠાથી આરાધાય તો સમકિતની પ્રાપ્તિ કરાવે તેવું તેમાં બળ છે, માટે સત્સંગનો યોગ ન બને તેમ હોય તોપણ વિશેષ બળ કરી તે વચનોનો પરમાર્થ હૃદયમાં ઊતરે તે અર્થે દિવસના ૨૪ કલાકમાંથી એકાદ-બે કલાક ખોટી થવાનો અભ્યાસ રાખશો તો તેની અસર બીજાં કાર્યો કરતાં પણ જણાઈ આવશે. જેમ કે "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો" (૧૭૨) એવું વાંચ્યું હોય, વિચાર્યું હોય, તેમ વર્તવાની ભાવના થોડો વખત સેવાઈ હોય તો બીજી પ્રવૃત્તિના પ્રસંગોમાં પણ તે સાંભરી આવે કે ઉદાસીનતા સેવવા મારે વારંવાર, પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે જાગ્રત રહી પુરુષાર્થ કરવો છે; તો તે ભૂલી જવાય છે કે કાળજી રહે છે? શા કારણથી સ્મૃતિ રહેતી નથી? શામાં મન વારંવાર જાય છે? તે કામમાં ચિત્ત એટલું બધું દેવાની જરૂર છે

---

* કોઈ મુમુક્ષુએ વગર મંગાવ્યે પાક મોકલ્યો જેની આખા આશ્રમમાં લહાણી કરવી પડી. તે પ્રસંગે આ પત્ર ફરીથી આવું અવિચારી કામ ન કરવા લખેલ છે.

કે ન જોઈતી વિશેષ તૃષ્ણા મને ખેંચી જાય છે? તે અટકાવવા શું કરવું? કોઈ સત્સાધન મને તેવું મળ્યું છે? તેનો ઉપયોગ વધારે કરી અજમાવી જોવા દે, કે તેથી તૃષ્ણા ઘટે છે કે નહીં? આમ ભૂલ શોધી તેના ઉપાય કરી દૂર કરવા પુરુષાર્થ કરે તો નવરાશ નકામી ચીજો માટે મળે નહીં. માથે બોજો કેટલો છે તેનો વિચાર કરી મુમુક્ષુ હલકો થતો જાય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૨૯ અગાસ, તા. ૩-૧-૪૨

ૐ પોષ વદ ૧, શનિ, ૧૯૯૮

પૂ. મંગળભાઈનો દેહ અચાનક છૂટી ગયો. આવું અસ્થિર આયુષ્ય પ્રત્યક્ષ જોયા છતાં જીવ પ્રમાદ તજવા કેમ તત્પર નહીં થતો હોય? આખરે ધર્મ સિવાય કંઈ જીવને આધારભૂત નથી, એમ જેટલું વહેલું જીવ જાણે, પ્રતીત કરે અને તેની જાગૃતિ રાખ્યા કરે તેટલું વિશેષ બળ ધર્મ-આરાધનમાં અવશ્ય મળે તેમ છે. વિમાનમાં મુંબઈથી દાક્તરો બોલાવી તેમની સલાહ પ્રમાણે દવા સારવાર કરવામાં આવ્યા છતાં આયુષ્ય જેનું પૂર્ણ થયું હોય તેને કોઈ બચાવી શકતું નથી. આ પ્રસંગ પ્રગટ ઉપદેશરૂપ જાણી સર્વ મુમુક્ષુજીવોએ ચેતવા જેવું છે. આસક્તિ ઓછી કરતા રહી, સમાધિમરણ થાય તેવા અભ્યાસમાં વર્તી જ્ઞાનીની આજ્ઞામાં અપૂર્વ પ્રીતિ, શરણભાવ અને અનન્ય નિષ્ઠાની દૃઢતા કરી લેવા જેવું છેજી. બીજી બધી તૈયારીઓ કરતાં સમાધિમરણની તૈયારીનો લક્ષ ન ચુકાય એ દરેક તરવાના કામીનું પ્રથમ કામ છેજી. અનાદિનો પરવસ્તુઓનો, દેહાદિનો અધ્યાસ એકદમ છૂટે એવો નથી, પણ તે છૂટયા વિના મોક્ષમાર્ગે ચલાય તેવું નથી; માટે મુમુક્ષુજીવે તો એ વિકટ કાર્ય માટે પુરુષાર્થ કરવાનો લક્ષ સતત રાખવો ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૩૦ અગાસ, તા. ૪-૧-૪૨

તત્ ૐ સત્ પોષ વદ ૨, રવિ, ૧૯૯૮

તેનું જ જીવન સફળ સમજવું, વ્રત, તપ, ધર્મ સફળ તેનાં;
જગમાં તે જ પ્રશંસાલાયક, સુખદુઃખમાં જે ધર્મ તજે ના.
માનવ થઈ ઉત્તમ પદ પામે, સુમેરુ સમ પરિષહ–કાળે;
સમુદ્ર સમ ગંભીર રહીને, ભવનાં બીજ બધાં બાળે.
ઘોર કસોટી આવે તોયે, આકુલ-વ્યાકુલ ના થાઓ;
દેહ ભિન્ન નિજ જ્ઞાયકભાવે, અખંડ અનુભવમાં જાઓ.
પૂર્વ પુરુષોની તલ્લીનતા, એવા વખતે ટકી રહી;
તેની સ્મૃતિ કરતાં ઉરમાં, ધીરજ–ધારા રહે વહી.
પરમ ધર્મનું શરણ ગ્રહીને, સંકટ સર્વે હવે સહો;
કર્મ કસોટી કસે પ્રબળ, પણ જ્ઞાતા દ્રષ્ટા તમે રહો.
નથી અનંત ભવોમાં આવ્યો, અવસર આવો હિતકારી;
જીતી જવા આવ્યા છો બાજી, હવે નહીં જાઓ હારી. (પ્રજ્ઞાવબોધ-૫૩)

સત્સંગની ભાવના નિરંતર કર્તવ્ય છેજી. જ્ઞાનીપુરુષની આજ્ઞાનું વિસ્મરણ થાય તેવાં નિમિત્તો ભાવમરણનાં કારણો સમજવા યોગ્ય છેજી. આ કડાકૂટથી મારા આત્માનું કેટલું કલ્યાણ થાય છે? શા અર્થે આના આ જ વિચારોમાં ચિત્ત ગૂંથાયા કરે છે? એવા વૈરાગ્યવાળા વિચારો માટે અવકાશ લઈ ચિત્તને ઠપકો આપી, તિરસ્કારીને પણ તેને સન્માર્ગમાં જોડતા રહેવાનો પુરુષાર્થ જ્ઞાનીપુરુષોએ ઉપદેશ્યો છે તે આવા પ્રસંગે ચૂકવા યોગ્ય નથીજી. "ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે." એ આખો પત્ર વારંવાર વિચારી મુખપાઠ ન કર્યો હોય તો કરવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૩૩૧** અગાસ, તા. ૬-૧-૪૨
ૐ પોષ વદ ૪, ૧૯૯૮

આપનો પત્ર મળ્યો. પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ પ્રત્યે જેટલો પ્રેમ વધારી શકાય તેટલો વધારવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. માની ન લેવું કે મને તો અત્યંત પ્રેમ છે. હજી ઘણું આગળ વધવાનું છે. પૂ. સોભાગ્યભાઈ જેવાને પરમકૃપાળુદેવે જણાવ્યું છે – "અનંતગુણગંભીર જ્ઞાનાવતાર પુરુષનો લક્ષ કેમ જોવામાં આવ્યો નહીં હોય? બીજું, મોટું આશ્ચર્યકારક તો એ છે કે આપ જેવાને સમ્યક્‌જ્ઞાનના બીજની, પરાભક્તિના મૂળની પ્રાપ્તિ છતાં ત્યાર પછીનો ભેદ કેમ પ્રાપ્ત નથી હોતો? તેમ હરિ પ્રત્યે અખંડ લયરૂપ વૈરાગ્ય જેટલો જોઈએ તેટલો કેમ વર્ધમાન નથી થતો? એનું જો કંઈ કારણ સમજાતું હોય તો લખશો." (૨૪૭) આ બધા પ્રશ્નો જાણે પરમકૃપાળુદેવે આપણને જ પૂછ્યા હોય તેમ વિચારી પોતાને પોતે શિખામણ આપતા થવાની જરૂર છેજી. એ જ વિનંતી.

---

**૩૩૨** અગાસ, તા. ૮-૧-૪૨
તત્ ૐ સત્ પોષ વદ ૬, ગુરુ, ૧૯૯૮

"ધન, કણ, કંચન રાજ-સુખ સર્વ સુલભ કર જાણ;
દુર્લભ છે સંસારમાં એક યથારથ જ્ઞાન."

"રે! ભોગ અર્થે દેહ જાણે ધારતા ભવ-વાસીઓ,
જો જ્ઞાન પામી મોક્ષ માટે દેહ ગાળે યોગીઓ;
જો જ્ઞાન સમ્યક્ થાય તો વિષરૂપ વિષયો લાગશે,
તો કોણ કાયા પોષી પાપે દુર્ગતિ-બીજ વાવશે?"

"થથ્થા થિર તો રહેવું નથી, કોણ રંક, કોણ પૃથ્વીપતિ,
આજકાલમાં જાવું સહી, કોટિ ઉપાયે રહેવું નહીં,
ભાવ ધરી ભજ તીર્થપતિ, થથ્થા થિર તો રહેવું નથી.
લલ્લા લે તું આતમ-લ્હાવ, ફરી ફરી નહીં આવે દાવ,
જીતી બાજી હારીશ નહીં, સમજુને શિખામણ કહી,
હવે ન ચૂકીશ આવો દાવ, લલ્લા લે તું આતમ-લ્હાવ."

ધનમાલની કેવી અત્યારે અસ્થિરતા થઈ પડી છે તે લખવાની જરૂર નથી પણ આ સત્પુરુષનાં વચન જો સ્મૃતિમાં રાખ્યાં હશે, વિચાર્યાં હશે તથા તે પ્રમાણે વર્તવાની ભાવના કરી હશે તો તે આત્મિક ધન એવું પ્રગટ કરશે કે તે પરભવમાં પણ ઉપયોગી નીવડશે. કોઈ તેને ચોરી શકે નહીં, તેનો નાશ થાય નહીં અને સદા સુખનું કારણ થાય તેવું ધર્મ-ધન છે. તેની વિશેષ વિશેષ કમાણી કરવાની ભાવના મુમુક્ષુજીવ રાખે છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનાં થોડાં વચનો વિચારવા નીચે લખ્યાં છે તે લક્ષમાં લઈ વારંવાર વિચારશોજી :

"રત્નચિંતામણિ તુલ્ય સત્પુરુષના યોગ પછી આત્મસાધન કરી લેવું, તો મનુષ્યપણાનું મૂલ્ય થઈ શકે નહીં. 'નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.' એક આત્માનું ઓળખાણ કરી લ્યો. બીજું સર્વ મિથ્યા છે, અનેક વાર કર્યું છે – મોહ, માયા, અભિમાન. જ્ઞાનીમાં આ બધું નથી. કારણ કે તેનું બળ અનંત સંપત્તિવાન છે. ચક્રવર્તીનાં કે ઇન્દ્રનાં સુખ જ્ઞાની ધૂળ જેવાં માને છે. તે અસંગ છે, તેના સત્સંગથી આત્મભક્તિ પૂર્ણપણે થાય છે. પૂર્વના સંસ્કાર અને પુરુષાર્થ બેનો જોગ મળે ત્યારે કામ થાય. વીતરાગ માર્ગ તેં જાણ્યો નથી. તું સમજ. તારી દયા આવે છે. સંતનો માર્ગ અપૂર્વ છે. સમજ્યા વગર છૂટકો નથી. જેવા ભાવ તેવા પ્રભુ ફળે. ભેદી મળ્યો નથી, પ્રતીતિ આવી નથી, આસ્થા થઈ નથી. એ તો જ્ઞાનીનાં વચન છે. પણ છે ખરાં. પરોક્ષવાળાને પ્રત્યક્ષ થશે. અંતરમાં માન્યું તેને પ્રત્યક્ષ થશે. સામાન્ય ન કરી નાખવું. નથી જોયા, નથી જાણ્યા, ઓળખ્યા નથી પણ આવ્યા, સાંભળ્યું ને સમજ્યા તે શી રીતે ? સમજણથી વાત બીજી થઈ. સત્પુરુષ ભલે કંઈ કહે નહીં છતાં સામા જીવ ઉપર આત્માની અસર થાય. જ્ઞાનીનાં અપૂર્વ વચનો હૃદયમાં ઊતરી જાય. જીવ ખપી થાય તો જ બને. ખપી તો થવું જ પડશે. આત્માએ તૈયાર થઈ જવું જોઈએ. હિંમત હારવી નહીં. મારાથી નહીં બને એમ રોવું નહીં. જીવને રળવાની ખબર નથી. શામાં લાભ થાય તે સમજતો નથી. કહે છે 'હું જાણું છું' પણ બધું તોફાન છે. જાણવાનો એક આત્મા છે. મારું મારું કર્યું તે ખોટું છે. અત્યાર સુધી પારકાને પોતાનું માનતો આવ્યો છે. આત્મા પોતાનો છે. આ કરવા જેવું છે. હિત થશે. સત્સંગ." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૩૩ — અગાસ, તા. ૧૯-૧-૪૨

સગાઈ સાચી સૃષ્ટિમાં, છે સદ્‌ગુરુની એક;
બીજી તેના ભક્તની, બાકી જૂઠી અનેક.

'શ્રીમદ્ રાજચંદ્ર મંદિર' નામ રાખવામાં કંઈ અડચણ નથી. ચિત્રપટ તૈયાર થઈ જાય એટલે બધા મળી ભાવભક્તિપૂર્વક 'દેવવંદન'ની સ્તુતિ બોલી મંત્રસ્મરણ પાંચ વાર કરી સ્થાપના કરવા ભલામણ છેજી. 'પંચ ત્યાં પરમેશ્વર' કહેવાય છે તેમ બધા મુમુક્ષુ મળી તે માંગલિક કાર્ય ઉકેલી લેવું. એકબીજાનો ઘટતો વિનય સાચવી સંપથી ભક્તિ કરતા રહેવા ભલામણ છેજી. એ જ વિનંતી.

"તનસેં મનસેં ધનસેં સબસેં, ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં,
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહી પ્રેમ ઘનો." – શ્રીમદ્ રાજચંદ્ર

૩૩૪ અગાસ, તા. ૨૩-૧-૪૨, શુક્ર

"જે જે પુદ્ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા-સમતા ભાવશું, કર્મબંધક્ષય હોય."

તમારા બે પત્રો મળ્યા હતા. "વિચારસાગર" વાંચો છો પણ નથી સમજાતું એમ લખ્યું હતું. તેના ઉત્તરમાં જણાવવાનું કે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથ છપાયો નહોતો તે વખતે વિચાર કરી શકે તેવા જીવોને સદ્ગુરુ-આજ્ઞાએ વાંચવા યોગ્ય ગણી જેમને તે સમજાય તેવાને તેની ભલામણ કરેલી. તે ગ્રંથમાં જણાવેલા બધા ગ્રંથો ખરીદી વાંચવા બેસે તો પાર આવે તેમ નથી. "શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, શિષ્ટ કહે તે પ્રમાણ" એ વિચારશો અને જેમાં સમજણ ન પડે અને વૈરાગ્ય-ઉપશમનું કારણ ન બને તેવું લાગતું હોય તો, તે વાંચનને બદલે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથનું વિશેષ વાચન-વિચાર રાખશો તો વિશેષ હિતકારી છેજી. આપનાં માતુશ્રીને મંત્રનું સ્મરણ વિશેષ કાળજી રાખી જપ્યા કરવા ભલામણ છેજી. સહનશીલતા, ધીરજ, શ્રદ્ધા તથા સત્પુરુષના શરણમાં બુદ્ધિ એ સમાધિમરણનાં કારણ છેજી. તેનું સેવન દરેકે કરતા રહેવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૩૫ ઈડર, તા. ૨૩-૨-૪૨

ઔષધિ અમી સમી મળેજી, ઇન્દ્ર સમા સ્વામી હોય,
વજ્ર સમાં આયુધ છે જી, મરે ઇન્દ્રાણી તોય.
જીવ, જોને ક્ષણ ક્ષણ નરભવ અવસર જાય.
ત્રિગુપ્તિ આરાધવાજી, જે ન કરે પુરુષાર્થ;
મડદા સમ નર તે ભમે જી, અશરણ, ચૂકી આત્માર્થ. જીવ૦
અનિત્ય નરદેહે રહે જી, આત્મા નિત્ય સુગુપ્ત;
શાશ્વતતા પ્રગટાવવી જી, રહું નહીં સુષુપ્ત. જીવ૦ (પ્રજ્ઞા૦ ૧૦૨)

આપનો પત્ર આશ્રમમાં થઈને અત્યારે મળ્યો. સદ્ગત ભાઈ....ને છેવટ સુધી સારી ભાવના રહી તથા તમે બધા તેમની સેવામાં ધર્મબુદ્ધિથી રહ્યા તે જાણી સંતોષ થયો છે. આવા મરણના પ્રસંગો નજરે બનતા જોઈને પણ જો જીવ નહીં ચેતે, આત્મકલ્યાણ કરવા નહીં પ્રેરાય, તો માત્ર શબ્દરૂપ ઉપદેશ તેને કેટલી અસર કરશે? જે જે જીવોએ આત્મકલ્યાણ કર્યું છે તે તે જીવોએ સદ્ગુરુશરણે દૃઢ શ્રદ્ધા કરી છે તેથી તેમને ગમે તેટલાં દુઃખ આવી પડયાં છતાં તે દુઃખરૂપ મનાયાં નથી. માત્ર બાંધેલાં કર્મ છૂટવાના પ્રસંગ ગણી હર્ષસહિત તેમણે વેદ્યા છે. જેટલી શ્રદ્ધાની ખામી તેટલો જ જીવ દુઃખી છે માટે જેમ બને તેમ પરમકૃપાળુદેવ પ્રત્યે અચળ પ્રેમ થાય તેવી રીતે ભક્તિભાવમાં, સત્સાધનમાં, સ્મરણમંત્રમાં ચિત્ત રાખવા આપ સર્વ ભાઈબહેનોને નમ્ર વિનંતી છેજી. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) એ પરમકૃપાળુદેવનું વચન વારંવાર વિચારી શોકનું વિસ્મરણ કરવા ભલામણ છેજી. આર્ત્તધ્યાન તજી ધર્મધ્યાન કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૩૬ અગાસ, તા. ૨૩-૩-૪૨
તત્ ૐ સત્ ચૈત્ર સુદ ૬, સોમ, ૧૯૯૮

પ્રારબ્ધઆધીન બધું બને છે તેમાં હર્ષશોક કરવાથી કંઈ વળતું નથી. ઊલટાં કર્મ બાંધવાનું કારણ થાય છે. તેથી જેમ બને તેમ સમભાવ રાખવાનો પુરુષાર્થ કરતા રહેવાની આપણી ફરજ છે. સાચા દિલથી ઉત્તમ વસ્તુની ભાવના ભાવ્યા કરે તેને તે પ્રાપ્ત થવાનું કારણ બને છે. માટે ખેદ નહીં કરતાં સત્સાધન, સદ્‌ગુરુ-આજ્ઞા, ભક્તિ આદિમાં મન રાખવા ભલામણ છેજી. શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથનું બને તેટલું વિશેષ વાંચન રાખતા રહેવા ભલામણ છેજી. સત્સંગ એ આત્મહિત કરવા ઇચ્છે તેને અનિવાર્ય સાધન છે; તેની ભાવના કરતા રહેવી ઘટે છે. પરમકૃપાળુદેવની કૃપાને પાત્ર સર્વ થઈએ એ શુભ ભાવથી પત્ર પૂર્ણ કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૩૭ અગાસ, તા. ૨૫-૩-૪૨
તત્ ૐ સત્ ચૈત્ર સુદ ૮, બુધ, ૧૯૯૮

આપે અશુચિ દોષ સંબંધી પુછાવ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે આગમ ગ્રંથો માટે નિયમો છે કે અમુક અમુક વખતે અને અમુક લોહી પરુ કે ગંદકી પાસે હોય ત્યારે ન વાંચવા, પણ આચાર્યરચિત ગ્રંથો કે પરમકૃપાળુદેવના ગ્રંથ માટે તેવું નથી. સ્મરણ કરવામાં પણ કંઈ અશુચિ જોવા યોગ્ય નથી. ભાવ વર્ધમાન થાય તે તરફ લક્ષ રાખવા યોગ્ય છે. તેવી અશુચિ વહેતી હોય ત્યારે પૂજા વગેરેનો નિષેધ કરેલો છે તે તીર્થંકરના બહુમાનપણાને કારણે છે તે લક્ષમાં રાખવા યોગ્ય છે. બાઈ માણસે રજસ્વલા જેવા પ્રસંગમાં મનમાં સ્મરણ કે ભક્તિ કરી લેવી ઘટે, પણ પુસ્તક લઈને સ્વાધ્યાય કરવો ઘટતો નથી; તે તો સદાચાર લોકોમાં પ્રસિદ્ધ છે.

પત્ર ૨૧૫ કોના ઉપરનો છે એમ પુછાવ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે તે પ. પૂ. સોભાગ્યભાઈ ઉપરનો છે. તેમની ભક્તિ અને યોગ્યતાથી પરમકૃપાળુદેવ પ્રસન્ન થઈ ગયા છે અને ઉલ્લાસનાં વચનો તેમને તેમાં લખ્યાં છે.

શાંતિપૂર્વક પરમકૃપાળુદેવનાં વચનો બીજા ભાવો વિસારી મનન કરતા રહેવા ભલામણ છેજી. શેરડીનાં બટકાં મોંમાં નાખી જેમ જેમ દબાવીએ તેમ તેમ તેમાંનો રસ જેમ નીકળતો જાય છે તેમ તેમ સત્પુરુષનાં વચનેવચનો સમજવા કષાયની મંદતારૂપ જેમ જેમ પુરુષાર્થ થાય તેમ તેમ વિશેષ આનંદદાયક બને છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૩૮ અગાસ, તા. ૩૦-૩-૪૨

જેને કલ્યાણ કરવું છે તેણે તો સત્પુરુષને આશરે શક્તિ છુપાવ્યા વિના આ ભવમાં જેટલું બને તેટલું કરી લેવું ઘટે છે. આવો યોગ ફરી મળવો દુર્લભ છે, માટે "આજનો લહાવો લીજીએ, કાલ કોણે દીઠી છે?" દેશની ને દુનિયાની ફિકરચિંતા કરી આ અવસર લૂંટાઈ જવા દેવો યોગ્ય નથી. "એક મત આપડી ને ઊભે માર્ગે તાપડી" એ પ. પૂ. પ્રભુશ્રીજી

કહેતા તેમ જ કરી લેવું ઘટે છે. જેણે સત્પુરુષના માર્ગ પ્રત્યે રુચિ કરી હશે તેનું પણ કલ્યાણ થઈ જાય તેવો માર્ગ છે, તો જેણે તેની આજ્ઞા ઉઠાવી હોય તેનું તો કહેવું જ શું?

---

339 અગાસ, તા. ૫-૪-૪૨

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૫, રવિ, ૧૯૯૮

આપનો પત્ર આજે પરમકૃપાળુદેવના દેહોત્સર્ગપર્વે ઉપર મળ્યો છેજી. વાંચી આપની સદ્ભાવના જાણી છેજી. તેવા ભાવ ટકાવી રાખવા ભલામણ છેજી. મોટા મોટા મુનિઓને પણ "હું પામર શું કરી શકું, એવો નથી વિવેક" એ ભાવ ઊગવો દુર્લભ છે તે તમારા પત્રમાં વાંચી સંતોષ થયો છેજી. તેટલેથી હવે અટકવા યોગ્ય નથી. ઘણાને તો પોતે પહેરેલું કપડું મેલું છે એવું લક્ષમાં જ આવતું નથી, તેથી તે મેલા કપડાનું પણ અભિમાન કરે છે; કોઈક વિચારવાનને પોતાના કપડા તરફ નજર કરતાં મલિનતા દેખાવાથી શરમ આવે છે પણ તે ધોવા જો પુરુષાર્થ ન કરે તો તે શરમ વધારે દિવસ ટકે નહીં; અને બધાય મારા જેવા જ છે, એમાં શરમાવું શું? એમ વિચારી પાછો, મેલ વધે તેમ વર્ત્યા કરે છે; તેવી રીતે જાગૃતિ રાખી પરમકૃપાળુદેવે અનંત કૃપા કરી જે સત્સાધન દર્શાવ્યાં છે, પ. ઉ. પ્રભુશ્રીજીની આજ્ઞાથી આપણા જેવા રંક જીવોને પણ સ્મરણમંત્ર આદિ સત્સાધનની પ્રાપ્તિ થઈ છે, તેનો બને તેટલો, શક્તિ ગોપવ્યા વિના પુરુષાર્થ કરતા રહેવાથી આ કળિમલ ટળીને જીવને શુદ્ધતા તરફ વલણ વધતું જશે. મુમુક્ષુતાની જીવને ઘણી જરૂર છે એટલે મોહાસક્તિથી મૂંઝાઈ મોક્ષના માર્ગમાં પ્રવર્તવાની ભાવના દિન-દિન વધવી જોઈએ. કૂતરાં, બિલાડાંની પેઠે પેટ ભરવા અર્થે જ આ મનુષ્યભવ ગાળવો નથી, પણ ભવબંધનના આંટા ઊકલે અને મોક્ષમાર્ગમાં આગળ વધાય તો જ આ મનુષ્યભવ મળ્યો છે તે સાર્થક થયો ગણાય. આત્માની શ્રદ્ધા થવા છપદનો પત્ર અને શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પરમકૃપાળુદેવે જે આ કાળમાં આપણે માટે પ્રગટ ઉપદેશ્યાં છે તેનો વિશેષ વિશેષ વિચાર કરી "આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ; છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ" — આટલી બાબત હૃદયમાં દૃઢ થઈ જાય, મરણપ્રસંગે પણ તે શ્રદ્ધા ચળે નહીં તેવી અટળ બની રહે અને શરીરનાં દુઃખ તથા સુખ પ્રત્યેથી ઉદાસીનતા રહ્યા કરે, આત્મસુખ ચાખવાની નિરંતર તીવ્ર ભાવના રહ્યા કરે એ પ્રકારે વાચન, વિચાર, ભક્તિ, ચર્ચા, પૃચ્છના, ભાવના, સમજણ કરતા રહેવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

340 અગાસ, તા. ૧૭-૪-૪૨

તત્ ૐ સત્ વૈશાખ સુદ ૨, શુક્ર, ૧૯૯૮

સત્સંગનો યોગ નહીં એવા સ્થળમાં પ્રારબ્ધવશાત્ રહેવું પડે છે, તો ત્યાં પણ પોતાનાથી બને તેટલો પુરુષાર્થ, સત્પુરુષની આજ્ઞા, સદાચાર, અને ઉત્તમ ભાવનામાં ગાળવા યોગ્ય છેજી. મૂળ વાત તો પરમકૃપાળુદેવ પ્રત્યે અનન્ય ભક્તિ છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ ઠોકી ઠોકીને કહ્યું છે કે એક પરમકૃપાળુદેવની ભક્તિ કરનારને બીજા કોઈનું ધ્યાન વગેરે કરવાની જરૂર નથી. તેમાં ચિત્ત વિશેષ રહ્યા કરે તેમ કરવા ભલામણ છેજી. મારા વિષે જે કંઈ પત્રમાં ઉલ્લેખ કર્યો છે તે ભૂલી જઈ, તેથી વિશેષ પ્રેમ એક પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે,

તેમની મુદ્રા, વચન અને તેના વચનના આશય પ્રત્યે પ્રેમભક્તિભાવ રાખવા મારી આગ્રહ-પૂર્વક આપ બન્નેને ભલામણ છે. પૂનામાં પ. પૂ. પ્રભુશ્રીજીએ એક પરમકૃપાળુદેવ ઉપર જ દૃષ્ટિ કરાવવા ઘણું પોતાનાથી બોલાય તેટલું એક અઠવાડિયા સુધી કહ્યું હતું તેમાંથી થોડી લીટીઓ લખી મોકલું છું તે ઘણું લખ્યું છે એમ વિચારી હૃદયમાં એક પરમકૃપાળુદેવ જ સ્થાન સદાને માટે લે તેવું કરી લેવા વિનંતી છેજી :

"અમને તો ભલા એમ થયું કે જે વચન અમને આત્મહિતનું કારણ થયું તે વચન બીજા પણ સાંભળે, શ્રદ્ધે તો કલ્યાણ થાય. તેથી તેની (પરમકૃપાળુદેવની) આજ્ઞા 'સહજાત્મ-સ્વરૂપ પરમગુરુ,' જે અમારી પાસે આવ્યા તેમને કૃપાળુની દૃષ્ટિએ કહી સંભળાવી. પણ અણ-સમજણે કોઈક તો પોપટલાલને, કોઈક રત્નરાજને, કોઈક આ ભાઈશ્રીને (પૂ. રણછોડભાઈ નારવાળાને) અને અમને દેહદૃષ્ટિએ વળગી પડ્યા! ઝેર પીઓ છો ઝેર; મરી જશો. ન હોય એ રસ્તો. જ્ઞાની તો જે છે તે છે. એની દૃષ્ટિએ ઊભા રહો તો તરવાનો કંઈક આરો છે. અમને માનવા હોય તો માનો, ન માનવા હોય તો ન માનો; પણ જેમ છે તેમ કહી દેવું છે. અમે તો ધાર્યું હતું કે હમણાં જે ચાલે છે તે છો ચાલે, વખત આવ્યે બધું ફેરવી નાખીશું. કંઈ અમને ફૂલ-હાર, પૂજા-સત્કાર એ ગમતાં હશે? પણ ન ગમતા ઘૂંટડા જાણીને ઉતારી જતા. હવે તો છુપાવ્યા વગર ખુલ્લું કહી દઈએ છીએ કે પૂજા-ભક્તિ કરવા લાયક એ કૃપાળુદેવ; હા, ભલે! ઉપકારીનો ઉપકાર ન ભૂલવો — કોઈ મેળાપી મિત્રની પેઠે તેની છબી હોય તો વાંધો નથી. પણ પૂજા તો એ જ ચિત્રપટની થાય....બારમા ગુણઠાણા સુધી સાધક, સાધક અને સાધક રહેવાનું કહ્યું છે, આડું અવળું જોયું તો મરી ગયા જાણજો....અમે આ કહ્યું છે તે માર્ગ ખોટો હોય તો તેના અમે જામીનદાર છીએ. પણ જે કોઈ સ્વચ્છંદે વર્તશે અને 'આમ નહીં, આમ' કરી દૃષ્ટિફેર કરશે તેના અમે જવાબદાર નથી. જવાબદારી લેવી સહેલી નથી, પણ એ માર્ગમાં ભૂલ નથી." (ઉપદેશામૃત પૃષ્ઠ ૨૭૨) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૪૧ અગાસ, તા. ૧૭-૪-૪૨

તત્ ૐ સત્ વૈશાખ સુદ ૨, શુક્ર, ૧૯૯૮

બ્રહ્મચર્ય માટે દિવાળી સુધી વ્રત પાળવાની તમારી બન્નેની ભાવના છે તો આપનાં પત્ની સાથે નક્કી કરી પરમકૃપાળુદેવની સાક્ષીએ ચારે જણ નમસ્કાર કરી વ્રતની ભાવના કરશોજી. લીધા પ્રમાણે ટેક રાખી પાળવા ખાસ ભલામણ છે. તેમાં ભૂલ ન થાય તેટલી કાળજી રાખતા રહેશો. વ્રત ન પાળે તો જે પાપની પ્રવૃત્તિ કરે તેનું ફળ ભોગવવું પડે; અને વ્રત લઈને તોડે તો પાપનું ફળ તથા વ્રત તોડયાનું ફળ એમ બેવડું પાપ ભોગવવું પડે. માટે વ્રત લેતાં બહુ વિચાર કરીને વ્રત લેવું અને લીધા પછી તેમાં દોષ આવવા ન દેવા કે બારીઓ ન ખોલવી; પણ પ્રાણ જાય તો જવા દેવા, પણ વ્રત તોડવું નહીં આટલી શક્તિ જણાય તો જ પરમકૃપાળુદેવને નમસ્કાર કરી વ્રત લેશો, તે ચેતાવવા માટે લખ્યું છે. ન લેશો એમ કહેવું નથી, પણ જે કરવું તે સારું કરવું. ઉલ્લાસ, વ્રતની મુદત પૂરી થતાં સુધી ટકી રહે તે અર્થે ભક્તિ, વાંચન, સ્મરણ, મંત્ર વગેરેમાં ભાવપૂર્વક ખાસ વર્તવા ભલામણ છેજી.

---

૩૪૨ અગાસ

"કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી" એમ પરમકૃપાળુદેવે પત્ર ૪૬૦ માં જણાવ્યું છે, છતાં ક્લેશ થાય છે અને તેનું માઠું પરિણામ દુર્ગતિરૂપ આવે છે તેનું કારણ જણાવતાં પોતે લખે છે : "અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે." (૪૬૦) એમ તેનો ઉપાય પણ દર્શાવ્યો છે. તો પ્રથમ શાનો સદ્‌વિચાર કરવો ? તે વિષે લખે છે : "તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે." આમ આપણને જે "આત્મભ્રાંતિ સમ રોગ" વર્તે છે તેનો ઉપાય બતાવ્યો છે. તે જાણી બીજા બધા રોગ કરતાં આ રોગ અનાદિકાળથી જામી ગયેલો જૂનો છે, માટે તેને કાઢવા માટે જ્ઞાનીપુરુષે "ઔષધ વિચાર ધ્યાન" તથા "ગુરુઆજ્ઞા સમ પથ્ય" દર્શાવ્યા છે તે સેવવા પડશે. આ ભયંકર, અસહ્ય સંસારનાં દુઃખથી બચવું હોય તો અનન્ય ભાવે એકનિષ્ઠાએ સર્વસ્વપણે પરમ પ્રેમે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રને શરણે ચિત્ત રાખી તેને ક્ષણવાર પણ વીસરવા નથી, એવું વ્રત લેવા યોગ્ય છે. એને મૂકીને બીજામાં ચિત્ત જાય છે, ત્યાં બળતરા, બંધન અને ભવભ્રમણ ઊભું થાય છે. માટે આત્મહિતને ઇચ્છનાર સરળભાવી ભદ્ર-પરિણામી જીવે મનમાં એવી ગાંઠ વાળી દેવા યોગ્ય છે કે આટલો ભવ તો આ પરમપુરુષની ઉપાસના કરવા દે. ભલે લોકો નિંદે, ભલે ભીખ માગવી પડે, ભલે વ્યાધિ પીડા આવી પડે, ભલે મરણતુલ્ય સંકટ આવી પડે, પણ જો આત્માનું હિત જરૂર થાય એવું મનમાં લાગ્યું છે તો તે માર્ગ અર્થે આટલો ભવ તો ગાળી નાખું. બહારની અનુકૂળતાઓ, સત્સંગ, પુસ્તક આદિ સાધનો મળો કે ન મળો, પણ મન તો મારું એ પરમપુરુષની આજ્ઞામાં, સ્મરણમાં, ભક્તિભજનમાં સર્વ શક્તિએ રાખીશ. આવો દૃઢ નિશ્ચય કરી થોડા માસ વર્તાય તો ચિત્તની ચંચળતા તજી સ્થિરતા ભજવા લાગે એમ સંભવ છે. માટે આ પત્ર મળે ત્યારથી બને તેટલી દૃઢતા નિત્યનિયમ વગેરેમાં રાખવી અને અસ્થિરતા ચિત્તની જણાય ત્યારે વચનામૃતનું વાંચન, વિચાર કે સરખેસરખાનો સમાગમ કરતા રહેવું, અને એકાંતનો વખત મળે તેટલો સ્મરણ એટલે માળા ગણવામાં કાઢવો. કેટલી રોજ માળા ફરે છે તેનો હિસાબ પણ રાખવો. આંગળી ઉપર વેઢા છે તે ગણતા રહેવાથી સંખ્યાની ગણતરી થશે. તેમાં દરરોજ થોડો થોડો વધારો કરતા રહેવું અને દરરોજ ચાળીસ કે પચાસ માળા ફરવાના ક્રમ સુધી પહોંચો ત્યારે કેમ મન રહે છે, માળાનો ક્રમ વધારવા વૃત્તિ રહે છે કે કંટાળો આવવા તરફ મન વળે છે, તે પત્રથી જણાવવા ભલામણ છેજી. બને તો રાત્રે પણ જાગી જવાય ત્યારે માળા લઈને બેસવું, ઊભા રહીને માળા ગણવી કે ફરતાં ફરતાં પણ ગણવી; પણ ઊંઘ ઓછી થતી જાય અને માળાનો ક્રમ વધતો જાય તેમ થોડે થોડે રોજ વધારતા રહેવાની જરૂર છે. એકદમ આખી રાત જાગવાથી બીજે દિવસ ઊંઘવામાં કે ઠેકાણા વગરના કામમાં જશે, માટે ઉતાવળ નહીં કરતાં મહિને મહિને એકાદ કલાક ઊંઘ ઘટાડતા જવું અને પાછલી રાતના ઊંઘ થોડી લઈ લેવી. આમ કરતાં શું પરિણામ આવે છે તે પુરુષાર્થ કર્યે સમજાશે. જો શરીર હાલ અશક્ત હોય તો ઠીક થયે તે ક્રમ કરી જોવાનો વિચાર રાખવો પણ માંદગી તો વળી સ્મરણનો મોટો આધાર છે. સ્મરણ કરતાં કરતાં દેહ છૂટી જાય તો

ઊલટું સારું. એવું ભાગ્ય ક્યાંથી હોય! પણ હાલ જ્યાં સુધી તમારી માતુશ્રીની સેવા વગેરે કરવાની છે ત્યાં સુધી શરીરની કાળજી રાખી તેમને પણ ધર્મધ્યાનમાં મન પરોવાયેલું રહે તેવું તેમને વાંચી સંભળાવવું, કે તેમને ઊંઘ ન આવે ત્યાં સુધી સ્મરણ, ભક્તિ વગેરેમાં મન જોડાય તેમ વર્તવું ઠીક છે. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક. — ખાવામાં સાદો ખોરાક કંઈક ઊણું પેટ રહે, ઊંઘ ઓછી આવે તેવો ખોરાક લેવો એટલે ઘી, દૂધ, દહીં ઓછાં વાપરવાં. બીજી વાતોમાં ન પડવું. ન-છૂટકે અસત્સંગી જીવો સાથે બોલવાનું રાખવું. માળા ગણતાં પરમકૃપાળુદેવના ચિત્રપટ તથા તેમના ગુણો, તેમના ઉપકારનું સ્મરણ રહે, તેમની વીતરાગમુદ્રા લક્ષમાં રહે તેમ કરવું.

---

૩૪૩ અગાસ, તા. ૨-૫-૪૨

(૧) પ્રશ્ન — આ જીવની વિષયવાસનાની હાનિ ક્યારે થશે?

ઉત્તર — લોખંડ વાંકું વળી ગયું હોય પણ તપાવીને ઘણ મારે તો સીધું થઈ જાય. તેમ જ આપણ વિષયાસક્ત જીવને ઇંદ્રિયદમનરૂપી તપમાં તપાવીને ઉપર સત્પુરુષના બોધરૂપી ઘણના પ્રહારની જરૂર છે. પરમકૃપાળુદેવે શ્રી આત્મસિદ્ધિજીની ૧૦૩ મી ગાથામાં જણાવ્યું છે કે "હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ." તથા પ. ઉ. પ્રભુશ્રીજીએ વિષયથી છૂટવા તપશ્ચર્યાદિ પાંચ વર્ષ સુધી ઉપાયો કર્યા, પણ છેવટે પરમકૃપાળુદેવે રસ જીતવો, રસાદિની લોલુપતા મટાડવાના ઉપાયોરૂપી બોધ કર્યો તે પ્રકારે તેઓશ્રીજીએ એકનિષ્ઠાએ આજ્ઞા ઉપાસી વિષયથી વિજય મેળવ્યો; તેવી જ રીતે આપણ વિષયાસક્ત જીવોને જિહ્વાઇંદ્રિયની લાલસા છોડાવવા મહાપુરુષો ફરમાવે છે કે જે વસ્તુ ઉપર આપણને વધારે રુચિ હોય તે વસ્તુ આપણા ભાણામાં આવી ગઈ હોય તો બીજાને આપી દેવી અથવા સ્વાદરહિત કરી વાપરવી. સાંભળવા કે વાંચવા માત્રથી નહીં, પણ જ્યારે આ પ્રમાણે બોધ ગ્રહણ કરી રસેંદ્રિયના સ્વાદ છોડવાનું વર્તનમાં મુકાશે ત્યારે જ વિષયવાસનાની હાનિ થશે.

(૨) પ્રશ્ન — સત્સંગનો યોગ પૂર્ણ ક્યારે મળશે?

ઉત્તર — ભાવના સારી છે, પણ ગામમાં રાજમંદિરે મુમુક્ષુભાઈઓ મળી વાંચનાદિ સત્સંગ થાય છે ત્યાં લાભ લેવા ન જવાતું હોય (પાસે રહેલો રોટલો ન ખવાતો હોય) તો પછી બીજી તો વાત જ શી? માટે પાસે હોય તે તો ખાયા કરવું. કરવા માંડે ત્યારે થાય છે.

(૩) પ્રશ્ન — સંસાર-કાર્યની નિવૃત્તિ ક્યારે થશે?

ઉત્તર — કરશો ત્યારે. ત્રાસ લાગ્યો નથી. સંસારનું સ્વરૂપ ભયંકર છે. દુશ્મનને આગળ માથું આપે તો કાપી નાખે. કોઈએ પાંચ-પચીસ રૂપિયા આડાઅવળા કરાવ્યા હોય તો તેના પ્રત્યે દુશ્મન તરીકે વર્તે અને તેને ત્યાં લગ્નપ્રસંગે આમંત્રણ આપે તોપણ જાય નહીં; તો પછી આ જીવનું મોહશત્રુએ ભૂંડું કરવામાં મણા રાખી નથી, તો તેના આમંત્રણરૂપી પ્રવાહમાં કેમ તણાઈએ? માટે સંસારથી છૂટવા મહાપુરુષો ફરી ફરી ભલામણ કરે છે, પણ હજુ આપણને સંસારથી ત્રાસ જ ક્યાં લાગ્યો છે? જ્યારે ખરા અંતઃકરણથી ત્રાસ લાગશે અને

આપણે જાતે આવા પ્રસંગોથી નિવર્તીશું ત્યારે જ સંસારકાર્યની નિવૃત્તિ થશે. "તારી વારે વાર" એમ પ્રભુશ્રીજી કહેતા.

(૪) પ્રશ્ન — શ્રી પરમકૃપાળુદેવ પર અપૂર્વ સ્નેહ જાગ્રત ક્યારે થશે ?

ઉત્તર — બીજેથી ઉઠાશે ત્યારે. "પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ; પરમપુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ – ઋષભ જિણંદશું પ્રીતડી." તેમ જ ભાવદયા-સાગર પ્રભુશ્રીજીએ પણ ઠેર ઠેર એ જ બોધધારા વરસાવી છે, પણ આપણ દિશામૂઢ જીવોને હજુ ચટકો ક્યાં લાગ્યો છે ? જીવ પાસે મૂડી છે તે ધન-કુટુંબાદિમાં ઠેર ઠેર પ્રેમપ્રીતિરૂપે વેરી નાખી છે તેથી કૃપાળુ પરમાત્મા પ્રત્યે સ્નેહ જોઈએ તે ક્યાંથી લાવવો ? જ્યારે બીજે પરથી પ્રેમપ્રીતિ ઊઠશે ત્યારે જ પરમકૃપાળુદેવ પર અપૂર્વ સ્નેહ જાગશે.

પ્રશ્ન સારા છે, પણ જીવ પોતે જ ઉકેલ કરશે તો મળી રહેશે. શૂરવીર થવું પડશે. જે અપ્રશસ્ત રાગ છે તે જ્ઞાનીના બોધે પ્રશસ્ત કરવો પડશે. હજુ મોહનું દુઃખ લાગ્યું નથી. કાગળ લખ્યે કે પ્રશ્ન પુછાવા માત્રથી દુઃખ મટે તેમ નથી. કોઈ કહે કે 'હું ક્યારે પૈસાવાળો થઈશ ?' એમ કહેવામાત્રથી પૈસાવાળો થાય તેમ નથી, પણ ઉપાય કરે તો થાય. પોતાની શક્તિ છુપાવે તે ચોર કહેવાય. દિવસે ધંધા, છોકરાં આદિના કારણે પુરુષાર્થ ન થઈ શકે, તો આખી રાત પડી હોય છે તેમાંથી વિષયભોગ માટે જેમ રાત્રે વખત મળતો તેમ ઊંઘ ઓછી કરી થોડો વખત આત્મહિત કરે તોપણ બની શકે તેમ છે. સત્સંગની જરૂર છે એમ મહાપુરુષો ફરમાવે છે. *

પ્રિય ભાઈ, આ તમને ઠપકો નથી લખ્યો. દરેક મુમુક્ષુએ હવે બહુ વિચારપૂર્વક વર્તવાની જરૂર છે. સાચા પુરુષનો જેને અલ્પ પણ યોગ થયો છે તેને છૂટવાની કામના થોડી-ઘણી જાગે છે, તે મહાપુરુષનો જ પ્રતાપ છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે અમારી પાસે આવે તેનામાં અમે કંઈક ઘાલી દઈએ છીએ, પણ તેને એ ખબર તે વખતે ન પડે. કાળે કરીને સત્સંગરૂપી જળથી પોષાતાં તે વૃક્ષરૂપ થાય છે અને છૂટવાની વાતનો આત્માથી ભણકાર થાય છે. સંસારમાં તેને નિરાંતે તે સૂઈ રહેવા ન દે, ક્યાંય ચેન પડવા ન દે, ઝૂરણા જગાવે. પણ ક્યારે કે સાચા પુરુષના બીજને સાચો થઈને આ જીવ જો ઝીલે, પોષે, પથ્ય પાળે તો. નહીં તો વંધ્યા બાઈ, કે જેને ગર્ભ ગળી જતા હોય તેવી બાઈને પુત્રપ્રાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થવો દુર્લભ છે, તેમ જીવ જો સત્પુરુષના ઉપકારને સંભારે નહીં, ધન સ્ત્રી કુટુંબના જ વિચારોમાં દિવસ ઉપર દિવસો વિતાવે અને સત્પુરુષના વચનના વિચારથી, તેની આજ્ઞાના આરાધનથી આત્મહિતને પોષતો ન રહે, તો સત્પુરુષનો યોગ મળ્યો તે ન મળ્યા જેવો પણ થઈ જતાં વાર ન લાગે, એવો આ હુંડાવસર્પિણી દુષમ કાળ છે માટે આ વિકટ પ્રસંગમાં પુરુષાર્થ પણ વિકટ કર્તવ્ય છેજી. પહેલાં તો જતાં-આવતાં કે સત્પુરુષ વિહાર કરતાં કંઈ દર્શનમાત્રનો લાભ થઈ જાય તોપણ જીવના ભાવ પલટાઈ જતા તેવા સરળ ભદ્રિક જીવો હતા અને અતિશયધારી સત્પુરુષો હતા. તેવો યોગ ન હોય ત્યારે વિશેષ પુરુષાર્થ

* અહીં સુધીનું લખાણ એક મુમુક્ષુભાઈએ પૂજ્યશ્રીને પૂછીને તેઓશ્રીએ કહ્યા પ્રમાણે યથામતિ લખેલ છે અને પૂજ્યશ્રી પાસે સુધરાવેલ છે.

કરી, ઘણો સત્સંગ સેવીને પણ, મળેલો યોગ સફળ કરવા જીવે જાગતા રહેવાની જરૂર છેજી. અત્યારે ડહોળું પાણી પીવાનું મળે તો તેવું પણ પીને જો તરસ છીપે તેમ હોય તો તેમ કરી લેવું, નહીં તો જેમ રણમાં મૂર્ખ મુસાફર 'આવું પાણી કોણ પીએ?' એમ કરીને આગળ ચાલ્યો જાય અને આગળ તો તેવું ડહોળું પાણી તો શું, પણ માત્ર રેતી, રેતી જ આવ્યા કરે ત્યાં તે જીવ તરસે કંઠ બેસી જવાથી મરી જાય છે; તેવી આપણી દશા ન થાય તે વિષે ઘણું વિચારવું ઘટે છેજી. આ યોગ આપણા હાથમાંથી વહી ગયા પછી આવો યોગ પણ ફરી મળવો કઠણ છે તો તેથી સારાની આશા શું રાખવી? માટે જે બને તે જતા દિવસમાંથી હિતકારી કાળનો લાભ લઈ લેવો એ તમારે, મારે બધાએ કર્તવ્ય છેજી. સર્વ ભાઈબહેનોએ બહુ ચેતીને વખતનો દુરુપયોગ કરતાં બચી જવું ઘટે છેજી. શા માટે જન્મ્યા છીએ અને શું કરીએ છીએ? એનો વિચાર વારંવાર મનમાં લાવી સન્માર્ગમાં ઉત્સાહ વધે તેમ આપણે સર્વેએ હવે તો કમર કસીને બને તેટલું બળતામાંથી બચાવી લેવું જોઈએ. ઘર લાગે ત્યારે માત્ર રડ્યા કર્યે કશું બચે નહીં, પણ હિંમત રાખી જેટલું બહાર કાઢી લીધું તેટલું બચવા સંભવ છે. માટે જેટલી ક્ષણો જ્ઞાનીની આજ્ઞામાં, મંત્રસ્મરણ વગેરેમાં જશે તેટલી બચી સમજી તેનો વિશેષ અભ્યાસ રાખવા હવે સત્સાધન વિશેષ કરતા રહેવું ઘટે છે. તેવો નિશ્ચય દૃઢ કરી તે પ્રમાણે વર્તવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૪૪ અગાસ, તા. ૩-૫-૪૨

તત્ ૐ સત્ વૈશાખ વદ ૩, રવિ, ૧૯૯૮

"આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય."

આપનું કાર્ડ મળ્યું, તેમાં 'પૂર્વાપર અવિરોધ' શબ્દનો અર્થ પુછાવ્યો છે તેનો ઉત્તર : જ્ઞાનીની વાણીનું લક્ષણ પૂર્વાપર અવિરોધ હોય છે. એ સમજાવવું, વિવેચન કરવું મુશ્કેલ છે. પણ શબ્દાર્થ તે પત્ર ૬૭૯ માં વાંચવાથી એવો સમજાય છે કે જ્ઞાનીની વાણી આત્માર્થે, આત્મા જાણ્યાપૂર્વક હોય છે તેથી આત્મા પોષાય, જાગ્રત થાય, વૈરાગ્ય તથા પુરુષાર્થમાં પ્રેરાય તેવાં વચનો હોય છે. ગમે તે પ્રકારનાં વચનો પણ એ જ પરમાર્થને પ્રેરનારાં હોય છે. તેને હાનિ કરે તેવાં વચન જ્ઞાનીનાં હોતાં નથી. અને અજ્ઞાનીને આત્મા તરફ લક્ષ થયેલો હોતો નથી, તેથી એક વખત શૂરવીરતાનાં વચન પુરુષાર્થપ્રેરક હોય અને બીજે પ્રસંગે કાયરતા ઘર કરે, તેવાં હોય, પણ સતત આત્મવિચારણા વધારનારાં કે આત્મહિતને પોષક એકધારાં હોતાં નથી.

---

૩૪૫ અગાસ, તા ૭-૫-૪૨

તત્ ૐ સત્ વૈશાખ વદ ૭, ગુરુ, ૧૯૯૮

પરમ ઉપકારી અહો! રાજચંદ્ર ગુરુદેવ,
જેને શરણે જીવતાં ટળતી ભવ-ભ્રમ ટેવ.

"न लाज तीन लोककी, न वेदको कह्यो करे,
न शंक भूत-प्रेतकी, न देव-जक्षतें डरे।
सुणे न कान औरकी, द्रशे न ओर इच्छना,
कहे न मुख ओर बात, भक्ति प्रेम-लच्छना ॥"

"प्रेम लग्यो परमेश्वरसों तब भूलि गयो सिगरो घरुबारा,
ज्यों उनमत्त फिरे जित हि तित, नेक रही न शरीर-संभारा।
श्वास-उसास उठे सब रोम, चलै द्रग नीर अखंडित धारा,
सुंदर कौन करे नवधा विधि, छाकि पर्यो रस पी मतवारा ॥"

વિ. આપનો પત્ર પ્રાપ્ત થયો. આપ 'યથાશક્તિ ભક્તિ થાય છે' એમ લખો છો તથા 'આત્મિક ઊંડી વિચારશ્રેણી જાગતી નથી' એમ સાથે જણાવો છો. પરમકૃપાળુદેવે પત્રાંક ૫૭૨ માં ભક્તિનું ફળ તીવ્રજ્ઞાનદશા કહી છે, તે મારે, તમારે સર્વને વિચારી તે જ પત્રમાં જણાવેલા દોષો દૂર કરવા પુરુષાર્થ જરૂર કરવો ઘટે છે; તો જ જ્ઞાનીપુરુષનો આશ્રયભક્તિમાર્ગ સફળ થાય. એ ક્રમ આરાધવાથી અવશ્ય કલ્યાણ છે, પણ શક્તિ ગોપવ્યા સિવાય વારંવાર તે લક્ષ ચુકાય નહીં તેવો ઉપયોગ રહ્યા કરે તેવા પુરુષાર્થની પણ જરૂર છેજી.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી ઘણી વખત કહેતા હતા કે આ જીવને રખડાવનાર એક લોભ છે. તેને હણવા અર્થે દાન, ત્યાગ, વૈરાગ્ય કર્તવ્ય છેજી. મૂઠી દાળિયા કોઈ ભિખારીને આપતાં પણ 'પુણ્ય તો બંધાશે' એવો ભાવ છોડી, મારો એટલો લોભ છૂટચો એવી ભાવના કર્તવ્ય છે. મળેલું બધુંય હું ભોગવું એવી સંજ્ઞારૂપ અનાદિની ટેવ ટાળવા અર્થે દાન આદિ શુભ પ્રવૃત્તિ કરું છું પરંતુ તેના ફળની ઇચ્છા મારે રાખવી નથી. આત્માર્થે હવે સર્વ પ્રવૃત્તિ કરવી છે એવો લક્ષ મુમુક્ષુજીવને સહેજે હોય.

આશ્રમમાં રહી પરમપુરુષે બતાવેલ માર્ગે જીવન ગાળવાની ભાવના અંશે મૂર્તિમંત કરવા મકાન કરાવવાનો લક્ષ છે; તે ભાવના હવે વિશેષ કાર્યકારી બને તેવી બીજી અનુકૂળતાઓ તે જ અર્થે કરતા રહેવા ભલામણ છેજી.

"જો જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે; તો પછી ક્ષણે ક્ષણે આત્મોપયોગ સ્થિર કરવો ઘટે એવો કઠણ માર્ગ તે જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયે પ્રાપ્ત થવો કેમ સુલભ ન હોય?....જ્ઞાનીપુરુષના વચનનો દૃઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે; તો પછી અમે કહીએ છીએ કે આ વૃત્તિઓનો જય કરવો ઘટે છે, તે વૃત્તિઓનો જય કેમ ન થઈ શકે?" (૫૬૦) આ પત્ર પણ એકાંતમાં સ્વહિતાર્થે મનન કરતા રહી તે પરમપુરુષે જે પુરુષાર્થબળની પ્રેરણા કરી છે તે આપણને આ કઠિનકાળમાં પણ પ્રાપ્ત થાઓ એવી તે પરમકૃપાળુદેવને વિનમ્ર વિનંતી કરી પત્ર પૂર્ણ કરું છુંજી.

---

૩૪૬ અગાસ, તા. ૧૦-૫-૪૨

તત્ ॐ સત્ વૈશાખ વદ ૧૦, રવિ, ૧૯૯૮

આપના પિતાશ્રીને જણાવશો કે શરીરના ધર્મો શરીરમાં જણાય છે. નાશવંત દેહ કોઈનો અમર રહ્યો નથી. મોટા સમર્થ મહાત્મા પુરુષો પણ દેહ તજીને ચાલ્યા ગયા તો આપણે

કોણ ગણતરીમાં છીએ ? પણ તે મહાપુરુષોએ દેહ છૂટતાં પહેલાં દેહથી ભિન્ન, સુખદુઃખને જાણનાર, અછેદ્ય, અભેદ્ય, જરા-મરણ-વ્યાધિ-પીડાથી રહિત, નિત્ય આત્માને જાણી દેહનો મોહ તદ્દન છોડી દીધો હતો. આપણે પણ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને આશ્રયે દેહનો મોહ છોડવો છે. તે પુરુષનું શરણું ભવજળ તરવામાં નાવ સમાન છે, માટે સ્મરણમંત્ર નિરંતર હ્રદયમાં રટાતો રહે તેવી ટેવ પાડી દેવા ભલામણ છેજી. તેમ જ "સદ્ગુરુપ્રસાદ"માંથી બધી અવસ્થાના ચિત્રપટનાં દર્શન રોજ કરાવતા રહેશોજી તથા રોજ સાંજે તેમની ભાવના રહેતી હોય તો વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ, છપદનો પત્ર, આત્મસિદ્ધિ વગેરેમાંથી સંભળાવતા રહેવું. વિશેષ ભાવના જાગે તો અવકાશે સમાધિસોપાનમાંથી સમાધિમરણ વિષેનું છેલ્લું પ્રકરણ વારંવાર સંભળાવતા રહેવું ઘટે છેજી. તેમનું ચિત્ત તેમાં રહેશે તો બીજા ભાવ છૂટી જ્ઞાની પ્રત્યે વિશેષ પ્રીતિ થતી જશે, નહીં તો વાંચનારને તો જરૂર લાભનું જ કારણ છે. આપણે તો આપણા આત્માને સંભળાવીએ છીએ એ મુખ્ય લક્ષ રાખી, ભલે જે સાંભળશે તેનું કલ્યાણ થશે એ ભાવે ઘરનાં જે નવરાં હોય તેમને સાંભળવા કહેવું. મંદિરમાં પણ પૂજા વગેરે કર્યા પછી વખત હોય તો એકાદ પત્ર વચનામૃતમાંથી નિરાંતે બેસી વાંચવો કે ભક્તિ કરી ઘેર જવું. એકલા હોઈએ તો વધારે સારું છે. ભગવાન સાથે તો એકાંત જ સારી. આપણો આત્મા એકલો જ આવ્યો છે અને એકલો જ જવાનો છે. તેને જ ખરી રીતે સત્સંગમાં પણ સમજાવવાનો છે. તેવો જોગ ન હોય તો એકલાએ પણ પોતાના આત્માને શિખામણ મળે તેવું દરરોજ થોડું ઘણું વાંચન રાખતા રહેવાથી વૈરાગ્ય, ઉપશમની વૃદ્ધિ થતાં અપૂર્વ આનંદ આવશેજી. જેને કલ્યાણ સાધવું હશે તેને માટે ઉત્તમ સ્થળ તૈયાર થયું છે. હાલ છે તેમાંથી જેને લાભ લેવો હોય તે લઈ લેશે. તેનો લાભ લેવા ઘણા ભાવના ભાવતાં હશે તે ભવિષ્યમાં ત્યાં લાભ લેવા જન્મશે અને ધર્મ આરાધી કલ્યાણ સાધશે. લૂંટમલૂંટ લહાવો લેવાનો જોગ આવ્યો છે ત્યાં પ્રમાદ કર્તવ્ય નથી. "બહોત ગઈ થોડી રહી, થોડી પણ ઘટ જાય."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૪૭ અગાસ, તા. ૧૩-૫-૪૨

આવા દુષમ વિકટ કાળમાં જન્મ્યા છીએ તો મુશ્કેલીથી ધર્મસાધન થઈ શકે તેવો પ્રસંગ છે તોપણ જેણે આત્મકલ્યાણ અવશ્ય આ ભવમાં જેટલું બની શકે તેટલું કરી લેવું છે એવો નિર્ણય કર્યો હોય અને તે અર્થે ભોગાદિથી પાછા હઠયા હોય તેવા જીવોએ વિકટ પુરુષાર્થ કરીને આત્મવૃત્તિને બાહ્ય પદાર્થોમાં તણાતી રોકી સત્સાધનમાં વારંવાર જોડવા કમર કસીને મંડી પડવા યોગ્ય છેજી. કામકાજ એકલે હાથે કરવાનાં હોય તો દિવસે વખત થોડો મળે, પણ રાત્રિ તો આપણા બાપની જ છે. તેમાંથી જરૂર જેટલી જ ઊંઘ લઈ લીધા પછી સત્સાધનમાં વિશેષ ભાવપૂર્વક પ્રવર્તવા ભલામણ છેજી. શરીર બગડે નહીં તેટલો લક્ષ રાખી અને તેટલો કાળ પરમાર્થે પોષાય તેમ ગાળવો ઘટે છેજી. આવો યોગ બીજા ભવમાં મળવો દુર્લભ છે એમ જાણી બનતી જાગૃતિ અને સ્મરણમંત્રના રટણમાં વૃત્તિ રાખતા રહેવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૪૮ અગાસ, તા. ૧૪-૫-૪૨

તત્ ૐ સત્ વૈશાખ વદ ૧૪, ગુરુ ૧૯૯૮

"બાળપણે આપણ સસનેહી, રમતા નવ નવ વેશે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર નિવેશે–
હો ! પ્રભુજી, ઓલંભડે મત ખીજો."

"ભગવાન પરિપૂર્ણ સર્વગુણસંપન્ન કહેવાય છે. તથાપિ એમાંય અપલક્ષણ કંઈ ઓછાં નથી !" (૧૬૫) વિષે પુછાવ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે 'જ્ઞાનીકી ગતિ જ્ઞાની હી જાણે' એ વચન પ્રમાણે તે મહાપુરુષનો આશય તે જ જાણે; પણ આપણે તેનાં બીજાં વચનોને આધારે આત્માર્થને અનુકૂળ અર્થ કરી તેનો આશય સમજવા પ્રયત્ન કરીએ તો તેમાં અડચણ જેવું જણાતું નથીજી. પત્રાંક ૨૦૧ માં પોતે લખે છે: "અને વાસુદેવ હરિ ચાહીને કેટલોક વખત વળી અંતર્ધાન પણ થઈ જાય એવા લક્ષણના ધારક છે; માટે અમે અસંગતાને ઇચ્છીએ છીએ; અને તમારો સહવાસ તે પણ અસંગતા જ છે, એથી પણ વિશેષ અમને પ્રિય છે. સત્સંગની અત્ર ખામી છે; અને વિકટવાસમાં નિવાસ છે." એ આખો પત્ર વાંચવા-વિચારવાથી જે પદની તેઓશ્રીને પ્રાપ્તિ થઈ છે તે ટકાવી રાખવામાં કેટલી મુશ્કેલી પડતી હશે અને તેમાં સાંસારિક પ્રવૃત્તિ કેટલી બાધક સમજાતી હશે તથા સત્સંગની ઝંખના કેટલી છે તે જણાવવા પરમાત્માનાં 'અપલક્ષણ' રૂપ ઠપકો ભક્તિભાવે પરમાત્માને આપ્યો જણાય છેજી. તે જ વાત અન્ય પત્રમાં પ્રગટ કરી છે— "નિરંજનપદને બૂઝનારા નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે, એ વિચારતાં અકળ ગતિ પર ગંભીર, સમાધિયુક્ત હાસ્ય આવે છે! હવે અમે અમારી દશા કોઈ પણ પ્રકારે કહી શકવાના નથી; તો લખી ક્યાંથી શકીશું? આપનાં દર્શન થયે જે કંઈ વાણી કહી શકશે તે કહેશે, બાકી નિરુપાયતા છે." (૧૮૭) એ કવિમય જીવનના અન્યોક્તિરૂપ ઉદ્‌ગારો છે. જેમ સમકિતને દૂષણ આપવારૂપ વચન લખ્યું છે — "મને ગ્રહણ કરવાથી ગ્રહણ કરનારની ઇચ્છા ન થાય તો પણ મારે તેને પરાણે મોક્ષે લઈ જવો પડે છે; માટે મને ગ્રહણ કરવા પહેલાં એ વિચાર કરવો કે મોક્ષે જવાની ઇચ્છા ફેરવવી હશે તો પણ કામ આવવાની નથી; મને ગ્રહણ કરવા પછી નવમે સમયે તો મારે તેને મોક્ષે પહોંચાડવો જોઈએ. ગ્રહણ કરનાર કદાચ શિથિલ થઈ જાય તો પણ બને તો તે જ ભવે, અને ન બને તો વધારેમાં વધારે પંદર ભવે મારે તેને મોક્ષે પહોંચાડવો જોઈએ. કદાચ મને છોડી દઈ મારાથી વિરુદ્ધ આચરણ કરે અથવા પ્રબળમાં પ્રબળ એવા મોહને ધારણ કરે તોપણ અર્ધપુદ્‌ગલ પરાવર્તનની અંદર મારે તેને મોક્ષે પહોંચાડવો એ મારી પ્રતિજ્ઞા છે! અર્થાત્ અહીં સમ્યક્ત્વની મહત્તા બતાવી છે." (વ્યાખ્યાનસાર ૧-૬૬) દૂષણનું નામ દઈ મહત્તા જેમ સમકિતની પ્રગટ કરી છે, તેમ પરમાત્માનાં અપલક્ષણ કહીને તેમનું વિકટતાથી પ્રાપ્ત થવું અને ટકાવી રાખવું થાય છે તે દર્શાવવા તેવી ભાષા વિચારણા પ્રેરવા આનંદદાયીરૂપે (હાસ્યરૂપે) જાણે પરમાત્માના સખા બની તેનાં દૂષણ દેખાડતા હોય તેમ લખાણ છે તે ઊંડા ઊતરી વિચારતાં સમજાય તેમ છેજી. ગોપાંગનાઓ શ્રીકૃષ્ણને ચિત્તના ચોર કે માખણચોર કહી વગોવતી હતી કે વખાણતી હતી તે તેનો આશય સમજતાં આનંદ આવે તેમ છેજી.

'નિરાકુલ સુખ'નો અર્થ પૂછ્યો તેના ઉત્તરમાં જણાવવાનું કે પુદ્ગલનાં, ઇન્દ્રિય દ્વારા ભોગવાતાં સુખ, સુખરૂપ નથી પણ દુઃખનો જ પ્રકાર છે. "સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ, એ દ્રષ્ટે આતમગુણ પ્રગટે" આદિ યોગદૃષ્ટિની સજ્ઝાયમાં કહ્યું છે તેમ આત્માનું સુખ તે સહજ સુખ છે તેને ઉપદેશછાયામાં "સહજસમાધિ" રૂપે વર્ણવ્યું છે. પૃષ્ઠ ૭૨૧-૭૨૨ વાંચી વિચારશો તો સહજ સમજાશે કે પુદ્ગલનો સ્વભાવ સુખ આપવાનો નથી. તેની તૃષ્ણા આકુળતા જ ઉત્પન્ન કરે છે તેથી તે પુદ્ગલનાં સુખ તે આકુળતાવાળાં સુખ છે. તેનાથી જે ઠગાતા નથી તે સમ્યગ્દૃષ્ટિ જીવો છે. "પુદ્ગલ અનુભવ ત્યાગથી કરવી જસુ પરતીત હો મિત્ત; ક્યું જાણું ક્યું બની આવશે, અભિનંદન રસ રીત હો મિત્ત." એમ સર્વ જ્ઞાનીઓનો એક જ મત છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૪૯ અગાસ, તા. ૧૭-૫-૪૨
તત્ ૐ સત્ પ્ર. જેઠ સુદ ૨, ૧૯૯૮

ધર્મ તે નહિ કરે લોક સંતોષવા, પૂછશે આટલું જીવને એ;
મુક્તિની એક ઇચ્છા રહે જો ઉરે, મૂક સંકલ્પ-વિકલ્પને રે.
આજ ગુરુરાજને પ્રણમીં અતિ ભાવથી, યાચના શુદ્ધતાની કરું છું.
આપ તો શુદ્ધ ભાવે સદાયે રમો, બે ઘડી શુદ્ધ ભાવે ઠરું હું.
રાગ આદિ વિકલ્પો તને મૂકતાં, હોય બાધા જરા તો કહી દે,
એમ સમજાવતાં જીવ માની જશે, હિત જાણી સદા તે મૂકી દે. આજ૦
રાગ આદિ રહિત જ્યાંથી ત્યાંથી થવું, એ સનાતન મહા ધર્મ માનો;
પ્રાપ્ત સંયોગમાં ભાવ સમતા તણો, સાધવો એ જ ઉપદેશ જાણો. આજ૦
સર્વ ક્રિયા કરી, દાન શીલ આચરી, આટલું સાધવું છે, વિચારો;
સહજ સમભાવ તે નિજરૂપ જાણીને, સાચવી રાખવું, જરૂર ધારો. આજ૦
આધિ, વ્યાધિ, ઉપાધિ ઘણી આવશે, આત્મહિતકારી સમતા ન ચૂકો;
લક્ષ જો છૂટવાનો ઉરે આદરો, તો ઉદાસીનતા કદી ન મૂકો. આજ૦
શાંતિ સૌ ધર્મનું મૂળ જાણી સદા, ક્લેશનાં કારણો ટાળશે જે,
સર્વ સંસારનાં દુઃખની આ દવા : આત્મઅર્થે સમય ગાળશે તે. આજ૦

(પ્રજ્ઞાવબોધ-૭૭)

રૂબરૂમાં વાતચીત થયાથી કંઈક ચિત્તને શાંતિનું કારણ થયું હશે, અને પરમકૃપાળુદેવનાં વચનો સાંભળવાનો, વાંચવાનો ક્રમ રાખશો તો વિશેષ શાંતિનું કારણ થશે. આટલી ઉંમર થતાં સુધીમાં તમારે તો ઘણા પ્રસંગો એવા વેઠવા પડ્યા છે કે જેનો યથાર્થ વિચાર જીવ કરે તો વૈરાગ્યનું કારણ શોધવા શાસ્ત્રો વાંચવાની જરૂર ન પડે. સંસારનું સ્વરૂપ વારંવાર વિચારી સંસાર-દુઃખથી મુક્ત થવાનો એક જ ઉપાય એક આત્મજ્ઞાન છે એટલું હૃદયમાં દૃઢ થઈ જાય, તો હવે ગમે તે પ્રકારે પણ આત્મજ્ઞાનના વિચાર સિવાય બીજામાં ચિત્ત બહુ પરોવવું નથી, એમ નિશ્ચય કરવો ઘટે છેજી. બીજી ઉપાધિ આવી પડે તેમાંથી છૂટા થવા

બને તેટલો પુરુષાર્થ, તન, મન, વચન, ધન આદિથી કરી, હવે તો એક આત્મકલ્યાણ અર્થે જ જીવતા રહ્યા છીએ એ ભૂલવા યોગ્ય નથી.

બધાંની સાથે મોટરમાં હોત તો આ ઉપાધિ લાંબીટૂંકી કરવા કે તે ઉપાધિથી દુઃખી થવા ક્યાં આવવાનું હતું? માટે આટલું મફતનું જીવવાનું મળ્યું છે એમ માની જે થાય તે સમભાવ રાખી જોયા કરવું અને ધર્મકાર્યમાંથી ચિત્તને બહાર કાઢી વારંવાર ઉપાધિ કાર્યમાં ન જોડવું. જે પ્રારબ્ધમાં હશે એટલે પૂર્વનું પુણ્ય જ્યાં સુધી પહોંચે છે ત્યાં સુધી, કોઈથી કંઈ આઘુંપાછું થઈ શકે તેમ નથી. નસીબમાંથી કોઈ લૂંટી જાય તેવું નથી એમ વિચારી કશાની ફિકર રાખ્યા વિના સદ્ગુરુની આજ્ઞા અખંડિત હૃદયમાં રાખવી.

બ્રહ્મચારી પૂ....બહેનના મા જ્યારે વિધવા થયા ત્યારે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પાસે આવેલાં. તેને દુઃખી દેખીને કરુણામૂર્તિ પૂ. પ્રભુશ્રીજીએ 'હિંમત ન હારવી, બનનાર છે તે ફરનાર નથી, હિંમતે મરદા તો મદદે ખુદા' વગેરે વચનો કહી કહ્યું કે આમાં શું ગભરાઈ જાય છે? મોટા પુરુષોને કેવાં કેવાં દુઃખ આવી પડેલાં–રામને વનવાસ, પાંડવોને વનવાસ તથા દુર્યોધનની પજવણી, ગજસુકુમારની ક્ષમા–વગેરે શબ્દોથી ધીરજ બંધાવી કહ્યું કે આથી વધારે આવી પડશે ત્યારે શું કરીશ? તે વખતે તેમને લાગેલું કે આથી વધારે દુઃખ વળી કેવું આવી શકે? પછી તે પોતાને ગામે ગયાં. થોડાં દિવસમાં તેમનાં ઘર લાગ્યાં એટલે તે તો ચિત્રપટ તથા પુસ્તકો વગેરે લઈને બહાર નીકળી ગયાં અને પૂ. પ્રભુશ્રીજીએ કહેલું તે સંભારવા લાગ્યાં કે થવાનું હોય તે જરૂર થાય છે, શોક કર્યે કંઈ લાભ નથી. દૂર રહ્યે રહ્યે ઘર લાગતાં જોયા કર્યું પણ હિંમત છોડી દઈ ગભરાઈ ન ગયાં. પતિનો દેહ છૂટી ગયો, ઘર બળી ગયાં, છોકરાં નાના હતા; છતાં જે થવાનું છે તે મિથ્યા કેમ થાય? એમ વિચારી હિંમત રાખી. તેમ તમારે પણ ગંભીરતાથી સર્વનું સાંભળ્યા કરવું. ભલે લોકો કહે કે એને છોકરા ઉપર ભાવ નહીં તેથી રડતી નથી કે કંઈ ગણતી નથી, પણ તેથી નુકસાન નથી. પણ જો આર્ત્તધ્યાનમાં ચિત્ત રહેશે અને રોવા-કકળવામાં જેટલો કાળ ગાળશો, તે વખતે કર્મ બંધાશે તે ભોગવતી વખતે આકરાં લાગશે. અને લોકો સારાં સારાં કહેશે તેથી કંઈ કર્મ ઓછાં નહીં બંધાય. માટે જ્ઞાનીપુરુષની આજ્ઞામાં ચિત્ત રાખી સદાચાર અને નીતિપૂર્વક વર્તવાનું રાખવું. કોઈના ઉપર દ્વેષબુદ્ધિ ન આવે તેમ જ કોઈ પ્રત્યે કિંચિત્માત્ર પણ રાગવડે પ્રતિબંધ ન થાય તેવું વર્તન રાખવાનો અવસર આવ્યો છે. તેનો વારંવાર વિચાર કરી જેટલી સમતા સેવાશે તેટલી સમાધિમરણની તૈયારી થાય છે એમ જરૂર માનશો. જે ભાવ મરણ વખતે આખરે રાખવાના છે તે અત્યારથી જ સેવવા જે કેડ બાંધી પુરુષાર્થ કરશે તેને સમાધિમરણ મહોત્સવરૂપે લાગશે. મરણપ્રસંગ વિકટ દુઃખદાયી નહીં લાગે. માટે શાંતિ સ્વસ્થતા આત્મામાં વર્તે તે અર્થે મંત્રસ્મરણ, ભક્તિ, સત્સંગની ઉપાસના કરવી.

પૂ..........ને ભલામણ છે કે પત્ર વાંચી-વિચારી તમારાં બહેનને વાંચી સંભળાવતા રહેશોજી. સત્સંગ અર્થે જ તમે ગયા છો તે ચૂકશો નહીં. લોકલાજમાં તમારાં બહેન તણાય નહીં તેવી ચેતવણી આપતા રહેશોજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૩૫૦ અગાસ, તા. ૧૯-૫-૪૨
તત્ ૐ સત્ પ્ર. જેઠ સુદ ૪, મંગળ, ૧૯૯૮

"ઓથ હમારે હે ગુરુ! એક જ આપની,
આ અવનીમાં અવર નથી આધાર જો;
સ્વાર્થરહિત શ્રેયસ્કર સ્વામી, આપ છો,
સઘળો બીજો સ્વાર્થતણો સંસાર જો. ઓથ૦
[1]ભોમે ગુરુજી આપ મળ્યા છો [2]ભોમિયા,
હવે મને ભય શાનો છે તલભાર જો;
ચોર નહીં જ્યાં તેવે માર્ગે દોરજો,
કરતા આવ્યા છો અગણિત ઉપકાર જો. ઓથ૦
મુજમાં ભક્તિ કરવાની શક્તિ નથી,
વ્હાર કરો આ વાર સુણી ગુરુદેવ જો;
આશ્રિત જનને પાળો છો પ્રભુ, પ્રેમથી,
ધન્ય ધન્ય હે પરમકૃપાળુદેવ જો. ઓથ૦"

"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ."—શ્રીમદ્ રાજચંદ્ર

આજના પત્રમાં તમે જે સામાન્ય પ્રશ્ન કર્યો છે તેનો યથાસ્થિત ઉત્તર રૂબરૂમાં વિગતવાર થવા યોગ્ય છે છતાં પત્રમાં સામાન્યપણે તેનો ઉત્તર લખું છું:

પ્રશ્ન: પૈસા વાપરવા ભાવના હોય તો કેવાં શુભ કાર્યમાં વાપરવા? તેના ઉત્તરમાં જણાવવાનું કે જે વડે ધર્મપ્રાપ્તિ તથા ધર્મ-આરાધનમાં પોતાને અને પરને મદદ મળે તેવાં કામમાં વાપરવા ઘટે. વપરાયા પહેલાં તે સંબંધી વિચાર કરતાં પણ ધર્મધ્યાન થાય છેજી. જગતના જીવો પોતાની સ્વચ્છંદ પ્રવૃત્તિમાં પડયા છે, તે કેવી રીતે જ્ઞાનીના માર્ગને પામે, જ્ઞાનીની આજ્ઞાને પામે? તે વિચારતાં પ્રથમ કાર્ય એક સત્સંગ સમજાય છેજી. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે જ ધર્મ છે. તેની પ્રાપ્તિ ઘણા જીવોને કેમ થાય? તેનો વિચાર કરી, જેને જેને ધન આદિની ખામીને લઈને સત્સંગ આદિ સાધનમાં વિઘ્ન નડતાં હોય તેને તેવી અનુકૂળતા કરી આપવામાં ધન વપરાય તે સારા માર્ગે વપરાયું ગણાય. દૃષ્ટાંત તરીકે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીના હસ્તક સાધકસમાધિ ખાતાની લગભગ એક લાખ રૂપિયાની રકમ હતી તેનું ટ્રસ્ટ કરી તેનો સદુપયોગ કરવા સૂચના કરી છે. તેમાં એક વિભાગ તો બ્રહ્મચારી ભાઈબહેનો જે આશ્રમમાં જીવન પર્યંત રહેનાર છે અને જ્ઞાનીની આજ્ઞામાં જીવન ગાળનાર છે, તેમના ખોરાક, કપડાં, દવા વગેરે તેમ જ તેમને સ્વાધ્યાય માટે ગ્રંથ વગેરે તથા ભણવા-ભણાવવામાં ખર્ચ કરવો પડે તે અર્થે વાપરવાનું નક્કી કર્યું છે. બીજા વિભાગમાં જ્ઞાન ખાતે ખર્ચ કરવાની સૂચના કરી છે કે કોઈ સત્શાસ્ત્ર લખાવવાં હોય, છપાવવાં હોય, મુમુક્ષુજીવોને વહેંચવાં હોય, કે નવાં ખરીદીને પુસ્તક ભંડાર કરવો હોય તે ખાતે વાપરવા. કોઈને સારો અભ્યાસ કરાવવા બહાર-

૧. મંગળવાર ૨. માર્ગદર્શક

ગામ મોકલવા પડે, તથા શિક્ષકો વગેરે રાખવા પડે કે પાઠશાળા સ્થાપી પરમકૃપાળુદેવે ઉપદેશેલા સિદ્ધાંતો બાળકો કે જનસમાજમાં પ્રચાર પામે તેવાં કામમાં વાપરવા વગેરે અનેક કાર્યોની સૂચના ટ્રસ્ટડીડમાં કરી છે. તે તમે અહીં આવો ત્યારે ઑફિસમાંથી વાંચવા મળી શકશે. એટલે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જે જે સન્માર્ગ બતાવેલા છે તેમાં આપણા પૈસા વપરાય તો તે તેમના અભિપ્રાયપણે તેમની આજ્ઞાએ જ વાપર્યા ગણાય.

માત્ર દિશા જણાવવા પૂરતો આ પત્ર લખ્યો છે એટલે કોઈ કામમાં ઉતાવળ કર્યા વિના, વિચાર કરીને વખત આવ્યે સત્કાર્ય કરવાની ભાવના હાલ રાખી તુરતમાં તો આર્ત્તધ્યાનમાં કાળ ન જાય તેમ વર્તવું ઘટે. જે માર્ગે પૈસા વાપરવાથી મતાગ્રહ દૃઢ થવામાં મદદ મળે, લોકોને ભવિષ્યમાં દુઃખનું, સંસાર-પરિભ્રમણનું પરિણામ આવે તેવાં કામ લોકો સારાં માનતા હોય તોપણ અશુભ છેજી. કંઈ વાપરવું હોય તો તે લોભ છોડવા વાપરવું છે એ લક્ષે વાપરવું. પુણ્ય બંધાશે એવી ભાવના રાખવા યોગ્ય નથી. લોભ એ પરિભ્રમણનું કારણ છે. તે ટાળવા અને બીજા જીવોને પણ સમજણ, જ્ઞાનીનો બોધ પ્રાપ્ત થાય તો તે લોભ તજી પરિભ્રમણ ટાળે એ ભાવનાથી જે ઉપાધિ છે તે ઓછી કરવી છે. પુણ્યરૂપ ઉપાધિ પણ આખરે છોડ્યા વિના છૂટકો નથી. એક આત્માર્થે જ હવે તો જે કરવું છે તે કરવા યોગ્ય છે. એ લક્ષ ચૂકવા યોગ્ય નથી. મોકલેલાં શાસ્ત્રોમાં વિશેષ ચિત્ત રહે તેમ કરવા ભલામણ છેજી. બીજું બધું આગળ ઉપર થઈ રહેશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૫૧ અગાસ, તા. ૨૨-૫-૪૨

તત્ ૐ સત્ પ્ર. જેઠ સુદ ૭, શુક્ર, ૧૯૯૮

મુખ્ય વાત તો પ્રારબ્ધાધીન જવા-આવવાનું બને છે. કહેવાય છે કે "તારું તારી પાસ છે, ત્યાં બીજાનું શું કામ? દાણેદાણા ઉપરે ખાનારાનું નામ" અથવા અન્નજળના જ્યાંના સંસ્કાર હોય ત્યાં કર્મ તેને ખેંચી જાય છે અથવા ત્યાં જ જવાની તેની બુદ્ધિ થાય છે. થોડા દિવસ ઉપર અહીંથી કાસોર (સુણાવ પાસે) ગામે ત્યાંના એક ભાઈની વિનંતી ઉપરથી ઘણાં ભાઈબહેનો ભક્તિ અર્થે ગયેલાં તેમાં એક ધૂળિયા તરફના દક્ષિણી ગૃહસ્થ સમાગમ અર્થે આશ્રમમાં આવેલા તે તેમનાં પત્ની સહિત કાસોર આવેલા. પાછા આવતાં સુણાવ રાત રહ્યા ત્યાં તેમનાં પત્નીને એક કૂતરું કરડી ગયું. જો વિચારીએ તો જે ગુજરાતી ભાષા બોલી કે સમજી શકે નહીં તેને અહીં આવવાનું બને, તે વળી ગામડામાં જવાનું અને જ્યાં નહીં ધારેલું તે ગામમાં રાત રહેવાનું બને અને કૂતરાને તેને જ કરડવાનું બન્યું એ પૂર્વના સંસ્કાર સૂચવે છે. તેવી જ વિચિત્ર ઘટનાઓ અનેક બને છે, મુશ્કેલીઓ આવે છે તે પૂર્વકર્મ સાબિત કરે છે. જીવે જે કર્મ બાંધ્યાં છે તે ભોગવવા ગમે ત્યાં જવું, આવવું, રહેવું થાય, તોપણ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જે પરમ કૃપા કરીને આપણને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુની ભક્તિ કરવાનું જણાવ્યું છે તે ચૂકવા જેવું નથી. વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ, મંત્રની અમુક નિયમ પ્રમાણે માળા ગણવી, આલોચના આદિ જે જે નિત્યનિયમ કરતા હોઈએ તે નિયમ સ્થળ બદલાતાં કે નવા અસંસ્કારી જીવો સાથે વસવાનું બને ત્યાં લોકલાજ આદિ

કારણે પડી ન મૂકવો; પરંતુ વિશેષ બળ રાખીને તથા તે જ આધારે આપણું જીવન સુધરવાનું છે એમ માનીને, ગુપ્ત રીતે પણ દરરોજ કર્યા વિના રહેવું નહીં અને લોકો 'ભગત' એવાં ઉપનામ પાડે તેથી ડરીને કે શરમાઈને, કરતા હોઈએ તે પ્રત્યે અભાવ ન લાવવો; પરંતુ વિચારવું કે તે લોકોને સત્પુરુષનો યોગ થયો નથી તે તેમનાં કમનસીબ છે અને ધર્મની કાળજી નથી રાખતા તેથી કર્મ વધાર્યા કરે છે. પૂર્વે પુણ્ય કર્યું હશે કે ધર્મની કંઈ જાણ્યે-અજાણ્યે આરાધના કરી હશે તેનું ફળ અત્યારે મનુષ્યભવ અને સુખસામગ્રી મળી આવ્યાં છે, પણ અચાનક દેહ છૂટી જાય તો તેમની સાથે જાય તેવું કંઈ તેમણે આજ સુધી કર્યું નથી અને કરવાના ભાવ પણ સંત્સંગ વિના તેવા પામર જીવોને જાગવા મુશ્કેલ છે. તેથી ખાલી હાથે મરીને દુર્ગતિએ જશે. એવા જીવોનું આપણે અનુકરણ કરીશું તો આપણી પણ એ જ વલે થશે. માટે ગમે તેમ તે બોલે તોપણ તેમની દયાજનક સ્થિતિ વિચારી મારે તેમના પર દ્વેષ રાખવો નથી કે અહંકાર પણ કરવો નથી કે હું બહુ ભાગ્યશાળી છું. પણ તેમના પ્રત્યે દયાની નજરે જોવા જેવું છે. જે આપણી વાત માને તેવા ન હોય, તેમને ધર્મની વાત કરવા જતાં પણ વિક્ષેપનું કારણ બને છે તે લક્ષ રાખી, બને ત્યાં સુધી ધર્મની બાબતમાં ઓછું બોલવાનું થાય તેમ રાખી, આપણે આપણા આત્માનો ઉદ્ધાર કરવા સત્પુરુષની બને તેટલી આજ્ઞાનું આરાધન કરતા રહેવાની જરૂર છેજી.

સાત વ્યસન તથા સાત અભક્ષ્ય તત્ત્વજ્ઞાનમાં લખેલાં છે, તેમાંથી જેટલાનો ત્યાગ કર્યો હોય તે દેહ જાય તોપણ પાળવો. કુસંગને યોગે ઢીલું મન ન થઈ જાય, લોકોને દુરાચારમાં વર્તતા દેખી તેવાં ખોટાં આચરણ કરવાનું મન ન થાય તે સાચવવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૫૨ અગાસ, તા. ૩૧-૫-૪૨

"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ."

સત્સાધન જેને પ્રાપ્ત થયું છે તેનાં મહાભાગ્ય આ કાળમાં સમજવા યોગ્ય છે. જ્યાં સુધી તેવી ઉંમર નહોતી કે સમજ નહોતી ત્યાં સુધી તો શું કરવું તે ખબર નહોતી તેથી કંઈ બન્યું નહીં; પણ જ્યારથી સમજણ આવી, ઘરનાં, દુકાનનાં, કુટુંબનાં કામની કાળજી રાખતા થયા ત્યારથી આત્માની કાળજી પણ કર્તવ્ય છે. ધનની સંભાળ દેહને અર્થે છે પણ દેહ જ નાશવંત છે તો જે વડે પરભવ પણ સુધરે એવી જ્ઞાનીની આજ્ઞા આત્મહિતકારી છે એમ ગણી, ધન કરતાં વિશેષ તેને માટે વિચારણા રહ્યા કરે તેવો કંઈ પુરુષાર્થ કર્તવ્ય છેજી. કેવી રીતે તે પુરુષાર્થ કરવો ? તેનું દૃષ્ટાંત પોતે પરમકૃપાળુદેવ જ છે. ૐ શાંતિઃ

---

૩૫૩ અગાસ, તા. ૨૧-૬-૪૨

તત્ ૐ સત્ બી. જેઠ સુદ ૭, રવિ, ૧૯૯૮

"અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ."
"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુ ઉર બસેં;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાઈ દિયે."

સંસારનું સ્વરૂપ તો એક જ્ઞાનીપુરુષે પરમકૃપાળુદેવે યથાર્થ જાણ્યું છે તેથી તેમણે તો સંસારમાં ઠામઠામ દુઃખ જ દીઠું છે અને આપણા જેવા મૂઢ દુષ્ટ જનોને તેમાં વગર વિચાર્યે દોડતા અટકાવવા અર્થે ઉપદેશ કર્યો છે કે "વિચારવાનના ચિત્તમાં સંસાર કારાગૃહ છે, સમસ્ત લોક દુઃખે કરી આર્ત્ત છે, ભયાકુળ છે, રાગદ્વેષનાં પ્રાપ્ત ફળથી બળતો છે, એવો વિચાર નિશ્ચયરૂપ જ વર્તે છે; અને જ્ઞાનપ્રાપ્તિનો કંઈ અંતરાય છે, માટે તે કારાગૃહરૂપ સંસાર મને ભયનો હેતુ છે અને લોકનો પ્રસંગ કરવા યોગ્ય નથી, એ જ એક ભય વિચારવાનને ઘટે છે." (૫૩૭) "અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે. વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી?" (૧૨૮) કાગળમાં કેટલું લખાય? પણ સત્પુરુષના આશ્રયે વિચારશો તો સમજાશે કે આ જીવે પ્રતિબંધ કરવામાં મણા રાખી નથી. રાંડી, માંડી સર્વ અવસ્થાઓમાં દુઃખ જ ભોગવ્યાં છે. "નહીં એકે સદ્ગુણ પણ મુખ બતાવું શુંય?" જ્ઞાનીપુરુષની સન્મુખ યોગ્યતા વિના શું મોઢું લઈને જવું? એવો પણ જીવને વિચાર ક્યાં આવ્યો છે? બીજા વિચારોમાંથી મનને દૂર કરી જે વિચારે વિશુદ્ધિ પ્રાપ્ત થાય, નિજ દોષ દેખવા જેટલી નિર્મળતા મળે અને દોષ ટાળવાની તત્પરતા વધે તે અર્થે અત્યંત હીનતાપૂર્વક સત્સંગ, સત્સેવાની નિરંતર ભાવના કર્તવ્ય છેજી.

બીજા પ્રશ્નમાં 'નિર્ધ્વંસ પરિણામ' (૬૨૨) વિષે પુછાવ્યું તે વિષે જણાવવાનું કે જે જે પદાર્થોનો જીવે ત્યાગ કર્યો છે કે તેની મર્યાદા કરી છે, છતાં તેને ન છાજે તેવી રીતે તે જ વસ્તુઓમાં અત્યાગી જીવો જેવી આસક્તિ રહ્યા કરે તો તે જીવ માત્ર ત્યાગનું અભિમાન કરે છે પણ વાસના કે વૃત્તિનું સ્વરૂપ સમજ્યો નથી, વૃત્તિને રોકવા જ્ઞાનીની સાક્ષીએ વ્રત લીધું છતાં વૃત્તિ વ્રતની મર્યાદા ઓળંગી, અવ્રત અવસ્થા મનથી સેવ્યા કરે છે, પાપની વાંછા કર્યા કરે છે, તેણે જ્ઞાનીની આજ્ઞા ઉપર પગ મૂક્યો કહેવાય, તે નિર્ધ્વંસ એટલે આત્મઘાતી, હિંસક પરિણામ ગણાય એવો પરમાર્થ સમજાય છે. બીજો કોઈ અર્થ લાગતો હોય તો જણાવવા વિનંતી છેજી.

છેલ્લો પ્રશ્ન, ભક્તિ પ્રદર્શિત કરતાં પરમકૃપાળુદેવે "તે મહાત્મા વર્તે છે તે દેહને, ભૂમિને, ઘરને, માર્ગને, આસનાદિ સર્વને નમસ્કાર" (૬૭૪) કર્યા છે, ત્યાં આપને પ્રશ્ન થયો કે તે ભૂમિ આદિને શા માટે નમસ્કાર કર્યા છે? એમાં કારણ શોધવા જતાં હાથ લાગતું નથી. પણ ભક્તિમાન હૃદય તે તે નિમિત્તે ઉલ્લાસ જરૂર પામે છે, રોમાંચ પણ થઈ આવે છે. "મરતું ઊંટ મારવાડ ભણી જુએ છે" એમ કહેવત છે તેમ પ્રેમના સંસ્કારોથી તે તે દિશાઓ પણ પ્રિય લાગે છે. પરમકૃપાળુદેવનો પત્ર આવે ત્યારે પ. પૂ. પ્રભુશ્રીજી નમસ્કાર કરીને તેને ફોડતા, માથે ચઢાવતા. એ બધાં ઉપકારવૃત્તિનાં બાહ્યચિહ્નો છે. "સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ." પરમકૃપાળુદેવે છેક છેલ્લી વખતે વવાણિયા છોડ્યું તે વખતે તે ઘરને, તે ડેલીને, માતુશ્રી, પિતાશ્રી તથા મિત્રોને નમસ્કાર વારંવાર કરેલા; છેવટે જતાં

ગામને પણ નમસ્કાર કરેલા. તે જોઈને તેમના મિત્રે પૂછયું કે કદી નહીં ને આજે કેમ આમ વર્તો છો? તો કહ્યું કે આગળ ઉપર સમજાશે. તે ભાઈ હજી કહે છે કે હવે સમજાયું કે ફરી તે વવાણિયા આવનાર નહોતા. જે જે નિમિત્તો ઉપકારભૂત થયાં હોય કે થઈ શક્વા સંભવ હોય તેના પ્રત્યેનું બહુમાનપણું જે અંતરમાં ઊંડું રહ્યું છે તે જ તેવી બાહ્ય ચેષ્ટાઓ કરાવે છે. તીર્થંકરોનાં પંચકલ્યાણક-સ્થાનો કે તેનાં વર્ણનો પણ ઉલ્લાસનું કારણ થાય છે. એ પ્રેમ-દશા જેણે અંશે પણ અનુભવી નથી તેને બુદ્ધિથી તેનો ખ્યાલ આવવો અશકય છે.

"પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય?"

આ ભાવ હાલ તો વારંવાર વિચારી હૃદયગત કરવાના છેજી. કંઈ અવિચારી વચન લખાયું હોય તેની નમ્રભાવે ક્ષમા ઇચ્છું છુંજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૫૪ અગાસ, તા. ૨૨-૬-૪૨

તત્ ૐ સત્ દ્વિ. જેઠ સુદ ૮, સોમ, ૧૯૯૮

દોહા — અનંત ગુણના બીજ સમ, સમ્યક્દર્શન સાર,
વારંવાર વિચારીને, હૃદય વિષે દૃઢ ધાર.

આપે પુછાવેલ પ્રશ્નોના ઉત્તરમાં જણાવવાનું કે જ્ઞાન અને વૈરાગ્ય એ નિર્જરાનું કારણ છે. સમ્યક્દૃષ્ટિને વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન—

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ;
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ."

એવું ભેદજ્ઞાન હોવાથી શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે તેની પ્રીતિ, પ્રતીતિ, લક્ષ રહે છે, તેથી જ "આત્માથી સૌ હીન" લાગવાથી પાંચ ઇન્દ્રિયોનાં સુખ તથા તેના સાધનરૂપ સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ પ્રત્યે અનાસક્તિ, નિર્મમત્વરૂપ વૈરાગ્ય પણ નિરંતર રહે છે. આત્મા સિવાય બીજે તેને ચેન પડતું નથી; તેમ છતાં શરીરનિર્વાહ આદિ કારણે પ્રવૃત્તિ કરવી પડે તેમાં તેને મોટાઈ કે મીઠાશ તથા મારાપણાનો ભાવ રહેતો નથી. પારકી વેઠ જેવું લાગતું હોવાથી તે પ્રવૃત્તિને લઈને જેવો અજ્ઞાનીને બંધ પડે છે તેવો સમ્યક્દૃષ્ટિને બંધ પડતો નથી. અજ્ઞાનદશામાં બાંધેલાં જે લાંબી સ્થિતિનાં કર્મ સત્તામાં તેને હોય છે, તેવાં કર્મ તે કદી બાંધતો નથી. પણ થોડા વખતમાં ઉદય આવીને ભોગવાઈ જાય એવાં કર્મ બંધાય છે. એટલે પહેલાંનાં સિલકમાં કર્મ છે તે ભોગવાઈ રહ્યા પહેલાં મોક્ષ તો થવાનો નથી અને આ નવાં બંધાતાં કર્મો તે જૂનાં કર્મો ભોગવાઈ રહ્યા પહેલાં ભોગવાઈ જવાનાં છે, એથી મોક્ષે જવામાં વિલંબ કરનાર નવાં કર્મ થતાં નથી; તેથી નવાં કર્મ નથી બાંધતો એમ એક રીતે કહી શકાય. અને સમયે સમયે અનંતગુણી નિર્જરા થતી જાય છે. સમકિત થતા પહેલાં પણ જ્યારથી જીવને એમ હૃદયમાં બેસી જાય કે જ્ઞાનીપુરુષની આજ્ઞા એ જ મોક્ષનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે, ત્યારથી જ જીવના દોષો નિવર્તવા લાગે છે અને જ્ઞાનીપુરુષની આજ્ઞા સિવાયની પ્રવૃત્તિમાં તેને ઉત્તમતા, પ્રેમ, સાર કે ઉમંગ રહે નહીં, એટલે બધે વૈરાગ્ય વર્તે છે. આવા વૈરાગ્યથી જ જીવ સમકિતને

યોગ્ય થાય છે. "ત્યાગ વિરાગ ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન." સમાધિ-સોપાનમાં પ્રથમ સમ્યક્દર્શનનાં આઠ અંગ છાપેલાં છે તે વાંચવા ભલામણ છે. તેમાં વર્ણવેલા નિઃશંકિતતા આદિ ગુણો કેવાં પરિણામ વર્તે ત્યારે હોય છે તે વિસ્તારથી ત્યાં લખેલું છે.

બીજું મિથ્યાદૃષ્ટિ જે દેહાદિક પદાર્થોમાં હું અને મારું કરી રહ્યો છે તેને રાગદ્વેષની પરિણતિ હંમેશાં ચાલુ હોય છે. તેથી જેવી રીતે તે સંસારનાં કાર્યો કરતાં બંધાય છે, તેવી જ રીતે અજ્ઞાન અને રાગદ્વેષનાં પરિણામ સહિત ધર્મને નામે દાન, શીલ, તપ, ભાવ આદિ ક્રિયા કરે છે તેમાં પણ બંધન નિરંતર થયા જ કરે છે. જેમ કોઈ માંદો માણસ જે જે જોવા આવે અને દવા બતાવે તે બધાની દવા કરે તો કદી સાજો ન થાય, ઊલટો વધારે માંદો થાય; તેમ મિથ્યાદૃષ્ટિને છૂટવાના રસ્તાનું ભાન નથી અને ભાન વગરના લોકો જે જે બતાવે તે તે ઉપાયો કરે છે તેથી શુભ કે અશુભ કર્મ બંધાય છે અને તેના ઉદયે ફળ ભોગવવું પડે છે. ટૂંકામાં મિથ્યાદૃષ્ટિ જે જે ક્રિયા કરે છે તે વખતે "રાગ દ્વેષ અજ્ઞાન એ મુખ્ય કર્મની ગ્રંથ" રૂપ બીજ વાવતો જ રહે છે, તેથી તેની ક્રિયાનું પુણ્ય કે પાપરૂપ ફળ થયા વિના રહેતું નથી; અને સમ્યક્દૃષ્ટિને તે બીજ બળી ગયું હોય છે તેથી વાવે તોપણ ઊગતું નથી. એટલે તેની બધી ક્રિયા છૂટવાના કારણરૂપ થાય છે, પણ બંધાવારૂપ ફળ તેની ક્રિયારૂપ ઝાડ ઉપર બેસતું નથી. સમ્યક્દૃષ્ટિને વિકારનાં કારણોમાં પણ સદ્‌વિચારને લઈને વૈરાગ્ય થાય છે અને મિથ્યા-દૃષ્ટિને અવિચારદશા હોવાથી છૂટવાનાં કારણો પજુસણ જેવાં પણ તકરાર કરી કર્મ બંધાવનારાં થાય છે. છાપામાં હમણાં આવ્યું હતું કે પાલિતાણામાં આદીશ્વર ભગવાનના દેરાસરવાળા ચોકમાં – એવા પવિત્ર સ્થળમાં પણ બે સાધુઓ ચોથ-પાંચમની તકરારમાં લાકડીએ લાકડીએ લડી પડ્યા. એટલે જાત્રાનું સ્થળ પણ તેમને કર્મ બંધાવનારું થયું. તે ફળનું કારણ મિથ્યાત્વભાવ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૫૫ અગાસ, તા. ૨૭-૬-૪૨

તત્ ૐ સત્ બી. જેઠ સુદ ૧૪, શનિ, ૧૯૯૮

"અગ્નિ સમ તૃષ્ણા વધે, વિષયભોગ રૂપ કાષ્ઠે રે,
દુર્જન, વિષ, વિષયો, અહિ, નાખે જીવને કષ્ટે રે. પ્રભુ પરમ ઉપકારી રે.

કામ પરિચય – પ્રિયતા, દર્દુ-સુખ વલૂર્યે રે;
પરિણામે દુઃખવૃદ્ધિ દે, આત્મ-દિવ્યતા ચૂરે રે. પ્રભુ૦

કામ નરકનો દૂત છે, પાપ-તરુને પોષે રે;
ભવ-ખાડે પાડે અરે! મદન, મદાદિ દોષે રે. પ્રભુ૦

મૃગ વીણા-સૂર સુણતાં, મરણશરણ આરાધે રે;
સ્ત્રી દર્શન કે સ્પર્શથી, નર અનર્થને સાધે રે. પ્રભુ૦

મોહ ખુશામતથી વધે, તેવો સંગ ન સારો રે;
કેળ કને કંથાર તો, દે દુઃખો વિચારો રે. પ્રભુ૦

ઉચ્ચ કુળ જે પામીને, ધર્મ તજે ધન-પ્રેમે રે,
શ્વાન બની બીજા ભવે, પામે એંઠ ન કેમે રે. પ્રભુ૦
ધર્મ બંધુ સમ જાણવો, બન્ને લોક સુધારે રે;
નાવ સમાન સુધર્મ છે, ભવદુઃખોથી તારે રે. પ્રભુ૦
અગ્નિને જળ બૂઝવે, તેમ ધર્મ દુઃખ ટાળે રે,
ધર્મ-નિસરણીએ ચઢી, મોક્ષ-સુખ જીવ ભાળે રે. પ્રભુ૦ (પ્રજ્ઞા. ૯૯)

"यदा मोहात् प्रजायेते रागद्वेषौ तपस्विनः।
तदैव भावयेत् स्वस्थमात्मानं शाम्यतः क्षणात् ॥" (समाधिशतक)

**ભાવાર્થ** : જેને ઇચ્છાઓ રોકવી છે એવા તપસ્વીને જ્યારે મોહના ઉદયે રાગદ્વેષની વૃત્તિઓ ઘેરી લે (ઉત્પન્ન થાય) ત્યારે શું કરવું? તેનો ઉપાય બતાવે છે, કે તે જ ક્ષણે (મોહનો ઉદય થતાં જ ચેતી જવું, ઢીલ ન કરવી) સ્વસ્થ, શાંત આત્માની ભાવના કરવી ["હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય" (૬૯૨)] કે ક્ષણવારમાં તે રાગદ્વેષ શાંત થઈ જાય છે.

તીર્થશિરોમણિ સમાધિપ્રેરક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ સ્ટેશનથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુ વંદન સ્વીકારવા વિનંતી છેજી. વિ. આપનો પત્ર મળ્યો. શહેરના ઝેરી વાતાવરણમાં ધર્મભાવના નિર્જીવ ન થઈ જાય તે અર્થે સદ્વાચન, સરખી ભાવનાવાળાનો સમાગમ, સદ્વિચાર, ભક્તિનો નિયમિત અમુક વખત અને અવકાશે સ્મરણ કરતા રહેવાની ટેવ ચૂકવા યોગ્ય નથી. રિસેસ કે રજાના વખતે શું કરવું તે સંબંધી સૂચના જણાવવા પુછાવ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે પા કલાક ઉપરાંત વખત મળે ત્યારે કૉલેજ પાસે બૉટેનિકલ ગાર્ડન છે તે ઉઘાડો રહેતો હોય તો ત્યાં જઈ એકાંતમાં બેત્રણ જણે નિત્ય-નિયમની ભક્તિ મંગળાચરણપૂર્વક કરી લેવી. એકલા ઘેર કરી હોય તોપણ સમૂહમાં અહીં જેમ કરીએ છીએ તેમ ભક્તિ કરવાથી શાંત ભાવનાની અસર ભણતી વખતે પણ રહેશે. બીજી ટૂંકી રિસેસમાં એકઠા થઈ શકાય તો ફરતા ફરતા પણ આત્મસિદ્ધિ આદિ કાવ્યોની કોઈ કોઈ કડી સામસામી પૂછી બને તેટલો અર્થનો વિસ્તાર કરવાની ટેવ પાડવી. જેમ એકાંતમાં વિચારવાનો વખત રાખવાની જરૂર છે તેમ પરસ્પર ચર્ચા તે કડી વિષે થાય, તેના સમર્થનમાં કે વિરોધમાં જે જે વિચારો દર્શાવાય તે નિખાલસપણે દર્શાવવા, અને આખરે પરમકૃપાળુદેવને જે કહેવું હોય તે ખરું એ નિર્ણય છેવટનો મનમાં રાખવો. કોઈ બાબતમાં આગ્રહ કરી ખેંચતાણ ન કરવી, પણ ઢીલું મૂકી ખરું હોય તે આપણે ગ્રહણ કરવું છે એવો ભાવ રાખવો. નિબંધનો વિષય આપ્યો હોય તેના ઉપર જેમ વિચાર કરીએ છીએ તેમ કોઈ પણ પરમકૃપાળુદેવનું વચન લઈ તેના વિષે બને તેટલા વિચાર કરતા રહેવા ભલામણ છેજી.

ભૂતકાળની વાત ભૂલી જવી. માત્ર ભૂલ થઈ હોય તેવી ફરી ન થવા બાબત શિખામણ તેમાંથી ગ્રહણ કરવી. પણ ભૂલોને સંભાર સંભાર ન કરવી. રસ્તામાં પડેલા કાંટા-કાંકરાને કોઈ

સંભાર સંભાર નથી કરતું, પણ સાચવીને ચાલવાની કાળજી રાખે છે; તેમ વર્તમાન વર્તન પ્રત્યે લક્ષ રાખી રાગદ્વેષ ઓછાં કરવાની કાળજી રાખતા રહેવાયોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૫૬ અગાસ, તા. ૧૨-૭-૪૨

સર્વજ્ઞની સિદ્ધિ વિષે મોટાં પુસ્તકો લખાયેલાં છે. ટૂંકામાં જે માણસ એમ કહે કે કોઈ ક્ષેત્રમાં કોઈ કાળે સર્વજ્ઞ ન હોય, તે પોતે સર્વજ્ઞ હોવો ઘટે છે; કારણ કે સર્વ કાળ અને સર્વ ક્ષેત્રને જાણ્યા વિના તેનો નિષેધ કરવાનું કેવી રીતે બની શકે? જ્ઞાનની વૃદ્ધિ થઈ શકે છે એ સર્વના અનુભવનો વિષય છે, તો જે વધી શકે તે પૂર્ણ પણ થઈ શકે. પૂર્ણ જ્ઞાન તે જ સર્વજ્ઞતા છે. અમુક જૂજ સંપ્રદાયો વિના ઘણાખરા બધા સંપ્રદાયવાળા પોતાના ઇષ્ટને સર્વજ્ઞ માને છે, તે ધ્યેય નિષ્કારણ નથી. તે પદ પ્રાપ્ત થાય છે અને તેના ઉપાયરૂપ માર્ગ પણ છે. મોક્ષમાળા પાઠ ૭૭ થી ૮૦ અને ૮૨ થી ૯૮ સુધી વાંચી વિચારવા ભલામણ છેજી. અજાણ્યા ડાહ્યા ગણાતા સાથે ચર્ચામાં ઊતરવામાં માલ નથી. પોતાને માટે હાલ તો પુરુષાર્થ કરતા રહો.

પૂ....ભાઈએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર :— જીવે પૂર્વે અજ્ઞાનભાવે બાંધેલાં કર્મોના મુખ્ય આઠ ભેદ છે; તેમાં મોહનીયકર્મ મુખ્ય છે, તેના બે ભેદ છે : દર્શનમોહ અને ચારિત્રમોહ. પહેલા ભેદના ત્રણ ભેદ છે :— મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય (સમ્યક્-મિથ્યાત્વ), સમકિત-મોહનીય (સમ્યક્ત્વ પ્રકૃતિ). મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયે જીવને વિપર્યાસ (ઊંધી મતિ) ઉત્પન્ન થાય છે. હિંસા (યજ્ઞાદિ)માં ધર્મબુદ્ધિ, અચેતન એવા શરીરમાં જીવને પોતાપણું મનાય છે (જડને ચેતન મનાવે છે); અપવિત્ર લોહી, માંસ, પરુ, વિષ્ટા, મૂત્રાદિના ભાજનરૂપ સ્ત્રીશરીરને પવિત્ર સુખકર મનાવે છે; ધન, વૈભવ, કુળ આદિ પોતાનાં (ચૈતન્યરૂપ જીવનાં) નથી છતાં પોતાનાં મનાવે છે — આવી ગાઢ વિપરીતતા ઉત્પન્ન કરાવનાર કર્મ મિથ્યાત્વ-મોહનીય છે. મિશ્રમોહનીયમાં મંદ વિપરીતતા છે તેથી ખોટાને ખોટારૂપે મનાય તેની સાથે સાચાને પણ ખોટારૂપે મનાય તેવી મિશ્રતા રહે છે, અથવા સદ્દેવ-ગુરુ-ધર્મને સાચા માને અને કુદેવ-ગુરુ-ધર્મને પણ સાચા માને, એટલે જૂના સંસ્કાર તદ્દન ન જાય અને નવા સંસ્કારો ગ્રહણ થાય તે વખતની એ મિશ્રદશા છે. અને સમ્યક્ત્વમોહનીયમાં નહીં જેવી જ વિપરીતતા છે, એટલે ૨૪ તીર્થંકર સર્વ શુદ્ધરૂપે સરખા પ્રભાવવાળા હોવા છતાં, કોઈ એક વધારે હિતકારી છે એમ માની તે પ્રત્યે વિશેષ ભક્તિભાવ કે વિઘ્નવિનાશક વગેરે વિશેષ પ્રભાવ માની તેમાં બુદ્ધિનું અટકી રહેવું વગેરે મલિનતા ઉત્પન્ન કરે છે, પણ તે સમ્યક્દર્શનનો નાશ કરવા અથવા સત્દેવગુરુધર્મનું સ્વરૂપ સમજવામાં વિઘ્નકર્તા નથી. જેમ મેણિયા કોદરાનો રોટલો કોઈ ખાય તો બેભાન થઈ જાય, તેને ધોઈને રોટલો કરી ખાય તો કંઈક ભાન કંઈક લડથડિયાં આવે પણ કામ કંઈ કરી શકે નહીં, અને તેને વિશેષ ધોઈને કે કોહરી કરીને ખાય તેને કંઈક અસર જણાય પણ કામ બધું કરી શકે; એવું ત્રણે પ્રકૃતિઓ સમજવા અનુક્રમે દૃષ્ટાંત છે. મિથ્યાત્વ અને મિશ્ર મોહનીય સમ્યક્દર્શનનો ઘાત કરનારી છે; સમકિત મોહનીય માત્ર મલિન કરનાર છે.

"કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ." — આત્મસિદ્ધિશાસ્ત્ર

બને તેટલો સદ્વિચાર અને કષાયની મંદતા, સદાચરણ કરતા રહેવા વિનંતી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૫૭ અગાસ, તા. ૨૫-૭-૪૨
ૐ અષાડ સુદ ૧૩, શનિ, ૧૯૯૮

સ્વપર ઉપકારે સુખ તે ધર્મ પાળો,
સ્વપર પરિણામે દુઃખના હેતુ ટાળો;
તજી અશુભ ભાવો, શુભમાં કાળ ગાળો,
અમલ કમલ જેવો દેહમાં દેહી (આત્મા) ભાળો.

મિથ્યા દર્શને શ્રદ્ધયાં, ત્રણસેં ત્રેંસઠ કુસંગ-અજ્ઞાને,
હો મુજ દુષ્કૃત મિથ્યા, સત્સંગ, સદ્બોધ, સદ્જ્ઞાને.

"મહાપુરુષની મહેરથી, જાય જન્મ, સંસાર;
વહાણ વિષેના પહાણ પણ, પહોંચે દરિયાપાર."

"તુમ જગબાંધવ, તુમ જગતતાત, અશરણ-શરણબિરુદ વિખ્યાત,
તુમ સબ જીવન-રક્ષાપાળ, તુમ દાતા, તુમ પરમદયાળ;
તુમ પુનિત, તુમ પુરુષ પ્રમાણ, તુમ સમદર્શી તુમ સબ-જાન,
જય મુનિ, યક્ષ, પુરુષ, પરમેશ, તુમ બ્રહ્મા, તુમ વિષ્ણુ મહેશ."

તમારો પત્ર મળ્યો. વાંચી સંતોષ થયો છેજી. પરંતુ તમારા પત્રમાં "મેં તો આપને જ સર્વજ્ઞ તરીકે માનેલા છે" આદિ લખ્યું છે તે વાંચી મારા દોષોનો મને વિશેષ વિચાર થયો અને મારી જ કોઈ ભૂલને પરિણામે તમને આવી માન્યતા થઈ હશે કે કેમ? તે તપાસી જોતાં, દરેક પત્રમાં શ્રીમદ્ રાજચંદ્રના પ્રત્યે માત્ર શ્રદ્ધા રાખી તેની કૃપાથી તરવાની ભાવના રાખનાર, માત્ર તમને તમારી દુઃખી દશામાં તે મહાપુરુષનું શરણ આધારરૂપ થાય એવી ભાવના રાખનારરૂપે જ મેં કંઈ લખ્યું હોય તેમ લાગે છે. છતાં "વાત કરનારની વહેલે ચડી બેસે" તેવું તમારું વાક્ય મને ચોંકાવનાર લાગ્યું અને હાથીની ઉપમા ગધેડાને આપે તેમ જે પરમકૃપાળુદેવને લખવું ઘટે તે તેના ઘરમાં વાસીદું કાઢવાને પણ યોગ્ય નથી તેને લખો તે મને પોતાને શરમાવનાર લાગવાથી આટલું લખ્યું છે. તે તમને ખોટું લગાડવા નહીં, પણ તમારી માન્યતા મારા ઉપરથી ઊઠી તે મહાપુરુષનો જ પાલવ પકડી સતી સ્ત્રીની પેઠે ત્યાં જ (પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર ઉપર જ) સર્વ ભાવે અર્પણતા થાય તે તમને અને મને પણ હિતકારી જાણી ખરેખરી ધ્યાનમાં રાખવા લાયક વાત લખી છે, તે વાંચી હૃદયમાં ધારણ કરી કદી ન ભુલાય તેવી અચળ કરવા આ સૂચનારૂપ વિનંતી છેજી.

તમારા હૃદયમાં શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ પ્રત્યે પ્રેમ છે તે જાણીને જ તમને પત્ર લખવાનું ચાલુ રાખ્યું છે. એક મુમુક્ષુભાઈ તરીકે જ મારા પ્રત્યે ભાવ રાખી આપણે બધા તે મહાપુરુષના

આશ્રિત છીએ, તેનાં વચનોને સાચે ભાવે ઉપાસીશું તો જરૂર સંસારસાગર તરી જવાશે એવી દૃઢ શ્રદ્ધા રાખી પત્રવ્યવહારમાં કંઈ હરકત નથી. તમને જે શંકા હૃદયમાં રહે છે તે પરમકૃપાળુદેવની કૃપાએ અહીં સત્સંગ સમાગમ અર્થે આવવાનું બનશે ત્યારે સમાધાન થઈ રહેશેજી. હજી આપણે બધાંને ઘણું સમજવાનું છે. આત્મા વિષે શબ્દો પુસ્તકમાં વાંચીએ તે મીઠા લાગે પણ મુમુક્ષુદશા, વૈરાગ્યદશા, વિચારદશા લાવવા ઘણા સત્સંગ, સદ્‌બોધની ઘણી ઘણી જરૂર છેજી. કોઈ પ્રકારના વિકલ્પમાં પડવા યોગ્ય નથી કે પરમકૃપાળુદેવની ભક્તિ છૂટશે કે શું? પણ જે શિખામણ લખી હોય તે વારંવાર વાંચી લક્ષમાં લેતા રહેવા વિનંતી છેજી. તમને તો નાની ઉંમરથી પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો સમાગમ, દર્શન અને કૃપા પ્રાપ્ત થયેલ છે. એટલે તે પુરુષે જે બીજ વાવ્યાં છે તે સજીવન બીજ છે, ઊખડી કે સુકાઈ જાય તેવાં નથી. માત્ર પોષણની જરૂર છે, વિશેષ વિશેષ પુરુષાર્થની જરૂર છે. તે પરમકૃપાળુદેવનાં વચનોમાં વિશેષ લક્ષ રહેશે તો પોષણ મળ્યા કરશે. "હું પામર શું કરી શકું?" એવો લક્ષ મને હિતકારી છે અને તે જ યોગ્ય છે. માત્ર તે પુરુષનાં વચનોમાં મારી વૃત્તિ તમને લખતાં પણ રહે અને સ્વપરને ઉપકારક પ્રવૃત્તિમાં ચિત્ત રહે તો તે શુભ કાર્ય છે એમ જાણી માત્ર પત્ર લખવાનું બને છે. હું જાણું છું અને તમે નથી જાણતા તેથી જણાવવા કે ડાહ્યો થવા કંઈ લખવાનું બનતું નથીજી. તે મહાપુરુષના વિયોગમાં આપણે બધાં દુખિયા બન્યાં છીએ; તેથી એક દુખિયારું બીજાને પોતાના હૃદયની વરાળ દર્શાવી શાંતિ મેળવે તેમ જે કંઈ લખવું થયું છે તે મહાપુરુષ પાસેથી સાંભળેલી, વાંચેલી વાતોની સ્મૃતિરૂપ લખાયું હોય તેના માલિક તે મહાપુરુષ છે. કોઈ પુસ્તકનો ઉતારો કરવા લહિયો રાખ્યો હોય તેની મજૂરીથી લખાયેલું કોઈને ઉપકારી જણાય તો તે લહિયાનો આભાર માને તે અજુગતું છેજી, મૂળ લેખકનો ઉપકાર માનવો તે જ યોગ્ય છે; તેમ તમને શાંતિનું કારણ અહીંથી લખેલા પત્રો નીવડ્યા હોય તો તે પરમપુરુષની અસંસારગત વાણીનો પ્રભાવ છે. મને તો માત્ર કપૂરના વૈતરાને જેમ સુગંધી મળે તેમ તે તે વચનો લખતાં, વિચારતાં જે જે આનંદ થયો હોય તેનો બદલો મળી જ ચૂક્યો છે એટલે તમને તે પુરુષની ભક્તિ, તેનાં વખાણ અને તેના ઉપર અનન્યભાવે અર્પણતા કરવાથી જે લાભ થવા યોગ્ય છે તે મારા તરફ ભાવ ઢળી જતાં જેટલો થવો જોઈએ તેટલો લાભ થતાં અટકી જવાનો સંભવ દેખી આટલું બધું લખવું થયું છે. કંઈ તમારા પ્રત્યે ક્રોધ, અણગમો કે તિરસ્કાર આમાં અલ્પ પણ નથી એમ વિચારશોજી. પરમકૃપાળુદેવને સાચા ભાવે ઉપાસે છે તેનો હું તો દીનદાસ છું. પરમકૃપાળુદેવને જે હૃદયમાં રાખે છે તેના ચરણમાં મારું મસ્તક નમો એવી ભાવના મારા હૃદયમાં છે તે આજે સ્પષ્ટ આપને જણાવી છે. સ્પષ્ટ પણ હિતકારક વાત કહેતાં તમને કંઈ અણસમજણથી હૃદયમાં આઘાત જેવું લાગે તો તેની પણ છેવટે ક્ષમા ઇચ્છી પત્ર પૂરો કરું છુંજી. પરમકૃપાળુદેવનું યોગબળ જગતનું કલ્યાણ કરો. આ ભવમાં એવા પુરુષનું શરણ મળ્યું છે એ જ આપણા અહોભાગ્ય ગણવા યોગ્ય છે. એ શરણ પ્રાપ્ત ન થયું હોત તો અત્યારે આપણી કેવી અધમદશા હોત, કેવાં કર્મ બાંધી અધોગતિનો માર્ગ ઉપાર્જન કરી રહ્યા હોત? તે વિચારી વિશેષ વિશેષ ઉપકારથી હૃદય નમ્ર બનાવી તે પરમપુરુષની ચરણરજ સદાય આપણે મસ્તકે રહો એ ભાવના

નિરંતર કર્તવ્ય છેજી. એ પુરુષની દશા સમજવા જેટલી પણ આપણી શક્તિ નથી તો તેની પ્રાપ્તિના અભિમાનને જગ્યા જ ક્યાં મળે તેમ છે? છતાં જીવને મોહદશા ભૂલવે છે. તે મોહનો સત્વર ક્ષય થાઓ એવી તે અધમોદ્ધારણ પ્રભુ પ્રત્યે સાચા દિલની પ્રાર્થના છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૩૫૮ અગાસ, તા. ૨૭-૭-૪૨

તત્ ૐ સત્ ગુરુપૂર્ણિમા, સોમ, સં. ૧૯૯૮

તમારું કાર્ડ મળ્યું હતું. છ માસ સુધી બાર તિથિ બ્રહ્મચર્ય પાળવાની ભાવના છે તો પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરી ભાવવ્રત લઈ લેશોજી. તમારા ઘરમાંથી ત્યાં હોય તો તેમને પણ લેવા જણાવશોજી. વ્રત વગેરે શાંતિ વધારવા અર્થે છે. ક્લેશનું કારણ ન બને તે લક્ષમાં રાખવા સૂચના કરી છે. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી" (૪૬૦) એમ પરમકૃપાળુદેવનું વચન છે, માટે ક્લેશનાં કારણો નિર્મૂળ કરવા તરફ દરેક મુમુક્ષુએ લક્ષ રાખવા યોગ્ય છેજી. કુટુંબમાં, મંડળમાં, ગામમાં, નાતમાં, દેશમાં જેમ ક્લેશ ઓછો થાય તેમ કરવાની વૃત્તિ રાખવાથી ધર્મ પ્રગટવાનું કારણ બને છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ નાસિકના બોધમાં છેલ્લી એ જ શિખામણ દીધી છે – "સંપ રાખવો અને સત્સંગ કર્યા કરવો." ભક્તિ એ જ જીવનમાં મુખ્ય ધ્વનિ મુમુક્ષુને તો હોય, પણ જ્યાં સુધી મુમુક્ષુતા પ્રગટી નથી ત્યાં સુધી જ્ઞાનીની આજ્ઞામાં વિશેષ વિશેષ વર્તાય તેમ કરવાથી વૈરાગ્ય વધતાં ભક્તિ સહજ સ્વભાવરૂપ થવા યોગ્ય છેજી.

"બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો."

એ બધા એકઠા થાઓ ત્યારે વિચારશોજી અને શું કરવાથી આંટો ટળે? શું કરી રહ્યા છીએ? તે તપાસી જીવનપ્રવાહ સદાને માટે બદલાય એવું કંઈક વિચારશોજી. ૐ શાંતિઃ

૩૫૯ અગાસ, તા. ૨૮-૭-૪૨

તત્ ૐ સત્ અષાઢ વદ ૧, મંગળ, ૧૯૯૮

"પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુ-યોગ;
વચન-સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ,
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ." (૧૫૪)

આપનો પત્રસમૂહ મળ્યો છે. પ્રશ્નો પૂછેલા વાંચ્યા. એક પહેલો પ્રશ્ન કેટલાક મુમુક્ષુઓની સમક્ષ વિચાર્યો. તેના સારરૂપ ઉત્તર નીચે લખું છું તે આપ વિચારવાન હોવાથી સમજવામાં હરકત નહીં આવેજી. તેમાં પત્રાંક ૨૭૨ બે-ત્રણ લીટીનો છે તેનો ભાવાર્થ આપે પૂછ્યો છે એમ સમજાય છેજી. સદ્‌ગુરુનું લક્ષણ પહેલા વાક્યમાં ટૂંકામાં એવું કર્યું છે કે "જે મહત્પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે." આટલી વાત તો પૂછનાર અને સાંભળનાર બન્નેને માન્ય છે, એ વાત સ્વીકાર કરી, નિઃશંક આમ જ છે એવું ગણી

પછી પ્રશ્ન થાય છે કે "એવો મહાત્મા પ્રાપ્ત થયે નિઃસંદેહપણે ન જ વર્તી શકાય તેમ તે વર્તતો હોય તો મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી?" મહાત્મા તો ઉપર જણાવ્યા તેવા છે એટલે તેમનું આચરણ જે શિષ્ય (મુમુક્ષુ)ની દૃષ્ટિમાં નિઃસંદેહપણે ન જ વર્તી શકાય તેવું લાગતું હોય, છતાં વંદન યોગ્ય જ છે. માત્ર શિષ્યની બુદ્ધિ લૌકિક હોવાથી બાહ્યાચરણથી મહાત્મા તેણે માન્યા છે અને બાહ્ય ક્રિયા પૂર્વકર્મને આધીન હોવાથી પૂર્વે એટલે અજ્ઞાનદશામાં બાંધેલા કર્મનો જ્ઞાનદશામાં મહાત્માને ઉદય આવ્યો છે તે વખતે મહાત્માનાં અંતરંગ પરિણામ તો જેવું બાહ્ય વર્તન દેખાય છે તેવાં નથી, પણ છૂટવાની ભાવનાથી આત્મજ્ઞાન પ્રત્યે લક્ષ રાખી અંતઃકરણમાં પશ્ચાત્તાપપૂર્વક વર્તે છે. પણ શિષ્યમાં જ્ઞાનીનું અંતર કેવું છે તે જોવાની શક્તિ હજી પ્રગટી નથી, તેથી તે તો એમ માને છે કે હું પણ આવા નિંદવા લાયક કર્મને તજી શકું તેમ છું તો મહાત્મા તેનો ત્યાગ કેમ કરતા નથી? શું મોહને લઈને તેમનું જ્ઞાન નાશ પામ્યું હશે? વગેરે તર્કોથી તેને ગુરુનું આચરણ નિઃસંદેહપણે ન જ વર્તી શકાય તેવું લાગે છે. પરમકૃપાળુદેવ કહેતા કે લોકોનો શો વાંક કાઢવો? નાનાં છોકરાં પણ ત્યાગ કરી શકે તેવો ત્યાગ અમારામાં ન દેખાય (રાત્રે પાણી પીવું પડે વગેરે) તો લોકોને શ્રદ્ધા થવામાં કે ટકી રહેવામાં દુર્ઘટતા પડે તેમાં નવાઈ શી છે? આ જ્ઞાનીને દયા આવવાથી જણાવ્યું છે પણ મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી તે પ્રશ્ન છે. મુમુક્ષુએ તો, એવા મહાત્માનો મને યોગ થયો છે તે મારાં મહાભાગ્ય છે, એમ માનવું. મારું અજ્ઞાન તેમની કૃપાથી દૂર થઈ મને આત્મજ્ઞાન તેમની કૃપાથી થનાર છે તો મારે તેમના બોધમાં લક્ષ રાખવો છે. આચરણ અને સમજણમાં ફેર હોય, પણ સમજણ મને ઉપકારી છે તેથી આચરણ પૂર્વકર્મ છે તે તરફ જો હું નજર રાખીશ તો મને અનંતાનુબંધીનો ઉદય મંદ પડ્યો હશે તે તીવ્ર થશે ને મારે અનંતકાળ સંસારમાં રખડવું પડશે. આત્મજ્ઞાનીની સર્વ ક્રિયા મારે તો પૂજ્ય છે. તે કરે તેમ મારે કરવું નથી, કહે તેમ કરવું છે. હું તો આંધળા કરતાં પણ ભૂંડો છું. આંધળો તો દેખે જ નહીં પણ હું તો અવળું જ દેખું છું. ઉપકાર માનવો ઘટે ત્યાં દોષ દેખી નિંદા કરવા તત્પર થાઉં છું તો મારે તરવાનો યોગ ક્યાંથી બનશે? મુમુક્ષુએ સત્પુરુષના દોષ જોવાથી તો પ્રથમ છૂટવું જ જોઈએ, અચળ શ્રદ્ધા કરવી જોઈએ તો તેનાં વચન તેને પરિણામ પામે. કેવી શ્રદ્ધા જોઈએ તેનું દૃષ્ટાંત પ. પૂ. પ્રભુશ્રીજીએ આપ્યું હતું:

એક ગુરુશિષ્ય વિહાર કરતાં વડની છાયામાં વિસામો લેવા બેઠા. શિષ્યને ઠંડા પવનથી ઊંઘ આવી ગઈ. તેવામાં એક સાપ દોડતો આવ્યો. તેને રોકીને ગુરુએ પૂછ્યું, શું કામ આવ્યો છે? તેણે કહ્યું કે તમારા શિષ્યના ગળાનું લોહી પીવા પૂર્વના વેરને લઈને આવ્યો છું. ગુરુએ તેને થોભાવીને કહ્યું, હું તને તેના ગળામાંથી લોહી કાઢીને આપું છું. એમ કહી ગળાની ચામડી ચપ્પુથી કાપવા લાગ્યા કે શિષ્યે આંખ ઉઘાડી પણ ગુરુને જોયા એટલે મીંચી દીધી અને માન્યું કે ગુરુ કરતા હશે તે સારું જ કરતા હશે. પછી કાચલીમાં લોહી કાઢી સાપને પાયું. તે પીને તે પાછો વળી ગયો.

આ શિષ્યની પેઠે મહાત્માને પોતાનું ગળું કાપતા પોતાની નજરે પ્રત્યક્ષ દેખે તોપણ ગુરુ જે કરે તે મારા હિતને અર્થે જ કરે છે. મારે તેમાંથી કંઈક શીખવાનું જ છે. તેમના

આત્માની ચેષ્ટાને વિષે તેની વૃત્તિ રહે તો અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ પ્રાપ્ત થાય. પણ ભક્તિ જાગી હોય તો તેમ બને, માટે ગુરુભક્તિ વધારતા જવું એ આપણું કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૬૦ અગાસ, તા. ૨૯-૭-૪૨

પરમકૃપાળુદેવનું એક વચન છે કે "જાગ્રતમાં જેમ જેમ ઉપયોગનું શુદ્ધપણું થાય તેમ તેમ સ્વપ્નદશાનું પરિક્ષીણપણું સંભવે." (૬૨૨) એનો બને તેટલો વિચાર કરી સદ્‌વિચારની વૃદ્ધિ થતી રહે તેમ ભાવના કરતા રહેવા ભલામણ છેજી. ધનને માટે આટલે બધે દૂર જીવના જોખમે જઈ પુરુષાર્થ કરો છો અને તે ધન તો મરણકાળે કે તે પછી કંઈ કામ આવનાર નથી. પણ ધર્મ-સંચયનો પુરુષાર્થ કરતા રહેશો તો તે હાલ શાંતિ આપી પરભવમાં પણ સાથે આવે એવા પુણ્યસંચયને પ્રગટ કરે તેવો છેજી. સંસારરુચિ હૃદયમાં રહેલી છે તેનું સ્વપ્નમાં પ્રગટપણું દેખાય છે તેને લઈને તમને શારીરિક ક્ષીણતાના દેખાવો અનુભવાય છે. તે સદ્‌વિચાર, સંસારની અસારતા અને મોક્ષમાર્ગની રુચિ પ્રગટતાં દૂર થવા સંભવ છે. તે અર્થે સારા વાંચનની જરૂર છે અને ત્યાંના માણસોની મિત્રાચારી કે બહુ પરિચય નહીં રાખતાં, અહીંથી સત્શાસ્ત્રો મંગાવી તેમાં ચિત્ત રોકવાનું કરશો તો તમને વિશેષ હિતનું કારણ સમજાય છેજી. તેને આધારે ભક્તિ, વાંચન વગેરેથી મનને બીજો ખોરાક મળવાનું નિમિત્ત બનશે તેથી તમે જણાવેલા સાંસારિક સ્નેહભાવો આદિ મંદ થઈ ભક્તિ, વૈરાગ્ય અને સદ્‌વિચારમાં વૃત્તિ રહેશે તો તેની શરીર ઉપર પણ સારી અસર થવા સંભવ છેજી. ઈસુ ખ્રિસ્ત (Jesus Christ) નાં વચનોને યથાર્થ સમજનારા અને આચરનારા પૃથ્વી પર થોડા જ જીવો છે, તે સમજવા યોગ્ય સાત્ત્વિક વૃત્તિ જ તે દેશમાંથી લોપ થતી જાય છે એમ સમજી અનાર્ય જીવોનો કુસંગ ઓછો કરવા ભલામણ છેજી. સાદો, ઓછો ખોરાક લેતા રહેવાથી શરીર-સ્ફૂર્તિ રહેશે અને સ્વપ્નદોષનું ઘટવું પણ સંભવે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૬૧ અગાસ, અષાઢ વદ ૬, રવિ. ૧૯૯૮

"दया धर्मको मूल है पाप-मूल अभिमान ।
तुलसी दया न छोडिये, जब लग घटमें प्राण ।।"

પત્ર વાંચી પૂ........ની ધર્મવૃત્તિ તથા જીવહિંસાથી થતો ખેદ અને "વિચારોમાં ઘણો ફેર થઈ ગયો" એ વાક્યથી સંતોષ થયો છેજી. ધાર્મિક અભ્યાસ નહીં છતાં પૂર્વના સંસ્કારે જે પરમકૃપાળુદેવે પુષ્પમાળા – ૨૪ માં જણાવ્યું છે તે તેને સ્ફુરી આવ્યું. "ધાન્યાદિકમાં વ્યાપારથી થતી અસંખ્ય હિંસા સંભારી ન્યાયસંપન્ન વ્યાપારમાં આજે તારું ચિત્ત ખેંચ." એ સ્ફુરણાનું મૂળ તો સત્પુરુષ જ છે. નાનામોટા જેને જેને જ્ઞાનીપુરુષનાં દર્શન, સમાગમ, સેવા, ભક્તિનો લાભ મળ્યો છે તે સર્વ મહાભાગ્યશાળી ગણવા યોગ્ય છે. તે મહાપુરુષના પ્રતાપે કલ્યાણ કરવાની ભાવના સ્ફુરે છે, તે સંબંધી પૂછે છે, તેવા પ્રસંગો યાદ કરે છે, તેમાં તન્મય થાય છે.

પરમકૃપાળુદેવને જાતિસ્મરણજ્ઞાન એટલે પૂર્વના ભવોની સ્મૃતિ જાગી – પ્રગટી હતી તેથી તે દુકાને બેઠા બેઠા પણ તે વન, તે ગુફાઓ, તે મહાપુરુષો, તેમનાં વચનામૃતરૂપ બોધ,

તેમની દશાની સ્મૃતિ કરી પોતાના આત્માને તેવો ઉચ્ચ કોટિનો બનાવવાનો પુરુષાર્થ સેવતા હતા. આપણે તેવા જાતિસ્મરણજ્ઞાનને યોગ્ય તો નથી બન્યા પણ આ ભવમાં જે મહાપુરુષનાં દર્શન થયાં છે, તેમની પરમકૃપાળુદેવ પ્રત્યેની અલૌકિક ભક્તિ, તેમની આપણા જેવા મંદભાગ્યવાન જીવો પ્રત્યે અસીમ નિષ્કામ કરુણા, તેમની શાંત મુખમુદ્રા, તેમણે આપણે સમજીએ કે ન સમજીએ પણ કોઈ ચમત્કારી રીતે સત્યનું બીજ વાવવા આપણા હૃદયને આકર્ષણ કરી અલૌકિક આત્મસ્વરૂપની અભિલાષા અવ્યક્ત રીતે પ્રગટાવી તથા તેને પોષણ આપવા અનેક પ્રકારે નાનાને નાના પ્રમાણે, મોટાને મોટા પ્રમાણે, વિદ્વાનને વિદ્વાન પ્રમાણે, અબળાને અબળા પ્રમાણે, જેમ જેવો ઘટે તેવો બોધ આપી જે ભાવના ઉછેરી છે, તે જ આપણા કલ્યાણનું, મોક્ષનું કારણ બનનાર છે. માટે તે મહાપુરુષનાં પ્રથમ આપણને ક્યારે દર્શન થયાં ? પહેલું આપણને શું કહ્યું ? વારંવાર શું કહેતા ? તથા તેમના ઉપકાર જે જે યાદ આવે તે તે સ્મૃતિમાં લાવવાથી તેઓ હાલ હાજર હોય એમ આપણને લાગશે, તે ભાવો ફરી અનુભવાતા સમજાશે, ભૂલવાના ક્રમમાંથી સતેજ થઈ વિશેષ ઉપકારનું કારણ બનશે. તમે ત્રણે જણ પરસ્પર ઉપર જણાવેલી વાતો પોતાના સંબંધી એકબીજાને કહો, પૂછો, તેની ભાવના કરો તો સત્સંગમાં જે કરવા યોગ્ય સત્પુરુષનાં ગુણગાન તેનો લાભ ત્યાં બેઠાં પણ થયા કરે તેવું છે. કંઈ ન બને તો પરમકૃપાળુદેવનાં જે જે વચનો આપણને તે મહાપુરુષે મુખપાઠ કરાવ્યાં છે તેની ચર્ચા પરસ્પર કરતા રહેવાથી સર્વની વૃત્તિ ધર્મમાં જોડાયેલી રહેવાનો સંભવ છેજી. જોકે બીજ ન જાય પણ પોષણ થયા કરે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૬૨ અગાસ, તા. ૨-૮-૪૨

તત્ ૐ સત્ આષાઢ વદિ ૬, રવિ, ૧૯૯૮

અનાદિકાળથી આ જીવને અનાદરણીય વારંવાર પ્રાપ્ત થયેલા દેહાદિ પદાર્થો પ્રત્યે આશ્ચર્યકારી માહાત્મ્ય લાગ્યું છે. તેની મૂર્છામાં પોતાના શ્રેયનો વિચાર, નિર્ણય કે તેને અર્થે અથાગ પુરુષાર્થ કરવો ઘટે છે તેનું ભાન જાગતું નથી. પરમકૃપાળુદેવે તે વિષે અત્યંત ઊંડા વિચારે મંથન કરી નિર્ણય જણાવ્યો છે કે—

"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર." (૯૫૪)

"કલ્પિતનું આટલું બધું માહાત્મ્ય શું ? કહેવું શું ? જાણવું શું ? શ્રવણ કરવું શું ? પ્રવૃત્તિ શી ?" (૫૭૬)

"અનાદિથી જીવને સંસારરૂપ અનંત પરિણતિ પ્રાપ્ત થવાથી અસંસારપણારૂપ કોઈ અંશ પ્રત્યે તેને બોધ નથી. ઘણાં કારણોનો જોગ પ્રાપ્ત થયે તે અંશદૃષ્ટિ પ્રગટવાનો જોગ પ્રાપ્ત થયો તો તે વિષમ એવી સંસાર-પરિણતિ આડે તેને તે અવકાશ પ્રાપ્ત થતો નથી; જ્યાં સુધી તે અવકાશ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવને સ્વપ્રાપ્તિભાન ઘટતું નથી. જ્યાં સુધી તે પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જીવને કંઈ સુખ કહેવું ઘટતું નથી, દુઃખી કહેવો ઘટે છે, એમ દેખી અત્યંત અનંત કરુણા પ્રાપ્ત થઈ છે જેને, એવા આપ્ત પુરુષે દુઃખ મટવાનો માર્ગ

જાણ્યો છે, જે તે કહેતા હતા, કહે છે, ભવિષ્યકાળે કહેશે. તે માર્ગ એ કે જીવનું સ્વાભાવિકપણું પ્રગટ્યું છે જેને વિષે, જીવનું સ્વાભાવિક સુખ પ્રગટ્યું છે જેને વિષે, એવો જ્ઞાનીપુરુષ તે જ તે અજ્ઞાનપરિણતિ અને તેથી પ્રાપ્ત થયું જે દુઃખ પરિણામ તેથી નિવારી આત્માને સ્વાભાવિકપણે સમજાવી શકવા યોગ્ય છે, કહી શકવાને યોગ્ય છે; અને તે વચન સ્વાભાવિક આત્મા જાણ્યાપૂર્વક હોવાથી તે દુઃખ મટાડી શકવાને બળવાન છે. માટે તે વચન જો કોઈ પણ પ્રકારે જીવને શ્રવણ થાય, તે અપૂર્વભાવ રૂપ જાણી તેમાં પરમ પ્રેમ વર્તે, તો તત્કાળ અથવા અમુક અનુક્રમે આત્માનું સ્વાભાવિકપણું પ્રગટ થાય.'' (૩૯૫)

આ વચનો વાંચ્યાં હોય તોપણ વારંવાર વાંચી તે ભાવો પ્રગટ થતાં સુધી મનન–નિદિધ્યાસનના ક્રમની ખામી પૂરી કરવા જે પુરુષાર્થની જરૂર છે તેની ભાવના નિરંતર રહ્યા કરે તેમ વર્તવા ભલામણ છેજી.

તા. ૨૩–૭–૨૨ને દિવસે પ્રભુશ્રીજીએ મને બોધમાં શિખામણ આપેલી બહુ હિતકારી જાણી નીચે લખી છે: ''બહુ ધોડ (દોડ) કરવામાં ધર્મ નથી, તેમજ બહુ ઢીલ કરવામાં પણ નથી. માર્ગ મધ્યસ્થતાનો છે.'' કૃપાળુદેવને પૂછેલી વાત પ્રભુશ્રીજીએ મને તા. ૬–૯–૨૨ને દિવસે જણાવેલી: ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ મંત્રના જાપની રાત ને દિવસ ધૂન લગાવેલી, પણ વિકલ્પ ઊઠે કે 'હજી કેમ કંઈ જણાતું નથી? આત્મા હોય તો કંઈક દેખાય ને?' પણ અરૂપી આત્મા દેખાય? પછી કૃપાળુદેવને વાત કરી કે મંત્રનો જાપ ખૂબ કર્યો, પણ તમે કહો છો તેવું કેમ કંઈ જણાતું નથી? 'કંઈ નહીં, હજી જારી રાખો' એવો જવાબ મળ્યો.

આ જડ જેવા દેખાતા દેહમાં ચેતન જણાય છે, પણ વિશ્વાસ અને દૃઢતાથી ગુરુઆજ્ઞાનું પાલન કરવું અને જોવા કરવાની ઇચ્છા પણ ન રાખવી. યોગમાં તો માત્ર શ્વાસોચ્છ્વાસ સૂક્ષ્મ થાય છે. જ્ઞાનીએ આત્મા જાણ્યો છે તે જ મારે માન્ય છે, એવી શ્રદ્ધા જ કામ કાઢી નાખે છે. શાંતિપૂર્વક નિશ્ચિતપણે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ'ના જાપમાં કાળ વ્યતીત કરવો. તેથી નિર્જરા થાય.'' (ઉપદેશામૃત : પૃષ્ઠ ૨૫૯) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૬૩ અગાસ, આષાઢ વદ ૧૦, ગુરુ, ૧૯૯૮

વિ. સર્વ કાળમાં સત્સંગ જેવી આત્માને ઉપકારક કોઈ ચીજ નથી. તેમાં પણ આ હુંડાવસર્પિણી દુષમ કાળમાં અનાર્ય યુદ્ધના પ્રસંગમાં તો તેનું (સત્સંગનું) પરમહિતકારીપણું પ્રત્યક્ષ સહજ વિચારે સમજાય તેમ છેજી. તેવા સત્સંગનો વિયોગ રહે તેવા કર્મનો ઉદય હોય તેવા પ્રસંગે ચિત્તમાં વૈરાગ્યભાવનાની વૃદ્ધિ કરી, સર્વ કાર્યમાં ઉદાસીનપણે પ્રવર્તતાં સત્સંગ-યોગની ભાવના, સ્મૃતિ જાગ્રત રાખવાની જરૂર છેજી. સત્શાસ્ત્રનું વાચન, નિત્યનિયમમાં ઉલ્લાસભાવ, સદ્વિચાર તથા સદાચરણ એ ઉપકારક જાણી ત્યાં સત્સંગના વિયોગે પણ સેવતા રહી સત્સંગભાવના વર્ધમાન થાય તેમ પ્રવર્તવામાં આત્મહિત છેજી. એ જ વિનંતી.

લિ. સત્પુરુષના ચરણકમળમાં ભ્રમરસમ ચિત્તવૃત્તિ રાખવાની ભાવના રાખતો દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુ વંદન સહ ક્ષમાયાચના સ્વીકારશોજી.

---

364

તત્ ૐ સત્ અગાસ, તા. ૧૨-૮-૪૨

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."

दरेक धर्मसाधककी फरज अपने धर्मबंधुओंको जरूरतके प्रसंग पर शक्ति अनुसार मदद करनेकी है। जरूर हो तो स्वीकार करनेमें हरकत नहीं है। अपने पास जरूरियातसे अधिक हो तो उत्तम कार्यमें खर्च भी सकते हैं। जैसा प्रसंग आ जाय वैसे धर्मबुद्धि लक्षमें रखकर कार्य करने पडते हैं। व्यवस्थित आवक वाली प्रवृत्ति करनेसे चाहे तब आप सत्संगके लिये स्वतंत्रतासे वक्त और धन बचा सकोगे। व्यवहारकी यह बात है परंतु जब व्यवहारमें लक्ष बिलकुल नहीं रखनेसे परमार्थमें भी विघ्न आ जाय, ऐसे प्रसंगमें दोनों करना पडता है। धर्मकार्यमें प्रेम, और करना पडे ऐसे कार्यमें अत्यंत आसक्ति न रखना, उदर-पूरणार्थ प्रवृत्ति करना, ऐसा लक्ष रखनेसे चित्तशुद्धि होती है, फिजूल चिंताएँ दूर होती है. पराधीनता बिना, दीनता किये बिना धर्ममें यथाशक्ति उन्नति होती रहती है।

मंत्रस्मरणमें चित्त रखनेका अभ्यास अवकाश मिलने पर करते रहना। बन सके तो स्मरण करके सर्व अगत्यके काम करते रहना। खाना-पीना, आना-जाना, लेना-रखना ऐसे कार्य करनेके पहले मंत्रका उच्चार मुखसे वा मनमें कर लेनेकी आदत पड जाय तो सहज भक्ति होती रहे और मेरा कुछ है नहीं ऐसी भावना कायम बढती जाय। प्रयत्न करनेसे सब कुछ होता है। ૐ शांतिः शांतिः शांतिः

---

365

અગાસ, તા. ૧૨-૮-૪૨

તત્ ૐ સત્ આષાઢ વદ ૦)), બુધ, ૧૯૯૮

માત્ર આવા પ્રસંગમાં પૂર્વકર્મના યોગે હું ફસાઈ પડવાની તૈયારીમાં હોઉં તો મને શા વિચાર આવવા જોઈએ? અથવા હું શું કરું? તેનો વિચાર મનમાં ઉદ્ભવ કરી મારા આત્માને કોમળ બનાવવા અર્થે પ્રયત્ન કરું છુંજી.

જો હું તમારી પેઠે સ્ત્રીભવમાં હોઉં તો એમ વિચારું કે મેં પૂર્વભવમાં કોઈ સત્પુરુષના આગળ સાચેસાચી વાત પ્રગટ કરવાને બદલે માયાકપટ કરી તેમને છેતરવાની બુદ્ધિ કરી હશે, તેથી આ ધિક્કારવા યોગ્ય સ્ત્રીવેદ બાંધ્યો હશે. તેને લઈને પરાધીનપણું, નિર્બળપણું, અતિશય લજ્જા તથા જ્યાં પુરુષ પ્રત્યે નજર જાય ત્યાં વિકાર થવા યોગ્ય ચંચળ પ્રકૃતિ બાંધી આત્માને નિરંતર મેં ક્લેશિત કર્યો છે. પૂર્વે વ્રત લઈને ભાંગ્યાં હશે, તેથી આ ભવમાં વિધવાપણું પ્રાપ્ત થયું. પૂર્વે બહુ ભોગોની ઇચ્છા કરી હશે, તેથી આ ભવમાં ભોગોની સામગ્રી ઓછી મળી; કારણ કે લોભ પાપનું મૂળ છે. પૂર્વે કોઈની સેવાચાકરી કરી નહીં હોય તેથી આ ભવમાં કોઈ મને સંભાળનાર, મારી સેવાચાકરી કરનાર નથી. પૂર્વે પ્રતિબંધ બાંધ્યો હશે, તેથી આ ભવમાં સદ્ગુરુ ભગવાનની પ્રાપ્તિ થયાં છતાં ધર્મમાં ચિત્ત સ્થિર રહેતું નથી, અને ભૂંડા ભોગો મેળવવા ભટક્યા કરે છે. મોક્ષે લઈ જાય તેવા મહાપુરુષોની તનમનધનથી સેવા પૂર્વે થઈ નહીં હોય તેથી આ ભવમાં મોક્ષે જવા યોગ્ય સામગ્રી મળ્યા છતાં, મોક્ષ કરતાં મોહ વધારે સારો લાગે છે. જો આ ભવમાં પૂર્વભવના જેવી જ ભૂલો કરી ફરી વર્તન તેવું જ રાખીશ એટલે આ ભવમાં જો સત્પુરુષ આદિ પ્રત્યે કપટબુદ્ધિ સેવીશ, તો સ્ત્રીવેદ છેદવાનો લાગ આ ભવમાં મળ્યો છે તે વહી જશે; અને પરભવમાં કાગડી, કૂતરી, બિલાડી કે ગધેડી જેવા

હલકા ભવોમાં સ્ત્રીવેદ પાછળ ને પાછળ ફરશે. જો ભગવાનતુલ્ય સત્પુરુષ આ ભવમાં મળ્યા છે તેમણે આપેલા વ્રતને મોહને વશ થઈને કે કોઈની ભૂંડી શિખામણથી ભોળવાઈને તોડીશ તો ભવિષ્યમાં ઘણા ભવ રંડાપો ભોગવવાનું લલાટે લખાશે. જો હજી વિષયભોગોનો લોભ નહીં છોડું તો નરકમાં કરોડો વર્ષ સુધી દુઃખો ભોગવી, એવા ભવમાં ભટકવું પડશે કે જ્યાં ભોગોની પ્રાપ્તિમાં અંતરાય સદાય પડ્યા કરશે. જો આ ભવમાં સત્સેવાના પ્રસંગો શોધી સત્પુરુષની ભક્તિ નહીં કરું ને છોકરાં છૈયાની પંચાતમાં આ ભવ ખોઈ નાખવા જેવું કર્મ કરી બેસીશ તો પરભવમાં નિરાધાર, અનાથ, દુઃખી દિવસો દેખવાનું લલાટમાં લખાશે. આવા વિચારે મનને મોહમાં વહ્યું જતું પાછું વાળી, મારે તો હવે કોઈ રાજેમતિ જેવો અવસર આવ્યો છે એમ ગણી, આ ભવ બ્રહ્મચર્યવ્રતમાં જ ગાળવાની પ્રતિજ્ઞા લીધી છે તો તેને માટે પ્રાણ છોડવા પડે તોપણ નહીં ડરતાં મારા મનને અત્યંત દૃઢ કરી મારા ઉપર મોહ કરનાર રહનેમિ (રથનેમિ) જેવા સાધુ હોય તોપણ મારે તેને સમજાવી ધર્મ માટે આટલો ભવ ગાળવાના ભાવ તેને જાગે તેવો ઉપદેશ આપી તેને અપકારનો બદલો ઉપકારરૂપે આપવા મારે કેડ બાંધી મથવું ઘટે છે. તેના વિકારભાવ પલટાઈ સત્પુરુષની આજ્ઞામાં જીવન ગાળવાનો તેનો નિશ્ચય થાય તેમ મારે હિંમત રાખી વિકાર તજી તેને વૈરાગી બનાવવા બ્રહ્મચર્યનું સર્વોત્કૃષ્ટપણું જણાવવું ઘટે છે :

જેમ કે "જો માણસ સ્ત્રીના મોહમાં સડ્યા કરે તો કદી મોક્ષ પામે નહીં; નારી તો નરકનું દ્વાર છે એમ અનેક સંતોએ કહ્યું છે અને મહાવીર ભગવંતે તો એમ કહ્યું છે કે ઘરડી સો વર્ષની ડોસી નાકકાન કાપેલી હોય, રોગી હોય, તેનો પણ સહવાસ સાધુ જેવાએ પણ એકાંતમાં કરવો ઘટે નહીં, તો મારી સોબતે તમારા ભાવ બગડ્યા વિના કેમ રહે? માટે મારી સોબત છોડી જે સત્પુરુષોને મોક્ષ સિવાય બીજું કાંઈ જોઈતું નથી, મોહને જે ઝેર જેવો જાણે છે અને તેથી દૂર ભાગતા રહે છે તેવા નિસ્પૃહી મહાપુરુષોના સંગે તમારા ભાવ પલટાવી મોક્ષને માટે તત્પર થશો તો મારા ઉપર મોટો ઉપકાર કર્યો ગણીશ" વગેરે જે સત્પુરુષને આશ્રયે શિખામણ સૂઝી આવે તેવી શિખામણ આપીને તથા 'મોહને વશ થવાથી કેવાં ફળ ભવિષ્યમાં ભોગવવાં પડશે અને આ ભવમાં ધર્મ કરવાની ધારણા કરી હશે તેને માથે પાણી ફરશે' એમ સમજાવી સત્પુરુષને માર્ગે તે જીવને દોરવાનું કામ મારાથી ક્યારે બને કે જ્યારે મારામાં મોક્ષે જવાની પ્રબળ ભાવના (ઇચ્છા) હોય અને તેને માટે સત્પુરુષની આજ્ઞામાં જ જીવવા સિવાય બીજી રીતે જીવવું નથી એવી દૃઢ નિર્વિકાર ભાવના હોય તો મારાં વચનની બીજા ઉપર છાપ પડે. માટે મારે તો પહેલું એ જ કરવા યોગ્ય છે કે બીજા કોઈ સમજે કે ન સમજે, પણ મેં જે સત્પુરુષની સાક્ષીએ જીવનપર્યંત બ્રહ્મચર્ય પાળવાની સકળ સંઘની સમક્ષ પ્રતિજ્ઞા લીધી છે તે પાળવા માટે હું કુસંગ એકદમ છોડું, વિકાર ઓછા કરવા ઊણોદરી એકાસણા ઉપવાસ કે છઠ્ઠ અઠ્ઠમ અને તેથી વિકાર ન ટળે તો અઠ્ઠાઈ ઉપર અઠ્ઠાઈ કરી શરીર ગાળી નાખું, તેમ છતાં વિકાર ન છોડે તો બ્રહ્મચર્યરૂપ ધર્મને ખાતર આ વિકારી જીવનને આપઘાતથી, અનશનથી કે ઝેર ખાઈને પાડી નાખું અને ધર્મસહિત આ દેહ છોડી વિશેષ ધર્મ સેવાય તેવા દેહ, દેશ અને વાતાવરણમાં ઉત્પન્ન થાઉં પણ સત્પુરુષના માર્ગને તોડવાનો રસ્તો બતાવનાર પ્રથમ પાપી તો

આ ભવમાં નહીં જ થાઉં એવો દૃઢ નિશ્ચય હું તો એવા પ્રસંગમાં જરૂર રાખું અને તેમ જ વર્તન કરું એવી અત્યારની મારી ભાવના હે ભગવાન! ભવોભવ ટકી રહો!

આવા વિચારો સ્ફુરવાથી આ પાખીને દિવસે, ક્ષમાપના માગવાના દિવસે પણ જો આપને ખોટું લાગવા જેવું બન્યું હોય તો તેની માફી માગી તેવો પ્રયત્ન તમારા પ્રત્યે ફરી નહીં કરવાની ભાવના સેવી પત્ર પૂરો કરું છું. તમારી સાથે ઘણા વખતનું ઓળખાણ હોઈને તમારા પ્રત્યે દયા સ્ફુરવાથી લખાયું છે. તેનો સવળો અર્થ લેવા વિનંતી છે.

---

૩૬૬ અગાસ, તા. ૧૭-૮-૪૨

નિર્બળ બાળક જાણીને પરમ કૃપા કરનાર,
પરમ કૃપાળુને નમી વીનવું ભવથી તાર.

છેલ્લા પત્રમાં પરમકૃપાળુદેવે લખેલી સત્સંગ સંબંધી કડીઓના અર્થ સમજવા ભાવના જણાવી તેનો સંક્ષેપાર્થ લખ્યો છે :—

(૧) "બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;
અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ."

"યમ નિયમ સંયમ આપ કિયો" એમાં જણાવેલાં સાધનો સદ્‌ગુરુની આજ્ઞા વિના જીવે ઘણાં કર્યાં અને તેનું ફળ ચાર ગતિરૂપ પ્રત્યક્ષ દેખાય છે તેથી મોક્ષ ન મળે તેવી રીતે કરેલા પ્રયત્નને 'બીજાં સાધન' કહ્યાં; 'કરી કલ્પના આપ' એમાં સ્વચ્છંદે પ્રવૃત્તિ કરી એમ જણાવ્યું અથવા તો અસદ્‌ગુરુની આજ્ઞાથી કરેલાં સાધનથી પણ સંસારરૂપ ફળ પ્રાપ્ત થયું. જીવને ક્લેશિત કરવા સિવાય બીજું ફળ મળ્યું નહીં. શ્રીકૃષ્ણની સાથે વીરા સાળવીએ ૧૮૦૦૦ સાધુને વંદના કરી પણ શરીરને શ્રમ પડ્યો તે સિવાય બીજું કાંઈ ફળ મળ્યું નહીં, કારણ કે પોતાની મેળે દેખાદેખી, ભાવ વિના વંદનાઓ કરી હતી.

(૨) "પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુ યોગ,
વચન-સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ."

આમાં અનેક પ્રકારની સુખ-સામગ્રી જીવને મળી હોય તે બધા કરતાં ઉત્તમ ગણવા યોગ્ય પુણ્યના ફળરૂપ સદ્‌ગુરુનો યોગ મળવો એ છે એમ પહેલી લીટીમાં જણાવ્યું. જેને સદ્‌ગુરુનો યોગ મળ્યો છે, તે મહાભાગ્યશાળી છે. પૂણિયા શ્રાવકની પાસે પૈસોટકો કે સુખ-સામગ્રી બહુ નહોતી. પરાણે દિવસ પૂરા થાય તેવી, પૂણિયો વેચીને ગુજરાન ચલાવવું પડે તેવી પુણ્યસામગ્રી હતી. તોપણ શ્રી મહાવીર ભગવંતે શ્રી શ્રેણિક રાજા કરતાં તેની મહત્તા વિશેષ બતાવી. તેથી બાહ્ય પુણ્ય કરતાં ધર્મ-આરાધન થઈ શકે તેવો યોગ અને પોતાની તેવી યોગ્યતા એ પ્રશસ્ત પુણ્યનું ફળ છે. સદ્‌ગુરુયોગ સફળ કેવા ક્રમે કરીને થાય છે તે બીજી લીટીમાં જણાવ્યું કે વચનરૂપી સુધા (અમૃત) સાંભળતાં હૃદયમાં જે શોક, અશાંતિ, ઉત્તાપ, ક્લેશ હતાં તે શાંત થઈ ગયાં અને હૃદય શોકરહિત, પ્રસન્નતાવાળું, હલકું ફૂલ થઈ ગયું. સદ્‌ગુરુનાં વચનો જીવમાં ઉલ્લાસ પ્રેરે છે. તે જ તેને સદ્‌ગુરુ ઉપર શ્રદ્ધા થવામાં મદદ કરે છે, તે હવે કહે છે :-

(૩) "નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ."

પોતાની દશા બદલાઈ તે જ સદ્ગુરુનાં વચનોનો, સદ્ગુરુનો ઉપકાર છે એમ જીવને થાય એટલે આત્મા સાક્ષી પૂરે કે આવા સદ્ગુરુનું સેવન જરૂર મારા સંસાર-સંતાપો ટાળી મોક્ષ પમાડશે. તેથી પરમકૃપાળુદેવે સદ્ગુરુ પ્રત્યે ઉપકાર જણાવતાં કહ્યું કે હે સદ્ગુરુ ભગવાન ! મેં આપનો સત્સંગ સદાય કર્યો છે; તેમાં મેં કંઈ સ્વાર્થની, શરીરની કે કોઈ બીજી અપેક્ષા રાખી નથી. માત્ર મારા આત્માનું હિત જરૂર થશે એવો લક્ષ મેં રાખ્યો છે. "માત્ર મોક્ષ અભિલાષ" સિવાય મેં કંઈ મનમાં રાખ્યું નથી તેથી સત્સંગનું ફળ જે અસંગ દશા કે મોક્ષ તે મને મળશે એવો મને અંતરમાં નિશ્ચય થયો છે.

આટલા વિસ્તારથી તે ત્રણ કડીઓમાં કહેલો ભાવ સમજાવો સુગમ થશે. પોતાના હૃદયમાં પરમકૃપાળુદેવ પ્રત્યે ભાવ, પ્રેમ વધારી વિચારવાથી વિશેષ વિશેષ સમજાઈ, સંતોષ અને આનંદ અનુભવાશેજી. તમે પણ શબ્દાર્થ તો જાણતા હશો, છતાં તમારી ભાવનાને માન આપીને સત્પુરુષનાં વચનમાં ચિત્ત રોકવાથી મને પણ હિતનું કારણ છે એમ માની પત્ર લખ્યો છે. તે વાંચી વિચારી પરમકૃપાળુદેવનો આપણા બધા ઉપર અપાર ઉપકાર છે તેનું બહુમાનપણું દિવસે દિવસે વર્ધમાન થાય તેમ વૃત્તિ વહે એ જ ભાવનાસહ પત્ર પૂર્ણ કરું છુંજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૬૭ અગાસ, તા. ૧૨-૯-૪૨
તત્ ૐ સત્ ભાદરવા સુદ ૨, શનિ, ૧૯૯૮

વિ. આપનો પત્ર વાંચી પૂ....ની ગંભીર માંદગી જાણી ધર્મસ્નેહથી ખેદ થયો, પણ તે શમાવવો કર્તવ્ય ગણ્યો છેજી. મનુષ્યભવ અત્યંત દુર્લભ છે છતાં ક્ષણમાં ખોઈ બેસાય તેવા સંજોગોની વચમાં આપણે જીવીએ છીએ; માટે બહુ કાળજીપૂર્વક જીવનની ક્ષણેક્ષણ સદ્ગુરુ શ્રી પરમકૃપાળુદેવની આજ્ઞા, સ્મરણમંત્ર, ભક્તિ વગેરેમાં ગાળતા રહેવા આગ્રહપૂર્વક ભલામણ છેજી. રસ્તામાં અડચણ વેઠીને પણ આશ્રમમાં ઊતરવાનું બન્યું હોત તો ઘણા લાભનું કારણ હતું, પણ મોહને આડે તથા તેટલા પુણ્યની ખામીને લીધે ન બન્યું તે ભાવિ ભાવ. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ તો આ તપોવન જેવા આશ્રમ માટે એટલા સુધી કહેલું છે કે અહીં જેનો દેહ છૂટશે તેનું સમાધિમરણ થશે. તે માન્ય રાખી, બને તેટલી તેની ભાવના રાખી હાલ તો તે મહાપુરુષે જે આપણને આજ્ઞા વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ, છપદનો પત્ર, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, મંત્ર આદિ જણાવેલ છે તે પ્રમાદ તજી ખરા અંતઃકરણે કરતા રહેવાની જરૂર છેજી. ચિ.... આદિ નવરા હોય તેમણે પૂ.... પાસે જે મુખપાઠ કરેલું હોય તે તથા તત્ત્વજ્ઞાન વગેરેમાંથી વાંચતા રહેવા ભલામણ છેજી. વાંચનાર અને સાંભળનાર બન્નેને તેથી લાભ છેજી. બીજું કંઈ ન બને તો અખંડ સ્મરણની ધૂન સંભળાવ્યા કરવી. તેનાથી જાતે વંચાય તેમ હોય તો 'સમાધિસોપાન'માં છેવટના ભાગમાં પાન ૩૨૫ થી છેક છેલ્લા સુધીનો ભાગ વારંવાર વાંચતા રહેવા કે સાંભળતા રહેવા જેવો છેજી. જો 'સદ્ગુરુપ્રસાદ' ગ્રંથ હોય

તો તેમાંથી, નહીં તો ગમે તે ચિત્રપટ દર્શન કરવા તેની પાસે રહે તેમ કરતા રહેવાની ભલામણ છે. આ બધાં નિમિત્ત પરમકૃપાળુદેવ પ્રત્યે પ્રેમ, શરણુ અને આશ્રયભાવ દૃઢ થવા અર્થે છે, અને બીજેથી મન ઉઠાવી તે પરમપુરુષને શરણે સર્વભાવે અર્પણતા આશ્રયભાવ કરવાનો છે. કોઈ પ્રકારનો ક્લેશ મનમાં ન રાખતાં, દેહ ઉપરનો, સર્વે ઉપરનો મોહ ઉતારી એક આત્મકલ્યાણની ભાવના "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" પ્રત્યે અખંડ વૃત્તિ વહ્યા કરે તેવો પુરુષાર્થ બને તેટલો કર્તવ્ય છેજી. પરમકૃપાળુદેવનું શરણુ એકલું જ આપણને બચાવનાર છે એવી ભાવના દરરોજ કર્યા કરવી. તે માંદગીમાં અને ત્યાર પછી પણ સુખ આપનાર નીવડશે. મોહમાં તો જીવ મુઝાઈને દુઃખી થાય છે અને ફિકર-ચિંતામાં પડી અધોગતિને યોગ્ય બને છે. માટે આત્માનું કલ્યાણ કરવું હોય તો કલ્યાણની મૂર્તિ એવા પરમકૃપાળુદેવનો ચિત્રપટ, તેનાં વચન અને તેનું કહેલું મંત્રનું સ્મરણ રટ્યા કરશો તો જરૂર સુખનાં કારણો પ્રગટ થશે, હૃદયમાં ખરી શાંતિ અનુભવાશે. ખરી કસોટીનો આ વખત છે. મનમાં સંસારની ભાવનાઓ જાગે કે તેને ખરોડી, ઝેર જેવી જાણી, જ્ઞાનીનું શરણુ અને આશ્રય સુખકારી છે એવી ભાવના વારંવાર કર્યા કરવી અને જ્ઞાનીને શરણે દેહ છૂટશે તો મારા આત્માને કદી લાભ નથી થયો તેવો લાભ આ ભવમાં થવાનો છે એવો વિશ્વાસ રાખી નિર્ભય થઈ જવું, મરણથી પણ ડરવું નહીં. આત્મા તો નિત્ય છે, તે કદી મરવાનો નથી. એક ઓરડામાંથી બીજામાં જઈએ તેમ નિર્ભયપણે જે થાય તે જોયા કરવું અને પરમકૃપાળુદેવની કૃપાથી સારું જ થાય છે એમ માનવું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૬૮ અગાસ, ભાદરવા સુદ ૪, સોમ, ૧૯૯૮

આપ મુમુક્ષુ ભાઈબહેનોમાં કોઈ સાંસારિક કારણે કે ધર્મના નિમિત્તે એકબીજા પ્રત્યે વેરવિરોધનાં કારણો ઊભાં થયાં હોય તે પરસ્પર સમજી લઈને એકબીજામાં ધર્મપ્રેમની વૃદ્ધિ થાય તથા એકબીજાને ત્યાં જતાં-આવતાં ન હોય, બોલાચાલીનો પ્રસંગ બંધ થયો હોય તેવા નિમિત્તો સમજૂતીથી પાંચ જણ મળી પતાવી આખા ગામમાં સંપ સલાહ શાંતિથી બધા વર્તો તો આ વર્ષના પર્યુષણ પર્વ યથાર્થ થયા ગણાય. પૂર્વકર્મને લઈને જીવની વૃત્તિ બીજાનું ભૂંડું કરવામાં, નિંદા ઈર્ષા પોષવામાં જાય છે તેને બદલે બને તેટલા એક, બે, પાંચ કે બધા ગામના માણસોમાં સંપ કરાવવાનો પુરુષાર્થ કરશે તેનું પોતાનું અને બીજાનું કલ્યાણ થવાનું કારણ બને છે. "કલ્યાણ એટલે શું ?" એમ ઉપદેશછાયામાં પ્રશ્ન છે અને ત્યાં તેનો ઉત્તર પણ છે કે "કષાય ઘટે તે કલ્યાણ." તો આપણો અને બીજા આપણા સંબંધીઓનો કષાય ઘટાડવા અર્થે મહાપુરુષોએ આવા પર્વની યોજના કરી છે, કારણ કે જ્ઞાનીની આજ્ઞા ઉઠાવવામાં, સત્સંગ ભક્તિ આદિના પ્રસંગોમાં વિઘ્ન કરનાર કષાય છે તે દરેકને પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. તે કષાય ઘટે અને જ્ઞાનીની આજ્ઞા પ્રત્યે જીવોની વૃત્તિ દોરાય, લોકોમાં એમ કહેવાય કે જ્ઞાનીના ઉપાસક બહુ સહનશીલ, ખમી ખૂંદનારા, પરોપકાર કરનારા અને બીજાને સારે રસ્તે ચડાવનારા છે એવું આપણું વર્તન બને તેવો પ્રયત્ન કરતા રહેવા આપ સર્વ ભાઈબહેનોને ભલામણ છેજી. લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દીનદાસ ગોવર્ધનના વંદન.

---

૩૬૯ અગાસ, ભાદરવા સુદ ૬, ૧૯૯૮

જે કંઈ કરીએ તે એક આત્માર્થે કરવાની પ. પૂ. પ્રભુશ્રીજીની શિખામણ હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છેજી; અને ગમે તેટલું કરીએ તોપણ મારાથી કંઈ બનતું નથી એવી વિનયભાવના હૃદયમાંથી ન ખસે તે ચૂકવા યોગ્ય નથીજી. મારે તમારે બધાને આટલી અગત્યની વાત લક્ષમાં રાખી પ્રવર્તવાનું બનશે તો જરૂર પરમકૃપાળુદેવની કૃપાથી આપણું આત્મકલ્યાણ થયા વિના નહીં રહે એવી હૃદયની દૃઢ શ્રદ્ધા આપને, આપે જણાવેલા પત્રના ઉત્તરરૂપે લખી છે તે લક્ષમાં રાખવા ભલામણ છેજી. વ્યવહારના પ્રસંગો પ્રારબ્ધ-અનુસાર આવી પડ્યા છે તેમાં નહીં મુઝાતાં, મનમાં સ્મરણધારા વહ્યા કરે એવી ટેવ પાડવાનો પુરુષાર્થ યથાશક્તિ કરતા રહેશો તો તે બને તેવું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૭૦ અગાસ, ભાદરવા સુદ ૬, ૧૯૯૮

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ અત્યંત કરુણાથી અતિ દીર્ઘદૃષ્ટિએ વિચારીને આ પર્યુષણ-પર્વની મર્યાદા ભાદરવા સુદ પૂર્ણિમા સુધીની રાખી છેજી, તો બાકીના દિવસોમાં દરરોજના નિત્યનિયમ ઉપરાંત 'સમાધિસોપાન'માંથી દશલક્ષણધર્મ નામના પ્રકરણમાં દશ ધર્મનું વર્ણન છે તે થોડે થોડે વાંચવા, વિચારવા અને બને તેટલું અમલમાં મૂકવા ભલામણ છે. અને ચૌદસને દિવસે યથાશક્તિ ઉપવાસ કે એકાશન તપ કરી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની ભાવપૂર્વક બધાં મળી પૂજા ભણાવવાનું કે પારાયણ કરવાનું રાખો તો આત્મહિતવર્ધક છેજી અને પૂર્ણિમાને દિવસે પણ પારણા પછી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર મોટા વચનામૃતમાં અર્થસહિત છાપેલ છે તે વાંચવા વિચારવાનું રાખશો તો ઘણી આત્મ-ઉજ્જ્વળતા થવા સંભવ છેજી.

પહેલાં [1]સ્મરણમાળા સંબંધી સૂચના કરી હતી તે ક્રમ શરૂ ન કર્યો હોય તો પ્રમાદ તજી કરતા રહેવા ભલામણ છેજી. પત્રમાં કંઈ ઉલ્લેખ નથી કર્યો તેથી સૂચન કર્યું છે. ન બને એવું નથી. જીવ ધારે તે કરી શકે એમ છે, પણ ધારવું અઘરું થઈ પડ્યું છે; કારણ કે પુરુષાર્થવીર્ય મંદ હોય ત્યાં શું બને? સત્સંગે જીવ બલવાન થાય છે પણ તેવો યોગ ન બને ત્યાં સુધી તેની ભાવના નિરંતર રાખવી ઘટે છેજી. જેની જેવી ભાવના, તેવી સિદ્ધિ તેને અવશ્ય પ્રાપ્ત થાય છે, માટે ભાવનામાં ભિખારી ન બનવું. ઉત્તમ ભાવના અખંડ રાખી હાલના સંયોગોમાં બને તેટલો સત્પુરુષાર્થ કરતા રહેવાનો દૃઢ નિશ્ચય દરેક મુમુક્ષુએ કર્તવ્ય છેજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૭૧ અગાસ, તા. ૧૯-૯-૪૨

ક્ષમા શૂર અરિહંત પ્રભુ, ક્ષમા ધર્મનો સાર,
ક્ષમાઅર્થી યાચે ક્ષમા, ક્ષમા અર્પે ઉદાર.

"તીર્થશિરોમણિ સત્શાંતિપ્રેરક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણ-કમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારી ગયા કાળથી આજ દિન પર્યંત જાણતાં-અજાણતાં, પ્રત્યક્ષ કે પરોક્ષમાં આપનામાંથી કોઈના પ્રત્યે અયોગ્ય વર્તાયું

---

૧. જુઓ પત્રસુધા પત્ર નં. ૩૪૨

હોય અને દિલ દુભાયું હોય તેની સંવત્સરી સંબંધી ઉત્તમ ક્ષમા આપવા પરમકૃપાળુદેવની સાક્ષીએ અતિ નમ્રભાવે વિનંતી કરું છુંજી. તેમ જ તમારામાંના કોઈ સંબંધી સાંભળી કરીને કંઈ બીજો ભાવ આવ્યો હોય તે ભૂલી, સર્વને પરમકૃપાળુદેવના આરાધક આત્માઓ માની મન નિઃશલ્ય કરું છું, સર્વ ભૂલી સર્વનું આત્મહિત થાઓ એવી ભાવના કરું છુંજી.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો બોધ સાંજના વંચાય છે તેમાં જણાવે છે કે "પરમકૃપાળુદેવે અમને જણાવેલું કે 'હે મુનિ ! જોયા કરો.' તેમ ન કરતાં જો પરમાં માથું મારીએ તો શિંગડાં ભરાઈ જાય અને તેથી છૂટતાં મહામુશ્કેલી પડે." આ બોધ આપણુ સર્વેએ પોતાના આત્મા માટે ગ્રહણુ કરવો ઘટે છેજી. જોકે જોયા કરવું એ ઊંચી હદની વાત છે, પરંતુ શિંગડાં ભરાયાં છે તે કળે કળે કરીને કાઢી લેવાનાં છે. પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે સત્સંગમાં અનેક માણુસો હોય તોપણુ એકાંત છે કારણુ કે બધા એક જ હેતુએ એકઠા થયા છે. તે લક્ષ રાખી સત્સંગનું સેવન વિશેષ વિશેષ કરતા રહેવા ભલામણુ છેજી. એકાંત સ્થળ પરમકૃપાળુદેવની કૃપાથી ત્યાં બની આવ્યું છે. ત્યાં એક જ આત્મહિતના લક્ષથી નિયમિત જવાનું રાખશો તો જરૂર કલ્યાણુ થયા વિના નહીં રહે. કોઈને માટે ધર્મ કરવાનો નથી. જેને હૃદયમાં પોતાનું હિત સાધી લેવાની ઇચ્છા હશે તે સત્સંગ શોધતો રહેશે અને તેની ઇચ્છાના પ્રમાણુમાં મળી પણુ રહેશે. 'જ્યાં સંપ ત્યાં જંપ' એમ કહેવાય છે તો આ પર્યુષણુપર્વ આવીને ગયા પણુ કષાય ને પ્રમાદને કારણે બધા એકત્ર ન થઈ શક્યા. તો હવે તે કારણો દૂર કરી ભક્તિનો રંગ જે પ્રતિષ્ઠા વખતે દેખાતો હતો તે સંભારી ફરી જાગ્રત થવા ભલામણુ છેજી. ધન ખર્ચવું સહેલું છે પણુ માન મૂકી, અણુબનાવ ભૂલી જઈ, બધા પરમકૃપાળુદેવનાં સંતાન છે એમ દૃષ્ટિ રાખી, કંઈ પોતાને વિપરીત ભાવ થઈ આવ્યો હોય તે પરસ્પર ખમાવી, એક પિતાના પરિવારની પેઠે હળીમળીને ભક્તિ કરો છો એવા તમારા પત્રની રાહ જોઉં છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૭૨ અગાસ, તા. ૨૨-૯-૪૨

પરમકૃપાળુદેવે પર્યુષણુપર્વની મર્યાદા પૂર્ણિમા સુધી જણાવી છે તથા અહીં પણુ તે ક્રમ આરાધનાનો ચાલુ છેજી. કષાય ઘટે તેટલું કલ્યાણુ છે, એમ પરમકૃપાળુદેવે કહ્યું છે તે લક્ષમાં રાખી, મૈત્રીભાવ વધે અને ક્લેશના કારણો નિર્મૂળ થાય તે ઉપર લક્ષ રાખવા સર્વ ભાઈ-બહેનોને વિનંતિ છેજી. અમુક સાથે તો મારે અબોલા, અણુબનાવ કે વહેવાર પ્રત્યે જેના ઊંચા મન છે એમ હોય તે વિચારી દરેકે પોતાના આત્મહિત માટે નમતું મૂકી કંઈક ઘસાઈને કે તેને પગે પડીને પાઘડી ઉતારીને પણુ વૈરભાવ ન રહે તેમ પ્રજ્ઞાપૂર્વક કર્તવ્ય છે. માત્ર ઉપર ઉપરથી દેખાવ કરવા નહીં પણુ સાચા દિલથી બીજાના દોષ માફ કરીને તથા પોતાના દોષની ક્ષમા માગીને આ પર્વને સફળ કરવા યોગ્ય છેજી. પરમ વિનયપણું આપણે સર્વ પામીએ એ જ પરમકૃપાળુદેવ પ્રત્યે પ્રાર્થના છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૭૩ અગાસ, તા. ૨૨-૯-૪૨

પરમકૃપાળુદેવના યોગબળે સર્વનું કલ્યાણુ થાઓ એવી ખરા અંતઃકરણુની ભાવના છેજી. મોટા મોટા મુનિવરોને પણુ મહાજ્ઞાની એવા તીર્થંકરે જાગ્રત જાગ્રત રહેવા ભલામણુ

આપી છે તો આપણે બનતા બનાવોમાંથી, સારાં નિમિત્તોથી દૂર ન રહેવાય તેવી શિખામણ ગ્રહણ કરવા યોગ્ય છેજી. નિમિત્તાધીન વૃત્તિ ચલિત થઈ જાય તેવી હજી આપણી વૃત્તિ હોવાથી સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્‌વિચાર અને સત્પુરુષાર્થપરાયણ રહેવાની અતિ અતિ આવશ્યકતા મને તો સમજાય છેજી. આપ વારંવાર લખો છો કે વ્યવહારના સંયોગો, મુશ્કેલીઓ અણધારી આવી પડે છે; પણ તે તે પ્રસંગોને જોઈએ તે કરતાં વિશેષ મહત્ત્વ અપાય છે અને સત્સંગ-ભાવનારૂપ કોમળ છોડની સંભાળ ઓછી લેવાય છે એમ લાગે છે. વ્યવહારરૂપ જટિલ વૃક્ષને બહુ પોષ્યું છે અને તેના જેટલી આ નવીન છોડની સંભાળ લેવાય તે માટે શું કરવા વિચાર રાખ્યો છે?

---

૩૭૪ અગાસ, તા. ૨૨-૯-૪૨

તમારો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. તમે તમારા અનિશ્ચિત મનને હાલ તો બને ત્યાં સુધી ભક્તિમાં રોકતા રહો, એ જ ખાસ તો ભલામણ છેજી. ઉતાવળા થવા યોગ્ય નથી. હજી તમારી ઊગતી જુવાની છે, એટલે મનુષ્યભવની કેટલી કિંમત છે તેની તમને ઝાઝી ખબર નથી. એક એક પળ રત્નચિંતામણિ કરતાં અધિક કીમતી છે, તેને માત્ર વિષયભોગ કે ધન અર્થે ગાળી નાખવા યોગ્ય નથી. શા માટે આપણે આ ભવમાં આવ્યા છીએ અને શું કરીએ છીએ? તેનો વિચાર કરવાનું કોઈ ભાગ્યશાળીને સૂઝે છે. નહીં તો શરીરની જ કાળજી અને પંચાતમાં ઘણા જીવોનાં આખાં જીવન વ્યતીત થઈ જાય છે અને અચાનક મરણ આવીને ઊભું રહે ત્યારે ગભરાઈ જાય છે. માટે ફરજ ન પડે ત્યાં સુધી આર્યભૂમિનો કાંઠો તજવા યોગ્ય નથી. અનાર્યભૂમિમાં સત્સંગનો દુકાળ છે. પત્રવ્યવહાર આદિ બંધ થઈ જવાના પ્રસંગોનો સંભવ છે. એવા વખતમાં જાણીજોઈને કેદમાં જનાર જેવી દશા હાથે કરી શા માટે વહોરી લેવી? લોભને મંદ કરી, આર્યક્ષેત્રમાં વિશેષ વસવું થાય તે હિતકારી જાણી, સામાન્ય સલાહ તમે માગી તેથી જણાવી છે. પછી જેમ પ્રારબ્ધ હોય તેમ બનશે. કોઈ પણ કામ કરતાં પ્રથમ આત્મહિત કેટલું સધાય તેમ છે તે પણ વિચાર કર્તવ્ય છે, પછી પૈસા આબરૂ વગેરે. એ જ

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૭૫ અગાસ, તા. ૨૪-૯-૪૨

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૫, ૧૯૯૮

આપનો ક્ષમાપના પત્ર મળ્યો. તે વાંચી આપની ભાવના પત્ર માટે જાણી આ પત્ર લખ્યો છે તે વાંચી કંઈ વિષમ ભાવ ઉદ્‌ભવવા સંભવ નથી છતાં કષાયયુક્ત વચન લખાય કે કોઈ કર્મના યોગે તેમ સમજાય તો ફરી તેની પણ ક્ષમા ઇચ્છું છુંજી. માત્ર અનુકંપાબુદ્ધિથી ટૂંકામાં ટૂંકું લખું છું.

તમે વર્તમાન સંજોગોમાં છો તેવા સંજોગોમાં કર્મવશાત્ હું હોઉં અને જો મને સત્-પુરુષનો યોગ થયો હોય તો જરૂર હું તો પૂર્વના ગમે તેવા સંસ્કાર જાતિસ્મૃતિજ્ઞાનથી જાણતો હોઉં તોપણ જે બાઈએ આત્મજ્ઞાની પુરુષની સાક્ષીએ જીવતા સુધી બ્રહ્મચર્ય પાળવાનું વ્રત લીધું છે તેને તે વ્રત તોડવામાં મદદરૂપ કદી જીવ જાય તોપણ સંમત ન થાઉં. જો મારા

પુરુષવેદનું બળવાનપણું જણાય તો તેને કોઈ પણ પ્રકારે રોકું. તેમ ન બને તો કોઈ જગતમાં મને ઇચ્છતી અન્ય સ્ત્રી હોય, મળી આવે તો તેની સાથે લગ્ન કરું, પણ જેણે સત્પુરુષની સાક્ષીએ વિષયોને ઓકી નાખ્યા છે, તે પોતાની ઇચ્છાએ મને વીનવે, 'મારે માથે બધું પાપ' એમ દેવગુરુની સાક્ષીએ કહે તોપણ તેનો સંગ પ્રાણ જતાં પણ હું તો ન કરું; કારણ કે તેના જેવું ભયંકર બીજું કોઈ પાપ મને નરકે લઈ જનારું જણાતું નથી.

શાસ્ત્રોમાં તો આમ કહ્યું છે: "જ્ઞાનનો નાશ થવાથી અથવા વિવેક ચક્ષુનો નાશ થવાથી જ સ્ત્રીના મહા દુર્ગંધી નિંદ્ય શરીરમાં રાગી બની જીવ તેનું સેવન કરે છે, કામથી અંધ બની મહા અનીતિ કરે છે, પોતાની કે પરની સ્ત્રીનો વિચાર પણ કરતો નથી. 'આ દુરાચારથી આ લોકમાં પણ હું માર્યો જઈશ, રાજા ભારે શિક્ષા કરશે, મારી આબરૂના કાંકરા થશે, મારી ધર્મ-કરણીમાં ધૂળ પડશે, હું ધર્મભ્રષ્ટ થઈશ, બુદ્ધિભ્રષ્ટ થઈશ અને ભૂંડા મોતે મરીને નરકે જઈશ, ત્યાં અસંખ્યાતકાળ પર્યંત ઘોર દુઃખ ભોગવવાં પડશે, વળી તિર્યંચગતિ(ઢોરપશુ આદિ)ના અનેક ભવમાં અસંખ્ય દુઃખ ભોગવવાં પડશે; કદાચ મનુષ્ય થઈશ તો આંધળો, લૂલો, કૂબડો, ગરીબ, અપંગ, બહેરો, બોબડો થઈશ; ચંડાળ, ભીલ, ચમાર આદિ નીચ કુળોમાં જન્મવું પડશે; ત્યાંથી વળી ઝાડ, પહાડ આદિ સ્થાવર જંગમ જંતુ થઈને અનંત કાળ સુધી જન્મમરણનાં દુઃખ ભોગવવાં પડશે' આવો સત્ય વિચાર કામીને ઊપજતો નથી."

જો શીલ સાચવવું હોય, ઉજ્જ્વળ યશ ઇચ્છતા હો, ધર્મનો ખપ હોય અને પોતાની આબરૂ રાખવા ઇચ્છતા હો તો આ ઉપર જણાવેલી શાસ્ત્રની શિખામણ માની "ભૂલ્યા ત્યાંથી ફેર ગણ સમજ્યા ત્યાંથી સવાર" ગણી આજથી ચેતી જાઓ, પાછા વળી જાઓ; અને બ્રહ્મચર્ય-ભાવને જીવન પર્યંત ટકાવવાના નિશ્ચય ઉપર આવી જાઓ; તો જેમ તમે ઉપર ઉપરથી કહો છો કે વિષય માટે અમે પ્રેમ નથી જોડ્યો તે ખરું પડે. સારી સત્સંગતિ વિના આ કાળમાં બ્રહ્મચર્ય પાળવું દુર્લભ છે. સાથે રહીને તેમ પાળવા ધારણા રાખી હશે તોપણ તેવા લાલચના પ્રસંગમાં ધૂળ સાથે મળી જતાં વાર ન લાગે તેવો જીવનો સ્વભાવ ભગવાને દેખીને સાધુને પણ નવ વાડ કહી છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૭૬ અગાસ, તા. ૨૮-૯-૪૨

તત્ ૐ સત્ ભાદરવા વદ ૫, મંગળ, ૧૯૯૮

તમારા કાર્ડથી તમારી શરીરસંપત્તિ ક્ષીણ થતી જાણી ધર્મપ્રેમને લઈને ખેદ સહિત વૈરાગ્યનું કારણ બન્યું છેજી. પણ તમારા ભાવો મહારોગથી પણ દબાય તેવા નથી એમ જાણી સંતોષ થયો છેજી. તમે ગઈ વખતે આવ્યા ત્યારે 'તત્ત્વજ્ઞાન' લેતા ગયા હો તો તેમાં છેલ્લે પાને તમને લખી આપ્યું હશે. તે નિત્યનિયમાદિ અક્ષરશઃ પ્રાણ ટકે ત્યાં સુધી નહીં ચૂકવા ભલામણ છેજી. તેમાં સાત અભક્ષ્યના ત્યાગ વિષે લખી આપ્યું હોય તે ફરી વાંચી જજો. જો સાતે અભક્ષ્યનો ત્યાગ પ્રતિજ્ઞાપૂર્વક તમે કર્યો હોય તો તમે પુછાવેલી દવામાંથી કોઈનું સેવન થઈ શકે તેમ નથી, એમ ગણી સંતોષ રાખી બીજી બને તે દવાઓ કરતા રહેવા ભલામણ છેજી. જો તમે મધ, માખણમાંની કોઈ ચીજ દવા માટે વાપરવા છૂટ રાખી પાંચ કે છ ચીજોનો

ત્યાગ કર્યો હોય, તો જેની પ્રતિજ્ઞા નથી લીધી તે વસ્તુ વાપરવામાં પ્રતિબંધ નથી; અને તેમ જ હોય તો દહીંમાંથી સંચા કે વલોણી દ્વારા વલોવી તાજું માખણ દવા કે ખોરાક તરીકે વાપરી શકાશે. બે ઘડીની અંદર એટલે ૪૮ મિનિટ પહેલાં વાપરી લેવું. તેથી વિશેષ રાખી મૂકવું નહીં. પછી અનેક જંતુઓથી ઊભરાતું, માંસ તુલ્ય તેને શાસ્ત્રમાં વર્ણવ્યું છેજી. બજારમાં મળતા ડબા વગેરે તો કદી વાપરવા યોગ્ય નથી. પ્રશ્ન પ્રતિજ્ઞાનો છે. નિર્દોષ વસ્તુ પણ નહીં વાપરવાનો નિયમ લીધા પછી જો દવા માટે પણ વાપરે તો પ્રતિજ્ઞાભંગનો મોટો દોષ લાગે છે. વ્યવહારમાં વચન આપેલું સજ્જન પાળે છે તો સદ્ગુરુસાક્ષીએ લીધેલો નિયમ પ્રાણ જતાં પણ તોડવો ઘટે નહીં.

"ધર્મ અર્થે ઈહાં પ્રાણનેજી છાંડે, પણ નહીં ધર્મ,
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ."

તમે માખણ નહીં ખાવાની પ્રતિજ્ઞા જો ન લીધી હોય તો ઉપર જણાવ્યા પ્રમાણે તાજું માખણ લેવામાં દોષ નથી, તે લક્ષમાં રાખવા ભલામણ છેજી, અને પ્રતિજ્ઞા લીધી હોય તો માખણ કંઈ જીવનની વૃદ્ધિ કરી શકે તેમ નથી. આયુષ્ય બાંધેલું છે, તેથી વધારવા કોઈ દવા કે દાક્તર સમર્થ નથી એવો દૃઢ વિશ્વાસ રાખી પ્રતિજ્ઞારૂપ ધર્મ મરણપર્યંત ટકાવવા ભલામણ છેજી.

---

૩૭૭ અગાસ, ભાદરવા વદ ૧૦, રવિ, ૧૯૯૮

તીર્થશિરોમણિ પરમ ઉપકારી પુરુષના પ્રગટ સ્મારકરૂપ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી.

પરમકૃપાળુદેવ લખે છે – "રાગદ્વેષનાં પ્રત્યક્ષ બળવાન નિમિત્તો પ્રાપ્ત થયે પણ જેનો આત્મભાવ કિંચિત્‌માત્ર પણ ક્ષોભ પામતો નથી, તે જ્ઞાનીના જ્ઞાનનો વિચાર કરતાં પણ મહાનિર્જરા થાય, એમાં સંશય નથી." (૭૩૬) તો તે જ્ઞાન શું કામ કરતું હશે? એમ વિચાર આવે કે તે અવિષમ ઉપયોગને ટકાવી રાખતું હશે અથવા પરમસુખ સ્વરૂપ પરમોત્કૃષ્ટ શાંત શુદ્ધ ચૈતન્યસ્વરૂપને સર્વકાળને માટે પામ્યા (એવા) તે ભગવંતના પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ રાખતું હશે. તો તે લક્ષ આપણે રાખવા યોગ્ય છે કે કેમ? જે પરમપુરુષનો આપણને કોઈ મહા પ્રબળ પુણ્યને યોગે કે ધર્માદાની ડૂબકીની પેઠે અચાનક યોગ થઈ ગયો છે, તેમની અપૂર્વ શાંતિપ્રેરક મુખમુદ્રાનાં પ્રત્યક્ષ દર્શન થયાં છે, હૃદયને આહ્લાદ તથા પરમ ઉત્સાહ આપનાર અમૃત સમાન બોધધારાનું જેમની નિષ્કારણ કરુણાથી આ નિષ્પુણ્યક જીવને શ્રવણ થયું છે, જેમની શીતળ છાયામાં આ જીવે ત્રિવિધ તાપથી બળતાં અનુપમ શાંતિ અનુભવી છે, વિશ્રાંતિ લીધી છે તે પરમ ઉપકારી પ્રગટ પ્રભાવશાળી પ. પૂ. પ્રભુશ્રીજીની અનંત ઉપકારી અંતરૂશાંતિને વારંવાર હૃદયમાં વસાવીને આ ત્રિવિધ તાપથી બળતા જીવને બચાવવારૂપ સ્વદયા કરવાનો આટલો આ આથમતા દિવસ જેવા અલ્પકાળમાં લાભ લઈ લેવા જેવો છે, કે પરિગ્રહ-રૂપ પાપમાં ને પાપમાં પોતાને રગદોળતા આવ્યા છીએ; અનંતકાળથી તેના પ્રત્યે શત્રુતા કૂરતા વર્તાવતા આવ્યા છીએ તેમ જ વર્તતા રહી અંતસમય સુધી અસમાધિના જ કારણો

સેવતા રહેવાનું ધાર્યું છે? આવો આત્મહિત કરવાનો અવસર ફરી ફરી પ્રાપ્ત થતો રહેશે એવી કંઈ નિરાંત અંતરમાં વળી છે? કે મોહનિદ્રાના ઘેનમાં જ ઠગાતા આવ્યા છીએ તેમ આંખો મીંચી ઠગાયા જ કરીએ છીએ? કેવો વ્યાપાર ચાલે છે તે પ્રત્યે ઊંડા વિચારે દૃષ્ટિ દેવા ભલામણ છેજી. તથા મારે તમારે અતિ અતિ જાગૃતિપૂર્વક આ અમૂલ્ય અવસરનો સદુપયોગ થાય તેમ કરવાની અતિ અતિ આવશ્યકતા છેજી. પરમપુરુષની આજ્ઞાનું અલ્પ પણ ઉઠાવવું બનશે તો જરૂર તે આ જીવને અંત વખતે અને પરભવમાં બહુ કામ આવશેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

378 અગાસ, તા. ૯-૧૦-૪૨

તત્ ૐ સત્ ભાદરવા વદ ૧૪, શુક્ર, ૧૯૯૮

તીર્થશિરોમણિ ધર્મપ્રેમપોષક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-અગાસથી લિ. સત્પુરુષના ચરણ-કમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બ્રહ્મચારી બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી.

'શ્રી સદ્ગુરુપ્રસાદ' ગ્રંથ મોકલ્યો છે તે અપૂર્વ પુસ્તક માની તેમાંના ચિત્રપટનાં વારંવાર દર્શન કરવા યોગ્ય છે, તથા સ્વહસ્તે લખેલા પત્રો પણ ઉલ્લાસભાવે બને તો વાંચવા, મુખપાઠ કરવા લાયક છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ પોતાનો દેહ ન હોય ત્યારે મુમુક્ષુને સંભારણા-રૂપે એ પ્રસાદીનું પુસ્તક આપવા કરાવી રાખેલું હતુંજી. તે માંદગી હોય ત્યારે દર્શનપોથીની પેઠે પાસે રાખી તેમાંથી દર્શન કરતા રહેવાથી તથા જે માંદા હોય તેને દર્શન કરાવવાથી ભાવ સત્પુરુષની આત્મદશા પ્રત્યે વળતાં સમાધિમરણનું તે કારણ થાય તેમ છે, એવું તેઓશ્રીએ જણાવેલું છેજી. તેમાં વીસ દોહરા, યમનિયમ, આત્મસિદ્ધિશાસ્ત્ર છે તે તમે મુખપાઠ કરેલ છે, એટલે તેમાં જોઈને વાંચતાં પરમકૃપાળુદેવના અક્ષરો વાંચતાં શીખી જવાશેજી. તથા કેટલાક પત્રો સમાધિ-સોપાનમાં પાછળ છાપેલા છે તે પણ 'શ્રી સદ્ગુરુપ્રસાદ'માં લખેલા છે, તે જોઈ જોઈને શ્રી સદ્ગુરુપ્રસાદ પણ વાંચતાં શીખી શકાશે; ન ઊકલે તો હાલ ગભરાવું નહીં. અહીં આવશો ત્યારે બધું બની રહેશે. પણ દર્શન કરવાનું અને સમાધિમરણ માટે માળા ફેરવવાનું ચાલુ રાખવા ભલામણ છેજી. વખત મળે તેટલો આજ્ઞા ઉઠાવવામાં ગાળવો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

379 અગાસ, તા. ૯-૧૦-૪૨

તત્ ૐ સત્ ભાદરવા વદ ૧૪, શુક્ર, ૧૯૯૮

તીર્થશિરોમણિ સદ્વિચારપ્રેરક તથા પોષક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બ્રહ્મચારી ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી. વિ. તમને આ બાજુ આવવાનો વિચાર થોડા દિવસોમાં છે એમ સાંભળ્યું તો જણાવવાનું કે માણેકઠારી પૂર્ણિમા પર અવાય અને પડવાને દિવસે રહેવાય તેમ આવવા વિચાર રાખવા વિશેષ હિતકારી જાણી જણાવ્યો છે. કારણ કે તે બન્ને દિવસો મહોત્સવના છે. બાકી જ્યારે અવાય ત્યારે હિત તો જરૂર થાય તેમ છેજી. વળી સાંભળ્યું કે

શાળા બંધ હોવાથી ઘેર જ રહેવાનું થાય છે. તો જો ખેતીનું ખાસ કામ ન હોય તો સત્સંગ અર્થે જ આ વખત મળ્યો છે એમ ગણી એકાદ-બે માસ આવીને રહેવાનું બને તેમ ગોઠવણ કરી લેવા ભલામણ છેજી. બીજી વૅકેશન ઉપર મુલતવી રાખવા યોગ્ય નથી. કારણ કે કાળનો ભરોસો નથી. લીધો કે લેશે એમ થઈ રહ્યું છે. આખું જગત અશાંતિમાં બળ્યા કરે છે, તેમાંથી બચવા તથા ચિત્ત કોઈ બીજા હિતકારી માર્ગને પ્રિય ગણે તેવું ટેવાવા માટે કેટલાક અવકાશની જરૂર હતી અને છે; તે અવસર પ્રારબ્ધયોગે હાલ પ્રાપ્ત થયો છે તો નકામો વહ્યો ન જાય. શરમમાં કેમ કાકાને કહેવાય વગેરે મનમાં આણ્યા વિના સ્પષ્ટ વિચાર દર્શાવવો કે થોડો વખત મારે અગાસ રહેવા વિચાર છે. મનમાં અહીં નહીં ગમે એ ડર પણ રાખવાની જરૂર નથી. એકાદ દિવસ વખતે એમ લાગે પણ જો અમુક મુદ્દત માટે રહેવાનો વિચાર હશે તો કેમ દિવસ ગાળવો તેનો કાર્યક્રમ ગોઠવવામાં બનતી મદદ મારાથી થશે તે કરવા વિચાર છે. પછી જેમ ભાવિમાં હશે તેમ થશે. અહીં આવી જવાથી હિંમત, વિચાર અને ધીરજમાં વૃદ્ધિ થશે, મન શાંત થશે, વ્યાકુળતા ઓછી થવાથી મનની નિર્મળતા વધશે અને જે કરવા યોગ્ય ભાસશે તે નિશ્ચિતતાથી થશે, પણ મુલતવી રાખવાની ટેવવાળાને તેની શાણી સ્ત્રીએ શિખામણ આપી સુધાર્યો હતો એવી એક કથા થોડા વખત ઉપર વાંચી હતી તેનો સાર લખું છુંજી.

એક વણિક ધન કમાવામાં કુશળ હતો, પણ વાપરતાં તેનું ચિત્ત ચાલે નહીં. તેની સ્ત્રી વિચારવંત હતી. તે વારંવાર કહ્યા કરતી કે આપણે જેમ ધન વડે કપડાં, ખોરાક આદિ અનુકૂળતા મેળવી સુખી થઈએ છીએ તેમ બીજા જેમને જરૂર હોય તેમને માટે આપણું ધન વપરાય તો ઠીક તથા આપણું ખાસ ધન કે મૂડી તો મનુષ્યભવ છે તે દિવસે દિવસે ખૂટી જતું રહે છે તેનો સત્સંગ, સત્શાસ્ત્રશ્રવણ, સત્સમાગમ તથા સત્યવ્રત આદિ અર્થે ઉપયોગ થાય તો ઉત્તમ ગણાય. પણ બૈરીનું કહેલું કોણ માને? તે કહે, "ઠીક, ઠીક, એનો વખત આવશે ત્યારે એ કરીશું. એની શી ઉતાવળ છે?" તે સાંભળી તે સ્ત્રીએ વિચાર્યું કે પ્રયોગ-યુક્તિ વિના તે માનશે નહીં, પણ તેવો પ્રસંગ આવ્યે તેનો અમલ કરવા તેણે વિચાર કરી રાખ્યો. થોડા દિવસો પછી તે ભાઈ બહુ માંદા થઈ ગયા એટલે દાક્તરને બોલાવી દવા લખાવી તથા દવાખાનામાંથી દવા મગાવી કબાટમાં રાખી મૂકી, પણ દરદીને આપી નહીં. એટલે તે વણિકે ઉતાવળ કરતાં કહ્યું કે દવા આણી છે કે નહીં? તે બાઈએ કહ્યું કે હા, આણી છે. તો કેમ પાવી નથી? એમ તેણે કહ્યું. એટલે બાઈ બોલી, "હમણાં ને હમણાં શી ઉતાવળ છે?" તેથી તેણે કહ્યું, "કેમ મરી ગયા પછીથી પીવાની દવા છે?" બાઈએ કહ્યું કે, "ધર્મ કરવાની આપણે ઉતાવળ નથી તો દવાની ઉતાવળ કરવાની શી જરૂર છે? શું મરી ગયા પછી ધર્મ કરવા યોગ્ય છે?" આ વાત સાંભળી તેને વિચાર આવ્યો કે આની શિખામણ ઉત્તમ હતી છતાં મેં લક્ષમાં લીધી નહીં. કારણ કે 'સો રૂપિયે અઢી શેર કેફ' કહેવાય છે તેમ તે વખતે તેની સલાહનો વિચાર કરવાનો મને અવકાશ પણ નહોતો. આ માંદગીએ તે વખત આપ્યો અને તેની સલાહ વિચારતાં ઉત્તમ લાગે છે. કારણ કે આયુષ્ય ક્ષણભંગુર છે તો પ્રથમ ધર્મકર્તવ્ય સમજી લેવું ઘટે છે અને ધર્મપ્રેમ પ્રગટ્યા પછી યથાશક્તિ કરતા રહેવાની જરૂર

છે. માટે આ માંદગીમાંથી ઊઠીને પહેલું કાર્ય મારે ધર્મ સમજવા સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્ગુરુનો સમાગમ વગેરે આદરવાં ઘટે છે. એમ વિચારી તે બાઈની યુક્તિને ધન્યવાદ આપ્યો. પછી દવા વાપરતાં રોગ દૂર થયો અને બન્ને બાઈ-ભાઈ સત્સંગપ્રેમી બની પોતાની યથાયોગ્ય ફરજો અદા કરવા લાગ્યાં.

જ્યારથી જીવને સમજણ આવે છે ત્યારથી તે પોતાનાં કપડાં આદિ વસ્તુઓ સંભાળે છે, સગાંકુટુંબીઓનાં મન સાચવે છે, ધન વગેરેની વ્યવસ્થા વિચારે છે, કુટુંબકીર્તિનો વિચાર કરી વર્તન રાખે છે, ધંધા વગેરેની કાળજી રાખે છે, તો ધર્મની સંભાળ કરવાની તેની ફરજ છે કે નહીં તે સત્સંગ વિના સૂઝતું નથી. વહેલે કે મોડે એ કામ પોતાને જાતે જ કરવું પડશે. કોઈ કરી આપે તેવું એ કામ નથી. કોઈને ધન ન હોય તો ધીરનાર મળે, માંદો હોય તો ચાકરી કરનાર મળે, ભૂખ્યો હોય તો ખાવા આપનાર મળે, પણ પોતાના આત્માના હિતનું કામ કોઈના દ્વારા કરાવી શકાય તેવું નથી. તે તો બાપ કરે તો બાપ પામે, પુત્ર કરે તો તેને જ કામ આવે, સ્ત્રી કરે તો સ્ત્રીનું હિત થાય. પણ એક કરે ને બીજાને મળે તેવું આત્મવિચારમાં બની શકે તેમ નથી. માટે વહેલુંમોડું એ આપણું કામ આપણે જ કરવું રહ્યું તો તેમાં મુલતવી રાખવામાં શો લાભ છે? ઘર બળતું હોય તેમાંથી જેટલું બહાર કાઢી દૂર મૂકીએ તેટલું બળતામાંથી બચ્યું, પણ કાઢીશું કાઢીશું કરતાં તો બધું બળી જાય, પછી શું કામ આવે? માટે બને તેટલો બચતો વખત આત્મહિત સાધવામાં વાપરવાની કાળજી સમજુ જનોએ રાખવી ઘટે છે. છોકરવાદમાં જે વખત ગયો તે કરોડો રૂપિયા આપ્યે પણ પાછો આવતો નથી, માટે સમય છે તે જ ખરી સંપત્તિ છે. Time is more than money. એ સૂત્ર સ્મૃતિમાં વારંવાર આણી, ધન કરતાં આ અમૂલ્ય અવસર વધારે કીમતી ગણી, તેનો કોઈ જ્ઞાનીની આજ્ઞા અનુસાર ઉપયોગ થાય તેવી કાળજી પુરુષાર્થ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૩૮૦** અગાસ, તા. ૧૦-૧૦-૪૨

आपका पत्र तथा मनीऑर्डरसे रु. २०/- प्राप्त हुआ। आपकी संतोषवृत्तिसे संतोष हुआ। जैसी जिसकी भावना है वैसा ही उसका फल स्वयं प्राप्त होता है। निःस्पृही, निर्मोही परमपुरुषका अनुयायी वैसा ही होता है। वह रकम एक परमकृपालुकी भक्तिमें रक्त भक्तजनके उपयोगमें आ चुकी है। सच्ची रकम तो यह मनुष्यभवरूप मूडी है उसका उत्तम उपयोग परमपुरुषकी आज्ञामें लगानेसे होता है।

---

**૩૮૧** અગાસ, તા. ૧૩-૧૦-૪૨

તત્ ૐ સત્ આસો સુદ ૪, મંગળ, ૧૯૯૮

પરમ ઉપકારી અહો! રાજચંદ્ર ગુરુદેવ;
જેને શરણે જીવતાં, ટળતી ભવભય ટેવ. ૧
શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રરૂપ, ગંગા આવી ઘેર;
ભવભવનાં પાપો હરે, આપે શિવસુખ લ્હેર. ૨
તન મન વચને આદરો, ભક્તિ ધરો ઉલ્લાસ;
આત્મસમાધિ કારણે, તજો સૌ લૌકિક આશ. ૩

તીર્થશિરોમણિ આત્મહિતપોષક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ સ્ટેશનથી લિ.સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બ્રહ્મચારી બાળ ગોવર્ધનના જય સદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી.

મનુષ્યભવ અત્યંત દુર્લભ છે, બહુ પુણ્યે કરીને પ્રાપ્ત થયો છે તેની એક ક્ષણ પણ નકામી જતી રહે નહીં તેની કાળજી વિચારવાન જીવે રાખવી ઘટે છેજી. ભલે ઘરેણાં-ગાંઠાં લૂંટાઈ જાય, ઘર બળી જાય કે બધી મિલકત જતી રહે, પણ આત્મહિતનું સાધન જે મનુષ્યભવનો યોગ હશે તો બધું ફરી પ્રાપ્ત કરી શકાશે, કે તેના વિના ચલવી લેવાશે. પણ જો આ માનવભવ લૂંટાઈ ગયો તો તે પ્રાપ્ત થવો અતિ અતિ દુર્લભ છે. કરોડો રૂપિયા ખર્ચતાં પણ આયુષ્ય લંબાવી શકાતું નથી. માટે જેટલી ક્ષણો જીવવાની મળી છે તેમાંથી બને તેટલી સદ્ગુરુની આજ્ઞામાં ગાળવા ખરેખરો પુરુષાર્થ, પ્રમાદ તજીને કર્તવ્ય છેજી.

આસો સુદ ૭ ને શુક્રવારથી આંબેલની ઓળી બેસે છે તે પૂનમને દિવસે પૂર્ણ થાય છે. તે દિવસોમાં લૂખો નીરસ આહાર એક વખત લઈ, આખો દિવસ ગરમ કરી ઠારેલું પાણી વાપરી વાંચન, વિચાર, ભક્તિ, મંત્રની માળા ગણવી, નવું ગોખવું, જૂનું મુખપાઠ કરેલું ફેરવી જવું, લખવું, ધર્મની વાતચીત કરવી, જાગરણ કરવું આદિ ધર્મપ્રવૃત્તિમાં રાત-દિવસમાંથી બને તેટલો આત્માર્થે કાળ ગાળવા ભલામણ છેજી.

પૂનમને બીજે દિવસે આસો વદ એકમનો દિવસ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર રચાયાનો શુભ દિવસ છે તથા તે જ તિથિ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો જન્મદિવસ છે. તે દિવસે પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ 'શ્રી સદ્ગુરુપ્રસાદ'માંથી આત્મસિદ્ધિ કાઢી ખુલ્લી મૂકીને કે તત્ત્વજ્ઞાનમાંથી આત્મસિદ્ધિ કાઢી ચિત્રપટ આગળ મૂકી મોઢેથી એક એક ગાથા બોલતા જઈ એક એક નમસ્કાર કરતા જવો; એમ શરીર ઠીક હોય તો ૧૪૨ થી ૧૫૦ સુધી નમસ્કાર ભાવપૂર્વક કરવા ઘટે છેજી. તેટલી શક્તિ ન હોય તો બને તેટલા શરૂઆતની ગાથાએ નમસ્કાર કરી પછી બેઠા બેઠા બોલતા જવું અને હાથ જોડી ચિત્રપટ આગળ નમસ્કાર કરતા જવું. આમ આખી આત્મસિદ્ધિની ભક્તિ બને તો દિવસે, અને દિવસે વખત ન મળે તો ગમે ત્યારે રાત્રે પણ તે દિવસે ભક્તિ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૮૨ અગાસ, તા. ૧૫-૧૦-૪૨

આપનો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. "નહિ બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય; કાં એ ઔષધ ન પીજીએ જેથી ચિંતા જાય ?" એ વચન અનુસાર જે થાય તે જોયા કરવાનું છે. પરંતુ જીવનો સ્વભાવ એવો થઈ ગયો છે કે જે બને છે તેમાં માથું માર્યા વગર રહેતો નથી, અને માથું મારે છે તો શિંગડાં ભરાય છે તે કાઢતાં સાતપાંચ થાય છે. એવાં જ્ઞાનીપુરુષનાં અનુભવેલાં વચનો યાદ કરી તે સંબંધી વિચાર કરવા માંડી વાળવાની વૃત્તિ રહે છેજી. તમે કંઈ શિખામણની માગણી કરી તેથી તે ઉપરથી બે બોલ લખવાનું થાય છે. બાકી તો તેવી પ્રવૃત્તિમાં રસ લાગતો નથીજી. પાણીમાં પેસે તેણે તરતાં શીખવું એ જેમ આવશ્યક

ગણાય તેમ અનાર્ય-ક્ષેત્રમાં વસવા જેવું જેનું પ્રારબ્ધ હોય તેને શું જરૂરનું છે એ વિચાર ઉદ્ભવાવી, અતિ સંક્ષેપમાં નીચે બે બોલ લખું છુંજી. પ્રથમ તો—

"ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી છાંડે પણ નહિ ધર્મ –
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ." (શ્રી યશોવિજયજી)

ધર્મ=જ્ઞાનીપુરુષની આજ્ઞા. आणाए धम्मो आणाए तवो — એ જ મારું જીવન છે, તે તૂટે તેવી પ્રવૃત્તિ મારે નથી કરવી. સાત વ્યસન, સાત અભક્ષ્યનો ત્યાગ, નિત્યનિયમ, ભક્તિ, મંત્રની માળા આદિ, મુખપાઠ કરેલું ભૂલી ન જવાય તે અર્થે ફેરવતા રહેવું. વિચારપૂર્વક વર્તન વગેરે લક્ષપૂર્વક પાળતા રહેવું. તેને વિઘ્ન કરે તેવી સોબત, વાચન કે વાતચીતનો ઓછો પરિચય રાખવો. વાંચન, મનન, નવું શીખવાનું વગેરે વિશેષ ન બને તો હાલ જે થાય છે તેમાંથી પાછા હઠવાનું તો ન જ બનવું જોઈએ એટલો ખ્યાલ રાખ્યા કરવો. રોજ સાંજે સૂતા પહેલાં તપાસી જવું કે આજે કોઈ એવું કાર્ય મનવચનકાયા વડે બન્યું છે કે જે મારે ગુરુજનો આગળ સંતાડવું પડે, કે તે જાણી તેમને ખેદ થાય?

ન્યાયનીતિ એ ધર્મનો પાયો છે માટે નીતિના નિયમોનું પણ ઉલ્લંઘન ન થાય તેવું વર્તન ત્યાં ખાસ કરીને રાખવાની જરૂર છે. કારણ કે ત્યાં નિરંકુશ જીવન હોવાથી કોઈ ટોકનાર હોય નહીં, કોઈની શરમ નડે નહીં અને મન તો નીચે રસ્તે ઢળી પડે તેવી ઉમ્મર છે; માટે શત્રુઓની વચમાં રહીને સુરક્ષિત રહેવા જેવી જાગૃતિ જોઈએ, તેવી જાગૃતિ ધર્મને માટે રાખવાની જરૂર છે.

મન ગમે તેવી વસ્તુઓની ઇચ્છા કરે પણ પહેલું પૂછવું કે ત્યાં નાર કુટુંબમાં હોઉં તો હું કઈ કઈ વસ્તુઓને જરૂરની ગણું? અને અહીં સંજોગ બીજા છતાં ખાસ જરૂરની જે જણાય તે જ મારે વાપરવી છે. નહીં તો બને ત્યાં સુધી મનની ઇચ્છાઓને રોકવી છે. ઇચ્છાઓ રોકાશે તેટલું ખરેખરું તપ થશે. આ વાતનો વારંવાર વિચાર કરી તે પ્રમાણે વર્તશો તો તમે બીજાને શિખામણ આપો તેવું તમારું જીવન ઘડાશે. લીધેલા નિયમ કદી પણ તોડું નહીં એવું રોજ સૂતી વખતે સંભારતા રહેવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૮૩ અગાસ, આસો સુદ ૧૧, મંગળ, ૧૯૯૮

આપનો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. ભાવ વર્ધમાન થાય તો કરતા રહેવા ભલામણ છે, પરંતુ પાછા પડાય નહીં તેની ખાસ કાળજી રાખવી ઘટે છેજી. ધર્મક્રિયા કરતા રહેવા સાથે આત્માને કષાય અને વિષયોના પંજામાંથી છોડાવવાનો છે તે લક્ષ ચુકાય નહીં તે માટે રોજ અઢાર પાપસ્થાનક વિચારી જવાં અને દોષો નજરે ચઢે તે ઘટાડવા વિચાર, ઉપાય કર્તવ્ય છેજી. કોઈ પ્રત્યે કિંચિત્માત્ર પણ રાગ અને કોઈ પ્રત્યે કિંચિત્માત્ર પણ દ્વેષ ન રહે તેવા ભાવ કરવા બધો પુરુષાર્થ છેજી. જો બે ઘડી સુધી કોઈ પ્રત્યે દ્વેષ કે ક્રોધનો પ્રવાહ ચાલુ રહ્યો તો ઘણા દિવસ અને ઘણી રાત્રિઓ સુધી કરેલો શ્રમ બે ઘડીમાં બાળી ભસ્મ કરી નાખે તેવી ક્રોધમાં તાકાત છે. તેમ જ કામ, માન આદિ શત્રુઓ પણ જેવા તેવા નથી. જો તેને વશ જીવ થઈ ગયો તો ધર્મનો નાશ થતાં વાર ન લાગે તેમ છે; તેમ છતાં દરેકના ઉપાય છે.

"માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય."
"કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય."

માટે જાગ્રત થવાની, જાગ્રત રહેવાની, મોહથી દૂર ખસતા – નાસતા રહેવાની જરૂર છેજી. 'ચતુરની બે ઘડી અને મૂરખનો જન્મારો' એવી કહેવત છે. સમજુ માણસ બે અક્ષરમાં સમજી ચેતી જાય તો કામ કાઢી નાખે અને મૂરખ જન્મારો મહેનત કરે પણ કંઈ સફળતા ન મેળવે. માટે મૂઢતા, અજ્ઞાનદશા, મોહમદિરાનો વારંવાર વિચાર કરી "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે" એ પરમકૃપાળુદેવનું વચન લક્ષમાં લેશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૮૪ — અગાસ, તા. ૩૦-૧૦-૪૨
તત્ ૐ સત્ — આસો વદ ૬, ૧૯૯૮

ગીતિ — એક જ સાચું વંદન, શ્રી જિનવરપતિ વર્ધમાન પ્રતિ,
નર નારીને તારે, ભયંકર ભવસાગરથી.

દોહરા — પરમ ઉપકારી અહો ! રાજચંદ્ર ગુરુદેવ,
જેને શરણે જીવતાં, ટળતી ભવ-ભ્રમ ટેવ.
શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રરૂપ ગંગા આણી ઘેર,
ભવભવનાં પાપો હરી, દેવા શિવ-સુખ લ્હેર.
તન મન વચને આદરો, ભક્તિ ધરો ઉલ્લાસ,
આત્મસમાધિ કારણે, સમરણ શ્વાસોશ્વાસ.

આપનો પત્ર પ્રાપ્ત થયો. ગઈ એકમ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર તથા પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની જન્મતિથિ હતી. તે દિવસે બધાં મુમુક્ષુ ભાઈબહેનોએ ઊભાં ઊભાં આત્મસિદ્ધિની એક એક ગાથા જે બોલાય તે ઝીલીને નમસ્કાર કરવાના ક્રમે બધી ગાથાઓએ નમસ્કાર કર્યા હતા. તમે પણ યથાશક્તિ તે દિવસે ભક્તિ કરી હશે. સદ્‌ગુરુ આજ્ઞાનુસાર ધર્મભાવનામાં જેટલો કાળ ગળાશે તે જ ખરું જીવન છે. બાકી તો ધમણની પેઠે શ્વાસોચ્છ્વાસ લેવામાં ને બીજે ખોટી થવામાં જે જે ક્ષણો વહી જાય છે તે રત્ન વેરતાં વેરતાં જવાની ટેવ જેવી મૂર્ખાઈ સમજાય છેજી. મનુષ્યભવની દુર્લભતા તથા સફળ કરવાની ઉત્કંઠા ચિત્તમાં નહીં વસે ત્યાંસુધી અમૃત જેવાં જ્ઞાનીનાં વચનો તે ભેંસ આગળ ભાગવત્ સમાન કંઈ અસર કે ગરજ જગાડે તેવાં બનવાયોગ્ય નથી. આ મનુષ્યભવ છે ત્યાંસુધી આત્મહિત થઈ શકે એમ છે, માટે આત્મહિત એ જ મુખ્ય કર્તવ્ય છે એવો લક્ષ નિરંતર રાખી બીજાં કામમાં પ્રવૃત્તિ ઘટે છે.

અત્યારે જે સુખદુઃખ ભોગવાય છે, તે પૂર્વે કરેલાં પુણ્યપાપનું ફળ છે. તે ઉપરથી આત્મા શુભાશુભ કર્મનો કર્તા સમજાય છે. તે કર્તાપણું ત્રણ પ્રકારે ભગવાને કહ્યું છે :

(૧) પરમાર્થથી એટલે નિશ્ચયનયથી કે કર્મ તરફ નજર નહીં દેતાં આત્મા શું કરે છે? એમ વિચારીએ તો આત્મા પોતાના સ્વભાવમાં (શુદ્ધ જ્ઞાન દર્શન – માત્ર જાણવા દેખવાના કામમાં) પ્રવર્તે છે એમ જણાય, તેથી તે **પોતાના સ્વરૂપનો કર્તા** કહેવાય. એ શુદ્ધ આત્માની વાત થઈ.

(૨) હવે શુદ્ધભાવે આત્મા ન વર્તે ત્યારે શુભ કે અશુભ ભાવે જીવ વર્તે તેથી જેમ ચીકટા હાથ હોય તો ધૂળ કે લોટ હાથે ચોંટી જાય તેમ શુભ-અશુભ ભાવ કે રાગદ્વેષરૂપ ભાવ થાય ત્યારે પુણ્ય કે પાપરૂપ કર્મ જીવને વળગે છે, તેથી તે **જ્ઞાનાવરણાદિ આઠ કર્મનો કર્તા** કહેવાય છે. આ બીજા પ્રકારે જીવને કર્મનો કર્તા કહ્યો તેનું વર્ણન શાસ્ત્રમાં આ પ્રમાણે કર્યું છે કે અનુપચરિત એટલે અનુભવમાં આવવા યોગ્ય જે છે અને વિશેષ સંબંધ જેની સાથે જીવને છે એવાં કર્મનો કર્તા જીવ વ્યવહાર અપેક્ષાએ કહેવાય છે.

(૩) હવે ત્રીજા પ્રકારે પણ જીવ કર્મનો કર્તા કહેવાય છે જેમ કે સુથારે ઘર કર્યું, રાજાએ નગર વસાવ્યું. આ કર્મ કે ક્રિયાની સાથે જીવને આઠ કર્મની પેઠે નિકટ સંબંધ નથી એટલે દૂરનો સંબંધ છે તેથી અનુપચરિતને બદલે ઉપચારથી તે ઘર, નગર આદિનો કર્તા કહેવાય છે. આઠ કર્મની પેઠે વિશેષ સંબંધરૂપે આ બધાં કામ અનુભવમાં આવવા યોગ્ય નથી. માટે તે વ્યવહારને ઉપચરિત કે ઉપચાર કહ્યો છે. એ શાસ્ત્રીય નામો છે પણ કર્મનો કર્તા જીવને કહેવાય ત્યારે અનુપચરિત વ્યવહારની અપેક્ષા ગણવી, અને ઘર, નગર, રસોઈ વગેરે કામ કરનારો જીવને કહીએ ત્યારે ઉપચારરૂપ વ્યવહારથી કર્તાપણું કહ્યું છે એમ સમજવું.

ટૂંકામાં આત્મા શુદ્ધભાવનો કર્તા છે એમ કહીએ તે પરમાર્થ અપેક્ષા છે, આઠ કર્મનો કર્તા જીવ છે એમ કહીએ ત્યાં અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી કર્તાપણું કહ્યું છે અને ઘટ, પટ, રસોઈ, ઘર, નગર વગેરે કામોનો કર્તા આત્માને કહીએ તે ઉપચારરૂપ વ્યવહારથી કર્તાપણું કહ્યું એમ સમજવું. આ વાત રૂબરૂમાં વિશેષ સમજી શકાય તેમ છે પણ આ વારંવાર વાંચશો તો ત્રણ પ્રકારે કર્તાપણું કેવી રીતે કહ્યું છે તે કંઈક સમજાશે. આત્માને આત્માના ભાવનો કર્તા કહેવો તે પરમાર્થરીતિ છે અને જડ એવાં કર્મનો કર્તા આત્મા છે એમ કહેવું તે વ્યવહાર છે. તે કર્મને આત્મા સાથે વિશેષ નિકટ સંબંધ હોવાથી તેને અનુપચરિત વ્યવહાર કહી છેલ્લા ભેદથી જુદો વર્ણવ્યો છે અને કામધંધા વગેરેનો કર્તા આત્માને કહીએ ત્યારે તે ઉપચરિત વ્યવહાર કે ઉપચાર નામનો વ્યવહાર કહેવાય છે. કારણ કે આત્માથી કામધંધા દૂરના સંબંધવાળા છે. તેને તે ભોગવવા પડે જ એવો સંબંધ નથી. રસોઈ કરેલી પોતે ન પણ ખાય. પરંતુ કર્મ કરેલાં તો ભોગવવાં જ પડે. આવો ભેદ સમજવા યોગ્ય છે.

દિવાળીના દિવસો ઉપર સમાધિમરણની તૈયારી કરવારૂપ વ્રત–માળા ૧૦૮ ફેરવવા સંબંધી પહેલાં લખેલું છે તે પ્રમાણે પ્રમાદ તજી પ્રવર્તવા ભલામણ છેજી. તે કર્મ દૂર કરવા માટે છે એમ વિચારશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૮૫ અગાસ

"જનમ્યા શ્રી ગુરુરાજ જગતહિત કારણે,
કરવા અમ ઉદ્ધાર વારી જાઉં વારણે."

દિવાળી ઉપરના સમાધિમરણ વ્રતની આરાધના પણ બહુ રૂડી રીતે થઈ છેજી. જ્ઞાનપંચમીને દિવસે પણ બધા ઘણાખરા ઉપવાસ આદિ તપસ્યા કરી ભક્તિભાવ, દાન વગેરે વડે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવ્યા પ્રમાણે આત્મહિતને અર્થે પુરુષાર્થ જેનાથી જેટલો બનશે તેટલો કરશેજી. કાર્તિક સુદ પૂર્ણિમાને દિવસે તો પરમકૃપાળુદેવની જન્મતિથિ નિમિત્તે મહોત્સવ થશે. તે દિવસે બહુ ઉલ્લાસસહિત જન્મમહોત્સવનાં પદ "આલોચનાદિ પદ સંગ્રહ" માંથી ગવાશે. તથા તે મહાપુરુષ આપણા કલ્યાણનું કારણ છે, તેથી તેનો જન્મદિવસ તે આપણા કલ્યાણનો જન્મ ગણી, તે દિવસે તે મહાપુરુષના જીવન સાથે આપણા જીવનનો અભેદભાવ જાગે તેવી ભક્તિ કરી તે દિવસ સફળ કરવો ઘટે છેજી. ગાડીને ડબા લગાડ્યા હોય તે આગળ એંજિન ચાલે તેમ પાછળ ચાલે; તેવી રીતે પરમકૃપાળુદેવનું શરણ આપણે લીધું છે તો તેમની ગતિ તે આપણી ગતિ હો એવી ભાવના રોજ કર્તવ્ય છેજી. તેમણે આત્મગતિ સ્વીકારી છે તો આપણે પણ સંસારભાવના કે સંસારના સુખની વાસના છોડી એક આત્મા ઉપર લક્ષ રાખી આત્મગતિ આરાધી લેવી છેજી. તે મહાપુરુષને હો તે આપણને હો, આપણે બીજું કાંઈ જાણીએ નહીં અને બીજું કાંઈ આપણે જોઈતું નથી એવા સાફ દિલથી ભક્તિભાવના, અભેદભાવના ઉપાસવી ઘટે છેજી. તેમણે સંસારને અસાર જાણ્યો, લોકો શું કહેશે તેની દરકાર કરી નહીં, આત્માનું દિવસે દિવસે વધારે વધારે હિત થતું જાય તેવો પુરુષાર્થ વધાર્યો અને પરમશાંતરસમય ધર્મમાં લીન થયા તેવી રીતે આપણે પણ તેને શરણે તેની ભક્તિ કરતાં કરતાં તેવા જ થવું છે; તો બીજા સંસારના, લોકોના અને દેહ વગેરેના વિચારો ભૂલી જઈ,

"શું કરવાથી પોતે સુખી ? શું કરવાથી પોતે દુઃખી ?
પોતે શું ? ક્યાંથી છે આપ ? એનો માગો શીઘ્ર જવાપ.
જ્હાં રાગ અને વળી દ્વેષ, ત્હાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ.
સર્વ કાળનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા." (૧૦૭)

આવા શાંતિના વિચારો અને તેટલા કરવાના છે અને એવા વિચાર ન ઊગતા હોય તોપણ રાગદ્વેષ મારે જરૂર દૂર કરવા છે એવો નિશ્ચય કરી તે પ્રમાણે વર્તતાં વર્તતાં પરમપુરુષની દશાને તેની ભક્તિનો કરનાર પામે છેજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૮૬ અગાસ, તા. ૩-૧૨-૪૨

"બાળ ધૂલિ-ઘર-લીલા સરખી ભવચેષ્ટા ઈહાં ભાસે રે,
રિદ્ધિસિદ્ધિ સવિ ઘટમાં પેસે અષ્ટ મહાસિદ્ધિ પાસે રે.
એ ગુણ રાજ તણો ન વિસારું, સંભારું દિનરાત રે."

**વિશેષાર્થ** : આ સંસારમાં અગત્યનાં ગણાતાં કામો, વ્યવહાર, કુટુંબ, ધન, સગાંનાં મોં રાખવાં, દેહની સંભાળ કે દેવલોકનાં સુખ અને આજીવિકા આદિની ચિંતાઓ – બધાં કામ નાનાં બાળકોની રમત જેવાં જ્ઞાનીને લાગે છે; નિરર્થક સમજાય છે. પરંતુ આત્મહિત સિવાય કોઈ કામ અગત્યનું લાગતું નથી. આત્માની મહત્તા એટલી બધી છે કે જે જે ચમત્કારો કે વૈભવો જગતમાં ગણાય છે તે આત્મવિભૂતિ આગળ તુચ્છ છે. જે જે કંઈ મહત્ત્વનું ગણાય છે તે આત્મસ્વરૂપની પૂર્ણતામાં આવી જાય છે. એવું કંઈ બાકી રહેતું નથી કે જેના વિના જ્ઞાની સુખી થઈ ન શકે. આવું અપૂર્વપદ પરમકૃપાળુદેવની કૃપાથી, તેની આજ્ઞા ઉઠાવવાથી પ્રાપ્ત થઈ શકે તેમ છે, તો તેનો ઉપકાર રાતદિવસ સંભારવા યોગ્ય છે.

વિ. આપનો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. પરમાર્થના કામમાં પુરુષાર્થ કરવો એ જ આ ભવનું મુખ્ય કર્તવ્ય છે એમ માની બીજાં કાર્યો પ્રત્યે વૈરાગ્ય રાખી ઊંચા મને, વેઠની પેઠે તે કરી છૂટવાં પણ તેમાં તન્મય થવા જેવું નથી. વ્યવહારનાં કાર્યોની મહત્તા માનીને જ જીવે જન્મમરણ ઊભાં કર્યાં છે. દેહમાં ને દેહમાં જ બુદ્ધિ રહેવાથી દેહ મળ્યા કર્યા છે. હવે તો કોઈ પણ પ્રકારે આવા દેહરૂપી કેદખાનામાં ફરી ન પડવું પડે અને આવી પરાધીનતા, દુઃખદ સ્થિતિ ભવિષ્યમાં ભોગવવી ન પડે તેવું કાર્ય આ ભવમાં જરૂર કરી લેવું જ છે, એવો દૃઢ નિશ્ચય મુમુક્ષુ જીવે વારંવાર વિચારીને કરી લેવો ઘટે છેજી. "**यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी**" જેવી જેની ભાવના હોય છે તેવી તેને સિદ્ધિ (પ્રાપ્તિ) થાય છે. ભૂખ લાગી હોય ત્યારે ખાવાની ઇચ્છા થાય છે, તો રસોઈ કરીને જમી લઈ ભૂખ મટાડે છે. રોગ થાય ત્યારે નીરોગી થવાની ભાવના થાય છે, તો દવાખાનામાં કે વૈદ્ય પાસે જઈ દવા લાવી, કડવી લાગે તોપણ આંખો મીંચીને ઉતારી જાય છે. એમ દવાના સેવનથી નીરોગીપણું પ્રાપ્ત કરે છે. પૂર્વે મનુષ્યભવ મળે તેવી ભાવના કરી હશે તેનું ફળ મનુષ્યપણું મળ્યું છે અને દુઃખ થાય તેવાં કાર્ય કર્યાં હશે, કરાવ્યાં હશે કે કરનારને ભલાં જાણ્યાં હશે તો આ ભવમાં દુઃખના દિવસો દેખવા પડયા. તેવી જ રીતે જો આ ભવમાં આત્માની, મોક્ષની, મહાપુરુષની દશાની ભાવના જે જે પ્રકારે કરીશું તેવું ફળ વહેલુંમોડું આવ્યા વિના નહીં રહે. માટે બેસતાં, ઊઠતાં, ખાતાં, પીતાં, પોતાના દેહાદિનાં કાર્યો કે કુટુંબ આદિનાં કાર્યો કરતાં પણ જો ઉદાસીનતા, વીતરાગતા, મુમુક્ષુતા, દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય આદિ આત્મગુણોની ભાવના કરતા રહીશું, તો જરૂર ઉત્તમ ફળ પ્રાપ્ત થયા વિના નહીં રહે. માટે ખરેખરી કમાણી કરવાનું ચૂકીને નકામી વાતો, નાશવંત વસ્તુની ચિંતાઓ અને દુઃખનાં કારણોમાં ખોટી થવાનું જેમ બને તેમ વહેલું તજી દઈ ઉપર જણાવી તેવી આત્મભાવના "હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) આવી પરમકૃપાળુદેવની આજ્ઞામાં ચિત્ત વાળવાથી, તેમાં સુખ માનવાથી, જગતની વાતો વિસારે પડશે અને જગતનાં સુખ અને દુઃખ બન્ને દૂર થઈ આત્માના સુખ તરફ વૃત્તિ વળતાં પરમ શાંતિ પ્રાપ્ત થશે. એ જ કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૩૮૭ અગાસ, તા. ૩-૧-૪૩

તત્ ૐ સત્ માગશર વદ ૧૨, રવિ, ૧૯૯૯

આપનો પત્ર મળ્યો. તેમાં પ્રશ્નોનો ઢગલો આવ્યો, તેમાંનાં પ્રથમ પ્રશ્નનો પ્રથમ વિભાગ માર્ગાનુસારી દશા સંબંધી છે તેના ટૂંક ઉત્તરથી જ આ પત્ર પૂરો થવાનો છે, પણ તે વિષે વિશેષ લક્ષ કરાવવા પરમકૃપાળુદેવે પત્રાંક ૪૩૧ માં સમ્યક્‌દૃષ્ટિ તથા કેવળજ્ઞાન સુધીના ખુલાસા જણાવ્યા છે તે લક્ષમાં રાખવા ભલામણ છેજી. નીચે માત્ર માર્ગાનુસારીના ૩૫ બોલ જે રૂઢ પ્રચલિત છે તે ઉતારી આ પત્ર પૂર્ણ કરવા ધારું છુંજી.

### માર્ગાનુસારીના ૩૫ બોલ

(૧) ન્યાયસંપન્ન વિભવ – ન્યાયથી ધન મેળવવું. સ્વામીદ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસ દઈને ઠગવું, ચોરી કરવી, થાપણ ઓળવવી વગેરે નિંદવા યોગ્ય કામ ત્યાગ કરીને ધન કમાવું તે. (૨) શિષ્ટાચાર પ્રશંસા — ઉત્તમ પુરુષોનાં આચરણનાં વખાણ કરવાં. (૩) સરખા કુળાચાર-વાળા પણ અન્ય ગોત્રી સાથે વિવાહ કરવો. (૪) પાપનાં કામથી ડરવું. (૫) પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું. (૬) કોઈનો અવર્ણવાદ બોલવો નહીં. (૭) જે ઘરમાં પેસવા નીકળવાના અનેક રસ્તા નથી તથા જે ઘર અતિ ગુપ્ત અને અતિ પ્રગટ ન હોય અને પાડોશી સારા હોય તેવા ઘરમાં રહેવું. (૮) સારા આચરણવાળા પુરુષોની સોબત કરવી. (૯) માતા તથા પિતાની પૂજા કરવી–તેમનો સર્વ રીતે વિનય સાચવવો અને તેમને પ્રસન્ન રાખવાં. (૧૦) ઉપદ્રવવાળા સ્થાનકનો ત્યાગ કરવો – લડાઈ, દુકાળ વગેરે અડચણવાળાં ઠેકાણાં છોડવાં. (૧૧) નિંદિત કામમાં ન પ્રવર્તવું, નિંદવાયોગ્ય કામ ન કરવાં. (૧૨) આવક પ્રમાણે ખર્ચ કરવું. (૧૩) ધનને અનુસરતો વેષ રાખવો —પેદાશ પ્રમાણે પોશાકી રાખવી. (૧૪) આઠ પ્રકારના બુદ્ધિના ગુણોને સેવવા – ૧. શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા, શુશ્રૂષા ૨. શાસ્ત્ર સાંભળવાં, શ્રવણ ૩. તેનો અર્થ સમજવો ૪. તે યાદ રાખવો. ૫. ઉહ = તેમાં તર્ક કરવો તે સામાન્યજ્ઞાન. ૬. અપોહ = વિશેષ જ્ઞાન. ૭. ઉહાપોહથી સંદેહ ન રાખવો. ૮. જ્ઞાન = આ વસ્તુ આમ જ છે એવો નિશ્ચય કરવો. (૧૫) નિત્ય ધર્મને સાંભળવો જેથી બુદ્ધિ નિર્મળ થાય. (૧૬) પહેલાં જમેલું ભોજન પચી જાય, ત્યાર પછી નવું ભોજન કરવું. (૧૭) જ્યારે ખરી ભૂખ લાગે ત્યારે ખાવું, પણ એક વાર ખાધા પછી મીઠાઈ વગેરે આવેલી જોઈ લાલચથી તે ઉપર ખાવું નહીં, કારણ કે અપચો થાય. (૧૮) ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગને સાધવા. (૧૯) અતિથિ તથા ગરીબને અન્નપાનાદિ આપવાં. (૨૦) નિરંતર અભિનિવેશ રહિત રહેવું — કોઈને પરાભવ કરવાનાં પરિણામ કરી અનીતિથી કામનો આરંભ કરવો નહીં તે. (૨૧) ગુણી પુરુષોનો પક્ષપાત કરવો — તેમનું બહુમાન કરવું. (૨૨) નિષિદ્ધ દેશકાળનો ત્યાગ કરવો — રાજા તથા લોકોએ (ત્યાગ કરેલા) નિષેધેલા દેશ કાળમાં જવું નહીં. (૨૩) પોતાની શક્તિને અનુસરીને કામનો આરંભ કરવો. (૨૪) પોષણ કરવા યોગ્ય જેવાં કે માબાપ, સ્ત્રીપુત્રાદિકનું ભરણપોષણ કરવું. (૨૫) વ્રતને વિષે રહેલા તથા જ્ઞાને કરીને મોટા એવા પુરુષોને પૂજવા. (૨૬) દીર્ઘદર્શી — જે કોઈ કામ કરે તેમાં લાંબી દૃષ્ટિ ફેરવી તેનાં શુભાશુભ ફળની તપાસ કરી ચાલવું. (૨૭) વિશેષજ્ઞ — દરેક વસ્તુનો તફાવત સમજી પોતાના આત્માના ગુણદોષની તપાસ કરવી.

(૨૮) કૃતજ્ઞ (કર્યા કામનો જાણ) — કરેલા ઉપકાર તથા અપકારને સમજવો. (૨૯) લોકપ્રિય — વિનય આદિ ગુણે કરી લોકપ્રિય થવું. (૩૦) લજ્જાળુ (લાજવાળો) — લાજ-મર્યાદામાં રહેવું. (૩૧) દયાળુ — દયાભાવ રાખવો. (૩૨) સુંદર આકૃતિવાન — ક્રૂર આકૃતિનો ત્યાગ કરવો, શરીરનો સુંદર આકાર રાખવો. (૩૩) પરોપકારી — પરને ઉપકારી થવું. (૩૪) અંતરંગ અરિ-જિત — કામ, ક્રોધ, લોભ, માન, મદ તથા હર્ષ એ છ અંતરંગ વેરીને જીતવા. (૩૫) વશીકૃત ઇંદ્રિયગ્રામ — ઇંદ્રિયોનાં સમૂહને વશ કરવાં, સર્વે ઇંદ્રિયોને વશ કરવાનો અભ્યાસ કરવો.

"પરપ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, **સબ આગમભેદ સુઉર બસેં;**
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."

સર્વ આગમનો ભેદ હૃદયે વસે — સર્વ શાસ્ત્રોને કહેવું છે તે સમજાય. જ્યાંથી આગમની ઉત્પત્તિ થઈ છે એવા શુદ્ધ પરમાત્મ-સ્વરૂપની પ્રાપ્તિ જેને છે તેને પણ શ્રુતકેવળી કહે છે. ઉત્કૃષ્ટ ત્યાગ છે ત્યાં ઉત્કૃષ્ટ જ્ઞાન છે. "કેવળ અર્પણતા" એ કેવળજ્ઞાનનું કારણ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૮૮ અગાસ, તા. ૬-૧-૪૩
તત્ ૐ સત્ માગશર વદ ૦)), બુધ, ૧૯૯૯

હરિગીત — રે ! મૂર્ખ કોઈ લાગતામાં તેલ રેડી ઓલવે,
તેવું કર્યું મેં શાંતિ સારુ વિષય-ભોગો ભોગવ્યે;
જે શરીરથી ભોગો મળે તે મૂત્ર-મળની ખાણ છે,
છે પાપકારણ દેહને ધિક્કાર ! ધૂળ સમાન એ. (પ્રજ્ઞાવબોધ ૧૦)
"કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે."

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના કૃપાપાત્ર આપ સર્વ સેવાભાવી ભાઈબહેનોએ ઘણી વખત બોધ શ્રવણ કરેલો છે. વારંવાર એક પકડ કરવાની તેઓશ્રી ભલામણ કરતા તે તમારા લક્ષમાં છેજી. सद्धा परम दुल्लहा એ વાક્ય હજી દરેક મુમુક્ષુઓના કર્ણમાં તેઓશ્રીના શ્રીમુખથી સાંભળેલું રણક્યા કરે છે. "શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલા એવા કર્મોનું ફળ જાણી સમ્યક્‌પ્રકારે અહિયાસવા યોગ્ય છે" (૪૬૦) એ પત્ર વાંચ્યો તો ઘણી વખત હશે પણ તે વારંવાર શ્રવણ થાય તેમ કરવા આપને તથા સેવામાં જે ભાઈબહેનો હોય તેમને ભલામણ છેજી. ટૂંકામાં મુમુક્ષુજીવે આર્ત્તધ્યાનનાં પ્રબળ નિમિત્તો પ્રબળ દેખાવા છતાં આર્ત્તધ્યાન ન થવા દેવું એ અત્યારના પ્રસંગમાં મૂળ કર્તવ્ય છેજી. જ્યાં નિરુપાયતા ત્યાં સહનશીલતા એ જ આધાર છે. આવા ભાવો વડે મન દૃઢ કરી, કોઈ મહા પ્રબળ પૂર્વપુણ્યના યોગે આ કાળમાં, દુર્લભ જેનાં દર્શન છે તેવા, મહાપુરુષનો યોગ થયો છે,' તેમનાં વચનામૃત પ્રત્યક્ષ સાંભળ્યાં છે, તેમના શ્રીમુખથી સ્મરણમંત્ર આદિ સત્સાધનની આજ્ઞા પ્રાપ્ત થઈ છે તેવા મુમુક્ષુએ કોઈ પણ કારણે મનને ક્લેશ તરફ વળવા દેવું ઘટતું નથી. કશામાં ચિત્ત પરોવી

રાખવા જેવું નથી. બનનાર તે ફરનાર નથી અને ફરનાર તે બનનાર નથી, તો જ્યાં આપણો ઉપાય ન ચાલે તેવા પ્રારબ્ધની ચિંતા કરવી વ્યર્થ છે. માત્ર જ્ઞાનીપુરુષે જણાવેલા ધર્મધ્યાનમાં અહોનિશ તત્પર થવા હવે તો કેડ બાંધી અંતરંગ પુરુષાર્થની જ જરૂર છે. તેનું શરણું જેને છે તેને જ તે સૂઝી આવે છેજી; માટે હિંમત નહીં હારતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીના શરણે બુદ્ધિ રાખશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૮૯ — અગાસ, તા. ૧૧-૧-૪૩

તત્ ૐ સત્ — પોષ સુદ ૯, ૧૯૯૯

હરિગીત — શું શરણ અજ્ઞાનીજનોનું કે કુદેવ ધનાદિનું ?
દુખદાયી આખર નીવડે, તે મૂળ છે મોહાદિનું.
નિર્મોહીનરને આશ્રયે સ્વ-સ્વરૂપ સ્થિતિ સંભવે,
તેથી ન બુદ્ધિમાન એવું શરણ લે જે ભૂલવે.
વૈરાગ્યભાવે ભાવના, ભાવો વિવિધ વિચારથી;
મૃત્યુ ફરે માથાપરે, યૌવન જરા-રથ-સારથિ.
સામ્રાજ્ય, લક્ષ્મી, ભોગ સૌ વિનાશી વાદળસમ અહો !
ક્ષણમાં જતો લૂંટાઈ નર-ભવ, દેવને દુર્લભ મહા.
માતા, પિતા, પરિજન જુદાં, નથી કોઈ જગમાં જીવનું,
સાથે રહે આ શરીર નિત્યે, તોય તત્ત્વ અજીવનું;
મન, વચન, કાયા, સર્વ જુદાં કર્મ કૃત સૌ અન્ય છે,
માટે ગ્રહો રે ! રત્નત્રયમય, શુદ્ધ રૂપ અનન્ય જે. (પ્રજ્ઞાવબોધ ૧૦)

આપનો પત્ર પાંચેક દિવસ ઉપર આવ્યો તે મળ્યો. પરમકૃપાળુદેવે જે આત્મસ્વરૂપ અનુભવ્યું છે, ઉપદેશ્યું છે, તેવું અનુભવપૂર્વક જણાવનાર આ કાળમાં વિરલા સંભવે છે. તેની સરખામણીમાં મૂકી શકાય તેવો કોઈ અપવાદરૂપ પણ નજરે જણાતો નથી. આ કાળમાં જીવના કેવા પ્રકારના દોષો જીવને મૂંઝવી રહ્યા છે તેનું જેને સ્પષ્ટ ભાન હતું તેથી અનંત દયા આવવાથી પોતાનું આત્મકાર્ય સાધતાં સાધતાં અન્ય જીવોને માર્ગ મળે તેવાં વચનામૃતની વૃષ્ટિ કરતા ગયા છે. તેમાં જ આખી જિંદગી ગાળવા યોગ્ય છે. તેને વિશેષ સમજવા બીજો કોઈ અભ્યાસ કે વાચન કરવું હોય તો કરવું ઘટે, પણ મૂળ આત્મા સંબંધી વાત તો જ્યારે ત્યારે પરમકૃપાળુદેવને આધારે જ નિર્ણય કરવો છે એવો અચળ અભિપ્રાય હૃદયમાં મરતા સુધી ટકી રહે તેવો કર્તવ્ય છે.

તમે 'વિચારસાગર' વાંચતાં જણાવ્યું કે "પંચકોષથી ને કારણશરીરથી આત્મા જુદો છે તો તે ખરું છે કે કેમ ? આપણા કૃપાળુદેવના પુસ્તકમાં એમ છે કે કેમ ?" એ પ્રશ્નથી સંતોષ થાય છે, કે તમે ગમે તે પુસ્તક વાંચી આત્માનો નિર્ધાર કરવા ઇચ્છતા નથી, પરંતુ પરમકૃપાળુદેવે માન્ય કર્યું હોય તે જ માન્ય કરવા ભાવના છે; તે જાણી તે પુરુષનો અભિપ્રાય જ માનવા યોગ્ય છે, એ દૃઢ થવા જ આ પત્ર લખ્યો છેજી. પરમકૃપાળુદેવ કોઈ મુમુક્ષુને પુસ્તક

જૈન કે વેદાંતનું વાંચવા ભલામણ કરતા તે શા અભિપ્રાયે ? તે પોતે જણાવે છે: "જીવને કુળયોગે સંપ્રદાય પ્રાપ્ત થયો હોય છે તે પરમાર્થરૂપ છે કે કેમ ? એમ વિચારતાં દૃષ્ટિ ચાલતી નથી; અને સહેજે તે જ પરમાર્થ માની રાખી જીવ પરમાર્થથી ચૂકે છે; માટે મુમુક્ષુજીવને તો એમ જ કર્તવ્ય છે કે જીવને સદ્‌ગુરુયોગે કલ્યાણની પ્રાપ્તિ અલ્પકાળમાં થાય તેનાં સાધન **વૈરાગ્ય અને ઉપશમાર્થે** 'યોગવાસિષ્ઠ', 'ઉત્તરાધ્યયન' આદિ વિચારવા યોગ્ય છે, તેમ જ પ્રત્યક્ષ પુરુષનાં વચનનું નિરાબાધપણું, પૂર્વાપર અવિરોધપણું જાણવાને અર્થે વિચારવા યોગ્ય છે." (૫૩૪) "શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ." (૨૦૦) "જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પનાપ્રાપ્ત અન્ય પુરુષ વડે શ્રવણ કરવા જોગ, મનન કરવા જોગ કે આરાધવા જોગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવા જોગ છે, યાવત્ આરાધવા જોગ છે." (૪૦૩) "શમ, સંવેગાદિ ગુણો ઉત્પન્ન થયે, અથવા વૈરાગ્યવિશેષ, નિષ્પક્ષપાતતા થયે, કષાયાદિ પાતળાં પડ્યે તથા કંઈ પણ પ્રજ્ઞાવિશેષથી સમજ્યાની યોગ્યતા થયે જે સદ્‌ગુરુગમે સમજવા યોગ્ય અધ્યાત્મગ્રંથો, ત્યાં સુધી ઘણું કરી શસ્ત્ર જેવા છે, તે પોતાની કલ્પનાએ જેમ તેમ વાંચી લઈ, નિર્ધારી લઈ, તેવો અંતર્ભેદ થયા વિના અથવા દશા ફર્યા વિના, વિભાવ ગયા વિના પોતાને વિષે જ્ઞાન કલ્પે છે, અને ક્રિયા તથા શુદ્ધ વ્યવહારરહિત થઈ વર્તે છે,.... ઠામ ઠામ જીવને આવા યોગ બાઝે તેવું રહ્યું છે, અથવા તો જ્ઞાનરહિત ગુરુ કે પરિગ્રહાદિ ઇચ્છક ગુરુઓ, માત્ર પોતાનાં માન-પૂજાદિની કામનાએ ફરતા એવા, જીવોને અનેક પ્રકારે અવળે રસ્તે ચડાવી દે છે; અને ઘણું કરીને ક્વચિત જ એવું નહીં હોય. જેથી એમ જણાય છે કે કાળનું દુષમપણું છે." (૪૨૨) "હવે એવો નિશ્ચય કરવો ઘટે છે, કે જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે, પ્રગટ છે, તે પુરુષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી; અને તે પુરુષથી આત્મા જાણ્યા વિના બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી." (૪૪૯) આ વારંવાર વિચારવા અર્થે લખ્યું છે. બાકી 'મૂળ મારગ સાંભળો જિનનો રે' તેમાં સ્પષ્ટ લખ્યું છે કે:

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ–મૂળ૦
એમ જાણે સદ્‌ગુરુ-ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ–મૂળ૦"

પરમકૃપાળુદેવનાં વચનોનો વિશેષ પરિચય કર્તવ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૯૦ અગાસ, તા. ૧૧-૧-૪૩

પૂ....નો પત્ર આવ્યો હતો. તેમને પરમકૃપાળુદેવ પ્રત્યે અખંડ ગુરુભાવ પ્રગટે અને ટકી રહે તે વારંવાર જણાવતા રહેવા યોગ્ય છેજી. આપણે મુમુક્ષુઓમાં એકબીજા દ્વારા જે પ્રકારની મદદ મળે તે પરમકૃપાળુદેવના યોગબળનું ફળ છેજી. હું તો એક પામર પ્રાણી તેના શરણે રહી આત્મહિત કરવા મથી રહ્યો છું. જેના દ્વારા આપણને ઉપકાર થયો હોય તે ભૂલવો નહીં, પણ ભક્તિભાવ એક પરમકૃપાળુદેવ પ્રત્યે પતિવ્રતાની પેઠે રાખવાથી ઘણો લાભ છે એમ તેમને જણાવશો તથા હાલ આત્મકલ્યાણની ઇચ્છા છે તે મંદ ન થાય તે પણ

સાથે જણાવશોજી. પરમકૃપાળુદેવ લખે છે – "શું કરવું ? અથવા કોઈ પ્રકારે થતું નથી એવું તમારા ચિત્તમાં વારંવાર થઈ આવતું હશે; તથાપિ એમ ઘટે છે કે જે પુરુષ બીજા બધા પ્રકારનો વિચાર અકર્તવ્યરૂપ જાણી આત્મકલ્યાણને વિષે ઉજમાળ થાય છે, તેને કંઈ નહીં જાણતાં છતાં, તે જ વિચારના પરિણામમાં જે કરવું ઘટે છે, અને કોઈ પ્રકારે થતું નથી એમ ભાસ્યમાન થયેલું તે પ્રગટ થવાનું તે જીવને વિષે કારણ ઉત્પન્ન થાય છે, અથવા કૃતકૃત્યતાનું સાક્ષાત્ સ્વરૂપ ઉત્પન્ન થાય છે." (૨૬૨) આ વાક્યો તમે બધા મળી વિચારશો, તથા તેમાં જણાવેલ "બીજા બધા પ્રકારના વિચાર અકર્તવ્યરૂપ" ભાસે તેવી વિચારણા–ભાવનામાં રહેવા પુરુષાર્થ કરતા રહેશોજી. વૈરાગ્ય, ઉદાસીનતા, ધીરજ, દયા, શાંતિ આદિ ગુણો જીવને ઉન્નતિ–માર્ગમાં અત્યંત ઉપકારી છે તેનું સેવન કરતા રહેશો. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા – "તારી વારે વાર." યોગ્યતાની ખામી, આપણે પ્રભુભક્તિ આદિ દ્વારા પૂરી કરવાની છેજી. એ જ.

ૐ શાંતિઃ શાંતિ શાંતિઃ

---

૩૯૧ અગાસ, તા. ૧૨-૧-૪૩

તત્ ૐ સત્ પોષ સુદ ૭, મંગળ, ૧૯૯૯

ધર્મધ્યાનનું કારણ સદ્ગુરુની મુખમુદ્રા તથા તેમનાં વચનામૃત આ કાળમાં છે તેના પ્રત્યે જે જે જીવોને આદરભાવ, ઉલ્લાસભાવ વર્તે છે તેને સહેજે મદદરૂપ થવું એવું અંતરમાં રહ્યા કરે છે. તેથી તમારો કાગળ વાંચી બીજા વિચારો દબાવી જઈ આવવું એવું નક્કી કર્યું છેજી. પરમકૃપાળુદેવનું યોગબળ જગતનું કલ્યાણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૯૨ અગાસ, તા. ૧૫-૧-૪૩

તત્ ૐ સત્ પોષ સુદ ૧૦, શનિ, ૧૯૯૯

અનુષ્ટુપ — ચારે અંગોય દુષ્પ્રાપ્ય, જીવોને જગમાં ઘણાં (બહુ)
મનુષ્યત્વ, શ્રુતિ, શ્રદ્ધા, સંયમે વીર્ય-સ્ફુરણા (જાગવું).

આપ બન્ને ભાઈઓના પત્રો મળ્યા. બન્નેનો મૂળમાર્ગ પ્રત્યે ભક્તિભાવ તથા નિઃશંક થવાની જિજ્ઞાસા યથાશક્તિ સમજાઈ છેજી. તમારો આગળ વધવાનો પુરુષાર્થ તથા શોધક-વૃત્તિથી સંતોષ થયો છેજી. પૂ.........ની વિચારણા સુંદર છે. જ્ઞાનીપુરુષોના એક એક વાકયમાં અનંત અર્થ–આગમ રહ્યાં છે, એ લક્ષ રાખી આપણી બુદ્ધિને વિકાસ મળે તેમ વિચારણા કરવામાં હરકત નથી; પણ તેથી સત્પુરુષોનાં વચનોનો આશય અત્યંત વિશાળ છે, અપાર છે એટલો લક્ષ રાખવો. આગમ અનુસાર હિતકારી વિચારણા કર્તવ્ય છેજી.

અનંતાનુબંધીનું સ્વરૂપ ગહન છે. શ્રી અંબાલાલભાઈએ કાર્તિક સુદ ૨, સં. ૧૯૫૨ના એક પત્ર પરમકૃપાળુદેવને લખ્યો છે, તેમાં લખે છે — "રવિવારે રાત્રિના પ્રથમ ભાગમાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા ને લોભનું સ્વરૂપ વિચારતાં તેમ જ તે પછી સમ્યક્દશાનાં પાંચ લક્ષણોનું સ્વરૂપ વિચારતાં પદાર્થના સ્વરૂપનો નિર્ણય થયો હોય એમ સમજાય છે. માટે આ વાત ખરી છે કે નહીં ? અથવા એ પદાર્થના સ્વરૂપનો નિર્ણય થયો હોય તો તે નિર્ણય ધારી રાખી અથવા મૂકી દઈ આગળ આગળ અભ્યાસમાં કેવી રીતે પ્રવર્તવું ? એટલે કે હાલ

કયું શાસ્ત્ર વાંચવું અથવા વિચાર કરવો તે યોગ્ય લાગે તો જણાવવા દયા કરશોજી. સ્વચ્છંદી છું, અનંત દોષથી ભરેલો છું; જેથી કરી કલ્પનાથી કંઈ કલ્પાયું હોય તો ત્રિકરણ યોગથી અને આત્મભાવથી વંદન કરી ક્ષમાવું છું અને તેથી વિશેષ અથવા બીજી રીતે સમજવા ઇચ્છું છું.... સત્પરમાત્માનો વિયોગ થયા પછી આ આત્માનો ક્રમ (ઉપયોગ) એક જ ધારાનો ચાલ્યો આવે છે, તે સહજ ભાવે વિદિત થવા લખ્યો છે — સ્તંભતીર્થક્ષેત્રથી દેહધારી આત્માના આત્મભાવે નમસ્કાર.'' તેનો ઉત્તર પત્રાંક ૬૫૪ તથા વ્યાખ્યાનસાર ૧–૧૬ થી ૨૩ વાંચી પોતાને માટે વિચારશોજી. ''અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે.'' (૫૭૦) એ વાક્યનો વારંવાર વિચાર કરી ધીરજ વધારવા યોગ્ય છેજી. બને તો પત્રાંક ૪૫૪ મુખપાઠ કરી તેમાં જણાવેલી યોગ્યતા પ્રથમ પ્રાપ્ત કરી યોગ્યતા વધારતા જવાથી આપોઆપ ઘણા સંશયો શમાઈ જવા સંભવ છેજી. જેટલી જેને પોતાની લઘુતા, દીનતા સમજાઈ છે, તેટલી તેને સન્માર્ગપ્રાપ્તિ સુલભ છેજી.

''ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર;
ભાન નહીં નિજ રૂપનું, તે નિશ્ચય નહિ સાર.''

''હું કોઈ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું, એ ભૂલશો નહીં.'' (૩૭)

''આત્માનો ધર્મ આત્મામાં છે. આત્મત્વપ્રાપ્ત પુરુષનો બોધેલો ધર્મ આત્મતામાર્ગરૂપ હોય છે. બાકીના માર્ગના મતમાં પડવું નહીં.'' (૪૬૬)

બુદ્ધિબળ ઉપર મુખ્ય આધાર ન રાખતાં, અનુભવી જ્ઞાનીપુરુષે નિષ્કારણ કરુણાથી કલ્યાણનો માર્ગ પ્રરૂપ્યો છે તે મારે ઉપાસવા યોગ્ય છે એ બુદ્ધિ હૃદયમાં દૃઢ ધારી, સત્સંગ-સમાગમે નિઃશંક થવા ધર્મચર્ચામાં હરકત નથી. સમાધાન ન થાય તો આગળ ઉપર યોગ્યતા વધ્યે કે વિશેષ સમાગમે થશે એમ વિચારી ધીરજ રાખી સતશીલનું આરાધન ઉત્સાહપૂર્વક કર્યા રહો એ જ હાલ તો ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૯૩ ધામણ, તા. ૨૬-૧-૪૩

''અનંતકાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઈ છે; આ એક અવાચ્ય, અદ્ભુત વિચારણાનું સ્થળ છે. જ્યાં મતિની ગતિ નથી, ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય ?'' (૧૭૨)

''પર પ્રેમ-પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ-ભેદ સુઉર બસેં,
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાઈ દિયે.''

તમે બદલીનું પત્રમાં જણાવ્યું તેથી બધું ભાદરણનું મંડળ વીખરાઈ ગયું એમ જાણ્યું. કળિકાળ છે તેથી સત્સંગનાં નિમિત્તો મળવાં પણ દુર્લભ થઈ પડ્યાં છે. સત્સંગના વિયોગમાં જ તેની કિંમત સમજાય છે. પુણ્યાનુબંધી પુણ્યનું ફળ સત્સંગ છે એમ પરમકૃપાળુદેવે કહ્યું છે, તે સાચું છે. આ કાળમાં તેવા પુણ્યના સંચયવાળા જીવો થોડા જ સંભવે છે. જ્યાં ત્યાં પાપના ઉદયવાળા કે પુણ્યના ઉદયમાં પણ પાપ બાંધતા જીવો જણાય છે. વળી પરમ-કૃપાળુદેવે કહ્યું છે કે ભક્તિ અને સત્સંગ વિદેશ ગયાં છે. એવા વિકટ વખતમાં પણ આત્મ-કલ્યાણ કરવું હોય તેણે વિકટ પુરુષાર્થ કર્તવ્ય છે અને સત્પુરુષનો યોગ ન હોય ત્યારે તો

વિશેષ બળ કરીને તેનાં વચનો પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય ગણી ઉપાસતા રહેવાની જરૂર છેજી. જેટલી વિરહવેદના વિશેષ તીવ્રપણે વેદાશે તેટલું કલ્યાણ વિશેષ થવા સંભવ છે. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે અમને પરમકૃપાળુદેવે વિયોગમાં રાખીને વિરહાગ્નિના તાપમાં તપાવીને હિત કર્યું છે. આપણા હાથમાં હવે એ રહ્યું છે કે તે તે ભાવોની સ્મૃતિ, તે તે પ્રસંગો, વચનો, સમાગમ અને બોધ સ્ફુરી આવે તેવો અવકાશ મેળવી તેમાં વૃત્તિ જોડી રાખવી, તે પરમપુરુષના આશય સુધી પહોંચાય તેવી વિચારણા જગવવી અને તેમને જે કરાવવું હતું તે કરવા મંડી પડવું. અમરેલી તરફ કોઈ મુમુક્ષુ હોય એમ સ્મૃતિમાં નથી પણ સરખેસરખા સ્વભાવના શોધકને મળી આવવા સંભવ છે. તેવો યોગ ન બને ત્યાં સુધી મંત્ર-આરાધના વિશેષ કરતા રહેવા ભલામણ છેજી. એકાગ્રતાનું, જાગૃતિનું મુમુક્ષુજીવને એ પ્રબળ કારણ છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી તો એટલા સુધી કહેતા કે મંત્ર આપીએ છીએ તે આત્મા જ આપીએ છીએ, પછી જેવી જીવની યોગ્યતા. પ્રત્યક્ષ સત્સંગનો યોગ ન બને ત્યારે પરોક્ષ સત્સંગરૂપ પત્રવ્યવહાર મુમુક્ષુજીવો સાથે રહે તે પણ હિતકારી છેજી. "જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ." જાગે ત્યારે માગે એમ કહેવાય છે; તેમ અંતરંગમાં આત્મહિતની ભૂખ જેમ જેમ વધશે તેમ તેમ તેના રસ્તા જીવ શોધી લેશે, અને પોષણ પામતો રહેશે. "Sermons in stones & books in brooks" એમ એક સ્થળે શેક્સ્પિયરે લખ્યું છે તે એમ સૂચવે છે કે બોધયોગ્ય ભૂમિકા જીવને થાય છે ત્યારે તેને સર્વત્ર, સર્વ પ્રસંગો બોધદાયક નીવડે છે. જ્યાં વિકાર થાય તેવા પ્રસંગો પણ વિચારવાનને વૈરાગ્યનું કારણ થાય છે. જેને ગરજ નથી જાગી તેને વૈરાગ્યનાં ધામમાં પણ વિકાર સ્ફુરી આવે છે. માટે પાત્રતા, યોગ્યતા વધે તેવો પુરુષાર્થ કરતા રહેવાની આપણે જરૂર છેજી.

"વિષયવિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા, કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય.
નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહિ ક્ષોભ;
મહા પાત્ર તે માર્ગના, પરમ યોગ જીતલોભ."(૯૫૪)

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૩૯૪

ધામણ, તા. ૩૦-૧-૪૩

તમારા બન્ને પત્રો મળ્યા છેજી. તમે કેવું વ્રત લીધું છે, માંદગી પ્રસંગની છૂટ રાખી છે કે કેમ, તે મને ખબર નથી. પણ છૂટ રાખી હોય તો ઠીક છે, અને છૂટ ન રાખી હોય અને

પાણી વાપર્યું હોય તો હવેથી જાગ્રત થઈ જઈ જે પ્રકારે જેવા ભાવે વ્રત લીધું હતું તેવા જ ભાવે, વેદનાને નહીં ગણતાં પાળવા ભલામણ છેજી. પશુ જેવાં પણ લીધેલું વ્રત પાળે છે તો આપણે તો જરૂર પાળવું. ભૂલ્યા ત્યાંથી ફેર ગણો, પડ્યા ત્યાંથી ઊભા થઈ જાઓ. પાણી કંઈ આયુષ્ય વધારનાર નથી. એક વખત જ મરણ આવવાનું છે, તેનાથી ડર્યા વિના 'વ્રત એ જ ખરું જીવન છે' એમ જાણી બળ રાખી પાળશો તો કલ્યાણ છેજી.

"ધર્મ અર્થે ઈહાં પ્રાણનેજી છાંડે, પણ નહીં ધર્મ;
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ."

એમ રોજ બોલીએ છીએ તે પાળવાનો હવે કસોટીનો વખત આવ્યો છે ત્યારે પાછી પાની કરવી નહીં. જો મંદવાડની છૂટ રાખી હોય તો મંદવાડ ચાલે ત્યાં સુધી પાણી વાપરવા હરકત નથી. યાદ ન હોય તો બળ કરી પ્રતિજ્ઞાને પ્રાણ ગણવા ભલામણ છેજી. એ જ વિનંતી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૯૫

ધામણ, તા. ૩૦-૧-૪૩
પોષ વદ ૯, શનિ, ૧૯૯૯

તત્ ૐ સત્

શ્રીમદ્ સદ્ગુરુ રાજચંદ્ર પદ, વંદું સહજ સમાધિ ચહી,
સદ્ગુરુ-ચરણે ચિત્ત વસો મુજ, એ જ ભાવના હૃદય રહી;
દેહ છતાં જેની નિત્ય વર્તે દેહાતીત અપૂર્વ દશા,
તે ભગવંત નિરંતર ભજતાં, દોષ રહે કહો કેમ કશા? (પ્રજ્ઞા. ૫૨)

હરિગીત — સંગ્રામ આ શૂરવીરનો આવ્યો અપૂર્વ દીપાવજો,
કરતાં ન પાછી પાની ત્યાં ગુરુરાજ પડખે ભાવજો;
સમતા, સહનશીલતા, ક્ષમા, ધીરજ સમાધિમરણમાં,
મિત્રો સમાન સહાય કરશે, મન ધરો પ્રભુ-ચરણમાં.

કેવળ અસંગ દશા વરો, પ્રતિબંધ સર્વે ટાળજો,
સ્વચ્છંદ છોડી શુદ્ધભાવે, સર્વમાં પ્રભુ ભાળજો;
દુશ્મન પ્રમાદ હણી હવે, જાગ્રત રહો! જાગ્રત રહો!
સદ્ગુરુ-શરણે હૃદય રાખી, અભય આનંદિત હો! (વીરહાક)

પરમકૃપાળુદેવનું શરણ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ ખાસ ભાર દઈને પૂના ક્ષેત્રથી જણાવ્યું છે તે લક્ષમાં રાખી 'એક મતિ આપડી ને ઊભે માર્ગે તાપડી' એમ પ્રભુશ્રીજી કહેતા તે લક્ષમાં રાખી સ્મરણમાં ચિત્ત રાખવાનો અત્યંત તીવ્ર પુરુષાર્થ કરવાનો અવસર આવી પહોંચ્યો છે. તે વખતે ઢીલા નહીં થતાં જિંદગીમાં કદી ન આવ્યા હોય તેવા અપૂર્વ ભાવે તે પરમપુરુષની અનન્ય શ્રદ્ધા દૃઢ કરતા રહેશોજી. એ જ જીવનદોરી છે. શ્વાસોચ્છ્વાસ ધમણની પેઠે લેવા એ જીવન નથી પણ શ્રદ્ધામાં, પરમપુરુષના ઉપકારની સ્મૃતિમાં, તેની આજ્ઞા "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" છે તેમાં વૃત્તિ રાખવી એ સમાધિમરણનું કારણ અને ખરી મુમુક્ષુતા છેજી. પરમકૃપાળુદેવની આજ્ઞા જેને શિરસાવંદ્ય છે, માથે રાખી છે તેનો વાંકો વાળ થાય તેમ

નથી. ગમે તે ગતિમાંથી તેને મોક્ષમાર્ગે ચઢાવી આગળ વધારી મોક્ષે લઈ જાય તેવું તેનું યોગબળ વર્તે છેજી. આપણા ભાવ તે પ્રવાહમાં વહે તો ફિકર નથી. અનાદિનો દેહાધ્યાસ આપણને એવા પ્રસંગે ફસાવવા ફરે તો રયણાદેવી જેવો તેને ગણી તેના તરફ નજર પણ કરવા જેવી નથી. હવે તો "જેમ થાવું હોય તેમ થાજો, રૂડા રાજને ભજીએ." એને શરણે આટલો દેહ અર્પણ હો ! હવે કશું ઇચ્છવું નથી, કશું કરવું નથી, કશું જોઈતું નથી. એને હો તે મને હો ! હું કંઈ જાણતો નથી.

ધીંગ ધણી માથે કિયા રે કુણ ગંજે નર ખેટ, વિમલ જિન,
દીઠાં લોયણ આજ, મારાં સીધ્યાં વાંછિત કાજ. વિમલ૦

આત્મા જ્ઞાનીએ જાણ્યો તેવો છે, તેવું જ મારું સ્વરૂપ છે, તે નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષના ઉપાય સમ્યક્ જ્ઞાન, દર્શન અને સર્વભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તેમાં અચળ શ્રદ્ધા મરતી વખતે પણ થઈ શકે. જ્ઞાનીએ એ કહેલું છે તો મારે માની લેવું એ જ ભાવના કલ્યાણકારી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૯૬ આહોર, તા. ૧૭-૨-૪૩

નિત્યનિયમમાં વિશેષ ભાવ વર્ધમાન થતા રહે તેવી વિચારણાપૂર્વક ભક્તિ કરતા રહેવા ભલામણ છેજી. સત્સાધનની સફળતાનો આધાર ભાવ છેજી. ભાવની મંદતા માંદગી કરતાં વધારે નુકસાનકારક છે; માટે ઉલ્લાસપૂર્વક રોજ ભક્તિભાવ તથા તેવો વખત વધારતા રહેવા ભલામણ છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૯૭ આહોર, તા. ૧૭-૨-૪૩

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત વાંચવા-વિચારવાનું તથા સ્મરણ-ભક્તિ વગેરેમાં મન રાખવાનું કરશો તો આત્મહિતનું કારણ છેજી. કલ્પનાના ઘોડા દોડાવ્યા કરતાં વીસ દોહરામાં જણાવેલા ભાવો હૃદયમાં સ્થિર થાય; હું કંઈ જાણતો નથી પરંતુ પરમકૃપાળુદેવની કૃપાથી તેના યોગબળે આ જીવનું કલ્યાણ થાય તેવો યોગ બન્યો છે તે સાર્થક કરી લેવો છે, તેણે આત્મસ્વરૂપ યથાર્થ પ્રગટ કરી ઉપદેશ્યું છે તે પ્રમાણે માન્યતા રાખી તે પરમપુરુષ ઉપર અનન્ય ભક્તિ રાખી આટલો ભવ તેને શરણે જશે તો જરૂર મારું કલ્યાણ થશે એવી શ્રદ્ધા દિનપ્રતિદિન વર્ધમાન અને બળવાન બને તેમ વિચારણા કર્તવ્ય છેજી. સાચી ઉપાસનાનું ફળ વગર ઇચ્છયે પણ અવશ્ય આવશેજી.

વીતરાગ શબ્દ વિષે આપે પૂછ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે જેને રાગ, દ્વેષ અને અજ્ઞાનનો નાશ થયો છે તે વીતરાગ છે. શુદ્ધ આત્મા હોય ત્યાં વીતરાગપણું છે. આત્મા મૂળ સ્વરૂપે સર્વ સરખા છે. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં છેવટના ઉપસંહારમાં કહ્યું છે —

"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય,
સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય."

'એ શબ્દ સાંભળતાં કે વાંચતાં આપણી દૃષ્ટિ ક્યાં જવી ઘટે ?' એમ તમારો પ્રશ્ન છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે પરમકૃપાળુદેવનાં વચને આપણને જગાડ્યા છે, તેમનો વચન

દ્વારા પરિચય કે માહાત્મ્ય આપણને હૃદયગત થાય તેવું બીજાં નામો દ્વારા થવું મુશ્કેલ છે. બાકી "જીવનકળા"માં, પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીને છેવટે પરમકૃપાળુદેવે જણાવ્યું છે તે, છપાયું છે કે વીતરાગમાં અને અમારામાં ભેદ ગણશો નહીં.

તમારો બીજો પ્રશ્ન રૂબરૂમાં ચર્ચ્યે સમાધાન થાય તેમ છે. હાલ તો ત્યાગ-વૈરાગ્યની વૃદ્ધિ થાય અને જિજ્ઞાસા વર્ધમાન થાય તેવી યોગ્યતા લાવવા પુરુષાર્થ કર્તવ્ય છે. આત્મા એક છે કે અનેક છે તેની કંઈક તુલના કરવા યોગ્ય શક્તિ થયે, સત્સંગ વિશેષ થયે અને શ્રીમદ્ રાજચંદ્ર પુસ્તક વિશેષ કાળજીથી વાંચ્યે સમજાય તેમ છે. એટલે હાલ ધીરજ રાખી, રૂબરૂમાં સમાગમે સમજાશે એવી ધારણા રાખી સત્પુરુષાર્થ વધાર્યા જવા ભલામણ છેજી. હાલ જે પુસ્તકો પાસે હોય તે મધ્યસ્થદૃષ્ટિથી, ત્યાગવૈરાગ્યની વૃદ્ધિને અર્થે વાંચવા-વિચારવાનું કરશો તો સિદ્ધાંતિક વાતો યોગ્યતા આવ્યે સહજ પ્રયાસે સમજાઈ રહેશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૯૮ અગાસ, તા. ૨૧-૨-૪૩

"અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ."

વિ. આપે શંકા લખી કે 'મહાત્મા વાસુદેવ' એમ કહ્યું અને 'પરમ મહાત્મા ગોપાંગનાઓ' કહી છે તેનું શું કારણ? તેના ઉત્તરમાં જણાવવાનું કે હવે પત્રાંક ૨૨૩ માં સુધારો કરેલો છે તેમાં 'પરમ મહાત્મ્યા ગોપાંગનાઓ મહાત્મા વાસુદેવની ભક્તિમાં' એમ છાપેલું છે. તે એમ સૂચવે છે કે પરમ માહાત્મ્ય જેમને સમજાયું છે એવી પરમ મહાત્મ્યા ગોપાંગનાઓ, પણ માહાત્મ્ય તો શ્રી વાસુદેવનું જ છે, તેથી શ્રી વાસુદેવ મહાત્મા છે અને તેમનું માહાત્મ્ય સમજનાર પરમ મહાત્મ્યા અથવા પરમ ભક્તિવંત છે એમ સમજવા યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૩૯૯ ઈડર, તા. ૧૫-૩-૪૩

તત્ ૐ સત્ ફાગણ સુદ ૯, સોમ, ૧૯૯૯

આપનું કાર્ડ મળ્યું. આપની ભાવના હાલનો નવરાશનો વખત સત્સંગમાં ગાળવા જાણી સંતોષ થયો છેજી. વિનંતી કે હોળી સુધી અહીં રહેવા વિચાર છે ત્યાં સુધીમાં અહીં આવવું હોય તો આ રમણીય ક્ષેત્રની યાત્રા થશે. "જીવનકળા"માં જે વર્ણન છે તે સ્થળો પ્રત્યક્ષ જોવા અહીં મળશે. પર્વત ઉપર ગરમી નથી, પવન ખૂબ રહે છે. સત્સંગ, એકાંત, વિચારને અનુકૂળ સ્થળ જાણી આજથી અઠવાડિયા સુધી અહીં રહેવાનું રાખ્યું છે. આપને જેમ અનુકૂળ આવે તેમ કરશો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૦૦ અગાસ, તા. ૭-૪-૪૩

તત્ ૐ સત્ ચૈત્ર સુદ ૪, ગુરુ, ૧૯૯૯

"ધીરજ ન રહે એવા પ્રકારની તમારી સ્થિતિ છે, તેમ છતાં ધીરજમાં એક અંશનું પણ ન્યૂનપણું ન થવા દેવું તે તમને કર્તવ્ય છે; અને એ યથાર્થ બોધ પામવાનો મુખ્ય

માર્ગ છે.... કોઈ પણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી વર્તમાનમાં સમપણે પ્રવર્તવાનો દૃઢ નિશ્ચય કરવો એ તમને યોગ્ય છે; ભવિષ્યમાં જે થવા યોગ્ય હશે તે થશે, તે અનિવાર્ય છે, એમ ગણી પરમાર્થ-પુરુષાર્થ ભણી સન્મુખ થવું યોગ્ય છે.... લજ્જા અને આજીવિકા મિથ્યા છે. કુટુંબાદિનું મમત્વ રાખશો તોપણ જે થવાનું હશે તે થશે. તેમાં સમપણું રાખશો તોપણ જે થવા યોગ્ય હશે તે થશે; માટે નિઃશંકપણે નિરભિમાની થવું યોગ્ય છે. સમપરિણામે પરિણમવું યોગ્ય છે, અને એ જ અમારો બોધ છે. આ જ્યાં સુધી નહીં પરિણમે ત્યાં સુધી યથાર્થ બોધ પણ પરિણમે નહીં." (૩૭૪)

પ. ઉ. પ્રભુશ્રીજીનો બોધ તથા સમાધિ-સોપાનમાંના પત્રો આદિ વાંચતા રહેશો અને સમભાવ બને તેટલો રાખશો તો ધર્મધ્યાનમાં વૃત્તિ રહેવા સંભવ છે. બાકી સંસાર તો ક્લેશરૂપ છે, તેની નિવૃત્તિ વારંવાર ચિંતવી સત્સંગનો જોગ બને તેટલો મેળવતા રહેવા ભલામણ છેજી. સમજાય, ન સમજાય તોપણ જ્ઞાનીપુરુષોના વચનોમાં વૃત્તિ જોડી રાખવાનો પુરુષાર્થ કરતા રહેશો; તેનું ફળ અલૌકિક આવશેજી. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવું યોગ્ય નથીજી. આપણું ધાર્યું થતું નથી તે પ્રગટ દેખાય છે; તો જે થાય તે યોગ્ય જ થાય છે, એમ જ થવાનું ભગવાને દેખેલું હશે તે તેમ જ થયું, એમ ગણી ઇચ્છાઓ રોકી સ્મરણમંત્રનું આરાધન કર્યા કરવું યોગ્ય છેજી. છત્રીસ માળાનો ક્રમ ચાલુ હશે. શાંતિ, સમાધિ, ભક્તિ, વાંચન, વિચારમાં વધારે કાળ ગાળતા રહેવા ભલામણ છેજી. અહીં જેમ ક્રમવાર ભક્તિમાં વખત જતો તેમ ત્યાં પણ પુસ્તકને આધારે, ચિત્રપટના અવલંબને પરમકૃપાળુદેવનાં વચનોમાં તલ્લીનતા રહે અને વૃત્તિ સાંસારિક પ્રસંગોમાં ન ભટકતી રહે તેવી કાળજી રાખી મનને વારંવાર ધર્મની પ્રવૃત્તિમાં જોડવા ભલામણ છેજી. જ્ઞાનીપુરુષોએ કહેવામાં કચાશ નથી રાખી, આ જીવે કરવામાં કચાશ રાખી છે; તે હવે દૂર કરી, સાચા પુરુષનું શરણું આ ભવમાં મળ્યું છે તો સાચા થઈ તે મરતા સુધી પકડી રાખવું છે, અને આત્મહિત અર્થે જ જીવવું છે, એવો દૃઢ નિશ્ચય કરી તેમ વર્તતા રહેવાનું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૦૧ અગાસ, તા. ૧૦-૪-૪૩

તત્ ૐ સત્ ચૈત્ર સુદ ૬, શનિ, ૧૯૯૯

"આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર **'સમાધિ'** કહે છે." (૫૬૮)

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ—મૂળ૦
એમ જાણે સદ્ગુરુ-ઉપદેશથી રે, કહ્યું **જ્ઞાન** તેનું નામ ખાસ—મૂળ૦
જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત—મૂળ૦
કહ્યું ભગવંતે **દર્શન** તેહને રે, જેનું બીજું નામ **સમકિત**—મૂળ૦" (૭૧૫)

"વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ;
રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ."—બનારસીદાસ

તમે પુછાવેલ કડીઓનો પરમાર્થ ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને સત્સંગનો વિશેષ પરિચય થયે હૃદયગત થાય તેમ સમજાય છેજી. તેમ છતાં હાલ તમારા ચિત્તને સંતોષ થવા અર્થે

ભાવાર્થરૂપ અર્થ કંઈક આ પત્રને મથાળે અને અલ્પાંશે નીચે જણાવ્યો છે, તે વિચારી પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુની અલૌકિક દશા તેમનાં અમૂલ્ય વચનામૃતોના વાંચન દ્વારા હૃદયમાં ચિંતવતા રહેશો તો આપની મનોવાંછિત ભાવના પરમકૃપાળુ યથાઅવસરે પૂર્ણ કરશેજી.

**આચાર્ય શ્રી અમિતગતિકૃત સામાયિક પાઠમાંની કડીઓનો ભાવાર્થ**

"જેનું સ્વરૂપ સમજાય છે, સદ્‌જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે, અચળ છે વિકારથી;
પરમાત્મની સંજ્ઞા થકી, ઓળખાય જે શુભ ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં." ૧૩

ભાવાર્થ — દેહને જ પોતાનું સ્વરૂપ માનનાર બહિરાત્માને ઉદ્દેશીને તેને પરમાત્મ-સ્વરૂપનું ભાન થવા શ્રી આચાર્ય પ્રાર્થનારૂપે કહે છે કે જે સ્વરૂપ સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શનની પ્રાપ્તિથી (યોગથી = પ્રાપ્ત થવાથી) સમજાય છે, તે આત્મસ્વરૂપ અનંત સુખ (આનંદના ભંડાર) રૂપ છે, તથા તને અત્યારે જે જે પ્રસંગે, જે જે નિમિત્તોમાં વિકારભાવ થાય છે, તેવા પ્રસંગે અથવા કોઈ પણ નિમિત્તે જેના આત્મામાં વિકાર થાય તેવાં કર્મ રહ્યાં નથી, પરંતુ અચળ, સ્થિર-રૂપ, અસંગ પરમાત્મા છે. જ્યારે મન અને ઇંદ્રિયોની પ્રવૃત્તિ તદ્દન રોકાઈ જાય ત્યારે જે જ્ઞાતા, દ્રષ્ટા, નિર્વિકાર આત્મા શુદ્ધસ્વરૂપે સમજાય છે, તે પરમાત્માના નામ(સંજ્ઞા)થી ઓળખાય છે. તેને સ્વર્ગના દેવો પણ પરમ દેવ માની પૂજે છે. તે પ્રેમમૂર્તિ, પ્રિયતમ સિદ્ધ-ભગવાન મારા હૃદયમાં સદાય વસજો એવી વિનંતી છેજી.

"હું માગતો નહિ કોઈ આસન, દર્ભ પથ્થર કાષ્ઠનું,
મુજ આત્મના નિર્વાણ કાજે, યોગ્ય આસન આત્મનું;
આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણ જો,
અમૂલ્ય આસન થાય છે, શુભ સાધવા સમાધિ તો." ૨૨

ભાવાર્થ — "અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે."

દાભનું આસન પાથરી, કોઈ ઊભા ઊભા કે કોઈ પદ્માસન વાળી ધ્યાન સમાધિ લગાવે છે, પણ શ્રી આચાર્ય કહે છે કે દાભના, પથ્થરના કે પાટ વગેરે લાકડાના આસનની મારી માગણી નથી. મોક્ષની જેને ઇચ્છા છે તેણે તો આત્માને આત્મામાં સ્થિર કરવારૂપ આસન લેવું પડશે. જે જે પદાર્થો ઇંદ્રિયોથી જણાય તેમાં રાગ, દ્વેષ અને મોહ નહીં કરવાથી મન સ્થિર થાય છે. તે જ ખરું આસન છે. "રાગદ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ; થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ." એમ આત્મસિદ્ધિમાં કહ્યું છે તેમ, કર્મ ન બંધાય તેમ રહેવાય તે ખરું આસન કે ધ્યાન છે અને તે મોક્ષનું કારણ છે. કષાય = ક્રોધ, માન, માયા, લોભ.

"જ્ઞાનમય વિશુદ્ધ આત્મ સ્વ-આત્મથી જોવાય છે;
શુભ યોગમાં સાધુ સકળને, અનુભવ આ થાય છે;
નિજ આત્મમાં એકાગ્રતા, સ્થિરતા વળી નિજ આત્મમાં,
અખંડ સુખને સાધવા તું, આત્મથી જો આત્મમાં." ૨૫

ભાવાર્થ — દેવતા ચીપિયા વડે પકડાય છે તેમ આત્મા આત્માથી (જ્ઞાનથી) ગ્રહણ થાય છે. ઇંદ્રિયો કે મન વડે તેનો અનુભવ થતો નથી. દેહાદિ પદાર્થોથી ભિન્ન આત્મા સદ્‌ગુરુના

બોધે સમજી, અંતર્મુખવૃત્તિના અભ્યાસરૂપ યોગે એટલે અંતરાત્મા થઈ પરમાત્માની ભાવના કે તેમાં તલ્લીનતા સ્થિરતારૂપ યોગથી મહાત્માઓ પરમાત્મપદ પામે છે. પરભાવથી છૂટી સ્વભાવમાં સ્થિર થતાં અખંડ સુખ સધાય છે.

"આ આતમ મારો એક ને, શાશ્વત નિરંતર રૂપ છે,
વિશુદ્ધ નિજ સ્વભાવમાં, રમી રહ્યો છે નિત્ય તે;
વિશ્વની સહુ વસ્તુનો નિજ કર્મ ઉદ્ભવ થાય છે,
નિજ કર્મથી વળી વસ્તુનો, વિનાશ વિનિમય થાય છે." ૨૯

ભાવાર્થ — આ કડીનું સંસ્કૃત ઉપરથી ગુજરાતી કરતાં ક્લિષ્ટતા થઈ ગઈ છે. મૂળ ગાથામાં એમ ભાવ છે કે મારો આત્મા નિર્મળ, શાશ્વત, જ્ઞાનસ્વરૂપ છે; બીજા બધા ભાવો બાહ્ય છે, અનિત્ય છે, કર્મથી થયેલા વિભાવ ભાવ છે, સ્વભાવરૂપ નથી. ગુજરાતી કરનાર ગૂંચાઈ ગયો છે તેથી લખે છે કે મારો આત્મા એક છે, નિત્ય છે, નિર્મળ સ્વભાવી છે. કર્મથી – મોહનીય આદિ કર્મના વિકલ્પોથી સંસાર ઊભો થાય છે અને કર્મથી – પુણ્યપાપથી સારીખોટી વસ્તુઓ મળે છે અને નાશ પામે છે. પણ પહેલાં જણાવેલ અર્થ સરળ અને શુદ્ધ છે.

શાંત ચિત્તે વાંચશો તો ચારે કડીઓ ઉપર જણાવેલા અર્થની મદદથી સમજાશે, કંઈક અંતર્વૃત્તિ કરવાના ભાવ થશે; બીજી કડાકૂટમાંથી મન પાછું પડશે. કરવાનું એક જ છે: જગતનું વિસ્મરણ કરવું અને સત્‌ના ચરણમાં ચિત્ત રાખવું. પરમકૃપાળુદેવ પ્રત્યે, તેનાં વચન પ્રત્યે, તેના વચનના આશયરૂપ આત્મા પ્રત્યે પરમપ્રેમ જાગે એવી વૃત્તિ રાખતા રહેવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૪૦૨

અગાસ, તા. ૧૦-૪-૪૩
તત્ ૐ સત્ — ચૈત્ર સુદ ૬, શનિ, ૧૯૯૯

પરમ ઉપકારી અહો! રાજચંદ્ર ગુરુદેવ;
જેને શરણે જીવતાં, ટળતી ભવ-ભ્રમટેવ.

"પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન;
ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઊપજવા પૂર્વિક ભાગ્ય.
તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ.
.... .... .... .... .... .... .... ....
સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઈશ." (૧૦૭)

પ્રશ્ન — "સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે." (૨૫૪) એ વાક્યનો ભાવાર્થ શો છે?

ઉત્તર — કલ્યાણનું કારણ સત્પુરુષ, તેનું યથાર્થ ઓળખાણ, તેનો બોધ અને તેની શ્રદ્ધા છેજી. એટલે જેના દ્વારા કલ્યાણ થાય એમ છે તે પુરુષની પ્રતીતિ, અત્યંત પ્રતીતિ એને જ્ઞાનીઓએ પરમધર્મ અથવા સમકિત કહ્યું છે. "સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ-લક્ષ; સમકિત તેને ભાખિયું કારણ ગણી પ્રત્યક્ષ." "બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને

શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે." (૭૬) આટલો ભાર દેવાનું કારણ, તે જ પ્રથમ પ્રાપ્ત કરી પરમ પ્રેમે ઉપાસવા યોગ્ય છે. તેમાં વિઘ્ન કરનાર "માનાદિ શત્રુ મહા" છે. તે કેમ ટળે? "જાતાં સદ્ગુરુ શરણમાં અલ્પ પ્રયાસે જાય." તે શરણ જીવ ક્યારે શોધે? પોતે "અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હુંય, એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શુંય?" આવી લઘુતા ધારણ કરે તો જ અચિંત્ય માહાત્મ્ય સત્પુરુષનું લાગે. સત્પુરુષને સત્પુરુષરૂપે એટલે પરમેશ્વર-તુલ્ય ગણે તો જ પોતાનું અહંપણું ટળે, "અહંભાવથી રહિત" થાય. પરમેશ્વર તુલ્ય સત્પુરુષને જે માને છે તે, સત્પુરુષનાં અંતઃકરણ કેટલાં નમ્ર હોય છે તે પણ જાણી જાય છે. આખા જગતના દાસ થવાને તે ઇચ્છે છે, તો તેનો ભક્ત સર્વ પ્રાણી પ્રત્યે દાસભાવ કેમ ન રાખે?

"સદ્ગુરુના **ઉપદેશ** વિના અને **જીવની સત્પાત્રતા** વિના એમ થવું અટક્યું છે." (૪૭) "વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે એવો નિશ્ચય રાખવો. જીવના **અનધિકારીપણાને લીધે** તથા **સત્પુરુષના યોગ વિના** સમજાતું નથી." (૫૦૫) અનંતકાળમાં આવો યોગ સાથે મળી ન આવ્યો. કોઈ વખતે જીવને આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા તીવ્ર જિજ્ઞાસા જાગી હશે, યોગ્યતા મેળવી હશે, પણ સત્પુરુષના યોગ વિના તે યોગ્યતા કોઈ કારણે લૂંટાઈ ગઈ હશે; કોઈ વેળા સત્પુરુષનો યોગ પૂર્વના પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે મળી આવ્યો હશે, ત્યાં જીવની યોગ્યતા વિના કે શિથિલતાને લઈને નિષ્ફળ વહ્યો ગયેલો, પણ બન્ને કારણો મળી આવ્યાં હોત તો મોક્ષ જરૂર થયો હોત. વળી પત્રાંક ૧૯૪ માં છે–"હે આયુષ્યમનો! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો **ઉપદેશ** તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે **ઉઠાવ્યાં નથી.** અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે." એ જ પત્રને મથાળે છે–"ભાવ-અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં **ચરણારવિંદ,** તે પ્રત્યે **અચળ પ્રેમ** (યોગ્યતા–અધિકારીપણું) થયા વિના અને સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના સતસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી....એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે." પત્રાંક ૧૯૬ પણ વિચારશોજી. તેમાં પણ જ્ઞાનીની આજ્ઞા અને પ્રતિબંધ ટાળવા પુરુષાર્થરૂપ યોગ્યતા એ બે કારણો ગણાવ્યાં છેજી. કલ્યાણ કરવામાં વિઘ્નરૂપ હોય તે પ્રતિબંધ રાગાદિરૂપ છે, તે ભાવરૂપ પ્રતિબંધ જેને અંતરંગમાં ન હોય તેને બાહ્ય પ્રતિબંધ 'પ્રારબ્ધ' વહેલાંમોડાં દૂર થવા સંભવે છેજી. "જ્ઞાનીપુરુષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે." (૫૭૨) પત્રાંક ૫૬૦, ૫૭૨, ૬૪૭, ૫૭૫, ૮૧૭ અને ૫૨૧ વિચારશોજી. કાળજીપૂર્વક શંકાઓની નોટમાં જુદી નોંધ રાખતા જઈ વચનામૃત વાંચતા રહેવાથી ઘણી શંકાઓ પરમકૃપાળુદેવના પત્રો દ્વારા ટળી જવા સંભવ છેજી. હાલ નહીં સમજાય તે આગળ ઉપર વિશેષ વિચારે સમજાવા યોગ્ય છેજી. માટે મૂંઝાયા વિના સત્પુરુષનાં વચનોનો અભ્યાસ નિયમિત કરતા રહેવા ભલામણ છેજી.

ટૂંકામાં આપણને જે આજ્ઞા મળી છે તેનું આરાધન વિશેષ વિશેષ થશે તેમ તેમ વિશેષપણે નિર્મળ વિચાર થશે અને નથી સમજાતું તે સમજાતું જશે, એટલું ખાસ સમજવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૦૩ અગાસ, તા. ૧૫-૪-૪૩

"હું પામર શું કરી શકું? એવો નથી વિવેક;
ચરણશરણ ધીરજ નથી, મરણ સુધીની છેક."

આપની ધર્મભાવના જાણી સંતોષ થયો છેજી. ધર્મપ્રયત્નમાં કોઈના તરફ દૃષ્ટિ કરી બીજાની દશાની સાથે પોતાની સરખામણી કરવા યોગ્ય નથી. પૂર્વે કરેલાં કર્મોનું ફળ અત્યારે દેખાય છે. વર્તમાનમાં મંદ કષાય આદિ વર્તતાં હોય તે વિચારવાન હોય તેને જ સમજાય તેમ છે. પણ પોતે પોતાના દોષો જોઈ તે દોષો કાઢવા કેવો પ્રયત્ન કરે છે તેની પોતે સંભાળ રાખતા રહેવી ઘટે છેજી. બીજાની સાથે મેળ મળે તેમ નથી. આપણને જાગૃતિ રહે અને આગળ વધવામાં બળ મળે તે અર્થે બીજાના ગુણ જોઈ રાજી થવું, પોતે તેવો થવા પ્રવર્તવું; સંયમ આદિની અભિલાષા રાખવી, પણ ખેદ કરી અટકી રહેવા જેવું નથી. યોગ્યતા વધે તેને માટે પુરુષાર્થ, કાળજી, વિચાર વિશેષ કર્તવ્ય છેજી. "यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी" જેની જેવી ભાવના તેવી તેને સિદ્ધિ મળે છે. "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે" (૮૧૯) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે તે પત્ર વારંવાર વિચારવા ભલામણ છેજી.

બીજું, ચૈત્ર વદ ૫ એ પરમકૃપાળુદેવના દેહવિલયની તિથિ મહાપર્વરૂપ છે. તે દિવસે અવકાશ લઈ, બને તો ઉપવાસ આદિ સંયમભાવ સહિત ભક્તિમાં તે દિવસ-રાત્રિમાંથી યથાશક્તિ વખત બચાવી આત્મહિત સાધી લેવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. 'આલોચનાદિ પદ-સંગ્રહ'માં વિરહનાં પદો છે તે, તે દિવસે અહીં ગવાશે. આત્મસિદ્ધિ તથા જીવનકળા આદિમાંથી અવકાશ પ્રમાણે વાંચી-વિચારી આત્મભાવના જાગ્રત-પુષ્ટ થાય તેમ કર્તવ્ય છેજી. સત્સંગી ભાઈબહેનોનો યોગ છે તો સમૂહમાં ભક્તિ કર્તવ્ય છેજી. તેમ ન બને તો વ્યક્તિગત પુરુષાર્થ તો ચૂકવા યોગ્ય નથી. એ જ વિનંતી. "તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે એવા સર્વ સત્પુરુષો તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!" (૪૯૩) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૦૪ અગાસ, તા. ૨૪-૪-૪૩

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૪, શનિ, ૧૯૯૯

આપની ભાવના આશ્રમમાં આવવાની અને કંઈ લોભ છોડવાની રહે છે એમ જાણી શુભ ભાવના પૂરતો સંતોષ થયો છેજી. પણ આ મનુષ્યભવમાં જેને સદ્ગુરુનો યોગ થયો છે, તેની આજ્ઞા ભક્તિ સ્મરણમંત્ર આદિ રૂપે પ્રાપ્ત થઈ છે તેણે આવા પ્રસંગે આત્મકલ્યાણ અર્થે પરમ ઉપકારી પરમકૃપાળુદેવનું એક શરણ, તેનો જ આશ્રય, તે જ વીતરાગતા, શુદ્ધ સ્વરૂપ અને અલૌકિક દશામાં જ વૃત્તિ નિરંતર રાખવા યોગ્ય છેજી. વારંવાર પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા

કે તેની (પરમકૃપાળુદેવની) ભક્તિ કરનારનો વાંકો વાળ થવાનો નથી. એક પરમકૃપાળુદેવને આશ્રયે આટલું આયુષ્ય ગાળવું છે અને તેને જ આશ્રયે દેહ છોડવો છે, એ નિશ્ચય મુમુક્ષુએ અંતકાળ સુધી ટકાવી રાખવાનો છે. તે પરમજ્ઞાનીપુરુષે જાણ્યો છે તેવો મારો આત્મા છે, તેની મને અત્યારે ખબર નથી; પણ મારે તેણે જાણ્યો છે તેવા આત્મા સિવાય બીજે ચિત્ત રાખવું નથી, બીજી કોઈ ચીજ ઉપર તેથી વિશેષ પ્રેમ થવા દેવો નથી. આત્મા સિવાય કંઈ જોઈતું નથી, ઇચ્છવું નથી, દુઃખથી ગભરાવું નથી, મરણથી ડરવું નથી, કોઈ પ્રત્યે રાગ કે કોઈ પ્રત્યે કિંચિત્ દ્વેષ રાખવો નથી એવી જ્ઞાનીની આજ્ઞા મને અંતકાળ સુધી ટકી રહો. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) જે દુઃખ આવે છે તે જવા માટે આવે છે. ભલે હાલ છે તેથી વધારે આવે તોપણ મારે ગભરાવું નથી. (અપૂર્ણ)

---

**૪૦૫** અગાસ, તા. ૨૪-૪-૪૩

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૪, શનિ, ૧૯૯૯

ઠગાયો આજ સુધી અત્યંત, હવે તો માફ કરો ભગવંત;
ખોટાં ખાતાં ખતવ્યાં મૈં તો, જૂઠો રાખ્યો હિસાબ;
રકમ શરીર ખાતાની માંડી, આત્મા ખાતે સાફ. ઠગાયો૦
સદ્ગુરુ સમીપ ગણ્યા ના તેથી, માયા લાંબી ચાલી;
હવે હાજરી હરદમ ગણીને, વૃત્તિ અંતર વાળી. ઠગાયો૦

આપની ભાવના જાગૃતિ અર્થે જાણી સંતોષ થયો છેજી. ઘણા દિવસ પ્રતિક્રમણ કર્યા છતાં જીવ પાછો ફરતો નથી, અંતર્વૃત્તિ રાખતો નથી. જેવો સહવાસ સગાંવહાલાંનો ઇચ્છે છે તેવો સહવાસ સદ્ગુરુ પ્રત્યેનો સમજાતો નથી. પોતાની હાજરી પ્રગટ ભાસતી નથી, તો તેનો વિયોગ ક્યાંથી સાલે? તો પછી જેને પ્રાર્થના કરીએ છીએ તેની હાજરી કે વિયોગ ક્યાંથી લાગે? બહિરાત્મભાવના ભાર નીચે જીવ દબાયો છે, તેને હલકો કરવા પરોક્ષપણે પણ આત્મપ્રતીતિ કરવી જરૂરની છેજી. "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો" (૧૭૨) આદિ જ્ઞાનીપુરુષનાં વચનો વિચારી, આ જીવે હાલ સુધી કરવા યોગ્ય કંઈ કર્યું નથી, માત્ર ઠગાતો આવ્યો છે તે આત્મ-વંચનામાંથી જીવ હવે જાગે, સત્ય સન્મુખ થાય, સાચી આત્મઅર્પણતા સમજે અને આદરે એવી વિચારણામાં પ્રયત્નપૂર્વક વર્તવું ઘટે છેજી.

"બહિરાતમ તજી અંતર આતમા,-રૂપ થઈ થિર ભાવ સુજ્ઞાની,
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ સુજ્ઞાની;
આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ દોષ સુજ્ઞાની,
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ-પોષ સુજ્ઞાની."

નીચેનો ફકરો બળવીર્ય સ્ફુરવા અર્થે વારંવાર વિચારવા યોગ્ય છે:

"જો આપણે પ્રાર્થનાની સફળતાનો સાક્ષાત્કાર કરવા ઇચ્છતા હોઈએ તો આપણામાં અખૂટ ધીરજ હોવી જોઈએ. અસંખ્ય મુનિઓ, ઋષિઓ, ઓલિયાઓએ પોતાની શ્રદ્ધાના બળ વડે પ્રાર્થનામાં લોહીનાં આંસુ ઢોળ્યાં છે, હાડકાંની અને માંસની સૂકવણી કરી છે. આપણા

રસ્તામાં કાદવ, કીચડ, જંગલ, ઘોર અંધારું, ઝાંખરાં, પહાડો, ખાઈઓ, વાઘ, વરુ, અનેક જાતના ભયો અને ત્રાસો આવવાના જ છે; તેમ છતાં નામર્દ ન થઈએ અને એ બધી મુસીબતોની સામે થવાની હિંમત કેળવવી રહેલી છે. પ્રાર્થનામય પુરુષના શબ્દકોશમાં 'પાછા હઠવું,' 'હાર ખાવી,' 'પલાયન કરવું' એવી વસ્તુ જ નથી.''

''ભક્તિ શીશતણું સાટું, આગળ વસમી છે વાટું.'' સદ્ગુરુ-શરણ સાચા અંતઃકરણે સ્વીકારાય તેટલી માર્ગનિકટતા છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૦૬ અગાસ, ચૈત્ર વદ ૧૪, ૧૯૯૯

આત્માનું હિત કરવાનો અનુપમ યોગ, સામગ્રી પૂર્વપુણ્યથી આ ભવમાં મળી આવ્યા છતાં જીવ જો મામૂલી બાબતો માટે તે ખોઈ નાખશે તો આખરે પસ્તાવું પડશે. માટે બાઈભાઈ જે જે સમજી શકે તેવા હોય તેમણે સત્પુરુષે આપેલાં મંત્ર-સ્મરણ, ભક્તિભાવમાં ચિત્ત વિશેષ વિશેષ પરોવતા રહેવાની ટેવ પાડી મૂકવા યોગ્ય છે. બધા મુમુક્ષુજનો ભક્તિ કરતા હોય તે વખતે બને તો સત્સંગ, વાચન, ભક્તિનો લાભ લેવો. તે ઉપરાંત પણ જેટલો વખત મળે તે ધન આદિ કરતાં અનંતગણો કીમતી અમૂલ્ય ગણી સત્સાધનમાં જોડવો. પ્રમાદ, ઊંઘ, વિલાસ, દેશકથા કે શિથિલતામાં કાળ વહ્યો ન જાય તેની વિશેષ કાળજી રાખવા, ચેતતા રહેવા ભલામણ છેજી. આયુષ્યનો ભરોસો નથી, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે; ત્યાં પરભાવ અને પરકથામાં વાપરવાનો વખત સાચા મુમુક્ષુના હાથમાં ક્યાંથી હોય ? ગમે તે રીતે પણ યોગ્યતા વધે તેવી પ્રવૃત્તિમાં સત્સંગના વિયોગે વર્તવું ઘટે. તો જ સત્સંગે વિશેષ લાભ થવા સંભવ છેજી.

---

૪૦૭ અગાસ, તા, ૫-૫-૪૩

અનુષ્ટુપ — ચારે અંગોય દુષ્પ્રાપ્ય, જીવોને જગમાં બહુ;
[1]મનુષ્યત્વ, [2]શ્રુતિ, [3]શ્રદ્ધા, [4]સંયમે વીર્ય જાગવું.

અવકાશ મળી શકે અને રજા લઈ શકાય તો વૈશાખ સુદ ૮-૯ બે દિવસ ભક્તિના અહીં ગાળવા જેવા છેજી. વાવેલાં બીજ વરસાદ વિના ઊગતાં નથી કે ઊગ્યાં હોય તે કરમાઈ જાય છે, તેમ સત્સંગના વિરહમાં તમે પત્રમાં વર્ણવી તેવી જીવની દશા થઈ જાય છે તે સાવ સમજાય તેવી વાત છે. પણ તેના ઉપાય કરવા જીવ પુરુષાર્થ ન કરે ત્યાં સુધી ઊંધા તર્કોને વશ થઈ પોતે પોતાનો શત્રુ બની, આત્મઘાતના મહા પાપનો આચરનાર આતતાયી બને છે. આ જીવ કુતર્કથી, સ્વચ્છંદથી કે કુગુરુની શિખામણે અનંતકાળ સુધી રખડ્યો, તોપણ થાક્યો નથી. ઇંદ્રિયોના વિષયોમાં મીઠાશ છે, ત્યાં સુધી મન બધા વિચારો કરીને પાછું ઇંદ્રિય-સુખોને જ ઇષ્ટ ગણી તેની અનાદિની ઊંધી દોડમાં ઘાંચીના બેલની પેઠે ફેરવ્યા જ કરે છે. 'મોક્ષમાળા'-માંથી શિક્ષાપાઠ ૬૮ 'જિતેન્દ્રિયતા' વિષે વારંવાર વાંચી મુખપાઠ કરી તેના રહસ્યને હૃદયમાં સ્થિર કરવા ભલામણ છેજી. 'સુખ વિષે વિચાર'ના છ ભાગ, 'અમૂલ્ય તત્ત્વવિચાર', 'જિતેન્દ્રિયતા' અને 'બ્રહ્મચર્યની નવ વાડ' આ પાઠોને એક એકના આધારરૂપ અનુપમ સંકલનામાં ગૂંથેલા છે. તે બધા કાળજીપૂર્વક વાંચી હૃદયમાં તેમાં જણાવેલા ઉત્તમ સારને સ્થાન આપશો, તો

જે શાંતિ તમે ગુમાવી ગણો છો તે ફરી નવપલ્લવિત થતી જણાશે. આઠ દૃષ્ટિની સજ્ઝાયમાં શ્રી યશોવિજયજી લખે છે –

"લોભી, કૃપણ, દયામણોજી, માયી મચ્છર ઠાણ;
ભવાભિનંદી ભય ભર્યોજી, અફળ આરંભ અયાણ–
મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ.

એવા અવગુણવંતનુંજી, પદ છે અવેદ્ય કઠોર;
**સાધુ સંગ આગમતણોજી**, તે જીત્યો ધુરંધોર. મન૦
તે જીત્યે સહજે ટળેજી, **વિષમ કુતર્ક પ્રકાર;**
દૂર નિકટ હાથી હણેજી, જેમ એ બઠર વિચાર. મન૦"

ન સમજાય ત્યાં મધ્યસ્થ રહેવું. કોઈને પૂછવું, આગળ ઉપર વિચારવાનું રાખવું કે પોતાની યોગ્યતાની ખામી છે તે દૂર થયે સમજાશે એટલો વિશ્વાસ રાખવો, પણ ઢેયડી જેવી પોતાની કુતર્ક-શક્તિને વાપરી ગમે તેવા નિર્ણય ઉપર આવી જઈ ધર્મમાર્ગથી નુકસાન થાય છે એવા વિચારને મનમાં સ્થાન આપવું ઘટતું નથી. સાચું સુખ તો ત્યાગમાંથી તે વૈરાગ્ય વધશે તેમ સમજાશે. પણ ન સમજાય ત્યાં સુધી પોતાની અધમતા આંખ આગળ રાખી ભવભીરુ, પાપથી ડરનાર, અધમાધમ બની જ્ઞાનીની આજ્ઞા સર્વોપરી હિત સાધનાર છે તેમાં મને વર્તવા દે, તેનું સારું જ ફળ આવશે એમ દૃઢતા વધારવી.

---

૪૦૮ — અગાસ, તા. ૮-૫-૪૩

તત્ ૐ સત્ — વૈશાખ સુદ ૪, શનિ, ૧૯૯૯

આપના આત્મહિત કરવાના ભાવ જાણી સંતોષ થયો છેજી અને તેવા ભાવ આપણને બધાંને રહ્યા કરે તો જરૂર કલ્યાણકારી છેજી. જીવ નિમિત્તાધીન છે, ત્યાં સુધી પોતાને કે પોતાનાં ગણાતાં સંબંધી વર્ગને સારા નિમિત્ત બને તે પ્રકારે વિચારણા, પુરુષાર્થ, પ્રભુ-પ્રાર્થના કર્તવ્ય છેજી. "यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी" જેવી જેની ભાવના તેવી તેને સિદ્ધિ મળે છેજી. પરમકૃપાળુદેવનાં વચનોમાં આપની વૃત્તિ રહે છે તે પ્રશંસાને પાત્ર છેજી. પોતાની મતિ, બુદ્ધિ, કલ્પના મંદ કરતાં રહી નિર્મળ ભાવે, જે જ્ઞાનીને કહેવું છે તે સમજવું છે અને સમજાય તે પ્રકારે વર્તવું છે, આટલો લક્ષ રાખી પરમપુરુષનાં વચનો પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય સમજી આરાધતા રહેશો તો ગમે તે સ્થળ હિતકારી થવા સંભવ છેજી. આપણી પ્રબળ ભક્તિભાવના જાગી તો તે સમીપ જ છે એમ સમજવું. "આપ સમાન બળ નહીં અને મેઘ સમાન જળ નહીં" એ કહેવત પ્રમાણે પોતાનું કરવા પોતે જ કમર કસીને તૈયાર થવું પડશે, બીજાની મદદ તો પુણ્યોદયને આધીન છેજી. પરમકૃપાળુદેવે પોતે કહેલું એક ભાઈ પાસેથી સાંભળ્યું છે કે જો તમે છ આની બળ કરશો તો અમે દશ આની નાખી સોળ આની કરી આપીશું, પણ એટલું તો કરવું જ રહ્યું. "કંઈક આપકા બળ તો કંઈક દેવકા બળ," એમ પુરુષાર્થ કર્યે સફળતા મળે છેજી. પરમકૃપાળુદેવે એક ભાઈને જેમ બને તેમ વહેલી આરાધના કરતા રહેવા પત્રાંક ૭૦૨ માં જણાવ્યું છે તે વારંવાર વાંચી જે પ્રેરણા મળે તે ગ્રહણ કરવા

ભલામણ છેજી. પત્રાંક ૮૪૩ મુખપાઠ ન કર્યો હોય તો મુખપાઠ કરી, વારંવાર વૃત્તિ તેમાં કહ્યા પ્રમાણે રાખવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. મરણની ફિકર કર્યે કંઈ વળે તેમ નથી, તેની તૈયારી કરતા રહેવામાં શૂરવીરપણું છેજી. આલોચનામાંથી 'વીરહાક' નામનું કાવ્ય મુખપાઠ કર્યાથી વિશેષ પુરુષાર્થ જાગે અને આખરે શું કરવું તે તરફ દૃષ્ટિ દેવાની તેમાં પ્રેરણા છેજી, તે લક્ષમાં લેવા યોગ્ય છે.

"તારે માથે કોપી રહ્યો કાળ રે, ઊંઘ તને કેમ આવે ?
પાણી પહેલાં બાંધી લેને પાળ રે, ઊંઘ તને કેમ આવે ?"

મારે, તમારે, બધાને જેમ બને તેમ ઉતાવળે, પહેલી તકે આરાધનાનું કામ પ્રમાદ તજી હાથમાં લેવું ઘટે છેજી. બે-ત્રણ વર્ષે તો શું પણ કાળની કોને ખબર છે? માટે વેળાસર ચેતવું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૦૯ અગાસ, તા. ૧૧-૫-૪૩

તત્ ૐ સત્ વૈશાખ સુદ ૭, મંગળ, ૧૯૯૯

શાર્દૂલ.— "હું પાપિષ્ટ, દુરાત્મ, મંદમતિનો, માયાવી ને લોભિયો,
રાગ-દ્વેષ ભર્યો મલિન મનથી, દુષ્કર્મમાં ડૂબિયો;
ત્રૈલોક્યાધિપતિ જિનેન્દ્રપ્રભુના શ્રીપાદ-મૂળે લળી,
નિંદાપૂર્વક પાપ હું પરિહરું દુષ્કર્મ જાજો ગળી."

દોહા — "દુશ્મન બે દુનિયા વિષે, સૌ સંસારી સાથ;
રાગ-દ્વેષ એ નામના, જીતે તે જગનાથ."

આપના બે પત્રો વાંચ્યા. પહેલામાં કંઈક અને બીજામાં વિશેષપણે વૃત્તિ ક્રોધભાવ તરફ વહે છે એમ જણાવ્યું તે વાંચ્યું, તથા તે દૂર કરવા તમારી શુભ ભાવના છે તે જાણી સંતોષ થયો છે કારણ કે એક તો પોતાના દોષ દેખવાની ગરજ અથવા તો દેખાય તેવી નિર્મળતા બહુ ઓછા માણસોમાં હોય છે. તમને સ્મરણ કરતા રહેવાની ટેવથી તેટલી હૃદયપરીક્ષા કરવાની યોગ્યતા તથા દોષને દોષરૂપ દેખી દૂર કરવાની ભાવના તથા ઉપાય પૂછવા જેટલી હિમ્મત, તત્પરતા પ્રગટી છે તે સંતોષનું કારણ છેજી.

મનુષ્યભવની દુર્લભતા જેને જણાય છે તેને માતપિતા પ્રત્યે સહજ ઉપકારબુદ્ધિ ઊગે છે. ચોરાસી લાખ જીવયોનિઓમાં ભટકતાં આ જીવને અનંતકાળથી અનંત દુઃખ ખમવાં પડયાં છે. હવે "રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું." મોક્ષમાર્ગ દેખી, પૂછી, ખાતરી કરી તે માર્ગે ચાલતાં મોક્ષ પ્રાપ્ત થાય તેવો સુયોગ પ્રાપ્ત થયો છે. પૂર્વના સંસ્કારે આર્યકુળમાં જન્મ પામી સત્સંગયોગ્ય માતાપિતાની કૃપાથી વિદ્યા, સદાચાર, કેળવણી અને કમાણીની જોગવાઈ તથા સત્પુરુષનાં દર્શન, સમાગમ, બોધ અને આજ્ઞાની પ્રાપ્તિ પરમ હિતકારી સમજાયાં છે, તો થોડા પ્રયાસે હાલ જે દોષો દેખાય છે તે દૂર થવા સંભવ છેજી.

"માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય."

તમે હાલ ધર્મપ્રયત્નમાં કેમ વર્તો છો તે વિશેષ વિસ્તારથી જણાવ્યું નથી તેથી ઉત્તર પણ વિગતવાર આપી શક્યો નથી. નિત્યનિયમ તો કરતા હશો અને સ્મરણ અવકાશને વખતે કર્યા કરો છો એમ જણાવ્યું છે. હવે સ્મરણ કેટલી માળાનું થાય છે તેની ગણતરી રાખવા ભલામણ છેજી. માળા ન રાખો તો આંગળીના વેઢાથી પણ ગણતરી કરતા રહી રોજ કેટલી માળા થાય છે તેની નોંધ ખાનગી નોટમાં રોજ રાખવી. તેથી વધે છે, ઘટે છે કે તેટલી જ માળા થયા કરે છે તે સમજાશે. માળાની શરૂઆતથી અંત સુધી પૂરી માળા ફેરવવાનો અવકાશ હોય ત્યારે લક્ષ સ્મરણ ઉપરાંત એક દોષ દૂર કરવાના નિશ્ચયનો કે એકાદ ગુણ પ્રગટ કરવાની ભાવનાનો રાખવો, જેમ કે અત્યારે બે-પાંચ મિનિટ અવકાશ છે તો જરૂર એક-બે માળા ફેરવાશે એમ લાગે ત્યારે પહેલી માળામાં ક્રોધ દૂર કરવાનો એટલે કોઈ પણ પ્રાણી પ્રત્યે ક્રોધ કરવો નથી, પ્રાણ લેવા કોઈ અત્યારે આવે તેના પ્રત્યે પણ ક્રોધ કરવો નથી, એવો નિશ્ચય કે ક્ષમા-ગુણ પ્રગટ કરવો છે એવી ભાવના રાખવી. સામાન્ય રીતે એકલો મંત્ર બોલાતો હોય ત્યારે મન થોડી વારે બીજી કોઈ બાબતમાં ખેંચાઈ જાય છે. મંત્ર ઉપરાંત કંઈક કરી શકે તેવી તેનામાં શક્તિ હોય ત્યારે તે મંત્રને મૂકી દઈને પણ બીજી બાબતમાં તણાઈ જવાની તેની નિર્બળતા દેખી આવી સલાહ જ્ઞાનીપુરુષોએ આપી છે કે તેને જરૂર પડે તો આ નક્કી કરેલી બાબત હાથ પર લેવી; પણ ગમે ત્યાં ભટકતું તેને રોકવું છે. બીજી માળા ફેરવતાં માન દૂર કરી વિનયગુણ વધારવાના પ્રયત્નમાં જરૂર પડ્યે રોકવું. ત્રીજીમાં માયા તજી સરળતા ધારણ કરવા, ચોથીમાં લોભ ઘટાડી સંતોષ વધારવા મનને વાળવું. આમ જો તેને કોઈ પણ રીતે મંત્ર કે કોઈ ગુણના વિચારમાં રોકવા પ્રયત્ન કરી જોશો તો જરૂર તમે ઇચ્છો છો તેથી સુંદર અને આનંદદાયી ફળ મળશે. આમાં મદદ મળે માટે સમાધિસોપાનમાંથી ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ આદિ દશલક્ષણરૂપ ધર્મનું પ્રકરણ છે તે કાળજીપૂર્વક વાંચતા રહેવા ભલામણ છેજી. નવરાશ હોય તો ઑફિસમાં પણ એકાદ પુસ્તક રાખવું કે લેતા જવું, અને બીજા બીડી, ચા કે ગપ્પાંમાં વખત ગાળે ત્યારે આપણે સત્શાસ્ત્રમાંથી કંઈક વાંચવું, વિચારવું કે કંઈ ન બને તો સ્મરણમાં મનને જોડવું. જો નવરું મન રહ્યું તો તે નખોદ વાળે તેવો તેનો સ્વભાવ છેજી.

'આહાર તેવો ઓડકાર' – 'અન્ન તેવું મન' એવી કહેવત છે, તો વૃત્તિને ઉશ્કેરે તેવા મસાલા આદિ તામસી ચીજો આહારમાંથી ઓછી થાય તેમ હોય તો તે પણ અજમાવી જોવા ભલામણ છેજી. આપણાથી બને તેટલો વિચાર કરી મનને સદ્વિચારમાં, ભક્તિ, સ્મરણ, ગોખવામાં કે લખવામાં જોડી રાખવું ઘટે છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૧૦ અગાસ, તા. ૨૨-૫-૪૩

તત્ ૐ સત્ વૈશાખ વદ ૩, શનિ, ૧૯૯૯

"અબ તક મોહ્યો દેખતાં, સુંદર જડ-પર્યાય;
અધિક અધિક વધ્યાં બંધનો, થયું ભ્રમણ ભવમાંય.

જબથી મોહ્યો દેખતાં, શ્રીમદ્ સદ્ગુરુરાય;
સમય સમય ઘટી બંધનો, વિમલ વિમલ જીવ થાય."

"પરમ અધ્યાતમ લખે, સદ્ગુરુ કેરે સંગ,
તિનકો ભવ સફળો હોવે, પાકો પ્રગટે રંગ.

ધર્મધ્યાનકો હેતુ તન, શિવસાધનકો ખેત;
ઐસો અવસર કબ મિલે, ચેત સકે તો ચેત."

"વાણીનું સંયમન શ્રેયરૂપ છે, તથાપિ વ્યવહારનો સંબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવળ તેવું સંયમન રાખ્યે પ્રસંગમાં આવતા જીવોને ક્લેશનો હેતુ થાય; માટે બહુ કરી સપ્રયોજન સિવાયમાં સંયમન રાખવું થાય, તો તેનું પરિણામ કોઈ પ્રકારે શ્રેયરૂપ થવું સંભવે છે........જીવનું મૂઢપણું ફરી ફરી, ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે વિચારવામાં જો સચેતપણું ન રાખવામાં આવ્યું તો આવો જોગ બન્યો તે પણ વૃથા છે." — શ્રીમદ્ રાજચંદ્ર (૪૭૯)

"દેહ જેનો ધર્મોપયોગ માટે છે તે દેહ રાખવા જે પ્રયત્ન કરે છે તે પણ ધર્મને માટે જ છે." (૩૭)

વિ. આપનો પત્ર મળ્યો. વાંચી તમારા ભાવ અંતર્વૃત્તિરૂપ થવાના જાણી સંતોષ થયો છેજી. પત્રને અંતે જણાવેલી બીના સંબંધે થોડું પ્રથમ જણાવી લઉં. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ આખરે મુમુક્ષુજીવને તરવાના સાધનરૂપ પરમકૃપાળુદેવની આજ્ઞા જણાવવા— સ્મરણ આદિ સત્સાધન બતાવવા — ફરમાવેલું તે આપને જણાવી દીધું છે. તેનું બને તેટલું માહાત્મ્ય હૃદયમાં રાખી આરાધન કરવાનું છે. ભાઈ, હું તો માત્ર ચિઠ્ઠીનો ચાકર છું. ભીડના વખતે તમને કોઈ પરોપકારી પુરુષે મારી મારફતે હૂંડી મોકલાવી, તેથી તમને અણીને વખતે મળેલી મદદથી આનંદ થાય, મારા પ્રત્યે સદ્ભાવ થાય, પણ તેનો માલિક હું થવા જાઉં તો દોષિત થાઉં. જેનું ધન છે તેને ધન્ય છે; તેનો ઉપકાર વારંવાર હૃદયમાં રાખી, તેની વાત ગમે ત્યાંથી સમજી આત્મહિત આ ભવમાં કરી લેવું એ જ મારી સવિનય સલાહ છેજી. પરમકૃપાળુદેવને માનનાર મહાભાગ્યશાળી જીવોમાંનો હું એક છું, તેની ના નથી; પણ હવે "પરપ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં" તે અર્થે, પરમકૃપાળુદેવ એ જ આપણા બધાના આધાર છે એટલો લક્ષ વિશેષપણે રાખવા વિનંતી છેજી. કંઈ કામ પ્રસંગે જેમ તમે તમારા મોટા ભાઈને પુછાવો, ખુલાસો મગાવો તેમ તમને મુઝવણના પ્રસંગે મને ઉકેલ આવે તે પ્રમાણે તમને જણાવવા હરકત નથીજી. પ. પૂ. પ્રભુશ્રીજીના એક પત્રમાંથી ઉપયોગી ઉતારો ટૂંકામાં આ પ્રસંગે વિચારવા લખું છું :

"શમભાવ, સમતા, ક્ષમા, સદ્વિચારમાં રહો. કોઈ સંકલ્પ-વિકલ્પ ઊઠે કે તરત વૃત્તિ સંક્ષેપી, જે કોઈ પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષોની કોઈ ભાવિક જીવાત્મા પ્રત્યે આજ્ઞા થઈ છે તે, મહામંત્ર કોઈ સત્સંગના યોગે આ જીવાત્માને મળી આવ્યો તો બીજું સર્વ ભૂલી જઈ તેનું જ સ્મરણ કર્તવ્ય છેજી. તેથી ચિત્ત સમાધિ પામી, વિભાવવૃત્તિનો ક્ષય થાય છેજી. તે કર્તવ્ય છેજી. સર્વ મુમુક્ષુ જીવાત્માને પણ તે જ લક્ષ કર્તવ્ય છેજી." (ઉપદેશામૃત પૃષ્ઠ ૪૪)

"મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ-મૂળ૦" એ પદ 'તત્ત્વજ્ઞાન'-માં છે તે મુખપાઠ ન કર્યું હોય તો મુખપાઠ કરી લેવા ભલામણ છે તથા તેના વિચારમાં વૃત્તિ જોડી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ આત્માની વિશેષ વિચારે ઓળખાણ કરી તેમાં આનંદ જીવને આવે તેમ કર્તવ્ય છેજી.

હવે સ્વાધ્યાય પૂરો થયા પહેલાં કુદરતી હાજત વગેરેને કારણે તે તૂટક થાય કે કેમ? એવા ભાવનો તમે પ્રશ્ન કર્યો છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે બનતા સુધી નિત્યનિયમ કરવાનો વખત એવો રાખવો કે તેવી હાજતો પતી ગયા પછી અવકાશે ઘડી ચિત્ત સ્થિર થાય તો ધર્મધ્યાનમાં વિક્ષેપ ન પડે, એટલે ચોવીસ કલાકમાંથી ગમે ત્યારે અનુકૂળ વખતે નિત્યનિયમ – વીસ દોહા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ – આટલું એકચિત્તે કરી લેવું. પછી માળા દ્વારા મંત્રનું સ્મરણ કરવામાં પણ અમુક માળા અને ઓછામાં ઓછી એક માળા તો નિર્વિઘ્ને પૂરી થાય તેવી ટેક રાખવી. જો છત્રીસ માળાનો ક્રમ રાખ્યો હોય અને આસન બહુ વાર બદલવાની જરૂર ન પડતી હોય તો તેમાં પણ ૧૮ માળા સાથે લગી એક આસને ફેરવવાની રહે તો આસન-જયરૂપ ગુણ થવા સંભવ છેજી. આ બધું ઉતાવળ કરી કરવું નથી, પણ ક્રમે ક્રમે કરી શકાશે.

હવે નિત્યનિયમ ઉપરાંત મુખપાઠ કરેલાં કે બીજાં પરમકૃપાળુદેવનાં વચનો વાંચવા, ગોખવા, બોલી જવા કે વિચારવા માટે વખત મળે તે વખતે, કામ હાથમાં લીધું હોય તેમાંથી પૅરેગ્રાફ, પાન કે અમુક પદ પૂરું થયે તે કામ પડી મૂકી બીજા કામે જરૂર પડ્યે લાગવું ઠીક છેજી. પણ શરીરની ટટ્ટી આદિ હાજતો ન રોકવાનું શાસ્ત્રમાં જણાવ્યું છે તે પણ લક્ષમાં રાખવું યોગ્ય છેજી. એટલે ધર્મધ્યાન કરતા પહેલાં વખત નક્કી ન કર્યો હોય કે પરમકૃપાળુદેવની આજ્ઞા અમુક વખત સુધીની ન લીધી હોય તો તે કામ જરૂર લાગ્યે બંધ કરી બીજા કામમાં ચિત્ત દેવામાં હરકત નથી; પણ વખત એક કલાક કે બે ઘડી નક્કી કરી આજ્ઞા લીધી હોય તો તે પાળવામાં વિશેષ લાભ સમજાય છેજી. સહનશીલતા, કઠણાઈ વધવાનો પ્રસંગ છેજી. બાકી અમથું પુસ્તક વાંચતાં કે વિચારતાં ગમે ત્યારે તે કામ પડી મૂકવું પડે તો કંઈ બાધ નથી. સહનશીલતા વધારતા રહે તેને સમાધિમરણ કરવામાં સુગમતા થાય છેજી. અત્યારની દશા દેખી નિરાશ થવા જેવું નથી, વૈરાગ્ય અને અભ્યાસથી સર્વ શક્ય છેજી.

તમારાં પિતાના વિચારો ઉદાર છે, મને પણ તે સંમત છે; પણ તમને મનમાં ખેંચ રહેતી હોય કે 'અધૂરો અભ્યાસ પડી મૂકવો નથી', 'હાથમાં લીધું તે કામ પૂરું કરવું' તો જ અભ્યાસનો બોજો આવી તબિયતમાં માથે ઉઠાવવો, નહીં તો જેમ ઘણા વિદ્યાર્થીઓ ઊઠી ગયા તે ઊઠી જ ગયા છે તેમ વિચાર માંડી વાળવો હોય તોપણ કંઈ ખોટું નથી. વૃત્તિમાં તેનું મહત્ત્વ રહેવું ન જોઈએ. કરવું હોય તો કરી લેવું એટલે તેના વિચાર આવતા મટે અને જો મનમાંથી તે વાત નીકળી ગઈ હોય તો ફરી ઊભી કરવા યોગ્ય નથીજી.

હવે તમારા માતાપિતા પ્રત્યે કેમ વર્તવું તે સંબંધી તમને ગૂંચવણ રહે છે તેના ઉત્તરમાં જણાવવાનું કે તેમની સલાહ આપણું હિત કરવાની ભાવનાથી હોય છે. માત્ર તેમની સમજમાં ફેર હોવાથી જુદારૂપે લાગે. જો આપણા ભાવો સ્પષ્ટ તે સમજે તો આપણને દુઃખી

કરવાનો વિચાર તેમને નથી હોતો, તેથી આપણે કરીએ છીએ તે જ કરવા તે કહે. પણ તેવી સમજ તેમની થાય ત્યાં સુધી આપણે મુશ્કેલી વેઠવાની રહી. એક તો તેમને દેહનો મોહ હોય છે તેથી દેહને માટે કાળજી રાખવા કહે. મૌન રાખવાથી તો તેમના વિચારો ફરે એવી અત્યારે તમારી દશા નથી, તેથી તેમના કાનમાં જ્ઞાનીપુરુષનાં વચનો પડતાં રહે તેવું કંઈક કરવું ઘટે. એટલે તમારે કે તેમને પસંદ પડે તેવા કોઈએ એકાદ કલાક તેમની આગળ વાચન કરવાનું રાખ્યું હોય તો સ્વજનો તરફની ફરજ બજાવવા પૂરતો સંતોષ પણ તમને રહે અને તેમને પણ સારું શું છે તેનો વિચાર કરવાનો અવકાશ પ્રાપ્ત થાય. હાલ તો તમને ઇચ્છા થતી હોય તો મોક્ષમાળાનો એક પાઠ વાંચી તેનો ભાવાર્થ, તેમની સાથે વાત કરવાનો પ્રસંગ બને ત્યારે જણાવવો, કે બાર ભાવના 'સમાધિસોપાન'માં છે તેમાંથી થોડું થોડું વાંચી વાતચીતના પ્રસંગોમાં તે ભાવો રેડતા રહેવા યોગ્ય છેજી. અને તેમને એમ થાય કે તમે બે ઘડી વાંચો તો અમે સાંભળીએ, તો પૂ....નાં માતુશ્રી, તમારાં માતુશ્રી, તમારાં ભાભી વગેરેને અનુકૂળ નવરાશનો વખત હોય ત્યારે કલાક તે ગામમાં રહેવું બને ત્યાં સુધી ખોટી થાઓ તો તેમને રસ પડે તો પછી જેને વાંચતાં આવડતું હોય તેની પાસે પછી વંચાવવાનું તે ચાલુ પણ રાખે. શરીર સાચવવાની વાત કરે તો આપણે જણાવવું કે શરીર પાડી નાખવાના નિર્ણય ઉપર હું આવ્યો નથી, દવા કરવા માટે તો આવ્યો છું; ભક્તિથી શરીર બગડતું હોય તો અગાસમાં બધાંનાં બગડવાં જોઈએ, શરીરને આધારે જ્ઞાનીની આજ્ઞાનું આરાધન આ ભવમાં કરી લેવાનો વિચાર છે તેથી તમે કહો છો તેવી સંભાળ તો હું વગર કહ્યે લઉં છું; પણ બાંધેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી તે પણ સાંભળ્યું છે તેથી મને વિશેષ લાગતું નથી અને તમે શરીર સુકાતું દેખી શોક કરો છો. આપણાથી બને તેટલું કરીએ, પછી જે થવાનું હશે તે થશે. માટે હવે મને શરીર ન જાણશો; મારા આત્માનું કલ્યાણ થાય તેવી આશિષ આપની પાસે માગું છું અને આપને પણ, મારા અંતરની ઇચ્છા એવી છે કે હવે આત્મા ઓળખવા તથા તેનું હિત સાધવા ભણી તમારી વિશેષ કાળજી થશે તો મને સંતોષ રહેશે. ગમે તે રીતે પણ દેહભાવ ઓછો થાય અને આત્માનો વિચાર થાય, તેનું હિત કરવા જ્ઞાનીઓએ કહ્યું હોય તે આપણે સાંભળીએ, વિચારીએ, ઠીક લાગે અને બની શકે તેટલું વર્તનમાં મૂકીએ તો આપણે છીએ ત્યાંથી ઊંચી દશામાં આવીએ – એવી વાતો, વાચન, ભજન દ્વારા તેમની સમજ ફરવાનો સંભવ છેજી. નરસિંહ મહેતાનાં, પરમકૃપાળુદેવનાં, આનંદઘનજી આદિનાં સામાન્ય પદો ગાઈ બતાવવાથી પણ ભાવો પલટાવી શકાય તેમ છેજી.

"પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ." — શ્રીમદ્ રાજચંદ્ર

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૧૧ અગાસ, તા. ૨૭-૫-૪૩

આપે પુછાવેલ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે આપણા અનુભવની જ વાત જ્ઞાનીએ ચમત્કાર લાગે તેવા શબ્દોમાં જણાવી છે. "પરાર્થ કરતાં વખતે લક્ષ્મી અંધાપો; બહેરાપણું

અને મૂંગાપણું આપી દે છે." (૩૦) લક્ષ્મીનો વિષય તો આપ સર્વના અનુભવનો છે. "પરાર્થ કરતાં" એટલે બીજાનું ભલું થાય તે કરતાં પોતાનામાં આવા દોષો આવવાનો સંભવ છે. અથવા બીજાનું તો ભલું થાય કે ન પણ થાય, પણ તે કરતાં, વખતે (કદાચિત્) ક્યાંક પોતાને પણ અંધાપો (અવિવેક) જોયું ન જોયું કરવારૂપ દોષ આવી જવાનો સંભવ છે. લક્ષ્મી પરાર્થે માટે વપરાશે એમ કરીને કમાયા પછી પરાર્થ તો ક્યાંય પડી રહે અને પૈસાદાર થયો તેનો ગર્વ થઈ આવે છે, આંખ તીરછી થઈ જાય છે; વિપરીત ભાવો પ્રગટવાથી બીજાને નુકસાન કરવામાં પણ લક્ષ્મીનો દુરુપયોગ કરે તો તેને આંધળો જ કહેવો ઘટે. આંખ સત્પુરુષનાં દર્શન કરવા માટે તથા સંયમને મદદ કરવા અર્થે વાપરવી ઘટે છે, તેને બદલે જો પાપમાં પ્રવેશ કરવા માટે લક્ષ્મીની મદદથી વપરાય તો તે અંધાપો જ ગણાય. તેમ જ કાનને સદ્ગુરુ કે સત્શાસ્ત્રના શ્રવણને અર્થે વાપરવા જોઈએ તેને બદલે જો પોતાની પ્રશંસા કે બીજાના અવગુણ સાંભળવામાં વપરાય તો તે બહેરાપણું છે; અથવા તો ગરીબની દાદ ઉપર, પ્રાર્થના પ્રત્યે ધનવાન કાન ન દે તે પણ બહેરાપણું જ છે; અને વચનને સત્પુરુષના કે પરમાત્માના ગુણગ્રામમાં વાપરવાને બદલે તિરસ્કાર કે અપશબ્દો બોલવામાં વપરાય તે મૂંગાપણું છે કે ધનમદને લઈને મૌન રાખે, બોલાવે પણ બોલશે તો કંઈક આપવું પડશે જાણી મૂંગા રહે તે પણ મૂંગાપણું છે. આમ સવળા અર્થમાં સત્પુરુષનાં વચનો સમજવાં ઘટે છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૧૨ અગાસ, તા. ૩૧-૫-૪૩

વિ. આપનો પત્ર મળ્યો. વાંચી આપની અભ્યાસ વધારવાની ભાવના જાણી. મારી સલાહ પૂછી તે વિષે જણાવવાનું કે દરેકે પોતાના મનને પૂછવું અને એમ મનમાં લાગે કે આ કામથી પાછળ પસ્તાવું નહીં પડે, લાભ થશે, તો તે કરવા યોગ્ય છેજી. આપણે પુરુષાર્થ કરી જોવો, પછી અંતે તો પ્રારબ્ધ પ્રમાણે બનવાનું છે, અને તેમાં સંતોષ માનવો. ખરું કર્તવ્ય આત્મહિત છે, તેને માટે સત્સંગ, સત્શાસ્ત્ર, સત્પુરુષાર્થની જરૂર છેજી. એ લક્ષ ન ચુકાય તેમ વ્યવહારમાં વર્તી લેવું ઘટે છેજી. મનુષ્યભવ એ મોટી સંપત્તિ પ્રાપ્ત થઈ છે તેનો કેવો ઉપયોગ થાય છે અને કેવો ઉપયોગ કરવો ઘટે છે તેનો વિચાર મુમુક્ષુજીવોને રહ્યા કરે છેજી. એ જ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૧૩ અગાસ, તા. ૧-૬-૪૩

તત્ ૐ સત્ વૈશાખ વદ ૧૪, ૧૯૯૯

જે સદ્ગુરુ-ચરણથી અળગા, તે થડ છોડી ડાળે વળગ્યા,
જેને સદ્ગુરુ-પદશું રાગ, તેનાં જાણો પૂર્વિક ભાગ્ય.
પ્રભુ પણ નિજ સંભારીને, દુઃખને કરશે દૂર,
સમય થયે રેલાવશે, પવિત્ર સુખનાં પૂર.
સદ્ગુરુના સદ્બોધથી, કરો શોધ, શ્રદ્ધા ધારજો,
સત્સંગથી ઉલ્લાસ, સત્પુરુષાર્થમાંહિ વધારજો.

આપનો પત્ર ગઈ કાલે મળ્યો. વાંચી સમાચાર જાણ્યા. ગમે તે વાંચીને પરમકૃપાળુદેવનાં વચનો અને તેના ઉપકાર પ્રત્યે પ્રેમભક્તિ વધે તે કર્તવ્ય છેજી. અનેક શાસ્ત્રોનો સાર તે મહાપુરુષે એક કડીમાં ભરી દીધો છે :

"બે બોલોથી બાંધિયો, સકળ શાસ્ત્રનો સાર,
પ્રભુ ભજો, નીતિ સજો, પરઠો પરોપકાર."

"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં,
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાય દિયે."

આવાં વચન વાંચી, વિચારી, ભાવના કરી તેમાં લીન થઈ જવા જેવું છેજી. જેને તે મહાપુરુષનો ઉપકાર સમજાય છે તે મહાભાગ્યશાળી ગણવા યોગ્ય છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની સાથે શ્રી દેવકરણજી મુનિ હતા તેમને પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનો ઉપકાર સમજાયો ત્યારે પહેલાં અણસમજમાં તેઓશ્રી પ્રત્યે જે સામાન્ય ભાવ હતો તેના પશ્ચાત્તાપરૂપ એક પત્ર લખ્યો છે, તેમાંથી આપણે વારંવાર વિચારવા યોગ્ય ભાગ આપને માટે નીચે ઉતારી મોકલું છું, તે વાંચી સદ્વિચારમાં વૃત્તિ વિશેષ રહે તેમ વર્તવા વિનંતી છેજી.

"........વિશેષ ઉદાસી આપે છે તે એ કે આપનો પ્રથમ સમાગમ મુંબઈમાં આપ નિવૃત્તિ-સ્થળ – આપના એકાંત સ્થળમાં બિરાજમાન હતા તે વખતે લલ્લુજી મહારાજ (પ્રભુશ્રીજી) સાથે હતા તે વખતે આપે મને પૂછ્યું કે સ્ત્રી દૃષ્ટિએ પડતાં પરિણામ ચળે છે? તથા વ્યાખ્યાનમાં અહંભાવ સ્ફુરે છે? તે આપે પૂછવાથી મેં યથાતથ્ય જેવા ભાવ વર્તતા હતા તેવા કહ્યા અને તે જ વિચારવાનો આપે પ્રથમ બોધ કર્યો હતો, તે હું અહંકાર વડે – દ્રવ્યત્યાગના અભિમાન વડે – જાણતો ન હતો અને સાધુપણું માની બેઠેલો તે આપે જાગ્રત કર્યો હતો. હવે બનતો પુરુષાર્થ કરું છું, અને આપની શાંતમૂર્તિ ઉપર દૃષ્ટિ રાખ્યા કરું છું; અને તમારી એકાગ્રવૃત્તિ અને સ્વરૂપસ્થિરતાનું માહાત્મ્ય જાણી શકતો નથી તે આપની પૂર્ણ કૃપા વડે જણાશે તે આશા રાખું છું. જેમ બાળક માતા-પિતા સન્મુખ પોતાનું દુઃખ જણાવે છે તે જ રીતે હું આપની પાસે દુઃખની વાતો વર્ણવું છું કે સૂક્ષ્મ અહંભાવ વડે સૂક્ષ્મ વિષયાદિ–રાગદ્વેષ રહી જતાં આ દેહ પડી જશે ને તે બીજનાં વૃક્ષો થઈ પડશે ને જન્મમરણ ચાલુ રહેશે; તે ભયભરેલા વિચાર આવતાં મનમાં આકુળતા આવી જાય છે ને વળી વિચાર આવે છે કે આવી જોગવાઈ મળી છતાં જીવ ઘણી વાર રઝળ્યો એવું શાસ્ત્રઆધાર વડે જણાય છે ને આપ પ્રત્યક્ષજ્ઞાની પણ કહો છો તો આવી અપૂર્વ જોગવાઈ મળી છતાં આ દેહ પામ્યાનું નિષ્ફળપણું થાય? એવી ચિંતા કોઈ વખત થયા કરે છે ને વળી આપની સન્મુખ વૃત્તિ થતાં હિમ્મત આવે છે કે અપૂર્વ જોગવાઈ મળી ખાલી નહીં જ જાય. પણ દૃઢ નિશ્ચય થાય તેવો આશ્રય આપશો તો હું પરમ સુખી થઈશ ને જીવ્યું સફળ ગણીશ. કોઈ વખત આત્માને વૃત્તિ દુર્ધ્યાનમાં ખેંચી મૂળથી ચુકાવી દે છે પણ થોડા સમયમાં તરત જ પાછી ખેંચાઈ આવે છે ને આપના સન્મુખ થાય છે. મર્યાદ ઓળંગતી નથી. લજ્જા પામી ગુરુ સન્મુખ થઈ જાય છે."

આવો પુરુષાર્થ આપણે કરીને વૃત્તિને પરમકૃપાળુદેવની મુખમુદ્રા તરફ વાળતા રહેવાનો અભ્યાસ કર્તવ્ય છેજી. પરમકૃપાળુદેવ સહજાત્મસ્વરૂપ છે, તેમના તરફ વૃત્તિ રાખવાથી આત્મવૃત્તિ

થવા સંભવ છેજી. તેમનાં વચનો, તેમની વીતરાગ મુખમુદ્રા વારંવાર લક્ષમાં લેવાથી આ ત્રિવિધ તાપથી બળતાં સંસારમાં શાંતિ સાંપડે છેજી. એવો ઉપરના પત્રમાં લખ્યા પ્રમાણે ઘણા સંતોને સાક્ષાત્ અનુભવ થયો છેજી. પ્રારબ્ધ અનુસાર જ્યાં હોઈએ ત્યાં ભક્તિ, સ્મરણ, સદ્વાંચન, સદ્વિચાર અને આત્મભાવના કરતા રહેવામાં આપણું કલ્યાણ સમાયું છેજી. "હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૧૪ અગાસ, તા. ૧૨-૬-૪૩

"નિયમથી કરેલું કામ ત્વરાથી થાય છે, ધારેલી સિદ્ધિ આપે છે; આનંદના કારણરૂપ થઈ પડે છે." તત્ત્વજ્ઞાન પૃષ્ઠ ૬૦ (૨૧-૧૧)

આપનો પત્ર પ્રાપ્ત થયો. તમારી સંસારભાવ સંકોચવાની વૃત્તિ આદિ જાણી સંતોષ થયો છેજી. "આજ્ઞામાં અમુક વખત લેવો એ કંઈ સમજ પડતી નથી" એમ કહ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે જ્યારે આપણને એકાદ કલાક કે અમુક વખત તદ્દન નિવૃત્તિ છે એમ સમજાય, ત્યારે વખતની મર્યાદા સંબંધી પણ આજ્ઞા લેતી વખતે મનમાં નિર્ણય કરી શકાય કે કલાક સુધી મારે આત્મા સિવાયની બીજી કોઈ પ્રવૃત્તિમાં પડવું નથી. તેવો નિયમ લીધા પછી કોઈ મિત્ર આદિ આવી ચઢે તો કાપલીમાં લખી રાખ્યું હોય કે અમુક આટલા વાગ્યા પછી બીજા સાથે વાતચીત કરવાનો મારે નિયમ છે, તે બતાવી દીધાથી તે પણ સમજી જાય એટલે કાં તો તેટલો ટાઇમ રાહ જોઈ બેસે કે તેને ફાવે તેમ કરે. આ બધું સ્વતંત્ર જીવનને અંગે છે તેની ઉતાવળ કરવા જેવું નથી, પણ તેમ કરવાથી પત્રને મથાળે જે વાક્ય લખ્યું છે તે પ્રમાણે ઘણો લાભ થાય છે, તે સૂચવવા માત્ર [1]ગયા પત્રમાં લખ્યું હતું.

બીજું તમારાં માતુશ્રી સંબંધી તમને મનમાં કંઈ વિચાર વારંવાર ન આવતા હોય તો કંઈ તે વિષેની પ્રવૃત્તિમાં પડવા યોગ્ય નથી. જે પ્રસંગે જેમ ઠીક લાગે તેમ બને તેટલી સમતા સાચવવાની ટેવ પાડતા રહેવું તે શ્રેયસ્કર છેજી.

હાલ તમે નડિયાદ રહો છો તેથી તમારાં માતુશ્રી આદિને સંતોષ રહેતો હોય તો ત્યાંના જ સારા ગણાતા વૈદ્યની દવા લીધા કરવી. પ્રારબ્ધ હશે તેમ સુખદુઃખ જે કર્મનાં ફળ છે તે આવ્યા કરશે એમ માની, મુખ્ય કાર્ય આત્મહિત કરવાનું છે તે થતું હોય તો અમદાવાદ વગેરેની પ્રવૃત્તિ પણ ઠીક લાગતી નથી. પછી જેમ સંયોગવશાત્ કરવું પડે તે કરી છૂટવું; તેમાં મુખ્ય લક્ષ રાખવા યોગ્ય નથી. અનેક જણ સલાહ આપનાર આવે તેમ દરેકનું કહ્યું કર્યા કરે તો દરદીને ત્રાસ સિવાય બીજો લાભ ઓછો જ સંભવે. દવામાં શું આવે છે વગેરે મને પૂછવાની કંઈ જરૂર નથી. સાત વ્યસન અને સાત અભક્ષ્ય ચીજોનો તમે નિયમ લીધો છે તેમાંની કોઈ ચીજ આવે છે કે નહીં, તે દવા આપનાર પાસેથી ખાતરી કરી લેવી. દાખલા તરીકે, કોઈ ગોળીઓ વૈદ્ય આપતો હોય તો 'મધમાં ગોળીઓ વાળેલી છે કે કેમ?' એમ

---

૧ જુઓ પત્રસુધા પત્ર નં. ૪૧૦

સભ્યતાથી પૂછી લેવું કે 'મદ્ય હું વાપરતો નથી તો તેવી ચીજો દવામાં હોય તો મને તે મહેરબાની કરીને આપશો નહીં' આમ કહી શકાય.

મરણની વિચારણા વૈરાગ્યની વૃદ્ધિને અર્થે છે. તેનો અર્થ એવો નથી કે મરણનો ભય માથે વર્તે છે માની સાધનમાં ઉતાવળ કર્યા કરવી. આત્મા અજર, અમર, અવિનાશી, અછેદ્ય, અભેદ્ય, નિત્ય પદાર્થ છે તે પણ ભૂલવા યોગ્ય નથી, એમ સ્યાદ્વાદ છે, તે આત્માને બળવાન બનાવે તેવો છેજી. સત્સંગ, સત્શાસ્ત્રના વિશેષ પરિચયે અને વિચારની વૃદ્ધિ થયે તે વિશેષ સમજાશેજી. ધીરજ એ મોટો ગુણ છે, તેમ જ સહનશીલતા પણ જીવને સ્થિરતા તરફ વાળનાર છે તે ક્રમે ક્રમે સાધ્ય છે. બને તેટલા તે ગુણ કેળવવાના પ્રસંગોનો લાભ લેતા રહેવાનો લક્ષ રાખવો. જે થાય છે તે ભલાને માટે જ થાય છે. દરેક પ્રસંગ કંઈ ને કંઈ શિખામણ આપનાર બને તેવો હોય છે, વિચારણાની માત્ર જરૂર છે. તેને માટે જેનો પુરુષાર્થ છે તે તેમાં વહેલેમોડે સફળ થાય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૧૫ અગાસ, તા. ૨૮-૬-૪૩
તત્ ૐ સત્ જેઠ વદ ૧૧, સોમ, ૧૯૯૯

"કક્કા કર સદ્ગુરુનો સંગ, હ્રદય-કમળમાં લાગે રંગ,
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દૂર પળાય,
લિંગ-વાસના હોયે ભંગ, કક્કા કર સદ્ગુરુનો સંગ.

ડડ્ડા ડહાપણ મૂકી દે, સદ્ગુરુને શરણે જઈ રહે,
વચન તણો રાખી વિશ્વાસ, કુકલ્પનાનો કરશે નાશ,
ઉપાધિથી અળગો રહે, ડડ્ડા ડહાપણ મૂકી દે.

નન્ના નિશ્ચય ગુરુનો છેય, ધીર વીર પગ રોકી રેય,
કાયર નરનું નહિ ત્યાં કામ, શૂરવીરનો સાચો સંગ્રામ.
જીત્યા જગમાં જિનવર જેય, નન્ના નિશ્ચય ગુરુનો છેય.

રરા રાજ ભજનમાં રહે, બીજું બકવું મૂકી દે,
વળતો શીદ વદે છે વાત, નીર વલોવે ના'વે સ્વાદ.
રાજ-શરણ તું હેતે ગ્રહે, રરા રાજ ભજનમાં રહે.

સસ્સા સાધન સર્વે થયું, જેનું ચિત્ત ગુરુશરણે રહ્યું,
હરતાં ફરતાં પ્રભુનું ધ્યાન, તેને તપ, તીરથ, બહુ દાન;
કોટિ વિઘન ભયંકર ગયું, સસ્સા સાધન સર્વે થયું."

પૂ....ની તબિયત દિવસે દિવસે નરમ રહ્યા કરે છે એમ લખ્યું તે જાણ્યું. પ્રારબ્ધકર્મ પ્રમાણે વેદનીય આવેલી ભોગવ્યા વિના છૂટકો નથી.

"જ્ઞાની કે અજ્ઞાની જન સુખદુઃખરહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય." (૧૫)

એ આપ સમજો છો છતાં વિશેષ સાવધાની રાખી આ વખતની વેદની વેદી લેવાય તો જીવને સમાધિમરણનું કારણ બને તેમ છેજી. સદ્‌ગુરુનું શરણું, તેની આજ્ઞાની ઉપાસના, સ્મરણ કરતા રહેવાની ટેવ, સદ્‌ગુરુના બોધનો ઊંડા ઊતરીને શાંતિથી કરેલો નિર્ણય, ભક્તિ આદિ અપૂર્વ સામગ્રીની જોગવાઈ પુણ્યયોગે આ ભવમાં સમીપ સમજી, વૃત્તિ એવી ઉત્તમ બાબતોમાં રાખશો, તથા મરણનો ડર ન રાખતાં તેની તૈયારી જરૂર કાળજીપૂર્વક શાંત ભાવે સદ્‌ગુરુ-શરણે કરતા રહેવા ભલામણ છેજી. આ કાળમાં અચાનક આયુષ્ય તૂટી જતાં સાંભળીએ છીએ. આપણને આટલું જીવવાનું મળ્યું છે તે કોઈ પૂર્વના પુણ્યનો યોગ ગણવા યોગ્ય છેજી. ભલે પથારીમાં પડી રહેવું પડતું હોય, વેદના ભોગવવી પડતી હોય, ચેન ન પડતું હોય, પણ એવો એવોય મનુષ્યભવ છે ત્યાં સુધી સદ્‌ગુરુના અપાર જ્ઞાન, સુખ, વીર્ય અને નિરંતર આત્મ-ઉપયોગ તરફ દૃષ્ટિ દઈ, તેને શરણે આ જીવનું જરૂર કલ્યાણ થશે, એવું આશ્વાસન એવા દુઃખના વખતમાં મેળવી શાંતિથી સર્વ દુઃખ ખમવાનું બળ મેળવી શકાય તેમ છેજી. આ જીવે આજ સુધી કરવા જેવું છે તે તો કંઈ કર્યું નથી, નહીં તો આવે વખતે બીજા જીવોને પણ પૂ. સોભાગ્યભાઈની પેઠે ઉપદેશરૂપ થઈ પડે; આવે વખતે ધીરજથી વેદની વેદાય તો પોતાનું પણ કલ્યાણ થાય અને બીજા જીવોને પણ 'માર્ગ ઉત્તમ છે, આ ભાઈ આરાધે છે તે જ માર્ગ આરાધવા યોગ્ય છે,' એવી ભાવના થવાથી માર્ગ પામવાની જિજ્ઞાસા જાગે. ધીરજ ખોઈ બૂમો પાડવાથી કાંઈ કર્મને દયા આવવાની નથી. ઊલટી કંઈ રહી-સહી શક્તિ હોય તે ભક્તિમાં ગાળી શકાત તેને બદલે બરાડા પાડવામાં ને બીજાને ગભરાવવામાં ખલાસ થઈ જાય. માટે શાંતિથી, ધીરજથી, સમભાવથી સહનશીલતા લાવી ગમે તેવી વેદના હોય તે જવા માટે આવી છે, ભોગવી લીધા પછી ફરી આવવાની નથી, દેવું પતે છે એમ જાણી હિંમત રાખી કઠણાઈ કેળવવા વિનંતી છેજી. દવા પીવાની હોય તે કડવી છે, નહીં પીઉં એમ કરીને પણ નાનાં છોકરાંની પેઠે પરાણે આખરે પીવી પડે છે અને સમજુ હોય તે ન ગમે તોપણ આંખો મીંચી કઠણ મન કરી પી જાય છે, તેમ આત્મામાં ક્લેશવૃત્તિ ન ઊપજે પણ શ્રી ગજસુકુમારની પેઠે, મોક્ષની પાઘડી માની વેદના સહન કરી તેમ, પ્રસન્ન ચિત્તે 'સદ્‌ગુરુએ જ આપણને ઊંચી દશામાં લાવવા આ કઠણાઈ મોકલી છે' એમ માની સદ્‌ગુરુને શરણે દુઃખને સુખ ગણી આનંદમાં રહેતાં શીખવાની ભલામણ છેજી. નરકમાં કેવાં કેવાં આકરાં દુઃખ પરાધીનપણે ભોગવીને આ જીવ આવ્યો છે તેનો વિચાર આવે તો અહીંનાં દુઃખોની તો કંઈ ગણતરી ન રહે. ઊલટું, મનુષ્યભવથી મોક્ષ સુધીનો માર્ગ ખુલ્લો છે એમ સમજી પૂ. સોભાગ્ય-ભાઈની પેઠે એકાગ્ર ભાવ જ્ઞાનીની આજ્ઞામાં, સ્મરણમાં રાખવો ઘટે છેજી.

પૂ. પ્રભુશ્રીજીની ભલામણ થોડી જણાવી પત્ર પૂરો કરું છું તે વારંવાર વાંચવાથી હિંમત રહેશે અને કલ્યાણનું કારણ બનશે એમ વિચારી લક્ષમાં લેશોજી: "અમને જે પરમકૃપાળુ દેવે આજ્ઞા કરી છે........આ કોઈ પુરાણપુરુષની અત્યંત કૃપા છે." (જુઓ ઉપદેશામૃત : પૃષ્ઠ ૪૮૯-૯૦) શ્રી સદ્‌ગુરુ-પ્રસાદમાંથી પૂ.....ને રોજ દર્શન કરાવશો તથા આ પત્ર સંભળાવશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૪૧૬ અગાસ, તા. ૨-૭-૪૩

તત્ ૐ સત્ જેઠ વદ ૦)), શુક્ર, ૧૯૯૯

'મૈં મેરા' એ જીવકું, બંધન મોટા જાન,
'મૈં મેરા' જાકું નહીં, સો હી મોક્ષ-પિછાન.
ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું, રૂડા પુરુષને હૃદયે રહ્યું,
સમજ્યા તેણે લીધો સાર, ગાફલ નર તો ખાશે માર.
જોતાં જોબન તો વહી ગયું, ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું.

એક વાત સમજી રાખવાની જરૂર છે કે આપણી આશાઓને અનુસાર ફળ પ્રાપ્ત થતાં નથી. વાંચન વગેરેથી મોટા મુનિવરોને દુર્લભ એવા મન વશ કરવા સંબંધી કે બ્રહ્મચર્ય કે આત્માના ઓળખાણ સંબંધી અભિલાષાઓના કિલ્લા રચીએ છીએ. તેની પ્રાપ્તિને માટે કેવા પુરુષાર્થની જરૂર છે તેનો આપણને ખ્યાલ નથી, તેના ક્રમનું ભાન પણ નથી; છતાં એ અભિલાષાઓ એકદમ ફળે એવી અધીરજ તો ભરેલી જ હોય છે. આ લખ્યું છે તે ધ્યેય બહુ દૂર છે એમ જ બતાવવા લખ્યું નથી; પણ કારણ-કાર્યને સંબંધ છે તે મેળ ખાય તેવી વિચારણા થવા લખ્યું છે. હવે તમે સામાન્ય ભક્તિભરપૂર પત્રમાં બ્રહ્મચર્યની માગણી કરી છે, તે યોગ્ય છે. તેની જ મારે તમારે બધાને જરૂર છે. તેને માટે પુરુષાર્થ કરવા પરમ ઉપકારી પરમકૃપાળુદેવે કહેલું કહું છું તે આપણે આદરીએ અને નિરાશ ન થઈએ એમ ઇચ્છું છું.

"સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે." (૨૧-૯૩) આ ચાર આંગળની જીભ જીતવા કમર કસો જોઈએ. જ્યાં જ્યાં મીઠાશ આવે તે વખતે વૃત્તિ ત્યાં ન જવા દેતાં તેવી વસ્તુને બેસ્વાદ બનાવવા કે તેને દૂર કરવા તુર્ત ઉપાય લેતા રહો; તેવા પ્રસંગો લક્ષમાં રાખી, તે વિષે વિચાર કરી તેની તુચ્છતા ભાસે તેમ વિચારતા રહેવા સાચા દિલે આ પત્ર મળે ત્યારથી તૈયાર થાઓ. પેટ ભરવા માટે, જીવન ટકાવવા પૂરતું ખાવું છે તેમાં જીભ ભંજવાડ કરી, વિક્રિયાઓ ઉત્પન્ન થાય તેવા વિકલ્પો ઊભા કરી રંજાયમાન કરે છે; તેના ઉપર પહેરો રાખવો છે, પિકેટિંગ કરવું છે એવો નિર્ણય કરી જે મળી આવે તે મિતાહારીપણે લઈ તે કામ પતાવતાં શીખો; પણ ધીરજથી તબિયત ન બગડે તેમ આહાર ઉપર હાલ તો વિશેષ લક્ષ રાખો. વિશેષ બાબતો વિષે મળશો ત્યારે વાત થશે. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) એ પરમકૃપાળુદેવનું વચન વારંવાર વિચારી બને તેટલું અમલમાં મૂકતા રહેવા વિનંતી છેજી. અહીં ન આવવું એવો નિર્ણય કરવામાં પોતાને નુકસાન છેજી. સદ્‌વિચારની વૃદ્ધિ કરવાની અને કલ્પનાઓ ઓછી કરવાની કાળજી રાખશોજી. લિ. આપનો હિતેચ્છક દીનદાસ ગોવર્ધનના જયસદ્‌ગુરુવંદન સ્વીકારશોજી.

---

૪૧૭ અગાસ, તા. ૩-૭-૪૩

તત્ ૐ સત્ અષાઢ સુદ ૧, ૧૯૯૯

પરમકૃપાળુદેવે "આખો લોક ત્રિવિધ તાપથી બળતો છે" એમ જણાવ્યું છે તેનો વિચાર કરે તો મુમુક્ષુજીવને પ્રગટ નજરે દેખાય તેવો કાળ આવી લાગ્યો છે. તેમાંથી આપણે કેવી રીતે બચવું? બચવાની ચીવટ હૃદયમાં રહે છે કે આંખ મીંચીને તે બાબતમાં ઘાસતેલ છાંટી

ઓલવવાનો પુરુષાર્થ કરીએ છીએ? તે વિચારી શાંતિને માર્ગે વૃત્તિ વળે અને મનમાં તેવી દશા ન આવે ત્યાં સુધી ખટકો રહ્યા કરે, બને તેટલો પુરુષાર્થ કરવાની પ્રેરણા આપોઆપ થયા કરે અને અત્યારે અશક્ય લાગે તેની ભાવના સેવાયા કરે તો ગમે તેવા વિકટ પ્રસંગમાં પણ જ્ઞાનીની આજ્ઞાને આરાધનારને આનંદ સ્ફુર્યા વિના ન રહે. પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃત એ ત્રિવિધ તાપથી બચવાનો અચૂક ઉપાય છે, તાપને તાપરૂપ સમજાવે તેવાં છે. તથા તે તાપની શાંતિના ઉપાય તરફ વૃત્તિ વાળે તેવાં રહસ્યમય, ચમત્કારી અને પ્રેરક છેજી. એક પરમકૃપાળુદેવ આપણને અને સર્વ શરણાગતને આધારરૂપ છે, પ્રગટ તેમનાં વચનો કાને આવ્યાથી સમજાય તેમ છેજી. સદ્ગુરુના ગુણગ્રામ, તેમાં ઉલ્લાસ અને પ્રેમ એ કોટિ કર્મોનો નાશ કરનાર ઔષધિ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૧૮ અગાસ, તા. ૬-૭-૪૩

તત્ ૐ સત્ આષાઢ સુદ ૪, મંગળ, ૧૯૯૯

"નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન."

"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો! રાચી રહો?
લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!"

વિ. આપ બન્નેનો પત્ર પ્રાપ્ત થયો. વાંચી સમાચાર જાણ્યા. કોઈ રીતે ગભરાવા જેવું નથી. સલાહ સંપ સમજૂતીથી કામ થાય છે તે દીર્ઘ કાળ ઉત્સાહથી પળે છે, તે થવા અર્થે વિલંબ થાય તે વિલંબરૂપ નથી. મકાન ચણવા પહેલાં પાકો પાયો કરવા માટે કે એકાદ ચોમાસું મજબૂતી માટે પાયો પૂરી પડી રહેવા દે છે તે ભવિષ્યમાં મકાન થયા પછી પાણી આવતાં ફાટ ન પડે કે તૂટી ન પડે તે અર્થે હોય છે; તેમ જિંદગી પર્યંત વ્રત પાળવાની ઉતાવળ કરતા હતા અને આટલી તૈયારીઓની કચાશ છે તેની તમને પણ ખબર નહોતી. પણ તે કામ માટેની તૈયારીનો લક્ષ ન ચૂકવો. હાલ જેમ સમાધાનીપૂર્વક કર્મોદયમાં બને તેટલી, શુભ ભાવના રાખી શકાય તેટલી રાખી ભાવિ આદર્શમાં મદદરૂપ થાય તેનું શિક્ષણ તેમને હૃદયગ્રાહી થાય તેમ કરવું. આપણો આગ્રહ તેમને વ્રતમાં પ્રેરે તે કરતાં વ્રત પ્રત્યે તેમને પ્રીતિ ઉત્પન્ન થાય તેમ કરવા ભલામણ છેજી. ઉત્તમ ઉપાય તો ઉત્તમ વાતાવરણ છે તે લક્ષમાં રાખવા જણાવું છું. જ્યાં અપરિણીત કન્યાઓ જિંદગી પર્યંત બ્રહ્મચર્ય પાળી રહે છે, જ્યાં પરણેલાં પણ સંતાન વિનાનાં સ્ત્રીપુરુષો બ્રહ્મચર્ય પ્રત્યેની પ્રીતિથી સુખપૂર્વક જીવન ગાળે છે, એવા આ આશ્રમના વાતાવરણમાં કુટુંબ સહિત વેકેશનના વખતમાં રહેવાનું બને તો તમે જે ન કહી શકો કે ન કરાવી શકો તે સહજ તેમના હૃદયમાં ઊગી નીકળે, તેમની જ ભાવના

તમારા વગર કહ્યે આત્મકલ્યાણ માટે તીવ્ર બને આવો સંભવ જાણી, વખત મળે ત્યારે કે વૅકેશન જેવા વખતે તેમની ભાવના આશ્રમમાં આવવાની, રહી જવાની થાય તેવી વાતો પ્રસંગોપાત્ત કરશો તો ક્રમે ક્રમે તમારી આદર્શ ભાવના સફળ થવા યોગ્ય જણાય છેજી. શ્રી જંબુકુમારે પૂર્વભવે બ્રહ્મચર્યની આરાધના કરેલી હોવાથી તેને આઠ કન્યાઓ અપ્સરાઓ જેવી પરણાવી છતાં તેના બ્રહ્મચર્યમાં ખામી ન આવતાં સર્વને સંસારની અસારતા ગળે ઉતારી સર્વસંગત્યાગી થયા, અનેકને ત્યાગ કરાવનાર થયા. જેટલું કૂવામાં હોય તેટલું હવાડામાં આવે એવી કહેવત છે, તેમ આપણે આપણી દશા, વૈરાગ્ય-ઉપશમ ઉપાસી, વધારતા જઈશું તેમ તેમ વગર કહ્યે બીજાને તે ચેપી રોગની પેઠે અસર કરશે. જે કંઈ કરવું તે પાકે પાયે કરવું છે, ઉપલક કરવું નથી; આવો એક દૃઢ નિશ્ચય વ્રત લેનારે કરવા યોગ્ય છેજી. ધર્મ એ વાત અંતરની છે તેથી કોઈની કરાવી તે થતી નથી. બીજા નિમિત્ત માત્ર છે. અને શુભ નિમિત્તે ઘણાને શુભ ભાવના થાય છે અને વધે છે. માટે શુભ નિમિત્તો ઉપર શાસ્ત્રોમાં આટલો બધો ભાર મુકાયો છે, પણ તે નિમિત્તોમાં પણ જીવને લાભ ન થાય તો નિમિત્તોનો વાંક નથી એટલો લક્ષ ભૂલવા યોગ્ય નથીજી. જે પરણેલા છે તેમને કેવાં વિઘ્નો આવે છે તે વિચારી, પરણ્યા નથી તેમણે પોતાના જીવનનો ક્રમ કેમ રાખવો તે શીખવા યોગ્ય છે. સમજુને વિશેષ શું કહેવું? રૂબરૂમાં મળશો ત્યારે જણાવશો તો સ્મૃતિમાં આવશે તે જણાવવા હરકત નથી. કાગળમાં આવી વાતો વિષે લખવા મન થતું નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સ્ત્રીઓને આપણા વિચારોનો લાભ પૂરો મળતો નથી એ મુશ્કેલીનું મૂળ છે.

---

૪૧૯ અમાસ, તા. ૭-૭-૪૩, બુધ

તમે પુછાવો છો કે કૉડલિવર ઑઇલ લેવું પડે તો લેવું કે કેમ? તેનો ઉત્તર નકાર સિવાય બીજો શું હોઈ શકે? મારાથી તેવી દવામાં અનુમતિ કેમ અપાય? તે આપ જ વિચારી જોશો. દવા જ મટાડે છે, શક્તિ આપે છે તેમ નથી. એ તો માર્ગ અનુકૂળ કરનાર છે. બાકી શક્તિ તો જેમાંથી આવવાની છે તેમાંથી જ આવશે. નિમિત્તનો નિષેધ નથી કરવો; પણ જેનું ફળ અત્યારની માંદગીથી ભારે દુઃખદાયી આવે તેમ હોય તેવી દવા તે દવા નથી, પણ રોગની માતા છે. આટલો લક્ષ રાખી દાક્તરથી દબાઈ જવા યોગ્ય નથી. બીજી નિર્દોષ દવા ન આપે તો થોડા દિવસ અમદાવાદ જઈ કોઈ દેશી દવા જરૂર લાગે તો લેવી. વ્યાધિ વ્યાધિના કાળે ક્ષય થઈ જાય છે તે શ્રદ્ધા આવા વખતે વધારે બળપૂર્વક ટકાવી રાખવી ઘટે છેજી. સ્મરણનો અભ્યાસ વિશેષ રાખવા ભલામણ છેજી. ખરી દવા સત્પુરુષની કૃપાથી મળી છે તે જ છેજી. દેહની જેટલી કાળજી રાખીએ છીએ તેટલી નહીં, પણ તેથી અનંતગણી કાળજી આત્માની રાખવાની પરમકૃપાળુદેવે કહેલ છે તે લક્ષમાં હશે. હિંમત હારવી નહીં અને જે પરમપુરુષનાં વચનો યાદ આવે તેના વિચારમાં ઊંડા ઊતરવા ભલામણ છે. જગતની વિસ્મૃતિ કરી સત્પુરુષના ચરણમાં રહેવાની ભાવના એ સર્વોત્તમ સલાહ પરમકૃપાળુદેવની છે તે પોષાતી રહે તેમ નિવૃત્તિનો કાળ ગાળતા રહેશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૨૦ અગાસ, અષાઢ સુદ ૬, ૧૯૯૯

खामेमि सव्व जीवे सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्व भूएसु वेरं मज्झं न केणइ ॥

જે સંસારને જ્ઞાનીઓએ અતિ અતિ વિચાર કરીને અસાર, અનિત્ય અને એકાંત દુઃખરૂપ માન્યો છે, તે સંસારમાંથી સાર વસ્તુ શોધી સુખી થવાની અને તે નાશવંત વસ્તુઓને ટકાવી રાખવાની વૃત્તિ જીવની રહે છે, તે માત્ર આ જીવની અશ્રદ્ધા જ પ્રગટ કરે છે. સમુદ્ર-મંથન વખતે બધા જલચર જીવોને સમુદ્રમાં અત્યંત દુઃખ થયું હતું એમ પુરાણોમાં વર્ણન આવે છે તે તો કલ્પિત છે, પણ રાગદ્વેષરૂપ નેતરાં વડે આ કર્મરૂપ મેરુથી ત્રણે લોકમાં મંથન થઈ રહ્યું છે. તેમાં કોઈ જીવ સુખની કલ્પના કરી રાજી થાય તે માત્ર મિથ્યાત્વનું જ માહાત્મ્ય છે. ત્રિવિધ તાપમાં બળતા લોકને શરણરૂપ એક પરમકૃપાળુદેવનાં દિવ્ય અમૃતમય વચનો છે; તેનો રસ પીનાર મુમુક્ષુઓ પણ મહાભાગ્યશાળી છે, પણ તેનો રસ ચાખવા માટે જીવને ધીરજ, શાંતિ, ક્ષમા, દયા, સમતા આદિ ગુણોની જરૂર છે. તે આપણામાં આવી જાય તો પછી જગત જખ મારે છે; કોઈ આપણું કિંચિત્ પણ બગાડવા સમર્થ થાય તેમ નથી. શ્રી શાંતિનાથજીનું સ્તવન શ્રી આનંદઘનજીએ ગાયું છે – "ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે", એમ કહી શાંતિસ્વરૂપનું વર્ણન શું કર્યું છે તે સર્વ મળી વિચારવા વિનંતી છેજી.

---

૪૨૧ અગાસ, અષાઢ સુદ ૭, ૧૯૯૯

આપને પાખી ઉપર પત્ર લખવા વિચાર હતો પણ વહેલો મોકો મળ્યો તો વહેલી ક્ષમાયાચનામાં કંઈ દોષ નથી. ગયા કાળથી ચોમાસી પાખી પર્યંત આપના તથા આપના કુટુંબી પ્રત્યે કંઈ દોષ થયા હોય તેની ઉત્તમ ક્ષમા નમ્રભાવે પરમકૃપાળુદેવની સાક્ષીએ જય સદ્‌ગુરુવંદનપૂર્વક યાચું છું તે સ્વીકારી ઉત્તમ ક્ષમા આપવા કૃપાવંત થશોજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની અનંત કૃપાથી જે જે જીવોને પરમકૃપાળુદેવની ભક્તિનો રંગ લાગ્યો છે તે ચોલમજીઠના રંગ જેવો છે. જે પરમકૃપાળુદેવનો આશ્રિત થયો તે વહેલોમોડો તેની દશાને પામશે, એમ વિચારી સર્વ પ્રત્યે પૂજ્યબુદ્ધિ રાખી સર્વની ક્ષમા યાચી નિઃશલ્ય થવાનો પ્રાચીન રિવાજ વિચારવાન જ્ઞાનીઓનો આપણ સર્વને અત્યંત ઉપકારી છેજી.

આજે સભામંડપમાં સ્વયંબુદ્ધ મહાત્માઓનાં જીવન વંચાયાં હતાં તેમાં શ્રી કરકંડુ મુનિ એક યક્ષના મંદિરમાં પૂર્વ દ્વારથી પેઠા અને ધર્મધ્યાનમાં ઊભા રહ્યા. પછી બીજા શ્રી દ્વિમુખ મુનિ પધાર્યા, ત્રીજા શ્રી નમિરાજર્ષિ પધાર્યા અને ચોથા શ્રી નગ્ગતિ મુનિ પધાર્યા. સર્વ ધર્મધ્યાન કરતા હતા. તેમાં શ્રી કરકંડુને ખરજ આવતાં વલૂરવાનું સાધન કાંસકી જેવું રાખેલું તે કાઢી ખરજ મટાડી, પાછું કપડામાં રાખવા જતાં શ્રી દ્વિમુખ મુનિ બોલ્યા કે હે કરકંડુ મુનિ ! આખું રાજ્ય તજીને આટલા નજીવા જેવા પરિગ્રહમાં કેમ બંધાઈ રહ્યા છો ? ત્યાં શ્રી નમિરાજર્ષિ બોલ્યા કે તમે મુનિપણું લીધા છતાં બીજાના દોષ જોવાનું કેમ છોડતા નથી ? ત્યાં ત્રીજા શ્રી નગ્ગતિ બોલી ઊઠ્યા કે તમારે એમની પંચાતમાં પડવાની શી જરૂર છે ? પછી શ્રી કરકંડુ બોલ્યા કે દ્વેષ કે રોષમાં આવીને દોષ કહે તો નિંદા ગણાય પરંતુ હિતકારક શિક્ષા

આપતાં બીજાને ખોટું લાગતું હોય તોપણ બોલવું ઘટે છે. મારામાં દોષ હતો તે તેમની દૃષ્ટિએ ચઢ્યો અને દયાભાવે મને સુધારવા કહી બતાવ્યો તે નિંદા નથી. એમ કહી તેમણે પોતાનું વલૂરવાનું સાધન તજી દીધું અને ખરજ આવે તોપણ સહન કરવાનો નિશ્ચય કર્યો. શ્રી દ્વિમુખ મુનિ પણ વિચારમાં પડી ગયા કે મારે જરૂર વિના બોલવું પડ્યું તે ઠીક થયું નથી, માટે હવે સમતા જ ગ્રહણ કરવા યોગ્ય છે. એમ સર્વે અંતર્વિચારમાં વળી ગયા અને કેવળ અંતર્મુખ થઈ બધા એક જ કાળે કેવળજ્ઞાન પામ્યા. આમ સ્વદોષ દેખી તેને દૂર કરનારા મહાત્માઓની કથા આપણે સાંભળી ક્યારે ગણાય કે જ્યારે આપણે આપણા દોષ દેખી તેને દૂર કરવા તત્પર થઈએ ત્યારે.

પૈસાની કિંમત લાગી છે તો આપણે તેને માટે દિવસનો ઘણો ભાગ પૈસા કમાવામાં ગાળીએ છીએ. વિષયભોગ સુખરૂપ છે એમ અંતરમાં લાગ્યું છે ત્યાં સુધી રાત્રે તેને માટે જાગીને પણ વૃત્તિને પોષીએ છીએ. કીર્તિની મીઠાશ લાગી છે તો પરદેશ જઈ દુઃખ વેઠી કમાણી કરેલું ધન લોકલાજમાં અને સારું દેખાડવામાં હોંશથી ખરચીએ છીએ. તેમ જ્યારે આત્મા માટે લગની લાગશે ત્યારે એને માટે સર્વસ્વનો ભોગ આપતાં પણ પાછી પાની નહીં કરે. પણ એ દિવસ ક્યારે આવશે ? આ ભવમાં તેને માટે શું કરીએ છીએ ? નહીં ચેતીએ તો શી વલે થશે ? એવો ડર કેમ રહ્યા કરતો નથી તેનો દરેક મુમુક્ષુજીવે એકાંતમાં વિચાર કરતા રહેવાની જરૂર છેજી. શ્રી ભરતેશ્વર શ્રી ઋષભદેવજીને વિનંતી કરે છે :

"આ સંસારે રે હું હજી ડૂબિયો, પામ્યો ન કેવળજ્ઞાન;
ક્યારે ક્યારે રે હે પ્રભુ ! આપશો, આ બાળકનેય ભાન ?
જાગો હે ! જીવો રે મોહ કરો પરો.

ભાર ઉતારો ગહન ભવચક્રનો, ગમતા નથી આ ભોગ;
તારો તારો વિભાવ-પ્રવાહથી, દ્યો નિત્ય શુદ્ધ ઉપયોગ. જાગો૦
એક અટૂલો રે રડવડું રાજ્યમાં, દુઃખી અંધા સમાન;
દીધું આપે રે ભૌતિક રાજ્ય આ, દ્યો હવે કેવળજ્ઞાન." જાગો૦
(પ્રજ્ઞાવબોધ ૧૦૪)

જાગ્રત થવાની જરૂર છેજી. સત્પુરુષના આશ્રિત થઈ આપણે હવે ક્યાં સુધી કુંભકર્ણની પેઠે ઊંઘ્યા કરીશું ? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૪૨૨

અગાસ, તા. ૧૨-૭-૪૩
તત્ ૐ સત્ અષાઢ સુદ ૧૦, સોમ, ૧૯૯૯

"સંસાર કાંતાર પાર કરવા, પદ સાર્થવાહ સમ ગુણ ગરવા;
આશ્રિત શરણાપન્ન-ઉદ્ધરણં, મમ સદ્ગુરુ-ચરણ સદા શરણં."

"મેઘ રૂડા આણ્યા અમ ઉર મરુક્ષેત્રમાં, ટહુકી સ્વર્ગીય મધુરા રાગ મલ્હાર જો,
નવપલ્લવતા અર્પી જીવન-બાગમાં, કીધાં અમને ઉન્નત અધિક ઉદાર જો-
સાધુચરિત ગુરુ સ્મરણ તમારાં શાં કરું ?"

જે કામ કરવા હાથમાં લીધું હોય તે કાળજી રાખી કરી લેવું. નકામા સંકલ્પ-વિકલ્પોની નદીમાં તણાયા જવું નહીં. નિત્યનિયમ અનુકૂળ વખતે કરી લેવો. અભ્યાસમાંથી બચતો વખત કંઈ સદ્વાંચન, મુખપાઠે કર્યું હોય તેનું પરાવર્તન કે મનન વા ભાવના, સ્મરણ વગેરેમાં ગાળવો. કૉલેજજીવનમાં ઘણો વખત મળી શકે એવો લાગ છે. તેનો સદુપયોગ કરનાર પછીના જીવનમાં સુખી, પરોપકારી, યશસ્વી અને સાર્થક જીવન કરનાર નીવડ્યા છેજી.

"પૂ. મોતીભાઈ નરસિંહભાઈ અમીન – તેમનું જીવન અને કાર્ય" નામનું પુસ્તક થોડે થોડે કરી આ ટર્મમાં પૂરું વાંચી જવા ભલામણ છે. ઘણી વાતો તેમના જીવનમાંથી વિદ્યાર્થીઓએ શીખવા યોગ્ય છે. વ્યવહારનીતિ એ ધર્મનો પાયો છે. પ્રથમ જ્યારે પૂ. મોતીભાઈ સાહેબ પેટલાદ હેડમાસ્તર થયા અને અમને મણિલાલ નભુભાઈનું "ચારિત્ર" (characterનું ભાષાંતર) નામનું પુસ્તક ગુજરાતીના પિરિયડમાં શીખવતા તે વખતે સત્ય સંબંધી વિવેચન કરતાં બોલેલા કે આટલી ઉમ્મર થતાં સુધી એક પણ અક્ષર હું જૂઠું બોલ્યો નથી. એ વાક્યની અસર આખા પુસ્તક કરતાં વિશેષ અસરકારક નીવડેલી અને ત્યારથી તે આજ સુધી તેમના પ્રત્યે બહુમાનપણું વધતું રહ્યું. એ પુસ્તકમાં આ વાત નથી પણ ઘણી બાબતો જીવન ઘડનારને લક્ષમાં લેવા જેવી છે અને તેમણે કૉલેજજીવન જે ઉમદા રીતે ગાળેલું તેનું જ પરિણામ તેમની પાછલી જિંદગીમાં સ્પષ્ટ રીતે અનેક કાર્યોમાં ઝળકી ઊઠ્યું છે. આપણે તો તેમનાથીયે આગળ જવું છે તો તેમણે જે પરિશ્રમ ચારિત્રગઠન માટે સેવ્યો છે તે અવલોકવો ઉપકારી છે.

અનાદિના અભ્યાસની સામે થવાનું જીવમાં તીવ્ર કર્મના બળે વીર્ય ચાલતું નથી ત્યારે ગભરાઈ જાય છે; ધર્મશિથિલતા તેમાંથી વખતે જન્મવાનો પ્રસંગ થઈ આવે છે, પણ હિંમત નહીં હારતાં જીવે સત્પુરુષને શરણે નીચી મૂંડી રાખી પુરુષાર્થ કર્યે જવું. પુરુષાર્થનું ફળ તરત ન જણાય તેથી ગભરાવું નહીં. કોઈ વખત જીવ બળવાન બને છે, તો કોઈ વખત કર્મ બળવાન બને છે. એમ લડાઈ તો ચાલતી જ રહી છે, પણ જીવ પુરુષાર્થ ન છોડે તો કર્મ મંદ થતાં પોતાનો પ્રભાવ પ્રગટાવવા જીવ પોતે સમર્થ થાય છેજી. ઘણી વખત નિરાશામાંથી અમર આશા જન્મે છે. પણ હતાશ થનારના ભાગ્યમાં તેનું ફળ હોતું નથી. 'હિંમતે મરદા તો મદદે ખુદા' એ કહેવત કહેવતરૂપ નથી પણ સાચી છે. કોઈ પણ પ્રસંગમાં હિંમત હારવા જેવું નથી.

જ્યાં રહેતા હો ત્યાં સર્વ સાથે બને ત્યાં સુધી હળીમળીને રહેવું; અતડા રહેવા કરતાં મનુષ્યસ્વભાવને અનેક પ્રકારે અનુભવવાના પ્રસંગો બોર્ડિંગોમાં મળે છે. પણ હર્ષશોકના પ્રસંગોમાં કે અત્યંત એકાદ જણની સાથેના પ્રતિબંધમાં પડતાં બચવાની પણ જરૂર છે. ગમે ત્યાંથી શિખામણ લઈ પોતાનું જીવન ઉન્નત બને, પાપથી બચે, પ્રભુભક્તિમાં વારંવાર રંગાતું રહે તેમ કરતા રહેવા ભલામણ છેજી. 'કર્મે શૂરા તે ધર્મે શૂરા' એમ કહેવાય છે તે કાર્યકુશળ બનવા પૂરતું છે. ગીતાજીમાં 'योगः कर्मसु कौशलम्' એવું વાક્ય સ્મૃતિમાં છે તે હાલ લક્ષ રાખવા સૂચવ્યું છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૨૩ અગાસ, તા. ૧૩-૭-૪૩
તત્ ૐ સત્ અષાડ સુદ ૧૧, મંગળ, ૧૯૯૯

"કર્મ પૂછે છે જીવને, તને સાંભરે રે? હાં જી અનંત પુદ્ગલ પરાવર્ત, મને કેમ વીસરે રે?
આપણે મિત્ર અનાદિના, તને૦ હાં જી ક્ષણ એકનો ન વિયોગ, મને૦
દ્રવ્ય પરાવર્તન કર્યાં, તને૦ હાં જી પુદ્ગલ ભોગવ્યાં સર્વ, મને૦
અનુક્રમે ગ્રહણ કર્યાં, તને૦ હાં જી ઔદારિક દેહે પ્રથમ, મને૦
વૈક્રિયિક દેહે ગ્રહણ કર્યાં, તને૦ હાં જી તૈજસ ને કાર્મણ, મને૦
ક્ષેત્ર પરાવર્તન કર્યાં, તને૦ હાં જી જન્મમરણથી ત્યાંય, મને૦
ક્ષેત્ર સ્પર્શ્યાં ત્રણ લોકનાં, તને૦ હાં જી સામાન્યપણે એમ, મને૦
પ્રથમ જન્મ્યો મેરુ તળે, તને૦ હાં જી અસંખ્ય અસંખ્ય વાર, મને૦
બીજે પ્રદેશે જન્મ થયો, તને૦ હાં જી ત્રીજે-ચોથે મળ્યો જન્મ, મને૦
ક્રમથી પ્રદેશ પૂરા કર્યાં, તને૦ હાં જી મરણથી પણ સ્પર્શ્યા તેમ, મને૦
કાળ પરાવર્તન કર્યાં, તને૦ હાં જી જન્મમરણથી એમ, મને૦
ઉત્સર્પિણી-અવસર્પિણી વિષે, તને૦ હાં જી જન્મમરણની ગાંઠ, મને૦
પ્રથમ સમયે જન્મ્યો હતો, તને૦ હાં જી બીજે, ત્રીજે, ઘણે કાળ, મને૦
સમય ખપાવ્યા અનુક્રમે, તને૦ હાં જી ઉત્સર્પિણી-અવસર્પિણીના જ, મને૦
મરણ કર્યાં પણ તે રીતે, તને૦ હાં જી ભવમાં ભમ્યો હું એમ, મને૦
ભાવ પરાવર્તન થયાં, તને૦ હાં જી મૃત્યુ સમયના ભાવ, મને૦
કષાયની તરતમ્યતા, તને૦ હાં જી ઉત્કૃષ્ટ શુભથી અશુભ, મને૦
અનુક્રમે થયા મરણપળે તને૦ હાં જી વિભાવ ભેદ અનંત, મને૦
અનંતકાળથી આથડ્યો, ગુરુરાજજી રે, અરે! કર્મની સોબતે એમ, મને૦
કર્મની મૈત્રી તોડવા, ગુરુરાજજી રે, ખરે! આપનું ચરણ-શરણ, મને૦
સમાધિમરણ કરશું હવે, ગુરુરાજજી રે, હાં જી લઈશું ભવનો પાર, મને૦"

સત્સંગ અર્થે તમને જે ભાવના વર્તે છે તે જાણી સંતોષ થયો છેજી. વાચન વગેરેમાં પ્રવર્તતાં આનંદ તમને આવે છે તેના ઊભરા જણાવો છો, તે તમારી સજ્જનતા દર્શાવે છેજી. પરંતુ છેલ્લા પત્રમાં જે કષાય પરિણતિ વિષે જણાવ્યું તેવા પ્રસંગે બહુ ચેતવા જેવું છેજી. ડુંગળી ખાય તો તેના ઓડકાર તેવા જ આવે, રોકયા રોકાય નહીં, ગંધાય, ગમે નહીં, બીજાને પણ અપ્રિયતા ઊપજાવે અને પોતાને પણ પસ્તાવો, ક્લેશ કરાવે; તેમ કષાયને હૃદયમાં અલ્પ પણ સ્થાન આપ્યું તો તે ધર્મ, દાન, તપ વેળા પણ બધું બગાડી નાખી પોતાની સત્તા અંતઃકરણ ઉપર જમાવે એવો એનો સ્વભાવ છે, માટે મહાભયંકર વિષ સમાન સમજી કષાયના પ્રસંગો કુટુંબીઓને કારણે, ધનને કારણે કે દેહાદિની સગવડને કારણે પણ ઊભા ન કરવા, ઊભા થતા હોય તો પોતે તેમાં તણાવું નહીં, બને તો શાંત કરવા. ગમે તેવો ધનનો, માનનો કે હઠનો ભોગ આપીને, ન છાજે તેવી દીનતા કરીને, પગે લાગીને પણ તેથી દૂર રહેવા યોગ્ય છેજી. પોતાની સત્તા વાપરીને, બીજાને દબાવીને કોઈ કષાય

શમાવવા જાય તો તે માત્ર દેખાવ પૂરતું બને છે. પણ મૈત્રીભાવ, સર્વ જગત પ્રત્યે નિર્વૈર-બુદ્ધિ, અત્યંત હીનભાવ અને સદ્‌ગુરુએ આપેલ મંત્ર આદિ આધારે પોતાના અંતઃકરણને સમજાવી, તેવાં કારણોથી દૂર રહી, ભક્તિમાં વિશેષ કાળ જાય અને તે પ્રસંગોની વિસ્મૃતિ થાય તેવા વાચન, મનનના અભ્યાસથી પાછું શાંતિનું રાજ્ય સ્થપાય છેજી. સર્વ ઉપાયમાં શ્રી સદ્‌ગુરુ પ્રત્યેનો શરણભાવ, સદ્‌ગુરુકૃપા સર્વોત્તમ મને તો સમજાઈ છેજી.

આપે પૂછેલા પ્રશ્ન સંબંધી અહીંના પુસ્તક ભંડારમાં તપાસ કરતાં 'દશાશ્રુતસ્કંધ' નથી એમ પૂ. પંડિતજીએ જણાવ્યું, અને હોત તોપણ તેમાંથી આપને ઉપયોગી વાત વિશેષ મળવી મુશ્કેલ સમજાય છે. ઉપયોગ જેટલું અવતરણ "જ્ઞાનમંજરી"માં તે શાસ્ત્રમાંથી જ આપેલું છે, તે વિશેષ વિચારે સ્પષ્ટ થાય તેમ છેજી. પુદ્‌ગલપરાવર્તનનો કંઈક ખ્યાલ આવે તેવું એક કાવ્ય આ પત્રને મથાળે ઉતારેલું અહીંનાં એક બ્રહ્મચારી બહેને લખેલું આપને ઉપયોગી જાણી લખી મોકલ્યું છેજી. તે વિચારતાં વૈરાગ્ય અને સદ્‌ગુરુ-શરણ તથા સમાધિમરણની ભાવના પોષાય તેમ છેજી.

બીજા પ્રશ્નના ઉત્તરમાં શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં જણાવેલ મતાર્થી તથા આત્માર્થીનાં લક્ષણો વારંવાર વિચારી પોતાના દોષો દેખાય તેટલા દૂર કરવાનો પુરુષાર્થ હાલ તો કર્તવ્ય સમજાય છેજી.

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ."
"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."

પરમકૃપાળુદેવે કહેવામાં કંઈ બાકી રાખ્યું નથી, તેણે કહેલે રસ્તે ચાલીશું તો જરૂર મોક્ષ મળ્યા વિના નહીં રહે એટલો વિશ્વાસ અટળ કરી તેની આજ્ઞા ઉપાસ્યા જવાનું કામ હવે આપણું છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૨૪ અગાસ, તા. ૧૭-૭-૪૩
તત્ ॐ સત્ અષાઢ સુદ ૧૫ (ગુરુપૂર્ણિમા), ૧૯૯૯

"નીચેના ચાર દોષોમાંનો એકે દોષ હોય તો જીવને સમ્યક્‌ત્વ થાય નહીં : ૧. અવિનય ૨. અહંકાર ૩. અર્ધદગ્ધપણું ૪. રસલુબ્ધપણું." (ઉપદેશનોંધ : પૃષ્ઠ ૬૭૮)

વિ. આપે "રસેન્દ્રિયાદિકની સ્વાદિષ્ટ વસ્તુઓમાં લોલુપતા રહ્યા કરે છે" એમ જણાવ્યું તે વિષે આપણે વિશેષ વિચાર કરી કંઈક નિયમમાં અવાય તેમ વર્તવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. ચાર આંગળની જીભ અને ચાર આંગળની ઉપસ્થ-(કામ) ઇન્દ્રિયને નહીં જીતવાથી અનંત-કાળથી જીવનું રખડવું થયું છે. હવે તેને નિરંકુશ તો નથી જ રાખવી, એવી દૃઢ ભાવના કરી તેનો અમલ દિનપ્રતિદિન થતો જાય તેમ કર્તવ્ય છેજી. પરમકૃપાળુદેવની આગળ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ પોતે કરતા હતા તે તપસ્યા કહી બતાવી કે પાંચ વર્ષથી એકાંતરા ઉપવાસ કરું છું, પણ મનની વૃત્તિઓ ઉપર કાબૂ આવતો નથી; વૃત્તિઓ શમતી નથી. તેના ઉત્તરમાં

તેઓશ્રીએ જણાવ્યું કે સ્વાદનો જય તે ખરો ઉપવાસ છે; ઇન્દ્રિયો જીતવા પ્રથમ સ્વાદની આસક્તિ તજવી. જે વસ્તુ વધારે પ્રિય, પુષ્ટિકારક કે મનને આહ્લાદક લાગે તે બીજાને આપી દેવી, પોતે ન વાપરવી. બહુ સ્વાદ આવે ત્યારે બેસ્વાદ કરવા પાણીનો ઉપયોગ પણ કરવો. દાળ વગેરે બહુ સરસ લાગે તો અંદર પાણી ઉમેરી દેવું, તેવું જ શાક વગેરે માટે. ભાણામાં પાણી રેડવાની હિંમત ન ચાલે તો મુખમાં કોળિયો ભર્યા પછી તુરત પાણી લઈ ઉતારી જવું. જેને હવે આ જીભની પરાધીનતાથી મુક્ત થવું હોય તેણે તો જમતી વખતે સ્વાદમાં તલ્લીન થઈ સ્મરણ વગેરે ધર્મ-કાર્ય ભૂલવું ન ઘટે. મનને કાં તો સ્મરણમાં કે આહારની તુચ્છતા વિચારવામાં, ગમે તેવા સ્વાદિષ્ટ ખોરાકનું બીજે દિવસે કેવું પરિણામ આવવાનું છે તેનું કે ઊલટી થાય તો કેવા રૂપે બહાર નીકળે? તેને ખાવાની ઇચ્છા કેમ થતી નથી? વગેરે સ્વાદથી વિપરીત ભાવના વિચાર કરી, તેથી ઇન્દ્રિય-જય અને આખરે સમકિતનું વિઘ્ન દૂર કરનાર જાણી સંયમમાં વૃત્તિ દોરાય, મોક્ષ સમાન કોઈ ચીજ મધુર નથી તેવી ભાવના ખાઈ રહેતાં સુધી ટકે તેવા પ્રયત્નો કંઈ ને કંઈ કરતા રહેવા ભલામણ છેજી. "એકાંત સુખી મુનિ વીતરાગ" આદિ યોગ્ય વચનોની મનમાં ધૂન ચાલતી રહે તેવી ગોઠવણ રસોડા તરફ જતાં પહેલાં કરવી ઘટે છેજી. પુરુષાર્થ, અભ્યાસ અને આત્મોન્નતિની જિજ્ઞાસા દિન દિન પ્રતિ વર્ધમાન થાય એ જ સરળ માર્ગ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૨૫ અગાસ, તા. ૧૯-૭-૪૩

જે મહાપુરુષના આશ્રિત જીવો છે તે મહાપુરુષોના હૃદયમાં રહેલી "અદીનતા" સમજે છે, આદરે છે, ભાવે છે અને ઉપાસે છે.

"एगोहं नत्थि मे कोइ नाहं अण्णस्स कस्सइ ।
एवं अदीणमणसो अप्पाणं अणुसासइ ॥"

ભાવાર્થ : હું એકલો છું, મારું કોઈ નથી તેમજ હું કોઈનો નથી, એમ મુમુક્ષુજીવ અદીનભાવે (દીનતા દાખવ્યા વિના) પોતાના આત્માને શિખામણ આપે.

તમે મુશ્કેલીમાં ફસાઓ એવી ઇચ્છા શત્રુ સિવાય કોઈ ન કરે, પરંતુ કર્મના ફળરૂપે તેવા પ્રસંગમાં આવી ફસાયા હો ત્યારે મુમુક્ષુને ઘટે તેવી રીતે તે પ્રસંગે વર્તન રાખી તમારી મુમુક્ષુતા દીપાવો એમ આપના ઓળખીતા સર્વ સજ્જનો ઇચ્છે. પોતાની ફરજ સમજી જે મદદ કરે તે તેના આત્માની ઉજ્જ્વળતાનું કારણ છે, પરંતુ કોઈને ફરજ પાડવારૂપ ઇચ્છા પણ ન કરવી એમાં આપની મહત્તા છે. શ્રી સદ્ગુરુ દ્વારા જેને યથાર્થ સમજણ પ્રાપ્ત થઈ હોય તેમે આવા પ્રસંગો આગળ વધારનારા થઈ પડે છેજી.

શ્રી અનાથી મુનિરાજને અસહ્ય શારીરિક વેદનાનો પ્રસંગ પ્રાપ્ત થયો, તેમને મદદ કરવા તેમના પિતાએ પોતાનું સર્વ ધન આપવા તત્પરતા બતાવી, તેમની માતા તથા પત્નીએ તનતોડ મહેનત અને ઉજાગરા કરી સેવા બજાવી, નિપુણ વૈદ્યોએ સર્વ પ્રયોગો અજમાવી જોયા; પણ પુત્રપ્રેમ, પતિભક્તિ કે વિદ્યાબળ ત્યાં નિષ્ફળ નીવડ્યાં. પરંતુ શ્રી અનાથીકુમાર તો તે વખતે કોઈના પ્રત્યે દૃષ્ટિ ન દેતાં પોતાનું અનાથપણું વિચારી, ભૂતકાળની ભૂલથી આવી

પડેલી આફતનું જેમ થવું હોય તેમ થાઓ. પણ ભવિષ્યજીવન કેમ સુધરે, મનુષ્યભવની સફળતા શામાં રહી છે, આ મટયા પછી શું કરવું એવા પ્રશ્નોના નિકાલ લાવતા હતા; અને પ્રતિજ્ઞા પણ કરી લીધી કે આ લગ્ન છૂટી જાય કે સમસ્ત વ્યવહાર પ્રસંગને ત્યાગી એક પરમાર્થ અર્થે જ જીવવું. તે પ્રતિજ્ઞા પાળી તો આપણે તેમને પરમાત્મારૂપે વંદીએ છીએ, પૂજીએ છીએ, ધ્યાન ધરીએ છીએ.

એ પુરાણી વાત કરતાં તાજી – શ્રી સોભાગ્યભાઈની અનેક મૂંઝવણોમાં પરમકૃપાળુદેવે જે નિઃસ્પૃહતા ઉપદેશી છે તે તે દરેક પત્રોમાં આપણને નિષ્કાંક્ષિત અંગ સ્પષ્ટ પ્રગટ થતું દેખાય છેજી. સમ્યક્‌દર્શનની જેને પિપાસા છે તેણે તો જરૂર નિષ્કાંક્ષિત અને નિઃશંકિત અંગ ઉપાસ્યા વિના છૂટકો નથી. તેમાં કંઈ ઊંડી ખામી હશે તે દૂર કરાવવા પરમકૃપાળુદેવે આવો પ્રસંગ મોકલ્યો છે એમ સમજી અદીનપણે જે થાય તે જોયા કરવાની શ્રી સોભાગ્યભાઈને પરમકૃપાળુદેવે શિખામણ આપી છે તે ચિંતામણિ રત્ન તુલ્ય છે એમ સમજી તે ઉપાસવા આગ્રહપૂર્વક ભલામણ છેજી. "મર જાઉં માગું નહીં, અપને તનકે કાજ" એવું એક કાઠિયાવાડી કવિએ ગાયું છે, તે વિચાર દૃઢતા આપનાર છે.

"નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા." (૧૫)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૨૬ અગાસ

જેમ દુકાન વગેરેની કાળજી રાખો છો, શરીર વગેરેની સંભાળ રાખો છો, તેમ આત્માની કાળજી દેહ કરતાં અનંતગણી લેવા યોગ્ય છે એમ પરમકૃપાળુદેવે કહ્યું છે તે નહીં ભૂલવા ભલામણ છેજી. સ્મરણ-મંત્રનો અભ્યાસ દિવસે દિવસે વધારતા રહેતા હશોજી. ભઠ્ઠીમાંથી લોઢું બહાર કાઢીને તુર્ત ટીપે તો જેવો ઘાટ ઘડવો હોય તેવો ઘડાય, પણ જો પ્રમાદ કરી લુહાર વાતોમાં પડી જાય તો લોઢું ઠંડું પડી જતાં પછી ગમે તેટલા ઘણના ઘા મારે તોપણ જોઈએ તેવો ઘાટ થાય નહીં. તે દૃષ્ટાંતે કાળજી રાખીને જે જે ભાવો અહીંથી જતી વખતે ઉદ્‌ભવ્યા હોય તે વૃદ્ધિ પામે તેમ વર્તવા ભલામણ છેજી. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર બંધાવી જે ખર્ચ અને પરિશ્રમ વેઠ્યો છે તેનો લાભ પૂરેપૂરો લેવા ચૂકતા નહીં હો. પ્રમાદમાં ગયેલી એક પણ પળ પાછી મળવાની નથી તો બને તેટલી કરકસર કરીને જિંદગીની પળો બચે તેટલી ભક્તિભાવમાં, સ્મરણમાં, સત્સંગમાં, સત્પુરુષનાં વચનના આશય અનુસાર વર્તવામાં ગળાય તેવી તાકીદ રાખવા સૂચના છેજી.

પૂ. ખુશાલભાઈ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની સેવામાં અને આશ્રમમાં આત્માર્થે રહેલ. તેમણે પાંચ-સાત દિવસથી ખાવું, પીવું, બોલવું છોડી સ્મરણમાં રહેવાનું કંઈ અંતરંગ પચખાણ જેવું લીધું લાગે છે. વાતચીત કરતા નથી એટલે તેમનો અભિપ્રાય સ્પષ્ટ જણાતો નથી, પણ કષાયાદિનું કારણ નથી. એકાદ માસથી આહાર, અન્યનો પ્રસંગ ઓછો કરી દીધો હતો. આ બીના સહજ જાણવા લખી છેજી. આપણે તો કોઈને પુરુષાર્થ કરતો જાણી આપણો પુરુષાર્થ વધે તેમ લક્ષ રાખવો ઘટે છેજી. તેમણે ખાવું-પીવું છોડી ભક્તિભાવનો લક્ષ રાખ્યો

છે તો આપણે ખાઈને પણ તેમ ન કરી શકીએ તો કેટલું શરમાવા જેવું છેજી ? આત્મહિત વધે તેવી વિચારણામાં રહેવા વિનંતી છેજી.

---

૪૨૭ અગાસ, તા. ૨૨-૭-૪૩
તત્ ૐ સત્ અષાડ વદ ૬, ગુરુ, ૧૯૯૯

અષાડ સુદ ૧૩ ના સાંજના છએક વાગ્યે પવિત્ર આત્મા પૂ. ખુશાલભાઈએ દેહત્યાગ આશ્રમમાં કર્યો છેજી. છેક છેવટ સુધી તે ભાઈની લેશ્યા સારી હતી. સ્મરણમાં તેનું ચિત્ત હતું. છેવટે સંયોગો પણ સારા મળ્યા. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની તેમણે ઘણી સેવા કરેલી, તેમની આજ્ઞા ઉઠાવેલી અને નિઃસ્પૃહપણે સાધુ જેવું જીવન ગાળેલું. તેના પ્રભાવે તે આ ક્ષણિક દેહ ત્યાગી કરેલાં શુભ કર્મ ભોગવવા અન્યત્ર ગયા છેજી. આપણે બધાને એવો એક દિવસ જરૂર આવવાનો છે તેની તૈયારી કરતા રહીએ તો સત્પુરુષના આશ્રિત યથાર્થ ગણાઈએ અને જો પ્રમાદમાં, ક્ષણિક વસ્તુઓની લેવડ-દેવડમાં જે તૈયારી કરવાનો વખત મળ્યો છે તે ગુમાવી બેસીશું અને એકાએક તેવો દિવસ આવી ચઢશે તો ગભરામણનો પાર નહીં રહે, પસ્તાવો વારંવાર થશે છતાં કંઈ વળશે નહીં. માટે બને તેટલી પળો મોક્ષ-ઉપાયમાં ગાળવાનો લોભ રાખવા યોગ્ય છેજી. ધન કરતાં આ ભવનું આયુષ્ય અનંતગણું કીમતી છે, એમ ગણી જતા દિવસની જેટલી ક્ષણો ધર્મધ્યાનમાં જાય તેટલી સંપત્તિ, સાચી કમાણી ગણી તે તરફ વિશેષ વૃત્તિ વળગી રહે તેવો અભ્યાસ પાડી દેવાની જરૂર છેજી. વચમાં કોઈ કારણે તમને લાગેલું કે હવે વધારે જીવવાનું નથી, તો કેવી ચીવટ જાગૃતિ રહેતી હતી અને તે વૈરાગ્યની મંદતા થતાં જાણે હવે કંઈ ફિકર નથી એમ થતું હોય તો તેનું શું કારણ છે તે શોધવા યોગ્ય છેજી. મરણ નથી આવવાનું એમ તો છે જ નહીં, પણ હમણાં કાંઈ એવો સંભવ નથી એમ જાણી જીવ આંખમીંચામણાં કરે છે. પણ જ્ઞાનીપુરુષો તો મરણને સમીપ સમજીને કેવળજ્ઞાન થતાં સુધી સત્પુરુષાર્થમાં મંડ્યા રહે છેજી. તો પછી આપણે નિરાંતે સૂવા જેવું શું પ્રાપ્ત કર્યું છે તે વિચારવા યોગ્ય નથી ?

"હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું" આ ભાવ વારંવાર આ મૂઢ જીવે વિચારી જાગૃતિ વિશેષ આરાધવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૨૮ અગાસ, તા. ૨૭-૭-૪૩
તત્ ૐ સત્ અષાઢ વદ ૧૧, મંગળ, ૧૯૯૯

"હે ! બ્રહ્મચર્ય, હવે તું પ્રસન્ન થા, પ્રસન્ન થા" —શ્રીમદ્ રાજચંદ્ર

આપનો પત્ર પ્રાપ્ત થયો. સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યો છે તે વિશેષ સમજણ થવાનું કારણ જાણી પ્રમોદ થયો છેજી. તે જાતે જ શીખવાનું શરૂ કર્યું હોય એમ પત્ર ઉપરથી લાગે છે પણ એકલા જ શીખવાનું હશે તો થોડા દિવસમાં કંટાળી જવાય તેવો તે લાંબો અને કઠણ વિષય છે, એટલે કોઈ સાથે શીખનાર અને સત્ ચારિત્રવાન શીખવનાર હોય તો સારું. પણ તેવી જોગવાઈ ત્યાં બનવી મુશ્કેલ છે. અહીં તેવી જોગવાઈ છે. ઘણી બહેનો સંસ્કૃત અભ્યાસ કરે છે. પણ તેવો પુણ્યનો યોગ હોય તો આ ક્ષેત્રમાં અભ્યાસ તથા સત્સંગ અર્થે લાંબી

મુદત રહી શકાય. વર્ષ બે વર્ષનો ચાલુ અભ્યાસ સંસ્કૃતનો ન થાય ત્યાં સુધી સંસ્કૃતમાં કંઈ ગમ પડે તેવું લાભકારક શીખી શકવું મુશ્કેલ છે. તમે ધાર્યું હશે કે માસ-છમાસ મહેનત કરીશું એટલે સંસ્કૃત શીખી જવાશે, પણ તેવી સહેલી ભાષા એ નથી. છતાં પુરુષાર્થ કરેલો નકામો નહીં જાય. ગુજરાતીમાં લખાયેલું સારી રીતે સમજાય તેટલો લાભ થવો સંભવે છેજી. પરમકૃપાળુદેવનો એક ટૂંકો પત્ર આપને આ પ્રસંગે વિચારવા ઉતારી મોકલું છું :

"જ્ઞાનનું ફળ વિરતિ છે. વીતરાગનું આ વચન સર્વ મુમુક્ષુઓએ નિત્ય સ્મરણમાં રાખવા યોગ્ય છે. જે વાંચવાથી, સમજવાથી તથા વિચારવાથી આત્મા વિભાવથી, વિભાવનાં કાર્યોથી અને વિભાવનાં પરિણામથી ઉદાસ ન થયો, વિભાવનો ત્યાગી ન થયો, વિભાવનાં કાર્યોનો અને વિભાવનાં ફળનો ત્યાગી ન થયો, તે વાંચવું, તે વિચારવું અને તે સમજવું (ભણવું વગેરે) અજ્ઞાન છે. વિચારવૃત્તિ સાથે ત્યાગવૃત્તિ ઉત્પન્ન કરવી તે જ વિચાર સફળ છે, એમ કહેવાનો જ્ઞાનીનો પરમાર્થ છે." (૭૪૯) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૨૯ અગાસ, તા. ૧-૮-૪૩

સંગ્રામ આ શૂરવીરનો, આવ્યો અપૂર્વ દીપાવજો;
કરતા ન પાછી પાની, ત્યાં ગુરુરાજ પડખે ભાવજો. (વીરહાક)

**ભાવાર્થ** : સમાધિમરણ કરવા કેડ બાંધી તૈયાર થયેલા શૂરવીર ભગવદ્-ભક્તને ચેતાવ્યા છે કે વ્યાધિ આદિ વિભાવ-પ્રેરક પ્રસંગો સામે લડવાનો શૂરવીરનો સંગ્રામ(યુદ્ધ)નો કાળ આવ્યો છે; તે પ્રસંગે ભક્તજીવને શોભે તેવી સહનશીલતા, સમ્યક્દૃષ્ટિ, સમભાવ રાખી તે પ્રસંગ શોભાવજો; પણ કાયરની પેઠે લડતાં લડતાં પાછા હઠી જશો નહીં, પાછી પાની ફેરવી ઘરભણી દોડી જશો નહીં, અનાદિ દેહદૃષ્ટિરૂપી ઘર તરફ પાછા ફરશો નહીં. સમ્યક્દૃષ્ટિ દેહને પર ગણે છે અને આત્માને પોતાનું સ્વરૂપ માને છે અને સાક્ષીરૂપે જે થાય તે જોયા કરે છે. પરંતુ સહનશીલતા ખૂટી પડે ત્યારે સામાન્ય માણસોની પેઠે સદ્ગુરુનો સેવક પણ એમ વિચારે કે હવે નહીં ખમાય, હવે તો હું મરી જઈશ, મને કોઈ બચાવો ! એમ થાય તો સમ્યક્-દર્શન કે સદ્ગુરુનો આશ્રય ખોઈ બેસે છે અને દેહને મુખ્ય માની, દેહની સેવા કરનાર કે દરદ મટાડનારનો મોટો ઉપકાર માને છે. આમ કરનાર મહાયુદ્ધમાં પાછી પાની કરી, ભાગી જવા ઇચ્છનાર કાયર સમાન છે, તે સત્પુરુષના ઉપકારને ઓળવે છે, પોતાના આત્માનું હિત ગુમાવે છે અને સમાધિમરણ કરવાનો અવસર આર્તધ્યાનમાં ગાળી તિર્યંચ આદિ આયુષ્ય બાંધી અધોગતિમાં ભ્રમણ કરવાનાં કારણો ઊભાં કરે છે. તે નહીં કરવા આ કડીમાં હિંમત આપી છે કે એવે પ્રસંગે હિંમત હાર્યા વિના, પરમકૃપાળુદેવ જાણે સમાધિમરણ કરાવવા પાસે જ પધાર્યા છે, જાણે પોતાની સાથે લઈ જવા આપણને તેડવા જાતે આવ્યા છે, એવી ભાવના ભાવજો.

આ માસમાં અષાઢ વદ ૯ રવિવારે ભાદરણના એક ભાઈનું કૅન્સરના દરદથી મરણ થયું. તેમણે કહેલું "ભગવાન આવ્યા છે, દર્શન કરો, દર્શન કરો." આવી શુભ લેશ્યા તેમની વર્તતી હતી. તેવી ભાવના કરવા આ કડી લખેલી છેજી. આખરે એ ભક્તિભાવ અનેકને પ્રગટરૂપે

જણાયો છેજી. શ્રીમદ્ સદ્ગુરુ રાજચંદ્ર પાસે જ છે, પડખે છે, સમીપ છે એમ ભાવના કરજો એવો એ કડીનો અર્થ છેજી.

---

૪૩૦ અગાસ, તા. ૧-૮-૪૩

તત્ ૐ સત્ આષાઢ વદ ૦)), રવિ, ૧૯૯૯

અનુષ્ટુપ— "સમરસ મહાયોગ, પ્રત્યક્ષ વિદ્યમાન છે,
'યોગ યોગ' કહી તોયે, શોધે મૂઢ દશે દિશે."

દોહરો— "પરિષહાદિ અનુભવ વિના, આતમધ્યાન પ્રલાપ;
શીઘ્ર સંવર નિર્જરા, હોત કર્મકી આપ."

ચોપાઈ — "ભૈયા ભાવો ભાવ અનુપ, ભાવત હોય તુરત શિવભૂપ;
સુખ અનંત વિલસો નિશદિશ, ઈમ ભાવો સ્વામી જગદીશ."

દોહરો — "રાજ ચરણમાં રાચતો, ધરી હૃદય ઉલ્લાસ;
પ્રણમું પાતક ટાળવા, મળો મોક્ષનો વાસ."

આપે પ્રશ્ન પૂછ્યો છે "વિચારવાન કોને યથાર્થ કહેવાય ?" તેના ઉત્તરમાં પરમકૃપાળુદેવે પત્ર ૫૩૭ લખ્યો છે તે વાંચશોજી. "મુમુક્ષુજીવને એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં," એમ જણાવી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય અને યથાર્થ વિચારવાન બને તેવો બોધ તે પત્રમાં છેજી. "સત્પુરુષોના યોગબળ"નો અર્થ પૂછ્યો છે તેનો ખુલાસો પણ શ્રીમદ્ સદ્ગુરુદેવે પોતે પત્ર ૫૨૧ માં તથા પત્ર ૨૧૨ માં કર્યો છે તે વિચારશોજી. છેલ્લો ખુલાસો લખવા જણાવ્યું છે: "આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી યુવાન થવું અને આ અલખ વાર્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું." (૧૭૦) પૂ. શ્રી સૌભાગ્યભાઈને જણાવેલું છે કે ઉંમરમાં વૃદ્ધ હોવા છતાં ભાવથી યુવાન થવું. પુષ્પમાળામાં પોતે લખે છે કે "જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર." ઉદ્યમ એટલે સત્પુરુષાર્થ અને બ્રહ્મચર્ય તે આત્મચર્યા, આત્માની ઓળખાણ કરી તેમાં પરિણમન કરવું. આ બન્ને કરાવીને પરમપુરુષ જે અલખ વાર્તાના અગ્રેસર જ છે તેમણે પોતાની હયાતીમાં સમાધિમરણમાં અગ્રેસર કર્યા અને મહામુનિઓને દુર્લભ એવું સમાધિમરણ કરાવ્યું, તેથી એ વાક્યનો પરમાર્થ અક્ષરેઅક્ષર તે પુરુષે સત્ય કરી બતાવ્યો છેજી. પરમકૃપાળુદેવનાં વચનો અલખ વાર્તાના સાચા લેખ છે, તે જેના હૃદયમાં વસશે તેને નમસ્કાર છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૩૧ અગાસ, તા. ૨-૮-૪૩, સોમ

"અનંતકાળ વ્યવહાર કરવામાં વ્યતીત કર્યો છે, તો તેની જંજાળમાં પરમાર્થ વિસર્જન ન કરાય એમ જ વર્તવું, એવો જેને નિશ્ચય છે, તેને તેમ હોય છે, એમ અમે જાણીએ છીએ. વનને વિષે ઉદાસીનપણે સ્થિત એવા જે યોગીઓ–તીર્થંકરાદિક–તેનું આત્મત્વ સાંભરે છે." (૩૬૩)

કલ્યાણકારી ગુરુકૃપા, વરસો નિરંતર અંતરે;
શાંતિ, સમાધિ, ધૈર્યરૂપે, અંકુરો ઊગો ઉરે.

આપનો પત્ર મળ્યો. આશ્રમમાં ભક્તિભાવ, સત્સંગ અર્થે આવવામાં કંઈ પ્રતિબંધ નથી, લાભનું કારણ છેજી. પરમકૃપાળુદેવનો અપાર ઉપકાર છે કે આ કળિકાળમાં આપણા જેવા અબુધ જનોને ઉત્તમ અધ્યાત્મમાર્ગે સરળપણે સુગમતાથી સમજાય તેમ ગુજરાતી ભાષામાં સંપૂર્ણપણે પ્રગટ કર્યો છે. સંસ્કૃત અને માગધી ભાષાના ધુરંધર પંડિતોને પણ હૃદયગત થવો દુર્લભ એવો આત્મધર્મ જેણે બાળા-ભોળા જીવોને ગ્રાહ્ય થાય, સમજાય, અધ્યાત્મભૂખ પ્રગટે અને પોષણ મળે, તેવા સુંદર પત્રો, કાવ્યો અને ગદ્યપદ્ય હાથનોંધો લખી આ કાળમાં મોહનિદ્રામાં ઊંઘતા આપણા જેવાને જગાડવા પ્રબળ પરિશ્રમ લીધો છે તે મહાપુરુષને પરમપ્રેમે નમસ્કાર હો !

---

૪૩૨ અગાસ, શ્રાવણ સુદ ૭, ૧૯૯૯

પરમકૃપાળુદેવ જેના હૃદયમાં વસ્યા છે, પરમકૃપાળુદેવ પ્રત્યે જેમને પૂજ્યભાવ થયા છે, પરમકૃપાળુદેવના જે જે ગુણગ્રામ કરે છે તથા તેમના પ્રત્યે જેમને અદ્વેષભાવ છે તે સર્વ ભવ્ય જીવો પ્રશંસાપાત્ર છેજી. આ કળિકાળમાં પણ જે કોઈ જીવનું કલ્યાણ થવું હશે તે અમથકી, બીજાથી નહીં — એવાં સત્શ્રદ્ધાપ્રેરક અને પોષક વચનો જેને ગમ્યાં છે, રોમ રોમ ઊતરી ગયાં છે તેને ગમે તેવાં દુઃખ આવો, ક્લેશનાં કારણો ઉત્પન્ન થાઓ કે મરણનો પ્રસંગ ભલે માથે ઝઝૂમતો જણાય તોપણ તે નિર્ભય રહી શકે છે; તે અનાથ, દીન, અશરણ નથી બનતો, પણ "ધીંગધણી માથે કિયો કુણ ગંજે નર ખેટ, વિમલજિન દીઠાં લોયણ આજ" એવી હિંમત રહે છે; વ્યાધિ આદિ કારણે આર્ત્તધ્યાનનો પ્રસંગ હોય તોપણ તેને તે મહાપુરુષની ભક્તિના પ્રભાવે ધર્મધ્યાન થાય છે. આ વાત વારંવાર વિચારી ક્લેશનાં કારણ દૂર થાય અને પરમકૃપાળુદેવનું જ એક શરણ મરણ સુધી ટકી રહે તેવી વિચારણા સર્વે કુટુંબીજનોને કરતા રહેવા ભલામણ છેજી. જગતની કોઈ ચીજ કે કોઈ જીવ આપણને મરણપ્રસંગે ઉપકારી થનાર નથી; પણ પરમકૃપાળુદેવનું શરણ, તેમના પ્રત્યે પ્રેમ અને તે પુરુષનું અચિંત્ય માહાત્મ્ય, સદાય તે આપણી સમીપ જ છે એ ભાવ પોષાય તેમ વર્તવાથી, ચર્ચવાથી, શ્રદ્ધવાથી જીવ સુખી થાય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૩૩ અગાસ, ભાદરવા સુદ ૨, ૧૯૯૯

જેવી વૈરાગ્યની વાત પત્રમાં લેખ પામી છે તેવી હૃદયમાં જો આલેખાઈ રહે તો કલ્યાણ જીવને સમીપ છે એમ સમજવું ઘટે છેજી. વૈરાગ્યનાં વચનો હૃદયમાંથી નીકળી જાય તે કલ્યાણકારી નથી; ટકી રહે અને સત્પુરુષના બોધને પરિણામ પામવાનાં કારણ બને તો જ ઉપકારી ગણવા યોગ્ય છે. ઘણી વખત તો, સગર ચક્રવર્તી ૬૦૦૦૦ પુત્રના મૃત્યુની ખબર આપનાર બ્રાહ્મણને પ્રથમ તો પુત્રનો શોક નહીં કરવા શિખામણ દે છે, પણ જ્યારે પોતાના પુત્રના મરણની વાત સાંભળે છે ત્યારે તે બેભાન થઈ જાય છે અને વિલાપ કરે છે. આપણે આ દૃષ્ટાંતથી ચેતી આપણે આપણને બોધ આપતા થઈએ અથવા પરમપુરુષના બોધને હૃદયમાં રાખી કલ્યાણ-સાધક બનીએ એ જ ભાવનાથી આ બે વચનો લખ્યાં છે, તે મારે તમારે બધાએ લક્ષમાં રાખવા યોગ્ય છેજી.

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ પ્રત્યે આપને પૂજ્યભાવ જાણી, પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ મુમુક્ષુતા ઉત્પન્ન થવાનું બીજ સમજી, આપના પત્રથી થયેલી પ્રસન્નતાના પ્રત્યુપકારરૂપ કિંચિત્ લખાયું છે તે ક્ષમાને પાત્ર છેજી. દિન દિન ચઢતા સાચા વૈરાગ્યને પાત્ર આપણે બનીએ એવી પરમકૃપાળુદેવ પ્રત્યે નમ્ર પ્રાર્થના છેજી. જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું સ્વરૂપ ત્યાં મુમુક્ષુવર્ગમાં ચર્ચવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૩૪ અગાસ, ભાદ્રપદ સુદ ૬, ૧૯૯૯

પરમકૃપાળુદેવે આખો લોક ત્રિવિધ તાપથી બળતો વર્ણવ્યો છે તેવી જ દશા વર્તમાનમાં આખા દેશમાં પ્રગટપણે દેખવામાં આવે છે, તેમાંથી બચવાનો ઉપાય પણ તેઓશ્રીએ જણાવ્યો છે કે કલ્પવૃક્ષ સમાન સત્પુરુષનાં વચનની શીતળ છાયા છે, તે મને તમને બધાને શાંતિનું કારણ થાઓ. કારણ કે બીજું કંઈ ઇચ્છવા જેવું નથી.

"ક્યા ઇચ્છત? ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખ-મૂલ;
જબ ઇચ્છાકા નાશ, તબ મિટે અનાદિ ભૂલ." (હા. નો. ૧-૧૨)

આ અનાદિની ભૂલ ટાળવાની સાચી ઇચ્છા હોય તો ઇચ્છા માત્રને ઊગે ત્યારથી છેદી નાખવી ઘટે છેજી. સમજવા માટે એક સાચું બનેલું દૃષ્ટાંત લખું છું : આશ્રમમાંથી સ્ટેશને જતાં આડી કાચી સડક આવે છે, ત્યાં એક સિમેન્ટના થાંભલા ઉપર સિમેન્ટના પાટિયા ઉપર અંગ્રેજીમાં એમ લખેલું હતું કે "જૈન નંદિર". રોજ ત્યાં થઈને જતાં તેના પર નજર પડે ત્યારે વિચાર થતો કે "નંદિર"ને સુધારી "મંદિર" કરવું હોય તો સહેલાઈથી થાય તેવું છે. થોડા દિવસમાં તો કોઈએ તે થાંભલો પાડી નાંખ્યો અને અત્યારે જમીન પર પડેલો છે તે જોઈ વિચાર આવ્યો કે તેમાં સુધારો કરવાની મહેનત કરી હોત તો તે પણ નિષ્ફળ હતી, ધૂળમાં મળી જાત. મોટા મોટા કીર્તિસ્તંભો ધૂળભેગા થઈ ગયા તો આ એક અક્ષરમાં સુધારો કરવાની ઇચ્છા પૂરી પાડી હોત તોપણ કેટલા દિવસ ટકનાર હતી? ચિત્તોડમાં એક લડાઈમાં હિંદુઓ જીત્યા તેની સ્મૃતિમાં તેર-ચૌદ માળનો ઊંચો કીર્તિસ્તંભ કર્યો છે તે જોયેલો સાંભરી આવ્યો કે આવાં મોટાં પથ્થરનાં મકાન પણ કાળના ઝપાટા આગળ કંઈ ગણતરીમાં નથી તો તુચ્છ ઇચ્છાઓ સંતોષ્યે શું કલ્યાણ સધાવાનું છે? માટે ઉપશામસ્વરૂપ પુરુષોએ ઉપશમસ્વરૂપ એવાં આગમમાં ઉપશમનો જ ઉપદેશ કર્યો છે, તે હૃદયમાં કોતરી રાખી દુષ્ટ ઇચ્છાઓ ડોકિયાં કરે કે તુર્ત જ તેમને ઉખેડી નાખવી ઘટે છે. ખેતી કરનારા ખેતરમાં વાવેલું હોય તેની સાથે જે નકામું ઘાસ ઊગી નીકળે છે તેને નીંદી નાખે છે, નહીં તો જે પાકનું વાવેતર હોય તેના છોડવાને પોષણ મળે નહીં; તેમ હૃદયમાં સત્પુરુષે જે બોધ અને વૈરાગ્યનાં બીજ વાવેલાં છે તેને પોષણ આપી ઉછેરવાં હોય તો બીજી બિનજરૂરી ઇચ્છાઓરૂપી નકામાં છોડનું નિકંદન કરવું ઘટે છે. તે કામમાં આળસ કરીએ તો નકામા છોડ મોટા થઈ સારા છોડને નિર્માલ્ય બનાવી દે છે. તેમ એક પછી એક ઊઠતી નિરર્થક ઇચ્છાઓ જો વધવા પામી તો આખી જિંદગી તેમાં જ વહી જશે અને આ ભવનું સાર્થક કરનાર સત્પુરુષના બોધ અને વૈરાગ્યને વધવાનો લાગ નહીં મળે; અને તે નિર્બળ બની સ્મૃતિમાંથી ભૂંસાઈ પણ જવા પામે. માટે

મુમુક્ષુજીવે વિશેષ વિશેષ જાગૃતિ રાખી ઇચ્છાદિ દોષો દૂર કરતા રહેવાનો પુરુષાર્થ કર્યા કરવો ઘટે છેજી. સાચા અંતઃકરણે સત્પુરુષનું એક પણ વચન ગ્રહણ થશે તો જીવનું અવશ્ય કલ્યાણ થશે એમ પરમકૃપાળુદેવે લખ્યું છે તે આપણે નિરંતર લક્ષમાં રાખતા રહેવું ઘટે છેજી.

માથે મરણ છે એમ વારંવાર બોધમાં સાંભળ્યું છે, હાલ તો પ્રત્યક્ષ બોમ્બગોળા આદિ પ્રસંગોથી તથા ગોળીબાર વગેરેના સમાચારોથી સંભળાય છે. મરણ સમીપ જ સમજીને વિચારવાન જીવે વૈરાગ્યની વૃદ્ધિ કરતા રહેવાની જરૂર છેજી. ક્ષણ ક્ષણ આયુષ્ય ઓછું થતું જાય છે તે મરણતુલ્ય સમજી જીવન સફળ થવા, સત્સંગ થયેલો નિષ્ફળ ન થવા દેવા જ્ઞાનીપુરુષના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભય હવે તો થઈ જવું ઘટે છેજી. જેટલી નિઃશંકતા તેટલી નિર્ભયતા પ્રગટે; માટે "श्रद्धा परम दुल्लहा" કહી છે તે ગમે તેમ કરી આટલા ભવમાં કરી લેવી ઘટે છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૩૫ અગાસ, ભાદરવા સુદ ૭, ૧૯૯૯

આત્મ-આરાધના એ મોટું કામ છે તે જેણે કરવું હોય તેણે તુચ્છ વસ્તુઓ — પરભાવ અને પરવૃત્તિઓ — ને છોડી પોતાના તરફ વૃત્તિ વાળવાની જરૂર છે. આ જીવ આટલા કાળ સુધી પારકી પંચાતમાં પડી પોતાનું હિત કરવાનું ચૂકી ગયો છે તેને લઈને આ ભવ ધારણ કરવો પડ્યો છે, તો હવે તે ભાવ મંદ કરી પોતાના તરફ વિશેષ લક્ષ નહીં રાખે તો તેની શી વલે થશે? "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે" આમ પરમકૃપાળુદેવે પુષ્પમાળામાં કહ્યું છે તે હવે તો હૃદયમાં અત્યંત–અત્યંતપણે દૃઢ થાય એ જ મારું કર્તવ્ય છે. કાળ ગટકાં ખાઈ રહ્યો છે, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે ત્યાં આ જીવને પારકી પંચાતમાં પડવાનો વખત જ ક્યાં છે? જો આ જીવ આટલી યોગ્યતા પામ્યા છતાં નહીં ચેતે તો મરણ વખતે તો બધું લૂંટાઈ જવાનું છે તે વખતે નિષ્ફળ પશ્ચાત્તાપ કરશે. ક્યાંય દૃષ્ટિ દેવા જેવું નથી. બધે બળતરા, ત્રાસ અને ભય ભય દૃષ્ટિગોચર થાય તેવો કાળ આવી પહોંચ્યો છે, તે વખતે વિચારવાન જીવે શું કરવું? કોનો સંગ કરવો? કેવી રીતે આ પ્રબળ લૂંટથી બચવું? તેનો વારંવાર વિચાર કરી "સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે અને અમે પણ એ જ કહીએ છીએ" (૪૯૦) એમ પરમકૃપાળુદેવે લખ્યું છે તે ઉત્તમ દવા શાંતિનું કારણ છેજી. સમાધિમરણ પ્રાપ્ત કરાવે તેવું તે વચનમાં બળ છે પણ આ જીવ જો લક્ષમાં લે તો જ. એ જ વિનંતી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૩૬ અગાસ, ભાદરવા સુદ ૮, ૧૯૯૯

અનંત કાળથી જીવને જન્મમરણ, જન્મમરણ થયા કરે છે તેનું કારણ અણસમજણ અને કષાયભાવ છેજી. તે દોષોને દોષોરૂપ જાણી તેથી સહાયને માટે છૂટવાની ભાવના સદ્ગુરુયોગે જાગે છેજી. ધર્મને નામે અનેક ઉપવાસ આદિ ક્રિયા કરવા જીવ દોડે છે પણ કષાય ઘટાડી સદ્ગુરુની શિખામણ પ્રમાણે સમજણ કરવાનું જીવે કર્યું નથી. તે કરવાનો લાગ એક

આ મનુષ્યભવમાં છે તો જેમ બને તેમ સર્વ જીવ પ્રત્યે નિર્વૈરબુદ્ધિ, મૈત્રીભાવ રાખી વર્તવાનું કરે, બીજાના ગુણો જોવાની દૃષ્ટિ રાખે અને પોતાના દોષો દેખી ટાળવાનો પુરુષાર્થ કરે તથા સર્વે જીવનું કલ્યાણ થાઓ એમ ઇચ્છે. પોતાનાથી બને તેટલી બીજાને સારા કામમાં મદદ કરે અને પોતાનું બને તેટલું કર્યા છતાં કોઈનું હિત ન થાય તેમ લાગે ત્યાં મધ્યસ્થભાવ રાખવાનો અભ્યાસ કરે તો જીવ જ્ઞાનીપુરુષના માર્ગને યોગ્ય થાય. જે જે બંધનના, કષાયના, અજ્ઞાનના ભાવ છે તે દૂર કર્યા વિના સત્પુરુષની સમજણનો વારસ જીવ કેવી રીતે બને ? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૩૭ અગાસ, તા. ૧૧-૮-૪૩
ભાદરવા સુદ ૧૦, બુધ, ૧૯૯૯

નહીં હરે મિથ્યાત્વ જે, સર્વ દુઃખનું મૂળ;
તે શાનો શૂરવીર (રે) જો, આત્માને પ્રતિકૂળ.
ગણના તારાગણ તણી, ગગને કદી કરાય;
પણ સદ્ગુરુના ગુણ તણું, માપ ન થાય જરાય.

અકસ્માતથી બચ્યા, ઈજા થઈ નથી અને મફતનું જીવવાનું મળ્યું છે એવો વિચાર ઊગ્યો છે તે પોષાતો રહે, મરી ન જાય તે માટે શું વિચાર્યું છે? તે વિચારણામાં મદદ કરે તેવો એક લેખ પરમકૃપાળુદેવનો 'તત્ત્વજ્ઞાન'માં છપાયેલો છે: "ભાઈ, આટલું તારે અવશ્ય કરવા જેવું છે."(૮૪) તે વારંવાર વિચારી બને તો મુખપાઠ કરી લેવા જેવો છેજી. કોઈ પારિભાષિક શબ્દો ન સમજાય તો ત્યાં અટકી રહેવા યોગ્ય નથી. આત્મલક્ષ રાખીને વાંચવાથી સવળું પરિણમશે. 'તત્ત્વજ્ઞાન'માં તો ઘણી બાબતો છે પણ તે સર્વ એક આત્માર્થે જ છે, એ લક્ષ ન ચુકાય તો વારંવાર વાંચ્યે નવા નવા ભાવો આગળ વધવા પ્રેરે તેવા સ્ફુર્યા કરે તેમ છેજી. ચિત્ત-પ્રસન્નતા સાચવશો.

"ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા, આનંદઘનપદ રેહ."

ચિત્તની નિર્મળતા, નિર્દોષતા એ પ્રસન્નતા છે; રાગદ્વેષ છે ત્યાં મલિનતા, આસક્તિ, ક્લેશ છે.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનું એક વચન અનેક રીતે વિચારી આત્મહિતમાં આવવા અર્થે ઉપદેશેલું નીચે લખું છું તે વ્યવહાર, પરમાર્થ બન્નેમાં ઉપયોગી છે – "શું કરવા આવ્યો છે? અને શું કરે છે?" તે રોજ વિચારશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૩૮ અગાસ, તા. ૧૬-૮-૪૩

દિવસે દિવસે મુમુક્ષુતા વર્ધમાનતાને પામે તેમ કર્તવ્ય છેજી. "ધર્મરંગ જીરણ નહીં, દેહ તે જીરણ થાય" એમ શ્રી યશોવિજયજી મહારાજે લખ્યું છે, તો પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ જેને થયો છે તે મહાભાગ્યશાળી જીવે પોતાના ભાવ દિવસે દિવસે વર્ધમાન થતા જાય તેમ પ્રવર્તવાની તથા તેની ચોકસી રાખવાની જરૂર છેજી. ધનની કાળજી રાખી વૃદ્ધિ થાય તેવી

વ્યવસ્થા કરીએ છીએ, શરીરની આરોગ્યતાના ઉપાય લઈએ છીએ, કુટુંબની આબરૂ માટે નિરંતર ચિંતા હોય છે તો આ બિચારા આત્માની સંભાળ લેવાનું, તેને કંઈ ઉન્નતિના ક્રમમાં આણવાનું તથા યથાર્થ સુખી કરવાનું ખાસ કરવા યોગ્ય કાર્ય વિસ્મરણ ન થાય તે જોતા રહેવાની જરૂર છેજી. અનંતકાળથી પોતે પોતાનો વૈરી થઈને વર્ત્યો છે, તે માર્ગ પલટાવી પોતે પોતાનો મિત્ર બને તેવી ઘણી અનુકૂળતા, સામગ્રી, સંયોગો આ ભવમાં પ્રાપ્ત થયા છે તે નિરર્થક ન નીવડે તે અર્થે શું કરીએ છીએ? અને શું કરવા ધાર્યું છે? આનો દરેકે પોતાને વિચાર કરવા વિનંતી છેજી. પરમકૃપાળુદેવનું યોગબળ સર્વનું કલ્યાણ કરો એ જ પ્રાર્થના.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૩૯ અગાસ, તા. ૨૧-૮-૪૩

"નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણયોગ નહિ ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમયોગ જિતલોભ." (૯૫૪)

તીર્થશિરોમણિ સત્સંગધામ આત્મવિશ્રામ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ સ્ટેશનથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા તથા સંવત્સરી પર્યંતના દોષોની ઉત્તમ ક્ષમા આપવા નમ્ર અરજ છેજી. વિ. પત્ર મળ્યો છેજી. તબિયત નરમ થતી જાય છે તથા અશક્તિ રહે છે તે જાણ્યું. શરીરના ધર્મ શરીર બધી અવસ્થામાં બજાવે છે તો આત્માએ બધી અવસ્થામાં આત્મધર્મ શા માટે ચૂકવો જોઈએ? એ વારંવાર વિચારી શરીરમાં વેદના વગેરે દેહના ધર્મો દેખાય, તેને દેખનારો આત્મા પરમાનંદરૂપ જ્ઞાનીએ કહ્યો છે, અનુભવ્યો છે, તેવો જ મારે માનવો છે, તે જ મારું ખરું સ્વરૂપ છે. સદાય ટકી રહે તેવા એ અવિનાશી, અજર, અમર, શાશ્વત, અનંત સુખસ્વરૂપને હવે તો હૃદયમાં કોતરી રાખવું છે, તેમાં જ મરણ પર્યંત વૃત્તિ રાખવી છે. એ સહજાત્મ-સ્વરૂપ જ ભવસાગર તરવા માટે જહાજ છે. પરમકૃપાળુદેવે અનંત કૃપા કરી પરમ ઉપકારી શ્રી પ. પૂ. પ્રભુશ્રીને સમાધિમરણ અર્થે જે મંત્ર કહ્યો તેથી તેમણે પરમ પુરુષાર્થ ફેરવી તેમાં તન્મયતા સાધી આત્મકાર્ય સાધ્યું; તે જ મહામંત્રનું દાન તેઓશ્રીની આજ્ઞાથી મને મળ્યું છે. હવે તેમના જેવી જ દશા પામવાનો મને અપૂર્વ અવસર સાંપડ્યો છે, તે આ દેહની પંચાતમાં પડીને નહીં ગુમાવું; દેહનું ગમે તેવું થવું હો તે થાઓ, સુકાઈ જાઓ, સડી જાઓ, પડી જાઓ અને આથી બમણી વેદના ભલે આવો પણ તેની કાળજીમાં મારા આત્માનું કલ્યાણ કરવાનું આ ભવના છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી તો નહીં જ ચૂકું, એવી દૃઢતા રાખી, કાયરપણું તજી શૂરવીર થવાનો પ્રસંગ આવ્યો છે તે દીપાવજો. "વીરહાક" આલોચનામાંથી સાંભળવાનું બને તેમ ગોઠવણ કરશોજી તથા સમાધિસોપાનમાંથી "સમાધિ-મરણ" પાન ૩૧૩ થી પાછલા પત્રો પૂરા થતા સુધીનું લખાણ પણ સાંભળતા રહેવા ભલામણ છેજી. કંઈ ન બને તો એક શરણ પરમકૃપાળુદેવનું છે તે જ મને તારનાર છે એવી ભાવના, દુઃખ ગમે તેટલું હોય તોપણ ભુલાય નહીં તેમ, વારંવાર અભ્યાસથી કર્તવ્ય છેજી. જીભે સ્મરણ અને હૃદયમાં પરમકૃપાળુદેવની પરમ શાંત રસમય મુદ્રા અખંડ રહે તેવો બનતો

પુરુષાર્થ કર્યા જ કરવો ઘટે છેજી. શ્રી સદ્ગુરુપ્રસાદમાંથી વારંવાર વીતરાગ-મુદ્રા-દર્શન દ્વારા તે મહાપુરુષની અલૌકિક દશામાં તન્મય થવાય એ જ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૪૦ અગાસ તા. ૨૩-૮-૪૩

* 'દિવસે તેલ નાખું નહીં' = પુરુષે દિવસેય માથામાં તેલ નાખવું નહીં, એટલે કે નાખવું જ નહીં; કારણ કે હજામત, સ્નાન વગેરે સાધનોથી શિર સ્વચ્છ રહેવાનું કારણ પુરુષને બને છે. રાત્રિએ તેલ માથામાં નાખનાર એટલે વેશ્યાદિ તથા અત્યંત મોહાસક્ત સ્ત્રીઓ હોય. સામાન્ય સ્ત્રીઓ તો દિવસે શરીર-સંસ્કાર કરી લે છે. વાળ ઉપર જેટલી આસક્તિ છે તેટલો દેહાધ્યાસ છે, એ સહજ વિચારે સમજાય તેવી વાત છે. માથું હોળતાં વાળ કાંસકા ઉપર આવ્યા હોય તેને ઘરના કોઈ ખૂણામાં પણ રાખવા કોઈ ઇચ્છતું નથી, તથા હજામત કરાવેલા વાળ દૂર ફેંકી દે છે. કોઈ કપડામાં ભરાયો હોય તો ખૂંચ ખૂંચ કરે. તેવી નિરર્થક ચીજમાં વારંવાર વૃત્તિ રાખી તેની ટીકટાકમાં મનુષ્યભવની મોંઘી પળો ગુમાવવી એ વિચારવાનને કેમ પાલવે? ઘણાં સ્ત્રી-પુરુષોને વારંવાર માથાના વાળ ઠીક કરવા કે જેમ હોળીને રાખી મૂક્યા હોય તેવા રહ્યા છે કે નહીં તેની પરીક્ષા કરવા માથે હાથ ફેરવતા જોઈએ છીએ અને તે ટેવનું રૂપ લે છે એટલે વગર કારણે શિર પર હાથ ફર્યા કરે છે. આ મોહની ઘેલછા છે. તેનું સૂક્ષ્મ અવલોકન કરી અંતર્વૃત્તિઓને તપાસી તેને સન્માર્ગે વાળવી ઘટે છેજી. જેમને દેહાધ્યાસ એ મહાદોષ ભાસ્યો છે અને જે સંસારથી વિરક્ત થયા છે તે મહાપુરુષો તો કેશને ક્લેશરૂપ જાણી, મોહનાં મૂળ જાણી તે પરમપુરુષો શ્રી તીર્થંકર જેવા તો તેને મૂળથી ઉખેડી નાખે છે.

"કુટિલ, ધૂર્ત-વિલાસ-વાસ ગણ્યો કેશ-લોચ તે કરતા રે;
તજી શણગાર, અણગાર બની તે મહાવ્રતો ઉચ્ચરતા રે;
પરોપકારકારક પરમાત્મા ઊઠયા જગ ઉદ્ધરવા રે." (પ્રજ્ઞા. ૧૦૩)

હરેક બાબતનો ઊંડો વિચાર કરતાં શીખો એ જ વિનંતી.

---

૪૪૧ અગાસ

હાથીના બે દાંત સમ, સજ્જનના ગણ બોલ,
વચન દઈ વર્તે નહીં, તે તરણાને તોલ.

આપનો પત્ર મળ્યો. ત્યાંની મુશ્કેલીઓની હકીકત લખી તે જાણી. સાથે મુમુક્ષુતામાં હાનિ થતી આવી છે તે પણ જાણી ખેદ થયો. હિંમત હારવી નહીં. લીધેલું વ્રત બને તેટલી ધર્મભાવના અને ચીવટ, દાઝ રાખી પાળવું ઘટે છે.

"ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહિ ધર્મ;
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ –
મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ."

---

* જુઓ સાતસો મહાનીતિ: આંક ૬૫૪-૬૫૫.

આ જીવે પરવશે ઘણાં દુઃખ વેઠયાં છે; પણ સ્વવશે સમભાવ અર્થે ધર્મબુદ્ધિએ વેઠશે ત્યારે જ કલ્યાણ થવા યોગ્ય છે. રૅશનિંગના કાયદાને અંગે ઘી જેવી વસ્તુ ઘટાડવી પડે; પણ પાપનું કારણ સમજાયું હોય, છતાં કંદમૂળ વાપરવાની વૃત્તિ રહે તે પડતી મુશ્કેલીઓને લક્ષમાં લીધી છતાં મુમુક્ષુતાની – ધર્મભાવનાની ખામી, પરભવમાં શી વલે થશે એવા વિચારની ખામી — ટૂંકામાં અનાર્ય અસરની મૂર્ચ્છા સમજાય છે. પાપમાં પ્રવર્તવાના અનાર્ય વિચારને ઉત્તેજન આપી કેમ દેવાય? આવી રીતે જ કંઈ પુરુષાર્થ કરી ઊંચે આવી પર્વત પરથી પડતું મૂકે એમ કરી અનંતકાળથી રઝળતો આવ્યો છે. તેમાં નવાઈ જેવું નથી. નવાઈ જેવું તો તેવા પ્રસંગોથી બચી જવાય તે છે. એક મોક્ષગામી પુરુષની જ્ઞાનીપુરુષે કહેલી કથા સાંભળી, લીધેલા વ્રતથી પડી ગયા હો તો ઊભા થવાને બળ મેળવવા અર્થે ટૂંકામાં લખું છું, તેને શ્રદ્ધાપૂર્વક વિચારી આત્મહિતમાં તત્પર થવા ભલામણ છે.

(જુઓ પ્રવેશિકા શિક્ષાપાઠ ૪૪-૪૫-૪૬, રાત્રિભોજનત્યાગ વિષે કથા)

આ ટૂંકી વાતમાં ઘણું રહસ્ય છે. એક પણ જ્ઞાનીની આજ્ઞા જો મરતાં સુધી ટેક રાખી પાળે તો તેના ભવચક્રના આંટા ટળી જાય છે. જાણે આ પત્ર મળે ત્યારથી ફરી આજ્ઞા મળી છે એમ માની, તૂટેલું વ્રત સાંધી લઈ ટકાવી રાખવા ભલામણ છેજી. શાક વિના ખાવું પડે કે પોતાને હાથે રસોઈ કરવી પડે તો તેમાં હરકત નથી; પણ પાપનાં ફળ બૂરાં છે અને આજ્ઞાભંગ એ મોટું પાપ છે, માટે પાપથી ડરતા રહી સદ્ગુરુની આજ્ઞા એ જ તરવાનો ઉપાય છે. માટે મારે હવે પ્રાણ જાય પણ તે તજવી નથી એવી દૃઢતા મરણાંત સુધી ટકાવી પરમકૃપાળુદેવ પ્રત્યે પરમ પ્રેમ વધતો જાય તેમ વર્તવા, વાંચવા, વિચારવા, ભાવના કરવા વિનંતી છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૪૨

અગાસ, તા. ૨૪-૮-૪૩

દુઃખના વખતમાં સામાન્યપણે જીવનો ઉપયોગ જ્યાં દેહમાં વેદના થતી હોય ત્યાં વારંવાર જવાનો સ્વભાવ છે, તેને લઈને હું દુઃખી છું, દુઃખી છું એ વેદન રહ્યા કરે છે તેને જ્ઞાનીપુરુષોએ આર્તધ્યાન કહ્યું છે. મુમુક્ષુ જીવે તેમ નહીં કરતાં જ્ઞાનીની આજ્ઞામાં વૃત્તિ રાખવી ઘટે છે. જ્ઞાનીએ દેહને પુદ્ગલનો કહ્યો છે, વેદનીયકર્મ પણ પુદ્ગલ છે, તેના ઉદયે સૂર્યનો પ્રકાશ જેમ વાદળાંથી રોકાય તેમ આત્માનો આનંદ કે સુખ પણ વિકાર પામી દુઃખની કલ્પના ઊભી થાય છે અને મોહને લઈને 'હું દુઃખી છું, મને વેદના છે, નથી રહેવાતું, હવે શું થશે? મટશે કે નહીં? મરી જવાશે?' વગેરે વિકલ્પોની પરંપરા દેહાધ્યાસને લઈને થાય છે તે દૂર કરી, સુખી થવાની કલ્પનાઓ દૂર કરી, સુખદુઃખની કલ્પનાઓમાંથી કોઈ પણ કલ્પના કરવાની જ્ઞાનીની આજ્ઞા નથી એમ વિચારી, સત્સંગ કે સત્શાસ્ત્રમાં ભાવ રાખી, સ્મરણ-મંત્ર વગેરે સાધનોના અવલંબને ભાવ સદ્ગુરુ અને તેની આજ્ઞામાં રહે તો ધર્મધ્યાન થવાનો સંભવ છેજી. માટે આર્ત્તધ્યાન દૂર થાય અને ધર્મધ્યાનમાં ભાવ રહે તેવો પુરુષાર્થ કરવા ભલામણ છેજી.

શાંતિઃ

---

૪૪૩ અગાસ, તા. ૧૦-૯-૪૩

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૧, શુક્ર, ૧૯૯૯

"સ્વધર્મકી ખોજના કરના, ભૂલ પગ પાછા નહીં ધરના;
મુક્તિગઢ કાયમ હી કરના, સમજ દિલ-સંશય સબ હરના."

"અંતરંગ મુજ આત્મમાં, પદપંકજ ધરો, નાથ;
સેવું, સમરું શુદ્ધ મને, કૃપા કરી ગ્રહો હાથ."
"ગુરુ-રાજ-ગુણ ઉર વિષે, સત્ય રુચિ, બહુમાન;
નિકટ-ભવિ ભવ અલ્પમાં, પામે પદ નિર્વાણ."
"અબ વસો મમ ઉરમાં સદા, પ્રભુ, તુમ ચરણ-સેવક રહું;
વર ભક્તિ દૃઢ હોહુ મેરે, અન્ય વિભવ હું નહીં ચહું."
"શ્રીમદ્ વીર-જિનેશપદ, વંદું વારંવાર;
વિઘ્નહરણ, મંગલકરણ, અશરણ-શરણ, ઉદાર."

અત્યારે જે જે અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો જીવને પ્રાપ્ત થયા છે તે પૂર્વે કરેલા ભાવોનું ફળ છે; તેમ જ અત્યારે જે શુભાશુભ ભાવો થાય છે તેનું પણ અવશ્ય ફળ પ્રાપ્ત થશે. માટે જેવું ભાવિ ઘડવું હોય તેવી ભાવના અત્યારે ભાવવાથી તેવું જ ફલ પ્રાપ્ત થશે. માટે સદ્ગુરુ-શરણે મન દૃઢ રાખી આત્મકલ્યાણને પોષે તેવી જ ભાવનાઓ કરતા રહેવાથી કલ્યાણ થશે. જેને એક પરમકૃપાળુદેવની દૃઢ શ્રદ્ધા નથી થઈ તેને જેવાં નિમિત્ત જગતમાં નજરે ચઢે તેવા થવાની, તેવું પ્રાપ્ત કરવાની ઇચ્છાઓ, સંકલ્પ-વિકલ્પો થયા કરે છે અને દુઃખનાં બીજ વાવ્યા કરે છે. કહ્યું છે કે —

"ક્યા ઇચ્છત? ખોવત સબૈ, હૈ ઇચ્છા દુઃખમૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.
જહાં કલપના-જલપના, તહાં માનું દુઃખ છાંય;
મિટે કલપના-જલપના, તબ વસ્તુ તિન પાઈ." — શ્રીમદ્ રાજચંદ્ર

માટે મોક્ષ સિવાય બીજું કંઈ ઇચ્છવા જેવું નથી.

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણી-દયા, ત્યાં આત્માર્થ-નિવાસ."

ચૈત્યવંદન-ચોવીશીના છેલ્લાં પાનાંઓમાં "આઠ દૃષ્ટિની સજ્ઝાય" નામે કાવ્ય છે. તે કાવ્ય જૂની ગુજરાતીમાં છે. તેમાં આઠે યોગનું ટૂંકામાં વર્ણન કર્યું છે અને મોક્ષે જનારને કેવા કેવા ગુણો અને કેવી ભૂમિકાઓ પ્રાપ્ત થાય છે તેનું વર્ણન છે. તે ઉપરથી, આપણે કેટલામાં છીએ તેનું પણ માપ નીકળે તેવું છે. તાવ માપવાનું થરમૉમિટર જેમ કેટલો તાવ છે તે જણાવે છે તેમ છૂટવાની ભાવના કેટલે અંશે જાગી છે તેનું તેમાં માપ નીકળે તેવું છે. સંસ્કૃતમાં શ્રી હરિભદ્રસૂરીએ "યોગદૃષ્ટિસમુચ્ચય" ગ્રંથ લખી પોતે તેની ટીકા કરેલી છે તેનો સાર એ નાના આત્મસિદ્ધિ જેવડા કાવ્યમાં છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૪૪૪ અગાસ તા. ૧૨-૯-૪૩
તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૩, ૧૯૯૯

ક્ષમા શૂર અરિહંત પ્રભુ, ક્ષમા આદિ ગુણ ધાર;
ક્ષમા-અર્થી યાચે ક્ષમા, ક્ષમા અર્પે ઉદાર.

જેમ તીર્થમાં સ્નાન કરવાથી શરીરનો મળ દૂર થઈ પવિત્ર થવાય છે તેમ આવા સંવત્સરી પર્વ જેવાં પર્વમાં પણ પૂર્વ પાપો છોડી હૃદય નિર્મળ કરવા ખમતખામણાં કરવાનાં છે. ભૂતકાળને ભૂલી જઈ, મોક્ષમાર્ગમાં આગળ વધાય તેવું બળ મળે તેવા ભાવ, નિર્ણયો અને પરિણામ કરવાથી તે બની શકે એમ છેજી. પૂ.... ત્યાં હોય તો મારા તરફથી તેમના કુટુંબને ક્લેશનું કારણ બન્યાનું તેમના ચિત્તમાં રહેતું હોય તે વિસારી ક્ષમા આપવા નમ્ર વિનંતી છેજી. મારા ચિત્તમાં કોઈને દૂભવવાનો ભાવ હતો નહીં અને છે પણ નહીં, છતાં કર્મના ઉદયે તેમ કોઈને લાગ્યા કરતું હોય તો વિનયભાવે ખમાવવું એ વીતરાગ ધર્મની શોભા છેજી. અને આપણામાં વિનયભાવની ઉજ્જ્વળતાનું કારણ છેજી. કેટલો કાળ આ દેહમાં આપણે બેસી રહેવું છે? લીધો કે લેશે એમ થઈ રહ્યું છે, કાળ ગટકાં ખાઈ રહ્યો છે. વારાફરતી વારો આવે તેમ આપણે માથે મરણ ભમે છે તે અચાનક ઉપાડી જાય ત્યાર પહેલાં નિઃશલ્ય થઈ સદ્ગુરુ-શરણમાં બુદ્ધિ રાખી નિર્ભય બની જવા જેવું છેજી. આપણું ધાર્યું કાંઈ બનતું નથી, તો નકામા સંકલ્પ-વિકલ્પોમાં ખોટી થઈ કરવા યોગ્ય એવો આત્મવિચારરૂપ ધર્મ આરાધવામાં ઢીલ શા માટે કરવી? જેને સદ્ગુરુની આજ્ઞા મળી છે તે મહાભાગ્યશાળી જીવે તો હવે પ્રમાદ તજી પ્રાણની પેઠે તે આજ્ઞા પ્રત્યે અત્યંત આદર રાખી, પ્રાણાંતે પણ તે ચુકાય નહીં તેવો અભ્યાસ કરી દેવા યોગ્ય છેજી. ઘણા ભવમાં સજ્જનોનો સમાગમ જીવને થયો હશે, પણ પોતાની બેદરકારી અને મોહમાં જીવે સાચી વસ્તુને હૃદયમાં સ્થાન આપ્યું નથી તે ભૂલ આ ભવમાં કાઢી નાખવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૪૫ અગાસ તા. ૧૪-૯-૪૩
તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૫, મંગળ, ૧૯૯૯

જેમ બને તેમ કોઈ પ્રત્યે વેરભાવ ન થાય તેમ વર્તવાથી તથા ભક્તિમાંથી બીજે ચિત્ત વારંવાર ન જાય તેમ કરવાથી આત્મહિત સધાશે, નહીં તો સંસારનાં જન્મમરણ છૂટવા બહુ મુશ્કેલ છે. ગમે તેવા સંયોગોમાં પણ પરમકૃપાળુદેવના ચરણકમળ હૃદયમાં શીતળતા પ્રેરતા રહે તેવી વૃત્તિ કર્યા વિના સંસાર તરી શકવો દુર્ઘટ છેજી. ચિત્ત અસ્થિર રહે તેવા ક્લેશમાં ઊતરવા યોગ્ય નથી. પ્રારબ્ધમાં બાંધેલું હશે તેટલું જ જીવને મળે છે. ક્લેશ કર્યે વધારે મળે નહીં, કે કોઈ નસીબમાંથી લૂંટી શકે નહીં.

"નહીં બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય;
કાં એ ઔષધ ન પીજીએ, જેથી ચિંતા જાય."

ધર્મ આરાધવાનો વખત નકામી બાબતોમાં વહ્યો ન જાય એ વિચારવાને લક્ષમાં રાખવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૪૬ અગાસ, તા. ૧૫-૯-૪૩

તત્ ૐ સત્ ભાદરવા વદ ૨, બુધ, ૧૯૯૯

પૂ....ના પત્રથી આપનાં ધર્મપત્નીના દેહત્યાગના સમાચાર મળ્યા. નાની ઉંમરમાં એ બાઈને ધર્મભાવનાના અંકુર ઊગવા લાગ્યા હતા, ત્યાં તો મનુષ્યઆયુષ્યરૂપ ધર્મધન લૂંટાઈ ગયું એ ખેદનું કારણ છે; પણ તે ખેદનું ફળ સાંસારિક પરિભ્રમણનું કારણ ન થાય તે અર્થે ખેદને વૈરાગ્યના રૂપમાં પલટાવવા વિનંતી છેજી. એક રીતે આ પ્રસંગ આપની, પ્રથમ પત્રોમાં જણાવતા હતા તેવી મહદ્ અભિલાષાઓનો માર્ગ ખુલ્લો કરનાર સમજવા યોગ્ય છેજી. જીવન કેમ વ્યતીત કરવું તેનો યથાર્થ વિચાર કરવા યોગ્ય અવસ્થામાં અત્યારે તમે મુકાયા છો તો મોહને વશ થઈ અન્યના સંકુચિત સાંસારિક વિચારોને માન આપતા પહેલાં આપણે કેવા થવું છે, અને તે કયા માર્ગે થવાય તેમ છે તે વિચારવા, જોઈતો વખત છ બાર માસ બ્રહ્મચર્ય પાળી પછી જેમ યોગ્ય લાગે તે ક્રમ અંગીકાર કરવો ઘટે છેજી. એટલે કોઈ સાથે વચનથી બંધાઈ ન ગયા હો તો વચન આપતા પહેલાં કેળવાયેલા માણસે કે આત્મહિતઇચ્છકે જે જે વિચારો કરવા ઘટે તે કર્યા પહેલાં વચન આદિ બંધનમાં ફસાઈ ન જાઓ એટલા માટે આ ચેતવણી આપી છેજી. "બનનાર તે ફરનાર નહીં અને ફરનાર તે બનનાર નહીં" એવી કહેવત છે, છતાં વિચાર કરી પગલું ભરનારને પસ્તાવું પડતું નથી. પોતાને પોતાની પરીક્ષા લેવાનો પ્રસંગ આવ્યો છે ત્યાં ઉતાવળ ન કરવી એવી સૂચના છેજી.

તમે અહીં ઊતરશો એમ અનુમાન કર્યું હતું, પણ તેવો પુણ્યસંચય નહીં હશે તેથી બારોબર ત્યાં તણાવું પડ્યું. પણ પસ્તાવો પાછળથી થાય તેવું પગલું ઉતાવળે ન ભરવા જેટલી હિંમત રાખશો તો હિતવિચાર કરી શકશો. નિઃસ્વાર્થે સહજ વિચાર આવ્યો તે ચેતવા, ચેતાવવા યોગ્ય જાણી લખ્યો છેજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૪૪૭ અગાસ, તા. ૧૭-૯-૪૩

ભાદરવા વદ ૪, ૧૯૯૯

સત્સંગના પ્રતાપે કલ્યાણ કરવાના જીવને ભાવ થાય છે; વ્રત નિયમ પાળવાનું બળ મળે છે અને ચેતે તો આત્મહિત કરવાનો દાવ આવ્યો છે તે સાધી શકે છે. સત્સંગના વિયોગે જો જીવ કાળજી ન રાખે તો મંદ પરિણામ થવા સંભવ છે; પણ તેવા પ્રસંગમાં જો ફરી સત્સંગનો યોગ થાય તો વ્રત પરિણામ, આત્મદાઝ નવપલ્લવિત, પ્રફુલ્લિત થાય છે.

૪૪૮ અગાસ, તા. ૨૦-૯-૪૩

જીવને વૈરાગ્યની જરૂર છેજી. તે આસક્તિ ઘટ્યા વિના તો પ્રગટે કે ટકી રહે તેમ નથી. જેના હૃદયમાં વૈરાગ્યનો વાસ હોય તેને તો આ કાળ તેની વૃદ્ધિ કરે તેવી ઘટનાઓ ઉપરાઉપરી કર્યા કરે છે તેનો યથાયોગ્ય વિચાર થયે એ મોક્ષમાર્ગના ભોમિયારૂપ વૈરાગ્ય જાગે અને જરૂર મોક્ષમાર્ગે આગળ વધવાનું બળ આપે. મારે તમારે બધાને આ જ જરૂરની વસ્તુ છેજી. વૈરાગ્ય ને ઉપશમને જ્ઞાનીપુરુષે વખાણ્યા છે તથા આરંભપરિગ્રહના ત્યાગનો ઉપદેશ બહુ ભાર દઈને કર્યો છે તે વારંવાર પરમકૃપાળુદેવનાં વચનો લક્ષમાં લેવાયોગ્ય છેજી.

૪૪૯ અગાસ, ભાદ્રપદ વદ ૮, ૧૯૯૯

નિરંતર સત્સંગની ભાવના પરમકૃપાળુદેવ જેવા પરમપુરુષે કરી છે તો આપણે પણ તે જ કર્તવ્ય છેજી. તે ભાવનાનું બળ વધતાં તે ફળવાન થશેજી. જેની જેવી ભાવના, તેને તેવું ફળ (સિદ્ધિ) જરૂર મળે છેજી. છપદનો વિશેષ વિચાર કરવા ભલામણ છેજી.

---

૪૫૦ અગાસ, ભાદરવા વદ ૧૦, ૧૯૯૯

પરમકૃપાળુદેવની કૃપાથી જે જીવોનું કલ્યાણ થવા યોગ્ય હશે તે તેની આજ્ઞા-આરાધનરૂપ સત્પુરુષાર્થથી થશેજી. આ કલિકાલમાં સર્વ તરફ દુઃખ, દુઃખ અને દુઃખનાં દર્શન થઈ રહ્યાં છે, ત્યાં એક વૈરાગ્ય અને ભક્તિ એ જ જીવને શરણરૂપ છે. જે જીવો મોહાધીન વર્તી સ્વાર્થમાં મશગૂલ, તલ્લીન થઈ રહ્યા છે તેમને આ સ્વપ્નસમાન બધી માયાજાળ સત્યરૂપે ભાસે છે. "તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે એમ જો જીવ પરિણામ કરે તો તે સહજમાત્રમાં જાગ્રત થઈ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય, સમ્યગ્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે." (૪૯૩) આ વાક્ય વારંવાર વિચારવા ભલામણ છેજી.

---

૪૫૧ અગાસ, તા. ૨૯-૯-૪૩

"અમને અંતસમય ઉપકારી વહેલા આવજો રે.
વસમી અંતસમયની વેળા, વ્હારે ધાજો વ્હાલા, વ્હેલા;
પ્રાણતપાળનું પહેલાં પણ પરખાવજો રે – અમને૦" (રત્નરાજ)

વિ. આપનું કાર્ડ મળ્યું, તેથી બે બ્રહ્મચર્યવ્રતધારી પરમકૃપાળુદેવના ઉપાસક ભાઈઓ આપની પાસે આજે આવે છેજી. પરમકૃપાળુદેવની કૃપાથી તેમના મુખે ભક્તિ, મંત્ર વગેરે જે જે સંભળાય તે તે મહાપ્રભુનો ઉપકાર હૃદયમાં માની તેના શરણે આનંદવૃત્તિમાં રહેવાનો અભ્યાસ રાખવા ભલામણ છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના સંદેશારૂપ થોડાં વચનો નીચે લખ્યાં છે. જાણે તે પ્રભુ પોતે જ સમાધિમરણ કરાવવા હાજર થયા છે એમ માની, હૃદયમાં કોતરાઈ જાય તેવા ભાવથી શ્રવણ, મનન, તેમાં કહ્યા તેવા ભાવમાં પરિણમન કરવા વિનંતી છેજી: "જેમ વણાગનટવરને પ્રત્યક્ષ પુરુષથી આજ્ઞા પ્રાપ્ત થયેલ...........માટે ખેદ ન કરતાં સદા આજ્ઞામાં લક્ષ-ઉપયોગ રાખી વર્તતા આનંદમાં રહેવું. આ જ કરવું જ એમ નિશ્ચય કરવો. અને આ જ ખરું વ્રત છે, આરાધવા યોગ્ય છેજી." (ઉપદેશામૃત : પૃષ્ઠ ૪૮૯-૯૦)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૫૨ અગાસ, તા. ૨૯-૯-૪૩

"જગત-જીવ હૈ કર્માધીના અચરજ કછુ ન લીના;
આપ સ્વભાવમાં રે અબધુ સદા મગન મન રહેના." (શ્રી આનંદઘનજી)

તમારા પત્રમાં "આજ્ઞા" શબ્દ તમે વાપર્યો છે તેની ગેરસમજૂતી ન થાય તે પૂરતું આ લખ્યું છેજી. "આજ્ઞા" એ કલ્યાણકારી, ભવભ્રમણહારી શબ્દ છે. તેનું ઉલ્લંઘન તે જીવને

મહાદુઃખકારી છે. પણ મેં જે કંઈ પત્રમાં લખ્યું હતું તે ઉપદેશરૂપે કે સૂચનારૂપે હતું, તેને તેવા રૂપે સમજવાથી જીવને ક્લેશનું કારણ ન થાય. હું કોઈને "આજ્ઞા" કરતો નથી. જ્ઞાનીની "આજ્ઞા" કહી બતાવું ખરો. અને જે તેની "આજ્ઞા" ઉઠાવે તેનું કલ્યાણ થાય. સત્પુરુષનાં વચનોમાં બે પ્રકાર હોય છે. એક ઉપદેશરૂપ અને બીજો આજ્ઞારૂપ. તેમાં ઉપદેશરૂપ પણ કલ્યાણકારી છે પણ તેમાંથી યથાશક્તિ ગ્રહણ કરી, બીજાની ન બને ત્યાં સુધી ભાવના રાખવાની છે. બીજો પ્રકાર "આજ્ઞા"રૂપ છે તે તો મરણતુલ્ય સંકટમાં પણ અનુલ્લંઘનીય છે. "आणाए धम्मो आणाए तवो" એવું આચારાંગજીનું ફરમાન છે માટે જે 'સત્પુરુષની આજ્ઞા' આપણને પ્રાપ્ત થઈ છે તે તો મરણપ્રસંગે પણ ચૂકવા યોગ્ય નથી અને બાકી તે આજ્ઞાને પોષનાર હિતકારી ઉપદેશવચનો જે જે મળ્યાં હોય કે ભવિષ્યમાં મળે તે સર્વને પોતાની શક્તિ વિચારી અમલમાં મૂકવા યોગ્ય છેજી. આ ખુલાસો જે કહ્યો છે તે માત્ર તમારા મનના સમાધાન અર્થે નથી પરંતુ શાસ્ત્રપ્રણાલી આ જ પ્રકારની છે, જે તમને જાણવામાં વખતે ન હોય તો જે જે પત્રમાં લખાય તે આજ્ઞારૂપ માની, ન બને તેનો ક્લેશ કરો તેમ ન થાય અને આર્ત્તધ્યાનમાં વૃત્તિ ન જાય એટલા માટે લખ્યું છે. પણ પુરુષાર્થ મંદ કરવા કે સ્વચ્છંદનું, વિષયનું કે પ્રમાદનું પોષણ થાય તે અર્થે પણ લખ્યું નથી. આ બધા દોષો તો ટાળવાના જ છે અને ટાળવા માટે જ જ્ઞાનીઓએ ઉપદેશ દીધેલો છે. માટે બનતા પ્રયત્ને સદાચાર તરફ અહિંસા, બ્રહ્મચર્ય આદિ ઉત્તમ ગુણો તરફ ખેંચ રાખી યથાશક્તિ પ્રવર્તવા ભલામણ છેજી. સ્મરણ, ભક્તિ આદિ જ્ઞાનીએ જણાવ્યું છે તે આપણું ખરું જીવન છે, બાકી તો ધમણની પેઠે શ્વાસોચ્છ્વાસ લેવાય છે તે તો પૌદ્ગલિક જીવન છે. માટે આત્મ-સંભાળ રાખવા વારંવાર ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૫૩ અમાસ, ભાદરવા વદ ૦)), ૧૯૯૯

"श्रवण, कीर्तन, चिंतवन, सेवन, वंदन, ध्यान।
लघुता, समता, एकता, नवधा भक्ति प्रमाण॥"

૧. શ્રવણ — સદ્ગુરુનાં વચનો સાંભળવાં, વાંચવાં કોમલ પરિણામ સહિત. માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં તલ્લીનતા તે આસ્થા.

૨. કીર્તન — સત્પુરુષના ગુણગ્રામ કરવા. સ્તુતિ, મંત્રનો ઉચ્ચાર, ગોખવું, ઉતાવળે ફેરવી જવું, કોઈને કહી બતાવવું.

૩. ચિંતવન — જે વાંચ્યું હોય, સાંભળ્યું હોય, મુખપાઠે કર્યું હોય, ઉતાવળે સાદે ફેરવી જતા હોઈએ, સ્તુતિ કરતા હોઈએ, તેના અર્થનો વિચાર કરવો; ન સમજાય તે પૂછ્યું હોય તેની સ્મૃતિ કરી હવે સમજાયું કે હજી શંકા રહે છે એનો વિચાર કરવો.

૪. સેવન — ભાવના, બાર ભાવના વગેરે વારંવાર વિચારી આપણા ભાવ, જે ચિંતવનથી આત્મહિતનો નિર્ણય થયો હોય તે રૂપ રહ્યા કરે એવો અભ્યાસ પાડવો. જેમ માળામાં ચકલી ઈંડા ઉપર બેસી રહે છે અને બચ્ચું થતાં સુધી ઈંડું સેવે છે, તેમ આત્મજ્ઞાન થતાં સુધી સદ્ગુરુની આજ્ઞાનું સેવન કરવાનું છેજી.

૫. વંદન — સંસારભાવમાંથી વૃત્તિ વાળીને સદ્ગુરુચરણે રાખવાનો પુરુષાર્થ; "એક વાર પ્રભુવંદના (પ્રભુને ઓળખીને) આગમ રીતે થાય." "इक्कोवि नमुक्कारो जिनवरवसहस्स वद्धमाणस्स, संसारसागराओ तारेइ नरं व नारीं वा."

૬. ધ્યાન — આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન છોડી ધર્મધ્યાન, શુકલધ્યાનનો પુરુષાર્થ, એક સદ્ગુરુચરણે ચિત્તને બાંધવું, સંસારને ભૂલી જવો

૭. લઘુતા — "અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય." મારું કંઈ નથી. સર્વ દોષ મારામાં છે. માટે મને ગમે તે હલકાં અયોગ્ય વચન કહે, નિંદે તો તેવાં કર્મ કરેલાં માટે તેને લાયક જ હું છું. મારે કોઈને શત્રુ માનવો નથી. બધા ભલા છે એમ જોવું. બધા આત્મા છે, તેમનું ભલું થાઓ એમ ગણવું.

૮. સમતા — આમ કરવાથી રાગદ્વેષ ન થાય એટલે સમતા આવે. એ જ તરવાનું સત્સાધન છે, પ્રભુતા પામવાનો માર્ગ છે.

૯. એકતા — સમતા, ક્ષમા, શાંતિ સેવતાં ભગવાન જેવું જ પોતાનું સ્વરૂપ પ્રગટે. અસંગપણું એ જ એકતા છે. એ પરાભક્તિ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૫૪ અગાસ, તા. ૧-૧૦-૪૩

તત્ ૐ સત્ આસો સુદ ૨, શુક્ર, ૧૯૯૯

વિ. તમારું કાર્ડ મળ્યું. ઉત્તરમાં જણાવવાનું કે જે વ્રત દૃઢપણે પાળી શકાય તે લેવું અને જે પાળી ન જોયું હોય તે થોડો વખત પાળી જોઈ, એમ લાગે કે હવે સારી રીતે પ્રસન્ન મનથી પાળી શકાશે તે વ્રત પરમકૃપાળુદેવની સાક્ષીએ લેવાં ઘટે છેજી. એકાસણાં એક દિવસને આંતરે તમે કરતા હો અને તમને લાગતું હોય કે એક વર્ષ સુધી થઈ શકશે તોપણ તેની હમણાં ઉતાવળ કરી બાર માસનું વ્રત નહીં લેતાં ચાર માસનું કે હોળી સુધીનું લેવા ભલામણ છેજી, પછી ઠીક લાગે તો વધારવું; કારણ કે તેમાં અશક્તિ આદિના કારણે પછી આર્ત્તધ્યાન થવાનો સંભવ જાણી ઉતાવળ કરી લાંબી મુદત ન રાખવા લખ્યું છે. ફરી તે મુદત પૂરી થયે ઉત્સાહ ચાલુ રહે તો ફરી બે-ચાર માસનું વ્રત લેવું વળી તે મુદત પૂરી થતાં ફરીથી યોગ્ય લાગે તેટલી મુદતનું લેવું, પણ એકદમ લાંબી મુદતનું વ્રત લઈ લીધા પછી અશક્તિ, વ્યાધિ કે બીજા કારણે તોડવું પડે તે ઠીક નથી. રાત્રિભોજન, કંદમૂળ, લીલોતરી વગેરેનો જે પ્રમાણે તમે ધાર્યો છે તે પ્રમાણે ત્યાગ કરવામાં પ્રતિબંધ નથી. તથા નિત્યનિયમમાં શ્રી આત્મસિદ્ધિ, આલોચનાદિ જે ભાવપૂર્વક થઈ શકે તેટલું લાગે તેનો નિયમ લઈ લેવામાં બાધા નથીજી. ધર્મકાર્ય બને તેટલું ભાવપૂર્વક કરવાથી જ લાભ છે. વેઠ જેવું થાય તે ઠીક નથી. અનુકૂળ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિચારી બને તેવો સત્સંગયોગ મેળવી મુશ્કેલી વેઠીને પણ આત્મહિતનું કાર્ય કર્યું હશે તે જ સાથે આવશે. ધનધાન્ય માટે કેટલી તનતોડ મહેનત કરીએ છીએ? પણ તે તો બધું શરીરને અર્થે છે અને અહીં પડી રહેનાર છે. માટે આત્મા જે શાશ્વત પદાર્થ અને આપણું ખરું ધન છે તેની સંભાળ રાખશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૫૫ અગાસ, આસો સુદ ૯, ૧૯૯૯

ઘણી વખત તમે આશ્રમમાં આસો વદ ૧ ઉપર હાજર હશો એટલે વિશેષ સૂચના આપવા જેવું નથી પણ જીવને સત્સંગનો યોગ ન હોય ત્યારે પ્રમાદમાં પર્વના દિવસે પણ ઉલ્લાસ રહેવો મુશ્કેલ થઈ પડે છેજી. તેથી પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ 'શ્રી સદ્‌ગુરુપ્રસાદ'માંથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર કાઢી સારી રીતે બિરાજમાન કરી તથા તે ગ્રંથ ન હોય તો શ્રી 'તત્ત્વજ્ઞાન' જે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ આપેલું હોય તેમાંથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર રાખી એક એક ગાથા બોલી કુટુંબના બધા ભક્તિ કરવાનો ક્રમ એક-બે કલાકનો સવાર-સાંજ ગમે ત્યારે રાખશો એવી ભલામણ છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની જન્મતિથિ પણ તે જ દિવસે છે. આવા ઉત્તમ દિવસનો લાભ પોતે લેવો, અને જે પોતાને મળતા હોય તેમને આમંત્રણ આપીને જમણવાર વગેરેથી પ્રભાવના કરીને પણ લઈ શકાય. જેવો અવસર હોય તેમ સ્વપરના હિતનો વિચાર કરી પ્રવર્તવું યોગ્ય છેજી. દીકરાના લગ્નપ્રસંગે ઉલ્લાસ આવે તેથી વિશેષ ઉલ્લાસ જ્યારે આપણા પરમ ઉપકારી પુરુષના જન્મદિવસે આવે ત્યારે જીવને ધર્મનું માહાત્મ્ય લાગ્યું છે એમ કહેવાય. પ્રારબ્ધાધીન ગમે ત્યાં રહેવું થાય પણ ધર્મના દિવસો એ આત્માને સંસારભાવથી ઉઠાડી કંઈ પરમાર્થ તરફ વાળે તેવા ગાળવાની ભાવના રાખી કંઈક ખર્ચ કરવું પડે તે નહીં ગણતાં, ભાવ જો વધતા હોય તો તે કામ કરી લેવું ઘટે છેજી.

"ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળ જ્ઞાન."

---

૪૫૬ અગાસ, આસો સુદ ૧૨, ૧૯૯૯

તત્ ૐ સત્

કવાલી — પરમકૃપાળુ પરમાત્મા, સદા છે શુદ્ધ તે આત્મા;
ખરા હૃદયે કરું વંદન, ખરું ભવ-તાપહર ચંદન.

આપના પિતાની ગંભીર માંદગી જાણી કરુણાભાવે બે અક્ષર લખવા વૃત્તિ થઈ છેજી. સુપુત્ર સદા પિતા પ્રત્યે પૂજ્યબુદ્ધિ રાખી, તેમના આત્માનું હિત કયા પ્રકારે થવું સંભવે છે એનો વિચાર કરી પોતાની શક્તિ પ્રમાણે તેમને સમાધિમરણમાં સહાય મળે તેવા વિચાર કરે છે, વાંચી સંભળાવે છે તથા વાતચીત દ્વારા તેમની વૃત્તિ બાહ્યભાવમાં ફરતી હોય તે ધર્મ પ્રત્યે વળે તેવી યોજના કરે છેજી. તેમના શરીર-આરોગ્ય માટે તો દવા, ચાકરી વગેરે કરતા હશો; પરંતુ તેમના આત્માને શાંતિ થાય, સગા, કુટુંબી, ધન, જ્ઞાતિ આદિ પ્રત્યેનો મોહ દૂર થઈ પરભવમાં સહાયરૂપ નીવડે તેવાં દાન, ભક્તિ, સત્શાસ્ત્રના શ્રવણરૂપ નિમિત્તથી શુભ ભાવમાં તેમનું મન વળે તે લક્ષ રાખવા નિઃસ્વાર્થભાવે સૂચના છેજી. 'સમાધિ-સોપાન' ગ્રંથમાંથી છેલ્લું પ્રકરણ 'સમાધિમરણ' પૃષ્ઠ ૩૨૫થી છે તે ક્રમે કરીને પુસ્તક પૂરું થાય ત્યાં સુધી તેટલી તેમને ધીરજ રહે તો સંભળાવવા યોગ્ય છેજી. જો તેટલો વખત લાંબો લાગે તો પૃષ્ઠ ૩૫૫થી થોડું થોડું નિયમિત વાંચી સંભળાવશો તો તમને અને તેમને બન્નેને હિત થવું સંભવે છે. જેમના ઉપર તેમને મોહ રહેતો હોય તેમનો પરિચય ઓછો થાય તે પણ હિતકારી

છેજી. વૈરાગ્ય, ઉપશમ અને છૂટવાની ભાવના પોષાય તે આ ભવમાં તથા પરભવમાં લાભનું કારણ છેજી.

"ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળ જ્ઞાન."

ભાવ એ જ સંસારથી તરવાનું કે સંસારમાં બૂડવાનું કારણ છે, અને સારા ભાવ તો સારાં નિમિત્ત વિના બનતા નથી. તેથી જો આપના પિતાના આત્માનું હિત સાચા હૃદયે ઇચ્છતા હો તો, તેમને પરમપુરુષના માર્ગ પ્રત્યે રુચિ થાય કે સાંભળવાનું નિમિત્ત બને તેવી કંઈક ગોઠવણ રાખતા રહેવા નમ્રભાવે, નિષ્કારણપણે વિનંતી છેજી.

એ ઉત્તમ કાર્યમાં જો ત્યાંનાં મુમુક્ષુભાઈબહેનોની તમને જરૂર જણાય તો પૂ.... વગેરેને જણાવશો તો તે ઘણી ખુશીથી કોઈ કોઈ વાંચવા કે ભક્તિનાં પદ વગેરે અર્થે તમારે ત્યાં આવશે. મૂળ આધાર તો તમારા પિતાના ભાવ તથા તમારા અંતરમાં તેમના આત્માનું હિત થાય તેવી લાગણી હોય તેના ઉપર છે. ગંભીર પ્રસંગ છે, તો ગંભીરપણે વિચારી તેમના આત્માને ધર્મભાવ તરફ સબળ કરવા જે પ્રયત્ન કરશો તે ખરી આખર વેળાની ચાકરી છેજી. બાકી બીજી મોહની વાતો તેમની આગળ કરી સંસારમાં વૃત્તિ હોય તેને પોષ્યા કરશો તો તેમના શત્રુની ગરજ તમે સારશો. માટે વિચારવાનને ઘટે તેવી રીતે આ પ્રસંગનો લાભ લઈ લેવા અને બને તેટલો લાભ તમારા પિતાને આપવા આગ્રહપૂર્વક ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૫૭ અગાસ, તા. ૧૩-૧૦-૪૩

તત્ ૐ સત્ આસો સુદ ૧૫, ગુરુ, ૧૯૯૯

કમળ મળ-મૂત્રાદિ સમ, સમ ચંદન ને ડામ;
સમતા-સ્વામી રાજચંદ્ર-ચરણે ભાવ પ્રણામ.

પરમકૃપાળુદેવરૂપી ધીંગધણી જેણે માથે ધાર્યો છે તેવા સત્સંગી ભાઈની સેવા અંત સુધી મળે અને તેમની આશિષને પાત્ર થઈએ તે પરમકૃપાળુદેવની આશિષ તુલ્ય છેજી. બાળાભોળા સેવાભાવી જીવોનું પરમકૃપાળુદેવની કૃપાથી કલ્યાણ થઈ જશે અને ડાહ્યા ગણાતા પણ નહીં ચેતે તો હાથ ઘસતા રહી જશે એમ સાંભળેલું સ્મૃતિમાં છેજી. ઘણાએ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પાસેથી સાંભળ્યું હશે પણ જેણે પકડ કરી લીધી છે તેને કલ્યાણનું કારણ બનેલું સદ્ગુરુકૃપાથી પ્રગટ જણાય છેજી. પૂ.... વગેરે જેમને સેવાનું માહાત્મ્ય, સત્સંગનું માહાત્મ્ય સમજાયું છે, તેઓ તો ગમે તેવી કુટુંબની કે લોકોનાં વચન સહન કરવાની મુશ્કેલીઓ વેઠીને પણ પોતાને સમજાયો તે લાભ છોડતા નથી. પરમકૃપાળુદેવનાં બાળકો ઉપર જેને પૂજ્યબુદ્ધિ છે, તેને પરમકૃપાળુદેવની કૃપા પ્રાપ્ત થાય છેજી.

"संतनकी सेवा किया, प्रभु रीझत है आप ।
जाका बाल खिलाइए, ताका रीझत बाप ।।"

"જે જે કંઈ ક્રિયા છે, તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી." એમ છપદના પત્રમાં બોલીએ છીએ તેનો વિચાર કરીએ તો સજ્જનોની સેવાનો કેટલો બધો જીવને લાભ થાય છે તે સહજે સમજાય તેમ છેજી. આ દુષમકાળમાં હરિ અને હરિજનો મળવા મુશ્કેલ છે તો આપણાં પૂર્વનાં પુણ્યથી જે હરિના ભક્તોની સેવા મળી છે તે આપણા આત્માને ઉપકારી છે, હરિની સેવા અપાવે એવું એમાં દૈવત છે એમ વિચારીને આત્માર્થે સેવા બજાવીશું તો જરૂર તે આપણા આત્માને ઊંચો લાવશેજી. આવો અવસર અત્યંત વૈરાગ્યપ્રેરક છે. ઘણાં પુસ્તકો વાંચવાથી કે ઉપદેશો સાંભળવાથી આત્મા નમ્ર વિનયવંત અને કોમળ બને તેના કરતાં થોડા આત્માર્થી જનની સાચા દિલે કરેલી સેવા જીવને વૈરાગ્યવંત, દયાળુ, નિરભિમાની, વિનયવંત અને પરભવના ભયવાળો બનાવી શકે છેજી. મહાપુરુષોએ કામ જીતવાના અચૂક ઉપાયોમાંનો એક ઉપાય વૃદ્ધસેવા પણ કહી છેજી. આવો પ્રસંગ જેને સહજે બની આવ્યો હોય તેનાં અહોભાગ્ય ગણવા યોગ્ય છેજી. આખી જિંદગીમાં સજ્જન આત્માર્થી જીવે જે વિચાર્યું હોય, પોતાને ઉપયોગી લાગ્યું હોય તે સેવામાં રહેનાર પાસે વંચાવે, બોલાવે કે તે સંબંધી પોતાને થયેલો લાભ જણાવે તે જો જીવ લક્ષમાં લે તો તેને અનેક પુસ્તકોના સારરૂપ અને સમાધિમરણમાં ખરું ખપ લાગે તેવા આધારરૂપ થાય છેજી. આખરે કંઈ કામ આવતું નથી, સગાં-કુટુંબી, ધન વગેરેથી આત્માને કંઈ ઉપકાર થતો નથી, પણ પરમકૃપાળુદેવ અને તેના રાગી ભવ્ય જીવો જ આ જીવને ઉત્તમ નિમિત્તરૂપ આધારરૂપ અને નિઃસ્વાર્થ ભક્તિનો ઉત્તમ પાઠ વગર બોલ્યે આપી શકે છે. આ સત્ય જ પહેલેથી સમજી લે તે ખરો અંતરત્યાગી બની ભક્તિરાગી બને છે અને આખરે તે પરમપુરુષને આશ્રયે જ દેહ છોડે છે કે જે આશ્રયના બળે તે જ ભવમાં કે ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે છેજી. દેહદૃષ્ટિવાળું તો આખું જગત છે, અને તે દૃષ્ટિએ સગાંવહાલાંની સંભાળ મરતાં સુધી તનતોડ મહેનત કરીને પણ કરે છે, છતાં જેને કંઈ પણ સ્વાર્થ નથી એવા હરિભક્તો પ્રભુના બાળની સેવા કરતા હોય તે સ્થળ આ કળિકાળમાં દેરાસર જેવું જ માનવા યોગ્ય છેજી. તે સેવા એ મોટું તપ છે, શીલ છે, શાસ્ત્રાભ્યાસ છે, સત્સંગ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૫૮ અગાસ, તા. ૨૧-૧૦-૪૩

તત્ ૐ સત્ આસો વદ ૮, ગુરુ. ૧૯૯૯

"જન્મમરણકા દુઃખ સકલ, મેટણ સમરથ સોય;
જ્ઞાની સોહી સમરીએ, તા સમ ઔર ન કોય."

સાધ્વીજી શ્રી મહાસિણગારજીની વાત આપે લખી, તેમને પરમકૃપાળુદેવ પ્રત્યે પ્રેમ થયો હોય તો મરણપર્યંત ટકાવી રાખવા ભલામણ છેજી. એ પરમપુરુષનું યોગબળ અપૂર્વ છે, કલ્યાણકારી છે, ને જેનું કલ્યાણ થવું હશે તેને તે પુરુષની ભક્તિભાવે આરાધના થશે. બીજું શું લખવું? પૂ....ની મદદ ઉપર બીજું તો રહ્યું, પણ ભાવ પોતાના હાથમાં છે ને પતિવ્રતાની પેઠે જો સાચા હશે તો બધું બની આવશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૫૯ અગાસ

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને
અત્યંત ઉપકાર સ્મરી પરમપ્રેમે નમસ્કાર હો ! નમસ્કાર હો !

"[1]श्रवण, [2]कीर्तन, [3]चिंतवन, [4]सेवन, [5]वंदन, [6]ध्यान ।
[7]लघुता, [8]समता, [9]एकता, नवधा भक्ति प्रमाण ॥"

વિ. એકમ ઉપર શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની ભક્તિ બહુ ઉલ્લાસભાવે અપૂર્વ આનંદ સાથે થઈ હતીજી. ઘણા જીવો એ નિમિત્તે પુણ્યોદયથી આવી ગયા હતા. સભામંડપ અને તેની બહારની ખુલ્લી જગામાં પણ માઈ શકયા નહોતા તેથી કેટલાક તો દેરાસરમાં રહીને નમસ્કાર કરતા હતા. આ કાળના જીવોના કલ્યાણને અર્થે રચાયેલ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું અગમ્ય માહાત્મ્ય તો પૂ. શ્રી લઘુરાજસ્વામીએ યથાર્થ જાણેલું અને તેથી ઘણા ઉલ્લાસથી તેનાં વખાણ કરતા. "જાણે તે જ માણે, માણે તે જ વખાણે." તે ભક્તિનો કંઈક રંગ ભવિષ્યમાં જીવોને લાગવાનું નિમિત્ત બને તે અર્થે એકમના દિવસને પોતાનો જન્મદિવસ જણાવી તે તિથિને બમણા યોગબળવાળી બનાવી છે. તેનો અનુભવ જે હાજર હોય તે જ કંઈ જાણી, ચાખી શકે તેમ છેજી. આ તો માત્ર શબ્દ દ્વારા દિગ્દર્શન કરાવ્યું.

આપે ઉપરના દોહરાનો પાંચમો પ્રકાર વંદનભક્તિ વિષે પુછાવ્યું તેનો કંઈક ખ્યાલ એકમને દિવસે હાજર રહી શકયા હોત તો પ્રત્યક્ષ સમજાત. પણ તેવો સુયોગ પ્રાપ્ત થયો નથી એટલે શબ્દથી સંતોષ માનવો રહ્યો.

इक्को वि नमुक्कारो जिणवर वसहस्स वद्धमाणस्स ।
संसार सागराओ तारेइ नरं व नारीं वा ॥

અર્થ : એક જ વંદન સાચું, જિનવરપતિ શ્રી વર્ધમાન પ્રતિ (પદે),
નર નારીને તારે, ભયંકર ભવ-સાગરથી.

તમે પુછાવેલી ગાથાનો આ અર્થ છે. જીવે હજી નમસ્કાર પણ કર્યા નથી, દર્શન પણ કર્યાં નથી, બોધ પણ સાંભળ્યો નથી એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા હતા, તેથી શરીરથી નમસ્કાર કરીએ તેની ગણતરી તેમણે ગણી નથી. માત્ર પુણ્ય બંધાય એમ પણ કહેતા. કોને નમસ્કાર કરો છો એમ પણ પૂછતા, અને આત્મા પ્રત્યે દૃષ્ટિ કરાવવા અથાગ શ્રમ લેતા હતા પણ આ અભાગિયા જીવને તે વખતે તે અનંત ઉપકારી પ્રભુનું જોઈએ તેવું માહાત્મ્ય લાગતું નહીં. જીવે સામાન્ય કરી નાખ્યું છે એમ પણ વારંવાર કહેતા તે હવે વારંવાર સાંભરી આવે છે. તે વખતના ઉપરના ભાવો તો ઘણા હતા, પરંતુ જ્ઞાનીપુરુષો માગે તેવી યોગ્યતાની ખામીને લીધે જેટલો લાભ એ સત્પુરુષનો લેવો જોઈએ તેટલો લઈ શકાયો નથી. તેનો હજી ખેદ વર્તે છે. ઘણી વખત ગળું બતાવી કહેતા, આટલા સુધી ભર્યું છે પણ કયાં કહીએ ? કોને કહીએ ? કહેવાનું સ્થળ જોઈએ ને ?

જેને વંદન કરવા છે તેને જાણ્યા વગર વંદન થાય તે દ્રવ્ય વંદન કે બાહ્ય શરીરનું વંદન ગણાય; પણ આત્મા જયારે આત્મા ભણી ખેંચાય, તે માહાત્મ્ય પ્રત્યે ઉલ્લાસ આવતાં સહેજે તે પરમપુરુષની દશામાં રંગાય, તેના ચરણારવિંદ હૃદયમાં સ્થપાય, તેને જ્ઞાનીપુરુષો વંદન કહે છે. અને એવા એક વાર વંદન થતાં ગમે તે સ્ત્રી કે પુરુષ ભવસાગર તરી જાય

તેવું સમ્યક્ત્વપણું તેના હૃદયમાં પ્રગટે છે. એ વંદન મને તમને સર્વને સહજ સ્વભાવે પ્રાપ્ત હો એ જ ભાવના પરમકૃપાળુદેવ પ્રત્યે છેજી.

"જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !" (૪૯૩)

"પર પ્રેમ-પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુ ઉર બસેં;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાઈ દિયે."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૬૦ અગાસ, આસો વદ ૧૪, ૧૯૯૯

પરમકૃપાળુદેવે જે લખ્યું છે : "જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે, પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે." (૩૦૧) તે વારંવાર વિચારતા રહેવા ભલામણ છેજી. તેવા પ્રકારની ભાવના, વૃત્તિથી વર્તવાની ટેવ પાડનાર મુંઝાતો નથી; સર્વ અવસ્થામાં તેને જેમ બની આવે તેમ યોગ્ય જ બને છે એવું લાગ્યા કરે તો હર્ષશોકનું કારણ રહેતું નથી. જેમ બનવાનું હોય છે તેમ બન્યે જાય છે, તેવા આ પ્રારબ્ધજાળથી પ્રવર્તતાં સંસારમાં આપણું ધાર્યું કાંઈ બનતું નથી. આપણા ભાવ કેવા રાખવા તે આપણા હાથની વાત છે. તેમાં જે પુરુષાર્થ કરવા ધારે તે જીવ કરી શકે તેમ છે. તેને વીસરી જઈ, જગતની ચીજોને આઘીપાછી કરી, 'આ મેં સારું કર્યું કે આ મેં ખોટું કર્યું, આણે અન્યાય કર્યો કે આણે પરોપકાર કર્યો' એમ વિચારી, જીવ બીજી ગડમથલમાં પડી પારકી પંચાતમાં બહુ ખોટી થયો છે, તેને હવે તો જે થાય તે જોયા કરવા તરફ વાળવાની જરૂર છે, તે શાંતિનો માર્ગ છે. અવશ્ય બનવાની વાતો ફરનાર નથી. તેમાં કલ્પનાઓ કરી આત્મહિત શા માટે ગુમાવવું ? જે સહજે બની આવે તે કરતા રહી 'શું થશે ? કેમ થશે ?' એની ચિંતા તજી દઈ "સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે." (૪૬૦) આના વિચાર અને વર્તન તરફ વિશેષ પુરુષાર્થ કરતા રહી જે થાય તે જોયા કરવાનો અભ્યાસ પરમકૃપાળુદેવે ઉપદેશ્યો છે તે અમલમાં મૂકવાનો ખરેખર પ્રસંગ પ્રાપ્ત થયો છે. તેમાં જ આપણું હિત છે એમ માની નિઃશંક, નિર્ભય અને નિઃખેદ ચિત્ત રાખવા ભલામણ છેજી.

"ગઈ વસ્તુ શોચે નહીં, આગમ વાંછા નાંહિ;
વર્તમાનં વર્તે સદા, સો જ્ઞાની જગમાંહિ."

જ્ઞાની એવા હોય તો તેના આશ્રિતનો માર્ગ એ જ હોય કે બીજો ? તે ઊંડા ઊતરી વિચારવા ભલામણ છેજી. "ફિકરકા ફાકા ભર્યા, તાકા નામ ફકીર" એ જ કર્તવ્ય છે.

---

૪૬૧ અગાસ, તા. ૩૦-૧૦-૪૩
કાર્તિક સુદ ૧, ૨૦૦૦

વિ. દિવાળી ઉપર સમાધિ-મરણ વ્રતની ૩૬-૩૬ માળા ચાર દિવસ ફેરવી હશેજી. જપ, તપ, ક્રિયા, કમાણી બધું કરીને છેવટે સમાધિમરણ કરવું છે, એ લક્ષ મુમુક્ષુના અંતરમાં હોય છે. એક વાર સમાધિમરણ થાય તેને કોઈ ભવમાં પછી અસમાધિમરણ થાય નહીં એવો નિયમ છે, તો એ કેટલી બધી સાચી કમાણી ગણાય ? તેને માટે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ અનંત કરુણા કરી અચૂક ફળ આપે એવું વ્રત યોજ્યું છે, પણ પ્રમાદને લઈને જીવો લાભ લઈ શકતા નથી. સમજ્યા ત્યારથી સવાર ગણીને પ્રમાદથી મુક્ત થઈ સ્વરૂપને ભજવાની આજ્ઞા પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની છે, તે રોજ પ્રસંગે પ્રસંગે લક્ષમાં લેવા યોગ્ય છેજી. ન બને તોપણ મારે કરવું છે તો તે મહાપુરુષે કહેલું જ, આટલો જો લક્ષ રહે તોપણ કલ્યાણ થાય તેમ છેજી. એ કર્યા વિના કંઈ આરો આવે તેમ નથીજી. માટે જેમ બને તેમ ત્વરાથી કરવા યોગ્ય કાર્ય કરી લેવાની કાળજી રાખી વર્તે છે તેને ધન્ય છેજી. એ જ વિનંતી.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૬૨ અગાસ, તા. ૩૦-૧૦-૪૩
તત્ ॐ સત્ કાર્તિક સુદ ૧, ૨૦૦૦

કવાલી—મળે સૌ સુખ જો સમજણ, ગણો દુઃખવાસ અણસમજણ;
સમજતા ના અરે ! જન જન, સમજતા તે તપોધન ધન્ય !

આત્મકલ્યાણની ભાવના તમને વર્તે છે તે પ્રશંસાપાત્ર છેજી. પરંતુ જે વિનંતી કરી છે તે બધી પરમકૃપાળુદેવ પ્રત્યે રોજ કર્તવ્ય છેજી. પરમકૃપાળુદેવનું યોગબળ અપૂર્વપણે વર્તે છેજી. અનેક જીવો તેના અવલંબને કલ્યાણ સાધી લેશે એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા. તે સાંભળીને જે જે જીવો પરમકૃપાળુદેવની ઉપાસનામાં જોડાશે તેનું કલ્યાણ થશેજી. ગભરાવાની જરૂર નથી. આપણે આપણાં પ્રારબ્ધ ભોગવ્યા વિના છૂટકો નથી. પરંતુ તે ભોગવતાં ભાવ એક પરમકૃપાળુદેવ પ્રત્યે રહ્યા, તેણે સમ્મત કરેલું આ ભવમાં સમ્મત થાય તો જીવનું જરૂર કલ્યાણ થાય એમ છેજી. જગતની અનેક મોહક વસ્તુઓમાંથી જેણે પ્રેમ ઉઠાવી એક પરમકૃપાળુદેવ અને તેનાં વચનામૃતમાં સ્થાપ્યો છે, તેને પૂર્વનાં વિઘ્નકર્તારૂપ કર્મો ભોગવાઈ રહ્યે એક આત્મઆરાધના થાય તેવી સર્વ પ્રકારની અનુકૂળતા પ્રાપ્ત થવા યોગ્ય છેજી. ભાવના જેની સદાય જાગ્રત છે તેને કઠણાઈનો કાળ પૂરો થતાં ભાવના અનુસાર વર્તવાનો વખત આવી મળે છેજી. માટે અનેક પ્રકારની કસોટીમાં આત્મકલ્યાણની ભાવના મંદ ન પડી જાય પણ સતેજ થતી જાય તેવો પુરુષાર્થ કરતા રહેવા વિનંતી છેજી.

"ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળ જ્ઞાન."

ક્ષણિક માયાનાં સુખ માટે આત્મા જેવું અમૂલ્ય રત્ન વિસારી દેવા યોગ્ય નથીજી. કંઈ ન બની શકે તોપણ "તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ!" એ ક્ષમાપનામાં પ્રાર્થના કરીએ છીએ તેની સ્મૃતિ સદાય રહ્યા કરે એમ વર્તવા યોગ્ય છેજી. પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્રનો અટલ આશ્રય ભવપર્યંત મને તમને ટકી રહો એ યાચનાપૂર્વક પત્ર પૂર્ણ કરું છુંજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૬૩ આગાસ, ૨૦૦૦

તત્ ૐ સત્

"Many a moralist here may lie,
That teach the rustic how to die." — Gray's Elegy

ગ્રામ્ય જનને મરણ કેરી કળા શીખવે જ્ઞાનીઓ,
તેવા અહીં સૂતા હશે રે! કેટલાય, વિચારી જો.

(સદ્ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠપદ સેવાથી શુદ્ધ જ્ઞાન થશે – એ રાગ)

શ્રીમદ્ સદ્ગુરુ રાજચંદ્રપદ વંદું સહજ સમાધિ ચહી,
સદ્ગુરુ-ચરણે ચિત્ત વસો મુજ, એ જ ભાવના હૃદય રહી;
દેહ છતાં જેની નિત્ય વર્તે, દેહાતીત અપૂર્વ દશા,
તે ભગવંત નિરંતર ભજતાં, દોષ રહે કહો કેમ કશા?

સદ્ગુરુ-બોધે, અંતર્શોધે શુદ્ધ સ્વરૂપ જે ઓળખશે,
તેમાં તલ્લીન રહેવાને તે સત્પુરુષાર્થ કર્યા કરશે;
સ્થિરતા વીર્ય વિના ન ટકે ત્યાં વ્રતાદિથી શુભ ભાવ કરે,
સમાધિસહિત મરણ, ફળ વ્રતનું, નિશ્ચય એ ઉરમાંહી ધરે.

સુવર્ણમંદિર ઉપર શોભે રત્નકલશ સુંદર જેવો,
તેમ સમાધિ-મરણ યોગ પણ વ્રતમંડન માની લેવો.
જો ન સમાધિ-મરણ સાચવે, વ્રત-અભ્યાસ ન સફળ થયો;
શસ્ત્રોની તાલીમ નકામી, રણક્ષેત્રે જો ચૂકી ગયો.

જન્મમહોત્સવ સમ સંતો તો મૃત્યુમહોત્સવ પર્વ ગણે,
સત્કાર્યો નિષ્કામ કરેલાં દે સંતોષ અપૂર્વપણે;
આત્મા નિત્ય પ્રતીત થયો તો મરણ કહો કોને મારે?
જે ઉત્પન્ન થયું તે મરશે, દેહ નહીં હું, સુવિચારે.

હું ચેતન અવિનાશી જુદો, દેહ વિનાશી વિષે વસતો,
વગર કહ્યે વહેલે મોડે જડ કાયયોગ દીસે ખસતો;
કરોડ ઉપાય કર્યે નહિ ટકશે, કાયા અમર ન કોઈ તણી,
અનંત દેહ આવા તો મૂક્યા; હું રત્નત્રયનો જ ધણી.

રત્નત્રયીરૂપ ધર્મ જ દુર્લભ, દેહ જતાં પણ તે ન તજું,
સંસાર-પરિભ્રમથી બચવું છે, બચાવનાર સુધર્મ ભજું;
દેહ ઉપરની મમતા તજી, પંડિતમરણ પુરુષાર્થ કરું,
સફળ સમાધિમરણ સાધવા મહત્ માર્ગને અનુસરું.

હે દેહતણાં સંબંધી સર્વે ! આજ સુધી સંબંધ રહ્યો,
દેહ વિનાશિક નાશ થવાનો અવસર મેં અતિ નિકટ લહ્યો;
આયુષ્ આધીન દેહ રહે, નહિ સ્નેહ ઘટે એ દેહતણો;
રાખ્યો રહે નહિ દેહ, ભલે સૌ સ્નેહ દેહ પર ધરો ઘણો.

અગ્નિમાં બળી ભસ્મ થશે, પરમાણુ બની વીખરાઈ જશે,
પત્તો પછી લાગે નહિ એનો, દેહ-સ્નેહ મોહે વધશે.
જ્ઞાનસ્વરૂપ આત્મા અવિનાશી માની મને સૌ સુખી થજો,
દેહ નથી હું, આત્મા છું તો, દેહ-સ્નેહ સૌ ભૂલી જજો.

જ્ઞાનસ્વરૂપ મુજ ઉજ્જ્વળ કરવા, વીતરાગતા પ્રાપ્ત થવા,
સત્પુરુષાર્થ કરીશ હવે હું રાગાદિક દોષો હણવા.
વિપરીતતાવશ બહુ ભટક્યો હું, ચાર ગતિમાં દેહ ધરી,
સમ્યગ્દર્શનજ્ઞાનચરણરૂપ સ્વરૂપ માન્યતા હવે કરી.

સદારાધના સમ્યક્દર્શન-જ્ઞાન-ચરણ-તપ રૂપ ગણી
કળિકાળમાં અસત્પ્રસંગે વિરલ ગૃહાશ્રમમાંહિ ભણી;
તોપણ ઉત્તમ જનને યોગે સત્પુરુષાર્થ સફળ થાશે,
સ્નેહ, મોહનો પાશ તજી આરાધક શાંત સ્થળે જાશે.

શાંતિસ્થળ એકાંત વિષે પણ પરવશ સંગ પ્રસંગ પડે,
તો કરી ત્યાગ જ વાતચીતનો, મૌન રહ્યે નહિ કાંઈ નડે;
શુદ્ધ સ્વરૂપનું સ્મરણ, શ્રવણ, સજ્જન સંગે જીવ જો કરશે,
તો કળિકાળ વિષે પણ સંયમ સાધી ઉર હિતથી ભરશે. (પ્રજ્ઞાવબોધ – ૫૨)

તમે માનતા : "ભક્ત હું પ્રભુનો, આજ્ઞા પ્રભુની પાળું છું;
વ્રત, શીલ, સંયમ પ્રભુ-પ્રીત્યર્થે ધરી, બોધે મન વાળું છું.
અનંત ભવમાં દુર્લભ શ્રદ્ધા, જ્ઞાન, ચરણ તે પ્રગટાવ્યાં,
મિથ્યા દર્શન-જ્ઞાન-અવિરતિ ગુરુકૃપાએ અટકાવ્યાં."

એવો નિર્ણય છતાં હવે કંઈ વ્યાધિ-વેદના આવી કે
પરિષહ કાળે ભય પામો તો કાયરતા હંફાવી દે.
દુખનો ડર ના ઘટે આટલો, બહુ તો દેહ તજાવી દે,
દેહ જરૂર જવાનો છે આ, આત્મહિતે તક આવી છે.

સમ્યક્દૃષ્ટિ વ્રતવાળા ગૃહી, મુનિ, વાચક, આચાર્ય મહા,
નિર્ભયતા ધરી ધૈર્યસહિત ચહે મરવાનો લાભ અહા!
તમેય નિરંતર કરી ભાવના, હવે સમાધિમરણ વરો,
મનવાંછિત આ ઉત્સવ આવ્યો, સમતા ધરી, આનંદ કરો.

આત્મજ્ઞાન ને પરમ શરણનો કોણ પ્રભાવ કહી શકશે?
દેહાદિથી ભિન્ન અનુભવ આત્માનો એ અજબ દીસે.
અકંપપણું અનુભવી મુનિવરનું નિર્ભયતા ઉરમાં ભરશે,
ભવદુખ દાવાનળથી બળતા પામરને પણ ઉદ્ધરશે.

પરમ ધર્મનું શરણ ગ્રહીને સર્વ વેદના હવે સહો;
કર્મ-કસોટી કસે શરીરને જ્ઞાતા દ્રષ્ટા તમે રહો.
નથી અનંત ભવોમાં આવ્યો અવસર આવો હિતકારી,
જીતી જવા આવ્યા છો બાજી, હવે નહીં જાઓ હારી.

આખા ભવમાં ભણી ભણીને જ્ઞાન-ઉપાર્જન જે કીધું,
શ્રદ્ધા ઉજ્જ્વળ કરી સદા જે, તપ-ત્યાગાદિ વ્રત લીધું;
તે સૌ આ અવસરને કાજે સદ્વર્તન સંચિત કર્યું,
શિથિલ થતાં જો ભ્રષ્ટ થયા તો પૂર્વપ્રવર્તન કપટ ઠર્યું.

તેનું જ જીવન સફળ સમજવું; વ્રત, તપ, ધર્મ સફળ તેનાં;
જગમાં તે જ પ્રશંસાલાયક સ્વર્ગ-સુખે પણ ધર્મ તજે ના.
માનવ થઈ ઉત્તમ પદ પામે; મેરુ સમ પરિષહ કાળે;
સમુદ્ર સમ ગંભીર રહીને, ભવનાં બીજ બધાં બાળે.

ઘોર વેદના ઘણી આવે પણ આકુળવ્યાકુળ ના થાઓ,
દેહ ભિન્ન નિજ જ્ઞાયકભાવે અખંડ અનુભવમાં જાઓ.
પૂર્વ પુરુષોની તલ્લીનતા એવા ટાણે અચળ રહી,
તેની સંસ્મૃતિ કરતાં ઉરમાં ધીરજ-ધારા રહે વહી :–

નવદીક્ષિત સુકુમાલ મુનિને ખાય શિયાળ બચ્ચાં સાથે,
પગ પૂરો કરી, પેટ ફાડતાં, થાય મરણ ત્રીજી રાતે.
રાઈ ખૂંચે તેવા કોમળ નર ઘોર વેદના સહે, અહો!
તો તમને શું ભૂખ-તરસનું દુઃખ અસહ્ય જણાય, કહો!
પરવશ ચાર ગતિમાં વેઠયાં દુઃખ, હવે ખુશીથી સહવાં,
મરવાનીય ન ઇચ્છા કરવી, ભય તજી સત્શરણાં ગ્રહવાં.
સ્વજન-મિત્રની સ્મૃતિ તજો; નહિ ભોગ-નિદાન કદી કરશો,
એ અતિચારો રહિત સમાધિ-મરણ કરો તો ભવ તરશો. (પ્રજ્ઞાવબોધ – ૫૩)

મંદાક્રાંતા — મંત્રે મંત્ર્યો સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પરભણી ભૂલી, બોલ ભૂલું પરાયા;
આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદા એ,
પામું સાચો જીવન-પલટો, મોક્ષમાર્ગી થવાને. (પ્રજ્ઞાવબોધ–૭૪)

આપે પત્રની ઇચ્છા દર્શાવી, તેના ઉત્તરમાં સમાધિમરણ અર્થે લક્ષમાં લેવા જેવી કેટલીક કડીઓરૂપ આ પત્ર લખ્યો છે, તે પુસ્તક હાથમાં ન લેવાતું હોય તોપણ સૂતાં સૂતાં વાંચવા કામ લાગે એમ ગણી લખી મોકલેલ છેજી. એટલું બધું વાંચવાની શક્તિ ન હોય તો પૂ.... ગાઈ સંભળાવશે. તેમાં વૃત્તિ રાખવાનું ઠીક લાગે તો કરશો કે એક વાર વાંચી રહ્યા પછી અમુક અમુક કડી નિશાની કરી લઈ બોલતા રહેવાથી મુખપાઠ પણ થઈ જવા સંભવ છે. એવી શક્તિ ન હોય તો માત્ર સ્મરણમાં એકતાર થવાનો પુરુષાર્થ કર્યા કરશોજી. અમુક નિત્યનિયમ વગેરે ન બને તો તેનો ખેદ કર્તવ્ય નથી. બધું કરીને પરમકૃપાળુદેવના સત્શરણમાં અર્પણતા થાય, તેને જ આશરે આ દેહ છોડવો છે, છેલ્લા શ્વાસે પણ "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" મંત્રની ભાવના હૃદયમાં રહે; તેના ઉત્તમ સ્વરૂપમાં તન્મયતા, નિઃશંકતા, નિર્ભયતા અને નિઃસંગતા અભેદભાવે રહે એ જ અંતિમ કર્તવ્ય છેજી. પરમકૃપાળુ પરમપુરુષનું સ્વરૂપ એ જ મારું સ્વરૂપ, એથી જે કંઈ ભિન્ન વ્યાધિરૂપ, સ્નેહરૂપ, સ્મરણ-રૂપ, ખેદરૂપ કે અન્યથા હો તેનો મન, વચન, કાયાથી ત્રિકાળ ત્યાગ હો! 'તુંહિ તુંહિ'ની લય લગાડવાની છે.

"પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ?"

'સમાધિસોપાન'માં છેલ્લે 'સમાધિ-મરણ'નું પ્રકરણ છે તે અવકાશ હોય ને બની શકે તો વાંચવા યોગ્ય છે. તેનો જ સાર પ્રજ્ઞાવબોધના ઉપર જણાવેલા પદ્યમાં છે. તેમાં પરમ-કૃપાળુદેવનાં વચનોનો આશય છે તે હિતકારી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૬૪ અગાસ, તા. ૨–૧૧–૪૩, મંગળ
તત્ ૐ સત્ કાર્તિક સુદ ૫, જ્ઞાનપંચમી, ૨૦૦૦

મનુષ્યભવ બહુ પુણ્યના ઢગલા કમાયા પછી મળે છે એમ પ. પૂ. કૃપાળુદેવે લખ્યું છેઃ

"બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો."

આટલી કડીનો પણ બરાબર વિચાર થાય તો આ જીવ મનુષ્યભવ મળ્યો છે તેની દરેક ક્ષણ રત્નચિંતામણિ કરતાં અધિક આંકે, પણ સમજણ વગર બધું પ્રવર્તન જીવ કર્યા કરે છે તો જન્મમરણનો નિવેડો ક્યાંથી આવે? જેમ ઘી મોંઘું મળે છે એમ સમજાયું છે તો તેને પાણીની પેઠે કોઈ વાપરતું કે ઢોળી દેતું નથી, પણ મનુષ્યભવ શા માટે મળ્યો છે, અને શામાં દિવસ ઉપર દિવસો વહ્યા જાય છે તે જો નહીં વિચારીએ તો મરણ વખતે પસ્તાવું પડશે અને માઠી ગતિમાં દુઃખી થવું પડશે. માટે ખોટી ગતિ ઊભી થાય તેવાં કામમાં તો મારે આ ભવ ગાળવો

નથી; જન્મમરણ છૂટે એવું સત્સાધન પરમકૃપાળુદેવની કૃપાથી આ ભવમાં મળ્યું છે, તો હરતાં, ફરતાં, કામ કરતાં, રાંધતાં, સીંધતાં, જાગતાં હોઈએ ત્યાં સુધી પરમપુરુષની પ્રસાદીરૂપ મંત્રનું સ્મરણ ચાલુ જ જીભે રટાયા કરે એવી ટેવ પાડી મૂકી હોય તો કેવી કમાણી થયા કરે ! ફિકર, ચિંતા, ક્રોધ, અરતિ, ક્લેશ, કંકાસ, શોક, દુઃખ બધાં આર્ત્તધ્યાનનાં કારણો, કૂતરાં લાકડી દેખી નાસી જાય તેમ એકદમ દૂર થઈ જાય અને આ સંસારતાપમાં તપતા બિચારા આત્માને શાંતિ, સુખ, આનંદ અને ભક્તિનો ઉલ્લાસ તુર્ત જ વર્તમાનમાં અનુભવાય અને પરભવ પણ સુધરે તથા મોક્ષમાર્ગે સુખે સુખે આગળ વધાય એવું સત્સાધનનું આરાધન નિશ્ચય કરી કરીએ તો બની શકે એવું છે. માટે બીજાં કામ કરતાં પણ આત્માની દયા ન વીસરાય, લખચોરાશીના ફેરા ફરતાં દુઃખી થઈ રહેલો આત્મા આ મનુષ્યભવમાં બિચારો થાક ખાવા આવ્યો ત્યાં તો હજારો ફિકરો અને ક્લેશની હોળીમાં તેને ઘાંચીના બળદની પેઠે આંખોએ પાટા બાંધી હોમી દીધો. હવે તેની દયા ખાવા જેવું છે. આ ભવમાં ધર્મ-આરાધન થયું હશે તો તેને સુખ શોધવું નહીં પડે, એની મેળે મળી રહેશે. માટે સ્મરણ રાતદિવસ કર્યા કરવાની અને પરમકૃપાળુદેવનો આશ્રય દૃઢ થાય તેવી ભાવના ચાલુ રાખવાની ટેવ પાડશોજી. ૐ

તા. ક. – રોજ સૂતાં પહેલાં પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ બની શકે તેમ હોય તો બ્રહ્મચર્યની ભાવના કરી સૂઈ જવું અને ઊઠીએ ત્યારે પણ જોગવાઈ હોય ત્યાં સુધી વ્રત એક દિવસનું પણ લઈ લેવું તે લેખે આવશેજી.

---

૪૬૫ — અગાસ, તા. ૪-૧૧-૪૩

તત્ ૐ સત્ — કાર્તિક સુદ ૭, ૨૦૦૦

કમલ મલમૂત્રાદિ સમ, સમ ચંદન ને ડામ;
સમતા સ્વામી રાજચંદ્ર-ચરણે ભાવ પ્રણામ.
"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન."

આપની તબિયત સંબંધી જણાવ્યું તે વિષે જણાવવાનું કે જેને સદ્ગુરુશરણ, સત્સાધન પ્રાપ્ત થયેલ છે તેણે આ મનુષ્યદેહને રત્નકરંડ (રત્નની ડબ્બી) સમાન સાચવવા યોગ્ય છેજી. જેમ ધન સંબંધી આપણી નજર પહોંચે તે પ્રમાણે વિચાર કરી કાળજીપૂર્વક વર્તીએ છીએ તેથી વિશેષ કાળજી મનુષ્યદેહ જે "બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો" છે તે ધર્મકાર્યમાં વાપરવા માટે વિશેષ ટકે તો સારું એ ભાવનાથી તેની કાળજી લેવી ઘટે છે. બાકી મોહને અર્થે દેહની મમતા તો અનંતકાળથી જીવ કરતો આવ્યો છે. એમાં કહેવું પડે તેમ નથી. પણ આ દેહે જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધી શકાય તેવો લાભ પ્રગટ જાણ્યો તો તે અર્થે દેહની સંભાળ કર્તવ્ય છેજી. પછી તો જે થવાનું હોય તે થાય. તેને માટે નિર્ભયતા પણ સંઘરી રાખવી ઘટે છેજી. આપણું ધાર્યું બધું થતું નથી, પણ થાય તેટલું કરી છૂટવું. અને તે છૂટવામાં મદદ કરનાર છે. માટે આ લક્ષે જે દવા તથા ચરી વા બ્રહ્મચર્ય આચરવાં ઘટે તે

સર્વ સાધવા યોગ્ય છેજી. "માત્ર મોક્ષ અભિલાષ" એ આત્માર્થી જીવનું લક્ષણ છે. તે લક્ષ ચુકાય નહીં એમ સર્વત્ર પ્રવર્તવા યોગ્ય છેજી.

તમે બ્રહ્મચર્ય સંબંધી છ માસ માટે અનુજ્ઞાનું લખ્યું તે સંબંધી મારી અનુમોદના છેજી. પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ તમે બન્ને પતિપત્ની પવિત્રભાવે મોક્ષ થવાની ભાવનાએ છ માસ સુધી મૈથુનત્યાગરૂપ વ્રતની, નમસ્કાર કરી ભાવના કરી લેશોજી. આ વ્રતના અભાવે આ કાળમાં ઘણા રોગોની ઉત્પત્તિનો સંભવ સમજાય છેજી. કોઈ વિચારવાન વૈદ્ય તમને મળ્યો લાગે છે. ભાવતું હતું અને વૈદે કહ્યું એમ જાણી ધર્મ-આરાધન અર્થે એટલે આત્માર્થે આ વ્રત પાળું છું, દેહને માટે નહીં એટલી ભાવના જે તમારા અંતરમાં છે તે જો સબળ રહેશે તો આ વ્યાધિએ તમને લાભ કર્યો એમ સમજવા યોગ્ય છેજી. વ્રત લીધા પછી પ્રાણાંતે પણ તૂટે નહીં એટલી દૃઢતા બન્નેએ અત્યારથી મનમાં ગાંઠ વાળી દે તેમ ઊંડી ઉતારી દેવી. રોગ તો કાલે મટી જાય પણ છ માસ સુધી બ્રહ્મચર્ય તો જરૂર પાળવું છે એવી ઉત્કટ ઇચ્છા બન્નેની હોય તો જ વ્રત પરમકૃપાળુદેવની સાક્ષીએ લેશોજી. તેવી દૃઢતા ટકે તેમ ન લાગતું હોય તો વગર વ્રત લીધે પળાય તેટલો કાળ પાળવાનું નક્કી કરવું. વ્રત લીધાથી જે બળ મળે છે તેના કરતાં વ્રત તોડવાથી જીવને વિશેષ બંધન થાય છે માટે વિચારીને વર્તવા લખ્યું છેજી. "આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ" એવો માર્ગ છે ત્યાં આજ્ઞાનો લોપ એ ધર્મના ત્યાગ સમાન છે.

"ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, — છાંડે, પણ નહિ ધર્મ;
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ;
મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ."

એવું આઠ યોગદૃષ્ટિની ચોથી દૃષ્ટિમાં કહેલું છે, તે લક્ષ રાખી આત્મહિત થાય તેમ વર્તવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૬૬ જખૌ-કચ્છ, તા. ૨૦-૧૨-૪૩

પરમકૃપાળુ પરમાત્મા, સદા છે શુદ્ધ તે આત્મા;
ખરા હૃદયે કરું વંદન, ખરું ભવતાપહર ચંદન.

તમે સંસ્કૃત શીખો છો તે જાણી સંતોષ થયો છે. મહેનત લેશો તે અલેખે નહીં જાય. ગુજરાતી વધારે સારું સમજી શકાશે, વિચારમાં મદદ મળશે. પણ "હું કંઈ જ જાણું નહીં" એ નિશ્ચય દૃઢ કરી રાખવા યોગ્ય છે, નહીં તો અહંકારને આમંત્રણ આપવા જેવો બધો અભ્યાસ છે. "હું મારું હૃદયેથી ટાળ, પરમારથમાં પિંડ જ ગાળ" — એ વચન હૃદયમાં કોતરી રાખવા યોગ્ય મારે તમારે બધાને છેજી.

"પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર." (પુષ્પમાળા – ૩૫) આવાં વચનો મુખપાઠ કરી લક્ષ લેવા વિનંતી છેજી.

પહેલાં લખેલા પત્રો ફરી ફરી વાંચવા ભલામણ છે. હવે તે વિશેષ સમજી શકાશે. સર્વનું આત્મહિત ઇચ્છી પત્ર પૂર્ણ કરું છુંજી.

માંદગીના વખતમાં મંત્રનું સ્મરણ અને પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ કરેલા ઉપકારનું સ્મરણ ખરી દવા છેજી. મંત્રમાં ચિત્ત રાખી પરમકૃપાળુદેવને શરણે દેહ છૂટે તેને સમાધિ-મરણ થાય એમ પૂ. પ્રભુશ્રીજીએ કહેલું છે. એક વખત સમાધિમરણ થાય તો કોઈ ભવમાં મોક્ષ થતાં સુધી અસમાધિમરણ થાય નહીં, થોડા ભવમાં મોક્ષ થાય. માટે જ્ઞાનીને આશ્રયે આ દેહ તો છોડવો છે એવી ભાવના વારંવાર કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૬૭ અગાસ, તા. ૨૮-૧-૪૪

તત્ ૐ સત્ મહા સુદ ૩, શુક્ર, ૨૦૦૦

તીર્થક્ષેત્ર સત્સંગધામ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ દીન બ્રહ્મચારી ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા તથા પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રની ભક્તિ અને તેમનાં અમૂલ્ય જીવન-આધાર વચનના ઉત્તમ આશયને હૃદયમાં ઉતારી તે આધારે જીવવા વિનંતી છેજી. એક વાત તરફ તમારું લક્ષ દોરવા યોગ્ય છે તે એ કે જગત દુઃખથી ભરેલું છે તેમાં કોઈ કાળે, ગમે તેવા સારા સંજોગો મળી આવે તોપણ તેમાંથી સુખની આશા રાખવી એ વ્યર્થ છે. એક ઋભુરાજા ભગવાનના અનન્ય ભક્ત હતા. તેમની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાને તેમને જે માગે તે આપવા કૃપા કરી માગવા જણાવ્યું ત્યારે તેમણે કહ્યું કે "હે ભગવાન ! આવી જે રાજ્યલક્ષ્મી મને આપી છે તે ઠીક જ નથી. તારો પરમ અનુગ્રહ (કૃપા) મારા ઉપર હોય તો પંચવિષયના સાધનરૂપ એ રાજ્યલક્ષ્મીનું ફરીથી મને સ્વપ્નું પણ ન હો, એ વર આપ. પરમાત્મા દિંગ થઈ જઈ 'તથાસ્તુ' કહી સ્વધામગત થયા. કહેવાનો આશય એવો છે કે....કઠણાઈ અને સરળાઈ, શાતા (સુખ) અને અશાતા (દુઃખ) એ ભગવદ્ભક્તને સરખાં જ છે; અને વળી કઠણાઈ અને અશાતા તો વિશેષ અનુકૂળ છે કે જ્યાં માયાનો પ્રતિબંધ દર્શનરૂપ નથી....પરમાત્મા એમ કહે છે, કે તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો, અને તેના પ્રત્યે સમભાવી થઈ પ્રતિબંધ-રહિત થાઓ; તે તમારું છે એમ ન માનો, અને પ્રારબ્ધયોગને લીધે એમ મનાય છે, તે ટાળવા આ કઠણાઈ મેં મોકલી છે. અધિક શું કહેવું ? એ એમ જ છે.... પરમાત્માની ભક્તિ જ જેને પ્રિય છે, એવા પુરુષને એવી કઠણાઈ ન હોય તો પછી ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી એમ સમજવું....એ કઠણાઈ માયાની છે; અને પરમાત્માના લક્ષની તો એ સરળાઈ છે, અને એમ જ હો." (૨૨૩)

દુઃખમાં ભગવાન વધારે સાંભરે છે. સુખમાં તો સોની સાંભરે. માટે દુઃખથી ગભરાવું નહીં. તેથી છૂટવા માટે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ તમને પરમકૃપાળુદેવની ભક્તિ અને ઉત્તમ વચનામૃત આપ્યું છે તે મરણ સુધી શ્રદ્ધા રાખી આરાધશો તો આ ભવમાં અને પરભવમાં સુખી થશો. પ. પૂ. પ્રભુશ્રીજી એટલું બધું ભાર દઈને કહેતા કે અમને પણ ગુરુ ન માનશો, પણ અમે જે શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને ગુરુ માન્યા છે તેને તમે અમારા કહેવાથી ગુરુ માનશો તો તમારું કલ્યાણ થશે. માટે આ જ્ઞાની અને આય જ્ઞાની છે એમ કરવાનું પડી મૂકી, પરમકૃપાળુદેવમાં બધાય જ્ઞાની આવી ગયા એ લક્ષ રાખી 'એક મત આપડી ને

ઊભે માર્ગે તાપડી' એમ સમજી 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' મંત્રનું સ્મરણ મૂંઝવણના પ્રસંગે કરતા રહેવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૬૮

અગાસ, તા. ૨૯-૧-૪૪
મહા સુદ ૪, શનિ, ૨૦૦૦

તત્ ૐ સત્

"સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક."

સત્સંગનો યોગ થવાને વખતે તેમને હડિયાણા જવાનું બન્યું એ કર્મની વિચિત્રતા છે, પરંતુ ભાવની વાત ઓર છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી એક વાત કરતા કે બે ભાઈઓ એક જ્ઞાની પાસે કથા સાંભળવા જતા અને તેમની આજ્ઞાથી ધર્મક્રિયા કરતા. નજીકના સગામાં કોઈનું મૃત્યુ થવાથી મોટા ભાઈએ નાના ભાઈને કહ્યું — "ભાઈ, તું જો સ્મશાનમાં જાય તો મારે બે ઘડી ધર્મ કરવા જ્ઞાની પાસે જવાય." ત્યારે નાના ભાઈએ કહ્યું, "શું મારે ધર્મ કંઈ નથી કરવો? તમારે જવું હોય તો સ્મશાને જાઓ, હું તો આ ધર્મ કરવા ચાલ્યો." એમ કહી તે તો મહાત્માના મુકામ તરફ ચાલ્યો. ત્યાં તો રસ્તામાં કોઈ મિત્ર આવી મળ્યો. તેણે કહ્યું કે આજ તો નાટકમાં ખરી મજાનો ખેલ આવવાનો છે, તું આવીશ કે નહીં? તેણે કહ્યું, "આ ધર્મક્રિયા થઈ રહે કે તુર્ત તારે ત્યાં આવું છું." એમ કહી મહાત્મા પાસે ગયો અને ધર્મક્રિયાની આજ્ઞા તો લીધી, પણ મન તો નાટકની મજાના વિકલ્પો ઘડ્યા કરતું હતું અને ક્યારે અમુક પાઠ પૂરા થાય કે મિત્રને ત્યાં જવાય અને ચા-પાણી કરી નાટક જોવાનો લહાવો લેવાય, એમ થયા કરતું હતું. ગમે તેમ ગોટા વાળી ક્રિયા પૂરી કરી ચાલી નીકળ્યો અને નાટકમાં રાત ગાળી. મોટા ભાઈને સ્મશાને જવું પડ્યું, પણ તે વિચાર કર્યા કરતો હતો કે આ કામ આવી ન પડ્યું હોત તો આત્મજ્ઞાની સદ્ગુરુ ભગવાનની શાંત મુદ્રાનાં દર્શન મને થાત, તેમની જગત-હિતકારી, શાંતિપ્રેરક, અમૃતમય વાણી સુણી આખા દિવસના ક્લેશરૂપ તાપને ટાળી ચિત્ત શાંતિ અનુભવતું હોત. તેમની ભવભ્રમણ ટાળનારી આજ્ઞા પ્રાપ્ત કરી, તેમાં વૃત્તિને રોકીને જેટલો કાળ શુભ ક્રિયામાં ગાળ્યો હોત તેટલું મારું આયુષ્ય લેખામાં ગયું ગણાત. અહીં અજ્ઞાનીઓની વચમાં લૌકિક અર્થે આવી આત્માર્થ વિસારી રહ્યો છું એ મારું કમભાગ્ય છે. એમ વિચારતો પોતાનો કાળ ગાળી ઘેર જઈ ભગવદ્ભક્તિ કરી સૂઈ ગયો. સવારે મહાત્મા જ્ઞાની ગુરુનાં દર્શને હર્ષભેર ગયો અને ગઈ રાતનો ખેદ દર્શાવી પોતાને પ્રભાતમાં સદ્ગુરુનાં દર્શન કરવા જેટલું આયુષ્ય મળ્યું છે તે મહાભાગ્ય માનવા લાગ્યો અને દર્શન, સ્તુતિ કરી શ્રી સદ્ગુરુનાં વચનામૃતથી શાંત થઈ ઘેર પાછો ગયો. નાનો ભાઈ રોજની રૂઢિ મુજબ મહાત્માનાં દર્શન કરવા ગયો. તેને તેના મોટા ભાઈના ખેદની વાત મહાત્માએ કરી દર્શાવી ત્યારે તે બોલ્યો કે, "મહારાજ, મને સ્મશાનમાં મારા મોટા ભાઈને મોકલવો હતો અને ધર્મ કરવા તેમને અહીં આવવું હતું, પણ મને કંઈ ધર્મ વહાલો નહીં હોય? મેં કેવી ધર્મક્રિયા કરી? અને તેમને લૌકિકમાં જવું પડ્યું." મહાત્માએ કહ્યું, "ભાઈ, ધર્મક્રિયા સાચી ભાવપૂર્વક તો તારા મોટા ભાઈને સ્મશાનમાં બેઠાં થઈ છે અને તેં

તો ધર્મના સ્થાનમાં જ્યાં ચિત્ત ભગવાનમાં રાખવું જોઈએ તેને બદલે નાટકમાં ને મિજબાનીના તરંગમાં રાખ્યું હતું. તેથી તને સંસારફળની પ્રાપ્તિ થઈ છે અને મોટા ભાઈને વૈરાગ્યને લઈને મોક્ષનું કારણ બન્યું છે.'' આમ 'ભાવ તિહાં ભગવંત' કહ્યું છે તે લક્ષમાં રાખવા યોગ્ય વાત છેજી. ''મન ચંગા (પવિત્ર) તો કથરોટમાં ગંગા'' એ કહેવત પ્રમાણે સદ્‌ગુરુ-આજ્ઞામાં જેટલો કાળ ભાવપૂર્વક ગાળશો તેટલું જીવન સફળ થયું માનવા યોગ્ય છેજી.

''શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મન૦ શિષ્ટ કહે તે પ્રમાણ રે, મન૦
સુયશ લહે એ ભાવથી, મન૦ ન કરે જૂઠ ડફાણ રે, મન૦''

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ આપેલા મંત્રસ્મરણનું વિસ્મરણ ન થાય તેટલી દાઝ રાખવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૬૯ અગાસ, તા. ૩૦-૧-૪૪

આપનો ભક્તિભાવ જાણી સંતોષ થાય છેજી. પત્રાંક ૮૪૩ વારંવાર વાંચી મુખપાઠ કરવા યોગ્ય છેજી. ન સમજાય તો પૂ.... આદિ પાસેથી સમજી તેનો વિચાર કરી પરમકૃપાળુ દેવની શ્રદ્ધા દૃઢ કર્તવ્ય છેજી. તે પરમપુરુષ ઉપર જેટલો પ્રેમ વર્ધમાન થશે તેટલો લાભ વિશેષ થશે. એ પત્રમાં સર્વ માટે સુગમ ઉપાય દેહાદિ સંબંધી હર્ષવિષાદ દૂર કરી આત્મભાવનાનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરવાનું કહ્યું છે તે આપણે સર્વેએ કરવાનું છેજી. અધીરજ, અવિશ્વાસ એ માર્ગે ઉપરથી પડી જવાનાં કારણ છે અને પરમપુરુષ ઉપર પૂર્ણ વિશ્વાસ અને પરમ પ્રેમ એ સત્માર્ગમાં આગળ વધારનાર છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૭૦ અગાસ, તા. ૩૦-૧-૪૪
તત્ ૐ સત્ મહા સુદ ૫, રવિ, ૨૦૦૦

આપના ચિત્તમાં ઉપાધિનો બોજો સાલ્યા કરે છે તેની, તથા તેથી છૂટી આત્મહિતમાં મન જોડાય તેવી ઇચ્છાની વિગત લખી તે જાણી. તેના ઉત્તરમાં જણાવવાનું કે પ્રારબ્ધ-અનુસાર કર્મના ઉદયની પરંપરા ચાલ્યા કરે છે તેમાં વારંવાર ચિત્ત દેવું અને આત્મસાધન કોઈ જ્ઞાનીની આજ્ઞાથી પ્રાપ્ત થયું હોય તેને ગૌણ કરવું કે વિસ્મરણ સ્થિતિમાં વહ્યા જવા દેવું એ વિચારવાનનું કર્તવ્ય નથી. આવે પ્રસંગે તો વિશેષ વીર્ય ફેરવી આર્તધ્યાન ન થાય અને થઈ જાય તો તેનો પશ્ચાત્તાપ ખેદ રહ્યા કરે કે ફરી તેમ ન બને તેવી ચીવટની જરૂર છેજી.

પરમકૃપાળુદેવે શ્રી સોભાગ્યભાઈને ફરી ફરી પત્રો દ્વારા ચેતાવ્યા છે કે વ્યવહાર સંબંધી ચિંતા રાખીએ કે ન રાખીએ તે બન્ને સરખું છે. કારણ કે બનનાર તે ફરનાર નથી અને ફરનાર તે બનનાર નથી તો ઉપાધિ આડે આત્મહિતની વિસ્મૃતિ શા માટે કરવી? માત્ર જે થાય તે જોયા કરવું એવી સુગમ શિખામણ આપી છે તે આપણને પણ અમૃત જેવી છે. પણ મરચાંના કીડાને સાકરમાં મૂકે તોપણ તડફડે છે. તેમ આપણને વ્યવહારની મીઠાશ તાળવે ચોંટી છે તેથી પરમાર્થ-સાધક શિખામણ અંગીકાર કરતાં પગ ધ્રૂજે છે. જ્યાં આપણું કંઈ ચાલે તેમ નથી તેની ફિકરચિંતા કરીએ તો આર્તધ્યાન સિવાય બીજું શું ફળ મળે? અને

તેવા પ્રસંગે જો આયુષ્ય બંધાઈ જાય તો તિર્યંચગતિના ત્રાસ સહન કરતાં પણ પાર આવે તેમ નથી, એમ વિચારી સદ્ગુરુનો આશ્રય તેવા પ્રસંગમાં બહુ ઉપકારી છેજી. જેમ કોઈ બાળકને સતાવે ત્યારે તે તેની માની સોડમાં સંતાઈ જાય છે તેમ આવા વિકટ પ્રસંગમાં જેમ પુણ્યપાપને આધારે બનવા યોગ્ય હોય તે બનો પણ મારું ધન તો આ મનુષ્યભવ છે તે વ્યર્થ ચિંતામાં વહ્યું ન જાઓ અને સદ્ગુરુનું શરણ મને સદાય દૃઢ રહો. "શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) આ ઉત્તમ દવા લેતા રહેવા ભલામણ છેજી. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાંથી પત્રાંક ૫૭૫, ૫૯૨ વારંવાર વિચારવા ભલામણ છેજી. સદ્ગુરુના આશ્રયનું બળ તેમાં છે. વળી જનક વિદેહી અષ્ટાવક્ર ગુરુનું અવલંબન લઈ દુસ્તર માયાના વિકટ પ્રસંગોમાં મન તણાઈ ન જાય તેમ વર્તતા એવો પત્ર પરમકૃપાળુદેવે લખ્યો છે, તે પત્રાંક ૩૨૧, ૩૪૮ પણ વિચારવા યોગ્ય છેજી. વારંવાર શ્રી સદ્ગુરુનું માહાત્મ્ય વિચારી ગમે તેમ થાય, પોતાની શક્તિ કરતાં વિશેષ કર્મનું બળ જણાય ત્યાં 'હે ભગવાન! મારું કંઈ બળવીર્ય ચાલતું નથી, આપ જ એક મારે શરણ છો' એમ વિચારી સ્મરણનું અવલંબન સુખથી તો ચાલુ રાખવા યોગ્ય છેજી.

"તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક યશ કહે માહરે, તું જીવજીવન આધારો રે."
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૭૧ અગાસ, તા. ૧-૨-૪૪

તત્ ૐ સત્ મહા સુદ ૮, મંગળ, ૨૦૦૦

હરિગીત — ખંધક મુનિના શિષ્ય સૌ ઘાણી વિષે પિલાઈને,
સંકટ સહી સર્વોપરી પામ્યા પરમપદ ભાઈ તે;
નિજ અમર આત્માને સ્મરીને અમરતા વરતા ઘણા,
એ મોક્ષગામી સત્પુરુષના ચરણમાં હો વંદના!

સંગ્રામ આ શૂરવીરનો આવ્યો અપૂર્વ દીપાવજો,
કરતા ન પાછી પાની ત્યાં ગુરુરાજ પડખે ભાવજો;
સમતા, સહનશીલતા, ક્ષમા, ધીરજ, સમાધિમરણમાં,
મિત્રો સમાન સહાય કરશે, મન ધરો પ્રભુ-ચરણમાં.

કેવળ અસંગ દશા વરો પ્રતિબંધ સર્વે ટાળજો,
સ્વચ્છંદ છોડી શુદ્ધ ભાવે, સર્વમાં પ્રભુ ભાળજો;
દુશ્મન પ્રમાદ હણી હવે, જાગ્રત રહો, જાગ્રત રહો!
સદ્ગુરુ-શરણે હૃદય રાખી, અભય આનંદિત હો! (વીરહાક)

પરમકૃપાળુદેવનું યોગબળ ઘણું કામ કરી રહ્યું છે એમ નજરે જણાય છેજી. "જીવન-કળા"માં વાંચ્યું હશે કે સદ્‌ગત પૂ. ચતુરલાલજી મુનિ વસોમાં માળા ફેરવતા હતા, ત્યાં પરમકૃપાળુદેવ આવી ચઢ્યા અને પૂછ્યું — "મુનિ, શું કરો છો ?" તો કહે, "માળા ફેરવું છું." ફરી પૂછ્યું – "શાની ?" તો કહે – "ખાઉં ખાઉં થયા કરે છે તેની." પરંતુ તે પવિત્ર વાતાવરણમાં વિચાર સ્ફુર્યો તે તેમણે જણાવ્યો કે "હે પ્રભુ ! આવી વૃત્તિમાં મારો દેહ છૂટી જાય તો શી વલે થાય ? ક્યાં રખડું ?" પરમકૃપાળુદેવે કહ્યું – "મુનિ, અમારી આજ્ઞા ઉઠાવતાં દેહ છૂટી જશે, તો ગમે તે ગતિમાંથી તમને તાણી લાવીશું. અમે તમારા દેહના સ્વામી નથી, આત્માના છીએ." આ ઉપરથી વિશ્વાસની દૃઢતા રાખવી કે આપણે આ આત્મા પરમકૃપાળુદેવને અર્પણ કર્યો છે, એને શરણે આત્માનું જરૂર કલ્યાણ થશે. આપણું કામ તો તેની આજ્ઞા ઉઠાવવાનું છે, તે યથાશક્તિ કર્યા જ કરવું. વેદની કર્મ તેના ક્રમ પ્રમાણે ઉદયમાં આવી દેખાવ દેશે, તેથી ગભરાવાનું નથી, હિંમત હારવા જેવું નથી. કૂતરું ભસતું આવે પણ જેના હાથમાં લાકડી છે તે જો ઉગામી તો બે પગ વચ્ચે પૂંછડી ઘાલી ભાગી જાય છે; તેમ વેદનીય-કર્મનો ગમે તેવો આકરો ઉદય આવે પણ જેણે આર્ત્તધ્યાન નથી જ કરવું એવો નિશ્ચય કર્યો છે, હું દુઃખી છું એમ માનવું જ નથી, મનાય તેટલી મારી કમજોરી છે, ભ્રાંતિનો અભ્યાસ છે; પણ આત્મા પરમાનંદરૂપ છે —

"સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત્ર રહે તદ્ધ્યાન મહીં;
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે, વર તે, જય તે." (૯૫૪)

આ પરમકૃપાળુદેવના છેલ્લા કાવ્યની છેલ્લી કડી જ મારે તો માનવી છે, તેણે જોયો, અનુભવ્યો તેવો અનંત સુખધામ, અનંત પરમશાંતિરૂપ સુધામય આત્મા મારે તો માનવો છે, બીજું શરીર કે શરીરના ધર્મ સુખદુઃખ મનાય છે તે મારી ભૂલ છે તે ટાળી મારે તેને શરણે આટલો ભવ તેનાં જ વચનોને આધારે જીવવું છે, માનવું છે અને મરવું છે, આવા નિશ્ચયવાળાને કશો ડર નથી. મારી સમજણ ઉપર મારે મીંડું મૂકી ચોકડી તાણવી છે; તે ઢેડડીના કહ્યા પ્રમાણે વર્તી અનંતકાળ જન્મમરણ કર્યાં છે; હવે તો જે પરમકૃપાળુદેવે માન્યું છે તે જ મારે માનવું છે. "શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્‌પ્રકારે અહિયાસવા યોગ્ય છે." (૪૬૦) કસોટીના પ્રસંગમાં મહાપુરુષોને મરણાંત ઉપ-સર્ગોમાં પણ જે આત્મા છે, નિત્ય છે આદિ છ પદનો અખંડ નિશ્ચય રહ્યો છે તે વારંવાર યાદ કરવાથી જીવને ધર્મધ્યાનમાં વૃત્તિ રહે છે. જ્યાં આર્ત્તધ્યાન થાય તેવા પ્રસંગોમાં ધર્મધ્યાન થાય, નિર્જરા થાય અને આત્મા બળવાન બને છે. આ વેદનાથી બમણી વેદના ભલે આવો, પણ મારે જ્ઞાનીનું શરણ મરણ સુધી ટકાવી રાખવું છે, તેમાં કોઈ વિઘ્ન પાડી શકે તેમ નથી. વૃત્તિ કેમ રહે છે તેનો લક્ષ વારંવાર રાખી, જ્ઞાનીની આજ્ઞામાં, સ્મરણમાં, શૂરવીરપણામાં વૃત્તિ વહે તો વીર્ય વિશેષ સ્ફુરી આત્માનંદ અનુભવાશે. તે કઠણાઈનો પ્રસંગ બહુ હિતકર અને ચિરસ્મરણીય બની રહેશે. માટે હિંમત રાખી સત્પુરુષાર્થ ચાલુ રાખો. બને તો પૂનમ ઉપર આવવાનું રાખશો. સૌ સારું થશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૪૭૨ અગાસ, તા. ૧૩-૨-૪૪
તત્ ૐ સત્ મહા વદ ૪, ૨૦૦૦

સંસાર તમે જણાવો છો તેમ ક્લેશરૂપ છે, પણ વિચાર કરીને અંતરમાંથી તેની વાસના નીકળી જાય અને સ્વપ્ને પણ તેમાં મીઠાશ ન આવે એવા ભાવમાં જીવને રાખવો ઘટે છેજી. સુખના પ્રસંગોમાં ધર્મ કરવાની કાળજી રહેતી નથી અને દુઃખના પ્રસંગોમાં ઇચ્છા હોય તો પણ બનવું કઠણ પડે તેમ છે માટે જ્ઞાનીઓએ ચેતાવ્યા છે કે જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી નથી, રોગોથી ઘેરાયો નથી અને મરણથી કંઠે પ્રાણ આવ્યા નથી ત્યાં સુધી કાળજી રાખીને હે જીવ! જેટલું બને તેટલું ધર્મનું આરાધન કરી લે. પછીથી નહીં બને અને ભૂતકાળ વ્યર્થ ખોયો એમ પશ્ચાત્તાપ થશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૭૩ અગાસ, તા. ૧૩-૨-૪૪

ચોપાઇ — જે સદ્ગુરુ-ચરણથી અલગા, તે થડ છોડી ડાળે વળગ્યા;
જેને સદ્ગુરુ-પદશું રાગ, તેનાં જાણો પૂર્વિક ભાગ્ય. ૧
જેને સદ્ગુરુ સ્વરૂપશું પ્યાર, તેનો જાણો અલ્પ સંસાર;
જેને સદ્ગુરુચરણશું રંગ, તેને ન ગમે અવરનો સંગ. ૨
જે સદ્ગુરુ ચરણના રાગી, તે કહિયે સત્ય વૈરાગી;
જે સદ્ગુરુ સ્વરૂપના ભોગી, તે જાણો સાચા યોગી. ૩

તમારો પત્ર આજે મળ્યો. સત્સંગના અભાવે ખેદ થવો સ્વાભાવિક છે. પરંતુ તે ખેદને વૈરાગ્યમાં પલટાવી આ જીવે ઘણો સત્પુરુષાર્થ આદરવાની જરૂર છે. પૂર્વ પુણ્યની ઊણપ હોય અને તેની જરૂર સ્પષ્ટ સમજાય ત્યારે તો વિશેષ આરાધનાનો ક્રમ સેવવો યોગ્ય છેજી. સત્સંગના યોગે જીવની સંસારદશા અંતરંગથી પલટાઈ વૈરાગ્ય, સદ્ગુરુભક્તિ અને આત્મજ્ઞાનનું કારણ બને છેજી. તેવા યોગનો વિયોગ રહેતો હોય ત્યારે વિચારવંત જીવને સત્સંગયોગે પ્રાપ્ત થયેલી આજ્ઞા, શિખામણ, પ્રેરણા તથા સત્પુરુષનાં વચનોને પ્રત્યક્ષ સત્સંગતુલ્ય જાણી તેનો અભ્યાસ, ચર્ચા, સ્મૃતિ, ભાવના, તન્મયતા કરતા રહેવાથી વિશેષ કલ્યાણ થવાયોગ્ય જ્ઞાનીપુરુષે કહેલું છેજી.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે પરમકૃપાળુદેવે વિરહમાં ને વિરહમાં રાખી અમારું વિશેષ કલ્યાણ કર્યું છે. બીજા મુમુક્ષુઓ ગૃહસ્થ હોવાથી મુંબઈ વગેરે સ્થળે પોતે (પરમકૃપાળુદેવ) બિરાજતા હોય ત્યાં જાય અને તેઓશ્રીનાં દર્શન-સમાગમનો લાભ વધારે પામે. અને પોતે (પ્રભુશ્રીજી) મુનિવેશે હોવાથી વિહાર કરીને મુંબઈ ક્યારે જાય? કોઈ વખત આ તરફ પધારે ત્યારે કોઈ સ્ટેશને ગાડીમાં દર્શન થાય કે વિશેષ સ્થિરતા કોઈ સ્થળે હોય તો દર્શન, સમાગમ, બોધનો લાભ વધારે મળે પણ તે ક્વચિત જ. પરંતુ તેમની ભાવના નિરંતર અહોરાત્ર જાગ્રત રહેતી હોવાથી બધા મુમુક્ષુઓ કરતાં વિશેષ પ્રેમ, તન્મયતા અને ઝૂરણા રહેવાથી ફળ વહેલું અને સંપૂર્ણ પાક્યું. માટે જેમ અંતરની ભાવના આત્મકલ્યાણ કરવાની વિશેષ વિશેષ બળવાન બને, અને તેની જાગૃતિ પ્રમાદ આડે મંદ ન થતાં પ્રજ્વલિત રહ્યા કરે તેવી લાગણી દાઝ વધારવાની જરૂર છેજી. જે જે વસ્તુઓ અનંતકાળના પરિભ્રમણમાં

અનંત વાર પ્રાપ્ત થઈ, તે તે સર્વનો વિયોગ પણ થયો. પણ જે અનંત વાર ચાખી, સ્પર્શી, સૂંઘી, સાંભળી, જોઈ, વિચારી તે તે વસ્તુઓ પ્રત્યેની વાસનાપ્રીતિ હજી એમના એમ ચિત્તમાં ચાલી આવી છે, તે સર્વ પ્રત્યેથી ઉદાસ થઈ, કંટાળો લાવી, અત્યંત અપ્રીતિકર અને અહિત-હેતુ જાણી, કદી સ્વપ્નમાં પણ તે તે વસ્તુઓ પ્રીતિકર ન લાગે તેવી તે તે વસ્તુઓ પ્રત્યેની તુચ્છતા વિચારી, તે તે વાસનાઓ ઓકી કાઢવા જેવી છે, વિસ્મરણ કરવા જેવી છે એવી દૃઢતા હૃદયમાં ધારી; જે અપૂર્વ પદાર્થ કદી જોયો નથી, જાણ્યો નથી, અનુભવ્યો નથી, જેનું કંઈ પણ યથાર્થ ભાન-સમાધિ-સુખની પ્રાપ્તિ એક ક્ષણ પણ થઈ નથી છતાં તે પદાર્થ છે એવું સદ્‌ગુરુનાં વચનો દ્વારા હૃદય કબૂલ કરે છે, તે જ નિત્ય છે, આ નજરે દેખાય છે તે બધું તો નાશવંત છે. તે જ પ્રાપ્ત કરવા યોગ્ય છે અને તેના ઉપાય શ્રવણ, મનન, નિદિધ્યાસન, જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્તિ આદિ સદ્‌ગુરુએ ઉપદેશ્યા છે તે પરમ સત્ય છે. જીવ ધારે તો તે આરાધી શકે તેવા છે. તે જ આ મનુષ્યભવમાં પ્રાપ્ત કરી લેવા યોગ્ય છે. ગમે તેવાં શારીરિક કષ્ટો વેઠીને પણ જેની ઉપાસના કરવા યોગ્ય છે, જેને માટે ઝૂરવા યોગ્ય છે, મરણિયા થવા યોગ્ય છે અને જેની પ્રાપ્તિથી અનંતકાળના દુઃખની નિવૃત્તિ થઈ પરમપદની પ્રાપ્તિ હોય છે, પરમ શાંતિ અનુભવાય છે, નિરંતર અનંત સુખ અનંતકાળ સુધી જેથી મળે છે, એવા અપૂર્વ પદાર્થની પ્રાપ્તિનું સાધન આત્મજ્ઞાની પુરુષની આજ્ઞા આ ભવમાં પ્રાપ્ત થઈ છે, તો તે અનન્ય ભાવે ઉપાસવા યોગ્ય છે, અત્યંત અત્યંત તેમાં જાગૃતિ રાખવા યોગ્ય છે, એમ વિચારી એક ક્ષણ પણ સ્મરણમંત્રનું વિસ્મરણ ન થાય તથા આ જ યોગથી જીવને અપ્રાપ્ય વસ્તુની પ્રાપ્તિ થવા યોગ્ય છે એવી શ્રદ્ધા દૃઢ કરી અહોનિશ યથાશક્તિ પરમપ્રેમે પરમકૃપાળુદેવને શરણે તેની આજ્ઞાનું આરાધન, તેમાં તન્મયતા-એકતાન થવાય તેમ કરતા રહેવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૭૪ અમાસ, તા. ૧૭-૨-૪૪, ગુરુ

તમારો પત્ર આજે મળ્યો. વળી પુછાવો છો કે ઇંટર આર્ટ્‌સમાં શું option હિતકારી છે? હવે તમે તમારો અભ્યાસ વિચારીને જેમાં ચિત્તમાં રસ પડતો હોય તે વિષય પસંદ કરવા યોગ્ય છે. તમને જે ઠીક પડે અને ચિંતાનું કારણ ન થઈ પડે તે માર્ગ ગ્રહણ કરવા યોગ્ય છે. બહુ મહેનત કરી distinction માટે મથવા કરતાં સહજ પ્રયત્નથી થાય અને પરીક્ષાનો બોજો ન લાગતાં ચિત્તને અન્ય ઉચ્ચ આદર્શો ભણી પણ જતું ન રોકવું પડે, તેનો ક્રમ સ્વીકારવા ભલામણ છેજી. ઘણા યુનિવર્સિટીમાં ઊંચા નંબર મેળવેલા પછીના જીવનમાં ક્યાંય સંતાઈ જાય છે, દટાઈ જાય છે, માટે વિચારસિક વૃત્તિ થાય અને તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા પોષાતી રહે તેની હાલ જરૂર છેજી. વખત મળ્યે જેમાં પ્રીતિ છે એવી સદ્‌ગુરુની આજ્ઞામાં વૃત્તિ વાળતા રહેવું, નહીં તો વૅકેશન જેવા વખતમાં ધાર્મિક વાચનનો બને તો પ્રયત્ન કરવો, અને તેવા પ્રસંગ પણ પ્રાપ્ત ન થાય તોપણ નિરાશા ભજવા યોગ્ય નથીજી. પરમકૃપાળુદેવ લખે છે — "કેવળ નિરાશા પામવાથી જીવને સત્સમાગમનો પ્રાપ્ત લાભ પણ શિથિલ થઈ જાય છે. સત્સમાગમના અભાવનો ખેદ રાખતાં છતાં પણ સત્સમાગમ થયો છે એ પરમપુણ્ય-

યોગ બન્યો છે, માટે સર્વસંગત્યાગયોગ બનતાં સુધીમાં ગૃહસ્થવાસે સ્થિતિ હોય ત્યાં પર્યંત તે પ્રવૃત્તિ, નીતિસહ, કંઈ પણ જાળવી લઈને પરમાર્થમાં ઉત્સાહસહિત પ્રવર્તી વિશુદ્ધિ-સ્થાનક નિત્ય અભ્યાસતાં રહેવું એ જ કર્તવ્ય છે.'' (૭૭૮) ''कर्मण्येवाऽधिकारस्ते मा फलेषु कदाचन ।''

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૭૫ અગાસ, તા. ૨૦-૨-૪૪

બધા ભાવપૂર્વક ભક્તિ કરો છો તે જાણી સંતોષ થયો છેજી. વિકટ પ્રસંગમાં વર્તવાનું છે તો પુરુષાર્થ પણ વિકટ નહીં કરીએ તો વર્તમાન યુગમાં સહજ કર્મબંધનાં કારણો ઉપસ્થિત થાય છે તેમાં તણાઈ જવું બને તેવું છે, તો તે ઉપયોગ રાખવા ભલામણ છેજી. ''ઉપયોગ એ જ સાધના છે.'' (૩૭)

---

૪૭૬ અગાસ, તા. ૨૦-૨-૪૪

તત્ ૐ સત્ મહા વદ ૧૪, બુધ, ૨૦૦૦

દોહરો— આત્મા શુદ્ધ જ જાણિયો, અશુચિ શરીરથી ભિન્ન;
તો શાસ્ત્રો સૌ જાણિયાં, શાશ્વત સુખે લીન

મોક્ષમાળાના વાચનથી ઘણું જાણવાનું, શીખવાનું તથા સદ્ભાવમાં પ્રેરાવાનું બનશેજી. સત્સંગના વિયોગમાં પરમકૃપાળુ દેવના વચનો અને ભક્તિભાવ, સ્મરણ વગેરેની આજ્ઞા મળી છે તે આધારરૂપ છે. નિત્યનિયમ અખંડપણે પાળવા યોગ્ય છેજી. કષાયની મંદતા થયે, દેહદૃષ્ટિ દૂર થવા સૂક્ષ્મ વિચારથી સત્પુરુષની દશા સમજવા વિશેષ વિશેષ પુરુષાર્થ કર્તવ્ય છેજી. જેમ જેમ સદ્ગુરુના અચિંત્ય માહાત્મ્યનો પ્રફુલ્લિત ભાવ સ્ફુરશે તેમ તેમ આપણી દશા પણ વધતી જશે. સદ્ગુરુની ભક્તિ એ સર્વોત્તમ ઉપાય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૭૭ અગાસ, તા. ૨૧-૨-૪૪

તત્ ૐ સત્

ઉપજાતિ — ''સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.''

આપનું કાર્ડ મળ્યું. છેલ્લે ''મારાં પૂ. માતુશ્રી છેલ્લી અવસ્થા ભોગવે છે'' વગેરે લખ્યું તે વાંચી પત્ર તુર્ત લખવા વૃત્તિ રહેલી પણ નિવૃત્તિના અભાવે વિલંબ થયો છે તે ક્ષમાયોગ્ય છેજી. મનુષ્યભવમાં અનેક જીવોની સાથે પ્રયોજન પડે છે તેમાં માતપિતાનો ઉપકાર સર્વોપરી સંસારસંબંધી ઉપકારોમાં ગણાયો છે. તેમનું ઋણ કોઈ રીતે વાળી શકાય એમ નથી. માત્ર તેમને ધર્મમાર્ગમાં સ્થિર કરવામાં કે અંતિમ સેવામાં પોતાનું બનતું કરવાથી કંઈ અંશે તે ઋણ પતે છે એમ જ્ઞાની પાસેથી સાંભળ્યું છેજી. તેમની આશિષ પણ જીવને શાંતિદાયક અને શ્રેયનું કારણ છેજી. માટે બીજાં બધાં કામો કરતાં માતાની સેવામાં, તેમને પરમકૃપાળુદેવનાં વચનોનું પાન કરાવવામાં, પરમકૃપાળુદેવના અચિંત્ય માહાત્મ્યનું બને તેટલું વર્ણન કરવામાં, તે મહાપ્રભુ આ કાળમાં આપણા તરણતારણ છે, તે જ 'ગ્રહો પ્રભુજી હાથ' ''ચરણ તળે

ગ્રહી હાથ'' ભવસાગરમાં વહેતા પ્રાણીને બચાવનાર, ઉત્તમ ધામમાં સ્થાપનાર, પરમ વિશ્રામ-રૂપ છે. એ પુરુષના ગુણગ્રામમાં, માવીતરની સેવામાં કાળ જશે તે લેખાનો છેજી. 'એ શું સમજે? એમને હવે સંભળાતું નથી, અત્યારે ક્યાં ભાન છે?' એમ ગણી આપણે સેવામાં પ્રમાદી થવાની જરૂર નથીજી. એ સાંભળે કે ન સાંભળે પણ બોલનાર તો સાંભળે છે ને! આપણે આપણી ફરજ ન ચૂકવી.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ દેહ છૂટતાં પહેલાં ઘણા વખત અગાઉ કહી મૂકેલું કે એવો વખત આવે ત્યારે બીજી બધી વાતો, વાચન વગેરે બંધ કરી ''સહજાત્મસ્વરૂપ પરમગુરુ'' મંત્રની ધૂનથી આખો ઓરડો ગાજી ઊઠે તેવું વાતાવરણ કરી મૂકવું; અને દેહ છૂટી ગયો છે એમ ખબર પડે તોપણ થોડી વાર તેમ જ કર્યા કરવું. તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે તેમ જ બન્યું હતું–અને પછી જ બારણું ખોલી બધાંને ખબર આપ્યા હતા.

એક વખત પૂ. ચુનીભાઈનો નાનો દીકરો રસિક બે-અઢી વર્ષનો મરણપથારીએ હતો ત્યારે પ્રભુશ્રીજી ગયા હતા અને તેને ઉપદેશ આપવા લાગ્યા. બધાને લાગ્યું કે આટલો નાનો છોકરો ઉપદેશ શું સમજે? એવામાં પોતે જ બોલ્યા કે "પ્રભુ, આત્મા છે ને? ભલે તે નાનો હોય, મૂર્છામાં હોય પણ આત્મા છે, તેને (ખાસ કરીને મનુષ્યને) ઉત્તમ વાતાવરણની છાપ પડે છે. એકેન્દ્રિય જીવોને પણ તેની છાયામાં મુનિ સ્વાધ્યાય કરતા હોય તો લાભ થાય છે, ઉચ્ચગતિનું કારણ થાય છેજી.''

માટે પરમકૃપાળુદેવનું શરણ, તેમની કથા, તેમનાં વચનો, મંત્રનું સ્મરણ, ભક્તિ, પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનાં દર્શન-સમાગમ થયો હોય તેનું સ્મરણ, સદ્ગુરુપ્રસાદમાંથી ચિત્રપટોનું દર્શન, આશ્રમમાં કે ધામણમાં જ્યાં મંત્ર મળ્યો હોય તે પ્રસંગોની યાદી આપવાથી પણ ઉલ્લાસભાવ પામી જીવ બળવાન થાય છે અને મરણસંકટને સહેલાઈથી તરી સમાધિમરણ થાય તેવા ભાવમાં આવી જાય છેજી. ટૂંકામાં જગતનું વિસ્મરણ અને જ્ઞાની પરમકૃપાળુદેવના શરણમાં બુદ્ધિ સ્થિર થાય તેવી મદદ તેમને મળતી રહે તેવા સત્પુરુષાર્થની યોજના કરવા વિનંતી છેજી. સંભળાતું હોય અને તેમની ભાવના સાંભળવાની હોય તો 'સમાધિસોપાન'માંથી 'સમાધિમરણ,' 'મૃત્યુમહોત્સવ' તથા પૂ. પ્રભુશ્રીજીનો નાસિકનો બોધ સંભળાવતા રહેવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

— —

૪૭૮ અગાસ

પૂ..... અહીંથી તત્ત્વજ્ઞાન સ્મરણ સાધન લઈ ગયા છે એ તેમનાં અહોભાગ્ય ગણાય. તેનું અહોરાત્ર આરાધન કરે તેનું તેથી પણ વિશેષ ધન્યભાગ્ય ગણાય. પણ એવું સુંદર સાધન મળ્યા છતાં, સત્સંગનો લાભ અને તેના રૂપ 'આત્મસિદ્ધિ-વિવેચન' આદિ સદ્ગ્રંથ, પરમકૃપાળુ-દેવ અને પ. પૂ. પ્રભુશ્રીજીના ચિત્રપટ આદિ ભક્તિનાં સાધન સમીપ હોવા છતાં જે આત્મા ક્લેશિત રહે, બળી મરવા ઇચ્છે તેના જેવું દુર્ભાગી પ્રાણી કોઈ દેખાતું નથીજી. આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્તા છે, આત્મા ભોક્તા છે, મોક્ષપદ છે અને તે મોક્ષના ઉપાય

છે — આ છપદનો નિશ્ચય વારંવાર વિચાર કરીને કર્તવ્ય છે. તે વિષે ઊંડા વિચાર કરી "હું આત્મા છું, આ દેહરૂપે દેખાઉં છું તે કલંક છે, મારું તો સમ્યક્જ્ઞાનદર્શનસ્વરૂપ છે; તે સિવાય જગતમાં કહેવાતી કોઈ ચીજ કે માણસ મારાં થઈ શકે નહીં, અને મારાં મનાય છે તે જ ક્લેશનું મૂળ છે" એવો નિશ્ચય થયે કોઈ તરફથી સુખની કે દુઃખની અપેક્ષા-દૃષ્ટિ નહીં રહે. હું એકલો છું, એકલો આવ્યો છું, એકલો જ કર્મ બાંધું છું અને ભોગવું છું અને બાંધીશ તો એકલો જ ભોગવીશ. માટે કોઈના તરફ દોષદૃષ્ટિ નહીં રાખતાં, આ આત્માનો જ વાંક છે, તેનાં સર્વ સાધન બંધનરૂપ થયાં છે તે સવળાં કરી મોક્ષમાર્ગમાં આ ભવમાં જો મન નહીં લગાડું તો પરભવમાં મારી શી વલે થશે? એ વિચારી, સંસારની સર્વ ફિકરને વૈરાગ્યરૂપ ઘાસતેલ છાંટી બાળીજાળી ફૂંકી દઈ એક સદ્ગુરુ-સ્મરણ, પરમ-કૃપાળુદેવનો ચિત્રપટ અને તેનું શરણ હૃદયમાં દૃઢ રાખી બીજેથી વૃત્તિ ઉઠાવી લઈ "હું પરમાનંદરૂપ છું, પરમકૃપાળુદેવના હૃદયમાં જે શીતળીભૂત સુખ છે તે જ મારું સ્વરૂપ છે; મારે કોઈ રીતે દુઃખી થવું ઘટતું નથી. આ ભવમાં તેની ભક્તિ મળી છે તે મારાં મહાભાગ્ય છે; તે જો ચૂકીશ અને કષાયને વશ થઈ અવળું કરી બેસીશ તો મારી મહાકમબખ્તી થશે. માટે ગમે તેમ થાય તોપણ ભક્તિ કરવા જ જીવવું છે" એ નિશ્ચય તજવા યોગ્ય નથી એ જ ભલામણ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૪૭૯

અગાસ, તા. ૨૮-૨-૪૪
તત્ ૐ સત્ ફાગણ સુદ ૫, સોમ, ૨૦૦૦

"શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય;
એ ભોગવે એક સ્વઆત્મ પોતે, એકત્વ એથી નયસુજ્ઞ ગોતે."
—શ્રીમદ્ રાજચંદ્ર

"એકત્વભાવના આત્મશુદ્ધિની ઉત્કૃષ્ટતા કરે છે." — શ્રીમદ્ રાજચંદ્ર

આપનું કાર્ડ આજે મળ્યું. આપની તબિયત નરમ રહ્યા કરે છે તે જાણ્યું. થૂંકને લઈને વારંવાર ઊઠવું પડે છે અને નિત્યનિયમમાં પણ વિઘ્ન પડે છે તે સંબંધી તમે ખુલાસો પુછાવ્યો, તેના ઉત્તરમાં જણાવવાનું કે ભાવ તો એકસરખા રહેવા મુશ્કેલ છે, તેમ છતાં નિત્યનિયમ ઉતાવળે સ્વરે જ બોલવો (કરવો) જોઈએ એવો નિયમ નથી. મનમાં પણ બોલાય. વચ્ચે વિઘ્ન આવે ને ઊઠવું પડે તો ઊઠવું, પણ તેમાં લક્ષ બને તેટલો રાખીને કરવાની જરૂર છેજી. પરાધીનતાને કારણે ન બને તે વાત જુદી, પણ પ્રમાદને લઈને નિત્યનિયમ ન ચુકાય એટલી કાળજી તો મુમુક્ષુજીવે રાખવી ઘટે છેજી. કોઈ પ્રસંગે તેવી ગફલત થઈ ગઈ હોય તો સાવધાન થયા ત્યારથી "ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે ...." (૮૧૯) એ પત્ર ભક્તિ-પશ્ચાત્તાપપૂર્વક વાંચી કે બોલીને નિત્યનિયમ કરી લેવો ઘટે છેજી. બધા દોષોની માફી ક્ષમાપનાના પાઠમાં જ માગી લેવાની આવે છે છતાં કંઈક અવલંબન અર્થે આ પત્ર જણાવ્યો છે.

પરમકૃપાળુદેવને શરણે જે થાય તે જોયા કરવા જેવું છે. મૃગાપુત્રનું દૃષ્ટાંત "ભાવનાબોધ"માંથી વારંવાર વાંચી સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ અને મોક્ષમાર્ગ — જ્ઞાનીની આજ્ઞા — પ્રત્યે પ્રેમભાવ વર્ધમાન થાય તેવી વૃત્તિ વધારતા રહેવા વિનંતી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૮૦ અગાસ, તા. ૬-૩-૪૪

તત્ ૐ સત્

"શું પ્રાચીન પૂર્વજ સંભારું, આંખે આંસુ આવે, વીર!
શી હિમ્મત એના હૈયાની, રે! શા એનાં નૌતમ નીર!
હાય! હાય! આ ગતિ થઈ શી! હાય! હાય! શો કાળો કેર!
'રાય' હૃદય ફાટે છે હર! હર!....(નથી જોવાતી આવી પેર)"—શ્રીમદ્ રાજચંદ્ર

"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતા નહિ વાર." (૯૫૪)

આપનો પત્ર આવ્યો તે વાંચી સમાચાર જાણ્યા છેજી. દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે છે તેમ સુખની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ આવ્યા કરે છે તેને સમજુ જીવો સમભાવે સહન કરે છેજી. જેને સત્સંગનો યોગ આ ભવમાં થયો હોય અને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુની ભક્તિમાં પ્રેમ જાગ્યો હોય તેવા જીવે એક પ્રકારે અંતરમાં ઊંડી શાંતિ રાખવી ઘટે છે કે મારા આત્માનું કલ્યાણ થાય અને મારા આત્માની રક્ષા કરે તેવો ધીંગધણી, આ ભવમાં ભક્તિ કરવા યોગ્ય પરમાત્મસ્વરૂપ સાચો પતિ મને મળ્યો છે. આ દેહનું તો પુણ્ય કે પાપ પૂર્વે બાંધ્યાં છે તેને અનુસાર થવું હોય તેમ થાઓ, પણ મારા આત્માને તેથી ક્લેશિત કરવો ઘટતો નથી; પણ મારે મારા આત્માનો ઉદ્ધાર કરનારની શોધ કરવાની તો રહી નથી પણ તેની આજ્ઞા ઉઠાવવાની દાઝ વધે અને સંસારની ફિકરો કરતાં આત્માની કાળજી અનંતગણી રાખવાની છે એ વાત મારા હૃદયમાં ઘર કરે તેવી સમજણની જરૂર છે. તે પરમકૃપાળુદેવની ભક્તિથી અને તેના યોગબળે બની આવશે એટલી શ્રદ્ધા રાખી બને તેટલી ભક્તિ ભાવપૂર્વક કરતા રહેવા વિનંતી છેજી.

વખત વધારે ન મળે તેને માટે ખેદ કર્તવ્ય નથી, કે અહીં આવી ન શકાય તેવી પરાધીનતાને માટે પણ બહુ ચિંતા કરવા યોગ્ય નથી. પણ જેટલો વખત ભક્તિમાં ગાળવાનો લાગ મળે તેટલો વખત એકનિષ્ઠા અને ઉલ્લાસમાં જાય તેમ કરતા રહેવા વિનંતી છેજી. રામ, પાંડવો અને ગજસુકુમાર જેવા રાજવંશીઓને માથે અસહ્ય આપત્તિઓ આવી પડી છે તો આપણા જેવા હીનપુણ્યને સંકટો આવે તેમાં નવાઈ નથી. પણ તેમણે ધીરજ રાખી ભારે દુઃખમાં પણ આત્મહિત ન વિસાર્યું તેવી ધીરજ અને ધર્મભાવ આપણને વધો અને મરણકાળ સુધી ટકી રહો એવી ભાવના કર્તવ્ય છેજી. પરમકૃપાળુદેવે એક મુનિને કહેલુંઃ "તમે અમારી આજ્ઞા ઉઠાવશો તો ગમે ત્યાં મરણ પછી ગયા હશો તોપણ તમને પકડી લાવીશું." આવી

આત્માની સંભાળ લેનાર સદ્‌ગુરુનું જેને શરણું છે તે મહાભાગ્યશાળી છેજી. ફિકર કરવા યોગ્ય નથી. એ જ વિનંતી ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૮૧ અગાસ, તા. ૭-૩-૪૪

દોહરા—"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખરહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય."
કમળ મળ-મૂત્રાદિ સમ, સમ ચંદન ને ડામ,
સમતા સ્વામી રાજચંદ્ર-ચરણે ભાવ-પ્રણામ.

તમે બધા શારીરિક વેદનાના ભોગ થતા જાણી ધર્માનુરાગથી ખેદ થયો, પણ નિરુપાયતા આગળ તે શમાવ્યા વિના છૂટકો નથી. સમભાવ એ મોક્ષનો દ્વારપાળ છે. તેની રજા વગર કોઈ મોક્ષ પામ્યા નથી અને તે સહનશીલતાથી પ્રાપ્ત થાય છે. સહનશીલતાનો આધાર સમ્યક્ સમજણ-આત્મજ્ઞાન છે. તેનો આધાર સદ્‌ગુરુ પ્રત્યે શરણભાવ, તેનાં વચનો – બોધની ઉપાસના અને તેનાં વચનના આશય પ્રત્યે પ્રીતિ, પ્રતીતિ, ભક્તિ એ છે. એક રીતે આપણાં અહોભાગ્ય છે કે હડહડતા કળિકાળ જેવા નાસ્તિક યુગમાં આત્માનું માહાત્મ્ય હૃદયમાં ઘોંચી ઘાલે તેવા પ્રત્યક્ષ ઉપકારી પ. પૂ. પ્રભુશ્રીજીનાં દર્શન, સમાગમ, સેવા, આજ્ઞા આદિ ધર્મનાં બીજની પ્રાપ્તિ થઈ છેજી અને તેને પોષણ મળે તેવા સત્સંગધામને તે પાછળ મૂકતા ગયા છેજી.

જ્યાં સુધી અસાધ્ય વ્યાધિ આવી નથી, ત્યાં સુધી જ્ઞાનીપુરુષની આજ્ઞાનું મુશ્કેલીથી આંખો મીંચીને પણ આરાધન કર્તવ્ય છેજી. પરમકૃપાળુદેવ લખે છે કે "કળિયુગ છે માટે ક્ષણ વાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે." (૨૫૪) સમજ્યા ત્યારથી સવાર ગણી તેની જ ભાવના નિરંતર રહે એવો લક્ષ (ઘસારો પાડી દેવો – ઘસી નાખવું એમ પૂ. પ્રભુશ્રીજી કહેતા) હૃદયમાં દઢ કરવા યોગ્ય છેજી. માથે મરણ ભમે છે, લીધો કે લેશે એમ થઈ રહ્યું છે તો આ જીવ કયા કાળની રાહ જોઈ હવે મંડી પડતો નથી? ખાસ કરીને વેદનાના પ્રસંગમાં જીવ જો ન ચેતે તો અનાદિનો અધ્યાસ હોવાથી વૃત્તિમાં દેહાદિ અશાતામાં ઉપયોગ તણાઈ જાય અને મને દુઃખ થાય છે, હું માંદો છું, દુઃખી છું આમ થઈ જવું સહજ છે અને એને જ સ્વપ્નદશા મહાપુરુષોએ કહી છે અને તે જ આર્ત્તધ્યાનનું કારણ છે. માટે "હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી; શુદ્ધચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય" – કેવળજ્ઞાન થાય. "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે."

સુખ દુઃખ એ કર્મનું ફળ છે; તેથી આત્માનો અનુભવ જુદો છે. પાણીમાં સાકર નાખી ચાખે તો સાકરનો સ્વાદ આવે, પાણીનો ન આવે; તેમ પુદ્‌ગલના ધર્મ રૂપ, રસાદિ પર છે, તેનું જ્ઞાન તે પુદ્‌ગલ આધીન છે. તેમાંથી નિમિત્તને લઈને જે વિકાર જણાય છે તેથી જુદું જ્ઞાનીએ જાણ્યું છે તેવું મારું સ્વરૂપ છે એવી શ્રદ્ધા, વેદના વખતે અત્યંત ઉપકારી છે. "સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી

અવસ્થા શી? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું, તન્મય થાઉં છું." (૮૩૩) "ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો." (૩૭)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૮૨ અગાસ

આપે પત્રમાં ઉપાધિ વિષે લખ્યું તે વાંચ્યું. જેણે ઉપાધિનું સ્વરૂપ વિચાર્યું છે તે ઉપાધિને દુઃખરૂપ માને છે અને તેવી ઉપાધિના કોઈ અંશને હિતકારી, સુખકારક કે ઇચ્છવા લાયક માનતા નથી; એટલું જ નહીં, પણ તેવી ઉપાધિરૂપ દુઃખથી જેમ બને તેમ વહેલા છૂટવાના ઉપાયમાં પ્રવર્તે છે. મોહને લઈને સ્ત્રી, પુત્ર, કુટુંબ, ધન આદિમાં જે મીઠાશ લાગતી હતી તે વિચારણા જાગતાં બદલાઈ જાય છે અને નાશવંત વસ્તુનો મોહ કરીને જે દુઃખ ઉઠાવ્યું તેથી કંઈ આત્મકલ્યાણ ન થયું, ઊલટી માયાજાળ વધારી એમ લાગે છે. હવે આવા સંસારમાં ફરી જન્મવું ન પડે તે માટે શું કરવું તે જીવ વિચારવા લાગે છે અને જેમ જેમ ઉપાધિ ઘટે તેમ તેમ વિચારવાનો અવકાશ મળે અને શાંતિ અનુભવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. માટે જેમ બને તેમ, જ્યાં સુધી સત્સંગનો યોગ ન બને ત્યાં સુધી, સત્સંગની ભાવના રાખી સત્પુરુષનાં વચન, આજ્ઞા, ભક્તિમાં કાળ વ્યતીત થાય તે પ્રકારે પ્રવર્તવા ભલામણ છેજી. બીજું વિશેષ ન બને તો જે જે મુખપાઠ કરવા જણાવેલું છે તે મુખપાઠ કરી નિત્ય ફેરવવાનો પુરુષાર્થ કર્યા કરશો અને હરતાં, ફરતાં, બેસતાં, ઊઠતાં, ચાલતાં, ખાતાં, પીતાં, જાગતા હોઈએ ત્યાં સુધી સ્મરણમંત્રમાં ચિત્ત રાખવાનો લક્ષ રાખશોજી. જેવું કારણ ઉપાસીએ તેવું કાર્ય થાય છે. તેથી સંસારનાં કારણોથી દૂર રહી, અથવા લૌકિક ચિંતાઓ ઓછી કરી જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉપાસવાનો પુરુષાર્થ કરવા માંડીશું તો જ્ઞાનીપુરુષોએ જે પ્રાપ્ત કર્યું છે તે પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બનીશું. માટે સંસારની જંજાળમાંથી બચતો વખત વ્યર્થ ગુમાવવા કરતાં સત્પુરુષનાં વચનોના વિચારમાં અને બને તેટલી શાંતિ પ્રાપ્ત કરવામાં જેટલો કાળ જશે તેટલું જીવન સાર્થક ગયું ગણાશે.

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર."—શ્રીમદ્ રાજચંદ્ર

સંસારસાગર તરવાનો જેણે નિશ્ચય કર્યો છે તેણે કેવી રીતે જીવવું? બચતો વખત કેમ ગાળવો? આત્મહિત કેટલું સાધી શકાય છે? તેની તપાસ રાખવી, અને જીવન ઉત્તમ કેવી રીતે ગળાય તેનો નિર્ણય કરી રાખવો ઘટે છે. એ લક્ષ જેનો હશે તે વહેલેમોડે તે તે સાધનો શોધી પ્રાપ્ત કરી સંસાર તરવા શક્તિમાન થશે. માટે મોહમાં કાળ બધો વહ્યો ન જાય અને મરણ વખતે પસ્તાવું ન પડે, માટે પાણી પહેલાં પાળ અથવા ઘર લાગ્યા પહેલાં કૂવો ખોદાવી પાણીની સગવડ કરી રાખવી કે જેથી આફતમાંથી બચી જવાય. તેમ મરણ તો દરેકને આવવાનું છે; તો સમાધિમરણ કેમ થાય? ઉપાધિનું દુઃખ કેમ ન લાગે? વગેરે વિચારો

વિચારવાન જીવે કરી લેવા ઘટે છે. તેને માટે સત્સંગની ઘણી જરૂર છે તો તેવો અવકાશ મેળવી સત્સંગ કરતા રહેવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૮૩ અગાસ, તા. ૧૩-૩-૪૪
તત્ ૐ સત્ ફાગણ વદ ૩, સોમ, ૨૦૦૦

કવાલી — કૃપાળુની કૃપા ધારી, અનીશું પૂર્ણ બ્રહ્મચારી,
સહનશીલતા, ક્ષમા ધારી, સજી સમતા નીતિ સારી.

પરમકૃપાળુદેવે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીને પ્રથમ પત્ર લખ્યો છે તેમાં "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો, સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું...." (૧૭૨) લખ્યું છે તે ક્રમ ઉપર તમને આવતા જાણી હર્ષ થાય છેજી. તે પત્ર મુખપાઠ ન કર્યો હોય તો કરી તેમાં જે માર્ગ દર્શાવ્યો છે તે હૃદયમાં અંકિત કરવા યોગ્ય છેજી. વૈરાગ્ય અને અપ્રમત્તપણે સત્પુરુષે દર્શાવેલા માર્ગનું આરાધન એ જ પરમકૃપાળુદેવે સ્વાત્મવૃત્તાંતરૂપ કાવ્ય "ધન્ય રે દિવસ આ અહો!" ગાયું છે તેનો સાર છે. તે પણ મુખપાઠ કરી તેમાં જણાવેલા ક્રમે, પગલે પગલે ચાલવા પુરુષાર્થ કર્તવ્ય છેજી.

બીજું તમે પચખાણ લીધેલું છે અને અશક્તિ રહેતી હોવાથી ઉપવાસ મહિનામાં એક કરો છો તે ન કરવા વૈદ્યની સલાહ જણાવી, શું કરવા યોગ્ય છે એમ પુછાવ્યું તેના ઉત્તરમાં જણાવવાનું કે પ્રતિજ્ઞા લીધેલી પાળતાં વિઘ્નો આવે ત્યાં જ જીવને આગળ વધવાનો માર્ગ છે. દેહાધ્યાસ છોડવાના પુરુષાર્થરૂપ વ્રતનિયમો છે.

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ." શ્રી આત્મસિદ્ધિ

અશક્તિ જણાય છે એ કંઈ મોટું વિઘ્ન નથી તેમ છતાં દવા ચાલુ હોય અને એક દિવસ ન લેવાથી ઘણા દિવસની દવાની અસર થયેલી તૂટક થવાથી દવા નિષ્ફળ થાય છે એમ વૈદ્યનું કહેવું થતું હોય અને તેથી તમને વિકલ્પ રહ્યા કરતો હોય કે શરીરમાં વૃત્તિ રહી આર્ત્તધ્યાન થવા તરફ વલણ થતું હોય તો તે દૂર કરવા અપવાદમાર્ગે છે તે જણાવું છું. જોકે જે ભાવથી નિયમ ગ્રહણ કર્યો છે તેના શૂરવીરપણે છ માસનો નિયમ પૂર્ણ થાય તો નિર્ભયતા તરફ પગલાં ભર્યાં ગણાય. આત્મવીર્યની વૃદ્ધિનું કારણ છે પણ વૃત્તિ વ્રતમાં ટકતી ન હોય તો એક ઉપવાસને બદલે બે એકાશન કરી શકાય છે. એટલે અજવાળિયામાં એક અને અંધારિયામાં એક એમ બે એકાશનો કરવાથી એક ઉપવાસ શાસ્ત્રીય નિયમે કર્યો ગણાય. દવા વગેરે જમતી જ વખતે લેવાની હોય તે લઈ શકાય એટલે દવામાં તૂટક નહીં પડે અને ધર્મધ્યાન માટે બે દિવસો મળશે. એક વખત ખાઈ લીધા પછી બધો દિવસ લગભગ ધર્મધ્યાન અર્થે ગાળવો છે એ લક્ષ રહેશે તોપણ લાભનું કારણ છેજી.

પૂ. ભાઈ........ તથા તમારા કુટુંબના સર્વે દિવસમાં એકાદ વખત સમૂહભક્તિમાં બેસતાં હશો. બધાંને અનુકૂળ હોય તેવો એક કે અર્ધો કલાક સાથે ભક્તિ રાખવાથી નાનાં મોટાં સર્વને ધર્મના સંસ્કાર દૃઢ થાય, ઉત્તમ વાતાવરણનો શોખ લાગે, પોતાને અવકાશે ભક્તિવાચન વગેરે માટે વૃત્તિ જાગે. માટે તેવો ક્રમ રાખ્યો ન હોય તો થોડો વખત બીજી લોકલાજ તજી સાથે ભક્તિ કરવાની ટેવ પાડવા ભલામણ છેજી. 'યોગવાસિષ્ઠ મહારામાયણ' ત્યાં મળી શકે તો વૈરાગ્ય અને મુમુક્ષુ એ બે પ્રકરણો વાંચવા યોગ્ય છેજી. વૈરાગ્યદશાની વૃદ્ધિ માટે ઉપયોગી છેજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૮૪ અગાસ, તા. ૨૩-૩-૪૪, ગુરુ

તત્ ૐ સત્

આપના પિતાશ્રીના દેહ-અવસાનના સમાચાર મળ્યા. તથા તમારે શિર બધી જવાબદારી આવી પડી છે એમ સાંભળ્યું. પૂર્વકર્મ અનેક રૂપ લઈને આવે છે, તેમાં આપણી કસોટી થઈ રહી છે. સત્પુરુષના આશ્રિતને છાજે તેવી રીતે હિમ્મત હાર્યા વિના તથા જ્ઞાનીપુરુષની આજ્ઞાનું વિસ્મરણ થાય નહીં તેમ જે કંઈ આડું આવે તે યથાયોગ્ય રીતે કોરે કરવાનું છે, ખસેડવાનું છે. પથ્થર તળે હાથ આવ્યો હોય તો કળે કળે કરીને કાઢી લેવાનો છે. પરમકૃપાળુદેવે એક સુંદર શિખામણ આવા પ્રસંગે લક્ષમાં રાખવા યોગ્ય જણાવી છે કે "બાહ્યભાવે જગતમાં વર્તો અને અંતરંગમાં એકાંત શીતલીભૂત-નિર્લેપ રહો." (૭૨) આ શિખામણ પોતે અમલમાં મૂકીને પ્રદર્શિત કરી છે. આપણે તેના શરણે તેમના પગલે પગલે અબંધ થવા પુરુષાર્થ કરવાનો છેજી.

નાના છોકરાને કોઈ ડરાવે ત્યારે તેની મા તરફ જેમ દોડી જાય છે તેમ કર્મના ત્રાસમાં પરમકૃપાળુદેવ એક શરણરૂપ છે. તેનાં અમૃતમય વાક્યોમાંથી કોઈ એકનું અવલંબન લઈને તેની અલૌકિક દશાની સ્મૃતિમાં આશ્ચર્ય અને આનંદ સહિત ઉપાધિનો પ્રસંગ વ્યતીત થાય તેમ કરવા ભલામણ છેજી. વિશેષ વાચનનો વખત ન મળતો હોય તો જે મુખપાઠે કર્યું છે તેના વિચાર ટ્રેન વગેરેમાં મુસાફરી કરતાં કે ફરવા જતાં પણ ચાલુ રહે એવી ટેવ પાડશો તો આ મુશ્કેલી એક સારી આદત બેસાડવારૂપ ઉપકારકર્તા નીવડશેજી. બીજું કંઈ ન બને તો સ્મરણમાં વારંવાર વૃત્તિ રાખતા રહેવાથી ઘણાં કર્મથી બચી જવાનું કારણ થાય તેમ છેજી. ભલે ઉપાધિપ્રસંગ વધતો જાય પણ આપણું વીર્યબળ વધારવાનો પુરુષાર્થ આપણે વિશેષ જાગ્રત કરતા રહેવાની જરૂર છેજી, નહીં તો આ કાળમાં પરમાર્થનું કામ પડ્યું રહે અને નિષ્ફળ પ્રવૃત્તિઓમાં આખું જીવન વ્યતીત થાય તેવો વખત આવી લાગ્યો છે. માટે 'ચેતતા નર સદા સુખી' કહેવાય છે તેમ કાલે શું થશે તેની ક્યાં ખબર છે? માટે વૈરાગ્યની વૃદ્ધિ કરી, સંસારને જાળરૂપ જાણી, મનની વૃત્તિ નિવૃત્તિ તરફ વારંવાર વળે અને પરમ શાંતિ-પ્રેરક પરમકૃપાળુદેવની શાંત, વીતરાગ મુખમુદ્રા સ્મૃતિમાં આવે તેમ લક્ષ લેવા યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૪૮૫ અગાસ, ચૈત્ર સુદ ૪, ૨૦૦૦

જ્યાં સુધી અનિત્ય પદાર્થોમાં ચિત્તની પ્રવૃત્તિ પ્રીતિસહ વર્તે છે, તેને અર્થે હર્ષશોક થયા કરે છે અને તેની વાસના રહ્યા કરે છે ત્યાં સુધી શાંતિની આશા ક્યાંથી રાખી શકાય? શાંતિ, સુખનો વાસ તો શુદ્ધ આત્મસ્વરૂપમાં કે તે પદ પામેલા પરમકૃપાળુદેવમાં છે; તો જેણે સત્સુખ પ્રાપ્ત કરવું હોય તેણે જ્યાં તેનો વાસ છે તેની યથાર્થ ઉપાસના કર્તવ્ય છેજી. બાગની શોભા જોવા રખડતો માણસ ભૂખ્યો થયો હોય, તો તે રખડવું છોડીને ધુમાડો ખૂકવો પડે તોપણ ચૂલો ચેતાવી રસોઈ કરે અને જમે તો ભૂખ ભાંગે, તૃપ્તિ થાય; તેમ જગતના ચિત્ત-આકર્ષક અનિત્ય પદાર્થોમાં રખડતું મન રોકીને મુશ્કેલી લાગે તોપણ મુક્તિમાર્ગને આરાધવા જ્યારે જ્ઞાનીનું કહેલું ગળે ઉતારશે ત્યારે જ જીવને આત્મ-તૃપ્તિ, સત્સુખની પ્રાપ્તિ થશેજી. વધારે શું લખવું? સત્સુખ વિના આ જીવ નિરંતર દુઃખી છે એમ હજી નિર્ણય પાકો થયો નથી, તે વારંવાર વિચારી દૃઢ નિર્ણય કર્તવ્ય છેજી. પછી દુઃખ માનશે ત્યાં ચિત્ત ટકશે જ નહીં; જ્યાં શાંતિ હશે ત્યાં ભ્રમરની પેઠે શોધતું ફરશે, પ્રાપ્ત પણ કરશે એ જ વિનંતી.

---

૪૮૬ અગાસ, ચૈત્ર સુદ ૪, મંગળ, ૨૦૦૦

તમારી ભાવના જાણી. કરાળ કાળમાં કાલની કોને ખબર છે? અખા ત્રીજને દિવસે ધામણ તરફના એક ગામમાં ચિત્રપટની પ્રતિષ્ઠા કરવાની હતી તે ભાઈનો દેહ છૂટી ગયાના સમાચાર આવ્યા છે માટે ધર્મના કાર્યમાં ઢીલ કર્તવ્ય નથીજી. 'કાલ કરવા ધારતો હોય તે આજ કર, આજ કરવું હોય તે હમણાં કર' એમ કહેવાય છે તે ખરું છે. ધનના કરતાં ધર્મની વિશેષ અગત્યતા લાગે અને નાશવંત વસ્તુઓ કરતાં શાશ્વત વસ્તુ અર્થે વિશેષ આયુષ્યનો વખત ગળાય તેવો નિર્ણય અને તદનુસાર પુરુષાર્થ જ્ઞાનીને વિશ્વાસે તેને શરણે કર્તવ્ય છેજી. તમારી વિનંતી ભાવનારૂપે ઠીક છે, પણ વિશેષ વિચારે તમે શ્રી આશ્રમમાં ચાતુર્માસ રહેવા વિચાર રાખો તો વિશેષ લાભનું કારણ સમજાય છેજી. આશ્રમનું સ્થળ જ્યાં પરમ ઉપકારી પ્રભુશ્રીજીએ ચૌદ ચોમાસાં કર્યાં છે, જ્યાં અનેક મુમુક્ષુજીવો પોતાનો સ્વાર્થ થોડા વખત માટે કે લાંબા વખત માટે તજી એક ધર્મધ્યાન અર્થે જ રહે છે તેવા વાતાવરણમાં અમુક વખત અવકાશ લઈ રહેવાય તો આખો દિવસ નિવૃત્તિયોગે નિરુપાધિપણે ધર્મધ્યાનમાં જાય તેવો સંભવ છેજી. બીજા જીવોની વાત ગૌણ કરી હાલ તો જેને પરમ સત્સંગની પ્રાપ્તિ થઈ છે તેવા જીવોએ તેની સફળતા કરી લેવાની ઉતાવળ અંતરમાં રાખવી ઘટે છેજી. આ વિચારે ક્યાંય વિશેષ રહેવાની વૃત્તિ થતી નથીજી. પ્રારબ્ધયોગે જવું પડે તો ટૂંકામાં પતાવી નિવૃત્તિ વિશેષ આરાધાય તેમ ધારણા હોવાથી આપની વિનંતી તરફ વૃત્તિ રહેતી નથીજી. જેને આવા કાળમાં પણ ધર્મજિજ્ઞાસા જાગશે તે તો ગમે ત્યાંથી દૂરથી પણ આવી તેની આજ્ઞાના આરાધનમાં જોડાઈ જશે અને કલ્યાણનો ભાગી બનશેજી. માટે આપણે આપણી જિંદગીને જો કીમતી અને પરમપુરુષની આજ્ઞા પ્રાપ્ત થવાથી મહામૂલ્યવાન માનતા હોઈએ તો તે વ્યર્થ નિરર્થક કાર્યોમાં વહી ન જાય તેમ કોઈ ઉત્તમ ક્રમમાં નિયમિતપણે ગાળવી ઘટે છેજી. ધન, સ્ત્રી, પુત્રાદિ પોતાના નથી છતાં પોતાના જ્યાં સુધી મનાય છે ત્યાં સુધી તે ક્રમ કેમ આરાધાય? પરમ-

કૃપાળુદેવની કહેલી વાત માન્યા વિના, હૃદયમાં જાગ્રત રાખ્યા વિના કોઈ કાળે મોક્ષની પ્રાપ્તિ થવી સંભવતી નથીજી, તો ઢીલ શા કામની ? આ વાત વારંવાર વિચારવા યોગ્ય છેજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૮૭ તા. ૩૧-૩-૪૪

તત્ ૐ સત્ ચૈત્ર સુદ ૭, શનિ, ૨૦૦૦

"વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ ?"

આપનો પત્ર બે ભાઈઓના દેહોત્સર્ગ સંબંધી ખેદકારક સમાચારવાળો મળ્યો. કર્માધીન દશામાં પરાધીનતારૂપ દુઃખ એ જ ખરું દુઃખ છે. બીજા પ્રકારનાં દુઃખ તો અવશ્યંભાવિ તેને લઈને જ છેજી. માટે મહાપુરુષોએ બીજા ઉપાયોને ગૌણ કરી એક કર્મક્ષયનો માર્ગ પસંદ કર્યો છેજી. સંસારમાં તો મોટે ભાગે દુઃખ જ છે, શાતાજનિત સુખ પણ નહીં જેવું જ છે. ખરી રીતે તો એકાંત દુઃખરૂપ જ સંસારનું સ્વરૂપ પરમકૃપાળુદેવે વર્ણવ્યું છે; તે સમજી નિરંતર સાંસારિક પ્રસંગોમાં ઉદાસીનતા ઉપાસવા યોગ્ય છેજી. 'પરોપદેશે પાંડિત્ય' તો આ જીવે ઘણી વાર કર્યું છે; પણ હવે અંતરમાં સાચી ઉદાસીનતા જાગે, અને આ કલ્પિત વસ્તુનું આટલું બધું માહાત્મ્ય હૃદયમાં વસ્યું છે તે ઝાકળના જલની પેઠે ઊડી જાય, જગત-માન્ય વસ્તુઓ સાવ તુચ્છ નજરે જણાય અને બધો પરવસ્તુ પ્રત્યે ઢળેલો પ્રેમ પરમકૃપાળુદેવ પ્રત્યે ઢળે એવા ભાવની ઉપાસના મારે તમારે બધાએ વગર વિલંબે કર્તવ્ય છેજી. વર્તમાન પ્રસંગો આપણને જાગૃતિ આપવા સમર્થ છે કે આપણા ઉપર જ આવી પડે ત્યારે જાગવું છે? અનંત પરિભ્રમણનો વિચાર કરીએ તો આપણા ઉપર પણ આવા અનેક પ્રસંગો આવી ચૂક્યા છે, છતાં જેમ સવાર થતાં ઠંડી પડે ત્યારે ઊઠવાને બદલે ચાદર ખેંચી ખેંચીને માથું ઢાંકી ઊંઘવા પ્રયત્ન કરતા આળસુની પેઠે તે તે પ્રસંગો પ્રત્યે આંખ આડા કાન કર્યા છે, મોહનિદ્રાની મીઠાશ અનુભવી છે, ઝેર જેવું લાગ્યું નથી. આ આદત ફેરવ્યે જ છૂટકો છેજી. જે સામાન્ય વિચારો મનમાં વર્તતા હતા તે સહજ જણાવ્યા છેજી. અમુકને ઉદ્દેશીને લખ્યું નથી, સર્વને મારે તમારે હવે તો ચેતવા જેવું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૮૮ અગાસ, તા. ૫-૪-૪૪

આપનું એક કાર્ડ મળ્યું. આપની સખત બીમારી સંબંધી સમાચાર તથા દાનભાવના દર્શાવી તે જાણ્યું. ઘણી વખત એવી માંદગી શ્રી અનાથીમુનિ જેવાને પરમ કલ્યાણનું કારણ થઈ પડે છે. બીજું કંઈ નહીં તો અસાર વસ્તુ તે વખતે અસાર – તજવા યોગ્ય – લાગે છે. તેનો વિચાર થાય તો ફરી તીવ્ર મોહ થવાનું કારણ ન બને. તેવા પ્રસંગ વારંવાર સ્મૃતિમાં લાવવાથી તથા એક સદ્ગુરુ અને તેનું શરણ જ તે વખતે ઉપયોગી છે એ લક્ષ રહે તો વૈરાગ્યનું કારણ બને છે.

નિમિત્તાધીન જીવ છે, તેથી ઉત્તમ ઉત્સવના પ્રસંગોમાં ભાવની વૃદ્ધિ થાય તે કલ્યાણકારી છેજી. શરીર અને શરીરના આશ્રિતમાં મોહમમતાભાવ છે તે દૂર થાય તેવો પોતે પોતાને બોધ કરવા યોગ્ય છેજી. "આપ સમાન બળ નહીં અને મેઘ સમાન જળ નહીં." ઉત્તમ નિમિત્તે પણ પોતે જાગ્રત થશે ત્યારે કામ થશે.

---

૪૮૯ અગાસ, તા. ૬-૪-૪૪

આપે પુછાવેલ પત્ર ૩૫૮ ની શરૂઆતમાં બે દૃષ્ટિની વાત છે: એક લોકોની દૃષ્ટિ તે લૌકિક દૃષ્ટિ અને બીજી જ્ઞાનીના અભિપ્રાયવાળી અલૌકિક દૃષ્ટિ. એ બન્નેનું સ્વરૂપ અને ફળ પરસ્પર વિરોધી છે. એક પુદ્ગલસુખને ઇષ્ટ માનનારી બહિરાત્મ જીવોની દેહદૃષ્ટિ છે અને બીજી દૃષ્ટિ ("પુદ્ગલ અનુભવ ત્યાગથી કરવી જસુ પરતીત હો મિત્ત" શ્રી દેવચંદ્રજી કહે છે તેમ) દેહ તે હું; દેહાદિ સુખો, તેની મીઠાશ, ધનાદિક મારાં, તેની મમતામાં વિશ્વાસ અને સુખબુદ્ધિ એ અજ્ઞાનદૃષ્ટિના ત્યાગથી સ્વીકારવા યોગ્ય જ્ઞાનીની દૃષ્ટિ છે. હું કંઈ જાણતો નથી, જ્ઞાનીએ આત્મા જાણ્યો છે. તે કહે છે તે મને માન્ય છે, માન્ય કરવું છે. મારી માન્યતાએ અનંત પરિભ્રમણ કર્યું. હવે ઇન્દ્રિયો અને દેહાદિ પુદ્ગલ સુખની પુષ્ટિ કરવાની વૃત્તિ તજી, અનાદિ સ્વપ્નદશાથી રહિત પુદ્ગલના સુખદુઃખથી ભિન્ન જે સત્સુખ આત્મગુણ છે, તે જીવને નિષ્કાંક્ષિતગુણ પ્રગટ્યે સમજાય છે. તે આત્મિક સુખ સર્વ અનુકૂળતાઓ તજીને પ્રાપ્ત કરવું છે, એવો નિર્ણય તે જ્ઞાનીના અભિપ્રાય પ્રમાણે છેજી. દેહાદિ પદાર્થોનું સ્વરૂપ જ્ઞાની કહે છે તે સ્વીકારે તેને સમ્યક્દર્શન પ્રાપ્ત થાય છે એવું એ બે લીટીમાં જ્ઞાનીને કહેવું હોય તેમ ભાસે છેજી. 'મૂળમાર્ગ'માં તે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે—

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ – મૂળ૦
એમ જાણે સદ્ગુરુ-ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ – મૂળ૦"

જગત જેને સુખ માને છે ને જગત જેને દુઃખ માને છે તે જ માન્યતા જેની રહી હોય તે જ્ઞાનીનો આશ્રિત નથી. જ્ઞાનીનું કહેલું જેને સર્વ પ્રકારે સંમત છે, તે જ્ઞાનીનો આશ્રિત અને સમ્યક્દર્શનનો અધિકારી છેજી. તે વારંવાર વિચારવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૯૦ અગાસ, તા. ૭-૪-૪૪

તત્ ૐ સત્ ચૈત્ર સુદ ૧૪, શુક્ર, ૨૦૦૦

"જગતના અભિપ્રાય પ્રત્યે જોઈને જીવ પદાર્થનો બોધ પામ્યો છે. જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઈને પામ્યો નથી. જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે તે જીવને સમ્યક્-દર્શન થાય છે." —શ્રીમદ્ રાજચંદ્ર (૩૫૮)

કર્મના ઉદય વખતે કેવા ભાવ રાખવા શ્રેયસ્કર છે? કેવા પરિણામ રાતદિવસ રહ્યા કરે છે? અને તેનું કેવું ફળ આવવા યોગ્ય છે? એ વિચાર મુમુક્ષુજીવે વારંવાર કર્તવ્ય છેજી. જો દોષો દેખાશે, તે ખૂંચશે, તો જીવ જ્ઞાનીએ દવારૂપ સત્સાધન આપ્યું છે તેને સંભારીને તુર્ત ઉપાય કરશે. પણ જેમ ખોરાક વિના દુઃખ લાગે છે, ધન વિના દુઃખ લાગે છે કે કોઈ અણુ-

ગમતું કહી બેસે તો દુઃખ લાગે છે તેવું દુઃખ – ધર્મ નહીં આરાધીએ તો, નથી ગમતું એવા દુઃખથી અનંતગણું દુઃખ આવી પડશે એવાં કર્મ બંધાશે તેનું – લાગતું નથી. તેથી ધર્મકાર્યમાં પ્રમાદ થાય છે, તે નહીં કરીએ તો આજે ચાલશે એમ કંઈ અંશે રહેતું હોવાથી અવશ્ય કરવા યોગ્ય ધર્મકાર્ય કોઈ દિવસે ભુલાઈ પણ જાય છે. મૂંઝવણભર્યા પ્રસંગે વધારે સાંભરવું જોઈએ એવું જે જ્ઞાનીનું કહેલું, તેનું માહાત્મ્ય જોઈએ તેટલું નહીં હોવાથી વીસરાઈ જાય છે, નહીં તો મુશ્કેલીના પ્રસંગે ખરો આધાર તો જ્ઞાનીનાં વચન, તેનું પ્રબળભાવે ગ્રહેલું શરણ છેજી.

હવે તો એવી ભાવના કર્યા કરવી ઘટે છે કે હે ભગવાન ! મારે કોઈ તમારા સિવાય આધાર નથી; તમારે આધારે જ બાકી રહેલી જિંદગીના દિવસો જાઓ. આટલા કાળ સુધી તો મને આપના તરણતારણ પ્રભાવનું ભાન નહોતું, તેથી મૂંઝવી મારે તેવા આધાર ગ્રહણ કરીને દહાડા એળે ગાળ્યા. પણ હવે મારા આત્માનું જરૂર આપના શરણે કલ્યાણ થશે, એવી અંતરમાં શ્રદ્ધા પ્રગટી છે તે જ મારે આધારરૂપ છે. આ દેહનું ગમે તેમ થાઓ, ગમે તેટલી મૂંઝવણો આવી પડો; પડોશી, ઘરનાં માણસ કે આખું જગત વિરોધ કરીને કનડતું હોય તોપણ એક જો તમારી આજ્ઞા, મંત્રસ્મરણ મારા હૃદયમાં સદાય જાગ્રત હોય તો મને કોઈ મૂંઝાવી શકે તેમ નથી. મારા આત્માનો વાંકો વાળ નહીં થાય એટલી આપની શક્તિનો મને વિશ્વાસ છે. જગતના તરફ નજર રાખીને આખો આવરદા ગાળ્યો, પણ પાણી વલોવ્યે માખણ ન નીકળે તેમ મારા આત્માનું તેથી કંઈ કલ્યાણ થયું નહીં. પણ હવે તો તમારી આજ્ઞા આરાધવામાં જેટલો પુરુષાર્થ કરીશ તેટલો મારો આત્મા તમારી સમીપ આવશે, તમારા જેવો થશે. માટે હવે તો મારી જ ખામી છે, મારો જ પ્રમાદ મને નડે છે તેને હવે નહીં ગણતાં જરૂર જેટલું ખાવાનું, ઊંઘવાનું કે ઘરનું જરૂરનું કામ પતી ગયું કે હવે તો હે પ્રભુ ! આપની આજ્ઞા અહોરાત્ર આરાધવાની અંતરમાં દૃઢ ભાવના-પ્રતિજ્ઞા જેવી-કરવી છે કે એ આરાધના મને મરણ વખતે, રોગ વખતે, ક્રોધાદિ વિકારોના પ્રસંગે કર્મબંધથી બચાવે. આ પુરુષાર્થ આ ભવમાં નહીં કરું અને અચાનક દેહ છૂટી જશે તો કરવાનું છે તે મનમાં રહી જશે; અને આજ સુધી આંધળાની પેઠે પોતાનો દુશ્મન બની મેં પોતાને દુઃખ દેવામાં બાકી રાખી નથી, અનેક કર્મો બાંધ્યાં છે, તે ભોગવવા કેવાય ભવમાં ભમવું પડશે. માટે જ્યાં સુધી આ મનુષ્યભવ છે ત્યાં સુધીનો કાળ પ્રમાદ તજીને જરૂર આત્મહિત થાય તેમ જ ગાળી લઉં, એવો દૃઢ નિશ્ચય કરી કંઈ ને કંઈ કામ કરતાં પણ ધર્મકાર્યમાં ચિત્ત રાખ્યા કરવાની ટેવ પાડી મૂકવા યોગ્ય છે. મોહને મારવાનો લાગ આવ્યો છે તે વખતે ઊંઘ્યા કરીશ તો વેદના, મરણ કે તેવા મૂંઝવણના પ્રસંગમાં મોહને વશ થઈ તેમાં તણાઈ જવાથી માઠી ગતિમાં ઘસડાઈ જવાનો પ્રસંગ આવશે. માટે હવે તો મોહ-નિદ્રામાંથી જાગ્રત જાગ્રત થવાની, રહેવાની જરૂર છેજી. મોહશત્રુને મારવાનો લાગ આવ્યો છે, તે વખતે પ્રમાદ આડે કરવાનું તે કાર્ય રહી ન જાય તેની ફિકર હૃદયમાં રાખીને, જે કંઈ કરવા ધાર્યું હોય તે કર્તવ્ય છેજી. બીજી વસ્તુઓ તરફનો પ્રેમ તો જરૂર ઘટાડવો જ પડશે તે વિના છૂટકો નથી. તે વિષે વારંવાર વિચાર કરતા રહેવાની જરૂર છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૪૯૧ અગાસ, ચૈત્ર વદ ૩, મંગળ, ૨૦૦૦

આપે પુછાવ્યું છે કે એક ભાઈને 'સદ્‌ગુરુપ્રસાદ' વાંચવા ભાવના રહે છે; તો કેમ કરવું? તેના ઉત્તરમાં જણાવવાનું કે 'સદ્‌ગુરુપ્રસાદ'માં છપાયેલા પત્રો બધા મોટા પુસ્તકમાં છપાયેલા છે અને તે પુસ્તક તમારી પાસેથી એકાદ ભાગ લઈ જઈ શકે છે; કેટલાક 'સમાધિસોપાન'માં પણ છે. 'સદ્‌ગુરુપ્રસાદ'ની વિશેષતા તો જેને પરમકૃપાળુદેવ પ્રત્યે પ્રેમ જાગ્યો છે, તેને તેના અક્ષરો પ્રત્યે, તેના ચિત્રપટો પ્રત્યે મંદિર અને વેદવાક્યથી વિશેષ ઉલ્લાસ પ્રગટવાનું નિમિત્ત છે. એટલે છાપેલા પત્રો કે હસ્તલિખિત તેમને તો હાલ સરખા છે. પરમકૃપાળુદેવ પ્રત્યે જેમ જેમ પૂજ્યબુદ્ધિ વધશે તેમ તેમ તેમને તેનું મહત્ત્વ યથાયોગ્ય કાળે લાગવા સંભવ છે; જે હાલ તમારી પાસેથી વાંચી લેવાથી સામાન્યપણું થઈ જાય અને ભવિષ્યમાં પ્રેમપૂર્વક દર્શનાર્થે રાખવાની ભાવના આળસી જાય એ રૂપ તેમને પોતાને વિશેષ લાભનું કારણ ભવિષ્યમાં થવા યોગ્ય છે, તેમાં વિઘ્નકર્તા હાલની તે ઇચ્છા કુતૂહલરૂપ છે. તેમની ભાવના અહીં આવી ગયા પછી વર્ધમાન થયેલી લાગ્યે જેમ યોગ્ય લાગે તેમ પ્રવર્તવા પછીથી હરકત નથીજી. સત્સાધનનું દિવસે દિવસે અપૂર્વપણું ભાસે તેવા સત્સંગ સદ્‌વિચારમાં રહેવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૯૨ અગાસ, તા. ૧૧-૪-૪૪

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૩, મંગળ, ૨૦૦૦

વિ. તમારી ધર્મભાવના જાણી સંતોષ થયો છેજી. પૂર્વકર્મના આધારે સામગ્રી સર્વને મળી છે તેનો સદ્‌ઉપયોગ કર્તવ્ય છેજી. તમે દાનભાવના જણાવી તે વાંચી. એક પુસ્તક "જીવનકળા" ફરીથી છપાય છે તે હાલ મોંઘવારીને લીધે વિશેષ ખર્ચે થાય તોપણ છ આના કિંમત હાલ છે તે ચાલુ રાખવાનો વિચાર ટ્રસ્ટીઓનો છે; તેમાં મદદરૂપે તે રકમ આપવા વિચાર થાય તોપણ જ્ઞાન-દાનરૂપ હિતકારી છેજી. મૂળ જ્ઞાન તો પરમકૃપાળુદેવે કહ્યું છે તે છે—

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ, મૂળ૦
એમ જાણે સદ્‌ગુરુ-ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ, મૂળ૦"

સદ્‌ગુરુનો ઉપદેશ જીવમાં પરિણામ પામે તેવું કોમળ, યોગ્યતાવાળું હૃદય થવા કષાય ઘટાડવાની જરૂર છેજી. કષાયોમાં લોભની મુખ્યતા છે. જેને લોભ ઓછો, તૃષ્ણા ઓછી, તેના ભવ પણ ઓછા. નવું મેળવવાનો લોભ ઓછો કરાય તથા એકઠું કરેલું દાન આદિ સન્માર્ગે વપરાય તે પણ લોભ ઘટાડવાનો ઉપાય છે. સંતોષી નર સદા સુખી ગણાય છે. સમજણ વગર સંતોષ આવવો દુર્લભ છે. સમજણ પ્રાપ્ત થવા સત્સંગની જરૂર છેજી. સત્સંગ આરાધવો હોય તેણે સંસારભાવ ઓછો કરી સત્સંગે પ્રાપ્ત થયેલી આજ્ઞા શ્રદ્ધાપૂર્વક આરાધવી ઘટે છે. બીજો સંસાર-સગાંકુટુંબીઓનો પ્રતિબંધ પણ ઘટાડવો ઘટે છેજી. મીરાંબાઈ ગાય છે—

"અબ તો મેરે રાજ, રાજ દૂસરા ન કોઈ,
સાધુ સંગ બૈઠ બૈઠ, લોકલાજ ખોઈ—અબ૦"

પરમકૃપાળુદેવ અને તેનાં વચનોમાં અહોરાત્ર વૃત્તિ વાળના રહી તેમાં જ તલ્લીન થવાય એવું ત્યાં રહ્યાં પણ બળ કરો તો થઈ શકે અને સત્સંગમાં તે બહુ ઓછા બળે થાય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૯૩ — અગાસ, તા. ૧૨-૫-૪૪

તત્ ૐ સત્ — વૈશાખ વદ ૪, શુક્ર, ૨૦૦૦

પૂ....નો પત્ર હતો. તેમાં આપની તબિયત વિશેષ નરમ રહે છે એમ લખ્યું છે. બનતી સંભાળ રાખતાં હશો. જોકે આપણું ધાર્યું કંઈ થતું નથી; શરીર કર્મને આધીન છે અને ભાવ આત્માને આધીન છે; તોપણ જેમ શરીરની માવજત, દવા વગેરે ઉપચારોથી કરાય છે, તેમ મોટો રોગ તો મરણનો છે અને તે અચૂક આવનાર છે, છતાં જીવ મોહવશ તેની તૈયારી કરતો નથી, ગફલતમાં રહે છે. મહાપુરુષો મરણને સમીપ જ સમજીને ચેતતા રહે છે; તો મહાપુરુષના આશ્રિતે પણ તે જ માર્ગ ગ્રહવો ઘટે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૯૪ — અગાસ, તા. ૧૬-૫-૪૪

વૃત્તિ આત્મભાવે સંસાર ન સેવવાની દૃઢ કરવા ભલામણ છેજી. નિમિત્તાધીન જીવ છે, અનાદિકાળથી વિષય-કષાયની સાથે પટ્ટાબાજી ખેલતો આવ્યો છે, લાગ ફાવે ત્યારે ફટકો લગાવે, વળી તેને લાગ ફાવે ત્યારે આને ફટકો લગાવે, એમ રમત રમ્યા કરે છે; પણ હવે ખરેખરી પ્રાણ લેવાની ધગશવાળી, બાળીઝાળી, સ્નાનસૂતક કરીને ચાલ્યા જવાની કેસરિયાં કરવાની લડાઈ જરૂરની છેજી. આ આત્મિક યુદ્ધ આમ પ્રબળ જામ્યા વિના મોક્ષ પ્રાપ્ત થાય તેમ નથી.

"ખબરદાર મનસૂબાજી, સત્ય લડાઈએ લડવું છે,
ખાંડાની ધારે ચઢવું છે."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૯૫ — સીમરડા, તા. ૧૭-૫-૪૪

જે શુદ્ધ બુદ્ધ સ્વરૂપી સ્વઆત્મે, ચર્યા પર દ્રવ્ય તજી પ્રવૃત્યે;
તે બ્રહ્મચર્ય વ્રત સર્વ શ્રેષ્ઠ, પાળી મહાનંદ વરે નૃ-શ્રેષ્ઠ.

— અણગાર ધર્મામૃત, અધ્યાય ૪-૬૦

આપને સત્સાધનથી શાંતિ વર્તતી જાણી સંતોષ થયો છેજી. અનંતકાળથી જીવે સાચા અંતઃકરણે સત્પુરુષના વચનનું ગ્રહણ કર્યું નથી, તેમ થવામાં અનેક પ્રકારે અંતરાયો આવ્યા કરે છે. પણ તે જ કરવું છે એવો જેણે નિશ્ચય કર્યો છે, તેને તે અંતરાયો નરમ પડી પરમ પ્રતીતિનો યોગ આવે છેજી.

મુમુક્ષુતા જેને પ્રગટી છે તેને મોહનાં બહુરંગી કારણો લલચાવી શકતાં નથી, ઊલટાં મુઝવણનું કારણ થાય છે. તે મુઝવણ ટાળવા જ જીવની વૃત્તિ રહ્યા કરે છે, તેથી તે અટકી જવાને બદલે ઊલટો વિશેષ પુરુષાર્થી બને છે. દુઃખ, અપમાન, અશક્તિ, ખેદ આદિ કારણો તેને

આગળ વધારનારાં, વૈરાગ્યપ્રેરક, પરમદૃઢતાથી સતશરણને ગ્રહણ કરાવનારાં નીવડે છેજી. મોક્ષમાળામાં "સુખ સંબંધી વિચાર"ના છ પાઠ પરમકૃપાળુદેવે વાર્તારૂપે લખ્યા છે તે વારંવાર વિચારવા યોગ્ય છેજી. લોકો સુખ કહે તે સુખ નથી, લોકો જેને દુઃખ કહે તે દુઃખ પણ નથી; પણ જ્ઞાનીપુરુષે જેને દુઃખ કહ્યું છે તે દુઃખ જ્યારે લાગશે, આખું જગત દુઃખથી દાઝતું અનુભવાશે અને તેની ઝાળ પોતાની ચોતરફ વીંટાયેલી લાગશે ત્યારે જીવ તે દુઃખોની કોઈ ભવમાં ફરી ઇચ્છા નહીં કરે અને જ્ઞાનીપુરુષનાં વચનામૃતરૂપ દવાથી દુઃખની બળતરા દૂર કરી તેણે જે સત્સુખ ચાખ્યું છે, વચનામૃતો વડે સમજાવ્યું છે અને તે જ પ્રાપ્ત કરાવવા પ્રેરણા કરે છે તેની સાચી ભાવના જાગશે ત્યારે જીવ જાગ્રત થશે અને જાગશે ત્યારે માગશે. "જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ" એમ પરમકૃપાળુદેવે કહ્યું છે.

હાલ તો આ મોહનિદ્રાની મીઠાશ છોડી, બપૈયા જેમ પિયુ પિયુ પોકારે છે તેમ સત્સંગની ભૂખ લાગશે ત્યારે ક્યાંય ચેન નહીં પડે. સર્વ સુખો, વૈભવો, વિનાશિક, અવિશ્વસનીય, અરમણિક, ઠગારાં, નરભવ લૂંટી જનારાં સમજાશે અને પરમકૃપાળુ પ્રત્યે પરમ પ્રેમ એ જ સાચું જીવન સમજાશે; તેને અર્થે મીરાંબાઈની પેઠે અનેક સંકટો વેઠવાં તે અમૃત સમાન સમજાશે. આ ભાવના વારંવાર કરવા યોગ્ય છેજી, તે પરમકૃપાળુદેવનાં વચનોમાં વિશેષ વૃત્તિ રહ્યા કરવાથી આપોઆપ જાગશે. "ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમયમાત્ર (મરણાંત પળ) હો અને દુર્નિમિત્ત (મરણ બગાડે તેવાં નિમિત્ત) હો, પણ એમ (રાગદ્વેષ તજી સમાધિમરણ) કરવું જ. ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી." (૧૨૮)

---

૪૯૬ અગાસ, તા. ૨-૬-૪૪

તત્ ૐ સત્ જેઠ સુદ ૧૧, શુક્ર, ૨૦૦૦

"આવ્યું આવ્યું અનુપમ નાવ ભવજળ તરવાને,
તૈયાર ભવિકજન થાવ, શિવસુખ વરવાને.
ચતુર્થ કાળમાં પણ દુર્લભ જે, તેવો જોગ જણાય રે,
ભાગ્યવંતથી પ્રતીત કરીને, આશ્રય ગ્રહી તરાય. શિવ૦"

"હાં રે મારે સજની ટાણું આવ્યું છે ભવજળ તરવાનું,
મોંઘો મનુષ્યનો વારો, ભવજલ તરવાનો આરો,
ડાહ્યા દિલમાં વિચારો, સત્સંગ કીજીએ."

હરિગીત — સંગ્રામ આ શૂરવીરનો, આવ્યો અપૂર્વ દીપાવજો,
કરતા ન પાછી પાની ત્યાં ગુરુરાજ પડખે ભાવજો;
સમતા, સહનશીલતા, ક્ષમા, ધીરજ સમાધિમરણમાં,
મિત્રો સમાન સહાય કરશે, મન ધરો પ્રભુચરણમાં. (વીરહાક)

આ કળિકાળ જેવા દુષમકાળમાં આપણા જેવા રંક જનોને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનું શરણ મળ્યું છે, તે ચમત્કારી અલૌકિક વાત છે; પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો તે પરમ ઉપકાર છે. બાકી તે મહાપ્રભુની હાજરીમાં હોત તોપણ આપણા જેવા પામર, જ્ઞાનીને ઓળખી તેનું શરણ ગ્રહણ કરી શક્યા ન હોત. તે તેની ગેરહાજરીમાં પણ આપણને, જાણે સમીપ બિરાજતા હોય તેવી શ્રદ્ધા તે મહાપુરુષના ઉપદેશથી, તેનાં પ્રબળ વચનબળથી આપણને સહજ સમજાયું છે; તે અપાર ઉપકારનો બદલો આપણાથી કોઈ રીતે વાળી શકાય તેમ નથી. ગુરુકૃપાબળ ઔર છે —

"જંગલમાં મંગલ બને, પાપી બને પવિત્ર;
એ અચરજ નજરે તરે, મરણ બને છે મિત્ર."

છપદની દૃઢ શ્રદ્ધા રાખી, આત્મા કદી મરતો નથી, મર્યો નથી, મરશે પણ નહીં એમ વિચારી નિર્ભય રહેતાં શીખજોજી. વેદના ગમે તેવી આકરી લાગે પણ તે જવાની છે, આત્માનો નાશ નથી; માટે જે થાય તે જોયા કરવું અને સદ્ગુરુનું શરણું મહા બળવાન છે. આત્માનો વાળ વાંકો કરવા કોઈ સમર્થ નથી. ધીરજ, સહનશીલતા, સમભાવની માત્ર જરૂર છે. કંઈ ન બને તો હે પ્રભુ ! મારું હવે કંઈ ચાલતું નથી, માત્ર તારું શરણું સાચું છે, તે જ મારી ગતિ અને મારો આધાર છે, તે વગર મારે ક્યાંય ચિત્ત રાખવું નથી, છતાં તે આ દેહની વેદનામાં તણાઈ જાય છે તો તેને માટે કેમ કરવું ? તું જાણે, તને હવે સર્વસ્વ સોંપી હું તો નિશ્ચિંત થઈ જોયા કરું છું કે કેમ થાય છે. "જે થાવું હોય તે થાજો, રૂડા રાજને ભજીએ." એ અનન્ય શરણ પરમ ભક્તિએ ઉપાસવા યોગ્ય છે; અને અંતરંગમાં નિર્ભય, શીતળીભૂત રહેવા યોગ્ય છે કે, ભલું થવાનું છે તેથી જ આવા શુભ યોગ આ ભવમાં મળી આવ્યા છે. હવે કંઈ ફિકર નથી. ઘણો મુશ્કેલીનો કાળ વહ્યો ગયો, હવે થોડો વખત ધીરજ રાખી પરમકૃપાળુદેવની કૃપાથી તેના સ્મરણમંત્રનું બળ અંત સુધી ટકાવી રાખે તો સમાધિમરણનો અપૂર્વ લાભ થવાનો યોગ આવ્યો છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૯૭ સીમરડા, તા.૬-૬-૪૪, મંગળ

"રે મન ! આ સંસારમાં, દુઃખથી તું ન ડરીશ;
સમ સમશેર વડે કરી, ધાર્યું તે જ કરીશ."
ઓળખાણ આત્મા તણું, ટાળે ત્રિવિધ તાપ;
ગુરુ ઓળખાવે આતમા, નિશ્ચય ગુરુ તો આપ.

ચિત્તશાંતિ સાચવવા, વ્યાધિ સંબંધીના વિચારો ચિત્તમાં આવે, જાય પણ ઘર કરી ન જાય, આકુળતાનું કારણ ન બને તેમ લક્ષ રાખવા ભલામણ છેજી. ગભરાવાનું કંઈ કારણ નથી. બનનાર છે તે પ્રમાણે બને છે. આપણું કામ ધીરજ રાખી સહન કરવાનું, ખમી ખૂંદવાનું છે. બને તેટલી ખેંચ આત્મકલ્યાણ કરવા પ્રત્યે રાખવી, પછી જે બની આવે તેથી સંતોષ માનવો. "ફિકરકા ફાકા ભર્યા તાકા નામ ફકીર." ૐ

---

૪૯૮

અગાસ, તા. ૧૨-૬-૪૪
તત્ ૐ સત્ જેઠ વદ ૬, સોમ, ૨૦૦૦

આત્મજ્ઞાન ને પરમ શરણનો કોણ પ્રભાવ કહી શકશે ?
દેહાદિથી ભિન્ન અનુભવ આત્માનો એ અજબ દીસે;
અકંપપણું અનુભવી મુનિવરનું, નિર્ભયતા ઉરમાં ભરશે,
ભવદુખ દાવાનલથી બળતા પામરને પણ ઉદ્ધરશે. ૧
પરમ ધર્મનું શરણ ગ્રહીને, સર્વ વેદના હવે સહો,
કર્મ-કસોટી કસે શરીરને, જ્ઞાતા દ્રષ્ટા તમે રહો;
નથી અનંત ભવોમાં આવ્યો, અવસર આવો હિતકારી,
જીતી જવા આવ્યા છો બાજી, હવે નહીં જાઓ હારી. ૨
(પ્રજ્ઞાવબોધ – ૫૩)

પૂ..... ની તબિયત નરમ વિશેષ રહ્યા કરે છે એમ પત્રમાં હતું. હવે તો તેમણે મનમાં એવો જ નિશ્ચય કરવો ઘટે છે કે જાણે આ દેહ છૂટી ગયો છે અને મફતનું આયુષ્ય મળ્યું છે, તે માત્ર આત્મહિત થાય તેમ જ ગાળવું છે. જેનો દેહ છૂટી ગયો હોય તે, દેહમાં શું થાય છે તેની પંચાત કરતો નથી; તેમ કર્મને લઈને વેદના, ક્ષીણતા કે અશક્તિ દેખાય અને ઉઠાય-બેસાય નહીં, તોપણ કંઈ ઇચ્છાઓ ઊભી થવા દેવાની જરૂર નથી. જે થવાનું છે, જેમ પરમકૃપાળુદેવના જ્ઞાનમાં પ્રગટ જણાયું છે તેમ જ આ બધું થયા કરે છે; તો તેમાં આપણી ઇચ્છા નકામી છે, આપણે માત્ર જોયા કરવાનું છે, હર્ષશોક ન થાય તેટલી સંભાળ રાખવાની છે. "જેમ થવું હોય તેમ થાજો, રૂડા રાજને ભજીએ" એવું પ. પૂ. પ્રભુશ્રીજી ઘણી વખત બોલતા અને ઉપદેશતા હતાજી. મરણ સંબંધી પણ કંઈ વિકલ્પ કરવા યોગ્ય નથીજી. જીવવાનું હશે ત્યાં સુધી ભક્તિભાવ અર્થે જીવવું છે અને આ દેહ નહીં હોય કે છૂટી જશે ત્યારે પરમકૃપાળુદેવના શરણે દેહ છોડવાથી જીવનું ભલું જ થવાનું છે એવો દઢ વિશ્વાસ રાખવાની જરૂર છે. તેથી કંઈ સંકલ્પ-વિકલ્પ કે ફિકર-ચિંતાનું કારણ રહેશે નહીંજી. દેહ તો અનંત વાર જીવે ધારણ કર્યા અને અનંત વાર છોડયા પણ આ ભવમાં જે પરમકૃપાળુદેવનું શરણું પ્રાપ્ત થયું છે તે સહિત તે પુરુષને આશ્રયે આ દેહ છોડવાનો અપૂર્વ અવસર આવી લાગ્યો છે, તો ગભરાયા વિના જેમ આશ્રમમાંથી સેદાપુર ગયા તેમ સદ્‌ગુરુશરણે જ્યાં નિર્માણ હશે ત્યાં જવું છે એવું મનમાં દઢ કરી રાખવું. જેનું ભલું થવાનું હોય તેને ફિકર શાની હોય ? માટે નિશ્ચિતપણે, સંક્લેશ વિના સદ્‌ગુરુશરણે બુદ્ધિ રાખી સ્મરણમાં મન રહે અને સત્પુરુષની સ્મૃતિ, દર્શન-ભાવના, શ્રવણ વગેરે કર્યા કરવા યોગ્ય છેજી. 'સદ્‌ગુરુપ્રસાદ'માંથી ચિત્રપટનાં વારંવાર દર્શન કરાવવાં તથા સ્મરણ, ભક્તિ, શ્રવણ, ભજનમાં તેમનું ચિત્ત રહે તેવી ગોઠવણ કરવા આપ સર્વને વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૪૯૯

અગાસ, જેઠ વદ ૮, ૨૦૦૦

સત્સંગના વિયોગમાં જીવનાં પરિણામ શિથિલ થવા સંભવ છેજી. તેથી કામકાજ આઘાં-પાછાં કરીને પણ સત્સંગનો જોગ ત્યાં જે હોય તેનો લાભ લેવા ચૂકવું નહીં. જ્યાં પરમકૃપાળુ-

દેવનાં વચનામૃતો સાંભળવાનાં મળે, તેની ચર્ચા થાય, મહાપુરુષના ઉપકારની સ્મૃતિ થાય, ધર્મધ્યાનમાં પ્રવર્તવાનું પ્રોત્સાહન (પ્રેરણા) મળે તેવાં સ્થાનોમાં ચાહીને, મુશ્કેલી વેઠીને પણ જવું, તેમાં બનતો ભાગ લેવો, કંઈ ન બને તો બેઠાં બેઠાં સાંભળ્યા કરવું. જ્ઞાન, ધ્યાન, ભક્તિ, ભજનમાં વર્તતાં મુમુક્ષુ ભાઈબહેનોને અનુમોદન દેવાથી પણ ધર્મધ્યાન થાય છેજી. મનુષ્યભવ છે ત્યાં સુધી આ લહાવો લઈ શકાશે.

---

૫૦૦ અગાસ, તા. ૧૪-૬-૪૪; બુધ

"પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ?"

આપનું કાર્ડ મળ્યું. આપ બન્નેની માંદગી જાણી. આવા વખતે પરમકૃપાળુદેવનું શરણુ એ જ એક આધાર છે. કર્મ તો બાંધેલાં આવ્યાં છે, તે જવાનાં છે, પણ જો મંત્રનું સ્મરણ, ભક્તિભાવમાં ચિત્ત રહ્યું તો એવાં કર્મ ફરી નહીં ભોગવવાં પડે. છૂટવાનો લાગ આવ્યો છે ગણીને પરમકૃપાળુદેવને પ્રગટ આધારરૂપ માની, તેને શરણે જે થાય તે જોયા કરવું. આપણું ધાર્યું કાંઈ થતું નથી. સારુંખોટું કર્યા વિના સહનશીલતા અને ધીરજ ધારણ કરી આ આત્મા જન્મમરણથી છૂટે માટે આત્મજ્ઞાની એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રનું મારે શરણું છે તે જ ભજવા યોગ્ય છે, રાત્રિદિવસ તેમનું જ મને ભાન રહો, મારા આત્માના એ પરમ ઉપકારી છે, એમણે જણાવેલો મંત્ર મને અંત વખત સુધી સ્મૃતિમાં રહો, એ ભગવંતની ભક્તિ એ જ મારા જીવનનું ફળ છે, એને શરણે આટલો ભવ પૂરો થાઓ એવી ભાવના કરતા રહેવા યોગ્ય છેજી. આત્મા છે, તે નિત્ય છે, તે કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષના ઉપાય છે આ છ પદના વિચારે આત્મશ્રદ્ધા કર્તવ્ય છેજી. પરમકૃપાળુદેવે કહેલાં આ છ પદ પરમ સત્ય છે, તે જ મારું સ્વરૂપ છે. એ જ વાત મંત્રમાં પણ જણાવી છે. માટે મારે આખર વખત સુધી તે પરમકૃપાળુદેવ અને તેણે કહેલો મંત્ર આધારરૂપ છે. તે સદાય મારા હૃદયમાં પરમ પ્રગટ રહો. એ ભાવના કલ્યાણકારી અને સર્વ અવસ્થામાં ઉપાસવા યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# પત્રસુધા

૫૦૧

અગાસ, તા. ૧૭-૬-૪૪

તત્ ૐ સત્

જેઠ વદ ૧૨ાા, શનિ, ૨૦૦૦

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને**
**અત્યંત ભક્તિથી નમસ્કાર હો ! નમસ્કાર હો !**

* अणुगुरुदेहपमाणो उवसंहारप्पसप्पदो चेदा ।
असमुहदो ववहारा, णिच्छयणयदो असंखदेसो वा ।। (द्रव्यसंग्रह)

(ચૈતન્ય) જીવ વ્યવહારથી નાનામોટા દેહને અનુસરીને સંકોચવિકાસરૂપ બને છે. માત્ર સમુદ્ઘાત નામની (દેહ તજ્યા વિના આત્મપ્રદેશોને દેહ બહાર ફેલાવવારૂપ) ક્રિયામાં સંસારી જીવ દેહપ્રમાણ નથી રહેતો અને નિશ્ચયથી તો અસંખ્યાતપ્રદેશી આત્મા ત્રણે કાળ રહે છે.

તીર્થશિરોમણિ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી.

આપનો પત્ર મળ્યો. પૂ.........ને શંકા રહે છે કે જીવ સંકોચ-વિકાસનું ભાજન છે એમ કેમ બને ? આત્મા તો અરૂપી છે. તેનો ઉત્તર યથામતિ લખતા પહેલાં જણાવવું જરૂરનું છે કે આવા સિદ્ધાંતબોધરૂપ પ્રશ્નો સમજવા, નિર્ણય કરવા પ્રથમ ઉપદેશબોધની ઘણી જરૂર છે; ઉપદેશબોધ પરિણામ ન પામ્યો હોય એટલે જેને આ સંસાર અસાર, અશરણરૂપ, જન્મ-મરણનાં દુઃખથી ભરેલો અને તેમાં ક્યાંય સુખ નથી એમ જાણી વહેલામાં વહેલી તકે તેથી મુક્ત થઈ એક આત્મહિત જ આ ભવમાં કરી લેવું છે, એવી દાઝ ન જાગી હોય, ત્યાં સુધી અરૂપી એવા આત્મા સંબંધી વાતો કરે કે સાંભળે તે અજાણી ભાષાનું ગીત સાંભળ્યા જેવું છે; કંઈક કર્ણપ્રિય લાગે પણ ભાવ સમજાય નહીં. એટલે મારે તમારે બન્નેએ વૈરાગ્યઉપશમની વૃદ્ધિની હાલ જરૂર છે અને વૈરાગ્યાદિ કારણોથી વિચારની નિર્મળતા થતાં સહજમાં સમજી જવાય તેવી દશા પ્રાપ્ત થવા યોગ્ય છેજી. હાલ તો આપની શંકા દૂર થાઓ કે ન થાઓ પણ ચિત્તસમાધાન થવા અર્થે ઘણું જ ટૂંકાણમાં લખું છું, જે ઉપર વિચાર કરવાથી બુદ્ધિને સંતોષ થવા સંભવ છેજી.

વેદાંત સિદ્ધાંત અને જિન સિદ્ધાંતમાં ભેદ છે. વેદાંત એક જ આત્મા સર્વવ્યાપી માને છે. જિનભગવાન આખું વિશ્વ (લોક) ઠસોઠસ કાજળની કૂપીની પેઠે જીવોથી ભરેલું વર્ણવે છે એટલે ત્રણે લોક જીવથી ભરેલા છે. તેને જીવજાતિ અપેક્ષાએ કહીએ તો ચૈતન્યસાગરરૂપ આખું

---

* લઘુગુરુ દેહ પ્રમાણે ચેતન સંકોચ-વિકાસશાળી છે,
અસમુદ્ઘાત વ્યવહારે, નિશ્ચયનયથી અસંખ્યદેશી છે. (દ્રવ્યસંગ્રહ-અનુવાદ)

વિશ્વ કહેવાય. કોઠીમાં ઘઉં ભર્યા છે એમ કહીએ કે ઘઉંની કોઠી કહીએ એ બન્ને જેમ સરખું છે, સર્વ ઘઉંના દાણામાં એક જ પ્રકારનો સરખો ગુણ છે તેમ સર્વ જીવ ચૈતન્ય અપેક્ષાએ સરખા છે. પણ ચૈતન્ય અરૂપી છે અને કર્મ પ્રગટ દેખાય છે, તેને લીધે વિવિધતા જણાય છે. તે કર્મ ટળી જતાં પણ બધા આત્મા એકરૂપ થઈ જતા નથી પણ સર્વ મુક્ત જીવ શુદ્ધ સ્વરૂપે સ્વસ્વરૂપમાં રહે છે. આ એક સામાન્ય વાત કરી. જ્યાં સુધી જીવને કર્મનો સંગ છે ત્યાં સુધી જીવને કોઈ ને કોઈ દેહમાં રહેવું પડે છે અને કર્મને આધીન દેહ જન્મ, બાળ, યુવાન, વૃદ્ધ અને મરણની અવસ્થાવાળો જણાય તે વખતે તે તે દેહના ફેરફારો પ્રમાણે જીવ તેમાં રહેલો છે તે સ્પષ્ટ નાના-મોટા વિસ્તારવાળો દેખાય છે. ગર્ભમાં જેટલી જગા તેણે રોકેલી હોય છે તેટલી જ સંકોચવાળી જગા(દેહ)માં વ્યાપીને જીવના અસંખ્ય પ્રદેશો રહેલા છે. પૂરા માસ થયે જન્મ યોગ્ય દેહ થાય ત્યારે દેહમાં સર્વ સ્થળે વ્યાપેલો હોવાથી જીવ વિસ્તારવાળી જગા રોકે છે. જન્મ પછી વર્ષ, બે વર્ષ, પાંચ-પંદર વર્ષમાં શરીર જેટલું વધે છે તે પ્રમાણમાં આત્માના પ્રદેશો વિકાસ પામે છે એટલે દેહપ્રમાણ બની રહે છે. યુવાવસ્થામાં સ્થૂલ શરીર થાય ત્યારે તેટલી જગામાં હોય છે; વળી રોગને લીધે કે ખોરાક ઘટી જવાથી શરીર સુકાઈ જાય ત્યારે તેટલા પ્રમાણમાં રહે છે; તેમ જ વૃદ્ધાવસ્થામાં બને છે. મરણ કાળે કોઈ જીવોએ એવાં કર્મ બાંધ્યાં હોય છે કે તે વખતે દેહ છોડતાં પહેલાં જે દેહ છોડવાનો છે તે દેહથી તે જ્યાં નવો દેહ ધરવાનો હોય ત્યાં સુધી પ્રદેશોની એક હાર થઈ જાય છે અને ગર્ભસ્થાન કે ઉત્પત્તિસ્થાનનો સ્પર્શ કરી પાછો દેહમાં આવી જાય છે. આવી અવસ્થાને સમુદ્દ્ઘાત (મરણ સમુદ્દ્ઘાત) કહે છે. પછી દેહ છોડી જૂના દેહના આકારે જ્યાં ઉત્પત્તિ થવાની હોય ત્યાં કર્મને આધારે જીવ જાય છે, ત્યારે ગર્ભના જેટલો જ મૂળ દેહસ્થિતિરૂપ સંકોચાઈ જાય છે. આ બધી બાબતો કેવળજ્ઞાનીએ કેવળજ્ઞાનથી જોઈને વર્ણવી છે તે હાલ તો શ્રદ્ધાને આધારે માન્ય થાય તેમ છે. એમાં બુદ્ધિનો પ્રવેશ થાય તેમ નથી. જ્ઞાનીએ, પરમકૃપાળુદેવે જેવું આત્માનું સ્વરૂપ પ્રગટ કર્યું છે, બોધ્યું છે, સંમત કર્યું છે તેવું મારે માનવું છે. એ શ્રદ્ધા દૃઢ કરી વૈરાગ્ય ઉપશમ વધારવાથી સર્વજ્ઞદશાની શ્રદ્ધા સચોટ થાય છેજી.

વૈરાગ્ય એટલે પરવસ્તુ પ્રત્યે અનાસક્તિ અને ઉપશમ એટલે ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાય-ક્લેશ શાંત પાડવો અને ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ ગુણોની વૃદ્ધિ કરવી – આ હાલ થઈ શકે તેમ છેજી, અને તેથી આત્મા નિર્મળ અને સુખી બને છેજી. પરમકૃપાળુદેવની કૃપાથી જે મંત્રની પ્રાપ્તિ થઈ છે, તે સર્વ પ્રસંગમાં ચિત્તની શાંતિ રાખવાનું સર્વોત્તમ રામબાણ ઔષધ છેજી. તેનું વિસ્મરણ થાય છે, તેટલા કષાયક્લેશથી આત્મા સંતાપ પામે છે. માટે દેવલોક કે આ લોકનાં માયિક સુખમાં ભટકતા મનને પાછું વાળી, જે થાય તે ભલું માનવામાં આવે એવા ક્રમમાં લાવવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવનું પુસ્તક વાંચતા રહેવાથી ઘણા ખુલાસા આપોઆપ થાય તેમ છેજી અને ન સમજાય તો પૂછવામાં હરકત નથીજી. આત્મહિત પોષવા માટે પરમકૃપાળુદેવનાં વચનો મનેં તો સર્વોત્તમ લાગ્યાં છેજી. તેથી વારંવાર તે જ ભલામણ કરવા વૃત્તિ રહે છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

### ૫૦૨

અગાસ, તા. ૧૮-૬-૪૪
જેઠ વદ ૧૩, રવિ, ૨૦૦૦

મનુષ્યભવ, આટલું લાંબું આયુષ્ય, સત્પુરુષની આજ્ઞા, સત્સંગ અને સત્સંગે સાંભળેલી સદ્ગુરુની આજ્ઞા આરાધવાના તથા સમાધિમરણ કરવાના ભાવ – આ બધી દુર્લભ બાબતો મળી છે તે સફળ કરીને આત્મકલ્યાણ આ ભવમાં બની શકે તેટલું જરૂર કરી લેવું છે એવો નિશ્ચય મુમુક્ષુજીવને રાખવો ઘટે છે, તથા તે નિશ્ચયને આરાધતા રહેવાની ઊંડી દાઝ રાખવી ઘટે છેજી. બહારથી મદદ કરનારાં પુણ્યના યોગને લઈને મળી આવે છે પણ ઉલ્લાસભાવ, ધીરજ, સહનશીલતા, ક્ષમા, સર્વનું ભલું ઇચ્છવું, પરમકૃપાળુદેવ પર પરમભાવ તો પોતે જ કરવાના છેજી. આ બાબતો જે વારંવાર વિચારી હૃદયમાં ધારણ કરે છે, તે પ્રમાણે વર્તે છે, તે શરીરના રોગને લઈને માંદો કહેવાતો હોય તોપણ ખરી રીતે માંદો નથી. પરંતુ જેનામાં તે ગુણો નથી અને તે મેળવવા કંઈ પુરુષાર્થ કરતો નથી પણ પ્રમાદમાં પડી રહ્યો છે, તે સાજો હોય તોપણ પુરુષાર્થની મંદતાને લીધે માંદો કહેવા યોગ્ય છેજી. જેને પરમકૃપાળુદેવની ભક્તિ ગમે છે, જે પરમકૃપાળુદેવને આધારે જ જીવે છે, જેને સંસાર ઉપરથી ભાવ અંતરમાં વૈરાગ્ય પ્રગટવાથી ઊઠી ગયો છે અને પોતાને થોડા દિવસના મહેમાન જેવો ગણી પરમકૃપાળુદેવનો પરમ ઉપકાર માની તેને આશ્રયે દેહત્યાગ કરવા ઇચ્છે છે, એવા ભવ્ય જીવની સેવા મળવી એ પણ મહાભાગ્યની નિશાની છે; વૈરાગ્યનું, પુણ્ય કમાવાનું અને સત્પુરુષની આજ્ઞા ઉઠાવવાનું તે મહાન નિમિત્ત છેજી. પૂર્વે જીવે કમાણી કંઈક પુણ્યની કરી છે તેથી આ ભવમાં સર્વ પ્રકારની અનુકૂળ સામગ્રી મળી છે. પુણ્ય આમ આંખે દેખાય નહીં. પણ જે કંઈ સુખ-સામગ્રી જીવને દેખાય છે તે પુણ્યનું ફળ છે; તે પુણ્ય કમાવાનું કારણ તો કોઈ સત્પુરુષની શ્રદ્ધા, તેનાં હિતકારી વચનો પ્રત્યે પ્રીતિ, તેના અનુયાયી સાધર્મી ભાઈ-બહેનોની સેવાચાકરી અને ધર્મનાં કાર્યો કરવાના ભાવ એ છેજી. અત્યારે લોકોની માન્યતા એવી છે કે દુકાન કરીએ, વેપાર કરીએ કે મહેનત કરીએ તેથી કમાવાય છે; પણ મહેનત કરનાર તો ઘણા હોય છે, આખો દહાડો ભીખ માગવા ભિખારી ફરે છે પણ પૂરું પેટ પણ ભરાતું નથી, કારણ કે પાપના ઉદયથી ઇચ્છેલો લાભ થતો નથી. માટે પૈસા તરફ કે શરીરની મહેનત, ઉજાગરા વગેરે પૂ....ની સેવામાં થતા હોય તેથી નહીં કંટાળતા, તેમને લઈને આપણને ધર્મની પ્રાપ્તિ થઈ છે અને પરમકૃપાળુદેવના એ ભક્તની ભક્તિથી આપણને કમાણી થઈ રહી છે તે આપણી આંખે ન દેખાય પણ જ્ઞાની જાણી રહ્યા છેજી. વિનય વૈયાવચ્ચ તો મોટો ગુણ છે, તેથી તપ થાય છે અને જીવને ઘણો લાભ થાય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

### ૫૦૩

દુર્લભ મનુષ્યદેહ શાં શાં કામમાં વહ્યો જાય છે તેની વિચારવાન જીવે લક્ષ રાખવા નોંધ રાખવા લાયક છેજી. ધનની કાળજી હોય તો તેને માટે નામું લખવા જીવ ચૂકતો નથી; પણ મનુષ્યભવની કિંમત સમજાઈ નથી તેથી કાળ કેમ જાય છે અને બને તેટલો વખત બચાવી શામાં ગાળવા લાયક છે તેની જોઈએ તેવી દાઝ જીવને જાગી નથી, ફરી ફરી આવો

અવસર મળવો દુર્લભ છે; તો આર્ત્તધ્યાન કે ક્રોધાદિમાં રૌદ્રધ્યાન ન થાય તેની પણ બહુ સંભાળ રાખવી ઘટે છેજી. કર્મને કોઈની શરમ નથી. મહાત્મા હોય પણ જો સંસારી ભાવનામાં ચિત્ત જાય તો તેને પણ કર્મ બંધાય, તો આપણે શા હિસાબમાં? માટે મનને નવરું ન રાખવું; વાંચવા, વિચારવા કે ગોખવામાં તેને જોડી રાખવું. કંઈ ન બને તો મંત્ર-સ્મરણ તેલની ધાર પેઠે અતૂટ રહ્યા કરે તેવો પુરુષાર્થ જીવ જો હાથમાં લે, આદરે તો કંઈ ને કંઈ તે દિશામાં કરી પણ શકે. સ્મરણમાં નથી વિદ્વત્તા જોઈતી, નથી બળ વાપરવું પડતું, નથી કળા-કુશળતા જોઈતી કે નથી ધન ખરચવું પડતું; પણ માત્ર છૂટવાની ધગશ લાગવી જોઈએ, કે આ કેદખાનામાં – હાડકાં-ચામડાં મળમૂત્રની કોઠીમાં – જીવ પુરાયો છે તે ફરીથી આવા ભવ લેવા ન પડે તે અર્થે સદ્ગુરુશરણે તેણે જણાવેલો મંત્ર કંઈ પણ ઇચ્છા રાખ્યા વિના આત્માર્થે આરાધે તો પોતાનું અને પોતાના સંસર્ગમાં આવતા ઘણા જીવોનું કલ્યાણ કરવા સમર્થ થાય તેવો ઉત્તમ મંત્ર પૂર્વના પુણ્યે અને પરમકૃપાળુદેવની કૃપાથી મળ્યો છે તેનું રોજ વધતું જતું માહાત્મ્ય હૃદયમાં રહ્યા કરે તો જગતનાં દુઃખ તેને કંઈ પણ ન જણાય. માથા ઉપર સગડી કરી અંગારા ભર્યા તોપણ જેને કંઈ ન થયું, ન આવ્યો ક્રોધ કે ન લાગ્યો મરણનો ડર, પણ એક મોક્ષની અભિલાષા વિશેષ પ્રદીપ્ત બની અને અંગારા ભરનારનો ઉપકાર સમજાયો, મોક્ષની પાઘડી માથે બંધાવી એમ માન્યું એવા શ્રી ગજસુકુમારનું દૃષ્ટાંત જેમણે સાંભળ્યું હોય તેમણે હવે શું કરવું? એ વિચારવાનું કામ તમને સોંપું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૦૪** અગાસ

આ સંસાર અસાર છે એમ જ્ઞાનીપુરુષો પોકારી પોકારીને કહે છે, તો તેમાં ને તેમાં વૃત્તિ નહીં રાખતાં, આ વર્ષે તો પરમકૃપાળુદેવ એક મારા પતિ છે તેને રાજી રાખવા આટલો મનુષ્યભવ ગાળવો છે એમ નિશ્ચય કરી તેની વાત પૂછવી, તેની જ વાત કરવી, તેની જ ભાવના કરવી, બીજું કંઈ ઇચ્છવું નથી એમ અંતરમાં દૃઢ કરવા યોગ્ય છેજી. ઘણા ભવ સંસારની સંભાળ લીધી છે, હવે આટલો ભવ બધું બહુ ઉપયોગી નથી એમ માની માત્ર પરમકૃપાળુદેવે કહ્યો છે તે મોક્ષમાર્ગ આરાધવો છે, છ પદની શ્રદ્ધા દૃઢ કરવી છે, અપૂર્વ અવસરની ભાવના કર્યા કરવી છે, મંત્રનું અખંડ રટણ જીભ ઉપર રહ્યા કરે એમ અહોરાત્ર વર્તવું છે. આવી ભાવના રાખી અને તેટલું રોજ કર્યા કરવું તો જરૂર આત્મહિતમાં વધારો થશે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૦૫** અગાસ, તા. ૨૧-૬-૪૪

તત્ ૐ સત્ આષાઢ સુદ ૧, બુધ, ૨૦૦૦

"તાહરી ગતિ તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક યશ કરેજી."

પૂ....ના દેહત્યાગના સમાચાર જાણી સર્વને ખેદ થયો છેજી કે આટલી નાની ઉંમરમાં તેમનો મનુષ્યભવ લૂંટાઈ ગયો. ઉત્તમ સામગ્રી ફરી ફરી મળવી દુર્લભ છે. પરમકૃપાળુદેવે કહ્યું છે — "પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતાં મુમુક્ષુઓને મોક્ષ સંબંધી

બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો દુર્લભ છે. તે જ સમાગમના યોગમાં મુમુક્ષુજીવનું નિરંતર ચિત્ત વર્તે છે.'' (૭૮૩) આવું પરમકૃપાળુદેવે કહ્યું છે તે સાચું છે. તેના આશ્રિતનું તો કલ્યાણ જ છેજી. તેની ગતિ વગેરે જે થાય તે તેને કર્મ ખપાવી મોક્ષમાર્ગમાં દોરનાર જ હોય છે, એટલે તેમના સંબંધી આપણે કંઈ વિકલ્પ કરવા યોગ્ય નથીજી. તેમના નિમિત્તે તમારા બધા કુટુંબીજનોને પરમકૃપાળુદેવની ભક્તિ પ્રાપ્ત થઈ છે, તે હવે વર્ધમાન કરી તેમની પેઠે પરમકૃપાળુદેવની અડગ શ્રદ્ધા સહિત દેહત્યાગ કરી સમાધિમરણ કરી લેવા યોગ્ય છેજી. સ્વ....ને જ્યારથી પરમકૃપાળુદેવનું માહાત્મ્ય સમજાયું ત્યારથી તે આશ્રમવાસી બની ગયા અને ઠેઠ સુધી તેમની ભાવના પરમકૃપાળુદેવના શરણમાં રહી એ બહુ સારું બન્યું છેજી. પૂર્વના સંસ્કારને લઈને તમારા બધાની સેવાભાવના બળવાન બનાવી તેઓ આ ભવમાં કરવા યોગ્ય મુખ્ય કાર્ય સાચા પુરુષની શ્રદ્ધા તે દૃઢ કરી સાથે લઈ ગયા છે. તેવી શ્રદ્ધા વિશેષ વિશેષ સત્સંગના પ્રસંગ મેળવી આપણે સર્વે નાનામોટાએ કરી લેવાથી આ મનુષ્યભવ મળ્યાની સફળતા માનવી ઘટે છેજી. તેમની માંદગીમાં તમને બધાંને જે પરમકૃપાળુદેવની ભક્તિનો લાભ મળ્યો તેવો લાભ આશ્રમમાં અવકાશ લઈ અવાય ત્યારે જ બને તેવું હવે છેજી. બીજાં સંસારનાં કામ કરવાં પડે તોપણ ઉદાસીનતા વધારતા રહી બાર માસથી જે ભક્તિના યોગે શ્રદ્ધાભાવના વર્ધમાન થઈ છે તે મોહમાં લૂંટાઈ ન જાય, માટે વારંવાર પરમકૃપાળુદેવનાં વચનોનું વાંચન, ભક્તિ, સ્મરણ બધા કુટુંબમાંનાં નાનાંમોટાં એકઠાં મળી કરતા રહેવા ભલામણ છેજી, તથા પૂનમ કે એવાં શુભ પર્વ ઉપર આત્મસિદ્ધિશાસ્ત્રની ભક્તિ-ભજન આત્માર્થે કર્તવ્ય છેજી. જેમ માંદગી વખતે વખત બચાવી સ્વ....ની સેવાભક્તિ બજાવી તેમ જ પૂ. માજીની સેવા સાજાં હોય તોપણ તેમને કંઈ કંઈ સમાધિસોપાન, તત્ત્વજ્ઞાન વગેરેમાંથી રોજ સંભળાવતા રહી સ્મરણ વગેરે કરાવતા રહી કરી લેવા યોગ્ય છેજી.

---

૫૦૬

અગાસ, તા. ૨૨-૬-૪૪
અષાડ સુદ ૨, ગુરુ, ૨૦૦૦

ગમે તે કામ હાથમાં લીધું હોય તેથી કંટાળ્યા વિના તથા તેમાં આસક્તિ રાખ્યા વિના બનતી ફરજ બજાવી, બચતો વખત આત્મકલ્યાણને અર્થે વાંચન, વિચાર, સ્વાધ્યાય, ભક્તિ, સ્મરણમાં ગાળતા રહેવા ભલામણ છેજી. સ્મરણમાં આનંદ આવે તેમ વૃત્તિ રાખતા રહેવા વિનંતી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૦૭

અગાસ

.... તેમ દવા, કોઈની સેવાચાકરી કે હવાપાણીથી કંઈ ફેર જણાય, પણ વહેલેમોડે બાંધેલ કર્મ ભોગવી લીધા વિના છૂટકો નથી. વાતે વડાં નહીં થાય, કરવું પડશે, ખમી ખૂંદો; આટલો ભવ ભક્તિનો લાગ મળ્યો છે તે વ્યર્થ બીજી ચિંતામાં ન ગાળો; આંખો મીંચીને અઘરું લાગે તોપણ સત્સંગ, સંપ અને સત્શાસ્ત્રના અવલંબને સદ્ગુરુશરણે આ ભવમાં સમાધિમરણ કરી લેવું છે. એવી અનેક હિતકારી શિખામણ હૃદયમાં ઊંડી ઊતરી જાય તેમ તે મહાપુરુષે

દરેકને આપી છે, અને દેહભાવ જતો કરી આત્મભાવમાં વારંવાર વૃત્તિ લાવવા ઘણા કડક શબ્દોમાં ઉપદેશ આપતા — "આત્મા જુઓ, બેઠો હોય તે બીજું જુએ અને માને." આમ ભરી સભામાં પોકાર કરતા હતા. તેમાંથી જેટલું યાદ આવે તેટલું હૃદયમાં વારંવાર એકાંતમાં વિચારી, તે આશ્રયે હવે તો જેટલા દહાડા તે પરમ સત્સંગના વિયોગમાં તેને શરણે જીવનના બાકી હોય તે "પરપ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં, વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાઈ દિયે" — તે લક્ષ રાખી તે પરમપુરુષના શરણે ગાળવાના છેજી.

પૂ. અંબાલાલ મારવાડીનો જેઠ વદ ૧૦ની રાત્રે દેહ છૂટી ગયો છે. આમ તો તે ઢીલો જણાતો હતો પણ પરમકૃપાળુદેવની પકડ તેની સારી હતી. બ્યાવરના જુગરાજ અને એ અંબાલાલ બે મિત્રો હતા. તેમણે 'જીવનકળા' વાંચી અને આશ્રમ છે તે કેવું છે તથા કેવી સગવડ છે તે જોવા સ્વ. અંબાલાલને અહીં પહેલા મોકલેલા. તે આવ્યા અને તેને ગમવાથી તે તો રહી જ પડ્યા. છેલ્લે તેમને ન-છૂટકે આશ્રમ છોડવું પડ્યું પણ છેવટ સુધી તેની શ્રદ્ધા સારી રહી. આપણે પણ સમાધિમરણની રોજ ભાવના તથા તૈયારી કરતા રહેવાની જરૂર છેજી. દરરોજ સૂતી વખતે તો પરમકૃપાળુદેવને શરણે આત્મઅર્પણતા સંભારી તે જ શરણું સાચું છે, હું કંઈ જ ન જાણું, પણ પરમકૃપાળુદેવે જેવો જાણ્યો છે તેવો આત્મા મારો છે — એમ મારે માનવું છે, તે જ મને હો એ ભાવના કરતા રહેવા જેવી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૦૮**

અગાસ, તા. ૩૦-૬-૪૪

તત્ ૐ સત્

અષાડ સુદ ૯, શુક્ર, ૨૦૦૦

આપનો પત્ર આજે મળ્યો. તે વાંચતાં વિચાર આવ્યો કે આમ ને આમ જીવે અનંતકાળ કર્યો છે, ઉતાવળે કામ કરી લેવાની દોડ કરી છે. જે કામ કરવાનું હોય તેની પૂરી માહિતી કે તૈયારીઓ વિચારપૂર્વક જીવે કરી નથી. જ્યારે જીવને મુશ્કેલીઓ આવી પડે છે ત્યારે તેના ઉપાય શોધે છે અને તે વખતે મળી આવે કે ન પણ મળી આવે, પછી પસ્તાય; પણ પહેલેથી શી શી જરૂર પડશે તેનો બનતો વિચાર કરી લેવાનો કે તૈયારી કરી લેવાનો જીવ વિચાર, પુરુષાર્થ ધારે તો કંઈ કંઈ કરી શકે તેમ છે. આ પ્રસંગ તો નજીવો છે, પણ પરભવ જરૂર જવાનું છે તેને માટે પણ જીવ ચેતતો રહે. નવાં કર્મ બાંધે છે તે વખતે જો સદ્વિચાર કે જ્ઞાનીની આજ્ઞાનો લક્ષ રહે તો ઘણો ફેર પડવા સંભવ છેજી. એવી અગમચેતી કોઈ વિરલા પુરુષો રાખે છે તેમાંના આપણે એક ગણાઈએ, થઈએ તેમ વર્તવાની જરૂર છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૦૯**

અગાસ, તા. ૫-૭-૪૪

તત્ ૐ સત્

અષાડ સુદ ૧૪, બુધ, ૨૦૦૦

પૂ. અંબાલાલ મારવાડીનો દેહ તેના ગામે ગયા માસમાં છૂટી ગયો છે. તેના ભાવ છેવટ સુધી સારા રહેલા એવા સમાચાર હતા. પરમકૃપાળુદેવનું યોગબળ આમ પાંચ-સાત વર્ષના નવા સમાગમીના મરણ-પ્રસંગે પણ પ્રગટ જણાય છે, તો જેને પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનાં

સાક્ષાત્ દર્શન, ઉપદેશ, સ્મરણ, સમાગમનો લાભ મળ્યો છે તેનાં તો અહોભાગ્ય માનવાં ઘટે છેજી. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે "તારી વારે વાર" તે તદ્દન સાચું જણાય છેજી. જીવ બળ કરે તો પરમકૃપાળુદેવની પ્રગટ અનંત દયા અનુભવાય તેમ છેજી. પ્રમાદ અને પરભાવે જીવનું ભૂંડું કર્યું છેજી. ખંભાતમાં પરમકૃપાળુદેવે જણાવેલું પૂ. ત્રિભોવનદાસે, અહીં આવ્યા ત્યારે, જણાવ્યું હતું કે તમે છ આની મહેનત કરો તો અમે દશ આની ઉમેરી આપીશું. આ વાત કેટલી અદ્ભુત છે; અને પુરુષાર્થપ્રેરક છે, તે કરી જોયે ખબર પડે. આપણામાં તો અનંત દોષો ભરેલા છે, પરંતુ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો યોગ થયા પહેલાંની અને અત્યારની અવસ્થા તપાસીએ તો તેમાં આભ-જમીન જેટલો ફેર સ્પષ્ટ સમજાય તેવો છે; તેમાં મુખ્ય કારણ તે પરમકૃપાળુનું યોગબળ મને તો સમજાય છેજી. નહીં તો આ જીવનું વીર્ય આ કાળમાં કેવું અને કેટલું તથા કંઈ પણ તેણે માથું મૂકીને કરવા જેવો પુરુષાર્થ પણ કર્યો નથી છતાં જે કંઈ રંગ બદલાયો છે તે તેની માત્ર નિર્ગુણી ઉપર પણ કરુણા કરવાની ઉદારતા જ સમજવા યોગ્ય છેજી. અધિક શું લખવું ? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૫૧૦

અગાસ, તા. ૫-૭-૪૪

તત્ ૐ સત્ આષાઢ સુદ ૧૪, બુધ, ૨૦૦૦

વિ. ભાઈ....નો પત્ર મળ્યો. તે ઉપરથી એક જૂનો પ્રસંગ યાદ આવ્યો. શ્રી સુખલાલ પંડિત અમદાવાદથી અહીં આશ્રમમાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના દર્શનાર્થે આવેલા. પછી દર્શન કરી તેમની ઓરડીએ તે ગયા ત્યારે મારે તે તરફ જવાનું થયું એટલે તેમણે મને પ્રશ્ન પૂછયો : "જીવન એટલે શું ?" તેમની સાથે બેસી મેં તેમને પૂછ્યું : "જીવન એટલે તો જીવવું એમ સામાન્ય અર્થ થાય છે, પણ આપ કેવા જીવન સંબંધી પૂછો છો ? વિદ્યાર્થીજીવન, વાનપ્રસ્થજીવન, ગૃહસ્થજીવન કે ત્યાગીજીવન એમ વિશેષતાથી પૂછવાથી વિશેષતાનો ઉત્તર મળે." એવામાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પાસેથી મને બોલાવવા માણસ આવ્યું એટલે હું તેઓશ્રીની સેવામાં હાજર થયો અને નકામા વિકલ્પોથી છૂટયો. આજે લગભગ દશ-પંદર વર્ષે આ પત્રમાં તે જ પ્રશ્ન હોવાથી તે સ્મૃતિ તાજી થઈ અને તે મહાપ્રભુનો મારા ઉપર કેટલો બધો ઉપકાર તથા મારી કેટલી કાળજી રાખતા તેની સ્મૃતિનું કારણ ભાઈ.... બન્યા છે. તેમના મનનું સમાધાન તેવા મહત્પુરુષોનું યોગબળ કરશે. હું તો પામર પ્રાણી છું. આજનો પત્ર વાંચતાં મને સ્ફુરી આવ્યું :

"નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ."

તે ઉપરથી હું કેવા દોષમાં (પંડિતાઈમાં) દોરાતો હતો ત્યાંથી બચાવી મને મારી સાધનામાં સદ્ગુરુએ જોડયો હતો, તે તે વખતે સમજાયું નહોતું. આપને સમજવા અર્થે પરમકૃપાળુદેવે ક્ષાયકસમ્યક્ત્વની ચર્ચાના પત્રમાં જે લખ્યું છે તેમાંથી થોડું લખું છું તે વિચારશો, સમજાય તેટલું સમજશો, બાકીનું સમાગમે સમજવા ભાવ રાખશોજી. મહાપુરુષોએ જેને માટે ઘણાં વર્ષો ગાળ્યાં છે તે સમજવા જેટલી શક્તિ આવ્યા પહેલાં સમજાવવા જવાનો જીવનો

અનાદિનો અભ્યાસ છે; તે ઉપર પરમકૃપાળુદેવે, નીચે જણાવું છું તેમાં, સખત પ્રહાર કર્યો છે તેનો પ્રથમ લક્ષ લેવા યોગ્ય છેજી. બીજી બધી વાત સમાગમે ક્રમે કરીને સમજાય તેમ છેજી.

"હવે આપણો આત્મા કઈ દશામાં હાલ છે, અને તે ક્ષાયિકસમકિતી જીવની દશાનો વિચાર કરવાને યોગ્ય છે કે કેમ, અથવા તેનાથી ઊતરતી અથવા તેથી ઉપરની દશાનો વિચાર આ જીવ યથાર્થ કરી શકે એમ છે કે કેમ ? તે જ વિચારવું જીવને શ્રેયસ્કર છે; પણ અનંતકાળ થયાં જીવે તેવું વિચાર્યું નથી, તેને તેવું વિચારવું યોગ્ય છે એવું ભાસ્યું પણ નથી, અને નિષ્ફળપણે સિદ્ધપદ સુધીનો ઉપદેશ જીવ અનંત વાર કરી ચૂક્યો છે; તે ઉપર જણાવ્યો છે, તે પ્રકાર વિચાર્યા વિના કરી ચૂક્યો છે, વિચારીને – યથાર્થ વિચાર કરીને – કરી ચૂક્યો નથી. જેમ પૂર્વે જીવે યથાર્થ વિચાર વિના તેમ કર્યું છે, તેમ જ તે દશા (યથાર્થ વિચારદશા) વિના વર્તમાને તેમ કરે છે. પોતાના બોધનું બળ જીવને ભાનમાં આવશે નહીં ત્યા સુધી હવે પછી પણ તે વર્ત્યા કરશે, કોઈ પણ મહાપુણ્યને યોગે જીવ ઓસરીને તથા તેવા મિથ્યા-ઉપદેશના પ્રવર્તનથી પોતાનું બોધબળ આવરણને પામ્યું છે, એમ જાણી તેને વિષે સાવધાન થઈ નિરાવરણ થવાનો વિચાર કરશે ત્યારે તેવો ઉપદેશ કરતાં, બીજાને પ્રેરતાં, આગ્રહે કહેતાં અટકશે. વધારે શું કહીએ ? એક અક્ષર બોલતાં અતિશય-અતિશય એવી પ્રેરણાએ પણ વાણી મૌનપણાને પ્રાપ્ત થશે; અને તે મૌનપણું પ્રાપ્ત થયાં પહેલાં જીવને એક અક્ષર સત્ય બોલાય એમ બનવું અશક્ય છે; આ વાત કોઈ પણ પ્રકારે ત્રણે કાળને વિષે સંદેહપાત્ર નથી. તીર્થંકરે પણ એમ જ કહ્યું છે; અને તે તેના આગમમાં પણ હાલ છે, એમ જાણવામાં છે. કદાપિ આગમને વિષે એમ કહેવાયેલો અર્થ રહ્યો હોત નહીં, તોપણ ઉપર જણાવ્યા છે તે શબ્દો આગમ જ છે, જિનાગમ જ છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન એ ત્રણે કારણથી રહિતપણે એ શબ્દો પ્રગટ લેખપણું પામ્યા છે; માટે સેવનીય છે." (૩૯૭)

નિરાશ થવા જેવું નથી. પણ મેં ઘણું વાંચ્યું છે એ પ્રકારનું અભિમાન ભૂંસી નાખી હજી મારે તે દિશા શોધવાની છે; તે દિશાનો નિર્ણય થયે જેટલો પુરુષાર્થ થશે તેટલો સવળો, ધ્યેયને પ્રાપ્ત કરાવનાર, નિકટ લાવનાર થશેજી. તેને અર્થે સત્સંગ, સત્પુરુષના સમાગમની જરૂર છે, તે તમને વૅકેશન જેવા વખતમાં પ્રાપ્ત થવા યોગ્ય છે. હાલ તો જે કામ હાથમાં અભ્યાસનું લીધું છે તે પૂર્ણ કરવા તરફ વૃત્તિ રાખી બીજા વિચારો ગૌણ કરી, વખતની અનુકૂળતા અને સત્સંગના યોગે તે સર્વ પ્રશ્નોનો નિવેડો આવવા યોગ્ય છે એમ ગણી, તેની ભાવના રાખતા રહો. આકુળતા કે અશાંતિને દૂર કરી સદાચરણ, વૈરાગ્ય વગેરે વડે યોગ્યતા વધારતા રહેવા ભલામણ છેજી.

---

૫૧૧ અગાસ, તા. ૭-૭-૪૪

આપનો પત્ર મળ્યો. જે કોઈ મુમુક્ષુભાઈઓ ત્યાંના પાસેના હોય તે બધાને આમંત્રી જે મળી આવે તેમની સાથે ભક્તિભાવપૂર્વક માંગલિક કાર્ય કરી લેવું ઘટે છેજી. મોટી વાત ભાવની છેજી. "ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન; ભાવે ભાવના ભાવીએ, ભાવે

કેવળજ્ઞાન.'' ફૂલ નહીં તો ફૂલની પાંખડી વડે ભાવ કરવાના છેજી. આપણે શું કરી શકીએ તેમ છીએ ?

"હું પામર શું કરી શકું ? એવો નથી વિવેક;
ચરણશરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.''

એવા નમ્ર, નિરભિમાની ભાવે પરમકૃપાળુદેવ પ્રત્યે કાલાવાલા કરી જેમ ઘરમાં પરમકૃપાળુદેવ પધરાવો છો તેમ હૃદયમાં પણ તેમનાં વચનો અને તેનો આશય સંસ્થાપિત રહે તેવી ભાવના ભાવતા રહેવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૧૨** અગાસ, તા. ૯-૭-૪૪

પરમકૃપાળુદેવનો પરમ ઉપકાર જેમ જેમ તેમનાં વચનો વારંવાર વંચાય છે તેમ તેમ વિશેષ વિશેષ સ્ફુરે છે. એવા અપવાદરૂપ મહાપુરુષે "મોક્ષમાર્ગ બહુ લોપ'' થયેલો તે "ભાખ્યો અત્ર અગોપ્ય'' પ્રગટ કર્યો. એના યોગબળે અનેક જીવો સત્ય માર્ગ તરફ વળ્યા, વળે છે અને વળશે. આપણાં પણ મહાભાગ્ય કે તેવા પુરુષનાં વચનો પર વિશ્વાસ, પ્રેમ, પ્રતીતિ થવાથી તેમના હૃદયમાં રહેલી અનુપમ અનુકંપાને યોગ્ય તેમની આજ્ઞા વડે આપણો આત્મોદ્ધાર કરવા પ્રેરાયા છીએ. તે મહાપુરુષ પાસેથી ધરાઈને જેણે અમૃતપાન કર્યું છે એવા શ્રી લઘુરાજસ્વામીનો પણ પરમ ઉપકાર છે કે જેમણે પોતાને અલભ્ય લાભ થયો તે સર્વ આ કાળના જિજ્ઞાસુ જીવો પામે એવી નિષ્કારણ કરુણાથી આખર વખતે પોતાને પ્રાપ્ત થયેલી આજ્ઞાની પરંપરા ચાલુ રહે તે અભિપ્રાયે સ્પષ્ટ પ્રેરણા કરતા ગયા છે. તેમણે વારંવાર બોધવચનોમાં પોતાની પ્રતીતિ પ્રદર્શિત કરી છે. તેમાંથી અલ્પ અંશ અહીં આપને વારંવાર વિચારી લક્ષમાં રહેવા તથા તેનો લાભ મળ્યા કરે તે અર્થે જ જણાવું છુંજી—

"સર્વ શાસ્ત્રોનો સાર, તત્ત્વોનો સાર શોધીને પરમકૃપાળુદેવે કહી દીધો છે. બહુ દુર્લભ, આ કાળમાં કામ કાઢી નાખે તેવું કૃપાળુદેવે આપ્યું છે. વિશ્વાસ હોય તો કહું. 'વીસ દુહા' ભક્તિના છે તે મંત્ર સમાન છે. સો વખત, હજાર વખત બોલાય તોપણ ઓછું છે. લાભના ઢગલા છે. ક્ષમાપનાનો પાઠ, છપદનો પત્ર, યમનિયમ, આત્મસિદ્ધિ આટલાં સાધન અપૂર્વ છે, ચમત્કારિક છે! રોજ ભણવાં જરૂરનાં છે. જીવતાં સુધી આટલી ભક્તિ રોજ કરવી જ. 'દરજીનો છોકરો જીવે ત્યાં સુધી સીવે', એ તો ખોટી વાત છે; પણ તેમ જીવતાં સુધી આટલું તો કરજો જ. તેથી સમાધિમરણ થશે. સમકિતનો ચાંલ્લો થશે. વધારે શું કહું ?....આ અવસર જેવો તેવો જાણશો નહીં. વાત સાંભળતાં પરિણમી જવાય છે ત્યાં કોટિ કલ્યાણ થાય છે. આત્મા કેવી અપૂર્વ વસ્તુ છે ? તેનું માહાત્મ્ય કથ્યું જાય તેમ નથી. 'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો.' એની વાત, એનો વિચાર, એના ઉપર પ્રેમ-પ્રીતિ ભાવ થાય છે, ત્યાં કોટિ કર્મ ખપે છે. 'પર્યાયદૃષ્ટિ ન દીજિયે, એક જ કનક અભંગ રે; નિર્વિકલ્પ રસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે.''' (ઉપદેશામૃત : પૃષ્ઠ ૩૮૮-૮૯)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૧૩ અગાસ, તા. ૧૮-૭-૪૪
તત્ ૐ સત્ આષાઢ વદ ૧૩, મંગળ, ૨૦૦૦

## દેવદુર્લભ ઘેલછા

"અમે ઘેલાં થયાં બાઈ રે, ઘેલામાં ગુણ લાધ્યું.
આગે તો અમે કાંઈ નવ જાણતાં મન માયામાં બાંધ્યું;
ભવસાગરમાં ભૂલાં પડિયાં, મારગે મળિયા સાધુ રે-ઘેલામાં૦
ઘેલાં તો અમે પ્રભુનાં ઘેલાં, દુર્જનિયાં શું જાણે ?
જે રસ દેવ-દેવીને દુર્લભ, તે રસ ઘેલાં માણે રે-ઘેલામાં૦
ઘેલાં તો અમને પ્રભુએ કીધાં, નિર્મળ કીધાં નાથે;
પૂર્વજન્મની પ્રીતડી રે, પ્રભુએ ઝાલ્યાં હાથે રે-ઘેલામાં૦
ઘેલાં ઘેલાં તમે શું કહો, ઘેલાં ઘેલાંનું કરશે;
સુખનું કહેતાં દુઃખ જ લાગે, તે નર ક્યાંથી તરશે રે ?-ઘેલામાં૦
ઘેલાં તો અમે કાંઈ નવ જાણતાં, સાધુ શરણાં લીધાં,
મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ સમજ્યે કારજ સીધાં રે-ઘેલામાં૦
બાઈ કહે પ્રભુ રાજગુરુ-ગુણ સમજ્યે કારજ સીધાં રે-ઘેલામાં૦"

ભગવતી બાઈ મીરાંબાઈનું એક પદ આ પત્રને મથાળે લખ્યું છે, તે રાગ બેસાડી વાંચશો તો આનંદ આવશે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી તે પદ સભામાં ગવરાવતા. માર્ગાનુસારી ભક્તોનાં ભજનથી તેઓશ્રીજીએ પરમકૃપાળુદેવ ઉપર પ્રેમ કરવાનું શીખવ્યું. તેમાં મુખ્યે તો તેઓશ્રીજીનો પરમકૃપાળુદેવ પ્રત્યેનો ઉલ્લાસભાવ જ બધાનાં હૃદયમાં ભક્તિભાવ ભરી દેતો હતો. સત્સંગનો યોગ ન હોય ત્યારે કોઈ પણ પ્રકારે પરમકૃપાળુદેવ પ્રત્યે ભાવ વર્ધમાન થતો રહે તેવું વાંચન, ભક્તિ, સ્મરણ, વાતચીત કે કંઈ કંઈ નવીન મુખપાઠ કરવામાં, શીખવામાં વૃત્તિ જોડી રાખવી.

સંકટ સહી સમભાવ, રૂડા રાજને ભજીએ.
જગત-ભગતને વેર અનાદિ, સૌનાં મ્હેણાં સહીએ;
જે કહે તેને કહેવા દઈએ, પ્રભુભજનમાં રહીએ રે, રૂડા૦

સત્સંગમાં તો સહેજે સારી વૃત્તિ રહે, ભક્તિભાવ થાય પરંતુ સત્સંગના વિયોગે પણ પરમકૃપાળુદેવનાં વચનો, પ્રભુશ્રીજીનો બોધ કે તેવા પત્રોમાં વૃત્તિ રાખી ભક્તિભાવને પોષવામાં ભક્તજનની કસોટી છેજી. ધીરજથી એ કસોટીમાં પાર થાય તેને લાભ ઘણો થાય છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે અમને વિરહમાં રાખીને જ પરમકૃપાળુદેવે પરમ કૃપા કરી છેજી. વૈરાગ્ય અને ઉપશમ એ બે યોગ્યતા આપનાર ગુણો છેજી. જેને આ સંસારનાં સુખો પણ અગ્નિ જેવાં દાહ ઉત્પન્ન કરનારાં લાગે, પોતાને અધમાધમ જે માને અને એક પરમકૃપાળુદેવને જ આધારે સત્સંગની ભાવના પોષતા રહી દહાડા કાઢે તેને ધન્ય છે! અત્યારે જે દુઃખના દહાડા જણાય છે તે ભવિષ્યમાં ઘણા કીમતી અને સુખનાં કારણરૂપ સમજાશે. ઉનાળાના

ઉનાળામાં ગરમી સહન નથી થતી પણ તે જ ગરમી ચોમાસાના વરસાદનું કારણ છે. તેથી જ બારે માસના ખોરાકને યોગ્ય અનાજ પાકે છે. તેમ સત્સંગના વિયોગે જે વૈરાગ્યભાવના વધે, તે પરમકૃપાળુદેવની કૃપા થવાની નિશાની છેજી. માટે વિપરીત સંયોગોમાં વસવું થાય ત્યાં સુધી ધીરજ, સમતા, સહનશીલતા, શાંતિ આદિ ગુણો તમારામાં છે, તે વર્ધમાન પામે તો તે જ સમાધિમરણ વખતે ખરા મિત્રો સમાન છેજી. એક ક્ષણ પણ નકામી ન જાય કે આર્ત્તધ્યાનનું કારણ ન થાય તે પ્રમાણે દિવસનો કાર્યક્રમ બને તો અહીંના સભામંડપના વખતોની પેઠે બને તેટલો કાળ ધર્મધ્યાનમાં ગાળવાનો અભ્યાસ પાડી મૂકવા યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૧૪ અગાસ, તા. ૩-૮-૪૪
શ્રાવણ સુદ ૧૩, ૨૦૦૦

ઘણી વાર પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પાસે સાંભળ્યું છે કે મનુષ્યભવ દુર્લભ છે, ચિંતામણિરત્નતુલ્ય છે, મોક્ષનું કારણ છે; તેમ છતાં તુચ્છ વસ્તુઓનું માહાત્મ્ય જીવને લાગ્યા કરે તો તે બોધ સાંભળ્યો જ નથી એમ થયું. તો હવે તે દુર્લભ મનુષ્યભવ સફળ કરવા શું કરવું? શું કરવાથી જે માહાત્મ્ય જ્ઞાનીને લાગ્યું છે તે આપણને લાગે? આપણી ભૂલો આપણને યથાર્થ કેવા પ્રકારે શું કરવાથી સમજાય? અને શાથી તે ટળે? એનો વિચાર મારે તમારે બધાએ લક્ષ રાખી વારંવાર કર્તવ્ય છેજી.

---

૫૧૫ અગાસ, તા. ૩-૮-૪૪

હરિગીત — પરમાર્થ દૃષ્ટિ શીખવે દેતું ન કોઈ કોઈને;
ખમવું બધું પરમાર્થ અર્થે ક્લેશ-કારણ ખોઈને,
સંયોગ સર્વે છૂટશે પણ જાણનારો જોઈ લે,
આવો ફરી ના યોગ આવે, લાભ સાચો સાધી લે.
"નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે."

વારંવાર વિચાર કરવા યોગ્ય તો જ્ઞાનીએ જાણ્યો છે તે આત્માનું સ્વરૂપ છે; તે મહાપુરુષનાં વચનના અવલંબને બને તેટલા કષાય શમાવી શાંતભાવે વિચારવા યોગ્ય છે. સત્સંગે વિવેક-જાગૃતિ થાય છે; માટે સત્સંગની ભાવના નિરંતર કર્તવ્ય છેજી. પોતાની બુદ્ધિને જો જ્ઞાનીનાં વચનરૂપ અંકુશ ન વાગ્યા કરે તો મદોન્મત્ત હાથીની પેઠે તે સર્વને નષ્ટભ્રષ્ટ કરી દે તેવી છે. માટે બુદ્ધિ દ્વારા સ્વચ્છંદ ન પોષાય પણ જ્ઞાનીની આજ્ઞાનો વિચાર થાય તે લક્ષ રાખી "आणाए धम्मो आणाए तवो" જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે જ ધર્મ છે, જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે જ તપ છે, એ વારંવાર વિચારી પોતાની મૂઢદશા વિચારવામાં સચેતપણું રાખવું ઘટે છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે તારી બુદ્ધિ ઉપર મીંડું મૂકી ચોકડી તાણવા યોગ્ય છે. કારણ કે અનંત કાળથી તેણે પરિભ્રમણ કરાવવારૂપ ફળની પરંપરા આ જીવને આપીને દુઃખી દુઃખી કરી નાખ્યો છે. તો હવે આ ભવમાં તો પરમકૃપાળુદેવે સમ્મત

કરેલું જ બુદ્ધિમાં બેસાડવું છે, તેણે કહેલું જ માનવું છે; ન સમજાય તોપણ તેનાં વચનો, આજ્ઞા ઉપાસતાં જીવનું કોટીગમે કલ્યાણ છે એટલી અટળ શ્રદ્ધા કરી રાખવી છે. માર્ગ સાચો છે એટલો જેણે નિર્ણય કર્યો છે તેને માર્ગે ચાલવાનું બળ સ્ફુરે છે; નહીં તો જીવ નિરાશ થઈ જઈ શિથિલ બને છે. માટે વાચન, વિચાર, ચર્ચા બધાનો પાયો સત્શ્રદ્ધા છે અને તે જ પોષાય તેવા બીજા ઉપાય લેવા ઘટે છેજી. પ. પૂ. પ્રભુશ્રીજીએ આ જ દૃષ્ટિ કરાવવા ઘણાં વર્ષ સુધી અથાગ શ્રમ લીધો છે. બીજું બનો કે ન બનો, પણ પરમકૃપાળુદેવ અને તેનાં વચનો તથા તેના આશ્રય પ્રત્યે જેને ભક્તિ જાગી છે તેનું જરૂર કલ્યાણ થવાનું છે એ માન્યતા દૃઢ અચળ કરી દેવાની છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૧૬ અગાસ, તા. ૮-૮-૪૪

તત્ ૐ સત્ શ્રાવણ વદ ૪, મંગળ, ૨૦૦૦

આપનો શોકસમાચારવાળો પત્ર પ્રાપ્ત થયો. ઘણા પુણ્યના સમૂહથી આ માનવદેહરૂપી હોડી ખરીદેલી છે, તે ભવસાગર તરવા માટે જ છે, માટે તે તૂટી જાય તે પહેલાં પેલે પાર પહોંચવાનો પ્રયત્ન આપણે બધાએ કરી લેવો ઘટે છેજી. 'આમ અચાનક આયુષ્ય તૂટી જાય છે' એવો સચોટ ઉપદેશ આપવા જ જાણે તે ભાઈ મરણને શરણ થઈ આપણને ઉપકારી થયા છે; તો આપણે હવે આ મોહનીંદમાંથી જાગ્રત થવું ઘટે છેજી, પ્રમાદ તજી સ્વરૂપસાધના તરફ વિશેષ વૃત્તિ વાળવી ઘટે છેજી. જેને માટે ઝૂરવાનું પરમકૃપાળુદેવે કહ્યું છે તેની ઝૂરણા જીવ કરતો નથી અને જેમાં આપણું કંઈ વળે નહીં, માત્ર આર્ત્તધ્યાન થાય એવા પ્રસંગોમાં મોહને લઈને ઝૂરે છે; તેવી આપણી અંધદશાની કરુણા આણી તે મહાપુરુષ ઉપદેશે છે કે :– "અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી? અને તે શું કરવાથી થાય? આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે; અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના, તેને માટે દૃઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી." (૧૯૫)

દેહ ઇંદ્રિય સંબંધીના સુખની જીવને ઝંખના લાગી છે, તે મેળવવા, સાચવવા કે તેનો નાશ થતાં તેની ઝૂરણા કરવામાં જીવની બધી વૃત્તિઓ રોકાઈ રહી છે, એટલે પરમાર્થનો વિચાર કે ભવ-પરિભ્રમણનો ત્રાસ તેને સાંભરતો નથી. એક માખી આંખ આગળ બમણતી હોય કે કાન આગળ મચ્છર ગણગણતો હોય તો તેની તરત કાળજી રાખી ઉરાડી મૂકે છે; પણ માથે મરણ ઝપાટા દઈ રહ્યું છે તે ક્યારે ઝડપી લેશે તેનો નિર્ણય નથી, છતાં જીવ નિરાંતે ઊંઘે છે એ કેટલું મૂઢપણું છે? સાપના મુખમાં પકડાયેલો દેડકો પાસે ઊડતા મચ્છરને પકડવા મોં પહોળું કરે છે, તેમ આ જીવ મરણના વિચાર ભૂલી ભોગમાં વૃત્તિ રમાડ્યા કરે છે એનો વારંવાર વિચાર કરી જ્ઞાનીપુરુષોએ આદરેલો પુરુષાર્થ, સહન કરેલા પરિષહો અને આપેલા ઉપદેશો તથા સત્સાધનો, તેનું માહાત્મ્ય વારંવાર હૃદયમાં લાવી, તેમને પગલે પગલે ચાલવાની ભાવનાથી તેમણે બોધેલે માર્ગે હવે તો નિરંતર વૃત્તિ રહે અને તે લક્ષ ચુકાતાં મૂંઝવણ આવે, ન ગમે તેવું વર્તન કરવું ઘટે છેજી. હવે તો ઇન્દ્રિયોનાં તુચ્છ સુખોમાં વૃત્તિ જતાં મન ગ્લાનિ પામે, જાણે શરમાવું પડે તેવું મનમાં થાય તેમ કર્તવ્ય છેજી. અનંત ભવોમાં

ભમતાં આ જીવે એટલું બધું અનાજ ખાધું છે કે દરેક ભવના ભોગવેલા દાણામાંથી એક એક દાણો લઈએ તો મોટો પર્વત જેવડો ઢગલો થાય. દરેક ભવમાં જે પાણી પીધું છે તેમાંથી દરેક ભવનું એક એક ટીપું ભેગું કરીએ તોપણ દરિયો ભરાય એટલા બધા ભવ સુધી જીવે ખા ખા અને પાણી પી પી કર્યું છે તોપણ હજી તેને તૃપ્તિ થઈ નથી તો આ મનુષ્યભવમાં ગમે તેટલું ખાય, પીએ કે ભોગ ભોગવે તોપણ તેની તૃષ્ણા મટે તેમ નથી એમ વિચારી, સંતોષ સિવાય હવે તૃષ્ણા ટાળવાનો બીજો કોઈ ઉપાય નથી. માટે હવે તો ખાવા, પીવા, ભોગ ભોગવવાથી વૃત્તિ પાછી વાળી, જે સુખ અનંત ભવ થયાં છતાં જાણ્યું નથી, ભોગવ્યું નથી એવું આત્માનું સુખ પ્રાપ્ત કરવા જ્ઞાનીની આજ્ઞા આરાધવી છે, આટલો લક્ષ રહ્યા કરે તો જીવને વૈરાગ્યની વૃત્તિ પોષાય અને જ્ઞાનીપુરુષની આજ્ઞાના આરાધનમાં ઉત્સાહ રહે તથા સત્સુખને યોગ્ય જીવ થાય.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૧૭ અગાસ, તા. ૨૪-૮-૪૪

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૫, ૨૦૦૦

"यह राग-आग दहै सदा, तातैं समामृत सेईए,
चिर भज्ये विषय-कषाय, अब तो त्याग निजपद लेईए।
कहा रच्यो पर पदमें ? न तेरो पद यहैं, क्यों दुःख सहै ?
अब दौल(त) होउ सुखी स्वपद रचि, दाव मत चूको यहै ।।"

"સંયોગ સંબંધ, સ્ત્રી, પુત્ર, માતા, પિતા, ભાઈ આદિ સર્વ પર્યાય છે; કર્મજન્ય વિભાવિક પર્યાય છે અને નાશવંત છે, માટે તે કોઈ મારાં નથી. મારા તો એક સત્સ્વરૂપી પરમકૃપાળુદેવ છે અને તેમણે જે આજ્ઞા કરી છે અને કહ્યો છે તેવો સહજાત્મસ્વરૂપી એક આત્મા જ છે. તે આત્મસ્વરૂપ – આત્મા છે, નિત્ય છે એ આદિ છપદને પરમકૃપાળુદેવે કહ્યા છે, તે સ્વરૂપવંત છે — એ મારો છે એમ માનવું. અત્યારથી તૈયારી કરી રાખવી અને ભાવના રાખવી કે હું મરણ સમયે આ આજ્ઞા જ માનીશ, બીજું કંઈ નહીં માનું. અને એમ માનવાથી જ, એ માન્યતા રહેવાથી – તે સાથે જે મરણ છે તે – સમાધિમરણ છે." (પ્રભુશ્રીજીનો બોધ)

જ્ઞાની પુરુષો શાતા કરતાં અશાતાને કલ્યાણકારી માને છે; કારણ કે શાતા વખતે અનેક પ્રવૃત્તિમાં ચિત્ત રાખવું પડે છે, અશાતા વખતે અનેક વ્યર્થ પ્રવૃત્તિઓ અટકે છે, ધર્મધ્યાનની ભાવના જાગે છે કે પ્રબળ બને છે, દેહનું સ્વરૂપ વિશ્વાસઘાતી મિત્ર સમાન જ્ઞાનીઓએ વર્ણવ્યું છે તેની પ્રતીતિ થાય છે; ઘણું સાચવવા છતાં, વેદનાની મૂર્તિરૂપ તેનો સ્વભાવ કૂતરાની પૂછડી સમાન ટાળ્યો ટળતો નથી; તેનું અનિત્ય, અસાર સ્વરૂપ સમજાતાં સમજુ જીવને ભવિષ્યને માટે તેની ચિંતા, તેની શોભા, તેના આધારે સુખની કલ્પનાઓ સંબંધી મંદ આદર થાય છે; અને દેહ છતાં દેહાતીત સ્વરૂપે રહેતા પરમ જ્ઞાનીપુરુષોના માર્ગને યથાર્થ આરાધવાનો નિશ્ચય દૃઢ થાય છે. તદ્દન અસહાય અવસ્થામાં પરમશરણરૂપ પરમકૃપાળુદેવનું યોગબળ ગુપ્ત ચમત્કારરૂપ, અનેક ભવ્ય જીવોને અત્યંત વેદના વેદતાં સ્પષ્ટ સમજાય છે, તે શ્રી અનાથી મુનિ સમાન ભવ્ય જીવોને જીવન-પલટાનું પ્રબળ કારણ થઈ પડે છે. સંસ્કારી જીવોને અશાતા વેદનીય અવનવા અનુભવ કરાવે છે એ લક્ષ રાખી ખરી નિવૃત્તિનો કાળ સમજી, ભાવિ જીવનનો

ધ્યેય નક્કી કરવા યોગ્ય પ્રસંગ સમજુ જીવે સમજવા યોગ્ય છેજી. પ. પૂ. પ્રભુશ્રીજીને પણ તેવા પ્રસંગોમાં ઘણું આગળ વધવાનું બનેલું છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૧૮ અગાસ, તા. ૨૫-૮-૪૪
તત્ ૐ સત્ ભાદરવા સુદ ૭, ૨૦૦૦

જીવનો મોટામાં મોટો દોષ મારો હિસાબ તપાસતાં મને તો શિથિલતા સમજાય છે. શિથિલતા ટાળવી જીવને વસમી લાગે છે, પણ વિકટ પુરુષાર્થ વિશેષ જાગૃતિ વધારીને શિથિલતા હવે તો વેળાસર ટાળવા યોગ્ય છેજી. સત્સંગથી જ જીવનું કલ્યાણ થાય છે એ પ્રથમમાં પ્રથમ જીવને નિશ્ચય જોઈએ, અને તેને માટે જે વિઘ્નો નડતાં હોય તેના ઉપાય અપક્ષપાતપણે વિચારી, શિથિલતાને માથે ઘણ પડે તેવા નિશ્ચય-બળની જરૂર છેજી. પરમકૃપાળુદેવે એક વાક્ય લખેલું સ્મૃતિમાં આવવાથી લખીને ટૂંકામાં પતાવવા ધારેલો આ પત્ર પૂરો કરું છુંજી :– "જીવનું મૂઢપણું ફરી ફરી, ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે વિચારવામાં જો સચેતપણું ન રાખવામાં આવ્યું, તો આવો જોગ બન્યો તે પણ વૃથા છે." (૪૭૯) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૧૯ અગાસ, ભાદરવા સુદ ૮, ૨૦૦૦

વેદનીય કર્મ શાતા-અશાતારૂપે ઉદય આવે છે અને આત્માને સુખ-દુઃખ બન્ને વિભાવનાં કારણ છે, એ સમજ વિરલા જીવને રહે છે. જેવું નિમિત્ત મળે તે રૂપે થઈને જીવ ઊભો રહે છેજી. આ ભૂલ જ્ઞાનીપુરુષોએ દીઠી, ત્યારથી તે શાતાની પણ ઇચ્છા છોડી, પરમ સુખસ્વરૂપ પરમાનંદી સહજાનંદી શુદ્ધ નિરંજન પરમાત્મસ્વરૂપની જ ભાવનામાં લીન થવાનો અભ્યાસ આદરે છેજી. જેને પરમજ્ઞાની પુરુષની શ્રદ્ધા થઈ છે કે એક આ પરમકૃપાળુદેવ જ મને આ ભવમાં પરમોપકારી છે, તેવા મુમુક્ષુઓ પણ વેદનીયકર્મના ઉદય વખતે તેમાં તદ્રૂપ ન બની જવાય માટે તે જ્ઞાનાવતાર પુરુષનું અનન્યભાવે શરણ ગ્રહે છે અને દૃઢ ભાવનાથી તેની આજ્ઞામાં ચિત્તને ચોંટાડી રાખે છેજી. તીવ્ર વેદના વખતે પણ બને તેટલી ખેંચ, પુરુષાર્થ તે પરમજ્ઞાનીપુરુષના શરણમાં રહેવાનો રહે છેજી તથા પ્રાર્થના કરે છે કે "કૃપા કરીને રાખજો, ચરણતળે ગ્રહી હાથ રે, ધરમ પરમ અરનાથનો," તથા માને છે કે

"મોટાને ઉત્સંગ, બેઠાને શી ચિંતા;
તિમ પ્રભુચરણ પસાય, સેવક થયા નિચિંતા"

"પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે, મનમોહન સ્વામી;
વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે, મનમોહન સ્વામી."

"જો સેવક સંભારશોજી, અંતરયામી રે આપ;
યશ કહે તો મુજ મનતણોજી, ટળશે સઘળો સંતાપ;
સોભાગી જિન, તુમશું મુજ મન નેહ."

"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય."

આમ હિંમત રાખીને વેદે તેને નવાં કર્મ બહુ ન બંધાય, અને કાયર બની બૂમો પાડીને આર્ત્તધ્યાન કરતાં વેદે તોપણ કર્મનું ફળ તો ભોગવવું પડે, પણ આર્ત્તધ્યાનથી આકરાં કર્મ બંધાય અને જો આયુષ્યનો બંધ તેવે વખતે પડે તો તિર્યંચ એટલે પશુગતિ બંધાય. આમ જાણી 'હું દુઃખી છું, હું દુઃખી છું' એવું આર્ત્તધ્યાન તજી "તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો" (૧૪૩) એમ કૃપાળુદેવે કહેલું યાદ રાખી તેવી ભાવના ભાવવી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૨૦

અગાસ, તા. ૨૯-૭-૪૪

તત્ ૐ સત્

ભાદરવા સુદ ૧૧, ૨૦૦૦

આપે જે જે શુભ ભાવનાઓ દર્શાવી છે, તે પરમકૃપાળુદેવની જાણબહાર નથીજી. જેટલી આપણી યોગ્યતા, વૈરાગ્ય, મોક્ષની રુચિ, તે પ્રમાણમાં તે પરમકૃપાળુ પરમાત્માની કૃપા નિરંતર વગર માગ્યે મળ્યા જ કરે છેજી. આપણને દેખાય કે ન દેખાય તોપણ તેની કૃપા કર્મની પેઠે અદૃશ્યપણે કામ કર્યે જ જાય છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા — તું બાંધ અને હું છોડું, તું બાંધ અને હું છોડું એમ થયા કરે છે. "श्रद्धा परम दुल्लहा" તે પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર કૃપાળુદેવનું આ ભવમાં જેણે દૃઢ શરણ ગ્રહ્યું છે; તેણે કહ્યું છે તે જ છૂટવાનો માર્ગ છે, મારી શક્તિ પ્રમાણે મારે તે આરાધવો છે; તેની આજ્ઞા મારે શિર પર ચઢાવી મારું આત્મહિત કરવા અર્થે આટલો ભવ પાપથી ડરતા રહીને ગાળવો છે એવો જેનો દૃઢ અંતઃકરણથી નિર્ણય છે તેને ગમે તેવા સંયોગોમાં પણ છૂટવાનું જ બને છે. અજ્ઞાન એ જ અનંત પરિભ્રમણનું કારણ છે તેથી નિવૃત્ત થવાની જેની બુદ્ધિ થઈ છે અને સત્સંગ સત્પુરુષનો સમાગમ આરાધવા જેનો નિર્ણય છે તેને પછી જે પૂર્વસંચિત કર્મ છે તે જ અજ્ઞાનના આધારરૂપ છે; અને તે કર્મ તો સમયે સમયે ઉદય આવીને ચાલ્યું જાય છે એટલે કર્મ દૂર થતાં અજ્ઞાન નિરાધાર થઈ નાશ પામે છેજી, આમ પરમકૃપાળુદેવે પ્રકાશ્યું છે.

કલ્યાણનું કારણ સત્પુરુષ પ્રત્યે અચળ નિષ્કામ ભક્તિ, તેની આજ્ઞાની ઉપાસના અને ભાવના છેજી. તે અર્થે ત્યાગ, વૈરાગ્ય, જપ, તપ, દાન આદિ સાધના કર્તવ્ય છેજી.

પૂ...નું લખેલું કાર્ડ મળ્યું છે. તેમણે તપશ્ચર્યા આદરી પૂર્ણ કરી છે તેમ કર્મના તાપને સમભાવે સહન કરી પરમ શાંતિપદ પામવામાં પુરુષાર્થ અખંડ રાખે અને પરમકૃપાળુદેવની કૃપાથી તે માર્ગે આગળ વધે એ ભાવના ભાવું છું. ઇચ્છા-નિરોધને તપ કહેલ છે. પરમ ઉદાસીનતાના પ્રતાપે ઇચ્છાઓ ઊગવા પામે નહીં અને પૂર્વકર્મના ધક્કાથી ઇચ્છા ઊઠે તે પરમકૃપાળુદેવના બોધબળે મંદ પડી જાય, નિર્મૂળ થતી જાય અને પૂર્ણ-કામતા, નિઃસ્પૃહતા, પરમવીતરાગતાનો લક્ષ રહ્યા કરે એ જ સાચો પુરુષાર્થ છેજી. જેની જેવી ભાવનાની પ્રબળતા, તેને તેવી સિદ્ધિની પ્રાપ્તિ થાય છેજી. માટે જ્ઞાનીપુરુષે "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે" એ લક્ષ આપણને ઉપદેશ્યો છે તે ભૂલવા યોગ્ય નથીજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૨૧ અગાસ, ભાદરવા સુદ ૧૫, શનિ, ૨૦૦૦

ગમે ત્યાં પણ પરમકૃપાળુદેવની ભક્તિથી આપણું અંતઃકરણ નિર્દોષ કરવા યોગ્ય છેજી. મરણનું આવવું અવશ્ય છે, પણ તે અનિયત હોવાથી તેની તૈયારી વિચારવાન જીવે કરતા રહેવી ઘટે છેજી. પરમકૃપાળુદેવનું શરણ દૃઢતાપૂર્વક આ ભવમાં રહે તો તે બની શકે તેમ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૨૨ અગાસ, ભાદરવા સુદ ૧૫

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ."

પૂ.... એ ગાથાનો વિશેષ અર્થ જાણવા અભિલાષા રાખે છે, તેના ઉત્તરમાં જણાવવાનું કે જીવને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ કે તેના કારણરૂપ જે શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા-રૂપ લક્ષણો કહ્યાં છે તેના સારરૂપ આ ગાથા છે. તે વિષે પરમકૃપાળુદેવે પત્રાંક ૧૩૫ લખેલો છે તે વારંવાર વાંચી, બને તો મુખપાઠ કરી તેની ભાવના કર્તવ્ય છેજી. ઘણી વાર વાંચીએ છીએ, સમજીએ છીએ, સમજવા પુરુષાર્થ કરીએ છીએ; છતાં તેમાં કહ્યું હોય તેમ નહીં કરીએ ત્યાં સુધી, જેમ દવા ખાધા વિના ગુણ કરે નહીં તેમ જ્યાં સુધી કષાયાદિ ઓછા નહીં કરીએ, મોક્ષ સિવાયની બીજી ઇચ્છાઓ ઓછી નહીં કરીએ તથા ભવભ્રમણનાં કારણો નહીં ટાળીએ અને એ રીતે પરમકૃપાળુનાં પરમ ઉપકારી વચનોમાં આસ્થા રાખી આ જીવને કર્મક્લેશથી બચાવવાની દયા નહીં રાખીએ ત્યાં સુધી આપણું જાણેલું, ભણેલું કે સમજેલું શા કામનું? માટે હવે તો બને તેટલી શાંતિ હૃદયમાં વસતી જાય; દિન દિન તેમાં વૃદ્ધિ થતી જાય; મોક્ષ માટે ખરા જિગરથી ઝૂરણા જાગે; સંસારની મોહજાળથી મુઝાઈ જીવ કંટાળતો જાય; લાખો રૂપિયા કમાય તોપણ સંતોષ ન થાય, પણ કરવા યોગ્ય છે તે પડ્યું રહે છે તે હૃદયમાં સાલતું રહે, ખટકયા કરે; અને પરમકૃપાળુએ અનંત દયા કરી આ જીવને મંત્ર-સ્મરણાદિ નિરંતર સ્મૃતિમાં રાખવા યોગ્ય આજ્ઞા કરી છે તેનું ક્ષણ પણ વિસ્મરણ ન થાય તેવી જાગૃતિ રહ્યા કરે; તેમાં જ તલ્લીનતા વધતી જાય અને આ પ્રકારે પોતે પોતાનો મિત્ર બની, તેને અનંત પરિભ્રમણથી બચાવનાર, ખરો દયાનો માર્ગ બતાવનાર, દોરનાર બને તેવો કંઈ ને કંઈ પુરુષાર્થ કર્યા વિના દિવસ ન જાય તેમ કરતા રહેવું ઘટે છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર પોકાર કરીને કહેતા કે યોગ્યતા લાવો, યોગ્યતા લાવો; તારી વારે વાર, થઈ જા તૈયાર; શું કરવા આવ્યો છે અને શું કરે છે? એ વચનો સંભારતા રહી મોહનિદ્રામાંથી હવે તો જાગી જવું ઘટે છેજી. પોતે જ કરવું પડશે. સંસારના પ્રપંચમાં તેની વિસ્મૃતિ થઈ જાય છે. માટે સત્સંગની નિરંતર ભાવના રાખી બને તેટલો સત્સંગ સેવાયા કરશે તો જરૂર જીવ પોતાનું હિત કરવા પ્રેરાશે. કોઈને માટે ક્યાં કરવું છે? ખરો સ્વાર્થ જ એ છે, પણ મોહ આડે તે ખબર પડતી નથી અને આવા ભયંકર કાળમાં તો વહેલું ચેતી લેવા જેવું છે. કાળની કોને ખબર છે? લીધો કે લેશે એમ થઈ રહ્યું છે તો હવે પ્રમાદ કરવાથી શું વળવાનું છે? જેનાથી જેટલું બને તેટલું આ ભવમાં કરી છૂટવા જેવું છેજી. ફરી ફરી આવો અવસર

આવવો દુર્લભ છે; માટે લીધો તે લહાવ, બળતામાંથી જેટલું કાઢી લીધું તેટલું તો બચ્યું એમ ગણી એક ક્ષણ પણ પ્રમાદ કર્તવ્ય નથીજી. વિશેષ શું લખવું? આપે પૂછ્યું તેનો પરમાર્થ જ્ઞાનીગમ્ય છે, પણ આપણાથી બને તેટલી યોગ્યતા તેને શરણે વધારીશું તો તેનો ઉકેલ હૃદયમાં આપોઆપ થયા વિના નહીં રહે. "પરપ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં" — એમ પોતે કહેલું છેજી તે હવે કરી લેવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૨૩ અગાસ, તા. ૫-૯-૪૪

તત્ ૐ સત્ ભાદરવા વદ ૩, ૨૦૦૦

આપની પરમાર્થ સંબંધી ભાવના આત્મહિત અર્થે વાંચી તે પ્રત્યે અનુમોદનની લાગણી થઈ છેજી. જે પુરુષને આત્મજ્ઞાની સદ્ગુરુનાં દર્શન, સમાગમ, સેવા, ભક્તિ, આજ્ઞાપ્રાપ્તિરૂપ મહાભાગ્યનો લાભ આ ભવમાં થયો છે તેણે નાશવંત, અસાર અને કર્મબંધકારી અને નિંદવા યોગ્ય અહિત પ્રવર્તનથી ભાવ ઉઠાવી આત્મહિતકારી શાશ્વત પ્રશસ્ત કર્મક્ષયકારી જ્ઞાનીએ કહેલી પ્રવૃત્તિ આદરવા યોગ્ય છેજી. કુસંગથી અનંતકાળ પરિભ્રમણ અને અનંત દુઃખ પ્રાપ્ત કરી પોતે પોતાનો શત્રુ બની પ્રવર્તી રહ્યો છે. હવે પરમપુરુષનાં વચનના વાચન, વિચાર અને આશયમાં વૃત્તિ વાળી, બાલબુદ્ધિ ટાળી, એક આત્મહિતના ભૂલ વગરના માર્ગે જીવન વ્યતીત કરવા યોગ્ય છેજી. સમાધિમરણ જે રાહથી પ્રાપ્ત થાય તેમાં વિશેષ શ્રમ વેઠી આ ઉત્તમ નરભવ સફળ કરવા યોગ્ય છેજી. આવો યોગ ફરી ફરી મળનાર નથીજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૨૪ અગાસ, તા. ૬-૯-૪૪

તત્ ૐ સત્ ભાદરવા વદ ૪, બુધ, ૨૦૦૦

હરિગીત — પરમાર્થ દૃષ્ટિ શીખવે હણતું ન કોઈ કોઈને,
ખમવું બધું પરમાર્થ અર્થે ક્લેશ-કારણ ખોઈને;
સંયોગ સર્વે છૂટશે, પણ જાણનારો જોઈ લે,
સમજુ જનો ના શોક કરતા, લાભ સાચો લેઈ લે.

**ભાવાર્થ** : નિશ્ચયનયથી એટલે વસ્તુના મૂળસ્વરૂપનો વિચાર કરતાં, પરમાર્થને પામેલા પુરુષોની એવી શિખામણ છે કે કોઈ જીવ બીજા જીવને હણી શકતો નથી, મારી નાખતો નથી; કારણ કે આયુષ્યકર્મ કોઈ ફેરવી શકતું નથી. (પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા : "જીવને મારી નાખો જોઈએ? મરી શકશે? અમર આત્મા મરે નહીં.") ત્યારે હિંસા શું છે? તો કહે પ્રમાદને આધીન થઈ અન્ય પ્રાણીના પ્રાણનો વધ કરવો, નાશ કરવો. બીજા જીવનાં પરિણામ ક્લેશિત દુઃખી થાય છે તે તેની હિંસા છે અને આપણે ઉપયોગ ચૂકી પ્રમાદને વશ થયા, તે આપણા આત્માની ઘાત છે. "ઉપયોગ એ ધર્મ" એમ પરમકૃપાળુદેવે કહ્યું છે. તે શુદ્ધ ઉપયોગ જ્ઞાનીએ જેવો જાણ્યો છે તેવો મારો આત્મા છે તેનો લક્ષ ચુકાય છે ત્યાં આપણા આત્માની હિંસા થાય છે. બીજા જીવના પ્રાણ ન દુભાય તોપણ આપણા આત્માની ઘાત થાય છે તે પાપ છે. "આત્મઘાતી મહાપાપી." "ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો! રાચી

રહો ?" એમ "બહુ પુણ્યકેરા પુંજથી" પદમાં કહેલું છે ત્યાં પણ ઉપયોગ ચૂકી જીવ પરભાવમાં રમણ કરી રહે છે તે પોતાનું ભાવમરણ છે. તેને માટે આપણને સ્મરણમંત્ર મળ્યો છે તેનો અહોરાત્ર જાપ થયા કરે એવી ટેવ પાડી વૃત્તિ જ્ઞાનીની આજ્ઞામાં રાખવાથી ભાવમરણ કે આત્મઘાત — પોતાની હિંસા થતી જીવ બચાવી શકે. આમ થવા માટે બીજા ગમે તે કહે, દુઃખ દે, વ્યાધિ-પીડાથી વિઘ્ન આવે પણ સ્મરણમાં લક્ષ રાખી બધું ખમી ખૂંદવું. પોતાનાં પરિણામ ક્લેશિત ન કરવાં. શા માટે ? પરમાર્થ – આત્માર્થ સાધવા માટે. ક્લેશનાં કારણોથી દૂર રહેવું અને આવી પડે તોપણ ક્લેશિત પરિણામ એ જ આત્માની ઘાત છે એમ જાણી તેવા ભાવ ભૂલી જઈ આત્મા પરમાનંદરૂપ જ્ઞાનીએ કહ્યો છે તેવો મારે રાખવા પ્રયત્ન કરવો છે. ભૂંડું કરે તેનું પણ મારે ભલું ઇચ્છવું. સંયોગો જેવા મળે છે, તેવા નિમિત્તમાં જીવ રાગદ્વેષ કરે છે, તેથી મુક્ત થવા કહે છે : સંયોગો બધા છૂટી જવાના છે, તો નાશવંત વસ્તુ માટે મારા આત્માને શા માટે ક્લેશિત કરું ? સર્વ અવસ્થામાં, રાગ કે દ્વેષ વખતે તેમ જ ભક્તિ કે સ્મરણ વખતે આત્મા હાજર જ છે. તેના તરફ ઉપયોગ દેવાની ટેવ હવે તો મારે પાડવી ઘટે છે. માટે જે થઈ ગઈ તે વસ્તુ ઉપરથી શિખામણ લઈ, તેવો દોષ ફરી નથી થવા દેવો એવો નિશ્ચય કરી આ મનુષ્યભવમાં જ્ઞાનીપુરુષ મળ્યા છે તેમણે આજ્ઞા આપી છે, ચેતાવ્યા છે તો તેમનું કહેલું કરી આ મનુષ્યભવ સફળ કરી સમાધિ-મરણ કરવાનો લાભ જરૂર લઈ લેવો ઘટે છેજી. આ ટૂંકામાં છેલ્લી કડીનો અર્થ છે તે તમે લખેલા પત્રના ઉત્તરરૂપ સમજવા જેવો છેજી. બની ગયેલ વાત ભૂલી જઈ ભવિષ્યની સંભાળ લેવી ઘટે.

તમે પત્ર લખો છો તે ઊકલે છે. અક્ષર નહીં ઊકલે એવા ડરથી પત્ર લખતાં અચકાવાની જરૂર નથી. કંઈ પૂછવું હોય કે મૂંઝવણ હોય તેનો ખુલાસો થયે નિઃશંકતા થવાનો સંભવ છેજી. ચિત્તનો સ્વભાવ ગડમથલ કરવાનો છે અને મનની અશાંતિ શારીરિક અશાંતિ કરતાં વધારે ભયંકર છે. "મન બાળવા કરતાં હાથ બાળવા સારા" એમ કહેવત છે. શરીરનાં દુઃખ પણ મનમાં જેટલો દેહાધ્યાસ છે તે પ્રમાણે વેદાય છે. શરીરને ગમે તેમ હો તોપણ મારા પરિણામ આત્માનું – જ્ઞાનીની આજ્ઞાનું – વિસ્મરણ કરાવે તેવા થવા દેવા નથી આમ જેનો નિર્ણય હોય તે શરીરની પીડા સહન કરતાં પણ આત્મા અછેદ્ય, અભેદ્ય, જરા, મરણ, વ્યાધિ આદિથી રહિત છે એવી ભાવના ટકાવી શકે છે. જેની વિશેષ દૃઢતા, સહનશીલતા હોય અને આત્મભાન સહિત હોય તેને શરીરનાં દુઃખમાં ઉપયોગ પણ ન જાય અને આત્મદશામાં મગ્ન રહી શકે છે. કહ્યું છે કે —

"આત્મભાવે રહ્યા તે તો બાહ્ય છે વ્યવહારથી;
અપૂર્વ પરમાનંદ યોગી લે સ્થિર યોગથી.
બાહ્ય દુઃખે અદુઃખી તે, યોગી ખેદ ન ધારતો;
કર્મ કાષ્ઠ બળે ઉગ્ર આત્માનંદ પ્રકાશતો."

શ્રી ગજસુકુમારને અસહ્ય વેદનીમાં પણ મોક્ષમાર્ગરૂપ શુદ્ધ ઉપયોગ રહેવાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ મોક્ષ થયો હતો. શ્રી દેવકરણજી મુનિને ક્લોરોફોર્મ સૂંઘાડ્યા વિના સાત આઠ પગનું ઑપરેશન કર્યું અને છેલ્લી વખતે દેહ છૂટી ગયો પણ પરમકૃપાળુદેવનું શરણ

ન છોડ્યું, તે મહાપુરુષને આશ્રયે દેહ છોડી સ્વરૂપપ્રાપ્તિ કરી લીધી. આપણે માટે પણ એ જ માર્ગ છે. સમાધિમરણ કરવું હોય તેને તો વેદનીયકર્મ આવકારદાયક છે. સમાધિમરણ વખતે કેવા ભાવ રાખવા? તે શીખવાની નિશાળરૂપ અશાતાવેદનીય છે. શાતાવેદનીયમાં દેહ ને આત્મા ભિન્ન છે એમ સાંભળેલું દુઃખ આવ્યે ખસી જાય છે, પણ વેદના ભોગવતાં ભોગવતાં દેહના ધર્મ અને આત્માના ધર્મ ભિન્ન વિચારીને ભાવના કરી હોય તો તે તૈયારી આખરે સમાધિમરણ કરાવે છેજી. જેને સત્પુરુષનો યોગ થયો છે તેણે તો વેદનીયકર્મથી ડરવા જેવું નથી. જેટલું આવવું હોય તેટલું આવો. સ્વસ્થતા છે ત્યાં સુધી જે ભોગવી લીધું તેટલું છેવટે નડશે નહીં. ગયું તે ગયું, નવું ન બંધાય તેની સંભાળ લેવાની છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૨૫ અગાસ, તા. ૬-૯-૪૪
તત્ ૐ સત્ ભાદરવા વદ ૪, બુધ, ૨૦૦૦

ક્ષમાશૂર અર્હંત્ પ્રભુ, ક્ષમા આદિ ગુણ ધાર;
આત્માર્થે ઉપાસવા, પર્યુષણ દિન સાર.

આપની ભાવના આત્મકલ્યાણ અર્થે રહેતી હોવાથી, કંઈ તે સંબંધી નથી બનતું તથા મંદભાવ થઈ જાય છે તેમ લાગે છે તે ફેરવવા તમારી ભાવના છે, તે પ્રશસ્ત છેજી. સંસારનું સ્વરૂપ જીવ વિચારે તો તેમાંથી કંઈ તેની સાથે આવે તેવું જણાતું નથી. ઊલટું કર્મબંધનાં કારણોથી ભરપૂર આ સંસાર વિચારવાનને સ્પષ્ટ સમજાય છે. તેથી જ આવા અસાર સંસાર ઉપરથી મોહ છોડી ચક્રવર્તી જેવા આત્મકલ્યાણ કરવા ચાલી નીકળ્યા અને આ જીવને જાણે કેટલીય સાહ્યબી હોય તેમ તેવાં દૃષ્ટાંતો તરફ નજર સરખી નાખતો નથી અને મૂઢતામાં ને મૂઢતામાં વિષ્ટાના કીડાની પેઠે જ્યાં જન્મ્યો છે ત્યાં જ આનંદ માની રહ્યો છે. હવે તો જીવે જરૂર ચેતી નકામી કડાકૂટ માની આ સંસારનો મોહ મંદ કરી, નિર્મૂળ કરવા યોગ્ય છેજી. બીજા ભવમાં કંઈ બનનાર નથી. મનુષ્યભવમાં કંઈક વિચાર, વૈરાગ્ય કે આત્મસાધન બની શકે તેવો જોગ મળ્યો છે, ત્યાં જીવ પાછો અનાદિના પાંચ ઇન્દ્રિયના વિષય અને ક્રોધાદિ કષાયોની પંચાતમાં પડી ડહાપણ કૂટે છે. તેમાંનું જીવને કંઈ જ કામનું નથી એવો વિચાર દૃઢ કરી એક મંત્રમાં વૃત્તિને વારંવાર વાળવા યોગ્ય છેજી. જ્ઞાનીની આજ્ઞાના આલંબન વિના આ જીવનું કદી કલ્યાણ થવું ઘટતું નથી, તો તે આલંબન વિનાનો કાળ જાય છે, તે વ્યર્થ ભવ હારી જવાય છે એટલો ખટકો જરૂર દિલમાં રાખવાયોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૨૬ અગાસ, ભાદરવા વદ ૭, શનિ, ૨૦૦૦

તમે સટ્ટાની બાધાની માગણી કરી છે તે વાંચી પ્રસન્નતા થઈ છેજી. જોકે સાત વ્યસનમાં જ એક રીતે તેની બાધા તો આવી જાય છે; છતાં તમારા મનમાં એમ રહે છે કે તેની બાધા નથી લીધી અને હવેથી લેવી છે, તો તે પણ યોગ્ય છેજી. પણ પરમકૃપાળુદેવની સાક્ષીએ જે કોઈ નિયમ રાખીએ તે પ્રાણ જાય પણ ત્યાગ કરવા યોગ્ય નથી જ, એવી તૈયારી થયે લેવા યોગ્ય છેજી. વ્યવહારમાં કોઈની સાથે બોલીથી બંધાઈ ગયા અને પછી ઘણું નુકસાન વેઠવું

પડતું હોય તોપણ આબરૂની ખાતર બોલેલું સજ્જનો પાળે છે; તો જેને આધારે આપણે મોક્ષ મેળવવો છે એવા પરમકૃપાળુદેવની સાક્ષીએ કોઈ નિયમ લઈએ તો તેની આજ્ઞારૂપ તે બાધા શિરસાવંદ્ય ગણી, પાછું પગલું ભરવાનો વિચાર જીવનપર્યંત કરવો ઘટતો નથી. તેવી દૃઢતા હાલ આપણામાં ન લાગતી હોય તો છ માસ, બાર માસ કરી જોવું કે મન દૃઢ રહે છે કે નહીં. નિયમ ન લીધો હોય છતાં મનમાં નિયમ લીધો છે એમ વિચારી એકાદ વર્ષ પોતાની દૃઢતાની પરીક્ષા કરી જોઈ, પછી નિયમ લેવાનો વિચાર રાખવો હોય તો તે પણ સુવિચાર છે. અને જો અંતરથી આત્મા બળપૂર્વક નિર્ણય જણાવે તો હાલ પણ પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ તમે જણાવ્યું છે તેમ સટ્ટાનો ત્યાગ કરવાનો નિયમ લઈ લેવામાં પ્રતિબંધ નથીજી.

ૐ શાંતિઃ

---

૫૨૭ અગાસ, તા. ૯-૯-૪૪

તત્ ૐ સત્ ભાદરવા વદ ૭, શનિ, ૨૦૦૦

ખમાવું સર્વ જીવોને, સર્વે જીવો ખમો મને;
મૈત્રી હો સર્વની સાથે, વૈરી માનું ન કોઈને.
ક્ષમાશૂર અર્હત્ પ્રભુ, ક્ષમા આદિ ગુણ ધાર;
સૌને ખમી ખમાવવા, પર્યુષણ દિન સાર.
જહાં દયા ત્યાં ધર્મ છે, જહાં લોભ ત્યાં પાપ;
જહાં ક્રોધ ત્યાં કાળ છે, જહાં ક્ષમા ત્યાં આપ.

કષાય અગ્નિ સમાન છે એમ કહેવાય છે, છતાં અહીં દરિયાપાર બનતી વાતો આટલું બધું પાણી ઓળંગીને આફ્રિકા સુધી પહોંચી બીજાનાં મન બાળે એવો કષાય-અગ્નિ તો કોઈ ચમત્કારી કહેવાય.

આ પર્વ પર્યુષણપર્વ કહેવાય છે એટલે આત્મ-આરાધન (પરિ + ઉપાસના) કરવા વર્ષમાં એક અઠવાડિયું નિર્મિત થયેલું છે. તેમાં મુખ્ય કાર્ય તો પોતાનો આત્મા, ક્રોધાદિ કષાય-અગ્નિમાં નિરંતર બળ્યા કરે છે તેને કોઈ શાંતિના સ્થળમાં જઈ સાંસારિક વાતાવરણ ભૂલી જઈ બળતાઝળતા આત્માને નિષ્કષાયભાવરૂપ ઉપશમ-જળમાં નવરાવી પવિત્ર કરવાનો ઉદ્દેશ આ પર્વનો છે. એવા શુભ ક્ષેત્રમાં સ્થાન ન બની શકે તો જ્યાં પ્રારબ્ધના ઉદયે વસવું થતું હોય ત્યાં પણ એક અઠવાડિયું બને તો માંદગીના જેવી રજા લઈને એકાંતવાસમાં પોતાના દોષો જોઈ દોષો ટાળવા પ્રયત્ન કરી અંતરશાંતિના પ્રયાસમાં રહેવું ઘટે છેજી. તે દિવસોમાં મોક્ષમાળા, ઉપદેશછાયા, જીવનકળા, આલોચનાદિ પદ સંગ્રહ, તત્ત્વજ્ઞાન વગેરેમાંથી સદ્વાંચન, વિચાર અને કોઈ પાસે સત્સંગનો યોગ હોય તો બે-ચાર મુમુક્ષુના સંગે ધર્મધ્યાન, જપ, તપ, ભક્તિભાવ, જ્ઞાનચર્ચાનું નિમિત્ત દર વર્ષે રાખવા યોગ્ય છેજી.

સર્વ જીવો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિરૂપ કાયાવાળા કે કીડા-કીડી, ભમરા-ભમરી, માખી, પશુપંખી, મનુષ્ય માત્ર, દેવ, નરકવાસી આદિ જે કોઈ જીવોની સાથે આ ભવ પર-ભવમાં અથડામણી થઈ હોય, વેરવિરોધ થયાં હોય તે સર્વ જીવો પ્રત્યે ક્ષમા ઇચ્છી

નિર્વૈરબુદ્ધિવાળા બની શાંત થવા યોગ્ય છેજી. એમ દર વર્ષે નામું માંડી વાળવાના અભ્યાસવાળાને લાંબાં કર્મ બાંધવાનો યોગ ઓછો બની આવે છે. જેની સાથે અણબનાવ થયો હોય તેની સાથે માંડવાળ કરી લેવાની ભાવના દરેક મુમુક્ષુના હૃદયમાં હોય છે; તેમ કુટુંબીજનો પણ પૂર્વના સંસ્કારે એકત્ર થયાં છે, તેમની સાથે પણ કોઈ પણ પ્રકારની વેરબુદ્ધિ મનમાં રાખવી ઘટતી નથી. આપણા મનમાંથી કાઢી નાખવું કે 'આ ખરાબ છે, દોષિત છે, મારું બગાડનાર છે, મારા કુટુંબને પજવનાર છે કે મારા પ્રત્યે અભાવ રાખનાર છે.' આવા ભાવો ભૂલી જઈ આજથી જાણે નવો સંબંધ બંધાતો હોય તેમ ચોખ્ખા–કોરા કાગળ જેવા થઈ જવું. મુખ્યપણે તો આપણું અંતર ચોખ્ખું કરવું છે અને તે આપણા હાથની વાત છે. જગતમાં મારે કોઈની સાથે વેર નથી, કોઈનું ભૂંડું મારે ઇચ્છવું નથી, ભૂંડું કરી ગયું હોય તેનું પણ ભલું જ મારે તો ઇચ્છવું છે. આ પ્રકારની ભલાઈ રાખવાથી કોઈ પણ પ્રકારે નુકસાન નથી, ઊલટી આત્મશાંતિ પ્રાપ્ત થવાની યોગ્યતા મળે છેજી. બીજાને આપણા પ્રત્યે અભાવ વર્તતો હોય અને તે કોઈ ઉપાયે ટળી શકે એમ લાગતું હોય તો તન, મન, ધનથી ન્યાયમાર્ગે ઉપાય લઈ જોવા. જો ન બની શકે તો આપણા મનનું સમાધાન કરી ભવિષ્યમાં તેના સદ્‌ભાગ્યે તેને ભલી મતિ પ્રાપ્ત થાઓ એવી ભાવના રાખી નિર્વૈરબુદ્ધિ રાખવી તે સજ્જન પુરુષનું ભૂષણ છેજી.

આ તો એક તમારા ચિત્તમાં શાંતિ ટકી રહે તેનું સૂચન માત્ર કર્યું છે. બાકી તમારે તો હાલ તેવો કોઈ પ્રસંગ ત્યાં દૂર રહ્યાં છે નહીં. વર્તમાનમાં સારા ભાવ સેવતા રહેશો તો ભવિષ્યમાં કેમ વર્તવું તે આપોઆપ સૂઝી આવશે. આજથી તેની પંચાત કરવા જેવું નથી. કાલે શું થશે તેની કોને ખબર છે? મહેમાનની પેઠે આ સંસારમાં કેટલાય માણસો સાથે સંબંધ અનેક પ્રકારના થયા અને થવા હશે તે થશે, પણ ભલા માણસે પોતાની ભલાઈ તજવા યોગ્ય નથીજી. પ. પૂ. પ્રભુશ્રીજી એક દૃષ્ટાંત કહેતા કે એક સંન્યાસી સાધુ નદીએ નાહવા ગયેલો તેણે પાણીમાં વીંછી તણાતો જોઈ દયા આવવાથી હાથમાં લઈ કિનારે મૂકવા વિચાર કર્યો, પણ હાથમાં લેતાં જ વીંછીએ ચટકો ભર્યો એટલે હાથમાંથી પાછો પાણીમાં પડી ગયો. ફરી તેણે તે વીંછીને હાથમાં લીધો કે ફરી ચટકો માર્યો, તોપણ ત્રીજી વખત તેણે તેને તણાતો બચાવી હાથમાં લીધો તો ત્રીજી વખત ચટકો માર્યો એટલે હાથમાંથી પડી ગયો. કિનારા પરના માણસો કહે, 'ભાઈ! એ કરડયા કરે છે તો તું એને શા માટે ઝાલે છે?' તે સાધુએ કહ્યું, 'એનો ધર્મ તો કરડવાનો છે અને મારો ધર્મ દયા કરવાનો છે. એ એનો ધર્મ નથી છોડતો તો હું મારો ધર્મ કેમ છોડું?' એમ કહી ચોથી વખત તેને હાથમાં લઈ કિનારે મૂકી દીધો. આ દૃષ્ટાંત આપણે વિચારવા જેવું છે. જિંદગીમાં અનેક વાર ઉપયોગી થાય તેવું છેજી. ગમે તે પ્રકારે પણ સ્વ-પર હિત થાય તેમ હોય તો લક્ષ રાખવો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૨૮ અગાસ, તા. ૧૭-૯-૪૪

આપની ભાવના આશ્રમમાં આવવાની છે એમ પત્રમાં હતું. તે પુણ્યનો ઉદય થાય ત્યારે જ બને છેજી. પણ સત્સંગની ભાવના તો નિરંતર કર્તવ્ય છેજી. ઉપાધિના પ્રસંગો પણ પોતે જ બાંધેલા છે, પોતાને જ ભોગવવાના છે; પણ બને તેટલી સમતાથી ભોગવવાની

ભાવના કર્તવ્ય છેજી. તેને બદલે વ્યાકુળ થઈ જઈ ખોટા વિચારોના પ્રવાહમાં તણાઈ રાગ-દ્વેષની વૃદ્ધિ કરે તેને અત્યારે નથી ગમતાં તેવાં કે તેથી આકરાં કર્મ બંધાય તે પણ આ ચાલુ કર્મ ઉપરાંત પોતાને જ ભોગવવાનું ભાથું તૈયાર કરે છે. માટે નવાં કર્મ બંધાય છે, તે ભાવના આધારે બંધાય છે એવી સમજ રાખી, સમભાવથી કર્મ બંધાતાં નથી તે અર્થે જે જે સાધનો ઉપયોગી લાગે તે આ ભવમાં કરી લેવા યોગ્ય છે. પછી બીજા ભવમાં કંઈ બની શકે તેમ નથી; માટે "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે." (૮૧૯) એ પરમકૃપાળુદેવનું વચન વિચારવા વારંવાર ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**પર૯** અગાસ, તા. ૨૧-૯-૪૪

તત્ ૐ સત્ આસો સુદ ૪, ૨૦૦૦

"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખરહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય." (૧૫)

બાંધેલાં કર્મ કોઈ નિમિત્ત પામીને પૂર્વના પાપના ફળરૂપ અશાતાવેદનીરૂપ ફળ ચખાડે છે. તેવે પ્રસંગે જે જ્ઞાનીપુરુષો હોય છે, તેમણે દેહનું સ્વરૂપ નાશવંત, અસાર, વેદનાની મૂર્તિરૂપ પ્રગટ જાણી તેના ઉપરનો મોહ છોડયો છે તેથી ધીરજ ધારણ કરી દેહમાં થતી વેદનાને વેદે છેજી; સમભાવ કે આત્મભાવના વેદના વખતે પણ તજતા નથી. પણ એવી સમજણ ન હોય તેણે એવા પ્રગટ આત્મસ્વરૂપ પરમકૃપાળુ સદ્ગુરુને શરણે તેણે આપેલા સાધનમાં વૃત્તિ રોકી, જે આવ્યું છે તે પોતાનું જ પૂર્વનું કરેલું કર્મ પ્રગટ થયું છે તે ફળ આપી ચાલ્યું જશે, પણ નવું કર્મ ન બંધાય માટે જ્ઞાનીએ જાણ્યો છે એવો આત્મા તથા તેની આજ્ઞા મારે આધારભૂત છે, તેને જ શરણે આ દેહ પૂરો થાઓ, એ ભાવના રાખી ગમે તેટલાં દુઃખના પ્રસંગમાં પણ આર્ત્તધ્યાન એટલે હું દુઃખી છું, દુઃખી છું એવી ભાવનામાં ન ચઢી જવું. મંત્રનું સ્મરણ બળ કરીને પણ ચાલુ રાખવું. એ જ એક આધાર છે. એ પ્રસંગે કરેલું બળ એ વેદનીનો કાળ નીકળી ગયે પણ કામ આવશે, અને અત્યંત આકરા એવા મરણના પ્રસંગની તૈયારીરૂપ આ કાળ ગયો ગણાશે. જેટલી સહનશીલતા કેળવાઈ હશે તેટલો દુઃખનો બોજો ઓછો લાગશે. વેદનામાં વૃત્તિ તણાઈ જાય ત્યારે જાણવું કે હજી વધારે પ્રયત્ન કરવાની જરૂર છે. માટે આ મટી ગયા પછી પણ સત્સાધનમાં વિશેષ વૃત્તિ રાખી આત્મબળ વધારવાનો દૃઢ નિશ્ચય પણ આવા પ્રસંગે બની આવે છેજી. અનાથી મુનિ, નમિરાજર્ષિ વગેરેને વેદનાના વખતમાં એવી સુવિચારણા જાગી કે સંસારનું સ્વરૂપ તેમને યથાર્થ ભાસ્યું અને તેવા સંસારમાં ફરી જન્મવું ન પડે તે અર્થે સંસાર ત્યાગી એક આત્માર્થમાં જ જીવન ગાળવા તત્પર બની ગયા. આમ દુઃખના પ્રસંગોમાં પણ મોક્ષનાં કારણો છુપાયેલાં છે તે સમજી આત્માર્થ પોષવાનું કામ વિચારવાન જીવનું છેજી. બીજાનાં દુઃખ દેખીને પણ બુદ્ધ મહાત્મા જેવા ચેતી ગયા તો પોતાની ઉપર આવી પડેલાં દુઃખનો વિચાર કરી તેથી સર્વથા મુક્ત થવાની ભાવના મુમુક્ષુ જીવને કેમ ન થાય? થાય જ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૩૦ અગાસ, તા. ૨૪-૯-૪૪

જેને સદ્ગુરુ પ્રત્યે દૃઢ શ્રદ્ધા છે અને આ દેહે આત્મસાધન કરી લેવાનો નિર્ણય છે તેને વિઘ્નો પ્રતિકૂળ થવાને બદલે અનુકૂળ થાય છેજી. ખરી રીતે તો જેનો ભાવ પરમાર્થ-આરાધનામાં મંદ થતો જાય છે તે માંદો ગણાય. પરંતુ આ પૂર્વનાં પાપના ફળરૂપ અશાતા દૂર થતાં ધર્મ વિશેષ ઉત્સાહથી આરાધવો છે એવી જેની ભાવના રહેતી હોય તે મંદતા ભજતો નથી. ભાવ ઉપર મોટો આધાર છે. જોકે નિમિત્ત-આધીન ભાવો થાય છે પણ રુચિ કે નિર્ણયને ફેરવવાને વર્તમાન સંયોગો સમર્થ નથી. વર્તમાન સંયોગોની ઉપરવટ થઈને પણ રુચિ કે નિર્ણય પોતાનું સામર્થ્ય પ્રવર્તાવી શકે છેજી. આ વાતનો ખાસ વિચાર કરી તેની તપાસમાં ઉપયોગ પ્રેરવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૩૧ અગાસ, તા. ૨૫-૯-૪૪

તત્ ૐ સત્ આસો સુદ ૮, સોમ, ૨૦૦૦

પતિવ્રતા ભક્તિ વૃત્તિ, લહે ભગવત્ પદ સાર;
વેશ્યાવૃત્તિ ભક્તિ થયે, ન લહે પ્રભુ-ભર્ત્તાર.
ડગમગ ઠાલી શાની કરે ? તારું ધાર્યું ન થાય;
ગમતું થાશે ગોવિંદનું, કોઈનું જાણ્યું ન જાય.
"મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી;
દેશો ઘણા દેખ્યા રે મુસાફરી થઈ છે ઘણી–મનજી૦"

પૂ...બહેનનો કાગળ હતો. તેમાં તે લખે છે – "મારા મોટા મામા ગુજરી ગયા તેથી મારી બાને બહુ જ આઘાત થયો છે." શરીરની વેદના કરતાં પણ માનસિક વેદના વિશેષ દુઃખદાયી છે અને ઘણાં કર્મ બંધાવે છે એમ જ્ઞાનીપુરુષો કહે છેજી. તેથી એવા પ્રસંગમાં સત્સંગ, સદ્વાંચન, ભક્તિ, મંત્રના સ્મરણમાં રહેવું કે પોતાના મરણનો વિચાર કરવો કે મારે પણ સમાધિમરણ કરવાનું મહાન કામ કરવાનું હજી બાકી છે, તો જે બાબતમાં મારું કંઈ ચાલે તેવું નથી તેમાં ચિત્ત દેવું, તેને માટે ખેદ કરવો કે તેના વિચાર કરવા મને છાજે નહીં. ટ્રેનમાં બેસી સંઘ સાથે જાત્રાએ જવું હોય ને ટ્રેનનો ટાઇમ થવા આવ્યો હોય ત્યારે બીજી નકામી વાતો કરવામાં કોઈ ખોટી થતું નથી, તો હવે વૃદ્ધાવસ્થાનો વખત તો ટ્રેનના ટાઇમ કરતાં વધારે અગત્યનો ગણી જેટલું ભાગ્યમાં આ ભવમાં રહેવાનું હોય તેટલી ક્ષણો સન્માર્ગમાં જ જાય તેવો પ્રબંધ કરી રાખવો ઘટે છેજી. ભરત ચક્રવર્તી જેવો ઉદ્યોગી, છ ખંડની સંભાળ રાખનાર, તેણે પણ પરમાર્થ ન ચુકાય માટે એક નોકર રાખ્યો હતો કે તે વારંવાર પોકારે કે "ભરત ચેત, મરણ માથે ઝપાટા દેત." તો આપણા જેવાએ તો બચતી ક્ષણો જ્ઞાનીની આજ્ઞા ઉઠાવવામાં ગાળવા યોગ્ય છે.

હવે તો એક પરમકૃપાળુદેવનું શરણ આ ભવમાં પુણ્યના યોગે મળી આવ્યું છે તો તેને જ આશરે દેહ છોડવો છે. પતિવ્રતા મીરાંબાઈ જેવી ભક્તિ લઈ મંડવા યોગ્ય છેજી. કર્યું તે કામ, 'કરીશું, કરીશું' કરતાં કરતાં ઘણા મરણની જાળમાં ફસાઈ ગયા, તો આપણે બીજાના દૃષ્ટાંતે

પણ ચેતી લેવું કે અચાનક મરણ આવી ઉપાડી જનાર છે, તો પહેલેથી બને તેટલું ધર્મ-ધ્યાન કરી લેવું. આખરે પરાધીન અવસ્થા થશે ત્યારે કંઈ નહીં બને. માટે એક ક્ષણ પણ પરભાવમાં કે પરકથામાં ન જાય તેમ કરવા ભલામણ છેજી. રોજ મરણ સંભારીએ તો વૈરાગ્ય આવે પણ જીવ બીજામાં રાચીને ભૂલી જાય છે. આખરે શું કામનું છે? તેનો લક્ષ રહેતો નથી. પ. પૂ. પ્રભુશ્રીજીએ બોધમાં કહેલું — "શું કરવા આવ્યો છે? અને શું કરે છે?" આટલામાં તો ઘણી ગહન વાત સમાય છે, પણ વૈરાગ્ય વિના હૃદયમાં આવી વાતો રહેતી નથી, પથ્થર ઉપર પાણીના રેલાની પેઠે વહી જાય છે. "કથા સુણી સુણી ફૂટચા કાન, તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન." આવી ગાળો જ્ઞાનીપુરુષોએ દીધી છે, તેવી ગાળોને પાત્ર હવે નથી રહેવું એવો દૃઢ નિશ્ચય કરી, તે જ્ઞાનીપુરુષની અનન્ય ભક્તિ કરી આત્મજ્ઞાન આ ભવમાં પ્રગટાવવું જ છે એવી દાઝ ઊંડી અંતરમાં રાખી ભક્તિમાં તલ્લીન થતાં શીખવાનું છેજી.

---

૫૩૨ અગાસ, તા. ૩૦-૯-૪૪

આપનો પત્ર આજે મળ્યો. સમાચાર જાણ્યા. અશાતાવેદનીય દુઃખ ઉપરાંત ધર્મ આરાધનમાં અંતરાયનું નિમિત્ત છેજી. પૂર્ણિમા તથા પડવાના દિવસે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રના અવતારની તિથિ છે તથા પ. પૂ. પ્રભુશ્રીજીના જન્મદિનનો મહોત્સવ તે જ દિવસે છે. તે શરીર સારું હોય તો સર્વની સાથે દરેક ગાથાએ નમસ્કાર પણ થાય, પણ તેમ ન બને તો ત્યાં રહ્યા રહ્યા પણ ભાવના કરવી અને જે આવી પડયું છે તે સમભાવે સહન કરવાનો લક્ષ રાખવો ઘટે છેજી. પ્રારબ્ધમાં હર્ષશોક ન કરવો તે પુરુષાર્થ, સત્પુરુષાર્થ છેજી. તે વખતે સ્મરણ, ભક્તિ તથા સત્પુરુષના સમાગમની સ્મૃતિ વગેરે ભાવનામાં ચિત્ત રોકવું અને શ્રી ગજસુકુમાર જેવા મહા વેદનામાં સમભાવ રાખી શકયા તે મારે પણ કર્તવ્ય છે એમ હિંમત રાખી ધર્મધ્યાનમાં વૃત્તિ ટકાવી રાખવી. જ્યાં નિરુપાયતા ત્યાં સહનશીલતા એ જ આધાર છેજી. પરાધીનપણે જીવે નરક, તિર્યંચગતિમાં ઘણાં દુઃખો વેઠચાં છે તે સમજણપૂર્વક આ ભવમાં સદ્ગુરુ શરણે જેટલું વેઠી લેવાશે તેટલો બોજો ઓછો થાય છેજી.

"મૂળમાં ઘા કરવો. દેહ અને દેહના અંગે માતા, પિતા, સ્ત્રી, પુત્ર, સ્વજન, કુટુંબ, ધન વગેરે જે કંઈ 'હું અને મારું' ગણાય છે, તેમાંનું કંઈયે મારું નથી. એ સર્વ માત્ર મનની કલ્પના છે, ભ્રાંતિ છે. હું તો હે પરમાત્મા! તમારું બિરુદ (મંત્ર) ગ્રહું છું, દીન અલ્પજ્ઞ ચરણરજ છું. એમ સમયે સમયે વિચારી — હું શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા છું, સ્વભાવ-પરિણામી છું, જે સર્વ વિભાવિક સ્વરૂપ છે તે સ્વરૂપથી ભિન્ન છું, હું સર્વનો દ્રષ્ટા છું – શ્રી સદ્ગુરુ દેવના મુખથી શ્રવણ થયેલ વચનામૃતો વારંવાર વિચારવાં, તેમની મુખમુદ્રા અને ચારિત્ર વારંવાર હૃદયમાં નિદિધ્યાસન કરવાં." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૩૩ અગાસ, તા. ૧-૧૦-૪૪

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર.

આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.
જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.'' —શ્રીમદ્ રાજચંદ્ર

જીવને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ આંજી નાખે છે એટલે નવપૂર્વ ને ચૌદપૂર્વનો વિસ્તાર વાંચી અધધધ થઈ જાય છે. પણ દર્શનમોહનું કાર્ય વિષ સમાન છે. દશ-પંદર મણ દૂધ કોઈ વાસણમાં હોય પણ તેમાં નવટાંક સોમલ નાખે તો કોઈ કામનું તે દૂધ રહે નહીં. તેમ ચૌદપૂર્વનું જ્ઞાન અને અગિયારમા ગુણસ્થાનક સુધીનું ચારિત્ર તે માત્ર દૃષ્ટિ ફરતાં, લોભ એટલે પુદ્‌ગલનું માહાત્મ્ય લાગતાં જેને આધારે તે દશા થઈ હતી તે દોર હાથથી છૂટી જાય છે અને પહેલે ગુણસ્થાનકે આત્મશ્રદ્ધાહીન થઈ પડે છેજી. "સદ્‌ગુરુ-આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય'' એમ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં જણાવ્યું છે. તે આધાર છૂટી જતાં તે જ્ઞાન ઉપર આવરણ આવ્યા પહેલાં એટલે હજી ચૌદ પૂર્વધારી કહેવાય પણ શ્રદ્ધાધન ખોઈ બેઠો તેથી લૌકિક જીવો જેવી વાસનાને આધીન થઈ પામર બની જાય છેજી. "સમકિત નવિ લહ્યું રે એ તો રૂલ્યો ચતુર્ગતિમાંહી'' એમ શ્રી દેવચંદ્રજીએ ગાયું છે અને પરમકૃપાળુદેવે પણ કહ્યું છે : "અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિન-દીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર સત્ મળ્યા નથી, સત્ સુણ્યું નથી અને સત્ શ્રધ્યું નથી અને એ મળ્યે, એ સુણ્યે અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે.'' (૧૬૬) "श्रद्धा परम दुल्लहा'' એવું વારંવાર પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા. શાસ્ત્રજ્ઞાન દુર્લભ નથી, પણ સમ્યક્‌દર્શન દુર્લભ તે દુર્લભ જ છેજી.

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.''

આટલામાં બધાં શાસ્ત્રનો સાર, ચારિત્રનો સાર મૂકી દીધો છે. તે સમજ્યે અને આચર્યે છૂટકો છેજી. વિશેષ શું કહેવું ? આ કાળમાં પરમકૃપાળુદેવે પણ જેને માટે વારંવાર ઝૂરણા કરી છે અને જેનું માહાત્મ્ય દર્શાવવા અનેક પત્રો લખ્યા છે એવો એક સત્સંગ નામનો પદાર્થ સર્વથી પહેલો નિરંતર ઉપાસવા યોગ્ય છે, ભાવના કરવા યોગ્ય છેજી. તે સિવાય નિઃશંક થવાય તેમ નથીજી. માટે બનતા પ્રયત્ને ગમે તેટલા ભોગે, શરીરની દરકાર જતી કરીને પણ સત્સંગ અર્થે આટલો ભવ ગાળવો છે એમ નિર્ણય થશે તો જરૂર તમે જે ધારણા રાખો છો સમાધિમરણની, તેનું તે અચૂક કારણ છેજી. જોકે પુણ્યનો ઉદય જીવને જોઈએ છીએ, તે વિના બનતું નથી. છતાં પુણ્યના ઉદયને પણ શિથિલ ચિત્તને લઈને નિષ્ફળતા મળે, ઢીલ થાય, ધકેલે જાય તો તે પુણ્યનો ઉદય દિવસે દિવસે ખવાતો જાય અને પાપનો ઉદય આવે ત્યારે કંઈ કરવું હોય તોપણ બનવું અશક્ય થઈ પડે તેમ છેજી. માટે ઘણી વખત ઉત્તર લખતાં લખતાં મનમાં એમ થઈ આવે છે કે તમને શિથિલતાનું કારણ આ પત્રવ્યવહાર તો નહીં થતો હોય ? તેથી સંતોષ માની જીવ ઢીલો તો મૂકે છે અને ઢીલા થવાનું કારણ

બને કે અહીં બેઠાં બેઠાં આપણે ખુલાસા થાય છે તો મુશ્કેલી શા માટે વેઠવી? એ વિચાર ટાળવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૩૪ અગાસ, તા. ૧૬-૧૦-૪૪

મુમુક્ષુતાની વૃદ્ધિ થાય અને સદ્ગુરુના શરણની દૃઢતા થાય તેમ દિન દિન પુરુષાર્થ કર્તવ્ય છેજી. જે જ્ઞાનીપુરુષના જ્ઞાનમાં છે તે સર્વ સાચું છેજી. તેનું જ કહેલું મારે માનવું છે. આ ભવમાં તેનું સમ્મત કરેલું સમ્મત કરી, યથાશક્તિ તેના આશયે વર્તાય તેમ કરી આટલું પાછલા પહોરનું આયુષ્ય બાકી હોય તે તેને શરણે સમાપ્ત કરવું છે, એ જેનો દૃઢ નિશ્ચય છે તેને નિઃશંકતા વર્તે છે. નહીં સમજાતું હોય તે કષાયની મંદતા થયે અને જ્ઞાનાવરણીય પાતળાં પડતાં સર્વ સ્પષ્ટ થતું જાય છે અને થઈ જશે એ અટળ દૃઢ શ્રદ્ધા રાખી, અંતરપરિણતિ નિર્મળ થાય તેવો ઉપયોગ, પુરુષાર્થ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૩૫ અગાસ, તા. ૧૬-૧૦-૪૪

વખત નકામો ન જાય અને સંસારના વિકલ્પોથી આત્મા ક્લેશિત ન બને તેવી કાળજી નિરંતર રાખવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવનાં વચનો જેના ઘરમાં છે તે મહાભાગ્યશાળી ગણાય. તેવાં અમૃતતુલ્ય વચનો તજીને જે કષાય અને અજ્ઞાની જીવોના સમાગમને રૂડો માને તે કેવો મૂર્ખ ગણાય?

"અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી,
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં હાથ ન માંડે ઘેલોજી;
સેવો ભવિયાં વિમલ જિનેસર દુલ્લહા સજ્જન સંગાજી."

એમ યશોવિજયજીએ કહ્યું છે; તેવી મૂર્ખતાવાળા આપણે ન બનીએ એટલો લક્ષ રાખી, પરમકૃપાળુદેવનાં વચનો વાંચવામાં, ગોખવામાં, વિચારવામાં, તેમાં તન્મય થવામાં જેટલો વખત જશે તેટલું આયુષ્ય લેખાનું છેજી. બાકીનો કાળ તો ધમણની પેઠે શ્વાસોચ્છ્વાસ લેવામાં ને મૂકવામાં જાય છે.

સત્સંગનો યોગ ન હોય ત્યારે સત્સંગની ભાવના સાચા હૃદયથી કર્યા કરવાથી તેવો યોગ આવી પડે છેજી. શું થાય છે તે તો પ્રારબ્ધાધીન છે. બધી કર્મની ઘટનામાં રાજી થવા જેવું નથી, અને ખેદ કરવા જેવું પણ નથી. જેમ પરમકૃપાળુદેવના જ્ઞાનમાં દેખાયું છે તેમ જ બન્યા જાય છે. તેમાં આપણે આડીઅવળી કલ્પના કરીને શા માટે નકામાં કર્મ બાંધવાં? આજ સુધી જે બનનાર હતું તેમ બન્યું છે, હજી જ્યાં સુધી કર્મો હશે ત્યાં સુધી બનવાનું હશે તેમ બનશે. આપણું કામ કર્મના ઉદય વખતે સમભાવ રાખવાનું છે. મરણપર્યંત પરમકૃપાળુદેવનું શરણ ટકી રહે અને તે મહાપુરુષને આશરે દેહ છૂટે એવું આ ભવમાં કરવું છે એવો નિર્ણય કરી, તે ભાવના જાગ્રત રાખતા રહેવા જેવી છેજી. કોને ખબર છે કે કાલે શું થશે? માટે આજના દિવસમાં જેટલો ભક્તિ, ભજન, વિચારણાનો વખત મળે તેટલો લહાવો લઈ લેવો. જતા દિવસમાં કંઈક શાંતિનું કારણ વધે તેવી ભાવના ભાવવી.

"પરમ શાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે, અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે. માટે નિશ્ચિંત રહો." (૩૭)

"તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન-નયન યમ નાંહિ;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહિ."

નિત્યનિયમના અર્થની ચોપડી છપાઈ છે તે કાળજી રાખીને બધા અર્થ વાંચી હૃદયમાં ઊંડા ઉતારી છાપી લેવા યોગ્ય છેજી. 'આત્મસિદ્ધિ-વિવેચન' વાંચતા હશોજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૩૬ અગાસ, તા. ૧૭-૧૦-૧૯૪૪
આસો વદ ૦)), સં. ૨૦૦૦
તત્ ૐ સત્ દીપોત્સવી દિન, સમાધિમરણપર્વ

દોહરા — તારે ને આ દેહને, વિયોગની ક્યાં વાર?
શાંતિ શાશ્વત જો ચહે, અહિંસાદિક વિચાર. (પ્રજ્ઞા૦ ૭૧)

સદ્ગુરુ-બોધ વિચારી વિરાગે, ઉપશમજલમાં ઝીલો રે,
તજી અનાદિ ગંદા ભાવો, આત્મદૃષ્ટિ-રસ પી લો રે.
આત્મહિતાર્થે નિયમિત વૃત્તિ શોખવી સદ્ગુરુ રાચે રે.
સમ્યક્દર્શન તે ધ્રુવ-તારો દિશા સત્ય બતાવે રે,
વ્રત, નિયમ સૌ તેથી સવળાં, વર્તાવે સમ ભાવે રે. આત્મ૦(પ્રજ્ઞા૦ ૩૨)

પરમકૃપાળુદેવે કહ્યું છે કે "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવાયોગ્ય નથી." (૪૬૦) "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે." (૮૧૯) આમ છે તો આપણે બીજું શું જોઈએ છે? મોક્ષ મળતો હોય તો આ બધું ભલે ચાલ્યું જાય. જીવને લોકલાજ બહુ આડી આવે છે, તેને જ્ઞાનીપુરુષોએ અનંતાનુબંધી કષાયનું મૂળ કહ્યું છે. 'લોકો શું કહેશે? લોકોમાં ખોટું દેખાશે' એવા ડરથી જીવ આત્મકલ્યાણનાં કારણોથી દૂર રહ્યા કરે છે. જો લોકની જ જરૂર હોય તો લોક તો તેને પ્રાપ્ત થયેલો જ છે. લોકો કહે તેમ વર્તે તોપણ લોકોને બધાને તો કોઈ રાજી રાખી શક્યું નથી. તીર્થંકર જેવાની ગોશાલા જેવા અન્યમતી નિંદા કરતા હતા. અલૌકિક માર્ગનું અવલંબન જીવ લે છે ત્યારે લોકો તેને લૌકિકમાં રાખવા બહુ સમજાવે છે, દબાવે છે અને ન ચાલે તો નિંદા કર્યા કરે છે. અનાદિકાળથી આમ જગતમાં થતું આવ્યું છે. પરંતુ જે શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ટકી રહ્યા તેમને મોક્ષપાટણ સુલભ જ છે એમ જ્ઞાનીપુરુષો પોકાર કરીને કહે છે. આપણું કામ જ્ઞાનીનાં વચનો ગ્રહણ કરી તેનો આશય સમજી આપણું આત્મહિત સાધી લેવું એ જ છેજી. જેના ઘરમાં શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ છે, જેને સત્પુરુષના યોગે પરમકૃપાળુદેવ પ્રત્યે ભક્તિ જાગી છે અને જેને સંસાર પ્રત્યે ઉદાસીનતા જાગી છે, એક મોક્ષની જ અભિલાષા વર્તે છે અને તે અર્થે સત્સંગને ઉત્તમ નિમિત્ત માની સત્સંગની ભાવના કર્યા કરે છે અને પુણ્યના ઉદયે સત્સંગની પ્રાપ્તિ થાય તો અપ્રમાદપણે સત્સંગે આત્મસુધારણા, સત્શ્રદ્ધા અને સદાચારની વૃદ્ધિ કરે છે તે આવા હડહડતા કળિકાળમાં પણ ભાગ્યશાળી છેજી. "વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લો" એમ

સ્તવનમાં આવે છે. તેમ તે કળિકાળના ઝેરી વાતાવરણથી બચીને પરમપુરુષના બોધરૂપ કલ્પ-વૃક્ષની છાયાની શીતળતા વર્તમાનમાં અનુભવે છે અને ભવિષ્યમાં તે કલ્પવૃક્ષનાં અમૃતફળને પામશે. માટે પ્રારબ્ધ પ્રમાણે જે સંયોગો મળી આવે તેમાં તન્મય ન થતાં પરમકૃપાળુદેવનું શરણું, તેની ભક્તિ અને તેની પરમકૃપારૂપ મહામંત્રમાં વૃત્તિ રાખવા વિનંતી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૩૭ અગાસ

કળિકાળ અને અસત્સંગના ઘેરાવામાં જીવ બળ કરે તો જ ધર્મમાં વૃત્તિ રાખી શકે. સત્શાસ્ત્ર, ભક્તિ, સ્મરણ અને સ્વાધ્યાય એ હાલ ઉપયોગી છેજી. પહેલાં શીખેલું ભુલાઈ ગયું હોય તે તાજું કરી લેવું અને રોજ નવું શીખવાનો, ગોખવાનો અમુક વખત રાખવો. અમુક વખત વાંચવા-વિચારવાનો રાખવો. બને તો પુસ્તકમાં જોઈ જોઈને લખવાનો મહાવરો, ટેવ રાખવા યોગ્ય છેજી, તેથી ચિત્તની એકાગ્રતા અને વિચાર કરવાનો અવકાશ પણ મળશેજી. જે મુખપાઠ કરવું હોય તે જ લખવાનું રાખવાથી થોડી મહેનતે યાદ પણ રહે તેમ છેજી. ગમે તે પ્રકારે કાળ જ્ઞાનીનાં વચનો વાંચવા, લખવા, વિચારવા કે મુખપાઠ કરવામાં જાય અને સમજીને ભાવની વૃદ્ધિ થાય, નિર્મળતા થાય તેમ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૩૮ અગાસ, તા. ૧૯-૧૦-૪૪

તત્ ૐ સત્ કાર્તિક સુદ ૨, ૨૦૦૧

"मरण रोग मोमैं नहीं, तातैं सदा निःशंक।
बाल, तरुण नहि वृद्ध हूँ, ये सब पुद्‌गल अंक॥"
સહનશીલતા ને ક્ષમા, ધીરજ સમતારૂપ;
સમ્યક્ શ્રદ્ધા સહિત એ, આપે આત્મસ્વરૂપ.

આપનો પત્ર મળ્યો. વિગત જાણી. ત્રણ બાબતો તમે જે લખી જણાવી તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે : (૧) જ્ઞાનીપુરુષના સ્વમુખે જે આજ્ઞા જીવને મળે છે તે એક પ્રકાર છે. (૨) પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષે જેને આજ્ઞા કરી હોય તેની મારફતે જીવને આજ્ઞા પ્રાપ્ત થાય, અને (૩) ત્રીજો પ્રકાર – પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ મારફતે પ્રાપ્ત થયેલી આજ્ઞા કોઈ જીવ આરાધતો હોય તેની પાસેથી તેનું માહાત્મ્ય સમજી તે આજ્ઞા-આરાધકની પેઠે જે જીવ, જ્ઞાનીની આજ્ઞા છે એમ જાણી, હિતકર માની આરાધે છે. આ ત્રણે પ્રકાર જ્ઞાનીની આજ્ઞા આરાધવા અર્થે છે અને ત્રણેથી કલ્યાણ થાય છેજી. પહેલા ભેદનું દૃષ્ટાંત — શ્રી ગૌતમસ્વામી ભગવાન મહાવીર પાસેથી રૂબરૂમાં ધર્મ પામ્યા. બીજા ભેદનું દૃષ્ટાંત — ભગવાન મહાવીરના નિર્વાણને દિવસે, શ્રી ગૌતમસ્વામીને ભગવાને કહ્યું કે અમુક બ્રાહ્મણને તમે આ પ્રકારે ધર્મ સંભળાવજો. ત્રીજા ભેદનું દૃષ્ટાંત — લચ્છી અને મલ્લી નામના ક્ષત્રિયો(કૌરવ-પાંડવો જેવા)ના યુદ્ધમાં (મહાવીર સ્વામીના સમયમાં) ચેડા મહારાજાના પક્ષમાં એક વણાગનટવર નામનો શ્રાવક રાજા ભક્તિવાળો હતો. તેને મોટા રાજા — ચેડા મહારાજાનો હુકમ થવાથી યુદ્ધમાં ઊતરવાનું હતું. તે બે ઉપવાસ કરી એક દિવસ પારણું કરે અને ફરી બે ઉપવાસ કરે એવી તપસ્યા કરતો

હતો. પારણાને દિવસે હુકમ મળ્યો એટલે તેણે વિચાર્યું કે પારણું કરીને પાપ કરવા જવા કરતાં ત્રીજો ઉપવાસ આજે કરું. એ વિચાર તેણે ગુરુ આગળ જણાવ્યો, એટલે ગુરુએ તેને ઉપવાસની સંમતિ આપી અને જણાવ્યું કે યુદ્ધમાં એમ લાગે કે હવે દેહ વિશેષ ટકે તેમ નથી ત્યારે સારથિને કહીને રથ એકાંતમાં હંકાવી નીચે ઊતરી જમીન ઉપર સ્વસ્થ સૂઈ ને મંત્રનું આરાધન-ભક્તિ કરવી. તે વાત તેનો સારથિ પણ સાંભળતો હતો. તેણે પણ વિચાર્યું કે તે રાજા કરે એમ મારે પણ આખર વખતે કરવું. પછી યુદ્ધમાં ગયા. સામે લડવા આવેલાએ પ્રથમ ઘા કરવા કહ્યું ત્યારે એણે ના પાડી કે હું તો માત્ર બચાવ કરવાનો છું. તેથી પેલા માણસે તો શૂરવીરપણું બતાવવા ખાતર પાંચ બાણ રાજાને, પાંચ સારથિને અને પાંચ પાંચ બાણ ઘોડા-ઓને માર્યાં, પણ રાજા બચાવ કરી શકયો નહીં; અને મરણ પમાડે તેવાં તે બાણ જાણી તેણે સારથિને રથ એક બાજુ નદી તરફ લઈ જવા કહ્યું. તેણે તે પ્રકારે કર્યું. ત્યાં જઈને ઊતરીને ઘોડાનાં બાણ કાઢી નાખ્યાં, તો તે પ્રાણરહિત થયાં. તેવી જ પોતાની દશા થશે એમ જાણી નદીની રેતીમાં તે રાજા સૂઈ ગયો. સારથિએ પણ તે કરે તેમ કરવા માંડ્યું. પછી તે રાજાએ હાથ જોડી પ્રાર્થના શરૂ કરી. તે દાસને પ્રાર્થના આવડતી નહોતી, પણ એવા ભાવ કર્યા કે હે ભગવાન ! હું કંઈ જાણતો નથી, પણ આ રાજા જ્ઞાનીનું કહેલું કંઈ કરે છે અને તેવું જ મારે પણ કરવું છે; પણ મને આવડતું નથી, પણ તેને હો તે મને હો. એવી ભાવના તે કરવા લાગ્યો. પછી તેણે બાણ પોતાની છાતીમાંથી ખેંચી કાઢ્યાં તેમ તે દાસે પણ કર્યું અને બન્નેના દેહ છૂટી ગયા. રાજા દેવલોકમાં ગયો અને દાસનું પુણ્ય તેટલું નહોતું તેથી વિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થયો. ત્યાં તેને જ્ઞાની મળ્યા અને મોક્ષમાર્ગ આરાધી તે મુક્ત થયો. હજી તે રાજા તો દેવલોકમાં છે. આમ ભાવના કરવાથી જીવનું કલ્યાણ થાય છે, પણ જ્ઞાનીએ જાણ્યો છે તે આત્મા છે તે અર્થે કરવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૩૯** અગાસ

પરમકૃપાળુદેવની જન્મતિથિનો દિવસ આપણે માટે પરમ માંગલિક છેજી. આપણા કલ્યાણ-કર્તા જે દિવસે જન્મ્યા ત્યારથી જ આપણા કલ્યાણનો પણ જન્મ ગણવા યોગ્ય છેજી. જેમ એંજિનને ડબા લગાડેલા હોય તે એંજિનની સાથે જ ગતિ કરે છે એટલે જે ગતિ એંજિનની, તે જ ગતિ પાછળના બધા ડબાની થાય છે; તેમ પરમકૃપાળુદેવનો સાચા દિલથી મોક્ષને અર્થે જેણે આશ્રય લીધો છે તેને બીજી મતિ કેમ હોય ? પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે પરમકૃપાળુદેવને ભજનારનું અહિત થાય તો તેના અમે જામીનદાર બનીએ છીએ, વીમો ઉતરાવીએ છીએ; એના જેવું બીજું જોખમવાળું કોઈ કામ નથી એમ જાણીએ છીએ, પણ સાચી વાત છે તેથી છાતી ઠોકીને કહીએ છીએ કે પરમકૃપાળુદેવની ભક્તિ કરનારનું કલ્યાણ થશે. આ વાતો જેણે સાંભળી હોય તેણે તો માથું મૂકીને હવે તે જ કામ આ ભવમાં મુખ્ય-પણે કર્તવ્ય છે એવો દૃઢ નિશ્ચય કરી લેવો ઘટે છેજી; અને પરમકૃપાળુદેવની જન્મતિથિ ઉપર આપણને નવું જીવન પ્રાપ્ત થાય તેવા ઉલ્લાસથી ભક્તિ કર્તવ્ય છેજી.

---

૫૪૦ અગાસ, તા. ૨૨-૧૦-૪૪
તત્ ૐ સત્ કાર્તિક સુદ ૫, જ્ઞાનપંચમી, ૨૦૦૧

જ્ઞાનસ્વરૂપ ગુરુરાજ હે! વિરતિ-ફળ દાતાર,
ભવભ્રમણ મુજ ટાળજો, વીનવું વારંવાર.
જ્ઞાનીના પાય સેવે તે, દશા તેની જ પામતો;
બત્તી જેમ અડચે અન્ય દીવે, દીવો જ થાય જો.
"પરમેશ્વર અરુ પરમગુરુ, દોનું એક સમાન;
સુંદર કહત વિશેષ યહ, ગુરુતેં પાવે જ્ઞાન."
"સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠપદ સેવાથી શુદ્ધજ્ઞાન થશે,
અવર ઉપાસન કોટી કરો પણ, શ્રી હરિથી નહીં હેત થશે."

આપે પુછાવેલ "જ્ઞાનનું ફળ વિરતિ છે" (૭૪૯) તેનો ઉત્તર ટૂંકામાં નીચે જણાવું છુંજી.

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ, મૂળ૦
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ, મૂળ૦"

ઉપરની કડીમાં જે જ્ઞાન કહ્યું છે તે દુર્લભ છે. પુસ્તકો વાંચી ભણી લેવાં, સંસ્કૃત ભણવું, પુસ્તકો લખવાં કે મુખપાઠ કરી લેવું તેને જ્ઞાનીપુરુષો જ્ઞાન કહેતા નથી.

"જો હોય પૂર્વ ભણેલ નવ પણ જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં."

એવું આત્મજ્ઞાન જેને પ્રગટે છે તેને પાંચ ઇંદ્રિયો અને મન વશ વર્તે એવો પ્રત્યાહાર નામનો ગુણ પ્રગટે છે.

"વિષય-વિકારે ન ઇન્દ્રિય જોડે તે ઇહાં પ્રત્યાહારો રે,
કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે."

આત્મજ્ઞાનનું ફળ સંયમ અથવા વિરતિ છે. વિરતિ એટલે પાંચ ઇંદ્રિયોના વિષય-રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ – તેમાં જે રતિ-પ્રીતિ હતી તે ટળી ગઈ. તે સારા લાગતા નથી. ઉપરથી સુંદર દેખાતા કિંપાકવૃક્ષના ઝેરી ફળ જેવા ઇંદ્રિયના વિષયો લાગે છે તથા મનને બાહ્ય પદાર્થોમાં જે મોહ હતો તે આત્માનું માહાત્મ્ય સમજાતાં "સકળ જગત તે એઠવત્ અથવા સ્વપ્ન સમાન" કે "આત્માથી સૌ હીન" લાગે છે; તેથી સંસારના વિચાર અસાર લાગે, તેથી મન ત્યાંથી પાછું ફરી મહાત્મા પુરુષ, તેનાં વચન, અને તેની આજ્ઞા અને આત્મદશા વધારવાના વિચારો કરવાને મન દોડે છે અથવા તો પરમાત્મસ્વરૂપમાં લીન થાય છે. માટે બીજેથી મનવચનકાયાની પ્રવૃત્તિ રોકાઈ એક આત્મહિતમાં વર્તે અને આખરે શાંત થાય તેનું નામ વિરતિ છેજી.

"સંયમના હેતુથી યોગપ્રવર્તના, સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં, અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦"

વિરામ પામવું, શાંત થવું તે વિરતિ છે. જાણ્યા વિના તેમ બનતું નથી. માટે પ્રથમ આત્મજ્ઞાન કરવું અને પછી તે સ્વરૂપમાં ક્રમે ક્રમે લીન થવું તેનું નામ વિરતિ છે. સંસારથી વિરામ પામી મોક્ષ થતાં સુધી તેનો ક્રમ છે. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૪૧

અગાસ, તા. ૨૩-૧૦-૪૪
કાર્તિક સુદ ૭, મંગળ, ૨૦૦૧

તત્ ॐ સત્

જ્ઞાનસ્વરૂપ ગુરુરાજ હે! કરુણાના ભંડાર;
ભવભ્રમણ મુજ ટાળજો, વીનવું વારંવાર.
મરણ-પ્રસંગ વિચારતાં, જાતિસ્મૃતિ થયું જ્ઞાન;
જન્મમરણ ટાળી ગયા, રાજચંદ્ર ભગવાન.
કળિમાં આયુષ અલ્પ છે, વીતી જતાં ના વાર;
સુખદુખની કરી કલ્પના, હર્ષશોક ના ધાર.
સહનશીલતા ધારજો, ભાવો સમતા ભાવ;
વૃત્તિ વાળો અંતરે, અલભ્ય આ ત્રણ લ્હાવ.

આપને આવી પડેલ વૈધવ્યના દુઃખદ સમાચાર જાણ્યા તથા તમે ધીરજસહિત ભક્તિભાવમાં કાળ ગાળો છો અને પૂ.... આપની પાસે શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી વાંચી સંભળાવે છે એમ જાણી ધર્મસ્નેહને લઈને પત્ર લખવા વૃત્તિ ઊઠી. પરમકૃપાળુદેવનાં વચનો સર્વ પ્રસંગમાં અમૃત તુલ્ય છે, પરંતુ આફતના વખતે તો સાચા આધારરૂપ અને આશ્વાસન દેનાર છેજી; વૈરાગ્યરંગમાં જીવને તરબોળ કરી સંસારનાં દુઃખની વિસ્મૃતિ કરાવે તેવાં છે. અણસમજણને લીધે, સ્વપ્ન જેવો અનિત્ય અસાર સંયોગવિયોગથી વ્યાકુળ સંસારસાગર, જીવને મૂંઝવે છે; પણ જેને સદ્ગુરુનો યોગ થયો છે, સદ્ગુરુનાં વચનોરૂપી અમૃત જેણે પીધું છે અને માયાનાં સુખને જેણે તજવા યોગ્ય અને દુઃખરૂપ જાણ્યાં છે, વિચાર્યાં છે, માન્યાં છે, તેને આવા પ્રસંગો વધારે બળ પ્રેરે છે. જેવું સદ્ગુરુ ભગવાને સંસારનું દુઃખમય, ભયંકર સ્વરૂપ બોધ્યું છે તેવું જ તેને અનુભવમાં આવે છે અને સદ્ગુરુની શ્રદ્ધા વિશેષ દૃઢ થાય છે, સદ્ગુરુનાં સર્વ વચનોમાં તેની નિઃશંકતા વધે છે, પોતાના સ્વરૂપને જાગ્રત કરે તેવો વૈરાગ્ય અંતરમાં સ્ફુર્યા કરે છે અને આવા દુઃખપૂર્ણ સંસારમાં ફરી જન્મવું ન પડે તેવા ઉપાયમાં વૃત્તિ વાળે છે.

"એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે;
થાયે સદ્ગુરુનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારીનો સંગ રે.
હસતાં રમતાં પ્રગટ પ્રભુ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે,
મુક્તાનંદનો નાથ વિહારી રે, સંતો જીવનદોરી અમારી રે."

એવી ભાવના આત્મસાક્ષાત્કાર માટે ભવ્ય જીવને આવા પ્રસંગમાં જાગે છે. માટે જે સત્સાધન તમને મળ્યું છે, તેમાં વિશેષ કાળ ગાળવો, વાંચવું, સાંભળવું, સમજવું; પણ શોકના વિચારમાં પડી આર્ત્તધ્યાન થવા ન દેવું. આપણે પણ આ મનુષ્યભવનું આયુષ્ય પહોંચે છે ત્યાં સુધીમાં સમાધિમરણની તૈયારી કરી લેવી છે એ વાત હૃદયમાંથી વીસરાય નહીં એવી કાળજી રાખ્યા કરવી. "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર," એવું પરમકૃપાળુદેવે કહ્યું છે. માટે ક્લેશિત થવા યોગ્ય નથી. સત્સાધનમાં વૃત્તિ વારંવાર વાળવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી. પૂ....ને ધન્યવાદ ઘટે છે કે આવા પ્રસંગે સહાયક બની ધર્મવૃત્તિ પોષે છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૪૨ અગાસ, તા. ૨૪-૧૦-૪૪

ખરી રીતે તો લોભનો ત્યાગ કરવા અર્થે દાન કરવાનું છે. જન્મમરણનું કારણ મોહ છે અને તેમાં મુખ્ય લોભ છે. તે લોભને લઈને જીવ અનેક પ્રકારનાં પાપ કરીને ભવ ઊભા કરે છે. એ લોભપ્રકૃતિ ચાહે તો ધન, વિષયભોગ, દેવલોક કે લૌકિક દુઃખોથી છૂટવાના રૂપમાં હો, પણ તે છોડ્યા વિના આ ભવભ્રમણથી છુટાય તેવું નથીજી. જેમ બને તેમ નિઃસ્પૃહી, નિર્મોહી થવા અભ્યાસ કર્તવ્ય છેજી. તે અર્થે દાન, તપ, શીલ અને ભાવના કર્તવ્ય છેજી. ભક્તિભાવના સહિત સત્સંગની ઇચ્છાની વર્ધમાનતા કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૪૩ અગાસ, તા. ૨૭-૧૦-૪૪
તત્ ૐ સત્ કાર્તિક સુદ ૧૧, ૨૦૦૧

"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?
પોતે શું? ક્યાંથી છે આપ? એનો માગો શીઘ્ર જવાપ."—શ્રીમદ્ રાજચંદ્ર

આપનો પત્ર પ્રાપ્ત થયો. આપે લખેલ સૂચના લક્ષમાં છેજી. આપનાં સદ્ગત માતુશ્રી નવા વર્ષની શરૂઆતમાં જ દેહ ત્યાગી ચાલ્યાં ગયાં, તે સમાચાર પણ જાણ્યા. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે વૃદ્ધ, ગ્લાન, અપંગ કે અશક્તદશા પણ મનુષ્યપણાની ક્યાંથી? જેવું મનુષ્યભવમાં ધર્મનું આરાધન સુલભ છે તેવું બીજી ગતિમાં નથી, એ મૂડી તેઓની ખલાસ થઈ ગઈ. પણ જ્યાં સુધી આપણી મૂડી આપણા હાથમાં છે ત્યાં સુધી વિચારવાન મુમુક્ષુપણે તે મૂડીનો સદ્-વ્યય થાય તેની કાળજી આપણુ સર્વને ઘટે છેજી.

કોઈ વખત એવું પણ પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે આ જીવ શું કરવા આવ્યો છે? અને શું કરે છે? તે લક્ષ ચૂકવા જેવો નથી. તમને ઉદ્દેશીને જ આ લખતો નથી, મારાથી પણ તે જોઈએ તે રીતે લક્ષ રાખી શકાતો નથી તેનો માત્ર બળાપો પ્રદર્શિત કર્યો છેજી. ઘેર ઘેર માટીના ચૂલા છે, દુખિયા છીએ; પણ દુઃખનું ભાન પણ થવું મુશ્કેલ થઈ પડ્યું છે. એવી મૂર્છા-અવસ્થા ટાળવાની ભાવનાવાળા છીએ, તેથી તે મહાપુરુષના વચનની સ્મૃતિ, પોકાર કાને આવે તો સર્વને હિતકારી જાણી લખવાનું થાય છેજી. અનિત્ય ભાવના વિષે સાંભળ્યું છે, તેની વાતો પણ કરી હશે; પણ આવા પ્રસંગ પામીને જો જીવ તે ભાવના ભાવવાની શરૂઆત કરી, સંસાર-શરીર-ભોગ ઉપરનો વિશ્વાસ અસ્થિર, ઠગનાર જાણી, વૃત્તિ પરમપુરુષના આશ્રયમાં દૃઢ થતી જાય અને સદ્ગુરુના શરણને ક્ષણે ક્ષણે ઇચ્છે, તેની આજ્ઞા એ જ આ જીવને આ ભવ-પરભવમાં સુખપ્રદ છે, મોક્ષનું પરમ કારણ છે એવા નિશ્ચય ઉપર આવે તેમ હવે તો ખરા દિલથી કર્તવ્ય છેજી. લીધો કે લેશે એમ થઈ રહ્યું છે, કાળની પણ ખબર નથી. આવી અવસ્થામાં ધર્મ-પુરુષાર્થમાં પ્રમાદ ઘટતો નથી છતાં થયા કરે છે તેનો ખેદ રહ્યા કરે એટલી જાગૃતિ તો અવશ્ય રાખવી જરૂરની સમજાય છેજી—

"અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.

હું પામર શું કરી શકું ? એવો નથી વિવેક;
ચરણ-શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.''

આ વિવેક-જાગૃતિની ખામી છે, તે પૂરી કરવા ક્યારે કમર કસીશું ? અનંતકાળથી રખડતાં રખડતાં આ જીવ આટલા સુધી થાક ખાવા જેવી જગ્યાએ આવ્યો છે, છતાં ત્યાં પણ ડહાપણ ફૂટયા વગર રહેતો નથી, એનું કયે કાળે ઠેકાણું પડશે ? એ આપણે સર્વેએ ઊંડા ઊતરીને વિચારવું ઘટે છે અને આ બિચારા અનાથ જીવની દયા દિલમાં પ્રગટાવી સદ્‌ગુરુ-શરણે મરણ સુધી છાનોમાનો પડ્યો રહે તેવું બળ પરમકૃપાળુદેવ પાસે યાચી વિરમું છુંજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૪૪ અગાસ, તા. ૫-૧૧-૪૪
તત્ ૐ સત્ કાર્તિક વદ ૫, રવિ, ૨૦૦૧

આપનો પત્ર મળ્યો હતો. તેમાં અનેક પ્રકારની વિશેષણાવલિમાં એક શબ્દ જે "સર્વજ્ઞ" ભગવાનને યોગ્ય તે આ પામરને લગાડી તે શબ્દનું ગૌરવ ઘટાડવા જેવું કર્યું છે. કોઈ શબ્દ પોતાની ઇચ્છાએ સમજવા કે યોજવા યોગ્ય નથી, પરંતુ જ્ઞાનીની દૃષ્ટિએ સમજીને યથાયોગ્ય પ્રયોગ થાય તો આત્મહિતનું કારણ છે એમ સમજી તે પ્રમાણે ફરી તેવો પ્રયોગ ન કરવા નમ્ર વિનંતી છેજી.

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?''

---

૫૪૫ અગાસ, તા. ૫-૧૧-૪૪
તત્ ૐ સત્ કાર્તિક વદ ૫, ૨૦૦૧

જ્ઞાનસ્વરૂપ ગુરુરાજ છે, કૃપા તણા અવતાર;
ભવ-ભ્રમણ મુજ ટાળશે, સૌના એ આધાર.

પ્રથમ તો સંચા વગેરેનું દેવું માથે હોય તે દૂર કરવું ઘટે. પછી અનુકૂળતા પ્રમાણે આશ્રમ વગેરે તીર્થસ્થળે જવા ભાવના હોય તો તેમ કર્તવ્ય છેજી. આ માત્ર સૂચના છેજી. હાલ તો પરમકૃપાળુદેવની ભક્તિ યથાશક્તિ કરતા રહી ઋણમુક્ત થવું એ લક્ષ રાખવા ભલામણ છેજી. જે જે ભાવો તમે પત્રમાં પ્રગટ કર્યા છે તે પરમકૃપાળુદેવ પ્રત્યે વારંવાર વીનવવા યોગ્ય છેજી. આપણા બધાના એ નાથ છે. તેને આધારે બધો ધર્મવ્યવહાર પ્રવર્તે છેજી. માટે પરમ-કૃપાળુદેવની ભક્તિ જે પ. પૂ. પ્રભુશ્રીજીએ અમને બધાને કરવા આજ્ઞા કરી છે તે તમને પણ જણાવી છે. માટે બીજી કોઈ જગ્યાએ દૃષ્ટિ દીધા વિના એક પરમકૃપાળુદેવ પ્રત્યે 'તુંહિ તુંહિ'ની રટના રહે એમ વૃત્તિને વાળવા આગ્રહપૂર્વક આપ સર્વને ભલામણ છેજી. તેમાં જ આપણું શ્રેય છેજી. પ. પૂ. પ્રભુશ્રીજીએ એ જ માર્ગ ઉપાસ્યો છે, અને બોધ્યો છેજી. તેમાં જ આત્મહિત સમાયું છેજી.

---

૫૪૬ અગાસ, સં. ૨૦૦૧

પરસ્પર લાભનું કારણ થતું હોય તો બીજી બાબતો ગૌણ કરી મુમુક્ષુજીવોનો સહવાસ પ્રેમપૂર્વક કર્તવ્ય છેજી. જેને નોકરી કરવી હોય તેણે નિમકહલાલીથી આજીવિકાર્થે કર્તવ્ય છે પણ જે નોકરીમાં ઘણો વખત ગાળવો પડે અને આત્મહિતને અર્થે કાળ ગાળવામાં મુશ્કેલી પડે તેવી નોકરી કરતાં મુમુક્ષુભાઈને ત્યાં જો રહેવાનું બને તો તે પોતાનું જ કામ જાણી કાળજીથી બને તેટલી નોકરી કરી બાકીનો વખત સ્વપરને હિત થાય તેવી ધર્મચર્ચા, વાચન, મનનમાં જાય તો જીવનની ઉન્નતિનું તે કારણ છેજી.

પરંતુ ખાસ લક્ષમાં રાખવાનું એ છે કે ધર્મને નામે બીજાને ભોળવી, ધર્મની વાતોથી રાજી થઈ વગર મહેનતે આજીવિકા ચલાવવાની વૃત્તિ રાખે તો જીવને અધોગતિનું કારણ છેજી. માટે જેની પાસેથી આજીવિકાનું સાધન મળે તેને બોજારૂપ ન થતાં નિમકહલાલીથી (પ્રામાણિકપણે) બને તેટલું કામ દુકાનમાં પણ કરવું ઘટે. કામ શીખતી વખતે ઓછા ઉપયોગી થવાય તો પછી તેનો બદલો કામ શીખ્યા પછી વાળવો. પણ કામ શીખીને માત્ર ધનની લાલચે વિશેષ પગાર મળે ત્યાં ન જવું વગેરે વ્યવહારનીતિ લક્ષમાં રાખનાર આ ભવ, પરભવમાં સુખી થાય છે.

---

૫૪૭ અગાસ, તા. ૬-૧૧-૪૪

"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત."
"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ."
"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ."—શ્રીમદ્ રાજચંદ્ર

પરમકૃપાળુદેવે કહેવામાં બાકી રાખ્યું નથી. આપણું કામ તેની આજ્ઞા ઉઠાવવાનું છે. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે 'તારી વારે વાર.' તેનો વિચાર કરી આજ્ઞામાં એકતાર થવાનો સત્પુરુષાર્થ કર્યા કરવો. "શ્રીમદ્ વીતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિસ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર પરમ અમૃતસ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્તો, ત્રિકાળ જયવંત વર્તો." (૮૪૩) આવા ધર્મનું ફળ માગવું પડે તેમ નથી. ચિંતામણિ પાસે ચિંતવીએ તો ફળ આપે, પણ સાચો ધર્મ વગર ચિંતવ્યે, સંકટ સમયે પણ સમાધિ પમાડે છેજી. ધર્મઆરાધન વખતે પણ શાંતિ અનુભવાય છે અને આજ્ઞાનું આરાધન મોક્ષ થતાં સુધી શાંતિનું કારણ બને છેજી. એવી બીજી કોઈ કમાણી નથી. અપૂર્વ પ્રેમે જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષ-પાટણ સુલભ જ છે. કેવાં શાંતિપ્રેરક એ વચનો પરમકૃપાળુદેવે ઉચ્ચાર્યાં છે! તેની ઉપમા શોધવી તે જ વ્યર્થ છે. "પરમ શાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે, માટે નિશ્ચિંત રહો." (૩૭) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૪૮ આહોર, તા. ૧૯-૧૧-૪૪

મંદાક્રાન્તા — મંત્રે મંત્ર્યો સ્મરણ કરતો કાળ ગાળું (કાઢું) હવે આ
જ્યાં ત્યાં જોવું પરભણું ભૂલી, બોલ ભૂલું [1]પરાયા;
આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદા એ,
પામું સાચો જીવનપલટો, મોક્ષમાર્ગી થવાને. (પ્રજ્ઞાવબોધ – ૭૪)

"હે બ્રહ્મચર્ય, હવે તું પ્રસન્ન થા! પ્રસન્ન થા!" (હા. નોં. ૩–૨૬)

"હે જીવ! આ કલેશરૂપ સંસારથકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગ્રત થા! જાગ્રત થા!! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે. હે જીવ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે."(૫૦૫)

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનાં વચનથી તમને અશાંતિના કાળમાં શાંતિનું કારણ બનેલ છે, એમ વાંચી વિશેષ સંતોષ થયો છેજી. આવા વખતમાં જ સત્સંગનું માહાત્મ્ય વિશેષે કરીને સમજાય છે, તથા જીવનપર્યંત સત્સંગની અસર ટકી રહે તેવી દૃઢતા થાય છે. આ કાળમાં જીવમાં વૈરાગ્યની ખામીને લીધે નાશવંત અસાર સંસાર મોહક, સુખરૂપ લાગે છે; પરંતુ જીવનમાં પૂર્વકર્મના બળે એવા પ્રસંગો પણ પ્રાપ્ત થાય છે કે જ્યારે સંસાર ભયંકર, નિરાધાર, દુઃખના દરિયા જેવો ભાસે છે અને આવા સંસારમાં જીવવું કે ફરી જન્મવું તે અસહ્ય થઈ પડે છે. તેવા પ્રસંગે આત્મજ્ઞાની પુરુષ કે તેનાં અનુભવરસથી છલકાતાં વચનોનો આધાર પ્રાપ્ત થાય તો જીવને સંસારનું ભયાનક સ્વરૂપ જે જ્ઞાનીઓએ વર્ણવ્યું છે તે યથાર્થ સમજતાં વાર લાગતી નથી; અને આવા દુઃખદ સંસારથી મુક્ત થવાનું અને આત્માના અનંત સુખની સદા કાળ જ્યાં અનંત કાળ સુધી પ્રાપ્તિ ટકી રહે તેવા મોક્ષ માટે જીવ સર્વ પ્રયત્ને શક્તિ-ગોપવ્યા સિવાય પુરુષાર્થ કરવાનું કરે છે અને જયવંત નીવડે છેજી. સત્પુરુષના યોગે જીવને સત્સાધનની પ્રાપ્તિ થઈ છે તેનું આરાધન અહોરાત્ર જીવ કરે તો દુસ્તર સંસાર ગાયની ખરીથી થયેલા ખાડા–પગલા–માં રહેલા પાણી જેવો સુગમ થઈ જાય છે. હવે જીવે પોતે લોકલાજ મૂકીને પુરુષાર્થ કરવો ઘટે છેજી.

"અબ તો મેરે રાજ રાજ દૂસરા ન કોઈ;
સાધુ-સંગ બેઠ બેઠ લોકલાજ ખોઈ. અબ તો મેરે૦"

એવા ભાવ અનન્ય આશ્રયભક્તિના કરતા રહેવા ભલામણ છેજી. આપે પત્રમાં ભાવના દર્શાવી છે તે સફળ થાય તેમ કરવા યોગ્ય છેજી. આ દુષમકાળમાં સત્સંગ જ શાંતિનું કારણ છે.

"સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, પૂર્વ કર્મનાં જડિયાં." — નરસિંહ મહેતા

"જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે." (૩૭૧) એવું પરમકૃપાળુ દેવનું વચન છે તે લક્ષમાં રાખી, પરમકૃપાળુદેવની કૃપા કંઈક સત્યમાર્ગમાં આગળ વધારવાની હશે

---
૧. કુસંગે સાંભળેલાં વચન, સંસારી સંસ્કારો

એવો વિશ્વાસ રાખી, હાલ તો આર્ત્તધ્યાન તજી ધર્મધ્યાન માટે બને તેટલો પુરુષાર્થ કરતા રહેવાની જરૂર છે. સદાય સૂર્ય ઉપર વાદળ આવેલું રહેતું નથી તેમ અંતરાય કર્મ પણ કાળે કરીને દૂર કે મંદ થતાં વિશેષ પ્રકાશની પ્રાપ્તિ થવી ઘટે છેજી. સમજાય, ન સમજાય તોપણ પરમકૃપાળુદેવનાં વચનોનું આરાધન કર્યા રહેશો તો એવો યોગ આવી મળશે કે જ્યારે તે પરમ આનંદનું કારણ યોગ્યતા ફળ્યે થશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૪૯ આહોર, માગશર સુદ ૫, સોમ, ૨૦૦૧

પત્રમાં તમે લખો છો કે વાંચતાં આનંદ આવે છે, પણ વિચાર આવતો નથી. તેના ઉત્તરમાં જણાવવાનું કે વાંચનમાં, શ્રવણમાં રસ આવે છે ત્યારથી વિચારદશાની ભાવના જાગે છે. જેમ જેમ શ્રવણ, વાંચનનું બળ વધતું જાય, સ્મૃતિમાં વિશેષ વિશેષ વિચારોનો સંચય થતો જાય, તેમ તેમ જ્ઞાનીનાં વચનો પ્રસંગને અનુસરીને સ્મૃતિમાં સ્ફુરતાં જાય; તેને આધારે પોતાના વિચારો પણ નાનાં બાળક માબાપની આંગળી ઝાલી ચાલે તેમ સાથે સાથે પ્રવર્તે છે. એમ કરતાં કરતાં જ્યારે વિશેષ પ્રસંગો પરિચિત જેવા બની જાય છે ત્યારે જ્ઞાનીનાં વચનનો આધાર ન હોય તોપણ તેના વચનના આશયને અનુસરીને જ્ઞાનીને સંમત હોય તેવા વિચારો જીવને સહજ સ્ફુરે છે. એ બધાનું મૂળ સત્પુરુષની શ્રદ્ધા, તેનાં વચનોમાં પ્રીતિ અને તેના આશય પ્રત્યે બહુમાનપણું છેજી. આ પ્રથમ હશે તો બધું ક્રમે ક્રમે પ્રાપ્ત થશેજી. મૂળ વિચાર તો એ જ વારંવાર કરવા યોગ્ય છે કે "હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી; શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) આ વિચાર વારંવાર લક્ષમાં રાખવા યોગ્ય છેજી. તેમાં જાગૃતિ રહેવા અર્થે બીજું વાંચવા-વિચારવાનું, મુખપાઠ કરવાનું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૫૦ આહોર, તા. ૨૦-૧૧-૪૪

તત્ ૐ સત્ માગશર સુદ ૫, સોમ, ૨૦૦૧

મંદાક્રાંતા — મંત્રે મંત્ર્યો, સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પર ભણી ભૂલી, બોલ ભૂલું પરાયા;
આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદા એ,
પામું સાચો જીવન-પલટો મોક્ષ-માર્ગી થવાને. (પ્રજ્ઞાવબોધ - ૭૪)

**ભાવાર્થ** : પરમકૃપાળુદેવની અનંત કૃપાથી જે મુમુક્ષુજીવને સંતના યોગે અને સદ્બોધે સંસાર ઝેર જેવો, રાગદ્વેષથી બળતો અને એકદમ તજવા યોગ્ય તથા સ્વપ્નમાં પણ પ્રિય ન લાગે તેવો સ્પષ્ટ સમજાયો છે તથા મહા પુણ્યના ઉદયથી પ્રત્યક્ષ પરમકૃપાળુદેવે સમાધિ-મરણના કારણરૂપ મંત્રનું આરાધન કરવાનું જણાવ્યું છે, એવા મહામંત્રની જેને પ્રાપ્તિ થઈ છે; તથા તે જ ભવસાગર તરવામાં નાવ સમાન છે એમ જાણી જેણે તે જ્ઞાનીપુરુષની આજ્ઞારૂપ મહા મંત્રનો આધાર દૃઢતાપૂર્વક ગ્રહણ કર્યો છે, તેવો ભાગ્યશાળી મુમુક્ષુ પોતાની ભાવના ઉપરની કડીમાં પ્રગટ કરે છે કે હે ભગવાન! જ્યાં સુધી મંત્ર મળ્યો નહોતો ત્યાં સુધી તો આ જીવ

*Shrimad Rajchandra Ashram.*
શ્રી સનાતન જૈનધર્મ
ॐ
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ.
STn. AGAS VIA, ANAND.
સ્ટેશન, અગાસ. વાયા આણંદ.

નારૂ સરૂ સોમ તા. ૨૦-૧૧ ૧૯૪૪
માગશર શુદ ૫ સં. ૨૦૦૧

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને અત્યંત ભક્તિથી નમસ્કાર હો!

(મંદાક્રાન્તા-રાગ) મંત્ર મંત્ર્યો, સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ—
જ્યાં ત્યાં જોવું, પર ભણી ભુલી, બોલ ભૂલું પરાયા,
આત્મા મારે, જીવન જીવવું, લક્ષ રાખી સદા એ,
પામું સાચો, જીવન-પલટો, મોક્ષ-માર્ગી થવાને.

ભાવાર્થ:- પરમકૃપાળુદેવની અનંત કૃપાથી જ મુમુક્ષુ જીવને સંતના યોગે, સદ્‌બોધે સંસાર ઝેર જેવો સમજાયો છે, રાગદ્વેષથી બળતો અને એકદમ તજવા યોગ્ય, સ્વપ્નમાંપણ પ્રિય ન લાગે તેવો સમજાયો છે તથા મહાપુણ્યના ઉદયથી પ્રત્યક્ષ પરમકૃપાળુદેવે સમાધિમરણના કારણ રૂપ મંત્રનું આરાધન કરવાનું જણાવ્યું છે એવા મહામંત્રની જેને પ્રાપ્તિ થઈ છે તથા તેજ ભવતરવામાં નાવ સમાન છે એમ જાણી જેણે તે જ્ઞાની પુરુષની આજ્ઞારૂપ મંત્રનો આધાર, દૃઢતાપૂર્વક ગ્રહણ કર્યો છે તેવો ભાગ્યશાળી મુમુક્ષુ પોતાની ભાવના ઉપરની કડીમાં પ્રગટ કરે છે કે હે! ભગવાન, જ્યાં સુધી મંત્ર મળ્યો નહોતો ત્યાં સુધી આ જીવ દેહનો દાસ થઈને વર્તતો હતો પુદ્‌ગલની બાજીમાં ગાંડો થઈને પોતાને ભુલી રહ્યો હતો પણ હવે પરમકૃપાળુદેવની કૃપાથી છૂટવાની-મોક્ષની-રૂચિ એવી જાગી છે કે હવે તો હરણ જેમ વીણાના સંગીતમાં ભાન ભૂલી જાય છે, જાણે મંત્રી લીધું હોય તેમ પોતાને મારવા ધનુષ ચઢાવી બાણ છોડવાની પારધી તૈયારી કરતો નજરે જુએ છે, છતાં

મરણનો ડર ભૂલીને, સંગીતની લહેરને સંભાર્યા કરે છે, તેમ હું પણ જેટલો કાળ હવે જીવવાનું બાકી હશે તેટલો કાળ મંત્રનું સ્મરણ કર્યા કરીશ એવી ભાવના આ ભાગ્યશાળી મુમુક્ષુ કરે છે. પહેલી લીટીમાં કહેલું કરવામાં જે જે વિઘ્નો છે તે દૂર કરવા હવે બીજી લીટીમાં જણાવ્યું છે. પાંચેય ઈન્દ્રિયો દ્વારા મન ભટકે છે, તેમાં "વચન, નયન યમ નાંહી" એમાં જણાવેલ આંખો અને શબ્દો મોટાં વિઘ્ન છે. જ્યાં ત્યાં જીવ જોયા કરે અને રાગ-દ્વેષ કર્યા કરે તો કદી મોક્ષ થાય નહીં. તેથી આત્માનો ઉપકાર ન કરે એવા પર પદાર્થોને નિરર્થક જોવાનું બંધ કરવા-ભૂલી જવા નિર્ણય કરે છે. અત્યારે આવો પુરુષાર્થ કરે તો નવાં કર્મ બાંધવામાં ઈન્દ્રિયો પ્રેરતી હતી તે રોકાય જશે; પરંતુ અજ્ઞાન દશામાં અજ્ઞાની ગુરુ કે અજ્ઞાની સંગવાસીઓના જે જે બોલ, શીખામણ આત્માને પ્રિય રૂપે કે અપ્રિય રૂપે સંઘરી રાખી હોય તે મનમાં સ્ફૂરી આવે અને તેમાં રમણતા થાય તે પણ સ્મરણમાં મન ટકવા રહેવા ન દે. માટે આત્માને ભુલાવે એવા પારકા બોલો પહેલાં સાંભળ્યા હોય, અત્યારે સંભળાતા હોય કે ભવિષ્યમાં કોઈ કહેશે એવો ભય લાગતો હોય તે બધું ભૂલી જવાનો નિર્ણય કરે છે. આ બધું શા માટે કરે છે? શા માટે હું જીવું છું? તે ત્રીજી લીટીમાં કહે છે: હવે તો એ જ લક્ષ રાખવાનું છે કે જે જે સાધનાથી આત્મહિત થાય તે જ કરવું છે, આત્મા માટે જ જીવવું છે; કદી આ લક્ષ ભુલાય નહીં એવો નિર્ણય કરે છે. આ બધું થાય તો જ મોક્ષમાર્ગ સધાય એવું છે એમ સમજાયાથી તે મુમુક્ષુ પોતાનું અત્યાર સુધીનું જીવન પલટાવી નાખવા નિર્ણય કરે છે અને તે સાચા પુરુષનું શોધે તે પ્રમાણે તે મહાપુરુષના પગલે પગલે ચાલી મોક્ષના માર્ગ અંગીકાર કરે છે. સંસારનો પક્ષ છોડી જ્ઞાનીના પક્ષમાં મરણ પર્યંત રહેવાનો તેનો નિર્ણય છેલ્લી લીટીમાં જણાવ્યો છે. હવે હું પહેલો હતો તે નહીં પણ પરમકૃપાળુદેવની કૃપાએ મને મોક્ષના રંગમાં રંગી નાખ્યો, માટે હું બીજો અવતાર પામ્યો હોઉં તેમ જૂના ભાવો, જૂની વાતો, જૂના સંસ્કાર તજી જ્ઞાની પુરુષે સંમત કરેલા ભાવો, તેની વાતો, તેના સંસ્કાર ગ્રહણ કરી ભમરી જેમ ઇયળને દરમાં પૂરી ચટકો મારી જતી રહે છે પછી એ ઇયળ ભમરીનું સ્મરણ કરતી કરતી ભમરી થઈ જાય છે, "ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે" તેમ પરમકૃપાળુદેવના મંત્રનું સ્મરણ કરતાં કરતાં પરમકૃપાળુદેવની દશા પામવા હવે તો જીવવું છે જી. પરમકૃપાળુદેવનું યોગબળ અને આ જીવનો પુરુષાર્થ બન્ને મળવાથી મોક્ષમાર્ગે આગળ વધાય છે તે જણાવવા આ કડી રહસ્યપૂર્ણ લખાઈ છે જી.

દેહનો દાસ થઈને વર્તતો હતો, પુદ્‌ગલની બાજીમાં ગાંડો થઈને પોતાને ભૂલી રહ્યો હતો. પણ હવે પરમકૃપાળુદેવની કૃપાથી છૂટવાની – મોક્ષની રુચિ એવી જાગી છે કે હવે તો હરણ જેમ વીણાના સંગીતમાં ભાન ભૂલી જાય છે, જાણે મંત્રી લીધું હોય તેમ પોતાને મારવા ધનુષ્ય ચઢાવી બાણ છોડવાની પારધીને તૈયારી કરતો નજરે જુએ છે, છતાં મરણનો ડર ભૂલીને સંગીતની લહેરને સંભાર્યા કરે છે, તેમ હું પણ જેટલો કાળ હવે જીવવાનું બાકી હશે, તેટલો કાળ તે મંત્રનું સ્મરણ કર્યા કરીશ. એવી ભાવના આ ભાગ્યશાળી મુમુક્ષુ કરે છે.

પહેલી લીટીમાં કહેલું કરવામાં જે જે વિઘ્નો નડે છે તે દૂર કરવા હવે બીજી લીટીમાં જણાવ્યું છે : પાંચે ઇન્દ્રિયો દ્વારા મન ભટકે છે, તેમાં "વચન નયન યમ નાંહિ"માં કહ્યા પ્રમાણે આંખો અને શબ્દો મોટાં વિઘ્ન છે. જ્યાં ત્યાં જીવ જોયા કરે અને રાગદ્વેષ કર્યા કરે તો કદી મોક્ષ થાય નહીં. તેથી આત્માને ઉપકાર ન કરે એવા પરપદાર્થોને નિરર્થક જોવાનું બંધ કરવા, એ પડેલી ટેવ ભૂલી જવા તે નિર્ણય કરે છે. અત્યારે એવો પુરુષાર્થ કરે તો નવાં કર્મ બાંધવામાં ઇન્દ્રિયો પ્રેરતી હતી, તે રોકાય ખરી. પરંતુ અજ્ઞાનદશામાં અજ્ઞાની ગુરુ કે અસત્સંગવાસીઓના જે જે બોલો શિખામણો સાંભળીને પ્રિયરૂપે કે અપ્રિયરૂપે સંઘરી રાખી હોય તે મનમાં સ્ફુરી આવે અને તેમાં રમણતા થાય તે પણ મંત્ર-સ્મરણમાં મનને ટકવા, રહેવા ન દે. માટે આત્માને ભુલાવે એવા પારકા બોલો પહેલાં સાંભળ્યા હોય, અત્યારે સંભળાતા હોય, કે ભવિષ્યમાં કોઈ ઠપકો દેશે એવો ભય લાગતો હોય તે બધું ભૂલી જવાનો નિર્ણય કરે છે.

આ બધું શા માટે કરે છે ? શા માટે હવે જીવવું છે ? તે ત્રીજી લીટીમાં કહે છે : હવે તો એ જ લક્ષ રાખવો છે કે જે જે સાધનોથી આત્મહિત થાય તે જ કરવું છે. આત્મા માટે જ જીવવું છે; કદી આ લક્ષ ભુલાય નહીં એવો નિર્ણય કરે છે. આ બધું થાય તો જ મોક્ષમાર્ગે ચઢાય એવું છે એમ સમજાયાથી તે મુમુક્ષુ પોતાનું અત્યાર સુધીનું જીવન પલટાવી નાખવા નિર્ણય કરે છે અને તે સાચા પુરુષને શોભે તે પ્રમાણે તે મહાંપુરુષને પગલે પગલે ચાલી મોક્ષનો માર્ગ અંગીકાર કરે છે.

સંસારનો પક્ષ છોડી જ્ઞાનીના પક્ષમાં મરણપર્યંત રહેવાનો તેનો નિર્ણય છેલ્લી લીટીમાં જણાવ્યો છે. હવે હું પહેલાં હતો તે નહીં, પણ પરમકૃપાળુદેવની કૃપાએ મને મોક્ષના રંગમાં રંગી નાખ્યો માટે હું બીજો અવતાર પામ્યો હોઉં તેમ, જૂના ભાવો, જૂની વાતો, જૂના સંસ્કાર તજી, જ્ઞાનીપુરુષે સંમત કરેલા ભાવો, તેની વાતો, તેના સંસ્કાર ગ્રહણ કરીશ. ભમરી જેમ ઇયળને માટીના દરમાં પૂરી ચટકો મારી જતી રહે છે, પછી ઇયળ ભમરીનું સ્મરણ કરતી કરતી ભમરી થઈ જાય છે. "ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે" તેમ પરમકૃપાળુદેવે આપેલા મંત્રનું સ્મરણ કરતાં કરતાં પરમકૃપાળુદેવની દશા પામવા હવે તો જીવવું છેજી. પરમકૃપાળુદેવનું યોગબળ અને આ જીવનો પુરુષાર્થ બન્ને મળવાથી મોક્ષમાર્ગે આગળ વધાય છે, તે જણાવવા આ કડી રહસ્યપૂર્ણ લખાઈ છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૫૫૧ આહોર, માગશર વદ ૨, રવિ, ૨૦૦૧

કેટલું જીવવાનું છે તે આપણને ખબર નથી. જગતના ફેરફારો કેવા થવા નિર્માયા છે તેનું અનુમાન પણ થઈ શકતું નથી. રાજા કે રંક બધા દુ:ખી દેખાય છે. આ યુવાન અવસ્થા રહેવાની નથી અને કાળના મોંમાં બેઠા હોઈએ તેમ છે. તો જેટલું જીવવાનું આ મનુષ્યભવના આયુષ્યમાંથી બાકી હોય તેનો મોટો ભાગ પરભવનું ભાથું બાંધવામાં જાય, પાપકર્મોથી દૂર થવાય, જ્ઞાનીની આજ્ઞા પ્રાણ જતાં પણ ન તૂટે અને યથાશક્તિ ભક્તિભાવ, દાન, શીલ, તપ અને ભાવનામાં ગળાય તો તેનું કેવું સારું પરિણામ આવે ?

અસાર સંસારમાં જે વિશ્વાસ રાખે છે, સુખ માને છે તે મુમુક્ષુ નથી. તેને મોક્ષે જવું ગમતું નથી. પણ જે સંસારથી, જન્મમરણ આધિવ્યાધિઉપાધિથી, કષાય-ક્લેશથી કંટાળી સંસારને બળતા ઘરની જેમ તજવા તત્પર છે, છૂટવાનો માર્ગ જ ખોળે છે અને તેને ઉપાસવા મથે છે તે તરવાનો કામી, મુમુક્ષુ કે વિચારવાન જીવ કહેવા યોગ્ય છે. "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર" — એમ પરમકૃપાળુદેવ ચેતાવે છે, છતાં જીવને મરણ સાંભરતું નથી; તો મરણ પછીના કાળની ફિકર ક્યાંથી રહે ? તેથી વિચારવાન જીવે તો ક્ષણે ક્ષણે મરણ સંભારવા યોગ્ય છેજી. તેથી વૈરાગ્યની ઉત્પત્તિ અને વૃદ્ધિ થવા યોગ્ય છેજી.

જો કોઈ જોષીએ હાથ જોઈને કહ્યું હોય કે આ મહિનામાં તમારી ઘાત છે તો કેટલી બધી ચેતવણી જીવ રાખે છે! દેવું કરે નહીં; કોઈ મોટાં કામ હાથમાં લે નહીં; કંઈક નિવૃત્તિ મેળવી દાન, પુણ્ય, જપ, તપ, સારા કામમાં ભાવ રાખે; પાપ કરતાં ડરે કે પાપ કરીને હવે મરી જવું નથી. આટલો વિશ્વાસ અજ્ઞાની એવા જોષીનો જીવને આવે છે; પણ સત્પુરુષો પોકારી પોકારીને કહે છે તે જ માનવા યોગ્ય છે કે આ અનિત્ય અસાર સંસારમાં જીવ મહેમાન જેવો છે; બે દહાડા રહ્યો ન રહ્યો ત્યાં તો મરણ ઝડપીને ઉપાડી જશે, કોઈ તેને અંત વખતે બચાવનાર કે દુ:ખમાં ભાગ પડાવનાર નથી. એકલો આવ્યો છે અને નહીં ચેતે તો ખાલી હાથે એકલો ચાલ્યો જશે. માટે આ નાશવંત દુ:ખની મૂર્તિ જેવા દેહમાં મોહ રાખીને આત્માને ઘણા કાળ સુધી રિબાવું પડે તેવાં કામમાં, મોહમાં ચિત્ત રાખવા જેવું નથી. આખા લોકમાં ચોરાશી લાખ જીવાયોનિમાં જીવ રઝળ્યો, અનંત દુ:ખ ભોગવ્યાં પણ પોતાનો આત્મા સમીપ છતાં તેનું ઓળખાણ થયું નહીં, આત્માના સમાધિસુખનું ભાન થયું નહીં, દુર્લભ મનુષ્યદેહ, ઉત્તમ કુળ, સત્સંગ અને સત્સાધન પામ્યાં છતાં જીવ પ્રમાદ છોડે નહીં તો કોઈ કાળે કલ્યાણ થાય નહીં. કર્મ બાંધવામાં જીવ શૂરો છે. કર્મ આવે એવાં કારણો મેળવે છે પણ કર્મ છૂટે એવી પરમકૃપાળુદેવની કોઈ શિખામણ લક્ષમાં લેતો નથી; તો તેની શી વલે થશે ? અનંતકાળથી કડાકૂટ કરતો આવ્યો છે, કર્મનો ભાર વધારતો આવ્યો છે; તેથી નિવૃત્ત થયા વિના, કંઈ અવકાશ લઈ સંયમ આરાધ્યા વિના જીવને શાંતિ ક્યાંથી આવશે ? માટે એક પરમકૃપાળુદેવ એ જ એક મારા તો સાચા સ્વામી છે; તે મને ભવોભવનાં દુ:ખમાંથી ઉદ્ધાર કરનારા છે. તેની ભક્તિ આ ભવમાં મળી છે તો મરણ જેવા ભયંકર દુ:ખના પ્રસંગે પણ તે છોડીશ નહીં. તેને જ આશરે જીવવું છે અને તેને જ આશરે

આ દેહ છોડવો છે. બીજે ક્યાંય ચિત્તને ભટકવા દેવું નથી, એવો નિશ્ચય તરવાનો કામી હોય તે કરે છે અને એ પરમપુરુષના નિશ્ચય અને આશ્રયથી તરે છેજી. માટે પરમ દુર્લભ એવી શ્રદ્ધા દિવસે દિવસે વર્ધમાન થાય તેવી ભાવના કર્તવ્ય છેજી. આ સંસારનાં સુખ ઝેર જેવાં છે અને દુઃખ તો સર્વને અનુભવમાં છે, તો કંઈ પણ સંસારી કામના મનમાં હોય તે કાઢી નાખી એક પરમકૃપાળુદેવમાં વૃત્તિ વારંવાર વાળી તે મહાપુરુષ જે દેહાતીત દશામાં પરમ અમૃતમય આત્મિક સુખમાં નિરંતર મગ્ન છે તેની જ ભાવના, અભિલાષા, પિપાસા ચાલુ રહે એમ વિચારવા યોગ્ય છેજી. ભક્તિ, ભક્તિ અને ભક્તિ એ જ આધાર છેજી.

---

૫૫૨ અગાસ, માગશર વદ ૯, ૨૦૦૧

સત્સંગનો યોગ પરસ્પર રહ્યા કરે એ પુરુષાર્થ ચૂકવા જેવો નથીજી. આ કાળનું સ્વરૂપ વિચારતાં પણ વૈરાગ્ય વર્તે તેવો કાળ આવી પડ્યો છે ત્યાં પ્રમાદ યોગ્ય નથી. અને જેણે બળતામાંથી બચાવી લેવાય તેટલું બચાવી લેવું એવા વિચારથી બ્રહ્મચર્ય આદિનો નિયમ ગ્રહણ કર્યો હોય તેણે તો જાણે થોડી મુદત માટે સાધુપણું સ્વીકાર્યું છે એવો ભાવ રાખી પરમાર્થની જિજ્ઞાસા વધારી જ્ઞાનીપુરુષની આજ્ઞાને પ્રાણ કરતાં પણ વિશેષ હિતકારી ગણી વર્તવું ઘટે છેજી. જેવું સંસારનું વિકરાળ સ્વરૂપ નજરે પ્રગટ જણાય છે તેથી વિશેષ મોહનું સ્વરૂપ છે એમ વિચારી મોહસિંહના પંજામાં ફસાઈ ન જવાય એટલી જાગૃતિ રાખવાની જરૂર છેજી. પ્રારબ્ધાનુસાર ધન આદિની પ્રાપ્તિ થાય છે તેમાં હર્ષશોક જે કરતા નથી તે વિચારવાન ગણાય છેજી. પુણ્યના ઉદયમાં રાજી થવું અને તેમાં ને તેમાં વૃત્તિ જોડી રાખવી તથા પાપના ઉદય વખતે ખેદ કરવો, ક્લેશિત થવું એને જ્ઞાનીપુરુષોએ જુગારમાં હારજીતથી હર્ષશોક થાય છે તેની સાથે સરખાવેલ છે; માટે બને ત્યાં સુધી અવિષમ ઉપયોગે વર્તવું છે એવો દૃઢ નિશ્ચય મુમુક્ષુ જીવે કરી, તે પ્રમાણે યથાશક્તિ વર્તાય તેવા પુરુષાર્થમાં પ્રવર્તવાની જરૂર છેજી. આ મનુષ્યભવમાં અપૂર્વ યોગે જો જીવ કરવા યોગ્ય કાર્ય માટે કાળજી નહીં રાખે તો પછી તે લૂંટાઈ ગયા પછી આવો યોગ ક્યારે પ્રાપ્ત થશે તે તે તરફ નજર નાખતાં પણ સમજાય તેમ નથી. માટે પ્રમાદ-શત્રુને વશ ન થતાં જાગ્રત જાગ્રત રહેવાની જ્ઞાનીપુરુષોને પણ મહાજ્ઞાનીપુરુષોએ પ્રેરણા વારંવાર કરી છે; તે લક્ષમાં લઈ આપણે પણ સમાધિમરણની તૈયારીમાં જ રહેવું ઘટે છે. કોઈ રીતે ગફલતમાં રહેવું ઘટતું નથી. આયુષ્યનો શો ભરોંસો? લીધો કે લેશે એમ થઈ રહ્યું છે. ભક્તિ, વાચન, વિચાર, સ્મરણ આદિ સત્સાધનો આ કાળમાં દુર્લભ છતાં જો પ્રાપ્ત થવાનો પુણ્યોદય આવી ગયો તો હવે એક પુરુષાર્થ કરવો બાકી છે અને તે આપણા જ હાથની બાજી છે, તો બને તેટલી એ સાચી દુર્લભ વસ્તુઓની ભાવના નિરંતર રહ્યા કરે તેમ કંઈ કરવા ભલામણ આપ સર્વને છેજી. અબળાઓ પણ આ પુરુષાર્થ કરી શકે તેમ છે પણ જીવને ગરજ હોય તેટલું જ બને છે. માટે આત્મહિતની ચિંતના દિવસે દિવસે વધતી જાય અને કરવા યોગ્ય જે જ્ઞાનીપુરુષોએ જણાવ્યું છે તે વિસ્મરણ ન થાય તેટલો ઉપયોગ તો રાખ્યા રહેવો.

"એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે." (૪૭) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે તે વારંવાર વિચારી આ આત્માને અનંત દુઃખમાં

હવે નથી નાખવો એવો નિશ્ચય દરેક મુમુક્ષુએ હૃદયમાં કર્તવ્ય છેજી. વધારે શું લખવું? પ્રસંગે પ્રસંગે કાર્યે કાર્યે મોક્ષ માટે મારે આ ભવ ગાળવો છે એ ભૂલવા જેવું નથી. ચેતવા જેવું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૫૩ આહોર, તા. ૭-૧૨-૪૪

પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે "દોષો દેખીને દોષોને ટાળવા." એ લક્ષ જીવ રાખે તો દોષો દેખાતા જાય, ખૂંચતા જાય અને તેનો ઉપાય શોધે તો મળી પણ આવે, અને તે ઉપાય અમલમાં મૂકે તો જીવ દોષથી મુક્ત થઈ નિર્દોષ બને. "તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ," એમ ક્ષમાપનાના પાઠમાં રોજ બોલીએ છીએ તે પ્રમાણે યથાશક્તિ વર્તાય તો જીવને સંતોષ વર્તે, આગળ વધે અને પરમપદને પણ પામે. સંસારમાં તો ક્યાંય સુખ નથી. "એકાંત સુખી મુનિ વીતરાગ" એ લક્ષ થોડોઘણો વર્તાશે તેમ તેમ વીતરાગતા તરફ વલણ થશે અને ક્રમે ક્રમે પૂર્ણ વીતરાગપદમાં પણ વાસ થાય. એ જ ભાવના વારંવાર ભાવવા યોગ્ય છેજી. તે રુચિ થવામાં વિઘ્નરૂપ જે જે કારણો સમજાય તે દૂર કરતા રહેવાની જરૂર છે, શીઘ્રપણે તેમ કરવાની જરૂર છેજી; નહીં તો આવો યોગ "રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે. હે જીવ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે." (૫૦૫) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૫૪ આહોર, તા. ૯-૧૨-૪૪

अनुष्टुप — "तद् ब्रूयात्तत्परान् पृच्छेत्, तदिच्छेत् तत्परोभवेत् ।
येनाविद्यामयं रूपं त्यक्त्वा विद्यामयं व्रजेत् ।।"
તે બોલો, તે પૂછો બીજે, તે ઇચ્છો તન્મય બનો;
છૂટે જેથી અવિદ્યા ને સુવિદ્યા-લાભ હો ઘણો. (સમાધિશતક)

આપનું લખેલું કાર્ડ મળ્યું. કથા ચમરેંદ્રની તમને ખબર છે એટલે લખી નથી. તામલી તાપસ પૂર્વભવે તે હતા ત્યારે જે ધર્મ માનતા તે સાચે ભાવે પાળતા. રાજ્ય છોડી તાપસ-ધર્મ અંગીકાર કરી, વિષયકષાય મંદ કરી પરોપકાર, કાયાકષ્ટાદિ વડે પુણ્ય ઉપાર્જન કર્યું હતું. તે દેવદેવીઓને ખબર પડતાં તેમને અંતસમયે દેવલોકનો વૈભવ બતાવી નિયાણું કરવા જણાવ્યું પણ એ મંદકદાગ્રહી, ગુણગ્રાહી તપસ્વીએ ક્યાંક સાંભળેલું કે વીતરાગ કહે છે કે નિયાણું ન કરવું; તો આ વખતે મારે કશી દેવલોક આદિની ઇચ્છા કરવી નથી. એમ જાણ્યે-અજાણ્યે, બીજી શ્રદ્ધા અંગીકાર કરેલી છતાં, વીતરાગ-વચનનું બહુમાનપણું અને તે વચનનું કસોટીને પ્રસંગે યાદ કરી અમલમાં મૂકવું એ મહાભાગ્યનું કારણ બન્યું. વિશિષ્ટ પુણ્ય ઉપાર્જન થવાથી તે ઇન્દ્રપદ પામ્યા. બધા ઇન્દ્રોને તીર્થંકરનાં પંચકલ્યાણકોમાં જવાનો નિયોગ હોય છે તેથી સમકિત ન હોય તોપણ સમકિત પામવાનું કારણ બને છે. તે ચમરેન્દ્રપણે ઉત્પન્ન થયા પછી શક્રેન્દ્રનું સિંહાસન પોતાના સિંહાસન ઉપર જ છે એમ જાણતાં દેખતાં ઈર્ષા થઈ આવી તેથી ક્રોધ પ્રગટ્યો; પોતે પ્રભાવશાળી છે તો તે અપમાન કેમ ખમે? એવું માન સ્ફુર્યું. પોતાની તેને જીતવાની શક્તિ નથી એવું સલાહકાર દેવોથી જાણ્યું, છતાં ક્રોધ

અને માયાના પ્રભાવે પાછા હઠવાને બદલે પોતાની શક્તિ પ્રગટ કરવાનો દંભ સ્ફુર્યો, શક્રેન્દ્રને જીતવાનો લોભ જાગ્યો; તેમ છતાં મરણ વખતે આગલા ભવમાં વીતરાગ-વચન આરાધ્યું હતું તેના પ્રભાવે વૃત્તિ જાગી કે કોઈનું શરણ લઈને લડવા જવું. અવધિજ્ઞાનથી તપાસતાં ભગવંત મહાવીર છદ્મસ્થ અવસ્થાએ એક રાત્રિની મહાપ્રતિમા યોગ ધારી પુઢવીશિલા ઉપર ઊભેલા શરણ યોગ્ય જણાયા. તેમનું શરણ દૃઢ ધારી વિક્રિયાવડે શક્રેન્દ્રની સભા સુધી પહોંચી ખળભળાટ મચાવ્યો. પણ અવધિજ્ઞાનથી તેનું સ્વરૂપ જાણી લઈ તેને શિક્ષા કરવા શક્રેન્દ્રે વજ્ર ફેંક્યું. પરંતુ કોઈનું શરણ લઈને આટલા સુધી તે આવી શક્યો લાગે છે એમ વિચારતાં મહાપુરુષની આશાતના રખે થઈ જાય એવા ડરથી તે પોતે શસ્ત્ર પાછળ દોડ્યા અને શ્રી ભગવંત મહાવીરની સમીપ પહોંચતાં જ વજ્રને પકડી લીધું.

આમ જેને પુણ્યયોગથી પ્રબળ સામગ્રી મળી છે તે કોઈની, ખાસ કરીને મહાત્માની આશાતનામાં ન વપરાય તેની કાળજી વિચારવાન જીવો રાખે છે. નિર્બળ જીવો સબળનું શરણું ગ્રહણ કરે તો તેને બળવાન પણ કંઈ કરી શકતા નથી. 'કોના બળે બોલું છું?' તો કે 'મારા ધણીના બળે.' એમ સબળ ધણી ધારે તે અબળા હોય તોપણ તે બળવંત છે. જ્યાં ક્રોધાદિ દોષો છે ત્યાં સ્વર્ગ સમાન સુખ પણ ભોગવી શકાતાં નથી પણ બળતરાનાં કારણ બને છે. છતાં જો સાચું શરણ પ્રાપ્ત થાય તો તે ક્રોધાદિનાં તોફાનનું ફળ નિષ્ફળ બનવાનો પ્રસંગ બને છે.

"માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય."

સર્વ સુખનું મૂળ, સમાધિમરણનું કારણ અને મોક્ષનું કારણ સાચા શરણને મરણ સુધી ટકાવી રાખવું એ જ છે.

"હું પામર શું કરી શકું? એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક."

એ પૌરાણિક કથાઓ આપણા જીવનને સ્પર્શે કરનારી સત્પુરુષના યોગે જ બને છે. એ માત્ર કથાઓ નથી રહેતી પણ તે દ્વારા આપણું જીવન તેમાં ઉકેલાતું સમજાય છે અને જે મહાપુરુષનું અવલંબન લીધું છે તે પરમકૃપાળુ ભગવંતની પરમકૃપા પ્રગટ સમજાય છેજી.

"એમ અનંત પ્રકારથી, સાધનરહિત હુંય;
નહિ એકે સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય?"

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૫૫ આહોર, તા. ૧૦-૧૨-૪૪

આપનો પત્ર મળ્યો. ગમે ત્યાંથી આત્મહિત થાય, ગમે તે પ્રકારે તે જ કર્તવ્ય છેજી. ચિત્તમાં શાંતિ રાખી રજાઓ, વડોદરા કે આશ્રમમાં જ્યાં અનુકૂળતા હોય ત્યાં ધર્મધ્યાનમાં ચિત્ત સ્વસ્થ રહે ત્યાં ગાળવા યોગ્ય છેજી. રૅન્ક (Rank) માટે બીજા ઇચ્છા રાખે તે સ્વાભાવિક છે પણ તે તેમના તથા તમારા હાથની વાત નથી. તેમને જણાવવું કે બનતો પુરુષાર્થ

કરું છું. તેનું ફળ કેવું આવે તે કોઈના હાથની વાત નથી. આપણે જેમ નાપાસ થવું નથી, તેમ નંબર ઊંચો આવે તો ના નથી. પણ એને માટે શરીર બગાડવું, ઉજાગરા કરવા એમ તો કોઈ પણ ન ઇચ્છે. પ્રારબ્ધાધીન થનાર હશે તે થશે, તે સંબંધી ઇચ્છા પણ કરવી નથી. પુરુષાર્થ બને તેટલો કર્યે જવો. નકામા સંકલ્પ-વિકલ્પોમાં તણાવું નહીં.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૫૬ ઈંદોર તા. ૫-૧-૪૫

આપનો પત્ર મળ્યો. 'સંકલ્પ–વિકલ્પરૂપ બંધન'નો ચિતાર આપ્યો તે વાંચ્યો. તેના ઉત્તરમાં એક પરમકૃપાળુદેવની શ્રદ્ધા જ સુખકારી છે. જેને તે શ્રદ્ધા આવી તે દુઃખી હોતો નથી. દુઃખ આવી પડે તો દુઃખ માનતો નથી. તેને એક પ્રકારનો આધાર મળ્યો છે.

"ધીંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ, વિમલજિન
દીઠાં લોયણ આજ; મારાં સીધ્યાં વાંછિત કાજ, વિમલજિન૦"

લોયણ છે તે જ દૃષ્ટિ શ્રદ્ધારૂપ લોચન છે. જેને અંતરમાંથી વિષયવાસના છૂટી હોય તેને આ જગતનાં સુખ તે દુઃખરૂપ સમજાય છે. તે જવા બેઠાં હોય તો મુઝાતા નથી, પણ સવળું કરી લે છે. જો આ આંખે કરી સત્પુરુષનાં દર્શન થયાં છે, પરમપુરુષ પ્રત્યે શ્રદ્ધા થઈ છે, તો તે નયન સાર્થક થયાં સમજવા યોગ્ય છે. તેને હવે રહેવું હોય તો રહો, જવું હોય તો જાઓ. મારે તો હવે એક પતિવ્રતા સ્ત્રીની માફક પરમકૃપાળુદેવની ભક્તિ કરવી છે, તે કોઈ લૂંટી શકે તેમ નથી. કોઈની તાકાત નથી કે તે આ શ્રદ્ધા પલટાવી બીજી શ્રદ્ધા દાખલ કરી શકે. શ્રદ્ધા એ જ મારું જીવન છે. ભલે સંયોગ હો, વિયોગ હો, તે તો પલટાતી બાબતો છે. પણ આત્માની સાથે અખંડ રહે તે તો એક શ્રદ્ધા છે. તેમાં નથી રૂપ, રસ, ગંધ, સ્પર્શ કે શબ્દની જરૂર. તે તો હૃદયનો વિષય છે. જેમ એક ધણી ધાર્યો તેની માન્યતા બાઈઓ મરણ સુધી ટકાવી રાખે છે, તો મરદ તેટલું પણ ન કરી શકે ?

જે જે સુખદુઃખાદિના પ્રસંગો છે તે ભક્તજનોને પરમકૃપાળુદેવની પરમકૃપારૂપ સમજાય છે. 'જે થાય તે ભલું માનવામાં આવે' એવું પરમકૃપાળુદેવનું કથન તેને માન્ય થયું હોય છે; તેથી જેમ ગળ્યો પ્રસાદ પ્રસન્ન ચિત્તે આરોગે છે, તેમ કડવો પ્રસાદ પણ તેટલી જ પ્રસન્નતાથી વધાવી લે છે. તેમાં પરમકૃપાળુદેવની કૃપાનું તેને દર્શન થાય છે. નાના બાળકોને તેની મા એક સ્તનમાં દૂધ ખલાસ થઈ જવાથી ત્યાંથી વછોડી બીજા સ્તને લઈ જવા તેનું માથું ફેરવે છે પણ બાળકને ભાન નથી તેથી તે રૂએ છે અને મને મારી મા ધાવતાં છોડાવી લે છે એમ માની ક્લેશ કરે છે, પણ બીજા સ્તને તેને મૂકે છે ત્યારે શાંત થાય છે તેમ પરમકૃપાળુદેવના આશયનું ભાન ન હોવાથી જીવ સંકલ્પ-વિકલ્પ કરી દુઃખી થાય છે, પણ પરિણામ આત્મોન્નતિને પોષક સમજાય ત્યારે ક્લેશ દૂર થઈ શાંતિ થાય છે. જેને શ્રદ્ધા સતત ચાલુ રહે છે તેને ક્લેશનું સ્વપ્ન પણ આવતું નથી. આંખ સુખદુઃખનું કારણ નથી. "સમજણ વિના રે સુખ નહીં તુજને." ઘણા બે આંખોવાળા મરતાં સુધી કર્મો બાંધી આંખરહિત એક-બે–તેઇન્દ્રિયમાં રઝળે છે અને સૂરદાસ, બિલ્વમંગળ, મિલ્ટન, હેલનકેલર આદિ ચક્ષુ ગયા છતાં જગતપ્રસિદ્ધ

અને ભક્ત થયા છે. એટલે આપણું હિત શામાં છે તે પરમકૃપાળુદેવના જ્ઞાનમાં દૃશ્ય છે. નાના બાળકની પેઠે ક્લેશિત થવામાં કલ્યાણ નથી. "જે થાવું હોય તે થાજો, રૂડા રાજને ભજીએ." એ લક્ષ વારંવાર રાખવાથી અંતરમાં શાંતિ વર્તાશેજી.

"સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહિયે,
એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિયે રે.
ભવિકા, વીરવચન ચિત્ત ધરિયે."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૫૭ ઇંદોર, તા. ૬-૧-૪૫

"दानी न होगा आपसा, हमसा न अज्ञानी कहीं,
अवलंबन केवल है हमारे आप ही, दूजा नहीं;
भवसिंधुके भव-भ्रमरमें हम डूबते हैं हे प्रभो !
बोधि-समाधि-दानसे भवपार कर दो हे विभो !"

પ્રારબ્ધ અનુસાર જીવને આજીવિકા યથાપ્રયત્ને મળી રહે છેજી. તેમાં ધનના લોભ કરતાં કે બીજી અપેક્ષા કરતાં જીવન શાંતિમય જાય એવી ભાવનાથી જે પ્રયત્ન કરવા જીવ ઇચ્છે છે તે પ્રશંસાપાત્ર છેજી. મુમુક્ષુ મુમુક્ષુ પ્રત્યે ભાઈ-ભાઈ કે ભાઈ-બહેનનો સંબંધ સચવાય અને ક્લેશનું કારણ ઊપજે તોપણ ગૌણ કરી, ભક્તિના લાભને મુખ્ય માની વર્તી શકાય તેમ લાગતું હોય તો સાથે રહી ધંધો કરતાં તેમાં કંઈ હરકત નહીં. જ્યાંત્યાંથી ક્લેશરહિત થવું છે અને રાગદ્વેષને દૂર કરવા મથવું છે, આ એક લક્ષ રાખવો ઘટે છેજી. સંપ અને સત્સંગ એ આ કાળમાં જીવને વિશેષ હિતકારી છે. તેનું આરાધન આત્માર્થે કરવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૫૮ અગાસ, તા. ૧૧-૨-૪૫

તત્ ૐ સત્ મહા વદ ૧૪, રવિ, ૨૦૦૧

પરમ ઉપકારી અહો ! રાજચંદ્ર ગુરુદેવ,
મોક્ષ થતાં સુધી રહો, આપ પ્રભુની સેવ.

વિ. શુભેચ્છાસમ્પન્ન સાધ્વીજી....નો પત્ર મળ્યો. તેમાં તમારા સમાગમથી તેમને સમાધિમરણના સાધનની જિજ્ઞાસા જાગી છે એમ જણાવે છે. જે જિજ્ઞાસા જાગી છે તે વર્ધમાન થાય તેવું વાંચન, ભક્તિ, સત્સમાગમની તેમને જરૂર છેજી. બારમા વિહરમાન ભગવાન ચંદ્રાનનનું સ્તવન શ્રી દેવચંદ્રજીનું ચોવીશીમાં છે તે વારંવાર વાંચી તેમણે અભ્યાસ કરવા જેવું છેજી. તેમાં જણાવ્યું છે —

આણા સાધ્ય વિના ક્રિયા રે, લોકે માન્યો રે ધર્મ,
દંશણ, નાણ, ચારિત્રનો રે, મૂળ ન જાણ્યો મર્મ રે. ચંદ્રાનન૦
ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ,
આતમગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે. ચંદ્રાનન૦

તેમ સત્પુરુષની આજ્ઞા વિનાની ક્રિયા તે ધર્મનું કારણ નથી. "आणाए धम्मो आणाए तवो" એવો શ્રી આચારાંગમાં પાઠ છે : જ્ઞાનીની આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. તો હવે ધર્મ કે સમાધિમરણની પ્રાપ્તિની જેને ભાવના છે તેણે પરમકૃપાળુદેવની આજ્ઞાનું આરાધન કર્તવ્ય છે. પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનાવતાર ભગવંતે જે આજ્ઞા કરુણાનિધાન શ્રીમદ્ લઘુરાજ સ્વામીને જણાવેલી તે જ આજ્ઞા તે સ્વામીશ્રીજીના જણાવવાથી તેમના વિશ્વાસપાત્ર બ્રહ્મચારીએ જણાવવાથી તમને આ જણાવું છું આમ કહી, વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ આટલું નિત્યનિયમરૂપે કરવા જણાવશો અને પરમકૃપાળુદેવનો ચિત્રપટ તમારે ત્યાં હોય તેને નમસ્કાર કરવા જણાવી તે મહાપુરુષને સદ્ગુરુ ધારી તેમની આજ્ઞાએ માત્ર આત્માર્થે સર્વ સદાચાર વ્રત વગેરે કરવા કહેશો. તેમની હાલ અત્યંત ઇચ્છા હોય તો "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" મંત્ર પણ જણાવશો અને તેમાં નવકાર વગેરે અનેક મંત્રોનો સમાવેશ થઈ જાય છે. મરણ વખતે એ મંત્રમાં ચિત્ત રાખી ક્યાંય આસક્તિ નહીં રાખો અને સદ્ગુરુ પરમકૃપાળુદેવે જાણ્યો છે, અનુભવ્યો છે, તે આત્મા મને પ્રાપ્ત હો એ જ ભાવનાથી મરણ કરનારને સમાધિમરણ પ્રાપ્ત થાય છે એમ શ્રી લઘુરાજ સ્વામીએ જણાવેલું તમને જણાવ્યું છે. બીજેથી મન ઉઠાવી એક પરમકૃપાળુદેવમાં ચિત્ત રાખશો તો એકની ઉપાસનામાં સર્વ જ્ઞાની સમાઈ જાય છે. કોઈની વિરાધના થતી નથી. વીતરાગ દશાને પ્રાપ્ત સર્વ પૂજ્ય છે. એ દૃઢતા રાખી પ્રેમ ભક્તિ વર્ધમાન થાય તેમ કર્તવ્ય છેજી.

"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ-ભેદ સુ ઉર બસેં,
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાય દિયે."

લોકરંજનનો માર્ગ મૂકી સમાધિ-મરણની તૈયારી હવે કરવી છે એ લક્ષ રાખી, જે જે સદાચાર, વ્રત, ક્રિયા, ભક્તિ કરશો તે સદ્ગુરુ આજ્ઞાએ ઉપકારી મોક્ષમાર્ગે સાધક નીવડશેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૫૯ અગાસ, ફાગણ સુદ ૩, ૨૦૦૧

આવા કળિકાળમાં જેને ધર્મ પ્રત્યે ચોટ થઈ હોય તે જ ભગવાનને સંભારે, નહીં તો તૃષ્ણામાં આખું જગત અજાયબી પમાડે તેમ તણાઈ રહ્યું છે; તેમાંથી બચી પરમકૃપાળુદેવના ચરણમાં ચિત્ત રાખશે તે ધન્યવાદને પાત્ર છેજી.

---

૫૬૦ અગાસ, તા. ૧૯-૨-૪૫

તત્ ૐ સત્ ફાગણ સુદ ૮, સોમ, ૨૦૦૧

આ કાળમાં વિરલા જીવોમાં ધર્મઉત્સાહ ટકી રહે છે. ન્યાયનીતિનું બળ પણ ઘટતું જાય છે તો ધર્મ તેના આધાર વિના કેવી રીતે વૃદ્ધિ પામે? મહાભાગ્યશાળી હશે તેને સત્પુરુષની શ્રદ્ધામાં વર્ધમાનતા થઈ સમકિત સહ સમાધિમરણનો લાભ પ્રાપ્ત થશે, એ લક્ષ રાખી પુરુષાર્થ દિનપ્રતિદિન વર્ધમાન થતો જાય તેમ વર્તવું ઘટે છેજી. કંઈ ન બૂને તો શ્રદ્ધાની દૃઢતા જેમ જેમ થતી જાય તેવો સંગ, તેવું વાંચન, તેની ભાવના કરતા રહેવી ઘટે છેજી. પરમકૃપાળુદેવની કૃપાથી ઇંદોરમાં સત્સંગની સામગ્રી અને શુભેચ્છાસંપન્ન મુમુક્ષુઓનું સંઘ-

બળ ઠીક છે. તેમાં સંપ રહે અને સત્સંગ, ભક્તિ, વાચન, વિચારના પ્રસંગ રહ્યા કરે તો અસત્સંગનું બળ ઘટે અને વિચારની નિર્મળતા થતાં સ્વરૂપપ્રાપ્તિની સરળતા થાય. વ્યક્તિગત પ્રયત્ન અને સમૂહમાં ભક્તિ આદિના પ્રસંગોની પણ જરૂર છેજી. જે જે નિમિત્તે ભક્તિભાવ વધે, ધર્મપ્રેમ, વાત્સલ્યતા, પ્રભાવના, ગુણવૃદ્ધિ થાય તેમ પ્રવર્તવા સર્વને ભલામણ છેજી. વૈરાગ્ય ઉપશમ અર્થે બાર ભાવના, દશ યતિધર્મ, સમાધિમરણ આદિ 'સમાધિસોપાન'માંથી વાંચતા રહેવા યોગ્ય છેજી. "દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે, એમ સમજો." (૮૪૩)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૬૧ અગાસ, ફાગણ સુદ ૯, મંગળ, ૨૦૦૧

વિ. પરમકૃપાળુદેવની કૃપાથી યથાશક્તિ ધર્મધ્યાનમાં પ્રવર્તો છો; તે પરમપુરુષને અવલંબને આ મનુષ્યભવ સફળ કરવાની સામગ્રી પૂર્વના મહત્ પુણ્યથી પ્રાપ્ત થઈ છે તે વ્યર્થ વહી ન જાય તેટલી જાગૃતિની જરૂર છેજી, કારણ કે પુરુષોત્તમ ભગવંતે જ કહ્યું છે — "દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં, પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો;....જે પુરુષના આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવી એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે." (૬૯૨)

"અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;<br>
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ."

આ દોહરાનો ભાવાર્થ તમે પૂછ્યો હતો, તેનો પરમાર્થ ઉપર ટાંકેલા પત્રમાં સ્પષ્ટ સમજાય છે કે "જેને બીજું કંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમ સુખહેતુ એવા અદ્ભુત ફળને પામ્યા છે, પામે છે અને પામશે. માટે નિશ્ચય અને આશ્રય જ કર્તવ્ય છે, અધીરજથી ખેદ કર્તવ્ય નથી." (૮૪૩) આવું અચિંત્ય ચિંતામણિસ્વરૂપ ધર્મનું સ્વરૂપ જેણે નિરૂપણ કર્યું છે તેનું અચિંત્ય માહાત્મ્ય છે, પણ તે પ્રત્યે પ્રફુલ્લિત ભાવ, પરમ ઉલ્લાસ જીવને આવતો નથી. એ કોઈ પૂર્વના અંતરાય ભાસે છે. સાંસારિક તુચ્છ વસ્તુઓ પ્રત્યે સર્વ પ્રદેશે આત્મા આકર્ષાઈ તન્મય બની જાય છે, પણ તેનો એક અંશ પણ પરમપુરુષના પરમ ઉપકાર પ્રત્યે ટકતો નથી; તેની સાથે પ્રીતિ બંધાતી નથી; તેની સ્મૃતિ વારંવાર આવતી નથી, એ જીવનું નિર્બળપણું પ્રગટ જણાય છે. વળી આ કળિકાળમાં જન્મી પરવસ્તુમાં વૃત્તિ રાખી જીવે પોતાના વીર્યને આત્મઘાતક બનાવ્યું હોવાથી એવો પરમ પ્રભાવ જીવમાં પ્રગટી આવે તેમ જણાતું નથી. પરમગુરુ શ્રી ગૌતમસ્વામી મિથ્યાત્વકુળમાં જન્મ્યા, ઊછર્યા, અધ્યયન કર્યું અને મિથ્યાત્વ પોષી તેમનામાં (વેદાંતમાં) અગ્રગણ્ય બન્યા છતાં તે વીર્ય પરમ પ્રતાપી શ્રી મહાવીર ભગવાનના યોગે પલટાઈ ગયું તો પટ્ટધર ગણધર પદવી પામ્યા. એવો પરમ પ્રભાવ હે પ્રભુ! મારામાં જણાતો નથી અને પરમ પ્રભાવ વિના આ સ્વયંભૂરમણ સમુદ્ર જેવો મોહ તરી શકાય એવો

નથી; તો હે પરમકૃપાળુદેવ ! આપ સમાન જહાજ જ અમારો આધાર છે, આશ્રયસ્થાન છે. એમ એ ગાથા વિચારવા યોગ્ય છેજી.

"અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ?"

એ ગાથા પૂછી તેનો વિચાર એમ કર્તવ્ય છે કે નિગોદથી નીકળી પરમકૃપાળુદેવના શરણ સુધી અવાયું એ કોઈ અલૌકિક બીના બની છે. પરંતુ હવે જો તે શરણ, મરણ સુધી પકડી ન રાખું તો મારા જેવો આત્મઘાતી મહાપાપી બીજો કોઈ ગણાય નહીં. તેણે જણાવેલે માર્ગે ચાલવાને બદલે કાળા હાથ અને કાળા મુખવાળા વાંદરા જેવો પશુપણે વર્તું; કાળા-બજારની નીતિથી ધન એકઠું કરવામાં જ જીવન કૃતાર્થ માનું અને આ ભવનું ઉત્તમ કર્તવ્ય આ પત્રને મથાળે જણાવ્યું છે તે વીસરી જાઉં તો સત્પુરુષને મળી તેની પ્રરૂપણાથી વિપરીત વર્તી તેનો દ્રોહી બનવાનું અધમાધમ પુરુષના લક્ષણ જેવું મેં કર્યું ગણાય; પશુ કે અનાર્ય-જનોને તો કોઈ આધાર કે ઉપદેશ કર્ણગોચર થયો નથી, તેથી તે તજવા યોગ્ય વસ્તુનું અત્યંત માહાત્મ્ય મનમાં રાખે તેમાં તેનો દોષ ઓછો ગણાય; પણ જેને પરમ પુરુષનાં દર્શન, તારકતત્ત્વથી પૂર્ણ વચનો કર્ણગોચર થયાં છે, તેનો આશ્રિત ગણાય છે, છતાં તેને વગોવાવે, નિંદાવે તેવું જેનું વર્તન, ચિંતન, કથન હોય તે અધમાધમ પુરુષ કરતાં પણ અધિક પતિત ગણાય એમ વિચારી પોતાની જવાબદારીનો ઉત્તમ ખ્યાલ રાખી જે પુરુષોનું અવલંબન લીધું છે તે જ નિરંતર ધ્યેયરૂપે, આચરણના આદર્શરૂપે રહે તેમ પુરુષાર્થ કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૬૨ અગાસ, તા. ૨૧-૨-૪૫

આ ભવમાં સમાધિમરણનો લાભ એ જ ખરી કમાણી છે. તેને માટે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ ૩૬ માળાની યોજના દિવાળી ઉપર ગોઠવી છે તે ભાવપૂર્વક થાય તો જીવનાં અહોભાગ્ય ગણવા યોગ્ય છેજી. રોજ કંઈ ને કંઈ બાર ભાવનામાંથી વિચારી સમાધિમરણની સ્મૃતિ કરી આત્મશાંતિનો લાભ લેતા રહેવાની ટેવ પાડવા યોગ્ય છેજી. "આપ સમાન બળ નહીં અને મેઘ સમાન જળ નહીં" એ કહેવત પ્રમાણે પોતે પુરુષાર્થ કરી મૂક્યો હશે તો આખરે બહારની મદદ મળો કે ન મળો પણ કરેલું ક્યાંય જવાનું નથી. આખર વખતે તે ગુણ દેશે. માટે પૈસાટકાની ચિંતા ઘટાડી પ્રેમપૂર્વક ભક્તિમાં વૃદ્ધિ થાય તેની કાળજી રાખતા રહેવા વિનંતી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૬૩ અગાસ, તા. ૨૪-૨-૪૫
તત્ ૐ સત્ ફાગણ સુદ ૧૩, શનિ, ૨૦૦૧

સુખ નથી સંસારમાં ખરી વાત સુણાવું, સુધર્મે સુખની ખાણ રે – ખરી વાત સુણાવું;
અંશે પણ પાપો તજે – ખરી૦ તે વર્તો લે કલ્યાણ રે – ખરી૦
નાવ ડૂબે અતિ ભારથી – ખરી૦ તેમ જ હિંસા-ભાર રે – ખરી૦
નરક-સમુદ્રે જીવને – ખરી૦ ડુબાડે, વિચાર રે – ખરી૦

તૃણ ઊડે વંટોળીઆએ – ખરી૦ જીવ અસત્યે તેમ રે; – ખરી૦
ભમે ભવે ચિરકાળ રે! ખરી૦ જૂઠ ન દેતી [1]ક્ષેમ રે. – ખરી૦
સ્પર્શે [2]કૌચનો દુઃખ દે – ખરી૦ તેમ અદત્તાદાન રે, – ખરી૦
પરધન – દારા – પ્રીતિ દે – ખરી૦ ચિંતા ચિતા સમાન રે. – ખરી૦
મૈથુન [3]મન્મથ – દાસને – ખરી૦ નરકે ઢસડી જાય રે; – ખરી૦
જેમ જમાદારો વડે – ખરી૦ કેદીજન ઢસડાય રે. – ખરી૦
પરિગ્રહ – [4]કુગ્રહે સહે – ખરી૦ ભારે દુઃખો સર્વે રે; – ખરી૦
કાદવમાં [5]કરીવર કળે – ખરી૦ તેમ [6]રસાદિ – ગર્વે રે. – ખરી૦ (પ્રજ્ઞા. ૧૦૦)

મહા વદ ૧૩ ને દિવસે યાત્રામાંથી ત્રણ મહિને આશ્રમમાં પાછું આવવું થયું છે. અત્રે સર્વની શરીરપ્રકૃતિ ઠીક છે. એક માસથી કંઈક વધારે મારવાડમાં આહોર, નાકોડાજી રોકાવું થયું હતું ઇંદોર દસેક દિવસ રહેવું થયું હતું. ત્યાંથી ૨૪–૨૫ મુમુક્ષુવર્ગ સહિત અલાહાબાદ, કાશી, પટણા, સારનાથ, રાજગૃહી, નાલંદા, કુંડલપુર, ગુણાવા, ઇસિરી (ઇશ્વરી), મધુવન, સમેતશિખર, ગયા, અયોધ્યા, મથુરા થઈ આશ્રમમાં સુખરૂપ આવી ગયા છીએ. સમેતશિખર ઉપર વીસ તીર્થંકરો મોક્ષે ગયા છે, પાવાપુરીમાં શ્રી મહાવીર મોક્ષે પધારેલા, મથુરામાં શ્રી જંબૂસ્વામી મોક્ષે ગયેલા. અયોધ્યા અનેક તીર્થંકરો અને શ્રી રામની જન્મભૂમિ છે. સારનાથમાં શ્રી શ્રેયાંસનાથનાં ચાર કલ્યાણક છે. કાશીમાં શ્રી પાર્શ્વનાથ અને શ્રી સુપાર્શ્વનાથનાં ચાર કલ્યાણક છે. કુંડલપુરમાં શ્રી મહાવીરસ્વામીનો જન્મ થયેલો. મથુરામાં શ્રીકૃષ્ણનો જન્મ થયેલો. ગુણાવામાં શ્રી ગૌતમસ્વામી નિર્વાણ પામેલા. રાજગૃહીમાં શ્રી મુનિસુવ્રતનાથનાં કલ્યાણક તથા શ્રી મહાવીર સ્વામીએ ચૌદ ચોમાસાં કરેલાં, તેમ જ શ્રી શ્રેણિક રાજાની રાજધાની હતી. પટણામાં શ્રી સુદર્શન શેઠ બ્રહ્મચર્ય માટે પ્રખ્યાત છે, તે મોક્ષે ગયેલા અને શ્રી સ્થૂલિભદ્ર બ્રહ્મચર્યમાં ઘણા અડોલ ગણાય છે, તેમનાં પાદુકાજી ત્યાં છે. એમ અનેક સ્થળોમાં ઘણા મહાપુરુષોનાં આશ્ચર્યકારક પરાક્રમની સ્મૃતિ થાય તેવાં પવિત્ર સ્થળોએ પુણ્યયોગે યાત્રાર્થે જવાનું બન્યું હતું. તે કારણે કોઈને પત્રોત્તરનો વખત નહીં હોવાથી લખાયું નથી.

આપણને આ મનુષ્યભવ, ઉત્તમ કુળ, સદ્ગુરુનો સમાગમ, સદ્બોધ અને મહામંત્રનો લાભ થયો છે, તેની સફળતા માટે બનતો પુરુષાર્થ કરી મોક્ષમાર્ગમાં આગળ ને આગળ વધાય તેવા ભાવ દિનપ્રતિદિન ચઢિયાતા કરતા રહેવાની જરૂર છેજી. જ્યાં સુધી શરીર કામ આપી શકે એવું છે ત્યાં સુધી જંપીને બેસવા જેવું નથી. શરીરની ઘણી સેવા કરી, તેને આટલાં વર્ષ પાળ્યું છે; તે હવે મોક્ષમાર્ગમાં કામ લાગે તો બધું લેખે આવે તેમ છે. શરીરમાં ને શરીરમાં જેની બુદ્ધિ છે તેને બીજા શરીરરૂપ કેદખાનામાં જરૂર જવું પડશે અને જેને સદ્ગુરુના બોધે દેહાદિથી ભિન્ન, ઉપયોગસ્વરૂપ, અવિનાશી, પરમ પવિત્ર એવા આત્માની શ્રદ્ધા, સમજ થઈ છે, તેણે તે આત્માની ભાવના કરવાથી આત્મશુદ્ધિ કરી કેવળજ્ઞાન અને મોક્ષની કમાણી કરી લેવાની છેજી. "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે, જીવ લહે કેવળજ્ઞાન રે."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧ સુખ ૨ કૂચના કાંટા કરડ્યા કરે ૩ કામવિકાર ૪ ભૂત ૫ મોટો હાથી; સુખ–અહંકાર ૬ રસગર્વ, સિદ્ધિગર્વ, શાતાગર્વ

૫૬૪ અગાસ, તા. ૨૪-૨-૪૫

તત્ ૐ સત્ ફાગણ સુદ ૧૩, શનિ, ૨૦૦૧

"कृपा तिहारी ऐसी होय, जनम मरण मिटावो मोय ।
बार बार मैं विनती करूँ, तुम सेवे भवसागर तरूँ ।।"

શિખરિણી — મહાદ્રોહી મિથ્યા, – તિમિરપટ ટાળો તરત આ,
મને ના દેખાયે, મુજ ગુણ છતાં ચેતન મહા;
ગણાઉં સંસારી, કરમવશ બેભાન બનતાં,
કરો કૃપા એવી, અલખ નિધિ દેખું સહજમાં.

આપે તો ઘણું વાંચ્યું-વિચાર્યું હશે, પરંતુ હવે પરમકૃપાળુદેવની ભક્તિ અને વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિસહ જે જે આરાધના કરશો તે વિશેષ ઊંડા ઊતરવાનું કારણ થશે. આપે પત્રમાં જણાવેલ છે તે ઉપરાંત "છપદનો પત્ર" અને "મૂળમારગ સાંભળો જિનનો રે" એ પદ પરમકૃપાળુદેવની આજ્ઞા લઈ વિશેષ વિશેષ વિચારવા ભલામણ છેજી. છપદના પત્રના છેવટના ભાગમાં પરમકૃપાળુદેવ જણાવે છે — "જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!" આવી ભક્તિ આદરી તેમાં જણાવેલું ફળ પ્રાપ્ત કરી લેવું છે એવો દૃઢ નિશ્ચય કર્તવ્ય છેજી. વળી, પત્રાંક ૭૧૯, શ્રી લઘુરાજ સ્વામીને શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર મોકલેલું તેની સાથે પરમકૃપાળુદેવે મોકલેલો પત્ર ત્યાગી મહાત્માઓ અર્થે જ લખેલ છે, તે બહુ ઊંડા ઊતરી વિચારવો અને બને તો મુખપાઠ કરવો ઘટે છેજી. શ્રદ્ધાની દૃઢતા અને જ્ઞાન પરિણામ પામવાનો માર્ગ વગેરે તેમાં જણાવેલ છે, તે વિચારી ઉરમાં અચળ કરવા યોગ્ય છેજી. તેમાં છેવટે જણાવ્યું છે — "અનંત વાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો એવો મુમુક્ષુજીવને અવશ્ય નિશ્ચય જોઈએ. શ્રી સહજાત્મસ્વરૂપ."

હવે લોકલાજ, લોકરંજન કે લૌકિક ભાવ તજી આત્મા માટે પરમકૃપાળુદેવની ભક્તિ પરમ સાધન સમજી આત્મસ્વરૂપ અર્થે ઝૂરણા જાગે, તે જ મુખ્ય કર્તવ્ય દૃષ્ટિ સન્મુખ રહ્યા કરે તેવો જીવનપલટો કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૬૫ અગાસ, તા. ૨૮-૨-૪૫

તત્ ૐ સત્ ફાગણ વદ ૧, બુધ, ૨૦૦૧

આપના પત્રો બન્ને મળ્યા છેજી. તેમાં આપે જે ભાવો આ પામર પ્રત્યે દર્શાવ્યા છે તે પરમકૃપાળુ ધીંગધણી પ્રત્યે વારંવાર અત્યંત પ્રેમે પ્રદર્શિત કરવા યોગ્ય છેજી. આપણે પ્રાર્થના એ જ ભાવે કર્તવ્ય છેજી. આપણને પ્રાર્થના કરતાં પણ પોતે જ વીસ દોહરા આદિ દ્વારા શીખવ્યું છે —

"ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજધર્મની, નહિ શુભ દેશે સ્થાન."
"સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ."

રોજ લાખ વાર વીસ દોહા બોલાય તોય ઓછા છે, એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ એક વખત કહેલું. 'પ્રભુ પ્રભુ લય' લગાડવાની છે. પુરુષાર્થ કર્યે જઈશું તો જરૂર જેવું કારણ મળશે તેવું કાર્ય થશે જ. "ખામી નહીં મુજ ખિજમતે, કદીય હોશો ફલદાતા રે." આપણામાં ખામી છે તે દૂર કરવા દૃઢ નિશ્ચય કર્તવ્ય છેજી. તેમ થશે તો ફળ માંગવું નહીં પડે. આપોઆપ પ્રભુ પ્રસન્ન થશે. મારે તમારે ભક્તિ પુરુષાર્થ હજી વિશેષ વિશેષ દૃઢ કરવાની જરૂર છેજી. જે ખામીથી મૂંઝવણ થાય છે, તે ખામી પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ બતાવેલ માર્ગે પુરુષાર્થ કરતાં દૂર થશેજી. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવાયોગ્ય નથી." (૪૬૦) એ તેમની આજ્ઞા શ્રદ્ધાપૂર્વક વિચારી હૃદયમાં અંકિત કરશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૬૬ અગાસ, તા. ૧-૩-૪૫

તત્ ૐ સત્ ફાગણ વદ ૨, ગુરુ, ૨૦૦૧

ક્ષમા કરો ભગવંત ભૂલ્યો બહુ, ભ્રાંતિ હરો ચિરકાળ તણી,
સત્યસ્વરૂપ વિષે સ્થિરતા દ્યો, સદ્ગુરુ રાજ ઉદાર ધણી;
ભાન નહીં ભગવંત મને કંઈ, શુદ્ધ સ્વરૂપ સહાય ચહું,
તુજ કરુણાથી ભવભવનાં હું ક્લિષ્ટ કર્મ ક્ષણમાંહિ દહું.

આપના પત્રમાં શુભ ભાવના તથા પોતાના દોષો દેખી કંટાળવા જેવું લખ્યું છે, તે એક રીતે યોગ્ય છે. મુમુક્ષુતાની શરૂઆત જ પોતાના દોષો જોવામાં અપક્ષપાતતાથી થાય છે. પોતાના ગુણોને બદલે દોષો દેખવાનો અને તેને દૂર કરવાનો પુરુષાર્થ જે કરે છે તે ધન્યવાદને પાત્ર છે. પણ ખેદ તો કોઈ રીતે કર્તવ્ય નથીજી. "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે." (૮૧૯) જય પામવાનો માર્ગ પરમકૃપાળુદેવે એ પત્રમાં પ્રગટ કહી દીધો છે અને તે વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે એમ પણ જણાવ્યું છેજી. "ધીંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ, વિમલ જિન૦" એમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીને મુખેથી ઘણી વખત સાંભળ્યું છે. વળી તે એમ પણ કહેતા કે કર્મ તો બકરાં છે. સિંહની ત્રાડ સાંભળે તો ગમે તેટલાં એકઠાં થઈ ગયાં હોય પણ બધાં ભાગી જાય, તેમ કર્મનું ગમે તેટલું પ્રબળપણું વર્તમાનમાં જણાતું હોય તોપણ તેની સામે થવાનો જીવનો નિશ્ચય થયો તો ગમે ત્યારે વહેલેમોડે તે કર્મને તો જવું જ પડશે. અને આત્મા તો ત્રિકાળ અબાધિત રહેનાર છે. તેનો વાંકો વાળ કરવા કોણ સમર્થ છે? માત્ર જીવ પરવસ્તુની મહત્તામાં વીર્યહીન થઈ તેની જ રટના કર્યા કરે છે, તેની ઝૂરણા કર્યા કરે છે, તેને સંભાર્યા કરે છે ત્યાં સુધી પોતાના તરફ દૃષ્ટિ દેવાતી નથી. એવા મૂંઝવણના પ્રસંગે જેમ જનક વિદેહી સદ્ગુરુ શ્રી અષ્ટાવક્રનું શરણ ગ્રહતા તેમ આપણને પરમકૃપાળુદેવની પરમ

પુરુષાર્થવંત મૂર્તિનું, તેના પ્રગટ જ્ઞાનાવતાર ગુણનું, તેના ક્ષાયિક સમ્યક્દર્શનનું સ્મરણ થાય તો મનને બીજું વિચારવાનો, ખેદનો કે સંકલ્પવિકલ્પનો અવકાશ જ ન રહે. કેટલા અપાર કષ્ટે ઉત્કૃષ્ટ આરાધના કરી આપણને આદર્શરૂપ તે પરમપુરુષ બન્યા છે અને આ કાળના અનંત દોષોથી આપણને ચેતાવ્યા છે! તેની મહત્તા હૃદયમાં ભાસે તો ખરેખર આપણે મહા ભાગ્યશાળી છીએ એમ ભાસ્યા વિના ન રહે અને તેને પગલે ચાલવાથી જ સાચું સુખ જરૂર પામીશું એવી દૃઢતા હૃદયમાં જામતી જાય અને નિર્બળતા દૂર થાય.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૬૭ અગાસ, તા. ૧૧-૩-૪૫

"રંગ લગાડી ઇષ્ટનો, ગણજો અન્ય અસાર;
ગુરુપદે મન રાખીને, તરજો આ સંસાર.
સત્ય વિનયયુક્ત બોલજો, નવ જોશો પરદોષ;
સ્વદોષ સર્વે ત્યાગજો, તેથી થશે સંતોષ."
"પહેલેસેં પ્રારબ્ધ બન્યા, પીછે બન્યા શરીર;
તુલસી અચરજ એ બડી, મન ન બાંધે ધીર."

અહીંથી લખેલા પત્રમાં જે કંઈ શિખામણ હોય તે તત્કાળ ઉપયોગી ન જણાય તોપણ ભવિષ્યમાં પણ કુમાર્ગે વૃત્તિ જતાં અટકે એ પણ ઉદ્દેશ હોય છે. અમુકને જ ઉદ્દેશીને લખેલું હોય એમ નહીં ગણતાં જેનામાં તેવી વૃત્તિ હોય કે તેમાં દોરવાઈ જાય તેવો સંભવ હોય તેણે તેના પ્રત્યે અરુચિ કેળવી, તેવા પ્રસંગથી દૂર રહેવામાં હિત છે એટલો તેનો પરમાર્થ સમજવો ઘટે. જગતનું વાતાવરણ ઝેરી બનતું હોય ત્યારે તેથી ચેતીને ચાલવું, તેમાં પોતે ન તણાવું, બીજા તેમાં ન તણાય તેવી ચેતવણી આપવી તથા આડકતરી રીતે પણ પોતે તે વાતાવરણમાં ફસાઈ ન જવાય તે ઉદ્દેશે લખેલું. 'જેવું અન્ન તેવું મન' એવી કહેવત છે. શાસ્ત્રમાં પણ પુણિયાશ્રાવકની કથા છે કે તેની પત્નીએ પાડોશીને ત્યાંથી દેવતા લાવતાં સાથે દેવતા ઉપર છાણાંનો ભૂકો વગર પૂછ્યે નાખેલો. તે રસોઈ જે દિવસે તે જમ્યા, ત્યાર પછી સામાયિક કરવા બેઠા તો ચિત્ત સ્થિર થાય નહીં. પોતાના દોષો બારીક દૃષ્ટિએ શોધ્યા પણ જડયા નહીં; પત્નીને પૂછ્યું કે કોઈ પાપ એવું આજે થયું છે કે જેથી મારું મન સામાયિકમાં ચોટતું નથી? તેણે પણ વિચાર કર્યો ને જડી આવ્યું કે પાડોશીને ત્યાંથી દેવતા સાથે છાણાંનો ભૂકો સળગાવવા વગર પૂછ્યે આણેલો. આ જમાનામાં આ વાત નજીવી લાગે પણ મન જેને સ્થિર કરવું છે તેને તેવા દોષો પણ વિઘ્નરૂપ જરૂર જણાય છેજી.

પુષ્પમાળામાં પરમકૃપાળુદેવે લખ્યું છે "તું રાજા હો તો ફિકર નહીં, પણ પ્રમાદ ન કર. કારણ નીચમાં નીચ, અધમમાં અધમ, વ્યભિચારનો, ગર્ભપાતનો, નિર્વંશનો, ચંડાળનો, કસાઈનો અને વેશ્યાનો એવો કણ તું ખાય છે. તો પછી?" આ બધું આપણે પણ વિચારવા યોગ્ય છેજી.

પૂ............ને જણાવવાનું કે પૂર્વનાં કર્મો અનેક પ્રકારે ઉદયમાં આવે છે. જાગતાં,

ઊંઘતાં, વિચારતાં કે એકાએક પણ જે ભાવો પૂર્વે વિશેષ સેવાયા હોય છે તે વગર વિચાર્યે પણ સ્ફુરી આવે છે.

"સૌ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ?"

તેમાં જણાવ્યા પ્રમાણે જીવે ઘણાં સાધન, એકાંત સેવન, ગિરિગુફાઓ, સંથારા વગેરે કરેલ છે, છતાં જે ખામી રહી ગઈ છે તેને લઈને જન્મવું પડ્યું છે. માટે સત્સાધન સમજવામાં આ ભવમાં ભૂલ ન રહી જાય તેમ કર્તવ્ય છેજી. તેને અર્થે સત્સંગ, સદ્વાચન, સદ્વિચાર, સદ્ગુરુની આજ્ઞાનું આરાધન, ગુરુકુળવાસ આદિની જરૂર છેજી. દેહાદિ પદાર્થો કરતાં અનંતગણી કાળજી આત્માની રાખવા પરમકૃપાળુદેવે ફરમાવ્યું છે, તે વારંવાર વિચારી યથાશક્તિ આચરવા યોગ્ય છેજી. બધું એક દિવસે બનતું નથી, પરંતુ લક્ષ તે જ રાખવો ઘટે છે. બને તેટલું આરાધન કરવું. ન બની શકે તેની ભાવના કર્યા કરવી તો અનુકૂળ સંયોગો સાંપડચે તે ભાવના જરૂર સફળ થશેજી. જેવી જેની ભાવના હોય છે તેવી તેને સિદ્ધિ વહેલીમોડી મળે છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૫૬૮

અગાસ, તા. ૧૨-૩-૪૫

તત્ ૐ સત્

ફાગણ વદ ૧૩, ૨૦૦૧

"હે મોહદયા ! હે શિથિલતા ! તમે શા માટે અંતરાય કરો છો ? પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ, અનુકૂળ થાઓ." (હા. નોં. ૨-૧૯)

"अविनाशी आतम अचल, जग तेथी प्रतिकूल।
ऐसो ज्ञान विवेक हैं, सब साधनको मूल॥"

જગત તો જેવું દેખશે તેવું કહેશે, પણ મુમુક્ષુજીવ બીજાના અભિપ્રાય કરતાં પોતાના આત્મહિતનો લક્ષ રાખી પોતાના મનને અહિતમાં જતું અટકાવવા બળવાન પુરુષાર્થ કરે છેજી. મનને આધારે બંધન કે મોક્ષ થાય તેવું ચિંતવન બને છે અને નિમિત્તાધીન મન હોવાથી સારા નિમિત્તમાં જોડી રાખે તો તે તોફાન કરે નહીં, પાપમાં પ્રવર્તે નહીં. આખો દિવસ સ્મરણમાં મનને ગમે નહીં અને બીજે ભટકે, માટે કંઈ ને કંઈ શુભવૃત્તિમાં જોડી રાખવા ભલામણ છેજી. સાજા હોઈએ ત્યારે તો ધંધા વગેરેમાં મન જોડાવાથી અશુભમાં જવાનો પ્રસંગ ઓછો રહે, માટે માંદગીને વખતે વિશેષ બળ કરીને પણ ભક્તિ વગેરેનો ક્રમ યથાશક્તિ રાખવો ઘટે છેજી. તાવ ચઢચો હોય કે તદ્દન અશક્તિમાં વખતે નિત્યનિયમ ન બને તોપણ મનમાં ખેંચ રાખવી કે અત્યારે ન બન્યું તો તાવ ઊતરતાં પણ નિત્યનિયમ કરી લઈશ. પરમકૃપાળુદેવની સાક્ષીએ આજ્ઞાએ નિયમ લીધેલો પાળવો જ ઘટે છેજી. કોઈ વખતે ન બને તો પશ્ચાત્તાપ રાખવો પણ તેવી ટેવ પડી ન જાય — આજ્ઞાભંગ ન થાય તો ઘણો લાભ થવા યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૫૬૯

અગાસ, તા. ૧૨-૩-૪૫

પૂ.......ને પરમકૃપાળુદેવની સમક્ષ તેમની આજ્ઞાની સમજ આપી સાત વ્યસન, નિત્યનિયમ, સ્મરણ પણ ભાવના હોય તો જણાવવા હરકત નથી. પણ જેને હાલ સ્મરણ વિના

નિત્યનિયમ વગેરેનો નિયમ લેવો હોય તે તેમ લે. કોઈને તે બાબતમાં ગુપ્ત રીતે પણ આગ્રહ કે ભારે શબ્દોમાં દબાવીને કહેવું ઘટતું નથી. તેની જેટલી જિજ્ઞાસા હોય તે પ્રમાણે અલ્પ પણ સાચા પુરુષની આજ્ઞા જીવ ઉઠાવશે તો ભવિષ્યમાં વિશેષને માટે યોગ્ય થશેજી.

---

૫૭૦ અગાસ, તા. ૧૬-૩-૪૫

તત્ ૐ સત્ અધિક ચૈત્ર સુદ ૩, શુક્ર, ૨૦૦૧

સત્સંગની ભાવના રહ્યા કરે છે તથા સ્મરણ કર્યા કરો છો એમ જાણી સંતોષ થયો છેજી. આ ભવમાં સાચા પુરુષની શ્રદ્ધા તેમ જ તે પરમપુરુષનું શરણ મરણ સુધી અનન્ય ભાવે જે ટકાવી રાખશે તેને આ દુષમકાળ પણ ચોથા આરા જેવો છેજી. પ. પૂ. પ્રભુશ્રીજીએ એક પત્રમાં મુમુક્ષુજીવને શિખામણ લખેલી તે આપને લક્ષમાં રહેવા નીચે લખું છુંજી :

"ઉદયને સમભાવે વેદવો એ જ્ઞાનીનો સનાતન ધર્મ છે. પ્રારબ્ધ એટલે પૂર્વે ઉપાર્જેલાં કર્મ; પુરુષાર્થ એટલે પ્રારબ્ધને વિષે હરખ-શોક ન કરવો તે."

---

૫૭૧ અગાસ, તા. ૨૩-૩-૪૫, શુક્ર

હરિગીત — રે ! સેંકડો કામો વડે વ્યાકુળ થઈ જે મન બળે,
પામે નહીં શાંતિ કદી, ઇચ્છા છતાં કોઈ સ્થળે;
હૃદયે રહેલું સ્વરૂપ પણ પામે નહીં તે જન અરે !
જે સારભૂત વિચાર તજી પરના વિચાર કર્યા કરે. (હૃદયપ્રદીપ)

તમારો કાગળ મળ્યો. ક્ષમાપનાના ભાવ વાંચ્યા. તે જ પ્રમાણે હું પણ આપના પ્રત્યે આ ભવમાં કે ભવોભવમાં અપરાધ થયા હોય તેની ઉત્તમ ક્ષમા યાચું છું અને આપના પ્રત્યે પણ સમભાવે ખમું છુંજી. સર્વ ભૂલી જવાનું છે. જેણે વહેલી તે તૈયારી કરી તે વહેલો સુખી થશેજી. જે સંભાર સંભાર કરશે તે પરભવમાં પણ વેરભાવ લઈ જશે એવો સિદ્ધાંત હોવાથી ખમી ખૂંદવું, નિર્વૈર-મૈત્રી-ભાવ ધારણ કરવો અને સર્વને ખમાવી નિઃશલ્ય થઈ પરભવ માટે તૈયાર રહેવું એ ઉત્તમ સનાતન માર્ગ છેજી.

પરમકૃપાળુદેવને જેણે હૃદયમાં ઉચ્ચ સ્થાન આપી તેનું જ સાચા અંતઃકરણે શરણું સ્વીકાર્યું છે અને તે પણ સંતના કહેવાથી, તેની સાક્ષીએ જો આશ્રય ગ્રહણ થયો છે તો તેનાં અહોભાગ્ય છે. દેહ અને વેદનાઓ આવી અને આથી અનંતગણી જીવે જોઈ છે. માત્ર તેને અવગણી, કેવળ અર્પણભાવ મરણ સુધી ટકાવવાનું જીવ શીખ્યો નથી, તે આ ભવમાં કરી લેવાનું છેજી. ગમે તેવા પ્રસંગે, અસાધ્ય વેદનીમાં પણ "નબહું નબહું તે નબહું" દેહ અને દેહની સર્વ અવસ્થાઓથી ભિન્ન મારું સ્વરૂપ પરમકૃપાળુદેવે કહ્યું છે અને તેમ કરી બતાવ્યું છે તો હવે તો માથું મૂકીને તે જ માનું, તેને જ શરણે જીવું અને તેને જ શરણે મરું; પણ બીજા ભાવો મારે મારા માનવા જ નથી. જે સ્વરૂપ જ્ઞાનીએ જાણ્યું છે, અનુભવ્યું છે, પ્રગટ તે જ રૂપ થયા છે, તે જ મારું સ્વરૂપ છે એ નિઃશંકપણે માનું છું. તેની સ્મૃતિ માટે મને અનંત કૃપા કરી સંત મહાત્માએ સ્મરણ આપી જે ઉપકાર કર્યો છે તેનો બદલો કોઈ રીતે વળે તેમ નથી. માત્ર મરણના છેલ્લા સમય સુધી તેને વિસારું નહીં એ જ એનો વિનય,

ભક્તિ, વ્રત કે ધર્મ છે. આ હવે નહીં ચૂકું એટલો નિશ્ચય અવશ્ય કર્તવ્ય છેજી. આ રહસ્યભૂત મતિ મને અંતે હો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૭૨ અગાસ, તા. ૨-૪-૪૫

લોકસેવા કે માંદાની કે નિરાશ્રિતની સેવામાં દૃષ્ટિ સદ્ગુરુ પ્રત્યે રહે, તેની આજ્ઞા જ સર્વોપરી હિતકર્તા લાગે તો વૈરાગ્યવાનને ઘણો લાભ, ઘણું જાણવાનું જે પુસ્તકોમાંથી ન મળી શકે તે સેવા દ્વારા પ્રાપ્ત થવા યોગ્ય છેજી. જેની જેની સેવામાં રોકાવું પડે તેના જેવી આપણી દશા શરીર, મન આદિની હોય તે વખતે આપણને મદદ કેવી મળે તો સારું તેનું પણ ભાન ન હોય અને તે મળ્યે જાય તો કેટલો આનંદ, ઉત્સાહ, સંતોષ અને સનાથતા અનુભવાય તથા તેવી દશા આપણી ન બને તેવું પણ નક્કી નથી; મરણાદિ પ્રસંગો માથે ઝઝૂમી રહ્યા છે તે પ્રગટ સુદૃષ્ટિવંતને સમજાય છેજી. ૐ શાંતિઃ

---

૫૭૩ અગાસ, તા. ૧૦-૪-૪૫

તત્ ૐ સત્ પ્ર. ચૈત્ર વદ ૧૩, મંગળ, ૨૦૦૧

દોહરા — "બાળકાય કૂંપળ સમી, યૌવન પાન સમાન,
પાકું પાન જરા-સમય, મરણ વાયરો માન.
કોઈ ગર્ભે વિષે મરે, મરે જન્મતાં કોઈ,
બાળપણામાં પણ મરે, જુવાન મરતા જોઈ.
નિયમ નહીં વર્ષો તણો, મરણ અચાનક થાય,
એક નિયમ નક્કી ખરો — જન્મે તે મરી જાય.
ગિરિ નીચે નદી ઊતરે, તેમ જીવન વહી જાય;
ભોગમગ્ન જીવ ઊંઘતો, મરણ સમય પસ્તાય.
પાણી પહેલી પાળ જે બાંધે તે જ સુજાણ;
આત્મહિતમાં ઢીલ કરે, તે નર નહિ વિદ્વાન." (પ્રજ્ઞાવબોધ-૧૮)

"કેવળ અર્પણતા નથી મરણ સુધીની છેક" એ વારંવાર વિચારી, પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જે કંઈ આત્મસાધન દર્શાવ્યું છે તે જ એક આધાર માની તેની ઉપાસના અત્યંત પુરુષાર્થ ફોરવી આ ભવમાં કરી લેવી ઘટે છે. કાળનો ભરોંસો નથી. ક્યારે આપણો વારો આવશે તે ખબર નથી, તો રોજ મરણને સંભારી કેવી રીતે મરવું છે તેની તાલીમ લેવી ઘટે છેજી. સમાધિમરણને અર્થે આ ભવ છે અને જ્ઞાનીને શરણે તેના સ્મરણમંત્રને લક્ષમાં રાખી તેને આશ્રયે દેહ છોડવો છે એ જ નિશ્ચય કરી તેની વારંવાર સ્મૃતિ કર્તવ્ય છેજી. કોઈનો સંગ કરવા યોગ્ય નથી પણ અસંગ ન રહી શકાય તો સત્સંગ, સત્પુરુષના સંગની ભાવના કર્તવ્ય છેજી. ત્રણ લોકમાંનો કોઈ પણ પદાર્થ ઇચ્છવા યોગ્ય નથી, તેમ છતાં ઇચ્છા ન ટળે ત્યાં સુધી એક મોક્ષ-અભિલાષા, માત્ર મોક્ષની જ ઇચ્છા કર્તવ્ય છેજી. કારણ કે તે પ્રમાણે વર્ત્યાથી અસંગ અને નિસ્પૃહ થઈ શકાય છેજી. આ લક્ષ રાખીને પ્રારબ્ધની વેઠ પૂરી કરવી ઘટે

છે, પણ ક્યાંય ચિત્તને આસક્ત કરવું ઘટતું નથીજી. ધન કરતાં આ ભવની પળેપળ વિશેષ કીમતી ગણી તેને જ્ઞાનીની આજ્ઞામાં ગાળવી ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૭૪ તા. ૧૦-૪-૪૫

તત્ ૐ સત્ પ્ર. ચૈત્ર વદ ૧૩, મંગળ, ૨૦૦૧

પરમકૃપાળુદેવમાં નિઃશંકપણે શ્રદ્ધા અને તેને આશ્રયે જીવવાનો અને દેહ તજવાનો નિર્ણય રાખી નિર્ભયતા તથા તેના ફળરૂપ નિઃસંગતા આરાધતા રહેવા ભલામણ છેજી. પોતાનું છે તે નાશ પામનાર નથી અને જે છૂટી જવાનું છે તે પોતાનું નથી, આટલી વાતની જેને દૃઢતા થઈ જાય તેને મરણનો ડર લાગે નહીં, મોહ તેને સતાવે નહીં. સત્પુરુષ પરમકૃપાળુદેવ પ્રત્યે દિનપ્રતિદિન દૃઢ પ્રેમભક્તિ વધતી રહે અને તેને શરણે નિર્ભયતા તથા સત્પુરુષાર્થની વૃદ્ધિ થતી રહે તેમ વર્તવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૭૫ અગાસ, તા. ૧૩-૪-૪૫

ૐ બી. ચૈત્ર સુદ ૧, શુક્ર, ૨૦૦૧

વસંતતિલકા — જે રાજ્યભોગ શયનાસન વાહનાર્થે,
સ્ત્રીસંગ માલ્ય મણિ રત્ન વિભૂષણાર્થે;
ઇચ્છાભિલાષ હદપાર વધારી મોહે,
તે ધ્યાન **આર્ત્ત** ગણવું, વદતા વિમોહે. ૧

બાળી, બગાડી, હણી ભેદન-છેદને જે,
બંધ-પ્રહાર-દમને અતિ નિર્દયી જે;
રાચે, ધરે ન અરરાટ ઉરે નઠારા,
તે ધ્યાન **રૌદ્ર** ગણવું વીર-વાક્ય-ધારા. ૨

સૂત્રાર્થ – સાધન – મહાવ્રત – ધારણાર્થે
ને બંધ–મોક્ષ–ગતિ આગમ હેતુ ચિંતે,
પંચેન્દ્રિયો વશ કરે, કરુણા બધાની,
તે ધ્યાન **ધર્મ** ગણવું, વદતા સુજ્ઞાની. ૩

પંચેન્દ્રિયો રહી પરાઙ્મુખ વિષયોથી,
સંકલ્પ-કલ્પન-વિકલ્પ-વિકાર ક્યાંથી ?
ત્રિયોગ-દોષ ટળતાં નિવૃત્તાન્તરાત્મા
જે ધ્યાન-લીન ગણ **શુક્લ** વદે પરાત્મા. ૪

હરિગીત — તિર્યંચ-ગતિ થતી આદ્ય આર્ત્ત-ધ્યાનમાં ઉર જો વહે,
ને રૌદ્રથી ગતિ નારકી; પણ ધર્મથી સુર-ગતિ લહે;
શુક્લે થતો સંસાર-લય, ભવ-વ્યાધિ-રોગ-કૃપાણ એ,
તે આત્મહિત-કર્તા ગણો ભવ-હર ધરો, ભવિ, ધ્યાન એ.

મથાળે લખેલી ચાર ધ્યાનની તથા ફળની કડીઓ થોડા પ્રયાસે સમજી શકાશે. ન સમજાય તે આવો ત્યારે પૂછી જોશો. આઠ વર્ષના સાધુ થયેલા મનક નામના બાળકને શીખવા સંગ્રહાયેલાં દશવૈકાલિકસૂત્ર (a collection from Purvas) ઉપરની શ્રી હરિભદ્રસૂરિની ટીકામાંથી તે અનુવાદ કરી લખી મોકલી છે. છ માસનું તેનું સાધુજીવન ટૂંકું જાણી આચાર્યે સાધુચર્યા ટૂંકામાં તેમાં વર્ણવી છે. તે છ માસમાં મુખપાઠ કરી ધર્મધ્યાનથી દેહ તજી દેવલોક પામ્યો.

આ કાળનાં અનિશ્ચિત ટૂંકા આયુષ્ય છતાં મોહને લીધે તેની સફળતા સાધવાનું જીવને સૂઝતું નથી. પરીક્ષિત રાજાને ખબર પડી કે સાત દિવસનું હવે આયુષ્ય છે, તો રાજપાટ તજી ગંગાકિનારે જઈ તપશ્ચર્યા આદરી, તે સમાચાર જાણી તે તરફના મુનિઓ ત્યાં એકત્ર થયા, ધર્મધ્યાન અર્થે તે સંમેલન થયું, ત્યાં તો શુકદેવજી ફરતા ફરતા ત્યાં આવી ચઢ્યા. તેમની પૂજા વિનયભક્તિ કરી પરીક્ષિતે માગણી કરી કે આ અલ્પ આયુષ્ય આપના બોધ-શ્રવણમાં જાય અને સમાધિમરણ થાય તેવી કૃપા કરો. શુકદેવજીને તો તે જ પ્રિય હતું. પિતા વ્યાસજી પાસે શીખેલું શ્રીમદ્ ભાગવત તેમણે કથારૂપે શ્રવણ કરાવવું શરૂ કર્યું. સાત દિવસમાં એકલક્ષ્યે ભગવંત પરમાત્માની અલભ્ય કથાનો લાભ પામી તેમણે શ્રેય સાધી લીધું. આ બધું આપણને શું સૂચવે છે? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પરમ કૃપાળુનું શરણ, તરણ – તારણ જાણ;
અંત સમય સુધી રહો, નિરંતર સુખખાણ.

---

૫૭૬ અગાસ, તા. ૧૫-૪-૪૫

કષાય-કીચડ, વિષય-ગટરજલ, ગંધાતું તજી ઊઠ જરી,
બોધતીર્થમાં સ્નાન કરી ઝટ, નિર્મળ થા ઉત્સાહ ધરી;
નિંદ્ય-કર્મ મચ્છર કરડે આ, જન્મમરણરૂપ રોગ કરે,
ત્વરા કરી જો જાગી ઊઠે, સર્વ દુઃખબીજ બોધ હરે. (પ્રજ્ઞા૦ ૧૦૬)

આપના પુત્ર ગણાતા આત્માએ આ ક્ષેત્ર ત્યાગી અન્યત્ર વાસ કર્યાના સમાચાર લખ્યા, તે ઉપરથી આપણને જે મનુષ્યભવ મળ્યો છે તે એવો જ ક્ષણભંગુર છે એમ વિચારી પ્રમાદમાં બધું વહ્યું ન જાય તેવી કાળજી રાખી બહુ આદરભાવ સહિત પરમકૃપાળુદેવ પ્રત્યે અપૂર્વ ઉપકારની સ્મૃતિ સહ ભક્તિ કર્તવ્ય છેજી. કોઈ અમલદારે કંઈ ગામની માહિતી કે બીજી બાબતના ખુલાસા મગાવ્યા હોય કે ગામની રક્ષા કરવા વગેરેનું કામ સોંપ્યું હોય તો તેમાં રખે ભૂલ ન થાય, દંડપાત્ર ન થવાય એ બીકે બહુ વિચારીને જાગૃતિપૂર્વક તે કામ કરીએ છીએ; તો જન્મમરણના ફેરા ટાળવા પરમકૃપાળુદેવની અનંત કરુણાથી આપણને જે સત્સાધનની આજ્ઞા થઈ છે તે જો ભાવપૂર્વક આરાધીએ તો જરૂર આત્મા વર્તમાનમાં શાંત થાય અને ભવિષ્યમાં પણ સુખી થાય. તે કામ સર્વોપરી સમજી, લૌકિકભાવ તજી, વારંવાર મરણની સ્મૃતિ કરતા રહી આ ભવ-પરભવમાં હિતનું કારણ સમજી આત્મકર્તવ્યરૂપ ભક્તિ, સદ્વાંચન, સત્સંગ કરતા રહેવા સર્વને ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૭૭ અગાસ, તા. ૧૯-૪-૪૫
તત્ ૐ સત્ બી. ચૈત્ર સુદ ૮, ગુરુ, ૨૦૦૧

"એમ પરાજય કરીને ચારિત્રમોહનો, આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા, અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો —
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?"

તમે ગયા પત્રમાં પ્રશ્ન પૂછ્યો છે કે અગિયારમે ગુણસ્થાને આવેલો જીવ પ્રમાદવશ પડી પહેલે ગુણસ્થાનકે આવી અનંતકાળ સુધી પરિભ્રમણ કરે અને એક વાર સમકિત પામેલો જીવ વધારેમાં વધારે પંદર ભવ કરે તે કેમ ઘટે છે ? તેનો ઉત્તર નીચે જણાવ્યો છે તે ઉપરથી વિચારશોજી —

એક વાર સમકિત પામીને જે સમકિત વમી ન નાખે, સમકિતથી પડી ન જાય, પણ મંદ પુરુષાર્થથી રાગદ્વેષ ટાળવાનું કામ કરે તો વધારેમાં વધારે પંદર ભવ સુધીમાં તો સર્વ કર્મનો તે ક્ષય કરી શકે એવું સમ્યક્ત્વનું બળ બતાવ્યું છે; કારણ કે ઘણાં કર્મો હલકાં થયે, અર્ધપુદ્ગલપરાવર્તનથી કંઈક ઓછો જેને સંસારકાળ છે તેને જ સમ્યક્ત્વ થાય છે. એ અર્ધપુદ્ગલપરાવર્તન કાળ પણ ઘણો લાંબો છે, તેમાં અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ (છ આરા કે કલ્પકાળ) થઈ જાય તેવો છે એટલે આપણા હિસાબે અનંતકાળ છે. તેથી અનંતકાળ પરિભ્રમણ કરે એમ કહ્યું છે. પરંતુ કેવળી ભગવાને તેનો અંત દીઠો છે એટલે તેનું ચોક્કસ માપ અર્ધપુદ્ગલપરાવર્તનથી કંઈક ન્યૂન કહ્યું છે. એટલે એવો નિયમ ભગવંતે દર્શાવ્યો છે કે જેને એક વખતે સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ તેને અવશ્ય મોક્ષ થવાનો. વધારેમાં વધારે કાળ, સમ્યક્ત્વ અનેક વાર વમી નાખે તોપણ અર્ધપુદ્ગલપરાવર્તન પૂર્ણ થતાં પહેલાં તે મોક્ષે જાય જ એવું કેવળજ્ઞાનમાં ભગવંતે દીઠેલું પ્રરૂપ્યું છેજી.

બીજું, પૂ....એ વ્રતનિયમો સંબંધી પુછાવ્યું છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે સાત વ્યસન, સાત અભક્ષ્યના ત્યાગમાંથી તમે જેટલા નિયમ લીધા હશે તે તમારા તત્ત્વજ્ઞાનને છેલ્લે પાને લખી આપેલા હશે. યાદ ન હોય, ને તત્ત્વજ્ઞાન પણ પાસે સચવાઈ રહ્યું ન હોય તો પૂ.... સાથે વાતચીત કરી સાત વ્યસન ને સાત અભક્ષ્યમાંથી કેટલી ચીજનો આજથી આખી જિંદગી પર્યંત ત્યાગ થઈ શકશે તે નક્કી કરી, બીજા કોઈ નિયમ (બ્રહ્મચર્ય આદિ) ની ભાવના હોય તે વિષે પણ ટકી રહે તેટલી મુદતનો વિચાર કરી નિયમ લેવો હોય તો લખશોજી. આ તો દ્રવ્યત્યાગની વાત કરી, તે વાડરૂપ છે. પાપરૂપ પશુને દૂર રાખવા પૂરતી છે. ધર્મધ્યાન થવા અર્થે પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવેલ ત્રણ પાઠ — 'હે પ્રભુ ! હે પ્રભુ !'ના વીસ દોહા, 'યમનિયમ'ની આઠ કડી, ક્ષમાપનાનો પાઠ — એ નિત્યનિયમ પરમકૃપાળુદેવની સાક્ષીએ લીધો છે તે નિયમ જાણીજોઈને તોડવો ઘટતો નથી. મુખપાઠે બોલતાં પૂરું ધ્યાન ન રહે તો, 'તત્ત્વજ્ઞાન'માં જોઈને પણ પા કલાક જેટલો વખત તેમાં ગાળવો ઘટે છેજી. નિયમ લઈને તોડે તો માનસિક નિર્બળતાનું તે કારણ છે. મનોબળ વધારવું ઘટે, તેને બદલે મંદ થવાનું તે કારણ છેજી. આપણી કલ્પનાએ બીજામાં મન રોકાતું લાગતું હોય તોપણ ત્રણ પાઠ તો જરૂર રોજ કરવા યોગ્ય છે ને મંત્રની માળા પણ નિયમિત ગણવી.

તા. ક. – પોતાની શક્તિ પ્રમાણે માળાનો નિયમ રાખવો, પણ એક માળા તો ઓછામાં ઓછી રાખવી ઘટે. માળા વિના પણ સ્મરણમાં બને તેટલું ચિત્ત રાખવાથી ધર્મધ્યાન થાય છેજી. જે આજ્ઞા મળી છે તેને આધારે જે પુરુષાર્થ થાય છે તે ધર્મધ્યાનનું કારણ છેજી. 'आणाए धम्मो, आणाए तवो' આજ્ઞાનું આરાધન એ જ ધર્મ છે, આજ્ઞાનું આરાધન એ જ તપ છે.

---

૫૭૮ અગાસ, તા. ૨૦-૪-૪૫
તત્ ૐ સત્ બી. ચૈત્ર સુદ ૯, શુક્ર, ૨૦૦૧

ગઈ કાલથી અહીં આંબેલની ઓળી (રસત્યાગ કે સાદો આહાર અને ધર્મધ્યાન સહ ગૃહસ્થદશામાં સાધી શકાય તેવું નવ દિવસનું વ્રત) ચાલે છે. હરિવંશપુરાણ સાંજના સભા-મંડપમાં વંચાય છે તેમાં ઋષભદેવના ગર્ભકલ્યાણકની કથા ગઈ કાલે આવી હતી. ભોગભૂમિનું તથા તેવા પુણ્ય-ઉપાર્જનનું કારણ પાત્ર-દાન તેનું વર્ણન આવ્યું હતું. સમ્યક્દર્શન સહિત મુનિપણું પાળનાર ઉત્તમ પાત્ર, સમ્યક્દર્શન સહિત શ્રાવકવ્રત પાળનાર મધ્યમ પાત્ર અને વ્રત વિનાના સમ્યક્દર્શનવાળા જીવોને જઘન્ય પાત્ર ગણાવ્યા હતા. તેમને ભક્તિપૂર્વક દાન દેનાર મિથ્યાદૃષ્ટિ પણ ભોગભૂમિને યોગ્ય પુણ્ય પ્રાપ્ત કરે છે. સમ્યક્દૃષ્ટિ કે સમ્યક્દૃષ્ટિ વ્રતવંત શ્રાવક દાતાર મુનિપણું પામે તો મોક્ષે જાય, નહીં તો દેવગતિ પામે. વ્રતનિયમ પાળનાર પણ મિથ્યાદૃષ્ટિ જીવને ભક્તિપૂર્વક દાન દેનાર કુભોગભૂમિ કે કુમનુષ્ય યોગ્ય પુણ્ય બાંધે; અને વ્રત પણ ન હોય અને સમ્યક્દર્શન પણ ન હોય તેને દાન ભક્તિસહિત દેનારનું દાન વ્યર્થ જાય છે, રાખમાં ઘી રેડ્યા સમાન છે એમ આવ્યું હતું. દયાની લાગણી પોષવા અનુકંપા દાન દેનાર પુણ્ય બાંધે છે પણ પરીક્ષાબુદ્ધિ નહીં હોવાથી કે વિપરીતતાને કારણે અપૂજ્યમાં પૂજ્યબુદ્ધિ આત્મહિતનું કારણ નથી એ સર્વનો સાર છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૭૯ અગાસ, તા. ૨૬-૪-૪૫
તત્ ૐ સત્ બી. ચૈત્ર સુદ ૧૪, ગુરુ, ૨૦૦૧

"કોણ ઉતારે પાર, પ્રભુ બિના કોણ ઉતારે પાર ?
ભવોદધિ અગમ અપાર — પ્રભુ બિના૦"

પરમકૃપાળુદેવની સેવામાં રહેલા તેમના પરમકૃપાપાત્ર સદ્ગત પૂ. અંબાલાલભાઈએ પ. પૂ. પ્રભુશ્રીજી (લઘુરાજજી) ઉપર સંઘાડાથી છૂટા થયા ત્યારે લખેલા પત્રની નકલ આપને ઉપયોગી થઈ પડશે એમ ગણી લખી મોકલી છે તેનો સદુપયોગ કરવા લક્ષ લેશોજી.

"મારાપણાના લૌકિકભાવે ગચ્છમતાદિ જીવે માન્ય કર્યા છે અને લૌકિકભાવ, સંસાર-ત્યાગ કરી મુનિપણું ગ્રહણ કરતી વખત ગળામાં પહેરેલો હોવાથી 'હું ફલાણા સંઘાડામાં છું, તેમાં હું મનાઉં છું, પૂજાઉં છું, આ અમારો સંઘાડો છે, આ સાધુ શ્રાવક મારા છે, એમ જ હું સંઘાડાથી જુદો પડ્યો, મને તિરસ્કાર થયો, આહાર-પાણી હવે તે સંઘાડાને માન્ય કરતા શ્રાવક-શ્રાવિકા મને નહીં આપે ? શું થશે ? તિરસ્કાર થશે ?' એમ પણ સ્ફુરણા આત્મામાં થાય છે. તેનું કારણ મુનિપણું ગ્રહણ કરતાં જે સંઘાડા આદિનું મમત્વપણું જીવે વરમાળરૂપે પહેર્યું છે તે સત્તામાં ઘણું સૂક્ષ્મ રહેલું હોવાથી એ જ સ્ફુરણા કરાવી આત્માને એક સમય

પણ દીન, ગુનેગાર, રંક બનાવી દે છે; પણ સત્પુરુષના યોગે તે ભાવ દબાઈ જવા યોગ્ય છે. આવા લૌકિક ઉદયથી મનને સંકોચ નહીં કરતાં મહામુનિઓ આનંદમાં રહે છે અને નીચે પ્રમાણે પરમાર્થ વિચારે છે — 'અસત્સંગ સહેજે દૂર થશે; મારાપણું આખા જગતનું છોડ્યું હતું અને તેમાં લપિયા સંઘાડાને લઈને કંઈ વળગ્યું હતું તે સહેજે છૂટ્યું, એ પરમ કૃપા શ્રી સદ્ગુરુની છે. હવે તો હે જીવ ! તારો ગચ્છ, તારો મત, તારો સંઘાડો ઘણો મોટો થયો, ચૌદ રાજલોક જેવડો થયો. ષટે દર્શન ઉપર સમભાવ અને મૈત્રીભાવ રાખી નિર્મમત્વભાવે, વીતરાગભાવે આત્મસાધનને બહોળો અવકાશ મળ્યો.'

જેની વૃત્તિ અંદર આત્મભાવમાં ઊતરતી જાય છે તેને ક્ષેત્ર, કાળ, દ્રવ્ય, ભાવ કંઈ નડતાં જણાતાં નથી. તેને કાળ, દ્રવ્ય, ભાવ, ક્ષેત્ર માત્ર દેહને નિર્મમત્વભાવે ભાડું આપવા માટે ગવેષવા છે. તે ગમે તે શહેરમાં, ગામમાં, ગામડામાં આત્મનિવૃત્તિ બનતી હોય તો ત્યાં અડચણ આવશે નહીં. ભોગાવલિ કર્મ પ્રમાણે સઘળી વસ્તુઓ, ભોગો, સુખદુઃખ વગેરે કર્મ અનુસાર આવ્યા જશે, માટે વિકલ્પરહિત જ્ઞાની સદ્ગુરુની આજ્ઞા અનુસાર કરવા આપની વૃત્તિ છે તે બહુ જ ઉત્તમ છે. મારાપણું સમૂળું જાય એમ મનને પ્રબળ કરવાથી, કાયાને પ્રબળ કરવાથી તો લાભ થાય; પણ આત્માને અતિ બળવાન કરવાથી પૂર્ણ લાભ થાય છે. નિર્મળ એવું જલ ખારા સમુદ્ર ભેગું મળવાથી શાંત પડી રહેવા ઇચ્છતું નથી, પણ સૂર્યની ગરમીના યોગે વરાળરૂપ થઈ, વાદળારૂપ થઈ જગતને અમૃતમય થવા સર્વે સ્થળે પડે છે; તેમ જ આપ જેવા મહામુનિઓ સત્ એવા પરમસ્વરૂપને જાણ્યાથી નિર્મળ જલરૂપ થઈ આખા જગતના હિતને માટે મારાપણું છોડી, ગચ્છમતાદિની કલ્પનાથી રહિત થઈ, આખા લોકને અમૃતમય કરવા વીતરાગ ભાવ સેવો છો. કોઈ પણ કોઈ પણને છૂટો કરવા ભેગો કરવા માગે તો થઈ શકતું હોય એમ જણાતું નથી. જીવ અજ્ઞાન, મિથ્યાત્વભાવમાં જ્યાં સુધી છે ત્યાં સુધી મિથ્યાત્વમાં, આ ગચ્છમાં, તે ગચ્છમાં જ્ઞાની તેને ગણે છે. મિથ્યાત્વ ગયા પછી સમકિત પ્રાપ્ત થવા છતાં તેને તે તે નાત, જાત, ટોળી, મત, ગચ્છમાં ગણ્યો અને તેરમે ગુણઠાણે ગયો કે ચૌદમે છે તોપણ દેહધારીના ગચ્છમાં ગણાયો, પણ શુદ્ધ નિર્મળ, શુદ્ધ સચ્ચિદાનંદ, સિદ્ધસ્વરૂપ પ્રગટ્યું ત્યારે તે કૃતાર્થ થયો, સર્વથી ભિન્ન નિર્મળ થયો એમ મનને નિશ્ચય વર્તે છે. શુભ-અશુભ ઉદયમાં જેની વૃત્તિ પૂર્ણ આત્મભાવ, વીતરાગભાવ તરફ પ્રયાસ કરે છે તેના મહાન વીતરાગભાવમાં આખો લોક રજરેણુવત્, નહીં જેવો છે જે નજરે પણ આવતો નથી; એવા પરમ આત્મભાવમાં રમનાર મહામુનિઓને વારંવાર નમસ્કાર છે. વિચારમાળા પર વૃત્તિ ચડી જવાથી ઉપરનું લખાણું છે. આપ મુનિઓના ચરણ સેવવા લાયક હું રંક અલ્પજ્ઞ હોવાથી અને ભાન થવાથી કલમ અટકી ગઈ છે. અવિનય લખાણને માટે ક્ષમા આપશો. બાળ ઉપર અનુકંપા લાવી એવા ભાવો મારામાં આવે એમ પ્રેરશો. દોષનું નિવારણ કરશો.''

---

૫૮૦ અમાસ, તા. ૨૦-૫-૪૫

પરમકૃપાળુનું શરણ, તરણ-તારણ જાણ;
અંત સમય સુધી રહો, નિરંતર સુખખાણ.

આપ જે ભક્તિભાવ વિરહ-વેદના દર્શાવો છો, તે બધું પરમકૃપાળુદેવ પ્રત્યે ભક્તિભાવ સહિત કર્તવ્ય છેજી. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. ધર્મભાવનાની વૃદ્ધિ અર્થે, સદ્ભાવનામાં ચિત્ત જોડાય તે અર્થે સત્સંગ સત્પુરુષની સ્મૃતિ ઉપકારક છે; સંસારભાવમાં વહી જતા જીવને બચાવે છેજી. તેમ છતાં પૂર્વકર્મના અંતરાયયોગે ભાવના પ્રમાણે ન બને તો ક્લેશિત થવા યોગ્ય નથી. વારંવાર ભાવના થતાં કર્મની મંદતા થયે તેવી અનુકૂળતા મળી પણ આવે ત્યારે ભાવના સફળ થાય છે. આપણે તો ધર્મભાવના કર્યા કરવી. ફળ આવતું ન દેખાય તોપણ ગભરાવું નહીં. મોટું ઝાડ જાડા થડવાળું હોય તેને કાપવાની શરૂઆત કરે ત્યારથી તે નીચે પડી જતું નથી, ઘણા ઘા માર્યા છતાં થોડે થોડે થડ કપાતું જાય છે. વધારે કપાય ત્યારે તે પડી જાય છે. તેમ આપણું કામ સત્પુરુષાર્થ કર્યા રહેવાનું છે. સારી ભાવનામાં ચિત્તને રોકવું. હાથપગથી જે પૂર્વે બાંધ્યાં છે તે કામ કરવાં પડે, પણ મનથી અને બને તો જીભથી પણ સ્મરણ કરવાનું ચાલુ રાખવાની ટેવ પાડી મૂકવી ઘટે છેજી. આપણાં બાંધેલાં કર્મ કોઈ ન ભોગવે, આપણે જ ભોગવવાનાં છે; તો ધર્મસાધન જેને મળ્યું છે તેની મદદથી ધર્મધ્યાનમાં વૃત્તિ રાખી જેટલાં કર્મ હોય તે બધાં ખપાવી ઋણમુક્ત થવું છે એ જ ભાવના કર્તવ્ય છેજી. ઉદાસીનતા, વૈરાગ્ય, ભક્તિ, ઉપશમ સહજસ્વભાવરૂપ કરી દેવાની પરમકૃપાળુદેવની આજ્ઞા છે તે લક્ષમાં રાખી જે કામ કરવાં પડે તે કર્યા જવાં. ગભરાવું નહીં. કર્મ મંદ થયે સત્સંગ આદિનો જોગ આવી મળશે. હિંમત હારવા જેવું નથી. મરણપ્રસંગ આવી પડે તોપણ ગભરાવા જેવું નથી.

"ધિંગધણી માથે કિયા રે કુણ ગંજે નર ખેટ – વિમલ જિન દીઠાં લોયણ આજ;
હાં રે મારાં સીધ્યાં વાંછિત કાજ – વિમલ જિન૦"

સત્પુરુષનું શરણ જેને છે તેણે મરણથી પણ ડરવા જેવું નથીજી. આત્મા તો કદી મર્યો પણ નથી અને કદી મરવાનો પણ નથી. જેવા દિવસ કર્મના ઉદયે આવી પડે તે જોયા કરવા; હર્ષવિષાદ કર્તવ્ય નથીજી. રાત ને દિવસની પેઠે હર્ષશોકના પ્રસંગો આવે તે સમભાવે જોયા કરવા, ગભરાવું નહીં. આથી વિશેષ મૂંઝવણ આવો પણ મારે સ્મરણ ચૂકવું નથી, એટલી દૃઢતા રાખવી ઘટે છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૮૧ અગાસ, તા. ૨૩-૫-૪૫

[1]દેહ-દેવળે દેવ અરે ! તું, મોહ-મદિરાથી ઘેલો,
કાયા-માયા પરસ્ત્રી-પ્રીતિ, તોડી આવ અહીં વ્હેલો;
[2]શરીર-ગર્તમાં આળોટે તું ભૂલી ભાન નિજ મંદિરનું,
જ્ઞાન-મંદિર અહો ! આપણું, આવ બતાવું અંદરનું. (પ્રજ્ઞા૦ ૧૦૬)

આપના પત્રો થોકડાબંધ આવેલા મળ્યા. જે કંઈ પૂછવું હોય તે ટૂંકામાં પૂછવા યોગ્ય છેજી. આભારની લાગણી અંતઃકરણમાં રાખવી ઘટે છે, વારંવાર પત્રે ચઢાવવામાં કંઈ વિશેષતા નથીજી. પરમકૃપાળુદેવનાં વચનો વિચારવામાં, મુખપાઠ કરવામાં કે તે સંબંધી લખાણ ઉતારો

---

૧. પાઠા — સદ્ગુરુના આશ્રિત અરે ! તું મોહમદિરામાં ઘેલો. ૨. પાઠા — શરીર-ગટરમાં

વગેરે કરવામાં કાળ જશે તે લેખામાં છે. આવા પત્રો નકામા વારંવાર લખાય કે વંચાય તે કરતાં તે અતિશયવંત વાણીમાં આપણો દુર્લભ મનુષ્યભવ ગાળીએ તે વિશેષ હિતકારી છેજી.

તમે પૂછ્યું છે કે ઉપદેશછાયામાં જણાવ્યું છે કે "આત્મા આ હશે ? તેમ થાય છે તે સમકિત-મોહનીય અને આત્મા આ છે એમ સમજાય છે તે સમ્યક્ત્વ છે" તેમાં શો ફેર છે ? તેના ઉત્તરમાં જણાવવાનું કે કોઈ તમારું ઘર બ્યાવરમાં ક્યાં છે તે શોધતો શોધતો બીચરલી મહોલ્લામાં આવે અને તમારા ઘર આગળ આવી, આ જુગરાજભાઈનું ઘર હશે ? એમ અનુમાન કરે પણ નિર્ણય ન થાય કે આ જ છે, ત્યાં સુધી તે તમારા ઘરમાં પ્રવેશ કરે નહીં અથવા તેને નિરાંત વળે નહીં, પણ શોધ્યા કરે; તેમ આત્મા વિષે વાંચી, વિચારી તેનાં લક્ષણો ઉપરથી, આ આત્મા હશે ? એવું લાગે પણ કોઈ સંતના યોગ વિના તેને આ જ આત્મા છે એવો નિર્ણય ન થાય ત્યાં સુધી સમકિત-મોહનીય અસ્થિર પરિણામ કરાવે છે. અને જ્યારે સદ્ગુરુ યોગે આ જ આત્મા છે એમ દૃઢ થાય તો તેને આત્મસ્થિરતાનું કારણ થાય છે. માટે જ્યાં સુધી ચંચળ વૃત્તિ રહ્યા કરે છે અને પ્રતીતિ નિર્ણયાત્મક નથી બની ત્યાં સુધી યોગ્ય જીવને પણ સત્પુરુષના યોગે આત્મપ્રતીતિ દૃઢ કરવી ઘટે છે એમ કહેવાનો આશય સમજાય છેજી. "સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી" (૧૨૮) એમ પણ પોતે જણાવ્યું છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૮૨

અમાસ, તા. ૨૯-૫-૪૫

તત્ ૐ સત્

વૈશાખ વદ ૨, મંગળ, ૨૦૦૧

અનુષ્ટુપ — ગણો શાનો મુમુક્ષુ એ, જો કામેચ્છા ન વારતો;
પદે-પદે ખસે પાછો, તરંગાધીન જે થતો ?
વસ્ત્ર ગંધ અલંકાર, લલના સેજ સુંદર;
પરાધીનપણે ત્યાગે, વાસના રહી અંદર.
જે સુંદર પ્રિય ભોગો, પ્રાપ્તને પણ પીઠ દે;
સ્વાધીન તજતા ભોગો, તે ત્યાગી જ્ઞાનીઓ વદે.

આ કાળનું સ્વરૂપ કેવું છે તે શ્રી મહાવીર ભગવાને તેમની હયાતીમાં વર્ણવી બતાવ્યું, તે સાંભળતાં ઘણા તો મુનિ બની રાતદિવસ ધર્મ-ધ્યાનમાં લાગી ગયા, કેટલાક તેવી શક્તિવાળા ન હતા તે નિયમિત અમુક પોતાના અવકાશ પ્રમાણે ધર્મ આરાધી શકાય તેવા મર્યાદાધર્મને આરાધવા લાગ્યા. બધાનો લક્ષ એવો હતો કે એવા હડહડતા કળિકાળમાં આપણો જન્મ ન થાય. જે વાત સાંભળતાં ત્રાસ છૂટે તેવા પ્રસંગોમાં આપણા રાતદિવસ જાય છે, છતાં ત્રાસ છૂટતો નથી, છૂટવાની ભાવના જાગતી નથી, ઊલટા તે કળિકાળને પોષાય તેમ વર્ત્યા કરીએ છીએ એ કેટલી મૂઢતા છે! તે વારંવાર સત્સંગમાં વિચારવા યોગ્ય છેજી. કોઈનું ઘર લાગ્યું હોય અને ચારે બાજુ ભડકા લાગતા દેખાય, છતાં આ ખૂણામાંથી પેલા ખૂણામાં અને પેલા ખૂણામાંથી આ ખૂણામાં પૂળા ફેરવનાર માણસ જેમ મૂર્ખ ગણાય, તેમ ત્રિવિધ તાપથી બળતા આ સંસારમાં ધનથી સુખ થશે કે દીકરા સુખ આપશે, કે ખેતર, ઘરેણાં, બૈરાં, ઢોરાં સુખનાં

સાધન છે ને થશે એમ માને તે બળતા ઘરમાં ને ઘરમાં સુખ શોધનાર જેવો ગણવો યોગ્ય છેજી. જ્યાં સુખ છે જ નહીં ત્યાં સુખ શોધનાર કદી સુખી થાય નહીં, એ સાવ સમજી શકાય તેવી વાત છેજી; છતાં જીવ ચેતતો નથી. જે પરભવમાં સાથે આવે નહીં તેવી વસ્તુ માટે આખી જિંદગી ગાળે અને જ્ઞાનીનું કહેલું વીસરી જાય, તે આખરે પસ્તાય એમાં નવાઈ નથી. આપણે તેમ પસ્તાવું ન પડે તેવી ચીવટ – કાળજી રાખતા રહેવું, જાગ્રત જાગ્રત રહેવું ઘટે છે. ઘડી પછી શું થશે તેની ક્યાં ખબર છે? તો નિરાંતે કેમ ઊંઘવું ઘટે? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૮૩ અગાસ, તા. ૧-૬-૪૫

તત્ ૐ સત્ વૈશાખ વદ ૫, શુક્ર, ૨૦૦૧

હરિગીત — ક્રોધી જનો શું કરી શકે જો ચિત્તમાં શાંતિ વસે?
શું પ્રેમ ધરનારા કરે જો ખેદ મનથી ના ખસે?
તેથી નહીં યોગીજનો જન રીઝવે કે દૂભવે,
રાખે ઉદાસીનતા નિરંતર, સ્વસ્થતા મન ચિંતવે.

આપનો પત્ર મળ્યો. આ પત્રની નકલ વાંચી આત્મહિત કરવા મોકલેલ છેજી. "आणाए धम्मो, आणाए तवो" એ લક્ષપૂર્વક વાંચશોજી.

"પવિત્ર સેવામાંથી સવિગત અસંગ અપ્રતિબંધ થવાની ઇચ્છાનો પત્ર સવિગત વાંચી મને પરમ આનંદ થયો છે, પણ આપની રૂબરૂ થવાની જરૂર છે. તે થયા પછી જેમ આપને યોગ્ય લાગે તેમ વિચરશો. આપ અસંગ થાઓ એમાં હું ખુશી છું અને તેમ જ ઇચ્છું છું. બાકી સામાન્ય મુમુક્ષુ બાઈઓ અને ભાઈઓને હવે બિલકુલ આધાર નથી. ચોમાસું પૂરું થયે આ તરફ બોલાવવા એમ મને પણ ઠીક લાગે છે. ચારિત્રધર્મમાં સર્વ મુમુક્ષુભાઈઓ પ્રમાદાધીન વર્તે છે. તેને જાગ્રત કરનાર કોઈ છે નહીં. બાઈઓને સંપ્રદાયનો આશ્રય તોડાવાથી તેઓ બિચારાં તદ્દન નિરાધાર થઈ ગયાં છે; તેઓને તો એક પણ આધાર નથી. તોપણ હવે આપણે આપણા માટે વિચાર કરીએ. પ્રસંગમાં આવેલાં માણસો તેથી તેઓની દયા આવે છે; બાકી જગતમાં અનંત જીવો છે, જો તેઓની દયા ખાઈશું અને તેમને જ માટે દેહ ગાળીશું તો આપણું સાર્થક (થવું) રહી જશે, અર્થાત્ થશે જ નહીં. માટે આપણે જ જો સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રને શુદ્ધ કરીશું તો આપણું આત્મહિત થશે. તે પછી તે દશાદ્વારે જગતનું ગમે તેમ થાઓ, તે માટે આપણે કોઈ વિચાર નથી. આપણે તો સર્વ જીવ પ્રત્યે અનુકંપાબુદ્ધિ રાખવી. આપની વૃત્તિને ઉત્તેજન મળે તેવો આપની પાસે સત્સંગ નથી; અથવા ઈડરમાં આપની જે દશા હતી તેવી દશા આપને પહાડો અગર એકાંતમાં રહેતાં થાય તેમ લાગે છે? આપ આટલો વખત દક્ષિણ દેશમાં કરમાળામાં નિવૃત્તિથી રહ્યા હશો તેથી આપને અનુભવમાં આવ્યું હશે. કદાપિ તે દશા પરાણે બળથી લેવા જઈએ તો એકાદ દિવસ રહી પાછી જતી રહે; કારણ કે અત્યારે તેવી દશા લેવી તે કૃત્રિમ છે, પરાણે બળ કરી લઈએ તેવી છે, અને પ્રથમ સત્સંગમાં તે દશા તો સ્વભાવે જ ઊગી નીકળતી જોયેલી હતી કે આત્મવિચાર સિવાયની બીજી વાત સાવ ઉદાસીન જેવી, પરભાવની લાગતી. એ સહેજે બનતું, અને બનતું તે પરમ સત્સંગનું

ફળ હતું, સત્સંગનો અંશ હતો. હવે આપણે જો ગુફામાં જઈને તેવી દશા બળથી લઈએ તો લઈ શકાય, પણ તે સત્સંગના પ્રત્યક્ષ ફળ વિના વધુ વખત ટકી શકે એ મને તો મુશ્કેલ લાગે છે, તે માટે મારું કહેવું એમ નથી કે નિવૃત્તિમાં ન જવું. જવું પણ થોડો વખત સત્સંગમાં રહેવાની જરૂર છે. તે થયા પછી જવું. એમ કરવામાં આવે તો વિશેષ દશા અને તે દશા વિશેષ કાળ રહેવાનું બને. આ વાત મારા સ્વતઃ અનુભવરૂપ મારા સમજવા પ્રમાણે મેં લખી છે. આપ તો ગુણજ્ઞ છો. આપને ગમે તેમ વર્તવું હોય તે આપ જણાવશો.

આત્મદશા જાગ્રત કરવાનું મુખ્ય સાધન મારા અનુભવ પ્રમાણે હું જણાવું છું : કોઈ પણ પદ, કાવ્ય અથવા વચન ગમે તેનો ઉચ્ચાર થતો હોય અને મન તેમાં જ પ્રેરાઈ વિચાર કરતું હોય તો કાયા શાંત રહે છે; જેથી વચનથી ઉચ્ચાર અને મનથી વિચાર એ બે કામ સાથે લયતારૂપે થયા કરે, તો કાયા સ્થિર થઈ આત્મવિચારને જાગ્રત કરે છે. તે માટે અલ્પ પરિચય, અલ્પ પરિગ્રહ, આહારનો નિયમ, નીરસ ભાવ એ બધાં સાધનો કર્તવ્ય છે, અને તે સાધનો ઉપરની દશા મેળવવામાં ઉપકારભૂત થાય છે અને તેથી નિર્જરા થઈ કર્મક્ષય કરે છે. જેમ જેમ લયતા વિશેષ, તેમ તેમ આત્મજાગૃતિ વર્ધમાન હોય છે, તેમ તેમ કર્મનો અભાવ હોય છે. એટલે દુઃખ કાયાને લાગતું નથી, દુઃખ ઊલટું સુખરૂપ થઈ પડે છે. એ બધામાં વિચાર-જાગૃતિ મુખ્યપણે જોઈએ છે. તે વિચાર-જાગૃતિની ઘણી જ ન્યૂનતા જોવામાં આવે છે; તેથી દશા વર્ધમાન થતી નથી, બળથી કરવા જતાં વધુ વખત રહેતી નથી અને કૃત્રિમ થઈ તે દશા જતી રહે છે. પછી આપણને યાદ આવે છે કે આ દશામાં શાંતિ ઠીક હતી, કારણ તેમાં અલ્પ પણ શાંતિ રહે છે, પણ તે મેળવવામાં પાછું ફરી બળ કરવું પડે છે. તેનું કારણ એ જ કે વિચારશક્તિની બહુ જ ન્યૂનતા. જો વિચાર-જાગૃતિ હોય તો સહેજે ઓછા બળે કે વિના પરિશ્રમે તે દશા વર્ધમાન થાય છે.

ત્યારે હવે આ સ્થળે આપને પ્રશ્ન થશે કે તે વિચાર-જાગૃતિ શેનું નામ કહેવાય? અથવા વિચારવૃત્તિ કેમ સમજાય? તેનો ટૂંક ખુલાસો હું લખી જણાવું છું. કોઈ પણ શબ્દ, વાક્ય, પદ કે કાવ્યનું વિચારથી કરી વિશેષ અર્થનું ફેરવવાપણું; તે એટલે સુધી કે જેમ જેમ તેનો અર્થ વિશેષ થતાં મન નિરાશા પામતું ન હોય, પણ પ્રફુલ્લિત રહેતું હોય, ઉમંગ વધતો હોય, આનંદ આવતો હોય, લયતા થતી હોય; મન, વચન અને કાયા જાણે એક આત્મરસરૂપ થઈ તે જ વિચારમાં પ્રવર્તે જતાં હોય ત્યાં કેવી મજા પડે! કે જેનો સ્વાદ લખવામાં નથી આવતો. એવી જે રસલયલીનતા એકરસરૂપ તે વિચાર-જાગૃતિ આપે છે, તે જ વિચાર-જાગૃતિની બહુ જ ન્યૂનતા છે. માટે તેવા પુરુષોને જ્ઞાનીઓએ સત્સંગમાં રહેવાની આજ્ઞા કરી છે; કારણ કે વિચાર-શક્તિના ઓછા બળને લીધે, સત્સંગ છે તે, તે જીવોને બળરૂપ થઈ પડે છે. તે વિચારશક્તિ માટે વિદ્યાભ્યાસ, ન્યાય, તર્ક, વ્યાકરણ અને શાસ્ત્રાભ્યાસની મુખ્ય જરૂર છે, કે જેથી વિચાર-શક્તિને તે ઉપકારભૂત થાય છે. આ બધું લખાણ કર્યું તે વાત રૂબરૂમાં કરવાની હતી, પણ હાલ તે અનિયમિત હોવાથી કાગળે ચઢાવી છે.

ત્યારે હવે આ સ્થળે એમ પ્રશ્ન થશે કે એવી દશા ન હોય, તેવો સત્સંગ ન હોય, વિચાર કરવામાં વિશેષ ગતિ ચાલતી ન હોય, માટે શું કરવું? કાળ કેમ વ્યતીત કરવો?

તમારો સમાગમ ઇચ્છીએ છીએ, માટે તમે જ ચારિત્રધર્મ અંગીકાર કરી જગતનું કલ્યાણ કરો. એ વગેરે વિચાર આવી જાય તો તેનું સમાધાન પણ આપી દઉં છું કે ચારિત્રધર્મ અંગીકાર કરવારૂપ દશા અત્યારે નથી (ઇચ્છા છે), તેમ બફમમાં રહી ચારિત્ર લૌકિક રીતે લેવું નથી; જગતનું કલ્યાણ કરવા જેવી દશા નથી, તેવો દંભ રાખવો નથી, જગત પ્રત્યે અનુકંપા વર્તે છે. તે ષટ્પદ યથાર્થ સ્વરૂપ જ્યાં સુધી યથાર્થ આત્મવિચારપણે સમજાયું નથી, ત્યાં સુધી કોઈ પણ મતમંડન કે ખંડન થઈ શકે તેમ નથી. તે છપદનું સ્વરૂપ જેમ જેમ વિચારજ્ઞાનની પ્રાધાન્યતા અને ચારિત્રધર્મની શુદ્ધતા, તેમ તેમ અનુભવરૂપે વિશેષ પ્રકારે સમજાય છે. માટે હાલ તો દેશવિરતિપણામાં રહેવાની પણ શક્તિ નથી. માત્ર જ્ઞાનની શુદ્ધતા કરવાની ઇચ્છા રહે છે. આપને પણ હાલ તો ચારિત્રધર્મ ગુણ જે પ્રકારે પ્રગટ થાય તે પ્રકારે વર્તી વિચારદશા જાગ્રત કરવાનો પરિચય રાખશો. જેમ જેમ વિચાર-જાગૃતિ વધશે તેમ તેમ એકાંત સ્થળ, અસંગપણું વિશેષ રુચિકર થશે, નહીં તો પછી કંટાળો આવી જશે. આ સ્વતઃ અનુભવસિદ્ધ લખ્યું છે. આચાર્યગુણસંપન્ન થવા પ્રથમ તેવો દંભ રાખી નામાચાર્યપણું કહેવરાવવા લખ્યું નહોતું, પણ તેવા ગુણો જલદી પ્રદીપ્ત થાય તેમ કરો એ આશયથી લખ્યું હતું. લખવાને માટે આ પત્ર લખતાં આત્માથી ઘણી જ ઊર્મિઓ ઊગી આવતી પણ હવે તો કંટાળો ખાઉં છું. માટે અવસરે બનશે તો રૂબરૂમાં વાત–"

પ. પૂ. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રની અલભ્ય સેવા અનન્યભાવે આરાધનાર પ. પૂ. અંબાલાલભાઈએ પ. પૂ. પ્રભુશ્રીજી ઉપર લખેલા પત્રની આ નકલ આપ સૌ આત્માર્થી જનોને વાચન, મનન અને નિદિધ્યાસન અર્થે મોકલી છે તેનો સદુપયોગ કરી આત્મહિતમાં વૃદ્ધિ કરશોજી. પૂ. શ્રી અંબાલાલભાઈની ગણધરતુલ્ય શક્તિ હતી અને મુનિવરોને પણ માર્ગ-દર્શક નીવડે તેવી તેમની લઘુતા, હિતશિક્ષા અને વિચારણા લક્ષમાં લેવા યોગ્ય છેજી. "ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન" એ કહેવત પ્રમાણે કંઈ પણ સમજાયાનું અભિમાનરૂપ ભૂત વળગે નહીં અને આત્મહિત પરમકૃપાળુદેવને શરણે સાધવાનો પુરુષાર્થ પ્રબળપણે વર્ત્યા કરે એ લક્ષ રાખવાયોગ્ય છેજી. તમારો પત્ર વાંચી સંતોષ થયો છેજી. ભક્તિભાવમાં વૃદ્ધિ કર્યા કરો એ જ ભલામણ છેજી. ભવિષ્યની ચિંતા અટકાવી આજનો દિવસ જીવવા મળ્યો છે તે ઉત્તમ રીતે ગાળીશું તો આવતો દિવસ જીવવા મળશે તો સારી રીતે ગાળવાની શક્તિ વધતી જશે એમ દૃઢતા રાખી પ્રાપ્ત સંજોગોનો ઉત્તમ લાભ પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૫૮૪

અગાસ, તા. ૩-૬-૪૫
વૈશાખ વદ ૮, ૨૦૦૧

તત્ ૐ સત્

શ્લોક — ગણો શાનો મુમુક્ષુ એ, જો કામેચ્છા ન વારતો;
પદે પદે પડે પાછો, સંકલ્પાધીન તે થતો ?

અનાર્ય જેવા ક્ષેત્રે પ્રારબ્ધબળે જવું થાય તો ત્યાંની કુટેવોથી બચતા રહેવા પ્રયત્ન કર્તવ્ય છેજી. નહીં સાંભળેલાં અને નહીં જાણેલાં એવાં પ્રલોભનોમાં પણ સ્મરણ કરતા રહી પરમકૃપાળુદેવનું શરણ ન ચૂકવું એટલી શિખામણ લક્ષમાં રહેશે તો વજ્રના બખ્તર કરતાં

વિશેષ આત્મરક્ષાનું કારણ થશે. કામધંધામાંથી પરવારી વાંચન, ભક્તિ, સ્મરણ વગેરે ધર્મ-કાર્યમાં જોડાઈ જવું. નાટક, સિનેમા, શેરબજાર કે કુદૃષ્ટિના પ્રસંગોથી ચેતતા રહેવું. જો લહેરમાં ચઢી ગયો તો પછી ધર્મને માર્ગે વળવું આ કાળમાં મુશ્કેલ છે. માટે પૈસા કમાવતાં જિંદગી બરબાદ ન થઈ જાય તે એવા શહેરમાં સાચવવાની જરૂર છેજી. લોકપ્રવાહમાં તણાવાને બદલે સત્પુરુષોનાં વચનોમાં વિશેષ વૃત્તિ રહે તેમ વર્તાશે તો પરમપુરુષનું યોગબળ આત્મ-હિતમાં પ્રેરશેજી. મુમુક્ષુતામાં વૃદ્ધિ થાય અને સત્સંગ પ્રત્યે પ્રેમ વધે તેમ વર્તવા સર્વને ભલામણ છેજી. કાલની કોને ખબર છે? આજે બને તેટલું ધર્મકર્તવ્ય અપ્રમત્તપણે કરી લેવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૮૫ અગાસ, તા. ૯-૬-૪૫

આપનું કાર્ડ મળ્યું. "આ સાલ આત્માર્થે ઘણો જ ઓછો પાક છે" લખો છો તો પાક વધે તેવા ભાવમાં રહેવા વિનંતી છેજી. રાત્રિભોજન બને ત્યાં સુધી તજવા યોગ્ય છે. માંદગીને કારણે તેવી છૂટ રાખી હોય તો તેમ વર્તવામાં બાધ નથીજી. અનાહારી પદ (સિદ્ધપદ)ની ભાવના અર્થે એ રાત્રિભોજન ત્યાગવ્રત કર્તવ્ય છેજી. નિરપેક્ષ અવિષમ ઉપયોગ એ પરમ શાંતિનું કારણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૮૬ અગાસ, તા. ૧૬-૬-૪૫

તત્ ૐ સત્ જેઠ સુદ ૫, શનિ, ૨૦૦૧

"આત્માપણે કેવળ આત્મા વર્તે એમ જે ચિંતવન રાખવું તે લક્ષ છે, શાસ્ત્રના પરમાર્થ-રૂપ છે." (૪૩૨)

મંત્રસ્મરણનું વિશેષ આરાધન વિશેષ લાભનું કારણ છેજી. પરમકૃપાળુદેવે જેવો આત્મા જાણ્યો છે, પ્રગટ કર્યો છે, તેવો મારે માનવો છે, પ્રગટ કરવો છે, તે અર્થે જ આ આરા-ધન કરું છું. દેહનાં સુખદુઃખ તો પ્રારબ્ધકર્મને આધારે થાય છે પણ આત્માને શાંતિ અનુ-ભવવા, દેહદૃષ્ટિ ભૂલી જ્ઞાનીના આશ્રયે આત્મદૃષ્ટિ કરવા આ સાધન આરાધું છું એ લક્ષ રાખવા યોગ્ય છેજી. સત્સંગની ભાવના નિરંતર રાખતા રહેવી ઘટે છેજી તથા જેમ બને તેમ વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ કરવી આ કલ્યાણનો રાજમાર્ગ છેજી. આપણા આત્માને આ અસાર, અશરણ, અનિત્ય સંસારમાં પરિભ્રમણ કરતો પાછો વાળી જ્ઞાનીપુરુષના અવલંબને સ્વરૂપની સમજ કરી સ્વરૂપસ્થિતિ થાય તેમ આ મનુષ્યભવમાં કરી લેવું ઘટે છેજી. કાળ દુષમ છે તો પુરુષાર્થ વિકટ કરી તે તે વિઘ્નોને ઓળંગી પરમકૃપાળુદેવને અવલંબને પરમપદની પ્રાપ્તિની ભાવના સદાય જાગ્રત રાખતા રહેવી ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૮૭ અગાસ, તા. ૨૮-૬-૪૫, ગુરુ

कवित—"चिदानंद के'वे अरु सुणवेको सार एहि,
जिन-आणा धार, नरभव ल्हावो लीजीए."

વિ. તમારું કાર્ડ મળ્યું. ગભરાવાનું કંઈ કારણ નથી. આ પરીક્ષામાં જેમાં વધારે માર્ક આવ્યા હોય અને જે પોતાને ઓછી તકલીફે તૈયાર થાય તેમ લાગે તે વિષય લઈ લેવો.

પરીક્ષા એ ધ્યેય નથી. દરદ હોય તો તે જોર ન પકડે કે તેને ટેકો ન મળે તે લક્ષ રાખવો. અભ્યાસની કાળજીમાં શરીર ન બગડે અને શરીરના વિકલ્પોમાં આત્મમાહાત્મ્ય ગૌણ ન થઈ જાય. આત્મા માટે અભ્યાસ આદિ છે. પરમકૃપાળુદેવ પ્રત્યે પ્રેમભાવની વૃદ્ધિ થાય તેમ વર્તવા ભાવના રાખો એ જ હાલ ભલામણ છેજી. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી" (૪૬૦) એ પરમકૃપાળુદેવનું વચન બહુ ઉપયોગી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૮૮ અગાસ, તા. ૨૯-૬-૪૫

બંધ-મોક્ષના માર્ગને સમજી ગમતો લેવો રે,
બંધ-માર્ગ દુઃખે ભર્યો અન્ય સુખ દે એવો રે;
વિષયો ભવભવ ભોગવ્યા, આત્મસુખ નથી ચાખ્યું રે,
અપૂર્વ આત્માનંદથી, કૃતાર્થ જીવન ભાખ્યું રે.
સાંસારિક સુખ-લાલસા ટળતાં, કષાય કંપે રે,
અક્ષય સુખ લીધા વિના, કેમ મુમુક્ષુ જંપે રે ? (પ્રજ્ઞા૦ ૮૯)

"કક્કા કર સદ્‌ગુરુનો સંગ, હૃદય કમળમાં લાગે રંગ;
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દૂર પલાય,
લિંગવાસના હોયે ભંગ, કક્કા, કર સદ્‌ગુરુનો સંગ.
નન્ના નામ (મંત્ર) નાવ છે સાર, જે બેસે તે ઊતરે પાર,
કાળ, કર્મ નહિ લાગે લેશ, છે આનંદી હરિનો (પ્રભુનો) દેશ,
તે પદને પામે નિરધાર, નન્ના નામ (મંત્ર) નાવ છે સાર.
પપ્પા, પુરાણી જે પ્રીત, મેરુ ચળે પણ ન ચળે ચિત્ત,
ધ્રુવની પેરે અવિચળ રહે, સ્તુતિ-નિંદા ને સુખ-દુઃખ સહે,
પરમાત્માને નીરખે નિત્ય, પપ્પા, પુરાણી જે પ્રીત.
બબ્બા, બોલે તેને જાણ, મૂકી દે ને મનની તાણ,
'હું, મારું' હૃદયેથી ટાળ, પરમારથમાં પિંડ જ ગાળ,
દયા દીનતા મનમાં આણ, બબ્બા, બોલે તેને જાણ.
ભભ્ભા, ભજન થકી ભય ટળે, નિશ્ચય કાળ કરાળ ન ગળે,
ભેખ ધરે જો સિદ્ધિ થાય, ભાંડ ભવાયા વૈકુંઠ જાય,
જેવા ભાવ તેવા પ્રભુ ફળે, ભભ્ભા, ભજન થકી ભય ટળે.
મમ્મા, માયા મનની જાણ, 'મારું તારું' ખેંચાતાણ,
સઘળે સરખા આતમરામ, સાંધા-વાંધા મનનું કામ,
માટે મન પ્રભુ-ચરણે આણ, મમ્મા, માયા મનની જાણ.
પ્રથમ પૂરણ પ્રેમશું, વંદું સદ્‌ગુરુ-ચરણ,
તાપ ટળે સંસારના, મટે જન્મ ને મરણ." — પ્રીતમદાસ

"સંસાર-સુખથી રહેજે સદા ઉદાસ રે — સમજી લે,
જેમ મધુકર ન કરે ચંપક-વન-વાસ રે — સમજી લે,
શ્વાસે શ્વાસે સમરણ કરજે સાર રે — સમજી લે,
રખે ધરતો તું દેહતણો અહંકાર રે — સમજી લે."

વિ. તબિયત ઘણા દિવસથી બીમાર રહે છે જાણી ધર્મ-સ્નેહને લીધે ખેદ થયો, પણ પરમકૃપાળુદેવે કહ્યું છે — "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) તેની સ્મૃતિ સર્વ વિષમતા શમાવી દે તેવી છેજી. જ્યાં નિરુપાયતા, ત્યાં સમતા એ જ આધારભૂત છેજી. શ્રી હેમચંદ્ર આચાર્યે લખ્યું છે કે સ્વર્ગ તો દૂર છે અને મોક્ષ તો તેથી પણ દૂર છે, પરંતુ સમતા એ મોક્ષની વાનગી છે. જો જીવ સમભાવ સેવે તો તેને તુર્ત ફાયદો સમજાય છે. "શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્ પ્રકારે અહિયાસવા યોગ્ય છે...." (૪૬૦) આવાં પરમકૃપાળુદેવનાં વચનો આ વખતે આધારભૂત છે.

હમ્મેશાં પુરુષાર્થપરાયણ રહેવું. બીજા હોય ને સ્મરણ વગેરે બોલે તો તેમાં ચિત્ત રાખવું, નહીં તો આપણે વેદનામાં જતી વૃત્તિને વાળીને સ્મરણમાં રોકવી. એમ વારંવાર કાળજીપૂર્વક કર્યા કરવાથી તેવો અભ્યાસ થઈ જશે એટલે સહેજે કોઈ હોય કે ન હોય પણ મન સ્મરણમાં જ લાગેલું રહેશે. જેટલું જીવન બાકી હોય તે પરમકૃપાળુદેવને આશ્રયે ગાળવું છે અને અંતે પરમકૃપાળુદેવને આશ્રયે જ દેહ છોડવો છે એવી દૃઢ ભાવના હૃદયમાં રાખી, તે શરણ જ જીવન છે તેમાં વૃત્તિ રહેવાથી આનંદ અનુભવાશેજી. જ્ઞાનીપુરુષની આજ્ઞા — સહજાત્મસ્વરૂપ પરમગુરુ — મારે માન્ય છે, બીજું કંઈ મારું નથી અને કંઈ કામનું નથી. તે આજ્ઞા સહિત જ દેહ છોડવો છે. આખરે મને એ જ લક્ષ રહો, અંતે બીજું કંઈ માનીશ નહીં. પરમગુરુ શ્રી પરમકૃપાળુદેવની આજ્ઞા — સહજાત્મસ્વરૂપ પરમગુરુ — માં વૃત્તિ રાખી દેહત્યાગ થાય તેને સમાધિમરણ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ કહ્યું છે, માટે એ જ લક્ષ મને ક્ષણે ક્ષણે રહો. જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ જ ખરું વ્રત છે, તેમાં બધું સમાય છે. હિંમત હારવી નહીં. પરમકૃપાળુદેવ પ્રત્યે પરમ પ્રેમ, ઉલ્લાસભાવ અને આશ્રયભાવ વધારતા રહેવા ભલામણ છેજી. જ્યાં સુધી ભાન હોય ત્યાં સુધી સ્મરણમાં ચિત્ત રાખવું, પછીનું પરમકૃપાળુદેવને સોંપવું. જેવો પરમકૃપાળુદેવે આત્મા જાણ્યો છે, પ્રગટ કર્યો છે, અનુભવ્યો છે, તેવો જ મારો આત્મા છે. તે વિષે મારે કંઈ કલ્પના કરવી નથી. મને જે સાધન મળ્યું છે તેનું આરાધન એ જ મારું કામ છે. દેહ સંબંધી, કુટુંબ સંબંધી, દેવલોક આદિ સંબંધી કંઈ વિકલ્પ નહીં કરતાં—

"શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિસ્વરૂપ નથી, અને દેહ–સ્ત્રી–પુત્રાદિ કોઈ પણ મારાં નથી; શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) શ્રીમદ્ રાજચંદ્ર

આ ભાવ ઠેઠ સુધી રાખતા રહેવા ભલામણ છેજી. કોઈ પ્રત્યે રાગ કે કોઈ પ્રત્યે દ્વેષ એ જ બંધનું અને જન્મમરણનું કારણ છે. થયેલા રાગદ્વેષની સર્વ પાસે ક્ષમા ઇચ્છી નિરંતર ઉદાસીનતાનો ક્રમ આરાધવા યોગ્ય છેજી.

"જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ,
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ;
સર્વ કાળનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ,
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા." (૧૦૭)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૮૯** અગાસ, તા. ૩૦-૬-૪૫
જેઠ વદ ૫, ૨૦૦૧

જેને ધર્મની ગરજ જાગી છે, તેનું કલ્યાણ થવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવનું શરણ મને, તમને અખંડ એકધારાએ સદાય રહો. કાયા-વચનથી પૂર્વ પ્રારબ્ધ અનુસાર વર્તવું થાય છતાં ભાવ તો પરમકૃપાળુદેવના ચરણમાં રમ્યા કરે એવી ભાવના અને વર્તના યથાશક્તિ કર્તવ્ય છેજી. નિમિત્તાધીન વૃત્તિ પલટાઈ જાય છે તે હજી જીવની ખામી દર્શાવે છે. બાહ્ય પ્રસંગોની પ્રીતિ સાવ ઘટી જઈ વૈરાગ્ય, ઉદાસીનતા, વિરહવેદના, પ્રેમભક્તિ પરમકૃપાળુદેવ પ્રત્યે વર્ત્યા કરે તેવા પુરુષાર્થની જરૂર છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૯૦** અગાસ, જેઠ વદ ૫, શનિ, ૨૦૦૧

પ. પૂ. કૃપાળુદેવે કહ્યું છે "નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા." (૧૫) આટલું જો સાચા અંતઃકરણે જીવ ધારી રાખે તો તે જીવ પરમકૃપાળુદેવને શરણે આખરે ઘણી શાંતિ પામે, એમ સમજાય છેજી. પરિગ્રહની બળતરા કષાયના પોષણનું કારણ છે. આખું જગત અને વ્યક્તિગત જીવો પરિગ્રહની જાળમાં ફસાઈ માછલાની પેઠે તડફડે છે; અનેક કુતર્કો, અનાચાર અને અશાંતિને અનુભવે છે. તે બળતી હોળીમાંથી સત્પુરુષના આશ્રિત જીવો બચવા પ્રયત્ન નહીં કરે તો બીજા શું કરી શકશે? મનમાં જે લોભવૃત્તિ છે, મૂર્છાભાવ છે, મમત્વ છે તે મંદ ન થાય તો તે મુમુક્ષુતા કેમ ટકે? કંઈ પણ ગ્રહણ કર કર કરવાની વૃત્તિ રહે ત્યાં મૂકવાની વૃત્તિનો અવકાશ કેટલો રહે? તે સર્વ વિચારશોજી. વિચારીને આત્મહિત, અસંક્લેશભાવ પ્રગટે તેમ વર્તવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૯૧** અગાસ, તા. ૧-૭-૪૫
તત્ ૐ સત્ જેઠ વદ ૬, રવિ, ૨૦૦૧

હરિગીત — હે ભાઈ, જરી મનમાં વિચારો કેમ આવ્યો હું અહીં?
ને શું કર્યું મેં કાજ આજે? વ્યર્થ તો જીવ્યો નહીં?
બગડ્યું જરૂર સુધારવું, સુધરેલ બગડે ના હવે,
એ કાળજી ધરો કાળજે, જીવન ગુજારું આ ભવે.

આ કાળના અલ્પ આયુષ્યનાં ઘણાં વર્ષો તો વહી ગયાં તેમાં કંઈ સાર્થક થયું નહીં. હવે જે કંઈ બાકી છે, તેમાં જે પરમકૃપાળુદેવ ઉપર શ્રદ્ધા થઈ છે તે જીવનના અંત સમય સુધી ટકી રહે તો તે મહાપુરુષને આશ્રયે આ દેહ છૂટે અને સ્વરૂપસ્થિતિ અલ્પકાળમાં થાય

તેવું છે. તેઓશ્રીએ પોતે જ લખ્યું છે — "ઈશ્વરેચ્છાથી જે કોઈપણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ અમથકી, એમ પણ અત્ર માનીએ છીએ." (૩૯૮) "પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે, કે જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે." (૬૯૨)

આ ચાતુર્માસમાં શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત બને તો ક્રમપૂર્વક પોતાને અર્થે તમે ત્રણે સાથે વાંચવા-વિચારવાનું રાખશો તો ઘણો આનંદ આવશે. પહેલાં વાંચ્યું હશે તોપણ હવે નવું લાગશે, નવું સમજાશે, વિશેષ લાભનું કારણ થશેજી. બીજા કોઈ આવી ચઢે ને સાંભળે તો હરકત નથી; પણ બીજાને વ્યાખ્યાન આપવાને બદલે પોતાને માટે સ્વાધ્યાય કરીએ છીએ, એ ભાવ સહિત થોડું પણ વિચારપૂર્વક શ્રદ્ધા દૃઢ થાય અને વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ થાય તે લક્ષ રાખી વાચન કર્તવ્ય છેજી. દરરોજ જે વાચન કરો તે પૂરું થયે પત્ર ૭૬૭ નિયમિત રીતે રોજ વાંચી જવાનો કે મુખપાઠ થઈ જાય તો એકાદ જણ બોલી જાય તેમ કર્તવ્ય છેજી. એ સમિતિ કે રહસ્યદૃષ્ટિવાળો પત્ર સમજાયે અંતર્મુખ ઉપયોગ કે આત્મપરિણતિ ઉપર લક્ષ રાખવાની કાળજી રહેશે અને આજ્ઞાનું માહાત્મ્ય સ્પષ્ટ સમજાશે. આપણે સદ્ગુરુકૃપાએ યથાશક્તિ તેમની આજ્ઞા સમજીને ઉપાસવી છે, તેમાં થતા પ્રમાદને ટાળવો છે. તેમાં કોઈનું કામ નથી, પોતાને જાગૃતિ જોઈએ. જેની જેવી ભાવના તેવી તેની સિદ્ધિ વહેલીમોડી થાય છે. "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૯૨** અગાસ, તા. ૬-૭-૪૫

તત્ ૐ સત્ જેઠ વદ ૧૨, શુક્ર, ૨૦૦૧

જીવ જેવાં કારણ મેળવે તેવું કાર્ય થાય છે. અંગ્રેજીમાં એક કહેવત છે – "He paves the way to Hell with good intentions." સારી ઇચ્છાઓરૂપ લાદી વડે નરકનો રસ્તો જીવ રચે છે. એમ કહેવાનું કારણ શું હશે?

"શ્રદ્ધા જ્ઞાન લહ્યું છે તોપણ જો નવિ જાય પમાયો (પ્રમાદ) રે,
વંધ્ય તરુ ઉપમ તે પામે, જો સંયમ ઠાણે ન આયો રે –
ભલે વીર જિનેશ્વર ગાયો રે."

એમ જિનમાર્ગમાં પણ કહ્યું છે, તેનું કારણ એમ સમજાય છે કે જીવને લક્ષ જો સાચો અચૂક રહે તો તે આગળ વધ્યા વિના રહે નહીં; પણ રુચિ જ જો પલટાઈ ગઈ (અનાદિના પ્રવાહમાં વળી ગઈ) અને પરમાર્થ માત્ર વાણીના વિલાસરૂપે રહ્યો તો તેને તે નરકે જતાં બાળે તેટલું તેમાં બળ નથી. બાજરીના રાડા વડે પાડાને ખેતરમાંથી કાઢવા જાય તો તે ન નીકળે, તેમ જીવે શૂન્ય ક્રિયાઓ, શૂન્ય વાતો કરી હોય કે કરતો હોય તે કસોટી પ્રસંગે ટકે નહીં, તેને બચાવે નહીં. "મરણનું આવવું અવશ્ય છે" એમ પરમકૃપાળુદેવે જાગ્રત રહેવા લખ્યું છે, જીવે વાંચ્યું પણ છે, મોઢે બોલે છે, કલમે લખે છે, ભાષણો કરે છે; પણ તેની તૈયારી કેટલી કરે છે તે ઉપરથી તેની સમજણ આંકી શકાય. કહેતા-કહેતી ધર્મ છોડી સાચો ધર્મ ગ્રહણ કર્યો હોય તેણે હવે સાચા જ થવાની જરૂર છે. મરણને વારંવાર સંભારવા યોગ્ય છે.

અત્યારે દેહ છૂટે એવી વેદના જાગી હોય અને નિશ્ચય મનમાં થઈ જાય કે હવે દેહ નહીં રહે, તો અત્યારે જે ફિકર કરે છે, તેની તે જીવ કર્યા કરે ? સમજુ હોય તો જ્ઞાનીપુરુષોએ અનંત કૃપા કરી આપણા ઉદ્ધાર અર્થે જે સત્સાધન યોજ્યું, દર્શાવ્યું, સ્મરણરૂપ અર્પણ કર્યું, તેનો આધાર લઈ બીજી બધી વાતો ભૂલી જાય, તેમાં જ તલ્લીન રહે, બીજાને પણ તેની જ સ્મૃતિ આપવાની ભલામણ વિનંતી કરે, તેને આશ્રયે જ દેહ છોડે. આ પુરુષાર્થ ફળદાયી છે. તેને ભૂલી જવાથી વંધ્ય તરુની ઉપમા અપાય તેવા કે પાણી વલોવવા જેવા પુરુષાર્થમાં જીવ મથી મરે છે. ક્ષણે ક્ષણે આયુષ્ય ઓછું થાય છે અને એક ક્ષણ એવી આવશે કે જ્યારે નહીં બોલાય, નહીં ચલાય, નહીં પાસું ફરે, નહીં પાણી સરખું ગળે ઊતરે; તે વખતે જીવથી શું બનનાર છે ? માટે જ્યાં સુધી શરીર, ઇંદ્રિયો, મન સાવધ છે, પરમાર્થમાં જોડીએ તો આત્મહિતમાં મદદ કરે તેવાં છે, ત્યાં સુધી બનતો પરમાર્થમાર્ગમાં પુરુષાર્થ કરી લેવાનું જ્ઞાનીપુરુષો પોકારી પોકારીને કહેતા આવ્યાં છે. તે સાંભળી જે ચેતશે, આત્મહિત આરાધવા પોતે પોતાનો શત્રુ મટી મિત્ર થવા સત્સાધનમાં મંડી પડશે તે બચશે, નહીં તો લોકનું સ્વરૂપ જ્ઞાનીપુરુષે વર્ણવ્યું તેવું જ દયાજનક છે. "આખો લોક ત્રિવિધ તાપથી બળતો છે, બળ્યા કરે છે" એ બળતરામાં કોઈ ઠેકાણે, કોઈ ખૂણેખાંચરે સુખ શોધ્યે જડે તેમ છે ખરું ? તેનું વિસ્મરણ કરી, સ્મરણના બળથી સત્પુરુષની દશા, તેનું અંતરંગમાં શીતલીભૂતપણું, અડોલ સ્વરૂપ ચિંતવશો તો તે દશા પામવાનું કારણ બનશે. એ જ ભલામણ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૫૯૩** અગાસ, તા. ૧૧-૭-૪૫

તત્ ૐ સત્ અષાડ સુદ ૨, બુધ, ૨૦૦૧

રાગ નહીં પર દેહમાં, સ્વદેહ પણ ના [1]પ્રેય;
ચર્યા બ્રહ્મ સ્વરૂપમાં, બ્રહ્મચર્ય એ [2]શ્રેય.

આપનું કાર્ડ મળ્યું. આપની જિજ્ઞાસાથી સંતોષ થયો છેજી. "યથાપ્રવૃત્તિકરણ સુધી જીવ અનંતી વાર આવ્યો છે" (૫૯૩) એનો ભાવાર્થ સમજવા તમારી ઇચ્છા છે. કર્મગ્રંથને લગતો 'યથાપ્રવૃત્તિકરણ' શબ્દ છે. કેવલજ્ઞાની ભગવાને જીવના સૂક્ષ્મ ભાવો અને કર્મ ઉપર તેની થતી અસર દર્શાવી તે અવસ્થાનું વર્ણન કરેલું છે. સમ્યક્દર્શન પામવાની યોગ્યતાનાં પાંચ કારણો, ક્રમ કે ભૂમિકાઓનું શાસ્ત્રીય નામ લબ્ધિ છે – (૧) ક્ષયોપશમ લબ્ધિ, (૨) વિશુદ્ધિ લબ્ધિ, (૩) દેશના લબ્ધિ, (૪) પ્રાયોગ્ય લબ્ધિ, અને (૫) કરણ લબ્ધિ. છેલ્લી કરણ લબ્ધિના ત્રણ ભેદ છે – (૧) યથાપ્રવૃત્તિ કે અધઃપ્રવૃત્તિ, (૨) અપૂર્વ, (૩) અનિવૃત્તિ.

બહુ જ સંક્ષેપમાં પાંચ લબ્ધિનું સ્વરૂપ શાસ્ત્રાનુસાર લખું છુંજી તે હાલ વાંચી વિચારશો. સમાગમે પૂછવા જેવું જણાય તે પૂછવા ભલામણ છેજી.

(૧) ક્ષયોપશમ લબ્ધિ — વિશુદ્ધભાવના બળે પૂર્વે બાંધેલાં કર્મના રસ(ફલ)માં દરેક સમયે અનંતગણી હાનિ થતી જાય તેવી ભૂમિકા, એટલે કર્મ આકરું ફળ આપતાં હતાં તે મંદ થવા લાગે તેવી યોગ્યતા અને તેવો ભાવરૂપ પુરુષાર્થ.

---

૧. પ્રિય વસ્તુ ૨. કલ્યાણ

(૨) વિશુદ્ધિ લબ્ધિ — ઉપરના પુરુષાર્થના બળે ક્લિષ્ટ – ભારે કર્મ દૂર થતાં શાતા વગેરે શુભ કર્મબંધનું નિમિત્ત બને, પાપ બંધાય તેવા ભાવ પ્રત્યે વિરોધભાવ અથવા અણગમો થાય.

(૩) દેશના લબ્ધિ — યથાર્થ તત્ત્વનો ઉપદેશ, તેવો ઉપદેશ દેનાર આચાર્ય આદિની પ્રાપ્તિ તથા તેમણે ઉપદેશેલા અર્થને ગ્રહણ કરવાની, ધારણ કરવાની અને વિચારણા કરવાની શક્તિની પ્રાપ્તિ થાય તેવી ભૂમિકા.

(૪) પ્રાયોગ્ય લબ્ધિ — પૂર્વે બાંધેલાં કર્મોની સ્થિતિ ટૂંકી કરી કોડાકોડી સાગરોપમથી કંઈક ઓછી કરવી (અંતઃકોડાકોડી) અને નવાં બંધાતાં કર્મો પણ વિશુદ્ધ પરિણામના યોગે અંતઃકોટાકોટી સાગરથી વિશેષ લાંબી સ્થિતિના ન બંધાય તેવી દશા. આ ચાર ભૂમિકા અનંતવાર જીવ પ્રાપ્ત કરી ચૂક્યો છે.

(૫) કરણ લબ્ધિ — અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવ કે એક વાર સમકિત થયા પછી પાછો મિથ્યાદૃષ્ટિ થઈ ગયો હોય તેવો જીવ સમ્યક્દર્શન પામવાની અભિલાષાવાળો, શુભ પરિણામની સન્મુખ થયેલો એક અંતર્મુહૂર્ત (બે ઘડીમાં કંઈક ઓછું) સુધી અનંતગુણા સમયે સમયે વધતાં વિશુદ્ધ પરિણામ કરતો, સંક્લેશ પરિણામ દૂર કરી, કષાયની મંદતા કરતો જતો, વર્ધમાન શુભ પરિણામના બળથી સર્વ કર્મની પ્રકૃતિઓની સ્થિતિ ઘટાડતો, અશુભ પ્રકૃતિઓનો રસ ઘટાડતો, શુભ પ્રકૃતિઓનો રસ વધારતો, ત્રણ કરણ (સમ્યક્દર્શન પ્રાપ્ત કરાવે તેવા આત્મભાવ)ની શરૂઆત કરે છે. આમાં પહેલું કરણ યથાપ્રવૃત્તિકરણ છે. તેની હદ સુધી જીવ અનંતીવાર આવી પાછો ફરી જાય છે, મંદ પુરુષાર્થી થઈ જાય છે કે સમકિત થઈ ગયું એમ માની બેસે છે કે કોઈ અન્ય મતમતાંતરમાં તણાઈ જાય છે; પણ જે કરણલબ્ધિ છેલ્લી છે તેમાં પ્રવેશી આગળ વધતો નથી, વધ્યો નહીં. કરણલબ્ધિ વડે બે ઘડી પૂરી થતાં પહેલાં સમ્યક્ત્વ થાય છે, ત્રણે કરણમાં, (૧) યથાપ્રવૃત્તિકરણ વખતે અલ્પશુદ્ધિ હોય છે. પહેલાં કદી પ્રાપ્ત ન થયાં હોય તેવાં પરિણામ પામવાં તેનું નામ યથાપ્રવૃત્તિકરણ. (૨) અપૂર્વકરણમાં સમયે સમયે શુદ્ધતર પરિણામ થાય છે, પહેલાંના કર્મોની સ્થિતિ ઘણી ઘટતી જાય છે, અનુભાગ (રસ) અશુભ પ્રકૃતિઓનો ઘટતો જાય છે અને ગુણશ્રેણીસંક્રમણ નામની ક્રિયાથી નિર્જરા થયા કરે છે, ગ્રંથિભેદ થાય છે. (૩) અનિવૃત્તિ-કરણમાં એક સમયે સાથે શરૂઆત કરનાર સર્વ જીવોનાં પરિણામ સરખેસરખાં વધ્યા કરે છે—જેમ લશ્કરી કવાયતમાં સાથે પગ બધાના ઊપડે છે તેમ. અપૂર્વકરણમાં થતી નિર્જરાનો ક્રમ ચાલુ રહે છે અને અંતર-કરણ નામની ક્રિયા આ કરણમાં કરે છે. એટલે મિથ્યાત્વ અને અનંતાનુબંધી કર્મોનો ઉદય એક અંતર્મુહૂર્ત સુધી ન આવે તેવો આંતરો પાડી દે છે, અને મિથ્યાત્વના ત્રણ ભેદ કરી નાખે છે, પહેલાં હતું તેવું; મિશ્ર = કંઈક ઘટતા બળવાળું, સાચી શ્રદ્ધાના ભેગવાળું; અને સમકિત મોહનીય = જેના ઉદયમાં સમકિતનો નાશ ન થઈ જાય તેટલા મંદ બળવાળું. આમ થતાં સાચી શ્રદ્ધા, સમ્યક્દર્શનનો ઉદય થાય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૫૯૪ અગાસ, તા. ૧૪-૭-૪૫

માંદગી કરતાં માંદગી પૂરી થવા આવે ત્યારે વિશેષ કાળજી દાક્તરો રાખે છે, તેમ મુમુક્ષુજીવ પણ માંદગીને પ્રસંગે જેમ મરણ સમીપ લાગતું તેમ ત્યાર પછી પણ મરણને સમીપ જ સમજીને ધર્મમાં વૃત્તિ રાખવાનો જ્ઞાનીનો માર્ગ આરાધે છે અને આપણે બધાએ તે જ અંગીકાર કર્તવ્ય છેજી. સમાધિમરણ કરવાની ભાવનાવાળા સર્વેએ ક્ષણેક્ષણ સમાધિભાવને પોષે તેમ વર્તવાનો પુરુષાર્થ કર્તવ્ય છે, કારણ કે મરણ વખતે અત્યારે જે ભાવો કરીએ છીએ તેના રહસ્યભૂત મતિ આવે છે, તો જ્યારથી જાગ્યા ત્યારથી સવાર ગણી છેવટની ઘડીની અત્યારથી જ તૈયારી કરતા રહેનાર વિવેકી ગણવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવનાં વચનો વાંચવા, સાંભળવા, વિચારવા અને સ્મૃતિમાં રાખી તેમાં ઉપયોગ રાખતા રહેવા વિનય વિનંતી છેજી.

---

૫૯૫ અગાસ, તા. ૧૫-૭-૪૫

તમારા બન્ને પત્રો મળ્યા છે. આત્મસુધારણાનો જેનો લક્ષ છે તેણે પોતાના દોષો દેખવા અને દેખીને ટાળવા. પોતાના દોષો ગમે તેના તરફથી જાણવામાં આવે અને તે આપણને દોષો જ છે એમ અંતરમાં લાગે તો દોષો દેખાડનારનો ઉપકાર માનવો. દોષો ન હોય તો કંઈ ફિકર નહીં, પણ દેખાડનાર પ્રત્યે દ્વેષવૃત્તિ ન જાગે તે સાચવવું. તે જ પ્રમાણે રાગવૃત્તિઓની તપાસ પણ રાખવા યોગ્ય છે. ઠેકાણે ઠેકાણે પ્રેમની મૂડી જીવે એવી જગાએ ધીરી છે કે તેમાંથી જીવનું હિત કંઈ પણ સધાય નહીં અને ત્યાંથી વૃત્તિ ખસે નહીં. માટે નિરર્થક વ્યાપાર ઘટાડવાનું બને તો સાર્થક થાય તેવી પ્રવૃત્તિ માટે જીવને અવકાશ મળે. "જ્યાં-ત્યાંથી રાગદ્વેષરહિત થવું એ જ મારો ધર્મ છે" (૩૭) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે, તે અનુભવવા યોગ્ય છેજી.

---

૫૯૬ અગાસ, તા. ૧૭-૭-૪૫

તત્ ૐ સત્ અષાઢ સુદ ૮, મંગળ, ૨૦૦૧

શરીર તો કર્માધીન શાતા-અશાતા પૂર્વે બાંધી છે તે અનુસાર ત્યાં કે અહીં વર્તવાનું છે. જેવી ફરસના હોય તેમ થયા કરે છે. તેને આગળ કરીને જીવ વિચાર કરે તો જીવને શિથિલ થવામાં સહાય મળે છે. દેહને અર્થે આત્માને અનંતવાર ગાળ્યો છે એમ પરમકૃપાળુ-દેવનું કહેવું છે તે શા અર્થે હશે ? તે વિચારશો.

બીજું આપે પત્ર ૯૧૭ સંબંધી ભાવાર્થ શો સંભવે છે એમ પૂછી, તમને જે લાગે છે તે જણાવ્યું છે. તે મુખ્યપણે તો ઠીક છે. બાકી જીવનું કલ્યાણ કેમ થાય છે તે જ્ઞાનીના લક્ષમાં હોય છે. જીવ કલ્પે કે મને આમ થાય તો લાભ થાય, આમ મારા પર સત્પુરુષ કૃપા કરે તો ઠીક વગેરે કલ્પનાએ કંઈ કલ્યાણ નથી. જ્ઞાનીપુરુષનાં 'મન-વચન-કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં' એમ એક પત્રમાં જણાવ્યું છે તેમ તેની દરેક ચેષ્ટામાં કંઈક અદ્‌ભુતતા હોય છે તે વારંવાર વિચાર્યે, જીવની યોગ્યતા થયે સમજાય છે. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પણ કહેતા કે પરમકૃપાળુદેવના યોગમાં તેમની ઇશારતો અને વચનો જે નહીં સમજાયેલાં કે અલ્પાંશે સમજાયેલાં તે હવે સમજાય છે કે તેમને તે દ્વારા

શું સમજાવવું હતું. બીજાને તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે પણ જેને અર્થે તેવી ચેષ્ટાઓ કરેલ હોય તેને કાળે કરીને ઘણા લાભનું કારણ થાય છે ત્યારે તે ફળ ઉપરથી, તે બીજ વાવનારનું માહાત્મ્ય સમજાય છે અને અત્યંત ભક્તિભાવમાં વૃદ્ધિ થાય છે. ટૂંકામાં કલ્પનાથી જીવનું કલ્યાણ નથી. દશા વધારવાની જરૂર છે. ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ દ્વારા દશા વધી શકે માટે તેનો વિશેષ લાભ થતો જાય તેવા પુરુષાર્થમાં રહેવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૯૭ અગાસ, તા. ૨૦-૭-૪૫

તત્ ૐ સત્ અષાઢ સુદ ૧૧, શુક્ર, ૨૦૦૧

આપ વારંવાર પત્રમાં મહામુનિને યોગ્ય ઉપમાઓ આ સેવક પ્રત્યે લખો છો, તે વાંચી તેવા ગુણો પ્રાપ્ત કરવા ભાવના કરવા સિવાય કંઈ મારામાં તેવી યોગ્યતા ન છતાં તમારા ભાવ અખંડિત વર્ધમાન થવાની અંતરંગ ભાવનાથી કંઈ લખતો નથી, પણ આજ તો ખરા દિલથી ખમાવવાનો પ્રસંગ જાણીને કહું છું કે એક સામાન્ય મુમુક્ષુભાઈ ગણી પત્રવ્યવહાર કરવા વિનંતી છેજી. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ તેમ જ પ. ઉ. પ. પૂ. લઘુરાજ સ્વામીજી પ્રત્યે આપને કોઈ રીતે ભક્તિભાવ જાગ્યો જાણી પ્રસન્ન છું, તે કલ્યાણનું કારણ છે એમ પણ સાથે જણાવું છું. સાથે એક અડગ શ્રદ્ધા પરમકૃપાળુદેવમાં રાખવાથી પરમ કલ્યાણ છે, તેમાં કંઈ શંકાનું કારણ નથી તે જણાવવા, પ. પૂ. પ્રભુશ્રીજીએ પૂનામાં ચોમાસું કરેલ તે વખતે પર્યુષણમાં કરેલ બોધમાંથી કંઈક લખું છુંજી—

"સાચ ઉપર વાત આવી છે........જે કોઈ કૃપાળુદેવને માનશે તેને કંઈ નહીં તો દેવગતિ તો છે જ." (જુઓ ઉપદેશામૃત : પૃષ્ઠ ૨૭૧-૨૭૩)

આ બધું જેણે નજરે જોયું છે, તેને તે મરણપર્યંત ભુલાય તેમ નથી. એ જ દૃષ્ટિ મુમુક્ષુએ કર્તવ્ય છેજી.

તા. ક. — પરમકૃપાળુદેવના લખેલા પત્રોની મૂળ નકલો જેટલી પરમશ્રુત પ્રભાવક મંડળમાં સચવાઈ રહેલી તે બધાના ફોટા પડાવી આશ્રમમાં આણ્યા છે. સાત ભાગ વચનામૃત જેવડા છે, તે કૃપાળુદેવનો 'અક્ષરદેહ' દર્શન, શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાયોગ્ય છેજી.

---

૫૯૮ અગાસ, અષાઢ સુદ ૧૨, રવિ, ૨૦૦૧

એક મહાત્માએ પોતાના શિષ્યોને છેલ્લી શિખામણ આપતાં જણાવ્યું છે કે "કોઈનો સંગ કરવા યોગ્ય નથી; છતાં તેમ ન બને તો સત્સંગ કરવો, કેમ કે તે અસંગ થવાની દવા છે. કોઈ પણ ઇચ્છા કરવા યોગ્ય નથી; છતાં ઇચ્છા વિના ન રહેવાતું હોય તો એક મોક્ષની ઇચ્છા કરવી, કેમ કે તે પણ ઇચ્છારહિત થવાની દવા સમાન છે."

"ક્યા ઇચ્છત? ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખમૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ." — શ્રીમદ્ રાજચંદ્ર

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૫૯૯ અગાસ, તા. ૨૫-૭-૪૫

વિ. આપનાં બન્ને કાર્ડ મળ્યાં છે. દરેકને ભારે ગણાતી માંદગીમાં વળતાં પાણી જાણી સંતોષ થયો છેજી. ખરી દવા તો ઉપશમરૂપ જ્ઞાનીપુરુષોએ વખાણી છે, તે સાજા અને માંદા બધાને નિરંતર સેવવા યોગ્ય છે, ડૉક્ટર અને દરદી બન્નેને સરખી ઉપયોગી છેજી. આટલો લક્ષ જો જીવને રહ્યા કરે તો જેને સદ્ગુરુનું શરણ પ્રાપ્ત થયું છે તેને મરણનો પણ ડર ન રહે, સમાધિમરણ પણ થાય. પણ જીવ પથારીમાંથી ઊઠ્યો કે જાણે માંદગી આવી જ નથી કે મરણ આવવાનું જ ન હોય તેમ વર્તે છે. તેનું શું કારણ હશે? તે વિચારી તેનો જે ઉપાય હાથ લાગે તે સદ્ગુરુશરણે આરાધતા રહેવા સર્વે નાનાં-મોટાં ભાઈ-બહેનોને વિનંતી છેજી. ઉપશમસ્વરૂપ એવા જ્ઞાનીપુરુષોએ ઉપશમસ્વરૂપ એવાં શાસ્ત્રો અને બોધ દ્વારા ઉપશમરૂપ દવાને સેવવા જણાવ્યું છે તે જરૂર લક્ષમાં લેવા યોગ્ય છેજી.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૦૦ અગાસ, તા. ૨૭-૭-૪૫

તત્ ॐ સત્ અષાઢ વદ ૩, ૨૦૦૧

आपका उल्लासभाव पूरित पत्र प्राप्त हुआ. समाचार पढ लिया. यह विचार आया : जो आप ऐसा भाव हृदयमें रखकर परमकृपालुदेव ही एक उपास्य हैं. प. पू. प्रभुश्रीजी आदि अनेक उसकी उपासनामें आ जाते हैं. सब भक्ति, वाचन, प्रार्थना, अर्पणभाव इसी लक्षको पोषनेके लिये करता हूँ; संसार-सागर तरनेको वह समर्थ है. मैं उसकी आज्ञा कोई संत द्वारा पाकर उसकी (परमकृपालुदेवकी) ही भक्ति करता हूँ. यह भाव आपकी समझमें आ जाय तो विशेष लाभका कारण समझकर यह समझानेके लिये आपकी भाषामें लिखनेका प्रयत्न किया है. मैं तो मात्र चिट्ठीका चाकर हूँ. आपके पुण्यउदयसे आपको पू.……आदिका समागम हुआ. उनके संबंधसे आप धामण आए. वहाँ परमकृपालुदेवके योगबलसे आपकी श्रद्धा परमकृपालुकी आज्ञाके लिये हुई. जैसा कार्य पू.………ने आपको धामण तक लानेका किया, वैसा कार्य परमकृपालुदेवकी आज्ञा-आरोपणका मेरे द्वारा हुआ. ज्यों ब्राह्मण लग्नकी विधि कर वरकन्याका मिलाप कराता है और वरकन्या परस्पर प्रेममें मग्न होते हैं, त्यों आपकी दृष्टि परमकृपालुदेवके प्रति लग गई, पिछे आपका प्रेम परमकृपालुदेवके प्रति पतिव्रता सतीकी तरह होना योग्य है. मैं तो पामर प्राणी आपके जैसा मुमुक्षु हूँ, साधकदशामें रहना मेरे लिये हितकारी है. आपके लिये भी वह दशा परमकृपालुदेवकी भक्ति ही योग्य है, ज्ञानी तो वह पुरुष है, यह बात आप विचार कर हृदयमें स्थिर करो, यह मेरी आपसे वारंवार प्रार्थना है. अनेक दफे मैं ने पू.……और पू.……से यह काम करनेको सूचना की थी. परंतु यह आपकी समझमें नहीं आया है ऐसा विचार आपका पत्र पढनेसे आया. आपका भाव दिनदिन बढता जाये ऐसी परमकृपालुदेवके प्रति मेरी हार्दिक प्रार्थना है. परंतु मंत्रादि आज्ञा आपको बता देना मेरा कार्य था सो सद्‌गुरु-आज्ञासे किया. अब विशेष योग्यता मेरी नहीं है. मैं जो भक्ति करता हूँ वह आप भी करो. आपको कोई मुश्केली धर्ममार्गमें हो तो पूछो. मेरी समझमें उसका उत्तर देने योग्य होगा सो सरल भावसे दे सकता हूँ. परंतु आप परमकृपालुदेवके संतान हो ऐसा भाव सर्वको हितकारी है. यह परम रक्षकभाव है. उसकी आज्ञा ही सर्व मुमुक्षुओंका जीवन है. प्राणांत प्रसंगमें भी उसकी आज्ञा स्मरणमंत्र नहीं भूलना. अन्य प्रवृत्ति प्रारब्ध आधीन होगी. शरीर और शरीरका कार्य अचेतन है. आत्मा और आत्माका भाव सचेतन है. वह आत्मभाव सद्‌गुरु परमकृपालुदेवके चरणोंमें रहो यही प्रार्थना है.

ॐ शांतिः शांतिः शांतिः

---

૬૦૧ અગાસ, તા. ૩૦-૭-૪૫
તત્ ૐ સત્ અષાઢ વદ ૬, સોમ, ૨૦૦૧

હરિગીત — નિજ દોષને ના દેખતો, પામ્યો પ્રમોદ ન પર ગુણે,
સાંખે પ્રશંસા અન્યની ના, ગાન પોતાનાં સુણે;
કરવા ન પરનાં દુઃખ દૂર ચિંતા ધરી નિઃસ્વાર્થથી,
ચાહે સુખી બનવા છતાં જીવ ચૂકતો પરમાર્થથી.

આપનો ક્ષમાપના પત્ર પ્રાપ્ત થયો. આપે વ્યવહારુ સૂચના પૂ....બાઈ સંબંધી આપી તે સારું થયું. બાકી પરમાર્થદૃષ્ટિએ જોઈએ તો તે જેમ સદ્ગુરુશરણે આવતાં અખંડ સૌભાગ્ય પામ્યાં છે તેમ આપણે બધાં પણ તે પરમપુરુષના શરણ વગર અનાથ હતાં તે તે જ વિશેષણને યોગ્ય બનેલ છીએ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે તમને બધાંને નવી કાણાં વગરની હોડીમાં બેસાર્યા છે. લાંબાટૂંકા હાથ કર્યા વિના બેસી રહેશો તો પેલે પાર પહોંચશો. "ધીંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ– વિમલ જિન દીઠાં લોયણ આજ." "ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે"–શ્રી આનંદઘનજી

પરમકૃપાળુદેવનાં વચનો પવિત્ર હૃદયમાં જ સ્થાન પામે, (વાસ કરે) તેવાં છે. તેથી (૧) વૈરાગ્ય, (૨) ઉપશમ, (૩) ત્યાગ, અને (૪) ભક્તિ દ્વારા હૃદય પવિત્ર કરતા રહેવા ભલામણ છેજી.

(૧) વૈરાગ્ય : પ. પૂ. પ્રભુશ્રીજી બોધમાં કહેતા : વૈરાગ્ય એ આત્મા છે. પરમકૃપાળુદેવ પણ એને પરમાર્થમાર્ગનો ભોમિયો કહે છે. અનાસક્તભાવ કે અસંગભાવ એ આત્માનું જ સ્વરૂપ છે. જેટલું તેમાં તન્મય થવાય તેટલી શાંતિ, આત્મતૃપ્તિ જરૂર અનુભવાય. પર-પદાર્થોથી જે જે આકર્ષણ – ક્ષોભ ઇંદ્રિયો દ્વારા કે મન (કષાયપરિણામ) દ્વારા થાય છે, તે પ્રત્યે ઉદાસીનતા એ વૈરાગ્યનું સ્વરૂપ છે. ક્ષોભકારી પદાર્થોની હાજરી હોવા છતાં, તેની બેદર-કારી રહેવી તે વૈરાગ્ય છે.

(૨) ઉપશમ પણ આત્મા છે. ક્રોધ, માન, માયા, લોભ, કામ આદિ વિકારો જ આત્માના અંતરંગ શત્રુઓ છે. "સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસ(ભ્રાંતિ)થી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે." (૪૯૩) પોતાનું યથાર્થ સ્વરૂપ ક્રોધાદિની હાજરીમાં ટકી શકતું નથી. તેથી મહાપુરુષોએ હૃદયને પવિત્ર રાખવા તે વિકારોનો પરાજય કર્યો છે અને ઉપશમસ્વરૂપ બન્યા છે; તથા ઉપશમસ્વરૂપ એવાં સત્શાસ્ત્રનો પરિચય કરતા રહેવા બોધ કર્યો છે.

(૩) ત્યાગ : "આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય-અધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે." (૫૬૯) આ અંતર્ત્યાગ (ભ્રાંતિ અને ક્ષોભરહિત અસંગદશા) થવા અર્થે બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. આમ બાહ્ય સંબંધ અને પ્રસંગોનો બને તેટલો ત્યાગ અને ન બને તેટલા પ્રત્યે વૈરાગ્યવૃત્તિ રાખી વર્તવું તે જ મુમુક્ષુ-જનોનું કર્તવ્ય છેજી.

(૪) ભક્તિ : એ આત્માની પ્રેમશક્તિને પરમપુરુષમાં લીન કરવારૂપ દશા છે. "પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં સબ આગમભેદ સુઉર બસેં." ઉપર જણાવ્યા પ્રમાણે ત્યાગ – તજવા યોગ્યના અનેક પ્રકાર છે, પણ ભજવા યોગ્ય તો આત્મારૂપ મોક્ષની મૂર્તિ સમાન પરમપુરુષ એક જ છે અને તેમાં અનન્યભાવે લીનતા થતાં સર્વ જગતનું વિસ્મરણ થવા યોગ્ય છેજી. આ પરમપદનો ટૂંકો માર્ગ અનેક મહાપુરુષોએ આચર્યો છે અને આ કાળમાં એ જ પરમ ઉપકારી છે એવો ઉપદેશ કર્યો છે. મને, તમને, સર્વને તે ધ્યેયરૂપ હો એવી ભાવના છેજી.

આ બધાનો સાર "આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું. જેટલા પોતાની પુદ્ગલિક મોટાઈ ઇચ્છે છે તેટલા હલકા સંભવે. પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો; ગુણચિંતન કરો." (૮૫) આ કર્તવ્ય સર્વ અવસ્થામાં યથાશક્તિ કરતા રહેવાની જરૂર છે. સાજા હોઈએ, માંદા હોઈએ, સત્સંગમાં હોઈએ, વિયોગમાં હોઈએ, યુવાવસ્થામાં હોઈએ કે વૃદ્ધાદિ અવસ્થામાં હોઈએ, ગૃહસ્થ અવસ્થામાં હોઈએ કે ત્યાગી અવસ્થામાં હોઈએ તોપણ એ લક્ષ ન ચુકાય તેમ પ્રવર્તવું ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

દોહો — પ્રભુ ગુણગાન પૂજા કરું, વવાય બીજ સચિત્ત;
નંદનવન સમ મમ ઉરે, વર્ષાભક્તિ ખચીત.

Great God, adore I Thee in rhyme,
That virtues Thine may sow their seeds.
Let love for Thee be monsoon-time,
My heart be Eden-garden, needs.

---

૬૦૨ આગાસ, તા. ૧-૮-૪૫
તત્ ૐ સત્ અષાઢ વદ ૮, ૨૦૦૧

પરમકૃપાળુદેવનું અલૌકિક યોગબળ સમજવા તેના પ્રત્યે અનન્ય ભક્તિની જરૂર છે. તે વર્ધમાન કરતા રહેશો તો મને વિશેષ પ્રસન્નતા વર્તશે. વિશેષ શું લખવું? અનેક પ્રકારના પ્રશ્નો ઊઠે, તે બધાનું સમાધાન યોગ્યતા વધ્યે અંતરમાંથી જ મળી રહેશે. "ઊંડા ઊતરો." એકનિષ્ઠાએ આરાધના કર્યા રહો. લૌકિક ભાવોનું વિસ્મરણ કરતા રહેવાનો અભ્યાસ કર્તવ્ય છેજી. સર્વને સવિનય આત્મભાવે નમસ્કાર સ્વીકારવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

"ડુંગરીએ દવ લાગ્યો રે, કહો ક્યાં રે જઈએ?
ગિરધારી, કહો ક્યાં રે જઈએ?"—મીરાંબાઈ

---

૬૦૩ આગાસ, તા. ૬-૮-૪૫
તત્ ૐ સત્ અષાઢ વદ ૧૪, સોમ, ૨૦૦૧

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર."—શ્રીમદ્ રાજચંદ્ર

પરમકૃપાળુદેવની દૃષ્ટિ, માન્યતા તે જ આપણી માન્યતા વિચારી-વિચારીને કર્તવ્ય છેજી. સંસાર પ્રત્યે વૈરાગ્ય; દેહ પ્રત્યે કંઈ પણ મૂર્ચ્છા નહીં; ભોગ પ્રત્યે અનાસક્તિ; એકમાત્ર

સત્સંગ, સત્સંગ અને નિરંતર અવિચ્છિન્ન સત્સંગની ઉપાસના; આટલું આપણા હૃદયમાં વસી જાય તો અસંગપણું, વીતરાગપણું, સંપૂર્ણતા, નિષ્કિંચનતા, નિર્મોહીપણું અને આત્મતૃપ્તિ સહેજે આત્મામાં આવવા લાગે.

"ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર."–શ્રી યશોવિજયજી

બને તો ત્યાં વાંચનમાં પરમકૃપાળુદેવના વચનામૃત ઉપરાંત દિગંબરી "ભગવતી આરાધના" થોડી થોડી વંચાય તો લાભનું કારણ છે. પરમકૃપાળુદેવે જણાવ્યું છે કે એ એક જ પુસ્તક જીવ કાળજી રાખી આત્માર્થે વાંચે તો બીજું કંઈ વાંચવાની જરૂર નથી. પ. પૂ. પ્રભુશ્રીજી પણ બહુ વખાણ કરતા હતા. સમાધિમરણ અર્થે તે છે.

---

૬૦૪ અગાસ, તા. ૧૨-૮-૪૫

તજ તૃષ્ણા ધન આદિ કેરી, મૂક મમતા ટળશે ભવફેરી;
ભવ તરવા ઇચ્છે જો ભાઈ, સંત શિખામણ સુણ સુખદાઈ.
ક્ષણભંગુર સંસાર વિચારો, ભ્રાંતિ વડે ના જાણો સારો;
શોક વિયોગ ભયંકર ભારે, ભવદરિયાથી કોણ ઉગારે?
મજબૂત તારો હાથ ગ્રહીને, કોણ બોધશે કરુણા કરીને?
ઇંદ્રજાલ સમ નિષ્ફળ સહુ તજ, મોક્ષપદે મન રાખી પ્રભુ ભજ. (વૈરાગ્યમણિમાળા)

વિ. આપનું કાર્ડ મળ્યું. જો તમને તમારા પિતા ત્યાં ધામણમાં રહી પવિત્ર જીવન ગાળવા કહે તો તે માન્ય કરવામાં તમારું વિશેષ હિત સમજાય છે. મુંબઈનો મોહ ઘણાને રોગરૂપ, દરિદ્રતારૂપ, વ્યસનની આપત્તિરૂપ નીવડ્યો છે. તેમ છતાં તેવું જ પ્રારબ્ધ બાંધેલું હોય અને મુંબઈનો મોહ ન છૂટે તેમ હોય તો બહુ બહુ સંભાળપૂર્વક, આત્મહિતને વિઘ્ન કરે તેવી પરિસ્થિતિમાં મુકાયો છું એમ નિર્ણય રાખી, બનતાં સુધી તે વાતાવરણમાંથી અમુક અમુક વખત તો જરૂર વર્ષમાં છુટાય તેવું મારે કર્તવ્ય છે એવી ભાવનાપૂર્વક નછૂટકે રહેવું ઘટે છેજી. તમારા પિતા જે સંતોષપૂર્વક જીવન ગાળે છે તે અમુક વર્ષ પછી પણ મારે કર્તવ્ય છે એ લક્ષ ન ચુકાય તેમ કંઈ ને કંઈ પ્રસંગે વિચારતા રહેવા વિનંતી છેજી.

તમે પુછાવેલ પ્રશ્નનો ઉત્તર પરમકૃપાળુદેવના શબ્દોમાં નીચે છે — "દયાની લાગણી વિશેષ રહેવા દેવી હોય તો જ્યાં હિંસાનાં સ્થાનકો છે, તથા તેવા પદાર્થો લેવાય દેવાય છે, ત્યાં રહેવાનો તથા જવા-આવવાનો પ્રસંગ ન થવા દેવો જોઈએ, નહીં તો જેવી જોઈએ તેવી ઘણું કરીને દયાની લાગણી ન રહે; તેમ જ અભક્ષ્ય પર વૃત્તિ ન જવા દેવા અર્થે, અને તે માર્ગની ઉન્નતિના નહીં અનુમોદનને અર્થે, અભક્ષ્યાદિ ગ્રહણ કરનારનો આહારાદિ અર્થે પરિચયં ન રાખવો જોઈએ....કેટલાંક કાર્યો એવાં હોય છે કે તેમાં પ્રત્યક્ષ દોષ હોતો નથી, અથવા તેથી દોષ થતો હોતો નથી, પણ તેને અંગે બીજા દોષોનો આશ્રય હોય છે, તે પણ વિચારવાનને લક્ષ રાખવો ઉચિત છે." (૭૧૭) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૦૫ અગાસ, તા. ૧૨-૮-૪૫
તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૪, રવિ, ૨૦૦૧

અંતરના અંત્યજો અનાદિ કાળથકી અભડાવી રહ્યા,
તેને અળગા કરવા ઉદ્યમ ને ઉપદેશ અનેક કહ્યા;
તોપણ યોગ્ય ભૂમિકાવણ સૌ વહી ગયા વરસાદ સમા,
પકડ કરે જો જીવ તો બહુ છે : એક જ શબ્દ 'અનુપ ક્ષમા.'

વિ. આપનો પત્ર ગઈ કાલે મળ્યો હતો. વાંચી સમાચાર, મૂંઝવણ જાણી. પરમકૃપાળુદેવનું યોગબળ જગતનું કલ્યાણ કરો. પત્રાંક ૭૧૭ અને ૭૧૯ યથાર્થ વિચારશો તો કંઈક ઉકેલ આવશે એમ લાગે છે. કાળ ફરી ગયો છે વગેરે વિકલ્પો બાજુએ રાખી, સત્પુરુષોને જે સનાતન સત્યનો બોધ કરવો છે તે સમજવા વારંવાર વાંચી-વિચારવા ભલામણ છેજી. પોતાની બુદ્ધિને સદ્ગુરુ-બોધને અનુસરનારી પતિવ્રતા કરવી. આ પરમકૃપાળુદેવનાં વચનો વારંવાર વાંચી-વિચારી જે સ્ફુરણા તેના યોગબળે થાય તે હૃદયમાં દૃઢતાપૂર્વક સાચવી રાખવા વિનંતી છેજી. જીવનમાં મુશ્કેલીઓ તો ઘણી આવી છે, આવે છે અને આવવા સંભવ છે; પણ તેવા પ્રસંગે પરમકૃપાળુદેવનાં વચનોનો આશય સમજી, તે દ્વારા ઉકેલ આણી તેના ફરમાન પ્રમાણે આપણી વૃત્તિઓ વાળવી છે એટલી જેની શ્રદ્ધા છે, તે ગમે તેવા પ્રસંગોમાં પણ પરમાર્થને બાધ ન આવે તેમ વર્તી શકે એમ લાગે છે. મહાપુરુષોએ ગહન પ્રશ્નોના ગહન વિચારો કર્યા છે. આપણી તુચ્છ બુદ્ધિ લૌકિક વાતાવરણને મુખ્ય ગણી, કે વિશેષ સૂક્ષ્મપણે વિચારી શકે તેમ નહીં હોવાથી આગળ વિચારવાનું કંઈ નથી એમ માની, મેં વિચારી લીધું છે એમ માને છે, અને અનુકૂળતા તરફ ઢળી જાય છે; પરંતુ સત્પુરુષના બોધને આધારે ગહનતાનો, પરિણામનો, સ્વપર-હિતનો વિચાર કરી પગલું ભરવું ઘટે છે. લોકપ્રવાહની સામે થવું પડે તો શૂરવીર થઈ સહન કરવું; પણ કોઈ પ્રત્યે દ્વેષબુદ્ધિ ન થાય, ખમી ખૂંદવાનું શિખાય અને જ્ઞાનીના માર્ગને અનુસરવા અર્થે વેઠવું પડે છે એ ભાવમાં પણ જે શાંતિ સમાઈ રહી છે તે સમજાય, તેમ વર્તવા ભલામણ છેજી. કોઈ વ્યવહારુ ચોક્કસ સૂચના આ પત્રમાં નથી; પણ જે વાતાવરણમાં તમારી બુદ્ધિ કુંઠિત થઈ છે તેને વિશાળ, વિચારયોગ્ય બનાવે તેવી બાબતો પુષ્કળ છે તે વિચારશો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૦૬ અગાસ, તા. ૧૫-૮-૪૫
તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૭, બુધ, ૨૦૦૧

સહનશીલતા જો સમભાવે ઉરમાં રહી નિરંતર તો,
ઉદય આકરો ગભરાવે નહિ, આનંદે જીવ રહે તરતો;
સદ્ગુરુ શરણે જીવન-મરણનો, નિશ્ચય અડગ રહે જેને,
અસહ્ય કર્મોના ઉત્પાતો, નાટક સમ લાગે તેને.

કર્મઉદયને કારણે જીવની શક્તિ પરાભવ કોઈ કોઈ વખતે પામે છે. પરંતુ જેને સદ્ગુરુનો યોગ થયો છે, જેણે તે પુરુષની યથાશક્તિ પ્રેમભાવથી ઉપાસના કરી છે અને કરે

છે તથા સત્સાધનસંપન્ન જે જીવ છે તેણે તો હવે શૂરવીરપણું ગ્રહીને કર્મની સામે ઝૂઝવું ઘટે છે, કારણકે તેની કુમક(સહાય)માં સદ્‌ગુરુશરણરૂપી દિવ્ય શસ્ત્ર ધારણ કરેલ વિશ્વાસરૂપી કોટી-સુભટ છે. આપને એવા બળવાન ધારીને આપને અચાનક આવી પડેલા કઠણ ઉદયમાં કેમ રહેલું તે યથાશક્તિ જણાવવા કૃપા કરશોજી. "ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી" (૨૧-૩૦) એમ પરમકૃપાળુદેવ લખે છે તેનો જરૂર કંઈક અનુભવ થવો ઘટે છેજી. લાંબી માંદગીમાં છૂટવાના ભાવથી વર્તતા પરમકૃપાળુદેવના આશ્રિત જીવોના પુરુષાર્થ, સહનશીલતા, શ્રદ્ધાની વૃદ્ધિ વગેરે જાણવાની આકાંક્ષા સહજ રહે છેજી. આવા કઠણાઈના કઠણ કાળમાં જે મુમુક્ષુજીવો સદ્‌ગુરુશરણને દઢતાપૂર્વક વધતા પરિણામે વળગી રહે છે, અનુભવ-અમૃતથી ઝરતાં પરમકૃપાળુદેવનાં વચનો વાંચી વિચારી, યથાશક્તિ અમલમાં મૂકી, તેની પરમ ઉપકારક શક્તિ અનુભવી રહ્યા છે તેમને ધન્ય છે! આવા વખતે તે અનુપમ વચનામૃતો પરમ સત્સંગરૂપ નીવડે છે. એક તો મરણ પ્રસંગ ઝઝૂમતો લાગે તેનો વૈરાગ્ય હોય, તથા પરમગુરુનું શરણ જે નિત્યત્વ, અછેદ્યત્વ, અવિનાશી, પરમાનંદ સ્વભાવના આદર્શને ખડું કરતું હોય તેનો લક્ષ બળવાનપણે આધારરૂપ હૃદયમાં દઢ થતો હોય તેવો કાળ, ચોમાસામાં પ્રથમ વરસાદ થાય ત્યારે ખેડૂતને જેમ બધાં કામ કોરે કરી ખેતર ખેડીને વાવવાની લગની લગાડે છે, તેની સાથે સરખાવવા જેવો છે. નિકટનું કોઈ સગું મરી ગયું હોય તોપણ ઉતાવળે ઉતાવળે તેનો અગ્નિસંસ્કાર કરી પોતાના કામ – ખેડ – ઉપર તે ચઢી જાય છે; તેમ જ લખચોરાશીના ફેરામાં ફરતાં ફરતાં અનેક તાપથી તપી રહેલા આ જીવને મનુષ્યભવરૂપ મોસમ આવી લાગી છે. તેમાં સદ્‌ગુરુનું શરણ, બોધ, અને વિશ્વાસ – પકડરૂપ વરસાદ થતાં રૂડા જીવો બધેથી વૃત્તિ વ્યાવૃત્ત કરી – ઉઠાવી લઈ, એક આત્મહિત ત્વરાથી કરી લેવા તત્પર રહે છેજી. આવા યોગમાં જો જીવ મિથ્યાગ્રહ, સ્વચ્છંદ, પ્રમાદ અને ઇન્દ્રિયપરવશતા તજી સત્પુરુષાર્થ આરાધે તો અલ્પકાળમાં પરમશાંતિ અનુભવે. પોતાનું વીર્ય ગોપવ્યા વિના, બને તેટલો સદ્‌ગુરુશરણે પુરુષાર્થ કર્યા કરે, તેને કોઈ પણ ક્લેશનું કારણ રહેતું નથી. જે મહાપુરુષો કૃતકૃત્ય થયા છે, જેમણે આ શરીરથી કરવા યોગ્ય – સાધવાનું સાધી લીધું છે, તે તેની કંઈ દરકાર રાખતા નથી, એ આદર્શ લક્ષમાં રાખી, જ્યાં સુધી આ દેહે કરી આત્મકલ્યાણનું આરાધન કરવાનું બાકી છે ત્યાં સુધી, મુસાફર ગાડાની સંભાળ રાખે છે તેમ, શરીર-સંભાળ પણ કર્તવ્ય છેજી.

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ."—શ્રીમદ્ રાજચંદ્ર

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૦૭ અગાસ, શ્રાવણ સુદ ૧૩, ૨૦૦૧

જ્યાં સુધી જીવને સત્સંગની ભાવના પ્રબળપણે નહીં રહ્યા કરે ત્યાં સુધી જીવને આ સંસારના પદાર્થો ઇષ્ટ-અનિષ્ટપણું કરાવી જરૂર કર્મબંધન કરાવ્યા વિના રહે તેમ નથીજી. જીવની બાહ્યદૃષ્ટિ હોવાથી, સત્સંગનું માહાત્મ્ય જેવું પરમકૃપાળુદેવના હૃદયમાં અહોરાત્ર વસ્યા કરતું હતું તે ક્યાંથી સમજાય? અને ન સમજાય તે વસ્તુની ભાવના પણ થવી મુશ્કેલ

છેજી. તેથી સૌથી સહેલું અને સૌથી પહેલું ધર્મકાર્ય સત્સંગ છેજી એમ દૃઢ કરવા યોગ્ય છેજી. પોતે પોતાની મેળે જીવ ગડમથલ કર્યા કરે અને આથી લાભ છે કે આથી મને હિત છે એમ માન્યા કરે તેથી પોતાની ભૂલો પોતાને સમજાવી મુશ્કેલ છે અને સત્સંગમાં અનેક પ્રકારે કલ્યાણનાં કારણોની ચર્ચા થતી હોય તે જીવના વિચારમાં, લક્ષમાં આવે તો દોષો દેખાય, તે પ્રત્યે તિરસ્કાર થાય, તે દુઃખદાયી સ્પષ્ટ સમજાય અને તેના ઉપાયો શોધવા, સાંભળવા અને ગ્રહણ કરવાના પ્રસંગો પ્રાપ્ત થાય છેજી. તેમ છતાં પુણ્યયોગ વિના સામાન્ય સત્સંગની પ્રાપ્તિ પણ દુર્લભ છેજી. બજારનાં કે ઘરનાં કામને ધક્કો મારી બે ઘડી ત્યાં આહોરમાં જ ભક્તિ થતી હોય, વાચન થતું હોય, તેમાં હાજર રહી પોતાના ભાવ ધર્મધ્યાનરૂપ કરવાનો પુરુષાર્થ નહીં કરીએ તો તેને માટે રેલવેની મુશ્કેલીઓ વેઠી, ધન ખર્ચી, કમાવાનો પ્રસંગ ચૂકી, કામ મૂકી આશ્રમમાં આવી રહેવું કેટલું મુશ્કેલ થઈ પડે તે સહજ સમજાય તેવું છેજી. જેમ સંસારનાં વચનો નાનપણથી કાનમાં પડ પડ થયાં અને તે દ્વારા સંસાર હૃદયમાં ઘર કરી ગયો છે તેમ જ્યારે સત્સંગ યોગે પરમકૃપાળુદેવનાં વચનો કાનમાં પડ પડ થશે અને તેનું અલૌકિકપણું હૃદયમાં વસશે તો મોક્ષમાર્ગ જરૂર હાથ લાગશે, સંસારભય દૂર થશે અને "અબ હમ અમર ભયે ન મરેંગે" એવા ઉદ્‌ગાર સહજ સ્ફુરશેજી. સર્વ ભાઈ-બહેનો ધર્મ-ધ્યાનમાં પ્રવર્તવા પુરુષાર્થ કરતા હશોજી. મનુષ્યભવની દુર્લભતા સમજાય અને તેની સફળતા પરમકૃપાળુદેવના વચનને આશયે સધાય તેમ પ્રવર્તવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૦૮ — અગાસ, તા. ૨૩-૮-૪૫

તત્ ૐ સત્ — શ્રાવણ સુદ ૧૫, ગુરુ, ૨૦૦૧

આપની ભાવના પર્યુષણ પર્વ ઉપર આવવા રહે છે તે જાણ્યું. સંયોગો વિચારીને આગળપાછળ ક્લેશનું કારણ ન બને તેમ કર્તવ્ય છેજી. ધર્મ અર્થે જ જીવવું છે એવો જેનો આદર્શ છે, તે જ્યાં હોય ત્યાં બનતી ધર્મની આરાધના કરે છે. જોકે સત્સંગ નિરંતર ઇચ્છવા યોગ્ય છે, પણ પ્રારબ્ધાધીન તેની પ્રાપ્તિ હોય છે; છતાં પુરુષાર્થ કરતા રહેવાની દરેક મુમુક્ષુ જીવની ફરજ છેજી. શરીરાદિ કારણના યોગે અહીં આવવાનું ન બને તો સદ્‌ગુરુ-શરણે જ્યાં હોઈએ ત્યાં બનતું ધર્મ-ધ્યાન સત્સંગ કરતા રહેવા ભલામણ છેજી.

---

૬૦૯ — અગાસ, તા. ૨૭-૮-૪૫

તત્ ૐ સત્ — શ્રાવણ વદ ૫, સોમ, ૨૦૦૧

વૈરાગ્યના પ્રસંગમાં સત્સંગ, સત્શાસ્ત્ર, ધર્મકથા આદિ વિશેષ હિતનાં કારણ છે: એક તો મોહ મંદ થાય, વૈરાગ્યની વૃદ્ધિ થાય અને આત્મહિતની ગરજ વધતાં ઊંડા ઊતરી મહા-પુરુષનો આશય સમજી તે ગ્રહણ કરવાનો સુયોગ બને છેજી. યમ, નિયમ, તપ, વ્રત વગેરે કરતાં સત્સંગ અને સત્સંગે થયેલી આજ્ઞાની ઉપાસના જીવને વિશેષ જાગૃતિનું કારણ બને છેજી. માટે આત્મહિતની ભાવના વર્ધમાન થાય તેમ યથાશક્તિ કર્તવ્ય છેજી. "આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૧૦ અગાસ, તા. ૨૮-૮-૪૫

જેના હૃદયમાં પરમકૃપાળુદેવની ભક્તિ વસી છે, તે ગમે ત્યાં દેહભાવે હો પણ તેના અંતરના ભાવ તો આ પુણ્યભૂમિમાં જ હોય. પરમકૃપાળુદેવને જાતિસ્મૃતિજ્ઞાન હોવાથી દુકાન ઉપર બેઠા બેઠા પણ તે તે વન, ઉપવન, ગુફા, ધ્યાન-સમાધિનાં સ્થાનો, મહાપુરુષોના સમાગમ, બોધના પ્રસંગો સ્મૃતિમાં લાવતા. આપણને તો આ જ ભવમાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો સમાગમ થયેલો છે. તે પરમકૃપાળુ પ્રભુશ્રીજીના પ્રસંગો જ્યારે તાજા કરવા હોય ત્યારે થાય તેમ છે. તેમણે આપેલો ઉપદેશ, મંત્ર, ભક્તિ આદિ આજ્ઞાઓનું સ્મરણ જગતનું વિસ્મરણ કરાવી દેવા સમર્થ છે, પણ જીવને જેટલી દાઝ હોય તેટલી તેની કાળજી રાખે. કોઈ સાથે વેર બંધાયું હોય કે તકરાર થઈ હોય તે મહિને બાર મહિને ફરી સંભારે તો જેમ ક્રોધ સ્ફુરી આવે છે તેમ પરમ ઉપકારી, પરમ નિઃસ્પૃહી પરમપૂજ્ય પ્રભુશ્રીજીની સ્મૃતિ કરતાં તેમની અનંત દયા, પ્રેમ અને ઉપકારથી અંતઃકરણ ઊભરાઈ આવે, અને પ્રત્યક્ષ સમાગમ થયા જેવો જીવને લાભ થાય. પરમકૃપાળુદેવની ભક્તિ કરનારના આત્માને કંઈ જોખમ થાય તો તેની અમે જવાબદારી લઈએ છીએ, વીમો ઉતરાવીએ છીએ એમ છાતી ઠોકી કહેનાર આપણને આ ભવમાં મળ્યા છે; તો તેમણે દર્શાવેલે માર્ગે નિઃશંકપણે વર્તી આત્મકલ્યાણ સદ્‌ગુરુભક્તિથી સાધી લેવાનું છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૧૧ અગાસ, તા. ૨૯-૮-૪૫

તત્ ૐ સત્ શ્રાવણ વદ ૭, બુધ, ૨૦૦૧

"निव्वाणसेट्ठा जह सव्वधम्मा ।" (सूत्रकृतांग १-६-२४)

"બધાય ધર્મમાં મુક્તિને શ્રેષ્ઠ કહી છે."—શ્રીમદ્ રાજચન્દ્ર

"શૃંગારથી વા શૃંગારમિશ્રિત ધર્મથી સંસારની નિવૃત્તિ નથી; એ જ માટે વૈરાગ્યજળનું આવશ્યકપણું નિઃસંશય ઠરે છે; અને એ જ માટે વીતરાગના વચનમાં અનુરક્ત થવું ઉચિત છે; નિદાન, એથી વિષયરૂપ વિષનો જન્મ નથી. પરિણામે એ જ મુક્તિનું કારણ છે. એ વીતરાગ સર્વજ્ઞના વચનને વિવેકબુદ્ધિથી શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરી હે માનવી! આત્માને ઉજ્જવળ કર." ભાવનાબોધ, શ્રીમદ્ રાજચંદ્ર.

અંતરના જ અનાદિ અંત્યજો, કામાદિક અભડાવી રહ્યા,<br>
તેને અળગા કરવા ઉદ્યમ ને ઉપદેશ અનેક કહ્યા;<br>
તોપણ યોગ્ય ભૂમિકા વણ સૌ વહી ગયા વરસાદ સમા,<br>
પકડ કરે જો જીવ તો બહુ છે એક જ શબ્દ : અનુપ ક્ષમા.

પૂ. .... ને તમારી ભાવના જણાવી. તેમણે વ્યવસ્થાપકોની સલાહથી જણાવ્યું કે અહીં કંઈ અડચણ પડે તેમ નથી, પણ જે કંઈ મળી આવે તેથી ચલાવી લેવું જોઈશે. બીજા કેટલાક મુનિઓથી વ્યવસ્થાપકો કંટાળેલા એટલે અનેક પ્રકારની અણજુગતી માગણીઓથી પરસ્પર અસંતોષ થયેલ તેથી એવી વાત તેમણે કરેલી. તમે તો સત્સંગ અર્થે વૈરાગ્યભાવથી આવો છો તો ગમે તે મુશ્કેલીઓ વેઠી શકો તેમ છો. "વૈરાગ્યમાં વિઘ્ન ઘણાં" એમ એક

કહેવત છે. ઉત્સાહ – આત્મહિતની દાઝ એ જ ખરું ભાથું છે. પત્રાંક ૧૨૮ સંવત્સરી પરનો ત્યાં સર્વ વિચારશોજી. પરમશ્રુત એ જ વૈરાગ્યનું મૂળ કારણ છે.

"વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ." (૧૫)

ઉત્તરાધ્યયન આદિ સૂત્રો અને પરમકૃપાળુદેવનું વચનામૃત વૈરાગ્યઉપશમ-પ્રેરક છેજી. ઠામ ઠામ ભગવાને જીવની યોગ્યતા અર્થે વૈરાગ્યમય બોધ કર્યો છે. જેટલી આપણી કલ્યાણ કરવાની ભૂખ ઊઘડશે તેટલો વૈરાગ્યલાભ જરૂર થશે. તે સિવાય ધર્મલાભ સમજાવો મુશ્કેલ છેજી. જે કંઈ મુખપાઠ કરવાની વૃત્તિ હાલ થાય, તેમાં લોકરંજન, વ્યાખ્યાનમાં ઉપયોગિતા કે માનાદિક અંકુરથી પ્રેરાઈને કંઈ થતું હોય તો તે ઉપશમાવી પરમકૃપાળુદેવ અને તેમનાં વચનોમાં વૃત્તિ વિશેષ રાખવી છે એ લક્ષ દૃઢ કરવાયોગ્ય છેજી. ત્યાગ-વૈરાગ્યને પોષક વાંચન ગમે તે ધર્મમાંથી ગ્રહણ કરવામાં હરકત નથી. આપણા આત્માને ઉલ્લાસ પ્રેરે તેવાં વચન મુખપાઠ કરવા વિશેષ વૃત્તિ થઈ આવે તો પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ આજ્ઞા લઈ તેમ કરવામાં હરકત નથીજી.

ઉપરની વાત સામાન્ય જણાવી છે. બીજું જેમને કંઈ તમારી પાસેથી શીખવું હોય તેને પરમકૃપાળુ તરફ વૃત્તિ થાય તેવી વાતચીતનો પ્રસંગ રહેતો હોય તો વૈરાગ્યપ્રેરક પદો, આલોચના વગેરે શીખે તો સારું. વીસ દોહરા વગેરે ભલે સાંભળે પણ તે જ શીખવા ભાવ તેને થાય તો કહેવું કે એ તો જેને નિત્યનિયમ તરીકે બોલવાના તેમ જ પરમકૃપાળુદેવની આજ્ઞામાં વર્તવાના ભાવ હોય તેને માટે પુછાવીને શીખવા લાયક છે, માત્ર શીખી ગયા કરતાં પરમ-કૃપાળુદેવની આજ્ઞા આધીન વૃત્તિ કરવાથી વિશેષ લાભનું કારણ છે. એવી વાત કરી શકાય તેવાં ન હોય તેમને માટે બહુ ખોટી થવું યોગ્ય હાલ નથીજી. આપણે આપણું સાધન પ્રથમ કરી લેવું છે એ લક્ષ ન ચુકાય અને બીજાં કામ આવી પડે તે કરી છૂટવાં, એ ધોરણે આત્મવૃત્તિ જાગવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક.– પત્રાંક ૬૭૭ લક્ષપૂર્વક વાંચવા વિચારવા વિનંતી છેજી.

## ૬૧૨

અગાસ, તા. ૧૩-૯-૪૫
તત્ ૐ તત્ ભાદરવા સુદ ૭, ૨૦૦૧

વેરા ગામનાં પૂ. જીબા નામનાં એક ડોસી આશ્રમમાં ઘણા વખતથી રહેતાં, વળી તેમના ગામે પણ જતાં; પણ મંદવાડ થાય ત્યારે જરૂર આશ્રમમાં જ આવતાં. એમ બે વાર સખત માંદગી આશ્રમમાં તેમણે ભોગવી હતી અને ત્રીજી વખત ઘણાં માંદાં થયાં ત્યારે પણ આશ્રમમાં આવી ગયાં અને ભાદરવા સુદ બીજની રાત્રે તેમનો દેહ છૂટચો હતો. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે બાળાભોળાનાં કામ થઈ જાય તેવો આ માર્ગ છે. જીવને પકડ થવી જોઈએ. તેમણે સાંભળેલું કે આ આશ્રમમાં દેહ છૂટે તેને સમાધિમરણ થાય એમ પ. પૂ. પ્રભુશ્રીજીએ કહેલું; તેથી તેવી જ તેમની ભાવના રહ્યા કરતી હતી અને અંતે તેમની ભાવના સફળ થઈ છેજી. ગમે ત્યાં રહ્યા છતાં ભાવના તો થઈ શકે છે અને ભાવના પ્રમાણે જ બંધન કે નિર્જરા થાય છેજી. જેને સદ્ગુરુનો યોગ મળ્યો છે, તેના પ્રત્યે પ્રેમ-ભાવના

છે, તે પરમ ઉપકારી પુરુષે અનંત દયા લાવી સ્મરણમંત્ર આદિ ભક્તિનાં સાધન આપેલ છે અને તેનું જે ભાવ-ભક્તિથી આરાધન યથાશક્તિ કરે છે તેનું જરૂર ભલું જ થાય છેજી. માંદગી એ સમજણની ખરી કસોટી છે. જેમ સગાંવહાલાંમાં મરણ આદિ પ્રસંગે વ્યવહારમાં ખાસ પ્રસંગે, નિકટનાં સગાં હોય તે મુશ્કેલી વેઠીને પણ મદદ કરવા તૈયાર થાય છે અને પોતાનાથી થાય તેટલું કરી છૂટે છે, તેમ આપણો નિકટનો સગો તો આત્મા છે, તેને દુઃખના પ્રસંગે આર્ત્તધ્યાન કરી માઠી ગતિમાં જતાં બચાવવો અને ધર્મધ્યાન ભણી વૃત્તિ કરાવવી એ આપણી પહેલી ફરજ છેજી. શરીરનાં કામ, તેની સંભાળ તો બીજાથી બને, પણ ભાવ ધર્મ પ્રત્યે વાળવા, વેદનામાં જતી વૃત્તિ પાછી વાળી સત્પુરુષ, સત્સંગ, સદ્બોધ અને ભક્તિમાં રોકવી અને સદ્ગુરુશરણ મરણપર્યંત જીવને ઉપયોગી છે એ લક્ષ રાખવો તે પોતાના હાથની વાત છે, કોઈ બીજું તે કામ કરી આપે તેમ નથી. માટે પરભવનો ભય રાખી, ધર્મને અચિંત્ય ચિંતામણિ તુલ્ય ગણી તેમાં વારંવાર વૃત્તિ વાળવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી.

મુંબઈવાળા પૂ. મણિભાઈ કલ્યાણજીનાં બહેન પૂ. મણિબહેને પર્યુષણ પહેલાં થોડા દિવસ ઉપર દેહત્યાગ કર્યો, તેમની મોટી ઉંમર હતી છતાં માળા ફેરવવાનો એમણે એટલો બધો અભ્યાસ રાખેલો કે એમને પથારીમાં સૂતાં હોય તોપણ હાથ માળા ફેરવતા હોય તેમ હાલ્યા કરતો. પૂછે કે શું કરો છો, તો માળા ફેરવું છું એમ જવાબ આપતાં. બીજું મારે હવે શું કરવાનું છે ? આટલુંય નહીં કરું ? એમ કહેતાં. શું બોલો છો એમ પૂછે તો મંત્ર બોલી બતાવતાં. આ વાત ગઈ કાલે સાંભળી તે ઉપરથી વિશેષ દૃઢતા થઈ કે જેણે ધર્મની સંભાળ જિંદગી પર્યંત લીધી હોય તેની સંભાળ ધર્મ જરૂર આખર સુધી લે છે ને પરભવમાં પણ તે સાથે આવે છે. આવી અગત્યની વાત જેણે વિસારી મૂકી છે અને ધંધા તથા વ્યવહારમાં જે ગૂંચાઈ રહેલા હોય તે આખરે પસ્તાય છે, તેમણે કંઈ કર્યું હોતું નથી, કંઈ વિશ્વાસનું બળ હોતું નથી તેથી મરણ વખતે નારકી જીવોની પેઠે પોકાર કર્યા કરે છે; દુઃખી થઈ, શોક-સહિત, વાસના સહિત મરી અધોગતિએ જાય છે. આમ ઘણા પ્રસંગો નજરે જોયા છતાં આ જીવ પોતાની અનાદિની વૃત્તિ પલટાવી, જાગ્યા ત્યાંથી પ્રભાત ગણી, ધર્મનું શરણ કેમ દૃઢ નહીં કરતો હોય ? આ મનુષ્યભવ કમાણી કરવા જેવી ખરી મોસમ છે, તેને શામાં વાપરે છે તે પણ જીવને લક્ષમાં રહેતું નથી. 'દેખતભૂલી'માં અનંતકાળ વ્યતીત થયો છતાં તેનો વિશ્વાસ જીવ તજતો નથી, અને જેથી જરૂર આત્માનું હિત થાય, આંટા ઊકલે તેવો જ્ઞાનીનો માર્ગ સમજતો નથી છતાં સમજવા પ્રયત્ન પણ કરતો નથી. બફમમાં ને બફમમાં હું સમજું છું, મને ખબર છે એમ માની ઠગાયા જાય છે. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે ઘરમાં ચોર પેઠા ત્યારે શેઠાણી કહે, કોઈ ખાતર પાડવા પેઠા છે. શેઠ કહે, હું જાણું છું. આ બધી મિલકત લઈ જાય છે, તો કહે, હું જાણું છું. આ ગયા હવે તો કંઈ બૂમ પાડો, ઊઠો, અટકાવો;' તોપણ કહે, હું જાણું છું. આખરે શેઠાણી અકળાયાં અને કહે, "ધૂળ પડી તમારા જાણવામાં. બધું ગયું તોય તમારું 'હું જાણું છું' એ ગાફેલપણું ગયું નહીં." આપણને ચેતાવવા આવાં ગતકડાં ઘણાં તે પરમ ઉપકારી પુરુષ કહેતા, પણ જીવને જાગવાનો પ્રસંગ ન બન્યો; એ જ બતાવે છે કે તે પ્રયત્ન કરે છે પણ કંઈક એવી ભૂલ રહી જાય છે કે જેથી આખર

સરવાળે તેની પાસે કંઈ બચ્યું જણાતું નથી. તે ટાળવા હવે કંઈક ઊંડા ઊતરી વિચારવું ઘટે છે અને આખરની તૈયારી માટે વિશેષ તૈયારી કરી રાખવી ઘટે છે, નહીં તો કૃપાળુદેવ જેવાએ પણ ભય દર્શાવ્યો છે કે માઠું થશે માટે જાગ્રત થાઓ, જાગ્રત થાઓ એવો પ. પૂ. પ્રભુશ્રીજીનો બોધ બધાને ગ્રાહ્ય થાય એવી ભાવનાસહિત પત્ર પૂર્ણ કરું છુંજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૧૩ અગાસ, તા. ૧૩-૯-૪૫

હરિગીત — ટળે છે દશા પરિભ્રમણની ! વિશ્વાસ વિણ વિચાર ક્યાં ?
શ્રવણ વણ ના ઓળખે, ભક્તિ ન ભાવ વિચાર જ્યાં;
'વાતે વડાં ના થાય' મંડી પડ વિનય-ભક્તિ સજી,
જે જાગશે તે છોડશે; કર સમજ, નિજ ડહાપણ તજી.

આપનો પત્ર તથા 'આત્મધર્મ' નામે લખાતું છાપું મળેલ છેજી. આપને વારંવાર તે તરફની વૃત્તિઓના ઉત્તરની ઇચ્છા રહ્યા કરે છે પણ તે બાબત કંઈ લખવું ઠીક લાગતું નથી. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા, 'એક મત આપડી અને ઊભે માર્ગે તાપડી.' તેમ.

"बुरा बुरा सौ को कहे, बुरा न दीसे कोई;
जो घट शोधे आपनो, तो मोसु बुरा न कोई."

એવું આલોચનામાં બોલીએ છીએ તે ભાવના બીજા પ્રવર્તન વખતે પણ સ્મૃતિમાં રહ્યા કરે એ હિતકારી સમજાય છેજી. આપના કાનમાં એ તરફના પર્યાય વારંવાર પડે એટલે લાંબુંચોડું લખાઈ જાય છે, પણ તેવો તમારો કોઈ પ્રત્યે વિરોધભાવ પણ નથી એમ સમજાય છે; છતાં જરૂર વગર કોઈની વાત આપણે શા માટે કરવી ? અને મોક્ષમાર્ગે ચાલવું હોય તેણે તો પરભાવ અને પરવૃત્તિઓથી તો છૂટવું જ ઘટે છેજી. કંઈ વિકલ્પમાં પડવા યોગ્ય નથી. પરમકૃપાળુદેવે 'વચનામૃત'માં શું લખ્યું છે ? "આ કાળમાં આટલું વધ્યું : ઝાઝા મત, ઝાઝા તત્ત્વજ્ઞાનીઓ, ઝાઝી માયા અને ઝાઝો પરિગ્રહવિશેષ." આથી વધારે શું સાંભળવું છે ? પ. પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુ પ્રભુએ જણાવેલું કે "હે મુનિઓ ! બાહ્યદૃષ્ટિ કરશો તો વિક્ષેપનો પાર નથી. ઊંડા ઊતરો." આપણે પણ એ જ લક્ષ રાખ્યા વગર છૂટકો નથીજી. હું તો કંઈ એવું જ્ઞાન ધરાવતો નથી કે બીજાના મનની દશા સમજાય અને તે વિષે હવે નહીં પૂછવા વિનંતી છેજી. આપને કંઈ અસંતોષ જેવું આ પત્રથી લાગે તેની પણ ક્ષમા ઇચ્છું છુંજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૧૪ અગાસ, તા. ૧૪-૯-૪૫

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૭, શુક્ર, ૨૦૦૧

સંસારનું સ્વરૂપ સદ્ગુરુના બોધને અનુસરીને વારંવાર વિચારી, તેનું અસારપણું, અનિત્યપણું, અમોહકપણું હૃદયમાં પ્રગટ ભાસે તેમ કર્તવ્ય છેજી. સત્સંગના વિયોગે પણ વૈરાગ્યની વૃદ્ધિ થાય તો સત્સંગમાં તે દશા વિશેષ ઉપકારી નીવડે છેજી. સત્સંગની ભાવના નિરંતર કર્તવ્ય છેજી. અહીં આવવાનો યોગ તો પ્રારબ્ધ આધીન છે. જ્યાં હોઈએ ત્યાં યોગ્યતાની વૃદ્ધિ થાય તેમ કર્તવ્ય છેજી.

અને તેટલા પુરુષાર્થે અંતરમાં શાંતિ રહે, શીતલીભૂત રહેવાય, બાહ્ય પ્રસંગોમાં સમભાવ ટકી રહે તેમ પ્રવર્તવા વિનંતી છેજી. ભાવ ઉપર કર્મબંધન કે કર્મથી છૂટવાનો આધાર છે તેથી સદ્ગુરુશરણે સંસારી પ્રસંગોમાં ઉદાસીન ભાવ અને પરમકૃપાળુદેવના ગુણો અને પરમ ઉપકાર પ્રત્યે આદરભાવ વધી તલ્લીનતા પ્રાપ્ત થાય તેવી ભાવના, વર્તના હિતકારી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૧૫ અગાસ, તા. ૧૫-૯-૪૫

ૐ ભાદરવા સુદ ૮, ૨૦૦૧

આપે પૂ..... સંબંધી કંઈ લખ્યું છે તેના ઉત્તરમાં જણાવવાનું કે મુમુક્ષુને સંબંધ માત્ર ધર્મ-પ્રયોજન પૂરતો હોય છે, અને તે પણ પોતાને અને પરને હિતરૂપ થતો હોય તો સંબંધ કરવો કે ટકાવવો યોગ્ય છેજી. જો સ્વ-પરને ક્લેશ કે પ્રતિબંધનું કારણ હોય તો તે મોહદયાનો પ્રકાર સંભવે છેજી. પરમકૃપાળુદેવને શરણે જે જીવ જશે તેનું કલ્યાણ સંભવે છે. તે અર્થે મારો કે તમારો પરિચય હશે ત્યાં સુધી હરકત નથી. પણ પરમકૃપાળુદેવનું ઓળખાણ તથા તેની આજ્ઞા પ્રાપ્ત થયા પહેલાં જે જે ઓળખાણ તથા પત્રવ્યવહાર આદિ પ્રસંગો પડે તે પ્રતિબંધનાં કારણ સમજાય છેજી. તે અર્થે હું પણ પત્રવ્યવહાર કરતાં ડરું છું; તો તમારે કેમ વર્તવું તે તમે વિચારી લેશોજી.

મુમુક્ષુજીવને જ્યાંત્યાંથી મુકાવું છે, ત્યાં લફરાં વધારી તે ચિંતાના અગ્નિથી આત્માને વધારે બાળવા કોણ ઇચ્છે? પહેલું જીવનું કર્તવ્ય તો પોતાના આત્માને શાંત કરવાનું છે. પોતે જ હોળીમાં બળતો હોય તે બીજાને શી શીતળતા દેખાડી કે અર્પી શકે? તે વારંવાર વિચારવા યોગ્ય છેજી. પોતાને વસ્તુસ્વરૂપ પ્રાપ્ત થયે બીજા તે તરફ સહજે વળતા હોય તો સ્વપરને અહિતનું કારણ ન બને તેમ મહાપુરુષ વર્તે છે; તે પણ માત્ર એક દયાના કારણે, પણ માનાદિક શત્રુઓ અજાણ્યે પણ ન પોષાય, સ્વાર્થ સાધવાનો લક્ષ કોઈ પણ પ્રકારે અંદર ઘૂસી ન જાય તેની અત્યંત ચોકસી સત્પુરુષો રાખે છે, અને એ પરોપકારનું કામ પણ સર્વોત્તમ તો કદી માનતા નથી. પોતાના જ ગુણની વૃદ્ધિ એ મુખ્ય કર્તવ્ય મહાપુરુષોએ માન્યું છે, અને શ્રી મહાવીરસ્વામી જેવા તીર્થંકરપદ પામનાર પુરુષો પણ સાડા બાર વર્ષ જેટલી મુદત મૌન રહ્યા છે; ત્યાં આપણે ઉપકાર કરવા નીકળી પડીએ તે કેવું વિચિત્ર કાર્ય લેખાય તે વિચારવા અર્થે લખ્યું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૧૬ અગાસ, તા. ૧૫-૯-૪૫

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૮, ૨૦૦૧

પરમકૃપાળુદેવ તથા પ. પૂ. પ્રભુશ્રીજીના ઉપકારની સ્મૃતિ વાંચી હર્ષ થયો છેજી. એ જ આ ભવમાં આપણને આધારરૂપ છેજી. પરમકૃપાળુદેવની કૃપા જ ભવ પાર કરનાર સમર્થ છે. તેમણે પોતે જ અભયદાન આપે તેમ જણાવ્યું છે કે આ કાળમાં કોઈ પણ જીવનું કલ્યાણ થવું હોય તો તે અમ થકી પણ બીજાથી નહીં. આવા પરમ આધારરૂપ સદ્ગુરુની આજ્ઞાએ વર્તવું એ જ આપણા આત્માને મોક્ષ પ્રત્યે પ્રવર્તાવવા તુલ્ય છેજી. બહુ દિવસથી

આપનો સમાગમ થયો નથી તો મોરબી જતાં-આવતાં આશ્રમમાં પધારવા વિનંતી છેજી. પરમકૃપાળુદેવ જેવા સમર્થ પુરુષ પણ મુંબઈ તજી વર્ષમાં એકાદ વખત આ ચરોતરની ભૂમિની ફરસના કરતા, તો આપણને તો પ. પૂ. પ્રભુશ્રીજીની સ્મૃતિ તાજી થવાનું આ ઉત્તમ સ્થાન અનેક રીતે ઉપકારકારક છેજી. નિમિત્તાધીન જીવ છે; ત્યાં સુધી ઉત્તમ નિમિત્તોની ઉપાસના તે આત્મ-ઉપાસનામાં અવલંબનભૂત છે. પરમકૃપાળુદેવનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૧૭ અગાસ, તા. ૧૫-૯-૪૫

મુમુક્ષુજીવે પરમકૃપાળુદેવને શરણે પોતાના ભાવ દિવસે દિવસે વધારે પવિત્ર થાય તેમ કર્તવ્ય છેજી. ભાવ ઉપર જ છૂટવાનું કે બંધાવાનું બને છે. જેને સદ્‌ગુરુનો યોગ થયો છે, સત્સાધનની પ્રાપ્તિ થઈ છે તેણે તો પ્રમાદ તજી હવે નિર્મોહી થવા અર્થે પરમકૃપાળુદેવનાં વચનને આધારે પ્રયત્ન કર્યા જ કરવો ઘટે છેજી. કામથી પરવાર્યા કે અવકાશનો વખત પરમ-કૃપાળુદેવનાં વચનોનું વાંચન, ભક્તિ, સ્મરણ, સદ્‌વિચાર આદિ ભાવનામાં ગાળવાની જરૂર છેજી.

હવે આયુષ્યનો પાછલો વખત ગણાય તે ઘણો કીમતી છે. જેમ પાઘડીનો છેડો કસબ-વાળો હોય છે તેમાં બધી પાઘડીની કિંમત આવી જાય છે, તેમ સમાધિ-મરણ કરવાની જેની ભાવના છે તેણે હવેની બાકીની જિંદગી બહુ મૂલ્યવાન ગણી ક્ષણેક્ષણ સદ્‌ગુરુના લક્ષે વપરાય તેવી દાઝ રાખવી ઘટે છેજી. 'સંતોષી નર સદા સુખી' એ લક્ષ રાખી કષાય મંદ કરવાનું આપણું કર્તવ્ય છે અને તે જ શાંતિનું કારણ, સુખનું કારણ છેજી. જેની નોકરીમાં છો તે ત્યાં રહેતા હોય અને તેની વૃત્તિ કંઈ આત્મહિત કરવા તરફ રહેતી હોય તો પરમ-કૃપાળુદેવની વાત કે 'જીવનકળા'માંથી કંઈ જણાવતા રહેવા ઇચ્છા થાય તો હરકત નથી. સહજે બને તે ખરું. ખેંચી-તાણીને કોઈને કહેવા યોગ્ય નથી. જીવના અનાદિના આગ્રહ એકદમ મુકાવા મુશ્કેલ છે, પણ તેની ભાવના હોય તો તમારી સાથે વખતે આવી ચડે તો પરમકૃપાળુદેવને શરણે તેનું પણ કલ્યાણ થાય એ જ વિનંતિ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૧૮ અગાસ, તા. ૧૫-૯-૪૫

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૮, ૨૦૦૧

આપના પત્રમાં જે કોમળ ભાવો આ પર્યુષણ પર્વ નિમિત્તે પ્રગટ થયાં છે તેવા ભાવો ટકી રહે તો ઘણી ધર્મજાગૃતિ પ્રાપ્ત થાય. પરમકૃપાળુદેવનાં વચનામૃત, સમાધિસોપાન આદિનો સ્વાધ્યાય દરરોજ કંઈ કંઈ પણ કરતા રહેવાનો નિયમ રહે તો તેવા ભાવો ટકે અને વૈરાગ્યની વૃદ્ધિ થઈ અપૂર્વ યોગ પ. પૂ. પ્રભુશ્રીજીનો આ ભવમાં થયો છે તે ફળીભૂત થાય. ક્ષણિક, અસાર વસ્તુઓનો મોહ માત્ર અવિચારને લઈને અનંતકાળથી સેવાતો આવ્યો છે. તે સદ્‌ગુરુના બોધનો પરિચય થયે દૂર અવશ્ય થાય તેવો યોગ ચૂકવા યોગ્ય નથીજી. "જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે."

શાંતિઃ

---

૬૧૯ અગાસ, તા. ૧૭-૯-૪૫

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૦, સોમ, ૨૦૦૧

આપને પૂ...... જેવાં પ્રજ્ઞાવંત સાધ્વીજીનો હાલ સમાગમ છે એ મહાલાભનું કારણ છે. તેમના સમાગમમાં 'ઉપદેશછાયા', 'મોક્ષમાળા' હાલ વાંચવાનું રાખશો તથા એકાંતમાં, જે સાંભળ્યું હોય કે ચર્ચાયું હોય તેને વિચારવાનો વખત રાખશો તો કંઈક ઊંડા ઊતરી અંતર્શાંતિ પામવાની પ્રેરણા થશેજી. "આત્માનુશાસન" વાંચવા તમારા ભાવ છે એમ જાણ્યું છે, પણ તે આગળ ઉપર બની રહેશે. તે પહેલાં આ પ્રાથમિક ભૂમિકા તૈયાર થવી ઘટે છેજી. શ્રીમદ્‌ને જે કંઈ કહેવું છે તે 'મોક્ષમાળા' અને 'આત્મસિદ્ધિ'માં કહી દીધું છે, પણ તેટલો વૈરાગ્ય જીવમાં જાગે અને કષાયનું બળ મંદ પડે તો તેવી વિશુદ્ધિએ તેમાં દર્શાવેલી અચિંત્ય સમૃદ્ધિ સમજાય તેમ છેજી. વૈરાગ્યવંત જીવોનો સમાગમ વૈરાગ્યપ્રેરક બને છે; તો હાલ સત્સમાગમ બને તેટલો ત્યાં કરવો અને અહીં આવવાના પણ ભાવ રાખશો તો પુણ્ય ઉદયે તે પણ બની આવશે અને તે પરમપુરુષના યોગબળનો નમૂનો જોવાનો પ્રસંગ બની આવશે.

હમણાં પર્યુષણમાં શરૂ થયેલ પ. પૂ. પ્રભુશ્રીજીનો બોધ વંચાય છે તેના સારરૂપ નીચેની કડી છે —

હરિગીત — 'ટળે છે દશા પરિભ્રમણની', વિશ્વાસ વિણ વિચાર ક્યાં?
શ્રવણ વણ ના ઓળખે, ભક્તિ ન ભાવ-વિચાર જ્યાં;
'વાતે વડાં ના થાય', મંડી પડ વિનય-ભક્તિ સજી;
જે જાગશે તે છોડશે, કર સમજ નિજ ડહાપણ તજી.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૨૦ અગાસ, તા. ૧૮-૯-૪૫

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૧, મંગળ, ૨૦૦૧

"સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય." — શ્રીમદ્ રાજચંદ્ર

પૂ....એ કારતક સુદ ૧ ના દિવસથી કંદમૂળનો ત્યાગ પોતાને ઠીક લાગવાથી કર્યો છે તે ઠીક કર્યું છે, પણ પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ લઈ જઈ, તેમને કેવા પ્રકારનાં કંદમૂળનો એટલે અમુક જ કંદમૂળ કે છૂટ રાખીને ત્યાગ કરવો છે તથા કેટલી મુદતનો ત્યાગ કરવો છે તથા દવા વગેરે માટે તેમાંની કોઈ ચીજ, આદું વગેરે વાપરવા માંદગીમાં છૂટ રાખવી છે કે નહીં તેનો નિર્ણય પૂછી તેમની જેવી ભાવના હોય તે પ્રમાણે પરમકૃપાળુદેવની સાક્ષીએ તે ધારે તેટલી મુદતનો ત્યાગ સ્વીકારવા જણાવશો. એમ પરમકૃપાળુદેવને નમસ્કાર કરી ભાવવ્રત લે તે યોગ્ય છેજી.

બીજું, તેમને ઉપવાસ કરવા ભાવના છે તો જણાવશો કે તમે દૂધ પીને ઉપવાસ કરવા ધારો છો તે ઉપવાસ નથી; પણ એક વખત ગમે તે ખાઈને ચલાવવું હોય તો તે એકાસણું કહેવાય છે તે બને તો કરશો, નહીં તો બે વખત આહાર લેવાનો નિયમ લેવો હોય તોપણ

કેવાય. બેથી વધારે વખત ખાનાર સંયમ-નિયમરહિત ગણાય છે. આ તપની વિધિ કહી અને તે તપ આજ્ઞા વિના માત્ર લાંઘણ ગણાય છે. તેનું શારીરિક ફળ છે. વિશેષ ધાર્મિક ફળ થવા પરમકૃપાળુદેવની આજ્ઞા લઈ જે કંઈ નિયમ કે વ્રત, તપ કરવા ઇચ્છા થાય તો તેમ નમસ્કારપૂર્વક ભાવના કરી કર્તવ્ય છેજી.

તા. ક. – વ્રત-ઉપવાસ કરતાં પણ સ્મરણ વારંવાર જીભ ઉપર રહ્યા કરે તેમ ટેવ પાડવી વિશેષ હિતકારી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૨૧ અગાસ, તા. ૨૨-૯-૪૫

તત્ ૐ સત્

આપનો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. વૈરાગ્ય ભલે દુઃખથી જાગ્યો હોય તોપણ તેને સત્સંગે પોષણ મળે તો તે વૈરાગ્ય ઘણી ઊંચી દશા સુધી જીવને ભોમિયાનું કામ કરે છે. માર્ગ જ્ઞાનીપુરુષોએ અને પરમકૃપાળુદેવે સ્પષ્ટ જણાવ્યો છે, તે સમજવામાં અને આચરવામાં આડું શું આવે છે તે દરેકે વિચારી સત્સંગયોગે આ મનુષ્યભવ સફળ કરી લેવો ઘટે છેજી. પત્રાંક ૫૦૫ "વીતરાગનો કહેલો...." રોજ ઊંડા ઊતરી વિચારશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૨૨ અગાસ, ભાદરવા વદ ૧, ૨૦૦૧

સત્સંગ એ પહેલામાં પહેલું અને સહેલામાં સહેલું આત્મકલ્યાણનું કારણ છે. વિશેષ શું લખવું? જેનું ભલું થવાનું હશે તેને તે સૂઝશે અને સત્સંગે કોઈ જ્ઞાનીની આજ્ઞા પામી આરાધીને આત્મહિત કરી લેશે તેનો મનુષ્યભવ સફળ થશે એ લક્ષમાં લેવા યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૨૩ અગાસ, તા. ૨૪-૯-૪૫

તત્ ૐ સત્ ભાદરવા વદ ૩, ૨૦૦૧

આપનો ક્ષમાપનાપત્ર મળેલ છેજી. વાંચી આપની પ્રશસ્ત ભાવનાથી પ્રમોદ થયો છેજી. મોક્ષમાર્ગના આપણુ સર્વ મુસાફરો પરમકૃપાળુદેવના શરણરૂપ ગાડીમાં બેઠા છીએ. એકબીજાના વિચારોની, મુશ્કેલીઓની, દુઃખની વાતો કરી દિલ હલકું કરી તે માર્ગમાં ત્વરિત ગતિએ ચલાય તે લક્ષ છેજી. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે બાળાભોળાનું કામ થઈ જશે. જેના હૃદયમાં આડા-અવળા ધર્મને નામે આગ્રહો નથી અને માર્ગ જાણી તે આરાધવાની જ જેને પરમ જિજ્ઞાસા છે તેને આ દુષમકાળમાં પણ પરમકૃપાળુદેવે "ભાખ્યો અત્ર અગોપ્ય" કહી મોક્ષમાર્ગ ખુલ્લો કર્યો છેજી. ચોગાનમાં તરવાર પડી છે, મારે એના બાપની. જે જેટલો પુરુષાર્થ કરશે તેનું તેને જરૂર ફળ મળશે. સાચો અગ્નિ છે તે કામ કર્યા વિના ન રહે. પ. પૂ. પ્રભુશ્રીજીનો બોધ આ પર્યુષણમાં વંચાતો હતો તેમાં વારંવાર આવતું - 'તારી વારે વાર, થઈ જા તૈયાર,' 'સત્પુરુષાર્થ જીવો ત્યાં લગી કરતા રહેજો', 'श्रद्धा परम दुल्लहा' આ ભાવોને આરાધવાની ધગશ જોઈએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૨૪ — અગાસ, તા. ૨૪-૯-૪૫

તત્ ॐ સત્ — ભાદરવા વદ ૩, સોમ, ૨૦૦૧

"कबीरा यह मन लालची, समझे नहीं गमार।
भजन करनको आलसु, खानेको हुशियार॥"

આપનો પત્ર મળ્યો. "દીઠા નહીં નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય?" જિજ્ઞાસુ, વિચારવાન જીવ પોતાના દોષો દેખાતાં, તેને છેદવાનો ઉપાય વિના વિલંબે કરે છેજી. જેટલી મુમુક્ષુતામાં ખામી છે તેટલી તેના ઉપાયમાં મંદતા રહે છેજી. આત્મહિતનાં સર્વ સાધનોમાં મુખ્ય સાધન સત્સંગ છે એવો નિશ્ચય મુમુક્ષુજીવે અવશ્ય કર્તવ્ય છે એમ પરમકૃપાળુદેવ જણાવે છે. પૂર્વકર્મના ઉદયે તથા જીવના શિથિલપણાને લીધે તેનો લાભ લેવાતો નથી, તેમાં પણ શિથિલપણાનો દોષ તો જરૂર જરૂર ટાળવો ઘટે છેજી. "કર્મ ઉદય આવશે એમ મનમાં રહે તો કર્મ ઉદયમાં આવે! બાકી પુરુષાર્થ કરે તો તો કર્મ ટળી જાય. ઉપકાર થાય તે જ લક્ષ રાખવો" (ઉપદેશછાયા) ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૨૫ — અગાસ, તા. ૨૮-૯-૪૫

તત્ ॐ સત્ — ભાદરવા વદ ૮, ૨૦૦૧

તનધર સુખી તો કોઈ ન દીઠા, જે દીઠા તે દુખિયા રે;
સદ્ગુરુ-શરણ ઉપાસે સુખિયા, મોક્ષમાર્ગમાં મુખિયા રે.

શ્રીમદ્ સદ્ગુરુ દેવનો સંભારત આભાર;
હૃદયાનંદ ઉલ્લસાય છે કરી ઉપકાર-વિચાર.

પરમકૃપાળુદેવની તથા તેમનાં વચનોની ઉપાસનારૂપ યજ્ઞ ચાલુ છેજી.

'દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં' (૬૯૨) એ પત્ર વારંવાર વાંચવા-વિચારવા તથા મુખપાઠ કરી રોજ મનનપૂર્વક લક્ષમાં લેવા વિનંતી છેજી. એક મુમુક્ષુને પ્લેગની ગાંઠ નીકળી હતી. તેની ઉમ્મર નાની હતી. તેને એક સ્ત્રી અને બાળકો હતાં, તેમાં તેની વૃત્તિ મોહને લઈને બંધાયેલી, તે જોઈને તેમના સગા એક મુખ્ય મુમુક્ષુ પૂ. શ્રી અંબાલાલ ખંભાતવાળાએ પરમકૃપાળુદેવને તેના સમાધિમરણ અર્થે આ વિઘ્ન દૂર કરવા અને આખર સુધી સદ્ભાવ તથા શરણ ટકી રહેવા યોગ્ય બોધની માગણી-પૂર્વક વિનંતી કરી હતી. તેના ઉત્તરમાં એ પત્ર પરમકૃપાળુદેવની પરમકૃપારૂપ છે તે સર્વ જીવને સમાધિમરણની તૈયારી કરવા પ્રેરે તેવો અને મરણ સુધી સત્પુરુષનો આશ્રય ટકાવી રાખવાનું બળ પ્રેરે તેવો છેજી. સમાધિમરણની ભાવના દરેક મુમુક્ષુજીવે હરરોજ કર્તવ્ય છે અને ક્ષણે ક્ષણે વૃત્તિઓ પ્રત્યે ઉપયોગ રાખી સદ્ગુરુ આજ્ઞામાં આ અમૂલ્ય મનુષ્યભવ જાય તેવી ભાવનાની સતત જાગૃતિ રાખ્યા કરવી ઘટે છેજી. અનેક ભવમાં કુમરણ કરતો આવેલો આ જીવ પરમકૃપાળુદેવને શરણે આટલો ભવ જો સમાધિમરણ કરે તો પછીના કોઈ ભવમાં કુમરણ ન થાય એવો અલભ્ય લાભ આ ભવમાં પ્રાપ્ત કરી લેવો છે એવી જેની દૃઢ માન્યતા થાય તેને તેમ થવા યોગ્ય છેજી. તે અર્થે જ વાચન, વિચાર, સત્સંગ, ભક્તિ, જપ, તપ, યત્ના

આદિ પુરુષાર્થ હાથ ધરવા છે. આ મહાભાગ્યની ભાવના જેની વર્ધમાન થતી જાય તેને સર્વ અનુકૂળતા આવી મળવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૨૬ અગાસ, તા. ૨૯-૯-૪૫

અહો! આ જીવે અનંતકાળથી કયું દુઃખ ભોગવવાનું બાકી રાખ્યું છે?

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત." – શ્રી આત્મસિદ્ધિ

અનંત દુઃખોમાં અત્યારે ભોગવાય છે તેવાં અને તેથી પણ ઘણાં આકરાં દુઃખો જીવે અનેક વાર ભોગવ્યાં છે. પરવશપણે દુઃખો ભોગવવામાં બાકી નથી રહી. માત્ર સ્વવશે એટલે આત્માનું હિત થાય તે અર્થે જીવ દુઃખ ખમવા તૈયાર થતો નથી. જેમાં પોતાનું હિત હોય તે જીવને ગમતું નથી અને આર્ત્તધ્યાન કરી, પોતાને અને પરને દુઃખના બીજરૂપ પાપ બંધાય તેવાં કામમાં જીવની રુચિ છે તે હવે ટળે; અને દુઃખ જેને જ્ઞાનીપુરુષો કહે છે તે સુખ પોતાને સમજાતું હોય તોપણ જ્ઞાનીના ઉપર અનન્ય શ્રદ્ધા રાખી તે તજવું જ છે એવી ભાવના જીવને નિરંતર કર્તવ્ય છેજી. વાલ આદિ અપથ્ય દરદીને પ્રિય હોય તોપણ વૈદ્યે ના કહી હોય તો તેને તજે છે, પીરસેલા પણ ચાખતો નથી; તેમ પૂર્વના પ્રારબ્ધે પ્રાપ્ત થયેલ રાગદ્વેષનાં કારણો ઝેર જેવાં જાણી તે તજવા યોગ્ય છેજી; ન તજી શકાય તોપણ તે પ્રત્યે વૈરાગ્યભાવ લાવી પહેલી તકે તે તજવા છે એવો નિર્ણય હૃદયમાં દૃઢ કર્યાથી જીવને છૂટવાનું બને, બહુ જ હળવાં કર્મ બંધાય અને વીર્ય વિશેષ સ્ફુરે તો સમકિત પ્રાપ્ત થવા જોગ વિચારણા જાગે. સંસારના કોઈ પદાર્થ જીવને પ્રિય કરવા યોગ્ય નથી; અસંગપણું જ વારંવાર સ્મૃતિમાં આણી આ કર્મના ઘેરાવા પ્રત્યે ઉપેક્ષાભાવ, સાવ પરના જાણી દુર્લક્ષરૂપ ભાવ કરવા યોગ્ય છેજી. વેઠ કરવી પડતી હોય તેવી પ્રવૃત્તિ ઇચ્છારહિત કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૨૭ અગાસ, તા. ૪-૧૦-૪૫

"જન જાણીએ, મન માનીએ, નવ કાળ મૂકે કોઈને."

પરમકૃપાળુદેવે લખ્યું છે કે આખો લોક ત્રિવિધ તાપથી બળતો છે, ત્યાં સુખની આશા શી રાખવી? સંસારનું સ્વરૂપ અન્યથા માન્યું હોય તેને આવે પ્રસંગે અતુલ ખેદ પ્રાપ્ત થાય; પણ પરમકૃપાળુદેવના આશ્રિત મુમુક્ષુ કહેવાય છે, સર્વ પ્રકારે મુક્ત થવાની જેની ભાવના છે, તેને તો જે થાય તે ભલું માનવામાં આવે એવી એ પરમપુરુષની શિખામણ શિરસાવંદ્ય સમજાઈ છે તેની કસોટીનો આ પ્રસંગ છે એમ સમજી બીજા બધા સાંસારિક વિકલ્પો મૂકી પરમકૃપાળુદેવના ચરણમાં વૃત્તિ વારંવાર વાળી સ્થિર કરવી ઘટે છે. સત્પુરુષ અને સત્પુરુષનાં અમૃત સમાન વચનો એ જ આવા પ્રસંગે પરમ શરણરૂપ છે. આપે છેવટ સુધી તે ભાઈને સ્મરણની સ્મૃતિ આપવાની ફરજ બજાવી હશે.

"જગત જીવ હે કર્માધીના, અચરજ કછુ ન લીના; અબધુ સદા મગન મન રહેના."

ઉપદેશછાયામાં પરમકૃપાળુદેવે જણાવ્યું છે — "બાપ પોતે પચાસ વર્ષનો હોય અને તેનો છોકરો વીશ વર્ષનો મરી જાય તો તે (બાપ) તેની પાસેના જે દાગીના હોય તે કાઢી લે છે. પુત્રના દેહાંતક્ષણે વૈરાગ્ય હતો તે સ્મશાન-વૈરાગ્ય હતો." વિચારવાન વૈરાગ્યની વૃદ્ધિ કરી સમાધિમરણ માટે જાગ્રત થાય છે. એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૨૮ અગાસ, તા. ૨૮-૧૦-૪૫

"લૌકિક દૃષ્ટિમાં વૈરાગ્ય, ભક્તિ નથી. પુરુષાર્થ કરવાનું અને સત્ય રીતે વર્તવાનું ધ્યાનમાં જ આવતું નથી, તે તો લોકો ભૂલી જ ગયા છે." — ઉપદેશછાયા

તીર્થશિરોમણિ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ સ્ટેશનથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક દાસાનુદાસ બાળ ગોવર્ધન બ્રહ્મચારીના જયસદ્ગુરુ વંદન સ્વીકારવા તથા ગયા કાળથી આ વર્ષ અંતપર્યંત આપ કોઈને હું કષાયાદિ દોષનું નિમિત્ત બન્યો હોઉં કે કોઈ જ્ઞાનીની દૃષ્ટિએ અવિનયાદિ અપરાધમાં આવ્યો હોઉં તેવા સર્વ દોષોની ઉત્તમ ક્ષમા આપવા આપને તથા આપના સમાગમી જીવો પ્રત્યે નમ્ર વિનંતી છેજી. જગતના ભાવો સર્વ ભૂલવા યોગ્ય છેજી.

દુષમકાળમાં ધર્મકાર્ય વિઘ્નો વિના સિદ્ધ થાય તેવો સંભવ નથી. વિકટ પુરુષાર્થ વિના વિકટ વિઘ્નો ઓળંગી શકાય નહીં. મનુષ્યભવમાં જીવ ધારે તે કરી શકે એવા યોગ છે. ભાવની વૃદ્ધિ કરતા રહેવા વિનંતી છેજી. "यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी" જેવી જેની ભાવના છે તેને તેવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તો સદ્ગુરુ શરણે ઉત્તમોત્તમ ભાવના કેમ ન રાખવી? "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે." આવું મંત્રસ્વરૂપ વાક્ય પરમકૃપાળુ શ્રીમદે તેમના ત્યાગી શિષ્ય શ્રીમદ્ લઘુરાજ સ્વામીને સ્વહસ્તે લખી આપેલું. તેના આરાધનથી તેમણે સમ્યક્દશા આદિની વૃદ્ધિ કરી કલ્યાણ સાધ્યું છેજી.

"અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન.
સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક."

જો સદ્ગુરુની આજ્ઞા આ જીવે કોઈ ભવમાં ઉઠાવી હોત તો આ જન્મ ન હોત, મોક્ષે ગયો હોત. આ વાત બહુ ઊંડા ઊતરીને વારંવાર વિચારવા જેવી છે અને બીજાં બધાં સાધનો કરતાં જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ જ મોક્ષનો ઉપાય છે એ હૃદયમાં દૃઢ કરી લેવા યોગ્ય છેજી. પરમ કૃપા કરીને પરમકૃપાળુદેવે જણાવ્યું છે — "બીજું કાંઈ શોધ મા; માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે." (૭૬) કેવી સુંદર રહસ્યપૂર્ણ વાત છે!

---

૬૨૯ અગાસ, આસો વદિ ૧૪, ૨૦૦૧

આપનો પત્ર મળ્યો હતો. આપે કંઈ હાર સંબંધી પુછાવેલું. આપને ભક્તિભાવમાં વૃદ્ધિ થાય તેમ લાગતું હોય તો જે રકમ કે હાર મોકલવો હોય તે આશ્રમના કારભારીના નામે

મોકલશો. તમારી ઇચ્છા હોય તો શ્રી વવાણિયા પરમકૃપાળુદેવના જન્મસ્થાન ઉપર 'જન્મભુવન' નામે મોટું ભવ્ય મંદિર બંધાવ્યું છે ત્યાંથી પરમકૃપાળુદેવનાં પુત્રીએ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના મોટી સાઇઝના ચિત્રપટની માગણી કરી છે તે અર્થે, જો તમો એકલા ધારો છો તે રકમ મોકલો તો સારો એન્લાર્જ્ડ ફોટો ત્યાં મોકલી શકાય. તે હાર કરતાં વિશેષ લાભદાયક સમજાય છે. પછી જેવી આપની ભાવના. બીજું, ત્યાં મુમુક્ષુઓ બહારથી આવે તેને માટે એક ધર્મશાળા પણ બાંધનાર છે. તેમાં કંઈ રકમ મોકલવા વિચાર હોય તો મોકલવા યોગ્ય છે. આ તો એક લોભ છોડવા અર્થે બાહ્ય વસ્તુનો ત્યાગ કરવા મહાપુરુષોએ કહ્યું છે તે વિષે વાત થઈ. પરંતુ પરમકૃપાળુદેવે જે કરવાનું કહ્યું છે "રાગદ્વેષથી રહિત થવું એ જ મારો ધર્મ છે" (૩૭) તેમાં વિશેષ લક્ષ રાખી, આપણું વર્તન તેના માર્ગને વગોવે તેવું તો ન જ હોય. અન્યાયમાર્ગ તજી શરીર, ધન, કુટુંબ કે કીર્તિ આદિનો મોહ મંદ કરી તેની આજ્ઞાને અનુસરી વર્તીશું તે જરૂર આત્માનું કલ્યાણ કરશે, તેના આશીર્વાદને પાત્ર થઈશું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૩૦ અગાસ, તા. ૪-૧૧-૪૫

તત્ ૐ સત્ આસો વદ ૦)), રવિ, ૨૦૦૧

કવાલી – હરે જે મુજ ચિદ્‌વૃત્તિ, કરાવી વિશ્વ-વિસ્મૃતિ,
હરિ તેથી ખરા મારા, શ્રીમદ્ ગુરુ રાજજી પ્યારા.
અનંતા ભવ તણાં પાપો, કૃપાળુ આપ મુજ કાપો,
ભુલાવી સર્વ વિકલ્પો, ચરણમાં ચિત્ત સ્થિર સ્થાપો.

પરમકૃપાળુદેવના પુસ્તકમાંથી અવકાશે રોજ નિયમિત વાંચવાનો ક્રમ રાખ્યો હશે. બહુ ન વંચાય તો ફિકર નહીં, પણ જે વંચાય તેના વિચાર રાત-દિવસ રહ્યા કરે તેવી ટેવ પાડવા વિનંતી છેજી. સત્સંગે કેમ વાંચવું, વિચારવું તે સંબંધી માહિતી મળશે માટે તે સત્સંગની ભાવના વર્ધમાન કર્તવ્ય છેજી.

ધર્મનું મૂળ સત્શ્રદ્ધા છે, તે કેવી હોવી જોઈએ તેનું ટૂંકું સ્વરૂપ પ. પૂ. પ્રભુશ્રીજીના સં. ૧૯૯૦ના દિવાળીના વ્યાખ્યાનના સારરૂપ નીચે લખ્યું છેજી —

"અમે અમારું હૃદય જણાવીએ છીએ........સત્યને વળગ્યા છે તેથી તેમનું કલ્યાણ થવાનું છે." (જુઓ ઉપદેશામૃત : પૃષ્ઠ ૩૫૮)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૩૧ અગાસ, તા. ૭-૧૧-૪૫

ૐ કાર્તિક સુદ ૨, બુધ, ૨૦૦૨

આપણું ધાર્યું કાંઈ બનતું નથી તેમ છતાં ઉત્તમ ભાવના રાખ્યા કરવી યોગ્ય છેજી. અત્યારે જે બની રહ્યું છે તે આપણી પૂર્વની ભાવનાનું ફળ છે. તે શુભાશુભ ભાવનાં બીજ પરિપક્વ બની ફળ આપી રહ્યાં છે તે તો ભોગવ્યા વિના છૂટકો નથી. આમંત્રણ જેને આપ્યું હોય તેને સત્કારપૂર્વક જમાડી વિદાય કરવા યોગ્ય છે. પણ હવે આ દુર્લભ મનુષ્યભવમાં સદ્‌ગુરુનો જે જીવોને યોગ થયો છે, પ્રભુભક્તિ જેના હૃદયમાં પ્રગટી છે તેવા જીવોએ પૂર્વકર્મ ભોગવતાં

કાયર નહીં બનતાં શૂરવીર બની જે શુભાશુભ કર્મફળ આવે તે ધીરજ, સમતા ધરી પ્રભુપ્રસાદી ગણી પ્રસન્નતાપૂર્વક સહન કરી લેવાં. પણ તેમાં આસક્તિ કે અણગમો ન થાય તેટલી સમજણ ટકાવી રાખવી ઘટે છેજી. બહુ આકરાં કર્મ આવ્યાં છે; હું હેરાન થાઉં છું, દુઃખી છું, ક્યારે આથી છૂટીશ? એવા ભાવને આર્ત્તધ્યાન કહે છે. તેથી પાછાં તેવાં જ કર્મ બંધાવાનો સંભવ છે. તે વખતે આયુષ્ય બંધાય તો ઢોર-પશુ-પંખીનું બંધાય. માટે જવા માટે જ કર્મ આવ્યાં છે ગણી આપણો બોજો હલકો થાય છે તેમ માની આવેલાં કર્મ પ્રભુસ્મરણપૂર્વક શૂરવીરપણે ભોગવી લેવાં. ભોગવાઈ ગયેલાં પાછાં આવનાર નથી. આથી બમણાં કર્મ ઉદયમાં આવે તોપણ હિંમત હારવી નથી. તે બધાં નાશવંત છે. આજ સુધીમાં કેટલાંય આવ્યાં ને ગયાં. તેથી ગભરાવા જેવું નથી. આત્મા અજર અમર અવિનાશી શાશ્વત છે. તેનો વાંકો વાળ થનાર નથી. સદ્ગુરુકૃપાથી જે મંત્ર મળ્યો છે, તેમાં વૃત્તિ રાખી ખમી ખૂંદવાનો અભ્યાસ પાડી દેવાથી સમાધિમરણની તૈયારી થાય છે.

સમાધિમરણવત દિવાળી પર્વ ઉપર અહીં ગુરુકૃપાથી સારી રીતે ઊજવાયું હતુંજી. જ્ઞાનપંચમીને દિવસે શ્રી આત્મસિદ્ધિ આદિમાં દર્શાવેલ છ પદ "આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ; છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ–" વારંવાર વિચારી માન્ય થાય, પરિણામ પામે તેમ ઊંડા ઊતરવું યોગ્ય છેજી. પછી કાર્તિક પૂર્ણિમા ઉપર પરમકૃપાળુદેવનો જન્મમહોત્સવદિન આવે છે. તે તે પર્વો ઉપર ભક્તિભાવ વધે તેવા ભાવ રાખવા હિતકારી છેજી. આપણું પામરપણું અને પ્રભુનું અચિંત્ય માહાત્મ્ય હૃદયમાં સદોદિત જાગ્રત રાખી તે તરણતારણ પ્રભુનો આશ્રય મરણની છેલ્લી પળ સુધી રાખી તેને આશ્રયે દેહ છોડનાર સ્વરૂપસ્થિતિ પામે છે; તે ભૂલવા યોગ્ય નથીજી. એ જ વિનંતી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૩૨ અગાસ, તા. ૨૫-૧૧-૪૫

જે શ્રદ્ધાએ જગ તજી, ગયો સદ્ગુરુ-દ્વાર;
તે શ્રદ્ધાએ પાળીએ, ગુણ ગુરુ-આજ્ઞાધાર.

**ભાવાર્થ** — સંસારથી વૈરાગ્યવૃત્તિ પ્રાપ્ત થતાં જે ભાવના તથા શ્રદ્ધાએ કરીને સર્વસંગ ત્યાગ કરી જીવ સદ્ગુરુશરણે ગયો છે, તે જ ભાવ-શ્રદ્ધા સહિત સદ્ગુરુની આજ્ઞાના આધારે મૂળ ગુણ ઉત્તર ગુણ (રાગદ્વેષના ત્યાગરૂપ અને તેનાં સાધનરૂપ સદ્વિચાર સદ્વર્તન) પાળવા શ્રી આચાર્ય શિખામણ દે છેજી.

"વચનામૃત વીતરાગનાં, પરમશાંત રસમૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ." — શ્રીમદ્ રાજચંદ્ર

**ભાવાર્થ** — નિઃસ્પૃહી પુરુષો પરમાર્થ પામીને કોઈના પરમાર્થ અર્થે અને પોતાના પ્રારબ્ધકર્મની નિર્જરા અર્થે જે કંઈ વચનો અકષાયપણે કહે છે તે સાંભળનાર ભવ્ય જિજ્ઞાસુને પરમશાંતરસનું પાન કરવામાં સર્વોત્તમ નિમિત્ત છેજી. ત્રિવિધ તાપથી બળતા આ લોકમાં બચવાનો ઉપાય તે પરમપુરુષનાં શાંતિપ્રેરક વચનો જ છે, તેથી જીવ અકષાયભાવ ઓળખીને આરાધે છે અને અનંત દુઃખરૂપ જલથી ભરેલા સંસારને તરી જાય છે. "આત્મભ્રાંતિ સમ

રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ; ગુરુઆજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.'' આવો અપૂર્વ લાભ પરમપુરુષની કૃપાદૃષ્ટિથી પ્રાપ્ત થાય છે. પરંતુ જેની વિપરીત દૃષ્ટિ છે, જે હીનપુરુષાર્થી છે, જ્ઞાનીનું કહેલું આરાધવા તત્પર નથી, ઇંદ્રિયો તથા કષાયના જે ગુલામ છે તેમને ત્યાગ, વૈરાગ્ય અને આજ્ઞા ઉપાસવાની પ્રેરણારૂપ વચનો પોતાની સંસારભાવનાથી પ્રતિકૂળ હોવાથી ગમતાં નથી; તેનો વિરોધ કે ઉપેક્ષા કરે છે. તેથી તેવા જીવોને મદદરૂપ તે વચનો થતાં નથી. ઊલટા ત્યાંથી દૂર ભાગી સંસારમાં વિશેષ ઊંડા ઊતરે છે એ દયા ઊપજાવે તેવું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૩૩ અગાસ

જો કોઈ વાત વારંવાર ચિત્તમાં આવી તેનો નિર્ણય થવાને બદલે મૂંઝવણ થતી હોય તો ફરી પૂછવામાં હરકત નથીજી. અમુક બાબતો તો જીવને યોગ્યતાએ જ સમજાય છે; છતાં સામાન્ય અર્થાદિ તો વારંવાર પરમકૃપાળુદેવનું વચનામૃત વાંચનારને આપોઆપ સમજાવા યોગ્ય છેજી. તેમ છતાં કેટલાક કર્મગ્રંથ આદિ શાસ્ત્રના શબ્દો વારંવાર ફરી વપરાતા નથી, તેથી ન પણ સમજાય તો ફરી પૂછશો તો તેમાં કંઈ હરકત નથીજી.

''રસ'' શબ્દ સંબંધી તમારો ગયા પત્રમાં પ્રશ્ન હતો. કષાયનો રસ મંદ પડે એ આદિ સંબંધી પૂછ્યું હતું. જેમ બકરીનું દૂધ, ગાયનું, ભેંસનું આદિ દૂધ કહેવાય પણ રસમાં (ગળપણમાં) ઓછાવત્તી હોય છે; તેમ કષાય ક્રોધાદિ કહેવાય છે તેમાં પણ ઉદય વખતે એકસરખો રસ-અનુભવ હોતો નથી, પણ મંદ (ઓછો), તીવ્ર (વિશેષ) હોય છે. અનંતાનુબંધી આદિમાંની એક જ જાતિના ક્રોધ આદિમાં મંદ, તીવ્રતારૂપ ભેદ હોય છે, તે રસભેદ કહેવાય છે. એક જ જાતનાં કેરી આદિ ફળમાં જેમ રસ-ફેર જણાય છે તેમ કર્મના ઉદય વખતે જે જીવને સુખ-દુઃખ કે સંક્લેશ ભાવ થાય છે તે કર્મના ઉદયનો રસ કહેવાય છે; તેને અનુભાગ, અનુભાવ, રસ, વેદના, વેદન પણ કહે છે.

બીજો પ્રશ્ન કંઈ વિશુદ્ધિ સ્થાનક સંબંધી હતો. જીવને કલ્યાણ કરવાની ભાવના થાય ત્યારથી ઇચ્છાયોગની શરૂઆત ગણાય છે, અને જેમ જેમ દોષો-કષાયાદિ દૂર થતા જાય તેમ તેમ જીવમાં જે નિર્મળતા પ્રાપ્ત થાય છે તેને સંયમની પ્રાપ્તિ અને સંયમની નિર્મળતા અતિચાર આદિ ટાળતાં થાય છે તેને સંયમની વિશુદ્ધિ કહે છે. એ વિશુદ્ધિનો ક્રમ બતાવતાં જ્ઞાનીપુરુષોએ જેમ ગુણસ્થાનકના ક્રમની રચના ૧૪ વિભાગરૂપે કરી છે તેમ સંયમના ભેદો અસંખ્યાત થાય છે. તે બધાં સંયમવિશુદ્ધિ સ્થાનકો કહેવાય છે.

---

૬૩૪ અગાસ, માગસર સુદ ૧૫

ધીરજ, શાંતિ, સમતા, સમભાવ, સમાધિમરણ આદિ શબ્દો પ. પૂ. પ્રભુશ્રીજી પહેલાં તત્ત્વજ્ઞાનમાં લાલ રંગની પેન્સિલથી લખી આપતા, તે તમારા તત્ત્વજ્ઞાનમાં પણ હશે; તે એકાંતમાં વિચારી જાગ્રત રહેવાની જરૂર છેજી. જગત તો નિમિત્તોથી ભરેલું છે, તેમાં તણાઈ ન જવા માટે આપણને સ્મરણ આપ્યું છે તેની ટેવ પાડી મૂકવાની જરૂર છે. બંગડીઓ

વેચનાર ગધેડીને "માજી, બે'ન, ડોશીમા" વગેરે શબ્દોથી અભ્યાસ પાડવા વિષે પૂ. પ્રભુશ્રીજી વાત કહેતા તે સાંભળી હશે. હવે તે બધો બોધ અમલમાં મૂકવા ત્વરાથી પુરુષાર્થ કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૩૫ આસ્તા, તા. ૧૧-૧-૪૬

આપે જે આશંકા જણાવેલી છે કે દિગંબર ગ્રંથોમાં એમ જણાવે છે કે તીર્થંકરો જે સમયે દીક્ષા ગ્રહણ કરે તે જ સમયે શ્રી કેવળજ્ઞાન પામે, તો શ્રી ઋષભદેવ અને શ્રી મહાવીર સ્વામીને ઘણાં વર્ષ પુરુષાર્થ કર્યે કેવળજ્ઞાન થયું છે તેનું કેમ? તેના ઉત્તરમાં જણાવવાનું કે મેં જે દિગંબર મહાપુરાણ વાંચ્યું છે તેમાં કોઈ તીર્થંકરને દીક્ષા વખતે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હોય તેવું વાંચ્યું નથી. શ્વેતાંબર ગ્રંથોમાં તો નથી જ. કોઈ આચાર્યનો અભિપ્રાય કે અભિપ્રાય વિશેષનું લખાણ આપના જોવામાં આવ્યું હશે, તેથી એવી આશંકા સંભવે છે. આપે શામાં વાંચ્યું છે તે જો જણાવવામાં હરકત ન હોય તો જાણવા જિજ્ઞાસા છેજી. બે ઘડીનો સમય બતાવ્યો છે એમ આપ દર્શાવો છો, તે કોઈ અપેક્ષાએ ઘટે છે, કારણ કે જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે ક્ષપકશ્રેણી માંડયે બે ઘડીમાં કેવળજ્ઞાન થાય છે; પણ દીક્ષા લીધી કે તુર્ત કેવળજ્ઞાન થાય જ, એવો નિયમ ઘટતો નથી. જો કંઈ સમજફેર હોય અને મનઃપર્યયજ્ઞાનની વાત હોય તો તે બનવા યોગ્ય છે, કારણ કે સંયમ ધારણ કરે છે ત્યારથી શ્રી તીર્થંકરને એટલી આત્મનિર્મળતા વર્તે છે કે મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થાય છે એટલે ચાર જ્ઞાનના ધર્તા તે બને છે. પણ કેવળજ્ઞાન તો શુક્લધ્યાન દ્વારા ક્ષપકશ્રેણી પૂર્ણ કર્યે પ્રગટે છે એવો લગભગ બધા આચાર્યોનો અભિપ્રાય જાણવામાં છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૩૬ અગાસ, તા. ૩-૨-૪૬

ભૂતકાળ અને આખા જગતનું વિસ્મરણ કર્યા વિના છૂટકો નથી. જે કરવા યોગ્ય છે તેનું વિસ્મરણ ક્ષણવાર પણ ન થાય, અને જે થાય છે તેનું કારણ વિચારી દૂર થાય તેમ કરવા યોગ્ય છેજી. હવે તો અંતર્વૃત્તિ તરફ લક્ષ રાખી ક્લેશનાં કારણ નિર્મૂળ કરવાં ઘટે છે. અણસમજણ, અસહિષ્ણુતા, પરના તરફ દૃષ્ટિ અને શાતાની ઇચ્છા એ જીવને મુખ્ય ક્લેશનાં કારણ પ્રથમ વિચારવા યોગ્ય છેજી.

"વિરહ પણ સુખદાયક માનવો. અતિશય વિરહાગ્નિ હરિ પ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. તેમ જ સંતના વિરહાનુભવનું ફળ પણ તે જ છે." (૨૪૬)

વિચારવા અર્થે આ પરમકૃપાળુદેવનાં વચનો લખ્યાં છે તે વાંચી પરમકૃપાળુદેવ પ્રત્યે વિશેષ પ્રીતિ-ભક્તિ વધે તેમ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૩૭ અગાસ, તા. ૮-૨-૪૬

તત્ ૐ સત્ મહા સુદ ૭, ૨૦૦૨

"દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષ-વિષાદ કરતા નથી, તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે એમ સમજો. એ જ દૃષ્ટિ કર્તવ્ય છે." (૮૩૩)

વિ. લખવા, વાંચવાનો અભ્યાસ વધારશો તો ઝટ લખતાં અને ઝટ વાંચતાં સારું આવડશેજી. મોટી ઉમ્મરે થાક અને કંટાળો તેમાં વિઘ્ન કરે છે, પણ પુરુષાર્થ સર્વનો ઉપાય છે. સત્સંગની ભાવના રહે છે તે હિતકારી છે. વૈરાગ્ય-ઉપશમ વધે અને નિવૃત્તિનો વખત પરમકૃપાળુદેવનાં વચનો વાંચવા-વિચારવામાં જાય તથા મુખપાઠ કરી તેમાં વૃત્તિ રમ્યા કરે એમ કરવાથી નિર્જરા થાય છેજી. પરમકૃપાળુદેવનો ઉપકાર વારંવાર યાદ કરી, તેની કરુણાથી જ આ દુષમકાળમાં સાચો માર્ગ હાથ લાગ્યો છે તથા મનુષ્યભવ સફળ થવાનું કારણ બન્યું છે એમ વિચારી પરમકૃપાળુદેવ, તેમનાં વચનો અને તેના આશ્રિતો પ્રત્યે પ્રમોદભાવ આવ્યે જીવને ઉલ્લાસ આવે છે, તેનું શરણ દૃઢ કરી તેને આશ્રયે આ દેહ છૂટે એવી ભાવના થયા કરે છે. આવા — ધર્મ પ્રત્યે ઉપેક્ષા થાય (ગરજ ન જાગે) તેવા — કાળમાં પરમકૃપાળુદેવની વીતરાગ મુદ્રા, તેમનાં વચનામૃત અને તેના માર્ગની જિજ્ઞાસા એ જીવને પરમહિતનું કારણ છેજી. છૂટવાની સાચી જિજ્ઞાસા દિવસે દિવસે વધતી જાય તેવા વૈરાગ્ય-ઉપશમ ભાવમાં દિવસો ગળાય તેમ પ્રવર્તવા ભલામણ છેજી. અનંતકાળથી આ જીવ પરભાવ અને પરવૃત્તિમાં દુઃખી દુઃખી થઈ રહ્યો છે, તેના ઉપર દયા લાવી પરમશાંતિપદની ભાવના, આતમભાવના ભાવવાથી આત્માને શાંતિ પ્રાપ્ત થશેજી. પરમકૃપાળુદેવને જેટલી મુશ્કેલી માર્ગ પ્રગટ કરવામાં વેઠવી પડી છે, તેટલી આપણને વેઠવી પડે તેમ નથી. માત્ર તેમનું કહેલું માન્ય કરી, સમજીને શમાઈ જવાનું કામ છેજી. જે થાય તે સહન કરવું, પણ આત્માને નકામા વિકલ્પો કરી ક્લેશિત કરવા યોગ્ય નથીજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૩૮ અગાસ, તા. ૮-૨-૪૬
ૐ મહા સુદ ૭, ૨૦૦૨

દોહરો — આત્મા શુદ્ધ જ જાણિયો, અશુચિ શરીરથી ભિન્ન;
તો શાસ્ત્રો સૌ જાણિયાં, શાશ્વત સુખે લીન.

આપે પ્રશ્ન પૂછેલ છે કે ઉદાસીનતા અને વીતરાગતા એક જ છે કે ફેર છે? તેના ઉત્તરમાં જણાવવાનું કે તે શબ્દ વાપરનારના અભિપ્રાય ઉપર મુખ્ય આધાર છે. જ્યાં જે અર્થમાં વપરાયો હોય ત્યાં તે અર્થમાં સમજવો ઘટે છેજી. સરખી દિશાના બન્ને શબ્દો છે, છતાં શબ્દ જુદા હોવાથી અર્થ પણ જુદો થાય છે. "અધ્યાત્મની જનની અકેલી ઉદાસીનતા" "સુખકી સહેલી અકેલી ઉદાસીનતા." આમ બન્ને વાક્યોમાં કંઈક અર્થફેર સમજાય છે. ઉદાસીનતાને, આત્મ-ભાવ પ્રગટવાનું કારણ પ્રથમ વાક્યમાં કહ્યું છે, "જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે." એટલે સમ્યક્દર્શનમાં પણ વૈરાગ્યની પેઠે ઉદાસીનતા (સમતા) હોય છે. મિથ્યા સમતાને નામે તેને કોઈ અપેક્ષાએ સમ્યક્દર્શન થવામાં વિઘ્નભૂત પણ કહી છે. યથાર્થ ઉદાસીનતા (સમતા) સમ્યક્દર્શન થયે ગણવા યોગ્ય છે, અને સમ્યક્દર્શનનું સ્વરૂપ પણ વીતરાગતા છે. વીતરાગતા એટલે રાગ દૂર થયેલી દશા; કાં તો અનંતાનુબંધી સંબંધી રાગ કે સંપૂર્ણ રાગ દૂર થયે પ્રગટેલી દશા વીતરાગતા કહેવાય છે. વીતરાગતા હોય ત્યાં રાગ ન હોય, રાગના કારણો દૂર કર્યાં હોય. ઉદાસીનતામાં રાગ આદિનાં કારણો હોવા છતાં સત્પુરુષના બોધે કે પોતાની પ્રગટ થયેલી દશાએ રાગદ્વેષમાં તણાઈ ન જવાય તેવી દશા સમજવાયોગ્ય છેજી. પરમકૃપાળુદેવે ઉદાસીનતાનો

અર્થ સમતા સમજાવેલો છે અને સમ્યક્‌દર્શનને વીતરાગતા પણ વર્ણવેલ છેજી. તે અપેક્ષા સમજાયે હિત છેજી. "અસંગ અપ્રતિબંધ એ શાંતિનો માર્ગ છે." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૩૯ અગાસ, તા. ૧૧-૨-૪૬

વિ. આપનો પત્ર ગઈ કાલે મળ્યો. કૉલેજ કોર્સમાં કંઈ આત્મહિત હોય એમ સમજાતું નથી, છતાં અભ્યાસકાળમાં કંઈ નિર્દોષપણું જીવ સાચવી શકે તો ભવિષ્યની કારકિર્દી અર્થે તે પાયારૂપ છે. 'પાસ કોર્સ સહેલાઈથી થઈ શકશે એમ લાગે છે' એમ ફિલસૂફી માટે તમે લખો છો, તે પાસ કોર્સ ગુજરાતી સહિત કરવા ધારો તો તેમાં બહુ ગૂંથાવું ન પડે એમ બને કે કેમ? કારણ બાર માસ સુધી જે માથાકૂટ કરી હશે તે પરીક્ષા પૂરતી હોવાથી વ્યર્થ જવા સંભવ છે. અને બે વર્ષનો કોર્સ એક વર્ષમાં કરવાની ચિંતા માથે ચઢી બેસવા સંભવ છે. એકેયમાં આત્મહિત તો નથી સધાવાનું તો જેમાં શારીરિક, માનસિક બોજો ઓછો રહે તેમ પ્રવર્તવા યોગ્ય છે.

તમારી સાથે ફિલસૂફીના પ્રોફેસર અહીં આવેલા તેણે કૉલેજમાં હતા ત્યારે તેમના પ્રોફેસર તનસુખરામને પૂછેલું કે આ ભણતરથી ઈશ્વરપ્રાપ્તિ થશે? તેમણે કહ્યું કે અમે તો પ્રોફેશનલ પ્રોફેસર છીએ. હવે તે પ્રોફેસર થયા છે અને તે જ રીતે ભણાવે છે. જે ભણતરમાં ગ્રંથો ભણવામાં આવે છે તે મુખ્ય તો આત્મજ્ઞાનીના હોતા નથી; નથી તેવા ભણાવનારા. હવે તેવી બાબતોમાં તણાઈ મરવા જેવું નથી. ઓલામાંથી ચૂલામાં પડવા જેવું છે. સાહિત્યમાં શૃંગારથી કંટાળેલો, તત્ત્વજ્ઞાનના શુષ્કપણાથી કંટાળવા સંભવ છે; વખતે તેમાં રસ પડે, તર્કની શ્રેણિએ વૃત્તિ ચઢે, તો "માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઈ છે, તેણે પોતે કંઈ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય." (૨૧૧) એવી પરમકૃપાળુદેવની ગૂઢ શિક્ષાને કંઈક પ્રતિકૂળ માર્ગે ચઢે, તે જીવનું ભક્તિમાર્ગમાં દૃઢ ચિત્ત થવું મુશ્કેલ સમજાય છે. બધામાં સંસ્કાર એ મુખ્ય છે. આ તો બાહ્ય નિમિત્તોની વાત કરી અને જ્યાં સુધી જીવ નિમિત્તાધીન થઈ જાય છે ત્યાં સુધી નિમિત્તોની ગણતરી કરવી રહી.

એક વાત એ પણ છે કે કષાય અને નોકષાય(હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ)માં મોટો ફેર છે. સાહિત્યમાં નોકષાયનું ખેંચાણ છે; ફિલસૂફીમાં કષાયનું, તેમાં પણ અનંતાનુબંધી કષાયનું પ્રબળપણું વિચારતાં લાગશે. એકમાં ભક્તિભાવમાં કામ આવે તેવી લાગણીઓ જીવ ધારે તો પોષી શકે; એકમાં વિચારશક્તિ – જ્ઞાનમાર્ગમાં કામ આવે તેવી તૈયારી કરી શકે. જેને પરમકૃપાળુદેવનું શરણ સમજાયું હોય તેને હવે જ્ઞાનમાર્ગનો વિકટ પંથ લેવાની જરૂર નથી. કારણ કે તે સર્વ મતોના તત્ત્વોની તુલનાનું અત્યંત વિકટ કાર્ય, તે મહાપુરુષે કર્યું છે, તેના ઉપર વિશ્વાસ રાખી તેની ભક્તિથી પોતાના દોષો દૂર કરવા તેને પગલે પગલે ચાલવારૂપ ભક્તિમાર્ગ આ કાળમાં સુલભ છે. પરમકૃપાળુદેવ જેવાને જે મુશ્કેલી પડી છે, તે માર્ગે તેવા શક્તિવાળા જીવને પણ હજી તેવી જ મુશ્કેલી વેઠ્યે તે માર્ગ પ્રાપ્ત થવો સંભવે છે. પરંતુ આપણા જેવા અશક્ત અને અબુધ જીવોને તેના શરણે ભક્તિ અને

વિશ્વાસનો માર્ગ સુલભ લાગે છે. નોકષાય બહુ આત્મઅહિત નથી કરતો. કષાય અત્યંત અહિત કરે છે. મોહ કરવો ન ઘટે, થતો હોય તો સત્પુરુષ પ્રત્યે કરવો. તે પરમપુરુષના જીવનની કવિતા સમજવા સાહિત્યનાં ગંદાં ચીથરાં ચૂંથવાં પડે તો થોડો વખત ચૂંથવામાં હરકત લાગતી નથી. ખરી રીતે તો કવિ અને તત્ત્વજ્ઞાનીમાં ભેદ નથી. જ્યાં સત્ય છે ત્યાં એકતા છે. પરંતુ આપણી અપૂર્ણતા વિઘ્નરૂપ લાગે છે. સાહિત્યનાં પાત્રોથી ચિત્ત ચંચળ થતું હોય, તો પ્રત્યક્ષ સંસારનાં સ્ત્રીપુરુષોના સંસર્ગમાં કેવું રહેશે તે વિચારી, તે દોષો દૂર થવા વિશેષ ઝૂરણા અને ભક્તિ આદરી ચિત્તશુદ્ધિનો માર્ગ લેવો વિશેષ હિતકર છે. જોકે નિમિત્તો દૂર કરી પુરુષાર્થ તે દોષો દૂર થાય તેમ કરવાનું યોગ્ય લાગતું હોય તો તે હિતકર છે જેથી વિશેષ જાગ્રત રહેવાનું બને. તે મુશ્કેલ લાગે તોપણ કરવું. કૉલેજ કોર્સ સંબંધી મારો કોઈ પ્રત્યે પક્ષપાત નથી. જો ભક્તિભાવ હૃદયમાં હશે તો ગમે તેવા કોર્સથી ડરવાનું નથી. કાયમનું નુકસાન નથી થવાનું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક.—પવિત્ર હૃદયને શૈલીની પંચાત નથી પડતી. આડંબરની જરૂર નથી. સરળતા જેવી સુંદર શૈલી બીજી કોઈ નથી. પરમકૃપાળુદેવ અને તેમની દિશામાં મહાત્મા ગાંધીજીની ભાષાશૈલી પવિત્રતા, સરળતા, સુગમતા તરફ વહેતી હોય છે. તેમ જે જણાવવું હોય તે સ્પષ્ટ થાય તેવી શૈલી રાખવી. જેમ કષાયની મંદતા તેમ લખાણ પણ સુંદર બનશે. બીજાના તરફ લક્ષ ન આપતાં પોતાના ભાવો સ્પષ્ટ બને તેમ લક્ષ રાખવો ઘટે છેજી.

---

૬૪૦ અગાસ, તા. ૧૩-૨-૪૬

તત્ ૐ સત્ મહા સુદ ૧૨॥, બુધ, ૨૦૦૨

તમારા પત્રો મળ્યા હતા. છેલ્લા પત્રમાં પૂ....ની તબિયત સારી થયાના સમાચાર તથા તમે ભક્તિભાવ સહિત ૩૬ માળાનું આરાધન નિત્ય કરો છો તે જાણી સંતોષ થયો છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જે મુખપાઠ કરવા આજ્ઞા આપેલ હોય તેમાંથી વિસર્જન થયું હોય તે ફરી યાદ કરવા તથા વિશેષ વિચાર સહિત ભક્તિ કરવા જે જીવવાનું મળ્યું છે તે ચૂકવા યોગ્ય નથીજી. પ. પૂ. પ્રભુશ્રીજીના યોગે ગયેલા કાળની સ્મૃતિ કરી, તે વખતના વીર્યને ફરી પ્રગટાવી એકાંત આત્મહિતમાં જ બચતો વખત ગાળવો છે એટલો હાલ નિશ્ચય થાય અને તે પ્રમાણે છ માસ પણ સતત વર્તાય તો તેવા અભ્યાસની મધુરતા આપોઆપ આગળ વધારશેજી. જે કંઈ ધર્મધ્યાનમાં કાળ જાય તેમાં બાહ્ય ગણતરી કરતાં સુવિચારણા પ્રગટે, કષાયની મંદતા વધે અને નિર્મળ વિચારધારાની ભાવના વિકાસ પામે એ લક્ષ રાખવા ભલામણ છેજી. થોડું પણ આત્મસ્પર્શી સાધન વિશેષ લાભદાયક છે. કષ્ટ તો કલ્યાણકારી છે એમ મહાપુરુષોનો મત છે, તે સર્વ મુમુક્ષુઓએ માન્ય કરવા યોગ્ય છેજી. પાંડવોનાં માતુશ્રી કુંતામાએ, શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા અને કંઈ માગવા કહ્યું ત્યારે ફરી ફરી ઉથલાવીને પૂછ્યું કે તમે આપશો, જરૂર આપશો ? એમ ખાતરી કરાવી પછી માગ્યું કે તમે પ્રસન્ન થયા હો તો મને દુઃખ આપજો, કારણ કે દુઃખમાં તમે સાંભરો છો તેવા સુખમાં સાંભરતા નથી. પરમકૃપાળુદેવે પણ ઋભુરાજાની તેવી જ સુંદર આખ્યાયિકા લખી છે. હવે તો એ જ માર્ગ – મુક્તભાવથી મોક્ષ છે, ગ્રહવું કિંચિત્માત્ર નથી.

ૐ શાંતિઃ

---

૬૪૧ અગાસ, તા. ૨૫-૨-૪૬
ૐ મહા વદ ૯, સોમ, ૨૦૦૨

દોહો — મરણના મુખ આગળે અશરણ આ સૌ લોક;
કાં ચેતી લે નહિ ચતુર, મૂકવી પડશે પોક.

હરિગીત — દેહાદિ સર્વ અનિત્ય છે એવી પ્રતીતિ જો થઈ,
સદ્‌ગુરુકૃપાથી તત્ત્વશ્રદ્ધા અચળ જો હૃદયે રહી;
તો વન વિષે કે જન વિષે, તું સર્વ સ્થાને છે સુખી,
પણ ક્ષણિકતા ને તત્ત્વશ્રદ્ધા વિણ ગમે ત્યાં તું દુખી. (હૃદયપ્રદીપ)

દોહરા — મહાપુરુષની મહેરથી, જાય જન્મ સંસાર,
વહાણ વિષેના પહાણ પણ, પહોંચે દરિયાપાર.
પરોપકાર પરમાર્થની, ઉત્તમ વૃત્તિ સુખકાર,
આરાધે આત્માર્થીજન સ્વ-અધિકાર વિચાર.

સદ્‌ગત પૂ. પુનશીભાઈના દેહત્યાગના સમાચાર તારથી પરમ દિવસે મળ્યા. અચાનક આવો પ્રસંગ સાંભળી સર્વને ખેદ અને વૈરાગ્યનું કારણ બન્યું હતું. પરમકૃપાળુદેવે લખ્યું છે: "બનનાર તે ફરનાર નથી ને ફરનાર તે બનનાર નથી." (૪૭) થયું તે ન થયું થનાર નથી. કર્મને આધીન સર્વ પરાધીન છીએ એમ માની તે કર્મશત્રુનો નાશ કરવા સદ્‌ગુરુકૃપાથી જે સત્સાધન મળ્યું છે, તેની ઉપાસના વર્તમાન અને ભાવિ સંકટો દૂર કરવા સમર્થ છે એમ વિચારી, શોક મંદ કરી તેને વૈરાગ્યના રૂપમાં પલટાવી પરમાર્થ-વિચારણામાં મનને રોકવું હિતકારી છે એમ સર્વ મહાપુરુષોએ માન્યું છેજી. જ્યાં નિરુપાયતા છે ત્યાં સહનશીલતા સુખદાયક છેજી. દેહના સંબંધ તો વહેલેમોડે સર્વને છોડવા પડ્યા છે, પણ—

"આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;
છે ભોક્તા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ."

એ છ પદના સુવિચાર અને છઠ્ઠા પદમાં પ્રવૃત્તિ એ જ આપણું અને આપણા સમાગમીઓના સત્ય હિતનું કારણ છેજી. વૈરાગ્ય, ઉપશમની વૃદ્ધિ થયે તે કાર્ય મારા, તમારા સર્વથી બની શકે તેવું છેજી. તો સત્સંગ, સદ્‌વિચાર અને સદ્‌આચાર વડે જેટલું બાકીનું જીવન જીવવાનું છે તે સદ્‌ગુરુશરણે શોભાવીએ એવી પરમકૃપાળુદેવ પ્રત્યે પરમ વિનયભાવે પ્રાર્થના છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૪૨ અગાસ, તા. ૨-૩-૪૬
તત્ ૐ સત્ મહા વદ ૧૪, શનિ, ૨૦૦૨

તમે લખ્યું તે વાંચી પ્રમોદ થયો છેજી. પુરુષાર્થ કરશે તે સદ્‌ગુરુશરણે જરૂર આવા આકરા કાળમાં પણ શાંતિ પામે તેમ છેજી. સદ્‌ગુરુનાં વચનામૃત પ્રત્યક્ષ સદ્‌ગુરુ તુલ્ય જાણી જિજ્ઞાસા વર્ધમાન કરી આરાધે તો જરૂર સમ્યક્‌દર્શન પ્રાપ્ત થાય એમ પરમકૃપાળુદેવે પોતે પણ જણાવ્યું છેજી. "સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય."

તમે શ્રી બૃહદ્‌દ્રવ્યસંગ્રહ વાંચી રહ્યા છો એમ તમે કહ્યું હતું. ફરી વંચાશે તો વિશેષ સમજાશેજી અને નવીનતા ખાતર બીજા વાચનની જરૂર લાગે તો 'પંચાસ્તિકાય' પરમકૃપાળુદેવે મોટા પુસ્તકમાં લખેલ છે તે તથા તેના પહેલા દ્રવ્યાનુયોગ વિષેનો પત્ર (૮૬૬) પરમકૃપાળુદેવની આજ્ઞા લઈ વાંચવા શરૂ કરશો તો તે પણ હાલ ઠીક છેજી. એક-બે વખત ગુજરાતીમાં વાંચી પછી હિંદીમાં 'પરમશ્રુત પ્રભાવક મંડળ'થી છપાયેલ "પંચાસ્તિકાય" વાંચશોજી. દરેક મુમુક્ષુભાઈબહેને નિત્યનિયમ ઉપરાંત કંઈ ને કંઈ પરમકૃપાળુદેવનાં વચનમાંથી વાંચવા, વિચારવા કે ભાવના કરવાનું રાખવા યોગ્ય છેજી. બને તો એકાદ કડી મુખપાઠ કરી અવકાશે બોલતા રહેવાથી તે પરમપુરુષનો ઉપકાર વિશેષ વિશેષ સમજાતો જશેજી. રોજ ને રોજ ખાવું-પચાવવું પડે છે તેમ કંઈ ને કંઈ વાંચીને, સાંભળીને, મુખપાઠ કરીને કે મુખપાઠ કરેલ ફેરવતા જઈને, જે પરમાર્થ પરમપુરુષે હૃદયમાં રાખેલો છે તે હૃદયગત કરવા વારંવાર વિચારવાની જરૂર છેજી, ઊંડા ઊતરવાની જરૂર છેજી. એ દિશામાં પુરુષાર્થ કરેલો ગુરુકૃપાથી સફળતા અર્પશેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૪૩ — અગાસ, તા. ૨-૩-૪૬

તત્ ૐ સત્ — મહા વદ ૧૪, શનિ, ૨૦૦૨

"રાજ સમર તું રાજ સમર તું, રાજ હૃદયમાં રાખીને;
માથા ઉપર મરણ ભમે છે, કાળ રહ્યો છે તાકીને."
"જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને"
"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ–મૂળ૦
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ–મૂળ૦
તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ–મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ–મૂળ૦"

તમારો પત્ર મળ્યો. વાંચી વિગત જાણી છેજી. પહેલાં તમે તેવા સ્વપ્નની વાત કહેલ સ્મૃતિમાં છેજી. તે વખતે પુરુષાર્થ કરવા તથા મરણનો ડર નહીં રાખવા તમને સૂચવ્યું હશેજી. પરંતુ તમને કોઈ કારણને લઈને વિસ્મૃત થયેલું અને સત્સંગના વિયોગે તથા સટ્ટ વગેરેના રસમાં તણાવાથી જે કરવા યોગ્ય હતું તેની વિચારણા રહેલી નહીં. હવે પૂર્વપુણ્યના યોગે ફરી ચેતવણીનો સુયોગ થયો છે તો તેનો લાભ લઈ આત્માને ફરી મોહનીંદમાં ન ફસાય તેમ જાગ્રત રાખવો જરૂરનો છેજી.

ભરૂચના એક અનુપચંદજી નામના વણિક ધર્માત્મા જીવને પરમકૃપાળુદેવનો પ્રત્યક્ષ યોગ થયેલો. તેમને ત્યાં સાંસારિક વ્યાપારિક કારણે પરમકૃપાળુદેવને જવું થયેલું. તે વખતે તેમને આત્મહિતમાં પ્રેરવા તેઓશ્રીને વૃત્તિ ઉદ્‌ભવેલી, પણ તેમનું પ્રવર્તન મતમતાંતરના આગ્રહવાળું જાણી, હાલ સૂચનાનો તેમને જોઈએ તેવો લાભ નહીં થઈ શકે એમ જાણી, વૃત્તિ સંક્ષેપી લીધેલી. પછી તેમને કોઈ ભારે મંદવાડ આવ્યો અને સમાધિમરણની ભાવના જાગી ત્યારે કોણ મને સમાધિમરણ કરાવશે એ વિચારે તેમણે બધે નજર નાખી પણ કોઈ સાધુ, સાધ્વી

કે શ્રાવક તેવાં નજરે તેમના ગચ્છમાં જણાયાં નહીં, પરંતુ પરમકૃપાળુદેવની અદ્ભુત શક્તિનો કંઈક પરિચય તેમને થયેલો તેથી તેમને સમાધિમરણ માટે વિનંતી કરી. તેના ઉત્તરમાં તેઓશ્રીએ એક પત્ર લખ્યો છે તે પત્રાંક ૭૦૨ તેમ જ પત્રાંક ૭૦૬ એ બન્ને પત્રો વારંવાર વાંચી બને તો મુખપાઠ કરવા ભલામણ છેજી; અને મુખપાઠ થયે રોજ નિત્યનિયમમાં ઉમેરી લેવા યોગ્ય છે, એટલે રોજ સ્વાધ્યાય થશે તો જરૂર જીવને જાગૃતિનું કારણ ચાલુ રહેશેજી. બીજા ભાઈઓને પણ ભાવ રહે તો મુખપાઠ કર્તવ્ય છેજી. જેને છૂટવાની વૃત્તિ જાગી છે તેણે તો બચતો બધો વખત પરમકૃપાળુદેવની આજ્ઞા ઉઠાવવામાં જ વ્યતીત કરવા યોગ્ય છેજી. તેમાંથી પોતાને શું કર્તવ્ય છે તે સહેજે સૂઝી આવશે તથા વૈરાગ્યની વૃદ્ધિ થતાં જરૂર આત્મહિત સધાશેજી.

પરમપુરુષોની અનંત કૃપાથી જીવ આટલા સુધી આવ્યો છે. હવે આ યોગ સફળ કરી લેવા વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ કરવાની જરૂર છે. ન જોઈતી ફિકરચિંતા તજી ધર્મધ્યાન અર્થે બને તેટલો વધારે વખત ગાળતા રહેશો તો છ માસમાં આપોઆપ જિંદગી પલટાતી સમજાશેજી. જેને સત્પુરુષનો યોગ થયો છે, પરમપુરુષ પ્રત્યે શ્રદ્ધા છે, તેને એક પ્રમાદ જ વિઘ્નકર્તા છે. તે દૂર કરવા જીવ પુરુષાર્થ – સત્પુરુષાર્થ સત્પુરુષની આજ્ઞાએ પ્રગટાવે તો સત્પુરુષના હૃદયમાં રહેલો મોક્ષમાર્ગ જીવને પ્રગટ થવા યોગ્ય છેજી. પત્રાંક ૧૭૨ પ. પૂ. પ્રભુશ્રીજી ઉપરનો છે તે પણ સ્પષ્ટપણે, આપણે કરવા યોગ્ય છે તે ક્રમ બતાવે છે. તેનું પણ આરાધન ક્રમે ક્રમે કરતા રહેવા વિનંતી છેજી. આજીવિકા અર્થે કંઈ કરવું પડે તે નછૂટકે કરી છૂટવું, પણ આખો આત્મા તેમાં જોડવા યોગ્ય નથી. પૈસો કમાવા દેહ ધર્યો નથી. "નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા" (૧૫) તો શા અર્થે દેહ ધર્યો છે તે વારંવાર વિચારી તેનું વિસ્મરણ ન થાય તેમ કર્તવ્ય છેજી. પરમકૃપાળુદેવનાં વચનો અને તેની આજ્ઞાનું આરાધન જીવને સમ્યક્ત્વ અને સમાધિમરણનું કારણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૪૪ અગાસ, તા. ૨-૩-૪૬

તત્ ૐ સત્ મહા વદ ૧૪, શનિ, ૨૦૦૨

મંદાક્રાંતા — મંત્રે મંત્ર્યો, સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પર ભણી ભૂલી, બોલ ભૂલું પરાયા;
આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદા એ,
પામું સાચો જીવન-પલટો, મોક્ષ-માર્ગી થવાને. (પ્રજ્ઞાવબોધ – ૭૪)

પ્રથમ થોડો લક્ષ રાખવા યોગ્ય સૂચના કરું છું. પરમકૃપાળુદેવ પ્રત્યે ગુરુબુદ્ધિ રાખી આપણે બધા સત્સંગી મોક્ષમાર્ગના પથિક છીએ, એક જ માર્ગે એકઠા થયા છીએ, સંસાર-દુઃખથી છૂટવાના કામી છીએ. તમારામાં કોઈ સદ્ગુણ હોય તો તે મારે પણ કામના છે, મારા ભાથામાં કંઈ તીખું-કડવું હોય તે તમને પણ બીજું તમારું ભાથું જમતાં કામ લાગે તેવું છે તે પરસ્પર મળીને ભેગા થઈ વિચારની આપ-લે કરવારૂપ પતરાળામાં મૂકી વહેંચી ખાઈ તે માર્ગમાં આગળ વધીએ એ લક્ષ ચૂકવા યોગ્ય નથીજી.

હવે દર્શનમોહ અને ચારિત્રમોહ વિષે બે પ્રશ્નો પૂછ્યા તે બે શાસ્ત્રો લખીએ તોપણ પૂરા થાય તેમ નથી. પણ મહાપુરુષોએ એ સંબંધી જે વિચારો જણાવ્યા છે તે દિશા બતાવવા અહીં પ્રયત્ન કરું છું. 'અપૂર્વ અવસર'માં પ્રથમની ત્રણ કડી દર્શનમોહ સંબંધી જણાવી અને પછી ૧૪ મી કડી સુધી ચારિત્ર્યમોહનો પરાજય કરીને કેવળજ્ઞાન પ્રગટાવવા સંબંધી અતિશયયુક્ત અપૂર્વ વાણીમાં કાવ્ય પરમકૃપાળુદેવે રચ્યું છે તે પરથી ટૂંકામાં અહીં તો રૂપરેખા જેવું કે લક્ષણ જેવું લખું છુંજી :—

(૧) દેખતભૂલી એ દર્શનમોહનું બીજું નામ છે. અનાદિકાળથી જીવ દેહાદિ જે પોતાના નહીં તેને પોતાના માનતો આવે છે. જે અનાત્મ એટલે પોતારૂપ નથી તેવા ભાવોને પોતારૂપ માને છે. પાટીદાર, વાણિયો, બ્રાહ્મણ, સ્ત્રી, પુરુષ, રૂપાળો, કદરૂપો, ધનવંત, ધનહીન, વિદ્વાન, મૂર્ખ આદિ માન્યતામાં ગૂંચવાયો છે. તેથી પોતાના વિચારને બદલે પરના જ વિચાર આવ્યા કરે છે, પરને અર્થે જાણે જીવે છે. વિષયકષાય કંઈક મંદ પડે, વૈરાગ્ય થાય તો આ દર્શનમોહ સાપ, અગ્નિ કે ઝેર કરતાં પણ વિશેષ અહિતકારી શત્રુરૂપ સમજાય. દર્શનમોહથી અપવિત્ર દેહાદિ પદાર્થો, 'સકળ જગત તે એંઠવત્' છતાં, પવિત્ર સુખકર ભોગયોગ્ય સમજાય છે. દીવાની શગમાં દરેક પરમાણુ ક્ષણે ક્ષણે પ્રકાશરૂપ થઈ મેશરૂપ ધરી ચાલ્યો જતો હોવા છતાં એની એ શગ જેમ દેખનારને દેખાય છે છતાં કોઈ પરમાણુ ત્યાં એનો એ નથી, તેમ દેહાદિ પદાર્થો ક્ષણે ક્ષણે પલટાવા છતાં તેના તે લાગે છે અને હંમેશાં આવા ને આવા રહેશે એમ અંતરમાં રહ્યા કરે છે. મરણનો ડર તો શું, પણ વિચાર પણ આવતો નથી, તેનું કારણ પણ દર્શનમોહ છે. ધન દેહાદિ વડે પ્રાપ્ત થતા ભોગ ઘણા કષ્ટે પ્રાપ્ત થાય છે, પ્રાપ્ત થયે ટકતા નથી, નાશના જ ક્રમમાં છે, "સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે" અને અંતે શોકનું કારણ બને છે, કોઈ સાથે આવતા નથી. છતાં વિચારહીન આ જીવને તે અનિત્ય, અપવિત્ર, અશરણ અને અસાર પદાર્થો દુઃખરૂપ નહીં લાગતાં સુખરૂપ લાગે છે, દુઃખ વેઠીને પણ પ્રાપ્ત કરવા યોગ્ય લાગે છે, તેને માટે મરી છૂટે છે તે પણ દર્શનમોહનું પ્રબળ જોર છે. ટૂંકામાં અવિદ્યા, ભ્રાંતિ, મિથ્યાત્વ વગેરે તેનાં બીજાં નામ છે.

(૨) ચારિત્રમોહ—દીવો લઈને કોઈ કૂવામાં પડે તેવા ક્રોધાદિ ચાર કષાય અને હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એ તેર પ્રકારના ગાંડપણથી જીવ જાણતા છતાં સંયમના અભાવે કર્મબંધનાં કારણોમાં પ્રવર્તે છે. તેમાં મુખ્યે કરીને પૂર્વકર્મનું બળ છે. જ્યાં સુધી સમ્યક્દર્શન ન થાય ત્યાં સુધી તો આંધળા માણસની પેઠે જીવ દુઃખી દુઃખી છે, પણ સમજણ આવ્યે પણ વીર્યની ખામીને લીધે સંયમમાં ન પ્રવર્તી શકે તેથી વેર, વિરોધ, મોહ, મત્સર, માન, અપમાન, લોભ, માયામાં જીવ ઘસડાય છે, તે અત્યંત ક્લેશનું કારણ છે. સમજણ ન હોય ત્યારે જાણીજોઈને એટલે દુઃખનાં કારણને સુખનાં કારણ માનીને તે એકઠાં કર્યે જાય છે, અને સમજણ આવ્યે તેનું પ્રવર્તન ખેદયુક્ત હોય છે. જેમ કોઈ આબરૂદાર માબાપના દીકરાને કોઈએ આરોપ મૂક્યાથી ફોજદાર તેને ગુનેગાર ઠરાવી ગધેડે બેસાડી કાળું મોઢું કરી નગરમાં ફજેતી કરી ફેરવે છે, જો કુંભારના દીકરાને ગધેડે બેસાડે કે તે બેસે તો આનંદ માને તેમ મિથ્યાદૃષ્ટિ દોષ કરી આનંદ માને

છે, પણ આબરૂદારને તે મરવા જેવું લાગે છે; તેની ઇચ્છા નહીં હોવા છતાં બધું તેને કરવું પડે છે કારણ કે તે ફોજદારને વશ છે. તેમ ચારિત્રમોહનું સ્વરૂપ જેણે જાણ્યું છે તેને તેવા ભાવોમાં હાજતો આદિને લઈને પ્રવર્તવું પડે તોપણ પોતાને અણછાજતું, શરમભરેલું, મરણ તુલ્ય લાગે છે.

વધારે સત્સંગે સદ્‌ગુરુ પ્રત્યે અપૂર્વભાવ આવ્યે તે શબ્દોના ભાવમાં તન્મય મન થાય તો બીજે ન જાય. તે માટે વિચારદશા વધારવાની અને છૂટવાની કામના વધારવાની તથા વૈરાગ્યની જરૂર છેજી. રોજ મરણ સંભારવા યોગ્ય છેજી.

"રાજ સમર તું, રાજ સમર તું, રાજ હૃદયમાં રાખીને,
માથા ઉપર મરણ ભમે છે કાળ રહ્યો છે તાકીને."

તમે પૂછેલા પ્રશ્નો 'મોક્ષમાર્ગ પ્રકાશક' નામના ગ્રંથમાં વિસ્તારથી સમજાવેલા છે. "જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન" એ બે સવૈયા બને તો મુખપાઠ કરી વિચારતા રહેવા ભલામણ છેજી. તેમાં દર્શનમોહનો ઉપાય અને સ્વરૂપ બન્ને છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૪૫ અગાસ, તા. ૫-૩-૪૬
તત્ ૐ સત્ ફાગણ સુદ ૨, મંગળ, ૨૦૦૨

દોહરો — જન્મ-મરણના બંધને, છેદી લે નિર્વાણ;
જ્યાંથી નથી ફરી આવવું, તે ગતિ હે જીવ ! પામ.

સદ્‌ગત પૂ....ભાઈના સમાચાર જાણ્યા હશે. આપણે પણ પૂરવેગથી તે દિશામાં વહ્યા જઈએ છીએ અને 'નહીં કાળ મૂકે કોઈને' એ સદ્‌ગુરુ-કથન વૈરાગ્યવંત જીવોના હૃદયમાં રણકારા કરતું જ રહે છેજી. આંજના સ્વાધ્યાયમાંથી બે વચનો આપની પ્રસન્નતાને અર્થે ટાંકું છુંજી :

"ખરું સુખ શામાં છે? ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જવળ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે."—ભાવનાબોધ.

"નિરંતર સમાધિભાવમાં રહો....તે પુરુષને પ્રત્યેક લઘુ કામના આરંભમાં પણ સંભારો, સમીપ જ છે. જ્ઞાનીદશ્ય તો થોડો વખત વિયોગ રહી સંયોગ થશે અને સર્વ સારું જ થઈ રહેશે." (૫૯)

આ પવિત્ર પુરુષનાં વૈરાગ્યભીનાં વચનો વૈરાગ્ય પ્રેરે તેવાં, દરેક ક્ષણે શું કર્તવ્ય છે તે દર્શાવનારાં તથા સાધકભાવનું દાન દેનારાં ચિ. જૂઠાભાઈ આદિને ઉદ્દેશીને લખાયેલાં, પણ જગતનું કલ્યાણ કરનારાં છેજી. આપણે કલ્યાણ કરવું છે? તો તેમાં દર્શાવેલ પુરુષાર્થ મારે તમારે સર્વને અત્યંત ગંભીર ઉપયોગે વૈરાગ્યપૂર્વક કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૪૬ અગાસ, તા. ૮-૩-૪૬

ધીરજ, સહનશીલતા અને પરમાર્થ-જિજ્ઞાસા દિવસે દિવસે વધે અને કષાય આદિ હેય ભાવો દૂર થાય તેમ પ્રવર્તવા વિનંતી છેજી. પરમાર્થ-માર્ગમાં મુશ્કેલીઓ, અંતરાયો તો

અનેક રહ્યા છે; પણ પુરુષાર્થ કરી જે આગળ આવી જાય છે તે સત્સુખ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૪૭ અગાસ, તા. ૧૭-૩-૪૬

"આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય."—શ્રી આત્મસિદ્ધિજી

તમારા પત્રના છેલ્લા ભાગનો ઉત્તર પ્રથમ લખું છું કે ઉપર જણાવેલી ગાથામાં જણાવેલ સદ્ગુરુનાં લક્ષણ મારામાં નથી. જ્ઞાનીપુરુષે કહેલી આજ્ઞા જે ભવથી તારે તેવી છે તે ચિઠ્ઠી આપનાર ચાકરની પેઠે મેં આપને જણાવી છે, પણ પરમપૂજ્ય પરમકૃપાળુદેવ જ સદ્ગુરુસ્વરૂપે ઉપાસવા યોગ્ય છે, એ મારા અંતઃકરણની વાત આપે પૂછવાથી જણાવી છેજી.

બીજું, તે મહાપુરુષે સાત વ્યસનનો ત્યાગ તત્ત્વજ્ઞાનમાં પૃષ્ઠ ૧૦૮ ઉપર જણાવ્યો છે તેમાંથી જેનો ત્યાગ તમારાથી અશક્તિને લીધે ન બન્યો હોય અને હવે તેવી શક્તિ પરમકૃપાળુ શ્રી સદ્ગુરુકૃપાએ જણાતી હોય તો તે બાકી રાખેલ ત્યાગ બીજા બધા ત્યાગ કરતાં પ્રથમ કરવાની ભાવના નિશદિન કર્તવ્ય છેજી. તમારા જીવનમાં ફેરફાર થઈ ગયેલો તમે લખો છો તે સંભવિત છે. સદ્ગુરુકૃપાનું બળ અપૂર્વ છે.

"મૂંગા વાચા પામતા, પંગુ ગિરિ ચઢી જાય;
ગુરુકૃપા બલ ઓર છે, અંધ દેખતા થાય.
જંગલમાં મંગલ બને, પાપી બને પવિત્ર;
એ અચરજ નજરે તરે, મરણ બને છે મિત્ર.
અખંડ વિશ્વાસે વસું, સાચા શ્રી ગુરુરાજ;
રડવડતો ક્યમ રાખશે ? બનું નહીં નારાજ.
સમર્થ શ્રીમદ્ રાજચંદ્ર, હું અજ્ઞાની બાળ;
અચૂક આશ્રય આપોને, પળ પળ લ્યો સંભાળ."

બીજી બાબત ક્રોધ સંબંધી ઉપાયની છે. તેનો અને સર્વ દોષના નાશનો ઉપાય મંત્ર છે. તેમાં વારંવાર વૃત્તિ રહે, એકતાર તેમાં લક્ષ રહે, તેવી ભાવના કર્તવ્ય છેજી. તેમાં વિક્ષેપ કરનાર, વિઘ્ન કરનાર, ક્રોધ, માન, માયા, લોભ અને મોહ છેજી. તેમને શત્રુ જાણી, સંસારપરિભ્રમણનાં કારણ જાણી તેથી દૂર રહેવાની ભાવના તથા મોક્ષની પરમ જિજ્ઞાસા જાગવાથી ક્રોધ આદિ મંદ પડવા સંભવ છે. ટૂંકામાં પરમગુરુ પ્રત્યે પ્રેમ જેમ જેમ વધશે તેમ તેમ તેમનું યથાર્થ ઓળખાણ થતાં ક્રોધાદિ મંદ પડી નિર્મૂળ નાશ પામી શકે છેજી.

"પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ (શાસ્ત્ર) ભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."

માટે મહાત્મા શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે ઉપકારબુદ્ધિ, પ્રેમ, બહુમાન વધશે તેમ તેમ દોષો જરૂર ઘટશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૪૮ અગાસ, તા. ૪-૪-૪૬

ધન્યાત્મા પૂ.....ની માંદગીના સમાચાર વાંચી ખેદ થયો. પણ પરમકૃપાળુદેવનું તથા સલૂણા સંતશિરોમણિ પ્રાતઃસ્મરણીય પ. પૂ. પ્રભુશ્રીજીના બોધનું જેને શરણું છે, તેનો વાળ વાંકો કરવા મરણ પણ સમર્થ નથીજી. ઉનાળો હોય ત્યારે તાપ પડે, ચોમાસું હોય ત્યારે વરસાદ વરસે, કીચડ થાય એ સ્વાભાવિક છે; તેમ વ્યાધિના વખતમાં વેદના ડરાવવા પ્રયત્ન કરે, મન નબળું પડતું જાય તેમ સંકલ્પવિકલ્પો આવે, ભૂલી જવાય, બકી જવાય, પણ એ તો બધાં બાંધેલાં કર્મ છે. છતાં છત્રીથી જેમ તાપ અને વરસાદને નહીં ગણતા જરૂરના કામે બહાર જઈએ છીએ, તેમ સદ્‌ગુરુશરણે એ કર્મ અને સંકલ્પ-વિકલ્પોને નહીં ગણતા "ધીંગ ધણી માથે કિયા રે કુણ ગંજે નર ખેટ, વિમલ જિન દીઠાં લોયણ આજ, મારાં સીધ્યાં વાંછિત કાજ વિમલ જિન દીઠાં લોયણ આજ" એવી સિંહનાદ જેવી ભક્તિની ધૂન જેણે પ. પૂ. પ્રભુશ્રીજીની હાજરીમાં સાંભળી છે, તેને તો એ કર્મ બધાં બકરાંની પેઠે ક્યાંય ભાગી જાય. શરીર ઉપરનો મોહ જેણે છોડ્યો છે, દેહનું જે થવું હોય તે થાઓ, રૂડા રાજને ભજીએ એવો નિશ્ચય કર્યો છે તેને કંઈ ગભરામણ હોય નહીં. દેહ ટકશે તો હવે ભક્તિ કરીશું અને જશે તો કંઈ જોઈતુંય નથી. પરમકૃપાળુને શરણે સમાધિમરણ કરવાના નિશ્ચય સિવાય બીજી કોઈ કલ્પના કરવા યોગ્ય નથીજી.

પરમકૃપાળુદેવ સમીપ જ છે એમ સમજી તેમના ચિત્રપટ પ્રત્યે, તેમનાં વચનામૃત પ્રત્યે પ્રીતિભક્તિ વધતી જાય તેમ કરવા અને સ્મરણ બોલતા રહેવા કે સાંભળવામાં વૃત્તિ રાખતા રહેવા ભલામણ છેજી. છેલ્લે શ્વાસે પણ પરમકૃપાળુદેવ અને તેમનું કહેલું સ્મરણ 'સહજાત્મ-સ્વરૂપ પરમગુરુ' ટકી રહે તેવા પુરુષાર્થમાં વર્તવા-વર્તાવવા ભલામણ છેજી. વીર-હાક, અમને અંત સમય ઉપકારી, મૃત્યુ-મહોત્સવ, અપૂર્વ અવસર, વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમ-નિયમ, ઇચ્છે છે જે જોગી જન, ધન્ય રે દિવસ વગેરે અવસર જોઈ સંભળાવતા રહેવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૪૯ અગાસ, તા. ૫-૪-૪૬

"જો જો પુદ્‌ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા-સમતા ભાવસેં, કર્મબંધ-ક્ષય હોય."

**ભાવાર્થ** — અત્યારે જણાતા જે જે દ્રવ્યોનો, ક્ષેત્રોનો, અનુકૂળ-પ્રતિકૂળ કાળ અને તેવા તાત્કાલિક સ્ફુરતા (અનાભોગ જેવા) સંસ્કારરૂપ ભાવોનો જેવો જેવો મંદ તીવ્ર આદિ પ્રારબ્ધ-યોગ પૂર્વે સંચિત કર્યો હોય તેવો તેવો દેખાય છે; તે પ્રમાણે થવાનું નિર્માણ થયેલું હોવાથી થાય છે; એ તો ધનુષ્યથી છૂટી ગયેલા બાણની પેઠે જેટલી વેગવાળી, જેવી દિશાની શક્તિ તેને મળી હોય તે તરફ તેટલા વેગે જાય છે, પરંતુ જેની પાસે ઢાલ હોય છતાં સાવધ ન હોય તો તેટલા વેગે તે બાણ તેને વાગે છે; જો સાવધાન રહે અને ઢાલનો ઉપયોગ કરે તો તે બાણ અથડાઈને ગતિરહિત થઈ પડી જાય છે; તેમ પુદ્‌ગલ-ફરસનારૂપ કર્મનો ઉદય તો સંચિત રસ આદિ સામગ્રી સહિત યથાકાળે ઉદય આવે છે, તે વખતે પરમ દુર્લભ

એવી સત્પુરુષ પ્રત્યેની, તેની આજ્ઞાના અચિંત્ય માહાત્મ્યની મહત્તા જેટલી હૃદયમાં વસી હોય અને સાવધાની (ઉપયોગ) રાખે તો તે કર્મ પુદ્ગલ ફરસના દેહાદિ પ્રત્યેની મમતા મુકાવી સમતા કરાવે તેટલો સત્યધર્મ પ્રગટી ધર્મધ્યાન થતાં નિર્જરા થાય, કર્મક્ષય થાય; અને સાવધાની ન રહે તો છતી ઢાલે તે બાણુથી વીંધાઈ જાય તેમ કર્મબંધ અવશ્ય થાય. આ રહસ્ય કોઈ આત્મજ્ઞાનીની કૃપાથી સમજી હૃદયગત થાય તો સર્વ શાસ્ત્રના સારરૂપ, સમાધિ-મરણ અર્થે પરમ સાધનરૂપ બને તેમ છેજી.

પૂ.....ને ભલામણ છે કે ઉતાવળ કરી અહીં આવી જવાની દોડ શમાવી, જે સદ્ભાગ્યે પરમકૃપાળુદેવના ઉપાસક આત્માઓની સેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, તેનો ઉત્તમ લાભ ઉઠાવતા રહેવામાં કલ્યાણ જ છે. પોતાની કલ્પનાએ કે વૃત્તિઓના વેગમાં તણાવામાં સ્વચ્છંદનો અંશ સમાય છેજી. આ તો ભક્તિ આદિની અનુકૂળતાવાળો યોગ છે, પરંતુ તેથી વિપરીત સંજોગ હોય છતાં જો તેમાં મહાપુરુષોની સંમતિ હોય તો તેમ વર્ત્યે કલ્યાણ જન્મે છેજી. પૂ. શ્રી રત્નરાજસ્વામીથી છૂટા થઈ પૂ....વિચરતાં આ આશ્રમમાં પ. પૂ. પ્રભુશ્રીજીને શરણે રહ્યા એટલે તેમને પૂ. રત્નરાજની સેવામાં પ. પૂ. પ્રભુશ્રીજીએ મોકલ્યા અને આજ્ઞા ઉઠાવવા ખાતર જ તે નહીં ગમતા સંયોગોમાં પણ જઈ તેમની સેવામાં રહ્યા ત્યારે તેમને સ્મરણમંત્રનો લાભ મળેલો. આવી કસોટીમાં કંટાળી જાય ને વિરહવેદનાને બહાને પ્રાપ્ત લાભ કોઈ જીવ ચૂકી ન જાય એ અર્થે આટલું લખ્યું છે તે લક્ષમાં રાખવા તેમને વિનંતી છેજી. અને બન્ને ત્યાગી મહાત્માઓને પણ સમતાભાવ, સ્મરણ અને પરમકૃપાળુદેવના સ્વરૂપ-સ્મરણમાં અહોનિશ ભાવ રહે તેમ વર્તવા ભલામણ છેજી. તે જ ખરી આત્મલાભ અર્થે મૂડી છે. તેથી પોતાનું અને પોતાની સાથે વિચરતાઓનું હિતકર્તાપણું સધાય છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫૭ અમાસ, તા. ૧૨-૪-૪૬

તત્ ॐ સત્ ચૈત્ર સુદ ૧૧, શુક્ર, ૨૦૦૨

પરમકૃપાળુદેવે કહ્યું છે કે સત્સંગનો વિયોગ છે, ત્યાં કલ્યાણનો પણ વિયોગ છે; છતાં સત્સંગના વિયોગમાં સત્પુરુષ પ્રત્યે, તેનાં વચન પ્રત્યે, તેના અપાર ઉપકાર પ્રત્યે વૃત્તિ રાખી પોતાના ભાવ સંસાર પ્રત્યે વહેતા રોકે તો જીવને વિશેષ લાભ પણ થાય. શ્રી ગૌતમસ્વામીને વિરહદશામાં કેવળજ્ઞાન પણ થયું છે કારણ કે તે કેવળજ્ઞાન માટે જ મથતા હતા. તેમ આપણા જીવનનો હેતુ પણ જો મોક્ષ હશે તો ગમે ત્યારે પણ મોક્ષે જવાશે. તેનાં કારણ સાચાં જોઈશે.

ઉપદેશછાયામાં પરમકૃપાળુદેવ લખે છે કે "વિષયકષાય સહિત મોક્ષે જવાય નહીં." આટલાનો જ જીવ જરા વાર થોભી ઊંડો વિચાર કરે કે મારે મોક્ષે જવું છે કે નથી જવું ? જો 'જવું છે' એવો અંતરમાંથી અવાજ આવે તો કહેવું કે "વિષયકષાય સહિત મોક્ષે જવાય નહીં," એમ પરમકૃપાળુદેવ કહે છે, તો ક્યારે એ વિષયકષાય મૂકીશું ? વિષયકષાયનો સંગ છોડ્યા વિના છૂટકો નથી. દુશ્મનને દિલમાં રાખીશું ત્યાં સુધી તે સંસારના માર્ગમાં પરિભ્રમણ કરાવી આપણને સંતાકૂકડી રમાડશે, જન્મમરણ કરાવ્યા કરશે. માટે આજથી જ — જ્યારથી આ વાક્ય શ્રવણ કર્યું, વાંચ્યું ત્યારથી જ — તેનો ત્યાગ કરવાનો અભ્યાસ કરવા દે એવો

નિશ્ચય કર્યા વિના આ પરિભ્રમણનો અંત આવે તેમ નથી. જગતને અને જગત જેને પ્રિય છે એવા વિભાવને પોષવા માટે જીવે ઘણું કર્યું છે પણ હવે તો — "શું કરવાથી પોતે સુખી ? શું કરવાથી પોતે દુઃખી ?" એનો વારંવાર વિચાર કરી દુઃખનાં કારણો દૂર થાય અને સુખની સામગ્રી સંઘરાય તેમ કરવા વિનંતી છેજી. કષાય જેવો કોઈ કટ્ટો શત્રુ નથી અને વિષય જેવું કોઈ વિષ નથી માટે જાણી-જોઈને પોતે પોતાના શત્રુ ન બનવું. શ્રી શ્રેણિક રાજાને શ્રી અનાથી મહર્ષિએ એ જ ઉપદેશ દીધો છે કે પોતે જ પોતાને નરકે લઈ જાય છે અને દુઃખી કરે છે, પોતે જ પોતાને સ્વર્ગે લઈ જાય છે અને પોતે જ પોતાને મોક્ષપ્રાપ્તિ કરાવશે. માટે આવો યોગ મળી આવ્યો છે તે તરવા અર્થે જ છે. મુમુક્ષુ જીવને વ્યાવહારિક મુશ્કેલીઓ આ કાળમાં તરવા સમાન છેજી. સુખમાં ઉત્તમ નિમિત્તોની કિંમત પણ સમજાતી નથી. દુઃખમાં, વૈરાગ્યમાં તો સત્શાસ્ત્ર પણ પ્રત્યક્ષ સમાગમ જેવાં થઈ પડે છેજી. વિશ્વાસ, શ્રદ્ધા પરમ દુર્લભ છે. તે જેને ઘેર છે, તેને કંઈ દુઃખરૂપ નથી. બધાંને તે સવળું કરી નાખે છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫૧

ૐ

અગાસ, તા. ૧૧-૫-૪૬
વૈશાખ સુદ ૧૧, શનિ, ૨૦૦૨

હાલ તો આપણે આપણા શ્રેય-કલ્યાણ અર્થે પુરુષાર્થ કર્તવ્ય છેજી. પોતાના દોષો દેખી દોષો ટાળવાનો પુરુષાર્થ ત્યાં સત્સંગના વિયોગે પણ કરતા રહેવો ઘટે છેજી. જેમ બને તેમ બીજો પરિચય ઘટાડી, મૌન કે જરૂર વગરનું ન બોલવાનો અભ્યાસ વધે તેમ કર્તવ્ય છેજી. પરમાર્થ સત્ય સંબંધી પરમકૃપાળુદેવે કહ્યું છે તે બહુ વિચારવું ઘટે છેજી. 'ચેલણા રાણી અને શ્રેણિક રાજા' બોલતાં પહેલાં તે આત્મા હતા અને તેમના એ ભવની અપેક્ષાએ એવાં નામ હતાં એવો લક્ષ થયા પછી બોલાય તેને પરમાર્થ સત્ય કહ્યું છે. તે વગર જેટલું બોલાય છે તે પરમાર્થે સાચું નથી, એમ વિચારી વાણી ઉપર સંયમ આવે એવો દરેકે અભ્યાસ પાડવાની જરૂર છેજી. પરમાર્થ સાધવામાં, ભગવાનના ગુણગ્રામ ચિંતવવામાં, કોઈના પરોપકાર અર્થે વાણી વપરાય તો લેખે છે, નહીં તો વચનદંડથી જીવ દંડાય છે. પરમકૃપાળુદેવ જેવા સમર્થ પુરુષ આપણે માથે છે તો આપણે તો તેમણે કહેલાં વચન વાંચવાં છે, વિચારવાં છે, તેમણે કહ્યું તે કરવું છે, તેની આજ્ઞામાં જ આટલો ભવ તો ગાળવો છે. બીજે વૃત્તિ જતી રોકવામાં પરમ સાધન સ્મરણ છે તેનું વિશેષ વિશેષ આરાધન કરતા રહેવાની જરૂર છેજી. તેમાં વિક્ષેપ કરનાર "વચન નયન" છે તેનો "યમ" એટલે સંયમ કરવો ઘટે છેજી.

"તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન-નયન-યમ નાંહિ;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહિ."

આ લક્ષ વિશેષ રહેશે તો ત્યાંનો વાસ ઉપાધિરૂપ નહીં લાગે.

"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાય દિયે."

શરીર, કુટુંબ, ધન આદિ પ્રત્યેનો પ્રેમ પ્રભુ પ્રત્યે વાળવાની જરૂર છે, તે પરમપુરુષના

શરણભાવના બળવાનપણાથી બનવા યોગ્ય છેજી. "તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ." આવાં વચનો વારંવાર સ્મૃતિમાં આવે અને જાગૃતિ ટકી રહે તેવા પુરુષાર્થમાં વર્તતા રહેવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫૨ અગાસ, ૧૪-૫-૪૬

તત્ ૐ સત્ વૈશાખ સુદ ૧૩, મંગળ, ૨૦૦૨

ઓળખાણ આત્માતણું, ટાળે ત્રિવિધ તાપ;
ગુરુ ઓળખાવે આતમા, નિશ્ચય ગુરુ તો આપ.

"શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ?" એવા અનિત્યભાવવાળા આ સંસારમાં જીવે એવું શું દીઠું છે કે તેમાંથી મન ઉદાસ થવાને બદલે, ગળફામાં માખી ક્રમે ક્રમે વિશેષ ચોંટતી જાય તેમ લબદાયા જ કરે છે? પાંખ ચોંટી હોય તો પગના જોરે છૂટા થવા પગથી જોર કરે ત્યાં પગ સપડાય. પગ છૂટા કરવા માથું મારે તો માથું પેસી જાય. તેવી દયામણી દશા આ જીવની સંસાર પરિસ્થિતિમાં છેજી; અને જ્ઞાનીપુરુષો તો કહે છે કે "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો. સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું" (૧૭૨) આ બન્નેનો મેળ કેવી રીતે ખાય? કામની ભીડમાં પણ મનને તો સત્પુરુષના ચરણમાં રાખ્યા વિના છૂટકો નથી. જગત અને જગતના ભાવો પ્રત્યે તુચ્છબુદ્ધિ અને સત્પુરુષો તથા મોક્ષસુખમાં આસક્તિ થયા વિના આત્મહિત કેમ બને? વિરોધી ભાવોનું અંતરમાં યુદ્ધ જામ્યા વિના અને પરમસુખનું ઓળખાણ તથા તેને માટે ઝૂરણા જાગ્યા વિના જીવને શાંતિ ક્યાંથી મળે? તેમ થવા અનુકૂળ વાતાવરણ, પોષણ અને ઉલ્લાસની જરૂર છેજી. સત્સંગ, સત્પુરુષનો સમાગમ અને તે પરમપુરુષના આત્માને પ્રગટ જણાવનારાં વચનોરૂપ સત્શાસ્ત્રના અવલંબને આ ભવમાં આ પરમ મહત્વનું કાર્ય અવશ્ય કરવું છે એવો દૃઢ નિશ્ચય થયે જીવમાં જાગૃતિ આવે છે, ટકી રહે છે.

"જેમાંથી જેટલું થાય તેટલું કર" (૮૪) એવું પરમકૃપાળુદેવનું વચન છે. જે સંયોગોમાં મુકાયા હોઈએ તે પ્રતિકૂળ હોય, ન છૂટે તેવા હોય તો, તે તેને કાળે દૂર થયે જે ભાવના રાખી છે તે પૂર્ણ કરવા પુરુષાર્થ કરવા ચૂકવું નહીં. ભાવના મંદ ન પડી જાય, તો જ જે અનુકૂળતા વહેલીમોડી મળે તેનો લાભ લઈ શકાય.

"પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં.
હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું,
નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫૩ અગાસ, તા. ૧૬-૫-૪૬
ૐ વૈશાખ સુદ ૧૫, ગુરુ, ૨૦૦૨

દોહરો — અશુચિ અશાશ્વત શરીર, કારાવાસ સમાન;
મમતા યોગ્ય નથી કદી, હે મોક્ષાર્થી ! માન.
ગીતિ — "ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ." -શ્રીમદ્ રાજચંદ્ર

અનાર્ય ક્ષેત્ર જેવા મોહમયી શહેરમાં રહેવાનું બનેલ છે તો બહુ વિચારીને ક્ષણ ક્ષણ ગાળવા જેવી છેજી. આ કાળ વિકરાળ છે, ક્ષેત્ર પણ પ્રતિકૂળ અને જીવની સામગ્રીરૂપ દ્રવ્ય પણ તેવું જ હોવાથી ભાવને બળ મળે તેવું ન હોય ત્યાં એક સત્પુરુષની આજ્ઞા અને ભક્તિમાં વૃત્તિ રાખવાની જીવ કાળજી રાખે તો ઘણાં કર્મ બંધાતાં અટકે અને આત્મહિતમાં વૃત્તિ વળે તેમ બને. ખોરાકની, હવાની, કપડાંની જેમ શરીરને જરૂર છે તેમ જીવને પોતાને માટે સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્‌વિચારરૂપ આહાર, હવા આદિની જરૂર છે. તેની ભાવના કરતા રહેવી ઘટે. આ ભવમાં જે કંઈ કરવું છે તે આત્મહિતને પોષે તેવું જ કરવું છે, એવો મુમુક્ષુજીવને નિર્ણય હોવો ઘટે છેજી. એ લક્ષ રહ્યા કરે તો તે ગમે તેવા વિકટ પ્રસંગમાં પણ બચી શકે છે.

પ. પૂ. પ્રભુશ્રીજીએ એક વખત બોધમાં કહેલું તે આપને ત્યાં ઉપયોગી નીવડશે એમ ધારી નીચે લખી મોકલું છું તે બને તો મુખપાઠ કરી તેનો વિચાર કરતા રહેશોજી. "ગમે તેવો પ્રતિબંધ હોય, મરણ સમાન વેદના હોય, ગમે તેવા માયાના ફંદમાં ફસાઈ જવાનું બને, પણ આત્મહિત કદી ન વીસરવું." ઘણાં દુઃખ આ જીવે લખચોરાશીના ફેરા ફરતાં ભોગવ્યાં છે અને કંઈક પુણ્યસંચય જ્ઞાનીપુરુષની કૃપાથી થયો ત્યારે મનુષ્યભવ મળ્યો છે તેને વ્યર્થ ખોઈ ન બેસવો. ક્ષણ ક્ષણ કરતાં કેટલાં બધાં વર્ષ વ્યતીત થયાં! હવે તો જ્ઞાનીની આજ્ઞા, તેના જણાવેલા સ્મરણમંત્રમાં વૃત્તિને વિશેષ રાખવા પુરુષાર્થ કરવો છે એ લક્ષ રાખી વર્તશો તો જરૂર જીવનું હિત થશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫૪ અગાસ, તા. ૧૭-૫-૪૬
તત્ ૐ સત્ વૈશાખ વદ ૧, શુક્ર, ૨૦૦૨

કેમ મુમુક્ષુતા ટકે, જો ઇચ્છા ના જાય?
ડગલે ડગલે દુઃખ છે, જો મન વશ ના થાય.

મોક્ષમાર્ગ પ્રત્યે જે ઉલ્લાસ તમે પત્રમાં દર્શાવ્યો છે તે પ્રશંસાપાત્ર છેજી. સાતે વ્યસનના પૂર્ણ ત્યાગના સમાચાર પત્રમાં જાણી વિશેષ આનંદ થયો છેજી. જે નિયમો લીધા છે તે તમને વિશેષ બળ પ્રેરે તેવા છે. ખાસ કરીને સ્વાદનો જય કરવા જે પુરુષાર્થ કરે છે તેને બધી ઇન્દ્રિયો વશ થવી સુલભ છે અને સદ્‌ગુરુકૃપાથી તેનાં વચનો-બોધ પ્રત્યે બહુમાન રાખી અમલમાં મૂકતા જવાથી મન પણ વશ થવાનો સંભવ છેજી.

મનુષ્યભવમાં જીવ ધારે તે કરી શકે તેવો ઉત્તમ યોગ મળ્યો છે, તો હવે આત્મહિત આટલા કાળ સુધી વિસારી મૂક્યું હતું તેની મુખ્યતા કરી, ભક્તિ અને મંત્રસ્મરણ દ્વારા

આત્મજાગૃતિ પ્રાપ્ત કરવા પુરુષાર્થ વિશેષ વિશેષ કરતા રહો એવી ભલામણ છેજી. 'તત્ત્વજ્ઞાન' માંથી કાવ્યો બને તેટલાં મુખપાઠ કરવાનો લક્ષ રાખશો તો આગળ ઉપર વિશેષ ઉપયોગી થઈ પડશે. ત્યાં તમને વાંચવા-વિચારવાનો વખત મળી શકતો હોય તો એકાદ કલાક ભક્તિ કરવી, એકાદ કલાક વાચન કરવું, પા-અડધો કલાક કંઈક નવું શીખવામાં (મુખપાઠ કરવામાં) ગાળવો, અડધો કલાક મુખપાઠ થઈ ગયુ હોય તે રોજ ફેરવી જવામાં ગાળવો. આમ વખત બચાવીને પરમપુરુષના વચનમાં વૃત્તિ જોડતા રહેશો તો ઘણો લાભ થશે. બન્ને કોઈ કોઈ વખત અડવાડિયામાં મળવાનું રાખો તો વાચન-વિચાર સત્સંગે રસિક બને. તેવો યોગ ન બને તેમ હોય તો એકલા પણ પુરુષાર્થ કર્તવ્ય છે. ધન તો પ્રારબ્ધ પ્રમાણે મળે છે, પણ ભક્તિ આદિ અત્યારના પુરુષાર્થને આધીન છે. કરવા ધારીએ તો થઈ શકે અને જો ન કરીએ તો આટલા કાળ સુધી તે કામ જેમ પડી રહ્યું હતું તેમ પડી રહે.

મોક્ષમાળા પુસ્તક તમે પહેલાં વાંચવા લઈ ગયા હતા, પણ તે વખતે આવી ભક્તિની ગરજ જાગી નહોતી એટલે ઉપલક વંચાયું હશે. હવે ત્યાં તે પુસ્તક કાળજીપૂર્વક વાંચશો તો તેમાં ઘણી શિખામણ આપણા જીવનને ઉપયોગી થાય તેવી છે. જ્ઞાનવૃદ્ધિ અને સદાચરણ બન્નેથી જીવન ઉન્નત થાય છે તે લક્ષ રાખી જીવન સુખી બનાવવા પુરુષાર્થ કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫૫ અગાસ, વૈશાખ વદ ૫, ૨૦૦૨

તત્ ૐ સત્

ગયા પત્રમાં "જાગ્રતમાં જેમ જેમ ઉપયોગનું શુદ્ધપણું થાય, તેમ તેમ સ્વપ્નદશાનું પરિક્ષીણપણું સંભવે" (૬૨૨) એ વાક્યના પરમાર્થ સંબંધી પૂછ્યું તે વિષે જણાવવાનું કે પરમકૃપાળુદેવના હૃદયમાં જે વાત રહી છે તે સત્ય છે. "ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પવિકલ્પને ભૂલી જજો." (૩૭) આટલું એક પત્રમાં લખ્યું છે તે કરતા રહેવાની જરૂર છે. "અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજમાત્રમાં તે જાગ્રત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે." (૪૯૩) આ વાક્યોના અનુસંધાને વિચાર કરવા વિનંતી છે.

"દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો;<br>
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે, વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો—<br>
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?"

જ્ઞાનીપુરુષનાં સર્વ વચનો એક આત્મા દર્શાવવા અર્થે છે તે લક્ષ રાખી વાંચવા-વિચારવાનું થશે તો હિતકારી છેજી. આત્માર્થે તે વચનોના અવલંબને જે પુરુષાર્થ થશે તે સવળો થવો સંભવે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫૬ અગાસ, વૈશાખ વદ ૭, ગુરુ, ૨૦૦૨

આપનો પત્ર મળ્યો. એકલે હાથે બધો બોજો ઉપાડવાનું થતું હોય તો પોતાની શક્તિ વિચારી તે કામ હાથ ધરવું. કામ સારું હોય તોપણ શક્તિ વિચારીને કરવું. ચિત્ત વૈરાગ્ય-યુક્ત રહે તેવી વિચારણા કરતા રહેવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫૭ અગાસ, તા. ૨૫-૫-૪૬

વિરહના વખતમાં તમે પુરુષાર્થ કરી કાળનો સદુપયોગ કરો છો જાણી પ્રમોદ થયો છેજી. પ્રમાદમાં વખત ન જાય અને પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ જે કંઈ મુખપાઠ કરાવ્યું હોય, તેમણે ખાસ બોલાવીને વાત કરી હોય તે વારંવાર વિચારી, યાદ લાવી તેનો અમલ કરવાનો લાગ આવ્યો છે તે વ્યર્થ વહી ન જાય. અસંગ, અપ્રતિબંધ, ક્ષમા, ધીરજ, સહનશીલતા, જાગ્રત થા, જાગ્રત થા વગેરે શબ્દોના રણકારા વિશેષ વિચાર પ્રેરે અને જીવને વૈરાગ્યમાં વૃદ્ધિ કરાવી ઉન્નતિ પ્રેરે તેમ હવે તો થવું જોઈએ. નાનાં છોકરાં વખત જતાં ચાલતાં, બોલતાં, ભણતાં શીખીને વ્યવહારકુશળ બને છે; તો મુમુક્ષુ જીવે હવે પુરુષાર્થ કરી, વિશેષ વીર્ય ફોરવી અતીન્દ્રિય સુખ, જ્ઞાન, શાંતિ પ્રાપ્ત કરવા ભાવના કર્તવ્ય છે. તેવા પુરુષાર્થ વિના સત્પુરુષનું સાચું ઓળખાણ થવું દોહ્યલું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫૮ અગાસ, વૈશાખ વદ ૯, શનિ, ૨૦૦૨

પરમકૃપાળુદેવની ભક્તિ, તેનાં વચનામૃત અને તેમણે જણાવેલી શિખામણ પ્રમાણે વૈરાગ્ય, ઉપશમ, વિવેકવિચારથી વર્તવાથી જીવનું કલ્યાણ છેજી. હું કંઈ ન જાણું, પરંતુ પરમકૃપાળુદેવે આત્મા જાણ્યો છે તેવો મારો આત્મા છે એવી માન્યતા મારે કરવી છે. બીજી કોઈ કલ્પના કરવી નથી. એની આજ્ઞા ઉઠાવવાના મારા ભાવ છે. અસંગ, અપ્રતિબંધ, અપ્રમત્ત આત્મસ્વરૂપ જ્ઞાનીએ અનુભવ્યું છે, ઉપદેશ્યું છે તે રત્નત્રયરૂપ સહજ આત્મસ્વરૂપની હું તો ભાવના અત્યારે કરું છું. આવી — જ્ઞાનીએ ભાવી છે તેવી — આત્મભાવના મારે ભાવવી છે, એમ ચિંતવન-શ્રદ્ધા કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૫૯ અગાસ, તા. ૨૮-૫-૪૬

આપનું કાર્ડ મળ્યું છે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એમ પ્રચલિત કહેવત છે, તો આપણે પરમકૃપાળુદેવના અનુયાયી હોઈએ તો અલૌકિક દૃષ્ટિનું બળ વિશેષ રાખવું. તે સિવાય બીજામાં ખેંચાવા જેવું નથી, નહીં તો આપણું કરવાનું રહી જશે. આમ સ્ફુરવાથી લખ્યું છે તે વિચારશોજી.

---

૬૬૦ અગાસ, તા. ૩૧-૫-૪૬

તત્ ૐ સત્ જેઠ સુદ ૧, શુક્ર, ૨૦૦૨

"હું પામર શું કરી શકું? એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક."—શ્રીમદ્ રાજચંદ્ર

આપનો પત્ર મળેલ છેજી. આપે સ્તવનની ૪ કડી વિષે પુછાવ્યું છે તે બહુ વિચારવા જેવી છેજી. ટૂંકામાં ભાવાર્થ નીચે પ્રમાણે સમજાય છેજી:

નમિ નમિ નમિ નમિ વીનવું, સુગુણ સ્વામી જિણંદ નાથ રે
જ્ઞેય સકળ જાણંગ તુમે, પ્રભુજી જ્ઞાનદિણંદ નાથ રે. નમિ૦ ૧

ભાવાર્થ – અત્યંત નમ્રભાવે વારંવાર શ્રી સ્વામીપ્રભ સર્વજ્ઞ ભગવંત ગતચોવીસીના ૧૧મા તીર્થંકરને વંદન કરી શ્રી દેવચંદ્રજી મહારાજ (આપણી વતી) વિનંતી કરે છે: હે સર્વજ્ઞ સ્વામીજી! આપ તો કેવળજ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશમાં સર્વ જાણી શકાય તેવા પદાર્થોને જાણી રહ્યા છો; તો મારા અંતરની વાત આપનાથી છૂપી કેવી રીતે રહે? એટલે વગર કહ્યે મારી વાત જાણો છો છતાં પૂછું છું કે–

વર્તમાન એ જીવની, એહવી પરિણતિ કેમ નાથ રે;
જાણું હેય વિભાવને, પિણ નવિ છૂટે પ્રેમ નાથ રે. નમિ૦ ૨

ભાવાર્થ – અત્યારે આ જીવની આવી અશુદ્ધ પરિણતિ, સંસારભાવમાં જીવ પરિણમે છે તેનું શું કારણ છે? વિભાવ માત્ર તજવા યોગ્ય છે એમ જાણું છું, પણ તેમાંથી પ્રીતિ કેમ ઊઠી જતી નથી?

પર પરિણતિ રસ રંગતા, પર ગ્રાહકતા ભાવ નાથ રે;
પર કરતા પર ભોગતા, શ્યો થયો એહ સ્વભાવ નાથ રે. નમિ૦ ૩

ભાવાર્થ – જીવનો પ્રેમ શામાં છે તે કહી બતાવે છે. શુદ્ધ આત્મા સિવાયના બીજા પર-પદાર્થો અને વિભાવો પ્રત્યે જીવ પરિણમી જાય છે અને તેમાં રાચે છે; પરને ગ્રહણ કરવાના ભાવ રાખે છે; પરવસ્તુનો કર્તા અને પરદ્રવ્યનો ભોક્તા બની પોતાના શુદ્ધ ભાવનું કર્તાપણું, ભોક્તાપણું ભૂલી રહ્યો છે એવો કેવો સ્વભાવ જીવને પડી ગયો છે તે સમજાતું નથી.

વિષય કષાય અશુદ્ધતા, ન ઘટે એ નિરધાર નાથ રે;
તોપણ વંછું તેહને, કિમ તરીએ સંસાર નાથ રે. નમિ૦ ૪

ભાવાર્થ – રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ આ પાંચ વિષયો અને તેને નિમિત્તે જીવમાં ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને ત્રણ વેદરૂપ કષાય-નોકષાય વડે જીવ મેલો થઈ રહ્યો છે તે જીવની શોભા નથી. એને એમ કરવું તદ્દન ગેરવાજબી છે. તેમ છતાં તે પુદ્ગલની એઠને ઇચ્છું તો જીવની શુદ્ધતારૂપ મોક્ષની પ્રાપ્તિ અને મલિનતા-રૂપ સંસારનો નાશ કેમ થાય? એવી ભગવંત આગળ તે દોષ જવા અને શુદ્ધભાવ પ્રાપ્ત થવા વિનંતી કરી છેજી. "આણા આરાધન વિના, કિમ ગુણસિદ્ધિ થાય?"

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત."

એમાં પ્રથમ જણાવ્યું કે અનંતકાળથી જીવ અનંત દુઃખ વેઠતો આવ્યો છે, તેમાંના આ ભવની વાત જ જીવ વિચારે કે ગર્ભમાં કેટલાં બધાં દુઃખ વેઠ્યાં; પણ પરવશતા અને બેભાનપણું હોવાથી તે ભૂલી પણ ગયો. બાળપણામાં પણ બોલતાં-ચાલતાં, ખાતાં-પીતાં આવડતું નહોતું, માખી પણ ઉરાડી શકે નહીં તેવી પરાધીન દશામાં જીવે ઘણું સહન કર્યું છે. પછી કંઈ સમજ આવી તોપણ અવિચારદશામાં કુટાતાં-પિટાતાં કંઈક ભણીને કામ શીખીને અહંકાર પોષ્યો. મારુંતારું, વિષયકષાય અને અજ્ઞાનદશાના ભય, શોક, કલ્પનાના તરંગોમાં તણાતાં પૂર્વ પુણ્યના ઉદયે સદ્ગુરુનો યોગ, તેની આજ્ઞા, સમાગમ, સેવાનો યોગ બનતાં જીવની

ભાવના કંઈક પલટાઈ ત્યારે આ ભવની સંકુચિત દૃષ્ટિ છૂટી ભવોભવનાં દુઃખ અને ભવિષ્યમાં મોક્ષ નહીં થાય ત્યાં સુધીના પરિભ્રમણનો વિચાર જાગ્યો અને તેની (સદ્ગુરુની) આજ્ઞા સિવાય બીજો કોઈ તરવાનો ઉપાય નથી એમ લાગ્યું ત્યારે તે આરાધવા ભણી જીવને ગરજ જાગી. પણ પૂર્વે અભ્યાસી મૂકેલી સંજ્ઞાઓ હજી જીવને હેરાન કરે છે. તેના તરફ કટાક્ષદૃષ્ટિ રાખી, તેને દુશ્મન જાણી, આ શરીરને પણ ઝેર, ઝેર, ઝેર જેવું ગણી તેવાં બીજાં કેદખાનામાં ન પડવું પડે તે અર્થે 'આત્મભાવના' કર્તવ્ય છેજી. "શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિસ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) આ અભ્યાસ વારંવાર કરવા પરમકૃપાળુદેવની શિખામણ છે, તે લક્ષમાં રહ્યા કરે તેમ કર્તવ્ય છેજી.

જીભમાં કે ગળામાં કંઈ દુઃખાવો થાય ત્યારે જેમ નછૂટકે બોલે છે, ઇશારતથી ચલાવી લે છે, તેમ કર્મ બંધાય તેવાં નિમિત્તોમાં વિચારવાન જીવ બોલતાં પહેલાં ડરે છે. રખેને મને કે સાંભળનારને કષાયની પ્રેરણા થાય અને બન્નેને કર્મબંધનું કારણ થાય. માટે જ્યાં સુધી મનમાં શાંતભાવની ખાતરી ન થાય ત્યાં સુધી વચનને મુખમાંથી બહાર નીકળવા નથી દેવું એવો લક્ષ રહે કે પરમકૃપાળુદેવનું શરણ સંભારી વચન બોલવું છે એવો લક્ષ રહે તો જીવ અંકુશમાં રહે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૬૧

અગાસ, તા. ૨-૬-૪૬

તત્ ૐ સત્

જેઠ સુદ ૩, રવિ, ૨૦૦૨

દોહરો — કેમ મુમુક્ષુતા ટકે, જો ઇચ્છા ના જાય;
ડગલે ડગલે દુઃખ છે, જો મન વશ ના થાય.

"આખો લોક ત્રિવિધ તાપથી બળ્યા કરે છે" એમ પરમકૃપાળુદેવે કહ્યું છે તે જીવ વિચાર કરે તો સમજાય એવું છે અને આ કાળમાં તો જ્યાં જુઓ ત્યાં પ્રત્યક્ષ દુઃખ, દુઃખ ને દુઃખ જ નજરે ચઢે છે. છતાં જીવને એ દુઃખમાં કે તેની પાછળ સુખ માનવાની ટેવ પડી ગઈ છે તેથી છૂટવાની ઇચ્છા થતી નથી. કોઈ મહાભાગ્યશાળીને સત્પુરુષનો યોગ થયો હોય, તેના ઉપર અને તેનાં વચનો ઉપર પરમ પ્રેમ થયો હોય, શ્રદ્ધા ચોંટી હોય તો તે તેવાં દુઃખના ઘેરાવામાં પણ ઇચ્છો તો ચાતક પક્ષીની પેઠે આકાશમાંથી પડતા પાણીની કરે પણ ગંગાજળ જેવું પવિત્ર ગણાતું હોય, અખૂટ પાણી હોય તોપણ તેમાં ચાંચ સરખી બોળે નહીં. તેમ આ સંસાર જેને પ્રિય ગણે છે એવા ધન આદિનો લાભ થતો હોય, કીર્તિ વધતી હોય, રાજાનું માન મળતું હોય છતાં સંસારમાં જણાતાં સુખ તેની દૃષ્ટિમાં અભોગ્ય સમજાય છે, તેનું મન ત્યાં ઘડીભર શાંતિ માનવા ઇચ્છતું નથી. "એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં." જેની પાછળ દુઃખ આવે તેવાં સુખનો વિશ્વાસ વિચારવાન જીવ કરતા નથી. અત્યારે આપણે નજરે જોઈએ છીએ કે તમારા નગરમાં કેટલાય પૈસાદાર ગણાતા દેવાદાર થઈ ગયા, કેટલાય જુવાન યોદ્ધા જેવા રોગી થઈ ગયા, કેટલીય સૌભાગ્યવંતી સ્ત્રીઓ વિધવા થઈ ગઈ; એમ અનેક અધૂરાં કામ મૂકી મરણ આવતાં ચાલ્યા જતા નજરે જોઈએ છીએ. સગાંવહાલાં મરનારની

ઉત્તરક્રિયા કરી તેણે પાપ કરી કમાવેલું ધન વહેંચી લે છે અને મોજ કરે છે, પણ જેણે પાપ કર્યું હોય તેને એકલાને તેનાં ફળ ભોગવવાં પડે છે, દુર્ગતિમાં ત્રાસ વેઠવો પડે છે. આવી વાતો વારંવાર વિચારી પરમપુરુષ પરમકૃપાળુશ્રીએ જે છૂટવાનો માર્ગ બતાવ્યો છે, ભક્તિ, સ્મરણ આદિ આજ્ઞા આપી છે તેનું શરણ બળવાનપણે ગ્રહીશું તો જરૂર આત્મહિત થશે અને હજી જો ગાફેલ રહીશું તો માર ખાઈશું. માટે જે કંઈ કરતા હોઈએ વીસ દોહા, ક્ષમાપના, આત્મસિદ્ધિ, છપદનો પત્ર, સ્મરણમંત્ર આદિ, તેમાં ભાવ વધે તેમ કર્તવ્ય છે. કોઈ દવા ખાય તો સાથે અનુપાન કે ચરી પાળે છે, તેમ જ્ઞાનીની આજ્ઞા સાથે ભાવ એ ઉત્તમ અનુપાન છે તેની વૃદ્ધિ કરવા પ્રતિદિન પ્રયત્ન કર્તવ્ય છેજી. સંસારજાળમાંથી મુક્ત થવાની ભાવના પ્રતિકૂળ સંયોગોમાં પણ મંદ ન પડે, ઊલટો વૈરાગ્ય વધે તેવું બળ વાંચન-વિચાર-ભક્તિથી મેળવતા રહેવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૬૨ અગાસ, તા. ૫-૬-૪૬

તત્ ૐ સત્ જેઠ સુદ ૫, ૨૦૦૨

ખેદના પ્રસંગમાં પણ સત્પુરુષ પ્રત્યે, તેમનાં વચનામૃત પ્રત્યે જેટલી શ્રદ્ધા જીવને પ્રગટી છે, તેટલું તે કામ જરૂર કરે છે. આત્મા છે, નિત્ય છે એમ જેને દૃઢ થયું છે તેને દેહનો તો શોક કર્તવ્ય નથી. અને આત્મા અજર અમર અવિનાશી દેહાતીત છે એવી ભાવના કરનાર, પુત્ર આદિ કલ્પિત પદાર્થોમાં હર્ષશોક ન કરે, થાય તો તેને ભૂલ માને. આ ભૂલ અવશ્ય ટાળવી છે એવો દૃઢ નિશ્ચય કરે અને બનેલા પ્રસંગને પોતાને આગળ વધવાનું નિમિત્ત બનાવે. સદ્ગત....નાં માતુશ્રીને પણ ધીરજ આપશો અને પત્રાંક ૫૧૦ બંધવૃત્તિ સંબંધી વાંચી સંભળાવશો તથા થાય તો મુખપાઠ કરવા સૂચવશોજી. બધાં મુમુક્ષુ ભાઈબહેનોને એ પત્ર જાણે પોતાના ઉપર જ પરમકૃપાળુદેવે લખ્યો છે એમ માની તેમાં કહેલી વાત લક્ષમાં લેવા યોગ્ય છેજી. પ્રસંગ પડ્યે જે ભૂલ હટાઈ રહી હોય તે પ્રગટ થાય છે. જેમ ક્રોધનો પ્રસંગ ન હોય ત્યાં સુધી ક્રોધ ન જણાય પણ તેવો પ્રસંગ પડ્યે ક્રોધ કેટલે અંશે નરમ પડ્યો છે તે જાણી શકાય છે તેમ બંધવૃત્તિઓને તપાસી તપાસી તેને દૂર કરવાનો પુરુષાર્થ સર્વ મુમુક્ષુજીવોએ કર્તવ્ય છેજી. ધીરજ, સમતા, ક્ષમા, સમાધિમરણ એ બોલો વારંવાર વિચારી તે ભાવો હૃદયગત થાય તેમ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૬૩ અગાસ, જેઠ સુદ ૮, ૨૦૦૨

"નહિ બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય;
કાં એ ઔષધ ન પીજીએ, જેથી ચિંતા જાય?"

પરમકૃપાળુદેવે પણ કહ્યું છે કે "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) સંસારમાં જન્મીને આજ દિન પર્યંત જીવે જે ગડમથલ કરી છે તેનો હિસાબ કાઢે તો સરવાળે દુઃખ, દુઃખ ને દુઃખ જ જણાય તેમ છે. સર્વ બાજુથી જ્ઞાનીપુરુષોએ વિચાર કરીને નિર્ણય કર્યો છે કે સંસાર એકાંત દુઃખરૂપ છે, એકાંત શોકરૂપ છે, અસાર છે, ભયંકર

છે, મોહની જાળરૂપ છે, રાગદ્વેષના ફળથી પ્રગટ બળતો છે. તેમાં વળી આ કળિકાળમાં તો જ્યાં જુઓ ત્યાં ક્લેશ, દુઃખ અને ઉપાધિથી જીવો બળી રહ્યા છે. સંસારનું સ્વરૂપ વિચારવાનો અને સમજવાનો યોગ દુઃખનો પ્રસંગ છે. સુખના પ્રસંગમાં વિચાર આવવા મુશ્કેલ છે. સત્સંગે કંઈ સાંભળીને વિચાર કરવા જાય પણ સંસારની અનુકૂળતા આગળ અસારતા ભાસવી બહુ કઠણ છે. પરંતુ આવા પ્રસંગે જેમ જ્ઞાનીઓએ સંસારનું સ્વરૂપ ઘણો વિચાર કરી નિશ્ચિત કર્યું છે તેવું ભાસવા સંભવ છે. કારણ કે વૈરાગ્યના પ્રસંગો મોહને મંદ કરે છે, તે વખતે દુઃખને સુખ માનવાની ભ્રાંતિ ખસવા લાગે છે અને જ્ઞાનીનાં વચનો મીઠાં લાગે છે. તે મહાપુરુષે અનંત દયા લાવીને જે બોધ આ જીવને જાગ્રત કરવા કર્યો છે, તેનો ઉપકાર જીવને સમજાય છે અને અનંતકાળથી જન્મ-મરણ, જન્મ-મરણ કરી રહેલા આ જીવની દયા જાગે છે અને હવે એ જન્મમરણની પરંપરાનાં દુઃખ દૂર થાય તેવી દવા જ્ઞાની ગુરુએ જણાવી છે તે ભાવ ગરજ રાખીને સેવે છે અને તે સંસારના આંટા ઉકેલવા પુરુષાર્થ બમણા બળથી કરે છેજી. તે કેવા પ્રકારે? "શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ-સ્ત્રી-પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે."

> "છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦
> એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦"

નિત્યનિયમ – વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ અને મંત્રનું સ્મરણ કદી એક દિવસ પણ ન ભુલાય તે કાળજી રાખી વર્તતાં, ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષ સુલભ છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૬૪ અગાસ, તા. ૮-૬-૪૬

તત્ ૐ સત્ જેઠ સુદ ૯, શનિ, ૨૦૦૨

જેમ બહાર જીવનવ્યવહારમાં મુશ્કેલીથી જીવ મૂંઝાય છે, તેવી મૂંઝવણ જીવને પોતાના હિતને અર્થે, જન્મમરણ ટાળવાને અર્થે જ્યારે જાગશે ત્યારે જીવ જાગ્યો કહેવાશે. હજી તો દેહાદિ સંયોગોમાં તલ્લીન થઈને પોતાને ભૂલી રહ્યો છે. તે ભાન પ્રગટવા અર્થે "હે ભગવાન! હું બહુ ભૂલી ગયો" વગેરે જ્ઞાનીપુરુષોનાં અમૂલ્ય વચનો જીવને જાગૃતિ આપે તેવાં રોજ તેની આજ્ઞાએ અત્યંત પ્રેમે ઉપાસવા યોગ્ય છેજી. પ્રમાદ અને એકાળજી તે કામ કરવા દેતાં નથી કે વિઘ્ન કર્યા કરે છે; તેને દૂર કરી જાગૃતિની ભાવના નિરંતર કરતા રહેવાની જરૂર છેજી. કંઈ કંઈ નવું શીખતા રહેવાની જરૂર છે; જે શીખ્યા હોઈએ તેના વિચાર થવા અર્થે અને તેની વિસ્મૃતિ ન થાય તે અર્થે પણ વારંવાર ફેરવતા રહેવાની પણ જરૂર છે. પરમકૃપાળુદેવ જણાવે છે કે ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ એ સહજ **સ્વભાવરૂપ કરી મૂક્યા** વિના જીવને આત્મગુણ કેમ પ્રગટે? એ ભાવ વારંવાર વિચારી મમતાભાવ ઘટાડવો ઘટે છેજી. તથા કષાય મંદ કરી ભક્તિમાં મનને તલ્લીન કરતા રહેવાની જરૂર છેજી. આત્મહિત કરવું હોય તેણે તો જે જે

કામ કર્યા વિના છૂટકો નથી, તે તે પતાવી દઈ બાકીનો બચતો વખત જ્ઞાનીપુરુષોનાં વચનો વાંચવા, વિચારવા, ગોખવા કે ફેરવવામાં વૃત્તિ જોડી રાખે તો મનનું કર્મ બાંધવાનું કામ મંદ પડે અને આત્માને શાંતિનું કારણ બને. રાતદિવસ જીવ કર્મ બાંધ્યા કરે છે તેનાં ફળ પોતાને જ ભોગવવાં પડશે એમ વિચારી આ આત્માની દયા ખાવી ઘટે છેજી. મનુષ્યભવમાં જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉઠાવવાનો લાગ જેવો મળ્યો છે તેવો બીજા કોઈ ભવમાં મળી શકવો દુર્લભ છે એમ જ્ઞાનીપુરુષો પોકારી પોકારીને કહે છે પણ જીવ તે તરફ લક્ષ રાખતો નથી અને જે કર્યા વિના ચાલી શકે તેવાં કામોને આગળ કરીને તેમાં ખોટી થઈ રહ્યો છે. આ ભવમાં જ બની શકે તેવું કામ ધકેલ ધકેલ કરવા યોગ્ય નથી પણ 'ધર્મના કામમાં ઢીલ ન કરવી' એવી કહેવત છે તે સંભારી તે પ્રમાણે વર્તન કરી લેવું ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૬૫ અગાસ, તા. ૮-૬-૪૬

તત્ ૐ સત્ જેઠ સુદ ૯, શનિ, ૨૦૦૨

વિ. આપનો પત્ર આજે મળ્યો. વાંચી વિગત જાણી છેજી. જેમ ચાલતા ઊંટ ઉપર બેઠેલા માણસને સ્થિર રહેવું મુશ્કેલ છે તેમ સંસારનાં કાર્યો કરતાં છતાં સ્થિરતા સાધવી અત્યંત મુશ્કેલ છે. પરમકૃપાળુદેવ જેવા આત્મજ્ઞાની અને પૂર્વના આરાધક મહાત્મા પણ નિરંતર આ ઉપાધિયોગથી છૂટવાની ભાવના મોટા પુસ્તકમાં વારંવાર જણાવે છે, તો આ જીવે તો તે ભાવ ભૂલવા યોગ્ય નથીજી. નિમિત્તાધીન જીવ છે તેથી જેવાં નિમિત્ત મળે તેવા ભાવ થઈ જાય છે અને તેમાં જ પરિણમી જાય છે. માટે મુમુક્ષુજીવે પૂર્વે બાંધેલાં કર્મ ભોગવતી વખતે અત્યંત અત્યંત જાગ્રતિ અને વિભાવનો ડર રાખવો ઘટે છેજી. "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર," એવું પુષ્પમાળામાં પરમકૃપાળુદેવ કહે છે તે હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છેજી. "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો" (૧૭૨) વગેરે આત્મહિતને ઇચ્છનારે સહજ કરી મૂકવાની શિખામણ જ્ઞાનીપુરુષો આપે છે, અને આ જીવ બહેરો કે બેભાન હોય તેમ તે પ્રત્યે બેદરકાર રહે તો પરિણામ કેવું આવે ? માટે સત્સંગના વિયોગમાં સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરવાની કાળજી દિનપ્રતિદિન વધતી જાય તેમ કર્તવ્ય છેજી.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે સાંભળ સાંભળ કર. તેમ તેવો જોગ ન હોય ત્યારે જીવે વાંચવું વિચારવું; કંઈ કંઈ સ્મૃતિમાં રહે તેવું ગોખવું, ગોખેલું ફેરવી જવું, ભક્તિભાવના અર્થે અવકાશ બળ કરીને પણ મેળવતા રહેવું, તો કંઈ ને કંઈ અસર થયા વિના નહીં રહે. 'શું થશે ? કેમ કરવું ? માથે બોજો છે' એવા ભાવો દૂર કરી થાય તેટલું કરી છૂટવું પણ તેના વિચારો વધારે વખત મગજમાં આવી ઘર ન કરી બેસે તે સંભાળતા રહેવાની જરૂર છેજી. ફિકર કર્યે કંઈ બનતું નથી. પ્રારબ્ધ પ્રમાણે અત્યારે તો મોટે ભાગે લાભહાનિ જણાય છે. પુણ્ય વિના કોઈને લાભ થવો નથી. પુણ્ય પ્રમાણે તેને સવળી મતિ સૂઝે છે. પાપનો ઉદય હોય ત્યારે અવળું જ કરવા જીવ પ્રેરાય છે. પણ તે બધા પ્રસંગોમાં હર્ષ-વિષાદ મંદ કરવા જીવ ધારે તો થઈ શકે તેમ છેજી. મુશ્કેલી છે પણ પરમકૃપાળુદેવે કરી બતાવ્યું છે અને એ જ

શિખામણ આપી છે કે "બાહ્યભાવે જગતમાં (ઉપાધિમાં) વર્તો અને અંતરંગમાં એકાંત શીતલીભૂત – નિર્લેપ રહો." (૭૨) આ લક્ષ પ્રસંગે પ્રસંગે જીવ સંભારે તો ઉદાસીનતા જન્મે. લક્ષ ન લે તે ડાહ્યો શાનો? સમજવા જેવું પરમકૃપાળુદેવે જે કહ્યું હોય તે જરૂર કરવું છે એવો દૃઢ નિશ્ચય કર્તવ્ય છે અને યથાશક્તિ તે લક્ષ પ્રમાણે પ્રવર્તવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. જેને જેટલી ગરજ જાગી હશે તેટલા પ્રમાણમાં પરમકૃપાળુદેવની શિખામણ હૃદયમાં રાખશે. તે સિવાય કોઈ બીજો બચવાનો ઉપાય નથી.

"શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળ-પંક્તિ કહી;
જિન ભક્તિ ગ્રહો તરુકલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો."-શ્રીમદ્ રાજચંદ્ર

---

૬૬૬ અગાસ, તા. ૨૬-૬-૪૬

તત્ ૐ સત્ જેઠ વદ ૧૨, બુધ, ૨૦૦૨

વંદન સદ્ગુરુ પાદપદ્મમાં પુનિત પ્રેમ સહ કર્યા કરું,
ચકોર-ચિત્ત સમ રાજચંદ્ર ગુરુ, હૃદય નિરંતર ઉર ધરું;
વિષય-વિરેચક વચનામૃત તુજ, અંતર્શોધ થવા ચીંચરું,
વારંવાર વિચારી આજ્ઞા ઉઠાવવા પુરુષાર્થ કરું. (પ્રજ્ઞાવબોધ ૨૦)

પૂર્વે જીવે જેવું કોકડું વીંટ્યું છે તેવું જ ઊકલે છે, એમાં કોઈનો દોષ નથી. અત્યારે સત્પુરુષાર્થ કરીશું કે ભાવના કરીશું તેનું ફળ સારું જ આવશે એ નિઃસંદેહ વાત છે. ફળની જેટલી ઉતાવળ જીવ કરે છે તેટલી અધીરજ ઊભરાય છે. ખેતરમાં વાવે કે તરત ઊગતું નથી. સદ્ગુરુશરણે ધીરજ રાખી સત્પુરુષાર્થમાં મંડ્યા રહેવું. નિષ્ફળતા તરફ લક્ષ રાખવા યોગ્ય નથી, કારણ કે તે તો પૂર્વ પ્રારબ્ધનું ફળ છે. જે થાય તે જોયા કરવું. જેમાંથી જેટલું બને તેટલું કરી છૂટવું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૬૭ અગાસ, તા. ૪-૭-૪૬

તત્ ૐ સત્ અષાઢ સુદ ૬, ગુરુ, ૨૦૦૨

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે."–શ્રીમદ્ રાજચંદ્ર

વિ. આપનો પત્ર મળ્યો. પૂ.........ને નિકટના સગાના મરણને કારણે શોક રહ્યા કરે છે એમ લખ્યું તે જાણ્યું. એક મહાત્મા લખે છે: "મોહાધીન જીવોએ જ્યાં જ્યાં વિશ્વાસ કર્યો છે, તેથી બીજું કોઈ ભયભર્યું સ્થાન તેને માટે નથી અને જ્યાંથી તેને ભયની શંકાઓ થયા કરે છે તેથી બીજું તેને નિર્ભય થવાનું સ્થાન નથી." એટલે જીવે મોહવશે આ મારા ભાઈ, આ મારી મા, આ મારા પતિ, આ મારાં સંતાન એમ માન્યું છે, તે બધાં સુખનાં કારણ છે એમ માન્યું છે, ત્યાં જ દુઃખ આવીને વસે છે અને વિયોગાદિ કારણે તે પોતાનું પોત પ્રકાશે છે. અમદાવાદમાં હુલ્લડ થયું કે પરદેશમાં બોમ્બથી હોનારત થઈ તેમાં કેટલા બધા માણસોનાં પ્રાણ ગયા, કેટલીય બહેનોના ભાઈ, કેટલીય માતાનાં સંતાન, કેટલીય બહેનોના ભાણેજ અને કેટલીય પત્નીઓના પતિઓનો વિયોગ થયો, છતાં જ્યાં મારાપણું માન્યું નથી ત્યાં દુઃખ થતું

નથી. તેથી 'હું ને મારું' એ મોહનો મંત્ર છે. તેથી જગત આખું ગાંડું થઈ રહ્યું છે. તેમાંથી જેમણે સત્પુરુષનો આશ્રય ગ્રહી તે મંત્રને ભૂલવાનો પ્રયત્ન કર્યો અને "સહજાત્મ સ્વરૂપ પરમગુરુ" એ મંત્રનું આરાધન કર્યું તેને મોહ સતાવતો નથી. જેમને મોહ સતાવે છે તેમણે હજી જોઈએ તેવું આરાધન કર્યું નથી, ખરો આશ્રય-ભક્તિમાર્ગ ગ્રહ્યો નથી, હજી સમજણમાં ખામી છે. સમજાય તો તો હું આત્મા છું, નિત્ય છું, કર્તા છું, ભોક્તા છું, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે તે મારે આ ભવમાં આદરવો છે એમ લાગે. પોતા સંબંધી ભૂલ ચાલી આવી છે તેથી 'હું દેહ છું, હું મરી જઈશ, હું શું કરું? શું ભોગવું? મોક્ષ થાય તેમ નથી. મોક્ષનો ઉપાય શું હશે?' એમ રહ્યા કરે છે તેથી સત્પુરુષાર્થ થતો નથી. તે ભૂલને લઈને બીજાને પણ 'આ મારો ભાઈ છે, તે મરી ગયો, તે શું કરશે? શું ભોગવતો હશે? તેનો મોક્ષ નથી; તેને હવે કોઈ ઉપાય નથી' વગેરે કલ્પનાઓ કરે છે. પણ ખરી રીતે વિચારીએ તો તે હતો ત્યારે તેણે શું તમારું હિત કર્યું, તે વધારે જીવત તો તમારું શું ભલું કરત? માત્ર જીવે તેને નિમિત્તે પોતે મોહ પોષ્યો છે અને તેને પણ મોહના કારણરૂપ પોતે થયેલ છે. આમ જીવ પોતે મોહરૂપી ઝેર પીએ છે અને બીજાને પાય છે. એમ બન્નેનું માઠું કરવામાં જીવે મણા રાખી નથી. જગતમાં કોઈ આપણું છે નહીં અને થવાનું નથી. માત્ર એક સત્પુરુષો નિષ્કારણ કરુણા કરનાર જગતના સાચા મિત્ર, સાચા ભાઈ આદિ છે. તે મહાપુરુષો આપણને તારી શકે તેમ છે. તેમનો વિયોગ જીવને સાલશે ત્યારે જીવનું કલ્યાણ થવું સંભવે છે. આ વાત હૈયે બેસવી અઘરી છે. તેને માટે સત્સંગની જરૂર છે. આ વાત સૌને ચેતવા જેવી છે. દૃષ્ટિ ફેરવવાની છે એટલું પણ આટલા ઉપરથી સમજાશે તોપણ ઘણું છે. જે કરવું છે તેને માટે પુરુષાર્થ કરવો ઘટે. જે આખરે આપણને રોવરાવે તેના તરફથી વૃત્તિ હઠાવી આપણા ઉદ્ધાર તરફ લક્ષ લેવા યોગ્ય છેજી. તેની ભાવના રાખી હશે તો અનુકૂળતા આવ્યે તે કામ થઈ શકશે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૬૮ અગાસ, તા. ૧૩-૭-૪૬

તત્ ૐ સત્ અષાઢ સુદ ૧૪. શનિ, ૨૦૦૨

"દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ તેથી અનંતગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંતભવ એક ભવમાં ટાળવા છે." (૮૪)

વિ. આપના બન્ને પત્રો મળ્યા છેજી. તેમાં જે આત્મહિત અર્થે ઉત્સાહ પ્રગટ થયો છે તે જાણી આનંદ વર્તે છેજી. પત્રોમાં ઉત્તરની ઇચ્છા રાખી છે તે ટૂંકામાં સંતોષાય તેમ નીચે લખું છું. પહેલા પત્રમાંના પ્રશ્નો સંબંધી—

(૧) પાણી જેની કાયા છે એવા, ટીપાથી ઘણા નાના શરીરવાળા જીવોના સમૂહરૂપ, પાણી છે. મુનિઓ ઠંડા પાણીનો સ્પર્શ પણ જાણીજોઈને કરતા નથી. કારણ કે શરીરની ગરમીથી પણ તેમના પ્રાણ છૂટી જાય છે. પાણીની અંદર પોરા વગેરે જીવો હાલતાચાલતા પણ હોય છે તથા વનસ્પતિકાયના પણ અસંખ્ય જીવો એક ટીપામાં હોય છે. તેથી મુનિઓ ગરમ કરેલું પાણી મળે તો પીવા વગેરે માટે વાપરે છે. જેનાથી તેમ ન પળી શકે અને

હિંસાથી બચવું હોય તે ગૃહસ્થો પાણી ગાળીને વાપરે છે, બે ઘડીથી વધારે વાર ગાળેલું પાણી પડી રહ્યું હોય તે ફરી ગાળીને પીએ છે. જળાશયમાં નાહવા જનાર પણ વિચારવાન તો વાસણમાં ગાળીને કાંઠે બેસી નહાય પણ અંદર નદી વગેરેમાં પડે નહીં.

(૨) ભાજીના મૂળમાં જીવ હોય છે, પાંદડાંમાં પણ દરેક પાંદડે જીવ હોય છે, બીજમાં પણ જુદા જુદા જીવ હોય છે. બટાટા, મૂળા, સૂરણ વગેરે જે જમીનમાં કંદરૂપે થાય છે તેમાં અનંત જીવો હોય છે. પાંદડાને આશરે કેટલીક જીવાત રહે છે. ધોવાથી પણ દૂર થવી મુશ્કેલ એવી કેટલીક ભાજીમાં જીવાત હોય છે. સીંગ વગેરે ફોલીને શાક કરે તો એમ ને એમ બાફ્યા કરતાં શુદ્ધ ગણાય. ફૂલમાં પણ જુદા જીવ હોય છે. ફૂલના રસમાં મધના જેવો દોષ ગણાય. કાકડી અને રીંગણાં ઘણા દોષનાં કારણ છે. આમ તમે જણાવેલી ચીજો દોષવાળી છે. માત્ર તાજી છાશ કે દહીં તેવાં નથી. એટલે એમાં જીવહિંસા નથી પણ ઊંઘ, પ્રમાદ વધારનાર મનાય છે:- વિશેષ પ્રમાણમાં હોય તો. આ વાત જાણી પોતાની અનુકૂળતા શક્તિ વિચારી દોષોથી બને તેટલું દૂર રહેવું અને ન બને તે પ્રત્યે આસક્તિ નહીં રાખતાં તેવી શક્તિ પ્રાપ્ત થયે તે દોષોથી દૂર થવું છે એવી ભાવના કર્તવ્ય છેજી. સત્સંગની તમને ઘણી જરૂર છે પણ તે તો હિંદમાં આવવાનું બન્યે બને તેમ છે. હાલ તો મંત્રસ્મરણ વાચન વિચાર યથાશક્તિ સદ્વર્તન કરતા રહેશો.

બીજા પત્રમાં તમે એક કલાક વખત મળે છે તેનો ક્રમ પુછાવ્યો છે તે નીચે પ્રમાણે જાણશો-- નિત્યનિયમના ત્રણ પાઠ ('જિનેશ્વરની વાણી' સાથે) બોલવા, પછી મંત્રની પાંચ માળા બને તો સાથે જ ફેરવી લેવી. પછી છ પદનો પત્ર, કોઈ વખત તેને બદલે આત્મસિદ્ધિ શાસ્ત્ર, કોઇ વખત મુખપાઠ કરેલાં પદો પણ બોલવા. બીજાં પુસ્તકો જે જે મંગાવ્યાં તે તે રજાના દિવસોમાં વાંચતા રહેશો તો ઉત્સાહ ટકી રહેશે. સત્પુરુષાર્થથી સર્વ બને છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૬૯ અગાસ, તા. ૧૪-૭-૪૬

"હે જીવ! ક્યા ઇચ્છત હવે, હૈ ઇચ્છા દુઃખમૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ." (હા. નોં. ૧-૧૨)

એ દોહામાં અનાદિ ભૂલ સંબંધી "શું અને શાથી મટે?" તે પૂછ્યું તેના ઉત્તરમાં નીચે લખું છું:

જીવનું પરિભ્રમણ તૃષ્ણા, લોભ કષાયને લઈને છે. જેને તૃષ્ણા વધારે તેના ભવ વધારે એમ પરમકૃપાળુદેવે લખ્યું છે. ઇચ્છા એ લોભનો પર્યાય છે. લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે. લોભ પાપનો બાપ કહેવાય છે. ધર્મ પામવામાં પણ દાનાદિથી જેનો લોભ મંદ પડ્યો હોય તે યોગ્ય ગણાય છે. જીવની સમજણ વિપરીત થવામાં લોભ કષાય મુખ્ય કારણ છે. અગિયારમે ગુણસ્થાને મહામુનિને પાડનાર મોહ લોભનું રૂપ લે છે. જીવ શાતાનો ભિખારી છે. આત્માના સત્સુખનું ભાન નથી થતું અને દેહાધ્યાસ ટકી રહે છે. તેમાં પણ મુખ્ય કારણ પૌદ્ગલિક સુખનો લોભ છે. બાહ્ય સુખોની ઇચ્છાઓ જાય, આ લોકની અલ્પ પણ ઇચ્છા ન રહે તો તીવ્રમુમુક્ષુતા સદ્ગુરુયોગે પ્રગટે અને મોક્ષ થાય. જીવની મોટામાં મોટી ભૂલ કે મોટામાં મોટો દોષ તીવ્રમુમુક્ષુતા કે મુમુક્ષુતા નથી તે છે, અને તેને મોટો આધાર ગ્રહણ કરવાની ઇચ્છા એ છે. તે વિપરીત બુદ્ધિ કે વિપર્યાસ પણ કહેવાય છે. વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ થયે

તે વિપર્યાસબુદ્ધિ ટળે છે એટલો લક્ષ રાખી વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ કરવા હાલ પુરુષાર્થ કર્તવ્ય છે. તેમાં નિષ્કામબુદ્ધિ કે બીજી ઇચ્છાઓનો ત્યાગ કરી "માત્ર મોક્ષ – અભિલાષ" પોષાય તેમ પુરુષાર્થ કર્તવ્ય છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૭૦ અગાસ, તા. ૧૪-૭-૪૬
તત્ ॐ સત્ અષાઢ સુદ ૧૫, રવિ, ૨૦૦૨

પરમકૃપાળુદેવનો આધાર આ ભવમાં મળ્યો છે તે જીવનું મહદ્ ભાગ્ય છે. પત્રાંક ૬૯૨ મુખપાઠ થાય તો કર્તવ્ય છે, નહીં તો વારંવાર વાંચવો. પૂ. શ્રી અંબાલાલ ખંભાતવાળા પરમકૃપાળુદેવના ગણધર તુલ્ય હતા, તેમના સાળાને અંત વખતે ઉપયોગી થયેલો એ પત્ર છે. સમાધિમરણ અર્થે શું ભાવના કરવી ? સત્પુરુષના આશ્રયનું કેટલું માહાત્મ્ય છે ? તથા છેવટે મુમુક્ષુઓમાંથી કોઈની હાજરી હોય તો જીવના ભાવ સદ્ગુરુ-શરણે રહી શકે વગેરે સમજી, તેવી ભાવના કરતા રહેવાથી તે જ હિત આખરે પણ સમજાય અને યથાશક્તિ તે પ્રમાણે પ્રવર્તાય. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની દવા આદિ માવજત અર્થે મુમુક્ષુ, દાક્તરો આદિ હાજર રહેતા, પણ તેઓશ્રી કહેતા : અમને દવા અને દાક્તરોની શ્રદ્ધા હોય ? પોતાને પરમકૃપાળુદેવે સમજાવેલું તેની પકડ થયેલી તે જ લક્ષ અહોરાત્રિ તેમને રહેતો. બીજું જે થતું હોય તે થવા દેતા, પણ તે લક્ષ ચુકાય તો અમારો દેહ ન રહે એમ કહેતા. મૃત્યુને મહોત્સવ માનતા અને જણાવતા હતા. ઘણી વખત, શરીર સારું હતું ત્યારે ફરવા જતા તો એકલા બોલતા,

"સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં—સુખદુઃખ૦"

"આપ સમાન બળ નહીં અને મેઘ સમાન જળ નહીં" એ કહેવત પણ ઉપદેશમાં ઘણી વખત જણાવતા. પ્રથમથી જે સહનશીલતા, ધીરજ, સમતા, શાંતિ જીવે સેવી હશે તે આખરે જીવને મિત્ર સમાન મદદ કરશે. માટે પહેલેથી તે અભ્યાસ પાડી મૂકવાની ટેવ રાખવી. સ્મરણમાં ચિત્ત રહ્યા કરે કે પરમકૃપાળુદેવનાં વચનના વિચાર મનમાં રહ્યા કરે એ લક્ષ રાખ્યો હશે તો આખરે બીજું કોઈ વિઘ્ન નહીં નડે. નડે તોપણ તેમાં લક્ષ ન રહે તે અર્થે આગળથી પુરુષાર્થ કર્તવ્ય છેજી."પાણી પહેલા પાળ" બાંધી રાખી હોય તો તે પાળીએ પાળીએ પાણી ચાલ્યું જાય. વૈરાગ્ય, ઉપશમ, ત્યાગ અને ભક્તિ સહજ સ્વભાવરૂપ થઈ જાય તેમ મુમુક્ષુએ વર્તવું ઘટે એમ પરમકૃપાળુદેવે એક પત્રમાં જણાવ્યું છે તે લક્ષમાં લેવા યોગ્ય છેજી.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૭૧ અગાસ, તા. ૧૭-૭-૪૬

ઇન્દ્રવજ્રા — મૃત્યુ પ્રમાદે જીવને સતાવે, કે મોહ અજ્ઞાન વડે સુઝાવે;
વિયોગ સૌ પ્રિયજનો તણો કે લક્ષ્મીતણાં સુખતણો ઘણોયે;
કે દુર્ગતિનો ડર જો ડરાવે તેથી અશાંતિ ઊભરાઈ આવે,
માટે ભજી લ્યો ભગવંત ભાવે, તે આશ્રયે જ્ઞાનથી શાંતિ આવે. (પ્રજ્ઞા. ૮)

જે ભણે તેની પરીક્ષા હોય. ભક્તિવંતને જ વિઘ્નો આવે. તે કસોટીમાં જો સદ્‍ગુરુશરણ ટકાવી રાખે, તેની આજ્ઞા આરાધે તો તે મુમુક્ષુને સમાધિમરણ અર્થે કરવાની તૈયારી અંશે થઈ ગણાય. દુઃખ ગમતાં નથી, પણ દુઃખ જ જીવને આગળ વધારનાર, પોતાની આરાધનાની ખામી જણાવનાર તથા શ્રદ્ધાની દૃઢતા કરાવનાર બને છેજી.

એક વખત શ્રીકૃષ્ણ પાંડવોને ત્યાં પધારેલા ત્યારે કુંતામાતા ભાવભક્તિથી ઘણી સેવા કરવા લાગ્યાં. તે જોઈ શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈને કહ્યું : 'આપને જે ગમે તે માગો !' એટલે કુંતામાતાએ કહ્યું : 'જરૂર આપશો કે ફરી જશો ?' 'જરૂર આપીશ. દ્વારિકાનું રાજ્ય માગશો તોપણ આપીશ' — એમ શ્રીકૃષ્ણે કહ્યું તોપણ ફરી ફરીને બેત્રણ વખત પૂછ્યું કે જરૂર આપશો ? એમ નક્કી કરાવી કહ્યું : 'હે કૃષ્ણ ! તમે પ્રસન્ન થયા હો તો મને દુઃખ આપો. સુખમાં તમે સાંભરતા નથી અને દુઃખમાં જ સાંભરો છો, તેથી મારે તો દુઃખ જ માગવું છે.'

આ કથા ઉપરથી આપણે કંઈ સમજ્યા હોઈએ તો દુઃખથી ડરવાનું તો ભૂલી જ જઈએ. ભલે દુઃખ માગવા જેટલી તત્પરતા હાલ ન દેખાય, તોપણ આવી પડેલા દુઃખના દહાડા ભક્તિભજનમાં જ જાય તેટલું તો ધારીએ તો કરી શકીએ એમ છીએ. જેને મંત્રસ્મરણની આજ્ઞા મળી છે, ભક્તિના વીશ દોહરા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ વગેરે જ્ઞાનીની આજ્ઞાથી કરવાનો જેને અભ્યાસ છે, તેમાં આત્મહિત સમાયેલું છે એટલી જેને સમજણ આવી છે, તેણે તો તેવા વખતમાં જે મુખપાઠ હોય તે બોલ્યા કરવું કે સ્મરણ આદિ આજ્ઞાના વિચારમાં જ રહેવું એ ઉત્તમ છે. જેને તેવો જોગ નથી મળ્યો, તે તો દેહની દરકારમાં, મરણના વિચારોમાં ગૂંચાઈ કે મિત્રો, ઘર, ધન આદિના વિયોગની કલ્પનાથી ઘેરાઈ આર્ત્તધ્યાન કરી અધોગતિને યોગ્ય કર્મ બાંધે. જેને એમ શ્રદ્ધા છે કે હું દેહાદિ સ્વરૂપ નથી, દેહ-સ્ત્રી-પુત્રાદિ કોઈ પણ મારાં નથી, પણ જ્ઞાનીએ પ્રગટ કર્યો છે, અનુભવ્યો છે તેવો હું આત્મા છું, હું કદી મરી શકું જ નહીં, નિત્ય, અવિચળ, અવિનાશી, અછેદ્ય, અભેદ્ય, શાશ્વત આત્મા છું. પૂર્વે અજ્ઞાનભાવે, મોહવશે કર્મ બાંધેલાં તે અત્યારે દુઃખ દેવા તત્પર થયાં છે, પણ તે બધા વિનાશી છે. કેટલાંય આવાં કર્મ તો ગયાં અને આ કર્મ પણ જશે. છતાં આત્માનો નાશ થવાનો નથી. તો શા માટે હિંમત હારવી ? મરણના વિચાર કરી શા માટે મૂંઝાવું ? મરનાર નથી તેના મરણની ફિકર કરે તે મૂર્ખ સમજવા યોગ્ય છે. આમ સુવિચારણાથી જેને દૃઢ આત્મશ્રદ્ધા જન્મી છે તે તો મોક્ષદશાનો જ વિચાર કરે. પોતાના શુદ્ધ સ્વરૂપમાં અનંત સુખ, અપાર આનંદ છે, તેની ભાવનામાં તલ્લીન બને.

સત્પુરુષની કૃપાથી તે દશા મનુષ્યભવમાં પ્રાપ્ત થઈ શકે તેમ છે. શ્રી ગજસુકુમાર, શ્રીકૃષ્ણના નાના ભાઈએ દીક્ષા લીધી તે જ દિવસની રાત્રિએ તેમના માથા ઉપર પૂર્વના વેરીએ કાદવની પાળ કરી સ્મશાનની ચિતાના અંગારા સગડીની પેઠે ભર્યા, પણ શ્રી નેમનાથ ભગવાનની આજ્ઞામાં જ કલ્યાણ સમજી તેવા વિકટ અવસરે પણ તે શુદ્ધ આત્માને ચૂક્યા નહીં, તો થોડા કાળમાં જ મોક્ષ પામ્યા. આ તમારા દ્વારિકાના સ્મશાનની કથા છે. તેના હિસાબમાં આપણને જે અલ્પ દુઃખ આવે તેમાં ગભરાવા જેવું કંઈ નથી. મરણ પ્રસંગે પણ મંત્રનું

વિસ્મરણ ન થાય તેટલી કાળજી રાખે તેને દુઃખ તો કળિકાળની પેઠે વહેલું ફળ લાવનાર દૂત બને છેજી. માટે વિકટ પ્રસંગે વિકટ પુરુષાર્થ જાગે તેમ વર્તવા ભલામણ છેજી.

---

૬૭૨ અગાસ, તા. ૧૭-૭-૪૬

"નહિ હૈ તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ." (૨૫૮)

તમે પૂછ્યું : "જીવ સમજે તો સહજ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી." (૫૩૭) તો શું બાકી રહી જાય છે? એવો પ્રશ્ન છે. ઉત્તરમાં જણાવવાનું કે "યમ નિયમ સંયમ આપ કિયો" શું રહી જાય છે તે જણાવવા જ પરમકૃપાળુદેવે લખ્યો છે. છેલ્લી કડી — "પરપ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં; વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે." આથી વિશેષ કંઈ સૂઝતું નથીજી.

બીજો પ્રશ્ન આપે ઉથલાવી ઉથલાવી પૂછ્યો છે તે વિષેનો એક પ્રસંગ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની સમક્ષ બનેલો લખું છું તે ઉપરથી વિચારી લેશોજી. "જ્ઞાનપ્રચાર" નામનું માસિક મારા નામે પ્રસિદ્ધ થતું હતું. તેમાંનો એક અંક પંચાંગ તરીકે બહાર પડેલો. તેમાં તિથિઓ સામે મહાપુરુષોનાં વાક્યો રોજ નજરે પડે તે અર્થે લખેલાં. તેમાં ગાંધીજીનાં વાક્યો પણ હતાં. તેવો એક અંક મેં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીને ભેટ કર્યો. તેઓશ્રી ચશ્માં ચઢાવી વાંચતાં. એક વખત હું આવ્યો ત્યારે તે અંકમાંથી નીચેનું વાક્ય મને વંચાવ્યું : "હું તો માટીનો માનવી છું, માટીમાં મળી જવાનો છું." પછી કહ્યું : "આ જ્ઞાનીનાં વચન હોય?" આટલું તેઓશ્રી બોલ્યા ત્યાં તો વર્ષો સુધીની જે મહત્તા મહાત્મા તરીકેની મારા હૃદયમાં જામી ગઈ હતી તે ક્ષણમાં વિલય પામી ગઈ તે ફરી નજરે આવતી નથી. આવું કોઈ તે સાચા પુરુષનું અલૌકિક બળ હતું; નહીં તો તે શ્રદ્ધા મહાપુરુષ તરીકેની ખસવી મુશ્કેલ હતી, પણ પળવારમાં તે નિર્મૂળ થઈ ગઈ. લગભગ પચીસ વર્ષ ઉપરની આ વાત છે. પછી તો સ્વપ્ને પણ મહાત્માપણું ભાસતું નથી. આ કોઈના દોષ પ્રત્યે વાત નથી પણ બનેલો પ્રસંગ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના ગુણગ્રામ તરીકે સ્મૃતિમાં આવવાથી લખી જણાવ્યો છે. આ ભવમાં જેટલું આયુષ્ય બાકી હોય તે સત્પુરુષને આશ્રયે જાય અને અંતે પણ તે આશ્રય ગમે તેવા દુઃખોમાં ટકી રહે તેવી ભાવના કરતા રહેવી ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૭૩ અગાસ, તા. ૨૨-૭-૪૬

આજે એક પત્ર....મુનિનો આવ્યો છે, તેના ભાવ કંઈ પરમકૃપાળુદેવ તરફ છે કે નકામા તડાકા મારનાર છે તે વિષે તમારો અભિપ્રાય લખી જણાવવા વિનંતી છેજી. વાત તેને હૃદય બેસવી મુશ્કેલ લાગે છે. પત્રમાં આડંબરી ભાષા આદિથી નકામો પત્રવ્યવહાર કરવા વૃત્તિ થતી નથી. મળે તો તેને જિજ્ઞાસા પરમકૃપાળુ દેવનાં વચન વાંચવાની થાય તેમ કહેવું ઘટે તો કહેવું, નહીં તો તેવા વ્યવહારથી દૂર રહેવું અને આપણી દશા વધે તેમ વર્તવા ભલામણ છે.

મંદિરમાં નિયમિત જવાનું અને વાંચવાનું બને તેમ કર્તવ્ય છેજી. કોઈ ન જતું હોય કે એકઠા ન થતા હોય તોપણ પોતે પોતાને માટે અમુક કાળ ઘેર બેસી વાંચ્યા કરતાં મંદિરમાં બેસવાનું રાખ્યું હોય તો વિશેષ લાભનું કારણ છેજી. તે તરફની બેકાળજી સદ્ગ આદિના પોષણનું કારણ બન્યું છે તે પ્રત્યક્ષ જોયું હોય તો તે પલટાવી આત્મહિત તરફ હવે તો વળવું યોગ્ય છેજી.

---

૬૭૪ અગાસ, તા. ૭-૮-૪૬

તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૧૦, ૨૦૦૨

ગયા પત્રમાં....મુનિ પાસે જવાનું કંઈ જણાવ્યું નથી. જવાનું થાય અને સહજે વાત નીકળે તો કહેવું કે કલ્યાણની ભાવના પોષાય તેવાં પરમકૃપાળુદેવનાં વચન છે, તે વાંચે તો જીવને મુમુક્ષુતા પ્રગટે અને વધે, સત્સંગ-સમાગમે જીવને લાભ થાય તેવો માત્ર પત્ર વાટે થવો મુશ્કેલ છે માટે સત્સંગની ભાવના રાખવી, યોગ્યતા વધે તેમ હાલ વર્તવું. એ આપણે બધાને માટે ઉપયોગી છેજી. "જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે તે આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે? તે વાત રાત્રિદિવસ વિચારવા યોગ્ય છે.... જીવને પ્રમાદમાં અનાદિથી રતિ છે, પણ તેમાં રતિ કરવાયોગ્ય કંઈ દેખાતું નથી."(૮૧૦) આ વાત હાલ વિશેષ લક્ષમાં રહે તેમ કર્તવ્ય છેજી. વિશેષ બળ કરી તે લક્ષ લેશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૭૫ અગાસ, તા. ૭-૮-૪૬

તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૧૦, બુધ, ૨૦૦૨

"તત્તા તારું આપ તપાસ, ક્યાંથી આવ્યો? ક્યાં તું જાશ?
ખેપ કરીને ખોળી કાઢ; સદ્ગુરુયોગે લાગે હાથ;
મૂરખના મનમાં નહિ ત્રાસ, તત્તા તારું આપ તપાસ."

"ગુરુરાજ ગુણ ઉર વિષે, સત્ય રુચિ બહુમાન;
નિકટ ભવિ ભવ અલ્પમાં, પામે પદ નિર્વાણ."

પૂ....ને અસાધ્ય રોગ લાગુ પડ્યાના સમાચાર જાણી ખેદ થયો, પણ તમારા જેવાની મદદ સાથે છે તથા અંતરમાં પરમકૃપાળુદેવ પ્રત્યે ભક્તિ છે તે ઠીક છે, તેથી જે કર્માનુસાર થવાનું હશે તે થશે, પણ આત્મબળ રાખશે તો ટૂંકામાં ઘણો લાભ થવો સંભવે છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો બોધ વંચાય છે તેમાં ગઈ કાલે આવેલું કે બાળાભોળા જીવો પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રનું શરણ પકડે તો કામ કાઢી નાખે અને ડાહ્યા મોટા ગણાતા શંકામાં ગળકાં ખાતાં રખડે. તરવામાં બહુ બુદ્ધિ જોઈએ છે એમ નથી. શ્રદ્ધા પરમ દુર્લભ કહી છે. તે જેના હૃદયમાં કોઈ સત્સંગયોગે વસી ગઈ કે "હું દેહાદિ સ્વરૂપ નથી, દેહ-સ્ત્રી-પુત્રાદિ કોઈ પણ મારાં નથી; શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય", તો શ્રી સદ્ગુરુએ કહેલા નિર્ગ્રંથમાર્ગનો તેને આશ્રય રહ્યો ગણાય.

'સમાધિ-સોપાન'માંથી પત્ર ૪૨(પત્રાંક ૪૬૦)નો ખાસ કરી છેલ્લો પેરેગ્રાફ "સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ" અને પત્ર ૬૬ (પત્રાંક ૬૯૨) છેલ્લા ભાગ સહિત વારંવાર

તેમને ઠસે તેમ વંચાવવા ભલામણ છેજી. વધારે વખત હોય અને તેમને સાંભળવાની રુચિ રહેતી હોય તો છેલ્લું પ્રકરણ સમાધિમરણ સંબંધી પણ હિતકારી છેજી. એમાંનું કંઈ ન બને તોપણ જો મંત્ર-સ્મરણમાં વૃત્તિ રાખ્યા કરે તોપણ હિતકારી છેજી. જે કંઈ પરમકૃપાળુદેવનાં વચન તેમને યાદ હોય તે રટ્યા કરે તો વૃત્તિના વિકલ્પો ટળી એક પરમકૃપાળુદેવનું શરણ દૃઢ થાય અને સમાધિમરણનું કારણ બને. હવે તો સદ્‌ગુરુ શ્રીમદ્‌ રાજચંદ્ર પ્રભુનો જ આધાર છે, તેને શરણે દેહ છોડવો છે એ નિશ્ચય કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ

---

૬૭૬ અગાસ, તા. ૯-૮-૪૬, શુક્ર

સદ્‌ગત....ના દેહત્યાગના સમાચાર જાણ્યા. અંતે સારી લેશ્યા આવી તે શુભગતિનું ચિહ્ન છેજી. પહેલાં કરી મૂકેલું આખરે કામ આવે છે. તેમણે અવકાશ લઈ જ્ઞાનીની આજ્ઞા આરાધવા જે પુરુષાર્થ કરી મૂકેલો તે છેવટના ભાગમાં કઠિન કર્મોની વચમાં પણ આખરે ઉપર આવ્યો. તેમ આપણે પણ જ્યાં સુધી ભાન છે ત્યાં સુધી જ્ઞાનીની આજ્ઞાનું આરાધન કરવા પુરુષાર્થ કરતા રહીશું તો આખરે તે હાજર થઈ જીવને સમાધિનું કારણ બનશે. આખી જિંદગી સુધી વિષય ભોગવ્યા હશે કે ધન એકઠું કર્યું હશે, ક્લેશ કર્યા હશે કે વાહ વાહ બોલાવી હશે, તેમાંનું કશું કામ આવવાનું નથી, માટે જ્ઞાનીએ સંમત કર્યું છે તે હૃદયમાં કોતરી રાખી તે જ કરવું છે એવો દૃઢ નિશ્ચય દરેક મુમુક્ષુએ કર્તવ્ય છેજી અને તે નિશ્ચયને જેટલી શક્તિ હોય તે પ્રમાણે આરાધવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. જે જે મહાપુરુષો મોક્ષે ગયા છે તેમણે જ્ઞાનીની આજ્ઞા પૂર્ણપણે આરાધી છે. આપણે પણ એ જ કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૭૭ અગાસ, તા. ૧૫-૮-૪૬, ગુરુ

તત્‌ ૐ સત્‌

હરિગીત — હે ભાઈ! જરી મનમાં વિચારો – કેમ આવ્યો હું અહીં?
ને શું કર્યું મેં કાજ આજે? વ્યર્થ તો જીવ્યો નહીં?
બગડ્યું જરૂર સુધારવું, સુધરેલ બગડે ના હવે;
એ કાળજી ધરો કાળજે, જીવન ગુજારું આ ભવે.

આપનું કાર્ડ મળ્યું. તેમાં જણાવ્યું છે તે બધાનું કારણ સત્સંગનો અભાવ છેજી. જેનાથી જેટલા પ્રમાણમાં બની શકે તેટલો સત્સંગયોગ આરાધવો ઘટે છેજી. સત્સંગના વિયોગમાં આ જગત વિશેષ બળ કરે છે, તેવા પ્રસંગમાં સદ્‌ગુરુનું શરણ બળપૂર્વક ગ્રહણ કરે તો સંસારપ્રવાહમાં તણાઈ ન જાય. નહીં તો આ કાળમાં પોતાની મેળે સદ્‌ગુરુના આધાર વિના ગમે તેટલો શ્રમ કરે તોપણ ઊભો હોય ત્યાં ટકી શકે નહીં તેમ છે. તેથી સત્સંગનો યોગ ન હોય ત્યારે મનમાં ભવનો ભય સાપ કે વાઘ કરતાં વિશેષ રાખી કંપતા હૃદયે મોહનાં કામ ભણી દૃષ્ટિ કરવી ઘટે છેજી.

"ત્રાસ ધરે ભવભય થકી મનમોહન મેરે, ભવ માને દુઃખખાણ રે મન૦"

૫. પૂ. પ્રભુશ્રીજી દૃષ્ટાંત આપતા કે નોળિયાને સાપ સાથે જાતિવેર હોય છે. સાપ દેખે કે દોડીને પકડે અને તેને વીંખી નાખે. પણ સાપ ચંચળ હોવાથી તેના પંજામાંથી સરી જઈ તેને કરડે કે તુરત તેને નાખી દઈ તે જડીબુટ્ટી સૂંઘી આવે અને ફરી તે સાપને પકડે છે. ફરી કરડે તો ફરી સૂંઘી આવે. આમ કરતાં કરતાં નોળિયો, ઝેર વગરનો છે છતાં ઝેરવાળા સાપને મારી નાખે છે. તેમ સંસાર ઝેરી નાગ જેવો છે. મુમુક્ષુ નોળિયા જેવો હોવો જોઈએ. તેને સંસારનું ઝેર જણાય કે તરત બુટ્ટીરૂપ સત્સંગ સેવે. વળી પ્રારબ્ધયોગે સંસારપ્રવૃત્તિ કરતાં ભક્તિ આદિ ધર્મકાર્યોમાં મંદતા દેખાય કે સત્સંગ સાધી બળવાન બને. આમ કરતાં કરતાં મુમુક્ષુ મોક્ષે જાય છે, સંસારસાગર તરી જાય છે; પણ પુરુષાર્થ ચૂકી જાય તો ઝેર ચઢી જાય અને સંસારને વશ થઈ જાય; માટે સત્સંગની વારંવાર ઉપાસના કર્તવ્ય છે. તેવો જોગ ન બને ત્યાં સુધી તેની ભાવના રાખી ત્યાં જે કોઈ ભાઈબહેનોનો યોગ હોય તેમની સાથે કે એકલા પણ ભક્તિરૂપ આધાર બળપૂર્વક આરાધવાયોગ્ય છેજી. એ લક્ષ રાખે તો હિતકારી છે. ૐ શાંતિઃ

---

૬૭૮ અગાસ, તા. ૧૯-૮-૪૬

"यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी"

પરમકૃપાળુદેવ પ્રત્યે સાચા હૃદયથી જે ભાવ જીવ કરે છે તે લેખાના છેજી. એક વખત નવસારી પ. પૂ. પ્રભુશ્રીજી ઉનાળામાં પધારેલા ત્યારે બધાને પ્રશ્ન પૂછ્યો : 'તમારે શું જોઈએ છે? તે બધા વિચારી મૂકજો', એમ કહી તેઓ દિશાએ પધાર્યા. પરવારી પાછા પધાર્યા ત્યાં સુધી બધા વિચારમાં રહ્યા હતા. આવી તેઓશ્રીએ દરેકને પૂછ્યું અને પછી સામટો ઉત્તર જણાવ્યો કે 'જેણે જે ઉત્તમ જાણી માગણી કરી છે તે ભૂલશો નહીં.' આ ઉપર વિચાર કરીએ તો જીવને જે સારા ભાવ આવે છે તે ક્ષણિક રહી જતા રહે તેમ ન થવું જોઈએ પણ પકડ કરવાની, ચોટ કરવાની જ્ઞાનીપુરુષની ભલામણ, શિખામણ અને ભાર દઈને આગ્રહપૂર્વક જણાવવાની પ્રણાલી છે તે લક્ષ રહે તો જીવને જાગૃતિનું કારણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૭૯ અગાસ, તા. ૧૯-૮-૪૬

કેમ મુમુક્ષુતા ટકે, જો ઇચ્છા ના જાય?
ડગલે ડગલે દુઃખ છે, જો મન વશ ના થાય.

મનુષ્યભવ રત્નચિંતામણિ જેવો અમૂલ્ય છે એમ મહાપુરુષો કહી ગયા છે. તેનો કેવી રીતે વ્યય થાય છે તેનો લક્ષ રાખવો ઘટે છેજી. ધન તો નાશ પામે તો ફરી કમાવાય પણ ગયો વખત પાછો આવે નહીં. સિલક કેટલી છે તે ખબર નથી, તો વાપરતાં કેટલી બધી કાળજી રાખવી ઘટે? મનુષ્યદેહ તો નાશ પામનાર છે, પણ એવા નાશવંત દેહથી અવિનશ્વર શાશ્વત આત્મસિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે એમ નિશ્ચય થાય તો પ્રમાદ ન થાય. સમાધિમરણ થાય તો આ મનુષ્યભવની સફળતા ગણાય. તે અર્થે અત્યારથી તૈયારી કરવી ઘટે છે. પોતાનાથી બનતું સદ્ગુરુ આશ્રયે જીવ કરી છૂટે તો તેને એટલો તો સંતોષ આખરે રહે કે મારાથી બનતું મેં કર્યું છે. આગળ કરી મૂકેલું આખરે કામ આવે છે. માટે મંત્રનો વિશેષ અભ્યાસ

રાખ્યો હશે તો તે સમાધિમરણનું કારણ બને તેમ છેજી. જાગૃતિના વખતમાં વારંવાર તેને યાદ કરવામાં કાળ ગળાય તો અભ્યાસ પડી જાય, ઘણા વિકલ્પો તેથી રોકાય અને શાંતિનું કારણ બને. ઇચ્છાઓનો પ્રવાહ કર્મબંધનું કારણ છે. તે રોકવા પણ મંત્રસ્મરણ અત્યંત આવશ્યક છેજી. નીચેની એક કડીમાં તેવા પ્રકારનો નિશ્ચય પ્રદર્શિત કરેલો છે:

મંદાક્રાંતા — મંત્રે મંત્ર્યો સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પરભણી ભૂલી બોલ ભૂલું પરાયા;
આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદા એ;
પામું સાચો જીવનપલટો, મોક્ષમાર્ગી થવાને.

---

૬૮૦

અગાસ, તા. ૨૩-૮-૪૬
તત્ ૐ સત્ શ્રાવણ વદ ૧૧, શુક્ર, ૨૦૦૨

मंगलमय मंगलकरण, वीतराग विज्ञान ।
नमो ताहि जाते भये, अरिहंतादि महान ॥

તમે ચિત્રપટ પધરાવી ભક્તિ કરવા ધારો છો તે સારો વિચાર છે. બીજા ભાઈઓની સંમતિ હોય તો વિશેષ સારું છેજી. તમને અનુકૂળ હોય તો ભાદરવા સુદ ત્રીજ કે પાંચમ અથવા ગમે તે અનુકૂળ દિવસે ભક્તિ કરી, દેવવંદન સવાર-સાંજનાં છે તે બોલી, મંત્ર બોલી ભાવભક્તિથી સ્થાપના કરવામાં હરકત નથીજી. ભાવના-વૃદ્ધિનું કારણ છેજી. સત્પુરુષની આજ્ઞાએ ભક્તિભાવ કરતાં કોટી કર્મનો ક્ષય થાય છે. આ કાળમાં સત્પુરુષ પરમકૃપાળુદેવનું શરણ અને તેની આજ્ઞામાં ચિત્ત રાખશે તેનું જરૂર કલ્યાણ થશે. સાંસારિક કામનાઓ તજી આત્માર્થે ભક્તિ કર્તવ્ય છે, એ લક્ષ ચૂકવા યોગ્ય નથીજી. પૂર્વે બાંધ્યાં છે તે કર્મ — પાપ, પુણ્ય — યથા અવસરે ઉદય આવી જવાનો ક્રમ લે છે, પણ જીવ તે વખતે જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન રાખે તો ધીરજથી વેદી લેવાય અને તે ચૂકે તો કર્મ બંધાય છે. તે ન બંધાય તેવા પુરુષાર્થમાં વર્તવું ઘટે છેજી. ગરજ હોય તેટલી સત્પુરુષની આજ્ઞાની સ્મૃતિ રહે છેજી. ૐ શાંતિઃ

---

૬૮૧ અગાસ, ભાદરવા સુદ ૨, બુધ, ૨૦૦૨

કોઈ વાતે મૂંઝાવા જેવું નથી. પોતાની શક્તિ હોય તે પ્રમાણે ધર્મક્રિયાનું આરાધન કરવું. ન બની શકે તેની ભાવના રાખવી, પણ નિયમ લીધા હોય તેનું પાલન તો બહુ જ દૃઢતાથી કર્તવ્ય છેજી. થોડા નિયમ લેવાય તો થોડા લેવા, પણ પાળતી વખતે બારીઓ શોધવી નહીં. જગત તો સ્વપ્ના જેવું છે. જ્યાં સુધી ધર્મ આરાધવાની સામગ્રી મનુષ્યભવની પહોંચે છે ત્યાં સુધી થાય તેટલું બળ કરી લેવું ઘટે છેજી. મુખ્ય વાત ભાવ ઉપર છે. પણ સારા નિમિત્તે સારા ભાવ થાય છે માટે જ્ઞાનીની આજ્ઞાનું બહુમાનપણું રહે, તેની શ્રદ્ધા વિશેષ વિશેષ દૃઢ થતી જાય અને છૂટવાની ભાવના પોષાતી રહે, તેમ ભક્તિ, ભાવ, સદાચાર સેવવા યોગ્ય છેજી. અનાદિકાળથી જીવને પ્રમાદમાં રુચિ છે તે પલટાવી જ્ઞાનીપુરુષના માર્ગે પુરુષાર્થ કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૮૨ .અગાસ, તા. ૪-૯-૪૬

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૮, બુધ, ૨૦૦૨

પ્રભુ ગુણગાન પૂજા કરું, વવાય બીજ સચિત;
નંદનવન સમ મમ ઉરે, વર્ષા ભક્તિ ખચીત

આવા પર્યુષણના પવિત્ર દિવસોમાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના યોગે. કેવા ભાવ ઉલ્લાસ પામતા તે દરેકના અનુભવની વાત છે. તેની સ્મૃતિ પણ જીવને તે વાતાવરણમાં લઈ જાય છે. તે મહાપુરુષોનો આપણા ઉપર અથાગ ઉપકાર થયો છે. તેના યોગ પછી જ જીવને નવજીવન મળ્યું ગણવા યોગ્ય છેજી. તેની આજ્ઞા ભવજળ તરવામાં આપણને નાવ સમાન છે. ગમે ત્યાં રહ્યો પણ જીવ તે ઉઠાવશે, તો જીવને ઊંચે આવવાનું બનશે; અંધારા ખૂણામાં પણ ગોળ ખાશે તેને ગળ્યો લાગ્યા વિના નહીં રહે. તેમ તે પુરુષની સ્મૃતિ, ભક્તિ, તેના ગુણ-ગ્રામ, તેમાં ચિત્તની ઉલ્લાસવૃત્તિ રમતી હશે તેનું કલ્યાણ જ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૮૩ અગાસ, તા. ૫-૯-૪૬

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૯, ગુરુ, ૨૦૦૨

શ્રાવણ વદ ૧૪ને દિવસે સોજિત્રાના પૂ. શામળભાઈનો આશ્રમમાં દેહોત્સર્ગ થયો છે. સારા ભાવ સહિત ભક્તિ વગેરેની અનુકૂળતા અને શુભ પર્વ દિવસોમાં તેમનું મરણ થયું તે બધું સદ્ગતિ સૂચવે છેજી. ભાગ્યશાળી જીવોને બધું પાંશરું પડે છે. સમાધિમરણની ભાવના રોજ કર્તવ્ય છે. પૂ. મણિભાઈ કલ્યાણજીએ પ. પૂ. પ્રભુશ્રીજીનો મોટો ઑઇલ પેઇન્ટ ચિત્રપટ પજુસણમાં આણ્યો છે. જાણે પ્રભુશ્રીજી હાજર બેઠા હોય તેવું લાગે છે. રાજમંદિરમાં મેડે રાખવાનું બધા ટ્રસ્ટીઓએ ઠરાવ્યું છે. ઘણા જીવોને ઉલ્લાસનું કારણ થયું છેજી. પ. પૂ. પ્રભુ-શ્રીજીના ચિત્રપટની પહેલી આરતી ઉતારવાનું હજાર મણ ઉપર ઘી બોલાયું હતું.

પત્રમાં જે ભાવના લખો છો તે તાત્કાલિક ન રહે અને તેવા ભાવો રહ્યા કરે તો જીવનું કલ્યાણ ઘણી ત્વરાથી થવા યોગ્ય છેજી. ગુજરાતીઓને આરંભશૂરા કહે છે, તેમ શરૂઆતમાં ભાવનો ભડકો થઈ પછી ઓલવાઈ જાય અને પાછળ અસર ન રહે તેમ કર્તવ્ય નથીજી. વારંવાર પરમકૃપાળુદેવને શરણે પ. પૂ. પ્રભુશ્રીજીનો સાંભળેલો બોધ પરિણામ પામે અને કષાય મંદ પડે તેવો પુરુષાર્થ કર્તવ્ય છેજી. સત્સંગના વિયોગે તે પુરુષાર્થ પ્રગટવો દુર્લભ છે, છતાં સત્સંગની ભાવના રાખી પરમકૃપાળુદેવનાં વચનો પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય સમજી તેનું આરાધન બળપૂર્વક કરવું ઘટે છેજી. સમકિતનાં કારણરૂપ છપદના વારંવાર વિચાર કરતા રહેવાની જરૂર છે. આત્મા છે, તે નિત્ય છે, પોતાનાં કર્મનો કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે એ હૃદયમાં દૃઢ થઈ જાય, તે રૂપ પોતાનું સ્વરૂપ ભાસે તો જીવને સમ્યક્ત્વ દૂર નથી; પણ સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સમજાય છે, પરમ નિશ્ચયરૂપ જણાય છે. એ દિશામાં પુરુષાર્થ કરેલો અલેખે નહીં જાય. તેમાં મુખ્ય તો વૈરાગ્ય-ઉપશમની જરૂર છે. તે વધે તેવું વાચન, વાતચીત, બાર ભાવનાઓ 'સમાધિસોપાન,' 'મોક્ષમાળા' વગેરેમાંથી વાંચી-વિચારી જીવને અધિકારી યોગ્યતાવાળો બનાવવાના સત્પુરુષાર્થમાં રહેવા સર્વ ભાઈ-બહેનોને ભલામણ છે. મનુષ્યભવ છે ત્યાં સુધી બની શકશે, પછી કંઈ ધર્મની અનુકૂળતા આવી

મળવાની નથી માટે પ્રમાદ ઓછો કરી, સ્વચ્છંદ મંદ કરી જ્ઞાનીની આજ્ઞાએ કલ્યાણ છે એવી દૃઢતા કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૮૪ અગાસ, સં. ૨૦૦૨

આપ જે પત્રો લખો છો તેમાં જણાવેલા ભાવો જળવાઈ રહે તેમ કર્તવ્ય છેજી. મગજમાં વિચાર આવે તે લખી નાખીએ, તે કરતાં તેવા ભાવો વારંવાર હૃદયમાં રહ્યા કરે તો તે ભાવનાનું સ્વરૂપ ગ્રહણ કરે છે. "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે" એનું માહાત્મ્ય પ. પૂ. પ્રભુશ્રીજી એવું સચોટ કહેતા કે કોઈ વખત એમ થતું કે તેની પાછળ જ પડવું. ઘણા પોતાની ઇચ્છાએ (પ. પૂ. પ્રભુશ્રીજીને જણાવ્યા સિવાય) જંગલમાં જઈ બેભાન થતાં સુધી રટણ કરતા, કોઈ તેમ કરી થાકી જતા; પણ તે ભાવો ટકાવી રાખે તેનું કામ થાય છે. આરંભશૂરા ગુજરાતી ગણાય છે, પણ જીવતા સુધી શૂરવીરપણું જ્ઞાનીપુરુષો માગે છે, તે રકમ ભરપાઈ કર્યે છૂટકો છેજી. પ. પૂ. પ્રભુશ્રીજી જેવા પુરુષાર્થી તો આ આંખે કોઈને જોયા નથી; અને તેવો પુરુષાર્થ કર્યા વિના આ કઠિન કાળમાં કલ્યાણ સાધવું વિકટ જ છે એમ સમજાય છે. છતાં જીવ કોની રાહ જોતો હશે? તે બહુ વિચારવા યોગ્ય છેજી.

સહજ વિચાર સ્ફુરી આવેલો લખ્યો છે. કોઈના દોષ પ્રત્યે દૃષ્ટિ નથી. મારો જ દોષ મને સાલે છે તે સહજ પાને ચઢાવ્યો છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૮૫ અગાસ, તા. ૬-૯-૪૬

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૦, ૨૦૦૨

તમારાં બે કાર્ડ અને એક કવર એમ ત્રણ પત્ર મળ્યા છે. તેનો સમુચ્ચય ઉત્તર પત્રાંક ૨૫૪ "નિઃશંકતાથી નિર્ભયતા"વાળો વિચારવા વિનંતી છે. તેમાં સમકિતનો માર્ગ, દોષ જે જે દૂર કરવા ઘટે છે તે તથા ઘણી બીજી વાતો શાસ્ત્રના ગૂઢ પરમાર્થ રૂપે કહેલ છેજી. વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ થયે, દૃઢ મુમુક્ષુતા પ્રગટયે, નિર્મળ વિચારધારા પ્રગટયે (સુવિચારણા) ઊંડું ઊતરવાનું બનવા યોગ્ય છેજી. સમાધિમરણ પણ સાચી મુમુક્ષુતા પ્રગટ્યે શક્ય છે. બધાનો આધાર સત્પુરુષનો આશ્રય તેમાં જ પરમપ્રેમનો પ્રવાહ વહે, જગતનું માહાત્મ્ય અને દેહાધ્યાસ ઘટે એ જણાય છેજી. શૂરવીરપણા સિવાય વીતરાગને માર્ગે ચઢવું અને ટકવું દુઃસાધ્ય છેજી. બને તેટલું વીર્ય પ્રગટાવી "પ્રભુ, પ્રભુ લય" લગાડવી; ન બને તેની ભાવના રાખવી; દોષો દેખી દોષો દૂર કરવા મથતા રહેવું, તે હાલ કર્તવ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૮૬ અગાસ, તા. ૬-૯-૪૬

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૦, ૨૦૦૨

થાક્યાનો માર્ગ છે. જીવને ચારે ગતિનાં દુઃખ સમાધિ-સોપાન આદિ વાંચતાં કંઈ સમજાય, તે ટાળવાની તમન્ના જાગે ત્યારે સદ્‌ગુરુયોગે વૈરાગ્યવંત જીવને સન્માર્ગ આરાધવાનો પુરુષાર્થ જાગે છે. બળતા ઘરમાં ઊંઘતા માણસના જેવી અત્યારે જીવની સ્થિતિ છે, તેને ઉઠાડવા કોઈ કહે, બૂમ મારે તો 'કોણ પજવે છે? ઊંઘવા દેતો નથી' એવું અત્યારે જીવને લાગે છે,

પણ બળી મરાશે એવો ભય લાગ્યો નથી તેથી નિરાંતે ઊંઘે છે. સમજાય તો જીવને મોહ દુ:ખકર લાગે. પરમકૃપાળુદેવ કહે છે કે "સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી." (૮૫) જગતનાં સુખ ભોગવવામાં ખોટી થવું તેને પાલવતું નથી, કારણ કે એક ભવે જેને મોક્ષે જવું હોય તેને બીજે મન રાખ્યે કેમ પાલવે? મોટામાં મોટી ખામી જીવને મુમુક્ષુતા જાગી નથી તે છે, નહીં તો જીવ જ્ઞાનીની આજ્ઞા લઈ મંડે, ઘડીભર પણ નવરો ન રહે. "જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૮૭

અગાસ, તા. ૯-૯-૪૬

તત્ ૐ સત્

ભાદરવા સુદ ૧૩, ૨૦૦૨

જેમ થાય તેમ જોયા કરવાનું છે. સત્સંગની ભાવનાનું વિસ્મરણ ન થાય અને પ. પૂ. પ્રભુશ્રીજીએ લક્ષ કરાવ્યો છે તે જ જ્યાં હોઈએ ત્યાં કર્તવ્ય છેજી. કાળ પ્રત્યક્ષ કરાળ દેખાય છે, તો પુરુષાર્થ પણ વિકટ કરીએ તો ટકી શકાય, નહીં તો જગતપ્રવાહમાં તણાઈ જવાય તેવું છે. શહેરમાં વિશેષ સાચવવું ઘટે છેજી. પરમકૃપાળુદેવને તો મુંબઈ સ્મશાન જેવું વૈરાગ્યપ્રેરક દેખાતું. તેમને આશ્રયે આપણે પણ વૈરાગ્યની જ્યોતિ જાગ્રત રાખીશું તો કામ થશે. "ઝબકે મોતી પરોવી લે, પાછળ ઘોર અંધાર" એમ પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા, તે યાદ લાવી આ જીવનદીવો છે ત્યાં સુધી કલ્યાણ સાધી લેવું ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પૂ.....ને મટતું જતું હશે. સ્મરણની દવા લે.

---

૬૮૮

અગાસ, તા. ૧૧-૯-૪૬

તત્ ૐ સત્

ભાદરવા સુદ ૧૫, ૨૦૦૨

પરમકૃપાળુદેવનું યોગબળ જયવંત વર્તે છે, પણ તે મુમુક્ષુ જીવો દ્વારા જ વર્તશે માટે જેટલી પવિત્રતા મુમુક્ષુ જીવોના આચરણમાં પ્રગટશે તેટલું તેનું યોગબળ વિશેષ વર્ધમાન થતું જગતમાં જણાશેજી. તે માટે લોભની મંદતા કરી, સદ્દાની બદીથી બચી, ભક્તિભાવમાં, પરસ્પર પ્રેમ, સહકાર, એકદિલીથી વર્તીશું, તો પ્રથમ તો આપણાં અંતઃકરણમાં જ તેનો પ્રભાવ સ્પષ્ટ શાંતિરૂપે ઝળકશે અને જગતમાં તે ઢાંક્યો નહીં રહે. કોઈ હીરા ઉપર સૂર્યનું કિરણ પડે અને ઠીકરા ઉપર પડે, પણ હીરાના ચળકાટથી જે જુએ તેની આંખ આકર્ષાઈ દિલમાં પ્રસન્નતા પ્રગટાવે છે; પણ ઠીકરા ઉપર તેનું તે કિરણ પડતાં ઠીકરાની કાળાશ પ્રગટ કરી, ત્યાંથી દૃષ્ટિ ખેંચી લેવા પ્રેરે છે. આમ આપણાં અંતઃકરણ સાચી શ્રદ્ધાવાળાં બનશે તો જરૂર સ્વપરની પ્રગતિનું કારણ બનશે; અને જો એકબીજાની ઈર્ષા, નિંદા અને લોભ, અતિસ્વાર્થલંપટતા અને સંસારવાસનાથી ગંધાતાં રાખીશું તો ત્યાં સત્પુરુષનો બોધ પરિણામ પામવો દુર્લભ થઈ પડશે. બીજા આપણી, આપણા ધર્મની નિંદા કરશે અને સ્વપરને અહિતનું કારણ આપણું વર્તન બનશે. માટે પ્રભાવના કરવી હોય તેણે પોતાના દોષો દેખી, પરમકૃપાળુદેવની સમક્ષ દોષોને નિંદી, હૃદયથી દૂર કરવા વારંવાર લક્ષ રાખવાની જરૂર છેજી. 'આપ ભલા તો જગ ભલા' એવી કહેવત છે, તો પોતે ભલા થવા પ્રયત્ન આજથી આદરવો યોગ્ય છેજી. તેમાં

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવના રોજ ભાવવી અને સાંજે તેનું જ પ્રતિક્રમણ કરવું કે એ ચારમાં ભંગ કોઈ પ્રકારે થયો છે કે નહીં? થયો હોય તો તેનો પશ્ચાત્તાપ કરી ફરી ન થવા દેવાની કાળજી વિશેષ રાખવાનો નિશ્ચય કરવો ઘટે છેજી.

---

૬૮૯ અગાસ, તા. ૧૧-૯-૪૬

આપે "આશ્રયભક્તિ" વિષે પત્રમાં પુછાવ્યું છે તેના ઉત્તરમાં જણાવવાનું કે પત્રાંક ૫૭૨ વિચારશોજી. તે પત્ર ઉપરથી વખતે આપને પૂછવું થયું હોય તો ટૂંકામાં જણાવવાનું કે પરમકૃપાળુદેવે જે આજ્ઞા જન્મમરણ છૂટવા માટે આપી છે, તે મારે તે પરમપુરુષની શ્રદ્ધાએ આરાધવી છે, બીજું મારે આ ભવમાં કંઈ કામનું નથી. એ જ પુરુષને રાજી રાખવા આટલો ભવ ગાળવો છે. તેનાં વચનો જે છપાયાં છે તેનો અભ્યાસ કરી, તેણે જણાવ્યું છે તેવા ભાવ કરી વર્તવું છે એમ જેના હૃદયનો નિર્ણય છે અને પોતાની શક્તિ પ્રમાણે તે ભાવમાં જે વર્તે છે, તેથી વિપરીતપણે વર્તાય ત્યાં ખેદ થાય છે, તે પુરુષને તેની આશ્રયભક્તિ છે એમ સામાન્યપણે ગણાય. ખરી રીતે તો તે પત્રમાં જણાવ્યું છે તેમ "જ્ઞાનીપુરુષના ચરણમાં મનનું સ્થાપવું" એ આશ્રયભક્તિનું ફળ છેજી.

"જ્ઞાનીપુરુષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી મનનું સ્થાપન થવું સુલભ થાય છે" એમ જણાવી જ્ઞાનીપુરુષના આશ્રયમાં વિરોધ કરનારા પંચ વિષયાદિ દોષો જણાવી તેના ત્યાગનો ક્રમ જણાવ્યો છે. બહુ બહુ વિચાર કરી અમલમાં મૂકયે જીવને લાભ થાય છે, તીવ્રજ્ઞાનદશા પ્રગટે છે. એટલું બધું તેનું માહાત્મ્ય જણાવી, તેમાં જ પ્રસંગે પ્રસંગે કાર્યે કાર્યે પ્રવૃત્તિએ પ્રવૃત્તિએ ફરી ફરી લક્ષ રાખવા ચેતાવ્યા છે, તે પ્રમાણે વર્તાય તો જ જીવનું સાચું હિત સધાય, માટે નિશ્ચયની ખામી જીવમાં છે તે દૂર કરી જીવ રોજ મરણને સંભારી જ્ઞાનીપુરુષમાં જ વૃત્તિ રાખે તો તો આ ભવમાં ઘણી કમાણી થઈ શકે તેવો જોગ જીવને મળ્યો છે, તે જ સફળ કરવા સત્પુરુષાર્થ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૯૦ અગાસ, તા. ૧૨-૯-૪૬

તત્ ૐ સત્

ખમાવું સર્વ જીવોને, સર્વે જીવો ખમો મને,
મૈત્રી હો સર્વની સાથે, વૈરી માનું ન કોઈને.

સમાધિમરણની ભાવના રોજ કર્તવ્ય છે અને તેને અર્થે એટલે અંતે સમાધિમરણ થાય તે લક્ષે પાપ, વેર-વિરોધથી દૂર રહી 'શાંત રસમય ધર્મ' વીતરાગે કહ્યો છે તે જ આરાધતા રહેવાની જરૂર છે. આજના દિવસમાં કોઈના પ્રત્યે વિરોધ થયો હોય તે સાંજ સુધીમાં શમાવી દેવા ક્ષમાપના આદિ ઉપાય લઈ શાંત થવું. બાર માસમાં જે દોષ થયા હોય તે યાદ હોય તો તેના ઉપાય લઈ નિર્વૈર થવું અથવા યાદ ન હોય તો અંતરભાવથી સર્વ પ્રત્યેથી વેર-વિરોધરહિત થવું એ આશયથી પર્યુષણપર્વની ક્ષમાપના હોય છે. જેની સાથે વિરોધ હોય,

જાણતા હોઈએ છતાં તે વેર મટાડવા ઉપાય ન લઈએ કે વધારીએ અને દૂર જ્યાં વેર ન હોય ત્યાં પત્રાદિ લખીએ એવી હાલ રૂઢિ થઈ ગઈ છે તે પલટાવી હૃદયમાંથી વેરભાવનું કલંક દૂર કરી, "સર્વ જીવો મારા મિત્રો છે, તેમણે કરેલા દોષો ભૂલી જઉં છું અને મેં તેમના પ્રત્યે કરેલા દોષોની ક્ષમા ઇચ્છું છું" આવું ઉદાર દિલ જ "વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ" પામવા યોગ્ય છેજી. આ પત્ર વારંવાર વિચારી, હૃદય કોઈ પ્રત્યે વેરભાવ ન રાખે તેટલી નમનતા, લઘુતા અને સર્વને ક્ષમાવવાની યોગ્યતા લાવે તેમ જ આચરવાની હિંમત ધરી નિઃશલ્ય થાય તેમ કરવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૯૧ અગાસ, તા. ૧૩-૯-૪૬

દયા નહીં આ જીવ તણી મેં ખાધી ખરા દિલથી હજીયે,<br>
ભવ ભમવાનો થાક હજી નહિ લાગ્યો ખૂબ ખરો કદીયે;<br>
દુઃખ ઘણાં દેખ્યાં આ ભવમાં, તોપણ તે પર પગ મૂકી,<br>
નિર્દય પેઠે વહ્યો ગયો, ના ચેત્યો ચાલ જૂની ચૂકી,

આપનો પત્ર મળ્યો, વાંચી વિગત જાણી. કર્મના યોગે ધર્મમાં વિઘ્ન આવી પડે છે, તે ધર્મભાવના વધતાં દૂર થાય છેજી. એક પરમકૃપાળુદેવને શરણે વાંચન, વિચાર, ભક્તિ આદિ જે પુરુષાર્થ થાય તે કરવામાં ત્યાં પણ પ્રમાદ કર્તવ્ય નથીજી. પ્રમાદે જીવનું ભૂંડું કર્યું છે. જે કરવા યોગ્ય છે તે તો જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉઠાવવી એ જ છે. તે ગમે ત્યાં રહેવાનું થાય પણ ભુલાય નહીં એટલો લક્ષ રહે તો હિતનું કારણ છેજી. સત્સંગના યોગે જીવને પરમાર્થપ્રેરક પુરુષાર્થમાં બળ મળે છે. જેવાં નિમિત્ત તેવા ભાવ આ દશામાં થઈ જવા સંભવે છે. માટે વિપરીત યોગમાં વિશેષ ભાવનાનું બળ રાખવાની જરૂર છે. આત્મહિત માટે જીવને ઝૂરણા જાગશે ત્યારે કલ્યાણનો માર્ગ સુગમ થશે, અને ઉદાસીનતાનો ક્રમ સેવાશે. સંસાર ઝેર જેવો લાગ્યા કરશે ત્યારે ખરેખરી મુમુક્ષુતા પ્રગટશે. બધાનું કારણ સત્સંગ, સદ્બોધ, સત્શાસ્ત્રનું વાંચન, વિચાર, ભક્તિ, પ્રેમરૂપ પુરુષાર્થ છેજી. માથે મરણ ભમી રહ્યું છે તેનો વારંવાર વિચાર કરી આ મનુષ્યભવને લેખે આણવા જાગ્રત જાગ્રત રહેવું ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૯૨ અગાસ, તા. ૧૩-૯-૪૬

તત્ ૐ સત્ ભાદરવા વદ ૩, શનિ, ૨૦૦૨

આપનો પત્ર મળ્યો. તે વાંચી સંતોષ થયો છે. તેવો પુરુષાર્થ ન પડે અને 'આરંભ-શૂરા' ગુજરાતીને કહે છે તે કલંક મને તો ન જ લાગો એ ભાવ રાખી આત્માને માટે વિશેષ વિશેષ જાગૃતિની જરૂર છેજી. આત્મા દેહાદિથી ભિન્ન અવલોકવાનો અભ્યાસ પરમગુરુના વિશ્વાસે કર્તવ્ય છેજી.

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી (જાણનાર) સદા અવિનાશ – મૂળ૦<br>
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ – મૂળ૦"

એ આખું પદ વારંવાર વિચારતા રહેવું ઘટે છેજી.

આ મનુષ્યભવમાં જેવી આત્મકલ્યાણની અનુકૂળતા છે તેવી લખચોરાશી ગતિમાં ભમતાં કોઈ પણ ઠેકાણે મળે તેમ નથી. બહુ પુણ્યથી મનુષ્યભવ મળ્યો છે, તેની એક એક પળ રત્નચિંતામણિથી ઘણી જ મૂલ્યવાન છે. માટે પ્રમાદ, વાસના, વેર, વિરોધ આદિ દુર્ભાવ છોડીને સદ્ગુરુ આજ્ઞામાં જેટલો કાળ ગળાય તેટલું ખરું જીવન છે, બાકી તો ધમણની પેઠે શ્વાસોશ્વાસ લેવામાં કાળ જાય છે. ખરી મોસમમાં જેમ ખેડૂતો બધાં કામ મુલતવી રાખી એક ખેતીના કામમાં તનતોડ મહેનત કરે છે તેમ મનુષ્યભવની ઉત્તમ મોસમ આવી છે, તે મોક્ષને જ અર્થે છે. આજીવિકા કે જરૂરનાં દેહાદિ સંબંધી કાર્યો પતી જતાં નવરાશનો વખત અને તેટલો આત્મઉન્નતિ થાય તે અર્થે ગાળતા રહેવાથી જીવનું કલ્યાણ ત્વરિત ગતિથી થવું સંભવે છેજી. સમજુ જન સહેલાઈથી સમજી જાય છે. મૂર્ખ માણસો આખી જિંદગી આવી વાતો સાંભળે છતાં ચેતતા નથી અને અચાનક કાળ આવી પહોંચે ત્યારે સિકંદર(Alexandar)ની પેઠે આખર પસ્તાય છે પણ અંતે કંઈ બની શકતું નથી. જ્યારે સંસારનાં કામ કરવાની શક્તિ હોય, તે જ વખતે ધર્મનાં પણ કામ સાથે સાથે થઈ શકે છે એ પરમકૃપાળુદેવે કરી બતાવ્યું છે. પણ ઘરડા થઈશું ત્યારે કરીશું એમ જે મુલતવી રાખે છે, તે મહાજનમાં (પાંજરાપોળમાં) મૂકવાના ઢોર જેવા નકામા થઈ જાય ત્યારે ધર્મ આરાધવા જાય; પણ શરીર કહ્યું કરે નહીં, ઇંદ્રિયો કામ આપે નહીં તેવી સ્થિતિ થઈ ગઈ હોય તો તે શું કલ્યાણ તેવે વખતે કરે ? માટે આજથી જ જે મંડી પડશે તે મહાભાગ્યશાળી ગણવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિ શાંતિઃ

---

૬૯૩ અગાસ, તા. ૨૨-૯-૪૬

તત્ ૐ સત્ ભાદરવા વદ ૧૨, ૨૦૦૨

પૂ.....નું કાર્ડ મળ્યું. તેમાં એક ઘૂંટડો પાણી અજાણતાં પિવાઈ ગયું લખે છે, તે ઉકાળેલા પાણીને બદલે ઠંડું પાણી હશે એમ લાગે છે. હવેથી જે નિયમ લીધો હોય તેનો વિશેષ ઉપયોગ રાખવા કાળજી રાખશોજી, તથા પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ ભાવપૂર્વક નમસ્કાર કરી ધીમે ધીમેથી પશ્ચાત્તાપપૂર્વક ક્ષમાપનાનો પાઠ બોલી જવા ભલામણ છેજી.

સર્વ ભક્તિ વખતે એકઠા હજી મળતા હશોજી. મોક્ષમાળાનો એક પાઠ વાંચવાનું રોજ રાખ્યું છે ? ભક્તિ પૂરી થયે ઊઠતાં એક પાઠ સાંભળી બધા ઊઠે તો તે સંસ્કાર કે તેથી થતા વિચાર પણ પછીથી રહ્યા કરે. બીજે દિવસે આગલા પાઠની યાદી આપી એક નવો પાઠ સાંભળવો. આમ મોક્ષમાળા ચાર માસમાં પૂરી થાય. વળી ફરીથી વંચાય એમ થતાં જીવને ઘણું સમજવાનું ક્રમે ક્રમે થશેજી. ફરી ફરી વંચાશે એમ વિશેષ વિશેષ સમજાશેજી. સત્પુરુષનાં વચન પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય ગણી આરાધવાથી સમકિતનું કારણ થાય છેજી. નિયમિત એકઠા થતા હો તો દશ-પંદર મિનિટ પાઠ વાંચતાં લાગે તેટલો વખત જરૂર તે અર્થે કાઢવા યોગ્ય છેજી. બધા મળો ત્યારે આ પત્ર વાંચશો, અને ઠીક લાગે તો તે પ્રમાણે આત્માર્થે વર્તશોજી. દિવસે દિવસે મુમુક્ષુતા વધે, ધર્મની ભૂખ લાગે તેમ કર્તવ્ય છેજી. તે થવા સત્પુરુષનાં વચનોમાં પ્રીતિ, તેનું નિયમિત આરાધન એ છે. પૈસાટકા એ લૌકિક ધન છે અને જ્ઞાનવૃદ્ધિ એ આત્મિક ધન છે. સત્પુરુષને શરણે તે કમાણી વધારવી.

---

૬૯૪ અગાસ, તા. ૨૩-૯-૪૬

દયા નહીં આ જીવ તણી મેં ખાધી ખરા દિલથી હજીયે,
ભવ ભમવાનો ત્રાસ નહીં હજી લાગ્યો ખૂબ ખરો કહીંયે;
દુઃખ ઘણાં દેખ્યાં આ ભવમાં તોપણ તે પર પગ મૂકી,
નિર્દય પેઠે વહ્યો ગયો, નહિ ચેત્યો ચાલ જૂની ચૂકી.

આ જીવનમાં કોઈએ પણ આપણા ઉપર મહદ્ ઉપકાર કર્યો હોય તેમાં સર્વોપરી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુનો છે. તેની નિષ્કારણ કરુણાને નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે. એનાં અપૂર્વ વચનને હૃદયમાં ઉતારનારને નિર્વાણમાર્ગની પ્રાપ્તિ થાય છે. આવું અચિંત્ય માહાત્મ્ય જેનું છે એવા નિસ્પૃહી મહાત્માનું શરણ આપણને મળ્યું છે તે જો મરણ સુધી ટકાવી રાખી તેને આશ્રયે આ દેહ છૂટે તો જીવ સમાધિમરણ પામે. એવું એક વાર મરણ જેનું થાય તેને મોક્ષે જતાં સુધી કદી અસમાધિમરણ ન થાય એટલે ભવોભવ તેવો લાભ મળતો રહે એવી અપૂર્વ કમાણી આ ભવમાં કરી લેવાની છે. માટે જગતની મોહક વસ્તુઓ ઉપરથી મનને ખસેડી શાશ્વત આપણો આત્મા જેના યોગબળે શુદ્ધ થાય, મોક્ષે જાય તે મહાપુરુષ ઉપર દિન દિન પ્રેમ-ભક્તિભાવ વધતો જાય તેમ કર્તવ્ય છે. તે અર્થે ભક્તિ, પત્રવ્યવહાર, ઓળખાણ કે વાંચન-વિચાર કર્તવ્ય છેજી. નહીં તો જગતની કોઈ વસ્તુ આખરે મદદ કરે તેવી નથી. માટે મનમાં સમજી જઈ બધેથી મોહ સંકોરી લઈ એક પરમપુરુષ ઉપર પ્રેમ, પરમપ્રેમ કર્તવ્ય છેજી. આ લક્ષે જેટલો કાળ જશે તેટલું આયુષ્ય સફળ થશે, લેખે આવશે. બાકીનું તો વેઠ જેવું છે. કારણ કે આપણી સાથે કંઈ આવવાનું નથી. આપણું દુઃખ પણ કોઈ લઈ શકે એવું નથી, તો આત્માનું હિત થાય તેવું સ્મરણ, ભક્તિ, સદ્‌વાચન, વિચાર અર્થે કેમ ન જીવવું ? અંતરમાં આ દાઝ જાગશે તો જીવન પલટાઈ જશે.

મંદાક્રાંતા — મંત્રે મંત્ર્યો સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પરભણી ભૂલી, બોલ ભૂલું પરાયા;
આત્મા માટે જીવન જીવવું લક્ષ રાખી સદાએ,
પામું સાચો જીવનપલટો મોક્ષમાર્ગી થવાને. (પ્રજ્ઞાવબોધ – ૭૪)

પરસ્પર મુમુક્ષુઓનો સમાગમ કે પત્રવ્યવહાર પણ આત્માર્થે થાય તો હિતકારી છે. અહંકાર ન થાય, માત્ર છૂટવાની ભાવનાથી મોક્ષમાર્ગની ચર્ચા, વાર્તા કે વિચારોની આપ-લે થાય તે હિતકર્તા છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૯૫ અગાસ, તા. ૧૩-૧૦-૪૬, રવિ

દિવાળીપર્વ અહીં નીચે પ્રમાણે ઊજવાય છે, તે યથાશક્તિ તમારે ભાવ પ્રમાણે ઊજવી શકાય તે અર્થે લખ્યું છે. જેને સમાધિમરણ સહિત દેહ છોડવાની ભાવના છે તેને આચરવા અર્થે વર્ષમાં ચાર દિવસ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ કૃપા કરી જણાવેલ છે — ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી અને નવો પડવો. આ ચાર દિવસ ધર્મ-ધ્યાનમાં એટલે ભક્તિભાવમાં ગાળવા; બ્રહ્મચર્ય તેટલા દિવસ પાળવું; સાદો ખોરાક કે એક વખત જમવાનો નિયમ,

ઉપવાસ આદિ બને તેટલો ત્યાગ-વૈરાગ્ય રાખવો. નિત્યનિયમમાં ભક્તિ કરતા હોઈએ તે ઉપરાંત નીચે જણાવ્યા પ્રમાણે રોજ ૩૬ માળા ગણવી. કુલ ૧૪૪ માળા ચાર દિવસે મળીને થાય. એક સાથે ૩૬ માળા ન ગણાય તો ૧૮ માળા ગણી કંઈ આરામ લઈ ફરી ૧૮ માળા ગણવી. તેનો ક્રમ અને માળા ફેરવતાં જે ભાવના રાખવાની તે હવે લખું છું :—

"સહજાત્મસ્વરૂપપરમગુરુ" એ મંત્રની ત્રણ માળા પ્રથમ ગણવી. પહેલી માળામાં સમ્યક્‌દર્શન પામવાની ભાવના, બીજીમાં સમ્યક્‌જ્ઞાન અને ત્રીજીમાં સમ્યક્‌ચારિત્રની ભાવના કરવી. ૨૮ માળા "પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ" એ મંત્રની નીચેની ભાવના સહ ફેરવવી. પહેલી ત્રણ માળા મિથ્યાત્વમોહનીય, સમકિતમોહનીય અને મિશ્રમોહનીય ક્ષય થવા એટલે ક્ષાયક સમકિત થવા એ ત્રણ માળા ફેરવવી. પછી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ જવા ચાર માળા, અને અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ જવા બીજી ચાર માળા અને પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ જવા ત્રીજી ચાર માળા અને સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ જવા ચોથી ચાર માળા; એટલે સમકિતને રોકનાર અનંતાનુબંધી કષાય, દેશવ્રતને રોકનાર અપ્રત્યાખ્યાની કષાય અને મુનિપણાને રોકનાર પ્રત્યાખ્યાની કષાય તથા પરમશાંતિ કે કેવળજ્ઞાનને ન પ્રગટવા દે તેવા સંજ્વલન કષાય ટાળવા એ ૧૬ માળા થઈ. હવે ૯ માળા નવ દોષ જવા ફેરવવાની છે. [૧]હાસ્ય, [૨]રતિ, [૩]અરતિ, [૪]ભય, [૫]શોક, [૬]દુગંછા (જુગુપ્સા), સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ એ ત્રણ મલિન ભાવ ક્ષય થવા નવ માળા ગણવી. પાંચ માળા રહી તે જ્ઞાન ઉપર આવરણ કરનાર પાંચ કર્મો ટાળવા ભાવના કરવાની છે. ૧. મતિજ્ઞાન નિર્મળ થવા, ૨. શ્રુતજ્ઞાન પ્રગટવા, ૩. અવધિજ્ઞાન થવા, ૪. મનઃપર્યવજ્ઞાન ઊપજવા, ૫. કેવળજ્ઞાન પ્રકાશવા પાંચ માળા "આતમ-ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે." બન્ને મળી ભક્તિ ચાર દિવસ કરશો તો ઘણો આનંદ અને ઉત્તમ ભાવ સ્ફુરશેજી. રોજ ન બને તો પહેલો દિવસ ભેગા મળી માળા ફેરવશો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૯૬ અમાસ, તા. ૧૬-૧૦-૪૬

પ. પૂ. પ્રભુશ્રીજીએ દિવાળીપર્વ ઊજવવા ફરમાવ્યું છે તેનું ફળ સમાધિમરણ છેજી. જેમ મયણાસતીએ શ્રીપાલનો કોઢ જવાનો ઉપાય ગુરુમુખે સાંભળી આદર્યો તો ઇચ્છિત પ્રાપ્તિ થઈ; તેમ જેને સમાધિમરણ પ્રાપ્ત કરવું હોય તે આ દિવાળીપર્વ વર્ષમાં એક વખત આદરે તો સમાધિમરણની પ્રાપ્તિ થાય તેવું તેમાં દૈવત રહેલું છેજી. સામાયિક લઈને બેઠા હોઈએ તેમ સામટી ૩૬ માળા ન ફેરવાય તો ૧૮ માળા કે ૨૨ માળા પ્રથમ ફેરવી, થોડો વખત જવા દઈ અનુકૂળતાએ ફરી ૧૮ માળા કે બાકીની પૂરી કરવી. મૃત્યુ મહોત્સવરૂપ લાગશે.

---

૬૯૭ અમાસ, તા. ૨૬-૧૦-૪૬

દોહરો — સદ્‌ગુરુ પદ ઉપકારને, સંભારું દિનરાત;
જેણે ક્ષણમાંહિ કર્યો, આ અનાથ સનાથ.

આપનો પત્ર પ્રાપ્ત થયો છે. પરમકૃપાળુદેવ પ્રત્યે જેટલો પ્રેમ કરશો તેટલો લેખે લાગશે. આપણે બધા એને આશરે પડેલા છીએ. સર્વનું કલ્યાણ એના શરણે રહ્યાથી છે. સત્પુરુષ

પ્રત્યે પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે અને એ બુદ્ધિ સર્વ પ્રાણીઓ પ્રત્યે પોતાનું દાસત્વ સૂચવે છે, એવું પરમકૃપાળુદેવે દીનત્વ કે પરમ વિનય વિષે લખ્યું છે તે જીવને તરવાનું પ્રથમ સાધન છેજી. તેથી જ સર્વ પ્રકારની યોગ્યતા જીવને પ્રાપ્ત થાય છે, અને ભક્તિ જાગે છે. પ. પૂ. પ્રભુશ્રીજીએ એક વાક્ય લખાવેલું — "બગડેલું સુધારવું અને સુધરેલું બગડવા ન દેવું." આનો વિચાર કરી જીવન પવિત્ર કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૯૮ અગાસ, તા. ૨૭-૧૦-૪૬
તત્ ૐ સત્ કાર્તિક સુદ ૨, ૨૦૦૩

આ પાંચમ જ્ઞાનપંચમી ગણાય છે. તે દિવસ માટે પ. પૂ. પ્રભુશ્રીજીએ એક વખત બધાને કહેલું — "આ વ્રત જબરું છે. વર્ષમાં એક વખત ઉપવાસ કરવાનો છે. જેને જિંદગી સુધી એ વ્રત લેવું હોય તે ઊભા થાઓ." તે સાંભળી ઘણાખરાએ યથાશક્તિ એ વ્રત લીધું હતું. તે સ્મૃતિમાં આવ્યાથી આપને જણાવ્યું છે. જેને તે દિવસે જેવું બને તેવું તપ આત્માર્થે કરવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરી વ્રતની ભાવના કરવી હોય તેમણે કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૬૯૯ અગાસ, તા. ૨૮-૧૦-૪૬

"અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાળ તમાસી રે;
ચિદાનંદઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આશી રે.
એ ગુણ રાજ તણો ન વિસારું સંભારું દિન-રાત રે."

તમે એક કાર્ડમાં મથાળા ઉપરની કડીનો અર્થ પુછાવેલ છે તે સંક્ષેપથી નીચે પ્રમાણે જણાવું છુંજી. પાંચમી દૃષ્ટિની એ છેલ્લી કડી છે. પાંચમી દૃષ્ટિ એ ક્ષાયિક સમકિત વિષેની છે. આ કડીની ઉપરની કડીમાં પુણ્યયોગે પ્રાપ્ત થયેલાં દેવલોકનાં વિષયસુખો પણ જેને ઇષ્ટ નહીં પણ અનિષ્ટ લાગે છે, કોના જેવાં ? શીતળ ચંદન જેવું (ઘસેલા ચંદનનું) ટીપું ઊકળતા તેલમાં પડયું હોય તો તે તેલ ઠંડું થઈ જાય તેવા ચંદનના વૃક્ષનાં ડાળ પરસ્પર ઘસાવાથી અગ્નિ પ્રગટે છે, તે આખા ચંદનના વનને પણ બાળી નાખે છે; તેમ સમ્યક્દૃષ્ટિ ક્ષાયિક દશા પામ્યો તો તે ગમે તેવાં પુણ્ય પણ, આત્મા સંબંધીના અનેક વિચારો અને અનુભવદશાને વિઘ્ન કરનાર ગણી, બળતરા સમાન તે સુખને દુઃખરૂપ ગણે છે. જેને સુખદુઃખ સમાન કર્મનાં ફળરૂપ સ્પષ્ટ સમજાયાં છે તેની દશા છેલ્લી કડીમાં વર્ણવી છે. અંશે અવિનાશીપદ એટલે સિદ્ધપદ જેને પ્રાપ્ત થયું છે; પુદ્ગલની જાળ પુણ્ય-પાપ બન્નેને ગણે છે, તેનાં ફળ જે સુખદુઃખ તે પણ પુદ્ગલરૂપ—કલ્પનારૂપ માની તેનો તમાસો જોનાર દ્રષ્ટારૂપ તે રહે છે.

ચિદાનંદઘન એટલે ચૈતન્યનો પરમાનંદરૂપ સ્વભાવ; તેના સુયશ = પ્રશંસાનો; વિલાસી= અનુભવ કરનાર ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ જીવ જગનાં સુખનો ઇચ્છક કેમ હોય ? આ બધાનું કારણ શું ? એ ગુણ = ઉપકાર પરમકૃપાળુ પરમપુરુષનો છે, તે કેમ વીસરી શકે ? રાતદિવસ સંભારવા યોગ્ય પરમપુરુષની નિષ્કારણ કરુણા છે. "તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે

નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષ તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો." (૪૯૩)

"પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં,
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાય દિયે."

---

૭૦૦ અગાસ, તા. ૩૧-૧૦-૪૬
તત્ ૐ સત્ કાર્તિક સુદ ૬, ૨૦૦૩

કવાલી – ઝુકાવ્યું ભક્તિમાં જેણે, દુઃખો કાપ્યા બધાં તેણે,
કૃપાળુની કૃપા સાચી, ગણે તે ધન્ય અયાચી;
ભલે આવે દુઃખો ભારે, પ્રસાદી તેનો વિચારે,
જવાનું તે જશે, હું તો – અમર આત્મા સદા છું, જો.
મળે પદ જો અવિનાશી, જવા દઉં સર્વ વિનાશી,
નથી કંઈ ઇચ્છવું મારે, કૃપાળુની કૃપા તારે.
ડરાવે બાલને કોઈ, જતો માની કને રોઈ,
મળે ત્યાં માર તોયે તે, તજે ના માતને કદીયે.

આપના સંબંધી પત્ર આજે મળ્યો. આપની માનસિક અશાંતિના સમાચાર વાંચી આ પત્ર લખવા પ્રયત્ન કર્યો પણ વચ્ચે ઘણાં વિઘ્નો આવવાથી થોડે થોડે પૂરો કરવા વિચારું છુંજી.

અત્યારે એમ વિચાર સ્ફુરે છે કે આવા વખતમાં આપની આશ્રમમાં હાજરી હોય તો અનેક પ્રકૃતિના મુમુક્ષુઓરૂપી ફૂલઝાડવાળા સુંદર બાગમાં જેમ મગજ શાંત થાય છે તેમ આશ્રમમાં વસવાથી અનેક પ્રકારના ઉત્તાપો શાંત થવા સંભવે છે. એવા અનેક ઉદ્દેશોથી પ. ઉ. પ. પૂ. કરુણાસાગર પ્રભુશ્રીજીએ આ આશ્રમ-જીવન સમાધિમરણને પોષે તેવું યોજ્યું છે. તેનો અનેક ભવ્ય જીવોએ લાભ લઈ સમાધિમરણ સાધ્યું છે, સાધે છે અને ભવિષ્યમાં સાધશે; તો તમારા જેવા તેથી દૂર રહે એ ઘટતું તો નથી, પણ આપ જેવા સમજુને શું કહેવું ? બધી દવા વગેરેની કે શારીરિક અનુકૂળતાઓ શહેરમાં સુલભ હોય તે ગૌણ કરી, સમાધિમરણનું મહત્ત્વ જો હૃદયમાં વસે તો અહીંના વાસ જેવું ઉત્તમ સ્થળ આખર અવસ્થામાં ક્યાં મળે ? પૈસાદારને વિલાયત જવું ગમે, પણ પરમકૃપાળુદેવના ભક્તને તો આ આશ્રમ વિલાયત કરતાં વધારે હિતકારી મારી અલ્પમતિમાં સમજાય છે. દવા માટે મુંબઈ જવું પડે, દવાખાનામાં રહેવું પડે, તો પરમકૃપાળુદેવની દવા જ્યાં વધારે ગુણ કરે તે લક્ષ હવે તો વિશેષ વિશેષ વિચારી, લોકલાજ મૂકી, બીજી મુશ્કેલીઓ વેઠી, જ્યાં આત્મા ઠરે એવા સત્સંગની સહેજે જોગવાઈ પરમકૃપાળુ પરમપૂજ્ય પ્રભુશ્રીજીના અથાગ શ્રમ અને યોગબળે વિદ્યમાન છે, તો આ પાછલા દિવસો તેવા ઉત્તમ વાતાવરણમાં શા માટે ન ગાળવા ? બીજાને રાજી રાખવા ઘણું આ ભવમાં કર્યું, હવે તે ગૌણ કરી આત્માની પ્રસન્નતા થાય તેવી કંઈ ગોઠવણ કરવાના નિર્ણય ઉપર આવો તો સ્વપરના હિતનું કારણ સમજાય છે. લેશ્યાઓનો આધાર ભાવ ઉપર છે અને ભાવો નિમિત્તાધીન છે; તો સારાં નિમિત્તોમાં સારા ભાવ સહજે થવા સંભવે છેજી.

"બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી, તો પછી ધર્મપ્રયત્નમાં, આત્મિક હિતમાં અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો ?" (૪૭) આમ પરમકૃપાળુદેવે લખ્યું છે તે પુરુષાર્થની વૃદ્ધિને અર્થે લખ્યું છે. એ વિચારી આત્મહિતમાં પ્રવર્તવા ભલામણ છેજી. ઘણા ઘણા વિચારો પત્ર લખતાં પહેલાં આવેલા, પણ પત્રમાં કેટલુંક લખાય ? કાર્તિક વદ ૫ ઉપર ઈડર જવા વિચાર રહે છે. ત્યાંથી પાછા ફરતાં આપ અમદાવાદ હશો તો મળી શકાશે. અને અહીં પધારી શકો તો એથી વિશેષ શું હોઈ શકે ? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૦૧ અગાસ, તા. ૧૨-૧૧-૪૬

આપને કામ પ્રસંગે રંગૂન જવું થયું છે, ત્યાં કામની ભીડમાં ધર્મ અત્યંત ગૌણ વિસ્મરણવત્ ન થાય તેટલી કાળજી રાખવા ભલામણ છેજી. અનાર્ય વાતાવરણમાં પણ જે નિત્યનિયમાદિ ટકાવી રાખે તે એક પ્રકારની પરીક્ષામાં પાસ થયો ગણાય. જોકે શરીરની અશક્તિ, પ્રમાદ, માનપૂજાની પ્રેરણા આદિ અનેક સંકટો ઓળંગી સદ્ગુરુના ચરણનું શરણ મરણ સુધી ટકાવી રાખવાનું છે. હજી તો એવી ભારે કસોટી આવી નથી, છતાં તેને માટે તૈયારી રાખી હશે તો તેવા પ્રસંગે પહોંચી વળાશે. માટે રોજ મરણના પ્રસંગને વિચારી, મારે મરણની તૈયારી રોજ કરતા રહેવું છે. અત્યારે ધારો કે એવો પ્રસંગ એકાએક આવી પડે તો પહેલું મને શું સાંભરે કે શું સંભારવા યોગ્ય છે ? શામાં બળ કરીને પણ મારે વૃત્તિ રોકી રાખવી ? અત્યંત દુઃખ વધતું જતું હોય ત્યારે કેવી આત્મભાવના પ્રત્યે ખેંચ રાખવી ? કેમ ઉપયોગ નાશવંત વસ્તુઓ પ્રત્યેથી પાછો વાળી શાશ્વત, સચ્ચિદાનંદ, અનંત સુખમય આત્મા પ્રત્યે વાળવો ? આ બાબતોનો વિચાર, નિર્ણય કરી તેવા અભ્યાસની કાળજી રાખી હશે તો આખરે ગભરામણ નહીં થાય, પણ જોયેલે રસ્તે નિર્ભયપણે મુસાફરી થાય, તેમ સહજસ્વભાવે આત્મભાવમાં વૃત્તિ રહે અને સમાધિમરણ થાય; માટે બીજી બાબતો બને તેટલી ગૌણ કરી પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રનાં વચનોનો વિચાર બને તો બધા એકઠા મળીને કે તેવો જોગ ન હોય તો સૌએ એકાંતે પોતાને માટે કર્તવ્ય છેજી. તેમાં ગાળેલો કાળ અલેખે નહીં જાય, બલકે એ જ ખરું જીવન છે. બાકીનો કાળ જે લોકવ્યવહારમાં જાય છે, તે તો ધમણની પેઠે શ્વાસ લેવામાં અને મૂકવામાં વ્યર્થ વહી જાય છે.

વિચારવાન તેનું નામ કે જે આ સંસાર પ્રત્યે ઉદાસીન ભાવ રાખી ત્રણે કાળ ટકી રહે તેવું આત્મસુખ છે તેની પ્રાપ્તિ અર્થે જ્ઞાનીપુરુષે કહેલું આરાધે. પુણ્યાધીન જે ધનસંપત્તિ છે તે સદા રહેનાર નથી. તેને માટે દિવસના ૨૪ કલાક ન ગાળે તો ચાલે તેમ છે છતાં તેમાં જ સુખ કલ્પાયું છે તેથી તેની પ્રધાનતા હૃદયમાં પૂર્વસંસ્કારે રહેતી હોય તે ગૌણ કરી, મોક્ષ અર્થે આ મનુષ્યભવ છે તો તેને માટે જેટલો કાળ ગળાશે તે લેખાનો છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૦૨ અગાસ, તા. ૧૮-૧૧-૪૬

વિ. આપનો પત્ર મળ્યો. રોજ નિત્યનિયમ કરવાની તીવ્રતા પ્રદર્શિત કરી તે જાણી સંતોષ થયો છેજી. ફરી તેવી ભૂલ જિંદગીમાં હવે ન થવા દેવી એ પ્રાયશ્ચિત્ત છેજી.

પૂજા કરવા જાઓ છો તે ઠીક છે. ભગવાનનું સ્વરૂપ સમજીને પૂજા કરવાથી ઘણો લાભ થવા યોગ્ય છે. અહીં આવો ત્યારે યાદ કરશો તો તે વિષે વિશેષ વાત થશેજી. હાલ તો પૂજા કરતી વખતે વીસ દોહરા કે ક્ષમાપનાનો પાઠ બોલતા રહેવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૦૩ અગાસ, તા. ૨૦-૧૧-૪૬

કવાલી — ઝુકાવ્યું ભક્તિમાં જેણે, દુઃખો કાપ્યાં બધાં તેણે,
કૃપાળુની કૃપા સાચી, ગણે તે ધન્ય, અયાચી.
ભલે આવે દુઃખો ભારે, પ્રસાદી તેનો વિચારે,
જવાનું તે જશે, હું તો અમર આત્મા સદા છું જો.

"શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્ પ્રકારે અહિયાસવા યોગ્ય છે"(૪૬૦) એ પત્ર વારંવાર વિચારવા વિનંતી છેજી. આર્તધ્યાન કોઈ પ્રકારે ન થાય તે મુમુક્ષુજીવો સંભાળે છે. જેટલી સહનશીલતા વિશેષ અને જેટલો ઉપયોગ પરમકૃપાળુદેવના સ્વરૂપમાં – મંત્રમાં રહેશે તેટલી સમાધિમરણની તૈયારી થાય છે એમ જાણી, આ કર્મ સમાધિમરણનો પાઠ આપવા પૂર્વતૈયારી કરાવવા આવ્યું છે એમ જાણી ગભરાયા વિના ધર્મધ્યાનમાં વૃત્તિ રહે તેમ કર્તવ્ય છેજી.

જે કંઈ વાંચવું, વિચારવું થાય તેની અસર ઘણા વખત સુધી રહ્યા કરે, તેની અપૂર્વતા લાગે અને આત્મામાં પરમાર્થની ગરજ વિશેષ વધતી જાય તેમ વાંચવા-વિચારવા વિનંતી છેજી. પરમકૃપાળુદેવે ઉપશમસ્વરૂપ થઈ ઉપશમસ્વરૂપ વચનામૃતોની વૃષ્ટિ કરી છે, તે ઉપશમ અર્થે (આત્માર્થે) ઉપશમરૂપ અંતઃકરણમાં સ્થિર થાય તેમ પરમાર્થ-સન્મુખ પુરુષાર્થ કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૦૪ અગાસ, તા. ૨૧-૧૧-૪૬

આત્મસિદ્ધિ ચમત્કારી ચીજ છે. તેની શ્રદ્ધા, અભ્યાસ કરે તેમાં તપ, જપ, દાન વગેરે સમાઈ જાય છે. પોતાનાથી બનતો પુરુષાર્થ શ્રી આત્મસિદ્ધિ મુખપાઠ કરવામાં પણ કર્તવ્ય છેજી. મુખપાઠ થઈ ગઈ હોય તો તેના અર્થ વિચારવા અને પરસ્પર એકઠા મળીએ ત્યારે ચર્ચવા, પૂછવા અને સમાધાન થતાં સુધી તે વિચારમાં રહેવું ઘટે છેજી. છ પદની શ્રદ્ધામાં આત્મદર્શન સમાયેલું છેજી. છપદનો પત્ર પણ તેવો જ ચમત્કારી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૦૫ અગાસ, કાર્તિક વદિ ૦)), ૨૦૦૩

સંસારાનલમાં ભલે ભુલાવી, વિઘ્નો સદા આપજો,
દારા સુત તન ધન હરી, સંતાપથી બહુ તાવજો.
પણ રે પ્રભુ ! ના ધૈર્ય છૂટશો, હૃદયે સદાયે આવજો,
શ્રી સદ્ગુરુના આશ્રયે, સમભાવે દેહ મુકાવજો.

ભક્તિમાર્ગમાં આગળ વધવા સત્સંગ એ અનુપમ સાધન છે. જ્યાં સુધી ઇંદ્રિયો સાબૂત છે, બીજાં કામ થઈ શકે તેવું શરીર છે, ત્યાં સુધી આ આત્માની દયા લાવી આત્મહિત અર્થે સત્સંગ, ભક્તિ, વાંચન, વિચાર, સદાચાર આદિ કરી લેવા યોગ્ય છેજી. જ્યારે શરીરમાં રોગ ઘર કરશે, કાન, આંખ આદિ આળસી જશે, અશક્તિ ઘર કરશે ત્યારે પછી કંઈ નહીં બને. માટે વિશેષ કાળજી રાખી આત્મજ્ઞાની પુરુષની આજ્ઞા ઉઠાવવામાં થતા પ્રમાદને પુરુષાર્થથી જીતવો ઘટે છેજી. પૈસા થોડા હોય તો આછુંપાતળું ખાઈપીને દહાડા કઢાય, બહુ વિદ્વત્તા ન હોય તો જ્ઞાનીનું કહેલું હૃદયમાં રાખી ચલાવી લેવાય, યશકીર્તિ ન મળે તો તેના વિના પણ ચાલે, પણ જો ખાવામાં ને ઊંઘવામાં જ જીવન ચાલ્યું ગયું અને અચાનક કાળ આવીને ઊભો રહેશે ત્યારે સાથે શું લઈને અહીંથી જીવ જશે? અહીંનું એકઠું કરેલું કે જેમનાં મન સાચવવા તણાઈ મર્યા હોઈએ તેવાં સગાં, વહાલાં બધાં અહીંના અહીં રહી જશે અને પોતે બાંધેલું ભોગવવા એકલો જીવ ખાલી હાથે જશે. આવા વૈરાગ્યભરેલા વિચારો વારંવાર કરવાથી આત્મહિતની ગરજ જાગશે, આ ભવમાં મૂઠી ફાકો થઈ શકે તેટલું કરી લેવાની તત્પરતા વધશે. બધા ભવમાં કાગડા-કૂતરાના મોતે જીવ મર્યો છે, તેવું આ ભવમાં નથી કરવું, પણ સમાધિ-મરણ થાય તેની તૈયારી આજથી કરતા રહેવી ઘટે છે. તે સત્સંગે યથાર્થ સમજાય છે માટે સૌથી સહેલું અને પ્રથમ કર્તવ્ય તો સત્સંગ છે. તેની ઝૂરણા રહ્યા કરે એવી અગમચેતી લેતા રહીશું તો જરૂર મરણ સુધારવાની કળા હસ્તગત થશે. વેદનામાં મન વળગ્યું ન રહે પણ જ્ઞાનીની આજ્ઞા ઉઠાવવાથી અપૂર્વ હિત થવાયોગ્ય છે તે લક્ષ લેવા ભલામણ છેજી. ૐ શાંતિઃ

---

૭૦૬ — અગાસ, તા. ૨૩-૧૧-૪૬

તત્ ૐ સત્ — કાર્તિક વદ ૦)), ૨૦૦૩

જીવને સંતોષવૃત્તિ પ્રગટે તેવા સંયોગો આ કાળમાં ઓછા છે, કાં તો પૂર્વના સંસ્કારી સંસારથી કંટાળી સત્શાંતિ અર્થે ઝૂરે છે, કાં સત્સંગનો રંગ લાગે ને સર્વ અનિત્ય છે એવો ભાસ હૃદયમાં રહ્યા કરે, તેથી ચિત્ત ક્યાંય પ્રસન્નતા પામે નહીં અને જ્ઞાનીપુરુષની આજ્ઞામાં વારંવાર વૃત્તિ જાય તો આ જગતનો મોહ મંદ પડી વિરામ પામે તેમ બને; નહીં તો આખો લોક ત્રિવિધ તાપથી બળ્યા કરે છે, તેમાં જ જીવ મીઠાશ માની તેની જ ઝંખનામાં મનુષ્યભવ ગુમાવે છે.

દરરોજ કંઈ ને કંઈ નિત્યનિયમ ઉપરાંત વાંચવા-વિચારવાનું બને તો કર્તવ્ય છેજી. સર્વ દુઃખને વીસરવાનું સાધન સત્પુરુષનાં પરમ શીતલતાપ્રેરક વચનો છે, તે જ અત્યારે આધારરૂપ છે. મુખપાઠ કરેલ હોય તે પણ વારંવાર વિચારતા રહેવાની જરૂર છેજી. "કર વિચાર તો પામ" આમ જ્ઞાનીની શિખામણ છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૦૭ — અગાસ, તા. ૨૫-૧૧-૪૬

તત્ ૐ સત્ — માગશર સુદ ૨, ૨૦૦૩

આપનો પત્ર આજે મળ્યો. તમારા પિતાશ્રીનો શાંતિપૂર્વક દેહ છૂટ્યાના સમાચાર જાણી સંતોષ થયો છેજી. તેમની ભાવના પરમકૃપાળુદેવની જન્મતિથિ જોવાની આ ભવમાં પૂર્ણ

થઈ છેજી. એવી સદ્ભાવના જેની સારી ગતિ થવાની હોય તેને જ થાય છેજી. આપણે પણ એક દિવસ નિર્માણ થયેલો છે; પણ તે દિવસે શું ભાવના કરીશું તે કંઈ ચોક્કસ કર્યું છે? તે ભાવના ત્યાં સુધી ટકી રહે તેવી બળવાન થવા શું કર્તવ્ય છે, તે વિચારવા આપ સર્વને વિનંતી છેજી. કંઈક તૈયારી કરી હોય તો કામ દીપે છે, તેમ મરણ સુધારવું હોય તેણે પહેલાં શી શી તૈયારી કરવી ઘટે છે તે પરસ્પર વિચારી, સત્સંગે નિર્ણય કરી તે દિશામાં પગલાં ભર્યાં હશે તો ધાર્યું કામ જરૂર થવા જોગ સામગ્રી આ ભવમાં પ્રાપ્ત થઈ છે તે સર્વની સફળ થાઓ એ ભાવના છેજી. આખરે કાંઈ બનો કે ન બનો, પણ પહેલાં તેને માટે કાળજી રાખી પ્રયત્ન કર્યો હશે તે અલેખે જનાર નથી, એવો વિશ્વાસ રાખી આત્મહિતની વૃદ્ધિમાં દિન-પ્રતિદિન વૃદ્ધિ થાય તેમ વર્તવા વિનંતી છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૦૮ અગાસ, તા. ૩૦-૧૧-૪૬
તત્ ॐ સત્ માગશર સુદ ૬, શનિ, ૨૦૦૩

મંદાક્રાંતા — મંત્રે મંચ્યો, સ્મરણ કરતો કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પર ભણી ભૂલી બોલ ભૂલું પરાયા;
આત્મા માટે જીવન જીવવું લક્ષ રાખી સદા એ,
પામું સાચો જીવનપલટો મોક્ષમાર્ગી થવાને. (પ્રજ્ઞાવબોધ - ૭૪)

વિ. આપનો પત્ર મળ્યો. માંદગી પાછી ફરી શરૂ થઈ જાણી ધર્મસ્નેહને લઈને ખેદ થયો. પૂર્વકર્મ નિયમિત રીતે એનું કામ અચૂકપણે કર્યે જાય છે, તો મુમુક્ષુ જીવે સંસારથી મુક્ત થવાનાં સત્સાધન તે પ્રમાણે દૃઢતાપૂર્વક કેમ ન સેવવાં? માંદગીમાં મારાથી હવે શું થાય? એવી કાયરતા ન સેવતાં, જ્યાં સુધી ભાન છે ત્યાં સુધી ઉપયોગ પલટાવવા, આર્ત્તધ્યાન થતું અટકાવવા વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ, છપદનો પત્ર કે આત્મસિદ્ધિ કે મંત્રનું સ્મરણ આદિ જ્ઞાનીની આજ્ઞા થઈ હોય તે પદમાં વૃત્તિ રાખવા તેવે વખતે વિશેષ બળ કરવા યોગ્ય છે. તેમ વર્તાય તો આર્ત્તધ્યાનને બદલે ધર્મધ્યાન થવા સંભવ છેજી.

પોતાનાથી બને ત્યાં સુધી પોતે સત્સાધનમાં મન, વચન, કાયાથી પુરુષાર્થ કરવો. અશક્તિ જણાય ત્યારે પાસે હોય તેની મદદથી તે મંત્ર વગેરે બોલે તેમાં વૃત્તિ બળ કરીને રાખવા લક્ષ રાખવો. તેમ ન બને અને વેદનામાં વારંવાર વૃત્તિ દોરાઈ જાય ત્યારે 'હે ભગવાન! હવે મારું જોર ચાલતું નથી, પણ મારે સત્સાધનમાં જ વૃત્તિ રાખવી છે, દુઃખમાં મન દોરાઈ જાય છે, તે ઠીક થતું નથી. આથી તો કર્મબંધ થશે' એવી જાગૃતિ રાખી, ભાવના તો સમભાવે તે વેદની વેદાય તેવી જ રાખવા મથવું ઘટે છેજી. પોતાનાં બાંધેલાં પોતાને જ ભોગવ્યે છૂટે એમ છે, તો હવે બને તેટલી શાંતિથી સહન કરી લેવા દે. બધું નાશવંત છે, તો વેદની ક્યાં સુધી રહેવાની છે? શાતાવેદની પણ ઇચ્છવા જેવી નથી. કર્મ માત્ર આત્માને બોજારૂપ છે. જેના નિમિત્તે પરમકૃપાળુદેવ, તેનાં વચન અને તે મહાપુરુષનો પુરુષાર્થ તથા તેની દશાની સ્મૃતિ થાય તે વિચારવા યોગ્ય છે, સાંભળવા યોગ્ય છે, સ્મરણ કરવા યોગ્ય છે, ભજવા યોગ્ય છેજી.

"પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુપાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ?"

આમ પોતાના દોષ દેખી સદ્ગુરુની ભક્તિમાં વૃત્તિ રાખી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પ્રભુ ન ભુલાય, તેની જ લય લાગે, જગત, દેહ અને વેદની ભુલાઈ જાય તેમ કર્તવ્ય છેજી. "પરમ શાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વ-સમ્મત ધર્મ છે."(૩૭) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૦૯ અગાસ

આપની તબિયત ઘણા દિવસથી અસ્વસ્થ રહ્યા કરે છે એમ સાંભળી ધર્મપ્રેમથી ખેદ થયો, પણ નિરુપાયતા જાણી તે શમાવ્યો છેજી. રૂડા જીવોને પણ વિશેષ વેદનાના વખતે ધીરજ રાખવી કઠણ થઈ પડે છે, તોપણ તેવા પ્રસંગમાં ગફલતમાં રહેવાથી આકરાં કર્મ વખતે બંધાઈ જાય છે; માટે મુમુક્ષુજીવે તો બહુ સાવધાની રાખવી યોગ્ય છેજી. પૂર્વકર્મ ભોગવતાં કંટાળો કે ખેદ આણવો ઘટતો નથી. "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે"(૮૧૯) એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે તે વારંવાર વિચારી, છૂટવાની ભાવના ક્ષણે ક્ષણે વધે અને ઉપશમભાવ, નિઃસ્પૃહભાવ, સુખદુઃખ પ્રત્યે સમભાવ વિશેષ વિશેષ વર્ધમાન થાય તેવી વિચારણામાં વૃત્તિ રાખવી ઘટે છેજી. જીવે અજ્ઞાનભાવે બાહ્ય સુખોની લાલસામાં લપટાઈ જે પાપ ઉપાર્જન કર્યાં તેનું આ ફળ આવ્યું છે; માટે હવે આ સંસારનું સ્વરૂપ જ્ઞાનીપુરુષોએ વર્ણવ્યું છે તે જ પ્રકારે મને વિચારવા દે, નિર્ધારવા દે એમ મનને સમજાવી, અનાથી મુનિ, ગજસુકુમાર આદિ મહાત્માઓએ આ શરીરને અશાતાનું ઘર જાણી તેના સુખની ઇચ્છા છોડી, આત્માના ઉદ્ધાર અર્થે જ્ઞાનીપુરુષોએ દીધેલી શિખામણ અવધારી, શિરસાવંદ્ય જાણી, ધીરજ ધરી આજ્ઞા ઉપાસી છે, તેથી તેમણે આત્માનો ઉદ્ધાર કર્યો, તેવો જ પ્રસંગ મારા જીવનને પલટાવવાનો મને આવી મળ્યો છે તો મારે વગર ગભરાયે તેમને પગલે પગલે ચાલી જ્ઞાનીની આજ્ઞામાં લક્ષ રાખવા અત્યંત પુરુષાર્થ કર્તવ્ય છે એવો દૃઢ સંકલ્પ કરવો ઘટે છે. આત્મકલ્યાણનું પરમ સાધન સત્સંગ છે એમ દૃઢ નિશ્ચય કરી તેની ભાવના રાખી, પ્રત્યક્ષ સત્પુરુષ શ્રી પરમકૃપાળુદેવનાં વચનોને પ્રત્યક્ષ સત્પુરુષતુલ્ય જાણી તેનું શ્રવણ, વાંચન, મનન, નિદિધ્યાસન કરવું, સત્સંગે થયેલી આજ્ઞા આરાધવી અને સમાધિમરણની તૈયારી કરાવવા જ આ વેદના આવી છે એમ માની જાગ્રત જાગ્રત રહેવાની જરૂર છેજી. સમભાવ, પરમકૃપાળુ પ્રત્યે પરમ પ્રેમ અને શક્તિ ગોપવ્યા સિવાય બને તેટલી ખેંચ રાખીને મંત્રસ્મરણ "સહજાત્મસ્વરૂપપરમગુરુ"નું રટણ હૃદયમાં રહ્યા કરે એવી દાઝ રાખવા ભલામણ છેજી. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી..... સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે અને અમે પણ એ જ કહીએ છીએ."(૪૬૦) એ પરમકૃપાળુદેવની શિક્ષા લક્ષમાં લેશોજી. શાંતિમાં રહેશો અને બીજા બધાને ગભરાવાનું કારણ ન બને તેવો ઉપયોગ રાખી પરમપ્રેમપ્રવાહ પરમકૃપાળુદેવ પ્રત્યે નિષ્કામપણે વહે તેમ વર્તશોજી. ૐ શાંતિઃ

---

૭૧૦ કાવિઠા, તા. ૫-૧૨-૪૬
તત્ ૐ સત્ માગસર સુદ ૧૧, ૨૦૦૩

આપનો પત્ર મળ્યો. તેમાં બીડીનું પચખાણ લેવા ભાવના જણાવી છે તે પ્રમાણે આ વર્ષ આખર સુધીની ભાવના પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કારપૂર્વક કરી લેવા ભલામણ છેજી. સાત વ્યસનનો વિશેષ વિચાર જીવને જાગશે ત્યારે કોઈ પણ વ્યસન હશે તે જીવને ખૂંચશે; તેનો ત્યાગ કરવા તત્પર થશે તથા નવા વ્યસનનો તો પ્રસંગ પણ નહીં રહે. ઊંડા ઊતરી જ્ઞાનીપુરુષનાં વચનોનો વિચાર કરી આ આત્માને અનંત બંધનથી છોડાવવા જાગ્રત જાગ્રત રહેવાની જરૂર છેજી. એવી અંતર્દયા જાગવા આવા ત્યાગ કરવાના છેજી. સત્પુરુષના અપાર ઉપકારની સ્તુતિ કરતાં પણ જીવ નિર્મળ બની પોતાના આત્માની સંભાળ લેતો થાય છેજી. "તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!"(૪૯૩)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૧૧ કાવિઠા, તા. ૧૦-૧૨-૪૬
તત્ ૐ સત્ માગશર વદ ૨, મંગળ, ૨૦૦૩

દોહરો — પિતા-પુત્ર પતિ-પત્નીની સાંસારિક સગાઈ;
સત્પુરુષ સાચા સગા, આત્મિક સુખ કમાઈ.

પૂ. સદ્ગત જેશંગભાઈના આપે ગુણગ્રામ લખ્યા તે યથાર્થ છે. પ. પૂ. પ્રભુશ્રીજીના યોગે તેમનો આત્મા પરમાર્થપ્રેમી બન્યો હતો. ઘણી દૃષ્ટાંત લેવા જેવી લઘુતા તેમણે આરાધી હતી. ટૂંકામાં પાછલું જીવન તેમણે સુધારી લીધું. કર્મ તો પૂર્વે બાંધેલાં ગમે તેવાં ઉદય આવે. શ્રી શ્રેણિક જેવાને આખરે મૂંઝવ્યા હતા. હું અમદાવાદ ગયો ત્યારે તેમનું ચિત્ત ઠેકાણે નહીં રહેતું હોવાથી એક દિવસ રોકાઈ પાછો અગાસ ગયેલો. પણ પછી પત્ર હતો તેમાં તેમની આખર અવસ્થા વિષે પૂ. દેવશીભાઈએ લખેલું કે તમારા ગયા પછી ચિત્તની અસ્થિરતા ઓછી થયેલી અને છેલ્લા બે ત્રણ દિવસો તો શાંતિમાં ગયા. આહાર, પાણીનો છેલ્લા ત્રણ દિવસ તેમણે ત્યાગ રાખેલો. બીજાં સગાંવહાલાં આગ્રહ કરે તો હાથ જોડી ના પાડે. બોલાતું નહીં, કંઈ લખતા પણ પછી લીટા થઈ જતા. પોતે ભાનમાં ઠેઠ સુધી હતા. માળા વગેરે ફેરવતા. ભક્તિમાં ધ્યાન રાખતા. છેવટના ભાગમાં આંખે વધારે દેખાતું હતું.

બે દિવસ ઉપર એક મુમુક્ષુભાઈ ૮૫ વર્ષની ઉંમરે ખોજ-પારડીમાં ગુજરી ગયાના સમાચાર હતા. તેમને ઘણો થોડો સમાગમ છતાં એક અઠવાડિયું બેભાન (ચિત્તભ્રમ) જેવું રહેલું અને છેલ્લે દિવસે આખો દિવસ ચિત્ત ઠેકાણે આવ્યું. ભક્તિભાવમાં વૃત્તિ રાખતા અને શાંતભાવે દેહ છોડ્યો. આમ પરમકૃપાળુદેવનું યોગબળ આખર વખતે હાજર થાય છે અને શરણરૂપ બને છે તો પૂ. શેઠજીને તો ઘણા કાળનું આરાધન હતું તે કેમ છૂટે ? આપણે જ્યાં સુધી હજી મનુષ્યભવનો જોગ છે ત્યાં સુધી મરણની તૈયારી વિશેષ વિશેષ જાગૃતિપૂર્વક કરી લેવી ઘટે છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૭૧૨ સીમરડા, પોષ વદ ૧૩, સોમ, ૨૦૦૩

દોહરા — આવ્યો યોગ અપૂર્વ આ, કરવા સફળ વિચાર.
ભાગ્યશાળી જન જાગશે, મોહનીંદ કરી દૂર,
વીર હાક સંગ્રામની સુણતાં ઊઠે શૂર.
બાળપણે મળમૂત્રમાં, રમે બાળ બહુ વાર;
પણ સમજણ આવ્યા પછી, ભૂલતા સર્વ વિકાર.
તેમ તજો લૌકિક રીતિ, ગ્રહી અલૌકિક ભાવ,
માનવભવની સફળતા, કરવાનો આ દાવ.

મનુષ્યભવ દુર્લભ છે, તેમાં સત્પુરુષનો યોગ થવો એ અત્યંત દુર્લભ છે, તેમનો બોધ પ્રાપ્ત થવો અને તે રુચવો અથવા તે પ્રમાણે વર્તવા ભાવ થવા, તે માન્ય થવો, શ્રદ્ધવો એ વળી એથી અત્યંત દુર્લભ છે અને જો તે શ્રદ્ધાપણે વર્તાય તો પછી મોક્ષ દૂર નથી. આ ભવમાં જીવ જે સામગ્રી પામ્યો છે, તેવી સામગ્રી ફરી ફરી મળવી બહુ કઠણ છે. તો હવે આપણું કામ એટલું જ છે કે જેટલો કાળ આપણા હાથમાં છે, ત્યાં સુધી સંતની કૃપાથી જે પરમકૃપાળુદેવ ઉપર શ્રદ્ધા થઈ છે, તે પુરુષનું શરણું આપણને બતાવ્યું છે તે જ ગ્રહણ કરી તેમાં દૃઢ રહેવું, તે જ આપણો નાથ છે, તે જ તરણતારણ છે. તેણે આત્મા જાણ્યો છે તેવો જ મારો આત્મા છે. તેના એક વચનનું પણ યથાર્થ ગ્રહણ થશે તો મારું કલ્યાણ થશે. તેનો જણાવેલો સ્મરણમંત્ર "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" એ મારા હૃદયમાં નિરંતર રમણ કરો. મને કંઈ ખબર નથી પણ મને સાચો વળાવો મળ્યો છે, એટલે મારે કશી ફિકર નથી એવો નિશ્ચય, દૃઢ વિશ્વાસ રાખી નિઃશંક રહેવું. આત્મા કદી જન્મ્યો નથી અને મરતો નથી. ભવાયો જેમ રાજા, જોગી કે બાઈ-ભાઈનો વેશ લાવે છે, પણ ભવાયો દેખાય છે તેવો કદી થઈ જતો નથી. તેમ ગમે તેવો દેહ બાઈ-ભાઈનો દેખાતો હોય પણ આત્મા કદી દેહ થયો નથી. આત્મા કોઈનો ધણી નથી, કોઈની સ્ત્રી થયો નથી, કોઈની મા થયો નથી કે બાપ થયો નથી, પણ દેહને દેખીને અજ્ઞાની જીવો આત્માને દેહરૂપ માની બધો સંસારનો ભાર તાણી દુઃખી થાય છે; એ બધી અણસમજ છે, પણ કોઈ સંતના વિશ્વાસે જ્ઞાનીનું કહ્યું માન્ય કરવા યોગ્ય છે કે હું દેહ નથી પણ દેહથી ભિન્ન જાણનાર, દેખનાર જ્ઞાનીએ જોયો છે, જાણ્યો છે, અનુભવ્યો છે, ઉપદેશ્યો છે તેવો આત્મા હું છું. હું કપાતો નથી, ઘસાતો નથી, છેદાતો નથી, ભેદાતો નથી, મરતો નથી, જન્મતો નથી, બળતો નથી; દુઃખ વ્યાધિ પીડા દેહમાં થાય છે તેને જાણનાર માત્ર હું છું. એ વેદના તેનો કાળ પૂરો થતાં ચાલી જશે, લાંબી હશે તો દેહ છૂટશે તેની સાથે છૂટશે પણ કોઈ કર્મ કે કોઈ દુઃખ સદાય રહેનાર નથી, તેથી અકળાવાની ગભરાવાની જરૂર નથી. ધીરજથી બાંધેલાં કર્મ પ્રમાણે સુખદુઃખ દેખાય છે તે જોયા કરવાં અને બને તેટલો સમભાવ રાખવો. સ્મરણમંત્રમાં ચિત્ત વારંવાર લઈ જવું. દેહ ઉપરથી ભાવ ઉઠાડી આત્માનું કલ્યાણ થાય એવું સત્પુરુષનું વચન, તેના કહેલા વીસ દોહા, આત્મસિદ્ધિ, છપદનો પત્ર વગેરે જે યાદ હોય કે કાનમાં પડે તે સત્પુરુષનું વચન અમૃતતુલ્ય ગણી તેમાં પ્રેમ પ્રીતિભાવ રાખવો. છોકરાં સગાંવહાલાં કોઈ આત્માનું કલ્યાણ કરનાર નથી. એક સત્પુરુષ

ઉપર, તેના વચન ઉપર જેટલો ભાવ રહેશે તેટલું આત્માનું કલ્યાણ થશે અને એ જ સાથે આવશે. એ જ સાચું ભાથું છે, માટે બીજું બધું ભૂલી જઈ સંતે જણાવેલું પરમકૃપાળુદેવનું શરણ અને મંત્ર એ જ આધાર છે એમ મનમાં દઢ કરી જે શરીરમાં દુઃખ થાય છે, તે સમભાવે સહન કરવું. શરીરનું જેમ થાય તેમ થવા દેવું, પણ આત્માનો વાળ વાંકો થાય તેમ નથી. એવી દઢ શ્રદ્ધા રાખી સત્પુરુષ સિવાય બીજે ક્યાંય ચિત્ત જવા ન દેવું. આ વાતની પકડ કરશો તો કામ થઈ જશે. પોતાની કલ્પનાથી કોઈને જ્ઞાની ન માનવા, પણ સંતે આપણને પરમકૃપાળુદેવનું ઉત્તમ શરણું આપ્યું છે તેમાં સર્વ જ્ઞાની આવી જાય છે. માટે મારે પરમકૃપાળુદેવે જાણેલો આત્મા જ માન્ય છે. તે સિવાય કંઈ મારે જોઈતું નથી, એથી વહાલું મારે બીજું કોઈ નથી એ ભાવ દૃઢ કરવો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૧૩ ભાદરણ, તા. ૨૯-૧-૪૭

સુલભ દેહ-દ્રવ્યાદિ સૌ, ભવભવમાં મળી જાય,
દુર્લભ સદ્ગુરુયોગ તે, સદ્ભાગ્યે સમજાય.

વિ. આજે તમારું કાર્ડ મળ્યું. વાંચી સમાચાર જાણ્યા. "यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी।" એક જ આધાર જેના હૃદયમાં છે, તેની પ્રગતિ પ્રબળપણે થાય છે. 'એક મત આપડી કે ઊભે માર્ગે તાપડી' એવી એક વાત છે, તે બહુ બહુ કરી સમજવા જેવી છે. અનેક વસ્તુઓમાં મહત્તા મનાઈ હોય તો તે અનેક આદર્શોમાં પુરુષાર્થ વિભક્ત થતાં નિર્બળ થઈ જાય છે એ સાચી વાત છે; તેમ છતાં અત્યારે કર્માધીન જીવ છે, તેથી બધું ધાર્યું થતું નથી પણ તેવે પ્રસંગે ખેદ નહીં કરતાં ધાર્યું હતું તે ભૂલ હતી એમ માની કંઈ ધારવું નથી. એક પરમકૃપાળુદેવની આજ્ઞા ઉઠાવવી એ જ સાચું જીવન છે. બીજું તો જેમ થવું હોય તેમ થાઓ. તે અર્થે હવે હર્ષશોક કરવો નથી. બનનાર તે ફરનાર નથી પણ ભાવ આપણા હાથમાં છે.

તમે લખ્યું છે તેમ જ તત્ત્વજ્ઞાનાદિમાં છપાયેલ છે, પરંતુ મૂળ હસ્તાક્ષર પ્રમાણે "નિર્ગ્રંથ સદ્ગુરુના ચરણમાં જઈને પડવું યોગ્ય છે. જેવા ભાવથી પડાય, તેવા ભાવથી સર્વ કાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે." (૮૪) 'ચઢાય'ને બદલે 'પડાય' છે તે વધારે યોગ્ય લાગે છે અને જેમ પડાય તેમ ટકી રહેવાય તો જ ચઢાય એમ સમજવા યોગ્ય છેજી. વિચારણા પોતાની શક્તિની, સંયોગોની કરવાની છે. મુખ્ય વાત ચારિત્રની આમાં છે. ચારિત્ર યથાશક્તિએ ગ્રહણ કરવું. દેશચારિત્ર એટલે ગૃહસ્થપણે પણ પાળી શકાય તે અને સંપૂર્ણ ચારિત્ર એટલે સર્વસંગપરિત્યાગી દશા. હાથીના દાંત બે ફૂટે છે, તે નીકળ્યા તે નીકળ્યા. પછી પાછા પેસે નહીં; તેમ સદ્ગુરુયોગે અલ્પ પણ ત્યાગ જીવે લીધો તે પ્રાણત્યાગ જેવા પ્રસંગે પણ ચૂકવો નહીં. આજના જીવોની મનોદશા તથા વર્તન કાચબાની ડોકની પેઠે બહાર નીકળે ને અંદર પેસી જાય તેવાં અસ્થિર છે, તેમ નહીં કરવા માટેની વિચારણા પ્રથમ કરી પછી સદ્ગુરુના ચરણમાં જઈને પડવું ને જેવા ભાવથી પડાય તેવા ભાવ છેક મરણપર્યંત ટકાવી રાખવાના નિશ્ચય અર્થે તે વાક્યો લખાયાં છે. તે વાંચી, વાસનાઓની તપાસ કરી વાસનારહિત થવા પુરુષાર્થ

અને નિર્ણય કરવો ઘટે છેજી. પોતાના હૃદયને અનેક બાજુથી વિચારી પોતાના ભાવની ઓળખાણ કરી, દોષો દેખી દોષો ટાળવા તત્પર થવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૧૪ અગાસ, મહા વદ ૪, રવિવાર

પૂ..... એ સમાચાર જણાવ્યા તે વિશેષ વૈરાગ્યનું કારણ બન્યું છેજી. જેણે મનુષ્યભવમાં આવી જગત જોયું ન જોયું અને અન્યત્ર ચાલ્યો ગયો તેની સ્મૃતિ સમજુ માણસને વૈરાગ્ય-વિશેષનું કારણ બને તેવું છે. આ બગડતા જતા ભારતની વર્તમાન દશા જોતાં સારી કેરી પણ બગડી જાય ત્યારે નાખી દેવા જેવી લાગે છે, તેમ આ કાળમાં વિશેષ જીવીને પણ શું કરવાનું ? જો ધર્મભાવના દિવસે દિવસે વધતી ન જાય અને ઘટતી જાય તો તે ક્યાં સુધી ઘટ્યા કરશે ? શું સાથે લઈને પછી જશે ? આ બધા વિચારો એકાંતમાં આત્મહિતાર્થે કર્તવ્ય છેજી. ઘણું જોયું, ઘણું ખાધું, ઘણું ભોગવ્યું; હવે તો હે જીવ ! થોભ. એમ વિચારી સમાધિમરણની તૈયારી આપણા જેવા ઉમ્મરે પહોંચેલાઓએ તો જરૂર કર્તવ્ય છેજી. જો આપણે આટઆટલું થયા છતાં ન ચેતીએ તો આપણને સત્પુરુષનો યોગ કેવા પ્રકારનો થયો છે ? તે વિચારી વિચારી સત્પુરુષને આશ્રયે હવે તો એક આત્મકલ્યાણ થાય તે જ કામ કરવું છે. બીજું બધું ભૂલી જવા યોગ્ય છેજી. જેમતેમ કરીને પથ્થર તળે આવેલો હાથ ખસેડી લેવા યોગ્ય છેજી; નિવૃત્તિના વિચાર દૃઢ કરી અંતરંગમાં તો સાવ નિવૃત્તદશા કરી લેવા યોગ્ય છેજી. કર્મના ઉદયે બહાર ગમે તેવું દેખાય પણ આપણે મહેમાન હવે તો છીએ એમ પળે પળે ભાસ્યા કરે તેવા વૈરાગ્યમાં વૃત્તિ વાળવી ઘટે છેજી.

---

૭૧૫ અગાસ, તા. ૧૫-૨-૪૭

દોહરો—ભવમૂળ ભોગની વાસના, ટાળે જે શૂરવીર;
ઉદાસીનતા આદરી, રહે સ્વરૂપે સ્થિર.

આપનો પત્ર હતો, તેમાં તમે "નેપથ્યમાંથી ઉત્તર મળે છે અને તે યથાયોગ્ય લાગે છે" (૧૨૮) એનો ખુલાસો પુછાવ્યો હતો. નાટકોમાં 'નેપથ્ય' એટલે પડદા પાછળ એવો અર્થ થાય છે. અહીં ઉપમાવાચક શબ્દ છે. આવરણ પડદા સમાન છે, તેની પાછળ રહેલો આત્મા તે 'નેપથ્ય' સમજવા યોગ્ય છેજી. અંતરાત્માનો અવાજ એ અર્થ સમજાય છેજી. વાદળ પારે જેમ સૂર્યનો પ્રકાશ જણાય છે તે સૂર્યની સાબિતી તથા તેના આધારે જણાતા પદાર્થોની પ્રતીતિ કરાવે છે તેમ અંતરાત્મા, પરમાત્માના સ્વરૂપની તેમ જ પરમાત્મ-પ્રાપ્તિના માર્ગની પ્રતીતિ કરાવે છેજી. ગાઢ વાદળ હોય તો પ્રકાશ ઝૂજ જણાય છે, વાંચી પણ શકાય નહીં, તેમ જ સૂર્ય કઈ દિશામાં છે તે જાણી શકાય નહીં; તેમ બળવાન મોહના આવરણ વખતે જીવને પોતાનું ભાન હોતું નથી અને બીજા પદાર્થોનો પણ નિર્ણય યથાર્થ હોતો નથી. તેવી દશાવાળો જીવ બહિરાત્મા ગણાય છેજી. એ દશા તજવા અને અંતર્શોધ કરવા જ્ઞાનીપુરુષો કરુણા કરી પોકાર કરતા આવ્યા છે, પણ મોહનીંદના જોરે જીવ જાગતો નથી; પણ જ્યારે જાગશે ત્યારે તે મહાપુરુષનાં વચનથી જ જાગશે એ નિઃસંદેહ છેજી.

આત્માને આ જગત અન્ય રીતે કોઈ પણ કામનું નથી. માત્ર જન્મમરણ વચ્ચેનો કાળ પ્રારબ્ધનાં ચિતરામણ જોવામાં જાય છે. તેમાં સત્પુરુષના યોગે અંતર્દૃષ્ટિ થાય તો આ મનુષ્યભવ મળ્યો છે તે યથાર્થ સફળ ગણાય. પરમકૃપાળુદેવનાં વચનો જીવને તે જ દૃષ્ટિ કરવા પ્રેરે તેવાં છે, તેની ઉપાસના પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય જાણી કરવામાં આવે તો જરૂર વૈરાગ્ય ઊભરાય, તે પ્રત્યે જીવ વળે અને આજ સુધી ગૌણ કરી નાખેલા આત્મહિતની કાળજી જાગે અને સમાધિમરણ કરવા નિશ્ચય કરી તેને યોગ્ય પુરુષાર્થ કરવા પોતે પ્રેરાય. માટે તમારે હાલ આ જ પ્રેમપૂર્વક કર્તવ્ય છેજી. બીજું પૂર્વનું બાંધેલું તો કરવું પડશે, પણ હવે આ જણાવેલી વાતમાં બેદરકારી રાખવા જેવી નથી.

"રાજ સમર તું, રાજ સમર તું, રાજ હૃદયમાં રાખીને,
માથા ઉપર મરણ ભમે છે, કાળ રહ્યો છે તાકીને."

દિવસે સૂર્ય પશ્ચિમ દિશામાં આગળ વધ્યો ત્યાં આથમતાં કેટલી વાર? જોતજોતામાં સાંજ પડી જાય છે. તેમ હવે કાઢયાં તેટલા વર્ષ ક્યાં કાઢવાં છે? ધર્મના કામમાં ઢીલ કર્તવ્ય નથી એ કહેવત છે તે જાગૃતિ આપે તેવી છે, પણ વિચાર તે ઉપર થયા કરે તો જ. પોતાની સાથે શું આવે તેમ છે? તેનો વિચાર કરી તેનો સંચય કરતા રહેવાની કાળજી કર્તવ્ય છેજી. આમાં કોઈની સિફારસ ચાલતી નથી. કરશે તેના બાપનું. મંત્રનું સ્મરણ મરણ પર્યંત ઉલ્લાસભાવે કરતા રહેવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૧૬ સીમરડા, તા. ૧૮-૨-૪૭
તત્ ૐ સત્ મહા વદ ૧૩, ૨૦૦૩

દોહરા —"દિવ્યધ્વનિ પ્રભુની ખરે, "અહો ભવ્ય જીવ સર્વ,
શું કરવા આવ્યા તમે? શાનો કરવો ગર્વ?
માનવભવ મોંઘો મળ્યો, કરો કાંઈ વિચાર;
સરવાયું આ ભવતણું, કાઢો દિલ મોઝાર.
ઉધાર બાજુ પાપની, વધતી વધતી જાય;
સરભર ખાતું શેં થશે? લેવો કોઈ ઉપાય.
પરિભ્રમણ તો બહુ કર્યું, પામ્યો દુઃખ અનંત;
આવો યોગ જતો વહી, આણો ભવનો અંત.
દિલ દૂભવ્યાં બહુ જીવનાં, કર્યાં અણઘટતાં કાજ,
દયા વસાવો દિલમાં, બચાવવા જીવ-રાજ.
પરિહરવા સૌ પાપને, ભગવતી દીક્ષા સાર;
મોક્ષ માર્ગ આરાધવા, ધરો ભવ્ય ઉદાર."

આપે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીની સાચા દિલે ખરે વખતે સેવા કરી છે, તેથી આપનું તો આ ભવમાં કલ્યાણ જ છેજી. જે જે પુરુષો તેની કૃપાદૃષ્ટિ તળે આવી ગયા છે તે બધા જીવોનું વહેલુંમોડું કલ્યાણ થનાર છે, તો આપની તો વાત જ શી કરવી? જેના હૃદયમાં

અપૂર્વપણે સત્પુરુષની નિષ્કારણ કરુણાની છાપ પડી છે તેને પરભવમાં પણ તેની તે જ ઝંખના રહ્યા કરે છે અને તેવા પુરુષના યોગ વિના તેને ચેન પડતું નથી. ભક્તોએ ભવોભવ ભક્તિની માગણી કરી છે. પરમકૃપાળુદેવે પણ કહ્યું છે કે જ્ઞાનીનો યોગ જેને બન્યો છે તે પ્રાયે જ્ઞાનની માગણી કરતા નથી પણ ભક્તિની જ તેને ભાવના વર્ત્યા કરે છે.

"મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત;
તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત."

પરમપુરુષ પાસેથી મોક્ષના ઉપાયરૂપ સ્મરણમંત્રની જેને આજ્ઞા પ્રાપ્ત થઈ છે, તેના અહોભાગ્ય ગણવા યોગ્ય છે. છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" મંત્રમાં વૃત્તિ રાખી સમાધિમરણના મહોત્સવને દીપાવવાની નમ્ર વિનંતી આપને છેજી. તમને કંઈ કહેવું પડે તેમ નથી. જેના હૃદયમાં જ્ઞાનીનો વાસ છે તેના વચનમાં તેની આજ્ઞા જ સ્ફુર્યા કરે છેજી. તે કંઈ કહે તો જ્ઞાનીની આજ્ઞા સંબંધી, પૂછે તો તે પણ તે જ વાત, ઇચ્છા કરે તો તેની જ અને ન બોલે તોપણ તેના ભાવ આજ્ઞામાં જ લીન રહે છે. આ તો પૂ. .... ભાઈએ પત્રની ઇચ્છા જણાવી હતી તે બે બોલ પરમકૃપાળુદેવનાં વચનના સ્મૃતિમાં હતા તે લખ્યાં છે તે મારા પોતાના આત્માને પરભાવમાંથી છોડાવી આત્મહિતના વિચારમાં જોડવા અર્થે છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૧૭ અગાસ, તા. ૨૧-૨-૪૭

તત્ ૐ સત્ ફાગણ સુદ ૧, શુક્ર, ૨૦૦૩

દોહરો—શીલ પ્રતાપે સૌ મળે, ટળે આપદા પાપ;
ભય ભવનો ટળી જાય ને, બને બ્રહ્મરૂપ આપ.

પૂ. ........ એ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે જેણે રાત્રે નહીં જમવું એવું વ્રત લીધું છે તેણે પ્રસાદ પણ રાત્રે ન લેવાય. ઉપવાસને દિવસે પણ ન લેવાય. એકાસણામાં માત્ર જમતી વખતે લઈ શકાય. છૂટ રાખી હોય તો દિવસે ઠારેલું પાણી લઈ શકાય. કંઈક પૂર્વના સંસ્કાર હોય તો ધર્મની ગરજ જાગે છે. નહીં તો તે વાત ગમતી પણ નથી. જેને ધર્મની જિજ્ઞાસા જાગી છે, તેણે સત્સંગ, સત્શાસ્ત્ર અને સદાચારથી તે પોષવી ઘટે છેજી. વારંવાર વરસાદ થાય ત્યારે પાક થાય છે, તેમ ઉપર જણાવેલા પુરુષાર્થથી ધર્મ-જિજ્ઞાસા પુષ્ટ બને છે અને સફળ થાય છે. જેને સત્સંગનો યોગ તેવાં અંતરાયકર્મથી ન બનતો હોય તેણે પણ સત્સંગની ભાવના નિરંતર અહોરાત્ર રાખવાથી, સત્સંગના વિરહમાં સત્પુરુષના વચન પ્રત્યે રુચિ અને તેનું માહાત્મ્ય હૃદયમાં વધારેલ હશે તો સત્સંગે કે સત્પુરુષનાં આત્માને પ્રગટ વર્ણવતા સત્શાસ્ત્રના આધારે અપૂર્વ ભાવ સમજવાની યોગ્યતા જીવમાં આવશેજી. જે પ્રસંગમાં જેટલું બની શકે તેટલું જીવ કરી છૂટે તો તેથી વિશેષ સાધી શકે તેવા પ્રસંગને યોગ્ય તે બને છેજી. માટે હાલ સત્સંગના વિયોગે પણ પ્રમાદ તજી, સદાચાર અને સદ્વિચાર તથા સદ્વાંચનથી, બચે તેટલો વખત સફળ કરી લેવો ઘટે છેજી. "વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્ય પરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મયોગ પ્રગટે." (૫૬૯) ૐ શાંતિઃ

---

૭૧૮ અગાસ, તા. ૨૫-૨-૪૭
તત્ ૐ સત્ ફાગણ સુદ ૫, ૨૦૦૩

દોહરો — ઓળખાણ આત્માતણું, ટાળે ત્રિવિધ તાપ;
ગુરુ ઓળખાવે આતમા, નિશ્ચય ગુરુ તો આપ.

આપનો પત્ર મળ્યો છેજી. તેમાં એક કાપલીમાં પ્રશ્ન કર્યો છે તેનો ઉત્તર :

તીર્થંકર અદત્ત એટલે શ્રી તીર્થંકરે જે આગમમાં ગૃહસ્થને કે સાધુને વર્તવા સંબંધી છૂટ આપી છે કે આજ્ઞા કરી છે તે આજ્ઞા પ્રમાણે વર્તે તો ચોરી ન કહેવાય અને તે તીર્થંકરનાં વચનનું ઉલ્લંઘન થાય તે પ્રમાણે વર્તે એટલે કોઈ વસ્તુ પૂછ્યા વગર લે કે તેને ન ખપે તે ગ્રહણ કરે તો તીર્થંકરઅદત્ત છે એટલે શાસ્ત્રના નિયમને તોડવાથી તે ગુનેગાર છે, ચોર છે અને ગોચરી વગેરે સાધુ કરે તે વખતે શાસ્ત્રના નિયમનો લક્ષ રાખીને લીધું હોય છતાં ગુરુ કે ગુરુ સમાન હોય તેને બતાવ્યા વિના જે ચીજ વાપરે તે ગુરુઅદત્ત કહેવાય છે. ગુરુની આજ્ઞામાં પ્રત્યક્ષ પુરુષની વાત છે. તીર્થંકરની આજ્ઞામાં પરંપરા શાસ્ત્ર અનુસાર વર્તનની વાત છે. કોઈ વસ્તુ લેવામાં સત્શાસ્ત્રની આજ્ઞા વિરુદ્ધ વર્તવું તે તીર્થંકરઅદત્ત અને પ્રત્યક્ષ જે ગુરુ છે તેની આજ્ઞા વિના કંઈ લેવું તે ગુરુઅદત્ત છે. બન્ને દોષો અર્પણભાવ જેને થયો છે તેમાં વિઘ્ન કરનાર છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૧૯ અગાસ, તા. ૨૫-૨-૪૭
તત્ ૐ સત્

પૂ....નાં માતુશ્રીની માંદગી સંબંધનો તાર મળ્યો છે. તેમના (માજીના) કાનમાં મંત્રનું સાધન પડ્યા જ કરે એમ કર્તવ્ય છેજી. ભલે ભાનમાં ન હોય તોપણ મંત્ર તેમના આગળ ચાલુ રહે એમ કલાક કલાક વારાફરતી માથે લેનાર થાય તો સ્મરણ કરનારને તો લાભ જ છે. સમાધિમરણ કરાવનારને પણ ઘણો લાભ થાય છેજી. આયુષ્ય હોય તો બચે, પણ આ ધર્મપ્રેમ પોતાને અને સાંભળનારને લાભકારક છે એમ માની, જેનાથી બને તે કલાક બે કલાક દિવસે રાત્રે તેમના આગળ જાપ કરવાનું રાખશે તેને એ નિમિત્તે લાભ થવા યોગ્ય છેજી. એમાં કંઈ ભણતરનું કે સમજાવાનું કામ નથી. માત્ર ત્યાં જઈ મંત્ર બોલવાનો છે તે બાઈ-ભાઈ બધાંથી બને તેવું છેજી. લૌકિક રિવાજમાં માંદાને જોવા જાય છે, તેને બદલે 'ધર્મ આરાધવા જાઉં છું' એ ભાવ કરી પોતાના આત્માને એટલી વાર સંસારભાવથી દૂર કરી ધર્મભાવના વાતાવરણમાં રાખવા તુલ્ય છેજી. માંદાને, વૃદ્ધને જોઈને સામાન્ય રીતે મરણ સાંભરે, સંસાર પ્રત્યેથી વૈરાગ્ય થાય; તો આ તો સાધર્મિક, વયોવૃદ્ધ છેવટની સેવાને યોગ્ય છે. જેનાથી જેટલો બને તેટલો લાભ લેવા યોગ્ય છેજી. ઘરના માણસોએ પણ તેમની બનતી સેવા, ખાસ કરીને ધર્મની વાત તેમના કાનમાં હરઘડીએ પડ્યા કરે તેમ કર્તવ્ય છેજી. લગ્નના પ્રસંગમાં જીવ રજાઓ લઈને નોકરી-ધંધામાંથી વખત મેળવી ખોટી થાય છે; તેથી વધારે અગત્યનો આ પ્રસંગ છે તે જણાવવા આ લખ્યું છે, તે લક્ષમાં લઈ દરેકે પોતાની બનતી મદદ માજીના નિમિત્તે કર્તવ્ય છેજી. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા — બાળા ભોળાનાં કામ

થઈ જાય તેવો આ માર્ગ છે. અને માજી પણ તેવા જૂના જમાનાનાં ભોળાં છે. તેમની સેવા તે આપણા આત્માની જ સેવા છે. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૨૦ અગાસ, તા. ૨૮-૨-૪૭

सवैया — "चित्त धरी सुणे इष्टकथा सो श्रवणभक्ति,
इष्ट गुण गावे सोई कीर्तन कहात है;
मन-वाणीसें स्मरण करे समरणभक्ति,
इष्ट पद सेवा पाद-सेवन प्रख्यात है।
षोडश प्रकार अर्चा करे सोई अर्चन है,
तन मन नमे सोई वंदन विख्यात है;
दासपनो दासभक्ति, सखापनो सख्यभक्ति,
सब ही समर्पे आत्मअर्पण गिनात है।।"

दोहा — "[१]श्रवण, [२]कीर्तन, [३]स्मरण पुनि [४]पदसेवन [५]अर्चन।
[६]वंदन [७]दास्य रु [८]सख्यता, नवम [९]आत्मअर्पण।।"

આપનો પત્ર બહુ વિચારપૂર્વક લખાયેલો જણાયો. તેમાં જણાવેલી ભાવના માત્ર પત્ર અર્થે નથી એમ સમજાય છે. પણ ઘણી વખત પત્રાદિ નિમિત્તે ઉત્તમ ભાવો સ્ફુરે છે, તેની વારંવાર ભાવના ન થાય તો તાત્કાલિક ફળ દઈ તે ભાવો ભૂતકાળમાં ભળી જાય છે. મુમુક્ષુજીવો મોહનાં નિમિત્તથી મૂંઝાય છે, મોક્ષનાં કારણો શોધીને આરાધે છે અને મુમુક્ષુદશાની વૃદ્ધિ કરી તીવ્ર મુમુક્ષુદશા પામવાના પુરુષાર્થમાં પ્રવર્તે છેજી. તે અર્થે સત્સંગ એ સર્વોત્તમ સાધન છેજી અને સત્સંગ સફળ થવા પોતાની દશા નિર્દોષ કરવા વારંવાર પરમકૃપાળુદેવે અનેક પત્રોમાં પંચવિષયનાં સાધનનો ત્યાગ કે પરિમાણ આદિ કરી વિષયોની તુચ્છતાના વિચારમાં મનને આણવા પ્રયત્નશીલ રહેવા કહ્યું છે. આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહે ત્યાં સુધી તીવ્ર મુમુક્ષુતા પ્રગટતી નથી આદિ પરમકૃપાળુદેવની શિખામણો, 'વચનને હૃદયે લખો' કહ્યું છે તેમ, અંતઃકરણમાં કોતરી રાખવા યોગ્ય છેજી. "માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે શ્રદ્ધા આસ્થા" (૧૩૫) આ વચન દરેક મુમુક્ષુને પરમપદ તરફ પ્રેરે તેવું છેજી.

श्रद्धा परम दुल्लहा આ આગમનું વચન પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી ઘણી વખત બોધમાં દર્શાવતા. એક વખત પર્યુષણ પર્વના છેલ્લા દિવસે બધી સભા સમક્ષ જણાવેલું કે એક વાક્ય ફરી પર્યુષણ ઉપર બધા મળીએ ત્યાં સુધી વારંવાર વિચારવા જણાવું છું, કહીને ઉપરનું વાક્ય કહ્યું હતું. "श्रद्धा परम दुल्लहा." સાચી શ્રદ્ધા જેના હૃદયમાં વસી તેનો બેડો પાર થાય તેમ છેજી. ધર્મનો પાયો જ સત્શ્રદ્ધા છે. કંઈ ક્રિયા, જપ, તપ, ઉપવાસ આદિ ન બને તેનો વાંધો નથી; પણ જો સત્શ્રદ્ધા હૃદયમાં હોય તો તેને શુદ્ધભાવનો પક્ષપાત છે. તેનાં વખાણ શ્રી યશોવિજયજીએ કર્યાં છે :—

"શુદ્ધભાવ ને સૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી,
ઝળહળતો સૂરજ ને ખજૂઓ, તાસ તેજમાં તેતોજી."

માત્ર શુદ્ધભાવનો પક્ષપાત જેને છે અને જે શુદ્ધભાવના લક્ષ વિનાની શૂન્ય ક્રિયા ઘણી કરે છે પણ પહેલાને સૂર્યના તેજ જેવું વિપુલ અને શાશ્વત ફળ મળે છે અને બીજાને અલ્પ અને ક્ષણિક ફળ માત્ર ક્રિયાનું મળે છે તે આગિયાના અજવાળા–ઝબકારા જેવું છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૨૧ અગાસ, તા. ૭-૩-૪૭

તત્ ૐ સત્ ફાગણ સુદ ૧૫, ૨૦૦૩

જગતનો સ્વભાવ વૈરાગ્ય ઉપજાવે તેવો જ છેજી. પરમપુરુષની શ્રદ્ધા થવી તેમ જ મરણ સુધી છેક ટકી રહેવી મુશ્કેલ છેજી. પૂ....મને પ્રથમ મળ્યા ત્યારે પોતાની લઘુતા, નમ્રતા હદ ઉપરાંત લાગે તેવી દર્શાવી હતી. પણ પરમકૃપાળુદેવની જગ્યા અન્ય જને લીધી છે એવું તો તમારા પત્રથી જાણ્યું. કાળદોષ એવો જ છે. સત્શ્રદ્ધા ટકાવી રાખશે તેની બલિહારી છેજી.

મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ અને પાંચ જ્ઞાન તથા ત્રણ રત્ન મળી ૩૬ માળાનો જે ક્રમ પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ ગોઠવ્યો છે તેનો વિચાર થવા તથા સમાધિમરણની તૈયારીરૂપ એ ક્રમ આરાધવા ઇચ્છા અને અનુકૂળતા હોય તો હરકત નથી. રોજ ન બને તો પૂર્ણિમા કે તેવો કોઈ દિવસ નક્કી કરી અઠવાડિયે-પખવાડિયે ભાવપૂર્વક ક્રમ સેવવાથી તે તે પ્રકૃતિઓનું ઓળખાણ અને કર્મરહિત થવાના ઉપાયની ઝાંખી થાય તેવું બળ મળવા યોગ્ય છેજી. જેટલી જાગૃતિ આત્મહિતમાં રહેશે, તેમાં વિશેષ પુરુષાર્થ થશે તેટલી સમાધિમરણની તૈયારી થાય છે. દેહાધ્યાસ ઘટાડવા તો જરૂર પુરુષાર્થ કર્તવ્ય છેજી. આમ ને આમ દેહાદિ પદાર્થો પ્રત્યે વૃત્તિ રહ્યા કરે તો આવો યોગ આ ભવમાં મળેલો વ્યર્થ વહી જવા દેવા જેવું થાય. એકાંત જગ્યા અને અવકાશ હોય તો બધે જવા-આવવાનું ઓછું કરી પરમકૃપાળુદેવનાં વચનામૃતના અભ્યાસમાં વિશેષ કાળ જાય તેમ કર્તવ્ય છેજી. અંતરમાં શીતલીભૂત રહેવાનો અભ્યાસ વિશેષ વિશેષ કર્તવ્ય છેજી.

પૂ. વહાલીબહેને આઠ દૃષ્ટિની સજ્ઝાયના અર્થ કરાવ્યા ત્યારે પૂ. સાકરબહેને કંઈક ટાંચણ કરી લીધેલું તે ઉપરથી લગભગ ૭૦ પાન જેટલા આઠ દૃષ્ટિના અર્થ હમણાં લખાયા છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૨૨ અગાસ, તા. ૨૬-૩-૪૭

"જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને."

વિ. આપના તરફથી સ્વ. કુંદનમલજીના દેહત્યાગના સમાચારનો પત્ર વાંચી જેણે જેણે સાંભળ્યું તેને ખેદ થયો છેજી. અસાર અશરણ અને ભયંકર એવા સંસારનું સ્વરૂપ જ્ઞાનીપુરુષે વારંવાર અનંત કુસંગરૂપ વર્ણવ્યું છે, છતાં જીવને કોણ જાણે શી મહત્તા લાગી ગઈ છે કે એ સંસાર સિવાય બીજે એની વૃત્તિ દૃઢ થતી નથી. ચક્રવર્તી જેવા અતુલ્ય પુણ્ય સંચયવાળા અને સંસારભરમાં મહાન મનાતા પણ ખાલી હાથે ચાલી નીકળ્યા, કોઈ તો નરકે ગયા, તો આ પામર જીવ આ સંસારમાંથી શું સાથે લઈ જવા વિચાર કરી તેમાં જ તલ્લીન થઈ રહ્યો

છે? તે બહુ બહુ વિચારવા જેવું છેજી. મરણની તૈયારી જે સમજુ પુરુષો યથાશક્તિ કરી રહ્યા છે તે જ વિચારવાન ગણવા યોગ્ય છેજી.

અનંતકાળ જીવ કાગડા-કૂતરાના મોતે મર્યો છે. હવે સત્પુરુષના યોગે તેની આજ્ઞા પ્રાપ્ત થયા પછી તેવા મોતે તો નથી જ મરવું એવું દૃઢત્વ જીવમાં જરૂર જાગવું જોઈએ અને અનાદિનો અધ્યાસ પલટાવી જ્ઞાનીની આજ્ઞાનું પ્રધાનપણું ક્ષણે ક્ષણે હૃદયમાં જાગ્રત રહે તેમ વર્તવા બનતો પુરુષાર્થ આપણે તો અવશ્ય કર્તવ્ય છેજી. જેને જેટલી પરમકૃપાળુદેવ પ્રત્યે શરણભાવના છે તેનું મરણ તે પ્રમાણમાં સુધરે છે.

પૂ. કુંદનમલજીની શ્રદ્ધા સારી હતી અને પહેલાં કરતાં પુરુષાર્થ વધારતા જતા હતા. તેનું ફળ તે લઈ ગયા. આપણે પણ ચેતતા રહેવાની જરૂર છેજી. સાથે આવે તેવી બાબતોનો વિશેષ લક્ષ રાખવો ઘટે છે. આ નાશવંત વસ્તુઓનો મોહ ઓછો કરી આત્મહિતમાં વિશેષ વિશેષ પુરુષાર્થ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૨૩ અગાસ, તા. ૩૦-૩-૪૭

"મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ." (હા. નોં. ૧-૧૨)

વિ. આપનો પત્ર મળ્યો. ગયા રવિવારે આંખ બતાવવા આણંદ ગયો હતો. એક આંખનો પડદો અંદરથી બગડ્યો છે તેથી હમણાં લખવા-વાંચવાનું ઓછું કરી નાખ્યું છે. બનનાર છે તે ફરનાર નથી. એ વિષે કંઈ વિકલ્પ કે ચિંતા જેવું નથી. આત્મામાં પરમકૃપાળુદેવની કૃપાથી શાંતિ રહે એ જ એક લક્ષ રાખવા યોગ્ય છેજી. પરમપુરુષોએ કહેવામાં બાકી નથી રાખી, પણ આ જીવને ધીરજ અને શ્રદ્ધાપૂર્વક તે મહાપુરુષોની આજ્ઞા ઉઠાવવાનું કામ છે, તે કરવામાં જેટલી તત્પરતા, એકાગ્રતા, અસંગપણું જીવ આરાધશે તેટલો મોક્ષ નજીક આવે તેમ છેજી; એક હિંદીમાં સુંદરદાસ કવિ મહાત્મા થયા છે તે લખે છે—

"सुंदर चिंता मत कर, तू कर ब्रह्मविचार।
शरीर सौंप प्रारब्धकूं, ज्युं लोहा कूटे लुहार।"

આવી જોગવાઈ પરમાર્થ પ્રાપ્ત કરવાની ફરી ફરી મળવી મુશ્કેલ છે, તેથી જીવે હવે તો બીજી વાતો ગૌણ કરી એક આત્મકલ્યાણની મુખ્યતા કરવા યોગ્ય છેજી.

તમે રિટાયર થવાના અને સત્સંગની આરાધના કરવાના સમાચાર લખો છો તે જાણી સંતોષ થયો છેજી. જીવને પૈસાથી સુખ નથી થતું પણ સંતોષથી થાય છે. જેને આજીવિકા સંબંધી ચિંતા કરવા જેવી દશા ન હોય તેણે આ મનુષ્યભવની દરેક ક્ષણને ચિંતામણિ રત્નથી અધિક કીમતી જાણી આત્મહિત અર્થે ગાળવા યોગ્ય છેજી. સમાધિસોપાન ગ્રંથના પાછલા ભાગમાં પરમકૃપાળુદેવના પત્રો છે તેમાંથી પત્રાંક ૬૨ જેમાં જ્ઞાનીના માર્ગના આશ્રયને ઉપદેશનારાં ૧૩ વાક્યો છે તે વારંવાર વિચારી બને તો મુખપાઠ કરવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૨૪ અગાસ, તા. ૭-૪-૪૭
તત્ ૐ સત્ ચૈત્ર વદ ૨, સોમ, ૨૦૦૩

સર્વ ઉત્સાહપૂર્વક ધર્મધ્યાનમાં રહો એમ ઇચ્છું છુંજી. વેદનીયકર્મ જ્ઞાનને અડચણ કરનાર નથી પણ કસોટીરૂપ છે, ચેતવણી આપી જાગ્રત રાખનાર પણ છે. "તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો, અને બાકીનાં પ્રાણીઓની અનુકંપા કર્યા કરો."(૧૪૩) એ અભ્યાસ બહુ અગત્યનો છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૨૫ અગાસ, તા. ૮-૪-૪૭
તત્ ૐ સત્ ચૈત્ર વદ ૩, મંગળ, ૨૦૦૩

સંસારી શરણાં ગણ સૂનાં, અર્થ અનર્થક વચન પ્રભુનાં;
નશ્વર કાયા પ્રબળ જણાતી, વાંછા શાની એની થાતી?
પરિજન પુત્ર કલત્ર વિનાશી, સર્વે મળીને દે દુઃખરાશિ;
ચિંતવ ચિત્તે નિશ્ચે ભાઈ, કોણ પિતા મા કોની સગાઈ?
મા કર યૌવન-ધન-ગૃહ-ગર્વ, કાળ હરી લેશે એ સર્વ;
ઇન્દ્રજાલ સમ નિષ્ફળ સહુ તજ, મોક્ષપદે મન રાખી પ્રભુ ભજ. (વૈરાગ્યમણિરત્નમાળા)

ઋણસંબંધે જે જે સંયોગો આવી મળે છે, તે છૂટી જાય છે; આમ અનંતકાળથી થતું આવ્યું છે, છતાં જીવ દેહાદિ સંયોગો ઉપરની પ્રીતિ છોડતો નથી અને દુઃખી રહ્યા કરે છે. કોઈનું પણ મરણ સાંભળીને વૈરાગ્ય વિચારવાન જીવને થાય છે તો કુટુંબીજન જેમની સાથે જિંદગીનાં ઘણાં વર્ષ ગયાં તેમના વિયોગે જીવને વૈરાગ્ય બળવાન જાગે અને સંસારનું સ્વરૂપ અસાર, અનિત્ય, અશરણ અને ભયંકર લાગે, તે વિચારો જીવને સંસાર ઉપરથી સુખવૃત્તિ છોડાવી પરમાર્થમાર્ગનું શરણ ગ્રહણ કરાવે તથા ફરી આવા સંસારમાં જન્મવું ન પડે તેની તૈયારી કરાવે તેવા વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગની ભાવનાના વિચારોમાં કાળ ગાળવા ભલામણ છે. બીજું કંઈ ન સૂઝે તો પરમકૃપાળુદેવની કૃપાથી જે મંત્રસ્મરણ મળ્યું છે, તેનું રટણ અહોરાત્ર રહે તથા જે ભક્તિભજનની આજ્ઞા મળી છે, તથા મુખપાઠે કરેલું છે, તેમાં મનને રોકીને સાંસારિક વિટંબણાના વિચારોથી પાછું વાળવું. આપણે પણ મરણનો પ્રસંગ માથે છે, તેની તૈયારી કરવી છે. આ ભવમાં સત્પુરુષનો યોગ થયો છે, તો હવે કાગડા-કૂતરાના મોતે મરવું નથી, પણ સમાધિમરણ કરવાનો દૃઢ નિશ્ચય કર્તવ્ય છે. તે અર્થે સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્વિચાર અને સદ્વર્તનનું બળ બને તેટલું સંઘરવું છે. લૌકિક વિચારોમાં મન તણાતું રોકીને સદ્ગુરુની આજ્ઞાએ જીવવું છે અને સદ્ગુરુને આશ્રયે જ દેહ છોડવો છે. આટલો નિર્ણય કરી લેવાય તો બાકીનું જીવન સુખરૂપ લાગે અને સમાધિમરણનું કારણ બને. "પરમશાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે."(૩૭) તે વિચારશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૨૬ અગાસ, તા. ૯-૪-૪૭

અનુષ્ટુપ — કોણ હું? ર! જવાનો ક્યાં? ક્યાંથી હું હાલ આવિયો?
કોનો હું? મુજ કો બંધુ? એમ આત્મા વિચારી જો. (યોગપ્રદીપ)

પરમકૃપાળુદેવ પ્રત્યે જેની અટળ શ્રદ્ધા છે તેને કંઈ પણ ગભરાવાનું કારણ નથી. સંયોગો તો સર્વ છૂટવાના જ છે. જે જવા બેઠું છે, રાખ્યું રહે તેમ નથી, તેની ફિકર કોણ વિચારવાન કરે? જ્યાં સુધી નરભવની કાયાનો જોગ છે ત્યાં સુધી પરમકૃપાળુદેવને શરણે જીવવું છે અને અંતે તેને જ આશ્રયે દેહ છોડવો છે એમ જેનો નિશ્ચય છે તેને પછી વેદના કે મુશ્કેલીઓ ગમે તે આવો પણ તેની સામે પડી તે સમાધિમરણ કરી શકે છે. ક્ષણેક્ષણ સત્સાધનમાં ગાળવા કાળજી રાખે છે તેને ધન્ય છે. આત્મવિચાર આત્મભાવના અપૂર્વ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૨૭ અગાસ, તા. ૧૧-૪-૪૭

ગુરુકૃપાએ સર્વ સારું થઈ જશે. ભક્તિમાં ઉલ્લાસભાવ રાખી, તે જ ખરું ધન સમજી તેની મુખ્ય સંભાળ રાખવા આપ સર્વને વિનંતી છેજી. માથે મરણ ભમી રહ્યું છે, તે કોઈ રીતે ભૂલી જવા યોગ્ય નથીજી. બે દહાડા કોઈને વહેલું તો કોઈને બે દહાડા પછી જરૂર અહીંથી બધું પડી મૂકીને જવાનું છે; તો બીજાં બધાં કામ કરતાં જે પોતાની સાથે આવે એવા ભક્તિભાવના સંસ્કારોનું ભાથું ભરી લીધું હશે તો જીવ સુખી થશે. મોહમાં ને મોહમાં રાતદિવસ ચાલ્યા ન જાય તેની કાળજી મુમુક્ષુએ રાખવી ઘટે છે. "શું કરવા હું આવ્યો છું અને શું કરી રહ્યો છું? કોને માટે આ બધું કરું છું?" એના વિચાર વારંવાર કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૨૮ અગાસ, તા. ૪-૫-૪૭, રવિ

"सागरवरगंभीरा सिद्धा सिद्धिं मम दिसंतु।"

અનંતકાળ જીવે અજ્ઞાનમાં ગાળ્યો છે. તેનું કારણ પરમકૃપાળુદેવ લખે છે: "જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી." (૫૦૫) તે ઉપરથી એમ સમજાય છે કે બે હાથ વિના તાળી ન પડે. કોઈ વખત જીવે યોગ્ય થવા પુરુષાર્થ પણ કર્યો હશે, માર્ગાનુસારી જેવી કરણી કરી આખો ભવ ધર્મ-આરાધનામાં પણ ગાળ્યો હશે, પણ તેવા યોગ વિના તેવા ભવમાં કંઈ બની ન શક્યું. કોઈ વખતે સત્પુરુષનો યોગ થયા છતાં જીવે પુરુષાર્થ ન કર્યો, ગળિયા બળદની જેમ મોક્ષમાર્ગમાં ન પ્રવર્ત્યો અને યોગ મળેલો નિષ્ફળ ગયો. આમ ખાંડું-આંડું કરવાથી કંઈ દી ન વળ્યો. હવે જોગ જેને સાચો મળ્યો છે, તેણે તો તે સફળ કરવા સત્પુરુષની આજ્ઞા આરાધવામાં પ્રાણ પાથરવા ઘટે છે. આજ્ઞાથી અધિક કોઈ કાર્ય પ્રત્યે પ્રીતિ કરવી ઘટતી નથીજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૨૯ અગાસ, તા. ૧૧-૫-૪૭

સંસારમાં જેની સાથે જેટલો સંબંધ હોય છે તે પૂરો થયે વિયોગ થાય છે. પરંતુ 'બનનાર તે ફરનાર નથી અને ફરનાર તે બનનાર નથી' એ વાત લક્ષમાં લેવા યોગ્ય છે. જેણે જ્ઞાનીને શરણે દેહ છોડ્યો છે તેનું કલ્યાણ થાય છે. તેને માટે શોક કર્તવ્ય નથી. પરંતુ આપણા પોતાના માટે વિચાર કર્તવ્ય છે કે માથે મરણ છે. સમાધિમરણ કરવું હોય તો શી

શી તૈયારી કરવી તે જાણ્યું હોય, યથાશક્તિ તે અર્થે પુરુષાર્થ કરતા રહેતા હોય તો તેનું સારું ફળ આવે. માટે મનુષ્યભવમાં જેટલું જીવવાનું બાકી હોય તેટલું જ્ઞાનીને શરણે જિવાય, તેની આજ્ઞા વિશેષ વિશેષ આરાધાય, સંસારની મહત્તા ઘટે અને પરમકૃપાળુદેવના શરણનો પ્રેમ વધે તેમ વર્તતા રહેવું ઘટે છે. મોટા પુસ્તકમાંથી કે સમાધિસોપાનમાંથી કંઈ કંઈ વાંચવાનું નિયમિત રાખશો. વિયોગના વખતે સંસારની અસારતા જીવને સહજે સમજાય છે. અનિત્યાદિ બાર ભાવનાઓ વારંવાર વિચારવા યોગ્ય છે. સાંસારિક કારણોને લઈને ખેદ પ્રગટતો હોય તે પલટાવીને વૈરાગ્યભાવની વૃદ્ધિ કરવા યોગ્ય છે. 'રાત્રિ થોડી ને વેશ ઘણા' તેમ મુમુક્ષુજીવે ટૂંકા જીવનમાં મહાભારત જેવું મોક્ષનું દુર્ઘટ કાર્ય આવા કાળમાં કરવું છે, તો તેમાં પ્રમાદ ન નડે, શોક વગેરેમાં વખત ન જાય, પુરુષાર્થમાં મંદતા ન થાય તેમ વર્તવા યોગ્ય છે.

---

૭૩૦ અગાસ, તા. ૧૧-૫-૪૭

જેને પોતાના દોષ દેખાય છે તે ભાગ્યશાળી છે. અંતરમાં જે ધર્મકાર્ય નથી બનતું તેનો ખેદ રહે છે તે કલ્યાણકારી છે, સારો છે. ચિત્તની એકાગ્રતા રહી શકે તેવો અવકાશ હોય ને વાંચવા-સાંભળવાનો યોગ બને તો તેમ કરવું, નહીં તો સ્મરણમાં ચિત્તને પરોવવું. જ્ઞાનીની આજ્ઞા જેટલી ઉઠાવાશે એટલું આયુષ્ય લેખે આવ્યું ગણાશે. વૈરાગ્ય, ભક્તિ, ત્યાગ, ઉપશમ, સદાચરણ એ મુમુક્ષુઓના પ્રાણતુલ્ય છે; તે સહજસ્વભાવ કરી મૂકવા યોગ્ય છે. માથે મરણ ગાજી રહ્યું છે, લીધો કે લેશે એવું થઈ રહ્યું છે ત્યાં પ્રમાદ કર્તવ્ય નથી. પરકથા અને પરવૃત્તિમાં આખું જગત વહી રહ્યું છે, તેમાંથી કેમ બચવું અને જીવન કેમ સફળ કરવું તેનો વિચાર ડાહ્યા પુરુષો કરે છે. થોડું વંચાય તેની ફિકર નહીં, પણ જેટલું વંચાય તેનો વિશેષ વિશેષ વિચાર થાય તેમ કર્તવ્ય છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી પત્રાંક ૨૬૨ વારંવાર વાંચી મુખપાઠ કરવા યોગ્ય છે. નિર્વિકારદશા દિવસે દિવસે વધે એમ કર્તવ્ય છેજી.

---

૭૩૧ અગાસ, તા. ૧૧-૫-૪૭

પરમકૃપાળુ પરમાત્માએ જે આત્માનું સ્વરૂપ પ્રગટ કર્યું છે અને ઉપદેશ્યું છે તેવું જ મારા આત્માનું સ્વરૂપ છે. મારે એ જ માન્ય કરવું છે. મને કંઈ ખબર નથી પરંતુ જ્ઞાની પરમગુરુની મને શ્રદ્ધા છે. છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી તે મહાપુરુષનું મને શરણ હો! "ચરણ શરણ ધીરજ નથી મરણ સુધીની છેક." કર્મના ઉદયે દેહમાં વ્યાધિ, પીડા, અશક્તિ અનેક પ્રકારે જણાય તેને આત્માનું સ્વરૂપ મારે માનવું નથી. હું દુઃખી છું, હું રોગી છું, હું મરી જઈશ એવી કલ્પના તજીને જ્ઞાનીએ કહ્યું છે એવું નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા-મરણ આદિથી રહિત શાશ્વત આત્માની માન્યતા કરું છું. 'જ્ઞાનીને હો તે મને હો', શરીરનું જે થવું હોય તે થાઓ, બાંધેલાં કર્મ ભોગવ્યા વગર છૂટકો નથી પણ ભોગવતી વખતે ધીરજ, સમભાવ, શાંતિ રાખીશું તેટલો આત્માને લાભ છે. જ્ઞાની જેવી સમતા રાખે છે તેવી ન રહી શકતી હોય તોપણ તેવી સમતા રાખવાની ભાવના પણ કલ્યાણકારી છે. સર્વ જીવો પ્રત્યે ક્ષમાભાવ રાખી એટલે સર્વને ખમી ખમાવી નિઃશલ્ય થવું. એક જ્ઞાનીના શરણમાં જ બુદ્ધિ રાખી

નિર્ભયપણે અને નિઃખેદપણે દેહત્યાગ કરવો ઘટે છે. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી."(૪૬૦) ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૩૨ ઉમરાટ, તા ૨૯-૫-૪૭, ગુરુ

"જગત જીવ હૈ કર્માધીના, અચરિજ કછુ ન લીના – અબધુ સદા મગનમેં રહેના."

જે ભાવના આ જીવ પ્રત્યે દર્શાવી છે તે સર્વે પરમકૃપાળુદેવ પ્રત્યે કરવા યોગ્ય છે, તેને જ શરણે જીવવા યોગ્ય છે અને દેહત્યાગ કરવા યોગ્ય પણ છે. "પરમશાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે."(૩૭) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે તે એક ક્ષણ પણ વીસરવા યોગ્ય નથી.

સભામંડપમાં જેની સાથે વિક્ષેપ થાય તેવો પ્રસંગ થયો હોય તેની વિનયભાવે ક્ષમા ઇચ્છવા યોગ્ય છે અને ફરી તેવો પ્રસંગ સત્સંગમાં ન બને તેવો લક્ષ રાખવા યોગ્ય છે. પોતાનો વાંક ન હોય તોપણ સામાના ચિત્તને સમાધાન થાય તે અર્થે પણ ક્ષમા માગવા યોગ્ય છે. ટાઢા પાણી (પીવા) કરતાં કષાય પરિણામ થાય તે મોટો દોષ છે. તેવાં પરિણામમાં ફરી ન અવાય તેવો નિશ્ચય તે ખરું પ્રાયશ્ચિત્ત છે. ફરી એકાસણું કરવું તે દ્રવ્ય-પ્રાયશ્ચિત્ત છે.

જીવને 'હું સમજું છું' એવું અભિમાન રહ્યા કરે છે તેથી બીજાઓ સાથે ક્લેશ કરે છે: 'તમે બરાબર જાણતા નથી, આમ કરવું જોઈએ, તેમ કરવું જોઈએ' એ આદિ 'હું સમજું છું' એવું જીવનું અવ્યક્ત અભિમાન છે. 'હું અધમ છું' એવો જો નિશ્ચય થાય તો તે એમ જાણે કે 'આખું જગત મારા કરતાં સારું છે' એટલે કોઈથી પણ એને ક્લેશ થાય નહીં.

પરમકૃપાળુદેવની કૃપાથી અહીંયાં સર્વે ભક્તિભાવના આશ્રમની પેઠે ચાલે છે. મુમુક્ષુજીવ જ્યાં હોય ત્યાં આત્માર્થે જ વર્તવાનો ભાવ રાખે છે. પ. પૂ. પ્રભુશ્રીજીએ એક વાક્ય લખાવેલું છે કે: 'બગડેલું સુધારવું અને સુધરેલું બગડવા ન દેવું' – તે વિચારવા યોગ્ય છે.

---

૭૩૩ અગાસ, તા. ૨૫-૬-૪૭

धन्य धन्य हे, हे जीव नरभव पाये एह कारज किया,
तिनही अनादि भ्रमण पंच प्रकार तजी वर सुख लिया;
एम जाणी, आलस हानि, साहस थानी, यह शीख आदरो,
जब लौं न रोग जरा ग्रहे, तब लौं जगत निज हित करो।
यह राग आग दहे सदा, तातैं समामृत सेईए,
चिर भज्य विषयकषाय अब तो त्याग निजपद लेईए;
कहा रच्यो परपदमें, न तेरो पद यह हैं, क्या दुःख सहै,
अब दौल हौव सुखी स्वपद रची, दाव मत चूको यहै॥

આત્મજ્ઞાનનો લેશ નહિ, મુજમાં હે ગુરુરાજ;
ભવજળ કેમ તરાય તો, તું મુજ ધર્મ જહાજ.

વેદનીયકર્મ અઘાતી છે. તે સમજણને ફેરવવા સમર્થ નથી. પરંતુ દેહાધ્યાસ કે દર્શનમોહ વેદનાને મદદ કરે છે અને તેથી જીવને શરીરમાં તન્મયતા થતાં અસહ્ય ભાસે છે.

"મૂઢ વિશ્વાસ રાખે તે, વસ્તુથી વધુ ભીતિ ક્યાં?
ડરે જેથી વધુ ના કો, અભય સ્થાન આત્મના." — સમાધિશતક ૨૯

**ભાવાર્થ** — દેહમાં આત્મબુદ્ધિવાળો મૂઢ જીવ ધન, સ્ત્રી, પુત્ર આદિમાં સુખબુદ્ધિ કરી, તે તે પ્રાપ્ત વસ્તુમાં વિશ્વાસ રાખે છે; પરંતુ તે જ તેને કર્મબંધનનું કારણ છે એમ તેને ખબર નથી. પણ જ્ઞાનીપુરુષો, જે ભવબંધનથી ત્રાસ પામ્યા છે તે પુરુષો એમ દેખે છે કે જે જે રાગદ્વેષનાં કારણો જીવને સમીપ વર્તે છે અને કર્મબંધ કરાવે છે, તેટલાં ભયંકર જંગલના વાઘ, સિંહ આદિ પશુઓ પણ નથી, કે બંદૂકની ગોળી આદિ અસ્ત્ર-શસ્ત્રો પણ નથી.

ત્યાગ, વૈરાગ્ય, રોગ, વ્યાધિ, પીડા, પરિષહ આદિથી અજ્ઞાની જીવ ભય પામે છે; કારણકે તેને જે પ્રિય છે એવા પંચવિષયાદિક સુખનો વિયોગ કરાવનાર તે લાગે છે. પરંતુ દીર્ઘદૃષ્ટિથી જોનારા જ્ઞાનીપુરુષોને એમ લાગે છે કે ઉપર જણાવ્યાં તેવાં કારણોથી તે અજ્ઞાની જીવ ડરે છે પરંતુ તે કારણોનો સદુપયોગ કરે તો અને સત્પુરુષના યોગે સુવિચારણાથી સંસારનું સ્વરૂપ વિચારે તો તેવાં કારણો વડે જીવન-પલટો થવાનો સંભવ છે. નિઃશંકપણે જ્ઞાનીની આજ્ઞા આરાધે તો વ્યાધિ પીડા આદિ નિર્ભય થવાનાં સાધનો બને છે; કારણ કે તેથી દેહાધ્યાસ ઓછો થાય છે, જ્ઞાનીપુરુષનાં વચનો સત્ય લાગે છે, સમાધિમરણ કરવાનું બળ પ્રાપ્ત થાય છે, સર્વ દુઃખથી તે અભય થાય છે. આવી કડવી દવા છે તે ભવથી ત્રાસ પામ્યો હોય તેને મીઠી લાગે છે. મહાપુરુષો મોક્ષ માગવાને બદલે, ઉપર જણાવેલાં લાભનાં કારણો જેમાં રહ્યાં છે એવા દુઃખને માગે છે; કારણ કે જેથી કલ્યાણ થાય તે જ કરવું છે એવો જેનો નિશ્ચય છે તે પછી માર્ગ સરળ કે કઠણ જોતો નથી, કલ્યાણ તરફ જ તેનો લક્ષ હોય છે માટે મહાપુરુષોને માર્ગે ચાલવું હોય તેણે દુઃખો સહન કરવારૂપ ભાવનાનું ભાથું સાથે બાંધવા યોગ્ય છે. જે ઉપર ઉપરથી દુઃખો જણાય છે તે સમ્યક્‌પ્રકારે સહન થાય તો તે પરમાત્માની કૃપારૂપ માનવા યોગ્ય છે. માટી ખાણમાંથી કુંભાર લાવે છે, તેને ગધેડે ચઢાવીને ફજેત કરે છે, પાણી રેડીને પગથી ખૂંદે છે, ચાક ઉપર મૂકીને ફેરવે છે, ઘડાનો આકાર થયા પછી પણ કેટલા બધા ટપલા સહન કરે છે, અગ્નિમાં પાકે છે ત્યારે પાણી ભરવાને લાયક થાય છે. તેમ આ જીવ નરક-નિગોદ આદિ ભવોમાં ઘણા દુઃખ સહન કરતો, વગોવાતો આવ્યો છે, કચડાયો છે, પિલાયો છે, ભમ્યો છે, દુઃખના ટપલા સહન કર્યાં છે; પરંતુ જો સદ્‌ગુરુના બોધમાં તવાય તો શાશ્વત જીવનને યોગ્ય થાય, અજર અમર પદને પામે. સુખમાં જીવ લૂંટાય છે અને દુઃખમાં વિચાર કરે તો અનેક અશરણ આદિ ભાવનાઓ દૃષ્ટિ ફેરવવા મદદ કરે છે.

"અદુઃખે જ્ઞાન ભાવેલું, દુઃખ દેખી જશે ખસી;
તેથી આત્મા મુનિ ભાવે, યથાશક્તિ દુઃખે વસી."—સમાધિશતક ૧૦૨

**ભાવાર્થ** — શાતાના વખતમાં દેહથી આત્મા ભિન્ન છે એમ સાંભળીને કંઈક અભ્યાસ કર્યો હોય, પણ આત્મજ્ઞાનની દૃઢતા ન થઈ હોય તો દુઃખના પ્રસંગે દેહમાં વૃત્તિ તદાકાર થઈ જવાથી 'હું દુઃખી છું, મને તાવ આવ્યો છે, હું મરી જઈશ' આદિ વિકલ્પો જીવને હેરાન કરે છે; એમ જાણીને આત્માર્થી પુરુષો આત્મભાવનાના અભ્યાસ વખતે યથાશક્તિ દુઃખ સહન કરવાનું પણ રાખે છે, કારણકે તેથી સહનશીલતા પણ વધતી જાય છે, એટલે

દુઃખ ન હોય તોપણ દુઃખ ઊભું કરે છે. કષ્ટ લાગે તેવું આસન રાખે, છાયામાંથી તડકે જઈને અથવા તો ટાઢના પ્રસંગમાં શીત સહન કરવી પડે તેવા સ્થાને જઈને 'દેહથી આત્માં ભિન્ન છે' એવો અભ્યાસ કરે છે. કાયક્લેશાદિ તપ પણ એ અર્થે છે. જેની દૃષ્ટિ ફરી ગઈ છે એટલે જગતમાં સુખબુદ્ધિ જેને નથી, તેને તો અશાતાવેદનીકર્મનો ઉદય થયે સહેજે આત્મભાવનાની વૃદ્ધિનું કારણ સમજાય છે. એવા પ્રસંગ કલ્યાણકારી લાગે છે, કારણકે બળ કરીને પણ સમતા રાખવાનો પુરુષાર્થ ત્યાં થાય છે. આ વાત વારંવાર વિચારવા યોગ્ય છે. લગ્ન આદિ પ્રસંગોમાં જીવ મોહને વશ થઈને ઉજાગરા વેઠીને પણ તનતોડ મહેનત કરે છે, તો સમજુ જીવે આત્મહિતના કારણમાં વિશેષ ઉલ્લાસિત બનવું યોગ્ય છે. દુઃખથી કંટાળવું યોગ્ય નથી. મરણનો પ્રસંગ પણ મહોત્સવ તુલ્ય ગણવા યોગ્ય છે, પણ તે ક્યારે બને ? કે મોહ મંદ થાય તો. તે અર્થે જ સત્સંગ, સત્શાસ્ત્ર આદિ આરાધવાનાં છે. શું કરવા યોગ્ય છે તેનું ભાન નહોતું ત્યાં સુધી તો જીવે ઘણા નિરર્થક કર્મ બાંધ્યાં છે. પણ હવે પરમકૃપાળુદેવની શ્રદ્ધા થઈ ત્યારથી તો કમ છોડવાં છે એ જ નિશ્ચય કરવા યોગ્ય છે. ગમે તેવી વિકટ વાટે પણ સમતાથી આકરાં કર્મનો ઉદય પણ નાશ કરવો છે, "હિંમતે મરદા, મદદે ખુદા." હિંમત હારવા જેવું નથી. જેવા દહાડા આવે તેવા જોયા કરવાનું છે. ગભરાવા જેવું નથી. મનુષ્યભવ છે, સદ્ગુરુનું શરણું છે અને ભાન છે ત્યાં સુધી સત્પુરુષાર્થ છોડવા યોગ્ય નથી.

"પરવસ્તુમાં નહિ મૂંઝવો એની દયા મુજને રહી;
એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત્‌દુઃખ તે સુખ નહીં." — શ્રીમદ્ રાજચંદ્ર

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૩૪ અગાસ, તા. ૮-૭-૪૭

આપે જે નિયમો સંબંધી પુછાવ્યું તે નિયમો એક વર્ષ ચાલુ રાખવા પરમકૃપાળુદેવ આગળ નમસ્કાર કરી ભાવના કરશો. વિશેષ સૂચના કે બીડી, ચા વગેરે લખ્યું છે તેના ત્યાગનો પહેલા અભ્યાસ ન કર્યો હોય તો બાર મહિના સુધી સાથે લગું વ્રત લેવા યોગ્ય નથી. થોડા મહિના અભ્યાસ કરીને પછી યોગ્ય લાગે તેટલી મુદતનું લેશો. કેટલાક નિયમ લઈને, પછી માથું દુઃખે, ઝાડો ન ઊતરે એવા બહાનાથી નિયમ તોડી નાખે છે; માટે આ લખ્યું છે. પહેલા એ વિષે નિયમ લીધો હોય અને બરોબર પળ્યો હોય તો પછી બાર મહિના માટે લેવામાં વાંધો નથી. લીધેલા નિયમમાં શિથિલતા ન થાય, અથવા એકને બદલે બીજું ન પેસે તે લક્ષ રાખવા વિનંતિ છે. વૃત્તિ બીજેથી રોકાય અને આત્મહિતમાં વિશેષ અવકાશ મળે તથા આત્મહિતની વસ્તુ સુખરૂપ લાગે તેવો ઉદ્દેશ આવા નિયમોનો છે, તે લક્ષ રાખવા વિનંતિ છે. બને તો સત્સંગ ત્યાં પણ કરવો અને એકાસણા વગેરે અવકાશના વખતમાં વિશેષ ધર્મધ્યાન થાય તે લક્ષ રાખશોજી. ધન કરતાં જ્ઞાનનો લક્ષ વિશેષ રહે તેમ પ્રવર્તવા ભલામણ છેજી. જે કંઈ કરવું તે આત્માર્થે કરવા યોગ્ય છે તેટલો લક્ષ ન ચુકાય તો વ્રત નિયમ વિશેષ ફળદાયી થાય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૩૫ અગાસ, તા. ૧૪-૭-૪૭

'ઢહ્કા ઢોલ વગાડી કહ્યું, રૂડા પુરુષને હૃદયે રહ્યું,
સમજ્યા તેણે લીધો સાર, ગાફલ નર તો ખાશે માર,
જોતાં જોબન તો વહી ગયું, ઢહ્કા ઢોલ વગાડી કહ્યું.'

આપને ભારે માંદગીમાંથી ઠીક થયું તથા ભાવદયાસાગરની આજ્ઞામાં બને તેટલો કાળ કાઢવાનું લખો છો તે જાણી આનંદ થયો. મનુષ્યભવની એકેક ક્ષણ ચક્રવર્તીની સમસ્ત ઋદ્ધિ કરતાં વિશેષ ઉપયોગી છે એવું પરમકૃપાળુદેવે કહ્યું છે; કારણકે કોઈ ક્ષણે સમકિત પ્રાપ્ત થાય, કોઈ ક્ષણે સર્વસંગપરિત્યાગ થાય, કોઈ ક્ષણે શ્રેણી મંડાય, કોઈ ક્ષણે કેવળજ્ઞાન થાય, અને કોઈ ક્ષણે સર્વ કર્મ છૂટી સિદ્ધપદ પ્રાપ્ત થાય. આવી અમૂલ્ય ક્ષણો મનુષ્યભવની છે. તેને વિચારવાન નિરર્થક વહી જવા દે નહીં.

આજે 'સહજ સુખસાધન' વંચાતું હતું. તેમાં મુનિપણાનો કાળ એટલે છઠ્ઠા ગુણસ્થાનકનો કાળ બે ઘડી બતાવ્યો છે. કારણકે બે ઘડીમાં તો અપ્રમત્તદશા પ્રાપ્ત કરી સાતમે ગુણસ્થાનકે જાય છે. ન જાય ને વિશેષ પ્રમાદ થઈ જાય તો પરિણતિ પાંચમા કે ચોથા ગુણસ્થાનક જેવી થઈ જાય. માટે સતત પુરુષાર્થ કરીને બે ઘડી કરતાં વધારે વખત મુનિ પ્રમાદમાં રહેતા નથી. ઊંઘ પણ ચાલુ બે ઘડી કરતાં વિશેષ ન હોય. આટલો પુરુષાર્થ આટલી ઊંચી દશાવાળો પણ કરે છે, તો સમકિત પ્રાપ્ત કરવું હોય તેણે પ્રમાદ કર્યે કેમ પાલવે ? એમાં શરીરનું કામ નથી, ભાવનું કામ છે, રુચિનું કામ છે. "રુચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે."

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૩૬ અગાસ, તા. ૧૯-૭-૪૭

આપનો પત્ર મળ્યો. પ. પૂ. પ્રભુશ્રીજીએ જ્યાં ચૌદ ચોમાસા કર્યા છે એવા રાજગૃહી તીર્થ સમાન અગાસ આશ્રમમાં આપનો આવવાનો વિચાર છે, તે જાણીને આનંદ થયો છે. હુંડાવસર્પિણી નામનો આ દુષમકાળ કહેવાય છે, તેમાં કોઈ ભાગ્યશાળીને જ આત્મહિત કરવાની ગરજ જાગે છે, અનેક પ્રકારના પ્રલોભનોમાંથી અવકાશ લઈ, આત્મહિતનો વિચાર કરી, યથાર્થ માર્ગનું આરાધન કરવું એ વિચારવાનનું કર્તવ્ય છે. પરંતુ સત્સંગની જોગવાઈ વિના તેવા ભાવો જાગવા અને વર્ધમાન થવા દુષ્કર છે. પરમકૃપાળુદેવે મોટા પુસ્તકમાં ઠામ ઠામ સત્સંગનું માહાત્મ્ય ગાયું છે તે વારંવાર વિચાર કરવા યોગ્ય અને ભાવના કરવા યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૩૭ અગાસ, તા. ૩૦-૭-૪૭

"સંસારાનલમાં ભલે ભુલાવી, વિઘ્નો સદા આપજો,
દારા સુત તન ધન હરી, સંતાપથી બહુ તાવજો;
પણ રે પ્રભુ ! ના ધૈર્ય મુકાયે, હૃદયે સદા આવજો,
અંતે આપ પદે શ્રી સદ્ગુરુ, સમતાએ દેહ મુકાવજો."

ઉપાધિ છે તે મુમુક્ષુની કસોટી છે. તે પ્રસંગમાં સમતાભાવ રહે તો ઘણાં કર્મ ખપે છે. માટે કૃપાળુદેવનું દૃષ્ટાંત લક્ષમાં રાખી બને તેટલી સમતા ભણી ખેંચ રાખવી એ જ કર્તવ્ય છેજી.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૩૮ અગાસ, તા. ૯-૮-૪૭

તનધર સુખિયા કોઈ ન દેખિયા, જે દેખિયા તે દુઃખિયા રે;
સદ્ગુરુ શરણ ઉપાસ્યે સુખિયા, મોક્ષ મારગમાં મુખિયા રે.

તમારો વિચાર જિંદગી પર્યંત બ્રહ્મચર્ય પાળવાનો જણાવ્યો તે ભાવના ટકી રહે તો લાભકારી છે. તેની યોગ્યતા માટે સત્સંગ અને સદ્બોધની ઘણી જરૂર છે. અનાર્ય દેશમાં અનાર્ય વિચારોનો પરિચય હોય છે, આત્મભાવના અત્યંત અપરિચિત હોય છે.તેથી તેનો લક્ષ થવો અને ટકવો મુશ્કેલ છે. કૃત્રિમ ઉપાય કોઈ કામના નથી. મનના આધારે બંધન થાય છે. મન સવળું થાય તો મોક્ષમાર્ગ પ્રત્યે હોય છે. મનના આધારે ઇંદ્રિયો પણ વર્તે છે માટે મનને વશ કરવું એ સર્વોત્તમ ઉપાય છે. પરમકૃપાળુદેવે 'મોક્ષમાળા'ના શિક્ષાપાઠ ૯૮ જિતેન્દ્રિયતા, શિક્ષાપાઠ ૯૯ બ્રહ્મચર્યની નવ વાડ, તથા શિક્ષાપાઠ ૧૦૦ મનોનિગ્રહના વિઘ્નો એ ત્રણ પાઠોમાં જે જણાવ્યું છે તેનો હાલ તો અભ્યાસ કરો અને એ ત્રણ પાઠ મુખપાઠ કરી રોજ વિચારવાનું રાખવું. તમે જે ઉપાય લેવા ધારો છો તેની સંમતિ કોઈ વિચારવાન પુરુષ આપે એમ નથી. માટે મહાપુરુષના માર્ગે તેના વચનોને અનુસરીને મનને વાળવું અને પાપને માટે અત્યંત પશ્ચાત્તાપ કરતાં રહેવું. ક્ષમાપના-પાઠ આદિ વારંવાર વિચારવું, પણ સ્વચ્છંદે ધર્મની ભાવનાથી પણ અકૃત્ય કર્તવ્ય નથી.

લોભ છોડવા માટે દાન કરવું છે. લોભ એ પાપનો બાપ છે. લોભથી જન્મમરણ કરવા પડે છે, માટે અન્ય કોઈના હિતનો વિચાર કરતાં પોતાની લોભ પ્રકૃતિ મંદ કેમ પડે તેનો વિશેષ વિચાર કરી યથાશક્તિ દાન કરવાનું ભગવાને કહ્યું છે. સંતોષ જેવું સુખ કોઈ ક્રિયાથી પ્રાપ્ત થતું નથી. હાલ વખત નહીં હોવાથી તમારા પ્રશ્નનો વિસ્તારથી જવાબ આપ્યો નથી. હિંદુસ્તાનમાં આવવું થાય ત્યારે સંભારશો તો ખુલાસો થશે. હાલ તો સદ્વાચન, સદ્વિચાર અને સદ્વર્તનમાં પ્રવર્તો એ જ ભલામણ.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૩૯ અગાસ, તા. ૯-૮-૪૭

પૂ....ના મોટા ભાઈના દેહત્યાગ સંબંધે ખેદ કર્તવ્ય નથી. ખેદને વૈરાગ્યમાં પલટાવવા યોગ્ય છે. જેના હાથમાં હજી મનુષ્યભવનો દુર્લભ યોગ છે તેણે તેનો ઉત્તમ રીતે ઉપયોગ કરવા યોગ્ય છે. 'હિંમતે મરદા તો મદદે ખુદા' એ કહેવત યાદ રાખી સદ્ગુરુશરણે આત્મહિતમાં યથાશક્તિ પુરુષાર્થ કર્તવ્ય છે. જીવની યોગ્યતા પ્રમાણે સદ્ગુરુકૃપા થાય છે માટે યોગ્યતા લાવો, યોગ્યતા લાવો એમ પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા; તેનું વિસ્મરણ ન થાય તેમ કર્તવ્ય છે. આજીવિકા પૂરતું ખોટી થવું પડે તે બાદ કરતા બાકીનો વખત પરભવને અર્થે કમાણી કરવામાં ગાળવો છે એવો મુમુક્ષુજીવને નિશ્ચય કર્તવ્ય છે. સમાધિમરણની ભાવના

દરેકે રોજ કર્તવ્ય છે તે અર્થે પોતાનાથી શું શું બની શકે એમ છે એનો પણ વિચાર કર્તવ્ય છે.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૪૦ અગાસ, તા. ૭-૯-૪૭

મનુષ્યભવ દુર્લભ છે. ભલે શરીર સાજું માંદું હોય કે અપંગદશા હોય, તોપણ જ્ઞાની-પુરુષની આજ્ઞા આરાધતાં જીવનાં કોટિ કર્મનો નાશ થાય છે. પરમપુરુષ પ્રત્યે જેની આશ્રય ભાવના દૃઢ છે, તેને ગમે તેટલાં દુઃખ આવે તેને તે સુખરૂપ માને છે. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી" (૪૬૦) એ જ્ઞાનીપુરુષનું વચન વિચારવા યોગ્ય છે.

---

૭૪૧ અગાસ, તા. ૨૦-૯-૪૭

"વીતરાગ શાસન વિષે, વીતરાગતા હોય,
જહાં કષાયકી પોષણા, કષાય શાસન સોય."

તમને પણ અશાતાનો ઉદય તીવ્રપણે આવ્યો છે, એ લક્ષમાં છે. ઉપચાર આદિ તો બને તે કર્તવ્ય છે. પણ મુખ્ય લક્ષ જન્મમરણથી છૂટવાનો ચૂકવા યોગ્ય નથી. બાંધેલું છે તે જ આવે છે. હવે નવું ન બંધાય તે અર્થે પરમકૃપાળુદેવના આશ્રયે સમભાવની ભાવના કર્તવ્ય છે. તે તમને લક્ષમાં છે. તે લક્ષ જેમ જેમ બળવાન થાય તેવો સત્પુરુષાર્થ કર્તવ્ય છે. જ્યાં આપણું કંઈ ન ચાલે તેવી નિરુપાય દશા વિષે વારંવાર વિચાર ન આવે અને જે નિમિત્તે ભાવ પલટાવી શકાય અને આત્મહિત થાય તેવા નિમિત્તો જોડતા રહેવા ભલામણ છે. પરમકૃપાળુદેવમાં વૃત્તિ વારંવાર રહે, તે પરમાત્મ-સ્વરૂપ છે એવી દૃઢ માન્યતા વર્ધમાન થાય એવી તે કરુણામૂર્તિ પ્રત્યે પ્રાર્થના કર્તવ્ય છે. જ્યાં સુધી પોતાની વૃત્તિ પલટાવી શકાય એમ છે ત્યાં સુધીમાં જેટલાં કર્મ આવીને જાય છે તેટલું દેવું છૂટે છે. જેટલી હાયવોય થાય તેટલાં નવાં કર્મ બંધાય છે એમ સમજી પરમશાંતિપદની ઇચ્છા રહ્યા કરે એમ વૃત્તિ વાળતા રહેવું. આ વેદના જે અત્યારે અનુભવાય છે તેનો મરણની વેદના આગળ કંઈ હિસાબ નથી. જન્મ-મરણનાં દુઃખ અત્યંત દુઃસહ્ય છે એમ ભગવાને કહ્યું છે તે માન્ય રાખી સમાધિમરણની તૈયારી અર્થે જે સહનશીલતાની જરૂર છે તેનો અભ્યાસ આવી વેદનામાં થાય છે. તેવી વેદના વેદતાં પોતાની જે કચાશ જણાય છે તે સાજા થતાં પૂરી કરવા પ્રયત્ન દૃઢ નિશ્ચયથી કર્તવ્ય છે. શારીરિક ગમે તેટલું દુઃખ હોય તોપણ આત્મા પરમાનંદરૂપ છે, એવી માન્યતા જેને ટકી રહે છે તે ભાગ્યશાળી છે. સૂર્ય ઉપર વાદળાં આવવાથી દિવસે વાંચી પણ ન શકાય તેવું બની જાય તો પણ સૂર્યમાં, સામું પણ ન જોઈ શકાય તેટલું તેજ છે તે ખાતરી ભુલાતી નથી, તેમ આત્મા અનંત સુખથી ભરપૂર છે ત્યાં દુઃખનો અંશ પણ નથી એવી માન્યતા જો દુઃખ વખતે ટકી શકે તો અસહ્ય દુઃખમાં પણ જીવ શાંતિ વેદી શકે છે. આ વાતો આપને લક્ષમાં રહેવા માટે લખી છે, તે વારંવાર વિચારી કર્મના ઉદય વખતે ગભરામણ ન જન્મે અને સત્શ્રદ્ધાનો અનુભવ થાય એવો લક્ષ લેવા વિનંતિ છે.

"ૐ શાંતિઃ શાંતિઃ કરો કૃપાળુ શાંતિઃ"

---

૭૪૨ અગાસ, તા. ૨૭-૯-૪૭

પરમકૃપાળુદેવની અનંતકૃપાથી જે આજ્ઞા સ્મરણ ભક્તિ આદિની મળી છે તેનું બહુમાનપણું રાખી બને તેટલું આરાધન કર્યા રહેવા આપ સર્વને વિનંતિ છેજી.

અનંતકાળથી જીવ પુરુષાર્થ કરતો આવ્યો છે પણ જન્મમરણ છૂટ્યા નહીં, તો એવું શું રહી જાય છે તેનો વિચાર મુમુક્ષુ કરે છે. આ ભવમાં એવી કોઈ ભૂલ રહી ન જાય કે જેથી જન્મમરણ પાછાં ઊભાં રહે અને એનો વિચાર વારંવાર કરવા યોગ્ય છે. પરમકૃપાળુદેવની આજ્ઞા પ્રત્યે જેને દૃઢ વિશ્વાસ થયો છે, તેથી મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે એમ જે મુમુક્ષુની શ્રદ્ધા દૃઢ થઈ છે તેને આજ્ઞા સિવાય બીજા કામમાં પ્રવૃત્તિ કરવી પડે તેમાં કદી રસ આવે નહીં. આજ્ઞાના આરાધનથી જીવવું સફળ થશે એવું બીજાં કામ કરતાં પણ ભુલાય નહીં તો તેને વૈરાગ્ય બહુ સુલભ છે અને અવકાશ મળ્યે આજ્ઞાઆરાધનનું કામ કર્યા જ કરે. આ વાત વારંવાર વાંચી લક્ષમાં રાખશો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૪૩ અગાસ, તા. ૭-૧૦-૪૭

"ગમે તેવા પ્રતિબંધ હોય, મરણ સમાન વેદના હોય, ગમે તેવા માયાના ફંદમાં ફસાઈ જવાનું બને, પણ આત્મહિત કદી ન વીસરવું." —શ્રી લઘુરાજ સ્વામીજી

આ પત્ર લખવાનું કારણ તો મથાળે જણાવેલા પૂ. પ્રભુશ્રીજીના શબ્દોની સ્મૃતિ થવાથી એ બોલ આપને લખી મોકલવા ભાવ થયો. ભરત ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય સાચવવાનું હતું, બહોળા કુટુંબના માણસોનું મન પણ સાચવવાનું હતું, પરંતુ સર્વોપરી કામ તો ભગવાન ઋષભદેવની આજ્ઞા ઉઠાવવાનું હતું. તેમાં જ વૃત્તિ રાખીને બધાં કામ કરતા હતા, તો બાહુબળીજી જેવું તેમને તપ પણ કરવું ન પડ્યું. પણ માત્ર અંતરંગ સાધનાથી આરીસાભુવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એ ચમત્કારી છે. પરમકૃપાળુદેવે પણ એવો ચમત્કાર અંતરંગ સાધનાથી પ્રાપ્ત કર્યો છે. બહાર જગતમાં લોકો જાણે કે ન જાણે, પણ જેના હૃદયમાં પરમાત્મા વસ્યા છે તેને જગત તૃણવત્ છે, ઉપાધિ સમાધિરૂપ છે તથા મોક્ષલક્ષ્મી અને સ્વર્ગલક્ષ્મી તેને વરવાની સ્પર્ધા કરે છે. જેને કંઈ નથી જોઈતું, માત્ર ભગવાનની ભક્તિમાં જે લીન છે તે કૃતકૃત્ય છે. ભક્તિથી મુક્તિ ખેંચાઈ આવે છે. શબ્દોરૂપે લખેલા ભાવો વારંવાર વિચાર કરવા યોગ્ય છે. પરમકૃપાળુદેવનું યોગબળ જગતનું કલ્યાણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૪૪ અગાસ, તા. ૧૭-૧૦-૪૭

"ખાણ મૂત્ર ને મળની, રોગ-જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ." —શ્રીમદ્ રાજચંદ્ર

"પરમકૃપાળુદેવે શરીરને વેદનાની મૂર્તિ કહી છે; તેમાંથી અન્ય પ્રકારની આશા રાખવી વ્યર્થ છે. પરંતુ પરમકૃપાળુદેવનાં વચનો જેમ જેમ વિશેષ વિચારાશે તેમ તેમ વધારે ધીરજ રહેશે. "દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે એમ સમજો" (૮૪૩) એ પત્રમાં ટૂંકામાં આ વાત જણાવી છે તેને વારંવાર

વિચારી અનુભવમાં લેવા જેવી છે. જીવ પોતાનું સ્વરૂપ ભૂલી પારકી પંચાતમાં પડવાના અભ્યાસવાળો થઈ ગયો છે. તેને ચેતાવવા આ શિખામણ છે.

મૂળ વસ્તુ બે છે : જડ અને ચૈતન્ય. શરીર જડ છે, રૂપી છે, દૃશ્ય છે; અને આત્મા ચૈતન્ય છે, અરૂપી છે, દ્રષ્ટા છે. બન્નેના સ્વભાવ તદ્દન જુદા છે. જેમ છે તેમ માનવાથી જીવ સુખી થાય છે. પરવસ્તુનો બોજો તેને લાગતો નથી. પરમાં મારાપણાની માન્યતા ઘટી જાય છે અને સ્વરૂપસંભાળ લેતો જીવ થાય છે. વેદનાના વખતમાં આ વિચારો બહુ લાભકારક છે કારણ કે તેથી આર્તધ્યાન અટકે છે અને ધર્મધ્યાન થાય છે. અનાથીમુનિ જેવા સંસ્કારી જીવોને ઊંડા ઊતરવાથી સ્વરૂપપ્રાપ્તિ થઈ હતી. માટે આવો અવસર વ્યર્થ ન જાય, આર્ત-ધ્યાનમાં ન જાય તેવો પુરુષાર્થ કર્તવ્ય છે. છપદની જેને દૃઢ શ્રદ્ધા છે તેને, હું દેહ નથી પણ આત્મા છું, હું કદી મરતો નથી પણ નિત્ય છું, સ્વભાવનો કર્તા છું, સ્વરૂપાનંદનો ભોક્તા છું, નિજશુદ્ધતારૂપ મોક્ષપદ એ મારો શાશ્વતો વાસ છે અને તે મોક્ષના ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞા, ભક્તિ આદિ આરાધવા યોગ્ય છે એવી સમજણ વેદના વખતે પણ ભુલાતી નથી. અત્યંત વેદનામાં પણ કોઈ અલૌકિક આનંદની પ્રતીતિ થાય છે. માટે શ્રદ્ધાપૂર્વક છપદના વિચારમાં વિશેષ રહેવા વિનંતી છેજી. જેના ઘરમાં પરમકૃપાળુદેવનાં વચનો છે, તેને ઘેર સત્પુરુષ જ છે, પ્રમાદ તજી તેનું શરણુ લેવા યોગ્ય છે. વિશેષ વેદનામાં વિશેષ બળથી સત્પુરુષનો આશ્રય અંગીકાર કરવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૪૫ સુણાવ, તા. ૨૦-૧૨-૪૭

ૐ

મરણ એ એક મોટી પરીક્ષા છે. પહેલાંથી તૈયારી કરી ન રાખી હોય તો સમાધિ-મરણ કરવું મુશ્કેલ છે. માટે જ્ઞાનીપુરુષનાં કોઈ વચન આપણને મળે તો તેમાં અપૂર્વ ભાવ લાવી ચિત્તભૂમિમાં બીજની પેઠે રોપવા યોગ્ય છેજી. બીજા વિચારોનો અભ્યાસ થઈ ગયો હોવાથી ન કરવા હોય તોપણ તે ચિત્તને ઘેરી લે છે. જેમ ખેતરમાં વગર વાવ્યે પણ ઘાસ ઊગી નીકળે છે, તેમ નકામા વિચારો સંયમનો અભ્યાસ ન હોય તો સ્ફુર્યા કરે છે. પણ કુશળ ખેડૂત જેમ નકામા રોપાઓને નીંદી નાખે છે તેમ મુમુક્ષુ જીવે સદ્ગુરુના શરણથી અને સ્મરણના બળથી અહંભાવ ને મમત્વભાવના વિચારોને નિર્મૂળ કરતાં રહેવાની જરૂર છે, નહીં તો સદ્ગુરુના બોધને પોષણ મળતું નથી. 'મૂળ મારગ'માં કહ્યું છે તે પ્રમાણે આત્માને ઓળખી, આત્મામાં સ્થિરતા કરવાની જરૂર છે.

પાપની પ્રવૃત્તિથી ક્યારે છુટાશે? મોક્ષમાર્ગમાં રાજમાર્ગ જેવાં મહાવ્રતો ધારણ કરીને અચૂકપણે ક્યારે પળાશે? તથા જ્ઞાનીપુરુષ સમીપ સર્વ પાપોની આલોચના કરી પરમપુરુષના શરણે તેની આજ્ઞામાં ચિત્ત રાખી સમાધિમરણ ક્યારે થશે? એવી ત્રણ ભાવનાઓ હરરોજ કર્તવ્ય છે. સર્વ વ્રતોનું મૂળ અને સમાધિમરણનું કારણ એવું જ્ઞાનીપુરુષ પાસેથી પ્રાપ્ત થયેલું 'સ્મરણ' અખંડ એકધારાએ રહ્યા કરે એવો પુરુષાર્થ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૪૬ દંતાલી, તા. ૩૧-૧-૪૮

ગોખવાનું કંઈ હોય તો વૃત્તિ વારંવાર ત્યાં જાય અને સત્પુરુષના વચનરૂપ વ્યાપારમાં તો લાભ જ હોય. કોઈક ક્ષણ એવી આવે કે જ્યારે જીવને જગત વિસ્મરણ થઈ આત્મજાગૃતિ પ્રગટે. કંઈ ન બને તો સ્મરણનો અભ્યાસ વિશેષ રાખવો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૪૭ દંતાલી, તા. ૩૧-૧-૪૮

"અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ."

એક કાર્ડમાં આપે જણાવ્યું છે કે વિશેષ વાંચવાથી પરમકૃપાળુદેવનાં વચનોનું સામાન્યપણું થઈ જાય છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે જીવને સત્સંગની ઘણી ખામી છે. વૈરાગ્ય હોય તેને પરમકૃપાળુદેવનાં વચનો નિત્ય નિત્ય નવાં લાગે તેવાં છે. અનેક ભવોના અનુભવના સારરૂપ શિખામણ સંક્ષેપમાં એકેક પત્રમાં ટાંકેલી છે. સત્સંગયોગે તે પત્રોનો વિસ્તાર સમજવા યોગ્ય છે. પરંતુ તેવો યોગ ન હોય ત્યાં સુધી 'અનંત અનંત ભાવભેદથી ભરેલી' ઇત્યાદિ મંગલાચરણમાં જણાવેલી ભાવના વિચારવી કે હે ભગવાન ! મારા જેવા પામરના હાથમાં, રાંકને હાથ રતન આવે તેમ, આ પત્રો આવ્યા છે. તેમાંના એકેક પત્રના આધારે મુમુક્ષુઓએ પોતાનું જીવન ઘડ્યું છે, આખી જિંદગી સુધી એક જ પત્રના રસનું પાન કર્યું છે અને પોતાની દશા તેના આધારે વધારી છે. મારે પણ એમાંથી અમૃત પીને મારા આત્માને અમર બનાવવો છે. વાંચન કે શ્રવણ પછીનો ક્રમ મનન છે. મનન થયેલા ભાવોને હૃદયમાં ઉતારી સ્થિર કરવારૂપ નિદિધ્યાસન કે ભાવનારૂપ પરિણમાવવાનો ઉત્તમ ક્રમ છે. તે પ્રમાણે આગળ ન વધાય તો એકલું વાંચન જોઈએ તેવો રસ ઉપજાવી શકે નહીં, તેથી સામાન્યપણું થઈ જાય છે. માટે સત્સંગની ભાવના રાખી મનન કરવાનો ક્રમ રાખશો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૪૮ સીમરડા, તા. ૫-૨-૪૮

અવકાશ હોય તો રોજ ભક્તિ કર્યા પછી મોક્ષમાળાનો એકાદ પાઠ નિયમિત રીતે વાંચવા-વિચારવા ભલામણ છેજી. પોતાનાથી બને તેટલો વિચાર-ચર્ચા કરી તે મહાપુરુષે આપણા માટે લીધેલો શ્રમ સફળ થાય અને આપણને તે મહાપુરુષની શિખામણ હૃદયમાં ઊતરે એવું કર્તવ્ય છેજી. જેટલો કાળ તે મહાપુરુષની ભક્તિ, ગુણગ્રામ અને શ્રદ્ધા દૃઢ કરવામાં જશે તેટલું આયુષ્ય આપણું સફળ થયું ગણવા યોગ્ય છેજી. સ્ત્રીકથા, દેશકથા, રાજકથા તથા ભોજનની કથા આદિ વિકથામાં જતો વખત બચાવી પરમકૃપાળુદેવના વચનો વાંચવા-વિચારવામાં, મુખપાઠ કરવામાં તથા મુખપાઠ કરેલું ફેરવી જવામાં જેટલો કાળ જશે, તેટલું આયુષ્ય લેખે આવ્યું ગણાશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૪૯ અગાસ

आपका पत्र प्राप्त हुआ । शांतिपूर्वक परमकृपालुदेवकी आज्ञा "सहजात्मस्वरूप परमगुरु"का स्मरण न चूकना । जो जीव जैसी भावना करता है वह जीव वैसी सिद्धि प्राप्त करता है, ऐसी श्रद्धा करनेसे अपना भाव दिन-प्रतिदिन अच्छा बनता जाता है । परमकृपालुदेवकी पराभक्ति इस भवमें प्राप्त हो ऐसी

भावनासे प्रेमभक्तिकी बढवारी होती है । जो नियम लिया है उनमें शिथिलता न होवें ऐसी सावधानी रखकर आत्महितरूप उत्कृष्ट कार्यके लिये यह भव है । सत्संगसे उत्तम भावमें प्रवेश होता है और दृढता भी जागती है । इसलिये निरंतर सत्संगकी भावना बढती रहे ऐसा विचार, भावना, वाचन, चर्चा, बातचीत करना । पाँच इन्द्रियके विषयमें वृत्ति जावे नहीं, परन्तु वैराग्यकी वृद्धि हो ऐसी भावनासे भक्ति वाचन आदि सफल होकर आत्महितकी पहिचान होगी ।

"रोके जीव स्वच्छंद तो, पामे अवश्य मोक्ष;
पाम्या एम अनन्त छे, भाख्युं जिन निर्दोष."

कुछ न कुछ तत्त्वज्ञानमेंसे मुखपाठ रोज करना योग्य है ।

---

૭૫૦ અગાસ, તા. ૭-૪-૪૮

**પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર ગુરુવર્યને અત્યંત દીનભાવે અર્પણપણે ભક્તિપૂર્વક નમસ્કાર !**

પ્રાર્થના — અમને આમ હવે ન રઝળાવો, સ્વામિન્ વિરહાનલ પ્રગટાવો,
પરમકૃપાળુ કરુણા કરી મુજ, પાપ વિકલ્પ હઠાવો;
અણઘટતા, અણગમતા તે હણી, પ્રભુપ્રીતિ પ્રગટાવો — સ્વામિન્ વિ૦

આપના પત્ર વિષે કંઈ પણ લખતાં પહેલાં આપે જણાવેલી અતિશયોક્તિ મને ખૂંચવાથી બે શબ્દો સમયોચિત ટૂંકામાં લખવા જરૂરના જણાયા છે. કલ્પનામય, માયાપૂર્ણ આ જગતમાં સદ્ગુરુની ભ્રાંતિ જેવું બીજું કોઈ દુઃખ આત્માને જણાતું નથી. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રે પ્રગટાવેલી દશાનો શતાંશ પણ મારામાં નહીં હોવા છતાં કોઈ મને સદ્ગુરુ કે ત્રિકાળજ્ઞાની માને તે તેનો સ્વચ્છંદ મને તો સમજાય છે. તે પોષવા મારી ઇચ્છા નથી. આપ તો સમજુ છો, પ્રમાણવિરુદ્ધ બાબતને પોષવા ઇચ્છતા નથી એમ જાણું છું. પ. ઉ. શ્રીમદ્ લઘુરાજ-સ્વામીએ તેમના આયુષ્યના છેલ્લા દિવસોમાં સ્મરણમંત્ર આદિ મુમુક્ષુ જીવોને જણાવવા મને આજ્ઞા આપી તે તેમના અતિ ઉદાર અને સત્યપ્રિય હૃદયનું ફળ છે. તેમાં મારું કોઈ પ્રકારે મહત્ત્વ હું માનતો નથી. ચિઠ્ઠીના ચાકરની પેઠે તે વાત આપના આગળ રજૂ કરી, તે તમને રુચિકર લાગતાં તમે સ્વીકારી; પણ જ્ઞાનીપુરુષના ઘરની તે વાત છે એટલું જ મહત્ત્વ જો આપના હૃદયમાં રહેશે અને તે દૃષ્ટિએ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે ગુરુભાવ રાખી તે આજ્ઞાનું આરાધન કરશો તો તે આપને આત્મશાંતિનું અને આત્મ-અનુભવનું કારણ છે એ સરળભાવે જણાવું છુંજી. જે નિયમો તમે પરમકૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ સમજીને જેવા ભાવે લીધા છે, તેવા ભાવે ભવિષ્યમાં ટકાવી રાખશો તો તમારી કરેલી ભક્તિ ભેળાઈ નહીં જાય. રક્ષકરૂપ વાડ સમાન તે નિયમો છે. મૂળ વાત – પરમકૃપાળુદેવની દશામાં શ્રદ્ધા, તેના વચનની અપૂર્વતા અને પોતાના આત્માની ઉન્નતિની તમન્ના–આ છે. આ પાયો પાકો હશે તો તેની આજ્ઞા ઉઠાવવારૂપ જે જે શ્રમ લેશો, તે મોક્ષના કારણરૂપ થશે. આટલી સામાન્ય પ્રસ્તાવના પૂરી કરી આપના પત્રમાં લખેલી બાબત વિષે કંઈક સૂચના નમ્રભાવે કરું છુંજી.

"ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહિ ધર્મ;
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ.
મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ." (ચોથી દૃષ્ટિ)

આ ઉત્તમ આચરણ ગણાય છેજી. સત્ય વચન માટે હરિશ્ચંદ્ર આદિનાં વખાણ તે અર્થે થાય છેજી; છતાં બધાની તેવી શક્તિ હોતી નથી. ધર્મરાજા જેવાને પણ મિશ્રવચન બોલવાનો પ્રસંગ આવેલો છતાં ન્યાયની કોટિએ તે આપદ્ધર્મ નહીં પણ કંઈ અંશે દોષ જ ગણાય છે. ધર્મને તો ધર્મ જ રાખવો યોગ્ય છે. આપદ્ધર્મ ગણી તેની કક્ષા સરખી ગણવા યોગ્ય નથી. ધર્મનું પાલન યથાશક્તિ થાય છે તે લક્ષ રાખી જ્ઞાનીપુરુષોએ, 'ધર્મનો ભંગ નથી કરવો' એટલો લક્ષ જ્યાં સુધી છે ત્યાં સુધી તે જીવને આરાધક કહ્યો છે અને થયેલ કે થતા દોષને અનાચારરૂપ ન કહેતાં અતિચારરૂપ કહેલ છે. એટલે નિયમ તૂટે નહીં પણ દોષયુક્ત પળાય છે, એમ કહ્યું છે.

માંસના વ્યસનનો ત્યાગ કરવારૂપ તમે પ્રતિજ્ઞા લીધી છે. મુશ્કેલીના પ્રસંગમાં માંસ નહીં પણ માંસની કોટિમાં ગણાતું કોડ નામની માછલીનું તેલ તમે વાપરો છો, તે પણ પરદેશના નિવાસ પૂરતું જ, તમારે નિયમ નથી પાળવો એવી બુદ્ધિ નથી, તે તેલનું પણ વ્યસન પડી જાય અને પછીથી શરીર જાડું રાખવા તેનો ઉપયોગ અહીં આવીને પણ ચાલુ રાખવારૂપ વ્યસન સેવવું નથી એમ જ્યાં સુધી તમે માનો છો ત્યાં સુધી પ્રતિજ્ઞાનો સ્પષ્ટ ભંગ નથી. ભાવ પ્રતિજ્ઞા પાળવાના છે તે તેના (વ્યસનના) ત્યાગનો ઉપાય છે ત્યાં સુધી પતંગની દોરી તમારા હાથમાં છે. ભલે પતંગ દૂર આકાશમાં હો પણ તમે તેને હસ્તગત કરી શકો એમ છે. વ્યસનની પરાધીનતા તમને પોતાના સકંજામાં સજ્જડ કરી શકે તેમ નથી, છતાં દોષ તે દોષ છે અને માંસાહારના દોષરૂપ કર્મ બંધાય છે. પ્રતિજ્ઞાભંગના દોષરૂપ કર્મ તમને પૂર્ણપણે લાગતું નથી, અંશે લાગે છે. આ વાત વારંવાર પત્ર વાંચીને વિચારશો તો તમને સ્પષ્ટ સમજાય તેવી તમારી વિચારદશા છે. જેટલા અંશે આત્મા દોષિત છે તેટલા અંશે ખેદ અને ઉદાસભાવ તે તેલ પ્રત્યે ભજવા ઘટે છે. દવાની પેઠે વાપરી જરૂર પત્યે પહેલી તકે તે તજી દેવાની તત્પરતા આત્મામાં જાગ્રત રાખવાની જરૂર છે. માંસ કે તેવાં તેલમાં પ્રત્યેક અવસ્થામાં અનંત જીવો ઉત્પન્ન થયા કરે છે. તેનો વધ પાપી પેટ પૂરવા કરવો પડે છે એ ખેદ ભુલાવો ન જોઈએ એટલી ભલામણસહ પત્ર પૂરો કરું છુંજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૫૧ અગાસ, ચૈત્ર સુદ ૨, રવિ, ૨૦૦૪

પૂ....ની માંદગી ગંભીર છે એમ જાણ્યું. ખમી ખમાવી પરમકૃપાળુદેવના શરણમાં રહેવાની ભાવના કરી તે જ આધારે જીવન હોય ત્યાં સુધી ભાવ દૃઢ રાખી અંતે જ્ઞાનીને શરણે પરમકૃપાળુદેવને આશરે દેહ છોડવાની ભલામણ છેજી. મંત્રમાં મન અહોરાત્ર રહે તેવી છેવટે ગોઠવણ થાય તો જરૂર કર્તવ્ય છેજી. પોતાનાથી ન બોલાય તો જે સેવામાં હોય તેણે 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ' એ મંત્ર દરદીના કાનમાં પડ્યા કરે તેટલા ઉતાવળા અવાજે બોલ્યા કરવા યોગ્ય છે અને સાંભળનારે આ મારા સમાધિમરણની ખરી દવા છે એમ જાણી વેદનામાંથી મન ખસેડી પરમકૃપાળુ પરમાત્માના સ્વરૂપમાં મનને સ્થાપવા પ્રયત્ન કર્તવ્ય છેજી. એમ મંત્રની ભાવનામાં દેહ છૂટે તો તેનું સમાધિમરણ થયું ગણાય એવું પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ ઉપદેશ્યું છેજી.

આ પત્ર મળે ત્યારથી તેવી કોઈ ગોઠવણ કરવા વિનંતી છેજી. જ્યાં બને ત્યાં જાતે કે કોઈ મુમુક્ષુ દ્વારા તેમ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૫૨ અગાસ, તા. ૨૮-૪-૪૮

તમે સ્યાદ્વાદ સંબંધે પુછાવ્યું હતું. તેના ઉત્તરમાં જણાવવાનું કે ભગવાને જે જણાવ્યું છે તે અનેક ભેદે સમજવા યોગ્ય છે. તેમાંના એક ભેદ વિષે વાત કરવી હોય ત્યારે સ્યાદ્વાદ આમ પણ સમજવું એમ પણ કહેવાય છે, એટલે અનંત ભાવોમાંથી એક ભાવ વિષે જણાવ્યું તેની મુખ્યતા થઈ, પણ બાકીના બીજા બધા ભાવો ગૌણપણે લક્ષમાં છે એમ જણાવવા માટે સ્યાદ્વાદ શબ્દ વપરાય છે, કે સ્યાત્પદ પણ કહેવાય છે.

આજે પરમકૃપાળુદેવની નિર્વાણતિથિ નિમિત્તે સારી ભક્તિ થઈ હતી. તેવો પુણ્યનો ઉદય હોય તો સત્સંગ-ભક્તિનો લાભ મળે છે. તેમ ન બને તો ભાવના સત્સંગ-ભક્તિની કર્તવ્ય છે. જ્ઞાનીપુરુષના વિયોગમાં તેમના વચનો યોગ્યતા પ્રમાણે જીવના ભાવ સુધારવામાં મદદરૂપ થાય છે, તેથી કરીને અવકાશ કાઢીને નિત્યનિયમ ઉપરાંત મોક્ષમાળા, સમાધિસોપાન કે મોટા વચનામૃતમાંથી અનુક્રમે વાંચતા રહેવાનો અભ્યાસ રાખશોજી. અનાર્ય જેવા દેશમાં પોતાનું આત્મબળ સદ્ગુરુના વચનોથી વધતું રહે તેમ કર્તવ્ય છેજી. વિશેષ પ્રતિબંધો દુઃખદાયી માની ઓછા કરતા રહેવાની જરૂર છે. જરૂર પૂરતાં કામ પરવારી પરમકૃપાળુદેવના વચનોમાં વૃત્તિ જોડવાનો અભ્યાસ પાડતા રહેશો. મરણનો ભય માથે ગાજે છે, તેમ છતાં જીવને પ્રમાદમાંથી પ્રેમ ઘટતો નથી એ એક આશ્ચર્ય છે. જેનું ફળ પરંપરાએ પણ ધર્મ આવે તેવું ન હોય તેવી ઇચ્છાઓ ઓછી કરતા રહેવાની જરૂર છે. જિંદગીનો પાછલો ભાગ વિચારીને શિખામણ લેવાની જરૂર છે કે આટલાં બધાં વર્ષો જેમાં ગાળ્યાં છે તેવા નિરર્થક વિષયો માટે હવેની જિંદગી ગાળવી નથી; પરંતુ સમાધિમરણમાં મદદ કરે તેવા ભાવોમાં, તેવા સાધનોમાં વૃત્તિ રહ્યા કરે એમ કર્તવ્ય છેજી. કેટલી બધી ઉપાધિની ભીડમાં પરમકૃપાળુદેવે આત્મભાવના ટકાવી રાખી છે તે વારંવાર વિચારી અલ્પકાળમાં આત્મહિત કરી લેવા માટે બહુ જ કાળજીપૂર્વક જીવન ગાળવા યોગ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૫૩ અગાસ, વૈશાખ સુદ ૫, ૨૦૦૪

"જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.

જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મ કરણીને સંભાર; – દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર." – પુષ્પમાળા

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન" — શ્રીમદ્ રાજચંદ્ર

"ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહિ ધર્મ,
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ –
મનમોહન જિનજી, મીઠી તાહરી વાણ."

વિ. પૂ....ના પત્રથી જાણ્યું કે તમે બન્નેએ બે વર્ષના બ્રહ્મચર્ય વ્રતની બાધા લીધી છે તેમાં દોષ લાગે છે અને બે વર્ષ સુધી પાળી શકાશે નહીં એમ તમને લાગે છે. આ બધું અસત્સંગનું ફળ છે. આખી જિંદગી સુધી વ્રત લેવાની જેમની ભાવના હતી તે બે વર્ષ પણ ટકી શકે નહીં એ નવાઈ જેવું છે. મોહનું બળ રોગથી પણ વિશેષ છે. રોગી માણસને અપથ્ય વસ્તુ ખાવાની ઇચ્છા બહુ થાય છે પણ તેમ વર્તે તો રોગ વધીને અસાધ્ય બને તો મરણને શરણ જાય છે; તેમ મોહના પ્રસંગોમાં જીવને વ્રત તોડવાના ભાવ થાય છે. પણ તે વખતે જો યાદ આવે કે આપણને સાથે બેસવાની કે એક પથારીમાં સૂવાની ના કહી છે તે યાદ લાવી તેવા પ્રસંગ દૂર કરે તો ભાવ પાછા પલટાઈ પણ જાય; પણ શિખામણ યાદ ન રાખે, મોહ વધે તેવા પ્રસંગો વધારે તો મન કાબૂમાં ન રહે અને કૃપાળુદેવની ભક્તિ ભુલાઈ જાય અને ભોગમાં સુખ છે એમ વારંવાર સાંભર સાંભર થાય. સત્પુરુષનાં વચનામૃત જો અમૂલ્ય જાણી વારંવાર વાંચવા વિચારવાનું રખાય તો ભોગ રોગ જેવા લાગે, જન્મમરણથી બચવાની ભાવના થાય, મરણનાં દુઃખ દૂર નથી એમ લાગે અને ધર્મનું શરણુ લેવાની ભાવના થાય.

બન્નેએ સાથે રાજી ખુશીથી વ્રત લીધું છે, તો હિંમત રાખી પૂ....ની ભૂલ થાય તેવા પ્રસંગે તમારે ચેતાવવા કે આપણે બે વર્ષ સુધી ભાઈબહેન તરીકે વર્તવું છે. જે દોષો મન વચન કાયાથી આજ સુધી લાગ્યા હોય તે ભૂલી જઈ હવે નિર્દોષ ભાવ આરાધવા દૃઢ ભાવના કરી બન્ને ફરી પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ ક્ષમાપનાનો પાઠ બોલી ભાઈ બહેન તરીકે ભાવ રાખવાનો નિયમ પરમકૃપાળુદેવની સાક્ષીએ લેશોજી.

શરીરની માંદગી કરતાં મનની માંદગી જબરી છે, માટે રોગ મટાડવા જેમ દવાખાનામાં જવું પડે તેમ સત્સંગની જરૂર છે. થોડો વખત સત્સંગ કરી જવાથી અને જુદા રહેવાનો પ્રસંગ રહેવાથી પાછા પહેલા હતા તેવા ભાવ જાગ્રત થાય તેવો સંભવ છેજી. બળ કરો તો બની શકે તેમ છેજી. લોકલાજ આવા પ્રસંગે આગળ ન કરતાં હિંમત કરી સત્સંગનો બન્નેને લાભ મળે તેમ કર્તવ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૫૪ અગાસ, વૈશાખ સુદ ૫, ૨૦૦૪

"બ્રહ્મચર્ય વિષે :– પરમાર્થ હેતુ માટે નદી ઊતરવાને ટાઢા પાણીની મુનિને આજ્ઞા આપી, પણ અબ્રહ્મચર્યની આજ્ઞા આપી નથી; ને તેને માટે કહ્યું છે કે અલ્પ આહાર કરજે, ઉપવાસ કરજે, એકાંતર કરજે, છેવટે ઝેર ખાઈને મરજે, પણ બ્રહ્મચર્ય ભાંગીશ નહીં." (ઉપદેશછાયા)

વિ. આપનો પત્ર વાંચી ધર્મસ્નેહને લઈને ખેદ થયો પરંતુ આ કાળનો સ્વભાવ વિચારી ખેદ વિસ્મૃત કર્યો. આ કાળમાં પરિણામ સત્સંગયોગે ઉચ્ચ થયાં હોય તે ટકાવી રાખવાં મુશ્કેલ છે. અસત્સંગયોગે જીવને કેમ થાય છે તે પ્રત્યક્ષ અનુભવ થયા પછી તેવા પ્રસંગને પહોંચી વળવા જેટલું બળ ન હોય તો જીવે વારંવાર ચેતતા રહેવાની જરૂર છેજી. સત્સંગની જીવને ઘણી જ જરૂર છે. તેવો યોગ ન હોય તો નિર્મળભાવે સદ્ગુરુનાં વચનામૃતનો આશ્રય લેવાથી બળ વધે, પણ મનનાં પરિણામ ચંચળ હોય અને વચનોમાં ચિત્તની લીનતા ન થાય ત્યાં સુધી બળ સ્ફુરવું મુશ્કેલ છે. તેવે વખતે તો—

"અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય?"

એવા ભાવ પશ્ચાત્તાપપૂર્વક વારંવાર કરવાથી વિષયરૂપ કાદવથી મલિન થયેલું મન ભક્તિના પોકારે પરાણે ઠેકાણે આવે છેજી. અહોરાત્ર સત્સંગની ઝંખના રાખવા યોગ્ય છેજી.

વ્રત બે વર્ષ તો શું, પણ તેથી વધારે અને નિર્મળ ભાવે પાળવું છે એવો દૃઢ નિશ્ચય કર્તવ્ય છે અને એકનું મન ઢીલું થાય ત્યારે બીજાએ મક્કમ રહીને વ્રતની યાદી આપી અલગ થઈ જવું અને એવા પ્રસંગો ફરી ન બને તેની સાવચેતી રાખતા રહેવાની જરૂર છે. કાયાથી મૈથુન ક્રિયાનો ત્યાગ કરવા પ્રતિજ્ઞા લીધી છે પણ તે અરસામાં મન મજબૂત કરવા પુરુષાર્થ કરવાનો છે, પણ જો વિષયમાં વૃત્તિ ઢળી જતી હોય તો તેવા એકલા સાથે રહેવાના પ્રસંગો ઓછા કરી નાખવા અને વ્રતભંગથી મહા દોષ થાય છે તેની સ્મૃતિ રાખવી. તરવાર આણી તરફથી પકડે તો પોતાનો હાથ કપાય, તેવું સત્પુરુષની સાક્ષીએ લીધેલું વ્રત તોડવું મહા અનર્થનું કારણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૫૫ અગાસ, તા. ૨૩-૫-૪૮
ૐ વૈશાખ વદ ૧, ૨૦૦૪

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન." — શ્રીમદ્ રાજચંદ્ર

વિ. આપનો પત્ર બે વર્ષના બ્રહ્મચર્ય સંબંધી મળ્યો. ઉત્તરમાં જણાવવાનું કે તમે બ્રહ્મચર્ય હાલ પાળો છો તે સારું છે. તેવા ભાવ ટકી રહે તે અર્થે પરમકૃપાળુદેવનાં વચનો તથા સત્-સમાગમની જરૂર છેજી. મનમાં બે વર્ષ સુધી તો બ્રહ્મચર્ય પાળવું જ છે એવો નિશ્ચય રાખી છ માસનું વ્રત પૂ.... પાસે પરમકૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ લેવા ભલામણ છેજી. છ માસ પૂરા થવા આવ્યે ફરી તેવો જોગ મળ્યે વ્રત વધારી લેવું કે પત્રથી જણાવવું, પણ વ્રત લીધા પછી તૂટે તો ભારે કર્મબંધ થવા સંભવ છે અને તમારી ઉમ્મર તથા તે પ્રદેશનો દૂધ ઘીનો મન-માન્યો ખોરાક, આકર્ષક પહેરવેશ અને પ્રસંગો વિચારી આ ટૂંકા ટૂંકા હપતા તમને અનુકૂળ પડશે જાણી તેમ લખ્યું છે. ફરી વ્રત લેવામાં કંઈ હરકત નથી તથા ઉત્સાહ ઊલટો વધતો રહેશે અને તે બહાને પણ સત્સંગનો યોગ મેળવવા ભાવના રહેશે. જ્યારથી વ્રત લો ત્યારથી ભાઈ-બહેન તરીકે રહેવાની ટેવ પાડવી, એક પથારીમાં સૂવું નહીં; જરૂર વિના એકબીજાને અડવું પણ નહીં. એકાંતમાં બહુ વખત વાતચીત આદિ પ્રસંગો પણ પાડવા નહીં. આ બધા વ્યવહાર શુદ્ધિના નિયમ વાડ જેવા છે, વ્રતની રક્ષા કરનાર છે; પણ પરમકૃપાળુદેવની આજ્ઞા પાળવાની દૃઢતા એ વ્રતનું મૂળ છે. તેની સમક્ષ લીધેલા વચનને પ્રાણ જતાં પણ ન તોડું એવી પકડ આત્મામાં થયે તે પુરુષનો આત્મકલ્યાણક બોધ હૃદયમાં ઊતરવો સુગમ પડે છે, માટે સાદો ખોરાક, સાદો પહેરવેશ, બને તો ગરમ કરીને ઠારેલું પાણી પીવામાં વાપરવું. તમારાં માતાપિતા પણ બ્રહ્મચર્ય પાળે છે તો કુટુંબમાં પીવા માટે ગરમ પાણીની જ ટેવ રાખી હોય તો બધાને લાભકારી છેજી. સારું વાચન, રોજ પરમકૃપાળુદેવનાં વચનોમાંથી કંઈક મુખપાઠ

કરવાનું રાખવું, ભક્તિ કરવી અને મંત્રનું સ્મરણ કરતા રહેવાની ટેવ પાડવી. આમ વર્તતાં બ્રહ્મચર્ય સુલભ રીતે પળી શકે. વૈરાગ્યને પોષણ મળે તેવું વાચન, શ્રવણ મંદિરમાં કે ઘેર કરતા રહેવાની જરૂર છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૫૬ અગાસ, તા. ૨૫-૫-૪૮
તત્ ૐ સત્ વૈશાખ વદ ૩, મંગલ, ૨૦૦૪

"दुनिया मरनेसे डरे, मेरे मन आनंद।
कब मरशुं कब भेटशुं पूरण परमानंद॥"

આપનું કાર્ડ થોડા દિવસ ઉપર આવ્યું હતું. એકાદ અઠવાડિયા જેટલો વખત શ્રી કાવિઠા ગામે, પરમકૃપાળુદેવ, પ. પૂ. પ્રભુશ્રીજી આદિની પ્રતિમાઓની પ્રતિષ્ઠા ગઈ તેરસને શુક્રવારે થઈ, તે પ્રસંગે જવું થયું હતું. બહુ આનંદપૂર્વક ભક્તિભાવ સહિત ઉત્સવ પૂર્ણ થયો. એવા પ્રસંગો ભાવ ઉલ્લાસમાન થાય તે અર્થે યોજાય છે.

આપને હજી છે તેમ ને તેમ જ રહે છે એમ કાર્ડમાં હતું. ભલે શરીર સ્થિતિ શિથિલતા ભજે, પણ સત્સંગ, આત્મહિત અને સત્સાધન તથા સદાચાર અર્થે વૃત્તિ સતેજ રહ્યા કરે તેમ કર્તવ્ય છેજી. એવો ક્યારે વખત આવશે કે પરમકૃપાળુદેવ, તેનાં વચન અને ઉપકાર ક્ષણ પણ વીસરાય નહીં? અને આ જોગ જે બન્યો છે તે, તે મહાપુરુષની અનંતકૃપાથી બન્યો છે, તેના આધારે આ વેદનીનો કાળ પણ અસહ્ય લાગતો નથી. જે થાય તે ભલું માનવામાં આવે એવી વૃત્તિ રાખવી, તેમ છતાં સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્વર્તન પ્રત્યે દિવસે દિવસે ભાવ વધતો જાય તેમ કર્તવ્ય છેજી. આ રોગ ન હોત તો આ ભવનાં છેલ્લાં વર્ષો વિશેષ આત્મહિત થાય તેમ હું ગાળી શકત, પણ પૂર્વે બાંધેલા કર્મો આડે આવ્યાં તો સમભાવે તે ભોગવી લેવાથી પૂર્વનું દેવું પતે છે; એ પણ એક પ્રકારની સમાધિ છે એમ માની સંતોષને પોષવા યોગ્ય છેજી. ક્યાંય પણ વૃત્તિ પ્રતિબંધ ન પામે (અમુક વગર ન જ ચાલે એવું ન થાય), નિત્યનિયમના પાઠ મુખપાઠ થયા છે તેમાંની કડીઓના વિચારમાં મન રોકાય, ક્યારેક છપદના વિચારમાં, કયારેક "તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો" (૧૩૫) આદિ વાક્યોની ભાવનામાં વૃત્તિ રહે. એમ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રને શરણે ધર્મધ્યાનમાં રાતદિવસ જાય તેમ કર્તવ્ય છેજી. લખી આપેલા પત્રોમાં ચિત્ત ન ચોંટે તો જે મુખપાઠ કરેલ હોય તેમાં મન રાખવું કે મંત્રના સ્મરણમાં મન જોડેલું રાખવું, પણ શરીર અને શરીરના ફેરફારોમાં જતું મન રોકવું. ભવિષ્યની ફિકર નહીં કરતાં વર્તમાનમાં મળેલી નરભવની બાજી હારી ન જવાય તે લક્ષ રાખી જે થાય તે જોયા કરવું, પણ હર્ષશોકમાં ન તણાવું. આમ વર્તવાનો પુરુષાર્થ સમાધિમરણનું કારણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૫૭ અગાસ, તા. ૨૫-૫-૪૮

પૂર્વ કર્મના ઉદયે શાતા-અશાતા, સંકલ્પ-વિકલ્પ, વિષય-કષાય, સુખદુઃખ આદિ સાંસારિક ઘટનાઓ જીવને પ્રત્યક્ષ જણાય છે તે હંમેશ રહેનાર નથી. કર્મનો ઉદય બદલાય તેની સાથે બધી બાજી બદલાઈ જાય છે, એમ જાણી વિચારવાન જીવો આ દેખાતી વસ્તુમાં મૂંઝાઈ

જતા નથી. પરંતુ એ બધા વખતે આત્મા હાજર છે, તેનું સ્વરૂપ જ્ઞાનીપુરુષોએ જાણ્યું છે, અનુભવ્યું છે અને યથાર્થ ઉપદેશ્યું છે. ત્રણે કાળ રહેનાર, અછેદ્ય, અભેદ્ય, જરામરણાદિ ધર્મથી રહિત, પરમાનંદસ્વરૂપ એવા આત્માનો નાશ કરે એવું કોઈ કર્મ નથી, એવો કોઈ પદાર્થ નથી કે એવું કોઈ પ્રાણી નથી. સદા સર્વદા સ્વભાવમાં રહી શકે એવા આત્માનું અચિંત્ય માહાત્મ્ય જ્ઞાનીપુરુષોએ ગાયું છે તેને સ્મરણમાં લાવવા અર્થે આપણને મંત્ર મળ્યો છે. તેનું આરાધન નિષ્કામ ભક્તિભાવે એક લક્ષથી આ ભવમાં થાય તો જીવને સમાધિ-મરણનું તે કારણ છેજી. છેવટે સ્મરણ કરવાનું ભાન રહો કે ન રહો, પણ જ્યાં સુધી ભાન છે ત્યાં સુધી પુરુષાર્થ કરવા ચૂકવું નહીં. કોઈ બીજી બાબતમાં ચિત્ત રાખવું નહીં. પરમ-કૃપાળુદેવને શરણે જે થાય તે જોયા કરવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૫૮ અગાસ

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."—શ્રીમદ્ રાજચંદ્ર

આપનો અંતર્વૃત્તિ શુદ્ધ કરવાના નિશ્ચયવાળો પત્ર વાંચી સંતોષ થયો છેજી. એવા જ ભાવ વર્ધમાન થયા કરે તેવું વાંચવું, વિચારવું, કહેવું, પૂછવું યોગ્ય છેજી. મુશ્કેલીમાં જીવને ઘણા વિચારો આગળ વધારે તેવા આવે છે અને તેને પોષણ મળે તેવું વર્તન થાય તો દશા વિશેષ વધે એ સ્વાભાવિક સમજાય તેમ છેજી. ઉતાવળે પગલું લેવા કરતાં બધાના વિચાર થોડા વખતમાં સીધી લાઇન ઉપર આવી જાય તેમ લાગતું હોય તો ઠીક, નહીં તો પોતે તો તેવા પાપના કાર્યથી ચેતતા રહેવાની જરૂર છેજી. આ વિષે વાતચીત થયેલી છે અને પ્રસંગ વિચારી હિત લાગે તેમ વર્તવા ભલામણ છેજી. આપણી અસર બીજા ઉપર કંઈ થઈ શકે તેમ ન લાગે, તો સંતોષનો એટલે ઓછી કમાણી થાય તો હરકત નહીં એવો માર્ગ આપણી ઉન્નતિ માટે હિતકર દેખાય છે. તમારા ભાગીદાર સાથે સામાન્ય ઉપદેશરૂપ વાત થઈ છે. ખોટે માર્ગે ન જવાનો લક્ષ રાખીશ એમ પણ એ બોલી ગયો છે. તમારા પિતા, તમે વગેરે મળી ઠીક લાગે તેમ વર્તશો, પણ તમારા પિતા તમારે આધારે પરમકૃપાળુદેવ તરફ ભક્તિભાવવાળા થતા જાય છે ત્યાં એકદમ તમારા પ્રત્યે અભાવ થઈ જાય તેવું પગલું લેતા પહેલાં વિચાર કર્તવ્ય છેજી. ઉતાવળ એટલી કચાશ અને કચાશ એટલી ખટાશ. છ, બાર માસ માટે પણ તમારી સલાહ માની વર્તવા ભાગિયા તૈયાર થાય તો તેમને પ્રયોગ ખાતર પણ અજમાવી જોવા કહેવું, બને તો તમારે તેટલી મુદત ત્યાં રહેવું પડે તો રહેવું અને બધાંને સારા ભાવનું પોષણ મળે તેમ કરવા બને તેટલો પુરુષાર્થ કરવાનું વિચારશો. હાલ એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૫૯ અગાસ, તા. ૨૭-૫-૪૮

તત્ ૐ સત્ વૈશાખ વદ ૪, ગુરુ, ૨૦૦૪

"રે મન! આ સંસારમાં, દુઃખથી તું ન ડરીશ;
સમ સમશેર વડે કરી, ધાર્યું તે જ કરીશ."

આપને આ ઉંમરે આ પ્રસંગ આવી પડ્યો તે સહન કરવો જોકે કઠણ છે, પરંતુ સમજુજનો જે થાય તે સારાને માટે થાય છે એમ ગણે છે. પૂર્વકર્મ પ્રમાણે બનવા યોગ્ય બને છે. તે વિષે ખેદ કરી મનુષ્યભવમાં કરવા યોગ્ય જે ધર્મકાર્ય તેમાં પ્રમાદ કર્તવ્ય નથીજી. મોહને આધીન બની જીવ આવા પ્રસંગોમાં જે ક્લેશ કરે છે, ખેદ કરે છે કે નિરુત્સાહી બને છે, તેને યથાર્થ સમજ નથી એમ ગણવા યોગ્ય છે. તેવા પ્રસંગોને પહોંચી વળવા જેટલું વીર્ય જેને સ્ફુરે છે, ભક્તિ અખંડિતપણે કરે છે અને વારંવાર પોતાને માથે ભમતા મરણનો વિચાર કરે છે તથા પરમાત્માની કૃપાથી સર્વ સારું થઈ રહેશે એવો વિશ્વાસ રાખે છે, તે વિચારવાન ગણવા યોગ્ય છે. આટલી દશા ન આવી હોય ત્યાં સુધી જીવે સત્સંગ સત્શાસ્ત્રના વિશેષ વિશેષ અવલંબને ધીરજ વધે તથા વૈરાગ્ય ભાવના વર્ધમાન થાય તેમ કર્તવ્ય છેજી. વખત મળ્યે અહીં આવી જવાનું કરશો તો તે સંબંધી રૂબરૂમાં જણાવવા જેવું લાગશે તે જણાવાશે, તથા શોકની મંદતા થવા સંભવ છેજી. તેવો યોગ હાલ ન જણાતો હોય તો પૂ.... સાથે એકાદ કલાક વાંચન–વિચારનો રાખશો. મૂંઝવણના પ્રસંગમાં કોઈની સાથે દિલ ખોલીને વાત થાય તેવા મુમુક્ષુનો સંગ ઉપકારી છે. કારણ કે માત્ર પોતાની મૂંઝવણ જણાવવાથી પણ તે ચિંતા અડધી થઈ જાય છે અને દિલાસાનો જોગ મળે તો તેમાં ઘણી મંદતા આવી પરમાર્થ પ્રત્યે જીવની વૃત્તિ વિશેષ બળથી વળે છેજી. આવા પ્રસંગો અનાદિ કાળના પરિભ્રમણમાં જીવને ઘણી વાર બન્યા છે અને તેથી છૂટવાની તેણે ઇચ્છા પણ કરી છે, પણ તેવા પ્રસંગોથી ભરેલા એવા આ સંસારમાં ફરી જન્મવું જ ન પડે તેવો પુરુષાર્થ તેણે એક લક્ષે આદર્યો નથી. આ ભવમાં હવે સંસારનાં કારણો વિચારી તેની નિવૃત્તિના ઉપાયમાં શક્તિ છુપાવ્યા વિના વિકટ પુરુષાર્થ આદરવા યોગ્ય છેજી. પોતાની સમજણની ભૂલ છે તે પરમકૃપાળુદેવની કૃપાથી દૂર થવા યોગ્ય અવસર આવ્યો છે; તેનો બને તેટલો લાભ લઈ, સ્વરૂપ સમજી તેમાં શમાવા જેટલો પુરુષાર્થ કર્તવ્ય છેજી. બધાં કામ કરતાં આ કામ વધારે અગત્યનું છે અને તે મનુષ્યભવ વિના બીજા ભવમાં બનવું મુશ્કેલ છે માટે શૂરવીર થઈને, કર્મ આઘાંપાછાં થાય તેટલાં કરીને એક મોક્ષમાર્ગમાં ભાવ લાગી રહે તેવા પુરુષાર્થમાં મંડી પડવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવ કહે છે : "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે." (૮૧૯) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬૦ અગાસ, તા. ૧૪-૬-૪૮

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર."

વિ. આપનો કાગળ મળ્યો. વાંચી વિગત જાણી છે. આત્માને અર્થે તપ, સંયમ કર્તવ્ય છે. આપે જણાવ્યા પ્રમાણે રાજમહેન્દ્રીમાં રહો ત્યાં સુધી ચૌવિહાર પાળવાની ભાવના પરમકૃપાળુદેવના ચિત્રપટ સમક્ષ કરશોજી. તથા બેઆસણાની ભાવના રહે છે તે પણ અનુમોદન યોગ્ય છેજી. આઠમ ચૌદશના દિવસે શરીરશક્તિ જોઈને ઉપવાસ થાય તેમ હોય તો ઉપવાસ, નહીં તો એકાસણું કર્તવ્ય છેજી. તમારી દુકાનમાં રજાના દિવસ હોય તે દિવસે આઠમચૌદશને બદલે

તપ વગેરે કરવામાં વિશેષ લાભ છે. માટે અઠવાડિયામાં એકાદ દિવસની રજા ગુમાસ્તા કાયદાની રૂએ હોય તો બાહ્ય નિવૃત્તિ અને કષાયની અભ્યંતર નિવૃત્તિનો યોગ મળે. તેવી રજા ન પાળતા હોય તો અને બીજાનાં મન દુભાય તેવું ન હોય તો ઉપવાસના દિવસે બીજાં કામ પડી મૂકી માત્ર આત્માર્થે તે દિવસ ગાળવાનો લક્ષ રાખવા યોગ્ય છે. તે દિવસે ભક્તિભાવ, વાંચન, વિચાર, સ્મરણ આદિ વિશેષ થાય તેમ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬૧ અગાસ, તા. ૨૭-૬-૪૮

"રાગ ન કરવો, દ્વેષ ન ધરવો, શત્રુ મિત્ર સમ જાણ,
એવી ભાવના ભાવે નિત્યે, તે લહે કેવળજ્ઞાન."

પ્રારબ્ધ અનુસાર બનવાનું હોય તે બને છે. આપણું કામ જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉઠાવવાનું છે તે યથાશક્તિ બનતું હોય તો આનંદ માનવા યોગ્ય છે. શિથિલપણું હોય કે દોષિત પ્રવર્તન હોય તો તેનો ત્યાગ કરી સર્વ શક્તિથી જ્ઞાનીને શરણે આટલો ભવ ગાળવા યોગ્ય છે. સંસાર અસાર છે, પણ જ્યાં સુધી મનુષ્યભવનો યોગ છે ત્યાં સુધી મોક્ષમાર્ગ આરાધી લેવો એ જ સાર છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬૨ અગાસ, જેઠ વદ ૮, ૨૦૦૪

પરમકૃપાળુદેવની ઉપાસના કરવાના ભાવ જાગવા દુર્લભ છે. લખવું, વાંચવું ઘણા કરે છે પણ જીવન સફળ થાય તેવી પરમપુરુષની ભક્તિ જાગવી એ મહદ્‌ભાગ્યનું લક્ષણ છે. તમારી પાસે પૂ.....હાલ આવતા રહેતા હોય તો ત્રણ પાઠ પહેલા શીખે અને સાત વ્યસનના ત્યાગની ઉપર ઉપરથી વાત કરશો. ક્રમે કરીને તેમનું કલ્યાણ થવા યોગ્ય વખત હશે ત્યારે સત્સંગ-ભક્તિની ગરજ તેમને જાગશે. પરાણે તેમને તમારે ત્યાં આવવા આગ્રહ ન કરવો. તેમની વાતોમાં તમારે વખત વૃથા જવા સંભવ છે.

તમે વખત કેમ ગાળવો એમ પુછાવ્યું છે તેના ઉત્તરમાં જણાવવાનું કે પુષ્પમાળા – ૭માં પરમકૃપાળુદેવે જણાવ્યું છે — "જો તું સ્વતંત્ર હોય તો સંસાર સમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ." તે પ્રમાણે વર્તાશે તો આજ્ઞાને અનુસરવા જેવું થશેજી. તેમાં ઊંઘને છ કલાકની જરૂરની ગણી છે. તે પ્રમાણે ક્રમે કરીને વર્તાય તો ઠીક છે. ભાષાનો અભ્યાસ કરવા વિચાર થતો હોય તો હરકત નથી. સંસ્કૃતનો થોડો અભ્યાસ થશે તો પરમ-કૃપાળુદેવનાં વચન પણ વધારે સમજાય તેવો સંભવ છેજી. અઢાર પાપસ્થાનક તમને મુખપાઠ તો હશે, પણ રોજ લક્ષ રાખીને દિવસે થયેલા દોષો તેને અનુસરીને જોઈ જવાનો અભ્યાસ રાખશોજી. દરેક દોષ વખતે આખા દિવસના ભાવો પ્રત્યે નજર નાખી જવાનું બનશે એટલે અઢાર વખત દિવસનાં કાર્યો તપાસવાનો પ્રસંગ આવશે તો દિવસે દિવસે ભાવ સુધરતા જવાનો સંભવ છેજી. જેને પોતાનું જીવન સુધારવું છે તેને તો પરમકૃપાળુદેવનાં વચનામૃત સર્વોપરી સહાય કરનાર છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬૩ અગાસ, તા. ૭-૭-૪૮

વિ. આપનો પત્ર પ્રાપ્ત થયો છેજી. વાંચી આપની ભાવના સન્માર્ગમાં આગળ વધવાની જાણી સંતોષ થયો છે. આ કાળ દુષમ હોવાથી સારું ફળ આવશે એવું જાણી કરવામાં આવતા સમાગમથી વિપરીત પરિણામ પણ આવે છે, માટે આ કાળમાં કોનો કેટલો સમાગમ કરવો તે બહુ વિચારવા યોગ્ય છે. જેથી આપણું જીવન સુધરે, શિથિલતા ન પોષાય તેવો સમાગમ કર્તવ્ય છેજી. પોતાના દોષ જણાતાં ત્વરાથી તેનો યોગ્ય ઉપાય લેવો ઘટે છેજી. દોષને પોષતા રહેવાથી તે રોગની પેઠે ઘર કરે છે, પછી તેવા દોષ કાઢવા મુશ્કેલ પડે છેજી. તેવો સારો સમાગમ ન હોય તો પરમકૃપાળુદેવનાં વચનો વારંવાર વાંચતા રહેવાથી તે સત્સંગની ગરજ સારે છેજી.

બીજું, આપે અર્ધમાગધી ભાષા શીખવાનો વિચાર રાખ્યો છે, તે સારું છેજી. એકાદ વર્ષ તેનો અભ્યાસ કરી સામાન્ય કાવ્યો કે ગદ્ય સમજી શકાય તેવું થાય તેટલું વ્યાકરણ સહિત શીખવાની જરૂર છે. પછી સંસ્કૃતનો અભ્યાસ પણ કરવા યોગ્ય છે. કારણ કે તેથી માગધી અને ગુજરાતી બન્નેમાં મદદ મળે છે. મોક્ષમાળામાં 'બ્રહ્મચર્યની નવ વાડ' વિષે પાઠ છે તથા 'જિતેન્દ્રિયતા' વિષે પણ તેની જોડે પાઠ છે તે લક્ષ રાખીને વાંચવા તથા તેમાં જણાવેલી સૂચનાઓ બને તેટલી અમલમાં મૂકવા ભલામણ છેજી. વચનામૃતની નવી આવૃત્તિ છપાવાની છે તેમાં પાંચસો રૂપિયા આપવાનો તમે ભાવ દર્શાવ્યો છે તે અનુમોદન યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬૪ અગાસ, તા. ૮-૭-૪૮

તત્ ૐ સત્ જેઠ વદ ૦)), મંગળ, ૨૦૦૪

"द्रव्य दृष्टिसें वस्तु स्थिर, पर्याय अथिर निहार;
ऊपजत विणसत देखके, हर्ष-विषाद निवार."

વિ. આપનું કાર્ડ મળ્યું. વૃદ્ધાવસ્થામાં શિથિલતા સિવાય બીજું શું દેખીશું? એમ પરમકૃપાળુદેવે કહ્યું છે. સાથે વૃદ્ધમાંથી યુવાન થવાનું પણ કહ્યું છે. પરમકૃપાળુદેવનાં વચનો વૈરાગ્ય અને પુરુષાર્થને પ્રેરે તેવાં છેજી. જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગ પામે છે, તે વચનો જીવને શિથિલ કેમ થવા દે? આત્મવીર્ય વધે તેવાં જેનાં વચન અને આચાર હોય તેની સ્મૃતિથી પણ જીવ જાગૃતિ પામે છે, એ વાત પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીને સાક્ષાત્ મળેલા મુમુક્ષુઓના અનુભવની છે. બધાનો આધાર સાચી શ્રદ્ધા છેજી. એ ગુણ જેનામાં જાગ્યો તેને પછી છૂટવા ભણી જ વૃત્તિ વહ્યા કરે છે. પરમકૃપાળુદેવ લખે છે કે જેને એટલો દૃઢ નિશ્ચય થયો છે કે જ્ઞાનીપુરુષની આજ્ઞા એ જ મોક્ષનું કારણ છે, તે સિવાય બીજો ઉપાય નથી તેને ત્યારથી બીજા દોષોનું નિવર્તવું થાય છે. આજ્ઞા ન ઉઠાવાતી હોય તેવાં કામમાં પ્રવર્તતાં પણ આથી મારા આત્માને કંઈ કલ્યાણ થનાર નથી એટલો વૈરાગ્ય તો રહ્યા જ કરે છે, અને ભાવના આજ્ઞા ઉઠાવવાની રહે છે. આ જ "છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે." (૧૬૬) એ વાક્યનો પરમાર્થ સમજાય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬૫ અગાસ, તા. ૧૦-૭-૪૮

દુશ્મન બે દુનિયા વિષે, સૌ સંસારી સાથ;
રાગદ્વેષ એ નામના, જીતે તે જગનાથ.

આપે પ્રશ્ન એમ પૂછ્યો છે કે શ્રી ભગવંત તીર્થંકર પરમાત્મા જન્મથી જ આહાર લેતા નથી, તો પછી દેવોએ મોકલાવેલ આહાર પણ કેમ લઈ શકે? ઉત્તરમાં જણાવવાનું કે શ્રી તીર્થંકરને આહાર લેવાનું જે પક્ષ અયોગ્ય માને છે તે પણ, કેવળજ્ઞાન થયા પછીથી કવળ-આહાર ગ્રહણ કરતા નથી એમ માને છે, જન્મથી જ આહાર નથી કરતા એવું કોઈ પક્ષવાળા માનતા નથી. જન્મથી શ્રી તીર્થંકરને કેટલાક (દસ) અતિશયો હોય છે, તેમાંનો એક અતિશય એવો છે કે તેમને નિહાર હોતો નથી; એટલે જે આહાર લે તેનું પરિણમન શરીરના અવયવો વગેરેને પોષણ પૂરતું જ હોય છે, એટલે કચરો કાઢી નાખવાનો હોતો નથી. ગૃહસ્થઅવસ્થામાં તે દેવોએ આણેલો આહાર કરે છે, પરંતુ દીક્ષા લીધા પછી ગૃહસ્થોને ત્યાં આહાર લે છે, અને તે વખતે સુવર્ણ-વૃષ્ટિ વગેરે આશ્ચર્યો દેવો તરફથી થાય છે એવાં વર્ણન શાસ્ત્રોમાં છે. શ્રી મહાવીર ભગવાને કેવળજ્ઞાન ઊપજવા પહેલાં અમુક દિવસ તપશ્ચર્યા કરી છે, અમુક દિવસ આહાર લીધો છે, એવી ગણતરી શાસ્ત્રોમાં છે; એટલે આહાર લે છે એમાં શંકા જેવું નથી; અને નિહાર નથી થતો એ તેમનો જન્મથી જ અતિશય છે. કેવળજ્ઞાન થયા પછી ઔદારિક શરીર પરમ ઔદારિક બને છે અને આહારની જરૂર રહેતી નથી એમ એક પક્ષ માને છે, એટલે કેવળજ્ઞાન થયા પછી ઘણાં વર્ષ સુધી આહાર લીધા વગર શરીર ટકી શકે છે; કારણ કે અંતરાયકર્મનો ક્ષય થવાથી અનંત લાભ નામનો ગુણ પ્રગટ થાય છે એટલે શરીરને ટકાવવા પૂરતાં તત્ત્વો આપોઆપ શરીરમાં પ્રવેશતાં રહે છે અને જૂનાં તત્ત્વો દૂર થતાં રહે છે. આ બધી શ્રી તીર્થંકરની પુણ્યપ્રકૃતિની વાત થઈ, પરંતુ તેવા દેહને લઈને તે તીર્થંકર નથી; પરંતુ પરમાત્માપણું જેમને પ્રગટ થયું છે અને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય આદિ અનંત ગુણો પ્રગટ્યા છે અને જગતને કેવળજ્ઞાનથી જણાયેલ સત્યનો ઉપદેશ કરવાથી જગત-જીવોનું અજ્ઞાન તેમની કૃપાથી દૂર થાય છે, એ તેમનો મહદ્ ઉપકાર છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જે પરમાત્માએ પ્રગટ કર્યું છે એ જ આપણને ઉપાદેય છે એમ જેને વિશ્વાસ પ્રગટ્યો છે તે પરમપુરુષની આજ્ઞા આરાધી આ સંસારસમુદ્રને તરી જાય છે. માટે પ્રથમ તો પરમપુરુષના આત્માનો વિશ્વાસ કરવાનો છે, તેવો જ આપણો આત્મા થઈ શકે એમ છે અને એ જ ધ્યેય રાખી આપણે બનતો પુરુષાર્થ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬૬ અગાસ, તા. ૧૩-૭-૪૮

આપણે તો જગતને પૂંઠ દઈ પરમકૃપાળુદેવ પ્રત્યે સન્મુખતા વધે તે પ્રયત્ન આદરવાના છે. પરમકૃપાળુદેવનું માહાત્મ્ય પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી દ્વારા જેને જાણવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, તેણે તો પોતાનું હૃદય તે મહાપુરુષની આજ્ઞામાં સમર્પિત થાય તેમ વિશેષ વિશેષ કર્તવ્ય છેજી. પરકથા અને પરવૃત્તિથી પાછું વળવું ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬૭ અગાસ, તા. ૨૩-૭-૪૮
તત્ ૐ સત્ અષાડ વદ ૨, ૨૦૦૪

(૧) પ્રશ્ન — રાત્રિભોજન વિષે સૂક્ષ્મ ભેદો ?

ઉત્તર — ભોજન ઉપર, દેહ ઉપર, ભોગ ઉપર જેને ધર્મ કરતાં વધારે પ્રીતિ હોય, તે પશુની પેઠે રાત્રે અને દિવસે ખાધા કરે છે. રાત્રે જમવાનું કરે, રાત્રે ખાય અને વાસણ-કૂસણ રાત્રે સાફ કરે ત્યાં જીવદયા પાળવી મુશ્કેલ છે. રાત્રે પેટમાં ખોરાકનો ભાર હોવાથી ઊંઘ વધારે આવે કે વિષયભોગો પ્રત્યે વૃત્તિ વધારે જાય. ભક્તિ કરવાનું મન ન થાય; કરે તો ઊંઘ, આળસ કે ચંચળવૃત્તિથી ભક્તિમાં વિઘ્ન ઘણાં આવે. રાત્રે ભોજન નહીં કરવાનું જિંદગી સુધી વ્રત લે છે, તે દિવસે મૈથુનનો ત્યાગ કરે છે. એ રાત્રિભોજનનો ત્યાગ છઠ્ઠી પ્રતિમા પાળનાર રાત્રે દળેલા લોટની વસ્તુઓ કે રાત્રે રાંધેલા અનાજનો દિવસે પણ ઉપયોગ કરતા નથી. દિવસ આથમતાં પહેલાં બે ઘડી સુધીમાં ભોજન વગેરેથી પરવારી લે છે. સવારે બે ઘડી દિવસ ચઢતાં પહેલાં ચા, દૂધ આદિ ન લે કે દાતણ સુધ્ધાં પણ કરતા નથી. આમ નિવૃત્તિપરાયણ જીવો બીજા જીવોને દુઃખ ન થાય તેમ વર્તે છે અને પોતાના આત્માને શાંતિ દિવસે દિવસે વધારે મળે તે માટે રાત્રિનો વખત ભક્તિ, વાચન, વિચાર, મુખપાઠ કરવામાં કે મોઢે કરેલું બોલી જવામાં ગાળે છે.

(૨) પ્રશ્ન — સામાયિકના દોષો — સામાયિકમાં ઊંઘવું, આલંબનદોષ, નિદ્રાદોષ.

ઉત્તર — આલંબન એટલે ભીંત વગેરેને અઢેલીને બેસવું, તકિયે અડીને બેસવું. ટૂંકામાં ટટાર, જાગ્રતભાવમાં ન રહેવું તે આલંબનદોષ. નિદ્રાદોષ — સામાયિક સાંજે કે સવારે અથવા બપોરે કરે ત્યારે ઊંઘ આવી જાય તે પણ દોષ છે. ઊંઘમાં ચિત્ત ક્યાં ભટકે છે તેની ખબર રહેતી નથી. ઊંઘ એ મરણની માસી છે. મડદા જેવું માણસ થઈ જાય છે. તે ધર્મમૂર્તિ ન કહેવાય. સામાયિકનું વ્રત તો ધર્મમાં ભાવ જોડી રાખવા અર્થે છે તેથી સામાયિકમાં ઊંઘવું તે વ્રતમાં દોષ લાગ્યો ગણાય. મોક્ષમાળાના ૩૮ મા પાઠમાં એ દોષોના અર્થ પરમકૃપાળુદેવે લખ્યા છે.

(૩) પ્રશ્ન — સર્વ જીવની રક્ષા કરવી એમ કહ્યું છે ત્યાં ફૂલની પાંખડી પણ દુભાય તો દોષ છે, તો આપણે કેમ હાર ચઢાવાય છે ?

ઉત્તર — "પુષ્પપાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય." એ કડીમાં સર્વ-માન્ય ધર્મ જે દયા તેનું વર્ણન છે. પૂજા આદિ વિષે ત્યાં કંઈ હા કે ના કહેવાનો આશય નથી. જીવ જ્યાં દુભાય ત્યાં પાપ કહ્યું છે તે સાચું છે. જીવને દૂભવવા અર્થે કોઈ હાર ચઢાવતું નથી. હાર ચઢાવનારનો ઉદ્દેશ ભક્તિ કરવાનો છે. ભક્તિ કરનાર ત્યાગી હોય તે ફૂલથી પૂજા ન કરે; એટલે પુષ્પ કે લીલોતરી જે આહાર કે મોજશોખને અર્થે વાપરતા નથી તેને ફૂલથી પૂજા કરવાનું કહ્યું નથી. પણ જેને લીલોતરીનો ત્યાગ નથી, શાક વગેરેમાં ફુલેવર, કોબી વગેરે વાપરે છે, અંબોડામાં પુષ્પ પહેરે છે, ફૂલની પથારીમાં જે જીવો સૂએ છે, તેવા જીવોને પોતાના મોજશોખ ઓછા કરી ભગવાનને અર્થે ફૂલના જે હાર કરી ચઢાવે છે, તેને તે ફૂલના નિમિત્તે પરમકૃપાળુદેવ ભગવાન પ્રત્યે ઉલ્લાસભાવ થાય છે. તે ઘણું પુણ્ય બાંધવાનું કારણ થાય છે; અલ્પ પાપ અને ઘણા પુણ્યની તે પ્રવૃત્તિ છે, એટલે જ્ઞાનીઓએ તેને નિષેધી નથી, ના

પાડી નથી. પાપ માત્રનો ત્યાગ કરવાનો ભગવાનનો ઉપદેશ છે છતાં આપણે રાંધવું પડે છે, ખાંડવું પડે છે, દળવું પડે છે કે પાણી વાપરવું પડે છે તેમાં ઘણું પાપ તો થાય છે અને તે તો ધર્મનાં કામ નથી, દેહનાં કામ છે છતાં તે પાપ ઓછાં કરવાનું મન થતું નથી અને ભગવાનને ફૂલ કેમ ચઢાવે છે એવો વિચાર ઊગે છે, તે માત્ર કુલસંસ્કાર ઢૂંઢિયાનાં હોવાથી થાય છે. તેનો ખુલાસો ન થાય ત્યાં સુધી મનમાં ખટક્યા કરે, તેથી પૂછ્યું છે તે સારું કર્યું છે. સાધુને વાંદવા ઢૂંઢિયા જાય છે ત્યાં સુધી જવામાં ઘણાં જંતુઓ મરે છે કારણકે સાધુની પેઠે જીવ બચાવીને શ્રાવકો વર્તતા નથી; છતાં સાધુનાં દર્શનથી ઘણો પુણ્યલાભ થશે, મોક્ષમાર્ગ મળશે એવી આશાથી પાપનો ભય ત્યાગી વિશેષ લાભની પ્રવૃત્તિ સ્થાનકવાસી પણ કરે છે. સ્થાનક બંધાવવામાં કેટલી બધી હિંસા થાય? તોપણ સાધુઓ તેનો ઉપયોગ કરે તે પુણ્યકારણ છે એમ ગણીને મકાન બંધાવે છે, પણ પરિગ્રહનો ત્યાગ કર્યો હોય તે તેવું મકાન ન બંધાવે. તેમ લીલોતરીના ત્યાગી પુષ્પ આદિ સાવદ્ય હિંસા જેમાં થાય તેવી ચીજોથી પૂજા ન કરે. ઊનું પાણી વાપરે તે ભગવાનની પૂજા ઠંડે પાણીએ ન કરે. તેવી જ પદ્ધતિ પુષ્પપૂજાની છે. સાધુઓ કાચા પાણીને અડતા પણ નથી, પણ નદી ઊતરવાનો પ્રસંગ આવે ત્યારે પાપનું કારણ છે છતાં વિશેષ લાભને કારણે સાધુઓને નદી પગે ચાલીને ઓળંગવાની ભગવાને આજ્ઞા આપી છે. જેથી આપણા આત્માનું હિત વિશેષ થતું હોય ત્યાં અલ્પ દોષો થવાનો સંભવ હોય ત્યાં પણ કાળજીપૂર્વક દયાભાવ દિલમાં રાખી પ્રવર્તવાનું ભગવાને કહ્યું છે.

(૪) પ્રશ્ન — અધરણીનું ઘણા માણસો નથી ખાતા તેનું કારણ ધર્મની દૃષ્ટિએ શું?

ઉત્તર — એવા પ્રસંગોમાં ભાગ લેવો તે સાંસારિક ભાવોને પોષવા જેવું છે. ત્યાં વાતો, ખોરાક, ગીતો કે પ્રવૃત્તિ થાય તે પાંચ ઇંદ્રિયોને પોષણ સંબંધી હોય. વૈરાગ્યનું કારણ કંઈ ન હોય. અને વૈરાગ્ય હોય તે પણ લૂંટાઈ જવાનો ત્યાં સંભવ છે. જેમ ધનની ઇચ્છા સંસારી જીવોને હોય છે, તેમ પુત્રાદિની ઇચ્છા પણ ઘણાંને હોય છે. ધર્મ કરવાની ઇચ્છાવાળા જીવોને તેવી ઇચ્છાઓ, મોક્ષમાર્ગને ભુલાવી દે તેવી હોય છે. માટે તેવા પ્રસંગોથી દૂર રહેવું અને વૈરાગ્ય વધે તેવો સત્સંગ, સદ્ગ્રંથનું વાચન કે વાંચેલાનો વિચાર કરી આત્મા મોક્ષ પ્રત્યે રુચિવાળો થાય તેમ કર્તવ્ય છે.

(૫) પ્રશ્ન — સમ્યક્દૃષ્ટિ, સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર એટલે શું?

ઉત્તર — જેનું કલ્યાણ થવાનું નજીકમાં હોય તેવા જીવોને આવો પ્રશ્ન જાગે છે. સમ્યક્દર્શન બે પ્રકારે છે — વ્યવહારથી અને નિશ્ચયથી. વ્યવહાર એ નિશ્ચય સમ્યક્દર્શનનું કારણ છે. વ્યવહાર સમ્યક્દર્શન :— સતદેવ, સતધર્મ અને સદ્ગુરુની સાચા ભાવે શ્રદ્ધા થવી તે છે. મોક્ષમાળામાં ચાર પાઠ ૮–૯–૧૦–૧૧ છે તેમાં ત્રણે તત્ત્વની સમજૂતી છે, તે વાંચી લેવા ભલામણ છેજી. તેમાં પણ જો કુગુરુને સદ્ગુરુ માને તો તે બતાવે તે દેવ પણ કુદેવ હોય અને ધર્મ બતાવે તે કુધર્મ હોય; એટલે તે મોક્ષમાર્ગથી વિરુદ્ધ હોય છે. માટે પ્રથમ શું કરવું? તે વિષે પરમકૃપાળુદેવ લખે છે કે "બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા, પછી જો મોક્ષ ન મળે તો મારી

પાસેથી લેજે." (૭૬) માટે સદ્‌ગુરુ દ્વારા સતદેવ એટલે સંપૂર્ણતા પામેલી વ્યક્તિ તથા સતધર્મ એટલે તે પૂર્ણ પુરુષોનો કહેલો મોક્ષમાર્ગ સમજવો ઘટે છે.

આ ત્રણ કારણો(સતદેવ, સતધર્મ અને સદ્‌ગુરુ)ની ઉપાસનાથી પોતાના આત્માની યથાર્થ શ્રદ્ધા કરવી તે નિશ્ચય સમ્યક્‌દર્શન છે. તે થવા માટે નીચેની સાત કર્મપ્રકૃતિઓનો અભાવ થવો ઘટે છે — ૧. મિથ્યાત્વ એટલે દેહને આત્મા મનાવનારું કર્મ; નાશવંત ચીજોને હમેશાં રહેનારી મનાવનાર તથા મળમૂત્રથી ભરેલા ગંદા દેહાદિ પદાર્થોને સુંદર મનાવનાર કર્મ; પોતાનું નહીં તેને પોતાનું મનાવનાર કુબુદ્ધિ. ૨. જે ધર્મ જીવને કલ્યાણકારી હોય તે સુધર્મ, સુદેવ કે સુગુરુ પ્રત્યે ક્રોધ કરાવે તેવું કર્મ. ૩. માન કરાવે તેવું કર્મ. ૪. માયા કરાવે તેવું કર્મ. ૫. સાંસારિક લાભની તેવો ધર્મ કરીને આશા રખાવે તેવું કર્મ. એ પાંચે વિઘ્નો દૂર થયે આત્મા આત્મારૂપે મનાય છે તેને સમ્યક્‌દર્શન નામનો આત્માનો એક ગુણ કહ્યો છે. ઉપર જણાવેલાં ત્રણ તત્ત્વો (સતદેવ, સતગુરુ, સતધર્મ) યથાર્થ સમજાય અને આત્મા તથા મોક્ષમાર્ગમાં ઉપયોગી સાત તત્ત્વો — જીવ, અજીવ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા ને મોક્ષ — એ સાત તત્ત્વોનું યથાર્થ જ્ઞાન થાય તે વ્યવહાર સમ્યક્‌જ્ઞાન છે, તથા તે જ્ઞાન ઉપર જણાવેલા સમ્યક્‌દર્શન સહિત હોય તો સમ્યક્‌જ્ઞાન નિશ્ચયથી ગણાય છે, એટલે આત્માને યથાર્થરૂપે જાણવો તે નિશ્ચયથી સમ્યક્‌જ્ઞાન છે, પુસ્તકોનું જ્ઞાન તે વ્યવહારજ્ઞાન છે. સાધુપણાના સદાચારો તે વ્યવહારથી સમ્યક્‌ચારિત્ર એટલે સદાચાર છે, અને સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાનથી યથાર્થ જાણેલા અને માનેલા આત્મામાં સ્થિરતા થવી તેને સમ્યક્‌ચારિત્ર કહે છે. સમ્યક્‌દર્શન જેને હોય તેને સમ્યક્‌દૃષ્ટિપુરુષ કહેવાય છે. મોક્ષમાળામાં તત્ત્વાવબોધ પાઠ ૮૨ થી ૯૮ વાંચવાથી ઉપર લખેલું સમજાશેજી.

(૬) પ્રશ્ન — યત્ના એટલે શું?

ઉત્તર — મોક્ષમાળામાં ૨૭મો પાઠ યત્ના વિષે છે, તેમાં વિસ્તારપૂર્વક જણાવેલું છે. ટૂંકામાં ધર્મ અને વ્યવહારની ક્રિયાઓ કરતાં પાપ ન થાય તેવી કાળજી રાખીને પ્રવર્તવું તે યત્ના કહેવાય છે. ચાલતાં જોઈને પગ મૂકવો, જરૂર વિના નકામું ફરફર ન કરવું. જીવોની હિંસા ન થાય એવી ભગવાનની આજ્ઞા છે તે પ્રમાણે લક્ષ રાખી ચાલવું તે ઈર્યાસમિતિ[1] કહેવાય છે. તે જ પ્રકારે ભગવાને કહ્યું છે તે લક્ષ રાખી પાપકારી વચનો ન બોલાય તેમ વર્તવું તે ભાષાસમિતિ[2] છે. ભોજનમાં પણ પાપપ્રવૃત્તિ ટાળી ભગવાનની આજ્ઞામાં પ્રવર્તવું તેને એષણાસમિતિ[3] કહે છે. વસ્તુ લેતાં-મૂકતાં પણ આજ્ઞા પ્રમાણે વર્તવું તેને આદાનનિક્ષેપસમિતિ[4] કહે છે. અને મળમૂત્રનો ત્યાગ કરતાં પણ જીવહિંસા ન થાય તેવો લક્ષ રાખવા ભગવાને જણાવ્યું છે, તેમ પ્રવર્તવું તે પારિઠાવણિયાસમિતિ[5] (પ્રતિષ્ઠાપના) કહેવાય છે. એ પાંચ પ્રકારની પ્રવૃત્તિમાં બધાં કામ લગભગ આવી જાય છે. એ બધી ક્રિયા કરતાં જીવહિંસા ન થાય તેવો ઉપદેશ ભગવાને આપેલો છે તે લક્ષમાં રાખીને વર્તવું તેને યત્ના કહે છે.

દૃષ્ટાંત તરીકે ચૂલામાં લાકડાં મૂકતાં પહેલાં ખંખેરીને મૂકીએ તો કીડી, ઉધેઈ આદિ જીવો બળી ન જાય; પાણી ગાળવાનું કપડું કાણું કે બહુ પહોળાં છિદ્રોવાળું ન હોય તો તેની પાર થઈને પોરા વગેરે માટલામાં ન જાય. એકવડું ગરણું હોય તેને બદલે મોટું રાખ્યું

હોય તો એવડું કરી ગાળવાથી પાણીની શુદ્ધિ રહે અને જંતુઓ પાર ન જાય; તેથી વાળા વગેરે રોગો પણ ન થાય અને જીવહિંસાનું પાપ ન લાગે. અનાજમાં રહેલા સૂક્ષ્મ જીવજંતુ-ઓની અપૂર્ણ તપાસ, એંઠા વાસણ રાત્રે રહેવા દીધાં હોય, ઓરડા વગેરે સ્વચ્છ ન રાખ્યા હોય, આંગણામાં પાણી ઢોળવું, પાટલા વગર ધગધગતી થાળી નીચે મૂકવી, ઇત્યાદિ ક્રિયાઓ અયત્નાથી થાય છે; અને કાળજી રાખી હોય તો સ્વચ્છતા, આરોગ્યતા આદિ સુંદર ફળ પ્રાપ્ત થાય અને ધર્મનું આરાધન પણ થાય.

(૭) પ્રશ્ન — ધ્યાનમાં બેસીએ ત્યારે શી પ્રવૃત્તિ કરવી?

ઉત્તર — મોક્ષમાળામાં ધર્મધ્યાન વિષે ત્રણ પાઠ ૭૪-૭૫-૭૬ આપ્યા છે તે વાંચશો. તેથી ધર્મધ્યાન વખતે કેવા વિચાર કરવા તે સમજાશે. હાથ-પગ જોડી બેસી રહેવું તે ધ્યાન નથી. ચિત્તની વૃત્તિ સારા વાચનમાં, મુખપાઠ કરવામાં, મુખપાઠ કરેલું બોલી જવામાં કે વિચાર કરવામાં રોકવી તે ધર્મધ્યાન છે. આ પ્રકારે સ્વાધ્યાય-ધ્યાન એ મહાન તપ છે. આત્મા સંબંધી જ્ઞાનીપુરુષે છપદના પત્રમાં, આત્મસિદ્ધિમાં કહેલ છે તેનો વિચાર કરી "શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ; બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ" એવી કડીઓમાં મનને રોકવું, મંત્રમાં ચિત્તને રોકવું તે પણ ધ્યાન છે. પરમકૃપાળુદેવના ચિત્ર-પટ આગળ બેસી તેમના ઉત્તમ ગુણો, પરોપકાર, આત્મલીનતા, અસંગતા, પરમાર્થચિંતન વગેરે 'જીવનકળા'માંથી જે વાંચ્યું હોય તેના વિચાર વડે પરમકૃપાળુદેવમાં લીનતા કરવી તે પણ ધ્યાન છે.

(૮) પ્રશ્ન — પરિગ્રહનો ત્યાગ એટલે શું?

ઉત્તર — ખેતર, ઘર, દાસ, દાસી, સોનું, રૂપું, ધન, ધાન્ય, કપડાં, વાસણ વગેરેનો સંગ્રહ મમતાપૂર્વક કરવો તે પરિગ્રહનું ગ્રહણ કરવું કહેલું છે. એ દશ પ્રકારનો બાહ્ય પરિ-ગ્રહ કહ્યો છે. અંતરંગ ચૌદ પ્રકારે પરિગ્રહ છે. ૧. મિથ્યાત્વ એટલે ઊંધી સમજણ, ૨. ક્રોધ, ૩. માન, ૪. માયા, ૫. લોભ, ૬. હાસ્ય, ૭. રતિ, ૮. અરતિ, ૯. ભય, ૧૦. શોક, ૧૧. દુગંછા, ૧૨. પુરુષને સ્ત્રીભોગની ઇચ્છા, ૧૩. સ્ત્રીને પુરુષભોગની ઇચ્છા, ૧૪. સ્ત્રીપુરુષ બન્ને પ્રત્યે વિકાર રહ્યા કરે તે નપુંસક ભાવ છે. ઉપર જણાવેલા ૧૦ બાહ્ય ભેદો અને ૧૪ અંતર ભેદોમાંથી જેટલાનો ત્યાગ થાય તેને પરિગ્રહ-ત્યાગ કહે છે. ટૂંકામાં મારાપણું કે મમતા ઓછી કરી સમતાભાવમાં રહેવું તે પરિગ્રહત્યાગનો મર્મ છે.

તમારો પત્ર મળ્યો. તમારા ભાવ સારા ભક્તિમય રહ્યા કરે છે; તેવા ભાવ પરમકૃપાળુ-દેવ પ્રત્યે રોજ રહ્યા કરે તો કલ્યાણ થવામાં વાર ન લાગે. પરમકૃપાળુદેવ દરેક કામ કરતાં યાદ આવે, ક્ષણ પણ ભુલાય નહીં એમ કરવા વિનંતી છેજી. પરમ ઉપકાર પરમકૃપાળુદેવનો છે. તેમણે આત્મા પ્રગટ કર્યો, આત્માનો ઉપદેશ આપ્યો, મ્યાનથી તરવાર ભિન્ન છે તેમ દેહથી ભિન્ન આત્મા જણાવ્યો અને બીજા ખોટા માર્ગોથી આપણને છોડાવી સાચા આત્માના માર્ગે વાળ્યા, મોક્ષનો માર્ગ બતાવ્યો; માટે એમના જેવો કોઈએ આપણા ઉપર ઉપકાર કર્યો નથી. માટે પરમકૃપાળુદેવજી આપણા ગુરુ છે, તે જ આપણે પૂજવા યોગ્ય છે, તેમના પર જ પરમ પરમ પ્રેમ કરવા યોગ્ય છે. તે જ આપણા બંધવ, રક્ષક, તારનાર, ધણી અને

પરમેશ્વર છે. એ પરમકૃપાનાથની અમને તમને પરમભક્તિ પ્રગટે તો આપણાં મહાભાગ્ય ગણાય. એ જ શિખામણ લક્ષમાં લેવા વિનંતી છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ કરો કૃપાળુ શાંતિઃ ગુરુ રાજચંદ્ર જિન વચન હરો મમ ભ્રાંતિ.

*

કોઈને દુઃખી કરવાની બુદ્ધિ નથી. સૌનું કલ્યાણ થાઓ અને વહેલા મોક્ષે જાઓ, એવી અંતરની ભાવના છે. માટે એકનિષ્ઠાથી પરમકૃપાળુદેવની ભક્તિમાં લીન રહો; એમાં જ કલ્યાણ છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

*

સંતાડવું પડે, છુપાવવું પડે તેવા કાર્યની ઇચ્છા પણ માંડી વાળવી.

---

૭૬૮ અગાસ, તા. ૨૪-૭-૪૮

દોહરા — "દુર્લભ માનવભવ મહા, ફરી મળવો મુશ્કેલ;
કર્મ તણાં ફળ આકરાં, નહીં સૂઝે ઉકેલ."
"મોહી બાંધત કર્મકો, નિર્મોહી છૂટ જાય;
યાતેં ગાઢ પ્રયત્નસેં, નિર્મમતા ઉપજાય."
"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ-પાર."

આપે અઢાર પાપસ્થાનક વિષે કેમ વિચાર કરવા એમ પુછાવ્યું તે વિષે ટૂંકામાં જણાવવાનું કે નિરાંતનો વખત એને માટે દિવસે કે રાત્રે થોડો રાખવો અને સવારથી સાંજ સુધી કે સાંજથી સવાર સુધી જે જે પ્રવૃત્તિ થઈ હોય તે ઉપર દૃષ્ટિ ફેરવી જવી. જેમ કે :

પહેલે પ્રાણાતિપાત – આજે કોઈ જીવના પ્રાણ છૂટે તેવી પ્રવૃત્તિ મન, વચન, કાયાથી કરવા-કરાવવા કે અનુમોદવા વડે મારાથી થઈ છે? એમ મનને પૂછવું. તે અર્થે ૮૪ લાખ જીવાજોનિનો પાઠ છે તેનો ક્રમ લેવો કે સાત લાખ પૃથ્વીકાય જીવોની યોનિ કહી છે તેમાંથી કોઈ પૃથ્વીકાય જીવ હણ્યો છે, હણાવ્યો છે કે હણતાં અનુમોદ્યો છે? એટલે માટી વગેરેનું કામ આજે કંઈ પડ્યું છે? મીઠું, રંગ, પથ્થર આદિ સચિત્ત જીવો પ્રત્યે નિર્દયપણે વગર પ્રયોજને પ્રવર્તવું પડ્યું છે? અથવા પ્રવર્તવું પડતું હોય તેમાંથી ઘટાડી શકાય તેવું હતું? એવી રીતે અપ્કાય એટલે સચિત્ત પાણી વગર પ્રયોજને ઢોળ્યું છે? પાણી વાપરતાં આ કાચું પાણી જીવરૂપ છે એમ સ્મૃતિ રહે છે? તેની પ્રવૃત્તિ ઓછી થાય તેમ છે? તેઉકાય એટલે અગ્નિનું પ્રયોજન વિના લગાડવું કે ઓલવવું થયું છે? તેવી રીતે વાયુકાયના જીવોની ઘાત થાય તેવી પ્રવૃત્તિ આજે થઈ છે? પ્રત્યેક વનસ્પતિ, સાધારણ વનસ્પતિ, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય આદિ મનુષ્ય સુધીમાં કોઈ પ્રત્યે ક્રૂરતાથી વર્તાયું છે? તેમ ન કર્યું હોત તો ચાલત કે કેમ? પાપ થયું હોય તો પશ્ચાત્તાપ કરવાથી આવતી કાલે તે બાબતની કાળજી રાખી વર્તવાનો ઉપયોગ રહે.

બીજું મૃષાવાદ – જેની જેની સાથે દિવસે કે રાત્રે બોલવું થયું હોય તેમાં જૂઠું, મશ્કરીમાં વા છેતરવા બોલાયું છે? પરમાર્થસત્ય શું? તે સમજી મારે બોલવાની ભાવના છે તે કેમ પાર પડે? કેવી સંભાળ લેવી ઘટે? વગેરે વિચારો બીજા પાપસ્થાનક વિષે કરવા.

ત્રીજું – ચોરી કહેવાય તેવું પ્રવર્તન મેં કર્યું છે? કરાવ્યું છે? અનુમોદ્યું છે? તેવું બન્યું હોય તો તે વિના ચાલત કે નહીં? હવે કેમ કરવું? વગેરે વિચાર કરવા.

ચોથું મૈથુન – મનવચનકાયાથી વ્રત પાળવામાં શું નડે છે? દિવસે કે રાત્રે વૃત્તિ કેવા ભાવમાં ઢળી જાય છે? તેમાં મીઠાશ મન માને તેને કેમ ફેરવવું? વૈરાગ્ય અને સંયમ વિષે વૃત્તિ રોકાય તેવું કંઈ આજે વાંચ્યું છે? વિષયની તુચ્છતા લાગે તેવા વિચાર આજે કર્યા છે? નવ વાડથી વ્રતની રક્ષા કરવા પરમકૃપાળુદેવે કહ્યું છે, તેમાં કંઈ દોષ થયા છે? તેવા દોષો દૂર થઈ શકે તેમ હોવા છતાં પ્રમાદ કે મોહવશે આત્મહિતમાં બેદરકારી રહે છે? વગેરે વિચારોથી આત્મનિરીક્ષણ કરવું.

પાંચમું પરિગ્રહ – લોભને વશ થઈ જીવને આજે ક્લેશિત કર્યો છે? પાંચ ઇન્દ્રિયોમાંથી વધારે મૂર્છા કયા વિષયમાં છે? અને તેને પોષવા શું શું નવું સંગ્રહ કર્યું? મમતા ધન, ઘર, કુટુંબ આદિ ઉપરની ઓછી થાય છે કે વધે છે? પરિગ્રહ ઘટાડવાથી સંતોષ થાય તેમ છે? મન મોજશોખથી પાછું હઠે છે? બિનજરૂરિયાતની વિલાસની વસ્તુઓ વધે છે કે ઘટે છે?

છઠ્ઠે ક્રોધ – કોઈની સાથે અયોગ્ય રીતે ક્રોધ થયો છે? કોઈના કહેવાથી ખોટું લાગ્યું છે? કોઈ ઉપર રિસાવાનું બન્યું છે? વેરવિરોધ વગેરેના વિચાર ટૂંકામાં જોઈ જવા.

સાતમે માન – પોતાની પ્રશંસા થાય તેવું બોલવું, ઇચ્છવું બન્યું છે? બીજાને અપમાન દીધું છે? વિનયમાં કંઈ ખામી આવી છે? વગેરે વ્યવહાર અને પરમાર્થે લક્ષ રાખી વિચારવું.

આઠમે માયા – કોઈને છેતરવા માટે વર્તવું પડ્યું છે? ઉપરથી રાજી રાખી સ્વાર્થ સાધવાનું કંઈ પ્રવર્તન થયું છે? કોઈને ભોળવી લોભ આદિ વધાર્યો છે?

નવમે લોભ – પરિગ્રહમાં પ્રાપ્ત વસ્તુમાં મમતા છે ને લોભમાં નવી ઇચ્છાઓ વસ્તુ મેળવવાની કરી હોય તે તપાસી જવી.

દશમે રાગ – જેના જેના પ્રત્યે રાગ છે, તેમાં વૃદ્ધિ થાય છે? ઓછું થઈ શકે તેમ છે? પોતાને ગમતી ચીજો મળે ત્યારે પરમાર્થ ચૂકી જવાય છે? રાગ ઓછો કરવો છે એવો લક્ષ રહે છે? વગેરે વિચારવું.

અગિયારમે – દ્વેષ પણ તેમ જ.

બારમે – કલહ થાય તેવું કંઈ બન્યું છે?

તેરમે અભ્યાખ્યાન – કોઈને આળ ચઢાવવા જેવું વર્તન આજે થયું છે?

ચૌદમે પૈશુન્ય – કોઈની નિંદા તેની ગેરહાજરીમાં થઈ છે?

પંદરમે – રતિ-અરતિ ભાવો દિવસમાં કેવા ક્યાં ક્યાં થાય છે?

સોળમે પરપરિવાદ – બીજાનું હલકું બોલવું કે નિંદા થઈ છે?

સત્તરમે માયામૃષાવાદ – માયાથી જૂઠું બોલવું થયું છે?

અઢારમે મિથ્યાત્વશલ્ય – આત્માને વિપરીતપણે માની લેવા જેવું કે કુસંગથી મારી ધર્મશ્રદ્ધા ઘટે તેવું આજે કંઈ બન્યું છે? અન્યધર્મીના યોગે થયેલી વાત વિચારી જવી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૭૬૯ અગાસ, તા. ૨૫-૭-૪૮

"વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં, બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે, આયુષ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ૦"

આપ વેદનાથી કંટાળી ગયેલા જણાઓ છો અને વેદનાને અંતરાયકર્મ જેવું ગણો છો પણ તેમ યોગ્ય નથી. વેદનીય કર્મને બળ આપનાર મોહનીય કર્મ છે એટલે દેહાધ્યાસને લીધે વેદનીય કર્મ જેમ છે તેમ સમજાતું નથી. સમજણની ખામી છે ત્યાં સુધી એકને બદલે બીજું સમજાય છે. વેદનીય કર્મને દેહની સાથે સંબંધ છે અને મોહનીય કર્મ, દેહ પોતાનો નથી તેને પોતાનો મનાવે છે, તેથી દેહ પોતાનો મનાયો ત્યાં દેહમાં જે થાય તે પોતાને થાય છે એમ મનાય છે. આત્મા અને દેહ બન્ને પદાર્થ ભિન્ન છે એવી દ્રવ્યદૃષ્ટિ થયે દેહના ફેરફારો કે અવસ્થાઓ પોતાનાં મનાતાં નથી. પોતાનો સ્વભાવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર છે તેને બાધા કરનાર કારણો દુઃખરૂપ લાગે છે; પણ શરીરને બાધા કરનાર રોગાદિક આત્માને બાધા કરતા નથી, એમ જાણી મહામુનિઓ તેમાં ઉપેક્ષા કરે છે એટલે તેમાં તણાતાં નથી. ધર્મસાધનમાં શરીર પણ એક સાધન છે, એમ જાણી તેની સારવાર કરવા, દવા કરવા જરૂર પડચે પ્રયત્ન કરે, તોપણ લક્ષ બીજો છે. શરીર પ્રત્યે મમતા નથી, પરંતુ પરમાર્થનું સાધન જાણી તેમ કરે છે. જ્ઞાનીપુરુષોએ વેદનાને અઘાતીકર્મ કહ્યું છે એટલે આત્મગુણનો તે ઘાત કરી શકતી નથી. કેવળજ્ઞાન થયા પછી પણ વેદનાનો ઉદય સંભવે છે. વેદનાની હાજરી આત્મગુણોને કાંઈ બાધા કરતી નથી; પરંતુ કેટલો દેહાધ્યાસ છે તે વેદનાના અવસરે જણાય છે અને એવો દોષ જાણ્યા પછી મુમુક્ષુજીવ દેહાધ્યાસ ઓછો કરવાનો પ્રયત્ન કરે છે, કારણ કે –

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ."

---

૭૭૦ અગાસ, તા. ૨૭-૮-૪૮

તત્ ૐ સત્ શ્રાવણ વદિ ૮, ૨૦૦૪

આ મનુષ્યભવ બહુ દુર્લભ છે. આયુષ્ય અલ્પ અને જીવને વિઘ્નો કલ્યાણનાં કારણોમાં ઘણાં આવવા સંભવ છે માટે પ્રમાદ કર્તવ્ય નથી. ધર્મ ધર્મ જગતમાં સૌ કહે છે પણ ધર્મનો મર્મ જાણનાર જગતમાં દુર્લભ છે. માટે જીવનું હિત કરવાની જેની ભાવના છે તેણે બને તેટલો સત્સંગ કરી ધર્મનું સ્વરૂપ સાંભળવું, વિચારવું, પૂછવું અને તેને માટે ખોટી થઈ નિર્ણય આ ભવમાં કરી લેવો ઘટે છે.

લોકો આપણને ધર્માત્મા કહે તેથી કલ્યાણ થવાનું નથી, પણ આપણા આત્માને સાચું શરણ મળ્યે, સત્સાધન મળ્યે અંતરથી શાંતિ પ્રગટે તો જ કલ્યાણ છે. માટે જગતની ચિંતા તજી, આત્માની કાળજી પોતાની શક્તિ પ્રમાણે અહોરાત્ર કર્તવ્ય છેજી. આવો કલ્યાણ કરવાનો લાગ ફરી ફરી મળવો મુશ્કેલ છે એમ વિચારી, બીજી અડચણો દૂર કરી આત્મહિત સાધવા તત્પર થવું ઘટે છે. દેહની વ્યાધિના નિરંતર વિચાર કર્તવ્ય નથી, તેથી તો આર્ત્તધ્યાન થાય; પણ જ્ઞાનીપુરુષનાં વચનોમાં મન રોકશો તો ધર્મધ્યાન થશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૭૧ અગાસ, તા. ૨૭-૮-૪૮

પર્યુષણ પર્વ નિર્વૈર થવાને અર્થે છે. મુમુક્ષુઓમાં એકબીજા પ્રત્યે ઊંચું મન રહેતું હોય તેમણે સાચા ભાવથી સામાના દોષોને ભૂલી જઈ પોતાના દોષોની ક્ષમા, જેના પ્રત્યે દોષ થયો હોય તેની યાચવી, ફરી તેવા પ્રસંગ ન આવે તેવી સાવચેતી રાખવી. આમ કરે તો નવા દોષો થવાનો પ્રસંગ ઓછો થાય, માન ઘટે અને થયેલું વૈર પણ મટે; એવો લાભ આપનારું આ પર્વ છે. માટે હૃદયની શુદ્ધિ અર્થે, પરમકૃપાળુદેવ પ્રત્યે ભાવ વધવાને અર્થે અને માર્ગની પ્રભાવના થાય એવા લક્ષથી શ્રાવણ વદિ ૧૨ થી ભાદરવા સુદિ ૫ સુધી આઠ દિવસ ભક્તિભાવ, તપશ્ચર્યા, વ્રત, નિયમ આદિ શુભ ક્રિયાઓથી ઉલ્લાસભાવ વધે તેમ કર્તવ્ય છેજી. જેમનાથી બને તેમણે આશ્રમના વાતાવરણનો આવે પ્રસંગે લાભ લેવો ઘટે છે, તેમ ન બને તો સરખે-સરખા મુમુક્ષુઓ મળી છૂટવાની ભાવનાથી ઉપર જણાવ્યા પ્રમાણે વર્તવા યોગ્ય છે. લીલોતરીનો ત્યાગ, રાત્રિભોજનનો ત્યાગ, બ્રહ્મચર્ય આદિ સદાચાર સેવવાયોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૭૨ અગાસ, તા. ૪-૯-૪૮

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧, ૨૦૦૪

આપનો પત્ર મળ્યો. પરમકૃપાળુદેવનાં વચનો જે વાંચ્યાં હોય તેનો વારંવાર વિચાર કરવાથી વેદનાના વખતમાં ઘણી ધીરજ રહેવા સંભવ છેજી. પરભવમાં જીવે જેવું વાવ્યું છે, આંટા માર્યા છે તેવા આંટા આ ભવમાં ઊકલતા જણાય છે. પરમકૃપાળુદેવની શ્રદ્ધાસહિત તેના ચરણમાં ચિત્ત રાખી વેદના ખમી ખૂંદવાનું જેટલું બનશે તેટલી સમાધિમરણની તૈયારી કરીએ છીએ એ ભાવના દૃઢ કરવા યોગ્ય છેજી.

"પરપ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાય દિયે."

ચિત્તને જ્ઞાનીપુરુષનાં વચનમાં રોકવું; તે જ પ્રિય લાગે, સંસાર શરીર અને ભોગ પ્રત્યે ઉદાસીનતા રહે, શાતાનું માહાત્મ્ય મનમાં રહ્યા ન કરે, જે થાય તે ભલું માનવામાં આવે એવા અભ્યાસમાં મનને રાખવાથી ક્લેશ નહીં જન્મે; આનંદ રહેશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૭૩ અગાસ, તા. ૭-૯-૪૮

સુણવા યોગ્ય સુસંતની, વાણી ધરી નહિ કાન,
સ્મરવા યોગ્ય સુમંત્રનું, રહ્યું નહીં જો ભાન,
કરવા યોગ્ય સુકાર્યમાં, નહીં પાથર્યા પ્રાણ,
સુંદર ધર્યો નરદેહ તો, શું સાધ્યું કલ્યાણ?
સંતશિરોમણિ સદ્ગુરુ, કૃપાળુ દીનદયાળ,
વંદું વળી વળી ભાવથી, કરી અંજલિ નિજ ભાલ.

પૂ.......ની માંદગી લાંબી ચાલવાથી કંટાળા જેવું લાગે, પણ પોતાનાં જ કર્મો પોતે ભોગવ્યા વિના છૂટકો નથી એમ વિચારી બને તેટલી સહનશીલતા વધારતા રહેવાની ભલામણ છેજી. આથી અધિક વેદના આવે તોપણ સહન કર્યા વગર છૂટકો નથી. મરણની વેદના આથી

અનંતગણી છે એમ જ્ઞાનીપુરુષો કહે છે. તેને પહોંચી વળવા આજથી તૈયારી કરે તેને આખરે ગભરામણ ન થાય. ક્ષમા, ધીરજ, શાંતિ, સહનશીલતા એ ગુણો જેમ જેમ વર્ધમાન થશે તેમ તેમ સમાધિમરણની તૈયારી થશે. માટે માંદગી આવી પડે ત્યારે તો સમાધિમરણની તૈયારી જરૂર કરવી છે એવો નિશ્ચય કરવા યોગ્ય છે. મુનિવરો ઉદીરણા કરીને એટલે જાણીજોઈને દુઃખ ઉત્પન્ન કરીને આત્મભાવના કરે છે. તે એવા આશયથી કે દુઃખના વખતમાં કે મરણ સમયે આત્મભાવના ખસી ન જાય. જેને વેદની આવી પડી છે તેણે યથાશક્તિ સહનશીલતા, ધીરજ આદિ ગુણ ધારણ કરી દેહથી પોતાનું ભિન્ન સ્વરૂપ વિચારી અસંગભાવના ભાવતાં ઘણી નિર્જરા થાય છે. સ્મરણમંત્રનો અભ્યાસ પાડી મૂકવા જેવું છે. તેથી દેહ છૂટતી વખતે પણ પરમકૃપાળુદેવ અને તેમણે આપેલા મંત્રમાં જ વૃત્તિ રહે તે સમાધિમરણ કરે છે. જીવ ધારે તે કરી શકે એમ છે. મનુષ્યભવ છે ત્યાં સુધી જ્ઞાનીપુરુષની શિખામણ લક્ષમાં રાખી શકાય છે. ભવ બદલી ગયા પછી બધું ભૂલી જવાય છે. માટે કોઈ પણ પદાર્થમાં મોહ નહીં રાખતાં, નિર્મોહી દશા, સમભાવના, આત્મભાવનામાં વિશેષ વિશેષ ઉપયોગ રહે તેમ પોતે કરવું. પોતાથી ન વંચાય તો બીજા પાસે તેવું વાંચન કરાવવું અને સાંભળવું. બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી. માટે ભવિષ્યની ચિંતા નહીં કરતાં તથા મરણનો ડર નહીં રાખતાં મનુષ્યભવની જે ક્ષણો આપણને મહાપુણ્યથી મળી છે તે દરેકનો સદુપયોગ થાય, જ્ઞાનીપુરુષના આશ્રયે ગળાય તે પ્રકારે સાવધાનીથી વર્તવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષને આશ્રયે આયુષ્ય હોય ત્યાં સુધી જીવવું છે અને અંતકાળે પણ તેમનું શરણ ચુકાય નહીં તેવા પુરુષાર્થમાં રહેવું છે, એ નિશ્ચય કર્તવ્ય છે. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી," (૪૬૦) એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે તેવો લક્ષ રહ્યા કરે તેમ કરશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૭૪ અગાસ, ભાદરવા સુદ ૧૦, ૨૦૦૪

નિત્ય નવીન ઉત્સાહથી, ધરજે પ્રભુનું ધ્યાન;
સ્મરણ કરજે પ્રીતથી, તજી દેહ-અભિમાન.

આપે પત્રમાં જે જે ભાવો દર્શાવ્યા છે તે વારંવાર વિચારી વૈરાગ્યની વૃદ્ધિ કર્તવ્ય છેજી. ખેતરમાં ખાતરની પેઠે વૈરાગ્યનું બળ જીવમાં હશે તેટલી જીવ પરમકૃપાળુદેવની આજ્ઞા આરાધી શકશે. બીજું પૂનામાં પરમકૃપાળુ પ્રભુશ્રીજીએ સર્વ મુમુક્ષુઓને પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ હાથ મુકાવી કહેવરાવેલું કે 'સંતના કહેવાથી મારે પરમકૃપાળુદેવની આજ્ઞા માન્ય છે.' તે વારંવાર તમે ત્યાં એકઠા થતા હો ત્યારે વિચારશોજી. અને પરમકૃપાળુદેવની આજ્ઞારૂપે વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ, આત્મસિદ્ધિશાસ્ત્ર, છપદનો પત્ર, મહામંત્ર વગેરેની પ્રાપ્તિ થઈ છે તે અહોભાગ્ય છે. તેમાં જેટલો પ્રેમ રાખીશ તેટલું મારું કલ્યાણ થશે. પરમકૃપાળુદેવ જેવો મારા ઉપર ઉપકાર કરનાર આ ભવમાં કોઈ નથી એવો લક્ષ રહેશે તો તે મહાપુરુષોના ઉત્તમ ઉત્તમ ગુણો તેમના પત્રો વગેરેથી વાંચતાં તે પરમપુરુષની દશા વિશેષ વિશેષ સમજાશે અને તે સત્પુરુષનું ઓળખાણ થયે અનંતાનુબંધી આદિ કર્મો દૂર થઈ સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા યોગ્ય છેજી. આવો મહદ્ લાભ આ કાળમાં આ ભવમાં

આપણને પ્રાપ્ત થવા યોગ્ય છે એમ જાણી સંસારના સર્વ પદાર્થો કરતાં પરમકૃપાળુદેવ, તેમનાં વચનો અને તે દ્વારા સમજી શકાય તેવી તેની આત્મદશા પ્રત્યે સર્વોત્તમ પ્રેમ પ્રગટે તેમ કર્તવ્ય છેજી. આ બધા માટે વૈરાગ્યની જરૂર છેજી. જગતના પદાર્થોમાં પ્રેમ છે તે ઉઠાવી પરમકૃપાળુદેવ પ્રત્યે ઢોળ્યા વિના આ સંસારસાગર તરી શકાય તેમ નથીજી.

"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ." —શ્રીમદ્ દેવચંદ્રજી

આ પત્ર વારંવાર વાંચી, તેમાં જણાવેલ બીના શ્રદ્ધાને નિર્મળ કરનારી જાણી, તે પ્રકારે વૃત્તિને વાળવા આપ સર્વને નમ્ર વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૭૫ અગાસ, તા. ૧૨-૯-૪૮

સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથના જડિયાં.

પૂ....ની માંદગી સંબંધી જાણ્યું. સાથે ભક્તિ કરવાનું બને તેટલું રાખશો. મંત્ર-સ્મરણ કરવાનો વધારે અભ્યાસ પાડે એવી ભલામણ છે. શરીરના કારણે પહેલાંની પેઠે ભક્તિ ન થતી હોય, તે કારણે ક્લેશિત થવું યોગ્ય નથી. બને તેટલું કરી છૂટવું અને ન થાય તો ભાવના કરવી કે હે ભગવંત, વ્યાધિ-પીડાને લઈને મારાથી કંઈ બનતું નથી. પણ અહોરાત્ર તમારા કહેલા રસ્તામાં હું રહું એવી મારી આકાંક્ષા ને વૃત્તિ થાઓ એવી ભાવના રહ્યા કરે એ પણ ભક્તિ છે. બને તેટલી જ્ઞાનીપુરુષની કહેલી આજ્ઞા ઉઠાવવી, એટલે વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, યમનિયમ, મંત્રનું સ્મરણ વગેરેમાં વૃત્તિ રાખી, જેટલી આજ્ઞા ઉઠાવાય તેટલું આત્માનું હિત છે એમ ગણી સંતોષ રાખવો; અને આનંદ માનવો કે મનુષ્યભવ છે ત્યાં સુધી આ બને છે. દેહ છૂટી ગયો હોત તો આટલી પણ ભક્તિ ક્યાંથી થાત? એમ વિચાર રાખવો, પણ ખેદ કરવા યોગ્ય નથી. "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં, મોક્ષપાટણ સુલભ જ છે." (૮૧૯) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૭૬ અગાસ, તા. ૧૩-૯-૪૮

યથાશક્તિ પરમકૃપાળુદેવે જણાવ્યા પ્રમાણે પરિણતિ સુધારવા તરફ લક્ષ આપતા હશો. ગમે તે પ્રવૃત્તિ કરવી પડે તોપણ પરમકૃપાળુદેવ પ્રત્યે લક્ષ રહ્યા કરે તેમ કર્તવ્ય છેજી. પરમ-કૃપાળુદેવનું સ્વરૂપ સમજવા તેમના વચનોનો ઊંડો અભ્યાસ કર્તવ્ય છેજી. તે પરમપુરુષની દશા સમજવા માટે વૈરાગ્ય અને ઉપશમની વૃદ્ધિ કરવી, તેની ભક્તિમાં જોડાવું ઘટે છેજી. વધારે વખત ન હોય તો એકાદ વચન ભક્તિ કર્યા પછી વાંચવું, પાંચ દશ મિનિટ વિચારવું અને તેમાં જણાવેલા ભાવ દિવસમાં ઘણી વખત યાદ આવે તેમ કરવા યોગ્ય છેજી. રોજ એક એક વાક્ય પણ યથાર્થ વિચારાશે, તેની ભાવના આખો દિવસ રહ્યા કરશે તો કલાકોના કલાકો વાંચ્યા કરતાં વિશેષ લાભ થવા યોગ્ય છેજી. તેટલું પણ ન બને તો મંત્રમાં ચિત્ત વારંવાર રહ્યા કરે અને પરમકૃપાળુદેવનો ઉપકાર સાંભર્યા કરે તેમ કર્તવ્ય છેજી. "તમારા

કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ'' આટલું થાય તો જીવ ઘણો ઊંચો આવે. ''આપ સમાન બળ નહીં ને મેઘ સમાન જળ નહીં'' એ કહેવત પ્રમાણે પરમકૃપાળુની કૃપાથી જે જે આજ્ઞા મળી છે તે સાધન વડે આત્માને જાગ્રત કરવો, જાગ્રત રાખવો યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૭૭૭ તા. ૨૨-૯-૪૮

પરમકૃપાળુદેવ પ્રત્યે પરમ પ્રેમ પ્રગટે અને અન્ય વિચારોનું વિસ્મરણ થાય એમ ભાવના કર્તવ્ય છેજી. તે પરમપુરુષે આત્મા જાણ્યો છે તે મારે માન્ય છે. તેની હા એ હા અને તેની ના એ ના એમ દૃઢ મતિ કર્તવ્ય છેજી. સ્મરણમાં ચિત્ત વિશેષ રહે તે હિતકારી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૭૭૮ અગાસ, તા.૬-૧૦-૪૮
ૐ આસો સુદ ૪, ૨૦૦૪

આપ બન્ને ભાઈઓના પત્રો મળ્યા છે. ઉત્તરમાં જણાવવાનું કે 'श्रद्धा परम दुल्लहा' પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહેતા, તે શ્રદ્ધાની નિર્મળતા અર્થે આ *વટામણવાળો પત્ર આપને બીડું છું તે વાંચી પરમકૃપાળુદેવ પ્રત્યે જ ગુરુભાવ થાય અને વર્ધમાનતાને પામે તે અર્થે રોજ એ પત્રનું વાંચન કરશો અને બને તો આ પત્ર બન્ને થોડે થોડે કરીને મુખપાઠ કરી લેશોજી. તેમાં કષાયની મંદતા, સમતા, સત્શ્રદ્ધાનું જણાવ્યું છેજી.

કર્મને આધીન ધનની કમાણી વગેરે છે પણ ધર્મની કમાણી સત્પુરુષાર્થને આધીન છે. માટે જેને સત્શ્રદ્ધા કરવાનો યોગ મળ્યો છે તેણે તો પરમકૃપાળુ જ્ઞાનીની આજ્ઞામાં જ લક્ષ રાખી વર્તવાનો નિશ્ચય કર્તવ્ય છેજી. 'મોક્ષમાળા'માંથી 'પ્રત્યાખ્યાન' અને 'પરિગ્રહને સંકોચવો' એવા બે પાઠ છે તે પણ કાળજી રાખી વાંચતા રહેશો તથા આપનાથી બને તેટલા વિચારી તેમાંથી જે ભાવ સમજાય તે પ્રમાણે પરમકૃપાળુદેવની સાક્ષીએ વર્તન કરવા યોગ્ય છેજી. નકામા વિકલ્પોમાં મનને રોકવાથી માત્ર કર્મ બંધાય છે. માટે મંત્ર-સ્મરણમાં મનને રોકવાનો નિશ્ચય કરી તે પ્રમાણે વર્તાય તેમ કર્તવ્ય છેજી. પ. પૂ. પ્રભુશ્રીજી સંકલ્પ-વિકલ્પનો ઉપાય નીચે પ્રમાણે કહેતા— +''એક શ્રદ્ધા કરવા યોગ્ય છે....પછી તેને કંઈ ફિકર નથી.'' આ શિખામણ પ્રમાણે અભ્યાસ કરવા ભલામણ છેજી. આ પત્ર બધા વાંચશો, વિચારશો અને બને તેટલું આચરણમાં મૂકશો તો તે શાંતિનું કારણ છેજી

૭૭૯ અગાસ, તા. ૭-૧૧-૪૮
તત્ ૐ સત્ કાર્તિક સુદ ૬, રવિ, ૨૦૦૫

આપનું કાર્ડ મળ્યું. સત્સંગના વિયોગે શિથિલતા આવે છે એમ લખો છો તે યોગ્ય છેજી. પણ યથાશક્તિ સત્પુરુષનાં વચનોને પ્રત્યક્ષ સત્પુરુષતુલ્ય જાણી આરાધવાથી તે સત્સંગની ગરજ સારે છે તથા આપણા જેવા છૂટવાની કામનાવાળા કે સત્સંગની વિશેષ ભાવનાવાળા હોય તેમને મળી દિવસમાં અમુક વખત કે બે-ચાર દિવસે પણ એકત્ર થવાનું ધારો તો બની

* જુઓ ઉપદેશામૃત પત્રાવલિ ૧-૧૫૦ + જુઓ પત્રસુધા પત્ર નં. ૨૩૮ (ઉપદેશામૃત : પૃષ્ઠ ૩૩૯)

શકે તેમ છેજી. પરસ્પરના સહવાસથી મુમુક્ષુતા હોય તે વર્ધમાન થાય, સત્પુરુષના ગુણગ્રામથી પરમપુરુષ પ્રત્યે પ્રેમભાવ વધે આદિ અનેક કારણે જીવને નિર્મળ વિચારોની પ્રેરણા થવાનું બને. કંઈ ન બને તો સ્મરણ અને નિત્ય નિયમ અપ્રમત્તપણે આરાધવા યોગ્ય છેજી. શ્રદ્ધા એ જ સર્વ ગુણો પ્રગટવાનું મૂળ છેજી. પરમકૃપાળુદેવનું શરણ મરણપર્યંત અચળ ટકાવી રાખવું ઘટે છેજી.

ૐ શાંતિઃ

---

૭૮૦ અગાસ, તા. ૨૧-૧૧-૪૮

સ્વપ્ન જેવા આ સંસારમાં કંઈ સાથે આવનાર નથી. મનુષ્યભવને પૈસા અર્થે વ્યર્થ ગાળી દેવા યોગ્ય નથી. બચે તેટલો વખત બચાવી અપ્રમાદપણે જ્ઞાનીની કોઈ પણ અલ્પ આજ્ઞા પણ ઉઠાવશે તેનું મહદ્ ફળ પ્રાપ્ત થશે, તે કહી શકાય તેવું નથી. તો આ જગતની જૂઠી રોશનીમાં અંજાઈ ન જતાં દરરોજ મરણનો વિચાર કરી જ્યાં સુધી તે પળ આવી પહોંચી નથી ત્યાં સુધી સ્મરણભક્તિનો લહાવો લઈ લેવા યોગ્ય છેજી. આવી સામગ્રી ફરી ફરી મળવાની નથી, માટે પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા તેમ લૂંટમલૂંટ લાભ લઈ લેવો. આત્મહિતમાં જાગ્રત જાગ્રત રહેવું ઘટે છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૮૧ અગાસ, તા. ૨૪-૧૧-૪૮

પરમકૃપાળુદેવ પ્રત્યે જેનું હૃદય સંતના કહેવાથી દૃઢ ભક્તિભાવવાળું બન્યું છે તેવા મુમુક્ષુજનોના સમાચાર પણ તે પરમપુરુષની સ્મૃતિ આપે છે. આ ભવ એક પરમકૃપાળુદેવની ભક્તિ અર્થે જ ગાળવો છે, એવો જેનો નિશ્ચય છે અને જગતનું માહાત્મ્ય જેના હૃદયમાં રહ્યું નથી, પરદેશી પંખીની પેઠે સત્પુરુષના વિયોગે તેની સ્મૃતિ અને વચનોના આધારે જે કાળ ગાળે છે તેવા વિરહી ભક્તોની ચરણરજ મસ્તકે ચઢાવવાની ભાવના રહે છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૮૨ અગાસ, તા. ૨૯-૧૧-૪૮

"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય." — શ્રીમદ્ રાજચંદ્ર

આપે પત્રની માગણી કરી તેના ઉત્તરમાં જણાવવાનું કે "પરમ શાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે." (૩૭) એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે, તથા શ્રી રામ, પાંડવો અને શ્રી ગજસુકુમારના દુઃખનું દૃષ્ટાંત આપી, આપણા દુઃખનો કંઈ હિસાબ નથી એમ સૂચવ્યું છે તે વારંવાર લક્ષમાં લેવા યોગ્ય છે. શરીરના દુઃખમાં બીજું કોઈ પ્રત્યક્ષ નિમિત્ત દેખાતું નથી એટલે ત્યાં સમભાવ રહેવો સહેલો છે પરંતુ 'આ મને ક્લેશનું તથા દુઃખનું નિમિત્ત છે' એમ દેખાય છે ત્યાં સમતા રહેવી મુશ્કેલ પડે છે. તોપણ મુમુક્ષુજીવે તો જે અઘરું હોય તેમાં પણ પરમકૃપાળુદેવની પરમ કૃપા સમજી, આથી મને વિશેષ લાભ થવા સંભવ છે એમ વિચારી, વિશેષ વીર્ય ફોરવી પરના દોષ નહીં જોતાં પોતાને એવું નિમિત્ત ઉપકારી છે એવું જાણી, તેના પ્રત્યે દ્વેષ ન થવા દેતાં ઉપકારબુદ્ધિ રાખવી અને

મારું ઋણ પતે છે એવી મનમાં દૃઢતા રાખવી. આપણે તો પામર છીએ, પરંતુ પરમકૃપાળુદેવ જેવા સમર્થ પુરુષોએ પણ આંખ વડે રેતી ઉપાડવા જેવું કામ દેવું પતાવવા માટે કરતાં છતાં, અન્યનું ભલું કેમ થાય એ વિચારણા રાખી છે. તે જ માર્ગે આપણે પણ ચાલવું ઘટે છેજી. સંકટમાં પણ ચિત્તપ્રસન્નતા ચૂકી જવાશે તો અત્યારે નથી ગમતાં તેવાં કે તેથી વધારે ભારે કર્મ બંધાવા સંભવ છેજી. માટે ક્લેશિત થયા સિવાય હસતે મોઢે દેવું પતાવવું છેજી. એ જ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૮૩ અગાસ, તા. ૪-૧-૪૯

"કલ્યાણકારી ગુરુકૃપા, વરસો નિરંતર અંતરે,
શાંતિ સમાધિ ધૈર્ય કેરા, અંકુરો ઊગો ઉરે;
રાગદ્વેષની દાહ સહુ, દૂર હો અમારી આજથી,
કૃપાદૃષ્ટિ સંતની હો, સર્વ પર ઉલ્લાસથી.
સ્વપ્નો સમા ભણકાર જૂના, મંત્રની ધૂનથી જશે;
પુરુષાર્થ ને ગુરુ-યોગબળથી, સર્વ હિતકારી થશે."

અશાતા વેદનીયનો સંજોગ જોઈ મુમુક્ષુ જીવને સહજ વૈરાગ્ય રહેવાનું કારણ છે, તોપણ વિશેષ વેદનાને વખતે કે લાંબી માંદગી હોય તો કંટાળો આવી જવાનું તેમ જ આર્ત્તધ્યાન થવાનું કોઈ વખતે બને એવો સંભવ છે. માટે એવા પ્રસંગમાં જ્ઞાનીપુરુષની આજ્ઞા તથા તેમનાં વચનો વારંવાર લક્ષમાં રહે તેવો પુરુષાર્થ કરવાની ભલામણ જ્ઞાનીપુરુષો કરતા આવ્યા છે, તે લક્ષમાં રાખવાયોગ્ય છેજી. પોતાની ઇચ્છા પ્રમાણે અનુકૂળ સામગ્રી મળતી રહે અને વિઘ્નો ન આવે તેવા પુણ્યના ઉદયમાં વૈરાગ્ય રહેવો મુશ્કેલ છે, એમ વિચારી સમજુ પુરુષો વેદનાદિ પ્રતિકૂળ પ્રસંગોને હિતકારી માને છે. પરમકૃપાળુદેવે જીવના અનંત દોષોમાંથી મોટો દોષ એ બતાવ્યો છે કે જીવને તીવ્ર મુમુક્ષુતા ઉત્પન્ન થતી નથી કે મુમુક્ષુતા જ ઉત્પન્ન થતી નથી, એટલે મુમુક્ષુતાના અભાવમાં બુભુક્ષુતા (ભોગની ઇચ્છા) નામનો મોટો દોષ હોય છે. મુમુક્ષુતા ઉત્પન્ન થવા માટે આ દોષને ટાળવાની જરૂર છે, એટલે વારંવાર હૃદયમાં વિચાર કરવા યોગ્ય છે કે વૃત્તિઓ ભોગ તરફ રહે છે કે ભોગના કારણોમાં મૂંઝાય છે? એ તપાસ વારંવાર કરવામાં આવે તો દોષ દોષરૂપે લાગે અને મોહની મીઠાશ ઓછી થઈ મુમુક્ષુતા યથાર્થ રીતે વધે.

"પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય?" –શ્રીમદ્ રાજચંદ્ર

હરિ પ્રત્યે અખંડ લય લાગવી એને પરમકૃપાળુદેવ વૈરાગ્યદશા કહે છે. તેવી ભાવના ભાવવાથી સાચી વૈરાગ્યદશા સમજાય અને પ્રગટે તો આ મનુષ્યભવ સફળ થવાનું બને. પરમકૃપાળુદેવના વચનો વાંચવા કે સાંભળવાનું વારંવાર બને તો વેદનાનો કાળ આર્ત્તધ્યાનમાં જવાને બદલે, ધર્મધ્યાનમાં ગળાય. તેમ ન બની શકતું હોય તો મંત્રસ્મરણમાં દિવસનો ઘણો ભાગ વ્યતીત થાય તેમ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૮૪ અગાસ, તા. ૨૩-૧-૪૯, રવિ

બાળ ન ઓળખે બાપને, તેમ આ જીવ સ્વભાવ;
પિતુવત્ પરમકૃપાળુ પર, ધરો અહર્નિશ ભાવ.
સત્ય વિનયયુક્ત બોલજો, નવ જોશો પર દોષ;
સ્વદોષ સર્વે ત્યાગજો, તેથી થશે સંતોષ.
પ્રગટ પર દેહાદિકા, મૂઢ કરત ઉપકાર;
મુગ્ધવતી એ ભૂલજો, તજ કર નિજ ઉપકાર.

અહીંના સમાચારની હવે તમારે કંઈ જરૂર નથી. પ્રારબ્ધ અનુસાર જ્યાં રહેવું થાય ત્યાં બને તેટલું જગતનું વિસ્મરણ કરી, પરમકૃપાળુદેવે પ્રગટાવેલું સહજાત્મસ્વરૂપનું રટણ રહે, તે દશાની પોતાને યથાર્થ ઓળખાણ થાય તેટલી નિર્મળ વૃત્તિ થવા ભક્તિભાવ વધારતા રહેશો. દેહાદિ પ્રત્યે જેટલો ઉદાસભાવ રહેશે અને વિષયોની ભીખ ટળી જેટલો સંતોષ અને સહનશીલતા વધશે તેટલી આત્મદશા પ્રગટ થશે. જેને પરમપ્રેમ કરવાનું સાધન મળ્યું છે તેણે તો પોતાના દોષો દેખી, દોષો ટાળવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી.

"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?
પોતે શું? ક્યાંથી છે આપ? એનો માગો શીઘ્ર જવાપ." (૧૦૭)

આ લક્ષ રાખવાનો છે. પારકી પંચાત છોડી, આ આત્માની શી વલે થશે એ વિચારી, પોતાની દયા ખાવા જેવું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૮૫ અગાસ, તા. ૨૦-૨-૪૯

"રે મન! આ સંસારમાં, દુઃખથી તું ન ડરીશ;
સમ શમશેર વડે કરી, ધાર્યું તે જ કરીશ."

વિ. પત્ર મળ્યો. કંઈ ફિકર કે શોક કરવા જેવું જગતમાં કશું નથી. અહીં સર્વ કુશળ છે. વહેમમાં, અનર્થક વિચારમાં જતા મનને સ્મરણ, ભક્તિ દ્વારા રોકવું ઘટે છે. અત્યારે જે કામ હાથમાં લીધું છે તે પૂરતું મંથન કરવું. જે વસ્તુ આવી પડી નથી તેની ચિંતા અને તે સંબંધી સલાહની ઇચ્છા નિવૃત્ત કરવા યોગ્ય છેજી. રિઝલ્ટ જણાયા પહેલાં ક્યાંય નિર્ણય કરી ન દેવો એ હિતકારક સમજાય છે. એક રીતે બનનાર તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી એમ ગણી તુર્ત કરવા યોગ્ય કાર્યમાં મંદતા ન આણવી. આગળ ઉપર થનાર છે તે થઈ રહેશે. કશું કરવું નથી. જે પ્રસંગો આવે તે સમભાવની ભાવના વધારી તે તે પ્રસંગે ઘટતું કરી છૂટવું છે – મૂંઝાવું તો નથી જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૮૬ અગાસ, તા. ૨૧-૨-૪૯

આપનો પત્ર મળ્યો. વાંચી સંતોષ થયો છેજી. તમે ભક્તિ કરો છો અને ભક્તિ અર્થે આયુષ્ય નિર્દોષપણે ગાળવા બ્રહ્મચર્યસહિત સદ્‌ગુરુશરણે જીવવા ઇચ્છો છો તે જાણી નિઃસ્વાર્થ-પણે આનંદ થયો છે. આ કાળમાં જગતના સુખને ન ઇચ્છતા હોય તેવા થોડા જ ભાગ્યશાળી

જીવો છે. અત્યારના ભાવ સત્સંગનો યોગ હોય તો ટકી શકે અને વધી શકે; નહીં તો ઘણા જીવો સાધુપણું લઈને પણ પાછા લગ્ન કરે છે. માટે વૈરાગ્ય વધે તેવું વાંચવું, વિચારવું અને સત્સંગનો યોગ મળે તેમ ભાવના કરતા રહેવા યોગ્ય છેજી. લગ્ન નહીં કરવાની તમારી ભાવના સારી છે. તેને પોષણ મળે તે અર્થે દિવસમાં એકાદ કલાક ભક્તિ અને એકાદ કલાક વાંચન, વિચાર, સત્સંગ આદિની જરૂર છે. હાલ તમે પરાધીન હો તો ભક્તિ ઉપરાંત તત્ત્વજ્ઞાન, સમાધિસોપાન, મોક્ષમાળા આદિ વૈરાગ્યપોષક પુસ્તકો બચતા વખતમાં વાંચવાનાં રાખશો, અને મંત્રસ્મરણ અવારનવાર કરતા રહેશો. રૂબરૂમાં મળશો ત્યારે પૂછશો તો કંઈક વિશેષ સૂચના જણાવી શકાશે. હાલ એ જ. યોગ્યતા વધારતા રહેશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૮૭ અગાસ, તા. ૫-૩-૪૯, રવિ

પ્રારબ્ધ પ્રમાણે જેવા સંજોગો મળી આવે તેથી સંતોષ રાખી વર્તવું. તીર્થભૂમિમાં રહેવાનો ઉત્તમ યોગ પુણ્યયોગથી બની આવ્યો છે અને નિવૃત્તિનું ક્ષેત્ર છે તો ભક્તિભાવ અને પરિણામની શુદ્ધિ થાય તેવો લક્ષ રાખી સ્વાધ્યાય આદિમાં અપ્રમત્ત રહેવા ભલામણ છેજી. ગમે તેવું રહેવાનું સ્થળ હોય અને ગામમાં બધે આહારપાણી માટે ફરવું પડે તેમ હોય તેની અગવડ ન ગણતાં આત્મપ્રફુલ્લિતતાથી ઘણાં કર્મની નિર્જરા થવાનો સંભવ છે એમ માની દુઃખને પણ સુખરૂપ માનવું. ચોમાસાને હજી ઘણી વાર છે. જ્યાં પરિણામ વર્ધમાનપણાને પામે તેવા સ્થળમાં ચોમાસું પણ યોગ્ય છે. તમે વિચારવાન છો એટલે આત્મહિત તરફ લક્ષ રાખી દિવસો જાય તેમ કર્તવ્ય છે. નિમિત્તાધીન વૃત્તિ છે ત્યાં સુધી સારાં નિમિત્તોનો ખપ કરવો. સગવડતા તરફ લક્ષ ન રાખવો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૮૮ અગાસ, તા. ૬-૩-૪૯

"શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ."

આ અશરણ સંસારમાં અનંતકાળથી જીવ પરિભ્રમણ કરી રહ્યો છે. બંધનનાં કારણોમાં જ તેને પ્રીતિ વર્તે છે તેથી તેનું માહાત્મ્ય એટલું બધું લાગે છે કે છૂટવાનાં કારણોરૂપ સત્-સાધનની પ્રાપ્તિ થયા છતાં તેની અપૂર્વતા હૃદયમાં રહેતી નથી અને તુચ્છ વસ્તુઓમાં અમૂલ્ય મનુષ્યભવનો વખત વહ્યો જાય છે. ખાવાનું ન મળ્યું હોય તો ગમે તેટલી મહેનતે પણ તે પ્રાપ્ત કરે છે, ઊંઘવાનું ન મળ્યું હોય તો તેનાં સાધનો માટે પણ પરિશ્રમ ઉઠાવે છે, પરંતુ પરભવને માટે કંઈ કરવા જાય ત્યાં પ્રમાદ નડે છે. કારણ કે તેની અપૂર્વતા સમજાઈ નથી. જ્ઞાનીપુરુષોનાં વચનોથી જીવને વૈરાગ્ય આવે તો આ બધાં કુટુંબનાં કે દેહાર્થનાં કાર્યો તેને વેઠરૂપ લાગે, તેમાં કંઈ મીઠાશ ન રહે. ક્યારે છૂટું, ક્યારે છૂટું એમ મનમાં થયા કરે. જે પ્રારબ્ધાધીન મળી રહે તેમાં સંતોષ રાખી સત્સાધન આરાધવાની ચટપટી જાગે. પરંતુ વૈરાગ્યની ખામી છે. જગત અને જગતનાં કાર્યોને સાચાં માન્યાં છે, તથા અત્યારે નહીં કમાઈએ તો આગળ ઉપર શું વાપરી શકીશું, એમ રહ્યા કરે છે. તે બધા લૌકિક ભાવો સ્વપ્ન સમાન છે તેને અસત્ય જાણી આત્મહિત જો આ ભવમાં ન સાધ્યું તો પછી કયા ભવમાં આવો સુયોગ

બનશે ? માટે "જે થાવું હોય તે થાજો રૂડા રાજને ભજીએ" એમ દૃઢ કરી એકાદ કલાક જરૂર આત્મ-આરાધનામાં મન પરોવીને ગાળવો છે, એમ કર્યા વિના જીવની શિથિલતા ઘટે તેમ નથી. દિવસે વખત ન મળે તો રાત્રે ઊંઘ ઓછી કરીને કે ઓછું ખાઈ ને, ઉપવાસ કરીને પણ ભક્તિ ન થઈ હોય ત્યાં સુધી ચેન ન પડે એવી ટેવ પાડવી ઘટે છેજી. ઉપશમ, વૈરાગ્ય, ત્યાગ અને ભક્તિ સહજ સ્વભાવરૂપ કરી દેવાની પરમકૃપાળુદેવની ભલામણ છે, નહીં તો મુમુક્ષુપણું ટકવું મુશ્કેલ છેજી. જેને આ મનુષ્યભવની દુર્લભતા સમજાઈ હોય, અને દોષો દેખી દોષો ટાળવા પુરુષાર્થ કરે અને મોહને ઘટાડે તેને મુમુક્ષુ ગણવા યોગ્ય છેજી.

પરમકૃપાળુદેવ લખે છે કે "આત્મા સમય સમય ઉપયોગી છતાં અવકાશની ખામી અથવા કામના બોજાને લઈ ને તેને આત્મા સંબંધી વિચાર કરવાનો વખત મળી શકતો નથી, એમ કહેવું એ પ્રાકૃતજન્ય 'લૌકિક' વચન છે. જો ખાવાનો, પીવાનો, ઊંઘવા ઇત્યાદિનો વખત મળ્યો ને કામ કર્યું તે પણ આત્માના ઉપયોગ વિના નથી થયું, તો પછી ખાસ જે સુખની આવશ્યકતા છે, ને જે મનુષ્યજન્મનું કર્તવ્ય છે, તેમાં વખત ન મળ્યો એ વચન જ્ઞાની કોઈ કાળે સાચું માની શકે નહીં. એનો અર્થ એટલો જ છે કે બીજાં ઇન્દ્રિયાદિક સુખનાં કામો જરૂરનાં લાગ્યાં છે, અને તે વિના દુઃખી થવાના ડરની કલ્પના છે. આત્મિક સુખના વિચારનું કામ કર્યા વિના અનંતો કાળ દુઃખ ભોગવવું પડશે, અને અનંત સંસાર ભ્રમણ કરવો પડશે એ વાત જરૂરની નથી લાગતી !"(વ્યાખ્યાનસાર : ૨-૩૦) ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૮૯ અગાસ, તા. ૧૨-૩-૪૯

"નજ્ઞા નિર્મળ તેની દશા, જેને હરિ હ્રદયમાં વસ્યા,
પોતાના અવગુણને હણે, પરના તો હ્રદયે નવ ગણે;
કોના દોષ ન દેખે કશા, નજ્ઞા નિર્મળ તેની દશા."
"સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા;
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા."

આપનાં બન્ને કાર્ડો મળ્યાં છે, વાંચી સમાચાર જાણ્યા છે. આપને એવી વાતો જાણવા-જણાવવાની હોંશ રહે છે તે હવે વિલય થાય તેમ કર્તવ્ય છે. નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવા પરમકૃપાળુદેવે જણાવ્યું છે તો મથાળે લખેલી કડીઓ વિચારીને, 'સમજ્યા તે શમાઈ ગયા' એ વાક્યને સફળ કરવા પુરુષાર્થ કરશોજી.

"અબ તો મેરે રાજ રાજ દૂસરા ન કોઈ;
સાધુસંગ બૈઠ બૈઠ લોકલાજ ખોઈ."

જગતનો પ્રવાહ મોટે ભાગે આવો ને આવો જ વહે છે. શ્રી મહાવીરના સમયમાં ગોશાલા આદિના શિષ્યો સત્યમાર્ગ કરતાં પણ વિશેષ હતા અને તેને ભગવાન માનીને શ્રી વીર પરમાત્મા પ્રત્યે પણ વિમુખ રહેતા; તો આવા કાળમાં આમ હોય એમાં નવાઈ નથી. પ. પૂ. પ્રભુશ્રીજીનો અનંત ઉપકાર છે કે તેમણે આવા લોકપ્રવાહમાં તણાતા આપણને બચાવ્યા છે, નહીં તો આપણું ગજું નથી કે ન તણાઈએ. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૯૦ અગાસ, તા. ૧૫-૩-૪૯

"મનને શોધી પ્રેમથી કરજો અતિ નિર્દોષ;
અનન્ય ભક્તિ દૃઢ કરી, પામો બહુ સંતોષ.
જ્ઞાન વૈરાગ્ય વધારજો, ભજજો જગદાધાર;
મન ઇંદ્રિય વશ રાખજો, તજજો સ્થૂલ વિચાર."

આપનો પત્ર પ્રાપ્ત થયો. વાંચી સમાચાર જાણ્યા છેજી. ધર્મધ્યાન તરફ વૃત્તિ સારી રહે છે એમ જાણી સંતોષ થયો છેજી. અનાદિકાળની વાસનાઓ ધુમાડાની પેઠે આપોઆપ સ્ફુરી આવી જીવને ધર્મધ્યાનમાં વિઘ્ન કરે છે તેવે વખતે પરમકૃપાળુદેવનું શરણ, તેમની નિર્વિકાર મુખમુદ્રા અથવા પ. પૂ. પ્રભુશ્રીજીનું સ્મરણ, તેમનો પરમ ઉપકાર આદિ ભૂતકાળના સમાગમમાં વૃત્તિ વાળવાથી જીવને બળ સ્ફુરી શાંતિ થવા યોગ્ય છે. કોઈ વખત કર્મની વિશેષતાને લીધે વારંવાર વિક્ષેપ થયા કરે તો આત્મનિંદા કરી 'કર્મ બંધાશે તેનાં ફળ કેવાં ઉદય વખતે દુઃખ દેશે' તેનો ચિતાર મનમાં ખડો કરવાથી કર્મબળ મંદ પડે અને ધર્મધ્યાનમાં વૃત્તિ જોડાય. તેમ છતાં મન ન ગાંઠે તો તેવી પ્રવૃત્તિમાં મારું બળ કંઈ ચાલતું નથી, માટે હે પ્રભુ ! આપનું જ એક શરણ છે એવી પ્રાર્થના દીનપણે પરમકૃપાળુદેવ પ્રત્યે કરવી અને મનને કહેવું કે તારે જે કરવું હોય તે કર, હું તો માત્ર જોયા કરીશ. એવી વૃત્તિ રાખ..ને દ્રષ્ટા તરીકે રહેવું, પણ કર્મના ઉદયમાં મીઠાશ માનવી નહીં.

બીજું, નિયમ કરતાં પહેલાં વૃત્તિ બળવાન કરવાનો અભ્યાસ કર્તવ્ય છે. અભ્યાસ થયા પછી નિયમ પરમકૃપાળુદેવની સાક્ષીએ લેવો ઘટે છેજી. અભ્યાસને માટે એક દિવસ કે રાત્રિ અથવા અમુક પ્રહર પણ રાખી શકાય. પોતાની શક્તિ ઉપરાંત નિયમ ન લેવો અને જેટલી શક્તિ હોય તેની વૃદ્ધિ થતી રહે તેવો પુરુષાર્થ કરવો. મોક્ષમાળામાં 'જિતેન્દ્રિયતા' અને 'પ્રત્યાખ્યાન' નામના બે પાઠ છે તે લક્ષ રાખીને વાંચવાથી માર્ગદર્શકરૂપ થાય તેવા છે. "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે."(૮૧૯)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૯૧ અગાસ, તા. ૩૦-૩-૪૯

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર." (૧૫)

આપનો પત્ર આજે મળ્યો છે. વાંચી સમાચાર જાણ્યા છે. નાહિંમત થવા જેવું નથી; આપણાથી થાય તેટલું કરી છૂટવું. તબિયત સારી ન હોય તે કારણે મુલતવી રાખવું પડતું હોય તો વાંધો નથી, પરંતુ સારું પરિણામ આવે એવી આશાએ મુલતવી રાખવા યોગ્ય નથી. "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।" એમ વિચારતાં આ પરીક્ષાનો પ્રસંગ જતો કરવા જેવો નથી. વહેલું પતી જતું હોય તેને લંબાવવામાં કંઈ માલ નથી. નિષ્ફળતા મળે તોપણ નિરાશ થવા જેવું નથી. પરીક્ષા કંઈ આપણી શક્તિ લૂંટી જતી નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૯૨ અગાસ, તા. ૨૦-૪-૪૯
ૐ ચૈત્ર વદ ૮, બુધ, ૨૦૦૫

સંસારાનલમાં ભલે ભુલાવી વિઘ્નો સદા આપજો,
દારા સુત તન ધન હરી, સંતાપથી તાવજો;
પણ પ્રભુ ના ધૈર્ય મુકાય એમ કરજો, હૃદયે સદા આવજો,
અંતે આપ પદે શ્રી સદ્‌ગુરુ પ્રભુ સમતાએ દેહ મુકાવજો.

જેને વિદ્યમાન સત્પુરુષનો યોગ થયો છે, સત્સાધન મળ્યું છે અને અંતરથી છૂટવાની સાચી જિજ્ઞાસા જાગી છે તેને ગમે તેવા પ્રારબ્ધના સંજોગો આવી પડે તોપણ તેનું મન સત્પુરુષે કહેલું છે તે સિવાય બીજી બાબતને મહત્તા ન આપે. જગતની કોઈ વસ્તુ આપણને સંસારમાંથી તારનાર નથી. માત્ર પ્રમાદ અને અજ્ઞાન જીવને મૂંઝવે છે. સાચી શિખામણ પ. પૂ. પ્રભુશ્રીજીની વીસરાય નહીં એ સદા લક્ષમાં રાખવા વિનંતી છેજી. ઘણી વાર સાંભળ્યું છે કે "તારું ભૂંડું કરે તેનું પણ ભલું ઇચ્છજે." હે ભગવાન, જગતના બધા જીવોનું કલ્યાણ થાઓ, બધાનાં જન્મમરણ ટળો અને સાચું શુદ્ધસ્વરૂપ પામી બધા આત્મમગ્ન થાઓ. આવી ઉત્તમ ભાવના રાખવાથી આપણું અને સર્વ જીવોનું કલ્યાણ કોઈ અંશે થવા સંભવ છે. એનું નામ મૈત્રીભાવના છે. વૈરાગ્ય વધે તેવું મોક્ષમાળા, સમાધિસોપાન કે વચનામૃત વાંચતા રહેવા ભલામણ છેજી. "મરણ સમાધિ સંપજો, ન રહો કાંઈ કુવિકલ્પ." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૯૩ અગાસ, તા. ૨૩-૪-૪૯

આપે પુછાવેલ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે કોઈ જ્ઞાનીપુરુષે બાહ્ય ક્રિયાનો નિષેધ કર્યો નથી. ધાર્મિક ક્રિયા પુણ્યનું કારણ છે, પરંતુ પ્રથમ કરવા યોગ્ય શું છે તે વિષે પરમકૃપાળુદેવે દ્વાદશાંગીનું સળંગ સૂત્ર (પત્રાંક ૪૯૧) લખ્યું છે તે વિચારશો. આમાં યમ-નિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરવાનો કહ્યો છે, તેનો ભાવાર્થ એવો છે કે આત્મજ્ઞાન થવાનાં નિમિત્તોને મુખ્ય કરી પ્રતિક્રમણાદિનો આગ્રહ નહીં રાખતાં, સત્સંગે થયેલી આજ્ઞા જેટલી વધારે ઉપાસાય તેમાં વિશેષ હિત છે. પ્રતિક્રમણાદિ શ્રાવકની ક્રિયા મુખ્યપણે પાંચમે ગુણસ્થાનકે આવેલા આત્મજ્ઞાનીને યોગ્ય છે, તે પહેલા આત્મજ્ઞાનના લક્ષે, પુણ્યનો લક્ષ ગૌણ કરીને કરવામાં આવે તો તેમાં હરકત નથી. પરંતુ જેમાં સમજણ ન પડે અને રૂઢ ક્રિયામાં ધર્મને નામે કાળ ગાળે, તે કરતાં જ્ઞાનીપુરુષનાં વચનોમાં ભક્તિભાવપૂર્વક કાળ ગાળે તો વિશેષ લાભ થવા સંભવ છે. બાર વ્રતને માટે પણ તેમ જ વિચારશો. આત્મજ્ઞાન થયા પહેલાં જે વ્રત કરાય છે તેનો લક્ષ આત્મજ્ઞાનનો હોય તો કોઈ રીતે ઉપયોગી છે, નહીં તો મોટે ભાગે અહંકારનું કારણ થઈ પડે છે. અત્યારે તો કૃપાળુદેવનાં વચનોમાં વિશેષ કાળ જાય અને તે વચનોનો ગંભીર ભાવે ઊંડો અભ્યાસ થાય તે જ કર્તવ્ય છે. પરમકૃપાળુદેવને શું કહેવું છે તે સમજી, યથાશક્તિ તેમનું હૃદય સમજી, તેમને પગલે જ ચાલવું છે એ લક્ષ રાખવા ભલામણ છેજી. શ્રાવક કહેવરાવવા કે લોકોમાં સારું દેખાડવા કંઈ કરવું નથી, પણ વૈરાગ્ય-ઉપશમ વધે અને પોતાની પરિણતિ તરફ લક્ષ રહ્યા કરે તથા ન્યાય-નીતિનું ઉલ્લંઘન ન

થાય તેવા સદાચારસહિત પ્રવર્તવું ઘટે છેજી. અંતઃકરણ નિર્મળ થયે સત્પુરુષનાં વચનની નિર્મળ વિચારણા થશે; તો શું કરવા યોગ્ય છે તે આપોઆપ સમજાશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬૪ અગાસ, તા. ૨૫-૪-૪૯

તત્ ૐ સત્ ચૈત્ર વદ ૧૨, ૨૦૦૫

"સમકિતધારી શ્રેણિક રાજા, પુત્રે બાંધ્યો મુસ્કે;
ધર્મી નરને કર્મ ધક્કાવે, કર્મશું જોર ન કિસ્કે."

તમારો પત્ર મળ્યો. "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે" (૮૧૯) એમ પરમકૃપાળુદેવ લખે છે તે વિચારશોજી. "અસત્સંગ પ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિકાળનો હીનસત્ત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત કરવા અથવા તેની નિવૃત્તિ કરવા જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઈ રીતે પુરુષાર્થયોગ્ય થઈ વિચારદશાને પામે. જે પ્રકારે અનિત્યપણું, અસારપણું આ સંસારનું અત્યંતપણે ભાસે તે પ્રકારે કરી આત્મવિચાર ઉત્પન્ન થાય." (૫૬૯) આવાં પરમકૃપાળુદેવનાં વચનો વિચારી, જીવના કલ્યાણ અર્થે જીવવું છે એમ નિશ્ચય કરી, તે નિશ્ચય બને તેટલો આરાધવામાં તત્પર રહેવું ઘટે છેજી. પુરુષાર્થ વિના કંઈ બની શકવા યોગ્ય નથી અને સત્સંગ, સત્પુરુષની આજ્ઞાનો લક્ષ થયા વિના, રહ્યા વિના પુરુષાર્થ ટકે તેમ નથી.

વૈશાખ સુદ ૮, ૯ પરમકૃપાળુ પ્રભુશ્રીજીના દેહોત્સર્ગનો આત્મસિદ્ધિનો ઉત્સવ છે. આપને આવવા ભાવના હોય તો હરકત નથી. પણ આત્માર્થે જે કંઈ કરવું છે તે કરવું છે, એ લક્ષ ચૂકવા યોગ્ય નથીજી. કોઈને સારું લગાડવા કે પોતાના મનની મોજ અર્થે કંઈ કર્તવ્ય નથી એ લક્ષ રાખી 'માત્ર મોક્ષ-અભિલાષ'ની ભાવના પોષવી ઘટે છેજી. નિત્યનિયમ હવેથી ન ચુકાય તે લક્ષ રાખવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૬૫ આણ, તા. ૩૦-૫-૪૯

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર." (૧૫)

તમે પત્રમાં સ્વપ્ન સંબંધી પુછાવો છો તે વિષે લખવાનું કે ઘણી વખત તો જે સંસ્કારો પડેલા છે તે નિદ્રા વખતે સ્ફુરી આવે છે, તે ઉપરથી પોતાને કઈ બાબતોમાં કેવી રુચિ છે, તે જાણી હિતકારી બાબતોથી ચિત્ત પ્રસન્ન થાય અને તેવી ભાવના પોષવાનું બને છે. અહિતકારી જણાય તો તે પ્રત્યે વૃત્તિ જતી રોકી પશ્ચાત્તાપ કરી તેવા સંસ્કારોને બળ ન મળે માટે સારા ભાવમાં રહેવા ભક્તિ, સ્મરણ વગેરેનો લક્ષ રાખવો ઘટે છેજી.

નાની ઉમ્મરમાં ધર્મના સંસ્કારો પડેલા છે, તેથી ઘણી પ્રવૃત્તિવાળી ઉપાધિમાં પણ તે બીજા સંસ્કારોને દબાવી ઊંઘમાં પણ પોતાનો પ્રભાવ બતાવે છે. તે તો ભૂતકાળમાં પુણ્યઉદયથી શુભ સંસ્કારોની કરેલી કમાણી છે. તેને પોષણ ભક્તિ આદિથી નહીં મળે, સ્મરણમંત્રનું આરાધન કરવાની ટેવ નહીં પાડો, તો તે સંસ્કારોનો કાળ પૂરો થયે ફરી ઘણી

ઇચ્છા કરશો તોપણ તેવા ભાવો તે દેશમાં જાગવા દુર્લભ થઈ પડશે. માટે જ્યાં સુધી બીજાં કામ થઈ શકે છે ત્યાં સુધી ધર્મકાર્ય, સદ્‌વાચન, વિચાર, સ્મરણ, ભક્તિ પણ સાથે સાથે કરતા રહેશો તો આંબાને જેમ પોષણ આપતા રહી કેરીઓ ખાવાથી દર સાલ કેરી થયા કરે, પણ પોષવાને બદલે આંબો કાપી નાખી એક સાલ કેરી ખાઈ લીધી તો બીજી સાલ કંઈ પણ મળી શકે નહીં; તેમ ધર્મનાં કાર્ય કરવાં પડ્યાં મેલી કે તેને ધકેલ્યા કરી વિસારી દેવાથી શુભ સંસ્કારો લાંબી મુદત ચાલશે નહીં અને અશાંતિ, ભય, તૃષ્ણા, વેદના વગેરેનાં સ્વપ્નોથી અને વિચારોથી મન ભરાઈ જતાં જીવ દુઃખી થવા સંભવ છે. માટે આત્મહિતની અને સાચા સુખની ભાવના હૃદયમાં જીવતી હોય તો નિત્યનિયમ, નિયમિત સત્શાસ્ત્રનું વાચન, વિચાર અને પરમ પુરુષોની દશા તથા ઉચ્ચ જીવનની અભિલાષા માટે અમુક વખત બચાવવાની કાળજી રાખવી ઘટે છેજી.

છ કલાકની ઊંઘ સામાન્ય રીતે દરેક મનુષ્યને પૂરતી છે. તે પૂરી થયે જાગીને ધર્મ-પ્રવૃત્તિ કરવાની ટેવ રાખો તો થઈ શકે તેમ છે. થોડું ઓછું ઊંઘાશે તેમાં હરકત નથી. ધન કે શરીરની જરૂરિયાતો માટે જાગૃતિકાળનો મોટો ભાગ પ્રવૃત્તિમાં ગાળવો પડે છે, તો આત્માને શાંતિ મળે તેવો થોડો કાળનો ફાળો જુદો કાઢી આત્મવિચાર, જ્ઞાનીની આજ્ઞા તથા દરરોજ થતા કામમાં પોતાના દોષ જોવાનો અવકાશ રાખ્યો હશે તો દોષો સમજાશે, તેને દૂર કરવાનાં કારણ પણ સમજાશે અને દૂર કરવા પુરુષાર્થ કરવાનું મન થશે. પણ જો જીવન કેવું જીવવું છે, એના વિચાર કરવાનો વખત નહીં રાખો તો પશુની પેઠે ખાવા, પીવા, હરવા, ફરવા ને ઊંઘવામાં જિંદગી વહી જશે અને આખરે પસ્તાવું પડશે. માટે આ પત્ર વાંચી દિનચર્યામાં કંઈક ફેરફાર કરી જન્મ-મરણરૂપ પરિભ્રમણથી કંટાળી ગયેલા આ આત્માને કંઈક રાહત મળે તેવી તેના ઉપર દયા લાવવા, તેનું હિત થાય તેવાં પગલાં ભરવા વિનંતી છેજી. જુવાની હંમેશાં રહેવાની નથી, તે તો આવી કે ચાલી જ જવાની છે, એમ જાણી પ્રમાદમાં, આળસમાં કે બફમમાં કાળ ન જાય તેમ જોતા રહેવાની જરૂર છે. ખાવા, પીવા કે કમાણી કરવા આ મનુષ્યભવ મળ્યો નથી પણ જ્ઞાનીની આજ્ઞા આરાધી જન્મમરણ છૂટે તેવો રસ્તો લેવાની કાળજી દિવસે દિવસે વધે તેમ કર્તવ્ય છેજી. થોડું લખ્યું ઘણું કરી માનજો અને રોજ આ પત્ર પાંચ-છ માસ વાંચવા ભલામણ છે.

કંઈ વધારે ન બને તો નિત્યનિયમના ત્રણ પાઠ સવારે જાગતાં જ બોલી જવા અને તેમાંથી એકાદ કડી તે દિવસે વારંવાર વિચારવા નક્કી કરી પથારીમાંથી ઊઠવું, અને મંત્રનું સ્મરણ ૧૦૮ વાર તો જમતાં પહેલાં કે પછી કરી લેવું. પછી હરતાં-ફરતાં જેટલી વાર મંત્રનું રટણ રહ્યા કરે તેટલો વધારે લાભ; પણ આટલું તો અવશ્ય કરવું એવો દૃઢ નિશ્ચય કરવો. જે દિવસે નિત્યનિયમ સવારે, બપોરે કે સાંજે પણ ન બને તે દિવસે ઊંઘવાનો મને હક નથી, એમ માનવું. થાકને લીધે ઊંઘ સિવાય કંઈ પણ ન બને તેવું લાગે તો ઊંઘ પૂરી થયે તો જરૂર તે નિત્યનિયમ પૂરો કરી લેવો. રાત્રે જાગીને પણ નિત્યનિયમ કરીને પણ ફરી ઊંઘી શકાય. તે પ્રમાણે ન બને તો બીજે દિવસે મીઠું, ગળ્યું કે ઘી આદિ સ્વાદમાંથી કંઈક નથી વાપરવું એવો નિયમ કરવાથી નિયમિત થઈ શકાશે. મન ઉપર વાત લીધી તો

તેનો ઉપાય નીકળી શકશે. માટે ધર્મની બાબતમાં ઢીલા ન પડવા અને બને તેટલા ભલા, વિચારવાન અને સમજણ આપવી ન પડે તેવા થવા પ્રેરણા આ પત્રથી થાય તેમ કર્તવ્ય છેજી. આ તમારા હિતને અર્થે લખતાં કંઈ તમારું મન દુભાય તેવું લખાયું હોય તો તેની ક્ષમા ઇચ્છી પત્ર પૂરો કરું છુંજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક. — વાંચતાં કંઈ ન સમજાય તે એક નોટમાં લખી રાખવું અને પત્ર લખો ત્યારે પૂછવા વિચાર રાખવો. ઘણુંખરું તો વૈરાગ્ય અને વિચારદશા વધતાં આપોઆપ સમજાશે. અહીંથી ઉત્તર ન મળે તો કંટાળવું નહીં કે વાંચવાનું પડી મૂકવું નહીં.

---

૭૯૬ આણંદ, તા. ૧૬-૬-૪૯

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન." — શ્રીમદ્ રાજચંદ્ર

વિ. આપનો રજિસ્ટર કાગળ મળ્યો છેજી. વાંચી તમારી બ્રહ્મચર્યની ઉત્તમ ભાવના જાણી સંતોષ થયો છેજી. અનંતકાળથી જીવ ખાવા, પીવા, પહેરવા, ઓઢવા, ભોગ ભોગવવાના લક્ષણે દેહને સુખરૂપ માની, દેહને પોતાનું સ્વરૂપ સમજી પોતાના સ્વરૂપનું ભાન ભૂલતો આવ્યો છે. જગતના જીવોના અભિપ્રાય અને ઇચ્છાઓ અસાર જાણી જે જીવો જ્ઞાનીપુરુષના નિર્ણયને, તેણે સમ્મત કરેલું સર્વ સમ્મત કરવા ભાવના રાખે છે તેમને ધન્ય છે. આ કળિકાળમાં ભોગ વખતે જેને યોગ સાંભરે અથવા જ્ઞાનીએ દેહથી ભિન્ન આત્મા જાણ્યો છે તે પ્રગટ કરવા અર્થે સત્સંગ, બ્રહ્મચર્ય, ઇન્દ્રિયનું દમન, ભક્તિ, સત્શાસ્ત્રનું વાંચન, મનન આદિ સત્સાધન જેને સાંભરે છે તે મહા ભાગ્યશાળી છે. આયુષ્ય ક્ષણે ક્ષણે નાશ પામે છે અને મરણ સમીપ જીવ વહ્યા કરે છે. તેનો વિચાર કરતાં સૌનાં શરીર બળતા ઘર જેવાં છે. તેમાં નિરાંતે સૂઈ રહી સુખ માનવું તે મૂર્ખાઈ છે, પરંતુ બળતા ઘરમાંથી કીમતી ચીજો કાઢી લઈ બચાવીએ તે ડહાપણ કહેવાય. તેવી રીતે નાશ પામતા આ શરીર દ્વારા ધર્મ આરાધન જેટલું કરી લીધું તેટલું આત્મહિત તેણે કર્યું ગણાય. મરતા માણસને બેઠો કરે તેવું અમૃત કોઈ દેવે આપણને આપ્યું હોય, તેને પગ ધોવા માટે ઢોળી દેવું એ મૂર્ખતા છે; તેમ મોક્ષ મળે તેવો મનુષ્યદેહ ભોગ, મોજશોખમાં ખોઈ દેવો તે પણ મૂર્ખતા જ છે. માટે મનુષ્યભવની મૂડી વ્યર્થ ન ખોવાઈ જાય તેવી આખા ભવમાં કાળજી રાખવી.

જ્યાં સુધી વ્રત હોય ત્યાં સુધી પરમકૃપાળુદેવનાં વચનો વાંચી હૃદયમાં રાખવાનું કરશો તો તે રૂડી રીતે સમજાવા સંભવ છેજી. શ્રી આત્મસિદ્ધિ, છ પદનો પત્ર, અપૂર્વ અવસર વગેરે મુખપાઠ ન થયાં હોય તો મુખપાઠ કરી રોજ ફેરવવા ભલામણ છેજી. મુખપાઠ હોય તો રોજ વિચાર કરી તેમાં જણાવેલ ભાવ હૃદયમાં ઠરે તેમ કર્તવ્ય છેજી. સદાચાર, સરળતા, અલ્પ શુભ આહાર આદિ વૈરાગ્યપ્રેરક જીવન-વ્યવહાર અને સારો સમાગમ તથા સદ્વાંચન વ્રતને પોષનાર છેજી. તમારા કુટુંબનું વાતાવરણ સારું છે પણ બીજા લોકોની વાતો લક્ષમાં ન લેવી. જગત અને ભગતના રસ્તા જુદા છે. લોકલાજ અને લૌકિક ભાવથી ઉદાસ થવું. વ્રત કરી કશી ભવિષ્યના સુખની ઇચ્છા ન કરવી. આત્માર્થે જ આ વ્રત કરું છું, મારા

આત્માનું કલ્યાણ થાઓ, જ્ઞાનીએ જાણ્યો છે તેવો મારો આત્મા છે તે મને પ્રાપ્ત થાઓ, એ ભાવના કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૯૭ અગાસ, તા. ૩૦-૬-૪૯

માણસની ભૂલ થાય. ભૂલને પાત્ર છે. પણ તેવી ભૂલ ફરી ન થાય તેનો લક્ષ રાખવો તે કર્તવ્ય છેજી.

બીજું, પરમકૃપાળુદેવનાં વચનામૃતો છે તે વૈરાગ્યથી ભરેલાં છે, સત્‌જિજ્ઞાસુ જીવાત્માને સંસારથી તારનાર ને સત્પંથે દોરનાર, મોક્ષમાર્ગે ગમન કરાવનાર ભોમિયારૂપ છે; તો તે વચનામૃતોમાંથી જે જોઈએ તે મળી શકે છે. એ મહાન જ્ઞાનીપુરુષે સત્‌જિજ્ઞાસુઓ માટે અનંત અનંત એવો ઉપકાર કરી કૃતાર્થ કર્યા છે, તો અમો તમો સૌ સત્‌જિજ્ઞાસુઓને એ જ શરણ રહો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સમાધિમરણની તૈયારી અર્થે જ હવે જીવવું છે એ નિશ્ચય ચૂકવા યોગ્ય નથીજી.

---

૭૯૮ અગાસ, અષાડ સુદ ૮, ૨૦૦૫

"કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી" (૪૬૦) એ પરમકૃપાળુદેવનું વાક્ય વારંવાર વિચારી ક્લેશનાં કારણોને ભૂલી જવા યોગ્ય છેજી. મરણનો વારંવાર વિચાર કરવાથી મોહની મંદતા થઈ વૈરાગ્ય રહ્યા કરશે, તો જગતના અનિત્ય, અસાર અને અશરણ ભાવોને માટે આત્માને ક્લેશિત કરવો યોગ્ય નથી એમ સહજ સમજાશે. સ્મરણમંત્રમાં વૃત્તિ વિશેષ રહ્યા કરે એવો અભ્યાસ પાડી મૂકવા ભલામણ છેજી. મનને સારું કામ કરવાનું ન હોય ત્યારે જ અશાંતિમાં, વિકલ્પોમાં પ્રવર્તે છે. માટે નવરું પડ્યું નખોદ વાળે તેવું મન છે તેને સ્મરણમંત્રરૂપી વાંસ ઉપર ચઢ-ઊતર કરવાનું કામ સોંપવાનો નિશ્ચય કરી તે નિશ્ચયનો અમલ થાય તેમ કાળજી રાખતા રહેવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૭૯૯ અગાસ, તા. ૧૯-૭-૪૯

આપે તપશ્ચર્યા સંબંધી પૂછ્યું. તે સંબંધી જણાવવાનું કે ઇચ્છાઓ રોકવી તેને ખરું તપ કહ્યું છે. તેના પ્રકાર તરીકે એક દિવસ, બે દિવસ આદિ આહારની ઇચ્છા રોકવી તે પ્રથમ બાહ્ય તપ છે. ખોરાક રોજ લેતા હોઈએ તેથી પ્રમાણમાં એક, બે કે અનેક કોળિયા ઓછા લેવાનો (રસ પડે તોપણ વિશેષ આહાર લઈ ન લેવાય તે) નિયમ રાખવો તે ઊણોદરી નામનું બીજા પ્રકારનું તપ છે. વૃત્તિસંક્ષેપ એટલે આજે અમુક શાક કે ગળપણ કે મીઠું કે ફ્લફ્લાદિ નથી લેવાં એવી અંતરમાંથી સંયમની ભાવનાથી વિલાસવૃત્તિ રોકવી તે ત્રીજું તપ. રસપરિત્યાગ નામનું ચોથું તપ છે, તેમાં પોતાને પ્રિય લાગતી વસ્તુઓનો એક દિવસ, એક અઠવાડિયું કે ચાતુર્માસ આદિ પર્યંત ત્યાગ કરવો. તેમાં પણ પરવસ્તુનો જીભ દ્વારા થતો મોહ અટકે છે તેથી તપ છે. કાયાને કષ્ટરૂપ લાગે તેવા આસને અમુક વખત બેસી વાંચન, સ્મરણ આદિ ધર્મધ્યાનમાં ચિત્ત રોકવું; ઠંડી, તાપ આદિ સહન કરતાં શીખવું તે કાયક્લેશ

તપ છે. એકાંતમાં બેસવું, સૂવું, વિકાર થાય તેવાં સ્થાનથી દૂર રહેવાનો અભ્યાસ પાડવો, તે છઠ્ઠું સંલીનતા તપ છે.

બીજાં છ અભ્યંતર તપ છે, એટલે બીજાને તપ કરે છે એવું જણાય પણ નહીં. (૧) પ્રાયશ્ચિત્ત – ગુરુ સમીપે થયેલા દોષ જણાવી, તે બતાવે તે શિક્ષા ગ્રહણ કરી દોષમુક્ત થવું તે. એમાં માન કષાય આદિનો ત્યાગ થાય છે અને દોષ કરવાની વૃત્તિ રોકાય છે. (૨) વિનય કરવા યોગ્ય મહાપુરુષોનો વિનય કરવો. તેમાં પણ માનની વૃત્તિ રોકાય છે. (૩) વૈયાવૃત્ય એટલે સેવા કરવા યોગ્ય સંતજનોની સેવા કરવી, તે પણ તપ છે. ઉપવાસ આદિ વડે કાયા કૃશ કરવા કરતાં ખાઈને સેવા કરનારને વધારે લાભ શાસ્ત્રો વર્ણવે છે, કારણ કે કાયાની સફળતા તેમાં છે. (૪) સ્વાધ્યાય-તપ – આત્મામાં સત્પુરુષનો બોધ પરિણામ પામે તેવા વૈરાગ્ય અને આત્માર્થ સહિત સત્પુરુષનાં વચનને પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય માની બહુમાન-ભક્તિપૂર્વક વાંચન, વિચાર, ચર્ચા, મુખપાઠ, મુખપાઠ કરેલું વિચારપૂર્વક બોલી જવું, સ્મરણ વગેરે સ્વાધ્યાય-તપ છે. આ કાળમાં સ્વાધ્યાય-તપ સહેલું, વિશેષ ફળદાયી સંતોએ ગણ્યું છે શરીર કૃશ કરવા કરતાં; તેથી આત્માના દોષો કૃશ થવાનું કારણ બને છે. (૫) ધ્યાન – આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન તજીને, મોક્ષમાળામાં ધર્મધ્યાનના ત્રણ પાઠ લખ્યા છે તે પ્રમાણે ધ્યાનમાં વૃત્તિ રાખવી તે પણ પાંચમું અંતરતપ છે. (૬) કાયોત્સર્ગ – દેહથી હું ભિન્ન છું, જાણનાર છું, દેહને થાય છે તે મને થતું નથી એમ વિચારી દેહચિંતા તજી આત્માર્થે મહાપુરુષે કહેલાં છ પદ, મંત્ર આદિ કે લોગસ્સ વગેરેમાં મનને લીન કરવું તે કાયોત્સર્ગ નામનું છેલ્લું અને અત્યંત ઉપયોગી, સમાધિમરણની તૈયારીરૂપ છઠ્ઠું તપ છે. તેમાં સંસારની સર્વ વૃત્તિઓ રોકાઈ, પરમપુરુષમાં કે તેનાં વચનમાં વૃત્તિ રોકાય છે. હાલ એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૮૦૦

અગાસ, સં. ૨૦૦૫

પામો પાપ પ્રલય આજથી, વાસ હૃદયમાં રાજતણો;
પરમ પ્રભુશ્રીની સાક્ષીએ, આનંદ આનંદ આજ ઘણો.

વિ. આપનો લાંબો પત્ર મળ્યો હતો. તેમાં અધૂરા કામે જવાબ આપવો યોગ્ય નહીં લાગવાથી નિરાંતે પત્ર લખવા ધાર્યું હતું. ધીરજનાં ફળ મીઠાં હોય છે એમ કહેવાય છે અને આપે પણ તેવી શિખામણ લખેલી તે પ્રમાણે પરમકૃપાળુદેવની કૃપાથી જે થાય તે જોયા કરવું એમ રાખ્યું હતું. વચ્ચે મન બધેથી ઊઠી ગયેલું અને જરૂર પડ્યે આશ્રમ છોડવાનો નિર્ણય કરી લીધો. પછી વિકલ્પો શમાયા અને તે વિક્ષેપમાં મન ન રહે તે અર્થે 'મોક્ષમાળા-પ્રવેશિકા' લખવાનું શ્રાવણ સુદ ૨ થી શરૂ કર્યું છે. તેના ૮, ૯ પાઠ લખાયા છે. પરમકૃપાળુદેવની કૃપાથી ટ્રસ્ટીઓની અસાધારણ સભા ભરાયેલી તેમાં બધાંને નિવેદન વાંચી સંતોષ થયો છે, એમ જણાવી મને જણાવ્યું કે મુમુક્ષુઓનો અને અમારો અભિપ્રાય એવો છે કે તમે પ્રતિજ્ઞા ફેરવી શકતા હો તો આંબેલ ન કરો. એટલે મેં જણાવેલું કે તે સંબંધી હું સભામાં જાહેર કરીશ. પછી જણાવ્યું હતું કે હવે નમસ્કાર કે પૈસા મૂકવાનો પ્રસંગ આવતો નથી એટલે આંબેલનું પણ કારણ નથી રહ્યું; તેમ છતાં બધાની સૂચના પ્રમાણે, આંબેલ

બાહ્ય તપ છે તેને બદલે કદી તેવો પ્રસંગ બનશે તો સ્વાધ્યાય કે તેવા રૂપમાં અભ્યંતર તપ દ્વારાએ તે નિયમ પૂર્ણ કરીશ, એટલે હવે આંબેલ નહીં કરું. બધાને સંતોષ થયો છે.

આપે છેલ્લો પત્ર ઘણા હૃદયના ભાવસહિત લખેલો તે વાંચતાં મારી આંખમાં પણ આંસુ એક-બે વખત આવી ગયેલાં. હૃદયનો ધર્મ એવો જ છે પણ બધાથી ઉદાસ થઈ હવે તો સમાધિમરણની તૈયારીમાં અપ્રમત્ત રહેવું આપણે ઘટે છેજી. સંસારની અનુકૂળતા પ્રતિકૂળતા જોઈતી નથી. આત્માનું હિત થાય અને પરમકૃપાળુદેવને શરણે સર્વ જગત ભુલાઈને દેહ છૂટે ને રાગદ્વેષ કોઈ પ્રત્યે અંતરથી ન રહે એ જ પુરુષાર્થ પ્રબળપણે કર્તવ્ય છેજી. ભક્તિ, વાંચન, વિચાર, સ્મરણમાં મન મગ્ન રાખવા વિનંતી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૮૦૧

અગાસ, તા. ૩૦-૮-૪૯

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન." – શ્રીમદ્ રાજચંદ્ર

વિ. આપનો શુભ ભાવનાવાળો પત્ર મળ્યો છેજી. તેવા ભાવો હરદમ રહ્યા કરે અને "હે બ્રહ્મચર્ય ! હવે તું પ્રસન્ન થા, પ્રસન્ન થા." એવો એક બોલ શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંનો છે, તેનું વારંવાર સ્મરણ રહ્યા કરે તેવો અભ્યાસ પાડવા ભલામણ છેજી. ક્ષણે ક્ષણે મરણની સ્મૃતિ કરતા રહેવાથી વૈરાગ્યજ્યોતિ જાગ્રત રહે અને પાપમાં વૃત્તિ જતી અટકે. માટે પરમકૃપાળુદેવે જણાવેલો જે માર્ગ તેને વિઘ્ન કરનાર સાત વ્યસન છે તેની જેણે તે સાચા દેવ સમક્ષ પ્રતિજ્ઞા, હાથ જોડી નમસ્કાર કરીને લીધી છે તેણે તો મનથી પણ તે વ્યસનમાં વૃત્તિ ન જાય એટલો આકરો આચાર રાખવો ઘટે છેજી. કારણ કે કર્મ તો મનના ભાવને લઈને બંધાય છે. જો મન માની જાય કે નીતિનો માર્ગ જો હું ચૂકીશ તો ધર્મનો લાભ તો મને કદી મળનાર નથી તો પાપથી અટકે. ધર્મનો પાયો નીતિ છે, તેથી જ સાત વ્યસનનો ત્યાગ, મંત્ર લેતાં પહેલાં લેવાનો હોય છે તે લક્ષમાં રાખી આત્માની સંપત્તિ વ્યર્થ વિકલ્પોમાં ખોવાઈ ન જાય તે માટે તે મન ઉપર મરણના વિચારની ચોકી બેસાડવાની છે. આવતી કાલે મરવાનું નક્કી જ હોય તો આજે આપણે પાપના કામમાં પગ ન મૂકીએ. તેમ વારંવાર મરણનો વિચાર આવે તો મન અનીતિના ઘાટ ઘડવાનું, પાપમાં પ્રવર્તવાનું માંડી વાળે. માટે જરૂર નિરાશ નહીં થતાં રોજ પુરુષાર્થ ઉપર જણાવ્યો છે તે શરૂ કરવા ભલામણ છેજી.

આટલાં બધાં વર્ષ જીવવાનું મળ્યું પણ જીવે ખરી કમાણી કરવા જેવી કરી નથી. પોતાનું કામ પડી રહ્યું છે અને પારકી પંચાતમાં ખોટી થઈ રહ્યો. હવે તો આ જીવે પોતાનું આત્મહિત સાધવાનું કામ હાથ ધરી તેમાં ઉત્સાહ દિનપ્રતિદિન વધતો રહે તેમ કરવા નમ્ર વિનંતી છેજી. "બહુ વીતી થોડી રહી, થોડીમેંસે ઘટ જાય" એ કહેવત પ્રમાણે થોડું જીવવાનું બાકી રહ્યું છે તેમાંથી ક્ષણે ક્ષણે આયુષ્ય ઘટતું જાય છે. તેને લેખે આવે તેવી રીતે ગાળવું છે એવો નિર્ણય કરી સન્માર્ગની આરાધના માટે કમર કસી તૈયાર થઈ જવું, વૃદ્ધમાંથી યુવાન થવું, પણ ઊંડી દાઝ દિલમાં રાખવી કે જગતને રૂડું દેખાડવા હવે જીવવું નથી પણ રૂડા જ થવું છે. ગમે તેવી વિકટ વાટે પણ આત્મા ઊંચો આવે તેમ જ વર્તવું

છે. શરીર તો વિષ્ટાનો ઘડો છે. ગમે તે સ્ત્રી કે પુરુષ હો પણ તે જીવતું મડદું જ છે. હવે મડદાં કે ચામડામાં વૃત્તિ રાખનાર રહેવું નથી. ઝવેરીની પેઠે આત્મરત્ન તરફ દૃષ્ટિ દેનાર થવું છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૦૨ અગાસ, તા. ૩૧-૮-૪૯

"તારું એક જ શરણું અહીં રહું છું, હવે કહું શું બહુ હું?
તુજ વિણ કોઈની સાથે પ્રયોજન, ભવમાં ન હોશો એ યાચું —
હે ગુરુરાજ! તમે જાણો છો સઘળું."

આપના હૃદયગત ભાવો પરમકૃપાળુદેવ સફળ કરો એ સિવાય કંઈ લખી શકાય તેમ નથીજી. પરમકૃપાળુદેવની ભક્તિમાં સર્વ સમાય છે; તેની આજ્ઞામાં અનન્યભાવે પ્રવર્તવું છે એમ જેનો નિશ્ચય છે, તેને સ્થળ આદિ બદલાય તોપણ અંતઃકરણ બદલાતું નથીજી. ૐ શાંતિઃ

---

૮૦૩ અગાસ, તા. ૨૬-૯-૪૯

સ્મરણ નિરંતર રહે એવી ટેવ પાડી મૂકી હોય તો તે દુઃખના વખતમાં આર્ત્તધ્યાન ન થવા દે અને સુખના વખતમાં માન, લોભ, શાતાની ઇચ્છા વધવા ન દે. માટે મનને રોકવા માટે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ આપેલું સ્મરણરૂપ હથિયાર સર્વ અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગે કામ આવે તેવું છે. માટે મનને વીલું ન મૂકવું. કંઈ ને કંઈ તેને કામ સોંપવું. કાં તો સ્મરણમાં, ભક્તિમાં, ગોખવામાં, ફેરવવામાં, વાંચવામાં, વિચારવામાં, કોઈને કંઈ જ્ઞાનીપુરુષની વાત કહેવા-ચર્ચવામાં, કંઈ આત્મા સંબંધી પ્રશ્નાદિ પૂછવામાં કે સદ્‌ભાવના કરવામાં મનને જરૂર રોકયા જ કરવું. નહીં તો નવરું પડ્યું નખ્ખોદ વાળે, તેવો એનો અનાદિનો અભ્યાસ છે. તે ફેરવવા અસત્સંગના ગેરલાભ વિચારવા અને સત્પુરુષના યોગે, સદ્‌બોધના પ્રસંગે, પરમ સત્સંગના મહાભાગ્યકાળે કેવા છૂટવાના ભાવ નિરંતર વર્ધમાન થતા તે સંભારી, મંદ પડતા ભાવોને ઉત્તેજન મળે, વૈરાગ્યની વૃદ્ધિ થાય તથા સત્સંગની ભૂખ જાગે તેમ પ્રયત્ન કર્યા કરવો ઘટે છેજી. મનુષ્યભવમાં જે કંઈ હવે જીવવાનું બાકી રહ્યું હોય તે માત્ર આત્મહિતની વૃદ્ધિમાં જ વપરાય અને શાતાની ભીખ ટળે તેવી ભાવના ચિંતવવી.

"लाख बातकी बात यह, तोकुं देई बताय ।
परमातम पद जो चहै, रागद्वेष तज, भाई ॥"—श्री चिदानन्दजी

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૦૪ અગાસ, તા. ૧૨-૧૦-૪૯
તત્ ૐ સત્ આસો વદ ૫, ૨૦૦૫

શરીર જ ગૂમડું છે, આહાર પોટીસ છે અને કપડાં પાટારૂપ છે. એમાં કશું સાચવ્યું સચવાય તેમ નથી. પરમકૃપાળુદેવની સાક્ષીએ મનમાં દોષ ડંખતો હોય તેની માફી સાચા દિલે માગી નિઃશલ્ય થવા યોગ્ય છે; એટલે ફરી તેવા દોષમાં પ્રવેશ થતો અટકે. તેવો પ્રસંગ બન્યા પહેલાં કંઈ સલાહ પૂછવા યોગ્ય લાગે તો પૂછવામાં હરકત નથી, થઈ ગયું તેનું પશ્ચાત્તાપપૂર્વક વિસ્મરણ ઘટે છેજી.

બીજી બાબત આપે લખી તે વિષે જણાવવાનું કે કોઈ પરમકૃપાળુદેવને ભજનાર હોય તેના પ્રત્યે પ્રમોદ ઘટે છે, તેની દશા વિષે કલ્પના કરવી ઘટતી નથી. આવા કળિકાળમાં કોઈ પણ તેનું શરણુ લેશે તેનું હિત થવાયોગ્ય છે. અયોગ્ય કલ્પના પોતા સંબંધી કરશે તેમાં તેને નુકસાન છે. આપણે તો ડાળાં મૂકીને થડ(પરમકૃપાળુદેવ)ને જ વળગવું કે તેમાં કદી શંકાને સ્થાન જ નથી. આવી કુતૂહલવૃત્તિ ઓછી થાય અને પરમકૃપાળુદેવમાં નિઃશંકિતતા વધતી જાય એ જ કર્તવ્ય મારે તમારે ઘટે છેજી. જ્યાં ભવિષ્યમાં રહેવાનું, વિચરવાનું થાય ત્યાં આ લક્ષ રહેશે તો તે સમાધિમરણને મદદ કરનાર છેજી. બીજું શું લખવું?

"જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર." એ પુષ્પમાળાનું વચન હવે તો નજર બહાર ન જાય તેમ વર્તવું ઘટે છેજી. વિકલ્પો તો હવે ટાળવા છે, એમ દૃઢ મનમાં નિશ્ચય કર્તવ્ય છેજી. જેમ બને તેમ જગત અને વિભાવોને ભૂલીને "શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય" (૬૯૨) આ દવા, અવલંબન, અભ્યાસ નિરંતર સેવવા યોગ્ય છેજી.

"નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;<br>
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય." — શ્રી આત્મસિદ્ધિ

---

૮૦૫ અગાસ, તા. ૧૩-૧૦-૪૯

તત્ ૐ સત્ આસો વદ ૬, ૨૦૦૫

દોહરા — ષટ્દર્શનનો સાર છે, આત્મસિદ્ધિ સુખ-સાજ;<br>
અપૂર્વ જ્ઞાન વરી રચી, નમું સદા ગુરુરાજ. ૧<br>
નિષ્કારણ કરુણા ઘણી, અમાપ આપ ઉદાર;<br>
કળિકાળે પ્રગટ્યા પ્રભુ, વંદું વારંવાર. ૨<br>
ઉદ્ધારક અમ રંકના, અપાર ગુણ ધરનાર;<br>
શક્તિ સ્તવન તણી નથી, શરણ મોક્ષ દેનાર. ૩

આપે પ્રશ્ન પૂછ્યો છે તે જ મેં પ. પૂ. પ્રભુશ્રીજીને પૂછેલો કે ભક્તિ અને ધર્મ-કર્તવ્યમાં ભેદ શો છે? તેનો ઉત્તર આપવા પૂ. મોહનલાલજી મહારાજને તેઓશ્રીજીએ જણાવ્યું. તેમણે કહ્યું કે જે મંત્ર મળ્યો છે તે તથા સત્પુરુષની મુખાકૃતિ વગેરે ચિંતવવું, વીસ દોહરા ક્ષમાપના વગેરે કહ્યું હોય તે બોલવું તે ભક્તિ અને સ્વરૂપનું ચિંતવન તે ધર્મ. પછી પોતે પ્રભુશ્રીજીએ પરમકૃપાળુદેવ સાથે ગાળેલા દિવસોમાં કેવો ક્રમ હતો તે લંબાણથી વર્ણવ્યું હતું (હાલ આશ્રમમાં જે ક્રમ છે તેથી ઘણો વધારે, સાધુને યોગ્ય ક્રમ હતો) અને તે વખતે વૃત્તિઓ કેવી રહેતી તે સંબંધી પોતાનો અનુભવ કહ્યો હતો. જુદા જુદા ગ્રંથો વાંચ્યા હોય તેની બધા મુનિઓ રાત્રે ચર્ચા કરતા; દિવસે ઊંઘવાની મના હતી એટલે રાત્રે સૂવાનો વખત થવાની રાહ જોતા. બે પ્રહર (છ કલાક) નિદ્રાના વચનામૃતમાં છે, પણ એક જ પ્રહર ઊંઘવાનો મળતો. ચાર વાગ્યે તો ઊઠતા. પ્રતિક્રમણ વગેરે આવશ્યક કરી સૂર્યોદય પછી કેટલાક ગોચરી જતા, પોતે વાંચતા વગેરે. પછી મને કહ્યું કે જેમ બને તેમ ઘડી બે ઘડી નિયમિત

રીતે એમાં (વચનામૃતમાં, ભક્તિમાં) કાળ ગાળવો, આખો પ્રહર ન બને તો. ધર્મનું સ્વરૂપ તો અનુભવ થશે ત્યારે સમજાશે. વિષય, કષાય, પ્રમાદ અને સ્વચ્છંદ ટાળવા અને એ ટળશે.

"ધર્મ કહે આત્મસ્વભાવકું એ સત્મતકી ટેક."

એક વખતે સાંજે ભક્તિ સંબંધી વાત નીકળી હતી તેમાં "ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે, એમ લાગે છે." (૨૮૩) એ પરમકૃપાળુદેવનું વચન ચર્ચાયું હતું. પછી પ. પૂ. પ્રભુશ્રીજીએ કહેલું : મુક્તિ એટલે છૂટવું. 'તું કર્મ બાંધ અને હું છોડું' એમ ચાલ્યા કરે છે, પણ પાત્રતા વિના ભક્તિ (આત્મા) આપવામાં તે કૃપણ છે. ઉપરની જૂની વાત યાદ લાવવામાં આપનો પ્રશ્ન ઉપકારી બન્યો છે તે બદલ ઉપકાર માનું છુંજી.

બીજું સત્સ્વરૂપ કે શુદ્ધ ધર્મને નમસ્કાર ભાવ ભક્તિથી તેવા થવા તેવી અભેદ ભાવના કરી કર્યા છે અને જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ એક જ વાક્યમાં દર્શાવી દીધો છે. પત્રને અંતે જણાવેલા ચાર પ્રતિબંધો – લોકલાજ, સ્વજનકુટુંબ, દેહાભિમાન અને સંકલ્પવિકલ્પ – જેને ટળી ગયા છે તેવા ભાવ અપ્રતિબંધપણે નિરંતર વિચરતા જ્ઞાનીપુરુષના ચરણારવિંદની ઉપાસના, તે પ્રત્યે અચળ પ્રેમ અને સમ્યક્ (સત્પુરુષની ઓળખાણપૂર્વક આત્મસ્વરૂપની) પ્રતીતિ આવ્યા વિના પોતાના યથાર્થ સ્વરૂપની પ્રાપ્તિ (ઓળખાણ) જીવને થતી નથી. એટલી યોગ્યતા આવ્યે સત્પુરુષનું સ્વરૂપ સમજાયે જીવને સત્પુરુષની ભક્તિથી પોતાને જ્ઞાનદશા પ્રાપ્ત થાય છે. આ જ કામ આ ભવમાં કરવા યોગ્ય છે તે પડી મૂકી જીવે ધર્મને નામે અનેક સાધનો કર્યાં છે. સત્પુરુષને એ જ કહેવું છે અને તે કહેલું સમજીને જીવ આજ્ઞા રૂડે પ્રકારે ઉઠાવે તો સત્પુરુષની દશા કે સામાયિક અથવા આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય, એમ સૂયગડાંગ નામના બીજા અંગમાં ઋષભદેવ ભગવાને પોતાના અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ દીધો છે તેનો આ સાર છે એમ જણાવ્યું છે. "જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે." (૫૧૧) એટલે જીવ સાચા અંતઃકરણે સત્પુરુષની આજ્ઞા ઉઠાવે તો ફરી જન્મવું ન પડે એવો જ્ઞાનીપુરુષની આજ્ઞામાં ચમત્કાર છેજી.

દિવાળીના દિવસો સમાધિમરણ અર્થે સાધના કરવાના છે. તે આવા શાંત અસંગ વાતાવરણમાં ગાળવાનું ભાગ્ય પ્રાપ્ત થાય તો સારું, નહીં તો યથાપ્રારબ્ધ જ્યાં રહેવું થાય ત્યાં માળા વગેરે ક્રમ સમાધિમરણ અર્થે કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૦૬ અગાસ, તા. ૨૨-૧૦-૪૯

હવે લખવા-વાંચવાનું ઓછું કર્યું છે એટલે હસ્તાક્ષરના કાગળની ઇચ્છા ગૌણ કરશો અને પરમકૃપાળુદેવનાં છપાયેલાં વચનોમાં જ વૃત્તિ રોકવા ભલામણ છેજી. તે વચનોનું અપૂર્વ માહાત્મ્ય છેજી. તેથી જે કંઈ શંકા હશે તે વાંચતાં વાંચતાં જ ખુલાસો મળી રહેશેજી.

મનને પરમકૃપાળુદેવનાં વચનોના વિચારમાં રોકી જગતને ભૂલી જવાનું શીખવાનું છેજી. સમાધિ-મરણ કરવું હોય તેણે તો જે થાય તે ભલું માનવાનો નિર્ણય કરવો ઘટે છે. અંતર્વૃત્તિઓ કેમ વર્તે છે તેની તપાસ રાખવાનો અને તેનો પણ સંક્ષેપ કરવાનો અભ્યાસ કર્તવ્ય છેજી.

---

૮૦૭ અગાસ, તા. ૨૪-૧૦-૪૯
તત્ ૐ સત્ કાર્તિક સુદ ૩, સોમ, ૨૦૦૬

આ મનુષ્યભવમાં મુખ્ય કાર્ય તો જ્ઞાનીપુરુષની નિરંતર આજ્ઞા ઉઠાવવી એ જ છે; પરંતુ આજીવિકાદિ હેતુથી તથા પૂર્વકર્મના તેવા સંસ્કારે અનાર્ય જેવા દેશમાં વસવું પડતું હોય તેણે વારંવાર બીજાં કામથી ઉદાસ થઈ જ્ઞાનીની અનંત કૃપાથી સ્મરણ, ભક્તિ આદિ સાધન પ્રાપ્ત થયેલ છે તે એક ઉદ્ધાર થવાનું સબળ કારણ માની વારંવાર સત્સાધનમાં વૃત્તિ વાળવી. ધન આદિ પરભાવમાં વહેતી વૃત્તિને જ્ઞાનીપુરુષ, તેનો સમાગમ, તેનાં વચનો તથા તે મહાપુરુષના આત્માની ઉજ્જવળતા જેટલી લક્ષમાં આવે તેનું અહોનિશ સ્મરણ કરવું ઘટે છેજી. સત્સમાગમનો વિયોગ છે ત્યાં કલ્યાણનો પણ સામાન્ય રીતે વિયોગ છે, પરંતુ વિયોગના વખતમાં જો સત્પુરુષ, તેનો ઉપકાર, તેની પરમાર્થની ધગશ સ્મૃતિમાં વારંવાર આવી ઉદાસીનતા પ્રેરાતી હોય તો વિયોગમાં પણ કલ્યાણ થાય છે એમ પરમકૃપાળુદેવ કહે છે, તે માન્ય કરી દૂર રહ્યા છતાં આશ્રમનું વાતાવરણ અને પ. પૂ. પ્રભુશ્રીજીની સ્મૃતિ તથા તેમણે જણાવેલી પરમકૃપાળુદેવની ભક્તિમાં પ્રેમ રાખશો તો ત્યાં રહ્યાં રહ્યાં પણ પરભવ સુધરે તેવો લાભ થઈ શકે તેમ છે.

ભાવ તો ઉત્તમ રાખવો. જેમ કે ક્ષમાપનાના પાઠમાં રોજ બોલીએ છીએ કે "તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ!" રાતદિવસ જ્ઞાનીપુરુષની આજ્ઞામાં જ જાય એવી ભાવના કે આકાંક્ષા રાખવી, પણ તેમ ન બને ત્યાં સુધી બીજાં કામમાંથી આસક્તિ ઓછી કરી વૈરાગ્યપૂર્વક નવરાશના વખતમાં જ્ઞાનીપુરુષનાં વચન, તેના સમાગમની સ્મૃતિ, સ્મરણ, ભક્તિ, વાંચન, વિચાર આદિમાં કાળ ગાળવાનું ચૂકવું નહીં. ફરવા જઈએ તોપણ બનતા સુધી એકલા જ જવું, અને મુખપાઠ કર્યું હોય તે બોલતા જવું, કે કંઈ ગોખવાનું હોય તે ગોખતા ગોખતા ફરવું, કંઈ નહીં તો સ્મરણ કર્યા કરવું. પણ સિનેમા, નાટક, પાર્ટી કે ક્લબ વગેરેમાં નવરા માણસોની પેઠે ખોટી ન થવું. તે બધાં પાપબંધનાં કારણો છે. જેને જ્ઞાનીપુરુષની આજ્ઞા નથી મળી તે શું કરે? એવાં કર્મબંધનાં કારણોમાં આનંદ માની જીવન વ્યર્થ ગુમાવે. પણ જેને સત્સંગયોગ થયો છે, આજ્ઞા મળી છે, તેનાં મહાભાગ્ય છે કે, તે તરવાનાં સાધનમાં જ તલ્લીન થઈ તેની ધૂનમાં જ બચતો વખત આત્મહિતાર્થે વાપરે. આ શિખામણ વારંવાર વાંચી બને તેટલો જીવનક્રમ આત્મસુધારણામાં, નિજ દોષો દેખી દૂર કરવામાં તથા નિર્દોષ વાંચન, વિચાર કે આનંદમાં ગાળતાં શીખવાનો દૃઢ સંકલ્પ કર્તવ્ય છેજી. નવું વર્ષ આ રીતે ગાળતા રહેશો તો તે કલ્યાણકર્તા નીવડશે.

પૂ........ને પણ જગતની ચિંતાઓ તજી એક આત્મહિતના વિચારો તથા સત્પુરુષનાં વચનો વાંચવા, વિચારવા તથા મુખપાઠ કરી ફેરવતા રહેવા ભલામણ છેજી. છૂટવા માટે જ જીવવું છે, બંધનાં કારણોમાં આનંદ માનવો નથી અને જ્ઞાનીપુરુષોએ કહ્યું છે તેમ "સુખ અંતરમાં છે, બહાર શોધવાથી નહીં મળે" એ માન્યતા દૃઢ કરી, સંસારને પૂઠ દઈ, એક આત્મહિતમાં જ સુખની માન્યતા થાય તેમ વર્તવા વિનંતી છેજી.

નવા વર્ષમાં અમુક ભાગ તત્ત્વજ્ઞાન કે મોક્ષમાળામાંથી મુખપાઠ કરવો છે એમ નક્કી કરવું ઘટે છે. આલોચના, છપદનો પત્ર, આત્મસિદ્ધિ, અપૂર્વ અવસર, મૂળમાર્ગ, ધન્ય રે

દિવસ આ અહો ! આદિ મુખપાઠ ન કર્યા હોય તો કરવાનો નિશ્ચય કરી રોજ કરવાં, અને ભક્તિનો નિત્યનિયમ, અમુક માળા ફેરવવા ઉપરાંત એકાદ કલાક દિવસે કે રાત્રે વાંચનનો નિત્યનિયમ રાખવો. શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત, મોક્ષમાળા, સમાધિસોપાન આદિ સત્શાસ્ત્રોમાંથી નિયમિત વાંચન કરવામાં લાભ છેજી. જ્યાં સુધી યુવાવસ્થા છે, જ્યાં સુધી રોગ આદિનો ઉપદ્રવ નડતો નથી, બધી ઇન્દ્રિયો કામ આપે છે, ત્યાં સુધી પ્રમાદ તજી આત્મહિતમાં વિશેષ કાળ ગાળવાનો વિચાર કરશો તો થઈ શકશે. પછી જ્યારે રોગ આવી પડે, ઇન્દ્રિયો બગડે, ઉપાધિ વધે અને વૃદ્ધાવસ્થા કે મરણુ નજીક આવે ત્યારે કંઈ બનશે નહીં. માટે પહેલેથી ચેતતા રહે તેને પાછળ પસ્તાવો કરવો ન પડે, અને સમાધિભાવમાં દેહ છૂટે. પરમકૃપાળુદેવનો આ કાળમાં પરમ ઉપકાર છે કે "મોક્ષમાર્ગ બહુ લોપ" એવા કળિકાળમાં આત્માર્થીને માટે ખુલ્લો મોક્ષમાર્ગ પ્રગટ કર્યો છે. જેનાં ધન્યભાગ્ય હશે તેને તેમણે દર્શાવેલા મોક્ષમાર્ગમાં પ્રીતિ થશે અને ટકી રહેશે. સત્સંગનો જોગ ન હોય તો સત્શાસ્ત્રમાં મનને રોકવા ભક્તિ આદિ વડે પરમકૃપાળુદેવ પ્રત્યે પરમ પ્રેમ રાખવા ફરી ભલામણ કરી વિરમું છુંજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૦૮ અગાસ, તા. ૧૩-૧૧-૪૯

દોહરા — હે પ્રભુ! શી વિપરીતતા, વળગી આ જીવ સાથ;
દેહ વિકારે લગ્ન મન, રહે સદાય અનાથ.
અતીંદ્રિય નિજ જ્ઞાન ને સુખની ના શ્રદ્ધાય;
કહો, ભાવના તે તણી, કેવી રીતે થાય?
પણ સદ્ગુરુ યોગે અહો, સત્શ્રદ્ધા બળવંત;
વચનયોગ આરાધતાં, આત્મા લહું અનંત.

વિ. આપને દરદનો ઊથલો મારેલો સાંભળ્યો. બનનાર તે ફરનાર નથી એમ ગણી, આ પૂર્વે બાંધેલું કર્મ જવા માટે આવ્યું છે તે ભોગવતાં સ્મરણમાં ચિત્ત રાખવાનો પુરુષાર્થ કરવો. શ્રી ગજસુકુમાર આદિ મહા ભયંકર વેદનાને સમભાવે ભોગવનાર મુનિવરોનાં અદ્ભુત પરાક્રમને સ્મૃતિમાં લાવી, તે વખતે દેહ અને આત્માની ભિન્નતાનો અખંડ નિશ્ચય તેમણે ટકાવી રાખ્યો તે ધ્યેય લક્ષમાં રાખી સમભાવની ભાવના નિરંતર કર્તવ્ય છેજી. અન્ય વિકલ્પોમાં જતું ચિત્ત રોકીને પરમપુરુષની દશાને ચિંતવવી હિતકર છેજી. હાડકાંના માળા જેવું શરીર પરમકૃપાળુદેવનું થઈ ગયું છતાં તેમણે આત્મભાવના પોષી છે; તેમ શરીર અશક્ત અને દુઃખદાયી નીવડે ત્યારે આત્માને પુષ્ટિકારક એવાં પરમકૃપાળુદેવનાં વચનો પરમ ઔષધમય માની વૈરાગ્ય અને સંવેગમાં વૃત્તિ રહ્યા કરે તેવો પુરુષાર્થ નવીન કર્મને રોકનાર બને છેજી. આત્મઆરોગ્યની જ ભાવના કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૦૯ અગાસ, તા. ૧૫-૧૧-૪૯, મંગળ

ભજવા પરમકૃપાળુને, સહજ સુખે ભરપૂર;
એ આદર્શ ઉપાસવા, બન તન્મય, હે શૂર!

આપનો પત્ર મળ્યો. વાંચી સમાચાર જાણ્યા. આપણી ગફલતને લીધે બીજા જીવોને સત્પુરુષ કે કલ્યાણનાં સાધનની આશાતનાનું નિમિત્ત થાય તે કર્મબંધનનું કારણ જાણી, ભવિષ્યમાં તેમ ન વર્તાય તેની ખાસ કાળજી રાખવી ઘટે છેજી. પરમકૃપાળુદેવનો ચિત્રપટ કોઈને ભક્તિ અર્થે ન વાપરવો હોય તો આપણે આપણી પેટીમાં રાખી રોજ દર્શન-ભક્તિ આદિનું નિમિત્ત બનાવવું ઘટે છેજી. તે ચિત્રપટ આગળ નમસ્કાર આદિ વિનયભક્તિ કરી, તમે ધાર્યું તે પ્રમાણે વ્રતની ભાવના કરવા ભલામણ છેજી તથા નવ વાડ વિષે વિશેષ કાળજી રાખી આત્માર્થે સાવધાનીપૂર્વક વર્તવા ભલામણ છેજી. "આત્માથી સૌ હીન" એ વાક્ય વિચારી બીજી બાબતોમાં ભટકતા ચિત્તને ઠપકો દઈ, વારંવાર પાછું વાળી પરમકૃપાળુદેવના અચિંત્ય અદ્ભુત સ્વરૂપમાં, સ્મરણમાં, ભક્તિમાં કે વાંચન-વિચાર આદિ સ્વાધ્યાયમાં જોડવું હિતકારી છેજી. આવો યોગ આત્મહિત સાધવાનો વારંવાર બીજા ભવમાં પણ મળવો મુશ્કેલ છે એમ વિચારી આ જ ભવમાં પરમપુરુષને શરણે બને તેટલું આત્મહિત સાધી લેવાનો નિર્ણય કરી સમાધિમરણને અર્થે સત્પુરુષાર્થ કર્તવ્ય છેજી. વારંવાર મરણ સંભારવાથી વૈરાગ્યવૃદ્ધિ થવા સંભવ છેજી. આપણામાં જે દોષો છે તે દૂર થવા નિર્દોષ નરના કથનમાં વૃત્તિ વારંવાર જાય, ત્યાં ટકે તેમ અભ્યાસ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૮૧૦

અગાસ

બહુ જ સંક્ષેપમાં તમે પૂછેલા પ્રશ્નોનો ઉત્તર લખું છું :-

[1]પ્રતિશ્રોતી=સ્વીકાર કરનાર; કંઈ ન બને તોપણ જ્ઞાનીનું કહેલું અંગીકાર કરનાર, માન્ય કરનાર. [1]પારિણામિક વિચારવાળો=જે કાર્ય કે ભાવ થાય છે તેનું શું પરિણામ આવશે એના વિચાર કરનાર. [1]અનુત્તરવાસી થઈને વર્તે=ઉત્તર એટલે ચઢિયાતું; જેથી કંઈ પણ ચઢિયાતું નથી એવો આત્મા-"આત્માથી સૌ હીન" એવા અનુત્તરવાસી એટલે સર્વોત્કૃષ્ટ આત્મા જ્યાં પ્રગટ છે ત્યાં જેના ચિત્તનો વાસ છે તે અનુત્તરવાસી સમજાય છે; તેવો થઈને વર્ત. [2]એ વિવેક ખરો છે=પરમકૃપાળુદેવે જે મોક્ષમાળામાં વિવેકનો પાઠ લખ્યો છે, અજ્ઞાન અને અદર્શનથી આત્મા ઘેરાઈ ગયો છે તે સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શનરૂપે જેથી જેથી જણાય તે વિવેક. સંસાર અસાર ભાસે અને મોક્ષ સર્વોત્કૃષ્ટ, રમણીય, પ્રિય, હિતરૂપ જેથી ભાસે તે વિવેક. મોહદશામાં તેવો વિવેક નથી હોતો કે નથી રહેતો. ઉપેક્ષા=મધ્યસ્થતા, સમતા પરિણામ થાય તેવા વિચાર. જે વિચારનું ફળ સમદૃષ્ટિતા કે સમભાવ, તેવી ભાવના તે ઉપેક્ષાભાવના છે. મૈત્રી આદિ ભાવનાની ટોચ એ છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૮૧૧

સીમરડા, તા. ૭-૧-૫૦
તત્ ૐ સત્ પોષ વદ ૩, શનિ, ૨૦૦૬

લઘુતામાં પ્રભુતા વસે, પરમકૃપાને યોગ,
પરમકૃપાળુ દેવને, યોગે સ્મરું અયોગ. (**લઘુયોગવાસિષ્ઠ-સાર**)

તીર્થક્ષેત્ર શ્રી સીમરડા ગામથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો નિરંતર ઇચ્છક સંતચરણરજ બાળ ગોવર્ધનના આત્મસ્મૃતિપૂર્વક સદ્ગુરુવંદન સહ નમસ્કાર સ્વીકારવા વિનંતિ

---

૧ જુઓ પત્રાંક ૮૪ ૨ જુઓ પત્રાંક ૧૧૨

છેજી. આપનાં ત્રણ કાર્ડ હમણાં હમણાં મળ્યાં છેજી. પોષ સુદ ૬ ને રવિવારે આશ્રમથી વિહાર કરી અહીં આવવું થયું છે અને અહીં થોડા માસ રહેવા વિચાર છેજી. પછી પરમકૃપાળુદેવ જે સુઝાડે તે ખરું. હવે પત્ર લખવા વિચાર થાય તો શ્રી મોતીભાઈ રણછોડભાઈ ભગતજીને સિરનામે લખવા વિનંતી છેજી. લખવા કરતાં પરમકૃપાળુદેવમાં લક્ષ વિશેષ ઠરે, સ્થિર થાય તેમ કર્તવ્ય છેજી. હમણાં આશ્રમનું વાતાવરણ ક્લેશિત લાગવાથી આમ કરવું પડ્યું છેજી. પરમકૃપાળુદેવની કૃપાથી શાંતિ વર્તે છેજી. આશ્રમમાં સાધકસમાધિખાતાનું રસોડું પણ આજથી બંધ કર્યું છે તે સહજ આપને જાણવા લખ્યું છે. કંઈ વિકલ્પમાં પડવાને બદલે પરમકૃપાળુદેવને શરણે સ્મરણ-ભક્તિમાં, ધર્મધ્યાનમાં કાળ જાય તેમ કર્તવ્ય છેજી. સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે શુભાશુભ બની આવે છે તેમાં સમતા એ જ બચવાનું સ્થાન અને ઉદ્ધાર કરનાર છેજી. હાલ એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૧૨ સીમરડા, તા. ૨૯-૧-૫૦, રવિ

દોહરા — લાલચથી ખાડે પડે મૃગ, તેમ મોહ-ખાડ
ગંધાતી ત્યાં મૂર્ખજન, પડતાં ભાંગે હાડ.
મનહર દેખી વસ્તુઓ, સાધુ મને મુઝાય,
નૃત્ય નિહાળી તે વદે, સ્રીતન, ચંચળ હોય!
હરણ-નયન વનવૃક્ષને, આકર્ષક નહિ જેમ;
આકર્ષે નહિ રામને, લલના-નયનો તેમ. (લઘુયોગવાસિષ્ઠસાર)

આપને પડી જવાથી સખત વાગ્યું છે એમ જાણ્યું. "જે થાય તે યોગ્ય જ માનવામાં આવે" એવું પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રનું એક વાક્ય છે તે જીવને શાંતિ આપનાર છેજી. મુશ્કેલીઓ જગતમાં ન હોય તો જીવને ઉન્નતિ કરવી બહુ વિકટ થઈ પડે તેવો જીવનો સ્વભાવ શિથિલતાવાળો થઈ પડ્યો છે. ધંધામાંથી હમણાં નિવૃત્તિ લેવી પડી હશે. તે નિવૃત્તિનો સદુપયોગ છાપાંને બદલે સત્શાસ્ત્ર વાંચવા-વિચારવામાં ગાળવા ભલામણ છેજી. કારણ કે હાલ સ્વતંત્ર પ્રજાસત્તાક તંત્રના ઉત્સવ નિમિત્તે સચિત્ર અંકો અનેક આકર્ષક નીકળેલ છે, તે વાંચવા કરતાં આત્મજ્ઞાની પુરુષોનાં વચનો વાંચવામાં, મુખપાઠ કરવામાં, વિચારવામાં, ચર્ચવામાં, ભાવના કરવામાં જેટલી ક્ષણો જશે તેટલું આ ભવ પરભવનું હિત સધાશેજી. પૂ....ને ભલામણ છે કે કંઈ ને કંઈ વાંચવાનું એકાદ કલાક જરૂર રાખવું. જે વાંચ્યું હોય તે કોઈને કહી બતાવવાનું રાખવું. તેથી સમજીને વંચાય છે કે નહીં તે ખબર પડશે. સત્સંગની ભાવના રાખવી પણ ઉતાવળ કરવી નહીં. સત્સંગના વિયોગમાં સત્સંગમાં જ ચિત્તવૃત્તિ રહે તો તે સત્સંગતુલ્ય છે, એમ પરમકૃપાળુદેવે કહેલું છેજી. જે પ્રારબ્ધ બાંધેલું હોય તે આવી પડે ત્યારે કંટાળવું નહીં, પણ શૂરવીરપણે વેઠી લેવું. સ્વપ્ન જેવી વસ્તુઓમાં વિકલ્પો ન કરવા. બધું જવાનું છે. જેની સારી ભાવના છે તેનું સારું જ થવાનું છે. સત્સંગના વિયોગમાં અસત્સંગથી ભડકતા રહેવું. ઠામઠામ અસત્સંગના પ્રસંગો આ કાળમાં બને છે. તેથી ઝાઝું સમજવાની ઇચ્છાએ અસત્સંગ ન ઉપાસવો. કંઈ નહીં તો મંત્રની માળાઓ ફેરવાશે તો તે પણ પુસ્તકની ગરજ સારે તેમ

છે. માત્ર જીવને સત્શ્રદ્ધાની જરૂર છે. પોતાની દશા કરતાં ચઢિયાતી દશા હોય તેવાનો સત્સંગ કામનો છે. તેવો જોગ ન હોય તો પોતાના જેવી છૂટવાની જેની ઇચ્છા છે તેનો સમાગમ પણ હિતકારી છે. તેવો પણ જોગ ન હોય તો પોતાને વિઘ્ન ન કરે પણ કહ્યું કરે તેવા જીવોનો સમાગમ પણ ઠીક કહ્યો છે. તેવો પણ જોગ ન હોય તો ઘેર બેઠાં મંત્રસ્મરણ કર્યા કરવું, પણ કુસંગતિની ઇચ્છા પણ ન કરવી. આ સમજવા જેવી વાત ભગવાને કહેલી છેજી. જે લક્ષ રાખશે તે આ કાળમાં ઠગાશે નહીં.

"ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ–
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે."

---

૮૧૩ સીમરડા, તા. ૨૯-૧-૫૦, રવિ

દોહરા — આપદ કે સંપદ ભલે, ઘરમાં શો છે સાર?
મિથ્યા મનની કલ્પના, આશા સર્વ અસાર.
કટુતા અતિ વેઠી છતાં, વળી વળી વિષયે વાસ;
તો નર નહિ પણ મૂઢ તે, ખર સમ સમજો ખાસ. (લઘુયોગવાસિષ્ઠસાર)

આપનો પત્ર મળ્યો. શ્રી આશ્રમ તરફથી નવી આવૃત્તિ છપાય છે તેમાંથી ઘણો ખુલાસો થવા સંભવ છે. માત્ર તમારી જિજ્ઞાસા જાગ્રત રહે એટલા પૂરતું ટૂંકામાં અત્ર જણાવું છુંજી.

પત્રાંક ૭૨૮ માં "મરણકાળે શરણ સહિત છતાં ઘણું કરીને ફરી દેહ ધારણ કરતા નથી, અથવા મરણકાળે દેહના મમત્વભાવનું અલ્પત્વ હોવાથી પણ નિર્ભય વર્તે છે." મરણ તો અનિવાર્ય છે. તીર્થંકર જેવાનો પણ દેહ છૂટે છે તેથી શરણરહિત (મરણકાળે) કહ્યું. જ્ઞાની-પુરુષ અને જ્ઞાનીના આશ્રિત, ગીતાર્થ અને ગીતાર્થના આશ્રિત એ મોક્ષમાર્ગમાં છે એ શાસ્ત્રવચન છે. મોક્ષમાર્ગે ચઢેલો જીવ ઉત્કૃષ્ટ પુરુષાર્થ કરે તો તે ભવે મોક્ષે જાય. "સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય." જ્ઞાનીનાં વાક્યો સિદ્ધાંતરૂપ છે. પત્રાંક ૬૯૨ માં "દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થયા છતાં....જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ (મોક્ષ) કરે." આ કાળમાં મોક્ષ ન થાય એવી પરમકૃપાળુદેવની માન્યતા નથી. તેથી ઊલટું તેવી વાત સાંભળવાની પણ મના કરે છે. "પુરુષાર્થ કરો અને મોક્ષ જતાં કાળ હાથ ઝાલવા આવશે ત્યારે જોઈ લઈશું" એમ ઉપદેશછાયામાં છે. જ્યાં મોહના વિકલ્પ છે ત્યાં સંસાર છે.

"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર." (૯૫૪)

અશરીરી ભાવે આ કાળમાં ન રહી શકાતું હોય તો અમે જ નથી, એમ પણ લખ્યું છે. આ બધું વિચારતાં જ્ઞાનીનો મોક્ષ અને લૌકિક મોક્ષ જુદાં જણાય છે. એક પત્રમાં "મોક્ષ હથેળીમાં છે" એમ પણ લખ્યું છે. ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી પર ત્યાર પછી છે. ટૂંકામાં મોક્ષ પ્રાપ્ત થઈ શકે એમ છે એટલો વિશ્વાસ રાખી મોક્ષાર્થે સત્પુરુષાર્થ કરવામાં પાછી

પાની ન કરવી. મોહ મૂક્યા વિના મોક્ષ થાય તેમ નથી. તેથી મોહના વિકલ્પો, વૈરાગ્ય ઉપશમ વધારી, ટાળવાં ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૧૪ સીમરડા, તા. ૨૯-૧-૫૦

દોહરા — ચતુર વિષય ચોરો ઘણા, વિવેકરત્ન હરાય,
જ્ઞાની સુભટ વિના રણે, કોણે જીત્યા જાય ?
દીપશિખા સમ લક્ષ્મી પણ, અડતાં દેતી દુઃખ,
વિનાશ કાજળ ઉર ધરે, મૂર્ખ ગણે ત્યાં સુખ. (લઘુયોગવાસિષ્ઠસાર)

પરદેશમાં રહેવું થાય ત્યાં સુધી એક પણ દિવસ નિત્યનિયમ ન ચુકાય એ લક્ષ રાખવો. દિવસે ન બને તો રાત્રે, રાત્રે ન બને તો દિવસે; પણ એક વખત તો ત્રણ પાઠ અને મંત્રની માળા જરૂર કર્તવ્ય છેજી. વધારે વખત હોય તો તત્ત્વજ્ઞાન, મોક્ષમાળા કે સમાધિસોપાન જેવાં ધાર્મિક પુસ્તકોના વાચનમાં વખત ગાળવો. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનાં દર્શન, સમાગમ કે બોધ યાદ હોય તે યાદ કરવો, બને તો લખી રાખવો અને તેને અનુસરીને વર્તવાની ભાવના' કર્તવ્ય છેજી. અનાર્ય દેશમાં પુસ્તક વગેરે ન મળે, તો જે મુખપાઠ કર્યું હોય તે વારંવાર બોલવું, વિચારવું. સ્મરણમંત્રનું રટણ કામ કરતાં પણ કર્યા કરવું. સદાચાર એ ધર્મનો પાયો છે. માટે જેને પોતાના આત્માનું હિત કરવું હોય તેણે અન્યાય અને પાપને માર્ગે તો કદી ન જ જવું. મન આડાઅવળા વિકલ્પોમાં ચઢી જાય તો ત્યાંથી પાછું વાળી મંત્રમાં કે જ્ઞાનીપુરુષનાં આત્મસિદ્ધિ આદિ શાસ્ત્રના મનનમાં જોડવું. નવરું મન રહ્યું તો તે નખ્ખોદ વાળે તેવું છે; માટે તેને સારા કામમાં જોડેલું રાખવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૧૫ સીમરડા, તા. ૩૧-૧-૫૦

હાલ ત્યાં પરદેશમાં રહેવું થાય છે ત્યાં સુધી ખાસ લક્ષમાં રાખવા યોગ્ય સૂચનાઓ લખું છું તે વારંવાર વાંચી લક્ષમાં લેવા વિનંતિ છેજી. હજી નાની ઉંમર છે, છતાં સ્મરણભક્તિમાં દિવસે દિવસે ભાવ વધતો જાય તેમ વર્તવા યોગ્ય છે. રોજ ત્રણ પાઠ-વીસ દોહરા, યમનિયમ અને ક્ષમાપનાનો પાઠ—અચૂક બોલવાનો નિત્યનિયમ ન ચૂકવો, મંત્રની પણ એકાદ માળા તો રોજ ફેરવવી, વધારે બને તો સારું. આત્મસિદ્ધિ આદિ મુખપાઠ કરેલ હોય તે રોજ ન બને તો બે-ચાર દિવસે પણ એક વાર તો જરૂર બોલી જવું. નવું મુખપાઠ કરવા વિચાર થાય તો તત્ત્વજ્ઞાનમાંથી પાછળના કાવ્યો, પદો, છપદનો પત્ર તથા પુષ્પમાળા આદિ પરમકૃપાળુદેવને હૃદયમાં સંભારી તેની આજ્ઞાએ મુખપાઠ થાય તે કર્યા કરવું અને મુખપાઠ કર્યું હોય તે ભૂલી ન જવાય તેટલા માટે ફેરવતા રહેવું, વાંચતા રહેવું, વિચાર બને તેટલો કરવો. મોક્ષમાળા પાસે હોય તો તે પણ વારંવાર વાંચવી; અંદરથી ઠીક લાગે તે તે મુખપાઠ પણ કરવા. બધી મોક્ષમાળા મુખપાઠ કરવા જેવી છે. કોઈ સાથે ભક્તિ કરનાર નથી એમ ગણી આળસ ન કરવું. એકલો જ જીવ આવ્યો છે અને મરણ પણ એકલાનું જ થવાનું છે, માટે એકલા હોઈએ તોપણ ધર્મ ચૂકવો નહીં, ગભરાવું નહીં. ધીરજનાં ફળ મીઠાં છે. આગળ ઉપર બધું સારું થઈ રહેશે. કોઈની સાથે અણબનાવ થાય તેમ ન વર્તવું. બધાંયનું

પરમકૃપાળુદેવ કલ્યાણ કરો એવી રોજ પ્રાર્થના કરવી. બધાંની સેવા કરવી, તેમને રાજી રાખવાં; તો આપણને ભક્તિમાં કોઈ વિઘ્ન કરે નહીં. મંત્ર મનમાં બોલ્યા કરવાની ટેવ રાખવી. હાથેપગે કામ કરવું પડે; જીભને શું કામ છે ? તેને મંત્ર બોલવામાં રોકવી. ૐ

---

૮૧૬

સીમરડા, ૯-૨-૫૦

તત્ ૐ સત્

મહા વદ ૭, ગુરુ, ૨૦૦૬

દોહરા — ચિત્ત સેવકો સાચવે, માયામય ઘર-છાજ,
દુઃખ બાળકો ત્યાં રડે, ગમે નહીં, મહારાજ.
સરે શું ય લક્ષ્મી વડે? રાજ્ય વડે શું થાય ?
કાયા કે ક્રિયા બધાં, અલ્પ કાળમાં જાય.
એના એ અનુભવ કરે, સુખદુઃખ વારંવાર,
પણ પામર લાજે નહીં, તે તનને ધિક્કાર !
'હું દેહ ના', 'ન દેહ મુજ', એમ ગણે જન જેહ,
શાંતચિત્ત એ સમજથી, ઉત્તમ સમજું તેહ.
તરુ જીવે મૃગલાં જીવે, જીવે પક્ષી વ્યર્થ,
તત્ત્વજ્ઞાને વશ કરે, મન તે જીવે યથાર્થ. (લઘુયોગવાસિષ્ઠસાર)

વિ. આપનો પત્ર મળ્યો હતો. આપે પૂછેલ પરમકૃપાળુદેવે લખેલી કડીનો ભાવાર્થ યથામતિ સદ્ગુરુશરણે નીચે જણાવું છુંજી :

"હોત આસવા પરિસવા, નહિ ઇનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહ." (હા. નોં. ૧-૧૪)

**ભાવાર્થ** — આસ્રવ એટલે કર્મ આવે તેવા ભાવ અથવા તેવાં બાહ્ય નિમિત્તો. કર્મ આવે તેવા ભાવ થાય તો તો જરૂર જ્ઞાની કે અજ્ઞાનીને કર્મ આવે જ, એવો સિદ્ધાંત છે. પણ નિમિત્તો પૂર્વ કર્મને યોગે કર્મ બંધાય તેવાં મળી આવે તોપણ જ્ઞાનીપુરુષો જાગ્રત રહેતા હોવાથી તે નિમિત્તોમાં તદ્દાકાર નહીં થતાં, મનને પલટાવી સમભાવ કે શુભભાવમાં લઈ જાય છે. તેથી શુભાશુભ કર્મનો કે અશુભ કર્મનો આસ્રવ થતો રોકાય છે, તેવી દશાને પરિસવા અથવા સંવર કહેવાય છે. નવાં કર્મ ન બંધાય તેવા ભાવ થાય ત્યારે પહેલાં બાંધેલાં કર્મ ઉદયમાં આવી નિર્જરી જાય છે. આ પ્રકારે જ્ઞાની પાસે એવી યુક્તિ છે કે તેના બળે તે બંધન થાય તેવા પ્રસંગોમાં પણ, બંધન છૂટે અને નવો બંધ ન પડે તેવા ભાવમાં, રહી શકે છે. બંધન થવાનું કારણ દૃષ્ટિની ભૂલ છે. "પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર." (પુષ્પમાળા) આમ ઝેરવાળી દૃષ્ટિ, કષાય અને અજ્ઞાનદશાની દૃષ્ટિ બંધન કરાવનાર છે, તે ભૂલ છે. આત્મદૃષ્ટિ થાય તો દેહાદિક પર્યાય તરફ જોવાની ભૂલ, રાગદ્વેષ-અજ્ઞાનની ભૂલ ટળે. જેને સત્સાધન સ્મરણમંત્ર વગેરેની આજ્ઞા મળી છે, તે જો પરમગુરુની દશામાં વૃત્તિ રાખી વૈરાગ્યદશા વધારે તો તે પણ અનાદિ પર્યાયદૃષ્ટિ ઘટાડી કાં તો સ્મરણ આદિ સાધનમાં રહેવાથી અશુભ ભાવ થવા ન દે

અને પોતાના દોષ જોવાની ટેવ પાડી તેથી બચવા સદ્ગુરુની અદ્ભુત દશાની સ્મૃતિમાં રહે તો આત્મદૃષ્ટિ પ્રાપ્ત થવાનો યોગ બની આવે; દૃષ્ટિની ભૂલ છે તે ભૂલ ગયે તે આસ્રવનાં નિમિત્તોમાં ન લેપાય અને સંવરમાં વૃત્તિ પ્રેરાય તેથી નિર્જરા થાય એવી દશા (ગત=ગતિ) પ્રાપ્ત થાય.

પરમકૃપાળુદેવનું જીવન જાણ્યું હોય તેને પ્રત્યક્ષ સમજાય એવું છે કે ભારે ઉપાધિનાં કામ તેમને કરવાં પડતાં. માંડ વખત પત્રવ્યવહારનો પણ બચતો. તેવાં આસ્રવનાં નિમિત્તોમાં તેમણે આત્મ-આરાધના સાધી તે આસ્રવમાં સંવરનો જ્વલંત દાખલો છે. માત્ર દેહદૃષ્ટિની ભૂલ ટાળી તેમણે આત્મદૃષ્ટિ પ્રાપ્ત કરી હતી, તેથી આસ્રવમાં સંવર તેમને થતો. પર્યાયદૃષ્ટિ ટાળી દ્રવ્યદૃષ્ટિ જેને પ્રાપ્ત થાય છે તેને આસ્રવના સ્થાનમાં સંવર નિર્જરા થાય છે. એ બન્ને લીટીનો ટૂંકો અર્થ છેજી.

જેમ બને તેમ જ્ઞાનીપુરુષ, પરમકૃપાળુદેવના શરણમાં બુદ્ધિ રાખી બને તેટલો ભક્તિ-ભાવ, સ્મરણ, વાચન, વિચાર, ભાવના કર્યા કરવી. સાચને આશ્રયે વર્તનાર સાચની પ્રાપ્તિના માર્ગમાં વર્તે છેજી. હાલ એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

દોહરો — દોષ-મૂર્તિ આ દેહ પણ, ક્ષણિક-શિરોમણિ ખાસ;
જીર્ણ તૃણ સમ તુચ્છ તે, માની રહું ઉદાસ.

---

૮૧૭ સીમરડા, તા. ૧૧-૨-૫૦

તત્ ૐ સત્ મહા વદ ૯, શનિ, ૨૦૦૬

દોહરો — પૂર્ણ પરમપદ સાધવા, કરું અનેક ઉપાય,
ગુરુ શરણે સૌ સફળ હો, બોધિ-સમાધિ સહાય.

સત્સંગના વિયોગે જીવે વિશેષ પુરુષાર્થ કર્તવ્ય છે, નહીં તો સત્સંગયોગે જે દશા જીવની સુધરી હોય તે મંદ બની પાછી દેહાદિની કાળજી કરતો જીવ થઈ જાય એ સ્વાભાવિક છે. માટે પરમકૃપાળુદેવના વચનો વિચારી જે કંઈ જાગૃતિ તે વચનો દ્વારા પ્રાપ્ત થાય તેનું વારંવાર સ્મરણ રાખી, ઉદાસીન દશા વર્ધમાન થાય અને માથે મરણ ઝઝૂમી રહ્યું છે તેની તૈયારી કરવા સદ્ગુરુની આજ્ઞા પ્રત્યે ઉલ્લાસિત પરિણામ રહ્યા કરે તેમ પુરુષાર્થ કર્તવ્ય છેજી.

અહીં પત્ર લખવાની વૃત્તિ પણ થતી નથી અને તેવો અવકાશ પણ રહેતો નથી, તેથી પરમકૃપાળુદેવનાં વચનો જે જે સાંભળ્યાં હોય, મુખપાઠ કર્યાં હોય કે વંચાય તેમાં વૃત્તિ જોડી રાખી તે મહાપુરુષની અલૌકિક દશા પ્રત્યે આશ્ચર્ય અને પૂજ્ય બુદ્ધિ વધે તથા તેમના શરણે નિઃસ્પૃહદશા, નિષ્કષાયદશા પ્રાપ્ત થાય તેવી ભાવના, વિચારણા, વાતચીત કર્તવ્ય છેજી. નિજ દોષ અપક્ષપાતપણે જોવાની ટેવ પડે, તેના ઉપાય વિચારી બને તેટલી આત્મશુદ્ધિ થાય તેમ લક્ષ રાખવો ઘટે છેજી. જગતની વાતો ભૂલી ગયા વિના ચિત્તને તેવો અવકાશ મળવો મુશ્કેલ છે માટે નિવૃત્તિનો યોગ હોય તેણે તે નિવૃત્તિમાં પરમકૃપાળુદેવની સત્સંગની ભાવના, ત્યાગ ભાવના, સહજ સ્વભાવે ઉદયાધીન પ્રાપ્ત થતાં કર્મો પ્રત્યે ઉદાસીનતા અને આત્મવિચારના અદ્ભુત ગુણોમાં વૃત્તિ લય થાય તેમ કર્તવ્ય છેજી.

આ કાળ દુષમ છે અને જીવ તે તે પ્રસંગો ઓળંગવાનો પુરુષાર્થ ન કરે તો લૌકિક પ્રવાહમાં તણાઈ જવાનો સંભવ છેજી. માટે પ્રથમ પોતાનું હિત સાધવું છે એ લક્ષ રાખી,

પોતાને સંગે જે પરમકૃપાળુદેવની ઉપાસનાની ભાવના રાખતાં હોય તેમનો સંગ આત્મહિતાર્થે કરવા યોગ્ય છે. કોઈ પણ પ્રકારે બીજાના સંગમાં સ્વાર્થની ગંધ પણ ન રહે એવી પોતાની વૃત્તિને તપાસી અસંગપણા અર્થે જ જીવવું છે એ લક્ષ સર્વોપરી રાખવો ઘટે છેજી.

પૂ.....એ કોઈ સાધ્વીની વાત લખી છે ને વડી દીક્ષા તેની ઇચ્છા હશે તો દેવાની ઇચ્છા તેમની જણાય છે. તેમને ઉપરની વાત જણાવવી અને સાથે રહે તે પરમકૃપાળુદેવના ઉપાસક છે એમ જાણી તેનો સત્સંગ ઇચ્છવો, પણ ગુરુપણું પોતામાં ન પેસી જાય તે લક્ષ ઊંડા ઊતરીને વિચારવો; નહીં તો જે સંગ સહેજે છૂટ્યો છે તેને પાછો બોલાવી ઉપાધિમાં પડવા જેવું થાય, તેનું મન સાચવવા પોતાનું કરવાનું ગૌણ કરવું પડે. હાલ તેને વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ અને યમનિયમ મુખપાઠ કરવામાં રસ પડે તેમ ભક્તિમાં સાથે રાખી તેની ઇચ્છા ઉપરાંત કંઈ પરાણે પરમકૃપાળુદેવનાં વચન પણ ન ગોખાવવાં એવી સૂચના તેમને જણાવશોજી. પરમકૃપાળુદેવનું માહાત્મ્ય લાગે, પછી તેવો યોગ મળી આવ્યે સ્મરણ વગેરેની આજ્ઞા તેને મળશે. હાલ ઉતાવળ ન કરે. તેના ભાવ જાગ્યે બધું થઈ રહેશે. સ્મરણ સાંભળે તેમાં હરકત નથી. તે પણ તેને ગરજ જાગે અને પૂછે કે મારે શું કરવું ? તો જ તેને પરમ-કૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરાવી ત્રણ પાઠ શીખવા કહેવું ઘટે છેજી. સાંભળતાં સાંભળતાં તેને મુખપાઠ થાય તે હાલ ઇચ્છવા યોગ્ય છે. માગે તો તત્ત્વજ્ઞાન વાંચવા આપવામાં હરકત નથીજી.

---

૮૧૮ સીમરડા, તા. ૮-૩-૫૦

તત્ ॐ સત્ ફાગણ વદ ૫, ૨૦૦૬

દોહરો — કળિયુગ-ઝાળે દાઝતા, જીવ બચાવા કાજ,
સુધોદધિસમ રાજચંદ્ર, નમું, સ્મરું સુખસાજ.

જ્યાં પ્રારબ્ધની ફરસના હોય ત્યાં જવું આવવું રહેવું બને છે એમ જાણી, કોઈ પણ પ્રકારે સ્થળ તથા સંજોગો પ્રત્યે રાગદ્વેષ ન થવા દેવાની ભાવનાએ વર્તવા યોગ્ય છેજી. બે ઘડી વખત કામકાજમાંથી બચે ત્યારે પૂ..... પાસે કંઈ વંચાવી પરમકૃપાળુદેવનાં વચનોનો વિશેષ વિશેષ વિચાર જાગે, તથા જન્મમરણનાં દુઃખ, તેનાં કારણો, તથા જ્ઞાનીપુરુષે કહેલા ઉપાય આદિમાં વારંવાર વૃત્તિ જાય તથા તે જ લક્ષ વર્ત્યા કરે તેવી ગરજ દિન દિન પ્રતિ વધતી રહે તેવા ભાવની ઉપાસના કરતા રહેવા ભલામણ છે. પરમકૃપાળુદેવ લખે છે કે "બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે." (૫૩૯) આ વારંવાર વિચારી બાહ્ય માહાત્મ્યમાં જતી બુદ્ધિને સદ્ગુરુ શરણે ચૈતન્યભાવ પ્રત્યે સદ્ગુરુના ઉપકારમાં, સદ્ગુરુના સ્વરૂપમાં કે સદ્-ગુરુએ જાણ્યું છે એવા શુદ્ધચૈતન્યસ્વરૂપમાં રોકવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી. જ્ઞાનીએ જાણ્યું છે તેવા સ્વરૂપ કરતાં બીજી બાબતોનું માહાત્મ્ય ન લાગે, ભાવ ન જાગે અને જ્ઞાનીના સ્વરૂપમાં જ સંતોષભાવ વર્તાય, પ્રસન્નતા રહે તેમ કર્તવ્ય છેજી. પોતાનાથી બને તેટલી આત્મભાવના સદ્ગુરુ શરણે કરવી ઘટે છેજી.

હાથેપગે કામ કરવાનું થાય છે, મન પરમકૃપાળુદેવ પ્રત્યે રાખવા યોગ્ય છેજી. મંત્ર-સ્મરણનો અભ્યાસ પણ વધારવા યોગ્ય છેજી. કારણ કે આખરે તે જ એક આધારરૂપ છે. કર્મનો વાંક કાઢ્યા વિના આટલા કાળ સુધી થયેલ સત્સંગની સ્મૃતિ કરી જેવા દિવસ આવે તેવા સદ્‌ગુરુશરણે પ્રસન્ન ભાવે અને સહનશીલતા સહિત ઉત્તમ રીતે ગાળવા છે એમ દૃઢતા રાખવી. ગોકુળમાં વસનારી ગોપાંગનાઓને શ્રીકૃષ્ણ તે ભવમાં ફરી ગોકુળ જઈને મળ્યા નથી છતાં તેમના અખંડિત પ્રેમને લીધે તે ગોપાંગનાઓ આજ સુધી ભક્તિની બાબતમાં ગવાય છે; તેમ પરમકૃપાળુદેવને શરણે સમાધિમરણ આ ભવમાં સાધવું છે, તે તેમની કૃપાથી બની આવશે એવો વિશ્વાસ રાખી આપણાથી થાય તેટલો પુરુષાર્થ કરી છૂટવો. નિર્ભય રહેતાં શીખવું, કર્મથી પણ હિંમત હારવી નહીં. બધું જશે પણ આત્મા જવાનો નથી એ વારંવાર સાંભળ્યું છે, તો હવે 'ફિકરકા ફાકા ભર્યા તાકા નામ ફકીર' એમ સમજી નિશ્ચિતપણે સદ્‌ગુરુ-શરણે દેહની દરકાર ઘટાડ્યા કરવી અને આત્મકલ્યાણનો લક્ષ રાખવો. પરભાવમાં જતી વૃત્તિઓ પરમકૃપાળુદેવ તરફ દૃષ્ટિ કરી ભૂલી જવી એ જ હિતકારક છેજી.

"પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાય દિયે."
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૧૯ સીમરડા, તા. ૯-૩-૫૦
ૐ ફાગણ વદ ૬, ગુરુ, ૨૦૦૬

कलिकालानले दग्धान् जीवांस्त्रातुं समुद्यतः ।
राजचंद्रसुधासिंधुर्नमस्तस्मै स्मराम्यहम् ॥

તમારા બન્ને પત્રો મળ્યા. રાત્રે નહીં જમવાનું પૂ....ને વ્રતરૂપે બાર માસ સુધી પાળવાની ઇચ્છા છે તે પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરી ભાવના કરવા જણાવશોજી. અને બાર માસમાં પુરુષાર્થ કરી બને તો મોક્ષમાળા મુખપાઠ કરી લેવી છે એવી દૃઢતા રાખશો તો તે અંગે ઘણા લાભ થવા સંભવે છેજી. બન્નેથી બને તો પરસ્પર સ્પર્ધામાં ઉતાવળ પણ થાય. વાંચવું, વિચારવું અને કંઈ પણ કૃપાળુદેવનું કહેલું ચર્ચીને હૃદયમાં રહ્યા કરે તેમ કરવું છે. એમ આગળ વધવા પુરુષાર્થ કરશો. સદ્‌ગુરુની ભક્તિ દ્વારા અનેક દોષો, શિથિલતા, મંદ પુરુષાર્થ દૂર થઈ આત્મવિશ્વાસ વધશે અને જે જે કરીશું તે હવે સફળ બનવાનો જોગ છે એમ લાગશેજી. મનુષ્યભવ સત્પુરુષાર્થ અર્થે જ છે; તે ઉઠાવવાની ભાવનાનો લક્ષ રહ્યા કરે તો મોક્ષમાર્ગ સમજતાં વાર નહીં લાગે. "રુચિ અનુયાયી વીર્ય, ચરણધારા સધે" માટે રુચિ વર્ધમાન થાય તેવું વાચન, વાત, વિચાર, ચર્ચા કર્તવ્ય છેજી. સંસાર અસાર છે, મોહની જાળ છે, દુઃખની ખાણ છે, તેમાં ભોગની કલ્પના એકાંતે અહિતકર્તા છે, સ્વપરના હિતની ઘાતક છે. માટે મોહનું રમકડું બનવું નથી, બીજાને બનાવવું નથી. માનવપણાની ગંભીરતા મોક્ષ-માળાના અભ્યાસે સમજાશે. શરીરનાં સુખ એ ચામડિયાનાં સુખ છે. તેની વાસના તજવાથી જ બીજા સુખની પ્રતીતિ આવવી સંભવે છે. "પુદ્‌ગલ અનુભવ ત્યાગથી કરવી જસુ પરતીત હો મિત્ત" (દેવચંદ્રજી). સત્સંગના વિયોગે સત્શાસ્ત્રનો પરિચય વિશેષ વિશેષ કર્તવ્ય છેજી.

મોક્ષમાળાના પાઠ મુખપાઠ કરવા વૃત્તિ થાય તો એકાદ વખત પાઠ લખી જઈ પછી મુખપાઠ કરવાથી વિશેષ સમજાશેજી. જ્યાં પ્રારબ્ધાનુસાર રહેવું થાય ત્યાં સ્વપરઉપકારક ભક્તિનો ક્રમ આરાધ્યા રહી શ્રદ્ધા દિવસે દિવસે બળવત્તર બને તેમ લક્ષ રાખી વૈરાગ્ય ઉપશમ વડે યોગ્યતા વધારતા રહેવું ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ

---

૮૨૦ સીમરડા, તા. ૧૭-૩-૫૦
તત્ ૐ સત્ ફાગણ વદ ૧૩, શુક્ર, ૨૦૦૬

રાગ-દ્વેષાદિ મોજાંથી, હાલે ના જો મનોજળ;
તો આત્મ-તત્ત્વ તે દેખે તે તત્ત્વે અન્ય નિષ્ફળ. (સમાધિશતક)

રોજ ભાવપૂર્વક ભક્તિ થતી હશે. એકાદ વાક્ય પરમકૃપાળુદેવનું ભક્તિ કરીને વાંચવાનું રાખવા ભલામણ છેજી. તે વાક્યમાં તે મહાપુરુષને શું જણાવવું છે તે વિચારવા આજનો અવકાશનો વખત ગાળવો છે એમ લક્ષમાં રાખવું અને બેપાંચ મિનિટ દુકાન પર, રસ્તામાં કે ઘેર મળે તે વખતે તે વાક્યની સ્મૃતિ કરી તે ઉપર બને તેટલો વિચાર કરવો. કંઈ ન બને તો તે વાક્યનો સ્મૃતિમાં રણકાર રહ્યા કરે એમ લક્ષ રાખવો છે. આટલો લક્ષ રાખી એક દિવસે એક વાક્ય વિચારવું. તે દિવસે અવકાશજોગ ન લાગે તો તે જ વાક્ય બીજે દિવસે પણ વિચારવું છે, એમ રાખવું. પણ વાક્ય બદલાય તો કંઈક ચિત્તને પણ નવીનતા અને વિચારની સ્ફુરણાનું કારણ છે. આમ થોડું વંચાય પણ 'વિચાર અને સ્મૃતિને બળ મળે તેવી કાળજી રાખવાની ટેવ પાડવી છે' આટલો નિર્ણય કરી તેમ વર્તાય તો ઘણી જાગૃતિનું કારણ બને તેમ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૨૧ સીમરડા, તા. ૧૭-૩-૫૦

"કાળ-દોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ."

વિ. તમારું કાર્ડ મળ્યું. તમે પુછાવેલું વાક્ય પરમકૃપાળુદેવનું લાગતું નથી. "સંયમ (શરૂઆતમાં) પ્રથમ દશાએ કાળકૂટ વિષની પેઠે મૂંઝવે છે."(૮૦૮) એવું એક વાક્ય તેઓશ્રીએ લખ્યું છે. કારણ કે જીવને બાહ્ય વસ્તુઓની પરાધીનતા મટી નથી ત્યાં સુધી સંયમમાં ઇચ્છેલી વસ્તુ મળે નહીં, અને ઇચ્છા ટળે નહીં એવી અવસ્થામાં સદ્ગુરુનો બોધ જીવને પ્રાપ્ત ન થતો હોય તો ઝેર પીધાથી મૂંઝવણ થાય તેવી મૂંઝવણ જીવને સંયમમાં પણ થાય છે. શ્રી કુંદકુંદાચાર્યે પણ કહ્યું છે કે મારા દુશ્મનને પણ દ્રવ્યદીક્ષા ન હોશો. સમજણ સાચી થયા પહેલાંનો ત્યાગ અને તે દિગંબર દીક્ષાનો ત્યાગ જીવને ઝેર જેવો લાગે છે. કળિકાળ વિષે પરમકૃપાળુદેવે ઘણા પત્રોમાં જણાવ્યું છે કે જીવને પરમાર્થની જિજ્ઞાસા ઘટી ગઈ છે તેથી સત્પુરુષનું ઓળખાણ પડવું પણ દુર્લભ થઈ પડ્યું છે અને તે યોગ વિના જીવને સાચું સુખ કદી પ્રાપ્ત થાય તેમ નથી, તેથી જે જે સુખો જીવ પ્રાપ્ત કરે છે તે ઝેરરૂપ પરિણમે છે. જ્યાં શ્રદ્ધા કરે છે, સુખ શોધે છે, તે સર્વ નિરાશામાં પરિણમે છે. સાચો આધાર પ્રાપ્ત નથી થયો ત્યાં સુધી જીવને અમૃત સમાન મીઠું લાગતું હોય તોપણ તે રાગની વૃદ્ધિ

કરાવી કડવું ફળ ઉત્પન્ન કરાવનાર હોવાથી સર્વ ઝેરરૂપ જ છે. "કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે." (૨૫૪) એવું એક વાક્ય પરમકૃપાળુદેવે દર્શાવ્યું છે તે વારંવાર વિચારી આત્મભાવમાં આવવું યોગ્ય છેજી. "સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે અને અમે પણ એ જ કહીએ છીએ."(૪૬૦) એ બહુ ઉપયોગી વાક્ય અંતપર્યંત કામમાં આવે તેવું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૨૨ સીમરડા, ફાગણ વદ ૧૪, શનિ, ૨૦૦૬

દોહરા — પુષ્પ ભ્રમરવત્ પામશું, અણ-દૂભવ્યે ભિક્ષાય;
આત્માર્થે ગૃહીકૃત લઈ, વિચરે સાધુ સદાય. ૪
વિદિતતત્ત્વ મધુકર સમા, પ્રતિઘર અપ્રતિબદ્ધ;
દાંત સાધુ તે વિચરતા, અલ્પ અલ્પ લઈ શુદ્ધ. ૫
(શ્રી દશવૈકાલિક પ્રથમ અધ્યયન)

અન્યનો સંગ અનિવાર્ય હોય તો જેને પરમકૃપાળુદેવની શ્રદ્ધા થયેલી હોય એવામાંથી સાથી કેમ ન શોધવો? રાયણમાં પૂ....ને દીક્ષા લેવાના ઘણા ભાવ છે, પણ યોગ્ય સાથ ન મળે ત્યાં સુધી ગમે ત્યાં દીક્ષા ન લેવા તેને જણાવ્યું હતું. તેની વૃત્તિ હજી દીક્ષાની રહેતી હોય તો તમને મદદરૂપ થાય તેવી બળવાન બાઈ લાગે છે અને તેને પરમકૃપાળુદેવની ભક્તિમાં જ સંતોષ રહેતો હોય તો પરાણે પ્રેરીને મૂંડી નાખવા યોગ્ય નથી. આ તો એક પુછાવ્યું ત્યારે સૂચવ્યું છે. શ્રી....નો મને પરિચય નથી. તમને તે કોઈ રીતે મોક્ષમાર્ગમાં મદદ કરે તેવું લાગે કે કંઈ નહીં તો અવિરોધી સ્વભાવ હોય તો જ દીક્ષા આપવા જેવા ગંભીર કાર્યમાં પ્રવર્તવું, નહીં તો પોતાને અર્થે થાય તેટલો થોડાં વર્ષ પુરુષાર્થ કરી આયુષ્ય પૂર્ણ કરવું; પણ બીજાને દોરવાની જોખમદારી ઉઠાવતા પહેલાં બહુ બહુ વિચાર કરવા ઘટે છે. પ્રમાદનું બીજાને ઉદાહરણ આપણે ન બનીએ તે અર્થે વિશેષ વિશેષ જાગૃતિની જરૂર છે. જે રૂઢ માર્ગના હજુ સંસ્કારો ગયા નથી, તે પાછા તેવી સોબતે ગાઢ થતા જઈ પરમકૃપાળુદેવની ઉપાસનામાં બોજારૂપ થઈ પડે તેવું કામ હાથ ધરતાં થોડો કાળ જવા દઈ જેમ પ્રારબ્ધ ગોઠવે તેમ ગોઠવાવું એમ સલાહ છે. આ તો એક ઉતાવળે પગલું ભરી પછી પાછું હઠવામાં હાંસી જેવું ન થાય માટે જણાવ્યું છે. પોતાનું માનેલું જ સાચું એવો જેને આગ્રહ હોય અને રૂઢિમાં બહુ આગ્રહ હોય, તેને આપણું અંતર જણાવી શકીએ તેમ ન હોય તો જીવને તેવા સંગમાં માયાચારીને પોષવી પડે. સહેજે છૂટેલી લપ પાછી આવી પડે તેના વિચારે કે નિમિત્તે સ્વસ્થતા ખોઈ બેસવાનો પ્રસંગ ન આવી પડે તેનો લક્ષ રાખી યોગ્ય લાગે તેમ પ્રવર્તવા ભલામણ છેજી.

પુરુષાર્થ મંદ ન પડે તો જ જીવ હિત સાધી શકે. "જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ."(આત્મસિદ્ધિ) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૨૩ સીમરડા, તા. ૨૨-૩-૫૦

પૂ....ને માણસની જરૂર છે. જો તમારો વિચાર હોય તો વહેલા આવવા તેમણે ઇચ્છા જણાવી છે. બન્નેને ધર્મની અનુકૂળતા મળે તે અર્થે સાથે રહેવા તેમની ઇચ્છા છે.

પૈસાની કંઈ ન પડી હોય અને ઉત્તમ જીવન ભલે પૂણિયા શ્રાવક જેવું હોય તોપણ સારું જીવન જીવવું છે એ ઇચ્છા જેણે રાખી હોય તેણે તેમ વર્તવાનો લક્ષ રાખવો ઘટે છે. ધનનો ત્યાગ પ્રશંસવા યોગ્ય છે પણ જૂના વિચારવાળાં માબાપ તેમાં સમ્મત ન થાય એ સાવ સમજાય તેવું છેજી. પણ તેમના આદર્શથી જુદો આદર્શ હોય તેમણે તે સ્પષ્ટ થતું જાય તે સારું માનવું. જેમ સુખ ઊપજે તેમ પ્રવર્તશો. મનમાં ખેદ રાખીને પ્રવર્તવામાં કંઈ માલ નથી.

---

૮૨૪ સીમરડા, તા. ૨૨-૩-૫૦

તત્ ૐ સત્ ચૈત્ર સુદ ૪, બુધ, ૨૦૦૬

"વિદ્યુત લક્ષ્મી, પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ?
સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે." – શ્રીમદ્ રાજચંદ્ર

વિ. આપના તરફથી કાર્ડ અશુભ આવ્યું તે વાંચ્યું. સદ્ગત ભાઈ....ના વિયોગે આઘાત લાગવા યોગ્ય છે, પરંતુ તે ખેદ અને લાગણી પલટાવી વૈરાગ્યમાં વૃત્તિ આપ સર્વ સમજુ જનોએ વાળવા યોગ્ય છે, કારણ કે તે આપણા હાથની વાત નથી અને અવશ્ય બનનાર તેમ જ બન્યું છે. ક્લેશ કરી કોઈ આપઘાત કરે તોપણ તે વિયોગ ટળી સંયોગનો યોગ બને તેમ રહ્યું નથી, તો સમજુ જીવે તો કોઈ જ્ઞાનીપુરુષનાં વચનનું અવલંબન ગ્રહી, વારંવાર થતા ખેદને વિસ્મૃત કરવો યોગ્ય છેજી. આપ તો સમજુ છો, છતાં નાનાં મોટાં સર્વ આપનાં કુટુંબીજનોને સમજાય અને વારંવાર યાદ આવે એવી એક નિર્મોહી કુટુંબની કથા પ્રાતઃ-સ્મરણીય પૂજ્ય સ્વામી શ્રી લઘુરાજ મહારાજના મુખથી સાંભળેલી અત્રે લખી જણાવું છું, તે વારંવાર વાંચી, વંચાવી તેનો પરમાર્થ સર્વના હૃદયમાં ઘર કરે તો ભવિષ્યમાં પણ આવા પ્રસંગો જીવને જોવામાં આવે તો કંઈ પણ ક્લેશ થવાને બદલે પરમકૃપાળુદેવનું શરણ બળવાનપણે ગ્રહણ કરવાનું બનશેજી.

## નિર્મોહી કુટુંબની કથા

એક રાજા મોટું રાજ્ય સંભાળતો હતો, છતાં તેને સદ્ગુરુનો અપૂર્વ યોગ થયેલો તેથી તેનું ચિત્ત તો આત્મહિત થાય તેવું જ્ઞાનીએ જણાવેલું તેમાં જ મગ્ન રહેતું. તેના આત્માને શાંતિ રહેતી. તે લાભ રાણીજીને પ્રાપ્ત થાય તે અર્થે તેણે રાણી આગળ તે મહાત્માના ગુણ-ગ્રામ કર્યા અને પોતાને તેમનો યોગ થયો ત્યારથી તે ભવ ફરી ગયા જેવું થયું, તે કહ્યું. તેથી રાણીજીને પણ તે સદ્ગુરુનું સ્મરણ ગ્રહણ કરવા ભાવના થવાથી તે સદ્ગુરુનો યોગ મેળવી તેમણે જણાવેલું સાધન તે કરવા લાગ્યાં. તેમને પણ તે સાધનનો પ્રગટ અનુભવ થયો એટલે કુંવર યુવાન હતો છતાં તેને સદ્ગુરુનો સમાગમ કરાવ્યો અને તેને પણ ધર્મની લગની લાગી.

કુંવરે તેની સ્ત્રીને સમજાવી તેથી તેણે પણ સદ્‌ગુરુની ઉપાસના કરી શાંતિ મેળવી. આ પ્રમાણે આત્માર્થે બધાં સત્સાધન આરાધતાં અને પૂર્વકર્મના યોગે સુખદુઃખ ભોગવવાના પ્રસંગો આવે તેમાં ઉદાસીન રહેતાં, તેનું માહાત્મ્ય કોઈને લાગતું નહીં.

દેવલોકમાં ઇન્દ્રે એક વખત આ રાજાના આખા કુટુંબનાં વખાણ કર્યાં. તે સાંભળી એક દેવને થયું કે ઇન્દ્રનું કહેવું ખરું લાગતું નથી. પુરુષો તો કંઈ સમજે પણ બૈરાંમાં ધર્મ સમજવાની બુદ્ધિ ક્યાંથી હોય! તે તો મોહમાં જ આખો ભવ ગાળે છે. તેથી પરીક્ષા કરવા તે રાજાની રાજધાનીને દરવાજે આવી ઊભો રહ્યો. થોડી વારમાં રાજકુમાર વનક્રીડા કરવા એક ટુકડી લશ્કરની લઈ જંગલમાં જતો હતો, તે જોઈ દેવે બાવા-યોગીનું રૂપ ધારણ કર્યું ને રાજસભામાં ગયો. આંખોમાં આંસુ લાવી, ગળામાં ડૂમો ભરાયો હોય તેવો દેખાવ કરી તેણે કહ્યું : હે રાજાજી! મોટી ઉમ્મરે આપને એક કુંવરની પ્રાપ્તિ થઈ, તે રાજ્ય ચલાવે તેવા થયા ત્યારે શિકાર કરવા આવ્યા હશે તે મારી ઝૂંપડી પાસે વાઘે મારી નાખેલા મેં જોયા, ત્યારથી મારી આંખોમાં આંસુ સુકાતાં નથી. રાજ્યનું હવે શું થશે? રાજાએ યોગીને આસન પર બેસાડી પૂછ્યું : યોગીરાજ! આપ કેટલાં વર્ષથી જંગલ સેવો છો? યોગી બોલ્યા, પચ્ચીસ વર્ષથી. ત્યાં શું કરો છો? તો કહે, ઈશ્વરભજન. રાજાએ કહ્યું : બાવાજી! આપ આટલો ક્લેશ કરો છો તો તમને સાચા ગુરુ મળ્યા નથી એમ લાગે છે. નહીં તો પોતાનો દીકરો મરી જાય તોપણ ક્લેશ કરવો નકામો સમજાવો જોઈએ. જો તમને પારકા છોકરાનું આટલું બધું લાગી આવે છે, તો વૈરાગ્ય વિના ઈશ્વરભજન કેવું કરતા હશો? માટે હવે સદ્‌ગુરુ શોધી સાચો વૈરાગ્ય પામી ઈશ્વરને ઓળખી મનુષ્યભવ સફળ કરો. એમ કહી રજા આપી. ત્યાંથી રાણી પાસે તે ગયો. બૈરાં આગળ વળી વધારે ફેલ દેવમાયાથી તે કરવા લાગ્યો. હાંફતો હાંફતો છાતી કૂટતો તે કહેવા લાગ્યો : રાણીજી! સત્યાનાશ વળી ગયું, કુંવરજીને વાઘે મારી નાખેલા મારી ઝૂંપડી પાસે જ મેં જોયા. તેથી દોડતો દોડતો તમને ખબર કહેવા આવ્યો છું. રાણીજીએ તેમને બેસાડી પાણી પાયું. મોં-માથું સાફ કરી સ્વસ્થ થવા કહ્યું એટલે તે બેઠો, પાણી પીધું. રાણીજીએ કહ્યું : બાવાજી, આ ચોગાનમાં આ આંબો છે. તેના ઉપર ઘણી કેરીઓ બેસે છે. તેમાંથી ઘણી તો ગરી જાય છે. કોઈ વધે તે બીજા તોડી લે છે. તેમ મને ઘણાં સંતાન થયાં અને મરી ગયાં. આયુષ્યબળે યુવાવસ્થા આ કુંવર પામ્યો ત્યાં વળી કાળે તેનો પ્રભાવ જણાવ્યો. બનનાર છે તે ફરનાર નથી. અમને સદ્‌ગુરુનો યોગ થયો છે તેથી અમને ભક્તિ એ જ આ ભવમાં અત્યંત પ્રિય છે, તેટલી પ્રીતિ કુંવર પ્રત્યે પણ નથી. હવે જિંદગી ટકશે ત્યાંસુધી ભક્તિ કરી આ આત્માનું હિત કરીશું. પણ આપને આટલો ક્લેશ થાય છે તે જાણી નવાઈ લાગે છે. ત્યાંથી ઊઠી તે દેવ કુંવરની પટરાણી પાસે ગયો. ત્યાં જઈ વાળ તોડવા લાગ્યો, છાતી કૂટવા લાગ્યો. તે જોઈ પટરાણીએ પૂછ્યું : બાવાજી! આમ કેમ કરો છો? તેણે કહ્યું : તમારું નસીબ ફૂટી ગયું. કુંવરજીને વાઘે મારી નાખેલા મારી ઝૂંપડી પાસે જંગલમાં જોયા ત્યારથી મને ચેન પડતું નથી. તમને ખબર કહેવા આટલે દૂર આવ્યો છું. તે બાઈ બોલી : બાવાજી! આવ્યા તે સારું કર્યું. પણ મારી વાત સાંભળો : હું ક્યાં જન્મેલી, ક્યાં ઊછરેલી અને પૂર્વના સંસ્કારે આ કુટુંબમાં આવી ચઢી, પણ મોટો લાભ તો અમને સદ્‌ગુરુનો યોગ થયો અને સાચી ભક્તિ પ્રાપ્ત થઈ ત્યારથી

અમે બધાં કુટુંબનાં જાણે મરી ગયાં હોઈએ અને અહીં માત્ર રાજ્યને જોવા માટે આવ્યાં હોઈએ તેમ મહેમાન તરીકે રહીએ છીએ. ભગવાન સિવાય અમને કશું ગમતું નથી. તેની બધી ઇચ્છા સુખકારી અમે માનીએ છીએ. આપ હવે ક્લેશ કરશો નહીં. સદ્‌ગુરુકૃપાએ અમે સુખી થયાં છીએ અને સુખી જ રહીશું. ત્યાં રાજા રાણી આવ્યાં એટલે તે દેવ બાવાનું રૂપ તજી દેવ થયો. તે કુંવર મરી નથી ગયો. માત્ર તમારી પરીક્ષા કરવાને આવ્યો હતો એમ કહી તેમને નમસ્કાર કરી તે પાછો દેવલોકે ગયો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૨૫ સીમરડા, તા. ૪-૪-૫૦

"જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર." — શ્રીમદ્ રાજચંદ્ર

આપનો પત્ર જ્ઞાનપ્રશ્નવાળો વાંચી આનંદ થયો છેજી. જગતના અનેક પ્રકારો ચિત્તમાં પ્રવેશી જીવને અસ્વસ્થ કરે છે, તેમાં ધર્મપ્રશ્નને અવકાશ મળવો એ મહાભાગ્ય છેજી. "ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે," એમ શ્રી આનંદઘનજી શાંતિનાથજીના સ્તવનમાં ગાય છે તેમ દેહનું હલન-ચલન કયા કારણે થાય છે? એમ પૂછ્યું તેનું કારણ વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમે થાય છે. જેમ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમે ઇંદ્રિયપ્રાપ્તિ થાય છે, તેથી દેખવા વગેરેનું કામ થાય છે; પણ જે ક્ષયોપશમ થયો છે તે એવા પ્રકારનો હોય છે કે તેને પ્રકાશ આદિ સાધનો પ્રાપ્ત થયે આંખ જોઈ શકે. પ્રકાશ કે આંખની રચનામાં કાંઈ ફેરફાર થાય તો તેજ કમી પણ થાય છે, દેખાવું બંધ પણ થાય છે; તેમ પક્ષાઘાતમાં પણ સ્પર્શ-ઇંદ્રિયનો ક્ષયોપશમ હોવા છતાં જે જ્ઞાનતંતુ દ્વારા સ્પર્શ કે હલન-ચલનની ક્રિયા થતી હતી તે સાધનમાં ખામી આવતાં તે ક્રિયાદિ બનતું નથી. ચશ્માં કે દવાથી જેમ કંઈ ફેર જણાય છે તેમ તેવાં કારણ દૂર થયે પક્ષાઘાત મટી પણ જાય છે. આમાં ઘણા પ્રશ્ન થવા સંભવે છે પણ એ દિશામાં વિચાર કરશો તો સમજી શકો તેવી તમારી સમજણશક્તિ છે. રૂબરૂમાં મળવું થયે વિશેષ સમજાશે. એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૨૬ અગાસ, તા. ૧૭-૪-૫૦
તત્ ૐ સત્ ચૈત્ર વદ ૦)), સોમ, ૨૦૦૬

"ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહિ ધર્મ,
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ – મન૦"

આ કળિકાળમાં ધર્મપરીક્ષામાં પાસ થનારા થોડા નીકળે છે. નિયમ થોડા લેવા પણ શૂરવીરપણે પાળવામાં આત્મહિત છે. એક ભીલને જ્ઞાનીપુરુષે કાગડાનું માંસ ન ખાવાનો નિયમ આપેલો. અંત વખતે તેના ઓળખીતાઓએ દવા કરવાનો આગ્રહ કર્યો પણ તેણે માન્યું નહીં. દેહ છોડી તે દેવ થયો. તે દેવભવ પૂરો થયે રાજગૃહી નગરીમાં રાજપુત્ર થયો. ત્યાં શિકાર કરવા એક દિવસ ગયો ત્યાં અનાથી મુનિ ધર્મ(પુણ્ય)ના પ્રભાવે મળ્યા. તેમના ઉપદેશથી તેને આત્મજ્ઞાન થયું. ઘણા રાજાઓનો તે ઉપરી થયો. શ્રી મહાવીર ભગવાન તેની રાજધાનીમાં પધાર્યા તેને ક્ષાયિક દર્શન પ્રાપ્ત થયું. તીર્થંકરનામકર્મ બાંધ્યું જેના પ્રભાવે એક ભવ કરી તે

તીર્થંકર બની ઘણા જીવોને તારી પોતે મોક્ષે જશે. આ એક ધાર્મિક ચરિત્ર શ્રી શ્રેણિક મહારાજાનું કહ્યું. હવે તમારા પ્રશ્નનો ઉત્તર લખું છું —

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ — મૂળ૦
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ — મૂળ૦"

આમાં જણાવ્યા પ્રમાણે દેહ નાશવંત છે, આત્મા અવિનાશી છે. ગમે તેટલી દવાઓ ખાવા છતાં ડાક્તરને પોતાને જ મરવું પડે છે, તો બીજાને તે ક્યાંથી બચાવી શકશે? દેહ છોડી એક વાર જરૂર જવું છે. તે દેહ રાખવા કરેલાં પાપ સાથે આવશે, પણ દેહ સાથે નહીં આવે. ભક્તિ કરનારને એટલી શ્રદ્ધા હોવી જોઈએ કે પાપ કરી પછી ભક્તિ કરવાની ઇચ્છા કરતાં પાપ જ ન કરવું એ સારું છે. પાપ કરી પછી પૈસા કમાઈ દાન કરવું તેના કરતાં દાન ન થાય તો ભલે, પણ પાપ તો ન જ કરવું એ બુદ્ધિમાં બેસે તેવું છે. હાથ ખરડીને પછી ધોવો તેના કરતાં બગાડવો જ નહીં તે સારું છે ને? એક પીપા ભગતે કહ્યું છે કે: "પીપા, પાપ ન કીજિયે, તો પુણ્ય કિયા વાર હજાર."

ડાક્તરો દેહને અર્થે સલાહ આપે છે કારણ કે દેહ એ જ પોતાનું સ્વરૂપ તે માને છે. તમે આત્માનો ઉદ્ધાર થાય તે માટે નિયમ લીધો છે, તેથી દેહને અર્થે આત્માનું અહિત ન થાય તેમ વર્તવું ઘટે છે. ઘણા ભવ દેહને અર્થે આત્મા ગાળ્યો છે, હવે આટલો ભવ જો આત્માને અર્થે ગળાશે તો અનંત ભવનું સાટું વળી રહેશે. પૂર્વે પાપ કર્યું છે તેના ફળરૂપ માંદગી આવે છે. તે ટાળવા ફરી પાપવાળી દવા કરે તો ફરી માંદગીને નોતરવા જેવો ધંધો થાય છે તે વિચાર કરી જોશો તો યથાર્થ લાગશે. પાપવાળી દવાથી મટવાની ગેરંટી કોઈ આપી શકે નહીં, પણ પાપ થાય તે તો ચોક્કસ છે, દવામાં પણ પાપ તે પાપ જ છે. માટે જે વસ્તુનો ત્યાગ કર્યો છે, પરમકૃપાળુદેવની સાક્ષીએ જીવતા પર્યંત જે જે વસ્તુઓ ત્યાગી છે તે દવા માટે તો શું, પણ સ્વપ્નામાં પણ તેનો ઉપયોગ કરવાનો ખ્યાલ ન કરવો એ સાચા શૂરવીરનું લક્ષણ છે. ઘણી દવાઓ ખાનારા ઘણા માંદા જોઈએ છીએ, એટલે દવાઓથી જ મટતું જ હોય તો દવાખાનાં અને ડાક્તરો વધે તેમ રોગ વધવા ન જોઈએ પણ નાબૂદ થવા જોઈએ, તેને બદલે વધારે વધારે રોગોનો પ્રચાર થતો દેખાય છે, તે પાપનું પરિણામ છે એમ સમજી બને તેટલું સહન કરતાં શીખવું. મન દૃઢ ન હોય તો નિર્દોષ દવાઓ અજમાવી જોવી, પણ પ્રત્યક્ષ પાપ જણાય છતાં જીવને દેહને અર્થે આત્માને ગરદન મારવા જેવું તો ન જ કરવું. અજાણતાં કોઈ દવા કે ટીકડીમાં તેવું અભક્ષ્ય આવી જાય તેને માટે લાચારી છે, પણ જાણી-જોઈને તેવી ટીકડી કે શીશીઓ પણ વાપરવી ઘટતી નથી.

લીધેલા નિયમ કોઈ કારણે તોડવા નથી એવો દૃઢ નિશ્ચય કર્તવ્ય છે એ જ ટૂંકામાં ઉત્તર છેજી. એક તો પાપી ચીજોમાં થતું પાપ લાગે અને પરમાત્માની સાક્ષીએ લીધેલું વ્રત તૂટે કે આજ્ઞા ન પળે કે ભંગ થાય એ બીજું પાપ સાથે લાગે છે, અને તે મોટો અધર્મ છે. માટે મથાળે કડી લખી છે તે વિચારી પ્રાણ જાય તોપણ આજ્ઞારૂપ ધર્મનો ભંગ ન થાય તેમ મુમુક્ષુ વિચારવાન જીવ તો વર્તે. હાલ એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૮૨૭ અગાસ, તા. ૨૦-૪-૫૦

તમારું કાર્ડ આજે મળ્યું છે. પોતાની હયાતી બાદ પૈસા ખર્ચાય તેના કરતાં પોતાની હયાતીમાં ખર્ચાય તે પોતાના ભાવની વિશેષ વૃદ્ધિનું કારણ છે. જે વચનામૃતો આપણને અંત સુધી મદદ કરનાર નીવડે છે તે વચનો બીજા જીવોને સુલભ થાય તે દરેક મુમુક્ષુની ભાવના સહજ હોય. જેની પાસે ધનનું સાધન હોય તે તે દ્વારા પોતાના ભાવ પ્રદર્શિત કરે. એક તો પડતર કિંમત કરતાં કંઈ ઓછી કિંમત રાખવાની શરતે ધનની મદદ કરાય, અથવા તે પુસ્તકો પ્રસિદ્ધ થયે અમુક પ્રતો ખરીદી તે ઓછી કિંમતે મફત યોગ્યતા પ્રમાણે જીવોને વહેંચી શકાય. આમાંથી જેમ ઠીક પડે તેમ તમે ટ્રસ્ટીઓને જણાવી જવાબ મેળવી શકો છો. પછી બીજા કોઈ ખાતામાં ભાવના રહેતી હોય તો તેમ. તમારા ભાવ ઉલ્લાસ પામે તેમ કર્તવ્ય છેજી.

---

૮૨૮ અગાસ, તા. ૨૧-૪-૫૦

તત્ ૐ સત્ વૈશાખ સુદ ૪, શુક્ર, ૨૦૦૬

દોહરા — શું પાળે તે સાધુતા, કરે ન ઇચ્છા રોધ?
અશુભ ભાવને વશ થતાં, ડગલે-પગલે ક્ષોભ.
તપથી નિજ દોષો ટળે, અન્ય ન આકર્ષાય;
કામ-વિપાક વિલોકતાં, સુખી ભવે તું થાય.

પૂ.....એ વિકલ્પનો વ્યાપાર ટૂંકો કરી જે હાથમાં કામ લીધું હોય તે સારી રીતે કરવાનું હાલ રાખવું ઘટે છે. થોડું વંચાશે તોપણ હરકત નથી; પણ મનન વિશેષ થાય, કલ્પનામાં તણાઈ ન જવાય અને વાંચેલામાંથી કે કંઈ સદ્‌વિચાર કરતાં સારું લાગે તેની Diaryમાં નોંધ રાખવાનું શરૂ કરવા યોગ્ય છે, પોતાની વૃત્તિઓ પણ લખવા યોગ્ય છે. એટલે મનનને માટે વખત રાખો છો તેમ પોતાની જતા દિવસની વૃત્તિઓ તપાસી, યોગ્ય લાગે તે લખવાની ટેવ હશે તો આગળ વધાય છે કે પાછળ જવાય છે તેનો કંઈક હિસાબ રહેશે, માત્ર મનોરાજ્યથી સંતોષ પામવા યોગ્ય નથી. થોડું પણ સંગીન કરતાં શીખવું છે. 'ગજથી ભરે ઘણું પણ તસુ વેતરે નહીં' એવું નથી કરવું.

બીજું, ઘીની બાબતમાં તમે મૂંઝાઓ છો એમ પત્રથી જાણ્યું. તમે જે નિયમ લીધો છે તે માખણના રૂપમાં તે ન ખાવું એવો છે. પરંતુ વિચારવાન જીવ પાપથી ડરતો રહે છે કારણકે જે જે કરીશું તે આપણે ભોગવવું પડશે. તેથી જેટલું નિર્દોષ જીવન બને તેટલું કર્તવ્ય છે. આપણી જ આંખ સામે સાત સાત દિવસનું માખણ તાવી ઘી થતું જોવામાં આવે તો જરૂર જીવોને ઊકળતા જોઈ આપણું દિલ દુભાયા વિના ન રહે. તેનો ઉપાય તમારા હાથમાં છે. તમે વ્યવસ્થા કરી જો કોઈ માણસ દ્વારા તે જ દિવસના માખણનું ઘી કરાવી લાવો તો કોઈ ના નહીં કહે, કે તમે લૂખું ખાઓ તો પરાણે તમને માખણનું ઘી નહીં ખવરાવે. જેટલી તમારામાં દયાની લાગણી ખીલી હોય તે પ્રમાણે સુવ્યવસ્થા કરશો તો સર્વની દયાળુ વૃત્તિને સંતોષ થાય તેવું તમે કર્યું ગણાશે. કસોટીના વખતમાં જીવ બળ નહીં કરે તો દયાની વૃત્તિ બુઠ્ઠી થઈ જાય એમાં નવાઈ નથી, અને સાત્ત્વિક વિચારોને બદલે બાહ્ય માહાત્મ્યમાં જીવની વૃત્તિ રોકાઈ રહે તેવું બનવા યોગ્ય છેજી. કાં તો દૂધનું દહીં ઘેર કરી શકાય અને ઘીને બદલે દહીં વાપરવાથી

પણ ચલાવી લેવાય અથવા દહીંનું ઘી ઘેર કરી શકાય. તે ન બની શકે તેવું લાગતું નથી, પણ જીવે તે મન ઉપર નથી લીધું. પણ બધા કરે તેમ કરવું એવી ઘરેડમાં ચાલ્યા કરવું છે અને મોટી મોટી વાતો જ કરવી છે તે એ ન બને. બને તેટલું કરી છૂટવાનો વિચાર હશે તો સારું બનશે જ.

હાલ પૂ.... પરમકૃપાળુદેવનાં વચનો વાંચે છે તે ઠીક છે. વચનામૃતમાંથી જે વાંચ્યું હોય તે બધાને યથાશક્તિ કહી બતાવવાનું રખાય તો ઠીક છે. જે પોતે પોતાને માટે વિચાર્યું હોય તે બધા મળે ત્યારે જણાવી શકાય કે વાંચી શકાય તો સાંભળનાર અને જણાવનાર બન્નેને વિશેષ લાભ થવા સંભવ છે. તેમ ન બને તો હાલ ચાલે છે તે પણ ઠીક છે. કહેવા ખાતર કહેવું કે બીજાને સંભળાવવા વાંચવું યોગ્ય નથી. પોતાને એકની એક વાત વારંવાર વાંચવા, વિચારવા, ચર્ચવા યોગ્ય છે, તો બીજા હોય તો મને વિશેષ સમજવાનો પ્રસંગ મળશે. એ લક્ષ રાખી સ્વાધ્યાય કરવા જ બીજાની આગળ પણ વાંચવું ઘટે છેજી. બીજાને કંઈ કંઈ પૂછવું અને તેમના વિચારોની આપ-લે કરવાથી વિશેષ મનમેળો થશે, એકદિલી થશે. હાલ એ જ. તમે મૂંઝાઓ ત્યારે પત્ર લખવામાં હરકત નથી, પણ ઉત્તરની ઉઘરાણી યોગ્ય નથી. યથાવસરે કે રૂબરૂમાં પૂછશો તો જવાબ આપવા જેવો હશે તો અપાશે. હાલ તો આપણે સર્વ યોગ્યતા વધે તેમ પુરુષાર્થ કરીએ એ લક્ષ રાખવો ઘટે છેજી. પરમકૃપાળુદેવ આપણા સર્વના પિતા છે, આપણે તેમનાં ઘેલાં બાળક છીએ એ લક્ષ રાખશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ

તા. ક. — પૂ..... હમણાં રોજ એક વાર પોતાને માટે, બીજા હોય તોપણ હરકત નથી, પણ ખાસ પોતાને વિચારવા અર્થે પત્રાંક ૩૯૭ ક્ષાયિકસમ્યક્ત્વ વિષેનો ખાસ કરી પાછળનો ભાગ પોતાની દશા ઓઘબળ આવરણ ન પામે તે અર્થે છે તે લક્ષ રાખી વાંચવા યોગ્ય છે, થાય તો મુખપાઠ પણ કરી લેવો ઘટે છે.

---

### ૮૨૯

અગાસ, તા. ૨૪-૪-૫૦

ધર્મધ્યાનમાં વૃત્તિ રાખતા હશો. દવા કરવી પડે તો નિર્દોષ દવા કરવી. વેદનીયકર્મની મંદતા વખતે દવા કંઈ અસર કરે છે, નહીં તો ઘણી વખત વિપરીત અસર પણ થાય છે. શરીરનું જેમ થવું હોય તેમ થાઓ, પણ આત્મ-આરોગ્યતા વર્ધમાન થાય એવી ભાવના સતત રાખવા યોગ્ય છે. આત્મા અજર અમર અવિનાશી છે તે શ્રદ્ધા મરણ-પ્રસંગે રહી તો નિર્ભયપણે દેહ છોડી જીવ સમાધિ-મરણ કરે તે અર્થે સદ્ગુરુ-શરણે મંત્રાદિ સાધન કર્તવ્ય છેજી.

---

### ૮૩૦

અગાસ, તા. ૨૪-૪-૫૦

જે અવસ્થામાં કર્મ મૂકે તે અવસ્થામાં મુમુક્ષુએ બનતી રીતે ઉત્તમપણે વર્તવું ઘટે છેજી. સત્સંગના વિયોગે જોકે ભાવનાની વૃદ્ધિ મુશ્કેલ છે, છતાં પરમકૃપાળુદેવના ચરણકમલમાં જેની વૃત્તિ વહે છે તેને સર્વ સ્થળ સમાન ગણવા યોગ્ય છેજી. જેમ બને તેમ સ્મરણ, ભક્તિ, મુખપાઠ થયું હોય તેના અર્થના વિચારમાં રહેવું. વખત મળે ત્યારે "કલ્યાણનો માર્ગ" વાંચવું. ન વંચાય તો ભાવના કરવી, પણ આર્ત્તધ્યાનમાં વૃત્તિ ન જાય તેમ મુમુક્ષુજીવ વર્તે છેજી.

૮૩૧ ઈંદોર, તા. ૧૨-૫-૫૦
તત્ ૐ સત્ વૈશાખ વદ ૧૧, શુક્ર, ૨૦૦૬

દોહરા — ભિક્ષુ કે ભિક્ષુણી પ્રથમ, સંયમ વિરતિવંત;
પૂર્વ પાપકર્મો ઘસે, ભાવિ કર્મ ખાળંત. (દશવૈકાલિક : અધ્યયન ૪)
ઉનાળે આતાપના, શિયાળે વસ્ત્રહીન;
ચોમાસે એકાશ્રયે, મુનિવર સમાધિલીન.
જિતપરિષહ, જિતમોહ ને, જિતેન્દ્રિય મુનિ મહંત;
સર્વ દુઃખનો ક્ષય થવા, વર્તે ધર્યો અતિ ખંત.
દુષ્કર કરી, દુઃસહ સહી, કોઈ વરે સુરવાસ;
કર્મ હણી સિદ્ધિ વરે, તે જ ભવે કો ખાસ.
ભોગ ભોગવી નર બની, સંયમ તપધર થાય;
મોક્ષમાર્ગ આરાધતાં, તર્યો તારે, શિવ જાય. (૩ જું અધ્યયન)

વિ. આપનો પત્ર પ્રાપ્ત થયો, સમાચાર જાણ્યા. ખેદનું ખાસ કારણ નહીં છતાં ખેદ પત્ર દ્વારા પ્રદર્શિત કરેલ તે તજવા વિનંતી છેજી. પરમકૃપાળુદેવનો માર્ગ સાચા બનવાનો છે, સાચા બનીએ તેવા સંયોગો તે ઊભા કરે છે, તે તેની પરમકૃપા ગણી ખેદ વિસર્જન કરવા વિનંતી છેજી. પરમકૃપાળુદેવે શ્રી સોભાગ્યભાઈ ઉપર સાંસારિક કારણોનો ખેદ દૂર કરવા અનેક પત્રો લખ્યા છે, તે વારંવાર વિચારશો. "ૐ ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે." (૮૧૯) ઇત્યાદિ વારંવાર વિચારી પ્રતિબંધથી છૂટવું છે. કોઈ પ્રત્યે ઈર્ષા થવાનો પ્રસંગ આવે તો 'પોતાનું ભૂંડું કરનારનું પણ ભલું થાઓ' એવી પ. પૂ. પ્રભુશ્રીજીની શિખામણ સંભારી, સંતોષપૂર્વક પૂર્વ કર્મ ખંખેરી પેલે પાર જતા રહેવું છે. આવા ક્લેશકારી સંસારમાં સુખ અને સગવડ હોઈ શકે એવી કલ્પના પણ ભૂલભરેલી છે.

પ્રારબ્ધ બે ડગલાં આગળનું આગળ હોય છે. નાની ખાખર રહો કે મોટી ખાખર, ક્યાંય માહાત્મ્ય રાખ્યા વિના, આત્મા એકલો જ છે, એકલો આવ્યો છે ને એકલો જવાનો છે, એ એકત્વભાવના દૃઢ કરી એકલવિહારીપણે વર્તવું પડે તોપણ નહીં ગભરાતાં, પરમકૃપાળુદેવ નિરંતર સમીપ જ છે એમ જાણી સમાધિભાવમાં વિક્ષેપ આણવો ઘટતો નથી. મૂળ પ્રમાદી સ્વભાવ તમારો, તેને તે પૈસાદાર કુટુંબ દ્વારા પોષણ મળે તે આત્માને અહિતનું કારણ જાણી પરમકૃપાળુદેવે દેહ છૂટતાં પહેલાં તેવી સગવડથી દૂર કર્યા તે તેની પરમકૃપા માની, ફરી પૈસાદાર કુટુંબોનો સહવાસ સ્વપ્ને પણ ન હો એવી ભાવના શ્રી ઋભુરાજાએ ભગવાન પાસે કરેલી માગણી પ્રમાણે કર્તવ્ય છેજી. જેમ જેમ કહેવાતા ભાગ્યશાળી (પરમાર્થે અનાથ) કુટુંબોનો પરિચય ઓછો રહેશે તેમ તેમ અનાથતા દૂર થઈ પરમકૃપાળુદેવને નાથ તરીકે સહેલાઈથી સ્વીકારી સુખી થવાશે, એમ અનુભવ કરેલી વાત દર્શાવું છુંજી.

ભવિષ્યની એક પળનો પણ વિચાર કર્યા વિના વર્તમાનમાં જેમ નિર્મળ પરિણામ રહે તેમ એકલા વિચરી શકો તો વિશેષ શાંતિ અને આત્મબળ પ્રતીતિમાં આવશે. પછી જેવા સંયોગ ઉપસ્થિત થાય તેમ વર્તવામાં હરકત નથી. બીજા કોઈને માટે જીવવું નથી. એક

પરમકૃપાળુદેવને શરણે નિઃસ્પૃહપણે જીવવું છે અને તેને જ શરણે નિર્ભયપણે દેહ પણ ત્યાગ કરવો છે. સદ્ગત શ્રી....નો બોજો લઈને ફરતાં હતાં તેથી હવે તો હલકાં થયાં છો. લોકલાજ દૂર કરી એક પરમકૃપાળુદેવને જ સહયોગી ગણી આટલો ભવ પૂરો કરવો છે; એમ કરવાથી વધારે સ્વતંત્ર અને સુખી થશો. જેને ગરજ હશે તે તમારો સહવાસ શોધશે. તમારે હવે કોઈની પાસેથી કંઈ લેવું નથી. મીરાંબાઈની પેઠે જૈન મીરાં બની જીવો, તેનાં ગુણગાનમાં મસ્ત બનો.

"વિઠ્ઠલ વરને વરીએ, જગથી નહીં ડરીએ;
સંસારીનું સગપણ કાચું, પરણીને રંડાવું પાછું
એવું તે શીદ કરીએ ? વિ૦"

પૂ....ની આશ્રમમાં આવવાની દૃઢ ભાવના હશે તો થવા યોગ્ય સૌ થઈ રહેશે. ઉપરથી તો બધાંની સાથે બનતું રાખવું અને જેથી લાભ થાય તે લક્ષ રાખી પ્રવર્તવું થશે તો આશ્રમમાં રહેવાથી આત્મહિત વિશેષ થવા સંભવ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૩૨ અગાસ, જેઠ સુદ ૫, શ્રુતપંચમી, શનિ, ૨૦૦૬

"નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા." (૧૫)
"ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર."
"જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ,
સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઈશ." (૧૦૭)

પૂર્વકર્મ જેવાં બાંધ્યાં છે તેવાં અત્યારે ઉદયમાં દેખાય છે તે પ્રત્યે સમભાવ રાખી વર્તવાથી તેવાં નવાં કર્મ ન બંધાય; માટે મનમાં ક્લેશને સ્થાન આપવા યોગ્ય નથી. પ. પૂ. પ્રભુશ્રીજી બપોરે જમ્યા પછી દર્શન કરવા આવતાં બાળકો આદિને પ્રસાદી વહેંચતા. રોજ તો કંઈ ગળ્યું વગેરે હોય. એક દિવસે મોસંબીનાં છોડાં છોકરાંને અને બૈરાંને આપ્યાં. બધાંએ લીધાં પણ કોઈ ખાય નહીં. પ્રભુશ્રીજી બોલ્યા : 'કેમ આજે પ્રસાદ ખાતા નથી ? કડવો છે તેમાં ? પ્રસાદ તો કોઈ દિવસે મીઠો હોય અને કડવો પણ હોય, તેથી ખાઈ જવો પડશે.' એમ કહી બધાંને છોડાં ખવરાવ્યાં. તેમ પુણ્ય અને પાપ બન્નેનો ઉદય છે તે પ્રભુપ્રસાદી ગણી, પ્રભુ પ્રત્યે ભક્તિભાવ રાખી સમભાવે સહન કર્તવ્ય છેજી. આવો મનુષ્યભવ ઉત્તમ મળ્યો છે. ઉત્તમ કુળ, આર્ય ક્ષેત્ર, સત્પુરુષનો યોગ, તેની આજ્ઞા અને ધર્મ માન્ય થયેલ છે તેણે હવે તો જે બાંધેલાં છે તે કર્મ સમભાવે ભોગવી ઇષ્ટ-અનિષ્ટભાવ ન જાગે, કોઈ પણ જીવ પ્રત્યે દ્વેષ પરિણામ ન થાય, દયાભાવ વધે અને સર્વનું ભલું થાઓ એવાં પરિણામે બાંધેલાં કર્મ ભોગવી લેવાં. આપણું ધાર્યું જગતમાં થતું નથી. "જીવ તું શીદ શોચના કરે, કૃષ્ણને કરવું હોય તે કરે" એમ શ્રી દયારામ ભક્તકવિ ગાઈ ગયા છે તે લક્ષમાં લેશો. "સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં, ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં" એમ શ્રી નરસિંહ મહેતાએ પણ ગાયું છે. દુઃખના વખતમાં ભગવાન વધારે સાંભરે છે, સુખમાં તો

ભુલાઈ જવાય છે. માટે ઋભુરાજા આદિ ભક્તોએ દુઃખ માગ્યું છે, ઇંદ્રિયનાં સુખો સ્વપ્ને પણ ન હો એવી ભાવના કરી છે, તે લક્ષમાં રાખી નિઃસ્પૃહતા વધારી ભક્તિમાં રહેવાથી જગતનાં સુખોની ઇચ્છા નહીં રહે. અનાદિનું યાચકપણું–ભિખારીપણું મટી વીતરાગતા તથા સ્વાધીનતાનાં સુખ સમજાશે. માટે મૂંઝાવું નહીં અને ભક્તિનો ક્રમ ચૂકવો નહીં. બને તો તમારા પાડોશમાં કાવિઠાના મુમુક્ષુભાઈ છે તેમના યોગે પરમકૃપાળુદેવનાં વચનો વાંચવાનો અવકાશ કાઢવો. તેવા યોગે કંઈ સદાચાર, સત્સેવા કે સદ્‌વિચારની ચર્ચા થાય તો કરવી, સાંભળવી; પણ દેશકથા કે આડીઅવળી વાતો તેવા યોગમાં પણ કરવાનો કે સાંભળવાનો સંભવ લાગે તો એકલા ભક્તિ, વાચન, વિચાર કરવો. મન ઉપર બીજી બાબતોનો બોજો ન રાખવો. કામ હોય ત્યાં સુધી તેનો વિચાર કરવો પડે તો કરવો, પણ તેની ન જોઈતી ફિકરચિંતામાં કાળ ન જતો રહે તે લક્ષમાં રાખવું. જેમ ગુમાસ્તો કામ કરે તેમ કામ કરી છૂટવું; પણ મારું છે અને ખોટ જશે કે નફો આવશે એવા વિચારોમાં અમૂલ્ય મનુષ્યભવની એક પણ પળ ગુમાવવી નહીં. ભક્તિભાવ વધારવો. જે કંઈ કૃપાળુદેવને આત્મસિદ્ધિ આદિમાં કહેવું છે તે સમજવું, સમજવા પુરુષાર્થ કરવો અને સમજાય તે સાચું માની તે પ્રમાણે વર્તવા ભાવ કરવો. બીજું વાંચીએ તે પરમકૃપાળુદેવે આત્મસિદ્ધિમાં કહ્યું છે તે સમજવા માટે વાંચવું છે. પરમકૃપાળુદેવે બતાવેલા માર્ગે કલ્યાણ છે તે જીવતાં સુધી ભૂલવા યોગ્ય નથીજી. આનંદમાં રહી સ્મરણ કરતા રહેવાની ટેવ પાડશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૩૩ અગાસ, તા. ૨૪–૫–૫૦

વિ. આપનો વિવેચનસહ પત્ર મળ્યો. વાંચી સંતોષ થયો છેજી. સત્પુરુષનાં વચનને હૃદયમાં બીજની પેઠે યોગ્ય ભૂમિકા કરી વાવવાં, તેને તેમ ને તેમ થોડા વખત રહેવા દેવાં, એટલે તે સજીવન બીજ આપોઆપ મૂળ તથા પાનના અંકુરોને પ્રગટ કરી ઉપર પથ્થર હોય તોપણ તેમાંથી માર્ગ કરી તે ઉપર ઊગી આવે છે. જેમ જેમ મહાપુરુષોનાં વચનનું બહુમાનપણું અને પોતાની લઘુતા, દીનતા તથા જિજ્ઞાસા વધે તદ્‌અનુસાર વચનબીજનું પ્રસરવું, ફાલવું, ફૂલવું, ફળવું થાય છે. પોતાના દોષો જોવામાં અપક્ષપાતતા એ મુમુક્ષુતા પ્રગટવાનું કારણ છે એમ પરમકૃપાળુદેવ કહે છે. પત્રાંક ૨૫૪ "નિઃશંકતાથી નિર્ભયતા"વાળો કોઈ કોઈ વખત વાંચવા–વિચારવાનો પોતાને માટે રાખવા ભલામણ છેજી.

---

૮૩૪ અગાસ, તા. ૨૬–૫–૫૦

તમારી ભાવના સારી છે, પણ સત્સંગની ઘણી જ જરૂર છે. તમારે દેશમાં આવવાનું બને ત્યારે સત્સંગને અર્થે અમુક દિવસ આશ્રમમાં ગાળવા ભલામણ છેજી.

તમે મધની દવા પૂરતી છૂટ રાખવા પત્રમાં લખો છો, પણ સાત અભક્ષ્યમાં વધારેમાં વધારે પાપવાળું એ મધ છેજી. મધમાખી ફૂલ ઉપરથી રસ ચૂસી મધપૂડામાં જઈ પૂંઠથી છેરે છે એટલે મધ એ માખીની વિષ્ટારૂપ છે. તેમાં નિરંતર વિષ્ટાની પેઠે જીવો ઉત્પન્ન થયા કરે છે. એક ટીપું મધ ચાખે તેને સાત ગામ બાળતાં જેટલાં માણસ, બાળક, પશુ, જંતુઓ મરી જાય તેથી વધારે પાપ લાગે છે. એટલે તમને વિચાર કરવા આ લખ્યું છે. તમારી

હિંમત હાલ જીવનપર્યંત ત્યાગવાની ન ચાલતી હોય તો થોડે થોડે બે-પાંચ વરસના ત્યાગનો અખતરો કરી પછી હિંમત આવે ત્યારે જિંદગી પર્યંત છોડવું હોય તોપણ બની શકે. ખાંડની ચાસણી મધને બદલે વપરાય છે અને લગભગ સરખો જ ગુણ કરે છે. તમારાથી ન જ પળી શકે તેમ લાગતું હોય તો, આગ્રહ કરે છે માટે પરાણે નિયમ લેવો પડશે એમ ન ધારશો. હિંમત રહેતી હોય તો આત્માને મધત્યાગથી ઘણા પાપના બોજામાંથી બચાવી શકાય એટલા માટે લખ્યું છે.

જેટલો તમારાથી હાલ બને તેટલો ત્યાગ પૂ....ની રૂબરૂ પરમકૃપાળુદેવની સાક્ષીએ કરશોજી. હાલ માળા ફેરવવાનો વખત મળે તેમ ન હોય તો ત્રણ પાઠ રોજ ભક્તિ કરવાનો નિયમ લેશો તોપણ હરકત નથી. એકદમ ઉતાવળ કરી વધારે નિયમો લેવા અને પછી મને વખત નથી મળતો, મારાથી હવે નિત્યનિયમ નથી બનતો, એમ કરવાનો વખત ન આવે; માટે પ્રથમ પોતાની શક્તિ પ્રમાણે નિયમ લેવા. નિયમ લીધા પછી પ્રાણત્યાગ જેવા પ્રસંગે પણ ચૂકવું નહીં. પરમકૃપાળુદેવને જ ગુરુ માનવા. તેના આપણે બધા શિષ્યો છીએ. જેનાથી આપણને ઉપકાર થાય તેનો ઉપકાર માનવો પણ કોઈને પરમકૃપાળુતુલ્ય સદ્ગુરુ ન માની લેવા. આ શિખામણ લક્ષમાં વારંવાર રાખવા યોગ્ય છેજી.

સ્મરણમંત્ર અત્યંત આત્મહિત કરનાર છે. એક સેકંડનો પણ સદુપયોગ કરવાનું તે સાધન છે. પરમકૃપાળુદેવે જાણ્યો છે તેવો આત્મા તે મંત્રમાં તેમણે જણાવ્યો છે. મને કંઈ આત્માનું ભાન નથી; પણ તે પ્રગટવા, તે પરમકૃપાળુદેવની આજ્ઞા ઉઠાવવા, તેના સાચા સિપાઈ થવાનું સદ્ભાગ્ય મને જે દિવસથી મળે તે દિવસથી મારો જન્મ થયો એમ માની, તે પરમ-ગુરુ શ્રીમદ્ રાજચંદ્રની આજ્ઞા એ જ આપણું જીવન છે એમ માની, છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી તે આરાધન કર્યા રહેવાનું છે. હાલ તો અમુક માળા રોજ ફેરવવાનો નિયમ લેવો, પણ હરતાંફરતાં, દિવસેરાત્રે સૂતાં સૂતાં પણ તેમાં મન રાખી જીવન સફળ કરવા આ ધર્મ સ્વીકારું છું એ ભૂલશો નહીં.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૩૫ અગાસ, તા. ૨૬-૫-૫૦

"નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા."(૧૫)

શું કરવા માટે હું આવ્યો છું? આ મનુષ્યભવ શા અર્થે ગાળવા યોગ્ય છે, અને આપણા દિવસોનો મોટો ભાગ શામાં વહ્યો જાય છે? તેનો વિચાર કોઈ વિરલા જીવો કરે છે. બીજું કંઈ વિચારમાં ન આવે તો આટલું તો દરેકે હૃદયમાં નક્કી ધારણ કરી રાખવું ઘટે છે કે ગમે ત્યારે પણ જ્ઞાનીની આજ્ઞામાં જ એકતાન થયા વિના પરમાર્થમાર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે, તે પ્રત્યે હવે મારે વિશેષ વિશેષ લક્ષ રાખવો છે. જતા દિવસોમાંથી અમુક કાળ જરૂર બચાવી આ આત્માને પરમ પુરુષનાં પરમ ઉપકારી આત્મહિતપ્રેરક વચનોમાં તલ્લીનતા થાય, થોડી વાર જગતનું વિસ્મરણ થાય અને તે નિઃસ્પૃહી પુરુષે કરેલી આજ્ઞામાં લીન થવાય તેવો અભ્યાસ પાડવાની આવશ્યકતા (જરૂર) છેજી.

પરમાર્થનું પલ્લું નમે અને જગતના ભાવો તેણે બહુ ભવ સુધી સેવ્યા છે, તે પ્રત્યે

વૈરાગ્યવૃત્તિ ઉદ્ભવે, ટકી રહે તેવો સત્સંગ, સદ્વિચાર, સત્શાસ્ત્રનો પરિચય કરતા રહી અનંતકાળથી રઝળતા આત્માની દયા આત્માર્થી જીવે જરૂર ખાવા યોગ્ય છેજી. પ્રભુશ્રીજીએ કહ્યું છે કે કાળનો ભરોસો નથી. સાધક રહેવું સારું છે. યોગ્યતા લાવો એટલે ભાવ વધારો. પૂર્વે જ્ઞાનીની વાણી આ જીવે નિશ્ચયપણે કદી સાંભળી નથી. નિશ્ચય તે તો આત્મા છે. તેમાં ભેદ નથી. તે ન થયું હોય ત્યાં સુધી ભાવના રાખવી. સદ્ગુરુની આજ્ઞાએ વર્તતાં પાપથી વિરમવું થાય છે. ભાવના કામ કાઢી નાખે છે. સૂર્ય છે ને વાદળાં છે. વાદળાં વીખરાઈ જશે. વાદળ તે સૂર્ય નથી, ને સૂર્ય તે વાદળ નથી. વાદળને લીધે સૂર્ય બરાબર ન દેખાય પણ વાદળ વીખરાઈ ગયે સૂર્ય છે તેવો જ દેખાય છે. આત્મા અને આવરણનું આ દૃષ્ટાંત વિચારી શુદ્ધ આત્માની ભક્તિ, સદ્ગુરુની ભક્તિ દ્વારા પરમાત્મપદ પ્રગટવાનું બને છે તે લક્ષમાં લેવા વિનંતી છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૩૬ અગાસ, તા. ૪-૬-૫૦, રવિ

"પ્રભુપદ દૃઢ મન રાખીને, કરવો સૌ વ્યવહાર;
વિરતિ વિવેક વધારીને, તરવો આ સંસાર."
"પ્રભુ 'પણ' નિજ સંભારીને, દુઃખને કરશે દૂર;
સમય થયે રેલાવશે, પવિત્ર સુખનાં પૂર."
"નિત્ય નવીન ઉત્સાહથી, ધરજો પ્રભુનું ધ્યાન,
સ્મરણ કરજો પ્રીતથી, તજી દેહ-અભિમાન."
"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન." — શ્રીમદ્ રાજચંદ્ર

પૂ..... બહેન ત્યાં આવી ગયાં હશે. તેને બરાબર વાંચતાં-લખતાં શીખવવા ભલામણ છેજી. સત્સંગનું તે એક કારણ છે. તમારી પાસે પ્રવેશિકા, મોક્ષમાળા, સમાધિસોપાન આદિ પુસ્તકો હોય તે તેને સમજાય તેમ ધીરે ધીરે વાંચશો અને તમને સમજાય તે મોઢેથી કહી બતાવવાની ટેવ રાખશો, તો તેમને યોગ્યતા પ્રમાણે કંઈક સમજાશે. પણ તમને કહી બતાવતાં વિચાર કરવો પડશે, તેથી વધારે સમજવાનું કારણ છે. બીજી વાતોમાં ખોટી ન થવું. પવિત્ર મહાપુરુષોનાં અમૂલ્ય વચનો વાંચવા, વિચારવા, સમજવા, સમજાવવા પ્રયત્ન કરવો, ન સમજાય તો ફરી ફરી વાંચવાં અને આત્માર્થે જ્ઞાનીપુરુષોએ આપણા માટે પરમ કૃપા કરીને આવાં વચન કહ્યાં છે, તે નથી સમજાતાં તે આપણાં દુર્ભાગ્ય છે; પણ તે સમજવા ભાવ રાખીશું તો આજે નહીં તો કાલે, આવતે માસે કે આવતી સાલ સમજાશે એવી દૃઢ શ્રદ્ધા રાખી પુરુષાર્થ જારી રાખશો તો જરૂર કંઈ ને કંઈ તેમાંથી સમજાતું જશે. કંટાળીને, નથી સમજાતું કરી વાંચવાનું પડી ન મૂકવું પણ રોજનો રોજ વાંચવાનો ક્રમ રાખ્યાથી આગળ જતાં પરમાર્થ સમજાશે, આનંદ આવશે, અપૂર્વતા ભાસશે અને તે સિવાય બીજું ગમે જ નહીં તેવું થશે.

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી પોતે શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી આદિનાં સ્તવનો રોજ સવારે ભક્તિમાં ગાતા. બીજા સાંભળનારને કે ઝીલનારને કંઈ સમજાય નહીં, પણ રોજ

એનો એ ક્રમ ચાલુ રહ્યો તો આજે તેનાં તે સ્તવનો અમૃત જેવાં લાગે છે. અને તેઓશ્રીને કેમ તેમાં ઉલ્લાસ આવતો તે સમજાય છે. તેમ અભ્યાસ ચાલુ રાખશો તો ટીપે ટીપે સરોવર ભરાય તેમ આગળ ઉપર લાભ સમજાશે.

પ્રમાદમાં, આળસમાં બચતો વખત ગાળવાને બદલે સારા વાંચનમાં, ગોખવામાં, ગોખેલું ફેરવી જવામાં, વિચારવામાં કે વાંચેલાની વાત, ચર્ચા કરવામાં વખત ગાળશો તો તે સફળ થશે, જીવન સુખરૂપ લાગશે, ભક્તિમાં રસ વધશે. નાટક, સિનેમા કે રમતોમાં વખત ગુમાવશો તો પછી સારાં કામોમાં પ્રીતિ રહેશે નહીં. સારા વાંચન વગેરે માટે વખત મળે નહીં તો સારી ભાવના કે સારું જીવન ક્યાંથી થાય? માટે મહાપુરુષોનાં વચનોમાં જ બચતો વખત ગાળવો છે. ન સમજાય તોપણ ગભરાવું નહીં. સત્સંગે થોડા વખતમાં ઘણું કામ થાય એ વાત સાચી છે, પણ તેવું ભાગ્ય ઉદયમાં ન આવે ત્યાં સુધી જ્ઞાનીપુરુષોનાં વચનો જ આધારભૂત છે. 'પ્રવેશિકા' નામનું પુસ્તક વાંચશો તો મન કેમ ચોંટતું નથી તેનો ખુલાસો છે, તે સમજાશે. જે વસ્તુમાં પ્રેમ હશે કે થશે તે વસ્તુ પ્રત્યે મન જાય કે જશે. માટે મહાપુરુષ અને તેનાં વચનો પ્રત્યે પ્રેમ થાય તેવું વાંચન, તેવી વાતચીત, તેવો પરિચય જીવને હિતકારી છેજી.

મોટા યોગીઓને પણ મન વશ કરવું અઘરું પડ્યું છે. શ્રી આનંદઘનજી ગાય છે કે —

"મનડું કિમ હી ન બાજે હો કુંથુજિન મનડું કિમ હી ન બાજે;
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અળગું ભાંજે હો કુંથુજિન૦"

સર્વનો ઉપાય "પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાય દિયે."

મથાળે લખેલા દોહરા વિચારશોજી. વીશ દોહરા બોલતાં મન ભટકતું હોય તો છેલ્લી કડીથી પહેલી તરફ બોલવા માંડવા તથા દરેક કડીમાં શી ભાવના કરવાની છે તેનો વિચાર ગાતાં ગાતાં કરવો તો મનને કામ મળશે એટલે બીજા વિચારોમાં જતું અટકશે. વિકારોનો નાશ કરવા માટે સદ્વાંચન અને તેમાં રસ ઉત્પન્ન થાય તો જગત બધું વાંચતી વખતે ભૂલી જવાય છે. સ્મરણ કરવાની ટેવ વિશેષ વિશેષ રાખવી તથા જે વસ્તુમાં બહુ રસ પડે, આનંદ આવે તે વસ્તુ ઓછી ખાવી કે તેને નીરસ કરીને ખાવી. જેમ કે દાળમાં વઘાર સારો બેઠો હોય ને સ્વાદિષ્ટ લાગે તો તેમાં થોડું પાણી રેડીને ખાવું. આમ ખોરાક નીરસ લેવાની ટેવથી બધી ઇન્દ્રિયો ઉપર અસર થશે અને વધારે ખવાઈ પણ ન જવાય. આ ઉપાય પરમકૃપાળુદેવે પ્રભુશ્રીજીને બતાવેલો, તે કરવાથી તેમને લાભ પણ જણાયેલો. સાધુજીવનમાં રસ ઘટાડવો મુશ્કેલ છે, કારણ કે ગામમાં ગમે તે ઘરે તે જઈ શકે અને સારામાં સારો ખોરાક ફરી ફરીને મેળવી શકે. પણ તેમ નહીં કરતાં જે કંઈ સારો ખોરાક શ્રાવકો આગ્રહ કરીને પાત્રામાં નાખી દેતા તે બીજા સાધુઓને પ્રભુશ્રીજી આપી દેતા અને પોતે લૂખોસૂકો નીરસ આહાર જીવન ટકે તે પૂરતો જ લેતા. આમ કરવાથી તથા પરમકૃપાળુદેવના પત્રોમાં અત્યંત પ્રીતિ હોવાથી તે મુખપાઠ કરવામાં, વાંચવામાં, વિચારવામાં તેમનો કાળ જતો. પરમકૃપાળુદેવે છ કલાક ઊંઘવાની છૂટ આપી છે, છતાં પ્રભુશ્રીજી તો ત્રણ કલાક પણ પૂરું ઊંઘતા નહીં. આમ પરમકૃપાળુદેવની આજ્ઞા આરાધી તો આત્મજ્ઞાન તેમણે પ્રગટાવ્યું. જેટલી આપણી યોગ્યતા–

પાત્રતા હશે તેટલો આપણને લાભ થશે. 'વાતો કર્યે વડાં નહીં થાય, થૂંકે પૂડા ન થાય', તેલ જોઈએ. તેમ જીવમાં મહાપુરુષો પ્રત્યે અચળ પ્રેમ અને સમ્યક્‌પ્રતીતિ આવશે ત્યારે જીવનું હિત થશે. સાચા ભાવથી જ્ઞાનીપુરુષે કહેલા માર્ગે ચાલીશું તો મોક્ષ વિશેષ દૂર નથી. પણ તેનું કહેલું કરવું ન હોય અને જગતનાં તુચ્છ સુખોનો જ ભિખારી હોય તે આગળ વધી શકે નહીં.

ઉપવાસ આદિ કરવા કરતાં આહારમાં મજા ન પડે તેવો આહાર રસરહિત, મોળો, કે ઘી આદિ ઓછાં વપરાય તેવો લેવો છે. ફળ વગેરેમાં પણ રસ પોષાય તેવું કરવું નથી. ખાવા માટે જીવવું નથી પણ જીવવા પૂરતું જ ખાવું છે. "નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા."(૧૫). વિષય એટલે પાંચ ઇન્દ્રિયોની મીઠાશ અને પરિગ્રહ એટલે ધન, અલંકાર, સગાં આદિની મમતા. તે અર્થે દેહ ધર્યો નથી. આમ પર ચીજો ઉપરનો રાગ ઘટે અને સાદા ખોરાકથી જિવાય તો વૈરાગ્ય વધે, આત્મહિત સાચા દિલથી સાધવા જિજ્ઞાસા વધતી રહે અને સત્પુરુષનાં વચનો સમજાય, અને સમજાય તેટલું થોડું થોડું અમલમાં આચરણમાં મુકાય.

પરમકૃપાળુદેવ ઉપર જેને ગુરુભાવ હોય તે ભાઈ કે બાઈ આપણા ધર્મભાઈ કે ધર્મ-ભગિની છે. તેમની સાથે વાચન, પત્રવ્યવહાર ધર્મ અર્થે કરવાથી લાભ જ હોય. ભાઈ તરીકેનો મોહ કે પત્ની તરીકેનો મોહ ઓછો કરી, તે પરમકૃપાળુદેવને માને છે તેથી તેનાં ધન્યભાગ્ય છે, મારે માનવા યોગ્ય છે. પરમકૃપાળુદેવ તેના મારફતે મારું કલ્યાણ સુઝાડશે એવા ભાવે વર્તવાથી ધર્મની વૃદ્ધિ થાય. આ લક્ષમાં રાખી ધર્મકર્મમાં એવી પ્રવૃત્તિ કરશો કે જેથી આખરે છુટાય. છૂટવા માટે જીવવું છે એ ધ્યેય, નિશાન હૃદયમાં રાખવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૩૭ અગાસ, તા. ૫-૬-૫૦

તત્ ૐ સત્ જેઠ વદ ૫, સોમ, ૨૦૦૬

"શત્રુમિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા, માન-અમાને વર્તે તે જ સ્વભાવ જો,
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા, ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦"

આપના પ્રશ્નનો ઉત્તર મથાળાની ગાથા વિચારતાં સમજાય તેમ છે, છતાં ટૂંકામાં લખું છું :—

મુનિપણું સમ્યક્‌ત્વસહિત પ્રાપ્ત થયા પછી ઘણા પરિષહો વેઠી સુખ અને દુઃખમાં સમભાવ રાખી શકે છે તેવા મહાત્મા ઉપરની ભાવના કરે છે કે શત્રુ દુઃખ આપવા તૈયાર થાય કે મિત્ર અનુકૂળતાઓની સામગ્રી આપે, પણ બન્ને કર્મને આધીન છે. જેને છૂટવું છે તે કોઈ પ્રત્યે રાગ કે દ્વેષની વૃત્તિ ન ઊઠે તેમ સમભાવે જ્ઞાતાદ્રષ્ટા રહી અસંગ-અલિપ્ત રહે છે; તેમાં જે આત્મશાંતિ આવે છે તેવી શાંતિ શાતાના પ્રસંગમાં હોતી નથી. આમ જેણે સમભાવ એટલો બધો કેળવ્યો છે કે "તું છો મોક્ષસ્વરૂપ" એવું આત્મસિદ્ધિજીમાં કહ્યું છે તે તેમને અનુભવમાં વર્તે છે, તેથી બીજું મોક્ષનું સ્થળ વગેરે તે ઇચ્છતા નથી; કારણ કે તે મોક્ષની

મૂર્તિરૂપ બનેલા છે. ભવ એટલે જન્મવાનું હોય તોપણ કે તે દેહમાં વધારે આયુષ્ય હોય ને રહેવાનું હોય તોપણ તે તેમને બાધ કરી શકે તેમ નથી. પોતાની પાસે જે સુખ છે તે જેણે પ્રગટ કર્યું છે તેને આત્માથી બીજી વસ્તુ ઉત્તમ લાગતી નથી — "આત્માથી સૌ હીન." જન્મવાનું હોય તોપણ તેમને સમકિત લઈને પરભવ જવાનું હોવાથી આત્માની ઓળખાણ ભુલાઈ જાય તેમ નથી. તેવા મહાપુરુષને આત્મા જ સર્વસ્વ છે અને તે જ અનંત સુખનું ધામ છે. ઇચ્છાથી કોઈ વસ્તુની પ્રાપ્તિ થતી નથી, તેથી તે કંઈ ઇચ્છતા નથી; કર્મ દૂર કરવાનો પુરુષાર્થ નિરંતર કર્યા કરે છે, તેને કંઈ ઇચ્છયા વિના જ મોક્ષ તેમની પાસે આવ્યા કરે છે. આ વાત વિશેષ એકાંતમાં વિચારશો તો બહુ આનંદ આવશે અને સત્ય છે એમ લાગશે. ખરી રીતે દેહ છે એ જ ભવ છે, અશરીરી છે તે સિદ્ધ છે. "દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત" એવી દશા જેને પ્રાપ્ત થઈ છે તેને "દેહ છતાં નિર્વાણ" છે. દેહસહિત અને દેહરહિત દશા જેને સરખી થઈ ગઈ છે, સર્વ પ્રકારના વિકલ્પોનો અભાવ થઈ નિર્વિકલ્પ દશામાં સદાય રહે છે, તેને શાતા-અશાતા, સંસાર-મોક્ષ, સદેહ દશા કે વિદેહ દશામાં કંઈ ભેદ જણાતો નથી, એટલે તે વિકલ્પનું કારણ બનતાં નથી. બધી અવસ્થામાં તેને અનંત સુખનો અનુભવ વર્ત્યા કરે છે. "ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર." (શ્રી યશોવિજયજી) શરૂઆતની અવસ્થામાં જ્યાં સુધી સંસારનાં સુખની ઇચ્છાઓ જીવને આકર્ષે છે ત્યાં સુધી તે પ્રત્યે વૃત્તિ જતી રોકી મોક્ષની ભાવના કર્તવ્ય છે—

"કષાયની ઉપશાંતતા, **માત્ર મોક્ષ અભિલાષ;**
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ."— શ્રી આત્મસિદ્ધિ

પરંતુ જ્યારે પોતાને કે પરને અર્થે પણ કંઈ વિકલ્પો ઊઠે નહીં તેવી નિર્વિકલ્પદશા પ્રાપ્ત થાય છે, ત્યારે "મુક્તિ સંસાર બિહુ સમ ગણે" એ ભાવ રહ્યા કરે છે. સંસારમાંથી જીવો છૂટે અને મોક્ષે જાય એવી પણ ઇચ્છા જેમને સ્ફુરતી નથી, "સવિ જીવ કરું શાસનરસી, ઇસી ભાવદયા મન ઉલ્લસી" — એ ભાવો તીર્થંકર થવાના હોય તે પહેલાંના ત્રીજા ભવે એટલે મનુષ્યભવમાં આગલે ભવે હોય ત્યારે કરેલી ભાવનાના ફળરૂપ તીર્થંકર નામકર્મ બંધાયું હોય છે, તે પ્રારબ્ધ પૂરું થવા અર્થે જ તીર્થંકરને ઉપદેશકાર્ય હોય છે; પરંતુ "આને તારું કે આને ઉદ્ધારું" એવું તીર્થંકર-અવસ્થામાં હોય નહીં. યંત્રવત્ પ્રારબ્ધ ખપાવે છે. ઇચ્છા એ લોભનો પર્યાય છે, તે તો મોહનો ક્ષય થયા પછી હોય નહીં; તેથી નિઃસ્પૃહપણે શ્રી તીર્થંકર વક્તા છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૩૮ અગાસ, તા. ૮-૬-૫૦
તત્ ૐ સત્ જેઠ વદ ૮, ગુરુ, ૨૦૦૬

દુષ્કર એવું બ્રહ્મચર્યવ્રત તેમણે બે વર્ષ પરણીને જ પાળ્યું તે બદલ ધન્યવાદ ઘટે છે. હવે ધર્મમાં ઢીલા થવાની જરૂર નથી. જો આટલું નિશ્ચયબળથી કામ થયું તો તેમને પરમકૃપાળુદેવના વચનમાં વિશેષ શ્રદ્ધા થશે કે "માણસ ચાહે તે કરી શકે." (વચનસપ્તશતી ૫૫૧) "નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા" (૧૫)

બ્રહ્મચર્યના આરાધનથી જીવમાં અનેક ગુણો પ્રગટે છે, સદ્‌વૃત્તિ રહે છે. પરમપુરુષોએ સમ્મત કરેલું બધું માનવું છે, તે સાચું છે, ન બને તોપણ તે પ્રાપ્ત કર્યાથી મને લાભ થશે એવી ભાવના રહે છે. સંસારી લોકો અને તેમની માન્યતાના ગાડરિયા પ્રવાહમાં તણાવાને બદલે તે વિચાર કરતો થાય છે. સાચા સુખનો માર્ગ શોધી ન્યાયપૂર્વક પુરુષાર્થથી પ્રાપ્ત કરવા કેડ કસીને તૈયાર થાય છે. હવે નિયમ ન હોય તોપણ આઠમ, પાંચમ, બીજ, ચૌદશ, પૂનમ આદિ દિવસો ધર્મને અર્થે નિર્માણ મોટા પુરુષોએ કરેલા છે તે દિવસોએ તો બ્રહ્મચર્ય પાળવું જ અને બને ત્યાં સુધી એ પશુપણાની વૃત્તિ(મૈથુન)ને વારંવાર વશ ન થવું. તેમાં જ સુખ માની શરીરશક્તિને બરબાદ ન કરવી. જેટલું મન સંયમમાં રહેશે તેટલી દયા પળાશે. ભોગમાં મન આસક્ત રહેશે તેટલી હિંસાપ્રિય વૃત્તિ બનશે. માટે અનંતકાળથી રખડતા, જન્મમરણ કરતા આ આત્માની દયા લાવી તેને આ ભવે મોક્ષમાર્ગે ચડાવી પરમકૃપાળુદેવની આજ્ઞામાં રાચતો કરી સંસારનો અંત લાવી મોક્ષે જવું છે એ ભાવ દિન દિન પ્રત્યે વધતો રહે એવી વાતચીત, એવું વાંચન, એવા વિચાર, એવી ભાવના પોષતા રહેવા ભલામણ છે અને વખત મળ્યે આશ્રમમાં પણ થોડા થોડા દિવસ રહી જવાય તેવી અનુકૂળતા શોધતા રહો તો સત્સંગનો જેમ જેમ લાભ થશે તેમ તેમ આપોઆપ શું કરવું ?—તે તમને સમજાતું જશે. વ્રત-નિયમો કરતાં સત્શ્રદ્ધાની દૃઢતા અને આત્માનું ઓળખાણ થાય તે અર્થે દેહાધ્યાસ એટલે દેહ તે હું, દેહને દુઃખે દુઃખી અને દેહને સુખે સુખી માનવાની અનાદિની ભ્રાંતિ છે તે ટાળવા સ્મરણ, ભજન આદિ સત્સાધનરૂપ બનતો પુરુષાર્થ દરેકે કર્તવ્ય છેજી. તમારી નિશાળ ઊઘડતાં પહેલાં આ કાર્ડ મળી જશે. વૅકેશનનો સદુપયોગ કરતા રહેલું. સત્સંગની ભાવના કરતા રહેવાથી પુણ્યયોગે તેવો અવસર આવી મળશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૩૯ અગાસ, તા. ૨૪-૬-૫૦

"ઇન્દ્રિયાદિના નિગ્રહનું ન હોવાપણું, કુળધર્મનો આગ્રહ, માનશ્લાઘાની કામના, અમધ્યસ્થપણું, એ કદાગ્રહ (મિથ્યાગ્રહ) છે. તે કદાગ્રહો જ્યાં સુધી જીવ ન મૂકે ત્યાં સુધી કલ્યાણ થાય નહીં." (ઉપદેશછાયા)

વિ. પુણ્યના ઉદય પ્રમાણે જીવને ધર્મની જોગવાઈ મળી રહે છે. પૂ........ની તબિયત ઠીક હોય તો તેમને ખબર આપશો, તો વખતે પાસે છે તો તે આવી જાય. જરૂર જેવું હોય તો તે રહે પણ ખરા, કારણ કે તેમની ઉંમર થઈ એટલે સત્સંગની ઇચ્છા તેમને પણ રહ્યા કરે. કોઈ ન આવે તો પૂ........એ કાળજી રાખી તેમના પિતાની સેવા બને તેટલી બહારથી તેમ જ ધર્મવાંચન ભક્તિ આદિથી આંતરિક સેવા પણ કર્તવ્ય છે. બીજાં કામ તો મજૂર આદિથી થઈ શકે, પણ સેવાનું કામ પોતે કરે તો જ બને. તેમનાથી વંચાય તો 'સમાધિ-સોપાન'માંથી પાન ૨૬૩ થી ઠેઠ સુધી થોડે થોડે તેમણે વાંચવા યોગ્ય છે અને ન વાંચી શકાય તો જે કોઈ વાંચી શકે તેવા હોય તેમણે તેમને વાંચી સંભળાવવું ઘટે છેજી. જ્યાં સુધી સાંભળી શકાય છે ત્યાં સુધી પરમકૃપાળુદેવનાં વચનો, ભક્તિ વગેરે કાનમાં પડ્યાં કરે તેવી ગોઠવણ રાખવી ઘટે છેજી. પૂ....એ મુખપાઠ કર્યું હોય તો તે થોડો વખત અનુકૂળતા પ્રમાણે

પાસે બેસી બોલે. જો વિશેષ વખત હોય તો નવું પુસ્તક હાલ પ્રવેશિકા બહાર પડ્યું છે તે પણ થોડું થોડું વંચાય તો સારું. મોક્ષમાળા, વચનામૃત, આલોચના આદિમાંથી જેમ બને તેમ જાગતા હોય ત્યાં સુધી તેમને સંભળાવવાનો ક્રમ રાખો તો હિતકારી છે. કંઈ ન બને તો મંત્રનું સ્મરણ તો કાનમાં પડ્યા જ કરે અને તેમને પણ મનમાં રટણ થયા કરે તેમ કર્તવ્ય છેજી.

આ મનુષ્યભવનું સાર્થકપણું પરમકૃપાળુદેવને આશ્રયે દેહ છોડવામાં છેજી. બીજું જપ, તપ, શાસ્ત્રશ્રવણ આદિ બનો કે ન બનો પણ સત્શ્રદ્ધા એક પરમકૃપાળુદેવે આત્મા જાણ્યો છે તેવો જ મારો આત્મા અસંગસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અવિનાશી, પરમ આનંદસ્વરૂપ છે; શરીર, શરીરમાં થતું દુઃખ, સગાં વગેરે કોઈ મારું નથી; મારા એક પરમકૃપાળુદેવ છે તેને મારે ભૂલવા નથી, જે થાય તે જોયા કરવું, ગભરાવું નહીં, દેહ છૂટે તોપણ આત્મા મરવાનો નથી, આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્તિ આદિ મોક્ષના ઉપાય છે, આ હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છે. "આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૪૦ અગાસ, તા. ૧-૭-૫૦

હરિગીત — "એક શુદ્ધ સ્વરૂપ નિજ જાણી સદા તેને ભજો,
વાણી ગણી પરરૂપ, અંતર બાહ્ય બન્નેને તજો;
એવા પરમ ઉપદેશરૂપે પરિણમી ગુરુ જાણજો,
ગુરુરાજ પરમકૃપાળુની કરુણા હૃદયમાં માણજો." — હૃદયપ્રદીપ

મંત્રનું સ્મરણ કરવું. એ મૂંઝવણના વખતમાં દવા સમાન છે. કર્મને આધીન આખું જગત છે; તે પ્રમાણે જવું, આવવું, બોલવું, બેસવું, ઊઠવું, ખાવું, પીવું થયા કરે છે. "સુખ-દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં" એમ નરસિંહ મહેતાએ ગાયું છે. માટે ક્યાંય ચિત્ત રાખવા જેવું નથી. આત્માને કોઈ કારણે સંસારમાં ક્લેશિત કરવા યોગ્ય નથી. ભક્તિમાં મન રાખી, પરમકૃપાળુદેવ રાખે તેમ રહેવાની ટેવ પાડવી. જ્ઞાનીની આજ્ઞા, મંત્રનું સ્મરણ, ભક્તિ, વાંચન, વિચારમાં મન રાખી આનંદમાં રહેવું. કોઈ આપણું છે નહીં. એકલા આવ્યા છીએ અને એકલા જવાનું છે. આજ્ઞા આરાધી હશે તેટલું આત્માનું હિત થશે. માટે "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે" (૮૧૯) એમ પરમકૃપાળુદેવે લખ્યું છે તે વિચારી રાગદ્વેષ ઘટાડવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી.

"પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."-શ્રીમદ્ રાજચંદ્ર

---

૮૪૧ આબુ, તા. ૭-૭-૫૦

તત્ ૐ સત્ પ્ર. અષાડ વદ ૮, ગુરુ, ૨૦૦૬

દોહરો — પરાર્થ સાવદ્ય વર્તન, ભૂત ભાવિ વર્તમાન,
સભાદિમાં જાણી વદે, - નહીં સપાપ મુનિ માન. (દશવૈકાલિક : અ. ૭-૪૦)

પત્રમાં પ્રશ્ન લખેલા સ્મૃતિમાં છે. બધા મળી વિચારશો તો સમજાય તેમ છે. કેટલાંક વાક્યો પોતા માટે છે. કેટલાંક બન્નેને ઉદ્દેશીને લાગે છે. "સૂત્ર અને તેનાં પડખાં બધાંય જણાયાં છે" (૧૭૦) તે તો પોતાના જ્ઞાન વિષે ઉલ્લેખ છે. આધુનિક મુનિઓના સૂત્રાર્થવાળું વાક્ય પોતાને પણ અનુકૂળ નથી તેમ શ્રોતાઓને પણ અનુકૂળ નથી. કેમકે રસલુબ્ધ, યશલુબ્ધ, માનલુબ્ધ આદિ મોહમાં પડેલા, ધર્મનું મૂળ વિનય તે જેના હૃદયમાં રોપાયું ન હોય અને સ્વચ્છંદ-પરિણામી હોય તે ભલે ભગવાનનાં સૂત્રો વાંચે; પણ બ્રાહ્મણિયા રસોઈ અંત્યજ (ભંગી) પીરસે તે કોને કામ આવે? તેમ મિથ્યાત્વભાવ સહિત જે પ્રરૂપણા છે તે પકવાન્નને વિષ-મિશ્રિત કરનાર તુલ્ય છે.

---

૮૪૨ અગાસ, તા. ૧૩-૭-૫૦

તત્ ૐ સત્ પ્ર. અષાડ વદ ૧૩, ૨૦૦૬

આપે પ્રશ્ન 'આત્મપ્રભા'માંથી પૂછ્યો તે વાક્ય શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાં પૃષ્ઠ ૭૧૩ ઉપર છે: "ઇંદ્રિયોના નિગ્રહનું ન હોવાપણું, કુળધર્મનો આગ્રહ, માનશ્લાઘાની કામના, અમધ્યસ્થ-પણું એ કદાગ્રહ છે....ચૌદ રાજલોક જાણ્યો પણ દેહમાં રહેલો આત્મા ન ઓળખ્યો; માટે રખડ્યો." પૃષ્ઠ ૭૧૪ ઉપર તેનો ઉત્તર છે – "ચૌદ રાજલોકની કામના છે તે પાપ છે. માટે પરિણામ જોવાં. ચૌદ રાજલોકની ખબર નથી એમ કદાચ કહો, તોપણ જેટલું ધાર્યું તેટલું તો નક્કી પાપ થયું. મુનિને તણખલું પણ ગ્રહવાની છૂટ નથી. ગૃહસ્થ એટલું ગ્રહે તો તેટલું તેને પાપ છે." વિચાર કરવાથી સમજાય કે ચૌદ રાજલોક જાણવા શા માટે? જ્ઞાનીઓએ કહ્યું છે કે પાપથી છૂટી, મોક્ષમાર્ગમાં લાગી – મંડી પડવા, બોધ-વચનોમાંથી પરમાર્થ ગ્રહવો. બીજી આડીઅવળી કલ્પનામાં ન ચઢી જવું. બાકી બુદ્ધિને સંતોષવા માટે બુદ્ધિ દ્વારા ઉત્તરો અપાય છે. કદાગ્રહ મૂકી વાંચવું, વિચારવું, સમજવું.

ચૌદરાજલોક શ્રુતજ્ઞાનથી જણાય. 'ત્રિલોકસાર', 'લોકબિંદુ' 'લોકપ્રકાશ' આદિ ગ્રંથોમાં ચૌદ રાજલોકનું વર્ણન ઘણા વિસ્તારથી જ્ઞાનીપુરુષોએ કોઈ સત્જિજ્ઞાસુને અર્થે કરેલ છે તે વાંચી,

"દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજમત વેષનો, આગ્રહ મુક્તિનિદાન."

મતાર્થ જ રહે તો કલ્યાણ ન થાય, એ એ વાક્યનો પરમાર્થ છે.

એક પ્રશ્ન આપને વિચારવા, ને યોગ્ય લાગે તો ઉત્તર લખવા કરું છુંજી. આર્દ્રકુમાર અનાર્યદેશમાં જન્મ્યા; ત્યાં જ શ્રી અભયકુમારની કૃપાથી જિનમૂર્તિનાં દર્શન કરતાં તેમને જાતિસ્મરણજ્ઞાન થયું; પૂર્વના ભવ, ચારિત્ર પાળેલું તે બધું યાદ આવ્યું. તો ત્યાં ચારિત્ર પાળીને ધર્મ આરાધન કરવાનું મૂકીને ત્યાંથી નાસી છૂટી આર્ય દેશમાં કેમ આવ્યા હશે? શ્રી અભયકુમાર સાથે પત્રવ્યવહાર આદિથી સંતોષ કેમ નહીં માન્યો હોય? રાજકુમારને તેવી ગોઠવણ કરવી અઘરી નહોતી. કેમ તેમને ત્યાં ગમ્યું જ નહીં? યથાશક્તિ વિચાર કરી યોગ્ય લાગે તો, પત્ર લખો ત્યારે તે વિષે લખશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૪૩ અગાસ, તા. ૨૦-૭-૫૦

આપના બે પત્ર મળ્યા. તમારી સત્સંગ અર્થે ભાવના છે તે પ્રશસ્ત છે. પણ પૂર્વ કર્મ-યોગે માતાની સેવામાં રોકાવું થયું છે તેમાં ખેદ નહીં કરતાં, બનતો ભક્તિભાવ કરી સેવા કરશો તો હિતકારી છે. તેમને સાંભળવાની ઇચ્છા હોય તો સમાધિસોપાન તથા મોક્ષમાળામાંથી તેમને વાંચી સંભળાવશો. ભક્તિ સાંભળવાની ભાવના રહેતી હોય તો નિત્યનિયમ તેમની પાસે કરવામાં હરકત નથી, નહીં તો મંદિરમાં કે એકલા ગમે ત્યારે કરી લેવો ઘટે છેજી. પ્રમાદ તથા ખેદ કર્તવ્ય નથી. દોષ જોઈ દોષ ટાળવાની તત્પરતા રાખવી. આવી પડેલા કામથી કંટાળવું નહીં, તેમ જ વિષય-કષાયમાં રાચવું નહીં, સર્વની સાથે વિનયભાવે વર્તી આનંદમાં રહેવું. અનુકૂળતા મળે ત્યારે સત્સંગ અર્થે આવવામાં પ્રતિબંધ નથી; પણ કોઈ ને તરછોડીને, ઉતાવળ કરીને તેમ ન કરવું. સૌને બને તેમ રાજી રાખીને આત્મહિતના લક્ષે વર્તવું ઘટે છેજી. એકાસણા આદિ શરીરશક્તિ પ્રમાણે કરવાં. હાલ સેવામાં રહ્યા છો, તો સેવા બરાબર થાય અને આત્મલક્ષ ન ચુકાય તેમ વર્તવા ભલામણ છેજી. એમના નિમિત્તે તમને સમાધિ-સોપાન (બને તો પહેલેથી) તથા મોક્ષમાળા વિચારવાનું બનશે.

"ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે." (૮૧૯) મુખપાઠ કર્યા હોય તે પત્રો ફેરવતા રહેશો. તમારાં માતુશ્રીની આગળ પણ બોલતા રહેશો. વિક્ષેપ જેવું લાગે તો પોતાને અર્થે એકાંતમાં વિચારવા વગેરેનું રાખવું. સ્મરણમાં વૃત્તિ રાખી આનંદમાં રહેવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૪૪ અગાસ, તા. ૨૧-૭-૫૦, શુક્ર

આપનું કાર્ડ મળ્યું. પરમકૃપાળુદેવનાં વચનો અયોગ્ય જીવના હાથમાં જવાથી આશાતના-નું કારણ ન બને તેની સંભાળ રાખો છો, તે યોગ્ય છેજી. અંતરાયનું કારણ તે નથી. તેના હિતનો હેતુ હોય તે અંતરાય નથી. અંતરાય તો તે ગણાય કે જ્યારે તેને સાચા પુરુષની શોધની ઇચ્છા હોય, તેનાં વચન વાંચવાની ઇચ્છા હોય, તે તમારે ત્યાં આવી તમારી રૂબરૂમાં વાંચવાની માગણી કરતો હોય, પરમકૃપાળુદેવ સંબંધી જાણવા ઇચ્છતો હોય, તેને તમારે ત્યાં બેસીને પણ વાંચવા કે સાંભળવા ન દો તો અંતરાય ગણાય. તેવો જિજ્ઞાસુ અને ગરજવાળો હોય તેને સાચો મુમુક્ષુ ખાળે પણ કેમ? તે તો તેવાના સંગને ઇચ્છતો જ હોય. તેથી જેને તેવી જિજ્ઞાસા જણાય અને પુસ્તકો માગે, તેને કહેવું કે તમારે નવરાશ હોય ત્યારે અહીં આવજો, આપણે સાથે વાંચીશું, વિચારીશું. ત્યાગી હોય તોપણ તેને ગરજ હોય તો આવે, એમ કરવું યોગ્ય લાગે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૪૫ અગાસ, તા. ૨૧-૭-૫૦

"પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય."—શ્રીમદ્ રાજચંદ્ર

અજાણ્યા માણસ સાથે આ કાળમાં કામ પાડતાં બહુ વિચાર કરવો ઘટે છેજી. કોઈ પુસ્તક વાંચવા માગે તો મોક્ષમાળા, પ્રવેશિકા, સમાધિસોપાન વાંચવા આપવામાં હરકત નથી.

પણ તત્ત્વજ્ઞાન વાંચવું હોય કે વચનામૃત વાંચવાની તેની ઇચ્છા થાય તો તમે જે વખતે વાંચતા હો ત્યારે તે આવે એમ જણાવવું એટલે તમને પણ સમાગમનો જોગ રહે અને તેને પણ એકલા વાંચીને 'વાંચી ગયો' એમ ન થાય, તથા સત્પુરુષ પ્રત્યે કંઈ પૂજ્યબુદ્ધિ તમારે યોગે તેને થાય. સમાગમમાં પણ પોતે લઘુત્વભાવ રાખી જ્ઞાનીપુરુષનાં વચનો સમજાય એવો સત્સંગનો યોગ નથી તે અહીં આપણે જેમ તેમ વિચારીએ છીએ, પણ આશ્રમ જેવા સ્થળમાં જ્યાં મુમુક્ષુઓ તેની વિચારણા કરે છે ત્યાં આપણે જવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય તો વિશેષ સમજાય તથા જ્ઞાનીપુરુષની ભક્તિથી તેનાં વચનો સમજવા જેટલી જીવમાં યોગ્યતા પ્રગટે છે વગેરે વાતો વાંચતાં કરતા રહેવી ઘટે છેજી. પોતાની મેળે જીવ વાંચે તેમાં મોટે ભાગે જે સમજણ પોતાની હોય તેમાં તે વચનોને તાણી જાય છે માટે તત્ત્વજ્ઞાન જેવાં પરમકૃપાળુદેવનાં વચનો એકલા વાંચે તેને લાભ ઓછો થવો સંભવે છે તે લક્ષમાં રાખશો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૪૬ અગાસ, તા. ૨૧-૭-૫૦, શુક્ર

"જગત જીવ હૈ કર્માધીના, અચરિજ કછુ ન લીના."

આપે મોકલેલ છાપું મળ્યું છેજી. આપને એવી બાબતો જાણવાનું કૌતુક હજી વર્તે છે. મને તે સંબંધી કંઈ લખવું ગમતું નથી. આપણી વૃત્તિઓમાં જે કંઈ સુધારો થતો હોય તે તરફ લક્ષ રાખી વિશેષ શાંત વૃત્તિ પોષ્યા કરવી ઘટે છેજી. માથે મરણ છે તેની તૈયારી પરમકૃપાળુદેવને શરણે કર્તવ્ય છેજી. બીજું હવે શોધવું તો છે નહીં. બીજેથી પરમકૃપાળુદેવનાં વચનામૃત જેવી કે આત્મહિતકારી મદદ મળે તેમ જણાતું નથી; તો વ્યર્થ વિચારો કરવાનું ભૂલી ઉપાસ્ય સદ્ગુરુમાં જ લય લાગે, પરમ ભક્તિ પ્રગટે, સર્વ દોષનો ક્ષય થાય એ જ એક લક્ષ રાખી જગત જોવામાં અંધ બનવા યોગ્ય છેજી. બીજી વાતો સાંભળવામાં બહેરા બનવું ઘટે છેજી. ક્ષાયિક સમકિતવાળો પત્રાંક ૩૯૭ વારંવાર વાંચવા અને પાછળનો ભાગ વિશેષ લક્ષમાં લેવા વિનંતી છે.

"જાણી ભાષાદોષ-ગુણ, સદા તજે મુનિ દોષ,
છકાય-સંયત, ઉદ્યમી, વદે મધુર હિતપોષ." (દશવૈકાલિક : અ૦ ૭)

---

૮૪૭ અગાસ, તા. ૨૮-૭-૫૦

તત્ ૐ સત્ દ્વિતીય અષાડ સુદ ૧૪, શુક્ર, ૨૦૦૬

ખમાવું સર્વ જીવોને, સર્વે જીવો ખમો મને;
મૈત્રી હો સર્વની સાથે, વૈરી માનું ન કોઈને.

અષાડ ચોમાસી પાખી સંબંધી આપ કોઈ પ્રત્યે માઠા યોગાધ્યવસાયથી જાણતાં-અજાણતાં અયોગ્ય વર્તન થયું હોય તે ભાવ નિંદી, ફરી તેમ નહીં વર્તન થવા દેવાની ભાવનાએ ઉત્તમ ક્ષમા પરમકૃપાળુદેવની સાક્ષીએ ઇચ્છું છું તથા તેવા કોઈ આપના વર્તનની સ્મૃતિ રહી હોય તે ભૂંસી નાખી નિઃશલ્યપણે ખમું છુંજી. ક્લેશનું કારણ કોઈને આ જીવ ન થાય અને કોઈને ક્લેશનું કારણ ન માને એવા ભાવ ટકી રહે તેવી પરમકૃપાળુદેવ પ્રત્યે સાચા અંતઃકરણે યાચના-ભાવના-ઇચ્છા છે. સર્વને નમ્રભાવે ખમાવી પત્ર પૂર્ણ કરું છુંજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૮૪૮ અગાસ, તા. ૮-૮-૫૦

તત્ ૐ સત્ દ્વિતીય અષાડ વદ ૧૦, મંગળ, ૨૦૦૬

વિ આપનો પત્ર મળ્યો. તે વાંચી 'મોક્ષમાળા'માં પાઠ ૨૪મો સત્સંગ વિષે છે તે યાદ આવ્યો. તેમાં કુસંગથી બચવા તથા કુસંગનો ત્યાગ કરવો ઘટે છે એમ કહ્યું છે તે યથાર્થ છે. જ્યાં સુધી પોતાને યથાર્થ વિચાર કરવાની દશા ન પ્રગટે ત્યાં સુધી ઘણો વખત સત્સંગમાં ગાળવાનો મળે તો મારાં અહોભાગ્ય એમ માની સત્સંગ વારંવાર સેવવા યોગ્ય છે. તેવી જોગવાઈ ન હોય તો સત્સંગે સાંભળેલો બોધ કે જ્ઞાનીપુરુષનાં વચનો સત્સંગે આજ્ઞા લઈ તેમાં કાળ ગાળવો ઘટે છે, અને સત્સંગની વારંવાર ભાવના રાખવી ઘટે છેજી. તેમ શરૂઆતમાં ન થાય તો તમે પત્રમાં જણાવો છો તેવા ભાવ થઈ જાય કે થોડામાં મોક્ષ મળે તેવો સહેલો રસ્તો કાં ન લેવો? કોઈ હીરો ખરીદવા બજારમાં ગયો હોય, ઝવેરીની દુકાને તેની હજાર રૂપિયાની કિંમત સાંભળી તે ખરીદવાના ભાવ પણ થયા. પણ પૈસા લેવા ઘરે ગયો. ત્યાં રસ્તામાં કોઈ બનાવટી હીરા—નકલી હીરા વેચનારે હીરો બતાવ્યો અને પચીસ રૂપિયામાં, પહેલાં ખરીદવો હતો તેવડો હીરો તેને આપવા કહ્યું. તે લોભાયો તેથી ફરી મળે કે ન મળે એમ ધારી પચીસ રૂપિયે ખરીદી બીજા રૂપિયા લઈ ઝવેરીને ત્યાંથી પહેલાં દીઠેલો હીરો લેવા ગયો, પણ રસ્તામાં ખરીદેલો હીરો ઝવેરીને બતાવ્યો. ઝવેરીએ બીજા ઝવેરીને ત્યાં તેને કિંમત કરવા મોકલ્યો તે બીજા ઝવેરીએ તે પાંચ પૈસાનો કહ્યો, અને પેલા ઝવેરીનું નંગ બતાવ્યું તો તેની હજાર રૂપિયા કિંમત કહી, ત્યારે તેને ખબર પડી કે પચીસ રૂપિયામાં હીરો મળ્યો તે તો કાચ હતો, હીરો માત્ર કહેવા પૂરતો હતો. તેમ બીજા ધર્મમાં મોક્ષ મળે અને ઝટ મળે એમ કહેવાય છે તે નકલી હીરા જેવું છે. તેમાં ચિત્ત દેવા જેવું નથી. જ્ઞાની પુરુષ જ મોક્ષનું સ્વરૂપ સમજે છે. જેટલાં પુસ્તકો છે તે બધાં જ્ઞાનીનાં લખાયેલાં છે એમ પણ ન સમજવું. માટે કોઈ પુસ્તક વાંચવા વિચાર થાય તો સત્સંગે બતાવી, પૂછી વાંચ્યું હોય તો આપણને નુકસાન ન થાય, નહીં તો મગને બદલે મરી ચવાઈ જાય તો મોઢું તીખું થાય અને ગળી જાય તો શરીરે નકામી ગરમી થાય.

બીજું શ્રીકૃષ્ણ જે 'ભાગવત'માં વર્ણવ્યા છે તે પરમાત્મારૂપ છે. તે મોક્ષે જાય કે કર્મથી ન બંધાય તેવા વર્ણવેલા છે. અને જૈન ગ્રંથોમાં જે શ્રીકૃષ્ણનું વર્ણન છે તે ત્રણ ખંડના રાજાનું છે, અનેક યુદ્ધો કરનારનું તથા મોજશોખમાં ઠેઠ સુધી ગળા સુધી ભરાઈ રહેલાનું વર્ણન છે. તેથી જેવા કર્મ બાંધ્યાં તેવાં ભોગવવાં પડે, એવું જીવનચરિત્રો ઉપરથી શીખવાનું છે. કૃષ્ણ નામે અનેક રાજાઓ થઈ ગયા છે તો તેમની ગતિ સંબંધી બહુ ચર્ચામાં ન ઊતરવું. આપણે શું કરીએ તો મોક્ષ થાય તે જ લક્ષ રાખી વર્તવું ઘટે છેજી.

બાપદાદાએ કૂવો કરાવ્યો હોય અને તેમાં પાણી પણ ન હોય તો તે કૂવે જ કોસ જોડ્યા કરવા, કે પંપ થયો હોય ત્યાંથી પાણી લાવી ખેતી સુધારવી, તે વિચારી જોશો તો શામાં હિત છે તે સહેજ સમજાશે. બાપદાદા કરતાં વધારે પૈસા કમાઈએ તો પાપ લાગે? બાપદાદાનો ધંધો છોડી વેપાર કરીએ તો પાપ લાગે? આ વિચારો મૂકી ધર્મની જ બાબતમાં,

જ્યાં વિચારપૂર્વક વર્તવું ઘટે તેને બદલે ગમે તેવો બાપદાદાનો જ ધર્મ આંખો મીંચી પાળવો એમ હોઈ શકે?

ગુરુ તો આત્મા છે. તેને દેહ કે અમુક જ્ઞાતિના માનવા તે જ પાપ છે. ગુરુમાં પરમાત્મબુદ્ધિ. ઈશ્વરતુલ્ય ન મનાય તો ધર્મ ન પમાય એમ જ્ઞાનીઓ કહે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક.—પત્રના સિરનામામાં 'ગુરુ મહારાજ' લખો છો તેમ ન લખવું. શ્રીમદ્ રાજચંદ્રને ગુરુ માની પૂજવા. બ્ર. ગોવર્ધનદાસ એટલું બસ છે.

---

૮૪૯ અગાસ, તા. ૯-૮-૫૦

તત્ ૐ સત્ દ્વિતીય અષાડ વદ ૧૧, બુધ, ૨૦૦૬

"अब हम अमर भये न मरेंगे सो हम काल हरेंगे" — શ્રી આનંદઘનજી

વિ. આપના ત્રણ કાર્ડ સાથે મળ્યાં છેજી. વાંચી પરમ સંતોષ થયો છેજી. પરમકૃપાળુદેવની એવી દૃઢ ભક્તિ જેના હૃદયમાં છે તેને કાળ પણ ડરાવી શકે તેમ નથી તો માણસનું શું ગજું? આપની વૃત્તિ ક્યાંક બીજું જોવામાં ખેંચાય છે તે પણ પાછી વાળી "માત્ર મોક્ષ અભિલાષ" અને તેને પોષનાર પરમગુરુની આજ્ઞા એ જ હવે તો લક્ષ રાખી જીવવું છે. ઘણા કાળથી લૂંટાયા, ઘણું જોયું, ઘણી પરની વાતો કરી; હવે પરમકૃપાળુદેવ સાથે જ રઢ લગાડવી છે. તેથી બીજું કંઈ દેખાય, સંભળાય કે ખોટી કરે તે પ્રત્યે ઉદાસીન થવું અને સ્મરણનો લક્ષ ચૂકવો નહીં. આમ કર્યા વિના ધારીએ છીએ તે સમાધિમરણની તૈયારી ન થાય.

એક મુનિના પત્રમાં, જડ કે આ શરીર આત્માને શિખામણ આપે છે તે વિષે, મનરંજક થોડાં વાક્યો છે તે લખું છું — "શરીર કહે છે: હે ચૈતન્ય પ્રભુ! આપ આપનો નિત્યત્વાદિ ધર્મ મારામાં સ્થાપવા મથો છો તેથી તમને ધન્ય છે. આપ મોટા પુરુષ છો તેથી આપના નિત્યત્વ ધર્મનું દાન કરવા ઇચ્છો છો પણ મારો અનિત્ય સ્વભાવ છોડી આપનું દાન મારાથી સ્વીકારી શકાય તેમ નથી. આપ મને આપના જેવું બનાવવા, પોતાને ભૂલીને, પોતાની સેવા ન કરતાં મારી જ સેવા કેટલાય ભવથી કર્યા કરો છો તોપણ તેમાં સફળતા મળી નહીં. પરિણામે આપને મારા નિમિત્તે ઘોર દુઃખ જ ભોગવવાં પડ્યાં છે; તે જોઈને મને આપની એ નિષ્ફળ સેવાથી મુક્ત રાખવા અતિશય કરુણા ઉદ્ભવે છે. તેથી હું આપને હાથ જોડીને વીનવું છું કે હે પ્રભુ! હું મારું સંભાળી લઈશ. આપ આપનું સંભાળો. આપ વડે આપની સેવા થવાથી, મારી સંભાળના દુઃખથી તમે મુક્ત થશો, તેથી મને પણ શાંતિ મળશે."

આટઆટલું શરીર કહે છે તો જોઈએ તો ખરા! થોડો વખત એના કહ્યા અનુસાર ચાલીએ તો શું પરિણામ આવે છે?

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ." — શ્રીમદ્ રાજચંદ્ર

---

૮૫૦ અગાસ, તા. ૧૯–૮–૫૦

તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૬, શનિ, ૨૦૦૬

દોહરા— આશાતના સદ્ગુરુની, શિરથી પર્વત-ભંગ;
સૂતો સિંહ જગાડવો, વજ્રે છેદે અંગ.
કદાચ શિરે તોડે ગિરિ, કુપિત સિંહ ના ખાય;
વજ્ર ન છેદે અંગ, પણ – ગુરુ હીલ્યો મોક્ષ ન જાય.
ધ્યાનહેતુ ગુરુમૂર્તિ છે, ગુરુ-પદ પૂજા-બીજ;
મંત્રબીજ ગુરુવાક્ય છે, ગુરુકૃપા મોક્ષ-બીજ.
(ગુરુ-કરુણા શિવ-બીજ)

આપનું રિપ્લાઈ–કાર્ડ મળ્યું. પ્રશ્ન ઉત્તમ છે પણ તેને સારી રીતે જણાવવા જેવી મારી યોગ્યતા નથી તેથી ક્ષમા ઇચ્છું છું. જીવ અનંતકાળથી રખડ્યો છે તેનું કારણ મુખ્યે આશાતના છે એમ પ. પૂ. પ્રભુશ્રીજી પાસેથી અનેક વાર સાંભળ્યું છે. પણ તેથી ચેતી તે પરમ સત્સંગનો લાભ લેવો જોઈએ તેવો લીધો નહીં, તેનો અત્યારે પશ્ચાત્તાપ થયા કરે છેજી. એવો યોગ ભવ ભમતાં કોઈક જ વાર પ્રાપ્ત થાય છે. મરુદેવીમાતાનો જીવ નિગોદમાંથી નીકળી કેળ થઈ મનુષ્યભવ પામી તીર્થંકરની માતા બની મોક્ષે ગયો એવી કથા છે, તે વિષે શાસ્ત્રો એવો ખુલાસો કરે છે કે તેમને આશાતના અલ્પ હતી તે ટળતાં વાર ન લાગી. આ જીવ ઘણા ભવથી આશાતના કરતો આવ્યો છે, તેથી મુક્ત થવા જ્ઞાનીપુરુષની આજ્ઞા કેવળ અર્પણભાવે ઉઠાવવી ઘટે છેજી. વચનામૃતમાં પત્રાંક ૩૯૭ મો ક્ષાયિક સમ્યક્ત્વ સંબંધી છે તે વારંવાર વાંચવા, અને તો રોજ વિચારવા ભલામણ છેજી. તેમાંથી તમારા પ્રશ્નનો ઉત્તર પણ મળી આવવા સંભવ છેજી. જ્ઞાની-પુરુષોએ કહેવામાં બાકી નથી રાખ્યું, આ જીવે કરવામાં બાકી રાખ્યું છે; તે જો કરવાની ભાવનાથી વાંચશે, વિચારશે, ભક્તિ કરશે તો ક્ષાયિકસમકિત થશે અને તીર્થંકર–નામકર્મ પણ બાંધશે. સમાધિસોપાનમાંથી સોળ કારણભાવનામાં પ્રથમ દર્શનવિશુદ્ધિ છે તે પણ વિચારવાથી સમકિત નિર્મળ દૃઢ અને ક્ષાયિક કેમ થાય તે સમજી શકાય તેમ છે. બધામાં મૂળ કારણ જ્ઞાનીપુરુષનો યોગ અને જીવનો પ્રબળ પુરુષાર્થ છેજી. પૂ. સોભાગ્યભાઈ તથા પ. પૂ. પ્રભુશ્રીજીને પરમકૃપાળુદેવ વિના એક ક્ષણ ગાળવી તે મરણતુલ્ય લાગતી હતી. એટલી બધી વિરહવેદના તેમને લાગતી તે તેમના પત્રોમાં જણાય છે, કે વિરહવેદના કહી જતી નથી અને સહી પણ જતી નથી. એવી પરાભક્તિ પામ્યા વિના ક્ષાયિક-સમકિત વિષે સમજ આવવી પણ દુર્લભ છે, તો તેની પ્રાપ્તિ તો અતિ દૂર રહી. "નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો, સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું" વગેરે પત્રાંક ૧૭૨ માં સાત કારણો કહ્યાં છે તે ક્ષાયિકસમકિતનાં કારણ સમજાય છે, માર્ગાનુસારી જીવને તે હૃદયમાં વસી જાય તેવાં છે. છેલ્લે સહી કરતાં પરમકૃપાળુદેવ લખે છે: "સર્વકાળ એ જ કહેવા માટે જીવવા ઇચ્છનાર રાયચંદની વંદના." આ જ પરમકૃપાળુ-દેવને કહેવું છે, તે જ સમજવા અને આરાધવા જેવું છે. વિશેષ સમાગમે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૮૫૧ અગાસ, તા. ૨૦-૮-૫૦

તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૭, ૨૦૦૬

अलं शोकेन । Don't be dejected. Cheer up.

દોહરા – શરમ, દયા, સંયમ તથા બ્રહ્મચર્ય શિવદાય;
સંતત દે શિક્ષા મને, તે ગુરુ પૂજ્ય સદાય. ૧૩ (દશવૈકાલિક ૯મું અધ્યયન)

આપે જે કંઈ સાંભળ્યું અને યોગ્ય લાગ્યું તે વિદિત કર્યું છે તેમાં કંઈ ખેદ કરવા જેવું નથી જ. સારી સૂચના કરતાં ડરવા જેવું કંઈ નથી. ખેદનું કંઈ કારણ નથી. માત્ર મનનો બોજો શરીર પર પણ અસર કરે; માટે તે ભૂલી જઈ સ્મરણમાં ચિત્ત રાખી આનંદમાં રહો એ જ ભલામણ છે. આટલાથી ચિત્તમાં સ્વસ્થતા રહેતી ન જણાય તો પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ વિનયપૂર્વક 'ક્ષમાપનાનો પાઠ' બોલી જવા ભલામણ છેજી.

જેમ સુખ ઊપજે તેમ વર્તવું ઘટે છેજી. મન નિઃશલ્ય કરો. ફરજ કોઈ વખતે આકરી પણ આવી પડે છે, તેમાં ગભરાવું ઘટતું નથી. વ્યવહારનું સ્વરૂપ એવા જ પ્રકારનું જાણી તે પ્રત્યે ઉદાસીનતા સુજ્ઞ પુરુષો રાખે છેજી. અંતરમાં શીતલીભૂત રહેતાં શીખો એ જ વિનંતી છેજી. આપણી કોઈને દુભાવવાની ભાવના ન હોય તો ઘણું કરી દુભાવવા જેવું થતું નથી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૫૨ અગાસ, તા. ૨૮-૮-૫૦

પર્યુષણ એટલે ભગવાનની ઉપાસના છે. અનાદિકાળથી પર્યુષણપર્વ ઊજવાયા કરે છે એમ માન્યતા છે. તે દિવસોમાં કષાયની મંદતા થાય, ભક્તિભાવ વધે, જ્ઞાન-ધ્યાનનો જોગ બને, મૈત્રીભાવ આદિ ચાર ભાવનાઓનો અભ્યાસ થાય અને આખા વર્ષમાં થયેલા દોષો દૂર કરવાની ભાવના પોષાય. ટૂંકામાં જન્મમરણ છૂટે તેવા ઉપાયો વિચારવા, આદરવા માટે એક અઠવાડિયું સાધર્મી ભાઈઓ સાથે ગાળવાનું એ પર્વ નિમિત્ત છે.

પરમકૃપાળુદેવે પત્રાંક ૯૪૩, ૯૪૪, ૯૪૫ પર્યુષણ આરાધના ઉપર લખ્યાં છે તે વાંચી તે દિવસો કેમ ગાળવા તે વિશેષ પ્રકારે વિચારશોજી. તમારે ઉપવાસ કરવાની ઇચ્છા હોય તે દિવસે સવારમાં પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ રોજ ભાવના કરવી. ભક્તિ એ મુખ્ય વસ્તુ છે એ લક્ષ રાખી યથાશક્તિ તમારી ઇચ્છા પ્રમાણે તપસ્યા કરવામાં હરકત નથી. લૌકિક માન આદિ ભાવમાં તણાવું નહીં. આત્મભાવના વિશેષ થાય તેમ પ્રવર્તવું. તેથી સાથેલગા ઉપવાસ લેવા કરતાં રોજ શક્તિ જોઈને લેવાનું રાખવું. સંયમ, સ્વાધ્યાય, સ્મરણમાં ચિત્ત રાખવું. કોઈ પ્રત્યે પણ દ્વેષ ન થાય કે ન રહે તે લક્ષ રાખશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૫૩ અગાસ, તા. ૨૯-૮-૫૦

ૐ શ્રાવણ વદ ૨, ૨૦૦૬

દોહરા — જરા ન પીડે જ્યાં સુધી, વ્યાધિ વધ્યો ના જાય;
મંદ પડે ના ઇન્દ્રિયો, ત્યાં સુધી ધર્મ સધાય.
ક્રોધ હણે પ્રીતિ, વિનયને – માન હણે એ જાણ,
માયા મિત્રોને હણે, લોભે સર્વની હાણ.

ક્રોધ હણો ઉપશમ વડે, હણો વિનયથી માન,
માયા આર્જવથી હણો, તૃપ્તિથી લોભ-હાણ. (दशवैकालिक : अ. ८)

સ્મરણ વિષે આપે લખ્યું તે વાંચ્યું. આપે પૂછ્યું કે તે સ્વરૂપ-ચિંતવન ગણાય? તેના ઉત્તરમાં જણાવવાનું કે જેની જેટલી યોગ્યતા તે પ્રમાણે તે શબ્દ પરિણમે છે. પાપથી તો જીવ જરૂર છૂટે ને પુણ્યબંધ કરે; પણ સ્વરૂપનું ભાન થયું હોય તેને સ્વરૂપચિંતવનરૂપ કે સ્થિરતાનું કારણ થાય અને સ્વરૂપનું ભાન થવાનું પણ સ્મરણ કારણ થાય. પ. પૂ. પ્રભુશ્રીજીએ જણાવ્યું છે કે મરણ વખતે તે સ્મરણમાં ચિત્ત રહે અને આત્મા જ્ઞાનીએ જાણેલો તેમાં જણાવ્યો છે તે જ મારે માન્ય છે, તો તે સમાધિમરણ છે. મંત્રમાં તો ચૌદ પૂર્વનો સાર છે; આત્મા ભરી આપ્યો છેજી. તેનું અવલંબન પ્રગટ આત્મસ્વરૂપ એવા જ્ઞાનીને શરણે મરણ-પર્યંત ટકાવી રાખવાનું છેજી. હું સમજી ગયો એમ કરી વાળવા જેવું નથીજી.

બીજું પ્રતિમા વિષે પૂછ્યું તે વિષે જણાવવાનું કે પ્રતિમા તો પ્રભુને યાદ કરવાનું સાધન છે. પ્રતિમા પુરુષાકારે હો કે માત્ર સામાન્ય ગમે તેવા રૂપે હો પણ કેવળજ્ઞાનરૂપ નેત્રવાળા ભગવાનની સ્મૃતિ અર્થે જે સાધન છે તેમાં ભેદ માની, મારા મતની પ્રતિમા અને બીજાના મતની પ્રતિમા માની, વિક્ષેપ કરવો તે નરદમ મૂર્ખતા છેજી. ભગવાનને ભૂલી પ્રતિમા પૂજવાની નથી. અજ્ઞાનને વધવાના અનેક માર્ગ છે; તેમાં પ્રતિમા પણ તેનું નિમિત્ત બને છે એ આશ્ચર્ય છે! કોઈ પહેલાં અહીં આવેલો તેણે મને પૂછેલું કે ખાનગી તમને આટલું પૂછવું છે કે ભગવાનની પ્રતિમા ચક્ષુવાળી પૂજવી તે દ્રવ્યમિથ્યાત્વ ખરું કે નહીં? મેં જણાવેલું કે ભગવાનને પૂજવાના છે કે પ્રતિમાને પૂજવા જવાનું છે? પ્રતિમા ઉપરથી ભગવાનને ન સંભારો તે જ મિથ્યાત્વ છે. ભગવાન કંઈ ચક્ષુ વિનાના નથી. કેવળજ્ઞાનરૂપી નેત્રવાળા ભગવાન છે. તેમને ગમે તે નિમિત્તે યાદ કરે તો કલ્યાણ છે. નહીં તો ઝઘડા કરનારનું ઠેકાણું પડે તેમ નથી. મતમતાંતરોમાં માથું મારનારની આવી દશા થાય છે. પરમકૃપાળુદેવે તો મતમતાંતરનાં પુસ્તકો પણ હાથમાં લેવાની ના પાડી છે. જેથી મતમતાંતર મટી સત્ય ભણી વૃત્તિ જાય તે જ કર્તવ્ય છેજી. નવા મુસલમાન અલ્લા પોકારતાં શ્વાસ પણ ન ઘૂંટે એમ કહેવાય છે, તેમ નવા દિગંબરો નાની નાની વાતોમાં મિથ્યાત્વ જોનારા થઈ જાય છે. મિથ્યાત્વ પોતાનામાં જોઈ દૂર કરશે તેનું કલ્યાણ થશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૫૪ અગાસ, તા. ૨૯-૮-૫૦

તત્ ૐ સત્ શ્રાવણ વદ ૨, મંગળ, ૨૦૦૬

દોહરા— સહનશીલ, વશી, વિદ્વાન્, અમમ, અકિંચન વીર;
સકળ કર્મઘન ખસી જતાં, શશી સમ શોભે ધીર. ૬૪
પ્રેમ રમ્ય શબ્દાદિમાં, કરો ન, જાણી અનિત્ય;
પુદ્ગલ પલટાતાં બધાં, રમ્ય રહે નહિ નિત્ય. ૫૯
સ્ત્રી-સંસર્ગ, તન-શોભા, પ્રણીત રસ આહાર;
આત્મહિતેચ્છક જીવને, ઘાતક ઝેર વિચાર. ૫૭
(દશવૈકાલિક સૂત્ર : ૮મું અધ્યયન)

વિ. આપનો પત્ર પ્રાપ્ત થયો. આપે રાત્રે બાર વાગ્યે આશ્રમની સ્મૃતિપૂર્વક પત્ર લખી પત્રની માગણી કરી છે, તેના ઉત્તરમાં જણાવવાનું કે આ દુષમકાળમાં આપણો જન્મ એક રીતે દુઃખસૂચક છે, તોપણ પરમ ઉપકારી ભાવદયાસાગર શ્રી પ્રભુશ્રીનો યોગ આ હડહડતા કાળમાં પણ બની આવ્યો તે આપણા પૂર્વનાં મહદ્ ભાગ્ય સમજવા યોગ્ય છેજી. જે કાળમાં વિરલા સત્પુરુષો વિચરે અને તેને ઓળખનાર પણ વિરલા જીવો હોય તેવા કાળમાં આપણને અનાયાસે રાંકના હાથમાં રતન આવી ચઢે તેમ સત્પુરુષનો યોગ થયો, તેણે કહેલું રુચ્યું, તે કરવાની ભાવના વધી અને તેમણે બતાવેલી પરમકૃપાળુદેવની ભક્તિ અંશે પણ રોજ બને છે, તે આપણાં અહોભાગ્ય સમજવા યોગ્ય છેજી. તેવો જોગ ન બન્યો હોત તો આ અભાગી જીવ કેવાં કેવાં કાર્યોમાં પ્રવર્તી ભારે કર્મી બની ગયો હોત તે વિચારતાં હૈયું કંપી ઊઠે છેજી. આપણા માટે તો પરમકૃપાળુદેવને શરણે ચોથો આરો જ ફરી આવ્યો છે એમ ગણી આજીવિકા-ક્લેશ મંદ કરી, બનતો બધો વખત તે પુરુષનાં વૈરાગ્યપ્રેરક, આત્મપ્રબોધક, મોક્ષપ્રકાશક વચનો હૃદયમાં વારંવાર વિચારી કોતરાઈ જાય તેમ કર્તવ્ય છેજી. જેમાંથી કંઈ મળવાનું નથી, ઊલટું ક્લેશનું કારણ છે એવાં વ્યર્થ કામ કાળજી રાખીને ઓછાં કરી ભક્તિ, વાંચન, સદ્‌વિચાર, સત્સંગ અને નિવૃત્તિની ભાવના સાચા દિલથી કરતા રહેશો તો તેવો તેવો જોગ સહેજે બની આવતો રહેશે. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્‌-વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે." (૪૬૦) આ વાત વારંવાર વિચારી પરમકૃપાળુદેવને શરણે શાંતિસમાધિપરિણામમાં જીવ પરિણમે તેમ વર્તન રાખવું ઘટે છેજી.

પૂ....ને જણાવવાનું કે સ્મરણ કરવાની ટેવ કાળજી રાખીને પાડવી ઘટે છેજી. બીજાં કામ કરતાં પણ જીભને કંઈ કામ હોતું નથી. જો મંત્રની ટેવ પાડી હશે તો આખર વખતે તે મદદ કરશે, સમાધિમરણનું કારણ થઈ પડશે. આ સૂચના બધાંને કામની છે. સંસારમાં આપણાં કરેલાં જ કર્મો અનેક રૂપ લઈને સામે આવે છે, તે જોઈ ગભરાઈ જવું ઘટતું નથી. મહેમાનને જમાડીને વિદાય કરીએ તેમ તે બધાં કર્મોમાં પરમકૃપાળુદેવને શરણે બને તેટલો સમભાવ રાખતાં શીખવું. સમભાવ ન રહે તોપણ, સમભાવ રહે તો મને કર્મ ન બંધાય તે અર્થે સમભાવની ભાવના કરવાનું તો ચૂકવું જ નહીં. સમભાવ નથી રહેતો તે મારો દોષ છે, પણ જો દૃઢ નિશ્ચય કરી ખમી ખૂંદવાનો ઇરાદો રાખું તો બની શકે એમ છે; એવી શ્રદ્ધા પણ બહુ ઉપકાર કરનારી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૫૫ અગાસ, તા. ૩૧-૮-૫૦, ગુરુ

નથી જગતમાં આપણાં, ધન ધાન્ય વા શરીર;
પ્રેમ કરો પ્રભુ-ભાવમાં, રાજચંદ્ર છે વીર.

તમે મોકલાવેલ બે એરલેટર મળ્યા છેજી તથા ભક્તિમાં મન નથી ચોંટતું તેનો પશ્ચાત્તાપ રાખી ભાવપૂર્વક વિચારસહિત ભક્તિ કરવાથી તેમાં મન રહેશે. પ્રવેશિકામાંથી

૬૧ મો પાઠ વારંવાર વાંચી સત્પુરુષનો ઉપકાર હૃદયમાં વસે, આ પાપી જીવનાં પાપ ભક્તિ વખતે આડાં ન આવે તથા મરણ વખતે આવું થશે તો મારી શી ગતિ થશે? — એવો ડર, પ્રભુનું શરણ તથા પાપોનો પશ્ચાત્તાપ હશે તો મન છૂટવાના કામમાં મંડી પડશે, રખડવા નહીં જાય. હે જીવ! આખો દિવસ ભટક્યા કરે છે તો હવે ઘડીવાર ભક્તિમાં તો નવરું થઈ તે મહાપ્રભુના અનંત ઉપકાર અને અમૂલ્ય વાણીમાં પરોવાવ તથા તે મોક્ષકારી, મોહહારી વચનોનો જરા વિચાર કરી ઉલ્લાસ ધારણ કર કે જેથી કોટિ કર્મોનો નાશ થાય અને પ્રભુના ચરણમાં શાંતિ વસે છે તેનો જરા અનુભવ થાય. આમ વારંવાર વિચારી વીસ દોહા વગેરે અવળા બોલીએ છીએ તેમ બોલવાથી મનને તેમાં રોકાવું પડશે. ભક્તિથી જ ભવદુઃખ જવાનાં છે, સંસાર તો અસાર છે, દુઃખની ખાણ છે, તે ભૂલી જવો છે એમ ભાવના કર્તવ્ય છેજી.

---

## ૮૫૬

અગાસ, તા. ૧૩-૯-૫૦

કલ્યાણ કરવાની તમારી ભાવના જાણી સંતોષ થયો છે. જેવા સંયોગોમાં આ જીવ મુકાયો છે તેવાં જ પૂર્વે કર્મ કરેલા છે, તે ભોગવ્યે જ છૂટકો છે. પરંતુ અત્યારે કેવા ભાવ રાખવા તે આપણા હાથની વાત છે. દાખલા તરીકે, પૂર્વસંસ્કારથી કોઈની સાથે લગ્નસંબંધ થયો હોય, પરંતુ બન્નેની ઇચ્છા સદ્વાંચન, ભક્તિ વગેરેથી વૈરાગ્યવાળી થાય તો તે બ્રહ્મચર્ય પાળી શકે છે. તેમ આ જીવને સંસારદૃષ્ટિએ અનેક કામ હોવા છતાં, પત્ર લખવો હોય તો લખી શકે છે, સત્સંગ કરવો હોય તો વહેલોમોડો થઈ શકે છે, વાચન વિચાર ભક્તિ કરવાં હોય તો કરી શકે છે. ધાર્યું ન થાય તોપણ વહેલુંમોડું થઈ શકે છે. ખેતરમાં વાવ્યું હોય તેની સંભાળ જેમ લેવા ધારીએ તો લઈ શકીએ છીએ, તેવી ગરજ જો ધર્મબીજને પોષવાની રાખીએ તો રહી શકે છે; ન રાખીએ તો પાક બગડી જાય. માટે અવારનવાર સત્સંગની જરૂર છે તે કરતા રહેવું. અકળાવાથી, મૂંઝાવાથી કાંઈ વળી શકે નહીં. સત્સંગનો યોગ ન હોય ત્યારે સદ્વાંચન, સદ્વિચાર, ભક્તિ, સ્મરણ અને વર્તન આધારરૂપ છે. ૐ શાંતિઃ

તા. ક.—પરમકૃપાળુદેવમાં પરમપ્રેમ પ્રગટે અને તેમનાં વચનો અમૃત તુલ્ય લાગે તેમ સંસારપ્રેમ સંક્ષેપવા સત્સંગ સર્વનું મૂળ છે. તેની ખામી તેટલી બધામાં ખામી.

---

## ૮૫૭

અગાસ, તા. ૧૬-૯-૫૦

પરસ્પર એકબીજાની લાગણી સાચવી પરમકૃપાળુદેવ પ્રત્યે અખંડ શ્રદ્ધા વર્ધમાન થયા કરે અને કષાય મંદ પડે તેવા પુરુષાર્થની જરૂર છેજી. બીજું, હું કોઈને કંઈ આજ્ઞા કરતો નથી, પરમકૃપાળુદેવની આજ્ઞા માત્ર જણાવું છું. હિતની ભલામણ કરવા જેવી નછૂટકે કરવી પડે છેજી, પણ તેમાં પ્રવૃત્તિ વિશેષ નથી. આપણા ભાવો નિષ્કષાય થતા જાય તે તરફ વિશેષ લક્ષ રાખવાની જરૂર છે, તે અર્થે વાંચન વગેરે કર્તવ્ય છેજી, કારણ કે પ. પૂ. પરમકૃપાળુદેવે 'કષાય ઘટે તેટલું કલ્યાણ' કહ્યું છે, તે લક્ષ મારે તમારે સર્વને રાખવો ઘટે છેજી. કોઈનું ચિત્ત ન દુભાય તેમ પ્રવૃત્તિ બનતા સુધી કર્તવ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૫૮ અગાસ, તા. ૧૬-૯-૫૦, શનિ

માંદગી સંબંધી લખ્યું તે જાણ્યું. શરીરનો સ્વભાવ શરીર ભજવે, તો તેમાં રહેનાર આત્માએ પણ પોતાના સ્વભાવ તરફ વળવું ઘટે છેજી. પરમકૃપાળુદેવને શરણે દેહાધ્યાસ ઘટે અને આત્મવિચાર તે નિમિત્તે વિશેષ રહ્યા કરે તો તે વેદનીનો પણ ઉપકાર ગણવા યોગ્ય છેજી. મરણના ભયે અનેક વિચારવાનો મોક્ષમાર્ગ ભણી વળ્યા છે એમ પરમકૃપાળુદેવે એક ઠેકાણે જણાવ્યું છે, તે વિચારી આ અનિત્ય જીવનનો મોહ મંદ કરી નિત્ય, અવ્યાબાધ સુખસ્વરૂપ, પરમાનંદમય પોતાનું ધામ સાંભરે, તેની ઉત્કંઠા વધે, તેના ઉપાયમાં આનંદ આવે તેવું વાંચન, ભક્તિ, વૈરાગ્ય, વિચાર આદિ કર્તવ્ય છેજી. અવકાશનો વખત પરમકૃપાળુદેવનાં વચનો વાંચવા-વિચારવામાં ગાળો તથા પૂ....ને પણ કંઈ સંભળાવવાનું બને તો તેમ કર્તવ્ય છેજી. સત્શ્રદ્ધા પામીને જગતથી ઉદાસીન થવું અને આત્મશાંતિ થાય તેવા ભાવોનું રટણ રહે, મોક્ષેચ્છા વર્ધમાન થયા કરે, નિવૃત્તિ આદિ મળ્યે સત્સંગ, સત્શાસ્ત્ર અને પરમકૃપાળુદેવના સ્વરૂપનું ચિંતન રહ્યા કરે તેવી ભાવના કર્તવ્ય છેજી. મુશ્કેલીઓથી કંટાળવા કરતાં સમભાવે સહન કરી, ફરી તેવાં કર્મ ન આવે તેમ પરમકૃપાળુદેવ ઘણી ભીડમાં જે પરમાર્થની જાગૃતિ રાખી વર્ત્યા છે તે યાદ લાવી યથાશક્તિ છૂટવાના ભાવની વૃદ્ધિ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ

---

૮૫૯ અગાસ, તા. ૧૯-૯-૫૦

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૮, મંગળ, ૨૦૦૬

તમારો પત્ર મળ્યો. મધમાં બહુ દોષ છે. સાત ગામ બાળી નાખે અને જેટલું પાપ લાગે તેથી વધારે પાપ એક મધનું ટીપું ચાખવાથી લાગે છેજી. પૂર્વે પાપ કરેલાં તેને લીધે માંદગી આવે છે અને ફરી મધ ખાઈને પાપ કરે તો વધારે માંદગી આગલા ભવમાં આવે, માટે મધનો ત્યાગ ન કર્યો હોય તો આજથી ત્યાગ કરવો ઘટે છેજી. એવું પાપ કરવાની આજ્ઞા હોય નહીં. તમે મધનો ત્યાગ ન કર્યો હોય અને દેહ સાચવવાની લાલસામાં મધ લેશો તો પણ પાપ તો જરૂર થશે. માટે આત્માની દયા લાવી ગોળ, ચાસણી વગેરે મધ વિના જે અનુપાન વૈદ્ય જણાવે તેમાં દવા લેવી. મધથી જ મટે એવો નિયમ નથી. માટે મંત્રમાં ચિત્ત રાખી દુઃખ આવી પડ્યું હોય તે સહન કરવું, ગભરાવું નહીં. આપણાં કરેલાં આપણે ભોગવવાં પડે છે. માટે પાપમાં મન ન જાય અને પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રને શરણે ભક્તિ થાય એમ પુરુષાર્થ કર્તવ્ય છેજી. આટલો ભવ પરમકૃપાળુદેવને શરણે જે સુખદુઃખ આવે તે ખમી ખૂંદવું. સમભાવે સહન કરશો અને મરણપર્યંત મંત્રનું સ્મરણ કરશો તો સમાધિમરણ થાય તેટલું તે મંત્રમાં હૈવત છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૬૦ અગાસ, તા. ૨૦-૯-૫૦

તમારું કાર્ડ મળ્યું. વીસ દોહરા, યમનિયમ, ક્ષમાપનાનો પાઠ બધા મળીને બોલવાનું રાખશો. એકલા બોલતાં આવડે તેમ શીખી લેજો. રોજ નિશાળે જતાં પહેલાં પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરીને જવાનું રાખશો. તકરાર કરવી નહીં, જૂઠું બોલવું નહીં, મારામારી કરવી નહીં. હાલ એ જ. માબાપની સેવા કરવી.

---

૮૬૧ અગાસ, તા. ૨૦-૯-૫૦

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૯, બુધ, ૨૦૦૬

તજ તૃષ્ણા ધન આદિક કેરી, મૂક મમતા ટળશે ભવફેરી;
ધર્યૌ ચારિત્ર સદા શીલ પાળે, શિવસુંદરી-સુખ તો તું ભાળે. (વૈરાગ્યમણિમાળા)

રોદણાં રડવાથી કે માત્ર દોષ જોઈને અટકી રહેવાથી આગળ વધાતું નથી. પોતાના દોષો દેખાય છે તે મુમુક્ષુતાની નિશાની છે. તેથી છૂટવાની ભાવના તે માર્ગમાં આગળ વધારનાર છે. સાચી મુમુક્ષુતા આવ્યે જીવને સંસાર ત્રાસદાયક કેદખાના જેવો લાગે, શરીર મળમૂત્રની ખાણ લાગે. આત્માને આવા ગંદા સ્થાનમાં રહેવું પડે છે, તેની સંભાળ રાખવી પડે છે અને તેના ઉપર મોહ થતાં કર્મ બાંધી નરકાદિ ગતિનાં તીવ્ર દુઃખો ઊભાં થાય તેવી અંતર પરિણતિ થઈ જતી હોય તે ખ્યાલમાં આવતાં જીવને કંપારી છૂટે એટલું કોમળ અંતઃકરણ થયે જ્ઞાનીપુરુષની દશા સમજી તેના બોધને હૃદયમાં ધારણ કરવા યોગ્ય જીવ થાય છેજી. તેવી દશા ન આવે ત્યાં સુધી "અધમાધમ અધિકો પતિત સકલ જગતમાં હું ય" છું એવું રટણ કર્યા કરવા યોગ્ય છેજી. જ્ઞાનીપુરુષને "સકલ જગત તે એંઠવત્" સમજાય છે. તે જ એંઠવાડો એકઠો કરનાર વાઘરી જેવો હું આ શું કરી રહ્યો છું? આવી ને આવી દશામાં મારું આયુષ્ય પૂરું થશે તો મારી શી વલે થશે? એ ભય નિરંતર હૃદયમાં ખટક્યા કરે તે વિચારણા જીવને વૈરાગ્ય પ્રેરી આજ્ઞાને ઉરમાં અચળ કરે છે.

તમો બન્નેની માગણી અશુભ ભાવો દૂર કરવાની ઘણા વખત થયાં છે. પણ કાગળ લખતી વખતે ભાવો થાય છે તે ટકાવી રાખતા નથી. નિમિત્તાધીન વૃત્તિ ફરી જાય છે, તે વારંવાર જાણ્યા છતાં નિમિત્ત પ્રત્યે ઝેર વર્ષતું નથી; તે તે નિમિત્તોથી દૂર થઈ આંખમાં આંસુ સહિત પરમકૃપાળુની કૃપા અર્થે ઝૂરતા નથી તથા પાંચ ઇંદ્રિયોના વિષયો ઘટાડતા નથી, જીભને જીતવાનો પુરુષાર્થ કરતા નથી. પાડાની પેઠે શરીરને પોષવાથી તેમાં ગોથાં ખાવાં પડશે. તનને તપથી કૃશ કરી, રસસ્વાદથી તેને છોડાવી, જરૂર જેટલું દિવસમાં એકાદ વખત આહાર આપી, જેટલું તેને આપીએ તેથી વધારે પરમાર્થનું કામ રાતે ને દિવસે તેની પાસે કરાવવું છે એવો લક્ષ રાખી તે પ્રમાણે નહીં વર્તો ત્યાં સુધી માત્ર વાણીથી યાચના કર્યે કંઈ વળે તેમ નથી. માટે આ કાગળ મળે ત્યારથી કંઈક સંયમ તરફ વિશેષ વલણ થાય અને શું કરવા ધાર્યું છે અથવા કેટલું બની શકે છે તે જણાવતા રહેવા ભલામણ છેજી. હવે તો ઘણી થઈ. જીભે કે કલમે બોલી કે લખીને અટકી રહેવું નથી. કરી બતાવવું છે. અને તે પુરુષાર્થમાં કંઈ દોરવણીની જરૂર પડે તો લખશો. માત્ર માગણીથી કંઈ વળે તેમ નથી. આ વખતે કડક શબ્દોમાં લખાયું છે તે કંઈ પરમાર્થે લખાયું છે એમ ગણી દિલ દુભાયું હોય તેની ક્ષમા ઇચ્છું છું અને શું શું તે દિશામાં પગલાં ભર્યાં તે જાણવા ઇંતેજાર છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૬૨ અગાસ, તા. ૨૨-૯-૫૦

પરમકૃપાળુદેવનાં વચનામૃતો તથા ત્યાગ વૈરાગ્ય ભક્તિભાવને પોષે તેવાં વચનો વાંચવા વિચારવા ભલામણ છેજી. જ્યાં સુધી વૃદ્ધાવસ્થાની પીડા વધી નથી, રોગથી જીવ ઘેરાયો નથી,

ઇંદ્રિયો મંદ પડી નથી અને બીજાં કામ થાય છે ત્યાં સુધી ધર્મનું આરાધન ઉલ્લાસભાવે કરી લેવા યોગ્ય છે, પછી નહીં બને. માટે સંસારી ચિંતાઓ તજી, દેહાધ્યાસ ઘટાડી, પરમકૃપાળુદેવને શરણે સમાધિમરણની તૈયારી કર્તવ્ય છે, કોઈ કરી આપે તેમ નથી. પોતાને જ કરવું પડશે. પ્રમાદ અને કષાય એ આત્માના મોટા શત્રુ છે, તેને જીતવા માટે શૂરવીરપણું ધારણ કરવું ઘટે છે. સત્સંગની જીવને ઘણી જરૂર છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૬૩ અગાસ, તા. ૨૨-૯-૫૦

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૧, શુક્ર, ૨૦૦૬

ખમાવું સર્વ જીવોને, સર્વે જીવો ખમો મને;
મૈત્રી હો સર્વની સાથે, વૈરી માનું ન કોઈને.

વિ. આપનો ક્ષમાપના પત્ર પ્રાપ્ત થયો છેજી. અહીં પરમકૃપાળુદેવની કૃપાથી રૂડી રીતે પર્યુષણપર્વની આરાધના ભક્તિ, તપ, સ્વાધ્યાય, દાનાદિથી યથાશક્તિ થઈ છેજી. આપ સર્વ ભક્તિભાવમાં વર્ધમાન પરિણામે વર્તતા હશોજી. બધા ભાઈઓ એક સ્થળે રહો છો તે સત્સંગનું નિમિત્ત જાણી બીજાં કામમાંથી વખત એકાદ કલાક બચાવી કંઈ વાંચવા-વિચારવાનું રાખો તો હિતકર છેજી. ભક્તિ વગેરે સૌ જુદા જુદા વખતે કરી લેતા હો તો ભલે, પણ એકઠા મળીને કંઈ વાચન વિચાર દ્વારા પરમકૃપાળુદેવના ઉપકાર, તેના ગુણગ્રામ અને તે અલૌકિક પુરુષની દશાનું માહાત્મ્ય હૃદયમાં અહોનિશ વર્ત્યા કરે તેમ ચર્ચા તથા વિચારોની આપ-લે કરવાની કંઈ ગોઠવણ કરવા ભલામણ છેજી. એવો જોગ ન બને અને માત્ર પૈસા અર્થે આવો રૂડો યોગ મળેલો વહ્યો જાય તે વિચારવાનને ઘટે નહીં. ત્યાં તો ઘણાખરા બ્રહ્મચર્ય પાળીને રહો છો; તેવા વખતમાં સત્સંગનો જોગ રહ્યા કરે તો વૈરાગ્ય ઉપશમ વધતાં મનુષ્યભવને સાર્થક કરવાની ભાવના વધી ગુણપ્રાપ્તિનું કારણ થાય. ઉપાધિના પ્રસંગમાં મનમાં પણ બીજી બાજુની ખેંચ રહ્યા કરે તો કંઈક વૈરાગ્ય જીવતો રહે, નહીં તો આરંભપરિગ્રહ વૈરાગ્ય ઉપશમના કાળ પરમકૃપાળુદેવે કહેલ છે તે લક્ષ રાખી દિવસના ત્રાસમય પ્રસંગોની અગ્નિમાં ઠરવાનું ઠેકાણું એકાદ કલાક જો સત્સંગ અને સદ્વાચન શરૂ કરી ટકાવી રાખશો તો તેનો લાભ સર્વને ટૂંકી મુદતમાં સમજાશેજી.

વખતે બધાને તેવો એકઠા થવાનો વખત ગોઠવી શકાય તેમ ન બની શકે તેમ હોય તો દરેકે જેમ નિત્યનિયમ વગેરે ઘેર કે દેરાસરમાં થાય છે તેમ એકાદ કલાક દિવસે કે રાત્રે સ્વહિતની વિચારણા, વાચન, મુખપાઠ કે મુખપાઠ કરેલાનો વિચાર કરવા અર્થે ગાળવો ઘટે છેજી. તેમ નહીં કરવાથી પરવસ્તુમાં ઘણો વખત જીવ તન્મય રહેવાથી દેહાધ્યાસની વૃદ્ધિ થાય, મુખપાઠ વગેરે પ્રત્યે રુચિ ઘટી જાય, મુખપાઠ થયું હોય તે ભૂલી જવાય અને વૈરાગ્ય-ઉપશમ મંદ પડી વ્રતનિયમ નહીં જેવાં નામનાં જ પળાય. આમ ન થવા વારંવાર ચેતતા રહેવાની જરૂર છેજી. પૈસાની કમાણી થાય છે કે નહીં તેની જેમ ચીવટ રહે છે તેમ સદ્-વર્તન, છૂટવાની ભાવના, સમ્યક્ત્વની પ્રાપ્તિની અભિલાષા, સમાધિમરણની મહેચ્છાઓ ઘટતી જાય છે કે વર્ધમાન થાય છે તેની તપાસ અને કાળજી રાખવી ઘટે છેજી. મુમુક્ષુજીવનની આ પ્રથમ ભૂમિકા છે તે નહીં સચવાય તો આગળ કેમ વધાય? તેનો વારંવાર દરેકે અને એકઠા

થાઓ તો સમૂહમાં પણ ચર્ચવા યોગ્ય છેજી. પૈસા માટે જગતના જીવો જીવે છે, તેવું મુમુક્ષુનું જીવન ન થઈ જાય તે અર્થે અલ્પ વિચાર લખ્યો છે, તે લક્ષમાં લેશોજી.

"નથી ધર્યો દેહ વિષય વધારવા, નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા."(૧૫)

---

૮૬૪

અગાસ, તા. ૨૨-૯-૫૦

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૧, શુક્ર, ૨૦૦૬

"चित्तेन दुष्टो वचसाऽपि दुष्टः कायेन दुष्टः क्रियया च दुष्टः।
ज्ञानेन दुष्टो भजनेन दुष्टो ममापराधः कतिधा विचार्यः?"

જ્ઞાન વૈરાગ્ય વધારજો, ભજજો પરમકૃપાળ;
મન ઇન્દ્રિય વશ રાખજો, તજો ક્રોધ વિકરાળ.

આપનો પત્ર પ્રાપ્ત થયો. વિગત જાણી. આ સંસારમાં જેટલો વ્યવસાય પોતાને અર્થે, માનાદિ કે પોતાના કરવા અર્થે કરવાનો ઓછો થાય તેમ કર્તવ્ય છે. તેમ છતાં વેશને લઈને આવી પડે તે નછૂટકે પતાવવું પડે; તેમાં રસ લઈને કરવા યોગ્ય નથી. આત્મવિચારમાં એ બધાં કામ વિઘ્નરૂપ ગણીને પતાવવાં ઘટે. ચોમાસું પૂર્ણ થયા પછી તો વિશેષ સ્થિરતા' જ્યાં ન હોય ત્યાં તો નિવૃત્તિનો વખત મળવા સંભવ છે. જ્યાં બહુ ઓળખતા ન હોય તેવાં સ્થળોમાં વિહાર થાય તો નિવૃત્તિ વિશેષ મળે; પણ તમને આંખની અડચણ છે એટલે જેમ પ્રારબ્ધ રાખે તેમ રહેવાનું રહ્યું. જેવો ઉદય આવે તે નિર્ભયપણે સહનશીલતા વધારતાં વેઠી લેવો. પરિણામ તરફ વિશેષ લક્ષ રહ્યા કરે તેવી ટેવ પાડવાની જરૂર છેજી. આપ તો ઘણાં વર્ષ સાધુપણામાં રહ્યાં છો તો અમને તે વિષયમાં દોરી શકો તેવાં છો, પણ સ્મૃતિમાં આવ્યું તે લખ્યું છે. કંઈ અયોગ્ય લખાયું હોય તેની ફરી ક્ષમા ઇચ્છી પત્ર પૂર્ણ કરું છુંજી.

પરમકૃપાળુદેવ સિવાય બીજી વાતોમાં વૃત્તિ જતી રોકવી ઘટે છે. જગતમાં અનેક પ્રકારો જોવાય, સંભળાય, જણાય તે પ્રત્યે ઉપેક્ષા રાખી વર્ત્યા વગર છૂટકો નથી. બને તેટલું જગત સંબંધી ભૂલી જઈશું તો જ પરમાર્થની તાલાવેલી જાગશે અને નજીવી વસ્તુઓ સંબંધી ચિત્તમાં વિચારો આવ્યા કરશે ત્યાં સુધી અગત્યના અલૌકિક વિચારોને સ્થાન નહીં મળે. તેવા વિચારો ઊગશે પણ નહીં કે ટકી પણ નહીં શકે. માટે નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવાની પ્રથમ ભલામણ કૃપાળુદેવે કરી છે તે બહુ અગત્યની છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૬૫

અગાસ, તા. ૩-૧૦-૫૦

તત્ ૐ સત્ ભાદરવા વદ ૭, મંગળ, ૨૦૦૬

"રાજ પરમપદ હૃદય ધર, જગબંધન જીવ છોડ;
ચંચળ સૌ પર્યાય તજ, દ્રવ્યદૃષ્ટિ મન જોડ.
પરમકૃપાળુની કૃપા-દૃષ્ટિ યાચું આજ;
ભવસાગર તરવા ગ્રહું, ગુરુરાજરૂપ જહાજ."

પૂ.......ના કહેવાથી જાણ્યું કે સદ્ગત....નો હાર્ટફેલ થવાથી દેહ અચાનક છૂટી ગયો છે. પર્યુષણપર્વ ઉપર તે આવ્યા હતા. જે ભાવો, ભક્તિ આદિ કરી ગયા તે સાથે ગયું. આવું અચાનક મરણ સાંભળી સર્વને વૈરાગ્ય અને ખેદનું કારણ થયું છે. પણ જ્યાં આપણો

ઉપાય નહીં ત્યાં વૃત્તિ પરમકૃપાળુદેવના ચરણમાં વાળવી યોગ્ય જ છેજી. ગમે તેટલો ખેદ કરીએ, રાતદિવસ સંભાર સંભાર કરીએ તોપણ એમાં તેમનું કે આપણું કોઈનું હિત થાય તેમ નથી. માટે ખેદને પલટાવી ભક્તિ-વૈરાગ્યમાં વૃત્તિ વાળવી ઘટે છેજી. તમે તો સમજુ છો, તેમ છતાં છોકરાં વગેરે પ્રત્યે વૃત્તિ જતી હોય તેનું ફળ સંસાર સિવાય કંઈ નથી એમ વિચારી તેમને પત્ર લખાવો તો તેમને પણ ધીરજના બે બોલ લખાવશોજી. બનનાર તે ફરનાર નથી. જેમ થવાનું લખત હતું તેમ થયું. તે ટાળવા કોઈ સમર્થ નથી. શોક કરવાથી કર્મ બંધાય છે એમ જાણી, આપણા મરણનો વિચાર કરી, જેટલું મનુષ્યભવમાં જીવવાનું હોય તે પ્રમાદ તજી ભક્તિભાવમાં ગાળવાની શિખામણ આ પ્રસંગ ઉપરથી ગ્રહણ કરી, ક્ષણે ક્ષણે મંત્રનું સ્મરણ, પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો ઉપકાર તથા તેમના સમાગમમાં જે વખત ગયો હોય તેને યાદ કરી, તેમણે કહ્યું હોય તે તાજું કરી, તેમનું કહેલું કરવા જ હવે તો જીવવું છે; ભલે દુઃખ ઉપર દુઃખ આવી પડો, પણ મારે તો જ્ઞાનીનું કહેલું ક્ષણ વાર પણ વીસરવું નથી એવું દૃઢ મન કરી પરમકૃપાળુદેવનાં વચનો વાંચી શકાય તો વાંચ્યા કરવાં, ન વંચાય તો મોઢે કરેલું બધું ફેરવવું, વિચારવું અને પોતાના દોષો જોઈ દોષો કેમ દૂર થાય તેના ઉપાય શોધી દોષો ટાળવાના પુરુષાર્થમાં કાળ કાઢવા વિનંતી છેજી.

પરમકૃપાળુદેવ, પ. પૂ. પ્રભુશ્રીજી આદિ કોઈ મરી ગયા એમ માનવું એ અજ્ઞાન છે. અજર અમર એવો આત્મા માનવા આપણને જ્ઞાનીઓ પોકારી પોકારીને કહે છે અને આપણે 'મરી ગયા' કહીએ તે કેવું અણઘટતું છે? આત્માને દેહ બદલવો પડ્યો, પણ આત્મા તો આત્મા જ છે; તે કદી મરે નહીં. હવે દેહની સગાઈ ભૂલી આત્મદૃષ્ટિ વારંવાર સંભારી 'કોઈ મરી ગયું નથી' એમ દૃઢ હૃદયમાં રાખવા વિનંતી છેજી. લોકો ભલે લૌકિક ક્રિયા કરે અને આપણે તે જોયા કરવી પડે; પણ આત્માને માનનાર, આત્મા ગમે ત્યાં વિશ્વમાં છે જ, એમ દૃઢ માને છે. તે મરી જાય જ નહીં, આત્મા નિત્ય છે એ વારંવાર વિચારવા ભલામણ છેજી. સંસારને સ્વપ્ન સમાન જાણી સ્વપ્નની પેઠે ભૂલી જવા જેવો છેજી. ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૬૬ અગાસ, તા. ૩-૧૦-૫૦

દોહરા — નિરંકુશ ભોગ ભોગવી, કરી અસંયમ-કર્મ;
અનિષ્ટ ગતિમાં આથડે, સુલભ ન ફરી સુધર્મ.
નરકે સાગરોપમ સુધી, એકાન્ત દુઃખ હોય;
તે આગળ મન-દુઃખ મુજ, અલ્પ નજીવું જોય.
વિષયતૃષ્ણાથી મનદુઃખ, આ ન રહે ચિરકાળ;
યૌવન તક તૃષ્ણા કદી જીવન તક, સંભાળ.
આત્મા જો દૃઢ એમ તો દેહ તજે, નહિ ધર્મ;
વાથી મેરુ અચળ તેમ, ન ચલાવે દુષ્કર્મ. (દશવૈકાલિક – ૧લી ચૂલિકા)

જેમ જેમ જીવ પોતાના દોષો જોવાનો લક્ષ રોજ રાખશે તેમ તેમ તે તે દોષો ખળભળી ઊઠી ચાલ્યા જવાનો ક્રમ શોધશે. જીવને વૈરાગ્ય એટલે પાંચ ઇન્દ્રિયના ભોગો પ્રત્યે

અનાસક્તિ, અણગમો અને ઉપશમ એટલે કષાયક્લેશનું મંદ પડવું – આ બે ગુણોની બહુ જ જરૂર છે. તેનું આરાધન વિશેષ વિશેષ થશે તેમ તેમ સત્પુરુષો પ્રત્યે, તેમનાં વચનો પ્રત્યે, તેમના ઉપકાર પ્રત્યે અત્યંત અનુરાગ થઈ પોતાના દોષો છેદવાના ઉપાય જીવ હસ્તગત કરશે, તેને ઉચ્છેદી નાખ્યા વિના જંપશે નહીં.

આ ભવમાં પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીનો યોગ મહાપુણ્યે બન્યો. તેની વારંવાર સ્મૃતિ આવ્યા કરે, તેના ઉપકારની કથા પ્રસંગે થયા કરે, તેની અમાપ દયા હૃદયમાં તાજી રહે અને તેની આજ્ઞા હવે તો ઉઠાવવી જ છે એમ દૃઢતા વર્ધમાન થયા કરે તો ગમે તેવાં આકરાં કર્મ પણ ભસતા કૂતરાની પેઠે નુકસાન કર્યા વિના આપોઆપ નાસી જશે. કર્મથી ગભરાવાની જરૂર નથી; કર્મ બાંધનારો જો ફરી ગયો, મોક્ષમાર્ગી થયો, જ્ઞાનીના પક્ષમાં તણાયો તો પછી ગમે તેવા વિકારો જખ મારે છે; તેમનું કાંઈ ચાલવાનું નથી. કંઈક મનમાં હજી શત્રુરૂપ વિકારો પ્રત્યે મીઠાશ રાખી હશે તો તે જીવને ભોળવી ભવમાં ભમાવે તેવી તેનામાં શક્તિ છે. પણ જો તેનાથી જીવ ત્રાસ પામી કરગરીને પણ તેથી છૂટાછેડા કરવાના ભાવ સેવ્યા કરશે તો તેનું બળ નહીં ચાલે. બધો આધાર જીવના ભાવ ઉપર છે. હવે તો એક પરમકૃપાળુદેવનું જ શરણ મરણ પર્યંત હિતકારી સમજી ઉપાસવું છે. તેમાં વિઘ્ન કરનાર ભાવો ધર્મ-ઘાતક જાણી, તે પ્રત્યે કટાક્ષદૃષ્ટિ રાખી, તેથી કંપતા હૃદયે પ્રવર્તવું પડે તોપણ કેમ છુટાય એ જ લક્ષ હવે તો રાખવો છે. જો તેને પોષ્યા કરીશું તો તે આપણો છાલ છોડશે નહીં અને ભવોભવ દુઃખી કરશે એવો ત્રાસ નિરંતર વિકારભાવો ભણી રાખવો ઘટે છેજી.

બધાં મળીને કંઈ મોક્ષમાળા કે વચનામૃત વાંચવાનો નિયમિત વખત રાખો તો હિતકારી છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૬૭ અગાસ, તા. ૧૨-૧૦-૫૦

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીના જન્મદિનનો ઉત્સવ આસો વદ ૧ છે તે દિવસે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનો અવતાર છે. તે મહોત્સવ-દિવસ પહેલાં શરીર અનુકૂળ થયે આવી જશો, તો તે તિથિનો મોટો લાભ લઈ શકાશે. ન આવી શકાય તેવી તબિયત હોય તો ત્યાં પણ તે દિવસ ઊજવવા ભલામણ છે. અમેરિકા પત્ર લખો તો ત્યાં પણ તે દિવસે આશ્રમની પેઠે ભક્તિ કરવા સૂચના જણાવશોજી. મનુષ્યભવ છે ત્યાં સુધી પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીના ઉપકાર સંભારી તેમની જણાવેલી આજ્ઞાનું બહુમાન કરી સમાધિમરણની તૈયારી કરતા રહેવા વારંવાર ભલામણ છેજી. વેદના શરીરમાં થાય છે. આત્મા તો પરમકૃપાળુદેવે દીઠો છે તેવો પરમાનંદરૂપ, અનંત સુખનું ધામ છે, તે જ મારે માન્ય છે. આ કર્મકલંકમાં હવે ચિત્ત રાખવું નથી. જ્ઞાનીએ માનેલું જ માનવું છે ને આરાધવું છે, તે યાદ રહેવા મંત્રનું રટણ કર્યા કરશોજી.

---

૮૬૮ અગાસ, તા. ૧૮-૧૦-૫૦

"કોણ ઉતારે પાર પ્રભુ બિના કોણ ઉતારે પાર ?
ભવોદધિ અગમ અપાર, પ્રભુ બિના કોણ ઉતારે પાર ?
કૃપા તિહારીતેં હમ પાયો, નામમંત્ર આધાર–પ્રભુ૦
નીકો તુમ ઉપદેશ દિયો હૈ, સબ સારનકો સાર–પ્રભુ૦"

પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીએ આ પામર જીવ પ્રત્યે અનેક અગણિત ઉપકાર કર્યા છે. તેમાં મુખ્ય તો પરમકૃપાળુદેવની ભક્તિમાં જોડી આ આત્માને સંસારભાવ ભુલાવ્યો, રખડતો બચાવ્યો, સાચું શરણું આપ્યું. હવે એટલો હોય તે, તે ચૂકે. મરણ પર્યંત તેણે આપેલ મંત્રનું રટણ, તેમાં જ ભાવ, તેની અપૂર્વ ભાવ-ઉલ્લાસ સહિત આરાધના એ સમાધિમરણનું કારણ તેમણે જણાવેલ છે, તે આપને સહજ જણાવું છુંજી. જગતના સર્વ સંબંધો ઓકી કાઢી, પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર સ્વામીનું શરણ એ જ એક ઉત્તમ આધાર, બચાવનાર, ઉદ્ધાર કરનાર છેજી. પોતાનાથી બને ત્યાં સુધી મનમાં પણ મંત્રનું રટણ રહ્યા કરે, શરીર અને શરીરના સંબંધીઓના વિક્ષેપ વિસારી મૃત્યુ-મહોત્સવનો લાગ ચૂકવા જેવો નથી. 'સમાધિ-સોપાન'માંથી છેવટનું પ્રકરણ સમાધિમરણ વિષેનું વાંચ્યું હોય તોપણ એક વખત કોઈ સંભળાવનાર હોય અને અનુકૂળતા હોય તો સાંભળવા જેવું છેજી. તેટલો વખત ન હોય તો પૃષ્ઠ ૩૫૭થી જેટલું વંચાય તેટલું સાંભળશો અને તેમાંથી પત્ર નં. ૭૪, ૭૫, ૭૩ સાંભળશો. કંઈ ન બને તો મંત્રમાં વૃત્તિ રોકશો. આવા અવસરે ભક્તિ, બની શકે તો મુમુક્ષુઓનો સંગ બહુ ઉપકારી છેજી. તમે ત્યાં જે હો તે ભક્તિમાં ઘણો કાળ જાય તેમ કરવા ભલામણ છેજી.

---

૮૬૯ અગાસ, તા. ૨૩-૧૧-૫૦

તત્ ૐ સત્ કાર્તિક સુદ ૧૪, ૨૦૦૭

શરીર તો રોગનું પોટલું જ છે. તે ભક્તિના કામમાં આવે તે અર્થે દવા વગેરે કરવી ઘટે છે પણ કોઈ રીતે દુઃખ સંબંધી ફિકર કરવી ઘટતી નથી. "કોઈ પણ કારણે આ સંસાર-માં ક્લેશિત થવા યોગ્ય નથી" (૪૬૦) એવું પરમકૃપાળુદેવનું વચન વિચારશોજી. બનનાર તે બની રહ્યું છે તેમાં સમભાવ રહે તેવો પુરુષાર્થ કર્તવ્ય છેજી. કોઈનો વાંક જોવો ઘટતો નથી. આપણાં કર્મ અનુસાર જે બને છે તે જોયા કરવું. ભક્તિસ્મરણ રાતદિવસ કરવાની ભાવના રાખવી. "તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ." આપણાથી બને તેટલું કરી છૂટવું. ભાવના તો સારી જ રાખવી. સર્વનું ભલું થાઓ એવી ભાવના કરનારનું તો ભલું જ થાય છે.

---

૮૭૦ અગાસ, કાર્તિક સુદ ૧૫, શુક્ર, ૨૦૦૭

આપનો પત્ર મળ્યો હતો. કોઈનો દોષ આપણા દિલમાં ન વસે, પણ પૂર્વનાં બાંધેલાં તેવા પ્રકારે છૂટે છે. આપણે પણ કર્મ છોડવા જ જીવવું છે, નવાં બાંધવાં નથી એવો નિશ્ચય કર્તવ્ય છે.

"જગતજીવ હે કર્માધીના, અચરિજ કછુ ન લીના,
આપ સ્વભાવમાં રે, અબધૂ સદા મગન મન રહના."

પરમકૃપાળુદેવની આજ્ઞા ઉલ્લાસથી આરાધવી છે અને યથાશક્તિ આરાધાય તેથી આનંદ માનવો. સ્મરણમંત્રનું રટણ રહ્યા કરે તેવી ટેવ પાડવાનો લક્ષ રાખીને વર્તવું ઘટે છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૭૧ વવાણિયા, કાર્તિક વદ, ૨૦૦૭

યાત્રાએ આવ્યા હો કે જન્મભૂમિ નીરખી,
અંતર અમ ઊલસે હો કે કલ્યાણક સરખી.
પશ્ચિમ ભારતની પટરાણી, પુરી વવાણિયા વખણાણી;
શ્રીમદ્ રાજચંદ્રે સ્વીકરાણી, વીર-જનની તું લેખાણી–યાત્રાએ૦

આપે 'શ્રમણ ભગવાન મહાવીરને નયસારના ભવમાં સમકિત થયા પછી ઘણા ભવ કેમ કરવા પડ્યા ? પંદર ભવથી વધારે કેમ થયા ?' એમ પ્રશ્ન કરેલ છે તેનો સંક્ષેપમાં ઉત્તર નીચે પ્રમાણે છે — સમ્યક્‌દર્શન જો વમી ન જાય તો વધારેમાં વધારે પંદર ભવ થાય, પણ જો વમી જાય એટલે મિથ્યાત્વમાં જીવ આવી જાય તો ક્યારે ફરી સમ્યક્‌દર્શનનો જોગ બને તે કહેવું મુશ્કેલ છે. તેને માટે વધારેમાં વધારે અર્ધપુદ્‌ગલપરાવર્તનકાળ કહ્યો છે. તેમાં અનેક ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ જતો રહે છે, એટલે અનંતકાળ પણ એક રીતે તે કહેવાય છે. માટે શ્રદ્ધા-ભ્રષ્ટ ન થવાય તેની બહુ કાળજી રાખવા જ્ઞાનીપુરુષોએ ચેતાવ્યા છેજી. આશ્ચર્યની વાત તો એ છે કે એટલા લાંબા કાળે પણ અવશ્ય સમકિત પામી જીવ બે ઘડીમાં મોક્ષે પણ જઈ શકે છે. આવું આત્માનું માહાત્મ્ય જ્ઞાનીપુરુષે વર્ણવ્યું છે. એક વાર જો સાચા પુરુષની, સાચા અંતઃકરણે માન્યતા દૃઢ થઈ ગઈ તેને વહેલે-મોડે મોક્ષ જરૂર થાય છે, એવી સમ્યક્‌દર્શનની મહત્તા છે તે લક્ષમાં રાખી પરમકૃપાળુદેવનાં વચનોને આધારે વૈરાગ્ય, ઉપશમ, ત્યાગ, ભક્તિ, સ્મરણ આદિ આજ્ઞાનું આરાધન શક્તિ ગોપવ્યા વિના કર્યા કરવું ઘટે છેજી. ૐ શાંતિઃ

---

૮૭૨ વવાણિયા, કાર્તિક વદ ૭, શુક્ર, ૨૦૦૭

"બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;
અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.
પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુ-યોગ;
વચન-સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ." (૧૫૪)

એક વાત આપે પંદર ભવ વિષેની લખી તે વિષે જણાવવાનું કે જેનું ચિત્ત સત્સંગ-સત્શાસ્ત્રના યોગે સંસારના ભાવોથી પલટો ખાઈ સદ્‌ગુરુ શરણમાં ઠર્યું, જગત ઝેર જેવું જેના ચિત્તને લાગ્યું હોય, તે ઝાઝો વખત સંસારમાં રહી શકે નહીં; થોડા ભવે (પંદર તો વધારેમાં વધારે) તેને મોક્ષની સર્વ સામગ્રી પ્રાપ્ત થાય એમ અનેક સત્પુરુષોએ સ્વીકાર્યું છેજી. તેવી દશા આવ્યા પહેલાં આપણે માટે પંદર ભવ માની લઈએ તે ભૂલ સમજાય છે. સંસાર પ્રત્યેથી ઉદાસીનતા વધારતા જઈ પોતાના દોષો દેખાય તેમ તેમ ટાળવા કટિબદ્ધ થવાની જરૂર છેજી. સંસાર નહીં જ ગમે એવી દશા આવ્યે, સંસાર વધે તેવાં કર્મ નહીં બંધાય, એ ચોક્કસ છે. હાલ તો પરમકૃપાળુદેવનાં વચનને આધારે વૈરાગ્યઉપશમ વધારો એવી ભલામણ છેજી. કોઈ પણ પ્રકારનો પોતાના સંબંધી માન્યતારૂપ અહંકાર કરવો પડી મૂકી 'હું તો પામર છું' એમ ધારો.

મહાપુણ્યના યોગે પરમકૃપાળુદેવ સાચા આત્મજ્ઞાની સદ્ગુરુનું શરણ પ્રાપ્ત થયું છે તે મરણ પર્યંત ટકી રહે તેવી ભાવના કરવાથી પરભવમાં પણ તે ભાવ પોષાય તેવી સામગ્રી જીવને મળી રહેશે. નિમિત્તાધીન ચંચળ બનતા ચિત્તને સદ્ગુરુશરણે મંત્રમાં બાંધી રાખતાં શીખો. "નથી આજ્ઞા ગુરુદેવની અચળ કરી ઉરમાંહિ" તે દૃઢતા વધે તેમ કરો. નીચેની કડી મુખપાઠ કરી તેનો ભાવ હૃદયમાં વારંવાર સાંભરે તેમ વર્તવા ભલામણ છેજી.

મંદાક્રાંતા — મંત્રે મંત્ર્યો સ્મરણ કરતો કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પર ભણી ભૂલી બોલ ભૂલું પરાયા,
આત્મા માટે જીવન જીવવું લક્ષ રાખી સદા એ,
પામું સાચો જીવનપલટો મોક્ષમાર્ગી થવાને. (પ્રજ્ઞાવબોધ – ૭૪)

તમારા પત્રમાંના બીજા પ્રશ્નનો ઉત્તર ઉપરની કડીમાં આવી જાય છે. જાગૃતિમાં ઉપયોગ ધર્મધ્યાન પ્રત્યે વાળી શકશો તેમ તેમ સ્વપ્નદશા પર અસર થશે. પહેલાં જીવે મોહરૂપ ડુંગળી ખાધી છે તેથી તેના દુર્ગંધમય ઓડકાર આવે છે તે અત્યારે ગમતા નથી, પણ તેનો કાળ વીતી ગયે તે બંધ થશે. જો નવા તેવા ભાવો પ્રત્યે અણગમો રહ્યા કરશે, મીઠાશ અંતરથી નહીં મનાય તો ભવિષ્ય સુંદર બનશે; નિર્દોષતા વરશો.

સત્સંગની ભાવના નિરંતર રાખવી ઘટે છે. યથાવકાશે સત્સંગ બને તેટલો આરાધવો પણ કુસંગ કે જેથી પરિણામ બગડે, તેથી બચતા રહેવું, ભડકતા રહેવું. બને તો અસત્સંગનો સંપૂર્ણ ત્યાગ કર્તવ્ય છેજી.

પરમકૃપાળુદેવ ઉપરનો વિશ્વાસ દૃઢ કરો. આટલા સુધી તેની કૃપાથી અવાયું છે, તો નિરાશ થવા જેવું નથી. પણ અહંકાર સૂક્ષ્મપણે પણ ન પોષાય તેવી કાળજી રાખી બોલવું, વર્તવું ઘટે છેજી. હાલ એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૭૩ અગાસ, તા. ૧૫-૧૨-૫૦
તત્ ૐ સત્ માગશર સુદ ૭, ૨૦૦૭

"ઇચ્છા વર્તે અંતરે, નિશ્ચય દૃઢ સંકલ્પ;
મરણ-સમાધિ સંપજો, ન રહો કંઈ કુવિકલ્પ.
કામિતદાયક પદ-શરણ, મન સ્થિર કર પ્રભુ ધ્યાન;
નામ-સ્મરણ ગુરુરાજનું, પ્રગટ કલ્યાણ નિદાન."

આપનો પત્ર મળ્યો. આજે એક વિચાર સ્ફુર્યો તે આપને નિવેદન કરવા આ પત્ર લખેલ છે. તમે અઠ્ઠાઈ મહોત્સવ અર્થે ઑફિસમાં રૂ. ૧૬૫૦) છે તે વાપરવા પત્રમાં જણાવેલ છે. તેને બદલે જો તમારા ચિત્તમાં ગોઠે તો ચૈત્ર વદ પાંચમને દિવસે પરમકૃપાળુદેવની નિર્વાણ-તિથિ છે, તે આ સાલ સારી રીતે અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક ઊજવાય તો તે ગુરુભક્તિનું કાર્ય છે. પરમકૃપાળુદેવના નિર્વાણને પચાસ વર્ષ થયાં. લોકો સુવર્ણ મહોત્સવ (ગોલ્ડન જ્યુબિલી) ઊજવે છે. પણ આ તો આપણા પરમ ઉપકારી મહાપ્રભુનો દિન છે, તે દિવસ સારી રીતે ઊજવાય અને ભક્તિ અઠવાડિયા સુધી ચાલુ રહે તેનો કાર્યક્રમ આશ્રમમાં જે બે-પાંચ માણસો પૂછવા

જેવા હોય તેમની સલાહથી ગોઠવાય એમ થાય તો વિશેષ હિતનું કારણ સમજાય છે. જોકે તમે નહીં લખો તોપણ તેવું કંઈક બનશે તો ખરું, પણ તમે પ્રેરણા કરો તો બીજાના ધ્યાન ઉપર તે વાત આવે અને તે લક્ષમાં વહેલું લે. પરમકૃપાળુદેવની તિથિમાં આપણી તિથિ આવી જ જાય છે, અને આયુષ્ય હશે તો તમે તે ઉત્સવમાં જાતે પણ ભાગ લઈ શકશો. પછી તો જે થવાનું હશે તેમ થઈ રહેશે.

આ વિષે વિચાર કરી યોગ્ય લાગે તો ઑફિસમાં લખી જણાવશો. આ તો એક સૂચના માત્ર છે. આમ જ કરવું એમ કહેવા પત્ર નથી લખ્યો. તમે જેમ વિચાર રાખ્યો છે તેમ જ બનશે તોપણ મને તો કંઈ આમતેમ મનમાં થવાનું નથી; એટલે આ લખે છે માટે મારે તેમ લખવું, એમ પણ કરવું યોગ્ય નથી. જેમ તમારા આત્માની પ્રસન્નતા રહે તેમ કર્તવ્ય છેજી.

વ્યવસ્થાની વાત વિસારી હવે આત્મવૃત્તિ પરમકૃપાળુદેવમાં લીન રહે એ મુખ્ય કાર્ય આ ભવનું છે. પરમકૃપાળુદેવ સમીપ જ છે એવી ભાવના રાખી, તેને શરણે જગતના ભાવો ભૂલી જઈ, પરમ આનંદમય સ્વરૂપ તેમણે પ્રગટ કર્યું છે તે જ આપણે ઇચ્છીએ, તે જ પરમ શાંતિમાં લીન થઈએ, અભેદભાવે તે રૂપ જ થઈ જઈએ, એ જ દૃષ્ટિ કર્તવ્ય છે.

"એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં, ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો, પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦"

---

૮૭૪ અગાસ, તા. ૧૬-૧૨-૫૦, શનિ

હરિગીત — સત્પુરુષ સંગે શ્રવણ પામે, શુદ્ધ સાત્વિક ધર્મનું,
'પ્રવચન પરમ તે સત્ય છે,' દુર્લભ યથા પ્રતીતિપણું;
સ્વચ્છંદ ને મિથ્યાત્વથી વિમુખ દૃષ્ટિ રહે અહીં,
પ્રમાદ ના કર સમય પણ, વીર ઉચ્ચરે ગૌતમ ભણી. (દ્રુમપત્રક અધ્યયન)

બાહ્ય જીવનની હાડમારી છે તેવી જ અભ્યંતર જીવન માટે પણ પરમપુરુષના નિકટ નિવાસ વિના જીવને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છેજી. હવે પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજીનો વિરહ વિશેષ વેદાય છે. તે કાળ મહાપુરુષના યોગે જોકે ઉત્તમ રીતે ગયો; પણ તે વખતે જીવની યોગ્યતા વિના વિશેષ લાભ લઈ શકાયો નહીં અને હવે તેવો યોગ મળે નહીં, એ વારંવાર સાંભરી આવે છે. પરંતુ જાતે જેટલું બને તેટલું હવે કરવું રહ્યું. 'આપ સમાન બળ નહીં અને મેઘ સમાન જળ નહીં.' એવી કહેવત તેઓશ્રી ઘણી વખત કહેતા તે સાંભરી આવે છે. સ્વચ્છંદ અને પ્રમાદ તજી હવે તો યથાશક્તિ તેની આજ્ઞાના આરાધનમાં આ આયુષ્યનો છેવટનો કાળ શાંતિ-સમાધિએ ગળાય એ જ ભાવના છેજી. માર્ગ સાચો મળ્યો છે. હવે જેટલો વિશેષ પુરુષાર્થ થશે તેટલો મોક્ષ નજીક છે. પરમકૃપાળુદેવે શ્રી સોભાગ્યભાઈને લખ્યું છે: "વૃદ્ધમાંથી યુવાન થવું અને આ અલખ વાર્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું. થોડું લખ્યું ઘણું કરી જાણશો."(૧૭૦) જ્ઞાનીપુરુષો વૃદ્ધમાંથી યુવાન થવાનું લખે છે તે શું હશે? આપણે સર્વેએ તે વિચારી અમલમાં મૂકવા જેવું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૭૫ અગાસ, તા. ૨૯-૧૨-૫૦

આપને પરમપુરુષની દૃઢ શ્રદ્ધા છે તે જ આ ભવમાં પરમ પુરુષાર્થ પ્રેરનારી છે. શરીરથી જ કંઈ પુરુષાર્થ થાય એવું નથી. શ્રદ્ધા જ્યાં દૃઢ હોય છે ત્યાં જ ચિત્તની વૃત્તિ વળે છે, સ્થિર થાય છે, લીન થાય છે. તેથી વારંવાર પ. પૂ. પ્રભુશ્રીજી 'श्रद्धा परम दुल्लहा' એમ કહેતા હતા.

ૐ શાંતિઃ

---

૮૭૬ અગાસ, તા. ૧૧-૧-૫૧

તત્ ૐ સત્ પોષ સુદ ૪, ગુરુ, ૨૦૦૭

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ." — શ્રી આત્મસિદ્ધિ

જેને પરમકૃપાળુદેવનું શરણ છે તેને કંઈ ગભરાવા જેવું નથી. બાકી બાંધેલાં કર્મ તો બધા જ્ઞાની-અજ્ઞાની સર્વને ભોગવવાં જ પડે છે. પણ શાહુકાર ખુશીથી દેવું પતાવે, તેમ પોતે બાંધેલાં કર્મ સમભાવે સહન કરી તેથી છૂટવાની ભાવના કર્તવ્ય છેજી. હસતાં કર્મ ભોગવાય અને રડતાં રડતાં પણ ભોગવાય. રડવાથી કર્મને દયા આવવાની નથી, કંઈ ઓછાં થવાનાં નથી; તો શા માટે દુઃખથી ડરવું ? નરકમાં જીવ કર્મ ભોગવીને આવ્યો છે, તેવાં આકરાં કર્મ તો અહીં ભોગવવાનાં હોય જ નહીં. આંખનું ઑપરેશન તો નાનું ગણાય. મરણની વેદના બહુ ભયંકર ગણાય છે. તેની તૈયારી કરવા આ નાનાં નાનાં કર્મ સહનશીલતા શીખવવા આવે છે, તે સારું છે કે છેવટે મરણ વખતે જીવ ગભરાઈ ન જાય. તમે સમજુ છો, ઉપવાસ વગેરેથી દુઃખ સહન કરવાનું શીખ્યાં છો, તેથી આ તો કંઈ વિશેષ લાગશે નહીં; પણ આથી આકરાં દુઃખ મરણનાં છે એમ વિચારી મંત્રમાં મન પરોવેલું રાખવા ભલામણ છેજી.

---

૮૭૭ અગાસ, તા. ૧૨-૧-૫૧

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.**
**પૈસા પ્રત્યેના પ્રેમની પ્રબળતાને બાળી નાખી તેમને નમસ્કાર.**

તમે દાન કરી ચૂક્યા છો, તે પૈસા પાછા માગવા ઘટતા નથી. શ્રી હરિશ્ચંદ્રના સત્ય વિષે ઘણું સાંભળ્યું હશે. એક વખતે પ. પૂ. પરમકૃપાળુદેવ ઉત્તરસંડા હતા તે વખતે કોઈ ભક્તે તેમને માટે ઉત્તમ વાની બનાવી તેમના આગળ ધરી. તે વખતે તેઓશ્રીએ કહ્યું — પેલી નળીમાં આવે છે તેમને આપો. આવી ઉત્તમ ચીજ ઉત્તમ માણસને આપવા તે લાવેલા; તે રસ્તે જતા માણસને આપતાં તેનું મન ખંચાયું. પણ જો તેણે તે પુરુષને તે ચીજ આપી દીધી, તો પછી તે ગમે તેમ વાપરે તેમાં તેના મનને કંઈ થવું ન જોઈએ. લોભ છોડવા આપણે દાન કરીએ છીએ. પછી કહ્યા પ્રમાણે ન કરે તો લેનાર બંધને પાત્ર થાય છે, આપનાર નહીં. આ વાત વિશેષ ચર્ચવા જેવી નથી, પણ પાછી રકમ માગી તે ઠીક નથી થયું એમ મારા મનમાં ભાસ્યું તે તમને જણાવ્યું છે; જોકે તમને તેનાં કારણો કંઈ મળ્યાં હશે. પણ આપણે આશ્વાસન અર્થે ગયેલા અને તેમાંથી તેમને આવી વાત સાંભળવાનું (પત્ર દ્વારા) મળે તે લાગી આવે એ સ્વાભાવિક છે. આપના મનમાં શું કારણો હશે તે જાણ્યા વિના

સામાન્ય મેં તો મને ભાસ્યું તે જણાવ્યું છે. પણ તે કામ ઢીલમાં ન પડી રહે તે અર્થે વખતે તાકીદ કરાવવા તમે તેમ લખ્યું હોય, પણ પૈસા પાછા મગાવવાનો લોભ કે બીજા કામમાં વાપરવાની ઇચ્છા નહીં હોય એમ અનુમાનું છું. તો તમે તેમને કંઈ શાંતિ વળે તેમ પત્ર લખી જણાવશો એમ ઇચ્છું છું. ભલે સંસ્થા બીજા કોઈને સોંપી દે અને તમારા પૈસા પણ તે ભેગા જાય તેમ હોય, તોપણ સમર્પિત રકમમાંથી એક બદામ સરખી પાછી ઇચ્છવી યોગ્ય નથી એમ મુમુક્ષુના મનમાં તો થવું જોઈએ; તે સહજ તમને પરમાર્થમાર્ગમાં બળ મળે તે અર્થે લખ્યું છેજી. વચન આપ્યું હોય તોપણ પાછા ન હઠવું તો આપેલી રકમ તો ન જ માગવી ઘટે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૭૮ અગાસ, તા. ૧૨-૧-૫૧

**પર પ્રત્યેના પ્રેમના પ્રબળપણાને બાળી નાખનાર મહાત્માને નમસ્કાર!**

વિ. આપનો પત્ર ગઈ કાલે મળ્યો. આપના પત્રથી મને પણ કેટલુંક લાગ્યું! પરમકૃપાળુદેવે કહેલ સાંભરી આવ્યું કે કોઈ જુદા જ રૂપમાં મુમુક્ષુ અને જુદા જ રૂપમાં મુનિઓ જણાય છે, તેમના સંગથી આત્મોન્નતિ થવી દુર્ઘટ છે. આ કાળમાં આપણો જન્મ છે તેથી તેવી તેવી વિચિત્રતાઓ જોવી પડશે, પણ આપણે ધારેલું કામ મંદ ન થાય એમ કર્તવ્ય છેજી. મુશ્કેલીઓ જ જીવને શૌર્ય પ્રેરે છે.

"ભક્તિ શૂરવીરની સાચી, લીધા પછે કેમ મૂકે પાછી?"

આપનામાં પરમકૃપાળુદેવનો વારસો ઝળકો એમ ઇચ્છું છું. આપદથી દબાઈ નહીં જતાં ઉપર આવી સંસારસાગર તરી જાઓ એ જ ભલામણ અંતઃકરણથી છે. "આપ સમાન બળ નહીં, અને મેઘ સમાન જળ નહીં." જ્ઞાનીની આજ્ઞાએ આપણે જ પુરુષાર્થ કરવાનો છે, તે મનુષ્યભવમાં જ બની શકે તેમ છે. માટે પ્રમાદ તજી, સ્વચ્છંદ છોડી અપ્રમત્ત ભક્તિમાં લાગી જવાનું છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૭૯ અગાસ, તા ૧૬-૧-૫૧

દોહરો — "પ્રિય કર્યો ના કોઈ જન, ત્યાં સુખી સુખી ગણાય;
સંગ કર્યો જ્યાં પ્રિયનો, જીવ દુઃખે હોમાય."

સુખદુઃખ તરફ દૃષ્ટિ કરવા જેવી નથી. તે તો દેહનો ધર્મ છે, અને દેહની સંભાળ ઓછી કરી હવે તો સમાધિમરણ કરવાની ફિકર રાખવી ઘટે છેજી. પરમકૃપાળુદેવને શરણે તે અઘરું નથી. જગતને ભૂલી ગયા વિના છૂટકો નથી. ભક્તિ એ ઉત્તમ સાધન છે. ૐ શાંતિઃ

---

૮૮૦ અગાસ, તા. ૧૬-૧-૫૧

"પુસ્તક પરમકૃપાળુદેવની આજ્ઞા લઈ વાંચવા શરૂ કર્યું હોય તો બંધ ન રાખશો. વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ કરે તેવું હિતકર છે. આજ્ઞાનો લક્ષ જીવને હિતકારી છેજી. પુસ્તક અર્થે પુસ્તક વાંચવું નથી પણ જીવની યોગ્યતા વધે અને જ્ઞાનીપુરુષ પરમકૃપાળુદેવનાં વચનોનો મર્મ સમજવાની યોગ્યતા આવતાં આત્મકલ્યાણ થાય એ લક્ષ રાખવો ઘટે છેજી. આપ તો

સમજુ છો. ખેદ કર્તવ્ય નથી, પણ લક્ષ ચુકાય તો જીવ ક્યાંનો ક્યાં જતો રહે અને વાતડાહ્યો થાય એવો છે; તે ન થવા અર્થે આત્માર્થની વૃદ્ધિ થાય તેમ કર્તવ્ય છેજી. સમાધિમરણની ભાવના રોજ કર્તવ્ય છેજી. સમાધિ-સોપાનમાંથી તે વિષે વાંચ્યું હોય તોપણ ફરી ફરી વાંચવા યોગ્ય છેજી. 'ભગવતી આરાધના' ગ્રંથ વિષે પરમકૃપાળુદેવે ભલામણ કરેલ છે તેનો સ્વાધ્યાય બને તો કર્તવ્ય છેજી. એ જ. "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦)

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૮૧

અગાસ, તા. ૨૪-૧-૫૧
પોષ વદ ૧, બુધ; ૨૦૦૭

તત્ ॐ સત્

"राजा राणा छत्रपति, हाथिनके असवार।
मरना सबको एक दिन, अपनी अपनी वार॥ —भूधर कवि

દિલગીરી ભરેલો પ્રસંગ બન્યો છે. પરંતુ પરમકૃપાળુદેવનું શરણ જેણે ગ્રહણ કર્યું છે, જેને પરમકૃપાળુદેવ ઉપર પ્રીતિ, પ્રતીતિ અને ભક્તિ જાગી છે તેને આવા પ્રસંગે ધીરજ વિશેષ રહે છે. જે દુઃખ આવી પડે તે ધીરજથી, બને તેટલા સમભાવથી સહન કરવાથી જૂનાં કર્મ જાય છે અને નવાં કર્મ બંધાતાં અટકે છે. દિવસ પછી રાત આવે છે ત્યારે અણસમજુ જનો અકળાય છે, પણ રાતની રાત હમેશાં રહેતી નથી. તેમ સુખના દહાડા બદલાતાં દુઃખના દહાડા જોવાના આવે છે, પણ હંમેશાં દુઃખ પણ ટકતું નથી. સુખમાં પણ ભક્તિ કરવી ઘટે છે અને દુઃખમાં તો વિશેષ વિશેષ ભાવથી ભક્તિ કરવી ઘટે છેજી. જીવ સુખના સમયમાં ભગવાનને ભૂલી જાય છે, તે વિચારતાં દુઃખના પ્રસંગો ભગવાનની ભક્તિ કરવા પ્રેરનાર ગણાય છે. ઘણા ભક્તોએ ભગવાન પાસે દુઃખ જ માગ્યું છે. આ અત્યારે તમને સમજાશે નહીં, પણ થોડાં વર્ષ પછી લાગશે કે પરમકૃપાળુદેવે નીચે પ્રમાણે લખ્યું છે તે સાચું છે — "જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે." (૩૦૧)

અત્યારે તો સ્મરણમાં, વાચનમાં, ભક્તિમાં બને તેટલો વખત ગાળવાનું કરશો. તમે બધા સમજુ છો. રોવા-કકળવાથી મરી ગયેલ પાછું આવે નહીં અને રોનારને કર્મ બંધાય. મરી ગયેલાને કોઈ રીતે તે મદદ કરે એમ નથી; તો રોવું, શોક કરવો, પાછળની વાતો સંભારવી એ માત્ર જીવને દુઃખી કરવાનું કામ છે; માટે શોકને સંભારવો નહીં. જે થાય તે સહન કરવું એ જ ધર્મ છે.

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."

આ કડી વારંવાર વિચારી ગમે તેવાં દુઃખ આવી પડે, પણ આત્માર્થી જીવે આત્માર્થ ચૂકવો નહીં. મનુષ્યભવથી મોક્ષ જેવી ઉત્તમ કમાણી થઈ શકે છે. મનુષ્યભવ સફળ કરવા હવે પરમકૃપાળુદેવને શરણે આટલો ભવ ભક્તિમાં ગાળવો છે એવો નિશ્ચય કરશો તો તમારું તથા તમારા સમાગમમાં આવતા જીવોનું કલ્યાણ થાય તેવું તમારું જીવન થવા સંભવ છે; માટે "કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ

ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે, સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે, તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે." (૪૬૦) આમ પરમકૃપાળુદેવે કહ્યું છે; તે વારંવાર વિચારી ભૂતકાળને ભૂલી જઈ, કેવું જીવન હવે ગાળવું છે તેના વિચારમાં વખત જાય, ભક્તિમાં વૃદ્ધિ થાય તેમ કર્તવ્ય છેજી.

તમારાં માશી પૂ.....બહેને આખી જિંદગી બ્રહ્મચર્ય પાળી ભક્તિભાવમાં આટલો ભવ ગાળવાનો વિચાર રાખ્યો છે, તેમ હવે તમારે પણ આ દુર્લભ મનુષ્યભવ સફળ થાય તેમ વિચારી, અનાર્ય દેશમાંથી છૂટી ભક્તિ થાય તેવા સ્થળમાં રહેવાનો નિશ્ચય કરવો ઘટે છેજી. લોકલાજમાં જીવન વ્યર્થ ન જાય અને કર્મ બાંધી પાછાં આવાં દુઃખ બોલાવવાનું ન બને; માટે ભક્તિ એ જ સર્વોત્તમ સુખનો માર્ગ છે, તે જો હૃદયમાં સાચું લાગે તો જેમ બને તેમ વહેલું હિંદુસ્તાનમાં આવી જવાય તેમ કરવું. જ્યાં રહેવાનું બને ત્યાં મંત્ર, ભક્તિ, વાંચન, વિચાર તથા કંઈ કંઈ મુખપાઠ કરવાનું મોક્ષમાળા આદિમાંથી રાખવાનો નિયમ કર્તવ્ય છેજી. 'નવરો બેઠો નખ્ખોદ વાળે' એમ કહેવાય છે; તેમ મનને કામ નહીં આપો તો કર્મના ઢગલા બંધાશે. માટે આત્માની દયા લાવી ભક્તિમાં મનને રોકવું એ જ ભલામણ છેજી.

---

૮૮૨ અગાસ, તા. ૨૪-૧-૫૧

તત્ ૐ સત પોષ વદ ૧, બુધ, ૨૦૦૭

દોહરો — ધનમાં મન જેવું રમે, સુંદર સ્ત્રીમાં જેમ;
તેમ રમે જો રાજમાં, મોક્ષ મળે ના કેમ ?

આપે પ્રશ્ન કર્યો છે કે સમાધિમરણ સમ્યક્‌દર્શન વિના થાય ? ઉત્તરમાં જણાવવાનું કે સમ્યક્‌દર્શનની સૌથી પહેલી જરૂર છે. તે વિના તો કોઈ પણ ધર્મક્રિયા સફળ નથી. પરંતુ પરમકૃપાળુદેવે પત્રાંક ૭૭૧ માં જણાવ્યું છે કે જીવાજીવનું સ્પષ્ટ જ્ઞાન તો કોઈ વિરલા જીવોને થાય છે પણ પરમપુરુષની શ્રદ્ધાને શાસ્ત્રમાં ઘણે ઠેકાણે સમકિત કહ્યું છે અને તે જેવું તેવું નથી. પંદર ભવે મોક્ષે લઈ જાય તેવું છે. જીવાજીવના જ્ઞાનનું તે કારણ છે. એટલે પરોક્ષ શ્રદ્ધા જેને છે તે પરમપુરુષની શ્રદ્ધાથી સમાધિમરણની તૈયારી કરે તો તે સફળ થવા યોગ્ય છેજી. પરોક્ષમાંથી પ્રત્યક્ષ થાય છે. શ્રી સોભાગ્યભાઈ જેવાને પણ પ્રત્યક્ષ સમ્યક્‌દર્શન તો મરણ પહેલાં થોડા દિવસ ઉપર જ થયું હતું. પરંતુ પરમકૃપાળુદેવે "શ્રી સુભાગ્ય પ્રેમસમાધિમાં વર્તે છે" એમ ઘણાં વર્ષ પહેલાં જણાવ્યું છે.

"પર પ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે."

પરમપુરુષ પ્રત્યેનો પ્રેમભાવ એમાં સર્વ સાધન સમાઈ જાય છેજી, અને તે તો સમ્યક્‌દર્શન પહેલાં પણ હોય છે. પરમકૃપાળુદેવે શ્રી ગોપાંગનાઓનાં વખાણ કર્યાં છે. 'પરમ મહાત્મ્યા શ્રી ગોપાંગનાઓ' કહી છે તે તેમના પ્રેમને આધારે. મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ સર્વ દોષોને ટાળી પદાર્થનો નિર્ણય કરાવનાર, સમ્યક્‌દર્શન અને સમાધિમરણ કરાવનાર છે એમ મારી માન્યતા આપના પૂછવાથી જણાવી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૮૩ અગાસ, તા. ૨૫-૧-૫૧

શ્રી ભગવતી આરાધના ગ્રંથ વાંચશો, વિચારશોજી. બીજી માથાકૂટમાં ન પડશો. લિસ્ટ વગેરે કરવામાં ખોટી થવા કરતાં કોઈ શિક્ષક આદિ કરી આપે તેમ હોય તો કંઈ રકમ આપી તેની મારફત કરાવી લેવું. આપણો વખત અમૂલ્ય છે. જ્ઞાન, ધ્યાન, વિચારમાં વખત જાય તેમ કરવા ભલામણ છેજી. જેને સમાધિમરણ કરવું છે તેણે ક્ષણેક્ષણનો સદુપયોગ થાય તેમ વર્તવું ઘટે છેજી. સ્મરણનો અભ્યાસ વધારતા રહેશોજી. આખરે એ જ કામનું છે. ૐ શાંતિઃ

---

૮૮૪ અગાસ, તા. ૫-૨-૫૧

તત્ ૐ સત્ પોષ વદ ૧૪, સોમ, ૨૦૦૭

દોહરા — શલ્ય, ઝેર કે સર્પ સમ, દુઃખ ઘણું દે કામ;
[1]કામ-કામના રાખતા, દુર્ગતિ વરે અકામ.[2]
બળી મરવું તે સારું, સારું પવિત્ર મોત;
વ્રત ખંડી શું જીવવું? ડગલે પગલે મોત.

આપનું ભવભયની લાગણીવાળું કાર્ડ વાંચ્યું. તે ભાવો પત્ર લખતી વખતે જ નહીં પણ હરઘડીએ જો ટકાવી રાખશો, "ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો ! રાચી રહો." એમ પરમકૃપાળુદેવે દર્શાવેલો ભાવ હૃદયમાં નિરંતર રાખશો તો ભાર નથી કે વિષયકષાય તમને સતાવે. પરંતુ જીવ પત્ર આદિ લખતાં સારા ભાવમાં ક્ષણવાર આવે છે પણ તેવો અભ્યાસ કરી કસોટીના પ્રસંગમાં મરણને સમક્ષ જોતા રહેવાની ટેવ પાડતો નથી. તેથી નિમિત્તને વશ થઈ અમુમુક્ષુપણે વર્તે છે, પછી પસ્તાય છે. માટે અગમચેતી રાખવાનો પુરુષાર્થ સારા ભાવોનો અભ્યાસ પાડી મૂકવો એ જ છે. તેમાં પાછા ન પડો. નાશવંત વસ્તુઓને નાશવંત જોવાની ટેવ પાડો. બંધનકારક પ્રસંગોને પ્રાણાંતે પણ સુંદર ન દેખો. જગતની મોહક વસ્તુઓ મૂંઝાવનારી છે તેની (તે વાતની) વિસ્મૃતિ ન થવા દો. આ જીવ અનાદિકાળથી બાહ્ય દેખાવોથી ભૂલતો આવ્યો છે, તે ભૂલ-દેખતભૂલી ટાળવાનો અવસર આવ્યો છે, તેવે પ્રસંગે હવે પાછા ન હઠવું. તેમાં પાછા તન્મય ન બની જવું.

પ. પૂ. પ્રભુશ્રીજી પણ વારંવાર ચેતાવતા કે આ જગત ઠગારું પાટણ છે. તેમાં અહીં ન ઠગાયા તો થોડે આઘે જઈને પણ ઠગાઈ જવાય તેવું છે. માટે તેથી બીતા રહેવું, ચેતતા રહેવું. ગાંડા થઈને ફરવું પણ જગતની મોહનીમાં લંપટ ન બનવું. તેઓશ્રી તે વિષે એક દૃષ્ટાંત આપતા કે એક ગરીબ વાણિયો દૂર દેશ કમાવા ગયો. ઘણી કમાણી કરી પાંચ રત્નો ખરીદી તેને ગોપવી પોતાને દેશ પાછો વળતો હતો. ત્યાં રસ્તામાં એકલા ઠગોની જ વસ્તીવાળું ગામ આવ્યું. તેણે વિચાર્યું કે કમાયા તે ન કમાયા જેવું થઈ જશે માટે યુક્તિ કરીને ગામ વટાવી જવું જોઈએ. તેથી તેણે તે રત્નો એક પથરા નીચે દાટી નિશાની રાખી, ફાટેલાંતૂટેલાં કપડાં પહેરી ગાંડાની માફક ગામમાં એમ બોલતો બોલતો ફરવા લાગ્યો કે 'રત્નવાણિયો જાય છે, આ રત્નવાણિયો જાય છે.' તેને પકડી લોકોએ નાગો કરી તપાસ્યો પણ કંઈ મળ્યું નહીં.

---

૧ વિષયની ઇચ્છા  ૨ નકામી, નિરર્થક

પણ તે તો ઘણી વાર એમ ને એમ બોલતો ફરવા લાગ્યો. તેથી લોકોએ ધાર્યું કે એ તો ગાંડિયો કોઈ આવ્યો છે; એટલે એને કોઈ પજવતું નહીં, ભાવ પણ પૂછતું નહીં. પછી તે પેલાં રત્નો લઈ તેવા જ વેષે તેવું જ બોલતો બોલતો ગામ પાર થઈ ચાલી નીકળ્યો, પછી વન આવ્યું, ત્યાં પાણી મળે નહીં. તેને તરસ ખૂબ લાગેલી, પ્રાણ નીકળી જાય એવું થયું પણ શું કરે? આગળ જતાં એક ગંધાતી તળાવડી આવી. થોડું પાણી તેમાં સુકાતાં સુકાતાં રહ્યું હતું. તે પાણી પણ ગાળીને આંખો મીંચી તેણે પીધું તો જીવતો રહ્યો અને ઘરભેગો થયો.

તેમ જીવને આ જગતની મુસાફરીમાં સત્પુરુષના યોગે વ્રત આદિ રત્નોની પ્રાપ્તિ થઈ હોય તે લૂંટાઈ ન જાય તેની કાળજી રાખવી, ખાવા-પીવાની સગવડ કે રસ તરફ લક્ષ નહીં રાખતાં જીવતા રહેવાય અને ભક્તિ થાય તેમ કર્તવ્ય છેજી. શરૂઆતમાં તે અઘરું લાગે છે. પણ પરમગુરુને આશરે આંખો મીંચી કઠણ લાગે તોપણ સંયમમાં વૃત્તિ રાખીને જીવ જો આટલો ભવ ધર્મ આરાધી લેશે તો તેનાં ફળ અમૃત જેવાં આગળ જણાશે અને મોક્ષમાર્ગે સુખે સુખે વહી અનંત સુખનો સ્વામી જીવ બનશે. માટે ગભરાયા વિના વૈરાગ્ય-ઉપશમ નિરંતર હૃદયમાં જાગ્રત રહે તેમ વર્તવા યોગ્ય છેજી. ભાવનાબોધ, સમાધિસોપાન, મોક્ષમાળા, પ્રવેશિકા વગેરે વૈરાગ્યપોષક ગ્રંથો વારંવાર વાંચી તેમાંથી અભ્યાસ કરવા યોગ્ય, ભાવના ભાવવા યોગ્ય વચનો જીભને ટેરવે રહ્યા કરે એમ પુરુષાર્થ કરતા રહેવાની જરૂર છેજી. પરમકૃપાળુદેવની કૃપાથી પુરુષાર્થ જયવંત થશેજી. નાહિંમત નહીં થતાં હિંમત રાખી શૂરવીરપણું દાખવી મોક્ષમાર્ગ સાધવા નમ્ર ભલામણ છેજી. એ જ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૮૫ અગાસ, તા. ૨૧-૨-૫૧

આપનું કાર્ડ મળ્યું. સાચી ભક્તિ જેની હોય છે તેને પરમાત્મા મુશ્કેલી મોકલે છે એમ પરમકૃપાળુદેવ કહે છે તે વિચારી ભક્તિમાં દૃઢ રહેશો તો મુશ્કેલીના પ્રસંગ તો જતા રહેશે અને નવાં કર્મ નહીં બંધાય. બીજાનાં કર્મના ઉદયે આપણને દુઃખી થવાનું હોય નહીં. પૂર્વે બાંધ્યાં છે તે જવા માટે આવેલાં કર્મ આકરાં લાગે તોપણ કડવી દવાની પેઠે ગુણકારી છે, આપણને ક્ષમાગુણનું શિક્ષણ આપતાં જાય છે એમ વિચારી સર્વનો ઉપકાર માની સમતાભાવમાં આત્માને લાવતાં શીખવું. શરૂઆતમાં તેમ ન બને પણ ભાવના તો એ જ રાખવી કે સર્વનું કલ્યાણ થાઓ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે 'ભૂંડું કરે તેનું પણ ભલું ઇચ્છે તે પ્રભુભક્ત છે'. તેવા સાચા નરસિંહ ભક્ત બનો એવી ભલામણ છેજી. સહન કરનારનું અકલ્યાણ કદી પણ થનાર નથી તો શા માટે ગભરાવું? બધા આપણને અનુકૂળ જ વર્તે એવો આગ્રહ રાખવો નથી. જેમ જેને સુખ ઊપજે તેમ પ્રવર્તો અને આ આત્માને સર્વ સંબંધથી છોડાવવો છે. તેમાં જે પ્રસંગ બને તે ઉપકારી છે એમ માનવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૮૬ અગાસ, તા. ૨૪-૨-૫૧

દોહરો — જ્ઞાનબીજ ગુરુમંત્રનું, સ્મરણ રહો એકતાર;
આજ્ઞાને આરાધતાં, પામું ભવનો પાર.

અત્યારે જે સંયોગોમાં મુકાયા છો તેને અનુકૂળ અવકાશનો સદુપયોગ કરી લેવાનો છે. સત્સંગનો યોગ મળે તેટલો સત્સંગનો લાભ લેવો, સત્શ્રુતની મદદ મળે તેટલી મદદ લઈ લેવી અને પોતાનાથી થાય તેટલું મનન-નિદિધ્યાસન કરી ઉપશમ (વીતરાગ) ભાવની સેવના કરી લેવી. ન બને તેની ભાવના રાખવી પણ જેટલું બની શકે તેટલું ટૂંકા આયુષ્યમાં કરી લેવું. આવો યોગ ફરી ફરી પ્રાપ્ત થવો દુર્લભ છે તેથી સમયમાત્રનો પણ પ્રમાદ નહીં કરતાં સ્વચ્છંદ ટાળી અપ્રમત્તદશાએ પહોંચવું છે એ લક્ષ સદા ઉપયોગમાં રહે તેમ વર્તવું ઘટે છેજી. આપ સમજુ છો, શકય કરવા તત્પર છો એટલે વિશેષ લખવાની જરૂર નથી. વૈરાગ્ય અને અભ્યાસ એ સંસારવૃક્ષને છેદવાના કુહાડા સમાન છે. તેમાં પાંચ ઇંદ્રિયોના વિષય વિઘ્નકર્તા છે તેના પર જય મેળવ્યાથી ઘણી માનસિક પ્રવૃત્તિ મંદ પડશે અને નિવૃત્તિનો આનંદ આપોઆપ અનુભવાશેજી.

જે કંઈ પુસ્તકો વંચાય તેના સારરૂપ અથવા તેમાંથી આપણને ઉપયોગી ખાસ લાભકારક જણાય તેવા ભાગની નોંધ રાખવા ભલામણ છેજી. કારણ કે પુસ્તક વંચાઈ રહ્યા પછી ભુલાવાનો ક્રમ શરૂ થાય છે. પણ તેવી નોંધ હોય અને ફરી વંચાય તો તે ગ્રંથનો ઉપદેશ ફરી તાજો થાય અને આપણને ઉપયોગી નીવડ્યા હોય તે પ્રસંગોની સ્મૃતિથી આપણી પ્રગતિનું કંઈ અંકન થઈ શકે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૮૭ અગાસ, તા. ૮-૩-૫૧, ગુરુ

સત્સંગે નિઃસંગતા, નિઃસંગી નિર્મોહ;
નિર્મોહી નિશ્ચળ બને, જીવન્મુક્ત પ્રરોહ.

વિ. આપનું એક કાર્ડ તથા પત્ર મળેલ છેજી. સદ્‌ગત....ના સમાધિમરણમાં જેમણે ભાગ લીધો છે તે સર્વને હિતનું કારણ થયું છેજી. એવા પ્રસંગો આ કાળમાં જોવા મળવા મુશ્કેલ છેજી, તો તેમની સેવાની તો શી વાત?

તમે દશ નિર્વાણી વસ્તુ આ ભરતક્ષેત્રથી વિચ્છેદ ગઈ એ વિષે પ્રશ્ન પૂછ્યો છે તેનો ઉત્તર નીચે લખ્યા મુજબ જાણશોજી :

નિર્વાણ થવાના અચૂક કારણરૂપ અથવા નિર્વાણ સંબંધી જે બાબત તેને નિર્વાણી વસ્તુ કહે છે. તેવી દશ વસ્તુઓ પત્રાંક ૬૯૧ માં પરમકૃપાળુદેવે ગણાવેલી છે : (૧) મોક્ષ (૨) કેવળજ્ઞાન (૩) મનઃપર્યવજ્ઞાન (૪) અવધિજ્ઞાન (૫) પૂર્વજ્ઞાન (ચૌદપૂર્વ શાસ્ત્ર વિચ્છેદ ગયાં છે તે) (૬) યથાખ્યાતચારિત્ર (૭) સૂક્ષ્મસાંપરાયચારિત્ર (૮) પરિહારવિશુદ્ધિચારિત્ર (૯) ક્ષાયિકસમકિત અને (૧૦) પુલાકલબ્ધિ. શાસ્ત્રોમાં જે પ્રચલિત વાત છે તે મોક્ષમાળામાં મુખ્યત્વે પરમકૃપાળુદેવે જણાવી છે. તે પણ આ કાળ ભયંકર જણાવવા તથા તેથી ચેતતા રહેવા જણાવી છે. બાકી ઉપદેશછાયામાં તો સ્પષ્ટ જણાવ્યું છે કે આ કાળમાં મોક્ષ ન થાય એવી વાતો પણ સાંભળવી નહીં, પુરુષાર્થ કર્યા જવો અને મોક્ષે જતાં કાળ હાથ પકડવા આવે ત્યારે અમે જોઈ લઈશું એટલા સુધી કહ્યું છે તથા વ્યાખ્યાનસારમાં પણ આવે છે કે "તમારે કોઈ પ્રકારે ડરવા જેવું નથી; કારણ કે તમારે માથે અમારા જેવા છે; તો હવે તમારા પુરુષાર્થને આધીન છે. જો તમે પુરુષાર્થ કરશો તો મોક્ષ થવો દૂર નથી. મોક્ષ પ્રાપ્ત કર્યો તે બધા મહાત્મા પ્રથમ આપણા

જેવા મનુષ્ય હતા; અને કેવળજ્ઞાન પામ્યા પછી પણ (સિદ્ધ થયા પહેલાં) દેહ તો તે ને તે જ રહે છે; તો પછી હવે તે દેહમાંથી તે મહાત્માઓએ શું કાઢી નાખ્યું તે સમજીને કાઢી નાખવાનું કરવાનું છે. તેમાં ડર શાનો ? વાદવિવાદ કે મતભેદ શાનો ? માત્ર શાંતપણે તે જ ઉપાસવા યોગ્ય છે.''(વ્યાખ્યાનસાર – ૨ : ૧૦–૧૮) ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ

---

## ૮૮૮

### પરમકૃપાળુ પરમાત્માને નમસ્કાર

કોઈના તરફ દૃષ્ટિ નહીં કરતાં પોતાના દોષ જોવા અને ટાળવા એ આત્મકલ્યાણનો ટૂંકો રસ્તો છે. જ્યાંત્યાંથી છૂટવું છે. તેને માટે પરમકૃપાળુદેવનાં વચનો વાંચવાં, વિચારવાં, મુખપાઠ કરવાં, સમજવાં અને તેમાં જણાવ્યા પ્રમાણે રાગ, દ્વેષ, મોહ, ઈર્ષા, ફિકર, ચિંતા, ઇચ્છા, વાસના તજી પરમકૃપાળુદેવને ક્ષણે ક્ષણે યાદ કરવા. તેની કૃપાથી આત્માનું કલ્યાણ થશે, એ વિશ્વાસ રાખવો અને બીજી ઇચ્છાઓ ઊઠવા ન દેવી. ભક્તિ કરીને કશા ફળની ઇચ્છા ન કરવી. સ્વપ્ન જેવા આ સંસારમાં રાજી પણ ન થવું અને ક્રોધ, દ્વેષ, અણગમો, ઉદ્વેગ પણ ન કરવો. જે થાય તે જોયા કરવું. છૂટવા માટે જ જીવવું છે. જે આવે તે પ્રત્યે સમભાવ રહે તો પૂર્વનાં કર્મ દેખાવ દઈ ચાલ્યાં જાય, પણ જો ત્યાં ભાવ-અભાવ કરવા જાય તો નવાં કર્મ બંધાય છે. માટે આણે આમ કેમ ન કર્યું એમ ન વિચારવું. જેવાં જેનાં કર્મ છે તે પ્રમાણે તે વર્તે છે. બાવળ ઉપર કાંટા હોય; તે કેરી ક્યાંથી આપે ? માટે શૂળ જોઈતી હોય તો બાવળ પાસે જવું અને કેરી જોઈતી હોય તો આંબા પાસે જવું. તેમ સત્પુરુષ પાસે શાંતિ, સમાધિ, સુખ, આનંદ, મુક્તિ મળે અને સંસારમાં દુઃખ, ક્લેશ, બળતરા, ખેદ, શોક, કંટાળો ભરેલો છે. જો ત્યાં મન રાખીશું તો તેવું ફળ મળશે. આ શિખામણનો વિચાર કરી, પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રે છપદનો પત્ર, આત્મસિદ્ધિ, વીસ દોહરા, ક્ષમાપનાનો પાઠ, અપૂર્વ અવસર લખી જે બોધ દીધો છે તેને પગલે પગલે વર્તવા વૈરાગ્ય, ઉપશમ વધારી ભક્તિ કરીશું તો મોક્ષ મળશે; અને મંત્ર વગેરે ભૂલી જો રોયા કરીશું, સંસારી જીવોમાં મન રાખીશું તો જન્મમરણ છૂટશે નહીં અને આ ભવમાં જે દુઃખો દેખાય છે તેથી વધારે દુઃખો પરભવમાં ભોગવવાં પડશે. માટે આ આત્માની દયા લાવી તેને હવે ફરી કોઈને પેટે અવતરવું ન પડે એટલા માટે સાચા સત્પુરુષ શ્રીમદ્ રાજચંદ્રનું અચૂક શરણું જ મરતા સુધી ગ્રહણ કરું છું; બીજા કોઈમાં મારે મન રાખવું નથી, એવી પ્રતિજ્ઞાપૂર્વક વર્તવું ઘટે છેજી. આટલું બળ કરીને કરશો તો આ ભવ સફળ થશે અને ભવિષ્યમાં સુખી થશો. પારકી આશા સદા નિરાશ, એ વિચારી કેડ બાંધીને પરમકૃપાળુદેવની ભક્તિમાં મંડી પડો, ગાંડા થઈ જાઓ. કંઈ ડહાપણ કરવું નથી. હું કાંઈ જાણું નહીં. જે તેનાં કર્મ હશે તેમ તે પ્રવર્તશે. ભૂલ્યા ત્યાંથી ફરી ગણો, એમ ગણી મોક્ષની સડક પરમકૃપાળુદેવની ભક્તિ ગણી તેમાં જ તલ્લીન રહેવા ભલામણ છેજી. ૐ

---

## ૮૮૯

અગાસ, તા. ૨૭–૩–૫૧

તીર્થશિરોમણિ સત્સંગધામ શાંતિસ્થાન શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની નિરંતર સેવાનો ઇચ્છક દીન અધમ બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન

સ્વીકારવા વિનંતી છેજી. આપનો પત્ર આવ્યો તે વાંચ્યો. પરમાર્થજિજ્ઞાસા દિવસે દિવસે અસત્સંગયોગે મંદ થતી અટકે અને સત્સંગમાં ફરીથી વસવાની ભાવના બળવાન બને તે અર્થે મહિને બે મહિને મુંબઈની ધમાલથી છૂટી આવી જવાનું રાખો તો બની શકે તેમ છે. ભાડાં ખરચવાથી ખાવાનું ખૂટી પડશે એમ તો તમારે છે નહીં; તો બળ કરીને પણ, સત્સંગનો છોડ પાણી વિના સુકાઈ જાય છે એમ જાણી, તેની કાળજી રાખશો તેટલી આત્માની સંભાળ લીધી ગણાશેજી. આપણુ બાળ જીવોને માટે તો સત્સંગ જ ઉત્તમ ઔષધિ છે. ગમે તેટલું વાંચીએ, વ્યાખ્યાન સાંભળીએ, તપ કરીએ; પણ સત્સંગના વાતાવરણમાં આત્મદાઝ વધે તેવું બીજે કયાંય બનવું મુશ્કેલ છે. હવે પાછળના દિવસો સુધારી સમાધિમરણની તૈયારી કરવી જોઈએ તેને બદલે પૂર્વે ધર્મ-આરાધન કર્યું હોય તેને ઊધઈ લાગે અને ખવાઈ જાય તેવું આર્ત્તધ્યાન આદિથી થતું જણાય તો લાગતું ઘર જેમ તજી દઈ બળતામાંથી બહાર નીકળી જઈએ છીએ તેમ બધી તકરારો ખંખેરી નાખી હવે તો બે હાથ જોડી બધાંથી છૂટી, માત્ર આજીવિકા જેટલું મળે તેથી સંતોષ માને તો જીવનું હિત થાય એમ સમજાય છે. હવે તો સંસાર ઝેર જેવો લાગે તેવા વૈરાગ્યની વૃદ્ધિ કેમ થાય એ જ લક્ષ હાલમાં રાખવા યોગ્ય છે.

પૂ. ધર્માત્મા પુનશીભાઈની હયાતીમાં જે ધર્મને આધારે ક્લેશ શમાવેલો, તો હવે નાશવંત વસ્તુઓમાં આત્માને ક્લેશ વિના કંઈ પ્રાપ્ત થતું નથી એવો અનુભવ પ્રત્યક્ષ થઈ ચૂક્યો છે તે શિખામણથી આત્માને સમજાવી સમાધિમરણની તૈયારી કરવા શૂરવીર બનાવવો ઘટે છેજી. જે વસ્તુ અહીં જ પડી રહેશે તે વસ્તુને અર્થે આત્મા ક્લેશિત રહ્યા કરે અને જે ધર્મથી શાંતિ એક વખત અનુભવી છે તેને ધકેલી-ધકેલીને દૂર કરનાર પૂર્વપ્રારબ્ધ જ નથી પણ પોતાની નિર્બળતા પણ છે એમ સમજી શૂરવીર થવા વિનંતી છેજી. ગમે તેમ થાય તોપણ પરમકૃપાળુદેવનાં વચનામૃત વાંચવા-વિચારવાનો અને કષાયનો અંત આણવાનો નિશ્ચય કર્તવ્ય છેજી. જેટલી આમાં ઢીલ થાય છે તેટલી આત્મહિતમાં હાનિ થાય છે. ૐ શાંતિઃ

---

૯૯૦ અમાસ, તા. ૧૨-૫-૫૧

તમે સમ્યક્દર્શન અને ભેદજ્ઞાનને એકરૂપે જણાવ્યું છે તે એક રીતે ઠીક છે, પરંતુ

"છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ, મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ, મૂળ૦"

એમાં સદ્ગુરુના ઉપદેશથી તેમણે જણાવ્યો છે તેવો ઉપયોગસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ વારંવાર વૃત્તિમાં લાવી અભ્યાસ કરે તેનું નામ પણ ભેદજ્ઞાન કહ્યું છે અને તેનું ફળ સમ્યક્ત્વ પણ કહેલું છે. એટલે સમ્યક્દર્શનને અર્થે જ્ઞાનીએ કરેલી આજ્ઞા આત્મામાં પરિણામ પામે તેવો અંતરંગ પુરુષાર્થ તે ભેદજ્ઞાનનો અભ્યાસ કહેવાય છે. તેનું ફળ ખાસ જ્ઞાન અને સમ્યક્દર્શન બન્ને સાથે પ્રગટે છે — જેમ બળદને બન્ને શીંગડાં સાથે ફૂટે તેમ. આપે દૃષ્ટિ ફેરવવાનો ઉપાય પૂછ્યો છે તે એ જ છે. અતિ તીવ્ર વૈરાગ્ય સહ તે આત્મભાવના કર્તવ્ય છેજી. કોઈક જીવ કરેડિયા કરી આગળ આવી જાય છે એમ પરમકૃપાળુદેવે કહ્યું છે. હવે ઢીલા પડવું નહીં, પણ વૃદ્ધમાંથી યુવાન થવું. શરીરબળની તેમાં જરૂર નથી, ઝૂરણાની

જરૂર છે. સંસાર ઝેર જેવો લાગે તેવો વૈરાગ્ય અને સદ્ગુરુના આત્માની ચેષ્ટા પ્રત્યે વૃત્તિ નિરંતર વહે તે પુરુષાર્થ. ટૂંકામાં જગતનું વિસ્મરણ અને સત્પુરુષના ચરણમાં વૃત્તિની લીનતા કર્તવ્ય છેજી. અબંધદશા તો તીવ્ર જ્ઞાનદશા પ્રાપ્ત થયે થાય છે; છતાં મોક્ષમાર્ગમાં પ્રવર્તન બે પ્રકારના જીવોનું કહ્યું છે, એક જ્ઞાનીનું અને બીજું તેના આશ્રિતનું. શ્રી સોભાગ્યભાઈએ છેલ્લે તાવની માંદગીમાં પણ પરમકૃપાળુદેવની આજ્ઞા આરાધવાનો એટલો બધો પુરુષાર્થ કર્યો છે કે બે ફટ દેહ અને આત્માનું ભાન તેમને છેલ્લે પખવાડિયે થઈ ગયું. એટલે માંદગીમાં પણ પરમકૃપાળુદેવ પ્રત્યે પરમ પ્રેમ વધારી, દેહથી ભિન્ન પોતાનું સ્વરૂપ જ્ઞાનીએ દીઠું છે તેવું જ છે એ વૃત્તિ દૃઢ કરવાની છેજી. થોડું લખ્યું ઘણું કરી માનજો. સત્સંગની ભાવના અને સત્પુરુષાર્થ ચાલુ રહે એવી ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૯૧ અગાસ, તા. ૨૨-૫-૫૧

તત્ ૐ સત્ વૈશાખ વદ ૧, મંગળ, ૨૦૦૭

વિ. આપનો પત્ર મળ્યો. હવે પ્રમાદ તજી વીસરાઈ ગયેલું તાજું કરતાં હશો તથા જે જે મુખપાઠ કર્યું છે તેનો ઊંડો વિચાર થાય અને તે મહાપુરુષોના આશ્રયમાં આપણા ચિત્તની પ્રસન્નતા, રુચિ, ભાવના, નિદિધ્યાસન, વૃત્તિનું વહેવું રહે તેમ કર્તવ્ય છેજી. હવે તો વૃત્તિઓ વિરામ પામે, ઇચ્છાઓ ન ઊગે અને આનંદનો અનુભવ થાય તેમ પરમકૃપાળુદેવને શરણે પુરુષાર્થ કર્તવ્ય છેજી.

"પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ. ઋષભ જિણંદશું પ્રીતડી"

જગત અને જગતની ગણાતી અનુકૂળતાથી કંટાળી યથાપ્રારબ્ધ નિઃસ્પૃહપણે અપરવશપણે પ્રવર્તાય તો જીવ કંઈ શાંતિ અનુભવે. મહાપુરુષોના ઉત્તમ વિચારોનું અવલંબન, પૂ. પ્રભુશ્રીજીનો બોધ, બધું આપણે માટે વાંચીએ છીએ, એમ લક્ષ રાખી કોઈ હોય તો મોટેથી વાંચવું, પણ જનરંજનમાં હવે આપણો કાળ ન જાય, સમાધિમરણની તૈયારી માટે જ રાત અને દિવસ જાય એ ભૂલવા યોગ્ય નથી. સમાધિશતકનો વિશેષ વિશેષ વિચાર રહ્યા કરે તેમ કર્તવ્ય છેજી. આ બધું પરમકૃપાળુદેવનું અંતર ઓળખવા અર્થે કરવાનું છે તે પણ ભૂલવા યોગ્ય નથી. તે મહાપુરુષના આ ભવના અથાગ પુરુષાર્થની સ્મૃતિ અખંડ રાખવા યોગ્ય છેજી. આવું શરણ મળ્યું છે અને જો લાભ નહીં લઈએ તો આપણા જેવા અધમ કોણ કહેવાય? આવી જોગવાઈ ફરી ફરી મળવી દુર્લભ છે એમ વિચારી આત્માને સતત જાગ્રત રાખતા રહેવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી. એક વાર ફરીથી 'તત્ત્વજ્ઞાન' પણ વાંચી-વિચારી જવા ભલામણ છેજી. આ સામાન્ય સૂચના લાગશે પણ હવે ઊંડા ઊતરી વિચારશો તો તે તત્ત્વજ્ઞાન યથાર્થ રૂપે પરિણમે તેવી ભાવના પ્રેરી રહેશોજી.

"પરમ શાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસંમત ધર્મ છે."(૩૭)

તાત્કાલિક બાબતોનું મહત્ત્વ ન લાગે અને અનંત મહાપુરુષોએ જેને ઉત્તમ માન્યું છે એવું ઉત્તમ પદ આ કલ્પિત વસ્તુઓ આડે ગૌણ ન થઈ જાય તે લક્ષ રાખવા ભલામણ કરી વિરમું છુંજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૯૨ અગાસ, તા. ૩૦-૫-૫૧
તત્ ૐ સત્ વૈશાખ વદ ૧૦, બુધ, ૨૦૦૭

"કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ." —શ્રીમદ્ રાજચંદ્ર

તમે પત્રાંક ૪૭ માંથી સાત પ્રકૃતિ વિષે જાણવા ઇચ્છ્યું તેનો ઉત્તર નીચે લખ્યા પ્રમાણે વાંચશોજી—

દર્શનમોહનીયકર્મ જીવને, જ્ઞાનીએ જેમ કહ્યું છે તેમ, સમજવા દેતું નથી, વિપરીતતા કરાવે છે અને ચારિત્રમોહનીયકર્મ જ્ઞાનીએ જણાવ્યા પ્રમાણે વર્તવા દેતું નથી. દર્શનમોહનીયના ત્રણ ભેદ છે:

(૧) મિથ્યાત્વ મોહનીય એટલે 'શરીર તે જ હું' એવી અનાદિ ભૂલ ચાલી આવી છે તથા શરીરના દુઃખે દુખી અને શરીરના સુખે સુખી એવી માન્યતા; સત્‌દેવ, સદ્‌ગુરુ, સદ્-ધર્મમાં રુચિ ન થવા દે; દેહને લઈને રૂપ, કુળ આદિરૂપ પોતાનું સ્વરૂપ મનાય, પણ જ્ઞાનીએ કહ્યો છે એવો અરૂપી આત્મા દેહથી ભિન્ન અને અવિનાશી છે એમ ન મનાય.

(૨) મિશ્રમોહનીય — જ્ઞાનીએ કહ્યું છે તે પણ ઠીક છે અને આપણે આજ સુધી કરતા આવીએ છીએ તે પણ ઠીક છે. સદ્‌ગુરુ સારા છે અને આપણા કુળગુરુ અજ્ઞાની હોય તોપણ તે સાધુ છે, આચાર્ય છે, સારા પૂજવા લાયક છે એવી માન્યતા. તે મિથ્યાત્વમોહનીય કરતાં ઓછા ઝેરવાળી પણ સમકિત ન થવા દે તેવી છે. બીજી રીતે પણ તેનું વર્ણન ઉપદેશછાયા(પૃષ્ઠ ૭૦૯)માં છે — "ઉન્માર્ગથી મોક્ષ થાય નહીં, માટે માર્ગ બીજો હોવો જોઈએ એવો જે ભાવ તે મિશ્રમોહનીય."

(૩) સમ્યક્‌ત્વમોહનીય — " 'આત્મા આ હશે?' તેવું જ્ઞાન થાય તે 'સમ્યક્‌ત્વમોહનીય', 'આત્મા આ છે' એવો નિશ્ચયભાવ તે 'સમ્યક્‌ત્વ'."

"સત્પુરુષો મળ્યે, જીવને તે બતાવે કે તું જે વિચાર કર્યા વિના કર્યે જાય છે તે કલ્યાણ નથી, છતાં તે કરવા માટે દુરાગ્રહ રાખે" તે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાય છે આમ ઉપદેશછાયામાં પૃષ્ઠ ૭૦૯ ઉપર છે તે વાંચી સમજી લેવા ભલામણ છેજી.

જેવી પૈસાની, કુટુંબની, દેહની અને પોતે ધારેલી બાબતો સફળ કરવા જીવે કાળજી રાખી છે અને રાખે છે, તેવી કાળજી આત્માની, આત્મહિતનાં સાધન માટેની રાખી નથી. તે ભૂલ હવે વારંવાર ન થાય તે અર્થે, 'શું કરવા આવ્યો છું? અને શું કરું છું?' તેનો વારં-વાર વિચાર કર્તવ્ય છેજી. પ્રમાદ જેવો કોઈ શત્રુ નથી. પ્રમાદ ઓછો કરવાનો નિશ્ચય કરી તેની વારંવાર સ્મૃતિ રાખવાથી પરમાર્થના વિચારનો અવકાશ મળે છે, અને પરમાર્થનો વિચાર થાય તો પરમાર્થમાર્ગમાં પ્રવેશ થાય છે. આ લક્ષ રાખવા ભલામણ છેજી. મંદિરમાં કે ઘેર જે વાંચવાનું બને તેમાં, બીજાને વાંચી સંભળાવું છું એ ભાવ ગૌણ રહે અને મારે માટે જ આ કામ કરું છું એની મુખ્યતા થાય તેમ પ્રવર્તવા કાળજી રાખવા ભલામણ છેજી. સદાચારથી અને સર્વના હિતની ભાવનાથી વર્તતાં અપૂર્વ આનંદ આવશે. સત્સંગની ભાવના નિરંતર કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૯૩ અગાસ, વૈશાખ વદિ ૦)), સોમ, ૨૦૦૭

જાગ્યા ત્યારથી કે સમજ્યા ત્યાંથી સવાર ગણીને હવેનું જીવન પવિત્ર ભાવથી ગાળવાનો નિશ્ચય જીવ કરે તો તેમ કરી શકે છેજી. જે રસ્તે લૂંટાયા તે રસ્તે હવે નથી જવું એમ નિશ્ચય કરી સત્સમાગમ શોધી પરમકૃપાળુદેવનું શરણ સમજીને તે સ્વીકારવાથી જીવનું કલ્યાણ થવું ઘટે છેજી.

માત્ર શિખામણ અર્થે પત્ર લખ્યો હોય તો નીચેની શિખામણ લક્ષમાં રાખશોજી :— બાળવા યોગ્ય ક્રોધ છે; ટાળવા યોગ્ય માયા-કપટ છે; વાવવા યોગ્ય વિનય છે; સાધવા યોગ્ય સંતોષ છે; સમજવા યોગ્ય સત્પુરુષનું શરણ છે. આ વાત સત્સમાગમે સમજી હૃદયમાં લખી રાખવાની છેજી.

---

૮૯૪ અગાસ, તા. ૨૦-૬-૫૧

તત્ ૐ સત્ જેઠ વદ ૧, બુધ, ૨૦૦૭

વિ. આપનું કાર્ડ મળ્યું, વાંચી વિગત જાણી છેજી. સંસારમાં આવાં દુઃખ આવે તેમાં નવાઈ નથી. દરિયામાં પાણી ખારું ખારું જ હોય છે તેમ સંસારમાં દુઃખ, દુઃખ અને દુઃખ જ છે. સુખ લેવા જીવ જાય છે પણ દુઃખ ખમીને ધરાઈ જાય છે, છતાં સંસારની મીઠાશ છૂટતી નથી એ એક આશ્ચર્ય છે! આવું સંસારનું સ્વરૂપ મહાપુરુષે જાણ્યું તેથી તેનો મોહ છોડી સંસારના મૂળરૂપ દેહાધ્યાસ કે મિથ્યાત્વ તેનો તેમણે ક્ષય કર્યો અને આત્માને અર્થે જ મનુષ્યભવ ગાળીને મોક્ષે ગયા. આપણે એમને પગલે પગલે ચાલી દેહને બદલે આત્માની સંભાળ રાખતાં શીખીશું તો અનંત સુખને માર્ગે ચઢીશું. માટે "ખેદ નહીં કરતાં શૂરવીર-પણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે," (૮૧૯) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે તે લક્ષમાં રાખી વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ અને ત્યાગનો લક્ષ રાખી વર્તમાન સંજોગોમાં વર્તવું પડે તેમ ઉદાસીનભાવે વર્તવા ભલામણ છે અને ભવિષ્યમાં સંસારથી છુટાય તેમ વર્તી આત્મહિતને મુખ્ય રાખી જીવન ગાળવા ભલામણ છેજી. શોકના પ્રસંગમાં ખેદ સામાન્ય માણસને થયા વિના ન રહે પણ તે ખેદને વૈરાગ્યમાં પલટાવી નાખવો અને પોતાનો વિચાર કરવો કે આટલું વિશેષ જીવવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું છે તો મરણ આવતા પહેલાં વિશેષ ભક્તિભાવ વધારીશ તો આવા મરણને બદલે સમાધિમરણ સાધવાનો લાગ હજી મારે માટે છે. દરરોજ ભક્તિ કરવાનો નિત્યનિયમ ન ચુકાય એ લક્ષ રાખી, બને તો તત્ત્વજ્ઞાનના પાછલા ભાગમાં કાવ્યો છે તે વાંચી, વિચારી મુખપાઠ કરવાનું રાખશોજી. નવરાશના વખતમાં સ્મરણ-મંત્રમાં ચિત્ત રાખવાની ટેવ પાડવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૯૫ અગાસ, તા. ૨૨-૬-૫૧

પૂ....એ આપની આફતની વાત કરી. સંસારમાં આવા પ્રસંગો આવવા એ નવાઈની વાત નથી. અનાદિકાળથી જીવ ઠગાતો આવ્યો છે. પાંચ ઇંદ્રિયના વિષયો, કષાય, પ્રમાદ, મિથ્યાત્વ આદિ ચોર ઠગારા આપણા જ હૃદયમાં વાસ કરી આ આત્માનું બૂરું કરવામાં કંઈ કચાશ રાખતા નથી. તે બધાને ઓળખી તેમને હાંકી કાઢી આત્માને શાંતિ થાય તેવો પુરુ-

ષાર્થ હાથ ધરવો યોગ્ય છે. જેને સદ્ગુરુનું શરણ, સ્મરણ, ભક્તિની પ્રાપ્તિ થઈ છે તેણે તો સંસારનું સ્વરૂપ વારંવાર વિચારી આવા દુઃખરૂપ સંસારમાં ફરી જન્મવું જ ન પડે તેવો માર્ગ આરાધવા કેડ બાંધવી ઘટે છેજી. મારું ગયેલું પાછું મેળવવા માટે બહુ શ્રમ લેવો પડશે એવો વિચાર મંદ કરી, જે મારું હોય તે જાય જ નહીં અને જે ગયું તે મારું હોય જ નહીં એમ દૃઢ વિચાર મનમાં ઠસાવવો ઘટે છે. નાશવંત વસ્તુનો મોહ જીવને નિત્ય, પરમાનંદરૂપ એવા આત્માનો વિચાર કરવા દેતો નથી. તેથી મોહ મંદ થાય તેવું 'શ્રીમદ્ રાજચંદ્ર'નું પુસ્તક વાંચવા, વિચારવા તથા તેમાંથી મુખપાઠ કરવાનું રાખશો તો હિતનું કારણ છેજી. જે વખતે મંદ કર્મનો ઉદય હોય ત્યારે સત્પુરુષનાં વચનોમાં વિશેષ વૃત્તિ રાખી વૈરાગ્ય વધારવાથી જીવને ઘણો લાભ થાય છે. લોભ કષાયને મંદ પાડવાનો નિશ્ચય કરવાથી અને તે પ્રકારમાં યથાશક્તિ વર્તવાથી જીવ મોક્ષમાર્ગમાં ઉત્સાહી થાય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૯૬ અગાસ, અષાડ સુદ ૧૪, મંગળ, ૨૦૦૭

વિ. આપનો ક્ષમાપનાપત્ર મળ્યો છે. સમાચાર જાણ્યા છે. ગત ભાવો વિસ્મરણ કરી નિઃશલ્ય થાઉં છું. પરિણામધારા તરફ વૃત્તિ રહે અને દોષો દેખી દોષો ટાળી નિર્દોષ થવાનો પુરુષાર્થ થયા કરે એ જ ભલામણ છે. કેવળ અંતર્મુખવૃત્તિ સતત રહે એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે. બીજી પ્રવૃત્તિમાંથી બનતી નિવૃત્તિ શોધી આત્મકલ્યાણ વર્ધમાન થાય તેમ સ્મરણમાં પ્રવૃત્તિ સમાધિમરણ અર્થે કરવાનું ન ચુકાય તેમ કર્તવ્ય છેજી. ક્ષણિકતા શરીર, સંસાર અને ભોગની વારંવાર લક્ષમાં રહે, તેની જ વાત કથા વિશેષ થયા કરે અને એમને આ જ ગમે છે એમ બીજાને સમજાતું જાય તેમ વર્તવાથી બહારની ડખલ ઓછી થશે. પણ ક્યારે કે આપણને જ મરણ વારંવાર સાંભરશે ત્યારે. મરણ નજીક હોય તો આ બધી પ્રવૃત્તિ જેમ આપણે ખસેડી મૂકીએ તેમ સમાધિમરણની તૈયારી કરવી હોય તો તો બધું બને તેટલું ઓછું કરવું જ પડશે. નછૂટકે કરવું પડે તેટલું સમિતિપૂર્વક પ્રવર્તાય તેમ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ

---

૮૯૭ અગાસ, તા. ૧૭-૭-૫૧

તત્ ૐ સત્ અષાડ સુદ ૧૪, મંગળ, ૨૦૦૭

પૂ.... લખે છે કે કોઈ કોઈ દિવસ નિત્યનિયમ થતો નથી; તો હવેથી કાળજી રાખી દિવસે કે રાતે એક વખત તો રોજ નિત્યનિયમ કરવો. મનમાં એકલા એકાંતમાં બેસીને બોલી શકાય. માળા હાથનાં આંગળાં વડે ગણી શકાય. હરતાં ફરતાં મંત્રમાં ચિત્ત રાખવાની ટેવ પડશે તો ચિત્તમાં બીજા વિચારો નહીં આવે અને મૂંઝવણ નહીં થાય. આત્મસિદ્ધિ શીખવાની ભાવના હોય તો પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ નમસ્કાર કરીને આજ્ઞા લેવી કે હે ભગવાન ! મારે આત્મસિદ્ધિશાસ્ત્ર મારા આત્માના કલ્યાણને અર્થે શીખવું છે, એવી પ્રાર્થના કરી ગોખવાની શરૂઆત કરવી. રોજ નિયમિત બે-પાંચ ગાથા કરવાનો નિયમ રાખ્યો હોય તો થોડા દિવસમાં મુખપાઠ થઈ જશે. પછી છપદનો પત્ર મુખપાઠ કરી લેવા જેવો છે. જેટલું મુખપાઠ થાય તેટલાનો દિવસે કે રાત્રે વિચાર કરવો અને સમજવું. "નિત્યનિયમાદિ પાઠ"ની ચોપડીમાં આત્મસિદ્ધિના અર્થ છે; તે મુખપાઠ થયેલી ગાથાઓ સમજવાના કામમાં

આવશે અને નિત્યનિયમના પાઠ બોલીએ છીએ તે તથા છપદના પત્રના પણ તેમાં અર્થ છે તે વાંચવાથી સારી રીતે સમજાશે અને સમજપૂર્વક ગોખાશે તો આનંદ આવશે, બોજારૂપ નહીં લાગે. વખત મળે ત્યારે સમાધિસોપાન વાંચવાનું રાખવાથી વૈરાગ્ય વધશે, ધર્મ ગમશે અને આચરણ સુધરશે તથા સમાધિમરણ કરવાની ભાવના જાગશે. ભક્તિમાં કાળ જાય તેટલું જ ખરું જીવવાનું મળ્યું એમ જાણી આનંદમાં રહેવું. બીજું બધું ભૂલી જવાનું છેજી.

---

૮૯૮ અગાસ, તા. ૨૧-૭-૫૧

તત્ ૐ સત્ અષાડ વદ ૩, શનિ, ૨૦૦૭

પરમપુરુષ પરમકૃપાળુ સદ્ગુરુદેવને ક્ષણવાર પણ ન વીસરવા એ જ ખરો પુરુષાર્થ સમજાય છે. તેનું સ્વરૂપ સમજાયે તેમ બનવા યોગ્ય છેજી. પરમપુરુષની ઓળખાણ થયે તેના વિના એક ક્ષણ પણ જીવવું એ મરણ કરતાં પણ વિશેષ અસહ્ય લાગે એવી દશા આવ્યે જીવને માયા મૂંઝવતી નથી; એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે તે વિશેષ વિચારવા યોગ્ય છેજી. બધા મળી ભક્તિ કરતા હશો તથા કંઈ કંઈ સદ્વાચન-વિચારનો ક્રમ રાખ્યો હશે. બીજા કોઈ ન હોય તો આપણે પોતે પોતાને જ સંભળાવવાની જરૂર છે. વાંચી શકાય ત્યાં સુધી વાંચવું, વાંચેલું વારંવાર વિચારવું અને તે પરમપુરુષની નિષ્કારણ કરુણાને નિરંતર લક્ષમાં રાખી યોગ્યતા વધાર્યા જવું એ જ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૮૯૯ અગાસ

"दमयंती, सीता सती, द्रौपदी भई दुःखपात्र;
तिनके दुःखको तोल कर, तव दुःख है कुन मात्र?
सुखके दिन वही जात है, दुःखके दिन वही जात;
गये दिवस सो स्वप्न सम भासत है इहि भात."

જેણે સાચા ભાવથી સદ્ગુરુનાં દર્શન કર્યાં છે તેને તો જન્મ-મરણરૂપ સંસાર ત્રાસરૂપ લાગ્યા વિના રહે નહીં અને દેહ વેદનાની મૂર્તિ સમજાવા યોગ્ય છે. દેહરૂપી કેદખાનામાં કે પાંજરામાં જીવરૂપી પક્ષીને પૂરવાથી તે નિરંતર દુઃખ વેદે છે, પણ મોહને લઈને જીવ દેહ-રૂપ જ પોતાને માને છે. દેહના દુઃખે દુઃખી અને દેહના સુખે સુખી માનવાની આ જીવને ભૂંડી ટેવ પડી છે તે જ્ઞાનીપુરુષના ઘણા સમાગમે ટળે છે. જ્ઞાનીપુરુષો તો "देहदुःखं महाफलम्" દેહદુઃખને કલ્યાણકારી સમજે છે. નીરોગી શરીર હોય તો ઉપવાસાદિ કાયક્લેશનાં સાધનોથી દેહદુઃખ પ્રગટાવી દેહના સામા પડે છે, અને દેહનો સ્વભાવ દુઃખ આપવાનો છે એ વાતની વિસ્મૃતિ ન થાય તેમ વર્તે છે. જ્ઞાનીઓ દુઃખને બોલાવીને તેને ભોગવી લઈ મુક્ત થવા મથે છે; તો આપણને સહજે દુઃખ આવી પડ્યું છે તેમાં સમભાવ રાખી, જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી જો ધીરજથી આટલું દુઃખ સહન કરી લઈએ તો ઘણા આકરા તપનો લાભ આપણને મળે તેવો અવસર આવ્યો છે. ખેદ, શોક કે ક્લેશ મનમાં લાવીને વેદીશું તો ફરી અશાતા વેદની આવી કે આથી આકરી બાંધી દુઃખને આમંત્રણ આપવા જેવું થશે. આત્મસિદ્ધિ તમને આવડે છે તેમાંથી ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧ અને ૧૪૨ ગાથાઓનું વારંવાર રટણ કરતાં રહેશો તો

દુઃખ વેદવામાં ઘણું બળ મળશે, ચિત્ત સત્પુરુષનાં વચનોમાં ગૂંથાયેલું રહેશે અને તેમાં આનંદ આવશે તો પરમ દુર્લભ એવી સત્શ્રદ્ધારૂપ આત્મગુણ પ્રગટવાનું નિમિત્ત થશે. માટે મનને ન ગમે તોપણ પરાણે પણ જો બળ કરીને ચિત્તને તે વચનોમાં રોકવામાં, વિચારવામાં, બોલવામાં, સાંભળવામાં, ઇચ્છવામાં, ભાવના કરવામાં કાળજી રાખશો તો તેવો અભ્યાસ પડી જશે અને તે જ સુખરૂપ લાગશે. મહામંત્રરૂપ તે ગાથાઓ છે, શ્રી આત્મસિદ્ધિના સારરૂપ છે, સમાધિમરણ પ્રાપ્ત કરાવે તેવું તેમાં બળ છે, એવું સત્પુરુષ પાસેથી સાંભળ્યું છે, શ્રદ્ધ્યું છે તે જ તમને માત્ર તમારા આત્મહિતને અર્થે જ જણાવું છુંજી. તો હીરાના હાર કરતાં પણ અમૂલ્ય ગણી તેટલી ગાથાઓ કંઠે કરી ફેરવતાં રહેવા ભલામણ વારંવાર કરું છુંજી.

---

૯૦૦ અગાસ, તા. ૫-૮-૫૧

તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૩, રવિ, ૨૦૦૭

સત્સંગની અનુકૂળતા એ મુખ્ય કારણ જાણી ત્યાં રહ્યા હો તો સારું છે. આજીવિકા પૂણિયા શ્રાવકની પેઠે પ્રારબ્ધાનુસાર બની રહેશે, પણ જો ભક્તિભાવની વૃદ્ધિ કરશો તે કમાણી પરભવમાં સાથે આવશે, સમાધિમરણનું કારણ થશે. ચિત્તને સમજાવીને ભટકતું અટકાવશોજી. મનથી ભાવના સારી કરવી, મનમાં હોય તેવું જ વચનમાં આવે તેવી સરળતા રાખવી તથા વચનમાં બોલાય તેવું વર્તન કરવાનો યથાશક્તિ પુરુષાર્થ થાય એ સજ્જનતાનું લક્ષણ છે. તે લક્ષ રાખી વર્તવાનું કરશો તો પહેલાં તમને અસ્થિર ચિત્તવાળા જાણતા હતા તે પણ પોતાનો અભિપ્રાય ફેરવી તે હવે મક્કમ બને છે એમ માનશે. બીજાના અભિપ્રાય માટે જીવવાનું નથી. પણ બીજાને વિશ્વાસ ન બેસે તેવું આપણું વર્તન હોવું ન ઘટે. વાચન, વિચાર બધાની સાથે કરતા રહેશો અને વખત મળે તો તમારી પાસે નોટો, પુસ્તકો હોય તેનો પોતાને માટે પણ અભ્યાસ કર્તવ્ય છેજી. શાંતિ ચિત્તની વધે તેમ વિચારણા કર્તવ્ય છેજી.

"અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ?"
"પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્ગુરુયોગ;
વચનસુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ."

બધા મળી વિચારોની આપ-લે કરો તેમાં પરમપુરુષ શ્રીમદ્ રાજચંદ્રની અપૂર્વતા, આ કાળમાં તેમનો મહદ્ ઉપકાર અને તેમના શરણથી જીવની જાગૃતિનો સંભવ છે આ ભાવ વિશેષ વિચારાય તેમ ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૦૧ અગાસ, તા. ૧૦-૮-૫૧

તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૮, શુક્ર, ૨૦૦૭

"દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધીંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ—
વિમલજિન, દીઠાં લોયણ આજ; મારાં સીધ્યાં વાંછિત કાજ વિમલજિન૦"

સબળ શરણું જેને મળ્યું છે તેણે હિંમત રાખી સત્પુરુષાર્થ કર્યે જવાનું જ કામ છે. લોક ગમે તેમ કહે કે ગમે તેવી મુશ્કેલીઓ મોક્ષમાર્ગમાં પ્રત્યક્ષ નડે તોપણ તેથી ડરી નહીં જતાં "શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે" (૮૧૯) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે, તે વારંવાર સ્મૃતિમાં રાખી, મુશ્કેલીઓ નડે તેની સામે થઈ તેનો નાશ કરવાનો છે. કોઈ વખતે કર્મનો ઉદય તીવ્ર હોય ત્યારે આત્માનું વીર્ય ચાલતું નથી અને જાણે હવે મારાથી કંઈ નહીં બને એમ લાગે છે, પણ જેના વચનબળે જીવ નિર્વાણ-માર્ગને પામે છે એવા ભડવીર શ્રીમદ્ સદ્ગુરુ રાજચંદ્રના વચનમાં વૃત્તિ રાખી તેવો કાળ સ્મરણભક્તિમાં વિશેષપણે ગાળવો અને અધમ મનોવૃત્તિનો પશ્ચાત્તાપ કરી ક્ષમાપનાના પાઠને વારંવાર વિચારી "તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ !" એમાં વૃત્તિ લીન કરવી ઘટે છેજી. જગત જખ મારે છે. એઠવાડા જેવા વિષયોમાંથી મન ઉઠાડી લઈ પરમકૃપાળુદેવને શરણે મન રાખવું. અનંતકાળથી રખડાવનાર શત્રુને શરણે સુખ શોધવા કયો મૂર્ખ જાય? યાચક થવું તો ત્રણ લોકના નાથ શ્રી સદ્ગુરુએ જે બોધ કર્યો છે તેના યાચક બનવું, પણ ઇન્દ્રિયોથી સુખ મળે છે અને તેથી મનની તૃપ્તિ થશે એમ સ્વપ્ને પણ ન સમજવું.

"સત્સંગ છે તે કામ બાળવાનો બળવાન ઉપાય છે" (૫૧૧) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે. તેવી જોગવાઈ ત્યાં પણ બે-ચાર જણ મળીને કરવાથી જીવને શાંતિનું કારણ થશે. જ્ઞાની-પુરુષનાં વચન કાનમાં પડશે, ચર્ચાશે તો તેમાંથી ઘણું બળ જીવને મળશે, પોતાના દોષો દેખાશે, તેને વગોવીને હાંકી કાઢવાનું સાહસ પણ થશે. માટે સાચા દિલથી સત્સંગ કરવાનો દૃઢ નિશ્ચય કરી, ભક્તિ કરી, કંઈ કંઈ કૃપાળુદેવનાં વચન વાંચવા-વિચારવાનું રાખવા ભલામણ છેજી. સત્સંગમાં જ્ઞાનીપુરુષનાં ગુણગ્રામ ગાવા છે એ જ લક્ષ રાખવો. આપણને હિતકારી વચનો વર્ષો ઉપર જ્ઞાની ઉચ્ચારી ગયા છે, તેનો ઉપકાર માનવો અને તેનાં વખાણ કરવાથી કોટિ કર્મ ખપે છે અને આશ્વાસન, શૂરવીરપણું અને હિંમત મળે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૦૨ અગાસ, તા. ૧૩-૮-૫૧
ૐ શ્રાવણ સુદ ૧૩, બુધ, ૨૦૦૭

"પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ."—શ્રીમદ્ રાજચંદ્ર

વૈરાગીના જીવન વૃત્તાંતમાંથી વૈરાગ્યની વાત હોય તે ગ્રહણ કરવા યોગ્ય છે. બાકી ચમત્કાર દેખાડી યોગ સિદ્ધ કરવો એ મહાત્માનું લક્ષણ નથી એમ પરમકૃપાળુદેવે પત્રાંક ૨૬૦ માં નથુરામ શર્મા વિષે લખ્યું છે. પરમકૃપાળુદેવ જેવા આ કાળમાં કોઈ નજરે આવતા નથી. તે સિવાય ક્યાંય મન રોકવા જેવું નથી એમ મને તો લાગે છેજી. બીજી વસ્તુઓમાં મન રાખીને જીવે પરિભ્રમણ અનંતકાળ સુધી કર્યું. હવે તો સતીની પેઠે એ એક જ ગ્રહણ કરવા યોગ્ય છેજી. વૃત્તિનો વ્યભિચાર એ જ કર્મબંધનું કારણ છે. આપ તો ગુણગ્રાહી છો એટલે ગમે તે વાંચો પણ તેમાં તણાઓ તેવા નથી અને તેવાને તજીને પરમકૃપાળુદેવને પરણ્યા છો એટલે કંઈ

લખતો નથી. બાકી યોગ અને ચમત્કારમાં જગત ગાંડું બની જાય તેમ છે; પરંતુ તેથી આત્માનું કંઈ કલ્યાણ નથી. સમ્યક્‌દર્શન સિવાય બધું ચિતરામણ જેવું, ઘડીમાં ભૂંસાઈ જાય તેવું છે. શાશ્વત મોક્ષમાર્ગ દે તેવું સમ્યક્‌દર્શન જ આ ભવમાં હિતકારી છે. તે સિવાય બધું પથ્થર પર પાણીના ચિત્ર જેવું ગણવું ઘટે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૯૦૩ અગાસ, શ્રાવણ વદ ૧, શનિ, ૨૦૦૭

પાપકર્મના ઉદયને લીધે જીવને પ્રતિકૂળતાઓ પ્રાપ્ત થાય છે, પરંતુ જો વેદનીયકર્મના ઉદયમાં શરીરનું સ્વરૂપ વિચારે કે હું દેહથી ભિન્ન છું, દેહ નાશવંત છે, મળમૂત્રની ખાણ છે. તેમાંથી સુખની આશા રાખવી વ્યર્થ છે. પ્રગટ દુઃખ દેનાર દેખાય છે છતાં જીવ દેહ પ્રત્યેની મમતા – સુખરૂપ માન્યતા છોડતો નથી. તે સમજણ પ્રાપ્ત થવા આ વેદના આવી છે. આટલાથી જો સમજીને દેહને અન્ય પરપદાર્થ માની આત્માને અર્થે દેહ ગાળવાનું શીખી લઉં તો આ વેદના ભોગવાય છે તે લેખે આવે. આત્મા છે, નિત્ય છે, કર્મ કરે છે તે તેને ભોગવવાં પડે છે, તેથી મુક્ત થઈ શકાય છે અને મોક્ષનો ઉપાય પણ છે, આ વાત જો દૃઢ થઈ જાય તો મળેલી નિવૃત્તિ અને વેઠેલી વેદના સાર્થક બને. તે થવા અર્થે તમારી પાસે પુસ્તકો છે તે વાંચશો, વિચારશો તથા સત્સંગે મને અપૂર્વ લાભ થવા યોગ્ય છે એમ વિચારશોજી. ભક્તિના વીસ દોહરા, યમનિયમ અને ક્ષમાપનાનો પાઠ રોજ નિત્યનિયમરૂપે કરવાનું રાખશો તો સત્સંગે વિશેષ લાભ થવાનો સંભવ છેજી. "હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) આ વાક્ય વારંવાર વિચારી તેવી આત્મભાવના બને તેટલી કરતા રહેવા અને સત્સંગની ઉપાસના કરવાનો નિશ્ચય કરવા ભલામણ છેજી. પરમપુરુષ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રને શરણે વૃત્તિ રહે, તેના આધારે મનુષ્યભવની સફળતા સાધવી છે, એવી વૃત્તિમાં કાળ વ્યતીત કરશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૯૦૪ અગાસ, તા. ૨૦-૮-૫૧

આપનું કાર્ડ આજે મળ્યું. પૂ....બહેનની તબિયત લથડી ગઈ જાણી. એવે અવસરે હિંમત રાખી મંત્રનું સ્મરણ કરવાનું તથા પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રનું શરણ ગ્રહી નિર્ભય રહેવાનું મહાપુરુષોએ કહ્યું છેજી. પરમકૃપાળુદેવ લખે છે કે "સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી." (૪૬૦) એ શિખામણ લક્ષમાં રાખી ભક્તિભાવમાં ચિત્ત રાખવું. સ્મરણ મરણ પર્યંત કર્યા કરવું ઘટે છેજી. તે જ સમાધિમરણનું કારણ છે. આ સંસારમાં ક્યાંય વૃત્તિ રાખવા જેવું નથી, કારણ કે સર્વ સર્વના કર્મને આધારે આ જગતમાં સુખ દુઃખ ભોગવે છે. મોહને લઈને માનીએ છીએ કે આપણે છીએ ત્યાં સુધી આમને સુખ છે પછી દુઃખી થશે. કોઈ પણ વિકલ્પ મનમાં નહીં રાખતાં જ્ઞાનીએ જાણ્યો છે તેવો મારો આત્મા છે. મને અત્યારે ખબર નથી પણ જ્ઞાનીએ મારા આત્માના કલ્યાણ માટે મને મંત્ર વગેરે આજ્ઞા કરી છે તે જ મારે અંત સુધી

આરાધવી છે. બીજું બધું જંજાળ છે. તેમાં મારી વૃત્તિ રહો, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા સુખનું ધામ એવા પરમકૃપાળુદેવનું મને શરણું છે, તેથી મારે કંઈ ફિકર કરવા જેવું નથી. આત્માનો ઉદ્ધાર થાય તેવું મને શરણું મળ્યું છે. એ જ.

---

૯૦૫ અગાસ, તા. ૨૦-૮-૫૧

સત્પુરુષાર્થ કર્તવ્ય છેજી. આત્માર્થને પોષે તેવો વખત આખા દિવસમાં અમુક રાખવા ભલામણ છેજી. જીવને નિવૃત્તિની જરૂર છે. હાલ વિશેષ નિવૃત્તિ ન મળે તો ભાવના તો જરૂર રાખવી અને અંતર્વિચારની વૃદ્ધિ થાય તેમ અલ્પ અંશે પણ કરવું ઘટે છેજી. સ્મરણની ટેવ મિનિટ બે મિનિટના અવકાશમાં પણ રાખવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૦૬ અગાસ, તા. ૨૧-૮-૫૧, મંગળ

આપની તબિયત નરમ રહે છે એમ જાણ્યું. માંદગીમાં આર્ત્તધ્યાન ન થાય તેવી મુમુક્ષુ ખાસ કાળજી રાખે છેજી. ગમે તે ખબર પૂછે તોપણ દેહાધ્યાસ વધવાનું એ નિમિત્ત છે. તેથી જ્ઞાનીપુરુષે જાણ્યો છે, પ્રગટ કર્યો છે, ઉપદેશ્યો છે તેવો મારો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, અવિનાશી, અછેદ્ય, અભેદ્ય, જરામરણાદિ ધર્મથી રહિત, પરમસુખનું ધામ છે, એવી ભાવના નિરંતર કર્તવ્ય છે. દેહના ઉપચાર કરવા પડે તોપણ, તે દેહે કરીને જ્ઞાનીના માર્ગનું આરાધન થઈ શકે એવો તેમાં લાભ છે એમ જાણી, વ્યાધિના ઉપચારે પ્રવર્તવું ઘટે છે. કોઈ પણ પ્રકારે દેહ મૂર્છા કરવા યોગ્ય નથી. દેહ તો કર્મે રચેલું કેદખાનું છે. માત્ર તે દ્વારા ભક્તિ આદિ મોક્ષના ઉપાય સાધી કર્મનો ક્ષય કરવામાં વપરાય તો જ ઉત્તમ છે, નહીં તો દેહમાં બીજું કંઈ સારું નથી. દેહને નિમિત્તે જ જીવે દુઃખ ભોગવ્યાં છે, ભોગવે છે અને ભોગવશે. તેથી તો આલોચનામાં બોલીએ છીએ કે "કાય ત્યજનમય હોય કાય સબકો દુઃખદાયી." આમ સનત્કુમારની પેઠે દેહને દુઃખની ખાણ જાણી, તેથી આત્મકલ્યાણ સાધવાનો સંકલ્પ કરી યથાશક્તિ પુરુષાર્થ જ્ઞાનીની આજ્ઞાએ કરવો ઘટે છેજી. એમ લાગે કે આ તો બધું જાણીએ છીએ પણ કંઈ બનતું નથી, પણ જ્ઞાનીપુરુષો કહે છે કે જીવે હજી કંઈ જાણ્યું નથી.

"જાણ્યું તો તેનું ખરું, જે મોહે નવિ લેપાય;
સુખદુઃખ આવ્યે જીવને, હર્ષશોક નવિ થાય."

આમ નથી જાણ્યું ત્યાં સુધી વારંવાર તે વાત સાંભળી વિચારવી અને આત્મગત થાય તેમ લક્ષ રાખવો. આવા વખતે જ્ઞાનીપુરુષનું શરણ એ જ બળ આપનાર તથા ધીરજ દેનાર છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૦૭ અગાસ, તા. ૨૩-૮-૫૧

"સુખદુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈના નવ ટળે, પૂર્વના બંધ પડિયા—સુખ૦"
આત્મજ્ઞાન વિના ક્યાંય, ચિત્ત દ્યો ચિરકાળ ના,
આત્માર્થે વાણી-કાયાથી, વર્તો તન્મયતા વિના.

વિ. સદ્ગત ભાઈ....ના દેહોત્સર્ગના ખેદકારક સમાચાર ગઈ રાત્રે સાંભળ્યા. ગમે તેવા અજાણ્યાને પણ ખેદનું કારણ થાય તેવો પ્રસંગ બન્યા છતાં સદ્ગુરુશરણે જેની વૃત્તિ છે, તે જ અર્થે જેનું જીવન છે તેને તેવા પ્રસંગો વૈરાગ્યનું કારણ બને છે. જે કંઈ આ ભવમાં કરવા ધાર્યું છે, તે ત્વરાથી કરી લેવા આવા પ્રસંગો બળવાનપણે પ્રેરે છે. જીવ પુરુષાર્થ કરવામાં ઢીલ કરશે તો ધાર્યું ધૂળમાં મળી જશે, આખરે પસ્તાવું પડશે; માટે જ્યાં સુધી ઇન્દ્રિયો હાનિ પામી નથી, વ્યાધિ-પીડાથી જીવ ઘેરાયો નથી, મરણની ઘાંટી આવી પહોંચી નથી, ત્યાં સુધી હે જીવ! જ્ઞાનીને શરણે સત્પુરુષાર્થ કરી મહા અંધકારથી મુક્ત થા, મુક્ત થા; એમ આવા પ્રસંગો આપણને ઉપદેશે છે. તે હૃદય નિર્મળ કરી અવધારી અપ્રમત્ત થવા યોગ્ય છેજી.

પરમકૃપાળુદેવે ખંભાતના સુંદરલાલના દેહત્યાગ વિષે લખેલો પત્ર (૯૮૯) વારંવાર વિચારી શોકમુક્ત થવું ઘટે છેજી. તેમાં કહેલે માર્ગે વિચારણા કરી, ગઈ વાતને ભૂલી જઈ આપણા આત્મહિતના વિચારમાં ચિત્તને જોડવા ભલામણ છે. પરમકૃપાળુદેવ લખે છે કે "જે થાય તે યોગ્ય જ માનવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે." (૩૦૧) આપણને અત્યારે અઘરું લાગે, પણ સંસારમાં કઠણાઈ ગણાય છે, તે પરમાર્થમાર્ગમાં સરળાઈ છે. જેની સાચી ભક્તિ હોય છે તેને જ કઠણાઈ પરમાત્મા મોકલે છે એમ પત્રાંક ૨૨૩ માં પરમકૃપાળુદેવે પૂ. સોભાગ્યભાઈને લખ્યું છે. જેને કઠણાઈ નથી આવી તેની ભક્તિ હજી તેવી સાચી થઈ નથી અથવા તો પરમાત્માની માયા ચાહીને ભૂલી ગઈ છે એમ ગણવા યોગ્ય છે, એવા ભાવનું પરમકૃપાળુદેવે લખ્યું છે તે બહુ ગંભીરતાથી વિચારવાયોગ્ય છે. પરમકૃપાળુદેવ અસંગ બનીને આપણને અસંગતા તરફ બોલાવે છે અને આપણે રાજીખુશીથી તેમના ભણી જવું છે, એ ભાવના બળવાન કરીએ તો જગતની વાતોમાં આપણું મન જશે પણ નહીં. લોકો ગમે તેમ વાતો કરે તે પર લક્ષ દેવા યોગ્ય નથી. જગતનો માર્ગ અને મુક્તિનો માર્ગ વિરુદ્ધ દિશામાં છે. જગતભાવોની હાનિ તે મુક્તિમાર્ગમાં લાભ માનવા યોગ્ય છેજી. જંબુસ્વામીને ત્યાં ચોરી કરવા ચોર આવ્યા; તેમને બધું લેવું હોય તો લઈ જવા દેવાની ભાવના જંબુસ્વામીને તો હતી, પરંતુ શાસનદેવીને ધર્મપ્રભાવના કરવાની ભાવના થવાથી તેણે ચોરોને સજ્જડ કરી દીધા હતા. તેમ જેને મોક્ષે જવું છે તેનું મન કોઈ પણ વસ્તુમાં વળગી રહે તો તે મુક્ત થઈ શકે નહીં અને પ્રારબ્ધ જો નિર્મોહી બનવામાં મદદ કરે તેવું દેખાવ દે તો મુમુક્ષુ ખેદ કરવા કરતાં રાજી થાય છે કે જે બળ વાપરીને મોહમાં જતી વૃત્તિ રોકવી હતી તે હવે આપોઆપ રોકાઈ જાય તેમ બન્યું, તો તે પરમકૃપાળુદેવની કૃપા જ ગણવા યોગ્ય છેજી. આ વાત શાંતપણે વિચારવાથી સમજાય તેવી છેજી. જેમ બને તેમ ત્યાંના વાતાવરણથી વહેલા છૂટી અહીં આવવાનું બનશે તો સૌને શાંતિનું કારણ બનશે.

"નહિ બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય;
કાં એ ઔષધ ન પીજીએ, જેથી ચિંતા જાય?"

સમાધિસોપાનમાંથી દશલક્ષણ ધર્મ કે ધર્મધ્યાન પ્રકરણ વાંચવા-વિચારવા ભલામણ છેજી. બાર ભાવનાઓમાં ઘણો વૈરાગ્ય છે. ત્યાં કોઈ આવે તો તેને પણ સાંભળવાનું નિમિત્ત બને તેમ રાખવું એટલે બીજી વાતોમાં આપણું ચિત્ત જતું રોકાય અને આવનારને પણ એ અક્ષર

વૈરાગ્યના કાનમાં પડે તો લાભ થાય. વિશેષ રૂબરૂમાં મળશો ત્યારે પરમકૃપાળુદેવની કૃપા હશે તેમ થઈ રહેશે. હાલ તો શાંતિમાં રહેવા ભલામણ છેજી.

"ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવ પાર."—શ્રી યશોવિજયજી

આ બધાનો ઉપાય સ્મરણમાં ચિત્તને રાખવું એ છે. તે અર્થે મુખ્ય તો સત્સંગની જરૂર છે. તેના અભાવમાં સત્શાસ્ત્રમાં ચિત્તને જોડેલું રાખવું એ છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૦૮ અગાસ, તા. ૭-૯-૫૧

તમે જણાવ્યા તે નિયમ હિતકારી છેજી. મુખ્ય તો કષાયની મંદતા અને પરમકૃપાળુદેવ પ્રત્યે ભક્તિભાવ એ પાયો છે. યથાશક્તિ સત્સંગ, ભક્તિ આદિ કર્તવ્ય છેજી. ગમે તેટલાં પ્રતિકૂળ પ્રસંગોમાં પણ સહનશીલતા વધતી રહે અને ભક્તિભાવમાં ખામી ન આવે એ લક્ષ સાચવવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૦૯ અગાસ, તા. ૯-૯-૫૧

**પતિતપાવન, તરણતારણ, અધમઉદ્ધારણ, અનાથના નાથ, પરમશરણસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યસ્વામી, પરમકૃપાળુ નાથ દેવાધિદેવ, સકળ જીવના આધાર, દીનાનાથદયાળ, કેવળ કરુણામૂર્તિ, સત્સ્વરૂપી શ્રીમદ્ રાજચંદ્ર અંતર્યામી દેવને અત્યંત ભક્તિથી સર્વાર્પણપણે નમસ્કાર હો !**

"કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોય **નહીં** વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ."

આપનો ક્ષમાપનાનો પત્ર વિગતવાર લખેલો વાંચ્યો. ખેદ કર્તવ્ય નથી. જેવાં કર્મ પૂર્વે જેની સાથે જે જે પ્રકારે બાંધ્યાં છે, તે છોડવા માટે આ મનુષ્યભવ મળ્યો છે. પરમકૃપાળુદેવનું શરણું તથા તે પ્રત્યક્ષ પુરુષની આજ્ઞા કોઈ સંતકૃપાથી મળી છે તે આપણાં અહોભાગ્ય છે. તેવો જોગ ન મળ્યો હોત અને આવાં કર્મ કે તેથી આકરાં ઉદયમાં આવ્યાં હોત તો અણસમજણમાં જીવે કેટલાં બધાં નવાં કર્મ, વૈર વિરોધ વધારે તેવાં બાંધી દીધાં હોત, પણ આ તો જ્ઞાનીપુરુષના ઉપકારને લીધે મન પાછું પડે છે અને આ નથી ગમતાં તેવાં કર્મ ફરી ન બંધાય તેવી ભાવના રહે છે તે પણ મહાપુરુષોની કૃપાદૃષ્ટિનું ફળ છે. નહીં તો લોકો આપઘાત કરી કેવાં કેવાં કર્મ ઉપાર્જન કરી અધોગતિમાં જાય છે, તે જોઈ ત્રાસ થાય તેવું છે. આપણે તો આપણાં બાંધેલાં બને તેટલી સમતા રાખી ખમી ખૂંદતાં શીખવું છે. અત્યારે ધીરજથી કર્મ વેદવાની ટેવ પાડીશું તો તે મરણ વખતે ગમે તેવી મૂંઝવણમાં પણ કામ લાગશે. માટે નહીં ગભરાતાં, ધીરજ રાખીને હિંમત હાર્યા વિના સમજૂતીથી કામ લેતાં શીખવું. ઉતાવળ કર્યે કંઈ વળે તેવું નથી. આપણું ધાર્યું કંઈ બનતું નથી. પણ સમજણ સત્પુરુષને આધારે સવળી રહે તો કર્મ ઓછાં બંધાય અને ઘણાં આકરાં કર્મ થોડી મુદતમાં પતી જાય તેવું છે. માટે કઠણ હૈયું કરી, જાણે કંઈ બન્યું જ નથી એમ સમજી, સ્મરણમાં ચિત્ત વારંવાર લાવવાની ટેવ પાડશો તો મનની શાંતિથી શરીર પણ બગડતું અટકશે, જરૂર જેટલી ઊંઘ પણ આવશે. હાયવોય કર્યે આપણે દુઃખી થઈએ, બીજાને દુઃખી કરીએ અને નવાં કર્મ બંધાય. માટે ધીરજ, સમતા, સહનશીલતા અને પરમકૃપાળુદેવ ઉપર આસ્થા રાખી જેમ બની આવે તેમ ભક્તિભાવ કરતાં રહેશો. થોડું લખ્યું ઘણું ગણી પત્ર બહુ વાર વાંચશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૧૦ અગાસ, તા. ૧૦-૯-૫૧

જીવના દોષ તો અનંત છે, પણ સત્સંગયોગે પશ્ચાત્તાપથી સાચા મને જીવ છૂટવા ધારે તો છૂટી શકે છે. તમારું જીવન સુધારવાની ભાવના તમને જાગી છે તે જાણી. તેમાં કલ્યાણ છે. ધર્મના કામમાં ઢીલ કરવા યોગ્ય નથી. દેહને, ભોગને અર્થે જીવે ઘણાં કર્મ બાંધ્યાં છે અને અનંતકાળથી રખડે છે, પરંતુ આટલો ભવ આત્માર્થે ગાળવાનો જેનો દૃઢ નિશ્ચય થાય અને તે નિશ્ચયને આરાધે તે મહાભાગ્યશાળી ગણવા યોગ્ય છે પતિતપાવન અધમોદ્ધારણ ભગવાન કહેવાય છે તે સાચું છેજી. સંસારથી કંટાળ્યો હોય તેવા અબુધ અને અશક્ત મનુષ્યો સત્પુરુષને આશ્રયે અનંત કાળનાં કર્મ ખપાવી શકે છે. બે ઘડીમાં ઘણાનો મોક્ષ થયો છે. તેવું શૂરવીરપણું ભક્તિમાર્ગમાં ગ્રહણ કરનાર જયવંત થયા છે. ૐ શાંતિઃ

---

૯૧૧ અગાસ, તા. ૧૧-૯-૫૧

મોક્ષમાર્ગ દાતા નમું, રાજચંદ્ર ગુરુ સાર;
ઉર્વશી સમ ઉરે વસો, સદા પરમ આધાર.

સ્મરણ, ભક્તિ, સત્શ્રુત આદિમાં વૃત્તિ રાખી શાંતિનો પરિચય કરવા વિનંતી છેજી.

વેદનાના વખતમાં દેહથી હું ભિન્ન છું, દેહમાં જે થાય છે તેનો જોનાર છું, દેહના ધર્મ મારે મારા માનવા નથી, અનિત્ય પદાર્થોમાં મોહ થતો રોકવો છે, તે પ્રત્યે મારે મમત્વ રાખવું નથી, મારું કંઈ નથી, પરમાર્થ અર્થે આ મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે તે દેહાર્થે ન વપરાઓ, સદ્ગુરુશરણે આત્મહિતાર્થે વપરાઓ આદિ ભાવના દૃઢ થઈ શકે છે. સદ્ગુરુકૃપાએ મંદ વેદના હોય ત્યારે તેવા ભાવો ટકી શકે છે અને તીવ્ર ભાવના જેની તેવી રહેતી હોય તેને તો તીવ્ર વેદના સાક્ષાત્કારનું કારણ બને છે. માટે તેવી ભાવના ભાવવાનો પ્રસંગ રોજ અમુક વખત રાખવાનું બને તેમ કર્તવ્ય છેજી. શાતાવેદનીમાં તેવી ભાવના ભાવી હોય તો અશાતા વખતે તે હાજર થાય છે. તેમ ન બન્યું હોય તોપણ અશાતા વખતે જરૂર તેમ કર્તવ્ય છેજી.

---

૯૧૨ અગાસ, તા. ૧૧-૯-૫૧

આપનો ક્ષમાપનાપત્ર મળ્યો છેજી. વૈરાગ્યની વૃદ્ધિ કરવી પણ કોઈ અવિચારી પગલું એકદમ ન લેવું. 'પૂછતા નર પંડિતા'. બને તેટલી વડીલ, વિદ્વાન તથા માન્ય મુમુક્ષુની સલાહ અનુસાર સદ્વર્તન આદિમાં પ્રવર્તવું ઘટે છેજી. આજીવિકા જેટલું મળતું હોય તો ટ્યુશન વગેરેમાં વધારે વખત ગાળવા કરતાં ભક્તિમાં, વાંચનમાં વિશેષ કાળ જાય તેમ કરશો તો યોગ્યતા વધશે. યોગ્યતા વગર સંસાર ત્યાગવાથી કંઈ લાભ નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૧૩ અગાસ, તા. ૨૩-૯-૫૧, રવિ

"મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમલતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર." (૯૫૪)

આપની તબિયત નરમ રહે છે તે જાણ્યું. શરીર પ્રારબ્ધને આધારે પ્રવર્તે છે, પણ મન આપણા હાથમાં છે. તેને સદ્ગુરુના વચનોમાં સત્સંગની ભાવનાથી રોકવું હોય તો રોકાય

અને ભટકતું રાખવું હોય, અનાદિના સંસ્કારમાં, કુગુરુ આદિની સોબતમાં હજી રમાડવું હોય તો તેમ પણ બની શકે છે. પણ તેનું ફળ પરિભ્રમણ ને પરિભ્રમણ જ છે. જે જીવ અસત્સંગથી ડરતો નથી, અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી તેને હજી લખચોરાશીમાં રખડવું છે એમ સમજાય છે. જ્ઞાનીપુરુષની આજ્ઞા મળ્યા પછી પૂર્વના પરિચયો પ્રત્યે ઉદાસીનતા ન આવે તો હજી તેને યથાર્થ જ્ઞાની પ્રત્યે શ્રદ્ધા થઈ નથી એમ મહાપુરુષો કહે છે. પરમકૃપાળુદેવનું માહાત્મ્ય કોઈ સમીપમુક્તિગામી જીવને લાગે છે. તેવા જીવોનો યોગ મળે તો સત્સંગ કરવો, નહીં તો સત્સંગને નામે કુસંગમાં જીવ પ્રેરાય તો પરાણે સંસારને કાંઠે આવેલો બિચારો જીવ પાછો ભરસમુદ્રમાં તણાઈ જતાં વાર ન લાગે તેવું મોહનું બળ છે. માટે ચેતીને ચાલવા જેવું છે. જેનો-તેનો સમાગમ કરવો અને તેને પરમકૃપાળુદેવના વચનો કહેવાના ગાંડપણમાં પડવા જેવું નથી. આપણું એવું ગજું નથી કે પરમકૃપાળુદેવનો રંગ આપણા નિમિત્તે બીજાને લાગે. માટે આપણે તો હજી આપણું જ કરવાનું ઘણું છે. આપણું કલ્યાણ સાધવામાં મચ્યા રહીશું તો વગર પ્રયત્ને બીજા આવીને પૂછશે કે શું કરવાથી કલ્યાણ થાય તેની અમને ખબર નથી તો તેનો માર્ગ કંઈ તમે જાણ્યો હોય તો બતાવો. આવા જીવને સત્સંગધામ અગાસની વાત કરવી યોગ્ય છે. બાકી બીજા ગરજ વગરના જીવો આગળ કહે–કહે કરવાથી તેનું કલ્યાણ થાય નહીં અને આપણું હિત કરવાનું રહી જાય તે લક્ષમાં રાખવા લખ્યું છેજી. આ કાળમાં સાચા માર્ગની જિજ્ઞાસાવાળા જીવો હોય છે તેવાને મદદરૂપ થવાય એવી ભાવના રાખવી, પણ ભેંસ આગળ ભાગવત વાંચે તેમ અજ્ઞાની જીવોને આત્મસિદ્ધિ આદિ સંભળાવવાના મોહમાં તમે ન તણાશો એવી ભાવના છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૧૪ અગાસ, તા. ૧–૧૦–૫૧

તત્ ૐ સત્ આસો સુદ ૧, ૨૦૦૭

"સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા, અધ્યાત્મની જનની તે ઉદાસીનતા."

આપનો પત્ર મળ્યો. બાર માસ માટે એકાસણાના તપની તમારી ભાવના જાણી સંતોષ થયો છેજી. ફરી જાણી જોઈને દોષ ન થાય તેમ દૃઢ રહેવા ભલામણ છેજી. પ્રાણ જાય પણ વ્રતમાં શિથિલતા ન આવે તેવી જેની અચળ ભાવના હોય તેને વ્રતરૂપે સંકલ્પ પરિણમે છે. અનુકૂળતા વખતે તો નિયમ પળે, પણ પ્રતિકૂળતામાં બળ મળે તે અર્થે વ્રતરૂપ પચખાણ છેજી. માટે હવેથી મન મજબૂત કરી બાર માસમાં એક પણ દિવસ વ્રતભંગનો વિચાર સરખો ન આવે તેમ વર્તશોજી. પરમકૃપાળુદેવની આજ્ઞા આરાધવામાં કલ્યાણ છે, આનંદ છે, જીવનનું સફળપણું છે. બીજું કંઈ ઇચ્છવું નથી. "માત્ર મોક્ષ અભિલાષ' એ આત્માર્થીનું લક્ષણ છે તે નિરંતર લક્ષમાં રાખવા યોગ્ય છે.

"કાળદોષ કળિથી થયો...."(૨૯૪) એ ગાથા વિષે તમે પૂછ્યું હતું. પરમકૃપાળુદેવે આ કાળને કળિકાળ કેમ કહ્યો છે તેના કારણમાં મુખ્ય તો સત્પુરુષનો યોગ ઓછો, અનધિકારીપણું અને પુરુષાર્થની હીનતા એ કારણો કહ્યાં છે. તેવા વખતમાં જીવ ન્યાયનીતિ અને સામાન્ય વ્રતનિયમાદિ વડે યોગ્યતા મેળવવા પુરુષાર્થ કરે તો તે મર્યાદાધર્મ આરાધી શકે છે;

તે પણ ન બને તો જીવને ઘણી વ્યાકુળતા થવી જોઈએ. પાણીમાંથી બહાર કાઢેલી માછલી તડફડે તેમ આત્મહિતના કારણોથી દૂર રહેવાય ત્યાં જીવને મુઝવણ થવી જોઈએ; તે ન થાય તો જીવને કર્મનો બોજો વિશેષ છે એમ સમજવા યોગ્ય છે, એટલે માથે ભાર ઘણો છે તે અલ્પ આયુષ્યમાં પતાવી દેવા વિશેષ પુરુષાર્થની જરૂર છે. શિથિલતા કોઈ રીતે હિતકારી નથી. ઇન્દ્રિયના વિષયોમાં રાચવા યોગ્ય નથી. આ તે ગાથાનો ટૂંકો ભાવાર્થ છેજી. આપ વિશેષ વિચારી આત્મા ઊંચો આવે તેમ વર્તશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૧૫ અગાસ, તા. ૪-૧૦-૫૧

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન." — શ્રીમદ્ રાજચંદ્ર

આપનો બીડેલો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. રેલવે આદિમાં મધ્ય રાત્રિ પછી બીજો દિવસ ગણાય છે તેનું દૃષ્ટાંત આત્માર્થમાં ન લેવું. જેથી વિશેષ લાભ વ્રતમાં થાય તેવો લક્ષ રાખવો. આવેશને વશ ન થવું. તમે બીજે દિવસ પાળી લીધો છે અને પશ્ચાત્તાપયુક્ત ફરી તેમ વર્તન ન કરવા શિખામણ લીધી છે તે પ્રમાણે લક્ષ રાખવો એ જ ખરું પ્રાયશ્ચિત્ત છેજી.

તિથિને અર્થે વ્રત, નિયમ પાળવાના નથી પણ આત્માના હિતને અર્થે વર્ત્યું છે તે ચૂકવું નહીં. લીલોતરીનો નિયમ હોય તો તેવાં લીલાં મરચાં ન ખાવાં, તેમાં દયાની લાગણી ઉપરાંત શરીર-સુખાકારીની દૃષ્ટિએ પણ ઠીક છેજી. માટે તેવું ન વાપરવું હિતકારી છેજી. એકાસણા આદિ જીવને રસ આદિ લુબ્ધતા ઓછી કરવા, તથા ધર્મધ્યાન અર્થે વખત વિશેષ મળે તે લક્ષ રાખવા અર્થે છેજી. પૂ.....ને પણ જણાવશો કે પ્રતિક્રમણ વગેરે શીખવામાં હરકત નથી; પણ નિત્યનિયમ ત્રણ પાઠ, માળા વગેરે ગણવાનો ક્રમ તે ચૂકે નહીં તેમ જણાવશોજી. આંબેલના દિવસોમાં વાંચવા વિચારવાનું, ભક્તિભાવ કે મુખપાઠ કરેલ પાઠો વિચારવા ફેરવી જવાનું વિશેષ બને તેમ કર્તવ્ય છેજી. રૂઢિમાં તણાવું નહીં પણ પરમકૃપાળુદેવના વચનોનો વિશેષ અભ્યાસ કરવા, સમજવા, દેહાધ્યાસ ઓછો કરવા વ્રત-નિયમ પાળું છું અને સમ્યક્દર્શન મને પ્રગટે તેવી યોગ્યતા આવે માટે આ બધું કરું છું તે ભૂલશો નહીં. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૧૬ અગાસ, તા. ૧૮-૧૦-૫૧, ગુરુ

"ષટ્પદના ષટ્ પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર." — શ્રી આત્મસિદ્ધિજી

વિ. આપનું કાર્ડ આજે મળ્યું. તેમાં છપદનો પત્ર રોજ બોલવાની તમારી ભાવના છે તે હરરોજ બોલશોજી. ભૂલ પડતી હોય તો શરૂઆતમાં કોઈને તત્ત્વજ્ઞાન આપી તે શરત રાખે અને ભૂલ હોય તે બતાવે તેમ કરશો. બરોબર ભૂલ વગરનો પાકો થઈ જાય ત્યારે એકલા બોલવાનું રાખશો તો શુદ્ધ બોલાશે. જે બોલો તેનો વિચાર કરશો. છપદમાં પ્રથમ પદ આત્મા છે, તે વિચારીને હું દેહ નહીં, સ્ત્રી નહીં, જુવાન નહીં, વૃદ્ધ નહીં પણ આત્મા છું એમ દૃઢ કરવું. બીજું પદ આત્મા નિત્ય છે એ વિચારી હું કદી મરું નહીં, દેહ છૂટી જાય તોપણ હું

આત્મા મરું નહીં, દેહ સાથે મરી જતો હોય તો અત્યારે હોય નહીં, માટે હું અજર અમર અવિનાશી છું. જે પુણ્ય પાપ કરીશ તે ભોગવવાં પડશે, માટે આત્મા સિવાય બીજા ભાવમાં મન નહીં રાખું તો કર્મ બંધાશે નહીં અને ભોગવવાં પણ નહીં પડે. અકષાયપણે એટલે શાંત ભાવે રહીશ તો મોક્ષ થશે. મોક્ષના ઉપાય વૈરાગ્ય, ભક્તિ, જ્ઞાન, દર્શન, સંયમ, સત્સંગ, સત્શાસ્ત્રાદિ છે, તેમાં મારું ચિત્ત રાખીશ તો કર્મથી છુટાશે ને મોક્ષ થશે એમ વિચારવું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૧૭ અગાસ, તા. ૧૮-૧૦-૫૧, ગુરુ

પવિત્ર વાતાવરણપૂર્ણ તીર્થક્ષેત્ર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની નિરંતર સેવાનો ઇચ્છક બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સહ આત્મભાવે નમસ્કાર સ્વીકારવા વિનંતી છેજી.

વિ. આપના ઉલ્લાસભાવ વાંચી સંતોષ થયો છેજી. આ દુષમકાળમાં ભગવાન પર નિષ્કામ પ્રીતિ રાખનાર, તેની આજ્ઞાની અપૂર્વતા હૃદયમાં રાખનાર તથા યથાશક્તિ શરણાગત ભાવે આજ્ઞા ઉઠાવનાર ભગવદ્ભક્તો તથા તેમના વચનોની પ્રાપ્તિ દુર્લભ છે. સાચા ભાવે સત્પુરુષને અભેદભાવે નમસ્કાર કરનારનું પણ કલ્યાણ થવા યોગ્ય છે; તો જેણે તેનો જ આધાર લીધો છે અને મરણ સુધી તેને શરણે રહી તેને આશ્રયે દેહ છોડવાનો નિશ્ચય જેનો વર્તે છે તે તો મહાભાગ્યશાળી છેજી. આવા કાળમાં પણ તેવા પુરુષોનો યોગ પરમાર્થ-પ્રેમીને ઉલ્લાસનું કારણ છેજી. બાહ્યદૃષ્ટિ જ દુઃખનું કારણ છે. પરમકૃપાળુદેવ, તેના આશ્રિત જનો, તેના પરમ પુરુષાર્થ-પ્રેરક વચનો આપણા આધારરૂપ છેજી. નવી આવૃત્તિ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથની આશ્રમ તરફથી બહાર પડી ચૂકી છે તે મગાવી વારંવાર વાંચતા રહેવા જેવી છેજી. તેમાં ઘણા નવા પત્રો ઉત્સાહપ્રેરક છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૧૮ અગાસ, તા. ૨૩-૧૦-૫૧

મનુષ્યભવરૂપી થાપણ આપણી લૂંટાઈ જાય તે પહેલાં તેનો સદ્ઉપયોગ કરી આ દેહમાં રહેલો અમર આત્મા ઓળખવા, શ્રદ્ધવા, અનુભવવા યથાશક્તિ શ્રમ લેવો યોગ્ય છેજી. આ સંસાર ઠગારા પાટણ સમાન છે. કંઈ કમાણી કરેલી હોય તે ઠગી લઈ જીવને નિર્બળ બનાવી લખચોરાશીના ફેરામાં ધકેલી દે તેવું સંસારનું સ્વરૂપ વિચારી, આત્મહિતમાં અપ્રમત્ત રહેવા ભલામણ છેજી. જ્ઞાનીપુરુષની આજ્ઞા, તેની ભક્તિ, તેના વચનામૃતના વિચાર અને અનુભવરૂપ પુરુષાર્થ સતત કર્તવ્ય છેજી. અનાદિ કાળથી જીવ 'હું અને મારું' એવા લૌકિક ભાવને આરાધતો આવ્યો છે. તે સ્વપ્નદશા તજી, હવે તો આત્મા જેવી ઉત્તમ વસ્તુ ઓળખી તેનું આરાધન કરવાનો આ મનુષ્યભવમાં લાગ મળ્યો છે તે ચૂકી ન જવાય તેવી જાગૃતિ નિરંતર રાખવી ઘટે છેજી. સત્સંગ, સત્શાસ્ત્ર, વિનય, વિવેક, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ આદિની ભાવના રાખી બને તેટલું વર્તન સદ્ગુરુની આજ્ઞા પ્રમાણે રાખવું એ અત્યારે કર્તવ્ય છેજી. પરમશાંતિપદને પામીએ તે અર્થે આત્મભાવના કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૧૯ અગાસ, તા. ૧૭-૧૧-૫૧

જીવાદિ તત્ત્વને શ્રદ્ધીને, સહિત જ્ઞાન ચારિત્ર;
સાધે તે મુક્તિ લહે, થાય અનંત પવિત્ર.

ભક્તિને અર્થે આ દેહ છે તેથી બનતી સંભાળ રાખી જરૂર પડે તેવા ઉપચાર કરતા રહેશોજી. પણ ખરી દવા પ. ઉ. પ્રભુશ્રીજીએ આપેલો મંત્ર છે તેનો લક્ષ ચુકાય નહીં તેવા પુરુષાર્થમાં રહેવા ભલામણ છેજી. શાતા-અશાતા સરખી ગણવાનો જ્ઞાનીનો ઉપદેશ છે તેવો અભ્યાસ થાય તે અર્થે આ વેદની આવી છે એમ ગણવા યોગ્ય છે.

---

૯૨૦ ઇંદોર, તા. ૧૬-૧-૫૨

અવસર આવ્યે જીવે જે શુભ કામ કરી લીધું તે લેખાનું છે. ભવિષ્યમાં જે થવું હોય તેમ થાઓ, પણ જ્ઞાનીના માર્ગને પામ્યા છે તે જીવે કોઈ પણ કારણે ક્લેશિત થવા યોગ્ય નથી. આ શરીર સાથે જીવને જે કર્મયોગે સંસ્કાર સંબંધ હશે તે વ્યતીત થયે તે દેહનો વિયોગ નિશ્ચય થશે, પરંતુ પરમકૃપાળુદેવને આશ્રયે દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે કે જે આશ્રયને પામીને જીવ તે જ ભવે અથવા ભાવિ એવા થોડા કાળે સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે; મોક્ષપ્રાપ્તિ કરે. આવું પરમ બળવાન, જ્ઞાનીના આશ્રયનું ફળ પરમકૃપાળુદેવે પ્રકાશ્યું છે, તો આખર સુધી પરમકૃપાળુદેવનું શરણ દૃઢપણે પકડી રખાય એ જ પુરુષાર્થ કર્તવ્ય છેજી. જ્ઞાનીપુરુષે જાણ્યો છે, માન્યો છે, અનુભવ્યો છે અને તે જ રૂપ થયા છે તેવો આત્મા મારો છે, તે પરમ આનંદરૂપ, અનંત સુખનું ધામ છે, તેના આગળ મરણકાળનાં ભયંકર દુઃખ કંઈ ગણતરીમાં નથી. એક ભવ જ્ઞાનીને આશ્રયે ગળાય તો અનંત ભવનું સાટું વળી રહે તેવો લાભ તેવા આશ્રયપૂર્વક જીવનનો જાણી, બીજી બધી ઇચ્છાઓ તજી, મંત્રસ્મરણ 'સહજાત્મ-સ્વરૂપ પરમગુરુ' એમાં સર્વ સાધન સમાય છે એવો નિર્ધાર રાખી તેમાં જ ચિત્તની લીનતા કરવા ભલામણ છેજી. પત્રાંક ૬૯૨ વારંવાર સાંભળવાનું બને તેમ કર્તવ્ય છેજી. સ્મરણ કરતાં સદા આનંદમાં રહેવું એમ પ. પૂ. પ્રભુશ્રીજીએ સમાધિમરણનાં સાધનરૂપ કહ્યું છેજી.

---

૯૨૧ ઇંદોર, પોષ વદ ૧૧, બુધ, ૨૦૦૮

બીજાની વેદના, પરાધીનતા, દુઃખ આદિ દેખી મુમુક્ષુ જીવે પોતાનો વિચાર કરવાનો છે. આવી દશા એવાં કર્મનો ઉદય હોય તો આપણને પણ આવે એમ વિચારી વૈરાગ્યની વૃદ્ધિ કર્તવ્ય છે. મરણને રોજ વિચારી સમાધિમરણની તૈયારી કરતા રહેવાની જરૂર છે. જે જે જીવોને અવિનય, સંતાપ આદિ વડે દૂભવ્યા હોય તેમની પાસે નમ્રપણે તેવા દોષો ફરી ન કરવાની ભાવનાથી ક્ષમા યાચી નિઃશલ્ય થવું ઘટે છેજી. કાલે શું થશે તેની આપણને ખબર નથી, માટે જે જે ક્ષણ મનુષ્યભવની જીવવાની મળે છે તે રત્નચિંતામણિ તુલ્ય ગણી જ્ઞાનીની આજ્ઞામાં ગાળવાનો દૃઢ નિશ્ચય કરવો ઘટે છે તથા દેહ-મોહ વિસારી ધર્મપ્રેમમાં ચિત્ત ચોંટાડવું ઘટે છેજી. મુમુક્ષુજીવે પરસ્પર કેમ વર્તવું, એકબીજાની ધર્મભાવના કેમ વધે તેનો વિચાર કરી ધર્મલાભ તરફ વૃત્તિ દૃઢ કરવી ઘટે છે. ધન તો પૂર્વ પુણ્યને આધીન છે, પરંતુ ધર્મ તો જીવને છૂટવાની ગરજ જાગી હોય અને તે પ્રત્યે પ્રબળ ખેંચ હોય તો જ ટકાવી શકાય છે.

પોતાને નહીં તો પોતાના પાડોશીને પણ કંઈ મળ્યું હશે તો આપણા કામમાં કોઈ દિવસ આવશે એમ જાણી મનુષ્યભવ સફળ કરવામાં પ્રબળ સાધન એવો સત્સંગનો યોગ સર્વને પ્રાપ્ત થાઓ, તેમાં વિઘ્નરૂપ હું ન થાઉં એવી ભાવના અને આચરણા સર્વ મુમુક્ષુએ કર્તવ્ય છે.

૯૨૨ આહોર, તા. ૬-૩-૫૨
તત્ ૐ સત્ ફાગણ સુદ ૧૦, ૨૦૦૮

सोरठा—मोहनींदके जोर, जगवासी घूमे सदा ।
कर्मचोर चिहूँ ओर, सर्वस्व लूटे सुध नहीं ॥
सद्गुरुदेव जगाय, मोहनींद जब उपशमे ।
तब कछु बने उपाय, कर्म चोर आवत रुके ॥

આપની તબિયત ઘણી નરમ પત્રથી જાણી ધર્મસ્નેહને લઈને ખેદ થયો. પણ જ્યાં ઉપાય નહીં ત્યાં સહનશીલતા એ જ સમતાનો ઉપાય છેજી. પૂર્વકર્મ કોઈને છોડતાં નથી. કોઈનું દેવું કર્યું હોય તે લેવા માટે ઉઘરાણી કરે તેમ બાંધેલાં કર્મ ફેરા મારે છે. તેને સમતા, સહનશીલતા, ધીરજ, સ્મરણમંત્રની ધૂન વગેરે મૂડીમાંથી આપી વિદાય કરવા યોગ્ય છેજી. બિચારાં કર્મ છૂટવા માટે આવે છે, તે વખતે જીવ શૂરવીર થઈ ભોગવી લે તો હલકો થાય. ખેદ કરીને ભોગવે તો નવાં કર્મ બંધાય અને ભોગવવાં તો પડે જ, માટે સદ્ગુરુશરણે બને તેટલી શક્તિ એકઠી કરી મંત્રના સ્મરણમાં રહેવું. પાસે હોય તેમને મંત્ર બોલવા કહેવું અને આ અવસર ખરી કસોટીનો છે એમ ગણી વેદનાને નમતું ન આપવું. ઊલટું એવી ભાવના કરવી કે આથી બમણું આવવું હોય તો આવો, મારું કામ સહન કરવાનું છે તે સદ્ગુરુશરણે કંઈ પણ સુખની ઇચ્છા રાખ્યા વગર મરણપર્યંત ધીરજ રાખવી છે. પાછા હઠવું નહીં, હિંમત હારવી નહીં. જે થાય તે જોયા કરવું. આત્મા છે, તે નિત્ય છે. તેનો નાશ થવાનો નથી, દુઃખનો નાશ થવાનો છે. કરેલાં કર્મ છૂટે છે. હિંમત રાખી બધાય સારાં-માઠાં કર્મ છોડી મોક્ષે જવું છે. ઘાણીમાં ઘાલીને પીલ્યા હતા તેવા મુનિઓ મોક્ષની ભાવનામાં લીન થવાથી મોક્ષે ગયા છે; તેટલું બધું તો દુઃખ મને નથી? માટે આ દુઃખથી મન ડોલાયમાન ન થાય અને "સહજાત્મસ્વરૂપ પરમગુરુ" મંત્રમાં ભાવ રહે, પરમકૃપાળુદેવની સહનશીલતા, ધીરજ, સમાધિ લક્ષમાં રાખી રાતદિવસ સમય વિતાવવો છે, એ લક્ષ રાખશો.

પત્રાંક ૪૬૦ શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી સમ્યક્ પ્રકારે અહિયાસવા-વેદવા યોગ્ય છે એ વારંવાર વાંચવા સાંભળવાનું કરશો તથા સમાધિમરણનું પ્રકરણ સમાધિસોપાનમાંથી વાંચવાનું બને તો કરશો. કંઈ ન બને તો પરમકૃપાળુદેવને શરણે જે થાય છે તે ભલાને માટે જ થાય છે એવો વિશ્વાસ રાખી સહન કર્યા કરવું. ગુરુને શરણે આત્માનો વાંકો વાળ થાય તેમ નથી. સંયોગ તો છૂટશે, તેમાં રાગ રાખવો નથી. સદ્ગુરુએ કહ્યો છે તેવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૯૨૩ આહોર, તા. ૧૦-૩-૫૨
તત્ ૐ સત્ ફાગણ સુદ પૂર્ણિમા, સોમ, ૨૦૦૮

શ્રીમદ્ રાજચંદ્ર નવી આવૃત્તિ વાંચતા વિચારતા હશો. તેમાં આજ્ઞામાં એકતાન થવા વિષે પ્રેરણા કરતો એક નાનો પત્ર ૧૪૭ મો છે તે વારંવાર લક્ષમાં રાખવા વિનંતિ છેજી.

સમાધિમરણનો લક્ષ રાખી કાળ ગાળવો ઘટે છેજી. એક ઇષ્ટમાં વૃત્તિ તન્મય થાય, તન્મય રહે એમ કર્યાનો અભ્યાસ આખરે ઉપયોગી નીવડે છેજી. જે વિદ્યાર્થી બારે માસ અભ્યાસ કર્યા કરે છે તે વર્ષ આખરે સહેલાઈથી પરીક્ષા નિર્ભયપણે પસાર કરે છે; તેમ આજથી સમાધિમરણની તૈયારી કરનાર આખરે મૃત્યુને મહોત્સવરૂપે ગણી નિર્ભયપણે પરભવમાં કે મોક્ષે જાય છે. માટે પ્રમાદમાં, અન્ય ચિંતામાં આત્માને જતો અટકાવી પરમશાંતિપદની ભાવના કર્યાથી તે પદ પ્રાપ્ત થાય તેમ છેજી. ભક્તિમાં આત્માને આનંદની વૃદ્ધિ થતી રહે, સત્પુરુષના અપાર ઉપકારનું ભાન થાય, તેની દશા સમજાતી જાય અને શુદ્ધ આત્માની ઉત્તમતા આત્મામાં સ્થાન પામે તેવું વાંચન, ભક્તિ, જપ, તપ, વિચાર, ધ્યાન આદિ સત્સાધન કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ

---

૯૨૪ આહોર, તા. ૧૪-૩-૫૨, શુક્ર

પરમકૃપાળુદેવની કૃપાએ આનંદ છે. શરીર તો શરીરનો ધર્મ પડતી અવસ્થામાં જરૂર જણાવે એમાં એનો દોષ નથી; પણ પરમકૃપાળુદેવની ભક્તિ, વચનો અને સમજણ જેને પ્રાપ્ત થઈ છે તે દેહનાં સુખને ઇચ્છે તો તે પોતાનો દોષ છે. "સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં, ટાળ્યાં તે કોઈનાં નવ ટળે" એમ નરસિંહ મહેતા જેવા માર્ગાનુસારી પણ ગાઈ ગયા છે. શ્રી આનંદઘનજી શ્રી વાસુપૂજ્યસ્વામીના સ્તવનમાં કહે છે : "દુઃખસુખરૂપ કરમફળ જાણો, નિશ્ચય એક આનંદો રે; ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે." "સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી, નિર્ભયપણાને નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ." (૪૬૦) એમ પરમકૃપાળુદેવ લખે છે; તે હૃદયમાં રહે તો તેને શરણે-આશરે દેહ છૂટતાં સમાધિમરણ થાય.

એક મંત્રમાં અનંત આગમ સમાય તેટલી કૃપા પરમકૃપાળુદેવે કરી છે તેનો બને તેટલો લાભ આ ભવમાં લૂંટમલૂંટ લઈ લેવાનો છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૨૫ અગાસ, તા. ૪-૪-૫૨

"મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનુપ;<br>
દેજો કદાચિત સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ;<br>
સંભવદેવ તે ધુર સેવો સવે રે."

मूर्खस्य प्रतिमा पूजा એનો અર્થ શો? એમ આપે પુછાવ્યું, તેનો ટૂંકો અર્થ એ કે પ્રભુના અનંત જ્ઞાન દર્શન સુખ અને વીર્યનો વિચાર કર્યા વિના માત્ર પ્રતિમાને ચંદન આદિથી પૂજે છે તેને મૂર્ખ કહ્યો છે.

પરમકૃપાળુદેવે પ્રતિમાના અંધ-શ્રદ્ધાળુને સાચા શ્રદ્ધાળુ બનાવ્યા છે, પ્રતિમાપૂજકને પ્રભુપૂજક બનાવ્યા છે. ભગવાનના ભાન વિના કાંઈ કરાય છે તે સદ્ગુરુનું શરણ ન હોય તો રૂઢિરૂપ છે અને આગ્રહપોષક હોય છે તેથી અજ્ઞાનને પોષનાર મૂર્ખતારૂપ છે.

બીજું, તમે વિભાવથી મુકાઈ સ્વભાવમાં રહેવા સંબંધી પૂછ્યું હતું તેનો ટૂંકો ઉત્તર : "કપટ રહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ" એનો અર્થ પહેલા સ્તવનના અર્થમાં

પરમકૃપાળુદેવે કર્યો છે તે આખા સ્તવનનો અર્થ વિચારી, પાંચમા સુમતિનાથના સ્તવનમાં "આતમ અર્પણ દાવ સુજ્ઞાની" એમ કહ્યું છે એટલે અંતરાત્મા થઈ પરમાત્માના ચિંતવનમાં રહેવા માટે ભગવાનની સાથે લગ્ન કરવાની જરૂર છે. "પરપ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમ ભેદ સુઉર બસેં" એવો પરમાત્મા પ્રત્યે પ્રેમ ગમે તેવી વિકટ વાટે પણ કરવા પરમકૃપાળુદેવે પુરુષાર્થ કર્યો છે. તેને પગલે પગલે આપણાથી બને તેટલું ચિત્ત બીજેથી ઉઠાવી "પ્રભુ પ્રભુ લય લાગી" રહે તેમ કર્તવ્ય છે. હરિ પ્રત્યે એક અખંડ લય લાગે તેને વૈરાગ્ય પરમકૃપાળુદેવે કહ્યો છે. વૃદ્ધમાંથી યુવાન થવાની જરૂર છે. શ્રી આનંદઘનજીના સ્તવનના અર્થ પરમકૃપાળુદેવે કર્યા છે તે ફરી ફરી વાંચવાથી કપટનો અર્થ સમજાવા યોગ્ય છેજી. પરમાત્માના ચરણમાં ચિત્તનું ચોટવું કઠણ છે અને એ મનનું સમર્પણ થયું નથી ત્યાં સુધી સાંસારિક ભાવનામાં ચિત્તનું ભટકવું રહે છે તે જ કપટ પરમકૃપાળુદેવે કહ્યું છે તે વિચારવાથી સમજાશેજી. બીજી પંચાત મૂકી આપણાં પરિણામ દિન દિન સુધરતાં જાય, પરમકૃપાળુદેવનું માહાત્મ્ય વિશેષ વિશેષ લાગે તેમ કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૯૨૬

અગાસ, તા. ૮-૪-૫૨
તત્ ૐ સત્ ચૈત્ર સુદ ૧૨, સોમ, ૨૦૦૮

આપનું કાર્ડ મળ્યું. ગમે તેવો આહાર ખાનાર સાથે વિશેષ સંબંધ નહીં રાખવામાં લાભ છે. ઝટ આત્મહિત થાય તેવે રસ્તે હવે વળવું છે. કારણકે ઉંમર થઈ, વાળ ધોળા થઈ ગયા; તો મરણ ક્યારે આવી પહોંચશે તેનો ભરોંસો નથી. આ દેહ પણ મૂકીને જવાનું છે તો બીજું કોઈ આપણું ક્યાંથી હોય? ક્યાંથી થાય? માટે બધા પ્રકારની માયા મમતા મૂકી, આ આત્મા એકલો જ આવ્યો છે અને એકલો જ જવાનો છે માટે જ્ઞાનીપુરુષની આજ્ઞામાં તેલની ધારની પેઠે એકધારું મન રહ્યા કરે તેમ વેળાસર કરી લેવું ઘટે છેજી. તેમાં વિઘ્ન કરનારી બાબતો જેમ બને તેમ વેળાસર છોડી મરણ આવ્યા પહેલા સમાધિમરણની તૈયારી કરવા સત્સંગ, સત્પુરુષની આજ્ઞા, ભક્તિ અને મંત્રમાં મન પરોવેલું રાખવાની જરૂર છેજી. કંઈ પુણ્ય જીવનું હજી છે ત્યાં સુધી તેને ફોલી ખાનારા પાછળ ફરશે; પણ પાપનો ઉદય આવ્યે, પથારીવશ થયે કોઈ કોઈનો ભાવ પૂછે તેમ નથી. પોતાનાં કર્યાં પોતાને પશ્ચાત્તાપ સહિત ભોગવવાં પડે છે માટે પહેલેથી ચેતી જેટલો ખરાબ સંગ વહેલો છોડાય અને સત્સંગનો જોગ મળે તેવી ભાવના અને પુરુષાર્થ કર્યે છૂટકો છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૯૨૭

અગાસ, તા. ૧૨-૫-૫૨
તત્ ૐ સત્ વૈશાખ વદ ૨, રવિ, ૨૦૦૮

"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાય દિયે." (૨૬૫)

વિ. આપનું કાર્ડ વાંચી પ્રમોદ થયો છેજી. જગતમાં સાચા ભાવે છૂટવાની ઇચ્છા કરનાર બહુ થોડા છે. જેને એ ઇચ્છા જાગી છે તેને સત્પુરુષના વચનોથી પોષણ મળે છે અને અસત્સંગ, અસત્પ્રસંગના ત્યાગથી તથા સત્સંગ, સદ્વિચારના અભ્યાસથી સદ્વિચારણા જાગવાનો સંભવ

છે. બધાનું કારણ પરમપુરુષ પ્રત્યે પરમ પ્રેમ છેજી. જગતની વસ્તુઓ નાશવંત અને મિથ્યા લલચાવનારી છે, તેનું પરિણામ દુઃખદાયી અને માઠી ગતિ છે એવું વારંવાર વિચારી પોતાની વૃત્તિ પરમકૃપાળુદેવ પ્રત્યે વારંવાર વાળવા યોગ્ય છે. તજવાની વસ્તુઓ અનેક છે અને ભજવાની માત્ર એક છે, તો જે ભજવા યોગ્ય ગુરુમૂર્તિ તેમાં વિશેષ વિશેષ ભાવ કરવાથી બીજે બધેથી સહેજે મન ઊઠી જાય અને બીજે જાય તો 'મારે કરવું છે તે પડી રહ્યું' એમ જાણી ખેદ થાય; માટે ભક્તિભાવમાં વૃત્તિ વધારે રહે, દિવસમાં વીસ દોહરા ઘણી વખત બોલાય, ક્ષમાપનાનો પાઠ વિચારાય, હે ભગવાન! હું બહુ ભૂલી ગયો એ ભાવ ચાલુ રહ્યા કરે એમ કરવાથી 'શું કરવું?' તે પ્રત્યે વૃત્તિ વળશે, ઉલ્લાસ આવશે અને પરમપુરુષના વચનો પ્રત્યક્ષ સત્સંગ તુલ્ય લાગશે. હાલ એ જ અભ્યાસ વધારવા વિનંતિ છેજી.

તમે બાદર ક્રિયા પૂછી છે તે બાહ્ય ઉપવાસ, તપ, જીવરક્ષા વગેરે જાણવા યોગ્ય છે. "તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં." એ ઓળખાય તો સૂક્ષ્મ વિચાર સહ ક્રિયા થાય. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૯૨૮

અગાસ, તા. ૧૧-૬-૫૨

આ મનુષ્યભવનાં ઘણાં વર્ષો જોતજોતામાં ચાલ્યાં ગયાં. થોડું આયુષ્ય બાકી છે તે પરમકૃપાળુદેવને શરણે તેની ભક્તિમાં ગાળવું છે અને અસત્સંગ સર્પસમાન જાણી દૂર રહેવું છે તથા સત્સંગતિની નિરંતર પ્રાપ્તિની ભાવના કરવી છે. જ્ઞાનીપુરુષોનો બોધ પરિણામ પામે, સુવિચારણા જાગે અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ પરિભ્રમણદશા ટળે એવો પુરુષાર્થ કર્યા કરવો છે. તેમાં પ્રમાદ શત્રુ છે. મરણને સમીપ સમજી બને તેટલો વૈરાગ્ય વધારી, 'તુંહિ તુંહિ'ની રટણા જાગે તેવી પરમકૃપાળુદેવની ભક્તિ કર્તવ્ય છે. કરવાનું છે તે આ ભવમાં કરી લેવું છે, પરમકૃપાળુદેવમાં ભાવથી સમાઈ જવું છે એ જ ઉત્કંઠા રાખી પરમપ્રેમની વૃદ્ધિ કરવા સર્વને ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૯૨૯

અગાસ, તા. ૧૩-૬-૫૨

"સત્ય શીલ ને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહિ એક, વિના સૂર્ય કિરણ નહિ દેખ."— શ્રીમદ્ રાજચંદ્ર

ન્યાયનીતિથી વર્તવું એ ધર્મનો પાયો છે. પ્રાણ જાય પણ સત્ય આદિ નીતિનો ભંગ ન થાય એમ વર્તે તેને સત્પુરુષનો બોધ પરિણામ પામે છે. માટે નુકસાન વેઠીને પણ આત્માને લૂંટાતો અટકાવવો. અનીતિથી કોઈ સુખી થયું નથી. તમને પણ તે અનુભવ હવે થયો છે, તો પાપભાવના તજી ધર્મધ્યાનમાં વિશેષ લક્ષ રાખવા વિનંતી છેજી. સદાચાર હશે તો જ સત્સંગ સફળ થશે, એ ભૂલવા જેવું નથી. આપણને મંત્ર મળ્યો છે તે જેવો તેવો નથી; માટે મંત્રનું રટણ વિશેષ રહ્યા કરે તેમ કર્તવ્ય છેજી. મંત્રમાં મન રહે તો બીજે ન ભટકે તે અજમાવી જોવા યોગ્ય છેજી. હરતાં-ફરતાં સ્મરણ કરવાની ટેવ પાડી મૂકી હોય તો મરણ વખતે તે યાદ આવે અને સમાધિમરણ થાય. એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૩૦ અગાસ, જેઠ સુદ ૬, ૨૦૦૮

આપનો પત્ર મળ્યો. આપના પિતાને છેવટે પરમકૃપાળુદેવ ઉપર શ્રદ્ધા થઈ અને મરણ-પર્યંત રહી તે આનંદની વાત છે. માતપિતાને ધર્મનો બોધ કરવો એમ પરમકૃપાળુદેવે કહ્યું છે, તેમ તેમને સાચા ધર્મની પ્રાપ્તિ તમારા નિમિત્તે થઈ તે તમારી પુત્ર તરીકેની ફરજ કે તેમનું દેવું વાળ્યું ગણાય. આપણે બધાને એ માર્ગે જવાનું છે. સમાધિમરણની તૈયારી આજથી આપણે કરતા રહેવાની જરૂર છે. મંત્રનું સ્મરણ કરવાની ટેવ પાડી મૂકી હોય તો તે આખરે સ્મૃતિમાં આવી સમાધિમરણનું કારણ બને છે. માટે હરતાં, ફરતાં, કામ કરતાં જીભે મંત્ર જ જપાતો રહે તેવી ટેવ પાડવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. કેટલું જીવવાનું છે તેની કોને ખબર છે? માટે આ મનુષ્યભવનો લહાવો લઈ લેવાનું ચૂકવું નહીં. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૩૧ અગાસ, જેઠ વદ ૧૪, શનિ, ૨૦૦૮

વિ. આપનો પત્ર મળ્યો. આપની મૂંઝવણનું કારણ જાણ્યું છે. સંસારનું સ્વરૂપ જ એવું છે. ચાર રસ્તા વચ્ચે જેનું મકાન હોય તે કહે કે મારા મકાનની આજુબાજુ લોકોની ગરબડ બહુ થયા કરે છે. એમ ફરિયાદ કરે તો તેને કહેવાય કે ભાઈ, તે જગા જ ગરબડનું ધામ છે ત્યાં તારો વાસ છે, તો સહન કર્યે જ છૂટકો છે કે તે જગા બદલી નાખવી એ ઉપાય છે. તેમ દુઃખના દરિયા જેવા સંસારમાં દુઃખ સિવાય બીજું કંઈ જ જણાશે નહીં. તેથી છૂટવું અને મોક્ષે જવું અને ન છુટાય ત્યાં સુધી સમભાવે સહન કરવું યોગ્ય છેજી. પરમકૃપાળુદેવની અનંત કૃપાથી સત્સાધનરૂપ મંત્ર, ભક્તિ આદિની આજ્ઞા મળી છે તેનો વિશેષ વિશેષ ઉપયોગ કરવાથી છૂટવામાં મદદરૂપ થાય તેમ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૩૨ અગાસ, તા ૨૫-૬-૫૨

તત્ ૐ સત્ અષાડ સુદ ૩, બુધ, ૨૦૦૮

બને તેટલું કરી છૂટવું, પછી થવાનું હોય તે જ થાય છે. ભક્તિભાવમાં ખેંચ રાખવી એ આપણું કર્તવ્ય છે. ન બને તે કર્મનો દોષ, પણ જાણીજોઈને પ્રમાદ સેવવો નથી. કંઈ ન બને તો મંત્રનું રટણ છેલ્લા શ્વાસ સુધી ટકાવી રાખવું, ભાન હોય ત્યાં સુધી — એમ પ. પૂ. પ્રભુશ્રીજીના બોધમાં આવે છે તે લક્ષ આપણે ચૂકવા યોગ્ય નથી. બીજું જે થાય તે જોયા કરવા યોગ્ય છેજી.

"નહિ બનવાનું નહીં બને, બનવું વ્યર્થ ન થાય;<br>
કાં એ ઔષધ ન પીજિયે, જેથી ચિંતા જાય?"<br>
"સુંદર ચિંતા મત કર, તૂ કર બ્રહ્મ-વિચાર,<br>
શરીર સોંપ પ્રારબ્ધકું, જ્યું લોહા કૂટે લુહાર."

આવા ભાવથી આત્માને પુરુષાર્થમાં જોડી રાખવા યોગ્ય છેજી.

---

૯૩૩ અગાસ, તા. ૨૫-૬-૫૨

"કરશો ક્ષય કેવલ રાગકથા, ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;<br>
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો."

મંત્રમાં વૃત્તિ રાખવા ભલામણ છેજી. જેમ બને તેમ કષાયની મંદતા થઈ ઉપશમભાવ પ્રગટે અને પરમકૃપાળુદેવની ભક્તિમાં વૃત્તિ રહે તેમ કર્તવ્ય છેજી.

શરીરની શક્તિ જોઈ તપ કરવું, તણાઈને કંઈ કરવા જેવું નથી. આ શરીરથી હજી પરમકૃપાળુદેવનો માર્ગ સમજી તેણે જણાવેલ આજ્ઞા ઉપાસવા માટે કેડ બાંધવાની છે. આંધળી દોડ કરી સંતોષ માનવા જેવું નથી કે મેં ધર્મ કર્યો. પણ સત્સંગની ભાવના નિરંતર કર્તવ્ય છેજી. સત્સંગ જેવું કલ્યાણનું કારણ કોઈ નથી એ લક્ષ ચૂકવા જેવો નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૯૩૪ અગાસ, તા. ૨૮-૬-૫૨
તત્ ૐ સત્ અષાડ સુદ ૬, શનિ, ૨૦૦૮

સંસારની ચિંતા કરીએ કે ન કરીએ તે સરખું છે. આપણું ધાર્યું કંઈ થતું નથી. ન જોઈતી ફિકરચિંતા કરવાનું જીવ માંડી વાળે તો જીવને નિરાંત વેદાય તેમ છે; પણ હું કરું છું, હું સારું કરી શકું છું, મારી સલાહ વગર બીજા કરશે તો બગડી જશે આદિ અભિમાન જીવને ન જોઈતી ચિંતામાં દોરી ફસાવી રાખે છે.

"જગત જીવ હે કર્માધીના, અચરજ કછુ ન લીના,
આપ સ્વભાવમેં રે, અબધુ સદા મગન મન રહેના."

૯૩૫ અગાસ, તા. ૨-૭-૫૨
તત્ ૐ સત્ અષાડ સુદ ૧૦, બુધ, ૨૦૦૮

'થવું હોય તે થાઓ, રૂડા રાજને ભજીએ.' એ સાચા દિલની ભક્તિ ભવ તારનાર છેજી. મરણ સુધી તે ભાવના ટકાવી રાખનારની બલિહારી છેજી. વેદના એ સમજની કસોટી છે. વેદના વેદતાં દેહથી ભિન્નતા રહે તો સમાધિમરણનું કારણ છેજી. ૐ

૯૩૬ અગાસ, અષાડ વદ ૧, ૨૦૦૮

કંઈ કંઈ વાંચન-વિચારની પ્રવૃત્તિ આપ રાખતા હશોજી. સત્સંગની આ કાળમાં ઘણી ખામી છે. એક જ લક્ષવાળા મંદ-કષાયી જીવો વિરલા દેખાય તેવો કાળ આવી પહોંચ્યો છે. તેવા પ્રસંગે જીવે "આપ સમાન બળ નહીં ને મેઘ સમાન જળ નહીં" એ કહેવત પ્રમાણે પ્રમાદ મંદ કરી આત્મહિતપોષક એવાં પરમકૃપાળુદેવનાં વચનોનો સ્વાધ્યાય નિયમિતપણે કર્તવ્ય છેજી. તે સત્સંગની ગરજ સારે તેમ છેજી. જિંદગીનો પાછળનો ભાગ તો જ્ઞાનીપુરુષનાં વચનો કાનમાં પડ પડ થાય અને તેના જ વિચાર સ્ફુર્યા કરે તેમ ગાળવા યોગ્ય છે, તે સમાધિમરણનું કારણ બને તેમ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૯૩૭ અગાસ, તા. ૧૨-૭-૫૨

"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ." — શ્રીમદ્ રાજચંદ્ર

આપનો પશ્ચાત્તાપપૂર્વક લખેલ ક્ષમાપનાપત્ર મળ્યો છેજી. એવા ભાવો પરમકૃપાળુદેવ પ્રત્યે વારંવાર કરતાં જીવને અંતરંગ બળની પ્રાપ્તિ થાય તેમ સમજાય છેજી.

"અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ?"

પરમકૃપાળુદેવે સત્સાધનરૂપે 'વીસ દોહરા', 'ક્ષમાપનાનો પાઠ' અને 'યમનિયમ'નું આપણને અવલંબન આપ્યું છે, તેનું સામર્થ્ય આવા અવસરે વિશેષ સમજાય છે અને તે આલંબન દૃઢ રીતે ગ્રહણ કરી પરમાર્થ પંથ કાપવામાં ત્વરા મળે છેજી. હું ધારું છું કે તમે જો આ પ્રસંગનો લાભ લઈ ભક્તિમાં કાળ ગાળતાં વિશેષ શીખો તો આત્મવીર્યની વિશેષ વૃદ્ધિ કરી આગળ આવી જશો. 'निर्बलके बल राम' એમ તુલસીદાસ મહાત્માએ ગાયું છે તથા પતિત-પાવનના નામથી પ્રખ્યાત છે તેવા સદ્‌ગુરુનું શરણું 'પંગુ ગિરિ ચઢી જાય' તેવું બળદાયક છે. નિરાશાને ભજવા યોગ્ય તમે નથી. "ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે."(૮૧૯) એનો વારંવાર વિચાર કરી તેનો આશય હૃદયગત કર્તવ્ય છે.

મુશ્કેલીઓ જ જીવને ઘડે છેજી. ઘડાની ઉત્પત્તિનું દૃષ્ટાંત તમે સાંભળ્યું હશે. એક નિરાશ થયેલા શિષ્યને ઘડે કહ્યું – "મને મારા સ્થાનમાંથી તીક્ષ્ણ હથિયારથી ઉખેડી, ગધેડે ચઢાવી પ્રારબ્ધે કુંભારને ત્યાં નાખ્યો. તેણે પાણી તથા ગધેડાનાં લીંડાંથી મારી કદર્થના કરી, પગથી ગૂંદ્યો, હાથથી મસળ્યો, પછી એક પિંડ બનાવી ચાક પર ચઢાવી ભમાવ્યો, અનેક આકારો કરી કરી ભાંગી નાખી અંતે ઘડાના આકારે કરી ચાક ઉપરથી ગળું છેદે તેમ દોરાથી કાપી તડકે મૂક્યો. કંઈક હું ઠર્યો કે પાછા ટપલા મારા ઉપર પડવા મંડ્યા અને અત્યારનું રૂપ થયું. એટલે મને તાપે સૂકવ્યો. તેથી સંતોષ ન પામતાં વળી અગ્નિના નિભાડામાં મને મૂકી ઘણા દિવસ તાપમાં રાખ્યો. આખરે તેમાંથી કાઢી ટકોરા મારી, સાજો રહ્યો છું એવી પરીક્ષા કરી મને જુદો રાખ્યો અને ગધેડે ચઢાવી બજારમાં આણ્યો. ત્યાંથી આ સંતના હાથમાં આવ્યો ત્યારથી અમૃત (પાણી) ભરી રાખવાનું ભાજન બન્યો છું. તેથી મુશ્કેલીઓથી હે ભાઈ! ગભરાવા જેવું નથી. મુશ્કેલીમાં મારું વૃત્તાંત યાદ કરજે તો તું ઉત્તમ ગતિને યોગ્ય થઈશ."

---

૯૩૮ અગાસ, તા. ૧૩-૭-૫૨

તત્ ૐ સત્ અષાડ વદ ૭, ૨૦૦૮

આપ આગળ વધવાના પુરુષાર્થમાં છો તથા દોષને દોષ જાણી તે દૂર ન થતાં સુધી ચેન ન પડે તેવી ભાવના લખાયેલી જાણી સંતોષ થયો છેજી. દોષોના દૌરાત્મ્ય(દુષ્ટપણા)થી નાહિંમત થવા યોગ્ય નથી. સતત પુરુષાર્થ એ જ આપણા હાથની વાત અને હથિયાર છે તેને અવસર જોઈ વાપરતા રહેવું ઘટે છે. કોઈ વખતે કર્મનું બળ વિશેષ જોવામાં આવે છે, તો કોઈ વખત આવરણના મંદ ઉદયે આત્માનું બળ વિશેષ જોવામાં આવે છે. તો જ્યારે આત્મા બળવાન જણાય તે વખતે પુરુષાર્થ ચાલુ રાખ્યો હોય તો તેનું ચમત્કારી ફળ પ્રગટ જોવામાં આવે છે. નિરાશ થનાર તેવો લાગ ચૂકી જાય છે. કર્મ પ્રત્યેનો શત્રુભાવ તો ભૂલવો નથી એ લક્ષ રાખવા યોગ્ય છે. એ (કર્મ) આપણને પ્રહાર કરવા નથી ચૂકતું તો આપણે પણ લાગ શોધતા રહેવું અને અવસરે એવો ફટકો લગાવવો કે તે ઊંચું માથું કરી ન શકે. ટૂંકામાં કહેવાનું કે—

"जब जाको जैसो उदय, तब सो है तिहि थान।
शक्ति मरोडे जीवकी, उदय महा बलवान ॥ — बनारसीदास

मुक्तिगढ कायम ही करना, लही श्रीमद् सद्गुरु-सरना।
सज्जन, सत्य मान कह्या मेरा, वैरी बीच वास भया तेरा ॥

આપને વિચારવાને આ લખ્યું છે. આપ તો વિચારવાન છો તેથી સમજો છો કે પુરુષાર્થ અને તેમાં સત્પુરુષાર્થ એ જ પરમાર્થ પ્રાપ્તિનું કારણ છે. તો કર્મના હઠીલા સ્વભાવથી નહીં કંટાળતાં "શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે." તે વારંવાર હૃદયમાં રાખી કર્મને નિર્મૂળ કરવાં છે એ લક્ષ ચૂકવા યોગ્ય નથી. ભોગવીને કર્મથી છૂટવાની વૃત્તિ ભૂલભરેલી છે. ભોગવતાં સમભાવ રહેવો મહા દુર્ઘટ છે, તૃષ્ણા વધે છે અને કર્મ બળવાન થાય છે. માટે ભોગ પહેલાં, ભોગ વખતે અને પછીથી પશ્ચાત્તાપ ન ચુકાય એ જ ખરો પુરુષાર્થ કે વૈરાગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૯૩૯** અગાસ, તા. ૧૫-૭-૫૨

તમે 'ઉદાસીનતા' વિષે પૂછ્યું તેનો અર્થ પરમકૃપાળુદેવે સમતા કર્યો છે અને તે થવાનું કારણ સત્પુરુષની ભક્તિમાં લીન થવાનો ઉપાય જણાવ્યો હોય એમ લાગે છે. જગત પ્રત્યે વૈરાગ્ય-ઉપશમદૃષ્ટિ થયે ભક્તિ પણ યથાર્થ થાય છે અને સમભાવ પ્રગટે છેજી. ૐ શાંતિઃ

---

**૯૪૦** અગાસ, તા. ૧૬-૭-૫૨

તત્ ૐ સત્ અષાડ વદ ૧૦, ૨૦૦૮

વિ. આપનો પત્ર પ્રાપ્ત થયો છેજી. બીજે ખોટી થશો અને જે શીખવાનું મળશે તે કરતાં મોટા પુસ્તકમાંથી જે જાણવાનું મળશે તે અલૌકિક અને આત્મહિતકારી વિશેષ થઈ પડશેજી. જેણે આત્મા નથી જાણ્યો તે ગમે તેવી કથા કરે પણ સાંભળનારમાં વીતરાગતા, નિર્મોહીપણું પ્રગટાવી ન શકે; અને જેણે આત્મા જાણ્યો છે તે પુરુષનાં થોડાં વચનો પણ પ્રત્યક્ષ સત્પુરુષતુલ્ય જાણી ઉપાસવામાં આવે તો જગતનું વિસ્મરણ થાય અને આત્મા તરફ વૃત્તિ વળે, ઠરે અને ભાન પણ પ્રગટે. માટે દર્શન કરવા જવું હોય તો જવું, પણ બીજો પરિચય રાખવા લાયક નથી. કારણકે તે શ્રીમદ્ રાજચંદ્ર સંબંધી અભિપ્રાય આપે, પણ તેમણે તમારા જેટલું પણ શ્રીમદ્દનું સાહિત્ય વાંચ્યું ન હોય, કહેતાકહેતી વાતો કરે તેમાં કંઈ માલ નથી. ત્યાં જઈ ચઢો અને વખતે બેસવું પડે તો વૈરાગ્ય જેવું સાંભળવાનું હોય તો તેમાં લક્ષ દેવો, નહીં તો રાજાની કથાઓ વગેરેમાં ખોટી થવા જેવું નથી. બને તો ઊઠી નીકળવું અને ન ઊઠી શકો તો મંત્રમાં મન રાખી તેટલો કાળ કાઢી લેવો અને ફરી તેવા પ્રસંગમાં ન અવાય તેમ કરવાથી અસત્સંગથી બચી શકાય. મધ્યસ્થતા, નિર્મોહીપણું, સમભાવ તેવા પ્રસંગમાં મળવાં દુર્લભ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૯૪૧** અગાસ, તા. ૧૭-૭-૫૨

મનની ચંચળતા સંબંધી તમે લખ્યું તે બરાબર છે; પણ જેમ વૈરાગ્ય, ઇંદ્રિયજય અને એકાંતસહ સત્શ્રુતનું સેવન થશે તેમ તેમ સ્થિરતા મનની થવા યોગ્ય છે. "અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, નિયમિત વાચા, નિયમિત કાયા અને અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધનો છે."(૨૫) જણાવ્યા પ્રમાણે લક્ષ લેશોજી. ૐ શાંતિઃ

---

૯૪૨ અગાસ, તા. ૨૬-૭-૫૨
શ્રાવણ સુદ ૩, શનિ, ૨૦૦૮

આપનો પત્ર મળ્યો. વાંચી આપને અશાતા વેદનીય કર્મના ઉદયે અચાનક દુઃખ આવ્યું તે જાણ્યું. તેવા પ્રસંગે આર્ત્તધ્યાનમાં વૃત્તિ ન જાય એમ મુમુક્ષુ જીવ કાળજી રાખે છે. ધર્મ-ધ્યાન થવાનું સાધન મંત્ર પરમકૃપાળુદેવની પરમકૃપાથી મળ્યો છે તે આત્મા મળ્યો છે એમ જાણી તેને વીલો મૂકવા યોગ્ય નથીજી. એક એક બોલના અવલંબને ઘણા ભદ્રિક જીવો તરી ગયા છે. તો આપણે પણ તેવી આત્માની દયા લાવી, નહીં જોઈતી પારકી પંચાતમાં નહીં પડતાં આત્માને સંભાળવો ઘટે છેજી. જેણે તેમ કર્યું છે તેને મરણ સમયે તે જ મુખ્યપણે આગળ તરી આવે છે એમ આપણે પ્રત્યક્ષ જોયું છે; તો હવે કોઈ કોઈનું નથી, આ જીવ કરશે તો જ તેનું કલ્યાણ થશે એમ વિચારી, તે જ સાધનમાં રાતદિવસ આટલો ભવ રહેવું છે એમ નિશ્ચય કરી, તે પ્રમાણે દૃઢતાપૂર્વક વર્તવું ઘટે છેજી. ઘણું જીવે સાંભળ્યું છે, પણ સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખ્યું છે, તો હવે દાઝ ઊંડી રાખીને આત્માનું કામ પહેલું, પછી પૈસાટકા કે ખાવાપીવાની તકરારો એમ મનને સમજાવી તેવા વાતાવરણમાંથી નાસી છૂટવા જેવું છેજી. કાળનો ભરોસો નથી. લીધો કે લેશે એમ થઈ રહ્યું છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૪૩ અગાસ, તા. ૨૯-૮-૫૨

આપનો ક્ષમાપનાપત્ર ભક્તિભાવભર્યો આવ્યો તે વાંચી સંતોષ થયો છેજી. જેના હૃદયમાં ભક્તિનું બીજ હશે તેનાં વચનથી જ બીજાને ભક્તિભાવ પ્રગટશે.

ચાર-પાંચ દિવસની માંદગી ભોગવી પૂ. ગુણચંદ્રજી મહારાજે ભાદરવા સુદ ૭ ને રાત્રે ૯૧ વાગ્યે દેહ છોડ્યો છેજી. અચાનક આમ મરણ આવી પહોંચે છે તે જોઈ વૈરાગ્ય પામી ચેતવા જેવું છેજી. શાંતિપૂર્વક તેમણે આખરની વેદની સહન કરી છે અને પ. પૂ. પ્રભુશ્રીજીએ કહેલું કે આશ્રમમાં દેહ છૂટે તેનું સમાધિમરણ થશે તે તેમણે સાબિત કરી બતાવ્યું છેજી. આખી જિંદગીના ભાવોની રહસ્યભૂત મતિ મરણ વખતે વર્તે છે. તેથી પહેલાં જે જે સારા શ્રદ્ધાના ભાવો કર્યા હોય તે આખરે ઉપર આવી જીવને બચાવી લે છેજી. આપણે પણ સમાધિ-મરણ અર્થે પ્રમાદ તજી વિશેષ કાળજી રાખવી ઘટે છે. તે માટે જેટલો શ્રમ વેઠ્યો હશે તે લેખે આવશે. માટે જગતને રૂડું દેખાડવા કરતાં પોતામાં સહનશીલતા, ક્ષમા, વૈરાગ્ય, ભક્તિ તથા સમાધિભાવ વર્ધમાનતાને પામે તેવો પુરુષાર્થ આ દેહે કર્તવ્ય છેજી. આવા પ્રસંગો આપણને ચેતવણી આપે છે, જાગૃતિ પ્રેરે છે અને શિથિલતા તજી દૃઢ આશ્રયભક્તિની વૃદ્ધિ કરી કલ્યાણ તરફ દોરે છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૪૪ અગાસ, તા. ૧-૯-૫૨

સંસારી બાબતો પૂર્વના પ્રારબ્ધ પ્રમાણે બન્યે જાય છે. દાંત છે તેને ચાવણું મળી રહે છે. તેની ન જોઈતી ફિકરમાં જીવ બળી રહ્યો છે તેને શાંતિ મળે તેવા સત્સંગની જરૂર છે. આત્મહિતનું કામ ઘણા ભવથી જીવ ધકેલતો આવ્યો છે. આ ભવમાં લાગ આવ્યો છે, તે નહીં સાધી લે તો કયા ભવમાં પછી બની શકશે?

---

૯૪૫ અગાસ, તા. ૩-૯-૫૨

મોક્ષમાળાનો વિવેક વિષેનો પાઠ મુખપાઠ થયે રોજ ફેરવવાનો, વિચારવાનો અને તેવા વિવેકની પ્રાપ્તિનો પુરુષાર્થ કરતા રહેવા ભલામણ છે. થોડું વંચાય કે મુખપાઠ થાય તેની હરકત નહીં, પણ જે કંઈ વંચાય તેનો વિચાર રહ્યા કરે અને વિચારેલું અનુભવમાં આવતું જાય તેવા ભાવ કર્યા કરવાની જરૂર છેજી. સત્સંગની ભાવના નિરંતર કર્તવ્ય છે, તેવો યોગ મળી આવ્યે સત્સંગતિ સેવવા યોગ્ય છેજી. મૂંઝવણના પ્રસંગમાં સ્મરણ એ ખરી દવા છે અને માથે મરણ ભમે છે તેનો વિચાર કરી મનુષ્યભવ છે ત્યાં સુધી સદ્ગુરુશરણે આત્મહિત સાધી લેવું ઘટે છેજી. આર્ત્તધ્યાન કોઈ પ્રકારે કરવા યોગ્ય નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૪૬ અગાસ, તા. ૯-૯-૫૨

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે."

તીર્થશિરોમણિ પરમપાવનકારી સત્સંગધામ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી. વિ. તમારો પત્ર મળ્યો. તમારા સગા અત્યંત વૃદ્ધ છે તેમના વિષે આપે લખ્યું તે વાંચ્યું. તેમને સાત વ્યસન અને સાત અભક્ષ્યની વાત કરશો અને તેમનાથી જેટલાનો ત્યાગ થાય તેટલાની પ્રતિજ્ઞા પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ વંદન કરી લેવાનું કહેશોજી.

"હે પ્રભુ! હે પ્રભુ! શું કહું? દીનાનાથ દયાળ" આ કડી પૂરી કે અર્ધી જેટલી તેમની સ્મૃતિમાં રહે તે બોલ્યા કરે એમ જણાવ્યું છે, તે મારે મંત્રતુલ્ય છે એમ તેમણે ગણવા યોગ્ય છે. થોડી વાર તેમને બોલાવશો. તે મુખપાઠ ન થાય એમ લાગે તો "હે પ્રભુ! હે પ્રભુ!" એટલું બોલે તોપણ ચાલશે. હાલ એ જ. બીજું તમે લખ્યું તે વહેલું લખવું જોઈતું હતું, પણ બનનાર તે ફરનાર નથી એમ ગણી નીચેની કડી લક્ષમાં લેશો —

"कबीरा तेरी झोपडी, गलकट्टेके पास;
करेगा सो भरेगा, तू क्युं भया उदास?"

આપણે આપણો મનુષ્યભવ સફળ કરવા કમર કસીને મંડી પડવા યોગ્ય છેજી. જગતનું વિસ્મરણ કરી જ્ઞાનીના ચરણમાં મનને લીન કરવાનું પરમકૃપાળુદેવનું વચન લક્ષમાં રાખવું ઘટે છેજી. પરોપકારનું કામ કરવાનો યોગ કે સંઘ-સેવા કરવાનો યોગ મહાભાગ્યે મળે છે તે છોડી દેવામાં લાભ નથી. લોક મૂકે પોક. આપણું સંભાળવું.

---

૯૪૭ અગાસ, તા. ૧૫-૯-૫૨

તત્ ૐ સત્ ભાદરવા વદ ૧૧, ૨૦૦૮

તમને વાંચતાં નથી આવડતું એ એક ખામી છે. વાંચતાં શીખવનાર કોઈ બાઈ, ભાઈ મળે તો તેની પાસેથી વાંચતાં શીખવાની ભાવના હોય તો તે શીખવા યોગ્ય છેજી. પરંતુ કોઈ સ્તુતિ, પ્રતિક્રમણ વગેરે ગોખવાનું કહે તે કરતાં, જે આજ્ઞા મળી છે તેટલા પાઠ મુખ-પાઠ કરી મંત્રનું સ્મરણ-જાપ વિશેષ વિશેષ થાય તેમ કર્તવ્ય છેજી. જેને મતનો આગ્રહ

હોય તેવાના કુસંગથી જીવને ખોટા આગ્રહો પકડાઈ જાય છે ને તેથી જીવ કલ્યાણ માનવા લાગે છે. માટે બાઈઓના સંગ કરતાં પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ માળા ફેરવવી એ વધારે હિતકારી છેજી. કૃપાળુદેવનાં પદ શીખવાં.

---

૯૪૮ અગાસ, તા. ૨૦-૧૦-૫૨

તત્ ૐ સત્ આસો સુદ ૮, શનિ, ૨૦૦૮

છપદનો પત્ર તમે કંઠસ્થ કર્યો તે અમૂલ્ય છે. રોજ લક્ષ રાખીને એક વખત બોલી જવાનું રાખશો, તથા શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર મુખપાઠ કરતાં પહેલાં પત્રાંક ૭૧૯ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પ. પૂ. પ્રભુશ્રીજીને મોકલી તે સાથે મોકલેલો છે, તે મુખપાઠ કરી પછી શ્રી આત્મસિદ્ધિ મુખપાઠ કરવા ભલામણ છેજી. આસો વદ ૧ને દિવસે શ્રી આત્મસિદ્ધિ લખાઈ છે. તે દિવસ પ. પૂ. પ્રભુશ્રીજીની જન્મતિથિનો પણ છે. તે દિવસે અહીં શ્રી આત્મસિદ્ધિની એક ગાથા બોલી પરમકૃપાળુદેવને એક નમસ્કાર કરાય છે, બીજી ગાથા બોલી ફરી નમસ્કાર કરવો, એમ ૧૪૨ ગાથાના ૧૪૨ નમસ્કાર બધા કરે છે તે તમે જોયું હશે. વખત મળે ત્યારે તે દિવસે તેવી ભક્તિ કરવા ભલામણ છેજી. નમસ્કાર કરતાં સુધી તે ગાથાના વિચારમાં ચિત્ત રહે અને ધર્મધ્યાન થાય તે અર્થે પ. પૂ. પ્રભુશ્રીજીએ એ પ્રથા શરૂ કરેલી છેજી. ભક્તિભાવ વર્ધમાન કરતા રહેશો તથા સદાચાર, સંપ, ઉદ્યોગ, ક્ષમા આદિ ગુણો પ્રાપ્ત કરતા રહેવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૪૯ અગાસ, આસો વદ ૮, ૨૦૦૮

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન." — શ્રીમદ્ રાજચંદ્ર

મારી સલાહ તો આપને પ્રથમ આશ્રમમાં રહી સત્સંગ કરવા વધારે વખત મેળવવાની છે. જો પ્રથમ દૃઢ શ્રદ્ધા થઈ હશે તો ચિત્રપટ વગેરે રાખો તો ઠીક છે; નહીં તો ધર્મમાં દૃઢતા ન હોય, આચરણમાં માલ ન હોય તો પરમકૃપાળુદેવને વગોવવા જેવું થાય. માટે સદાચારમાં દૃઢ થતાં શીખો. તે અર્થે સત્સંગ કર્તવ્ય છેજી.

તમને મંત્ર મળ્યો છે તેમાં નવકાર આવી જાય છે. તે વિષે અહીં આવો ત્યારે રૂબરૂમાં પૂછવા ભલામણ છેજી. આત્મકલ્યાણ કરવું હોય તેણે લાંબાં લાંબાં વાક્યો અને મોટી મોટી વાતો કર્યે કંઈ વળે તેમ નથી. સદાચાર ધર્મનો પાયો છે. ઝેર જેવા ઇંદ્રિયના વિષયો લાગે તેવો વૈરાગ્ય પ્રગટ કરવો ઘટે છેજી. અંતરનાં પરિણામ શુદ્ધ થયા વિના કર્મ જાય નહીં, અટકે નહીં. માટે સત્સંગે બધું સાંભળવાનું મળશે, સમજીને વર્તવાનું પણ બનશે; તેથી સત્સંગની ભાવના વિશેષ વિશેષ વધારી તે આરાધવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૫૦ અગાસ, કાર્તિક સુદ ૧૧, ૨૦૦૯

સત્સંગના વિયોગે જીવને સંસારમોહ વળગી પડે છે તે તમારા પત્ર ઉપરથી ખબર પડી. પત્રોમાંના પ્રશ્નોના ઉત્તરો લખવા અવકાશ નથી. માત્ર પત્રાંક ૫૧૦ વારંવાર મુખપાઠ કરવા આપ બન્નેને ભલામણ છેજી.

જે દાનબુદ્ધિથી ઓરડી વગેરે કરાવી આશ્રમને સોંપવામાં આવે છે તે મમત્વભાવ તજવા માટે છે. આશ્રમમાં મારું મકાન છે એ ભાવ સ્વપ્ને પણ આણવા જેવો નથી. મુમુક્ષુએ તો જમણે હાથે દાન કર્યું હોય તે ડાબો હાથ ન જાણે તેવી ત્યાગભાવના રાખવા યોગ્ય છે. પોતાના વારસને તેનો હક છે એમ જણાવનાર ભૂલ ખાય છે. જેને પોતાનું મકાન ન હોય તેને પણ અહીં આવનારને મકાન રહેવા મળી રહે છે. આજ સુધી તમને પણ મળી રહેતું અને હવે તમને અને તમારા વારસને નહીં મળે એવી ફિકર તમને પેઠી છે? કે તે જ મકાન તમારે કે વારસે વાપરવું એવું વીલમાં લખ્યું છે? આ તો તમારું મમત્વ હૃદયમાંથી દૂર થવા લખ્યું છે, ઠપકો નથી. સત્સંગમાં નહીં અવાય એવી કલ્પના પણ સેવવા યોગ્ય નથી. પણ આશ્રમમાં દેહ છૂટે તો સમાધિમરણનું કારણ મને બને એવો લક્ષ, ભાવના કર્યા કરવી ઘટે છેજી.

સમાધિમરણ સિવાય બીજા વિચારો આત્મઘાતક છે એમ વિચારી વૃદ્ધ અવસ્થામાં, મહાવ્યાધિના ઉદયમાં મુમુક્ષુ જીવે જાગ્રત જાગ્રત રહી આત્મભાવ પોષવો ઘટે છે. ક્લેશકારી પત્નીના વિયોગથી શાંતિ લેવાનું ભૂલી બીજી ઉપાધિ વધારે તે વિચારવાન ન કહેવાય. ૐ શાંતિઃ

---

**૯૫૧** અગાસ, સં. ૨૦૦૯

તમારી ભાવના સત્સંગની રહે છે. લક્ષ્મીનું સ્વરૂપ પરમકૃપાળુદેવે ''મોક્ષમાળા''ના 'ખરી મહત્તા' વિષેના તથા 'પરિગ્રહ' વિષેના પાઠમાં વર્ણવ્યું છે. તે વારંવાર વિચારી તે ફંદમાંથી નિવૃત્તિ કેમ પ્રાપ્ત થાય, તેના વિચારમાં રહેવું યોગ્ય છેજી. પૂણિયા શ્રાવકની વાત તમે સાંભળી હશે. રોજ બે આનાની કમાણીમાંથી બે જણનો નિર્વાહ ચલાવવાનું તે કરતો અને કંઈ બચત કરી ફૂલ ખરીદી ભગવાનની પૂજા કરતો. સામાયિક (બે ઘડી આત્મવિચાર-ધ્યાન) એવું કરતો કે ભગવાને શ્રેણિક રાજાને કહ્યું કે તેની એક સામાયિકનું ફળ તને મળે તો તું નરકે જતો બચે. એટલે એક સામાયિકવ્રત યથાયોગ્ય થાય તો તેનું પુણ્ય એટલું હોય છે કે તે ભોગવવાનું સ્થાન દેવલોક સિવાય બીજું નથી. અત્યારે જે કમાણી દેખાય છે તે 'ભિખારીના ખેદ' વિષે 'મોક્ષમાળા'માં પાઠ છે તેના જેવી છે. તેમાં રાચવા જેવું નથી. છૂટવાની ભાવના દિવસે દિવસે વર્ધમાન કરવી અને બંધન થાય તેવાં કર્મથી કંટાળો જીવને આવે, સત્સંગ સાંભર્યા કરે અને છૂટવા માટે ઝૂરણા રહ્યા કરે તેમ કર્તવ્ય છે. ''તત્ત્વજ્ઞાન''માં 'પુરાણ પુરુષને નમોનમઃ'ના મથાળાવાળો લેખ (૨૧૩) તથા પત્રાંક ૨૫ અને ૫૭૨ વારંવાર વિચારવા તથા મુખપાઠ કરવા ભલામણ છેજી.

તમારી મોકલેલી ચીજો દ્વારા તમે ભાવના કરી, પણ મને પોતાને સ્વીકારવાથી બોજારૂપ હોવાથી લઈ શક્યો નથી તે ક્ષમા કરશો. હવે નવું દેવું કરવા વિચાર નથી. પ. પૂ. પ્રભુશ્રીજીએ જરૂર પડે તે અર્થે સાધકસમાધિ ખાતેથી વાપરવા છૂટ આપી છે પણ વિલાસ અર્થે નહીં.

---

**૯૫૨** અગાસ, તા. ૩૧-૧૦-૫૨

તત્ ૐ સત્ કાર્તિક સુદ ૧૩, ગુરુ, ૨૦૦૯

આપનો પત્ર મળ્યો. આપની ભાવના જાણી. પરમકૃપાળુદેવને શરણે જ્યાં પ્રારબ્ધાધીન અદીનપણે વિચરવું થાય તે હિતકર સમજવું ઘટે છેજી. એક સાચું શરણું મળ્યું છે તેને તો

જગત પ્રત્યે "જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે" એવો લક્ષ રાખી નિઃસ્પૃહપણે વીતરાગને માર્ગે વર્તવું છે એવું હૃદયમાં દૃઢ રાખવાથી ચારિત્રબળ વર્ધમાન થઈ સમાધિમરણનું કારણ થાય. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૫૩ અગાસ, કાર્તિક સુદ ૧૪, ૨૦૦૯

સહજ સ્વભાવે પરમકૃપાળુદેવની કૃપાએ જે બની આવે તે જોયા કરવા જેવું છેજી. સ્મરણની સૂચના લક્ષમાં લીધી છે એમ જાણી સંતોષ થયો છેજી. સહનશીલતા, ક્ષમા, ધીરજ, સંતોષ, પરમપુરુષના ઉપકારનું સ્મરણ, તેની હાજરી અનુભવવી આદિ સદ્ગુણો મુમુક્ષુજીવે હૃદયગત કરી જાગ્રત જાગ્રત દશા વધારવી ઘટે છેજી. મરણ અવશ્ય આવનાર છે તે ભૂલવા યોગ્ય નથી, તેની તૈયારી કરી રાખવી ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૫૪ અગાસ, કાર્તિક સુદ ૧૪, ૨૦૦૯

આપનું કાર્ડ મળ્યું હતું. મુંબઈ દવા માટે આમંત્રણ આપ્યું તે બદલ ઉપકાર માનું છું. પ્રભુ તેવા અનાર્ય જેવા વાતાવરણમાં ન લઈ જાય એવી અંતરની ઇચ્છા છે. હવે તો સમાધિમરણને અનુકૂળ એવાં નિમિત્તો મળ્યા કરે એવી જ ભાવના રહ્યા કરે છે. કરાળ કાળ છે. કરાળ કર્મો છે. તેમાં સારી ભાવના અને સદ્વર્તન જ્ઞાનીની આજ્ઞાએ થાય એ જ કર્તવ્ય છેજી. જ્યાં-ત્યાંથી આત્માને ક્લેશનાં કારણોથી છૂટી જવાય અને પરમકૃપાળુ પ્રભુશ્રીજીએ ફરસેલી ભૂમિમાં તેની આજ્ઞામાં આત્માર્થે રહેવાય તેવી ભાવના કર્તવ્ય છેજી. આપે તો ઘણો સત્સંગ સેવ્યો છે, તેનો રંગ લાગ્યો છે, તો હવે તેના ઉપર આવરણ ન આવે અને તે રંગે રંગ વધ્યો જાય તેમ કરતા રહેવા ઉત્તમ અનુકૂળતા પ્રાપ્ત કરતા રહેવા વિનંતી છેજી. ૐ

---

૯૫૫ અગાસ, તા. ૨૧-૧૧-૫૨
માગશર સુદ ૪, ૨૦૦૯

જીવ પુરુષાર્થ કરે તો મનુષ્યભવમાં સત્સંગનો યોગ મેળવી શકે તેમ છે. સત્સંગ જેવું કલ્યાણનું કારણ બીજું ગમે તેવું સારું લાગતું હોય તોપણ તે ગૌણ કરી સત્સંગ ઉપાસવાની પરમકૃપાળુદેવની શિક્ષા છે તે લક્ષમાં રાખવા ભાવના કરવા લખ્યું હતું, બાકી તો પુણ્યના યોગ પ્રમાણે બને છેજી.

ભક્તિ, સ્મરણ, મુખપાઠ કર્યું હોય તે લક્ષ રાખી ધર્મધ્યાન કરતા રહેવા તથા શાંતિ આત્માને વર્તે તેમ વર્તતા રહેવા ભલામણ છેજી

---

૯૫૬ અગાસ, તા. ૨૬-૧૨-૫૨

આપનો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા. તમારાં માતુશ્રીને કંઈ ભાન નથી એટલે શું કહેવું તે સમજાતું નથી. પણ ચિત્રપટનાં દર્શન કરાવતા રહેવું અને મંત્રનું સ્મરણ તેમની આગળ બને તેટલું ચાલુ રાખવું. આપણને લાભનું તે કારણ છે. માતાની સેવા એ પુત્રની પ્રથમ ફરજ છે. તેમના ભાવ ફરે અને મંત્રમાં ચિત્ત જાય કે દર્શન કરવામાં કાયાની પ્રવૃત્તિ થાય તે પણ લાભકારક જ છે. આવા પ્રસંગો આપણને વૈરાગ્યનું કારણ છે. 'મૃત્યુમું આવવું

અવશ્ય છે' (૫૮૮) એમ પરમકૃપાળુદેવનું વચન છે તે લક્ષમાં રાખી મંત્રના સ્મરણમાં આપણું ચિત્ત રાખીશું તો જરૂર લાભ થશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૯૫૭ અગાસ, તા. ૨૭-૧૨-૫૨

માંદગી દરમિયાન દેહાધ્યાસની પરીક્ષા થાય છે. જે દોષ દેખાય તે દૂર કરવા અસંગ ભાવનાની વૃદ્ધિ થાય તેવા પુરુષાર્થ પ્રત્યે વલણ થાય તેમ નિશ્ચય કર્તવ્ય છેજી. ખરો ધર્મ પરમકૃપાળુદેવે કહ્યો છે તે એ છે—

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ."

એ જ ભાવના વહ્યા કરે તેમ વર્તવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૯૫૮ નાસિક રોડ, તા. ૨૨-૧-૫૩
તત્ ૐ સત્ મહા સુદ ૭, ૨૦૦૯

"ઇચ્છા વર્તે અંતરે, નિશ્ચય દૃઢ સંકલ્પ;
મરણ-સમાધિ સંપજો, ન રહો કાંઈ કુવિકલ્પ."

વિ. આપનાં કાર્ડ મળ્યાં છેજી. હાલ ચારેક દિવસથી અહીં હવાફેર માટે આવવું થયું છે. તબિયત હજી નરમ રહ્યા કરે છે. આપની પરમકૃપાળુદેવના શરણની ભાવના પણ જાણી સંતોષ થયો છે. પરમકૃપાળુદેવના આશ્રિતનું તો કલ્યાણ જ થવા યોગ્ય છે. સહનશીલતા, દયા, શાંતિ, સમતા, ક્ષમા એ સમાધિમરણ વખતે મિત્રતુલ્ય છેજી. "ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો." (૩૭) એમ પરમકૃપાળુદેવે કહ્યું છે, તથા "પરમ-શાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસંમત ધર્મ છે" (૩૭) એ લક્ષમાં રાખી જ્ઞાનીને શરણે બુદ્ધિ રાખી નિર્ભયપણાને અને નિઃખેદપણાને ભજવાની શિક્ષા માન્ય કરી આનંદમાં રહેવા યોગ્ય છેજી. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. આત્મવિચારમાં રહેવા ભલામણ છેજી. આપણું કંઈ નથી. પરમકૃપાળુદેવની કૃપાને પાત્ર થઈએ એ જ ભાવના, મંત્રસ્મરણ અંતપર્યંત કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૯૫૯ નાસિક રોડ, મહા સુદ ૧૪, ૨૦૦૯

વાંચવાનું, ગોખવાનું, મુખપાઠે કરેલું ફેરવવાનું કરવા ઉપરાંત વિચાર કરવાનું શીખવાનું છે. રોજ એકાદ પત્ર વિચાર કરવા રાખવો ઘટે છેજી. આખા દિવસમાં જ્યારે પાંચ-પંદર મિનિટ મળે ત્યારે તે પત્ર સંબંધી વિચાર કરવો છે એમ રાખવું, અને બને તો સૂતાં પહેલાં તે પત્ર વિષે કંઈ નવી વિચારણા કે જીવનમાં સુધારણા કરવાની સ્ફુરણા વગેરે થાય તેની નોંધ રાખતા જવાથી એક પ્રકારે પોતાનો જીવન-વિકાસ કે ફેરફારનો ક્રમ સમજમાં આવે તેવું બને.

૯૬૦ નાસિક, તા. ૨૮-૧-૫૩

તત્ ૐ સત્ મહા સુદ ૧૪, બુધ, ૨૦૦૯

સમાધિસોપાન તમે બધા સાથે વાંચો તો સારું, કેમ કે એકલાં કરતાં સત્સંગમાં વંચાય તે વધારે સારું સમજાય, એકબીજાને પુછાય અને ચર્ચા થાય તો જેણે સત્સંગમાં કંઈ સાંભળ્યું હોય તે જાણવા મળે.

ચિ. વસુમતીના પ્રશ્નનો ઉત્તર સમજાય તેમ લખું છું. કોઈ પૂછે કે તું કોણ છે? તો તું શું કહે? વસુમતી. પણ હાથ વસુમતી? આંખ વસુમતી? પગ વસુમતી? તું કહે કે બધુંય વસુમતી. તો મરી જાય ત્યારે બધુંય પડ્યું રહે છે, તેને ઘરમાં કોઈ રાખતું નથી, બાળી નાખે છે અને અત્યારે ઘરથી કાઢી મૂકતા નથી તેનું કારણ શું? તું કહે કે અંદર જીવ છે તે જતો રહે છે, પછી બાળી નાખે છે; તો તે જીવ વસુમતી કે દેહ વસુમતી? બીજે જીવ જન્મે ત્યારે વસુમતી તરીકે કોઈ નહીં ઓળખે, બીજું નામ પાડશે; તો જીવ પણ વસુમતી ન નીકળ્યો. આમ હું કોણ છું? તેનો વિચાર જીવે નથી કર્યો. પોતાનું સ્વરૂપ જ્ઞાન એટલે જાણવું, દર્શન એટલે શ્રદ્ધા કરવી અને ચારિત્ર એટલે સ્થિર થવું એ છે. તેનું ઓળખાણ નથી તે જ મોટી ભૂલ છે. તે જ ભૂલને લીધે 'દેહ તે હું' એવું થઈ ગયું છે. દેહ દેખાય છે પણ દેખનારો દેખાતો નથી. તેને ઓળખવા જ્ઞાનીપુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી તેની આજ્ઞા આરાધે તો કોઈક દિવસે શુદ્ધ આત્માનું ભાન થાય તેમ છે. તેનો વિચાર સમાધિસોપાનમાં પાછળના પત્રોમાં આવશે. તે વાંચવા-વિચારવા ભલામણ છેજી. ૐ શાંતિઃ

---

૯૬૧ . નાસિક રોડ, મહા સુદ ૧૫, ૨૦૦૯

અસાર અને ફસાવનાર એવા સંસારથી જેનું મન ઉપશમ પામ્યું છે, જડ વસ્તુઓથી નિરંતર ઉદાસીનતા જેને વર્તતી રહે છે, સદ્ગુરુનાં વચનો અમૃત તુલ્ય લાગે છે અને તેનું જ જેના આત્માને સદાય પોષણ મળ્યા કરે છે, તેને ધન્ય છે, સમકિત પામવાને તેવા જીવ યોગ્ય બને છે. મળેલી સામગ્રી લૂંટાઈ જતાં પહેલાં તેથી આત્મહિત સાધવા જે સત્પુરુષાર્થ કરે છે કે તેવી ભાવના રાખે છે તે મોક્ષમાર્ગ સમજી આરાધી શકે છે. માટે વર્તતી ભાવના વર્ધમાન થયા કરે અને અનાદિકાળથી વિસારી મૂકેલા આત્માની સંભાળ લેવાનું વિના વિલંબે બને તેવો પુરુષાર્થ તે સત્પુરુષાર્થ છેજી. જગતની મોહિનીનો ભય રાખી, સત્પુરુષનાં વચનોનું બખ્તર ધારણ કરી, શૂરા થઈ મોહની સામે સંગ્રામ કરવાનો છે. તે કામ અલ્પ સમયમાં આરાધી લેવા યોગ્ય છેજી. કાળનો ભરૂસો નથી, લીધો કે લેશે એમ થઈ રહ્યુ છે ત્યાં પ્રમાદ કર્તવ્ય નથી. પ્રમાદમાં વર્તતી રતિ ટાળી નિરંતર પ્રમાદ ઓછો કરવાનો લક્ષ સમજુ પુરુષો રાખે છે, તેમને પગલે પગલે ચાલવાની ભાવનાંવાળા મુમુક્ષુજીવો પણ પ્રમાદનો વિશ્વાસ નહીં કરતાં સત્પુરુષાર્થની ભાવના રાખી બને તેટલું આત્મહિત સાધવા ઉદ્યમી રહે છે. ૐ શાંતિઃ

૯૬૨ નાસિક રોડ, તા. ૩-૨-૫૩

મહા વદ ૪, મંગળ, ૨૦૦૯

ભક્તિ ભલી ભગવંત તમારી, સૌ સાધનનો સાર;
પ્રેમ પ્રમાણે પ્રભુ પ્રગટાવે, મોક્ષતણી નહીં વાર.

મહાપુરુષની મહેરથી, જાય જન્મ સંસાર;
વહાણુ વિષેના પહાણુ પણ, પહોંચે દરિયાપાર.

મંદાક્રાંતા — મંત્રે મંગ્યો સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પરભણી ભૂલી, બોલ ભૂલું પરાયા;
આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદા એ,
પામું સાચો જીવન-પલટો, મોક્ષમાર્ગી થવાને. (પ્રજ્ઞાવબોધ-૭૪)

પૂ.....ને સત્સંગનો વિશેષ યોગ થયો નથી, પરંતુ પરમકૃપાળુ પ્રભુશ્રીજીનાં દર્શન તેમને થયાં છે અને તે યોગના ફળરૂપ મંત્ર આદિ આજ્ઞા તેમને પ્રાપ્ત થયેલ છે તે જ મહાલાભનું કારણ છે. "ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક" એમ રોજ વીસ દોહરામાં બોલીએ છીએ, તેમાં જણાવ્યા પ્રમાણે મરતાં સુધી જ્ઞાનીપુરુષની આજ્ઞામાં રહેવું ઘટે છેજી. બીજું કંઈ ન બને તો આટલો લક્ષ રાખવો. મને કંઈ ખબર નથી, જ્ઞાનીપુરુષે આત્મા પ્રગટ કર્યો છે અને ઉપદેશ્યો છે તેવો જ મારો આત્મા છે; આ દેહ દેખાય છે તે દુઃખનું પોટલું છે. દેહને લઈને સંસારમાં સુખ ભોગવાય છે એમ માન્યું હતું, તે તો ખોટું નીકળ્યું. ઊલટું દુઃખ દેનાર અને આખરે છેતરનાર દેહ જણાય છે; માટે જ્ઞાનીપુરુષોએ દેહથી જુદો, દેહમાં હોય ત્યાં સુધી સુખદુઃખ દેખનારો, પરન્તુ પરમાનંદરૂપ આત્મા દીઠો છે, અનુભવ્યો છે તેવો શુદ્ધ, પરમ સુખનું ધામ એવો આત્મા મારે માનવો છે. તે માન્યતાથી જ મારા આત્માનું કલ્યાણ થાય તેવું છે. દેહને માનવાથી, દેહમાં જ બુદ્ધિ રાખવાથી અનંત ભવથી હું જન્મ-મરણ કરતો આવ્યો છું. પણ આ ભવમાં વિશ્વાસ કરવા યોગ્ય પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રનાં વચનો મને સાંભળવાનાં મળ્યાં, તે મહાપુરુષે મોક્ષનો માર્ગ બતાવ્યો છે તે મને ગમ્યો, તેની આજ્ઞા મને મળી, તે છેલ્લી ઘડી સુધી મારે આરાધવી છે; તે મહાપુરુષને શરણે તેના મંત્રનું સ્મરણ કરતાં મારે દેહ છોડવો છે આવી ભાવના વારંવાર હૃદયમાં લાવી મંત્રમાં જ મનને રોકી રાખવું. દુઃખ થાય કે તરત જ મનને દુઃખમાં જતું રોકી મંત્રમાં લાવવું, અને પરમકૃપાળુદેવે મારા જેવા રાંકને માટે આ મંત્રરૂપી હોડી મને આપી છે તે છોડીને હે મન! આ દુઃખના દરિયારૂપ દેહમાં કેમ કૂદી પડે છે? તેમાં તારું શું કલ્યાણ થવાનું છે? એમ મનને સમજાવી જીભે "સહજાત્મસ્વરૂપ પરમગુરુ"નું રટણ કર્યા કરવું અને મનને બળ કરીને પણ તે મંત્ર તરફ વાળવું.

પ. પૂ. પ્રભુશ્રીજીએ સં. ૧૯૮૯ના ભાદરવા સુદ ૧૩ને દિવસે કહેલું કે "અભવ્ય જીવને અગિયાર અંગ ભણ્યા છતાં સમકિત નથી તે આમ સમજવું. 'દુઃખ આદિ પ્રસંગે જોનાર તે હું છું, કર્મફળરૂપ દુઃખ તો શરીરમાં છે' એમ ભેદજ્ઞાન સદ્ગુરુ દ્વારા ન થયું, તેથી અગિયાર અંગનો અભ્યાસ નિષ્ફળ થયો. દુઃખાદિ વખતે દેખનાર જુદો રહે તો સમકિત છે." (ઉપદેશામૃત : પૃષ્ઠ ૩૩૯) આ વાત વારંવાર વિચારી દેહથી ભિન્ન આત્મા પરમકૃપાળુદેવે જોયો છે તે મારે માનવો છે; આ વાત ખાસ લક્ષમાં રાખવા યોગ્ય છે, અભ્યાસ કરવા યોગ્ય છે, પકડ કરવા યોગ્ય છે. મરણના વિચારોથી ગભરાવા જેવું નથી. 'સમાધિ-સોપાન'માંથી 'મૃત્યુ-મહોત્સવ' વારંવાર સાંભળી મરણનો ડર દૂર કરવા યોગ્ય છે. જેને અવકાશ હોય તેણે તેમને મૃત્યુ-મહોત્સવ

સંભળાવવા યોગ્ય છે; ભક્તિ, મંત્ર વગેરે પણ સંભળાવવા યોગ્ય છે. આપણે પણ એક દિવસ એવો આવવાનો છે તો પહેલેથી તૈયારી કરી રાખી હોય તો આખરે મૂંઝવણ થાય નહીં અને સમાધિમરણનું કારણ થાય. ક્ષણવાર પણ સત્સાધન ભૂલવા જેવું નથીજી. ૐ શાંતિઃ

---

૯૬૩ નાસિક રોડ, તા. ૩-૨-૫૩

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર." — શ્રીમદ્ રાજચંદ્ર

તમે પૂછેલા પ્રશ્નોના ઉત્તર પત્રથી સમજાવા મુશ્કેલ છે, છતાં તમને સંતોષ થવા અર્થે ટૂંકામાં લખું છું. જીવને વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ થયે તેની ગેડ બેસે તેમ છેજી.

**મંત્રોના સામાન્ય અર્થ :**

૧. સહજાત્મસ્વરૂપ એટલે કર્મથી જે વિકારી કે વિભાવરૂપ જીવનું સ્વરૂપ થઈ ગયું છે, તે વિભાવ ટળી કેવળ નિજસ્વભાવસ્વરૂપ થવું તે સહજાત્મસ્વરૂપ છે, તે કેવળજ્ઞાનસ્વરૂપ છે; તેની જેમને પ્રાપ્તિ થઈ છે અથવા તે પ્રગટાવવા જે પરમ પુરુષાર્થ સેવે છે એવા પાંચ પરમગુરુ છે : શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુવર્ગ.

૨. પરમગુરુ એટલે ઉપર જણાવ્યા તે પાંચ પરમેષ્ઠી મહાત્મા બે વર્ગમાં વહેંચાયેલા છે. એક વિભાગ નિર્ગ્રંથ મહાત્માઓનો છે, તે સાધક છે: આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. બીજો, જેમની સાધના પૂર્ણ થઈ છે એવા સર્વજ્ઞ ભગવંતો છે: અરિહંત અને સિદ્ધ. શ્રી અરિહંતને આયુષ્યાદિ ચાર કર્મ પૂરાં થતાં સુધી તે દેહધારી ભગવંતરૂપે દર્શન દે છે અને આયુષ્ય પૂર્ણ થયે સિદ્ધરૂપે બિરાજે છે. નિર્ગ્રંથ એટલે જેમની મોહરૂપ ગાંઠ ગળી ગઈ છે, નિર્મોહી બન્યા છે. તે ચોથે ગુણસ્થાનેથી, ખરી રીતે છઠ્ઠે ગુણસ્થાનેથી તે બારમા ગુણસ્થાન સુધીની દશાવાળા ગણાય છે. પછી તે કેવળજ્ઞાની, સર્વજ્ઞ બની મોક્ષે જાય છે.

૩. "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે" એનો ભાવ પરમકૃપાળુદેવ પ્રભુએ જ આ પ્રમાણે દર્શાવ્યો છે : "શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય."(૬૯૨) રાગદ્વેષનો ક્ષય થયે કેવળજ્ઞાન થાય છે.

૪. જૈન એટલે રાગદ્વેષને જેણે ઉપર જણાવેલી ભાવનાએ જીત્યા, ક્ષય કર્યા અને કેવળજ્ઞાન પ્રગટાવ્યું તે જિનભગવંતે પ્રકાશેલો માર્ગ કે તે માર્ગે ચાલે તે જૈન કહેવાય છે. વેદાંતનો અર્થ ચાર વેદરૂપ જ્ઞાનનો ભંડાર છે. તેની શરૂઆતના ભાગમાં મીમાંસા કે યજ્ઞયાગાદિ ક્રિયાકાંડનું વિવેચન છે અને અંતના ભાગમાં ઉપનિષદ્ આદિ જ્ઞાનમાર્ગનું વિવેચન છે. તે જ્ઞાનમાર્ગને વેદનો અંત કે વેદાંતરૂપ કહે છે. યોગ્યતા વધ્યે તે બન્ને માર્ગોનો પરમાર્થ સમજાશે. હાલ આટલો શબ્દાર્થ સમજાશે તોપણ ઠીક છે. મતમતાંતરના ઝઘડામાં વૃત્તિ જતી અટકાવી આત્માર્થનો લક્ષ રાખવા વિનંતી છેજી. કાળે કરીને જૈન અને વેદાંત બન્નેનું સ્વરૂપ પલટાઈ ગયું છે. પરમકૃપાળુદેવે કહેલું કે એક જૈન રેલની સડક સમાન છે અને બીજો વેદાંત તે સાથે

કાચી સડક મોટરના રસ્તા જેવો માર્ગ છે. બીજા ઉપરથી પહેલા ઉપર આવી શકતાં વાર લાગે તેમ નથી, તે લક્ષ રાખશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૬૪ નાસિક રોડ, મહા વદ ૪, ૨૦૦૯

"જેનો કાળ તે કિંકર થઈ રહ્યો, મૃગતૃષ્ણાજળ ત્રૈલોક, જીવ્યું ધન્ય તેહનું;
દાસી આશા પિશાચી થઈ રહી, કામ ક્રોધ તે કેદી લોક, જીવ્યું૦
ખાતાં પીતાં બોલતાં નિત્યે, છે નિરંજન નિરાકાર, જીવ્યું૦
જાણે સંત સલૂણા તેહને, જેને હોય છેલ્લો અવતાર, જીવ્યું૦
જગપાવનકર તે અવતર્યા, અન્ય માત ઉદરનો ભાર, જીવ્યું૦
તેને ચૌદ લોકમાં વિચરતાં, અંતરાય કોઈયે નવ થાય, જીવ્યું૦
રિદ્ધિસિદ્ધિ તે દાસીઓ થઈ રહી, બ્રહ્માનંદ હૃદે ન સમાય, જીવ્યું૦"

મનહરપદનો અર્થ ટૂંકામાં તમે પુછાવ્યો તે લખ્યો છે. જે ચરમશરીરી મોક્ષગામી જીવ હોય તેની દશા મનહર નામના સંન્યાસીએ લખી છે. જેને મરણનો ભય મટી ગયો તેને યમ કે કાળ શું કરી શકે? જગતમાંથી જેને કંઈ જોઈતું નથી તેને ત્રણે લોક મૃગજળ જેવાં દેખાવ પૂરતાં જ છે. આખા જગતને ચૂસી ખાનારી રાક્ષસી જેવી આશા તેને તૃણતુલ્ય દાસી જેવી થઈ ગઈ છે. કામ ક્રોધ જેને વશ થઈ ગયા છે, તેથી કેદમાં પુરાયા જેવા છે, તેને પજવતા નથી. નિરંજન, નિરાકાર, શુદ્ધ આત્મા ખાતાં, પીતાં, બોલતાં જેને ભુલાતો નથી, પ્રગટ અનુભવમાં આવ્યા કરે છે એવા જ્ઞાનીપુરુષનું ઓળખાણ પડવું પણ દુર્લભ છે; માત્ર ઉત્તમ સંતજનો જે મોક્ષગામી હોય તે તેમને ઓળખીને આરાધી શકે છે. તેવા પુરુષો જગતને પવિત્ર કરવા, ઉદ્ધાર કરવા અવતર્યા છે તેમને જ ધન્યવાદ ઘટે છે. બીજા જીવોએ તો તેમની માતાને નવ માસ સુધી ભારે મારી છે એટલું જ, નથી તે તરતા કે કોઈને તારતા; એવા પુરુષને અંતરાય કરનાર કર્મ કોઈ રહ્યું નથી, ચૌદ રાજલોકને તે જ્ઞાન દ્વારા જાણી રહ્યા છે. અનંત રિદ્ધિ-સિદ્ધિઓ તેમને પ્રગટી છે પણ તે તેમને આનંદ આપતી નથી. માત્ર આત્માનો પરમાનંદ સ્વભાવ છે તે જ તેમના હૃદયમાં રમી રહ્યો છે; એટલું જ નહીં, પણ તે આનંદ શબ્દો દ્વારા હૃદયમાં ઊભરાઈને બહાર આવે છે તે આ જગતના જીવોને કલ્યાણરૂપ, મોક્ષમાર્ગમાં સહાયક બને છે. ભલે વેદાંતપદ્ધતિએ તેમણે પરમપુરુષના ગુણ ગાયા છે પણ તે આપ્તપુરુષનાં જ વખાણ છે તેથી પરમકૃપાળુદેવે તેને ભક્તજનોને ઉપકારી જાણી તે વિચારવા લખ્યું છે.[1] જ્ઞાનીપુરુષ અને જ્ઞાનીપુરુષને ઓળખનાર સંતોની તેમાં સ્તુતિ છે. તે આપણા હૃદયે વસે તો આપણો આત્મા ઉન્નત થાય, જગતનાં તુચ્છ સુખોથી ઉદાસ બને અને વૈરાગ્યસહ આત્માની વિભૂતિમાં લીન થાય તેવું એ પદ છેજી. આપનાથી મુખપાઠ થાય તો કર્તવ્ય છે, વિચારવા યોગ્ય છે અને પરમકૃપાળુદેવની જ તે સ્તુતિ છે એમ લક્ષ રાખવા યોગ્ય છેજી. આત્માનો લક્ષ ચુકાય નહીં એ જ કર્તવ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧ જુઓ પત્રાંક ૮૭૬

૯૬૫ નાસિક રોડ, તા. ૪-૨-૫૩
તત્ ૐ સત્ મહા વદ ૫, બુધ, ૨૦૦૯

ડાક્તરની દવા પ્રત્યે અરુચિ જેવું હવે વિશેષ રહે છે. રાત થોડી અને વેશ ઘણા જેવું મનુષ્ય-આયુષ્ય અલ્પ અને મોક્ષનું મહાભારત કામ છે ત્યાં બીજામાં વિશેષ વૃત્તિ ન જાય અને જ્ઞાનીની આજ્ઞાનું આરાધન થાય તો જ આત્મહિત સધાય એમ રહ્યા કરે છે.

પ. પૂ. પ્રભુશ્રીજીએ નીચે પ્રમાણે મોટામાં મોટી ભૂલ જે ભગવાને દીઠી છે તે વિષે જણાવ્યું હતું તે મારે તમારે વારંવાર સચેતપણે વિચારી લક્ષમાં લેવા યોગ્ય છેજી :

"આત્મા ઉપયોગસ્વરૂપ છે. ઉપયોગ સદાય નિરંતર છે, તે ઉપયોગ ઉપર ઉપયોગ રાખવો. સૂર્ય-ચંદ્ર વાદળાં આડે ન દેખાય, તોપણ છે એમ પ્રતીતિ છે; તેમ શુદ્ધસ્વરૂપ છે એ પ્રતીતિ ભૂલવા યોગ્ય નથી. ઉપયોગ ભૂલી જવાય છે. એ ભૂલ ભગવાન મહાવીર સ્વામીએ દીઠી, તો ઠામ ઠામ આગમમાં ઉપદેશી છે. એ સર્વ ભૂલની બીજભૂત ભૂલ છે." ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૬૬ નાસિક રોડ, મહા વદ ૬, ગુરુ, ૨૦૦૯

"સદ્‌ગુરુ, અરજ સુણો એક વાર રે, મારો છે મૂરખનો અવતાર રે,
પથ્થર કરતાં કઠણ હૈયું છે મારું રે, તેમાં સ્વરૂપ ન ભેદું તમારું રે;
મારા તો મનની ગતિ અતિ વાંકી રે, સદ્‌ગુરુજીએ પથ્થર નાખ્યા છે ટાંકી રે,
હવે હું તો સદ્‌ગુરુચરણ ઉપાસી રે,
હવે હું તો સદ્‌ગુરુ-ચરણની દાસી રે, મારા ઉપર કૃપા કરો અવિનાશી રે."

વચનામૃતમાંથી પત્રાંક ૫૧૧ નો છેલ્લો ફકરો "સત્સંગ છે તે કામ બાળવાનો બળવાન ઉપાય છે" તે મુખપાઠ કરી ફેરવતાં રહેવાની ભલામણ છેજી. થોડે થોડે કંઈ કંઈ મુખપાઠ કરવું, મુખપાઠ કરેલું ફેરવવું અને વિચારી આત્માને શાંત કરવા યોગ્ય છેજી. પ. પૂ. પ્રભુશ્રીજીએ આપેલી શિખામણ હૈયાના હાર સમાન ગણી તેમાં વૃત્તિ રાખી જ્ઞાનીના અપાર ઉપકાર સંભારતા રહેવાથી જીવ જાગ્રત રહી શકે તેમ છેજી. ૐ શાંતિઃ

---

૯૬૭ નાસિક રોડ, મહા વદ ૧૪, ગુરુ, ૨૦૦૯

હરિગીત — રે ! સેંકડો કામો વડે વ્યાકુળ થઈ જે મન બળે,
પામે નહીં શાંતિ કદી, ઇચ્છા છતાં કોઈ સ્થળે;
હૃદયે રહેલું સ્વરૂપ પણ પામે નહીં તે જન અરે !
જે સારભૂત વિચાર તજી, પરના વિચાર કર્યા કરે. (હૃદયપ્રદીપ)

તીર્થક્ષેત્ર શ્રી નાસિકરોડથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક બાળ ગોવર્ધનના જયસદ્‌ગુરુવંદન સ્વીકારવા આપ સર્વને સવિનય વિનંતી છેજી. અહીં યથાશક્તિ ભક્તિનો ક્રમ તથા વાંચન ચાલે છે. સવારે ૪II-૫ વાગ્યે લબ્ધિસાર ગ્રંથ ઘણુંખરું વંચાય છે. પ. પૂ. પ્રભુશ્રીજીના વખતમાં વહેલાં ત્રણ વાગ્યે સવારે બધા મળી આ ગ્રંથ વાંચેલો યાદ આવે છે. તે વખતે કંઈ સમજાતું નહીં, પણ કેવળી, શ્રુતકેવળી કે તીર્થંકરના પાદમૂળમાં ક્ષાયક સમ્યક્ત્વની નિષ્ઠાપના થાય છે એમ વંચાતું હતું ત્યારે પ. પૂ. પ્રભુશ્રીજીએ પરમકૃપાળુદેવના ચિત્રપટ તરફ

આંગળી કરેલી યાદ આવે છે. તે દિવસો અહોઅહોભાગ્યના સ્મૃતિમાં આવતાં પણ શ્રદ્ધા બળવાન બને તેમ છે. પણ જીવને વર્તમાન રંગમાંથી વૈરાગ્ય જાગે તો તે સાચી સ્મૃતિનો લાભ મળે.

---

૯૬૮ નાસિક રોડ, તા. ૨૧-૨-૫૩

જ્ઞાનીપુરુષે મંત્ર આદિ આજ્ઞા કરી છે તેના ઉપયોગમાં જીવ રહે તો તે સમ્યક્દશા પ્રાપ્ત કરવાનું પ્રગટ કારણ છેજી. પરોક્ષપણે પણ જ્ઞાનીનું શરણ જીવને પ્રત્યક્ષ સ્વરૂપ પ્રગટ થવાનું સાધન છે. જેવો જ્ઞાનીએ જોયો છે તેવો જ મારો આત્મા છે. અત્યારે મને તેની ખબર નથી, પણ તેણે કહ્યો તેવો જ આત્મા મારે માનવો છે એવી માન્યતા કરવી તે અત્યારે બની શકે તેમ છે. તેવી માન્યતાથી જડભાવ પ્રત્યે વૈરાગ્ય રહે, આત્મભાવમાં ઉજમાળતા આવે, જ્ઞાનીનાં વચન વધારે સમજાતાં જાય અને કર્મ માર્ગ આપે ત્યારે સૂક્ષ્મ વિચારથી જીવ ઊંડો ઊતરે ત્યારે યથાર્થ શુદ્ધસ્વરૂપની પ્રતીતિ પ્રગટે છેજી. સત્પુરુષના આશ્રયે સત્પુરુષાર્થ કરતાં પરમાર્થ દશા પ્રાપ્ત થાય છે એ નિઃશંક વાત છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૬૯ નાસિક રોડ, તા. ૨૧-૨-૫૩

અનુકૂળતા હોય અને તબિયત ઠીક હોય તો આવવાનું રાખવામાં અડચણ નથી, નહીં તો સત્સંગના ભાવમાં પણ કલ્યાણ છેજી. જે કંઈ પ્રવૃત્તિ કરવી પડે તે આત્મહિત અર્થે જ કરવી ઘટે છેજી. એ લક્ષ ચુકાય નહીં તો ઘણી જાગૃતિ જીવને રહે; નહીં તો અહીં પાસે પડી રહે તોપણ કંઈ હિત ન થાય.

---

૯૭૦ નાસિક રોડ, તા. ૨૧-૨-૫૩

તત્ ૐ સત્ ફાગણ સુદ ૮, શનિ, ૨૦૦૯

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુ, પરમ આધારભૂત, સત્શાંતિદાયક અને નિરંતર સ્મરવા યોગ્ય શ્રીમદ્ રાજચંદ્ર દેવને અત્યન્ત ભક્તિથી ત્રિકાળ નમસ્કાર!**

"નહીં બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય;
કાં એ ઔષધ ન પીજીએ, જેથી ચિંતા જાય?"

આજે આપનું કાર્ડ ખેદજનક પ્રસંગનું મળ્યું. જેણે સત્પુરુષનાં દર્શન કર્યાં છે, તેમનો બોધ સાંભળ્યો છે, ભક્તિભાવ જાગ્યો છે તેણે સંસારના ખેદકારક પ્રસંગોમાં આર્ત્તધ્યાનમાં ચિત્ત જતું રોકી ભક્તિભાવમાં, સદ્વાંચન-વિચારમાં મન પરોવવું ઘટે છેજી. જે બનનાર હતું તે બની ગયું. તે વિષે ઝૂરી મરે તોપણ અન્યથા થવાનું નથી એમ વિચારી, જ્ઞાનીપુરુષો જે ત્યાગવાની વારંવાર ભલામણ કરે છે એવા સંસારનું અસારપણું વિચારવું ઘટે છે તથા આપણે માથે પણ મરણ ઝપાટા દઈ રહ્યું છે તેનો વારંવાર વિચાર કરતા રહી સમાધિમરણની તૈયારીમાં મારો કાળ મુખ્યપણે ગાળવો છે એવો નિશ્ચય કરવાથી અને તેનો લક્ષ રાખવાથી ખેદ પલટાઈને વૈરાગ્ય ઉદ્ભવશે. સંસારનાં ફળ દુઃખદાયી છે, વિષયભોગ ઝેર જેવાં છે અને દેહ રોગનું ઘર છે એમ ચિંતવી બ્રહ્મચર્ય, સત્શાસ્ત્રનું વાંચન કે શ્રવણ તથા પરભવ સુધારવાનો નિશ્ચય હિતકારી જાણી પરમકૃપાળુદેવનું શરણ દૃઢપણે ગ્રહી તેમનાં અધ્યાત્મરસપોષક વચનો મુખપાઠ કરવાના પુરુષાર્થમાં પ્રવર્તવા ભલામણ છેજી. છપદનો પત્ર, આત્મસિદ્ધિશાસ્ત્ર તથા પત્રાંક ૬૯૨

થોડે થોડે મુખપાઠ કરવાનો પુરુષાર્થ લઈ મંડશો તો બધું વિસારે પડશે અને વૈરાગ્યની વૃદ્ધિ થતાં સમ્યક્ત્વનું કારણ થશે.

---

૯૭૧ નાસિક રોડ, તા. ૨૩-૨-૫૩, સોમ

આપનો પત્ર મળ્યો હતો. સદ્વાંચન રાખો છો જાણી સંતોષ થયો છેજી. જ્ઞાનીપુરુષનાં વચન ઘણાં વર્ષો પહેલાં લખાયેલાં હોય તોપણ અબઘડી આપણને પ્રત્યક્ષપણે ઉપકારી છેજી. મને ગમે છે માટે તે વચનો સારાં છે એમ માનવા કરતાં, આત્મજ્ઞાનપૂર્વક લખાયેલાં તે વચનો મારા જેવા અંધને લાકડીની ગરજ સારનારાં પરમ ઉપકારી છે એવી ભાવના, ઉપકારદૃષ્ટિ રાખવાથી તે વચનો મોક્ષમાર્ગદાતા બને છેજી. જ્ઞાનીપુરુષ પ્રત્યે ભક્તિભાવ જાગે તો તેનું હૃદય વિશેષ સમજાય અને સત્શ્રદ્ધાનું કારણ બની આત્મજ્ઞાન પ્રગટાવનારાં તે વચનો ઉલ્લાસભાવ પ્રેરે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૭૨ નાસિક રોડ, તા. ૨૮-૨-૫૩

તત્ ૐ સત્ ફાગણ સુદ ૧૫, શનિ, ૨૦૦૯

"પ્રમત્તભાવે આ જીવનું ભૂંડું કરવામાં કાંઈ ન્યૂનતા રાખી નથી, તથાપિ આ જીવને નિજહિતનો ઉપયોગ નથી એ જ અતિશય ખેદકારક છે.

હે આર્ય ! હાલ તે પ્રમત્તભાવને ઉલ્લાસિત વીર્યથી મોળો પાડી, સુશીલ સહિત, સત્શ્રુતનું અધ્યયન કરી નિવૃત્તિએ આત્મભાવને પોષજો." (૯૪૪)

તમારા ત્રણેના પત્રો મળ્યા છેજી. સભામંડપમાં જે વંચાતું હોય, પત્રો તથા 'ભરતેશવૈભવ' આદિ તેને ફરી વિચારવાનો વખત રાખવો અને અભ્યાસ ઉપરાંત વખત મળતો હોય તેમાં કંઈ ગોખવાનું, ગોખેલું ફેરવી જવાનું તથા આત્મભાવના ભાવવાનું કરતા રહેવું ઘટે છેજી.

શરીર હમણાં ઠીક રહે છે. નાશવંત વસ્તુમાં ઘટવધ થાય અને આખરે નાશ પણ થાય. પરંતુ શાશ્વત આત્મા જ્ઞાનદર્શન ગુણયુક્ત નિરંતર છે અને રહેવાનો છે, તેના લક્ષમાં પ્રમાદ ન થાય એ જ કર્તવ્ય છેજી.

"एगो मे सासदो अप्पा णाणदंसणसंजुदो ।
सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ।।" भावपाहुड - श्री कुंदकुंद

મારો આત્મા – આત્મદ્રવ્ય – એક છે. રાગદ્વેષરહિત એકલો શુદ્ધ છે. જ્ઞાન એટલે દેહાદિથી ભિન્ન ઉપયોગસ્વરૂપ અવિનાશી મારો આત્મા છે એમ સદ્ગુરુ દ્વારાએ જાણવું તે વડે આત્મજ્ઞાન થાય છે તેથી તે આત્માનું લક્ષણ છે; તેમ જ દર્શન પણ ઉપયોગનું સામાન્ય સ્વરૂપ છે. પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય એમ છદ્મસ્થ જીવોના ઉપયોગનું વર્તવું થાય છે. કેવળી ભગવંતને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોનો ક્ષય થયેલો હોવાથી બન્ને ઉપયોગ એક સાથે વર્તે છે એમ શ્રી દિગંબર આચાર્યોનું અને શ્રી સિદ્ધસેન દિવાકર આદિ શ્વેતાંબર આચાર્યોનું પણ કથન છે. શ્રી દેવચંદ્રજીના ગતચોવીશી સ્તવન ૧માં સમયાંતર ઉપયોગનું વર્તન કેવળી ભગવંતને પણ વર્ણવેલું છે, કારણ કે આગમમાં એક સમયે બે ઉપયોગનું વર્તવું ન બને એમ વારંવાર કહેલું છે. તે દશા તીર્થંકર આદિ કેવળીની જેમ હો તેમ હો, પણ તે પરિપૂર્ણ દશારૂપ શુદ્ધ આત્માની ભાવના કરવાથી કેવળજ્ઞાન થાય છે, એમ સર્વ જ્ઞાનીઓ કહે છે તે લક્ષ રાખી,

બાહ્યભાવો, આત્મભાવથી પર જે ભાવો છે, વિભાવ તથા પરપદાર્થો માત્ર સંયોગરૂપ છે, શાશ્વત નથી, તો તેવી ક્ષણિક બાબતોમાં લક્ષ ન દેતાં શુદ્ધ બુદ્ધ શાશ્વત આત્માનો પરિચય કર્તવ્ય છેજી.

પરમકૃપાળુદેવનાં વચનોમાં "આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે" તે વિષે જણાવ્યું છે તે વારંવાર સ્મૃતિમાં આણી તે ભાવમાં આત્મા રંગાઈ જાય તેમ કરવા ભલામણ છે. તેમાં વિઘ્ન કરનાર મિથ્યાગ્રહ, સ્વચ્છંદ, પ્રમાદ અને ઇન્દ્રિયના વિષયોની પ્રવૃત્તિ કે રમણતા એ છે. તે દોષો ટાળવા સદ્ગુરુની ભક્તિ એકનિષ્ઠાએ કર્તવ્ય છેજી.

"હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." (૬૯૨) રાગદ્વેષનો ક્ષય કરવાની જ્ઞાનીની આજ્ઞા છે તે લક્ષમાં લેવા યોગ્ય છેજી. "જ્યાંત્યાંથી રાગદ્વેષ-રહિત થવું એ જ મારો ધર્મ છે" (૩૭) એમ પરમકૃપાળુદેવે શ્રી જૂઠાભાઈને જણાવ્યું છે, તે ધર્મ આપણે પણ આરાધવાને માટે કેડ બાંધીને તૈયાર થવાનું છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૭૩ નાસિક રોડ, ફાગણ વદ ૭, શનિ, ૨૦૦૯

શક્તિ ચાલવાની હજી આવી નથી. પૂર્વકર્મનો દંડ પૂરો થયા વિના દવા પણ શું કરે?

"परमात्माका स्वभाव सर्व आरम्भ व कषाय या परिग्रहसे रहित है, शुद्ध उपयोगमें लीन है, बाह्य आलंबनसे शून्य है उसी स्वभावको मुक्तिके लाभके लिये अपने हृदयमें सदा ध्याना चाहिये, अन्य किसीको नहीं । जो संसारके बंधनको मेटना चाहते हैं, वे बुद्धिमान् इस निज शुद्ध स्वभावके नाशक किसी भी कामको कभी भी नहीं करते हैं ऐसा जानकर शरीरके त्यागके लिये शरीरका मोह छोडकर निज शुद्ध आत्माका एक ध्यान ही कार्यकारी है ऐसा निश्चय करना चाहिये ।"–अमितगतिकृत सामायिकपाठ

દિવસે દિવસે શાંત ભાવની વૃદ્ધિ થાય અને સંસારભાવ નિવૃત્ત થાય તેમ વર્તવા ભલામણ છેજી. અસાર, અશરણ અને અનિત્ય પદાર્થોના મોહને લઈને ત્રણ લોકનો સાર, પરમ શરણ અને શાશ્વત મોક્ષ સાંભરતો નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૭૪ નાસિક રોડ, તા. ૧૩-૩-૫૩

તત્ ૐ સત્ ફાગણ વદ ૧૩, શુક્ર, ૨૦૦૯

આપનો ક્ષમાપનાપત્ર વાંચી સંતોષ થયો છેજી. સત્સમાગમમાં ખુલ્લા દિલથી પ્રશ્ન પૂછી સમાધાન ન કરી લેવાય તો બીજું સ્થાન તેને માટે કયું છે? મનોમન સાક્ષી છે. તમારે કોઈને દૂભવવાનો ભાવ ન હોય તો સામાને પણ તે સરળતા સમજાય છે અને સરળ ભાવે ઉત્તર પણ આપે છે. મનમાં કપટ હોય તો સરળ ભાવે આપેલો ખુલાસો પણ સમજાતો નથી.

અહીં એકાંત નિવૃત્તિનો યોગ છે. નિવૃત્તિપરાયણ ચિત્ત જેનું હોય, વૈરાગ્યવાળી વૃત્તિ હોય તેને આવા યોગમાં પાંચ-સાત દિવસનો સમાગમ એક માસની ગરજ સારે તેવું છે.

બધાં સાધનોમાં સત્સંગ એ સહેલું અને પહેલું કરવા યોગ્ય સાધન છે. તેવા પુણ્યના ઉદયે તે જોગ બની આવે છે. તેવો જોગ ન હોય ત્યાં સુધી તેની ભાવના કરવી અને પુરુષાર્થ પ્રગટાવી તેવો જોગ બનાવવો ઘટે છેજી. મંત્રનું સ્મરણ કરતા રહેવાની ટેવ પાડવા યોગ્ય છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૭૫ નાસિક રોડ, તા. ૨૧-૩-૫૩

આયંબિલનું પચખાણુ પરમકૃપાળુદેવના આગળ નમસ્કાર કરી ભાવનાપૂર્વક લેવા યોગ્ય છે; ત્યાં બીજા કોઈ સાધુ પાસે પચખાણુ લેવા જવાની જરૂર નથીજી. બીજું, આયંબિલ નર્યા ખોરાકના ફેરફાર કરવાથી સફળ નથી; પરંતુ તે વ્રતપૂર્વક પરમકૃપાળુદેવનાં વચનમાં ભાવના-ભક્તિપૂર્વક સમય જ્ઞાનીપુરુષની આજ્ઞામાં નવે દિવસ ગળાય તે લક્ષ રાખવા યોગ્ય છે. આયંબિલ કરવા બીજે જવું તેના કરતાં ઘરનો આયંબિલનો આહાર શુદ્ધ અને ઓછા પાપવાળો ગણાય. વિષયકષાય ઓછા કરવા વ્રતોનું નિરૂપણ કરેલું છે માટે ઇચ્છાઓ ઓછી થશે તેટલું તપ ગણાશે.

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ."

એ લક્ષ રાખી જીવની યોગ્યતા, આત્માર્થીપણું પ્રાપ્ત કરવા આ આયંબિલ કરું છું એ લક્ષ ચૂકવો નહીં. અને તો છત્રીસ માળાનો ક્રમ દિવાળી ઉપર ફેરવીએ છીએ તે પણ આરાધવાથી આત્મહિત થવા સંભવ છેજી. ટૂંકામાં પરમકૃપાળુદેવને શરણે, તેણે જાણ્યો છે તે આત્મા પ્રગટ થવા, શ્રદ્ધવા અને રુચિ કરવા આ વ્રત કરવાનાં છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૭૬ નાસિક રોડ, તા. ૨૬-૩-૫૨

તત્ ૐ સત્ ચૈત્ર સુદ ૧૧, ગુરુ, ૨૦૦૯

દેહના દંડ આ દેહે ભોગવવા યોગ્ય ભોગવ્યા વિના છૂટકો નથી પણ આત્મભાવના ભૂલવા યોગ્ય નથી.

"રાગાદિ મટાડવાની રુચિ, શ્રદ્ધા તે જ સમ્યક્દર્શન છે. રાગાદિ મટાડવા જે જાણવું તે સમ્યક્જ્ઞાન છે. રાગ, દ્વેષ, મોહ (અજ્ઞાન) મટે તેવું આચરણ એ જ સમ્યક્ચારિત્ર છે. આવો મોક્ષમાર્ગ જાણવા યોગ્ય, માનવા યોગ્ય છે." – મોક્ષમાર્ગપ્રકાશ, ૭ મો અધિકાર.

---

૯૭૭ અગાસ, ચૈત્ર વદ ૨, ૨૦૦૯

વેદના એ શરીરનો ધર્મ છે. આત્મા તે વેદનાને જાણનાર છે. જેમ ગજસુકુમારના માથા પર માટીની પાળ બાંધી અંગારા પૂરવાથી જે અસહ્ય વેદના થઈ, પણ તે વેદનાને દેહનો ધર્મ જાણી ભગવાન નેમિનાથ પ્રભુની આજ્ઞાનુસારે પોતે જ્ઞાયક માત્ર જાણનાર રહી નિજ સ્વભાવ સ્વરૂપના અનન્ય અભ્યાસથી કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા. ગજસુકુમારની વેદનાના હિસાબમાં આપણને એક અંશ પણ વેદના નથી. માત્ર શરીર ઉપરના મોહને લઈને વેદના જીવને લાગે છે તે માત્ર અજ્ઞાન છે અને તે અજ્ઞાન અથવા મોહને ટાળવાનો ઉપાય વેદનાના અવસરમાં એક માત્ર સ્મરણ છે. તે સ્મરણમાં જ ઉપયોગને પરોવી વારંવાર અભ્યાસ કરી, વેદનાને દેહનો ધર્મ જાણી, સ્મરણમાં ઉપયોગ રાખવા ભલામણ છે. વેદનાના અવસરમાં ખાસ પુરુષાર્થની જરૂર છે. ક્ષણે ક્ષણે આત્માની સંભાળ રાખવા યોગ્ય છે. શરીર તો પૂર્વે ઘણાં જીવે ધારણ કર્યાં અને છોડ્યાં છે. માત્ર આત્માની સંભાળ રાખી નથી. માટે આ અવસર આવ્યો છે તે વેદનાના અવસરમાં માત્ર એક સ્મરણમાં વૃત્તિ રાખી, સર્વ સંસારી વ્યવહારના

પ્રસંગો ભૂલી જઈ, માત્ર એક સ્મરણનો અભ્યાસ નિરંતર કરવા યોગ્ય છેજી. સ્મરણ છે તે માત્ર કૃપાળુદેવનું સ્વરૂપ જ છે અને નિશ્ચયનયે પોતાનું સ્વરૂપ પણ તે જ છે; માટે સ્મરણમાં ચિત્ત રાખી આત્મભાવના ભાવવા ભલામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૭૮ દેરોદ, પ્ર. વૈશાખ સુદ ૩, ૨૦૦૯

શું કરવા જીવ આ ભવમાં આવ્યો છે? અને શું કરે છે? તે પ્રશ્નો રોજ સાંજે એકાંતે વિચારાય તો સાચું પ્રતિક્રમણ થાય એમ છેજી. ભૂલ જણાય તો જીવ પાછો હઠે; અને માથે મરણ ઝઝૂમી રહ્યું છે, માટે ધર્મકાર્યમાં ઢીલ કરવા યોગ્ય નથી. આત્મા દિવસે દિવસે શાંત થતો જાય, ક્લેશના કારણો દૂર થતાં જાય અને જ્ઞાનીપુરુષના અદ્ભુત આત્મચારિત્રની પ્રતીતિ થતી જાય તેમ પ્રવર્તવા ભલામણ છેજી, તે બધાનું કારણ સત્સંગ, સત્શાસ્ત્ર, અને સદ્વિચાર છેજી. ઇંદ્રિયોના વિષયો પ્રત્યે વૈરાગ્યભાવ અને કષાયની મંદતા તે સદ્વિચારને પ્રગટાવે છેજી.

"જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."

---

૯૭૯ દેરોદ, પ્ર. વૈશાખ સુદ ૩, ગુરુ, ૨૦૦૯

સુવિચારણા જીવને પ્રગટે એ જેવું એકે મહદ્ભાગ્ય નથી.

"જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ." — શ્રી આત્મસિદ્ધિ

સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ સમાયાં છે, તેની સમજ સુવિચારણા જાગ્યે આવે છે. એક "મારુષ, માતુષ" બોલના અવલંબને શિવભૂતિ મુનિ કેવળજ્ઞાન પામ્યા હતા. સત્પુરુષનું હૃદય ભક્તિથી ઓળખાય છે અને તેવી ભક્તિનું સદ્ભાગ્ય પ્રાપ્ત થવું તે મનુષ્યભવની સફળતાનું કારણ છે. પરમકૃપાળુદેવનાં વચનોમાં જ અવકાશનો બધો વખત જીવ ગાળે એટલે કોઈ વખત વાંચે, કોઈ વખત વિશેષ વિચારે, કોઈ વખત ગોખે, કોઈ વખત તે વિષે લખે, આમ તે વચનોની પાછળ પડવાથી શ્રુતભક્તિ થાય છે. "શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે, ધન્ય રે દિવસ આ અહો!" વૈરાગ્ય, ત્યાગ, ઉપશમ, ભક્તિ સહજસ્વભાવરૂપ મુમુક્ષુએ કરી મૂકવા યોગ્ય છે એમ પરમકૃપાળુદેવ કહે છે તે લક્ષમાં લેવા યોગ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૮૦ દેરોદ, પ્રથમ વૈશાખ સુદ ૩, ૨૦૦૯

"શું કરવાથી પોતે સુખી? શું કરવાથી પોતે દુઃખી?" — શ્રીમદ્ રાજચંદ્ર

આપણે આપણું હિત ન ચુકાય તેમ પ્રવર્તવું ઘટે છેજી. દરરોજનો કાર્યક્રમ તપાસી મુમુક્ષુજીવે દિવસે દિવસે આત્મા શાંત થાય તે ક્રમમાં આવવું ઘટે છેજી. ઉત્તાપનાં કારણો તપાસી ઓછાં કરવાં ઘટે છે. શું કરવા આવ્યો છું અને શું કરું છું એ લક્ષ બધું કરતાં ન ચુકાય તેમ હાલ તો પ્રવર્તવું ઘટે છે. પ. પૂ. પ્રભુશ્રીજીએ જે કાર્યક્રમ આશ્રમ માટે ગોઠવ્યો છે તે બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી ચોક્કસ કર્યો છે. તેમાં રસ ન આવે તેટલી જીવને મુમુક્ષુતાની

ખામી છે. પોતાની કલ્પનાએ પ્રવર્તવામાં આવે તેમાં તેને કંઈક રસ જણાય, પણ સ્વચ્છંદ પોષાય છે અને તે સંસારનું કારણ છે એમ વિચારી જ્ઞાનીપુરુષને માર્ગે મનને વાળવું એ જ હિતકારી છે. ન માને તો મનને હઠ કરી ક્રમમાં જોડવું હિતકર છે. રાગદ્વેષથી ક્લેશિત થતાં પરિણામ ઘટે અને જ્ઞાનીનો માર્ગ રાગ, દ્વેષ અને અજ્ઞાન ટાળવાનો છે તેની રુચિ દિવસે દિવસે વધે તેમ પોતે જ પોતાની પ્રવૃત્તિ ક્રમે ક્રમે લાવી મૂકવાની છેજી. કોઈનું કહેલું માત્ર દિગ્દર્શન પૂરતું હોય પણ વિગતવાર વર્તન પોતાનું પોતે કરવાનું હોય છે.

"નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નોય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય." —શ્રી આત્મસિદ્ધિ

ઉલ્લાસથી પરમકૃપાળુદેવનું શરણ ગ્રહી દીનભાવ, લઘુતા, સેવાભાવ વધારતા જવું, એ જ હાલ તો કર્તવ્ય છેજી. મનના તરંગોમાં ખોટી થવા યોગ્ય નથી. જેને વશ કરવું છે તેને વશ થવાથી કંઈ વળે તેમ નથી; માટે માત્ર રાગ, દ્વેષ, અજ્ઞાન ટાળવાની પરમકૃપાળુદેવની આજ્ઞા પ્રત્યે દરેક કાર્યની પ્રવૃત્તિમાં લક્ષ રહે તેમ જાગ્રત થવું, જાગ્રત રહેવું ઘટે છેજી. કંટાળવાથી કંઈ કામ થતું નથી. સત્પુરુષાર્થ કર્તવ્ય છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૮૧ ધામણ, પ્ર. વૈશાખ સુદ ૧૨, ૨૦૦૯

પ્રશ્નો — (૧) સ્વર્ગ અને નરક એટલે શું? (૨) હોય તો તે ક્યાં છે? (૩) તેનો વિસ્તાર કેટલો? (૪) પુનર્જન્મ અને પૂર્વજન્મ એટલે શું? (૫) સિદ્ધશિલા તે શું છે? (૬) આત્મા છે? (૭) તે અજરઅમર છે? (૮) દેહઅવસાન પછી આત્માની હયાતી જણાતી નથી; તો તે છે અને તે અજરઅમર છે તેમ કેવી રીતે માનવું? (૯) ભક્ત માણસે કેવી રીતે વર્તવું? (૧૦) આખો દિવસ ભજનભક્તિ અને સ્મરણમાં ગાળવો કે સવાર-સાંજ ભજનભક્તિ કરવાં અને બાકીનો દિવસ સેવા-પ્રવૃત્તિમાં ગાળવો? આમાં કયું યોગ્ય છે? (૧૧) જંબૂદ્વીપ અને મહાવિદેહ ક્ષેત્ર તેમ જ એવાં બીજાં ક્ષેત્રો ક્યાં આવ્યાં?

ઉત્તર — 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તક શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે તે સ્વાનુભવપૂર્વક કહ્યું છે. બધું છે, પણ વૈરાગ્ય-ઉપશમ સિવાય તે સમજાય તેમ નથી. તેની પાછળ વખત ગાળવો જોઈએ. સત્સંગ જોઈએ. પુસ્તક માર્ગદર્શક છે; પણ આડી કલ્પના કરનારને રોકે નહીં. આત્મા અરૂપી પદાર્થ છે; અસંખ્યાત પ્રદેશપ્રમાણ છે. સંકોચ-વિકાસ પામે તેવો તેમાં ગુણ છે. તેથી કર્મને આધીન જેવડો દેહ મળે તેમાં તેવડો થઈને રહી શકે છે; સંકોચાઈ શકે છે. દેહ જાડો થાય ત્યારે વિસ્તાર પણ પામે છે. જૈન ધર્મનાં શાસ્ત્રો વિજ્ઞાનને અનુસરતાં છે. સર્વ શંકાઓનાં સમાધાન તેમાં મળી શકે તેમ છે. પહેલાં આત્મા શું છે, તે પ્રયોજનભૂત છે. બાકીના પ્રશ્નોનો આપોઆપ ઉકેલ આવે તેવો છે, એક 'આત્મસિદ્ધિશાસ્ત્ર'નો ઊંડો અભ્યાસ થાય તો સર્વ ધર્મના સંશયોનું સમાધાન થાય તેમ છે. પ્રથમ તો કોઈ પણ પ્રકારે સદ્ગુરુની શોધ કરવી, પછી શ્રદ્ધા કેળવવી જોઈએ. હું કંઈ નથી જાણતો એમ દૃઢ કરવું. પોતાની ભૂલથી જ ભૂલ જ્ઞાનીમાં જણાય છે. સ્વચ્છંદે ચિંતન તે પણ અભ્યાસ નથી, પણ જ્ઞાનીપુરુષની આજ્ઞાથી અભ્યાસ કર્તવ્ય છેજી. સર્વ ભવોમાં તેની પ્રાપ્તિ હોય છે. મનુષ્યભવમાં વિશેષ યોગ્યતા છે, પણ દેવભવમાં પણ

આત્મજ્ઞાન થાય છે, નરકમાં પણ થાય છે અને ઢોર-પશુના ભવોમાં પણ આત્મપ્રાપ્તિ હોય છે. મનુષ્યભવનું આયુષ્ય પૂરું થતાં આ ભવના સંસ્કાર લઈને તે પરભવમાં જાય છે અને ત્યાં તેને આત્મજ્ઞાન પણ પ્રગટી શકે છે, તો આ ભવ કેમ કલ્પના નથી? તમને આ ભવમાં જે કંઈ મળ્યું છે તે આ જ ભવનો પુરુષાર્થ લાગે છે? શ્રીમદ્‌ને ઘણાં પુસ્તકોનું જ્ઞાન હતું, તે કંઈ આ ભવમાં તેમણે અભ્યાસ કર્યો નહોતો. એક વખત વાંચતાં તેમને મુખપાઠ થઈ જતું તેનું કારણ શું? પહેલાં સ્મરણનો પુરુષાર્થ કરેલો તેનું તે ફળ છે.

---

૯૮૨ ડુમસ, તા. ૪-૫-૫૩

પૂ....ને ચરફોન(carphone) ન ચાલતું હોય તો ઘેર ભક્તિ કરે તો હરકત નથી, પણ પ્રમાદ કર્તવ્ય નથી એમ જણાવશોજી. ગમે ત્યાં નિત્યક્રમ નિયમસર કર્તવ્ય છેજી. બાકીના બચત વખતમાં વૈરાગ્ય ઉપશમ વધે તેવું વાંચન આત્માર્થે કર્ત્તવ્ય છેજી. "કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ" — આ લક્ષ રાખી વર્તન રાખવું ઘટે છેજી. જેનું ફળ આત્મશાંતિ પ્રત્યે ન હોય તેવો પુરુષાર્થ પ્રમાદરૂપ જ્ઞાનીપુરુષે ગણ્યો છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૮૩ અગાસ, દ્વિ. વૈશાખ સુદ ૬

જેમ જેમ પુસ્તક વાંચતા જશો અને શાંતભાવ વધતો જશે તેમ તેમ થતી શંકાઓ આપોઆપ શમાતી જશે. શાબ્દિક ખુલાસા કરતાં વૈરાગ્ય-ઉપશમમાં વિશેષ વૃત્તિ રહે તેમ વર્તવા ભલામણ છેજી. પત્ર લખવાની વૃત્તિ હાલ મંદ વર્તતી હોવાથી લખવાનું કે યોગ્યતા વધતાં જીવની નિર્મળતાએ સત્પુરુષે જણાવેલ સત્શ્રુત પરિણામી થવા યોગ્ય છેજી. નિયમો તમે ધાર્યા છે તે રૂડા છે.

---

૯૮૪ ડુમસ, તા. ૨૮-૫-૫૩

તત્ ૐ સત્ બી. વૈશાખ સુદ ૧૫, ગુરુ, ૨૦૦૯

**दुक्खखओ, कम्मखओ, समाहिमरणं च बोहिलाभो अ।**
**संपज्जउ मह एअं, तुह नाह पणाम करणेणं ॥**
**सर्व मंगल मांगल्यं, सर्व कल्याण कारणं।**
**प्रधानं सर्व धर्माणां, जैनं जयति शासनं ॥**

આપનો પત્ર આજે પ્રાપ્ત થયો છેજી. તમે જણાવેલા તેમાંના ભાવોની વારંવાર વિચારણા કર્તવ્ય છેજી. અનુકૂળતા અને વખત હોય તો 'સમાધિસોપાન'માંથી સમાધિમરણ પ્રકરણનો ઉપદેશ તથા મૃત્યુમહોત્સવ એક વખત વાંચી કે સાંભળી જવા વિનંતી છેજી. તેટલો વખત ન જણાય કે સંભળાવનારની જોગવાઈ કે વાંચવાની શક્તિ ન હોય તો માત્ર પત્રાંક ૮૪૩ "શ્રીમદ્ વીતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્યચિંતામણિ" આદિ શબ્દોથી શરૂ થતો પત્ર મુખપાઠ હોય તો વિચારશો કે કોઈ આવી ચઢે તો સાંભળવાનો લક્ષ રાખશોજી. તેમાં સર્વ શાસ્ત્રનો સાર છે, સાચું શરણ અને કરવા યોગ્ય સમજણ (દેહાદિ સંબંધી હર્ષવિષાદ દૂર કરવાની) તથા અસંગ અવિનાશી આત્મામાં વૃત્તિ પરમપુરુષના શરણે દૃઢ કરવાનો ઉત્તમ ઉપદેશ છેજી. વેદનાદિ કારણે વૃત્તિ મંદ પડે, ચલાયમાન થાય તો પરમપુરુષનાં અદ્‌ભુત

ચરિત્રમાં (શ્રી ગજસુકુમાર, શ્રી પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર આદિનાં ચરિત્રમાં) એકતાનતામાં વૃત્તિ જોડી વૃત્તિને અપ્રમત્ત કરવાની શિખામણ આપી છે તેમ વર્તવા પુરુષાર્થ કર્તવ્ય છેજી. એ જ કલ્યાણકારી છેજી. જગતનું વિસ્મરણ કરી જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી, નિર્ભયપણાને અને નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર આદિએ કરી છેજી. કોઈ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવા યોગ્ય નથી. કંઈ ન બને તો મંત્રનું સ્મરણ શ્વાસોશ્વાસ સાથે થયા કરે અને નિર્ભયતા રહ્યા કરે તેમ કર્તવ્ય છેજી.

સર્વ દુઃખથી મુક્ત કરાવનાર સમાધિમરણ છે, તેવા અવસરે આનંદિત રહેવું.

"દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધીંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ–વિમલજિન૦"

મનુષ્યભવ રત્નચિંતામણિ જેવો મળ્યો છે, તેમાં જ્ઞાનીપુરુષને શરણે લૂંટમલૂંટ લેવાય તેવો આત્મહિતનો લાભ લઈ સમાધિમરણ કરવાનો મહોત્સવ આવ્યે કોણ હિંમત હારે? કોઈક દુર્ભાગી. જેટલી આત્મામાં શક્તિ હોય તેટલી બધી શક્તિથી સાચા પુરુષ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રની અદ્ભુત દશાનું ચિંતન કરવું, તેની વિદેહી દશાની ભાવના કરવી અને તેના પરમ ઉપકારમાં લીન થવું. તેના અભેદ સંપૂર્ણ સ્વરૂપનું ધ્યાન કર્તવ્ય છે અને તેનું સાધન કેવળજ્ઞાન સ્વરૂપ એવું સહજાત્મસ્વરૂપનું ચિંતન, તન્મયતા, તેની સાધના યથાશક્તિ કર્તવ્ય છેજી. સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ સમાયાં છે એવી શ્રદ્ધા રાખી મંત્રમાં પૂર્ણ આત્મસ્વરૂપનો મર્મ રહ્યો છે તે લક્ષ છેલ્લા શ્વાસ સુધી ટકાવી રાખવો ઘટે છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૮૫ ડુમસ, તા. ૫-૬-૫૩

આપ સર્વ અપ્રમાદપણે સત્સંગનો લાભ લેતા હશોજી. અહીં 'મોક્ષમાર્ગ પ્રકાશ' હમણાં વંચાય છે. તેમાં, સંસારમાં કર્મથી જીવો દુઃખી છે તે કર્મની માહિતી આપી, કર્મબંધનનાં કારણ મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમ કહી તેનું સ્વરૂપ જણાવ્યું છે. તે દુઃખનાં કારણ નહીં જાણવાથી અયથાર્થ ઉપાય કરે છે તે વ્યર્થ બતાવી સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર દ્વારા મોક્ષની પ્રાપ્તિ એ જ મનુષ્યભવની સફળતા જણાવી છે. મિથ્યાત્વનું સ્વરૂપ જણાવતાં અન્ય ધર્મોની માન્યતા ભૂલભરી જણાવવા અન્યમતખંડન દર્શાવ્યું છેજી. પરમકૃપાળુદેવનાં વચનો સમજવામાં સહાયભૂત થાય તેવો 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ છેજી, તે સહજ જાણવા લખું છું. યોગ્યતા વધવા માટે ઉપશમ-વૈરાગ્યની વૃદ્ધિ કરવાની જરૂર છેજી. જે મુખપાઠ કરેલ હોય તેનો વારંવાર ઊંડા ઊતરી વિચાર શાંતભાવે કર્તવ્ય છેજી.

---

૯૮૬ ડુમસ, જેઠ સુદ ૪, સોમ, ૨૦૦૯

આપ બન્નેનો લખેલો પત્ર મળ્યો છેજી. આયુષ્ય હશે ત્યાં સુધી કંઈ થવાનું નથી. "દેહાદિ સંબંધી જે પુરુષો હર્ષવિષાદ કરતા નથી તે પુરુષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે એમ સમજો. એ જ દૃષ્ટિ કર્તવ્ય છે."(૮૪૩) આ વાત વારંવાર લક્ષમાં રાખી, બીજું કંઈ ન બને તો મંત્રનું આરાધન અહોરાત્ર કર્તવ્ય છેજી. ભાન હોય ત્યાં સુધી સ્મરણમંત્રમાં

ચિત્ત પરોવી રાખવા યોગ્ય છેજી. કપડું બદલતાં જેમ કંઈ વિકલ્પ થતો નથી, તેમ દેહનો વેષ પલટાય તેના વિકલ્પમાં ચિત્ત રોકવું ઘટતું નથીજી. નિર્વિકલ્પ, અસંગ સ્વરૂપને પામ્યા છે એવા તરણતારણ શ્રીમદ્ રાજચંદ્ર દેવનું શરણ જ જીવને હિતકારી છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૮૭ ડુમસ, તા. ૧૫-૬-૫૩

ૐ જેઠ સુદ ૪, સોમ, ૨૦૦૯

બીજી પંચાતમાંથી વૃત્તિ પાછી વાળી હવે તો જ્ઞાનીની આજ્ઞામાં જ રહેવાય તો આ જીવનું કલ્યાણ થાય તેમ લાગે છેજી. અનાદિનો પરભાવનો અધ્યાસ તજી સદ્ગુરુના અપૂર્વ અસંગ ભાવનો લક્ષ નિરંતર સ્મરવા યોગ્ય છેજી. તેમને પગલે પગલે ચાલ્યા વિના છૂટકો નથી. સ્વચ્છંદ અને પ્રતિબંધ ટાળ્યા વિના તેમ બનવું મુશ્કેલ છે માટે તે ટાળવાનો પુરુષાર્થ મરણિયા થઈને કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૮૮ ડુમસ, તા. ૧૬-૬-૫૩

તત્ ૐ સત્ જેઠ સુદ ૫, મંગળ, ૨૦૦૯

"સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ." — શ્રી આત્મસિદ્ધિજી

ભાઈ....નો પત્ર મળ્યો. પરમકૃપાળુદેવનાં તેમને દર્શન થયાં છે તે જાણી સંતોષ થયો છેજી. મહાભાગ્યશાળીને તેનાં ચર્મચક્ષુથી પણ દર્શન થાય. અહીં એવા એક ભાઈ મળ્યા પણ અવધાન પૂરતું જ તેમને ઓળખાણ હતું અને છૂટવાની તેવી જિજ્ઞાસા પણ નહીં, તેથી તેમને યોગ થયા છતાં વર્તમાનમાં કંઈ લાભનું કારણ થયું નથી, તેમ ભાઈ....ને તમારા સમાગમે શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે પરમેશ્વરબુદ્ધિ થાય અને તેમની ભક્તિથી મારું કલ્યાણ થશે એમ ભાવના રહ્યા કરતી હોય તો તેમનો જણાવેલો મંત્ર જીવને સમાધિમરણનું કારણ છે. પણ સત્પુરુષનો નિશ્ચય અને આશ્રય દૃઢ થયે તે પ્રાપ્ત થવા યોગ્ય છેજી. હાલ તો આપના સમાગમે ભક્તિ તથા મોક્ષમાળાનું શ્રવણ કરે તે યોગ્ય છેજી. તેમની ભાવના જાગે ત્યારે આશ્રમમાં આપની સાથે આવે તો વધારે હિતકારી છેજી. પત્રથી વિશેષ જણાવવા યોગ્ય નથીજી. રૂબરૂમાં વાત થશેજી. ૐ શાંતિઃ

---

૯૮૯ અગાસ, તા. ૨૩-૬-૫૩

તત્ ૐ સત્ જેઠ સુદ ૧૧, મંગળ, ૨૦૦૯

"આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની, મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી, આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો."

વૃદ્ધાવસ્થાને લઈને અનેક રોગો દેખાવ દે છે. તે બાંધેલાં કર્મને ના કેમ કહેવાય? આંખ જમણી હવે કામ કરતી નથી, મોતિયા પણ આવે છે. જમણા પગની નસો નરમ પડી ગઈ છે તેથી બેત્રણ ફર્લોંગ ચાલતાં થાકી જવાય છે અને બેસવું પડે તેમ થાય છે. આમ મંદ પુરુષાર્થની વાતો કરી, પણ શરીરથી કામ લેવું છે તો તેને જોઈતું ઊંજણ – દવા ખોરાક વડે કરાય છે. પુરુષાર્થ તો, વૃત્તિની પરિણતિ તપાસી નિર્મોહી દશા તરફ પ્રયાણ કરવાનો છે.

જોકે શિથિલતાનો પક્ષ નથી કરવો પણ શરીરના ધર્મને નિજ ધર્મ નથી માનવો. [1]"સમાધિ-શતક'માં 'માલ ખાય માંકડો અને માર ખાય બોકડો' એ લોકોક્તિની કથા આપી છે તે વિચારવા વિનંતી છેજી. મરણથી ડરવું નથી, પણ મરણ આવતાં પહેલાં સમાધિમરણ થાય તેની તૈયારી તો કરી રાખવી જ છે.

શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ નવી આવૃત્તિ, પ્રજ્ઞાવબોધ (ભગવાનદાસનો લખેલો), ગ્રંથયુગલ, સમયસાર, નિત્યક્રમ — આમ પાંચ પુસ્તક આપને મોકલ્યાં છે. નવી આવૃત્તિમાં ઘણો વધારો-સુધારો છે તે અથથી ઇતિ સુધી અનુક્રમે મનનપૂર્વક સ્વાધ્યાય કરવા ભલામણ છેજી. સત્-શ્રુતમાં વૃત્તિ એકાગ્ર થાય તે પણ ધર્મધ્યાન જ છે અને શ્રુતસમાધિનું કારણ છેજી. આંખ-કાનનાં સંચા સાબૂત છે ત્યાં સુધી સત્શ્રુત અને સત્સમાગમ કરી લેવા યોગ્ય છેજી. આપ તો એ બાબતમાં બહુ આગળ વધ્યા છો એટલે આવું ડહાપણ કરવા યોગ્ય નથી, પણ મનમાં જે વિચારણા ચાલતી હોય તે લખી જવાય છેજી. પરમકૃપાળુદેવ પ્રત્યે અવિચળ શ્રદ્ધાને વારંવાર વંદન કરી પત્ર પૂર્ણ કરવા રજા લઉં છુંજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૯૦ અગાસ, તા. ૨૫-૬-૫૩

તત્ ૐ સત્ જેઠ સુદ ૧૩, ગુરુ, ૨૦૦૯

આત્મકલ્યાણ માટે ઉજમાળ થવા યોગ્ય છેજી. કારણ કે આવો યોગ કોઈક જ ભવમાં પ્રાપ્ત થાય છે; માટે પ્રમાદ તજી, દેહાધ્યાસ ઘટાડી, આત્માને સમાધિમરણ સન્મુખ કરવો છે તો ગફલતમાં રહ્યે આવો યોગ નિષ્ફળ થતાં વાર ન લાગે. જે જે મુખપાઠ કરેલ હોય તે ભૂલી ન જતાં, તે મહેનત નિષ્ફળ ન કરતાં, તેમાંથી વિશેષ રસ પ્રાપ્ત કરવા, શ્રુતસમાધિ વરવા ઉદ્યુક્ત થવું ઘટે છેજી. 'श्रद्धा परम दुल्लहा' એ ભગવંતનું વચન છે, તે પ્રમાણે શ્રદ્ધા દૃઢ થાય તેવું વાચન, સમાગમ રાખી પોતાના આત્મહિતાર્થે પ્રવર્તવું ઘટે છેજી. જ્ઞાનની વૃદ્ધિનો યોગ ત્યાં મળી આવે તો તેમણે સંગ્રહ કરેલા ભંડારમાંથી પણ લાભ લેવો અને પરિણતિ વૃત્તિ પર લક્ષ રાખી વિભાવના પ્રસંગોથી દૂર રહી સ્વભાવ-સન્મુખ વૃત્તિ રહે તેવો લક્ષ રાખી શાંતભાવે પરિણમવારૂપ ચારિત્રધારી બનો એવી શુભ ભાવના કરું છુંજી. આપનો નિષ્કષાય ભાવ વગર કહ્યે બધાંના હૃદયને શાંત કરનાર બનશેજી. 'આપ ભલા તો જગ ભલા' એ કહે-વત ચરિતાર્થ કરવા વિનંતી છેજી. આશ્રમમાં આપ રહ્યાં છો, તેનો લાભ ત્યાંના સર્વ ભવ્ય ભાઈબહેનોને ઉત્તમ રીતે મળે અને સત્સંગની ભાવના સર્વને જાગે તથા પરમકૃપાળુદેવનું તેમને યથાયોગ્ય ઓળખાણ થાય તેવું પ્રસંગોપાત્ત જણાવતા રહેવા વિનંતી છેજી. તેથી આપણી શ્રદ્ધા પણ બળવાન બને છે અને આત્મહિતમાં વધારો થાય છેજી. "પરહિત એ જ નિજહિત સમજવું" (૮) એમ પરમકૃપાળુદેવે લખ્યું છે, તે પણ આત્મહિત ચૂક્યા વિના કર્તવ્ય છેજી. તમે તો સમજુ છો. સરળતાથી સૌના હૃદયમાં પરમ પ્રેમ જાગે એમ કર્તવ્ય છેજી. સ્વાર્થત્યાગ થશે, આજ્ઞાનું આરાધન થશે તો મોક્ષ દૂર નથી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧. જુઓ ગ્રન્થ-યુગલ પૃષ્ઠ ૧૭૧ (સમાધિશતક ગાથા ૬૧નું વિવેચન)

૯૯૧ અગાસ, તા. ૨૫-૬-૫૩
તત્ ૐ સત્ જેઠ સુદ ૧૩, ગુરુ, ૨૦૦૯

"સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી સત્સંગને ગવેષવો તેમજ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે." (દ્વાદશાંગીનું સળંગ સૂત્ર) (૪૯૧)

પ. પૂ. પ્રભુશ્રીજીનો બોધ છાપખાના માટે તૈયાર કરવાનું કામ શરૂ કર્યું છે તેથી પત્ર-વ્યવહાર પ્રત્યે મંદ આદર રહે છેજી. પણ તમારા પત્રના પ્રશ્નો તથા તમને સત્સંગની ઘણી જરૂર છે તે વાત મહત્ત્વની જણાયાથી આ પત્ર લખવાનું કામ હાથ ધર્યું છેજી. માટે ઉપર પરમકૃપાળુદેવે પત્રમાં લખ્યું છે તે વાંચ્યું હોય તોપણ વારંવાર વાંચી વિચારી, જેમ સદ્ગત ....ને દવાખાનામાં લઈ જવા પડ્યા તેમ આ જીવને જ્યાં પરમકૃપાળુદેવનું માહાત્મ્ય હૃદયમાં વસે તેવા સત્સંગમાં લઈ જઈ રાખવો ઘટે છે. હવે મુંબઈ કરતાં વિશેષ નિવૃત્તિનું ક્ષેત્ર શોધી ત્યાં ચાતુર્માસ ગાળવો ઘટે છેજી. મુંબઈમાં તમારા જેવા માટે અસત્સંગરૂપ અપથ્યના સેવનનો સંભવ છે. દવાના બહાનાથી મુંબઈમાં રહી આત્મરોગ વધે તેવું ન થાય તો સારું એવો વિચાર સ્ફુરવાથી લખવું થયું છેજી. આ પત્ર આપને પોતાને ખાસ વિચારવા અર્થે લખ્યો છે, તે બીજાને અર્થે નથી. અસત્સંગમાં સત્સંગે ચઢેલી જીવની દશા લૂંટાઈ જાય છે, એ મોટો ગેર-લાભ તથા પરિભ્રમણનો હેતુ છેજી. સમજવા માટે સદ્ગત શેઠ જેસંગભાઈ ઊજમશીભાઈ-(અમદાવાદ)ના જીવનનો પ્રસંગ લખું છું —

પરમકૃપાળુદેવ મોક્ષમાળા છપાવવા અમદાવાદ ગયેલા ત્યારે તેમને શેઠના પ્રસંગમાં આવવાનું બનેલું, અને અતિશયધારી પરમકૃપાળુદેવની ચમત્કૃતિથી તે તેમના તરફ બહુમાન ધરાવતા થયા. તેમના ગચ્છનાં દિવાળીબાઈ આર્જાને પણ તેમણે પરમકૃપાળુદેવની પ્રશંસા સંભળાવી કે અમારા એક મહેમાન મુંબઈથી આવ્યા છે તે અમારા મનની વાતો જાણી કહી દેખાડે છે. પરંતુ વિચક્ષણ આર્યા સમજી ગઈ કે તે સાધુઓ કરતાં તેમના પ્રત્યે વિશેષ આક-ર્ષાયા છે. તેથી અસત્સંગરૂપ તે આર્યાએ કહ્યું કે ગમે તેવો ક્ષયોપશમ હોય પણ આખરે તો તે સંસારી જ ને? સાધુપણા વગર પૂજ્યતા ક્યાંથી હોય? આટલી ઝેરની કણી શેઠની શરૂ-આતની કોમળ શ્રદ્ધાને નિર્જીવ બનાવવા સમર્થ થઈ પડી. પછી ઘણી વખત પરમકૃપાળુદેવને મળેલા, તેમણે જાતે પીરસી તેમને જમાડેલા પણ અસત્સંગનું ઝેર ન ગયું. સામાન્યપણું થઈ ગયું. આપણા ઓળખીતા છે, મેળાપી છે, એવો ભાવ પરમકૃપાળુદેવના દેહોત્સર્ગ પછી પણ રહ્યો. પરમકૃપાળુદેવે પરમશ્રુત પ્રભાવક મંડળમાં સારી રકમ તેમની પાસે લખાવેલી; તેથી પ્રથમાવૃત્તિ (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથની) છપાઈ ત્યારે શેઠને ભેટ મળી, પણ શ્રદ્ધા વિના તે કબાટમાં જ રહી. પણ ફરી સત્સંગનો યોગ પુણ્યના ઉદયે બન્યો ત્યારે તે પુસ્તક વાંચી

આશ્ચર્ય પામ્યા અને પોતાની ભૂલ સમજાઈ. તે મુમુક્ષુઓને કહેતા કે ભાઈ, ભૂલેચૂકે પણ અસત્સંગના ફંદામાં ફસાશો નહીં. એ તો મહાભાગ્યશાળી કે પ. પૂ. પ્રભુશ્રીજીની કૃપાને પાત્ર તે થયા, નહીં તો ઉત્તમ યોગ મળવા છતાં મનુષ્યભવ વ્યર્થ જતો રહે.

અહીં તમે ન આવી શકો તો નાની ખાખરમાં રહેશો તો ત્યાં પણ સત્શ્રદ્ધાનું પોષણ થાય તેવો યોગ તમારા પુણ્યે તૈયાર કરી રાખ્યો છેજી. વ્રતનિયમમાં તણાયા કરતાં શ્રદ્ધા દૃઢ કરી આત્મલાભ થાય તેમ કરશો તો ઘાતિયાં કર્મ મંદ થતાં ઘણી નિર્જરા થશે. વ્રતનિયમથી પુણ્ય બંધાય તે અઘાતિયાં કર્મની પ્રકૃતિરૂપ છે. તેવું તો જીવે ઘણી વાર કર્યું છે પણ ઘાતિયાં કર્મનો ક્ષય કરવા તીર્થંકર જેવાએ લક્ષ રાખ્યો છે, તે જીવ ચૂકી, ગણતરી થઈ શકે તેવી ક્રિયામાં રાચી, સાચી સમજણ કરવાનું ચૂકે છે, તે લક્ષમાં લેશો.

હવે ટૂંકામાં તમારા પત્રમાં જણાવેલા પ્રશ્નો વિષે લખું છું — "અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું." (૧૨૮) 'શૂન્ય' એટલે નિર્વિકલ્પ દશા. તે બે ઘડી સુધી ટકે તો શ્રેણી માંડવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. માટે 'અમુક કાળ' લખ્યું છે. પરદ્રવ્ય કે સ્વદ્રવ્યને વિશેષપણે જાણવાં તેનું નામ વિકલ્પ નથી, તો શાને વિકલ્પ કહે છે? એમ પ્રશ્ન થાય તેનો ઉત્તર : રાગદ્વેષસહિત કોઈ પણ જ્ઞેયને જાણવામાં ઉપયોગ પ્રેરવો, વારંવાર ઉપયોગને અસ્થિર કરવો તેને વિકલ્પ કહે છે. વીતરાગપણે જો જાણે તો યથાર્થ જાણે છે. અન્ય અન્ય જ્ઞેય પદાર્થને જાણવા ઉપયોગ પલટાવ્યા ન કરે ત્યાં નિર્વિકલ્પ દશા જાણવી. કોઈ એમ કહે કે છદ્મસ્થનો ઉપયોગ તો જુદા જુદા જ્ઞેય પદાર્થોમાં પલટાયા કરે ત્યાં નિર્વિકલ્પતા કેવી રીતે સંભવે? તેનો ઉત્તર : જેટલો કાળ એક પદાર્થમાં વીતરાગપણે જાણવામાં જાય તેટલો કાળ નિર્વિકલ્પ દશા કહી છે. વિચાર માત્ર રોકાય તો જડપણું પ્રાપ્ત થાય. પણ રાગદ્વેષવશ ઉપયોગ પલટાવે તે વિકલ્પ છે. વીતરાગપણે ઉપયોગ એક પદાર્થમાં રોકાય તે નિર્વિકલ્પતા.

(૨) પ્રશ્ન — પૂર્ણ વીતરાગતા તે સર્વજ્ઞતા તો નહીં જ ને?

ઉત્તર — પૂર્ણ વીતરાગતા મોહનીયકર્મના ક્ષયે પ્રગટે છે અને પછી અંતર્મુહૂર્તમાં સર્વજ્ઞતા પ્રગટે છે; એટલે પૂર્ણ વીતરાગતા, સર્વજ્ઞપણાની સમીપની જ દશા છે. તેથી પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ અલ્પ સમયમાં થયા વિના રહે નહીં. તેને સર્વજ્ઞ કહો તો ખોટું નથી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## ૯૯૨

અગાસ, તા. ૨-૭-૫૩
ૐ
જેઠ વદ ૬, ગુરુ, ૨૦૦૯

"શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન." — શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

તમે ૧૫ પ્રશ્નો લખ્યા છે તે ધર્મધ્યાનરૂપ છેજી. જિજ્ઞાસુ જીવે વાંચી-વિચારી ન સમજાય તેનો ખુલાસો મેળવવા પ્રયત્ન કર્તવ્ય છેજી. સ્વાધ્યાયના પાંચ ભેદમાં પહેલો વાંચના, બીજો પૃચ્છના, ત્રીજો પરાવર્તના, ચોથો ધર્મોપદેશ અને પાંચમો અનુપ્રેક્ષા છે; તેમાં છેલ્લો ભેદ પ્રાપ્ત થયે બીજા બધા ભેદની સફળતા છેજી. તેથી ઉત્તરો લખાય તેનો વિચાર કરી વારંવાર ભાવના કરવાથી અનુપ્રેક્ષા થશેજી. ટૂંકામાં તે ૧૫ પ્રશ્નોના ઉત્તર લખું છુંજી —

(૧) પ્રશ્ન — "મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ." (૨૦૦) પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા કોને કહેવી ? અને અમારે વિષે તે શી રીતે સંભવે ?

ઉત્તર — જેણે આત્મસ્વરૂપ પ્રગટ કરી અનુભવ્યું છે તે પ્રત્યક્ષ જ્ઞાની છે. પરમકૃપાળુદેવે પ્રગટ આત્મસ્વરૂપ અનુભવ્યું છે, આત્મસ્વરૂપ થયા છે, પોતે દેહધારી છે કે કેમ તે તેમને માંડ માંડ વિચાર કરે ત્યારે યાદ આવતું; તેવા પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા પ. પૂ. પ્રભુશ્રીજીને પ્રાપ્ત થઈ; તેમણે પોતાને જે આજ્ઞાથી લાભ થયો તે આ કાળમાં અન્ય યોગ્ય જીવોને પ્રાપ્ત થાય તે અર્થે તેમની પાસે આવ્યા તેમને તે (પ્રત્યક્ષ પુરુષની) આજ્ઞા જણાવી અને પોતે ન હોય ત્યારે યોગ્ય જીવોને જણાવવા અંત વખતે મને આજ્ઞા કરી. તે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા તમને પ્રાપ્ત થઈ છે, તો શ્રદ્ધાપૂર્વક આરાધવા, અપ્રમત્તપણે આરાધવા ભલામણ છેજી.

(૨) પ્રશ્ન — "પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગથી સ્વચ્છંદ તે રોકાય." પ્રત્યક્ષ સદ્‌ગુરુનો યોગ કોને કહેવો ? અમારે વિષે તે શી રીતે સંભવે ? તે ન હોય તો પછી સ્વચ્છંદ શી રીતે રોકી શકાય ?

ઉત્તર — "જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે તે અવશ્ય સત્સંગને ઉપાસે છે અને જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે (મોક્ષ પામે છે)." (૪૯૧) આમ પરમકૃપાળુદેવે દ્વાદશાંગીનું સળંગ સૂત્ર લખ્યું છે. "રોકે જીવ સ્વચ્છંદ તો પામે અવશ્ય મોક્ષ." આમ સ્વચ્છંદ રોકાય તો જ મોક્ષ થાય છે. અને આજ્ઞાનો આરાધક સ્વચ્છંદે વર્તી શકે નહીં.

બીજું, "જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય." આમ ભક્તિ કરતાં પણ સ્વચ્છંદ રોકાય છે. જો જીવની યોગ્યતા ન હોય એટલે

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ-નિવાસ." તો
"દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ,
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ."
"એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ."

આમ સદ્‌ગુરુની આજ્ઞાનું આરાધન એ જ સદ્‌ગુરુનો યોગ છે. "ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર" માટે સદ્‌ગુરુની આજ્ઞા મળી છે તેનું ત્રણે યોગે આરાધન કરે તો સ્વચ્છંદ રોકાય.

(૩) પ્રશ્ન — સિદ્ધભગવાનને કોઈ પણ પ્રકારનો દેહ હોય ?

ઉત્તર — સ્થૂલદેહ, તૈજસ્ અને કાર્મણ એમ ત્રણ પ્રકારનાં શરીર સંસારી જીવોને હોય છે. તેનું કારણ કર્મ છે પણ આઠ કર્મનો નાશ કરે તેને ત્રણે દેહનો અભાવ હોય છે. તેથી સિદ્ધભગવાનને અશરીરી કહ્યા છે. પણ તેમના આત્મપ્રદેશો છેલ્લા દેહના આકારે અરૂપીપણે રહે છે. આત્માને જ્ઞાનરૂપી દેહ કહેવાય છે તે માત્ર અલંકારી ભાષા છે. જ્ઞાન આત્માથી ભિન્ન નથી, જ્ઞાનમય જ આત્મા છેજી.

(૪) પ્રશ્ન — પરમાર્થનું ક્ષીણપણું છે માટે વર્તમાનકાળને દુષમકાળ કહ્યો છે ? કે દુષમકાળ છે માટે પરમાર્થનું ક્ષીણપણું છે ?

ઉત્તર — પરમાર્થમાર્ગને યોગ્ય પુણ્યવાળા બહુ ઓછા જીવો હોવાથી આ કાળને દુષમ કહ્યો છે. જીવોનાં કર્મને લઈને કાળને પણ કલંક લાગ્યું છે, પણ તેમાં જ્ઞાનીપુરુષની આજ્ઞા પ્રત્યે ઉલ્લાસભાવ રાખી મોક્ષ-પુરુષાર્થ કરનારને કાળનું દુષમપણું નથી; એટલે પરમાર્થનું ક્ષીણપણું મોટે ભાગે ઘણા જીવોના પાપકર્મના ઉદયે છેજી. કાળ કોઈનો હાથ ઝાલવા આવતો નથી કે તને પરમાર્થમાં નહીં પ્રવર્તવા દઉં ! પણ જીવના અંતરાય કર્મના ઉદયે તથા મિથ્યાત્વભાવના ઉદયે તેને સંસારમાં પ્રવૃત્તિ કરવાનું સચેતપણું વર્તે છે અને પરમાર્થમાં પ્રમાદી બને છે. એ જીવનો જ વાંક છે, કાળનો દોષ નથી. સારાં નિમિત્તો ન મળે તેવો કાળનો પ્રભાવ જીવનાં કર્મને લઈને બને, પણ પુરુષાર્થ કરવા ધારે તો જીવ તેમાં વહેલોમોડો ફળીભૂત થાય છેજી.

(૫) પ્રશ્ન—પ્રારબ્ધ અને પુરુષાર્થનો સંબંધ સવિસ્તર સમજાવશોજી.

ઉત્તર—મનુષ્યભવ મળ્યો છે તે પ્રારબ્ધ છે. "બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો." ત્યાં પુરુષાર્થની ખામી બતાવી. જીવે પૂર્વે પુરુષાર્થ કરેલો, પુણ્યાદિ બાંધેલાં તે અત્યારે પ્રારબ્ધના નામથી ઓળખાય છે. તે તે ભવમાં તેનું નામ પુરુષાર્થ હતું. માત્ર કાળભેદ છે. બીજા ભવોમાં પુણ્ય બાંધવાનો પુરુષાર્થ કર્યો તો મનુષ્યભવ મળ્યો. જેણે પુરુષાર્થ નહોતો કર્યો તે કીડી, કાગડા, કૂતરારૂપે અવતર્યા છે. પહેલાના પુરુષાર્થના ફળને અહીં પ્રારબ્ધ કહે છે. જે મોક્ષ થાય તેવો પુરુષાર્થ અત્યારે કરે છે તે ખરા પુરુષાર્થી છે, તેના ભવ કપાય છે. જે પ્રમાદ સેવે, પાપ બાંધે તે અવળો પુરુષાર્થ કરી મનુષ્યભવ હારી બેસે છે અને ચાર ગતિમાં ભટકે છે. ત્યાં તેને કાગડા-કૂતરાના ભવરૂપે પ્રારબ્ધ ભોગવવું પડે છે. 'પ્રવેશિકા'માં રાત્રિભોજન વિષેના પાઠમાં શિયાળનું દૃષ્ટાંત છે; તેમાં રાત્રે પાણી નહીં પીવાનો એટલે પાપમાં નહીં પ્રવર્તતાં વ્રત પાળવાનો પુરુષાર્થ તેણે કર્યો તો મનુષ્યભવ તે પામ્યું અને ત્યાં મોક્ષપુરુષાર્થથી મુક્ત થયું. આવું પ્રારબ્ધ-પુરુષાર્થનું સ્વરૂપ છે. જેણે પ્રારબ્ધ બાંધ્યું છે તે તેને ફેરવી શકે, નાશ કરી શકે છે. નાશ ન થઈ શકે તો કોઈ મોક્ષે જાય જ નહીં. માટે જ્ઞાનીની આજ્ઞા આરાધવાથી મુક્તિ મળે છે એમ દૃઢ કરી આજ્ઞા-આરાધનનો પુરુષાર્થ મનવચનકાયાના ત્રણે યોગે કર્તવ્ય છે.

(૬) પ્રશ્ન—"ઈશ્વરેચ્છાથી જે કોઈ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ અમ થકી એમ પણ અત્ર માનીએ છીએ." (૩૯૮) અંડરલાઇન કરેલા શબ્દો સમજાવો.

ઉત્તર – "જ્ઞાનીને 'પ્રારબ્ધ', 'ઈશ્વરેચ્છાદિ' બધા પ્રકારો એક જ ભાવના, સરખા ભાવના છે....ઈશ્વરને વિષે કોઈ પ્રકારે ઇચ્છા સ્થાપિત કરી, તે ઇચ્છાવાન કહેવા યોગ્ય છે. જ્ઞાની ઇચ્છા-રહિત કે ઇચ્છાસહિત એમ કહેવું પણ બનતું નથી; તે સહજસ્વરૂપ છે." (૩૭૭) આમાં પરમકૃપાળુદેવે જે અર્થમાં 'ઈશ્વરેચ્છા' શબ્દ વાપર્યો છે તેનો ખુલાસો છેજી. "સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે" (૨૫૪). ત્યાં '**ઈશ્વર**'નો અર્થ છે. અને "**જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ એટલે આજ્ઞાએ નહીં વર્તાય ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ**

થવી સંભવતી નથી.'' (૨૦૦) ત્યાં 'ઇચ્છા'નો અર્થ છેજી. શબ્દોની માથાફોડ કર્યા કરતાં આજ્ઞા આરાધવી; એથી બધું સમજાતું જશેજી. 'વર્તમાનમાં પણ સર્જિત' દુષમકાળમાં પણ જ્ઞાનીની આજ્ઞા પામનાર ભાગ્યશાળી હશે તેનું કલ્યાણ **'અમ થકી'=પરમકૃપાળુદેવની ભક્તિથી થશે.** કારણકે આ કાળમાં તેટલી ઊંચી દશાવાળો પુરુષ તેમના જેવો પ્રાપ્ત થવો અસંભવ છેજી. પરમકૃપાળુદેવ આ કાળમાં અપવાદરૂપ છે. હજારો વર્ષે તેવા પુરુષો દેખાવ દે છે. ઘણાખરા મહાત્માઓ ગણાતાં પરમકૃપાળુદેવનાં જ્ઞાન અને વીતરાગપણાની સરખામણીમાં આવી શકે તેવા નથી. માટે 'એક મત આપડી ને ઊભે માર્ગે તાપડી'ની વાત જેવું આંખો મીંચી તેને શરણે રહેવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી.

(૭) પ્રશ્ન—આપણે માગીએ છીએ તે દા. ત. 'કર્મજન્ય પાપની ક્ષમા', 'આપની પરમ ભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના', 'દુઃખ મેટો અંતરજામી' વગેરે મળે ખરું કે?

ઉત્તર – મોક્ષમાળા શિક્ષાપાઠ ૧૩ માં પ્રશ્ન છે ''એઓની ભક્તિ કરવાથી આપણને તેઓ મોક્ષ આપે છે એમ માનવું ખરું?'' તેનો ઉત્તર તે પાઠમાંથી વાંચી લેશોજી.

(૮) પ્રશ્ન – અનંતકાળથી જે કલ્યાણ થતું નથી તે અત્યારે કેમ થશે?

ઉત્તર – ''જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી.'' (૫૦૫) બેય યોગો સાથે મળે ત્યારે કલ્યાણ અનંતકાળથી નહોતું થતું તે થાય છેજી.

(૯) પ્રશ્ન – આયુષ્ય તૂટી શકે? પછી બીજાં કર્મોનું શું થાય?

ઉત્તર – તૂટી શકે તેવું જ આયુષ્ય જીવે બાંધ્યું હોય છે તેથી નિમિત્ત મળતાં તૂટી જાય છે અને તે દેહે તેટલું જ ભોગવાઈ રહે છે. જેમ કે ઘડિયાળને આઠ દિવસ ચાલે તેવી ચાવી આપી હોય ને અંદરથી ઠેસી ખસેડી નાખે તો તરત ઊકલી જાય છે; તેમ શિથિલ આયુષ્ય બાંધ્યું હોય તે થોડાક વખતમાં ઉદીરણા થઈ ભોગવાઈ જાય છે. બીજાં વેદનીયાદિ કર્મ બીજા ભવમાં પણ ભોગવવાં પડે છે. જે કર્મોની સ્થિતિ આયુષ્યથી વધારે બાંધી હોય તે બીજા ભવમાં ભોગવાય છેજી.

''તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.''

બાકીના પ્રશ્નો બહુ અગત્યના નથી અને વખત નથી તેથી તેના ઉત્તર લખ્યા નથી. અન્ય પ્રસંગે રૂબરૂમાં પૂછશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૯૩ અગાસ, તા. ૬-૭-૫૩
તત્ ૐ સત્ જેઠ વદ ૧૦, ૨૦૦૯

''નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહિ;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાંહિ.''

આપના ઘણા પત્રો મળ્યા. આપની પરમકૃપાળુદેવને શરણે આજ્ઞા મેળવવાની ભાવના જાણી છેજી. આપના હિતનો વિચાર કરી, આપને અહીં આવ્યે વિશેષ લાભ થશે જાણી, ત્યાં હાલ

મુખપાઠ કરવા સૂચના જણાવી હતી; તેથી આપને સંતોષ રહ્યો નથી જાણી નીચે મુજબ વર્તવા ભલામણ છેજી. જેમ વીસ દોહા મુખપાઠ કર્યા, તેમ 'યમ નિયમ સંજમ આપ કિયો' એ આઠ કડી છે તે, તથા 'હે ભગવાન! હું બહુ ભૂલી ગયો' એ ક્ષમાપનાનો પાઠ મુખપાઠ થયા પછી પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ હાથ જોડી, નમસ્કાર ત્રણ વખત કરી, તેમને ગુરુ હૃદયમાં ધારી નીચેનાં સાત વ્યસનનો જીવનપર્યંત ત્યાગ કરવા પ્રતિજ્ઞા લેશોજી – (૧) જુગાર (૨) માંસ – ઈંડાં (૩) દારૂ ચોખ્ખો (૪) ચોરી (૫) વેશ્યાનો સંગ (૬) શિકાર (કોઈ ત્રસ જીવને સંકલ્પ કરી હણવો તે) (૭) પરસ્ત્રીસેવન. વળી સાત અભક્ષ્યમાંથી જેટલાનો જીવન પર્યંત ત્યાગ થઈ શકે તેટલાની પ્રતિજ્ઞા પણ લેશોજી. સાત અભક્ષ્ય – (૧) વડના ટેટા (૨) પીંપળના ટેટા (૩) પીપળાના ટેટા (૪) ઉમરડાં (ગૂલર ફળ) (૫) અંજીર (લીલાં તેમ જ સૂકાં) (૬) માખણ (૭) મધ. આટલો ત્યાગ રાખી મંગલાચરણ – 'અહો શ્રી સત્પુરુષકે વચનામૃતં' કે 'અનંત અનંત ભાવભેદથી ભરેલી' બોલી, વીસ દોહરા, યમનિયમ અને ક્ષમાપનાનો પાઠ રોજ નિયમિત રીતે બોલવાની આજ્ઞા પરમકૃપાળુદેવને નમસ્કાર કરીને લેશોજી, અને તે પ્રમાણે પ્રતિજ્ઞા લીધા પછી અચૂકપણે વર્તશોજી. વિશેષ અહીં રૂબરૂમાં આવ્યે જણાવવા યોગ્ય હશે તે જણાવાશેજી. પૂ....ની સમક્ષ પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ પ્રતિજ્ઞા ગ્રહણ કરવા ભલામણ છેજી.

---

૯૯૪ — અગાસ, તા. ૧૫-૭-૫૩

તત્ ૐ સત્ — અષાડ સુદ ૪, ૨૦૦૯

વિ. ભાઈ....નો કાગળ આવ્યો છે તેમાં બે તત્ત્વજ્ઞાન વાંચવા, મનન કરવા મંગાવે છે. તેને લખી જણાવશો કે વાંચવા જોઈએ તો તમારી પાસેથી લઈ જાય અને વાંચી રહે ત્યારે પાછું આપી દે. કંઈ કલ્યાણ કરવાની તેની જિજ્ઞાસા હોય તો આશ્રમમાં જઈ પરમકૃપાળુદેવની આજ્ઞા પ્રમાણે તેમાંથી તે બતાવે તે ભક્તિ કરવા યોગ્ય છે, તો ત્યાં જઈ આજ્ઞા લેવાથી લાભ થશે એમ જણાવશોજી.

એકઠા મળીને ભક્તિ કરવાનું નિમિત્ત રોજ નહીં તો બે-પાંચ દિવસે રાખ્યું હોય તો હિતકારક છેજી. વૈરાગ્ય વધે તેવું વાંચન – ભાવનાબોધ, મોક્ષમાળા, ગ્રંથયુગલ આદિ – કોઈ ન હોય તો આપણે એકલા પણ રાખવું ઘટે છેજી. વૈરાગ્ય વગર ગમે તેવા ઉત્તમ તત્ત્વની વાત હોય તોપણ લૂખી લાગે અને વૈરાગ્ય હોય તો તુચ્છ વસ્તુ પણ ઉપકારી નીવડે છેજી. "સાંજ પડી અને હજી દીવો નથી કર્યો ?" એવા એક કન્યાના શબ્દો સાંભળી એક વૈરાગી અમલદારને થયું કે ધોળા વાળ થઈ ગયા તોપણ મેં આત્મજ્યોતિ પ્રગટાવી નહીં! ધિક્કાર છે મારા ડહાપણને! આમ વિચારી તે સદ્ગુરુને શોધવા યાત્રા કરવા નીકળી પડયો અને તેના સદ્ભાગ્યે સદ્ગુરુ મળ્યા અને પોતાનું કલ્યાણ તેણે કરી લીધું.

"એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુયોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ."— શ્રી આત્મસિદ્ધિજી

છ પદનો પત્ર, આત્મસિદ્ધિ આદિ વચનો વિચારવાનો અમુક વખત રોજ રાખવો ઘટે છેજી. તેમાં પૂરું બોલી જવાનો લક્ષ ન રાખતાં, થોડું પણ ઊંડું ઊતરાય તેવું મનન કરવાનો લક્ષ રાખવો ઘટે છેજી.

---

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૯૯૫ અગાસ, તા. ૧૫-૭-૫૩

"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ." —શ્રીમદ્ રાજચંદ્ર

ભાઈ....નું આજે કાર્ડ મળ્યું. લખવાનું કે માયા વડે મહાવ્રત લીધેલાં પણ નિષ્ફળ થાય છે એમ ભગવાને કહ્યું છે. જીવ જાણે કે મંત્રથી મારું કલ્યાણ થશે, પણ એમ તો નવકાર મંત્રનું સ્મરણ કેટલાય માણસો કર્યા કરે છે. પણ આજ્ઞાથી કલ્યાણ છે તે જીવ ભૂલી જાય છે. તેમને [1]પત્ર લખ્યો હતો તેમાં સાત વ્યસન અને સાત અભક્ષ્યના નિયમની આજ્ઞા આપી છે. ત્રણ પાઠ મુખપાઠ થઈ ગયા પછી તેની આજ્ઞા તમારી સમક્ષ લેવા જણાવ્યું હતું. તે એવા હેતુથી કે સાત અભક્ષ્ય વગેરેની તેમને સમજ પડે અને કાગળ વાંચી પરમકૃપાળુદેવની સાક્ષીએ તેટલા નિયમ લેવા જણાવ્યું હતું. પણ તે તો પત્રમાં લખે છે કે ભાઈ....ની હાજરીમાં સહજાત્મસ્વરૂપ પરમગુરુનું સ્મરણ મારા આત્મામાં ધારણ કર્યું છે. આમ કંઈ લખ્યું હોય ને કંઈ કરે તેથી ધર્મ થતો નથી. અને આમ કરવું એ ધર્મચોરી કહેવાય એવી તેમને સમજ પાડશોજી. એવી ધર્મચોરીમાં સાક્ષી રહેનાર પણ તે પાપના ભાગીદાર થાય છેજી. માટે તેમને જણાવશો કે અહીં આવ્યે તેમની યોગ્યતા હશે તો સ્મરણ મળશે. આમ લેભાગુ બનવાથી 'ધર્મ કરવા જતાં ધાડ પડે' એ કહેવત પ્રમાણે પાછા પડવાનું બને છેજી. 'ઉતાવળ તેટલી કચાશ અને કચાશ તેટલી ખટાશ' આ વારંવાર વિચારવા યોગ્ય છેજી. ભવિષ્યનો લાભ મળવાનો પણ અટકી જાય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૯૬ અગાસ, અષાડ સુદ ૧૦, મંગળ, ૨૦૦૯

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ." — શ્રીમદ્ રાજચંદ્ર

દેહના ધર્મ સમભાવે ભોગવી તેથી છૂટવાની ભાવના રહે છેજી. બાંધેલાં ભોગવ્યા વિના છૂટકો નથી, પણ જેટલો ક્લેશ જીવને થાય છે તેટલો સંસાર વધે છે. "ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર" એમ શ્રી યશોવિજયજીએ સ્તવનમાં જણાવ્યું છે તે લક્ષમાં લેવા યોગ્ય છેજી. મંત્રસ્મરણમાં મન વારંવાર રોકાય તેમ કર્તવ્ય છેજી. કલ્યાણનું મુખ્ય સાધન સત્સંગ છે તે પુણ્યના ઉદયે પ્રાપ્ત થાય છે. પણ ભાવના તો રોજ સત્સંગની જ કર્તવ્ય છેજી. પ. પૂ. પ્રભુશ્રીજીનો ઉપકાર કોઈ રીતે વળી શકે તેમ નથીજી.

---

૯૯૭ અગાસ, તા. ૨૩-૭-૫૩

તત્ ૐ સત્ અષાડ સુદ ૧૨, ગુરુ, ૨૦૦૯

આપ દર વર્ષે નિયમ લો છો તે જણાવ્યું અને ફરી આ વર્ષ માટે તે મુજબ ત્યાગની ભાવના દર્શાવી તો તે પરમકૃપાળુદેવની સાક્ષીએ અંગીકાર કરવા ભલામણ છેજી. જેવી રીતે ચોમાસામાં મારે અમુક વ્રતનિયમ પાળવાં એવા ભાવ કરીએ છીએ તે જ પ્રમાણે પોતાની શક્તિ વિચારી ક્રોધ, માન, માયા, લોભ, આળસ, પ્રમાદ ઓછા કરવાનો નિશ્ચય પણ કરવો ઘટે છેજી. બહારના નિયમો પાપથી આપણને બચાવે છે અને પુણ્ય બાંધવાનું કારણ થાય છે,

---

૧. જુઓ પત્રસુધા પત્ર નં. ૯૯૩

તેમ પોતાના દોષો દેખીને દોષો ટાળવાના નિયમથી આત્મા પવિત્ર થાય છે અને સમકિતનું કારણ થાય છે. તેનું ફળ મોક્ષ આવે છેજી. તે સમજવા આ લખવું થયું છે તે વિચારી તે દિશામાં પણ પુરુષાર્થ કરતા રહેવા ભલામણ છેજી. શરીર અર્થે કંઈ કરવું નથી. મોક્ષમાર્ગમાં મદદ કરે તે અર્થે દવા વગેરે ચાલુ છેજી. હાલ કંઈક ઠીક છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૯૯૮ અગાસ, અષાડ સુદ ૧૪, શનિ, ૨૦૦૯

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુ પરમધ્યેયસ્વરૂપ શ્રીમદ્ રાજચંદ્રદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર**

"સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, કર્મરાજનાં જડિયાં." — નરસિંહ મહેતા

તમારું કાર્ડ આવ્યું. સમભાવે સહન કરવાનું શીખવવા જ આ દરદ ઉપદેશરૂપ છે. મરણ આવ્યા પહેલાં સદ્ગુરુશરણે સુખદુઃખ સમાન ગણવાનો તેનો ઉપદેશ દૃઢ કરી લેવાય તો જરૂર સમાધિમરણ થાય. જે જે કર્મના ઉદયપ્રસંગો આવે તે તે સવળાં કરતાં આવડે તો તે જ તારનાર બને એવો મહાપુરુષોનો અભિપ્રાય છે. સમકિત આવ્યે બધું સવળું બને છે. તે અર્થે શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપાની તૈયારી જોઈએ. સદ્ગુરુનો યોગ અને બોધ જોઈએ તો અનંતકાળથી નથી થયું તે આ દુર્લભ ભવમાં સુલભ થાય તેમ છેજી. તેની જ ભાવના રાખી હવે તો ચેતી લેવા જેવું છે. આટલી બધી સામગ્રી ફરી ફરી મળવી મુશ્કેલ છે માટે મરણિયા થઈને પણ ચેતવું એવો પ. ઉ. પ્રભુશ્રીજીનો બોધ સ્મૃતિમાં આવે છેજી. અહોરાત્ર સ્મરણમાં ગાળવાનો પુરુષાર્થ હાલ થઈ શકે તેમ છે, તો પ્રસંગનો લાભ લઈ તેવી ટેવ પાડી દેવા ભલામણ છેજી. જરા દુઃખનો પ્રસંગ દૂર થયો કે આ સંસારના વિકલ્પો ઘોડેસવાર થઈ જીવને દોડાવ્યા કરે છે તેને કાબૂમાં રાખી, ગંભીરતાથી અગત્યનું કામ ચુકાય નહીં તેમ પ્રવર્તવા વિનંતી છેજી.

---

૯૯૯ અગાસ, અષાડ વદ ૨, ૨૦૦૯

"અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર." – શ્રી આત્મસિદ્ધિજી

ક્રોધ, માન, માયા અને લોભ દિવસે દિવસે ઓછાં કરવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી. જેને સમકિત સાચી શ્રદ્ધા પ્રગટ કરવાની ભાવના હોય તેમણે

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ."

આ ગાથાનો વિચાર કરી શાંતિમાં વિશેષ રહેવાય, ઇચ્છાઓ અલ્પ થાય અને શરીર, ભોગ અને ભવ પ્રત્યે વૈરાગ્ય જાગે તેવી વિચારણા અને આચરણ કર્તવ્ય છેજી. આવી યોગ્યતા આવ્યે સદ્ગુરુના યોગે બોધની પ્રાપ્તિ થયે જીવને આત્મજ્ઞાન કે સમ્યક્દર્શન પ્રગટે છે.

"જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."

આવો આત્મસિદ્ધિશાસ્ત્રમાં માર્ગ દર્શાવ્યો છે તે વિચારી વૈરાગ્ય-ઉપશમ વધારશોજી.

---

૧૦૦૦ અગાસ, તા. ૨૮-૭-૫૩
તત્ ૐ સત્ અષાડ વદ ૨, મંગળ, ૨૦૦૯

નિર્વાણ માર્ગે સુવહાણ જેવા, કુસંગ-કાર્યો ય મુકાવનારા;
સન્માર્ગ આપી ય ટકાવનારા, શ્રીમદ્ ગુરુ છે જગમાંહિ ન્યારા !

ગઈ સાલની પેઠે તમને કુસંગનો વળગાડ લાગ્યો છે. સ્વચ્છંદે વર્તી કાર્ય કરવા નિર્ણય કરી આજ્ઞા માગો છો તે આગમ વિરુદ્ધ છેજી. ભલે તમે દેવ ગુરુ સાચા માનતા હો, પણ હજી પરમકૃપાળુદેવમાં પરમેશ્વરબુદ્ધિ યથાર્થ થઈ જણાતી નથી, તેથી જ્યાંત્યાં માથાં ભરાઈ જાય છે. આ કડક શબ્દો લખવાનું કંઈ કારણ હશે જાણી આત્મપરીક્ષા કરી પરમકૃપાળુદેવ સિવાય કોઈ ઉદ્ધાર કરે તેમ નથી એવો દૃઢ નિશ્ચય કરવા ભલામણ છેજી. જ્યાં આત્મજ્ઞાન નથી તે પાણી વગરના કૂવા છે. ત્યાં તરીલાં ચાકળા લઈને જાઓ, કૂવામાંથી પાણી કાઢવા પ્રયત્ન કરો તો ત્યાં કાદવ સિવાય કંઈ હાથ લાગશે નહીં, મહેનત વ્યર્થ જશે. કાગળ લખવા વિચાર નહોતો પણ એમ ને એમ માનમાં વહ્યા જશો, તેને કહેનાર કોઈ ત્યાં નથી એમ જાણી દયાભાવથી કાગળ લખ્યો છે. તેનો સવળો વિચાર કરી નમ્રતા ધારણ કરી, વીસ દોહાનો વારંવાર વિચાર અનુપ્રેક્ષા કરી એક "સદ્ગુરુ સંતસ્વરૂપ તુજ એ દૃઢતા કરી દે જ" એ ભાવમાં આત્માને લાવશો અને અન્યજનોનાં વ્રતો અને પરમકૃપાળુ પ્રભુશ્રીજીને હાથે મળેલાં વ્રતોમાં આભજમીનનો ભેદ છે તે વિચારી બાહ્ય આશ્ચર્ય ભૂલી ભૂલેલા લોકોની પાછળ ભટકવાનું તજી ઘેર બેઠા બેઠા મંત્રની માળા ગણવાનો પુરુષાર્થ કરશો તો વહેલો નિવેડો આવશેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૦૧ અગાસ, તા. ૬-૮-૫૩, ગુરુ

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુ તરણતારણ મોક્ષમાર્ગદર્શક**
**શ્રીમદ્ રાજચંદ્ર દેવને અત્યંત ભક્તિથી ત્રિકાળ નમસ્કાર !**

"આરંભ પરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે." (૫૬૯)

વિ. આપનો પત્ર મળ્યો. બોધની તમે માગણી કરી છે તેના ઉત્તરમાં જણાવું છું કે હું તો પામર છું, પરંતુ તે સજીવન મૂર્તિનાં વચનો આ પત્રને મથાળે ટાંક્યાં છે તે વિચારશો તથા તેના ઉપકારને હરદમ યાદ લાવી, તેણે જણાવેલ માર્ગે મારો મોક્ષ થશે એવી દૃઢ શ્રદ્ધા કરશોજી. તે કહે તેમ નહીં વર્તાય ત્યાં સુધી મોક્ષ દૂર ને દૂર જ લાગશે, રહેશેજી. પૂર્વનાં ઘણા પુણ્યના પુંજથી આ દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે. સત્પુરુષનાં દર્શન, સમાગમ અને આજ્ઞાની પ્રાપ્તિનો સુયોગ મળ્યો છે, પણ જીવ હજી ગળિયા બળદની પેઠે રસ્તામાં બેસી પડશે, આગળ નહીં વધે, આ રખડતા-રઝળતા આત્માની દયા નહીં લાવે તો આવા દુર્લભ યોગ જીવે ઘણી વાર ગુમાવ્યા છે તેમ આ ભવ પણ વ્યર્થ વહ્યો જશે. માટે આત્મજ્ઞાન કરી મોક્ષપ્રાપ્તિનો ઉપાય ઉપર મથાળે લખ્યો છે તે વિચારી યથાશક્તિ તે દિશામાં પુરુષાર્થ

કરશોજી. 'ભરત ચેત, ભરત ચેત ! માથે મરણ ઝપાટા દેત !' મોટા છ ખંડના અધિપતિ ભરત ચક્રવર્તી આવા ચેતવાનાં વચન કાને પડે તો વૈરાગ્ય રહ્યા કરે તે માટે એક માણસ રાખતા. કારણ કે તે જન્મ, જરા, મરણથી ત્રાસી ગયા હતા અને મોહ મહા બળવાન છે માટે તેના પંજામાં ફસાઈ ન જવાય તેવાં નિમિત્ત તે ગોઠવતા; તો આપણા જેવા પામર જીવો તે મોહની સામે લડાઈ કરવા ધારે તો તેણે તો ઘણી તૈયારીઓ કરવી ઘટે છેજી. મોહ, વિષય, વિકારનાં નિમિત્તોથી દૂર દૂર ભાગતા રહેવું ઘટે છેજી. વિકાર થાય તેવી વાત, તેવી દૃષ્ટિ કે તેવું નિમિત્ત મળતાં નાસી છૂટવાનું કર્તવ્ય ચૂકવું નહીં, નહીં તો મોહ ગળે ફાંસો નાખી ચાર ગતિમાં ઘાંચીના બળદની પેઠે આંખે પાટા બાંધીને રખડાવશેજી. જેટલાં વર્ષ ગયાં તેટલાં હવે તો ગાળવાનાં નથી, આયુષ્યનો અલ્પ ભાગ બાકી રહ્યો છે તે જો સત્સંગમાં, સત્શાસ્ત્રના વાચન-વિચારમાં ગળાય તો જિંદગીનો આખરનો ભાગ સુધરે. તે માટે સારાં નિમિત્તોની જરૂર છે. ત્યાં સત્સંગ આદિ સાધન મળવાં અશક્ય જેવું છે. તો બધું છોડી મારા આત્માની સંભાળ રાતદિવસ લેવાનું બને તેવું સ્થળ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ છે ત્યાં સદાય રહેવાય તેવું ક્યારે બનશે ? તેવી સવારમાં ઊઠીને રોજ ભાવના કરવી અને અમુક મુદતે તે બને તેવું છે એમ લાગે તો તે દિવસ ગણતા રહેવું. જેમ વહેલું બને તેવી ગોઠવણ કરતા રહેવું ઘટે છેજી. પ. પૂ. પ્રભુશ્રીજીએ કહ્યું છે કે આશ્રમમાં જેનો દેહ છૂટશે તેને સમાધિમરણ થશે. એક વખત સમાધિમરણ થાય તો મોક્ષે જતા સુધીમાં જેટલા ભવ કર્મને આધીન લેવા પડે તે બધા ભવમાં સમાધિમરણ જરૂર થાય એવો નિયમ છે, તો આ લાભ લેવાનું ચૂકવું નથી એમ નક્કી કરી વહેલેમોડે મરણ પહેલાં આશ્રમમાં રહેવાનું બને તેમ કર્તવ્ય છેજી. તો જ મથાળે જણાવેલ આરંભપરિગ્રહ અને અસત્સંગનો ત્યાગ થઈ આત્મજ્ઞાન થવાનું કારણ બને અને સમ્યક્‌દર્શન પામી મોક્ષપુરુષાર્થ અચૂકપણે થાય તેમ છેજી.

પરમકૃપાળુદેવે ઝૂરણા કરી છે : "તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ (રાગદ્વેષરહિત) દશામાં બેસી તેનું પોષણ પામીએ ?" (૧૨૮) આપણે માટે તો પ. પૂ. પ્રભુશ્રીજીએ એવું સ્થાન બનાવી સમાધિમરણનું થાણું થાપ્યું છે. હવે જેટલી ઢીલ કરીએ તેટલી આપણી ખામી છે. તેઓશ્રી કહેતા કે 'તારી વારે વાર, થઈ જા તૈયાર.'

હવે બધી વાતો ભૂલી અનેક પાપોને ધોવાનું તીર્થ પ. પૂ. પ્રભુશ્રીજીએ સ્થાપ્યું છે ત્યાં નિવાસ કરવાની ભાવનામાં કાળ ગાળવો. તે ભૂલવું નહીં. મંત્રનું સ્મરણ રાતદિવસ રહ્યા કરે તેવો પુરુષાર્થ કરવા કેડ બાંધી તૈયાર થઈ જવું કે જેથી અહીં આવવાનું બને તોપણ બીજી આડીઅવળી વાતોમાં આપણું કીમતી જીવન વહ્યું ન જાય. એ જ એક રટણ રાખ્યા કરવું ઘટે છેજી. પરમકૃપાળુદેવનાં વચનો રોજ વાંચવા-વિચારવાનો કંઈ ન બને તો અડધો કલાક રાખશો તો ઉપર જણાવેલા ભાવનું પોષણ થયા કરશેજી. 'પુસ્તકનું પાનું ફરે અને સોનું ઝરે' તેમ જીવન પલટાવી સંત બની આ દેહ છોડવાની ભાવના દિવસે દિવસે પ્રબળ કરવા ભલામણ છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૦૨ અગાસ, તા. ૮-૮-૫૩

તત્ ૐ સત્ અષાડ વદ ૧૪, શનિ, ૨૦૦૯

"આરંભ-પરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે, એ વાત કેવળ સત્ય છે." (૫૬૯)

"સર્વ દુઃખથી મુક્ત થવાનો **અભિપ્રાય** જેનો થયો હોય તે પુરુષે **આત્માને ગવેષવો** અને આત્મા ગવેષવો હોય, તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી **સત્સંગને ગવેષવો તેમજ ઉપાસવો**. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો, પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે **સત્સંગની આજ્ઞાને ઉપાસવી**. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે તે અવશ્ય સત્સંગને ઉપાસે છે; એમ જે સત્સંગને ઉપાસે છે તે **અવશ્ય આત્માને ઉપાસે** છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે." (દ્વાદશાંગીનું સળંગ સૂત્ર) (૪૯૧)

"જ્ઞાન વૈરાગ્ય વધારજો, ભજજો જગદાધાર;
મન, ઇંદ્રિય વશ રાખજો, તજજો સ્થૂલ વિચાર.
સત્ય વિનયયુત બોલજો, નવ જોશો પરદોષ;
સ્વદોષ સર્વે ટાળજો, તેથી થશે સંતોષ."

આપનો પત્ર મળ્યો હતો. જ્યાં સુધી એકલા છો ત્યાં સુધી વાંચન, વિચાર, ભક્તિ ભાવપૂર્વક સારી રીતે થઈ શકશે. પછીથી તો જેવું પ્રારબ્ધ માગ આપે તે પ્રમાણે બચતા વખતમાં કંઈ થાય તેટલું કરતા રહેવાનો નિશ્ચય કરી રાખશો તો બનશે. જેવાં નિમિત્ત બને છે તેવા ભાવ થાય છે, માટે સારાં નિમિત્ત બનાવવાનો પુરુષાર્થ કરવો. ક્લેશનાં કારણો કુશલતાથી દૂર કરવાં ઘટે છેજી.

બ્રહ્મચર્ય અમુક અમુક તિથિએ પળાય તોપણ લાભદાયક છે, તો વિશેષ પળાય તો વિશેષ યોગ્યતાનું કારણ છેજી. પૂ....બહેનને ધર્મ અને બ્રહ્મચર્યના માહાત્મ્યની વાત કરી છે. તમારા તરફથી તેમને તે વાતનું પોષણ મળશે એટલે તમને પ્રસન્ન કરવાનો માર્ગ વિષયભોગ નથી, એ તેમના હૃદયમાં વસે તો તમને તે વિઘ્નરૂપ નહીં થાય એમ લાગે છે. બૈરાંમાં એકને પકડ થાય તો બીજું દેખાદેખી, સારું ગણાવા પણ પ્રયત્ન કરે તેવો તેમનો સ્વભાવ હોય છે.

રોજ મોક્ષમાળા આદિ સમજાય તેવું વાંચન, ચર્ચા ખુલ્લા દિલથી, શરમ મૂકીને કરતા રહેશો તો સત્સંગનું અપૂર્વપણું તમને ભાસ્યા વિના નહીં રહે. સત્સંગનો જેને રંગ લાગે તેને પરમ સત્સંગની ભાવના રહ્યા કરે એ બનવા યોગ્ય છેજી. અનાર્ય જેવા દેશમાં તમારે બન્નેને સાથે રહેવાનો જોગ છે તે એક પુણ્યનો ઉદય છે. બૈરાંને કારણે જુદા રહેવાનું બને તેવું કરવું ઘટતું નથીજી. સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્વિચાર અને યથાશક્તિ સદાચરણ એ યોગ્યતાનાં મુખ્ય કારણ છેજી.

"પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો **સદા**, બ્રહ્મચર્ય મતિમાન."

મથાળે લખેલાં અવતરણ વારંવાર વાંચી મુખપાઠ કરવા યોગ્ય છે. આપણે કેટલું તેમાંથી કરી શકીએ તેમ છે તે વિચારી, બને તેટલો તે દિશામાં વર્તવાનો પુરુષાર્થ કર્તવ્ય છેજી. આપણા આચરણથી કોઈનું મન કચવાવાનું બને તેમ હોય તો વિચાર કર્તવ્ય છેજી.

ધર્મ એ શાંતિનું કારણ છે. સર્વને શાંતિ પ્રાપ્ત થાઓ એવી ભાવના અને બનતું વર્તન રાખવું ઘટે છેજી. તેથી બીજાને પણ કોઈ વખતે ધર્મપ્રાપ્તિનું કારણ બનવા યોગ્ય છેજી. ધર્મને કારણે ક્લેશ કરવો નથી પણ સમજાવીને, સન્માર્ગે દોરીને ધર્મ કરવો તથા કરાવવો ઘટે છેજી. પોતાનું આથી હિત થશે એમ જેને હૃદયમાં બેસે તેને વગર કહ્યે હિત કે સુખનું કારણ ગમે છે અને તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. માટે આચરણ કરતાં સમજણ ઉપર ધર્મમાં વધારે ભાર મુકાય છેજી.

જેની પાસે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ છે તેને ઘેર સમજણનો ભંડાર છે, પણ જીવની યોગ્યતા પ્રમાણે તેમાંથી તે ગ્રહણ કરી શકે છેજી. નદીમાં પાણી ઘણું હોય પણ જેની પાસે જેવડું વાસણ હોય તેટલું પાણી તે લઈ શકે છે. માટે યોગ્યતા કે આત્માર્થીપણું પ્રાપ્ત થાય તેવો પ્રયત્ન કર્તવ્ય છેજી.

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."

આવી દશા પ્રાપ્ત કરી સદ્ગુરુનો બોધ વિચારે તો સુવિચારદશા પ્રગટે અને સુવિચારણા જાગે ત્યાં આત્મજ્ઞાન થાય એમ આત્માર્થીનાં લક્ષણોમાં પરમકૃપાળુદેવે જણાવ્યું છે તે વારંવાર વિચારવા ભલામણ છેજી. શ્રી આત્મસિદ્ધિ મુખપાઠ ન હોય તો કરી લેવા ભલામણ છે. રોજ આત્મસિદ્ધિનો સ્વાધ્યાય કરતાં રહેશો તો પરમકૃપાળુદેવની સમજણ હૃદયમાં ઊતરતાં વાર નહીં લાગે.

પ. પૂ. પ્રભુશ્રીજીએ વટામણ તેમના પૌત્ર ઉપર પત્ર લખાવેલો, તે બને તો રોજ વાંચવાનો કે મુખપાઠ થઈ જાય તો મોઢે બોલવાનો નિયમ રાખશો તો સત્શ્રદ્ધાને બળવાન કરે તેવો પત્ર હિતકર અને નિર્મળભાવ પ્રગટાવનાર છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક. –તબિયત કંઈક સુધારા પર છે. પગે એકાદ માઈલ ચલાય, વધારે ચાલતાં પગની નસો દુઃખે. દવા ચાલુ છે. બનવાનું હશે તેમ બનશે. પરમકૃપાળુદેવની કૃપા સિવાય કંઈ ઇચ્છવું નથી.

---

૧૦૦૩ અગ.સ, તા. ૯–૮–૫૩

તત્ ૐ સત્ અષાડ વદ ૦)), રવિ, ૨૦૦૯

"વિષયવિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર." (૯૫૪)

પૂ....પુછાવે છે કે ત્યાંના લોકો આમંત્રણ આપે તો શું કરવું ? વ્યવહાર લાંબો કરવો હોય તોપણ થાય, ટૂંકો કરવો હોય તોપણ થાય. ટૂંકી જિંદગીમાં જેમ જેમ જીવ ત્યાગ-વૈરાગ્યથી વ્યવહાર સંકોચીને વર્તશે તેટલો બોજો ઓછો. બીજાને ત્યાં જવું હોય તો તેમને

બોલાવવા પણ પડે, તેમની ટીપ વગેરેમાં ભરવું પણ પડે અને અનેક ન જોઈતા પ્રતિબંધ વધે, માટે વિચારીને પગલું ભરવું ઘટે છેજી. આવકનાં સાધન ઓછાં હોય અને માનપાનના સંબંધો જીવ વધારે તો દુઃખી થાય એ વ્યવહારદૃષ્ટિથી પણ સમજાય તેવું છેજી.

માથે મરણ છે, તે ભૂલી જીવ મોટાઈમાં તણાયો જાય છે. અધમાધમ દશા ભૂલી, હું બીજા કરતાં સારો રૂપાળો ભોગને યોગ્ય છું એમ જીવની વિપરીત માન્યતા થઈ ગઈ છે. તેને બદલે મરણપથારીએ પડ્યો હોય, શૂળીએ ચઢાવ્યો હોય અને છેલ્લા શ્વાસ લેતો હોય તો તે વખતે જીવ વિષયકષાયના વિચાર કરે કે આ જીવની દયા લાવી તેને સ્મરણમંત્રના ધ્યાનમાં રાખે ? "ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો ! રાચી રહો ?" એમ પરમકૃપાળુદેવને આપણા આત્માની દયા આવવાથી ચેતાવે છે. પણ આ જીવ જાણે બધું કરી ચૂક્યો હોય તેમ પ્રમાદના પૂરમાં તણાયા કરે છે અને ક્યાં જઈને અટકશે તેનું લેશ પણ ભાન નથી.

મનુષ્યભવની એક એક પળ રત્નચિંતામણિ કરતાં વિશેષ મૂલ્યવાન છે, કારણ કે તે વડે મોક્ષમાર્ગ સાધી શકાય છે. પણ વિષયકષાયમાં તેવી ક્ષણો ગાળીએ તો આ દુર્લભ મનુષ્યદેહને કોડીનો ગણ્યા બરાબર છે. માટે માનવપણું સમજે તે માનવ, એ વારંવાર લક્ષમાં રાખી મોક્ષમાળાનો ચોથો પાઠ માનવપણા વિષે મુખપાઠ કરવા ભલામણ છે તથા વારંવાર મુમુક્ષુદશાનો વિચાર કરવો કે મોહાસક્તિથી મૂંઝાઈ ક્ષણે ક્ષણે મોક્ષમાર્ગમાં પ્રવર્તે તે મુમુક્ષુ કહેવાય. કૃપાળુદેવને રાજી કરવા જીવવું છે તો તેણે નિષેધ કરેલે માર્ગે ચાલીને હું શું મોઢું બતાવીશ, એમ વારંવાર પોતાના આત્માને ઠપકો આપી વિષયવિકાર મંદ કરી પ્રથમ ભૂમિકામાં આવવા મથવું ઘટે છેજી.

"દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ."

---

૧૦૦૪ અગાસ, શ્રાવણ સુદ ૧, સોમ, ૨૦૦૯

સત્સંગના વિયોગમાં જીવને બાહ્ય તપ ઉપર વિશેષ લક્ષ રહે છે. બાર પ્રકારનાં તપમાંથી સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ આદિ કરી શકાય. જે શીખ્યા હોઈએ તેના વિચાર, ભાવનામાં રહેવાથી તપ કરતાં પણ વધારે અત્યારે લાભ છે. તપથી પુણ્યસંચય થશે, તે એક ભવમાં સુખનું કારણ છે. જો સમ્યક્ત્વ થવા અર્થે, આત્માની યોગ્યતા વધવા તથા પરમકૃપાળુદેવનું કહેલું સમજવા અર્થે તપ થાય તો લેખામાં છે, પણ કુગુરુઓના સંગમાં કંઈ તો કરવું જ પડે એમ કરીને કરે તો આત્માના ગુણો સમ્યક્ત્વ આદિ પ્રગટ થવાનું કારણ ન બને.

તબિયત છે તેવી જ છે. દવા ચાલુ છે. આત્મા નીરોગી થાય તે ભાવના છે.

---

૧૦૦૫ અગાસ, શ્રાવણ સુદ ૫, ૨૦૦૯

ભાઈ, મુમુક્ષુ જીવે કઠણમાં કઠણ સાધનની પ્રથમ માગણી કરવી ઘટે છેજી. બાહ્ય અનુકૂળતા-પ્રતિકૂળતાનો લક્ષ જીવે ઘણા ભવમાં રાખ્યો છે. હવે તો આત્માને અનુકૂળ હોય તે જ કરવાનો દૃઢ નિશ્ચય કરવો ઘટે છેજી. પ. પૂ. પ્રભુશ્રીજી વારંવાર કહેતા કે પરમકૃપાળુદેવે અમને વિરહમાં રાખીને પકવ્યા છે. વિરહકાળમાં પણ જો સત્સંગનો લક્ષ બળપૂર્વક જીવ

રાખે તોપણ કલ્યાણ થાય છેજી. ત્રીજી યોગદૃષ્ટિમાં શુશ્રૂષા એટલે 'શ્રવણ-સમીહા શોધ' (સત્ સાંભળવાની ઇચ્છા) નામનો ગુણ પ્રગટે છે ત્યારથી શ્રવણનો જોગ ન હોય તોપણ તેની ઉત્કટ ઇચ્છાથી સાંભળવાનો જોગ મળ્યે લાભ થાય તેવો લાભ વગર શ્રવણે થાય છેજી. હાલ તો તમે ઇચ્છો છો તે કરતાં જણાવ્યા પ્રમાણે વર્તવામાં વિશેષ લાભ સમજાય છેજી. ૐ શાંતિઃ

---

**૧૦૦૬** અગાસ, તા. ૧૭-૮-૫૩

તત્ ૐ સત્ શ્રાવણ સુદ ૭, સોમ, ૨૦૦૯

તીર્થશિરોમણિ સત્સંગધામ, સમાધિમરણના સાધનરૂપ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ સ્ટેશનથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સ્વીકારવા વિનંતી છેજી. આપ કોઈ પ્રત્યે આ વર્ષમાં જાણતાં અજાણતાં માઠું લાગે તેવું કહેવાયું હોય, લખાયું હોય, અસભ્યતાથી વર્તાયું હોય તેની સંવત્સરી સંબંધી ઉત્તમ ક્ષમા આપવા વિનંતી છેજી.

સત્સંગનો રંગ લાગે તેટલું પુણ્ય તમને પ્રાપ્ત થયું, ત્યાં તો વિદેશ જવારૂપ વિઘ્ન ઉદયમાં આવ્યું તે પૂર્વકર્મની રચના છે. પણ વારંવાર સત્સંગના ભાવ કરવા તે હજી તમારા હાથની વાત છે. ફરી તેવા પુણ્યનો સંચય થયે હવે તો સત્સંગ પ્રાપ્ત થવા યોગ્ય છેજી. સત્સંગના વિયોગમાં અસત્સંગથી દૂર રહેવું, નિવૃત્તિ મેળવવા પુરુષાર્થ કરવો, નિવૃત્તિ મળે ત્યારે સત્સંગે થયેલી આજ્ઞા — મુખપાઠ કરવાની, ભક્તિસ્મરણ કરવાની, સદાચાર પાળવાની — અડગપણે પાળવી. સત્સંગે થયેલી આજ્ઞા, સંસાર પ્રત્યે ઉદાસીનભાવ રાખી, આરાધે તે સત્સંગને જ ઉપાસે છે; પછી ભલે તે હજારો માઈલ દૂર હોય તોપણ તે આશ્રમમાં જ છે તે વિચારવું.

"जालसौ जगबिलास, भालसौ भुवनवास,
कालसौ कुटुंबकाज, लोकलाज लारसी;
सीठसौ सुजश जानै, बीठसौ बखत मानै,
ऐसी जाकी रीति ताही, बंदत बनारसी।"

"જગતના ભોગવિલાસને (મોજશોખને) મૂંઝાવારૂપ જાળ સમાન જાણે છે, ઘરવાસને (ચોવીસે કલાક નિર્વિઘ્નપણે ભક્તિ કરવાની અનુકૂળતા ન હોવાથી ઘર કુટુંબમાં વસવું તેને) ભાલા સમાન (દુઃખદાયી) જાણે છે, કુટુંબનાં કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે (આત્માનો ઉદ્ધાર કરવા મનુષ્યભવ મળ્યો છે, તે કુટુંબનાં કાર્યોમાં જેટલો અલેખે જાય છે તેટલું મરણ પાસે આવતું ગણે છે), લોકમાં લાજ (આબરૂ) વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન (તજવા જેવી) જાણે છે, કીર્તિની ઇચ્છાને નાકના મેલ જેવી (લીંટ નાકમાં સંઘરવા કોઈ ન ઇચ્છે તેમ કીર્તિની ઇચ્છા તજવા જેવી) જાણે છે અને પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન (નહીં ઇચ્છવા યોગ્ય) જાણે છે, એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ (કવિ) વંદના કરે છે." (૭૮૧)

આ પત્ર સ્ટીમરમાં અને તે પહેલાં તથા પછી વારંવાર વિચારી, મહાપુરુષની દશા ગૃહસ્થ અવસ્થામાં પણ કેવી હોય છે? તે આપણને પ્રાપ્ત થાઓ, પરમકૃપાળુદેવની તેવી જ દશા હતી માટે આપણે તેમને પરમાત્મા માની પૂજીએ છીએ, તેમને પગલે પગલે ચાલી આપણે પણ તેમના જેવા થવું છે એવી મહત્ત્વાકાંક્ષા પોષતા રહેવા ભલામણ છે. આપણાથી

સારા હોય કે આપણા જેવા હોય તેમનો સંગ કરવો. પણ આપણાથી હલકા, ખરાબ આચાર-વિચારવાળાની સોબત આપણને હલકા આચારવિચારવાળા બનાવે, માટે અસત્સંગથી ડરતા રહેવું અને સત્સંગની ભાવના કરતા રહેવા યોગ્ય છેજી. દીનપણે એટલે કોઈના ઓશિયાળા રહી સત્સંગ કરીએ તો સત્સંગ સફળ થાય નહીં તે લક્ષમાં લેવા જેવી વાત છેજી. આખી જિંદગી કામમાં આવે તેવી આ શિખામણ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૦૭ અગાસ, તા. ૧૮-૮-૫૩

ૐ શ્રાવણ સુદ ૮, મંગળ, ૨૦૦૯

નિર્વાણ-માર્ગે સુવહાણ જેવા, કુસંગ કુધર્મ તજાવનારા;
ત્રિલોકમાં મુખ્ય સુધારનારા, શ્રીરાજ આ ઉદ્ધરનાર મારા.

તમે જણાવો છો તેમ હવે વૃદ્ધાવસ્થામાં દવાના ટેકાથી ચલાવાય છે. બે દિવસથી દવા થઈ રહી છે, તેથી કંઈક અશક્તિ જેવું જણાય છે; પણ શરીર શરીરનું કામ કરે અને આપણે સમાધિમરણનું કામ કરીએ એ લક્ષ રાખવો ઘટે છેજી. દવા લેવાનું કારણ નહીં હોવાથી આજે ઉપવાસ કર્યો છે. થવાનું હોય તે થયા કરે છે. પારકી પંચાત ક્યાં સુધી કરવી? "પરમશાંતિ-પદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે, માટે નિશ્ચિંત રહો. હું કોઈ ગચ્છમાં નથી; પણ આત્મામાં છું એ ભૂલશો નહીં" (૩૭) આમ પરમકૃપાળુદેવ હિમ્મત આપે છે. તેના બળે બીજી ઇચ્છાઓ દૂર કરી, 'માત્ર મોક્ષ અભિલાષ' વધારવી ઘટે છેજી. મોટામાં મોટો દોષ પરમકૃપાળુદેવે એ બતાવ્યો છે કે જીવમાં તીવ્ર મુમુક્ષુતા કે મુમુક્ષુતા જ નથી. તે પ્રગટ થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે. આ લોકની અલ્પ પણ ઇચ્છા, પરમ દૈન્યતા(વિનય)ની ખામી, અને પદાર્થનો અનિર્ણય આ ત્રણ દોષો ઘણાખરા મુમુક્ષુઓમાં તેમણે જોયા છે, તો તે દોષો દૂર કરવા કેડ બાંધી પુરુષાર્થ કરવો ઘટે છેજી. "પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે," આમ પત્રાંક ૨૫૪ માં છે તે વિચારી નિર્દોષ થયે છૂટકો છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૦૮ અગાસ, શ્રાવણ સુદ ૧૫, સોમ, ૨૦૦૯

"અનંત વાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુજીવને અવશ્ય નિશ્ચય જોઈએ." (૭૧૯)

સંસારમાં એક તલ જેટલી જગ્યા પણ દુઃખ સિવાયની નથી એમ પરમકૃપાળુદેવે લખ્યું છે અને અનેક તીર્થંકરોને તેવું જ ભાસવાથી અત્યંત ઉદાસીનતા સંસાર પ્રત્યે વધતાં તેનો ત્યાગ કરી તે મોક્ષે ગયા. પણ આ જીવને હજી સંસારમાં કંઈ ને કંઈ મીઠાશ વર્તે છે, તેથી આબરૂ, ધન, સગાં અને ઓળખીતાને અર્થે મનુષ્યદેહની ઉત્તમ મૂડી વ્યર્થ વહી જવા દે છે, અનેક કર્મો ઉપાર્જી સંસારપ્રવાહમાં તણાય છે, તેનું યથાર્થ ભાન પણ નથી. પરમકૃપાળુદેવના હૃદયમાં આ સંસાર પ્રત્યે કેટલો વૈરાગ્ય હશે તેનું માપ કાઢવા આ પામર પ્રાણી અસમર્થ છે. તેની પાસે તેવો કોઈ ગજ નથી કે જેથી તે માપી શકે. તેની પાસે તે સાંસારિક ભાવો

જ ભર્યા છે અને મહાપુરુષોમાં કંઈક આવા ભાવો ઓછા હશે એમ માને, પણ આસમાન-જમીન જેટલો તેમનામાં અને આપણામાં ભેદ છે. તેમને ઉદય હતો, પણ નહીં જેવી અસર તેમને કરી શકતો પણ આ જીવને ઉદય ન હોય તોપણ ઉદીરણા કરીને સંસારની શાતા ભોગવવાની વૃત્તિ છે. તેનો ક્ષય કરવા જીવ તત્પર થશે ત્યારે તે મહાપુરુષના અપાર સામર્થ્યની કંઈક ઝાંખી થશે. "અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ." (૨૫૫) આવા ભાવોની, વિદેહી દશાની પરીક્ષા આ જીવને ક્યાંથી થાય ? તેના ચરણની ઉપાસના એ જ તેના જ્ઞાનનો અંશ પામી સંસારથી તરવાનો ઉપાય છે તે સહજ જણાવવા આ લખ્યું છે. તેની ભક્તિ આ ભવમાં મળી છે તે મહાભાગ્યનું ફળ છે; તે ટકી રહી તો સંસારનો ભાર નથી કે તેને તેમાં વધારે ગોથાં ખવરાવે, માટે મંત્રસ્મરણ ભક્તિમાં તલ્લીન રહેવાનું રાખશો. જેની ભક્તિ સાચી હોય છે તેને જ વિકટતારૂપી કસોટી ઉપર ચઢવાનું ભાગ્ય પ્રાપ્ત થાય છે. માટે હિમ્મત હારવી નહીં. દૃઢ શ્રદ્ધા સહિત બને તે કરી છૂટવું, પણ ગભરાવું નહીં. આ કસોટીમાંથી પાસ થાય તે ઉચ્ચદશાને પામે એવો નિશ્ચય રાખવો ઘટે છેજી.

સાત વ્યસનનો ત્યાગ કર્યો છે તેમાં સટ્ટા પણ આવી જાય છે તે લક્ષ રાખી ભૂલ થઈ હોય તો ફરી તેવી ભૂલ જીવનપર્યંત ન થાય તેવી કાળજી રાખી વર્તશો તો શાંતિ મળશે, નહીં તો ઘર લાગતું હોય ને ઘાસતેલ છાંટે તો તે ઓલવાય નહીં, તેમ જ્ઞાનીની આજ્ઞા ઉપર પગ દઈ વર્તીએ અને શાંતિને ઇચ્છીએ તે ન બનવા જેવું છેજી. ખોટું લાગ્યું હોય તો ફરી ખમાવું છુંજી. હાલ એ જ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**૧૦૦૯** અગાસ, શ્રાવણ વદ ૨, બુધ, ૨૦૦૯

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર,
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર." —શ્રીમદ્ રાજચંદ્ર

પત્રાંક ૯૪૩, ૯૪૪, ૯૪૫ લક્ષપૂર્વક બધાની વચ્ચે પ્રથમથી વાંચશો અને બધાને અનુકૂળ આવે તેવા વખત ગોઠવશો. વ્રત વગેરે જેને લેવાં હોય તે મનમાં ભાવના કરી પરમકૃપાળુદેવની સાક્ષીએ બને તો બધાની વચમાં ઉતાવળે બોલીને લેવાં. જેમ કે હે ભગવાન! આજે મારે ઉપવાસ પાણી પીને કે પાણી પીધા વગર કરવો છે, અમુક દિવસ મારે બ્રહ્મચર્ય પાળવું છે, અમુક વખત સુધી મારે કામ, ક્રોધ, માન, માયા, લોભ કે વિકારનો ત્યાગ કરીને રહેવું છે. વાંચન માટે દશલક્ષણધર્મ પહેલેથી શરૂ કરવું. અમુક વખતે જીવનકળા, મોક્ષમાળા કે ઉપદેશ-છાયામાંથી વાંચવું. ગ્રંથયુગલમાં યોગવાસિષ્ઠનો અનુવાદ છે તે સમજાય તો વાંચવા યોગ્ય છેજી. બાર ભાવનાઓ સમાધિસોપાનમાંથી કે ભાવનાબોધમાંથી રાત્રે વંચાય તો હિતકારી છેજી.

શરૂઆતમાં ધામણ તરફના ભાઈઓની ભક્તિ વખણાતી. હવે મંદતા આવી લાગે છે. પણ ફરી તે ભક્તિની જ્યોતિ તાજી કરવી હોય તો તમારા બધાના હાથમાં છે. સદાચાર, ભક્તિ, ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, દાન, તપ, શાંતિની વૃદ્ધિ થાય તો પર્યુષણપર્વની સફળતા ગણાય. માટે પોતાના આત્માના હિતની અંતરમાં દાઝ રાખી પર્યુષણના દિવસો સુધી તો ભક્તિની કમાણી કરી લેવી છે એવું નક્કી કરી જેમનાથી અહીં ન અવાય તેમણે વિશેષ ભાવથી ઉલ્લાસ પરિણામ રાખી ભક્તિ કરવી તો અહીં આવે તેના જેટલો કે તેથી વધુ પણ લાભ મેળવી શકે.

ભાવ ઉપર બધો આધાર છે માટે ધર્મના કામમાં ઢીલ ન કરવી. દશેરાને દિવસે ઘોડો દોડે તેમ કંઈ કરી લેવું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૧૦ અગાસ, શ્રાવણ વદ ૩, ૨૦૦૯

તીર્થશિરોમણિ સત્સંગધામ ભક્તિવન શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણની સેવાનો ઇચ્છક બાળ ગોવર્ધન બ્રહ્મચારીના જયસદ્ગુરુ વંદન સહ આત્મભાવે નમસ્કાર સ્વીકારવા વિનંતી છેજી. આપનો પત્ર મળ્યો. સત્સંગનો વિયોગ રહે ત્યારે મુમુક્ષુજીવે સત્સંગે થયેલી આજ્ઞા સદાચારપૂર્વક પાળવી ઘટે છેજી. ચિ. ચંદ્રલેખાએ ઉપવાસ સાથે લગા કર્યા ન હોય તો અઠ્ઠાઈ કરવાનું સાહસ ન કરવું. પણ એક બે ત્રણ એમ સુખે થાય તેટલા ઉપવાસ કરી જોવામાં હરકત નથી. ભજનભક્તિ થાય અને ઉપવાસ થાય તો કરવા છે, નહીં તો પારણું કરીને પણ ભક્તિ કરવી. એકાસણાં કરી શકાતાં હોય તો સારું છે. પથારીમાં પડ્યાં પડ્યાં વખત ગાળવો પડે અને 'અઠ્ઠાઈ કરી' કહેવરાવવું એ લૌકિકભાવ છે તેમાં ધર્મ નથી. પોતાની શક્તિ પ્રમાણે ધર્મ કરવો. સાથે લગાં આઠ દિવસનાં પચખાણ ન લઈ લેવાં, પણ એક-એક દિવસનું પચખાણ લઈ સુખે સુખે થાય તેટલા ઉપવાસ કરવા અને ભક્તિમાં આખો દિવસ ગળાય તેમ કરવું. કંઈક ગોખવું, વાંચવું, વિચારવું, સાંભળવું પણ પ્રમાદમાં વખત ન ગાળવો.

મનુષ્યભવ દુર્લભ છે, મરણ ક્યારે આવીને ઉપાડી જશે તેનો નિયમ નથી, માટે ધર્મ આરાધવામાં પ્રમાદ ન કરવો. માત્ર ભૂખ્યા રહેવું તે જ તપ નથી; ઓછું ખાવું, રસ વગરનું ખાવું, દોષો થયા હોય તેનું પ્રાયશ્ચિત્ત લેવું, વિનય – સેવા કરવી, ભણવું, શીખવું, વાંચવું, વિચારવું, કાઉસગ્ગ કરવો વગેરે તપના પ્રકાર છે. જે બને તે કરવું.

---

૧૦૧૧ અગાસ, તા. ૯-૯-૫૩

પર્યુષણપર્વ ઉપર બને તેટલી ભક્તિભાવના, વ્રત, તપ, ઉપવાસાદિ યથાશક્તિ કર્તવ્ય છેજી. વાચન પરમકૃપાળુદેવના પત્રો તથા ઉપદેશછાયાદિનું કરવા ભલામણ છેજી. ઉપશમભાવ અર્થે સર્વ કરવું છે એ ભૂલવા યોગ્ય નથી.

નહીં જોઈતી ફિકર કલ્પનાઓ ઊભી કરી જીવ અનર્થદંડે દંડાય છે, તે દૂર કરી પોતાનું ઓળખાણ થાય તે અર્થે જ્ઞાનીપુરુષની આજ્ઞા શક્તિ છુપાવ્યા સિવાય આરાધવી ઘટે છેજી.

માથે મરણ છે, વૃદ્ધાવસ્થા દોડતી આવે છે, સિલકમાં રહેલી વેદની વગેરે રાહ જોઈ રહી છે, તે બધાં ઘેરી લે તે પહેલાં એવો અભ્યાસ કરી મૂકવો કે મરણ વખતની વેદનીમાં પણ મંત્ર આદિ ધર્મધ્યાન ચુકાય નહીં.

શાતાના વખતે પુરુષાર્થ જીવ નહીં કરી લે તો આખરે પસ્તાવું પડશેજી. ગભરામણનો પાર નહીં રહે માટે પાણી પહેલાં પાળ કરી લેવી ઘટે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૧૨ અગાસ, તા. ૧૫-૯-૫૩

આપના પત્રો પહેલાંના પહોંચ્યા છેજી. આપની ભાવના સત્સંગની રહે છે તથા ભાદ્રપદ વદમાં આવવા ધારો છો તે જાણ્યું. શરીરનો પ્રતિબંધ ઓછો કરી ગમે તે ભોગે આશ્રમમાં

દેહ છૂટે તો મારું સમાધિમરણ થશે એવી શ્રદ્ધા દૃઢ કરી જો આવશો તો હિતકારી છેજી. તમે તો સમજુ છો પણ જે દૃઢતા જોઈએ તે રહેતી નથી. મરણથી પણ ડરવું નહીં એવી અડગ શ્રદ્ધા અને સહનશીલતા જીવ ધારણ કરે તો દુઃખના ડુંગર પણ દૂર થઈ જાય. શ્રી ગજસુકુમાર જેટલું તો આપણને દુઃખ નથી આવ્યું છતાં મારું મારું માન્યું હોય ત્યાં જીવ તણાઈ જાય છે. તે અહંભાવ-મમત્વભાવને શત્રુ સમજી, એક પરમકૃપાળુદેવ જ મારા છે, તેને શરણે મારા આત્માનું કલ્યાણ જ થશે; ભલે દેહના દંડ દેહ ભોગવે તે તો ના કહ્યે અટકે તેમ નથી, પણ આટલો ભવ સહનશીલતા કેળવવા અને સમાધિમરણ સાધવા ગાળવો છે એમ દૃઢતા કર્તવ્ય છેજી. સંવત્સરી સંબંધી આપ પ્રત્યેના દોષની ક્ષમા ઇચ્છી પત્ર પૂરો કરું છુંજી.ૐ શાંતિઃ

---

### ૧૦૧૩

અગાસ, ભાદરવા સુદ ૮, ૨૦૦૯

આપનો પત્ર મળ્યો. અશુભ દિનોમાં પરમકૃપાળુદેવની સાચા ભાવે ભક્તિ કરી દૃઢ શ્રદ્ધા રાખ્યે બધાં વિઘ્ન આપોઆપ દૂર થઈ જશે. આત્મામાં આર્ત્તધ્યાન ન થાય એમ કર્તવ્ય છેજી. પોતાનાં બાંધેલાં સમભાવે ભોગવતાં જીવ છૂટે છે, ફિકર ચિંતા ગભરામણથી નવાં કર્મ બંધાય છેજી. સોડ પ્રમાણે સાથરો એમ કહેવાય છે તેમ પૂણિયા શ્રાવકની પેઠે થોડી કમાણી હોય તો થોડા ખર્ચમાં નભાવી ભક્તિ ભૂલવી નહીં. એ જ કર્તવ્ય છેજી. જ્યાંત્યાં દહાડા કાઢવાના છે. સાચું શરણ મળ્યા પછી કોઈ પણ કારણે આત્માને ક્લેશિત કરવો ઘટતો નથી. બધા દિવસ આવા ને આવા રહેવાના નથી. આટલાં પાછલાં વર્ષો જો એ પરમકૃપાળુદેવને શરણે જાય તો પછી જીવને અપાર આનંદનાં કારણો મળી આવશેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

### ૧૦૧૪

અગાસ, તા. ૧૯-૯-૫૩

આપના પ્રશ્નો રૂબરૂમાં યોગ મળશે ત્યારે યોગ્ય રીતે જણાવાશેજી. ઊણોદરી તપમાં એંઠું પડી રહે તેનો બાધ નથી, પણ વધારે ખવાય તે દોષરૂપ છે. જોઈએ તે કરતાં વિશેષ ખવાયું તે ઊણોદરી તપનો ભંગ સ્પષ્ટ છે. ભવ્ય, અભવ્ય અથવા દૂરભવ્યનાં પ્રશ્ન હાલમાં ઉપશમાવવા યોગ્ય છેજી. પરમકૃપાળુદેવનું શરણ જેને મળ્યું છે તેણે નહીં જોઈતી પંચાતમાં નહીં પડતાં પોતાના દોષ જોઈ દોષ ટાળવાના પુરુષાર્થમાં કમર કસીને વર્તવું ઘટે છેજી.

---

### ૧૦૧૫

અગાસ, તા. ૧૯-૯-૫૩

વિ. આપનું કાર્ડ મળ્યું છે. આપે લખેલી વિગત જાણી છેજી. તમે બધા સમજુ છો. તેમને સંભળાતું હોય અને રુચિ હોય તો 'સમાધિસોપાન'માંથી સમાધિમરણ અને પાછળના પત્રો થોડે થોડે સંભળાવતા રહેશો અને ભક્તિ, મંત્રનું સ્મરણ વગેરે કરો છો તેમ અનુકૂળતા પ્રમાણે કરશો અને વિશેષ ગંભીર માંદગી જણાય ત્યારે મંત્રનું સ્મરણ મોટે ભાગે ચાલુ રાખવું અને તેમને પણ કહેવું કે કોઈ હોય કે ન હોય પણ મંત્રમાં ચિત્ત રાખ્યા કરવું. મંત્રનું મનમાં સ્મરણ ચાલુ રહે અને દેહ છૂટે તો સમાધિમરણ થાય એમ છે માટે ચૂકવું નહીં. દેહમાં વેદના થાય તે તરફ બહુ લક્ષ ન આપવું. બાંધેલાં કર્મ ભોગવાઈને છૂટે છે તે વખતે પરમકૃપાળુદેવનું શરણ અને મંત્રનું સ્મરણ જીવને બચાવી લેનાર છેજી, નહીં તો ભોગ-

વતાં આકરાં લાગે છે, તેવાં નવાં કર્મ બંધાય તો તેનો ઉદય આવ્યે આવી કે આથી વધારે આકરી વેદના ફરી ભોગવવી પડે; માટે "જે થાવું હોય તે થાજો, રૂડા રાજને ભજીએ" એવું રાખવું. વહેલું મરણ આવે કે મોડું આવે એવી ઇચ્છા પણ ન કરવી. બાંધ્યું હોય તેટલું અને તેવું ભોગવવું પડે છે. કોઈનો વાંક નથી. બધાને ખમાવી શાંતિ રાખવા ભલામણ છેજી. ભક્તિમાં ચિત્ત દેવાથી ઘણું હિત થશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ

---

૧૦૧૬ અગાસ, તા. ૧૯-૯-૫૩

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૧, ૨૦૦૯

જીવને પોતાનું કલ્યાણ કરવાની, આગળ વધવાની, સમાધિમરણની તૈયારી કરવાની ભાવના જાગવી અને ટકી રહેવી આ કાળમાં બહુ દુષ્કર છેજી. વિપરીત સંજોગોમાં રહીને પણ પરમકૃપાળુદેવે જે મહાન આત્મોદ્ધારનું કાર્ય સાધ્યું છે તે સર્વને અનુકરણીય છેજી. થોડું થોડું દુઃખ રહેતું હોય તે પણ એક દૃષ્ટિએ સારું છે એમ લાગે છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૧૭ અગાસ, ભાદરવા સુદ ૧૨, રવિ ૨૦૦૯

પૂ....ને જણાવશો કે ત્રણ પાઠ મુખપાઠ કરી રોજ બોલવા હોય તેને મંત્રની આજ્ઞા મળે છે. ગરજ વિના, શ્રમ લીધા વિના, બીજાને રાજી રાખવા માળા ફેરવે તેનું કલ્યાણ થવું મુશ્કેલ છેજી.

પ્રારબ્ધાધીન દેહ છે. પુરુષાર્થ-આધીન આત્મકલ્યાણ છેજી. આળસ અને પ્રમાદ જેવા કોઈ શત્રુ નથી, તેમને સોડમાં રાખી સૂવું ઘટતું નથી, દુશ્મન જાણી દૂર કરવા છે. જિંદગીના પાછલા ભાગમાં જેટલું બળ કરી કમાણી થાય તેટલી કરી લેવી ઘટે છેજી. ૐ શાંતિઃ

---

૧૦૧૮ અગાસ, તા. ૨૧-૯-૫૩

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૩, ૨૦૦૯

તમોએ લીલોતરીનું પચખાણ લીધું તેમાં છૂટ લેવાનું જણાવ્યું તો તે યોગ્ય નથી. હાલ તો એક વરસ સુધી બરાબર લીધા પ્રમાણે જ પાળવું. લેતી વખત પહેલાં બધો વિચાર કરી લેવાનો હોય, પછી આવી વૃત્તિની છેતરામણી ન ચાલે અને તેમ યોગ્ય નથી. માટે હાલ તો લીધા પ્રમાણે જ પાળશો. તેમાં છૂટછાટ હવે ન ચાલે. આગળ ઉપર વરસ પછી વાત. હમણાં તો તે પ્રમાણે જ પાળવું યોગ્ય છેજી. એકાદ લીલોતરી નહીં ખવાય તો મરી જવાય તેમ નથી. માણસની કિંમત તેનાં વચન ઉપર છે તે લક્ષમાં લેશોજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૧૯ અગાસ, તા ૨૧-૯-૫૩

તત્ ૐ સત્ ભાદરવા સુદ ૧૩, સોમ, ૨૦૦૯

આપે પ્રશ્ન પૂછેલા તેના ટૂંકામાં ઉત્તર નીચે લખ્યા છેજી. શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાં પત્રાંક ૨૯૫ માં મન સ્થિર કરવા વિષે લખેલું વિચારી તેમ પ્રવર્તવા પુરુષાર્થ કરશોજી.

બીજું, મંત્રના અર્થ વિષે નીચે લખેલી દિશામાં વિચાર કર્તવ્ય છેજી :

(૧) 'સહજાત્મસ્વરૂપ' એટલે કર્મરહિત દશામાં જીવનું જે નિર્મળ સ્વરૂપ છે તે ખરી રીતે પાંચ પરમગુરુ કે પરમકૃપાળુદેવનું સ્વરૂપ છે. તેમાં લક્ષ રાખવાથી આપણા મનની

મલિનતા દૂર થઈ ખરા સ્વરૂપની જિજ્ઞાસા વધતાં કર્મ દૂર થાય અને શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે. તે પહેલા મંત્રનો અર્થ છે.

(૨) આતમભાવના એટલે "હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગ-દ્વેષનો ક્ષય થાય!" (૬૯૨) તેથી કેવળજ્ઞાન પ્રગટે છે.

(૩) ત્રીજા મંત્રમાં પરમગુરુ એટલે અરિહંત ચાર ઘાતીકર્મોનો ક્ષય કરી પરમાત્મા થયા છે તે; સિદ્ધ એટલે આઠે કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા છે તે; આચાર્ય એટલે સર્વ સંઘના નેતા જ્ઞાનીપુરુષ; ઉપાધ્યાય એટલે શાસ્ત્રોને ભણી બીજા સાધુ વગેરેને ભણાવે તે; અને સાધુ એટલે આત્મજ્ઞાન પામી સંસારનો ત્યાગ કરી મોક્ષ અર્થે પુરુષાર્થ કરે છે તે મુનિ — એમ પાંચે પરમગુરુ છે. તે પાંચમાં સાધુ,. ઉપાધ્યાય અને આચાર્ય એ ત્રણ નિર્ગ્રંથ ગણાય છે એટલે તે મોહની ગ્રંથિ છેદી પરિગ્રહરહિત થયેલા છે, મોક્ષ સાધનાર સાધક છે. સર્વજ્ઞદેવમાં બે પરમેષ્ઠી છે. અરિહંત અને સિદ્ધ બન્ને પરમાત્મસ્વરૂપ છે. અરિહંત દેહધારી છે. સિદ્ધ ભગવાન અશરીરી છે. આમ 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ'નો અર્થ વિચારશોજી.

જે નિયમો તમે મંત્ર લેતી વખતે લીધા છે તે કડકાઈથી પાળશો. બીજા પણ સદાચાર બને તેટલા સેવશો. ઇંદ્રિયોનો જય કરવાનો અભ્યાસ કરી સત્શાસ્ત્ર હંમેશા વિચારશો તો ઘણો લાભ થશેજી. ત્યાં હાલ એકલા રહેતા હો તો બ્રહ્મચર્ય પાળવાનો લક્ષ રાખશો. સૂતી વખતે પરમકૃપાળુદેવના ચિત્રપટ આગળ બ્રહ્મચર્યનો નિયમ લઈ તે પ્રમાણે વર્તવું. જેટલા દિવસ તેમ વર્તી શકાય તેટલો વિશેષ લાભ છેજી. બીજા લોકોના સંગ કરતાં પુસ્તકોનો પરિચય વિશેષ રાખવા ભલામણ છેજી. વારંવાર વાંચશો તો વિશેષ વિશેષ સમજાશેજી. ૐ શાંતિઃ

---

## ૧૦૨૦

અમાસ, તા. ૧૪-૧૦-૫૩

**અનન્ય શરણના આપનાર, તરણતારણ, અધમઉદ્ધારણ, શરણાગતવત્સલ એવા શ્રી સદ્ગુરુ શ્રીમદ્ રાજચંદ્રદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.**

"જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખરહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય."

વિ. ઓપરેશન કરાવ્યું તે જાણ્યું. મુમુક્ષુજીવે કોઈ પણ કારણે ક્લેશિત થવા યોગ્ય નથી. હું દુઃખી છું, હું દુઃખી છું એવું ગણી આર્ત્તધ્યાન કરવું ઘટે નહીં. "શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્ પ્રકારે અહિયાસવા (સહન કરવા) યોગ્ય છે," (૪૬૦) એમ પરમકૃપાળુદેવની શિખામણ છે તે વારંવાર લક્ષમાં લેવી; અને નરકનાં દુઃખ આગળ કે મરણ વખતના દુઃખ આગળ અત્યારની વેદના કંઈ હિસાબમાં નથી, એમ વિચારી ખમી ખૂંદવું. મંત્રમાં ચિત્ત રાખવું. દેહ વેદનાની મૂર્તિ છે, એમાંથી કંઈ સાર વસ્તુ મળવાની નથી; પણ જ્યાં સુધી મનુષ્યભવ છે ત્યાં સુધી પરમકૃપાળુદેવની શ્રદ્ધા અને તેમણે જણાવેલ મંત્રનું આરાધન કરી લેવા યોગ્ય છે. તેમાં ચિત્ત જશે તો ધર્મધ્યાન થશે અને વેદનામાં મન રહેશે તો આર્ત્તધ્યાન થશે અને ઢોરપશુના ભવ બંધાઈ જશે, માટે મંત્ર વારંવાર યાદ કરવો. મરણ દરેકને માથે ચક્કર મારે છે, ક્યારે ઉપાડી જશે તે નક્કી નથી. દરદ ભલે

મટી જાય પણ મરણ તો જરૂર એક દિવસ આવનાર છે. માટે મરણ સુધરે તેવા ભાવ આજથી કરતા રહેવાની જરૂર છેજી. આ વેદનીથી ખબર પડી કે જીવને સમાધિમરણ કરવું હોય તો હજી ઘણો પુરુષાર્થ કરી દેહાધ્યાસ છોડવાની જરૂર છે. શ્રી ગજસુકુમારને માથે અંગારા ભર્યા છતાં તેમણે દેહને હાલવા પણ ન દીધો, માથું બળતું જોયા કર્યું પણ તે દુઃખમાં મન પરોવ્યું નહીં. હું તો પરમાનંદરૂપ, અનંત સુખનો ધણી છું. આ તો પૂર્વકર્મ સાથે લગાં જવા માટે આવ્યાં છે, ભોગવાઈ ગયાં તે હવે આવવાનાં નથી; માટે ધીરજ રાખી સહન કરવું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧૦૨૧ અગાસ, તા. ૧૫-૧૦-૫૩

વિ. આપનો પત્ર મળ્યો. બને તેટલી ભક્તિ કરી લેવાનું ચૂકવું નહીં એ જ ભલામણ. માથે મરણ ભમે છે તે ભૂલવા યોગ્ય નથી. લીધો કે લેશે એમ થઈ રહ્યું છે તો આ જીવ કયા કાળને ભજે છે તે વિચારવું ઘટે છેજી. પરમકૃપાળુદેવના પત્રોનો અભ્યાસ કરી તે મહાપુરુષની દશા ઊંડા ઊતરી વિચારી આ આશ્રયે આ ભવસમુદ્ર તરી જવો છે એમ દૃઢ કરી સત્પુરુષાર્થ સતત કર્તવ્ય છેજી. પ્રમાદ અને આળસ વૈરી છે તેનો જય કર્તવ્ય છેજી. ૐ શાંતિઃ

૧૦૨૨ અગાસ, તા. ૨૬-૧૦-૫૩

તત્ ૐ સત્ આસો વદ ૪, ૨૦૦૯

આપ જણાવો છો તેમ વૃદ્ધાવસ્થામાં શરીર શરીરનો ધર્મ બજાવે. સત્સંગનો પાકો રંગ લાગ્યો હોય તેને દુઃખ ચેતાવનાર, મરણ વખતની વેદના માટે તૈયારી કરાવનાર અને દેહાધ્યાસ છોડવામાં મદદ કરનાર સમજાય છેજી. પરમપુરુષના ઉપકારનો કોઈ રીતે બદલો વળી શકે તેમ નથી. આવા કળિકાળમાં મુમુક્ષુજીવને વિશ્રામ અને આનંદનું કારણ બને તેવા પત્રાદિ લેખો લખી આપણને આધારરૂપ બન્યા છે. ઘણા કાળ સુધી, જમાનાઓ સુધી તે મોક્ષની જિજ્ઞાસાવાળા જીવોને માર્ગદર્શકરૂપ નીવડશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧૦૨૩ અગાસ, તા. ૩૧-૧૦-૫૩

તત્ ૐ સત્ આસો વદ ૯, ૨૦૦૯

ભાવના એ મોટી વસ્તુ છે. પરમકૃપાળુદેવ સમીપ જ છે એમ હૃદયમાં રાખી તેમની ભક્તિ અને વીતરાગપંથનું સેવન, આરાધન વારંવાર સ્મૃતિમાં લાવી, તે જ આપણો માર્ગ માની તે અર્થે પુરુષાર્થ – સત્પુરુષાર્થ સેવવા યોગ્ય છે. જેની ભાવના જાગે તેને તેવી જ શ્રદ્ધા જાગે તેમાં સહાયક થવું એ આપણો ધર્મ છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ક. – આસો વદ ૨ ને દિવસે રાજમંદિરમાં પરમકૃપાળુદેવના ચિત્રપટ પાસે ઉત્તરમુખે પ. પૂ. પ્રભુશ્રીજીનો ઓઇલપેઇન્ટ રંગીન ચિત્રપટ સ્થાપ્યો છેજી તે સહજ લખ્યું છે.

૧૦૨૪ અગાસ, તા. ૧૧-૧૧-૫૩

તત્ ૐ સત્ જ્ઞાનપંચમી, કા. સુ. ૫, બુધ, ૨૦૧૦

"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવપાર." (૧૫)

તીર્થશિરોમણિ સત્સંગધામ સમાધિમરણપ્રેરક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસથી લિ. સત્પુરુષના ચરણની સેવાનો ઇચ્છક બાળ ગોવર્ધનના જયસદ્ગુરુવંદન સહ કાર્તિક ચૌમાસી પાખી સંબંધી આજ દિન અને પાખી પર્યંત આપ પ્રત્યે જે કોઈ અવિનય અપરાધ થયા હોય તેની ઉત્તમ ક્ષમા આપવા નમ્ર વિનંતી છેજી.

આપના બધા પત્રો મળ્યા છેજી. આપે મોકલેલ રકમ પૂ. પ્રભુશ્રીજીનો બોધ છપાવવો શરૂ થયો છે તે ખાતે લીધી છે. આપણા આત્માના ઉદ્ધારનો ખરેખરો અવસર આવ્યો છે તે ચૂકવા યોગ્ય નથીજી. દાન છે તે લોભ ઓછો કરવા, સન્માર્ગ પ્રત્યેનો પ્રેમ વધારવા અને આત્માની દયા ખાવા અર્થે કરવાનું છે. એટલે અનંતકાળથી જીવ લોભને લઈને ભવોભવ આથડે છે, આ મનુષ્યભવમાં પણ દેશપરદેશ લોભનો માર્યો આથડે છે, કર્મ બાંધ્યાં કરે છે; તે લોભમાંથી એક કાંકરી પણ ખરે તોપણ આત્મા હલકો થાય, પવિત્ર થાય. ધન, સ્ત્રી, પુત્ર, દેહ આદિ આત્માને મલિન કરવાનાં કારણો છે, લોભને લઈને તે કારણો બળવાનપણે આત્માને સંસારમાં ઊંડો ઉતારે છે. તે લોભ જીવ મંદ કરે તો મહાપુરુષનાં વચનોનું માહાત્મ્ય લાગે, તેમાં અપૂર્વતા આવે અને ભીખ માગીને ગુજરાન ચલાવીશું પણ સંસાર વધે તેવો લોભનો પક્ષ હવે લૂલો થાય તેમ પ્રવર્તવું છે એવું બળ આત્મામાં વધે છે.

જ્ઞાન પરિણમતું નથી તેનું કારણ વિષય કષાયો છે અને લોભ તેમાં મુખ્ય છે. કોઈને ધનનો લોભ તો કોઈને કીર્તિનો લોભ, કોઈને સ્વાદનો લોભ તો કોઈને સંગીતનો લોભ, કોઈને ભોગનો લોભ તો કોઈને આબરૂનો લોભ, કોઈને કુટુંબનો લોભ તો કોઈને શાતા-(સુખ)નો લોભ, કોઈને પુણ્યનો લોભ તો કોઈને કુટેવ પોષવાનો લોભ; આમ ઇચ્છા માત્ર લોભના વેશ છે. તે ઓળખી તેથી દૂર રહેવાનું, ભડકતા રહેવાનું, નાસી છૂટવાનું કર્તવ્ય છેજી. ધર્મ આરાધનામાં એ બધા પ્રકારના લોભ વિઘ્ન કરે છે માટે મરણિયા થઈને પણ હવે તો તેની સામે પડવું છે, લોભ આદિ કર્મોની કતલ કરવી છે અને આત્માને સ્વતંત્ર કરવો છે, તેના દુઃખનો પાર નથી એમ સમજી તેની દયા ખાવા તત્પર રહેવું છે. આત્માનો શત્રુ થઈને વર્તે છે તેને બદલે તેને મુક્ત કરવા કમર કસી પુરુષાર્થ કરવો છે. આવો દૃઢ નિશ્ચય કરી તે પ્રમાણે જીવ પ્રવર્તે તો જરૂર પરમકૃપાળુદેવની કૃપાને પાત્ર જીવ બને એમ છેજી. આટલા ભવમાં પરમકૃપાળુદેવ પ્રસન્ન થાય તેમ જ પ્રવર્તવું છે એ લક્ષ અહોરાત્ર રહ્યા કરે તો તેનો પગ કોઈ પાપકાર્યમાં ન પડે, બધાં દુઃખથી તે બચી જાય. માટે પરમકૃપાળુદેવનાં વચનો વાંચી, વારંવાર વિચારી તેમની દોરવણી પ્રમાણે જ આ ભવના છેવટનાં વર્ષો મારે જરૂર ગાળવાં છે, એવી ગાંઠ મનમાં પાડી દઈ લાગ આવ્યે તેમ જ કરવું છે એ ભાવ દિવસે દિવસે વર્ધમાન કરવો ઘટે છેજી. જેવી જેની ભાવના તેવું તેને ફળ વહેલુંમોડું મળી રહે છેજી, તો ભાવના સારી- રાખવામાં ભિખારી શા માટે રહેવું? એમાં કંઈ ખર્ચ થાય તેમ નથી કે નથી દુઃખ કે કષ્ટ પડતું. માત્ર અજ્ઞાનને લઈને જીવ પોતાનું નહીં તેને પોતાનું માની, મારું મારું કરી રહ્યો છે. પોતે દેહાદિ રૂપે નથી, છતાં દેહાદિરૂપ હું છું માની દેહના દુઃખે દુઃખી અને દેહના સુખે સુખી માને છે તે બધું ઊંધું છે. તો જ્ઞાનીનાં વચનોના આધારે ખોટાને ખોટું માની, સાચું જ્ઞાનીએ પ્રગટ કર્યું છે તે શુદ્ધ, સહજ આત્મસ્વરૂપ છે, તે મને માન્ય હો, તે જ હું

છું, તે જ મારું સ્વરૂપ છે, તેથી ભિન્ન તે હું નહીં અને મારું પણ નહીં, આમ વારંવાર દૃઢ ભાવના કરવાથી જ્ઞાનીના સાચા શિષ્ય થવાય છેજી. આ પત્ર વારંવાર વિચારી જીવન પલટાવી, જ્ઞાનીના સાચા અનુયાયી થવા ભલામણ છેજી.

મંદાક્રાન્તા — મંત્રે મંત્ર્યો સ્મરણ કરતો, કાળ કાઢું હવે આ,
જ્યાં ત્યાં જોવું પર ભણી ભૂલી, બોલ ભૂલું પરાયા;
આત્મા માટે જીવન જીવવું, લક્ષ રાખી સદા એ,
પામું સાચો જીવન-પલટો મોક્ષ-માર્ગી થવાને. (પ્રજ્ઞાવબોધ–૭૪)

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧૦૨૫ અગાસ, તા. ૧૨-૧૧-૫૩
ૐ કાર્તિક સુદ ૬, ગુરુ, ૨૦૧૦

**અનન્ય શરણના આપનાર, તરણતારણ, સર્વ સંપત્તિના મૂળ એવા શ્રી સદ્‌ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર દેવને અત્યંત ભક્તિભાવે નમસ્કાર હો !**

"નહિ બનવાનું નહિ બને, બનવું વ્યર્થ ન થાય;
કાં એ ઔષધ ન પીજિયે, જેથી ચિંતા જાય."
"જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર."

વિ. આપના બે કાર્ડ મળ્યા છેજી. વાંચી ખીના જાણી છેજી. સંસારનું સ્વરૂપ જ્ઞાનીઓએ અત્યંત ક્લેશમય દીઠું છે તે સત્ય છેજી. ગમે તેવા સમજુ માણસને પણ જંપવા ન દે તેવો સંસાર છે, તેથી જ્ઞાનીઓએ તેને પૂંઠ દીધી છે. તેમાં કંઈ જોવા જેવું નથી જાણી આંખો મીંચી દીધી છે. તેમાં કંઈ કરવા જેવું નથી જાણી હાથ પર હાથ રાખી નિષ્ક્રિયતા ધારી છે. ચરણને સંસારમાં પ્રવર્તાવવાનું બંધ કરી પદ્માસન વાળી બેઠા છે. આવા વીતરાગ પુરુષના ઉપાસકને માત્ર ઉદાસીનતા જ આરાધવી ઘટે છેજી. પ્રારબ્ધ બાંધ્યા પ્રમાણે દેખાવ દે, તેમાં તણાઈ જવા જેવું નથી. સમજણની કસોટી સંસારમાં ડગલે ને પગલે થયા કરે છે. આવા દુસ્તર સંસારને જ્ઞાનીપુરુષો નિર્વિકલ્પદશા આરાધી ગાયની ખરીમાં પાણી ભરાય તેવો અલ્પ કરી ઓળંગી ગયા છેજી.

આપ તો સમજુ છો. સર્વના મનને શાંત કરવા સમર્થ છો. મરણ સમીપ જ છે એમ જાણી જ્ઞાનીપુરુષો કેવળજ્ઞાન થતાં સુધી વૈરાગ્યની વૃદ્ધિ કરી આત્માને બળવાન કરતા રહ્યા છે. તેમનું અવલંબન લઈ આપણે પરમાર્થમાં દૃઢ રહેવાનું છેજી. કર્મ કોઈનાં લઈ દઈ શકાય તેમ નથી એમ સમજી નિરુપાયતા આગળ સહનશીલતા જ સર્વોત્તમ ઉપાય છેજી. સમભાવ એ સર્વ પ્રસંગ વખતે બચવાનો સર્વોત્તમ ઉપાય છેજી. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# છૂટક વચનો

પરમકૃપાળુદેવની શ્રદ્ધા જેને દઢ થતી જાય છે તેને ભવભ્રમણનો ડર મંદ પડતો જાય છે.

*

વિકલ્પો દૂર કરવા સ્મરણનું હથિયાર વારંવાર વાપરવા વિનંતી છેજી.

*

પરમકૃપાળુદેવને શરણે તરવાનો લાગ આવ્યો છે તે જ એક મુખ્ય કામ કર્તવ્ય છે એમ જેને લાગશે તે તેણે કહેલી આજ્ઞા ભાવપૂર્વક ઉઠાવશે અને તેમાં જ મન રાખી વર્તશે તો જ જરૂર કલ્યાણને પામશે.

*

પૂર્વકર્મના પરવશપણાથી જ્યાં-જ્યાં જીવની સ્થિતિ હાલ વર્તે છે ત્યાં પડેલો તો છે, ત્યાંથી ઊભા થવાની જ્ઞાનીપુરુષોની આજ્ઞા છે.

*

પરમકૃપાળુદેવની આજ્ઞા સમજી, વિચારી ઉઠાવવા માટે સર્વ શક્તિ ખર્ચવા યોગ્ય છેજી, તેવો લાભ બીજી કોઈ બાબતમાં મળવા યોગ્ય નથી.

*

સત્સંગ, સદ્બોધની જરૂર છે. તે તો પુણ્યાનુસાર જ મળી શકે છે. સત્પુરુષના ગુણગ્રામ, તેનું માહાત્મ્ય, તેની શ્રદ્ધા-પકડ કરવામાં કાળ જશે તે બધો લેખાનો છે; એકલા હોઈએ તોપણ તે જ કરવાનું છે અને સત્સંગ હોય તો વિશેષ આનંદનું કારણ છે.

*

"જે થાય છે તે ભલું માનવામાં આવે" એ સૂત્રાત્મક વાક્ય અત્યંત આશ્વાસન આપી આવી પડેલા પ્રસંગને સવળો કરવામાં અદ્ભુત બળ આપે તેવું છેજી.

*

સમ્યક્દર્શનજ્ઞાનચારિત્ર એ આત્મસ્વરૂપ છે તે રત્નત્રયસ્વરૂપ છે, તેના વિચારમાં રહેવું તે ધર્મધ્યાનરૂપ છે.

*

સત્સંગ, ભક્તિ અને વીતરાગતાનું માહાત્મ્ય વિશેષ હૃદયમાં દઢ થાય તેવું વાંચન, વિચાર કે મુખપાઠ કરવા ભલામણ છેજી.

*

વ્યવહારને વ્યવહારરૂપે અને પરમાર્થને સર્વોપરી કાર્યરૂપે આંકવાનો વિવેક ચૂકવા યોગ્ય નથી.

*

જેમ જેમ કષાય મંદ પડશે તેમ તેમ ચિત્તપ્રસન્નતા પ્રગટશે અને અંતર્દાહ કષાય દૂર થશે; શાંતિ આપોઆપ સ્ફુરશેજી.

*

ગમે તેની સાથેના પત્રવ્યવહારમાં આત્માર્થ પોષાય તે લક્ષ રાખવા ભલામણ છેજી.... આત્મભાવના એ જ આત્માને ઊંચો લાવનાર છે.

*

જેમ બને તેમ લઘુતાની ભાવના આપણે રાખીશું તો આપણે ધારીએ છીએ તે કામ વહેલું સફળ થવાનું નિમિત્ત છે.

*

વૈરાગ્ય-ઉપશમની વૃદ્ધિ જરૂરની છે, તેથી ભક્તિભાવ પણ દીપે છે.

*

મુમુક્ષુને જરૂર વખતે મદદરૂપ થવું એ આપણો સાધર્મિક ધર્મ છેજી.

*

મુમુક્ષુજીવની સેવા મહાભાગ્યથી પ્રાપ્ત થાય છે. સગાં-વહાલાંની વેઠ જીવે ઘણી કરી છે ને કરવી પડે છે, પણ મુમુક્ષુજીવની આખર વખતે સેવા કરે તેને પરમપુરુષની શ્રદ્ધાનો લાભ થાય છે.

*

પરમકૃપાળુદેવની આજ્ઞામાં વૃત્તિ રહે તેવાં પરિણામ દિન દિન પ્રત્યે વર્ધમાન થાય તેમ ભક્તિ, વાંચન, વિચાર, ભાવના કર્તવ્ય છેજી.

*

જેને આ ભવમાં પરમાત્માની ભક્તિ કરવી છે તેને કંઈ હરકત નડતી નથી; હરકત આવે તો ઊલટો તે વધારે બળવાન બને છે.

*

સર્વ પ્રત્યે સદ્ભાવ ટકી રહે તે ઉત્તમ નીતિ છે.

*

આપણું ધાર્યું કંઈ બનતું નથી તે આપણો સ્વચ્છંદ રોકવાનું એક કારણ પણ બને છે.

*

સર્વ વિકલ્પો શમાવીને મંત્રસ્મરણ તથા પરમકૃપાળુદેવની દૃઢ શ્રદ્ધાની વૃદ્ધિ થાય તેમ કર્તવ્ય છેજી. વાંચન, વિચાર, સત્સંગની ભાવના કર્તવ્ય છેજી. પરમશાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત માર્ગ છેજી.

*

આ કળિકાળમાં કુળમાર્ગથી છૂટી મૂળમાર્ગ પ્રત્યે રુચિ થવી એ મહદ્ભાગ્ય છે. તે રુચિ વર્ધમાન થવી અને તે રુચિ પ્રમાણે વીર્ય સ્ફુરે તે વળી વિશેષ વિશેષ ભાગ્યોદય ગણવા યોગ્ય છેજી.

*

સમભાવ એ સર્વોત્તમ ઔષધિ છે તે માંદગીના પ્રસંગોમાં વિશેષ લક્ષ રાખી જાગૃતિ રાખવાથી આર્ત્તધ્યાન ટળે છેજી.

*

પરમકૃપાળુદેવનો પરમ ઉપકાર સર્વોપરી હૃદયમાં વસ્યા કરે એ જ કર્તવ્ય છેજી. તેથી ચઢિયાતું કંઈ ન લાગે તેમ થયે વિશેષ જાગૃતિ વધશેજી.

*

જેટલો ધર્મ આરાધ્યો હશે તેટલી આખરે શાંતિ અને નિર્ભયતા રહેશે.

*

પરમકૃપાળુદેવની કૃપા કોઈ ઓર છેજી. પ. ઉ. પ. પૂ. પ્રભુશ્રીજી કહેતા કે 'તારી વારે વાર.' જીવ બળવાન થાય તો પરમકૃપાળુદેવનું યોગબળ તૈયાર છેજી.

*

શરીર ઠીક હોય તો વહેલા ઊઠવાનું કરવા ભલામણ છેજી. સવારે વહેલા ઘણા નિર્મળ વિચારો આવે એવો તે પ્રથમ પ્રહરનો પ્રભાવ ઘણાએ ગાયો છે.

*

પ. પૂ. પ્રભુશ્રીના બોધમાંથી રોજ થોડું પ્રથમ વાંચી પા-અડધો કલાક વિચારનો રાખશો તો ધર્મમાં ઉત્સાહ વધવાનું એ એક પ્રબળ કારણ સમજાય છેજી.

*

પરમકૃપાળુદેવનું જેને શરણું છે, તેને શાતા કરતાં અશાતામાં ઊલટી વધારે ધર્મવૃત્તિ રહેવા સંભવ છેજી એટલે એવા વખતે આર્ત્તધ્યાન ન થવા દેતાં ધર્મધ્યાન વિશેષ થાય તેમ વિચારવાનની ખેંચ રહે છેજી.

*

અગ્નિહોત્રી બ્રાહ્મણ જેમ યજ્ઞનો અગ્નિ જાગતો–જીવતો રાખ્યા કરે છે તેમ મુમુક્ષુજીવે પણ સત્સંગે થયેલી જાગૃતિ જાગતી રાખવા પ્રયત્નશીલ રહેવું ઘટે છેજી.

*

સ્મરણમંત્રમાં વૃત્તિ વારંવાર આવે અને તે તરવાનું સાધન પરમકૃપાળુદેવે પરમકૃપા કરીને દીધું છે માટે તેમનો પરમ ઉપકાર સ્ફુર્યા કરે તેમ વર્તવા ભલામણ છેજી.

*

અત્યંત વેદનામાં પણ સ્મરણનો આધાર ટકી રહે અને શાતા-અશાતા સમાન માનવાની દૃઢતા ન છૂટે એ પ્રકારે વિચારણા ભાવના કર્તવ્ય છેજી.

# છૂટક કાવ્યો

(અપ્રકાશિત પત્રોમાંથી)

જે થાવું હોય તે થાવ, રૂડા રાજને ભજીએ;
આવો આવ્યો અલૌકિક લ્હાવ, રૂડા રાજને ભજીએ.

*

હરિગીત — વિષયાભિલાષા મંત્રી માનો, કુવિવેક સહિત જે,
મિથ્યાભિમાન નડે નકામું, શુભ શક્તિરહિત તે;
આ મોહ સૈન્ય નડે બધાને, જીતજો શૂરવીર જો,
સૌ બાહ્ય શત્રુ બાપડા છે, અંતરંગ અરિ ચીરજો.
વળી મોહ, રાગ વિરોધ કારણ ક્લેશનાં જાણો જીવો,
તે સર્વ તજીને જ્ઞાન વૈરાગ્યે લહો સાચો દીવો;
વારિ વલોવ્યે નહિ મળે નવનીત એ વિચારજો,
આ આત્મહિતનો દાવ આવ્યો, સાર આ ન વિસારશો.

*

પૂર્ણ શશીની તિથિએ, જન્મ્યા શ્રી ગુરુરાજ;
સમ્યગ્દર્શન આદિ ગુણ, પૂરણ કરવા કાજ. ૧
પૂર્ણ ગુણોની મૂર્તિ એ, મમ આદર્શ અનુપ;
માનું મુજ ગુણ પૂર્ણતા, જન્મી તુજ સ્વરૂપ. ૨
અલભ્ય લાભ લઉં હવે, કરી પ્રયત્ન અથાગ;
તજી શિથિલતા આદિક અરિ, પ્રગટાવી ગુણરાગ ૩
આપ કૃપાથી સૌ સફળ, થશે હવે પુરુષાર્થ;
કેમ પ્રમાદ વશે તજું, ઉત્તમ મુજ આત્માર્થ. ૪

*

ભગવન્ ક્ષમા આ દુષ્ટ ઇચ્છે દયાદૃષ્ટિ દયાળુની,
અપરાધ સર્વ વિસારી દેજો, શરણ-છાંય કૃપાળુની.

*

ત્યાગી વિષય-કષાયને, કરે નહીં આહાર;
આજ્ઞા સહ ઉપવાસ તે, બાકી લાંઘણ ધાર,

*

વીસમી સદીના આત્મધર્મ શૂરવીર વીર વીર
રહ્યા જે આત્મશુદ્ધિમાં ધીર ધીર ધીર.

*

દેહ છતાં જે દેહાતીત તે રાજચંદ્ર ગુરુ નામ નામ નામ,
પૂર્ણાનંદી પ્રભુ-ચરણ છે અનંત સુખનું ધામ ધામ ધામ.

*

અનુષ્ટુપ — પૂજાને યોગ્ય ગુણો છે, વેશ કે વય કોઈ ના;
આત્મગુણ વિના જાણ્યે, અવગુણો બધા ગણ્યા.
કેવળજ્ઞાન – ભાનુના પ્રકાશે જગ જાણીએ;
ઉપકારી પ્રભુ શ્રીમદ્ કૃપાથી સુખ માણીએ.

*

સંસાર સર્વે વિસારી મનને રાજગુરુમાં રાખવું,
વૈરાગ્ય ઉપશમ ભક્તિ ધારી સત્‌શરણ સુખ ચાખવું.

*

ગણાયો લોકમાં મોટો, તણાયો દૂર જો તુજથી,
ગમે ના એ ગુરુતા રે! સદા સાનિધ્ય હો મુજથી;
થઈ આ પેન પેન્શન જોગ, ચહે એ સ્વસ્થ સ્થિરતાને,
ખરો આનંદ પ્રભુ-પાદે, મળે માગ્યું નહીં શાને?

*

"જિન વિધ પ્રેરો સદ્‌ગુરુરાય, તિમ હી પ્રવર્તે મન વચ કાય;
એ શુભભાવ ભવાતપહારી, રહો અખંડ એકરસ અવિકારી."

"શૂરવીર સંસારને, શરણુ ક્દી નવ થાય;
સિંહ ભલે ભૂખે મરે, ખડ મરતાં નવ ખાય."

*

કાળ ઘણોય વહી ગયો, અનિયત આયુ ગણાય;
સદ્‌ગુરુ-આજ્ઞા ઉર ધરે, તે જીવ સુજ્ઞ મનાય,

*

પરમકૃપાળુદેવના, ચરણકમળમાં ચિત્ત,–
અખંડ રાખી પામશું, પરમાનંદ ખચીત.

*

*પતિત જન પાવની, સુર સરિતા સમી, અધમ ઉદ્ધારિણી આત્મસિદ્ધિ;
જન્મ જન્માંતરો, જાણતા જોગીએ, આત્મ અનુભવ વડે આજ દીધી.
ભક્ત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા, ભવ્ય સૌભાગ્યની વિનતીથી;
ચારુતર ભૂમિના, નગર નડિયાદમાં, પૂર્ણ કૃપા પ્રભુએ કરી 'તી. પતિત૦
યાદ નદીની ધરે, નામ નડિયાદ પણ, ચરણ ચૂમી મહાપુરુષોના,
પરમકૃપાળુની ચરણરજ સંતની ભક્તિભૂમિ હરે ચિત્ત સૌનાં;
સમીપ રહી એક અંબાલાલે તહીં, ભક્તિ કરી દીપ હાથે ધરીને,
એકી કલમે કરી પૂરી કૃપાળુએ આસો વદ એકમે 'સિદ્ધિજીને. પતિત૦

☆

* આ કાવ્ય પૂ. બ્રહ્મચારીજીની હસ્તલિખિત નોટમાંથી લીધું છે.

*તત્ ૐ સત્

અગાસ, તા. ૧૮-૭-૫૧
અષાઢ સુદ ૧૫, બુધ, ૨૦૦૭

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુ પ્રગટ પુરુષોત્તમ શ્રીમદ્ રાજચંદ્ર દેવને અત્યંત ભક્તિથી નમસ્કાર !**

"પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્ગુરુ યોગ;
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ,
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ."

--- શ્રીમદ્ રાજચંદ્ર-તત્વજ્ઞાન

પવિત્ર આત્માર્થી શાંતરસપ્રિય પૂ...... આદિ મુમુક્ષુ વર્ગ પ્રત્યે સવિનય વિજ્ઞપ્તિ;

મુ. શ્રી.....................

તીર્થશિરોમણિ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સ્ટે. અગાસથી લિ. સત્પુરુષના ચરણકમળની સેવાનો ઇચ્છક બાળ ગોવર્ધનના આત્મભાવે નમસ્કાર સ્વીકારવા તથા ગયા કાળથી આજ દિન પર્યંત આપ કોઈ પ્રત્યે જાણતાં અજાણતાં માઠા યોગે પ્રવૃત્તિ થઈ હોય તે દોષોની અષાડ ચોમાસી પાખી સંબંધી ઉત્તમ ક્ષમા આપવા વિનંતી છેજી. અહીંથી પૂ...... આદિ મુમુક્ષુવર્ગે તેમજ જણાવેલ છેજી.

આપનો પત્ર મળ્યો હતો. પૂ.... પણ અહીં હતા અને તે મને મળ્યા હતા. મને તો મધ્યસ્થદૃષ્ટિએ વિચારતાં ટ્રસ્ટીઓનો વિચાર દીર્ઘદૃષ્ટિવાળો લાગ્યો, કારણકે પક્ષાપક્ષી મૂકી એકત્ર ભાવના હાલ વર્તે તેમ કરવાનો તેમનો અભિપ્રાય અનુમોદન યોગ્ય છે. તમારા કાગળ ઉપરથી તમે પણ તે વાત સમજ્યા લાગો છો. પૂ... નો વિચાર પણ ઠીક છે કે બધાની સંમતિ લઈ હા પાડવી ઠીક છે. એ તો બધું પાણીને ઢાળે પાણી જશે.

બીજું, આપે તમારી પોતાની વૃત્તિઓ સંબંધી તથા વાચન વગેરે પુરુષાર્થ સંબંધી લખ્યું તે જાણી સંતોષ થયો છેજી. તે જોતાં તમને વિશેષ નિવૃત્તિ મળે તો વિશેષ લાભ થવા સંભવ છે. ઘરથી દૂર રહેવાનું છે એ પણ એક રીતે સારું છે. બીજા વિકલ્પોનું નિમિત્ત ઓછું બને.

ટ્રસ્ટી સંબંધી બોજો ઉઠાવવાની યોગ્યતા વિષે લખ્યું તેના ઉત્તરમાં એમ સૂઝે છે કે તે બોજો નથી પણ પરમ પૂજ્ય પ્રભુશ્રીજીએ સેવાનું કાર્ય ઊભું કર્યું છે તેમાં પોતાની શક્તિ અનુસાર ફાળો

* નોંધ :- આ પરમાર્થમૂળવ્યવહારરૂપ પત્ર આશ્રમના ટ્રસ્ટીમંડળ અને શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ (અનુયાયી)મંડળને સહજ માર્ગદર્શક હોવાથી અહીં જુદો મૂકવામાં આવ્યો છે.

આપવાનો છે. એ કંઈ મોટું કામ નથી, કારણ કે જુદી જુદી શક્તિઓવાળા ઘણા ટ્રસ્ટીઓની સાથે કામ કરવાનું છે એટલે જેની જેવી યોગ્યતા હોય તેવું કામ ઉપાડી શકે. જવાબદારી તો જરૂર છે પણ આપણને પ્રિય છે તેવા વિષયની છે. અને આપણી ઉન્નતિમાં વિઘ્નકારી જણાય તો રાજીનામું પણ આપી છૂટા થઈ શકાય તેમ છે. આ બધું તમને પોતાનો વિચાર કરવામાં સ્પષ્ટતા થાય તે અર્થે લખ્યું છે. આમ કરો કે તેમ કરો એમ કહેવા લખ્યું નથી. હિતકારી લાગે તેમ પ્રવર્તવામાં તમે પોતે અધિકારી છો. હાલ જે પ્રશ્નો તમારા મનમાં નથી તેવાં નિમિત્ત તે જવાબદારી સ્વીકારતાં ઊભાં થવા સંભવે છે. તેવાં નિમિત્તો તો સાંસારિક પ્રસંગોમાં પણ ક્યાં નથી આવી પડતાં ? ભવિષ્યના બહુ વિચાર કરવાનું માંડી વાળી વર્તમાન સંજોગોનો વિચાર કરી, પોતાની વિચારસરણીને ખાસ વિરોધ ન લાગતો હોય તો સંમત થવામાં હરકત નથી એમ લાગે છે.

પૂ.... તથા તમે મળો ત્યારે પરસ્પર વિચારની આપ-લે કરી જેમ ઠીક લાગે તેમ કર્તવ્ય છે. સાથે ટ્રસ્ટીમંડળમાં ગયા પછી પણ મુમુક્ષુમંડળના સભ્ય તરીકે રહેવું ઘટે છે અને પરમ પૂજ્ય [1]પ્રભુશ્રીજીનો આશય મુમુક્ષુમંડળની મદદથી ટ્રસ્ટીઓએ કામ સરળતાથી લેવું તે કરવા અર્થે ટ્રસ્ટીમંડળમાં જોડાઈએ છીએ એટલે ટ્રસ્ટીમંડળમાં ગયા પછી તેવી લાગણી કાયમ રહે અને મુમુક્ષુમંડળની સંમતિ અગત્યની બાબતોમાં લઈ કામ લેવાનું રહે તેવા ધોરણની જરૂર ટ્રસ્ટીમાંના ઘણાને ઠસાવી તેવી પદ્ધતિ થવા અર્થે આ જવાબદારી લઈએ છીએ એ લક્ષ ચુકાવો ન જોઈએ. ઠરાવોના અમલ કરવામાં મુમુક્ષુમંડળની વિશેષ જરૂર છે એમ સમજાશે તો દ્વૈધીભાવ (વિરોધ) બન્ને મંડળોમાં રહેવા સંભવ નથી. ઊલટું ટ્રસ્ટીમંડળને મુમુક્ષુમંડળ મદદરૂપ નીવડે એવો મારો પોતાનો અભિપ્રાય છે. એકંદરે પરિણામ સારું આવશે એમ સંભવ દેખાય છે. જે હાલ તેમણે મિત્રતા માટે હાથ લંબાવ્યો છે, તે તક જવા દેવી ઘટતી નથી; અને મુમુક્ષુમંડળની સુવ્યવસ્થા સારા માણસો દ્વારા સંગીન કરીને જ ટ્રસ્ટીમંડળમાં ભળવું એવી મારી ભલામણ આપ સર્વને છેજી.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧. "પરમકૃપાળુદેવે પ્રરૂપેલ સનાતન જૈન વીતરાગ માર્ગની પુષ્ટિ માટે જ આ આશ્રમ છે. આશ્રમની નજીક રહેતા સમજુ મુમુક્ષુઓને સાથે રાખી ટ્રસ્ટીઓને સંભાળવાનું છે કે આશ્રમમાં પવિત્ર સનાતન જૈન માર્ગને આંચ ન આવે."

—પરમ પૂજ્ય પ્રભુશ્રીજી-ઉપદેશામૃત પૃષ્ઠ ૪૮૮

# પરિશિષ્ટ ૧

## વિષય-સૂચિ

(વિષયની સામે દર્શાવેલ આંક પત્રનંબર સૂચવે છે.)


અથાણાંનુ ન ખાવા વિષે ૭૬૭
અચૌર્ય મહાવ્રત ૮
અજ્ઞાનદશાનું દુઃખ ૨૭૭
અઠ્ઠાઈ ૧૦૧૦
અઢાર પાપસ્થાનક ૭૬૨; ૦ કેમ વિચાર કરવો? ૭૬૮
અતિચાર ૭૫૦; ૦ થી હાનિ પર દૃષ્ટાંત ૧૭૯
અથાણું ૨૨૯
અદીનતા ૪૨૫
અર્ધમાગધી ૭૬૩
અનાર્ય દેશમાં જનારને શિખામણ ૨૫૦, ૩૮૨, ૫૮૪, ૬૫૩, ૮૦૭, ૮૧૪, ૮૧૫; ૦ માં સત્સંગનો દુકાળ ૩૭૪; મુંબઈનો મોહ રોગરૂપ ૬૦૪; ૦ માં સારા ભાવો સાચવવા મુશ્કેલ ૭૯૫
અનિત્ય ભાવના ૧૪૫
અનિવૃત્તિકરણ ૨૩૨, ૫૯૩
અનુષ્ઠાન ૨૦૩
અનંતાનુબંધી કષાય કેમ ક્ષય થાય? ૭૬; ૦ નું સ્વરૂપ ૧૪૪, ૩૯૨
અપરિગ્રહ મહાવ્રત ૮
અપૂર્વકરણ ૨૩૨, ૫૯૩
અપૂર્વભાવના ૧૦
અપ્રમત્ત ૨૦૩
અભિન્નભાવ ૧૩૦
અભિમાન – ક્લેશનું કારણ ૭૩૨
અભ્યંતર તપ ૧૦૭; ૦ ના ૭ ભેદ ૭૯૯
અભ્યાસ, ૦ વિચારશક્તિ ખીલવાનું કારણ ૨૩૩; ૦ એકતરફી ૨૭૨; ૦ થી લાભ-હાનિ ૨૭૩; ૦ માં બચતા વખતનો સદુપયોગ ૨૯૪, ૩૫૫, ૪૨૨; ૦ તબિયત ઠીક ન હોય તો માંડી વાળવો ૪૧૦; ૦ વધારવા વિષે સલાહ ૪૧૨; ૦ સંબંધી સલાહ ૪૭૪, ૬૩૯; રેંક માટે શરીર ન બગાડવું ૫૫૫, ૫૮૭; ૦ માં સારા પરિણામ માટે પરીક્ષા મુલતવી ન રાખવી ૭૯૧; ૦ સંબંધી ચિંતા ન કરવી ૭૮૫
અલૌકિક દૃષ્ટિ ૪૮૯
અવિસંવાદી ૨૬૩
અશાતાવેદનીય – જુઓ વેદનીય
અશુચિ દોષ ૩૩૭
અષ્ટ મહાસિદ્ધિ ૨૫૨
અસત્સંગ ૫૮૪, ૮૧૨; ૦ નો ત્યાગ કરવો ૮૪૮, ૯૧૩, ૯૪૦, ૧૦૦૦, ૧૦૦૪, ૧૦૦૬; ગમે તેવો આહાર ખાનારનો સંગ ન કરવો ૯૨૬; મતાગ્રહી બાઈઓના સંગ કરતાં માળા ફેરવવી હિતકારી ૯૪૭; ૦ ઉપર જેસંગભાઈ અને દિવાળીબાઈનું દૃષ્ટાંત ૯૯૧
અસંગતા ૮
અહિંસા મહાવ્રત ૮
અંગ્રેજી પાછળ મહેનત કરેલી નકામી ૧૫૬
અંતર્ભેદ ૧૪૪
અંતર્મુખ ૨૮૫
અંબાલાલભાઈએ લખેલા પત્રો ૩૯૨, ૫૭૯, ૫૮૩
આજીવિકા, ૦ પગાર લઈએ તેનું કામ સોંપ્યા પ્રમાણે કરવું એ નીતિ ૩૦૨; નિમકહલાલીથી કામ કરવું ૫૪૬; ૦ શાંતિમય જીવનના લક્ષે કર્તવ્ય ૫૫૭; માલિક પ્રત્યે ફરજ ૬૧૭; ૦ અર્થે નહૂટકે પ્રવૃત્તિ ૬૪૩; પૂણિયા શ્રાવક જેવું ઉત્તમ જીવન ૮૨૩
આજ્ઞા, ૦ એ ધર્મ ૨૩, ૩૨૭, ૦ કેમ વિચારવી? ૨૯૬; ૦ નું માહાત્મ્ય ૪૨૩, ૪૪૧, ૪૫૦, ૬૮૨, ૯૯૨, ૯૯૫ (જુઓ વ્રત-નિયમ); ૦ એટલે શું? ૪૫૨; ૦ ની પ્રણાલિકા ઉપર પ્રભુશ્રીજીનો બોધ ૫૧૨; ૦ ના ત્રણ ભેદ ૫૩૮; ૦ ઉઠાવી હોત તો મોક્ષ થયો હોત ૬૨૮
આઠ દૃષ્ટિની સજ્ઝાય ૪૪૩; ૦ ના અર્થ ૭૨૧
આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે ૬૨૮, ૯૬૩, ૧૦૧૯
આત્મ-આરાધના ૪૩૫
આત્મજ્ઞાન માટે યોગ્યતા ૫૧
આત્મદશા કેમ જાગ્રત થાય? ૫૮૩

આત્મનિરીક્ષણ (નિંદા) ૧૫૯, ૧૮૩; ૦ વારંવાર કરવાથી દોષ દૂર થાય ૨૫૨, ૨૮૧; ૦ દોષ દેખાય તો તુર્ત દૂર કરવા ૩૦૮, ૮૬૧; ૦ મેલાં કપડાંનું દૃષ્ટાંત ૩૩૯; સ્વદોષ દેખી દૂર કરવા ઉપર સ્વયંબુદ્ધ મહાત્માઓની કથા ૪૨૧; દોષ બતાવનારનો ઉપકાર ૫૯૫; દોષ પ્રત્યે શત્રુદૃષ્ટિ રાખવાથી દોષ દૂર થાય ૮૬૬; ૦ સમકિતનું કારણ ૯૯૭

આત્મભાવના ૬૫૮, ૭૩૧, ૭૫૭; ૦ હું તો દિવ્ય નેત્રવાળો દેવ છું ૪૬; ૦ વેદનીય પ્રસંગે કર્તવ્ય ૫૪, ૫૯, ૬૮, ૯૪, ૨૧૮, ૨૨૩, ૩૦૭, ૪૩૯, ૪૭૧, ૪૭૮, ૪૯૬, ૫૩૨, ૫૭૧, ૫૮૮, ૭૪૧, ૭૪૪, ૮૦૮, ૮૩૯, ૮૬૭, ૯૦૩, ૯૧૧, ૯૬૨; ૦ ને આધારે આત્મિક આનંદ ૨૮૭; ૦ ના અભ્યાસ વખતે દુઃખ ઊભું કરવું ૭૩૩

આત્મસિદ્ધિ ૧૩, ૬૧૯, ૧૦૦૨; ૦ માં ચૌદ પૂર્વનો સાર ૬૧, ૬૯; ૦ કેવી રીતે વિચારવી? ૧૮૦; ૦ ચમત્કારી ૭૦૪

આત્માનંદી ૬૦

આત્માનો અનુભવ કેમ થાય? ૨૭૪

આયુષ્ય તૂટી શકે? ૯૯૨

આયંબિલ ઓળી ૧૧, ૫૭૮; ૦ માં શું કરવું? ૩૮૧; ૦ કયા લક્ષે? ૯૭૫

આર્તધ્યાન ૧૪૧, ૨૧૯, ૨૪૧, ૨૪૫

આલંબન-સાધન ૮૯

આશાતના—અલ્પ હોવાથી મરુદેવી માતાનો શીઘ્ર મોક્ષ ૮૫૦

આશુપ્રજ્ઞ ૯૯

આશ્રમનાં વિશેષણો – તીર્થક્ષેત્ર ૨૩; પરમપુણ્ય પવિત્ર ક્ષેત્ર ૩૧; તીર્થશિરોમણિ કલ્પવૃક્ષ ૪૨; તીર્થક્ષેત્ર અખંડભૂમંડળમાં વિશ્રાંતિકારી શાંતિદાયક ૫૨; પરમશાંતિપથપ્રદર્શક અખિલભૂમંડળભૂષણ શ્રી સનાતન જૈન તીર્થસ્થળ ૫૬; અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુના યોગબળે પરમ શાંતિનું કારણ ૧૫૮; તીર્થશિરોમણિ પ્રત્યક્ષ પુરુષના યોગબળની વિભૂતિરૂપ ૧૮૨; આત્મશાંતિપ્રેરક ૧૯૭; સન્માર્ગપ્રેરક ૧૯૮; સત્શાંતિધામ ૨૦૬; તીર્થશિરોમણિ સજ્જનમન વિશ્રામધામ ૨૩૮; ભવદવત્રાસિતને શાંતિપ્રેરક ૨૭૩; સમાધિપ્રેરક ૩૫૫; સત્શાંતિપ્રેરક ૩૭૧; પરમ ઉપકારી પુરુષના પ્રગટ સ્મારકરૂપ ૩૭૭; ધર્મપ્રેમપોષક ૩૭૮; સદ્વિચારપ્રેરક તથા પોષક ૩૭૯, આત્મહિત-પોષક ૩૮૧; સત્સંગધામ આત્મવિશ્રામ ૪૩૯, ૪૬૭; સત્સંગધામ શાંતિસ્થાન ૮૮૯; પવિત્ર વાતાવરણપૂર્ણ તીર્થક્ષેત્ર ૯૧૭; પરમપાવનકારી સત્સંગધામ ૯૪૬; સમાધિમરણના સાધનરૂપ ૧૦૦૬; ભક્તિવન ૧૦૧૦; સમાધિમરણપ્રેરક ૧૦૨૪

આશ્રમનું માહાત્મ્ય – ધર્મ ધર્મ અને ધર્મનું જ વાતાવરણ ૬૭; ૦ માં તો રોજ પર્યુષણ ૧૦૯; ૦ જેવું બીજે ક્યાંય (યાત્રામાં પણ) નહીં ૧૬૩; બીજે યાત્રાએ જવા કરતાં અહીં આવવું ૧૭૮; ૦ માં મકાન કરાવવાનો ઉદ્દેશ્ય ૩૪૫, ૯૫૦; ૦ માં દેહ છૂટે તેનું સમાધિમરણ ૩૬૭, ૧૦૧૨; ૦ નું વાતાવરણ બ્રહ્મચર્ય માટે ઘણું ઉત્તમ ૪૧૮; પ. પૂ. પ્રભુશ્રીજીએ ચૌદ ચોમાસાં કર્યાં એવું સ્થળ ૪૮૬, ૭૩૬; ૦ પ્રભુશ્રીજીની સ્મૃતિનું કારણ ૬૧૬; ૦ પરમકૃપાળુદેવના યોગબળનો નમૂનો ૬૧૯; સમાધિમરણને પોષે તેવું આશ્રમ-જીવન, મુમુક્ષુએ માંદગી પ્રસંગે રહેવા જેવું સ્થળ ૭૦૦; ૦ માં આવી સત્સંગ કરવા ભલામણ ૯૪૯; ૦ નો ક્રમ દીર્ઘદૃષ્ટિથી યોજેલ, તેમાં રસ ન આવે તે આપણી ખામી ૯૮૦; ૦ માં આવી આજ્ઞા લેવા વિષે ૯૯૪; ૦ સમાધિમરણનું થાણું, અનેક પાપોને ધોવાનું તીર્થ ૧૦૦૧

આશ્રયભક્તિ ૬૮૯

આસો વદ ૧ નું માહાત્મ્ય ૬૯, ૩૮૧, ૩૮૪, ૪૫૫, ૪૫૯, ૫૩૨, ૮૬૭, ૯૪૮

આસ્રવમાં સંવર ૮૧૬

આંખની સફળતા, જાય તો ખેદ કર્તવ્ય નહીં ૫૫૬

ઇચ્છા – ઊગે ત્યારથી છેદવા ઉપર દૃષ્ટાંત ૪૩૪

ઇંદ્રિય, ૦ વિષયની વાસના કેમ દૂર થાય? ૩૮; ૦ ને વિષધરની ઉપમા ૩૦, ૪૪; ૦ જય માટે પચખાણ ૩૦; ૦ જય માટે સ્વાદત્યાગ ૧૧૫, ૪૨૪, ૮૩૬, ૮૬૧; ૦ વિષય જીતવાથી નિવૃત્તિનો આનંદ ૮૮૬

ઈશ્વર સૃષ્ટિકર્તા ૨૭૪, ૦ નું ખરું સ્વરૂપ ૨૮૦

ઈશ્વરેચ્છા ૯૯૨

ઉતાવળ અકર્તવ્ય ૨૬૯, ૨૯૬, ૩૨૫, ૩૨૭, ૫૦૮, ૬૬૬, ૭૫૮

ઉત્સવના પ્રસંગો – દેવો પણ સુખ છોડીને આવે ૧૨૬, ૨૭૦

ઉદાસીનતા ૯૩૯; ૦ સાચો ધર્મ ૧૨૭; ૦ અને વીતરાગતામાં ફેર છે? ૬૩૮

ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ ૫૦૧

ઉપવાસ, ૦ ને બદલે બે એકાશન ૪૮૩; ૦ આજ્ઞા વગર લાંઘણ ૬૨૦; ૦ નો દિવસ આત્માર્થે ગાળવો ૭૬૦; ૦ સાથે લગ્ન ન લેવા ૮૫૨, ૧૦૧૦, ભૂખ્યાં રહેવું એ જ તપ નહીં, પણ અભ્યંતર તપ કર્તવ્ય ૧૦૧૦

ઉપશમ ૫૦૧, ૬૦૧; ૦ અમોઘ શસ્ત્ર ૧૦૩; ૦ ખરી દવા ૫૯૯

ઉપાદાન ૨૦૩

ઉપાધિ દુઃખરૂપ ૪૮૨; ૦ પ્રસંગે શું કરવું ૪૮૪; ૦ પ્રસંગે સદ્ગુરુનું શરણ ઉપકારી ૪૭૦; ૦ મુમુક્ષુની કસોટી ૭૩૭

ઉપેક્ષાભાવના ૮૧૦

ઊણોદરી ૧૦૧૪

એકત્વભાવના – એકલવિહારીપણે રહેવું ૮૩૧; અતડા ન રહેવું ૪૨૨

એક પરમકૃપાળુદેવ ઉપર પ્રેમ કર્તવ્ય ૨૩, ૫૪૫, ૬૨૩, ૬૪૪; સંતના કહેવાથી માન્ય કરવું, ૭૨, ૧૧૨, ૨૩૯; એક ઉપર આવો, બીજે ક્યાંય ફાંફાં મારવા જેવું નથી ૧૧૬; એકને ભજ્યાથી સર્વ અરિહંત સિદ્ધ આદિની ભક્તિ ૧૨૨, ૨૧૩; સર્વ શુભ ભાવનાઓ પરમકૃપાળુદેવ પ્રત્યે કર્તવ્ય – પાતળી સોટી પર ભાર મૂકવાથી ભાંગી જવાનો ભય તેની પેઠે ૧૨૫; પતિવ્રતાની પેઠે ભક્તિ ૧૪૨, ૩૯૦; હું ચરણરજનો પણ અધિકારી નહીં ૧૫૦, પરમકૃપાળુદેવ પ્રત્યે સર્વ ભાવે અર્પણતા કર્તવ્ય, તે વિષે હિંદી અવતરણ ૧૫૩; મુમુક્ષુઓ સગાંસંબંધી તુલ્ય, પણ અનન્ય પ્રેમ એક પરમકૃપાળુદેવ ઉપર કર્તવ્ય ૨૦૬; બીજા દૃષ્ટિરાગ તજી એક પરમકૃપાળુદેવ પ્રત્યે અનન્ય ભક્તિભાવ ૨૫૫; હું તો ચિઠ્ઠીનો ચાકર છું ૩૧૨, ૬૪૭, ૭૫૦; પૂનાનો બોધ ૩૪૦, ૫૯૭; હાથીની ઉપમાં ગધેડાને આપે તેમ, હું તો માત્ર લહિયો છું પણ તે વચનના માલિક મહાપુરુષ છે ૩૫૭; મારી મારફતે હૂંડી મોકલાવી, પણ હું માલિક નહીં ૪૧૦; 'આપ જ્ઞાની'ની કલ્પના પડી મૂકવી ૪૬૭; जैसे ब्राह्मण वरकन्याका मिलाप कराता है वैसा कार्य परमकृपालुदेवकी आज्ञाआरोपणका मेरे द्वारा हुआ ६००

કરણલબ્ધિ ૫૯૩

કર્તાપણાના ત્રણ ભેદ ૩૮૪

કલ્યાણ કેમ થાય? ૩૬૯, ૫૯૬; ૦ બાબત પૂછે તો સત્સંગધામ અગાસની વાત કરવી ૯૧૩

કષાય ૦ કૃશતા કર્તવ્ય ૧૦૭, ૧૦૮; ૦ ઓછા કરવાનો નિયમ કર્તવ્ય ૧૩૨, ૯૯૭; ૦ કલેશ ઓછો થાય તેમ ધર્મ પ્રગટે ૩૫૮; ૦ ઘટે એટલું કલ્યાણ ૩૬૮; ૦ ઘટાડવા શું કરવું? (પગે લાગીને, માન મૂકીને પણ કષાય દૂર કરવો) ૩૭૨, ૪૨૩; ૦ ઘટે તો સદ્ગુરુનો ઉપદેશ જીવમાં પરિણામ પામે ૪૯૨; ૦ અગ્નિ સમાન ૫૨૭; ૦ કેવી રીતે ઘટાડવો? વીંછી અને સંન્યાસીનું દૃષ્ટાંત ૫૨૭

કાર્તિકી પૂર્ણિમાનું માહાત્મ્ય ૩૨૦, ૩૮૫, ૫૩૯

કુસંગ – જુઓ અસત્સંગ

કેળવણી – જુઓ અભ્યાસ

કોટાકોટિ ૧૪૪

કોડલીવર ઑઈલ ૪૧૯, ૭૫૦

કૉલેજ જીવન – જુઓ અભ્યાસ

ક્રોધ, ૦ ની તાકાત ૩૮૩; ૦ દૂર થવાનો ઉપાય ૪૦૯, ૬૪૭; સાચું શરણ પ્રાપ્ત થાય તો ક્રોધાદિનું નિષ્ફળપણું ૫૫૪

ક્ષમાપના ૧૭૯, ૧૮૨, ૩૭૧, ૪૨૧, ૪૪૪, ૫૭૧, ૬૨૮, ૬૯૦, ૮૪૭; ૦ પોતાનો વાંક ન હોય તો પણ કર્તવ્ય ૭૩૨

ક્ષયોપશમલબ્ધિ ૫૯૩

ક્ષાયિક સમકિત ૧૪૪, ૮૫૦

ગારવ ૨૦૩

ગુરુ-અદત્ત ૭૧૮

ઘડાની ઉત્પત્તિનું દૃષ્ટાંત ૭૩૩, ૯૩૭

ઘી ૮૨૮

ચાર પુરુષાર્થ ૩૪

ચાર ભાવના – ચિત્ત પ્રસન્નતાનું કારણ ૩૧, ૦ નું સ્વરૂપ ૪૦, ૧૯૫, ૦ યોગ્યતાનું કારણ ૨૮૪, ૩૨૧; ૦ નું પ્રતિક્રમણ ૬૮૮

ચારિત્રના પાંચ ભેદ ૩૦૪

ચારિત્રમોહનું સ્વરૂપ ૬૪૪
ચિત્ત-પ્રસન્નતા ૩૧
ચિત્રપટનું સ્મરણ – ભટકતા મનને રોકવા માટે ૨૭૬; ૦ સ્થાપનાની વિધિ ૩૩૩, ૫૧૧, ૬૮૦
ચિંતા અકર્તવ્ય ૨૩૩, ૨૯૦, ૩૦૦, ૪૭૦, ૪૯૭, ૭૮૫, ૯૩૪
ચૈત્ર વદ ૫ ની મહત્તા ૧૮૯, ૪૦૩
ચોથું ગુણસ્થાનક ક્યારે સંભવે? ૧૪૪
ચોર પ્રત્યે કેવી ભાવના રાખવી? ૨૮૭; ચોરી પ્રસંગે કેમ વિચારવું? ૮૯૫
છ પદ ૨૦૯, ૫૦૦, ૭૦૪, ૭૪૪, ૯૧૬
જડથી ચેતન ન ઊપજે તો શિલાની અહલ્યા કેમ? ૩૧૩
જીભ ૭; ૦ પ્રથમ જીતવા યોગ્ય ૩૦; ૦ જીતવાથી વિષયવાસનાની હાનિ ૩૪૩; ૦ કેવી રીતે જીતવી? ૪૧૬, ૪૨૪; ૦ જીતવાથી બધી ઇંદ્રિયો ઉપર અસર ૬૫૪, ૮૩૬, ૮૬૧
જીવ કોણ? વસુમતીનું દૃષ્ટાંત ૯૬૦; ૦ સંકોચ-વિકાસનું ભાજન કેમ? ૫૦૧
જીવન એટલે શું? ૫૧૦
જૈન ૯૬૩
જ્ઞાન ૨૧૧; ૦ કોને કહેવાય? ૨૭૪; ૦ નું ફળ વિરતિ ૫૪૦; ૦ કેમ નથી પરિણમતું? ૧૦૨૪
જ્ઞાનપંચમી ૬૯૮
જ્ઞાની અને અજ્ઞાનીનો તફાવત ૧૬૮
જ્ઞાનીનો આશ્રિત ૪૮૯; ૦ ની દશા અને સ્તુતિ ૯૬૪; ૦ ના સાચા શિષ્ય કેમ થવાય? ૧૦૨૪
ઢૂંઢિયા – પુષ્પપૂજાનો નિષેધ ૭૬૭
તપ – જુઓ બાહ્ય તપ અને અભ્યંતર તપ
તારતમ્ય ૩૦૪
તીર્થ ૧૭૮
તીર્થંકર–અદત્ત ૭૧૮
તીર્થંકર ૦ દીક્ષા ગ્રહણ કરે ત્યારે જ કેવળજ્ઞાન કે કેમ? ૬૩૫; ૦ જન્મથી જ આહાર લેતા નથી ૭૬૫; ૦ નું યથાર્થ સ્વરૂપ ૭૬૫
તીવ્રજ્ઞાનદશા ૧૯૫
ત્યાગ ૬૦૧
ત્રિપદી ૨૦૦
દર્શન ૨૧૧
દર્શનમોહ, ૦ નું બીજું નામ મહામોહ ૨૭૫; ૦ ના ત્રણ ભેદ, મેણા કોદરાનું દૃષ્ટાંત ૨૭૫; ૦ વિનાશનું કારણ ૩૧૧; ૦ વિષ સમાન ૫૩૩; ૦ નું સ્વરૂપ ૬૪૪; ૦ ના ત્રણ ભેદ ૮૯૨
દવા – અભક્ષ્ય દવા ન વાપરવી ૪૧૪, ૪૧૯, ૭૫૦, ૮૨૬; નિર્દોષ દવા કરવી ૮૨૯
દશનિર્વાણી વસ્તુ ૮૮૭
દાન — ૦ કયા લક્ષે કર્તવ્ય? ૧૩૬, ૩૪૫, ૫૪૨, ૧૦૨૪; મંદિરમાં દાન ૧૭૦; ૦ વિષે દંતકથા ૨૨૧; સાત્ત્વિક દાન ૩૨૭; સત્સંગની અનુકૂળતા તેમ જ જ્ઞાન, શિક્ષણ અર્થે દાન ૩૫૦; જ્ઞાનદાન ૪૯૨, ૮૨૭; પાત્રદાનનું ફળ ૫૭૮; ચિત્રપટ તેમ જ ધર્મશાળામાં દાન આપવા વિષે ૬૨૯; ૦ આપ્યા પછી પાછું ન લેવાય ૮૭૭; ૦ જમણે હાથે કર્યું હોય તે ડાબો હાથ ન જાણે ૯૫૦
દિવામૈથુનત્યાગ ૧૩૩
દિવાળીપર્વ આરાધના – જુઓ સમાધિમરણની માળા
દીક્ષા ૨૨૨; ૦ ની સલાહ દુશ્મનને પણ ન હો ૨૪૬, ૮૨૧; ૦ કોને આપવી? ૮૨૨
દીર્ઘદૃષ્ટિ ૩૦૧
દુનિયા કોણે રચી? ૨૭૪, ૨૮૦
દુઃખ — ૦ નું કારણ ૨૧૯, ૨૮૯; ૦ માં ભગવાન વધારે સાંભરે ૪૬૭, ૬૪૦, ૬૭૧; ૦ સમ્યક્પ્રકારે સહન થાય તો આત્મભાવનાની વૃદ્ધિનું કારણ ૭૩૩; ૦ અને સુખ બન્ને પ્રભુપ્રસાદી ૮૩૨; ૦ ના પ્રસંગો ક્ષમાગુણનું શિક્ષણ આપનારા ૮૮૫; ઘડાની ઉત્પત્તિનું દૃષ્ટાંત ૯૩૭
દેવકરણજીએ લખેલ પત્ર ૪૧૩
દેવદુર્લભઘેલછા ૫૧૩
દેશનાલબ્ધિ ૫૯૩
દેહ — ૦ દગો દેનાર ૬૨; ૦ કર્મનો સંચો ૯૦; ૦ જડની જાતિ હોવાથી સડવા-પડવાના સ્વભાવવાળો ૧૦૪; ૦ નું ગમે તેમ થાઓ પણ આત્મધર્મ ન ચૂકવો ૪૩૯; ૦ વિશ્વાસઘાતી મિત્ર સમાન ૫૧૭; ૦ નું હલન-ચલન કયા કારણે થાય છે? ૮૨૫; ૦ ની આત્માને શિખામણ–'હે ચૈતન્યપ્રભુ...' ૮૪૯; ૦ રોગનું પોટલું, ભક્તિ અર્થે દવા ૮૬૯; ૦ દુઃખં મહાફલં ૮૯૯; ૦ કર્મે રચેલું કેદખાનું ૯૦૬

દેહાધ્યાસ ૧૭૬, ૧૭૭, ૨૩૬, ૭૬૯
દોષ — જુઓ આત્મ-નિરીક્ષણ
દૃષ્ટિ કેમ ફેરવવી? ૮૯૦
ધજા ૨૬૬
ધર્મ ૧૭૨; ૦ નું સ્વરૂપ ૨૫૨; ૦ ક્યાં છે અને કેમ મળે? ૭૯; ૦ ધનથી નહીં પણ સદાચરણ આદિથી ૧૩૮; ૦ ઉપર કેમ જગતની દૃષ્ટિ નથી? ૨૦૫; ૦ શ્રદ્ધા ૨૦૫; ૦ શિક્ષણ માટે નિશાળ ૨૬૬, ૩૫૦; ૦ કર્તવ્ય ૩૨૧, ૮૦૫; ૦ ધન ૩૩૨; ૦ સંચય ૩૨૮; ૦ બાબત ઓછું બોલવું ૩૫૧, ૯૧૩; ૦ અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ ૫૪૭; બાપદાદાનો જ ધર્મ નહીં, પણ વિચારપૂર્વક ગ્રહણ કરવો ૮૪૮; ૦ ક્લેશ કરીને નહીં, પણ સમજાવીને કરવો ૧૦૦૨
ધર્મધ્યાનના ભેદો ૩૦૧
ધર્મભાવ – સગાંવહાલાં પ્રત્યે સંસારભાવને બદલે ધર્મભાવ ૯૬; સ્ત્રી પ્રત્યે ધર્મભગિનીનો ભાવ ૮૩૬
ધીરજ ૩૨૫
ધ્યાનના ચાર ભેદ ૫૭૫; ૦ માં શી પ્રવૃત્તિ કરવી? ૭૬૭
નય ૨૦૩
નવધાભક્તિ ૪૫૩; ૦ માંથી વંદનભક્તિનું વિવેચન ૪૫૯
નાટક – ઉપલક દૃષ્ટિએ પ્રિય ૨૮, ૬૪
નિત્ય નિયમ (ત્રણ પાઠ અને મંત્ર) ૪૯, ૯૮, ૧૫૦, ૨૩૦, ૨૬૨, ૩૧૯, ૩૨૩, ૫૫૮, ૫૭૭, ૯૯૩, ૧૦૧૭; ૦ પ્રાણની પેઠે સાચવવું ૩૨૨; ૦ લોકલાજ આદિ કારણે પડી ન મૂકવો ૩૫૧; ૦ ચુકાય તો પ્રાયશ્ચિત્ત ૪૭૯; ૦ ના અર્થની ચોપડી ૫૩૫; ૦ આગ્રહ કરીને ન આપવો ૫૬૯, ૮૧૭; ૦ ન બને તો ઊંઘવાનો હક નથી ૭૯૫; ૦ શક્તિ પ્રમાણે લેવો ૮૩૪; વધારે યાદ ન રહે તો ફક્ત 'હે પ્રભુ' બોલવું ૯૪૬
નિદ્રા — સર્વઘાતી પ્રકૃતિ ૪; ૦ જીતવાનો ઉપાય ૨૭૨, ૨૮૧; ૦ મરણની માસી ૭૬૭; ૭ કલાકની ઊંઘ પૂરતી ૭૯૫
નિમિત્ત આધીન વૃત્તિ ૧૧૦, ૩૭૩, ૧૦૦૧; શુભ નિમિત્તે જીવને લાભ ન થાય તો નિમિત્તનો દોષ નહીં ૪૧૮, ૪૮૮
નિયમિત વાંચન ૪૦, ૬૩૦, ૬૪૨, ૬૯૩, ૮૬૩, ૯૩૬; ૦ થી રુચિ બળવાન થાય ૧૨૪; ૦ પ્રથમ કર્તવ્ય ૧૭૫; ૦ થી આગળ ઉપર શંકાઓનું સમાધાન ૪૦૨; ૦ ઘેર કરતાં મંદિરમાં કર્તવ્ય ૬૭૩; વિશેષ વાંચવાથી સામાન્યપણું કેમ? ૭૪૭; એકાદ વાક્ય પણ વંચાય તો વિશેષ લાભ ૭૭૬, ૮૨૦; ૦ કરતાં યોગ્ય લાગે તેની ડાયરીમાં નોંધ ૮૨૮; ૮૮૬; વાંચતાં આનંદ આવે પણ વિચાર કેમ નહીં? ૫૪૯; વારંવાર વાંચવાથી વિશેષ લાભ ૫૯૧, ૮૦૭; ૦ થી લાભ – આગળ જતાં બીજું કંઈ ન ગમે ૮૩૬; ૦ એકલા કરતાં સત્સંગમાં કર્તવ્ય ૯૬૦
નિરાકુળ સુખ ૩૪૮; ૦ ની પ્રાપ્તિનો માર્ગ ૪૮૫
નિર્ધ્વંસ પરિણામ ૩૫૩
નિર્મોહી કુટુંબની કથા ૮૨૪
નિર્વિકલ્પ દશા ૯૯૧
નિર્વેદ ૨૦૫
નેપથ્ય ૭૧૫
ન્યાય-નીતિ ૨૧૨; ૦ પ્રમાણે પ્રવર્તન, રામનું દૃષ્ટાંત ૨૮૦; ૦ એ ધર્મનો પાયો ૩૮૨, ૮૦૧, ૯૨૯
પચખાણ – ઇંદ્રિય જીતવા માટે ૩૦
પતિવિયોગના પ્રસંગના પત્રો ૧૮૨, ૧૮૩, ૫૪૧
પત્નીવિયોગના પ્રસંગના પત્રો ૨૨૦, ૩૦૩, ૪૪૬
પરમકૃપાળુદેવ— ૦ ના વિશેષણો ૪ થી ૨૨; ૦ ની સ્તુતિ ૧૩, ૧૪; ૦ ના શરણથી આત્માની સંપત્તિ પામવાનું અપૂર્વ કારણ ૧૩૫; ૦ નો પરમ ઉપકાર ૩૨૦, ૪૩૧, ૫૧૨, ૬૯૪, ૭૬૭, ૧૦૨૨; ૦ પ્રત્યે અપૂર્વ સ્નેહ ક્યારે જાગત થશે? ૩૪૩; ૦ની સ્મૃતિ, ગુણગાન, ચર્ચા કર્તવ્ય ૩૬૧; ૦ પ્રત્યે અભેદભાવના ૩૮૫, ૪૬૩; ૦ પ્રત્યે સન્મુખદૃષ્ટિ ૪૧૩; ૦ ની સમીપતા ભાવવી ૪૨૯, ૧૦૨૩; ૦નું અચિંત્ય માહાત્મ્ય ૪૭૭; ૦ ની કૃપા અદૃશ્યપણે ૫૨૦, ૫૫૬; ૦ પ્રત્યે કર્મઉદયમાં શરણભાવના ૬૪૮, ૭૯૦, ૮૮૮, ૯૦૧, ૯૦૯; ૦ ની અંતરંગ સાધના ૭૪૩; આસ્રવમાં સંવરનો જ્વલંત દાખલો ૮૧૬; ૦ નું માહાત્મ્ય ૯૯૨, ૧૦૦૦; ૦ અને આપણામાં આસમાન-જમીનનો ભેદ ૧૦૦૮
પરમકૃપાળુદેવનો અક્ષરદેહ ૫૯૭
પરમકૃપાળુદેવની અર્ધશતાબ્દી અર્થે દાન આપવા પ્રેરણા ૮૭૩

પરમકૃપાળુદેવના પ્રસંગો – દિશાએ જતા ત્યારે કૂંચીઓ કાઢી મૂકતા ૧૯૬; વવાણિયા છોડતી વખતે બધાને નમસ્કાર કરેલા ૩૫૩; મુમુક્ષુને કહેલું કે તમે છ આની બળ કરશો તો દશ આની ઉમેરી આપશું ૪૦૮, ૫૦૯; ઉત્તમ વાની રસ્તે જતાં માણસને આપવા કહેલું ૮૭૭
પરમકૃપાળુદેવનાં વચનો— ૦ અમૃતતુલ્ય ૫૫, ૭૫, ૮૦, ૧૨૪, ૪૨૦; ૦ નવજીવન અર્પનાર ૧૦૦; ૦ ઉત્તમ હવા ખાવાનું સ્થળ ૧૦૪; ૦ પરમ ઉપકારી અને માર્ગદર્શક ૧૧૭; ૦ વિષયવિકાર સુકાઈ જવાનું કારણ ૧૩૦; ૦ ના આધારે આત્મા સંબંધી નિર્ણય ૩૮૯; ૦ ત્રિવિધ તાપથી બચવાનો અચૂક ઉપાય ૪૧૭, ૪૩૪; ૦ આત્મહિત માટે સર્વોત્તમ ૫૦૧; ૦ સાચા આધારરૂપ અને આશ્વાસન દેનાર ૫૪૧, ૫૪૮; ૦ મુશ્કેલીના પ્રસંગે સત્સંગરૂપ ૬૦૬; ૦ ઉપશમસ્વરૂપ ૭૦૩; ૦ સત્પુરુષરૂપ ૭૪૪; ૦ વાંચતી વખતે કેવી ભાવના કરવી? ૭૪૭; ૦ પોતાનું જીવન સુધારવામાં સર્વોપરી સહાયરૂપ ૭૬૨; ૦ ભોમિયારૂપ ૭૯૭; ૦ આત્માને પુષ્ટિકારક ૮૦૮; ૦ કાનમાં પડ પડ થવાથી ઘણું બળ ૯૦૧; ૦ અંધને લાકડીની ગરજ સારનારા ૯૭૧; ૦ જિજ્ઞાસુને ઘણા જમાના સુધી માર્ગદર્શક ૧૦૨૨
પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ ૯૬૩, ૧૦૧૯
પરમસુખરૂપ મોક્ષની પ્રાપ્તિના ઉપાય ૨૯૨
પરમાર્થસત્ય ૬૫૧
પરમાવગાઢદશા ૨૮૫
પરસ્ત્રીગમન ૪૨
પરાભક્તિ ૨૫૫; ૦ નિમિત્તે પરમાત્મ-પ્રાપ્તિ કે પરમાત્મ-પ્રાપ્તિથી પરાભક્તિ? ૨૬૧
પરિગ્રહમર્યાદા (ત્યાગ) ૮૮, ૫૯૦, ૭૬૭
પરિણતિ ૧૦૫
પર્યુષણપર્વ—નિર્વિઘ્ન આરાધના ૩૮, ૫૮, ૭૯, ૮૬ ૩૦૩; ૦ માં ધર્મધ્યાન કરવામાં પ્રતિબંધ નહીં ૫૭; ૦ આરાધના કેવી રીતે કરવી? ૨૯૭, ૮૫૨, ૧૦૦૯, ૧૦૧૧; ૦ નિર્વૈર થવા અર્થે ૨૯૯, ૩૭૨, ૭૭૧; કષાય ઘટાડવા અર્થે આવાં પર્વની યોજના ૨૬૮, ૫૨૭; ૦ ની મર્યાદા ભાદરવા સુદ ૧૫ સુધી ૩૭૦, ૩૭૨; ૦ માં વિનયભાવે ખમાવવું એ વીતરાગધર્મની શોભા ૪૪૪; ક્ષમાપના કેવી રીતે કરવી? ૬૯૦
પાણી—ગરમ કરીને અથવા ગળીને વાપરવું ૬૬૮, ૭૬૭; ટાઢા પાણી કરતાં કષાય એ મોટો દોષ ૭૩૨
પાત્રદાન ૫૭૮
પુદ્ગલપરાવર્તન વિષે કાવ્ય ૪૨૩
પુદ્ગલાનંદી ૬૦
પુનર્લગ્ન ન કરવા વિષે ૨૨૦
પુરુષપ્રતીતિ ૯૮
પુરુષાર્થ ૭૧, ૨૨૮, ૨૪૪, ૨૫૦, ૪૨૨, ૭૩૫; ૦ ના ચાર ભેદ ૩૪; ૦ યથાશક્તિ કર્તવ્ય ૨૯૬; ૦ રોદણાં રડવાથી આગળ ન વધાય, પુરુષાર્થ કર્તવ્ય ૮૬૧; સત્પુરુષાર્થ શું? ૯૩૮, ૯૬૧
પુષ્પપૂજા કરાય કે કેમ? ૭૬૭
પૂજા ૨૧૬, ૭૦૨; ૦ પ્રભાવનાની પ્રવૃત્તિ શ્રેયસ્કર ૨૭૫; ૦ ફૂલથી કરાય કે કેમ? ૭૬૭
પૂ. બ્રહ્મચારીજીના પ્રસંગો — સામૈયું કે કશી ધમાલ ન કરવા સૂચના ૧૨૨; સુખલાલ પંડિતનો પ્રસંગ — જીવન એટલે શું? ૫૧૦; ગાંધીજીનું વાક્ય — 'હું માટીનો માનવી છું' એ પ્રસંગ ૬૭૨; નમસ્કાર કે પૈસા મૂકવાને લઈને આંબેલ કરતા તે સંબંધી નિવેદન ૮૦૦; સીમરડા જવાનો પ્રસંગ ૮૧૧; વસ્તુ સ્વીકારવી તે બોજારૂપ ૯૫૧
પૂર્વાપર અવિરોધ ૩૪૪
પૈસા ક્યાં વાપરવા? ૩૫૦, ૬૨૯, ૮૨૭
પૈસાદાર કુટુંબનો સહવાસ અકર્તવ્ય ૮૩૧
પોપટની વાર્તા ૨૩૫
પ્રતિક્રમણ ૬૮૮, ૭૯૩, ૯૧૫, ૯૪૭, ૯૭૮
પ્રતિબંધ ન કરવા વિષે ૨૫૮
પ્રતિમા — ચક્ષુવાળી કે ચક્ષુ વગરની પૂજવી? ૮૫૩; मूर्खस्य प्रतिमा पूजा ૯૨૫
પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા ૯૯૨; ૦ સદ્ગુરુનો યોગ ૯૯૨
પ્રત્યાહાર ૫૪૦
પ્રપંચ ૩૧૪
પ્રભાવના — સદ્વર્તન, સદાચરણ એ મોટી પ્રભાવના ૧૩૭, ૬૮૮
પ્રભુશ્રીજીનાં વિશેષણો ૨, ૩; પરમાર્થમાર્ગમાં અગ્રેસર ૩૨; ૦ નો અપાર ઉપકાર સમજાતાં જગત નીરસ

લાગે ૨૩૧; ૦ નો પરમ ઉપકાર ૪૯૬, ૫૧૨, ૬૮૨, ૮૬૮; ૦ જેવા પુરુષાર્થી કોઈ નહીં ૬૮૪
પ્રભુશ્રીજીના પ્રસંગો—આબૂ તથા આહોર પધરામણી વિષે ૭૪; છેલ્લી વેદની વિષે (ચરામાં બૂમ સંભળાય) ૯૨; રાળજમાં દર્શન કર્યા વિના પાછા ફરવું અને ખંભાતમાં મંત્રપ્રાપ્તિ ૯૮; વેદનીય પ્રસંગે કહેતા કે અમને દવાની શ્રદ્ધા હોય? ૧૦૪, ૬૭૦; ઘડિયાળની ચાવી તૂટી જવાનો પ્રસંગ ૨૦૧; પરમકૃપાળુદેવના પત્રો અમૃતના ઘૂંટડા ભરે તેમ વાંચતા ૨૧૭, ૩૫૩; દેહ છૂટયા પછી સ્મરણ-મંત્રની ધૂન—ચુનીભાઈના દીકરાના મરણ-પ્રસંગે બોધ ૪૭૭; ભક્તિકર્તવ્ય અને ધર્મકર્તવ્યની ચર્ચાનો પ્રસંગ ૮૦૫; મોસંબીના છોડારૂપ કડવો પ્રસાદ બધાને આપ્યો તે પ્રસંગ ૮૩૨; કામ જીતવા નીરસ આહાર લેતા ૮૩૬; તીર્થંકરના પાદમૂળમાં ક્ષાયક સમ્યક્ત્વની નિષ્ઠાપના ૯૬૭
પ્રભુશ્રીજીનો ચિત્રપટ ૨૩, ૧૩૫; ૦ નાં પગલાંની કંકોત્રી ૧૨૬; ૦ નાં પગલાંની સ્થાપના ૧૨૮; ૦ ના ચિત્રપટની રાજમંદિરમાં સ્થાપના ૬૮૩, ૧૦૨૩
પ્રમાદ ૨૦૩, ૨૨૨; ૦ જીતવાનો ઉપાય ૨૮૧
પ્રવૃત્તિ – કઈ પ્રવૃત્તિ કર્તવ્ય? ૭૬
પ્રાયોગ્યલબ્ધિ ૫૯૩
પ્રારબ્ધ (પૂર્વકર્મ) અને પુરુષાર્થ ૬૭, ૮૪, ૨૧૧, ૨૬૮, ૫૩૨, ૫૭૦, ૯૯૨, ૧૦૧૭
પ્રેમ (પરમપુરુષ પ્રત્યે)ની ન્યૂનતાને લઈને દોષોમાં પ્રવર્તન ૯૫; ૦ હોય તો તેના વચન પ્રત્યે થાય અને તે કરવા જીવ પ્રેરાય – વજ્રસ્વામીનું દૃષ્ટાંત ૨૦૩; ૦ એ બધી ધાર્મિક ક્રિયાનો આધાર ૨૦૬; ૦ વધશે તેમ તેમ દોષો ઘટશે ૬૪૭; ૦ હશે તેટલું કલ્યાણ થશે ૭૭૪; ૦ માં સર્વ સાધન સમાઈ જાય ૮૮૨, ૯૨૭
ફળાફળી પરાક્રમ અધ્યયન ૨૦૫
ફિનાઈલ ૮૨
ફિલસૂફી ૬૩૯
ફિલ્મ અને બ્રોડકાસ્ટ ૨૮૪
બાદર ક્રિયા ૯૨૭
બાર ભાવના ૫૮, ૦ વ્રત ૭૯૩
બાહ્ય તપ ૧૦૭, ૧૦૦૪; ૦ ઇચ્છાનિરોધરૂપ તપ ૫૨૦; ૦ ના છ ભેદ ૭૯૯; ૦ શક્તિ જોઈને કરવું ૯૩૩
બીજરુચિ સમ્યક્ત્વ ૧૪૭
બીજે દૃષ્ટિ ન કરવા વિષે ૧૧૬, ૨૫૫, ૬૧૩, ૬૨૩, ૭૮૯, ૮૦૪, ૮૪૬, ૮૪૯, ૯૦૨, ૯૪૦, ૧૦૦૦
બીડી ન પીવાનો નિયમ કર્તવ્ય ૨૨૪, ૭૧૦, ૭૩૪
બોધબીજની પ્રાપ્તિ એ કલ્યાણનો માર્ગ ૨૫
બ્રહ્મચર્ય ૧૩૧, ૧૬૯, ૧૭૪, ૮૦૧, ૮૧૯, ૧૦૦૨; ૦ દેવગતિનું કારણ ૩૩; ૦ વ્રત રૂબરૂ પૂછીને આપવા વિષે ૭૪; વૃદ્ધસેવાથી બ્રહ્મચર્યવૃદ્ધિ ૧૧૫; સ્ત્રી-પુરુષ વચ્ચે કેવી ભાવના જોઈએ? ૧૩૦; ૦ ના સામાન્ય નિયમો ૧૩૩; ૦ વ્રત કેવી રીતે લેવું? ૨૦૩, ૨૧૮; ૦ પિતાની સમ્મતિથી લેવું ૨૪૦; અફીણનું બંધારણ કરવા સલાહ આપે તો ન કરીએ, તેમ કોઈના આગ્રહથી લગ્ન ન કરવા વિષે ૨૫૯; ૦ બાર તિથિ બ્રહ્મચર્ય ૩૫૮; ૦ ભંગ ન કરવા વિષે (જો હું સ્ત્રીભવમાં હોઉં તો...) ૩૬૫; ૦ ભંગ કરવાનું વિપરિણામ (તમે વર્તમાન સંજોગોમાં હો તેમ...) ૩૭૫; ૦ માટે સ્વાદનો ત્યાગ મુખ્ય ૪૧૬; ૦ માટે આશ્રમનું વાતાવરણ ઘણું અનુકૂળ (જંબૂસ્વામીનું દૃષ્ટાંત) ૪૧૮; એક દિવસનું પણ બ્રહ્મચર્ય ૪૬૪; ૦ મોક્ષ થવાની ભાવનાએ લેવું અને અચૂક પાળવું ૪૬૫; ૦ એ થોડી મુદત માટે સાધુપણું ૫૫૨; ૦ કૃત્રિમ ઉપાયથી નહીં, પણ મનના આધારે ૭૩૮; ૦ માં દૃઢતા વિષે — ભાઈબહેન તરીકે રહેવાનો નિયમ કર્તવ્ય ૭૫૩, ૭૫૪; ૦ ટુકડે ટુકડે લેવું અને તે માટે વ્યવહારશુદ્ધિના સામાન્ય નિયમો ૭૫૫; ૦ માટે વૈરાગ્યપ્રેરક વાંચન ૭૮૬; ૦ નું માહાત્મ્ય અને તે માટે વૈરાગ્યપ્રેરક જીવન-વ્યવહાર ૭૯૬; ૦ ના આરાધનથી અનેક ગુણો ૮૩૮; મધ્યરાત્રિ પછી બીજે દિવસ નહીં ૯૧૫; એકલા હો તો સૂતી વખતે બ્રહ્મચર્યનો નિયમ લેવો ૧૦૧૯
બ્રહ્મચર્ય મહાવ્રત – મંત્ર વગર ન સધાય ૮
ભક્તિ ૨૧૧, ૩૧૪, ૬૦૧, ૯૩૫; ૦ આત્મજ્ઞાનનું મુખ્ય સાધન ૬૩; ૦ વિક્ષેપ મટાડવાનું નિમિત્ત ૭૦; ૦ માંદગી પ્રસંગે હિતકારી દવા ૯૨; જે તે અવસ્થામાં પ્રસન્નતાથી રહેવારૂપ ભક્તિ ૧૧૪; ૦ અપૂર્વ ચીજ ૧૭૧; ૦ સૂતાં સૂતાં અને ગમે ત્યારે થઈ શકે ૧૯૬; ૦ થી શું થાય? ૨૭૪; ૦ એ

જ મુખ્ય ધ્વનિ ૩૫૮; સમૂહભક્તિ કર્તવ્ય ૪૮૩; ૦ માર્ગ સુલભ ૬૩૯; ૦ થી મુક્તિ ખેંચાઈ આવે છે ૭૪૩; ૦ થી શ્રદ્ધા બળવાન થાય ૮૧૯; ૦ માં મન કેમ ચોંટે? ૮૫૫; ૦ થી સત્પુરુષનું હૃદય ઓળખાય ૯૭૯

ભક્તિકર્તવ્ય ૩૨૧, ૮૦૫

ભક્તિના નિમિત્તો — ભાવજાગૃતિનું કારણ ૧૧૮; દેવો પણ સુખ છોડીને આવે ૧૨૬, ૨૭૦

ભાવ — નિમિત્તાધીન ૭૫, ૧૩૪, ૪૫૬; ૦ પુરુષાર્થ-આધીન ૮૪, ૧૧૦, ૫૩૦; ૦ ઉપર આખો માર્ગ ૧૦૫; કેવા ભાવ કર્તવ્ય? ૧૨૩, ૪૯૦; જેવા ભાવ તેવી સિદ્ધિ ૩૮૬, ૫૬૭; ૦ ની મંદતા નુકસાનકારક ૩૯૬; ૦ પ્રમાણે કર્મબંધ ઉપર બે ભાઈઓનું દૃષ્ટાંત ૪૬૮

ભાવ, ૦ નિદ્રા ૨૬૩; ૦ પચખાણ ૩૦; ૦ મરણ ૩૫, ૫૨૪; ૦ મલ ૧૪૪; ૦ સેવા ૧૧૧

ભેદજ્ઞાન ૧૭૧; ૦ અને સમ્યક્ત્વ એક જ છે ૮૯૦

મધના દોષો ૮૩૪, ૮૫૯

મનન ૨૦૪, ૨૨૮, ૭૪૭

મન, ૦ ને શામાં રોકવું? ૪૧, ૨૪૭; ૦ શાંત થવાનો ઉપાય ૧૬૧; ૦ કેમ ઠેકાણે રહેતું નથી? ૨૧૨; ૦ વશ કરવા શિખામણરૂપ વાર્તા ૨૯૨; ૦ સ્થિર થવાનો ઉપાય ૩૪૨; ૦ ને આધારે બ્રહ્મચર્ય ૭૩૮; ૦ વશ કેમ કરવું? ૮૩૬, ૯૪૧

મનુષ્યદેહની મહત્તા — સડેલા સાંઠા જેવો ૪૫; દેવોને પણ દુર્લભ ૪૮; પારસમણિ કરતાં મૂલ્યવાન ૬૫; ચક્રવર્તીની સંપદાથી અધિક મૂલ્યવાન ૨૯, ૩૬, ૧૯૯, ૭૩૫; ખરી કમાણી કરવાની મોસમ ૧૬૭, ૬૯૨; ગમે તેવો તોય મૂલ્યવાન ૧૮૭, ૨૦૨, ૫૪૩; દુર્લભતા ૩૮૧; રત્નકરંડ સમાન ૪૬૫; ૦ મોજશોખમાં ખોઈ દેવો એ મૂર્ખતા ૭૯૬

મરણ, ૦ સમયે અત્યંત વેદનાનું શું કારણ? ૨૦; ૦ શું? ૧૯૪; ૦ વખતે આત્મા કેમ જતો રહે છે? ૨૭૪; ૦ સંબંધી વિકલ્પ અકર્તવ્ય ૪૯૮; ૦ એ મોટી પરીક્ષા ૭૪૫

મરણ-પ્રસંગના પત્રો ૭૦, ૮૧, ૮૩, ૧૨૦, ૧૨૯, ૧૪૧, ૧૪૩, ૧૭૮, ૧૮૨, ૧૮૩, ૧૯૭, ૨૨૭, ૨૬૭, ૩૦૫, ૩૧૫, ૪૮૪, ૪૮૭, ૫૦૫, ૫૧૬, ૫૩૧, ૫૭૬, ૬૨૭, ૬૪૧, ૬૪૫, ૬૬૨, ૬૬૭, ૬૭૬, ૭૦૭, ૭૧૪, ૭૨૨, ૭૨૫, ૭૩૯, ૯૦૭, ૯૭૦; લૌકિક રિવાજ અકર્તવ્ય ૨૦૮, ૩૪૯; પંખીના મેળા જેવાં સગાંસંબંધીઓ ૨૮૪; ઓના વિયોગમાં હર્ષ પામવા યોગ્ય ૩૦૩; ડાક્તરો બચાવી શકતા નથી ૩૨૯; શ્રદ્ધાની ખામી તેટલો જીવ દુઃખી ૩૩૫; સદ્ગુરુના શરણની ભાવના ૫૪૩; નિર્મોહી કુટુંબની કથા ૮૨૪; પરમકૃપાળુદેવ વગેરે મરી ગયા એમ માનવું તે અજ્ઞાન ૮૬૫; રોવા-કકળવાથી કર્મબંધ, પણ ભક્તિમય જીવનથી બીજા સમાગમી જીવોનું પણ કલ્યાણ ૮૮૧; મરણ વખતે રહસ્યભૂત મતિ ૯૪૩; સત્પુરુષમાં વૃત્તિ રાખવી ૯૮૪

મરણ-પ્રસંગો ૫૭, ૫૮, ૬૭, ૧૪૮, ૧૫૨, ૪૨૬, ૪૨૭, ૪૨૯, ૬૧૨, ૭૧૧

મહામોહનીય ૨૭૫

મંત્ર – જુઓ સ્મરણમંત્ર

મંદિર – ભક્તિભાવ અર્થે, પણ ઝેર વધવા નહીં ૧૨૩; ૦ માં દાન આપવા વિષે ૧૭૦, ૨૨૧

માખણ – વાપરવું કે કેમ? ૩૭૬; ૦ નું ઘી કેવી રીતે બનાવવું? ૮૨૮

મા-બાપ પ્રત્યે કર્તવ્ય ૧૨૩, ૪૫૬, ૪૭૭, ૯૫૬; ૦ પ્રત્યે કેમ વર્તવું? ૪૧૦

માર્ગાનુસારીના ૩૫ બોલ ૩૮૭

માંદગી-પ્રસંગના પત્રો – જુઓ વ્યાધિ-પ્રસંગના પત્રો

માંદગી-પ્રસંગની સ્મૃતિ પુરુષાર્થપ્રેરક ૧૨૫; ૦ ના પ્રસંગે સંસારનું યથાર્થ સ્વરૂપ ૨૯૫; ૦ ના પ્રસંગે મા-બાપને કેમ સમજાવવાં? ૪૧૦

માંદા પ્રત્યે ખરી સેવા ૯૨, ૪૫૬, ૭૧૯, ૮૩૯; ૦ પ્રત્યે કર્તવ્ય ૯૩, ૧૧૧, ૧૮૭, ૨૦૨, ૨૦૭, ૯૫૬

માંસત્યાગ — માછલીનું તેલ કેમ વપરાય? ૪૧૯, ૭૫૦

મિથ્યાત્વ – સર્વ દુઃખનું કારણ ૩૮, ૧૧૪; ૦ મોહનીય ૨૭૫, ૮૯૨; ૦ સત્પુરુષનું ઓળખાણ થવા ન દે ૨૭૫; ૦ ને લઈને પજુસણ જેવા છૂટવાનાં કારણો પણ કર્મબંધ કરાવે ૩૫૪

મિશ્રમોહનીય ૨૭૫, ૮૯૨

મુખપાઠ ૫૩૭, ૮૧૫; ૦ કેમ થતું નથી? ૧૭૩; ૦ કરવામાં કઠણાઈ કેમ? ૨૮૫; ૦ લોકરંજન કે માનાર્થે અકર્તવ્ય ૬૧૧; સત્પુરુષના વચનરૂપ

વ્યાપારમાં લાભ જ હોય ૭૪૬; ૦ સમજપૂર્વક કરે તો આનંદ આવે, બોજારૂપ ન થાય ૮૯૭
મુનિઓ — જુઓ દીક્ષા; ૦ માટે આશ્રમમાં વ્યવસ્થા વિષે ૬૧૧
મુમુક્ષુ — ૦ નું વર્તન શત્રુ પણ વિશ્વાસ કરે એવું ૮૨; ૦ સાથે મૈત્રીભાવ ૧૩૮; ૦ પ્રત્યે કેવી દૃષ્ટિ? ૧૪૨; ૦ ની અંતિમ અવસ્થા વૈરાગ્યપ્રેરક ૨૦૪; ૦ સાચા સગા ૨૨૮; ૦ નું લખાણ વૈરાગ્યપ્રેરક ૩૦૧; સંશયનાં સ્થાનોમાં મુમુક્ષુની સલાહ ૩૧૮; ૦ ને મદદ કરવાની આપણી ફરજ ૩૬૪; ૦ સાથેનો પત્રવ્યવહાર પરોક્ષ સત્સંગરૂપ ૩૯૩, ૮૩૬; ૦ ને મુશ્કેલીના પ્રસંગો આગળ વધારનારા — અનાથી મુનિ અને સૌભાગ્યભાઈનું દૃષ્ટાંત ૪૨૫, ૮૮૫; ૦ ની સેવાનું માહાત્મ્ય ૪૫૭, ૫૦૨; ૦ નું લક્ષણ ૧૮૮, ૪૯૫, ૫૫૧; ૦ સાથેનો સંબંધ ધર્મપ્રયોજન પૂરતો ૬૧૫; ૦ સાથેના સહવાસથી નિર્મળ વિચારોની પ્રેરણા ૭૭૯; ૦ ની ચરણરજ મસ્તકે ચઢાવવાની ભાવના ૭૮૧; ૦ તા ૮૬૧
મુલતવી રાખવા ઉપર વણિકની કથા ૩૭૯
મુશ્કેલીઓ — જુઓ દુઃખ, ઉપાધિ
મૈત્રીભાવ વિના સત્પુરુષ પ્રત્યે પ્રેમ ન ઉલ્લસે ૩૨૧; ૦ નું સ્વરૂપ ૭૯૨
મોક્ષ — ૦ સુખ ૧૨૫; ૦ નો રસ્તો જુદો, કહેતાકહેતી કરવાથી લાભ નહીં ૧૭૫; ૦ કોને કહેવાય? ૨૭૪; ૦ પ્રાપ્તિનો ઉપાય ૨૯૨; ૦ માટે વિષય-કષાય સાથે આત્મિક યુદ્ધ ૪૯૪; ૦ માર્ગી કેમ થવું? ૫૫૦; ૦ આ કાળમાં પણ છે ૮૧૩, ૮૮૭
મોહનીય કર્મના ભેદ – મેણિયા કોદરાનું દૃષ્ટાંત ૩૫૬; ૦ અને વેદનીયનો તફાવત ૭૬૯ (વિશેષ માટે જુઓ 'મિથ્યાત્વ')
યત્ના ૭૬૭
યથાપ્રવૃત્તિકરણ ૨૩૨, ૫૯૩
યાત્રાનું વર્ણન ૫૬૩; દેવું પતાવીને પછી યાત્રા કર્તવ્ય ૫૪૫
યોગબળ ૪૩૦, ૫૦૯; ૦ ઉપર ચતુરલાલજી મુનિનું દૃષ્ટાંત ૪૭૧; ૦ મુમુક્ષુ દ્વારા જયવંત ૬૮૮; ૦ આખર વખતે હાજર ૭૧૧
રત્નવાણિયાનું દૃષ્ટાંત ૮૮૪
રસ ૬૩૩
રસેન્દ્રિય – જુઓ જીભ
રાગદ્વેષ છૂટે તેટલી શાંતિ ૧૨૫, ૧૯૪; ૦ છૂટવાનો ઉપાય ૧૯૨; ૦ કેમ દૂર થાય? ૩૨૪
રાજસત્તા ૧૩૧
રાત્રિભોજનત્યાગ ૩૨૩, ૫૮૫; રાત્રે પ્રસાદ ન લેવાય ૭૧૭; ૦ વિષે સૂક્ષ્મ ભેદો ૭૬૭
લક્ષ્મીના દોષો ૪૧૧
લબ્ધિ ૨૦૩
લીલોતરી ૧૯૧, ૨૨૯, ૯૧૫, ૧૦૧૮
લેશ્યા ૨૦૩
લોભ ૮૮, ૬૬૯; ૦ છૂટવા અર્થે દાન ૩૪૫, ૪૯૨, ૭૩૮, ૧૦૨૪
લૌકિક દૃષ્ટિ ૪૮૯
વટામણના પત્રનું માહાત્મ્ય ૨૫૬, ૭૭૮, ૧૦૦૨
વંદનભક્તિ ૪૫૯
વાણીનો સંયમ ૫૫૦, ૬૫૧; શાંતભાવની ખાતરી વગર ન બોલવું ૬૬૦
વાળ — ક્લેશ અને મોહનું મૂળ ૪૪૦
વિચારજાગૃતિ ૫૮૩
વિચાર (નિદિધ્યાસન) કર્તવ્ય ૧૯૭, ૨૦૪, ૨૪૭, ૪૧૪, ૭૪૭, ૯૫૯; ૦ કેવી રીતે કરવો? ૩૨૮; ૦ કરવો, પણ સત્પુરુષનાં વચનોનો આશય અત્યંત વિશાળ છે એ લક્ષે ૩૯૨; વાંચતાં આનંદ, પણ વિચાર કેમ નહીં? ૫૪૯
વિનય ૩૯, ૯૯, ૧૦૭, ૧૩૮, ૭૯૯
વિરતિ ૫૪૦
વિરહમાં કલ્યાણ ૨૧૭, ૩૯૩, ૪૭૩, ૫૧૩, ૬૫૦
વિશુદ્ધિલબ્ધિ ૫૯૩
વિષયકષાય સહિત મોક્ષે ન જવાય ૬૫૦
વિષયવાસનાની હાનિ ૩૪૩
વીતરાગ ૩૯૭; ૦ તા અને ઉદાસીનતામાં ફેર ૬૩૮; ૦ તા અને સર્વજ્ઞતા ૯૯૧; ૦ દશાનું વર્ણન ૧૦૨૫
વીસ દોહરા ૧૯૨, ૩૯૭, ૫૧૨; ૦ નો દરેક શબ્દ મંત્રતુલ્ય ૩૧૯, ૯૪૬; ૦ આજ્ઞા વગર નહીં ૬૧૧
વૃદ્ધસેવાથી બ્રહ્મચર્યવૃદ્ધિ ૧૧૫; ૦ થી લાભો ૪૫૭; ૦ થી વૈરાગ્યવૃદ્ધિ ૭૧૯

વેદનીય — આત્મઉજ્જવળતાનું કારણ ૫૪, ૪૭૧; શરીરનો ધર્મ ૬૨, ૬૮, ૪૩૯, ૯૭૭; ખુશીથી દેવું પતાવે તેમ સહન કરવું ૯૨, ૮૭૬, ૯૨૨; મે'માનની પેઠે સત્કારવું ૧૦૦, ૨૩૭, ૬૩૧; વૈરાગ્યનું કારણ – સંસારનું યથાર્થ સ્વરૂપ બતાવનાર ૨૯૫, ૫૨૯, ૭૮૩; ૦ થી આત્માનો આનંદ વિકાર પામે ૪૪૨, ૪૮૧; જીવનપલટાનું પ્રબળ કારણ ૫૧૭; આવકારદાયક અને નિશાળરૂપ ૫૨૪; જ્ઞાનને અડચણ કરનાર નહીં ૭૨૪, ૭૩૩; આત્મભાવનાની વૃદ્ધિનું કારણ ૭૩૩; ૦ અને મોહનીય કર્મનો તફાવત ૭૬૯; દેહાધ્યાસ ઘટવામાં ઉપકારી ૮૫૮; સમજણની કસોટી ૯૩૫

વેદાંત ૯૬૩

વૈયાવૃત્ય ૧૧૧, ૭૯૯; ૦ થી વિનય ૨૦૫; ૦ થી બ્રહ્મચર્યવૃદ્ધિ ૧૧૫; મુમુક્ષુની સેવાનું માહાત્મ્ય ૪૫૭, ૫૦૨; ૦ માં દૃષ્ટિ સદ્ગુરુ પ્રત્યે ૫૭૨

વૈરાગ્ય ૧૯૩, ૨૧૧, ૪૪૮, ૫૦૧, ૬૦૧, ૬૨૧; ૦ ના ત્રણ ભેદ ૨૮૦; ૦ દશા ૭૮૩; ૦ હોય તો તુચ્છ વસ્તુ પણ ઉપકારી ૯૯૪

વૈશાખ સુદ ૮ નું માહાત્મ્ય ૨૭૦

વ્રત-નિયમ – પ્રાયશ્ચિત્ત રૂપરૂમાં ૪૮; ૦ ન તોડવા વિષે ૫૩, ૨૨૪, ૩૪૧, ૩૮૨, ૩૯૪, ૪૪૧, ૪૬૫, ૫૨૬, ૮૨૬, ૯૧૪, ૧૦૧૮; ૦ કયા લક્ષે કર્તવ્ય? ૬૬; ૦ માં દોષ ન લાગવા વિષે ૮૫, ૨૮૬, ૭૫૦; ૦ માં મક્કમતાથી મોક્ષની નજીક જવાય ૮૮; ૦ માં ઉતાવળ ન કરવી ૯૮; ૦ આત્માર્થે કર્તવ્ય ૧૦૧, ૧૬૭, ૭૩૪, ૯૧૫; ૦ ચોકસાઈથી પાળવા ૧૦૨; ૦ માં ભૂલ થાય તો પ્રાયશ્ચિત્તની વિધિ ૧૩૨, ૬૯૩, ૭૦૨, ૭૩૨; ૦ કેવી રીતે લેવા? ૧૩૨; કષાય ઓછા કરવાનો નિયમ કર્તવ્ય ૧૩૨; નિર્દોષ વસ્તુ પણ નિયમ લીધા પછી ન વપરાય ૩૭૬; ૦ ટૂંકી મુદતના લેવા ૪૫૪; ૦ માં અપવાદમાર્ગ (એક ઉપવાસને બદલે બે એકાશન) ૪૮૩; ૦ અભ્યાસ થયા પછી લેવા ૭૯૦; ૦ શૂરવીરપણે પાળવા ઉપર ભીલ-(શ્રેણિક રાજાનો પૂર્વભવ)નું દૃષ્ટાંત ૮૨૬; ૦ કરતાં શ્રદ્ધાની દૃઢતા કર્તવ્ય ૯૯૧; દોષ ટાળવાના નિયમથી આત્મા પવિત્ર થાય ૯૯૭

વ્યાધિ-પ્રસંગના પત્રો ૪૩, ૪૪, ૯૦, ૯૨, ૯૩, ૧૦૩, ૧૦૪, ૧૧૫, ૪૯૩, ૬૦૬, ૬૧૨, ૬૪૮, ૬૭૫, ૭૦૩, ૭૫૬, ૭૭૫, ૮૬૮, ૯૦૪, ૯૮૬, ૯૯૮; ૦ શું ભાવના કરવી? ૧૪૦, ૨૪૯, ૩૬૭, ૪૩૯, ૪૬૩, ૪૭૧, ૪૯૮, ૫૦૦; ૦ શું કર્તવ્ય? ૨૦૭ ૨૧૦, ૨૨૩, ૩૪૬, ૭૦૮, ૭૦૯; મારા આત્મસ્વરૂપ, તમે મારી પ્રકૃતિ સંબંધમાં શા માટે પૂછો છો? ૨૫૭; દરેકની સલાહ માને તો દરદીને ત્રાસ ૪૧૪; અભક્ષ્ય વસ્તુ ન વાપરવી ૪૧૪, ૪૧૯; સહનશીલતા કર્તવ્ય ૪૧૫; વણાગનટવરનું દૃષ્ટાંત ૪૫૧; પરમ કલ્યાણનું કારણ ૪૮૮, ૫૧૭; સ્મરણમાં – આજ્ઞામાં વૃત્તિ રોકવી ૫૮૮; ઉપશમ એ ખરી દવા ૫૯૯; કષ્ટ તો કલ્યાણકારી, કુંતામા, ઋભુરાજાનું દૃષ્ટાંત ૬૪૦; દુઃખ જ જીવને આગળ વધારનાર ૬૭૧; પરમકૃપાળુદેવના ભક્તને તો આશ્રમમાં જ રહેવા જેવું ૭૦૦; મંત્રસ્મરણ નિરંતર કર્તવ્ય ૭૧૯, ૭૫૧, ૧૦૧૫; મુનિવરો ઉદીરણા કરીને આત્મભાવના કરે ૭૭૩, ૮૯૯; સમાધિમરણની તૈયારી અર્થે દેહાધ્યાસ છોડવો જરૂરી ૧૦૨૦

શરીરસેવા – જુઓ વૈયાવૃત્ય

શંકા (ન સમજાવું) – ૦ નો મુમુક્ષુવર્ગ આગળ ખુલાસો ૨૨૮, ૩૧૮; ૦ માં ઘણો વખત ન રહેવું ૨૪૦; ૦ થાય તો શું કરવું? ૨૬૨; સત્સંગે નિઃશંક થવા ધર્મચર્ચા ૩૯૨; ૦ ની નોટમાં નોંધ રાખવી, આગળ ઉપર સમાધાન થતું જાય ૪૦૨; ૦ થાય તો ઢેયડી જેવી પોતાની કુતર્કશક્તિ વાપરી ગમે તે નિર્ણય ન કરવો ૪૦૭

શાસ્ત્ર – સત્પુરુષની પિછાનવાળાને સર્વ શાસ્ત્રો સવળાં ૧૨૧

શિથિલતા—જીવનો મોટામાં મોટો દોષ ૫૧૮

શુશ્રૂષા ૧૦૦૫

શૂન્ય ૯૯૧

શ્રદ્ધા(સદ્ગુરુની)નું માહાત્મ્ય ૭૬, ૮૨, ૧૬૨, ૩૯૫, ૫૫૬, ૮૭૫; ૦ ની ખામીને લઈને દુઃખી ૮૧, ૧૨૭, ૧૮૯; ૦ ને અનુસરીને પુરુષાર્થ ૧૩૭; ૦ હોય તો મોક્ષમાર્ગની અનુકૂળતાઓ મળતી જાય અને આખરે મોક્ષ થાય ૧૯૧; ૦ એ સર્વ

ધર્મકાર્યનો પાયો ૨૧૪, ૫૧૫, ૭૨૦; ૦ હોય તો પ્રભુ દૂર નથી ૨૨૬; ૦ માં ખામી હોય તો પુરુષાર્થ પણ ખામીવાળો ૨૩૯; ૦ કેવી જોઈએ તે ઉપર ગુરુ-શિષ્યનું દૃષ્ટાંત ૩૫૯; ૦ હોય તે દુઃખી હોતો નથી ૫૫૬; ૦ ઉપર પ્રભુશ્રીજીનો દિવાળીનો બોધ ૬૩૦

શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ — નું માહાત્મ્ય ૩૯; ૦ માટે યોગ્યતા ૫૧; ૦ કેવી રીતે વાંચવું? ૩૯, ૧૯૮, ૨૦૦, ૨૪૭; ૦ માં જણાવેલા બધા ગ્રંથો વાંચવા બેસે તો પાર ન આવે ૩૩૪; ૦ વાંચવાથી આપોઆપ ખુલાસા ૫૦૧; ૦ પોતા માટે વાંચવું, વ્યાખ્યાન અર્થે નહીં ૫૯૧; ૦ માં દાન આપવા વિષે ૮૨૭; ૦ માંથી જેવી અલૌકિક અને આત્મહિતકારી મદદ, તેવી બીજેથી નહીં ૯૪૦; ૦ માં સમજણનો ભંડાર ૧૦૦૨

શ્રુતકેવળી ૩૮૭; ૦ ભક્તિ ૯૭૯

સટ્ટા નહીં કરવાનો નિયમ ૩૦૩, ૫૨૬

સત્પુરુષનાં વચનામૃત ૩૨, ૬૩૨, ૮૩૬; ૦ માં આનંદનો અખૂટ ખજાનો ૧૬૦, ૧૮૬; ૦ શાંતિકારક ૧૯૮, ૨૭૮; ૦ વિષયોનું વિરેચન કરાવનાર ૨૬૯; ૦ તપરૂપ ૩૧૭; ૦ સમકિતની પ્રાપ્તિ કરાવનાર ૩૨૮; ૦ કષાયની મંદતા સાથે વિશેષ આનંદદાયક ૩૩૭

સત્પુરુષ, ૦ નો સમાગમ ૩૨, ૧૩૯; ૦ ની સમીપતા ભાવવાથી દોષ દૂર થાય ૧૩૦; ૦ ને વીસરીને કરણી થાય તે આત્માને પીસનારી સમજવી ૧૫૧; ૦ નો પરમ ઉપકાર ૧૮૪, ૨૬૦; ૦ ના યોગનું માહાત્મ્ય ૧૮૮; ૦ પ્રત્યે (દેહાદિ પ્રત્યે) પરમ પ્રેમ કર્તવ્ય ૨૦૩

સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ ૨૫૫, ૪૦૨

સત્ય મહાવ્રત ૮

સત્સંગ ૬૭, ૭૮, ૧૦૧, ૪૪૭, ૪૪૯, ૪૯૨, ૪૯૯, ૧૦૦૬; ૦ એ સુધરવાનો ઉપાય ૧૩૮; ૦ સર્વોપરી સાધન ૧૬૧; ૦ સહેલામાં સહેલું અને પહેલામાં પહેલું કર્તવ્ય ૧૭૫, ૬૨૨, ૭૦૫; ૦ દ્વારા ધર્મલક્ષ્ય ૨૭૩; ૦ નું માહાત્મ્ય ૨૭૮, ૫૩૩, ૫૮૩, ૬૦૭, ૬૦૯, ૭૫૩–૪, ૮૮૯; ૦ ના માહાત્મ્ય ઉપર કથા ૩૧૩; ૦ અનિવાર્ય સાધન ૩૩૬; ૦ નો પૂર્ણ યોગ ક્યારે મળે? ૩૪૩; ૦ ના વિયોગમાં શું કરવું? ૪૭૩, ૫૧૩; ૦ અસંગ થવાની દવા ૫૯૮; ૦ ના વિયોગમાં સદ્ગુરુ-શરણ, સાપ અને નોળિયાનું દૃષ્ટાંત ૬૭૭; ૦ ના વિયોગમાં મંત્ર-સ્મરણ, પણ કુસંગ તો ન જ કરવો ૮૧૨; ૦ માં પૂછીને વાંચન ૮૪૮; ૦ સર્વનું મૂળ ૮૫૬; ૦ ના નામે જેનો-તેનો સમાગમ ન કરવો ૯૧૩; તપ કરતાં સત્સંગની ભાવના કર્તવ્ય ૯૩૪; ૦ સૌથી પહેલાં કર્તવ્ય ૯૪૯

સત્સુખની પ્રાપ્તિ કેમ થાય? ૪૮૫

સદ્ગુરુ — ૦ નું સ્વરૂપ કેમ ઓળખાય? ૫૦; ૦ નું માહાત્મ્ય ૩૦૪; ૦ નું લક્ષણ ૩૫૯; ૦ નું શરણ ઉપાધિ પ્રસંગે ઉપકારી ૪૭૦; ૦ ના આશ્રયનું બળ ૪૭૧, ૪૮૦, ૫૬૧, ૯૨૦; ૦ ના શરણની ભાવના કર્તવ્ય ૪૯૦, ૪૯૬, ૫૦૦; ૦ ના શરણનું બળ – ચમરેંદ્રની કથા ૫૫૪

સદ્ગુરુપ્રસાદ ૧૪૮, ૧૬૦, ૧૮૬, ૩૭૮, ૪૯૧

સદાચાર – એ મોટી પ્રભાવના ૧૩૭, ૬૮૮; ૦ એ ધર્મનો પાયો ૯૪૯

સમકિતમોહનીય ૨૭૫, ૫૮૧, ૮૯૨

સમભાવ ૧૬૬, ૨૧૦, ૨૨૫, ૩૧૦, ૪૮૧, ૫૩૫, ૭૩૭, ૭૮૨, ૮૭૬, ૯૩૯; ૦ મોક્ષની વાનકી ૫૮૮; ૦ ની પરાકાષ્ઠા—'ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો' ૮૩૭

સમયનો ઉપયોગ ૨૫૦, ૨૯૪, ૫૩૭, ૬૫૪; ૦ કંજૂસની જેમ ૧૭૩; ૦ પળ વ્યર્થ ખોવાથી ભવ હારી જવા જેવું ૧૭૬, ૩૫૫; ૦ મંત્રસ્મરણમાં કરવો ૪૦૯; ૦ કેમ કરવો? ૬૬૮; ૦ પુષ્પમાળામાં લખ્યા પ્રમાણે કર્તવ્ય ૭૬૨; ૦ વાંચન વગેરેમાં કરવાથી જીવન સુખરૂપ ૮૩૬

સમયાંતર ઉપયોગ ૯૭૨

સમવસરણ ૨૦૩

સમાધિ ૨૧૧

સમાધિમરણ ૧૬૧, ૬૨૫; ૦ માટે મુનિ શું કરે? ૧૬૬; ૦ પાઘડીને છેડે કસબ જેવું ૨૭૯; ૦ માટે શું કરવું? ૪૬૩; ૦ માટે વેદનીયકર્મ આવકારદાયક ૫૨૪; મંત્રમાં ચિત્ત રાખવાથી સમાધિમરણ ૫૫૮; ૦ ને પોષે એવું આશ્રમ-જીવન ૭૦૦; ૦

માટે સમ્યક્‌દર્શન જરૂરી ૮૮૨; આશ્રમમાં દેહ છૂટે તેનું સમાધિમરણ ૩૬૭, ૧૦૧૨
સમાધિમરણની છત્રીસ માળા ૩૮૪, ૪૬૧, ૫૬૨, ૬૯૫, ૬૯૬, ૭૨૧
સમિતિ ૭૬૭
સમુદ્‌ઘાત ૫૦૧
સમ્યક્‌ચારિત્ર ૭૬૭, ૯૭૬
સમ્યક્‌જ્ઞાન(ભેદજ્ઞાન)નું સ્વરૂપ ૨૧૧, ૭૬૭, ૯૭૬; ૦ કેમ થતું નથી? ૨૦૩
સમ્યક્‌ત્વ – ૦ નાં આઠ અંગ ૩૩; ૦ વિના બધી પ્રવૃત્તિ પાપરૂપ ૫૨; ૦ સહિત નરકની વેદની સારી ૫૪, ૫૭; ૦ પ્રાપ્તિનો માર્ગ ૭૬, ૧૯૫; ૦ નાં આઠ અંગમાંથી સ્થિતિકરણ વિષે ૯૧; ૦ નું સ્વરૂપ ૧૪૭, ૨૧૧, ૯૭૬; ૦ થયા પછી પંદર ભવે મોક્ષ ૧૯૧, ૫૭૭; ૦ પછી નરક કે તિર્યંચગતિ ન બંધાય ૧૯૫; ૦ એ બધાનો ઉપાય ૩૦૮; ૦ ની મહત્તા ૫૩૩; ૦ અને સમકિત-મોહનીયમાં ફેર ૫૮૧; ૦ થયા પછી પંદરથી વધારે ભવ કેમ? ભગવાન મહાવીરનું દૃષ્ટાંત ૮૭૧; ૦ થયા પહેલા પોતા વિષે પંદર ભવ ન માનવા ૮૭૨; ૦ વિના સમાધિમરણ નહીં ૮૮૨; ૦ અને ભેદજ્ઞાન એક જ છે ૮૯૦; ૦ વિના બધું ચિતરામણ જેવું ૯૦૨
સમ્યક્‌દૃષ્ટિનું સ્વરૂપ ૧૪૪, ૭૬૭; ૦ અવળાનું સવળું કરે, શિવાજીનું દૃષ્ટાંત ૧૫૭; ૦ પંદર ભવે મોક્ષ ૧૯૧, ૫૭૭; ૦ ને નવાં કર્મ નથી બંધાતા ૩૫૪; ૦ ની દશા—'ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો' ૮૩૭
સર્વજ્ઞની સિદ્ધિ ૩૫૬
સહજસમાધિની ભાવના ૨૮૭
સહજાત્મસ્વરૂપ પરમગુરુ – જુઓ સ્મરણમંત્ર
સહનશીલતા – શાંતિ આપનાર ૧૨૭, ૪૧૫; ૦ સમાધિમરણ માટે જરૂરી ૭૪૧, ૧૦૨૦
સંકલ્પવિકલ્પરૂપ બંધન – શું કર્તવ્ય? ૫૫૬
સંપ ૧૩૮, ૧૪૨, ૩૬૮, ૩૭૧
સંયમવિશુદ્ધિસ્થાનક ૬૩૩
સંવર ભાવનાનું દૃષ્ટાંત ૨૦૩
સંવેગ ૨૦૫
સંશય – જુઓ શંકા
સંસાર – ૦ માં સાર શું? ૭૮; ૦ નું સ્વરૂપ દુઃખરૂપ ૧૭૫, ૧૮૩, ૩૫૩, ૪૨૦, ૮૯૪, ૯૩૧; ૦ ને સમુદ્રની ઉપમા ૬૭, ૧૮૨; ૦ ને અપશબ્દ બોલનારી જનનીની ઉપમા ૨૩૮; ૦ નું યથાર્થ સ્વરૂપ માંદગી વખતે ૨૯૫, ૬૬૩; ૦ કાર્યની નિવૃત્તિ ક્યારે થશે? ૩૪૩; ૦ માં સુખ શોધનાર મૂર્ખ જેવો ૫૮૨
સંસારાનળ ૧૭૬
સંસ્કૃતનો અભ્યાસ ૪૨૮, ૪૬૬, ૭૬૨, ૭૬૩
સાત અભક્ષ્ય ૨૧૫, ૨૩૦, ૨૬૨, ૩૨૩, ૩૫૧, ૯૯૩
સાત તત્ત્વ ૧૯૦
સાત વ્યસન ૨૧૫, ૨૩૦, ૨૬૨, ૩૨૩, ૩૫૧, ૬૪૭, ૮૦૧, ૯૯૩
સામાયિકના દોષો ૭૬૭
સાહિત્ય અને ફિલસૂફી ૬૩૯
સિદ્ધ ભગવાનને કયો દેહ? ૯૯૨
સિદ્ધાંતબોધ માટે યોગ્યતા ૧૧૪, ૫૦૧
સુવાવડ ૧૭૧
સુવિચારદશા ૧૯૯, ૯૭૯
સેવાચાકરી, સેવાશુશ્રૂષા – જુઓ વૈયાવૃત્ત્ય
સ્ત્રી-ભવની નિંદા ૧૮૨; ૦ નું કારણ ૩૬૫
સ્ત્રી-પરિષહ ૬
સ્ત્રી સાથે કેમ વર્તવું? ૧૩૦; ધર્મભગિની તરીકે ૮૩૬
સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ ૨૨૨
સ્થિતિકરણ ૯૧
સ્મરણમંત્ર, ૦ માં પાંચે મહાવ્રત ૮; કૂવામાં પડેલાને દોરડા સમાન ૫૯, ૧૮૭; સદ્‌ગુરુ સમાન ૬૪, ૯૭૭; ૦ નું માહાત્મ્ય ૯૮, ૨૧૫, ૨૭૧, ૪૩૯, ૫૦૩, ૯૮૪; વારંવાર ગાંડાની જેમ બોલ-બોલ કરવા વિષે ૧૦૬; ૦ આત્મા જ છે ૧૧૬, ૨૦૦; બીજેથી વૃત્તિ પાછી વાળવાનું સર્વોત્તમ સાધન ૧૩૪; સદ્‌ગુરુના સ્વરૂપને જણાવનારું ૨૧૫; આત્મા પ્રત્યે વળવાનો ઉપાય ૨૪૨; ૦ રૂપ લાકડીથી વિષય-કૂતરા નાસી જાય ૨૬૯, ૪૬૪; ૦ નો અર્થ ૨૮૩, ૯૬૩, ૧૦૧૯; જતાં-આવતાં મંત્રસ્મરણ કર્તવ્ય ૨૮૬; ૦ રૂપી સ્નાનથી આત્માને પવિત્ર કરવો ૩૧૮; ચિત્તની સ્થિરતા માટે માળાનો

ક્રમ વધારતા જવું ૩૪૨; જાગૃતિનું પ્રબળ કારણ ૩૯૩; માળા ગણતાં દોષ દૂર કરવાનો કે ગુણ પ્રગટ કરવાનો લક્ષ રાખવો ૪૦૯; માંદગીમાં ખરી દવા ૪૬૬; ૦ ની ધૂન મરણ-પ્રસંગે ૪૭૭; ચિત્તની શાંતિનું રામબાણ ઔષધ ૫૦૧; તેલની ધાર પેઠે અતૂટ ૫૦૩; 'મંત્રે મંત્ર્યો'નો અર્થ ૫૫૦; ૦ માં નવકાર વગેરેનો સમાવેશ ૫૫૮; ૦ માં ચિત્ત રાખવાથી ધર્મધ્યાન ૫૭૭; ૦ શા માટે? ૫૮૬; વ્રત–ઉપવાસ કરતાં હિતકારી ૬૨૦; સર્વ દોષ દૂર થવાનો ઉપાય ૬૪૭; ૦ ઇચ્છાઓનો પ્રવાહ રોકવા જરૂરી ૬૭૯; માંદાની પાસે નિરંતર કર્તવ્ય ૭૧૯, ૭૫૧, ૧૦૧૫; સર્વ વ્રતોનું મૂળ ૭૪૫; ૦ રૂપી વાંસ ઉપર ચઢ-ઊતર ૭૯૮; મનને રોકવાનો ઉપાય ૮૦૩, ૯૨૯; પુસ્તકની ગરજ સારનાર ૮૧૨; એક સેકંડનો પણ સદુપયોગ કરવાનું સાધન ૮૩૪; મૂંઝવણમાં દવા સમાન ૮૪૦, ૯૪૫; સ્વરૂપ-ચિંતવન ગણાય? ૮૫૩; ૦ માં અનંત આગમ ૯૨૪; ૦ રૂપી હોડી ૯૬૨

સ્યાત્પદ ૨૦૩

સ્યાદ્વાદ ૭૫૨

સ્વચ્છંદ — ૦ થી ધર્મ ન થાય ૧૯૮; ૦ થી દુઃખની પરંપરા ૫૧૫; ૦ કેમ રોકાય? ૯૯૨

સ્વપ્ન ૦ દોષ કેમ ઘટે? ૩૬૦; ૦ માં સંસ્કારો સ્ફુરી આવે ૭૯૫; ૦ પર જાગૃતિના ભાવોની અસર ૮૭૨

સ્વયંબુદ્ધ મહાત્માઓની કથા ૪૨૧

સ્વાદેન્દ્રિય — જુઓ જીભ

સ્વાધ્યાય ૦ કાળ ૧૯૬; ૦ કુદરતી હાજતને કારણે તૂટક થાય કે કેમ? ૪૧૦; ૦ તપ ૭૯૯; ૦ ના પાંચ ભેદ ૯૯૨

હૃદયદર્શન ૨૭૬

# પરિશિષ્ટ ૨

## વિશેષ નામ (ગ્રંથ, વ્યક્તિ, સ્થળ)

અનાથીમુનિ ૩૭, ૧૯૫, ૨૯૫, ૪૨૫, ૪૮૮, ૫૧૭, ૫૨૯, ૬૫૦

અનુપચંદજી ૬૪૩

અભયકુમાર ૮૪૨

અષ્ટાવક્ર ૪૭૦, ૫૬૬

અહલ્યા ૩૧૩

અંબાલાલભાઈ ૩૯૨, ૫૭૯, ૫૮૩, ૬૭૦

અંબાલાલ મારવાડી ૫૦૫, ૫૦૭, ૫૦૯

આત્મધર્મ ૬૧૩

આત્મસિદ્ધિ ૧૩, ૬૧, ૬૯, ૧૮૦, ૬૧૮, ૭૦૪, ૧૦૦૨

આત્માનુશાસન ૧૨૭, ૬૧૯

આનંદ શ્રાવક ૧૯૬

આબૂ ૭૪

આર્દ્રકુમાર ૮૪૨

આહોર ૭૪, ૩૦૧

ઈસુ ખ્રિસ્ત ૧૪૪, ૩૬૦

ઈડર ૩૯૯

ઉપમિતિભવપ્રપંચ-કથા ૧૧૩, ૨૭૫

ઋભુરાજા ૪૬૭, ૬૪૦, ૮૩૧, ૮૩૨

ઋષભદેવ ભગવાન ૩૧, ૧૯૦, ૨૧૪, ૪૨૧, ૫૭૮

કબીરજી ૧૨૯

કરકંડુ મુનિ ૪૨૧

કાવિઠા ૭૫૬

કુંતામા ૬૪૦, ૬૭૧

ખુશાલભાઈ ૪૨૬, ૪૨૭

ગજસુકુમાર ૨૨૫, ૪૧૫, ૪૮૦, ૫૦૩, ૫૨૪, ૫૩૨, ૬૭૧, ૮૦૮, ૯૭૭, ૧૦૧૨, ૧૦૨૦

ગણેશપ્રસાદજી વર્ણી ૧૯૪

ગાંધીજી ૬૭૨

ગુણચંદ્રજી મહારાજ ૯૪૩

ગુણભદ્રમુનિ ૧૨૭

ગોપાંગનાઓ ૩૯૮, ૮૧૮, ૮૮૨

ગોશાલો ૧૪૪, ૭૮૯

ગૌતમસ્વામી ૧૯૬, ૫૩૮, ૫૬૧, ૬૫૦

ચતુરલાલજી મુનિ ૪૭૧, ૪૮૦

ચમરેન્દ્ર ૫૫૪
જનક વિદેહી ૪૭૦, ૫૬૬
જમાલીજી ૧૭૯
જંબૂકુમાર ૪૧૮, ૯૦૭
જીબા ડોશી ૬૧૨
જીવનકળા ૨૬૦, ૨૭૮, ૫૦૭
જીગરાજ ૫૦૭
જૂઠાભાઈ ૬૪૫
જેસંગભાઈ શેઠ ૨૦૪, ૨૦૯, ૨૫૭, ૨૬૧, ૭૧૧, ૯૯૧
જ્ઞાનપ્રચાર ૬૭૨
જ્ઞાનમંજરી ૪૨૩
તનસુખરામ ૬૩૯
તામલી તાપસ ૫૫૪
ત્રિકમભાઈ દંતાલીવાળા ૬૭
ત્રિભોવનદાસ ૫૦૯
દશવૈકાલિક સૂત્ર ૫૭૫
દેવકરણજી મુનિ ૫૨૪
દૃઢપ્રહારી ૨૩૨
દ્રમક ભિખારી ૧૧૩
દ્વિમુખમુનિ ૪૨૧
ધામણ મંદિર ૧૨૩, ૧૪૨, ૧૬૭, ૧૭૦, ૨૨૧
નગ્ગતિમુનિ ૪૨૧
નથુરામ શર્મા ૯૦૨
નમિરાજર્ષિ ૪૨૧, ૫૨૯
નવસાર ૮૭૧
નરશીભાઈ ૧
નહાટા સાહેબ ૭૪, ૧૪૨
નંદન મણિયાર ૪૪
નારદ ઋષિ ૩૧૩
નેમિનાથ ભગવાન ૨૬૦, ૩૦૩
પરીક્ષિત ૫૭૫
પાર્શ્વનાથ ભગવાન ૧૭૨, ૨૨૫
પુનશીભાઈ,, ૬૪૧, ૮૮૯
પુંડરિક ગણધર ૨૧૪
પૂણિયો શ્રાવક ૩૬૬, ૫૬૭, ૮૨૩, ૯૦૦, ૯૫૧, ૧૦૧૩
બિલ્વમંગળ ૫૫૬
બુદ્ધ મહાત્મા ૫૨૯
બૃહદ્દ્રવ્યસંગ્રહ ૬૪૨
બ્રહ્મદત્ત ચક્રવર્તી ૧૮૧
ભગવતી આરાધના ૬૦૩, ૮૮૦, ૮૮૩
ભરત ચક્રવર્તી ૧૧૪, ૧૯૦, ૨૧૪, ૪૨૧, ૫૩૧, ૭૪૩, ૧૦૦૧
ભરતેશવૈભવ ૯૭૨
ભર્તૃહરિ ૧૯૮
મણિલાલ વડવાવાળા ૮૪
મણિભાઈ કલ્યાણજીનાં માતુશ્રી ૧૪૮
મણિબહેન ૬૧૨
મનક ૫૭૫
મનસુખલાલ દેવશીભાઈ ૧૨૯
મયણા સતી ૬૯૬
મરુદેવી માતા ૧૯૦, ૮૫૦
મહાવીર સ્વામી ૫૩૮, ૫૬૧, ૬૧૫, ૮૭૧
માણેકજી શેઠ ૨૬૩
માધવજી શેઠ ૧૫૨
મિલ્ટન ૫૫૬
મીરાંબાઈ ૧, ૧૭૮, ૧૮૨, ૧૯૮, ૪૯૫, ૫૧૩, ૫૩૧, ૮૩૧
મુંબઈ ૧૧૯, ૬૦૪, ૯૯૧
મૃગાપુત્ર ૪૭૯
મોક્ષમાર્ગપ્રકાશ ૧૧૪, ૯૮૫
મોક્ષમાળા ૪૭૬, ૬૧૯, ૬૫૪, ૬૯૩, ૭૪૮, ૮૧૯
મોતીભાઈ નરસિંહભાઈ અમીન ૨૫૯, ૪૨૨
મોહનલાલજી મહારાજ ૩, ૫૬, ૫૭, ૫૮
યોગદૃષ્ટિ સમુચ્ચય ૧૪૪, ૪૪૩
યોગવાસિષ્ઠ મહારામાયણ ૪૮૩
રત્નરાજ ૬, ૮૪, ૨૬૧, ૬૪૯
રથનેમિ ૩૦૩, ૩૬૫
રયણાદેવી ૨૩૮, ૩૧૧
રાજુલ ૩૦૩, ૩૬૫
રામચંદ્ર ૧૧૧, ૩૧૩, ૨૮૦, ૪૮૦
લબ્ધિસાર ૯૬૭
લાલન ૧૫૪
વજ્રસ્વામી ૨૦૩
વટામણમંદિર ૧૬૭

વઢવાણી ડોશી ૯
વર્ણાગનટવર ૪૫૧, ૫૩૮
વસુમતી ૯૬૦
વિચારસાગર ૩૩૪, ૩૮૯
'વીર હાક' કાવ્ય ૪૦૮
વીરો સાળવી ૩૬૬
શામળભાઈ ૬૮૩
શારદાબહેન ૯૧, ૧૦૪
શિવભૂતિ ૯૭૯
શિવાજી છત્રપતિ ૧૫૭
શીતલપ્રસાદજી બ્રહ્મચારી ૧૫૪, ૧૫૫, ૩૨૪
શુકદેવજી ૫૭૫
શુભચંદ્રાચાર્ય ૧૯૮
શ્રીકૃષ્ણ ૩૬૬, ૮૧૮, ૮૪૮
શ્રીમદ્ ભગવદ્ગીતા ૨૨૨, ૧૬૮
શ્રીપાલ રાજા ૬૯૬
શ્રેણિક મહારાજા ૩૭, ૧૯૫, ૩૬૬, ૬૫૦, ૮૨૬
સગર ચક્રવર્તી ૪૩૩
સદ્ગુરુપ્રસાદ ૧૪૮, ૧૬૦, ૧૮૬, ૩૭૮, ૪૯૧
સનતકુમાર ચક્રવર્તી ૯૦, ૧૮૧, ૧૮૨, ૯૦૬
સમાધિશતક ૧૧૬
સહજાનંદ સ્વામી ૧૭૬
સંતબાલ ૨૬૩
સિકંદર ૬૯૨
સીતા ૨૮૦
સુખલાલ પંડિત ૫૧૦
સુધર્મધ્યાનપ્રદીપ ૧૨૧
સૂરદાસ ૫૫૬
સોભાગ્યભાઈ ૯૮, ૧૨૪, ૩૩૧, ૩૩૭, ૪૧૫, ૪૨૫,
૮૩૧, ૮૮૨, ૮૯૦
હરિભદ્રાચાર્ય ૧૪૪, ૪૪૩, ૫૭૫
હરિવંશપુરાણ ૫૭૮
હરિશ્ચંદ્ર ૭૫૦, ૮૭૭
હેલનકેલર ૫૫૬

---

# પરિશિષ્ટ ૩

## વચનામૃત-વિવેચન

| વચનામૃત આંક | પત્રસુધા પત્ર નં. | વિવેચનનો વિષય |
|---|---|---|
| ૨–૨૭ | ૪૩૦ | 'જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.' |
| ૨–૩૪ | ૨૮૧ | 'આજે કોઈ કૃત્યનો આરંભ...પ્રવેશ કર.' |
| ૨–૩૫ | ૫૨ | 'પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર...પ્રવેશ કર.' |
| ૧૫ | ૬૩૨ | 'વચનામૃત વીતરાગનાં...કાયરને પ્રતિકૂળ' |
| ૧૭–૨ | ૭૬૭ | 'પુષ્પપાંખડી જ્યાં દુભાય જિનવરની ત્યાં નહીં આજ્ઞાય' |
| ૧૭–૪ | ૧૭૬, ૧૭૯ | 'એક પળ વ્યર્થ ખોવાથી એક ભવ હારી જવા જેવું છે.' |
| ૧૭–૧૫ | ૩૧૪ | 'નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો...' |
| ૧૭–૧૦૧ | ૨૭૪ | 'એક ભેદે નિયમ...પ્રવર્તક છે' (જુઓ પ્રશ્ન ૪ નો ઉત્તર) |
| ૧૯–૪૪૪ | ૯૯ | 'આશુપ્રજ્ઞનો વિનય જાળવું.' |
| ૧૯–૬૫૪ | ૪૪૦ | 'દિવસે તેલ નાખું નહીં.' |
| ૩૦ | ૪૧૧ | 'પરાર્થ કરતાં વખતે લક્ષ્મી અંધાપો, બહેરાપણું અને મૂંગાપણું આપી દે છે.' |
| ૪૭ | ૮૯૨ | સાત પ્રકૃતિનું વિવેચન |
| ૫૯ | ૧૩૦ | 'તે પુરુષને પ્રત્યેક લઘુ કામના આરંભમાં પણ સંભારો, સમીપ જ છે.' |
| ૮૪ | ૭૧૩ | 'જેવા ભાવથી પડાય તેવા ભાવથી...ફરી લે.' |

| વચનામૃત આંક | પત્રસુધા પત્ર નં. | વિવેચનનો વિષય |
|---|---|---|
| ૮૪ | ૮૧૦ | 'પ્રતિશ્રોતી', 'પરિણામિક વિચારવાળો' 'અનુત્તરવાસી'ના શબ્દાર્થ |
| ૧૨૮ | ૭૧૫ | '...નેપથ્યમાંથી ઉત્તર મળે છે.' 'નેપથ્ય'નો અર્થ |
| ૧૨૮ | ૯૯૧ | 'અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું.' |
| ૧૫૪ | ૩૬૬ | 'બીજાં સાધન બહુ કર્યાં...' આદિ ત્રણે ગાથાઓનાં અર્થ |
| ૧૬૫ | ૩૪૮ | 'ભગવાન પરિપૂર્ણ સર્વગુણસંપન્ન કહેવાય છે, તથાપિ એમાંય અપલક્ષણ કંઈ ઓછાં નથી!' |
| ૧૬૬ | ૭૬૪ | 'છૂટવાની વાર્તાનો આત્માથી ભણકારો થયા કરે છે.' |
| ૧૭૦ | ૪૩૦ | 'આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી યુવાન થવું...' |
| ૧૭૦ | ૮૪૧ | 'કહેવાતા આધુનિક મુનિઓના સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી.' |
| ૧૯૪ | ૮૦૫ | 'સત્સ્વરૂપને અભેદભાવે નમસ્કાર.' |
| ૧૯૬ | ૪૭ | બંધનનાં બે કારણો—સ્વચ્છંદ અને પ્રતિબંધ |
| ૨૦૦ | ૯૯૨ | 'મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ.' |
| ૨૨૩ | ૧૨૪ | પત્રનો આશય વર્ણવેલો છે |
| ૨૨૩ | ૩૯૮ | 'પરમ મહાત્મ્યા ગોપાંગનાઓ'નો અર્થ |
| ૨૫૪ | ૨૫૫, ૪૦૨ | 'સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.' એનો પરમાર્થ |
| ૨૬૪ | ૫૬૧ | ગાથા ૬–'અચિંત્ય તુજ માહાત્મ્યનો...'<br>ગાથા ૧૯–'અધમાધમ અધિકો પતિત...' |
| ૨૬૪ | ૯૧૪ | ગાથા ૯ 'કાળદોષ કળિથી થયો...' |
| ૨૬૪ | ૨૪૮, ૫૫૦ | ગાથા ૧૧ 'વચન-નયન યમ નાંહિ...' |
| ૨૬૬ | ૮૭ | 'જડભાવે જડ પરિણમે...' પદ વિષે ઉપોદ્ઘાતરૂપ અર્થ-કથન |
| ૨૭૨ | ૩૫૯ | 'તે મહત્પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે...' |
| ૩૫૮ | ૪૮૯ | લૌકિક દૃષ્ટિ અને અલૌકિક દૃષ્ટિનો અર્થ |
| ૩૮૮ | ૧૬૮ | 'या निशा सर्व भूतानां' શ્લોકનો ભાવાર્થ |
| ૩૯૮ | ૯૯૨ | 'ઈશ્વરેચ્છાથી જો કોઈ પણ જીવોનું કલ્યાણ વર્તમાનમાં પણ થવું સર્જિત હશે...અમથકી, એમ પણ અત્ર માનીએ છીએ.' |
| ૪૩૧ | ૧૪૭ | 'બીજરુચિ સમ્યક્ત્વ'નો અર્થ |
| ૪૬૦ | ૨૯૬ | 'જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી'નો અર્થ |
| ૪૭૦ | ૧૩૦ | 'જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય...' આખા પત્રનું વિવેચન છે. |
| ૪૯૧ | ૭૯૩ | 'યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી સત્સંગને ગવેષવો.' |
| ૪૯૩ | ૩૮૪ | 'ત્રીજું પદ આત્મા કર્તા છે' એનું વિવેચન |
| ૪૯૩ | ૨૧૧ | છઠ્ઠા પદનું વિવેચન – જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્તિનો વિશેષાર્થ |
| ૪૯૩ | ૨૦૯ | 'જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી...' એ ફકરાનો વિશેષાર્થ |
| ૫૩૪ | ૨૪૩ | 'અપરમાર્થને વિષે પરમાર્થનો દૃઢ આગ્રહ થયો છે' – 'તેની પરમાર્થદૃષ્ટિ ઉદય પ્રકાશતી નથી.' |
| ૫૩૭ | ૧૮૮, ૨૪૩ | પત્રનું માહાત્મ્ય |

| વચનામૃત આંક | પત્રસુધા પત્ર નં. | વિવેચનનો વિષય |
|---|---|---|
| ૫૩૭ | ૬૭૨ | 'જીવ સમજે તો સહજ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી.' |
| ૫૩૯ | ૨૫૩ | 'સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે...તો પરિભ્રમણદશા ટળે છે.' |
| ૫૩૯ | ૧૫૩ | સમજવા માટે હિંદી અવતરણ 'श्री गुरुदेव परम करुणामय है...' |
| ૫૭૨ | ૬૮૯ | 'આશ્રયભક્તિ'નો પરમાર્થ |
| ૫૯૩ | ૫૯૩ | 'યથાપ્રવૃત્તિકરણ સુધી જીવ અનંતીવાર આવ્યો છે.' |
| ૬૦૨ | ૧૯૬ | 'શ્રી જિને જે સ્વાધ્યાયકાળ કહ્યા છે તે યથાર્થ છે.' તેનો ખુલાસો |
| ૬૨૨ | ૩૫૩ | 'નિર્ધ્વંસ પરિણામ'નો અર્થ |
| ૬૨૨ | ૬૫૫ | 'જાગ્રતમાં જેમ જેમ ઉપયોગનું શુદ્ધપણું થાય ...પરિક્ષીણપણું સંભવે.' |
| ૬૪૨ | ૧૪૪ | 'જ્ઞાનીપુરુષનો નિશ્ચય થઈ અંતર્ભેદ ન રહે તો આત્મપ્રાપ્તિ સાવ સુલભ છે.' 'અંતર્ભેદ'નો અર્થ |
| ૬૭૪ | ૩૫૩ | 'તે મહાત્મા વર્તે છે તે દેહને, ભૂમિને, ઘરને, માર્ગને, આસનાદિ સર્વને નમસ્કાર' કર્યા છે તે શા માટે? |
| ૬૭૯ | ૩૪૪ | 'જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરોધ'નો અર્થ |
| ૬૮૦ | ૨૫૪ | પત્રનું માહાત્મ્ય |
| ૬૯૨ | ૬૨૫ | પત્રનું માહાત્મ્ય |
| ૭૧૮ | ૨૬૦ | ગાથા ૨–૩ વિષે સામાન્ય કથન |
| ૭૧૮ | ૯૯૨ | ગાથા ૧૬–'પ્રત્યક્ષ સદ્ગુરુયોગથી...' |
| ૭૧૮ | ૨૭૫ | ગાથા ૨૧–'અસદ્ગુરુ એ વિનયનો...' 'મહામોહનીય'નો અર્થ |
| ૭૧૮ | ૫૨૨ | ગાથા ૩૮–'કષાયની ઉપશાંતતા...ત્યાં આત્માર્થ નિવાસ.' |
| ૭૨૮ | ૮૧૩ | 'મરણકાળે શરણસહિત છતાં ઘણું કરીને ફરી દેહ ધારણ...નિર્ભયપણે વર્તે છે.' |
| ૭૩૮ | ૮૩૭ | ગાથા ૧૦–'ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.' |
| ૭૪૯ | ૫૪૦ | 'જ્ઞાનનું ફળ વિરતિ છે.' |
| ૭૮૧ | ૧૦૦૬ | 'જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળસમાન જાણે છે...વંદના કરે છે.' |
| ૮૦૮ | ૮૨૧ | 'સંયમ પ્રથમ દશાએ કાળકૂટ વિષની પેઠે મૂંઝવે છે.' |
| ૮૨૩ | ૯૭ | 'અવિષમભાવ વિના અમને પણ અબંધપણા માટે બીજો કોઈ અધિકાર નથી.' પત્રનું માહાત્મ્ય |
| ૮૨૬ | ૧૩૭ | 'મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે.' |
| ૮૨૭ | ૧૯૨ | "આ જીવને ઉત્તાપનો મૂળ હેતુ શું?" |
| ૮૪૩ | ૪૬૯ | પત્રનું માહાત્મ્ય |
| ૮૭૬ | ૯૬૪ | 'જેનો કાળ તે કિંકર થઈ રહ્યો' પદનો અર્થ |
| ૯૦૧ | ૨૫૮ | 'ગુરુ ગણધર ગુણધર અધિક...' ગાથાનો અર્થ |
| ૯૧૭ | ૫૯૬ | પત્રનો ભાવાર્થ |
| ૯૫૪ | ૧૬૬ | 'આવ્યે બહુ સમદેશમાં...' ગાથાનો અર્થ |
| ૯૫૪ | ૨૮૫, ૨૯૧ | 'ઊપજે મોહ-વિકલ્પથી...' ગાથાનો અર્થ |
| ૯૫૭-૮ (પૃષ્ઠ ૭૦૯) | ૫૮૧ | 'આત્મા આ હશે? તેમ થાય તે સમકિત મોહનીય અને આત્મા આ છે એમ સમજાય છે તે સમ્યક્ત્વ.' તેમાં શો ફેર છે? |

| વચનામૃત આંક | પત્રસુધા પત્ર નં. | વિવેચનનો વિષય |
|---|---|---|
| ૯૫૭-૯ (પૃષ્ઠ ૭૧૩) | ૮૪૨ | "ચૌદ રાજલોક જાણ્યો, પણ દેહમાં રહેલો આત્મા ન ઓળખ્યો, માટે રખડ્યો." |
| હા. નો. ૧/૧૨ | ૬૬૯ | 'હે જીવ ક્યા ઇચ્છત હવે...' ગાથાનો અર્થ |
| હા. નો. ૧/૧૪ | ૮૧૬ | 'હોત આસવા પરિસવા...' ગાથાનો અર્થ |

# પરિશિષ્ટ ૪

## અન્ય ભાવાર્થ

| પત્રસુધા પત્ર નં. | શાનો ભાવાર્થ છે? |
|---|---|
| ૨૩ | उत्तमा स्वात्मचिंता स्यात्... ગાથાનો અર્થ |
| ૩૧, ૯૨૫ | 'ચિત્ત પ્રસન્ને રે પૂજન-ફળ કહ્યું...' ગાથાનો અર્થ |
| ૮૯ | 'આલંબન-સાધન જે ત્યાગે પરપરિણતિને ભાંગે રે' |
| ૯૬ | 'अभिमत फलसिद्धे'...ગાથાનો અર્થ |
| ૧૩૪ | 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં' |
| ૧૩૭ | 'પરબડી છાંયડી જે પડે, પરસમય તેહ નિવાસ રે' |
| ૧૬૮ | 'या निशा सर्वभूतानां...'ભગવદ્‌ગીતાના શ્લોકનો વિશેષાર્થ |
| ૧૭૧ | 'રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ' |
| ૧૭૬ | 'જ્યાં જઈએ ત્યાં માટી, પાણી ને ઢેફાં' (ઉપદેશામૃત પૃષ્ઠ ૯૧) |
| ૧૭૬ | 'જેના જ્ઞાને ન્યૂનતા, દેશે પણ નહીં હોય' (પ્રજ્ઞાવબોધ-૩૭) |
| ૨૨૬ | 'એ પરપરિણતિ રંગથી, મુજને નાથ બચાવ રે દયાલરાય' |
| ૨૫૮ | 'આશ્ચર્ય સર્વ ધરતા પ્રભુ ઉર આવો...' (પ્રજ્ઞાવબોધ-૯૮) |
| ૨૬૩ | 'અવિસંવાદી નિમિત્ત છો રે જગતજંતુ સુખકાજ' |
| ૨૯૬ | 'એક આત્મ-ઉપયોગમાં અહો-રાત્ર આવવું...' (ઉપદેશામૃત પૃષ્ઠ ૩૨) |
| ૩૧૦, ૬૪૯ | 'જે જે પુદ્‌ગલ ફરસના...' ગાથાનો અર્થ |
| ૩૮૬ | 'બાળધૂળિ ઘરલીલા સરખી...' ગાથાનો અર્થ |
| ૪૦૧ | અમિતગતિકૃત સામાયિક પાઠની કડીઓ ૧૩, ૨૨, ૨૫, ૨૬ નો અર્થ |
| ૪૨૯ | 'સંગ્રામ આ શૂરવીરનો આવ્યો અપૂર્વ દીપાવજો...' 'વીરહાક'ની આ ગાથાનો અર્થ |
| ૩૪૫ | श्रवण कीर्तन चिंतवन...नवधा भक्ति प्रमाण' |
| ૫૨૪ | 'પરમાર્થદૃષ્ટિ શીખવે હણતું ન કોઈ કોઈને...' ગાથાનો અર્થ |
| ૫૫૦ | 'મંત્ર મંત્ર્યો સ્મરણ કરતો...' (પ્રજ્ઞાવબોધ-૭૪) |
| ૬૩૨ | 'જે શ્રદ્ધાએ જગ તજી...' ગાથાનો અર્થ |
| ૬૬૦ | 'નમિ નમિ નમિ નમિ વીનવું...' સ્તવનની ૧ થી ૪ કડીનો અર્થ |
| ૬૯૯ | 'અંશે હોય ઇહાં અવિનાશી...' ગાથાનો અર્થ |
| ૭૩૩ | સમાધિશતકની ગાથા ૨૯, ૧૦૨ નો ભાવાર્થ |

# પરિશિષ્ટ ૫

## પ્રશ્નોત્તર-સૂચિ


| પ્રશ્નો | ઉત્તર માટે જુઓ પત્રસુધા પત્ર નં. |
|---|---|
| ૦ મરણ સમયે સામાન્ય મનુષ્યોને ઘણી જ વેદના દેખવામાં આવે છે અને શાસ્ત્રોમાં પણ સ્વર્ગના દેવોને સુધ્ધાં નરકના કરતાં વધારે વેદના અંત સમયે અનુભવાય છે તેનું શું કારણ હશે? | ૨૦ |
| ૦ મરુદેવી માતા કોણ? અને સાત તત્ત્વ શું? | ૧૯૦ |
| ૦ આ ભવ પૂર્ણ થયા પછી બીજા ભવે આ જ માર્ગની પ્રાપ્તિ તથા સદ્‌ગુરુનો યોગ મળે કે નહીં? | ૧૯૧ |
| ૦ સમ્યક્‌દર્શન કેમ પ્રાપ્ત થાય? | ૧૯૫ |
| ૦ શ્રી શ્રેણિક મહારાજે એવું કયું કર્મ બાંધ્યું હતું કે તેમને સત્પુરુષનો યોગ થયા છતાં, સમ્યક્‌દર્શન થયા છતાં નરકે જવું પડયું? | ૧૯૫ |
| ૦ વિષયના નિમિત્તો વધારી કર્મ ખપે કે કેમ? | ૨૪૬ |
| ૦ "સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે" તેનો શો પરમાર્થ છે? | ૨૫૫ |
| ૦ પરાભક્તિના નિમિત્તે પરમાત્મા પ્રાપ્ત થાય છે કે પરમાત્મા પ્રાપ્ત થવાથી પરાભક્તિ ઊગે છે? | ૨૬૧ |
| ૦ (૧) દરરોજ માળા ફેરવવી, ભક્તિ કરવી, યમનિયમ, સામાયિક વગેરે બોલવાથી શું થાય છે? | ૨૭૪ |
| (૨) જ્ઞાન કોને કહેવાય? | ,, |
| (૩) મોક્ષ કોને કહેવાય? | ,, |
| (૪) આ દુનિયા કોણે રચી છે? આ બધું એમ જ કેમ થયા કરે છે? | ,, |
| (૫) માણસ મરી જાય છે તે કેવી રીતે અંદરથી આત્મા જતો રહે છે? કંઈ ખબર કેમ પડતી નથી? | ,, |
| (૬) અનુભવ કેમ થાય? | ,, |
| ૦ કેવી રીતે જીવ બંધાય છે? અને કેવી રીતે તે બંધન તૂટે? | ૨૮૦ |
| ૦ જડથી ચેતન ઊપજે નહીં, છતાં શ્રી રામચંદ્રના ચરણકમળનો સ્પર્શ થતાં શિલાની અહલ્યા કેમ થઈ? | ૩૧૩ |
| ૦ વિષય-કષાય, રાગદ્વેષ કેમ દૂર થાય? | ૩૨૪ |
| ૦ (૧) આ જીવની વિષય-વાસનાની હાનિ ક્યારે થશે? | ૩૪૩ |
| (૨) સત્સંગનો પૂર્ણ યોગ ક્યારે મળશે? | ,, |
| (૩) સંસાર-કાર્યની નિવૃત્તિ ક્યારે થશે? | ,, |
| (૪) શ્રી પરમકૃપાળુદેવ પર અપૂર્વ સ્નેહ જાગ્રત ક્યારે થશે? | ,, |
| ૦ પૈસા વાપરવા ભાવના હોય તો કેવાં શુભ કાર્યમાં વાપરવા? | ૩૫૦ |
| ૦ પંચકોષથી ને કારણ-શરીરથી આત્મા જુદો છે તો તે ખરું છે કે કેમ? આપણા કૃપાળુદેવના પુસ્તકમાં આમ છે કે કેમ? | ૩૮૯ |
| ૦ જીવ સંકોચ-વિકાસનું ભાજન છે એમ કેમ બને? | ૫૦૧ |
| ૦ અગિયારમે ગુણસ્થાને આવેલો જીવ પ્રમાદવશ પડી પહેલે ગુણસ્થાનકે આવી અનંતકાળ સુધી પરિભ્રમણ કરે અને એક વાર સમકિત પામેલો જીવ વધારેમાં વધારે પંદર ભવ કરે તે કેમ ઘટે? | ૫૭૭ |
| ૦ દિગંબર ગ્રંથોમાં એમ જણાવે છે કે તીર્થંકરો જે સમયે દીક્ષા ગ્રહણ કરે તે જ સમયે શ્રી કેવળજ્ઞાન પામે, તો શ્રી ઋષભદેવ અને શ્રી મહાવીર સ્વામીને ઘણાં વર્ષ પુરુષાર્થ કર્યે કેવળજ્ઞાન થયું છે તેનું કેમ? | ૬૩૫ |
| ૦ ઉદાસીનતા અને વીતરાગતા એક જ છે કે ફેર છે? | ૬૩૮ |
| ૦ તીર્થંકર પરમાત્મા જન્મથી જ આહાર લેતા નથી, તો પછી દેવોએ મોકલાવેલ આહાર કેમ લઈ શકે? | ૭૬૫ |

○ (૧) રાત્રિભોજન વિષે સૂક્ષ્મ ભેદો ? ૭૬૭

(૨) સામાયિકના દોષો–સામાયિકમાં ઊંઘવું, આલંબનદોષ, નિદ્રાદોષ ”

(૩) સર્વ જીવની રક્ષા કરવી એમ કહ્યું છે ત્યાં ફૂલની પાંખડી પણ દુભાય તો દોષ છે, તો આપણે હાર કેમ ચઢાવાય છે? ”

(૪) અધરણીનું ઘણા માણસો નથી ખાતા તેનું કારણ ધર્મની દૃષ્ટિએ શું? ”

(૫) સમ્યક્‌દૃષ્ટિ, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્ર એટલે શું ? ”

(૬) યત્ના એટલે શું ? ”

(૭) ધ્યાનમાં બેસીએ ત્યારે શી પ્રવૃત્તિ કરવી? ”

(૮) પરિગ્રહનો ત્યાગ એટલે શું ? ”

○ અઢાર પાપસ્થાનક વિષે કેમ વિચાર કરવા? ૭૬૮

○ દેહનું હલન-ચલન કયા કારણે થાય છે? ૮૨૫

○ ભગવાનની પ્રતિમા ચક્ષુવાળી પૂજવી તે દ્રવ્યમિથ્યાત્વ ખરું કે નહીં? ૮૫૩

○ શ્રમણ ભગવાન મહાવીરને નયસારના ભવમાં સમકિત થયા પછી ઘણા ભવ કેમ કરવા પડ્યા? પંદર ભવથી વધારે કેમ થયા? ૮૭૧

○ સમાધિમરણ સમ્યક્‌દર્શન વિના થાય? ૮૮૨

○ 'મૂર્ખસ્ય પ્રતિમા પૂજા' એનો અર્થ શો? ૯૨૫

○ પૂર્ણ વીતરાગતા તે સર્વજ્ઞતા તો નહીં જ ને? ૯૯૧

○ (૧) "મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ." (૨૦૦) પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા કોને કહેવી? અને અમારે વિષે તે શી રીતે સંભવે? ૯૯૨

(૨) "પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગથી સ્વચ્છંદ તે રોકાય." પ્રત્યક્ષ સદ્‌ગુરુનો યોગ કોને કહેવો? અમારે વિષે તે શી રીતે સંભવે? તે ન હોય તો પછી સ્વચ્છંદ શી રીતે રોકી શકાય? ”

(૩) સિદ્ધ ભગવાનને કોઈ પણ પ્રકારનો દેહ હોય? ”

(૪) પરમાર્થનું ક્ષીણપણું છે માટે વર્તમાન કાળને દુષમકાળ કહ્યો છે? કે દુષમકાળ છે માટે પરમાર્થનું ક્ષીણપણું છે? ”

(૫) પ્રારબ્ધ અને પુરુષાર્થનો સંબંધ સવિસ્તર સમજાવશોજી. ”

(૬) "**ઈશ્વરેચ્છાથી** જે કોઈ પણ જીવોનું કલ્યાણ **વર્તમાનમાં પણ થવું સર્જિત** હશે તે તો તેમ થશે, અને તે બીજાથી નહીં પણ અમ થકી એમ પણ અત્ર માનીએ છીએ." (૩૯૮) અંડરલાઇન કરેલા શબ્દો સમજાવો. ”

(૭) આપણે માગીએ છીએ તે દા. ત. 'કર્મજન્ય પાપની ક્ષમા', 'આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષના મૂળ ધર્મની ઉપાસના', 'દુઃખ મેટો અંતરજામી' વગેરે મળે ખરું કે? ”

(૮) અનંતકાળથી જે કલ્યાણ થતું નથી તે અત્યારે કેમ થશે? ”

(૯) આયુષ્ય તૂટી શકે? પછી બીજાં કર્મોનું શું થાય? ”


સમાપ્ત